

|| સનાતન સત્પંથ ||
શ્રીમદ્ ભગવત્ દશાવતાર
ઉત્કૃષ્ટતા
સૌજન્ય
શાંતિ
મોક્ષ
પરોપકાર
સહિષ્ણુતા
ધર્મપાલન
સમૃદ્ધતા
આનંદ પ્રાપ્તિ
સુરક્ષિતતા
સર્વધર્મ સમભાવ
આત્મવિશ્વાસ
ધનધાન્ય સંપન્નતા
દૃઢ નિષ્ઠાપાલન
આરોગ્ય સંપન્નતા
realpatidar.com


realpatidar.com
|| સનાતન સત્પંથ ||
શ્રીમદ્ ભગવત્ દશાવતાર
અહિંસા
ઐશ્વર્ય
શાંતિ
મોક્ષ
પરોપકાર
સહિષ્ણુતા
ધર્મપાલન
સમૃદ્ધતા
આનંદ પ્રાપ્તિ
ૐ
સુરક્ષિતતા
સર્વધર્મ સમભાવ
આત્મવિશ્વાસ
ધનધાન્ય સંપન્નતા
દૃઢ નિષ્ઠાપાલન
આરોગ્ય સંપન્નતા
realpatidar.com

ૐ

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના
હસ્ત લિખિત સાહિત્ય આધારિત

"શ્રીમદ્ ભગવત્ દશાવતાર"

卐 જય શ્રી નિષ્કલંકી નારાયણ 卐

: પ્રેરક :

પ.પૂજ્ય જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ
શ્રી સત્‌પંથ પ્રેરણાપીઠ, પીરાણા.

: પ્રકાશન :
સત્‌પંથ પ્રકાશન સમિતિ
શ્રી સત્‌પંથ પ્રેરણાપીઠ, પીરાણા-૩૮૨૪૨૫,
તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.

પ્રકાશક :
સત્‌પંથ પ્રકાશન સમિતિ
શ્રી સત્‌પંથ પ્રેરણાપીઠ, પીરાણા.
તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.

"સત્‌પંથ"

"શ્રીમદ્ ભગવત્ દશાવતાર"

પ્રથમ આવૃત્તિ .... પ્રત ૫૦૦
વિ.સં. - ૨૦૫૮, અષાઢ સુદ-૧૫ (ગુરુપૂર્ણિમા), તા. ૨૪-૭-૨૦૦૨, બુધવાર
બીજી આવૃત્તિ .... પ્રત ૧૫૦૦
વિ.સં. - ૨૦૬૨, ચૈત્ર સુદ-૨ (સંઘમેળો), તા. ૩૧-૩-૨૦૦૬, શુક્રવાર
ત્રીજી આવૃત્તિ .... પ્રત ૧૦૦૦
વિ.સં. - ૨૦૬૩, અષાઢ સુદ-૧૫ (ગુરુપૂર્ણિમા), તા. ૩૦-૭-૨૦૦૭, સોમવાર
ચોથી આવૃત્તિ .... પ્રત ૧૦૦૦
વિ.સં. - ૨૦૬૫, અષાઢ સુદ-૧૫ (ગુરુપૂર્ણિમા), તા. ૭-૭-૨૦૦૯, મંગળવાર
પાંચમી આવૃત્તિ .... પ્રત ૧૦૦૦
વિ.સં. - ૨૦૬૮, આસો સુદ-૧૦ (દશેરા), તા. ૨૪-૧૦-૨૦૧૨, બુધવાર
છઠ્ઠી આવૃત્તિ .... પ્રત ૫૦૦
વિ.સં. - ૨૦૭૪, કારતક સુદ-૫, (લાભપાંચમ)), તા. ૨૫-૧૦-૨૦૧૭, બુધવાર

પ્રેરક :
પ. પૂજ્ય જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ
શ્રી સત્‌પંથ પ્રેરણાપીઠ, પીરાણા.

મૂલ્ય : રૂા.

મુદ્રક :
સનસાઈન પ્રિન્ટર
જી-૧૨, રવિ એસ્ટેટ, રૂસ્તમ મીલ કમાઉન્ડ,
દુધેશ્વર, અમદાવાદ

•••

"શ્રીમદ્ ભગવત્ દશાવતાર"

અનુક્રમણિકા


यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत । अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् । धर्म संस्थापनार्थाय संभवामि युगे युगे ॥
गीता ४ / ७ - ८


realpatidar.com
ॐ
સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ
realpatidar.com




સદ્‌ગુરુ શ્રી ઇમામશાહ મહારાજ
સદ્‌ભક્તોને દિવ્યજ્ઞાનનો ઉપદેશ આપે છે.


કર્તાયુગેશ્રી મ.ક.વ.શ્રી નરસિંહ
સત્ પંથ ધર્મ ઋગ્વેદે પ્રવર્તતે.
ૐ
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...
ત્રેતા યુગે શ્રી વા.પ.શ્રી.રામ
સત્ પંથ ધર્મ યજૂર્વેદે પ્રવર્તતે.
દ્વાપર યુગે શ્રી કૃષ્ણ, બુધ્ધ
સત્ પંથ ધર્મ સામવેદે પ્રવર્તતે.
કલિયુગે શ્રી નિષ્કલંકી નારાયણ નમઃ
સત્પંથ ધર્મ અથર્વવેદે પ્રવર્તતે.
શ્રી આધશક્તિ
त्रि देव ज्योति दर्शन
તેત્રીસ કોટી દેવતાઓ
॥ શ્રી નિષ્કલંકી નારાયણ નું આસન ॥
महा यज्ञ पूजार्थे अथर्ववेदी मोक्षतम
जांबुद्विपे कुवारीका क्षेत्रे
પૂજાની ગાદી
ઘટ પાટ
શ્રી૧ શ્રી૧૦૮
सत्यमेव जयते

"ओम - दर्शन"




त्रयः सुपर्णास्त्रिवृता यदायन्नेकाक्षरभिसंभूय शक्राः ।
प्रत्यौहन्मृत्युममृतेन साकमन्तर्दधाना दुरितानि विश्वा ॥

(अथर्ववेद कांड-५, सू.-२८, मं.-८)

जब समर्थ तीन सुवर्ण तिहरे होकर एक अक्षर में सब प्रकार मिलकर रह रहे हैं। वे अमृत के साथ सब अनिष्टों को मिटाकर मृत्यु को दूर करते है।

तीन बड़ी शक्तियाँ है जो एक अक्षर (ॐ) में रहती हैं। उस अमृत से सब अनिष्ट दूर होते है और मृत्यु का भी भय नहीं रहता है। एक अक्षर ओम् में अ-उ-म् रुपी तीन महा शक्तियाँ निहित है। ये अकार, उकार व मकार रुपी तीन शक्यिाँ है, जो तीन अक्षर यज्ञोपवीत के तीन सूत्र समजने चाहिए। इन तीनों के संयोग से ओंकार रुपी महानाद उत्पन्न होता है। ये तीन अक्षर-तीन अवस्थाए जाग्रत स्वप्न व सुषुप्ति के प्रतिक हैं। जो मानव जीवन में व्याप्त है। ओंकार नाद से आनन्द की अनुभूति करनी चाहिए और मन की एकाग्रता बढ़ानी चाहिए। स्थिर बुद्धि से किये गये पुरुषार्थ अनिष्ट से बचातें हैं और मृत्यु नहीं होने देते हैं।



एतद् वै विश्वरुपम् सर्वेरुपम् गोरुपम् ॥२५॥ (अथर्व. : कांड.-९, सू.,-१२, मं.-२५)

अर्थ : (एतत् वै गोरुपं) यह निःसन्देह गौ का रुप है, यही (विश्वरुपं सर्वरुपं) गौ का विश्व रुप और सर्व रुप है ॥ ॥२५॥

वशा घौर्वशा पृथिवी वशा विष्णुः प्रजापतिः ।
वशाया दुग्धमपिबन्त्साध्या वसवश्च ये ॥३०॥ (अथर्व. : कांड.-१०, सू.-९, मं.-३०)

अर्थ : (वशा घौः) वशा घौ है, (वशा पृथिवी) वशा ही पृथिवी है, (वशा प्रजापति विष्णुः) वशा ही प्रजापालक विष्णु है। (ये साध्याः वसवः च) जो साध्य और वसु है, वे - (वशायाः दुग्ध अपिबन्) वशा गौका दूध पीते हैं ॥३०॥

वशाया दुग्धं पीत्वा साध्या वसवश्च ये ।
ते वै ब्रध्नस्य विष्टपि पयो अस्या उपासते ॥३१॥ (अथर्व. : कांड.-१०, सू.-९, मं.-३१)

अर्थ : (ये साध्याः वसवः च) जो साध्य और वसु है वे (वशायाः दुग्धं पीत्वा) वशा गौका दुध पीकर पश्चात् (ते वै ब्रध्नस्य विष्टपि) वे स्वर्ग के स्थान में (अस्याः पयः उपासते) विष्णुः इसके दूधकी प्राप्ति करते है ॥३१॥



પ.પૂ. બ્રહ્મલીન જગદ્ગુરુ સત્પંથાચાર્ય શ્રી કરસનદાસજી મહારાજ



પ.પૂ. જગદ્ગુરુ સત્પંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ
પ્રેરણાપીઠ - પીરાણા

❁ શુભ આશીર્વાદ ❁



પ.પૂ. જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ
પ્રેરણાપીઠ-પીરાણા, જિ. અમદાવાદ.

વ્હાલા સત્‌પંથી ભાવિક ભક્તજનો.....

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની કૃપાથી અને પ.પૂ. આદ્ય જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્ય શ્રી કરશનદાસજી મહારાજની પ્રેરણાથી, સત્‌પંથ પરિવાર તેમજ જિજ્ઞાસુ હરિભકતોને ઉપયોગી થાય તે હેતુસર "શ્રીમદ્ ભગવત્ દશાવતાર" ગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો તે ખરેખર ખૂબ પ્રશંસનીય છે. ધર્મનો પ્રકાશ આવા બહુમૂલ્ય ગ્રંથો દ્વારા થઈ શકે છે. ધર્મશાસ્ત્ર એ માત્ર ધાર્મિક ઉપદેશોનું પુસ્તક નથી. એમાં તો એવી સામગ્રી છે, જેમાં દૈવી તત્ત્વ સમાયેલું છે. જેને માટે ધર્મપ્રેમીઓને અપાર આદર હોય છે. એટલું જ નહિ પરંતુ અપરોક્ષ રીતે પોતાના ધર્મશાસ્ત્રોને ઈશ્વરના પ્રત્યક્ષ પ્રમાણ તરીકે સ્વીકારે છે.

ધાર્મિક સાહિત્યોના પઠન અને શ્રવણથી માનવ સદ્‌માર્ગ તરફ પ્રેરાય છે. આત્મકલ્યાણના રાહ પર ચાલવા પ્રયાસ કરે છે. આ પવિત્ર ગ્રંથ જગતના હિતાર્થે પ્રકાશિત થયો છે તેથી ખૂબ આનંદ થાય છે.

આ પવિત્ર ગ્રંથની બીજી આવૃત્તિનું નિર્માણ કરવામાં પ.પૂ. આદ્ય જગદ્‌ગુરુશ્રી કરશનદાસજી મહારાજની પ્રેરણાથી શ્રી શામજીદાદા (ઝવેરીફાર્મ), શ્રી છગનભાઈ પટેલ (વડોદરા), ટ્રસ્ટીશ્રી ભીમજીભાઈ કે. પટેલ (કાપડીવાવ) તેમજ શ્રી બાબુભાઈ પટેલ (મેઘકંપા) વગેરે એ અથાગ પરિશ્રમ કર્યો છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

આવા મહાન કાર્ય કરવાની સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ ખૂબ ખૂબ પ્રેરણા આપે તેવી શુભકામના તેમજ સૌ જિજ્ઞાસુ વાચક ભાઈ-બહેનો આવા બહુમૂલ્ય ગ્રંથનું પઠન-શ્રવણ કરી મોક્ષગામી બનો એવા મારા અંતરના આશીર્વાદ પાઠવું છું.

•••

नम्र निवेदन



ब्रह्मलीन प.पू. आचार्य श्री जगन्नाथजी महाराज



प.पू. महामंडलेश्वर श्री महंत जनार्दनहरिजी महाराज

सत्पंथ धर्म वैदिक धर्मके परंपराका तत्त्वोपदेश करनेवाला एक महान मार्ग है । युगोयुगोसे चले आ रहे इस धर्मको ब्रह्मावतार सद्गुरु श्री इमामशाह महाराजने युगके अनुसार परिवर्तीत करके नया रूप दिया है । युगगुरु सद्गुरु श्री इमामशाह महाराज वेद और उपनिषदो के तत्त्वज्ञान को जाननेवाले ज्ञानी महात्मा थे । सत्पंथमे मुक्तिमार्ग, देवयान मार्गका उपदेश दिया गया है ।

सत्पंथमे भगवान श्री विष्णुके दशावतारोंको उपास्य माना गया है । दशावतारोंका चरित्र पढनेसे या सुननेसे भगवत् कृपा होती है । जीवनमे शांति और समाधान मिलता है । इस श्रीमद् दशावतार ग्रंथमे सद्गुरु श्री इमामशाह महाराजने बहूत ही सुंदर तरहसे अवतारोका चरित्र वर्णन किया है ।

सभी अवतार हमे अलग अलग संदेश देते है ।

मत्स्य अवतार	-	भक्तिमे शंका नहीं रखना ।
कच्छ अवतार	-	सत्य कार्यमें भगवान सहाय करते है ।
वराह अवतार	-	धर्मको हानी पहूचानेवाले को भगवान छोडते नहीं ।
नृसिंह अवतार	-	कोई भी परिस्थितिमें भगवानको छोडो नहीं ।
वामन अवतार	-	दान धर्म करते समय अहंकार मत करो ।
परशुराम अवतार	-	धर्म रक्षा के लिए जरुरत पडने पर हाथमें शस्त्र उठवो ।
राम अवतार	-	वचन पूर्ती के लिए प्राणोकी आहुति दो ।
कृष्ण अवतार	-	सबके उपर प्रेम करो, बुराई का विरोध करो ।
बुद्ध अवतार	-	हिंसा मत करो, एकाग्रतासे नामस्मरण करो ।
निष्कलंकी अवतार	-	हृदयमेंसे सभी कलंक (दोष) निकालो और निष्कलंक बनो ।

प. पू. महामंडलेश्वर महंत श्री जनार्दनहरिजी महाराज
सत्पंथ मंदिर संस्थान
फैजपूर (महाराष्ट्र)

•••

❁ શુભેચ્છા ❁



પ.પૂ. યોગતપોનિષ્ઠ શ્રી પ્રેમદાસ બાપુ,
પંચવટી, દહેગામ.

વ્હાલા સત્પંથી હરિભક્તો...........

સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજની કૃપાથી અને પ.પૂ. આદ્ય જગદ્‌ગુરુ શ્રી કરશનદાસજી મહારાજની પ્રેરણાથી તેમજ પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી, જગતને શુભ પ્રેરણા મળે અને એક નવી દિશા મળે તે માટે "શ્રીમદ્ ભગવત્ દશાવતાર" ગ્રંથની બીજી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી તે ખરેખર પ્રશંસનીય છે.

આવા અમૂલ્ય ગ્રંથનું આપણે ખૂબ જ સ્નેહપૂર્વક અને શ્રદ્ધાપૂર્વક વાચન કરવું જોઈએ. તેનું ચિંતન અને મનન કરવાથી આપણને સાંસારિક અને આધ્યાત્મિક બંને પ્રકારનું ઉચ્ચ કોટિનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. આવા પવિત્ર ગ્રંથનું અધ્યયન આપણને પવિત્ર અને વિકાર રહિત બનાવી સાચા રસ્તે લઈ જાય છે.

આ પવિત્ર ગ્રંથના પ્રત્યેક શબ્દ અને પ્રત્યેક અક્ષરમાંથી અમૃતરસની અલૌકિક ધારા વહે છે. આ રસનું આચમન કરનાર જીવાત્માને તે અમરત્વ અર્પે છે અને મૃત્યુલોકની બીક ભૂલાવી દે છે. "શ્રીમદ્ ભગવત્ દશાવતાર ગ્રંથ"નું શ્રવણ કરતાં વિહ્વળ મન શાંત થાય છે અને અનાશક્ત થઈ મનનો નિરોધ થાય છે.

"શ્રીમદ્ ભગવત્ દશાવતાર કથા" માનવીને સાચો માનવ બનાવે છે, માનવીને માનવ ધર્મ સમજાવે છે, ચારેય આશ્રમના ધર્મો તેમજ તેની ફરજો સમજાવે છે, માનવીનું જીવન કેવું હોવું જોઈએ, એ જીવન કેમ જીવાય તે સમજાવે છે. પશુતુલ્ય વિચારો અને વૃત્તિઓમાંથી બહાર કાઢી એક સાચો માનવ બનાવે છે. દાનવમાંથી માનવ બનાવી, માનવમાંથી દેવ બનાવી, દેવત્વ બનાવવાનું કામ આ "શ્રીમદ્ ભગવત્ દશાવતાર ગ્રંથ" કરે છે.

આ ધાર્મિક પવિત્ર ગ્રંથને પ્રકાશિત કરવામાં શ્રી શામજીદાદાએ ખૂબ જ મહેનત કરી છે તે બદલ પૂ. શામજીદાદા તેમજ તેમને સહયોગ આપ્યો છે તેવા વડીલ શ્રી છગનભાઈ એસ. પટેલ (વડોદરા), શ્રી બાબુભાઈ એસ. પટેલ (મેધકંપા) તેમજ નામી અનામી સહયોગીઓને હું ધન્યવાદ આપું છું અને અંતઃકરણપૂર્વક શુભેચ્છા પાઠવું છું.

●●●

❁ નમ્ર નિવેદન ❁



- દાદાશ્રી શામજીભાઈ કે. પટેલ

“કૈંક બાળકો જયોતિ છે, કૈંક સાગરનાં મોતી છે,
સંસ્કાર સારા સિંચ્યા નહીં તો, એ જિંદગીભર પનોતી છે.”

ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણની કૃપાથી એવં પ.પૂ. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના આશીર્વાદથી તેમજ પ.પૂ. આદ્ય જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્ય શ્રી કરશનદાસજી મહારાજની પ્રેરણાથી અને પ.પૂ. જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી અમો આ “શ્રીમદ્ ભગવત્ દશાવતાર” ગ્રંથની બીજી આવૃત્તિ વાચક વર્ગના કરકમળમાં મૂકતાં આનંદ અનુભવીએ છીએ. આ “શ્રીમદ્ ભગવત્ દશાવતાર” ગ્રંથમાં સૃષ્ટિ નિર્માણ તથા ભગવાનને દસ અવતાર લેવા પડયા તેનું કારણ અને કાર્યની આછી રૂપરેખા આપવાનો પ્રયાસ કર્યો છે. તે સિવાય પ.પૂ. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે શબ્દે શબ્દમાં ચિંધેલ માનવ કલ્યાણ માટે ધર્મ કર્મ માર્ગનો ઉલ્લેખ કરેલ છે. આ “શ્રીમદ્ ભગવત્ દશાવતાર” ગ્રંથમાં આદ્ય નિરંજન નિરાકાર એટલે કે આદિ નારાયણ ભગવાને સત્ય તથા દેવો અને ભક્તોની રક્ષા કરવા માટે અને દૈત્યવૃત્તિ ધરાવતા રાક્ષસોને શિક્ષા કરી મૃત્યુદંડ આપવા માટેના અથાગ પ્રયત્નો કર્યા છે તે હકીકત સવિસ્તારથી આપવા પ્રયાસ કર્યો છે.

પ.પૂ. વીરવર સત્‌પંથાચાર્ય આદ્ય જગદ્‌ગુરુ શ્રી કરશનદાસજી મહારાજ શ્રી પ્રેરણાપીઠ-પીરાણામાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના ગુરુદ્વારાની ગાદી પર બિરાજમાન થયા પછી સત્‌પંથ ધર્મના રાહબર બની ધાર્મિક ક્ષેત્રે ધર્મનો પ્રચાર-પ્રસાર ખૂબ જ થયો અને તેનાથી સત્‌પંથના અનુયાયીને ખૂબ જ હૂંફ રહી. એટલું જ નહીં, પરંતુ સત્‌પંથ ધર્મને વિશ્વ વ્યાપી બનાવવા માટે તેમને અથાગ ચિંતન કરીને અખિલ ભારતીય સંતોનાં પાંચ પાંચ મહાસંમલનો યોજયાં અને તેનાથી સત્‌પંથ ધર્મની સુવાસ ચારે તરફ પ્રસરી, તેથી સર્વ સત્‌પંથી ભક્તો ધન્યતા અનુભવે છે.

જયારે તેમને “જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્ય” પદનું સન્માન અખિલ ભારતના સર્વ સંતોની ઉપસ્થિતિમાં મળ્યું, જે સત્‌પંથ ધર્મ માટે તથા સત્‌પંથી ભક્તો માટે અવિસ્મરણિય બની ગયું. તેમજ પ.પૂ. આદ્ય જગદ્‌ગુરુ શ્રી સત્‌પંથાચાર્ય કરશનદાસજી મહારાજશ્રીએ બાંધકામ ક્ષેત્રે અતિથિ ગૃહો, ભોજનાલયો તથા સંસ્થામાં કે ગ્રામ્ય વિસ્તારોમાં ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણનાં મંદિરોમાં સમયને અનુરૂપ બાંધકામ કરાવ્યાં. અત્યારના સમયે ટેકનોલોજી તથા જરૂરીયાતને ધ્યાનમાં રાખી બાળકો માટે “ઈંગ્લીશ મિડિયમ સ્કૂલ” શરૂ કરાવી તથા બાળકોને રહેવા માટે પણ હોસ્ટેલની સગવડ કરી આપી. વિશેષમાં બાળકો માટે ધર્મનું તથા સુસંસ્કારનું સિંચન કરવા માટે

બાળ શિબિરોનું આયોજન કરાવડાવ્યું તથા સત્‌પંથી ભક્તોને ધર્મ પ્રત્યેનું જ્ઞાન તથા આત્મજ્ઞાન મળે તે માટે "ધ્યાનયોગ શિબિરો"નું આયોજન પણ તેમની અનુમતિથી કરાવવામાં આવ્યું અને એમને જે હોસ્પીટલનું આયોજન કર્યુ છે, તેનાથી ઘણાં બધા દર્દીઓને સારવાર મળે છે તે ખૂબ જ પ્રશંસનીય છે.

વિશેષમાં સત્‌પંથના ભક્તોની સંખ્યામાં દિન-પ્રતિદિન સતત વધારો થયો છે અને થઈ રહ્યો પણ છે. તેની કોઈ સીમા જ રહી નથી. આમ ખરેખર સત્ય હકીકતે સત્‌પંથી ભક્તોને કલ્પના બહારની અવિસ્મરણીય ભેટો આપી છે. જેના આપણે સર્વ સત્‌પંથ સમાજ ઋણી છીએ. ઉપર દર્શાવેલ કામો સિવાય "શ્રીમદ્‌ ભગવત્‌ દશાવતાર" ગ્રંથની પ્રથમ આવૃત્તિ બહાર પાડવામાં પણ પ.પૂ. આદ્ય જગદ્‌ગુરુ શ્રી કરશનદાસજી મહારાજનું પ્રેરણાદાયી માર્ગદર્શન રહ્યું હતું તેમજ આ પુસ્તકને આધ્યાત્મિક પારદર્શક્તા આપી શક્યા છીએ તેના માટે પ.પૂ. આદ્ય જગદ્‌ગુરુ શ્રી કરસનદાસજી મહારાજશ્રીની પ્રેરણા જ છે અને તેમના ચરણોમાં મારા કોટિ કોટિ નમસ્કાર.... નમસ્કાર.... નમસ્કાર....

"શ્રીમદ્‌ ભગવત્‌ દશાવતાર" ગ્રંથ માટેની માહિતી સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજના હસ્ત લેખિત "મૂળબંધ" ગ્રંથ તેમજ અન્ય હસ્ત લેખિત પુસ્તકોમાંથી લેવામાં આવી છે. એમાં અક્ષર, શબ્દ, વ્યાકરણની ભૂલ હોય, કદાચ શરત ચૂક કે સમજણના અભાવે ભૂલચૂક રહી ગઈ હોય તો આપ સર્વ વાચક મિત્રો તેમજ સત્‌પંથ ભકતોની ક્ષમા યાચું છું.

આ પવિત્ર ગ્રંથને કાળજીપૂર્વક વાંચો, વાંચીને વિચારો, વિચારીને પોતાના જીવનમાં અમલમાં મૂકો તો આપનું જીવન ધન્ય બનશે. આ ગ્રંથમાં સંચિત કરેલ વેદવાણીનો પ્રચાર પ્રસાર થાય તે માટે બીજાને પણ વાંચવા આપો. આ ગ્રંથ વાંચીને ગમે ત્યાં મૂકવો નહીં. પવિત્રતા જળવાય તેમ મૂકવો. શક્ય હોય તો દરરોજ ધૂપ અગરબત્તી કરવી. આ ગ્રંથ ફાટી તૂટી ન જાય કે અપવિત્ર ન થાય તેની કાળજી રાખવી.

પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી આ "શ્રીમદ્‌ ભગવત્‌ દશાવતાર" ગ્રંથની બીજી આવૃત્તિ વિશેષ પ્રમાણમાં છપાવીને પ્રસિદ્ધ કરવાના અમારા નમ્ર પ્રયાસને સર્વ સત્‌પંથ સમાજનો સહયોગ મળ્યો છે તેમજ આ ગ્રંથને સાથ સહકાર આપી તૈયાર કરવામાં મને મદદ કરનાર ભાઈશ્રી પટેલ છગનભાઈ સોમદાસ (વડોદરા) તથા પટેલ બાબુભાઈ શીવજીભાઈ (મેધકંપા) એ આત્મીય ભાવથી જે સાથ અને સહકાર આપ્યો છે તે અભિનંદનને પાત્ર છે.

આ "શ્રીમદ્‌ ભગવત્‌ દશાવતાર" ગ્રંથની બીજી આવૃત્તિ આપના કરકમળમાં મૂકતાં આનંદની લાગણી વ્યક્ત કરનાર -

સંપાદક - દાદાશ્રી શામજીભાઈ કાનજીભાઈ પટેલ
ઝવેરીફાર્મ, વડાગામ
સત્‌પંથ પ્રકાશન સમિતિ,
પ્રેરણાપીઠ, પીરાણા.

•••

❁ ક્ષમાપન ❁



- છગનભાઈ એસ. પટેલ
સરદાર એસ્ટેટ, વડોદરા.

પ્રાતઃ સ્મરણીય સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની અસીમ કૃપાથી, પ.પૂ. આદ્ય જગદ્‌ગુરુ શ્રી કરશનદાસજી મહારાજની પ્રેરણાથી અને પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી "શ્રીમદ્ ભગવત્ દશાવતાર" ગ્રંથની બીજી આવૃત્તિને છપાવી પ્રસિદ્ધ કરવાના ભગીરથ કાર્યમાં, આવા સદ્‌કાર્યમાં સહભાગી થવાનો મને શુભ અવસર મળ્યો, જે મારા જીવનની ધન્ય ઘડી છે.

"શ્રીમદ્ ભગવત્ દશાવતાર" ગ્રંથની પ્રથમ આવૃત્તિ સમયે માહિતી એકત્ર કરવાનો અથાગ પ્રયત્ન કરી અને માર્ગદર્શન આપનાર પ.પૂ. આદ્ય જગદ્‌ગુરુ શ્રી કરશનદાસજી મહારાજના શ્રી ચરણોમાં વંદન.....

આ શ્રીમદ્ ભગવત્ દશાવતાર ગ્રંથની બીજી આવૃત્તિનું નિર્માણ શરૂ થયું ત્યારે કેટલાક હરિભક્તોની માગણીને ધ્યાનમાં લઈને આ ગ્રંથમાં સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજ રચિત પદોનો સમાવેશ કરવા પ્રયત્ન કરેલ છે અને એના ભાવાર્થ રૂપે ગદ્યમાં કથાનું વર્ણન કરેલ છે તે કેટલાક સાહિત્ય અને પુરાણોના આધારે અમારી અલ્પ બુદ્ધિથી પ્રયાસ કરેલ છે. આ કાર્યમાં કેટલીક ક્ષતિઓ અને પ્રેસ ભૂલ રહી જવા પામી હોય તો તે અમારી ગેરસમજના કારણે બન્યું છે, તો ક્ષમ્ય ગણશો અને જે કાંઈ સરળ અને સુંદર ભાષામાં લેખન થયું હોય તો આવા સદ્‌કાર્યના યશભાગી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ છે, તેમની જ પ્રેરણાથી બન્યું છે. મને તેમજ મારી સાથે આ કાર્યમાં જોડાયેલા સાથી મિત્રો, નામી, અનામી, સહયોગી સૌને પરમકૃપાળુ પરમાત્મા ક્ષમ્ય કરે એ જ પ્રાર્થના.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની વાણીમાં અમૃતરસ ભર્યો છે. આવા અમૃતરસને જેને જાણ્યો અને માણ્યો તેવા મહાપુરુષો દેવત્વ પ્રાપ્ત કરી માનવ કલ્યાણનાં કાર્યો કરી પરમ તત્ત્વમાં વિલીન થઈ ગયા છે. તેઓ દેવત્વ પ્રાપ્ત કરી આજે પણ પૂજાય છે અને પરોક્ષ રીતે માનવ કલ્યાણના કાર્યો કરી રહ્યા છે, તે સત્‌પંથ ધર્મને આભારી છે.

"ભૂલ કરે તે માનવ, ભૂલ સુધારે તે સંત અને ભૂલ ન કરે તે દેવ અને ભૂલનો સ્વીકાર ન કરે તે દાનવ."

:: સાખી ::

"પૃથ્વી કો કાગજ કરું, કલમ કરું વનરાઈ,
સાત સમુદ્ર કી શાહી કરું, તોય હરિ ગુણ લખ્યા ન જાઈ."

ભગવાનના અવતાર કાર્યનું વર્ણન કરવા માટે સમગ્ર પૃથ્વી જેટલો કાગળ હોય અને સમગ્ર વનરાઈ (વૃક્ષો)ની કલમ બનાવીએ તેમજ સાત સમુદ્રના નીરની શાહી બનાવવામાં આવે તોય શ્રી હરિના ગુણનો પાર ન આવે.

•••

❁ નમ્ર નિવેદન ❁



પટેલ ભીમજીભાઈ કરશનભાઈ
ટ્રસ્ટી : શ્રી ઈમામશાહ બાવા સંસ્થા ટ્રસ્ટ,
મંત્રી : કચ્છ કડવા પાટીદાર સત્‌પંથ સનાતન સમાજ ટ્રસ્ટ,
પ્રેરણાપીઠ, પીરાણા.

વ્હાલા સત્‌પંથી અનુયાયીઓ તેમજ જીજ્ઞાસુ હરિભક્તો.....

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની અસીમ કૃપાથી આપણે સૌ તેમણે બતાવેલ પવિત્ર "સત્‌પંથ ધર્મ"ના માર્ગે જઈ રહ્યા છીએ. કેવું મજાનું નામકરણ ? સત્-પંથ, સત્યના માર્ગે ચાલવાનો પંથ કે જે અનાદિ કાળથી ચાલ્યો આવતો ધર્મ, જે "સત્‌પંથ સનાતન ધર્મ" જે અનાદિ કાળથી આજ પર્યંત સતત જનતા-જનાર્દનને સત્યના માર્ગ પર ચાલવાનો રાહ બતાવતો રહેલ છે. જે મનુષ્યને સાચી જીવન દૃષ્ટિ આપવાની અપ્રતિમ તાકાત ધરાવે છે.

સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજની પ્રસાદી સ્વરૂપ તત્ત્વજ્ઞાનથી ભરપૂર તેમજ જીવન કેમ જીવવું તે "શ્રીમદ્ ભગવત્ દશાવતાર" જેવા મહાગ્રંથમાંથી આપણને મળે છે.

સદર "શ્રીમદ્ ભગવત્ દશાવતાર" ગ્રંથ સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજ તેમના હસ્ત લેખિત ગ્રંથ "મૂળબંધ" ગ્રંથમાં આલેખન કરેલ છે.


સદર "શ્રીમદ્ ભગવત્ દશાવતાર" ગ્રંથમાં દશે અવતારોનું વિગતવાર ક્રમ અનુસાર વર્ણન કરેલ છે. જેમાંથી આ સંસાર સાગરમાં માનવે કેમ જીવન જીવવું અને માનવમાંથી દાનવ થવું કે દેવ સ્વરૂપ થવું તેમજ આપણે જાતે જ વાણી, વર્તન, શિસ્ત, સંયમી જીવનથી ઘડાઈને પાર પડવા માટેનો માર્ગ પણ "શ્રીમદ્ ભગવત્ દશાવતાર" ગ્રંથમાંથી જાણવા મળે છે.

સદર ગ્રંથ મૂળબંધમાંથી શોધન કરીને અથાગ મહેનત કરીને વડીલ શ્રી શામજીદાદા તથા સમયાંતરે સહભાગી થનાર શ્રી છગનભાઈ પંડિત તથા શ્રી બાબુભાઈ એસ. પટેલ (મેધકંપા) એમની દિન-રાતની મહેનતના પરિણામે સદર ગ્રંથની બીજી આવૃત્તિ મેળવવા આપણે સહુ ભાગ્યશાળી બની શક્યા છીએ.

પરમ કૃપાળુ પરમાત્મા "શ્રી નિષ્કલંકી નારાયણ મહાપ્રભુ" તથા સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ સત્‌પંથ પ્રકાશન સમિતિના કાર્યકરોને વિશેષ શક્તિ આપે અને સત્‌પંથ ધર્મની સેવાથી તેમને મહાપ્રભુજી દીર્ઘાયું બક્ષે એ જ પ્રાર્થના....

•••

❁ ક્ષમા યાચના ❁



ધર્મપ્રેમી સજ્જનો......

સદ્ગુરુશ્રી ઈમામશાહ મહારાજની વાણીના આધ્યાત્મિક એવા આ મહાન "શ્રીમદ્ ભગવત્ દશાવતાર" ગ્રંથની બીજી આવૃત્તિની રચના કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. જે શ્રેષ્ઠ માર્ગે ચાલનાર પથિકો તેમજ મનુષ્ય માત્રને કલ્યાણકારી અને આત્મ ઉદ્ધારક સાબિત થઈ પ્રેરણા અને માર્ગદર્શન પુરું પાડશે.

આ મહાન ગ્રંથમાં સત્ય, અહિંસા, ક્ષમા, દયા, ઉદારતા, પરોપકાર, સદ્વ્યવહાર વગેરે વિષયોને અનુલક્ષી અમૂલ્ય ઉપદેશ તથા સિદ્ધાંતો એવા સ્પષ્ટ અને સરળ સ્વરૂપમાં રજુ કર્યા છે કે તેનું મહત્ત્વ સમજી પ્રત્યેક મનુષ્ય તેમજ સુજ્ઞ વાચકો પોતાના જીવનને સફળ બનાવી શકે છે.

આ "શ્રીમદ્ ભગવત્ દશાવતાર" ગ્રંથનો આધ્યાત્મિક ઉદ્દેશ મનોરંજન પીરસવાનો નથી, પરંતુ સંપૂર્ણ માનવ સમાજને આધ્યાત્મિક ઉન્નતિ પ્રત્યે લઈ જવાનો નમ્ર પ્રયાસ ગાગરમાં સાગર સમાવીને લોકભોગ્ય ભાષામાં કર્યો છે. આ ગ્રંથનું અધ્યયન કરતાં અજ્ઞાનનો પડદો હટી જાય અને ચૈતન્યની દિવ્યતા અનુભવાય ત્યારે જ અમારો કર્મયોગ લેખે લાગશે.

આ ગ્રંથ લખવાના કાર્યમાં સમય તથા શ્રમ કોઈને પણ લાગ્યો હશે અને એમાં જે કોઈ વિચારો રજૂ થયેલા હશે તે સૌના સહિયારા પુરુષાર્થનું પરિણામ છે. તેમાં કોઈ પ્રેસની ક્ષતિ અગર અમારી કોઈ ક્ષતિ દોષ રહી ગઈ હોય તેને ક્ષમ્ય ગણશો અને એ ક્ષતિઓને સુધારીને અધ્યયન કરવા કૃપા કરશો. સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની પ્રેરણા અને તેમજ પૂ. જગદ્ગુરુશ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી આ મહાન કાર્ય શક્ય બન્યું છે. તેમની પ્રેરણા દ્વારા જ આ લેખન કાર્ય સફળ થયું છે અને તેમની કૃપાથી આપ સૌ મુમુક્ષજનોના કરકમળમાં આ ગ્રંથ અર્પિત કરી શક્યા છીએ.

સદ્ગુરુશ્રીની કૃપા અને પૂ. જગદ્ગુરુશ્રીના આશીર્વાદથી આ ગ્રંથના પ્રકાશિત કાર્યમાં પૂ. શામજીદાદા તથા પૂ. શ્રી છગનભાઈના સાનિધ્યમાં રહીને આ ધર્મ સેવા કરવાનો અમૂલ્ય લાભ મળ્યો તેને હું મારું સદ્ભાગ્ય લેખું છું.

-બાબુભાઈ એસ. પટેલ
મેઘકંપા.

•••

॥ श्रीमत्परमात्मने नमः ॥

❁ सुमंगलम् स्तुति ❁

१ ॐ नमो श्री निष्कलंकी नारायणाय जनार्दनाय भस्मायुधाय विद्महे दिव्य नेत्राय धीमहि ।
तन्नोज्वरहरः प्रचोदयात् ॥ ॐ शांतिः शांतिः शांतिः ॥

२. श्री परब्रह्म परमात्मा स्तुति :
यं ब्रह्मा वरुणेन्द्र रुद्रमरुतः स्तुन्वन्ति दिव्यैस्तवैः
वेदैः साङ्गपदक्रमोपनिषदै र्गायन्ति यं सामगाः॥
ध्यानावस्थिततद्गतेनमनसा पश्यन्ति यं योगिनो
यस्वान्तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥

३. ॐ कारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥

બિંદુ સહિત ૐકાર (જે પરબ્રહ્મ પરમાત્માનું સર્વથી ટૂંકુ અને સર્વોપરી નામ છે.) જેનું યોગી પુરુષો નિત્ય ધ્યાન કરે છે અને જે કામ તથા મોક્ષના દાતા છે, તે પરબ્રહ્મ ૐકારને હું નમસ્કાર કરું છું.

४. नाम संकीर्तनं यस्य सर्वपापप्रणाशनम् ।
प्रणामो दुःखशमनस्तं नमामि हरिं परम् ॥

જેમના નામનું કીર્તન સઘળાં પાપોનો નાશ કરે છે અને જેમને કરેલા પ્રણામ સર્વ દુઃખોને શાંત કરે છે. તે પરમ શ્રેષ્ઠ શ્રી હરિને હું નમસ્કાર અને પ્રણામ કરું છું.

५. श्री ईशस्तुति :
मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वन्दे परमानन्दमाधवम् ॥

६. श्री विष्णु नारायण स्तुति :
शांताकारं भुजगशनयं पद्मनाभं सुरेशम् ।
विश्वाधारं गगनसदृशं मेघवर्णं शुभांगम् ॥
लक्ष्मीकान्तं कमलनयनं योगिभिर्ध्यानगम्यम् ।
वन्दे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम् ॥

७. श्रीमहेश्वर ध्यान :
वन्दे देव उमापतिं सुरगुरुं वन्दे जगत्कारणं ।
वन्दे पन्नगभूषणं मृगधरं वन्दे पशूनां पतिम् ॥
वन्दे सूर्यशशांक वन्हिनयनं वन्दे मुकुन्दप्रियं ।
वन्दे भक्तजनाश्रयंच वरदं वन्दे शिवं शंकरम् ॥

८. श्रीआद्यशकित देवी स्तुति :
माया कुंडलिनी क्रिया मधुमति कालि कलामालिनी ।
मातंगी विजया जया भगवती देवी शिवाशाम्भवी ॥
शक्तिशंकरवल्लभा त्रिनयना वाग्वादिनी भैरवी ।
ॐकारि त्रिपुरासुरासुरमयी माता कुमारीश्वरी ॥
नमो देव्यै महादेव्यै शिवायै सततं नमः ।
नमः प्रकृत्यै भद्रायै नियताः प्रणताः स्म ताम् ॥

९. श्रीसद्गुरु ब्रह्मदेव स्तुति :
ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्तिम् ।
द्वन्द्वातीतं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्यम् ॥
एकं नित्यं विमलमचलं सर्वधिसाक्षिभूतं ।
भावातीतं त्रिगुणरहितं सद्गुरु तं नमामि ॥

શ્રી મહાવિષ્ણુ સ્તોત્રમ્

ૐ નમો શ્રીમન્ નિષ્કલંકી નારાયણ જનાર્દનમ્ ॥ ૐ નમો, ૐ શ્રી મહાવિષ્ણુ સ્તોત્રમ્ ॥ મહાદિવ્યં ॥ સર્વ શત્રુ નિકન્દનં । ઉગ્રતેજ, મહાબીજ, ત્રિપાદ હિજમાન ॥ બ્રહ્મા ઈશ્વર કર્તવ્યે આત્મા રક્ષતિ સિદ્ધ ભવેત્ ॥ પાદૌ રક્ષતિ ગોવિન્દં ॥ જંઘૌ પાદૌ ત્રિવિક્રમ્ ॥ ઉરુભ્યાં કેશવં ॥ કણ્ઠે દામોદરઃ ॥ વિભુઃ નાભિ ઉચ્યતે તથા રક્ષતે જઠરે વામનો તથા ઉદરે પદ્મનાભ ॥ હસ્ત પૃષ્ઠે ચ શ્રવણે નૃસિંહ ॥ બાહૌ પ્રહસ્તવિષ્ણુ ॥ દક્ષિણે મધુસદનં ॥ બાહાજતં વાસુદેવ વસે ॥ હૃદયે જનાર્દનં તથા કણ્ઠ રાખે વરાહઃ ॥ કૃષ્ણ મુખ મંડલં ॥ માધવે કર્ણસૂત્રે ॥ નાસિકા પુષ્ઠે હ્રષિકેશઃ ॥ નેત્રે નારાયણસ્તથા ॥ લલ્લાટે ગરુડધ્વજાં ॥ કપાલે કેશવ રક્ષતે ॥ શ્રી વસે સર્વ ગાત્રેષુ ॥ શ્રી રામ સર્વદા તથા પૂર્વે નારાયણ ॥ ઉત્તરે શ્રીધર તથા દક્ષિણે વિષ્ણુ રૂપ ॥ નૈઋતૌઃ દામોદરં તથા પુરુષોત્તમ ॥ વારુણ્યાં વાયવ્યાં પિતાંબર આકાશે ગદા રક્ષતે ॥ પાતાલે સુદર્શનમ્ ॥

એવં સર્વ દેવાશ્રયં કૃત્વા ગાયત્રિષુ ઉચ્ચારિતે ॥ રાજદ્વારે ॥ પંથઘોરે ॥ સંગ્રામે ॥ શત્રુ સંકષ્ટે ॥ નદીતીરતારણી ચૈવ વ્યાઘ્ર, ચોર ભયાં નાશિત ॥ ડાકિની ॥ શંખિની ॥ ભૂત-પ્રેત ॥ ખૂન ભયે કિંચિત પિશાચ્યાદિન નાશિત ॥ શ્રી વિષ્ણુ રાજ પ્રાજીત રખો રખો ॥ મહાદેવ રક્ષતિ સર્વ દેવતા ॥ દિવસ રાખતે સૂર્ય ॥ રાત્રી રાખતે તે ચંદ્રમા ॥ જલે રાખતે વારાહઃ ॥ સ્થલે રાખતે વામન ॥ ભયં નિરશિદં સદાપદ કેશવમ્ ॥

ઈતિ શ્રી વિષ્ણુ સ્તોત્રમ્ પઠતે નિત્ય સુખ સંપદા ॥ અપુત્રની લભતે પુત્રં ॥ નિર્ધની લભતે ધનં ॥ અભાર્યા લભતે ભાર્યા ॥ બંધની બંધ મુચ્યતે ॥ વિદ્યાર્થી લભતે વિદ્યા ॥ આરોગ્યાર્થી લભતે આરોગ્ય ચ ॥ મોક્ષાર્થી લભતે મોક્ષમ્ ॥ સર્વ પાપ ક્ષય જાયતે વિષ્ણુલોકે સુગચ્છતે ॥

ઈતિ શ્રી વિષ્ણુ સ્તોત્રં સંપૂર્ણ સમાપ્તં ॥ શિવ બ્રહ્મા રચતે શુભં ભવતું ॥ યદાક્ષરે પદભ્રષ્ટે ॥ માત્રાહીને યદભવતુ ॥ તદક્ષમયતો ॥ સર્વ દેવ ॥ પ્રસિદ્ધ દેવ શ્રી નિષ્કલંકી નારાયણ પુરુષોત્તમ ॥

શ્રી નિષ્કલંકી નારાયણ શુભં ભવતું ॥ શુભં ભવતુ ॥ શુભં ભવતુ ॥

ૐ નમો શ્રી નિષ્કલંકી નારાયણ જનાર્દનાય નમો નમઃ॥

॥ ઈતિ શ્રી મહાવિષ્ણુ સ્તોત્રમ્ સંપૂર્ણ॥

ૐ શાંતિ ! શાંતિઃ ! શાંતિઃ !!

•••

❁ સૃષ્ટિનું નિર્માણ ❁

"જયોતિ સ્વરૂપે જાણીયે, આદ બુંદ વિંડ કહેવાય રે ।
નિરાકાર રૂપે તો પોતે છે, તે તો અકળ કહાવ્યા નવ જાય રે ॥
ઝવેરી હોવે તે પારખે, અને હીરા ચઉટે બાજાર રે ।
મુનિવર હોવે તો પારખે, જ્ઞાનની સુરતી લગાય રે ॥"

પ્રાતઃ સ્મરણીય પરમ વંદનીય સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે આ સૃષ્ટિ તથા વિશ્વ બ્રહ્માંડના સ્વરૂપનું વર્ણન કર્યું છે કેઃ પહેલાં ધરતી નહોતી, આકાશ નહોતું, મૂળ નહોતી માયા અને નહોતું રજવર બીજ. કશું જ નહોતું. સદ્‌ગુરુશ્રીએ ભગવાનના અલક્ષ (નિરાકાર) સ્વરૂપનું વર્ણન કર્યું છે કે, પહેલાં એક જયોતિ જ હતી. તેનાથી આગળ ચંદ્ર અને સૂર્ય પણ નહોતા, ત્યારે છત્રીસ લાખ કરણ સુધી ભગવાનનું નિર્ગુણ નિરાકાર તેજ જ હતું. છત્રીસ લાખ અગીયાર હજાર વર્ષનો એક યુગ થાય. આવા બત્રીસ યુગ પૂરા થયા બાદ એક કરણ થાય. આવા છત્રીસ લાખ કરણ ભગવાનનું સ્વરૂપ અવિચળ હતું. એટલા માટે જ તેમનું ધ્યાન ધરવા માટે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે જયોતિ સ્વરૂપ બતાવ્યું છે.

આ વિશ્વમાં પરિબ્રહ્મનું સ્વરૂપ જયોતિ સ્વરૂપ જ હતું. આ જયોતિ સ્વરૂપ અનંત કોટિ સૂર્યો ભેગા થઈ ઉદય થાય તેવું તેજોમય હતું. જયોતિ સ્વરૂપે પરિબ્રહ્મને સંશય થયો કે બ્રહ્માંડમાં તો હું એકલો જ છું. "ભૂઃસ્યંમ્ પ્રજામયઃ" અર્થાત્ કે હું એકલો જ છું, પરંતુ હું અનેક સ્વરૂપે પ્રગટ થાઉં તો મારા સંકલ્પનું સમાધાન થાય અને સૃષ્ટિ નિર્માણનું કાર્ય પણ થાય. જયારે મંદિરમાં ઘંટારવ વગાડીએ છીએ, નગારું વગાડીએ છીએ અને તેમાંથી જે નિનાદ (અવાજ) નીકળે છે. આ નિનાદ અવાજ છે તે અનહદ છે. અનહદ એટલે જેમની હદ નથી તેવું. આ સૃષ્ટિ નિર્માણ ન હતી ત્યારે પણ આ બ્રહ્માંડમાં નિનાદનું એવી રીતે નિર્માણ થઈ ગયેલું હતું. ॐ.....મ્..... નિનાદ સ્વરૂપે આ જયોતિમાંથી પરિબ્રહ્મ નિર્ગુણ નિરાકાર સ્વરૂપ પ્રગટ થયું. નિર્ગુણ નિરાકાર સ્વરૂપ તો હતું, પરંતુ ભક્તોને (જગતને) સમજાવવા માટે સગુણ સાકાર સ્વરૂપ ધારણ કર્યું. તે નિર્ગુણ નિરાકાર અને સગુણ સાકાર, આ બંને સ્વરૂપ એક જ નિરંજન નિરાકાર પરિબ્રહ્મનાં છે.

જયોતિમાંથી જે નિર્ગુણ નિરાકાર સ્વરૂપ પ્રગટ થયું તેને સચ્ચિદાનંદ સ્વરૂપ કહે છે અને આજ સ્વરૂપને આપણા શાસ્ત્રોમાં આદિ નારાયણ ભગવાન કહીએ છીએ. આ આદિ નારાયણ ભગવાન સગુણ સાકાર રૂપથી પ્રગટ થયા અને તે જયોતિમાંથી જ પ્રગટ થયા.

આદિ નારાયણ ભગવાનનું આ સ્વરૂપ જેવી રીતે વાયુનું સ્વરૂપ છે પણ દેખાતું નથી, તેજનું સ્વરૂપ છે પણ દેખાતું નથી. તેવી રીતે ભગવાનનું સ્વરૂપ જયોતિમાંથી પ્રગટ થયું પણ તે દેખાતું નથી, પરંતુ તેમાંથી તો તેમની ફક્ત આકૃતિ જ પ્રગટ થઈ છે. પછી ભગવાનને વિચાર આવ્યો કે હું તો હજી એકલો જ છું.

ત્યારે આદિ નારાયણે એકમાંથી અનેક જીવાત્માઓના સર્જનનો સંકલ્પ કર્યો. આ સૃષ્ટિની ઉત્પત્તિ માટે

માયા શક્તિનું નિર્માણ કર્યું. આ માયા શક્તિ એટલે "સચ્ચિત્ શક્તિ સ્વરૂપ" એ જ આદ્યશક્તિ સ્વરૂપે માયાનું નિર્માણ કર્યું. ભગવાન પોતે તો જ્યોતિમાંથી જ પ્રગટ થયા. પછી તેમને માયાનું નિર્માણ કર્યું. જેનું નિર્માણ અને નાશ થાય છે તેનું નામ માયા. તે માયાનો હંમેશાં નાશ જ થાય છે પરંતુ પરબ્રહ્મ તત્ત્વનો નાશ થતો નથી. ત્યારે આદિ નારાયણ ભગવાને આદ્ય શક્તિ સ્વરૂપે આઠ પ્રકૃતિ "પંચ" નિર્માણ કર્યું. આ આઠ પ્રકૃતિ તે પંચ-પંચીકરણ બોલાય છે. તેમાં પૃથ્વી, આપ (જલ), તેજ, વાયુ, આકાશ, જીવ, માયા અને બ્રહ્મ. આ આઠ પ્રકૃતિ રૂપને અષ્ટધા પ્રકૃતિ કહેવાય છે. ભગવાન નિર્ગુણ નિરાકાર સ્વરૂપે આ સૃષ્ટિ નિર્માણ કરવા માટે અષ્ટધા પ્રકૃતિ એટલે આદ્ય શક્તિનું નિર્માણ કર્યુ. પછી ભગવાને તેમનું ધ્યાન જીવાત્માના સ્વરૂપનું નિર્માણ કરવા માટે કર્યુ. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે ભગવાનના આ જ્ઞાનને સમજાવવા માટે મૂળબંધ નામનો ગ્રંથ લખ્યો છે. તેમાં જીવાત્માના સ્વરૂપનું વર્ણન કર્યું છે. માટે અહીં લંબાણથી લખતા નથી.

પરિબ્રહ્મ નિર્ગુણ નિરાકાર છે અને સગુણ સાકાર પણ છે અને સચ્ચિદાનંદ સ્વરૂપ પણ છે. તેઓ સત્ પણ છે અને ચિત્ત પણ છે અને બ્રહ્મ પણ છે. સત્ અને ચિત્ત જગતની રચનાથી આખર સુધી કાયમ રહે છે. સત્ અવિનાશી પણ છે. આ સત્‌ને પામવા માટે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે સત્‌પંથ ધર્મનું દિગ્દર્શન કરાવ્યું છે. સત્‌પંથ ધર્મનું જ્ઞાન એવું છે કે તે જીવાત્માને મુક્તિ સુધી પહોંચાડે છે.

અને આ સત્‌પંથ ધર્મના જ્ઞાનથી જીવાત્માને અવશ્ય મુક્તિ મળે છે. આ જીવાત્માની ઉત્પત્તિ નિર્ગુણ નિરાકારથી જ થઈ છે, જે સચ્ચિત્ સ્વરૂપ છે તેમાંથી જ જીવાત્માનું નિર્માણ થયું છે, ત્યાં જ જીવાત્માને પાછું પહોંચવાનું છે. પરંતુ આ સૃષ્ટિમાં જીવાત્મા તેના જીવનમાં જેવાં કર્મો કરે છે તે કર્મો અનુસાર તેને ફળ મળે છે. પાપ કર્મ કરે તો દુઃખદાયી ફળ મળે અને પીડિત યોનિમાં જન્મ મળે છે. અને જો પુણ્ય કર્મ કર્યા હોય તો અનેક સારાં કર્મોને લીધે જીવાત્મા સ્વર્ગલોકમાં જાય છે. સ્વર્ગલોકમાં સુખ ભોગવ્યા બાદ મૃત્યુલોકમાં આવે છે. મૃત્યુલોકને કર્મભૂમિ માનવામાં આવે છે. પોતાના કર્મ અનુસાર જીવાત્મા નરકલોકમાં યાતના ભોગવતો હોય કે પછી સ્વર્ગલોકમાં સુખ ભોગવતો હોય, પણ તેનાં કર્મ પૂરાં થયા પછી મૃત્યુલોકમાં પાછું આવવું જ પડે છે. પરંતુ જીવાત્માનું અંતિમ સ્વરૂપ સત્ છે, એટલે કે મોક્ષ સ્વરૂપ સત્ છે. એટલા માટે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે આપણા સત્‌પંથ સાહિત્યમાં ગુરુવાણીના રૂપમાં કહ્યું છે કે :-

"સત્‌પંથ ધર્મ સો કહીએ, જેણે ઓળખ્યા સત્‌ગોર દેવ રે;
પરબ્રહ્મા વિષ્ણુને ઓળખ્યા, તે તો અમર હુઆ તત્‌ખેવ રે."

ચિત્ત સ્વરૂપ એવું છે કે ચિત્ત એટલે ચૈતન્ય સ્વરૂપ. જ્યાં સુધી જીવાત્મામાં ચૈતન્ય ન હોય ત્યાં સુધી તે મૃતાવસ્થામાં રહે છે. જીવાત્મામાં ચૈતન્ય આવે એટલે જીવાત્મા આત્મા તરીકે ઓળખાય છે. આત્મા તરીકે એટલે કે આત્માનું સ્વરૂપ ચૈતન્ય સ્વરૂપ છે. સચ્ચિદાનંદ એ જ ઈશ્વરનું અંતિમ સ્વરૂપ છે. ત્યાં પહોંચ્યા બાદ જીવાત્માને મુક્તિ મળે છે. જે જીવાત્મા મુક્ત થઈ જાય છે, તેને અપરિમિત આનંદ મળે છે. તે આનંદમય સ્વરૂપ ઈશ્વરનું જ સ્વરૂપ છે. ભગવાને આ માયાનું માધ્યમ લઈને અષ્ટવિદ્ય પ્રકૃતિનું નિર્માણ કર્યું છે. તે "પૃથ્વી, આપ, તેજ, વાયુ,

આકાશ, જીવ, બ્રહ્મ અને માયા", આમ જીવનો જે સંબંધ આવે છે તે જીવમાં બ્રહ્મ અને અવિદ્યાનો સંયોગ થવાથી આત્માનું સ્વરૂપ પ્રગટ થાય છે. એટલે કે "બ્રહ્મ", આ બ્રહ્મ જ સચ્ચિત્ "બ્રહ્મ" છે. આ અવિદ્યા, અવિદ્યાનું સ્વરૂપ છે "માયા".

અવિદ્યા અને બ્રહ્મના સંયોગથી આ જીવાત્મા પ્રગટ થયો છે. જીવ, માયા અને બ્રહ્મ એ જીવાત્મા છે. તે જીવાત્મા જ્યારે મૃત્યુલોકમાં જાય છે ત્યારે ત્યાં જેવું કર્મ કરે છે તેવું જ કર્મનું ફળ તેને મળે છે અને ફળ તે પોતે જ ભોગવે છે.

પરિબ્રહ્મ ભગવાનનું સ્વરૂપ તો નિરંજન નિરાકાર છે. તે તો આપણે આગળ જોઈ લીધું અને માયાનું સ્વરૂપ છે સચ્ચિદ્ આદ્ય શક્તિ. તે શક્તિનું સ્વરૂપ પણ આપણે જોઈ લીધું, પરંતુ માયા એકલી કંઈ કરી શક્તી નથી. એકલા ભગવાન પણ કશું કરી શકતા નથી. બંનેના સંયોગમાંથી જે બ્રહ્મ અને અવિદ્યા, તેના સંયોગથી જીવાત્મા પ્રગટ થાય છે તેનું નિયંત્રણ કરવાને માટે ભગવાને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રણ દેવતાઓનું નિર્માણ કર્યું છે. બ્રહ્મા-રજોગુણ, વિષ્ણુ-સત્ત્વગુણ, મહેશ-તામસ ગુણ છે. આમ પરિબ્રહ્મ નારાયણે સૃષ્ટિનું નિર્માણ કર્યું છે તેનું ટૂંકમાં વર્ણન કર્યું છે. સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે સૃષ્ટિ નિર્માણનું વિશેષ જ્ઞાન હસ્ત લિખિત 'મૂળબંધ' નામના ગ્રંથમાં સવિસ્તાર આપેલ છે.



•••

❁ શ્રી વિષ્ણુ ભગવાનના દસ અવતાર નિર્માણનું કારણ અને કાર્યની ટૂંકમાં પ્રસ્તાવના છે. ❁

એક સમયે અમરીખ રાજાએ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર તથા આદિ નારાયણ ભગવાન પાસે જઈ પૂછ્યું કે: હે પ્રભુ ! હું શું કરું તો ચોર્યાસી લાખ યોનિઓ (અવતારો)માંથી મને મુક્તિ મળે ? ત્યારે દેવોએ અમરીખ રાજાને કહ્યું કે; તું યજ્ઞ કર, તે યજ્ઞમાં સર્વ દેવી દેવતાઓ આવશે અને તને આશીર્વાદ આપશે, તો તું મોક્ષ પામીશ. એટલે આ રીતે અમરીખ રાજાએ યજ્ઞનું આયોજન કર્યુ અને સર્વ દેવી-દેવતાઓ, બાર આદિત્ય, આઠ વસુ, અશ્વિનીકુમાર, અગીયાર રુદ્ર વગેરે સર્વ પૃથ્વી પાલક દેવતાઓ યજ્ઞમાં આવ્યા. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ પણ આવ્યા અને સર્વે દેવતાઓએ યજ્ઞથી આનંદ પામીને આશીર્વાદ આપ્યો કે; હે રાજન, હે ભક્ત, તે જે કારણે આ તપસ્યા કરી અને આ યજ્ઞનું આયોજન કર્યું તેનાથી અમો સર્વ દેવો સંતુષ્ટ થયા છીએ અને અમે તને આશીર્વચન આપીએ છીએ કે; "તું અમર થાવ." આવું વરદાન દેવો પાસેથી ભક્ત અમરીખે પ્રાપ્ત કર્યું.

ત્યારે એ સમયે શંખાસુર યજ્ઞમાં મોડો આવ્યો અને તેને જોયું કે સર્વ દેવીદેવતાઓ અમરીખને અમર થવાના આશીર્વાદ આપીને સ્વસ્થાને જઈ રહ્યાં છે. આ જોઈને તેને ખૂબ જ ક્રોધ આવ્યો અને ક્રોધમાં ને ક્રોધમાં તેનાથી બોલી જવાયું કે; હે અમરીખ, તને સો જન્મ લેવા પડશે ! કારણ કે તે મારું અપમાન કર્યું છે ! મારા વગર આ યજ્ઞ પૂર્ણ થઈ શકતો નથી, એટલે તને સો જન્મ લેવા પડશે. સર્વ દેવી-દેવતાઓ વિચારમાં પડી ગયાં. હવે શું કરવું !

શ્રી વિષ્ણુ ભગવાને આમાંથી માર્ગ કાઢયો અને શંખાસુરને સમજાવ્યો કે; અમો સર્વ દેવોએ અમરીખ ભક્તને અમર કર્યો છે તે અમર જ રહેશે ! તું સો જનમનો શ્રાપ છોડી દે ! ત્યારે વીસ જન્મ શ્રી વિષ્ણુ ભગવાનના સન્માન માટે શંખાસુરે ઓછા કર્યા અને કહ્યું: એંસી જન્મ તો તેમને ભોગવવા જ પડશે. પછી શ્રી વિષ્ણુ ભગવાન બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માજીએ શંખાસુરને સમજાવ્યો, તો તેમના સન્માન માટે વીસ જન્મ ઓછા કર્યા. પછી ત્રીજીવાર મહેશ ભગવાનના સમજાવવાથી વીસ જન્મ ઓછા કર્યા અને પછી સર્વ દેવતાઓ શક્તિની પાસે ગયા અને શક્તિના સમજાવવાથી વીસ જન્મ ઓછા કર્યા. હવે એંસી જન્મ ઓછા થયા અને ફક્ત વીસ જન્મ બાકી રહ્યા. તો આ વીસ જન્મનું શું કરવું. આખરે સર્વ દેવતાઓ આદિ નારાયણ ભગવાનની પાસે ગયા. બધા દેવોએ વિનંતી કરતાં કરતાં કહ્યું કે; અમરીખ ભક્તને, અમર રાખવો જ પડશે. અમે તેમને અમર થવાનું વરદાન આપ્યું છે, પરંતુ અમારું કહ્યું શંખાસુર માનતો નથી તો આપ એને સમજાવો. ભગવાન આદિ નારાયણે શંખાસુરને સમજાવ્યો કે; બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને આદ્યશક્તિના માન ખાતર તે વીસ વીસ જન્મ મુક્ત કર્યા, તો મારા માન ખાતર બાકી રહેલા વીસ જન્મ મુક્ત કર.

ત્યારે શંખાસુર આદિ નારાયણ ભગવાનને કહે છે કે : વીસ જન્મ બાકી રહેલા છે તે માફ નહીં થાય, આ બાકી રહેલા વીસ જન્મ તો અમરીખ ભક્તને લેવા જ પડશે. મારું વચન મિથ્યા નહીં થાય.

ત્યારે આદિ નારાયણ ભગવાન કહે છે કે: બાકી રહેલા વીસ જન્મ અમરીખ ભક્ત નહીં લે, કારણ કે યજ્ઞ કરવામાં અમરીખ ભક્તનો કોઈ જ અપરાધ નહોતો, માટે તને કહું છું કે બાકી રહેલા વીસ જન્મમાંથી દસ જન્મ તું લે અને દસ જન્મ હું લઉં છું. અમરીખ ભક્તને અમર કરી દીધો છે તે અમર થઈ ગયો તે એક પણ જન્મ નહીં લે. આમ દસ જન્મ શંખાસુરના છે અને દસ જન્મ ભગવાને પોતે ધારણ કર્યા છે.

આદિ નારાયણે પોતાની શક્તિ વિષ્ણુ ભગવાનને આપી અને સમજાવ્યું કે; મારા નવ જન્મ તમો ધારણ કરો અને આખરી જન્મ જે છે તે જન્મ નારાયણનો જ થશે, એટલા માટે શ્રી નિષ્કલંકી આ નામ નારાયણ સાથે જોડાયેલું છે.

પહેલા કર્તાયુગમાં દૈત્ય શંખાસુર, મધુકૈટક, મોરધ્વજ, હિરણ્યકશ્યપુ અને બીજા ત્રેતાયુગમાં દૈત્ય બલિરાજા, સહસ્રાર્જુન, રાવણ પછી દ્વાપર યુગમાં દૈત્ય કંસ અને દુર્યોધન થયા અને હવે આજ કલિયુગમાં દૈત્ય કાલિંગાનો અવતાર થવાનો છે. તેવી જ રીતે ભગવાને પણ પોતાના પ્રથમ કર્તાયુગમાં મત્સ્ય, કૂર્મ, વરાહ અને નરસિંહ અવતાર ધારણ કર્યા. બીજા ત્રેતાયુગમાં વામન, પરશુરામ અને રામ અવતાર ધારણ કર્યા. પછી દ્વાપર યુગમાં કૃષ્ણ અને બુદ્ધ અવતાર ધારણ કર્યા અને આ કલિયુગમાં હવે શ્રી નિષ્કલંકી નારાયણ કે જે આદિ નારાયણ ભગવાનનો જ અવતાર છે, એટલે તેઓ નારાયણ રૂપે પ્રગટ થશે. આ દસ અવતારનાં સ્વરૂપ સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે આપણને બતાવ્યાં છે, કહ્યાં છે. તેની વિસ્તૃત માહિતીનું "શ્રીમદ્ ભગવત્ દશાવતાર" ગ્રંથમાં વર્ણન કરેલ છે.



•••

: શ્રીમદ્ દશાવતાર શ્લોક :

પહેલો શ્રી મત્સ્ય અવતાર :

भूतलातलमध्यस्थं शंखासुरं निहत्य च ।
उध्द्धृताः येन वै, वेदाः तस्मै मस्त्यात्मने नमः ॥१॥

જે પરમાત્માએ ભૂતળ અને અતળની વચમાં રહીને શંખાસુર નામના દૈત્યનો નાશ કરીને વેદોનો ઉદ્ધાર કર્યો હતો, તે શ્રી વિષ્ણુ ભગવાનના શ્રી મત્સ્ય રૂપ અવતારને હું નમસ્કાર કરું છું.

બીજો શ્રી કૂર્મ અવતાર :

ससागरवनानिबिभ्रत् सप्तद्विपां वसुन्धराम् ।
यो धारयति पृष्ठेन, तस्मै कूर्मात्मने नमः ॥२॥

જેમણે પોતાની પીઠ ઉપર સમુદ્રો અને વનો સહિત સાત દ્વીપવાળી પૃથ્વીને ધારણ કરી હતી, તે શ્રી વિષ્ણુ ભગવાનના શ્રી કૂર્મ રૂપ અવતારને હું નમસ્કાર કરું છું.

ત્રીજો શ્રી વરાહ અવતાર :

एकार्णवे हि मग्नां गां वाराहं रूपमास्थितः ।
य उद्धार महीं योऽसो तस्मै क्रोडात्मने नमः ॥३॥

જેમણે શ્રી વરાહ રૂપ લઈને એકાકાર થએલા મહાસાગરમાં ડૂબી ગયેલી પૃથ્વીને બહાર કાઢી હતી, તે શ્રી વિષ્ણુ ભગવાનના શ્રી વરાહ રૂપ અવતારને હું નમસ્કાર કરું છું.

ચોથો શ્રી નરસિંહ અવતાર :

नारसिंहं वपुः कृत्वा, यस्त्रैलोक्य भयङ्करम् ।
हिरण्यकशिपु जघ्ने तस्मै सिंहात्मने नमः ॥४॥

જેમણે ત્રણે લોકને ભય આપનારું એવું શ્રી નરસિંહ રૂપ ધારણ કરીને હિરણ્યકશ્યપુ દાનવનો નાશ કર્યો હતો, તે શ્રી વિષ્ણુ ભગવાનના શ્રી નરસિંહ રૂપ અવતારને હું નમસ્કાર કરું છું.

પાંચમો શ્રી વામન અવતાર :

वामनं रूपमास्थाय बलिं संयम्य मायया ।
येन क्रान्तात्स्त्रयो लोकास्तस्मै क्रान्तात्मने नमः ॥५॥

જેમણે શ્રી વામન રૂપ ધારણ કરી માયા વડે બલિ રાજાને વશ કરીને ત્રણે લોકને ત્રણ પગલાંથી ભરી લીધાં હતાં, તે શ્રી વિષ્ણુ ભગવાનના શ્રી વામન રૂપ અવતારને હું નમસ્કાર કરું છું.

છઠ્ઠો શ્રી પરશુરામ અવતાર :

जमदग्निसुतो भूत्वा रामः परशुधृग्विभुः ।
सहस्त्रार्जुनहतैव तस्मै उग्रात्मने नमः ॥६॥

જે પરમાત્માએ જમદગ્નિ ઋષિના પુત્ર શ્રી પરશુરામ રૂપે હાથમાં પરશુ ધારણ કરીને સહસ્ત્રાર્જુન દૈત્યનો નાશ કર્યો હતો, તે શ્રી વિષ્ણુ ભગવાનના ઉગ્ર મૂર્તિ રૂપ શ્રી પરશુરામ અવતારને હું નમસ્કાર કરું છું.

સાતમો શ્રી રામ અવતાર :

रामो दाशरथिर्भुत्वा पौलस्त्य कुल नंदनम् ।
जघान रावणं संख्ये तस्मै क्षत्रात्मने नमः ॥७॥

જેમણે દશરથના પુત્ર શ્રી રામચંદ્ર રૂપે થઈને પુલસ્ત્ય કુળમાં જન્મેલા રાવણનો યુદ્ધમાં આખા કુળ સહિત નાશ કર્યો હતો, તે શ્રી વિષ્ણુ ભગવાનના ક્ષત્રિય રૂપ શ્રી રામ અવતારને હું નમસ્કાર કરું છું.

આઠમો શ્રી કૃષ્ણ અવતાર :

वसुदेवसुतः श्रीमान्वासुदेवो जगत्पतिः ।
जहार वसुधाभारं तस्मै कृष्णात्मने नमः ॥८॥

જગત્પતિ એવા શ્રીમાન વાસુદેવે, વસુદેવના પુત્ર થઈ પૃથ્વીનો ભાર ઉતાર્યો, તે શ્રી વિષ્ણુ ભગવાનના શ્રી કૃષ્ણ અવતારને હું નમસ્કાર કરું છું.

નવમો શ્રી બુદ્ધ અવતાર :

बुद्धरूपं समास्याय सर्वरूप परायणः ।
मोहयन् सर्व भूतानि तस्मै मोहात्मने नमः ॥९॥

સર્વ રૂપ પરાયણ એવા જે પરમાત્માએ બુદ્ધનું રૂપ ધારણ કરીને સર્વ પ્રાણીઓને મોહિત કર્યા હતા, તે શ્રી વિષ્ણુ ભગવાનના શ્રી બુદ્ધ અવતારને હું નમસ્કાર કરું છું.

દશમો શ્રી નિષ્કલંકી અવતાર :

हनिष्यति कलेरंते म्लेच्छोतुरंगवाहनः ।
धर्म संस्थापनार्थाय तस्मै कल्क्यात्मने नमः ॥१०॥

ધર્મની થયેલી ગ્લાનિ પછી, ધર્મને પાછો સ્થાપન કરવા માટે કલિયુગને અંતે શ્વેત ઘોડા ઉપર આરૂઢ થઈને કાલિંગા દૈત્ય અને અધર્મીઓનો નાશ કરશે, તે શ્રી આદ્ય નારાયણના શ્રી નિષ્કલંકી રૂપ અવતારને હું નમસ્કાર કરું છું.

ॐ नमो श्री निष्कलंकी नारायण जनार्दनाय । भस्मायुधाय विद्महे दिव्य नेत्राय धीमही ॥
तन्नोज्वरहरः प्रचोदयात् । ॐ शांतिः शांतिः शांतिः ॥

•••

દશ અવતારની આરતી....

જયદેવ જયદેવ ! જય સદ્‌ગુરુ સ્વામી ! પ્રભુ, જય સદ્‌ગુરુ સ્વામી,
આરતી કીજે નકલંક દેવની અક્ષય પદ ધામી ॥ જય દેવ. (૨)

પ્રથમ મચ્છ અવતાર, માર્યો શંખાસુર પાપી । પ્રભુ માર્યો.
ચાર વેદ લાવીને દીધા, બ્રહ્માને આપી ॥ જય દેવ. ૧...

બીજો કૂર્મ અવતાર, પર્વત પીઠ ઉપર ધર્યો । પ્રભુ પર્વત.
સાત સમુદ્ર મંથન કરીને, ચૌદ રતન કાઢ્યાં ॥ જયદેવ. ૨...

ત્રીજો વરાહ અવતાર, માર્યો મોરધ્વજ પાપી । પ્રભુ માર્યો.
દાઢે ગ્રહી લઈ આવ્યા, અવની ઉપર સ્થાપી ॥ જયદેવ. ૩...

ચોથો નરસિંહ અવતાર, માર્યો હિરણ્યકશ્યપ ભૂપ । પ્રભુ માર્યો.
નખથી માર્યો પાપી, લઈ નરસિંહ રૂપ ॥ જયદેવ. ૪...

પાંચમે મહા બલિરાય, દેખી સુરનર કાંપ્યા । પ્રભુ દેખી.
વામન રૂપ ધરી, બલિને પાતાળે ચાંપ્યો ॥ જયદેવ. ૫...

છઠ્ઠે પરશુરામ અવતારે, પરશી હાથોમાં લીધી । પ્રભુ પરશી.
સહસ્રાર્જુન મારી પૃથ્વી નક્ષત્રી કીધી ॥ જયદેવ. ૬...

સાતમે રામ અવતાર, આનંદ કૌશલ્યા પામી । પ્રભુ આનંદ.
દશમુખ રાવણ માર્યો, સીતાના સ્વામી ॥ જયદેવ. ૭...

આઠમે કૃષ્ણ અવતાર, ગોવિંદ ગોકુળ ગૌ ચારી । પ્રભુ ગોકુળ.
મામા કંસને માર્યો, ગોવર્ધન ધારી ॥ જયદેવ. ૮...

નવમે બુદ્ધ અવતાર, ભાર ભૂમિ પર વાધ્યો । પ્રભુ ભાર.
ધ્યાન ધરી ધરણીધર બેઠા, યોગ યુગાત સાધ્યો ॥ જયદેવ. ૯...

દશમે નિષ્કલંકી અવતાર, પૃથ્વી નિષ્કલંકી કરશે । પ્રભુ પૃથ્વી.
દૈત્ય કાલિંગાને મારી, હરિ સુધ સેવકની લેશે ॥ જયદેવ. ૧૦...

દશ અવતારની આરતી, જે કોઈ ભાવે ગાશે । પ્રભુ જે કોઈ.
આરતી બોલ્યા સદ્‌ગુરુ બ્રહ્મા, મોક્ષ ગતિ થાશે ॥ જયદેવ. ૧૧...

ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન કી જય.
ૐ શ્રી સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજ કી જય.
ૐ શ્રી સત્‌પંથ સનાતન ધર્મકી જય.
ૐ શ્રી અપને અપને ગુરુ મહારાજ કી જય.

: ગુરુ વંદના :

(૧) ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ, ગુરુર્દેવો મહેશ્વરઃ ।
ગુરુર્સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરુર્વે નમઃ ॥

(૨) ધ્યાનમૂલમ્ ગુરુર્મૂર્તિ, પૂજામૂલમ્ ગુરુર્પદમ્ ।
મંત્રમૂલમ્ ગુરુર્વાક્યં, મોક્ષમૂલમ્ ગુરુર્કૃપાય ॥

(૩) પદ વંદન કરું ગુરુદેવનાં, જે સકળ ગુણ ચતુર સુજાણ,
પૂરણ બ્રહ્મ દષ્ટે કરી, અચળ પુરુષ પુરાણ,
પૂજન કરું ગુરુ પદનું, જેથી ચૌદે લોક પૂજાય,
શેષ બ્રહ્મા શક્તિ મળી, ગુણ ગુરુજીના ગાય.
કૃપા હોય જો ગુરુવેદની, તો ટળે ચોર્યાસીના તાપ,
જન્મ મરણની આપદા, છુટે આપો આપ.

(૪) યદા યદા હિ ધર્મસ્ય, ગ્લાનિર્ભવતિ ભારત ।
અભ્યુત્થાનમધર્મસ્ય, તદાત્માનં સૃજામ્યહમ્ ॥
પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતમ્ ।
ધર્મસંસ્થાપનાર્થાય, સમ્ભવામિ યુગે યુગે ॥



•••

:: શ્રી ગણપતિ વંદના ::

વક્રતુંડ મહાકાય, સૂર્ય કોટિ સમપ્રભા ।
નિર્વિઘ્ને કુરૂમે દેવ, સર્વકાર્યેષુ સર્વદા ।।

પહેલા રે આવી ને પાટે પધારો રે,
શીવજીના છોરુ ને વિનવું રે.

તુંને જોઈ મારાં દિલનાં દારિદ્ર જાય રે,
ઉમિયાના જાયાને વિનવું રે.

કંઠડે તમારે રૂડાં ફૂલડાંની માળા,
વાણીમાં ફૂલની ફાંટું રે, હસતાં ઝરે મુખે ફૂલડાં રે.

હૈડું હેમાળુ તમારું મુખ મર્માળું,
અંગે ક્રોધ કદીયે નવ આવ્યો રે, અમૃત ઝરતી આંખડી રે.

તાતથી તમારાં માન અદ કેરાં,
અહંકાર અંગે નવ આવ્યો રે, મોટાના છોરું તમે એટલા રે.

મોટપ વાલા તારી કેટલી વખાણું,
શીવજીને માથે બીરાજે ગંગાજી રે, ગણપતીનાં ધુવે પાવલાં રે.

[1]સુર [2]સરમાયા તારી, દીપક દુદાળા,
મારા ગુણના નાયક સૂંઢાળા રે, કૃપાની આશા કાગને રે.

•••

[1]સુર=દૈવી, [2]સરમાયા=દોલત, મૂડી, ધન.

:: શ્રી સરસ્વતી દેવી વંદના ::

ઓ મા જ્ઞાન પ્રદાન કરનારી, દિવ્ય તું માતા મારી,
અમ જીવનના તિમિરે, પ્રકાશ પાથરે તું માડી. (૨)

સંકટ સમયે સ્મરણ કરતાં, વિપત્તિ જાયે ટળી,
દુઃખ જાતા સુખ પામતા, શાંતિ સુખ દે માડી. (૨)

દર્શન તારાં પાવનકારી, બળ બુદ્ધિ દેનારી,
જ્ઞાન-જ્યોત પ્રગટાવી, ઉર શાંતિ દે માડી. (૨)

શ્વેત વસ્ત્રો ધારણ કરીને, વિણા હસ્તે ધરનારી,
મયુર વાહન આરૂઢ થાતી, આપદા સૌની હરનારી. (૨)

ચિત્ત બુદ્ધિ સ્થિર કરીને, શુભ [૧]પ્રશામ દે પ્રસરાવી,
ક્રૂર બુદ્ધિને દૂર કરીને, સદ્‌બુદ્ધિ તું દે માડી. (૨)

કામ ક્રોધ મદ લોભ નિવારી, ચિત્ત પ્રસન્ન રાખનારી,
પાપીને અજ્ઞાની લોભી, પાર તારો ન પામે માડી. (૨)

કર જોડી નમન કરું, સૌને લેજો મા સંભાળી,
શરણે આવેલાનો, બેડો પાર કરજે તું માડી. (૨)

•••

[૧]પ્રશામ=શાંતિ.

:: શ્રી તેત્રીસ કોટિ દેવોને વંદના ::

પ્રથમ આદ્ય નારાયણ હોતા,
બ્રહ્મા વિષ્ણુ મહાદેવના પિતા.

આદ્ય શક્તિ નારાયણ સાર,
ધરતી આકાશ પવન પાણી પ્રકાશ.

ચંદ્ર સૂરજ નવલખ તારા જાણ,
બાર મેઘ હુવા પ્રમાણ.

નવકુળ નાગ ને સમુદ્ર છે સાત,
નવસે નવ્વાણું નદીયું જાણ.

ચૌદ બ્રહ્માંડ ને નવ ગ્રહને વંદુ,
સાત વાર સત્તાવીસ નક્ષત્રને વંદુ.

પંદર તિથિ ને માસ બાર,
નવ ખંડ પૃથ્વી ચોવીસ મુલક સાર.

અષ્ટકુળ પર્વત નવકુળ નાગ,
અઢાર ભાર વનસ્પતિ ને કરું પ્રણામ.

ઉત્તર દક્ષિણ પૂર્વ પશ્ચિમ સાર,
દસે દિશાએ કરું નમસ્કાર.

નવનાથ ચોર્યાસી સિદ્ધ,
પવન પાણી કીધા પ્રકાશ.

એમ સદ્ગુરુ કહે સાંભળો એક જ ધ્યાન,
તેત્રીસ કોટિ દેવોને, કરોને પ્રણામ.

•••

ૐ શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા સત્ય છે.

:: શ્રી મંગલા ચરણ મોટું ::

શ્રી મંગલા ચરણને ધ્યાનથી સુણીને, તે પ્રમાણે કરજો રે,
તેની વિધિ રે સૌ જન સાંભળો જી. ॥૧॥
દેવ સભાને આદર આપો, જ્યાં જ્ઞાન ગોષ્ઠી થાય રે,
તે જગ્યાએ સૌને વહેલા આવવું જી. ॥૨॥
દેવ સામગ્રી તૈયાર કરાવી, પૂર્ણ પવિત્ર થઈને રે,
તેને લાભ મળશે અતિ ઘણો જી. ॥૩॥
ધ્યાન ધરી સૌ સ્મરણ કરતાં, દેવ જમતી વેળા રે,
તે વેળાએ આવે તેને મુશ્કેલી અતિ ગણી જી. ॥૪॥
સૌનાં શીદ ધ્યાન ચૂકાવો, તમે વહેલા કેમ ન આવો રે,
જો વહેલા આવો તો તમો વાલા હરિ તણા જી. ॥૫॥
બીજે સત્રે ગત્ બેસે ત્યાં, જ્યાં જ્ઞાન ગોષ્ઠી થાયે રે,
તે જગ્યાએ જુગતે કરીને વહેલા વહેલા ચાલીએ જી. ॥૬॥
પ્રથમ તો પાથરણાં કરીએ, દીપક જ્યોત પ્રગટાવીએ,
વ્યાસ આસનની ગાદી માંડીયે જી. ॥૭॥
વ્યાસ પુરાણી બેસવા જેટલું, આસન રૂડું રચાવો રે,
ગાદી તકીયા બાજોઠ લાવી પાથરો જી. ॥૮॥
પ્રથમ પૂજન દશાવતાર ગ્રંથનું કરી, ચંદન પુષ્પ ચડાવો રે,
પછી પૂજન કરજો પુરાણી તણું જી. ॥૯॥
સ્થિર રહીને સર્વે સુણીયે, એક ચિત્તે ત્યાંયે રે,
વ્યાસ આસનથી વેગળા રહીને સુણીયે જી. ॥૧૦॥
બ્રહ્મ કૃપાએ વેદ વાણી, વિષ્ણુ હરિ રસ જ્ઞાન રે,
પ્રથમ શિખામણ મંગલાચરણની માનો જી. ॥૧૧॥

ધ્યાન રાખીને સર્વે શ્રવણ કરવું, એક અક્ષર ન વિસારો રે,
જો નિદ્રા લાવશો તો નિશ્ચય ડૂબશો જી. ॥૧૨॥
એક ચિત્તે નિશ્ચળ મને, જે જ્ઞાન સુણે રે,
કોટિ કર્મ તેનાં તૂટશે જી. ॥૧૩॥
અનંત કોટિ યજ્ઞ કર્યા, અનેક કોટિ દીધાં દાન રે,
જે દૃઢ ભક્તિ સાંભળ્યાનું ફળ એટલું જી. ॥૧૪॥
આજ ફલંતર જુગમાં ફળ ઘણાં છે, ઊંચી વેદ વાણી સાર રે,
જેનું ભાગ્ય હશે તે ફળ સાંભળે જી. ॥૧૫॥
આ કલ્પ વૃક્ષ કથા અનુપમ, જે સાંભળે તે પાવન થાયે રે,
નહીં સાંભળે તે નિશ્ચે ડૂબશે જી. ॥૧૬॥
તમો કારણ તો પેદા કીધા, ચિત્ત અને વિચાર રે,
ચિત્તથી આ વાણી સુણો બીજું ન સાંભળશો જી. ॥૧૭॥
વૃદ્ધ જોબન ધનવંત હોયે, કદાપી હોએ ધન હીણા રે,
જે વ્યાસ આસને બેસીને કથા કહે જી. ॥૧૮॥
તેને નેક પુરાણી જાણો, ઊંચ નીચ કુળ ન જોશો રે,
જો જોશો તો બળદેવની પેઠે હત્યા બેસશે જી. ॥૧૯॥
અઠ્ઠાસી હજાર ઋષિવર વચ્ચે દ્વાપર યુગની વારે રે,
કથા કહેતા તે તો શુદ્ર હતા જી. ॥૨૦॥
તે જગ્યાએ બળદેવ આવ્યા, મનમાં એવું સમજયા રે,
પુરાણ કહેવાનો અધિકાર તેને નથી જી. ॥૨૧॥
અહો કાલે ત્યાં શું થયું, આવી દુર્મતિ ત્યાંયે રે,
પુરાણીનું શીશ છેદયું તે જગ્યાએ જી. ॥૨૨॥
પુરાણી તો બ્રહ્મ જ્ઞાની, તેથી બ્રહ્મ કહેવાયે રે,
તેની હત્યા બેઠી બળદેવને જી. ॥૨૩॥
સર્વે ઋષિ કહે આ શું કીધું, એ તો વિપરીત વાત રે,
પુરાણી તો પાછો કેને થાપીયે જી. ॥૨૪॥
તેના સુતને વ્યાસ આસને, બેસાડ્યો છે ત્યાંયે રે,
શુકદેવ પુરાણી તેનું નામ ધર્યું જી. ॥૨૫॥
કથા રસપાન મહીમા એવો, જેવી કામધેનુ ગાય રે,
તે તો સર્વેનું પોષણ કરે તેવી રીતે જી. ॥૨૬॥

તેવી સુરતાએ શ્રવણ કરી, હરિ રસ અમૃત પીવો રે,
સુપાત્ર થઈને સર્વે સાંભળો જી. ॥૨૭॥

હરિ રસ તો હાથ ન આવે, હૃદયમાં ન સમાવે રે,
હૃદય દ્વાર બંધ કરીને વાતે વળગી જતા જી. ॥૨૮॥

તે દુનિયાને પગે ખુંદાયે, ઊંધું અવળું થાયે રે,
તો તેના કર્મનો છેડો ક્યાંય જડતો નથી જી. ॥૨૯॥

તે માટે સમજી સેવો, મનની કલ્પના કાઢો રે,
નહીં તો બળદેવની પેઠે હત્યા બેસશે જી. ॥૩૦॥

બળદેવજી તો અરજ કરે ને, સર્વે ઋષિને ત્યાંયે રે,
તો અમારી હત્યાનો અનુગ્રહ કીજીયે જી. ॥૩૧॥

ત્યારે પૃથ્વી પરિક્રમાનું, તીર્થ કરવા કાજ રે,
ત્યારે કૃષ્ણજીએ કારજ કર્યું પાંડવ તણું જી. ॥૩૨॥

દાનવ ગુણ દુર્યોધન તણો, બળદેવ તેના પક્ષમાં રહેતા રે,
તો બ્રહ્મ હત્યાનું બાનું શિર આવી પડ્યું જી. ॥૩૩॥

માટે સમજી સેવી ચાલો, સત્‌ની સાથે રહીયે રે,
તો અસત્યની આંચ ન લાગે જી. ॥૩૪॥

આ કથા રસ કહે છે તેથી, પુરાણી પરમાણો રે,
તેના અવગુણ કહેશો તો નરકે જાશો જી. ॥૩૫॥

[1]પાંચ ગુણ સંસારમાં રે, તેમાં સદ્‌ગુણ સહુથી શ્રેષ્ઠ રે,
સદ્‌ગુણનો અધિકાર જે વ્યાસ વાણી કરે તેને જી. ॥૩૬॥

અજ્ઞાની તેથી નિર્મળ થાયે, જ્ઞાન દીપક પ્રકાશ રે,
લક્ષ ચોર્યાસી ફેરા સદ્‌ગુરુથી મટે જી. ॥૩૭॥

જ્ઞાન થકી તો ગુણને પામો, [2]ત્રિગુણ તેને જાણો રે,
જે ત્રણ ગુણ જાણે તે તરી ગયા જી. ॥૩૮॥

બ્રહ્મ પાટે જે કોઈ બેસે, અને બ્રહ્મ પાટ રચે જેહ રે,
તે વળી વ્યાસ પુરાણી થઈ જી. ॥૩૯॥

જો મન નિર્મળ હશે તો ફળ લેશે, દેવ પ્રગટ દેખો રે,
ત્યારે દેવ જમાડવાનો, લાભ અતિ ગણો જી. ॥૪૦॥

[1]પાંચ ગુણ=શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ, [2]ત્રિગુણ=સત્ત્વ, રજસ અને તમસ

આપણાં મન નિર્મળ હશે તો, સામાનાં નિર્મળ થાય રે,
તમોગુણી વાણીથી સામાનો મેલ ન ઉતરે જી. ॥૪૧॥
તેનાં પાપ તમારા શિર આવે, પુરાણી તમે સુણજો રે,
હરિ સ્મરણ કરીને પુરાણી બેસો નિર્મળ થઈને જી. ॥૪૨॥
નિર્મળ થઈને પુરાણ વાંચે, ત્યાં નિર્મળ ધ્યાન બેસજો રે,
તો કથા રસ હૃદયમાં બેસશે જી. ॥૪૩॥
દેવ સભાની વેળા જયારે, નવ કરવો ઉચ્ચાર રે,
સંસારની વાતો અહીંયાં ન લાવશો જી. ॥૪૪॥
વ્યાસ તણી ગાદીયે બેસે, તે તો તમે સમજો રે,
મોટો અધિપતિ આવે તોય ન ઊઠવું જી. ॥૪૫॥
ઊઠયાનું પાપ જ મોટું, તેના ત્યાં ગુના આવે રે,
આવતાનો આદર માગે તે અભિમાની રહ્યો જી. ॥૪૬॥
તેના પાપનો છેડો ન આવે, તમે સૌનાં મન શીદ ડગાવો રે,
મોડા આવ્યામાં તમોને લાભ શો મળે જી. ॥૪૭॥
અર્ધી કથાએ ઊઠી જશો, આપ સ્વાર્થ કાજે રે,
આપ સ્વાર્થે અધૂરી કથામાં આવતા જી. ॥૪૮॥
તેનાં ફળ તો કેટલાં જાણો, મનમાં સમજી ચાલો રે,
રૂડા અવસર વેળાએ વિઘ્ન થાશે જી. ॥૪૯॥
વળી કર્મનો પાર ન આવે, અધૂરે અધૂરું થાય રે,
માટે જાગતે કથામાં વહેલા આવવું જી. ॥૫૦॥
દેવ કાર્ય કરવાને અર્થે, જે કામનું માણસ હોયે રે,
તેને રજા હોય અમ તણી જી. ॥૫૧॥
બે જણને ઊઠવું નહીં, જે દેવ ધારીને પુરાણી રે,
વધાઈ કરીને આશિષ બોલીને ઊઠવું જી. ॥૫૨॥
દેવ કથાની બે જગ્યાએ, હદ પ્રમાણે બેસો રે,
દેવ ગાદીથી રહો વેગળા જી. ॥૫૩॥
વ્યાસ આસનની ગાદી પુરાણી તણી, તેની ગાદી જેહ રે,
તેની ગાદીને અડકીને ન બેસવું જી. ॥૫૪॥

લાંબા પગ જે કોઈ કરશે, તેને મુશ્કેલ જાણો રે.
સોટા સાગના થઈને વનમાં અવતરે જી. ॥૫૫॥

દ્વેષ રાખીને જે કોઈ સુણશે, તે વિષ ધારો ભૂજંગ થાયે રે,
અંતે તે તો સાપ થઈને અવતરે જી. ॥૫૬॥

કથા વેળા સુવે આસનવાળી, મહા પાપી કહેવાયે રે,
અજગર થઈને તે તો રવડતો ફરે જી. ॥૫૭॥

વ્યાસ સરખે આસને જે કોઈ બેસે, ને સુણે વાણી બ્રહ્મ રે,
તેને ગુરુ દ્રોહી થયા જેટલું પાપ બેસશે જી. ॥૫૮॥

કરશે નિંદા વેદ વાણીની, વેદ કેરી હાંસી રે,
તે સાત અવતાર સુધી શ્વાન અવતરે જી. ॥૫૯॥

કથા કહેતી વેળા જયારે, કટુ વચન બોલે રે,
તે ગર્દભ થઈને ભાર વહી મરે જી. ॥૬૦॥

પાવન કથા પરિબ્રહ્મની, જે વેદ બ્રહ્મ વાણી નહીં સુણે રે,
તે નરકે પડી ને ફરી શ્વાન થઈને અવતરે જી. ॥૬૧॥

શ્રી વિષ્ણુ કથાને હૃદયે ધરીને, સાંભળજો સૌ જન રે,
ત્યારે તો કારજ થાશે તમ તણાં જી. ॥૬૨॥

કથા કહેતાં વિઘ્ન કરે છે, વચ્ચે આવી ત્યાંયે રે,
તે ડુક્કર થઈને વિષ્ટાથી પેટ ભરશે જી. ॥૬૩॥

પ્રેમે કથા જે કોઈ વાંચે, ને પ્રેમે જે કોઈ સુણે રે,
તેનો વાસો થાશે બ્રહ્મ લોક માંહે જી. ॥૬૪॥

હૃદયે ધરીને મંગળા ચરણને, કર જોડી સર્વે જન રે,
આદરથી આરાધો સર્વે દેવને જી. ॥૬૫॥

આદર કરીને હેત ધરો, નિયમ સર્વે પાળો રે,
આદ્ય નારાયણનું સ્મરણ કરીને તમો જી. ॥૬૬॥

જે ગુરુની સેવા કરીયે, તેને પ્રથમ નમીયે રે,
જે હરિને સેવે તેને પાય પડવું જી. ॥૬૭॥

વિષ્ણુ દેવ આગેવાન થઈને, જ્યાં સંભારો ત્યાં આવે રે,
દેવો સર્વે ને તેડી આવી પહોંચ્યા જી. ॥૬૮॥

શિવ બ્રહ્મા શક્તિ કહીયે, દેવો તેત્રીસ કરોડ રે,
સર્વે દેવના અધિપતિ થઈને ઈંદ્ર આવતા જી. ॥૬૯॥

સહસ્ત્ર અઠ્ઠાસી ઋષિવર સાથે, દેવ મુનિવર સર્વે રે,
સાત સાહેર તીર્થ સર્વે આવતાં જી. ॥૭૦॥

નવસે નવ્વાણું નદીઓ, તીર્થ સર્વે સાથ રે,
ગંગા યમુના સર્વે આગેવાન થઈને આવતાં જી. ॥૭૧॥

ચારે યુગના દેવો સંગાથે, દશે દિક્પાળ જેહ રે,
ઉપવેદ અધિપતિ થઈને આવતા જી. ॥૭૨॥

ઋષિવર, મુનિવર, ગુણી, ગંધર્વ, જાંખા, મેઘા, કિન્નર દેવતા રે,
તે પણ ત્રણ કલ્પના દેવતા આવતા જી. ॥૭૩॥

પાંચ સાત નવ બાર કહીયે, રૂખ્માગદ અમરીષ સાથ રે,
ધ્રુવજીને પ્રહ્લાદ સત્યુગ તણા જી. ॥૭૪॥

કમલધ્વજ કમલાપતિ કહીયે, હરિશ્ચંદ્રને રોહીદાસ રે,
તારાદેવી સાથે સતીયું આવે જી. ॥૭૫॥

અક્રૂર, ઓધવ, વિદુર, સુદામા, શુકદેવ પાંચે સખા રે,
યુધિષ્ઠિર, અર્જુન, ભીમ, નકુલ, સહદેવ કુંતા તણા જી. ॥૭૬॥

તે પાંચે તો કેવા કહીયે, જોષી સહદેવ આગેવાન રે,
એ ત્રણે યુગના આગેવાન દેવતા જી. ॥૭૭॥

અનંત કરોડ ભક્તોના, આગેવાન રે,
કમળા કુંવર છે તેના અધિપતિજી. ॥૭૮॥

ફલંતર યુગના તે તો આગેવાન, જ્ઞાન ગોષ્ઠી દેવની થાય રે,
કમળાકુંવર સુરજા સતી તે સરદાર થાશે જી. ॥૭૯॥

આજ ફલંતર યુગના ભક્તો, નિષ્કલંકીનાથને મનાવો રે,
તમો મર્યાદા રાખો દેવ તણી નિયમ સર્વે પાળો જી. ॥૮૦॥

મંગળા ચરણ પ્રથમ ભણવું, જ્યાં જ્ઞાન ગોષ્ઠી થાયે રે,
એ શિખામણે ચાલો ભક્તો સર્વે જી. ॥૮૧॥

આ દેવ કથા એક ચિત્તે સાંભળો, ઋષિવરો રે,
ત્યારે તમારાં સર્વે દુઃખ થાશે વેગળાં જી. ॥૮૨॥

કહે ઈમામશાહ મહારાજ, સુણો સર્વે ભક્તો રે,
હરિ કથા સુણીને અમરાપુરી માણો જી. ॥૮૩॥

- શ્રી મંગલા ચરણ મોટું સંપૂર્ણ -

●●●

ૐ

શ્રી મંગલા ચરણ નાનું

શ્રી નિષ્કલંકી નારાયણ રૂપે રે,
નિરંજન, વિષ્ણુ, બ્રહ્મા, રુદ્ર સર્વે જી. ॥૧॥
અગમ માયા આદ્ય શક્તિ, આદ્ય સ્વરૂપે રે,
તેને બ્રહ્મ કળાએ નિરંજન વરણવે જી. ॥૨॥
જેણે ઝાલ્યું ખાંડુ હાથે, નિષ્કલંકી રૂપે રે,
ત્રણે ભવનના નાથ નામ ધરાવે જી. ॥૩॥
અનેક અસુરો સંહારીને કરે પ્રકાશ રે,
ત્યારે વારો વરતાવે અથર્વવેદનો જી. ॥૪॥
સર્વ સૃષ્ટિ જેણે સર્જી, મન વેગે જાતાં રે,
એક પલક કુદરતના ખેલમાં જી. ॥૫॥
અનંત સ્વરૂપ જેણે ધર્યા, તેનો પાર બ્રહ્મ ન પાવે રે,
તે વેદનું જ્ઞાન નિત નિત ભણે જી. ॥૬॥
જેનો પાર ન જાણે, ધ્યાન સમાધિ લગાવે રે,
તે અગમ મૂરતને સર્વે નમો જી. ॥૭॥
કરણ મધ્યે રૂપ અલૌકિક દિવ્ય સ્વરૂપે રે,
સુરીનર, મુનિવરને ગંધર્વ તારીયા જી. ॥૮॥
નારાયણે જેણે તાર્યા, જે ચતુર્થ કલ્પ મોઝાર રે,
જાંખા, મેઘા, કિન્નર દેવતા જી. ॥૯॥
પ્રથમ શ્રી મચ્છા રૂપ ધરીને, શંખાસુર સંહાર્યો રે,
લાવી બ્રહ્માને વેદ આપીયા જી. ॥૧૦॥
બીજે શ્રી કૂર્મ રૂપ ધરીને, સમુદ્ર મંથન કીધાં રે,
મધુ કૈટકને મારીને, ચૌદ રતન લાવીયા જી. ॥૧૧॥

ત્રીજે શ્રી વરાહ રૂપ ધરીને, મોરધ્વજને માર્યો રે,
પૃથ્વી રસાતળ જતાં રાખી જી. ॥૧૨॥

ચોથે શ્રી નરસિંહ નરહર રૂપે હિરણ્યકશ્યપુને માર્યો રે,
પ્રહ્‌લાદને ઉગાર્યો તે નરને નમો જી. ॥૧૩॥

પાંચમે શ્રી વામન રૂપે, બલિ દૈત્યને જીત્યા રે,
વિરાટ રૂપ ધરીને પાતાળે ચાંપ્યો જી. ॥૧૪॥

છઠ્ઠે શ્રી પરશુરામ રૂપે, તાત વચન પાળ્યાં રે,
દૈત્ય દાનવ સહસ્રાર્જુનને માર્યો જી. ॥૧૫॥

સાતમે શ્રી રામ રૂપે, માત તાતને વચને રે,
વન વસીને રાવણ માર્યો લંકાપતિ જી. ॥૧૬॥

આઠમે રૂપે નંદ વહાલા, શ્રી કૃષ્ણ કેશવ કિરતાર રે,
દૈત્ય દાનવ કંસ અને દુર્યોધન માર્યા જી. ॥૧૭॥

નવમે રૂપે શ્રી બુદ્ધ ધારી, અસુરોને સુધાર્યા રે,
દ્રૌપદી અને પાંચ પાંડવ તાર્યા જી. ॥૧૮॥

દસમે શ્રી નિષ્કલંકી રૂપે, અથર્વવેદે આવ્યા રે,
અકળ કળાએ અનંત ભક્તોને તારશો જી. ॥૧૯॥

ભણે સુણે જે નર નારી, શ્રી વિષ્ણુના દસે અવતાર રે,
એક એક અક્ષરે, ફળશે તીર્થ કોટિ જી. ॥૨૦॥

કહે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ સુણોને હરિ કથા રે,
શ્રીમદ્ ભગવત્ દશાવતાર ગ્રંથ જ્ઞાન આરંભ થાય જી. ॥૨૧॥

:: શ્રી મંગલા ચરણ નાનું સંપૂર્ણ ::

•••

❀ કથા એ માન સરોવર છે ❀

આપણે શ્રીમદ્ ભગવત્ દશાવતાર કથા પારાયણની શરૂઆત કરીએ છીએ. આ શ્રીમદ્ ભગવત્ દશાવતાર કથા તે આપણું જીવન દર્શન છે. સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે જેનું ભગવત્ દશાવતાર પારાયણ નામ રાખ્યું છે. તેની ઉપમા આપી છે મહાન સરોવરની. આપણે જાણીએ છીએ કે એક એવું સરોવર હિમાલયમાં છે જેનું નામ છે માન સરોવર. બીજું સરોવર સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની પ્રેરણાથી હાલતું ચાલતું આ દશાવતાર પારાયણ સરોવર છે.

બંનેમાં થોડો ફરક છે. પ્રથમ તફાવત હિમાલયમાં રહેલા માન સરોવરમાં આપણે જવું પડે છે. સમય, સંપત્તિ, શારીરિક તંદુરસ્તી હોય તો ત્યાં જઈ શકાય, નહિ તો પહોંચાતું નથી. હવે અહીંયાં હાલતું-ચાલતું દેવોની કૃપાથી આપણા ઘેર મહાન પારાયણ સરોવર આવ્યું છે.

બીજો તફાવત એટલો જ કે હિમાલયના માન સરોવરમાં માત્ર પાણી ભર્યું છે, અને તે સરોવરમાં સ્નાન કરીએ તો આપણા શરીરનો મેલ દૂર થાય છે, જ્યારે આ મહાન સિદ્ધ સરોવરમાં સ્નાન કરીએ તો મનના બધા જ મેલ દૂર થઈ જાય છે.

ત્રીજો તફાવત હિમાલય માન સરોવરને કિનારે મોતીનો ચારો ચરવા હંસો આવે, એવી આપણી માન્યતા છે, જ્યારે અહીં હરતા ફરતા આ મહાન સરોવરમાં જ્ઞાન રૂપી મોતી મેળવવા પરમ હંસો ભેળા થાય છે. હિમાલયના માન સરોવરમાં કોને ખબર કેવા હંસો હશે ?

ચોથો તફાવત હિમાલયના માન સરોવરમાં સ્નાન કરતાં લપસ્યા તો ડૂબી જવાય છે અને અંતે મરણ થાય છે, જ્યારે આ આપણા મહાન સરોવરમાં પડીએ તો તરી જવાય છે અને મનુષ્યનો બેડો પાર થઈ જાય છે. તો આવા આ મહાન સરોવરના કિનારે જઈ તેમાં ડૂબકી મારવાની છે. આમાં ડૂબકી ન મારી શકીએ તો પગથીયે બેસીને સ્નાન કરીએ. જો માણસની તંદુરસ્તી સારી ના હોય તો પગથીયે બેસી ખાલી પાંચ આચમન કરે તો પણ જીવન સાર્થક થઈ શકે છે.

કદાચ સંસાર રૂપી બીમારી તો બધાને જ નડે છે તો બે છાંટા માથા ઉપર નાખીએ. આ સરોવરમાં ડૂબકી મારશે તેને ધન્ય છે, સ્નાન કરશે તેને ધન્ય છે, કદાચ સ્નાન ન થાય તો બે ખોબા પીઓ, તેમ ના થાય તો ચાર છાંટા નાખો. ક્યારેક શ્રીમદ્ ભગવત્ દશાવતાર રૂપી હાલતાં ચાલતાં આ મહાન સરોવરને કિનારે માણસ પહોંચી જાય પરંતુ જીવનમાં કુસંગ કે કુસંસ્કારો હશે તો કિનારે પહોંચેલો પાછો આવશે. સ્નાન કરી શકશે નહીં.

માણસ એમ સમજે છે કે ભગવાનનું ભજન કે હરિ કથા કાલે કરીશું હમણાં ફુરસદ નથી, પણ પળનો ભરોસો નથી. આ શરીર સાથ આપે છે ત્યાં સુધી હરિ કથા કે પ્રભુ સ્મરણ થઈ શકે છે. અંત કાળે ઘડપણ આવે ત્યારે છોકરાઓએ ખાવાના વારા કર્યા હોય, સુવા માટે તૂટેલી ખાટલી હોય, નીચે દવાની બાટલી હોય, બાજુમાં પાણીની માટલી હોય અને ઓઢવા ગોદડી ફાટેલી હોય ત્યારે પ્રભુ ભજન કે હરિ કથા થઈ શકશે નહીં, હરિ કથામાં જઈ શકાશે નહીં. માટે શરીર રૂપી સાધન તંદુરસ્ત હોય ત્યાં સુધી આવા કથા રૂપી મહાન સરોવરમાં જઈએ, તેમાંથી કથા રસ લઈએ, તો આલોક અને પરલોક સુધરશે.



•••

॥ ૐ ॥

॥ શ્રીમદ્ સદ્ગુરુ દેવાય નમઃ ॥

॥ શ્રીમત્ પરબ્રહ્મ પરમાત્મને નમો નમઃ ॥

❁ શ્રીમદ્ ભગવત્ દશાવતાર ગ્રંથ પ્રારંભ ❁

: મંગલાચરણ :

॥ શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા સત્ય છે ॥

પ્રણામ તે પરમેશ્વર પરમ પુરુષ પુરુષોત્તમ, જગત્ જીવન સુક્રીત પરમ નિધાનમ્,
દુષ્કીત વિનાશનમ્, જીવગત ઉદ્ધારણં અનંત કલ્પ જુગત્રિયેંગ. ॥૧॥

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા સત્ય છે. પરમ પુરુષ પરમ દિવ્ય એવા પ્રેમ સ્વરૂપ પુરુષોત્તમ નારાયણ, અખિલ જગતમાં જીવન આપનાર, સદા સત્કર્મમાં નિમગ્ન રહેનારા સત્પુરુષો જેનું દિવ્ય પ્રેમથી ધ્યાન કરે છે (સત્કૃત્ય કરનારા સત્પુરુષોનું પરમ ધ્યાન નિધાન), દુષ્ટ કૃત્ય કરનારા દુર્જનોનો નાશ કરનાર, જીવ પ્રાણીમાત્ર પર કૃપા કરી ઉદ્ધાર કરનાર, અનંત કલ્પ-અનંત યુગ સુધી જીવગત પ્રાણીમાત્રને ધારણ કરનાર એવા સર્વ સાક્ષી ભૂત પરમેશ્વર તમને અનન્ય ભાવથી પ્રણામ કરું છું, નમન કરું છું.

અમૃત અલેખ નિરંજન નિપ્રપંચ નિરાભાસ, અનંત મૂર્ત અગોચર,
વિષ્ણુમૂર્ત સર્વ જીવનાધાર, અથ પર પરમેશ્વર નિરાકાર. ॥૨॥

કદી પણ કશાથી નાશ ન પામનારા અલક્ષ અગોચર, માયા પ્રપંચથી રહિત, નિરાભાસ-જન્મમરણાદિથી આભાસ રહિત પરમેશ્વરને નમસ્કાર. અનંત રૂપથી પોતે સ્વયં સિદ્ધિ સર્વ વ્યાપક મન-બુદ્ધિ-દ્દષ્ટિના અગોચર, વિશ્વ રૂપ ધારણ કરનારા, સર્વ જીવ પ્રાણીમાત્રનાં ભરણ પોષણ કરનાર, સંરક્ષણ કરનાર, નિરાકાર પરબ્રહ્મ પરમેશ્વરને વંદન.

જગત ઉદ્ધારણં નારાયણ, વિષ્ણુ રૂપી નિરંજન અવતાર ધારતમ્,
તથા સદ્ગુરુ અનંત ચૈતન્યં, જગત્ કારણે સંસાર મધે પ્રકાશિતં. ॥૩॥

જગતનો ઉદ્ધાર કરવા માટે એટલે સૃષ્ટિના પાલન પોષણ અને રક્ષણ કરવા, દુષ્ટોનો નાશ કરવા અને અસ્ત વ્યસ્ત થયેલા ધર્મનું રક્ષણ કરવા ભગવાન વિષ્ણુ નારાયણ આ જગતમાં અલગ અલગ રૂપથી અવતાર ધારણ કરે છે.

તસ લખાવતે સદ્ગુરુ બ્રહ્મા સૃષ્ટિ ગુરુ સ્વામી પુરુષ,
બ્રહ્મ જ્ઞાન સંપૂર્ણ સંસાર મધે પ્રકાશિતમ્. ॥૪॥

આ ઈશ્વરી અવતારની જગતને જાણ કરવા માટે સૃષ્ટિ ગુરુ બ્રહ્મદેવ અલગ અલગ ઠેકાણે, અલગ અલગ સમયે, અલગ અલગ રૂપથી અવતાર ધારણ કરી સંપૂર્ણ જગતને બ્રહ્મજ્ઞાનનો આત્મોન્નતિનો દિવ્ય ઉપદેશ કરીને પ્રકાશિત કરે છે.

ચંદન વેધિતં સુગન્ધં કાષ્ટવનત્રિયેંગ, સત્ગુરુ મિશ્રિત આપ સમાન કૃતવા,
ઈયળ કિટક જથા, સંજોગ આપ રૂપ કૃતવં, તસ સત્ગુરુ સદોદિત પ્રકાશિતમ્. ॥૫॥

ચંદનથી ભરપૂર જંગલ જેમ ચંદનની સુગંધથી ભરાઈ જાય છે, ચંદન વૃક્ષના સંગતથી બીજી બધી વનસ્પતિ

સુગંધીત થઈ જાય છે, તેવી જ રીતે સદ્‌ગુરુના સાનિધ્યમાં આવનારા સંપૂર્ણ પ્રાણીમાત્રને તેઓ તેમના જેવા જ કરે છે. ઈયળ જે પ્રમાણે ભમરીના સતત સાનિધ્યમાં તથા ભીતિથી છેવટે ભમરી રૂપ થઈ જાય છે, તેવી જ રીતે સદ્‌ગુરુ આત્મ જ્ઞાન રૂપી પ્રકાશના યોગથી સર્વને પ્રકાશિત કરે છે.

જેમ પરિસલોહ સંજોગે હેમ કૃતવા તેમ સત્‌ગુરુ,
અનુપમ આપ સમાન મનુષ્ય દેવ કૃતવં હો શિખ. ॥૬॥

જે પ્રમાણે પારસના સંપર્કમાં લોખંડ આવવાથી એના સ્પર્શથી લોખંડ સોનું થઈ જાય છે, તેમ કેટલાય મનુષ્ય જડબુદ્ધિ અથવા મંદમતિ હોય તો પણ સદ્‌ગુરુની સેવાથી, એમના સ્પર્શથી, જ્ઞાનોપદેશ ગ્રહણથી એમના બધા પ્રકારના ગુણ ધર્મ બદલીને સુવર્ણ રૂપ એટલે શુદ્ધ ચૈતન્ય રૂપ બની અનુપમમય આવા સત્‌ચિત્ બ્રહ્મધામમાં તદાકાર થાય છે.

❁ ત્રણ કલ્પની ટૂંકમાં સમજ ❁

આદ ૐકાર નિરંજન નિરાકાર, નારાયણ તમો પ્રવર્તન્તે સંસાર. ॥૧॥
અનંત યુગ આગે વહી ગયા, ત્યારે આપે હોતા સોહી. ॥૨॥
જમીન આસમાન ન હોતા કોઈ, ત્યારે આપે હોતા સોહી. ॥૩॥

ગુણ વિશિષ્ટ સદ્‌ગુરુ મહારાજને અનેકવાર વંદન.....

પ્રથમ નિલવર્ણ ધૂંધૂકાર આવા મહદાકાશમાં નિર્ગુણ નિરાકાર નિરંજન નારાયણ સ્વયં પ્રકાશ જ્યોતિ સ્વરૂપથી સ્થિર હતા, આ સત્-ચિત્ બ્રહ્મનું રૂપ એક સંકલ્પથી સ્ફૂરણ થયું કે આપણે અનંત રૂપથી પ્રગટ થઈએ. "બહુસ્યાં પ્રજાયેય" પરિવર્તનશીલ આવા કાલચક્રમાં ગતિ આપવી અને એ તદાનુસાર નારાયણની પ્રથમ સ્ફુરણાથી "ૐ" આદ્ય અક્ષર બીજ મંત્ર નિર્માણ થયો. એ પછી અનંત કાળ અનંત યુગો પ્રસાર થઈ ગયા તો પણ એ પરમેશ્વર નિર્ગુણ નિરાકાર સ્વયં પ્રકાશપૂર્ણ જ્યોતિ સ્વરૂપથી જ સ્થિર હતા. એ વખતે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશાદિ પંચમહાભૂત એવં કોઈપણ તત્ત્વ ઉત્પન્ન થયેલ ન હતાં. એ બધાં એ પરબ્રહ્મ નારાયણમાં સમાવિત હતાં.

ધૂંધૂકારમાં ધરીયા ધ્યાન, ત્યારે હેતે ઉપન્યા બ્રહ્મ જ્ઞાન. ॥૪॥
જ્ઞાની જ્ઞાન વિચારી જુઓ આપ, નર ભણે તે નિર્લભ જાપ. ॥૫॥
જાપ જપંતા બહુ યુગ ગયા, ત્યારે સત્તર લાખ કરણ અવિચલ રહ્યા. ॥૬॥
આઠ લાખ કરણમાં આરંભ જો કરી, તે મનછા મનમાં ધરી. ॥૭॥

નિલ પ્રશાંત ધૂંધ આવા ધૂંધૂકારમય વાતાવરણમાં ધ્યાન કરીને આ આદ્ય પુરુષે પોતાના જ સ્વરૂપનું જાણ કરવા માટે મનમાં હેત ધારણ કરી સંકલ્પ કરી બ્રહ્મ જ્ઞાન પ્રકાશિત કર્યું. આ જ્ઞાનના યોગથી આ આદ્ય પુરુષ પોતાનું જ સ્વરૂપ ઓળખીને તે પ્રગટ કરવા માટે અથવા મનની ઈચ્છા પરિપૂર્ણ કરવા માટે અનંત કાળ સુધી અજંપા જાપ મંત્રનો જાપ કરવા લાગ્યા. આ રીતે અજંપા જાપથી સ્મરણ કરતાં સત્તર સત્તર લાખ કરણ વર્ષો જેટલો દીર્ઘ કાલાવધિ સર્ગકાળ પ્રસાર થઈ ગયો.

આપે આપ હુતા બ્રહ્મ, કર કમલમાં લીધું બંબ. ॥૮॥
સીત્તેર હજાર યુગ કરકમલમાં ગયા, ત્યારે એકે દષ્ટે બ્રહ્મા રહ્યા. ॥૯॥
નિરંજન નિર્મળ ધ્યાન જો ધરી, સોહી બંબ નાભિએ રાખ્યા હરિ. ॥૧૦॥
હસ્ત કમલની લીધી બાફ, અને હરિ અલેખ નિરંજન નારાયણ આપ. ॥૧૧॥

આ આદ્ય પુરુષ પોતાના જ નિરુપમય સ્વરૂપમાં સ્થિર હતા, પછી એમણે પોતાના જ કરકમળમાં પોતાના જ બિંબનું ધ્યાન ધર્યું. સત્તર હજાર યુગ સુધી એકાગ્ર દષ્ટિ કરીને આ કરકમળમાં બિંબનું આ નારાયણે નિર્મલ રીતથી ધ્યાન ધર્યું. પછી એ જ પોતાનું બિંબ નાભિકમળમાં સ્થાયી સ્થાપન કરીને એમના જ હાથથી એને બાફ (શક્તિ) આપીને નાભિ કમળથી ઉત્પત્તિ કરી.

પ્રથમ હતા સર્વે ધૂંધૂકાર, ત્યારે આદ નિરંજન તે વિશ્વનો આધાર. ॥૧૨॥
અદેહ રૂપે હતા નિરંજન દેવ, અને સ્વામીજી તેના કોઈ ન જાણે ભેદ. ॥૧૩॥
આદ અહદ થકી ખળકીયું તેજ, તેના હુઆ બ્રહ્મા સત્‌ગુરુ દેવ. ॥૧૪॥
તે નિરંજન તેજ તો સત્‌ગુરુ બ્રહ્મા, નિપાઈ ભરપૂર ત્યાં થકી બ્રહ્મ કળા. ॥૧૫॥

આ નિલવર્ણ ધૂંધૂકારમાંથી આદ્ય નિરંજન શ્રી નારાયણે પોતાના નાભિકમળમાં રૂપ સ્થાપન કરેલા એમના બિંબમાંથી તેજ મિશ્રણ કરીને ચતુર્મુખ બ્રહ્માની રચના કરી અને તેમાંથી અનંત બ્રહ્મ લીલાની ઉત્પત્તિ થઈ. એ જ સદ્‌ગુરુ બ્રહ્મા એટલે બ્રહ્મ રૂપ સદ્‌ગુરુ થયા.

છત્રીસ યુગ ચોર્યાસી ચોકડી એકે ધ્યાને રહ્યા, સોહી બિંબ તો પુરુષોત્તમ થયા. ॥૧૬॥
જ્યારે મત્સ્ય નિરાલંભ આસન કર્યા, ત્યારે બ્રહ્માજી નામ જો ધર્યા. ॥૧૭॥
ત્યારે કરજોડીને બ્રહ્માજી કહે, સ્વામી શૂન્યાકારમાં આપણ બેયે. ॥૧૮॥
તુંહી માતા ને તુંહી તાત, તુંહી નિરંજન નિરાકાર આપ. ॥૧૯॥
સત્ય બોલો સ્વામી તમને કહું, કોણે ઉપાયું અમારું રૂહ. ॥૨૦॥
ત્યારે નિરંજન બોલ્યા આપ, ત્યાં બ્રહ્માને આપ્યો તત્કાળ જાપ. ॥૨૧॥

છત્રીસ યુગ અને ચોર્યાસી ચોકડી આટલા કાળ સુધી બ્રહ્મા પોતાના જ ધ્યાનમાં મગ્ન હતા. તે પછી મત્સ્ય નિરાલંભ ઉપર આસન સ્થિર કરીને બ્રહ્મા પરમાત્માના રૂપનું ધ્યાન ધરી પરમ પુરુષોત્તમ નારાયણને હાથ જોડીને કહેવા લાગ્યાઃ 'હે સ્વામી ! શૂન્યકાર આવા અખિલ વાતાવરણમાં આપણે બંને જ છીએ. મારા ઉત્પત્તિકર્તા માતા અને પિતા તમે જ નિરંજન નિરાકાર છો, સ્વામી ! આ શરીર કોણે, કેવી રીતે અને શા માટે નિર્માણ કર્યુ એ કૃપા કરીને કહો.' બ્રહ્મદેવની આર્તવાણી સાંભળીને નારાયણે એમને કહ્યું કેઃ 'હે બ્રહ્મદેવ ! તમારું આ શરીર મેં જ સંકલ્પ માત્રથી સૃષ્ટિ નિર્માણ કરવા માટે કરેલ છે. સંકલ્પ આવું કહીને નારાયણે બ્રહ્મદેવને દીક્ષા આપીને "ૐ" મંત્ર જાપનો ઉપદેશ કર્યો. તેમાંથી જ વેદોની ઉત્પત્તિ થઈ.

જ્યારે ૐકારે ઉપાયા વેદ, ત્યારે બ્રહ્માને આપ્યો મુક્તિનો ભેદ. ॥૨૨॥
સુણો બ્રહ્માજી વચન સુણી, વાત અનુપમ શું કહીયે ઘણી. ॥૨૩॥
કુદરતે કરીયો ખેલ, આપસ માંહેથી નિપાવી બેલ. ॥૨૪॥
જુગતી કરો બ્રહ્માજી યુગમાં જઈ, સકલ વાત તે તમને કહી. ॥૨૫॥

બ્રહ્મદેવે પ્રણવ બ્રહ્મ "ૐ". આ મંત્રને પોતાના હૃદયમાં સ્થાપિત કરી ધ્યાન ધરીને વેદોની ઉત્પત્તિ કરવાનો સંકલ્પ કરતાં જ નારાયણે બ્રહ્મદેવને તત્ત્વોપદેશ કર્યો અને આ તત્ત્વોપદેશથી વેદોની ઉત્પત્તિ થઈ. આ રીતે નારાયણે બ્રહ્મદેવને પ્રવૃત્તિ અને નિવૃત્તિ માર્ગનું દર્શન કરાવ્યું. નારાયણ બોલ્યાઃ 'હે બ્રહ્મદેવ, સાંભળો આ તત્ત્વોપદેશના ગ્રહણ થકી સંકલ્પ માત્રથી તમે સૃષ્ટિનું નિર્માણ કરી શકશો અને આ જ તત્ત્વોપદેશના ગ્રહણથી તમે સર્વ કર્મ દોષથી મુક્ત થશો. આનાથી

અનુપમ કોઈ બીજી વાત નથી. હે બ્રહ્મદેવ, જગતમાંથી મુક્ત થવા માટે આ આત્મજ્ઞાન રૂપ યુક્ત સાધનનો યુગો યુગો સુધી અલગ અલગ ઠેકાણે અલગ અલગ રૂપથી પ્રગટ થઈ તમે ઉપદેશ કરો.' આવું નારાયણે બ્રહ્મદેવનું કહ્યું. કુદરત અથવા ઈશ્વરી યોગમાયા જગતની ઉત્પત્તિનું આ રીતે રહસ્ય ઘડી કાઢ્યું.

ત્યાં કર જોડીને બ્રહ્માજી કહે, સ્વામી જુગતી કરું તે અમર રહે. ॥૨૬॥
તો યુગમાં જઈને કરું જુગત, જો તમે જીવને આલો મુગત. ॥૨૭॥
ત્યારે નિરંજન બોલ્યા આપ, જે ભણશે જુગ વેળાનો જાપ. ॥૨૮॥
જે વેદ ક્રિયાની જાણશે પેર, તે આવશે આપણે ઘેર. ॥૨૯॥
વચન અમારાં માનો સહી, ને જુગત કરો બ્રહ્મા જુગમાં જઈ. ॥૩૦॥

બ્રહ્મદેવ હાથ જોડીને કહેવા લાગ્યા; 'હે પરમાત્મા ! આપનાં વચન પ્રમાણે મૃત્યુલોકમાં જઈ આ મુક્તિના તત્ત્વનો ઉપદેશ કરીશ. હે સ્વામી ! સર્વ જીવાત્માઓને તત્ત્વોપદેશ કરીને કર્મ, ભક્તિ તથા જ્ઞાનયોગની સાધનાની યુક્તિ દ્વારા મુક્તિ માર્ગનું દિગ્દર્શન કરીશ. એ બધા જીવાત્મા ઉપર કૃપા કરીને તમે એ બધાને મુક્તિ માર્ગના અધિકારી બનાવશો ?

ત્યારે નિરંજન નારાયણે કહ્યું કેઃ હે બ્રહ્મદેવ, એ બધા જીવાત્માને મુક્તિ માર્ગના અધિકારી કરીશ, પણ એ બધા જો તમારા એટલે કે સદ્‌ગુરુના માર્ગદર્શન પ્રમાણે પૂર્ણપણે યોગમાર્ગનું તથા યુગધર્મનું આચરણ કરશે અને યુગધર્માનુસાર પ્રાધાન્યભૂત વૈદિક ક્રિયાચરણથી યુક્ત થઈને એમનું જ આચરણ કરશે તે જ આ નિરંજન નિરાકારના ધામમાં આવી પહોંચશે. હે બ્રહ્મદેવ, 'મારું આ વચન તમે પૂર્ણપણે સત્ય માનો અને આ પ્રમાણે મુક્તિની યુક્તિ કરી તેનું માર્ગદર્શન તમે આ મૃત્યુલોકમાં જીવાત્માઓને આપો તથા આ માટે તમે મૃત્યુલોકમાં અવતાર ધારણ કરી આવા ગહન અને ગૂઢ તત્ત્વનો ઉપદેશ કરો.'

ત્યારે બ્રહ્મ સ્વરૂપે નારાયણને નમ્યા શીશ, ત્યારે મુક્તિનો વિચાર કરતાં યુગ ગયા વીસ. ॥૩૧॥
ત્યારે હેતે બ્રહ્માયે ધરીયું ધ્યાન, ત્યારે પહેલાં રચ્યાં તે જમીન આસમાન. ॥૩૨॥
પહેલા આસમાનથી તેજ ઉતર્યા, ત્યારે ચંદાને સૂર સજર્યા. ॥૩૩॥
બીજે આસમાનથી ઉતર્યા કવન, તેના સજર્યા પાણીને પવન. ॥૩૪॥
સત્ દરશન ઉપાયા આપ, અલક્ષ્ય નિરંજન નિરાકાર. ॥૩૫॥
અનંત યુગ આગે વહી ગયા, ત્યારે નિરંજન નિર્લેપ જો રહ્યા. ॥૩૬॥

બ્રહ્મદેવ અનન્ય ભાવથી નારાયણના ચરણે મસ્તક નમાવી અને તે મૃત્યુલોકના જીવાત્માઓને મુક્તિ મળે તે માટેનાં સાધનનો વિચાર કરવા લાગ્યા, તેમાં જ તેમને વીસ યુગ નીકળી ગયા. પછી મનમાં વિચાર કરી સંકલ્પ કરીને બ્રહ્મદેવે ધ્યાન ધર્યું અને પ્રથમ આકાશ નિર્માણ કર્યું. આકાશથી તેજનું નિર્માણ કર્યું, તેમજ તેમાંથી સૂર્ય ચંદ્રનું નિર્માણ કરીને તે તેજ એમને આપ્યું. પછી તેજમાંથી વાયુનું નિર્માણ થયું, વાયુથી પાણીનું નિર્માણ થયું અને પાણીમાંથી પૃથ્વી નિર્માણ થઈ. આ રીતે અનંત યુગના કાલાવધિત આ પંચમહાભૂત નિર્માણ કરીને સૃષ્ટિની ઉત્પત્તિ કરી. આ બધી નારાયણ પાસેથી બ્રહ્મદેવને પ્રેરણા થઈ અને બ્રહ્મદેવે સંકલ્પ કરી સૃષ્ટિનું નિર્માણ કર્યું, પણ નારાયણ પોતે તો આ અલક્ષ્ય નિરંજન નિરાકાર સ્વરૂપથી બધાથી અલિપ્ત રહ્યા.

તે ગુરુ બ્રહ્મા થકી હુઆ સકળ મંડાણ, તેમાં સર્જી લક્ષ ચોર્યાસી ખાણ. ॥૩૭॥
વાણી, વેદને ખાણી ચાર, રચના રચી તે સકળ સંસાર. ॥૩૮॥
પ્રથમ આઠ લાખ કરણ જો કરીયા, તેમાં અવતાર બ્રહ્માજીયે તેર જો ધરીયા. ॥૩૯॥

તે આઠ લાખ કરણ મધે જ્ઞાન ભક્તિમાં રહ્યા, તેના જપ તપ થકી અનંત કરોડી જીવ ઉદ્ધર્યા. ॥૪૦॥
ઝાડ એક પ્રાગવડના પાન ઉપર બેઠા શ્રી હરિ જહાં, તે યુગ યુગાચારની નિદ્રા ધરી ત્યાંહાં. ॥૪૧॥
ત્યારે કલ્પ ચારનું માંડ્યું મંડાણ, તેમાં સોળ યુગ તો સર્જા પ્રમાણ. ॥૪૨॥
જયારે ચતુર કલ્પની સંખ્યા ધરી, ત્યારે બ્રહ્માજીયે સૃષ્ટિ જો કરી. ॥૪૩॥

સદ્ગુરુ બ્રહ્મા પાસેથી એટલે કે બ્રહ્મદેવ પાસેથી સકળ સૃષ્ટિનું મંડાણ રચાતું ગયું. એ સૃષ્ટિ ગુરુ બ્રહ્માએ ઈચ્છા માત્ર કરીને ચાર ખાણી, ચાર વાણી અને ચાર વેદોની રચના કરીને સ્વેદજ, અંડજ, ઉદ્ભીજ અને જરાયુજ આ ચાર ખાણીમાં પ્રત્યેકને એકવીસ એકવીસ લાખ આવા ચોર્યાસી લક્ષ જીવયોનીની રચના કરીને આ સૃષ્ટિની ઉત્પત્તિ અને રચના ઘડી કાઢી. પહેલા આઠ લાખ કરણ એટલા દીર્ઘકાળમાં બ્રહ્માએ તેર અવતાર ધારણ કર્યા (બ્રહ્માએ નિશ્ચળ, સ્થિર અને ધ્યાન મગ્ન રહીને સૃષ્ટિની ઉત્પત્તિ અને રચનાદીક કાર્ય ઘડવા માટે તેર માનસપુત્રની ઉત્પત્તિ કરી). એમના જપ, તપ, કર્મ, ભક્તિ, જ્ઞાન, વ્રત, ઉપવાસ આદિ અનેકાનેક સાધનોથી અનંત કોટિ જીવોનો ઉદ્ધાર થયો.

પ્રત્યેક ચતુર્યુગ એટલે એક કલ્પાંત અંતે નિત્ય પ્રલય થતા હોય છે. એ નિત્ય પ્રલય વખતે સૃષ્ટિમાં જલ પ્રલય થતા એટલે સર્વ સૃષ્ટિ એ પ્રલયમાં ડુબીને નાશ પામતી. એ વખતે એકલા બ્રહ્મ પરમેશ્વર બાળક રૂપ ધારણ કરીને વડના એક પાન ઉપર શયન કરીને પોતાની યોગ નિદ્રામાં નિમગ્ન રહેતા. આવા એક હજાર યુગ વિત્યા પછી બ્રહ્મદેવની એક રાત પૂરી થવાથી તથા નવા દિવસની શરૂઆત થવાથી સૃષ્ટિની રચનાની શરૂઆત થતી. એ પૈકી છેલ્લા ચાર કલ્પની રચના સદ્ગુરુ મહારાજે દર્શાવી છે. આ ચાર કલ્પમાં પ્રત્યેક ચાર યુગ આ પ્રમાણે સોળ યુગ થાય છે.

જયારે ઋગ્વેદ બ્રહ્માજી ભણીયા સાર, ત્યારે રૂપ ધર્યા નિરંજને ચાર. ॥૪૪॥
હવ, કવ, તત્ત્વ, ધર્મ, પ્રેમ અપાર, ભક્ત ભણે તે નર આકાર. ॥૪૫॥
સોળ યુગની જયારે સંખ્યા ધરી, ત્યારે ગોરે નામ ભણાવ્યાં હરિ. ॥૪૬॥
જે કોઈ ભણીયા પ્રેમે જાપ, તે જીવાત્મા છુટ્યા આપો આપ. ॥૪૭॥
જે જીવ છુટે તે દેવતા ભયા, ઝાંખા નવ્વાણું કરોડી સતે રહ્યા. ॥૪૮॥
નવાણું કરોડી ઝાંખા સત્યે રહ્યા, તે પૂરણ કલ્પાન્તે અમરાપુર ગયા. ॥૪૯॥

સર્વ પ્રથમ બ્રહ્મદેવે સંકલ્પ કરીને "પ્રજ્ઞાનમાનન્દં બ્રહ્મ". આ વેદ મંત્રનો ઉચ્ચાર કરી એનું સતત સ્મરણ ચિંતન કરી એ મંત્રનું વિશેષ પ્રકારે વર્ણન કર્યું તેથી 'ઋગ્વેદ'નું સર્જન થયું. આ ઋગ્વેદની જયારે રચના થઈ ત્યારે નિરંજન નારાયણે હવ્ય, કવ્ય, તત્ત્વ અને ધર્મ (પરમ) આવા ચાર સ્વરૂપ ધારણ કર્યાં અને એમણે એ કાળ દરમ્યાન જીવાત્માઓને સદ્ધર્મનો ઉપદેશ અથવા માર્ગદર્શન કરીને એમનો ઉદ્ધાર કર્યો. પ્રથમ દશરાયણ કલ્પનો સંકલ્પ કરી બ્રહ્મદેવે શ્રી હરિનું નામસ્મરણ કર્યું. શ્રી હરિએ બ્રહ્મદેવને જાપ (મંત્રોપદેશ) આપી સંકલ્પ સિદ્ધિનો આશીર્વાદ આપ્યો. આ રીતે અતિશય પ્રેમભાવથી યુક્ત થઈ જેણે ગુરુમંત્રનું સતત સ્મરણ કર્યું તે સર્વ જીવ ભવબંધનમાંથી મુક્ત થઈ દેવગતિને પામ્યા. આ રીતે દેવગતિને પ્રાપ્ત થયેલા નવાણું કરોડ યક્ષ નામના જીવ એ દશરાયણ કલ્પમાં થઈ ગયા. કલ્પ પૂર્ણ થવાના સમયે એ સર્વ યક્ષ દેવ અમરાપુરી એટલે અમર એવા વૈકુંઠ ધામમાં જઈને પહોંચ્યા.

જયારે પાણીને હુકમ જો થયા, ત્યારે હુકમે પાણી કર જોડી રહ્યા. ॥૫૦॥
જયારે આસન વાળીને બેઠા બ્રહ્મ, ત્યારે પાણી ચઢ્યું તે ષડ્ ગગન. ॥૫૧॥
પાણી તે પરદખણા કરે, અને ચક્ર વેગે પાણી ફરે. ॥૫૨॥

પાણી ચઢીને આકાશમાં ગયા, તે જઈને ધ્રુવ મંડલે રહ્યા. ॥૫૩॥
સપ્ત પાતાળને એકવીસ બ્રહ્માંડ, પાણી ચઢયાં તે સકલ ભવન. ॥૫૪॥
પડે પિંડ તમે અમર હોય, બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર સોય. ॥૫૫॥
પખાલી પૃથ્વીને કીધી પાવન, ત્યારે ચતુર્યુગની રહી સાખ. ॥૫૬॥
સત્ દત્ત દયા ને ક્ષમા કરી, જે કોઈ સ્મરે શ્રી હરિ. ॥૫૭॥
જુગતે જોગી મળીયા દેવ, બ્રહ્મા વિષ્ણુને આપે અલેખ. ॥૫૮॥

દશરાયણ કલ્પના ચતુર્યુગ પૂર્ણ થયા પછી બ્રહ્મદેવે પોતાના આસન ઉપર સ્થિર થઈ પાણી (વરુણ દેવ)ને જળ પ્રલય માટે પોતાનો સંકલ્પ દર્શાવ્યો. બ્રહ્મદેવની આજ્ઞા પ્રમાણે પાણી બ્રહ્માંડમાં ચક્રાકાર ગતિથી ઉપર ને ઉપર આવવા લાગ્યું અને થોડા જ કાળમાં ષડ્ગગન ભેદીને છેક ધ્રુવ મંડળ સુધી જઈ પહોંચ્યું. આ રીતે સપ્ત પાતાળ, પૃથ્વી, એકવીસ સ્વર્ગ, ઈંદ્ર ભુવન, સૂર્ય મંડળ, ચંદ્ર મંડળ, નક્ષત્ર મંડળ અને વાયુ મંડળ વગેરે સર્વ ભુવન આ કલ્પના અંતે જળમાં ડૂબી ગયાં. એ કલ્પના અંત કાળમાં સર્વ જીવપ્રાણી માત્ર નાશ થઈ સંપૂર્ણ જીવ સૃષ્ટિ પરબ્રહ્મમાં સમાઈ ગઈ.

આ રીતે સંપૂર્ણ પૃથ્વી આ કલ્પને અંતે જળમાં ધોવાઈને પવિત્ર અને શુદ્ધ થઈ. જે પ્રમાણે યોગી લોક સત્ (સત્સંગ) દત્ (દાન અથવા ત્યાગ કરવું), દયા (જીવ પ્રાણી માત્રનું રક્ષણ) અને ક્ષમા (ઉદાર અંતઃકરણથી બધા પ્રાણી માત્ર પ્રત્યે માન-અપમાનમાં ચિત્તની અવિકારતા-સહનશીલતા) આ અલૌકિક ચતુર્ગુણથી યુક્ત થઈ શ્રી હરિનું નામ સ્મરણ કરી શુદ્ધ અને પવિત્ર થઈ આત્મપદ પ્રાપ્ત કરી લે છે તે પ્રમાણે સર્વ પૃથ્વી આ કલ્પાંતે જળથી શુદ્ધ પવિત્ર અને મંગલમય થઈ જાય છે. આ કલ્પાંત કાળના સમયે સર્વ જીવ માત્રનો નાશ થાય છે. ક્ષર પ્રકૃતિ નાશ થાય છે, પણ અક્ષર અનાદિ પ્રકૃતિ એટલે યોગ માયા અને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એમની સૃષ્ટિ માત્ર નાશ પામી શકતી નથી, એ અવિચળ એવા નિજ ધ્યાનમાં સ્થિર હોય છે.

પહેલો અવતાર જાંખાનો હતો જાણ, તે સૂર્ય જેવો પ્રમાણ. ॥૫૯॥
તે અવતાર ઊજળો હતો, સૂરજ જેવો રંગ હતો. ॥૬૦॥
તેની આંખ સવા તસુની હતી, તેના હાથ સવા વેંતના હતા. ॥૬૧॥
એની આંગળીયો પાંચ તસુ[1]ની હતી, તેઓના નખ સવા તસુના હતા. ॥૬૨॥
તેનું માથું સવા પાંચ તસુનું હતું, તે સવા પાંચ શેર તોલા તોલયું હતું. ॥૬૩॥
તેનું નાક સવા તસુનું હતું, તેની મૂંછ સવા તસુની હતી. ॥૬૪॥
તેના હોઠ સવા તસુના હતા, તેના દાંત સવા તસુ પ્રમાણે હતા. ॥૬૫॥
તેની દાઢી પોણા તસુની હતી, તેના કાયાના બંધ ત્રણસોને સાઠ હતા. ॥૬૬॥
તેની હ્રદીયા સાત તસુ પ્રમાણે હતી, તેના બાહુ બે સવા બે હાથના હતા. ॥૬૭॥
તેના પગ બે સવા બે હાથના હતા, તેની આંગળીયો ચાર બરાબર હતી. ॥૬૮॥
તે આંગળીયો સવા તસુ પ્રમાણે હતી, પાંચમો અંગૂઠો દોઢ તસુનો હતો. ॥૬૯॥
એવું રૂપ જાંખા માંહે સ્વામીનું હતું, તેના તેજ બહુ અપરંપાર હતા. ॥૭૦॥
તે રૂપ દેખીને જે જીવે ઓળખ્યા, તે જીવ અમરાપુરમાં વાસ પામ્યા. ॥૭૧॥

પહેલા દશરાયણ કલ્પમાં 'યક્ષ' નામના જીવાત્મામાં ઈશ્વરે જે મુખ્ય યક્ષનો અવતાર ધારણ કર્યો હતો, ત્યારે એના સ્વરૂપનું વર્ણન એટલે 'સૂર્ય જેવો અતિશય તેજસ્વી અને નીલ તેજ જેવો એમનો રંગ હતો. આંખો સવા તસુ પ્રમાણેની હતી. હાથ સવા વેંત લંબાઈના હતા. એમની આંગળીયો પાંચ તસુ પ્રમાણે હતી. આંગળીઓના નખ સવા તસુ પ્રમાણે હતા.

૧. તસુ = ઈંચ, ગજનો ચોવીસમો ભાગ.

એમનું શીશ સવા તસુ વજનનું હતું. એમનું નાક સવા તસુ પ્રમાણે હતું. એમની મૂછ સવા તસુ એટલી હતી. એમના હોઠ સવા તસુના હતા. એમના દાંત સવા તસુ પ્રમાણે હતા. એમની હનુંવટી-દાઢી પોણા તસુ પ્રમાણે હતી. એમના શરીરનો બાંધો (સ્નાયુ) મુખ્ય ત્રણસો સાઈઠ તસુ હતો. એમનું હૃદય સાત તસુ પ્રમાણે હતું. એમના બાહુ બે થઈને સવા બે હાથના હતા. એમના પગ બે થઈને પણ સવા બે હાથના હતા. એમના પગની આંગળીઓ ચાર હતી અને સવા તસુ પ્રમાણે હતી. પાંચમો અંગૂઠો દોઢ તસુ પ્રમાણે લાંબો હતો.' ઠીંગણા, જાડા, ગોળાકાર આવું એમનું શરીર હતું. આ પ્રકારનું સ્વરૂપ 'યક્ષ' દેવતાનું હતું. એમનું તેજ અપરંપાર હતું. એ યક્ષ અવતારનું સ્વરૂપ જોઈને જેમણે એમની ભક્તિ કરી એવા નવ્વાણું કોટિ યક્ષગણનો ઉદ્ધાર થયો અને તેઓ અમરાપુર ધામમાં જઈ પહોંચ્યા.

જાંખામાં સર્વે જીવ સિધ્યા જેહ, તેમાં બે જીવ નર્કે પોત્યા તેહ. ||૭૨||
તમે સુણો રે મુનિવર ભાઈ, નામ એ ત્યાં માલકબાઈ. ||૭૩||
તે સુંદર રાજાની દીકરી જાણ, તે નર્કે પોતી નિરવાણ. ||૭૪||
ભક્ત સવદાસસેન રાજાનો દીકરો જાણ, તે પણ નર્કે પડ્યો નિરવાણ. ||૭૫||
જે મનમાંહે ભ્રાંતિ રાખતાને ગત્‌ની નિંદા કરતા, તે કારણે નર્કે પોતા. ||૭૬||
જે જીવ શ્રી હરિને ન ઓળખે જેહ, તે કેમ કરી પામે અમર પદ તેહ. ||૭૭||
ત્રણ મૂરતે વિચારી ધર્યું ધ્યાન, ત્યારે ગોર બ્રહ્માને આલ્યું પરિણામ. ||૭૮||
તેડી બ્રહ્માને કહ્યું કિરતાર, તેજ અમારો કરો વિસ્તાર. ||૭૯||
વચન હરિના મસ્તકે ધરી, હવે બીજા કલ્પની સૃષ્ટિ જો કરી. ||૮૦||

યક્ષ જીવગણમાં બધા જીવોનો ઉદ્ધાર થયો, ફક્ત બે જીવ અધોગતિમાં ગયા. એક સુંદર રાજાની કન્યા માલકબાઈ અને ભક્ત સવદાસસેન રાજાનો પુત્ર. આ બે જીવે મનમાં ભ્રાંતિ ધારણ કરીને ઈશ્વરની ઉપાસના કરી નહીં અને સદ્‌ભક્તોની, ગત્‌ગંગાની નિંદા કરી એટલે એ જીવ અધોગતિમાં ગયા. જે જીવ આપણા સ્વામીને ઓળખતા નથી (જેમણે આપણને નિર્માણ કર્યા, ભરણ પોષણ કરી પાલનપોષણ કર્યું, જેમની કૃપા દૃષ્ટિથી આ સર્વ જગત ચલાયમાન થાય એ પરમેશ્વરને જેમણે ઓળખ્યા નહીં, એમની ભક્તિ કરી નહીં) તે ક્યાંથી અમરપદ પામે !!!

દશરાયણ કલ્પ સમાપ્ત થયા પછી કલ્પના અંત સમયે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમણે ધ્યાન કરીને આદ્ય નારાયણને આગળ શું કામ કરવું એવી પ્રાર્થના કરી. એટલે આદ્ય નારાયણે બ્રહ્માને આજ્ઞા કરી કે તમે મારું તેજ ધારણ કરીને આગળના કલ્પની રચના કરો. આદ્ય નારાયણનું વચન શિર ધરીને એમનું તેજ (શક્તિ) ગ્રહણ કરીને બ્રહ્મદેવે બીજા કલ્પની રચના કરવાની શરૂઆત કરી.

જ્યારે ગોર બ્રહ્માને આલ્યો પાઠ, ત્યારે અમરભેદની દેખાડી વાટ. ||૮૧||
જ્યારે યજુર વેદના માતમ કર્યા, ત્રણ રૂપ ત્યાં વિષ્ણુયે ધર્યા. ||૮૨||
તેજ, કેવળીક, નાદનાં દર્શન જાણીને ધાયા જેહ, અમરભેદ તો પામ્યા તેહ. ||૮૩||
દેવગુણ કલ્પ પૂરા થયા, ત્યારે છપ્પન કરોડી મેઘા અમરાપુર ગયા. ||૮૪||
જ્યારે બાર યુગનું વાળ્યું નામ, ત્યારે પાણી ચઢ્યાં તે ધ્રુવ આસમાન. ||૮૫||
પડ્યો પિંડ અને આત્મા અમર હોય, બ્રહ્મા વિષ્ણુ ને મહેશ્વર સોય. ||૮૬||
પખાળી પૃથ્વીને કીધી શુદ્ધ, ત્યાં ચતુર ગુણની રહી શાખ. ||૮૭||
સત્ દત્ત ને ક્ષમા કરી, જે કોઈ સમરે શ્રીહરિ. ||૮૮||
બીજા દેવગુણ કલ્પની રચના સહી, શ્રી હરિના અવતારની સુણો ભાઈ. ||૮૯||

પ્રથમ દશરાયણ કલ્પ પૂર્ણ થયા પછી આદ્ય નારાયણે સદ્‌ગુરુ બ્રહ્માને બીજા યર્જુવેદનું તત્ત્વ 'અહં બ્રહ્માસ્મિ' મંત્રનો જાપ આપી સૃષ્ટિમાં જીવ પ્રાણીમાત્રની રચના કરવાનું કહ્યું. તે પ્રમાણે સૃષ્ટિમાં મેઘ નામના જીવ પ્રાણીમાત્રની ઉત્પત્તિ થઈ. તે વખતે વિષ્ણુ નારાયણે કેવળીક, નાદ, તેજ આમ ત્રણ અવતાર ધારણ કર્યા. આ અવતાર પાત્રોને જાણી એમની જેમણે ભક્તિ કરી એવા સદ્‌ભક્ત છપ્પન કોટિ મેઘગણનો ઉદ્ધાર થઈને અમરપદ પ્રાપ્ત થયું.

દેવગણ કલ્પમાં બાર યુગની રચના થઈ, બાર યુગ પૂર્ણ થયા પછી કલ્પાન્ત કાળે એટલે કે કલ્પના અંતે જળ બ્રહ્માંડ ઉપર ચડી જઈને ધ્રુવ મંડળ સુધી પહોંચ્યાં. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની આ ત્રિગુણાત્મક અક્ષર સૃષ્ટિ ફક્ત કાયમ રહી. બીજા સર્વ જીવ પ્રાણીમાત્ર એ કલ્પના અંત સમયમાં નાશ પામ્યા. એ વખતે સર્વ પૃથ્વી કલ્પને અંતે જળથી ધોવાઈને પવિત્ર અને શુદ્ધ થઈ ગઈ.

સ્વામીનું રૂપ વાદળ સરીખું કહીયે, કાળો જેવો મેઘ સોહીયે. ॥૯૦॥
રાત્રે કાળા મેઘ જેવો થાયે, અને પ્રભાતે સૂરજ માંહે સમાઈ જાયે. ॥૯૧॥
બપોરે માણસ જેવા દુનિયા માંહે ફરતા જાયે, એવા ત્રણ રૂપ સ્વામીજી ધરતા ત્યાંયે. ॥૯૨॥
તે ગોરનર સ્વામી મહેશ્વરને આરાધતા સહી, તે સ્વામીના હૃદયના સાર સુણો રે ભાઈ. ॥૯૩॥
તેના પ્રમાણે સવા દસ તાલ ઊંચા હતા, બીજા મુનિવર સવા પાંચ તાલ માણસ હતા. ॥૯૪॥
સ્વામીનું માથું સવા પાંચ વેંત હતું, તથા અઢી તસુની આંખ હતી. ॥૯૫॥
પાંચ તસુનું નાક હતું ચાર તસુ મૂછ હતી, ચાર તસુ હોઠ હતા પાંચ આંગળ જીભ હતી. ॥૯૬॥
તે મુખ માંહે અનેક જીવ રહેતા, બત્રીસ દાંત તે પાંચ તસુ પ્રમાણે હતા. ॥૯૭॥
તેની દાઢ સવા ચાર તસુની હતી, હૃદીયા બહુ વાધતી હતી. ॥૯૮॥
તેની હૃદીયા પચાસ તસુ પ્રમાણે હતી, તે બહુ રૂપ પ્રમાણે હતી. ॥૯૯॥
તેના હાથ સવા તાલ[૧]ના હતા, તેના પગ ચાર તાલના હતા. ॥૧૦૦॥
તેની બાહુ પાંચ તાલના હતા, એવા રૂપ મેઘા માંહે હતા. ॥૧૦૧॥

બીજા દેવગણ કલ્પમાં પરમેશ્વરના અવતારનાં રૂપ વાદળ પ્રમાણે હતાં. જે પ્રમાણે મેઘનો વર્ણ ઘનવાદળી હોય છે, એ પ્રમાણે વાયુ સ્વરૂપ એ પરમેશ્વર અવતારનો વર્ણ ઘનવાદળી હતો. રાત્રીના સમયે નિલવર્ણ ઘનશ્યામ આ પ્રકારે અને સવારે સૂર્ય પ્રમાણે અત્યંત તેજસ્વી નિરામય સ્વરૂપ ધારણ કરતા, બપોરના સમયે માનવ પ્રાણી પ્રમાણે આ 'મેઘ' નામના જીવ રૂપ ધારણ કરતા હતા. આ રીતે તે અવતારમાં ત્રણ સ્વરૂપ ધારણ કરીને અગમ્ય લીલા કરતા હતા. એ સમયમાં જીવ મેઘગણો ગુરુ બ્રહ્મા, નર વિષ્ણુ અને સ્વામી મહેશ્વર એમની ઉપાસના કરતા હતા. પરમેશ્વરના અવતારની ઊંચાઈ સવા દસ તાલ (હાથ)ની હતી અને બીજા મેઘ પ્રાણીની ઊંચાઈ સવા પાંચ તાલની હતી, અવતારનું શિર સવા પાંચ વેંતનું હતું, આંખો અઢી તસુની હતી, પાંચ તસુનું નાક હતું, ચાર તસુની મૂછ હતી, ચાર તસુના હોઠ અને પાંચ આંગળની જીભ હતી. બત્રીસ દાંત હતા, પાંચ તસુ એની લંબાઈ હતી. દાઢી સવા ચાર તસુની હતી, હૃદય પચાસ તસુ લંબાઈનું હતું પણ જેમ રૂપ બદલાતું તેમ હૃદયનો આકાર બદલાતો હતો. એમના હાથ સવા તાલના હતા, પગ ચાર તાલના હતા, બાહુ પાંચ તાલના હતા. આ પ્રકારે અલૌકિક દિવ્ય અવતાર સ્વરૂપ દેવગુણ કલ્પમાં ધારણ કર્યુ હતું.

એવું રૂપ મેઘામાં સહી, અવગતીયા ન હતા કોઈ. ॥૧૦૨॥
જીવ ચાર અવગતે પોતા સહી, તે તમે સુણો ઋષિવર ભાઈ. ॥૧૦૩॥
એમ મુખી હતા જે મોટા સિદ્ધ જાત, તે મુખીનું નામ તે પારસનાથ. ॥૧૦૪॥
સવદાસનો દીકરો હતો જેહ, બીજા અરજ મુનિ કહીયે તેહ. ॥૧૦૫॥

૧. તાલ = અંગૂઠાથી મધ્યમા આંગળી સુધીનું પ્રમાણ, બાર આંગળની લંબાઈ.

ત્રીજા પંજાદેવી કહીયે તેહ, અને ચોથા માધવભાઈ જેહ. ॥૧૦૬॥
એ ચાર જીવ મેઘા માંહેથી નર્કે હોય, તમે સુણો મુનિવર ભાઈ સોય. ॥૧૦૭॥
જે ઋષિવર એવું રૂપ દેખીને ભૂલ્યા જેહ, અમર ફળ પામ્યા તેહ. ॥૧૦૮॥
સદ્ગુરુ કહે સુણો મુનિવર ભાઈ, એ જીવ ગત્માં ભૂંડી નજરે ચાલે સહી. ॥૧૦૯॥
જેણે એવા રૂપની શંકા આયી, તે નર્કે પોતા જીવ જાયી. ॥૧૧૦॥
વળી વિષ્ણુ યે વિચારીને ધર્યું ધ્યાન, ત્યારે બ્રહ્માને આલ્યું પરિમાણ. ॥૧૧૧॥
તેડી બ્રહ્માને કહ્યું કિરતાર, તેજ અમારું કરો વિસ્તાર. ॥૧૧૨॥
વચન હરિના મસ્તકે ધરી, ત્રીજા કલ્પની બ્રહ્માજીયે સૃષ્ટિ જો કરી. ॥૧૧૩॥

દેવગુણ કલ્પમાં જે મેઘગણ છપ્પન કોટિ જીવ થયા તેમાંથી ફક્ત ચાર જીવ અવગતિમાં ગયા. એક તો મોટા પારસનાથ સિદ્ધ પુરુષ થયા, જે મુખી હતા. બીજા અરજમુનિ, ત્રીજાં પંજાદેવી અને ચોથા માધવભાઈ એમ આ ચાર જણાંએ મોટાઈનો ગર્વ કરી ગત્ગંગા અને સદ્ભક્તોની નિંદા કરી એટલે અવગતિમાં ગયા. જેમણે પરમેશ્વરના અવતાર પાત્રની ઓળખ કરીને એમની ભક્તિ કરી એવા જીવન અમર ફળ પ્રાપ્ત કરીને વૈકુંઠમાં ગયા, પણ જેમણે એ પરમેશ્વરના સ્વરૂપની મનમાં કુકલ્પના ધારણ કરી, કોઈપણ પ્રકારની શ્રદ્ધા ન લાવતાં શંકાશીલ થઈ એમની નિંદા કરી, મન ચંચળ કરી ગત્ગંગામાંથી જતા રહ્યા, એવા ભૂંડા જીવ કાયમ નરકમાં જઈને રહ્યા. એમને સદ્ગતિ ક્યાંથી મળે ? સદ્ગુરુ મહારાજ કહે છે કે; હે ઋષિવરો, આ માટે ગુરુવચન પર દઢ શ્રદ્ધા રાખીને એમનાં વચન પ્રમાણે તમે વર્તો એટલે તમને સદ્ગતિ પ્રાપ્ત થશે.

બીજા દેવગણ કલ્પ પૂર્ણ થયા પછી ભગવાન આદ્ય નારાયણે ધ્યાન ધરીને બ્રહ્માને ફરી સૃષ્ટિમાં જીવ સૃષ્ટિ નિર્માણ કરવાની કહી અને એમની આજ્ઞા પ્રમાણે બ્રહ્મદેવે આગળના જીવોની નિર્મિતિ અને રચના કરી.

જ્યારે ગોર બ્રહ્માને અર્પ્યો પાઠ, ત્યારે અમરભેદની દેખાડી વાટ. ॥૧૧૪॥
જ્યારે સામવેદના મહાત્મ્ય કર્યા, ત્યારે બે રૂપ તો વિષ્ણુએ ધર્યા. ॥૧૧૫॥
ઓત્રા, હરિતકતનાં દર્શન જાણી ધાયા જેહ, અમરભેદ પામ્યા તેહ. ॥૧૧૬॥
ત્રીજા લીલવગુણ કલ્પનાં મંડાણ માંડ્યાં જેહ, તેમાં કિન્નર કરોડી બત્રીસ હતા તેહ. ॥૧૧૭॥
લીલવગુણ કલ્પની રમત સુણો મુનિવર ભાઈ, સ્વામીનું રૂપ બાળકનું હતું સહી. ॥૧૧૮॥
જેવા કલિયુગના માનવ તેવાં રૂપ, પણ તેના હાથ મોટા હતા અનુપ. ॥૧૧૯॥
તેમાં કિન્નર ધરમ આણ્યું પુરું જાણ, અને તે અમરાપુરીનો વર પામ્યા નિર્વાણ. ॥૧૨૦॥
તેમાં ગોવિંદ મુખી આવાગમનમાં પડ્યો તેહ, તેને ગોર ગત્ની નિંદા કીધી હતી જેહ. ॥૧૨૧॥

ભગવાન આદ્ય નારાયણે સદ્ગુરુ બ્રહ્મા એટલે બ્રહ્મદેવને કલ્પની સૃષ્ટિની રચના કરવા માટે 'તત્ત્વમસિ' આ મહાવાક્યનો મંત્ર જાપ આપીને માર્ગદર્શન આપ્યું. એ પ્રમાણે બ્રહ્મદેવે સામદેવની રચના કરીને સૃષ્ટિમાં જીવ પ્રાણીમાત્રનું નિર્માણ કર્યું. તે સમયમાં વિષ્ણુ ભગવાને બે રૂપ ધારણ કર્યા. 'ઓત્રા' અને 'હરિતકત.' એમનાં જેમણે સાક્ષાત્ દર્શન કરીને ભક્તિ કરી એવા બત્રીસ કોટિ કિન્નર જીવ અમરપદને-મોક્ષગતિને પામ્યા.

ત્રીજા લીલવગુણ કલ્પનું જ્યારે મંડાણ માંડી રચના કરી ત્યારે બત્રીસ કોટિ કિન્નર નામના જીવ પ્રાણી નિર્માણ કર્યા. આ કિન્નર ગણના સ્વરૂપ અત્યારના માનવ પ્રાણીના સ્વરૂપ પ્રમાણે જ હતાં, પણ એમના હાથ માનવોના હાથ

કરતાં મોટા હતા. પરમેશ્વરે એ કલ્પમાં જે અવતાર ધારણ કરેલા એ બાળકોના રૂપ પ્રમાણે ધારણ કરેલા હતા. આ ઈશ્વરી અવતાર પર જેમણે દૃઢ શ્રદ્ધા રાખી એમની ભક્તિ કરી એવા બત્રીસ કોટિ કિન્નર ગણ મોક્ષપદના અધિકારી થયા. ફક્ત એક જીવ ગોવિંદમુખી અધોગતિ એટલે આવાગમનના જન્મમરણના ફેરામાં પડ્યો, કારણ એણે મોટાઈનો ગર્વ કરી ગત્‌ગંગાની સદ્‌ભક્તગણોની નિંદા કરી એટલે ગોવિંદમુખીને જન્મમરણનું દુઃખ ભોગવું પડ્યું.

લીલવગુણ કલ્પ પૂર્ણ થયા, ત્યારે બત્રીસ કરોડ કિન્નર અમરાપુર ગયા. ॥૧૨૨॥
જયારે આઠ યુગનું વાળ્યું નામ, ત્યારે પાણી ચઢ્યાં તે ધ્રુવ આસ્માન. ॥૧૨૩॥
પડ્યો પિંડ ને આત્મા અમર હોય, બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વર સોય. ॥૧૨૪॥
જયારે પખાળી પૃથ્વીને કીધી શુદ્ધ, ત્યારે ચતુર ગુણની રહી સાખ. ॥૧૨૫॥
સત્ દત્‌ને ક્ષમા કરી, જે કોઈ સમરે શ્રી હરિ. ॥૧૨૬॥
અને તેમાં જાંખા મેઘા કિન્નર જાણ, છૂટ્યા નિર્વાણ તેહી ઠાણ. ॥૧૨૭॥
એ ત્રણ કલ્પમાં સોળ અવતાર હરિના જાણ, ત્યાં વિષ્ણુનાં સોળ પગલાં પૂજાય પરમાણ. ॥૧૨૮॥
ત્યાં દસ રૂપ બ્રહ્માજી વર્ત્યા જાણ, તેણે નારાયણના કર્યા વખાણ. ॥૧૨૯॥
તે કલ્પ ત્રણમાં અગમ રૂપ હરિનાં જાણ, અને તેણે ચોથા કરણ કલ્પનાં માંડ્યાં મંડાણ. ॥૧૩૦॥

ત્રીજો લીલવગુણ કલ્પ પૂર્ણ થયો ત્યારે બત્રીસ કોટિ કિન્નરગણ અમરાપુરી જઈને મળ્યા. આ લીલવગુણ કલ્પમાં આઠ યુગ પૂર્ણ થયા પછી કલ્પને અંતે ધ્રુવ મંડળ સુધી જળમય થયા. અક્ષર પ્રકૃતિ કાયમ રહીને ક્ષર પ્રકૃતિનો એટલે ત્રૈલોક્યના જીવન પ્રાણીમાત્રનો નાશ થયો. પરમાત્માએ કલ્પાન્તે જળથી સર્વ પૃથ્વી ધોઈને શુદ્ધ તથા પવિત્ર કરી આગળના કલ્પનાં જીવપ્રાણીના નિર્માણ માટે રચના કરી.

આ પ્રકારે દશરાયણ, દેવગણ તથા લીલવગુણ આ ત્રણ કલ્પ પૂર્ણ થયા. એમાં યક્ષ, મેઘા અને કિન્નર આ જીવો સત્, દત્, ક્ષમા તથા ઈશ્વરભક્તિ કરીને અજર અમર એવા નિર્વાણપદે પહોંચ્યા. આ ત્રણ કલ્પમાં પરમેશ્વરના સોળ અવતાર થયેલા છે. બ્રહ્મદેવે અલગ અલગ કાળમાં અલગ અલગ દસ અવતાર ધારણ કરીને નરનારાયણના અવતાર પાત્રોની જાણ કરી જગતમાંથી જીવ પ્રાણીમાત્રની આત્મોન્નતિનો જ્ઞાનોપદેશ કરી મોક્ષપદ પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો. આ રીતે ત્રણ કલ્પમાં અગમ્ય રૂપ ધારણ કરી ઈશ્વરે અનંત કળા કર્યા પછી ચોથા શ્વેતવેરા કલ્પની રચના કરવાનું કાર્ય ધરીને એનું મંડાણ માંડયું.

•••


પ્રથમ શ્રી મત્સ્ય અવતાર (કર્તાયુગ - ઋગ્વેદ)


સદ્‌ગુરુ શ્રી અમ્મરતેજ ઋષિ (કર્તાયુગ - ઋગ્વેદ)

(શ્વેત વેરા કલ્પનો પ્રારંભ)

ૐ

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા સત્ય છે.

भूतलातलमध्यस्थं, शंखासुरं निहत्य च ।
उद्धृताः येन वै वेदाः, तस्मै मत्स्यात्मने नमः ॥

જે શ્રી વિષ્ણુ ભગવાને મત્સ્ય રૂપ ધારણ કરીને ભૂતળ અને અતળની મધ્યમાં રહીને શંખાસુર નામના દૈત્યનો નાશ કરીને વેદોનો ઉદ્ધાર કર્યો હતો, તેવા શ્રી મત્સ્ય ભગવાનના અવતારને હું નમસ્કાર કરું છું.

પ્રથમ નામ તો ૐ ઓમ્કાર, ઉનાદ, અવિગત્ય, અહેદ, હવ, કવ, તત્ત્વ, ધર્મ, તેજ, કેવલિક, નાદ, ઓત્રા, હરિતખ્ત, પુરુરવા, અતીતવંશી, પ્રેમઋષિ. પ્રેમઋષિના અંશ તો શ્રી મચ્છ અવતારનો પ્રારંભ થયો ત્યારે મૂળ તો શ્રી મનુઋષિએ શ્રી વિષ્ણુ ભગવાનની કળાથી મત્સ્ય રૂપ ધારણ કર્યું હતું.

શ્રી મત્સ્ય અવતાર

॥ અવતાર પહેલો ॥

પરમ કૃપાળુ પરમાત્માની આજ્ઞાથી આદરું છું
ૐ નમો શ્રી સદ્ગોર પાત્ર બ્રહ્મા અમરતેજ મહારાજ,
આદ્ય વિષ્ણુ નિરંજન શ્રી મત્સ્ય ભગવાન તમારી આશિષે....

(રાગ : શ્રી વર લક્ષ્મીવર)

પ્રથમ મત્સ્ય અવતાર વિષ્ણુનો થાય, તેનો સદ્ગોરે કહ્યો મહિમાય. ॥૧॥
વળતાં વિષ્ણુએ ધર્યો છે વિચાર, ત્યારે ગોર બ્રહ્માને આદેશ આપ્યો સાર. ॥૨॥
પ્રથમ હોતા તે સર્વે ધૂંધૂકાર, ત્યારે આદ નિરંજન વિશ્વનો એક આધાર. ॥૩॥
આદે અંતે જે હતા નિરંજન દેવ, સ્વામીજી તેના કોઈ ન જાણે ભેદ. ॥૪॥
સદ્ગુરુ બ્રહ્મા તે નિરંજનનાં તેજ, ત્યાં થકી બ્રહ્માએ લીલા નિપાઈ સહેજ. ॥૫॥
શબ્દ એકને ૐકાર, ત્યારે નારાયણે કર્યો વિચાર. ॥૬॥
ધ્યાન ધરીને સ્થિર સમુદ્ર તીર, બ્રહ્મા બાંધી બેઠા ત્યાં ધીર. ॥૭॥
ત્યાં બ્રહ્માએ ધર્યું ધ્યાન, ત્યારે વેદ ગતિનાં ઉપજ્યાં જ્ઞાન. ॥૮॥
તે બ્રહ્મા થકી માંડ્યાં મંડાણ, તેમાં સરજી લક્ષચોર્યાશી ખાણ. ॥૯॥
વળતાં વિષ્ણુએ વિચારીને ધર્યું ધ્યાન, ત્યારે ગુરુ બ્રહ્માને આલ્યું પરિમાણ. ॥૧૦॥
ત્યારે બ્રહ્માને કહ્યું કિરતાર, તેજ અમારું કરો વિસ્તાર. ॥૧૧॥

વચન શ્રી હરિનાં મસ્તકે ધરી, વળતાં બ્રહ્માજી બોલ્યા ફરી. ॥૧૨॥
સ્વામી અમે યુગમાં જઈને કરીશું જાણ, જે કુળ ઓધારો ચારે ખાણ. ॥૧૩॥
વળતાં બ્રહ્મા પ્રત્યે બોલ્યા શ્રી હરિ, અમે આવીશું રૂપ અગોચર ધરી. ॥૧૪॥
રૂપ અમારાં ઓળખશે જેહ, મુક્ત થાશે જીવ બ્રહ્માજી તેહ. ॥૧૫॥
એવા કોલ લઈને બ્રહ્માજી યુગમાં આવ્યા જાણ, ત્યારે પહેલા કર્તાયુગનું માંડ્યું મંડાણ. ॥૧૬॥

સર્વ પ્રથમ સૃષ્ટિમાં નીલવર્ણ ધૂંધૂકાર સર્વ વાતાવરણમાં વ્યાપ્ત હતું. ફક્ત એકમાત્ર નિરંજન નિરાકાર વિશ્વાધાર આદિ નારાયણ અનંત રહિત સ્વ સ્વરૂપે નિર્ગુણ નિરાકાર સ્વયં જ્યોતિ સ્વરૂપે સ્થિત હતા. એ આદ્ય નારાયણે પોતાના અંશભૂત તેજથી બ્રહ્મદેવને સંકલ્પ માત્રથી સૃષ્ટિ નિર્માણ કરવા કહ્યું. આદ્ય નારાયણે વિચાર કરીને બ્રહ્માને "ૐ" શબ્દથી મંત્રોપદેશ કર્યો. તે જ શબ્દ 'અ' કાર, 'ઉ' કાર, 'મ્' કાર. આ રજ, સત્ત્વ, તમસ. ત્રિગુણના ત્રણ કલાત્મક શબ્દની રચના કરીને આદ્ય નારાયણે એમને ઉપદેશ કર્યો. પછી બ્રહ્માએ તે પ્રણવ મંત્રનો ઉચ્ચાર કરીને અનંત કળા પ્રકાશિત કરી.

બ્રહ્માએ સાગર કિનારે ધીર ગંભીર થઈને ધ્યાન ધરીને બ્રહ્મતત્ત્વનું ચિંતન કર્યું તથા વેદનું નિર્માણ કર્યું. પછી આદ્ય નારાયણે બ્રહ્મદેવને જીવસૃષ્ટિની રચના કરવાની આજ્ઞા કરી. તે આજ્ઞા શિરોમાન્ય માનીને ચાર ખાણની રચના કરવાનો બ્રહ્મદેવે વિચાર કર્યો. પછી બ્રહ્મદેવે આ ચારેય ખાણીમાંથી જીવ પ્રાણીમાત્રનો ઉદ્ધાર કરવા વિશે નારાયણને વિનંતી કરી. નારાયણે અભય વચન આપી કહ્યું કે; હું જે જે રૂપ ધારણ કરીને મૃત્યુલોકમાં આવીશ. તે રૂપની ભક્તિ કરનારા જીવો મુક્ત થશે. પછી બ્રહ્મદેવે યુગ સૃષ્ટિની તથા પ્રાણી સૃષ્ટિની રચના કરવાની શરૂઆત કરી.

જ્યારે સૃષ્ટિ સંજોગ હરિયે આરંભ કર્યો, ત્યારે બ્રહ્માને ઘેર શંખવો અવતર્યો. ॥૧૭॥
ત્યારે તે વેળાએ બ્રહ્માજી જ્યોતિષ કહે જે આજ, ભાઈ એ પુત્રથી આગળ વણસશે કાજ. ॥૧૮॥
ગુરુ બ્રહ્માને ઘેર દૈત્ય અવતર્યો જેહ, તેણે અઘોર તપ આદર્યું તેહ. ॥૧૯॥
ત્યારે રાત સારી સવા પોર દન સુધી તપ કરતા, ત્યાર પછી દુનિયા માંહે આવતા. ॥૨૦॥
ત્યાં બ્રહ્માજીયે ધર્યું ધ્યાન, અને વેદ ગતે ત્યાં ઉપજ્યું જ્ઞાન. ॥૨૧॥
એ શંખવો થયો તસ્કર દાનવનો અવતાર, ભાઈ કરો જતન વેદ લઈ જાશે ચાર. ॥૨૨॥
વળી એક દિન બ્રહ્માજી મનમાં એવું ધરે, જે પુત્ર હોઈને એવું ન કરે. ॥૨૩॥

જ્યારે પ્રાણી સૃષ્ટિ ઉત્પન્ન કરવાનો સંકલ્પ આદ્ય નારાયણ પાસેથી બ્રહ્મદેવે કર્યો તે પછી તેમને સંકલ્પ માત્રથી શ્વેદજ, અંડજ, ઉદ્‌બીજ, જરાયુજ આ ચાર ખાણી ઉત્પન્ન કરી. દરેક ખાણીમાં એકવીસ એકવીસ લક્ષ જીવયોનિનું નિર્માણ કર્યું. એમના પુણ્ય તથા પાપમય કર્મ પ્રમાણે સદ્‌ગતિ તથા અધોગતિ થવાથી ગતિચક્રની શરૂઆત થઈ.

એકવાર બ્રહ્મદેવના ક્રોધ રૂપે તેમના સંકલ્પથી એક માનસ પુત્ર નિર્માણ થયો, એનું નામ 'શંખવો' હતું. એ નિર્માણ થતાં જ એના અવિવેકી આચાર-વિચાર, વ્યવહાર અને મનસ્વી ક્ષોભ ઉત્પન્ન કરનારાં લક્ષણ જોઈને બ્રહ્મદેવે શંખવાનું ભવિષ્ય જોયું, તો એમને ખબર પડી કે, આ પોતાના પુત્રથી જ પોતાનાં આગળનાં કાર્યનો નાશ થશે.

બ્રહ્મદેવે શંખવાને એકાંતમાં બોલાવીને કહ્યું કે: 'હે બાળક ! તું મારો પ્રિય બાળક છે એટલે હું તને તારા હિતની વાત કરું છું. તું તારા મનની બધી ઉચ્છૃંખલ વૃત્તિઓ છોડી દઈને મન શાંત તથા સ્થિર એકાગ્ર કરીને સર્વ સમર્થ બળવાન એવા પરબ્રહ્મ નારાયણની નિશ્ચલ મનથી ભક્તિ કર. આમાં જ તારું સાર્થક છે.'

પિતાનાં વચન માન્ય કરીને શંખાસુરે હિમાલયમાં જઈને એકાંતવાસ લીધો. જયાં મન પ્રસન્ન તથા શાંત રહે અને એકાગ્રતા કરી શકાય એવી ગિરિકંદરાની જગ્યા શોધીને નિર્વિકાર મનથી સર્વ દેવગણોનો તથા ભગવાન નારાયણની મનોભાવથી પૂજા અર્ચના કરી તપ કરવા લાગ્યો. રાત અને દિવસ અતિશય કઠોર એવી તપ સાધના એ નિત્ય નિયમથી કરવા લાગ્યો.

ત્યારે શંખાસુરે વિશ્વાસઘાત જો કરી, આજ્ઞા નારાયણની લાવ્યો ફરી. ॥૨૪॥
જયારે બ્રહ્માએ ધર્યું ધ્યાન, ત્યારે નારાયણે તેણે આપ્યું વચન. ॥૨૫॥
જો માયા તણો કરો વિસ્તાર, ત્યારે હરિએ કીધો એ વિચાર. ॥૨૬॥
જુગમાં લીધું એવું રૂપ, તો જૂજવા કીધા ત્રણે સ્વરૂપ. ॥૨૭॥
ચોથા રહ્યા શક્તિ એક, તેના કરવા અનેક વિવેક. ॥૨૮॥
ત્યારે નારાયણે તો હેત જ ધરી, ચાર મૂરત જૂજવી કરી. ॥૨૯॥
બ્રહ્મ શબ્દ તે ૐ કાર, વિષ્ણુ અક્ષર એક વહેવાર. ॥૩૦॥
મહાદેવ મહા કરતવ કરી, ત્યારે તપ કરવા શંખવો ચાલ્યો નિસરી. ॥૩૧॥

જે વખતે આદ્ય નારાયણે 'બહુસ્યાં પ્રજાયેય' આપણે અનેક રૂપથી પ્રગટ થઈએ, એવો સંકલ્પ કરીને પોતાની યોગમાયાથી (સચ્ચિદ્‌શક્તિનો) વિસ્તાર કરવાનો વિચાર કર્યો, ત્યારે જે ચૈતન્ય પ્રવાહ નિર્માણ થયો, તેમાંથી બ્રહ્મ (પ્રણવ) તથા માયા નિર્માણ થઈ અને પછી 'સત્ત્વ-રજ-તમસ' ત્રિગુણમયી પ્રકૃતિ નિર્માણ થઈ. આ રીતે આદ્ય નારાયણે પોતે નિમેષાર્ધાત (અલ્પ સમય)માં આ ચાર મૂર્તિ પ્રગટ કરી. સત્ત્વ, રજસ, તમસ ના અનુક્રમે વિષ્ણુ, બ્રહ્મા તથા મહેશ એમ પ્રકૃતિને નિર્માણ કરી. ચોથી આદ્યશક્તિ અથવા યોગમાયાની પ્રકૃતિનું સર્જન કર્યું.

પછી યોગમાયાએ પણ પોતાના ત્રણ ગુણોથી પર રહીને ચોથા અંશે સ્વતંત્ર રહી એમાંથી સત્ત્વ ગુણને અધિષ્ઠિત એવી શક્તિ લક્ષ્મી સત્ત્વગુણી વિષ્ણુને, રજોગુણને અધિષ્ઠિત એવી શક્તિ સાવિત્રી રજોગુણી બ્રહ્માને, તમો ગુણને અધિષ્ઠિત એવી શક્તિ પાર્વતી તમોગુણી મહેશને આપી. ત્યારબાદ તેમાંથી પંચમહાભૂતાદિક અવિદ્યા લિંગદેહાત્મક નિર્માણ થઈને જીવસૃષ્ટિનું નિર્માણ કર્યું. પ્રાણીજ સૃષ્ટિ નિર્માણ વખતે યોગમાયાએ સૃષ્ટિ ચક્ર વ્યવસ્થિત ચલાવવા માટે ત્રણેય પ્રકૃતિ જોડે ત્રણ કાર્યોનું વિભાજન કર્યું.

એ જ પ્રમાણે આ ત્રિગુણીનું મહત્ત્વનું કાર્ય પણ અલગ છે. રજોગુણી બ્રહ્મા એ 'ૐ' પ્રણવ બ્રહ્મ સ્વરૂપી હોવાથી મનુષ્યપ્રાણીને આત્મજ્ઞાનનો ઉપદેશ કરીને મોક્ષ માર્ગ સુધી લઈ જવું. સત્ત્વગુણી વિષ્ણુ અક્ષર સ્વરૂપી હોવાથી આત્મજ્ઞાન મેળવીને સન્માર્ગથી વર્તનારા તથા મોક્ષપદ પ્રાપ્ત કરવા ઈચ્છતા જીવાત્માનું પાલનપોષણ કરવું તથા તમોગુણી મહેશ્વર મહતત્ત્વ સ્વરૂપી હોવાથી કર્મ, ભક્તિ, જ્ઞાનોત્તરથી આવનાર અહંકારનો સંહાર કરવો. આ ત્રણ કાર્યો પ્રમાણે આ ત્રિગુણાત્મક પ્રકૃતિના ગુણ જુદા છે.

આ રીતે સૃષ્ટિ ચક્રનું જ્ઞાન શંખાસુરે જાણી લીધું. પછી વિચાર કરીને એણે પોતાનું પણ આ સૃષ્ટિમાં સ્થાન હોય એ ઉદ્દેશથી પ્રેરીત થઈને તપશ્ચર્યા શરૂ કરી. અંતર્જ્ઞાનથી જાણીને એણે પોતાના સંકલ્પથી નારાયણને નિવેદન કરીને પોતાના સૃષ્ટિ ચક્રના વિસ્તાર કાર્યમાં યોગ્ય ઉપયોગ કરવા માટે સ્થાન માગ્યું.

જયારે એક દિન રાજા અમરીખનો જગન હતો જેહ,
ત્યારે ભૂપ મળીને યજ્ઞ માંડવે આવ્યા હતા તેહ. ॥૩૨॥

ત્યાં નારાયણ, આદ્યશક્તિ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર જયાંય,
એ સર્વે દેવ યજ્ઞમાં આવ્યા હતા ત્યાંય. ॥૭૩॥
ત્યારે શંખાસુરને લાગી વાર, અને ભોજન તો જમે સર્વે સંસાર. ॥૭૪॥
ત્યારે આવ્યો શંખાસુરને ચઢી રીસ, તેમણે શ્રાપ દીધા રાય અમરીખ. ॥૭૫॥
એક સો અવતાર લેજે હો રાયે, એવો શ્રાપ શંખવે દીધો ત્યાંયે. ॥૭૬॥
રાજા અમરીખ તો બીનો અપાર, જાણે તૂટી પડ્યું આસમાન. ॥૭૭॥
શંખવાનો શ્રાપ લાગ્યો તે કેમ છૂટે આ જંજાળ,
ત્યારે અમરીખ દોડીને આવ્યા નારાયણની પાસ. ॥૭૮॥

એક સમયે પૃથ્વી પર અમરીખ નામનો રાજા થઈ ગયો. અમરીખ રાજાને પોતાના ગુરુ પાસેથી ગ્રહણ કરેલા જ્ઞાનથી સમજાયું હતું કે માનવ જન્મ એ ચોર્યાસી લક્ષ જીવયોનીના ફેરામાંથી આપણા જીવાત્માનો ઉદ્ધાર કરવા માટે તથા જન્મ મરણની જંજાળમાંથી મુક્તિ કરી લેવા માટે પ્રાપ્ત થાય છે. આ મુક્તિ મેળવવા માટે શું ઉપાય કરવો ? એવો ગુરુને પ્રશ્ન પૂછવાથી ગુરુએ અમરીખને યજ્ઞ કરવાનું સૂચવ્યું. યજ્ઞ દ્વારા સર્વ દેવતા સંતુષ્ટ થયા પછી એ તને ઈચ્છિત ફળ આપશે, એટલે એમની પ્રસન્નતા માટે તું યજ્ઞ કર એવું ગુરુએ સૂચવ્યું.

ગુરુની આજ્ઞા શિરોમાન્ય ધરીને અમરીખે અમર થવાની ઈચ્છાથી પ્રેરીત થઈને એક અદ્ભુત વિશ્વયજ્ઞનો આરંભ કર્યો. અત્યંત ભવ્ય તથા સુમનોહર એવો યજ્ઞમંડપ ઊભો કર્યો અને એમાં વિશ્વના સર્વ ઋષિજનોને આમંત્રણ આપ્યાં. ઋષિજનોએ વેદ મંત્રોચ્ચારના ઘોષથી સર્વ ગગનમંડળ ગર્જાવી મૂક્યાં.

આ વિશ્વયજ્ઞમાં ઈંદ્ર, ચંદ્ર, વાયુ, વરુણ, સોમ, અગ્નિ, સૂર્ય વગેરે દેવતા તેમજ યક્ષ, કિન્નર, મેઘ, આદિત્ય, નક્ષત્ર, ગ્રહ વગેરે વિશ્વ વંદિત દેવગણ, ઋષિ, મુનિ, યોગી, સિદ્ધ આદિ મહાપુરુષો ઉપસ્થિત હતા. તેમજ આદ્ય નારાયણ, આદ્ય શક્તિ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ પણ પોતપોતાના શક્તિગણ સાથે યજ્ઞમાં ઉપસ્થિત થયાં. બધાં પોતપોતાના હવિર્ભાગ સ્વીકારીને સંતુષ્ટ થયાં. બધા દેવી દેવતાઓએ અમરીખને ઈચ્છિત ફળ અમર પદ પ્રાપ્તિનો આશીર્વાદ આપીને સંતુષ્ટ કર્યો.

યજ્ઞ સમાપ્તિ પછી પૂર્ણાહુતિના સમયે બ્રહ્મભોજનનો કાર્યક્રમ શરૂ થયો. બ્રહ્મભોજનમાં બધા દેવ, ઋષિ-મુનિ, માનવગણ ઉપસ્થિત હતા, પણ એક શંખાસુર જ નહોતો. તપ સાધના કરવામાં તેને સમય લાગ્યો કે અન્ય કોઈ કારણથી પણ સમયસર ઉપસ્થિત રહી શક્યો નહીં હોય, એમ સૌ દૈવ્યગણ વિચાર કરી બ્રહ્મભોજનનું મુહૂર્ત સાચવવા તથા એના એકલાથી બધાને વિલંબ અને વિરસ ન થાય એટલે બ્રહ્મદેવે અમરીખને આજ્ઞા કરીને બ્રહ્મભોજન કરાવવા કહ્યું. બ્રહ્માની આજ્ઞાથી બ્રહ્મભોજનનો કાર્યક્રમ શરૂ થયો, તો પણ શંખાસુર આવ્યો નહીં. બ્રહ્મભોજનની સમાપ્તિ પછી બધાં જ દેવી-દેવતાઓ તૃપ્ત પ્રસન્ન ચિત્ત થયા અને પછી અમરીખને અનેકાનેક શુભ વર પ્રદાન કરી સ્વસ્થાન પ્રતિ જવા લાગ્યાં.

એવા સમયે શંખાસુરે ત્યાં આવીને જોયું તો બધા તૃપ્ત થઈ કેટલાક પોતપોતાના સ્વસ્થાને જઈ પહોંચ્યા છે, કેટલાક હજુ જાય પણ છે, એવું જાણીને શંખાસુરને ખૂબ ક્રોધ આવ્યો. પોતાની રાહ જોયા વગર અથવા પોતાના આવવા માટેની કોઈપણ પ્રકારની પ્રતિક્ષા ન જોતાં બ્રહ્મભોજન પૂર્ણ કરી લીધું એ જાણીને શંખવાને અત્યંત ક્રોધ આવ્યો. કોપાયમાન થઈને શંખવાએ અમરીખને શ્રાપ આપ્યો કે: "હે અમરીખ ! હું કોણ છું અને મારી પાત્રતા-યોગ્યતા શું છે ? મારું તપ સામર્થ્ય તપોબળ કેટલું

છે એ ન જાણતાં મારી કોઈપણ પ્રકારની પ્રતિક્ષા કર્યા સિવાય તે યજ્ઞની પૂર્ણાહુતિ કરીને બ્રહ્મભોજન કર્યું. આ મારું હળાહળ અપમાન કર્યુ છે, માટે હું તને શ્રાપ આપું છું કે જે ઉદ્દેશથી તે યજ્ઞ કર્યો તે ઉદ્દેશ તારો સફળ નહિ થાય, ઉલટાનું તને સો વખત ગર્ભવાસનાં દુઃખ ભોગવવાં પડશે.”

અમરીખ પર તો જાણે આકાશ તૂટી પડ્યું. શંખાસુરનું એ રુદ્ર સ્વરૂપ જોઈને અમરીખ થરથર કાંપી ઊઠ્યો અને ક્ષમા માગવા લાગ્યો, શંખાસુરે અમરીખ રાજાની કોઈપણ વાત માન્ય ન રાખી, પરંતુ વધારે કોપાયમાન થઈને ત્યાંથી નીકળી ગયો. અમરીખને શું કરવું એ સૂઝતું નહોતું. છેવટે પોતાના હૃદયમાં આદ્ય નારાયણનું ધ્યાન ધરીને આવી પડેલા સંકટમાંથી મુક્ત થવા માટે અંતઃકરણથી પ્રાર્થના કરી.

શંખવે દીયો છે એવો શ્રાપ, ત્યારે રાજા ચાલ્યો સ્વામીજીની પાસ. ||૩૯||
સ્વામી શંખવે દીધા શ્રાપ, તે કેમ છૂટે આ જંજાળ,
ત્યારે શ્રી નારાયણે બ્રહ્મા પાસે મોકલ્યો તેણી વાર. ||૪૦||
તેણે જઈને કીધું જાણ, બ્રહ્મા કહે અમરીખનો શો વાંક. ||૪૧||
શંખવા રાજાનો મેલો શ્રાપ, જયારે બ્રહ્માના માનથી મેલ્યા વીસ શ્રાપ. ||૪૨||
ત્યારે મહાદેવ ગયા શંખવાની પાસ, શંખવા રાજાને નહિ દીજે શ્રાપ. ||૪૩||
ત્યારે વીસ મેલ્યા મહાદેવને કારણે શ્રાપ, શક્તિ ગયાં શંખવાની પાસ. ||૪૪||
શક્તિ બોલ્યાં વચન પ્રકાશ, શંખવા એવા કોને ન દીજે શ્રાપ. ||૪૫||
શક્તિમાને કારણે મેલ્યા વીસ શ્રાપ, ત્યારે શ્રી વિષ્ણુદેવ આવ્યા શંખવાની પાસ. ||૪૬||
શંખવા ભૂંડા રીસ ન કીજે અપાર, ત્યારે વીસ અવતાર મેલાવ્યા વિષ્ણુએ તેણી વાર. ||૪૭||
ત્યારે શંખાસુર મનમાં કરે વિચાર, બાકી રહ્યા હવે વીસ અવતાર. ||૪૮||
હવે હું ના સુણું કોઈનું વચન, એ વીસ અવતાર અમરીખને લાગશે તન. ||૪૯||
ત્યારે નારાયણે બોલાવ્યા શંખવાને પાસ, ત્યારે શંખવો બોલ્યો પ્રકાશ. ||૫૦||
એંસી મૂકી દીધા તેણી વાર, બાકી રહ્યા વીસ અવતાર. ||૫૧||
નારાયણ દેવ બોલ્યા મેલ શંખવા સહુ એ શ્રાપ, નહીં તો તને તેનું લાગશે મહા પાપ. ||૫૨||
ભક્તને કારણ દસ અવતાર લીધા શ્રી મહારાજ, અને દસ અવતાર લીધા શંખવે સાર. ||૫૩||

અમરીખ રાજાએ નારાયણને અનન્ય ભાવથી નમન કરી નિવેદન કર્યું કેઃ ‘હે નારાયણ ! સચ્ચિદાનંદ પ્રભુ ! હે સર્વાન્તર્યામી સર્વસાક્ષી ભગવંત ! તમો મને આ ભવસાગરમાંથી મુક્ત થવાનો આશીર્વાદ આપ્યો પણ શંખાસુરે કોપાયમાન થઈને સો વાર ગર્ભવાસનું દુઃખ ભોગવવાનો શ્રાપ મને આપ્યો. હે દયાનિધે ! કૃપાસાગર ! મને આ ભવજંજાળમાંથી - જન્મ મરણ રૂપ સંસારચક્રમાંથી છોડાવવા તમારા સિવાય અન્ય કોઈ નથી. આ દીનદાસ પર કરુણા કરીને મુક્ત થવાનો ઉપાય બતાવો.

નારાયણે આશ્વાસન આપીને અમરીખને સ્વસ્થ રહેવા કહ્યું અને બ્રહ્મદેવને જાણ કરીને શંખાસુરની ગેરસમજ દૂર કરવા માટે સૂચવ્યું. બ્રહ્મદેવે શંખાસુરને બોલાવીને કહ્યું કે; હે પુત્ર, અમે બધાએ મળીને અમરીખને અમર થવાનું વરદાન આપેલ હોવાથી તેં તેને શા માટે શ્રાપ આપ્યો ?

શંખાસુર બોલ્યોઃ પિતાજી અમરીખે મારું અપમાન કર્યું છે. મારી યજ્ઞમાં રાહ ન જોતાં યજ્ઞની શાંતિ કેમ કરી ?'

બ્રહ્મદેવ બોલ્યાઃ 'અરે શંખવા, ! આમાં અમરીખનો દોષ નથી. તને આવવામાં વાર લાગી. મુહૂર્ત ટળી ન જાય તે માટે અમે જ તેને એમ કરવા કહ્યું હતું. આમાં દોષ તારો જ છે, એટલે તે આપેલો શ્રાપ તું પાછો લે.

'શંખાસુર એ માટે કોઈપણ પરિસ્થિતિમાં તૈયાર નહોતો, પણ ના છૂટકે એણે પોતાના પિતાનું માન રાખવા પોતાના શબ્દોને પાછા વાળવાનું નક્કી કરતાં કહ્યુંઃ 'પિતાજી, મારું વચન કદીપણ વ્યર્થ થશે નહીં. અમરીખને જન્મ મરણનું દુઃખ ભોગવવું જ પડશે, પણ તમારા માનમાં વીસ જન્મ ઓછા કરું છું. બાકીના એંસી જન્મ તો એને લેવા જ પડશે.'

બ્રહ્મદેવને શંખવાના વચનથી અસંતોષ થયો, એને પૂર્ણ ખાત્રી હતી કે હવે ફરી જો એને વિનંતી કરીશ તો શંખાસુર અપમાન કરશે, એવો વિચાર કરીને બ્રહ્મદેવે શંખાસુરને સમજાવવા મહાદેવને સૂચવ્યું. મહાદેવે શંખાસુર પાસે જઈને શાપ પાછો લેવા કહ્યું. શંખાસુરે મહાદેવની સમજાવટથી વીસ જન્મ ઓછા કરવાના માન્ય કર્યા. આ રીતે શક્તિ તથા વિષ્ણુએ પણ શંખાસુરને સમજાવ્યો. એમના માનમાં વીસ વીસ જન્મ શંખાસુરે ઓછા કર્યા.

આમ અમરીખના એંસી જન્મ ઓછા થતાં બાકી વીસ જ જન્મ રહ્યા.

આસુરી સ્વભાવવાળા શંખાસુરે પછી વિચાર કર્યો કે આ સર્વ દેવોએ યુક્તિ કરી છે. યુક્તિથી મારું વચન મિથ્યા થાય છે એટલે મનથી દૃઢ નિશ્ચય કરીને એણે કહ્યું કે; 'હવે કોઈએ કોઈપણ પ્રકારની વિનંતી કરવી નહીં, પોતાનાં વચન સત્ય કરવા અમરીખને વીસ જન્મ લેવા જ પડશે.'

છેલ્લે આદ્ય નારાયણે શંખાસુરને કહ્યું કેઃ 'અરે શંખવા, તું તો તારાં વચન કદાપિ પાછો લેવાનો નહોતો, પછી આ જન્મ પાછા લેવાનું વચન તે કંઈ રીતે આપ્યું ? એટલે હવે વીસ જન્મ પણ પાછા લઈને ભક્તને અમર થવા દે.'

શંખાસુરે કોપાયમાન થઈ કહ્યું : 'નારાયણ ! આ બધા દેવોએ મને ફસાવ્યો પરંતુ હવે હું ફસાવવાનો નથી. આ વીસ જન્મ તો અમરીખ રાજાને ભોગવવા જ પડશે, આમાં તલ માત્ર ફેરફાર થશે નહીં.'

આદ્ય નારાયણે જાણ્યું કે શંખાસુર હવે કોઈ પણ પ્રકારની વિનંતી સાંભળશે નહીં. એને ઉપદેશ કરવો વ્યર્થ છે, એટલે કઠોર થઈને નારાયણે કહ્યુંઃ 'શંખવા ! અમે ભક્તોને આપેલ વરદાન તો સત્ય થશે જ (અમરીખ તો અમર થશે જ). અને તે આપેલ વચન પણ સત્ય થશે, પણ એ નિરાળી રીતે સત્ય થશે, અમરીખના વીસ જન્મ પૈકી દસ જન્મ તારે લેવા પડશે, કારણ કે તે કોપાયમાન થઈ મારા ભક્તને, એના કોઈપણ પ્રકારના અપરાધ વગર શાપ આપ્યો છે તેનું ફળ તારે દસ જન્મ લઈને ભોગવવું પડશે. બાકી રહેલા દસ જન્મ મારા ભક્તને બદલે હું ધારણ કરીશ ! તું જ્યારે જ્યારે પૃથ્વી પર અવતાર ધારણ કરીશ, ત્યારે ત્યારે તું તારા આસુરી સ્વભાવને અનુસરીને અધર્મ ભાવના અનીતિનિયમ વગેરે અધર્મમાં પ્રવૃત્ત થઈશ, એ વખતે કલ્યાણકર્તા હું અથવા મારો અંશ શ્રી વિષ્ણુ ભગવાન અવતાર ધારણ કરીને તારો સંહાર કરશે.' આ રીતે ઈશ્વરે આ સૃષ્ટિમાં અવતાર ધારણ કરવાનું આયોજન નક્કી કર્યું. એટલે ઈશ્વરને દસ અવતાર લેવા પડ્યા.

પહેલો અવતાર મત્સ્ય રૂપ શ્રી મહારાજ, ત્યારે ચાર વેદની રચના થઈ તૈયાર. ॥૫૪॥
પ્રથમ શ્રી મત્સ્ય રૂપનો સંજોગ થયો, ત્યારે બ્રહ્મદેવના વેદ તો શંખવો લઈ ગયો. ॥૫૫॥
એવું જાણીને બ્રહ્માજી ચિંતામગ્ન થાય, એ વેદ ચાર શંખવો લઈ જાય. ॥૫૬॥
ત્યારે નિર્ગત થઈને બ્રહ્માજી રહ્યા, ત્યારે સદાશિવ જોતા ત્યાં આવીયા. ॥૫૭॥

રુદ્રે હૃદયમાં વમાસ્યુ ત્યાંહે, બ્રહ્મા પ્રત્યે વચન બોલ્યા છે જયાંહે. ॥૫૮॥
કહો રે બ્રહ્માજી શું થયું, અને તેજ તમારું તે ક્યાં ગયું. ॥૫૯॥
ત્યારે રુદ્ર પ્રત્યે બ્રહ્મા બોલ્યા સહી, અકળગત તે અપરમની થઈ. ॥૬૦॥
વળતાં શિવ વિચારે એહ, કહો બ્રહ્મા થયું કેમ તેહ. ॥૬૧॥
ત્યારે બ્રહ્મા મહાદેવને કહે, અકળ ગત તે અપરંપાર લહે. ॥૬૨॥
એ ગત તો ન જાણી અમે, નારાયણ પાસે શિવજી જાવો તમે. ॥૬૩॥
નારાયણ પાસે શિવજીએ કર્યો પ્રકાશ, અને બ્રહ્માજી બેઠા ઊંચે સાંસ. ॥૬૪॥
સ્વામી તમે છો અપરંપાર, ચાર મૂરતનો કરો વિસ્તાર. ॥૬૫॥
એવી વિનંતી સદાશિવે કહી, બ્રહ્મ કળા ઓછી થઈ રહી. ॥૬૬॥

જે વખતે ચોથા કલ્પની શરૂઆત થઈ તે વખતે આદ્ય નારાયણે બ્રહ્મદેવને અપરિમિત શક્તિ આપી, ચાર વેદો દ્વારા સૃષ્ટિમાં જ્ઞાન રૂપી પ્રકાશ સર્વત્ર પ્રસરાવી સૃષ્ટિ ચક્ર શરૂ થયું, પણ બ્રહ્મદેવને અહંકાર ઉત્પન્ન થયો કે, આ બધી દેવ રચના મેં કરેલી છે, બધે મારી જ શક્તિ ફેલાયેલી છે, મારું સામર્થ્ય અપરંપાર છે તથા મારા જ સામર્થ્યથી આ સૃષ્ટિ ચક્ર ચાલુ છે. આ એક પ્રકારનો અહંકાર બ્રહ્મદેવમાં ઉત્પન્ન થવાથી તે અહંકારના અંશને કાઢવા માટે નારાયણે શંખાસુરને બોલાવીને બ્રહ્મદેવની વેદ વિદ્યા હરણ કરી લઈ જવા માટે કહ્યું. સૃષ્ટિના વિસ્તાર તથા મૃત્યુલોકના જીવાત્માઓના ઉદ્ધાર કરવા માટે કંઈક કારણ સર્જવું પડશે, એમ કહી નારાયણે શંખાસુરને એવી પ્રેરણા કરી વેદ વિદ્યાનું હરણ કરાવ્યું.

બ્રહ્મદેવ એક વાર ધ્યાનમાં બેઠા હતા તે વખતે પોતાની વેદ વિદ્યા યાદ કરવા લાગ્યા, પણ તે સમયે એમને એ વિદ્યાની સ્મૃતિ થતી નહોતી. ખૂબ જ એવા પ્રયત્નો કરી જોયા પણ વ્યર્થ. એમને કોઈપણ પ્રકારે એ વૈદિક જ્ઞાનની સ્મૃતિ ન થઈ એટલે એમને વિમાસણ થવા લાગી.

બ્રહ્મદેવ ચિંતાતુર થયા અને વિચાર કરવા લાગ્યા કે, હવે જો આ જ્ઞાનની સ્મૃતિ નહીં થાય તો જગતમાં સર્વત્ર અજ્ઞાન રૂપી અંધકાર પ્રસરી જઈ કાર્યનાશ થશે તથા સર્વ સૃષ્ટિ ચક્ર અસ્ત વ્યસ્ત થશે. માટે એ જ્ઞાન પ્રાપ્ત કરવા શો ઉપાય કરવો એનું બ્રહ્મદેવ ચિંતન કરવા બેઠા. એમણે અંતર્મુખ થઈને જાણ્યું કે, શંખાસુરે ચારેય વેદોના જ્ઞાનનું હરણ કરેલ છે.

બ્રહ્મદેવને આમ ચિંતિત અને નિસ્તેજવત્ બેઠેલા જોઈ મહાદેવ ત્યાં આવ્યા અને આશ્ચર્યચકિત થઈ બોલ્યાઃ 'હે બ્રહ્મદેવ, તમે આમ ચિંતામગ્ન કેમ બેઠા છો ? તમારું તેજ કોણે લોપાયમાન કર્યું છે ? તમારી આવી પરિસ્થિતિ થવાનું કારણ શું છે ? તે મને સવિસ્તાર સમજાવો ?'

બ્રહ્મદેવ બોલ્યાઃ 'હે રુદ્ર, નારાયણની કળા અગમ્ય છે. એ આપણી જાણમાં આવી શકનાર નથી. અપરંપાર કલાધારી નારાયણે મારા ચિત્તથી ઉત્પન્ન થયેલા વૈદિક જ્ઞાનના અહંકાર માટે અને શંખાસુરનો નાશ કરવા માટે શંખાસુર પાસે વેદ વિદ્યાનું હરણ કરાવ્યું છે. એ યોગે સર્વ સૃષ્ટિમાં આ અજ્ઞાન રૂપી અંધકાર પ્રસરી ગયો છે. આ સર્વ સૃષ્ટિ ચક્ર અસ્ત વ્યસ્ત થયેલ છે. હે સદાશિવ, તમે નારાયણ પાસે જઈ મેં કરેલા અહંકાર માટે મને ક્ષમા અપાવો.'

બ્રહ્મદેવની વિનંતીથી સદાશિવે નારાયણ પાસે જઈને અનન્ય રીતે આદ્ય નારાયણની સ્તુતિ કરી પ્રસન્ન કર્યા અને બ્રહ્મદેવની વિમાસણનું વર્ણન કરી વેદ વિદ્યા બ્રહ્મદેવને પુનઃ પ્રાપ્ત કરી સૃષ્ટિ ચક્ર પહેલાં પ્રમાણે વ્યવસ્થિત કરવા માટે વિનંતી કરી.

બોલ્યા હરિ શિવ તમને કહું છું તેહ, એ કારજ વળી કરવું છે મુને જેહ. ॥૬૭॥
કહો બ્રહ્માજી હતા બળવંત એવા, તો શંખવો વેદ કેમ લઈ જવા. ॥૬૮॥
વિષ્ણુને શક્તિ હતાં સહાય, કેમ હીન કળાયે જુજવા થઈ રહ્યાય. ॥૬૯॥
શિવ કહે સ્વામી તમે કિરતાર, તમે ચાર મૂરતનો કર્યો વિસ્તાર. ॥૭૦॥
સ્વામી તમારા સજર્યા છીએ અમો, અને તેજ તમારું પ્રકાશો તમો. ॥૭૧॥
એવું શિવ સુણી વચન, ત્યારે હરિ ઘણું હરખ્યા મન. ॥૭૨॥
વિષ્ણુને તેડાવ્યા જયાંય, વળી શક્તિ સાથ આવ્યાં ત્યાંય. ॥૭૩॥
ત્રણ મૂરત શક્તિ અવતાર, એ ચારેયને આપો વિસ્તાર. ॥૭૪॥
વિષ્ણુએ આપ્યું પરિમાણ, આપે આપ થયા આપ સમાન. ॥૭૫॥
મહાદેવને ત્યાં સ્થાપના કરી, દૈત્ય કુળની ઈચ્છા ધરી. ॥૭૬॥
શબ્દ એકને ૐ કાર, તેના થયા અનંત વિસ્તાર. ॥૭૭॥
અનંત વિસ્તાર પણ શબ્દ એક, તેમાં થયા અનંત વિવેક. ॥૭૮॥
એકેક મૂરતને આપ્યું વરદાન, નારાયણે ત્યાં કર્યુ ફરમાન. ॥૭૯॥
પ્રથમ અહંકારથી બ્રહ્માજીની હાર, ને શક્તિ વિષ્ણુ હતા સાર. ॥૮૦॥
સદ્‌ગુરુ કહે અહંકારની વાત, ભાંગે દિવસને નિપજે રાત. ॥૮૧॥

સદાશિવની વિનંતી સાંભળીને શ્રી હરિ નારાયણે આશ્ચર્યથી કહ્યું કે: 'હે મહાદેવ, બ્રહ્મદેવ જો સર્વ સમર્થ હોય તો એમનો જ પુત્ર શંખાસુર વેદ કંઈ રીતે લઈ જાય ? શંખાસુર વેદ લઈ ગયો ત્યારે ત્યાં સુધી બ્રહ્મા, વિષ્ણુ અને શક્તિ સ્વસ્થ કઈ રીતે બેસી રહ્યાં ? આ પણ એક આશ્ચર્ય છે. તેઓ આ રીતે કળાહીન સામર્થ્યહીન કંઈ રીતે થયાં ?'

મહાદેવ બોલ્યાઃ 'હે નારાયણ ! હે સર્વ સૃષ્ટિ ઉત્પન્નકર્તા ! હે જગત્ ચક્ર ચલાવનાર ! તમે જ સર્વ સમર્થ છો ! આ સૃષ્ટિ ચક્ર ચલાવનાર અમે ચાર મૂર્તિની યોજના સુદ્ધાં તમે જ કરી છે, અમારા હૃદયમાં તમે જ પ્રેરણા આપીને સૃષ્ટિની ઉત્પત્તિ, પાલન તથા લય વગેરે કાર્યો કરાવ્યાં છે. હે જગદ્‌નિયંતા ! તમારી કૃપાથી ઉત્પન્ન થનાર અમે, તમારા અપરિમિત સામર્થ્ય આગળ અમારું બળ તો શું ચાલે ? તમે જ તમારું બળ આપીને અમને પાવન કરો તથા પૂર્વવત્ આ સૃષ્ટિ ચક્ર ચલાવવા અમને સામર્થ્ય આપો.'

આ પ્રકારે મહાદેવે કરેલી સ્તુતિ સાંભળીને સત્‌ચિત્‌આનંદઘન નારાયણને પરમ સંતોષ થયો. તેમણે વિષ્ણુને તથા શક્તિને પણ ત્યાં બોલાવીને પોતાના અલૌકિક સામર્થ્યના ચાર ભાગ કરી ત્રિમૂર્તિ (બ્રહ્મા-વિષ્ણુ-મહેશ) અને ચોથી શક્તિને અર્પણ કર્યા. શંખાસુરને નારાયણે પહેલાં જ અપરિમિત બળ આપી આ ચારેય મૂર્તિઓનો અહંકાર ઉતારવાનું સામર્થ્ય આપેલ હતું. એમણે પોતાનું કામ બરાબર નિભાવ્યું પણ વિજય પ્રાપ્તિ પછી અહંકારથી શંખવો પણ પ્રેરીત થયો. એમણે તપશ્ચર્યા કરી મહાદેવને પણ પ્રસન્ન કરી નાખ્યા એટલે મહાદેવનું બળ પણ એમની સામે ઓછું પડવા લાગ્યું. નારાયણે વિષ્ણુને પોતાનું અતૂલ્ય બળ આપી શંખાસુરને નિઃપ્રભ (તેજ રહીત) કરવા કહ્યું. આ રીતે દાનવ કુળની પણ રચના થઈ. સૃષ્ટિ વિસ્તારના કાર્યમાં શંખવાનો પણ સમાવેશ થયો.

બ્રહ્માને દાનવ કુળની ઉત્પત્તિ કરવાની, દાનવોને સામર્થ્ય મહાદેવે આપવું તથા તેમનો સંહાર વિષ્ણુ અને શક્તિએ કરવો. આમ આવું આયોજન થયું. આ પ્રકારે એકમાત્ર 'ૐ' આ અક્ષર આદ્ય નારાયણ દ્વારા સર્વ વ્યાપક છે.

ચારે મૂરત જો સ્થાપ્યા ત્યાંય, અને વિષ્ણુ બ્રહ્મા હતા જયાંય.॥૮૨॥
વિષ્ણુ પ્રત્યે હરિએ કહ્યું વચન, તમે અમે છીએ એક જો તન.॥૮૩॥
અલખ નિરંજન દયા જો ધરી, ને વિષ્ણુને વર આપ્યો ફરી.॥૮૪॥
વિષ્ણુ તમે વળી જુગમાં જાવ, જો સત્યવાદી જીવ પૂજે તમારા પાવ.॥૮૫॥
જાુવો બ્રહ્માજી બેઠા છે જયાંય, વળી વિવેકે પૂછજો ત્યાંય.॥૮૬॥
દુષ્ટ વેદ લઈ નાઠો સહી, તેણે તમે હણજો જઈ.॥૮૭॥
જયારે તેણે હણશો તમો ઠાર, ત્યારે ચારે મૂરતમાં છતા થાશો તે વાર.॥૮૮॥
ત્યારે વિષ્ણુ કરે પ્રણામ, સ્વામી અમને શું આપો છો માન.॥૮૯॥
સત્ય માનીને કરે પ્રણામ, તો તેને તમે આપજો ઠામ.॥૯૦॥
એવું વચન કહીયે છીએ અમો, રખેશર કુળ ઓધારો તમો.॥૯૧॥
જુગો જુગમાં ધરી અવતાર, દૈત્યને મારી કરો વેદનો વિસ્તાર.॥૯૨॥
જીવ અમારા હશે જેહ, આવીને તમને પૂજશે તેહ.॥૯૩॥
તે જપશે તમારો જાપ, તેને અમે મળ્યા આપોઆપ.॥૯૪॥
એવી સ્થાપના ત્યાં હરિએ કરી, અને વિષ્ણુએ ત્યાં સૃષ્ટિ ધરી.॥૯૫॥

શુદ્ધ સત્ત્વ ગુણથી અધિષ્ઠિત નારાયણે પોતાના સમાન ગુણવાન થયેલા સત્ત્વગુણાધિષ્ઠિત શ્રી વિષ્ણુને કહ્યું કેઃ 'તમે અને હું બંને એક જ છીએ એટલે હું તમને વરદાન આપું છું કે, તમે મૃત્યુલોકમાં જઈ અવતાર રૂપ પ્રગટ થઈ દુષ્ટોનો નાશ કરી, સૃષ્ટિનું પાલન અને પોષણ કરી તથા અસ્તવ્યસ્ત સમગ્ર સૃષ્ટિને સુવ્યવસ્થિત કરી, સમસ્ત માનવ સમુદાયને ભક્તિમાર્ગનું યોગ્ય જ્ઞાન શીખવાડો. આ માટે મારું તમોને સામર્થ્ય અર્પણ કરું છું. જે સત્યવાદી જીવાત્માઓ સન્માર્ગનું શુદ્ધ રીતે આચરણ કરી તમારા વચનને પૂજ્ય માની શુદ્ધ ભક્તિ કરશે તે અનન્યનિષ્ઠ સદ્‌ભક્તોનો સર્વ પ્રકારનો યોગક્ષેમ હું જ ચલાવીશ. એ સદ્‌ભક્ત મને જ આવીને મળશે. અત્યારે તમે બ્રહ્મદેવ પાસે જઈને તેમને ધીરજ આપી શાંતિથી જાણકારી મેળવી દુષ્ટ શંખાસુર વેદ લઈને જ્યાં ગયો હોય ત્યાંથી વેદ પરત લઈ આવો. જો તે સહજ રીતે ન આપે તો બળનો ઉપયોગ કરી, સમય પર તેનો સંહાર કરીને પણ વેદ પરત લઈ આવો. આ કાર્ય તમે કરશો એટલે ચતુર્મૂર્તિમાં તમારી શ્રેષ્ઠ ગણના થશે.'

શ્રી વિષ્ણુ ભગવાને નારાયણને નમન કર્યા. નમ્રતાથી શ્રી વિષ્ણુએ કહ્યુંઃ 'હે સ્વામી ! મારી આટલી પાત્રતા ન હોવા છતાં તમે મને કેટલી મોટી જવાબદારી આપી રહ્યા છો ! તમે આપેલા અલૌકિક સામર્થ્યના બળથી તો હું આ કાર્ય કરી શકીશ પણ મારા સંસર્ગમાં આવનાર સદ્‌ભક્તોની આશા, આકાંક્ષા જે હું તેમના પર પ્રદાન કરીશ તે વચન તમે પૂર્ણ કરવાની કૃપા કરજો.'

અત્યંત સંતુષ્ટ થઈ નારાયણે શ્રી વિષ્ણુ ભગવાનને આશ્વાસન આપ્યું કે; પ્રત્યેક યુગોયુગના વખતે તમે અવતાર ધારણ કરશો અને દુષ્ટ પ્રવૃત્તિથી પ્રેરીત થઈ અધર્મ કૃત્ય કરનાર દાનવોનો સંહાર કરશો તેમજ સન્માર્ગથી નીતિનિયમથી વર્તનાર સત્પુરુષોનું પાલન તથા સંરક્ષણ અને શુદ્ધ વૈદિક સત્‌પંથ ધર્મનો ઉપદેશ સદ્‌ભક્તોને કરશો, એ સદ્‌ધર્મ પ્રમાણે વર્તનાર સદ્‌ભક્તોનાં વચન હું પૂર્ણ કરીશ. જે અનન્ય શ્રદ્ધાથી તમારું નામસ્મરણ કરશે તે મને જ આવીને મળશે.

આ રીતે શ્રી વિષ્ણુ ભગવાનની નિયત કાર્ય પર નિમણૂંક કરી તેમને આ સૃષ્ટિ ચક્રનું પાલનપોષણ સંરક્ષણ કાર્યની જવાબદારી સોંપીને નારાયણે આ સૃષ્ટિ ચક્ર વ્યવસ્થિત કરવાની શરૂઆત કરી.

વિષ્ણુ આવ્યા બ્રહ્માજી પાસ, અને બ્રહ્મા દીઠા બહુ ઉદાસ. ॥૯૬॥
ઊઠો બ્રહ્મા ધરો ધ્યાન, વાળો વેદ અને રાખો માન. ॥૯૭॥
ગુરુ બ્રહ્માજીયે હરિ શું કહ્યો વિચાર, સ્વામી વેદ વિના થયા અંધકાર. ॥૯૮॥
સ્વામી જે વેદ આધારે ચાલે સંસાર, તે શંખવો લઈ ગયો નિરધાર. ॥૯૯॥
કહો બ્રહ્મા કઈ દિશ તે ગયો, અને કઈ કળાયે દૈત્ય જો રહ્યો. ॥૧૦૦॥
બ્રહ્મા બોલ્યા તેણી વાર, મેં દુષ્ટ નથી દીઠો લગાર. ॥૧૦૧॥
દુષ્ટે આવીને વચન જો કહ્યું, અને સુણી વચનને પગલું પાછું ભર્યું. ॥૧૦૨॥
કુંભનાળ કહાવે છે જેહ, જાણું છું તે મારગે નાઠો છે તેહ. ॥૧૦૩॥
વિષ્ણુ દોડ્યા તરત જો તહાં, તે નાળ ને માથે શંખવો ઊભો હતો જહાં. ॥૧૦૪॥
તાહાંથી શંખાસુર નાસી જાય, જઈ ધરતી તલમાં પ્રસિદ્ધ થાય. ॥૧૦૫॥
ત્યારે પવન વેગે જાયે વહી, અને ધરતીને માર્ગે ઉતર્યો જઈ. ॥૧૦૬॥
જો તલ પાતાળ ધરતી જો રહે, અને અકળ વાત તો આ સત્ગુરુ કહે. ॥૧૦૭॥

શ્રી નારાયણની આજ્ઞાનુસાર વિષ્ણુ ભગવાન બ્રહ્મદેવ પાસે આવ્યા અને ઉદાસીત થયેલા બ્રહ્મદેવને ચિંતિત જોઈ તેમને ખૂબ જ દુઃખ થયું. બ્રહ્માને ધીરજ આપીને કહ્યું કેઃ 'બ્રહ્મદેવ, તમે હવે આ ઉદાસિનતા છોડી દો, આ ચિંતાથી તમારું કાર્ય પાર પડશે નહીં. તમે ચિંતા ન કરો, તમે નિશ્ચળ મનથી ધ્યાન ધરો. વેદ પરત લાવી આપવાના કાર્યની શ્રી હરિ નારાયણે મને જવાબદારી સોંપેલ છે, તેથી વેદ લાવવા હું જાઉં છું.'

શ્રી વિષ્ણુ ભગવાનની શ્રેષ્ઠ પવિત્ર વાણી સાંભળીને બ્રહ્મદેવને ધીરજ થઈ. તેમણે કહ્યુંઃ 'હે ! અપાર કલાધારી ભગવંત્, તમે મારા ઉપર કૃપા કરીને વેદ લઈ આવો. હે સ્વામી ! વેદ સિવાય સૃષ્ટિમાં સર્વત્ર અંધકાર પ્રસરેલ છે. ધર્મ કાર્ય બંધ પડવાથી સર્વ સૃષ્ટિ અસ્તવ્યસ્ત થવા લાગી છે. વેદના આધાર વગર આ જગતનો વ્યવહાર ચલાવવામાં અડચણ પડી રહી છે. વૈદિક જ્ઞાન વગર આધ્યાત્મિક સાધના સાધ્ય થવા યોગ્ય ન હોવાથી મનુષ્ય સંકલ્પ વિકલ્પના જ ભ્રમમાં ફરી રહ્યાં છે. તેમને સદ્ગતિ મળી શકતી નથી. કર્મજાળમાંથી મુક્ત થવા માટે તેમને વૈદિક વિદ્યાની અત્યંત જરૂર છે તથા એ સર્વ વેદ વિદ્યા શંખાસુર આત્મ સાક્ષાત્કાર કરી જતો રહે છે. તે આ વિદ્યાના બળ ઉપર બળવાન થઈ ગયો હોવાથી સર્વ સૃષ્ટિના લોકોને ભૂલાવવા તથા પોતાના જ પ્રપંચ વિચારોનો પ્રચાર કરતો આ વિદ્યાનો દુરુપયોગ કરી રહ્યો છે. તમે એનો નિસ્તર્હણ (મારી નાખવું તે) કરી તે વિદ્યા તેની પાસેથી લઈ આવો.'

પછી શ્રી વિષ્ણુજી ભગવાને કહ્યું : હે બ્રહ્મદેવ, આ શંખાસુર વેદ લઈને ક્યાં ગયો અને તેણે કઈ કળા ધારણ કરી તેમજ તે ક્યાં છુપાઈને બેઠો છે તે મને કહો ?

બ્રહ્મદેવે કહ્યુંઃ તે દુષ્ટ મને દેખાયો નથી, પણ સ્વર્ગમાંથી મૃત્યુલોક સુધી જનાર કુંભનાળથી એ પૃથ્વી પર ઉતર્યો હોવો જોઈએ એવું મને લાગે છે.

બ્રહ્મદેવના કથનાનુસાર શ્રી વિષ્ણુ ભગવાન કુંભનાળ પર જઈને જુએ છે તો શંખાસુર ત્યાં ઊભેલો દેખાયો. શ્રી વિષ્ણુ ભગવાનને પોતાની પાછળ આવતા જોઈને શંખાસુર વાયુવેગે નાળમાંથી નીચે એટલે કે પૃથ્વી પર ઉતર્યો શ્રી વિષ્ણુ ભગવાન પણ એને પકડવા માટે વાયુવેગે તેની પાછળ પાછળ દોડવા લાગ્યા.

ત્યાંથી શંખાસુર નાસી જાય, જઈ ધરતી માતા પાસે આવી રહ્યાય. ॥૧૦૮॥
ત્યારે માતાના મંદિરે બેઠો જઈ, આધીન થઈને વિનંતી બહુ કરી. ॥૧૦૯॥
સાંભળ ધરતી માતા કહું છું તને, હું બ્રહ્મનારાયણના વેદ લાવ્યો છું રાખને મને. ॥૧૧૦॥
હરિના વેદ લાવ્યો છું હુંય, કહો તો શરણે તમારે રહું અહીંય. ॥૧૧૧॥
માતા આવ્યો શરણ રાખને લાજ, પૂઠે હરિ આવે છે મારવા કાજ. ॥૧૧૨॥
ધરતી કહે સુણ શંખાસુર કહું છું હુંય, બ્રહ્માજીના વેદ લાવ્યો છે ચોરી તુંય. ॥૧૧૩॥
અમે દીઠા સંસારમાં વેદ પ્રકાશ, તે કારણ હરી લાવ્યો ગુરુ બ્રહ્માથી તમ પાસ. ॥૧૧૪॥
એવાં વચન દૈત્ય ધરતી શું બોલ્યો સહી, જો શરણે રાખો તો વેદ આપું નહીં. ॥૧૧૫॥
માતા આવ્યો શરણ રાખોને આજ, પૂઠે હરિ આવે છે મારવા કાજ. ॥૧૧૬॥
તુજ માતા ધરતીમાં સર્વે સમાય, અને તુજ વિના મુજને રાખ્યો કોઈથી ન જાય. ॥૧૧૭॥
ઉપની સત્ય બ્રહ્મા બેઠા જેહ, તે સર્વે ગુણ સાંભળી આવ્યો છું તેહ. ॥૧૧૮॥
એવી વાત શંખવે ધરતી શું કહી, વિષ્ણુ મુજને ઝાલવા આવશે સહી. ॥૧૧૯॥
સાંભળ ધરતી માતા હું તુજને કહું, અહીં જો મુજને રાખે તો રહું. ॥૧૨૦॥
ફરી શંખાસુર પ્રત્યે ધરતી કહે, તું બ્રહ્મા નારાયણનો ચોર મુજથી નહીં રહે. ॥૧૨૧॥
તુજ કેડે વિષ્ણુ આવે જેહ, તુજને ગ્રહી લઈ જાશે તેહ. ॥૧૨૨॥
જો ધરતી તું મુજને નહીં રાખે આજ, તો ત્રણ મૂરત આગળ નહીં રહે તારી લાજ. ॥૧૨૩॥
ત્યારે ધરતીયે વિચાર્યું મન, એ પ્રસંગે હરિ થાશે પ્રસન્ન. ॥૧૨૪॥
એ કારણ હરિ આવે મુજ દ્વાર, તો માગી લઉં વર અપાર. ॥૧૨૫॥
એટલે શંખાસુરને ધરતી રાખવા કરે, ત્યાં શ્રી હરિ આવી સંચરે. ॥૧૨૬॥

શ્રી વિષ્ણુ ભગવાન પોતાને પકડવા માટે પાછળ આવે છે એમ જાણી શંખાસુર તળપાતાળમાં ગયો અને ત્યાં ધરતી માતાને અત્યંત દયનીય સ્વરમાં કહેવા લાગ્યો કેઃ 'હે ધરતી માતા ! મારું રક્ષણ કરો, મને મારવા માટે શ્રી વિષ્ણુ ભગવાન મારી પાછળ આવી રહ્યા છે. એમનાથી રક્ષણ કરવા માટે હે માતા ! તમે મને આશ્રય આપો. તમારા સિવાય હું અન્ય કોઈના શરણમાં ગયો નથી ! હું બ્રહ્મદેવના વેદોનું હરણ કરી લાવ્યો છું, તેના રક્ષણ માટે પણ તમે મને આશ્રય આપો. !'

ધરતી માતાએ કહ્યુંઃ અરે શંખાસુર, તે સદ્‌ગુરુ બ્રહ્માજીના વેદ ચોર્યા છે છતાં મારી પાસે આશ્રય માગે છે ? તારી વિપરીત બુદ્ધિ જોઈને મને આશ્ચર્ય થાય છે. આવા ચોરને આશ્રય આપવો મારા માટે અયોગ્ય છે, એટલે તને આશ્રય મળશે નહીં.'

શંખાસુરે કહ્યુંઃ 'માતાજી, હું વેદ કઈ રીતે લાવ્યો છું એ તમને ખબર છે ? આ વૈદિક જ્ઞાનને લીધે જગતના જીવાત્માઓનો ઉદ્ધાર કરવા માટે હું આ વેદ લાવ્યો છું. આ વેદ પહેલાં બ્રહ્મદેવ પાસે હોવાના કારણે એમને બહુ

અહંકાર થયો હતો. એમનો એ જ્ઞાનનો અહંકાર હરણ કરવા માટે અને એ યોગે અનાયાસે જગચક્રનો વ્યવહાર વ્યવસ્થિત ચલાવવા માટે બ્રહ્મદેવ પાસેથી તે વેદ હરણ કરવા નારાયણે જ મને કહેલું છે. માટે તમે મને આશ્રય આપો. જો તમે મારું રક્ષણ કરો તો આ વેદ હું તમારી પાસે મૂકું. હે માતા ! બધાને સમાવી લેવું આ તમારો ગુણ છે. આ તમારા ગુણ સાંભળી હું તમારી પાસે આશ્રય માટે આવેલ છું, હું તમારા શરણે આવ્યો છું ! જો તમે મને આશ્રય આપવાની આનાકાની કરશો તો શ્રી હરિ મને મારીને વેદ લઈ જશે ! એટલે હે ધરતીમાતા ! મારું તમે રક્ષણ કરો !'

શંખાસુરનાં વચન સાંભળી ધરતી માતાને તેના ઉપર દયા આવી, પણ શંખવાએ વેદની ચોરી કરી છે એટલા માટે આવા ચોરને આશ્રય આપવો કે નહીં, આ સંકલ્પમાં તે વિચાર કરવા લાગ્યાં.

શંખાસુરે કહ્યું: 'હે ધરતી માતા ! તમે જો મને આશ્રય નહીં આપો તો તમને કલંક લાગશે. ત્રિમૂર્તિ સામે તમારી કોઈ લાજ રહેશે નહીં. આનો વિચાર કરી તમે મારી વિનંતીને માન આપી મને આશ્રય આપો.'

શંખાસુરનાં વચન સાંભળી ધરતી માતાને વિચાર આવ્યો કે, 'આ ચોર વેદ લઈને આવ્યો છે તો અનાયાસે શંખાસુરને મારવા માટે શ્રી વિષ્ણુ ભગવાન એને શોધતા અહીં આવશે, પછી એમની પાસેથી હું મારું કાર્ય કરાવી લઈશ. આ યોગ્ય સમય મળ્યો છે.' આમ વિચાર કરી ધરતીએ શંખાસુરને આશ્રય આપ્યો.

ધાઈને પેઠો શંખવો ધરતીના મંદિર મોઝાર, ત્યારે વિષ્ણુ આવ્યા ધરતીને દ્વાર. ॥૧૨૭॥
ત્યારે આવી હરિ દ્વારે ઊભા જ્યાંય, અને પ્રેમ વચન ધરતી શું કહ્યાં ત્યાંય. ॥૧૨૮॥
ત્યારે શ્રી નારાયણ પૃથ્વી પાસે ગયા, તે પહેલાં શંખાસુર આવી રહ્યા. ॥૧૨૯॥
એ આદર ભાવે નારાયણની સેવા લહી, બે કર જોડીને ધરતી ઊભી રહી. ॥૧૩૦॥
ત્યારે માતા ધરતી વચન બોલ્યાં એહ, તમે આવ્યા હરિ તે કોણ સ્નેહ. ॥૧૩૧॥
જે શંખાસુર હરી લાવ્યો ગોર બ્રહ્માના વેદ, તેનો હું તમને પૂછું ભેદ. ॥૧૩૨॥
ત્યાં તો નારાયણ મુખે ઓચરે, જે શંખવો દાનવ આપો તો સકલ કારજ સરે. ॥૧૩૩॥
સુણો ધરતી તમને કહું છું ભેદ, એ શંખવો હરી લાવ્યો છે ગોર બ્રહ્માના વેદ. ॥૧૩૪॥
જો ધરતી તેનો બતાવો મુજને ભેદ, તો મારી દૈત્યને મેળવું વેદ. ॥૧૩૫॥
કર જોડીને ધરતી કહે, સ્વામી ચોર તમારો મુજ રાખ્યો નહીં રહે. ॥૧૩૬॥
સુણો શ્રી હરિ હું તમને કહું, જે આવ્યો શરણે તે કાઢી કેમ દઉં. ॥૧૩૭॥
સાંભળ ધરતી હું કહું છું તને, અને ચોર મારો તું આપને મને. ॥૧૩૮॥
ત્યારે બોલ્યાં ધરતી દીનદયાલ, તમે છો હરિ અકળ બળ કિરતાર. ॥૧૩૯॥
સ્વામી વચન તમારું કેમ સહેવાય, ચોર તમારો મારાથી રાખ્યો કેમ જાય. ॥૧૪૦॥
બોલ્યા હરિ હું તમને કહું, ચોર મારો લીધા વિના નહીં રહું. ॥૧૪૧॥
સ્વામી તમે ઊભા રહેજો આણે ઠામ, હું જોઉં મારા મંદિર મુકામ. ॥૧૪૨॥
હું જોઉં મારા ઘર માંહે, હશે તો આણી આપું આંહે. ॥૧૪૩॥
કર જોડીને વચન કહે કથી, હું જાણું જે મારા ઘરમાં નથી. ॥૧૪૪॥
કરી રીસ બોલ્યા શ્રી ભગવાન સાર, તે શંખવો છે તારા ઘર મોઝાર. ॥૧૪૫॥

શંખાસુરે જોયું કે શ્રી વિષ્ણુ ભગવાન તેને મારવા આવ્યા સિવાય રહેશે નહિ, એટલે દોડતો દોડતો તે ધરતી માતાના મંદિરમાં સ્વરક્ષણ માટે બેસી રહ્યો. એટલામાં ભગવાન શ્રી વિષ્ણુ ધરતી માતાના દરવાજે આવી પહોંચ્યા. તેઓ ધરતી માતાને શંખાસુર વિષે પૂછવા લાગ્યા. શંખાસુરના પેટમાં ફાળ પડી. ત્યાંથી ભાગી જવાનો તે વિચાર કરવા લાગ્યો, પણ પૃથ્વીએ પોતાને આશ્રય આપેલ છે તે મારું રક્ષણ કરશે એમ માની એ છુપાઈને બેઠો હતો.

ધરતી માતાએ અતિશય આદરભાવથી શ્રી વિષ્ણુ ભગવાનનો આદર કર્યો. માન સન્માનથી બેસાડી આસન વગેરે આપી પૂજા અર્ચના કરી પછી હાથ જોડીને અત્યંત નમ્રતાથી પૂછ્યું કે: 'હે ભગવંત ! આપના શુભાગમન શા માટે થયાં છે ? મારા અનંત જન્મોના પુણ્યનો આજે ઉદય થયો કે, આપનાં સાક્ષાત્ મને દર્શન થયાં. આપની આજ્ઞાનું દાસીને નિવેદન કરો.'

શ્રી વિષ્ણુ ભગવાન બોલ્યા: 'હે ધરતી, શંખાસુર દૈત્ય, સદ્‌ગુરુ બ્રહ્માના વેદની ચોરી કરીને લઈ આવ્યો છે. એ માટે હું આવ્યો છું. મને એમ લાગે છે કે એ અહીં જ ક્યાંક તારા મંદિરમાં છુપાઈને બેઠો હશે. તેને સમજાવીને અથવા જો તે ન સમજે તો તેને મારીને પણ વેદ પાછા લઈ જવા માટે હું આવ્યો છું. તને તેના છુપાવાના સ્થાનની ખબર હોય તો મને કહે.'

ધરતી માતાએ કહ્યું: 'હે ભગવંત ! આપનો ચોર કોઈનાથી છુપાઈને રખાય એવો નથી, કારણ કે તમે સર્વ સમર્થ છો, આપનામાં અપરંપાર બળ હોવાથી આપની સામે કોઈની શક્તિ ચાલી શકે એમ નથી, ત્યાં મારું અબળાનું બળ શું ચાલશે.'

ધરતીને આમ દ્વિધા થયેલી વૃત્તિ જાણીને શ્રી વિષ્ણુ ભગવાને કહ્યું: 'અર્થાત્, મારો ચોર તારા જ મંદિરમાં તે જ છુપાવીને રાખ્યો છે, તો જલ્દી મારા સ્વાધિન કર. શરણ આવેલાને મરણ ન અપાય અથવા બધાને પોતાનામાં સમાવી લેવું વગેરે આ તારા ગુણ છે, એની મને જાણ છે. પણ પાત્ર થઈ અપાત્રને આશ્રય આપવો આ અકર્તવ્ય છે એ જાણી શંખાસુરને તું મારા સ્વાધિન કર. નહીંતર હું બળજબરીથી તેને લઈ ગયા વગર રહીશ નહીં.'

ત્યારે ધરતીયે વિચાર્યું મન, એ છે વિષ્ણુ આપે તન. ||૧૪૬||
સ્વામી એ કારણ આવ્યા મુજ દ્વાર, તમે કૃપા કરો દીનદયાળ. ||૧૪૭||
એવી વાતો જ ધરતીએ કહી, વચન એક મુજને આપો સહી. ||૧૪૮||
આદે ઈચ્છા ધરું છું અમો, અને વર એક દીયોને તમો. ||૧૪૯||
અમને ઈચ્છા મનમાં છે ઘણી, અમને વરો તમે ત્રિભુવનના ધણી. ||૧૫૦||
કહે વિષ્ણુ પ્રત્યે વદી વાત, તો ચોર તમારો લાગે હાથ. ||૧૫૧||
જો તું ધરતી દૈત્યનો ભેદ આપે મને, તો મનવાંછિત ફલ આપું તને. ||૧૫૨||
ધરતીયે એ કોલે સ્વામી શું વાત જ કરી, જો તમે મને વરો ત્રિભુવનના ધણી. ||૧૫૩||

ધરતી માતાએ વિચાર કર્યો કે હવે વધારે વાત લંબાવવામાં કોઈ લાભ નથી. ભગવાન શ્રી વિષ્ણુ, શંખાસુરને લીધા વગર તો રહેશે જ નહીં અને એ માટે મનમાં નક્કી કરેલ વાત અને કાર્યમાં પણ વિક્ષેપ પડશે, માટે અત્યંત નમ્રતાથી પૃથ્વીએ ભગવંતને પ્રાર્થના સાથે વિનંતી કરી કે: 'હે શ્રી હરિ ! હું મારા મંદિરમાં શંખાસુરને જોઈ આવું છું, કારણ મેં એને આશ્રય આપ્યો આ વાત સત્ય છે, પણ મને એમ લાગે છે કે આપનું આગમન થયું એમ જાણીને એ ભાગી ગયો છે કે કેમ ? એ હું જોઈ આવું અને જો મંદિરમાં હોય તો શંખાસુરને હું આપને સ્વાધીન કરું છું. હે ભગવંત ! તમે સાક્ષાત્ દીનદયાળુ કૃપાસાગર છો. શંખાસુરના નિમિત્તે મારા પર કૃપા માટે જ આપ મારા દ્વારે આવેલા છો.

હે ભગવંત ! ઘણા દિવસોથી હું એક ઈચ્છા કરું છું અને આજે મારી આશા અને આકાંક્ષા સફળ થવાનો સુયોગ્ય સમય પ્રાપ્ત થયો છે, એટલે હું આજે ધન્યતા અનુભવું છું. હે શ્રી હરિ ! આપ અંતર્યામી હોવાથી મારું હૃદય તમે જાણો છો, પણ હૃદય ખોલીને આજે હું આપની પાસે એક વરદાન માગું છું કે તમારી સાથે લગ્ન કરવાની મારી ઈચ્છા સફળ કરો. !!!'

જ્યારે સર્વે જીવને થાશે દર્શન, ત્યારે તમને વરશે કિરતાર. ॥૧૫૪॥
નર નિષ્કલંકી નામ ધરાવશું અમો, ત્યારે તે વર પામશો ધરતી તમો. ॥૧૫૫॥
કુંવારીકા ભૂમિમાં આસન ધરું, અનંત રૂપે નિષ્કલંકી અવતરું. ॥૧૫૬॥
ત્યારે ગુરુ બ્રહ્મા જેનું નામ, તે ઈંદ્ર ઈમામશાહ કરશે સર્વે જીવોનાં કામ. ॥૧૫૭॥
ત્રણ મૂરતને શક્તિ અવતાર, ત્યારે સર્વે વરણ થાશે એકાકાર. ॥૧૫૮॥
હીણાખીણા નહીં નિર્વાણ, ધરતી તમને વરવાના એ એંધાણ. ॥૧૫૯॥
તું સાંભળ ધરતી હું તુજને કહું, સર્વેનું કલંક ઉતારી રહું. ॥૧૬૦॥
એ લક્ષણ જાણશે જેહ, નિષ્કલંકી નર થાશે તેહ. ॥૧૬૧॥
જ્યારે અનંત કાળના વેદ વખાણ, તમને વરવાનાં એ એંધાણ. ॥૧૬૨॥

ભગવાને ધરતીને આશ્વાસન આપીને કહ્યું કેઃ હે ધરતી, તારી આ ઈચ્છા હું પૂર્ણ કરીશ, પણ હમણાં તે પૂર્ણ થશે નહીં, કારણ કે મેં અમરીખ ભક્તને વચન આપેલ છે કે, તમારા માટે હું દસ જન્મ ધારણ કરીશ. એમાંથી હજુ મારો એક પણ અવતાર પૂર્ણ થયો નથી. માટે ઋતુકાળ પ્રાપ્ત થયા વગર જે પ્રમાણે ફળની પ્રાપ્તિ થતી નથી તે પ્રમાણે યોગ્ય સમય વગર તારું આ વચન હું પૂર્ણ કરી શકીશ નહીં. ચાર યુગમાં મારા આ દસ અવતાર પૂર્ણ થશે તે વખતે તેત્રીસ કોટિ દેવતા પોતાની ઈચ્છાનુસાર મૃત્યુલોકમાં માનવ સ્વરૂપે પ્રગટ થશે, એ વખતે મારા રૂપથી આદ્ય નારાયણ પોતે "શ્રી નિષ્કલંકી નારાયણ" આ નામ ધારણ કરીને પ્રગટ થશે અને સર્વ સદ્‌ભક્તોને દર્શન આપશે. અનંત કલા ધારણ કરીને હું કુંવારીકા ભૂમિ પર મારું સિંહાસન માંડીને પ્રગટ થઈશ અને ત્યારે સદ્‌ગુરુ બ્રહ્મા શ્રી ઈંદ્ર ઈમામશાહ નામથી પ્રગટ થઈને વૈદિક જ્ઞાનનો સર્વત્ર પ્રચાર કરશે.

એ પ્રમાણે આચરણ કરીને જે સદ્‌ભક્ત મુક્ત થવાની ઈચ્છાથી પ્રેરીત થઈને ત્યાં અનંત કરોડી દેવતાના મેળામાં એકત્ર થશે એ વખતે હે ધરતી, હું તારું વચન પૂર્ણ કરીશ ! તે વખતે જગતમાં સર્વત્ર હીણ-ક્ષીણ, નાના-મોટા, ઉચ્ચ-નીચ વર્ણીય આવા કોઈપણ પ્રકારનો ભેદ રહી શકશે નહીં. વર્ણભેદ અથવા જાતિભેદ નાશ પામીને સર્વ માનવ જાત એકાકાર થઈ જશે. દ્વૈત ભેદ રૂપી કલંક ઉતારીને સર્વ માનવ જાતને હું નિષ્કલંક કરીશ. હે ધરતી ! એ વખતે તારું વચન પૂર્ણ કરીશ. અનંત કાળથી વેદોની અપૌરુષેય વાણી જે અદ્વૈત જ્ઞાનનો દિવ્ય સંદેશ આપતી આવે છે તે અદ્વૈત જ્ઞાન પ્રમાણે સર્વને મુક્તિની સમજણ આપી ઉદ્ધાર કરવા હું પ્રગટ થઈશ. ત્યારે હે ધરતી, તારું આ વચન હું પૂર્ણ કરીશ !

એ ધરતી અમારે અનંત કરોડીનો કરવો ઉદ્ધાર, તે ભક્ત કારણે લઈશું અવતાર. ॥૧૬૩॥
ત્યાં સર્વે આદિ અંતના દેવ એકઠા હોય, તે કરી કમાઈ ને મળશે સોય. ॥૧૬૪॥
અનંત કરોડી દેવ આવશે અમારી પાસ, લાવી કોલ તારો પાળીને પુરાવું આશ. ॥૧૬૫॥
પૂરા થાય દશ અવતારને યુગ ચાર, ધરતી ત્યારે પરણીશું તેણી વાર. ॥૧૬૬॥
એવી વાત જ્યારે શ્રી હરિએ કહી, ત્યારે ધરતીયે માન્યું સહી. ॥૧૬૭॥

હરિને ધરતી એક થયાં જો લહી, તે શબ્દ શંખવે સુણીયા સહી.॥૧૬૮॥
ત્યારે શંખાસુરે વિચાર્યું મન, એ બેઉ થયા એક જ તન.॥૧૬૯॥
એવું શંખવો મન શું કહે, પંડ પ્રાણ તારો નવ રહે.॥૧૭૦॥
દૈત્યે વિચાર્યું હવે અમો શું કરું, એ પૃથ્વીથી હું રાખ્યો નવ રહું.॥૧૭૧॥
જયારે ધરતી શંખાસુરને ઝાલવા જાય, ત્યારે શંખાસુર નાઠો તેણે ઠાય.॥૧૭૨॥
જ્યારે એવાં વચન ધરતીએ વિષ્ણુ શું કહાય, ત્યારે દૈત્ય શંખ નાગ પાતાલમાં જાય.॥૧૭૩॥

અત્યાર સુધીમાં જેટલા સદ્‌ભક્તોનો ઉદ્ધાર થયો છે એમની સાથે અથવા પુણ્ય પ્રભાવથી જે જે સદ્‌ભક્તોને દેવગતિ પ્રાપ્ત થઈ છે એવા અનંત કરોડી ભક્તગણોના ઉદ્ધાર માટે તથા તેમની ભક્તિની સફળતા માટે તેમને મોક્ષગતિ પ્રાપ્ત કરાવી આપવા અને તેમને તે પ્રકારનાં આપેલાં વચનો પૂર્ણ કરવા માટે હું નવ અવતાર પૂર્ણ કરી દશમા શ્રી નિષ્કલંકી રૂપથી પ્રગટ થઈશ ત્યારે ધરતી તારું આ વચન હું પૂર્ણ કરીશ.'

ભગવંતનાં વચનો સાંભળીને ધરતીએ પોતાને કૃતાર્થ માની શ્રી હરિની મનોમન ષોડશોપચારે પૂજા કરી હાથ જોડીને અનન્યભાવથી નમન કર્યાં.

ત્યારે શ્રી હરિની ધરતી સાથે થયેલી સર્વ વાત સાંભળી શંખાસુર ભયભીત થયો. એ મનમાં વિચાર કરવા લાગ્યો કે હવે મારું અહીં રહેવું યોગ્ય નથી, કારણકે ધરતી અને શ્રી હરિની વચનબદ્ધતાને કારણે બંને એક થઈ ગયાં છે. આ જગ્યાએ આપણા પિંડ અને પ્રાણ હવે સુરક્ષિત રહેશે નહીં. ધરતી હવે મારું રક્ષણ કરી શકશે નહીં. આમ વિચાર કરી તે ધરતી પોતાને જ પકડવા માટે આવે છે એમ માનીને એ ત્યાંથી ત્વરીત ભાગી જવા નીકળ્યો. ધરતીના ઘર મંદિરમાંથી નીકળી શંખાસુર નાગ પાતાળના માર્ગે દોડતો જવા લાગ્યો. શ્રી હરિને ખબર પડતાં તે પણ એની પાછળ પાછળ ત્યાંથી જવા લાગ્યા.

જે પાતાળમાં શંખાસુર ઉતરે, ત્યાં શંખનાગ રાજાનાં રાજ હોયે.॥૧૭૪॥
રાજદ્વારે રાજમાતાને પુત્ર બેઠાં જયાંય, ત્યારે જઈ શંખાસુર નમ્યો ત્યાંય.॥૧૭૫॥
માતાપુત્ર મુજને શરણે રાખો આજ, અને પૂઠે હરિ આવે છે અમારે કાજ.॥૧૭૬॥
ત્યારે માતાપુત્ર બોલ્યાં એમ, નારાયણનો ચોર અમથી રહે કેમ.॥૧૭૭॥
જયારે એવી વાત દૈત્ય શું કહી, તરત જ હરિ આવ્યા સહી.॥૧૭૮॥
જયારે શંખાસુર મનમાં ચિંતા કરે, ત્યારે પૂઠે શ્રી હરિ આવી સંચરે.॥૧૭૯॥
ત્યારે શ્રી વિષ્ણુ વચન બોલ્યા જેહ, સુણો રાણી પુત્ર કહું છું તેહ.॥૧૮૦॥
જો તું દૈત્યનો આપે ભેદ, તો મારી શંખાસુરને પામું વેદ.॥૧૮૧॥
જો સ્વામી તમો આપો અમને કોલ, તો દેખાડું દૈત્યનો ઠોર.॥૧૮૨॥
જયારે સાતમું રૂપ ધરીશું જહી, ત્યારે કોલ તમારો પાળીશું તહી.॥૧૮૩॥
હાંરે માતા પુત્ર આવ્યાં જેહ, હરિશ્ચંદ્રને ઘેર રાણી પુત્ર તેહ.॥૧૮૪॥
હરિનાં વચન સુણી શંખાસુર નાસી જાય, વિતલ પાતાળ નગરમાં જઈ રહાય.॥૧૮૫॥

ભૂતળ ઉપરથી શંખાસુર પાતાળમાં જે ઠેકાણે ઉતર્યો હતો ત્યાં શંખનાગ રાજાનું રાજ્ય હતું. રાજદ્વાર પાસેથી જતી વખતે શંખાસુરે શંખરાજાની રાણી પોતાના પુત્રને લઈને બેઠેલી જોઈ. એ કરુણામયી રાજમાતાને જોઈને શંખાસુરને આનંદ થયો અને ધીરજથી શંખાસુર તેની પાસે ગયો અને નમન કરીને રાજમાતાને કહેવા લાગ્યોઃ 'હે રાજમાતા, હું તમારા શરણે આવ્યો છું. શ્રી હરિ મને મારવા માટે મારી પાછળ આવે છે, એનાથી મારું રક્ષણ કરો.'

રાજમાતાએ વિચાર કર્યો કે, આ પ્રત્યક્ષ કહે છે કે શ્રી હરિ મને મારવા માટે આવે છે એટલે આ કોઈ દુષ્ટ હશે અને આવા દુષ્ટને આશ્રય આપવો શાસ્ત્ર પ્રમાણે અયોગ્ય છે એટલે રાજમાતાએ સ્પષ્ટ શબ્દોમાં શંખાસુરની અવગણના કરીને કહ્યું કે; નારાયણના ચોરને અમારી પાસે આશ્રય મળશે નહીં. રાણીએ આટલું કહેતાં જ શ્રી હરિ ત્યાં આવી પહોંચ્યા. તે પહેલાં શંખાસુર ત્યાંથી નાસી છુટ્યો.

શ્રી હરિ એ દૈત્યની શોધ કરતા કરતા આવ્યા ત્યારે રાણીએ પોતાના પુત્રને શ્રી હરિના ચરણમાં વંદન કરવાનું કહ્યું અને પોતે પણ બે હાથ જોડીને નમસ્કાર કર્યા. ત્યારે ભગવાને એ બંને માતા-પુત્રને આશીર્વાદ આપ્યો કે; જે વખતે હું સાતમો રામનો અવતાર ધારણ કરીશ ત્યારે તું રાજા હરિશ્ચંદ્રના ઘેર રાણી તારામતિ થઈશ તથા આ બાળક કુમાર રોહિદાસ થઈને અવતરશે. અપાર કસોટીના તાપમાં તપીને છેવટે તમે મારા સત્‌સ્વરૂપમાં આવી મળશો.

ત્યાંથી શંખાસુર નાસી જાય, વિતલ પાતાલ નગર જઈ રહ્યાય. ॥૧૮૬॥
તે નગરનો રાજા જેહ, અન્નપાલ નામે હતો તેહ. ॥૧૮૭॥
સત્યવાદી તે મહા કહેવાય, સત્ય તણી તે કરે સહાય. ॥૧૮૮॥
શંખવો નાસી તેની સભામાં ગયો, જઈ દિવેટીયો થઈને રહ્યો. ॥૧૮૯॥
ત્યાં વિષ્ણુ કેડે દોડીને જાય, જઈ રાજાને પોળે ઊભા રહાય. ॥૧૯૦॥
ત્યાં જઈને શ્રી હરિએ વચન કહ્યાં જાણ, સત્યવાદી રૂપ પોતે પ્રમાણ. ॥૧૯૧॥
ધરી રૂપને બોલ્યા ભગવાન, અને સત્યવાદીને બોલ્યા જ્ઞાન. ॥૧૯૨॥
હર્યું તેજ જો દીવા તણું, ત્યારે અન્નપાલ રાજા વ્યાકુળ થયા ઘણું. ॥૧૯૩॥
કહે ક્યાં ગયું મુજ સભાનું તેજ, મારી સભામાં શું થયું નખેદ. ॥૧૯૪॥
ત્યારે શ્રી હરિ પોળીયા શું વચન કહ્યું, હે પોળીયા સભામાં શું થયું. ॥૧૯૫॥
પોળીયે મન વિચાર્યું સહી, આ પુરુષ કોઈ આ દેશનો નહીં. ॥૧૯૬॥
અકળીત બળનું દેખી રૂપ, પોળીયે નીરખી રૂપને ઓળખ્યું સ્વરૂપ. ॥૧૯૭॥
વેગે વળી રાજા પાસે પોળીયો ગયો, જઈ સભામાં ઊભો રહ્યો. ॥૧૯૮॥

ત્યાંથી શંખાસુર ભાગી નીકળ્યો અને એ ભાગતો ભાગતો વિતલ પાતાળના એક નગરમાં ગયો. એ નગરનો રાજા અન્નપાલ હતો. હંમેશાં ધર્મરત રહેતો હોવાથી તેના રાજ્યમાં પ્રજા ધનધાન્ય તેમજ સર્વ વાતે સુખી સંપન્ન હતી. રાજા સત્યવાદી અને સત્યપ્રિય હોવાથી તથા સત્યનું પાલન કરનારનું રક્ષણ કરનાર હોવાથી પ્રજાજનમાં કોઈ પણ દુઃખી પીડિત કે અસત્યાચરણ કરનાર નહોતા.

રાત્રીનો સમય હોવાથી સભા ભરીને શ્રી હરિનાં કીર્તન ચાલુ હતાં. શંખાસુર ભાગતો ભાગતો જઈ રહ્યો હતો, પછી શંખાસુરને મૂળ સ્વરૂપ બદલીને કપટ રૂપ ધારણ કર્યું. સભામાં જઈને તેણે દિવેટીયાનું રૂપ ધારણ કરી રાજા પાસે જઈને ઊભો રહ્યો.

એટલામાં શ્રી હરિ પણ તેની પાછળ પાછળ આવ્યા અને શંખાસુરે ધારણ કરેલા દિવેટીયાના તેજને હરણ કર્યું. બધે અંધકાર થયો. સર્વ સભા અંધારામાં અટવાવા લાગી. આવા કાળમીઢ અંધકારમાં બાજુમાં બેઠેલા લોકો એક બીજાને જોઈ શકતા ન હતા.

શ્રી હરિએ બીજું રૂપ ધારણ કરીને દ્વારરક્ષક પાસે જઈને એને બધી હકીકત કહી અને શંખાસુરના ભેદનું નિવેદન કર્યું. ત્યારે દ્વારરક્ષક દોડતો રાજા પાસે ગયો અને રાજાને બધી હકીકત કહી સંભળાવી.

ત્યાં સભામાં થયો છે શોરબકોર, ત્યાં ઊભો છે વિષ્ણુ બ્રહ્માનો ચોર. ॥૧૯૯॥
રાજા થઈ રહ્યો છે અચંત, અને દીવા તણું હર્યું છે તેજ. ॥૨૦૦॥
ત્યાં પોળીયે વચન કર્યું પ્રકાશ, સુણો રાજા તમને કહે છે દાસ. ॥૨૦૧॥
પુરુષ ઊભા છે આપણે દ્વાર, નથી વચન બોલતા લગાર. ॥૨૦૨॥
પોળીયો કહે શ્રી હરિએ વચન જો કહ્યું, જ્યાં પોળીયા સભામાં શું થયું. ॥૨૦૩॥
થોડા બોલે બોલ પ્રકાશ, તે કારણ તમને કહેવા આવ્યો છે દાસ. ॥૨૦૪॥
એવી વાત પોળીયે રાજા શું કહી, વિતલ દેશનો આ પુરુષ નહીં. ॥૨૦૫॥
કોણ કારણ આવ્યો છે સહી, તમે આવીને પૂછો તાહી. ॥૨૦૬॥
રાજાએ પોળીયાનું સુણ્યું વચન, સત્યવાદી રાજાએ વિચાર્યું મન. ॥૨૦૭॥
એ કોઈ પુરુષ પરલોકી તન, જેણે બાંધ્યાં ચૌદે ભુવન. ॥૨૦૮॥
સુણી શબ્દને ઊઠી ઊભો થયો. વસ્ત્ર કોરે મેલીને દોડી ગયો. ॥૨૦૯॥
એ છે પુરણ પુરુષ ભગવાન, એવું હૃદયમાં આવ્યું જ્ઞાન. ॥૨૧૦॥
જઈ કરીને રાય શ્રી હરિને લાગ્યા પાય, કેમ પધાર્યા ત્રિભુવનરાય. ॥૨૧૧॥
અતિ પતિત પર કૃપા કરી, અને મુક્તિ દેવાની દયા ધરી. ॥૨૧૨॥
રંક તણું કરવા કાજ, અને વિત્તલ લોકે આવ્યા મહારાજ. ॥૨૧૩॥
આગમ નિગમની સુણતા ઠામ, પ્રતીતે જાણ્યું મારું નામ. ॥૨૧૪॥
અમ પર દયા ધરી મહારાજ, સેવક તણી રાખવા લાજ. ॥૨૧૫॥
શ્રી હરિ ત્યાં બોલ્યા હેત જો ધરી, મુક્તિ તણો વર આપ્યો ફરી. ॥૨૧૬॥
સાંભળ રાજા કહું છું તને, તે કેમ જાણ્યો વળી મને. ॥૨૧૭॥
આદ વચનની દયા ધરી, અન્નપાળ રાજા ઉપર રિઝયા શ્રી હરિ. ॥૨૧૮॥
સૃષ્ટિ બ્રહ્મા વસે ત્યાંય, એક મૂરત ત્રણ દેવ જ્યાંય. ॥૨૧૯॥
મૃત્યુલોકમાં આપ્યો વાસ, કરી લીધો પોતાનો દાસ. ॥૨૨૦॥
રૂખ્માગદ તો ધર્યું નામ અને અમરાપુરમાં આપ્યું ઠામ. ॥૨૨૧॥
શ્રી હરિ તણાં ત્યાં સુણી વચન, દુષ્ટનાં તો ભાંગ્યાં ચરણ. ॥૨૨૨॥

દ્વારરક્ષક રાજસભામાં આવી પહોંચ્યો તો સભામાં સર્વત્ર અંધકાર પ્રસરેલો હતો અને વાતાવરણ અશાંત દેખાતું હતું. રાજા ચિંતાતુર થઈ વિચારમગ્ન દેખાયા અને પાસે જ બ્રહ્માનો ચોર શંખાસુર ઊભેલો દેખાયો.

દ્વારરક્ષકે હાથ જોડીને કહ્યું કે; 'મહારાજ, આ સેવક આપને એક વાત જણાવે છે કે આપણા રાજદ્વાર ઉપર એક અલૌકિક પુરુષ ઊભા છે તે સર્વ આગમનિગમ જાણનાર અંતર્યામી છે. એ એકદમ મિતભાષી હોવાથી જે કંઈ વાણી બોલે તે અમૃતમય અને જ્ઞાન સ્વરૂપ છે. એણે જ મને સભામાં અંધકાર થવાનું કારણ કહ્યું એટલે આપને કહેવા માટે હું આવ્યો છું. એ પુરુષ આપણા દેશના ન હોવા છતાં અલૌકિક જેવા દેખાય છે.'

દ્વારરક્ષકનું વચન સાંભળી સત્યવાદી રાજાએ મનમાં વિચાર કર્યો કે, આ અલૌકિક પુરુષ બીજું કોઈ નહીં પણ પરલોકથી આવેલ છે. જેણે સ્વર્ગ, મૃત્યુ, પાતાળાદિક ચૌદ ભુવન બાંધેલાં છે, તે વિષ્ણુ ભગવાન જ હોઈ શકે. આવો વિચાર કરી ત્વરીતથી ઊભા થઈ અને તેમનાં દર્શન માટે જવા લાગ્યા. ઉતાવળમાંને ઉતાવળમાં તેમને પોતાનાં વસ્ત્રો સુદ્ધાંનું ધ્યાન રહ્યું નહીં. હૃદયમાં ફક્ત એક જ વિચાર કે એ પૂર્ણ બ્રહ્મ ભગવાનને હું ક્યારે જઈને મળું.

આટલી આતુરતાની પ્રેરિત થઈ રાજા દ્વાર પર આવી પહોંચ્યા અને ત્યાં અલૌકિક પુરુષને જોઈ બંને હાથ જોડી એમના ચરણમાં નમન કરી અનન્ય ભાવથી વિનંતી કરવા લાગ્યા કે: 'હે દીનદયાળ, નારાયણ ! મારું અનંત જન્મનું પુણ્ય આજ ઉદય પામ્યું છે. ભગવાન ! હું પતિત પાવન નથી પણ કૃપા કરી મારા અવગુણ ધ્યાનમાં ન લેતાં, મને મુક્તિપદનો અધિકારી કરો, આપ મારા જન્મને સાર્થક કરવાની મારા ઉપર કૃપા કરો. હે ભગવાન ! મારા ઉપર દયા કરો, જેવી રીતે તમે માનવ જન્મ આપ્યો છે તેવી રીતે તેને સાર્થક કરવાની અને મુક્તિ પામવાની મને શક્તિ આપો.'

પ્રેમભાવથી પરમેશ્વરે અન્નપાલ રાજાને મુક્તિ પામવાનું વરદાન આપ્યું અને કહ્યું કેઃ હે રાજા ! મૃત્યુલોકમાં તું રુખ્માગદ ભક્ત થઈ અવતરીશ અને મારા વરદાન પ્રમાણે અમરાપુરીમાં જઈશ. અ[illegible]ાપી ભગવાન શંખાસુરને પકડવા માટે આગળ જવા લાગ્યા પણ ત્યાંથી શંખાસુર નાસી છુટ્યો.

ત્યાંથી શંખાસુર નાસી ધાય, જઈ સુતલ [illegible]ાર્ગે જાય.॥૨૨૩॥
પાતાળમાં જ્યાં નાઠો જાય, ને અઘોર વન હતું ત્યાંય.॥૨૨૪॥
ઘર દીઠું ત્યાં ગણિકા તણું, ત્યાં જઈ દૈત્ય હરખ્યો ઘણું.॥૨૨૫॥
વૈવત છોકરાનું નામ, તેનાં કરવાં પૂરણ કામ.॥૨૨૬॥
ત્યાં જઈ શંખાસુર ઊભો રહે, તે આગળ આધીન થઈને વાત જ કહે.॥૨૨૭॥
જાવા તણો મુજને માર્ગ દેખાડ, તને ઈચ્છું હું બંધવ તાત.॥૨૨૮॥
તેણે જાવાનો દેખાડ્યો ઠામ, અને વળી દુષ્ટનું પૂછ્યું નામ.॥૨૨૯॥
આગળ શંખાસુર નાઠો જાય, કેડે શ્રી હરિ આવે છે રાય.॥૨૩૦॥
જઈ વૈવત શ્રી હરિને લાગ્યો પાય, કર જોડીને ઊભો રહ્યો ત્યાંય.॥૨૩૧॥
આલોક ઉપર દયા જો ધરી, ભલે પધાર્યા તમે શ્રી હરિ.॥૨૩૨॥
ત્યાં શ્રી હરિ બોલ્યા તેણી વાર, મારો ચોર આવ્યો છે તમારે દ્વાર.॥૨૩૩॥
સ્વામી ચોર તમારો જાશે ક્યાંય, એ કારણ તો કઈકનાં કારજ થાશે આંય.॥૨૩૪॥
સ્વામી તમે ઊભા રહેજો આપણે ઠામ, હું પકડી લાવું ચોર દેવ શામ.॥૨૩૫॥

આધીન થયો હેત જો ધરી, એણે ઓળખ્યા શ્રી હરિ.॥૨૩૬॥
હું આવ્યો છું તે જાણે મને, તો વળી વર આપું છું તને.॥૨૩૭॥
મેં તને કીધો પોતાનો દાસ, અને તને મૃત્યુલોકમાં આપું વાસ.॥૨૩૮॥
મેં તને આપ્યું મૃત્યુલોકમાં ઠામ, તારું વિભીષણ ધરીશું નામ.॥૨૩૯॥
જ્યારે હું લઈશ રામ અવતાર, ત્યારે તને આપી રાજ ને કરીશ વિસ્તાર.॥૨૪૦॥
રાવણથી હું લંકા લઈશ, તુજને હો રાજા લંકા દઈશ.॥૨૪૧॥

ત્યાંથી શંખાસુર આગળ વધ્યો અને સુતલ પાતાળના માર્ગે દોડવા લાગ્યો. સુતલ પાતાળના માર્ગે એ જ્યારે જવા લાગ્યો ત્યારે અતિશય વિકટ એવા જંગલનો ભાગ તેને દેખાયો. ત્યાંથી આગળ કઈ રીતે જવું અને આગળ માર્ગ છે કે નહીં તેનો વિચાર કરતો હતો ત્યારે જ તેને ત્યાં એક સ્ત્રી તેના વૈવત નામના પુત્રને જ્ઞાનની વાતો કહેતી હતી એવું શંખાસુરે જોયું.

સ્ત્રીના જ્ઞાનનો જ્ઞાનોપદેશ સાંભળી આશ્ચર્યચકિત થઈ તેની પાસે જઈ હાથ જોડી શંખાસુર કહેવા લાગ્યો કેઃ હે માતા, તું તારા પુત્રને જે પ્રમાણે જ્ઞાનોપદેશ કરી રહી છે એવી જ રીતે મારા ઉપર કૃપા કરી અહીંથી આગળ જવાનો માર્ગ બતાવ. હે વૈવત બંધુ, તું મને આગળ જવા માટે માર્ગદર્શન આપ.

બંને માતા પુત્રને શંખાસુરની દયા આવતાં તેમણે તેને માર્ગદર્શન આપ્યું અને પછી તેનું નામ પૂછ્યું. નામ સાંભળી તેમને શંકા થઈ કે શંખાસુર તો બ્રહ્મદેવના વેદ ચોરી નીકળ્યો છે, આવા ચોરને માર્ગદર્શન આપવું પણ પાપ છે. આવું જાણીને તે પશ્ચાતાપ કરતાં હતાં એટલામાં જ ભગવાન શ્રી વિષ્ણુ ત્યાં આવી પહોંચ્યા.

બંને માતા પુત્ર શ્રી હરિને જોઈ તેમના પગે પડી અનન્ય ભાવથી વિનવવા લાગ્યાં કેઃ 'હે ભગવંત ! અમ પતિત જીવ પર અપાર દયા કરી પાવન કરવા માટે આપનું આગમન થયેલ છે એટલે અમે અનન્ય ભાવથી આપના શરણે છીએ. આપની કોઈ આજ્ઞા હોય તો અમે શિર પર ચઢાવીને પાલન કરીશું !

શ્રી હરિએ કહ્યુંઃ 'મારો ચોર જે શંખાસુર આ ઠેકાણે આવ્યો છે, એને પકડી વેદ પરત લેવા માટે હું આવ્યો છું.'

ભગવાનનાં વચન સાંભળી વૈવત બાળ હાથ જોડી બોલ્યો કેઃ હે ભગવંત ! તમે આ ઠેકાણે ઊભા રહો. હું એ શંખાસુરને પકડી અહીં લઈ આવું છું. મારી બાલ્યાવસ્થા સામે જોતા નહીં. હું મારા સામર્થ્યથી એ દૈત્યને જીવંત પકડીને હમણાં લઈ આવું.'

ભગવાનને એ નાના બાળકની હિંમત જોઈ આશ્ચર્ય થયું. સુસંસ્કારી જાણી શ્રી હરિએ એ વૈવત બાળકને કહ્યુંઃ 'બાળક વૈવત, તું ના જઈશ, તારું હૃદય હું જાણું છું. તને મારા પ્રત્યે અનન્ય નિષ્ઠા અને ભાવ છે. આ જાણીને હું તને વરદાન આપું છું કે મૃત્યુલોકમાં લંકા દેશમાં વિભીષણ આ નામથી તું જન્મ લઈશ અને અત્યંત પુણ્યવાન ધર્મશીલ એવો સદ્ભક્ત થઈશ. તે વખતે હું સાતમો રામ અવતાર ધારણ કરીશ ત્યારે આ શંખાસુર દૈત્ય તારો મોટો ભાઈ રાવણ રૂપથી પ્રગટ થશે, ત્યારે તેનો સંહાર કરીને સંપૂર્ણ લંકા દેશનું રાજ્ય તને સ્વાધીન કરીશ અને તારો ઉદ્ધાર કરી મોક્ષગતિનો અધિકારી કરીશ.' આ પ્રકારનું વરદાન વૈવત બાળકને આપી શ્રી હરિ શંખાસુરને પકડવા એની પાછળ જવા લાગ્યા.

એમ કહીને શ્રી હરિ ધાયા ત્યાંય, માર્ગે આગળ છે દૈત્ય જ્યાંય.॥૨૪૨॥
આગળ શંખવોને પાછળ શ્રી હરિ, અને દુષ્ટે યુદ્ધ કરવાની ઈચ્છા ધરી.॥૨૪૩॥
મન બળતું ને હૃદયે વેર, એવી શંખાસુરની છે પેર.॥૨૪૪॥

અકળીત બળને રહ્યો મરોડ, અને પાસે દૈત્ય છાસઠ કરોડ.॥૨૪૫॥
શ્રી હરિ કઈ નવ બીએ મન, દૈત્ય તણા ઉપજાવે તન.॥૨૪૬॥
યુદ્ધ કરતા ગયા અતલ મોઝાર, એણે દૈત્ય ઉપજાવ્યા અપાર.॥૨૪૭॥
આગળ શંખવો નાઠો જાય, બીજા દૈત્ય લાગે શ્રી હરિને પાય.॥૨૪૮॥
કેટલાક દૈત્ય યુદ્ધ જો કરે, અને કેટલાક શ્રી હરિને પાયે જો પડે.॥૨૪૯॥
યોદ્ધા ઉપર શ્રી હરિ ક્રોધ જો કરે, ચરણે નમે તે ઉપર દયા જો ધરે.॥૨૫૦॥
તે અતલ દેશમાં જઈ રહ્યા, ત્યાં જઈ દૈત્ય પરાક્રમી જો થયા.॥૨૫૧॥
ત્યાં જયવંત રાજા વસે જહાં, દૈત્યે વિચાર્યુ મનથી તહાં.॥૨૫૨॥
તે નગરની પોળે પોળીયો એક, તે મહા સત્યવાદી કહાવે છેક.॥૨૫૩॥
ભોમમંડલિક છે તેનું નામ, તેનાં શ્રી હરિને કરવાનાં કામ.॥૨૫૪॥
ત્યારે પોળે શ્રી હરિ ઊભા રહે, શંખાસુરની ભાળ જ લહે.॥૨૫૫॥
ત્યારે ભોમમંડલિકે વિચાર્યું જ્ઞાન, અકળીત બળીયા છે ભગવાન.॥૨૫૬॥
જઈ શ્રી હરિ તણે લાગ્યો પાય, ક્ષમા કરો તમે ત્રિભુવન રાય.॥૨૫૭॥
ભાઈ શું ક્ષમા કરાવે છે મુને, અને એ કથા કહું છું તુને.॥૨૫૮॥
વેદ હરી લાવ્યો છે દુષ્ટ, અને અમારી સાથે કરે છે યુદ્ધ.॥૨૫૯॥
ત્યારે પોળીયો બોલ્યો તેણી વાર, સ્વામી તમ સાથે નહીં જીતે લગાર.॥૨૬૦॥
એવાં વચન શ્રી હરિ કર્ણે ધરે, રિઝયા ભગવંત કૃપા ઘણી જ કરે.॥૨૬૧॥
મૃત્યુલોકને ભૂતલ વાસ, સાથે લાવીને કીધો દાસ.॥૨૬૨॥
અંબરીષ રાજા ધરાવશે નામ, પોળીયા તણું તે કરતો કામ.॥૨૬૩॥
લેવા રતન હું કૂર્મ અવતરું, ત્યારે સંસારમાં તને વર આપું નિર્ધારું.॥૨૬૪॥
હેત ધરીને શ્રી હરિએ દીધાં વચન, અને વળી કીધો પોતાનો તન.॥૨૬૫॥
શંખાસુરને ત્યાં થઈ જાણ, ત્યાંથી તે નાઠો નિરવાણ.॥૨૬૬॥

વૈવત બાળકને આશીર્વાદ તથા વરદાન આપી શ્રી હરિ શંખાસુરને પકડવા માટે આગળ જવા લાગ્યા ત્યારે શંખાસુર માર્ગમાં જ ભાગતો જતો હોય તેમ તેમને દેખાયો. શ્રી હરિ ઝડપથી એની પાછળ જવા લાગ્યા, પરંતુ શંખાસુરે પોતાની દાનવી માયાનો ઉપયોગ કરી શ્રી હરિને એના સુધી આવવામાં શક્ય એટલો વિલંબ થાય અને પોતે દોડીને દૂર જઈ શકે આ ઉદ્દેશથી એને માયાવી દૈત્યોનું નિર્માણ કર્યું અને તે દૈત્યોને શ્રી હરિ જોડે યુદ્ધ કરવાનું કહી પોતે આગળ દોડવા લાગ્યો.

આ રીતે શંખાસુરે કપટનીતિનો ઉપયોગ કરેલો જોઈ શ્રી હરિએ પણ એમના અતુલનીય બળનો ઉપયોગ કરી દૈત્યોનો સંહાર શરૂ કર્યો. માર્ગમાં અડચણ લાવનાર દૈત્યોનો સંહાર કર્યા સિવાય આગળ જવું અશક્ય હોવાથી અનાયાસે જ શંખાસુરને આગળ જવા માટે સમય મળી ગયો.

ત્યાંથી શંખાસુર અતલ પાતાળના માર્ગે દોડવા લાગ્યો અને રસ્તા વચ્ચે છાસઠ કરોડ યોદ્ધાઓનું નિર્માણ કરતો ગયો

હોવાથી ભગવાન એમનો સંહાર કરવા લાગ્યા. પ્રત્યેક દૈત્ય ભગવાન સાથે યુદ્ધ કરવા લાગ્યા. આ રીતે ભગવાનને પોતાના અતૂલ બળનો ઉપયોગ કરી સંકટનું નિવારણ કરવું પડ્યું.

છેલ્લે શંખાસુર અતલ પાતાળના 'જયવંત' રાજાના રાજ્યમાં ગયો. ત્યાં જઈ પોતાના પરાક્રમનું વર્ણન કરવા લાગ્યો. આ રીતે રાજ્યમાં તેની વાતો અને વિશેષતઃ શ્રી હરિ વિશે શંખાસુરે રાજાના મનમાં ગંથિત કરેલા દુરાગ્રહના કારણે રાજાના દ્વારરક્ષક ભોમમંડલિકને ખૂબ ખોટું લાગ્યું. શ્રી હરિની નિંદા સાંભળી ભોમમંડલિકને શંખાસુર ઉપર ખૂબ ગુસ્સો આવ્યો, પરંતુ એ સામાન્ય દ્વારરક્ષક હોવાથી એને ચૂપ રહેવું પડ્યું હતું. એટલે તે મનમાં મૂંઝાઈને શ્રી હરિને યાદ કરવા લાગ્યો. એટલામાં જ શ્રી હરિ ત્યાં આવી પહોંચ્યા.

ભોમમંડલિકે શ્રી હરિના પગ પકડી અત્યંત કરુણ ભાવે વિનંતી કરી કે: 'હે ભગવાન ! તમે અપાર બળવાન સર્વ સમર્થ છો, તમારી કલા અગમ્ય છે, એનો કદી પાર આવશે નહીં. શંખાસુર કેટલાય રૂપ ધરીને દ્વેષ બુદ્ધિથી તમને ત્રાસ આપે તોય તમારા બળ સામે એનું કંઈ જ ચાલશે નહીં, એના કરતાં તમે મને આજ્ઞા કરો કે હું જ એને પકડીને અહીં લેતો આવું.

ભોમમંડલિકની આવી વાણી સાંભળી શ્રી હરિ એના ઉપર ઘણા જ પ્રસન્ન થયા અને એમણે વરદાન આપ્યું કે; હે ભોમમંડલિક ! તું મૃત્યુલોકમાં સદ્‌ભક્ત અમરીષ થઈ પૃથ્વી ઉપર રાજ કરીશ. જ્યારે હું સમુદ્ર મંથન કરી રત્ન કાઢતી વખતે મૃત્યુલોકમાં પૂર્ણ રૂપથી અવતરીશ ત્યારે તારા જન્મને સાર્થક કરી ઊર્ધ્વગતિએ લઈશ.'

સર્વે દૈત્ય યુદ્ધ જો બહુ કરે, હરિ દૃષ્ટે અચેતા થઈ પડે. ॥૨૬૭॥
નિર્જીવ થઈ સજીવ જો થાય, હરિ શું યુદ્ધ કરતા જાય. ॥૨૬૮॥
તે રસાતળ દેશમાં ગયો, ત્યાં જઈ દમન રાજાની સભામાં રહ્યો. ॥૨૬૯॥
ત્યાં દમન રાજા રસાતલ દેશ, ત્યાં જઈને શંખવે બદલ્યો વેષ. ॥૨૭૦॥
ત્યાં વિપ્ર થઈને સભામાં ગયો, અને દઈ આશિષ ને ઊભો રહ્યો. ॥૨૭૧॥
ઊભો રહીને કરે અરદાસ, હું બ્રાહ્મણ આવ્યો તમારી પાસ. ॥૨૭૨॥
દમન રાજા જેનું નામ, દંત નામનો તેનો પ્રધાન. ॥૨૭૩॥
પ્રધાને કહ્યું તેણી વાર, આ વિપ્ર તો નહીં લગાર. ॥૨૭૪॥
તે નયને વેણે નીરખું છું હુંય, મને તો દુષ્ટ ભાસે છે તુંય. ॥૨૭૫॥
એવું વૃત્તાંત દમનને કહે, આ વિપ્ર આપણે રાખ્યો નવ રહે. ॥૨૭૬॥
એ દીસે છે મહાબલી ચોર, અને મહાયુદ્ધ કરાવશે તે અઘોર. ॥૨૭૭॥
એવું રાજા પ્રધાન કરે વિચાર, અને હરિ આવ્યા વળી તેણે ઠાર. ॥૨૭૮॥
દેખી મૂરત બેહુ જઈને પાયે પડીયા, સ્વામી શું કારણ તમે અહીં આવીયા. ॥૨૭૯॥
અમો ઉપર કૃપા કીધી આજ, અને અનેક જીવોનાં કરવાં કાજ. ॥૨૮૦॥
તમે બેસો અમારા મંદિર માંહે, શંખાસુરને પકડી લાવવો આંહે. ॥૨૮૧॥
ત્યારે શ્રી હરિ બોલ્યા તેણી વાર, તમોથી પકડ્યો ન જાય લગાર. ॥૨૮૨॥

સ્વામી તમે ઊભા રહેજો અહીં, જઈને પકડી લાવીયે લહીં. ॥૨૮૩॥
જો એ લેશે અમારું નામ, તો અમે ભાંગીશું એનાં હામ. ॥૨૮૪॥
તમે દો મસ્તક અમારે હાથ, જુવો કરી આવીએ છીયે ઘાત. ॥૨૮૫॥
વચન સુણી દંત દમન તણું, ને શ્રી હરિ મનમાં ત્રુઠયા ઘણું. ॥૨૮૬॥
મૃત્યુલોકમાં ભૂતલ વાસ, બેઉને કીધા પોતાના દાસ. ॥૨૮૭॥
દંતને આપ્યું રાજ, દમનને તો કીધા પ્રહ્લાદ. ॥૨૮૮॥
ત્યાં બેઉ હરખ્યા ઘણા, નામ ગુણ લીધા શ્રી હરિ તણા. ॥૨૮૯॥
હું એ દુષ્ટ કારણ ધરીશ અવતાર, ત્યારે તમારો કરીશ ઉદ્ધાર. ॥૨૯૦॥
દમન પ્રહ્લાદ ઉપર હેત અપાર, પાંચ કરોડીના કીધા સરદાર. ॥૨૯૧॥
વાત સુણી વળી શ્રી હરિ તણી, પ્રહ્લાદે કસણી માગી ઘણી. ॥૨૯૨॥
એવી સુણી શંખાસુરે વાત, શ્રી હરિ કરવા આવ્યા છે ઘાત. ॥૨૯૩॥
ત્યારે દોડી શ્રી હરિ શંખાસુરને કેડે ધાય, અને અનંત કળા કરે તેણી વાર. ॥૨૯૪॥
જે જે કળા દૈત્ય જો કરે, શ્રી હરિ જઈને તે કળાને હણે. ॥૨૯૫॥
અકળિત બળ ભર્યું અનંત અપાર, શંખવો નાઠો જાય આણી વાર. ॥૨૯૬॥

બધા દૈત્યો મળીને શ્રી હરિ સાથે યુદ્ધ કરતા હતા, તેમાંથી કેટલાક શ્રી હરિની દૃષ્ટિથી નિશ્ચેત થઈને નીચે ઢળી પડતા હતા. કેટલાક યુદ્ધ કરીને પરાભવ પામીને જમીન પર પડતા હતા, તો કેટલાક મૂર્છિત થઈ ગયા પછી જાગૃત થઈ ફરી પાછા યુદ્ધ માટે તૈયાર થતા હતા. આ રીતે ભગવાનના માર્ગમાં અવરોધ કરતો કરતો શંખાસુર રસાતળ પાતાળમાં જઈ પહોંચ્યો. રસાતળ પાતાળમાં રાજા દમન અને તેનો બુદ્ધિશાળી પ્રધાન રહેતા હતા. ત્યાં શંખાસુર વેશ પરિવર્તન કરી બ્રાહ્મણનો વેશ ધારણ કરી રાજાને આશીર્વાદ આપવા લાગ્યો કે; 'હે દમન રાજા, હું વિપ્ર હોવાથી તારા ત્યાં રક્ષણ માટે આવ્યો છું, તો તું મને આશ્રય આપ.

બુદ્ધિશાળી દંત પ્રધાનને શંકા પડી કે આ માણસ બ્રાહ્મણ જેવો લાગતો નથી, તેને રાજાને કહ્યું કે: 'મહારાજ, આ વિપ્રનું આપણાથી રક્ષણ થશે નહીં કારણકે એક તો એની આંખો થકી, વાણી થકી અને અન્ય લક્ષણો થકી આ મનુષ્ય કપટી ચોર જેવો દેખાય છે. આ પુરુષ બ્રહ્માના વેદ ચોરી લાવ્યો હશે એવું મને લાગે છે એટલે આવા પુરુષને આપણે ત્યાં આશ્રય ન આપવો જોઈએ, એવી મારી આપને વિનંતી છે.'

દંત પ્રધાન રાજાને આ વાત કહેતો હતો એટલામાં જ ત્યાં શ્રી હરિ પણ આવીને ઊભા રહ્યા થયા. શ્રી હરિનું તેજસ્વી મુખારવિંદ જોઈ રાજા અને પ્રધાન દોડતા દોડતા એમના શરણે ગયા અને હાથ જોડી શ્રી હરિની સ્તુતિ કરી કહેવા લાગ્યા કે; હે સ્વામી ! અમ પતિત જીવ ઉપર કૃપા કરો, અમારા જેવા અનેકાનેક સદ્ભક્તો પર કૃપા દૃષ્ટિ કરી તેમનાં કાર્યની સિદ્ધિઓ કરી છે અને તે જ કારણે હે ઈશ્વર ! તમે પ્રગટ થઈ આ સ્થાને પધાર્યા છો, તમારાં દર્શન કરી અમે કૃતાર્થ થયા છીએ, તમે અહીં જ ઊભા રહો, અમે બંને શંખાસુરને પકડીને તમારા સામે લઈ આવીએ છીએ.

શ્રી હરિ બોલ્યા; 'અરે, એ તો કેટલો બળવાન અને માયાવી છે એમની તમને કલ્પના સુદ્ધાં છે ? એ તમારાથી પકડાય એવો નથી. તમે એમની માયામાં પડશો નહીં.'

દંત પ્રધાન અને દમન રાજા શ્રી હરિને કહેવા લાગ્યા; 'હે પ્રભુ ! તમે અમને એવો આશીર્વાદ આપો કે આ કાર્ય અમારાથી સિદ્ધ થાય. તમારા આશીર્વાદ હશે તો શંખાસુર સપ્ત પાતાળ તો શું પણ ચૌદ ભુવનમાં પણ એ જ્યાં ગયો હશે ત્યાંથી અમે એને તમારી સામે લાવી આપીશું'

બંનેની વાણી સાંભળી શ્રી હરિએ સંતુષ્ટ થઈને કહ્યું: 'હે દમનરાજા, તમારા બંનેના વિચારો જાણી હું તમને વરદાન આપું છું કે મૃત્યુલોકમાં તમે અવતાર ધારણ કરશો. દંત પ્રધાન સાર્વભૌમ એવા અતિ પુણ્યશાળી પ્રતાપી રાજા થઈને ધર્મ નીતિ નિયમ પ્રમાણે પોતાની પ્રજાનું પુત્રવત્ પાલન કરીને ઈશ્વર ભક્તિનો મહિમા સમજાવશે અને દમન રાજા તમે કર્તાયુગમાં ભક્ત પ્રહ્‌લાદ થશો અને દૈત્ય ઘેર જન્મ લેશો, તેમજ ભક્તિ સામર્થ્યથી પાંચ કોટિ સદ્‌ભક્તોને પોતાની સાથે અમરાપુરી લઈ જશો.'

ભગવાનના આશીર્વાદ લઈને બંનેએ પૂજ્ય ભાવથી પરમેશ્વરને પ્રાર્થના કરી કેઃ હે ઈશ્વર ! તમે અમારા પર અગણિત ઉપકાર કર્યા છે, અમે આ ભાર વહન શકીશું નહીં, એટલે તમારા આશીર્વાદ અમારી સાથે રહે અને તમારું સ્મરણ અમને કાયમ મળતું રહે એવી કૃપા કરશો. શ્રી હરિએ તથાસ્તુ કહી એમને સંતુષ્ટ કર્યા.

શંખાસુર એમની પાસે જ ઊભો હતો. તે આ વચન સાંભળી મનમાં અત્યંત ક્રોધિત થઈ ગયો અને માયાવી વિદ્યાના સામર્થ્યથી બંનેનો ઘાત કરવાનો વિચાર કરે છે એમ જાણી શ્રી હરિએ શંખાસુરને પકડવા માટે એની ઉપર ઝાપટ નાખી તેવો જ એ ચતુર દૈત્ય ત્યાંથી પણ ભાગી છુટ્યો અને અનેકાનેક માયાવી ચરિત્ર કરતો કરતો તથા શ્રી હરિને ભૂલાવતો ત્યાંથી આગળ નીકળી ગયો. શ્રી હરિ પણ શંખાસુરની પાછળ પાછળ જવા ત્યાંથી નીકળી ગયા.

ત્યારે ત્યાંથી દૈત્ય શંખાસુર નાસી ગયો, તે જઈ રસાતલ પાતાલ તલમાં જઈ રહ્યો. ॥૨૯૭॥
ત્યાં દૈત્ય શંખાસુર મુખથી બોલ્યો વાણ, હું તો બ્રહ્માના વેદ લાવ્યો પરમાણ. ॥૨૯૮॥
તે રાજાના પ્રતિહાર હતા તે કહે, જે નારાયણનો ચોર અહીં ના રહે. ॥૨૯૯॥
જ્યારે એવાં વચન દૈત્ય શું પ્રતિહાર કહે, ત્યારે શ્રી હરિ નારાયણ આવી સંચરે. ॥૩૦૦॥
ત્યારે પ્રતિહાર કહે સુણો શામ, તમે આવ્યા તે કહોને હો કામ. ॥૩૦૧॥
બોલ્યા છે નારાયણ તમે સુણો પ્રતિહાર, એ શંખાસુર દૈત્ય લાવ્યો છે વેદ ચાર. ॥૩૦૨॥
જો તમે દૈત્યનો કહો છો ભેદ, તો મારી દાનવને લાવું વેદ. ॥૩૦૩॥
જે સ્વામીજી તમે મુજને આપો કોલ, તો અમે દેખાડું દૈત્યનો ઠોર. ॥૩૦૪॥
કહે શ્રી નારાયણ દેવ સુણો પ્રતિહાર, તેનો હું તમને કહું છું વિચાર. ॥૩૦૫॥
જ્યારે કર્તાયુગમાં વરાહ રૂપ ધરીશું સહી, ત્યારે પ્રતિજ્ઞા તમારી પાળીશું સહી. ॥૩૦૬॥
હું તુજને આપું અચલ પદનું ઠામ, તારું ભક્ત ધ્રુવ ધરાવશું નામ. ॥૩૦૭॥

ત્યાંથી દૈત્ય શંખાસુર રસાતળ પાતાળમાં ગયો. ત્યાંના રાજાના પ્રતિહારી સેનાપતિની પાસે જઈને પોતાની બધી હકીકત કહી. પોતાના રક્ષણ માટે તેને વિનંતી કરી.

પ્રતિહારી બોલ્યોઃ 'તું સર્વ સમર્થ છે અને મહાન બ્રહ્મદેવના વેદ લઈ આવ્યો છે તો બીજા કોઈની સહાયની શું કામ અપેક્ષા રાખે છે ? અહીં તને કોઈપણ રીતે રક્ષણ મળશે નહીં. તું પ્રભુને વેદ પરત કરી દે, નહિતર શ્રી હરિ તને મારીને તારી પાસેથી વેદ લઈ ગયા સિવાય રહેશે નહીં.'

એટલામાં જ શ્રી હરિ પણ ત્યાં આવી ઊભા રહ્યા અને પ્રતિહારીનું અંતઃકરણ અને ભક્તિભાવ જાણી શ્રી વિષ્ણુએ તેને વરદાન આપ્યું કેઃ 'હે પ્રતિહારી ! તું મૃત્યુલોકમાં ભક્ત ધ્રુવ નામે અવતાર ધારણ કરીશ. તે વખતે હું વરાહ રૂપ અવતાર ધારણ કરી લીલા કરીશ અને તે સમયે તને અમરાપુરીનો અધિકારી કરીશ.' આ પ્રમાણેનું વરદાન આપી ભગવાન ત્યાંથી શંખાસુરની પાછળ જવા લાગ્યા.

આગળ શંખાસુર નાઠો જાય, તે જઈ રહ્યો તલાતલ પાતાલ માંય. ॥૩૦૮॥
તલાતલ પાતાલની વાટે ગયો, તપનગરમાં જઈને ઊભો રહ્યો. ॥૩૦૯॥
તપનગર કહાવે છે જ્યાંય, ગંધર્વસેન રાજા રાજ્ય કરે છે ત્યાંય. ॥૩૧૦॥
તે રાજાના શું કરું વખાણ, સત્‌ગુરુ કહે સર્વે લોક અજાણ. ॥૩૧૧॥
ગંધર્વસેન રાજા એક, તેની સભાના કહું વિવેક. ॥૩૧૨॥
ત્યાં શંખાસુર નાસીને ગયો, સહસ્ર કલાબાજ અણછતો થઈ રહ્યો. ॥૩૧૩॥
ભરી સભાને મોટો ભૂપ, ત્યાં જઈને દુષ્ટે ફેરવ્યું રૂપ. ॥૩૧૪॥
ત્યાં સભામાં શંખવો શું કરે, અનેક કળા લઈને ધરે. ॥૩૧૫॥
જોઈ કળા દૈત્ય જો તણી, અને સભા મનમાં હરખી ઘણી. ॥૩૧૬॥
ત્યારે ચરિત્ર દૈત્ય કરે અપાર, અને તે લોકમાં થયો હાહાકાર. ॥૩૧૭॥
પ્રજા સર્વે વદે એમ, કે આ પુરુષ આવ્યો છે કેમ. ॥૩૧૮॥
અલૌકિક કોઈ પુરુષ આવ્યો એહ, એ ત્રિભુવની કહાવે છે જેહ. ॥૩૧૯॥
એવું લોકે ધર્યું અનુમાન, એ ચરિત્ર દૈત્યનું જાણ. ॥૩૨૦॥
ત્યાં ગંધર્વસેનને જાણ જો થાય, ભોળા લોકોને મન શું આય. ॥૩૨૧॥
ભૂલી સભાને ભૂલ્યા લોક, રાજાએ કીધા સર્વેને ફોક. ॥૩૨૨॥

ત્યાંથી શંખાસુર તળાતળ પાતાળના માર્ગે જવા લાગ્યો. તળાતળ પાતાળના તપનગરમાં રાજા ગંધર્વસેન રાજ કરતા હતા. એ અતિશય સત્યવાદી અને ઈશ્વર ભક્ત પરાયણ હોવાથી સુજનોનું સારી રીતે પાલન કરનાર અને દુષ્ટજનોને યોગ્ય એવી શિક્ષા કરનારા હતા. પોતાના સર્વ મંત્રી, પ્રધાન અને માંડલિકોની રાજસભા ભરીને ગંધર્વસેન સભામાં બેઠા હતા. રાજસભાનાં કામકાજ ચાલુ હતાં. ત્યાં જઈ શંખાસુર ગુપ્તવેશ ધારણ કરીને બેઠો અને પોતાના અંગની અનેકાનેક માયાવી કળા સભાજનોને બતાવવા લાગ્યો.

અપરંપાર ચરિત્ર કરીને અનેકાનેક ચમત્કાર બતાવી લોકોને ભ્રમિત કરવા લાગ્યો. નગરજનો શંખાસુરને ઈશ્વર રૂપ કલ્પીને ત્રિભુવનપતિ સમજીને તેનાં ચરણ પૂજવા લાગ્યાં અને તેનાં પ્રત્યેક કાર્યોની સ્તુતિ કરી એમનો જયજયકાર કરવા લાગ્યાં. પરંતુ સુસંસ્કારી ઈશ્વર ભક્તિપરાયણ એવા રાજા ગંધર્વસેન શંખાસુરનાં આ માયાવી કૃત્ય જોઈ ખૂબ ગુસ્સે થયા. એણે વિચાર કર્યો કે આપણા પ્રજાજનો ભોળા છે, એનો ફાયદો લઈ આ શંખાસુર એમને વશ કરે છે.

આ જાણી ગંધર્વસેન રાજાએ પોતાના પ્રજાજનોને ઉદ્દેશીને કહ્યું કેઃ મેં ગુરુના મુખમાંથી એમ સાંભળ્યું છે કે શંખાસુર દાનવ અવતાર લઈને બ્રહ્મદેવના ચાર વેદ ચોરીને અહીં આવશે. એ દાનવ પોતાના તપોબળના યોગથી અનેકાનેક માયાવી ચમત્કાર કરીને બતાવશે અને સર્વ લોકની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા ચલાયમાન કરી પોતાના તરફ આકર્ષી લેશે. તે જ આ દાનવ હોઈ શકે એવું મને લાગે છે, માટે તમે બધા આ શંખાસુરના ચમત્કારમાં ભૂલાશો નહીં. આ દાનવ તેની સાથે આપણા બધાના નાશનું પણ કારણભૂત થશે. શંખાસુરને મારવા શ્રી હરિ જરૂર આવશે. આપણે ભગવાનની આરાધના કરીને આપણી ઉદ્ધાર ગતિ કરી લઈએ. આ પ્રકારનાં રાજાનાં નિવેદન સાંભળી સર્વ પ્રજાજનોને આશ્ચર્ય થયું.

ગંધર્વસેન સુસંસ્કારી અને સત્ય માર્ગ પ્રમાણે વર્તનાર સત્‌પંથી રાજા હતા. અમર થવા માટે એમણે સતત ધ્યાન - સાધના-તપ કર્યાં હતાં. એમને એ સમયના પ્રગટ યુગગુરુ પ્રેમઋષિના વચનના આધારે 'ૐ શ્રી મત્સ્યાય નમઃ' નામના સતત જાપ શરૂ કર્યા હતા. એમનાં જ ચરણામૃત અને જ્ઞાનામૃત સતત પ્રાશન કરવાથી તે સદ્‌ચરિત્રવાન અને સુવિચારી થયા હતા. આ પરમ ઉજ્જવળ સંસ્કારી જીવના મનમાં દુષ્ટ ભાવ ક્યાંથી ઉદ્‌ભવે ? અને દુષ્ટ પ્રવૃત્તિના લોકોના મુખનાં એ શા માટે દર્શન કરે ?

રાજાના પ્રધાન પુષ્પસેને રાજાની વાણી સાંભળી વિચાર કર્યો કે, ખરેખર આ દૈત્ય દાનવી માયા દ્વારા બધાને ભૂલાવી નાખે છે. આપણે આને અહીંથી ન જવા દેતાં પકડી રાખીએ અને શ્રી હરિ આવ્યા પછી તેમના સ્વાધીન કરીએ. આમ વિચાર કરતા હતા તેટલામાં દ્વારરક્ષક એક વેદ વિદ્યા સંપન્ન એવા બ્રાહ્મણને સભામાં લઈને આવ્યો.

એ બ્રાહ્મણના સ્વરૂપે શ્રી હરિનો આભાસ થતાં જ રાજા, પ્રધાન, રાજપુત્ર અને રાજકુમારી આ ચારેએ એમનાં ચરણ પખાળીને નમન કર્યાં.

રાજપુત્ર તો કહેવા લાગ્યો કેઃ 'તમે વિપ્ર વેષધારી ત્રિભુવનપતિ છો, અમને તમારા વૈકુંઠધામમાં આવવાની ખૂબ ઈચ્છા છે, અમને તમારી સાથે લઈ જાવ. અમે તમારી સાથે આવવા ખૂબ જ ઉત્સુક છીએ.'

રાજકુમારી તો પોતાના પિતાને અને પ્રધાનને કહેવા લાગી; 'પિતાજી, અમે આ શંખાસુરને અહીં રોકી રાખીશું. તમે શ્રી હરિના સ્વાગતની અને આદર આતિથ્યની તૈયારી કરો. આપણા અનંત જન્મના સુકૃત આજે ફળ્યાં છે. શ્રી હરિ અવતાર ધારણ કરીને આજ આપણા દ્વારે આવેલા છે. આજ આપણાં અહોભાગ્ય ઉજળ્યાં છે.'

પોતાની સત્યવાદી, સુશીલ અને તપઃસામર્થ્યવાન એવી પુત્રીની મનની ગતિ જાણી રાજા અને પ્રધાન બંનેએ દોડતા જઈને વેદવિપ્ર વેષધારી શ્રી હરિના ચરણમાં દંડવત્ પ્રણામ કર્યા અને અનન્ય રીતે વિનંતી કરવા લાગ્યા.

રાજા ગંધર્વસેન બોલ્યા તેણી વાર, એવાં વચન સુણ્યાં હતાં વેદ મોઝાર. ॥૩૨૩॥
એ દીસે છે કોઈક દૈત્ય અવતાર, જે ચરિત્ર કરે છે અંત અપાર. ॥૩૨૪॥
તેવો રાજાએ કર્યો વિચાર, શ્રી હરિ આવશે આપણે દ્વાર. ॥૩૨૫॥
સત્‌પંથી રાજા હતો જેહ, જાપ મુગતિનો જપતો તેહ. ॥૩૨૬॥
જ્યારે બિંબ હતા સૃષ્ટિ મોઝાર, ને પરમ ઋષિ શ્રી હરિનો અવતાર. ॥૩૨૭॥
તેનાં ચરણામૃત રાજા પીવે, તે દુષ્ટનું મુખ કેમ જુવે. ॥૩૨૮॥
ત્યારે રાજા પ્રધાન વિચાર જો રે, એને ગ્રહી રાખવો આણે ઠોરે. ॥૩૨૯॥

એ છે ચરિત્રવાદી ઘણો, ચોર દીસે છે શ્રી હરિ તણો. ॥૩૩૦॥
ત્યારે પ્રધાને વિચાર્યું મન, તમે બોલ્યા તે સત્ય વચન. ॥૩૩૧॥
તેણે ઝાલવા તણી કીધી પેર, ત્યારે શ્રી હરિ પધાર્યા રાયને ઘેર. ॥૩૩૨॥
વેદીયા વિપ્ર થઈ આવ્યા સહી, રાજ તણે દ્વારે ઊભા જઈ. ॥૩૩૩॥
શ્રી હરિ તણો શબ્દ રાજાએ સુણ્યો, રાજા મનમાં હરખ્યો ઘણો. ॥૩૩૪॥
એ બ્રાહ્મણ તો વિપ્ર ના હોયે, એ ત્રિભુવનપતિ દીસે છે સોયે. ॥૩૩૫॥
ગંધર્વરાજાનો પુત્ર જેહ, ગંધર્વસેન પ્રત્યે કહે છે તેહ. ॥૩૩૬॥
તમે કહો છો ત્રિભુવનના નાથ, તો અમને રાખજો તમારી સાથ. ॥૩૩૭॥
પુષ્પસેન નામે કહીયે પ્રધાન, તેણે સૂઝયું બ્રહ્મ જ્ઞાન. ॥૩૩૮॥
ચાર જણા જો અળગા રહ્યા, અને બાકી સર્વે લોક પાખંડે ગયા. ॥૩૩૯॥
પાખંડી ચળવળ કરે અપાર, સર્વે લોભાયા ત્યાં સંસાર. ॥૩૪૦॥
પુષ્પ ગંધ ને ગંધર્વસેન, અને ચોથી બાઈ દમની તેહ. ॥૩૪૧॥
એ ચારે મળી કર્યો વિચાર, જે હરિ આવ્યા અહીં લહી અવતાર. ॥૩૪૨॥
દમની પુત્રી રાજા તણી, સત્યવાદી તે કહાવે ઘણી. ॥૩૪૩॥
તે બાઈને પુણ્ય પ્રતાપે કરી, આ રાયે ઓળખ્યા શ્રી હરિ. ॥૩૪૪॥
જાવો રાજા તમે શ્રી હરિ છે ત્યાંહાં, અમે પાખંડીને રાખીશું અહીંયાં. ॥૩૪૫॥
ઊભા હોય ત્યાં પાય જો પડી, અને ગયા રાજા જયાં હતા શ્રી હરિ. ॥૩૪૬॥
અભ્યાગતની એવી રીત, જાણે યુગે યુગની હોતી પ્રીત. ॥૩૪૭॥
ક્રોધે શ્રી હરિ બોલ્યા તેણી વાર, ચોર મારો છે તારા ઘર મોઝાર. ॥૩૪૮॥
એણે ડામાડોળ કીધો છે પૃથ્વી માંહે, અને ચોર મારો રાખ્યો છે આંહે. ॥૩૪૯॥
તેણે લાવી કરીને મુજ આગળ ધર, દેવા આવ્યો છું તુજને વર. ॥૩૫૦॥
ત્યારે રાજાએ શ્રી હરિ પ્રત્યે કીધું, સ્વામી આગમજ્ઞાન વાણી દીધું. ॥૩૫૧॥
તમે ઊભા રહો આણે ઠામ, હું પકડી લાવું આણે ધામ. ॥૩૫૨॥
એવી વિનંતી રાજાએ કહી, અને ગંધ પકડવા લાગ્યો જઈ. ॥૩૫૩॥
દૈત્ય મહાપરાક્રમી હતો જયાંય, તે જાણીને શોધ્યો ત્યાંય. ॥૩૫૪॥
ત્યારે કેડે દોડ્યા રઘુનાથ, અને રાજા પ્રધાન પણ ચાલ્યા સાથ. ॥૩૫૫॥
કેટલાયેક પ્રેમી સાથે જો ગયા, આગળ જઈને શ્રી હરિ ઊભા રહ્યા. ॥૩૫૬॥
રાજા પ્રધાન સ્તુતિ જો કરે, અને ખેણું ખેણું પાય જો પડે. ॥૩૫૭॥
દમની અને ભ્રાત બેઉ જણા જો જાયે, દોડ્યા આવે શ્રી હરિ ઊભા હોય ત્યાંયે. ॥૩૫૮॥
સર્વે ભક્તિ કરે અપાર, પ્રેમે શ્રી હરિ રીઝયા તેણી વાર. ॥૩૫૯॥
ગંધર્વસેનને કહે શ્રી હરિ, અને પુષ્પ પ્રધાન ઉપર દયા જો ધરી. ॥૩૬૦॥

વામન રૂપ ધરી આવીશ હું, ભક્ત કમલધ્વજ થાશે તું. ॥૩૬૧॥
પુષ્પસેન થાશે તારો પ્રધાન, જયદેવ હોશે એનું નામ. ॥૩૬૨॥
તેણી વારે તુંને વર દઈશ, જ્યારે મારી દુષ્ટને રાજ લઈશ. ॥૩૬૩॥
ગંધ દમની ઉપર દયા કરી, એમને વર આપ્યો શ્રી હરિ. ॥૩૬૪॥
ગંધ પ્રત્યે બોલ્યા ત્રિભુવન ધણી, દમની માતા થાશે તુજ તણી. ॥૩૬૫॥
કમલાપતિ તે તારું નામ, જ્યારે સહસ્રાર્જુનનાં ફેડશું ઠામ. ॥૩૬૬॥
હું જીતી દૈત્યને આવીશ આણી વાર, તમે આવશો સર્વે પૃથ્વી મોઝાર. ॥૩૬૭॥
એવાં વચન શ્રી હરિએ કીધાં જાણ, ચારે વચન લઈ પાછાં વળ્યાં નિરવાણ. ॥૩૬૮॥
આગળ શંખાસુર નાઠો જાય, ને પૂઠે ત્રિભુવનના રાય. ॥૩૬૯॥

રાજા ગંધર્વસેન અને પ્રધાન પુષ્પસેને કહ્યું: 'હે ભગવંત ! અમારા જન્મોજન્મના સુકૃત આજે ફળીભૂત થયાં. ધન્ય આજની ઘડી, આપ સાક્ષાત્ પરબ્રહ્મ નારાયણ અમારા આંગણે પધાર્યા છો, અમારી સેવાનો સ્વીકાર કરો.'

ભગવાન એમની લાગણી અને આંતરિક ભાવના જાણીને પરમ સંતુષ્ટ થયા પણ ઉપર ઉપરથી એમના પર પ્રેમકોપ કરીને કહેવા લાગ્યા: 'તમે પોતાને ભાગ્યવાન સમજો છો પણ મારા ચોરને તો ઘરમાં બેસાડી રાખ્યો છે. જેણે સ્વર્ગ, મૃત્યુ, પાતાળ ત્રૈલોક્યમાં એટલો બધો ઉત્પાત કરી નાખ્યો છે કે સર્વ સૃષ્ટિ એના લીધે કોપાયમાન થઈ ગઈ છે. એવા કપટી માયાવી દુષ્ટ શંખાસુરને તમે આશ્રય આપી ઘરમાં બેસાડી રાખ્યો છે, તો એને તરત મારા સ્વાધીન કરો નહીં તો વિના કારણ મારો ક્રોધ પામશો.'

ભગવાનની આવી પ્રેમાળ કૃપાળુ દિવ્ય વાણી સાંભળી પોતાને ધન્ય માનીને રાજાએ કહ્યું: 'હે ભગવાન ! તમારી આજ્ઞા અમારા શિરોમાન્ય છે. અમે બધા અસમર્થ છીએ, પણ અમારા જેવા પામર જીવ પર કૃપા કરો. સગુણ રૂપથી સાકાર તમે અગમ નિગમ ચિન્મય સ્વરૂપે આ જગ ચક્ર ચલાવવા માટે અલગ અલગ રૂપથી આ જગતનું કલ્યાણ કરો છો. તમારી કળા અમારા જેવા પતિત જીવ જાણવાને અસમર્થ છીએ.'

રાજા ગદ્‌ગદીત થઈને વિનંતી કરે છે ત્યાં રાજપુત્ર ગંધ શંખાસુરને પકડવા દોડ્યો, પણ શંખાસુર સર્વ હકીકત જાણી ગયો એટલે બધાની નજર ચૂકવીને ત્યાંથી અદશ્ય રૂપે નીકળી ગયો. છેલ્લે નિરાશ થઈ ગંધ અને રાજકુમારી દમની શ્રી હરિ પાસે આવીને ખિન્ન મુખે શ્રી હરિને વિનંતી કરવા લાગ્યાં.

શ્રી હરિએ બધાં પર પ્રસન્ન થઈને પ્રથમ ગંધર્વસેન રાજાને વરદાન આપ્યું કે; જ્યારે હું વામન રૂપ ધારણ કરીશ ત્યારે તું મૃત્યુલોકમાં અત્યંત પરાક્રમી સદ્‌ભક્ત કમલધ્વજ નામનો રાજા હોઈશ. આ પુષ્પસેન એ વખતે પણ તારો જ પ્રધાન થશે. બંને સદ્‌ભક્તિના યોગથી બ્રહ્માનંદમાં લીન થઈ અંતે મને આવી મળશો ત્યારે તમારો ઉદ્ધાર થશે.

પછી રાજકુમાર ગંધને ભગવાને વરદાન આપ્યું કે: 'જ્યારે હું પરશુરામ અવતાર ધારણ કરીને પૃથ્વી પર પાપનો ભાર ઉતારીને પૃથ્વી પવિત્ર અને શુદ્ધ કરીશ એ વખતે તું ભક્ત કમળાપતિ નામે અવતાર ધારણ કરી આ દમનીના ઉદરે જન્મ લઈશ અને તારા પોતાના જ તપ સામર્થ્યથી ત્રૈલોક્યને ઉજાળી નાખીશ અને છેલ્લે તમે બધા મને જ આવીને મળશો, ત્યારે તમારો ઉદ્ધાર થશે. આ પ્રકારે દિવ્ય વરદાન આપી શ્રી હરિ શંખાસુરની પાછળ જવા માટે ત્યાંથી અંતર્ધાન થઈ ગયા.

ત્યાં દૈત્યના દાવ અવળા કરી, ભક્તોને વરદાન આપે શ્રી હરિ.॥૩૭૦॥
આગળ આવે તલાતલ પાતાલનાં તલ, શંખવો ઊભો રહે ત્યાં અટલ.॥૩૭૧॥
ધવલનગર કહાવે છે જહાં, ધવલંગ રાજા રાજ કરે છે તહાં.॥૩૭૨॥
તે ધવલ રાજા બેઠા છે જહાં, ત્યારે શંખાસુર જઈને નમ્યો તહાં.॥૩૭૩॥
તાહા દૈત્ય મુખથી બોલ્યો થઈને દાસ, રાખો શરણે મુજને આવ્યો તમ પાસ.॥૩૭૪॥
હું આવ્યો છું શરણે તમારે આજ, પૂઠે શ્રી હરિ આવે છે મારવા કાજ.॥૩૭૫॥
તે રાજાની રાણી બોલી સત્ય ભાયે, ગોર બ્રહ્માનો ચોર રાખ્યો નવ જાયે.॥૩૭૬॥
ત્યારે એવાં વચન દૈત્ય શું રાણીએ કહ્યા, ત્યાં તો શ્રી હરિ આવી સંચર્યા.॥૩૭૭॥
જો તમે રાણી દૈત્યનો આપો ભેદ, તો મારી દૈત્યને વાળું વેદ.॥૩૭૮॥
જો તમે હરિ મુજને આપો કોલ, તો દેખાડું દૈત્યનો ઠોર.॥૩૭૯॥
ત્યારે શ્રી હરિએ કોલ કીધો સહી, આઠમે રૂપે દ્રૌપદીની વાચા પાળીશું તહી.॥૩૮૦॥

આગળ આગળ શંખાસુર માયાવી બળથી અલગ અલગ યુક્તિ-પ્રયુક્તિ કરતો જાય છે, પરંતુ એના બધા દાવ અવળા કરી શ્રી હરિ તેની પાછળ પાછળ તેને પકડવા આવતા રહે છે. છેલ્લે શંખાસુર તળાતળ પાતાળમાં આવી રહ્યો. ત્યાં ધવલનગરમાં ધવલંગ રાજાના નગરમાં જઈને શંખાસુરે પોતાનું માયાવી પાશ નાખ્યું.

રાજા ધવલંગ પોતાના સુખાસન પર શાંતિથી બેઠા હતા. રાણી એમની સેવાચાકરી કરતાં હતાં એ વખતે શંખાસુર ત્યાં જઈ પહોંચ્યો અને નમન કરી અત્યંત દીન બની પોતાની હકીકત કહી. છેલ્લે રક્ષણ માટે વિનંતી કરવા લાગ્યો. પણ રાણીને શંખાસુરના કપટની જાણ થઈ ગઈ હોવાથી ક્રોધાવેશમાં તેની અવગણના કરતાં કહ્યું: 'અહીં તને જરા પણ રક્ષણ મળશે નહીં. પોતાના પિતા પાસેથી વેદ ચોરીને પિતાને કળાહીન કરનાર કુપુત્રને રક્ષણ અને આપીશું નહીં. તને ફાવે ત્યાં તું જા, પણ અસત્ કૃત્યનું પ્રાયશ્ચિત તારે ભોગવવું જ પડશે. તું પાછો વળ અને શ્રી હરિના જ શરણમાં જા અને તારાથી જે અનર્થ થયો છે તેનું પ્રભુ પાસે નિવારણ કરી લે, શ્રી હરિના ચરણ પકડી તેની માફી માગી લે.'

રાણીનાં વચન સાંભળી ક્રોધિત થયેલો શંખાસુર દૈત્ય ત્યાં ક્ષણવાર પણ ઊભો રહ્યો નહીં અને તરત જ ત્યાંથી આગળ જવા રવાના થઈ ગયો.

એટલામાં શ્રી હરિ ત્યાં આવ્યા અને એમણે અંતર્જ્ઞાનથી રાણીનો મનોભાવ અને દૈત્યની સાથે કરેલી વાતો જાણી લીધી અને પછી રાણીને વરદાન આપ્યું કે: 'હે રાણી ! હું જે વખતે આઠમો શ્રી કૃષ્ણનો અવતાર ધારણ કરીશ ત્યારે તું દ્રૌપદી રૂપથી પ્રગટ થઈશ. તારી અનન્યનિષ્ઠા ભક્તિથી હું તારું સદ્‌વચન પૂર્ણ કરીશ અને તારું રક્ષણ કરીશ.'

દૈત્યને શબ્દ બાણ મારે ભરી, ભક્તોને વર આપે શ્રી હરિ. ॥૩૮૧॥
આગળ આવે તલ પાતાલ, વળી શંખવો ઊભો તેણે ઠાર. ॥૩૮૨॥
અનંત દૈત્ય શું યુદ્ધ જો કરે, અને ભક્ત તણાં કારજ સરે. ॥૩૮૩॥
ત્યારે બોલ્યો દૈત્ય વચન એહ, શા માટે શ્રી હરિ આવો છો નેહ. ॥૩૮૪॥
જાણ્યું નથી આગળ જવાનું ઠામ, વચન એક બોલ્યો તેણી વાર. ॥૩૮૫॥

ત્યારે નાસીને કનકનગરમાં ગયો, અને જઈ કનકાસુરની સભામાં રહ્યો. ॥૩૮૬॥
સત્‌ગુરુ બોલ્યા આગમ વાણ, જે હરિ તણાં હું કહું વખાણ. ॥૩૮૭॥
સત્‌ગુરુ કહે છે એ નિર્વાણ, અને સત્યવાદી જીવનાં કરું વખાણ. ॥૩૮૮॥
સાંભળો રખેશરો સત્‌ગુરુ કહે, એવા જીવ સત્યવાદી લોક કહે. ॥૩૮૯॥
પણ તેમાં લોકને એવી ચાલ, જયાં બ્રહ્મા વિષ્ણુ લઈ આવે અવતાર. ॥૩૯૦॥
સત્‌ગુરુ વાણી બોલ્યા અપાર, ભાઈ ચૌદ લોકના જીવ ઓધરે પૃથ્વી મોઝાર. ॥૩૯૧॥
જેમાં ઈશ્વર થઈ આવે છે અંશ, જેમાં બ્રહ્મા વિષ્ણુ છે અંશ. ॥૩૯૨॥
તેણે અંશે જે થાય અવતાર, તે સર્વે જીવોના કરે ઉદ્ધાર. ॥૩૯૩॥
તે ધરી અવતારને આવે આંહી, ને તે જીવો કારણ પૃથ્વી માંહી. ॥૩૯૪॥
આદે વાચા દીધી છે જેહ, આદ વચન સાંભળી આવે છે તેહ. ॥૩૯૫॥
દીધી વાચા કાંય ભૂલો છો તમે, સાંભળીને આવીએ છીએ અમે. ॥૩૯૬॥
જે દીધી વાચાઓ ભૂલી જાય, સત્‌ગુરુ કહે તે જન દુઃખીયા થાય. ॥૩૯૭॥
તમે જાણો છો જે બ્રહ્મા આવે છે આંય, અને બ્રહ્મા વિષ્ણુ વસે છે ચૌદ લોક માંય. ॥૩૯૮॥
સર્વે લોકનું અમે ઉતારીએ પાપ, અને જે લોક જપે છે અમારો જાપ. ॥૩૯૯॥
જે અમારું સત્‌ગુરુ નામ, તો કહીએ જુજવા જાપ ને જુજવાં ઠામ. ॥૪૦૦॥

દૈત્ય શંખાસુરની પાછળ જતાં જતાં અને માર્ગમાં મળેલા સદ્‌ભક્તોને વરદાન આપતા આપતા અનેક દુષ્ટ લોકોનો સંહાર કરતા કરતા શ્રી હરિ આગળ આગળ જવા લાગ્યા. આગળ શંખાસુર તળ પાતાળના માર્ગમાં પહોંચી શ્રી હરિની રાહ જોવા લાગ્યો. દૂરથી શ્રી હરિ દેખાતાં એણે ફરી માયાવી યુદ્ધની જાળ પાથરી અને મોટા આડંબર (મિથ્યાભિમાન)થી શ્રી હરિને કહેવા લાગ્યો; 'હે ભગવાન, નારાયણની પ્રેરણાથી અને બ્રહ્મદેવે વૈદિક જ્ઞાનનો અહંકાર રાખવાથી મારા આ કાર્યમાં તમે વિના કારણ વિઘ્ન ઊભાં કરો છો, એટલે તમે હવે પાછા જાવ. આ વેદો કદાપી તમને હાથ લાગશે નહિ.'

શ્રી હરિ બોલ્યા: 'એ દુષ્ટ શંખવા, આ તું કોને કહી રહ્યો છે ? તારો સંહાર કરીને પણ વેદ પાછા લઈ જવા માટે હું આવ્યો છું. આ કાર્ય પૂર્ણ થયા વગર હું પાછો જવાનો નથી. તું સીધી રીતે વેદ પાછા આપ, નહીંતર યુદ્ધ માટે તૈયાર થા. આમ કહી ભગવાને તેના પર પાશ નાખ્યો, પણ એ ચતુર દાનવ તરત જ એમાંથી છટકીને ભાગી છુટ્યો અને કનકનગરના કનકાસુર રાજાને ત્યાં આશ્રય માટે દોડ્યો.

સદ્‌ગુરુ મહારાજ કહે છે કે: હે વિદ્વાનજનો, જે અવગુણ કરે તેનો ગુણ જ લેખવો. શંખાસુરના અવગુણના કારણે અનેક ભક્તોનાં કાર્ય થયાં છે, એવું લાગે છે. કારણ કે એ જે જે સદ્‌ભક્તો પાસે ગયો તેમની ભક્તિની પરિપૂર્ણતા પૂર્ણ થવાથી શ્રી હરિ પાસેથી તેમને ઈષ્ટ ફળની પ્રાપ્તિ થઈ. આ ઉદ્દેશથી શંખાસુરે તેવા જ સ્થાનોનો આશ્રય લીધો. અનાયાસે એને મારવાના ઉદ્દેશથી શ્રી હરિ એ ભક્તો પાસે ગયા પછી ભક્તોના ઈચ્છિત મનોરથો પૂર્ણ થતા ગયા.

સદ્‌ગુરુ મહારાજ કહે છે: ખરેખર ધન્યવાદ એ સદ્‌ભક્તોને છે કે એમના પ્રેમ ભક્તિના આકર્ષણથી શ્રી હરિ એમની પાસે પહોંચ્યા. ચૌદ ભુવનમાંથી દેવગતિ પામેલ જીવાત્મા પણ પોતાના ઉદ્ધાર માટે આ મૃત્યુલોકમાં જન્મ્યા છે કારણ કે આ

મૃત્યુલોક કર્મ ભૂમિ છે. બીજાં ભુવનો ફક્ત ભોગ ભૂમિ છે. કરેલાં કર્મોનો ઉપભોગ ફક્ત સ્વર્ગલોકમાં જ મળે છે, પણ મુક્ત થવા માટે એમને મૃત્યુલોકમાં જ ફરીથી અવતાર ધારણ કરવો પડે છે. આવા સંસ્કારી જીવોના ઉદ્ધાર માટે શ્રી વિષ્ણુ ભગવાન અલગ અલગ અવતાર ધારણ કરી પ્રગટ થતા હોય છે.

સૃષ્ટિનું પાલન, દુષ્ટોનો સંહાર અને માનવ સમાજ સુવ્યવસ્થિત થાય એ માટે ધર્મની સ્થાપના કરવા માટે શ્રી હરિ ઈશ્વર અંશ ધારણ કરતા હોય છે અને એ અવતાર પાત્રની જગતને સમજણ આપવા માટે બ્રહ્મદેવે બ્રહ્મસ્વરૂપ આવા સદ્‌ગુરુને તે કાર્ય સોંપ્યું છે. તેઓ સદ્‌ભક્તોને સદ્‌માર્ગના નીતિનિયમ અને ઈશ્વરી ભક્તિ, જપ, પૂજા, ધ્યાન, સેવા વગેરેનું માર્ગદર્શન આપી એમને વેદશાસ્ત્ર વચનાનુસાર આચરણ કરાવી મુક્તિપદના અધિકારી કરે છે.

આ રીતે આદિ નારાયણથી મળેલા વરદાન પ્રમાણે અને વચનપૂર્તિ માટે વેદવિધાન અનુસાર વિષ્ણુ અને બ્રહ્માને અલગ અલગ અવતાર ધારણ કરવા પડે છે. એ માટે સદ્‌ગુરુ કહે છે કેઃ ઈશ્વરે પણ આપેલ વચનનું પાલન દેવોને પણ કરવું પડે છે, તો આ માટે આપણે પણ સજાગ રહીને આપણા જીવનને સાર્થક કરી લઈએ.

સત્‌ગોર વૃત્તાંત કહે ભણી, સાંભળો કથા રાજા કનકાસુર તણી. ॥૪૦૧॥
એક ટોળના જીવ જેહ, સર્વે મળશે સ્વર્ગમાં તેહ. ॥૪૦૨॥
જેણે ઓળખ્યાં અમારાં તન, તો અમે દીધું સત્ય વચન. ॥૪૦૩॥
તેણે વચને બાંધ્યા અવતરું છું આંહે, અને સર્વે જીવ ઓધરવા છે પૃથ્વી માંહે. ॥૪૦૪॥
જ્યાં હરિ અંશ કુળ હશે વાસ, અમારા જીવ તો હશે તેને પાસ. ॥૪૦૫॥
એવી વાણી સત્‌ગોર કહે, અમારા જીવ તે અમારી પાસે રહે. ॥૪૦૬॥
ત્યાં જઈને શંખાસુર શું કરે, પ્રથમ આવી સભામાં સંચરે. ॥૪૦૭॥
ત્યારે શ્રી હરિ ત્યાં શું કરે, જે અનંત કળા પૂરણ ધરે. ॥૪૦૮॥
ત્યાં દૈત્યરાજ સભામાં ગયો, અકળિત બળથી એ અછતો થઈ રહ્યો. ॥૪૦૯॥
ત્યાં શ્રી હરિ સભામાં જાય, ત્યારે ત્યાં શ્રી હરિના મનમાં એવું થાય. ॥૪૧૦॥
જ્યારે પૃથ્વીને માર્ગે બેઠા દેવ, ત્યારે ગંધર્વ મળી આવીયા તત્‌ખેવ. ॥૪૧૧॥
ત્યાં દેવે એક કુદરતી સર્પ જો વસ્યો, તે સર્પ જઈ માદળીયાને ડસ્યો. ॥૪૧૨॥
ત્યાં માર્યો માદળીયો સર્પ ડસ્યો, અને ગોર પરવારી ચસ્યો. ॥૪૧૩॥
ત્યાં ગંધર્વ ખેલ કરતા ભયા, તે કારણ શ્રી હરિ સાથે ગયા. ॥૪૧૪॥
ત્યાં ગંધર્વના મનમાં એવી ફિકર જો થાય, અને માદળીયા વિના માદળ કોણ બજાય. ॥૪૧૫॥
ત્યારે શ્રી હરિ બોલ્યા મનમાં એ વિચાર, તમે કહો તો માદળ બજાઉં અપાર. ॥૪૧૬॥
ત્યારે ગંધર્વ બોલ્યા તત્ ખેદ, તું માદળનો શું જાણે ભેદ. ॥૪૧૭॥
તહાં ત્રિભોવનરાય એમ જો કહે, સત્‌રાય નામનો ગંધર્વ રહે. ॥૪૧૮॥
તેને દ્વારે તે ગયા સહી, ત્યાંથી માદળની પેહેર જો લઈ. ॥૪૧૯॥
ત્યારે ગંધર્વ બોલ્યા તેણી વાર, હવે આપણું કારજ સર્યું અપાર. ॥૪૨૦॥
ત્યારે ગંધર્વ ખેલ કરતા તત્‌ખેવ, અને કનકાસુરને ઘેર બેઠા દેવ. ॥૪૨૧॥

ત્યાં જઈને કીર્તનનું માંડ્યું મંડાણ, ત્યારે શંખવો દાનવ બેઠો જાણ. ॥૪૨૨॥
ત્યાં રાગ તાનનો માંડ્યો અભ્યાસ, ત્યારે માદળ લઈ કરી બેઠા દાસ. ॥૪૨૩॥
ત્યારે શ્રી હરિ સભામાં જાય, શ્રી હરિ આપે માદળીયા થાય. ॥૪૨૪॥
ડેરે એક બજાવી જયાંય, ત્યારે ત્રણે ભવન ગર્જાવ્યાં ત્યાંય. ॥૪૨૫॥
જયારે માદળ બોલ્યો ધમધમકાર, ત્યારે કાંપ્યા સાતે પાતાળ. ॥૪૨૬॥
જયારે મરદંગ નાદ બજાવે શ્રી હરિ, ત્યારે ત્રણ ભવનમાં ગર્જના કરી. ॥૪૨૭॥
ત્યારે શંખાસુર મનમાં એવું ધરે, જો માદળીયો હોય તો આવું ન કરે. ॥૪૨૮॥
કનક રાજાએ જાણ્યું સહી, એ પ્રેમ પુરુષ એ માણસ નહીં. ॥૪૨૯॥

સદ્‌ગુરુ મહારાજ કહે છે કેઃ 'જે સંસ્કારી જીવ જ્ઞાન અને ધ્યાનથી યુક્ત થઈ બ્રહ્મ સ્થિતિ એટલે આત્મ જાગૃતિની પ્રાપ્તિ કરી લેતા હોય છે, તેવા સદ્‌ભક્તગણના ઉદ્ધાર માટે અને એમને આપેલા વચનની પૂર્તિ માટે ઈશ્વર પાસેથી પ્રેરણા મળેલ અધિકારી જીવન મુક્ત મહાત્માઓ માનવ જન્મ ધારણ કરી અદ્વૈત તત્ત્વોનો બ્રહ્મોપદેશ કરે છે. જાતિભેદ અથવા કુળભેદ વગેરે ન રાખતાં એ મહાત્માઓ માનવ માત્રને દિવ્ય જ્ઞાનોપદેશ કરે છે. જે સદ્‌ભક્ત એ અદ્વૈત જ્ઞાન ગ્રહણ કરી એ પ્રમાણે વર્તે તે જાતિ ભેદ રહિત થઈને બ્રહ્મપદને આવી મળે છે. આ વિષય પર જેટલું કથન કરીએ એટલું ઓછું જ છે.

શંખાસુર કનકનગરીના કનકાસુર રાજાના દરબારમાં જઈને ગુપ્ત વેષ ધારણ કરીને બેઠો હતો. શ્રી હરિએ અંતર્જ્ઞાનથી જાણીને પોતાના અંગોની અનંત કલાના બળથી દૈત્યને મારવાનો વિચાર કર્યો.

કનકનગરમાં પ્રવેશ કરવાના પહેલા દરવાજાની પાસે શ્રી હરિ ઊભા હતા ત્યારે એમને એક ગંધર્વ દેખાયો. ગંધર્વ એના મૃદંગ સાથે નગરમાં જવાનો વિચાર કરતો હતો ત્યારે શ્રી હરિએ એને પૂછ્યું કેઃ ગંધર્વ, તું ક્યાં જાય છે ?

એટલે ગંધર્વે કહ્યુંઃ 'અમારા ઈંદ્ર રાજાના કહેવાથી હું અને મારો મૃદંગ અમે દરરોજ કનકાસુર રાજાના દરબારમાં જઈને રાજાને અને તેના સર્વ સુસંસ્કારી સભાજનોને ગાયન-વાદન-કીર્તન કરી શ્રી હરિના ગુણગાન સંભળાવીએ છીએ.'

ગંધર્વ આટલું કહે છે ત્યાં જ પાસેથી ઝાડીમાંથી એક સર્પ અચાનક આવી એક જ ક્ષણમાં મૃદંગને કરડ્યો અને તત્ક્ષણમાં જ તે મૃદંગ મરણ પામ્યો. ગંધર્વ અપાર શોક કરવા લાગ્યો અને કહેવા લાગ્યો; આ મૃદંગ જેવો ગાયનવાદન કલામાં નિપુણ કોઈ જ નહોતો. હવે હું શું કરું ? કનકાસુરને આપેલ વચનનું મારાથી પાલન થવું શક્ય નથી, કારણ મૃદંગ વગર મને ગાયન કીર્તન કરતાં આવડશે નહીં, એના જેવો બીજો મૃદંગ મળવો શક્ય નથી. એમ મોટે મોટેથી વિલાપ કરી તે રડવા લાગ્યો.

શ્રી હરિએ એને સમજાવીને કહ્યું કેઃ તને વાંધો ન હોય તો તારું કાર્ય હું પૂર્ણ કરી તને સાથ આપીશ. શ્રી હરિની વાત સાંભળી ગંધર્વને હાશ થઈ. ગંધર્વે શ્રી હરિને એક તાલ વગાડવા કહ્યું. શ્રી હરિએ એક તાલ વગાડી ગંધર્વને ખુશ કર્યો.

ગંધર્વે પૂછ્યુંઃ તું મૃદંગ વગાડવાનો ભેદ ક્યાંથી શીખ્યો છે ?

ત્યારે શ્રી હરિએ કહ્યું કેઃ સત્‌રાય નામનો એક ગંધર્વ છે એની પાસેથી હું આ કલા શીખ્યો છું.

ગંધર્વને અપાર આનંદ થયો અને તે શ્રી હરિને સાથે લઈ એ કનકાસુરના દરબારમાં ગયો અને એણે કીર્તનની આરાધ શરૂ કરી. આ સાંભળી ગુપ્ત વેષધારી શંખાસુર સળવળવા લાગ્યો. ગંધર્વે રાગ, તાન, આલાપ કરી કીર્તનમાં રંગ જમાવ્યો. મૃદંગ પ્રત્યક્ષ શ્રી હરિ જ હોવાથી રંગ લાગવામાં કોઈપણ ઉણપ આવી નહીં. રાજા, બધા દરબારી, પ્રજાજનો કીર્તન સાંભળવામાં એકદમ તલ્લીન થઈ ગયા. શંખાસુર પણ તલ્લીન થઈ ડોલવા લાગ્યો અને મૃદંગની પ્રશંસા કરવા લાગ્યો.

શ્રી હરિએ વચ્ચે જ એક તાલ એવો અદ્ભૂત રીતે વગાડ્યો કે એ નાદથી ત્રિભુવન ગાજવા લાગ્યાં અને સપ્તપાતાળ જાણે ડોલાયમાન થવા લાગ્યાં. આવો એ તાલ સાંભળતાં જ શંખાસુર એકદમ ગભરાઈ ગયો અને વિચાર કરવા લાગ્યો કે, આ સામાન્ય મૃદંગ હોય તો એનાથી આવો નાદ ન થાય આ સાક્ષાત્ શ્રી હરિ જ હોવા જોઈએ. આવો વિચાર મનમાં આવતાં જ તે કંપાયમાન થયો અને ભયગ્રસ્ત થઈ ત્યાંથી ભાગવા લાગ્યો.

કનકાસુરને કરુણાસુર ભાઈ, વિદ્યાસુર ને વહેસુર ચારે એ ભાઈ.॥૪૩૦॥
ચારે બાંધવ જઈને શું કરે, લાગે પાયને શ્રી હરિની સેવા ધરે.॥૪૩૧॥
સ્વામી તમે વસો છો પૃથ્વી માંહે, ધન ભાગ્ય જે પધાર્યાં આંહે.॥૪૩૨॥
જે ઈચ્છા કરતા હતા અમો, તો કૃપા કરીને સ્વામી આવ્યા તમો.॥૪૩૩॥
સ્વામી તમો આવ્યા છો દેવ, અમે શી તમારી કરીયે સેવ.॥૪૩૪॥
ભલે શંખવો આવ્યો આંહે, તો તમે પધાર્યા પાતાલ માંહે.॥૪૩૫॥
જયારે તમે આવ્યા પાતાળ, ત્યારે અમને મુક્તિ થઈ દીનદયાળ.॥૪૩૬॥
સ્વામી કરી સ્થાપનાને આપો ધર્મ, અને ઉતારો અમારા જીવોનાં કર્મ.॥૪૩૭॥
ત્યારે પ્રેમે શ્રી હરિ પામ્યા આનંદ, અને શંખવાને કરવા છંદ.॥૪૩૮॥
ત્રિભુવનપતિએ દીધું વચન, અને કનકાસુરને સ્થાપ્યો હરિશ્ચંદ્ર.॥૪૩૯॥
તમે અમે એક કુળમાં થઈશું, અમે અમરાપુરમાં વાસ કરશું.॥૪૪૦॥
સત્ય વચન ભાખીએ છીએ અમે, અને મુક્તિ કારણ રાજા કષ્ટ પામશો તમે.॥૪૪૧॥
ત્રણ બાંધવ હોતા તેણે ઠાર, અને સરજાવશું એક જ કુળ મોઝાર.॥૪૪૨॥

કનકાસુર, કરુણાસુર, વિદ્યાસુર અને વહેસુર આ ચારેય સુસંસ્કારી અને તપોબળ તેજધારી જીવોએ મૃદંગ વગાડનારા શ્રી હરિને અંતરમાંથી ઓળખ્યા અને એ બધા શ્રી હરિ પાસે આવી હાથ જોડી ઊભા રહ્યા. બધા જ સભાજનો અને સ્વયં ગંધર્વ પણ આશ્ચર્યચકિત દિગ્મૂઢ થઈ ગયા.

ચારેય ભાઈઓ હાથ જોડી શ્રી હરિને કહેવા લાગ્યા; 'હે ભગવાન ! અહોભાગ્ય અમારું કે આજે અમારો ઉદય થયો. અમારા પાતાળના લોકોનું જન્મજન્મોનું પુણ્ય કર્મ આજ ફળીભૂત થયું. અમે જે મનેચ્છા મનમાં રાખી હતી તે આજે કાળક્રમે આપની કૃપામય અમૃતમય દૃષ્ટિથી પરિપૂર્ણ થઈ. ખરેખર અમે શંખાસુરના પૂર્ણપણે આભારી છીએ કે જેણે અમારા ઉપર દયા કરી પોતાના કર્તવ્યથી આપના સાક્ષાત્ સ્વરૂપને અમારે ત્યાં લાવી અમો અલ્પમતિ જીવાત્માને દર્શન કરાવ્યાં, તમારાં દર્શન થયાં, બસ ! આ સિવાય અમને બીજી કોઈ જ આકાંક્ષા નથી. હે જગદીશ્વર ! આપની અનંત લીલામય એક દૃષ્ટિપાત સિવાય મુક્તિપદનું સુખ બીજુ કોઈ હશે ખરું ? આપ અમારા પર દયા કરી અહીં આપના સદ્ધર્મની સ્થાપના કરો, સતત દર્શન રૂપે અમારા પર કૃપા દૃષ્ટિ કરી આ કર્મ રૂપી સંસાર સમુદ્રમાંથી પાર ઉતારી આપની સાથે લઈ જાઓ.'

ચારેય ભાઈઓની વિનંતી-સ્તુતિ-પ્રાર્થના સાંભળી શ્રી હરિ સંતુષ્ટ થયા અને એમણે કનકાસુરને વરદાન આપ્યું કે: 'તું મૃત્યુલોકમાં ત્રેતાયુગમાં રાજા હરિશ્ચંદ્ર નામથી પ્રસિદ્ધ થઈશ અને સ્વસત્ત્વથી તારું પોતાનું રક્ષણ કરતાં કરતાં અપાર ત્યાગ કરી, અનંત કસોટી સહન કરી છેલ્લે મને આવીને મળીશ. એટલું જ નહીં પણ તારા અપાર સત્કૃત્યોના પુણ્યના બળથી હું તારા કુળમાં મારો સાતમો શ્રી રામ અવતાર ધારણ કરીશ. આ તારા ત્રણ ભાઈઓ અને તું બધાં એક જ વંશમાં અવતાર ધારણ કરી અગણિત પુણ્યબળના યોગથી અમરાપુરીના અધિકારી બનશો.

હવે શંખવાને પકડવા જાય શ્રી હરિ, ત્યારે મોટે માર્ગે ચાલ્યો નીસરી. ॥૪૪૩॥
જ્યારે શંખાસુર નાઠો તેણી વાર, નાસતાં મનમાં કર્યો વિચાર. ॥૪૪૪॥
દૈત્ય કળા હીન જો થઈ, હવે શ્રી હરિ આવી પકડશે સહી. ॥૪૪૫॥
તે પાતાળ માંહે ભૂતલ દેશ, ત્યાં જઈ શંખવો બદલે વેશ. ॥૪૪૬॥
ભાંગ્યું બળને કાંપ્યો મન, હમણાં મારું ભાંગશે તન. ॥૪૪૭॥
ભૂતલ દેશને ભેદનગર કહાવે જહાંય, રાજા મચ્છરાજ રાજ્ય કરે ત્યાંય. ॥૪૪૮॥
એ રાજા મચ્છરાજા રાજ કરે છે જ્યાંય, શંખાસુર જઈને સંચર્યો ત્યાંય. ॥૪૪૯॥
તે રાજા સત્યવાદી એક, અને વળી મહા તપ કીધાં અનેક. ॥૪૫૦॥
તેણે અનેક અગ્નિની સહી આંચ, તે તો પામ્યો પુત્ર પાંચ. ॥૪૫૧॥
પાંચે પુત્ર એક મન શું વિચાર, માતા પિતાની તે સેવા ઓચરે સાર. ॥૪૫૨॥
એવું તેણે જાણ્યું જ્ઞાન, અને સેવા તણું તેણે લીધું નામ. ॥૪૫૩॥
એ પાંચે બંધવની એવી રીત, અનેક પેરે પાંચે બાંધી પ્રીત. ॥૪૫૪॥
મહાસંતોષે પાંચે રહે, અને પોતાનો ગુણ તે કોઈને ન કહે. ॥૪૫૫॥
ધર્મ તણો જે કરે વહેવાર, અને એક મન થઈને એક વિચાર. ॥૪૫૬॥
એકને એવી વાણી કહી, તો પાંચેને મન આવે સહી. ॥૪૫૭॥
જ્યાં સકળ સભા બેઠી છે ત્યાંય, ત્યાં વેદ વાંચે દૈત્ય ત્યાંય. ॥૪૫૮॥
રાજા અને પુત્ર બેઠા છે સોય, ત્યાં દૈત્ય શંખાસુર બોલ્યો છે જોય. ॥૪૫૯॥
હું લાવ્યો છું ગોર બ્રહ્માના વેદ, તેનો તમે સુણોને ભેદ. ॥૪૬૦॥
હું આવ્યો તમ શરણે રાખો મારી લાજ, પૂઠે શ્રી હરિ આવે છે મારે કાજ. ॥૪૬૧॥
ત્યારે કુંવર કહે છે એમ, તું ગોર બ્રહ્માના વેદ લાવ્યો છે કેમ. ॥૪૬૨॥
તે કુંવરે વિચાર્યું સત્ય જો ભાય, જે નારાયણનો ચોર રાખ્યો નવ જાય. ॥૪૬૩॥
ત્યારે દૈત્ય મનમાં વિચાર જો ધરે, ચારે વેદનું વાચન કરે. ॥૪૬૪॥
જ્યારે વાંચી વેદને વિચાર કરે, ત્યાં નારાયણ દેવ આવી સંચરે. ॥૪૬૫॥

કનકાસુર અને ઈતર બ્રહ્મભક્તગણને વરદાન આપી શ્રી હરિ શંખાસુરને પકડવા માટે શોધતા શોધતા આગળ જવા લાગ્યા. શંખાસુર પહેલેથી જ ત્યાંથી નીકળી બીજા માર્ગેથી આગળ નીકળી ગયો હતો. પણ હવે તે વેગથી દોડી શકતો નહોતો એટલો એ થાકી ગયો હતો. શંખાસુર ચિંતાતુર થઈ મનમાં વિચાર કરવા લાગ્યો કે હવે આપણાથી કાંઈ થશે નહીં, શ્રી હરિ મારી ઉપર પાશ નાખી મારો નાશ કરવા સિવાય રહેશે નહીં. આવો વિચાર મનમાં આવતાં જ એનું સર્વ અંગ કાંપવા લાગ્યું, અને મનથી તે ભાંગી પડ્યો. પછી તલ પાતાળમાં ભૂતલ દેશના ભેદનગરમાં આવી પહોંચ્યો.

ભેદનગરમાં મચ્છરાજ નામનો પવિત્ર હૃદયનો અને સત્યવાન રાજા રાજ કરતો હતો. ખૂબ દૃઢ નીતિ નિયમથી પ્રજાનું પુત્રવત્ રીતે પાલન કરતો. પ્રજા હિતેચ્છુ રાજા મચ્છરાજ પોતે મહાન તપશ્ચર્યાવાન પણ હતો. અતિ કઠોર એવી પંચાગ્નિ સાધના કરી યમ નિયમાદીથી પ્રાણ સંયમના યોગથી ઈંદ્રિય દમન આત્મનિગ્રહ કરી આત્મ સ્થિતિ તેને કેળવી હતી.

તપોબળથી એણે પોતાના પરમ પ્રિય એવા અને માતાપિતાની આજ્ઞા માનવાવાળા પાંચ પુત્ર પ્રાપ્ત થયા હતા. પાંચેય પુત્ર એક વિચારના અને માતાપિતાની સેવામાં કાયમ મગ્ન રહેતા હતા. બધા આત્મજ્ઞાનથી પરિપૂર્ણ હોવાથી સેવાવ્રતમાં સદાય તત્પર રહેતા.

આ પાંચેય પુત્રો એકબીજાના પરમ સ્નેહી તો હતા જ પણ એ કરતાં એમની વર્તણૂક પરમ સંતોષી, આત્મજ્ઞાની અને ધાર્મિક હતી. એ પાંચેય મુખમાંથી વાણી ઉચ્ચારતા તે શીરોમાન્ય રાખીને અરસપરસ એકબીજાની આજ્ઞાપાલન કરતા એવી એમની ઉચ્ચ ભાવનાઓ હતી.

આવા એ અલૌકિક પ્રેમાળ બંધુઓ અને એમનાં માતાપિતા તેમજ સર્વ પ્રજાજન સભામાં બેઠાં હતાં ત્યારે શંખાસુર ત્યાં આવી પહોંચ્યો અને એ રાજાને ઉદ્દેશીને કહેવા લાગ્યોઃ 'હે રાજા, હું બ્રહ્મદેવ પાસેથી ચાર વેદ ચોરીને લાવ્યો છું. મને મારવા શ્રી હરિ મારી પાછળ આવે છે. હું તમારે શરણે આવ્યો છું. શરણે આવનારને શરણ આપવું એવો ક્ષત્રિય ધર્મ છે.'

શંખાસુરની આ વાત સાંભળી પાંચેય ભાઈઓને એ વાતનો ખૂબ જ ગુસ્સો આવ્યો અને કહ્યું કેઃ 'તું કોઈપણ પ્રકારે આ વેદ બ્રહ્મદેવને પરત કર, નહીં તો એ શ્રી હરિ તને માર્યા વગર રહેશે નહીં.' શ્રી હરિથી તારું રક્ષણ કરવા કોઈ સમર્થ નથી.

દૈત્ય મનમાં સમજી ગયો, કે અહીંયાં આપણું કંઈ ચાલશે નહિ. હવે કયો નિર્ણય લેવો એ વિષે સંકલ્પ વિકલ્પ કરવા લાગ્યો. એટલામાં શ્રી હરિ ત્યાં આવી પહોંચ્યા.

તે સમયે શ્રી હરિ સભા સમીપ આવીયા, અને આવી ઊભા બહાર રહીયા. ॥૪૬૬॥
ત્યારે મચ્છરાજને થઈ છે જાણ, શ્રી હરિ આવ્યા તે સહી પ્રમાણ. ॥૪૬૭॥
ત્યારે રાજા સામે આવ્યા જેહ, અને પાંચે પુત્ર સાથે તેહ. ॥૪૬૮॥
આવી શ્રી હરિને લાગ્યા પાય, વચન કહો ત્રિભુવન રાય. ॥૪૬૯॥
ત્યારે ત્રિભુવન રાયે વાણી કહી, ચોર મારો આવ્યો અહીં. ॥૪૭૦॥
ચોર મારો દેખાડશે જેહ, મુકતાફળ પામશે તેહ. ॥૪૭૧॥
રાજાએ વચન કહ્યું તેણી વાર, તે ચોર આવ્યો છે અમારા ઘર મોઝાર. ॥૪૭૨॥
બોલ્યા શ્રી હરિ તમો ધાઓ સર્વે મળી, રખે ચોર જાય ટળી. ॥૪૭૩॥
ત્યારે મગની દેવ બોલ્યો એહ, સ્વામી ચોર ટળે તો પાડીશ દેહ. ॥૪૭૪॥
શ્રી હરિ કહે દૈત્યનો ભેદ આપો મને, તો મનવાંછિત ફળ આપું તમને. ॥૪૭૫॥
હે સ્વામી મુજને આપો કોલ, તો અમે દેખાડીએ દૈત્યનો ઠોલ. ॥૪૭૬॥
શ્રી સત્‌ગુરુ દેવ બોલ્યા મુખ વાણ, એવા વચન વિષ્ણુએ કહ્યા જાણ. ॥૪૭૭॥
સુણી વચનને રિઝ્યા વિષ્ણુ દેવ, તારું નામ યુધિષ્ઠિર ધર્મ સ્થાપ્યું તેવ. ॥૪૭૮॥
થાબડી પૂઠને મસ્તકે દીધો હાથ, અને દેશું કષ્ટ પણ લેજો અમરાપુર ધામ. ॥૪૭૯॥
એવાં વચન સુણ્યાં તેણી વાર હો રાય, ચારે બાંધવ લાગ્યા શ્રી હરિને પાય. ॥૪૮૦॥
ત્યારે શ્રી હરિ બોલ્યા ત્યાંયે, પાંચે એક મનના થાશો પૃથ્વી માંયે. ॥૪૮૧॥
કૃષ્ણ અને બુદ્ધા અવતાર લેશું જયાંહે, ત્યારે કોલ તમારો પાળીશું ત્યાંહે. ॥૪૮૨॥
છેલ્લો યુગને દસમો અવતાર, અથર્વવેદનો પહેલો વિસ્તાર. ॥૪૮૩॥

લેશું બુદ્ધને નિષ્કલંકી અવતાર, ત્યારે વચન તમારાં પાળીશું તે વાર.॥૪૮૪॥
તમ તણો કરશું ઉદ્ધાર અમો, અને એ આગમ જાણો તમો.॥૪૮૫॥
કહી એમ અને દોડ્યા શંખવા ભણી, દૈત્યે કળા કીધી ઘણી.॥૪૮૬॥

શ્રી હરિ મત્સ્યરાજાની સભામાં જઈ ઊભા રહ્યા. મત્સ્યરાજાએ એકદમ ઊઠી દોડી જઈ શ્રી હરિના પગ પકડ્યા. મત્સ્યરાજાના પાંચેય પુત્રોએ શ્રી હરિને સાષ્ટાંગ પ્રણામ કર્યા. અનન્ય ભાવથી સ્તુતિ કરી એમને આગમન વિષેનું પ્રયોજન પૂછ્યું; ત્યારે શ્રી હરિએ બધા ઉપર પ્રેમ દૃષ્ટિથી જોયું અને શંખાસુર વિષેનું કથન કહ્યું. એ સાંભળી પાંચેય ભાઈમાંથી જ્યેષ્ઠ જે મગનીદેવ હતો તેને શ્રી હરિને આશ્વાસન આપ્યું કે; હે શ્રી હરિ ! તમે અહીયાં જ ઊભા રહો. અમે પાંચેય ભાઈ અથવા હું એકલો જ એ શંખાસુરને પકડીને લઈ આવું છું. એવું કહી એ જવા લાગ્યો.

ત્યાંજ શ્રી હરિએ મીનળદેવની એ કર્તવ્ય નિષ્ઠા જોઈ અને પ્રેમભાવ જોઈ મગનીદેવને શાબાશી આપવા માટે પીઠ ઉપર પ્રેમથી હાથ ફેરવી વરદાન આપ્યું કે; 'બાળક, તું ના જઈશ. તું દ્વાપર યુગનો ધર્મપુરુષ છે. દ્વાપર યુગમાં હું જ્યારે કૃષ્ણ અને બુદ્ધ અવતાર ધારણ કરી અનેકાનેક અવતારલીલા કરીશ ત્યારે તમે પાંચે ભાઈ પાંડવોના રૂપથી અવતરીત થશો. તેમાં તું પાંડુ રાજાનો જ્યેષ્ઠ પુત્ર યુધિષ્ઠિરના નામથી ઓળખાઈશ. પૃથ્વી ઉપર તમારા જેવા સત્‌વચની, સદ્‌વિચારી, સુસંસ્કારી અને સહૃદયી પ્રેમી બંધુઓ તમે જ થશો. તમને પહેલાંથી જ સુકૃત રૂપ સદૈવ ધર્માચરણ કરવાની બુદ્ધિ હોવાથી સહનશક્તિ પ્રાપ્ત થશે. અનંત પરિશ્રમ પડશે, પણ એકનિષ્ઠાથી બધાં કષ્ટ સહન કરી તમે અંતિમ ધ્યેય અમરપદને પ્રાપ્ત કરી લેશો, ત્યાં સુધી તમે અહિયાં આનંદથી રાજકાજ કરો. નીતિનિયમથી વર્તી ધર્મ કર્મ કરો અને બધા પ્રજાજનોને આનંદ અને સુખી કરો. હવે હું મારા કામ માટે નીકળું છું. તમે પરમ સંતોષથી પરમાત્માના ગુણગાન કરો.' એવું કહી શ્રી હરિએ ત્યાંથી શંખાસુરને પકડવા આગળ પ્રસ્થાન કર્યું.

ત્યાંથી શંખાસુર નાસીયો તત્કાળ, મહા પાતાળમાં જઈને રહ્યો તે વાર.॥૪૮૭॥
સત્‌ગુરુ સત્‌ બોલ્યા આગમ વાણ, સુણી લેજો તમે જાણ સુજાણ.॥૪૮૮॥
જેણે સરજ્યાં ચૌદ ભુવનને માંડ્યાં મંડાણ, તે શ્રી હરિનાં શું કરું વખાણ.॥૪૮૯॥
અનંત કળા દૈત્યમાં હોય, જેણે સરજ્યા તે મારે મોય.॥૪૯૦॥
મહાપાતાળમાં શંખવો જાય, સૂરજમલ રાજાની સભામાં રહ્યાય.॥૪૯૧॥
સૂરજમલ રાજા કહાવે જેહ, અને દૈત્ય ઉપાસની હોય તેહ.॥૪૯૨॥
વ્રત દૈત્ય તણાં જે કરે, ધ્યાન ઉપાસના રાક્ષસનું ધરે.॥૪૯૩॥
દાનવ કુળના કરે વિવેક, ચંદ્રસેન પુત્ર રાજાનો એક.॥૪૯૪॥
પુત્ર પિતાને નવ બને લગાર, ભક્તિ કારણ થાય વઢવાડ.॥૪૯૫॥
નગરલોક સર્વે કહેવા મળે, તે આગળ વચન કોનું નવ ફળે.॥૪૯૬॥
શંખવોને શ્રી હરિ બેઉ ત્યાં જાય, રાજાને દ્વારે ઊભા રહ્યાય.॥૪૯૭॥

શંખાસુર મત્સ્યરાજાના દરબારમાંથી ચિંતાગ્રસ્ત અંતઃકરણથી ભાગીને આગળ દોડવા લાગ્યો. ભાગતાં ભાગતાં વિચાર કરવા લાગ્યો કે મેં નારાયણની આજ્ઞાથી આ કાર્ય સ્વીકાર કર્યું છે, પણ છેવટે એના કરતાં આ વેદોનો ત્યાગ કરી સુખી થાઉં. આવો વિચાર કરે છે ત્યાં જ બીજું મન એને કહેવા લાગ્યું કે આપણે અંગીકાર (સ્વીકાર) કરેલા કાર્યનો ત્યાગ ન કરવો

જોઈએ. કારણકે પ્રત્યક્ષ નારાયણની આજ્ઞાભંગનાં પાતક અને તેની શિક્ષા ભોગવવી પડે અને જગતમાં પોતાનો જીવ બચાવવાના ભયથી કાર્ય ત્યાગ કરવા માટેની બદનામી થાય, એટલે આમાંથી યોગ્ય માર્ગ કાઢી સ્વીકારેલ કાર્ય નિર્ભયતાથી પાર પાડવું. પરંતુ હવે મારે ક્યાં જવું ? આવો વિચાર કરતો હતો ત્યારે એને મહાપાતાળનો માર્ગ દેખાયો. એ માર્ગથી એ મહાપાતાળ આવી પહોંચ્યો. એ પાતાળનો રાજા સૂરજમલ શિવ ઉપાસક હતો અને દૈત્ય કુળ માટે આદરભાવ રાખવાવાળો હતો. વ્રત, તપ, દાન, સેવા વગેરે બાબતમાં એ તામસી ઉપાસના ગુણ ધારણ કરી એ પ્રમાણે એ તામસી ધ્યાન, ભૂત, પ્રેત, પિશાચની સાધના કરતો હતો.

શંખાસુરે રાજાના ગુણની પરખ કરી લીધી અને વિચાર્યું કે આ ઠેકાણે આપણું કારજ સરશે, એવું મનમાં ધારી માયાવી થઈ એ સૂરજમલ રાજાની સ્તુતિ કરવા લાગ્યો, અને અલ્પ શબ્દોમાં પોતાનો પરીચય આપી વેદો વિશે કહ્યું.

સૂરજમલના રાજાનો પુત્ર ચંદ્રસેન એ વિવેકી સત્ત્વશીલ અને ધર્મપ્રિય હોવાથી એણે શંખાસુરનું વચન સાંભળી સૌમ્ય શબ્દોમાં શંખાસુરને ભલામણ કરી અને પોતાના પિતાને પણ કહ્યું કેઃ 'હે પિતાજી, આ વેદચોરને તમે આશ્રય કે કોઈપણ પ્રકારનું આશ્વાસન ન આપતા. તેના ઉપર કોઈપણ પ્રકારનો વિશ્વાસ ના કરતા.

પરંતુ સૂરજમલ રાજાએ તેના પુત્રની ભાવનાનો વિચાર ના કરતાં તે શંખાસુરને જઈ મળ્યો. બધા પ્રજાજન ચંદ્રસેનના તરફથી રાજાનો વિરોધ કરવા લાગ્યા પણ રાજાએ કડક હુકમ આપી બધાને ચૂપ કરી દીધા. છેવટે નિરાશ થઈ ચંદ્રસેન વિચાર કરવા લાગ્યો. એટલામાં શંખાસુરને પકડવા માટે શ્રી હરિ ત્યાં રાજસભામાં આવી પહોંચ્યા.'

રાજા દૈત્યને રાખી રહ્યો, અને કુંવર દોડીને શ્રી હરિ પાસે ગયો. ॥૪૯૮॥
ભાખે વાણીને શ્રી સતૃગોર કહે, એવા લોક તે પાતાળે રહે. ॥૪૯૯॥
સતૃગુરુ કહે સાંભળશો તમો, જાણું છું તે કહું છું અમો. ॥૫૦૦॥
સુણી લેજો તમે જાણ સુજાણ, મુક્તિ કારણે સર્વે માંડ્યું મંડાણ. ॥૫૦૧॥
જે લોકમાં મુક્તિ જો નહીં, સતૃગોર કહે ત્યાં શું કરવું જઈ. ॥૫૦૨॥
ત્યાં પુત્ર પિતાને પડ્યો વાદ, ચંદ્રસેન અને સૂરજમલ રાજ. ॥૫૦૩॥
કહે શંખવો સુણો સૂરજમલ રાજ, અને તુજથી રહે દૈત્ય કુળની લાજ. ॥૫૦૪॥
અનેક દેશ મેલી આવ્યો છું હુંય, અને રૂદ્ર કુળ માંહે અવતર્યો છે તુંય. ॥૫૦૫॥
મેં લીધા વેદને વસાવ્યું વેર, શ્રી હરિ આવે મારા માટે તું જ ઘેર. ॥૫૦૬॥
જો તું બળ બાંધે બળવંત, તો જાય હરિને આપણને થાય આનંદ. ॥૫૦૭॥
એ છે એકલા ને સાથે તારો કુંવર છે જોડ, અને મારી સાથે દૈત્ય છે છાસઠ કરોડ. ॥૫૦૮॥
બાંધી બળને દૈત્યની રીત, દૈત્ય કુળની જો એ પ્રીત. ॥૫૦૯॥
તુજ આગળ હોશે એહ, તુજથી હારી જાશે તેહ. ॥૫૧૦॥
ભણી મંત્રને હોકારે દૈત્ય, તારા કુંવર તણી જો રીત. ॥૫૧૧॥
સતૃગોર કહે આગમ કથા, સૂરજમલ શંખવો થાશે મિથ્યા. ॥૫૧૨॥
ત્યારે શંખવો રાજા સૂરજમલને કહે, તું રાખે તો દૈત્ય તુજ પાસે રહે. ॥૫૧૩॥
ત્યારે ચંદ્રસેન બોલ્યો તેણી વાર, અહીંયાં દૈત્ય નહીં રખાય લગાર. ॥૫૧૪॥

દૈત્ય રાખી હું શું કરું, વિષ્ણુ આગળ ક્યાં જઈ રહું. ॥૫૧૫॥
નાઠો માર્ગે પૃથ્વી માંય, એ આગળ નાસી જાશે ક્યાંય. ॥૫૧૬॥
અને શૂન્ય તણો આવ્યો વિસ્તાર, તે માટે તને મારશે નિર્ધાર. ॥૫૧૭॥
જઈ શ્રી હરિ તણે લાગે પાય, એ થકી તારો ઉદ્ધાર થાય. ॥૫૧૮॥

શ્રી હરિ આવ્યા એટલે તરત જ સૂરજમલ રાજાએ શંખાસુરને આશ્રય આપવા માટે સાથે લીધો. અહીંયાં કુમાર ચંદ્રસેને શ્રી હરિને જોતાં જ દોડીને ચરણે પડી સાષ્ટાંગ પ્રણામ કર્યા. શ્રી હરિ સ્મિત કરી કહેવા લાગ્યા કે; આ જગતમાં કેવા કેવા પ્રકૃતિના લોકો છે. પિતા દૈત્યને જઈ મળ્યો તો પુત્ર શ્રી હરિને. જગતમાં આ બંને પ્રવૃત્તિ અનાદિ કાળથી ચાલી આવે છે. દુષ્ટ પ્રવૃત્તિ અને સદ્ પ્રવૃત્તિના ઝઘડામાં માનવ જાત પાયમાલ થાય છે. એમાંય દુષ્ટ પ્રવૃત્તિને માન આપી તેને સ્વીકારવાવાળા છેવટે નાશ પામે છે. જ્યારે સદ્ પ્રવૃત્તિ પ્રમાણે ક્રિયાચરણ કરવાવાળા માત્ર અલૌકિક એવા આત્મ જ્ઞાન પ્રાપ્ત કરી લઈ છેવટે બ્રહ્મ સ્થિતિએ જઈ મોક્ષ ગતિને પામે છે. દુષ્ટ પ્રવૃત્તિના લોકોનો સંહાર અને સદ્‌ભક્તોની મુક્તિ માટે ઈશ્વરે સંપૂર્ણ જગતમાં આ ખેલ રચેલ છે.

સદ્‌ગુરુ શ્રી મહારાજ કહે છે કેઃ જે લોકો કેવળ ભોગ વૃત્તિ ધરાવે છે, ભોગ ભોગવવા જ તત્પર હોય છે તે શૂન્યવત્ જેવા છે, પણ જે માનવ જીવનને સાર્થક કરવા માટે મુક્તિ લાભ મેળવવા માટે અનન્ય પ્રયત્ન કરે છે, એવા લોકો વંદનને પાત્ર છે.

શંખાસુરે સૂરજમલ રાજાને કહ્યું કેઃ 'હે રાજા, દૈત્ય કુળની લાજનું રક્ષણ કરવું સર્વસ્વ તમારા હાથમાં છે. અનેક દેશોમાં ભટકી ખૂબ જ પ્રયત્ન કરવા છતાં પણ દૈત્ય કુળનું રક્ષણ કરવાવાળો મને કોઈ મળ્યો નથી. તારો જન્મ રૂદ્ર કુળમાં થયો છે. નારાયણની આજ્ઞાથી હું વેદ લઈને આવ્યો અને વિના કારણ આ વાદવિવાદમાં પ્રવૃત્ત થયો.

શ્રી હરિથી વેરનું નિર્માણ કર્યું, હવે તેમાંથી પરિપૂર્ણ થવા માટે તું ધૈર્ય ધારણ કરી મારી પડખે રહે. આ તારો પુત્ર ચંદ્રસેન આપણા કુળને કલંક લગાવવાવાળો છે. એનાથી તને આગળ જતાં પુષ્કળ ત્રાસ થશે અને પ્રાયશ્ચિત કરવાનો વારો આવશે, એટલે તું હમણાં જ આ તારા પુત્રનો ત્યાગ કર. શ્રી હરિ એકલા જ છે અને તારો પુત્ર એનો સહાયક છે પણ આપણી પાસે છાસઠ કોટિ દૈત્યનું સૈન્ય છે. અતિશય બલવાન, મહાન પરાક્રમી એવા આપણા યોદ્ધાઓ હોવાથી આપણું બળ અગણિત અપરિમિત છે. આપણા બાહુબલ સામે એ બંને ટકી નહીં શકે, એટલે તું મને સહાય કર. તું ફક્ત મારી પાછળ રહે. આ રીતે શંખાસુરે યુક્તિ પ્રયુક્તિથી સૂરજમલને સમજાવીને પોતાની તરફ વાળ્યો અને સૂરજમલે શંખાસુરને આશ્રય આપ્યો.'

રાજકુમાર ચંદ્રસેને પોતાના પિતાને કહ્યું કે : 'પિતાશ્રી, આ દુષ્ટને આશ્રય ન આપતા. શંખાસુર વેદ ચોર હોવાથી દુષ્ટ વૃત્તિનો છે. એ આપણો ઘાત કરવા માટે જ અહિયાં આવ્યો છે. આવા દૈત્યને આપણા રાજ્યમાં ક્યાંય આશ્રય ન અપાય. અત્યાર સુધી આ શંખાસુરને કોઈએ પણ આશ્રય આપ્યો નથી, એટલે જ તો એ અહીં સુધી દોડીને આવ્યો છે, પણ હવે આગળ એ ક્યાં જશે ? શંખાસુરને આગળ જવા કોઈ માર્ગ જ નથી અને શ્રી હરિ તેને મારીને વેદ પાછા લીધા સિવાય છોડશે નહીં એટલે તેના નાશ સાથે આપણો પણ નાશ ન કરી લેતા ! તમે શ્રી હરિનો આશ્રય લઈ આપણો ઉદ્ધાર કરી લો. આમાં જ આપણું સાર્થક છે, કલ્યાણ છે.

સુણી શબ્દને દૈત્ય ક્રોધે ચડ્યો, આણે રીસને બહુ બળે ભર્યો. ॥૫૧૯॥
મેં તો બ્રહ્માને જીત્યા તેણી વાર, અને જીતી શક્તિ તત્કાલ. ॥૫૨૦॥
જીતવા વિષ્ણુને રાખું તાન, જેણે મને આપ્યું છે વરદાન. ॥૫૨૧॥

જીત્યા શિવ ને રાખું નામ, જેણે મને આપ્યું હતું જ્ઞાન. ॥૫૨૨॥
જીત્યા વેદ વિધાતા દેવતા સહુ, જે બ્રહ્મા પાસે હતા બહુ. ॥૫૨૩॥
જ્યારે બ્રહ્માજી ઓચિંતા ગયા, જઈ શ્રી હરિને પાયે પડ્યા. ॥૫૨૪॥
શ્રી હરિ દોડી આવ્યા જ્યાંય, સર્વે જીવ હતા ત્યાંય. ॥૫૨૫॥
મને નારાયણે કહ્યું વચન, ત્યારે મેં સહુનાં ઉતાર્યાં માન. ॥૫૨૬॥
એવું વચન કહીએ અમે, અને જાવ પાછા વળી વિષ્ણુ તમે. ॥૫૨૭॥
જો યુદ્ધ તણું રાખો છો જોર, તો હું રાખું છું દૈત્ય છાસઠ કરોડ. ॥૫૨૮॥
એવી વાત શંખવો કહે છે કથી, જો તમે મને નિપજાવ્યો નથી. ॥૫૨૯॥
જેણે નિપજાવ્યા તેનો હું દાસ, તેની આજ્ઞા હોય તો હું આવું તમારી પાસ. ॥૫૩૦॥
એવું ચંદ્રસેન પ્રત્યે કરે વખાણ, જઈ શ્રી હરિને કરો જાણ. ॥૫૩૧॥
ત્યારે આવ્યા ચંદ્રસેન શ્રી હરિ પાસ, અને દૈત્યના વચન કહ્યા પ્રકાશ. ॥૫૩૨॥
ત્યારે કહે સ્વામીજી એ દુષ્ટ ક્રોધે ભર્યો, જઈ રાજા સૂરજમલની પાસે રહ્યો. ॥૫૩૩॥
અહંકાર બહુ કરે એહ, અને અનંત વચન મારું નથી માનતો તેહ. ॥૫૩૪॥
કહે છે મેં સર્વેને જીત્યા તેહ, ત્યારે તમે વળી હોતા એહ. ॥૫૩૫॥
શાને કારણ વળી તમે દુઃખીયા થાવ, તમે વળી નારાયણ પાસે જાવ. ॥૫૩૬॥

ચંદ્રસેન બાળકનાં વચન સાંભળી દૈત્ય શંખાસુરને પુષ્કળ ક્રોધ આવ્યો. એ અતિશય મદોન્મત્ત દૈત્યે ચંદ્રસેનને કહ્યું કેઃ તું મારું બળ ન જાણતાં અવગણના કરે છે, પણ ધ્યાન રાખ કે મારું પરાક્રમ કેટલું અતુલિત છે એનો તું વિચાર કર. મેં બ્રહ્મદેવને જીતી એમના વેદ હરણ કરેલ છે. વિષ્ણુને તો દોડાવી દોડાવી અહીં સુધી લાવ્યો છું. શંકરને પણ મારા પરાક્રમથી થકવી દીધા છે. તો બીજા દેવદેવતાઓનું મારી સામે શું બળ ચાલશે ? આવું મારું અતુલ્ય પરાક્રમ જોઈ બ્રહ્મદેવ પણ ચિંતાતુર થઈ એ શ્રી હરિને શરણે ગયા અને એ શ્રી હરિ એમના માટે મારી પાછળ વગર કારણે વેરભાવથી વર્તી પોતાનો નાશ કરવા આવ્યા છે. તું શ્રી હરિને જઈને કહે કે, તમારે જો યુદ્ધ કરવું હોય તો યુદ્ધ માટે હું અને છાસઠ કરોડ યોદ્ધા તૈયાર છીએ. અમારી સામે શ્રી હરિ નહીં ટકી શકે. વિના કારણે વેર ભાવથી વર્તીને પોતાનો નાશ કરશે. શ્રી નારાયણની આજ્ઞાથી હું આ કાર્યમાં જોડાયો થયો છું. જેમણે મને નિર્માણ કર્યો અને જેમણે અપાર એવાં બળ આપ્યાં તેમની જ આજ્ઞા મને શિરોધાર્ય છે. જ્યાં સુધી તેમની આજ્ઞા ન થાય ત્યાં સુધી હું શ્રી હરિને આવીને મળીશ નહીં, એટલે ચૂપચાપ યુદ્ધ માટે તૈયાર થાવ.

રાજકુમાર ચંદ્રસેન શ્રી હરિ પાસે પાછો આવ્યો અને ભયભીત થઈ શ્રી હરિને બધી હકીકતનું નિવેદન કર્યું. ચંદ્રસેન બોલ્યોઃ 'હે સ્વામી ! આ દૈત્ય તો ક્રોધાયમાન થઈને બધાની અવગણના કરે છે અને કહે છે કે આ બધાને હું પરાક્રમથી જીતી લઈશ. એટલે હે શ્રી હરિ ! વિના કારણ તમે દુઃખી ન થશો. કારણ તમે એકલા છો અને એની જોડે છાસઠ કોટિ સૈન્યગણ છે. હું બાળક તમને કહું છું કે તમે શ્રી નારાયણ પાસે જઈને આ કાર્ય એમને પાછું સોંપી દો અને નચિંત થઈ જાવ.' ચંદ્રસેનના એ બોલ સાંભળી શ્રી હરિ હસવા લાગ્યા અને એમણે કહ્યું; -

ત્યારે શ્રી હરિ બોલ્યા તેણી વાર, સુણો ચંદ્રસેન કહું વિચાર. ॥૫૩૭॥
અમને નારાયણે કહ્યું વચન, અમને કીધા આપ સમાન. ॥૫૩૮॥
આપ માંહેથી ઉપાયા અમે, અને કહ્યું સંસારમાં જાવો તમે. ॥૫૩૯॥

અમને વૈકુંઠ સર્વે કૈલાસ, આપ્યા બ્રહ્મા કેરા વેદ પ્રકાશ. ॥૫૪૦॥
જે કોઈ પૂજશે તમારા પાય, તેણે ઓળખ્યા ત્રિભુવનરાય. ॥૫૪૧॥
પોતાપણું અમને આપ્યું છે જોર, પ્રભુયે દૈત્ય હણ્યા છાસઠ કરોડ. ॥૫૪૨॥
ચંદ્રસેન બાળ પ્રત્યે બોલ્યા શ્રી હરિ, નારાયણના વચન માન્યા ફરી. ॥૫૪૩॥
ચોકડીના યુગ કીધા ચાર, એવા અમને સોંપ્યા વિસ્તાર. ॥૫૪૪॥
જુઓ ચંદ્રસેન શું થશે, એ દુષ્ટ મુજ આગળથી ક્યાં જશે. ॥૫૪૫॥
ભાંગી ભીડને નાખું પાતાળ, અને ચૌદ બ્રહ્માંડ મારું એકાકાર. ॥૫૪૬॥
જે હું નારાયણ તણું છું તેજ, તો મારી દૈત્ય કરું નખેદ. ॥૫૪૭॥
જે એ સૃષ્ટિ છે બ્રહ્મા તણી, એ દુષ્ટે એણે કષ્ટી દીધી છે ઘણી. ॥૫૪૮॥
મુક્તિ કારણ અમને આપ્યો ભેદ, અખંડ વાસ રાજા રાખો તેહ. ॥૫૪૯॥
જે વાસે અમે આપો આપ, સૃષ્ટિ તણાં મૂકાવા પાપ. ॥૫૫૦॥
આણી વિશ્વાસને જે જપે અમારો જાપ, તેણે અમે મળશું આપોઆપ. ॥૫૫૧॥
એવો હુકમ લાવ્યો છું સહી, એવી વાત ત્યાં શ્રી હરિએ કહી. ॥૫૫૨॥
તારા પિતાથી તું અળગો રહે. એમ ચંદ્રસેન પ્રત્યે શ્રી હરિ કહે. ॥૫૫૩॥
મારે ચૌદ લોકમાં જપાવવો જાપ, પૃથ્વી ઉપરથી મેલાવવું પાપ. ॥૫૫૪॥
મને ધરવા છે દસ અવતાર, દૈત્ય હણવાને કરવો વિસ્તાર. ॥૫૫૫॥
જે જીવને વાચા દીધી આહે, તે સર્વેને લેવા છે મૃત્યુલોક માંહે. ॥૫૫૬॥
એ દુષ્ટ થશે દસ વાર, મારે હાથે થાશે તેનો સંહાર. ॥૫૫૭॥
ચંદ્રસેન લાગ્યો શ્રી હરિને પાય, સ્વામી તમ આગળ એ ક્યાં જાય. ॥૫૫૮॥
અમને વર દેશો સ્વામી તમે, અને આશા કરીને બેઠા છીએ અમે. ॥૫૫૯॥
ત્યારે રિઝ્યા દિન દયાળ, ચંદ્રસેન ઉપર ખુશ દેવ મોરાર. ॥૫૬૦॥
તેડી પાસેને દીધી બાંય, કમલાકુંવર કીધો ત્યાંય. ॥૫૬૧॥
અસુર મંત્ર વળી હોતા જેહ, અને વળી સર્વે ઉથાપો તેહ. ॥૫૬૨॥
સુર મંત્રનો કીધો ઠામ, દૈત્ય કુળનું આપ્યું વિશ્રામ. ॥૫૬૩॥

શ્રી હરિ બોલ્યાઃ 'બાળક ચંદ્રસેન સાંભળ, હું તને સત્ય ઘટનાનું નિવેદન કરું છું, ચિંતા ન કર, શ્રી આદ્ય નારાયણે સૃષ્ટિ સર્જનની રચના (ઉત્પત્તિ) અને વિસ્તારનો સંકલ્પ ધરી પોતાના હૃદયમાંથી તેજોબિંદુ દ્વારા મને નિર્માણ કરેલ છે અને વરદાન આપ્યું છે કે જગતમાં જઈ સૃષ્ટિના જીવાત્માઓનું પાલન પોષણ કરો અને દુષ્ટ પ્રવૃત્તિયુક્ત એવા દૈત્યોથી સદ્‌ભક્તોનું અને ધર્મનું રક્ષણ કરો. અવતાર રૂપથી પ્રગટ થઈ બ્રહ્માએ પ્રકાશિત કરેલા વેદોક્ત ધર્મનું રક્ષણ કરી પ્રચાર કરો. મૃત્યુલોકમાં જે તારી ભક્તિ કરશે એ મને જ આવીને મળશે. આ રીતે વચન આપી નારાયણે એક ચોકડીમાં સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ એવા ચાર યુગ નિર્માણ કર્યા અને એમાં અવતાર લીલા કાર્ય કરવાનું વરદાન અમને આપેલ છે. ચંદ્રસેન, આ દુષ્ટ શંખાસુર મારી સામેથી ક્યાંય ભાગશે નહીં તેમજ એ મારી સામે ટકશે પણ નહીં. આકાશ પાતાળ ચૌદ ભુવન એક કરી હું આ દુષ્ટનો હમણાં જ નાશ કરીશ. આદ્ય નારાયણના અંશાત્મક બિંદુથી મેં તેજ ધારણ કરેલ છે.

આ દુષ્ટ દૈત્ય બ્રહ્મદેવના વેદ ચોરી લાવ્યો છે અને પૃથ્વી ઉપર બધે હાહાકાર કરી અહીંયાં ચોરની જેમ ભાગતો આવેલ છે. એનો સંહાર કરી વૈદિક માર્ગમાં સર્વત્ર પ્રચાર કરવા આ મારો અવતાર પ્રગટ થયો છે. આ વૈદિક સનાતન સન્માર્ગનુસાર સૃષ્ટિમાંથી બધાં પાપકર્મનો નાશ કરી જ્ઞાનથી વર્તનાર સદ્ભક્તોને મુક્તિ મેળવવા માટે આ વેદ ઉપલબ્ધ કરી આપવા માટે નારાયણની આજ્ઞાથી મેં અવતાર ધારણ કરેલ છે. બાળ ચંદ્રસેન, ચૌદ ભુવનના સદ્ભક્તોના નીજ સ્વરૂપની (આત્મ સ્વરૂપની) જાણ ખાતર અને દૈત્યનો સંહાર કરવા માટે મને આવા દસ અવતાર લેવાના છે. અમરીખને વરદાન આપી એને અમર કર્યો પણ એના માટે અને શંખવા દૈત્ય માટે મારે દસ અવતાર ધારણ કરવાના છે. આવા અવતાર કાર્ય વખતે તારા જેવા સર્વ સદ્ભક્તોનો ઉદ્ધાર થાય તે માટે મેં સર્વ ભક્તોને મૃત્યુલોકમાં અવતરવાનું વરદાન આપેલ છે. ચંદ્રસેન, તું આ મારું વચન સ્વસ્થ થઈ ધ્યાનમાં લે. તારો પિતા આ દૈત્ય સાથે મળી ગયો છે પણ એ દૈત્યની સાથે જ એનો સંહાર થશે, જો તને તારો ઉદ્ધાર કરવો હોય તો તારા પિતાનો ત્યાગ કર.

શ્રી હરિનાં વચન સાંભળી ચંદ્રસેન પરમ સંતોષી થયો. એણે અનન્ય ભાવે શ્રી હરિના પગ પકડયા અને અનેકાનેક પ્રકારે સ્તુતિ કરી શ્રી હરિને આનંદિત કર્યા. શ્રી હરિએ પ્રસન્ન થઈ ચંદ્રસેનને વરદાન આપ્યું કે; હું જ્યારે છેલ્લો અવતાર ધારણ કરીશ ત્યારે તું ભક્ત કમળાકુંવર થઈશ અને તારા પુણ્ય પ્રતાપે આ મૃત્યુલોકના માનવનો ઉદ્ધાર કરી બધાંને મોક્ષ પદ તરફ લઈ જઈશ. આ રીતે ચંદ્રસેનને દિવ્ય મંત્રનો ઉપદેશ કરી ભગવાને એને કૃતકૃત્ય કર્યો.

ત્યારે શંખવે વિચાર્યું મન, અને સૂરજમલને પૂછે તન. ॥૫૬૪॥
રાજા શ્રી હરિ પાસ તમ જાવો, અને સત્ય પ્રકાશીને કહું છું લાવો. ॥૫૬૫॥
ચંદ્રસેન શ્રી હરિની પાસે જાય, ફરીને પાછો તે આવી રહ્યાય. ॥૫૬૬॥
જઈને તમે પૂછો વિચાર, એ શું કરવાના છે વિસ્તાર. ॥૫૬૭॥
કેવે પરાક્રમે ઊભા શ્રી હરિ, તે વાત તમે લાવો ફરી. ॥૫૬૮॥
સૂરજમલ શ્રી હરિ પાસે જાય, લાગી પાય ને ઊભો રહ્યાય. ॥૫૬૯॥
રાજા પ્રત્યે શ્રી હરિ બોલ્યા ત્યાંય, ચોર અમારો છે ક્યાંય. ॥૫૭૦॥
રાજા ચોર અમારો મુજને આલ, નહીં તો તોડીશ પૃથ્વીને સાતે પાતાલ. ॥૫૭૧॥
મારે સૃષ્ટિ તણું કરવું કામ, અને દૈત્ય તણું તે ફેડશું ઠામ. ॥૫૭૨॥
જે શંખ છે એને હાથ, તે કારણ કરીશ ઉત્પાત. ॥૫૭૩॥
એવું શ્રી હરિ રાજા શું કહે, શંખવો તારે હાથ નહીં રહે. ॥૫૭૪॥
શ્રી હરિ કહે વેદ લઈ જવા પૃથ્વી માંહે, અને શંખવા કારણ હું આવ્યો છું આંહે. ॥૫૭૫॥
મને પ્રસન્ન થયા છે મહારાજ, એ વેદ શંખવાથી લેવાને કાજ. ॥૫૭૬॥
હવે નથી આગળ જાવાનું ઠામ, ક્યાં જઈને છુપાવશે નામ. ॥૫૭૭॥
ત્યારે ફરી રાજા હરિને કહે, સ્વામી તમોથી નાસીને એ ક્યાં રહે. ॥૫૭૮॥
મેલી એકવાર જો તમે જાવ, એને કાજે દુઃખી કેમ થાવ. ॥૫૭૯॥
ત્યારે શ્રી હરિ ક્રોધ કરીને બોલ્યા તેણી વાર, તું કોઢીયો થઈને અવતરજે રાજાને દ્વાર. ॥૫૮૦॥
દૈત્ય રાજા જો કરે રાજ, ત્યારે દૈત્ય દ્વારે તું કોઢીયો થઈને રહે આજ. ॥૫૮૧॥

જો તું અમ ઉપર નહિ ધરે હેત, તો તને કષ્ટ પમાડીશ તેહ. ||૫૮૨||
એવું વચન કહ્યું શ્રી હરિએ જાણ, અને કોઢીયો પોળીયો થઈ રહ્યો ત્યાંય. ||૫૮૩||
દૈત્ય તણો પોળીયો જેહ, અને સૂરજમલ રાજા હતા તેહ. ||૫૮૪||

શંખાસુરે મનમાં કંઈક વિચાર કરીને સૂરજમલ રાજાને કહ્યું કેઃ તું શ્રી હરિ પાસે જા અને એમની ઈચ્છા શું છે, તેનું આગળનું શું આયોજન છે વગેરે હકીકત યુક્તિ પ્રયુક્તિથી શોધીને આવ. શ્રી હરિને કોણ કોણ સહાય કરશે અને એમની યુદ્ધની તૈયારી કેટલા પ્રમાણમાં છે વગેરે હકીકત જાણી લાવ.

સૂરજમલ રાજાએ શ્રી હરિ પાસે જઈ યુક્તિપૂર્વક શ્રી હરિના પગ પકડયા અને ભક્તિ-સેવાનો ખોટો ડોળ કરી શું આજ્ઞા છે, શું હુકમ છે એવું વારંવાર કહી વિનવવા લાગ્યો.

શ્રી હરિએ સૂરજમલને કહ્યુંઃ મારો ચોર જે શંખાસુર છે એને તું ચૂપચાપ મારા આધીન કર ! એને તું ગમે ત્યાં છુપાવી રાખીશ તો પણ હું સ્વર્ગ, પાતાળ, પૃથ્વીમાં જ્યાં સંતાયો હશે ત્યાંથી શોધીને એનો નાશ કરીશ. એ દૈત્યનો નાશ કરવા માટે અને એ શંખાસુર થકી પીડાયેલા સદ્ભક્તોનું રક્ષણ કરવા માટે જ મેં અવતાર લીધો છે. હે રાજા, તું એને સહાય કરી શા માટે આત્મઘાત વહોરી લે છે. તું થોડીક તો સમજણ રાખ. વગર કારણે આગમાં ઝંપલાવે છે. આ શંખાસુર મહા દુષ્ટ છે. એણે જે શંખ ધારણ કરેલ છે એ મહા ઉત્પાત કરી લાવનાર અદ્ભુત શંખ છે. એના બળ ઉપર આ દૈત્ય પ્રમત્ત થયેલ છે, એ શંખ શંખાસુર પાસેથી લઈ તેમાં છુપાવેલા વેદ કાઢી એનો પ્રચાર મારે મૃત્યુલોકમાં કરવાનો છે. આ સર્વ કાર્ય આદ્ય નારાયણે મને સોંપેલ છે. આ શંખાસુર મારી બીકથી સંતાતો ભાગતો મને છળકપટથી અહીં સુધી લઈ આવેલ છે, પણ અહીંથી આગળ એ ક્યાં જશે ? હવે તો શંખાસુરને શરણે આવ્યા સિવાય બીજી કોઈ ગતિ નથી.

રાજા સૂરજમલે કપટબુદ્ધિથી કહ્યું કે; 'ખરેખર જ મહારાજ, શંખાસુરને હવે શરણે આવ્યા સિવાય અથવા મરવા સિવાય બીજી કોઈ ગતિ નથી. હે શ્રી હરિ ! તમારા આગળ તે ટકી શકશે નહીં પણ આટલી બધી લાભહીન પ્રવૃત્તિ તમે શા માટે કરો છો. તમે સર્વ સમર્થ બળવાન અને અતિ ઉદાર પણ છો. એક આ શંખાસુર માટે તમે શું કામ આટલું બધું કષ્ટ લો છો. એકવાર શંખાસુરને ક્ષમા કરો અને તમારું પદ પ્રતિષ્ઠા સંભાળીને પાછા જાવ.

સૂરજમલની આવી કપટયુક્ત વાણી સાંભળી શ્રી હરિને ખૂબ જ ક્રોધ આવ્યો અને ક્રોધિત થઈ શ્રી હરિએ રાજાને શ્રાપ આપ્યો કેઃ 'તું આ દૈત્યની બાજુથી શિષ્ટાચાર કરવા આવ્યો છે પણ આ યોગથી તારો જ નાશ પહેલો કરવો પડશે એવું લાગે છે. તું કોઢગ્રસ્ત, વ્યાધિગ્રસ્ત થઈ આ જ દૈત્યના દ્વારે દ્વારપાલ થઈ કામ કરીશ. તને અત્યંત કષ્ટ ભોગવીને કષ્ટદાયક જીવન જીવવું પડશે.'

શ્રી હરિ આવું કહે છે ત્યાં જ રાજાને સર્વ અંગ ઉપર કોઢ થવા લાગ્યો અને રાજા દુઃખમાં ગરકાવ થઈ ગયો. તેનું શરીર અસહ્ય દુર્ગંધયુક્ત થઈ ગયું અને તે ત્યાં જ પડી રહ્યો. શ્રી હરિ તેની દરકાર કર્યા વગર શંખાસુરને પકડવા માટે ત્યાંથી આગળ જવા લાગ્યા.

સત્ગુરુ બોલ્યા આગમવાણ, અકર્મી રાજાનાં શું કરું વખાણ ||૫૮૫||
સત્ગુરુ બોલ્યા આગમસાર, સૂરજમલને ત્યાં કીધો પ્રહાર. ||૫૮૬||
જ્યારે શ્રી હરિ પાતાળે ગયા જાણ, અને દસ રાજાને વર આપ્યાં પ્રમાણ. ||૫૮૭||
પુત્રને આપ્યું વૈકુંઠનું રાજ, પિતાને રાખ્યો નિરાધાર. ||૫૮૮||
સત્ગુરુ વાણી આગમ કહે, કર્મ હીણા તે કેમ લહે. ||૫૮૯||

અકર્મીનું જાય ઈમાન, અને સત્કર્મીનું સઘળું જ્ઞાન. ॥૫૯૦॥
કોનો પુત્રને કોનો તાત, અને કર્મ સાથે લાગ્યો વિખવાદ. ॥૫૯૧॥
ત્યારે શંખવે વિચાર્યું મન, હવે નથી આગળ જવાનું ઠામ. ॥૫૯૨॥
ત્યાંથી શંખાસુર નાસી ગયો, સપ્ત પાતાળે જઈને રહ્યો. ॥૫૯૩॥
કંપે શરીર ધ્રૂજતો ગયો, જઈ શંખોદર બેટમાં શંખવો રહ્યો. ॥૫૯૪॥
જે શંખમાં ઘાલ્યું તન, અને સર્વે દૈત્ય દીઠા એક જ મન. ॥૫૯૫॥
તે જઈ પેઠો સમુદ્ર મોઝાર, ત્યારે વિષ્ણુ ચાલી રહ્યા તેણી વાર. ॥૫૯૬॥
જ્યારે નાસી દૈત્ય સમુદ્રમાં પેઠો તત્ખેવ, ત્યારે પાતાળમાં ચાલ્યા નારાયણ દેવ. ॥૫૯૭॥
જ્યારે પૂઠળ શ્રી હરિ નિસર્યા તેહ, ને સમુદ્ર તીરે જઈ સંચર્યા એહ. ॥૫૯૮॥
આગમ અગોચર ચરિત્ર કીધાં જાણ, તે સ્વામીએ કર્તાયુગમાં મચ્છ રૂપ લીધાં પ્રમાણ. ॥૫૯૯॥
દૈત્યે ધર્યો શંખમાં અવતાર, ત્યારે શ્રી હરિ મચ્છ થયા તેણીવાર. ॥૬૦૦॥
જ્યારે શ્રી હરિ તે મચ્છ રૂપે થાય, દૈત્ય દુષ્ટ બ્રહ્માના વેદ લઈ ક્યાં જાય. ॥૬૦૧॥
તું મેલ વેદ નહીં તો મારીશ કર ધરી, ત્યાં એવા વચન બોલ્યા શ્રી હરિ. ॥૬૦૨॥
ત્યાંથી દૈત્યને નાસવાનું ન રહ્યું ઠામ, તે જઈ પેઠો સમુદ્ર મુકામ. ॥૬૦૩॥
શંખલો થઈને સમુદ્ર બેટ માંહે ઠામ, ત્યારે મચ્છ રૂપ લઈ રહ્યા શ્યામ. ॥૬૦૪॥
જ્યારે શંખાસુર નાસી સમુદ્રમાં લહે, ત્યારે વદે શ્રી હરિ ભલા તું ઊભો રહે. ॥૬૦૫॥
જો તું ચારે વેદને પછવડે, તો તુજ સામે કોઈ ના લડે. ॥૬૦૬॥

સદ્ગુરુ મહારાજ આગળ કહે છે કે; 'જેનાં કર્મ ભ્રષ્ટ હોય છે તેની ગતિ કેવી રીતે ભ્રષ્ટ થાય છે તે જુઓ. શ્રી હરિ સપ્ત પાતાળમાં ગયા, ત્યાં દસ રાજાઓને વરદાન આપ્યાં. ત્યાં શ્રી હરિની ઓળખાણ કરી-સેવા કરી વૈકુંઠ પદ પ્રાપ્તિનાં વરદાન મેળવી લીધાં, પણ સૂરજમલ એકલાએ જ શ્રી હરિના કોપને પાત્ર થઈ પોતાનો આત્મનાશ વહોરી લીધો. સત્તા સામર્થ્યના અભિમાન-મદથી અંધ થઈ સૂરજમલે પરમેશ્વરની અવકૃપા વહોરી લીધી. એને જ કર્મ ભ્રષ્ટની ગતિ ન કહેવાય તો બીજું શું કહેવાય ! જેણે શ્રી હરિની ઓળખાણ કરી લીધી, એવા એના પુત્રને વૈકુંઠપદની પ્રાપ્તિ થઈ અને પિતાનો રોગગ્રસ્ત થઈ વન વન ભટકીને રખડતાં રખડતાં કર્મ ગતિના ફેરામાં પડી નાશ થયો.

જે કર્મહીન છે તેની આવી જ ગતિ થાય છે. જે સત્કર્મી, પરહિતરક્ષક છે એની બુદ્ધિ શ્રેષ્ઠ, ઉચ્ચ, બલવાન, ઉત્તમ હોવાથી એને પરમ જ્ઞાની સમજવો. આ જગતમાં જ નહિ પણ આ સર્વ જગત છોડીને અન્યત્ર કોણ કોનો પિતા અથવા પુત્ર, ભાઈ, ઈષ્ટમિત્ર, સ્ત્રી, પરિવાર વગેરે છે એ શોધી જુઓ. જે તે સઘળા જીવાત્મા ઋણબંધનના યોગથી એકબીજાથી જોડાયેલા છે. જેનું ઋણ ઉતર્યું તે પોતાની ગતિથી અન્યત્ર પ્રસ્થાન કરી જાય છે. ક્ષુદ્ર બુદ્ધિ જીવાત્મા આ મારું-તે મારું, આવા મમત્વને વળગીને કર્મ ગતિના બંધનમાં બંધાઈ આત્મનાશના કારણભૂત થાય છે.

સૂરજમલની દશા જોઈ શંખાસુર વિચાર કરવા લાગ્યો કે હવે કયાં જવું ? ભાગવા માટે હવે કોઈ માર્ગ નથી. સપ્ત પાતાળની હદ પૂરી થઈ ગઈ. હવે બ્રહ્માંડનો છેવટનો ભાગ આવ્યો. બ્રહ્માંડનું કવચ ફાડીને તો આપણને જતાં નહીં આવડે. હવે શું કરવું ? હવે શ્રી હરિના હાથે આપણો સર્વનાશ થયા વગર રહેશે નહીં. આવો વિચાર કરી એ થરથર કાંપવા લાગ્યો. તો પણ મનમાં યુક્તિ કરી શંખનો આકાર ધારણ કરી ઉપરથી મોટું અભેદ કવચ ધારણ કરી શંખોદર નામના બેટમાં જઈને બેઠો. બધા દૈત્યોએ પણ એને સહાય કરી. આત્મરક્ષણ માટે શંખનું અભેદ કવચ ધારણ કર્યું.

શંખાસુરની પાછળ પાછળ શ્રી હરિએ પણ સમુદ્રમાં પ્રવેશ કરી બેટમાં જતાં જ મત્સ્ય રૂપ ધારણ કર્યું. આવી રીતે મહા બલવાન અને સર્વ સામર્થ્ય એવા શ્રી હરિએ અતિ સુંદર અને મહાન શક્તિશાળી એવું મત્સ્યનું રૂપ ધારણ કરી શંખાસુર પાસે જવા પ્રયાણ કર્યું. શ્રી હરિએ શંખાસુરને મોટેથી ગર્જના કરી કહ્યું : 'અરે ચોર !!! આવી રીતે સ્વરૂપ બદલી તું આ શંખોદર બેટમાં શંખ થઈ કેમ બેઠો છે ? ઊભો રહે, હવે જોઉં છું કે તું અહીંથી આગળ કયાં જઈશ ? હવે તને ભાગવા માટે એક પણ માર્ગ નથી. એટલે હવે તું વેદને ચુપચાપ પાછા આપી દે, નહિ તો તું તારા નાશ માટે તૈયાર રહે. તું જો આ ચાર વેદ પરત કરતો હોય તો હું આ યુદ્ધ પાછું લઉં છું. નહિ તો યુદ્ધ માટે તૈયાર રહે ! આવી રીતે ગર્જના કરતા કરતા શ્રી હરિ શંખાસુરની એકદમ નિકટ ગયા.'

જયારે શ્રી હરિની સત્‌ગોરે કહી કથા, જુઓ શંખવો થાય છે મિથ્યા. ॥૬૦૭॥
સાતમા પાતાલની કોરે ગયા, અનંત કળા શ્રી હરિ લઈને રહ્યા. ॥૬૦૮॥
મત્સ્ય રૂપ શ્રી હરિએ લીધું સહી, શંખવો દાનવ પકડ્યો જઈ. ॥૬૦૯॥
જયારે શ્રી હરિએ જઈ પકડ્યો હાથ, એને પૂછી સર્વે પૂર્વેની વાત. ॥૬૧૦॥
અકળિત બળ હારી કેમ ગયો, અને દેખી શ્રી હરિના બળ આધીન થયો. ॥૬૧૧॥
તારું બળ હોય તે કર પ્રકાશ, અને કઈ વેળાએ તું દૈત્ય જો થાશ. ॥૬૧૨॥
ફરી ટાણું નહીં આવે જેહ, અને શ્રી હરિ પ્રકાશીને બોલ્યા તેહ. ॥૬૧૩॥
ત્યારે કર જોડીને લાગ્યો પાય, ક્ષમા કરો તમે ત્રિભોવન રાય. ॥૬૧૪॥
ત્યાં દેવને પાય લાગીને વિનંતી કરી ઘણી, તમે દયા કરો ત્રિભુવનના ધણી. ॥૬૧૫॥
સ્વામી તમને સોંપ્યું નારાયણે ફરમાન, તમને કીધા છે આપ સમાન. ॥૬૧૬॥
તે માટે સ્વામી તમે સજર્યા જીવને જંત, દેવ દૈત્યને ચૌદે ભવન. ॥૬૧૭॥
સ્વામી તમે રચના બાંધી જેણી વાર, મુજ ઉપર દયા ધરો તમે દેવ મોરાર. ॥૬૧૮॥
સ્વામી પતિતને ઉગારો તમે, ને કુળ ઉદ્ધારવા સજર્યા છે તમને. ॥૬૧૯॥
સ્વામી દયા કરીને હણશો મુને, સર્વે ઓધારવા પડશે તમને. ॥૬૨૦॥
સ્વામી ભાગ્યવંતા સજર્યા છો અમો, મુજને છેદવા આવ્યા છો તમો. ॥૬૨૧॥
કરે સ્તુતિને ઓળાંસે પાયે, શ્રી હરિ દષ્ટિમાં સમાતો જાય. ॥૬૨૨॥
ભાવ ભક્તિ ધરે મન, અને મસ્તકે ધરે છે પોતાનું તન. ॥૬૨૩॥
અનેક વચન કહે છે મુજને, પણ શંખવા હું નહીં મેલું તુજને. ॥૬૨૪॥
તુજને મારવા કારણ આવ્યો છું હુંય, અને શાને સ્તુતિ કરે છે તુંય. ॥૬૨૫॥
વાણી વદી બોલ્યા છે દેવ, શણગાર શક્તિના લેવા આવ્યો છું તતખેવ. ॥૬૨૬॥
સત્ય પ્રકાશીને બોલ્યા મન, તું આપને મને ચૌદે રતન. ॥૬૨૭॥
પાંચે આભૂષણ આપજે મોય, અને વેદ બ્રહ્માના તે અમને વ્હાલા સોય. ॥૬૨૮॥
તે સર્વ ઉથાપી મેલો અમ પાય, તો એ મેલ્યા કેમ જાય. ॥૬૨૯॥
કરોડ ભક્તિનો કરે ભાવ, અને મસ્તાક મેલે શ્રી હરિને પાય. ॥૬૩૦॥

સદ્ગુરુ આગળ કથા કહે છે કે; 'શ્રી હરિએ શંખાસુરની એકદમ નજીક જઈને કહ્યું કે : ' હે શંખવા ! તું કારણ વગર આત્મનાશ ન કરી લઈશ. અનંત કળા, લીલા, ચમત્કાર બતાવી તું મને છેક સપ્તપાતાળના તળ સુધી લઈ આવ્યો છે. હવે મારા સ્વાધીન થયા વગર કયાં જઈશ ? આવું કહી એક હાથથી શંખાસુરને પકડયો. ત્યાં એવો ચમત્કાર થયો કે, શંખાસુર એટલો બળવાન હતો પણ એનું બધું બળ એકદમ નષ્ટ થઈ ગયું.

શ્રી હરિએ તેને કહ્યું કે; અરે તું આટલો બળશાળી કહેવડાવે છે તો પછી કયાં ગયું તારું બળ ? તારી શક્તિ કયાં જતી રહી ? એ પ્રગટ કર. તેં દૈત્યભાવને અનુસરીને મોટી મોટી પ્રતિજ્ઞા કરી હતી તે સત્ય કર અને યુદ્ધ માટે તૈયાર થા. વારંવાર સમય આવતો નથી. અનાયાસ યુદ્ધ કરવાની સંધી મળી છે તો તું યુદ્ધ કર.

શંખાસુર બે હાથ જોડીને શ્રી હરિના પગ પકડી ક્ષમા યાચના કરવા લાગ્યો. શંખાસુરે કહ્યું કે : 'હે ત્રિભુવનના ધણી ! મને ક્ષમા કરો. મારા ઉપર દયા કરો. કૃપા દૃષ્ટિ કરી મારો અપરાધ ક્ષમા કરો. સ્વામી ! તમને શ્રી આદ્ય નારાયણે આજ્ઞા કરીને અવતાર ધારણ કરવાની શક્તિ આપી અને તમને અપરિમિત તેજ આપી પોતાના જેવા કર્યા. એમના બળથી જ તમે આ કાર્ય કરવામાં સફળ થયા છો. હે દેવ મુરારિ ! હું પણ એ જ નારાયણના અંશથી નિર્માણ થયો છું અને એ જ નારાયણ પાસેથી મને પણ બળ મળેલ હોવાથી તમારામાં અને મારામાં અભેદ છે. સ્વામીનાથ ! બ્રહ્માંડની ઉત્પત્તિ, રચના, પાલનપોષણ રક્ષણ વગેરે કાર્યનું ઘડતર તમે કરો છો. તમે અમારા જેવા પતિત જીવ પર દયા કરો, અમારો ઉદ્ધાર કરવા માટે જ તમે અવતાર ધારણ કરો છો, હે શ્રી હરિ! તમારા હાથથી મરણ થવું એ મારું પરમ ભાગ્ય સમજું છું, પરંતુ તમને અવતાર કાર્ય કરવા માટે મારી પણ જરૂર છે.'

આ રીતે અનેકાનેક પ્રકારે સ્તુતિ કરી શ્રી હરિની સામે દયનીય દૃષ્ટિથી જોતાં શંખાસુર શ્રી હરિના પગ પકડીને ક્ષમા માગવા લાગ્યો. ભાવભક્તિયુક્ત અંતઃકરણથી મસ્તક શ્રી હરિના ચરણમાં નમાવીએ સ્તુતિ કરવા લાગ્યો.

શ્રી હરિએ શંખાસુરને કહ્યું : 'અરે, તને મારવા માટે હું આવ્યો છું અને તું મારી સ્તુતિ કરે છે ? આ તારા બાહ્ય આડંબરથી હું તને નહીં છોડું. તું સ્વર્ગલોકથી ભાગીને જે સંપત્તિ લાવ્યો છે તે મારા સ્વાધીન કર. તું બ્રહ્માના વેદ અને શક્તિના અલંકાર અને મારાં પાંચ આભૂષણ અને સ્વર્ગના મૂલ્યવાન રત્નો લાવ્યો છે તે પાછાં આપ અને નિચિંત થા. શા માટે આટલો ભક્તિનો ડોળ કરી મને ભૂલાવે છે ?

સ્વામી અમને મહાદેવે આપ્યું માન, મસ્તકે ચઢાવી કીધો મેરુ સમાન. ॥૬૩૧॥
જે બ્રહ્માએ કીધો અહંકાર, તે માટે અમે હરીયા વેદ ચાર. ॥૬૩૨॥
શ્રી શક્તિ બહુ બળવંતા મન, તો મેં જઈને લીધાં રતન. ॥૬૩૩॥
તમે કહેતા હતા જે હું છું કંઈક અવતાર, તો મેં લીધો તમારો શણગાર. ॥૬૩૪॥
ત્યારે સદાશિવ ગયા શ્રી હરિની પાસ, જઈને વચન કહ્યાં પ્રકાશ. ॥૬૩૫॥
જયારે શ્રી હરિએ તમો પર ધર્યું ઈમાન, દેવ દૈત્યનાં કરવા કામ. ॥૬૩૬॥
જે સર્વે વસ્તુ લીધી હતી અમે, તો આપ સમાન કરીને નારાયણે મોકલ્યા તમે. ॥૬૩૭॥
સ્વામી જો મેં કીધું કામ, તો ચૌદે લોકમાં પ્રકાશ્યું તમારું નામ. ॥૬૩૮॥
અવર કોઈ નહીં આશ, તો દેવ દૈત્યમાં જપાશે તમારો જાપ. ॥૬૩૯॥
ત્યારે એવું વચન શંખવો કહે, ત્યારે શ્રી હરિ ચિત્ત દઈને લહે. ॥૬૪૦॥

સ્વામી મારા મસ્તક ઉપર ધરોને પાય, તો મારાં કારજ શુદ્ધ થાય. ॥૬૪૧॥
સ્વામી તમે ત્રણ મૂરત એક જો હોવ, અને પિંડ બ્રહ્માંડમાં એક જ સોવ. ॥૬૪૨॥
ફરી શંખવાને શ્રી હરિ શું કહે, આ વસ્તુ તુજ પાસ નહીં રહે. ॥૬૪૩॥
ત્યારે વાત શંખવે સ્વામી શું કહી, સ્વામી એ વસ્તુ હું રાખું નહીં. ॥૬૪૪॥
જો પૂરો મારી આશ, તો થઈ જાઉં તમારો દાસ. ॥૬૪૫॥
શંખવો બોલ્યો કરી પ્રણામ, મને નિગમ વાણીનું દેખાડો ઠામ. ॥૬૪૬॥
ક્ષમા યાચીને સર્વ દુર્બલ થાય, અને દૈત્ય તણો સર્વે મેલ્યો ભાવ. ॥૬૪૭॥
સર્વેમાં તમે છો દીન દયાળ, તમે ઉગારીને કરો પ્રતિપાળ. ॥૬૪૮॥
જયારે શ્રી હરિએ વચન કહ્યું પ્રકાશ, મારે જવું છે નારાયણની પાસ. ॥૬૪૯॥
જો મોક્ષ તણો તું કરે છે વિચાર, પણ શક્તિ બ્રહ્માનો રાખવો છે વ્યવહાર. ॥૬૫૦॥
જે ઈચ્છા કરે છે તુંય, તો વર આપું છું હુંય. ॥૬૫૧॥

શંખાસુરે કહ્યું : 'હે શ્રી હરિ ! મારા તપશ્ચર્યાના બળથી મેં મહાદેવને પ્રસન્ન કર્યા છે. મહાદેવે પ્રસન્ન ચિત્તથી મારા મસ્તક પર હસ્ત ધારણ કર્યા પછી અપરિમિત એવું બળ આપી મને ઉપકૃત કરેલ છે. મેરુ સમાન અચળ સ્થિર એવું આત્મનિગ્રહનું બળ અને અનન્ય સાધારણ એવા હૃદય સ્થિતિનું જ્ઞાન આપી તમારા સમાન કરેલ છે, પણ સૃષ્ટિ ચક્ર ચાલે તે માટે આ સર્વ અવતારી લીલા કરવાની છે.

બ્રહ્મદેવને વેદોત્પત્તિનો જે અહંકાર હતો તેના માટે જ મેં તેમના વેદ હરણ કર્યા છે. શક્તિદેવીને જે અહંકાર થયેલ હતો કે બધામાં હું જ બળવાન છું, બધાને બળ આપનારી હું જ છું, એવા સ્વરૂપના તેના અહંકાર માટે જ મેં શક્તિદેવીની પાસેથી રત્નો ચોરી લીધાં. પછી તમને પણ એક પ્રકારનો સૂક્ષ્મ અહંકાર આવ્યો હતો કે હું સર્વ દેવોમાં કંઈ અંશથી મોટો છું. હું નારાયણના સમાન હોવાથી બધામાં શ્રેષ્ઠ છું, એવા અહંકારનું નિવારણ કરવા મેં તમારાં પાંચ આભૂષણની ચોરી કરી. આ રીતે તમને સૌને અત્યંત ગમતી વસ્તુ હરણ કરવાથી તમે નિરાશ થયાં. આ જોઈ સદાશિવ નારાયણ પાસે જઈને સર્વ હકીકત નિવેદન કરી. નારાયણે તમને બોલાવી તમારામાં શક્તિ સ્થાપન કરી મારું નિઃસરણ કરીને આ સર્વ વસ્તુ પરત લાવવા તમને મોકલ્યા છે અને તે પ્રમાણે તમે તમારું કાર્ય કરો છો અને તમારા કાર્યને પ્રશંસા મળે છે. બધે તમારા નામનો પ્રકાશ પડે અને એ દ્વારા ઈશ્વરની સાધના, જપ-તપ વગેરે કરીને લોક તમને આવીને મળે અને એ દૃષ્ટિએ તમારા કાર્યની પુષ્ટિ થાય માટે હું આ બધી વસ્તુ લઈને ચૌદ ભુવનમાં ફર્યો અને તમારા કાર્યની પ્રસિદ્ધિ થઈ.

શ્રી હરિ મને કોઈપણ પ્રકારની વાસના નથી. એક જ ઈચ્છા છે કે મારા મસ્તક પર તમારાં ચરણ ધરીને મને શુદ્ધ પાવન કરો અને મને તમારામાં સમાવી લો. હે સ્વામી ! બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આ ત્રણેય મૂર્તિ એક જ રૂપ છે. કોઈપણ ન્યુનાધિક નથી, પરંતુ આ પિંડ અને બ્રહ્માંડ ચલાવવા માટે અલગ અલગ ગુણ ધારણ કરી કાર્ય કરે છે. હે શ્રી હરિ ! તમારી આ વસ્તુંઓની સંભાળ કરવા હું સમર્થ નથી, મારી પાસે રાખવા જેવી આ વસ્તુઓ નથી. તે હું તમારા સ્વાધીન કરું છું, પણ મારી અંતિમ ઈચ્છા પૂર્ણ કરવા મને તમારા સ્વરૂપમાં સમાવી લો, એવું કહીને શંખાસુર શ્રી હરિને અનન્ય ભાવે નમસ્કાર કરવા લાગ્યો. પોતાનાં બધા પ્રકારનાં બળ અને માન અપમાન બાજુમાં મૂકી દૈત્ય સ્વભાવ દૂર કરી અત્યંત દીનપણે ક્ષમા યાચવા લાગ્યો.

શ્રી હરિએ એના અંતઃકરણના શુદ્ધભાવ જાણીને કહ્યું કે; હે શંખવા, હું નારાયણથી વચનબદ્ધ થઈને શક્તિ અને બ્રહ્માનું કાર્ય વ્યવસ્થિત પાર પાડવા માટે આવ્યો છું. એ જવાબદારી પૂર્ણ પાર પાડીશ પછી હું તારી ઈચ્છા પૂર્ણ કરીશ.

ત્રુઠમાન થઈને બોલ્યા શ્રી હરિ, અને શંખાસુર ઉપર કૃપા કરી. ||૬૫૨||
દૈત્યે ત્યાં દેવને પાય લાગીને વિનંતી કરી, ત્યારે શંખાસુર ઉપર ત્રુઠયા શ્રી હરિ. ||૬૫૩||
આજ જે વર માગે તે આપવું આંહી, એવાં વચન શ્રી હરિ બોલ્યા છે ત્યાંહી. ||૬૫૪||
સ્વામી હું એવું માગું દીન દયાળ, જો મુજ કારણ તમો ધરો દશે અવતાર. ||૬૫૫||
સ્વામી કહ્યું તમારું નવ કરું, આગળ તમારે હાથે જ મરું, ||૬૫૬||
સ્વામી વેદ તમારા ના ઓચરું, એ તમો વિના બીજાથી નવ મરું. ||૬૫૭||
ત્યારે દૈત્ય બોલ્યો હું મનમાં ધરું, જે દશે અવતાર લગી તમ સાથે યુદ્ધ કરું. ||૬૫૮||
ભક્તિભાવ તમારા જયાંહ, જઈને ભંગાણ પાડું ત્યાંહ. ||૬૫૯||
જયાં વેદ તમારાં કરે વખાણ, ત્યાં જઈને મારી દેવડાવું આણ. ||૬૬૦||
ભજન કરી ને સમરે તમને, તે મેલી ભક્તિને સમરે મને. ||૬૬૧||
જો કોઈ લેવે તમારું નામ, ત્યાં જઈને મેલાવું તે તમારું કામ. ||૬૬૨||
એવી કહી શંખવે શ્રી હરિ શું વાત, એવો વર દ્યો ને દીનાનાથ. ||૬૬૩||
સૃષ્ટિ બ્રહ્માની મને માને સહુ, અને ત્યાં લગણ હું અમર રહું. ||૬૬૪||
વચન ન કોઈ ઉથાપે જેહ, મહાદેવને શક્તિ એહ. ||૬૬૫||
ચાર તમે ને પાંચમો હુંય, એવો વર સ્વામી દેવે તુંય. ||૬૬૬||
તો દૈત્ય પ્રત્યે શ્રી હરિએ કહ્યું, ત્યારે શંખાસુરને મન આવ્યું. ||૬૬૭||
તું રહેજે મહાદેવની પાસ, તે તને કરશે પોતાનો દાસ. ||૬૬૮||
કરાવી તપ ને દેશે વરદાન, ત્યાં તારું વધારશે માન. ||૬૬૯||
જો શંખવા તું કહે છે મને, તો હું હણવા આવ્યો છું તને. ||૬૭૦||
જે કોઈ મારો હોશે દાસ, જો તું તેની કેડે થાશ. ||૬૭૧||
તે ધરશે ભક્તિને આવશે અમારી પાસ, તો તુજને હું મારવાને ખાસ. ||૬૭૨||
સ્વામી તમને કહું વિચાર, મને મારીને કરો ઉદ્ધાર. ||૬૭૩||
ત્યારે કહે શ્રી હરિ સુણ શંખવા વાત, તું દૈત્યને અમે નાથ. ||૬૭૪||
જંબુદ્વીપ કલિયુગમાં અવતાર, તે નિર્મળ સૃષ્ટિ તણો વિચાર. ||૬૭૫||
છેલ્લી કળાને છેલ્લું રૂપ, અને ત્યાં મળશે સઘળા ભૂપ. ||૬૭૬||
આદે અંતનો એક અવતાર, ત્યારે તારો થાશે ઉદ્ધાર. ||૬૭૭||
ત્યારે શ્રી હરિએ એવાં વચન કહ્યાં જેહ, દૈત્ય શિર ચઢાવી દીધાં તેહ. ||૬૭૮||
જયારે એવાં વચન શ્રી વિષ્ણુ કહે, ત્યારે શંખાસુર ચિત્ત દઈને લહે. ||૬૭૯||

શ્રી હરિ કહે : હે શંખાસુર, 'તારાં વચન સાંભળી હું સંતુષ્ટ થયો છું. તને જે વરદાન માગવું હોય તે નારાયણની કૃપાથી હું પૂર્ણ કરીશ.'

શંખાસુરે પરમ આનંદીત થઈ કહ્યું: 'હે શ્રી હરિ ! તમે મારા ઉપર કૃપા કરીને મારા માટે દસ અવતાર લેવાનો સ્વીકાર કર્યો, પરંતુ હે શ્રી હરિ ! જો તમે મારા ઉપર પ્રસન્ન જ હોવ તો એક બીજું વચન માગું છું એ પૂર્ણ કરવા માટે તમે કૃપા કરો.

શ્રી હરિ કહેઃ બોલ, તારી શું ઈચ્છા છે.

ત્યારે શંખવો કહેઃ હે પ્રભુ ! હું મારા દૈત્ય સ્વભાવને અનુસરીને તમારું કોઈપણ વચન સરળ અર્થથી માનીશ નહીં. તમારા વેદ વચનનું પાલન હું કરીશ નહીં, પણ મારી અંતિમ ઈચ્છા એવી છે કે તમારા હસ્તે જ મારું મૃત્યુ થાય. તમારા સિવાય કોઈનાથી પણ મારો વધ ન હોય, હે સ્વામી ! હું દસે અવતાર તમારી સાથે યુદ્ધ કરવાની ઈચ્છાથી લઈશ એ તમે પૂર્ણ કરો, તમારા નામથી જે જે સ્થાને ભક્તિભાવથી યુક્ત સંકીર્તન, ભજન, પૂજન થતાં હશે એ સ્થાને જઈ એ લોકોમાં અહંકાર, દંભ વગેરે ભાવ ધારણ કરવા પ્રવૃત્ત કરી એમાં વિઘ્ન પાડવા માટે યશસ્વી થાઉં, આ વરદાન મને આપો. જયાં વેદવાણીથી યુક્ત એવાં તત્ત્વોથી તમારા સ્વરૂપનું લોકોને જ્ઞાન થતું હોય એવી સભામાં જઈને સર્વ જ્ઞાન નિરર્થક કરતાં આવડે એવું બળ મને આપો. ભજન કીર્તન કરી જે તમારું સ્મરણ કરતાં હોય એના બદલે એ સૌ તમારા સિવાય મારી જ ભક્તિ કરવા લાગે એવી મનોવૃત્તિ બદલવાનું સામર્થ્ય મને આપો. આ રીતે વિચિત્ર વરદાનની શંખાસુરે શ્રી હરિ પાસે માગણી કરી અને એ પૂર્ણ કરવા પ્રાર્થના કરી.

ત્યારે શ્રી હરિએ આશ્ચર્યચકિત થઈ શંખાસુરને પૂછયું; અરે શંખાસુર, જગતથી અલગ વચન શા માટે માગે છે ! તારા જન્મને સાર્થક કરી લે.

શંખાસુરે કહ્યું કેઃ હે શ્રી હરિ ! હજુ એક વાત માગવાની છે કે સૃષ્ટિકર્તા બ્રહ્મા સહીત બધાએ મને માન આપી મારી અવધિ પૂરી થાય ત્યાં સુધી મારા કાર્યમાં કોઈએ વચ્ચે આવવું નહીં. બીજા કોઈથી પણ મને મરણ ન આવે. જે પ્રમાણે તમો ત્રણ દેવ અને ચોથી શક્તિ તે પ્રમાણે તમારી સાથે પાંચમો એવો હું, મને તમારા જેવું માન મળે એ પ્રમાણે તમે મને વર આપો.'

શ્રી હરિએ કહ્યું: 'હે શંખાસુર, તારી જે ઈચ્છા હશે તે પૂર્ણ થશે પણ એ માટે તને તપશ્ચર્યા કરવી પડશે. તે માટે તું મહાદેવ પાસે જા. એમને તપ દ્વારા પ્રસન્ન કરી એમની પાસેથી વરદાન મેળવી લે. એ તારું બળ, શક્તિ, પરાક્રમ વધારી માન આપશે, એટલે તું મહાદેવનો આશ્રય લે. ફકત તારું પહેલું વરદાન હું પૂર્ણ કરું છું, પણ મારા જે સાચા ભકત હશે તેને જો તું ત્રાસ આપીશ તો મારે તારી સાથે યુદ્ધ કરવું પડશે.

આ રીતે બંને દેવ અને દાનવની વાતચીત થઈ. શ્રી હરિએ શંખાસુરને કહ્યું: 'હે શંખવા, જયારે જંબુદ્વીપમાં હું અવતાર ધારણ કરીશ અને છેલ્લા સંધીકાળમાં પ્રગટ થઈશ ત્યારે બધા દેશોદેશના રાજા એટલે ચતુર્યુગના સર્વ સદ્ભક્ત એકત્ર થઈ બધાને મોક્ષગતિ પ્રાપ્ત થશે ત્યારે તને પણ મોક્ષગતિ મળશે એવી નારાયણની આજ્ઞા છે. ત્યાં સુધી તારે અને મારે આ જગત ચક્રમાં અવતાર કાર્ય કરવું પડશે. આમ શ્રી હરિએ કહ્યું એટલે પરમ સંતોષિત થઈ શંખાસુર માથું હલાવી એકાગ્ર ચિત્ત કરી નારાયણનું ધ્યાન ધરવા લાગ્યો.

શંખોદર બેટને સાતમું પાતાળ, સત્ય તણી ત્યાં ઊઠી જાળ. ॥૯૮૦॥
ક્રોધે દૈત્ય પડ્યો જો ત્યાંય, અને શક્તિ રૂપ તેડાવ્યાં ત્યાંય. ॥૯૮૧॥
જેમ જેમ શ્રી હરિ પાય દઈને ધરે, તેમ તેમ શંખવો ક્રોધ જો કરે. ॥૯૮૨॥

મહાદુઃખી થાવ છો શ્રી હરિ, અને પ્રેમે પ્રાણ જાય છે નીસરી. ॥૬૮૩॥
કહે શ્રી હરિ દુઃખી નહીં થાઉં, તો તુજ કેડે શાને ધાઉં. ॥૬૮૪॥
મારું પરાક્રમ જો ન ઓચરું, તો તુજ માટે શાને અવતરું. ॥૬૮૫॥
ધરી અવતાર ને વ્હેર્યુ શરીર, રૂધીર વહે જેવું નદીના નીર. ॥૬૮૬॥
ત્યારે શ્રી હરિએ સમુદ્ર મોઝાર, દૈત્યને મારીને લીધા વેદ ચાર. ॥૬૮૭॥
જ્યારે શ્રી હરિ દૈત્ય મારીને વેદ લાવ્યા ચાર, ત્યારે સર્વે દેવ બોલ્યા જયજયકાર. ॥૬૮૮॥
તે દેવે માર્યો દૈત્ય સમુદ્રમાં ધરી, ત્યાં મત્સ્ય રૂપ લીધું શ્રી હરિ. ॥૬૮૯॥
મારી દૈત્યને રાખ્યું નામ, સર્વ લોકને કહ્યું બ્રહ્મ જ્ઞાન. ॥૬૯૦॥
શંખવો દૈત્ય ગયો ટળી, શ્રી હરિ ત્યાંથી આવ્યા પાછા વળી. ॥૬૯૧॥
દૈત્ય માર્યોને થયાં વખાણ, ચૌદ લોકમાં થઈ છે જાણ. ॥૬૯૨॥
મારી દૈત્યને શ્રી હરિ ગયા, અને જીતી દૈત્યને પાછા આવીયા. ॥૬૯૩॥
શક્તિ તણો સૌ પરિવાર, સર્વે લોકમાં થયો જયજયકાર. ॥૬૯૪॥
બ્રહ્મા બેઠા હતા સહી, ત્યાં તેમણે દૂત મોકલાવ્યા જઈ. ॥૬૯૫॥
સુણો હો બ્રહ્માજી દૂત જો કહે, અને વેદ વિના પૃથ્વી કેમ રહે. ॥૬૯૬॥
લાવ્યા વેદને અચિંતા હોવો તમે, તમ કારણ શ્રી હરિ પાતાળ ભમે. ॥૬૯૭॥
ત્યારે પાતાળે શ્રી હરિએ શું કર્યું, દૈત્ય કારણ મત્સ્ય જ રૂપ ધર્યુ. ॥૬૯૮॥
ત્યારે શંખવો જઈને રહ્યો બેટ જો માંય, ત્યારે શ્રી હરિએ જઈને ગ્રહ્યો ત્યાંય. ॥૬૯૯॥
જયારે ઝાલ્યો ત્યારે લાગ્યો પાય, અને ઓળખ્યા ત્રિભુવનના રાય. ॥૭૦૦॥
જયારે આધીન થઈને સ્તુતિ કરી ઘણી, ત્યારે દીધો વર અને નાખ્યો હણી. ॥૭૦૧॥
તે માટે બ્રહ્માજી તમને કહું વાણ, તે દુષ્ટને જોઈ આવ્યો છું હું જાણ. ॥૭૦૨॥
તમારા સર્જાવ્યા તમારા દાસ, અને શ્રી હરિ આવે છે હમણાં તમારી પાસ. ॥૭૦૩॥

શ્રી હરિએ આપેલા વચન પ્રમાણે ક્ષણમાં જ એના મનમાં અને વૃત્તિમાં પરિવર્તન આવ્યું. સપ્ત પાતાળના નીચે બ્રહ્માંડના છેલ્લા સ્થાન પર આવેલા શંખોદર બેટમાં સત્ય રૂપી એવી મોટી અગ્નિ શિખા થઈ. એણે શક્તિ રૂપ ધારણ કર્યુ. એ મહાશક્તિએ શંખાસુરને યુદ્ધ માટે આહ્વાન કર્યુ. શ્રી હરિ શંખાસુરને પગથી દબાવી હાથ પકડી ખેંચવા લાગ્યા. તેમ તેમ શંખાસુર લાચાર થઈ વિનંતી કરવા લાગ્યો. શ્રી હરિએ છેલ્લે પોતાનું સ્વરૂપ બદલીને બંને હાથથી શંખાસુરને જોરથી પકડી જમીન ઉપર પછાડયો. એના પેટ ઉપર પ્રહાર કર્યો. શંખાસુરનું પેટ ચિરાઈ ગયું અને શંખાસુરનો સંહાર કર્યો.

આ રીતે શ્રી હરિએ શંખાસુર દૈત્યને મારીને તેની પાસે રહેલા ચારે વેદ લઈ લીધા. ત્યારે સર્વત્ર શ્રી હરિનો જયજયકાર થવા લાગ્યો. અદશ્ય રૂપે આવેલા સર્વ દેવો શ્રી હરિએ ધારણ કરેલ મત્સ્ય રૂપ અવતાર ઉપર પુષ્પ વૃષ્ટિ કરી મંગલ વાદ્ય વગાડવા લાગ્યા.

સમુદ્રમાં શંખ રૂપ ધારણ કરીને અને ચારેય વેદનું હરણ કરેલ શંખાસુરનો શ્રી હરિ મત્સ્ય રૂપ ધારણ કરી અંત લાવ્યા. શંખાસુરનો દૈત્ય ભાવ શંખમાંથી પૂર્ણપણે દૂર થઈ જતો રહ્યો અને ત્યાં ફક્ત જ્ઞાનવાન શંખ જ બાકી રહ્યો.

પ્રેમથી શ્રી હરિએ શંખાસુરનું કલેવર હાથમાં ધારણ કર્યું અને એના હૃદયમાં મૂકેલા વૈદિક જ્ઞાનના વેદો ખૂબ યુક્તિપૂર્વક બહાર કાઢી લીધા. એ બ્રહ્મ જ્ઞાન શ્રી હરિના હસ્તમાં આવ્યું એટલે ત્રણે લોકમાં અજ્ઞાન રૂપી અંધકારનો નાશ થયો.

આ આનંદમય સંદેશો બ્રહ્મદેવને કહેવા માટે અને તેમના વેદ પાછા મળ્યાનો સંદેશ આપવા માટે શ્રી હરિએ બ્રહ્મદેવ પાસે એક દૂત મોકલ્યો.

દૂત બ્રહ્મદેવ પાસે પહોંચ્યો અને વેદ વિના વ્યાકુળ થયેલા બ્રહ્મદેવને કહેવા લાગ્યો કે: 'હે સૃષ્ટિકર્તા ચતુરાનંદ ! વેદ આધાર વગર સૃષ્ટિની વિકટ વ્યવસ્થા થઈ ગઈ હતી, એ નિવારણ કરવા માટે શ્રી હરિ શંખાસુર પાસેથી વેદ પાછા લાવવા છેક પાતાળમાં પહોંચ્યા હતા અને ત્યાં જઈ તેમણે મત્સ્ય રૂપ ધારણ કરી શંખાસુરનો અંત કરી તેની પાસેથી ચાર વેદ ગ્રહીને હવે તમને મળવા આવે છે.'

આ સંદેશ સાંભળી બ્રહ્મદેવને અપરિમિત આનંદ થયો અને તે અતિશય ઉત્કંઠાથી શ્રી હરિની રાહ જોવા લાગ્યા.

વિનંતી કરીને દૂત થંભે જયાંય, ત્યારે શ્રી હરિ આવી રહ્યા ત્યાંય. ॥૭૦૪॥
ત્યારે બ્રહ્માજીને મન થયો આનંદ, હરખ્યા સર્વ દેવને ચૌદે ભુવન. ॥૭૦૫॥
શ્રી હરિ મત્સ્ય રૂપે શંખાસુરને મારીયા, ત્યારે વેદ વાળી બ્રહ્માજીને દીયા. ॥૭૦૬॥
ત્યારે શ્રી મત્સ્ય રૂપ ધર્યું વિષ્ણુ નારાયણ, વેદ કારણ ગયા પાતાળે સારંગ પ્રાણ. ॥૭૦૭॥
શ્રી હરિએ જઈ પઈયાલને વાળ્યા વેદ, ત્યારે કેવલ બ્રહ્માજીને કીધા ભેદ. ॥૭૦૮॥
સ્વામી સત્‌ગોર યુગમાં દીવો તમે, વેદે દીધી વાચા પાળીએ અમે. ॥૭૦૯॥
હણ્યો શંખવોને કીધાં કાજ, ત્યાં શ્રી મત્સ્ય રૂપ થયા મહારાજ. ॥૭૧૦॥
કર્તાયુગમાં શ્રી હરિ મત્સ્ય અવતાર, ત્યાં શ્રી મત્સ્ય રૂપે શ્રી હરિ પરિવાર. ॥૭૧૧॥
જયારે બ્રહ્મા પૂછે વિષ્ણુને જેહ, સ્વામી કેમ નીપજયું કારજ તેહ. ॥૭૧૨॥
ત્યારે કહે શ્રી હરિ બ્રહ્મા કૃપા તમો તણી, અમો ઉપર ત્રુઠયા ત્રિભુવન ધણી. ॥૭૧૩॥
તે સહાયે અમે ગયા પાતાલ, અમને માન્યા દીન દયાલ. ॥૭૧૪॥
મત્સ્ય પાતાલ ગયા જયાંહ, એક ભક્ત અમને મળ્યા ત્યાંહ. ॥૭૧૫॥
તેમને ઉપન્યું જ્ઞાન, તેને અમે દીધું ધર્મદાન. ॥૭૧૬॥
ત્યારે દૈત્યે ત્યાં શી કીધી પેર, ને સર્વે વસ્તુ રાખી પૃથ્વીને ઘેર. ॥૭૧૭॥
ત્યાં મત્સ્યરાજને ઘેર અમે ગયા, ત્યાં તેવે વેશ થઈને રહ્યા. ॥૭૧૮॥
ધરતી શંખાસુરને રાખવા ગઈ, ત્યારે અમે ત્યાં પહોંચ્યા જઈ. ॥૭૧૯॥
શંખવે જાણ્યું આવ્યા ત્રિભુવન ધણી, ત્યારે લીધી વાટ તેને પાતાળ તણી. ॥૭૨૦॥
ત્રીજે પાતાળે પહોંચ્યો જઈ, તેણે યુદ્ધ ત્યાં માંડ્યો સહી. ॥૭૨૧॥
તેણે તો પરાક્રમ કીધાં અનેક, અને સર્વે દૈત્યના કીધા વિવેક. ॥૭૨૨॥
ત્યાં એવું કરે છે રાજ, તેનાં અમારે કરવાં કાજ. ॥૭૨૩॥
ભક્ત અમારો હતો એક, લાગી પાયને પૂછયા વિવેક. ॥૭૨૪॥
ખંડના રાજ વસે પાતાળ, તેમણે ઓળખ્યા અમને દિનદયાળ. ॥૭૨૫॥
આવ્યા સામા અમે હોતા જયાંહ, અમ વર દીધો વૈકુંઠનો તેહ. ॥૭૨૬॥

એટલામાં શ્રી હરિ ત્યાં આવ્યા. બ્રહ્મદેવ આસન પરથી ઊઠીને શ્રી હરિને મળવા સામા ગયા. અતિશય પ્રેમથી આદર સત્કાર કરીને શ્રી હરિને આસન પર બેસાડી પોતે આસન ગ્રહણ કર્યાં અને અતિશય સૌમ્ય વાણીથી તેમનો આદર સહિત આભાર માન્યો. શ્રી હરિએ પોતે લાવેલ ચારેય વેદ બ્રહ્મદેવને અર્પણ કર્યા.

બ્રહ્મદેવે ક્ષેમકુશળ પૂછી કહ્યું કે: 'હે શ્રી હરિ નારાયણ, મારા માટે તમે આટલો પરિશ્રમ લઈને અપરિમિત કષ્ટ સહન કરી સપ્ત પાતાળમાં જઈ અને શંખાસુરને યુદ્ધમાં જીતીને આ વેદ પાછા લાવ્યા છો અને એ માટે તમને મત્સ્ય અવતાર ધારણ કરવો પડ્યો. આ સર્વ ઘટનાથી તમે મને કાયમનો ઋણી કર્યો છે. અંશતઃ આ ઋણમાંથી મારાથી મુક્ત થવાશે નહીં.'

ત્યારે શ્રી હરિ બોલ્યા: 'હે બ્રહ્મદેવ, આમાં ઋણ શાનું અને મેં એવું કયું મોટું કાર્ય કર્યુ કે તમે મને આટલું ગૌરવ અને મહત્ત્વ આપો છો. અરે ! ખરેખર તમારી આજ્ઞાનું પાલન કરવું એ મારું કર્તવ્ય છે. હે બ્રહ્મદેવ, નારાયણે તમોને યોગ્ય પાત્ર જાણી આ અખંડ જ્ઞાન ગુણભંડારના વેદ આપ્યા છે. એ વૈદિક વચનોનું પાલન કરવું અને રક્ષણ કરવું એ મારું કર્તવ્ય છે. હે બ્રહ્મદેવ, હું ધન્યતા અનુભવું છું. તમારું વચન એ નારાયણની આજ્ઞા સમજી શિર પર ધરી કર્તવ્યની જવાબદારી નિભાવી હું યશસ્વી થયેલ છું. આ કેવળ નારાયણની જ કૃપા છે.'

બ્રહ્મદેવના પૂછવાથી શ્રી હરિએ પોતાનો વૃત્તાંત સંક્ષિપ્તમાં એમને કહ્યો. શ્રી હરિ બોલ્યા: હું પ્રથમ શંખાસુરને પકડવા માટે ગયો, તો શંખાસુર આગળ ભાગીને પાતાળમાં ગયો. મત્સ્યલોકમાં જઈને તેને ત્યાંના રાજાનો આશ્રય માગ્યો. રાજાએ તેની વાતનો સ્વીકાર ન કર્યો એટલે તે ત્યાંથી આગળ જવા નીકળી ગયો. આ પાતાળલોકમાં એકથી એક એવા પરમ ભક્ત પ્રજા હિતેચ્છુ અને આત્મ જ્ઞાની રાજાઓ વસેલા છે. શંખાસુર જે જે રાજાઓ પાસે આશ્રય માટે ગયો તે તે બધાએ તેને નારાયણનો ચોર જાણીને આશ્રય ન આપી તિરસ્કૃત કરી કાઢી મૂક્યો. મારી ઓળખાણ કરી અને સાચા હૃદયથી મારી આગતા-સ્વાગતા-સેવા કરી તેથી પ્રસન્ન થઈ, મેં એ સદ્‌ભક્તોને વરદાન આપી કૃતાર્થ કર્યા. દરેક અવતારમાં એક એક સદ્‌ભક્તનો ઉદ્ધાર કરી એમને વૈકુંઠપદની પ્રાપ્તિ કરાવી આપવાનું વચન મેં આપેલ છે.

ત્યારે જઈને રહ્યો એ ચોથે પાતાલ, અને ત્યાં તલાતલ હતો અંધકાર. ॥૭૨૭॥
ત્યાં રાજા હસ્તી કરે છે રાજય, તે આવ્યા અમારે કાજ. ॥૭૨૮॥
ત્યારે તેને ભક્તિ ભાવ કીધો છે ઘણો, અમે ભક્ત જાણ્યો તેને અમ તણો. ॥૭૨૯॥
એવી સ્તુતિ કરી બ્રહ્માને વિષ્ણુ આગળ કહે, સ્વામી ચોર તમારો ક્યાં જઈ રહે. ॥૭૩૦॥
સ્વામી અમે ગયા પાંચમે પાતાળ, તમને માન્યા દીન દયાળ. ॥૭૩૧॥
ત્યાં સત્યવાદી જીવ હતા ઘણા, સારા ભાગ્ય તે સૌ તણાં. ॥૭૩૨॥
ત્યારે તમ કૃપાયે વર આપ્યો અમે, તેનો સાંસો ન કરો તમે. ॥૭૩૩॥
ખંડના ભક્ત હતા જેહ, અમારી પાસે આવ્યા તેહ. ॥૭૩૪॥
રસાતલમાં અમે ગયા જયાંય, સૂરજમલ ઉથાપ્યો ત્યાંય. ॥૭૩૫॥
ધવલંગ રાજાને થયું જાણ, તેણે ન લોપી અમારી આણ. ॥૭૩૬॥
સૂરજમલ શંખવા શું થાય, તેને વળી અમે શ્રાપોય ત્યાંય. ॥૭૩૭॥
વિષ્ણુ ત્યાં બ્રહ્મા આગળ કહે, અને શંખવો કોનો રાખ્યો નવ રહે. ॥૭૩૮॥
જયાંહ શણગાર હોતા શક્તિ તણા, તે ધરતીને ઘેર મેલ્યા ઘણા. ॥૭૩૯॥

જે હોતો અમારો શણગાર, તે મેલ્યો સૂરજમલને દ્વાર. ॥૭૪૦॥
અમે હણતા તેણે ન કીધી વાર, વેદ વાળી લીધા તત્કાળ. ॥૭૪૧॥
ત્યારે હરખ્યા બ્રહ્માજી ભયો ઓમકાર, અને ચૌદ લોકમાં તે તેજ અપાર. ॥૭૪૨॥
સ્વામી હું ગયો સાતમે પાતાળ, મને નાગે માન્યા દીનદયાલ. ॥૭૪૩॥
સર્વે લોકમાં થયું જાણ, મારી શંખાસુરને લીધા પ્રાણ. ॥૭૪૪॥

શ્રી હરિ બ્રહ્મદેવને પોતાની હકીકત આગળ કહેવા લાગ્યા કે; આ શંખાસુર ચોથા પાતાળમાં ગયો. ત્યાં ગુપ્તપણે રાજ દરબારમાં જઈને બેઠો. ત્યાં હસ્તીરાજ રાજ્ય કરે છે. મેં તેને બધી પરિસ્થિતિ જણાવી તે અનન્ય ભક્તિભાવથી મને મદદ કરવા દોડી આવ્યો અને અનેક રીતે મારી સ્તુતિ સેવા કરી અત્યંત નમ્ર ભાવથી શંખાસુરને પકડી લાવવા માટે આજ્ઞા માગવા લાગ્યો. તેને અનુરૂપ એવું વરદાન આપી મેં તેને સંતુષ્ટ કર્યો અને પછી શંખાસુરને મારવા માટે હું આગળ ગયો.

પાંચમા પાતાળનો માર્ગ લઈ શંખાસુરે ત્યાંના રાજાનો આશ્રય લીધો. પણ હું ત્યાં જતાં જ પરમ સદ્ભક્ત રાજા પોતાના ભાગ્યનાં વખાણ કરતો મને આવી મળ્યો. મેં એને પણ યોગ્ય વરદાન આપી સંતુષ્ટ કર્યો. આ રીતે આગળ અલગ અલગ પાતાળમાં જઈ આશ્રય માગ્યો પણ કોઈ તેને આશ્રય આપવા તૈયાર નહોતું. મને ત્યાં જતાં જ ઈશ્વર રૂપ સમજી એ સર્વ સદ્ભક્તો મારા શરણે આવતા. એમની મનોકામના પૂર્ણ કરવા માટે એમને મેં વરદાન આપ્યાં છે. ફક્ત એક સૂરજમલ રાજા જ માત્ર દૈત્ય કુળનું અભિમાન કરી શંખાસુરને આશ્રય આપી મારો પ્રતિકાર કરવા સજ્જ થયો. તેને શ્રાપ આપી હું મારા માર્ગે આગળ નીકળ્યો.

શંખાસુર આગળ સપ્તપાતાળના તળમાં રહેલા શંખોદર બેટમાં જઈ રહ્યો. ત્યાં જઈને મત્સ્ય રૂપ ધારણ કરી શંખાસુરનો સંહાર કરી આ વેદ પાછા લાવી તમારા સ્વાધીન કર્યા છે. શ્રી હરિની વાણી સાંભળી બ્રહ્મદેવને અપરિમિત આનંદ થયો. તેમને અપાર પ્રેમથી શ્રી હરિનો અત્યંત નમ્ર ભાવે સદ્કાર્ય કર્યા બદલ આભાર માન્યો.

વિષ્ણુ બ્રહ્મા શું કહે, અને સત્‌પંથ ગોર શું જ્ઞાન જો ધરે. ॥૭૪૫॥
આદે સત્‌પંથ હોતા જેહ, પહેલા યુગમાં મેલ્યા તેહ. ॥૭૪૬॥
કહે બ્રહ્મા સ્વામી સત્યપંથને વરો, અમે આગળ જઈએ ને તમો અવતરો. ॥૭૪૭॥
નારાયણે અમને આલ્યું છે વર, જે માને તેને સહાય કરો ધરણીધર. ॥૭૪૮॥
અમે જઈને દેખાડ્યું સંસારમાં જ્ઞાન, તમે આવશો ત્યારે અમારું વધશે માન. ॥૭૪૯॥
ત્યારે વિષ્ણુએ બ્રહ્માને કહ્યું, વચન તમારું મેં મસ્તક ધર્યું. ॥૭૫૦॥
ત્યારે ત્યાં હોતા બ્રહ્માને આવ્યા મહાદેવ, ત્યારે ત્યાં આવ્યાં શક્તિ કરે છે સેવ. ॥૭૫૧॥
ચારે મૂરત ત્યાં કરે છે વિચાર, ત્યારે શક્તિએ માગ્યો શણગાર. ॥૭૫૨॥
સ્વામી તમે વેદ કારણ પાતાળે સંચરીયા, શણગાર મારા કેમ ન લાવીયા. ॥૭૫૩॥
તમે સુણો સ્વામી હું કહું છું તમને, તમે ત્રણે દેવ નથી જાણતા મને. ॥૭૫૪॥
આદ્ય શક્તિ છે મારું નામ, કહો તો ફેરું તમારાં ઠામ. ॥૭૫૫॥
નારાયણે ઉપજાવી છે મને, અને ગુણ મારા સર્વે કહું છું તમને. ॥૭૫૬॥
અનંત કળાથી હું અવતરું, ક્ષણ એકમાં હું અનંત રૂપ ધરું. ॥૭૫૭॥
ક્ષણ એકમાં ધરું માતાનું જ્ઞાન, ક્ષણ એકમાં નહીં મને સૂતકને સ્નાન. ॥૭૫૮॥

સંસાર સર્વે રાખું મુજ માંહે, સર્જ્યાં સહુ ઘર થઈ રહું નારી ત્યાંહે. ॥૭૫૯॥
એવે પરાક્રમે હું જો ભરી, મારો ગુણ ન જાણ્યો શ્રી હરિ. ॥૭૬૦॥
અજાણમાં પૂજતા તમે, તેણે હણીને કટકા કીધા અમે. ॥૭૬૧॥
બ્રહ્મા વિષ્ણુ મહાદેવ ત્રણ દેવ, તેની તમે કરતા સેવ. ॥૭૬૨॥
મને હણતાં ન લાગી વાર, તેને મારીને કટકા કીધા બાર. ॥૭૬૩॥
તેને મારી ત્રિશૂળ ને છેદ્યું શરીર, તમ આગળ વળી રાખું છું ધીર. ॥૭૬૪॥
ત્યાંહ વળી માયા રૂપી સર્જ્યાં છીએ અમો, હું નારી એકને વળી ત્રણ પુરુષ છો તમો. ॥૭૬૫॥
એવા વચન જ્યારે શક્તિએ કહ્યા, તે બ્રહ્મા વિષ્ણુએ લહ્યા. ॥૭૬૬॥

શ્રી હરિએ બ્રહ્મદેવને કહ્યું કેઃ ‘હે બ્રહ્મદેવ, તમે મૃત્યુલોકમાં જઈને આ વૈદિક જ્ઞાનનો જગતના લોકોને ઉપદેશ કરો. સદ્ગુરુ રૂપથી પ્રગટ થઈ આ વૈદિક સત્પંથ ધર્મનું સુજ્ઞજનોને માર્ગદર્શન કરો. આ અનાદિ સનાતન વૈદિક સદ્માર્ગ હોવાથી આ સદ્માર્ગનો તમે પ્રથમ યુગથી સ્થાપના કરો. તમે દિગ્દર્શિત કરેલા ‘સત્’’ માર્ગનો જે કોઈ વિરોધ કરશે, સત્માર્ગ છોડી અસત્ય આચરણ કરશે એવા દુષ્ટનો સંહાર કરવા હું અવતાર ધારણ કરીશ. જે સદ્ભક્ત પરમ શુદ્ધ અંતઃકરણથી સન્માર્ગાનુસરણ કરી સાચા હૃદયથી ઈશ્વર ભક્તિ કરીને જગતની મિથ્યા માયા મોહ રૂપ કસોટીમાંથી પાર ઉતરશે એમનો ઉદ્ધાર કરવા માટે હું પ્રગટ થઈને તે સર્વ કાર્ય કરી તમોને સહાય કરીશ.

શ્રી હરિનાં વચન સાંભળી બ્રહ્મદેવે પૂર્ણ આનંદ દર્શાવી કહ્યું કેઃ તમારા વચન હું શિરોમાન્ય ધરું છું. શ્રી નારાયણે પણ મને તેવી જ આજ્ઞા કરી હોવાથી આ વૈદિક જ્ઞાનનો પ્રસાર કરવા માટે મને મૃત્યુલોકમાં જવાનું છે પણ શ્રી હરિ ! આ કામ મારા એકલાથી પાર પડશે એવું લાગતું નથી, માટે તમે મારા પર કૃપા કરી મને સહાય કરો. તમારી સહાયથી આ કામ વ્યર્થ જશે નહીં. શ્રી હરિએ પણ બ્રહ્મદેવનાં વચન માન્ય કર્યાં.

એટલામાં મહાદેવ અને શક્તિ પણ ત્યાં આવી પહોંચ્યાં. બધાંએ પરમ સંતોષિત થઈને એકબીજાને પ્રેમભર્યા ક્ષેમકુશળના સમાચાર પૂછી આભાર માન્યા. મહાદેવે અને શક્તિએ શ્રી હરિને તેમના અવતાર વિષયના કાર્યની વિસ્તારપૂર્વક ચર્ચા કરી અને શ્રી હરિએ પણ સર્વ હકીકત કહી.

ત્યારે શક્તિએ શ્રી હરિને વિનંતી કરી કેઃ ‘હે શ્રી હરિ, તમે શંખાસુરને મારીને વેદ પાછા લાવ્યા પણ પાતાળમાંથી મારા અલંકાર શૃંગાર કેમ લાવ્યા નહીં ? શણગાર લાવવાનું કેમ ભૂલી ગયા ? તમે ત્રણેય મારી યોગ્યતા જાણતા નથી ? હું આદ્ય શક્તિ છું !! મનમાં જો આવે તો હું તમને ત્રણેયને સ્થાન ભ્રષ્ટ (બાળીને ભસ્મ) કરી શકું છું !

નારાયણે એકમાત્ર સંકલ્પથી કેવળ પ્રતિ કૃતિ માની મારું નિર્માણ કરેલ છે. હું અનંત ગુણવાન, કલાવાન છું. એક જ ક્ષણમાં હું અનંત રૂપથી પ્રગટ થઈને અનંત કાર્ય કરી શકું છું. આવી મારી અપરિમિત શક્તિ છે, હું ક્ષણમાં માતાનું સ્વરૂપ ધારણ કરું છું, સર્વ જગતમાં હું મારા અવર્ણનીય ગુણથી વ્યાપ્ત થયેલ છું, હું દરેકના ઘરે સ્ત્રી રૂપથી પ્રગટ થઈને સર્વ જગતની સેવા પણ કરું છું, આ પ્રમાણે અનંત ગુણ મારી પાસે છે. પણ તમે ત્રણેય મારી શક્તિને ઓળખતા નથી. જેને તમે પૂજ્ય અને વંદનીય માનતા હતા તેને મેં એક જ ક્ષણમાં ત્રિશૂળથી મારીને બાર ટુકડા કર્યા હતા. પરંતુ તમારી પાસે હું ધીરજ ધરું છું, તમારું અનિષ્ટ ઈચ્છતી નથી. પણ ધ્યાનમાં રાખો કે તમે ત્રણેય દેવ અને હું શક્તિ એકલી છું છતાં તમને ત્રણેયને હરાવીને મારી શકું એવી દિવ્ય શક્તિ મારામાં છે અને ઈચ્છા પ્રમાણે એનું પરિણામ હું બતાવી શકું તેમ છું.’

વિષ્ણુએ કહ્યું શક્તિને ત્યાંહે, જે શણગાર તમારો લાવીશ આંહે.॥૭૬૭॥
મારે સૃષ્ટિ તણું કરવું છે કામ, રતન મૂકાવ્યાં છે જુજવે ઠામ.॥૭૬૮॥
ફરી અમારે જાવું પાતાળ, અને લેશું કૂર્મ અવતાર.॥૭૬૯॥
મેલી આવ્યો છું ધરતીને ઘેર, અને જીવોની કરવી છે પેર.॥૭૭૦॥
શું કહો છો શક્તિ વારંવાર, તમારો ત્યાં રાખ્યો છે શણગાર.॥૭૭૧॥
મેલી આવ્યો છું નાગને ઘેર, જવું છે તેની કરવા પેર.॥૭૭૨॥
જો અમે હોઈએ દીન દયાળ, તો ત્રીજી વાર જાવું પાતાળ.॥૭૭૩॥
ત્યારે શક્તિ મન હરખ્યાં અનંત, સ્વામી અમારે તમારે છે વચન.॥૭૭૪॥
ત્યારે સત્‌ગોરે વેદ ભણ્યા અપાર, અને માયાનો થયો અહીંથી વિસ્તાર.॥૭૭૬॥
ત્યારે વિષ્ણુ કહે સુણો શક્તિ તમે, તમે આવો તો વળી જવું અમે.॥૭૭૬॥
સ્વામી તમે છો ચૌદે ભુવનના નાથ, તો અમે આવીશું તમારી સાથ.॥૭૭૭॥
વિષ્ણુ શક્તિ બ્રહ્મા મળી, એ ત્રણે ભેગા એક પાત્રમાં ભળી.॥૭૭૮॥
એ ત્રણ થકી જે નીપજે વંશ, તે કહેવાય શ્રી હરિનો અંશ.॥૭૭૯॥
તેના કોઈ પૂજે પાય, તે જીવ તો અમરાપુરમાં જાય.॥૭૮૦॥
એ અંશમાં જે મૂરત એક, જેમાં કહીએ અનંત વિવેક.॥૭૮૧॥
જેણે ટાણે આવે જેહ, તેણે સમયે ઉપજે તેહ.॥૭૮૨॥
તે મારી દૈત્યને જપાવે જાપ, સત્‌ગોર કહે તે આપોઆપ.॥૭૮૩॥
પાતાળે ગયાનું રાખ્યું વચન, અને ભક્તોનાં ઉગારવા તન.॥૭૮૪॥
ચૌદ લોકમાં ઉપન્યા જેહ, આપોઆપ કહીયે તેહ.॥૭૮૬॥
બાકી અવર ન કોઈ જાણો તેહ, વિષ્ણુ દેવ આપે પ્રમાણો જેહ.॥૭૮૬॥
ત્રણે મળીને કર્યો વિચાર, બ્રહ્મા વિષ્ણુ શક્તિ અવતાર.॥૭૮૭॥

ભગવાન શ્રી વિષ્ણુ બોલ્યા: 'હે શક્તિ દેવી, તમારી અપરિમિત ગતિ અમે જાણી છે. તમે મનમાં કાંઈ પણ ઓછું ન લાવતાં ક્રોધ કરશો નહીં. તમારા અલંકાર, આભૂષણ, શૃંગાર હું લઈ આવીશ, કારણ સૃષ્ટિનું કાર્ય કરવા માટે મને મૃત્યુલોક અને પાતાળલોકમાં જવાનું છે. તમારા શૃંગાર પાતાળમાંથી શેષનાગના દરબારમાંથી કાઢી લાવી મૃત્યુલોકમાં ધરતીના દ્વારે મૂક્યા છે. ત્યાં તે સુરક્ષિત છે, પણ હું જ્યારે કૂર્મ રૂપ ધારણ કરીશ ત્યારે સમુદ્રમંથન વખતે તમારા આ અલંકાર લાવીને તમારા સ્વાધીન કરીશ એવું તમે નિશ્ચય સમજજો. હે શક્તિ, તમારી પ્રીતિ માટે અને તૃપ્તિ કરવા માટે મને ત્રીજી વાર પણ જો પાતાળમાં જવું પડે તો એ કાર્ય હું અત્યંત આનંદથી શિર પર લઈ ત્યાં જઈશ, કારણ કે મેં તમને એવું વચન આપેલ છે.' આ સાંભળી શક્તિને ખૂબ જ આનંદ થયો.

શક્તિદેવી અત્યંત હર્ષિત થઈને શ્રી હરિની સ્તુતિ કરી ગુણગાન ગાવા લાગ્યાં કે: હે સ્વામી ! તમે ચૌદ ભુવનના નિર્મિત થઈને સંકલ્પ માત્રથી આ જગતનાં અનંત રૂપથી વિસ્તાર કરવામાં સમર્થ છો !

સદ્‌ગુરુ મહારાજ કહે છે કે: વેદ વચન અનુસાર અને જ્ઞાન દૃષ્ટિથી જે જીવાત્મા શિવ અને શક્તિ તેજથી બ્રહ્મ તત્ત્વ પ્રાપ્ત કરી લે છે તેવી દિવ્ય વિભૂતિમાંથી તેજસ્વી અવતાર પ્રગટ થઈ આ જગતના અજ્ઞાની જીવાત્માના માર્ગદર્શક બની રહે છે.

મચ્છ અવતારે બાંધ્યા બંધ, સત્‌ગોર કહે છે એ છેલ્લી સંધ. ॥૭૮૮॥
સત્‌ગોર કહે એ એંધાણ, ને જયારે થયા મચ્છ લાવ્યા વાણ. ॥૭૮૯॥
એક મળીને અવતાર ત્રણ, બ્રહ્માજીએ કહ્યું તે સત્ય વચન. ॥૭૯૦॥
સર્વે આગળ બ્રહ્માજી થયા, શક્તિ વિષ્ણુ કેડે આવીયા. ॥૭૯૧॥
મહાદેવ ધ્યાન ધરીને રહ્યા, યોગ કળા લઈને નારાયણ પાસે ગયા. ॥૭૯૨॥
શ્રી હરિ પાસેનું ધર્યું ઈમાન, બ્રહ્માજી તણાં અહીયાં જુજવાં ઠામ. ॥૭૯૩॥
બ્રહ્મ કુળમાં શક્તિ અવતાર, તે થકી વિષ્ણુ કરે વહેવાર. ॥૭૯૪॥
કળા ધરીને વરે જેહ, આપોઆપ જો કહીયે તેહ. ॥૭૯૫॥
ફેરવે વેદ તણી જે આણ, ચૌદ લોકમાં કરે જાણ. ॥૭૯૬॥
અકળિત બળનો ના આવે પાર, મારી દૈત્યને કરે નિરાશ. ॥૭૯૭॥
જે વેળાનો વારો જેહ, અજંપા જાપ કાંડી જપાવે તેહ. ॥૭૯૮॥
ભૂલી દુનિયા ભૂલ્યો એ સંસાર, ખગોળ ભૂગોળનાં વરણ અઢાર. ॥૭૯૯॥
યુગ અંતે ચલાવે આદેશ, શ્રી હરિ કળાના એ હોય વેશ. ॥૮૦૦॥
જે ઉત્તમ બ્રહ્મ કુળમાં હોય હંસ, એ કોઈ હોય બ્રહ્માનો અંશ. ॥૮૦૧॥
આગમવાણી ભાખે અપાર, અને અગમનિગમ વેદ વિચાર. ॥૮૦૨॥
આદ્ય અંતની વાત કહે તેહ, તે ઘર વાસો વિષ્ણુનો જેહ. ॥૮૦૩॥
નારાયણે ઉપજાવ્યું ઈંડ, થયા પોતે ને બાંધ્યું બ્રહ્માંડ. ॥૮૦૪॥
તેનો જે કોઈ કહે વિચાર, એ કુળે કહીએ બ્રહ્મ અવતાર. ॥૮૦૫॥
શ્રી હરિ તણાં જે કરે વખાણ, અને સર્જ્યાના સર્વે કહે એંધાણ. ॥૮૦૬॥
અવતારનો જે જાણે વિચાર, તેને કહીયે બ્રહ્મા અવતાર. ॥૮૦૭॥

સૃષ્ટિ ચક્ર ચલાવવા માટે અંતર દૃષ્ટિથી બ્રહ્મ શક્તિ, વિષ્ણુ શક્તિ અને રુદ્ર શક્તિ એટલે રજ, સત્ત્વ, તમ. આ મૂળ પ્રકૃતિ એક જ છે, પણ અલગ અલગ એવાં મુખ્ય ત્રણ રૂપ જુદાં પડવાથી તેમાંથી અનેકાનેક થઈ સાંપ્રત જગત અસ્તિત્વમાં આવ્યું છે.

સકળ બ્રહ્મશક્તિથી એટલે રજોગુણાત્મક પ્રકૃતિથી જે મનુ વંશ એટલે માનવ વંશ નિર્માણ થયો, તેમાં વિષ્ણુ શક્તિનો એટલે સત્ત્વપ્રધાન પ્રકૃતિના સંયોગથી માનવ વંશમાં અનેકાનેક સદ્‌ભક્ત એટલે કે દેવ અવતારી પુરુષો નિર્માણ થયા. એમણે વેદો ઉપનિષદોનો અનેકાનેક શાખા-ઉપશાખાથી પ્રસરેલા જ્ઞાન રૂપી વૃક્ષોનો ત્રિભુવનમાં વિસ્તાર કર્યો. એ જ્ઞાનની ઉપાસના કરીને તેના બોધામૃત ફળોનો આસ્વાદ લઈ પરમ તત્ત્વથી સૌ એક રૂપ થયા. તેમજ એ બ્રહ્મ શક્તિ જોડે રુદ્ર શક્તિનો સંયોગ થયો, એમનાથી અનેકાનેક ઋષિમુનિ-મહાતપસ્વી જીવાત્મા થયા. જેમને સત્ત્વ શક્તિનો એટલે વિષ્ણુ શક્તિનો આશ્રય લીધો, તેઓ યુગ પ્રવર્તક મહાન સત્‌પુરુષ થયા. પણ જેઓ તમોગુણી આશ્રયમાં જઈને વિકારોના આહારી થયા તે જ માનવમાંથી દાનવ થઈને તપશ્ચર્યાના યોગથી દૈત્ય થયા.

પણ છેલ્લે વિષ્ણુ શક્તિએ બીજા રક્ષણ અંગથી એ દુષ્ટોનો સંહાર કરી સૃષ્ટિ નિષ્કલંક રાખવાનું કાર્ય કર્યુ છે, કરે છે અને કરશે. આ રીતે અગમ્ય એવી આગમ અને નિગમ ભવિષ્ય વાણી કથન કરી તેમજ ખગોળ અને સંપૂર્ણ ભૂમંડળની ઉત્પત્તિ, રચના, સ્થિતિ અને લય એમનાં કાર્ય પ્રયોજન વગેરે સંપૂર્ણ રીતે કથન કરી સદ્‌ગુરુ મહારાજે વર્તમાન સમયના લોકોને-આત્મ સ્થિતિ ભૂલેલા અજ્ઞાની માનવ જાતિને જ્ઞાન રૂપી દીવો પ્રગટ કરીને, તેમના અજ્ઞાન અંધકારનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો છે. આત્મ જ્ઞાન રૂપી દિવ્યતાથી જે અજ્ઞાનીજનોનાં માયાની પ્રકૃતિનાં બંધન તોડીને તેમને આત્મ ચૈતન્ય-રૂપ નારાયણની પ્રાપ્તિ કરાવીને આપે છે એ જ ખરેખર યુગ પ્રવર્તક સત્‌પુરુષ બ્રહ્મ અવતારી ગણાશે. પરમેશ્વરના નિર્ગુણ નિરાકાર સ્વરૂપની જેમને જાણ થઈ શક્તી નથી, આવા પામર જીવાત્માને પણ તેમના સગુણ સાકાર અવતાર પાત્રની જે જાણ કરી આપી ભક્તિ કરાવડાવે છે એ પણ યુગ પ્રવર્તક બ્રહ્મ અવતારી સત્‌પુરુષ કહેવાશે.

હે જીવાત્માઓ ! તમે એવા સત્‌પુરુષોની સેવા કરો, નિત્ય એમના સહવાસમાં રહો, એમના મુખારવિંદમાંથી અથવા શાસ્ત્ર ગ્રંથ દ્વારા સંકલિત જ્ઞાન શ્રવણ કરો. મનન અને નિદિધ્યાસ કરી આત્મપ્રચિતિના યોગથી જાણી પોતાના મનુષ્ય જન્મને સાર્થક કરી લો. માનવ જન્મ વારંવાર મળશે નહીં. સંજોગો પ્રાપ્ત થયેલા છે તો બધા જ પ્રકારના આળસનો ત્યાગ કરી સત્‌માર્ગનો રાહ અપનાવો. તમે આત્મ જ્ઞાન રૂપી સૂર્યના અંશ છો. પોતાના હૃદયમાં એ આત્મ ચૈતન્ય ઝળકે છે, એની પ્રકૃતિની આપણને ખબર નથી. સંતપુરુષોના સહવાસથી જ્ઞાનચર્ચાથી એમને જાણીને ઓળખી લો અને પોતે પોતાને ઓળખો એટલે આપણે બ્રહ્મ અવતારી બ્રહ્મપુત્ર છીએ એ આપણને સમજાઈ જશે.

ચાર વેદ ચાર મુખની વાણ, જીવ બાંધ્યા છે ચારે ખાણ.॥૮૦૮॥
જીવ જેનો રહ્યો ચૈતન્ય, તે ઉપજાવે બ્રહ્માને તન.॥૮૦૯॥
નાભી ચક્રનું જે ધરે ધ્યાન, પિંડ બ્રહ્માંડનું કહે સર્વે ઠામ.॥૮૧૦॥
મુક્તિ માર્ગનો જે જાણે ભેદ, અને કહી દેખાડે ચાર વેદ.॥૮૧૧॥
પોતે શ્રી હરિનો જપે જાપ, અને સૃષ્ટિને તે જપાવે આપ.॥૮૧૨॥
પિંડ બ્રહ્માંડનો કહે વિચાર, અને તેણે કહીયે બ્રહ્મા અવતાર.॥૮૧૩॥
સત્‌ગુરુ કહે તમે મુનિવર સુણો, બ્રહ્મ અંશ માન્યાનો ભેદ છે ઘણો.॥૮૧૪॥
પાત્ર અભ્યાગત કહાવે જેહ, દાન લેવા ઉપજાવે તેહ.॥૮૧૫॥
દિવ્ય હૃદયે જે કોઈ ધરે દેહ, વચન જેનું ખાલી ના પડે લેશ.॥૮૧૬॥
જે અવતારના થાયે પ્રાધાન્ય, તે બ્રહ્મા વિષ્ણુને એક જ જાણ.॥૮૧૭॥
જે પૂજે સત્‌ગોર પાત્રને આપે દાન, તેનું થાયે વળી મેરુ સમાન.॥૮૧૮॥
અમરભેદની દેખાડે વાટ, કહે સત્‌પંથ મુગતના ઘાટ.॥૮૧૯॥

બ્રહ્મદેવના ચારેય મુખમાંથી વેદ વચનની વાણી પ્રસ્તુત થઈ અને એ જ બ્રહ્મ શક્તિ પાસેથી સ્વેદજ, ઈંડજ, ઉદ્‌ભીજ અને જરાયુજ એવી ચાર ખાણી સર્જાઈ. એ ચાર ખાણીમાંથી ચૌર્યાસી લાખ એવા અનેકાનેક જીવપ્રાણીમાત્રના પિંડનું નિર્માણ થયું અને એમના દેહમાં એ જ બ્રહ્મ તત્ત્વ આત્મ ચૈતન્ય રૂપથી નિવાસ કરવા લાગ્યું.

અન્ય કોઈપણ પ્રાણીમાત્રને આ આત્મ ચૈતન્યની જાણ હોતી નથી, માત્ર માનવ દેહથી, તેમાંયે મહાત્મા પુરુષના સાન્નિધ્યમાં રહીને આત્મ જ્ઞાન ગ્રહણ કરી એ પ્રમાણેના આચરણથી જેમને એ બ્રહ્મનો ધ્યાનયોગ સાધ્ય કર્યો હોય એને જ એ

પિંડ બ્રહ્માંડની સંપૂર્ણ જાણકારી હોય છે અને તેમાંથી જ તેને મુક્તિનો માર્ગ મળે છે અને તેમાંથી જ ચારેય વેદોનાં રહસ્ય સમજી શકાય છે.

વેદવેદાંગ, ઉપનિષદો વગેરે ધર્મગ્રંથોમાંથી વિશેષ ગુહ્ય જ્ઞાન સમજનારા યોગીજનો પોતે યોગાભ્યાસ કરી પરમેશ્વર દ્વારા જો તાદાત્મ્ય પામે અને મનુષ્ય માટે યોગ્ય માર્ગદર્શન કરી એમને પણ બ્રહ્મ દર્શન માટે માર્ગદર્શક બને એ જ ખરા બ્રહ્માવતારી સંત મહાત્મા યોગી ગુરુ હોય છે.

આવા મહાત્માની, સુયોગ્ય-સુપાત્ર યોગીશ્વરની તન, મન, ધનથી સેવા કરીને તેમની કૃપા દૃષ્ટિ પ્રાપ્ત કરવી. આવા સંત મહાત્માઓ આ અવનિ તલ ઉપર દીપ સ્તંભ રૂપે હોય છે. અજ્ઞાની મનુષ્યોને અસત્યના માર્ગથી છોડાવી સત્ય માર્ગનો, મુક્તિ માર્ગનો રસ્તો બતાવવા અને એ માર્ગને અનસુરવાની બધી જ જવાબદારીઓ એ મહાત્માના શિરે રહેતી હોય છે. આવા બ્રહ્માવતારી સંત મહાત્માની તમે સેવા કરો. હે મુનિવર ! આપણાં તન, મન, ધન શું પણ પ્રાણ સુદ્ધાં એમના સ્વાધીન કરી ફક્ત એમના એક સેવક ભાવથી સંસારમાં રહીએ એટલે એમની કૃપા દૃષ્ટિ અવશ્ય થશે જ. આમાં લેશ માત્ર શંકા નથી. આ જ સત્પંથ છે. આ જ દેવયાન માર્ગ છે. આજ મુક્તિ માર્ગ છે.

આ સત્ એંધાણ ઉપજે તેહ, નિત કળા અનેરી જેહ.॥૮૨૦॥
જે દુનિયામાં આવે જન, અને સત્પંથ ધર્મમાં રાખે મન.॥૮૨૧॥
ચૌદ ભુવનનાં કરે વખાણ, તેવા સતી લોકનાં કહે સર્વે એંધાણ.॥૮૨૨॥
શ્રી હરિ અવતાર ધરે જેહ, વેળા વર્તમાન ભાખે તેહ.॥૮૨૩॥
બ્રહ્મ આસન બેઠા હોય જેહ, અને નારાયણની પ્રીત રાખે તેહ.॥૮૨૪॥
વૈકુંઠનું વર્ણન કહે જેહ, ચતુર્મુખી બ્રહ્મા કહીયે તેહ.॥૮૨૫॥
આગમ સત્ગોર ભાખ્યાં એહે, અંશે અવતરે તે સર્વે પાત્ર તેહે.॥૮૨૬॥
તેવા પાત્રને કોઈ દાન જો દેવે, અને સંતોષે સુપાત્ર તે લેવે.॥૮૨૭॥
પ્રભાતે વળી વાવે જેહ, અને સાંજે વળી ફળ આપે તેહ.॥૮૨૮॥
સુપાત્રને એક ઘણું જો દાન દેવે, અને સત્ ધર્મે સવા લાખ ગણું લેવે.॥૮૨૯॥
એવા સત્ રાખે જેહ, તે સત્ગોર પાત્ર હોય તેહ.॥૮૩૦॥
અંશ તણો જો એ પ્રતાપ, છુટે ચૌર્યાસીને ઉતરે પાપ.॥૮૩૧॥

સત્ગુરુની બધી કળાઓથી યુક્ત અને બધા લક્ષણોથી યુક્ત આવા જે મહાત્મા પુરુષ અવતરે છે, તેઓ આ જગતમાંના અજ્ઞાન મોહાંધકારમાં ભૂલા પડેલા જીવાત્માઓને યોગ્ય માર્ગદર્શન આપી ભવસાગરમાંથી બહાર કાઢી મોક્ષ પદે લઈ જાય છે અને ચૌદ ભુવનમાં એમનો જયજયકાર થાય છે. કારણ ચૌદ ભુવનની સ્થિતિનું સંપૂર્ણ જ્ઞાન એમણે પ્રાપ્ત થયેલું હોય છે માટે એ જ્ઞાનની જાણ એ સદ્ભક્તોને કરાવી આપે છે. અવતાર પાત્રોની કળા, એમના સ્થાનક અને સ્થિતિ વગેરે સંપૂર્ણ અજર, અમર, અક્ષય, આગમ નિગમ, જ્ઞાનની જાણ સદ્ભક્તોને કરાવી આપે છે. બ્રહ્મ આસન પર બિરાજમાન થઈ મનની બધી વૃત્તિ શૂન્યાકાર કરી, પ્રાણશક્તિનો નિરોધ કરી, નારાયણ તત્ત્વથી એટલે કે નિર્ગુણ નિરાકાર સત્ તત્ત્વોથી તાદાત્મય પામેલા એવા મહાપુરુષો જ એ જ્ઞાન સમજાવી શકે છે.

એવા સત્‌પુરુષોની અંશાત્મક કૃપા જો મેળવતાં આવડે તો એ જીવાત્માનું જીવન સફળ થાય છે. એમની દૈહિક ભોગવાસનાઓ સંપૂર્ણ લય પામીને ફક્ત સત્ અવિનાશી તત્ત્વમાં જ તદ્રૂપ થાય છે. આ માટે હંમેશાં સત્‌પુરુષોના સત્સંગમાં રહીને એમની તન મન ધનથી યથા શક્તિ સેવા કરવી. સત્‌પુરુષોની કૃપાથી એક ક્ષણની અથવા અંશની પણ જો જીવાત્મા ઉપર કૃપા થાય તો એ જીવાત્માનાં બધા જન્મનાં સંચિત પ્રારબ્ધ કર્મો બળીને ભસ્મ થાય છે. માટે હે સજ્જનો ! તમે જાગૃત થાવ. ચોર્યાસીના ફેરામાંથી છુટવા માટે પ્રયત્નશીલ થાવ. મહાત્મા પુરુષોને-સત્‌પુરુષોને શરણે થાવ. પુરુષાર્થથી એમની પાસેથી પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રીતે જ્ઞાન પ્રાપ્ત કરી અને તન મન ધનથી સેવા કરી એમના પ્રેમને વશ થાવ.

બ્રહ્મા વિષ્ણુ ને શક્તિ કરે વિચાર, હવે આપણે ધરીયે અવતાર. ||૮૩૨||
તાહાં દૈત્ય તણો જે ફેડ્યો ઠામ, ગોર માનધાતાએ મચ્છ જપાવ્યા જાપ. ||૮૩૩||
ભક્ત રૂખ્માંગદને આપ્યો વર, પહેલા ભક્તને સહાય કરે યુગેશ્વર. ||૮૩૪||
દસતરી ગાયત્રીનો મંત્ર જપે જેહ, અને સુર વંશ લેખાયો તેહ. ||૮૩૫||
વ્રત એકાદશી ને ગુરુવાર જાણ, કર્તા યુગની યુગ તિથિ લહીએ પ્રમાણ. ||૮૩૬||
વ્રત પાલનની કસણી શિર સહી, તે કારણ પુત્રના મસ્તક દીધું જહી. ||૮૩૭||
ભક્તની વારે આવ્યા શ્રી હરિ, સુર વંશ રહ્યા અવતરી. ||૮૩૮||
અજ્ઞપાળ રાજાને દીધાં હતાં વરદાન, તે પૂરણ કરવા આવ્યા શ્રી ભગવાન. ||૮૩૯||
ભક્તને ભગવાન એક જ થાયે, ત્યારે ભક્તના પાપ જાયે. ||૮૪૦||
અકળ કળાથી ભણાવ્યો વેદ, સવા કરોડીએ લહિયો ભેદ. ||૮૪૧||
હરિ બ્રહ્મા એક જ અંશ, જુદા થયા પણ એક જ સારાંશ. ||૮૪૨||
દૈત્ય શંખાસુર માર્યો જેણી વાર, પછી સંસાર માંહે પ્રગટ થયા મોરાર. ||૮૪૩||
અલ્પ કાળમાં ધર્યો અવતાર, તે ચાર લાખ વરસ બત્રીસ હજાર. ||૮૪૪||
ચાર લાખને વરસ બત્રીસ હજાર, ત્યાંહ સુધી શ્રી હરિ મચ્છ અવતાર. ||૮૪૫||
સુર મંત્ર હતા જેહ, વિષ્ણુ કળામાં આવ્યા તેહ. ||૮૪૬||
અસુર મંત્ર અળગા રહ્યા, દૈત્યને મહાદેવ લઈ ગયા. ||૮૪૭||

બ્રહ્મા, વિષ્ણુ અને શક્તિ ત્રણેએ એક વિચાર કરીને પોતાનો અંશકત અવતાર ધારણ કર્યો. દુષ્ટ દૈત્યનો સંહાર કરી વેદોનો ઉદ્ધાર કર્યો. જગતમાં સર્વત્ર પ્રસરેલા અજ્ઞાન રૂપી અંધકારનું નિવારણ કરી વેદોક્ત એવા સત્‌પંથ ધર્મથી સુર (દૈવી) ઉપાસનાનો માર્ગ શરૂ કર્યો. અત્યંત તેજસ્વી પ્રભાવી અને પ્રતિભા સંપન્ન એવા સુર ગાયત્રી મંત્રનો ઉપદેશ કરી લોકોને પ્રત્યક્ષ પ્રગટ એવા ભગવંતના સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન કરાવ્યાં. જગતના સદ્‌ભક્તોના કલ્યાણ માટે સત્‌પંથ ધર્મના તત્ત્વોના બીજારોપણ કરી સુર (દૈવી) અંશ અથવા હરિ અંશ તેમજ બ્રહ્મ અંશની સ્થાપના કરી. સદ્‌ભક્તોના કલ્યાણ માટે ભગવાને જગતમાં સત્‌પંથ ધર્મનો પાયો રચ્યો. વચ્ચે વચ્ચે અંશકત અવતાર ધારણ કરી એ જ સનાતન સત્‌પંથ ધર્મની ધ્વજા એમણે કાયમ ફરકાવી. એ જ ધર્મ તત્ત્વના આચરણથી યુક્ત થયેલ ભક્ત રૂખ્માંગદનો ઉદ્ધાર કર્યો.

વૃક્ષોનું બીજારોપણ કર્યા પછી જે પ્રમાણે પ્રથમ અંકુર ફૂટીને પછી તેને ડાળ પ્રગટ થાય છે, કાળાંતરે એ વધીને ઘણી ડાળીઓ થાય છે, મોટી મોટી શાખાઓ તૈયાર થઈને તેને પછી કેટલીક ડાળીઓ, ઉપડાળીઓ ફૂટીને છેલ્લે વૃક્ષોની નિર્મિત

થાય છે. તેવી જ રીતે શ્રી ભગવાન મત્સ્ય અવતાર ધારણ કરીને વેદ બીજ લઈ તપશ્ચર્યા, યમ, નિયમ, તત્ત્વાચરણ, ઈશ્વરાનુસંધાન વગેરે માર્ગના એ વેદ બીજથી સનાતન સત્પંથ ધર્મના આ પ્રચંડ વૃક્ષનું નિર્માણ કર્યું અને એની અલગ અલગ શાખા ઉપશાખામાંથી વખતોવખત તત્ત્વ જ્ઞાનના જીવન રસ વાવીને અનેકાનેક સદ્ભક્ત, સત્પુરુષ, સંત મહાત્મા રૂપી ફળ-પુષ્પ પ્રગટ કર્યાં, એ તદાનુસાર સત્પંથ સનાતન ધર્મ જગતમાં આજે પ્રસિદ્ધ છે.

ચાર લાખ બત્રીસ હજાર વર્ષ આ એક અવતારનું કાર્ય હોવાથી તેમાંના સુર મંત્રના જાપની સહાયથી યુગ ધર્માનુસાર આચરણ કરેલા યોગથી કેટલાંક સત્ ધર્મ ભક્તોનો ઉદ્ધાર થયો છે. જે અપરિપક્વ જીવાત્મા આ યુગ ધર્મ પ્રમાણે ન વર્તીને અસુર મંત્રની સાધનાથી ફક્ત પોતાના લૌકિક જીવનમાં અધિક સુખી સમૃદ્ધિ માટે જ રહ્યા, એમને સત્ ધર્મ તો મળ્યો નહીં પણ એના કર્મ ફળ એમને લક્ષચોર્યાસીના બંધનમાં કારણભૂત થયાં. અસુર મંત્રથી અથવા અઘોરી એવા આસુરી સાધનાથી કોઈપણ કાળે જીવાત્માનું આત્મ કલ્યાણ થતું નથી. એટલે જ સત્પંથ ધર્મ અલૌકિક દિવ્ય તેજસ્વી કહ્યો છે.

શ્રી સત્ગોર કહે આગમ વિચાર, સુણો ઋષિવરો આગમ નિર્ધાર. ॥૮૪૮॥
સદ્ગુરુ કહે આગમ જોય, અને પ્રેમ તત્ત્વ જાણે વિરલા કોય. ॥૮૪૯॥
જે દિન થાય બીજને ગુરુવાર, તે દિન લીધો શ્રી હરિએ મચ્છ અવતાર. ॥૮૫૦॥
સત્ગોર બ્રહ્મા આગમ ભણે, ભક્તને તારીને દૈત્યને હણે. ॥૮૫૧॥
જે પાતાળ તણો હતો ભેદ, તે હરિએ જઈ લઈ આવ્યા વેદ. ॥૮૫૨॥
શ્રી મહાદેવ હાથે જયાંય, અને વળી આપ્યા દ્વાદશ લિંગ ત્યાંય. ॥૮૫૩॥
શંખ રાખ્યો શ્રી હરિએ હાથ, ત્યારે પોતે કહેવાયા નાથ. ॥૮૫૪॥
શક્તિની ત્યાં વાત જ કરી, તમો કારણ હું જઈશ ફરી. ॥૮૫૫॥
ત્યારે શક્તિએ આણ્યું મન, સ્વામી મારાં આપોને રતન. ॥૮૫૬॥
ત્યારે શ્રી હરિએ કહ્યું સહી, તે વસ્તુ તો પાતાળે રહી. ॥૮૫૭॥
જયારે અમે એકવાર પાતાળે ગયા, ત્યારે નારાયણની કળા જોઈ આવીયા. ॥૮૫૮॥
વળી જઈશ હું ત્રણ જો વાર, તેવા હું ધરીશ ત્રણ અવતાર. ॥૮૫૯॥
જે વસ્તુ તમારી છે જયાં પાતાળ, છે નાગ કુળ ત્યાં રખેવાળ. ॥૮૬૦॥
તે જોઈ આવ્યો છું હું યે, અને લીધા વગર ન રહેવાયે. ॥૮૬૧॥
એવા વચન સતીને કહ્યાં, શક્તિ મનમાં પ્રસન્ન જો થયાં. ॥૮૬૨॥

સદ્ગુરુ મહારાજે અગમ્ય એવા મુક્તિ માર્ગનું જ્ઞાન કથન કરેલ છે, પણ એ જાણવા માટે યોગ્ય પાત્ર એવી વ્યક્તિ જ હોય છે. જેમના પૂર્વ ઉત્તમ સુકૃત (સત્કર્મ) અને યોગે તપશ્ચર્યાનાં બળ જેમને મળ્યાં છે, એવા જીવાત્મા આત્મોન્નતિનું જ્ઞાન મેળવી એમની ઉપાસના કરી આત્મોન્નતિ સાધે છે. બાકી તો બહુતાંશ જીવાત્મા કર્મ ગતિના જ ફેરામાં પડે છે.

ભગવાને આ અગમ્ય એવો મત્સ્ય અવતાર ધારણ કરીને, ભક્તોનો ઉદ્ધાર કરીને દૈત્યનો સંહાર કર્યો. પાતાળના ભેદ જાણીને ત્યાં પડેલા વેદોથી વેદ રૂપી અમૃતને હસ્તગત કરીને મૃત્યુલોકમાં લાવી મનુષ્યોને એમનો લાભ આપ્યો. એ અમૂલ્ય વેદાંત જ્ઞાન દ્વારા માનવ પોતાનું જીવન ઉત્તમ રીતે ચલાવીને અમરત્વ પ્રાપ્ત કરી શકે છે. તે જ જ્ઞાન સનાતન સત્પંથ ધર્મના માનવ અંશમાં તેણે બીજારોપણ કર્યું અને માનવ સમાજનું કલ્યાણ કર્યું.

આ વેદાંતિક સનાતન સત્પંથ ધર્મ માર્ગનો જેણે વિરોધ કર્યો હતો એવા શંખાસુરના એ અવશેષ લાવી શ્રી હરિએ ભગવાન શંકરને સુપ્રત કર્યા. ભગવાન શંકરે પોતાના ભક્તના એ અવશેષ ભાગ મોટા પ્રમાણમાં ધારણ કર્યા અને તેનો જ એક અંશ ભાગ કરી શંકરે વિષ્ણુને આપ્યો. વિષ્ણુએ પણ એમને પોતાના હાથ પર ધારણ કર્યો.

પછી વિષ્ણુએ પાતાળમાંથી લાવેલ બાર જ્યોતિર્લિંગ ભગવાન શંકરને આપ્યાં. એ યોગે ભગવાન શંકર અત્યંત સંતુષ્ટ થઈને એમણે વિષ્ણુની અનેક રીતે સ્તુતિ કરી, હરિ અને હર અભેદ તત્ત્વ છે તે જગતને બતાવ્યાં ત્યારે શક્તિદેવી ભગવાન વિષ્ણુ પર ક્રોધિત થઈ પોતાના શૃંગાર માગ્યા.

શક્તિએ કહ્યું; 'ભગવાન શ્રી હરિ, તમે પરાક્રમથી એકલા બ્રહ્મદેવના વેદ લાવી આપ્યા, શંકરનાં દ્વાદશ લિંગ લાવી આપ્યાં, પણ મારા અલંકાર તમે કેમ લાવ્યા નહીં ? ખરેખર મારા પર તમને પ્રેમ-ભાવ જ નથી.'

આ પ્રકારે ક્રોધિત શક્તિના કહેવાથી ભગવાન શ્રી હરિ બોલ્યાઃ 'હે સતી શક્તિ દેવી, હું હવે પાતાળનો ભેદ જાણીને આવ્યો છું. ત્યાં તમારાં શૃંગારનું રક્ષણ નાગદેવ કરે છે. હું જ્યારે બીજો અવતાર ધારણ કરીશ ત્યારે તમારા શૃંગાર લઈ આવીશ, તમે નિશ્ચિંત રહો. હું તમને વચન આપું છું કે તમારા શૃંગાર-અલંકાર લાવવા માટે હું પોતે જ બીજો નહીં પણ ત્રીજો અવતાર લઈને તમારી ઈચ્છા પૂર્ણ કરીશ.' આ સાંભળી સતી શક્તિદેવી પ્રસન્ન થયાં.

• દ્વાદશ જ્યોતિર્લિંગની ઉત્પત્તિ •

એકવાર મહાદેવ પાર્વતી સાથે વિંધ્યાચળ પર્વત પર આવેલા હતા, ત્યારે પાર્વતીએ કહ્યુંઃ દેવ, મને ખૂબ તરસ લાગી છે, તો ઉત્તમ પાણી શોધી લાવો. મહાદેવે પોતાનું ત્રિશૂળ ભૂમિમાં રોપીને પાતાળમાંથી અમૃત જળ ઉપર લાવ્યા. એ પાણીને વંદન કરી પાર્વતીને પીવા માટે આપ્યું.

પાર્વતીની તૃષા શાંત થયા પછી મહાદેવે પાર્વતીને કહ્યુંઃ 'પાર્વતી, આ સ્થળ આજથી તીર્થ સ્થળ થવાથી આ તીર્થ ઠેકાણે જે કોઈ સ્નાન કરશે તે સર્વ પાતકમાંથી મુક્ત થઈને કૈલાસમાં જશે.'

એ તીર્થનું પૂજન કરીને પાર્વતીએ હાથમાં કંકુ લીધું અને એ શંકરના મસ્તક પર લગાવવા ચોળવા લાગ્યાં તો એ કંકુની ગોળી થઈ. એ ગોળી પાર્વતીએ હાથમાં લેતાં જ એ ગોળીનું જ્યોતિર્લિંગ થયું.

ત્યારે મહાદેવે પાર્વતીને કહ્યુંઃ 'મારા અંતઃકરણમાં જે ઈશ્વર છે તે ઈશ્વરનું દશ્ય આકાર આ લિંગ છે.' પછી મહાદેવે એ લિંગ પોતાના હાથમાં લઈ અને નમસ્કાર કર્યા. એટલામાં બધા દેવ ત્યાં આવ્યા. તેમણે તે રક્ત લિંગ જોઈ શિવનું જ અનુકરણ કરીને એ લિંગને વંદન કર્યા. શ્રી વિષ્ણુ વગેરે સર્વ દેવોએ ત્યાં તીર્થ સ્નાન કરી ભક્તિથી તે લિંગની પૂજા કરી અને નમસ્કાર કર્યા. જગત પિતા શંકરે એ લિંગનું સ્થાપન કર્યું હોવાથી બધાએ અનન્ય ભાવથી એ લિંગ પર અક્ષત્ મૂક્યા. પાર્વતીના હાથથી કંકુ મસ્તક પર ઘસવાથી લિંગ થયું એટલે શંકરે એનું નામ ઘૃશ્મેશ્વર આમ રાખ્યું. આ જ્યોતિર્લિંગનું દર્શન જેમને થશે એમને સ્વર્ગનું અમૃત પ્રાશન કરવા મળશે અને તે ગમે તેટલો પાપી હશે તો પણ પુનિત થશે એવો આશીર્વાદ શંકરે એ સ્થાનને આપ્યો. આ પ્રકારે અલગ અલગ દેશમાં અલગ અલગ ઠેકાણે જ્યોતિર્લિંગની સ્થાપના અને ઉત્પત્તિ થઈ છે તે આ રીતે છે :

(૧)	પ્રભાસ પાટણ (ગુજરાત)	-	સોમનાથ	(૭)	શ્રી શૈલ (કર્ણાટક)	-	મલ્લિકાર્જુન
(૨)	નાસિક (મહારાષ્ટ્ર)	-	ત્ર્યંબકેશ્વર	(૮)	કેદારનાથ (હિમાલય)	-	કેદારેશ્વર
(૩)	સેતુબંધ (તામિલનાડુ)	-	રામેશ્વર	(૯)	વારાણસી-કાશી (ઉત્તર પ્રદેશ)	-	વિશ્વેશ્વર
(૪)	ઉજ્જૈન (મધ્યપ્રદેશ)	-	મહાકાલેશ્વર	(૧૦)	વેરૂલ (મહારાષ્ટ્ર)	-	ધૃશ્મેશ્વર
(૫)	દ્વારકા (ગુજરાત)	-	નાગેશ્વર	(૧૧)	બીમા નદીના પટ પર (મહારાષ્ટ્ર)	-	ભીમેશ્વર
(૬)	દેવગઢ (બંગાળ)	-	વૈદનાથેશ્વર	(૧૨)	માન્ધાતા પર્વત (મધ્યપ્રદેશ)	-	ૐકારેશ્વર

• શંખની ઉત્પત્તિ •

(શ્રી મત્સ્ય અવતારની બીજી કથા)

એક વખત બધા રાક્ષસો એક સ્થળે ભેગા મળીને પાતાળમાં હયગ્રીવાસુર પાસે ગયા અને એને કહ્યું: 'હે અસુરાધિપતે, બ્રાહ્મણો હોમ હવન કરતા હોવાથી રાક્ષસોની ઉન્નતિના દિવસો ક્યારેય આવશે નહીં. આ હોમ હવનથી ઈંદ્રાદિ દેવ પ્રબળ થશે અને રાક્ષસોને બિલકુલ આગળ આવવા દેશે નહીં. આ હોમહવનાદિ કૃત્ય બંધ કરવા માટે વેદોનો નાશ કરવો જોઈએ.

રાક્ષસોએ આપેલ સલાહ હયગ્રીવાસુરને પસંદ પડી અને એ શંખનું રૂપ ધારણ કરી બ્રહ્મલોક ગયો. એ પ્રચંડ શંખમાંથી એવી ધ્વનિ થઈ કે એના નાદથી બ્રહ્મદેવ મૂર્છિત થઈ ક્ષણભર નિશ્ચેતન થઈ ગયા. તે પળની સંધી સાધીને હયગ્રીવ બ્રહ્મદેવ પાસેથી વેદ લઈ સમુદ્રમાં છુપાઈ ગયો.

થોડીવાર પછી બ્રહ્મદેવ જાગૃત થયા, જુએ છે તો વેદ દેખાયા નહીં. વેદ ન હોવાથી હોમ હવનાદિ કર્મો બંધ થયાં અને દેવો વેદો વગર નિઃસહાય થઈ ગયા. વેદો ન હોવાથી થોડા જ દિવસમાં હાહાકાર મચી ગયો. દેવો દિવસો દિવસ નિઃસત્ત્વ થવા લાગ્યા અને રાક્ષસો પ્રબળ થવા લાગ્યા. દાનવો દેવોને ઘણો ત્રાસ આપવા લાગ્યા. ત્યારે બધા દેવો ક્ષીરસાગરમાં ભગવાન શ્રી વિષ્ણુ પાસે ગયા અને શ્રી વિષ્ણુને પ્રાર્થના વિનંતી કરી. દેવોની પ્રાર્થના સાંભળી શ્રી વિષ્ણુ ભગવાને દેવોને આશ્વાસન આપ્યું અને પોતાના સ્વસ્થાને જવા કહ્યું.

એ વખતે દ્રવિડ દેશમાં સત્યવ્રત નામનો એક મોટો રાજા હતો. એ રાજર્ષિ હોઈને અત્યંત પવિત્ર અને સદાચારીણી હતો, એક દિવસ ભાગીરથીને કાંઠે તે સ્નાન કરતો હતો, ત્યારે સૂર્યને અર્ધ્ય આપવા હાથમાં જળ લઈને ઊભો રહ્યો, એ વખતે આકાશમાંથી એક નાની માછલી રાજાના હાથમાં પડી.

રાજાએ એ માછલી ભાગીરથીના જળમાં છોડી દીધી. ત્યારે એ માછલીએ રાજર્ષિને કહ્યું: હે સત્યવ્રત રાજા, આ ભાગીરથીમાં મોટી મોટી માછલીઓ ન હોય એવા પાણીમાં તું મને છોડ.'

માછલીની વાણી સાંભળી સત્યવ્રતને એના પર દયા આવી. રાજાએ પોતાની સંધ્યા પૂરી થાય પછી માછલીને નદીમાં છોડવાનો વિચાર કર્યો. માછલીને પોતાના કમંડળમાં બેસાડી ફરીથી તર્પણ કરવા લાગ્યો. થોડો સમય ગયા પછી ફરી તે માછલી સત્યવ્રતને તે કમંડળમાંથી કહેવા લાગી; હે સત્યવ્રત રાજા, મને આ કમંડળ નાનું પડવા લાગ્યું છે એટલે જલ્દી મને મોટી જગ્યાએ છોડ. સત્યવ્રત કમંડળમાં જોવા લાગ્યો, તો ખરેખર જ માછલી મોટી થવાથી કદાચ કમંડળ તૂટી જશે એવું રાજાને લાગ્યું, ત્યારે સત્યવ્રતે એ માછલીને તેમાંથી બહાર કાઢીને એક નાનકડી કૂંડીમાં છોડી, પણ ત્યાંય એ એટલી મોટી થઈ કે એ કૂંડી માછલીને નાની પડવા લાગી. એણે ફરી સત્યવ્રતને કહ્યું: મને અહીંથી કાઢીને એકાદ સરોવરમાં નાખ. એ

પ્રમાણે સત્યવ્રતે એ માછલીને એ કૂંડીમાંથી કાઢી એક સરોવરમાં છોડી દીધી, પણ ત્યાં તે પહેલાં જેવી મોટી થઈ અને સરોવર પણ એને નાનું પડવા લાગ્યું.

ફરી માછલીએ તેને મોટા સાગરમાં છોડવા માટે સત્યવ્રત રાજાને વિનંતી કરી.

ત્યારે સત્યવ્રત બોલ્યો; 'હે મત્સ્ય, તારો આટલો મોટો પ્રચંડ દેહ ઉપાડવા હું અસમર્થ છું.' આ સાંભળી માછલી બોલીઃ 'હે રાજા સત્યવ્રત, મને ઉપાડવાથી હું એક અનાજના કણ જેટલી જ હલકી લાગીશ. મને ઉપાડીને સમુદ્રમાં નાખ.

એ માછલીની મનુષ્યની જેમ અસ્ખલીત વાણી સાંભળી અને ક્ષણમાં એનો વિસ્તર્ણ થયેલો દેહ જોઈ આ માછલી કોઈ વિલક્ષણ શક્તિ સંપન્ન છે એમ સત્યવ્રતને લાગ્યું.

માછલીની વિનંતી સાંભળીને એને સાગરમાં લઈ જઈ છોડી દીધી, ત્યારે એ માછલીએ સત્યવ્રતને કહ્યુંઃ 'સત્યવ્રત, હવે પ્રલય કાળ એકદમ નજીક આવ્યો છે. આ પૃથ્વી સર્વ પ્રાણીમાત્રસહ પાણીમાં ડૂબી જશે, પરંતુ મારાથી તને ખૂબ જ શ્રમ થયો છે એટલે પ્રલય કાળે તું મારું સ્મરણ કરજે એટલું હું તારું રક્ષણ કરીશ !' આટલું કહીને એ માછલી સાગરમાં લુપ્ત થઈ ગઈ.

માછલી સમુદ્રમાં લુપ્ત થતાં જ સમુદ્રનું પાણી મર્યાદા છોડીને વધવા લાગ્યું અને ભયંકર અમર્યાદિત તોફાન શરૂ થયું. માછલી પાણીમાં ગયા પછી હયગ્રીવ દાનવ જે શંખ રૂપથી દેહ લઈને સમુદ્રમાં છુપાઈને બેઠો હતો તેને શોધવા લાગી. માછલીએ સર્વ સમુદ્રમાંથી શોધીને હયગ્રીવ (શંખાસુર)ને પકડ્યો અને પોતાના તીક્ષ્ણ દાંતથી તેના શરીર પર પ્રહાર કર્યા. હવગ્રીવ પણ અત્યંત પ્રબળ અને યુદ્ધ વિદ્યામાં નિપુણ હતો. એ પ્રચંડ માછલીના પ્રહારમાંથી છુટીને પાછો એના પર પ્રહાર કરવા લાગ્યો. બંને વચ્ચે પ્રબળ યુદ્ધ ચાલ્યું.

હયગ્રીવ (શંખાસુર)ની પ્રબળ શક્તિ જોઈ પ્રભુએ વિચાર કર્યો. એમણે હયગ્રીવ (શંખાસુર) ને કહ્યુંઃ 'હે હયગ્રીવ, તારી શક્તિ સામર્થ્ય જોઈને હું તારા ઉપર પ્રસન્ન છું, તારી જે ઈચ્છા હોય તે માગ.'

ત્યારે રાક્ષસે અભિમાન અને ઘમંડમાં કહ્યુંઃ 'અરે દરિદ્ર, તું મને શું આપીશ ? હું જ તને તું જે માગીશ એ આપવા તૈયાર છું. તારી ઈચ્છા હોય તે માગ.'

મત્સ્યને તો એ જ જોઈતું હતું. એણે એનું ભાષ્યદાન લઈને એનું મરણ શેમાં છે એ પૂછ્યું, ત્યારે અભિમાનથી અંધ બનેલો હયગ્રીવ (શંખાસુર) બોલ્યોઃ મારા ઉદરમાં દાંત ખૂંપશે એટલે મારું મૃત્યુ થશે. તે સાંભળતાં જ મત્સ્ય સ્વરૂપ શ્રી હરિએ પોતાના તીક્ષ્ણ દાંત હયગ્રીવના પેટમાં ખૂંપી દીધા. તરત જ એનું પેટ ફાડીને તેનો સંહાર કર્યો અને હયગ્રીવ પાસે રહેલા વેદો લઈ લીધા.

વેદો શ્રી હરિના હાથમાં આવતાં જ વેદો બોલ્યાઃ 'હે મીના, તમે તો સાક્ષાત્ નારાયણ છો. મત્સ્ય રૂપ ધારણ કરીને તમે અમને હયગ્રીવના સકંજામાંથી મુક્ત કર્યા. આ બદલ અમે તમારા અત્યંત ઋણી છીએ.'

પછી શ્રી વિષ્ણુ ભગવાને એ શંખને કહ્યુંઃ શંખ, લોખંડને પારસનો સ્પર્શ થતાં લોખંડ જેમ સુવર્ણ થાય છે, કાષ્ટ વેદ મંત્રથી અભિમંત્રીત થાય એટલે કે સમિધા થાય છે, એ પ્રમાણે તું વેદના સહવાસથી પવિત્ર થયો છે. આમ તને આ અંત સમયે જે માગવું હોય તે માગ. પોતાને મારનાર મત્સ્ય પ્રત્યક્ષ પ્રભુ લક્ષ્મીપતિ છે એ જોઈ શંખ સ્વરૂપે હયગ્રીવ બોલ્યોઃ 'હે દેવાધિદેવ શ્રી હરિ, તમે પ્રસન્ન થયા છો તો તમને મારાથી પ્રત્યહી સેવા લેવી. તમને સ્નાન કરાવવાનો અધિકાર મને હોય એટલી જ

મારી માગણી છે.' શંખાસુર (હયગ્રીવ)ની માગણીનો શ્રી વિષ્ણુ ભગવાને સ્વીકાર કર્યો અને એવો આશીર્વાદ આપ્યો કેઃ મારી (વિષ્ણુની) પૂજા કરતાં પહેલાં શંખની પૂજા થશે, પછી શંખપાત્રથી દેવને સ્નાન કરાવવું, આમ જે કરશે નહીં તેની પૂજા ફળશે નહીં. તેમજ હે શંખ, હું તને આભૂષણ માની કાયમ મારા હાથમાં રાખીશ.' પછી વિષ્ણુએ શંખના કંઠ પાસેની અસ્થિ કાઢીને હાથમાં ધારણ કરી.

શ્રી વિષ્ણુ ભગવાને એ શંખ વગાડ્યો એ વખતે પૃથ્વી પર મોટો પ્રલય થયો. નદીઓ ઊંધી વહેવા લાગી. પર્વત ડગમગવા લાગ્યા અને સમુદ્રમાં ભયંકર તોફાનો શરૂ થયાં, ત્યારે સત્યવ્રત રાજાએ મત્સ્યનું સ્મરણ કર્યું. એ સાથે વિષ્ણુએ એક મોટી પ્રચંડ નૌકા રાજાની પાસે મોકલી આપી. એ નૌકા જોઈ રાજાને આનંદ થયો અને રાજા નૌકામાં જઈને બેઠો. નૌકામાં બેઠા પછી જુએ છે તો નૌકામાં પૃથ્વી પરનાં પ્રાણીઓ પૈકી એક એક પ્રાણી છે એમ તેને દેખાયું. એ પ્રાણીઓને જોઈને એ આગળની સૃષ્ટિની ઉત્પત્તિ માટે ભગવાને રાખી મૂક્યાં છે એમ સત્યવ્રતને લાગ્યું.

એટલામાં સમુદ્રમાં ફરી ભયંકર તોફાન શરૂ થયું અને નૌકા ડોલવા લાગી. ત્યારે સત્યવ્રતે ફરી મત્સ્યને યાદ કરી. એ વખતે મત્સ્યએ પોતાના દાંતથી એ નૌકા ધરીને સ્થિર કરી અને ભગવાન વિષ્ણુ ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી સત્યવ્રત રાજા સમક્ષ ઊભા રહ્યા. ભગવાનનું એ પરમ દૈદિપ્યમાન મુખારવિંદ જોઈને સત્યવ્રતને ખૂબ આનંદ થયો અને રાજાએ વિષ્ણુ ભગવાનના ચરણને અનન્ય ભાવથી પ્રણામ કર્યા. પછી શ્રી વિષ્ણુ ભગવાને મત્સ્ય રૂપ ધારણ કરવાનું કારણ કહી સત્યવ્રત રાજાના મનનું સમાધાન કર્યું અને રાજાને સાથે લઈ વૈકુંઠલોકમાં ગયા.

વરસ ચાર લાખને બત્રીસ હજાર, ત્યાં સુધી શ્રી હરિ મચ્છ અવતાર. ॥૮૬૩॥
સવા પોરનો મચ્છ અવતાર, તેમાં શ્રી હરિએ કર્યો વહેવાર. ॥૮૬૪॥
કુંભનાળની જોઈ આવ્યા વાટ, જોયા સપ્ત પાતાળના ઘાટ. ॥૮૬૫॥
સાત સમુદ્રનાં જોયાં મૂળ, ઉપજાવે છે એણે ત્રિશૂળ. ॥૮૬૬॥
મેરુનું મૂળ પૂજાય છે જયાંય, અષ્ટ કુળ પર્વત બાંધ્યા ત્યાંય. ॥૮૬૭॥
મારે પૃથ્વી રાખવી છે નિરધાર, તે કારણ ધર્યો મચ્છ અવતાર. ॥૮૬૮॥
કલ્પ ત્રણમાં જે હોતા જીવ, તેને તો કરવા છે શિવ. ॥૮૬૯॥
સત્‌ગુરુ વાણી બોલ્યા છે જયાંય, શ્રી હરિએ દીધાં છે વચન ત્યાંય. ॥૮૭૦॥
વચન શ્રી હરિનાં એ સાચાં જાણ, જેણે ના મેલી પોતાની આણ. ॥૮૭૧॥
ત્યારે બ્રહ્માને સોંપ્યા વેદ, જયાં બોલાય ત્યાં અજવાળું થાય અનહદ. ॥૮૭૨॥
ભણે વેદ બ્રહ્માને ઉગ્યા સૂર, ચૌદે ભુવન માંહે તેજ ભરપૂર. ॥૮૭૩॥
થયું અજવાળુંને બ્રહ્મા ઊભા થયા, સર્વે જાણ્યું શ્રી હરિ વેદ લાવીયા. ॥૮૭૪॥
પ્રગટી વાણીને મટ્યો અંધકાર, ચૌદે ભુવનમાં થયો જય જયકાર. ॥૮૭૫॥
ત્યારે બ્રહ્મા વિષ્ણુ શું કહે, એ અજવાળું તે કયાં લગી રહે. ॥૮૭૬॥
જો તમે છો શ્રી હરિ અવતાર, સૃષ્ટિ તણો તમે કરો વિસ્તાર. ॥૮૭૭॥
વિષ્ણુને બ્રહ્મા પૂછે છે એહ, સ્વામી તમે પૂઠે કેમ થયા તેહ. ॥૮૭૮॥

શ્રી વિષ્ણુ ભગવાને અતિશય અલ્પ કાળમાં આ અવતાર ધારણ કર્યો હતો. એકદમ અલ્પ કાળમાં "કુંભનાળ" માર્ગથી પાતાળમાં પ્રવેશ કરીને સાતેય પાતાળના ઘાટ ઉતરીને ભગવાને બ્રહ્માંડના તળનો સંચાર (ભ્રમણ) કર્યો. જે ઠેકાણે સપ્ત સમુદ્રનાં મૂળ અને ભગવાન શંકરના ત્રિશૂળનું જ્યાં રોપણ થયું છે અને સંપૂર્ણ પૃથ્વીને આધારભૂત રહેલા મેરુ પર્વતનાં મૂળ જ્યાં વિસ્તરેલાં છે એવા એ સંપૂર્ણ પ્રદેશના ભેદ વિષ્ણુ ભગવાને જાણ્યા. અષ્ટ કુળ પર્વતનો મક્કમ પાયો નાખી નારાયણે એના ઉપર મેરુનું આરોપણ કર્યું છે અને પૃથ્વીને એનો મુખ્ય આધાર આપી પ્રકૃતિ બંધથી આ અખિલ વિશ્વ સ્થિર કરેલ છે તે જાણ્યું. ત્રણેય કલ્પમાં ભગવાને આ જ માર્ગથી જઈ ત્રણેય કલ્પના જીવાત્માઓનો ઉદ્ધાર કરેલ છે. ભગવાને જે જે સદ્ભક્તોને વચન આપેલ છે, એ બધાનાં વચન પૂર્ણ કરી ઉદ્ધાર કર્યો એટલે સદ્ગુરુ મહારાજ કહે છે કેઃ હે જીવાત્માઓ, તમે પણ ભગવાને આપેલ વાણી સાંભળીને એ પ્રમાણે પરમાત્માની ભક્તિ કરીને મુક્ત થાઓ.

બ્રહ્મદેવના વેદ પરત લાવી આપતાં જ સર્વત્ર જ્ઞાન રૂપી પ્રકાશ પ્રસર્યો અને જગતમાં સર્વત્ર નવચૈતન્ય આવ્યું. એ પ્રમાણે સંપૂર્ણ જગતમાં પ્રાણીમાત્રમાં રહેલ અજ્ઞાન રૂપી અંધકાર નષ્ટ થઈને સર્વત્ર જ્ઞાન, સાધના, ધ્યાન, તપાચરણ, યજ્ઞાનુષ્ઠાન વગેરે અનેકાનેક માર્ગથી માનવ જીવન સમૃદ્ધ થતાં હતાં. માનવ સમાજ ઉન્નત થયો. સર્વત્ર બ્રહ્માની ઉપાસના, વિષ્ણુની ભક્તિ અને મહેશ તથા શક્તિ વગેરે સર્વ દેવદેવતાઓનો જયજયકાર થયો. સંપૂર્ણ સુર શક્તિ બળસંપન્ન-જ્ઞાનસંપન્ન થઈ, અસુર શક્તિ ક્ષીણ થઈ. બ્રહ્મદેવે ભગવાન વિષ્ણુની માન સન્માનસહ ષોડશોપચારે પૂજા અર્ચના કરી અને પછી શ્રી હરિને કુતૂહલવશ કહ્યું કે; તમોએ જે મત્સ્ય અવતાર ધારણ કર્યો એનું સ્વરૂપ કઈ રીતનું હતું એ મને કથન કરો.

કેવો મચ્છ તણો હતો આકાર, અને સ્વામી કેવો દૈત્ય તણો વિસ્તાર. ॥૮૭૯॥
સ્વામી કેવાં નેત્ર ને કેવી આંખ, સ્વામી કેવા પગને કેવી પાંખ. ॥૮૮૦॥
સ્વામી કેવા પંડિતને કેવાં જ્ઞાન, સ્વામી કેવા રણ ને કેવી આણ. ॥૮૮૧॥
સ્વામી મનધર હતું તમારું નામ, ને કેવા મચ્છ તેણે ઠામ. ॥૮૮૨॥
સ્વામી મનધરનો જપતા જાપ, અને મચ્છ રૂપે થયા આપોઆપ. ॥૮૮૩॥
બ્રહ્મા પ્રત્યે બોલ્યા શ્રી હરિ, નારાયણે આજ્ઞા જો કરી. ॥૮૮૪॥
જ્યારે શંખવો બેઠો શંખ માંહે, મચ્છ રૂપ લઈ પહોંચ્યો ત્યાંહે. ॥૮૮૫॥
તે બેટ શંખોદર માંય, મચ્છ રૂપ મેં લીધું ત્યાંય. ॥૮૮૬॥
હું સવા હાથનો મચ્છ જો થયો, તે જઈને પાતાળ માંહે રહ્યો. ॥૮૮૭॥
જ્યારે દીઠું છે મારું રૂપ, ત્યારે કંપ્યો છે શંખવો ભૂપ. ॥૮૮૮॥
જલ તણા જીવનો આકાર, તેવો અમે લીધો મચ્છ અવતાર. ॥૮૮૯॥
રકતવર્ણાં છે નેત્ર જેહ, ને શ્વેત વર્ણી પાંખું તેહ. ॥૮૯૦॥
ત્યાં મારે હતા બે દાંત, ત્યાં થયો મનધર ને ઝાલ્યો હાથ. ॥૮૯૧॥
મેં માર્યો શંખવો સહી, તરત કળા મેં નરની લહી. ॥૮૯૨॥
નિગમવાણી તેના પેટમાં સહી, મને બળ પડ્યું બહું ત્યાંહી. ॥૮૯૩॥
એ વાણી આવી મુજ પાસ, ત્યારે દૈત્ય થરથર્યો થયો નિરાશ. ॥૮૯૪॥

એને સદ્‌બુદ્ધિ જે થઈ, અને કરજોડીને વિનંતી કહી. ॥૮૯૫॥
તેણે શંખને મેલ્યો અળગે ઠામ, આધીન થઈને લીધું મારું નામ. ॥૮૯૬॥
મેં સર્વે વસ્તુનાં પૂછ્યાં ઠામ, તે અજામેલનો જપતો તો જાપ. ॥૮૯૭॥
એમ કરીને શંખવો જયારે હણ્યો, પ્રથમ દૈત્ય એને ત્યારે ગણ્યો. ॥૮૯૮॥
ત્યાં થકી મચ્છ રૂપ સંપૂર્ણ જાણ, અને ગુરુ તો માનધાતા પ્રમાણ. ॥૮૯૯॥
સત્ગોરે વેદ ભણ્યા અપાર, કહ્યું કથા પણ ના આવે પાર. ॥૯૦૦॥
સ્વામી સત્ગુરુ જુગમાં દીવો જાણ, વેદે દીધી વાચા પાળો સુજાણ. ॥૯૦૧॥
કર્તાયુગમાં હરિ અવતાર, મચ્છ રૂપ થયું હરિ પરિવાર. ॥૯૦૨॥
એ શંખાસુરને માર્યો જહાં, ભક્ત રુખ્માગદને સવા કરોડી શું તાર્યો તહાં. ॥૯૦૩॥

શ્રી હરિએ બ્રહ્મદેવ અને ઈતર સર્વ દેવગણને ઉદ્દેશીને કહ્યું: 'જયારે હું શંખાસુર પાછળ પાછળ તેની જ પાસે રહેલા વેદ લેવા ગયો ત્યારે અનેકાનેક સ્વરૂપો ધારણ કર્યા. 'મનધર' એવું મારું નામ હોવાથી મનમાં જે પ્રકારની ધારણા કરીએ એ પ્રમાણે મારું સ્વરૂપ થતું હતું. જયારે શંખાસુર શંખોદર બેટમાં જઈને શંખાવતીની પાસે જઈને બેઠો ત્યારે ના છૂટકે મારે તીક્ષ્ણ દાંત હોય એવું મત્સ્યનું રૂપ લેવું પડ્યું. ત્યારે મારું એવું વિલક્ષણ સ્વરૂપ હતું કે, પ્રથમ સવા હાથ લંબાઈનો મારો દેહ હતો. રક્તવર્ણ આંખો અને શ્વેત વર્ણ પાંખો હતી અને નિલમણિ પ્રમાણે અત્યંત ચકચકીત એવા મારા બે હાથ હતા.

જયારે હું એ શંખાસુરને પ્રત્યક્ષ પકડવા માટે દોડ્યો ત્યારે અત્યંત વિશાળ એવું સ્વરૂપ ધારણ કર્યું કે એ જોઈ શંખનું કવચ ધારણ કરેલ અસુર થરથર કાંપવા લાગ્યો અને બેય હાથ જોડી એ મારે શરણે આવ્યો. એટલે મેં દયા કરીને એને અભય વચન આપ્યું અને કહ્યું: 'હે શંખવા, તારી પાસે જે નિગમ વેદવાણી છે એ ફક્ત મને કાઢી આપ.' ત્યારે તેણે કહ્યું કે; તે મારા પેટમાં હોવાથી તમારા દાંતથી પેટ કાપીને કાઢી લો. એ પ્રમાણે શંખાસુરનું પેટ ચીરી હું વેદવાણી પરત લાવેલ છું.

દૈત્ય શંખાસુર એ વેદ વાણીની સાથે સત્ત્વબુદ્ધિશાળી થયેલ હોવાથી એ વારંવાર મારી સ્તુતિ કરવા લાગ્યો. એટલે એને મેં મુક્ત કર્યો અને એનો કંઠનાળ હું લાવ્યો છું એ ભગવાન શંકરે પ્રેમથી પોતાના હાથમાં ધારણ કર્યો છે. સંપૂર્ણ ઈંદ્રિયોનો સ્વામી જે આત્મારામ એ જ અજામિલમોચક (અજા એટલે ઈંદ્રિય-માયા-પ્રકૃતિ અને મિલમોચક એટલે વિષ્ણુ-પરમાત્મા) હોય છે. તેના જાપ એટલે અજંપા જાપ કરીને એ શંખાસુર મુક્ત થયો. તેની આત્મજયોત મારા સ્વરૂપમાં આવી મળી. આમ મારો આ પ્રથમ અવતાર અહીં પૂર્ણ થયો એટલે કે મત્સ્ય અવતાર પૂર્ણ થયો.'

ત્યાર પછી સંસારમાં પ્રગટ થયા મોરાર, ત્યારે સર્વે સંસારે ઓળખ્યા નિર્ધાર. ॥૯૦૪॥
મચ્છની માતા તો શંખાવતી કહીએ, અને પિતા તો પ્રેમઋષિ કહીએ. ॥૯૦૫॥
ત્યારે ગુરુ તો માનધાતા જાણ, અને શક્તિ તો ચંદ્રિકા દેવી પ્રમાણ. ॥૯૦૬॥
ત્યારે સ્થાન તો હંસપુર નગરી જાણ, ક્ષેત્ર તો દ્વારામતી પ્રમાણ. ॥૯૦૭॥
નર દલો દાનવ તો શંખાસુર જાણ, ભક્ત રૂખ્માગદને ઉગાર્યો નિર્વાણ. ॥૯૦૮॥
ત્યારે ચાર લાખને બત્રીસ હજાર મચ્છ રૂપે જાણ, ત્યારે પહેલા ઋગ્વેદ હોતા પ્રમાણ. ॥૯૦૯॥
એવો શ્રી હરિનો પહેલો મચ્છ અવતાર સંપૂર્ણ જ સહી,
એવી શ્રી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે વાણી કહી. ॥૯૧૦॥

શ્રી મત્સ્ય ભગવાનની માતા તો શંખાવતી, પિતા તો પ્રેમઋષિ, શક્તિ તો દેવી ચંદ્રિકા, ગોર તો માનધાતા, દૈત્ય દાનવ તો શંખાસુર, સ્થાન તો હંસપુર, ક્ષેત્ર તો દ્વારામતી, ત્યારે વેદ તો ઋગ્વેદ વર્તંતે, ઓચરંતે ગાયત્રી, સાત વાર, સત્તાવીશ નક્ષત્ર, પંદર તિથિ, બાર કરણ, નવ ગ્રહ, સુર મંત્રનો જાપ જપતા આવ્યા, સ્વામી, ઋષિઓને સ્થાપી, શંખાસુર દાનવને સંહારી, સાતે પાતાળના રાજાઓને વચન આપી, સદ્‌ગોર બ્રહ્માના વેદ વાળી, સવા કરોડી સહ ભક્ત રૂખ્માગદને ઓધારી, તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મોરારિ, જે કોઈ ચિત્ત હરિ શું લાએ, તેનાં ધર્મ વધે ને પાપનો ક્ષય થાય, નમો નમો ભાઈ પરિબ્રહ્મ નારાયણના નામને, જે રૂપે સદ્‌ગોર બ્રહ્મા નર નારાયણ હોય તે રૂપે ધ્યાવીયે.

|| ૐ તત્ સત્ શ્રી પરિબ્રહ્માર્પણમસ્તુઃ ||

|| ઈતિ શ્રી મત્સ્ય ભગવાનનો અવતાર સંપૂર્ણતઃ ||

•••

આવી દિવ્ય વાણી વદીને ભગવાન વિષ્ણુ અંતર્ધાન થયા અને તેમણે ધારણ કરેલા દેહનું વિસર્જન થયું. તેમની લૌકિક માતા શંખાવતી, પિતા પ્રેમઋષિ, શક્તિ એટલે સ્ત્રી ચંદ્રિકાદેવી, ગુરુ માનધાતા, પ્રગટ થનાર સ્થાન હંસપુર, ક્ષેત્ર દ્વારામતી, શંખાસુર દૈત્યનો સંહાર કરી સવા કોટિ સદ્‌ભક્તો સાથે રૂખ્માગદનો ઉદ્ધાર કર્યો. સપ્તપાતાળમાં રાજાઓને વરદાન આપી, વેદો લાવી, સર્વત્ર સત્‌ધર્મની સ્થાપના કરી. ઋગ્વેદાનુસાર પ્રચલિત યુગધર્મની રચના કરી.

ઋગ્વેદનું પ્રધાન તત્ત્વ 'પ્રજ્ઞાનમાનન્દં બ્રહ્મ' હતું. સત્‌પંથ ધર્મ તત્ત્વાનુસાર સુવર્ણ કળશ-પાટની ઉપાસના, કુંજર દાનનું પ્રાધાન્ય, વન દાગનું પ્રાબલ્ય અને એકાદશી વ્રત પાલનનું મહાત્મ્ય વર્ણવ્યું છે. એકાદશી વ્રતાચરણ કરતાં જે સદ્‌ભક્તએ પોતાનું જીવન સર્વસ્વપણે પસાર કર્યું એવા રાજા રૂખ્માગદના ચરિત્રનું હવે શ્રવણ કરીએ.

•••

• સદ્ભક્ત રાજા રૂખ્માગદનું આખ્યાન •

અતિ પ્રાચિન સમયમાં કાંતિનગરમાં સૂર્યવંશી રૂખ્માગદ નામનો એક ઉદાર ચરિત પુણ્યશાળી અને ધર્મજ્ઞ રાજા રાજ્ય કરતો હતો. રૂખ્માગદની શ્રી હરિ ઉપર એકનિષ્ઠ ભક્તિ હોવાથી એ હંમેશાં શ્રી હરિનાં ભક્તિ-પૂજનમાં મગ્ન રહેતો હતો. તેની સ્ત્રી સંધ્યાવલી પણ અત્યંત પુણ્યશીલ હોવાથી શ્રી હરિનાં વ્રતો ભક્તિભાવથી કરતી હતી. એ રૂખ્માગદ રાજાને ધર્માંગદ નામનો એક પુત્ર હતો તે પણ તેના પિતાની જેમ જ ધર્મરત હોવાથી કલ્પવૃક્ષને પણ લજાવે એવો ઉદાર હતો. 'યથા રાજા તથા પ્રજા' એવા ન્યાય પ્રમાણે એ રાજાની પ્રજા પણ ભગવદ્ ભક્ત હતી. સર્વત્ર હરિ નામથી એ નગર ભક્તિભાવ ભર્યું લાગતું.

એ રાજાનું ઉપવન (બગીચો) અત્યંત ભવ્ય અને સુંદર હોવાથી મધુર ફલપુષ્પોથી ભરેલું હતું. રૂખ્માગદ રાજા રોજ પ્રભાતના સમયે ઊઠીને સ્નાન સંધ્યા કરીને એક લક્ષ (લાખ) પુષ્પો શ્રી હરિને અર્પણ કરતો હતો. એ સમયે એક વખત નારદ ઈંદ્રદેવને મળ્યા અને રૂખ્માગદની ભક્તિ-પૂજાની વાત ઈંદ્રને કરી. ત્યારે ઈંદ્રએ આશ્ચર્ય પામીને એણે પોતાના દૂતને વિમાનમાં બેસાડીને કાંતિનગરના ઉપવનમાં ફૂલો લેવા માટે મોકલ્યો. આજ્ઞા પ્રમાણે દૂતે કાંતિનગરમાંથી પુષ્કળ ફૂલો તોડી લાવીને ઈંદ્ર સામે મૂક્યાં. એ દિવ્ય સુંદર ફૂલો જોઈને ઈંદ્ર ખૂબ આનંદીત થયો અને ઈંદ્રએ પોતાના દૂતને રોજ સવારે કાંતિનગરમાં જઈ ત્યાંથી બધાં ફૂલો તોડીને લાવવાની આજ્ઞા કરી.

કાંતિનગરના ઉપવનમાંથી ફૂલો આ પ્રમાણે સ્વર્ગમાં જવાથી લોકોને ભગવાનની પૂજા માટે ફૂલ મળતાં નહોતાં. રાજાએ પોતાના માળીને બોલાવીને પૂછ્યું ત્યારે માળીએ કહ્યું કેઃ કોઈ અજ્ઞાત ચોર વિમાનમાં બેસીને બાગમાં આવે છે અને ફૂલો તોડીને ફરી વિમાનમાં બેસીને ભાગી જાય છે, આ પ્રમાણે કહ્યું.

આ સાંભળી રાજાને ખૂબ આશ્ચર્ય થયું. તેને પકડવા માટે રાજાએ સેવકોને આજ્ઞા કરી. કંઈક યુક્તિ પ્રયુક્તિથી એ ચોરને પકડવા માટે રાજાએ કહ્યું.

વિમાનની નીચે લાકડાનો ધુર હોવાથી વિમાન નીચે પડશે એમ વિચાર કરી રાજાના માળીએ લાકડાં પ્રગટાવી વિમાનની નીચે અગ્નિ પ્રગટાવ્યો. એ સાથે જ ઈંદ્રનું વિમાન પૃથ્વી પર પડ્યું અને રાજાના માળીએ એ દેવદૂતને પકડીને રાજા સમક્ષ હાજર કર્યો.

દૂતનો એ દિવ્ય અને સુંદર દેહ જોઈ રાજાને ખૂબ આશ્ચર્ય થયું. રાજાએ દૂતને બેસવા આસન આપી પૂછ્યું કે : તમે કોણ છો અને ક્યાંથી આવો છો ? વગેરે પ્રશ્નો કર્યા.

ત્યારે ઈંદ્રના દૂતે કહ્યુંઃ 'રાજા, હું ઈંદ્રનો સેવક છું. ફૂલો દેવેન્દ્રની આજ્ઞા પ્રમાણે સ્વર્ગમાં લઈ જતો હતો.'

આ સાંભળી રૂખ્માગદ રાજા પોતાનાં ફૂલો સ્વર્ગમાં દેવોના મસ્તક પર જઈને ચડે છે એ જાણી તેને ખૂબ જ આનંદ થયો. પછી એણે દૂતને અલંકાર વસ્ત્રો વગેરે આપી યોગ્ય સત્કાર કર્યો અને થોડાંક ફૂલો અમારા દેવોની પૂજા માટે રાખતા જાઓ અને બાકીનાં લઈ જાઓ એમ રૂખ્માગદે ઈંદ્રના દૂતને કહ્યું.

એ દૂતે રાજાને કહ્યું : 'રાજા રૂખ્માગદ, ખરેખર તું ધન્ય છે. અમે જઈએ છીએ પણ હવે અમારું વિમાન ચાલવું અશક્ય છે. વિમાનને પૃથ્વીનો સ્પર્શ થવાથી પૃથ્વી પરનાં પાપ પરિબળોથી તે દૂષિત થયું છે. કોઈ એકાદશી વ્રતના ઉપવાસીના પુણ્યથી અમારા સ્વર્ગના વિમાનને તેનો સ્પર્શ થશે તો જ અમારું વિમાન ભૂમિ ઉપરથી સ્વર્ગલોકમાં જશે.'

દૂતનું વચન સાંભળી રૂખ્માગદને ખૂબ આશ્ચર્ય થયું. એકાદશી વ્રત શું હોય અને એ કંઈ રીતે કરાય છે તે રૂખ્માગદને ખબર નહોતી. એટલે રાજાએ દૂતને વ્રત વિષે પૂછ્યું કેઃ 'એકાદશીનું વ્રત એટલે શું ? એ કઈ રીતે કરાય ? તેનું ફળ શું ? એ તમે મને કહો.'

ઈંદ્રના દૂતે કહ્યું કેઃ ગુરુવાર અને એકાદશીના દિવસે કર્તાયુગની શરૂઆત થયેલી હોવાથી એ યુગની યુગતિથિનું આ પ્રસિદ્ધ મહાન વ્રત છે. આ વ્રત કરવાની રીત એવી છે કે, દશમના દિવસે એક ટાણું રહી એકાદશીના દિવસે પૂર્ણ નિર્જળો ઉપવાસ કરવો અને દ્વાદશીના દિવસે પ્રભાતે પાંચ ઘટક દિવસ પછી ભોજન કરવું. આ પ્રમાણે આવું વ્રત કોઈ હરિભક્તે કર્યું હશે તો તેમના સ્પર્શથી વિમાન ચાલુ થશે.

રૂખ્માગદના રાજ્યમાં તો શું પણ સંપૂર્ણ પૃથ્વી ઉપર એ વખતે આ વ્રત કોઈ કરવાવાળું ન હોવાથી રાજાએ એવો કોઈ મનુષ્ય અહીંયાં મળશે નહીં એવું કહ્યું.

ત્યારે ઈંદ્રના દૂતે કહ્યુંઃ 'રાજા આજે દ્વાદશી છે, ગઈ કાલે એકાદશી હતી અને જો કોઈ કાલે કોઈ કારણથી ભૂખ્યું રહ્યું હોય અને એણે અત્યાર સુધી ભોજન કર્યું ન હોય તો તેના હાથના સ્પર્શથી પણ વિમાન ચાલુ થશે.

રાજાએ એ પ્રમાણે નગરમાં શોધ કરવા પોતાના એક સેવક મોકલ્યો. એક સ્ત્રી ઉપર તેનો પતિ ગુસ્સે થવાથી દસમીના સંધ્યાકાળથી દ્વાદશીના સવાર સુધી ભૂખી હતી, એ સ્ત્રીને લઈ સેવક રાજા પાસે આવ્યો. રાજાએ એ સ્ત્રીને સમજ આપી અને એ પુણ્ય અર્પણ કરવાનું કહી વિમાનને હાથનો સ્પર્શ કરાવવા કહ્યું. એ પ્રમાણે એ સ્ત્રીએ વિમાનને હાથ લગાવતાં જ વિમાન એકદમ ઉપર ઉડ્યું અને આકાશ માર્ગથી સ્વર્ગ તરફ નીકળી ગયું. આ ચમત્કાર જોઈ રાજાને હૃદયમાં એકાદશી વ્રત વિષે શ્રદ્ધા ઉત્પન્ન થઈ અને એ વ્રત પોતાના રાજ્યમાં બધાને કરવું એવો નિયમ કર્યો. ત્યારથી રૂખ્માગદના રાજ્યમાં એકાદશીનું વ્રત શરૂ થયું.

સનાતન સત્‌પંથ ધર્મના પ્રવર્તક સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે દિગ્દર્શિત કરેલ યુગ ધર્મ પ્રણાલીનુસાર પહેલા કર્તાયુગની યુગ તિથિ એકાદશી વ્રત પાલનનું સામર્થ્ય અને મહાત્મ્ય કહીને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે પહેલા મત્સ્ય અવતારની અવતાર લીલાનું વર્ણન પૂર્ણ કર્યુ છે. મત્સ્ય અવતારમાં વિતળ પાતાળમાં અન્નપાલ રાજાને આપેલ વચન પૂર્ણ કરી ભગવાને રૂખ્માગદનો ઉદ્ધાર કર્યો. કર્તાયુગનો એ પહેલો સદ્‌ભક્ત છે. આવી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે નિગમ વાણી વર્ણવેલ છે.

•••

• શ્રી મત્સ્ય ભગવાનના અવતારની સમજૂતી •

શ્રી પરમાત્મા આદ્ય નારાયણ દસ અવતારની લીલા કર્તા સર્વ શક્તિમાન છે. તો તેને માટે માનવ દેહ ધારણ કરવો કે સંજોગો અનુસાર જળચર, વનચર, અગ્નિ, પાણી કે જડ તત્ત્વમાં પ્રગટ અવતાર ધારણ કરવો, કે તેમાં પ્રગટ થવું તે કાંઈ આશ્ચર્યની વાત નથી.

સનાતન સત્‌પંથ ધર્મના પ્રવર્તક સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની દિગ્દર્શક વાણી દ્વારા યુગ ધર્મ પ્રણાલી મુજબ પહેલા કર્તાયુગમાં પ્રથમ મત્સ્ય અવતારની લીલાનું વર્ણન કર્યુ છે.

મત્સ્ય અવતારે અતલ, વિતલ, સૂતલ, તલાતલ, મહાતલ, રસાતલ, પાતાલ વગેરેમાં જઈ રાજાઓ અને ભક્તોને વચનો આપી કર્તાયુગના પહેલા સદ્‌ભક્ત રૂખ્માગદ ભક્તનો ઉદ્ધાર કર્યો.

આ શ્રી મત્સ્યવતારની કથામાં શ્રી વિષ્ણુ નારાયણ મત્સ્ય રૂપે સાગરમાં પ્રવેશ્યા અને કુદરતની ઈચ્છા શક્તિ મુજબ જળચર પ્રાણીની આકૃતિ ધારણ કરેલ. પણ આ જગત પિતા શ્રી વિષ્ણુ નારાયણ સાકાર સ્વરૂપે માનવ દેહે તો શ્રી મનુ ઋષિના નામે વિચરતા હતા. જેનાં સ્થૂળ દેહનાં માતા, પિતા, સગાં, ગુરુ, પત્ની વગેરે સંસાર વૈભવ ભોગવવાવાળા શ્રી વિષ્ણુ નારાયણ-શ્રી મનુ ઋષિ, તેણે મત્સ્ય સ્વરૂપે કાર્ય કરવાથી તેની અટક શ્રી મત્સ્ય અવતાર લાગેલી હતી. સદ્‌ગુરુશ્રીએ તેના સ્વમુખે ભાખેલી આદ્ય બ્રહ્મની વાણીના ગ્રંથને મનુ સ્મૃતિ તેની યાદ અપાવે છે.

બોલીએ શ્રી મત્સ્ય ભગવાનકી જય.....

ધૂન : હરે મત્સ્ય..... હરે મત્સ્ય..... મત્સ્ય..... મત્સ્ય..... હરે..... હરે.....

•••



બીજો શ્રી કૂર્મ અવતાર (કર્તાયુગ - ઋગ્વેદ)


સદ્‌ગુરુ શ્રી અમ્મરતેજ ઋષિ (કર્તાયુગ - ઋગ્વેદ)

ॐ

શ્રી સદ્ગોર બ્રહ્મા વાચા સત્ય છે.

ससागरवनानिबिभ्रत् सप्तद्विपां वसुन्धराम् ।
यो धारयति पृष्ठेन तस्मै कूर्मात्मने नमः ॥

શ્રી વિષ્ણુ ભગવાને કૂર્મ રૂપ ધારણ કરીને પોતાની પીઠ ઉપર સમુદ્રો અને વનો સહિત સાત દ્વીપવાળી પૃથ્વીને ધારણ કરી હતી અને મધુકૈટક દાનવનો સંહાર કર્યો હતો તે શ્રી કૂર્મ ભગવાનના અવતારને હું નમસ્કાર કરું છું.

શ્રી મત્સ્ય ભગવાનના મનાઈત ઉગ્રસેન, અજુવંત,
બ્રહ્મસ્પત, અશોમિત્ર, પ્રિકમઋષિ. પ્રિકમઋષિના અંશ તો કૂર્મ ભગવાન.
ત્યારે મૂળ તો શ્રી કૂર્મી ઋષિએ શ્રી વિષ્ણુ ભગવાનની કળાથી કૂર્મ રૂપ-કાચબાનું રૂપ ધારણ કર્યું હતું.

શ્રી કૂર્મ અવતાર

॥ અવતાર બીજો ॥

પરમ કૃપાળુ પરમાત્માની આજ્ઞાથી આદરું છું
ૐ નમો શ્રી સદ્ગોર પાત્ર બ્રહ્મા અમરતેજ મહારાજ
આદ્ય વિષ્ણુ નિરંજન શ્રી કૂર્મ ભગવાન તમારી આશિષે...

પ્રથમ અવતાર શ્રી હરિનો પૂરો થાય, અવતાર બીજાનો સદ્ગોરે કહ્યો મહિમાય. ॥૧॥
બીજો લખ્યો છે શ્રી કૂર્મ અવતાર, તેનો સુણો મુનિવરભાઈ સાર. ॥૨॥
બીજો કૂર્મ અવતાર શ્રી હરિ દેવ, સ્વામી તમારો કોઈ ન જાણે ભેદ. ॥૩॥
તેણે દૈત્ય કારણે અકળ લીલા જો કરી, મેરુ પર્વત પીઠ ઉપર ધરી. ॥૪॥
જેની પીઠે તો એસો ભરીયો ભાર, સોહી કૂર્મ તો નર આકાર. ॥૫॥
મેરુ પર્વતે દૈત્ય મધુકૈટક રહે, તેના બળનો કોઈ પાર ના લહે. ॥૬॥
તે દૈત્ય દાવો કરી વચન બોલ્યો સોયે, એવા પર્વતે રહું જે ન મારે કોયે. ॥૭॥

નીચે રહું તો મને મારે ધરી, હવે બેસું જઈ પર્વતે ઠરી. ॥૮॥
જ્યારે કૂર્મ રૂપે શ્રી હરિ અવતાર, ત્યારે પીઠે ધર્યો પૃથ્વીનો ભાર. ॥૯॥
હરિનો જાપ જપે સૌ કોયે, ત્યાં છાસઠ કરોડ દૈત્ય વ્યાપક હોયે. ॥૧૦॥
તેમાં દૈત્ય મધુકૈટક બળીયો થાયે, તે સંગે છાસઠ કરોડ અસુરો મેરુ પર આયે. ॥૧૧॥
ત્યારે કૂર્મ રૂપે શ્રી હરિએ એસો કીયો, લઈ મેરુ પર્વત સમુદ્રમાં દીયો. ॥૧૨॥

ભગવાન શ્રી હરિની લીલા અવર્ણનીય છે. સામાન્ય બુદ્ધિના જીવાત્માને એમની લીલાચરિત્ર અકલ્પનીય લાગે છે. મત્સ્ય અવતાર સમય અવધિ પૂર્ણ થયા પછી કૂર્મ અવતારનું અવતાર કાર્ય શરૂ થયું. આ કાળમાં મધુકૈટક વગેરે અનેક પ્રબળ દૈત્યોએ મેરુ પર્વતના આશ્રયમાં રહીને બધા દેવોને ત્રાહિમામ્ ત્રાહિમામ્ કરી મૂક્યા. એ વખતે દેવ અને દૈત્યોના યુદ્ધમાં અસુરોએ તીક્ષ્ણ આયુધોના પ્રહાર કરવાથી દેવો હારવા લાગ્યા અને દાનવો સામે ફરીથી યુદ્ધ કરવા અસહાય બની ગયા. ત્યારે સર્વ દેવગણ બ્રહ્મદેવ પાસે જઈને એમનો સર્વ વૃત્તાંત જણાવ્યો. બધા દેવો નિર્માલ્ય અને નિસ્તેજ થઈ ગયા હોવાથી દુર્ભાગ્યપૂર્ણ પરિસ્થિતિએ પહોંચ્યા હતા. દેવોથી અસુરો તેજોબળાદિકથી યુક્ત થયા છે એમ જોઈ બ્રહ્મદેવે એકાગ્ર મનથી ભગવાન પુરુષોત્તમનું સ્મરણ કર્યું અને શ્રી હરિને જ શરણ જવા માટે બધા દેવોને કહ્યું. એ પ્રમાણે બધા દેવો ભગવાનની મનોભાવથી સ્તુતિ કરી સંકટ નિવારણ માટે પ્રાર્થના કરવા લાગ્યા.

ત્યારે માન સરોવર દૈત્યનું સ્થાનક જાણ, અને ત્યાં જ સમુદ્ર મંથન કર્યો છે જાણ. ॥૧૩॥
ત્યારે મંથવા દેવે મેરુ પર્વત સમુદ્રમાં દીયો જઈ, દૈત્ય રાજ મધુકૈટક સંહાર્યો સહી. ॥૧૪॥
ત્યારે દેવે મંદાર પર્વતનો રવૈયો કીધો જાણ, અને વાસંગ નાગનાં નેતરાં પ્રમાણ. ॥૧૫॥
બીજે કૂર્મ રૂપે કરુણા કરી, વાસંગ નાગ કંપ્યો ધરણી ધરી. ॥૧૬॥
ત્યારે મંદાર પર્વતનો રવૈયો કીધો શ્રી હરિ, મંથ્યો મેરામણને લક્ષ્મી વરી. ॥૧૭॥
એવાં ચરિત્ર કીધાં શ્રી હરિ, ત્યાં ભક્ત કારણે ભાવ જ ધરી. ॥૧૮॥
ત્યાં વાસંગ નાગ હરિને નમે કરજોડ, ત્યાં દેવ મળ્યા છે અનંત કરોડ. ॥૧૯॥
મેરામણ મંથવા એકી કોરે સહુ દાનવ હોય, બીજી કોરમાં વીરબાહુ દેવ સોય. ॥૨૦॥
ત્યાં વાસંગ નાગનું રજજુ જો કર્યું, ત્યાં એકી ગમ દેવે બળ આપે ધર્યું. ॥૨૧॥
પૂછની ગમ દેવ મળ્યા બહુ વીર, અને મુખની ગમ દાનવ મળ્યા સધીર. ॥૨૨॥
વાસંગ કરે વમન નાખે જો ફૂંફવાલ, અને દેવ દાનવ થાય ઘાયલ. ॥૨૩॥
જ્યારે વાસંગના મુખથી નીકળ્યું હલાહલ, ત્યારે ત્રણ ભવનમાં થઈ છલાબલ. ॥૨૪॥
ત્યાં સુર અસુર સહુ કંપવા લાગ્યા સહી, તેને આરાધ વિષ્ણુની કરી તહી. ॥૨૫॥
વિષ્ણુએ શિવજીને મોકલ્યા જ્યાં, તેને સહુ હલાહલ પીધું ત્યાંય. ॥૨૬॥
ત્યારે દેવ દૈત્યને બહુ આનંદ થાય, અને તે સાગર મંથવા લાગ્યા ઠાય. ॥૨૭॥

ભગવાને સંતુષ્ટ થઈને દેવોને આશ્વાસન આપી કહ્યું કે: હે દેવગણો, આપણા ઉત્કર્ષ અને ઉન્નતિ માટે પ્રથમ તમે દૈત્ય -દાનવોથી મૈત્રી કરો. પછી દૈત્ય અને દેવો મળી અમૃત પ્રાપ્તિ માટે પ્રયત્ન કરો. એ માટે પહેલાં ક્ષીરસાગરના તળમાં વેલ, ઘાસ, ઔષધી, વનસ્પતિ નાખી તેમની ઉપર મંદરાચલ પર્વતનો રવૈયો સ્થિર કરી અને વાસુકી નાગના દોરડાનો ઉપયોગ કરી

સમુદ્રનું મંથન કરો. આ કાર્યમાં દૈત્યોને કલેશ પ્રાપ્ત થશે અને મારી કૃપાથી તમને અમૃત ફળ મળશે. હું પણ તમારી મદદ માટે અને જગતના કલ્યાણ માટે આવું જ છું. આમ આશ્વાસન આપી ભગવાન અંતર્ધાન થઈ ગયા.

યોગ્ય સમય આવતાં જ દેવોએ અસુરોને સમુદ્ર મંથન કરીને અમૃત પ્રાપ્તિ તેમજ અન્ય સંપત્તિ મળવાનું કહ્યું અને સમુદ્રમાંથી નીકળનાર ઈતર સંપત્તિના લોભથી અસુરગણો સમુદ્ર મંથન માટે આનંદથી તૈયાર થઈ ગયા. સુર અને અસુર બંનેએ સાથે મળીને મંદરાચલ પર્વતને જોરથી ઉખાડી અને મોટેમોટેથી ગર્જના (હલકારા) કરતા કરતા સમુદ્રના કિનારે લઈ આવ્યા, પણ પછી દેવ-દાનવો અત્યંત પરિશ્રમથી થાકી ગયા હોવાથી સમુદ્રની અંદર પર્વત લઈ જવા માટે અસમર્થ થયા હતા, ત્યારે ભગવાને પોતે પ્રગટ થઈ બધાને હિંમત આપી બળ સંપન્ન કર્યું અને એ મંદાર પર્વતને સમુદ્રમાં સ્થિર કરી મૂકાવ્યો.

ભગવાન શ્રી વિષ્ણુએ પોતે વાસુકી નાગને લાવી પર્વતના સાડા ત્રણ વેઢા લીધા અને હર્ષ-આનંદથી સમુદ્ર મંથન કરી અમૃત પ્રાપ્તિ માટેનો આરંભ શરૂ કર્યો. એ પ્રસંગે ભગવાન શ્રી વિષ્ણુએ વાસુકીનું પ્રથમ મુખ પકડ્યું એટલે દેવોએ પણ એમ જ કર્યું, પણ દેવોનું આ કાર્ય દૈત્યાધિપતિને ગમ્યું નહીં. અને તે બોલ્યોઃ 'અમે વેદશાસ્ત્ર સંપન્ન હોવાથી જન્મકર્મોથી શ્રેષ્ઠતમ છીએ. શું અમે સર્પના પુચ્છ રૂપ છીએ ? અમંગળ અંગ અમે પકડીશું નહીં.' શ્રી હરિને એ જ જોઈતું હતું. તેમણે હસતાં હસતાં વાસુકીના મોઢાનો ભાગ છોડી દીધો અને દેવો સાથે તેની પૂંછડીનો ભાગ પકડ્યો. સર્વ દૈત્ય સર્પ મુખ પાસે ગયા. પછી બધાએ સમુદ્ર મંથનની ઉત્સાહથી શરૂઆત કરી. પણ તળમાં કોઈ આધાર ન હોવાથી પર્વત પાણીમાં ડૂબવા લાગ્યો. એ વખતે અનંત પરાક્રમી અને સત્ય સંકલ્પ એવા શ્રી હરિએ મોટું અદ્ભુત એવું કૂર્મ રૂપ ધારણ કર્યું અને પાણીમાં ડૂબતા પર્વતને પોતાની પીઠનો આધાર આપ્યો. ત્યાર પછી કાચબાનું મોટું શરીર ભગવાને ધારણ કરીને લક્ષ્ય યોજન વિસ્તાર કરી પોતાની પીઠ પર મંદાર પર્વતને લીધો.

આ રીતે ખૂબ વેગથી સમુદ્ર મંથન શરૂ થતાં વાસુકીના મુખમાંથી, નેત્રમાંથી અને શ્વાસ દ્વારા નીકળેલ અગ્નિ અને ઝેરની જ્વાળાના યોગથી અનેકાનેક અસુરો બળવા લાગ્યા, ત્યારે ભગવાને એમની પર મેઘ વૃષ્ટિ કરાવી અને ઠંડા પવનો ફૂંકાવ્યા.

આ પ્રમાણે દેવ-દૈત્યના સહયોગથી મંથન કરેલ એ સમુદ્રમાંથી પ્રથમ અત્યંત દુઃસહ્ય એવું હળાહળ વિષ ઉત્પન્ન થયું. ભયંકર તીવ્ર એવું અસહ્ય વિષ બધી દિશામાં ઉપર નીચે ઉછળવાથી બધા દેવો-દાનવો અને લોકપાલો ભયભીત થયા અને બીજા કોઈનાથી આપણું રક્ષણ થશે નહીં એમ જોઈ બધા દેવો સદાશિવને શરણે ગયા. ત્યારે સર્વ લોક પર આવેલ એ સંકટને જોઈ મહાદેવે સમસ્ત સૃષ્ટિમાં વ્યાપનાર એ હળાહળ વિષને પોતાની અંજલિમાં લઈ પી લીધું. એ વિષથી ભગવાન શંકરે પોતાનું સારું એવું સામર્થ્ય દર્શાવ્યું. કાતિલ વિષનું આચમન કરવાથી ભગવાન શંકરના ગળામાં દાહ થઈ અને તેનો કંઠ નીલો-શ્યામ થઈ ગયો પણ શંકરે આત્મ સામર્થ્યથી એ વિષ પચાવી લીધું. ત્યારથી તેઓ નીલકંઠ તરીકે ઓળખાયા. એ યોગે દેવ-દાનવ અને માનવ સંકટ મુક્ત થઈને સુખી થયા.

આ પ્રમાણે મહાપુરુષો જગતના દુઃખોથી જ દુઃખી થાય છે અને એમના દુઃખોના નિવારણ માટે પોતે દુઃખ ભોગવે છે. બીજા માટે દુઃખ સહન જ કરી ભક્તોના મનોરથ પૂર્ણ કરનારા દેવાધિદેવ શંકરનું એ કર્મ જોઈ સર્વ લોક, પાર્વતી, બ્રહ્મદેવ અને વિષ્ણુ આ બધાએ એમની પ્રશંસા કરી. મહાદેવે વિષ પ્રાશન કર્યું તે વખતે એમના હાથમાંથી જે થોડુંક વિષ નીચે પડ્યું એ વીંછી, સર્પ, વિષારી ઔષધી વનસ્પતિ અને ઈતર દંશ કરનાર વિષારી પ્રાણીઓએ ગ્રહણ કર્યું. શંકરે વિષ પ્રાશન કર્યા પછી સંતુષ્ટ થયેલ એ દેવ દાનવ ફરી ખૂબ વેગથી સમુદ્રનું મંથન કરવા લાગ્યા.

મધુર સાગરથી કીધો ગોરસ, અને દાનવ માર્યો મધુકૈટક. ॥૨૮॥
મંથ્યો સમુદ્ર માવજીએ મન જો ધરી, ત્યારે રત્ન ચતુર્દશ કાઢયા શ્રી હરિ. ॥૨૯॥
શંખ, લક્ષ્મી, કૌસ્તુભ અને સારંગધનુ, દેવે પૂજા કરી શ્રી વિષ્ણુને આપ્યું ઘણું. ॥૩૦॥
સુરભી કામધેનુ વસિષ્ઠને આપી જેહ, અશ્વ ઉચૈઃશ્રવા સૂરજને દીધો તેહ. ॥૩૧॥
ચંદ્રમા છે ઓખદી પોષણહાર, માટે દેવે તેને આકાશમાં દીધું થાનમાન. ॥૩૨॥
સુરા માદકથી છે બહુ સંભ્રમકારી, તે અસુરોએ લીધી આપ સંભારી. ॥૩૩॥
પારિજાતક અને ચૌદંત ઐરાવત જ્યાંય, અપ્સરા રંભા દેવરાજ ઈંદ્રને આપી ત્યાંય. ॥૩૪॥
પછી આવ્યો ધન્વંતરિ અમૃત કલશ લઈ, અને સાગરમાંથી આવ્યા નિસરી. ॥૩૫॥
ત્યાં દેવે મંથ્યો મેરામણને અમૃત કાઢ્યાં જેહ, તે મોહિની રૂપ લઈ દેવોને પાયાં તેહ. ॥૩૬॥
ચંદ્ર સૂરજ રાહુ દેખી બોલ્યા ત્યાંય, સ્વામી એ દૈત્યને અમૃત પાવો ક્યાંય. ॥૩૭॥
ત્યાં બેઠો રાહુ દેખે શ્રી જગદીશ, ત્યારે દૈત્યને દેખી મન ચઢી રીસ. ॥૩૮॥
જ્યારે તેણે અમૃત પીતાં દેખે જગદીશ, દૈત્ય આડો થયો ત્યારે ચઢી રીસ. ॥૩૯॥
દેવ મારી દૈત્યને શિર લીયો ઉતાર, દૈત્ય કારણે શ્રી હરિ કોરંભ રૂપ ધર્યું મોરાર. ॥૪૦॥

જ્યારે સમુદ્ર મંથનમાંથી કામધેનુ ઉત્પન્ન થઈ. એ અગ્નિહોત્રને સાધનભુત એવી ઘૃતાદિ પદાર્થ ઉત્પન્ન કરનારી તેમજ બ્રહ્મલોક સુધી પહોંચાડનારી હોવાથી યજ્ઞના હોમ દ્રવ્ય માટે વસિષ્ઠ બ્રહ્મર્ષિએ એનો સ્વીકાર કર્યો. ઉચૈઃશ્રવા નામનો અશ્વ ઉત્પન્ન થયો એ સૂર્યને આપ્યો. એ પછી ચાર દાંતવાળો સફેદ એવો ઐરાવત હાથી, પારિજાતક અને રંભા અપ્સરા ઈંદ્રને આપ્યાં, એનાથી દેવસભાના વૈભવમાં વધારો થયો. દેવલોકનું જ ભૂષણ એવું પારિજાતક વૃક્ષ એટલે ઈચ્છિત મનોરથ પૂર્ણ કરનાર કલ્પતરુ છે. એ પછી ઉત્તમ વસ્ત્ર પરિધાન કરનાર, કંઠમાં પદકાદિક ભૂષણ ધારણ કરનાર અને સુંદર ગમન મોહક ક્રીડા તથા નૃત્યથી સ્વર્ગમાં રહેનાર દેવોને આનંદીત કરનાર રંભા અપ્સરા એટલે સ્વર્ગનું મૂર્તિમંત વૈભવ જ કહેવાય. એ પછી મહાસાગરમાંથી "કૌસ્તુભ" પદ્મરાગ જાતિના નામનો એક રત્નમણિ ઉપલબ્ધ થયો. એ મણિ, સારંગ ધનુષ્ય અને શંખ આ ભગવાન વિષ્ણુએ ધારણ કર્યા. પછી વિદ્યુલ્લતા પ્રમાણે પોતાના ક્રાંતિથી સર્વ દિશા પ્રકાશિત કરનાર સંપત્તિ સ્વરૂપ એવી ભગવાન પર નિષ્ઠા રાખનાર લક્ષ્મી ઉત્પન્ન થઈ. લક્ષ્મીજીનું સુંદર રૂપ, ઔદાર્ય, વય અને ક્રાંતિ એના મહિમાથી મોહિત થઈ સર્વ દેવ, અસુર અને માનવ એ પોતાને મળે એવી ઈચ્છા કરવા લાગ્યા. પણ સર્વ દેવ દાનવોને છોડીને લક્ષ્મીજીએ ત્રિભુવનનાથ એવા ભગવાનને જ પુષ્પમાળા પહેરાવી. ત્યારે બધાએ લક્ષ્મીનારાયણ પર પુષ્પ વૃષ્ટિ કરી. એ વખતે લક્ષ્મીદેવી અતિશય આનંદ પામ્યાં.

પછી એ ક્ષીરસમુદ્ર પાસેથી જેના નેત્ર કમળ જેવાં છે એવી સુરાદેવી કન્યા રૂપે ઉત્પન્ન થઈ. એનો શ્રી હરિની અનુમતીથી અસુરોએ સ્વીકાર કર્યો. છેલ્લે જેના માટે તેમણે અગણિત મહેનત કરી આ સમુદ્ર મંથન કર્યુ હતું એ અમૃત કળશ લઈને ધન્વંતરિ પ્રગટ થયો, ત્યારે યથેચ્છ સુરાપાન કરેલ અને એ યોગે ઉન્મત્ત થયેલા અસુરોએ એની પાસેથી અમૃત કળશ છીનવી લીધો. ભગવાને એ જોઈને એમનામાં અંદર અંદર કલહ ઉત્પન્ન થવાની માયા નિર્માણ કરી. અમૃત માટે અસુરો એકદમ અધીરા થયા હોવાથી હું પહેલો પીશ, તું ના પીશ, તું હલકટ છે, તને પીવાનો અધિકાર નથી. એમ ઝગડતા પરસ્પર માંહોમાંહે કલહ કરવા લાગ્યા.

એ પ્રમાણે એમનામાં કલહ શરૂ થયો હોવાથી સર્વ સમર્થ વિષ્ણુએ અત્યંત અદ્‌ભુત અને અવર્ણનીય સુંદર સ્ત્રી સમાન મોહિની રૂપ ધારણ કર્યુ અને યુક્તિપૂર્વક અસુરો પાસેથી એ અમૃત પાત્ર છીનવી લીધું. પછી સર્વ દૈત્યો પાસે આવીને તે સ્ત્રીએ મધુર, મોહક વાણીથી એમનાં ચિત્ત હરી લીધાં અને કહ્યું કેઃ દેવો-દાનવોનો આ અમૃત પર સરખો અધિકાર છે. હું તમને આ અમૃતના સરખા ભાગ કરી આપું છું. તમે દેવો અને દાનવો તમારી અલગ અલગ હારમાં બેસો. એમ કહી એ સુંદર સ્ત્રી દેવોને અમૃત આપવા લાગી. એ જ કુંભમાં બીજી બાજુ રહેલ મુખમાંથી દૈત્યોને સુરા પીવડાવવા લાગી. એ મોહિનીનું અલૌકિક દિવ્ય સૌંદર્યયુક્ત સ્વરૂપ જોઈ અને મદ્યમાં મદ થયેલા બધા દાનવો ઉન્મત્ત થયા હતા. મોહિનીએ અમૃત પાવામાં વાર લગાડી તેથી દાનવ વિવેકહીન થઈ વિરોધ કરવા લાગ્યા પણ મોહિનીએ એમને શાંતિથી બેસાડયા અને સર્વ દેવગણને અમૃત પીવડાવવા લાગી. આ જાણીને રાહુ નામનો દૈત્ય ગુપચુપ ચંદ્ર-સૂર્યના વચ્ચે છુપાઈને અમૃત પ્રાશન કરવા લાગ્યો. તેના આ કપટીપણાનું વર્તન ચંદ્ર સૂર્યને ધ્યાનમાં આવવાથી એમણે ભગવાનને જાણ કરી. ભગવાને સુદર્શનચક્રથી એ રાહુનું મસ્તક ઉડાવી દીધું. એના ધડનું મૃત્યુ થયું પણ મુખમાં અમૃત રહેવાથી એ અમર થયો. પછી રાહુ પોતાનું વેર કાયમ રાખવાથી ચંદ્ર સૂર્યને ગળવા માટે પર્વકાળમાં ચંદ્ર-સૂર્યના શરીર ઉપર દોડી આવે છે, એમ સમજાય છે.

ત્યાં શ્રી કૂર્મ રૂપ હરિ અવતાર, મંથી સમુદ્રને રત્ન કાઢયાં દશ ચાર. ॥૪૧॥
ત્યાં ચૌદ રત્ન ચિત્તમાં ધરી, અને માયા મોહ અનંત હરી. ॥૪૨॥
મંથ્યો સાગર ને વર્ત્યો જયજયકાર, ત્યાર પછી સંસારમાં પ્રગટ થયા કિર્તાર. ॥૪૩॥
બીજે કૂર્મ રૂપે દૈત્ય મધુકૈટકને મારીયો જ્યાંય, સવા કરોડી શું ભક્ત અંબરીષ તારીયો ત્યાંય. ॥૪૪॥
ત્યાર પછી સંસારમાં પ્રગટ થયા મોરાર, ત્યારે સર્વે સંસારે ઓળખીયો સાર. ॥૪૫॥
કૂર્મની માતા તો કમળાવતી જાણ, પિતા તો પ્રિકમ ઋષિ પરમાણ. ॥૪૬॥
ગુરુ તો એકાઋષિ જાણ, અને શક્તિ તો દેવી બેચરા પ્રમાણ. ॥૪૭॥
નરદલો દાનવ મધુકૈટક જાણ, ભક્ત અંબરીષને તાર્યો નિરવાણ. ॥૪૮॥
ચાર લાખ બત્રીસ હજાર શ્રી કૂર્મ રૂપે જાણ, ત્યારે ઋગ્વેદ હોતા પ્રમાણ. ॥૪૯॥
શ્રી હરિનો કૂર્મ અવતાર સંપૂર્ણ જ સહી, એવી શ્રી સદ્‌ગુરુ ઈમામશાહે વાણી કહી. ॥૫૦॥

શ્રી કૂર્મ ભગવાનની માતા તો કમળાવતી, પિતા તો પ્રિકમ ઋષિ, શક્તિ તો દેવી બેચરા, ગુરુ તો એકાઅંકી, દૈત્ય દાનવ તો મધુકૈટક, સ્થાન તો મહાપુર, ક્ષેત્ર તો માનસરોવર, ત્યારે વેદ તો ઋગ્વેદ વર્તતે, ઓચરંતે ગાયત્રી, સાત વાર, સત્તાવીસ નક્ષત્ર, પંદર તિથિને બાર કરણ, નવગ્રહ, સુરમંત્રનો જાપ જપતા આવ્યા, સ્વામી, ઋષિઓને સ્થાપી, મધુકૈટક દાનવને સંહારી, ચૌદ રતનને વાળી, સવા કરોડીસહ રાજા અંબરીષ ભક્તને ઓધારી, તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મોરારિ, જે કોઈ ચિત્ત હરિ શું લાએ, તેનાં ધર્મ વધેને પાપનો ક્ષય થાય. નમો નમો પરબ્રહ્મ નારાયણના નામને, જેણે રૂપે સદ્‌ગોર બ્રહ્મા નર નારાયણ હોય, તે રૂપને ધ્યાવીએ.

છેલ્લે ભગવાન વિષ્ણુએ માયાવી રૂપ ધારણ કરીને આપણને ફસાવ્યા છે એમ જાણી સર્વ દૈત્યો યુદ્ધ માટે તૈયાર થયા. પછી દેવો દૈત્યોનું મહાયુદ્ધ થયું. વિષ્ણુ ભગવાને દાનવરાજ મધુકૈટકનો આ યુદ્ધમાં સંહાર કર્યો. તેમાં દેવોને અમૃત મળવાથી એમનો સર્વત્ર જય થયો. બધા દૈત્યો નિર્બળ થયા હતા તેથી પરાભવ પામ્યા. આ રીતે ભગવાને કૂર્મ

અવતાર ધારણ કરીને આ સમુદ્ર મંથનનું અદ્‌ભુત કાર્ય કર્યુ અને મધુકૈટક દૈત્યનો સંહાર કર્યો. કર્તાયુગનો આ બીજો પ્રગટ અવતાર હોવાથી કર્મ અવતારનાં કાર્ય ૪,૩૨,૦૦૦ વર્ષ છે. તેમની માતા કમળાવતી, પિતા ત્રિકમ ઋષિ, શક્તિ દેવી બેચરા, ગુરુ એકાઋષિ, સ્થાન મહાપુર, ક્ષેત્ર માનસરોવર છે. પરમ ભગવદ્ ભક્ત અંબરીષ રાજાનો ઉદ્ધાર કરીને ભગવાને અનેક અવતાર લીલા કરીને પોતાનું અવતાર કાર્ય સમાપ્ત કર્યું.

।। ૐ તત્ સત્ શ્રી પરિબ્રહ્માર્પણમસ્તુઃ।।
।। ઈતિ શ્રી કૂર્મ ભગવાનનો અવતાર સંપૂર્ણતઃ।।

• સદ્‌ભક્ત રાજા અંબરીષનું આખ્યાન •

સત્યયુગમાં શ્રી વિષ્ણુ ભગવાને કૂર્મ અવતાર ધારણ કરી સમુદ્ર મંથન કરીને ચૌદ રત્નોની પ્રાપ્તિ દેવો-દાનવો અને માનવોને કરી આપી. એ સમયમાં યુગ તિથિ એકાદશીનું વ્રત ધારણ કરી તેનું પાલન કરનાર ભગવદ્ ભક્ત રાજા અબરીષ થયો હતો. અંબરીષ એ નાભાગ રાજાનો પુત્ર હતો.

તે અત્યંત સુશીલ દાનવીર, ધર્મશીલ અને વિષ્ણુભક્ત હતો. એ દરેક એકાદશીના દિવસે ઉપવાસ કરીને અને રાત્રે જાગરણ તથા શ્રી હરિનું ભજન-કીર્તન કરી, દ્વાદશીના દિવસે પાંચ ઘટક દિવસ આવ્યા પછી પારણાં કરતો હતો. આ પ્રમાણે તેનો એકાદશીના વ્રતનો નિયમ ઘણા દિવસથી ચાલ્યો આવતો હતો.

એકવાર દ્વાદશીના દિવસે રાજા સ્નાન કરીને પારણાં કરવા માટે કોઈ અતિથિ અભ્યાગત આવશે એમ રાહ જોવા લાગ્યો. એટલામાં દુર્વાસા ઋષિ દેખાયા. રાજાએ દુર્વાસા ઋષિને કહ્યું કે; હે ઋષિરાજ, આજ દ્વાદશી છે, ભોજન તૈયાર છે, આપ મારાં પારણાં છોડાવવા કૃપા કરો, એમ કહી વિનંતી કરી. રાજાની વિનંતી ઋષિએ માન્ય કરી અને એ યમુના નદીમાં સ્નાન માટે ગયા.

અહીં દુર્વાસાને યમુના નદી પર દેવતાઓનું તર્પણ કરવામાં સારો એવો સમય લાગવાથી રાજાનો દ્વાદશીનો સમય થઈ ગયો. આમંત્રિત કરેલા અતિથિને છોડીને ભોજન કરવું એ અત્યંત અનુચિત છે. નૈવેદ્ય સમર્પણ ન કરવાથી વ્રત ભંગ થાય છે, રાજા એમ વિચાર કરવા લાગ્યો. તેથી તેમના પુરોહિતોએ રાજાને શાલીગ્રામ શિલાનું તીર્થ લઈ પારણાં કરવા કહ્યું. રાજાએ એ પ્રમાણે વ્રતનાં પારણાં કર્યાં.

એટલામાં દુર્વાસા ઋષિ સ્નાન સંધ્યા પૂર્ણ કરીને આવ્યા. પોતાની રાહ ન જોતાં દ્વાદશીનાં પારણાં કર્યાં છે તેમ જાણી ઋષિને સંતાપ થયો અને રાજાને કહ્યુંઃ રાજા, તું મારી રાહ ન જોતાં પારણાં કર્યાં આ અત્યંત અનુચિત કર્યું છે. મુક્તિના આશયથી તું વિષ્ણુની ભક્તિ કરીને આ વ્રત કરે છે પણ આ મારા અપમાનથી તને દસ વાર ગર્ભવાસ ભોગવવો પડશે એવો હું તને શ્રાપ આપું છું.

દુર્વાસા ઋષિનો એ શ્રાપ સાંભળી રાજાનું હૃદય દ્રવી ઊઠ્યું. એ ગદ્‌ગદીત સ્વરથી ભગવાનને વિનવવા લાગ્યોઃ 'હે સારંગધર ! કરુણાકર ! હે ઋષિકેશ ! કેશવ શ્રીપતિ ! આ ઋષિ શ્રાપથી મને મુક્ત કરો.' આ પ્રમાણે અંબરીષ રાજાની ભક્તિ અને કરુણાવાણી સાંભળી ભગવાન વિષ્ણુ નારાયણ અંબરીષ રાજા આગળ પ્રગટ થયા. શંખ ચક્ર ગદા પદ્મધારી વૈકુંઠવાસી શ્રી પતિની સુંદર મૂર્તિ જોયા પછી અંબરીષ રાજાના હૃદયમાં પ્રેમ ઊભરાઈ આવ્યો.

ભગવાન બોલ્યા: 'હે ભક્ત શિરોમણી અંબરીષ ! તારા એકાદશી વ્રતથી હું તારો ઋણી છું. તને દુર્વાસા ઋષિએ આપેલો શ્રાપ લાગશે નહીં પણ તારી ભક્તિથી હું પ્રસન્ન થઈને એ દસ ગર્ભવાસનું દુઃખ હું પોતે દૂર કરીશ. તું તેની બિલકુલ ચિંતા ન કરીશ. હું તારા આ જન્મના બધા ભવપાશ તોડી નાખીશ.'

આ પ્રમાણે ભગવાને અંબરીષ રાજાને આશ્વાસન આપ્યું ત્યારે દુર્વાસા ઋષિને અધિક ક્રોધ આવ્યો. એ પોતાની જટા ખેંચી અંબરીષ રાજાનો નાશ થાવ એમ કહીને રાજાના શરીર પર નાખવા લાગ્યા. ત્યારે ભગવાને સુદર્શન ચક્રથી અગ્નિની યોજના કરી એ ચક્ર દુર્વાસા ઋષિની જટા પર છોડ્યું. એ વિલક્ષણ જ્વાળા જટા પર પછડાતાં દુર્વાસા ઋષિ અત્યંત ગભરાઈ ગયા અને ચક્રની ભીતિથી ભાગવા લાગ્યા. પરંતુ ચક્રએ એનો પીછો છોડ્યો નહીં. દુર્વાસા ઋષિ આગળ અને ચક્ર પાછળ એમ એકસરખા દોડતા હતા. થાકીને છેલ્લે દુર્વાસા ઋષિ બ્રહ્મદેવ પાસે ગયા અને બ્રહ્મદેવને ચક્રનું નિવારણ કરવા માટે કહેવા લાગ્યા. ત્યારે બ્રહ્મદેવ બોલ્યા: 'હે ઋષિ, શ્રી પતિની શક્તિ વિલક્ષણ છે. હું ફક્ત તેનો દાસાનુદાસ હોવાથી તેની આજ્ઞા પ્રમાણે વર્તુ છું. હું આ ચક્રનું નિવારણ કરવા એકદમ અસમર્થ છું.'

બ્રહ્મદેવે આમ કહ્યા પછી દુર્વાસા ઋષિ ત્યાંથી મહાદેવ પાસે ગયા. મહાદેવે પણ એમને બ્રહ્મદેવ પ્રમાણે જ નિરાશ કર્યા. મહાદેવે આમ કહ્યા પછી આ પ્રમાણે એક વર્ષ સુધી દુર્વાસા ઋષિ એ ચક્રની બીકથી ઉપવાસી રહી ભાગતા જ રહ્યા. ક્ષુધાથી એમનાં સર્વ ગાત્રો શિથિલ થઈ ગયાં હતાં. હાથમાંનું કમંડળ છળી પડતું હતું અને હાથ પગ થરથર કાંપતા હતા. પછી દુર્વાસા ઋષિ ત્યાંથી ભાગતા ભાગતા ભક્ત વત્સલ પ્રભુ પાસે આવ્યા અને આ જ સ્થિતિમાં દુર્વાસાએ પ્રભુના પગ પકડ્યા અને થયેલ અપરાધ બદલ પ્રભુની ક્ષમા માગી.

દુર્વાસા ઋષિએ શ્રી હરિને મસ્તક નમાવી પ્રાર્થના કર્યા પછી ભગવાને કહ્યું કે: 'દુર્વાસા ઋષિ, મારાથી મારા ભક્ત મહાન છે. એમની ભક્તિથી હું તેમનો દાસ થઈ તેમની સેવા સુશ્રુષા કરું છું. આટલો વિરાટ હોવા છતાં ભક્તોએ મને એમના હૃદયમાં બિરાજી દીધો છે. એટલે મારા ભક્તો મારાથી મહાન હોવાથી શક્તિશાળી છે. ભક્તિથી એમણે મને બાંધી દીધો છે, માટે તમે મારો ભક્ત જે અંબરીષ છે તેમની પાસે જઈ એમની ક્ષમા માગો એટલે હું તમને આ સંકટમાંથી મુક્ત કરીશ.

ભગવંતનું આવું વચન સાંભળી દુર્વાસા ત્યાંથી નીકળી અંબરીષ રાજા પાસે ગયા. અહીંયાં અંબરીષ રાજા પણ ઋષિ જમ્યા વગર નીકળી ગયા હોવાથી એક સંવત્સર સુધી ભૂખ્યા રહ્યા હતા. એમના ઘરમાંથી દુર્વાસા ઋષિ ભૂખ્યા ગયા તેથી તેઓ જ્યાં સુધી જમવા ન આવે ત્યાં સુધી અન્ન ગ્રહણ કરવું નહીં એવો નિર્ણય કરી અંબરીષ રાજા દુર્વાસા ઋષિની પ્રતિક્ષા કરતા હતા.

આવી સ્થિતિમાં રાજા પાસે દુર્વાસા ઋષિ એકાએક આવ્યા અને રાજાના પગે પડી કહેવા લાગ્યા કે; 'હે રાજા, તને શાપ આપવાથી આ ચક્ર મારી પાછળ પડ્યું છે, એનું નિવારણ કરવા માટે તારા સિવાય કોઈ સમર્થ નથી એવું ભગવંતનું વચન છે, તો આ ચક્રનું નિવારણ કર.'

ઋષિની આવી વાણી સાંભળી રાજાએ ઋષિને ઊભા કરી યોગ્ય આસન ઉપર બેસાડ્યા અને એમના ચરણે મસ્તક નમાવી એમની વિધિપૂર્વક પૂજા કરી. પછી ચક્રનું નિવારણ કરવા માટે એક સોમવારની એકાદશીનું પુણ્ય અર્પણ કરી ચક્રને હાથ જોડી કહેવા લાગ્યા કે: 'હે ચક્ર, તું સર્વ વ્યાપક હોઈ દુષ્ટોનો સંહાર અને સાધુની સંભાળ કરવાની શક્તિ તારામાં છે. તારી પાસે સર્વ શક્તિ હોવાથી તું શ્રી પતિનો અલંકાર છે. હવે તું દુર્વાસાને છોડ ! એમના અપરાધ માટે હું તારી પાસે ક્ષમા માગું છું.' આ પ્રમાણે ચક્રને પ્રાર્થના કરતાં તે ચક્ર ત્યાંથી તરત જ અદશ્ય થઈ ગયું.

પછી અંબરીષ રાજાએ દુર્વાસાને ભોજન માટે બેસાડી એમનો યોગ્ય સત્કાર કર્યો. ઋષિએ રાજાની સ્થિતિ પૂછતાં કહ્યું કે; - 'રાજા, તારો મેં નિષ્કારણ છળ કર્યો એ માટે તું મને ક્ષમા કર. શેરડી પિલાય તો પણ એમાંથી જે રીતે મીઠો રસ નીકળે છે, ઉત્તમ સોનું અગ્નિમાં તપાવતાં એ વધારે કસદાર થાય છે, ચંદન ઘસતાં એમાંથી જે રીતે પરિમલ નીકળે છે એ રીતે તારી કીર્તિ ચંદ્ર સૂર્ય છે ત્યાં સુધી જગતમાં કાયમ રહેશે.'

આ રીતે મત્સ્ય અવતારે અતલ પાતાળના 'જયવંત' રાજાના ભોમમંડલિક રાજપુરોહિતને ભગવંતે આપેલું વચન પુરું કર્યુ. અંબરીષ રાજા એ જ ભોમમંડલિક હતા. યુગ તિથિનું પાલન અને વ્રતનું આચરણ કરી યુગ ધર્મ પ્રમાણે વર્તી અમરીષ રાજાએ પોતાની સાથે અનેક સદ્ભક્તોનો ઉન્નતિસહ ઉદ્ધાર કરી સદ્ભક્તમાં પોતાનું નામ અજર અમર કર્યુ. ભગવંત પોતાના કરતાં ભક્તોનું વિશેષ ગૌરવ કરે છે. 'ભક્તાધીન ભગવાન' એ ઉક્તિ સાર્થક કરી.

•••

: શ્રી કૂર્મ ભગવાનના અવતારની સમજૂતી :

આ જગતની રચના અને તેના સર્જક, સાકાર બ્રહ્મ જગતની રચનામાં સમય અને કળાની અનુકૂળતાએ સર્વ જીવોના સ્થૂળ દેહનાં સ્વરૂપોની સાથે સાથે મનુષ્ય સર્જન કંઈક અનેરુ છે.

તે મનુષ્ય શરીરની પ્રથમ કલ્પો અને પછી યુગો તરફ નજર કરીશું તો જણાશે કે માનવ શરીરમાં ફેરફાર થતો આવ્યો છે.

તેની સાથે સાથે સૃષ્ટિના સર્જક પરમ કૃપાળુ પરમાત્મા પણ જેવા ને તેવા જળચર, વનચર તથા માનવ શરીર સાથે સંબંધ ધરાવતા આવેલ છે. સમય પ્રમાણે સ્વરૂપ ધારણ કરે છે.

પણ મુખ્ય આ કથાના સિદ્ધાંતનો સાર એ છે કે એ સમય કાળમાં કૂર્મિ ઋષિ માનવ દેહે હતા. તેનાં માતા, પિતા, ગુરુ, પત્ની વગેરે સાથે રહીને વેદ આજ્ઞાનું પાલન કરી, દાનવ મધુકૈટક સમુદ્રમાં છુપાયો હતો, તેના કારણે કાચબાના પ્રાણીમાં ઈશ શક્તિએ અવતાર લીધો. જેનું નામ કૂર્મ અવતાર છે.

અવતાર બીજો કૂર્મ ચાર લાખ બત્રીસ હજાર વર્ષ (૪,૩૨,૦૦૦) વર્તતે. આ કૂર્મ ઋષિના હરિ અંશે આદ્ય બ્રહ્મની વાણી જે અહીંથી વ્યારાહ અવતારે વાઘેશ્વર ઋષિના હરિ અંશમાં પ્રગટ થઈ છે.

બોલીએ શ્રી કૂર્મ ભગવાનકી જય.......

ધૂન : હરે કૂર્મ.... હરે કૂર્મ.... કૂર્મ.... કૂર્મ.... હરે.... હરે....

•••


ત્રીજો શ્રી વરાહ અવતાર (કર્તાયુગ - ઋગ્વેદ)


સદ્ગુરુ શ્રી અમ્મરતેજ ઋષિ (કર્તાયુગ - ઋગ્વેદ)

ૐ

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા સત્ય છે.

एकार्णवे हि मग्नां गां वाराहं रूपमास्थितः ।
य उद्धार महीं योऽसो तस्मै क्रोडात्मने नमः ॥

શ્રી વિષ્ણુ ભગવાને વરાહ રૂપ ધારણ કરીને એકાકાર થએલા મહાસાગરમાં ડૂબી ગયેલી પૃથ્વીને બહાર કાઢી હતી અને મયુરધ્વજ દાનવનો સંહાર કર્યો હતો તે શ્રી વરાહ ભગવાનના અવતારને હું નમસ્કાર કરું છું.

શ્રી કૂર્મ ભગવાનના વસરત, દકાઈત, કાત્યાયન,
પરજાઈત, દાઢમઋષિ. દાઢમ ઋષિના અંશ તો શ્રી વરાહ ભગવાન.
ત્યારે મૂળ તો શ્રી વાઘેશ્વર ઋષિએ શ્રી વિષ્ણુ ભગવાનની કળાથી વરાહ રૂપ ધારણ કર્યું હતું.

શ્રી વરાહ અવતાર

॥ અવતાર ત્રીજો ॥

પરમ કૃપાળુ પરમાત્માની આજ્ઞાથી આદરું છું
ૐ નમો શ્રી સદ્‌ગોર પાત્ર બ્રહ્મા અમરતેજ મહારાજ,
આદ્ય વિષ્ણુ નિરંજન શ્રી વરાહ ભગવાન તમારી આશિષે....

બે અવતાર શ્રી હરિના પૂરા થાય, અવતાર ત્રીજાનો સદ્‌ગોરે કહ્યો મહિમાય. ॥૧॥
ત્રીજો શ્રી વરાહ અવતાર લખ્યો સહી, તે સુણો મુનિવર ભાઈ. ॥૨॥
ત્રીજે શ્રી વરાહ રૂપ ધર્યું મહારાજ, ભક્ત સતીયાઓનાં કરવા કાજ. ॥૩॥
દેવ રખેશરમાં વર્ત્યો જયજયકાર, શ્રી વરાહ રૂપ ધર્યો અવતાર. ॥૪॥
જયારે વરાહ રૂપ દેવનો અવતાર, ત્યારે પૃથ્વી રાખી દાઢ વચાળ. ॥૫॥
જે મોરવો દાનવ આકાશમાં રહે, તેના બળનો કોઈ પાર ન લહે. ॥૬॥
ત્યાં વરાહ રૂપે કળા કરી, સકળ પૃથ્વી દાઢે ધરી. ॥૭॥
ત્રીજે ત્રિકમદેવ ત્રિભુવન સાર, ત્યાં હરિએ લીધો શ્રી વરાહ અવતાર. ॥૮॥

ત્યાં દેવોની તો કીધી વાર, સ્વામીએ દાનવ માર્યો તે ઠાર. ॥૯॥
ત્યાં લડે યોદ્ધાઓ ભંગ જ થાય, અને પૃથ્વી તો પાતાળે જાય. ॥૧૦॥
ત્યાં એક દાઢમાં પૃથ્વી ધરી, બીજી દાઢે દૈત્યનું મોત જ કરી. ॥૧૧॥
ત્રીજે વરાહ રૂપે ભક્તોના પ્રતિપાળ, દેવે રાખી પૃથ્વી દાઢ વચાળ. ॥૧૨॥
જ્યારે ભાર પૃથ્વીના દેવે ઉતાર્યા, ત્યાં મહા રૂપ વરાહ થઈ અવતર્યા. ॥૧૩॥
ભૈંકાસુર પાટણ દાનવનું ક્ષેત્ર જાણ, ત્યાં મોર દૈત્યના લીધા પ્રાણ. ॥૧૪॥
જે મોરવો દાનવ દેવે હણ્યો, તે દૈત્ય મારવાને અવતાર વરાહનો ધર્યો. ॥૧૫॥
જ્યારે ત્રીજે રૂપે હરિ આવ્યા સંસાર, ત્યારે દેવ હરખ્યા અનંત અપાર. ॥૧૬॥

સમુદ્ર મંથન થયા પછી સર્વ લાભ દેવોને મળ્યો, દૈત્યોને ફક્ત મદિરાનો જ લાભ થયો, એવું જોઈ દૈત્યાધિપતિ હિરણ્યાક્ષ અને મયુરધ્વજ તેમજ સર્વ દાનવો ક્રોધિત થયા. ભગવાન વિષ્ણુએ મોહિની રૂપ ધારણ કરી દેવોને અમૃત આપી પક્ષપાત કર્યો એટલે બધા દૈત્યોએ દેવો સાથે યુદ્ધ કર્યુ. એ યુદ્ધમાં દૈત્યોનો પરાજય થયો, એટલે બંને દૈત્યોએ યુદ્ધ બંધ કરી તપશ્ચર્યા કરી ભગવાન શંકરની આરાધના શરૂ કરી.

દૈત્યના ગુરુ શુક્રાચાર્યે પણ અમોઘ તપશ્ચર્યા થકી સંજીવની નામની વિદ્યા સંપાદન કરી. એ યોગથી કોઈપણ મૃત વ્યક્તિ સજીવ અને હૃષ્ટપુષ્ટ બળ સંપન્ન થતા હતા. એ બળનો ઉપયોગ કરી દૈત્યોએ દેવો ઉપર ફરીથી ચઢાઈ કરી. દેવોએ અમૃત પ્રાશન કર્યાને ઘણો સમય વીતી ગયો હતો અને દાનવો તરફથી કોઈ ભય નહોતો તેથી નિચિંત થઈ ગયા હતા. દૈત્ય ગુરુએ નવી સંપાદન કરેલી વિદ્યાના પ્રભાવથી દૈત્ય સેના તાજી અને બળ સંપન્ન થયેલી હતી. એનું પરિણામ એવું આવ્યું કે યુદ્ધમાં દેવોનો પરાજય થયો અને દૈત્યોને વિજય મળ્યો. એટલે દૈત્યોએ ભૂલોક, સ્વર્ગલોક વગેરે બધે ઠેકાણે ત્રાસ શરૂ કર્યો. ઋષિમુનિઓને છળ કરી એમના યજ્ઞયાગ બંધ કરાવવા માંડ્યા. એટલે દેવોને યજ્ઞનો મળતો હવિર્ભાગ બંધ થવાથી એકદમ નિસ્તેજ થયા. હિરણ્યાક્ષ, મયુરધ્વજ, નમુચી, શંબર, કાલાનાભ, શુંભ-નિશુંભ, મથ, અરિષ્ટનેમી વગેરે અનેકાનેક દૈત્યોએ પૃથ્વી પર સર્વત્ર હાહાકાર વર્તાવી નાખ્યો. એમના અનન્વિત છળથી અને ક્રૂરતાથી બધા પ્રજાજનો ત્રાહિમામ્ થઈ ગયા. તેઓ દૈત્યોનું છળ છોડાવવા માટે ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા.

પૃથ્વી પર દૈત્યોથી વધેલા પાપનો ભાર દૂર કરવા માટે અને સદ્ભક્તોનો ઉદ્ધાર કરવા માટે એટલે કે પૃથ્વીનો ઉદ્ધાર કરવા માટે ભગવાને એ કાળને અનુરૂપ એવું વરાહ રૂપ ધારણ કરીને પ્રગટ થવાનું નક્કી કર્યું. એ પ્રમાણે પ્રગટ થઈને ભગવાને દૈત્યો સાથે યુદ્ધ કરી એમનો સંહાર કર્યો. સંપૂર્ણ પૃથ્વી શુદ્ધ નિર્મલ પવિત્ર કરી. લોકોના મનમાં રહેલા દૈત્યોના ભયનું નિવારણ કર્યુ અને સૃષ્ટિ ચક્ર વ્યવસ્થિત ચાલી શકે એવું આયોજન કર્યું. એ વખતે અવની તળ પર માનવ વંશમાં જન્મેલા ભક્ત ધ્રુવનો ઉદ્ધાર કર્યો.

ભગવાન મહાવરાહ રૂપથી પ્રગટ થઈને એક દાઢથી રસાતળમાં જતી પૃથ્વીને ઉપર પકડી આધાર આપ્યો અને બીજી દાઢથી મયુરધ્વજ, હિરણ્યાક્ષ વગેરે મહાભયંકર માયાવી પાપી દુષ્ટ દૈત્યોનો સંહાર કર્યો. ત્યારથી મૃત્યુલોકમાં એમણે એ ગુણ કાયમ રાખ્યો કે કોઈપણ જીવ પ્રાણીમાત્ર અન્ન ગ્રહણ કરતાં કોઈપણ એક બાજુની દાઢથી કાર્ય શરૂ કરે છે અને બીજી બંધ હોય છે. એક જ વખતે બંને દાઢ કાર્ય કરી શકે નહીં.

જ્યાં વરાહે દાઢ દીધી ધાર, ત્યારે દાનવ મોરવો માર્યો તેની વાર. ॥૧૭॥
મોરવો દૈત્ય હરિએ સંહાર્યો જયાંય, સ્વામીએ ધ્રુવ ભક્તને ઓદ્ધાર્યો ત્યાંય. ॥૧૮॥
જે દૈત્ય તણો કીધો સંહાર, શ્રી વરાહ રૂપ ધર્યું મોરાર. ॥૧૯॥
તે વરાહ રૂપ સૃજનહાર, ત્યાર પછી સંસારમાં પ્રગટ થયા કિર્તાર. ॥૨૦॥
સુણો મુનિવરો સત્‌ગુરુ કહે, હરિ ચરિત્રનો કોઈ પાર ન લહે. ॥૨૧॥
જે હરિ સાથે ભક્તિ રાખે ચિત્ત, તે કહાવે હરિ તણો મિત્ર. ॥૨૨॥
ત્રીજા વરાહ રૂપે દૈત્ય મોર દાનવને મારીયો, સવા કરોડી શું ભક્ત ધ્રુવને તારીયો. ॥૨૩॥
ત્યાર પછી સંસારમાં પ્રગટ થયા મોરાર, ત્યારે સર્વે સંસારે ઓળખીયા સાર. ॥૨૪॥
વરાહની માતા તો પદ્માવતી કહીયે, અને પિતા તો દાઢમ ઋષિ કહીયે. ॥૨૫॥
ત્યારે ગુરુ તો સહજાનંદ જાણ, અને શક્તિ તો સોમૈયા દેવી નિરવાણ. ॥૨૬॥
ત્યારે સ્થાન તો બગપુર નગરી જાણ, ક્ષેત્ર તો ભૈકાસુર પાટણ પ્રમાણ. ॥૨૭॥
દેવે મારીયો મોર દાનવ જાણ, ત્યારે ભક્ત ધ્રુવને તારીયો નિરવાણ. ॥૨૮॥
ત્યારે ચાર લાખ ને વરસ બત્રીસ હજાર વરાહ રૂપે જાણ, ત્યારે ઋગ્વેદ હતો પ્રમાણ. ॥૨૯॥
એવો શ્રી હરિનો ત્રીજો વરાહ અવતાર સંપૂર્ણ જ સહી.
એવી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહએ વાણી કહી. ॥૩૦॥

શ્રી વરાહ ભગવાનની માતા તો પદ્માવતી, પિતા તો દાઢમઋષિ, શક્તિ તો દેવી સોમૈયા, ગુરુ તો અંકેશ્વર, દૈત્ય દાનવ તો મયુરધ્વજ, સ્થાન તો માયાપુર, ક્ષેત્ર તો ભૈકાસુર પાટણ, ત્યારે વેદ તો ઋગ્વેદ વર્તતે, ઓચરંતે ગાયત્રી, સાત વાર, સત્તાવીશ નક્ષત્ર, પંદર તિથિને બાર કરણ, નવગ્રહ, સુર મંત્રનો જાપ જપતા આવ્યા, સ્વામી, ઋષિઓને સ્થાપી, મયુરધ્વજ દૈત્યને સંહારી, સવા કરોડીસહ રાજા ધ્રુવ ભક્તને ઓધારી, તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મોરારિ, જે કોઈ ચિત્ત હરિ શું લાએ, તેનાં ધર્મ વધેને પાપનો ક્ષય થાય, નમો નમો પરબ્રહ્મ નારાયણના નામને, જે રૂપે સદ્‌ગોર પાત્ર બ્રહ્મા નર નારાયણ હોય, તે રૂપને ધ્યાવીએ.

કર્તાયુગમાં પ્રાપ્ત પ્રસંગાનુંરૂપ શ્રી વિષ્ણુ ભગવાનનો આ ત્રીજો અવતાર મહાવરાહનો છે. એમનું અવતાર કાર્ય ૪,૩૨,૦૦૦ વર્ષ છે. એ સમયમાં પૃથ્વી પર સર્વત્ર પ્રસરેલી અસુર સંસ્કૃતિનો પૂર્ણપણે નાશ કરવા માટે અને બીજી બાજુથી સંપૂર્ણ પૃથ્વીતળ પર સંસ્કૃતિનો પ્રભાવ સ્થાપી માનવ પ્રાણીમાત્રને સુસ્થિત કરવા માટે તેમજ રસાતળે જઈ રહેલ પૃથ્વી ઉપર માનવ સંસ્કૃતિનો પુનરુદ્ધાર કરવા માટે અતિશય સુંદર, તેજસ્વી અને અતુલ્ય બલ સંપન્ન એવું સગુણ સાકાર સ્વરૂપ ભગવાનને લેવું પડ્યું. અસુરોનો સામનો કરી એમને પરાજિત કરીને છેલ્લે ભગવાને સનાતન આર્ય સંસ્કૃતિની પુનઃ સ્થાપના કરી. સત્‌પંથ ધર્મના અનુયાયી એવા સદ્‌ભક્ત રાજા ધ્રુવને મુખ્ય પદે નિયુક્ત કરી એમને અચળ અમર પદ આપી સનાતન સત્‌પંથને ઉજ્જવળ કરાવ્યો.

॥ ૐ તત્ સત્ પરિબ્રહ્માર્પણમસ્તુઃ ॥

॥ ઈતિ શ્રી વરાહ ભગવાનનો અવતાર સંપૂર્ણતઃ ॥

•••

એક વાર સનતકુમાર, સનક, સનંદન અને સનાતન આ બ્રહ્મદેવના ચાર પુત્ર ત્રૈલોક્યમાં સંચાર કરતી વખતે ભગવદિચ્છાથી વૈકુંઠમાં ગયા. પ્રજાપતિથી પણ પહેલાં ઉત્પન્ન થયેલ એ મુનિઓ નાના બાળકની જેમ વસ્ત્રહીન નગ્ન હતા, એટલે જય-વિજય આ બંને દ્વારપાલોએ એમને અંદર જવા માટે પ્રતિબંધ કર્યો. ત્યારે તેઓએ ક્રોધિત થઈ દ્વારપાલને શ્રાપ આપ્યો કે તમે સત્ત્વ ગુણ સંપન્ન એવા મધુસુદનના ચરણોમાં પણ રહેવા માટે યોગ્ય નથી માટે તમે અત્યંત પાપી એવા અસુર યોનિમાં સત્વરે જાવ. એમને એવો શ્રાપ આપતાં જ જય વિજય કરગરવા લાગ્યા. ત્યારે એ મુનિઓએ ફરી એમને કહ્યું કે: અમારો શાપ વ્યર્થ નહીં જાય પણ તમારા ત્રણ જન્મ થશે એટલે આ શ્રાપ સમાપ્ત થઈ જશે અને તમને ફરી સ્વસ્થાનની પ્રાપ્તિ થશે.

બંનેમાં હિરણ્યાક્ષ નાનો હતો અને હિરણ્યકશ્યપુ મોટો હતો. શ્રી હરિએ ચોથો નરસિંહાવતાર લઈ હિરણ્યકશ્યપુનો વધ કર્યો અને પૃથ્વીનો ઉદ્ધાર કરવા માટે શ્રી વરાહ અવતાર લેનાર એ જ શ્રી હરિએ હિરણ્યાક્ષનો જ વધ કર્યો.

હિરણ્યકશ્યપુએ શ્રી હરિની સ્વેચ્છાએ ભક્તિ કરનાર પોતાના પ્રહ્લાદ નામના પુત્રનો વધ કરવા માટે ઘણા પ્રકારની યાતના કરી, પરંતુ સર્વત્ર વ્યાપક બ્રહ્મ જ છે એમ અનુભવનાર પ્રહ્લાદનો સર્વભૂતોનો આત્મા જ દ્વેષાદિશૂન્ય અને ઈશ્વરના તેજથી વ્યાપ્ત હોવાથી અનેક ઉપાયથી એનો વધ કરવા હિરણ્યકશ્યપુ સમર્થ થયો નહીં.

પછી બીજા જન્મે એ બંને ભાઈઓએ હિરણ્યાક્ષ અને હિરણ્યકશ્યપુએ વિશ્રવા નામક ઋષિની કૈકસી નામક સ્ત્રીના પેટે જન્મ લીધો. તેઓ રાવણ અને કુંભકર્ણ આ નામથી પ્રસિદ્ધ થઈને સર્વ લોકોને પીડા આપતા હતા, ત્યારે પણ ભગવાને મુનિના શ્રાપથી એમને મુક્ત કરવા માટે રઘુવંશમાં રામાવતાર ધારણ કરીને એ જ રાવણ અને કુંભકર્ણનો વધ કર્યો.

ત્રીજા જન્મે ક્ષત્રિય થઈને શિશુપાલ-દંતવક્ર થયા અને શ્રી કૃષ્ણના સુદર્શન ચક્રથી નિષ્પ્રાણ થઈ બ્રહ્મશાપથી મુક્ત થયા. આ પ્રમાણે વિષ્ણુપાર્ષદ જય અને વિજય નિત્ય વેરથી ઘડાયેલા અચ્યુત સ્વરૂપી થઈ પુનરપિ શ્રી હરિ પાસે ગયા.



•••

• સદ્ભક્ત બાળક ધ્રુવનું આખ્યાન •

સત્યયુગમાં બૃહસ્પતિ નામના નગરમાં ઉત્તાનપાદ નામનો રાજા રહેતો હતો. એ રાજાને બે રાણીઓ હતી. એકનું નામ સુનીતિ હતું અને બીજીનું નામ સુરુચિ હતું. ધ્રુવ એ સુનીતિનો પુત્ર હતો. એ નાનપણથી સંસ્કારી ભક્તિનિષ્ઠ અને વૈરાગ્યશીલ હતો.

સુનીતિ અને સુરુચિ આ બંને શોક્ય હોવાથી એ બંનેમાં દ્વેષ રહેતો હતો. તેમાંય સુનીતિને પુત્ર હોવાથી તો સુરુચિ એનો અધિક દ્વેષ કરતી હતી. સુનીતિ એ રાજાની પટરાણી હતી પણ સુરુચિ વિશેષ સ્વરૂપવાન હોવાથી માનીતી હતી. સુનીતિ પર રાજાને પ્રેમ હોવા છતાં સુરુચિ પર પ્રેમ વિશેષ હતો, સુનીતિને પટરાણી તરીકે રાખી હતી અને કહ્યું હતું કે; તારા પુત્રને જ ગાદીએ બેસાડીશ એમ સુનીતિને વચન આપ્યું હતું. એટલે સુરુચિ અહંકારમત્ત થઈ સુનીતિના પુત્ર ધ્રુવનો દ્વેષ કરતી હતી.

એક દિવસ ઉત્તાનપાદ રાજા કોઈ ઉત્સવ જોતા હતા. એ ઉત્સવ જોવામાં રાજા મગ્ન હતા ત્યાં સુનીતિનો બાળક ધ્રુવ પણ ઉત્સવ જોવા પણ માટે આવ્યો. ધ્રુવની એ મનોહર બાળમૂર્તિ જોઈ રાજાના હૃદયમાં પુત્ર પ્રેમ ઉભરાઈ આવ્યો અને રાજાએ ધ્રુવને ઝટ તેડી લઈ પોતાના ખોળામાં બેસાડ્યો. એ વખતે સુરુચિ રાજાની સાથે જ બેઠી હતી.

રાજાની બાજુમાં એક નાનો રત્નજડિત અરીસો હતો. એ અરીસાને ધ્રુવ કૌતુકથી જોવા લાગ્યો ત્યારે રાજાએ એ અરીસો લઈ ધ્રુવના હાથમાં આપ્યો. એ રત્નજડિત અરીસો સુરુચિનો હતો. ધ્રુવને જોઈ એનો દ્વેષાગ્નિ પ્રજ્વલિત થઈ ગયો. પોતાનો અરીસો રાજાએ શોક્યના પુત્રના હાથમાં આપતાં જોઈ સુરુચિ ક્રોધથી લાલઘૂમ થઈ ગઈ. એણે ધ્રુવના હાથમાંથી અરીસો ખેંચી લઈને રાજાના ખોળામાંથી ધ્રુવને જોરથી ધક્કો માર્યો. એ સાથે ધ્રુવ નીચે જમીન પર પડી ગયો અને મૂર્છિત થઈ ગયો.

સુરુચિની એ દુષ્ટકૃતિ જોઈ બધા લોકો વિમાસણમાં પડી ગયા અને સુરુચિ પર બધાને ખૂબ ગુસ્સો આવ્યો. કેટલાક સેવકો ધ્રુવને પવન નાખી શુદ્ધિમાં લાવ્યા અને ધ્રુવને એની માતા પાસે લઈ ગયા. ઉત્તાનપાદ રાજાને પણ ખૂબ દુઃખ થયું.

માતા પાસે આવ્યા પછી ધ્રુવે સભામાં બનેલી બધી હકીકત માતાને કહી. એ હકીકત સાંભળી સુનીતિને ખૂબ જ દુઃખ થયું પણ નિરૂપાય માની એ શાંત ચિત્તથી બેસી રહી. ધ્રુવને આ પ્રકારના અકાર્યથી ખૂબ જ અનુતાપ થયો. જે જગતમાં આટલા દ્વેષી માણસો છે તે જગતમાં ન રહેવું સારું, એવી ભાવના તેને પ્રગટ થઈ અને ધ્રુવે પોતાની માતાને કહ્યું: 'હે માતે, જેમની લીલાથી જગતનું નિર્માણ થયું છે, જેમની માયાની ચેષ્ટાથી આ ચરાચર ઉત્પન્ન થયું છે, એ કોણ છે ? અને ક્યાં છે ? એ કૃપા કરી મને કહો !'

ધ્રુવનાં વચન સાંભળી સુનીતિએ કહ્યું: 'બેટા ધ્રુવ, જેમનો તાગ દેવોને પણ લાગ્યો નથી. ત્રૈલોક્ય અને બ્રહ્માદિ પણ જેમને જોવા સમર્થ નથી તે પરમાત્મા તને તારી બાળક બુદ્ધિથી ક્યાંથી દેખાશે ? એ તારા જેવા બાળકને કેવી રીતે ઓળખાશે ?

સુનીતિના શબ્દો સાંભળી ધ્રુવે કહ્યું: માતા, હું જરૂર નાનો છું તો પણ ભગવાનને મળવાનો મેં નિશ્ચય કર્યો છે. મને જો દેવનાં દર્શન નહીં થાય તો હું મારા પ્રાણ ત્યાગ કરીશ. માટે મને તું પરમેશ્વરની પ્રાપ્તિનો માર્ગ સમજાવીને કહે.

ત્યારે સુનીતિએ જે પ્રમાણે મદાલસાએ પોતાના પુત્રોને વૈરાગ્યનો ઉપદેશ કરી એમને આત્મજ્ઞાન સિદ્ધિ માટે આપ્યું હતું એ જ પ્રમાણે ધ્રુવને પણ જ્ઞાન ઉપદેશ આપ્યો અને કહ્યું કે; મોટા મોટા ઋષિઓ કેટલાંય વર્ષો તપશ્ચર્યા કરે છે ત્યારે જે જ્ઞાન પ્રાપ્ત થાય છે, તથાપિ તને એ ગુઢ તત્ત્વ હું થોડાકમાં કહું છું, તે સાંભળ.

• ઉચ્ચતમ જ્ઞાન •

બાળક ધ્રુવ ! પ્રાણ, અપાન, ઉદાન, વ્યાન, સમાન એમ પાંચ વાયુ છે. તેને રેચક, પૂરક અને કુંભક આ પ્રમાણે તેનું નિયમન કરતાં આવડે તો એકવીસ હજાર જપ કરવા એટલે મુક્તિ મળે છે અને મનુ, બ્રહ્મા, વિષ્ણુ, શંકર એમનાં દર્શન થાય છે.

મૂળ જે આધારચક્ર છે ત્યાં રિદ્ધિસિદ્ધિના નાયક ગણપતિ છે, રક્તવર્ણ એ એની ખૂણ છે. છસ્સો જાપ કરવાથી ગણનાથનાં દર્શન થાય છે. આ સ્થિતિમાં હોવાથી પંચદ્વારનો પર્વત તે ગુદા દ્વારે છે.

બીજું ચક્ર સ્વાધિષ્ઠાન છે, ત્યાં બ્રહ્મદેવ હોય છે. એ ઠેકાણે સાવિત્રી એમની સેવા કરે છે, ત્યાં વાચા વૈખરી હોવાથી જાગૃત અવસ્થા હોય છે, ત્યાં મુક્તિ સલોકતા હોવાથી મુદ્રા લક્ષણ ખેચરી છે, ઓમકાર એટલે ઋગ્વેદ છે. આદિભૌતિકાદિ ત્રણ તાપ છે. ઉરુસ્થલ અને પૃષ્ટભાગ અથવા બંનેમાંથી સહસ્ર માત્રા માતા-પુત્રના સંબંધ પ્રમાણે અનુકૂળતા જોઈને ઉર્ધ્વમાર્ગથી વીસ હજાર જાપ કરવા જોઈએ.

એની ઉપર લિંગ દેહ સ્થાને મણિપૂર ચક્ર છે. એ ઠેકાણે વિષ્ણુનો લક્ષ્મી સાથે વાસ છે. ત્યાં વાચા મધ્ય હોવાથી વર્ણ બ્રહ્મનો છે. એ સ્થાને સ્વપ્નાવસ્થા હોવાથી મુદ્રા ભૂચરી છે અને મુક્તિ સમિપતા છે. ત્યાં પ્રાણ એ સમાન હોવાથી ગુણતત્ત્વ છે. ત્યાં ચતુર્થ ગુરુલિંગ હોવાથી પવન કુંભક છે. યજ્ઞ અનુહત હોવાથી ધ્વની શ્રીહાટ છે. માતૃકા દ્વિદલ હોવાથી પ્રાણ દ્વિદલ છે. અહીં જપની સંખ્યા છ હજાર છે.

અનુહાત ચક્રમાં શંકર પાર્વતી સાથે છે. ત્યાં વર્ણ તામ્ર હોવાથી વાચા પશ્યંતી છે. અવસ્થા સુષુપ્તિ હોવાથી સરૂપતા એ મુક્તિ છે. જેને જ્ઞાનીજનો જ્યોતિકમળનો આશ્રમ કહે છે. એ છે ત્યાં મુદ્રા ખેચરી હોવાથી તમોગુણ છે અને અક્ષર મકાર છે. મકાર એટલે સામવેદ છે. કર્મજ્ઞાન આધ્યાત્મિક હોવાથી ત્રાટક પવન છે. ગોલ્હાટપીઠ ચતુષ્ઠાકાર હોવાથી મધ્ય પ્રાણ છે. આ પુલસ્તીના જાપ છ હજાર હોવાથી અનુહાતના જપ બાર હજાર છે.

વિશુદ્ધચક ઠેકાણે કારણ દેહ છે. ત્યાં શક્તિ અવિદ્યા હોવાથી આત્મા દેહ છે. વાચા પરા હોવાથી અવસ્થા તૂર્યા છે. વેદ અથર્વવેદ હોવાથી વર્ણ જ્વાળાના રંગની છે. મુક્તિ સાયુજ્યતા (પૂર્ણ તાલત્મ્યતા) હોવાથી પવન સાધના માર્ગનો રેચક છે. મુદ્રા અગોચરી હોવાથી પ્રાણ ઉદાન છે. પુણ્યગિરિ પીઠાશ્રમ એ માર્ગ હોવાથી અર્ધમાત્રા એ ત્યાંની ખૂણ છે. એ કમળ ષોડશદલનું હોવાથી ત્યાંના જપ એક હજાર છે.

અગ્નિચક્રને ઠેકાણે લિંગ દેહ છે. એ પરમાત્મા ફક્ત માયાશક્તિના પૂજનથી જ પ્રસન્ન થાય છે. એમની પ્રાપ્તિ માટે ઉન્મની (સમાધિ) અવસ્થા જોઈએ. ત્યાં પ્રભા માણિકા પ્રમાણે છે. અંતઃકરણમાં પ્રસાદ લિંગ લાવી અને ત્રિવેણી સંગમ કરી એ ત્રિકુટ સ્થાને નિશ્ચળ માણસે એક હજાર જપ કરવા જોઈએ.

તેની આગળ એક વિરાટ દેહ છે. એ જે ચક્રમાં છે એ ચક્રને ઉન્મની ચક્ર કહે છે. એ કમળ સહસ્ર પાંખડીઓનું છે. ત્યાં મહાલિંગ હોવાથી ત્યાં બ્રહ્મરંધ્ર અને પુરુષ દેવતા છે. ત્યાં જીવ અને શિવનું સગુણ મિલન થાય છે. એ દ્વિદલ ભુવનનો જાપ એક હજાર છે.

પ્રલય અવસ્થાનો ભાવ બતાવનાર શક્તિદેહધારી મહાદેવ એ ત્યાં અર્ધશૂન્ય બ્રહ્માંડમાં હોવાથી એના ચતુર્થ ચરણ બીજ રૂપ છે. ત્યાં કર્તૃત્વ એ જ સ્વયંસિદ્ધ બીજ છે. એ જગ્યાએ ધ્રુવ તું વાસ કર. એટલે સ્વાનંદ સુખોનું સૌખ્ય સહજ જ પ્રાપ્ત થશે. જે શૂન્ય છે, જેને મૂળ પ્રકૃતિ દેહ એમ કહે છે. ત્યાં નિરાલંબપણે (આધારરહિત) રહેવું. એ નિર્ગુણ જીવમાં શિવદેવતા અધિષ્ઠિત થયેલ છે. ત્યાંનું મહત્ત્વ આ જ મૂળ હોવાથી માયા પ્રકૃતિના સંબંધ બિલકુલ નથી. એ ઠેકાણે એટલે જીવના જન્મ સ્થાને ફક્ત આત્મા જ હોય છે. એ અવસ્થા અક્ષય અને નિશ્ચળ હોય છે. એ નિર્ગુણ પરબ્રહ્મ સ્થાને પવનાદિકની ગતિ સહજ કુંઠિત થાય છે. એ બ્રહ્મદેવતા નિઃશબ્દ અને નિરંજન દેહી છે. નિર્ગુણ અક્ષર એ જ ત્યાંનું રક્ષણ છે.

એ જ રીતે પિંડ અને બ્રહ્માંડ છે, તેમજ ચરાચર છે. આ બંનેનું પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયા પછી શૂન્ય દેહમાં જે આત્મામાં અવસ્થા છે તે પ્રાપ્ત થાય છે, એ જ મુક્તિ છે. બેટા ધ્રુવ ! દેહ અહંકારનું મૂળ છોડીને અને આ માયાજાળ તોડીને તું તારું ચિત્ત ભગવદ્ ચરણોમાં અર્પણ કર. મનમાં અક્ષય શ્રી હરિની મૂર્તિ રહેવા દે એટલે તારો પ્રવેશ નિરંજન થશે.

એ પ્રમાણે સુનીતિએ ધ્રુવ બાળકને ઉપદેશ કરતાં જ એના પર પૂર્ણપણે અસર થઈ. ધ્રુવે તરત જ તપશ્ચર્યા કરવા જવાનો વિચાર કરી પોતાની માતાની રજા લીધી.

એ પાંચ વર્ષનો ધ્રુવ બાળક એકાગ્ર ચિત્તથી તપ કરવા મધુવન નામના અરણ્યમાં આવી પહોંચ્યો. એ મધુવન ફળપુષ્પોથી ભરપૂર હતું. ત્યાં સારી જગ્યા જોઈ ધ્રુવે પોતાનું આસન કર્યું અને માતાશ્રીના વચન પ્રમાણે બીજ મંત્રનો જાપ શરૂ કર્યો. જાપનો આરંભ કર્યા પછી ત્રીજા દિવસે આસન પર જ કર્દળીના ફળ ખાઈને એણે પારણાં છોડ્યાં. આ પ્રમાણે મહિનો થયા પછી બીજા મહિનામાં ફક્ત વાયુનું સેવન કરી પારણાં કર્યાં. આ પ્રમાણે તૈયાર થયા પછી એણે પ્રાણાયામ સાધીને બે મહિના સુધી પ્રાણવાયુ રોકીને અભ્યાસ શરૂ કર્યો. પૂરક-કુંભક અને રેચક એમ ત્રણ પ્રકાર ધ્રુવે સાધ્યા. આ રીતે એ અંતમાં પરમેશ્વર સ્વરૂપમાં લીન થઈ બ્રહ્માનંદમાં નિમગ્ન થયો.

ત્યાં નારદ એક વખત ભ્રમણ કરતા કરતા આવ્યા અને ધ્રુવને તપ કરતો જોયો. ધ્રુવની અવિચલ તપશ્ચર્યા જોઈ નારદને ખૂબ આશ્ચર્ય થયું. નારદે એ હકીકત સ્વર્ગમાં ઈંદ્રને જણાવી. સમાચારથી ઈંદ્રએ બ્રહ્મા, વિષ્ણુ, મહેશને વિદિત કર્યા. ત્યારે વિષ્ણુ ભગવાન લક્ષ્મી સાથે દેવોને લઈ મધુવનમાં આવ્યા અને સ્વસ્વરૂપમાં લીન થયેલા ધ્રુવની બાળમૂર્તિ જોઈને દેવોનાં હૃદય પણ પ્રેમથી ભરાઈ આવ્યાં.

પછી વિષ્ણુએ પોતાના શંખ દ્વારા ધ્રુવના મસ્તકને સ્પર્શ કરી સમાધિમાંથી જાગ્રત કર્યો. સમાધિ ઉતરતાં જ ધ્રુવ ભગવાન તેમજ સર્વ દેવોને જોવા લાગ્યો. એટલામાં લક્ષ્મીએ એને પ્રેમથી પોતાની કમર (કેડ) પર લઈ લીધો. બ્રહ્મદેવે પોતાની પાસેનું પિતાંબર પહેરાવ્યું. કનક આરતીથી એની આરતી ઉતારી. શંકરે વિભૂતિ તિલક કર્યું અને પાર્વતીએ ધ્રુવને પોતાના પુત્ર પ્રમાણે હૃદયે ચાંપ્યો. ધ્રુવે બધા દેવોને સાષ્ટાંગ પ્રણામ કર્યા.

ભગવાને ધ્રુવના મસ્તક પર હાથ મૂકી કહ્યું: 'બાળક ધ્રુવ, તું આ બધા પ્રયત્નો મોક્ષ પ્રાપ્તિ માટે કરે છે. એ પ્રમાણે તને મોક્ષપદ તો મળશે જ પણ પ્રથમ તું ઘેર જઈને તારા પિતાના રાજયનો સ્વીકાર કર એટલે તારાં માતાપિતાને અને તારા રાજ્યની પ્રજાને ખૂબ આનંદ થશે. તું જયારે ઈચ્છા દર્શાવીશ ત્યારે તને મોક્ષપદની પ્રાપ્તિ થશે.' આમ કહી વિષ્ણુસહ બધા દેવોએ પોતપોતાના સ્થાને જવા પ્રસ્થાન કર્યું.

અહીં બૃહસ્પતિ નગરમાંથી જે દિવસથી ધ્રુવ વનમાં તપ કરવા ગયો એ દિવસથી સંપૂર્ણ નગર શોકાતુર થયું હતું. સુનીતિને પોતાનો પુત્ર શા માટે ઘર છોડીને ગયો એ ખબર હતી પણ જે કાર્ય માટે ગયો છે એ કાર્યની ધ્રુવ કઈ રીતે સિદ્ધિ પામશે એ જ ચિંતા સુનીતિને થતી હતી.

રાજાના મનની સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ ગઈ હતી. એના ખોળામાંથી ધ્રુવ જમીન પર પડ્યા પછી તો રાજા નિરાશ થઈ ગયા હતા. આમ થયા પછી તે અત્યંત ઉદ્વિગ્ન અને દુઃખી થયા હતા. એવી જ રીતે સુરુચિએ ક્રોધમાં ધ્રુવને ધક્કો માર્યો હતો તેથી તેને પણ પોતાનાથી મોટી ભૂલ થઈ ગઈ છે એમ લાગતું હતું. રાજપુત્રના જવાથી પ્રજાની સ્થિતિ આમેય અનુકંપનીય થઈ હતી. ધ્રુવ વિષયે બધું નગર ચિંતાગ્રસ્ત થયેલ હતું.

એટલામાં કેટલાક સેવક રાજા પાસે દોડતા આવ્યા અને એમણે રાજાને પોતાનો પુત્ર ધ્રુવ આવે છે એમ આનંદદાયક સમાચાર જણાવ્યા. સમાચાર સાંભળી રાજાને ખૂબ જ આનંદ થયો. તેમને પોતાની સાથે રથ, સૈન્ય, મંગલ વાદ્ય લીધાં અને ધ્રુવની સામે ગયા.

તપ સામર્થ્યના લીધે ધ્રુવની એ તેજસ્વી મનોરમ બાળમૂર્તિ જોઈ બધાનાં હૃદય ભરાઈ આવ્યાં. રાજાએ પુત્ર ધ્રુવને પોતાના હૃદય સાથે ચાંપી પ્રેમથી એનાં ચુંબન લીધાં અને મંગલ વાદ્યોને વગાડતા વગાડતા ધ્રુવને નગરમાં લાવ્યા, ત્યારે નગરજનોએ પુષ્પવૃષ્ટિ કરી ધ્રુવનો જયજયકાર કર્યો. ધ્રુવની સુવાસિની પંચઆરતી ઉતારી વૃદ્ધોએ આશીર્વાદ આપ્યા. સુનીતિએ બહુ પ્રેમથી ઓવરણાં લીધા અને પ્રેમથી ધ્રુવને હૃદયે ચાંપ્યો.

પછી ધ્રુવ મોટો થતાં રાજાએ શુભ મુહૂર્ત જોઈ વાયુ કન્યાઓ વિડા અને કોંડાનો ધ્રુવ સાથે વિવાહ કર્યો. એ સમારંભમાં અનેક રાજા મહારાજાઓ અને અનેક ઋષિઓ પણ પોતાની ઋષિપત્નીઓ સાથે આવ્યા હતા. ઋચીક ઋષિ અને સત્યવતી, દક્ષ અને પ્રસૂતિ, પુલસ્ત્ય ઋષિ અને ગતિ, અત્રિ-અનસુયા, મરીચિ-કલા, અંગિરા-શ્રદ્ધા, વસિષ્ઠ-અરુંધતી એ પ્રમાણે ભૃગુ-પુલોમા વગેરે અનેક ઋષિઓ પોતાના પરિવારસહ આવ્યા હતા. લગ્ન પછી રાજાએ મોટા સમારંભથી પોતાનું આખું રાજ્ય ધ્રુવને સ્વાધિન કર્યું અને તપશ્ચર્યા માટે અરણ્યમાં જવા પ્રયાણ કર્યું.

રાજાની બીજી રાણી સુરુચિને ઉત્તમ નામનો પુત્ર હતો એ પણ હવે મોટો થયો હતો. ધ્રુવ એને સારી રીતે માનસન્માનથી રાખતો હતો. એક દિવસ ઉત્તમ અરણ્યમાં શિકાર કરવા ગયો હતો. જે અરણ્યમાં તે ગયો તે અરણ્ય યક્ષપતિનું હતું. યક્ષપતિને ઉત્તમના શિકારનો વૃત્તાંત દૂત પાસેથી મળતાં યક્ષપતિ પોતાનું સૈન્ય લઈને ઉત્તમ પર ચઢી આવ્યો. ઉભયતામાં બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. એ યુદ્ધમાં ઉત્તમ મૃત્યુ પામ્યો. એ વાતની સુરુચિને ખબર પડી ત્યારે એ ખૂબ શોક કરવા લાગી.

પુત્ર નિધનથી સુરુચિને કંઈ જ સૂઝતું નહોતું. પુત્ર માટે પ્રેમ શું હોય છે એ તેને આ સમયે સારી રીતે ખબર પડી અને એને શોક મગ્ન સ્થિતિમાં ધ્રુવને રાજાના ખોળામાંથી ધકેલી દીધો એ સમય યાદ આવી ગયો. સુરુચિ પોતાને મનોમન અનેક પ્રકારે દોષ આપવા લાગી. સુરુચિનો શોક એટલો બધો વધી ગયો કે એ શોકના ભારથી મૂર્છિત થઈ ગઈ. ત્યારે ધ્રુવે સુરુચિને ખૂબ સમજાવીને કહ્યું કે; હું યક્ષને કઠિન શિક્ષા કરીશ, એમ અભયવચન આપ્યું અને પછી અગણિત સૈન્ય લઈ યક્ષ ઉપર ચડાઈ કરવા નીકળ્યો.

ઉત્તર દિશામાં હિમાચલ પ્રદેશમાં યક્ષ રાજાનું સ્થાન હતું. ત્યાં જઈને ધ્રુવે યક્ષ રાજાને યુદ્ધ માટે આહ્‌વાન કર્યું. ત્યારે યક્ષે પણ સૈન્ય સાથે યુદ્ધની મોટી તૈયારી કરી અને ધ્રુવ સાથે યુદ્ધ કરવા તૈયાર થયા. ઉભય પક્ષનું સૈન્ય રણકુશળ હોવાથી ભયંકર યુદ્ધ થવા લાગ્યું. ધ્રુવના રથ પર ચૌદ પદ્મવીર સાથે યક્ષે જોરદાર હલ્લો કર્યો, પરંતુ એકલા ધ્રુવે એ બધા વીરોને ભગાડી મૂક્યા. ધ્રુવની યુદ્ધ નિપુણતા જોઈ યક્ષરાજાએ માયાવી યુદ્ધનો આરંભ કર્યો. ત્યારે ધ્રુવના સૈન્યમાં તાંબ્રક, લીલા, પીળા, વાદળી આવા અનેક રંગોની જ્વાળા ફરવા લાગી. કાળા રંગની અને સફેદ પૂંછડીના વીંછી સૈનિકોના મસ્તક પર પડવા લાગ્યા. અનેક જાતિના ભયંકર સર્પો સૈન્યમાં સંચાર કરવા લાગ્યા. આ ચમત્કાર જોઈને ધ્રુવના બધા સૈનિકો બી ગયા અને ધ્રુવ પણ શું કરવું એ ચિંતામાં પડી ગયો.

એટલામાં ત્યાં અમરતેજ ઋષિ આવ્યા અને કહ્યું; ધ્રુવ, તું વ્યર્થ ચિંતા ન કરીશ. જે શ્રી હરિએ તને દર્શન આપ્યાં હતાં તેમનું સ્મરણ કર એટલે સર્વ સંકટમાંથી મુક્ત થઈશ. અમરતેજ ઋષિની સલાહ પ્રમાણે ધ્રુવે વિષ્ણુ ભગવાનનું સ્મરણ કર્યું. એ સાથે ત્યાં વિષ્ણુ ભગવાન પ્રગટ થયા અને ભગવાને ધ્રુવને આત્મિક ઉપદેશ કર્યો. એ સાંભળી ધ્રુવને આત્મજ્ઞાન થયું. એ જ યક્ષ રાજા શત્રુના બદલે મિત્ર દેખાવા લાગ્યો. ધ્રુવે યુદ્ધ બંધ કરવા સૈનિકોને આદેશ કર્યો અને યક્ષ રાજા સાથે સમજૂતી કરી નગરમાં પાછા ફરીને વિષ્ણુ ભગવાને કહેલો આત્મજ્ઞાનનો બોધ ધ્રુવે સુરુચિને પણ કહ્યો. ધ્રુવે અનેક વર્ષો સુધી રાજ્ય કરીને પછી પોતાના પુત્ર ઉત્કલને રાજ્ય સોંપી તેને અચળ પદ માટે પ્રયાણ કર્યું.

ધ્રુવ બૃહસ્પતિ નગરમાંથી નીકળ્યા પછી છપન્ન કોટિ દેશોની યાત્રા કરતો કરતો અચળ પદ પર જઈ પહોંચ્યો. ધ્રુવે એકંદરે બેતાલીસ કોટિ યોજનનો પ્રવાસ કર્યો, તે પૈકી તેત્રીસ કોટિનો પ્રવાસ સૂર્ય પ્રકાશમાં અને નવ કોટિ યોજનનો માર્ગ અંધકારમાં પસાર કર્યો.

આ અંધકારમાં પ્રસિદ્ધ એવા અકરા રુદ્ર છે. અભેદ રુદ્ર પૂર્વ દિશામાં છે, અમર રુદ્ર અગ્નિયમાં છે, અંતરોદ્ભવ રુદ્ર દક્ષિણ દિશામાં છે, આકલ રુદ્ર નૈઋત્યમાં છે, અવિકા રુદ્ર પશ્ચિમમાં છે, તપ્ત રુદ્ર વાયવ્ય દિશામાં છે, સિદ્ધ રુદ્ર ઉત્તરમાં છે, મહાદેવ રુદ્ર ઈશાનમાં છે, આદ્યપુરુ, સપ્તશ્ર અને હનુમંત એ ત્રણ રુદ્ર મધ્ય ભાગમાં છે. આ અકરા રુદ્રને નમસ્કાર કરીને ધ્રુવ આગળ નીકળ્યો ત્યારે ત્યાં અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્ત્વ, વશિત્ત્વ એમ અષ્ટ સિદ્ધિનાં દર્શન થયાં. એ અષ્ટ સિદ્ધિને ધ્રુવે વંદન કર્યાં અને ત્યાંથી આગળ ચાલવા લાગ્યો.

થોડોક ભૂ ભાગ ચાલીને ગયા પછી ક્ષીર સમુદ્ર આવ્યો. એ બે કોટિ યોજન વિસ્તારીત છે. એ ઓળંગીને ગયા પછી ઈક્ષુરસ સમુદ્ર આવ્યો એ પણ બે કોટિ યોજન વિસ્તારીત છે. એ પછી એક કોટિ યોજન વિસ્તારીત એવો ઘૃત સમુદ્ર આવ્યો. એની આગળ એટલો જ લાંબો સુરોદ સમુદ્ર બીજો એણે ઓળંગ્યો. આગળ એક એક કોટિ યોજન દધિ, દુગ્ધ, શુદ્ધોદક સમુદ્ર આવ્યા. એ બધા સમુદ્રમાં સ્નાન કરતાં કરતાં ધ્રુવ આગળ જવા લાગ્યો. એકંદરે એ સપ્ત સમુદ્રોએ વસુંધરાની નવ કોટિ યોજન જગ્યા વ્યાપ્ત કરેલ છે.

એ પ્રમાણે સમુદ્રમાંથી પાર થયા પછી અનેક દેશ આવ્યા. પ્રથમ છન્નુ કોટિ યોજનનો વાલુકામય પ્રદેશ આવ્યો. એ પછી અઢાર કોટિ યોજન વિસ્તારીત એવો ખુરાસન નામના દેશમાં ગયો. ત્યાંથી મગધ દેશમાં ગયો. એ દેશનો વિસ્તાર બે કોટિ યોજન છે. એ પછી એક કોટિ યોજન વિસ્તારિત પંચદેશ થઈ કનોજ દેશ ગયો. કનોજ દેશ બત્રીસ હજાર યોજન વિસ્તારીત છે. ત્યાંથી એ ત્રણ સહસ્ર યોજનથી વિસ્તારીત જાલંધર દેશમાં થઈ અયોધ્યામાં ગયો. અયોધ્યા નવ લક્ષ યોજન વિસ્તારીત છે. અયોધ્યાથી એ ઉજ્જૈનમાં ગયો.

પછી ત્યાંથી કન્યાકુમારી સુધી જઈને લંકા, સિંહલ, કોંકણ, કર્ણાટક, આરૂમ, માલસેંડા, કોનબ્રહ્મ, કાડર, વત્સર, જયંતી, સુરત, ગુજરાત, સોરઠ, વડનગર, વિદર્ભ, માળવા, કાંચી, કાશી, મગધ, કલંધર, નેપાળ વગેરે દેશોમાંથી માર્ગ કાપતો ઉત્તરમાં ગયો. ત્યાં જતાં દંડકારણ્ય, ચંપકારણ્ય, નેમિષારણ્ય, ધર્મારણ્ય એમ ચાર વિસ્તાર અરણ્યના આવ્યા. આ ચાર અરણ્યમાંથી પ્રવાસ કરીને બોધિગયા, નાગ, જ્વાળાધર અને પૂર્ણ ગિરિ એમ ચાર પીઠ જોઈ. એ પછી અગ્નિ, સંચાર, ચક્રવર્તી અને સાગર એમ ચાર તીર્થો જોયાં.

આ ચાર તીર્થોમાં સ્નાન કરીને ધ્રુવ આગળ ગયા પછી ત્રણ નદીઓ આવી. એ નદીઓનું ઉદ્ગમ વિષ્ણુચરણથી થયેલ છે અને મૂળ સ્થાનમાં ત્રણ ફાંટો ફૂટેલી છે. એક ફાંટો પશ્ચિમ દિશામાં, બીજી ઉત્તરમાં અને ત્રીજી પૂર્વમાં ગઈ છે.

આ ત્રિવેણી સ્થાનમાં સ્નાન કરી ધ્રુવ પ્લક્ષ દ્વીપમાં ગયો. જંબુ દ્વીપમાં મનુષ્ય વસ્તી હોવાથી પ્લક્ષ દ્વીપ નિર્જર છે.

ત્યાંથી શાલ્મલી દ્વીપમાં ગયો. આ દ્વીપમાં ઋષિ અને યોગીજનોનો નિવાસ છે. ત્યાંથી એ કુશ દ્વીપમાં ગયો. આ દ્વીપમાં બધા રાક્ષસોની જ વસ્તી છે. ત્યાંથી ક્રૌંચ દ્વીપમાં એ જ્યારે ગયો ત્યારે તેને જ્યાં ત્યાં માધવની જ વસ્તી દેખાવા લાગી. આગળ એ શાક દ્વીપ ગયો. એ શાક દ્વીપમાં નંદી વૃષભની જ વસ્તી છે. પછી ધ્રુવ ગોમેદ એટલે કે પુષ્કર દ્વીપમાં આવ્યો, એ દ્વીપમાં અપ્સરાઓ રહે છે, એ દ્વીપમાં જ્યારે ધ્રુવ ગયો ત્યારે મેનકા, રંભા, ઘૃતાચી, તિલોત્તમા, ઉર્વશી, મંજુઘોષા અને સુકેશી એમ સપ્ત અપ્સરાઓ તેને મળી. એ મનોચેષ્ટાઓથી ધ્રુવને મોહિત કરવા કરવા લાગી. પરંતુ ધ્રુવ ચલીત ન થતાં ત્યાંથી એ આગળ જવા નીકળી ગયો.

જંબુ દ્વીપના નવ ભાગ છે. દરેક ભાગને ખંડ એમ કહે છે. હરિવર્ષ ખંડ, ઈલાવૃત ખંડ, રમ્યક ખંડ, હિરણ્યય ખંડ, ઉત્તર કુરુ ખંડ, કિંપુરુષ ખંડ, ભરત ખંડ, ભદ્રાશ્વ ખંડ, અને કેતુમાલ ખંડ એમ આ નવ ખંડ છે. ચૌદ ભુવન એવા-વાયુ ભુવન, મેઘ ભુવન, સૂર્ય ભુવન, ચંદ્ર ભુવન, તારા ભુવન, ગગન ભુવન, ઈંદ્ર ભુવન, બ્રહ્મ ભુવન, વિષ્ણુ ભુવન, શિવ ભુવન, શૂન્ય ભુવન, કાળ ભુવન, પક્ષી ભુવન અને નિરંજન ભુવન છે.

આ ચૌદ ભુવન જોઈને ધ્રુવ આગળ નીકળ્યો. જે પર્વતને કૃષ્ણવર્ણ અને રક્તવર્ણ રેષાઓ છે અને જેની આજુ બાજુ ચંદ્રસૂર્યાદિ ફરે છે એ મેરુ પર્વત ઈલાવર્ત ખંડમાં છે. તેની આગળ નીલ પર્વત છે. એ પર્વત પરથી ધ્રુવ રમ્યક અને હિરણ્ય ખંડમાં જઈને પ્રચંડ એવા ભગવાન પર્વત પર ગયો. એ પર્વત ઉતરીને આગળ ગયા પછી એ ઉત્તર દિશામાં હેમ કુરુ ખંડ ગયો. ત્યાં આગળ ઈલા પર્વતના દક્ષિણ દિશામાં રહેલા નિષધ પર્વત પહોંચ્યો. એ પર્વત પરથી એ હરિવર્ષ ખંડમાં ગયો અને ત્યાંથી હેમકૂટ પર્વત પર ગયો. એ પર્વત પરથી ઉતરી સામેની બાજુ ગયા પછી કિંપુરુષ ખંડ આવ્યો. એ ખંડમાંથી એ પ્રવાસ કરતો દક્ષિણ દિશામાં હિમાચલ પર્વત પર ગયો. એ પર્વત પરથી આગળ ગયા પછી એ ભરત ખંડ આવ્યો. ત્યાં આગળ માલ્યવંત પર્વત આવ્યો. એ પર્વત ચઢીને એ કેતુમાલ ખંડમાં ગયો. ત્યાં ગંધમાદન પર્વત આવ્યો. એ પર્વત પરથી સામેની બાજુ ગયા પછી એ ભદ્રાશ્વ ખંડમાં આવ્યો. એ ખંડમાંથી માર્ગ ભ્રમણ કરીને ગયા પછી એને અત્યંત વિશાળ એવો મેરુ પર્વત દેખાયો.

મેરુ પર્વતનાં ચારે શિખરો જોયા પછી ધ્રુવ મંદાગિરિની પૂર્વ દિશામાં ગયો. ત્યાં તેને એક નગર જોયું. એ નગર સત્યલોક હોવાથી ત્યાં બ્રહ્મદેવ રહેતા હતા. ત્યાં બ્રહ્મદેવને મળીને કૈલાસ અને વિષ્ણુલોકમાં જવાની ઈચ્છા ધ્રુવે બ્રહ્મદેવને જણાવી.

બ્રહ્મદેવ ધ્રુવને સાથે લઈને કૈલાસ જવા નીકળ્યા. બંને દક્ષિણ દિશાની બાજુમાં મેરુ પર્વત પર ચઢીને ઉપર જતાં એમને કૈલાસ ભુવન દેખાયું. એ કૈલાસનાથનું અત્યંત મનોરમ્ય એવું નગર જોઈને ધ્રુવને શંકર ભગવાનનાં દર્શન કરવાની ઈચ્છા થઈ. ત્યારે શંકર ભગવાનના પ્રાસાદમાં બ્રહ્મદેવ ધ્રુવને લઈ ગયા.

ત્યાં ગયા પછી ધ્રુવે મહાદેવને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને વિષ્ણુલોકમાં જવાની ઈચ્છા મહાદેવને જણાવી, એટલે શંકર પણ ધ્રુવ સાથે વિષ્ણુલોક જવા નીકળ્યા. એ ત્રણેય ત્યાંથી ઉત્તર દિશામાં આવેલ કુસુમ પર્વત પર ચઢવા લાગ્યા. વૈકુંઠ ભુવન કે જેને વિષ્ણુલોક કહેવાય છે એ વૈકુંઠ ભુવન કુસુમ પર્વત પર છે. એ વિષ્ણુલોક સભામાં વરુણ, મદન વગેરે તેત્રીસ કોટિ દેવો રહે છે. ત્યાં પારિજાતક કલ્પવૃક્ષનાં જંગલ અને કામધેનુ છે. નજીક જ ઈંદ્રની અમરાવતી છે. અમરાવતી જોયા પછી ઈંદ્રનો સત્કાર લઈ એ ત્રણેય વિષ્ણુના મંદિરમાં આવ્યા. એ વખતે વિષ્ણુ પોતાના શયન કક્ષમાં નિદ્રાધિન હતા, એટલે બ્રહ્મદેવ હાથ જોડીને શ્રી વિષ્ણુ ભગવાનની સામે ઊભા રહ્યા અને એમની કરુણા (સ્તુતિ) કરવા લાગ્યા.

બ્રહ્મદેવની પ્રાર્થના સાંભળી લક્ષ્મીનારાયણ શ્રી હરિ યોગનિદ્રામાંથી જાગૃત થયા અને પ્રસન્ન દૃષ્ટિથી કહ્યું: 'બ્રહ્મદેવ, ધ્રુવને અહીં લાવ્યા એ ખૂબ સારું કર્યું.

ધ્રુવને અભય વચન આપ્યા પ્રમાણે એની અવિચળ પદ પર સ્થાપના આપણે કરવી જોઈએ. હા, મારો ધ્રુવ ભક્ત બધા ભક્તોમાં સર્વ શ્રેષ્ઠ છે. એ તેના અવિચળ પદ પરથી કદી પણ ચળશે નહીં.

આમ કહી શ્રી વિષ્ણુ ભગવાન બધા દેવોને સાથે લઈને અવિચળ પદ પર ગયા અને ત્યાં તેમણે ધ્રુવની સ્થાપના કરી. ત્યારથી ધ્રુવ એ પદ પર આદ્ય પર્યંત કાયમ છે. ધ્રુવની સ્થાપનાથી સપ્ત ઋષિનું સ્થાન ચૌદ યોજન ઊંચું છે. એકંદર ધ્રુવ મંડળ પંદર કોટિ યોજન વિસ્તારીત હોવાથી ધ્રુવનું પોતાનું સ્થાન ત્રણ યોજન વિસ્તૃત છે. આ ધ્રુવનું સ્થાન મેરુથી પણ ઊંચું છે.

હવે ગ્રહોનાં વર્ણન, આકાર આ વિષયે તમને કહું છું. પૃથ્વી પુત્ર જે મંગળ છે એનો આકાર ત્રિકોણ છે, સૂર્ય બાર કોણ છે, ચંદ્રની આકૃતિ ચોવીસ કોણ છે, બુધ બાણ જેવો છે, ગુરુ સ્ફટિક પ્રમાણે હોવાથી એ ષષ્ટ કોણ છે, શુક્ર પંચ કોણ છે, શનિ ધનુષ્ય પ્રમાણે અને કેતુ ધ્વજ પ્રમાણે છે. દસ દિશાના મધ્યભાગમાં સૂર્યનું સ્થાન હોવાથી તેની જ જોડે ચંદ્રનું સ્થાન છે. મંગળ દક્ષિણ દિશામાં, બુધ ઉત્તરમાં, બૃહસ્પતિ પશ્ચિમમાં, શુક્ર નૈઋત્યમાં, શનિ અગ્નિનેય દિશામાં, રાહુ ઈશાન દિશામાં અને કેતુ વાયવ્ય દિશામાં છે. આ પ્રમાણે ભગવાને ભક્ત ધ્રુવને અવિચળ પદ પર બેસાડીને પોતાનું વચન પૂર્ણ કર્યું.

ભગવાને પણ પહેલા મત્સ્ય અવતારમાં રસાતળ પાતાળના સદ્‌ભક્ત રાજા દંતદમનના પ્રતિહારી ભક્ત દંતપ્રધાનને આ વરદાન આપ્યું હતું. એણે ભગવાનને પોતાના ભક્તિ અને સેવાથી વશ કર્યા હતા. તેની કૃપાથી ભગવાન શ્રી હરિએ ત્રીજા અવતારમાં ધ્રુવ ભક્તને તેના ભક્તિ બળથી પ્રસન્ન થઈ અચળ પદ આપવાનું તેનું વરદાન પૂર્ણ કર્યું.



•••

:: શ્રી વરાહ ભગવાન અવતારની સમજૂતી ::


શ્રી વિષ્ણુ નારાયણ ભગવાને ત્રીજો વરાહ અવતાર ધારણ કર્યો, ત્યારે દાનવે મયુરધ્વજનું રૂપ ધારણ કર્યું. મયુરધ્વજ એટલે મોરપક્ષીની આકૃતિ ધારણ કરી, પોતાની દાનવી શક્તિથી આખા શરીરે પાંખો જેવાં ચિન્હો છે. મોરના જેવી આંખોવાળું શરીર ધારણ કરી, આ જગતમાં પોતાની આસુરી શક્તિથી મયુરધ્વજ દાનવ આકાશ માર્ગે ભ્રમણ કરતો રહીને, તેના આસુરી વિચારસરણીવાળા સાથીદારો સાથે રહીને, આ માયાવી દાનવો જગતમાં માનવજાતને, દેવોને હરિભજનમાં-ભક્તિભાવમાં હેરાન કરતા.

આ જગતને પાયમાલ કરતા જોઈ એ સમયમાં શ્રી વિષ્ણુ ભગવાને વાઘેશ્વર ઋષિને કળા આપી. વાઘેશ્વર ઋષિએ ભક્તોનાં કાર્ય કરવા માટે વરાહ રૂપ ધારણ કરી, મયુરધ્વજ દાનવને મારી, સમુદ્રમાંથી ડૂબતી પૃથ્વીને દાઢે રાખીને બહાર કાઢી પૃથ્વી ઉપરનો ભાર હળવો કર્યો. અવતાર ત્રીજો વરાહ, ચાર લાખને બત્રીસ હજાર વર્ષ વર્તતે. વાઘેશ્વર ઋષિના હરિ અંશે આ આદ્ય બ્રહ્મની વાણી જે અહીંથી શ્રી નરસિંહ અવતારે નરહરિ ઋષિના હરિ અંશમાં જાય છે.

બોલીએ શ્રી વરાહ ભગવાનકી જય

ધૂન : હરે વરાહ.... હરે વરાહ.... વરાહ.... વરાહ.... હરે.... હરે....

•••


ચોથો શ્રી નરસિંહ અવતાર (કર્તાયુગ - ઋગ્વેદ)


સદ્ગુરુ શ્રી અમ્મરતેજ ઋષિ (કર્તાયુગ - ઋગ્વેદ)

ૐ

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા સત્ય છે.

नारसिंहं वपुः कृत्वा यस्त्रैलोक्य भयङ्करम् ।
हिरण्यकशिपु जघ्ने तस्मै सिंहात्मने नमः ॥

શ્રી વિષ્ણુ ભગવાને ત્રણે લોકને ભય આપનારુ એવું નરસિંહ રૂપ ધારણ કરીને હિરણ્યકશ્યપુ દાનવનો નાશ કર્યો હતો, તે શ્રી નરસિંહ ભગવાનના અવતારને હું નમસ્કાર કરું છું.

શ્રી વરાહ ભગવાનના દેહેર, રૂપક, કેશવ, નસખલિપત્ય,
ગૌત્તમ, અમરિષ. અમરિષના અંશ તો શ્રી નરસિંહ ભગવાન
ત્યારે મૂળ તો શ્રી નરહરિ ઋષિ એ શ્રી વિષ્ણુ ભગવાનની કળાથી નરસિંહ રૂપ ધારણ કર્યું હતું.

શ્રી નરસિંહ અવતાર

॥ અવતાર ચોથો ॥

પરમ કૃપાળુ પરમાત્માની આજ્ઞાથી આદરું છું
ૐ નમો શ્રી સદ્‌ગોર પાત્ર બ્રહ્મા અમરતેજ મહારાજ,
આદ્ય વિષ્ણુ નિરંજન શ્રી નરસિંહ ભગવાન તમારી આશિષે....

ત્રણ અવતાર તો પૂરા થાય, અવતાર ચોથાનો સદ્‌ગોરે કહ્યો મહિમાય. ॥૧॥
ચોથો શ્રી નરસિંહ અવતાર લખ્યો જાઈ, તે સુણો તમે મુનિવર ભાઈ. ॥૨॥
જ્યારે શ્રી હરિ નરસિંહ રૂપે પ્રગટ્યા સાર, ત્યાં દેવ ચતુર્ભુજ અવતર્યા મોરાર. ॥૩॥
કર્તાજુગ મધે દૈત્ય હિરણ્યકશ્યપુ ભયો, અંગુષ્ટ પર ઊભા રહી તપ કરવા ગયો. ॥૪॥
તે દૈત્યે વનમાં જઈ મહાતપ સાધ્યો જેહ, તેને શંકરે દસ વર આપ્યા તેહ. ॥૫॥
ત્યારે તે વર લઈ ચાલ્યો નગર મોઝાર, ત્યારે દૈત્યના ગુરુ શુક્રાચાર્ય આવ્યા તે વાર. ॥૬॥
હાં રે જજમાન તે વર માગ્યો શું, રખે વર માગતા ચૂક્યો છે તું. ॥૭॥
અમર કાયાના દસ વર માગ્યા સહી, સ્વામી અમે વર માગતા ચૂક્યા નહીં. ॥૮॥

ભગવાન શ્રી હરિએ રસાતળ જતી પૃથ્વીનો ઉદ્ધાર કરતી વખતે હિરણ્યાક્ષનો અને મયુરધ્વજ દૈત્યનો સંહાર કર્યો હતો. એ પછી એનું રાજ્ય હિરણ્યકશ્યપુને પ્રાપ્ત થયું હતું. આ હિરણ્યકશ્યપુ પોતાના બંધુ પ્રમાણે જ ઉન્મત્ત, ક્રૂર અને જુલ્મી હોવાથી દેવોનો દ્વેષ કરનાર હતો. શ્રી વિષ્ણુ ભગવાને વરાહ અવતાર લઈને એના બંધુનો વધ કર્યો હોવાથી હિરણ્યકશ્યપુ શ્રી વિષ્ણુ ભગવાનનો ખૂબ દ્વેષ કરતો હતો.

દૈત્ય માતા દિતિના પરમ પરાક્રમી એવા આ હિરણ્યાક્ષ અને હિરણ્યકશ્યપુ એમ બે પુત્રો હતા. બંને ત્રિભુવન વિજયી અને સુરાસુરમાં અજેય હતા. બંનેમાં પરમ સ્નેહ રહેતો. સૃષ્ટિના પ્રારંભમાં જ ભગવાન નારાયણે પાણીમાં ડૂબેલી પૃથ્વીનો ઉદ્ધાર કરતી વખતે મહાવરાહ સ્વરૂપ ધારણ કરીને હિરણ્યાક્ષનો વધ કર્યો. તેથી હિરણ્યકશ્યપુને ખૂબ દુઃખ થયું. હિરણ્યકશ્યપુએ અમર બનવા માટે તપશ્ચર્યા કરી.

માતા દિતિ, બંધુ, પત્ની અને ભાઈના પુત્રોને સાંત્વન અને આશ્વાસન આપી કહ્યું કે; મારે તપ થકી અમર અજેય થઈ ત્રણે લોકનું રાજ્ય મેળવવું છે. તપ કરીને હું જલદી પાછો આવી જઈશ. ત્યાર પછી તેણે રાજ્યનો ભાર નમુચી, શંભર અને પુલેમા વગેરે મંત્રીઓને સોંપી હિરણ્યકશ્યપુ પોતાની પ્રિય પત્ની ક્યાધુને મળી વનમાં તપ કરવા ગયો.

ભક્ત પ્રહ્‌લાદના જનમના પરછા જાણ, હવે સુણો મુનિવરો સહી પરમાણ. ॥૯॥
ત્યારે દૈત્ય કોપ ધરી નગર સ્થાને ગયો, તે રાત્રે જઈ રાણી સંગ ઘેર વાસો રહ્યો.॥૧૦॥
તે પ્રહ્‌લાદ મૃત્યુલોકમાં આવ્યા તેની વાત, તે પ્રહ્‌લાદ માતાને પેટ વસ્યા તેની રાત.॥૧૧॥
ત્યારે રાજાએ સ્ત્રીનો ગર્ભ સાધ્યો જહાં, તે દિન સ્ત્રીને મહાદુઃખ પડ્યું છે તહાં.॥૧૨॥
દૈત્ય કારણ માતા ગર્ભવાસે દુઃખ દીઠા જેહ, ત્યારે નરસિંહે કુખ ફેરવી ભક્ત રાખ્યા તેહ.॥૧૩॥
તે ભક્ત સતગુરુને વચને શ્રી નરસિંહને સાથ લાવ્યા, તે ભક્ત હિરણ્યકશ્યપુને ઘેર આવ્યા.॥૧૪॥

ઘેરથી નીકળ્યા પછી હિરણ્યકશ્યપુના મનમાં સતત આ જ વિચાર આવતો હતો કે શ્રી હરિ નારાયણે મારા ભાઈનો વધ કર્યો છે, એનો બદલો કઈ રીતે લેવો. એ વાતનું ચિંતન કરવાથી હિરણ્યકશ્યપુના ચિત્તમાં વૈરવૃત્તિ જાગૃત થતી. તેમ છતાં પણ તે તપ માટે પ્રયત્ન કરવા લાગ્યો.

એક જગ્યાએ વિશ્રાંતિ માટે એક ઘટાદાર વૃક્ષની છાયામાં બેઠો. ત્યાંજ અચાનક એ જ ઝાડ પર પોપટનું એક ઝુંડ ઊડતું ઊડતું આવીને બેઠું અને પોતાના મધુર કંઠથી એ બધા 'નારાયણ, નારાયણ' એમ ગુંજન કરવા લાગ્યા. નારાયણનું નામ સાંભળતાં જ હિરણ્યકશ્યપુની પગતળેની આગ મસ્તકમાં ગઈ. તેને એટલો બધો ક્રોધ વ્યાપી ગયો કે પોતાના શત્રુના નામનું નામ સ્મરણ કરનાર આ કોણ પક્ષી છે એમ કહી એ ઊડાડવા લાગ્યો. તોય પોપટોનું એ નારાયણનું સ્મરણ સતત ચાલુ રહ્યું. છેલ્લે કંટાળીને હિરણ્યકશ્યપુ બોલ્યોઃ તપશ્ચર્યામાં આજે અપશુકન થયાં છે. સતત નારાયણનું સ્મરણ કરનાર આ પક્ષી આજે જ કેમ ? અને ક્યાંથી ? મને ક્રોધિત કરવા આવ્યાં લાગે છે. એમ કહી તપ અધૂરું મૂકી હિરણ્યકશ્યપુ પોતાના નગરમાં પાછો ફર્યો અને સાંજે પોતાની પ્રિય પત્નીના મહેલમાં આવ્યો.

હિરણ્યકશ્યપુને અચાનક પાછો આવેલો જોઈ ક્યાધુએ પૂછ્યુંઃ 'સ્વામી ! કેમ આજે જ પાછા આવ્યા ? ત્યારે એણે વનમાં થયેલી બધી વાત કહી કે પક્ષીઓ સતત 'નારાયણ, નારાયણ' એમ મોટેથી મારા શત્રુના નામની બૂમો પાડતાં હતાં એટલે મને ગુસ્સો આવ્યો અને પાછો આવ્યો.

ક્યાધુ સદ્‌વિચાર, સદાચાર સંપન્ન, કર્તવ્ય પારાયણ અને ધર્મવૃત્તિની અને ખૂબ વિચાર કરનારી પવિત્ર સ્ત્રી હતી, તેને મનમાં વિચાર્યું કે આ જ યોગ્ય સમય છે એમ જાણીને તેને જાણતાં અજાણતાં હિરણ્યકશ્યપુ પાસેથી 'નારાયણ, નારાયણ' નામના ૧૦૮ વાર જાપ જપાવી લીધા અને રાત્રે શયન મંદિરમાં જઈને એ જ વાત કહેવરાવી, હિરણ્યકશ્યપુને અજાણતાં એની પાસેથી નારાયણના નામનું સ્મરણ કરાવી, કામક્રીડા દ્વારા પોતાના પતિને સંતુષ્ટ કર્યો. યુક્તિ પ્રયુકિતએ એ સંજોગકાળમાં પોતે જ પોતાના પતિ સાથે નારાયણના સ્મરણમાં મગ્ન રહી એટલે તેના ગર્ભમાં એ યોગે અનાયાસે જ ભગવદ્ ભક્ત જીવનો સંચાર થયો.

પછી બીજા દિવસે હિરણ્યકશ્યપુએ ક્યાધુને સમજાવી ફરીથી મંદરાચલ પર તપશ્ચર્યા કરવા માટે પ્રયાણ કર્યુ. એણે ઘણાં વર્ષો ઉગ્ર તપશ્ચર્યા કરી શંકર ભગવાનને પ્રસન્ન કર્યા. શંકર ભગવાન પાસે હિરણ્યકશ્યપુએ વરદાન માગ્યું કેઃ મને કોઈપણ અસ્ત્ર કે શસ્ત્રથી, રાત્રે કે દિવસે, જમીન પર કે આકાશમાં, દેવ કે દાનવ, મનુષ્ય કે પશુ, લીલાં કે સૂકાં, ઘરમાં કે બહાર વગેરે કશાયથી કોઈ પણ ક્યાંય મારો વધ કરી શકે નહીં. "તથાસ્તુ" કહી શંકર ભગવાને વરદાન આપ્યું.

જ્યારે હિરણ્યકશ્યપુ વનમાં તપસ્યા માટે ગયો હતો ત્યારે ઈંદ્રએ જોયું કે દૈત્યનું રાજ્ય નરેશહીન થયું છે. એણે બધું સૈન્ય લઈને હિરણ્યકશ્યપુના રાજ્ય પર આક્રમણ કર્યું. દેવતા પાસેથી પરાજિત થયેલ દૈત્યો વેરવિખેર થઈ પર્વતોમાં ભાગવા લાગ્યા. કેટલાક પ્રાણ રક્ષણ માટે શરણે આવ્યા.

દૈત્યરાજ હિરણ્યકશ્યપુના પ્રબળ પરાક્રમની દેવરાજ ઈંદ્રને બીક હતી કે પરાક્રમી પિતાના પુત્રો પણ પરાક્રમી જ હોય છે. કદાચ આગળ એમણે બળ સંગઠીત કરીને યુદ્ધ કર્યુ તો આપણા પર વિકટ આપત્તિ આવશે એટલે ઈંદ્રએ હિરણ્યકશ્યપુના ત્રણેય પુત્રો વ્હદ, અનુવ્હદ અને સંવ્હદનો સંહાર કર્યો.

હિરણ્યકશ્યપુની પત્ની ક્યાધુ આ સમયે ગર્ભવતી હતી. કયાધુના બધા સેવકો અને રક્ષકો ઈંદ્રની ભીતિથી ભાગી ગયા હતા. એવા અસહાય સમયે ઈંદ્રએ કયાધુને બળપૂર્વક રથમાં બેસાડી અને અમરાવતીના માર્ગે જવા રવાના થયો. એ સાધ્વી ક્યાધુ અત્યંત કરુણ સ્વરથી વિલાપ કરતી હતી.

આ કરુણ વિલાપ નારદ મુનિના કાને પડતાં જ કોમળ હૃદયના નારદ મુનિ દ્રવિત થઈને ત્યાં આવ્યા. એમણે દેવેન્દ્રને કહ્યુંઃ 'હે મહેન્દ્ર, તું દેવરાજ છે, પરસ્ત્રીનું હરણ કરવું તને શોભતું નથી.

દેવર્ષિને પ્રણામ કરી ઈંદ્રએ નમ્રતાથી કહ્યુંઃ 'દેવર્ષિ ! આના ગર્ભમાં દૈત્યેન્દ્રનું અતુલનીય તેજ છે. અમને એનો અત્યંત ભય છે. અમે એને મારવા ઈચ્છીએ છીએ. ભ્રૂણ હત્યાથી બચવા માટે અમે કયાધુને અમરાવતીમાં લઈ જઈએ છીએ. પુત્ર થયા પછી હું કયાધુને છોડી દઈશ. ત્યાં તેને કોઈ પણ કષ્ટ થશે નહીં અને કોઈપણ તેનું અપમાન કરશે નહીં.'

નારદે કહ્યુંઃ હે ઈંદ્ર, તમે જાણતા નથી, કયાધુનો ગર્ભસ્થ બાળક ચિરંજીવી છે. એનો વધ તમારી શક્તિ બહારની વાત છે. એનાથી દેવતાને કોઈ પ્રકારનો ભય નથી. એ તો તમારા કલ્યાણનું કારણ થશે. દૈત્યરાજ્ઞીના ગર્ભમાં ભગવાનનો પરમ ભક્ત છે.

ઈંદ્રએ આદર ભાવથી ક્યાધુની પ્રદક્ષિણા કરી અને ત્રાસ આપ્યા બદલ ક્ષમા માગી. પછી કયાધુને રથમાંથી નીચે ઉતારી ઈંદ્ર અમરાવતી ચાલ્યો ગયો.

ત્યારે નારદ મુનિએ ક્યાધુને કહ્યુંઃ 'બાળા, તારું દૈત્યપુર તો નષ્ટ થયું છે. હવે જ્યાં સુધી દૈત્યેન્દ્ર તપશ્ચર્યા પૂર્ણ કરીને પાછો ન આવે ત્યાં સુધી તું મારા આશ્રમમાં સુખપૂર્વક રહે.

ક્યાધુએ દેવર્ષિની આજ્ઞા સ્વીકારી અને તે નારદની સાથે તેમના આશ્રમમાં ગઈ. અત્યંત શ્રદ્ધાથી ક્યાધુ દેવર્ષિની સેવા કરતી હતી. એ સામ્રાજ્ઞી હોવા છતાં પણ તપસ્વીની જેવું જીવન વ્યતીત કરતી હતી. પોતાના હાથે જ આશ્રમ વાળીને, લીંપીને સ્વચ્છ કરતી. નદી પરથી પાણી લાવતી. દેવર્ષિના આદેશાનુસાર ભક્તિભાવથી ભગવાનનું પૂજન કરી નામ જાપ કરતી હતી. પોતાના પુત્રની મંગલ કામના માટે એ બધા પ્રકારે દેવર્ષિને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરતી હતી. પવિત્ર આસન નાખી શયન કરી, વલ્કલ વસ્ત્ર ધારણ કરતી, કઠણ વ્રતોનું પાલન કરતી અને કંદમૂળ વગેરેથી ઉદર નિર્વાહ કરતી.

અનુકૂળ સમય મળતાં જ દેવર્ષિ કયાધુને ભગવાનના દિવ્ય સ્વરૂપના અનંત ગુણો તેમજ અદ્ભુત મહાત્મ્યનું વર્ણન કરતા. ગર્ભસ્થ બાળકને ઉદ્દેશીને દેવર્ષિ યોગ, સાંખ્ય, ભક્તિ અને તત્ત્વ જ્ઞાનના ગૂઢ તત્ત્વોનો ઉપદેશ કરતા. સંસારની અસારતા બતાવીને વૈરાગ્યનું પ્રતિપાદન કરતા. દૈત્ય પત્નીઓ સ્વૈચ્છીક પ્રસવ સમર્થ હોવાથી દેવોના ભયથી ક્યાધુએ પ્રસવ કર્યો નહીં.'

ઘણાં વર્ષો પછી જ્યારે દૈત્યરાજ તપથી વરદાન પ્રાપ્ત કરી પાછો આવ્યો ત્યારે નારદે કયાધુને તેના પતિ પાસે પહોંચાડી દીધી. પછી સાધ્વી ક્યાધુના ગર્ભથી સમસ્ત સુરાસુરમાં પરમ વંદિત ભક્ત પ્રહ્લાદનો જન્મ થયો.

માતા એ પુત્રની ખરી ગુરુ હોય જ છે. ગર્ભસ્થ બાળક પર માતાનો સ્વભાવ, આચરણ અને વિચારોનો પ્રભાવ પડે છે. એ બાળકના સંપૂર્ણ જીવન નિર્માણનો આધાર હોય છે. જો માતા ગર્ભકાળમાં સાત્ત્વિક આહાર, ધાર્મિક જીવનચર્યા, યમનિયમનું પાલન અને ભગવદ્ ગુણાનુવાદ શ્રવણ કરતી હોય તો એ બાળક અવશ્ય ધાર્મિક સંસ્કારી અને ભગવદ્ભક્ત થાય અને પોતાના કુળને પવિત્ર કરી ઉદ્ધાર કરે છે.

સતી શ્રેષ્ઠ મદાલસાએ પોતાના નાનકડા બાળકોને સ્તનપાન કરાવતાં કરાવતાં, હિંડોળા નાખતાં, બેસતાં, ઊઠતાં, ચાલતાં, બોલતાં, ફરતાં વગેરે સર્વ ક્રિયા કરતી વખતે વૈરાગ્યનું આત્મજ્ઞાન પીવડાવી ઉત્તમ સંસ્કાર આપ્યા હતા. જેથી તે પુત્રો મોટા યોગી, તત્ત્વજ્ઞ વૈરાગ્ય અને આત્મજ્ઞાન સંપન્ન થયા.

એટલે જ માતાને પહેલા સર્વ શ્રેષ્ઠ ગુરુ માન્યા છે. માતાએ પોતાનાં કર્તવ્ય જાણીને બાળકોને આત્મકલ્યાણની બાબતમાં દક્ષતા રાખી ધાર્મિકપણાથી અને કર્તવ્યદક્ષપણાથી જ્ઞાન શીખવવું, એટલા માટે માતાએ એ જ્ઞાન પહેલાંથી જ સંપાદન કરી લેવું જોઈએ. શાસ્ત્રો અને ગુરુ પાસેથી શ્રવણ કરીને મનન ચિંતન કરવું જોઈએ. બાળકના અને પોતાના ચિત્તમાં એ જ્ઞાન પૂર્ણપણે વિકસાવવું. જગતમાં એક માતા જ એવી હોય છે કે સંપૂર્ણ રાષ્ટ્રનું, જગતનું કલ્યાણ કરવાનું સામર્થ્ય એમનામાં હોય છે.

જે હિરણ્યકશ્યપુ દૈત્ય કરતો રાજ, તેનો પુત્ર થયો ભક્ત પ્રહ્લાદ. ॥૧૫॥
પ્રહ્લાદ ગર્ભવાસ બંધનથી છૂટ્યા જાણ, ત્યારે રુદન માતા કરે પરમાણ. ॥૧૬॥
એ બાલકની હત્યા વેઠાશે નહીં, બાઈ તમે એ બાલકને મેલો વનમાં જઈ. ॥૧૭॥
રાજકુંવર જનમ્યા જે વાર, સહુ ઘેર થયા જય જયકાર. ॥૧૮॥
રાજકુંવર પાંચ વરસના થયા, સહુ જાણે આઠ વરસના ભયા. ॥૧૯॥
ભક્ત જ્યારે આઠ વરસના થયા, સહુ જાણે બાર વરસના ભયા. ॥૨૦॥
રાજા હરણા કંસ બોલ્યો સોય, ભણાવીયે તો વિદ્યાવંતો હોય. ॥૨૧॥
પાંચ વરસના પ્રહ્લાદ થાય, લઈ પાટીને ભણવા જાય. ॥૨૨॥

પ્રહ્લાદ બાળક થોડો મોટો થયો એટલે એ પોતાની કાલીઘેલી ભાષામાં બધાના મનને પ્રસન્ન કરવા લાગ્યો. એ પોતાની માતાને અતિશય ગૂઢ એવા જ્ઞાનના પ્રશ્ન પૂછીને મૂંઝવણમાં નાખી દેતો. પ્રહ્લાદને શું જવાબ આપવો અને તેના મનનું કઈ રીતે સમાધાન કરવું એ જ માતા કયાધુને ખબર પડતી નહોતી. પ્રહ્લાદ એમને પરમેશ્વરના અવતાર સંબંધે તેના લીલાચરિત્ર વિષયે પ્રશ્ન પૂછીને મૂંઝવણમાં મૂકી દેતો.

આમ કાલક્રમણ કરતાં કરતાં પ્રહ્લાદ પાંચ વર્ષનો થયો. એકવાર માતા પુત્ર કંઈ કારણોસર નગરચર્યા કરવા માટે ગામની બહાર પુષ્પવાટિકામાં જતાં હતાં તે વખતે તેમને રસ્તામાં એક કુંભારનો નીંભાડો જોયો. કુંભારનો વ્યવસાય માટલા બનાવવાનો જોરમાં ચાલુ હતો. તેને એ વખતે કાચા માટલાનો મોટો ઢગલો કરી નીંભાડાને અગ્નિ આપી હતી. નીંભાડાને ચોતરફ ઘેરીને જ્યાં ત્યાંથી અગ્નિની જ્વાળા નીકળતી હતી. એટલામાં ત્યાં આકુળ-વ્યાકુળ થયેલી એક બિલાડી આવી. બિલાડીએ મોટે મોટેથી બૂમો પાડીને રડવાની શરૂઆત કરી અને અગ્નિમાં કૂદકો મારવાનો પ્રયાસ કરવા લાગી.

ત્યારે કુંભારે ત્વરીત એ બિલાડીને પકડીને કહ્યુંઃ તું કેમ રડે છે ? આટલો આક્રોશ કરવાનું કારણ શું છે ? એમ પૂછવા લાગ્યો.

બિલાડીએ મોટે મોટેથી વિલાપ કરીને કુંભારને કહ્યું કેઃ 'હે કુંભારદાસ, આ માટલામાંથી એક કાચા માટલામાં મારાં બચ્ચાં રાખેલાં છે. અન્ય પ્રાણીઓથી એમનું રક્ષણ થાય માટે આ યુક્તિ કરી હતી પણ તમે એ ન જોતાં એ માટલાને પણ ઢગલામાં મૂકી મારાં બચ્ચાંનો ઘાત કર્યો છે. હવે હું પણ આ ઢગલામાં પ્રાણ ત્યાગ કરીને મારા જીવનનો ત્યાગ કરી મારા બાળકો સાથે પરલોકમાં જાઉં છું.'

આ દુઃખદ હકીકત સાંભળી કુંભારને તો ખૂબ જ દુઃખ થયું. આ બધી ઘટના પોતાના કારણે થઈ છે એમ માનીને એ આર્તનાદથી ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યો. એણે બિલાડીને દિલાસો આપી કહ્યું કે; આ સર્વ અનર્થનો હું જ કારણભૂત છું. કારણ કે મૂર્ખપણાથી ન જોતાં મેં બધાં માટલાં ઢગલામાં મૂક્યાં છે, પણ હું તને ભાષ્યદાન આપું છું કે જ્યાં સુધી આ ઢગલો પૂર્ણ બળી ન જાય ત્યાં સુધી તું ધીરજ રાખ. થનાર પરિસ્થિતિ થઈ ગઈ છે તેનો હાલમાં કોઈ ઈલાજ નથી. ફક્ત ઈશ્વર પર આપણે પૂર્ણ ભાવ રાખી એની આરાધના કરવાની છે. હાલમાં આજ આપણું કર્તવ્ય છે. જો કાળ ખરેખર જ તારાં બાળકોને લઈ ગયો હશે તો તેનું પ્રાયશ્ચિત માની હું પણ આ અગ્નિદેવતાને સાક્ષી રાખી પ્રતિજ્ઞા કરું છું કે હું પણ પ્રાણ ત્યાગ કરીશ. આમ કહી કુંભારે બિલાડીને થોડી શાંત કરી અને તે પોતે પણ આંખો મીંચીને ત્યાં જ બેસી ભગવાનને મનોમન પ્રાર્થના કરવા લાગ્યો. આર્તતાથી એની આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં.

કેટલીકવાર પછી ઢગલો ઓલવાયો અને પછી ઠંડો થયો ત્યારે કુંભારે આંખો ખોલી અને પછી ભગવાનનું સ્મરણ કરતાં કરતાં એક એક માટલાંને કાઢીને જોવા લાગ્યો. બિલાડી પણ જીવથી આકુળ-વ્યાકુળ ઉત્સુક્તાથી જોતી હતી. પણ આ શું આશ્ચર્ય ! આખા ઢગલામાંથી કુંભારે એક કાચું માટલું બહાર કાઢ્યું અને જુએ છે તો તેમાંથી બિલાડીનાં ચારે બચ્ચાં આનંદથી કૂદકા મારે છે. એ આશ્ચર્ય જોઈને હર્ષાતિરેકથી પરમેશ્વરનાં ગુણગાન કરતો કુંભાર નાચવા લાગ્યો. બિલાડીને પણ પોતાનાં બચ્ચાં સુખ રૂપ પાછાં મળેલાં જોઈ સ્વર્ગીય આનંદ થયો. આ ઘટના ક્યાધુ અને પ્રહ્લાદે નજરોનજર જોઈ.

નાનકડા બાળક પ્રહ્લાદે માતાને પૂછ્યુંઃ 'માતા, આટલી પ્રચંડ અગ્નિમાં બચ્ચાં કઈ રીતે જીવતાં રહ્યાં ?

પ્રહ્લાદને નજીક ખેંચી પ્રેમથી એની પીઠ અને મસ્તક પર હાથ ફેરવી કયાધુએ કહ્યું : 'બેટા ! આ બધો ભગવાન નારાયણના નામનો અને ભક્તિનો મહિમા છે. ભગવાન પોતાના ભક્તોને કદી ભૂલતો નથી. જે ભક્ત ભગવાનનું જ્યાં જે રીતે આર્તનાદથી

સ્મરણ કરે છે, ત્યાં દોડતો જઈને ભક્ત પર આવેલ સંકટનું નિવારણ કરે છે. એ નારાયણ સર્વવ્યાપી ચરાચર જગતમાં પૂર્ણ ચૈતન્ય રૂપથી વ્યાપ્ત છે. બેટા, તું પણ આ જ સદ્‌વિચાર કાયમ રાખીને નારાયણનું સર્વભૂત પ્રાણીમાત્રમાં દર્શન કર. એટલે એ નારાયણ જ તારું રક્ષણ કરશે.'

માતાનો ઉપદેશ ચિત્તમાં ધારણ કરીને અને ગર્ભવાસ વખતે નારદ મુનિના ઉપદેશનું સ્મરણ થવાથી બાળભક્ત પ્રહ્‌લાદ નારાયણના સ્મરણ સંકીર્તનમાં મગ્ન થઈ ગયો. સદૈવ આ જ ભાવતંદ્રીત રહીને એ ભગવાનની ભક્તિ કરવા લાગ્યો.

પછી હિરણ્યકશ્યપુએ બધા દેવોને જીત્યા. સર્વલોક જીતીને એ પોતે એના પદનો ઉપભોગ કરવા લાગ્યો. ભગવાનથી એને અતિશય શત્રુત્વ હોવાથી ઋષિમુનિઓને હિરણ્યકશ્યપુ કષ્ટ આપવા લાગ્યો. યજ્ઞયાગ બંધ કરાવવા લાગ્યો. ધર્મનો અત્યંત વિરોધી થયો. એના ગુરુ શુક્રાચાર્ય એ વખતે તપશ્ચર્યા કરવા ગયા હતા.

પોતાના પુત્ર પ્રહ્‌લાદને તેણે ગુરુપુત્ર ષણ્ડ અને અમર્કની પાસે શિક્ષણ માટે મૂક્યો હતો. પ્રહ્‌લાદ ત્યારે પાંચ વર્ષનો બાળક હતો. એકવાર પ્રહ્‌લાદ ઘેર આવ્યો ત્યારે માતા ક્યાધુએ એને સુંદર વસ્ત્રાભુષણો પહેરાવ્યાં અને પિતા હિરણ્યકશ્યપુ પાસે મોકલ્યો. પિતા પાસે જઈને પ્રહ્‌લાદે તેમને પ્રણામ કર્યા.

હિરણ્યકશ્યપુએ પ્રહ્‌લાદને સ્નેહપૂર્વક પૂછ્યું: 'બેટા, તું જે કંઈ ભણ્યો છે તેમાંથી એકાદ સારી વાત મને કહે !'

પ્રહ્‌લાદ બોલ્યો: 'પિતાજી, જગતનાં બધાં જ પ્રાણી સંસારમાં આસક્ત રહીને સદૈવ ઉદ્વિગ્ન રહે છે. હું તો સર્વકર્તાને જ શ્રેષ્ઠ માનું છું, આ સંસાર પતન કરનાર જળહીન ઊંડા કૂપ પ્રમાણે હોવાથી ઘરનો ત્યાગ કરીને અરણ્યમાં રહીને મનુષ્યએ પરમેશ્વરનું નારાયણનું સ્મરણ, ભજન, ચિંતન કરવું જોઈએ.'

હિરણ્યકશ્યપુ જોરથી હસ્યો. એને લાગ્યું કે કોઈ શત્રુએ આપણા આ બાળકના મનને બહેકાવી દીધું લાગે છે. હિરણ્યકશ્યપુએ ગુરુપુત્રોને સાવધાન કર્યા કે; તમે આ બાળકને સુધારો અને દૈત્ય કુળમાં ઉપયુક્ત એવા ધર્મ, અર્થ, કામ વગેરે વિષયોનું શિક્ષણ આપો.

ગુરુપુત્રો પ્રહ્‌લાદને પોતાના આશ્રમમાં પાછા લઈ આવ્યા. એમણે પ્રહ્‌લાદને પૂછ્યું કે: તને આવું વિપરીત જ્ઞાન કોણે શીખવ્યું ?

પ્રહ્‌લાદે કહ્યું: 'ગુરુદેવ, આ હું છું અને એ બીજો છે આ તો અજ્ઞાન છે. ભગવાનની આ માયાથી જ જીવ મોહિત થાય છે. એ દયામય સર્વ જીવ પર દયા કરે છે, ત્યારે જ ચિત્ત ભગવાનમાં લાગે છે. મારું ચિત્ત તો ભગવાનની અનંત કૃપાથી એ પરમ પુરુષ નારાયણના નામમાં જ રમમાણ કરે છે.'

શાળામાં ગુરુજી બોલ્યા છે તત્કાળ, અમો ભણાવીયે તે ભણજો બાળ.॥૨૩॥
ત્યાં ગુરુજી બોલ્યા છે તત્કાળ, એકે અક્ષર ન ભણી શકે આ બાળ.॥૨૪॥
કહે પ્રહ્‌લાદ સુણો વિપ્ર સુજાણ, નરસિંહ ઉપર વારુ પ્રાણ.॥૨૫॥
સુણો ગુરુજી એમ જ કુંવર કહે, અવર નામ પ્રહ્‌લાદ કોઈ નહીં ભણે.॥૨૬॥
પાટી લઈને કુંવર ભણવા જાય, નરસિંહ જાપ જપે મન માંય.॥૨૭॥
કહે પ્રહ્‌લાદ સુણો સત્ સાર, નરસિંહ નામ મારે આધાર.॥૨૮॥
જેણે સૃષ્ટિનાં માંડયાં મંડાણ, ગર્ભવાસમાં ઉગાર્યા જાણ.॥૨૯॥

શ્રી નરસિંહ નામ જપે કરજોડ, ભક્ત ઓધાર્યા અનંત કરોડ.॥૩૦॥
ત્યારે વિપ્ર બોલ્યા સત્ ભાય, આ નામ સુણે જો હરણાકંસરાય.॥૩૧॥
કુંવરને શીખ દીધી અપાર, એવાં નામ ન ભણીયે બાળ.॥૩૨॥
કહે પ્રહ્‌લાદ સુણો વિપ્ર સુજાણ, નરસિંહ નામ પર વારુ પ્રાણ.॥૩૩॥
વિપ્ર વચન રાજા શું કહે, કુંવર કહ્યું ન માને નામ નરસિંહ લહે.॥૩૪॥
જેનાથી હોય તમારો કાળ, આજ તેનું નામ જપે છે બાળ.॥૩૫॥
રાજા વણસ્યો તમારો એ બાળ, એણે વણસાવી સર્વ નિશાળ.॥૩૬॥
કુંવર કરે છે એવું કામ, વિદ્યાર્થીઓને જપાવે એ અભંગનું નામ.॥૩૭॥
રાજા એ કુંવરને ન દેશો માન, તે સોનું ન પહેરીયે જે તોડે કાન.॥૩૮॥

ગુરુપુત્રો પ્રહ્‌લાદને ખૂબ ધમકાવીને અને સમજાવીને એને અર્થશાસ્ત્ર, દણ્ડનીતિ, રાજનીતિ વગેરે શિક્ષણ આપવા લાગ્યા. ગુરુએ શીખવેલ વિદ્યા પ્રહ્‌લાદ લક્ષ્યપૂર્વક ગ્રહણ કરતો હતો. એ ગુરુનું કદી અપમાન કરતો નહોતો. એમણે શીખવાડેલ વિદ્યાનો પણ કદી એ તિરસ્કાર કરતો નહોતો, પણ પ્રહ્‌લાદને એ વિદ્યાથી એના મનમાં કોઈપણ આસ્થા ઉત્પન્ન થતી નહોતી.

ગુરુપુત્રોએ પોતાના મનમાં વિચાર કર્યો કે, પ્રહ્‌લાદ હવે કંઈક સુશિક્ષિત થયેલ છે. માટે દૈત્ય રાજા પાસે લઈ જવામાં વાંધો નથી. આમ વિચાર કરીને પ્રહ્‌લાદને હિરણ્યકશ્યપુ પાસે લઈ ગયા. એનો વિનયશીલ સ્વભાવ જોઈને હિરણ્યકશ્યપુએ ખોળામાં બેસાડીને પૂછ્યું: 'કહે બેટા, તું તારા સમજણ પ્રમાણે ઉત્તમ જ્ઞાન કોને માને છે?'

પ્રહ્‌લાદે કહ્યું: 'ભગવાનનાં ગુણગાન અને ચરિત્ર શ્રવણ, એમની લીલાનું અને નામનું કીર્તન કરવું, એ મંગલમય પ્રભુનું સ્મરણ, એમના ચરણોની સેવા, એ પરમ પ્રભુની પૂજા, એમની વંદના, એમના પ્રતિ આસ્થા-દાસ્યભાવ, આત્મનિવેદન એ નવધા ભક્તિ છે. આ ભક્તિના આશ્રયથી ભગવાનમાં ચિત્ત લગાવવું, આ જ સમસ્ત અધ્યયનનું સર્વોત્તમ જ્ઞાન હું માનું છું.'

હિરણ્યકશ્યપુ તો ગુસ્સાથી લાલપીળો થઈ ગયો. એણે ખોળામાંથી બળપૂર્વક ધક્કો મારી પ્રહ્‌લાદને જમીન પર પછાડયો. હિરણ્યકશ્યપુએ ગુરુપુત્રોને ધમકાવીને કહ્યું કે: 'તમે લોકો મારા પુત્રને ખોટી શીખામણ આપી મારા શત્રુને પોષો છો. તમે પ્રહ્‌લાદને આવું જ્ઞાન શીખવ્યું છે?'

ગુરુપુત્રોએ કહ્યું: 'આમાં અમારો કોઈ દોષ નથી.' પિતા જોડેથી તિરસ્કૃત થઈને પણ પ્રહ્‌લાદ શાંત ઊભો હતો. એના મનમાં કોઈ પણ ક્ષોભ ઉદ્‌ભવ્યો નહીં.

એણે શાંત ચિત્તથી પિતાને કહ્યું: 'પિતાજી, તમે ગુસ્સે થશો નહીં. ગુરુપુત્રોનો આમાં કોઈ દોષ નથી. એ લોકો વિષયાસક્ત છે. ઘરના, પરિવારના મોહમાં એમની બુદ્ધિ બંધનમાં છે. એ તો નર્કમાં જનારા વિષયોનું વારંવાર સેવન કરનાર છે. એમની બુદ્ધિ તો પોતાના પ્રયત્નોથી શું પણ બીજાની પ્રેરણાથી પણ ભગવાન સાથે લાગવાની નથી. જેમ કોઈ એક આંધળાને માર્ગ બતાવી શકાતો નથી. તેમ જે તદ્ઘત સાંસારિક સુખોને જ પરમ પુરુષાર્થ માને છે એ ભગવાનના પરમ સ્વરૂપને

કઈ રીતે જાણી શકે ! એ બીજાને શું કલ્યાણકારક માર્ગ બતાવી શકે ! આપણા હૃદયમાંથી સંપૂર્ણ કલેશ અને સર્વ અનર્થનો નાશ તો ત્યારે જ થાય છે જયારે બુદ્ધિ ભગવાનના શ્રીચરણે લીન થાય છે, પરંતુ જયાં સુધી મહાપુરુષની ચરણરજ મસ્તક પર ધારણ ન કરીએ ત્યાં સુધી બુદ્ધિ નિર્મળ થઈને ભગવાન સાથે લાગતી નથી.'

નાનકડો બાળક ત્રિભુવન વિજયી દૈત્ય સામે નિર્ભય થઈને ઉપર પ્રમાણે એના શત્રુનો પક્ષ લઈને સમર્થન કરે છે. આ દૈત્ય રાજાને અસહ્ય લાગ્યું. જોરથી બૂમ મારી તેણે પોતાના ક્રૂર દૈત્યોને આજ્ઞા કરી કેઃ 'તાત્કાલિક આ દુષ્ટને મારી નાખો. હમણાં જ આ પ્રહ્લાદનો નાશ કરો, કોઈપણ પ્રકારનો વિચાર ન કરતા, પ્રહ્લાદનો નાશ કરવો જ જોઈએ. સોનું કેટલું ય મૂલ્યવાન હોય તો પણ જેના કારણે કાન તૂટવાનો સમય આવે છે એ સોનું કાનમાં રાખવાનો શું લાભ ? હમણાં ને હમણાં આ દુષ્ટનો વધ કરો. !!!

ત્યાં બોલ્યા છે હરણાકંસ ભૂપાળ, ડેરામાં મૂકી આવોને બાળ.॥૩૯॥
ભૂતપ્રેત ત્યાં બહુ જ હોય, તે બાલકને કરડી ખાય.॥૪૦॥
હરણાકંસ ડેરા પૂજે જયાંય, એક રાત્રી પ્રહ્લાદ રાખ્યા ત્યાંય.॥૪૧॥
જયારે ભક્ત પ્રહ્લાદ ડેરામાં ગયા, ટૂંક ટૂંક થઈને ડેરા ત્યાં પડયા.॥૪૨॥
બેઠા પ્રહ્લાદ શ્રી નરસિંહ ભણે, રાજા હરણાકંસ વાત જ સુણે.॥૪૩॥
પ્રહ્લાદને અંતરીક્ષ મળી સહાય, દેવળ ડેરા છેદ્યા છે ત્યાંય.॥૪૪॥
ત્યારે કુંવરને સમુદ્રમાં ધરે, બાલક મોત અવગતે મરે.॥૪૫॥
બાલક સમુદ્રમાં નાખી પાછા વળ્યા,હરિ હંસ બની બાળ બચાવ્યા.॥૪૬॥
દૈત્યે બાલક સમુદ્રમાં દીયો, હંસ રાજાએ ઉગારી લીયો.॥૪૭॥
બેઠા પ્રહ્લાદ નામ શ્રી નરસિંહ ભણે, રાજા હરણાકંસ વાત જ સુણે.॥૪૮॥
ભકતની માતા આવી એમ કહે, પાંચ દિવસ ધીરજ ધરી રહે.॥૪૯॥
માતા કુંવરને વારે છે જેહ, આપણા સ્વામી ભજશું તેહ.॥૫૦॥
પ્રહ્લાદ વચન બોલ્યા ત્યાંય, માતા નરસિંહ નામે ઉગરીયે આંય.॥૫૧॥

હિરણ્યકશ્યપુએ અત્યંત ક્રોધાવેષથી પોતાના અનુચરોને અને વિક્રાળ હિંસક પશુઓ જેવા દૂતોને હુકમ કર્યો કે; આ મારો પુત્ર નથી પણ પ્રત્યક્ષ શત્રુ છે. પ્રહ્લાદને પકડીને તમે આપણા ભૂત બંગલામાં એકલો જ નાખી દો.

જયાં અઘોરી રાક્ષસી તામસી પૂજા જે મંદિરમાં થતી હતી, જયાં નિત્ય પશુ બલિ અપાતી હતી એવા ભૂત પિશાચ લીલાથી ભરેલા એ બંદીગૃહમાં પ્રહ્લાદને દૂતો લઈ ગયા. તો પણ પ્રહ્લાદ શાંત જ હતો. મનમાં તે એક સરખું ઈશ્વર ચિંતન અને શ્રી નરસિંહ ભગવાનનું સ્મરણ જ કરતો હતો. એને ખાત્રી હતી કે મારા ભગવાન સર્વત્ર છે અને એ જ મારું શું પણ પૂર્ણ સૃષ્ટિના પ્રાણીમાત્રનું પાલન પોષણ અને રક્ષણ કરનાર છે. યમદૂતો જેવા એ રાક્ષસોએ ભક્ત બાળકને રાત્રીના સમયે ભૂતપ્રેતના ખંડેરમાં ધકેલી દીધો અને તેઓ બીકથી જીવ મુઠ્ઠીમાં લઈને ત્યાંથી ભાગી આવ્યા, કારણકે એમને પણ એ ભૂત પિશાચથી ખૂબ જ બીક લાગતી હતી.

રાત્રીના ભયાનક અંધારામાં ભક્ત બાળક પ્રહ્‌લાદ નિશ્ચિત અને નિર્ભય મનથી અંદર જઈને એક ઠેકાણે બેસી ભગવાનનું ભજન, ગુણસંકીર્તન અને નામસ્મરણ કરતો બેઠો હતો. ત્યાં જ એક દિવ્ય જ્યોતિ એ જગ્યાએ અંતરિક્ષમાંથી પ્રગટ થઈ અને ભક્ત પ્રહ્‌લાદને અભય આપીને બોલીઃ 'બાળક, તું બિલકુલ બીતો નહીં. આ તારા પિતાએ અને એમના અનુયાયીઓએ અન્યાયથી અને હિંસાચારથી હાહાકાર મચાવ્યો છે. એમના માટે મારે આવવું જ છે, પણ હજુ થોડી અવધિ બાકી છે ત્યાં સુધી આ ઉન્મત્ત રાક્ષસને વધારે ઉન્મત્ત બનાવી એમના જ હાથથી તેના પાપનો ઘડો ભરાવવો છે. માટે હે બાળક, એણે તને દુષ્ટ બુદ્ધિથી ત્રાસ આપ્યો છે, પણ તારો રક્ષક દાતા હું સર્વ સમર્થ છું. તું બિલકુલ ચિંતા કરીશ નહીં. સદૈવ આત્મચિંતનમાં તું મગ્ન રહે.' આ પ્રકારે નિર્ભયતાનું આશ્વાસન આપી એ નિર્મલ જ્યોતિ અંતરિક્ષમાં વિલીન થઈ ગઈ.

સવારે લોકો જુએ છે તો ભક્ત બાળક પ્રહ્‌લાદ નિશ્ચિત શાંત ચિત્તે ધ્યાનમગ્ન થઈ નારાયણનું સ્મરણ ભજન કરે છે. બધા લોકો આશ્ચર્ય પામ્યા કે ભક્ત પ્રહ્‌લાદને ધન્ય છે. આ હકીકત હિરણ્યકશ્યપુને સમજાતાં જ એના પગતળેની આગ મસ્તકમાં ગઈ. ક્રોધાવેશથી તે એ જગ્યાએ આવ્યો અને ત્યાંનું દૃશ્ય જોઈને દંગ રહી ગયો.

બધા લોકો સામે પોતાને નાનમ ન થાય અને બધા પર પોતાનો દાબ રહે એ માટે હિરણ્યકશ્યપુએ કઠોરવાણીથી પ્રહ્‌લાદની અત્યંત ઉપેક્ષા કરી અને એને પોતાના દૂતોને કહ્યું કેઃ આ કુલઘાતકને હમણાં ને હમણાં સમુદ્રમાં દૂર ફેંકી દો. દોરડાથી સારી રીતે કચકચાવીને બાંધી એ નિરપરાધ બાળકને એ સર્વ દુષ્ટ દૈત્ય દૂતોએ સમુદ્રમાં ફેંકી દીધો. હવે તો એ જીવતો રહે એ શક્ય નથી, પણ એનું આગળ શું થાય છે એ જોવા માટે એક ઊંચી ટેકરી પર જઈને તેઓ જોવા લાગ્યા.

અહીં ભક્ત બાળક બાંધ્યો એ વખતે પ્રહ્‌લાદને બ્રહ્માંડ યાદ આવ્યું. અનંત કોટિ બ્રહ્માંડના નાયકની ભક્તિભાવથી પ્રહ્‌લાદ તાદાત્મ્ય પામ્યો હતો, એને ક્યાંથી આ કાગડાની બીક લાગે ! પ્રહ્‌લાદના ચિત્તમાં શેષશાયી નારાયણનું તાદત્મ્ય ચાલુ જ હોવાથી સમુદ્રનું પાણી એને શું કરી શકવાનું હતું ?

પ્રહ્‌લાદને સમુદ્રમાં નાખતાં જ ભગવાને હંસનું રૂપ ધારણ કરી પ્રહ્‌લાદને તરત પોતાની પીઠ પર ઉંચકીને બેસાડ્યો અને સુખ રૂપ કિનારે લાવ્યા.પ્રહ્‌લાદનાં બધાં બંધન તોડી નાખ્યાં અને પોતાના પ્રિય ભક્તને પ્રેમથી કિનારે મૂકી એ હંસ દૂર નીકળી ગયો. બાળક પ્રહ્‌લાદ સ્વસ્થ ચિત્તે સાગર તટે બેસીને નારાયણનું ભજન કરવા લાગ્યો. યમદૂત જેવા દૈત્ય દૂતોએ એ બધી હકીકત રાજા હિરણ્યકશ્યપુને કહી.

રાજા કહે સર્પ ડસાવો બાળ, ચડે વિષ ઉપજે કાળ. ॥૫૨॥
આણી સર્પ ડસે પ્રહ્‌લાદ કાય, પણ તે વિષ મટી અમૃત થાય. ॥૫૩॥
બેઠા પ્રહ્‌લાદ નામ નરસિંહ ભણે, રાજા હરણાકંસ વાત જ સુણે. ॥૫૪॥
રાજા કહે હસ્તી તળે નાખો બાળ, કુંવરને મારી નાખે તત્કાળ. ॥૫૫॥
ત્યાં બેઠા પ્રહ્‌લાદ નરસિંહ નામ ભણે, રાજા હરણાકંસ વાત જ સુણે. ॥૫૬॥
રાજા કહે ઘાણીમાં પિલાવો આજ, એના છુંદાય મસ્તક છુંદાય કાય. ॥૫૭॥
ભકતને ઘાણીમાં પિલાવ્યો જઈ, લાઠ ભાંગીને નવ કટકા થઈ. ॥૫૮॥
ત્યાં બેઠા પ્રહ્‌લાદ નામ નરસિંહ ભણે, હરણાકંસ વાત જ સુણે. ॥૫૯॥
રાજા કહે મેં દેવળ પૂજયાં જયાંય, બાલકને લઈ મેલો ત્યાંય. ॥૬૦॥
કુંવરને ડેરામાં પૂર્યા તત્કાળ, ભૂતપ્રેત આવ્યાં તેણીવાર. ॥૬૧॥

દેવ હજુરમાંથી હથીયાર ઉતાયા જયાંય, દેવળ છેદી ટુકડા કર્યા ત્યાંય. ॥૬૨॥
દૈત્ય હિરણ્યકશ્યપુ બોલ્યો તત્કાલ, ડુંગરે જઈને ગબડાવ્યા બાળ. ॥૬૩॥
ભકતને ડુંગરે ચઢાવ્યા જયાંય, અંતરીક્ષથી પવન આવ્યા ત્યાંય. ॥૬૪॥
ડુંગર ઉપરથી ગબડાવ્યા બાળ, પવન દેવે રક્ષા કરી ત્યાંય. ॥૬૫॥
પ્રહ્‌લાદ નામ નરસિંહ ભણે, રાજા હરણાકંસ વાત જ સુણે. ॥૬૬॥
માતા કહે પાંચ દિવસ ધીરજ ધરો, આપણા સ્વામીની સેવા કરો. ॥૬૭॥
ભકત માતા શું બોલ્યાં જયાંય, નરસિંહ હાજર બેઠા છે આંય. ॥૬૮॥
બેઠા પ્રહ્‌લાદ નામ નરસિંહ ભણે, રાજા હરણાકંસ વાત જ સુણે. ॥૬૯॥

હિરણ્યકશ્યપુએ ચિડાઈને મોટેથી બરાડીને પોતાના ક્રૂર દૈત્યોને આજ્ઞા કરી કે જાવ, તાત્કાલિક આ મારા દુષ્ટ પુત્રને મારી નાખો, પણ પ્રહ્‌લાદ નિર્ભયતાથી ઊભો હતો. પ્રહ્‌લાદને સર્વત્ર પોતાના દયામય પ્રભુ જ દેખાતા હતા. બીકનું કારણ લાગતું નહોતું. હિરણ્યકશ્યપુને આશ્ચર્ય થયું.

એણે તો કોઈપણ ઉપાયે પ્રહ્‌લાદને ઠાર મારવાનો નિશ્ચય કર્યો. અનેકાનેક ઉપાય હિરણ્યકશ્યપુએ કરીને જોયા. ઉન્મત્ત હાથીના પાદ તળે પ્રહ્‌લાદને હાથપગ બાંધી નાખી દીધો, પણ હાથીએ પ્રહ્‌લાદને પોતાની સૂંઢથી ઉપાડીને પોતાના મસ્તક પર બેસાડ્યો. જે હાથી ઉન્મત્ત થઈને પ્રહ્‌લાદ ઉપર દોડી આવ્યો એ જ હાથીએ પ્રહ્‌લાદનો આદર કર્યો.

પછી પ્રહ્‌લાદને એક બંધ કોટડીમાં રાખી એમાં ભયંકર વિષારી સર્પ છોડવામાં આવ્યા. મોટા ફુત્કાર કરીને કેટલાય સર્પોએ વિષની જ્વાળા પ્રહ્‌લાદના શરીર પર છોડી, પણ એ વિષની પ્રહ્‌લાદ પર કોઈ અસર થઈ નહીં. ઉલટા સર્પો જ બેભાન મૃતવત્ થઈને ત્યાં પડી રહ્યા.

જંગલી સિંહોને જ્યારે પ્રહ્‌લાદના શરીર પર છોડ્યા ત્યારે મોટેથી ગર્જના કરીને એની પૂંછડી જમીન પર જોરજોરથી પછાડતા એ ભયંકર સિંહો પ્રહ્‌લાદ પાસે જતાં જ પાળેલા કૂતરાની જેમ પૂંછડી હલાવતા પ્રહ્‌લાદની સાથે જઈને બેસી ગયા.

પછી પ્રહ્‌લાદને ઉગ્ર વિષ આપવામાં આવ્યું, વિષનો પણ પ્રહ્‌લાદ ઉપર કોઈપણ પ્રભાવ પડયો નહીં, ઉલટું એના પેટમાં ગયા પછી વિષ પણ અમૃત થઈ ગયું.

એ પછી પ્રહ્‌લાદને કેટલાક દિવસો સુધી અન્નનો દાણો કે પાણીનું ટીપું પણ આપ્યું નહીં, તો પણ પ્રહ્‌લાદ હતાશ ન થતાં પહેલાંના જેવો જ પ્રફુલ્લિત મનથી ભગવાનનું ભજન કરતાં કરતાં આનંદમાં મગ્ન રહેતો હતો.

એકવાર એક મોટા ઊંચા પર્વત પર પ્રહ્‌લાદને લઈ જઈ હાથપગ બાંધીને અને એક મોટી શિલા પ્રહ્‌લાદના કમર પર બાંધી ટેકરી પરથી સમુદ્રમાં ગબડાવી દીધો, તો પણ એ પ્રસંગે ભક્ત બાળક ક્ષેમકુશળ બહાર આવ્યો અને આનંદથી ભગવાનનું ગુણકીર્તન ગાતો ગાતો કૂદકા મારતો ઘેર આવ્યો.

ત્યારપછી પ્રહ્‌લાદને કેટલાક દૈત્યોએ પકડીને તેલ કાઢવાની પ્રચંડ ઘાણીમાં નાખી દીધો, જોરજોરથી લાટ ફેરવવા લાગ્યા, પણ આશ્ચર્ય ! ઘાણીની એ પ્રચંડ લાટ મોટેથી કડકડાટ અવાજ કરીને તૂટી ગઈ અને અગણિત તેના ટુકડા થઈ ગયા.

બધા દૈત્યોને અને હિરણ્યકશ્યપુને પણ લાગ્યું કે પ્રહ્‌લાદની પાસે કોઈક માયાવી સિદ્ધિ હોવી જોઈએ કે એનો પ્રયોગ કરીને એ પોતાનું રક્ષણ કરે છે, પણ હિરણ્યકશ્યપુને એ ક્યાંથી ખબર હોય કે બધા સિદ્ધિના દાતા અને નિયામક ત્રિભુવન ભગવાન વહાલા ભક્તને સહાયક થયા છે એવા ભક્તને કઈ વાતનો ભય હોય !

છેલ્લે દૈત્ય રાજા હિરણ્યકશ્યપુ અને એના સાથીદાર દૈત્યોએ માયાવી પ્રયોગ કરીને પ્રહ્‌લાદનો ગમે તેમ કરીને નાશ કરવો એમ નક્કી કર્યું, પરંતુ કોઈપણ પ્રપંચી શક્તિ પ્રહ્‌લાદ સામે ટકતી શક્તી નહોતી. પ્રહ્‌લાદ ફક્ત પોતાના નેત્ર ઉઘાડી તેમની સામે જોતો એટલે એ આપોઆપ નષ્ટ થઈ જતી. ગુરુપુત્ર ષણ્ડ અને અકર્મએ અત્યાચારથી પ્રહ્‌લાદને મારવા માટે એક કૃત્યા ઉત્પન્ન કરી, પરંતુ એ કૃત્યાએ ગુરુપુત્રોને જ ઉલટાના મારી નાખ્યા. પ્રહ્‌લાદે ભગવાનને પ્રાર્થના કરીને ગુરુપુત્રોને ફરી જીવીત કર્યા. આ રીતે પ્રહ્‌લાદને મારવાના પ્રયત્ન કરનારને જ એણે મૃત્યુના મુખમાંથી છોડાવ્યા. ધન્ય એ ભક્ત જેનું ચિત્ત ભગવાન જોડે લાગેલ છે ! જે સર્વત્ર દયામય પ્રભુને પ્રત્યક્ષ જોવે છે એની કિંચિત્ પણ હાની ભગવાન કઈ રીતે થવા દે !

બોલ્યા રાજા મારું એ કાજ, એને હોળીમાં બાળીએ આજ. ॥૭૦॥
એ દાનવ ક્રોધે જો થયો, કુંવરને હોળીમાં બાળવા ગયો. ॥૭૧॥
હોળી લગાડી કીધી જવાળ, બ્રાહ્મણ રૂપે આવ્યા શ્રી ગોપાળ. ॥૭૨॥
હોળીને સૂતર વિંટયા છે જેહ, ભકતની રક્ષા કાજે તેહ. ॥૭૩॥
માતા રુદન કરે છે જઈ, લઈ અનામત કુંવરને રાખો સહી. ॥૭૪॥
ત્યાં ભકતની માતા હોળી વધાયે, બાળ તું અમને પ્રસન્ન હોયે. ॥૭૫॥
કુંવરને હોળીમાં બાળવા કાજ, ચિતા ઉપર કાષ્ટ મૂકયાં અપાર. ॥૭૬॥
ફરતાં લોક ઊભાં રહે આસપાસ, વચમાં અગ્નિ લગાડયો થયો પ્રકાશ. ॥૭૭॥
ફરતાં લોક દાઝે છે અંગ, અગ્નિ કુંવરની કાયાનો ન કરે સંગ. ॥૭૮॥
જેનો સખા છે શ્રી દીનદયાળ, ત્યાં ચડી સત્ય શું બેઠો બાળ. ॥૭૯॥
રાજા કહે છે મારું અવિચળ રાજ, હોળીમાં દુશ્મન બાળું આજ ॥૮૦॥
ત્યારે વહાણું વાયુને ઊગ્યો ભાણ, પ્રહ્‌લાદ ભણે છે નરસિંહ નામ ॥૮૧॥

અંતે હિરણ્યકશ્યપુએ કંટાળીને એક છેલ્લો પ્રયોગ આચરવાનું વિચાર્યું. હિરણ્યકશ્યપુએ લાકડાનો પર્વત જેવો ઢગલો કરવાનું એના સેવકોને કહ્યું. રાજાની આજ્ઞા પ્રમાણે નક્કી કરેલા સમયે પ્રત્યેક નગરજનોએ પોતાનું ઈંધણ લઈને ત્યાં હાજર રહેવું. અસુરોએ એક મોટી ચિતા પ્રહ્‌લાદને બાળી નાખવા માટે તૈયાર કરી.

લોકોને જ્યારે ખબર પડી કે, પ્રહ્‌લાદને બાળવા માટે આ ચિતા બનાવી છે ત્યારે કોમળ અંતઃકરણના નગરજનોને પ્રહ્‌લાદ માટે સહાનુભૂતિ જાગી, હૃદય દ્રવીત થયાં પણ કોઈનામાં બોલવાની હિંમત નહોતી કારણ કે હિરણ્યકશ્યપુના ક્રોધના ભોગ બનવું પડે એટલે અંતઃકરણથી જ એમણે પ્રહ્‌લાદનું રક્ષણ કરવા માટે, સહાય કરવા માટે મનોમન ઈશ્વરને પ્રાર્થના કરવા લાગ્યા.

પ્રહ્‌લાદની મા ક્યાધુને પણ પોતાના વહાલા પુત્રની આ કઠોર શિક્ષા નરી આંખે જોવાની હતી, પણ આ વખતે તેને વિશેષ ધૈર્ય રાખી એક ચિત્તથી અગ્નિને મનોમન પ્રાર્થના કરી કેઃ 'હે અગ્નિ નારાયણ, કુંભારના ધગધગતા ઢગલામાંથી તમે જે પ્રમાણે બિલાડીનાં બચ્ચાં સુરક્ષિત રાખ્યાં હતાં એ પ્રમાણે મારા બાળકનું પણ તમે રક્ષણ કરજો. મારા બાળકની આ અનામત તમને સુપ્રત કરી છે. હે પ્રભુ ! માતાનું અંતઃકરણ તો તમે જાણો છો જ ! પણ રાજસત્તા આગળ મારું કંઈ બળ ચાલી શકે તેમ નથી, માટે તમે આ મારા પુત્રને સંભાળો. આ રીતે પ્રાર્થના કરીને માતા કયાધુએ હોળીની પૂજા કરી.

તેટલામાં બ્રાહ્મણ વેષ ધારણ કરીને અગ્નિ નારાયણે ક્યાધુને દર્શન આપીને આશ્વાસન આપ્યું : 'બાળા, તું ચિંતા ન કરીશ. આમ આશ્વાસન આપી બ્રાહ્મણ દેવતા અદશ્ય થઈ ગયા.

અહીં હિરણ્યકશ્યપુએ વિચાર કર્યો કે, પોતાની બહેન જે હોલિકા છે એને કહ્યું કેઃ તને તપના સામર્થ્યથી અગ્નિ નિવારક જે વસ્ત્ર મળેલ છે એ પહેરીને સર્વ અંગ એનાથી ઢાંકીને આ આપણા શત્રુ પ્રહ્લાદને ખોળામાં બરાબર પકડી રાખ એટલે તે ક્યાંય ભાગી ન જતાં અગ્નિમાં બળીને ભસ્મ થઈ જાય.

હોલિકા પ્રહ્લાદને ખોળામાં બેસાડી એ મોટા લાકડાના ઢગલા પર બેઠી અને અગ્નિ લગાડવામાં આવ્યો. ધીમે ધીમે અગ્નિ જવાળા ગગનમાં પહોંચી. દેવ યોગે વાયુના વેગથી હોલિકાનું અગ્નિ નિવારક વસ્ત્ર ઊડી ગયું એ કોઈએ જોયું નહીં. મોટેથી બૂમો પાડતી હોલિકા એ અગ્નિમાં ભસ્મ થઈ ગઈ.

પ્રહ્લાદે એ પ્રચંડ અગ્નિમાં નિશ્ચળ શાંત ચિત્તથી બેસીને પોતાની ધીર ગંભીર વાણીથી પિતાને કહ્યુંઃ 'પિતાજી, તમે ભગવાનનો દ્વેષ કરવાનું છોડી દો ! નારાયણના નામનો આ પ્રભાવ તો જુઓ કે આ અગ્નિ પણ મને અત્યંત શીતલ લાગે છે ! તમે સર્વ સત્તાધીશ એવા શ્રી હરિ નારાયણનું સ્મરણ કરી સાંસારિક તાપથી નિર્ભયપણે મુક્ત થાઓ !'

પુત્રનું ધૈર્ય અને તેની નિર્ભય, નિશ્ચલ, શાંત વાણી અને સ્થિતિ જોઈને દૈત્યરાજ હિરણ્યકશ્યપુ ભયથી વિહ્વળ થઈ ગયો અને એ વિચાર કરવા લાગ્યો કે આ નાનકડો બાળક 'મારા મૃત્યુનું કારણ તો નહીં બનેને' ! ક્ષણભર એ પૂર્વવત્ પોતાની ભૂમિકા પર આવ્યો, ગુરુપુત્રોએ કહ્યા પ્રમાણે શિક્ષણ અને સંગના પ્રભાવથી પુત્ર સુધરી જશે એમ એની ઈચ્છા હતી.

ગુરુગૃહે ગુરુએ શીખવેલી વિદ્યા એ ગ્રહણ કરતો હતો, પણ એનું ચિત્ત એમાં રહેતું નહોતું. જ્યારે બંને ગુરુ આશ્રમના કામકાજમાં વ્યસ્ત હોય ત્યારે પ્રહ્લાદ પોતાના બધા સહપાઠી મિત્રોને બોલાવી લેતો હતો. એક તો એ રાજકુમાર અને અત્યંત નમ્ર, બધા પર પ્રેમ કરનાર હતો એટલે બોલાવતાંની સાથે જ બધા છોકરાઓ પોતાની રમત વગેરે છોડીને પ્રહ્લાદની પાસે એકત્ર થઈ બેસી જતા. પ્રહ્લાદ અત્યંત પ્રેમથી એ બાળકોને સમજાવીને કહેતો કે; 'બંધુઓ, આપણો આ મનુષ્ય જન્મ વ્યર્થ નષ્ટ કરવો યોગ્ય નથી. જો આ મનુષ્ય દેહમાં આવી ભગવાનની પ્રાપ્તિ નહીં થાય તો આપણને ખૂબ મોટું નુકશાન થશે એમ સમજજો. ઘરબાર, સ્ત્રી-પુત્ર, રાજ્ય-ધન વગેરે તો દુઃખ જ આપનાર છે. એમાં મોહ કરવાથી નરક ગતિ પ્રાપ્ત થાય છે. ઈંદ્રિયોને વિષયથી અલગ કરવી એ જ ખરું સુખ શાંતિનું મૂળ છે. ભગવાન પ્રાપ્તિનું સાધન તો મુખ્યતઃ આ બાલ્યાવસ્થામાં જ સાધ્ય કરવું પડે. મોટા થયા પછી તો સ્ત્રી પુત્રના મોહમાં મન બદ્ધ થઈ જાય છે અને વૃદ્ધાવસ્થામાં કેટલીય ઈચ્છા થાય તોય કંઈ કરી શકાશે નહીં. ભગવદ્ પ્રાપ્તિ માટે ખૂબ પરિશ્રમ કરવો પડે છે એવું નથી. એ તો આપણા બધાના હૃદયમાં રહે છે. બધા પ્રાણીમાત્રમાં એ એક જ ભગવાન છે માટે કોઈપણ પ્રાણીને દુઃખી કરી કષ્ટ ન આપવું, મનને હંમેશાં ભગવાનમાં જ લગાવવું જોઈએ.'

પ્રહ્લાદના સાદા સરળ આ ઉપદેશનો દૈત્ય બાળકોના મન પર ખૂબ પ્રભાવ પડતો હતો. વારંવાર સાંભળ્યા પછી આ ઉપદેશાનુસાર વર્તવાનો એ બધાં પ્રયત્ન કરવા લાગ્યાં.

શુક્રાચાર્યના પુત્રો ષણ્ડ-અમર્કએ આ બધું જોયા પછી એમને ખૂબ જ બીક લાગવા માંડી. એમણે પ્રહ્લાદને દૈત્યરાજ હિરણ્યકશ્યપુ પાસે લઈ જઈને બધી વાતોનું નિવેદન કર્યું. મનમાં સારા એવા ઉપાય શોધી જોયા પણ એકે ઉપાય સૂઝતો નહોતો, કારણકે પ્રહ્લાદને મારવાનો એક પણ ઉપાય હિરણ્યકશ્યપુએ બાકી રાખ્યો નહોતો. છેલ્લે તેને એક યુક્તિ સૂઝી.

દૈત્યને મન વસ્યો કાળ, લોહ સ્તંભે બાંધું એ બાળ.॥૮૨॥
આણી સ્તંભ અગ્નિ ધિકાય, ત્યારે ધગ ધગ સ્તંભ જ થાય.॥૮૩॥
લોહ સ્તંભમાંથી અગ્નિ ઝરે, પ્રહ્‌લાદ મનમાં હરિ નામ જ ઓચરે.॥૮૪॥
નગરના લોક ઊભા ત્યાંય, સકલ સભાને બેઠા રાય.॥૮૫॥
બોલ્યા રાજા એ લાવો બાળ, સ્તંભ શું બાંધોને તત્કાળ.॥૮૬॥
લાવી પ્રહ્‌લાદ સભાની માંય, શીશ ઉઘાડે ઊભા રહ્યા ત્યાંય.॥૮૭॥
વજ્ર સાંકળે બાંધવાને થંભે, રાજા બોલ્યો ધરી મનમાં દંભે.॥૮૮॥
જયાં ત્યાંથી નાઠો હતો બાળ, હવે તારો કોણ થાય રખવાળ.॥૮૯॥
નરસિંહ નામે સ્મરણ કીયો, હવે તારો સ્વામી કયાં ગયો.॥૯૦॥
અરે બાલક તું આવો અજાણ, નરસિંહ નામે ખોવે છે પ્રાણ.॥૯૧॥
અરે આવી શું મન હઠ કરે, લોક દેખતાં તું કાં મરે.॥૯૨॥
ત્યારે કુંવર બોલ્યા પ્રકાશ, હરદમ હાજર શ્રી નરસિંહ પાસ.॥૯૩॥
ત્રણ લોક માંહે છે ભરપૂર, લોહ થંભમાં છે નહીં દૂર.॥૯૪॥
જેવી ફૂલ માંહે છે વાસ, તેવા શ્રી નરસિંહ હમારે પાસ.॥૯૫॥
જેમ નયનોમાં મૂરત જોય, તેવા શ્રી નરસિંહ હાજર હોય.॥૯૬॥
હે રાજા પ્રહ્‌લાદ વચન એવું કહે, મારો સ્વામી આ સ્તંભમાં રહે.॥૯૭॥
એવાં વચન કહ્યાં પ્રહ્‌લાદ, ફાટયો થંભને થયો પ્રચંડ નાદ.॥૯૮॥
નરસિંહ રૂપે હુવા પ્રકાશ, જાણે તૂટી પડયું છે આકાશ.॥૯૯॥
ચોથે શ્રી નરસિંહ અવતાર, ભકત વારે ધાયા શ્રી દેવ મોરાર.॥૧૦૦॥
ભકતોને કારણ અવતાર લીયા, ફાટયો સ્તંભને પ્રગટ થીયા.॥૧૦૧॥

દૈત્યરાજ હિરણ્યકશ્યપુના મનમાં કાળ સવાર થયો હતો. 'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ'. પ્રહ્‌લાદ આ મારો જ પુત્ર હોવા છતાં મારી આજ્ઞા પાળતો નથી. તેથી બધા નગરજનો સામે અને મારા બધા મંત્રીગણ સમક્ષ હું એને જાહેર રીતથી પ્રાણાંતની શિક્ષા કરીશ. અગ્નિથી તપાવેલા ધગધગતા લોહ સ્તંભથી વ્રજપ્રાય એવા લોખંડી સાંકળદંડથી પ્રહ્‌લાદને બાંધી એને દેહાન્તની શિક્ષા કરવામાં આવશે એમ હિરણ્યકશ્યપુએ જાહેર કર્યું. બધા નગરજનોને એ શિક્ષા વખતે હાજર રહેવા કહ્યું, આદેશ પ્રમાણે આખું નગર વધ સ્થળે હાજર થઈ ગયું. કોઈ ઉત્સુક્તાથી, કોઈ રડતાં રડતાં, તો કોઈ નિરાશ વદને હાજર રહ્યાં.

લોહ સ્તંભમાંથી લાલઘૂમ અગ્નિ જવાળા નીકળે ત્યાં સુધી તપાવવામાં આવ્યો અને પછી બાળક પ્રહ્‌લાદને યમદૂત જેવા ક્રૂર સૈનિકોએ એ વધ સ્થળે હાજર કર્યો.

અત્યંત નમ્ર અને નિશ્ચળ ભાવથી અને નિર્ભયતાથી ભગવાનનું સ્મરણ કરતાં કરતાં બાળક પ્રહ્‌લાદ વધ સ્થળે હિરણ્યકશ્યપુ સામે ઊભો રહ્યો. પ્રહ્‌લાદે પિતાનું અભિવાદન કર્યું. બધા નગરજનો જોઈ રહ્યા. પ્રહ્‌લાદ માટે બધાંના મનમાં પ્રેમભાવ અને આદરભાવ જાગૃત થતો હતો પણ હિરણ્યકશ્યપુની કઠોર નજરથી રાજસત્તા સામે બોલવાની કોઈનામાં હિંમત નહોતી.

માતા ક્યાધુને પણ એ જગ્યાએ ઉપસ્થિત રહેવા ખાસ આદેશ કર્યો હતો. રાજજ્ઞાનુસાર માતા કયાધુને પણ નજરોનજર પોતાના પ્રિય પુત્રની હત્યા જોવાનું દુર્ભાગ્ય પ્રાપ્ત થવાનું હતું.

એટલામાં દૈત્યરાજ હિરણ્યકશ્યપુએ પ્રહ્લાદને આક્રોશભર્યા અવાજે ગર્જના કરતાં કહ્યું: 'અરે દુષ્ટ, કુલઘાતક, જયાં ત્યાંથી છુટી જઈ પ્રાણ રક્ષા કરે છે ? પણ હવે આ ધગધગતા લોહ સ્તંભમાં આ વ્રજપ્રાય સાંકળદંડથી બાંધીને તારી કેવી દશા કરું છું. હવે તું નિશ્ચિત સમજ કે અહીંથી ભાગીને ક્યાંય જઈ શકીશ નહીં અને એ કોણ નારાયણ છે કે જે તારો સહાયક થઈને ક્યાં બેઠો છે ? હવે એ તારું રક્ષણ કઈ રીતે કરે છે એ હું જોઈ લઈશ.' એમ કહી પ્રહ્લાદને સ્તંભથી બાંધવાની દૂતોને આજ્ઞા કરી. ત્યારે નિર્ભયતાથી અને નમ્રતાથી પ્રહ્લાદ શ્રી નરસિંહ ભગવાનનું સ્મરણ કરવા લાગ્યો.

પછી હિરણ્યકશ્યપુએ ક્રોધાવેશમાં કહ્યું: હે દુષ્ટ પુત્ર પ્રહ્લાદ, આ ધગધગતા અગ્નિમય લોહ સ્તંભમાં પણ તારો ભગવાન છે ?

પ્રહ્લાદે પ્રત્યુત્તર આપતાં કહ્યું કે; પિતાજી, સર્વ વ્યાપક શ્રી હરિ આ લોહ સ્તંભમાં પણ છે.

હિરણ્યકશ્યપુએ પ્રહ્લાદનાં આ વાક્યો પણ પૂરાં થવા દીધાં નહીં. એણે અતિશય ક્રોધથી સિંહાસન ઉપરથી કૂદકો મારી પૂર્ણપણે શક્તિ ભેગી કરી જોરથી એ લોહ સ્તંભને લાત મારી અને એ સાથે મહાભયંકર અવાજ થયો ને જાણે આખું બ્રહ્માંડ જ ફાટ્યું હોય એવા દિવ્ય નાદની ગર્જનાનો એ જગ્યાએ નિનાદ થયો.

બધા લોકો ભયભીત થઈ ગયા. હિરણ્યકશ્યપુ પણ સ્તંભીત થઈ આશ્ચર્ય ચકિતથી આમ તેમ જોવા લાગ્યો, એણે જોયું કે એ સ્તંભ વચ્ચોવચ્ચથી ફાટી ગયો અને એમાંથી મનુષ્યનું શરીર અને સિંહનું મુખ હોય તેવું એક અદ્ભુત, વિકરાળ દિવ્ય તેજસ્વી નરસિંહ સ્વરૂપ ધારણ કરીને શ્રી હરિ પ્રગટ થયા.

અત્યંત તેજસ્વી સહસ્ર સૂર્ય એકત્રિત થઈ પ્રકાશમાન હોય એવું દિવ્ય સ્વરૂપ તેમનું હતું. એમના દાંત જાણે પૂર્ણિમાના ચંદ્ર જેમ ભાસતા હતા અને પૂંછડી તો જાણે પ્રત્યક્ષ હજાર ફેણ ધારણ કરનાર વાસુકી નાગ જેવી લાગતી હતી અને જીભ તો જાણે વિદ્યુતથી જળહળે છે એમ લાગતું હતું.

થંભમાંથી પ્રગટ નરસિંહ થાય, પ્રહ્લાદ શ્રી હરિને લાગ્યો પાય. ॥૧૦૨॥
શ્રી નરસિંહ રૂપે દેવ પ્રગટ જાણ, સહસ્ર કળા શું ઉગ્યો ભાણ. ॥૧૦૩॥
ચોથે શ્રી નરસિંહ રૂપ જો ધરી, ભકત કારણે આવ્યા શ્રી હરિ. ॥૧૦૪॥
સંધ્યા વેળાયે ધર્યું છે ધ્યાન, શ્રી નરસિંહ રૂપ ત્યાં ધર્યું ભગવાન. ॥૧૦૫॥
દાંત જાણે પૂનમનો ચંદ, ભકતને મન થયો આનંદ. ॥૧૦૬॥
ફેરવે પૂંછ જેમ વાસંગ નાગ, દૈત્ય હિરણ્યકશ્યપુ ચાલ્યો ભાગ. ॥૧૦૭॥
નરસિંહ રૂપે ઝાલી છે તેની બાંય, થરથર ધ્રુજે છે રાજા ત્યાંય. ॥૧૦૮॥
અરે દુષ્ટ તે શું જુલમ કીયો, મારા ભકતને બહુ દુઃખ દીયો. ॥૧૦૯॥
મને કેમ મારશો નાથ, પ્રથમ સુણો એમ મારી વાત. ॥૧૧૦॥
તમે છો ત્રિભુવનના નાથ, પણ શંકરે મૂકયો મુજ શિર પર હાથ. ॥૧૧૧॥
શંકર આગળ બહુ તપ કીયા, શંકરે દસ વરદાન મુજને દીયા. ॥૧૧૨॥
શંકરનાં વચન વિચારી જોય, નરસિંહ કેમ મારી શકો મોય. ॥૧૧૪॥

ખોળે લીધો છે ને કીધી સહાય, દીધો કોલ જૂઠો કેમ થાય.॥૧૧૫॥
ધરતી આકાશે મારું નહીં મોત, સ્ત્રી પુરુષ મારે નહીં કોય.॥૧૧૬॥
ઘર બહાર આંગણે નવ મરું, એસા વચન તમ શું ઓચરું.॥૧૧૭॥
લોઢે લાકડે મોત ન હોય, લીલે સૂકે ન મારે કોય.॥૧૧૮॥
રહેણી દિવસે મોતે નહીં મરું, સ્વામી એવી વાણી તમ શું ઓચરું.॥૧૧૯॥
સુણો નરસિંહ વાત કહું શું ઘણી, મારી કાયા છે અમર તણી.॥૧૨૦॥
સકળ જન્મારો અમર કીયો, શંકરે અમને એવો વર દીયો.॥૧૨૧॥
શંકરના વચન વિચારો જોય, તો નરસિંહ તમે કેમ મારો મોય.॥૧૨૨॥
મારી કાયા અમર કીધી એ પેરે, એવી વાણી રાજા ઓચરે.॥૧૨૩॥
એવા વરદાને રક્ષા જો કરી, તમે મુજને મારો કેમ કરી.॥૧૨૪॥
શ્રી નરસિંહ રૂપે બોલ્યા સત્ ભાય, સુણ તું હરણાકંસ રાય.॥૧૨૫॥
હું સંશય તારો ટાળું જેહ, ઈશ્વર જેવી કળા કરું તેહ.॥૧૨૬॥
અર્ધ બિંબ સૂર્ય અસ્ત થાય, શ્રી હરિએ રાજાની પકડી છે બાંય.॥૧૨૭॥
સુણો રાજા કહું વિચાર, શ્રી નરસિંહ રૂપ લઈ બેઠા બહાર.॥૧૨૮॥
સૂર્યાસ્ત સમે સમી સાંજ થાય, દેવ ધરી બેઠા માંડી પાય.॥૧૨૯॥
સુણો રાજા કહું સત્ય ભાય, આ ઘર કે આંગણું કહેવાય.॥૧૩૦॥
સુણ તું મૂરખ દૈત્ય અજાણ, આ ધરતી છે કે આસમાન.॥૧૩૧॥
સુણો રે રાજા કહું વિચાર, આ હું નર છું કે નાર.॥૧૩૨॥
શ્રી હરિએ પરાક્રમ કીધા જેહ, ત્યારે વિકરાળ નખ વધાર્યા તેહ.॥૧૩૩॥
નખ વધારી કહે નરસિંહ ત્યાંય, આ લોઢુ કે લાકડું કહેવાય.॥૧૩૪॥
લીલું કે સુકું વિચારી જોય, ઈશ્વર વાચા એવી હોય.॥૧૩૫॥
દૈત્ય બોલ્યો ત્યાં કરગરી, ઈશ્વર તમે અકળ કળા કરી.॥૧૩૬॥
સુણો મહારાજ કહું સત્ય ભાવ, એટલું માગતાં ચૂકયો હું દાવ.॥૧૩૭॥

આ પ્રકારે ભક્તોનું રક્ષણ કરવા માટે અને પ્રહ્લાદ પર આવેલ સંકટ નિવારણ કરવા માટે ભગવાનને એ વિકરાળ સ્વરૂપ ધારણ કરીને આવવું પડ્યું. ભક્ત પ્રહ્લાદ વિનમ્ર ભાવે ભગવાનના ચરણમાં નમી પડ્યા. પ્રહ્લાદને જે સાંકળદંડથી બાંધી રાખ્યો હતો એ બંધન તો ક્યારનાંય તૂટીને ફેંકાઈ ગયાં હતાં. પ્રહ્લાદની આજુબાજુના સૈનિકો તો બીકના માર્યા મૂર્છિત થઈ પડ્યા હતા. તેઓ તો ઊઠી શક્યા જ નહીં.

સંધ્યા સમયે ભગવાને દિવ્ય રૂપ ધારણ કરીને હિરણ્યકશ્યપુને પોતાની પૂંછડીથી પકડીને બાંધી લીધો અને પછી એના બંને બાહુ કચકચાવીને પકડીને દરવાજામાં ખેંચતા લાવ્યા. ભયંકર વિકરાળ તેજસ્વી અને ભક્તના સંતાપથી લાલબદ્ધ ક્રોધાયમાન થયેલા ભગવાનના મુખ સામે કોઈનાથી પણ જોવાતું નહોતું. તેમણે એકવાર ભયંકર ગર્જના કરી વિદ્યુતલતા જેવી ઝળઝળતી જીભ ચોતરફ ફેરવી.

હિરણ્યકશ્યપુને જોરથી પોતાના ખોળામાં નાખ્યો અને પછી ભગવાને ક્રોધથી હિરણ્યકશ્યપુને કહ્યું: 'અરે દુષ્ટ, મૂર્ખ-પાપી તું કેટલો મોટો અન્યાય કરીને મારા ભક્તને છળે છે. તું ગરીબ લોકો પર અન્યાયથી જુલમ કરીને ત્રાહિમામ્ ત્રાહિમામ્ કરી રહ્યો છે તેનું ફળ હવે ભોગવ. તારા પાપનો ઘડો નિશ્ચિત ભરાઈ ગયો છે એમ સમજ' !!!

થોડુંક ધૈર્ય ધારણ કરીને થરથર કાંપતાં હિરણ્યકશ્યપુએ શ્રી નરસિંહ ભગવાનને કહ્યું: હે નરસિંહ ! તું ત્રિભુવનનો સ્વામી કહેવાય છે પણ મારે તેનું શું કામ છે ? તું અખિલ જગતનો નાથ હોય તો પણ મને મારવાનો તને કોઈ અધિકાર નથી. કારણ કે તપશ્ચર્યા કરીને મારા આરાધ્ય દેવતા ભગવાન શંકરને પ્રસન્ન કરી વરદાન અને આશીર્વાદ લઈને હું અમર થયો છું. શંકરનું વચન અસત્ય માની તું મને મારે છે પણ તને આ શોભતું નથી. મેં ભગવાન શંકર પાસેથી વરદાન મેળવેલ છે કે હું જમીન પર કે આકાશમાં મરીશ નહીં. સ્ત્રી, પુરુષ અથવા પશુથી, ઘરમાં અથવા બહાર, લોખંડ અથવા લાકડાના શસ્ત્રથી, દિવસે કે રાત્રે મરી શકીશ નહીં. પછી તું મને મારનાર કોણ ? અને કઈ રીતે મારનાર છે ? ત્રિભુવનપતિ... જગતનો સ્વામી કહેનારા તારી પાસે એટલો પણ વિચાર નથી એ જાણીને મને આશ્ચર્ય લાગે છે.'

ભગવાન શ્રી નરસિંહ બોલ્યા : 'હે દુષ્ટ રાજા, તારી પ્રજાનું પાલન કરવું એ તારું કર્તવ્ય છે એના બદલે તું પ્રજાને હેરાન-પરેશાન કરીને, પીડા આપીને સન્માર્ગથી પરાવૃત્ત કરાવીને કુકર્મ કરનાર તું દુષ્ટ, નીચ, પાપી છે. મહાન તપસ્વી, પૂજનીય ઋષિમુનિઓના યજ્ઞ, તપ કાર્ય વગેરે સર્વ ઉધ્વસ્ત કરીને તે અન્યાયનું સામ્રાજ્ય ચલાવ્યું છે, પૂજ્ય આદરણીય અને આજ્ઞાધારક એવા પોતાના પુત્રને દુષ્ટપણાથી પશુની જેમ મારવા માટે મારા ભક્તને છળીને તે અનંત જન્મોજન્મનું નરકવાસનું દુર્ભાગ્ય મેળવ્યું છે.

ભગવાન શંકરે જે વરદાન આપીને તને અમર કરેલ છે એમ તું કહે છે પણ વિચાર કર કે, તું હમણાં જમીન પર છે કે આકાશમાં ? બંનેમાંથી એકમાંય ન હોવાથી મારા ખોળામાં છે, હું તને મારનાર સ્ત્રી કે પુરુષ કે પશુ છું એનો વિચાર કર. આપણે એ જગ્યાએ છીએ કે ઘર નથી અને આંગણું પણ નથી, દરવાજાનો ઉંબરો છે. અત્યારે દિવસ કે રાત્રીનો સમય નથી. સૂર્યબિંબ અસ્ત થયો હોવાથી અર્ધબિંબ સંધ્યા છે એ પ્રમાણેનો આ સંધ્યાનો સમય છે અને આ મારા નખ લોખંડ નથી, લાકડું નથી, શસ્ત્ર નથી, અસ્ત્ર પણ નથી, સજીવ નથી (કારણ કાપતી વખતે ત્રાસ થતો નથી) અને નિર્જીવ પણ નથી. (નખ કાપીએ તો પણ નિત્ય વધે છે, નિર્જીવ વધી શકતું નથી, સજીવ વધે છે) તો પછી કહે હવે કયું વરદાન બાકી છે કે એ યોગે તું અમર છે. હે દુષ્ટ, નીચ આ નખથી તારું પેટ ચીરીને હું તારા કર્મનો દંડ આપું છું.' એમ કહીને ભગવાન શ્રી નરસિંહે પોતાના વજ્રપ્રાય નખોથી હિરણ્યકશ્યપુનું પેટ ચીરીને એનો અંત કર્યો.

દૈત્યરાજ હિરણ્યકશ્યપુ માર્યો ગયો પણ ભગવાન શ્રી નરસિંહનો ક્રોધ શાંત થતો નથી. એ વારંવાર ગર્જના કરવા લાગ્યા. બ્રહ્મદેવ શંકર તેમજ બીજા બધા દેવતાઓ દૂરથી જ એમની સ્તુતિ કરવા લાગ્યા. એમની પાસે જવાનું સાહસ તો ભગવતી લક્ષ્મીજી પણ કરી શક્યાં નહીં, એ પણ ભગવાનના આ વિકરાળ ક્રૂર સ્વરૂપથી બીવા લાગ્યાં.

છેલ્લે બ્રહ્મદેવે પ્રહ્‌લાદને શ્રી નરસિંહ ભગવાન પાસે એમને શાંત કરવા માટે મોકલ્યો. પ્રહ્‌લાદે નિર્ભયપણે ભગવાન પાસે જઈને એમના ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા. ભગવાને અત્યંત પ્રેમથી પ્રહ્‌લાદને ઉપાડીને પોતાના ખોળામાં બેસાડ્યો. વારંવાર પોતાની જીભ પ્રહ્‌લાદના મુખ પર પ્રસવારી વહાલ કરવા લાગ્યા અને કહ્યું : 'બેટા પ્રહ્‌લાદ, મને આવવા માટે ખૂબ વાર લાગી, તને ઘણું જ કષ્ટ વેઠવું પડ્યું, તું મને ક્ષમા કર !'

પ્રહ્લાદનો કંઠ ભરાઈ આવ્યો. આજ ત્રિભુવનના સ્વામી એના મસ્તક પર પોતાનો અભય કર મૂકી સ્નેહથી પ્રેમથી વહાલ કરે છે. પ્રહ્લાદ ધીમે રહીને ઊઠ્યો. એણે બંને હાથ જોડીને ભગવાનની સ્તુતિ કરી. અત્યંત ભક્તિભાવથી પ્રહ્લાદે ભગવાનના ગુણગાન ગાયા. છેલ્લે ભગવાને પ્રહ્લાદને વરદાન માગવાનું કહ્યું.

પ્રહ્લાદે શ્રી નરસિંહ ભગવાનને પ્રાર્થના કરીને કહ્યું : પ્રભુ ! મારા વડીલો તમારા અને તમારા ભક્તોની નિંદા કરતા હતા, એ દોષમાંથી મુક્ત થાય.'

ભગવાને કહ્યું : પ્રહ્લાદ, જે કુળમાં મારો ભક્ત જન્મે છે એ સંપૂર્ણ કુળ પવિત્ર થાય છે, મારા ભક્ત જે સ્થળે રહે છે એ સ્થાન ધન્ય થાય છે, એ જગ્યા તીર્થ રૂપ છે.

આ રીતે ભગવાન શ્રી નરસિંહે હિરણ્યકશ્યુનો અંત કરીને અધર્મનો ઉચ્છેદ કરીને એણે ભક્ત પ્રહ્લાદનો ઉદ્ધાર કર્યો અને પોતાનું અવતાર કાર્ય પૂર્ણ કર્યું.

શ્રી હરિએ હરણાકંસને રાખ્યો નેવા હેઠ, માર્યો દૈત્ય નખ વધારી પેટ. ॥૧૩૮॥
મારી હરણાકંસ નિકંદન કીધો, શ્રી હરિએ નરસિંહ અવતાર લીધો. ॥૧૩૯॥
નરસિંહ રૂપે દૈત્ય માર્યો જયાંય, પ્રહ્લાદે પાંચ કરોડી ઉગાર્યા ત્યાંય. ॥૧૪૦॥
જયારે દૈત્ય સ્વરૂપનું થયું નિર્વાણ, આનંદ ઉત્સવ ભક્તોનો જાણ. ॥૧૪૧॥
સર્વ ભક્તોની પૂરી આશ, ભક્ત પ્રહ્લાદ હરિનો દાસ. ॥૧૪૨॥
ચોથે રૂપે શ્રી હરિ અવતાર, ભક્ત પ્રહ્લાદનો કર્યો ઉદ્ધાર. ॥૧૪૩॥
દૈત્ય હરણાકંસને નખથી મારી, ભક્ત ઉપર વારી ગયા છે દેવ મોરારિ. ॥૧૪૪॥
શ્રી નરસિંહ રૂપે કર્યાં છે કાજ, દેવે આપ્યાં અવિચલ રાજ. ॥૧૪૫॥
કર્તાયુગમાં પ્રગટ થયા મોરાર, પાંચ કરોડી ઉતર્યા ભવ પાર. ॥૧૪૬॥
કર્તાયુગમાં ધર્યા અવતાર ચાર, ત્યાં કરણ કલ્પ મોઝાર. ॥૧૪૭॥
ચાર દાનવ સંહાર્યા જયાંય, ચારે ભક્ત ઓધાર્યા ત્યાંય. ॥૧૪૮॥
શંખવો અને મધુકૈટક જેહ, મોરધ્વજ ને હરણાકંસ તેહ. ॥૧૪૯॥
ભક્ત રૂખ્માગદને અંબરીષ જેહ, ધ્રુવ પ્રહ્લાદ તાર્યા છે તેહ. ॥૧૫૦॥
ભક્તો જયારે સત્‌પંથે ધાયા જાણ, સર્વે લોકે નિંદા કરી નિર્વાણ. ॥૧૫૧॥
ભક્તને થંભ શું બાંધ્યા જયાંય, ભક્તે પીઠ ન ફેરવી ત્યાંય. ॥૧૫૨॥
પંદર કરોડી જીવ નીમ્યા જાણ, પાંચ કરોડી શું મુખી પ્રહ્લાદ જાણ. ॥૧૫૩॥
કરોડી દસ ભૂલ્યા નિરવાણ, ભક્ત પ્રહ્લાદ બહુ કષ્ટ પડયા જાણ. ॥૧૫૪॥
પંદર કરોડી જીવ હતા જેહ, પાંચ કરોડ સત્‌પંથી સાચા તેહ. ॥૧૫૫॥
પાંચ કરોડી જીવ ધર્મી જાણ, ફરી પડ્યા લખ ચોર્યાસી ખાણ. ॥૧૫૬॥
બીજા પાંચ કરોડી પ્રલય થયા તેહ, જેણે શ્રી હરિ શું ના આણ્યા નેહ. ॥૧૫૭॥
જાણી જોઈને ભૂલ્યા હેવાન, તે નરકે પડ્યા નિશ્ચયે જાણ. ॥૧૫૮॥
પ્રહ્લાદે પૂરા સેવ્યા દેવ, તેણે ગુરુનાં વચન પાળ્યાં વેદ. ॥૧૫૯॥
પાંચ કરોડ દેવ પામ્યા જાણ, તેની શાખ જુગમાં ચાલી પ્રમાણ. ॥૧૬૦॥

મુનિવરો એવા સત્‌પંથે રહીએ આપ, જેવા સત્યે રહ્યા પ્રહ્‌લાદ અમાપ. ॥૧૬૧॥
જેણે સગાં સાજન કર્યાં ત્યાગ, તેણે ક્ષણ ન રાખી લોક લાજ. ॥૧૬૨॥
મુનિવરો એવા સત્ કીજીયે આજ, ગુરુનર શું હેત રાખીએ તો થાયે કાજ. ॥૧૬૩॥
સત્ કારણ ટુકડા થઈ ભોંય પડો, પણ ગુરુનર શું હેત ન છોડો. ॥૧૬૪॥
કર્તાજુગમાં દાનવ માર્યા ચાર, મુનિવરો સાચું જાણો નિરધાર. ॥૧૬૫॥
શ્રી નરસિંહ રૂપ સંપૂર્ણ જાણ, શ્રી સત્‌ગુરુ બોલ્યા છે વાણ. ॥૧૬૬॥
ચાર અવતાર હુઆ એ જાણ, ચાર દાનવ માર્યા નિરવાણ. ॥૧૬૭॥
એવા નરસિંહ રૂપે કીધાં કામ, મારી દૈત્યને ફેડ્યાં ઠામ. ॥૧૬૮॥
ભક્ત કારણ કીધાં કામ, ગુરુ તો અમરતેજ થયા પ્રમાણ. ॥૧૬૯॥
વ્રત એકાદશી આદિતવાર સહી, ચૌદશ મંગળવારી બેઠી ત્યાંહી. ॥૧૭૦॥
વરસ ચાર લાખ બત્રીસ હજાર, ત્યાં લગી શ્રી નરસિંહ અવતાર. ॥૧૭૧॥
મત્સ્ય કૂર્મ વરાહ નૃસિંહ દેવ, ચાર રૂપે થયા વિષ્ણુ તતખેવ. ॥૧૭૨॥
કર્તા યુગના વરસ પ્રમાણ, સત્તર લાખ અઠ્ઠાવીસ હજાર જાણ. ॥૧૭૩॥
દેવે હિરણ્યકશ્યપુને માર્યો જેણી વાર, ત્યારે સંસારમાં પ્રગટ થયા મોરાર. ॥૧૭૪॥
જયારે સંસારમાં પ્રગટ થયા મોરાર, ત્યારે સર્વે ઓળખ્યો સંસાર. ॥૧૭૫॥
શ્રી નરસિંહની માતા તો ચંદ્રાવલી કહીયે, પિતા તો અમરિષ કહીયે. ॥૧૭૬॥
ગુરુ તો અમરતેજ જાણ, શક્તિ તો તુલજા ભવાની પ્રમાણ. ॥૧૭૭॥
સ્વસ્થાન તો કાશમીર મંડાણ જાણ, ક્ષેત્ર તો ચરણાપુરી નગરી પ્રમાણ. ॥૧૭૮॥
માર્યો દાનવ હિરણ્યકશ્યપુ જાણ, ભક્ત પ્રહ્‌લાદને તાર્યો નિવારણ. ॥૧૭૯॥
ચાર લાખ બત્રીસ હજાર નરસિંહ રૂપે જાણ, ત્યારે ઋગ્વેદ હતા પ્રમાણ. ॥૧૮૦॥
સત્તર લાખ અઠ્ઠાવીસ હજાર વર્ષ કર્તાયુગનું પ્રમાણ, ભક્ત પ્રહ્‌લાદ પામ્યા અમરાપુર ઠામ. ॥૧૮૧॥
જેણે સત્‌પંથ ધર્મ આરાધ્યા જાણ, તે તો અમરાપુર ઠામ પામ્યા નિર્વાણ. ॥૧૮૨॥
શ્રી હરિનો નરસિંહ અવતાર સંપૂર્ણ સહી, સદ્‌ગુરુ શ્રી ઈમામ શાહે વાણી કહી. ॥૧૮૩॥

શ્રી નરસિંહ ભગવાનની માતા તો ચંદ્રાવલી, પિતા તો અમરિષ, શક્તિ તો દેવી તુલજા ભવાની, ગુરુ તો અમરતેજ, ત્યાં દાનવ તો હિરણ્યકશ્યપુ, સ્થાન તો કાશ્મીર, ક્ષેત્ર તો ચરણાપુરી, ત્યારે વેદ તો ઋગ્વેદ, ઓચરંતે ગાયત્રી, સાત વાર, સત્તાવીસ નક્ષત્ર, પંદર તિથિ, બાર કરણ, નવગ્રહ, સુર મંત્રનો જાપ જપતા આવ્યા, સ્વામી, ઋષિઓને સ્થાપી, હિરણ્યકશ્યપુ દાનવને સંહારી, સવા કરોડીસહ પ્રહ્‌લાદને ઓધારી, પાંચ કરોડીનાં ભરણ ભરાવી તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મોરારિ, જે કોઈ ચિત્ત હરિશું લાએ તેના ધર્મ વધેને પાપનો ક્ષય થાયે. નમો નમો પરબ્રહ્મ નારાયણના નામને, જે રૂપે સદ્‌ગોર બ્રહ્મા નરનારાયણ હોય, તે રૂપને ધ્યાવીએ.

અવતાર ચોથો શ્રી નરસિંહ ભગવાનનો સોળ કરોડી કુળ પરિવાર, ચાર લાખ બત્રીસ હજાર વરસ વર્તતે, દિશા-ઉત્તર, સ્થળ-હંસપુર, દાગ-વનદાગ, દાન-કુંજરદાન, કર્તાયુગનું પ્રમાણ સત્તર લાખ અઠ્ઠાવીસ હજાર વરસ, તેમાં પ્રગટ અવતાર ચાર.

realpatidar.com

મત્સ્યાવતાર સમયે શ્રી વિષ્ણુ ભગવાને રસાતળ પાતાળના સદ્‌ભક્ત દમન રાજાને આપેલા વચનને પૂર્ણ કરવા માટે જ એ સદ્‌ભક્ત પ્રહ્‌લાદે જન્મ ધારણ કર્યો. ભગવાન પાસે માગેલા વરદાન પ્રમાણે અપાર કસોટી સહન કરીને આત્મોન્નતિ સાથે પાંચ કોટિ સદ્‌ભક્તોનો ઉદ્ધાર કર્યો.


ભક્ત પ્રહ્‌લાદે પછી બધાને સત્‌પંથ ધર્મનું શિક્ષણ આપ્યું. ઘણા સ્થળે ઋષિમુનિઓના આશ્રમો-વિદ્યાપીઠો સ્થાપી. એણે સર્વના યોગક્ષેમની પોતાની રીતે દેખરેખ કરીને જ્ઞાન સાધના અને ભક્તિ સાધના શરૂ કરી. બધા પ્રજાજનોમાં અનેક પ્રકારની સુખ સંપત્તિ નિર્માણ કરીને સાધન સંપન્ન કરીને સુખી કર્યા. આનંદ સુખ શાંતિનું સામ્રાજ્ય પ્રસર્યું. નિત્ય પરમાત્માના પાઠ, પૂજાપાઠ વગેરે શરૂ થવાથી લોકો સદાચારથી વર્તવા લાગ્યા. હજારો વર્ષ રાજ્ય કરીને પ્રહ્‌લાદે પોતાનું ઉત્તરાર્ધ આયુષ્ય ઈશ ચિંતનમાં અને જ્ઞાનના અધ્યયનમાં વ્યતીત કર્યું.

અહીંથી સત્યયુગનો સમય કાળ રવિવારની એકાદશીએ પૂર્ણ થયો. પ્રત્યેક અવતારનાં અવતાર કાર્ય ૪,૩૨,૦૦૦ વર્ષ. આ પ્રમાણે ચાર અવતાર મત્સ્ય, કૂર્મ, વરાહ, નરસિંહ કર્તાયુગમાં પ્રગટ થયા એટલે કર્તાયુગનું પ્રમાણ ૧૭,૨૮,૦૦૦ વર્ષ થયું.

ચાર દૈત્ય શંખાસુર, મધુકૈટક, મયુરધ્વજ અને હિરણ્યકશ્યપુ આ દાનવોનો સંહાર થયો. ભક્ત રૂખ્માગદ, અંબરીષ, ધ્રુવ અને પ્રહ્‌લાદ આ સદ્‌ભક્તો સાથે કેટલાય જીવાત્માઓનો ઉદ્ધાર થયો. એમણે આચરણ કરેલો યુગધર્મ-સત્‌પંથ ધર્મ આ જ્વલંત ચૈતન્યમય અને જ્ઞાનભક્તિમય હોવાથી ચિરકાળ અક્ષય છે.

ઋગ્વેદાનુસાર સુર ગાયત્રી મંત્ર અને શ્રી નરસિંહ ભગવાનના મહામૃત્યુંજય મંત્રોનો સતત ઉચ્ચાર કરી યુગધર્માનુસાર દાગ વનદાગ, દાન કુંજરદાન, પૂજનીય દિશા ઉત્તર, સ્થળ હંસપુર, યુગ ગુરુ બ્રહ્મા અલગ અલગ સ્વરૂપે થયા. માનધાતા, એકાઅંકી, અંકેશ્વર, અમરતેજ એ બધા અવતાર કાર્યમાં યુગ ગુરુ હતા. શ્રી વિષ્ણુ ભગવાને ચાર અવતાર ધારણ કરી કર્તાયુગનું અવતાર કાર્ય પૂર્ણ કર્યું છે. અહીંથી આપણી કથાએ હવે ત્રેતાયુગમાં પ્રવેશ કર્યો છે.

॥ ૐ તત્‌ સત્‌ શ્રી પરિબ્રહ્માર્પણમસ્તુ: ॥
॥ ઈતિશ્રી નરસિંહ ભગવાનનો અવતાર સંપૂર્ણતઃ ॥



•••

: શ્રી નરસિંહ ભગવાનના અવતારની સમજૂતી :

શ્રી વિષ્ણુ નારાયણ ચોથા અવતારે શ્રી નરસિંહ અવતારનું રૂપ ધારણ કર્યું ત્યારે દાનવે હિરણ્યકશ્યપુ રૂપ લીધું. તે પોતાના રાજ્યમાં તેની આણ વર્તાવતો હતો અને શ્રી હરિભજન કીર્તન કે નામ સ્મરણ કરનાર ભક્તોને ત્રાસ આપતો હતો.

આ કથામાં તે સમયકાળમાં આવી આસુરી શક્તિનો સંહાર કરવા માટે શ્રી વિષ્ણુ ભગવાને શ્રી નરહરિ ઋષિને કળા આપી. શ્રી નરહરિ ઋષિએ શ્રી નરસિંહ રૂપ ધારણ કરી, ભક્ત પ્રહ્‌લાદનો ઉદ્ધાર કર્યો અને હિરણ્યકશ્યપુ દાનવનો સંહાર કર્યો. આ સમયકાળમાં પ્રથમ કર્તાયુગમાં શ્રી વિષ્ણુની કળાએ ચાર અવતાર ધારણ કર્યા, શ્રી મચ્છ, શ્રી કૂર્મ, શ્રી વરાહ, શ્રી નરસિંહ તે સમયે ઋગ્વેદની ગાયત્રી મંત્રનો પ્રભાવ હતો.


નોંધ : અત્રેથી આદ્ય બ્રહ્મની વાણી પ્રમાણે હરિ અંશ પાંચમા વામન અવતારમાં હરિ અંશના નામે જાય છે.

બોલીએ શ્રી નરસિંહ ભગવાન કી જય...

ધૂન : હરે નરસિંહ..... હરે નરસિંહ..... નરસિંહ..... નરસિંહ..... હરે..... હરે.....



•••


પાંચમો શ્રી વામન અવતાર (ત્રેતાયુગ - યજુર્વેદ)


સદ્‌ગુરુ શ્રી વશિષ્ઠ ઋષિ (ત્રેતાયુગ - યજુર્વેદ)

ॐ

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા સત્ય છે.

वामनं रुपमास्थाय, बलिं संयम्य मायया ।
येन क्रान्तात्स्त्रयो लोकास्तस्यै क्रान्तात्मने नमः ॥

શ્રી વિષ્ણુ ભગવાને વામન રૂપ ધારણ કરી બલિ રાજાને વશ કરીને ત્રણે લોકને ત્રણ પગલાંથી ભરી લીધાં હતાં તે શ્રી વામન ભગવાનના અવતારને હું નમસ્કાર કરું છું.

શ્રી નરસિંહ ભગવાનના મુનિનાયક, વંશવઢણ, વિરલોચન, કશ્યપ ઋષિ.
કશ્યપ ઋષિના અંશ તો શ્રી વામન ભગવાન

શ્રી વામન અવતાર

॥ અવતાર પાંચમો ॥

પરમ કૃપાળુ પરમાત્માની આજ્ઞાથી આદરું છું
ૐ નમો શ્રી સદ્‌ગોર પાત્ર બ્રહ્મા વશિષ્ઠ મહારાજ,
આદ્ય વિષ્ણુ નિરંજન શ્રી વામન ભગવાન તમારી આશિષે.

રાગ – 'ભાઈ ભક્તિ છે એવી, તરસ્યાને પાણી જેવી'

બોલ્યા શ્રી સદ્‌ગુરુ બ્રહ્મા જયાંય, અવતાર પાંચમાનો કહ્યો મહિમાય. ॥૧॥
પાંચમો શ્રી વામન અવતાર લખ્યો જાઈ, તે સુણો તમે મુનિવર ભાઈ. ॥૨॥
બીજા ત્રેતા જુગનું માંડ્યું મંડાણ, તમે સુણો મુનિવરો સહી પ્રમાણ. ॥૩॥
જયારે ચતુર્દશી ને રવિવાર જાણ, તે દિન જુગ ત્રેતાનું માંડ્યું મંડાણ. ॥૪॥
અહીં થકી ત્રેતા જુગની સંખ્યા સાચ, સત્‌ગુરુ બ્રહ્મા તે વશિષ્ઠ ઉવાચ. ॥૫॥
આ જગમાં દૈત્ય બલિરાય અવતર્યો, તે છાસઠ કરોડી દૈત્ય સાથે પરવર્યો. ॥૬॥
બલિ રાજા એક છત્ર રાજ કરે નિર્વાણ, તેના ગુરુ વેદ વાંચે પુરાણ. ॥૭॥
ગુરુ શુક્રાચાર્યને પૂછે બલિરાય વિચાર, નારાયણથી મુજને ન આવે હાર. ॥૮॥
તમે એવા જ્યોતિષ જોઈને કહેજો વિવેક, હવે સ્વામી તેવી વાત કરજો હો નેક. ॥૯॥
ગુરુ શુક્રાચાર્યે કહ્યું પ્રમાણ, યજ્ઞ દાન કરો તમો બલિરાજા જાણ. ॥૧૦॥

યજ્ઞ કરવાનાં માંડો મંડાણ, આપો સર્વેને મન માગ્યાં દાન. ॥૧૧॥
એવાં વચન ગુરુએ કહ્યાં, બલિએ યજ્ઞ દાન કરવાનાં વ્રત જ લીયાં. ॥૧૨॥
જે કોઈ યાચક આવે યજમાન, તેણે સુવર્ણનાં દેજો બહુ દાન. ॥૧૩॥
દેવરાજના મનમાં ચિંતા થઈ, બલિએ યજ્ઞના આરંભ માંડયા સહી. ॥૧૪॥
વિપ્ર તેડાવ્યા બહુ વિદ્યાવંત જાણ, હોમ યજ્ઞ કરી આપવા દાન. ॥૧૫॥
યજ્ઞમાં દુગ્ધભોગ ભોજન અપાર, હોમે પરિમલ સુગંધી બહુ સાર. ॥૧૬॥
ત્યાં રાજા બ્રાહ્મણ ક્ષત્રિય અપાર, યજ્ઞમાં આવી બેઠા તેણે ઠાર. ॥૧૭॥
બ્રાહ્મણો હોમ હવન જો કરે, ભણે મંત્રો ને વેદ જ ઓચરે. ॥૧૮॥
અગ્નિની જવાળા લાગી બ્રહ્માંડ, કાંપ્યા ઈંદ્રલોક પૃથ્વી નવે ખંડ. ॥૧૯॥

ભક્ત પ્રહ્‌લાદનો પુત્ર દૈત્યરાજ વિરોચન પરમ ભક્ત હતો. તેને ઈંદ્ર સાથે બ્રહ્મલોકમાં બ્રહ્મદેવના સંગથી પૂર્ણ બ્રહ્મચર્ય પાળીને ઘણો જ સમય વ્યતીત કર્યો હતો પણ બ્રહ્માજી દ્વારા મેળવેલ ઉપદેશ અને તત્ત્વજ્ઞાન એ યથાર્થ રૂપે ગ્રહણ કરી શક્યો નહીં, તથાપિ ધર્મ પર એની શ્રદ્ધા હતી જ નહિ તેમજ તેની ગુરુભક્તિ જોઈને મહર્ષિ શુક્રાચાર્ય એના પર પ્રસન્ન થયા. વિરોચન દૈત્યાધિપતિ થયા પછી દાનવ અસુરોનું બળ ખૂબ વધવા લાગ્યું.

ઈંદ્રને દૈત્યોની વધતી જતી શક્તિ જોઈને ચિંતા થવા લાગી. વિરોચને સ્વર્ગ પર અધિકાર કરવાની ઈચ્છા કરી નહોતી, પણ ઈંદ્રને બીક દિવસે દિવસે વધતી જતી હતી. ઈંદ્ર વિચાર કરતો હતો કે, જો દૈત્યો ઓચિંતાનું સ્વર્ગ પર આક્રમણ કરશે તો ધર્માત્મા વિરોચનનો પરાભવ કરવો શક્ય નથી.

એટલે એક દિવસ ગુરુ બૃહસ્પતિની અનુમતિ તેમજ સલાહ લઈને ઈંદ્ર એક વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈને વિરોચનના ઘેર ગયો. બ્રાહ્મણોના પરમ ભક્ત અને ઉદાર શિરોમણી દૈત્યરાજાએ એનું સ્વાગત કર્યું. એના ચરણ ધોઈને પૂજા કરી. બ્રાહ્મણ વેષધારી ઈંદ્રએ વિરોચનના દાનપણાની અને ઉદારતાની ખૂબ સ્તુતિ કરી.

વિરોચને નમ્રતાપૂર્વક બ્રાહ્મણને કહ્યું: 'તમને જે માગવું હોય તે સંકોચ વિના માગો.'

ઈંદ્રએ અનેક પ્રકારે આ વાતને આધારભૂત કરી અને પછી કહ્યું: 'મને તારું આયુષ્ય જોઈએ છે.' ઈંદ્રને લાગતું હતું કે આ વિરોચનને કોઈપણ ઉપાયે મારવાથી એના ગુરુ શુક્રાચાર્યને જો જાણ થશે તો તેઓ સંજીવની વિદ્યાથી વિરોચનને જીવીત કરશે.

વિરોચનને ખૂબ આનંદ થયો અને બોલ્યો: 'હું ધન્ય છું, જન્મ લઈને મારું જીવન સફળ થયું. આ મારું જીવન એક વિપ્રએ સ્વીકાર્યું. આથી મોટું સૌભાગ્ય બીજું શું હોઈ શકે.' એમ કહીને પોતાના હસ્તમાં તલવાર લઈને વિરોચને પોતે પોતાનું શિર કાપી બ્રાહ્મણ રૂપધારી ઈંદ્રને આપ્યું.

ઈંદ્ર એ મસ્તક લઈ બીકથી તત્કાલ સ્વર્ગમાં જવા પ્રયાણ કર્યુ. આયુષ્યનું દાન કરવાથી વિરોચને ભગવાનના અમરધામમાં પ્રવેશ કર્યો અને ભગવાને એને પોતાનામાં સમાવી લીધો. દાનવીર બલિ રાજા આ જ વિરોચનનો પુત્ર અને ભક્તવર પ્રહ્‌લાદનો પૌત્ર હતો.

એ બલિ રાજા મોટો પરાક્રમી હતો તેમજ તે વૈષ્ણવ હતો. રાજગાદી પર બેઠા પછી બલિ રાજાએ કેટલાંક વર્ષો તપ કરીને મહાદેવને પ્રસન્ન કર્યા અને એમની પાસેથી મને યમપુરીનાં દર્શન ન થાય અને હું યુદ્ધમાં બધાને જીતી લઉ એવો વર મેળવ્યો.

પહેલાં બલિએ સર્વ પૃથ્વી જીતીને વિપુલ સંપત્તિ મેળવી ગુરુ શુક્રાચાર્ય વગેરે મોટા મોટા બ્રાહ્મણ બોલાવીને એમની પાસેથી વિશ્વજીત યજ્ઞ કર્યો હતો. યજ્ઞની પૂર્ણાહુતિ થતાં જ યજ્ઞકુંડમાંથી ધનુષ્ય બાણ, અક્ષય ભાથા, અભેદ્ય કવચ અને સુવાસિત કમળમાળા સાથે દિવ્ય રથ નીકળ્યો. એ યોગથી બલિએ ત્રિભુવન પર વિજય મેળવ્યો હતો.

એ બલિ રાજા રાજ્ય કરતો ત્યારે એની પ્રજાને કોઈપણ પ્રકારના દુઃખની ખબર નહોતી. બલિએ ઘણાં વર્ષો રાજ્ય કર્યુ પછી બીજા દૈત્યો બલિ રાજાને કહેવા લાગ્યા કે; તે કુળમાં કલંક લગાવ્યાં છે. તારા વડીલોની વિષ્ણુએ અત્યંત વિટંબણાઓ કરી હોવા છતાં તું વિષ્ણુની ભક્તિ કરે છે, આ અત્યંત નિંદનીય છે. આ પ્રકારે કહીને એમણે બલિના મનમાં દ્વેષ ઉત્પન્ન કર્યો. મત્સરનો પડદો મનમાં બેસતાં જ બલિએ દેવોથી યુદ્ધ કરીને એમને જીતવાનો વિચાર કર્યો અને પોતાના દૂત મોકલીને દેશોદેશમાંથી દૈત્યોને બોલાવ્યા.

આ વર્તમાન ઈંદ્રએ જાણ્યા પછી ઈંદ્રએ સર્વ દેવોને વિનંતી કરી બલિ સાથે યુદ્ધ કરવા માટે બોલાવ્યા. બધા દેવવીરો પોતાનાં સૈન્ય લઈને ઈંદ્રને સહાય કરવા માટે આવ્યા. બંને બાજુની તૈયારી થયા પછી ભયંકર લડાઈ થઈ. બંને બાજુના સૈન્યનો પુષ્કળ નાશ થઈ ગયો પછી મુખ્ય મુખ્ય વીરો જ યુદ્ધ કરવા માટે રહ્યા. દૈત્યો આગળ પોતાનો પરાભવ ન થાય એટલા માટે બાકી રહેલા બધા દેવો અમારું રક્ષણ કરો એમ ઈંદ્રને કહેવા લાગ્યા. ત્યારે ઈંદ્ર બધા દેવોના રક્ષણ માટે બલિ સાથે યુદ્ધ કરવા રણમેદાનમાં આવ્યો. એટલામાં આકાશવાણી થઈ કે; 'હે ઈંદ્ર, આ બલિ સાથે તું યુદ્ધ ન કરીશ. તને જય મળશે નહીં.' આકાશવાણી સાંભળી બધા દેવ વિસ્મિત થયા. બૃહસ્પતિ ગુરુએ પણ આકાશવાણી પ્રમાણે જ બધાને ઉપદેશ કર્યો ત્યારે બધા દેવ અમરાવતી છોડીને જીવ બચાવવા બીકથી ભાગ્યા અને કશ્યપ અદિતિના આશ્રમમાં જઈને રહ્યા. ત્યાંથી ઈંદ્ર, કશ્યપ-અદિતિ બ્રહ્મદેવ સાથે ભગવાન શેષશાયી નારાયણ પાસે જઈને સ્તુતિ કરવા લાગ્યાં.

ઈંદ્રને હરાવી અમરાવતીનું રાજ્ય કઈ રીતે મેળવું તેનો ઉપાય બલિએ પોતાના ગુરુ શુક્રાચાર્યને પૂછ્યો ત્યારે શુક્રાચાર્ય બોલ્યાઃ 'રાજા એકસો યજ્ઞ કરવાથી અમરાવતીની અક્ષય પ્રાપ્તિ થશે અને ઈંદ્ર નિઃસહાય થશે.' આ સાંભળીને રાજાને સો યજ્ઞ કરવાની ઈચ્છા થઈ. યજ્ઞ માટે સુંદર ભૂમિ તૈયાર કરી અને દેશોદેશના વિદ્વાન સત્પાત્ર અને પવિત્ર બ્રાહ્મણો બોલાવીને સો યજ્ઞનો આરંભ કર્યો.

અહીં ઈંદ્ર, કશ્યપ, અદિતિ ક્ષીરસાગરે આવીને ભગવાનનાં દર્શન માટે તપ કરતાં હતાં. તપ કર્યા પછી કશ્યપે અદિતિને પયોવ્રત કરવા કહ્યું અને દરરોજ ચાર લક્ષ મહામંત્રનો જપ કરવા કહ્યો. એ પ્રમાણે અદિતિએ તેર દિવસ વ્રત કર્યા પછી કશ્યપે એ વ્રતની પૂર્ણતા યોગ્ય પ્રકારે કરી.

અદિતિના વ્રતથી ભગવાન વિષ્ણુ પ્રસન્ન થયા અને કશ્યપ અને ઈંદ્રને ધીરજ આપી અદિતિ (લીલાવતી)ના ઉદરે જન્મ લઈને બલિનો નાશ કરવાનું અભય વચન આપ્યું. એમને વચન આપ્યા પ્રમાણે પ્રભુએ અદિતિના ઉદરે ભાદ્રપદ શુદ્ધ (સુદ) દ્વાદશીના દિવસે જન્મ લીધો. એ મંગલમય પ્રસંગે સ્વર્ગમાં દેવોએ જયજયકાર કરીને પ્રભુની બાળમૂર્તિ પર પુષ્પવૃષ્ટિ કરી. કશ્યપ ઋષિએ એનું નામ વામન રાખ્યું.

વામનને સાતમું વર્ષ બેઠા પછી અનેક ઋષિઓને બોલાવીને વામનના વ્રતબંધન (યજ્ઞોપવિત) સંસ્કાર કર્યા. એ વખતે બ્રહ્મદેવે વામનને કમંડલ, કશ્યપે મેખલા, ઉમા સાવિત્રીએ ભિક્ષા વખતે લાડુ, પૃથ્વીએ આસન, ઋષિઓએ તૃણાસન, ચંદ્રએ દંડ, કુબેરે પાત્ર, ઈંદ્રએ છત્ર અને બૃહસ્પતિએ યજ્ઞોપવિત આપ્યાં. આ પ્રમાણે મૌજીબંધન કરીને સર્વ દેવો સ્વસ્થાને ગયા. પછી ઋષિજન સાથે કશ્યપ ઋષિ બલિના સો યજ્ઞની સમાપ્તિ હોવાથી ત્યાં જવા નીકળ્યા. ત્યારે કશ્યપ ઋષિ વામનને પણ સાથે લઈ જઈ બલિ રાજાના યજ્ઞમંડપમાં દાખલ થયા.

જ્યાં બલિ રાજા જગન નવ્વાણુ કરે, ત્યાં દેશ ભમેરીના પુરોહિત આવી સંચરે. ॥૨૦॥
રાજા બ્રહ્મસેને પૂછાવ્યું છે મોયે, તેની કન્યા એક આપે છે તોયે. ॥૨૧॥
રાજા તમે પરણજો કન્યા રૂપવંતી સુજાણ, તે ઉગતા સૂરજ જેમ દીસે ભાણ. ॥૨૨॥
તે દૈત્ય મદમાતો યજ્ઞમાંથી ઊઠીને જાય, કન્યા પરણવા તે બ્રહ્મસેન ઘેર સોહાય. ॥૨૩॥
યજ્ઞથી સર્વે દેવોને ચિંતા થાય, હવે એ દૈત્ય બલિરાય મહાભાગી સોહાય. ॥૨૪॥
સ્વામી તમે કંઈક કળા કરો શ્રી હરિ, બલિ દાનવ સંહારો કેમે કરી. ॥૨૫॥
એવું કહીને દેવ રખેશ્વર વળ્યા તેણીવાર, દેવે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લીધું તત્કાળ. ॥૨૬॥
તેનું સત્ જોવાને દેવે કરતવ કીધાં સાર, ક્ષણ એકમાં ગયા રાજા બ્રહ્મસેનને દ્વાર. ॥૨૭॥
જાન મળી ત્યાં યાચક કરોડ કરોડ, ત્યાં રાજા વળી બેઠા મંડપમાં કન્યાની જોડ. ॥૨૮॥
આપી આશીર્વાદ અળગા ઊભા રહે, બલિરાજાને દાન આપવા કહે. ॥૨૯॥
બલિ કહે તમે મંડપમાં આવ્યા કેમ, દાન દેનારા દ્વારે કુશલ ક્ષેમ. ॥૩૦॥
વિપ્ર વેશે બોલ્યા જગતનાથ, દાન આપે તો લઉં તારે હાથ. ॥૩૧॥
બલિ રાજાને સ્વામી એમ કહે, હું માગું તે દાન મુજને દેવે. ॥૩૨॥
બલિ રીઝ્યાને બહુ દીધાં માન, સ્વામી જે માગો તે આપું દાન. ॥૩૩॥
બલિ રાજા વિપ્ર શું બોલ્યા જ્ઞાન, હસ્તી ઘોડા સુવર્ણ તણું આપું હું દાન. ॥૩૪॥
સ્વામી કહે બલિરાજા કહું છું વિચાર, મારે ઘેર નહીં કન્યા સત્વંતી નાર. ॥૩૫॥
તેની બહુ ઈચ્છા છે રાજા શું કહું વિચાર, જો તું તારી પરણી આપે એ નાર. ॥૩૬॥
ત્યાં બલિએ વિપ્ર બોલાવ્યા તત્સાર, નગરમાં દીસે વિપ્ર કરજો વિચાર. ॥૩૭॥
એ વિપ્રની કન્યા ચાર અપાવું સહી, એવી વાત બલિએ વિપ્ર શું કહી. ॥૩૮॥
બોલ્યા વિપ્ર તમે સુણો હો બલિ રાય, બીજી કન્યા મુજથી નવ લેવાય. ॥૩૯॥
ત્યાં રાજા કહે વરે વિવાહ હોય જે નાર, તો ક્યારે થાય અમારી ગૃહસ્થાચાર. ॥૪૦॥
જે તમોએ પરણી છે નાર કન્યા સુંદરી, તે મુજને આપો એક મન કરી. ॥૪૧॥
બલિ રાજાએ એવાં વચન સુણ્યા તે વાર, આપી કન્યા જે પરણેલી નાર. ॥૪૨॥
સગાં સહુ અચંબે બલિના સામું જુએ, ભાઈ એવા ધીરજ કોઈ અવરથી ન હોવે. ॥૪૩॥
નારાયણ દેવ હસીને બોલ્યા ત્યાંય, ભાઈ હું તો તારી ધીરજ જોવા આવ્યો આંય. ॥૪૪॥
હું તો ઘરડો મારે નારીનો નહીં વિચાર, સ્વામીજી ફેરવી આપે તે નાર. ॥૪૫॥
તું બલિરાય મોટો ત્યાગી મહા સુજાણ, તે બહુ દાન પુણ્ય કરીને કાઢ્યું નામ. ॥૪૬॥
એવું કહી હરિ ચાલ્યા જાય, રાજા પરણી આવ્યો યજ્ઞમાંય. ॥૪૭॥
ત્યાં એવી કળા કરી વિપ્ર રૂપ ધર્યું, પણ બલિ રાયે મન મોટું કર્યું. ॥૪૮॥

ગુરુ શુક્રાચાર્યની સુચનાનુસાર બલિરાજાએ વિશ્વજિત યજ્ઞની શરૂઆત કરી, નવ્વાણુંમો યજ્ઞ ચાલુ હતો ત્યારે ભમેરી દેશનો રાજપુરોહિત ત્યાં આવ્યો અને એણે બલિ રાજાને કહ્યું કે : 'હે બલિ રાજા, ભમેરી દેશમાં અમારા બ્રહ્મસેન રાજાનો એક સંદેશ છે કે, અમારા રાજાની કન્યા અતિશય સુંદર અને રૂપગુણ યૌવન સંપન્ન છે અને ઉગતા સૂર્ય પ્રમાણે અત્યંત તેજસ્વી એવું એનું લાવણ્ય હોવાથી તે કન્યાનું ચારિત્ર્ય અત્યંત શુદ્ધ છે, આ કન્યાનું લગ્ન તમારી સાથે કરાવવું છે, એવું અમારા રાજાનું મંતવ્ય હોવાથી લગ્નનો સંદેશો એમણે મારી સાથે મોકલ્યો છે.'

બ્રહ્મસેન રાજાના વ્યક્તિત્વની બલિ રાજાને ખબર જ હતી. એ યજ્ઞમંડપમાંથી ઊઠીને ભમેરી દેશ જવા નીકળ્યો. ત્યાં જઈને બલિએ રાજકન્યા સાથે વિવાહ કર્યો. અહીં બધા દેવોને ચિંતા થઈ કે દૈત્યરાજા હવે મહાભાગ્યવંત પરાક્રમી અને બળશાળી થશે, કારણ હવે એના સો યજ્ઞ પૂર્ણ થશે, પછી તો સર્વલોક જીતી કરીને દેવરાજાનું સિંહાસન પડાવશે. આમ ચિંતાતુર થઈને એ બધા ભગવાનને શરણે ગયા અને એ સંકટમાંથી મુક્ત થવા કંઈક માર્ગ કાઢવા વિનંતી કરી.

ભગવાને એક પ્રસંગ નિર્માણ કર્યો. ભગવાન શ્રી વિષ્ણુ નારાયણ પોતે એક વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈને લાકડી હાથમાં ટેકવીને ધીરે ધીરે થરથર કાંપતા કાંપતા બલિરાજા અને એમની નવપરિણીત વધૂ લગ્નમંડપમાં બેઠાં હતાં ત્યાં જઈને બંને હાથ ટેકવી નીચે બેઠા અને તૂટક તૂટક શબ્દોમાં દાનસુર રાજા બલિનો જયજયકાર કર્યો અને આશીર્વાદ આપી દાનની અપેક્ષા કરી.

બલિરાજાએ નમ્રતાથી કહ્યું કે : 'અહો બ્રાહ્મણ મહારાજ, તમે વિના કારણ આ લગ્નમંડપ સુધી આવવાનો શ્રમ શા માટે લીધો ! મારા પુરોહિતો તો મંડપના દરવાજામાં જ ઊભા રહી યાચકોને દાન આપે છે. તમને હાથી, ઘોડા, ગાય, સુવર્ણ, અન્ન, વસ્ત્ર વગેરે જે જોઈએ તે એમની પાસેથી માગી લો. એ તમારી સર્વ મનોકામનાઓ તૃપ્ત કરશે.'

બ્રાહ્મણે કહ્યું : 'રાજા, મને બીજું ત્રીજું કંઈ નથી જોઈતું, મારા ઘરમાં સેવા કરનારી કોઈપણ કન્યા અથવા સત્યવતી સ્ત્રી નથી. એક સત્યવતી સ્ત્રીની મને ઈચ્છા છે. જો તું તારી નવપરિણીત વધૂ (ભાર્યા) જ મને આપીશ તો તારું કલ્યાણ થશે.'

રાજા બલિ બોલ્યો : 'અહો, વિપ્ર મહારાજ, આ રાજ્યમાં બ્રાહ્મણોની સંખ્યા સારી એવી છે, તે સિવાય મારા રાજ્યમાં પણ ઘણા બ્રાહ્મણો છે એમની ખૂબ જ સુંદર-સંસ્કારી કન્યા કુમારિકાઓ છે. તમારી ઈચ્છા હોય તો એમને બોલાવીને તમને એક જ શું પણ ચાર ચાર કુમારી કન્યા આપવા કહું.'

બ્રાહ્મણે કહ્યું : 'રાજા, ના ના આ ઉંમરમાં વરઘોડા લગ્નવિધિ વગેરે જોઈને લોકો મને હસશે અને મારી ફજેતી કરી મારી મશ્કરી કરશે એના કરતાં તારી આ નવપરિણીત વધૂ જ મને આપી દે, મને બીજી કન્યા નથી જોઈતી. એવું હોય તો તું જ બીજી કન્યા જોડે લગ્ન કર. તું રાજા હોવાથી તને કોઈપણ કંઈ કહેશે નહીં, આટલી જ યાચના છે. તું દાનવીર છે, મારી યાચના પૂર્ણ કર. નહીં તો હું આ પાછો જાઉં છું. એક મનથી દાન આપીશ તો ઠીક છે નહીંતર હું આ જાઉં છું. એવું કહી હાથ ટેકવી બ્રાહ્મણ ઊભો થવા લાગ્યો.

એટલામાં જ બલિ રાજા ઊભા થયા અને કહ્યું : 'વિપ્ર મહારાજ, નારાજ થઈ વિન્મુખ થઈને ન જશો. આ જુઓ હું સંકલ્પ કરું છું કે આ મારી નવપરિણીત વધૂ તમને-' વૃદ્ધ વિપ્રએ આગળનું વાક્ય પૂર્ણ થવા ન દીધું. પારખ-કસોટી પૂર્ણ થઈ. રાજા બલિ એમાં પૂર્ણપણે પાર ઉતરી ગયો.

ભગવાને કહ્યું : રાજા, ખરેખર તું ધન્ય છે. તારા દાનપણાની કીર્તિ 'યાવચ્ચન્દ્રદિવાકર' સુધી ચિરંજીવ રહેશે. મને તારી વધૂ નથી જોઈતી. ધર્મ નિયમથી એ તારાથી જ બંધાયેલી છે. એ નિયમમાં મારા જેવા વિપ્ર વિઘ્ન કરશે નહીં. ફક્ત તારું ધૈર્ય અને ઔદાર્ય જ મારે જોવું હતું. તું તારી વધૂ સાથે સુખેથી રહે. ઉત્તમ રીતે રાજ્યકારભાર ચલાવી તારા શતયજ્ઞની પૂર્ણતા કર. તને પ્રત્યક્ષ પ્રગટ ભગવાનનાં દર્શન થઈ તારી મનોકામના પૂર્ણ થશે, પણ મનમાં તું કોઈપણ પ્રકારનો ગર્વ ન કરીશ. આમ બલિ રાજાની સત્ત્વ પરીક્ષા લઈ લગ્ન મંડપની બહાર આવી શ્રી વિષ્ણુ ભગવાન ફરીથી બટુક વેષે કશ્યપ ઋષિ સાથે બલિરાજાના યજ્ઞમંડપમાં આવ્યા.

ત્યારે વામન મન વિચારે પેર, સ્વામી ગયા બલિરાજાને ઘેર. ॥૪૯॥
ત્રેતાયુગ બેઠો છે સાર, પાંચમો શ્રી હરિ વામન અવતાર. ॥૫૦॥
પાંચમે રૂપે વામન અવતાર, વિપ્ર થઈ ઊભા બલિરાયને દ્વાર. ॥૫૧॥
બલિરાજા યજ્ઞ કરાવે જ્યાંય,તે આજ મૃત્યુલોકની માંય. ॥૫૨॥
ત્યાં વામન રૂપ લીધું ત્રિભુવનરાય, બલિને દ્વારે પહોંચ્યા ત્યાંય. ॥૫૩॥
હાથમાં કમંડલ માળા નિર્મળ કાય, તેવા હરિ સુંદર રૂપે વામન થાય. ॥૫૪॥
ત્યારે સુંદર મૂરત રૂપે પ્રગટ થાય, ત્યાં ચારે વેદ મુખપાઠ કહે ત્યાંય. ॥૫૫॥
નારાયણે બલિને ત્યાં પૃથ્વી દાન લેવા કર્યો વિચાર, વામન રૂપે પાંચમો અવતાર. ॥૫૬॥
પાંચમે વામન વિપ્ર રૂપ જો ધરે, પ્રભાતે ગયા બલિ રાજાને દ્વારે. ॥૫૭॥
પાંચમે વામન રૂપે શ્રી હરિ અવતાર, દેવ થઈ ઊભા બલિને દ્વાર. ॥૫૮॥
પોળે ઊભા પોકારે જયજયકાર, જાણે બ્રહ્મા મુખ બોલે વેદ ચાર. ॥૫૯॥
વેદ ચારે મુખ માંહેથી કહ્યા, સર્વે લોક અચંબે થયા. ॥૬૦॥
અમૃત વાણી એવી મુખમાંથી કહે, નગરના લોક અચંબે રહે. ॥૬૧॥
દૂતોએ વાત જઈ રાજાને કહી, વિપ્ર એક દ્વારે આવ્યો સહી. ॥૬૨॥
તે પોળે ઊભો પોકાર જ કરે, ચારે વેદ મુખ માંહે ઓચરે. ॥૬૩॥
સુંદર રૂપ અવતાર, તે કોઈ પાત્ર આવ્યો આપણે દ્વાર. ॥૬૪॥
ત્યાં છડીદાર રાજાને કહેવા જાયે, આપણે દ્વાર વિપ્ર ઊભો છે રાયે. ॥૬૫॥
એ પંડિત મહા દીસે સુઘાટ, ચાર વેદ ભણે મુખ પાઠ. ॥૬૬॥
તેનું દીસે છે વામન રૂપ અપાર, કોઈ સુપાત્ર ઊભા છે દ્વાર. ॥૬૭॥
સુણી વાત રાજા દ્વારે ગયો, ત્યાં છડીદાર સાથે એક લીયો. ॥૬૮॥
સ્વામીને કરે પ્રણામ બલિરાય, ત્યાં વિપ્ર બોલ્યા સત્યભાય. ॥૬૯॥
સુણી વાત બલિ આવ્યા બહાર, માન આપી વિપ્રને કર્યો નમસ્કાર. ॥૭૦॥
રૂપ દેખી રાજા પ્રસન્ન થયો, આવો વિપ્ર કોઈ નવ દેખીયો. ॥૭૧॥

સુંદર સ્વરૂપે સ્વામી સુઘાટ, ચારે વેદ બોલે મુખ પાઠ. ॥૭૨॥
ત્યાં પ્રસન્ન થઈ બોલ્યા બલિરાય, સ્વામી જે માગો તે આપું આંય. ॥૭૩॥
બોલાવી ગુરુને દીધું બહુ માન, વિપ્ર કહે તે આપીએ દાન. ॥૭૪॥
કહે બલિરાજા વિપ્ર નિધાન, તમો કહેશો તે આપીશું દાન. ॥૭૫॥
બલિરાજા તમારી કીર્તિ હોય, તે કારણ માગવા આવ્યો સોય. ॥૭૬॥
હું છું બ્રાહ્મણ વેશ વિવેક, રળીયાત કરો બ્રાહ્મણ હું એક. ॥૭૭॥
વિપ્ર વચનથી બલિ પ્રસન્ન હોય, સ્વામી માગો એવું વિપ્રને કહે તેય. ॥૭૮॥
સ્વામી જે ઈચ્છા મનમાં હોય, કહો તો અન્ન વસ્ત્ર આપું સોય. ॥૭૯॥
અન્ન વસ્ત્રની ઈચ્છા નહીં મુજને, સ્વામી કહો તો સુવર્ણ દાન આપું તમને. ॥૮૦॥
રાજા સુવર્ણ દાન લઈ હું શું કરું, સ્વામી હસ્તી ઘોડા તમ આગળ ધરું. ॥૮૧॥
હસ્તી ઘોડાથી મારે નહીં કાજ, સ્વામી કહો તો આપું પૃથ્વીનાં રાજ. ॥૮૨॥
રાજપાટ ભોગવે નહીં કોય, કહો તો ગ્રંથ ભંડાર આપું સોય. ॥૮૩॥
ગ્રંથ ભંડારથી મારે નહીં કામ, કહો તો આપું મંદિર વૈકુંઠધામ. ॥૮૪॥
મંદિર કૈલાસ કોણ કરે વાસ, કહો તો રાખું અમારી પાસ. ॥૮૫॥
કહે વામન રાજા સત્ય ઓચરું, એવા દાન લઈને હું શું કરું. ॥૮૬॥
સગાં કુટુંબ અમારે નહીં બાળ, દાન લઈને કોણ કરે જંજાળ. ॥૮૭॥
જે માગો તે આપવાનો ધર્મ, એવી વાણી બલિ બોલ્યા મર્મ. ॥૮૮॥

બલિ રાજા નવાણું યજ્ઞોની પૂર્ણતા પૂર્ણ કરી બ્રહ્મસેન રાજાની પુત્રી સાથે લગ્ન કરીને યજ્ઞમંડપમાં આવ્યા. હવે 'સો'મા યજ્ઞના મંડાણની એણે શરૂઆત કરી. આ છેલ્લો યજ્ઞ સર્વોપરી શ્રેષ્ઠ થાય અને એથી અત્યુત્કૃષ્ટ (અતિ ઉત્તમ) ફળ લાભ થાય એ માટે રાજાએ દક્ષતાથી તૈયારી કરી. સર્વત્ર બ્રહ્મનિષ્ઠ, તપોનિષ્ઠ, ઋષિમુનિ, બ્રહ્મવૃંદને આમંત્રણ આપી એમને યજ્ઞમંડપમાં ઉપસ્થિત રહેવા આગ્રહથી વિનંતી કરી હતી. એ અનુસાર સર્વ સુપ્રસિદ્ધ ઋષિમુનિઓ એ યજ્ઞમંડપમાં ઉપસ્થિત થયા હતા. રાજાએ બધાને અત્યંત આગ્રહ કરી કરીને મનોવાંછિત અન્ન વસ્ત્ર સુવર્ણ દાન કર્યું. જેને જે જોઈતું હોય એ દાન આપી બધાને સંતૃષ્ટ કર્યા. સર્વત્ર આનંદમય મંગલમય વાતાવરણ પ્રસરેલું હતું.

એટલામાં કશ્યપ ઋષિ સાથે આવેલા ઋષિમુનિઓ અને એમની સાથે આવેલ બટુક વામન આ બધા રાજદ્વાર પર આવી પહોંચ્યા. રાજદ્વાર પર એમનું યથોચિત સ્વાગત થયું.

એમાં બટુક વામને કરેલું રાજાનું પુણ્યાઃવાચન અને શુભેચ્છા સૂચક વાણી સાંભળી દ્વારરક્ષક ચકિત થઈ ગયો. એવી અસ્ખલિત વેદોક્ત વાણી આજ સુધી એમણે સાંભળી જ નહોતી. તરત જ દોડતા જઈને એક દૂતે બલિરાજાને આ ઘટનાનું નિવેદન કર્યું કે આપણા રાજદ્વાર પર કેટલાક મહાત્મા ઋષિમુનિઓ આવ્યા છે, પણ એમની સાથે એક બટુક પણ છે. એ અત્યંત સુંદર અને તેજપૂંજ સમાન છે, એમની વાણી એકદમ અસ્ખલિત અને મધુર છે, તેઓ ચારેય વેદ મુખપાઠ બોલે છે. મહારાજ ! આ સમાચાર આપને કહેવા માટે હું આવ્યો છું કે, તમે તત્કાલ આવી અલ્પ સમય માટે પણ આવા મહાત્માનાં દર્શન કરો, પૂજન કરો. જાણે સાક્ષાત્ નારાયણ જ આપણા દ્વારે આવેલ છે કે શું એવું અમને લાગે છે !

બલિ રાજા તત્કાળ ઊઠીને રાજદ્વાર પર આવ્યા અને અત્યંત નમ્રભાવથી બ્રહ્મવૃંદને નમસ્કાર કર્યા. બધાનું યથોચિત પૂજન કરી કુશળક્ષેમ પૂછીને સ્વાગત કર્યું અને યજ્ઞમંડપમાં બધાને લઈ આવ્યા.

યજ્ઞમંડપમાં ઋષિજન આવ્યા પછી બલિએ બધાને વસ્ત્રાભૂષણ દાન દક્ષિણા આપી સત્કાર કર્યો. બધાને બેસવા માટે આસન આપ્યાં. બધા ઋષિઓ મંત્ર ઘોષ કરવા લાગ્યા. એમાં બટુક વામનના મનોહર મંત્રોચ્ચાર સાંભળી બલિ રાજા એકદમ મુગ્ધ થઈ ગયો. એ પોતાના ગુરુ શુક્રાચાર્યને આશ્ચર્યથી કહેવા લાગ્યો : 'હે ગુરુ મહારાજ ! આજ સુધી આપણી પાસે અગણિત બ્રાહ્મણો આવ્યા પરંતુ આ બ્રાહ્મણ જેવો વિદ્વાન મેં જોયો નથી.' આ પ્રમાણે બલિએ શુક્રાચાર્ય પાસે વામનની સ્તુતિ કરી.

પછી વામનને બલિએ પોતાની પાસે બોલાવી લીધા અને તેમને પોતાના સો યજ્ઞ વિષયે કહેવા લાગ્યો, ત્યારે વામને કહ્યું : રાજા, આ સો યજ્ઞ તે કર્યા ખરા પણ જે રીતથી એ કરાવવા જોઈએ એમ થયું નથી. તારી પાસે કોઈ વિદ્વાન બ્રાહ્મણ ન હોવાથી કેટલીક ભૂલો થઈ છે એમ મને લાગે છે. આ તારા ગુરુ શુક્રાચાર્યએ ત્રણેય અગ્નિની સ્થાપના ઊંધી કરી છે, તેમજ ગ્રહોની પૂજા પણ ઊંધી કરી છે. એ માટે મંત્ર ભ્રષ્ટતાનો દોષ રાજાને લાગે છે.' આ પ્રમાણે વામને બલિને શુક્રાચાર્યની અનેક ત્રુટીઓની સ્પષ્ટતા કરી બતાવી.

વામનની એ પ્રખર વિદ્વતા જોઈને બલિને ખૂબ જ આશ્ચર્ય થયું અને એણે વામનને કહ્યું : 'હે બટુકરાજ, તમે ક્યાં રહો છો ? તમે આટલો બધો આ શાસ્ત્રોનો અભ્યાસ આટલી નાની ઉંમરમાં ક્યાંથી કોની પાસેથી કર્યો છે ? એ મને કૃપા કરી જણાવો.'

બલિનો આ પ્રશ્ન સાંભળી વામનને હસવું આવ્યું. એ બોલ્યા : 'બલિરાજા, મારો નિવાસ કોઈપણ એક સ્થળે નથી, હું કોઈ એક ઠેકાણે ન રહેતો હોવાથી મારે તને શું કહેવું. વિદ્યાભ્યાસ પણ આમ જ પોતે સાંભળી સાંભળીને કર્યો છે. જાત કઈ, કુળ કયું તે પણ મને ખબર નથી. તું મહાદાનશીલ રાજા હોવાથી સો યજ્ઞ કરે છે. તે સાંભળી આ બ્રાહ્મણો સાથે તારી પાસે આવ્યો છું.'

બટુકની આ વાણી સાંભળી બલિરાજા પ્રસન્ન થયો અને તેને બહુ આનંદ થયો અને એ વિનવવા લાગ્યો કે : 'હે વિદ્યાસંપન્ન બટુક ! તમોને શું દાન આપું ! તમારી ઈચ્છા શું છે એ મને કહો. હું એ નિશ્ચિત પૂર્ણ કરીશ. તમને અન્ન વસ્ત્ર શું જોઈએ ?' 'હાથી, ઘોડા, નોકર, ચાકર.'

વામન બોલ્યા :ના, ના, એ લઈને હું શું કરું ?

બલિ કહે : 'પૃથ્વી પરના એકાદ ભાગનું અથવા સંપૂર્ણ પૃથ્વીનું રાજય આપું.'

વામન બોલ્યા : 'એ પણ નથી જોઈતું.'

બલિ કહે : 'મારો સંપૂર્ણ અર્થભંડાર, સ્થાવર જંગમ માલમત્તા આપું ?'

વામન કહે : 'ના, રાજા, મને એ પણ નથી જોઈતું.'

બલિ બોલ્યો : 'તો એકાદ વૈકુંઠ કૈલાસ જેવું મંદિર બાંધી આપું ?'

વામન કહે : 'રાજા, હું એને લઈને હું શું કરું ?' 'એનો ઉપભોગ કરનાર મારી પાસે બીજું કોઈ નથી.' 'પછી આ બધી ઉપાધિ સાથે રાખીને હું શું કરું. મને એની જરૂર પણ નથી.'

અંતે બલિ રાજા બોલ્યો : 'હે બટુક, તમને જો કંઈ ન જોઈએ તો પછી મારી પાસે જ રહો. પણ સ્વામી ! કંઈક તો દાન લીધા સિવાય મારા મનને શાંતિ થશે નહીં, એમ બલિ રાજા વામનને વિનંતી કરે છે.

જે માગો તે આપવાનો ધર્મ, એવી વાણી બલિ બોલ્યા મર્મ. ॥૮૯॥
જે માગો તે આપું તમને, પછી દોષ નવ દેશો અમને. ॥૯૦॥
ત્યાં વામન વાણી બોલ્યા મર્મ, અવનિ માગું ત્રણ જ કદમ. ॥૯૧॥
ત્યાં રાત રહીને કરું વિશ્રામ, અવનિ ભરું મારાં ત્રણ કદમ. ॥૯૨॥
કહે રાજા સુણો વિપ્ર હમારી વાત, કેટલું લોક છે તમારી સાથ. ॥૯૩॥
લોક કુટુંબ મારે નહીં કોયે, એકલો યાચક આવ્યો હુંયે. ॥૯૪॥
કહે રાજા સુણો વાત અમ તણી, સ્વામી પૃથ્વી છે અમારે ઘણી. ॥૯૫॥
જેટલી ઈચ્છા તમારી હોય, તેટલી લેજો પ્રધાન પાસેથી તોય. ॥૯૬॥
બોલ્યા વિપ્ર સુણો બલિરાય, વણ માપી પૃથ્વી નવ લેવાય. ॥૯૭॥
સ્વામી માપી પૃથ્વીનું શું કાજ, જે જોઈએ તે માગો આજ. ॥૯૮॥
આપી ઉદકને તમ તણી પૂરું આશ, મઢી બાંધીને પૂરો વાસ. ॥૯૯॥
બોલ્યા શુક્રાચાર્ય સુણો અમારી વાત, આ વિપ્ર કરશે તમારી ઘાત. ॥૧૦૦॥
પ્રધાન બોલ્યા સુણો બલિરાય, વિપ્ર નહીં નારાયણ દેવ કહેવાય. ॥૧૦૧॥
ત્યાં શુક્ર ગુરુ બોલ્યા એહ, એવા વૈકુંઠનાથ દીસે છે તેહ. ॥૧૦૨॥
નિશ્ચે વાત તમે માની મારી, વિપ્ર છળભેદ કરવા આવ્યો તારી. ॥૧૦૩॥
એવું વામન રૂપે દીસે આંહી, ત્રણે ભુવનમાં છે એની છાંહી. ॥૧૦૪॥
અંજલિ આપી ઉદક જો ભરી, ત્યાં ત્રણ કદમનો સંકલ્પ કરી. ॥૧૦૫॥
ધન્ય ધન્ય રાજા તારો ધર્મ, હવે દક્ષિણા જોઈએ અડધો કદમ. ॥૧૦૬॥
પુણ્ય પવિત્ર સફલ જો થાય, દક્ષિણા આપ્યાનો મોટો મહિમાય. ॥૧૦૭॥
સુણ બલિ રાજા વચન હું કહું તોય, સાડા ત્રણ પગ ધરણી દેજો મોય. ॥૧૦૮॥
એવાં વચન કહ્યાં જગદીશ, શુક્રાચાર્યને ત્યાં ચઢી રીસ. ॥૧૦૯॥
સુણો રાજા ગુરુ શુક્રાચાર્ય બોલ્યા વાણ, ધરતી તણું ન દીજે દાન. ॥૧૧૦॥
અમ વચન માનો સત્ય ભાય, એ વિપ્ર નથી નારાયણ દેવ કહેવાય. ॥૧૧૧॥
એ છળ પાડવા આવ્યા હોયે, તમે દોને ઉત્તર નિર્મળ કોયે. ॥૧૧૨॥
બોલ્યા બલિરાજા સત્ય વાણ, જો સત્ ચૂકું તો ન ઊગે ભાણ. ॥૧૧૩॥
હું મોટો દાતાર જાણે સૌ વાત, વિષ્ણુ સરખા જોડે આવી હાથ. ॥૧૧૪॥
આજે દઉં દાન ભોમીની શીખ, મુજ આગળ વિષ્ણુ માગે ભીખ. ॥૧૧૫॥
બોલાવ્યા વિપ્ર ત્યાં બેસાડી આય, હાથમાં ઝારી લીધી બલિરાય. ॥૧૧૬॥
નમાવી ઝારીને લાગી વાર, શુક્રે બાંધી છે પાણીની ધાર. ॥૧૧૭॥
નારાયણ દેવે સળી ભોંકી સાખ, શુક્રાચાર્યની ફૂટે ત્યાં એક આંખ. ॥૧૧૮॥

બલિ રાજા ઉદક આપે જ્યાંય, શુક્રાચાર્ય આંખે કાણા થાયે ત્યાંય .॥૧૧૯॥
હું દાતાર મેં દીધાં મોટા દાન, મુજ આગળ નારાયણ માગે માન.॥૧૨૦॥
બોલાવ્યા બલિએ છડીદાર, વિપ્રને દબાવવા વધે ન લગાર.॥૧૨૧॥
બલિએ આપ્યાં ઉદક વિપ્રે પ્રમાણ, ત્યાં સ્વામીજી બ્રહ્માંડ વધીયા સુજાણ.॥૧૨૨॥
ઉદક મેલ્યું શ્રી હરિને હાથ, વધ્યા દેવ ધ્રુવ મંડળ સાથ.॥૧૨૩॥

બલિ રાજાએ વામનને કહ્યું: 'હે બ્રહ્મદેવ, તમે મારા યજ્ઞ સમયે યાચના માટે આવ્યા છો તો એ માટે મને ખૂબ આનંદ થયો છે. તમારી જે ઈચ્છા હોય તે મને કહો. હું એ આપવા તૈયાર છું.'

ત્યારે વામન બોલ્યા: 'રાજા, મને ફક્ત ત્રણ પગલાં જમીન જોઈએ.'

વામનની આ માગ સાંભળી બલિને હસવું આવ્યું અને એ બોલ્યો: 'બટુકજી, આ તો તમે ખૂબ જ થોડું માગ્યું. કંઈક દેશ, દુર્ગ, સોનું, રત્ન વગેરે માગો એવી મારી ઈચ્છા છે. તમારા જેવા વિદ્વાન બ્રાહ્મણને ત્રણ પગલાં જમીન આપવી એમાં મારી દાનશીલતા દેખાશે નહીં. મારી આટલી બધી પૃથ્વી હોવા છતાં ફક્ત ત્રણ જ પગલાં જમીન દાન કરવી મને લાંછનાસ્પદ લાગે છે. તો આનાથી અધિક માગવી હોય તો પણ હું આપીશ.'

વામન બોલ્યા: 'બલિ રાજા, તું ત્યાગ વૃત્તિનો છે એ વાત ખરી છે, પણ મને બ્રાહ્મણને વધારે ભૂમિ દાનમાં લઈને શું કરવું છે?' સંપત્તિ ચંચળ છે, એ કોઈની પાસે એક સરખી રહેતી નથી. મને માત્ર મારાં ત્રણ પગલાં જેટલી ભૂમિ માપી આપ એટલે મને સંતોષ થશે.

શુક્રાચાર્યએ બધી વાત અંતર્જ્ઞાનથી જાણીને એ રાજાને કહેવા લાગ્યા: 'રાજા, આ બટુક કપટવેષધારી વિષ્ણુ છે ! વામન અવતાર ધારણ કરીને એ તારો નાશ કરવા માટે આવ્યા છે ! માટે એનું સાંભળીશ નહીં.'

શુક્રાચાર્યની વાણી સાંભળી બલિ બોલ્યો: 'હે ગુરુવર્ય, જો પ્રત્યક્ષ ભગવાન મારો નાશ કરવા માટે આવ્યા હોય તો હું ખરેખર મોટો ભાગ્યવાન છું એમ સમજીશ ! એમને મેં વચન આપ્યું છે, એ વચન હું કદી પણ ઉથાપીશ નહીં ! 'સમુદ્ર પોતાની મર્યાદા છોડશે, શેષનાગ પોતાના મસ્તક પરથી પૃથ્વી ડોલાવશે પણ હું મારું વચન કદી પણ પાછું લઈશ નહીં !' બલિ ગુરુ શુક્રાચાર્યનું કંઈ જ સાંભળતો નથી તે જોઈ શુક્રાચાર્યને ખૂબ ગુસ્સો આવ્યો અને એમણે બલિને તું શ્રીહીન થઈશ એમ શ્રાપ આપ્યો.

શુક્રાચાર્યના ગુસ્સાને અને શ્રાપને ન ગણકારતાં બલિએ નિશ્ચયથી વામનને આસન પર બેસાડી એની ષોડશોપચારે પૂજા કરી અને પાણીની ઝારી લાવીને સંકલ્પ લેવાની શરૂઆત કરી. પણ ઝારીમાંથી પાણી પડતું નહોતું. રાજાએ ઘણા પ્રયત્ન કર્યા પણ પાણી બહાર આવતું નહોતું. કારણ શુક્રાચાર્યને આ સંકલ્પ પૂરો થવા દેવો નહોતો એમને સૂક્ષ્મ રૂપથી પાણીનો માર્ગ અવરોધેલો હતો.

આ વાત વામન ભગવાને અંતર્જ્ઞાનથી જાણી લીધી એટલે તેમને એક સળી ઝારીના નાળચામાં નાખી. સૂક્ષ્મ રૂપથી નાળચામાં બેઠેલા શુક્રાચાર્યની આંખમાં સળી ઘોંચાઈ અને ત્યારે શુક્રાચાર્યના આંખમાં દુઃખાપાત થયો અને શુક્રાચાર્ય કાયમ એકાક્ષ (એક આંખ) બન્યા. શુક્રાચાર્ય પાણીના માર્ગમાંથી દૂર થતાં જ ઝારીમાંથી પાણી બહાર પડ્યું અને રાજાએ ત્રણ પગલાં જમીન અને અડધું પગલું દક્ષિણામાં એમ સાડા ત્રણ પગલાંનો સંકલ્પ કર્યો. સંકલ્પનું ઉદક વામનના હાથ પર પડતાં જ વામન ભગવાને વિરાટ સ્વરૂપ ધારણ કર્યું.

ઉદક ભરી મેલ્યું જયારે હાથ, વિરાટ રૂપ લીધું ત્યારે નાથ.॥૧૨૪॥
વિરાટ રૂપ થયું તેણી વાર, થયો અચંબો નગર મોઝાર.॥૧૨૫॥
દૈત્ય દેવને ચરણે લાગ્યો જયાંય, સદ્‌ગોરે ભૂત ખાના સોંપ્યાં ત્યાંય.॥૧૨૬॥
સદ્‌ગોરે એવાં રૂપ લીધાં સહી, ત્રણ કદમ સર્વે અવનિ થઈ.॥૧૨૭॥
ત્રણ ભુવને ભરીયા પાય, એના વિના નવ દેખે ઠાય.॥૧૨૮॥
વામન રૂપે ધરતી માપી સહી, ત્રણ કદમ અવનિ જ થઈ.॥૧૨૯॥
શ્રી વામન વાણી બોલ્યા સત્‌ભાય, વાત અમારી સુણો બલિરાય.॥૧૩૦॥
અડધો કદમ ધરતી દીજો મોય, નહિ તો સત્ ચૂકે રાજા તોય.॥૧૩૧॥
ત્યારે બલિરાજા બોલ્યા ત્યાંયે, સ્વામી દેખો પૃથ્વી ત્યાં લેજો છે જયાંયે.॥૧૩૨॥
બલિરાજા તું બોલતો ગર્વ, ભાઈ ત્રણ પાયમાં આવ્યું છે સર્વ.॥૧૩૩॥
બલિરાજા હું સત્ય બોલું છું સહી, અડધો કદમ ધરતી દેણી રહી.॥૧૩૪॥
મને અવનિ આપો અર્ધું પાય, રાજા તારું દાન સંપૂર્ણ થાય.॥૧૩૫॥
બોલ્યા બલિરાજા વચન સત્ય જાણ, સ્વામી લ્યોને આપું તમને દાન.॥૧૩૬॥
કરી સ્નાન લાગ્યા પાય, વામન આગળ ઊભા રહે રાય.॥૧૩૭॥
જમણો પગ મસ્તકે દીયો, બલિ રાજા ત્યાં પાતાળે સિધ્યો.॥૧૩૮॥
અર્ધુ કદમ લેવાને સહી, મસ્તકે પગ દઈ ચાંપ્યા ત્યાંહી.॥૧૩૯॥
ત્રણ ભુવન ત્રણ કદમમાં ભરી, ભક્તો કારણે દયા જો ધરી.॥૧૪૦॥
ભક્તો કારણ પ્રગટ્યા શ્રી દયાળ, બલિરાયને ચાંપ્યો છે પાતાળ.॥૧૪૧॥
ત્યાં બલિરાયે બીજી દેહ ધરી, સ્વર્ગ પાતાળથી આવ્યો ફરી.॥૧૪૨॥
જો કોઈ આપે મને સહકાર, માંડુ વિષ્ણુથી યુદ્ધ તત્કાળ.॥૧૪૩॥
સ્વર્ગ જઈ આવી પાતાળે જાય, જયાં જુએ ત્યાં વિષ્ણુ જ દેખાય.॥૧૪૪॥
ત્યારે બલિ બોલ્યા ચિંતા કરી, જયાં ચાંપ્યા ત્યાં આવ્યા ફરી.॥૧૪૫॥

એ વિરાટ પુરુષના પગ પાતાળમાં અને મસ્તક એકવીસ સ્વર્ગમંડળમાં વ્યાપીને ઉપર ગયું. વક્ષસ્થળ પર સૂર્ય મંડળ, કંઠ પ્રદેશે તારકા મંડળ અને બાહુ દિગ્મંડલે વ્યાપ્યા હતા. આવું એ વિરાટ સ્વરૂપ જોઈ બધા ભયભીત થયા. પરંતુ બલિને એ રૂપ જોઈ ખૂબ આનંદ થયો, કારણ કે પ્રભુએ પોતાને આજ પોતાના મૂળ સ્વરૂપથી દર્શન આપ્યાં એ માટે ખૂબ ધન્યતા અનુભવી.

પછી શ્રી વિષ્ણુ ભગવાને પોતાના એક ચરણથી સંપૂર્ણ ભૂમંડળ વ્યાપ્ત કર્યુ. બીજું ચરણ સ્વર્ગ પર, ત્રીજું ચરણ પાતાળમાં મૂક્યું. ત્રણેય ચરણ પૂર્ણ થયા પછી ભગવાને બલિને કહ્યું: 'દાનસુર બલિરાજા, અડધું પગલું દક્ષિણાનું હજુ રહ્યું છે તો હવે અર્ધુ પગલું ક્યાં મૂકું ? જો આ અડધા પગલાની જગ્યા તું આપી ન શક્તો હો તો તારું કરેલું બધું દાન-ધર્મ વ્યર્થ જશે તેમજ તારું વચન વ્યર્થ જશે. આ માટે હે રાજા, તરત જ તું મને અડધા પગલાંની જગ્યા બતાવ અને વચન પૂર્ણ કર.

બલિરાજાએ સૂક્ષ્મ રૂપથી સમસ્ત ત્રિભુવનમાં નજર નાખી પણ ક્યાંય અડધું પગલું જમીન ન દેખાઈ. જ્યાં જુએ ત્યાં શ્રી વિષ્ણુના ચરણ એમને દેખાતાં હતાં. એક પણ જગ્યા શ્રી વિષ્ણુ ભગવાનના ચરણ સિવાય ખાલી પડેલી બલિને જોવામાં આવી નહીં. છેલ્લે શ્રી વિષ્ણુ ભગવાનને બલિએ વિનંતી કરી કે: 'હે દેવ ! હવે આ અડધું ચરણ મારા મસ્તક પર મૂકી મને બ્રહ્મ ઋણમાંથી મુક્ત કરો.'

બલિની વિનંતી માન્ય કરીને શ્રી વિષ્ણુ ભગવાને બલિના મસ્તક પર એમનો જમણો પગ મૂકીને એનો ઉદ્ધાર કર્યો. સપ્ત પાતાળના તળમાં બલિને લાવ્યા, ત્યાં બલિ શ્રી વિષ્ણુ ભગવાનના ચરણમાં લીન થયો. બલિની વિદ્યાબલી અને જલપદ્મણી આ બંને સ્ત્રીઓએ પ્રભુનાં ચરણોની ષોડશોપચારે પૂજા કરી. એ પણ ભગવાનના ગુણોનું અને ચરિત્રનું ગુણગાન કરવા લાગી.

બલિ કહે કરી અમ શું ઘાત, વિષ્ણુ નારાયણને પૂછી વાત.॥૧૪૬॥
શાને કારણ કીધી મારી ઘાત, તેનો ભેદ કહોને નાથ.॥૧૪૭॥
મૃત્યુલોકમાં મેં દીધાં દાન, તો સ્વામી મારું રાખોને માન.॥૧૪૮॥
હમો સંસાર ત્યાગ જો કીયો, દાન પુણ્ય શું એળે ગીયો.॥૧૪૯॥
જે કોઈ આગે તપ કીયા, ભૂખે મર્યાને ખોટી જો થીયા.॥૧૫૦॥
સ્વામી તે કારણે વિનવું હુંય, વળી કહે તેવી ચિંતા મને છેય.॥૧૫૧॥
માગ માગ એમ બલિરાયને કહે, તું જે માગે તે આપું તોહે.॥૧૫૨॥
ત્યારે બલિરાજા એમ કહે સુભાષ, મારે ત્યાં પોળીયા થઈ રહો ચાર માસ.॥૧૫૩॥
ત્યારે વિષ્ણુ બોલ્યા સત્ભાય, સુણો વાત અમારી બલિરાય.॥૧૫૪॥
માસ ચાર હું સૂતો જોય, તો વિવાહ પ્રસંગ ત્યાં ન હોય.॥૧૫૫॥
ચાર માસ તારું રાખું માન, આગળ જુગમાં બહુ કરશે જે દાન.॥૧૫૬॥
દેવ સૂતા તો નવ જાણે કોયે, ઉત્પત લોકની તે ક્યાંથી હોયે.॥૧૫૭॥
દેવ સૂવે તો વર્ષા ન હોય, વનરાઈએ ફળફૂલ નવ સોય.॥૧૫૮॥
જો દેવ સૂવે તો નવ ઉગે ભાણ, એ ચાર માસનું રાખ્યું માન.॥૧૫૯॥
દેવ સૂવે તો પૃથ્વી જાગે કેમ, અને સંસાર કેમ વર્તે તેમ.॥૧૬૦॥
મૃત્યુલોકમાં કીધું કાજ, દક્ષિણ દિશા માંહે દીધું રાજ.॥૧૬૧॥
બલિને વંશે જે બાલક અવતરે, તેનું નામ ફરી બલિ જો ધરે.॥૧૬૨॥
એ દક્ષિણ દિશામાં કરે છે રાજ, ત્યાં વામન રૂપે પૂર્યાં કાજ.॥૧૬૩॥
પાતાળનું તો આપ્યું રાજ, વામન રૂપ ધર્યું મહારાજ.॥૧૬૪॥
એવા વચન બોલે સહુ સાથ, યજ્ઞ રાખ્યો અપૂર્ણ શ્રી નાથ.॥૧૬૫॥
પાંચમા રૂપે શ્રી હરિ અવતાર, ભક્તો કારણ વામન થયા મોરાર.॥૧૬૬॥
બલિ દૈત્યને માર્યો જ્યારે, ભક્ત કમળધ્વજ ઓદ્ધાર્યો ત્યારે.॥૧૬૭॥
પછીથી પ્રગટ થયા દયાળ, બલિ દાનવ ચાંપ્યો પાતાળ.॥૧૬૮॥

વામન રૂપે શ્રી હરિ પ્રગટ થાય, બહુ દાન કીધા બલિ રાય.॥૧૬૯॥
શ્રી હરિએ દૈત્યને પાતાળ ચાંપ્યો જયાંય, ત્યારે કર્યા દાન તે એળે થયાંય.॥૧૭૦॥
સુણો સર્વે સદ્‌ગુરુએ કહી વાત, જેટલું દાન દેશે ગર્વને સાથ.॥૧૭૧॥
એળે ગયું બલિરાજા સરખું દાન, તો તમારું દાન કોણ સમાન.॥૧૭૨॥
યુગ ગુરુ (વસિષ્ઠ) ન ઓળખ્યા રાય, દાન પુણ્ય કીધાં નષ્ટ જાય.॥૧૭૩॥
તેથી કારજ સિદ્ધ ન થાય, જેમ ગરધવ ખેતરને ખાય.॥૧૭૪॥
દૈત્યના મન માંહે એવું થાય, શંકર આગળ તપ કરવા જાય.॥૧૭૫॥
શંકર પ્રસન્ન થયા છે ત્યાંય, દૈત્ય કહે સહસ્ર ભુજા મારે હોય.॥૧૭૬॥
સહસ્ત્ર હસ્તી બળ એકેક ભુજ, હરિ વિષ્ણવ સાથે કરું યુદ્ધ.॥૧૭૭॥
એ દૈત્યને વર દીધો જે વાર, સહસ્રાર્જુનનો એ અવતાર.॥૧૭૮॥
પાંચમે રૂપે શ્રી હરિ વામન, સદ્‌ગોર તો થયા બહુ લોચન.॥૧૭૯॥
વરસ ચાર લાખને બત્રીસ હજાર, ત્યાં સુધી વામન અવતાર.॥૧૮૦॥
એ વિષ્ણુ ચરિત્ર અનંત અપાર, ભક્ત કારણ લે છે અવતાર.॥૧૮૧॥
પાંચમે વામન રૂપે બલિરાજને હણીયો, ભક્ત કમલધ્વજને ઉગારીયો.॥૧૮૨॥
ત્યાં પછી સંસારમાં પ્રગટ થયા મોરાર, સર્વે સંસારે ઓળખ્યા નિર્વાણ.॥૧૮૩॥
શ્રી વામનની માતા તો લીલાવતી કહીએ, પિતા તો કશ્યપ ઋષિ કહીએ.॥૧૮૪॥
ગુરુ તો સહજાનંદ જાણ, શક્તિ તો કોકિલા દેવી પ્રમાણ.॥૧૮૫॥
સ્થાન તો બગપુર જાણ, ક્ષેત્ર તો વનથળી જુનાગઢ પ્રમાણ.॥૧૮૬॥
પાંચમો અવતાર સંપૂર્ણ જાણ, ત્યારે યજુર્વેદ હોતા પ્રમાણ.॥૧૮૭॥
છઠ્ઠા અવતારનું માંડ્યું મંડાણ, શ્રી સદ્‌ગુરુ બ્રહ્મા બોલ્યા વાણ.॥૧૮૮॥
વામન અવતાર સંપૂર્ણ જ સહી, એવી સદ્‌ગુરુ ઈમામશાહે વાણી કહી.॥૧૮૯॥

બલિરાજાના સમાચારની ખબર પડતાં જ બલિના દાદા પ્રહ્‌લાદ બ્રહ્મદેવને સાથે લઈને આવ્યા અને એમણે શ્રી વિષ્ણુ ભગવાનને વિનંતી કરી.

શ્રી વિષ્ણુ ભગવાન બોલ્યાઃ 'મને નિષ્કામ ભક્ત વિશેષ ગમે છે. રાજ્ય સંપત્તિના મદથી ઉન્મત્ત થયેલાને મારા પદની પ્રાપ્તિ ક્યારેય થતી નથી. આ માટે બલિને નિષ્કામ થવું પડશે. બલિ મારો સાચો ભક્ત છે, એ સત્ત્વશીલ દાનવીર હોવાથી મેં બલિની સામે હાથ પ્રસરેલા અને એણે મારી ઈચ્છા તૃપ્ત કરી છે એટલે હું બલિને સપ્ત પાતાળનું રાજ્ય આપું છું. એનો એ આનંદથી ઉપભોગ કરે.' એમ કહી ભગવાને બલિને પાતાળનું રાજ્ય સોંપ્યું.

ત્યારે બલિ બોલ્યોઃ 'પ્રભુ, પૃથ્વી પરથી તમે ભલે મને પાતાળમાં લાવ્યા, પણ મારી યાદ પૃથ્વી પરના લોકોને કાયમ રહે તેવું કોઈ જ આયોજન આપે ન કર્યું. દાનધર્મ કરનારા મારા જેવા નાશ પામશે તો મૃત્યુલોકમાં દાનધર્મનું પ્રમાણ નષ્ટ થશે

અને ધર્મમાર્ગ બંધ પડશે !'

આ સાંભળી શ્રી વિષ્ણુ ભગવાન બોલ્યાઃ 'તારી યાદ પૃથ્વી પરના લોકોને અક્ષય રહેવા માટે દર વર્ષે કાર્તિક સુદ પ્રતિપદ (એકમ)ના દિવસે લોકો તારી પ્રતિમા કરીને પૂજન કરશે અને અષાઢ સુદ-૧૧થી કાર્તિક સુદ-૧૧ સુધી લગ્નકાર્ય મંગલવિધિ બંધ રહેશે, કારણ કે હું તારા દ્વારે દ્વારપાલ તરીકે રહીશ. હે બલિરાજા, આ પ્રમાણે તારી અને તે કરેલા અપૂર્વ દાનકર્મની યાદ હું કાયમ મૃત્યુલોકમાં મૂકીશ. આ પ્રમાણે બલિને કહી ભગવાને ક્ષીરસાગર પ્રતિ જવા પ્રયાણ કર્યું.'

બલિ પાતાળમાં રાજ્ય કરતો હતો ત્યારે ફરી એક દિવસ તેને ઈંદ્રની અમરાવતી લેવાની ઈચ્છા થઈ. ત્યારે તત્કાળ શ્રી વિષ્ણુ ભગવાનના વરુણ પાશથી એ બદ્ધ થયો. ત્યારે પ્રહ્લાદે શ્રી વિષ્ણુ ભગવાનને પ્રાર્થના કરીને બલિનાં બંધન દૂર કર્યાં. પછી બલિએ પ્રભુની અનન્યભાવથી ક્ષમા માગી અને ભગવાન સદોદિત પોતે સાનિધ્યમાં રહે એવી વિનંતી કરી, ભક્ત વત્સલ પ્રભુએ બલિની વિનંતી માન્ય કરી અને એ બલિના દ્વારે દ્વારપાલ થઈને રહ્યા.

આ પ્રમાણે ભગવાનના પાંચમા વામન અવતારની લીલા અહીં સંપૂર્ણ થાય છે. આ અવતાર કાળમાં ભક્ત કમળધ્વજ થયેલા. તેઓએ ભગવાનના અનંત ભજનમાં-ભક્તિપ્રેમમાં નિરંતર રહી સાયુજ્જ મુક્તિ મેળવી હતી.

બલિના જ વંશમાં આગળ સહસ્રાર્જુન નામનો દૈત્ય જન્મ્યો. શ્રી વિષ્ણુ ભગવાને પોતાના પૂર્વજોનો સંહાર કર્યો છે તેથી ભગવાનનો સંહાર કરવા માટે તપશ્ચર્યા કરીને એમણે હજાર બાહુ મેળવ્યા અને અત્યંત બલિષ્ઠ અને ગર્વિષ્ઠ થઈ એણે જગતને ત્રાહિમામ્ ત્રાહિમામ્ કરી મૂક્યું. એ માટે ભગવાનને છઠ્ઠો પરશુરામ અવતાર લેવો પડ્યો.

અવતાર પાંચમો વામન અવતાર. શ્રી વામન ભગવાનની માતાનો લીલાવતી, પિતા તો કશ્યપ ૠષિ, શક્તિ તો દેવી કોકિલા, ગુરુ તો સહજાનંદ, દૈત્ય દાનવ તો બલિ રાજા, સ્થાન તો બગપુર, ક્ષેત્ર તો વનથળી, ત્યારે વેદ તો યજુર્વેદ, ઓચરંતે ગાયત્રી, સાત વાર, સત્તાવીસ નક્ષત્ર, પંદર તિથિ, બાર કરણ, નવ ગ્રહ, સુર મંત્રનો જાપ જપતા આવ્યા, સ્વામી, ૠષિઓને સ્થાપી, બલિ દૈત્યને પાતાળે ચાંપી, કમળધ્વજ ભક્તને ઓધારી, તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મોરારિ. જે કોઈ ચિત્ત હરિ શું લાયે, તેનાં ધર્મ વધે ને પાપનો ક્ષય થાય. નમો નમો, પરબ્રહ્મ નારાયણના નામને, જે રૂપે સદ્ગોર બ્રહ્મા નર નારાયણ હોય તે રૂપને ધ્યાવીએ. અવતાર પાંચમો શ્રી વામન ભગવાન, ચાર લાખ બત્રીસ હજાર (૪,૩૨,૦૦૦) વર્ષ વર્તંતે સંપૂર્ણ.

॥ ૐ તત્ સત્ શ્રી પરિબ્રહ્માર્પણમસ્તુઃ ॥

॥ ઈતિ શ્રી વામન ભગવાનનો અવતાર સંપૂર્ણતઃ ॥

•••

:: સદ્ભક્ત કમળધ્વજનું આખ્યાન ::

ત્રેતા યુગમાં પરમ ભગવદ્ ભક્ત કમળધ્વજ નામનો ભગવાનનો અત્યંત પ્રેમી અને જ્ઞાની ભક્ત થઈ ગયો. ચક્ર પુષ્કરણી તીર્થના કાંઠે શ્રીવત્સ ગોત્રનો કમળધ્વજ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. એની પાસે સંપત્તિ, વૈભવ વગેરે કંઈ નહોતું. એ કોઈની પાસેથી દાન પણ લેતો નહોતો. ભગવાનનું નામસ્મરણ-કીર્તન-ચિંતન આ એના જીવનનું વ્રત હતું. બધી ઇંદ્રિયોને તેણે વશ કરી હતી. તેમજ તેના હૃદયમાં દીન દુઃખીયાંઓ માટે દયા હતી. સત્ય, પ્રેમ, વિષય રહિત અને સર્વ પ્રાણીમાત્રમાં આત્મભાવ રાખવો આ જ એનું જીવન હતું. પોતાના સુખદુઃખની એને કદી પરવા કરી નહોતી, પરંતુ બીજાનાં દુઃખ જોઈને એનું હૃદય દ્રવી ઉઠતું.

ક્યારેક ભક્ત કમળધ્વજ ઝાડનાં પાન ખાઈને તો ક્યારેક પાણી પીને નિર્વાહ કરતો. તો કદી કદી ભગવાનના સ્મરણમાં એટલો તલ્લીન થઈ જતો કે દેહનું ભાન સુદ્ધાં તેને નહોતું રહેતું. તો પછી ખાવાપીવાનું ભાન ક્યાંથી રહે ? પરંતુ આ તો બધી બહારની વાતો હતી. એનું હૃદય ભગવાનની પ્રાપ્તિ માટે તડપતું હતું. તેને પોતાની દૃષ્ટિથી પોતાના જીવનનું કંઈ મહત્ત્વ નહોતું. આવું એક જ જીવન તો શું પણ સો સો જીવન પણ ભગવાનને પ્રાપ્ત કરવા માટે અર્પણ કરે તેવો તે હતો. પણ કમળધ્વજના હૃદયમાં આશા નિરાશાના ભયંકર વાદળ નિર્માણ થતાં હતાં.

કમળધ્વજ ક્યારેક ક્યારેક મનમાં વિચાર કરતો હતો કે, 'ભગવાન અનંત વિભૂષિત ખૂબ દયાળુ છે અને મને તેઓ અવશ્ય પ્રાપ્ત થશે. હું એમનાં ચરણ કમળોમાં સ્વાત્મ સમર્પણ કરીશ, એના ચરણ મારા પ્રેમાશ્રુથી ભીંજવી ધોઈ નાખીશ, એ પોતાના હસ્ત કમળોથી મને ઉઠાડીને હૃદયે લગાડશે, મારા શિર પર હાથ મૂકશે, મને પોતાનો માની સ્વીકારશે અને પછી હું આનંદ સાગરમાં વિહાર કરીશ. કેટલી સૌભાગ્યદાયક હશે એ ક્ષણ ! કેટલું મધુર હશે એ ક્ષણનું જીવન ! એ મને કહેશે વરદાન માગ અને પછી હું કહીશ મને કંઈ જોઈતું નથી, હું તો ફક્ત તમારી સેવા કરીશ, તમને જ સર્વત્ર જોઈશ. તમે મને ભૂલી જાઓ અથવા યાદ રાખો પણ હું તો તમને ક્યારેય કદી પણ ભૂલીશ નહીં.' એવી ભાવના કરતાં કરતાં કમળધ્વજ આનંદ મગ્ન થઈ જતો. શરીરમાં એ રોમાંચ ઉદ્ભવતો, આંખોમાંથી પ્રેમાશ્રુનાં પૂર વહેતાં. આવી પ્રેમ મુગ્ધ અવસ્થા ઘણી વાર સુધી તેને રહેતી. એ આખા જગતને ભૂલીને પરમેશ્વરની સેવામાં મગ્ન બની જતો.

વળી ક્યારેક ક્યારેક સદ્ભક્ત કમળધ્વજના ચિત્તમાં એનાથી ઊંધી ભાવના જાગૃત થતી કે 'ક્યાં હું એક શુદ્ર પ્રાણી ! દીન હીન મલિન મારું હૃદય અને ક્યાં અખિલ બ્રહ્માંડ નાયક ભગવાન ! મારા આ પાપપૂર્ણ હૃદયમાં શું તેઓ આવશે ? એવી કઈ સાધના કરી છે કે મારા ઉપર મુગ્ધ થઈને પરમેશ્વર મને દર્શન આપશે ! ના જપ, ના તપ-વ્રત, ના સમાધિ ! જે હૃદયથી એમનું ચિંતન કરવાનું હોય એનાથી ઉલટું સંસારનું ચિંતન ઘડાય છે. આજ તો મારો મોટો અપરાધ છે. એનો દંડ અવશ્ય મને મળશે. હું દુઃખની જ્વાળામાં જકડાયેલો છું, વિષયો માટે જગતમાં ભટકું છું, તો પણ ભગવાન પ્રાપ્તિની આશા કરું છું. મારી આ આશા ક્યારેય શું સફળ થશે ? આશા નિરાશા નથી ! શરીર માટે કેટલો ચિંતામગ્ન થાઉં છું ! વિષયો માટે હૃદયમાં કેટલી ઉત્સુક્તા વ્યાપે છે ! સંસાર માટે હું કેટલી વાર રોયો છું ! પણ ભગવાન માટે બે અશ્રુબિંદુ પણ આવ્યાં છે મને ! કેવી વિડંબના છે !

આ મારું જીવન કેટલું પરાડમુખ છે, શું આજ જીવન ભગવત્ પ્રાપ્તિ માટે છે ? આવા જીવનનો તો વિનાશ જ ઉચિત અને શ્રેયસ્કર છે ! આ પ્રમાણે વિચાર કરતાં કરતાં ભક્ત કમળધ્વજના હૃદયમાં એટલી બધી વેદના થતી હતી કે જાણે આ હૃદય ફાટી ને વિદીર્ણ જ થઈ જશે.

કેટલીકવાર મૂર્છિત થઈ બેહોશીમાં કમળધ્વજ કહેતો હતો; 'હે પ્રભુ ! હે સ્વામી ! હે પુરુષોત્તમ ! હે ભગવાન ! શું તમે મને દર્શન નહીં આપો ? રડતો રડતો એ વિહરતો રહેતો હતો. નિરાશ થઈને કહેતો કે મારા નસીબમાં શું છે ! મને મૃત્યુની બીક નથી. આ નીચ જીવનનો અંત જ થવો જોઈએ, હે ભગવાન ! હું તમને કદી જોઈ શકીશ નહીં. કેટલા જન્માંતરમાં તમારું દર્શન થશે એની સમજણ પડતી નથી ! મારી આ કરુણાદ્ર વાણી શું તમારા વિશ્વ વ્યાપી કાન સુધી નથી આવતી ?

હે પ્રભુ ! મારી દુર્બળતા સામે ન જોતાં તમારામાં જ રમનારા એવા મારા આ આત્મ તત્ત્વનું તમે અવલોકન કરો ! આ પ્રમાણે પ્રાર્થના કરતાં કરતાં કમળધ્વજ ચેતના શૂન્ય થઈ જતો અને કેટલાય સમય સુધી એ એમ જ બેશુદ્ધ થઈને પડી રહેતો.

લોકો કહે છે ભગવાનની પ્રાપ્તિ માટે તપ કરવું. પણ તપનો અર્થ શું છે ? તપનો અર્થ એ છે આપણે કરેલ અપરાધનો પશ્ચાતાપ અને આપણા નષ્ટ ભ્રષ્ટ થયેલા જીવ સ્થિતિનો અસંતોષ ભગવાનના વિરહની એ જ્વાળા (તપ) આપણા જીવનનાં બધાં કલુષિતોને બાળી તપ્ત સુવર્ણ પ્રમાણે જીવનને ઉજાળી આપે છે, આ જ તપનો ખરો અર્થ છે. આ જ તાપ દેવદુર્લભ તપ છે. કમળધ્વજનું જીવન આ જ પશ્ચાતાપથી પરિપૂર્ણ હતું અને એ ખરા અર્થથી તપસ્વી જ હતો.

એક દિવસ કમળધ્વજની તપશ્ચર્યા પરિસીમાએ ગઈ. એણે ખરા હૃદયથી સંપૂર્ણ શક્તિથી ભગવાનને પ્રાર્થના કરી. હે પ્રભુ ! મને હવે અધિક કષ્ટ ન આપશો. તમારા દર્શનની આશામાં હજુ હું કેટલા દિવસ જીવતો રહું ?

એક એક ક્ષણ કલ્પ સમાન જાય છે, જગત શૂન્યવત્ દેખાય છે અને આ મારું દુગ્ધજીવન એવં પ્રભુહીન જીવન વિષથી પણ કટુ લાગે છે. આ આંખો શા ઉપયોગની ? જેમણે આજ સુધી તમારું દર્શન કર્યું નથી, હવે આંખોને નષ્ટ થવું જ હિતકારી છે. જો આ જીવનમાં આપણો મેળાપ નહીં થાય તો મારા જીવનને નષ્ટ કરી નાખીશ, મને સ્ત્રી-પુત્ર-ધન-લોક-પરલોક વગેરે કંઈ જોઈતું નથી. મને તો તમારું જ દર્શન, તમારી સેવા જ જોઈએ છે. એકવાર તમે મારો સ્વીકાર કરો. બસ ! આટલી જ આશા છે ! હાથી, મગર, ગણિકા, ગુદ્ધ આ બધા પર તમે કૃપા કરી છે. શું મારામાં એટલી પણ પાત્રતા નથી ? તમે તો કૃપાળુ, કૃપા પરવશ છો, કૃપાળુત્વ એ જ તમારું બિરૂદ છે, મારા પર તમારી કૃપાનું એક કિરણ નાખો ! એવી પ્રાર્થના કરતાં કરતાં ભક્ત કમળધ્વજ ભગવાનના અહૈતુકી કૃપાના સ્મરણમાં તન્મય થઈ જતો.

ભગવાનના ધૈર્યની પણ સીમા હોય છે. એ પોતાના પ્રેમીઓથી ક્યાં સુધી છુપાઈને રહે. એ તો સદા સર્વદા સર્વત્ર બધાની પાસે જ રહે છે. ફક્ત પ્રગટ થવાના યોગ્ય સમયની તે રાહ જુએ છે. તેઓ તો કમળધ્વજના હૃદયમાં પહેલેથી જ હતા. કમળધ્વજનું તપ, ઉત્કંઠા અને આર્ત પ્રાર્થના જોઈને જ એ મુગ્ધ થયા હતા.

જ્યારે એની અવધિ પૂરી થઈ ત્યારે તેઓ કમળધ્વજ સામે પ્રગટ થઈને ઊભા રહ્યા. એ સર્વ સ્થાન ભગવાનના દિવ્ય અંગજ્યોતિથી હળહળવા લાગ્યું. કમળધ્વજની આંખો એ પ્રકાશને રોકી શકી નહીં. એના નેત્રકમળ આપોઆપ ખૂલી ગયાં.

હજારો સૂર્ય જેવા દિવ્ય ઝગમગાટમાં કમળધ્વજને ભગવાનના શંખ ચક્ર ગદા પદ્મધારી શ્રી વિષ્ણુ ભગવાનની મૂર્તિ દેખાવા લાગી. એનું હૃદય શીતળ થયું. આંખો નિર્મિમેષ થઈ, ભગવાનના રૂપરસનું અમૃતપાન કરવા લાગ્યો, ભક્તનું હૃદય પ્રેમથી ભરાઈ આવ્યું. ભગવાનના કૃપા પૂર્ણ નેત્રમાંથી પ્રેમધારા નીકળવા લાગી. કરુણાસાગરના સ્વરૂપમાં એ પૂર્ણ નિમગ્ન થઈ ગયો. જન્મોજન્મની તેની અભીપ્સિત (ઈચ્છા) પૂર્ણ થઈ.

કેટલીક ક્ષણ નિઃસ્તબ્ધ રહીને ગદ્ગદ્ વાણીથી કમળધ્વજ સ્તુતિ કરવા લાગ્યો. હે પ્રભુ ! તમે જ ખરેખર અખિલ જગતના અને આ જગત ચક્ર ચલાવનાર બધા દેવોના સ્વામી છે, સંપૂર્ણ ઐશ્વર્ય અને માધુર્ય તમારા જ આશ્રયથી છે, તમે

પતિતપાવન છે, તમારા સ્મરણ માત્રથી જ બધાં પાતકોનો નાશ થાય છે, તમે ઘટ ઘટ વ્યાપ્ત હોવાથી સર્વ જગતની અંદર અને બહાર તમે જ વ્યાપેલા છો, તમે વિશ્વના વિશ્વેશ્વર અને વિશ્વ રૂપ હોઈ ભક્તો પર કૃપા કરીને એની સામે પ્રગટ થાવ છો, બ્રહ્મા આદિ દેવતા તમારા રહસ્યને જાણી શકતા નથી, માત્ર તમારા ચરણકમળમાં ભક્તિભાવથી નમ્ર થઈને પ્રણામ કરે છે.

તમારી સુંદરતા, કોમળતા અને પ્રેમ પરવશતા કોઈને આકૃષ્ટ કરી શકતી નથી, તમે ક્ષીરસાગરે શયન કરો છો પણ ભક્તોની વિપત્તિનો નાશ કરવા માટે સર્વત્ર ચક્રધારી રૂપથી વિદ્યમાન રહો છો, ભક્ત તમારા છે અને તમે ભક્તોના છો, જેને તમારા ચરણમાં શિર ઝુકાવ્યું છે તેને બધી વિપત્તિમાંથી છોડાવી પરમાનન્દમય એવું પોતાનું દિવ્ય ધામ તમે આપ્યું છે, તમે યોગીકર્તા સમાધિગમ્ય છો, વેદોક્તિથી જ્ઞાન સ્વરૂપ આત્મા છો અને ભક્તોના સર્વસ્વ છો, હું તમારો છું, તમારા ચરણમાં સમર્પિત છું, લીન છું એમ કહી કમળધ્વજ વિરામ પામ્યો, શાંત થયો.

ભગવાન જાણતા હતા કે કમળધ્વજ એ નિષ્કામ નિરપેક્ષ ભક્ત છે. એના ચિત્તમાં સાંસારિક ભોગની જ નહીં પણ મુક્તિની પણ કામના નથી માટે એમણે કમળધ્વજને વરદાન માગ એમ કહ્યું નહીં. એમના ચિત્તની સ્થિતિ જાણી અમૃતોપમ વાણીનું સિંચન કરતાં ભગવાન બોલ્યા: 'હે મહાભાગ બ્રાહ્મણ, હું જાણું છું કે, તારા હૃદયમાં ફક્ત મારી સેવાની કામના છે. તું લોક-પરલોક, મુક્તિ અને વૈકુંઠધામનો પણ પરિત્યાગ કરીને મારી પૂજા અને સેવા કરવાનું મનમાં ધારે છે, એ તારી ઈચ્છા પૂર્ણ થશે. કલ્પ પર્યંત મારા સાનિધ્યમાં સેવારત તું અહીં જ રહે. અંતે તો મારા જ સ્વરૂપમાં તારો લય છે.' આમ બોલીને ભગવાન અંતર્ધાન થઈ ગયા.

ભક્ત કમળધ્વજ ભગવાનની શારીરિક અને માનસિક સેવા કરતાં કરતાં પોતાનું સર્વ શ્રેષ્ઠ આનંદમય જીવન વ્યતીત કરવા લાગ્યો. કમળધ્વજની પ્રત્યેક ક્રિયા અને ભાવના માત્ર ભગવાન માટે જ થતી હતી અને સ્વભાવથી પણ એના દ્વારા જગતનું કલ્યાણ જ પૂર્ણ થતું હતું. આવા ભક્ત એકાંતમાં રહીને ભગવાનની સેવામાં રત રહીને પણ પોતાના શુદ્ધ સંકલ્પથી જગતની જેટલી સેવા કરે છે તેટલી મોટા કર્મનિષ્ઠો પણ કરતા નથી.

આ પ્રમાણે ભગવાનની સેવા-પૂજા કરતાં કરતાં કમળધ્વજનો સારો એવો સમય પસાર થઈ ગયો. એક દિવસે તે ભગવાનની પૂજા કરતો હતો ત્યારે એક ભયંકર રાક્ષસે તેના પર આક્રમણ કર્યું. તેને પોતાના શરીરનો મોહ નહોતો. મૃત્યુ પછી મારે કોઈપણ દુઃખમય સ્થાને જવું પડશે એવી શંકા પણ એના ચિત્તમાં ઉદ્ભવી નહીં. પણ રાક્ષસ ખાઈ જશે એવી કલ્પનાથી એના ચિત્તમાં એવો પ્રશ્ન ઉદ્ભવ્યો કે ભગવાને પોતાની સેવાનું મને જે વચન આપ્યું હતું એની આજે જ સમાપ્તિ થશે કે શું ? ભગવાને એક કલ્પ સુધી એમની સેવા પૂજા કરવાનો મને લાભ આપ્યો હતો એ વચન શું અસત્ય થશે ? આ તો ખૂબ જ દુઃખદ ઘટના થશે, એમ ચિંતન કરીને ભગવાનની અનન્ય ભાવથી કમળધ્વજ પ્રાર્થના કરવા લાગ્યો.

ભગવાને પોતાના પ્રિય ભક્તનું રક્ષણ કરવા પોતાનું સુદર્શન ચક્ર છોડ્યું. ચક્રના એ ગોળાકાર દિવ્ય તેજોવલયનું વિલક્ષણ તેજસ્વી સ્વરૂપ જોઈને જ રાક્ષસ બીકથી ભાગવા લાગ્યો. પણ અંતે એ દિવ્ય ચક્ર દ્વારા રાક્ષસને મારીને એ રાક્ષસનો ઉદ્ધાર કર્યો.

એ રાક્ષસ સોળ વર્ષ પહેલાં એક સુંદર નામનો ગંધર્વ હતો. કંઈક પ્રમાદથી વસિષ્ઠ ઋષિએ એને રાક્ષસ થવાનો શ્રાપ આપ્યો હતો પણ તેની સ્ત્રીઓની વિનંતીથી વસિષ્ઠે સોળ વર્ષ પછી જ્યારે કમળધ્વજને દુઃખ પહોંચાડવા તે કમળધ્વજ પાસે જશે ત્યારે ભગવાન શ્રી વિષ્ણુ નારાયણના સુદર્શન ચક્રથી એને મુક્તિ મળશે એમ ઉઃશાપ આપ્યો હતો. આ રીતે દિવ્ય શરીર

ધારણ કરીને દિવ્ય આભુષણથી યુક્ત સુંદર ગંધર્વએ સુદર્શન ચક્રનાં દર્શન કરી અને કમળધ્વજને પ્રણામ કરીને દિવ્ય વિમાનમાં બેસી દેવલોક જવા પ્રયાણ કર્યું.

કમળધ્વજે સુદર્શન ચક્રની સ્તુતિ કરતાં કહ્યું: 'હે સુદર્શન, હું તને વારંવાર નમસ્કાર કરું છું. જગતના ભક્તોનું રક્ષણ કરવું એ તારા જીવનનું વ્રત છે એટલે જ ભગવાને તને પોતાના કરકમળમાં દિવ્ય આયુધ બનાવ્યું છે, તે સમયે સમયે અનેક ભક્તોને સંકટ મુક્ત કર્યા છે, હું તારી આ કૃપાનો અત્યંત ઋણી છું, મારી તને પ્રાર્થના છે કે તું આ જગતનું રક્ષણ કરવા માટે અહીં જ રહે.'

સુદર્શન ચક્રએ ભક્ત કમળધ્વજની પ્રાર્થના સ્વીકારીને કહ્યું કે: 'હે ભક્તવર, તારી પ્રાર્થના ક્યારેય વ્યર્થ જશે નહીં. કારણ તું ભગવાનનો પરમ પ્રેમી અને કૃપા પાત્ર છે. હું તારા સાનિધ્યમાં નિત્ય નિવાસ કરીશ. નિર્ભય થઈને તું ભગવાનની સેવા પૂજા કર, તારા સાન્નિધ્યમાં રહેવાથી તારી ઉપાસનામાં કોઈપણ વિઘ્ન આવશે નહીં.'

આ પ્રમાણે ભક્ત કમળધ્વજને વરદાન આપી સુદર્શન ચક્રએ નજીકના પુષ્કરણી તીર્થમાં પ્રવેશ કર્યો, એ જ ચક્ર તીર્થ છે. ભગવાનની કૃપાનો પ્રત્યક્ષ અનુભવ લઈ ભક્ત કમળધ્વજનું હૃદય પ્રેમથી અને આનંદથી ભરાઈ આવ્યું. એ તન્મયતાથી અને તત્પરતાથી ભગવાનની સેવા પૂજા કરવા લાગ્યો. આવા પ્રેમી ભક્તોનું જ જીવન ધન્ય થાય છે. કારણ કે ક્ષણે ક્ષણે અને ડગલે ને ડગલે ભગવાનની પરમ અનંત કૃપાનો અનુભવ લઈને એમાં જ એ તન્મય રહે છે.

તળાતળ પાતાળના સદ્ભક્ત રાજા ગંધર્વસેનનો પ્રધાન પુષ્પસેન એ અત્યંત સુશીલ, ગુણવાન અને પ્રેમીભક્ત હતો. એને જ્યારે ભગવાન મત્સ્ય અવતારે તું ત્રેતાયુગમાં વામન અવતારની વખતે સદ્ભક્ત કમળધ્વજ થઈને મારી સાયુજ્જ મુક્તિ મેળવીશ આ પ્રમાણે વરદાન આપ્યું હતું તે અહીં પૂર્ણ થયું.

•••

: શ્રી વામન અવતારની સમજૂતી :

આ સમય કાળમાં બીજો ત્રેતાયુગ શરૂ થયો તેમાં શ્રી વિષ્ણુ ભગવાને વામન અવતાર ધારણ કર્યો ત્યારે યર્જુવેદની ગાયત્રી મંત્રનો પ્રભાવ હતો.

અવતાર પાંચમો શ્રી વામન ભગવાન ચાર લાખને બત્રીસ હજાર (૪,૩૨,૦૦૦) વર્ષ વર્તતે.

નોંધ : અત્રેથી આદ્ય બ્રહ્મની વાણી પ્રમાણે હરિ અંશ છઠ્ઠા અવતારમાં હરિ અંશ નામે જાય છે.

: બોલીએ શ્રી વામન ભગવાનની જય :

ધૂન : હરે વામન.... હરે વામન.... વામન.... વામન.... હરે.... હરે....

•••



છઠ્ઠો શ્રી પરશુરામ અવતાર (ત્રેતાયુગ - યજુર્વેદ)


સદ્‌ગુરુ શ્રી વશિષ્ઠ ઋષિ (ત્રેતાયુગ-યજુર્વેદ)

ૐ

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા સત્ય છે.

जमदग्निसुतो भूत्वा रामः परशुधृग्निभुः ।
सहस्त्रार्जुनहतैव तस्मै उग्रात्मने नमः ।।

શ્રી વિષ્ણુ ભગવાને જમદગ્નિના પુત્ર પરશુરામ રૂપ ધારણ કરીને હાથમાં ફરશી ધારણ કરી સહસ્ત્રાર્જુન દાનવનો નાશ કર્યો હતો, તે ઉગ્ર મૂર્તિ રૂપ શ્રી પરશુરામ ભગવાનના અવતારને હું નમસ્કાર કરું છું.

શ્રી વામન ભગવાનના માનધાતા, પૃથ્વીજય, અસરત, જનદગ્નિ ઋષિ.

જમદગ્નિ ઋષિના અંશ તો શ્રી પરશુરામ ભગવાન.

શ્રી પરશુરામ અવતાર

॥ અવતાર છઠ્ઠો ॥

પરમ કૃપાળુ પરમાત્માની આજ્ઞાથી આદરું છું
ૐ નમો શ્રી સદ્‌ગોર પાત્ર બ્રહ્મા વશિષ્ઠ મહારાજ,
આદ્ય વિષ્ણુ નિરંજન શ્રી પરશુરામ ભગવાન તમારી આશિષે....

પાંચ અવતાર શ્રી હરિના પૂરા થાય, અવતાર છઠ્ઠાનો સદ્‌ગોરે કહ્યો મહિમાય. ॥૧॥
લખ્યો છે છઠ્ઠો શ્રી પરશુરામ અવતાર, તેનો સુણો મુનિવર ભાઈ સાર. ॥૨॥
શ્રી પરશુરામ રૂપે બળીયા સાર, ઉત્તમ કુળે લીધો અવતાર. ॥૩॥
જયારે પરશુરામ રૂપે અવતાર, ત્યારે હાથે ધનુષ્ય બાણ લીધાં નિર્ધાર. ॥૪॥
એ યુગમાં ક્ષત્રિય હતા અસુર, પરશુરામે મારીને કરીયા દૂર. ॥૫॥
ક્ષત્રિયો મારી પૃથ્વી નક્ષત્રી કરી, મોટા મહારથી યોદ્ધા કર ધરી. ॥૬॥
કર્યો ક્ષત્રિય તણો સંહાર, ધનુષ્ય બાણ આયુધ હથિયાર. ॥૭॥
માતા રેણુકાના પુત્ર સોહાય, દૈત્ય મારી ભક્તોની કરી સહાય. ॥૮॥

જમદગ્નિના પુત્ર જેહ, પાતાળથી આવ્યા હતા તેહ. ॥૯॥
આદ્ય શક્તિ દેવી કાળકા જોય, પરશુરામની શક્તિ તે હોય. ॥૧૦॥
જયારે પરશુરામ રૂપે લીધો અવતાર, ત્યારે દૈત્ય કાંપ્યા તેણી વાર. ॥૧૧॥
સહસ્રાર્જુન યોદ્ધો મહાબલી કહેવાય, તે સાથે યુદ્ધ કર્યો નવ જાય. ॥૧૨॥
સહસ્રાર્જુન ગુરુને પૂછે વાત, મારું મોત છે કોને હાથ. ॥૧૩॥
ગુરુ મુખથી બોલ્યા સોય, પરશુરામના હાથે મોત હોય. ॥૧૪॥
દૈત્ય કહે એવી યુક્તિ કરું, સહસ્ર કાંતીનું લોહ પિંજરું કરું. ॥૧૫॥
પકડી પરશુરામને લાવું તત્કાળ, લોહ પિંજરામાં ઘાલુ તે વાર. ॥૧૬॥
પિંજરામાં પરશુરામ જો ફરે, ત્યારે સહસ્ર કાંતી શું કપાઈ મરે. ॥૧૭॥
એવી યુક્તિ બુદ્ધિ શું કરે, લોહ પિંજરું ઘડાવ્યું છે ઘરે. ॥૧૮॥
દૈત્યે મનમાં એવું ધર્યુ, પરશુરામને મારવા લોહ પિંજરું કર્યું. ॥૧૯॥

વામન અવતારના પૂર્ણ થયા પછી બલિરાજાએ જે ઠેકાણે સો યજ્ઞ પરિપૂર્ણ કર્યા હતા તે જગ્યાએ મહિકાવતી નગરીમાં કૃતવીર્ય નામનો રાજા રાજ કરતો હતો. તેને રંકાવતી નામે સ્ત્રી હતી. એકવાર સંધ્યાકાળના સમયે રંકાવતી કૃતવીર્ય પાસે ભોગ માગવા લાગી. ત્યારે કૃતવીર્યએ કહ્યું કે; આ સમય સારો નથી આ વખતે સંભોગ કરવાથી અસુર પ્રકૃતિનો પુત્ર થાય છે, એમ રંકાવતીને કહ્યું. પરંતુ રંકાવતી સમજી નહીં, એટલે કૃતવીર્યએ રંકાવતીને રતિદાન આપ્યું. એ સંધી સાધીને શાપિત થયેલા મધુ નામના એક રાક્ષસે રંકાવતીના ગર્ભમાં પ્રવેશ કર્યો.

આ મધુ રાક્ષસે એકવાર એક સમયે પાર્વતી દેવી અનેક પ્રકારનાં ફૂલ લાવી મહાદેવની પૂજા કરતાં હતાં. એ વખતે પાર્વતીની એણે એક હજાર પૂજા બગાડી હતી. તેથી મહાદેવે મધુ રાક્ષસને શ્રાપ આપ્યો હતો કે, તું આગલા જન્મમાં હાથ વગર જન્મ લઈશ અને ખૂબ જ દુઃખ ભોગવીશ.

એ પ્રમાણે મધુ દૈત્યે રંકાવતીના ગર્ભમાં પ્રવેશ કરી સહસ્રાર્જુનના નામથી પૃથ્વી ઉપર જન્મ લીધો. એ જન્મ્યો ત્યારે સહસ્રાર્જુનને શ્રાપને લીધે હાથ નહોતા, પણ એણે દત્તાત્રેયની ઘણા દિવસ સેવા કરીને એમને પ્રસન્ન કર્યા અને "મને સર્વ શરીરભર હાથ આપો ! અને સર્વ ભૂમંડળમાં મને અજેય કરો." એવું વરદાન માગી લીધું. પછી સહસ્રાર્જુને શંકરની કેટલાંક વર્ષો તપસ્યા કરી અને પછી મહિકાવતીમાં પાછો આવ્યો. મહિકાવતી આવ્યા પછી સહસ્રાર્જુને સંપૂર્ણ પૃથ્વી જીતીને બધાને ત્રસ્ત કરી નાખ્યા.

એકવાર લંકાનો રાજા રાવણ દિગ્વિજય માટે નીકળ્યો હતો. સર્વત્ર જય મેળવીને એ લંકામાં પાછો જતો હતો ત્યારે એક વખત પૂજાનો સમય થયો, ત્યારે નર્મદા નદીના કિનારે સ્નાન કરીને શિવ પૂજા કરવા બેઠો. એ જ સમયે સહસ્રાર્જુન સ્નાન માટે નર્મદા નદી પર આવ્યો હતો. એણે સહજ લીલાથી પોતાની સહસ્ર ભૂજાઓ પાણીમાં પ્રસારીને પાણીને બંધ કરી દીધું. તેથી નર્મદાનું પાણી ઉપરની બાજુએ વધવા લાગ્યું. એ કારણથી રાવણે સ્થાપન કરેલું શિવલીંગ પૂજા વગેરે બધું ડૂબી ગયું. ત્યારે રાવણને પુષ્કળ ગુસ્સો આવ્યો અને એણે પોતાના પ્રધાનને આવું થવાનું કારણ શું છે તેની શોધ કરવા માટે કહ્યું. રાવણનો પ્રધાન આગળ જઈને જોવા લાગ્યો તો સહસ્રાર્જુન નર્મદા નદીમાં સ્નાન કરતો હોવાથી પોતાના બાહુથી પાણીને બંધારો નાખ્યો છે એમ તેને દેખાયું. પ્રધાને જોયેલો સર્વ વૃત્તાંત આવીને રાવણને કહ્યો. સાંભળતાંની સાથે જ રાવણને અત્યંત ક્રોધ

આવ્યો. રાવણ પોતાના બધા સૈન્યસહ સહસ્રાર્જુનની પાસે દોડી ગયો. પણ સહસ્રાર્જુને ક્ષણભરમાં રાવણના સૈન્યનો નાશ કર્યો અને રાવણને પકડીને બંદીશાળામાં રાખ્યો.

એ વર્તમાન પ્રધાને લંકામાં જઈને રાવણના બાપ વિશ્રવા અને દાદા પુલસ્ત્યને કહ્યા. એ બંને બ્રહ્મદેવ પાસે ગયા અને એમણે રાવણની સર્વ હકીકત કહી રાવણને છોડાવવા માટે વિનંતી કરી.

પછી બ્રહ્મદેવ એ બંનેને લઈને મહિકાવતીમાં સહસ્રાર્જુન પાસે આવ્યા અને તેને રાવણને છોડી દેવા માટે સહસ્રાર્જુનને કહ્યું.

સહસ્રાર્જુન બોલ્યોઃ હે દેવ, તમે મારા ઘેર યાચક થઈને આવ્યા એ જ એ રાવણને માટે ઘણી શિક્ષા છે. પછી સહસ્રાર્જુને રાવણને બ્રહ્મદેવને સ્વાધીન કર્યો.

આ પ્રમાણે અતુલ બળ સંપન્ન સહસ્રાર્જુને એકવાર પોતાના ગુરુને પૂછ્યુંઃ 'ગુરુજી, મારું મરણ કોના હાથે છે ?

ગુરુએ અંતર્દષ્ટિથી જાણીને કહ્યુંઃ 'જમદગ્નિઋષિ અને રેણુકાનો પુત્ર અતુલ પરાક્રમી પરશુરામ છે તેના હાથે તારું મરણ છે, એમ મારું ભવિષ્ય કહે છે.'

જો એમ જ હોય તો એ પરશુરામને મારી જ નાખવો જોઈએ, એમ સહસ્રાર્જુને વિચાર્યું.

પછી સહસ્રાર્જુન એ પરશુરામને મારવા માટે યુક્તિઓ વિચારવા લાગ્યો. ઘણો વિચાર કરવા છતાં તેને કોઈ ઉપાય મળતો નહોતો. પછી તેને બુદ્ધિબળનો ઉપયોગ કરીને એણે એક એવું યંત્ર તૈયાર કરવાનું નક્કી કર્યું કે એમાં પરશુરામને બેસારીને કળ દબાવતાં જ યંત્ર ફરતાં હજારો તલવારોથી એનું શરીર અનાયાસે જ છિન્ન ભિન્ન થઈ જાય, એમ વિચાર કરી એવા યંત્રનું પિંજરું તૈયાર કરવા લાગ્યો.

ત્યાં પરશુરામ જાુગતી કરે, રૂપ વૃદ્ધ બ્રાહ્મણનું ધરે. ॥૨૦॥
કરે ધરી જેષ્ટિકા કંઠે માળા સોહાય, દૈત્ય દ્વારે નારાયણ પોતે જ જાય. ॥૨૧॥
દૈત્ય પિંજર લઈ બેઠો છે જયાંય, કપટ કરીને શ્રી હરિ આવ્યા છે ત્યાંય. ॥૨૨॥
ઘડાવી પિંજર પૂરણ થાય, ત્યાં સહસ્રાર્જુન બેઠો રાય. ॥૨૩॥
દેખી વિપ્રને દીધાં બહુમાન, વિપ્ર કહે તું મારો યજમાન. ॥૨૪॥
અમે તારા બ્રાહ્મણ ગોર એમ કહે, દૈત્ય મનમાં અચંબે રહે. ॥૨૫॥
દૈત્ય પૂછે ગોરને ભેદ, કોણ દેશથી આવ્યા દેવ. ॥૨૬॥
મુજપુરનગર છે અમારું ગામ, ત્યાં રાજ કરે છે પરશુરામ. ॥૨૭॥
એવાં વચન બ્રાહ્મણ ગોર કહે, બહુ આદર બ્રાહ્મણ શું કરે. ॥૨૮॥
દૈત્ય પૂછે સુણો મહારાજ, મને પરશુરામ દેખાડો આજ. ॥૨૯॥
તેમના કહોને મને ભેદ, તે કારણ આ પિંજરું કરાવું દેવ. ॥૩૦॥
ત્યારે બ્રાહ્મણ બોલ્યા સત્ નામ, જેવા તમે તેવા પરશુરામ. ॥૩૧॥
લોહ પિંજર કેમ લીધું સાથે, તારી પાંચ પેઢી ઓધારું મારા હાથે. ॥૩૨॥
સહસ્રાર્જુન તમે બલિ વંશના હોય, ત્યાં નારાયણથી યુદ્ધ કર્યા તોય. ॥૩૩॥

તારી પાંચ પેઢી સંહાર કરી, એવાં વચન બોલ્યા શ્રી હરિ. ॥૩૪॥
હું તમને પૂછું ગુરુ એક વાત, એ નારાયણ કેમ આવે હાથ. ॥૩૫॥
સ્વામી આ લોહ પિંજરું એ કાજ, જીવતો પકડી લાવું તેને આજ. ॥૩૬॥
અરે યજમાન મારું કહ્યું માને આજ, તો સરસે તારું રે કાજ. ॥૩૭॥
પિંજરું તને જો પૂરું થાય, તું તે પ્રમાણે માંહે બેસી જાય. ॥૩૮॥
જે પિંજરામાં બેસી જોને આજ, લઉં પ્રમાણ તો સરસે કાજ. ॥૩૯॥
દૈત્યે માન્યું એ સત્ ભાયે, પિંજરામાં પેઠો જાયે. ॥૪૦॥
પાંજરામાંથી બોલ્યો રાય, પિંજરાની કળ ફેરવી જાય. ॥૪૧॥
દૈત્ય બેસાડીને દીધું દ્વાર, કળ ફેરવી કરી કરવા સંહાર. ॥૪૨॥
કપટ સ્વરૂપે કર્યું આ કામ, જાહેર ગુરુ રૂપે થયા પરશુરામ. ॥૪૩॥
પિંજરમાં દૈત્યનો ફરે શ્વાસ, ઉછળે પિંજરું જાય આકાશ. ॥૪૪॥
પિંજરા માંહે દૈત્ય થરથરે, કંપે ધરતીને પર્વત પડે. ॥૪૫॥
તડપે પિંજરુંને ધરતી ઉપર ફરે, સહસ્રાર્જુન કાંતી શું કપાઈ મરે. ॥૪૬॥
જો તું બહાર કાઢ મરતા એમ ઓચરે, અરે પરશુરામ તું કપટ જો કરે. ॥૪૭॥
જો તું બહાર કાઢીને મારે મોય, તો હું તમાશો દેખાડું તોય. ॥૪૮॥
યુદ્ધ કરીને મુને મારો મોરાર, બળીયો બંધાણો જુગતીથી સાર. ॥૪૯॥
જ્યારે આ દૈત્યને માર્યો જેહ, પરશુરામ રૂપે પ્રગટ થયા તેહ. ॥૫૦॥

પરશુરામે સહસ્રાર્જુનનો વિચાર અંતર્દષ્ટિથી જાણી લીધો પછી પોતે એક વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈને હાથમાં લાકડી, કંઠમાળા, ખભા પર ઉપવસ્ત્ર વગેરે ધારણ કરીને પરશુરામ સહસ્રાર્જુન પાસે આવ્યા. સહસ્રાર્જુન પિંજરું તૈયાર કરવાનું કાર્ય કરતો હતો. એ જ જગ્યાએ જઈને ઊભા રહ્યા. પરમ તેજસ્વી અને વૃદ્ધ બ્રાહ્મણને જોઈને રાજાએ એને નમસ્કાર કરીને આતિથ્ય કર્યું. એમનું માનસન્માન કરીને બેસાડ્યા.

બ્રાહ્મણ બોલ્યાઃ હે રાજા સહસ્રાર્જુન, તું મારો યજમાન હોવાથી હું તારો પુરોહિત ગોર છું. આ સાંભળી રાજાને આશ્ચર્ય થયું. આ બ્રાહ્મણ આજ સુધી આપણા જોવામાં આવ્યો નથી અને મારો પુરોહિત ગોર કહે છે.

એટલે રાજાએ એને પૂછ્યું: 'ગોર મહારાજ, તમે કયા દેશમાંથી આવ્યા છો ? આજ સુધી તમારું દર્શન કોઈ દિવસ થયું નથી.'

વૃદ્ધ બ્રાહ્મણ બોલ્યોઃ 'હે રાજા, હું ખૂબ દૂર દેશનો રહેવાસી છું. મુજપુરનગર મારું ગામ છે, હમણાં એ દેશમાં પરશુરામ રાજ્ય કરે છે.'

પરશુરામનું નામ સાંભળતાં જ સહસ્રાર્જુન ગુસ્સાથી લાલઘુમ થઈ ગયો અને બોલ્યોઃ 'હે ગોર મહારાજ, મારું કાર્યભાર અનાયાસે આજે થશે. તમે હવે આવ્યા જ છો અને એ પણ પરશુરામની રાજધાનીના રહેવાસી છો તો મને એક વાત કહો કે પરશુરામ દેખાવમાં લાંબો ટૂંકો કેટલો છે ? ઠીંગણો છે કે ઊંચો, જાડો છે કે દુબળો-પાતળો વગેરે સર્વ વર્ણન મને કહો.

ત્યારે બ્રાહ્મણ બોલ્યા : માહિતી લેવાનું શું કારણ છે ? તારે પરશુરામનું શું કરવું છે.

સહસ્રાર્જુને કહ્યું: તમે મારા પુરોહિત જ છો ત્યારે તમને કહેવામાં વાંધો નથી. અમારા રાજગુરુ કહે છે કે પરશુરામના હાથે મારું મરણ છે. મેં તો શંકરને પ્રસન્ન કરીને આ એક હજાર હાથ માગી લીધા હતા તેમજ અમૃત પણ મેળવેલ છે, પણ એ કપટી કેવી રીતે ઘાત કરશે એ ખબર નથી, એટલે એ પરશુરામને પહેલાંથી જ પકડી લાવીને આ પિંજરામાં નાખીને એનો નાશ કરવાનું મેં નક્કી કર્યું છે. પણ એનું પ્રમાણ જાણતો ન હોવાથી અને એને મેં જોયો ન હોવાથી આ યંત્ર પરશુરામને જોયા વગર પૂર્ણ કરવામાં આવશે નહીં. માટે તમે એનું પ્રમાણ કહો એટલે હું આ યંત્ર પૂર્ણ કરીને આગળના કામે લાગું.'

બ્રાહ્મણ બોલ્યો: 'અરે એમાં શું વિશેષ છે, જેટલો તું એટલો જ પરશુરામ છે એકદમ તારા જ પ્રમાણનો છે, પણ હું કહું છું કે તું એટલો બધો પરાક્રમી શૂરવીર છે છતાં એનાથી આમ બી જઈને કપટથી મારીશ, એમાં તારું પરાક્રમ શું દેખાશે ? એના કરતાં પ્રત્યક્ષ યુદ્ધ કરીને કેમ એને મારતો નથી ?

રાજા બોલ્યો: તમે કહો છો એ ઠીક છે, પણ એ માયાવી અને કપટી છે. મારા પૂર્વજોનો એણે આમ જ કપટથી ઘાત કર્યો હતો. જેવા સાથે તેવા એ ન્યાયથી એને મારવો છે.

બ્રાહ્મણ બોલ્યો: એકદમ બરાબર છે તારું કહેવું ! અરે, તારી પાંચ પેઢીનો આમ જ સંહાર કર્યો છે. હિરણ્યકશ્યપુ, બલિ રાજા વગેરે અતિ મહાબલાઢ્ય હતા પણ એણે કપટથી એમનો સંહાર કર્યો, એનો બદલો તું લેજે પણ મને સમજણ નથી પડતી કે આ પિંજરાથી તું એને કંઈ રીતે મારીશ ?

સહસ્રાર્જુન મોટા અવાજથી બોલ્યો: એ જ તો સાચી હોશિયારી છે. આ જુઓ તમને મારું ચાતુર્ય હમણાં સમજાશે. એમ કહીને સહસ્રાર્જુને તૈયાર કરેલ યંત્ર બતાવ્યું. પણ બ્રાહ્મણના મગજમાં તે આવતું નહોતું એટલે સહસ્રાર્જુને બ્રાહ્મણને સમજાવવા પ્રત્યક્ષ એ યંત્રમાં દાખલ થઈને દરવાજો બંધ કરવા કહ્યું અને પછી બ્રાહ્મણને એ યંત્રની કળ દબાવી યંત્ર શરૂ કરવા કહ્યું અને પછી પરશુરામ ભગવાને પોતાનું મૂળ રૂપ પ્રગટ કર્યું.

કળ દબાવતાં જ પિંજરું એકદમ આકાશમાં ઉડ્યું અને ગરગર ફરીને જમીન પર પટકાઈ ફરી ઉપર ગયું. આમ બે ત્રણ વાર કૂદયા પછી રગડવા લાગ્યું. પિંજરું રગડવાથી તલવારની પાતો-ધારોથી સહસ્રાર્જુનના બધા બાહુ કપાઈ ગયા.

સહસ્રાર્જુને બહાર ઊભા રહેલા પરશુરામને કહ્યું: અરે કપટી, ઘાતકી આમ મારો વિશ્વાસઘાત કર્યો ! ઊભો રહે ! મને બહાર કાઢ, હું તને મારા પરાક્રમનો તમાશો બતાવું છું. બહાર કાઢવાની વાત તો બાજુ પર રહી પણ અંતે તે પિંજરામાં જ મરણ પામ્યો અને શ્રી પરશુરામ ભગવાન અવતાર રૂપે પ્રગટ થઈને સહસ્રાર્જુનને દર્શન આપી એની પ્રાણજ્યોતને પોતાનામાં સમાવી લીધી. આ પ્રકારે પરશુરામના છઠ્ઠા અવતારની લીલા થઈ છે.

શ્રી પરશુરામ ભગવાનના અવતારની પુરાણાંતરીની બીજી એક કથા છે. પહેલાં ઈક્ષ્વાકુ કુળમાં રેણુ નામનો એક મહાન પરાક્રમી રાજા થઈ ગયો. ભાગીરથી કાંઠે કાન્યકુબ્જ નામના રાજ્યમાં તે રાજ્ય કરતો હતો. એ રાજાને સંતતિ ન હોવાથી એણે પુત્ર પ્રાપ્તિ માટે શંકરની સેવા કરી.

મહાદેવે પ્રસન્ન થઈને કહ્યું: હે રેણુરાજા, તને એક ઉત્તમ સર્વગુણ સંપન્ન એવી પુત્રી થશે. એ પુત્રીની કીર્તિ ચારે દિશામાં થશે, તેમજ તને એ કન્યા પછી એક પુત્ર થશે. આ પ્રમાણે રેણુ રાજાને કહી મહાદેવ અદશ્ય થઈ ગયા.

પછી રેણુરાજાએ અત્રિ, વસિષ્ઠ, ભાર્ગવ, ગાલવ, ગૌતમ, કૌંડિન્ય, જૈમિની, બ્રહ્મનંદન, માંડવ્ય, ગર્ગ, જાંબાલિ, શૌનક, ભારદ્વાજ, સૌમ્ય, દાલભ્ય, વિભાંડક વગેરે ઋષિઓને બોલાવીને પુત્રી પ્રાપ્તિ માટે યજ્ઞનો પૂર્ણાંત આરંભ કર્યો.

યજ્ઞના અંત સમયે પૂર્ણાહુતિ થઈ ત્યારે યજ્ઞકુંડમાંથી એક તેજસ્વી અને સર્વાંગ સુંદર કન્યાનું પ્રાગટ્ય થયું. ઋષિઓએ એ કન્યાને લઈને રાજાના ખોળામાં બેસાડી. રેણુ રાજાએ કન્યાનું નામ રેણુકા રાખ્યું અને આરંભેલો યજ્ઞ સાંગોપાંગ પૂર્ણ કર્યા પછી કેટલાક દિવસોએ રેણુ રાજાને એક પુત્ર થયો. એનું નામ શૂરસેન રાખ્યું.

અગ્નિકુંડમાંથી નીકળેલી એ રેણુકા જગતમાતા પાર્વતી અને કશ્યપની સ્ત્રી જે અદિતિ આ બંનેનો અવતાર ગણાય છે. એકવાર પૃથ્વી ઉપર ખૂબ પાપ થયું અને લોકોને દુષ્ટો-દૈત્યોથી અત્યંત ત્રાસ થવા લાગ્યો. ત્યારે સર્વ દેવો ક્ષીરસાગરે આવી નારાયણને પ્રાર્થના કરી કહેવા લાગ્યાઃ 'હે દેવાધિદેવ ! પૃથ્વી ઉપર દુષ્ટોએ અત્યંત પ્રલય માંડ્યો છે. એ માટે બધા પ્રાણીઓ ત્રસ્ત થાય છે.આ વખતે તમે દુષ્ટનો સંહાર ન કરો તો આખી પૃથ્વી પર હાહાકાર થશે. હે પ્રભુ ! હિરણ્યાક્ષ વખતે વરાહ અવતાર, હિરણ્યકશ્યપુ વખતે નૃસિંહ અવતાર અને બલિના વખતે વામન અવતાર લઈ સર્વનું તમે રક્ષણ કર્યુ હતું. એ પ્રમાણે પ્રભુ આ વખતે અવતાર ધારણ કરીને પૃથ્વી ઉપર ઉન્મત્ત થયેલા રાક્ષસોનો તમે સંહાર કરો.

દેવોની એ કરુણ વાણી સાંભળી ભગવાન શ્રી વિષ્ણુ પ્રસન્ન થયા અને કહ્યું; હું જલ્દી અવતાર ધારણ કરીને પૃથ્વી પર ઉન્મત્ત થયેલા રાક્ષસોનો સંહાર કરીશ પણ આ વખતે હું અદિતિના ઉદરે સંપૂર્ણ અંશથી આવીશ. જે સમયે હું તેના ગર્ભમાં રહું એ સમયે તે મારું તેજ સહન કરે એવી કંઈક વ્યવસ્થા કરો. લક્ષ્મીનારાયણ શ્રીપતિએ આ પ્રમાણે દેવોને આશ્વાસન આપ્યું.

સર્વ દેવો આનંદીત થયા અને સૌ અદિતિ પાસે આવ્યા. એમને વિષ્ણુ ભગવાન સાથે થયેલા બધા વર્તમાન અદિતિને કહ્યા અને પ્રભુ ગર્ભમાં આવ્યા પછી એમનું તેજ સહન કરવા માટે અદિતિને પોતપોતાની દિવ્ય શક્તિ બધા દેવોએ આપી.

દેવોની આ દિવ્ય શક્તિથી આ કાર્ય પૂર્ણ થશે નહીં એમ અદિતિને લાગ્યું એટલે એણે કૈલાસ પર્વત પર જઈને જગત્માતા પાર્વતીની તપશ્ચર્યા કરી. ત્યારે કેટલાક વર્ષોના તપથી અદિતિને પાર્વતી પ્રસન્ન થયાં. એ વખતે અદિતિએ કહ્યુંઃ 'હે આદિમાતા જગદ્જનની ! ભગવાન વિષ્ણુ મારા ઉદરમાં સર્વ અંશથી અવતાર ધારણ કરનાર છે. ભગવાનનું તેજ મારાથી સહન થશે નહીં. હે માતા પાર્વતી ! તું મારા શરીરમાં વાસ્તવ્ય કર એટલે હું ભગવાનનો ગર્ભ સહન કરી શકું.'

અદિતિની વિનંતી માન્ય કરીને પાર્વતી બોલ્યાંઃ 'હું તારી જગ્યાએ આવીને નિવાસ કરીશ પણ તું તારા પતિના શરીરમાં મહાદેવનો નિવાસ થાય તેમ ઉપાય કર.'

પાર્વતીએ આમ કહ્યા પછી અદિતિ શંકરની તપશ્ચર્યામાં બેઠી અને અદિતિએ શંકરને પોતાના ભક્તિભાવથી પ્રસન્ન કરી લીધા. ત્યારે અદિતિ બોલીઃ 'હે કૈલાસ પતિ ! ભગવાન શ્રીપતિ મારા ઉદરમાં અવતાર લેશે તો એમનું તેજ સહન કરવા માટે માતા પાર્વતી મારા શરીરમાં વાસ્તવ્ય કરશે માટે તમે અને મારા પતિ કશ્યપ એક થઈ મારો સ્વીકાર કરો.'

અદિતિની આ વિનંતી સાંભળી મહાદેવ તથાસ્તુ બોલ્યા. આ પ્રમાણે મહાદેવનો આશીર્વાદ મળ્યા પછી અદિતિ અને પાર્વતી એકરૂપ થયાં અને કશ્યપ અને શંકર એકરૂપ થયા. એમણે કન્યા રૂપ ધારણ કરીને રેણુરાજાના ઘેર યજ્ઞકુંડમાંથી પ્રવેશ કર્યો એ જ આ રેણુકા.

ભૃગુઋષિ અને એમની સ્ત્રી પુલોમા, એમના પુત્ર ઔર્વ ઋષિ અને એમના પુત્ર ઋચીકઋષિ હતા. એ મહાતપસ્વી અને પુણ્યશીલ હતા. ઋચીક ઋષિ ગોદાવરીના કિનારે આશ્રમ બાંધીને રહેતા હતા. એમની તપશ્ચર્યા ખૂબ કઠિન હતી. સોમવંશી ગાધિ રાજાએ એક વખત કહ્યું હતું કે; જે સહસ્ર શ્યામકર્ણ અશ્વ મને લાવીને આપશે એને હું મારી પુત્રી સત્યવતી આપીશ. એ પ્રમાણે ઋચીક ઋષિએ એ ગાધિ રાજાને સહસ્ર શ્યામકર્ણ અશ્વ આપીને સત્યવતી મેળવી હતી.

એકવાર એક સિંહસ્થ પર્વણીના સમયે ગાધિ રાજા પોતાની સ્ત્રી પૌલકુશી સાથે ગોદાવરીના કાંઠે આવ્યા એ વખતે પૌલકુશીએ સત્યવતીને કહ્યું: 'સત્યવતી, તું તારા પતિને મારા માટે વિનંતી કરીને કહે કે મને પુત્ર થાય એવું વરદાન માગ.' ત્યારે સત્યવતીએ પોતાના પતિ ઋચીક ઋષિને કહ્યું કે: 'મારી માતાને પુત્ર થાય એવી એમની ઈચ્છા છે. તેમજ મને પણ પુત્ર થાય એવી મારી ઈચ્છા છે.'

પછી ઋચીક ઋષિએ ભાતના બે પિંડ તૈયાર કર્યા અને મંત્રોચ્ચાર કરીને સત્યવતીને આપ્યા. અને કહ્યું કે: 'આમાંથી ક્ષત્રિય પિંડ તારી માતાને આપ અને સાત્ત્વિક પિંડ તું આરોગ. એ પ્રમાણે સત્યવતીએ પર્ણ પત્ર ઉપર પિંડ મૂકી માતાને ખાવા માટે બોલાવી.

પૌલકુશીને એ બે પિંડ જોઈને એવો સંશય થયો કે સત્યવતીને પિંડથી સારો પુત્ર પ્રાપ્ત થશે અને પોતાને સાધારણ પુત્ર પ્રાપ્તિ થશે, પછી એણે પોતાની પુત્રીને પાણી લાવવા માટે મોકલી. સત્યવતી પાણી લેવા ગયા પછી પૌલકુશીએ પિંડની અદલાબદલી કરી નાખી. પછી એ પિંડ બંનેએ આરોગ્યા અને બંને ગર્ભસ્થ થઈ. પરંતુ બંનેને અલગ અલગ વર્તન થવા લાગ્યાં. સત્યવતીને યુદ્ધ વિષયે તો પૌલકુશીને સ્નાનસંધ્યાના વિચાર-વર્તન થવા લાગ્યાં.

આવાં પ્રમાણ જોઈ સત્યવતીએ બીજો જ પિંડ ભક્ષણ કર્યો છે એવું ઋચીક ઋષિના ધ્યાનમાં આવ્યું. ત્યારે સત્યવતીએ પોતાના પતિને કહ્યું: 'મારી ઈચ્છા મને સાત્ત્વિક વૃત્તિનો પુત્ર થાય એમ છે.' પછી ઋષિએ એવી વ્યવસ્થા કરી. ઋષિએ કહ્યું કે; તારા પુત્રના ત્યાં જે પુત્ર થશે એ મહાતેજસ્વી અને સાત્ત્વિક થશે. સમય જતાં સત્યવતીના પેટે ત્રિપુરારી અને કશ્યપ એકરૂપ થઈને આવ્યા. ઋચીક ઋષિએ પુત્રનું નામ જમદગ્નિ રાખ્યું. સત્યવતીની માતા પૌલકુશીને જે પુત્ર થયો એ જ વિશ્વામિત્ર છે. જાતિએ ક્ષત્રિય હોવાથી તપશ્ચર્યાના બળથી એ બ્રહ્મર્ષિ થયા.

કેટલાક વર્ષો પછી ઋચીક ઋષિના આશ્રમમાં અનેક ઋષિએ આવ્યા અને એ બધાએ કાશીયાત્રા માટે જવાનો વિચાર કર્યો. એ પ્રમાણે સુમુહૂર્ત જોઈને બધા ઋષિઓ જમદગ્નિને સાથે લઈને કાશીની યાત્રાએ જવા નીકળ્યા. માર્ગમાં કાન્યકુબ્જ નગરના રાજાએ પોતાની પુત્રીનો સ્વયંવર માંડયો છે એમ જાણવાથી ઋષિઓ એ સમારંભ જોવા માટે સ્વયંવરના મંડપમાં આવ્યા હતા. એ અપૂર્વ સમારંભ જોઈને ઋષિઓને ખૂબ જ આનંદ થયો. રાજાએ પણ ઋષિઓનો યોગ્ય સત્કાર કરીને સમારંભમાં આવ્યા એ બદલ મોટો સંતોષ દર્શાવ્યો અને એમને યોગ્યતા પ્રમાણે બેસવા માટે આસન આપ્યાં. રાજાએ બહુમૂલ્ય એવાં રત્નજડિત આસન પર ઋષિઓને બેસાડ્યા.

સ્વયંવરનો સમય થયા પછી ત્યાં રેણુ રાજાની પુત્રી રેણુકા શરીર પર વસ્ત્ર અલંકાર પહેરી હાથમાં રત્નકુસુમની માળા લઈને સ્વયંવર મંડપમાં આવી. સ્વયંવર માટે આવેલા રાજા મહારાજા આ બધાને નિરીક્ષણ કરીને ફક્ત સ્વયંવર સમારંભ જોવા માટે આવેલ ઋષિમંડળ પાસે ગઈ અને તેણે ઋચીક ઋષિના પુત્ર જમદગ્નિ ઋષિના ગળામાં માળા નાખી. રેણુકા અને જમદગ્નિનાં લગ્ન થયાં.

સ્વર્ગમાં દેવોએ દુંદુભિ વગાડીને અને પુષ્પવૃષ્ટિ કરીને આનંદ પ્રદર્શિત કર્યા. રેણુકાએ પોતાના પૈકી કોઈને ન વરતાં એક બ્રાહ્મણને વરી એ જોઈને સ્વયંવરમાં આવેલ રાજાઓ ખૂબ ક્રોધિત થયા. એ બધાએ એવો વિચાર કર્યો કે રેણુ રાજા સાથે યુદ્ધ કરીને રેણુકાને ભગાડી લાવવી. આ પ્રમાણે બધા રાજાઓ પોતપોતાનાં સૈન્ય લઈને રેણુ રાજા સાથે યુદ્ધ કરવા લાગ્યા. એ રાજાઓ અસંખ્ય હોવાથી એમનું સૈન્ય પણ ખૂબ મોટું હતું. તેથી રેણુ રાજાને વિજય મેળવવાનો સંદેહ હતો. ત્યારે જમદગ્નિ ઋષિ રેણુ રાજાની મદદ માટે ગયા. જમદગ્નિ ઋષિએ હાથમાં ધનુષ્યબાણ લઈને વિલક્ષણ યુદ્ધકૌશલ્યથી બધા રાજાને ભગાડી દીધા.

પછી રેણુ રાજાએ જમદગ્નિને અને બધા ઋષિઓને ચાર દિવસ પોતાના ઘેર રાખ્યા હતા અને જમદગ્નિ ઋષિને ઘોડા, હાથી, રથ, ગાય, દાસ-દાસી અને રત્નભંડાર આપી કન્યાદાન કર્યું. ભાગીરથીના કાંઠે નિવાસ કરવા માટે રેણુ રાજાએ જમદગ્નિ ઋષિને વિનંતી કરી. એ ઉત્સવ સમયે ઈંદ્રએ જમદગ્નિ ઋષિને કામધેનુ અને કલ્પતરુ આપ્યાં. રેણુ રાજાની વિનંતી પ્રમાણે જગદગ્નિ ઋષિ પોતાની સ્ત્રીસહ ભાગીરથીના કાંઠે રહ્યા. પતિ સહવાસમાં રહ્યા પછી કેટલાક દિવસે રેણુકાને અગ્નિ, વાયુ, સૂર્ય અને ઈંદ્ર એમના અંશથી વસુ, વિશ્વાવસુ, વૃષભાનુ અને બૃહત્કર્ણ એમ ચાર પુત્ર થયા.

કેટલાક દિવસો પછી રેણુકા પાસે નારદ આવ્યા અને કહ્યુંઃ હે આદિમાતા અંબિકા ! મને ચક્રપાણીએ તારી પાસે મોકલ્યો છે. તારા ઉદરે પ્રભુ આવે ત્યારે એનું તેજ સહન કરીશ અથવા નહીં એમ પૂછ્યું છે.'

આ સાંભળી રેણુકાએ હસીને કહ્યુંઃ 'નારદ, ભગવાન મારા હૃદયમાં ક્યારે સમાશે એમ મને થાય છે. એમને ગર્ભવાસમાં જલ્દી આવવા માટે કહો. હું પ્રભુનું તેજ સહજમાં સહન કરીશ.' રેણુકાનું આ વચન સાંભળી નારદ ત્યાંથી ભગવાન પાસે ગયા.

રેણુકાના સમાચાર સાંભળતાં જ ભગવાન શ્રી વિષ્ણુએ રેણુકાના ઉદરમાં પ્રવેશ કરીને કેવળ ભક્તો માટે એ ગર્ભવાસનું દુઃખ ભોગવવા લાગ્યા. રેણુકાને પૂર્ણ દિવસ થયા પછી વૈશાખ સુદ-૩ (ત્રીજ) ને દિવસે પુનર્વસુ નક્ષત્રમાં પ્રસવ થયો અને પુત્ર પ્રાપ્તિ થઈ. એ આનંદદાયક સમાચારથી સંપૂર્ણ આનંદોત્સવ શરૂ થયો.

જમદગ્નિ ઋષિએ આ આનંદદાયક પ્રસંગે અનેક બ્રાહ્મણો બોલાવીને સૌને સંતુષ્ટ કર્યા અને પુત્રનું નામ પરશુરામ રાખ્યું. પરશુરામની વય વ્રતબંધનને યોગ્ય થયા પછી જમદગ્નિ ઋષિએ સર્વ ઋષિઓ, સર્વ રાજાઓને બોલાવીને પુત્રના મોજીબંધન (વ્રતબંધન સંસ્કાર) બહુ ઉત્સાહથી કર્યા. પરશુરામ એટલે પ્રત્યક્ષ ભગવાન. જેમના જીભ પર સરસ્વતી રમતી હતી. એમને વેદોનું અધ્યયન કરવા માટે કેટલીવાર લાગે !

સંપૂર્ણ શાસ્ત્રોનો અભ્યાસ થયા પછી પરશુરામે કૈલાસ પર્વત પર જવા માટે રજા માગી અને ત્યાં તપ કરીને મહાદેવને પ્રસન્ન કર્યા. શંકરે વરદાન માગવા કહ્યું ત્યારે પરશુરામ બોલ્યાઃ 'હે કૈલાસપતિ નિલકંઠ, મને તમે ધનુર્વિદ્યા શીખવાડો એવી મારી તમને વિનંતી છે.'

મહાદેવ બોલ્યાઃ 'હું તને ધનુર્વિદ્યા શીખવાડું પણ તું કોણ છે એ કહે ?'

પરશુરામ બોલ્યાઃ 'મારું નામ પરશુરામ છે હું જમદગ્નિ ઋષિનો પુત્ર છું, રેણુકા મારી માતા છે.

પરશુરામનાં વચન સાંભળી મહાદેવ હસ્યા અને કહ્યુંઃ 'હે વૈકુંઠપતિ નારાયણ ! મારી પાસે આવી માગણી કેમ કરો છો. તમારામાં કર્તુમકર્તુમન્યથાકર્તુમ (કર્તાહર્તા-ભગવાન) શક્તિ છે પછી તમને મારી ધનુર્વિદ્યાનું શું કામ છે ? છતાં હું મારી ધનુર્વિદ્યા તમને સંતોષથી આપીશ. તેમજ દુષ્ટોના સંહાર માટે મારું પાશુપતાસ્ત્ર પણ આપું છું.' એમ કહી શંકરે ધનુર્વિદ્યા અને પાશુપતાસ્ત્ર પરશુરામને આપ્યાં.

પરશુરામ તપશ્ચર્યાએ ગયા પછી અહીં માતા રેણુકાને ગમતું નહોતું. આ માટે જમદગ્નિ ઋષિએ એને રમાડવા માટે એક પુત્રી આપી. એનું નામ ત્રિકુલા રાખ્યું. ત્રિકુલા સાથે દરરોજ રેણુકા આનંદથી રહેતાં હતાં. પરશુરામ પાછા આવ્યા અને એમને માતા પિતાને વંદન કરી પાશુપતાસ્ત્ર અને ધનુર્વિદ્યા મેળવ્યાનું કહ્યું.

પછી પરશુરામે ફરી માતા પિતાની આજ્ઞા લઈને કૈલાસ પર્વત પર જઈને ગણપતિની તપશ્ચર્યાનો આરંભ કર્યો. કેટલાક વર્ષો ગણપતિની આરાધના કરીને તેમની પાસેથી પરશુ વિદ્યા સંપાદન કરી. ગણપતિએ પરશુરામને પરશુ વિદ્યા આપી. એ વખતે ત્યાં મહાદેવ પણ હતા. એમણે પરશુરામને કહ્યુંઃ 'ભાર્ગવરામ, તમને થોડો પૂર્વ વૃત્તાંત કહું છું તે સાંભળો.

એકવાર એક સ્ત્રી અરણ્યમાં મારી પ્રાપ્તિ માટે સમુદ્ભવ અગ્નિ પેટાવી એમાં રહીને તપશ્ચર્યા કરતી હતી. એ ચમત્કાર જોઈને મને આશ્ચર્ય થયું. મેં એ સમુદ્ભવ અગ્નિને મારા મુખથી ભક્ષણ કરી અને એ સ્ત્રીને પ્રસન્ન થયો ત્યારે તેણે કહ્યું: 'તમે આ અગ્નિ ખાઈ લીધો એટલે તમે જમદગ્નિ એમ કહેવાશો. તેમજ હે મહાદેવ ! હું આદિમાતા હોવાથી તમારી પ્રાપ્તિ માટે આજ સુધી તપશ્ચર્યા કરી છે તો તમે મારો સ્વીકાર કરો.' મેં એને કહ્યું: 'હે આદિ માતા, હું તારી ઈચ્છા પૂર્ણ કરીશ. ઋચીક ઋષિના ત્યાં જમદગ્નિ સ્વરૂપે હું જન્મ લઈશ અને હિમાલય પર્વત પર રેણુ રાજા થશે એના ત્યાં તું રેણુકા તરીકે જન્મ લે અને પછી મારો સ્વીકાર કર. આ પ્રમાણે તારા માતા પિતાની કથા છે. તું સાક્ષાત્ જગજીવન પ્રભુ હોવાથી આ રીતે મને પિતાનો અધિકાર આપ્યો એ માટે મને ખૂબ સંતોષ થાય છે.'

મહાદેવની અને પરશુરામ સાથે આ પ્રમાણે ચર્ચા થાય છે એટલામાં ત્યાં નારદ મુનિ આવ્યા. મહાદેવ અને વૈકુંઠપતિનાં એક જ સમયે નારદને દર્શન થયાં. પછી નારદને બંનેએ આશીર્વાદ આપી ભૂતળ પર કંઈક ચમત્કાર જોવામાં આવ્યો હોય તો સંભળાવવા માટે વિનંતી કરી, ત્યારે નારદે કહ્યું: 'સાંપ્રત પૃથ્વી પર જો કંઈક અપૂર્વ હોય તો તે એક જમદગ્નિ ઋષિનો આશ્રમ છે. ત્યાં કલ્પતરુ અને કામધેનુ હોવાથી રેણુકા માતા હજારો ઋષિને પ્રત્યક્ષ ઈચ્છા ભોજન આપે છે.'

એક દિવસે રેણુકા ભગીરથી પર સ્નાન માટે ગઈ હતી ત્યારે ત્યાં કુબેર પણ વિમાનમાં બેસીને પોતાની સ્ત્રીઓ સહ સ્નાન માટે આવ્યા. એ ભગીરથીના પવિત્ર જળમાં કુબેર અને તેની સ્ત્રીઓ જલક્રીડા કરતાં હોવાથી રેણુકાને પણ એ પ્રમાણે જલક્રીડા કરવાની ઈચ્છા ઉત્પન્ન થઈ. એણે પોતાના મનમાં કહ્યું: 'મારા પતિ જો આ સમયે મારી સાથે હોત તો મેં પણ આ રીતે જલક્રીડા કરી હોત.' આ પ્રમાણે મનમાં ઈચ્છા થવાથી રેણુકા સારો એવો સમય ત્યાં કુબેરની અને તેની સ્ત્રીઓની જલક્રીડા જોતી ઊભી રહી. એટલામાં એને આશ્રમમાં સાફ સફાઈ કરવાની યાદ આવી. એ જલ્દી જલ્દી આશ્રમમાં આવી.

અહીં જમદગ્નિ ઋષિ રેણુકાને આશ્રમમાં હજુ સુધી સાફસફાઈ થઈ નથી તેથી તેના ઉપર ગુસ્સે થયા. રેણુકા આશ્રમમાં આવતાંની સાથે જમદગ્નિ ઋષિ રેણુકા પર ગુસ્સે થઈ બોલ્યા: 'મારા હોમનો સમય થઈ ગયો હોવા છતાં તું સાફ સફાઈ વગેરે કંઈ ન કરતાં ત્યાં કુબેરની જલક્રીડા જોતી ઊભી હતી અને એ વિષયે પાપવાસના મનમાં લાવી ! આ માટે તું વ્યભિચારીણી છે ! તું મારા આશ્રમમાંથી હમણાં ને હમણાં ચાલતી થા. મને તારું મોઢું ન બતાવ !!!'

જમદગ્નિ ઋષિનો ક્રોધ જોઈ રેણુકા ભયાકુળ થઈને પોતાના પતિને કહેવા લાગી: 'મારી કુખે પ્રત્યક્ષ નારાયણ અવતર્યા છે. તે પ્રભુ સર્વ જીવમાત્રના પિતા હોવાથી સર્વ પ્રાણીમાત્ર તેમને પૌત્ર પ્રમાણે છે. તમને છોડીને બધા પુરુષો જોડે હું પૌત્ર દૃષ્ટિથી જોઉં છું. હું તમને જ મારા દેવ સમજુ છું. આમ તમે મને વ્યર્થ દોષ આપો છો.'

આ સાંભળી જમદગ્નિ ઋષિ અધિક ક્રોધિત થયા અને પુત્ર વસુને બોલાવીને રેણુકાનો વધ કરવા માટે કહ્યું.

ત્યારે વસુ બોલ્યો: 'પિતાજી, આ ફક્ત મારી જ નહીં સંપૂર્ણ વિશ્વની માતા છે. એમનો વધ કરવાથી હું ખાત્રીથી કહું છું કે મારું પતન થશે.'

વસુના બોલ સાંભળી જમદગ્નિ ઋષિએ પિતૃઆજ્ઞાનું ઉલ્લાંઘન માનીને એને શ્રાપ આપી નિષ્પ્રાણ કર્યો. પછી એમણે વિશ્વાવસુને બોલાવીને રેણુકાને મારવા કહ્યું, એમને પણ વસુ પ્રમાણે રેણુકાને મારવાનું નકાર્યું. જમદગ્નિ ઋષિએ એના પણ શ્રાપ આપી ગતપ્રાણ કર્યા. આ પ્રમાણે ચારેય પુત્રોને માતાને મારવાનું નકારવાના કારણે જમદગ્નિ ઋષિએ ચારેયને શ્રાપ આપી નિશ્ચિત કર્યા. પછી જમદગ્નિ ઋષિએ પરશુરામને બોલાવીને રેણુકાનો વધ કરવા કહ્યું. એ સાથે પરશુરામે ફરશુ દ્વારા રેણુકાનો

વધ કરી અંત કર્યો. પોતાની આજ્ઞા પ્રમાણે પરશુરામ વર્ત્યો એ જોઈ જમદગ્નિ ઋષિનેખૂબ સંતોષ થયો અને કહ્યું કે; તને જે માગવું હોય તે માગ !

ત્યારે પરશુરામ બોલ્યા: 'પિતાજી, જો કંઈ આપવું જ હોય તો માતાને અને ચારેય ભાઈઓને સજીવન કરો અને મેં મારી માતાનો વધ કર્યો એનું વિસ્મરણ કરો. પરશુરામની ઈચ્છા પ્રમાણે જમદગ્નિ ઋષિએ મંત્ર શક્તિથી કમંડળમાંના જળને પાંચેય પર છાંટીને એમને સજીવન કર્યાં. આદિ માતા જગતમોહિની રેણુકા આ પ્રમાણે ચારે પુત્રો સાથે જીવીત થયા પછી બધાને આનંદ થયો. દેવોએ દુંદુભિ વગાડી એમની ઉપર પુષ્પ વૃષ્ટિ કરી. ગુસ્સાના પ્રભાવથી અવિચારી કૃત્ય કર્યુ હતું એમ જમદગ્નિ ઋષિને લાગ્યું, તેમને ત્યારથી પછી સદાયને માટે ગુસ્સો છોડી દીધો.

સહસ્રાર્જુન મહિકાવતીમાં રાજ્ય કરતો હતો ત્યારે એક વાર નારદ મુનિ ફરતા ફરતા તેની પાસે આવ્યા. સહસ્રાર્જુને મોટા સન્માનથી નારદ મુનિની પાઠપૂજા કરી કંઈક વિશેષ કહેવા માટે વિનંતી કરી.

ત્યારે નારદ મુનિ બોલ્યા: 'રાજા, તને શિકારનું વ્યસન હોવાથી એ સંબંધે એક સુવાર્તા કહેવા માટે હું તારી પાસે આવ્યો છું. ભાગીરથીને કાંઠે દિવ્યદ્રુમ નામનું સુંદર અરણ્ય છે. એમાં અનેક પ્રકારનાં પશુ પક્ષી રહે છે. એ જ અરણ્યમાં જમદગ્નિ ઋષિનો આશ્રમ હોવાથી એની સ્ત્રી રેણુકા જે કોઈ આવે એમને ઈચ્છા ભોજન કરાવે છે. એ અરણ્યમાં તું શિકાર નિમિત્તે જઈ એ જમદગ્નિ ઋષિનાં દર્શન કરી આવ.'

આ સાંભળતાં જ સહસ્રાર્જુને શિકારની તૈયારી કરી. એ અરણ્યમાં શિકાર કરવા લાગ્યો. સારો એવો સમય શિકાર કરી રાજા જમદગ્નિ ઋષિના આશ્રમે ગયો. રાજા સહસ્રાર્જુન આવ્યો છે એમ ખબર પડતાં જ જમદગ્નિ ઋષિ સહસ્રાર્જુન પાસે ગયા અને એમણે રાજાને સર્વ લોકો સાથે ભોજન માટે બોલાવ્યા.

રાજાએ એ નિમંત્રણ ખૂબ આનંદથી સ્વીકાર્યુ અને એ પોતાના લોકો સાથે ભાગીરથીમાં સ્નાન કરવા ગયો. સ્નાન કરીને આવ્યા પછી રાજા જુએ છે તો ભોજનની કોઈ તૈયારી દેખાતી નહોતી. ત્યારે આ બ્રાહ્મણ મને અને મારા આ હજારો સૈનિકોને ભોજન કંઈ રીતે આપશે એ માટે એને જિજ્ઞાસા થઈ.

અહીં નિત્ય નૈમિતિક કાર્ય સમાપ્ત બાદ જમદગ્નિ ઋષિએ રેણુકાને ભોજનની તૈયારી કરવા કહ્યું. રેણુકાએ કામધેનુને પ્રાર્થના કરીને પંચપકવાનથી ભરેલી સુવર્ણ થાળીઓ માગી લીધી. પછી એક પંગતમાં ઋષિમંડળ અને એક પંગતમાં રાજા સાથે એનું મંડળ એમ દરેકને તેમની યોગ્યતા પ્રમાણે બેસાડી તે પછી પંગતમાં થાળીઓ જમદગ્નિ અને રેણુકાએ બધાની સામે લાવીને મૂકી. એ ભોજનનો અપૂર્વ સ્વાદ અને દેવતાઓને પણ દુર્લભ એવાં પકવાન જોઈને સહસ્રાર્જુન છક થઈ ગયો. રેણુકા વચ્ચે વચ્ચે બધાંને આગ્રહ કરીને પીરસતી હતી.

આ પ્રમાણે બધાંનો આનંદથી જમણવાર પૂર્ણ થયા પછી સહસ્રાર્જુને જમદગ્નિ ઋષિને કહ્યું : 'હે ઋષિવર્ય, તમારા આશ્રમમાંથી આમ અપૂર્વ ભોજન મળશે એવી કલ્પના નહોતી. આ અરણ્યમાં આવી તૈયારી તમે કઈ રીતે કરો છો એ સાંભળવાની મારી ઈચ્છા છે.'

ત્યારે જમદગ્નિ ઋષિએ સહસ્રાર્જુનને કામધેનુ બતાવી અને એ ગાય જે જે ઈચ્છીએ એ આપે છે એમ કહ્યું. એ સાંભળી સહસ્રાર્જુનને એ ગાયનો લોભ ઉત્પન્ન થયો. તેણે એ ગાયની જમદગ્નિ પાસે માગણી કરી.

ત્યારે જમદગ્નિ ઋષિ બોલ્યા: 'રાજા, એ કામધેનુ ઈંદ્રએ અમને આશ્રમ ધર્મ સુવ્યવસ્થિત ચલાવવા માટે આપી છે. તું મોટો રાજા છે, તને આ કામધેનુની આવશ્યકતા નથી.'

સહસ્રાર્જુન બોલ્યોઃ 'ઋષિ, તમને જોઈએ તો હું મારી બધી ગાયો આપું છું પણ આ એક ગાય મને આપો અને આ ગાય જો મને સંતોષપૂર્વક નહિ આપો તો હું એને જબદસ્તીથી લઈ જઈશ !

ત્યારે જમદગ્નિ ઋષિ બોલ્યાઃ 'રાજા, એ ગાય કોઈને પણ આપવાનો મને બિલકુલ અધિકાર નથી. ઈંદ્રએ એ ગાય ફક્ત આશ્રમ ધર્મ માટે આપી છે, એ જબરદસ્તીથી લઈ જઈશ તો તને ખૂબ ત્રાસ થશે. એટલું જ નહીં પણ વંશચ્છેદ થશે.

જમદગ્નિ ઋષિએ આટલું કહ્યું તો પણ રાજા એની હઠ છોડતો નહોતો ત્યારે અગત્સ્ય, ગૌતમ વગેરે ઋષિઓએ અનેક દૃષ્ટાંતો આપી સહસ્રાર્જુનને સમજાવ્યો અને કહ્યું: 'રાજા, બ્રાહ્મણના શ્રાપથી ખૂબ ખરાબ પરિણામ આવે છે માટે આ કામધેનુ તું ના લઈ જઈશ અને જબરદસ્તીથી લઈ જઈશ તો તેમાં તારું અકલ્યાણ થયા વગર રહેશે નહીં.

ઋષિના એ બોલ સાંભળી સહસ્રાર્જુન બોલ્યોઃ 'તમે બધા બ્રાહ્મણો ભેગા મળીને મને બિવડાવવાનો પ્રયત્ન કરો છો ? પરંતુ હું તમારા જેવા બ્રાહ્મણોથી ગભરાઈ જઈશ એવો રાજા નથી ! આ કામધેનુ તમારા જેવા ભિખારીના આશ્રમમાં શોભતી નથી ! એ મારા રાજ્યમાં જોઈએ. તમે આ કામધેનુ ગાય સ્વેચ્છાએ મારા સ્વાધીન કરો નહીંતર હું બધાનો સંહાર કરીને પણ આ ગાય લઈ જઈશ !

શાપ આપી સહસ્રાર્જુનનો નાશ કરવાનું સામર્થ્ય જમદગ્નિ ઋષિમાં હતું, પણ એણે રેણુકાના વધ વખતે ક્રોધનો ત્યાગ કર્યો હોવાથી તેઓ આ વખતે બિલકુલ ગુસ્સે થયા નહીં. એમણે સહસ્રાર્જુનને શાંતિથી કહ્યું: 'રાજા, આવું કરવું તને શોભતું નથી. પણ તને જો યોગ્ય દેખાતું હોય તો આ ગાય તું ખુશીથી લઈ જા.'

જમદગ્નિ ઋષિએ આમ કહ્યા પછી રાજા એ કામધેનુને બળથી ઉપાડીને લઈ જવા લાગ્યો. ત્યારે એ ગાય ક્રોધિત થઈ અને કામધેનુ ગાયે પોતાના નેત્રોથી મલેચ્છ, કાનથી બર્બર, યોનીમાંથી કંગુવીર, સ્તનમાંથી દ્રાવિડ, ખુર (નખ, ખરી)માંથી ખુરાસન અને નાકમાંથી ભીલ્લ વગેરે લોકોનાં સૈન્ય ઉત્પન્ન કર્યાં. એ બધું સૈન્ય સહસ્રાર્જુનના સૈન્ય સાથે લડવા લાગ્યું. એણે સહસ્રાર્જુનના સૈન્યનો નાશ કર્યો. ત્યારે સહસ્રાર્જુન ગુસ્સાથી ગાય પાસે દોડી આવ્યો એણે પોતાની તલવાર ગાયના શરીર પર મારી. ત્યાં જ એ ગાય નજર ચૂકાવી સ્વર્ગમાં જતી રહી.

આ પ્રકારે સહસ્રાર્જુનનું સૈન્ય મરી ગયું અને ગાય પણ ગઈ. ત્યારે અત્યંત ક્રોધિત થઈ એ જમદગ્નિ ઋષિ પાસે દોડી આવ્યો. એ જોતાં જ રેણુકા આડી ઊભી રહી. એ નીચ સહસ્રાર્જુન રાક્ષસે રેણુકા પર એકવીસ ઘાવ મારીને એને ઘાયલ કરી અને જમદગ્નિ ઋષિને ઠાર માર્યા. પતિ મૃત થયેલા જોતાં જ રેણુકા અત્યંત શોકાતુર થઈ અને પરશુરામને યાદ કરવા લાગી.

પરશુરામે માતાની યાદ સાંભળીને કૈલાસ પર્વત પર ગણપતિની અને મહાદેવની તપશ્ચર્યા કરતા હતા એ છોડીને ભગીરથીના કાંઠે આવ્યા. પિતા જમદગ્નિ ઋષિનું મૃત શરીર અને માતાનું ઘાયલ થયેલું શરીર જોઈ એની આંખો પાણીથી ભરાઈ આવી. રેણુકાએ પરશુરામને બધા વર્તમાન કહ્યા. તે સાંભળી ભાર્ગવરામ બોલ્યાઃ 'માતા, તને જે નીચ વ્યક્તિએ એકવીસ ઘાવ માર્યા એ સહસ્રાર્જુનને હું એકવીસ વાર મારીશ. આ પૃથ્વી એકવીસ વાર નિઃક્ષત્રિય કરીશ અને સહસ્રાર્જુનને મારીને સર્વભૂતમંત્રને એનો બલિ આપીશ. એના સહસ્ર બાહુ કાપીને એ શિયાળ-કૂતરા આગળ નાખીશ.

પરશુરામના નીકળેલા આવા પ્રતિજ્ઞાના શબ્દો સાંભળીને રેણુકાના મનને સમાધાન થયું. પછી રેણુકાએ પરશુરામને કહ્યું: 'બાળક, સહ્યાદ્રી-પર્વતની પાછળ અમલિકા ગામ પાસે તારા પિતાના દેહનો અંતિમ સંસ્કાર કર. હું પણ સતી થઈશ. પછી આ સહસ્રાર્જુનનો નાશ કરીને આ પૃથ્વી બ્રાહ્મણોને દાનમાં આપ.' એમ કહીને રેણુકાએ પતિના મૃત શરીર સાથે અગ્નિમાં પ્રવેશ કર્યો. પછી પરશુરામે પૃથ્વીમાં બાણ મારીને બધાં તીર્થ ઉપર લાવી અને એમાં સ્નાન કરી યથા વિધિ ક્રિયા પૂર્ણ કરી.

સહસ્રાર્જુન ઘેર આવ્યા પછી એને વિચિત્ર સ્વપ્ન દેખાવા લાગ્યાં. એકવાર સહસ્ત્રાજુને સ્વપ્નમાં જોયું કે એની માતા રંકાવતી નગ્ન અવસ્થામાં છે અને ધડ પર શિર નથી તે રીતે દક્ષિણ દિશામાં કોઈક તેને લઈ જાય છે અને મહિકાવતી નગરી સમુદ્રમાં જળમય થઈ જાય છે. પછી એણે પોતાના ઉપાધ્યાય ગુરુને આ સ્વપ્ન વિષે પૂછ્યું.

ગુરુ કહ્યું કેઃ 'રાજા, તેં બ્રહ્મહત્યા કરી એ તને નડે છે. આ બ્રહ્મહત્યા છોડાવવા માટે કોઈ ઉપાય નથી. ગુરુજી આમ કહે છે એટલામાં આકાશમાંથી ભૂમિ પર ઉલ્કાપાત થઈને રક્તબિંદુ પડવા લાગ્યાં અને ધનુષ્યના ટંકાર સંભળાવવા લાગ્યા. એવો કોણ વીર આવ્યો છે એ સહસ્રાર્જુન જોવા લાગ્યો, બ્રાહ્મણનો એક પુત્ર વારંવાર ધનુષ્યના ટંકાર કરે છે એમ એને દેખાયું.

સહસ્રાર્જુન એને જોઈ બોલ્યોઃ 'બાળક, તું કોનો પુત્ર છે અને કોણ છે ? અને નિષ્કારણ અવાજ કેમ કરે છે ?'

સહસ્રાર્જુનનો એ પ્રશ્ન સાંભળી પરશુરામ ક્રોધાવેશમાં બોલ્યાઃ 'ચંડાળ ! બ્રહ્મઘાતકી ! તે જે જમદગ્નિ ઋષિનો વધ કર્યો છે એમનો હું પુત્ર છું અને તારો પ્રાણ લેવા હું આવ્યો છું !

એ નાના છોકરાના બોલ સાંભળી સહસ્રાર્જુન ઘમંડથી બોલ્યોઃ 'બાળક, તને હજુ મારા પરાક્રમની ખબર નથી. મોટો પરાક્રમી એવો જે રાવણ છે એને કાલે જ મેં બાંધ્યો છે ત્યાં તારા જેવા બાળકનું શું ગજુ !'

આમ સહસ્રાર્જુન કહે છે ત્યાં જ પરશુરામે તમાસ્ત્ર છોડીને સર્વત્ર અંધકાર કર્યો અને અગ્ન્યાસ્ત્ર છોડીને મહિકાવતી નગર બાળવા માટે શરૂઆત કરી. ત્યારે સહસ્રાર્જુને પર્જન્યાસ્ત્ર છોડીને નગર ઓલવ્યું અને બધા સૈન્ય સાથે એ પરશુરામ ઉપર દોડી ગયો પણ પરશુરામે ક્ષણાર્ધમાં સહસ્રાર્જુનના બધા સૈન્યનો નાશ કર્યો.

પરશુરામનું એ પરાક્રમ જોઈને સહસ્રાર્જુન એકદમ ચકિત થઈ ગયો. એણે મોટા વેગથી પાંચસો ધનુષ્ય પાંચસો બાણ પરશુરામ પર નાખ્યાં પણ પરશુરામે એ બધાં તોડી નાખ્યાં. ત્યારે સહસ્રાર્જુને સહસ્રાબાણ છોડ્યું. પરશુરામે એનો પણ નાશ કરી નાખ્યો. પછી ભાર્ગવરામે સહસ્રાર્જુનના શિર પર હજારો બાણ છોડીને એને જર્જરીત કર્યો. સહસ્રાર્જુન વિહ્વળ થઈને રણમાંથી ભાગવા લાગ્યો. સહસ્રાર્જુનની પાછળ પરશુરામ દોડવા લાગ્યા અને એકવીસ વાર એની સહસ્રભૂજા તોડી તો પણ એ ફરી ઉત્પન્ન થઈ. આ ચમત્કાર જોઈને પરશુરામને આશ્ચર્ય થયું અને એમણે ગણપતિની સ્તુતિ કરી. એ સાથે ત્રણ કોટિ ગણપતિ, ત્રણ કોટિ મહાવીર વરાહરૂપથી અને ત્રણ કોટિ વીર પ્રગટ થઈને પરશુરામની સહાય માટે આવ્યા.

પરશુરામનું વિલક્ષણ સૈન્ય જોઈને સહસ્રાર્જુન પોતાના રથ સાથે આકાશમાં ઉડયો. પણ પરશુરામે એક જ બાણથી એને રથ સાથે નીચે પાડ્યો અને પરશુ હાથમાં લઈને એનું મસ્તક કાપ્યું પણ એ તત્કાળ ફરી એના ધડ સાથે ચોંટ્યું. આ પ્રમાણે એકવીસ વાર થયું. આ ચમત્કાર જોઈને પરશુરામને અત્યંત આશ્ચર્ય થયું.

ત્યારે પરશુરામના ભાઈ વિશ્વાવસુએ કહ્યુંઃ 'પરશુરામ, આ રાક્ષસના હૃદયમાં અમૃત છે એનો નાશ કરવાથી આ દૈત્ય મરશે' પછી પરશુરામે પોતાની ફરશુ સહસ્રાર્જુનના હૃદય પર મારીને એના હૃદયનું અમૃત બહાર કાઢ્યું અને તેની છાતી પર ચડી બેઠા.

સહસ્રાર્જુન જોવા લાગ્યો તો પોતાના હૃદય પર પિતાંબર પહેરેલા શંખ, ચક્ર, ગદા, પદ્મધારી, આદિપુરુષ ભગવાનની મૂર્તિ દેખાઈ. ભગવાનને પોતાની છાતી પર બેઠેલા જોઈ સહસ્રાર્જુનને સંતોષ થયો અને તેણે પ્રાણ છોડ્યા. સહસ્રાર્જુનના મૃત્યુની વાત સાંભળી એના આપ્તજનો વગેરે અનેક પરશુરામ સાથે યુદ્ધ કરવા આવ્યા, પણ એમનો પરશુરામે ત્યાં જ તેમનો નાશ કર્યો. એ વખતે સ્વર્ગમાંથી દેવોએ પરશુરામ પર પુષ્પ વૃષ્ટિ કરી.

સહસ્રાર્જુનનો વધ થયા પછી નારદ મુનિ પરશુરામને પાતાળમાં દુષ્ટોનો સંહાર કરવા માટે લઈ ગયા. ત્યાં અનેક દૈત્યોનો નાશ કર્યા પછી પરશુરામ વાસુકીને આવીને મળ્યા. તેમણે ભાર્ગવરામની સ્તુતિ કરીને પૂજા કરી અને પાદપ્રક્ષાલન કરીને તીર્થ મેળવ્યું. એ પછી નારદ મુનિ સાથે પરશુરામ કૈલાસ પર્વત પર જઈને ગણપતિ અને શંકરને મળ્યા. તમારા બંનેના કારણે મને યુદ્ધમાં વિજય મળ્યો છે એમ કહીને પરશુરામે એ બંનેની સ્તુતિ કરી.

ત્યારે મહાદેવ અને ગણપતિ બોલ્યાઃ 'હે પરશુરામ, તમે સાક્ષાત્ જગત્પત્તિ ભગવાન છો, તમે અનેક રાક્ષસોનો સંહાર કર્યો પણ દક્ષિણ દિશામાં રાક્ષસો એમ જ રહ્યા છે તો એમનો સંહાર કરીને તમે તમારી માતાને મળવા જાવ !'

મહાદેવે આમ કહ્યા પછી પરશુરામ દક્ષિણ દિશામાં ગયા અને એ દિશામાં જેટલા રાક્ષસ હતા એ બધાનો એમને સંહાર કર્યો. હજુ આગળ જઈને રાવણ અને કુંભકર્ણનો સંહાર કરવાનો હતો પણ એટલામાં નારદ મુનિ અને બ્રહ્મદેવ તેને રેણુકા પાસે લઈ ગયા. પરશુરામ આવતાં જ રેણુકાએ પ્રગટ થઈને દર્શન આપ્યાં. પરશુરામે રેણુકાના ચરણો પર મસ્તક મૂકી સહસ્રાર્જુનનો એકવીસ વખત વધ કર્યો એમ કહ્યું, અને એમના શરીર પરના અલંકાર એણે રેણુકા આગળ મૂક્યા. એ અલંકારથી પરશુરામને યજ્ઞ કાર્ય કરવા માટે રેણુકાએ કહ્યું, તેમજ યુદ્ધમાં જીતેલું બધું દ્રવ્ય અને પૃથ્વી યજ્ઞ સમાપ્તિના વખતે બ્રાહ્મણોને દાનમાં આપે એમ તેમને પરશુરામને કહ્યું.

માતાએ આમ કહ્યા પછી પરશુરામ પોતે યજ્ઞ માટે સુવર્ણની પત્ની તૈયાર કરીને પ્રણિતા નદીનાં કાંઠે યજ્ઞની તૈયારી કરી. એ યજ્ઞમાં બ્રહ્મદેવ, ઈંદ્ર, અગ્નિ, યમ વગેરે દેવ, ગંધર્વ, કિન્નર વગેરે અનેક દેવતા અને રાજા મહારાજા તેમજ અનેક માનવગણ આવ્યા.

યજ્ઞ પૂર્ણ થયા પછી સંપૂર્ણ દ્રવ્ય પરશુરામે વિપ્રોને આપ્યું અને પૃથ્વી કશ્યપ ઋષિને આપી. ત્યારે રેણુકાએ ફરી પ્રગટ થઈને બધાંને દર્શન આપ્યાં. બધા દેવો રેણુકાનાં દર્શન માટે આવ્યા અને પછી સર્વ દેવો પોતપોતાના સ્થાને જવા માટે પ્રસ્થાન કરી ગયા. સર્વ પૃથ્વી પરશુરામે દાનમાં આપી હોવાથી એમને રહેવા માટે જગ્યા નહોતી. એટલે તેમણે સમુદ્રની પાસે આશ્રમ માટે જમીન માગી. સાગર થોડો પાછળ ખસી ગયો અને કેટલીક જમીન પરશુરામ માટે ખુલ્લી કરી આપી. ત્યાં જ વૈતરણી નદી સમુદ્રમાં આવી મળી હતી. તેના કાંઠે પરશુરામે આશ્રમ બાંધ્યો અને એ ત્યાં રહેવા લાગ્યા.

પરશુરામ અવતાર ચિરંજીવ હોવાથી એમને મૃત્યુ નથી. રામ અને કૃષ્ણ અવતારના સમય કાળમાં સારા એવા લોકોને પરશુરામે ધનુર્વિદ્યા શીખવેલી છે. ભગવાન શ્રી નિષ્કલંકી અવતાર પણ ધનુર્વેદ અને રાજધર્મ શીખવા માટે પરશુરામ પાસે જશે એમ પુરાણોમાં વર્ણન કરેલ છે.

કપટ કરીને પિંજરામાં દીયો, દૈત્ય મારવા અવતાર લીયો. ॥૫૦॥
છઠ્ઠો અવતાર પરશુરામ સહી, તેણે ક્ષત્રિય નિર્વંશ કર્યા જોઈ. ॥૫૧॥
છઠ્ઠે પરશુરામ રૂપ ધરી, હાથે પરશુ લઈને કરુણા કરી. ॥૫૨॥
પિતા આગળ રહ્યા કરજોડ, હણ્યા ક્ષત્રિયને માતાનું બંધ જ છોડ. ॥૫૩॥
ક્ષત્રિય વંશના લીધા પ્રાણ, માર્યો દૈત્ય ત્યાં સહસ્રાર્જુન જાણ. ॥૫૪॥
ત્યાં ક્ષત્રિયના તે રાખ્યા ધર્મ, માતા પિતાનાં છોડાવ્યાં કર્મ. ॥૫૫॥
ત્યાં વિપ્રોને આપ્યાં છે દાન, આપ્યાં પૃથ્વીને સહસ્ર ગામ. ॥૫૬॥
ભક્તો જ્યાં ઓધારી રહ્યા, ત્યાં વિપ્ર સઘળા કેડે ગયા. ॥૫૭॥
ત્યાં બોલ્યા વિપ્ર ચડાવી રીસ, પૃથ્વી નક્ષત્રી કીધી એકવીસ વાર જગદીશ. ॥૫૮॥

વિપ્રને તો આલ્યો વર, ભીખી ખાઓ સહુ ઘરને ઘર.॥૫૯॥
વળતા બ્રાહ્મણ પોકારે નામ, રૂપ ક્ષત્રિય થયા તે ધામ.॥૬૦॥
દૈત્ય સહસ્ત્રાર્જુન માર્યો જેહ, ભક્ત મુખી કમળાપતિ તાર્યો તેહ.॥૬૧॥
ત્યાર પછી સંસારમાં પ્રગટ થયા મોરાર, પરશુરામ રૂપે ધર્યો અવતાર.॥૬૨॥
પરશુરામની માતા તો રેણુકા કહીએ, પિતા તો જમદગ્નિ કહીએ.॥૬૩॥
ગુરુ તો જનક દેવ જાણ, શક્તિ કાલિકા ભવાની પ્રમાણ.॥૬૪॥
ત્યારે સ્વસ્થાન તો માયાપુર નગરી જાણ, ક્ષેત્ર તો કૈલાસપુર પાટણ નિરવાણ.॥૬૫॥
ત્યાં નરદલો દાનવ સહસ્ત્રાર્જુન જાણ, ભક્ત કમલાપતિને ઓધાર્યા નિરવાણ.॥૬૬॥
ચાર લાખ બત્રીસ હજાર પરશુરામ રૂપ જાણ, ત્યારે યર્જુવેદ હોતા પ્રમાણ.॥૬૭॥
છઠ્ઠો અવતાર શ્રી હરિનો સંપૂર્ણ જાણ, એવી સદ્દગુરુશ્રી ઈમામશાહે કહી વાણ.॥૬૮॥

શ્રી પરશુરામ ભગવાનની માતા તો રેણુકા, પિતા તો જમદગ્નિ ઋષિ, શક્તિ તો માતા કાલિકા ભવાની, ગુરુ તો જનકદેવ, ત્યાં દૈત્ય દાનવ તો સહસ્ત્રાર્જુન, સ્થાન તો માયાપુર, ક્ષેત્ર તો કૈલાસ પાટણ, ત્યારે વેદ તો યજુર્વેદ વર્તંતે, ઓચરંતે ગાયત્રી, સાત વાર, સત્તાવીસ નક્ષત્ર, પંદર તિથિ, બાર કરણ, નવ ગ્રહ, સુર મંત્રનો જાપ જપતા આવ્યા સ્વામી, ઋષિઓને સ્થાપી, સહસ્ત્રાર્જુન દાનવને સંહારી, કમળાપતિ ભક્તને ઓધારી, તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મોરારી, જે કોઈ ચિત્ત હરિ શું લાયે, તેનાં ધર્મ વધે ને પાપનો ક્ષય થાય, નમો નમો પરબ્રહ્મ નારાયણના નામને, જે રૂપે સદ્દગોર બ્રહ્મા નર નારાયણ હોય, આજ તે રૂપને ધ્યાવીએ. અવતાર છઠ્ઠો શ્રી પરશુરામ ભગવાનનો ચાર લાખને બત્રીસ હજાર વર્ષ વર્તંતે સંપૂર્ણ.

॥ ૐ તત્ સત્ શ્રી પરિબ્રહ્માર્પણમસ્તુઃ ॥

॥ ઈતિ શ્રી પરશુરામ ભગવાનનો અવતાર સંપૂર્ણતઃ ॥

•••

• સદ્‌ભક્ત રાજા કમલાપતિનું આખ્યાન •

ત્રેતાયુગમાં માળવા રાજ્યમાં અવંતિકાપુરમાં કમલાપતિ નામનો એક મહાન ભગવદ્ ભક્ત રાજા થઈ ગયો. એનો જન્મ સૂર્યવંશમાં થયો હતો. એ રાજા મહાન સત્યવાદી, સદાચારી, શુદ્ધાત્મા હતો, પ્રજાને પોતાના સંતાનની જેમ પાલન-પોષણ કરી ન્યાયપૂર્વક એમનું પાલન કરતો. એ આધ્યાત્મકવાદી, શૂરવીર, ઉદ્યોગપ્રિય, બ્રાહ્મણ ભક્ત, વિદ્વાન, શીલવાન અને સત્યપ્રતિજ્ઞ હતો. ભગવાન વિષ્ણુના ચરણે અને એમના સગુણ સ્વરૂપ અવતાર પ્રત્યે એમને અનન્ય ભક્તિ હતી.

એકવાર કમલાપતિ રાજા તાપસવનમાં ક્રૂર શ્વાપદો (સિંહ જેવું પ્રાણી)ના શિકાર કરવા માટે ગયો હતો. ત્યાં વનમાં ઋષિઓએ શ્વાપદોને મારીશ નહીં એમ કહ્યું, પણ અન્ય લોકોને અને વનમાં પ્રાણીઓને શ્વાપદોનો ઉપદ્રવ થવાથી ઋષિનું ન સાંભળતાં એ શ્વાપદોને મારવા લાગ્યો ત્યારે ઋષિઓએ ક્રોધિત થઈને એને તારી રાજલક્ષ્મી નષ્ટ થશે એમ શ્રાપ આપ્યો. પછી રાજા કમલાપતિ અરણ્યમાં ફરતો હતો ત્યારે એના પૂર્વ સુકૃતાનુસાર એને નારદ મુનિનો સંગ થયો. નારદ મુનિને પ્રણામ કરી રાજાએ બધી હકીકત નિવેદન કરી. ત્યારે નારદે રાજાને પરશુરામની માતા રેણુકાનાં દર્શન માટે જવા કહ્યું. એ પ્રમાણે રાજા સઘળાં તીર્થો પર જઈ સ્નાન કરી અને છેલ્લે રેણુકા તીર્થ પર જઈને રેણુકાનાં દર્શન કર્યા. એ યોગે રાજાને ફરી રાજલક્ષ્મીની પ્રાપ્તિ થઈ અને એ પહેલાંની જેમ પોતાનો રાજ્ય કારભાર ઉત્તમ રીતે ચલાવવા લાગ્યો અને સાથે સાથે નિત્ય સત્સંગ કરતો હતો. પોતાના ચર્મચક્ષુથી જ ભગવાન શ્રી હરિનાં સાક્ષાત્ દર્શન માટે એ ખૂબ ઉત્કંઠીત રહેતો હતો.

એક દિવસ રાજા પાસે નારદ ઋષિ આવ્યા. રાજાએ ષોડશોપચારે એમનું પૂજન કર્યુ. એમને ઉત્તમ સિંહાસન પર બેસાડી વિનયથી બોલ્યો: 'ભગવાન, આજ તમારા આગમનથી મારું ઘર અને કુળ પવિત્ર થયું. તમારાં દર્શન કરીને આ સેવક કૃતકૃત્ય થયો છે. યોગ્ય એવી સેવાનો આદેશ આપી આ દાસને અનુગ્રહીત કરો.'

રાજાની વિનમ્ર પ્રાર્થના સાંભળી નારદ ઋષિ સ્મિતસહ હાસ્ય કરીને મધુર વાણીથી બોલ્યાઃ 'નૃપ શ્રેષ્ઠ, મેં એમ સાંભળ્યું છે કે શ્રી હરિનાં સાક્ષાત્ દર્શનની ઈચ્છાથી તું તપ કરવા જવા માટે વિચાર કરે છે. તે આ ખૂબ જ સારો નિશ્ચય કર્યો છે. એ નિશ્ચિત છે કે આ સંસાર એક ભયંકર અરમ્ય છે. આમાં ડગલે ને પગલે અનેક સંકટ રૂપી કાંટા પ્રસર્યા છે, અહીં ભટકનારા મનુષ્યને ભગવાન શ્રી વિષ્ણુ જ એક માત્ર આશ્રય સ્થાન છે. મનુષ્યના મોટામાં મોટાં પાપ ભગવાન વિષ્ણુના અનુગ્રહથી બળીને ભસ્મ થાય છે.'

રાજાએ પૂછ્યું; 'ભગવાનની ભક્તિનું સ્વરૂપ શું છે ?'

ત્યારે નારદ મુનિ બોલ્યાઃ 'રાજા, ગુણભેદાનુસાર ભક્તિના ત્રણ ભેદ છે. સાત્ત્વિક, રાજસી અને તામસી. આના સિવાય એક ચોથી ભક્તિ નિર્ગુણાભક્તિ છે. હે કમલાપતિ રાજા ! જે લોકો કામ અને ક્રોધને વશીભૂત છે અને પ્રત્યક્ષ સિવાય અન્ય ક્યાંય જોતા નથી (પ્રત્યક્ષ એટલે જગત અને અન્ય એટલે પરલોક) એ પોતાના લાભ અને બીજાને હાની પહોંચાડવા માટે ભક્તિ કરે છે તે ભક્તિ તામસી છે. અધિક યશ પ્રાપ્તિ માટે અથવા બીજાનો દ્વેષ, મત્સર કરીને દેખાદેખીથી અથવા પરલોકમાંના સુખ-પ્રાપ્તિની આશાથી જે ભક્તિ કરે છે એ રાજસી ભક્તિ સમજવી. પરલૌકિક લાભને સ્થાયી સમજીને અને ઈહલોકના સમસ્ત પદાર્થ નશ્વર જાણીને પોતાના વર્ણાશ્રમ ધર્મનો ત્યાગ ન કરતાં આત્મજ્ઞાન માટે જે ભક્તિ કરાય છે તે સાત્ત્વિક ભક્તિ છે. 'આ જગત અનંત ભગવાન શેષશાયી નારાયણનું જ સ્વરૂપ છે, તેમાંથી કોઈ પણ કારણ આ જગતમાં નથી. હું પણ ભગવાનથી અલગ નથી અને ભગવાન પણ મારાથી ભિન્ન નથી આ સમજીને ભેદ ઉત્પન્ન કરનાર બાહ્ય ઉપાધિનો ત્યાગ કરવો અને અધિક પ્રેમથી ભગવત્ સ્વરૂપનું ચિંતન કરતા રહેવું એ અદ્વૈત (નિર્ગુણ) નામક ભક્તિ છે. એ ભક્તિ સાક્ષાત્ મુક્તિ માટે અતિ દુર્લભ સાધન છે.'

હવે હું તને વિષ્ણુના ભક્તોનાં લક્ષણ કહું છું. 'જેમનું ચિત્ત અતિશય શાંત હોય, જે બધાં સાથે કોમળ ભાવથી વર્તે છે, જેણે સ્વેચ્છાએ બધી જ ઈંદ્રિય પર કાબુ મેળવેલ છે અને જે મન, વાણી અને ક્રિયા દ્વારા કદી પણ બીજાને દ્રોહ કરવાની ઈચ્છા રાખતો નથી, જેમનું ચિત્ત દયાર્દ્ર રહીને જે ચોરી, હિંસાથી પરાઙ્મુખ રહે છે, સદ્‌ગુણોનો સંગ્રહ અને બીજાઓનાં કાર્ય સાધનમાં જે પ્રસન્નતાપૂર્વક સંલગ્ન રહે છે, સદાચારથી જેમનું જીવન સદૈવ નિષ્કલંક થઈ રહે છે, સર્વ પ્રાણીમાત્રના હૃદયમાં ઈર્ષા, મત્સર કરતો નથી, બીજાના ગુણરાશિથી પ્રસન્ન થાય છે, કોઈના પણ દોષ ન કાઢતાં મર્મ સમજાવવા પ્રયત્ન કરે અને બધાને સુખ આપે છે, ભગવાનમાં મનને સદૈવ તલ્લીન રાખે છે અને પોતાની પ્રેમમધુર વાણીથી બધાના આત્મવિશ્વાસ જાગૃત કરે છે એ જ ખરો પરમ વૈષ્ણવ સદ્‌ભક્ત છે.'

નારદ મુનિનો ઉપદેશ સાંભળીને રાજા કમલાપતિ અત્યંત પ્રસન્ન થયો અને બોલ્યો: 'ભગવાન ! તમારો સંગ અને ઉપદેશામૃત સિંચનથી હું ખરેખર પાવન થયો અને મારા અજ્ઞાન અંધકારનો નાશ થયો. મારા સંપૂર્ણ પાપકર્મ બળીને ભસ્મ થયાં. હવે ફક્ત એક અભિલાષા છે કે તમારી સાથે તીર્થયાત્રા કરીને ભગવાન નિલાચલ પ્રભુનાં દર્શન કરવાં અને એમના એ અદ્‌ભુત રમ્ય સ્વરૂપમાં વિલીન થઈ જવું એ મહદિચ્છા પૂર્ણ કરો.'

નારદે તથાસ્તુ કહીને કમલાપતિ સાથે અન્યોન્ય તીર્થક્ષેત્રે ગયા. ભગવાનની અપાર લીલા ચરિત્ર સાંભળતાં સાંભળતાં અને અવલોકન કરતાં કરતાં સત્સંગમાં સદૈવ રહીને રાજા કમલાપતિ નારદ સાથે પરશુરામના આશ્રમ સ્થાને પહોંચ્યા. ભગવાન પરશુરામનાં દર્શન થવાથી રાજા કમલાપતિમાં અષ્ટ ભાવ જાગૃત થયો. ભગવાનના સ્વરૂપમાં એમની બધી મનોવૃત્તિ નાશ પામી. કેવળ એક ભગવંત સર્વત્ર એમના અવતાર સ્વરૂપ જ છે, જગતનાં સંપૂર્ણ પ્રાણીમાત્રમાં એ જ એક નારાયણ વ્યાપેલ છે, એમની જ અગાધ લીલા ચરિત્રને યાદ કરતાં કરતાં એ ભગવાનના અનંતમાં લીન થઈ ગયો. આ પરમ જ્ઞાની પ્રેમી ભક્ત રાજા કમલાપતિ ભગવાન પરશુરામના અવતાર કાળમાં થઈ ગયો. ધન્ય એ ભગવાનને અને ધન્ય એમના અનન્ય પ્રેમી ભગવત્ ભક્તને.

ભગવાન શ્રી વિષ્ણુએ પોતાના પહેલા મત્સ્ય અવતારમાં તલાતલ પાતાળમાં ગંધર્વસેન રાજાને આપેલ વચન અહીં પૂર્ણ કર્યું. મહાન સત્યવાદી અને સદ્‌ભક્ત સત્‌પંથી રાજા ગંધર્વસેનને ત્રેતાયુગમાં ભગવાન પરશુરામના અવતાર સમયે તું સદ્‌ભક્ત કમલાપતિ થઈશ અને મારા ભક્તિ પ્રભાવથી જ્ઞાની પ્રેમી થઈને મારા સ્વરૂપમાં આવી મળીશ એમ વરદાન આપ્યું હતું તે અહીં પૂર્ણ થયું.

॥ શ્રી પરશુરામ અવતારની સમજૂતી ॥

આ સમય કાળમાં બીજા ત્રેતાયુગમાં શ્રી વિષ્ણુ ભગવાને શ્રી પરશુરામ અવતાર ધારણ કર્યો. ત્યારે યજુર્વેદની ગાયત્રી મંત્રનો પ્રભાવ હતો.

અવતાર છઠ્ઠો શ્રી પરશુરામ ભગવાનનો ચાર લાખ બત્રીસ હજાર (૪,૩૨,૦૦૦) વર્ષ વર્તતે.

નોંધ : અત્રેથી આદ્ય બ્રહ્મની વાણી પ્રમાણે હરિ અંશ સાતમા રામ અવતારે હરિ અંશના નામે જાય છે.

ધૂન : હરે પરશુરામ.... હરે પરશુરામ.... પરશુરામ.... પરશુરામ.... હરે.... હરે....

•••

• શ્રી રામ અવતારની પૂર્વ પીઠિકા (ભૂમિકા) •

પ્રાચીન કાળમાં બ્રહ્મારણમાં વાલ્મીકિ નામના મહાન તપસ્વી અને અંતર્જ્ઞાની ઋષિ થઈ ગયા. પૂર્વાશ્રમમાં એ એક તપસ્વી બ્રાહ્મણના પુત્ર હતા. નાની ઉંમરમાં તેમને દુર્જનનો સહવાસ થતાં એ દુરાચારી બન્યા. એ કોળી લોકોના સંગતે હલકા પ્રકારના અધમ ધંધા કરવા લાગ્યા. તેઓ બ્રહ્મ કર્મને ભૂલી જાતિ ભ્રષ્ટ થઈ ગયા હતા. તેમને કોઈપણ દુષ્ટ કૃત્ય કરવાનો ભય લાગતો નહોતો. લોકો તેને વાલિયો કોળી કહીને બોલાવવા લાગ્યા. કોઈ જ લોકો તેને પાસે આવવા દેતા નહોતા.

ત્યારે તે પોતાનું ગામ છોડીને અરણ્યમાં સહકુટુંબ જઈને રહ્યા. એ અરણ્યમાં પ્રવાસીઓનો આવવા જવાનો રસ્તો હતો. એ રસ્તા ઉપર રાત દિવસ બેસી રહેતા અને મુસાફરો આવે એટલે એમનો વધ કરી નાખતા, એમની પાસેથી વસ્તુઓ છીનવી લેતા. એવું એમનું દુષ્ટ કાર્ય હતું. એમને કેટલાય જીવોનો નાશ કર્યો હશે એની ગણના જ નહોતી. તેમના છોકરાઓ પણ મોટા થયા, પરંતુ એના દુષ્ટ કર્મમાં કોઈ ફરક પડ્યો નહીં. સમય જતાં તેઓ વૃદ્ધ થયા તો પણ તેમનાં દુષ્ટ કૃત્યો કિંચીત પણ ઓછાં થયાં નહીં.

ઘણા સમય પછી તેમના ગત્ જન્મના પુણ્યના ઉદયનો સમય આવ્યો. એક દિવસ વૃદ્ધ વાલિયો નિત્ય ક્રમ પ્રમાણે શિકારની રાહ જોતો માર્ગમાં બેઠો હતો ત્યાં એ જ માર્ગે નારદ મુનિ કેટલાક ઋષિ મુનિઓ સાથે આવ્યા. નારદ મુનિ નજીક આવતાં જ શસ્ત્ર ઉગામીને વાલિયો એમની સામે દોડયો અને બોલ્યોઃ 'અરે સાધુડાઓ, ક્યાં જાઓ છો ? ઊભા રહો અને તમારી પાસે જે હોય એ બધું મારા સ્વાધીન કરો નહીં તો હું તમારા પ્રાણ લઈશ.'

ત્યારે નારદે વાલિયા સામે જોયું અને બોલ્યાઃ 'અમે ગરીબ બ્રાહ્મણો છીએ, અમારી પાસેથી તને શું મળવાનું છે. આ વીણા અને આ ચીપીયાઓ છે, આનો તારે શું ઉપયોગ થશે. અમને મારીને નાહકનો પાતકના ભારમાં ના પડીશ. તે આજ સુધી જેટલાં પાપ કર્યા છે એની શિક્ષા યમરાજા પાસે તને મળશે, તે લૂંટેલા ધનની વહેંચણી લેવા પત્ની છોકરાઓ તૈયાર છે જ, પણ તારા પાપની વહેંચણી કરવા કોઈ તૈયાર છે ખરું ? તારું આયુષ્ય પણ હવે પૂર્ણ થવા આવ્યું છે. તારા મર્યા પછી તને નરકમાં જવાનો વારો આવશે. આ યાતનામાંથી તને છોડાવનાર કોઈ છે ? એ વખતે તારી પત્ની-છોકરાંઓ પરિવાર તને એ દારુણ યાતનામાંથી છોડાવવા આવશે ? તારા પાપનાં કોઈ ભાગીદાર થશે ? જા, એમને પૂછી આવ, તું પાછો આવે ત્યાં સુધી અમે અહીંથી જઈશું નહીં, તેની ખાત્રી રાખજે.'

ક્ષણભર સંતોના સહવાસનું પરિણામ વાલિયાના મન પર થયું. તેની બુદ્ધિ પલટાઈ ગઈ. વાલિયો દોડતો તેના ઘેર ગયો. તેણે પોતાની પત્ની અને છોકરાંઓને પાસે બોલાવ્યાં અને બોલ્યોઃ 'મેં આજ સુધી જે ધન પ્રાપ્ત કર્યું છે અને જે પાપ કરીને મેળવ્યું છે, આ ધનની ભાગીદારી કરવા તમે તૈયાર છો પણ મેં આજ સુધી જે પાપ કર્યાં છે તેની તમે વહેંચણી કરશો ? પાપમાં ભાગીદાર થશો ?

વાલિયાનો આ પ્રશ્ન સાંભળી એની પત્ની અને બાળકોએ કાન પર હાથ મૂક્યા. એ બધાં બોલ્યાંઃ 'તમે જે સંપત્તિ કમાવીને ઘેર લાવ્યા એ અમે લીધી પણ એ મેળવવા માટે પાપ કરવાનું અમે તમને કહ્યું નથી. માટે એનો દોષ અમને નથી લાગતો. તમારાં પાપનાં ફળ અમે શા માટે ભોગવીએ ? માટે અમે તમારા પાપની વહેંચણી કરીશું નહીં. તમે કરેલાં પાપનું પ્રાયશ્ચિત તમે ભોગવો.'

આવાં વચન સાંભળતાં જ વાલિયાને ખૂબ દુઃખ લાગ્યું. એ ગદ્ગદિત થઈ ગયો અને તેનું હૃદય ભરાઈ આવ્યું. વાલિયો ખિન્ન થઈને દોડતો નારદ મુનિ પાસે આવ્યો અને એણે નારદ મુનિના પગ પકડ્યા. એમના પગ પોતાના અશ્રુથી ભીજવ્યા અને હાથ જોડીને ઊભો રહ્યો. કરુણ વાણીથી નારદ મુનિને કહ્યું: 'મહારાજ ! તમે જે કહ્યું એ ખરું છે, હું તમારા શરણે આવ્યો છું, મને આ પાપમાંથી મુક્ત થવાનો માર્ગ કહો, હું તમારું વચન જરૂર પાળીશ, મારા ઉપર દયા કરો.'

વાલિયાને ખરેખર પસ્તાવો થયો છે એમ જાણી નારદે કહ્યું: વાલિયા, ગભરાઈશ નહીં. એમાંથી તું મુક્ત થઈશ. તને હું એક દિવ્ય મંત્ર જાપ આપું છું એ તું અહર્નિશ જપજે. એ મંત્ર એકદમ સહેલો છે. 'રામ' એ બે અક્ષર રાત-દિવસ તું મુખમાંથી ઉચ્ચારતો રહેજે. પાપમાંથી મુક્ત થઈ જઈશ.' આમ કહીને એમનો વરદ્ હસ્ત વાલિયાના મસ્તક પર મૂક્યો. પછી નારદ મુનિએ ઋષિઓસહ ત્યાંથી આગળ જવા પ્રયાણ કર્યું.


વાલિયો એ જ જગ્યાએ રામ... રામ... રામ... રામ... એમ જાપ ઉચ્ચારવા લાગ્યો અને એ ત્યાંજ ધ્યાનસ્થ બેસીને જાપ કરવા લાગ્યો. એ પોતાના દેહનું પણ ભાન ભૂલી ગયો. ભૂખ તરસ આળસ નિદ્રા ભય બધું જ ભાગી ગયું. રામનામના સ્મરણમાં એ રંગાઈ ગયો. તેને કેટલાંય વર્ષો થઈ ગયાં. શરીર પર મોટા મોટા વાળ ઉગ્યા. વાલિયાના હાથ વૃક્ષ થઈ ગયા અને હાથને પાંદડાં ફૂટવા લાગ્યાં. આ રામનામનો જ મહિમા ન કહેવાય તો બીજું શું !

કેટલાક સમય પછી નારદ મુનિ એ જગ્યાએ ફરી પાછા આવ્યા. આ વખતે મંદ મંદ એવા રામનામની ધ્વનિ એમના કાને સંભળાઈ. એ ઉત્સુક્તાથી આમ તેમ જોવા લાગ્યા. એક માટીના રાફડામાંથી આ ધ્વનિ આવે છે એમ એમના ધ્યાનમાં આવ્યું. એમને નવાઈ લાગી. રાફડાની માટી બાજુ પર કરી જુએ છે તો વાલિયો તેજથી ચમકતો હતો. રામનામના જપથી તેનાં બધાં પાપ નષ્ટ થઈ ગયાં હતાં.

નારદને જોતાં જ વાલિયાએ સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને વાલિયો બોલ્યોઃ 'હે મુનિ ગુરુ, મારે હવે આગળ શું કરવું ?'

નારદ મુનિ બોલ્યાઃ 'રામનામથી તારાં સર્વ પાપો નષ્ટ થયાં છે. તું હવે ત્રિકાલજ્ઞ ઋષિ થયો છે. આજથી કેટલાક વર્ષો પછી દશરથ રાજાના ઘેર શ્રી વિષ્ણુ ભગવાન અવતાર લેશે. એ શ્રી રામ અવતાર થશે. એમના ચરિત્રની તું તારી દિવ્ય દૃષ્ટિથી જાણીને કથા લખજે. એમના ચરિત્રનું તું ભવિષ્ય વાણીથી વર્ણન કરીશ એવી રીતે રામ આગળ વર્તન કરશે. તારો ગ્રંથ ત્રિભુવનમાં શ્રેષ્ઠ અને અપૂર્વ થશે.' આમ વરદાન આપી નારદ મુનિએ ત્યાંથી આગળ જવા પ્રયાણ કર્યું. કેટલોક સમયકાળ જતાં નારદની આજ્ઞા પ્રમાણે દેવવાણી સંસ્કૃતમાં વાલ્મીકિ ઋષિએ શત્કોટિ રામાયણ રચ્યું. પછી એમના શિષ્ય ભારદ્વાજ મુનિએ લખ્યું. આ મૂળ રામાયણ સત્યલોકમાં બ્રહ્મદેવે નારદને એક જ શ્લોક કહ્યો હતો. નારદે એ સો શ્લોકમાં વાલ્મીકિને કથન કર્યું. વાલ્મીકિએ શત્કોટિ શ્લોકમાં એનું અદ્ભુત રસાળ અને વિસ્તૃત રૂપથી કથન કર્યુ છે. એ એક શ્લોકમાં પૂર્ણ રામાયણ છે.

•••


realpatidar.com
સાતમો શ્રી રામ અવતાર (ત્રેતાયુગ - યજુર્વેદ)
realpatidar.com


સદ્‌ગુરુ શ્રી વશિષ્ઠ ઋષિ (ત્રેતાયુગ - યજુર્વેદ)

ૐ

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા સત્ય છે.

रामो दाशरथिर्भुत्वा पौलस्त्य कुल नंदनम् ।
जघान रावणं संख्ये तस्मै क्षत्रात्मने नमः ॥

શ્રી વિષ્ણુ ભગવાને દશરથના પુત્ર શ્રી રામચંદ્ર રૂપ ધારણ કરીને પુલસ્ત્ય કુળમાં જન્મેલા રાવણનો યુદ્ધમાં આખા કુળ સહિત નાશ કર્યો હતો તે ક્ષત્રિય રૂપ શ્રી રામ ભગવાનના અવતારને હું નમસ્કાર કરું છું.

શ્રી પરશુરામ ભગવાનના રઘુ, નઘુ, યયાતિ, કેવલિક, અજેપાલ, દશરથ.

દશરથના અંશ તો શ્રી રામ ભગવાન.

શ્રી રામ અવતાર

॥ અવતાર સાતમો ॥

પરમ કૃપાળુ પરમાત્માની આજ્ઞાથી આદરું છું
ૐ નમો શ્રી સદ્‌ગોર પાત્ર બ્રહ્મા વશિષ્ઠ મહારાજ,
આદ્ય વિષ્ણુ નિરંજન શ્રી રામ ભગવાન તમારી આશિષે....

आदौ रामतपोवनाधिगमनं हत्वा मृगं कांचनं ।
वैदेही हरणं जटायुमरणं सुग्रीव संभाषणम् ॥
वाली निर्दलनं समुद्रतरणं लंकापुरीदाहनं ।
पश्चाद्रावण कुंभकर्ण हननं ऐतद्धि रामायणम् ॥

ત્રેતાયુગમાં સાતમા અવતારે પ્રભુ શ્રી રામચંદ્ર રૂપથી પ્રગટ થયા આ કાળમાં પ્રમત્ત થયેલા દૈત્ય રાવણ-કુંભકર્ણ વગેરે દુષ્ટ દુર્જનોનો નાશ કરવા માટે શ્રી રામ અવતાર શ્રી વિષ્ણુ ભગવાનને લેવો પડ્યો.

શ્રી હરિનો છઠ્ઠો અવતાર પૂરો થાય, અવતાર સાતમાનો સદ્‌ગોરે કહ્યો મહિમાય. ॥૧॥
સાતમા શ્રી રામ અવતારના પરચા નિરવાણ, તમે સુણો મુનિવરો સૌ સુજાણ. ॥૨॥

સાતમે રૂપે દૈત્ય રાવણ પ્રગટ થાય, ત્યારે તે વનમાં ઘોર તપ કરવા જાય. ॥૩॥
તેણે ત્યાં તપે બેસીને કીધું કાજ, વર માગ્યો જે અમર થઈને કરું રાજ. ॥૪॥
સ્વામી સહી ન મરું યુદ્ધ કરતાં નિર્વાણ, અને ન મરું સ્વામી કોઈને બાણ. ॥૫॥
સ્વામી આવો વર માગી લઉં, જો હું મુખેથી હાર્યો ન કહું. ॥૬॥
એવું માગ્યું ગુરુજી અરમાન, અમર રહું એવું મેળવ્યું વરદાન. ॥૭॥
તપ કરી રાવણે મહા વર લીધાં જ્યાંય, સર્વે દેવ સભા કબજે કરી છે ત્યાંય. ॥૮॥
સર્વે દેવ કહે ભાઈ વિધાતાએ કર્મે લખ્યું જેહ, દૈત્ય ઘેર નવે ગ્રહ સેવા કીધી તેહ. ॥૯॥
દૈત્ય ઘેર સર્વે દેવતા અન્ન ભરડે જઈ, તે ઘેર પવન આંગણા વાળે સહી. ॥૧૦॥
તે રાવણ ઘેર સમુદ્ર ભરતા નીર, ત્યાં ચંદ્ર સૂર્ય રહેતા સધીર. ॥૧૧॥
દેવ આગળથી ઉદક લીધું નિરવાણ, શ્રી સદ્‌ગુરુજી આગળ પામું માન. ॥૧૨॥
દૈત્ય ઘેર પનોતી બારણે બાંધી જેહ, અગ્નિદેવ દૈત્યના રાંધણ રાંધે તેહ. ॥૧૩॥
તે સદ્‌ગુરુ કહે સર્વ દેવ એવાં કીધાં કાજ, રાવણને તપ કરતાં આપ્યું રાજ. ॥૧૪॥

બ્રહ્મદેવને પુલસ્ત્ય નામનો એક પુત્ર હતો. એ મોટો તપસ્વી હતો. એનાં લગ્ન તૃણબિંદુ રાજાની દેવવર્ણી નામની કન્યા સાથે થયાં. પુલસ્ત્યને વિશ્રવા નામનો પુત્ર થયો. વિશ્રવાનાં ભારદ્વાજ ઋષિની પુત્રી ઈલાવિલા સાથે લગ્ન થયાં. વિશ્રવાને કુબેર નામનો પુત્ર થયો. કુબેરે ઘોર તપ કરીને બ્રહ્મદેવને સંતુષ્ટ કર્યા. બ્રહ્મદેવે પ્રસન્ન થઈને કુબેરને લંકાનું રાજય આપ્યું. એ લંકા પહેલાં કુબેરે જ નિર્માણ કરેલી હતી. લંકામાં પહેલાં રાક્ષસોનું રાજય હતું. લંકા કુબેરને આપવાથી રાક્ષસોને ખૂબ ગુસ્સો આવ્યો. પોતાનું એ રાજય પરત મેળવવા માટે કુબેરને રાક્ષસો હેરાન પરેશાન કરવા લાગી રહ્યા.

રાક્ષસોની સાથે 'સુમાલી' નામનો એક રાક્ષસ લંકામાં આવ્યો હતો. તેને લંકાનો વૈભવ જોયો. તેને લંકાનું રાજય મેળવવાની અભિલાષા નિર્માણ થઈ. સુમાલી ચાલાક હતો. યુદ્ધથી કાર્ય સરશે નહીં એમ તેને લાગ્યું. એટલે સુમાલીએ કપટી દાવપેચથી આ કાર્ય સાધવાનું નક્કી કર્યું.

કુબેરનું સુંદર રૂપ અને સશક્ત શરીર જોઈને સુમાલીએ વિચાર્યું કે કુબેરના બાપ વિશ્રવા મુનિને પોતાની પુત્રી આપવી અને એને જે પુત્રો થશે એ પુત્રો રાક્ષસોને સહાય કરશે, પછી કુબેર પાસેથી લંકાનું રાજય છીનવી લઈશું.' આમ વિચાર કરીને એ પાતાળમાં ગયો અને પોતાની કૈકસી નામની કન્યાને લઈને લંકામાં આવ્યો.

સુમાલીએ બ્રાહ્મણનું રૂપ લીધું, એટલે સુમાલીથી વિશ્રવા મુનિ છેતરાઈ ગયા. સુમાલી વિશ્રવા મુનિ પાસે આવ્યો અને બોલ્યો: 'મહારાજ, હું એક દરિદ્ર બ્રાહ્મણ છું. ઈશ ચિંતનમાં સમય વિતાવું છું. મારી કન્યા ઉંમર લાયક થઈ છે, એનો તમે અંગીકાર કરો એટલે હું સંસાર જાળમાંથી મુક્ત થઈ અરણ્યમાં તપ માટે જઈશ.' કપટી સુમાલીના આ બોલમાં વિશ્રવા મુનિ ફસાઈ ગયા. તેમને કૈકસી સાથે લગ્ન કર્યા અને એમનો સંસાર શરૂ થયો. આ કાર્ય પૂર્ણ કરી સુમાલી ત્યાંથી નીકળી પાતાળમાં ગયો. પછી લંકાનું રાજય પોતાના પૌત્રને મેળવી આપવાનો વિચાર કરવા લાગ્યો.

એક દિવસ સૂર્યાસ્ત સમયે હોમ-યજ્ઞ ચાલતો હતો ત્યારે કૈકસી વિશ્રવા મુનિ પાસે કામવાસનાનો ભોગ માગવા લાગી. તેની એ અનુચિત માગ સાંભળી ઋષિ બોલ્યા: 'હે પાપરૂપ તામસ, તું બ્રાહ્મણ કન્યા નથી લાગતી પણ રાક્ષસી જેવી છો' તારા પેટે દુરાચારી રાક્ષસ ઉત્પન્ન થશે. આમ પતિની કઠિન વાણી સાંભળી છતાં પણ એક તો સુપુત્ર આપો એવી કૈકસીએ પ્રાર્થના કરી.

તેની વિનંતી વિશ્રવા મુનિએ માન્ય રાખી અને પછી તેને રાવણ, કુંભકર્ણ અને વિભીષણ એમ ત્રણ પુત્રો અને તાટકા તેમજ તેમજ શૂર્પણખા એમ બે પુત્રીઓ થઈ. વર પ્રમાણે વિભીષણ સુપુત્ર નીકળ્યો. ભગવદ્ ભક્તમાં તેમની ગણના થઈ અને તેને અમરપદ પ્રાપ્ત થયું. રાવણ, કુંભકર્ણ અને વિભીષણ થોડા મોટા થતાં જ ગોકર્ણ ક્ષેત્રે જઈને રહ્યા. ત્યાં રાવણ શ્રી શંકરની, કુંભકર્ણ અને વિભીષણ શ્રી વિષ્ણુની આરાધના કરવા લાગ્યા. એમણે ઘોર તપશ્ચર્યા આદરી. એમના તપથી સંતુષ્ઠ થઈને ત્રણેયને દેવોએ દર્શન આપ્યાં અને વરદાન માગવાનું કહ્યું. એ વખતે રાવણે સંતતિ, સંપત્તિ, વિદ્યા વગેરેની પૂર્ણ પ્રાપ્તિ થાય, દેવો પર મારી સત્તા ચાલે એવું વરદાન માગ્યું. કુંભકર્ણે મને ઈંદ્રાસન આપો એવું કહેવાને બદલે નિંદ્રાસન આપો, એમ વરદાન માગ્યું. પછી વિભીષણે મને ભગવાનની સેવાનો લાભ મળે એમ કહ્યું, ત્યારે ત્રણેને દેવોએ 'તથાસ્તુ' કહ્યું અને અંતર્ધાન થયા.

આ વરદાનથી રાવણ ઉન્મત્ત થયો. તેણે પ્રહસ્ત, મહોદર નામના પ્રધાન નિમ્યા. તેમજ વિદ્યજ્જિવ્હ, જંબુમાલી, વજ્રદ્રંષ્ટ, વિરુપાક્ષ, ખર, દૂષણ, ઈંદૂક, સારણ વગેરે બળવાન રાક્ષસો સાથે લઈ રાવણ લંકામાં જઈ કુબેર સામે યુદ્ધ કરવા લાગ્યો.

ઘણા સમય સુધી યુદ્ધ ચાલ્યું પણ કુબેરના પરાભવ થવાનું ચિન્હ દેખાતું નહોતું. ત્યારે રાવણે કપટી દાવ નાખ્યો. રાવણે પોતાના બાપનું નામ લખીને એક બનાવટી પત્ર કુબેર પાસે મોકલ્યો. એ પત્રમાં કુબેરને સંબોધીને વિશ્રવાએ જણાવ્યું કે; 'તારા સાવકા ભાઈ રાવણને લંકાનું રાજ્ય સ્વાધીન કર.' એમ લખેલું હતું.

કુબેર મોટો પિતૃભક્ત હતો. કુબેરે પિતાની આજ્ઞા શિરોમાન્ય માની લંકાનું રાજ્ય રાવણને સ્વાધીન કર્યું અને પોતે દેવલોકમાં જઈને રહ્યો. કારણ એ બ્રહ્મદેવનો પૌત્ર હતો. બ્રહ્મદેવે કુબેરને મેરુ પર્વત પર અલકાપુરી નગરી સ્થાપીને ત્યાં રાજ્ય કરવા આપ્યું.

રાવણ લંકાનો રાજા થયા પછી એણે માયાસુરની કન્યા મંદોદરી સાથે વિવાહ કર્યો. કુંભકર્ણનું લગ્ન બલિની પૌત્રી દીર્ઘજવાલા સાથે કર્યું. વિભીષણે રાક્ષસ કન્યા સાથે વિવાહ ન કરતા સરમા નામની એક ગંધર્વ કન્યા જોડે લગ્ન કર્યાં.

રાવણે ગાદી પર બેઠા પછી અનેક દેશ જીત્યા અને તે સર્વ દેશો ઉપર પોતાનો અમલ ચલાવવા લાગ્યો. ઉન્મત્તપણે એ ગૌબ્રાહ્મણોને અનન્વિત હેરાન કરવા લાગ્યો. ત્યારે કુબેરે તેને સંદેશ મોકલ્યોઃ 'હે રાવણ ! તું ઋષિપુત્ર છે ! તારું આવું વર્તન સારું નથી.' આ સંદેશ સાંભળતાં જ રાવણને ગુસ્સો આવ્યો. સૈન્યથી અલકાપુરી પર ચડાઈ કરી. કુબેરની સંપત્તિ અને પુષ્પક વિમાન છીનવી લીધું. ત્યારે કુબેર ઈંદ્ર પાસે ગયો. ત્યારે ઈંદ્રએ કુબેરને દેવસભાનો કોષાધ્યક્ષ નીમ્યો.

રાવણને મંદોદરીથી મેઘનાદ નામનો પુત્ર થયો. તેમજ ઈતર સ્ત્રીઓથી અનેક પુત્રો થયા. રાવણનો પરિવાર ખૂબ વિસ્તરીત થયો. એમની પાસે અઢાર અક્ષૌહિણી સૈન્ય હતું. મંગલ વાદ્યો સતત તેની સભામાં વાગતાં. સર્વ ભૂપતિ રાવણની સામે હાથ જોડીને ઊભા રહેતા. રાવણનો સર્વત્ર જયજયકાર થવા લાગ્યો. દેવોને પણ તેની બીક લાગવા માંડી.

એક વખત પર્વતોએ એમની પાંખો ઈંદ્ર પોતાના વજ્રથી છેદન કરે છે એમ રાવણને કહ્યું. રાવણે પોતાના સૈન્ય સાથે ઈંદ્ર પર ચડાઈ કરી. આ વખતે પર્વતોએ હાથીનું રૂપ લીધું. રાવણ ઈંદ્ર સાથે યુદ્ધ કરવા લાગ્યો. મેઘનાદે ઐરાવત (ઈંદ્ર) ને જીત્યો. ઈંદ્રને પાશાતથી બાંધી રાખ્યો. ત્યારે બ્રહ્મદેવે મેઘનાદને ઈચ્છિત વરદાન આપી ઈંદ્રને પાશાતથી મુક્ત કર્યો. ત્યારથી મેઘનાદ ઈંદ્રજીત કહેવાવા લાગ્યો.

દેવોનો પરાભવ થયો. એ રાવણના સેવક બન્યા. સર્વ દેવ રાવણની સાથે લંકામાં આવ્યા. રાવણે એમને કામ વહેંચી દીધું. ઈંદ્રને માળા ગૂંથવી, કુબેરે સફાઈ કરવી, દેવતાઓએ ધાન્યનાં દળણાં કરવાં, વરુણે પાણી ભરવું. ચંદ્રએ છત્ર ધરવું. વાયુએ આંગણાં વાળવાં. અગ્નિએ રસોઈ કરીને વસ્ત્રો ધોવાં, બ્રહ્મદેવે પુરાણ કહેવું, નારદે ગાયન કરવું. નવગ્રહોનાં પગથીયાં બનાવી તેના ઉપર થઈ એ પોતાના રત્નજડિત રાજસિંહાસન પર બેસીને કારભાર કરતો હતો.

ભક્ત કારણ નારાયણે ધર્યો શ્રી રામ અવતાર, દૈત્ય રાવણને મારીને ભક્તોનો કરવો ઉદ્ધાર. ॥૧૫॥
ત્રેતા યુગમાં દૈત્ય રાવણ મહાબલવંત નામ, તેને મારવા અવતાર લીયા શ્રી રામ. ॥૧૬॥
શ્રી રામ અવતાર ઉપના તેના પરચા જાણ, તમે સુણો મુનિવરો તેહ નિરવાણ. ॥૧૭॥
ભક્ત કારણ સાતમો અવતાર શ્રી હરિએ ધરીયો, દશરથ ઘેર શ્રી રામે અવતાર લીયો. ॥૧૮॥
સાતમો શ્રી રામજી અવતાર, રઘુ કુલ વંશમાં અવતર્યા દેવ મોરાર. ॥૧૯॥
દશરથ રાજાએ પુત્ર કામેષ્ટિ યજ્ઞ કીધા જ્યાંય, ઋષિ શૃંગીને વનથી લાવ્યા ત્યાંય. ॥૨૦॥
મંત્ર પ્રભાવથી યજ્ઞ નારાયણ પ્રસન્ન થાય, દશરથ ઘેર ચાર પુત્રના વર દીયા ત્યાંય. ॥૨૧॥

સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર જેવા સદ્‌ભક્તોનો ઉદ્ધાર કરીને એમનાં સન્માન કરવા માટે એ જ સૂર્યવંશમાં ત્રેતાયુગના છેલ્લા ચરણમાં ભગવાન શ્રી હરિએ સાતમો અવતાર ધારણ કર્યો. દૈત્ય રાવણ પોતાની પ્રબળ શક્તિથી, અતુલનીય પરાક્રમથી ત્રિભુવન વિજયી થયો હતો.

બધા દેવોને જીતી રાવણે એમને પોતાના ઘેર અલગ અલગ કાર્ય માટે નિમ્યા હતા. એ વિજયથી મદોન્મત્ત રાવણ એક વાર પુષ્કર વિમાનમાં બેસીને શંકર ભગવાનને મળવા ગયો. ત્યાં દરવાજામાં દ્વારપાળ નંદી હતો. નંદીએ રાવણને કહ્યું: 'શિવ પાર્વતી એકાંતમાં છે, આગળ જઈશ નહીં.' ત્યારે રાવણને ગુસ્સો આવ્યો. બંનેનું યુદ્ધ થયું.

ત્યારે નંદી બોલ્યોઃ ઉન્મત્ત રાવણ, તે દસ રુદ્ર જીત્યા પણ અગિયારમો રુદ્ર મારુતિ વાનર રૂપે તારા ગર્વનું હરણ કરશે.'

ત્યારે રાવણને ક્રોધ આવ્યો. તેણે કૈલાસ પર્વત ઉપાડીને લઈ જવા પર્વતના નીચે હાથ નાખ્યો.

પર્વત ડગમગવા લાગ્યો, એ શંકરે જોયું. ત્યારે શંકરે પોતાના પગથી પર્વત નીચે દબાવ્યો. તેથી રાવણનો હાથ કચડાયો અને તે આક્રંદ કરવા લાગ્યો. પછી રાવણે શંકરની સ્તુતિ કરી ત્યારે જ રાવણનો હાથ બહાર નીકળ્યો અને તે લંકામાં ગયો.

એવી જ હાલત સહસ્રાર્જુન અને પાતાળમાંના બલિ રાજાએ રાવણની કરી હતી તો પણ રાવણનો ગર્વ ઓછો થતો નહોતો.

કેટલાક દિવસો પછી કિષ્કિંધાના રાજા વાલીને જીતવા માટે પુષ્કર વિમાનમાં બેસીને રાવણ આવ્યો અને વાલી આગળ ઊભો રહ્યો. વાલી આ વખતે ધ્યાનસ્થ બેઠો હતો. રાવણે ગર્જના કરી. એ ગર્જના થતાં વાલી સાવધાન થયો. વાલીને ગુસ્સે આવ્યો. વાલીએ રાવણને બાહુપાશમાં દબાવીને ચતુઃસમુદ્રમાં સ્નાન કર્યું. પછી રાવણને વાલી પોતાના ઘેર લઈ ગયો અને પોતાના અંગદ નામના છોકરાના હીંચકા પર બાંધ્યો. અંગદનું એ એક રમકડું થયો. અંગદ વાનર ચેષ્ટાથી રાવણને હેરાન કરવા લાગ્યો.

રાવણની આવી દશા જોઈને વિશ્રવા મુનિ વાલી પાસે આવ્યા. એમને રાવણને પાછો લઈ જવા રાવણની ભિક્ષા માગી, ત્યારે વાલીએ રાવણનું મોઢું કાળું કરી એનો પગ પકડી લંકામાં ફેંકી દીધો.

એક દિવસ રાવણ બ્રહ્મદેવને કહેઃ 'મારું મૃત્યુ કોના હાથે થશે એ મને કહો.'

બ્રહ્મદેવ બોલ્યાઃ અજ રાજાનો જે પુત્ર દશરથ છે તેના ત્યાં પુત્ર તરીકે શ્રી રામ જન્મ લેશે, એના હસ્તે તારું મૃત્યુ થશે. આ સાંભળતાં જ રાવણ મનમાં બોલ્યોઃ 'હું દશરથને જ મારી નાખું તો મને મૃત્યુ આવશે નહીં.' એ માટે એ અયોધ્યા જવા રાક્ષસ સેના લઈને નીકળ્યો.

એ જ વખતે અજ રાજાએ દશરથ અને કૌશલ્યાના વિવાહનું આયોજન કર્યુ હતું. એટલામાં નારદ ત્યાં આવ્યા અને અજ રાજાને કહેવા લાગ્યા; 'હે રાજા, દશરથના લગ્નમાં રાવણ વિઘ્ન લાવવાનો છે માટે તું એનું રક્ષણ કર.'

આ સાંભળતાં જ અજ રાજાએ બંનેનાં જહાજમાં લગ્ન કરવાનું નક્કી કર્યું. એ વાત રાવણના કાને પડી. લગ્ન વખતે જઈને રાવણે નૌકાને પાણીમાં ડૂબાવી દીધી અને ફક્ત કૌશલ્યાને એક પેટીમાં રાખી એ પેટી એક બલિષ્ઠ માછલીને આપીને કહ્યું: 'આ પેટી મારા સિવાય કોઈને આપીશ નહીં. સારી રીતે જતન કરીને રાખ. એમ કહી રાવણ સૈન્ય સાથે લંકામાં આવ્યો.'

માછલીએ એ પેટી એક બેટમાં રાખી દીધી અને એ સ્વભક્ષાર્થે ત્યાંથી નીકળી ગઈ. થનાર કદી મિથ્યા થતું નથી. દૈવયોગથી દશરથ રાજા એ બેટ પર આવ્યો. ત્યાં એ પેટી એની નજરમાં પડી. તેણે પેટી ઉઘાડી તો એમાં પોતાની કુલવધૂ કૌશલ્યા દેખાઈ. તેને અપરિમિત આનંદ થયો. એટલામાં નારદ મુનિ ત્યાં આવ્યા, તેમણે બંનેનાં લગ્ન કરાવ્યાં. પછી બંનેને તે પેટીમાં બેસાડી દીધાં.

અહીં આનંદથી રાજ્યાસન પર બેસીને રાવણ બ્રહ્મદેવને કહેઃ 'હું દશરથ અને કૌશલ્યાનાં લગ્ન ડૂબાવીને આવ્યો છું, હવે તેને પુત્ર થશે નહીં અને એના હાથે હું મરીશ નહીં. હું ચિરંજીવ થઈ જઈશ.

આ સાંભળી બ્રહ્મદેવ બોલ્યાઃ 'રાવણ આ તારો ભ્રમ છે, એ ઉભયતા (બંને)નાં લગ્ન થઈ ગયાં છે.

રાવણ આશ્ચર્યથી બોલ્યોઃ 'આ વાત શક્ય જ નથી અને જો હોય તો તમે માગશો એ વર હું તમને આપીશ, વચનભંગ કરીશ નહીં.'

આમ કહીને એ પેટી રાવણે પોતાના સેવક પાસે મંગાવી. એમાં શું છે એ જોવા બ્રહ્મદેવે એ પેટી રાવણ સામે ખોલી. તો એમાં દશરથ કૌશલ્યા એ બંને દેખાયાં. ત્યારે તલવાર ઉપાડી રાવણ દશરથને મારવા દોડ્યો.

ત્યારે તેનો હાથ પકડી બ્રહ્મદેવ બોલ્યાઃ 'મારું વચન મને આપ. આ બંનેને જીવનદાન આપી મારા સ્વાધીન કર. ત્યારે વચન પ્રમાણે એ બંનેને બ્રહ્મદેવના સ્વાધીન કરવું રાવણને ભારે પડ્યું. પછી બ્રહ્મદેવ દશરથ અને કૌશલ્યા એ બંનેને અયોધ્યામાં લાવ્યા. ત્યાં લગ્ન મહોત્સવ મોટા ઉત્સાહથી પૂર્ણ થયો. બધાને ખૂબ જ આનંદ થયો.

પછી ઈંદ્રએ દશરથને રાજ્યાસન પર આરૂઢ કર્યા. ત્યારબાદ બ્રહ્મદેવ અને ઈંદ્રએ તેમના સ્વસ્થાને જવા પ્રયાણ કર્યું. પોતાને ઈચ્છિત સાધ્ય થયું નથી તે માટે રાવણ ખૂબ જ ક્રોધિત હતો. એણે ગૌબ્રાહ્મણો, દેવો અને માનવોને કષ્ટ આપવા માંડ્યું. યજ્ઞયાગાદી કાર્યના વિધ્વંસ શરૂ કર્યા.

તેના આવા કાર્યથી પૃથ્વી કાંપવા લાગી. પૃથ્વી ગાયના રૂપે બ્રહ્મદેવને શરણે ગઈ અને પોતાની પીઠ પર થતાં કષ્ટો એમને કહ્યાં. એ સાંભળ્યા પછી બધા દેવો સાથે બ્રહ્મદેવ ક્ષીરસાગરના સ્થળે આવી શેષશાયી શ્રી વિષ્ણુનું સ્તવન કરવા લાગ્યા. ત્યારે સાગરમાંથી અવાજ આવ્યો; 'દેવો ગભરાશો નહીં, હું રાવણના નાશ માટે અયોધ્યા નગરમાં દશરથ-કૌશલ્યાના ઘેર જન્મ લઉં છું. હું રામ થઈશ, શેષનાગ લક્ષ્મણ થશે. શંખ ભરત થશે, ચક્ર શત્રુઘ્ન થશે એમ રૂપ લઈ અમે દશરથના ઘેર

જઈશું અને લક્ષ્મી જનક રાજાની કન્યા થઈને મને વરશે. તમારે બધાએ વાનરોનાં રૂપ લઈ અવતાર લેવાનો છે. શંકર હનુમાન થશે. બ્રહ્મદેવ જાંબુવંત થશે, ધનવંતરી સુષેણ થશે, બૃહસ્પતિ અંગદ થશે, સૂર્ય સુગ્રીવ થશે, અગ્નિ નલ થશે, વાયુ નીલ થશે આ પ્રમાણે અવતાર લઈને રાવણના નાશ માટે રામને સહાય કરશે. આ પ્રમાણે આપણા મનોરથ પૂર્ણ થશે. એમ ભગવાનની આજ્ઞા થતાં જ બધાને આનંદ થયો. ભગવાન શેષશાયી નારાયણને વંદન કરીને સર્વ દેવોએ પોતપોતાના સ્થાને જવા પ્રસ્થાન કર્યું.'

દશરથ રાજા અયોધ્યાની ગાદી પર બેઠા પછી એમને ત્રણ રાણીઓ સાથે લગ્ન કર્યાં. એમાં કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી આ મુખ્ય હતી. આ ત્રણેમાં કૌશલ્યા પટ્ટરાણી હતી અને કૈકેયી માનીતી રાણી હતી.

દશરથ રાજાએ ન્યાયપૂર્વક રાજ્ય કર્યું. તેઓ સર્વ વાતે સુખી હતા, પણ પુત્ર સંતાન નહોતું તેથી તેઓ તથા રાણીઓ ખિન્ન અને ચિંતાતુર દેખાતાં હતાં. એક દિવસે દશરથ રાજાએ આ મનની વાત પોતાના ગુરુ વશિષ્ઠ ઋષિને કરી. વશિષ્ઠે રાજાને આશ્વાસન આપી કહ્યું: રાજન, પુત્રેષ્ટિ યજ્ઞ કરવાથી તને પુત્ર પ્રાપ્તિ થશે.

એક દિવસ રાજા મૃગયા રમવા માટે અરણ્યમાં ગયો. પુષ્કળ ફર્યો પણ કોઈ શ્વાપદ દેખાયું નહીં. સૂર્યાસ્ત થયો. ત્યારે એક સરોવર નજીકના એક ઝાડ પર બેઠો અને વિચારવા લાગ્યો કે, હવે શ્વાપદ પાણી પીવા આવશે અને મારો શિકાર થશે એમ માની એ ધનુષ્ય સજ્જ કરીને બેઠો. દૈવગતિએ એ જ માર્ગે શ્રવણ નામનો માતૃ-પિતૃ ભક્ત બ્રાહ્મણ પુત્ર અંધ માતાપિતાને કાવડમાં બેસાડી કાવડ ખભા પર લઈને તીર્થ યાત્રા કરવા જતો હતો. શ્રવણ એ સરોવર પાસે વિશ્રાંતિ માટે રોકાયો હતો. ત્યારે પિતાએ શ્રવણને કહ્યું: 'અમને ખૂબ તરસ લાગી છે, પાણી પીવડાવ.' શ્રવણ હાથમાં કમંડળ લઈને પાણી લાવવા નીકળ્યો.

આગળ સરોવરમાં એક હંસ પક્ષીનું જોડું રહેતું હતું. બંનેને એકબીજા પર અનહદ પ્રેમ હતો. સવારથી સરોવરમાંથી નીકળી પૃથ્વીનાં બધાં તીર્થસ્થાનોમાં સ્નાન કરીને દર્શન કરી એ સંધ્યાકાળના સમયે સરોવરમાં પાછાં આવતાં અને રાત્રે સારો એવો સમય વાતો કરીને પરમેશ્વરની અગાધ લીલાનું વર્ણન ગાતાં ગાતાં સૂઈ જતાં.

તેનો એક મિત્ર કાચબો હતો, એ એકલો જ હતો. એ પણ એમના સત્સંગ સમયે આવીને એમના મોંઢે પરમેશ્વરની અને તીર્થ ક્ષેત્રની અદ્ભુત કથાઓ સાંભળી દંગ થઈ જતો અને પોતાના નસીબને દોષ આપતો અને કહેતો કે: મિત્રો, તમને ઈશ્વરે પાંખો આપી છે માટે તમે બધાં તીર્થક્ષેત્રોની યાત્રા કરીને આવો છો. કેટલાં ભાગ્યવાન છો તમે ! અને હું પાપી અહીં જ કેટલાંય વર્ષોથી પડ્યો છું. મને તીર્થક્ષેત્રનાં દર્શન ક્યાંથી થાય ? મારા જેવો અભાગી બીજો કોણ હોઈ શકે !'

વારંવાર એનો આ વિલાપ સાંભળી એ બંને હંસોએ કાચબાને તીર્થયાત્રાએ લઈ જવાનું વિચાર્યું. બંને જણે એક લાકડી બંને બાજુથી પોતાના પગમાં બરાબર પકડી અને મધ્ય ભાગે કાચબાને લાકડી પકડવાનું કહ્યું અને આ પ્રમાણે ત્રણેયની યાત્રા શરૂ થઈ. નિત્ય નિયમ પ્રમાણે એ તીર્થક્ષેત્ર પર સ્નાન કરીને દર્શન કરી આગળ આગળ જવા લાગ્યાં. કાચબાને ખૂબ જ આનંદ થયો.

આગળ કુરૂક્ષેત્રની ભૂમિ પર જ્યારે એ જવા લાગ્યા ત્યારે હંસ અને હંસિનીના મનમાં વિપરીત ભાવ ઉત્પન્ન થયો. 'આ કાચબાનું વજન આપણે વિના કારણે ઉપાડીને લઈ જઈએ છીએ. આ આપણા ઉપકારનો બદલો શું વાળશે ?' એમ એમના મનમાં વિચાર આવતાં બંનેના પગની પકડ ઢીલી પડી અને લાકડી પગમાંથી એકદમ છૂટી ગઈ અને કાચબો લાકડી સાથે નીચે જમીન ઉપર પડયો. કાચબો તો જમીન પર પડતાં જ ઘાયલ થયો અને મરણોન્મુખ થઈને બંને હંસોના મનોમન ગુણગાન કરતો વાટ જોવા લાગ્યો. આગળ જતાં બંનેને થયેલા કૃત્યના બદલ પશ્ચાતાપ થયો અને તેઓ એ કાચબા પાસે પાછાં આવ્યાં. એમણે પોતાની ભૂલ કબૂલ કરી અને કાચબાની ક્ષમા માગી.

કાચબો બોલ્યોઃ સત્સંગી મિત્રો, તમારો આ ઉપકાર હું જન્મોજન્મ ચૂકવી શકીશ નહીં. બસ આટલી જ યાત્રા બહુ છે. એમાં જ મારું સમાધાન છે. તમે તમારા મનમાં દુઃખ લગાડશો નહીં. હું તમારા ઋણમાં બંધાયો છું. ઈશ્વર કૃપાથી એ ઋણમાંથી મુક્ત થવાનું સૌભાગ્ય મને મળે. સારું તો હું જાઉં છું. જય શ્રી રામ....' એમ કહી કાચબાએ પ્રાણ છોડ્યા.

થયેલી ઘટના પછી બંને હંસોને ખૂબ જ દુઃખ થયું. પણ વિધિની ઘટના આગળ બધું વ્યર્થ છે એમ સમજીને એમણે વધેલા આયુષ્યને ઈશ્વર ચિંતનમાં વિતાવ્યું. કાળાંતરે હંસ એ જ સત્યદેવ અને હંસિણી એ જ સત્યવતી રૂપથી જન્મ લીધો અને એમનો વિવાહ થયો. કાચબો એ જ શ્રવણકુમાર, એમના ઘેર જન્મ લીધો.

પૂર્વ જન્મના સુકૃતથી એ બાળપણથી જ સુસંસ્કારી થયો. માતાપિતાની ઉત્તમ પ્રકારે સેવા ચાકરી કરવા લાગ્યો. એક બ્રાહ્મણ કુમારી કેશી સાથે શ્રવણનાં લગ્ન થયાં. પણ દુર્દૈવે એ કર્કશા ઘરમાં આવવાથી નિત્ય કલેશ શરૂ થયો. શ્રવણ કેશીને સમજાવીને સાસુ-સસરાની સેવા કરવાનું વારંવાર કહેતો, પણ શ્રવણના બહાર ગયા પછી પથ્થર પર પાણી જેવી વાત હતી. એ ગમે તેવા અપશબ્દો બોલીને સાસુ-સસરાનું મન દુભાવતી. એમની પાસેથી અતિશય શ્રમ કરાવી લેતી અને ખાવાનું થોડુંક જ આપતી અથવા બિલકુલ ન આપતી.

પુત્ર પ્રેમના કારણે માતાપિતાના મનમાં દુઃખ થવા લાગ્યું તો પણ એ બંને એના વિષયે શ્રવણને કંઈપણ ન કહેતાં અને બધું સહન કરતાં. અત્યંત પરિશ્રમ અને ત્રાસના કારણે તેમજ ભૂખથી બંનેની આંખોની દૃષ્ટિ ચાલી ગઈ અને અંધ થઈ ગયાં. એમને બિલકુલ દેખાતું નહોતું. દિવસે દિવસે એમને ઉદાસ અને દુઃખી જોઈ એકવાર શ્રવણે એમના વિષે પૂછ્યું; પણ એમને કંઈ પણ કહ્યું નહીં.

એકવાર અચાનક મધ્યાહ્ન સમયે શ્રવણ ઘેર આવ્યો અને જુએ છે કે પોતાના માતાપિતા સામે કદાન્ન (થોડુંક ભોજન) પીરસ્યું અને એની પત્ની એમની ઉપર ગમે તેવો ગુસ્સો કરી બૂમો પાડી એમને જમવામાં પણ વિઘ્ન કરતી હતી એમ એને જોયું. તાત્કાલિક પત્ની પિયર મોકલી આપી અને પોતે પોતાના માતાપિતાની સેવા કરવા લાગ્યો.

બંને મા બાપે કહ્યુંઃ પુત્ર અમારી એક ઈચ્છા છે, શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી ઈશ્વરની લીલાનાં દર્શન કરવા માટે તીર્થયાત્રા કરવી છે, પણ અમારામાં કોઈ શક્તિ રહી નથી, શું કરવું એની સૂઝ પડતી નથી.

શ્રવણે કહ્યુંઃ 'ચિંતા ન કરશો, જ્યાં સુધી મારા શરીરમાં શક્તિ છે ત્યાં સુધી તમે નિશ્ચિત રહો. તમારી ઈચ્છા હું પૂર્ણ કરીશ.'

તેણે એક કાવડ તૈયાર કરી અને એક બાજુ પિતાને અને બીજી બાજુ માતાને બેસાડીને ઘરનો ત્યાગ કરી યાત્રાએ નીકળી ગયો. પરમેશ્વરનું સ્મરણ, ભજન, કીર્તન, શ્રવણ કરતો એ ગાતો ગાતો અયોધ્યાના અરણ્યમાં આવ્યો અને ત્યાં માતા પિતાને તરસ લાગી હોવાથી કાવડ નીચે મૂકી અને કમંડળ લઈ પાણીની શોધ કરતો કરતો એ ચાલવા લાગ્યો. એક ક્ષણભર એના મનમાં વિચાર આવ્યો. માતા-પિતાનું આ આટલું બધું વજન લઈને વન વગડે ભટકવામાં મારું શું સાર્થક છે. એટલામાં એણે પોતાના ચિત્તને સાવધાન કર્યું અને આ પ્રકારના દુષ્ટ વિચારને મનમાં લાવવા માટે પોતાને દુઃખ થયું. નજીકમાં આવેલા તળાવમાં ઉતરીને એણે પાણીની ઝારી ભરી, ત્યાં જ એક બાણ આવીને એની છાતીમાં ઘુસ્યું. 'ઓ માતા..... ઓ પિતા.....' એમ ઉદ્ગાર એના મુખમાંથી નીકળ્યા અને તળાવના કિનારે જ એ 'હે રામ' કહી નિશ્ચેત થઈ પડ્યો.

થોડીવારમાં અયોધ્યાના રાજા દશરથ એ જગ્યાએ આવ્યા. થયેલો પ્રહાર જોઈને એને ખૂબ દુઃખ લાગ્યું. તેમને શ્રવણની ક્ષમા માગી.

શ્રવણ બોલ્યોઃ 'મહારાજ, બધાં કામ છોડી પહેલાં આ પાણી મારાં અંધ માતા પિતાને જઈને પીવડાવો તેઓ તરસથી વ્યાકુળ થઈને મારી રાહ જોતાં હશે, પણ તમે શ્રવણ જ છો એવું એમને કહેજો. મારી હકીકત એમને કહી દુઃખી કરશો નહીં. સારું હું જાઉં છું. 'હે શ્રી રામ' એમ કહી એણે પ્રાણ છોડ્યા.'

શ્વાપદ પાણી માટે આવ્યા છે એમ સમજી પોતે છોડેલું બાણ આ નિષ્પાપ અને માતૃપિતૃ સેવક પુત્રનો કાળ બન્યું. આ જાણી રાજાને ખૂબ દુઃખ થયું. એણે પાણીથી ભરેલી ઝારી ઉપાડી અને શ્રવણનાં માતાપિતાને શોધવા લાગ્યા. એક વૃક્ષ નીચે એના વૃદ્ધ અંધ માતાપિતા પોતાના પુત્રની રાહ જોતાં બેઠેલાં દેખાયાં. એમને જોઈને રાજાનું હૃદય અત્યંત ખિન્ન થઈ ગયું. થરથરતા હાથે રાજાએ શ્રવણના પિતાના મુખમાં ઝારીનું મોં માંડ્યું.

શ્રવણના પિતા બોલ્યાઃ 'બેટા શ્રવણ ! તું બોલતો કેમ નથી ? તને અતિશય શ્રમ લાગ્યો છે ? આજ તું ખૂબ થાકી ગયો લાગે છે ? અને તો પણ પાણી લાવવા માટે અમે તને મોકલ્યો. બેટા, તારા જેવો પુત્ર અનંત જન્મોના પુણ્યથી અને તપશ્ચર્યાથી પણ મળશે નહીં. બેટા ! એકવાર બોલી અમારા મનની તરસ શાંત કર ! હવે અમે તને વધારે શ્રમ આપીશું નહીં. બોલ બેટા !' પણ ત્યાં શ્રવણ હોય તો બોલે ને ?

પછી રાજા દશરથે દુઃખી અંતકરણથી બનેલી બધી હકીકત કહી. એ સાંભળી બંનેનાં હૃદય વિદીર્ણ થયાં. દુઃખાતિરેકથી એમણે દશરથને શ્રાપ આપ્યો; 'હે રાજા દશરથ, જે પ્રમાણે અમે અમારા પુત્ર વિયોગથી પ્રાણ છોડીએ છીએ તેમ તું પણ તારા પુત્ર વિયોગથી પ્રાણ છોડીશ.' એમ કહી શ્રી રામનું સ્મરણ કરતાં કરતાં એમણે બંનેએ પ્રાણ છોડ્યા.

બ્રાહ્મણના શ્રાપનું ઋણ લઈને દશરથ રાજાએ એ ત્રણેની અંત્યેષ્ટી કરી અને પછી ઘેર આવ્યા. એમને પોતાના કુલગુરુ વસિષ્ઠને બનેલી બધી હકીકત કહી. ત્યારે એમણે અંતર્જ્ઞાનથી સર્વ વાત જાણી શ્રવણની પૂર્વ જન્મની વાર્તા કહીને રાજાના મનનું સમાધાન કર્યું. એ દોષની શાંતિ માટે યજ્ઞ કરીને દોષમુક્ત થા એટલે બ્રાહ્મણે આપેલા શ્રાપ વાણી પ્રમાણે તને પુત્ર લાભ થશે.'

આ પછી અયોધ્યા દેશમાં દુષ્કાળ પડ્યો. વૃષપર્વા દૈત્યએ મેઘને બંદીત કર્યા હતા. એ માટે વૃષ્ટિ થઈ ન હતી. અન્નધાન્યની ઉણપ વર્તાતી હતી. એ યોગે બ્રાહ્મણ ઋષિ-મુનિ યજ્ઞ ન કરે અને દેવ દેવતા બળવાન ન થાય એ માટે વૃષપર્વાએ મેઘને બંદીસ્ત કર્યા અને દેવો સાથે યુદ્ધ શરૂ કર્યું. શુક્રાચાર્ય વૃષપર્વાને સંજીવની વિદ્યા રૂપે સહાય કરતા, દેવોનો પરાજય થવા લાગ્યો. તેથી ઈંદ્રએ માતલીને રથ લઈને પૃથ્વી તળ પરના દશરથ રાજાને સહાય કરવા બોલાવ્યા. દશરથ સાથે કૈકેયી પણ રથમાં બેસી દેવેન્દ્ર પાસે આવ્યાં. એ યુદ્ધમાં જ્યારે દશરથના રથનો લાટ તૂટ્યો ત્યારે કૈકેયીએ લાટમાં આંગળી નાખી રથ સાવરીને પકડી રાખ્યો. યુદ્ધમાં દશરથને વિજય મળ્યો.

આ યુદ્ધમાં વિજય કૈકયીને કારણે થયો છે એમ જાણીને રાજાએ એને બે વરદાન માગવાનું કહ્યું. યોગ્ય સમય આવશે ત્યારે વરદાન માગી લઈશ એમ કૈકેયીએ કહ્યું.

વિજય પ્રાપ્ત કરી આપનારા દશરથને સંદેશ આપતી વખતે બૃહસ્પતિ અને ઈંદ્ર બોલ્યાઃ 'રાજા, તારા ઘેર ત્રિભુવનપતિ અવતાર લેશે. એ માટે વિભાંડક ઋષિના પુત્ર ઋષ્યશૃંગ ઋષિને લાવી પુત્રકામેષ્ટિ યજ્ઞ કર એટલે તને પુત્ર થશે. આ વરદાનથી આનંદીત થઈને દશરથ રાજા કૈકેયી સાથે અયોધ્યામાં આવ્યા. મેઘે એમનું સ્વાગત કર્યું. મેઘ વરસવાથી ભૂમિ નવપલ્લીત થઈ. નદીનાળાં પાણીથી વહેવા લાગ્યાં. વૃક્ષલતા, પાન, ફૂલ, ફળ તેમજ અન્નની વૃદ્ધિ થઈ. સર્વત્ર આનંદ આનંદ થયો.

દેવગુરુ અને દેવરાજાના વરદાનથી પુત્ર પ્રાપ્તિ માટે દશરથ રાજા આનંદમાં હતા. તેણે વસિષ્ઠની સંમતિથી પુત્રકામેષ્ટિ યજ્ઞ કર્યો. ઈંદ્રએ રંભા, ઉર્વશી, તિલોત્તમા વગેરે દેવાંગનાઓને ઋષ્યશૃંગ ઋષિને લાવવા મોકલી. ઋષ્યશૃંગ ઋષિએ કદીયે સ્ત્રીઓનું મુખ જોયું નહોતું. એ અપ્સરાઓના મોહક રૂપ જોઈને એમનું મન આકૃષ્ટ થયું. એમનાં ગાયન, નૃત્ય હાવભાવથી એ ભાન ભૂલ્યા.

ઋષ્યશૃંગના પિતા વિભાંડક ઋષિ વનમાં તપ કરવા ગયા પછી એ દેવાંગનાઓ એને ભૂલવીને અયોધ્યામાં દશરથ રાજા પાસે લાવી. રાજાએ ઋષિનાં સારાં માન સન્માન કરીને શાંતા નામની કન્યા સાથે ઋષિનો વિવાહ કર્યો અને યજ્ઞના મુખ્ય ઋત્વિજનું સ્થાન ઋષ્યશૃંગ ઋષિને આપ્યું.

પુત્રકામેષ્ટિ યજ્ઞની સમાપ્તિની મંત્રાહુતિ ઋષ્યશૃંગ ઋષિએ અર્પણ કરતાં જ ત્યાં અગ્નિ નારાયણ પ્રગટ થયા અને દિવ્ય પાયસ (ખીર)થી ભરેલું પાત્ર આપીને અદશ્ય થઈ ગયા. ઋષિએ રાજા પાસે એ પાયસ (ખીર)ના સરખા ત્રણ પિંડ કરીને ત્રણેય રાણીઓને ખાવા માટે કહ્યું.

અત્યાનંદથી દશરથે પ્રથમ કૌશલ્યા, બીજો સુમિત્રા અને ત્રીજો કૈકેયી એમ ત્રણેને એ પિંડ આપ્યા, પણ કૈકેયી માનીતી હતી તેથી તેને કહ્યું; પહેલાં મને પિંડ આપવો હતો. એમ કહી ગુસ્સે થઈ ! એટલામાં એક સમડી ઝડપભેર આવી કૈકેયીના હાથમાંથી પિંડ ઉપાડી ગઈ. છેલ્લે કૌશલ્યા અને સુમિત્રાએ પોતાના પિંડના બે ભાગ કરીને એક એક ભાગ પોતે રાખી બીજો ભાગ કૈકેયીને આપ્યો. આમ બે પિંડ કૈકેયીને મળ્યા. ત્યારે તેના મનનું સમાધાન થયું. એ પિંડ ભક્ષણ કરવાથી તેઓ ગર્ભવતી થઈ.

સમડી જે પિંડ ઉપાડી લઈ ગઈ હતી તે પિંડ ઋષ્યમૂક પર્વત પર કેસરી વાનરની સ્ત્રી અંજની પુત્ર પ્રાપ્તિ સ્તવન (સ્તુતિ) તપશ્ચર્યા કરતી હતી એના હાથમાં સમડીના ચાંચમાંથી વાયુના વેગથી છટકીને નીચે પડ્યો. શિવ સ્મરણ કરીને અંજનીએ એ પિંડ ભક્ષણ કરતાં જ તે ગર્ભવતી થઈ. અંજનીને ખૂબ આનંદ થયો. નવ માસ પૂર્ણ થતાં જ અક્ષય સુવર્ણ કોપીન ધારણ કરેલો બ્રહ્મચારી પુત્ર અંજનીને થયો. એ જ મારુતિનંદન છે.

માતા કૌશલ્યા તણા પુત્ર શ્રી રામ જેહ, સુમિત્રાના પુત્ર લક્ષ્મણજી તેહ. ॥૨૨॥
ભરતને શત્રુઘ્ન કૈકેયી ભયા, એવા ચાર પુત્ર દશરથના થયા. ॥૨૩॥
રામ લક્ષ્મણ ભરતને શત્રુઘ્ન રમવા જાયે, સરયુના તીરે પશુપંખી બહુ હરખાયે. ॥૨૪॥
ત્યાં ખેલે રામ ભાઈ સાથે ભાતભાતની રમત, તે ભરત અને શત્રુઘ્ન સાથે કરે બહુ હેત. ॥૨૫॥
એવી રમત રમતાં સર્વે વરસ આઠના થાય, ગુરુ વસિષ્ઠ પાસે વેદ ભણવાને જાય. ॥૨૬॥
ભણી ગણીને સર્વે ભાઈ તીર્થ કરવા જાય, આપે દાન દક્ષિણા સુવર્ણ તણી તે ઠાય. ॥૨૭॥
ગુરુ વસિષ્ઠે આપી આત્મજ્ઞાનની શીખ, વિશ્વામિત્ર પાસે શિખ્યા યુદ્ધ તણી રીત. ॥૨૮॥
એક દિન વિશ્વામિત્ર દશરથ ઘેર આયે, રાજા અમને યજ્ઞ રક્ષણ કરવા રામની સહાયે. ॥૨૯॥
રામલક્ષ્મણ બેઉ ભાઈ ઋષિ સંગ જાયે, ત્યાં વનમાં ત્રાટિકાનો વધ કીધો છે ત્યાંયે. ॥૩૦॥
ત્યાંથી વિશ્વામિત્ર રામને લઈ સિદ્ધાશ્રમમાં જાયે, શિલા સમી સતિ અહલ્યાનો ઉદ્ધાર થાયે. ॥૩૧॥
ત્યાંથી રામ મિથિલામાં ગયા જનક ઘેર, સીતાનો સ્વયંવર માંડ્યો છે એણી પેર. ॥૩૨॥
તોડી ધનુષને સીતા વરી સ્વયંવરમાં જહાં, ઉર્મિલા માંડવીને શ્રુતકીર્તિ ત્રણે ભાઈને સોંપી ત્યાંહાં. ॥૩૩॥
જયારે આવે રામ અયોધ્યામાં ફરી, માર્ગે પરશુરામ સાથે યુદ્ધ જો કરી. ॥૩૪॥
રામને પરશુરામ બેહુ યુદ્ધ જો કરે, નારદ મુનિ ત્યાં આવી સંચરે. ॥૩૫॥

મુનિ કહે પરશુરામજી ક્યાં ગયું તમારું બળ, જેણે ક્ષત્રિયોને હણી કીધી છળબળ. ॥૭૬॥
પરશુરામ કહે નારદ સુન કહું સહી, મારી કળા શ્રી રામમાં આવી સંચરી. ॥૭૭॥
હું અને રામ બેહુ એક જ તન, જે જાણે પરખે અમારાં સત્ વચન. ॥૭૮॥
પાત્ર પરખીને જો ભક્તિ કરે જેહ, જીવતો અમરપદ પામે છે તેહ. ॥૭૯॥

યોગ્ય સમય થયે વસંત ઋતુમાં ચૈત્ર મહિનામાં નવમીની બપોરે મધ્યાહ્ન થયા પછી પુષ્પ નક્ષત્ર સમયે પૂર્ણ બ્રહ્મ નારાયણે કૌશલ્યાના ઉદરે જન્મ લીધો. બાળકનો જન્મ થતાં જ કૌશલ્યાને ભગવાન શ્રી વિષ્ણુના હાથમાં શંખ, ચક્ર, ગદા, પદ્મધારી કિરીટ કુંડળ પહેરેલાં, ગળામાં દિવ્ય વૈજયંતી માળા ધારણ કરેલી સુકુમાર મૂર્તિ દેખાઈ. એ મૂર્તિ જોતાં જ એને ધન્યતા લાગી. કૌશલ્યાએ મૂર્તિને નમસ્કાર કર્યા અને પડખુ ફેરવીને જોયું તો ગૌરવર્ણ સુંદર બાળક ત્યાં હસતો દેખાયો. તેને પરમાનંદ થયો.

એટલામાં સુમિત્રાને એક અને કૈકેયીને બે પુત્રો થવાના સમાચાર મળતાં જ રાજાને પરમ સંતોષ થયો. દશરથ રાજાએ મોટો ઉત્સવ કરીને અપાર દાનધર્મ કર્યા. વસિષ્ઠ ગુરુના કહેવાથી કૌશલ્યાના પુત્રનું નામ 'રામ', સુમિત્રાના પુત્રનું નામ 'લક્ષ્મણ' અને કૈકેયીના પુત્રોનાં નામ 'ભરત' તથા 'શત્રુઘ્ન' એમ રાખ્યાં.

એ પુત્રો દિવસ રાત મોટા થવા લાગ્યા. એમની બાળલીલાથી દશરથ રાજાને અને રાણીઓને ખૂબ આનંદ થવા લાગ્યો. એ બાળકો ચાલવા લાગ્યા ત્યારે દશરથે એમને રમવા માટે નાનાં ધનુષ્ય આપ્યાં. એ સજ્જ કરીને એ બાળકો વારાફરતી બાણ છોડતા. આગળ રાક્ષસોનું ચિત્ર કરીને એમનાં શિર ઉડાવતા. આ એમની બાળલીલાથી દશરથ રાજાને પરમ સંતોષ થયો અને કૌતુક પણ થયું. ચારેય બાળકોની આવી બાળલીલાથી વડીલો આનંદીત થતાં હતાં.

સરયુ નદીના તીરે ચારેય ભાઈઓ પોતાના મિત્રો સાથે અલગ અલગ રમત રમતા. એમના રમવાની રંગત શરૂ થાય એટલે ગાય, હરણ, સારસ, મોર, પોપટ, કોકિલા વગેરે પશુ પક્ષી સર્વ મુગ્ધ થઈ જતાં. મોર તો રામ અને ભરત વગેરેને જોઈ અને વિશેષતઃ એમના શરીરનો નિલવર્ણ જોઈને આનંદથી નાચતા. સર્વ જીવપ્રાણીમાત્ર એમની એ બાળલીલા જોવા માટે આતુર રહેતાં હતાં. કેટલાક ઋષિમુનિઓ અલગ અલગ પક્ષીઓના રૂપે ત્યાં આવી એમનાં સ્વરૂપ માધુર્યનું એકીટસે અમૃતપાન કરતા. રમતી વખતે રામ બધા ભાઈઓમાં મોટા હતા છતાં પણ મોટાઈ ન કરીને નાના ભાઈઓ સાથે મોટા પ્રમાણે વર્તીને એમની આજ્ઞા પાળતા. ભરતને તો વિશેષ માન આપી વર્તતા. નાના નાના ધનુષ્ય લઈ તે અંદરો અંદરમાં યુદ્ધની રમત રમતા. એમની આવી બાળલીલા ચાલુ રહેતાં આઠ વર્ષનો સમય ક્યારે પ્રસાર થઈ ગયો એની કલ્પના પણ ન થઈ.

શીખાબંધનને યોગ્ય થયા પછી વસિષ્ઠ ઋષિની અનુમતિથી રાજાએ સુમુહૂર્તમાં મોટો સમારંભ યોજી શાસ્ત્રીય રીતે એમની શીખા બાંધી. યજ્ઞોપવિત ધારણ કર્યા પછી ચારે ભાઈઓ વસિષ્ઠ પાસે વિદ્યા અધ્યયન કરવા લાગ્યા. એમણે પહેલાં વેદાધ્યન પછી સમાજશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ધનુર્વેદ વગેરે શાસ્ત્રોનો અભ્યાસ વગેરે બાર વર્ષમાં જ શીખી લીધા.

પછી શ્રી રામ બંધુસહ સુમંત પ્રધાનને સાથે લઈને તીર્થાટનમાં ગયા. એમણે ભરતખંડનાં બધાં તીર્થો જોયાં. ત્યાં દેવોનાં દર્શન લાભ લીધા. સાધુસંતો સાથે પરિચય કર્યો. ઘણા સ્થળે દાનધર્મ કર્યાં અને છેલ્લે આવી મા-બાપનાં દર્શન કરી કૃતાર્થ થયા. તીર્થયાત્રામાં કેટલાક દિવસો એમણે વિરકત સ્થિતિમાં કાઢ્યા. એ સમય ગાળામાં ગુરુએ એમને આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો હતો. વિશેષતઃ શ્રી રામને અંતઃકરણમાં એ ઉપદેશનું જ્ઞાન બહું જ રહ્યું.

એકવાર વિશ્વામિત્ર દશરથ રાજા પાસે આવ્યા અને રાજા પાસે એમણે પોતાના મનની વાત કહી તેઓ બોલ્યાઃ 'રાજા, મારા યજ્ઞમાં રાક્ષસો વિઘ્નો નાખે છે. હોમદ્રવ્યનો નાશ કરીને યજ્ઞનો પણ નાશ કરી નાખે છે, ત્યારે મારા યજ્ઞનું રક્ષણ કરવા માટે તારા શ્રી રામની માગણી માટે હું આવ્યો છું, તારે મારી આ ઈચ્છા પૂર્ણ કરવી પડશે.' વિશ્વામિત્રની એ માગણી સાંભળી રાજાના અંતઃકરણમાં મોટો આઘાત લાગ્યો. પણ વશિષ્ઠ ઋષિએ દશરથ રાજાને સમજાવીને રામ લક્ષ્મણને મોકલી વિશ્વામિત્રના વિચારનું સમાધાન કર્યું.

વિશ્વામિત્ર રામ-લક્ષ્મણને લઈને જતી વખતે પ્રથમ ગંગા કિનારે આવ્યા. ત્યાં તેમણે સ્નાન કરીને પછી આશ્રમે આવ્યા. પછી વિશ્વામિત્રે રામ લક્ષ્મણને ધનુર્વિદ્યાનો ઉપદેશ આપ્યો, કારણ પૂર્વાશ્રમે વિશ્વામિત્ર ક્ષત્રિય હતા. તેમને એ અધ્યાપનનો અધિકાર હતો. પછી વિશ્વામિત્રે આગળની વિદ્યા ધર્મચક્ર, કાલચક્ર, બ્રહ્માસ્ત્ર, રુદ્રાસ્ત્ર, ધર્મપાશ, શિવશૂલ, કાલપાશ, વજ્રાસ્ત્ર, બ્રહ્મશિરાસ્ત્ર, અરિરાસ્ત્ર, ક્રૌચાસ્ત્ર, મૂસળ કાપાલ, બેસહસ્ત્ર ધનુષ્ય, મહાશક્તિ, શિખરી, મોદકીચી, મુષ્ટી, સંહારાસ્ત્ર, પરિઘાસ્ત્ર, કિંકણી, વિદ્યાધરા, વરુણાસ્ત્ર, આગ્નેયસ્ત્ર, માનવાસ્ત્ર, મોહાસ્ત્ર, ઘાતાસ્ત્ર, પતનાસ્ત્ર, સૌરાસ્ત્ર, ધૈર્યાસ્ત્ર, નિદ્રાસ્ત્ર, દિવ્યાસ્ત્રના બે ભાગ, ઉદકાસ્ત્ર, પર્વતાસ્ત્ર, પર્જન્યાસ્ત્ર, રાક્ષસાસ્ત્ર, નારાયણાસ્ત્ર, શોષણાસ્ત્ર, મોહિન્યાસ્ત્ર, વાતાસ્ત્ર, પ્રશમનાસ્ત્ર, ચતુરંગ સૈન્ય જીતવાની વિદ્યા, મહાવીર વિદ્યા વગેરે અનેક વિદ્યા વિશ્વામિત્રે રામ અને લક્ષ્મણને શીખવાડી.

બધી વિદ્યા સંપાદન થયા પછી એકવાર રામ લક્ષ્મણ સાથે રથમાં બેસીને વિશ્વામિત્ર અરણ્યમાંથી જતા હતા ત્યારે રામનું મન જોવા માટે વિશ્વામિત્ર બોલ્યાઃ 'રામ, આ માર્ગે ચાલવા કરતાં બીજા રસ્તે જઈએ, કારણકે આગળ આ અરણ્યમાં તાટકા નામની રાક્ષસી રહે છે, એ અવારનવાર ત્યાંથી જનારનું ભક્ષણ કરે છે. હું ભૂલથી તમને અહીં લઈ આવ્યો, હવે જલ્દી બીજી બાજુથી જઈએ !

આ સાંભળી રામચંદ્ર બોલ્યાઃ 'સ્વામી, તમે ડરશો નહીં. તમારી કૃપા હશે તો અમે ગમે તેવાને પણ મારી નાખીશું. પછી તાટકાનો ભય શા માટે કરો છો ?'

ત્યાંજ ભયાનક ગર્જના કરીને તાટકા આવી. વાળ છૂટા છોડેલા. નરમૂંડની માળા ગળામાં પહેરેલી એવી ભયંકર સ્વરૂપવાળી મોટેથી ગર્જના કરતી આવી. તેને જોતાં જ શ્રી રામે અચૂક બાણ છોડીને એનું હૃદય વિદીર્ણ કર્યું. એ ત્રાડ કરીને ત્યાં જ મરણ પામી.

સર્વ રાક્ષસ સૈન્યનો નાશ કરીને સિદ્ધાશ્રમ પહોંચ્યા. ત્યાં વિશ્વામિત્રએ ઈતર ઋષિઓની મદદથી યજ્ઞની શરૂઆત કરી. રામ લક્ષ્મણને યજ્ઞના રક્ષણ કરવા માટે રાખ્યા. યજ્ઞમાં ઋષિઓ આહુતિ આપતા હતા. એટલામાં રાક્ષસોની પ્રચંડ સેના યજ્ઞનો વિધ્વંસ કરવા માટે આવી. એ સેનામાં મારીચ અને સુબાહુ મુખ્ય હતા. શ્રી રામે એમની સાથે યુદ્ધ કરીને એક જ બાણથી સુબાહુનો કંઠ છેદ કર્યો અને એ જ બાણ મારીચને લાગવાથી સમુદ્રમાં જઈને પડયો. આ રીતે સર્વ રાક્ષસોનો સંહાર કરીને યજ્ઞનું રક્ષણ કર્યુ. યજ્ઞ નિર્વેઘ્નપણે સંપૂર્ણ થયો. સર્વ ઋષિમુનિઓએ શ્રી રામનો જયજયકાર કરીને એમને આશીર્વાદ આપ્યા.

શ્રી રામની સહાયથી વિશ્વામિત્રએ યજ્ઞ કાર્ય પૂર્ણપણે સિદ્ધ કર્યું. હવે એમને અયોધ્યામાં પાછા મોકલવાનો વિચાર કરતા હતા ત્યાં જ મિથિલાના રાજા જનક પાસેથી સીતા સ્વયંવરમાં આવવા માટે વિશ્વામિત્રને આમંત્રણ આવ્યું.

વિશ્વામિત્ર રામ લક્ષ્મણને સાથે લઈને મિથિલા જવા નીકળ્યા. માર્ગમાં ઋષિઓના આશ્રમો આવ્યા. પ્રત્યેક ઋષિએ રામ લક્ષ્મણની પૂજા કરી આદર સત્કાર કર્યો. માર્ગમાં એમને માનવ આકૃતિ જેવી એક શિલા લાગી. શ્રી રામ એ પ્રચંડ શિલા જોવા માટે ત્યાંથી નીકળ્યા. ત્યાં જ શ્રી રામના પગથી ઉડેલી ધૂળના કણ એ શિલા પર પડ્યા, એ સાથે એ શિલામાંથી એક સુંદર સ્ત્રી પ્રગટ થઈ. એ સ્ત્રીએ પ્રભુ શ્રી રામચંદ્રને નમસ્કાર કર્યા. ત્યારે 'આ શું ચમત્કાર છે,' એમ કહી શ્રી રામે વિશ્વામિત્રને પૂછ્યું; ત્યારે વિશ્વામિત્રએ બધી હકીકત કહી.

આ અહલ્યા છે, એ બ્રહ્મદેવની માનસ પુત્રી છે. એ અત્યંત સુંદર હતી એટલે દેવોએ એને પરણવાની માગણી કરી. ત્યારે બ્રહ્મદેવે કહ્યું કે; જે બે પ્રહરમાં પૃથ્વીની પ્રદક્ષિણા કરીને બધાથી આગળ આવશે એને અહલ્યા માળા પહેરાવશે. એ શરત જીતવા અનેક દેવ, ગંધર્વ, ઋષિ આવવા લાગ્યા. એમાં ઈંદ્ર પણ હતા.

તે દિવસે ગૌતમ ઋષિ ગંગામાં સ્નાન કરીને ઘેર આવતા હતા ત્યારે એક કપિલા ગાયની પ્રસુતિ થતી ગૌતમ ઋષિની દષ્ટિમાં આવી. આવી ગાયની પ્રદક્ષિણા કરીએ તો શાસ્ત્ર પ્રમાણે પૃથ્વી પ્રદક્ષિણા કરવાનું પુણ્ય મળે છે. એટલે એ શાસ્ત્રાર્થે તેમણે ગાયત્રી મંત્ર જપીને એ ગાયની ત્રણ પ્રદક્ષિણા કરી ગાયને તેઓ ઘેર લાવ્યા. પછી ગૌતમ ઋષિ અનુષ્ઠાન પૂર્ણ કરીને સત્યલોકમાં બ્રહ્મદેવ પાસે ગયા. બ્રહ્મદેવે શાસ્ત્ર પ્રમાણે આવી ગાયની ત્રણ પ્રદક્ષિણા ગૌતમ ઋષિએ કરી હતી, એટલે અહલ્યા ગૌતમ ઋષિને અર્પણ કરી અને વિધિયુક્ત ઉભયતાનો વિવાહ કર્યો. પછી કેટલાક સમય પછી ઈંદ્ર બ્રહ્મદેવને ત્યાં આવ્યો. અહલ્યાનો વિવાહ થયેલો એને દેખાયો. તેથી ઈંદ્રને સંતાપ થયો અને આ વાતનું વેર મનમાં લઈ સ્વસ્થાને ગયો.

ગૌતમ ઋષિ અહલ્યાને લઈને પોતાના આશ્રમમાં આવ્યા અને સુખથી સમય વ્યતીત કરવા લાગ્યા. કેટલાક દિવસો પછી સૂર્યગ્રહણ આવ્યું. ત્યારે ગૌતમ ઋષિ નદીમાં સ્નાન માટે ગયા અને ગંગાના કાંઠે અનુષ્ઠાન કરતા બેઠા હતા ત્યારે એ સંધી પોતાનો હેતુ સિદ્ધ કરવા માટે સારી છે એમ જોઈ ઈંદ્ર ગૌતમ ઋષિનું રૂપ લઈને એમના આશ્રમમાં આવ્યો અને દરવાજા આગળ આવીને પડ્યો. ત્યારે અહલ્યા દરવાજો ખોલી ઘરમાંથી બહાર આવી અને શું થયું છે ? એમ પૂછતાં એને ઉઠાડયો અને શય્યા પર લઈ જઈ સુવડાવ્યો. એ ક્ષણે કપટવેષ લીધેલા ઈંદ્રએ વેર સાધીને અહલ્યાનો ઉપભોગ કર્યો.

એટલામાં અનુષ્ઠાન પૂર્ણ કરીને ગૌતમ ઋષિ ઘેર આવ્યા અને એમણે અહલ્યાને દરવાજો ઉઘાડવા માટે બૂમ મારી. ત્યારે તેણે બીતાં બીતાં દરવાજો ખોલ્યો. થયેલો બધો પ્રકાર ગૌતમ ઋષિના લક્ષ્યમાં આવ્યો. ગૌતમ ઋષિએ ઈંદ્રને શ્રાપ આપ્યો કે; તારા શરીરમાં સહસ્ર ભાગ પડશે. ઈંદ્ર વિહ્વળતાથી ત્યાંથી નીકળી ગયો.

ઈંદ્ર જતાં જ થર થર કાંપતી અહલ્યાને ગૌતમે કહ્યું: 'તું સહસ્ર વર્ષ શિલા થઈને પૃથ્વી પર પડીશ.'

ત્યારે પોતાનો દોષ ન હોવાનું કહી અહલ્યાએ શાપ ન આપવા ગૌતમ ઋષિને વિનંતી કરી.

ત્યારે રામના પદ રજથી તારો ઉદ્ધાર થશે એમ ઋષિએ કહ્યું. ઋષિના શાપથી તરત જ તે શિલા થઈ ગઈ.

ગૌતમ ઋષિ તેમનો સંસાર સમાપ્ત થયો છે તેમ સમજીને બદરિકાશ્રમે અનુષ્ઠાન માટે જવા નીકળી ગયા. રામ ! આ વાતને આજ સહસ્ર વર્ષ પૂર્ણ થયાં. આજ અહલ્યા-ગૌતમનો પુણ્યોદય થયો.

વિશ્વામિત્ર એમ કહે છે ત્યાંજ અંતર્જ્ઞાનથી જાણીને ગૌતમ ઋષિ પણ ત્યાં આવ્યા. રામ લક્ષ્મણે એમને નમસ્કાર કર્યા. વિશ્વામિત્રએ એ બંને પતિ પત્નીને ઐક્ય કર્યાં. ગૌતમ ઋષિએ રામનો સત્કાર કરીને આશીર્વાદ આપ્યો કે 'જાનકી તને જ વરશે. આગળ તું રાવણનો વધ કરીને બધા દેવોને એમના બંદીમાંથી છોડાવીશ.'

પછી વિશ્વામિત્ર રામ લક્ષ્મણ સાથે મિથિલા જવા રવાના થયા. એમની સાથે ગૌતમ ઋષિનો પુત્ર જનકનો પુરોહિત 'શતાનંદ' સીતાનો સ્વયંવર જોવા આવ્યો. મિથિલામાં આવ્યા પછી એ નગર બહાર એક ઉપવનમાં ઉતર્યા. રાજધાનીમાંથી સમાચાર જાણ્યા કે, 'જે શિવ ધનુષ્ય પર બાણ લગાવશે એને સીતા વરશે.' આ સાંભળી શ્રી રામે વિશ્વામિત્રને જાનકી અને શિવ ધનુષ્ય વિષયે પૂછ્યું. ત્યારે વિશ્વામિત્ર બોલ્યાઃ પહેલાં પદ્માક્ષ નામનો રાજા થઈ ગયો. એમને લક્ષ્મીને પ્રસન્ન કરીને 'તું મારી કન્યા થા.' એવું વરદાન માગ્યું.

ત્યારે લક્ષ્મી બોલીઃ 'હું તારી કન્યા થઈશ તો તારું કલ્યાણ થશે નહીં. તું બીજું વરદાન માગ.' પણ રાજાએ પોતાની જીદ છોડી નહીં ત્યારે લક્ષ્મીએ કહ્યું; 'હું વિષ્ણુના આધીન છું. ત્યારે એમની આજ્ઞા લે એટલે બસ.' એટલે એ રાજા વિષ્ણુ પાસે ગયો. તેમને પ્રસન્ન કરી પોતાની વાત કહી. ત્યારે વિષ્ણુએ એક અભિમંત્રિત ફળ તેને આપ્યું અને તારી ઈચ્છા પૂર્ણ થશે એમ કહ્યું. એ ફળ લઈને રાજા ઘેર આવ્યો. નવ મહિના ગયા પછી એમાંથી એક સુંદર કન્યા નિર્માણ થઈ. એનું નામ પદ્માક્ષી અથવા વેદવીત એમ રાખ્યું. એનો ઉપવર થયા પછી ઘણા રાજાઓ પદ્માક્ષીની માગણી કરવા લાગ્યા, પણ પદ્માક્ષીને કોઈ વર નહોતો ગમતો. ત્યારે બધા રાજાઓએ મળીને પદ્માક્ષ રાજાનો વધ કર્યો એટલે પદ્માક્ષીએ અગ્નિકુંડમાં ઝંપલાવ્યું. તેથી નિરાશ થઈને બધા રાજા ત્યાંથી નીકળી ગયા.

કેટલાક દિવસો પછી રાવણ પોતાના વિમાનમાં બેસીને ત્યાંથી જતો હતો ત્યારે એ જ પદ્માક્ષી કન્યા રાવણની દૃષ્ટિમાં પડી. પદ્માક્ષીની રૂપલાવણ્યતાને લીધે ભાન ભૂલીને રાવણ એને ગ્રહણ કરવા દોડ્યો. ત્યારે પદ્માક્ષી ફરી અગ્નિકુંડમાં ગુપ્ત થઈ ગઈ. એ અગ્નિકુંડ રાવણે ઓલાવી નાખ્યો. અગ્નિકુંડમાંથી રાવણને પાંચ રત્ન મળ્યાં. એ અત્યંત તેજસ્વી રત્ન રાવણે એક પેટીમાં મૂકી મંદોદરીના મહેલમાં મૂકી દીધાં.

એક દિવસે રાવણે ઉત્સુકતાથી મંદોદરીને એ રત્નોની પેટી બતાવી. આનંદથી મંદોદરી પેટી ઉપાડવા ગઈ પણ એનાથી ઉપાડાઈ નહીં, તેથી રાવણે ઉપાડી પણ એ પેટી ઉપાડી શક્યો નહીં. ત્યારે પ્રધાન થકી એ પેટી ઉઘાડી તો તેમાં સુંદર એવી છ મહિનાની કન્યા એમને દેખાઈ. એ ચમત્કાર જોઈને મંદોદરી ગભરાઈને બોલી, 'આ પદ્માક્ષ રાજાની કન્યા છે, આને કારણે એ રાજા મરણ પામ્યો. આ વિઘ્ન તમે ઘેર લાવ્યા છો. આને લીધે પદ્માક્ષ રાજા પ્રમાણે તમારો પણ કુલક્ષય થશે, એના કરતાં આ કન્યાને લંકા બહાર લઈ જાઓ અને દૂર ક્યાંક જઈને મૂકી આવો.

રાવણે એ પેટી બંધ કરીને જનકરાજાના રાજ્યમાં લઈ જઈ ખેતરમાં દાટી દીધી પછી ત્યાંથી તે નીકળી ગયો. એ ખેતર જનક રાજાએ યજ્ઞવેદી કરવા માટે ખોદતાં એમાંથી પેટી નીકળી. પેટી ઉઘાડતાં તેમાંથી બાળકીનું પ્રાગટ્ય થયું. તે બાળકીનું જનકરાજાએ પાલનપોષણ કર્યું. એ બાળકીનું નામ જનક રાજાએ 'જાનકી' રાખ્યું. એ જ સીતા.

એક દિવસ મહાપરાક્રમી શ્રી પરશુરામ ભગવાન પ્રચંડ ત્ર્યંબક ધનુષ્ય લઈને જનક રાજા પાસે આવ્યા. રાજાએ શ્રી પરશુરામ ભગવાનની પૂજા આદિ કરીને આદર સત્કાર કરીને ભોજન માટે લઈ ગયા. એમનું પ્રચંડ શિવધનુષ્ય બહાર પડેલું હતું. એ સીતાએ લીધું અને સહજ લીલાથી ઘોડો કરીને એ રમવા લાગી. ભોજન પછી જનક સાથે શ્રી પરશુરામ ભગવાન બહાર આવ્યા. શિવધનુષ્યનો ઘોડો કરીને સીતા રમે છે આ જોઈને એમને ખૂબ આશ્ચર્ય થયું. એમને જોતાં જ સીતા એ ધનુષ્ય ત્યાં મૂકીને દોડી ગઈ.

આ ધનુષ્ય કોઈનાથી ઉપાડાતું નહોતું. ત્યારે શ્રી પરશુરામ ભગવાન બોલ્યાઃ 'આજ અમારું અવતાર કાર્ય પૂર્ણ થયું' સીતાનું શક્તિ બળ જોઈને ભગવાન શ્રી પરશુરામ જનક રાજાને કહેવા લાગ્યાઃ 'રાજા, આ ધનુષ્ય હું અહીં જ મૂકી જાઉં છું. જે પુરુષ ધનુષ્યને ઉપાડશે એ જ પુરુષ સીતાનું પાણીગ્રહણ કરશે.' એમ કહીને શ્રી પરશુરામ ભગવાને ત્યાંથી આગળ જવા પ્રયાણ કર્યું. શ્રી પરશુરામ ભગવાનનું ધનુષ્ય જનકે સ્વયંવરમાં પાણીગ્રહણ માટે રાખ્યું.

પ્રથમ રાવણે એ ધનુષ્ય ઉપાડવાનો પ્રયત્ન કર્યો પણ એનાથી ઉપડ્યું નહીં. જોર કરીને બળ એક કરીને એણે તે ઊભું તો કર્યું પણ ઊભું કરતાંની સાથે જ તે રાવણના શરીર પર પડયું. એમ કેટલાયે રાજાઓ નાસીપાસ થયા. છેલ્લે શ્રી રામચંદ્રએ એ ધનુષ્ય ઉપાડ્યું અને પણછ ખેંચતાં જ મોટેથી કડાકા સાથે એ તૂટી ગયું. સીતાએ શ્રી રામને વરમાળા પહેરાવી. બધાને આનંદ આનંદ થયો. જનકે આ સમાચારનો સંદેશો અયોધ્યામાં મોકલી દશરથને સહપરિવાર બોલાવી લીધા અને લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન આ પુત્રોની સાથે ઉર્મિલા, માંડવી, અને શ્રુતકીર્તિ આ પુત્રીઓનો વિવાહ કર્યા. કેટલાક દિવસો મિથિલામાં રહ્યા પછી રાજા દશરથે, રાજા જનક તથા વિશ્વામિત્ર વગેરેનો આદેશ લઈ રામ લક્ષ્મણ અને સર્વ પરિવારને સાથે લઈને અયોધ્યા તરફ પ્રયાણ કર્યું.

માર્ગમાં નારદના કહેવાથી શ્રી પરશુરામ શ્રી રામ સાથે યુદ્ધ કરવા માટે આવ્યા. બંનેનું મહાયુદ્ધ થયું એમાં શ્રી પરશુરામનાં બાણ કેવળ શ્રી રામની નજરથી પાણી થઈ જતાં હતાં, ત્યારે શ્રી પરશુરામ ભગવાનના મુખમાંથી અવતાર જ્યોતિ શ્રી રામ ભગવાનના મુખમાં ગઈ. શ્રી પરશુરામ ભગવાનનું અવતાર કાર્ય પૂર્ણ થયું અને શ્રી પરશુરામ ભગવાનની ઈચ્છા પ્રમાણે એક બાણ છોડીને શ્રી રામે એનો મૃત્યુ માર્ગ બંધ કર્યો. એ માટે શ્રી પરશુરામ ભગવાન ચિરંજીવ થયા. પછી દશરથ રાજા સૌ પરિવાર સાથે અયોધ્યામાં આવ્યા.

એક દિન રાજા દશરથ વિચારે મન, હવે પૂરી અવધિએ વૃદ્ધ થયું મારું તન. ||૪૦||
શ્રી રામને સોપું રાજ સિંહાસન, અને નિરાંતે સેવું વાનપ્રસ્થાશ્રમ. ||૪૧||
એ વિચાર વાણી રાજાએ સુમંતને કહી, પ્રજાજન હરખાયે સુણી વાત સહી. ||૪૨||
સર્વેનાં થાય આનંદ પ્રસન્ન મન, પણ કૈકેયી મંથરા તણું મન ખિન્ન. ||૪૩||
કૈકયી મંથરાના મનમાં કૂડ જો થાય, કપટ કરીને છળ્યા દશરથ રાય. ||૪૪||
મંથરા દાસી વચન બોલી એમ, વાત અમારી સુણો મારી બેન. ||૪૫||
રામલક્ષ્મણને દીયો વનવાસ, ભરત શત્રુઘ્નને રાખો પાસ. ||૪૬||
રામને લક્ષ્મણ વનમાં સંચરે, ભરત શત્રુઘ્ન રાજ જો કરે. ||૪૭||
દાસી કુબ્જા વચન ત્યાં એમ કહે, ત્યારે કૈકેયી મનમાં અચંબી રહે. ||૪૮||
રામ રાજગાદીએ બેઠા સોહાય, તે વાત કૈકેયીથી નજરે ના જોવાય. ||૪૯||
ત્યાં લક્ષ્મણ મનમાં એવું ધરે, તે ભક્ત સેવા બહુ રામચંદ્રની કરે. ||૫૦||
ત્યાં કૈકેયી મનમાં અંદેશો ધરે, એ રામ લક્ષ્મણ બેઉ રાજ કેમ કરે. ||૫૧||
કૈકેયીના મનમાં કપટ જો થાયે, તે વચન છળવા રાજા દશરથ પાસે જાયે. ||૫૨||
તમે સુણો સ્વામી વચન માગું આજ, ભરત શત્રુઘ્નને આપો રાજ. ||૫૩||
રામ લક્ષ્મણને દ્યો વનવાસ, સ્વામી એવું વચન માગું તમ પાસ. ||૫૪||
કૈકેયી કપટ વાણી ત્યાં ઓચરે, વચન હાર્યા રાજા શું કરે. ||૫૫||
રામ લક્ષ્મણ દોય બંધુ આવીયા જ્યાંય, કહી વાત દશરથે ત્યાંય. ||૫૬||
ભરત શત્રુઘ્ન કરશે રાજ, તમે વન માંહે પધારો પુત્ર આજ. ||૫૭||
કૈકેયી વચને અમે બંધાયા છીએ આજ, તમે જાવો વનવાસ પુત્ર મેલો રાજ. ||૫૮||
ત્યારે પિતાના વચન ચઢાવી શીશ, કરી પ્રદક્ષિણા પાયે લાગ્યા જગદીશ. ||૫૯||
કહે કૈકેયી વચન એવા સોયે, ત્યારે માતાને પાયે લાગ્યા બંધુ દોય. ||૬૦||

રામ લક્ષ્મણની વિદાય દશરથને વસમી થાય, રામ લક્ષ્મણ સીતાને લઈ વનમાં જાય. ॥૬૧॥
રામ લક્ષ્મણને સતી સીતા પાસ, એ ત્રણે જણાં ચાલ્યાં વનવાસ. ॥૬૨॥

એક દિવસે રાજા દશરથે મનમાં વિચાર્યું કે હવે પોતાને વૃદ્ધાવસ્થા નજીક આવેલ છે તેથી હવે રામને યુવરાજ્યાભિષેક કરીને આત્મજ્ઞાન મેળવવાના માર્ગે જવું જોઈએ. આ વિચાર એમને કુલગુરુ વસિષ્ઠ ઋષિ અને પોતાના અષ્ટ પ્રધાનને કહ્યો. એ વિચાર બધાને પસંદ પડયો.

વસિષ્ઠ ઋષિએ સુમુહૂર્ત જોઈને પુષ્ય નક્ષત્રમાં રામને રાજસિંહાસન પર બિરાજવા માટે નક્કી કર્યું. આ વાત સાંભળી અયોધ્યાના બધા લોકોને અને નગરજનોને અત્યાનંદ થયો. રાજ્યાભિષેકની તૈયારીઓ શરૂ થઈ. દુંદુભિ નિનાદ થવા લાગ્યાં. ચોઘડીયાં સરવા લાગ્યાં. જ્યાં ત્યાં સુસ્વર વાદ્યની ધ્વનિ શરૂ થઈ.

એટલે દેવોને ચિંતા થઈ કે 'જો રામ રાજા થયા તો રાવણને મારવા માટે કઈ રીતે જશે ? રાવણ જીવિત છે ત્યાં સુધી અમારો બંદીવાસમાંથી છુટકારો થવો શક્ય નથી. માટે ઈંદ્રાદિ બધા દેવો બ્રહ્મદેવ પાસે ગયા અને શ્રી રામ વનમાં આવે એવી યુક્તિ કરવાનું કહ્યું. બ્રહ્મદેવે વિકલ્પને અયોધ્યામાં જઈને શ્રી રામ રાજ્યાભિષેકમાં વિઘ્ન કરવાનું કહ્યું.

આજ્ઞા પ્રમાણે વિકલ્પ અયોધ્યામાં આવ્યો અને એણે મંથરા નામની કૈકેયીની દાસીના શરીરમાં પ્રવેશ કર્યો. વિકલ્પે મંથરાના શરીરમાં પ્રવેશ કર્યો એટલે એ ધ્રુસકે ધ્રુસકે રડતી કૈકેયીના મહેલમાં આવી. એણે ગુસ્સા ભર્યા સ્વરે કૈકેયીને કહ્યુંઃ 'રાણી માતા, તમે એકદમ ભોળાં છો. અભાગી, ફૂટેલા નસીબનાં છો. તમારા પુત્રો ભરત શત્રુઘ્ન એમને મામાને ઘેર મોકલીને રામનો રાજ્યાભિષેક કરીને એને રાજ્ય આપો છો ? દશરથનો આ કપટી દાવ તમારા ધ્યાનમાં ક્યાંથી આવે ? રામ ગાદી પર બેસશે એટલે તમારા પુત્રોને અને તમને દાસ્યત્વ કરવાનું કહેશે, એવો સમય આવશે માટે સાવધાન થાવ.' કૈકેયીએ એને સમજાવી. પણ મંથરાએ આક્રોશ કર્યો, આભૂષણો ફેંકી દીધાં અને ભૂમિ પર આળોટવા લાગી.

કૈકેયીએ મંથરાને ઉઠાડી હૃદયે લગાડતાં જ વિકલ્પે કૈકેયીના હૃદયમાં પ્રવેશ કર્યો. એની પણ બુદ્ધિ પલટાઈ ગઈ અને કૈકેયીને મંથરાનું કહેવું સાચું લાગ્યું. તેણે આનો શું ઉપાય કરવો એમ મંથરાને કહ્યું.

મંથરા બોલીઃ એના માટે એક યુક્તિ છે ! રાજાએ ઘણા સમય પહેલાં તમને બે વરદાન માગવા કહ્યું હતું તે માગી લો ! 'એક વરદાનથી ભરતને રાજ્ય અને બીજાથી રામને ચૌદ વર્ષના વનવાસે મોકલવા.' રામ સાથે લક્ષ્મણ પણ વનવાસે જશે. ચૌદ વર્ષમાં તમારો ભરત ચૌદ ભુવન જીતીને પ્રબળ થશે. શત્રુઘ્ન એને મદદ કરશે. રામ લક્ષ્મણ વનવાસમાં ગયા પછી દુષ્ટ રાક્ષસો એમને મારી નાખશે, અનાયાસે ભરતનું રાજ્ય નિષ્કંટક થશે.

આ વિકલ્પથી એ વચન કૈકેયીને ગમ્યું અને તેણે રડવાનો ઢોંગ કરીને વાળ છુટા કરીને વસ્ત્રાલંકાર ફેંકી દીધા અને જૂનાં વસ્ત્રો પહેર્યાં. રાજા દશરથ ત્યાં આવતાં જ એનું સ્વરૂપ અને તેના એ કોપપણાને જોઈ એમણે કૈકેયીને મનાવવા ખૂબ પ્રયત્ન કર્યો પણ વ્યર્થ. કૈકેયીએ પોતાની હઠ છોડી નહીં. છેલ્લે અગાઉના વરદાનની યાદ આપી અને કૈકેયીએ રાજાને કહ્યુંઃ 'ભરતને રાજ્યાભિષેક અને રામને ચૌદ વરસનો વનવાસ આપવા માગણી કરી.'

કૈકયીનું વચન સાંભળતાં જ દશરથ રાજાના શરીર પણ જાણે વીજળી પડી હોય તેવો આઘાત લાગ્યો. તેમણે કૈકેયીના પગ પકડ્યા અને કહ્યુંઃ 'કૈકેયી, આટલી નિષ્ઠુર ન થઈશ ! તારા ભરતને રાજ્ય આપું છું પણ મારા, તારા, બધાના લાડકા રામને વનવાસમાં ન મોકલીશ ! આટલી ભિક્ષા તું મને આપ.'

પણ કૈકેયી બોલીઃ 'તમારા પૂર્વજોએ આપેલ વચન પૂર્ણ કરવા માટે પ્રાણ આપવા માટે પણ આગળ પાછળ જોયું નહોતું અને તમે આજ, એ સૂર્યકુળને-રઘુકુળને કલંક લગાવો છો ?' કૈકેયીની આ અતિ કઠોર નિષ્ઠુર મર્મભેદી વાણી સાંભળતાં જ દશરથ રાજા અતિ દુઃખથી મૂર્છિત થઈને ત્યાંજ ઢળી પડ્યા.

બધી વાતનો ભેદ જાણીને પ્રધાન પ્રાતઃકાળે શ્રી રામને કૈકેયીના મહેલમાં બોલાવી લાવ્યા. દશરથ પિતાની આવી અવસ્થા અને આવું વાતાવરણ જોઈને શ્રી રામે કૈકેયીને તેનું કારણ પૂછ્યું. ત્યારે કૈકેયી બોલી: 'તારા પિતાએ મને પ્રસન્ન થઈને બે વરદાન આપ્યાં હતાં. તે વરદાન આજ મેં એમની પાસે માગ્યાં તે માટે દુઃખી થઈને એ શોક કરે છે.'

એ સાંભળી શ્રી રામ બોલ્યા: 'માતા ! તમે કયાં વરદાન માગેલ છે એ મને કહો, હું તમારી ઈચ્છા પૂર્ણ કરીને પિતૃવચન પૂર્ણ કરીશ.'

કૈકેયી બોલી: 'એક વરદાનથી ભરતને રાજય મળે અને બીજા વરદાનથી તું ચૌદ વર્ષ વનવાસ જાય. એવાં બે વરદાનની મારી માગણી છે.'

શ્રી રામે તત્કાળ ઉત્તર આપ્યો: બસ આટલું જ ને ! હું તમારું વચન હમણાં જ પૂર્ણ કરું છું. હવે તમે પિતાની કાળજી રાખજો.

એમ કહીને કૌશલ્યાના મહેલમાં માતાની આજ્ઞા લેવા માટે શ્રી રામ આવ્યા. રામે માતાને નમસ્કાર કરીને બધો વૃત્તાંત જણાવી વનમાં જવાની આજ્ઞા માગી. તે જાણી કૌશલ્યા દુઃખથી વિહ્વળ થઈ ગયાં.

ત્યારે શ્રી રામ બોલ્યા: 'માતા, હું કૈકેયી માતાની ઈચ્છા માટે વનમાં નથી જતો, પણ પિતૃ વચન સત્ કરવું એ પુત્ર ધર્મ છે, માટે હું વનમાં જાઉં છું ! હું જો પિતૃ વચન પાળીશ નહીં તો મારી કીર્તિને કલંક લાગશે માટે મને આજ્ઞા આપો.' માતા કૌશલ્યા વિલાપ કરવા લાગ્યાં.

ત્યાં સુધીમાં તો આ વાત આખા નગરમાં પ્રસરી ગઈ. બધા લોકો વિહ્વળ થઈ ગયા. લક્ષ્મણને તો અતિશય ક્રોધ આવી ગયો, તે કૈકેયીને ઠાર મારવાની આજ્ઞા શ્રી રામ પાસે માગવા લાગ્યો. શ્રી રામે સાંત્વના આપી કે માતાનો વધ કરવો એ પુત્ર ધર્મ નથી. પ્રાણાંતનો સમય આવે તો પણ વિપરીત કર્મ કરવું નહીં, વગેરે કહી શાંત કર્યો. ત્યારે હું પણ તમારી સાથે વનમાં આવીશ. તમારા સિવાય એક ક્ષણભર પણ અહીં રહીશ નહીં એમ લક્ષ્મણે કહ્યું. શ્રી રામે માતા સુમિત્રા અને સતી ઉર્મિલાની સંમતિ લઈને સાથે આવવાની આજ્ઞા મેળવી.

પછી સીતાને સમજાવવા શ્રી રામ એના મંદિરમાં આવ્યા. સીતાએ એમનું પૂજન કરીને વંદન કર્યું. શ્રી રામે બધી પરિસ્થિતિનું નિવેદન કરી સીતાને કહ્યું: હું પિતૃ વચન માટે વનવાસમાં જઉં છું. તમે કૌશલ્યા, સુમિત્રા માતા પાસે રહીને એમની સેવા કરો. ચૌદ વર્ષ પછી મળીશ.

એ સાંભળી સીતાએ કહ્યું: 'સ્વામી ! મને મૂકીને તમે એકલા વનમાં જશો નહીં. મારાથી આ વિરહનું દુઃખ સહન થશે નહીં.' આમ શ્રી રામને કહ્યું. પછી સીતા વસિષ્ઠ પાસે જઈને વનમાં જવાની આજ્ઞા માગવા લાગી. કુલગુરુ વસિષ્ઠે બધી વાતનો વિચાર કરીને સીતાને અને લક્ષ્મણને સાથે લેવાની શ્રી રામને આજ્ઞા કરી.

જયારે નગર છોડીને ચાલ્યા રઘુનાથ, ત્યાં લોક સહુ ચાલ્યાં સાથ. ॥૬૩॥
શ્રી રામચંદ્રે રાજ મેલ્યું અયોધ્યા તણું, ત્યાં પશુ પંખી રોયા ઘણું. ॥૬૪॥
ત્યાં રોયા ભક્ત સર્વે અયોધ્યા તણા, બંધવ જન સહું રોયા ઘણા. ॥૬૫॥
ત્યાં રોયા હસ્તિ તુરંગને તોખાર, ત્યાં રોયા સર્વે કુટુંબ પરિવાર. ॥૬૬॥
ત્યાં રોયા મૃગ પંખી જંગલ તણાં, ત્યારે સર્વ જન લોક રોયાં ઘણાં. ॥૬૭॥
ત્યાં સૌએ મળીને મહાદુઃખ ધર્યું. હાં રે બાઈ કૈકેયીએ શું કર્યું. ॥૬૮॥
એણે ન જાણ્યો શ્રી રામના પ્રતાપનો પાર, એ દેવ છે ત્રણ ભુવનના સૃજનહાર. ॥૬૯॥

ત્યાં સર્વે લોકે મળીને કીધી વાત, ભાઈ આપણે સહુ જઈએ શ્રી રામની સાથ. ॥૭૦॥
ત્યાં સહુ નગર જન ચાલ્યાં વનમાં દુઃખ ધરી, ત્યાં પાછું જોઈને બોલ્યા શ્રી હરિ. ॥૭૧॥
વળો પાછા શા કારણ આવો અમ ભણી, અમને રજા થઈ રાજા દશરથ તણી. ॥૭૨॥
શ્રી રામે સર્વને સમજાવી કહ્યો છે મરમ, ભાઈ અમે ભોગવશું અમારાં કરમ. ॥૭૩॥
ત્યાં તમો સાથે આવ્યાનું નહીં કાજ, તમે પાછા ફરી જાવો અયોધ્યામાં આજ. ॥૭૪॥
ત્યાં રુવે લોક તે અયોધ્યા તણા, દશરથ રાય ત્યાં રોયા છે ઘણા. ॥૭૫॥
રોવે પ્રજા સર્વે સંસાર, શ્રી રામ વન ગયા હુઓ અંધકાર ॥૭૬॥
વનમાં રામ પોતા જાણ, ત્યારે દશરથ રાજાએ છોડયા પ્રાણ. ॥૭૭॥
દશરથ રાયે પૂરો કર્યો સંસાર, ત્યારે નગર માંહે થયો સૂનકાર. ॥૭૮॥
શ્રી રામ શ્રી રામ કરતાં રાજાએ છોડયો પ્રાણ, ભરત શત્રુઘ્ન તેડાવ્યા તરત તે ઠામ. ॥૭૯॥
વસિષ્ઠ કહે ભરત સુણ મોયે વાત, અયોધ્યાનું સિંહાસન આપે તારી માત. ॥૮૦॥
તે તમે સ્વીકારો ને અયોધ્યાનાં રાજ, વચન સુણી ભરત મનથી કોપે આજ. ॥૮૧॥
મારે રાજપાટનું તો નહીં કામ, મારે જાઉં છે જ્યાં મારો આતમરામ. ॥૮૨॥

પિતૃ વચનનું પાલન કરવા ગુરુ વસિષ્ઠ ઋષિની આજ્ઞા લઈને શ્રી રામ, લક્ષ્મણ અને સીતા ત્રણેય વનવાસમાં જવા માટે તૈયાર થયાં. ત્યારે સર્વ નગરજનોને અત્યંત દુઃખ થયું. સર્વત્ર હાહાકાર મચી ગયો. રામ લક્ષ્મણ અને સીતાનાં દર્શન કરવા રાજમહેલ સામે અસંખ્ય સ્ત્રી પુરુષો ભેગાં થયાં. એમના નેત્રોમાંથી અશ્રુધારાએ વહેતી હતી. વનમાં જતાં પહેલાં શ્રી રામ સીતા સાથે કૈકેયીના મહેલમાં આવ્યા. એમણે પિતા દશરથને અને માતા કૈકેયીને નમસ્કાર કર્યા. રામ નમ્રતાથી વનમાં જવાની આજ્ઞા બંને પાસે માગવા લાગ્યા.

ત્યારે શ્રી રામને પાસે બેસાડી ગદ્‌ગદ્દીત થઈ દશરથ રાજા બોલ્યાઃ 'તારા વનમાં ગયા પછી મારા પ્રાણ રહેશે નહીં. હે રામ ! ચૌદ વર્ષ તું વનમાં કઈ રીતે કાઢીશ ? એ માટે સાથે સૈન્ય, ધન, વસ્ત્રો અને ઈતર સામગ્રી લઈને જા.'

ત્યારે શ્રી રામ બોલ્યાઃ 'વનમાં આટલું ઐશ્વર્ય શા માટે ? હું તપ માટે અરણ્યમાં જાઉં છું, ત્યાં સૈન્યનું શું કામ છે ? હું વલ્કલ પહેરીને અરણ્યવાસી થઈશ અને તપ કરીશ.'

એ સાંભળતાં જ કૈકેયીએ તરત વલ્કલ શ્રી રામની સામે લાવીને મૂક્યાં. ત્રણેય વલ્કલ પહેરીને અરણ્યમાં જવા તૈયાર થયાં. દશરથથી આ જોવાયું નહીં. એ વારંવાર કૈકેયીને દોષ આપતા હતા, પણ વચનબદ્ધ થયેલા હોવાથી તેનો કોઈપણ ઉપાય નહોતો.

ત્રણેયને આશીર્વાદ આપી દશરથ બોલ્યાઃ 'રામ તું નગરમાંથી ચાલતો જઈશ નહીં. સુમંત તને ગંગા સુધી પહોંચાડશે તેવી આજ્ઞા મેં સુમંતને આપી છે.

રામ, લક્ષ્મણ, સીતા રથમાં બેસીને વનવાસ જવા માટે નીકળ્યાં. એ જોઈને નગરમાં અને રાજમહેલમાં જે આક્રંદ થયું એનું વર્ણન અશક્ય છે. લોકો રથની પાછળ દોડવા લાગ્યા. કેટલાક રથની આગળ ઊભા રહીને રથને રોકવા લાગ્યા. નગર અંદરનાં, નગર બહારનાં પશુપક્ષી પણ રડવા લાગ્યાં. હાથી, ઘોડા, ગાય, મૃગ, પોપટ, સારસ, કોયલ વગેરે બધાં સ્તબ્ધ થઈ ગયાં. બધાનાં નયનમાંથી અશ્રુધારા વહેવા લાગી. નગરનાં સ્ત્રીઓ-પુરુષો બધાં મોટેથી આક્રંદ કરવા લાગ્યાં. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, વ્યાપારી, ખેડૂતો, શુદ્ર, સેવક વગેરે શોક કરવા લાગ્યા. સોનાર, શિલ્પી, કોષ્ટી વગેરે જાતિના અનેક લોકો રોક્કળ કરવા લાગ્યા.

ઋષિમુનિ, બ્રાહ્મણ, યતિ વગેરે તો શ્રી રામના રથ પાસે આવીને વિનવવા લાગ્યા કે; 'સ્વામી, તમે જશો નહીં ! તમે ત્રિભુવનપતિ છો. આ તે નીચ બુદ્ધિની કૈકેયીને શું ખબર પડે ? તમારો પ્રતાપ ન જાણતાં તુચ્છ બુદ્ધિથી સ્વાર્થી થઈને કૈકેયીએ આ બધો અનર્થ કર્યો છે. આવી દુષ્ટ બુદ્ધિની કૈકેયીના રાજ્યમાં અમને નથી રહેવું. જે જગ્યાએ અમારા સ્વામી શ્રી રામ એ અરણ્યમાં અમે દુઃખમાં સુખ માનીને સાથે રહીશું, પણ નગરમાં હવે પરત જઈશું નહીં.'

બધા લોકોનું આક્રંદ સાંભળી શ્રી રામથી રહેવાયું નહીં. એમણે રથ થોભાવ્યો અને બધાને હાથ જોડીને બોલ્યા: 'હે જનતા જનાર્દન, તમે આમ વિપરીત થઈ વર્તશો નહીં. હું કંઈ કાયમ વનવાસમાં રહીશ નહીં. પિતૃ આજ્ઞાથી કેટલાંક રાજકીય, સામાજિક, ધાર્મિક કાર્ય કરવા માટે વનમાં હું જાઉં છું. કાર્ય સમાપ્ત થયા પછી હું તત્કાલ પાછો આવીશ, ત્યાં સુધી તમે સુખેથી આનંદથી મહારાજ દશરથ અને યુવરાજ ભરતની આજ્ઞાનું પાલન કરશો, માટે હવે તમે નગરમાં પાછાં જાઓ.'

ખૂબ જ અંતઃકરણથી પ્રજાજન સ્તંભીત થયાં. પછી શ્રી રામે સુમંતને વાયુવેગેથી રથ હંકારવાનું કહ્યું. નગરજનો રામ-લક્ષ્મણ-સીતા દેખાતાં બંધ થયાં સુધી ઊભાં રહ્યાં પછી રુદન કરતાં કરતાં બધાં લોકો ઉદાસ અંતઃકરણથી, ભગ્નહૃદયથી નગરમાં પાછાં આવ્યાં.

શ્રી રામ લક્ષ્મણ અને સીતા ગંગા તીરે જઈને પહોંચ્યા પછી એમણે સ્નાન સંધ્યા વગેરે પૂર્ણ કર્યાં. પછી ઘાસના આસન પર બેસી શ્રી રામે અને લક્ષ્મણે વડની રેસાઓથી જટાઓ બાંધી. શરીરે વિભૂતિ લગાવીને યોગી બન્યા. એમણે ગંગા પાર કરવા માટે ગુહને કહ્યું. ગુહે એ ત્રણેયે વંદન કરીને પોતાની નૌકામાં બેસાડ્યાં. ત્યાંથી નીકળતાં શ્રી રામે સુમંત પ્રધાનને સંદેશ આપ્યો. સુમંતને ખૂબ દુઃખ થયું. એમની આંખોમાંથી દડદડ અશ્રુ વહેવા લાગ્યાં. શ્રી રામે એમને શાંત કર્યા. નૌકા ગંગા પાર થવા લાગી, છેક સુધી સુમંત શ્રી રામ સામે જોવા લાગ્યા. પછી શ્રી રામે ઈશારો કરતાં જ સુમંત અયોધ્યામાં પાછા આવ્યા. ત્યાં રામ લક્ષ્મણ સીતાએ ત્રિવેણીમાં સ્નાન કર્યું. પૂજાવિધિ પતાવીને આગળ જવા નીકળ્યાં. ભારદ્વાજના આશ્રમમાં જઈને એમનો આશીર્વાદ લીધો. આગળ શ્રી રામ સિદ્ધવટમાં થઈને ચિત્રકૂટમાં આવ્યા.

અયોધ્યામાં સુમંત ખાલી રથ લઈને ગયા. તેમણે દશરથ રાજાને શ્રી રામના વર્તમાન કહ્યા. શ્રી રામ ચિત્રકૂટમાં મઢી બાંધીને તપ સાધના કરનાર છે એ વર્તમાન સાંભળતાં સાથે દશરથ રાજા શોકમાં ડૂબી ગયા. તેમના દુઃખનો પાર રહ્યો નહીં. તેમણે તત્ક્ષણ 'હે રામ, રામ' કરતાં પ્રાણ છોડ્યા.

દશરથને ચાર પુત્રો હતા પણ દૈવગતિને કારણે અંતઃકાળે એક પણ પુત્ર પાસે નહોતો. સુમંત પ્રધાને પોતાનો ખોળો દશરથ રાજાના માથા નીચે રાખ્યો. શ્રવણનાં વૃદ્ધ માતા પિતાનો શ્રાપ ખરો થયો એમ કહી સુમંત વિલાપ કરવા લાગ્યા. આખી અયોધ્યા નગરી દુઃખમાં ડૂબી ગઈ. કૌશલ્યા, સુમિત્રા, રાણીઓએ અપાર શોક કર્યો. કૌશલ્યા, સુમિત્રા તો પ્રાણ આપવા તૈયાર થયાં. વસિષ્ઠ ઋષિએ બધાને સાંત્વના આપી. રાજ સિંહાસને પુત્રને બેસાડયા વગર રાજાના મૃતદેહનો અંતિમ સંસ્કાર ન કરવો એમ શાસ્ત્રમાં હોવાથી ભરત શત્રુઘ્નને મામાના ઘેરથી અયોધ્યામાં બોલાવ્યા.

ભરતે આવતાં જ છત્રભંગ થયેલો જોયો. એ જોતાંની એની સાથે તેનું કાળજું ભાંગી પડયું. પિતાનો મૃતદેહ, રામ-લક્ષ્મણ-સીતાનું વનગમન આ બધું વૃત્તાંત સાંભળી જાણીને ભરતનું હૃદય વલોવાઈ ગયું. પથ્થરમાં પણ પાણી ફૂટે તેવું આક્રંદ કર્યું.

આ બધા અનર્થનું મૂળ એટલે પોતાની માતા કૈકયીનો જ છે એમ જાણી એની નિર્ભત્સના કરી. સંતાપાતિશયથી તેમણે કૈકેયી માતાને કહ્યું; તું મારી માતા નથી ! તું પતિનો પ્રાણ લેનારી છો ! વૈરણ છો ! વગેરે શબ્દોથી માતાનો નિષેધ કર્યો. રાજ્યાસન પર ન બેસતાં ભરતે પિતા દશરથના અંત્યેષ્ટિ સંસ્કાર કર્યા અને વસ્ત્રાલંકારનો ત્યાગ કર્યો. આખા શરીર પર વિભૂતિ લગાવી અને વડના રેસાથી જટા બાંધીને પગે ચાલતો શ્રી રામને મળવા જવા ભરતે પ્રસ્થાન કર્યું.

ભરત શત્રુઘ્ન ચાલ્યા વનમાં સાથ, આકળ વિકળ રૂપ ધર્યું આઘાત. ॥૮૩॥
ભરત શત્રુઘ્ન બોલ્યા સત્ ભાય, આ શું કપટ કીધું રે કૈકેયી માય. ॥૮૪॥
ત્રિભુવનનાથે લીધો અવતાર, ધનધન વંશ આપણું જયવંત સંસાર. ॥૮૫॥
તમથી કૈકયી મૂરખ નથી કોય, ત્રિભુવનનાથ તે પુત્ર તોય. ॥૮૬॥
માતા નહીં તું વૈરીણી અમારી સોય, દશરથ રાયને દુઃખ પમાડયું તોય. ॥૮૭॥
દાગ દઈ રાયને ભરત વનમાં સંચરે, શત્રુઘ્ન સાથે તે પ્રયાણ કરે. ॥૮૮॥
ત્યારે લક્ષ્મણ બોલ્યા શીશ નામ, વાત અમારી સુણો ને શ્રી રામ. ॥૮૯॥
કૈકેયી માતાએ સૈન્ય મોકલ્યું સહી, આપણને મારવા કારણ અહીં. ॥૯૦॥
રામ કહે લક્ષ્મણ એ તો દીસે છે ભ્રાત, ભરત શત્રુઘ્ન આવ્યા બેઉ સુહાત. ॥૯૧॥
તેમણે તેડાવી લાવોને તત્કાળ, એ છે પ્રેમી ભ્રાત આપણો સુવાળ. ॥૯૨॥
રામ કહે ભરત તમે આવ્યાને કોણ કારણ, ઘર બેઠા સેવો પિતૃચરણ. ॥૯૩॥
પિતા સ્વર્ગે સિધાવ્યા થયો તમારો વિયોગ, કૈકયીએ અનર્થ કીધો અયોધ્યા જોગ. ॥૯૪॥
ભરત કહે અમે તવ વિના રાજ ના કરું, અહીં તમારી સેવા હું આચરું. ॥૯૫॥
કહે રામ ભાઈ તમે રાજયમાં જાવો, રૈયતની રખવાલ કરવા પાછા ધાવો. ॥૯૬॥
હું રાવણને મારીને આવીશ તત્કાલ, ચૌદ વરસમાં કરવું છે એ કાજ. ॥૯૭॥
દૈત્યને મારી હું આવીશ અયોધ્યામાં સહી, તમે પ્રજાપતિપાળ કરો રાજ્યમાં જઈ. ॥૯૮॥
એવી શિખામણ લઈ ભરત છાના રહી, ભરત પાછો આવીયો રામચરણ લઈ. ॥૯૯॥
રામ નામથી રાજ કરે ભરત સહી, સર્વે ભોગ ત્યજી વૈરાગ્ય મનમાં લહી. ॥૧૦૦॥

કૈકેયીએ ભરતને ઘણું કહ્યું પણ એનો કોઈ અર્થ સર્યો નહીં. ઉલટું ભરતે તેનું અપમાન કર્યું. કૈકેયી આકુળ વ્યાકુળ થતી ત્યાંથી ચાલી ગઈ. તેની રાજમાતા તરીકેની ઈચ્છા અતૃપ્ત જ રહી. પછી ભરત શ્રી રામને મળવા વનમાં જવા તૈયાર થયો. એની સાથે સર્વે સૈન્ય, વસિષ્ઠ ઋષિ, સુમંત પ્રધાન, શત્રુઘ્ન, કૌશલ્યા, સુમિત્રા, અયોધ્યાનાં પ્રજાજનો રામને મળવા સાથે નીકળ્યાં.

ભરત સાથે આ બધી સેના ચિત્રકૂટ પર્વત પર ચઢતી હતી ત્યારે લક્ષ્મણે તે નજરે જોઈ. તે વખતે લક્ષ્મણે રામને કોઈ શત્રુ સૈન્ય આવ્યાનું સૂચવ્યું, પણ નિરીક્ષણ કર્યા પછી એ અયોધ્યાનું હોવાનું લક્ષ્મણને શંકા થઈ. કદાચિત કૈકેયીએ પોતાને મારવા માટે આ સૈન્ય મોકલ્યું હોય એમ એ શ્રી રામને કહેવા લાગ્યો અને ધનુષ્ય બાણ સજાવીને લક્ષ્મણ એમની સામે જવા તૈયાર થયો.

ત્યારે રામે લક્ષ્મણ પાસે જઈને કહ્યું: અરે હા, આ તો ભરત, શત્રુઘ્ન છે એમનાથી યુદ્ધ કરીશ નહીં. એ આપણને મળવા માટે આવે છે. રામ લક્ષ્મણ એ બંને ભાઈની સામે ગયા.

ભરતે રામને જોયા તો દોડતો શ્રી રામ પાસે આવ્યો. એ શ્રી રામના ચરણમાં આળોટી પડયો. ત્યાં શ્રી રામ તેને ઊભો કરીને ભેટી પડયા અને આખા શરીર પર હાથ ફેરવી વહાલ કર્યું. આ પહેલું શ્રીરામ-ભરત મિલન છે. પછી શત્રુઘ્નને રામે ક્ષેમાલિંગન આપ્યું. પછી સુમંત બોલ્યા: વસિષ્ઠ ગુરુજી, કૌશલ્યા માતા, સુમિત્રા માતા તમોને મળવા માટે આતુર થયાં છે. દોડતા દોડતા શ્રી રામ લક્ષ્મણ અને સીતાજીએ એમના ચરણોમાં મસ્તક નમાવી દંડવત્ પ્રણામ કર્યા.

વસિષ્ઠ ઋષિએ શ્રી રામને પિતા દશરથના નિધનના વૃત્તાંત કહ્યા. તારા વિયોગથી દુઃખીત થઈને એમણે 'રામ રામ' કહેતાં પ્રાણ છોડયા. એ સાંભળી શ્રી રામ લક્ષ્મણને ખૂબ દુઃખ થયું. વસિષ્ઠ ઋષિએ રામને સાંત્વના આપીને પ્રયાગ જઈને પિતાની ઉત્તરક્રિયા કરવાનું કહ્યું. એ સર્વજન પ્રયાગમાં જઈને પિંડદાન કરીને પાછાં ચિત્રકૂટ આવ્યાં. શ્રી રામે પ્રજાને મળી સૌને આશ્વાસન આપ્યું.

પછી ભરત શ્રી રામને હાથ જોડીને બોલ્યોઃ 'રામ ! તમે અયોધ્યામાં પાછા આવો. આપણું રાજ્ય તમે સંભાળો'.

રામ બોલ્યાઃ 'ભરત, હું પિતૃ વચનનું પાલન કરીને ચૌદ વર્ષ અને ચૌદ દિવસ પૂર્ણ થયા વગર અયોધ્યામાં પાછો આવીશ નહીં. તું કૈકેયી માતાને દોષ આપીશ નહીં. આ કર્મ પ્રભાવ છે. ગુરુ મહારાજના આશીર્વાદથી અને અનુમતિથી હું વનમાં જ તપશ્ચર્યા કરીશ. ત્યાં સુધી તું પ્રજાનું પાલન અને રક્ષણ કર.'

ભરત બોલ્યોઃ 'મને તમારા ચરણ સિવાય બીજું કશું નથી જોઈતું. હું રાજ્યાસન પર બેસીશ નહીં. હું બધા જ મંગલભોગ છોડી નંદીગ્રામે તમારી રાહ જોતો રહીશ. ચૌદ વર્ષ અને ચૌદ દિવસ પૂરા થતાં પંદરમા દિવસે તમે નહીં આવો તો હું અગ્નિકુંડમાં પ્રાણ આપીશ.'

રામે ભરતનું કહેવું સ્વીકાર કર્યું. પોતાની પાદુકા ભરતને આપી, એ મસ્તક પર ધારણ કરીને હૃદયે લગાડી. શત્રુઘ્ન અને સુમંતને રાજ્ય કારભાર કરવા માટે રામે બંને માતાઓનું સમાધાન કર્યું અને બધાને આદર સહિત વિદાય આપી. સર્વ લોકો અયોધ્યામાં પાછાં આવ્યાં. ભરત નંદીગ્રામે જ રહ્યો. શત્રુઘ્ન અને સુમંત રામની પાદુકા પર છત્ર ધારણ કરીને રાજ્ય કારભાર ચલાવવા લાગ્યા.

જે વનમાં પહોંચ્યા છે શ્રી રામ, તે વનમાં દેખ્યાં છે ઉત્તમ ઠામ. ॥૧૦૧॥
ત્યારે લક્ષ્મણ બોલ્યા છે શીશ નામ, વાત અમારી સુણો ને શ્રી રામ. ॥૧૦૨॥
ભાઈ અહીંનાં વન છે ઉત્તમ ઠામ, તો બાંધી મઢીને કરો વિશ્રામ. ॥૧૦૩॥
ત્યાં ગોર વસિષ્ઠને વાલ્મીકિનો ભેટો થાય, સત્‌ગુરુની રજા લઈ રામ તપ કરવા જાય. ॥૧૦૪॥
ગુરુજીની રજા લઈને શ્રી રામ નિસર્યા, તે સ્વામી કદળી વનમાં જઈ સંચર્યા. ॥૧૦૫॥
જ્યાં દીઠાં છે વનમાં સુમેળ ઠામ, ત્યાં બાંધી મઢીને રહ્યા શ્રી રામ. ॥૧૦૬॥
જ્યારે શ્રી રામે વનમાં કીધાં મેલાણ, તે ઠામે લક્ષ્મણે બાંધી છે મઢી નિર્વાણ. ॥૧૦૭॥
વન કદળી જે બહુ અપાર, એ વનમાં વનસ્પતિ ભાર અઢાર. ॥૧૦૮॥
તેણે વન રામ જઈ વસ્યા ખાસ, તે વનમાં ફલવૃક્ષ બહુ ફૂલનો વાસ. ॥૧૦૯॥
ડમરો મરુઆની વાડી જે જ્યાંય, પાંખો જડી છે વાંસને ઘાસ તણી ત્યાંય. ॥૧૧૦॥
શિયળ વૈયળ સિંદુરીયા જ્યાંય, ભાઈ એવા વન તો કહીયે ત્યાંય. ॥૧૧૧॥
ડમરો મરુઓ લાગી મઢી આગળ ધરી, કેટલાએક દિવસ ત્યાં ગયા નિસરી. ॥૧૧૨॥

ચિત્રકૂટ પર્વત પર ઉત્તમ સ્થળ જોઈને લક્ષ્મણે ત્યાં પર્ણકુટી બાંધી. ડમરો, મરુઓ, શિઅળ, વૈયળ વગેરે સુગંધી લાકડાં લાવી, વાંસ અને ઘાસની મદદથી ઉત્તમ બાંધણી કરીને રહેવાની એવી યોગ્ય એમાં વ્યવસ્થા કરી. આજુબાજુમાં ઋષિમુનિઓ આશ્રમ બાંધીને રહેતા હતા. એમની સંગમાં શ્રી રામ-લક્ષ્મણ-સીતા એમના દિવસો આનંદથી પસાર કરવા લાગ્યાં. સદ્‌ગુરુ વસિષ્ઠ ઋષિના માર્ગદર્શન અનુસાર શ્રી રામ તપ સાધના કરતા અને લક્ષ્મણ ફળ, ફૂલ, કંદમૂળ વગેરે લાવી એમની સેવા કરતા. ગૃહસ્થ ધર્મને અનુસરીને સીતા એમની સેવા કરતી.

રામનો ખરો મહિમા ન ઓળખનારા કેટલાય બ્રાહ્મણો અને ઋષિઓ આવ્યા અને બોલ્યાઃ 'રામ, તું અહીં રહ્યો છે માટે અમને ખૂબ બીક લાગે છે. તારી પત્ની ખૂબ સુંદર છે. એની અભિલાષા લઈ ત્રિશિરા, ખર, દૂષણ વગેરે રાવણના સહાયક રાક્ષસો મોટું સૈન્ય લઈને આવશે, એવી વાતની અમને ખબર પડી છે. આ માટે તું અહીંથી જઈશ તો અમારી ઉપર મોટો ઉપકાર થશે.'

શ્રી રામે કહ્યું: તમે ગભરાશો નહીં. કોઈપણ સંકટમાં હું તમારું રક્ષણ કરીશ. એમ કહી આશ્વાસન આપ્યું. રાત થયા પછી બધા બ્રાહ્મણો અને ઋષિઓ સ્વસ્થાન ગયા. એકલા વાલ્મીકિ જ ત્યાં રહ્યા. બીજા દિવસે શ્રી રામે એમને નમસ્કાર કરીને એમના આશીર્વાદ લઈને દંડકારણ્ય માર્ગ પ્રતિ પ્રયાણ કર્યું.

દંડકારણ્ય અરણ્ય જ હોવાથી મનુષ્ય વસ્તી વિરલ હતી. ઠેકઠેકાણે ઋષિમુનિઓના આશ્રમો હતા. ક્યાંક ત્રણ દિવસ, ક્યાંક એક મહીનો, તો ક્યાંક ત્રણ મહિના, ક્યાંક એક વર્ષ સુધી પણ રહ્યા હતા. શ્રી રામે સીતા લક્ષ્મણ સાથે વનવાસનો વિકટ સમય મનોનિગ્રહથી, સંયમથી કાઢયો.

આમ બાર વર્ષ પૂરાં થયાં પછી તેઓ અત્રિ ઋષિના આશ્રમમાં ગયાં. અત્રિ અનસુયાને એમણે નમસ્કાર કર્યા. અત્રિ ઋષિએ એમને મંગલ આશીર્વાદ આપ્યા. અનસુયાએ પોતાના કપાળનું કંકુ સીતાના કપાળે લગાડ્યું અને કદી પણ ન મળનારાં એવાં દિવ્ય વસ્ત્રો પહેરાવ્યાં, કદી પણ ન સૂકાય એવી ફૂલની માળા સીતાના ગળામાં પહેરાવી અને રાક્ષસ દેખાશે તો પણ તને એમની બીક લાગશે નહીં એવું વરદાન આપ્યું. ત્યાં તેમણે પરશુરામની માતા રેણુકાનાં દર્શન કર્યા. ત્યાંથી આશીર્વાદ લઈને શરભંગ ઋષિના આશ્રમમાં જઈને એમના આશીર્વાદ લઈને એમના કહેવા પ્રમાણે પંચવટીમાં આવ્યાં. ત્યાં જટાયુને મળીને મિત્રતાથી એક પર્ણકુટી બાંધી. શ્રી રામ-લક્ષ્મણ-સીતા ત્યાં રહેવા લાગ્યાં. ત્યાંનું નિવાસ શ્રી રામને સુખકર લાગ્યું. લક્ષ્મણ રોજ વનમાં જઈને ફળ, કંદ મૂળ લાવતો. ત્રણે જણ સાથે બેસીને ભોજન કરતાં.

પંચવટીમાં રામ લક્ષ્મણ વાસો કરે જ્યાંહ, શૂર્પણખા ખર દૂષણ આવી સંચરે ત્યાંહ. ॥૧૧૩॥
શૂર્પણખાના પુત્ર શંબર તપ કરે છે જ્યાં, કાલખડ્ગથી લક્ષ્મણે સંહાર્યો ત્યાંહ. ॥૧૧૪॥
તે વેર લેવા શૂર્પણખાએ કપટ જો કરી, અને સુંદર માયાવી મોહિની રૂપ જો ધરી. ॥૧૧૫॥
વહાલા લક્ષ્મણજી તું વરને મને, તનમનથી સેવા કરું કહું તને. ॥૧૧૬॥
લક્ષ્મણ કહે રામની રજા હોય તો વરું, તેમની આજ્ઞા વિના હું કાંઈ નવ કરું. ॥૧૧૭॥
રામે તેણી પીઠ ઉપર લખી આપ્યો ખૂણ, નાક કાન છેદો એના તત્ક્ષણ. ॥૧૧૮॥
એ છે રાવણ ભગિની માયાવી અપાર, લેવા વેર પુત્રનું આવી લંકા ગઢથી સાર. ॥૧૧૯॥
ખૂણ જોઈ લક્ષ્મણે છેદ્યાં તેનાં નાક કાન, બહુ કોપ કરીને યુદ્ધ કરે છે તે ઠામ. ॥૧૨૦॥
ચૌદ સહસ્ર યોદ્ધા માર્યા શ્રી રામે જહી, રાવણ દૈત્યને એણી ખબર જો થઈ. ॥૧૨૧॥

નિત્ય ક્રમ પ્રમાણે લક્ષ્મણ પંચવટીના અરણ્યમાં ફળ લેવા ગયા, ત્યારે એક વાંસનું ઝાડ દેખાયું. ત્યાં કાલખડ્ગ એના હાથમાં આવ્યું. એણે સહજ રીતે તે વાંસના ઝાડ પર ખડ્ગ લઈ પ્રહાર કર્યો. તો તેમાંથી લોહી વહેવા લાગ્યું. આ જોઈને લક્ષ્મણ ગભરાયો. પોતાના હાથથી એકાદ ઋષિની હત્યા થઈ હોય એમ તેને લાગ્યું. લક્ષ્મણ રામ પાસે આવ્યો અને એને બધી હકીકત કહી.

શ્રી રામે અંતર્જ્ઞાનથી જાણીને લક્ષ્મણને કહ્યું: 'લક્ષ્મણ, તું ગભરાઈશ નહીં. તારા હાથે ઋષિની હત્યા નથી થઈ પણ એક રાક્ષસ માર્યો ગયો છે. રાવણનો ભાણો એટલે શૂર્પણખાનો પુત્ર શંબર આ વાંસના ઝાડ સ્વરૂપે શંકર પાસે કાલખડ્ગ મેળવવા

માટે તપશ્ચર્યા કરતો હતો. શંકરે પ્રસન્ન થઈને શંબરને કાલખડ્ગ આપ્યું, પણ ખડ્ગે વિચાર કર્યો કે આ રાક્ષસના હાથે હું ગયું તો મારાથી વ્યર્થ જીવહિંસા-નિષ્પાપ જીવાત્માનો નાશ થશે. એના કરતાં લક્ષ્મણના હાથમાં જવાથી શ્રેયસ્કર થશે માટે એ તારા હાથમાં આવ્યું અને તેની તિક્ષ્ણતા જાણવા માટે તે એ વાંસના ઝાડ પર ચલાવ્યું, તેમાં શંબર કપાઈ ગયો. હવે આપણે સાવધાન રહેવું જોઈએ. એની માતા અને અનેક રાક્ષસ આવી આપણા સામે યુદ્ધ કરશે. તું સાવધ રહીને સીતાનું રક્ષણ કર.'

અહીં શૂર્પણખાને સ્વપ્નમાં દુશ્ચિન્હ થવાથી પુત્રની ચિંતાથી એ ત્યાં આવી અને પુત્રની મૃત અવસ્થા થયેલી જોઈ શોક કરવા લાગી. પુત્રનો અંતિમ સંસ્કાર કરીને તેણે જોયું તો ત્યાં મનુષ્યનાં પગલાં પડેલાં હતાં, પગલે પગલે રસ્તો શોધતી એ શ્રી રામની પર્ણકુટી પાસે આવી પહોંચી.

ત્યાં થોડા અંતરે શૂર્પણખાને લક્ષ્મણ ફળ તોડતો દેખાયો. આને જ પોતાના પુત્રને માર્યો છે એમ વિચાર કરીને શૂર્પણખાએ માયાવી સુંદર રૂપ ધારણ કર્યું અને લક્ષ્મણ પાસે આવીને કહેવા લાગીઃ 'હે સુંદર પ્રાણ સખા, હું તારા ઉપર મોહિત થઈ છું. કેટલાંય દિવસોથી હું વર શોધું છું, પણ મને મનગમતો પતિ મળતો નહોતો, પરંતુ મારા પુણ્યથી આજે તારો મેળાપ થયો. હું ધન્ય થઈ ગઈ.' એમ કહીને નવરત્નનો હાર એના ગળામાં પહેરાવવા લાગી.

લક્ષ્મણે શર્પણખાને કહ્યુંઃ 'તું કહે છે એ ખરું પણ મારા વડીલ બંધુ શ્રી રામ સીતા સાથે પંચવટીમાં રહે છે એમની આજ્ઞા સિવાય હું તારો અંગિકાર કરીશ નહીં. એમની આજ્ઞા અને એમના આશીર્વાદ તું લાવ, પછી હું તારો સ્વીકાર કરીશ.'

શૂર્પણખા શ્રી રામ પાસે આવી અને હવે તેને પોતાની કાર્ય સિદ્ધિ થશે એમ તેને સમજાયું. રાત્રે આ ત્રણેયનો સંહાર કરીશ એમ મનમાં શૂર્પણખાએ વિચાર કર્યો. એ સીતા પાસે જઈને લક્ષ્મણ માટે રામની અનુમતિ મેળવી આપવા માટે વિનવવા લાગી. એટલે સીતાએ શ્રી રામની સંમતિ મેળવી આપી. લક્ષ્મણને લિખિત આજ્ઞા આપવા માટે કંઈક શોધવા લાગ્યા પણ કંઈ જ વસ્તુ મળતી નહોતી. તેથી શ્રી રામે કહ્યુંઃ 'તારી પીઠ પર જ સંદેશ લખી આપું છું. તારી પીઠ મારી પાસે કર.' ત્યારે તેણે શરમ આવે છે એમ શૂર્પણખાએ સીતાને કહ્યું. પણ એ સિવાય બીજું કંઈ સાધન ન હોવાથી રામે શૂર્પણખાની પીઠ પર કંઈક લખીને લક્ષ્મણ પાસે મોકલી. આનંદથી એ લક્ષ્મણ પાસે જઈને બોલી, આ જુઓ શ્રી રામની લિખિત આજ્ઞા હું લખીને લાવી છું. એ વાંચીને વૃક્ષલતાની સાક્ષીએ મારાથી વિવાહબદ્ધ થાઓ.'

લક્ષ્મણે શૂર્પણખાની પીઠ પરની આજ્ઞા વાંચી અને એનું નાક, કાન છેદીને વિદ્રુપ કરી નાખી. મોટેથી આક્રોશ કરતી શૂર્પણખા રાક્ષસોને બૂમો પાડવા લાગી. ત્યાં જ ત્રિશિરા, ખર, દૂષણ વગેરે રાક્ષસો દોડી આવ્યા. શ્રી રામે એ સર્વ અસંખ્ય રાક્ષસોનો સંહાર કર્યો.

શૂર્પણખા આક્રંદ કરતી માથું પછાડતી રાવણ પાસે આવી. એણે સર્વ વૃત્તાંત રાવણને કહ્યો. રાવણ એ સાંભળી સ્વસ્થ મને વિચાર કરતો બેઠો. શૂર્પણખા બોલીઃ 'રામ-લક્ષ્મણ-સીતા પંચવટીમાં રહે છે. લક્ષ્મણે મારાં નાક કાન કાપ્યાં. રામે ખર, દૂષણ, ત્રિશિરા સહીત અસંખ્ય રાક્ષસોનો સંહાર કર્યો. સીતાના સ્વયંવરમાં ધનુષ્યને ફૂલની જેમ ઉપાડી તેણે તોડી નાખ્યું હતું અને સીતાને એ વર્યો હતો. એ વખતે તારું મોઢું કાળું થયું. તું શરમથી ભાગી આવ્યો. શું તારો એ પુરુષાર્થ ? હવે તારી લંકા જીતીને એ બ્રાહ્મણોને દાન કરશે. હવે તારામાં કંઈક પુરુષાર્થ હોય તો સીતાને ઉપાડી લાવી તારું મ્હોં ઉજળું કર, મારી લાજ રાખ.' આ સાંભળી રાવણ બોલ્યોઃ 'એ જ વિચાર કરું છું. કપટથી જ હું આ વાતનો ઉપાય કરીશ.' એમ કહી રાવણે શૂર્પણખાને શાંત કરી.

વિખવાદ રાવણે કીધો રામચંદ્ર સાથ જ્યાંય, અઠોતેરસો બુદ્ધિ માંહે એક ન સૂઝી ત્યાંય. ॥૧૨૨॥
વરસ દ્વાદશ વિખવાદ કરતાં દૈત્ય હાર્યા જાયે, ત્યારે એ સંધ સર્વે પૂરી થાયે. ॥૧૨૩॥
ત્યારે તે શ્રી રામ સાથે બહુ ખોટું થાયે, ત્યારે તહાં સતી સીતાને હરવા જાયે. ॥૧૨૪॥

હાં રે ભાઈ રામ લક્ષ્મણ બેહુ જેહ, આવીને વનમાં રહ્યા તેહ.॥૧૨૫॥
મેં સર્વે દેવતા વશ કર્યા છે એમ કહે રાવણ, હું છું લંકાનો ધણી સુજાણ.॥૧૨૬॥
હું તો લાવું સીતા સ્ત્રી શ્રી રામ તણી, એમ તહાં રાવણ કહે લંકાનો ધણી.॥૧૨૭॥
તાહા મઢીએ રહ્યાં છે સાર, રામ લક્ષ્મણે મેલ્યો સઘળો સંસાર.॥૧૨૮॥
દૈત્ય કહે તેની લાવું નાર, જે વન છે રામ તાહાં જાઉં સાર.॥૧૨૯॥
તે તો વન માંહે જો પોતે આયે, તેનો મામો મારીચ મૃગ સુવર્ણનો થાયે.॥૧૩૦॥
રાવણ દૈત્યે એવો ગર્વ મન માંહે ધર્યો, તેણે તાહા મારીચને સુવર્ણ મૃગ કર્યો.॥૧૩૧॥
ગયો મૃગ ત્યાં વન મોઝાર, જ્યાં હતી સીતા સાધ્વી નાર.॥૧૩૨॥
સીતાની વાડી માંહે તે ચરવા જાય, સુવર્ણ રૂપે એવો મૃગલો થાય.॥૧૩૩॥
મૃગલો પાપી દુષ્ટ રાવણ તણો, આવીને ચાળા કરે છે અતિ ઘણો.॥૧૩૪॥
જોઈ મૃગ સીતા મોહી રહે, સુણો રામ વચન કહું તોએ.॥૧૩૫॥
એ ચરતો મૃગ દીઠો સીતા પાસ, રામ લક્ષ્મણ બેઠા સાથ.॥૧૩૬॥
સીતાએ વચન કીધાં તે વાર, સુવર્ણ મૃગ વાડીમાં ફરે છે સાર.॥૧૩૭॥
મૃગ ત્વચાની હું પેરું કાંચળી, મારોને મૃગ ત્રિભુવનના ધણી.॥૧૩૮॥
મારે હોંશ છે કાંચળી એ મૃગ તણી, મારી મૃગ લાવો ત્રિભુવનના ધણી.॥૧૩૯॥
સત્ય વચન લક્ષ્મણ સીતાને કહે છે જાણ, સુવર્ણનો મૃગ નથી પ્રપંચ છે નિર્વાણ.॥૧૪૦॥
સતી સીતાના વચન શ્રી રામ ચિત્તમાં ધરે, શ્રી રામ ધનુષ્ય બાણ કરમાં ગ્રહે.॥૧૪૧॥
સુણો સ્વામીજી કહે સીતા સત્ સહી, ધનુષ્ય બાણ ચડાવી મારો મૃગ જઈ.॥૧૪૨॥
સુણો સીતાજી કહું તમોને નિરધાર, મારે વનમાં જાવું જ્યાં મૃગ છે સાર.॥૧૪૩॥
એવું શ્રી રામે કહ્યા સત્ય ભેદ, મૃગ પાછળ વનમાં જઈ પહોંચ્યા દેવ.॥૧૪૪॥

રાવણે ત્રિભુવન વિજય મેળવ્યા પછી બધા દેવોને બંદીવાસમાં રાખી એમની પાસેથી એ અલગ અલગ કાર્ય કરાવી લેતો હતો. બ્રહ્મદેવ પાસેથી એમને પોતાનું વિધિનું લેખિત સમજાયું હતું કે દશરથના પુત્ર શ્રી રામથી પોતાનો નાશ થનાર છે એ ભવિષ્ય રાવણને સમજાયું હોવાથી એણે એક વાર દશરથ કૌશલ્યાના વિવાહમાં વિઘ્ન કર્યું પણ નિયતિએ એ વાત ઘડાઈ હોવાથી એ શ્રી રામના જન્મ સુધી રાવણ સ્વસ્થ બેઠો હતો.

પરંતુ શ્રી રામના જન્મ પછી રાવણને ફરી ચટપટી થવા લાગી. તેણે શ્રી રામને મારવાના પ્રયત્ન શરૂ કર્યા. છેલ્લે સીતા સ્વયંવર વખતે રાવણને પૂર્ણ શ્રી રામનું બળ સમજાયું અને એના વિચાર ફરવા લાગ્યા. પણ શ્રી રામને મારવાનો એકે ય ઉપાય રાવણને સૂઝતો નહોતો, અને એટલામાં ત્યાં એકાએક વિદ્રુપ થયેલી શૂર્પણખા આવી. તેણે બધું વૃતાંત હકીકત કહ્યા પછી એના વિચારો વેગથી ચાલવા લાગ્યા. રાવણે વિચાર્યું કે કૈકેયીના વરદાનથી દશરથની આજ્ઞાથી શ્રી રામને વનવાસ થયો અને પિતૃ વચન પાળવા માટે રામ, લક્ષ્મણ અને સીતાને લઈને દંડકારણ્યમાં પંચવટીમાં આવીને રહે છે. રામ અને લક્ષ્મણે સાંસારિક રાજભોગનો ત્યાગ કરીને સીતા સાથે વનવાસ કર્યો છે ત્યારે કોઈપણ ઉપાયથી સીતાને લંકામાં ઉપાડી લાવવાની અને રામ લક્ષ્મણનો નાશ કરવો, એવો વિચાર રાવણના મગજમાં આવ્યો.

પ્રથમ એ મારીચ પાસે ગયો અને એને કપટ બુદ્ધિની યોજના સમજાવી કહ્યું. મારી આ યોજનામાં તું સુવર્ણ મૃગ થઈને રામને કોઈપણ રીતે પર્ણકુટી પાસેથી દૂર લઈ જા. આટલું કાર્ય કર એટલે યતિ વેષ લઈને સીતાને ભગાડીને લાવવાનું કાર્ય હું કરીશ. પછી સીતાની શોધ કરતા રામ-લક્ષ્મણ લંકામાં આવશે એટલે તેનો હું સંહાર કરીશ.'

મારીચ બોલ્યોઃ 'રાવણ, રામના પરાક્રમની તને ખબર નથી કે શું ? સીતા સ્વયંવરમાં તારી આટલી ફજેતી થઈ એ ભૂલી ગયો કે શું ! અરે તેણે એક બાણના ખાલી ફણાથી મને સમુદ્રમાં ઉડાવી દીધો હતો અને સીતા તો લક્ષ્મીનો જ અવતાર છે ! ત્યારે આવી સાધ્વી પ્રત્યે દુષ્ટ બુદ્ધિ રાખવી એ તારા જેવા શૂરવીર અને ત્રિભુવન વિજયી રાજાને શોભતું નથી. આમાં તારો અને તારી નિષ્પાપ લંકાવાસીઓનો નાશ છે, એ દુષ્ટ બુદ્ધિ છોડીને સદ્‌બુદ્ધિ પ્રમાણે વર્ત.'

આ સાંભળી રાવણ ક્રોધિત થયો અને તે તલવાર ઉપાડીને બોલ્યોઃ 'મારા હિતની મને ખબર છે, તું મારી યોજનામાં મને સહાય કરે છે કે પછી તારું શિર ઉડાડું !' એમ કહીને તે મારીચને મારવા દોડ્યો.

મારીચે વિચાર કર્યો કે દુષ્ટના હાથે મરવા કરતાં શ્રી રામના બાણથી જ પોતાનું મરણ થશે તો સદ્‌ગતિ મળશે એટલે તેને રાવણની વાતનો સ્વીકાર કર્યો. તરત જ માયાવી રથમાં બેસીને એ પંચવટી આવ્યો. મારીચે સુંદર કાંચન મૃગનો વેષ ધારણ કરીને રામ સ્મરણ કરતો કરતો આશ્રમ સામે ફરવા લાગ્યો.

એટલામાં સીતાની નજર એ સુવર્ણ મૃગ પર પડી. સીતાએ શ્રી રામચંદ્રને કહ્યુંઃ આટલો સુંદર મૃગ મેં કદીયે જોયો નથી, એના કવચની ચોળી બનાવીશ તો ખૂબ સુંદર દેખાશે. અયોધ્યામાં ગયા પછી હું એ ચોળી પહેરીશ. એ જોઈ સાસુમાને આનંદ થશે. તમે આ કાંચન મૃગનું કવચ મને લાવી આપો.'

આ સાંભળતાં જ લક્ષ્મણને સીતાના રક્ષણ કરવા માટે મૂકી શ્રી રામ ધનુષ્ય બાણ લઈને એ મૃગની પાછળ જવા લાગ્યા. મૃગ રૂપી મારીચ રાક્ષસ શ્રી રામને ખૂબ દૂર લઈ ગયો. છેલ્લે શ્રી રામે બાણ છોડીને એનો પ્રાણ લીધો અને શ્રમપરિહારાર્થે એક વૃક્ષ નીચે વિશ્રાંતિથી બેઠા.

જયારે રામ રૂપ તો વનમાં ગયા, અને સીતાના મોહથી વ્યાકુળ થયા. ॥૧૪૫॥
ચરતો મૃગ દીઠો છે શ્રી રામ, ત્યાં ચઢાવી બાણને કીધા સંગ્રામ. ॥૧૪૬॥
લાગ્યું બાણ મૃગલો ત્યાં ઓચરે, ધાજો લક્ષ્મણ એમ પોકાર મૃગલો કરે. ॥૧૪૭॥
પડતો મૃગલો પોકારે શ્રી લક્ષ્મણ ધાઓ, સીતા કહે લક્ષ્મણ તમે દોડી જાવો. ॥૧૪૮॥
કહે સીતા તમે સુણો લક્ષ્મણ રાય, બંધવ તમારા માગે છે તમારી સહાય. ॥૧૪૯॥
સીતાને લક્ષ્મણ કહે છે તેનો વિચાર, મારો બંધવ કોઈથી ગાંજયો નવ જાય. ॥૧૫૦॥
મઢીમાંથી લક્ષ્મણ નીસર્યો બહાર, ત્યાં પડતે મૃગલે કર્યો છે પોકાર. ॥૧૫૧॥
ત્યારે લક્ષ્મણ કહે સુણો સીતામાય, તમો ઘરથી બહાર કાઢો નવ પાય. ॥૧૫૨॥
રામ રક્ષાની આણ કરું છું હું આજ, અમો બેઉ બંધવ કરી આવીયે કાજ. ॥૧૫૩॥
એવું કહીને લક્ષ્મણ વનમાં જાયે ખાસ, ત્યાં દૈત્ય રાવણ આવ્યો છે મઢીની પાસ. ॥૧૫૪॥

અહીં શ્રી રામ પર્ણકુટીથી ઘણા એવા દૂર નીકળી ગયા હતા, તે જોઈને લક્ષ્મણને પર્ણકુટીથી દૂર જવા માટે મારીચે શ્રી રામ જેવો અવાજ કાઢી, હે લક્ષ્મણ દોડ ! દોડ ! એમ કરુણ વાણીથી બૂમો પાડવા લાગ્યો. એ કરુણ સાદ સાંભળી સીતા ગભરાઈ ગયાં. શ્રી રામ કોઈક સંકટમાં પડયા છે, એમ લાગતાં તેણે લક્ષ્મણને શ્રી રામની મદદ માટે જવા કહ્યું.

લક્ષ્મણ બોલ્યોઃ 'દેવી, આ અવાજ તે રાક્ષસોનું કપટ છે. શ્રી રામ સંકટમાં પડે એવું ક્યારેય શક્ય નથી. તમે સ્વસ્થ રહો.'

લક્ષ્મણના બોલ સાંભળીને સીતાને ક્રોધ આવ્યો. એ કઠોરતાથી બોલીઃ 'તું સાવકો ભાઈ, તારું કપટ હવે મને જણાયું છે. મારી અભિલાષાને કારણે તું આમ બોલે છે. ત્યાં રાક્ષસોએ એમને વનમાં માર્યા તો તને જ દોષ છે ! જોયો તારો બંધુ પ્રેમ ! તું કહે કે છે સીતા મને માતા સરખી છે !

સીતાના આ મર્મભેદક વચન સાંભળતાં જ હાથ જોડી લક્ષ્મણ બોલ્યોઃ 'હું બાળક અને તમે મારી માતા છો. અન્ય ભાવના મારા મનમાં કદી જ આવશે પણ નહીં. એના આ સૂર્યનારાયણ સાક્ષી છે. મારા ઉપર વિના કારણ દોષ ન લગાવો. તમારા આગ્રહથી હું શ્રી રામને શોધવા જાઉં છું, પણ કુટીરની બહાર હું એક રેખા દોરું છું, એ ઓળંગીને તમે બહાર ના જશો. એ ઓળંગશો તો મહાન સંકટમાં પડશો' એમ કહી ખૂબ દુઃખથી એ શ્રી રામની શોધમાં નીકળ્યો.

શ્રી રામનાં પગલાં જોતાં જોતાં લક્ષ્મણ એ દિશામાં ગયો. ત્યાં એક વૃક્ષ નીચે શ્રી રામને જોયા. શ્રી રામની પણ દૃષ્ટિ લક્ષ્મણ ઉપર પડી. એ સાથે લક્ષ્મણની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. લક્ષ્મણે તત્કાળ જઈને શ્રી રામના પગ પકડ્યા. શ્રી રામે તેણે ઉઠાડી હૃદયે લગાડયો અને કહ્યુંઃ 'બંધુ લક્ષ્મણ ! સીતાને મૂકીને આવ્યો ?'

ત્યારે રડતાં રડતાં લક્ષ્મણે બધો વૃત્તાંત કહ્યો અને કહ્યું; સીતા માતાની દૃષ્ટિમાં હું દોષિત છું, કૃપા કરીને મારો વધ કરો. આટલી જ હવે ઈચ્છા છે.'

આ સાંભળી શ્રી રામે કહ્યુંઃ સ્ત્રીઓનો સ્વભાવગત આ દોષ છે. તું બિલકુલ દોષિત નથી. એમ કહીને શ્રી રામે એનું સમાધાન કર્યું. પછી બંને પર્ણકુટીર તરફ આવવા નીકળ્યા.

ત્યાં ભભૂત ભેખ ધરી રાવણ ઊભો છે બહાર, તે કપટીનો ભેદ ન કળ્યો સીતા નાર. ॥૧૫૫॥
ભભૂત મુખે ચોળી છે કાય, સીતાને દરવાજે પોતો છે ત્યાંય. ॥૧૫૬॥
ગાયે ગીતને મુખ શ્લોક બોલે અપાર, મને ભિક્ષા આપોને સતી નાર. ॥૧૫૭॥
સુણો અભ્યાગત તુંને કહું સત્ય ભાય, રામ રક્ષા છે તે મુજથી મૂકી ન અવાય. ॥૧૫૮॥
સુણો સીતા અમે કહું એક વિચાર, તમે એક પગ બહાર મૂકોને સતી નાર. ॥૧૫૯॥
મોયે અભ્યાગત જોઈએ આજ, નિરમુખ જાઉં તો આવે લાજ. ॥૧૬૦॥
દેવા ભિક્ષા પગ બહારે નીસરે, સીતાનો દહિંત કર જો ધરે. ॥૧૬૧॥
લઈ સીતાને રાવણે ખાંધે ધરી, ચાલ્યો દૈત્ય કપટ જાળ કરી. ॥૧૬૨॥
સતી સીતાએ કપટીનો ભેદ ન લીયો, સતીને ખાંધે ચઢાવીને કપટ જો કીયો. ॥૧૬૩॥
ત્યાં જટાયુ પક્ષીએ દીઠો છે જયાંય, પાછળ પડી યુદ્ધ માંડયો છે ત્યાંય. ॥૧૬૪॥
ત્યારે દૈત્યને મનમાં ઉપજી શાન, છાંટી રૂધિરને આલ્યાં છે પાન. ॥૧૬૫॥
માંસને લોભે પંખી ત્યાં જો જાય, તે રૂધિર દેખીને પાન જો ખાય. ॥૧૬૬॥
સીતાને લઈ ચાલ્યો છે તેણી વાર, તે જઈ પહોંચ્યો શ્રીલંકા મોઝાર. ॥૧૬૭॥

આ તરફ લક્ષ્મણ પર્ણકુટીમાંથી બહાર જતાં જ રાવણે યતિ વેષ લીધો અને એ લક્ષ્મણ રેખા સુધી આવ્યો. પણ એ રેખા એનાથી ન ઓળંગાઈ. ત્યારે સીતાને તમે કોણ છો ? તમે કેમ કરીને વનમાં આવ્યાં ? વગેરે પ્રશ્નો રાવણ પૂછવા લાગ્યો. ત્યારે સીતાએ સરળ મનથી વિનયથી બધી હકીકત કહી અંદર આવીને ભિક્ષા લઈ જવા કહ્યું.

ત્યારે એ કપટથી સીતાને બોલ્યોઃ 'આ વન રાક્ષસોનું છે. અહીં રહેનારી તું રાક્ષસી કેમ હોઈ ન શકે ? હું અંદર આવું તો જ તું મને ખાઈ જઈશ. ત્યારે તને જો ભિક્ષા આપવી છે તો બહાર આવીને સત્વરે આપ.'

આ સાંભળતાં જ 'શિવ શિવ' બોલતાં કાન પર હાથ મૂકીને સીતા બોલીઃ 'અમે તમારા જેવા અતિથિ અભ્યાગત યતિનાં સેવક છીએ. તમને અમારા તરફથી થોડો પણ ત્રાસ પહોંચશે નહીં. થોડીવાર ઊભા રહો મારા પતિ હમણાં આવશે !'

રાવણે વિચાર કર્યો કે કંઈક કપટ કર્યા વગર સીતા રેખાની બહાર આવશે નહીં. તેણે મૂર્છા આવવાનો ઢોંગ કર્યો અને સીતાને કહ્યુંઃ 'હું કેટલાય દિવસનો ભૂખ્યો છું. મારા પેટમાં કંઈ જ ન હોવાથી મારા પ્રાણ આકુળ વ્યાકુળ થાય છે. એકાદ ફળ લાવી મારા પેટમાં નાખીશ તો મારા પ્રાણ બચશે.' ત્યારે સીતા સંશયમાં પડી.

એટલામાં અદૃશ્ય રૂપે સર્વ દેવ સીતાનું સ્તવન કરીને બોલ્યાઃ 'માતા, તું લંકામાં ન જઈશ તો રાવણના બંદીમાંથી અમારી મુક્તિ થશે નહીં, તો પણ તારું સત્ય રૂપ અગ્નિમાં ગુપ્ત કરીને છાયા રૂપે લંકામાં જા એટલે શ્રી રામ તને શોધતા આવશે અને રાવણનો વધ કરશે, પછી વિભીષણ અમને બંદીવાસમાંથી મુક્ત કરશે.'

દેવોની આ વાણી સાંભળતાં જ દયાળુ સીતામાતાએ દેવ કાર્ય માટે પોતાનું સ્વરૂપ અગ્નિમાં ગુપ્ત કરીને છાયા રૂપે રાવણને ફળ આપવા માટે પોતાનો હાથ રેખા બહાર લઈ ગઈ. ત્યાં જ તેનો હાથ પકડીને રાવણે સીતાને બહાર ખેંચી અને પોતાનું સાચું રૂપ પ્રગટ કરીને સીતાને પોતાના રથ પાસે લઈ ગયો. સીતાને રથમાં બેસાડી આકાશ માર્ગે હંકારવા લાગ્યો. ત્યારે સીતાજી ખૂબ આક્રંદ લાગ્યાં. શ્રી રામને અને લક્ષ્મણને મોટે મોટેથી સાદ કરી રડવા લાગ્યાં. હું લક્ષ્મણને નિષ્કારણ બોલી એનું આ ફળ મને મળ્યું. એ પોતાને જ દોષ આપતી બોલવા લાગી; 'વૃક્ષલતાઓ, પશુપક્ષીઓ મને રાવણ ભગાડી લઈ જાય છે, આ વર્તમાન શ્રી રામચંદ્રને જણાવો.' સીતાનો વિલાપ સાંભળી પશુપક્ષીઓ પણ રડવા લાગ્યાં.'

સીતાનો શોક સાંભળીને જટાયુ રાવણની સામે આવ્યો. તેણે પોતાની ચાંચથી એના રથના ઘોડા માર્યા. રથ પણ તોડયો એના દસે મસ્તક લોહી લુહાણ કર્યાં. રાવણ ગભરાયો એણે કપટથી જટાયુને પૂછ્યુંઃ 'તારા મૃત્યુનું અંગ કયું છે એ કહે એટલે હું પણ મારું મૃત્યુ કઈ રીતે છે એ તને કહું છું, પછી છેલ્લું યુદ્ધ કરીશું. જો તું ખોટું કહીશ તો તને રામની આણ છે.'

જટાયુ સરળ મનનો રામભક્ત હતો. તેણે કહ્યુંઃ 'મારી બંને પાંખ ઉખાડશે એટલે મારું મૃત્યુ થશે.

રાવણે ખોટું કહ્યું કે; 'મારા જમણા પગનો અંગૂઠો ફોડીશ એટલે મને મૃત્યુ આવશે.' જટાયુએ રાવણનો અંગૂઠો ફોડતાં જ રાવણે વીસ હાથથી એની બંને પાંખો તોડી નાખી. લોહી લુહાણ થઈને જટાયુ જમીન પર પડયો. રામનું સ્મરણ કરતાં કરતાં તેની વાટ જોવા લાગ્યો. સીતાને જટાયુની સ્થિતિ જોઈને ખૂબ દુઃખ થયું. રાવણને વિનવવા લાગી. રાવણે સીતાની એ વિનવણી તરફ ધ્યાન ન આપતાં સીતાને ખભા પર ઉપાડી લીધી અને આકાશ માર્ગે તરત લંકા તરફ જવા નીકળ્યો.

માર્ગમાં ઋષ્યમૂક પર્વત ઉપરથી જતાં કેટલાક વાનરો (નલ, નીલ, જાંબુવંત, સુગ્રીવ અને હનુમંત) દેખાયા. તત્કાલ સીતાએ પોતાની સાડીનો છેડો ફાડીને એમાં પોતાના શરીર પરના અલંકાર બાંધીને નીચે નાખ્યા. મારુતિના શરીર પર એ પડતાં જ તેમણે ઉપર આકાશમાં જોયું તો ભયંકર રાક્ષસ એક સુંદર સ્ત્રીને ઉપાડીને લઈ જતો હતો. મારુતિએ એને પકડવા માટે ઊંચો કૂંદકો લગાવ્યો પણ વાયુવેગથી જતો રાવણ લંકામાં પહોંચી ગયો. એ જોઈ મારુતિ પાછા આવ્યા. મારુતિએ અલંકાર સાચવીને મૂક્યા.

લંકામાં ગયા પછી રાવણે સીતાને ધન, સંપત્તિ, વૈભવ, અલંકાર વગેરે વિશિષ્ટ પ્રલોભનો બતાવી વશ કરવાનો પ્રયત્ન કર્યો. સીતાએ રાવણની બધી જ વાતોનો અસ્વીકાર કરી તેનો તિરસ્કાર કર્યો. પછી તેણે રાક્ષસી ત્રિજટાને બોલાવીને સીતાને એના સ્વાધીન કરી. સીતાને અશોક વનમાં લઈ જવા માટે કહ્યું અને ત્યાં રાક્ષસોનો પહેરો લગાવી દીધો. સીતાએ ત્રિજટાને પોતાની બધી હકીકત કહી. ત્રિજટાએ સીતાને સાંત્વન આપ્યું. ત્યારે સીતા શ્રી રામને યાદ કરીને શ્રી રામના ગુણ ગાતાં અશોક વનમાં રહેવા લાગ્યાં.

જ્યારે રામ ને લક્ષ્મણ બેઉં મળ્યા એક ઠામ, ત્યારે વચન એક બોલ્યા શ્રી રામ. ॥૧૬૮॥
કહો લક્ષ્મણ તમે આવ્યા શું કાજ, સૂની સીતા ને મૂકી આવ્યા આજ. ॥૧૬૯॥
ચાલો બંધવ જઈએ આપણે ઘેર, ત્યાં એકલાં સીતાજી શી કરશે પેર. ॥૧૭૦॥
વનમાંથી ફરી આવ્યા મઢીની પાસ, સૂનાં ઘર દીઠાં અને થયા બહુ ઉદાસ. ॥૧૭૧॥
જ્યારે રામ લક્ષ્મણ આવ્યા મઢીને ઠામ, ત્યાં નથી સીતા એમ કહે શ્રી રામ. ॥૧૭૨॥
જ્યાં સૂની મઢી સૂના આવાસ, ત્યાં રામ લક્ષ્મણ બેઉ થયા નિરાશ. ॥૧૭૩॥
કહે લક્ષ્મણ ભાઈ કેવી કરીશું બુધ, સીતા તણી કેમ લઈશું શુધ. ॥૧૭૪॥
ત્યારે શ્રી રામે લક્ષ્મણને એમ કહ્યું ભાઈ, સીતાને તો કોઈ દૈત્ય લઈ ગયો જાઈ. ॥૧૭૫॥
વનમાં શોધવા ગયા લક્ષ્મણને શ્રી રામ, જટાયુ પક્ષીએ ભેદ કહ્યો તેણે ઠામ. ॥૧૭૬॥
જટાયુએ ભેદ શ્રી રામ લક્ષ્મણને કહ્યો, સ્વામી સીતાને રાવણ લંકામાં લઈ ગયો. ॥૧૭૭॥
ત્યારે શ્રી રામ બોલ્યા મન દુઃખ ધરી, એવી નાર મળશે નહીં લક્ષ્મણ ફરી. ॥૧૭૮॥
આપણે દશરથ રાયેના મહાસુભટ તન, માતા વચને ભોગવ્યાં છે વન. ॥૧૭૯॥
ભાઈ બાર વરસ તો રહ્યા વનવાસ, અને આજ આપણું મન થયું છે ઉદાસ. ॥૧૮૦॥

મારીચનો વધ કરીને શ્રી રામ લક્ષ્મણ પોતાની પર્ણકુટીમાં પાછા આવ્યા પણ એમને ત્યાં સીતા દેખાયાં નહીં. તેમણે આમ તેમ શોધીને જોયું પણ સીતાનો પત્તો લાગતો નહોતો. સીતા સિવાય એ પર્ણકુટી સૂનકાર દેખાવા લાગી. શ્રી રામ બેચેન થઈ ગયા. શ્રી રામે કહ્યું: ‘લક્ષ્મણ, મારી સીતા ક્યાં છે તે બતાવ ! તેમનાથી સીતાનો વિરહ સહન થયો નહીં. તેમનું હૃદય દ્રવી ગયું. તેમના નેત્રમાંથી અશ્રુધારા વહેવા લાગી. શ્રી રામ મૂર્છિત થઈ ગયા.

શ્રી રામ મૂર્છિત થતાં લક્ષ્મણે શ્રી રામને સાવધ કર્યા. ત્યારે શ્રી રામચંદ્ર ઊઠ્યા અને ‘સીતે, સીતે’ બોલતા બોલતા લક્ષ્મણ સાથે સીતાને શોધવા લાગ્યા. સીતા વિયોગથી શ્રી રામની સ્થિતિ એકદમ ભ્રમિષ્ઠ જેવી થઈ ગઈ.

બંને ભાઈ સીતાની શોધ કરતા કરતા આગળ જવા લાગ્યા. એમણે બાર હાથ લાંબાં રાક્ષસનાં પગલાં અને એમની ઉપર સીતાનાં પગલાંની મુદ્રા ઉપસેલી જોઈ. નજીક જ લોહી પડેલું અને પાંખો પડેલી દેખાઈ.

આમ તેમ શોધતાં જ તેમને જટાયુની ક્ષીણ વાણી સંભળાઈ. રામે તેને આવી અવસ્થા હોવાનું કારણ પૂછવાથી તેણે કહ્યું: ‘રાવણ સીતાને લઈને લંકામાં જતો હતો. એના હાથમાંથી સીતાને છોડાવવા પ્રયત્ન કર્યો પણ એણે તમારા સોગંદ લેવરાવીને કપટથી મારી પાંખો તોડી નાખી. શ્રી રામ હવે મારાથી વધારે બોલાશે નહીં. તમારા ખોળામાં માથું મૂકી પ્રાણ છોડવો છે એ જ એક ઈચ્છા છે.’ શ્રી રામના ખોળામાં માથું મૂકી જટાયુએ પ્રાણ છોડ્યા. શ્રી રામે જટાયુની અંત્યેષ્ટિ કરીને સીતાની

શોધ માટે દક્ષિણ દિશામાં આગળ જવા પ્રયાણ કર્યું. ફરતા ફરતા બંને ભાઈ મયુર ગિરિ પર્વત પર આવ્યા. ત્યાં શ્રી રામ વૃક્ષ પાષાણોને સીતા સમજીને આલિંગન આપતા આપતા શોધવા લાગ્યા.

તે સમયે પાર્વતીએ સીતાનું રૂપ લઈને રામની પરીક્ષા લીધી. તેમણે પૂછ્યું: 'તમે બહાવરા બનીને વૃક્ષ પાષાણને સીતા સમજીને કેમ આલિંગન આપો છો ?'

શ્રી રામ બોલ્યાઃ 'માતા, હું બહાવરો બન્યો નથી પણ અવતાર ચરિત્ર બતાવીને સીતાના નિમિત્તે આ વૃક્ષ-પાષાણ રૂપ ધારણ કરેલા મહા તપસ્વીઓને આલિંગન આપી એમનો ઉદ્ધાર કરું છું.' પાર્વતીની ગેરસમજ દૂર થઈ. તેમણે રામને વરદાન આપ્યું: 'પ્રભુ રામ, તમે રાવણનો વધ કરીને સીતા સાથે આનંદથી અયોધ્યામાં જલ્દી આવશો.'

પછી શ્રી રામ ત્યાંથી કિષ્કિંધાના માર્ગે ચાલ્યા. રસ્તામાં આગળ શબરીના આશ્રમે પહોંચ્યા. શબરીએ શ્રી રામની ખૂબ ભક્તિભાવથી પૂજા કરીને ફળ ફૂલ અર્પણ કર્યાં. શ્રી રામે ત્યાં લક્ષ્મણને શબરી સાથે જ્ઞાનોપદેશ કરીને રામગીતા કહી લક્ષ્મણનો સંમોહ દૂર કર્યો.

પછી શ્રી રામ પંપા સરોવરે ગયા. એ સ્થળનું સૃષ્ટિ સૌંદર્ય અવર્ણનીય હતું. ત્યાંના વૃક્ષલતા ફળોથી ભરપૂર હતાં. એ જગ્યાએ એક સ્ફટિક શિલા પર લક્ષ્મણના ખોળામાં માથું મૂકી શ્રી રામ વિશ્રાંતિ લેવા બેઠા પછી આગળ તેમને ઋષ્યમૂક પર્વત પર નલ, નીલ, જાંબુવંત, સુગ્રીવ, હનુમાનને જોયા. હનુમાનને જોતાં જ તેમને મનોમન ખૂબ આનંદ થયો.

ત્યારે હનુમંતે કીધાં છે ભલાં કામ, પવન વેગે આવ્યા છે તેણે ઠામ.॥૧૮૧॥
જ્યારે શ્રી રામ લક્ષ્મણ હનુમાન શોધવા જાય, ત્યારે દેવ મર્મ સઘળા હનુમાનને કહાય.॥૧૮૨॥
હનુમાન શ્રી રામને કહે સત્ય ભાય, સીતાને લઈ ગયો લંકાનો રાય.॥૧૮૩॥
ત્યાં શ્રી રામે હનુમાનને આલી છે બુધ, તમે સતી સીતા તણી જઈ લાવો શુધ.॥૧૮૪॥
ત્યારે હનુમાન લંકા જોઈ પરલંકા ગયો, ત્યાં રામ નામેથી પવન વેગી થયો.॥૧૮૫॥
હનુમાન પૂછે છે ભાઈ કોણ છે ઠામ, અને પરલંકા છે આ ગામનું નામ.॥૧૮૬॥
ત્યાંથી હનુમાનજી પાછા ફર્યા, ત્યાં અશોકવાટિકામાં જઈ સંચર્યા.॥૧૮૭॥
જયાં બેઠાં છે સતી માત, તે વાડીમાં જઈ કીધો ઉત્પાત.॥૧૮૮॥
રાવણની અશોકવાટિકામાં સીતા માત, તે જપે અસ્ખલિત રામના જાપ.॥૧૮૯॥
શ્રી રામની મુદ્રિકા સીતાને દેખાડી જ્યાંય, સીતાને પાય લાગી ઊભા રહ્યા ત્યાંય.॥૧૯૦॥
શ્રી રામનો સંદેશો સતી સીતાને કહે, દેખી હનુમાનને કુશલ સમાચાર લહે.॥૧૯૧॥

શ્રી રામને જોતાં જ હનુમાન આનંદીત થયા. સુગ્રીવ, નલ, નીલ, જાંબુવંત વગેરે વાનર એ બંને ક્ષત્રિય વીરને જોઈ આશ્ચર્ય પામ્યા. એવામાં એક વટવૃક્ષ પર બેસી હનુમાનજી નાના એવા મર્કટ ચેષ્ટા કરવા લાગ્યા. મર્કટ ચેષ્ટા બતાવી તેણે શ્રી રામનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું. શ્રી રામે હનુમાનને ઓળખ્યા અને લક્ષ્મણને કહ્યું કેઃ આ વટવૃક્ષ પર બેઠેલો વાનર એણે વજ્ર પ્રમાણે ચમકનારી સુવર્ણ દિવ્ય કોપીન પરિધાન કરેલી હોવાથી એ જિતેંદ્રિય બ્રહ્મચારી એવો હનુમાન હોય એવું લાગે છે. એ સાંભળીને હનુમાને તત્કાલ શ્રી રામની આગળ કૂદકો માર્યો અને આ મારા સ્વામી છે કહીને શ્રી રામના ચરણમાં દંડવત્ પ્રણામ કર્યા.

શ્રી રામે હનુમાનને ઉઠાડીને હૃદયે લગાડયા અને 'યાવચ્ચંદ્રદિવાકારૌ' તું ચિરંજીવ થઈશ એવો હનુમાનને આશીર્વાદ આપ્યો. મારુતિએ શ્રી રામની સ્તુતિ કરીને પદ સેવા કરી. ત્યારે શ્રી રામે પોતાની બધી હકીકત મારુતિને કહી. ત્યારે મારુતિ બોલ્યોઃ 'સુગ્રીવ સાથે તમે મિત્રતા કરો તેની મદદ કરવાથી તમને સારો એવો લાભ થશે.'

શ્રી રામની અનુમતિ મળતાં જ હનુમાને સુગ્રીવને બોલાવી લીધા અને સર્વ હકીકત કહી. સુગ્રીવે પણ અંતઃકરણથી પોતાની હકીકત કહીને મદદ કરવા શ્રી રામને વિનવ્યા. વાલીએ નિરપરાધી સુગ્રીવને કંઈક ગેરસમજથી રાજ્ય ભ્રષ્ટ કરીને એની સ્ત્રી પર બળાત્કાર કર્યો હતો. તેથી શ્રી રામે એમની સામે યુદ્ધમાં બાણ છોડીને વાલીનો વધ કર્યો અને સુગ્રીવને રાજ્ય અને સ્ત્રી મેળવી આપી. શ્રી રામે વાલીના પુત્ર અંગદને યુવરાજ્યભિષેક કરીને કાકા-ભત્રીજાની વચ્ચે સમાધાન કરી આપ્યું. આ ઉપકારથી સુગ્રીવે શ્રી રામને સીતાને શોધવા મદદ કરી.

બધા વાનર વીરોને ચોતરફ મોકલી તેમને સીતાની શોધ કરી પણ ક્યાંયથી પત્તો મળ્યો નહીં. પછી હનુમાનને બોલાવીને શ્રી રામે તેને સીતાની શોધ માટે મોકલ્યો. હનુમાને સાચવીને રાખેલા અલંકાર લાવીને શ્રી રામને બતાવ્યા. શ્રી રામે એ અલંકાર ઓળખતાં જ તેમને સીતાની ખૂબ જ યાદ આવી ગઈ અને એ શોકાતુર થઈ ગયા.

શોકવેગ ઓસર્યા પછી હનુમાને કહ્યુંઃ 'થોડા સમય પહેલાં એક દૈત્ય એક સ્ત્રીને આકાશ માર્ગે ભગાડીને લઈ જતો હતો ત્યારે એ સ્ત્રીએ આ પોટલી ફેંકતાં એ મારી જ સામે આવી પડી. એ છોડીને જોતાં આ અલંકાર દેખાયા. આ અલંકાર જો સીતા માતાના હશે તો મને નિશ્ચિત લાગે છે એ સ્ત્રી સીતા માતા જ હશે. એને ભગાડી જનાર એ દુષ્ટ રાક્ષસ લંકાપતિ રાવણ જ હોવો જોઈએ. સ્વામી ! તમે કંઈક નિશાની આપો અને મને સીતા શોધ માટે જવાની આજ્ઞા અને આશીર્વાદ આપશો તો હું આનંદથી આ કામગીરી સ્વીકારીશ.'

શ્રી રામે તાત્કાલિક પોતાની આંગળીમાંની મુદ્રિકા આપી મારુતિને કહ્યું કેઃ 'અમે ઘરમાંથી નીકળતી વખતે કૈકેયીના મહેલમાં હું સીતાને મારા હાથે વલ્કલ પહેરાવતો હતો. સીતાના શરીરમાંથી કસ્તુરીથી પણ વિશેષ સુવાસ છે. કસ્તુરીની સુગંધ અડધા યોજન સુધી આવે છે. મારા નામનો એ અહર્નીશ જપ કરે છે.' વગેરે વાતો કહીને શ્રી રામે હનુમાનને આશીર્વાદ આપી મોકલ્યા.

કિષ્કિંધામાંથી નીકળી હનુમાન પવનવેગે મહેન્દ્ર પર્વત પર આવી પહોંચ્યા. ત્યાંથી સમુદ્ર ઉલ્લંઘીને તેને લંકામાં જવું હતું. હનુમાને બધા વાનરોને પાષાણ વૃક્ષ પર્વતને પકડવા કહ્યું. બધા હનુમાનની સામે આશ્ચર્યથી જોવા લાગ્યા. મારુતિએ ઊંચે ઉડવા પહેલાં પ્રચંડ ભુભુકાર કર્યો. તેણે આખું આકાશ ગરજવ્યું. પછી શ્રી રામનું સ્મરણ કરીને 'જય શ્રી રામ' એ નામની મોટેથી ગર્જના કરતાં મારુતિએ ઉડ્ડાણ કર્યું. એની સાથે એના શરીરથી મોટાં મોટાં વૃક્ષો હાલવા લાગ્યાં. પર્વતો ડોલવા લાગ્યા, ધરતી કંપવા જેવી સર્વત્ર સ્થિતિ દેખાવા લાગી. મારુતિ આકાશ માર્ગે ઊંચે ને ઊંચે ઉડતા ગયા. દેવોને પણ એનું કૌતુક થયું.

જય શ્રી રામના સ્મરણથી સુખ રૂપે મારુતિએ કૂદકો માર્યો. લંકામાં પહોંચ્યા. ત્યાં રાવણની બહેન અને કેટલાક વૃદ્ધ રાક્ષસોને મારુતિએ લંકા ક્યાં છે ? એમ પૂછ્યું. એમણે મારુતિને લંકા બતાવી.

લંકામાં હનુમાને ઇંદ્રજીતનું, વિભીષણનું અને બીજાં અનેક ઘર શોધ્યાં પણ રામે જે વર્ણન કર્યું હતું એવી સ્ત્રી ક્યાંય દેખાઈ નહીં. પછી હનુમાને સૂક્ષ્મ રૂપ ધારણ કરીને રાવણની બધી સ્ત્રીઓના મહેલ શોધ્યા. છેલ્લે મંદોદરીના મહેલમાં આવ્યા. ત્યાં રાવણે એક દાસીને સીતાના સમાચાર માટે મોકલી, એ હનુમાને સાંભળ્યું અને એ દાસીની પાછળ પાછળ જઈને અશોકવનમાં એક વૃક્ષ નીચે બેઠેલાં સીતામાતાને જોયાં. મારુતિને ખૂબ આનંદ થયો.

મારુતિએ શ્રી રામે આપેલી મુદ્રિકા સીતામાતાના ખોળામાં મૂકી દીધી અને અશોક વૃક્ષ પર બેસીને રામનું ચિંતન અને રામચરિત્રનું ગાન કરવા લાગ્યા. અહીં ધ્યાનસ્ત બેઠેલાં સીતા શ્રી રામનું દિવ્ય રૂપ નિહાળતી જમણી આંગળીની અંગૂઠીને જોઈ વિચારમાં પડી ગયાં અને આંખો ખોલી જુએ છે તો એ જ અંગૂઠી પોતાની સામે. તે અહીં ક્યાંથી આવી એ માટે આમ તેમ જોવા લાગ્યાં તો રામચરિત્રનું ગાન એમને કાને સંભળાયું. એ ગીત સાંભળી સીતા આનંદીત થયાં.

હનુમાન નીચે કૂદકો મારી સીતામાતાના ચરણમાં નમી અને બોલ્યાઃ 'હું શ્રી રામનો દાસાનુદાસ હનુમાન છું. શ્રી રામ કિષ્કિંધામાં સુખ રૂપ છે. એમની જ આજ્ઞાથી તમારી શોધ કરવા હું અહીં આવ્યો છું.' મારુતિના મુખમાંથી નીકળેલા આ અમૃતથી પણ મીઠા શબ્દો સાંભળી સીતામાતાને અપાર આનંદ થયો. તેણે ચંદ્ર અને સૂર્ય રહે ત્યાં સુધી તારું કલ્યાણ થશે એવો આશીર્વાદ મારુતિને આપ્યો.

પછી મારુતિએ શ્રી રામનો સર્વ વૃત્તાંત કહ્યો. એ સાંભળી સીતાએ ખાત્રી કરવા વધુ પૂછપરછ કરી. હનુમાને રામચંદ્રના સ્વહસ્તે સીતાને વલ્કલ પહેરાવ્યાની વાત કહી. હનુમાન શ્રી રામનો સાચો સેવક હોવાની સીતાને ખાતરી થઈ.

સીતાએ એક શંકાથી બીજી વાત પૂછીઃ 'તું તો નાનો છે. તારા જેવા બધા વાનર નાના હશે તો લંકા નગરીનો નાશ તમારા હાથે ક્યાંથી થશે ?' તેની સાથે હનુમાને પોતાનું વિશાળ પ્રચંડ રૂપ પ્રગટ કરી આ શંકાનું સમાધાન કર્યું. એ બોલ્યા; મેં આજે જ લંકા નગરી નષ્ટ કરી હોત પણ મને શ્રી રામની એવી આજ્ઞા નથી. મારા કરતાં પણ વધારે બળવાન, પ્રતાપવાન વાનરો શ્રી રામ પાસે છે. તમે ચિંતા કરશો નહીં.

હનુમાન કહે સીતાને માતાજી હું ભૂખ્યો અપાર, કોઈના હાથનાં ફળ નહીં ખાઉં લગાર. ॥૧૯૨॥
સીતામાતા કહે હનુમાનને તું વાડીમાં જાય, ભોંય પડેલાં વનફળ વીણીને ખાય. ॥૧૯૩॥
ત્યાં સીતાનાં વચન શિર લીધાં ચઢાય, રાવણની વાડીમાં પેઠો છે જયાંય. ॥૧૯૪॥
ત્યાં પૂછથી મરડી વૃક્ષ નાખ્યા ઉખાડ, તેની રાવણ આગળ પોતી છે રાડ. ॥૧૯૫॥
હનુમાને માતાજીનું કહ્યું કર્યું ત્યાંય, વૃક્ષ ઉખાડી ઝાપટી ફળ ખાધાં છે જયાંય. ॥૧૯૬॥
ત્યાં માતા કહે હનુમાન તે શું કીધું બળ, ઉખાડી વાડીને તે ખાદ્યા છે ફળ. ॥૧૯૭॥
દૈત્યના યોદ્ધા આવ્યા છે તેણે ઠામ, રામનો દૂત આવ્યો તેણી થઈ જાણ. ॥૧૯૮॥
કેમ કરીને દરીયામાં કૂદ્યો એ જુદ્ધ, તેની લંકાના લોકે ન જાણી શુદ્ધ. ॥૧૯૯॥
તે યોદ્ધો છે મહા બળવંત, તો તું કહે તારો મરવાનો અંત. ॥૨૦૦॥
ત્યાં રાવણ પૂછે હનુમાનનું મોત છે ક્યાંય, પૂછડે ગોદડા બાંધી તેલ નાખજો ત્યાંય. ॥૨૦૧॥
ત્યારે હનુમાન શું કહે છે મોહે, મારું મોત મારા પૂછડાથી હોયે. ॥૨૦૨॥
જો પૂછડે લગાડી દીજે ઝાળ, તો મારું મોત થાશે તત્કાળ. ॥૨૦૩॥
ત્યાં હનુમાને કહ્યો એવો ભેદ, તો હું બળીને મરીશ તતખેવ. ॥૨૦૪॥
જો પૂછડે અગ્નિ સળગાવી દીજે મોય, પણ પૂછડું થોડું ઉઘાડું ન રહે જોય. ॥૨૦૫॥
જયારે હનુમાને કહી છે એવી ગુંજ, ત્યાં રાવણ કહે પૂછડે અગ્નિ મૂકો સૂજ. ॥૨૦૬॥
મૂકયો અગ્નિને ઊઠી મોટી જવાળ, ત્યાંથી હનુમાન કૂદ્યા છે તત્કાળ. ॥૨૦૭॥
ત્યાંથી હનુમાન ચાલ્યા છે જયાંય, લંકા બાળી કીધી ખાક ત્યાંય. ॥૨૦૮॥

જ્યાં લગાડી પૂછને કોટ ઉપર જાય, ત્યાં વળી લંકામાં અગ્નિ પ્રલય થાય. ॥૨૦૯॥
જ્યાં બળી લંકાને ખાક જો થઈ, ત્યાં સમુદ્રમાં પૂછ ઓલાવે જઈ. ॥૨૧૦॥

હનુમાને સીતામાતાને કહ્યું: 'માતા, હું બે દિવસથી ભૂખ્યો છું ! હું બીજા કોઈના હાથનાં ફળ ખાતો નથી, તો પણ આ વનનાં ફળો ખાવા માટે મને આજ્ઞા આપો.' ત્યારે સીતાએ કહ્યું: 'હે હનુમાન, આ વનનાં ફળોને વાયુ પણ સ્પર્શ કરતો નથી, એ પણ બીવે છે. આ વનના રક્ષણ માટે સાઈઠ હજાર રાક્ષસ રાખ્યા છે. ત્યારે હું તને કેવી રીતે આજ્ઞા આપું ?'

આ સાંભળતાં જ ભૂખથી પ્રાણ વ્યાકુળ થયેલા બતાવીને મારુતી ધરતી પર પડીને આળોટવા લાગ્યા. ત્યારે સીતાએ એના મુખ પર હાથ પ્રસરાવી નીચે પડેલાં ફળો આરોગવા કહ્યું. માત્ર વૃક્ષ પર ચઢીને ફળ ન તોડવાની આજ્ઞા આપી. ત્યારે નીચે પડેલાં ફળ ભક્ષક કરવા એ ઊઠયા અને સીતાના ચરણમાં નમન કરી, પછી નીચે પડેલાં ફળ વીણીને ખાવા લાગ્યા.

મુઠ્ઠી ભર ફળોથી હનુમાનની ભૂખ કઈ રીતે શમે ! નીચે પડેલાં ફળ ખાધા પછી સીતાની આજ્ઞાથી એ ઝાડ પર ચઢયા નહીં પણ ઝાડ ઉખાડીને એ હલાવીને નીચે પડેલાં ફળ ખાવા લાગ્યા. આમ મારુતિએ અનેક વૃક્ષોનો વિધ્વંશ કર્યો. એ જોતાં જ અસંખ્ય રાક્ષસો હનુમાનજી પર પ્રહાર કરવા દોડી આવ્યા. હનુમાનજીએ રાવણના અનેક સેનાપતિ, એના સાત પુત્રો, જંબુમાલી, અક્ષયકુમાર વગેરે હજારો સૈનિકો સાથે યમસદનમાં મોકલ્યા. છેલ્લે રાવણનો પુત્ર ઈંદ્રજીત ચતુરંગ સૈન્ય સાથે લઈને આવ્યો. હનુમાનજીએ એમનાથી યુદ્ધ કરીને એને એક ગુફામાં ફેંકીને ગુફાના મુખમાં પ્રચંડ શિલા મૂકી દીધી. રાવણે બ્રહ્મદેવને મોકલી ઈંદ્રજીતને છોડાવ્યો. છેલ્લે હનુમાન બ્રહ્મપાશથી પોતે બંધાઈ જઈને ઈંદ્રજિતને સ્વાધીન થઈને એની સાથે રાવણની સભામાં ગયા.

હનુમાન રાવણની પાસે એના સિંહાસન કરતાં સવા હાથ ઊંચા એવી પોતાની પૂંછડીનું કુંડાળું કરીને એની ઉપર બેઠા. રાવણ કોપાયમાન થયો. ક્રોધથી એણે પૂછ્યું: 'મર્કટ તું કોણ છે ? તું અહીં કેમ આવ્યો છે ? તને અહીં કોણે મોકલ્યો છે ?'

આ સાંભળી મારુતિએ કહ્યું: 'હે નિશાચાર, મશક (મચ્છર), દુષ્ટ ચોર ! જેમણે સીતા સ્વયંવરમાં તારી છાતી પર પડેલ ધનુષ્ય ઉપાડી તારા પ્રાણ બચાવ્યા, એ પ્રભુ શ્રી રામચંદ્રનો હું દાસ હનુમાન છું સમજ્યો ! મેં જ અશોકવનનો વિધ્વંસ કર્યો છે, જંબુમાલી વગેરેને ઠાર માર્યા છે, ઈંદ્રજિતની વિટંબણા કરી છે. શ્રી રામની આજ્ઞા હોત તો તારા દસ શિર છેદીને સીતાને પાછો લઈ ગયો હોત, પણ તારું મરણ શ્રી રામના હાથે છે. મને તારું સામર્થ્ય તો જોવા દે.'

મારુતિએ કરેલી આ ટીકા રાવણથી સહન થઈ નહીં. તેણે મારુતિના નાક કાન અને જીભને કાપવા માટે કહ્યું. મારુતિ શાંતિથી બેસીને ગમ્મત જોવા લાગ્યા અને પછી બોલ્યા: 'આ તુચ્છ શસ્ત્રોથી મારું કઈ રીતે મરણ આવશે !'

ત્યારે રાવણ બોલ્યો: 'તો પછી તને રામના સોગંદ છે, તારું મૃત્યુ શેમાં છે તે મને કહે.'

મારુતિ બોલ્યા: 'મને મૃત્યુ જ નથી, હું ચિરંજીવ છું.'

એટલે રાવણ બોલ્યો: જગતમાં બ્રહ્મદેવને પણ મૃત્યુ છે, તો તું જ અમર કઈ રીતે ?

આ સાંભળી રાવણની શાન ઠેકાણે લાવવા માટે મારુતિ બોલ્યા: 'મારી પૂછડીમાં વસ્ત્ર લપેટીને એના ઉપર તેલ, ઘી નાખીને સળગાવો એ બળતાં જ મારું મૃત્યુ થશે. માત્ર થોડું પણ એ ઉઘાડું રહેશે તો હું મરીશ નહીં.'

મારુતિના કહેવાથી એની પૂછડીને વસ્ત્ર લપેટયાં. એના ઉપર તેલ, ઘી નાખીને એ સળગાવી. મારુતિએ પોતાની પૂછડી પ્રથમ રાવણના દસે મુખોને લગાવતાં જ રાવણની દાઢી-મૂછ બળી ગઈ. બીજી ક્ષણે હનુમાને આખા મહેલમાં અને નગરમાં સર્વત્ર આગ લગાડી મૂકી. કેટલાય રાક્ષસો બળી ગયા. કેટલાક દોડાદોડીમાં ચગદાઈ ગયા. કેટલાકને હનુમાને ઝૂડી નાખ્યા. આ પ્રકારે બધાની દુર્દશા કરીને બળતી લંકા જોતા આનંદથી તાળીઓ પાડતા એ સમુદ્ર કિનારે આવીને પોતાની પૂછડી ઓલવવા લાગ્યા. સાગરે એની પૂછડી ઓલવી નાખી.

પછી મારુતિ અશોકવનમાં સીતામાતાની અનુજ્ઞા અને એમની ગુપ્ત નિશાની રૂપ એમના મસ્તક પરનો મણિ અને બ્રહ્મદેવનો પત્ર લઈને સમુદ્ર પરથી કૂદીને સામે કિનારે આવ્યા. બધા વાનર, નલ, નીલ, જાંબુવંત, અંગદ વગેરે ઉત્સુક્તાથી હનુમાનની રાહ જોતા ઊભા હતા ત્યાં આવ્યા. હનુમાન કાર્ય સિદ્ધ કરીને આવ્યા છે એ જાણી બધાને આનંદ થયો અને શ્રી રામનો અને હનુમાનનો જયજયકાર કરીને આનંદથી તાળીઓ વગાડતા નાચવા લાગ્યા.

ત્યાં લંકા બાળી હનુમાને જે ઠામ, આવ્યા પાછા જયાં હતા શ્રી રામ. ॥૨૧૧॥
એક છલાંગે શોધી લાવ્યા ત્યાંય, જયાં શ્રી રામ હતા જંગલની માંય. ॥૨૧૨॥
અરે હનુમાન સીતા તણી લાવ્યા શુધ, રાવણ સાથે આપણે કેમ કરીશું યુદ્ધ. ॥૨૧૩॥
ત્યારે શ્રી રામ બોલ્યા હનુમાન તું કરે હુંકાર, ત્યાં મળીયું છે સૈન્ય અગણીત અપાર. ॥૨૧૪॥
શ્રી રામને હનુમાન ઊભા જયાંય, તે શ્રી રામ હનુમાન બેઠા વડની છાંય. ॥૨૧૫॥
ત્યારે હનુમાને કીધો છે બૂમ પોકાર, ત્યાં મળ્યા વાનર રીંછ અપરંપાર. ॥૨૧૬॥
ત્યાં નલ નીલ અનિલ જાંબુવંત સાર, જેના બળ તણો ન આવે અંત ને પાર. ॥૨૧૭॥
ત્યાં આવ્યા સુષેણ ને અંગદ સત્‌સાર, ત્યારે મળ્યાં સૈન્ય પદમ અઢાર. ॥૨૧૮॥
મળ્યા વાનર સૈન્ય અગણીત સધીર, ત્યાં મળ્યાં યોદ્ધા મહાબળવંત વીર. ॥૨૧૯॥
ત્યારે સર્વે જઈને ઊભા રહ્યા છે સાગર તીર, જ્યાં સમુદ્રમાં છે અથાગ અનહદ નીર. ॥૨૨૦॥
ત્યાં મળ્યા યોદ્ધા રીંછ વાનર બળવંત વીર, અને સર્વે ઊભા છે સાગર કેરા તીર. ॥૨૨૧॥
એવી રીતનું સૈન્ય મળ્યું અતિ અપાર, હવે યુદ્ધ કરીશું કઈ પેરે લંકા ઠાર. ॥૨૨૨॥
ત્યાં આવ્યા યોદ્ધા શ્રી રામજી પાસ, તમે આપો આજ્ઞા શ્રી રામચંદ્રજી સાર. ॥૨૨૩॥
ત્યાં વાજીંત્ર વાગ્યાં છે અપરંપાર, શ્રી રામનું સૈન્ય મળ્યું કરે જયજયકાર. ॥૨૨૪॥
જયારે રામ લક્ષ્મણે સૈન્ય દેખ્યું નૈણ, ત્યારે હસી હરખીને બોલ્યા છે વેણ. ॥૨૨૫॥
જયાં સમુદ્ર તીરે કર્યાં છે મેલાણ, ત્યાં વાગે વાજાં વાજીંત્ર અતિ નિશાન. ॥૨૨૬॥
શ્રી રામ લક્ષ્મણ ત્યાં કરે છે વિચાર, કેમ કરીને સૈન્ય ઉતરશે પેલે પાર. ॥૨૨૭॥
ત્યારે આવ્યા વિભીષણ શ્રી રામને લાગ્યા પાયે, લંકામાં યુદ્ધ મુજથી જોયું નવ જાયે. ॥૨૨૮॥
બાંધો સમુદ્રમાં પાળ ક્ષણ એકમાં સાર, સર્વે સૈન્ય ઉતારો પેલે રે પાર. ॥૨૨૯॥

બધી વાનર સેના હનુમાન સાથે આનંદભર શ્રી રામને મળવા માટે કૂદકા મારતી કિષ્કિંધામાં આવી. મારુતિને જોતાં જ રામ લક્ષ્મણ અને સુગ્રીવ મારુતિની સામે ગયા. ત્યાંજ મારુતિ શ્રી રામ પાસે આવ્યા અને શ્રી રામના ચરણોમાં દંડવત્ પ્રણામ કર્યા. ત્યારે શ્રી રામે તેને ઉઠાડી પ્રેમાલિંગન આપ્યું. બધા વાનર વીરોને શ્રી રામ ભેટયા.

પછી રામ લક્ષ્મણ આસન પર બેઠા અને વાનર સભામાં બેસતાં જ મારુતિ સીતા માતા પાસેથી લાવેલ મણિ અને બ્રહ્મદેવે આપેલ પત્ર પ્રભુ શ્રી રામચંદ્ર આગળ મૂક્યા. એ વખતે અંગદે સમુદ્ર તીર પર્યંતનો વૃત્તાંત કહ્યો અને આગળનો વૃત્તાંત ફક્ત મારુતિને ખબર છે. ત્યારે શ્રી રામે મારુતિ સામે જોયું.

હનુમાન હાથ જોડીને બોલ્યાઃ 'પ્રભુ ! એ વૃત્તાંત બ્રહ્મદેવે આ પત્રમાં લખીને આપ્યો છે. સીતાદેવી સુખ રૂપ ત્યાં કૃશ થયેલાં છે એમણે જ આ મણિ એંધાણી તરીકે મારા હાથમાં આપ્યો છે. પછી મારુતિએ સીતાએ કહેલી તિલક સંબંધની અંતરની વાત શ્રી રામને કરી. એ વાત સાંભળતાં જ રામનું હૃદય દ્રવી આવ્યું અને સીતાએ આપેલ દિવ્ય મણિ હૃદય સરસો ચાંપી અશ્રુ પાડવા લાગ્યા.

પછી સીતાની શોધ લાગવાથી આનંદથી શ્રી રામચંદ્ર બોલ્યાઃ 'વાહ હનુમાન ! અફાટ સમુદ્રને તે કંઈ રીતે પાર કર્યો ?

મારુતિ બોલ્યાઃ 'જતી વખતે તમારા સામર્થ્યથી તર્યો અને પાછો આવતા માતાના દિવ્ય મણિથી તર્યો. આ ઉત્તરથી મારુતિની નમ્રતા બધા વિદ્વાન વાનરોના નજરમાં આવી. ભક્તિનું મહત્ત્વ નિદર્શનથી લાવવું એ જ દેવનું કાર્ય છે.'

શ્રી રામની આજ્ઞાથી મારુતિએ બ્રહ્મદેવનો પત્ર વાંચી બતાવ્યો એમાં હનુમાને સીતાની શોધ અને લંકા દહન કરીને રાવણને કેવી દહેશત બેસાડી એની ઇત્થંભૂત હકીકત હતી. શ્રી રામે બધી વાત સાંભળી હર્ષથી મારુતિને પ્રેમાલિંગન આપ્યું. અને બોલ્યાઃ 'તું જાનકીના કુશળ સમાચાર લાવ્યો છે તેથી મને શાંતિ થઈ છે. આ દિવ્ય મણિથી આજ જાનકી જ મને મળી છે તેવું મને લાગે છે. વત્સ હનુમાન, તું ધન્ય છે. તારું ઋણ મારાથી ચૂકવાશે નહીં.'

આ સાંભળતા જ મારુતિ બોલ્યાઃ 'પ્રભુ, તમારો આનંદ એ મારો આનંદ છે ! તમે સીતામાતાના દિવ્ય મણિથી આટલા આનંદમાં છો તો સીતામાતાને મળ્યા પછી તમારા આનંદનો પાર રહેશે નહીં. પછી મને પણ ખૂબ જ ધન્યતા થશે. તમે મને હમણાં જ આજ્ઞા આપો રાવણ સાથે સર્વ રાક્ષસોને મારીને સીતામાતાને લઈને આવું.'

શ્રી રામે કહ્યુંઃ 'હનુમાન, તારું પરાક્રમ અને સ્વામી નિષ્ઠા હું જાણું છું, પણ હજી અવધિ બાકી છે. યોગ્ય સમયે તને જેવી આજ્ઞા થાય એમ વર્તજે. એમ કહીને શ્રી રામે હનુમાનનો હાથ પકડી તેમની પાસે બેસાડ્યા અને એમની પાસેથી લંકાની ઇત્થંભૂત હકીકત પૂછી.'

હનુમાને યુદ્ધની દૃષ્ટિએ લંકાની સ્થિતિનું વર્ણન કર્યું. પછી શ્રી રામચંદ્રની અનુમતિથી હનુમાને મોટેથી ભુભુકાર કર્યો. એટલે સમગ્ર ભરતખંડના રીંછ વાનરો એ જગ્યાએ ભેગા થયા. એમાં બોત્તેર કોટિ રીંછ, છપ્પન કોટિ વાનરગણ હતા. નલ, નીલ, જાંબુવંત, અંગદ, હનુમાન એમની સાથે સુગ્રીવ યુદ્ધ માટે તૈયાર થયા. હનુમાને શ્રી રામને, અંગદે લક્ષ્મણને ખભા પર લીધા. બધાએ શ્રી રામનો જયજયકાર કર્યો. ભુભુકાર કરતી અને શ્રી રામને વંદન કરતી વાનર સેના દક્ષિણ દિશા તરફ વાયુવેગથી સમુદ્ર તીરે પહોંચી.

સમુદ્ર કિનારે સૈન્યનો પડાવ થયો છે એ વાતની રાવણને ખબર પડતાં જ એ ચિંતાગ્રસ્ત થયો. રાવણે પોતાના પુત્ર, પ્રધાન અને સેનાપતિને ભેગા કર્યા અને બોલ્યોઃ 'શ્રી રામ પોતાની વાનર સેના લઈને સામા તીરે આવ્યા છે. એક જ વાનરે આપણને કેટલા બધા હેરાન કર્યા હતા. ત્યારે હવે રામ લક્ષ્મણ અને વાનર સેનાનો નાશ કરવાનો વિચાર કરીને ઉપાય કહો.'

ત્યારે બધાનો વિચાર લઈને પ્રહસ્ત પ્રધાન બોલ્યોઃ 'લંકાધીશ, તમે બિલકુલ ચિંતા કરશો નહીં. એ નર, વાનર, રીંછ વગેરે તો અમારા ભક્ષ્ય છે. દાંતથી કચકચાવીને તોડીને દાઢથી ચાવીને એમને ગળી જઈશું, તમે નિશ્ચિત રહો.' એમ કહીને બધાએ રાવણનો જય જયકાર કર્યો.

વિભીષણ બોલ્યા: 'તમે બોલકા વીર છો. ગઈ વખતે ફક્ત એક જ વાનર આવ્યો, તેણે અનર્થ કરીને તમને ઘાયલ કર્યા. એ વાનરનો પ્રતિકાર તમને કરતાં આવડયો નહીં. હવે તો પૂર્ણ બ્રહ્મ સનાતન શ્રી રામ પોતાની એ અફાટ વાનર સેના સાથે આવ્યા છે, એ શ્રી રામની આગળ તમારું શું થશે ! હજુ પણ સમય છે અને સીતાદેવીને શ્રી રામ પાસે મોકલી પોતાનું કલ્યાણ સાધો. હે પિતૃતુલ્ય બંધુ, મારું કહેવું માન્ય કરો. લંકામાં અપશુકન થાય છે, ઉલ્કાપાત, રકતોનો વરસાદ થાય છે, મંદોદરીને દુષ્ટ સ્વપ્નો આવે છે, એમના કહેવા પ્રમાણે વર્તો. મારી વાણીને વિષાદ ન માનશો. તમારા હિત માટે જ હું બોલું છું.'

'ઈંદ્રજિત ક્રોધિત થઈ બોલ્યો: 'કાકા, આ તમારી વાણી સાંભળીને હમણાં જ તમારો વધ કર્યો હોત, પણ તમે મારા પિતાના ભાઈ છો ! તમે શત્રુના પક્ષપાતી છો ! શત્રુ સામે આવતાં તમે મ્હાં ફેરવો છો ! એ શૂરવીરનું કર્તવ્ય ભૂલી જવું એ તમને શોભતું નથી !'

પ્રહસ્ત બોલ્યો: 'આપણે પણ કંઈ ઓછા નથી પણ આ બીકણપણું પરાક્રમી રાજપુરુષને શોભતું નથી !'

ત્યારે વિભીષણે કહ્યું: 'મૂર્ખાઓ, તમારા જેવા લોકોની સંગતથી રાવણ નિર્બુદ્ધિ થયા છે. એમને સુવિચાર છોડી દીધા છે. શ્રી રામના હાથે તમને યોગ્ય શિક્ષા થતાં જ તમારી બધાની શુદ્ધિ થશે પણ હવે એના સિવાય કોઈ ઉપાય નથી. તમે બધા ઉન્મત્ત થયા છો. હિતના બોલ તમને રુચતા નથી ! છેલ્લે કહું છું મારું વચન સાંભળશો નહીં તો તમારો ક્ષય થશે !

આ ભયંકર અવળવાણી સાંભળતાં જ રાવણને ક્રોધ આવ્યો અને એ શસ્ત્ર લઈને વિભીષણ પર પ્રહાર કરવા દોડી આવ્યો. ત્યારે વિભીષણ શ્રી રામની સેવામાં જવા તૈયાર થયા અને પોતાના ચાર સાથીદાર સાથે સમુદ્રના સામા કિનારે શ્રી રામની છાવણીમાં આવ્યા.'

શ્રી રામને આ ખબર પડતાં જ વિભીષણને પાસે બોલાવ્યા. વિભીષણ પણ શ્રી રામના ચરણોમાં નમી પડ્યા. ત્યારે તેને ઉઠાડીને શ્રી રામ બોલ્યા: 'તમારું અક્ષય કલ્યાણ થાવ. મારુતિ પ્રમાણે તમે પણ ચિરંજીવ થશો. ચંદ્ર સૂર્ય હોય ત્યાં સુધી જગત તમને યાદ કરશે.' પછી લક્ષ્મણ અને સર્વ વાનર વીરોએ અને શ્રી રામે ચતુ:સમુદ્રનું પાણી લાવીને લંકાપતિ તરીકે વિભીષણનો રાજ્યાભિષેક કર્યો.

શ્રી રામે સાગર કંઈ રીતે પાર કરવો એ માટે વિભીષણને પૂછતાં તેમણે કહ્યું: 'સાગરની પૂજા કરીને એને પૂછવું.' શ્રી રામે ત્રણ દિવસ એક સરખું સાગરનું પૂજન કર્યું પણ સમુદ્ર પ્રસન્ન થયો નહીં, ત્યારે શ્રી રામે ધનુષ્ય બાણ કાઢયાં અને બાણ છોડે છે ત્યાં જ સાગર પ્રગટ થઈને આવ્યો અને સાગરે શ્રી રામની પૂજા કરીને ઉત્તરોત્તર વસ્ત્ર અલંકાર કિરીટ કુંડળ અર્પણ કર્યા અને નલ અને નીલના હાથે સેતુ બાંધી સામા કિનારે જવું એમ કહ્યું.

નલ અને નીલે બધા વાનરવીરોએ લાવેલા પથ્થર શ્રી રામના નામથી સમુદ્રમાં નાખીને સેતુબંધન કર્યું. પાંચ દિવસમાં સો યોજન સેતુ બાંધી સુવેલાચલ પર્વત સુધી લઈ ગયા. શ્રી રામ નલ અને નીલને પ્રેમાલિંગન આપી હર્ષથી ભેટી પડયા.

ત્યારે કરજોડી લક્ષ્મણ કરે સેવ, તમે સુણો વિનંતી ત્રિભુવનના દેવ.॥૨૭૦॥
સ્વામી ફીણ થકી તમે રચ્યું ઈંડ, તમે વણ સ્તાંભે રાખ્યું બ્રહ્માંડ.॥૨૭૧॥
આ સકળ સૃષ્ટિ તમે પેદા કરી, હવે ભોળા કેમ થયા શ્રી નરહરિ.॥૨૭૨॥
એવી વિનંતી ત્યાં લક્ષ્મણ જો કહે, ત્યારે સ્વામી શ્રી રામ મન માંહે લહે.॥૨૭૩॥
શ્રી રામે હનુમાનને બોલાવ્યા ત્યાંય, તેને કહી વાત એક મન માંય.॥૨૭૪॥
શ્રી રામના સૈન્ય મળ્યા તેના શું કરીયે વખાણ, તે સર્વ છે શૂરવીર બળવંતા જાણ.॥૨૭૫॥

સર્વે ભેદ શ્રી રામે કહ્યા સમજાય, તમે લાવો પત્થરને બાંધો પાળ. ॥૨૩૬॥
સર્વે લાવી પત્થર પાણીમાં ધરે, અને શ્રી રામ નામથી પત્થર તરે. ॥૨૩૭॥
જે શ્રી રામે મૃગ માર્યા તત્કાળ, તે શ્રી રામે બાંધી સમુદ્રમાં પાળ. ॥૨૩૮॥
શ્રી રામના સૈન્યનાં શું થાય વખાણ, ત્યાં પાણી ઉપર તરાવ્યા છે પહાણ. ॥૨૩૯॥
જ્યાં બાંધી પાળ માવે મન જો ધરી, ત્યાં પહેલાં સમુદ્ર વાનર ગયા ઉતરી. ॥૨૪૦॥
પછી લશ્કર શ્રી રામે ઉતાર્યું છે ઘણું, ત્યાં સુવેલા પર સૈન્ય આવ્યું શ્રી રામ તણું. ॥૨૪૧॥
ખબર થઈ રાવણને દૂત મોકલ્યો ત્યાંય, શ્રી રામ સૈન્યની ગણત્રી કરવા લાગ્યા જ્યાંય. ॥૨૪૨॥
સોળ માળેથી જુવે રાવણ શ્રી રામનાં દળ, લક્ષ્મણે જોઈ મુકુટ પડીયા કીધી છળબળ. ॥૨૪૩॥
શ્રી રામે અંગદને મોકલ્યો રાવણને પાસ, ત્યારે કોપ કરીને રાવણ બોલ્યો વાચ. ॥૨૪૪॥
મારી પાસે છે યોદ્ધા અનંત અપાર, રામના સૈન્યને પકડી ખાયે ન આવે પાર. ॥૨૪૫॥
કુંભકર્ણ ઈંદ્રજીત મારો યોદ્ધો બળવંત, નર વાનર રીંછ સર્વેનો કરું અંત. ॥૨૪૬॥
કોપ કરીને ઉઠાવી લાવ્યો રાવણ શિરના મુકુટ, શ્રી રામે વિભીષણને પેરાવ્યો તત્ક્ષણ. ॥૨૪૭॥
ત્યારે ઘમાસાણ યુદ્ધ થયું છે અપાર, રાવણના સૈન્યની થઈ વિપરીત હાર. ॥૨૪૮॥
હરાવી રાવણને સર્વે સેનાપતિ આવીયા, શ્રી રામે તેઓનાં બહુમાન જો કીયા. ॥૨૪૯॥

પછી શ્રી રામ ઉત્તમ સમય જોઈને બધા સૈન્ય સાથે લંકામાં જવા નીકળ્યા. હનુમાને શ્રી રામને અને અંગદે લક્ષ્મણને ખભા પર ઉપાડી લઈને સર્વ સેના શ્રી રામનો જયજયકાર કરતી સેતુ પરથી ચાલવા લાગી અને અડધા પ્રહરમાં સુવેલાચલ પર્વત પર આવી પહોંચી. આ ખબર રાવણને મળી. તેમણે ગુપ્તચરો શુક અને સારણને મોકલી રામસેનાની ગણતરી કરીને લાવવા માટે કહ્યું એ બંને રાક્ષસ દૂતો વાનરોનો વેષ ધારણ કરીને રામસેનામાં આવ્યા. પણ વિભીષણ એમને ઓળખી ગયા અને શ્રી રામને કહ્યું. શ્રી રામચંદ્રએ એમની ચોકસાઈ કરીને સેવકોને સૈન્ય બતાવવાની આજ્ઞા કરી.

બધા સમાચાર લઈને એ બંને રાવણ પાસે આવ્યા. તેમણે રાવણને સોળ માળના મહેલ ઉપર લઈ જઈને ત્યાંથી બધી સવિસ્તાર હકીકત કહીને દસ યોજન લાંબી એવી વાનર સેનાનો વિસ્તાર રાવણને બતાવ્યો અને બોલ્યાઃ 'ભગવાન વિષ્ણુએ જ તમારા વધ માટે શ્રી રામનો અવતાર લીધો છે, એમ અમે સાંભળ્યું, ત્યારે એમની સામે તમારો વિજય થશે નહીં ! એ માટે શ્રી રામને સીતા પાછી આપી આ યુદ્ધ પ્રસંગ ટાળો.' આ સાંભળી રાવણે ક્રોધથી બંનેને ત્યાંથી ભગાડી મૂક્યા અને પોતે ઊભો રહીને રામ સૈન્યનું નિદર્શન કરવા લાગ્યો.

વિભીષણ રામ લક્ષ્મણને રાવણ નિદર્શન કરી રહ્યો છે એમ કહેતાં લક્ષ્મણે બાણ છોડીને રાવણનો મુકુટ છેદી ભૂમિ પર પાડી દીધો. રાવણ ગભરાયો અને એ નીચે આવ્યો. ચિંતાગ્રસ્ત થવાથી એ કોઈની સાથે સરખું બોલ્યો પણ નહીં. એને ભોજન પણ રસહીન લાગ્યું.

રામ સેના પ્રત્યક્ષ જોયા પછી રાવણનું મન વિચલીત થયું. રાવણને પોતાની ઈચ્છા પૂર્ણ થવી દુષ્કર લાગવા લાગી. પછી રાવણે મંત્ર શક્તિથી રામનું માયાવી શિર તૈયાર કરીને એ સીતા પાસે લાવ્યો અને રામ મરણ પામ્યાનું કહ્યું, ત્યારે હવે હું જ તારો આધાર છું, તને પટ્ટરાણી બનાવી મંદોદરીને તારી દાસી બનાવીશ વગેરે પ્રલોભન આપી સીતાને વશ કરવાનો તેણે પ્રયત્ન કર્યો. ત્યારે વિભીષણની પત્ની સરમાએ ગુપ્ત રૂપથી આવી રાવણની આ માયાવી રમત છે, તું ફસાઈશ નહીં, રામ લક્ષ્મણ અને એમનું સૈન્ય સમુદ્ર કિનારે સુરક્ષિત છે. એ મહત્ત્વની વાત કહી સીતાને સાવધ કર્યાં. સીતાએ સરમાનો આભાર માન્યો.

આવી રીતે રાવણે ઘણા પ્રયત્નો કર્યા પણ વ્યર્થ. સીતા રાવણના સામું પણ જોતી નહોતી. તેથી રાવણે મંદોદરી મોકલીને સીતાને મનાવવાનો પ્રયત્ન કર્યો. ત્યારે સીતાએ મંદોદરીનું સ્વાગત કરીને કહ્યું: 'તું એક મહાન પતિવ્રતા છે એવી હું પણ છું. મારું અંતઃકરણ તું ઓળખવા તૈયાર છે ? સીતાએ એને દિવ્ય જ્ઞાનનો ઉપદેશ આપીને બ્રહ્માનંદમાં નિમગ્ન કરી નાખી. એના મનનો દુષ્ટ હેતુ નષ્ટ થયો. રાવણ પાસે ગયા પછી મંદોદરીને શ્રી રામનું સ્વાગત કરીને માન સન્માનથી સીતાને પાછી સોંપવા વિનંતી કરી.

મંદોદરીની વાણી સાંભળીને રાવણે કહ્યું: 'પ્રિયે, તારું કહેવું મને માન્ય છે પણ ખરો પુરુષાર્થી પોતાનો વીર ધર્મ કદી છોડતો નથી. શ્રી રામ આદિ પુરુષ છે એ હું જાણું છું, તેઓ મારાથી યુદ્ધ કરવાના હેતુથી આવ્યા છે, ત્યારે યુદ્ધ કરવું મારું કર્તવ્ય છે તે હું બજાવીશ જ. રામને હું મારા પરાક્રમથી જીતીશ, એ તું ધ્યાનમાં રાખ.'

રાવણની અહંકારી વાણી સાંભળીને મંદોદરી ત્યાંથી નીકળીને સ્વસ્થાને ગઈ. અહીં મંદોદરીની વાણીથી ચિંતિત થઈ રાવણ ગોપુર પર ફરીથી ચઢીને વાનર સૈન્ય જોવા લાગ્યો, ત્યાં જ સુગ્રીવ કૂદકો મારી રાવણના શરીર પર પડયો. એ ચબરાકે રાવણના દસે છત્ર અને દસે મુગટ નીચે પાડયા અને રાવણ સાથે મલ્લ યુદ્ધ કરીને રાવણને નીચે પાડયો અને કૂદકો મારીને ફરી પોતાના સૈન્યમાં પાછો આવ્યો.

શ્રી રામે કહ્યું: 'મિત્ર' આપણી પાસે સૈન્ય હોવાથી રાજાએ આગળ ન જવું જોઈએ. તને જય મળ્યો એ ખૂબ સારું છે પણ હવે આપણે બધા મળીને અંગદને વિષ્ટિ માટે રાવણ પાસે મોકલીએ. સમાધાનથી ન માને તો આગળનું આયોજન કરીશું.

અંગદ રાવણની સભામાં જઈને પોતાનો પરિચય આપતાં બોલ્યો: 'હું વાલીપુત્ર અંગદ, રામનો દૂત તારી પાસે વિષ્ટિ માટે આવ્યો છું.' એમ કહીને અંગદે શ્રી રામનો સંદેશ આપ્યો કે; 'રાજાનું કર્તવ્ય પ્રજાનું પાલન કરવું, અન્યાયનો વિરોધ કરી જ્ઞાન દૃષ્ટિએ ન્યાયથી વર્તન કરવું વગેરે રાજાના કર્તવ્યની જાણકારી આપીને કહ્યું કે; હે રાવણ ! તું જાનકીને પોતાની કન્યા માનીને શ્રી રામને અર્પણ કર અને સુખી થા.' અંગદે રાવણને કલ્યાણકારી બોધ વચન કહ્યાં.

પણ દુર્બુદ્ધિ રાવણને એ કંઈ જ રુચ્યું નહીં. ઉલટું અંગદને ગુસ્સે થઈ જેમ તેમ ઉદ્ધતાથી બોલીને સભામાંથી બહાર જવા કહ્યું. ત્યારે અંગદે પોતે કરેલા પરાક્રમનું શ્રી રામે બતાવેલા શૌર્યનું વર્ણન કરીને યાદ કરાવી આપી.

રાવણને ક્રોધ આવતાં તેણે સેવકને આજ્ઞા કરીને અંગદને પકડીને બાંધવાનું કહ્યું. ત્યારે અંગદે ભયંકર ગર્જના કરીને પોતાની પૂછડીનો ઝાટકો રાવણના હૃદય પર મારીને પગના અંગૂઠાથી એનો મુકુટ ઉડાવ્યો અને મુકુટ લઈને આવતા અંગદને જોઈ બધા વાનરોએ ખુશીથી ભુભુકાર કર્યો. અંગદ નીચે ઉતર્યો અને રાવણનો મુકુટ શ્રી રામ આગળ મૂકી એ શ્રી રામના ચરણે પગે લાગ્યો. રામે એ રાવણનો મુકુટ વિભીષણના મસ્તકે મૂક્યો અને શ્રી રામે એનો આદર કર્યો. પછી શ્રી રામ બોલ્યા: 'અંગદ, ધન્ય છે તને, તું ખરો વીર છે.'

પછી શ્રી રામ પાસે આવીને અંગદે રાવણની સભામાંનો બધો વૃત્તાંત શ્રી રામ લક્ષ્મણ સહ બધા વીરોને નિવેદન કર્યો અને શ્રી રામને કહ્યું: 'યુદ્ધમાં રાવણને જીત્યા સિવાય સીતાદેવી પાછી મેળવવી શક્ય નથી.' આ વાક્ય ઉચ્ચારતાં જ ધનુષ્ય સજ્જ કરીને લક્ષ્મણે એમાં બાણ ચડાવ્યું અને પોતાના કાન સુધી ખેંચતાં સપ્ત દ્વીપ ધણધણી ઉઠ્યા, સુગ્રીવે સાદ કરતાં જ અઢાર પદ્મ વાનર, છપ્પન કોટિ રીંછ ગર્જના કરી ઉઠ્યા, વાનરોના ભુભુકારથી લંકાનગર ધણધણી ઉઠ્યું, પૃથ્વી ડગમગવા

લાગી, નક્ષત્ર પડવા લાગ્યાં, લંકાના લોકોને પ્રલય કાળ નજીક આવ્યો હોય એવો ભાસ થવા લાગ્યો. અગ્ર ભાગે વાનરોના વૈદ્યરાજ સુષેણ વીસ કોટિ વાનરવીર સાથે ચાલવા લાગ્યો. મારુતિ ભુભુકાર કરતો એની પાછળ પાછળ દોડ્યો. પ્રતાપી વાનરો રાક્ષસોના વાળ પકડી પકડી એમને નીચે પાડવા લાગ્યા. કેટલાક વાનર લંકાના કિલ્લા પર ચઢ્યા. કિલ્લામાંના રાક્ષસોનો એમણે સંહાર કર્યો.

રાક્ષસો ઉલ્હાટયંત્ર, તોમાર, ભિંડીમાલા વગેરે શસ્ત્રો ચલાવીને વાનર સેનાને મારવા લાગ્યા. ત્યારે કોટના કાંગરા ઉપર ચઢેલા વાનરોએ રાક્ષસો પર અસંખ્ય પત્થરો ફેંકવા લાગ્યા. એને લીધે શસ્ત્ર સહિત રાક્ષસોનો નાશ થવા લાગ્યો. કોઈ પોતાના તીક્ષ્ણ નખોથી રાક્ષસોના પેટ ફાડી ફેંકવા લાગ્યા. કિલ્લાનો સભાખંડ રાક્ષસોના મૃતદેહોથી ભરાઈ ગયો.

રાવણે ધુમ્રાક્ષ, ઈંદ્રજિત વગેરે વીરો સાથે અગણિત સૈન્ય યુદ્ધ મેદાનમાં મોકલ્યાં. બંને સૈન્યોનું ઘોર યુદ્ધ થયું, અસંખ્ય વીર માર્યા ગયા. મારુતિના જબરદસ્ત પ્રહારથી ધુમ્રાક્ષ મૃત થયો. ત્યારે ઈંદ્રજીત ત્વરાથી લડીને રામ લક્ષ્મણને નાગપાશોથી બાંધીને એ આકાશમાર્ગે વનમાં સીતાને બતાવવા માટે લઈ ગયો. એ કરુણ દૃશ્ય જોઈ સીતા અત્યંત શોક કરવા લાગ્યાં. પછી સીતાને સરમાએ સાવધ કરી ધીરજ આપી અને શ્રી રામ લક્ષ્મણ થોડીવાર પછી આવશે, તું ચિંતા કરીશ નહીં એમ કહ્યું.

અહીં રામ લક્ષ્મણ એક સાથે મૂર્છિત થતાં જ લંકામાં રાવણે આનંદોત્સવ શરૂ કર્યો. બધા વાનરવીર ચિંતાતુર થયા. એટલામાં વાયુદેવે મારુતિને સાવધ કરીને ગરુડનો મંત્ર જપવાનું કહ્યું. મારુતિએ ગરુડનું સ્મરણ કરતાં જ ગરુડે આવીને નાગપાશ તોડીને રામ લક્ષ્મણને બંધનમુક્ત કર્યા. એ જોઈને બધા વાનર આનંદિત થયા અને મોટેથી ઉત્સાહનો જયજયકાર કરવા લાગ્યા. પછી એમણે પોતાના સૈન્યની ટુકડીઓ કરીને ચારે દિશાથી લંકાને ઘેરી લીધી.

રામ લક્ષ્મણ નાગપાશમાંથી મુક્ત થતાં જ વાનર સૈન્ય સાથે યુદ્ધમાં ઊભા છે એ વાતની રાવણને ખબર પડી ત્યારે આશ્ચર્યચકિત થઈને રાવણે પ્રહસ્તને વીસ અક્ષૌહિણી સૈન્ય સાથે મોકલ્યો. એ રાવણનો મુખ્ય પ્રધાન અને સેનાપતિ હતો. નીકળતી વખતે પ્રહસ્તને પુષ્કળ અપશુકન થયાં. અપશુકનને ન ગણકારતાં આવેશથી એ રામના સૈન્ય પર દોડી આવ્યો. આમ એકાએક બંને સૈન્ય વચ્ચે તુમુલ યુદ્ધ શરૂ થયું. પ્રહસ્ત સાથે યુદ્ધ કરવા નીલને મોકલ્યો. કારણ બંને સેનાપતિ હતા. બંને વચ્ચે દારુણ યુદ્ધ થયું. પ્રહસ્તે નીલના આખા શરીર પર બાણ માર્યાં. નીલે પ્રચંડ તાડવૃક્ષ પ્રહસ્ત ઉપર ફેંકતાં જ એના રથ સાથે ચૂરેચૂરા થઈ ગયા. વાનરોએ નીલનો જયજયકાર કર્યો. એ જોઈ પછી રાવણ પોતે જ યુદ્ધમાં ઘનઘોર યુદ્ધ કરવા લાગ્યો.

એટલામાં મંદોદરી પોતાના પુત્ર અતિકાય અને પ્રધાન માલ્યવાનને સાથે લઈને ત્યાં આવી અને રાવણને હાથ જોડીને કહેવા લાગી; 'પ્રાણનાથ, તમે આ અનર્થ કરશો નહીં. અન્યાયથી વર્તનાર કોઈને યશ પ્રાપ્ત થતો નથી. વેદશાસ્ત્રથી નિષિધ માનેલા પરધન અને પરદારાહરણ એ અનુચિત કાર્યથી પ્રવૃત્ત થઈને પોતાના જ હાથે પોતાનો ઘાત કરી લેશો નહીં, એમ વિનંતી કરી, પણ મંદોદરીની વાતનો કોઈ જ સ્વીકાર રાવણે કર્યો નહીં.

રાવણ બોલ્યો: 'પુરુષાર્થી પુરુષે શત્રુ સામે ઊભા રહ્યા પછી એને પીઠ બતાવવી નહીં. હું શત્રુને ઠાર મારીને મારો હેતુ પાર પાડીશ ! હવે તું ઘેર જા. મારી ચિંતા ન કરીશ. જેણે કૈલાસ હલાવીને બધા દેવ બંદીત કર્યા, એમની આગળ મર્કટોનું શું ગજું ?

મંદોદરી ખિન્નપણે ત્યાંથી નીકળી ગઈ. પછી રાવણે સુગ્રીવ, ગવય, ગંધમાધન, મૈંદ, મુકુદ, દ્વિવધ, ગવાક્ષ, નલ આ બધા વાનરવીરોને ઘાયલ કરી નાખ્યા અને પછી એ લક્ષ્મણ તરફ દોડયો. રાવણે અનિવાર્ય બ્રહ્મશક્તિ અભિમંત્રીત કરીને એ બાણ લક્ષ્મણ પર છોડ્યું. લક્ષ્મણે એ બાણને રોક્યું પણ અડધું બાણ તેને વાગ્યું તેથી લક્ષ્મણ મૂર્છિત થઈ ગયો. શ્રી રામે આગળ વધીને લક્ષ્મણને સાચવ્યો અને ત્રણ બાણોથી રાવણને ઘાયલ કરીને જમીન પર પાડ્યો.

શ્રી રામ રાવણને બોલ્યાઃ 'દશવદન, આજ હું તને છોડું છું. આજનો દિવસ તારા ઐશ્વર્યનો ઉપભોગ કરી લે. કાલે બધીજ રાણીઓના પુત્ર પૌત્રોને અને બધા પરિવારને યુદ્ધમાં લઈ આવ. પછી હું તારો વધ કરીશ.' આ વાણી સાંભળી હતપ્રભ થયેલો રાવણ દીન વદનથી પાછો ફર્યો.

ત્યારે મહા યોદ્ધો કુંભકર્ણ સૂતો છે જ્યાંય, તેણે નિદ્રામાંથી જગાડયો છે ત્યાંય. ॥૨૫૦॥
ત્યાં જાગ્યો જોદ્ધો ભૂખ્યો હતો જેહ, છપ્પન કરોડી સૈન્ય ભરખ્યું તેહ. ॥૨૫૧॥
ત્યાં પાછળથી હનુમાન દોડંતો જાય, ત્યારે દૈત્યનો ભક્ષ પૂરો થાય. ॥૨૫૨॥
ત્યારે હનુમાને મન મોહેથી કર્યો વિચાર, ત્યાં રાવણને ધમકી આપી કર્યા નિરાશ. ॥૨૫૩॥
એ મહા બળીયો હનુમાન આવ્યો તે પાર, જો તું કરે યુદ્ધ તો નીકળ બહાર. ॥૨૫૪॥
જો તું યોદ્ધો છે મહાબળવંત, કેમ છુપો રહેવાનો હવે તારો છે અંત. ॥૨૫૫॥
હનુમાન જીતી આવ્યો તેણે ઠામ, ત્યાં સૈન્ય લાવ્યા જ્યાં હતા શ્રી રામ. ॥૨૫૬॥
ચઢયું છે સૈન્ય શ્રી રામજી તણું, તો ઋષિવર યુદ્ધ થશે અતિ ઘણું. ॥૨૫૭॥
શ્રી રામનું સૈન્ય બળીયું છે અપાર, રાવણ સૈન્યનો કરે છે સંહાર. ॥૨૫૮॥
નીલ અનિલ બળીયા યોદ્ધા અપાર, અને પૂર્વની પોળે વળીયા સાર. ॥૨૫૯॥
પશ્ચિમ પોળે છે જોદ્ધા જાંબુવંત, દક્ષિણની પોળે રહ્યા છે હનુમંત. ॥૨૬૦॥
ઉત્તરની પોળે છે રાઘવરાય, સૈન્ય અનંત ઘણું કહ્યું નવ જાય. ॥૨૬૧॥
મારે હાક વીર હનુમાન જ્યાંય, ચારે દિશાથી ઘેરી છે લંકાનગરી ત્યાંય. ॥૨૬૨॥

અપમાનીત થયેલો રાવણ લંકામાં પાછો આવ્યો. અપમાનથી એનું હૃદય બળવા લાગ્યું. ચિંતાગ્રસ્ત સ્થિતિમાં મહોદરને કહ્યુંઃ 'હું આટલો બધો પરાક્રમી હોવા છતાં એક ક્ષુલ્લક માનવે મને યુદ્ધમાંથી ભગાડયો !'

ત્યારે મહોદરે રાવણને ધીરજ આપી કહ્યુંઃ 'લંકાપતિ, એવી ચિંતા કરશો નહીં. હવે કુંભકર્ણને ઉઠાડો. એ ક્ષણમાં રામ લક્ષ્મણ સાથે બધું વાનર સૈન્ય ગળી લેશે.'

રાવણને એ વાત પસંદ પડી અને કુંભકર્ણને ઉઠાડવા માટે દસ હજાર રાક્ષસોને વિરૂપાક્ષ અને મહોદર સાથે મોકલ્યા. કુંભકર્ણ નસકોરાં બોલાવતો ઊંઘતો હતો. રાક્ષસોએ કુંભકર્ણને જગાડવા માટે મોટેથી બૂમો પાડી મોટેથી વાદ્ય વગાડ્યાં. એના શરીરમાં નાના હથિયારો ખૂંપ્યાં, તો પણ એ જાગ્યો નહીં. છેલ્લે કેટલીક કિન્નર સ્ત્રીઓ કુંભકર્ણના કાન પાસે બેસાડી એમના કર્કશ ગાયનોથી એ જાગી ગયો.

રાવણે અન્નના પર્વત અને મદ્યની હજારો પખાલો ત્યાં લાવી મૂક્યાં હતાં. એણે બધું ભક્ષણ અને પ્રાશન કર્યું. કેટલાંક પશુઓના આહાર કર્યા પછી મહોદર તરફ જોયું. તેણે કુંભકર્ણને સીતાહરણથી રાવણના પરાજય સુધીની બધી હકીકત જણાવી. કુંભકર્ણ રાવણને મળવા જવા નીકળ્યો. કુંભકર્ણને જોતાં જ કેટલાંક રાક્ષસો બી ગયા પછી વાનરોની શું મજાલ !

વિભીષણે રામને કુંભકર્ણ જાગ્યો હોવાની અને એની વિલક્ષણ ભૂખનો વૃત્તાંત કહ્યો. એ સાંભળીને કેટલાક વાનરો ગભરાવા લાગ્યા. કેટલાકના શરીરે પરસેવો વળ્યો. એમને લાગવા માંડ્યું કે હવે આપણી પહોંચ નથી. ત્યારે એમની બીક નષ્ટ કરવા માટે રામે મારુતિને નેત્રથી સંકેત કર્યો. એ જોઈને મારુતિએ આકાશમાં ઊંચો કૂદકો માર્યો અને કુંભકર્ણ રાવણની

સાથે જતો હતો ત્યારે એની પાછળ ઉતર્યો. તેણે ત્રણ વાર કુંભકર્ણને ઉપાડ્યો પણ મદ્યના મદમાં હોવાથી કુંભકર્ણને ખબર પડી નહીં. ચોથી વખતે કુંભકર્ણને પકડીને ગોળ ગોળ ફેરવ્યો. કુંભકર્ણને ફેંકશે તો અનેક જીવ નિષ્કારણ મરશે માટે એને નીચે મૂકી મારુતિ પાછો આવ્યો. આ દ્રશ્ય જોઈ વાનરવીરોની બીક જતી રહી.

કુંભકર્ણ અને રાવણ સભામાં ગયા પછી રાવણને વંદન કરીને કુંભકર્ણ પોતાના આસન પર બેઠો અને પૂછપરછ કરી. ત્યારે રાવણે સર્વ હકીકત કુંભકર્ણને નિવેદન કરી.

ત્યારે કુંભકર્ણ બોલ્યોઃ 'તમે સીતાને ઘેર લાવીને વ્યર્થ કુલ ક્ષય આરંભ્યો છે. શ્રી રામ આદિ નારાયણનો અવતાર છે અને વાનરો એ દેવ છે. નારદે તમને આ બધું સમજાવીને કહ્યું હતું પણ તમે સમજી વિચારીને વિપરીત કર્મ કરો છો. એનાં ખરાબ કર્મ ભોગવ્યા સિવાય છુટકો નથી. તમે ન કરવા જેવું કાર્ય કર્યું તો પણ તમારી મનોકામના પૂર્ણ થઈ શકી ખરી ?'

રાવણ બોલ્યોઃ 'પહેલાં સીતાએ મારું અપમાન કર્યું માટે જ હું તેને ઉપાડી લાવ્યો. મેં બધા જ ઉપાય કર્યા પણ એ વશ થતી નથી.

કુંભકર્ણ બોલ્યોઃ વડીલબંધુ, હું તમને એક ઉપાય બતાવું છું. ઈંદ્રએ જેમ અહલ્યાને ફસાવી એમ તમે રામનું રૂપ કપટ મંત્રથી લો એટલે એ તત્કાળ તને વશ થશે'

રાવણ બોલ્યોઃ 'હું રામ નામ લઈશ તો મારી દુર્વાસના નહીવત્ થશે અને હું એકબાણી, એકવચનની અને એક પત્નીવ્રત થઈશ પછી મારો બધો પુરુષાર્થ વ્યર્થ જશે. માટે તું યુદ્ધમાં જઈને રામ લક્ષ્મણનો વધ કર એટલે સીતા મને વશ થશે.'

ત્યારે મોટા ભાઈના વચનને માન આપી કુંભકર્ણ યુદ્ધમાં જવા નીકળ્યો. તેણે રાવણને નમસ્કાર કરીને આશ્વાસન આપ્યું કેઃ ભાઈ ! 'આજે જ રામ સાથે બધાનું ભક્ષણ કરું છું. તમે ચિંતા છોડો.'

પછી કુંભકર્ણ અગણિત રાક્ષસ સેના લઈને સમરાંગણે આવ્યો. ઉભય સૈન્યમાં ઘનઘોર યુદ્ધ થયું. સમરાંગણમાં લોહીની નદીઓ વહેવા લાગી. કુંભકર્ણ મુગ્દલ લઈને શ્રી રામ પર દોડયો. આ જોઈને મારુતિએ એક મોટો પર્વત કુંભકર્ણ પર નાખ્યો. મુગ્દલે પર્વતને ચૂર્ણ કરી નાખ્યો. મારુતિ ઉપર કુંભકર્ણે શૂળનો પ્રહાર કરતાં જ મારુતિને મૂર્ચ્છા થઈ ગઈ. નલ, નીલ, સુગ્રીવ વગેરે ઉપર કુંભકર્ણે પ્રહાર કર્યા. સુગ્રીવે કુંભકર્ણના ખભા પર ચઢીને તેનું નાક કાન કાપીને રામ આગળ લાવ્યો. કુંભકર્ણને વિજયોન્માદથી એ ખબર પર ન પડી. કુંભકર્ણ વિજયી થઈને આવતા હોવાની વાતની ખબર પડતાં જ રાવણ અતિ આનંદથી આગળ આવવા લાગ્યો પણ એ કુંભકર્ણના નાક કાન કાપેલાં જોઈ રાવણે અરીસો લઈને કુંભકર્ણને તેનું પ્રતિબિંબ બતાવ્યું. પોતાનું વિકૃત સ્વરૂપ જોઈને કુંભકર્ણને શરમ આવી અને એ એવો જ રણમેદાનમાં પાછો આવીને રામ તરફ દોડ્યો. વિભીષણે કુંભકર્ણને સમજાવ્યો.

પણ કુંભકર્ણે વિભીષણને કહ્યુંઃ 'તું બંધુ દ્રોહી છે ! પોતાનું ઘર છોડીને શત્રુને જઈને મળ્યો છે, તું વંશ વિચ્છેદનું કારણ છે ! તું અમને તિલાંજલી આપી રામને ઉપયોગી થઈશ ? પાછો ફર વિભીષણ અને શ્રી રામની પાછળ બેસ.' વિભીષણ પાછળ ફર્યો અને કુંભકર્ણ શ્રી રામ સામે આવ્યો.

શ્રી રામે કુંભકર્ણને કહ્યુંઃ 'તમે રાક્ષસોએ ત્રિભુવનમાં ત્રાસ ગુજાર્યો છે. સર્વને પીડિત કરી મૂક્યા છે. તમારા વધ કરવા માટે મેં અવતાર લીધો છે ! એમ કહીને રામે ધનુષ્ય સજ્જ કર્યું.

કુંભકર્ણ બોલ્યોઃ 'શ્રી રામ ! તું અમારા જન્મ જન્માંતરનો વેરી છે. તને હવે ગળી જ જઉં છું. તારા બાણની તો શું વિસાત છે.

એક દિવ્ય બાણ કાઢીને એ બાણની ઉપર પલયાગ્નિની સ્થાપના કરીને શ્રી રામે કુંભકર્ણ પર છોડ્યું. એ યોગે એના બંને હાથ તૂટી પડયા. બીજા બાણથી કુંભકર્ણના પગ તોડયા અને ત્રીજા અદ્ભુત બાણે કુંભકર્ણનું શિર ઉડાડયું. એ પ્રચંડ શિર લંકામાં જઈને પડયું. તેણે અસંખ્ય ઘરોનો નાશ કર્યો. એની સાથે વાનરોએ શ્રી રામનો જય જયકાર કર્યો. આકાશમાં દુંદુભિ વાગવા લાગી. બધા દેવોને આનંદ થયો. અહીં કુંભકર્ણ મરણ પામતાં જ એના ગુણ યાદ કરી રાવણ શોક કરવા લાગ્યો. સંપૂર્ણ લંકા નગરી દુઃખ સાગરમાં ડૂબી ગઈ.

રાવણ સૈન્યમાં છે દૈત્ય મહાબળવંત, રામ સૈન્ય શું લઢે ધરે ના ખંત. ॥૨૬૩॥
ગગને રેણુ ને લોપે છે સૂર, અને પગ તળે પત્થર થાયે ચકનાચૂર. ॥૨૬૪॥
મારે હાકને યોદ્ધાઓ થરથરે, કંપે ધરતીને મોટા પર્વત પડે. ॥૨૬૫॥
ચાર દિશાએ વાજીંત્ર વાજાં ગડગડે, અને ત્રણે લોકમાં હાક જો પડે. ॥૨૬૬॥
રાવણ રાક્ષસ કોપ્યો છે અતિ ક્ષણ, આવ્યો ઈંદ્રજીત લક્ષ્મણ ને થઈ જાણ. ॥૨૬૭॥
દૈત્ય ઈંદ્રજિત મહા બળીયો કહેવાય, તેના બાણ થકી લક્ષ્મણ મૂર્છિત થાય. ॥૨૬૮॥
શ્રી રામે હનુમાનને શીખ દીધી સત્યભાય, દ્રોણાચલથી ઔષધી લઈ આવો આંય. ॥૨૬૯॥
ત્યાં રામની શીખ લઈ હનુમાન જાય, દ્રોણાચલ પર્વત હતો તે ઠાયે. ॥૨૭૦॥
જતિ હનુમાને આ પર્વત જોયે, સર્વે વૃક્ષે અમૃત વૃક્ષ વલ્લી હોયે. ॥૨૭૧॥
હનુમાને પૂછ ફેરવીને જપ્યા શ્રી રામ, તે જતિએ ઉઠાવ્યા દ્રોણાચલ તેણે ઠામ. ॥૨૭૨॥
હનુમાન અમૃત વૃક્ષવલ્લી લાવ્યા જઈ, તે ઔષધીથી લક્ષ્મણ બેઠા થયા છે સહી. ॥૨૭૩॥

કુંભકર્ણનો વધ થયા પછી રાવણની ધીરજ ખૂટી. રાવણને કંઈ સૂઝતું નહોતું. મોટા મોટા વીર રણમેદાનમાં માર્યા ગયા હતા. હવે શ્રી રામની સામે કોને મોકલવા એ ચિંતામાં રાવણ હતો.

ત્યારે મહોદર, મહાપાર્શ્વ, નરાંતક, દેવાંતક, ત્રિશીર, અતિકાય વગેરે આ રાક્ષસો રાવણ પાસે આવ્યા અને બોલ્યાઃ 'અમે રણમેદાનમાં જઈને રામ લક્ષ્મણને ઠાર મારીએ છીએ. તમે ગભરાશો નહીં. આમ ધીરજ આપીને એ રણમેદાનમાં આવ્યા.

આ જોતાં જ કપિ વીર આગળ આવ્યા. અંગદ, વૃષભ, નલ અને મારુતિ આ ચારેય મહાવીરોએ એમનાથી ભયંકર લડાઈ કરી અને એ છ એ રાક્ષસોને યમસદનમાં મોકલ્યા. લક્ષ્મણે એક દિવ્ય બાણ છોડીને અતિકાયનો શિરચ્છેદ કર્યો. આ ખબર જાણતાં જ રાવણને મૂર્ચ્છા આવી ગઈ અને તે જમીન પર ઢળી પડયો.

એ વખતે મેઘનાદ-ઈંદ્રજિત પોતાના પિતાને સાંત્વન આપી અને બોલ્યોઃ 'પિતાજી, જે થવાનું હતું એ થયું એમ કલ્પાંત કરવાથી કંઈ વળશે નહીં. એનો શોક કરશો નહીં. હું જ હવે યુદ્ધમાં જઈને શત્રુનો નાશ કરું છું.' આમ કહીને એણે લોહીથી સ્નાન કર્યું. રક્તવસ્ત્ર પહેર્યાં. અગ્નિકુંડ પ્રગટાવી બહેડાના સમિધોથી એમને મંત્રયુક્ત વિધિયુક્ત હવન કર્યો. હવન પૂર્ણ થતાં જ અગ્નિકુંડમાંથી ધનુષ્ય, બાણ, ભાથાં વગેરે અનેક પ્રકારનાં શસ્ત્રો સાથે અશ્વસારથી યુક્ત દિવ્ય રથ બહાર આવ્યો.

એ રથમાં બેસીને ઈંદ્રજિત તૈયાર થઈને યુદ્ધ કરવા લાગ્યો. હજારો વાનરવીર, રીંછ ધારાતીર્થે જઈ પડયા. વાનરસેનામાં હાહાકાર થયો. બધી વાનરસેના મૂર્છિત થઈ ગઈ. છેલ્લે લક્ષ્મણને પણ મૂર્છિત કરી દુંદુભિ વગાડતો આનંદથી એ લંકામાં પાછો ગયો. ઈંદ્રજીતે લક્ષ્મણને મૂર્છિત કર્યો પણ હનુમાન અને વિભીષણ પર કંઈ અસર થઈ નહીં. હનુમાનજી અને જાંબુવંત લક્ષ્મણને લઈને રામ પાસે આવ્યા. જાંબુવતે રામને સાવધાન કરીને થયેલી બધી હકીકત જણાવી.

અહીં લક્ષ્મણને ખોળામાં લઈને શ્રી રામ દુઃખ કરવા લાગ્યા. વૈદ્યરાજ સુષેણના કહેવાથી દ્રોણાગિરિ પર્વત પરથી અમૃતવૃક્ષવલ્લી લાવવા હનુમાનને મોકલ્યા. હનુમાન પહેલાંની જેમ જ કૂદકો મારી દ્રોણાગિરિ પર્વત પર પહોંચ્યા.

હનુમાનજીએ પર્વત પર જઈને જોયું પણ તેમનાથી અમૃતવૃક્ષવલ્લી ઔષધિ ઓળખાઈ નહીં ત્યારે હનુમાને આખા પર્વતને જ ઉપાડી લીધો. પર્વત લઈને હનુમાન અતિ ઝડપે કૂદકો મારી લંકા પાછા આવવા નીકળ્યા ત્યારે માર્ગમાં અયોધ્યા ઉપરથી પસાર થતા હતા.

આ સમયે ભરતજી નંદીગ્રામ કુટીરના પ્રાંગણમાં વીરાસન કરી બેઠા છે. પ્રભુના વિરહમાં નિંદ્રા આવતી નહોતી. ભરતજીએ એ સમયે આકાશમાંથી પસાર થતા અત્યંત વિશાળ સ્વરૂપને જોયું, ત્યારે તેમને મનમાં વિચાર્યું કે, આ કોઈ રાક્ષસ લાગે છે. તે કોઈ ઋષિમુનિના યજ્ઞમાં બાધા કરવા જતો હશે. આમ વિચારીને તેમણે કાન સુધી ધનુષ્ય ખેંચી ફણા વગરનું એક બાણ છોડયું. તે બાણ વાગતાં જ હનુમાન 'રામ રામ' ઉચ્ચારતા પૃથ્વી પર આવી ઉતર્યા.

હનુમાનના મુખમાંથી રામનામનો ઉચ્ચાર સાંભળતાં જ કોણ છે એમ પૂછયું. મારુતિએ ટૂંકમાં રામનો અને પોતાનો વૃત્તાંત કહીને લક્ષ્મણ ઈંદ્રજીતના બાણથી મૂર્છાગત થયા છે. સૂર્યોદય પહેલાં મને ત્યાં જવું જોઈએ તો જ લક્ષ્મણ બચશે એમ મારુતિએ કહેતાં જ ભરતને ખૂબ જ દુઃખ થયું. પણ પોતાને રામના વૃત્તાંતની ખબર પડી એટલું સારું થયું એટલે મનથી સમાધાન માની તેમણે હનુમાનને પર્વત સાથે બાણ પર બેસવા કહ્યું અને કહ્યું કે; એક જ ક્ષણે તને લંકામાં પહોંચાડું છું, તું ચિંતા કરીશ નહીં, શ્રી રામને મારા નમસ્કાર કહેજે અને ચૌદ વર્ષ પૂર્ણ થતાં જ પાછા અયોધ્યા નહીં આવે તો તમારો બંધુ પ્રાણ ત્યાગ કરશે એવા સમાચાર આપ્યા અને હનુમાનને વિજયથી થા એવો આશીર્વાદ આપ્યો પછી બાણ છોડી હનુમાનને લંકા પહોંચાડી દીધા.

મારુતિ આકાશ માર્ગે રાત્રીના ચોથા પ્રહરમાં સુવેળાએ લંકામાં પહોંચી આવ્યા. શ્રી રામને અને બધાને આનંદ થયો. સુષેણે એ દ્રોણાગિરિને નમસ્કાર કરીને દિવ્ય સુગંધી અમૃતવૃક્ષવલ્લીનો રસ કાઢી લક્ષ્મણને પીવડાવ્યો અને થોડોક લક્ષ્મણના જખમ પર લગાવતાં જ એ ઊઠીને બેઠો થયો અને ક્યાં છે એ રાવણ કહીને દોડવા લાગ્યો. લક્ષ્મણને પકડીને શ્રી રામે એને આલિંગન આપ્યું. એ દિવ્ય અમૃતવૃક્ષવલ્લીની સહાયથી સુષેણે બધા જ વાનરોને જીવંત કર્યા. બધાએ મારુતિનો જય જયકાર કર્યો.

મારુતિએ શ્રી રામને ભરતનો સંદેશો આપ્યો. એ સાંભળી રામ ગદ્‌ગદ્દિત થઈ ગયા અને બોલ્યાઃ 'રાવણનો વધ કરીને હું જલ્દી ભરતને મળવા જઈશ.' પછી મારુતિ દ્રોણાગિરિને મૂળ જગ્યા પર પાછો મૂકી આવ્યા. મારુતિના આ અદ્‌ભુત કાર્ય માટે શ્રી રામે મારુતિને ક્ષેમાલિંગન આપ્યું.

પછી સુગ્રીવે બધા વાનરોને કહ્યું કેઃ તમે હાથમાં મશાલ લઈને લંકામાં જાઓ અને લંકાનાં બધાં ઘરોને અગ્નિ લગાડો. વાનરોએ એ પ્રમાણે આગ લગાડતાં જ સુસવાટા ભર્યા પવનથી આગ બધે પ્રસરાઈ ગઈ. બધે અંધાધૂંધી મચી ગઈ. રાક્ષસોની સ્ત્રીઓ અને છોકરાંઓ બધાં આમતેમ ભાગવા લાગ્યાં. એ વાત રાવણના કાને

જતાં જ સંતાપથી એણે વિરૂપાક્ષ, શોણિતાક્ષ, કુંભ, નિકુંભ, જંપ, પ્રજંપ અને ક્રોધન આ સાત પુત્રોને વાનર સૈન્યના સંહાર માટે મોકલ્યા. ઉભય દળનું યુદ્ધ કરીને વાનરવીરોએ રાવણના એ સાતેય પુત્રોનો સંહાર કર્યો. એ વાતની રાવણને ખબર પડતાં જ એને ખૂબ દુઃખ થયું. પછી ખરાક્ષ, નિશાલાક્ષ અને મકરાક્ષ આ રાક્ષસો આગળ આવ્યા. શ્રી રામે એમનો પણ સંહાર કરી અંત કર્યો. એ વાતની ખબર પડતા જ સંતાપ પામીને ઈંદ્રજિત ફરીથી આવ્યો. આ વખતે તેણે હોમ હવન કરીને એક કૃત્યા નિર્માણ કરી. કૃત્યાને રથ પર બેસાડી એની આડમાં એ રામ લક્ષ્મણ પર બાણ છોડવા લાગ્યો. અનેક વીરોથી લડીને રામ લક્ષ્મણ સહીત સૌને ઘાયલ કરીને જયજયકાર કરતો તે લંકામાં પાછો ગયો.

ત્યારે રાવણે એને કહ્યું: 'પરાક્રમી ઈંદ્રજીત, તું પ્રત્યેક વખતે કપિ સૈન્યનો નાશ કરીને આવે છે પણ રાત પૂરી થતાં જ એ બધા સાવધ થઈને ત્રાસ આપે છે. આ વખતે કંઈક ઉપાય કરીને રામ લક્ષ્મણનો વધ કર.'

આ સાંભળી ઈંદ્રજીત બોલ્યો: 'હવે જો રામ લક્ષ્મણનો યુદ્ધમાં વધ ન કરું તો મારું મ્હોં જ બતાવીશ નહીં !'

જે શ્રી રામનું સૈન્ય દાનવો શું લઢે, ત્યાં જતિ લક્ષ્મણને બાણે ઈંદ્રજીત પડે. ॥૨૭૪॥
જતિ હનુમાને હાક મારી છે જ્યાંય, ઈંદ્રજીતને લક્ષ્મણે હણ્યો છે ત્યાંય. ॥૨૭૫॥
બેઉ દળના શૂરવીર લઢે છે સાર, ત્યાં રાવણનું દળ માર્યું છે અપાર. ॥૨૭૬॥
ત્યાં માર્યો દૈત્ય કરોડી અનંત જાણ, ત્યાં પાડી કોટ ને કર્યું છે મેદાન. ॥૨૭૭॥
મેડીઓ મહોલાત ત્યાં નાખ્યા છે ઢાળી, કોટ નાખ્યા અતિ રોળી. ॥૨૭૮॥
માર્યા ઈંદ્રજીત કુંભકર્ણ જે મહાબળીયા હોય, રાવણના વંશમાં ન રહ્યું કોય. ॥૨૭૯॥
અતિ બળવંતો એ હનુમાન થયો, શ્રી રામના બાણથી રાવણ રોળ્યો. ॥૨૮૦॥
દેવે માર્યો રાવણ પરિવાર સમેત, સર્વે દૈત્ય યોદ્ધા પડયા રણ ક્ષેત્ર. ॥૨૮૧॥
ભક્ત વિભીષણને ભેટયા શ્રી રામ, માર્યો દૈત્ય રાવણનાં ફેડયાં છે ઠામ. ॥૨૮૨॥
સીતા કારણે જે રામ લંકામાં ગયા, ત્યાં મંદોદરી શ્રી રામને કરજોડી રહ્યાં. ॥૨૮૩॥

શ્રી રામ લક્ષ્મણના વધની પ્રતિજ્ઞા કરીને ઈંદ્રજીત યુદ્ધના મેદાનમાં આવ્યો. ઈંદ્રજીતે માયાવી સીતા નિર્માણ કરીને 'આણે જ અમારા કુળનો ક્ષય કરાવ્યો છે, માટે આનો જ વધ કરવો જોઈએ.' એમ કહીને શસ્ત્રથી માયાવી સીતાનો શિરચ્છેદ કર્યો અને વિજય પ્રાપ્ત કરવા નિકુંભમાં હોમ હવન કરવા માટે ગયો. હનુમાનને સીતાનો વધ થયો એમ સાચું જ લાગવાથી એ શોક કરતા રામ પાસે આવ્યા અને ત્વરીત જ આ હકીકત રામને કહી. એ સાંભળી શ્રી રામ પણ વિચાર કરવા લાગ્યા.

ત્યારે વિભીષણ ત્યાં આવ્યા અને બોલ્યા: 'સીતાદેવી લંકામાં સુખરૂપ છે. માયાવી સીતાનો સંહાર ઈંદ્રજીતે કર્યો છે. મારા પ્રધાન આ વાતની તપાસ કરીને હમણાં જ આવ્યા છે.' આ સાંભળી બધાને આનંદ થયો.

પછી વિભીષણ બોલ્યા: 'ઈંદ્રજીત નિકુંભમાં હોમ કરે છે. એ હોમમાંથી વિજય રથ અડધો બહાર આવ્યો છે. જો આખો વિજય રથ બહાર આવશે તો એનો કોઈ સંહાર કરી શકશે નહીં. એ માટે એના હોમહવનનો નાશ કરો. બે વખત ઈંદ્રજીત રણ મેદાનમાં આવ્યો અને વિજયી થઈને ગયો. એનું કારણ આ વિજયી રથ જ છે. અત્યારે એનો હોમ પ્રથમ વિધ્વંસ કરો. જે ચૌદ વર્ષથી નિરાહારી અને વિવાહીત હોવા છતાં બ્રહ્મચારી હશે એના હાથે ઈંદ્રજીતનું મૃત્યુ છે, આ એનું ભવિષ્ય છે. એટલે તત્કાલ ઈંદ્રજીતના હોમનો નાશ કરવા માટે મોકલો.'

આ નિવેદન સાંભળતાં જ શ્રી રામે લક્ષ્મણ સામે જોયું. ત્યારે લક્ષ્મણ ધનુષ્ય બાણ લઈને ઊભો થયો. શ્રી રામે લક્ષ્મણની પાસે જઈને એના કાનમાં મંત્રોપદેશ કર્યો અને મસ્તક પર વરદ્‌હસ્ત મૂક્યો. લક્ષ્મણ શ્રી રામની આજ્ઞા લઈ વંદન કરીને હોમનો નાશ કરવા નીકળ્યો.

અંગદે લક્ષ્મણને ખભા પર ઉપાડી લીધો અને વાનર વીરો કૂદકો મારીને નિકુંભમાં ગયા. એ જગ્યાએ રાક્ષસ સેના સાત વ્યુહ રચના કરીને ઈંદ્રજીતનું રક્ષણ કરતી હતી. ઈંદ્રજિત એક ભોંયરામાં બેસીને હવન કરતો હતો. લોહીથી નહાઈને નીકળેલો ઈંદ્રજીત રક્તમાંસની આહુતિઓ હોમમાં નાખતો હતો. એ અગ્નિજવાળામાંથી રથ અડધો બહાર આવ્યો હતો. એ હોમકુંડ પર જ મારુતિએ આકસ્મિક પર્વત નાખ્યો. એ સાથે અગ્નિ સર્વત્ર પ્રસર્યો. અગ્નિએ રથ ભસ્મ કર્યો. વૃષભે હોમપાત્ર ફોડી નાખ્યું. યજ્ઞ દ્રવ્ય ફેંકી દીધું. આ અચાનક અવ્યવસ્થા થતાં જ ધ્યાનસ્થ ઈંદ્રજીત સાવધ થયો. યજ્ઞનો વિધ્વંસ થયેલો એણે જોયો. ઈંદ્રજિતને આજે પોતાનું આયુષ્ય પૂરું થતું લાગ્યું. એનો ગમે તે કોઈ સંહાર કરી શકશે. ત્યારે એ દેવોને દોષ આપતો નિકુંભમાંથી બહાર આવ્યો.

લક્ષ્મણ વાનર સેના સાથે યુદ્ધમાં સજ્જ થયેલો દેખાયો. લક્ષ્મણને જોતાં જ ક્રોધિત થઈને ઈંદ્રજીતે લક્ષ્મણ પર બાણની વર્ષા કરી. લક્ષ્મણે એક જ બાણથી એનું ખંડન કર્યું. એકે સર્પાસ્ત્ર છોડ્યું તો બીજાએ ગરુડાસ્ત્ર છોડયું. એમ ઘણો સમય અસ્ત્રોનું યુદ્ધ થયા પછી ઈંદ્રજીત આકાશમાં ઉડયો અને વાદળ પાછળ રહીને લક્ષ્મણ પર બાણ છોડવા લાગ્યો. ત્યારે મારુતિએ પ્રચંડ રૂપ લઈને પોતાના હાથ પર લક્ષ્મણને ઊભો કરીને એ આકાશમાં ઉડયા. આકાશમાં લક્ષ્મણ ઈંદ્રજીતનો અદ્‌ભુત સંગ્રામ થયો. આવું યુદ્ધ આજ સુધી કોઈએ જોયું નહોતું. પૃથ્વી કંપાયમાન થઈ. ઈંદ્રજીત નીચે ઉતર્યો. એ જોઈને લક્ષ્મણ પણ નીચે આવ્યો. ફરી એમનો સંગ્રામ શરૂ થયો.

અંતે એક શ્રી રામનામાંકિત દિવ્ય બાણ કાઢીને લક્ષ્મણે ધનુષ્યમાં લગાવ્યું અને બોલ્યોઃ 'સૂર્યવંશમાં જન્મેલા શ્રી રામ આ પૂર્ણ બ્રહ્મ પરમેશ્વરનો અવતાર છે, એ જો સત્ય હોય, જગત્‌માતા સીતાદેવી જો ખરી પતિવ્રતા હોય અને હું વિવાહીત હોવા છતાં બ્રહ્મચારી હોઉં અને ચૌદ વર્ષ નિરાહારી હોઉં તો મારા આ બાણોથી ઈંદ્રજીતનું શિર કપાઈ પડશે.' એમ કહીને શ્રી રામનું સ્મરણ કરતાં લક્ષ્મણે બાણ છોડ્યું. બાણ છોડતાં જ ઈંદ્રજીતનું શિર અને ભુજાઓ તૂટી ગઈ. ભુજાઓ લંકામાં અને શિર શ્રી રામના ચરણમાં જઈ પડયું. બધાએ રામ લક્ષ્મણનો જયજયકાર કર્યો. દેવોએ એમના પર પુષ્પવૃષ્ટિ કરી.

ઈંદ્રજીતના વધથી રાવણ હતપ્રભ થઈ ગયો. ઈંદ્રજીતની પત્ની સુલોચના અને મહારાણી મંદોદરી વગેરે શોકથી કલ્પાંત કરવા લાગ્યાં. આખી લંકા નગરી શોક સાગરમાં ડૂબી ગઈ. સુલોચના સાસુ સસરાની આજ્ઞા લઈને રામ પાસે શિર માગવા માટે આવી. દુઃખથી કકળતી સુલોચનાને શ્રી રામે ઈંદ્રજીતનું શિર આપ્યું. એની સાથે સુલોચના સતી થઈ. રાવણે પુત્રની અંત્યેષ્ટિ કરી. શ્રી રામ શત્રુત્વ બાજુમાં મૂકીને રાવણના એ દુઃખદ પ્રસંગે સહભાગી થયા. ઈંદ્રજીતની અંત્યેષ્ટિ સુધી શ્રી રામે યુદ્ધ બંધ રાખ્યું.

રાવણને પુત્ર ઈંદ્રજીત, બંધુ કુંભકર્ણ, પ્રહસ્તાદિ વીર અને અનેક રાક્ષસોના દારુણ સંહારથી ખૂબ દુઃખ થયું. એ શોક કરતો બેઠો હોવાથી વિદ્યુજ્જિવ્હ પ્રધાન ત્યાં આવ્યો અને તેણે શોક નિવારણ કરીને પાતાળમાંના અહિરાવણ અને મહિરાવણ ને બોલાવી રામ લક્ષ્મણ સાથે યુદ્ધ કરવાનું સૂચવ્યું. એમની સૂચના પ્રમાણે રાવણે એમને સંદેશો આપી બોલાવી લીધા અને એમને બધી માહિતી કહી.

હનુમાને અતુલ પરાક્રમ કરીને અપાર કષ્ટ સહન કરીને અને યોગ્ય જગ્યાએ બુદ્ધિબળનો ઉપયોગ કરી અહિરાવણ અને મહિરાવણનો સંહાર કરીને રામ લક્ષ્મણ પાસે હનુમાનજી આવ્યા.

ઇંદ્રજીતની યાદ આવી અને રાવણને આવેશ આવ્યો, તરત એ યુદ્ધ માટે તૈયાર થયો. હતું એટલું બધું સૈન્ય રાવણે સાથે લીધું. ક્ષણભરમાં મહાભયંકર તુમુલ યુદ્ધ થયું. શ્રી રામે સાત બાણ મારીને રાવણને ઘાયલ કર્યો. રાવણે વિભીષણ પર બ્રહ્મશક્તિ બાણ છોડ્યું, લક્ષ્મણે એના ત્રણ ટુકડા કર્યા. ત્યારે રાવણે વિભીષણની ઉપેક્ષા કરી.

રાવણે અનેકવાર માયાવી શક્તિનો ઉપયોગ કર્યો, એને અભિમંત્રીત કરી લક્ષ્મણ ઉપર છોડી પણ હનુમાને એને ત્યાં જ અટકાવી. એ શક્તિએ સ્ત્રી રૂપ લીધું અને કહ્યું: 'હનુમાન, તું બ્રહ્મચારી કહેવડાવે છે અને સ્ત્રીઓના શરીરને કેમ અડે છે ? હું રાવણ કન્યા હોવાથી લક્ષ્મણને વરવા જાઉં છું. લગ્ન વેળા ચૂકી જવાશે માટે તમે મને છોડો.'

એ સાથે મારુતિએ એને છોડી દીધી. ત્યારે એ સ્ત્રી રૂપ છોડીને લક્ષ્મણની છાતી પર પછડાઈ અને લક્ષ્મણના હૃદયમાં કાણું પાડી પાતાળમાં નીકળી ગઈ. એનાથી લક્ષ્મણનું શરીર છિન્ન ભિન્ન થઈ ગયું. એ મૂર્છિત થઈને જમીન પર ઢળી પડયો. એ સાથે સર્વત્ર હાહાકાર થઈ ગયો. સર્વ વાનરવીર ત્યાં આવ્યા. શ્રી રામ પણ વિભીષણ સાથે ત્યાં આવ્યા.

વિભીષણ બોલ્યા: 'પ્રભુ રામચંદ્ર, સમય શોક કરવાનો નથી. શત્રુ સામે ઊભો છે, એનો પહેલાં નાશ કરો. લક્ષ્મણને કોઈ બીક નથી, એને સુષેણ ઔષધી લગાવશે.'

આ સાંભળતાં જ શ્રી રામે ધનુષ્યનો ટંકાર કર્યો અને બોલ્યા: હે નિશાચાર, દૈત્ય રાવણ ! તું લક્ષ્મણ પર શક્તિ નાખી હવે કેવો ભાગે છે તે હું જોઉં છું.' એમ કહીને શ્રી રામે અસંખ્ય બાણ વૃષ્ટિ કરીને રાવણને ઘાયલ કરી નાખ્યો. એ વખતે અસંખ્ય રાક્ષસોનાં શિર તટ તટ તૂટવા લાગ્યાં. કેટલુંય સૈન્ય નાશ પામ્યું. એની ગણના શેષ કરતાં પણ આવી નહીં. શ્રી રામના ધનુષ્યના ટંકારથી ચૌદે લોક ધણધણવા લાગ્યાં. એનો અર્થ એવો કે અપરિમિત સૈન્ય ધરતી પર નાશ પામ્યું. રાવણ હતપ્રભ થયો, તેને જ્યાં ત્યાં શ્રી રામ દેખાવા લાગ્યા. આગળ, પાછળ, જમણી બાજુ, ડાબી બાજુ, સર્વત્ર ધનુર્ધર શ્રી રામ દેખાવા લાગ્યા. ત્યારે તેણે અંતર્મુખ (હૃદય)માં જોયું, ત્યાં પણ તેને શ્રી રામ મૂર્તિ દેખાઈ. ત્યાંથી ભાગતો એ લંકામાં આવ્યો. ત્યાં સર્વત્ર શ્રી રામ રૂપ દેખાવા લાગ્યું.

અંતે એ મંદોદરીના મહેલમાં આવ્યો અને તેણે સર્વ રણવૃત્તાંત કહ્યો. મંદોદરીએ રાવણને સમજાવ્યો અને શ્રી રામ જોડે મૈત્રી બાંધવા વિનવણી કરી.

ત્યારે રાવણ બોલ્યો: 'પ્રિયે, હવે એ સમય પ્રસાર થઈ ગયો છે. હવે તો યુદ્ધની રાહ જોવાય છે !'

રાવણ મંદોદરીની વિનંતીને ન ગણકારતાં રાક્ષસ કુળનો વિધ્વંસ થયેલો જોઈ બીજા દિવસે ક્રોધિત થઈને વાનરોને ચોતરફથી મારવા લાગ્યો. ત્યારે રામ સૈન્ય સાથે યુદ્ધની તૈયારીમાં જ ઊભા હતા. હવે બંનેનું અંતિમ અને છેલ્લું યુદ્ધ શરૂ થયું. શ્રી રામે રાવણને સમજાવીને નીતિનિયમ રાજધર્મ વગેરેની યાદ આપી, તેણે એમ ન વર્તતાં અન્યાય અનીતિથી વર્તીને કુલક્ષય કરાવવા બદલ ઠપકો આપ્યો.

રાવણે ક્રોધિત થઈ રામ ઉપર બાણવર્ષા શરૂ કરી. ઈંદ્રએ શ્રી રામ માટે સારથી, શસ્ત્રાશસ્ત્ર લઈને રથ મોકલ્યો. રથ ઉપર સવાર થઈને શ્રી રામે રાવણની સામે નિર્વાણીનું યુદ્ધ શરૂ કર્યું. એ અદ્ભુત રણસંગ્રામ સાત દિવસ સાત રાત ચાલુ રહ્યો. કોઈએ પણ વિસામો લીધો નહીં.

અંતે શ્રી રામે એક અર્ધચંદ્રાકૃતિ દિવ્ય બાણ છોડીને રાવણના દસે દસ માથાનો વધ કર્યો. ત્યાં એકાએક બીજાં દશ શિર પ્રગટ થયાં. ફરી શ્રી રામે એ છેદયાં, એ ફરી નવા શિર ત્યાં પ્રગટયાં. આ પ્રકાર જોઈ શ્રી રામને આશ્ચર્ય થયું.

શ્રી રામના સારથી-માતલીએ કહ્યું: આ રાવણના હૃદયમાં રહેલા અમૃતકૂપને કાઢયા સિવાય રાવણ મરશે નહીં.

ત્યારે શ્રી રામે અગસ્તીદત્ત બાણ કાઢીને એના ઉપર બ્રહ્માસ્ત્ર અભિમંત્રીત કરીને એ બાણ રાવણ પર છોડતાં જ રાવણનું હૃદય વિદીર્ણ થઈને એમાંથી અમૃતકૂપો બહાર કાઢી નાખ્યો. પછી એ બાણ રાવણના ત્રણ શિર નષ્ટ કરીને પાછાં શ્રી રામ પાસે આવીને શ્રી રામના ભાથામાં આવી ગયાં.

બાકીનાં શિર નષ્ટ કરવા માટે શ્રી રામ બીજાં બાણ કાઢવા લાગ્યા. ત્યાંજ લક્ષ્મણ બોલ્યો: 'રામરાય હવે યુદ્ધ પૂરુ કરો. રાવણ મૃત થયો છે. આ સાંભળી શ્રી રામે પોતાનું ધનુષ્યબાણ અને ભાથું લક્ષ્મણના હાથમાં આપી કહ્યું: 'આજે મારું અવતાર કાર્ય પૂર્ણ થયું.'

એ વખતે સૌએ શ્રી રામનો જયજયકાર કર્યો. દેવોએ શ્રી રામચંદ્ર ઉપર આકાશમાંથી પુષ્પ વૃષ્ટિ કરી. યક્ષ, કિન્નર, ગંધર્વ આનંદથી નાચવા લાગ્યા. ઋષિ વર્ગ સંતોષ પામ્યા. પરમ આનંદ થવાથી વાનરો એક ઝાડ પરથી બીજા ઝાડ પર કૂદકા મારતા મર્કટ ચેષ્ટાથી પોતાનો આનંદ વ્યક્ત કરવા લાગ્યા. નજર ફેરવતાં બધે જ આનંદ આનંદ દેખાતો હતો. સૌ કૃતાર્થ થયા.

પછી શ્રી રામ બધાની સાથે રાવણના દેહ પાસે આવ્યા. વિભીષણે અપાર શોક કર્યો. શ્રી રામે વિવેકની વાતો કહીને વિભીષણના મનનું સમાધાન કર્યુ. એટલામાં રાવણની એંશી હજાર સ્ત્રીઓ મંદોદરી સાથે ત્યાં આવી. મંદોદરી પતિના દેહને વિંટળાઈ અપાર શોક કરવા લાગી.

ત્યારે શ્રી રામે મંદોદરીને આત્મજ્ઞાનની ઓળખ આપી અને મંદોદરીના મનનું સમાધાન કર્યું અને વિભીષણને કહ્યું: 'મંદોદરી તમારા વડીલબંધુની સ્ત્રી તમને માતા સમાન છે. એ મહાપતિવ્રતા હોવાથી જ્ઞાની પણ છે, ત્યારે તમે તેને એના મહેલમાં પહોંચતી કરો.' પછી શ્રી રામની આજ્ઞાથી રાવણનો દેહ સમુદ્ર તીરે લઈ જઈ એનો શાસ્ત્રોક્ત વિધિથી સંસ્કાર કર્યો. બ્રહ્મદેવના કહેવા પ્રમાણે રાવણની ઉત્તર ક્રિયા કરીને વિભીષણ રામ પાસે આવ્યા.

ધન્ય ધન્ય સ્વામી ધન્ય ધન્ય ઘડી, આજે શ્રી રામ પધાર્યા આ લંકાપુરી. ॥૨૮૪॥
પાત્ર પરિબ્રહ્મ પરમેશ્વર આવ્યા અમ ઘેર, તેના સ્વાગતમાં નાનાવિધના કીજે પેર. ॥૨૮૫॥
વધાવા માટે માણેક મોતીને સોનાના થાળ, શ્રી રામ પધાર્યા જે શ્રી બાળ ગોપાળ. ॥૨૮૬॥
આ લંકાના લોકો સહુ દર્શન જો કરે, વસ્તુ સામગ્રી સર્વે લઈને આગળ ધરે. ॥૨૮૭॥
રાણી મંદોદરી દે છે શ્રી રામને બહુમાન, અરદાસ અમારી કબૂલ કરો શ્રી ભગવાન. ॥૨૮૮॥
રાણીને મન ત્યાં થયું સમાધાન, કે જેથી ખુશી થયા છે શ્રી રામ ભગવાન. ॥૨૮૯॥
બંધનથી છોડાવી સીતાને સર્યાં છે કાજ, ભક્ત વિભીષણને ત્યાં આપ્યાં છે રાજ. ॥૨૯૦॥
લંકાનાં રાજ્ય વિભીષણને ત્યાં દીયા, સતી સીતા લઈને શ્રી રામ વળતા આવીયા. ॥૨૯૧॥

વિભીષણ આવતાં જ શ્રી રામે લક્ષ્મણ, સુગ્રીવ અને મારુતિ વગેરેને કહ્યું કે; તમે લંકામાં જઈને વિભીષણની રાજ્યાભિષેકની તૈયારી કરો. બધા દેવોને અને રાજાઓને મુકત કરો. હું વ્રતસ્થ છું, ભરતની મુલાકાત થતાં સુધી હું વનવાસનું વ્રત છોડીશ નહીં. એ શ્રી રામની આજ્ઞા સાંભળીને લક્ષ્મણ બધા વાનરો સાથે લંકામાં આવી ગયા.

શુભ મુહૂર્તે વિભીષણનો રાજ્યાભિષેક કર્યો. વિભીષણે માનપાન પ્રમાણે સૌને વસ્ત્રાભુષણ આપી બધાનાં સન્માન કર્યાં. પછી વિભીષણ બધા સેવકોને લઈને સુવેલાચલ પર્વત પાસે આવ્યા. લક્ષ્મણ સાથે વાનર સમુદાય પણ ત્યાં જ હતો. એ વખતે મંગલવાદ્ય વાગવા લાગ્યાં. સર્વને પારાવાર આનંદ થયો.

મંદોદરીને આત્મજ્ઞાન સંપન્ન થવાથી તેણે અંતર્યામી શ્રી રામને પ્રત્યક્ષ સગુણ સ્વરૂપે સામે જોઈ એનું હૃદય ભક્તિભાવ અને પ્રેમથી ભરાઈ આવ્યું. તેણે શ્રી રામનું કર્તવ્ય, મર્યાદાશીલપણું, અન્યાયનો ઉચ્છેદ, ધર્મનીતિ નિયમોનું પાલન વગેરે ગુણોનું ગુણગાન કરીને ધન્યતા વ્યક્ત કરી મંદોદરી બોલી; 'એ અંતર્યામી પૂર્ણ પુરુષોત્તમ શ્રી રામચંદ્ર, આજનો દિવસ ધન્ય થયો. આજે આ લંકાપુરી નગરી તમારા પરમ પાવન ચરણોથી પુનિત થઈ. તમે પૂર્ણબ્રહ્મ સનાતન પરમાત્મા અમારી આ ભૂમિ પર આવીને આપના અનેકવિધ ગુણોથી અને લીલા ચરિત્રથી અમ પતિતોને પાવન કર્યા. સતી સીતાએ પોતાના સુજવળ અને સુશીલ ગુણોથી અમ સ્ત્રીઓની સામે સતીત્વનો આદર્શ મૂકયો છે. ધન્ય હે સીતાદેવી ! આજ અમે તમારું સ્વરૂપ દર્શન કરીને કૃતાર્થ થયાં. પ્રભુ ! તમે આ નિર્મળ પવિત્ર સતીનો સ્વીકાર કરો.'

સીતાને મંગલ સ્નાન કરાવી લઈ આવવાની આજ્ઞા થતાં જ હનુમાન અતિશય આનંદથી અશોકવાટીકામાં ગયા. તેણે શ્રી રામની આજ્ઞા જાનકીને જણાવી. ત્રિજટા અને સરમા બંનેએ જાનકીને અભ્યંગ સ્નાન કરાવ્યું. તેના શરીર પર ભરજરી (સોનેરી) વસ્ત્ર પહેરાવ્યાં. કુંમકુંમ-કસ્તુરી-તિલક તેના કપાળે લગાડ્યું. પછી રસ ભરેલા ફળોથી ખોળો ભર્યો અને તેમાંના ફળ ખાવાની વિનંતી કરી. સીતાએ એમાંથી એક ફળ ખાધું અને બાકીનાનો પ્રસાદ વહેંચી દીધો. પછી એક દિવ્ય નવરત્નનો હાર વિભીષણે સીતા આગળ મૂક્યો. એ ઉપાડી સીતાએ પોતાના ગળામાં પહેર્યો. રામ આજ્ઞાથી સીતાને પાલખીમાં બેસાડી સેવકોએ પાલખી ઉપાડી. પાલખીની એક બાજુ વિભીષણ અને બીજી બાજુએ હનુમાન ચાલવા લાગ્યા. એમની સાથે અસંખ્ય સેના વાદ્ય વગાડતી હતી. પાસે આવતાં જ સીતાને જોવા બધા વાનરો દોડયા. ત્યારે રક્ષકો એમને મારવા લાગ્યા.

શ્રી રામે વિભીષણને કહ્યું: 'વાનરોએ સીતા માટે ખૂબ કષ્ટ ભોગવ્યું છે તેમને મારશો નહીં. ત્યારે પાલખી નીચે મૂકી સીતા બહાર આવ્યાં અને બધાએ એમનાં દર્શન કર્યાં.

સીતાનું દિવ્ય લાવણ્ય સ્વરૂપ જોઈ બધા ચકિત થયા. દેવો, ગંધર્વો, અસુરો એમના મનમાં વિકલ્પ થયો. આ આટલી સુંદર સ્ત્રી રાવણના બંદીમાં હોવાથી રાવણ સ્વસ્થ કંઈ રીતે રહ્યો. એમ તેઓ અંદરો અંદર ગણગણવા લાગ્યા.

આ શંકા રામના ધ્યાનમાં આવતાં જ એમણે જાનકીને કહ્યું: 'જાનકી, તને રાક્ષસ ચોરીને લઈ ગયો. આ જન અપવાદ જગમાં પ્રસરવાથી મેં તને છોડાવી, પરંતુ તું શત્રુગૃહે છ મહીના રહી, આ તારા પરના આક્ષેપનું તું નિરાકરણ કર ?'

શ્રી રામના આ કઠોર શબ્દ સાંભળતાં જ સીતાને વજ્રનો પ્રહાર હૃદય પર કર્યા જેવું દુઃખ થયું. એ શોકથી બોલી: 'પ્રાણનાથ, આ આક્ષેપ કરતાં તમે જ મારો વધ કરો, હવે જગમાં જીવવાનો અર્થ નથી. છ મહિના પછી પતિનાં ચરણ દેખાયાં, પણ કર્મ આડાં આવ્યાં. બળતા ઘરમાંથી કાઢવું અને પાછું તેમાં નાખવું એવી મારી અવસ્થા થઈ છે. સુવર્ણની દિવ્ય અગ્નિમાં હું ભસ્મ થઈશ.'

જાનકીએ વાનરોને એક અગ્નિકુંડ પ્રજવલિત કરવા કહ્યું. જ્વાળા ધગધગવા લાગી. તેણે અગ્નિકુંડને પ્રદક્ષિણા કરી. શ્રી રામ સામે આંખો ભરીને જોયું. હૃદયમાં એ મૂર્તિ સ્થાપી. ગળામાંનો સુમનહાર કાઢીને અગ્નિકુંડમાં નાખ્યો અને એ અગ્નિમાં સીતાએ કૂદકો માર્યો એ વખતે પૃથ્વી માતા કાંપવા લાગી. વાનરોએ હાહાકાર કર્યો. લક્ષ્મણ, વાનરવીર વગેરે અશ્રુ સારવા લાગ્યા.

સીતા અગ્નિકુંડમાં એક મૂળ સ્વરૂપે ગુપ્ત થઈ હતી અને છાયા રૂપે રાવણ સાથે ગઈ હતી. તેનું છાયા રૂપ આજે અગ્નિમાં વિલીન થયું અને મૂળ સ્વરૂપમાં અગ્નિદેવે સીતાને ઉપર લાવી અગ્નિમાં જ ઊભી કરી. ત્યારે તેનું રૂપ પહેલાં કરતાં સહસ્ત્ર ઘણું તેજોમય દેખાવા લાગ્યું. એ તેજથી દસે દિશા ઝાંખી દેખાવા લાગી. સીતાને જોતાં જ બધાએ જયજયકાર કર્યો. દેવોએ સીતા ઉપર અમિત પુષ્પવૃષ્ટિ કરી. સીતા કુંડમાંથી બહાર આવી. સીતાના ચરણ પર મસ્તક મૂકી નમસ્કાર કરી મારુતિ નાચવા લાગ્યા. લક્ષ્મણ, વિભીષણ, સુગ્રીવ એમણે સીતાની આગળ દંડવત્ પ્રણામ કર્યા. એમની શુદ્ધતાની હવે બધાને ખાતરી થઈ.

પછી મંદ મંદ પગલાં ભરતી જાનકી શ્રી રામ પાસે આવી. શ્રી રામ ઊઠીને ઊભા થયા. બંનેની દૃષ્ટિ એક થતાં જ શ્રી રામનું મુખકમળ જોઈને એ હસી. પછી સીતાએ શ્રી રામચંદ્રના ચરણ સ્પર્શ કરી નમન કર્યું. શ્રી રામે પોતાના હાથે આલિંગન આપ્યું અને પછી પોતાની ડાબી બાજુ બેસાડ્યાં. ત્યારે બધાએ શ્રી રામ જાનકીનો જયજયકાર કર્યો. દેવો, વાનરો, રાક્ષસો સહિત સર્વ ભૂમંડળ આનંદમય થયું. ઈંદ્રએ અમૃતવૃષ્ટિ કરીને સર્વ મૃત વાનરોને જીવંત કર્યા.

શ્રી રામે વિભીષણને અયોધ્યામાં જવાની આજ્ઞા માગી. વિભીષણને શ્રી રામનો વિરહ થશે તેનું દુઃખ થયું. શ્રી રામ પુષ્પક વિમાન લાવ્યા. સીતાની આંગળી પકડીને સીતા સાથે વિમાનમાં બેઠા. સાથે લક્ષ્મણને લીધા. પગ પાસે મારુતિ, આગળ વિભીષણ, સુગ્રીવ, નલ, નીલ, જાંબુવંત, અંગદ અને સુષેણ વગેરે વાનરવીર બેઠા. એમની પાછળ બધા વાનર, બધા રીંછ અને વિભીષણની બધી રાક્ષસ સેના પુષ્પક વિમાનમાં બેઠી. પછી રામની આજ્ઞા લઈને લંકાપુરીને પ્રણામ કરીને પુષ્પક વિમાન અયોધ્યા જવા નીકળ્યું.

વાળી સીતાને પાછા ફર્યા છે શ્રી રામ, ફરીને આવ્યા છે આપણે ધામ. ॥૨૯૨॥
બહોત ખેલ યુદ્ધ શ્રી રામે લંકામાં કીયા, પણ શ્રી સદ્‌ગોર કહે મેં થોડામાં જ કહ્યા. ॥૨૯૩॥
શ્રી રામ ચરિત્ર સાંભળે નર ને નાર, જેનો થોડામાં ઘણો કહ્યો છે વિસ્તાર. ॥૨૯૪॥
સાતમે સ્વરૂપે શ્રી હરિ છે નર સાકાર, ત્યાં ધર્યા છે શ્રી રામ નામે અવતાર. ॥૨૯૫॥
રાવણને છેદી ભક્તોને વર આપ્યા જ્યાંય, ત્યારે શ્રી રામ પ્રસિદ્ધ થયા છે ત્રેતાયુગ માંય. ॥૨૯૬॥

પુષ્પક વિમાન આકાશમાં ઉત્તર તરફ જતું હતું. ત્યારે શ્રી રામે સીતાને માર્ગમાં રમ્ય સ્થળો બતાવ્યાં. સુવર્ણલંકા, સુવેલાચલ પર્વત, સમુદ્રમાંનો સેતુ, મલયાચલ પર્વત, સુગ્રીવની રાજધાની કિષ્કિંધા નગરી, પંપા સરોવર, ઋષ્યમૂક પર્વત, ગૌતમીતીર, પંચવટી વગેરે જોઈને અગત્સ્ય ઋષિના દર્શન માટે એમના આશ્રમમાં ઉતર્યા. ત્યાંથી ભારદ્વાજના આશ્રમમાં ગયાં, તેમનાં દર્શન કર્યા.

પછી ચૌદ વર્ષ ચૌદ દિવસ પૂર્ણ થયા ત્યારે અયોધ્યામાં આવી ભરતને મળ્યા. શ્રી રામે ભરતને પ્રેમથી આલિંગન આપ્યું. બંનેની આંખોમાંથી આનંદાશ્રુ વહેવા લાગ્યાં. બધાને આનંદથી મળી ભરતને આજ પોતાના વ્રતનું સાફલ્ય થયું. એટલે પ્રેમથી બધાનું સ્વાગત કર્યું. શ્રી રામે વસિષ્ઠને નમન કરીને એમના આશીર્વાદ લીધા. ત્રણેય માતાઓને નમસ્કાર કર્યા. બધાને આનંદ આનંદ થયો.

યુદ્ધમાં સહાય કરી તેથી શ્રી રામે બધા વાનરવીરોનું યથેચ્છિત સન્માન અને જેની જેવી યોગ્યતા પ્રમાણે ઉપહાર, વસ્ત્ર, અલંકાર, પદવીઓ આપીને ઉપકૃત કર્યા. બધા વાનરવીરોને યથેચ્છિત સન્માન કરીને નલ, નીલ, જાંબુવંત, અંગદ, સુગ્રીવ, વિભીષણ, સુષેણ વગેરે બધાને સહૃદયથી પ્રેમથી શ્રી રામે વિદાય આપી. દુઃખી હૃદયે બધાએ પોતપોતાના સ્થાન ભણી

પ્રયાણ કર્યું. હનુમાન કાયમ શ્રી રામને ચરણે સેવામાં રહ્યા. શ્રી રામ બંધુઓ સાથે અયોધ્યાનું રાજ્ય કરવા લાગ્યા. એમના રાજ્યમાં પ્રજા સુખી થઈ. દુઃખ-ભય નહિવત્ થયાં. શ્રી રામે ન્યાયપૂર્વક અયોધ્યામાં રાજ્ય કર્યું. પ્રભુએ તેને રામરાજ્ય કહ્યું.

સમય જતાં અયોધ્યા નગરમાં એક ધોબીએ પોતાની પત્ની સાથે ઝઘડો કરી સીતાજીનું દૃષ્ટાંત આપી ખોટો આરોપ મૂકી તેણે પત્નીનો ત્યાગ કર્યો. આવી નગરચર્ચા જાણીને શ્રી રામે પણ સીતાનો ત્યાગ કર્યો. આ સમયે સીતાજીના ઉદરમાં રઘુકુળના ભવિષ્યના વંશ તરીકેના ઓધાનના સંકેતો રહ્યા હતા. તે શ્રી રામ જાણતા હતા છતાં તેવા વિપરીત સમયમાં રામે લક્ષ્મણને બોલાવીને કહ્યું: સીતાને રથમાં તાપસારણ્ય વનમાં લઈ જઈ અને ત્યાં મૂકી આવવાની આજ્ઞા કરી. એમ ન કરવા વિષયે લક્ષ્મણે ખૂબ સમજાવ્યા પણ એકવચની શ્રી રામે લોકાપવાદનું કારણ કહીને લક્ષ્મણનું વચન માન્યું નહીં. લક્ષ્મણને ખૂબ દુઃખ થયું. સીતાને તો આભ તૂટયા જેવું લાગ્યું, તેને સર્વ દિશા શૂન્ય લાગી. વિલાપ કરતી વખતે તેને અરણ્યમાં મૂર્છા આવી ગઈ.

તે સાવધ થઈ ત્યારે વાલ્મીકિ ઋષિ સીતા પાસે આવ્યા. તેમણે સીતા પાસે આવીને કહ્યું: 'બાળા, તું કોણ છે ? અહીં ક્યાંથી આવી છે ?' સીતાએ સર્વ હકીકત કહી અને 'અપરાધ સિવાય શ્રી રામની આજ્ઞાથી લક્ષ્મણ મને વનમાં લાવીને છોડી ગયા છે.'

વાલ્મીકિ દ્રવી ઉઠયા. તેમણે તેના આશ્રમમાં લઈ જઈને પુત્રી પ્રમાણે રાખી. ત્યાં સીતાને બે પુત્રો થયા. વાલ્મીકિએ શાસ્ત્ર વિધિ કરીને બંને પુત્રોનો નામ અભિષેક કર્યો. તેમનાં નામ લવ અને કુશ રાખ્યાં. વાલ્મીકિ પરમ પ્રીતથી એ બાળકોનું લાલન પાલન પોષણ કરવા લાગ્યા. શુકલેન્દુ પ્રમાણે એ છોકરા વધવા લાગ્યા. સાત વર્ષ પૂર્ણ થતાં જ વાલ્મીકિએ કામધેનુને લાવી મોટા સમારંભથી ઋષિસમુદાયમાં એમનું મૌજીબંધન (યજ્ઞોપવિત) કર્યું. પછી એ બંનેને વાલ્મીકિ ઋષિએ લખવું, વાંચવું ભણાવી વેદાધ્યાયન કરાવ્યું. ષડ્શાસ્ત્ર, અઢાર પુરાણ વગેરેનો અભ્યાસ થયા પછી શત્કોટિ રામાયણ શીખવ્યું અને છેલ્લે ધનુર્વિદ્યામાં પણ પારંગત કર્યા.

સીતાનો ત્યાગ કર્યો ત્યારથી અયોધ્યામાં બાર વર્ષ સુધી વરસાદ જ પડયો નહીં. દુષ્કાળ પડવાથી અયોધ્યાનગરી રૂક્ષ, કળાહીન દેખાવા લાગી. ત્યારે વસિષ્ઠ બોલ્યાઃ 'શ્રી રામ ! તે સીતાદેવીનો અપરાધ ન હોવા છતાં વનમાં મોકલી માટે કુલલક્ષ્મી અયોધ્યા ઉપર રુષ્ટ થઈ છે. તું અશ્વમેધ યજ્ઞ કર એટલે અવર્ષણ દૂર થશે.

શ્રી રામે ગુરુ વસિષ્ઠની અનુમતિથી યજ્ઞ કર્યો અને વિભીષણ, સુગ્રીવ વગેરે રાજાઓને આમંત્રણ આપી બોલાવ્યા. દિગ્વિજય માટે એક શ્યામ વર્ણ ઘોડો છોડીને એના રક્ષણ માટે શત્રુઘ્ન સાથે પોતાનું સૈન્ય દળ મોકલ્યું.

છપ્પન દેશ જીતીને તાપસારણ્યમાંથી ઘોડો જતો હતો ત્યારે લવકુમારે ઘોડાનેપકડીને બાંધી દીધો અને શત્રુઘ્નની રાહ જોવા લાગ્યો. શત્રુઘ્ન ત્યાં આવ્યા પછી ઋષિકુમારોની આ બાળલીલા સમજીને બાળકો પાસેથી ઘોડો છોડાવવા લાગ્યા. ત્યાં જ લવે તેને ધમકાવ્યા અને યુદ્ધ કર્યા સિવાય ઘોડો લઈ જવાશે નહીં, એમ કહીને એ યુદ્ધ માટે સિદ્ધ થયો. શત્રુઘ્નએ અનેક બાણ છોડીને લવને વિદ્ધ કર્યો. તેનું લવે નિવારણ કર્યું. અંતે લવ અંકુશમાં ન આવતાં જાણીને શ્રી રામે આપેલ એક પ્રખર બાણ લવ પર છોડયું. એનો નિવારણનો ઉપાય કુશને ખબર હતો પણ દૈવવશાત્ કુશ વનમાં લાકડા અને સમિધ લાવવા માટે ગયો હતો, તેથી લવને નિવારણ કરતાં આવડયું નહીં. બાણ જિવ્હાગ્રે લાગવાથી લવ મૂર્છિત થયો. શત્રુઘ્ને તાત્કાલિક લવને પોતાના રથ પર લઈ લીધો અને અયોધ્યા તરફ જવા નીકળ્યા.

આ વર્તમાન કુશને જણાતાં જ એ ધનુષ્યબાણ લઈને શત્રુઘ્નની પાછળ આવ્યો અને પોતાના શસ્ત્રના પરાક્રમથી શત્રુઘ્નને હરાવ્યા. પરાજિત થયેલા સૈનિકોએ આ વૃત્તાંત શ્રી રામને જણાવ્યા. લક્ષ્મણ અને ભરત બંને બંધુ સૈન્ય લઈને આવ્યા. હનુમાન, સુગ્રીવ, જાંબુવંત એ પણ સાથે આવ્યા. એ બધા વીરોએ આ બંને ક્ષત્રિયકુમારોને જોતાં જ આ બીજા રામ લક્ષ્મણ છે કે શું એમ આશ્ચર્યમાં પડયા. છેલ્લે બંને પક્ષોની લડાઈ શરૂ થઈ. એક બાજુ લક્ષ્મણ, ભરત, હનુમાન, સુગ્રીવ વગેરે મોટા મોટા રણવીર સૈન્ય સાથે લડતા હતા તો બીજી બાજુ ફક્ત લવ અને કુશ બંને બાર બાર વર્ષના સુકુમાર બાળકો યુદ્ધ કરતા હતા. પણ એ કોઈનાથી પરાજીત થતા નહોતા. છેલ્લે બાળકોએ બધા યોદ્ધાઓને હરાવી હતપ્રભ કર્યા અને બધાને મૂર્છાગત કર્યા.

શ્રી રામને આ વાત સમજાતાં જ એ સમરાંગણ પર આવ્યા. વિભીષણ સાથે હતા. બંને બાળકોને જોતાં જ શ્રી રામે સીતા ત્યાગની ગણતરી કરી. સાથે બાર વર્ષનો સમય પ્રસાર થયો હતો. તેથી મનમાં પાકો નિશ્ચય થયો કે એ પોતાના જ પુત્રો હશે, પણ ક્ષાત્રધર્મને અનુસરીને એમને જીત્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી, આમ વિચાર કરીને તેમણે બાળકો પર શસ્ત્ર પ્રહાર શરૂ કર્યો ત્યારે બાળકોએ રામ પર પણ મોહનાસ્ત્ર નાખી એમને મૂર્છિત કર્યા અને રામ લક્ષ્મણનાં કિંમતી વસ્ત્ર અને મુકુટ કાઢીને પોતે ધારણ કરીને, હનુમાન અને જાંબુવંતની પૂછડીઓ પકડી તેમના અશ્વ લઈને એ સીતા માતા પાસે આવ્યા.

પ્રથમતઃ દૂરથી રામ લક્ષ્મણ આવવાનો ભાસ સીતામાતાને થયો પણ બાળકોએ પાસે આવીને તેમણે તેના ચરણે નમન કર્યા. એટલે આ પોતાના જ બાળકો છે એમ તેમને જાણ્યું, એમણે આ વસ્ત્ર આભુષણ કિરીટ ક્યાંથી લાવ્યા હશે એટલે એ સંભ્રમમાં પડી ગયાં. બાળકો રમવા માટે બે મજેદાર વાનરો લઈને આવ્યા છે એમ માતાને કહેતાં જ સીતાને હનુમાન, જાંબુવત, નલ, નીલ, અંગદ વગેરે વાનર વીરોની યાદ આવી. સીતાએ એ વાનરોને છોડી દેવા માટે બાળકોને કહ્યું. હનુમાન, જાંબુવંત એમને સીતામાતાનાં દર્શનથી ધન્યતા થઈ.

એટલામાં વાલ્મીકિ પાતાળમાં વરુણના અનુષ્ઠાન માટે ગયા હતા. એ ઉપરની ઘટનાને અંતર્જ્ઞાનથી જાણીને પોતાના આશ્રમમાં આવ્યા. સીતામાતાએ તેમણે યુદ્ધનો વૃત્તાંત કહીને શ્યામકર્ણ ઘોડો બતાવ્યો, વાલ્મીકિ સમરાંગણ પર જઈને પોતાના કમંડળમાંથી બધાના શરીર પર પાણી છાંટીને બધાને જાગૃત કર્યા અને શ્રી રામને કહ્યુંઃ 'શ્રી રામ ! તમારું સામર્થ્ય અતકર્ય છે. બધાનો ગર્વ હરણ કરવા માટે તમે આ લીલા કરી છે, પુત્રોએ તમોને જીતી લીધા છે એ તમારી રમત છે.' વાલ્મીકિની આ વાણીથી શ્રી રામ સંતોષીત થયા.

એ દિવસે શ્રી રામ સર્વ સૈન્ય સાથે ઋષિના આશ્રમમાં રહ્યા. લવ અને કુશ એ રામના જ પુત્રો હોવાથી શ્રી રામ પુત્રો સાથે પત્નીને મળવા આવ્યા છે જાણતાં જ એ જોવા માટે અયોધ્યાના નગરજનો બધાં ત્યાં આવ્યાં. વસિષ્ઠાદિ મુનિવર પણ ત્યાં આવ્યા.

વાલ્મીકિ આશ્રમમાં જઈને લવ અને કુશ તથા શ્યામકર્ણ અશ્વ શ્રી રામ પાસે લાવ્યા ત્યાં જ આકાશવાણી થઈ. 'શ્રી રામ ! સીતા એ સતી હોવાથી નિર્દોષ છે ! એનો તમે સ્વીકાર કરો. લવ અને કુશ એ તમારા જ પુત્રો છે' એ સાંભળતાં જ દેવોએ જયજયકાર કર્યો. લવ કુશે શ્રી રામને દંડવત્ પ્રણામ કર્યા. શ્રી રામે એમને હૃદયે લગાડયા અને પાસે બેસાડયા.

સીતામાતાને આગળ કરીને વાલ્મીકિએ કહ્યું, 'રામ, મેં એનું ધર્મકન્યા સમજીને પાલન કર્યું. આજ તમારાં દર્શનથી પુનિત થયો. હવે પોતાની સત્ત્વશીલ પત્નીને સાથે લ્યો એટલે અમારા નેત્રને સુખ થશે અને હું ધન્ય થઈશ.' આકાશવાણીની

આજ્ઞાથી શ્રી રામે સીતાને આલીંગન આપ્યું અને સાથે બેસાડયાં. બંનેએ લવ કુશને ચુંબન કર્યું. પછી વાલ્મીકિએ શીખવાડેલ રામાયણ સુસ્વર અવાજમાં ગાઈને સંભળાવી. શ્રી રામે એ સાંભળીને વાલ્મીકિને ધન્યવાદ આપ્યા.

પછી બધા જ ઋષિ સમુદાય સાથે શ્રી રામની વિનંતીથી અયોધ્યામાં આવ્યા. કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી એમણે સીતાને મળીને આલિંગન આપ્યું. લવ કુશને ગુરુ વસિષ્ઠના કહેવાથી શ્રી રામે સીતા સાથે યજ્ઞ દીક્ષા આપી અને ઋષિ પાસેથી અશ્વમેધ યજ્ઞ પૂરો કર્યો. એ વખતે શ્રી રામે ષડ્રસાન્ન (છ, પ્રકારના રસવાળું અન્ન)નું ભોજન આપ્યું. યાચકોને અપાર દ્રવ્ય દાન આપ્યું. બધા રાજાઓને ભેટ આપી. સુગ્રીવ, વિભીષણ અને સર્વ વાનરવીરોનું સન્માન કરી વિદાય આપી. શ્રી રામ પુત્ર અને બંધુ સાથે વર્તમાન રાજય ચલાવવા લાગ્યા. કુલ લક્ષ્મી પાછી ઘેર આવવાથી પ્રજાનું દુઃખ દૂર થયું, અવર્ષણ દૂર થઈને વરુણ રાજાની કૃપા વૃષ્ટિ થઈ, સર્વત્ર સમૃદ્ધતા થઈ ગઈ.

ત્રેતા યુગમાં ત્રણ રૂપે શ્રી હરિ અવતાર, શ્રી રામ રૂપે દશરથ ઘેર કિરતાર. ॥૨૯૭॥
ત્રણ દાનવો દેવે સંહાર્યા જ્યાંય, સ્વામીએ ભક્તો ત્રણ ઓદ્ધાર્યા છે ત્યાંય. ॥૨૯૮॥
રાજા હરિશ્ચંદ્ર આ સત્પંથે ધાયા સધીર, ત્યાં ભક્તોને બહુ જ કષ્ટ પડયા ધરી ધીર. ॥૨૯૯॥
એ રાજા હરિશ્ચંદ્રે રાજપાટ છોડયા શૂરવીર, તેણે હરવંશ ઝાંપડા ઘેર ભર્યા છે નીર. ॥૩૦૦॥
ત્યાં હરિશ્ચંદ્રે ગોર વસિષ્ઠ પૂરા સેવ્યા જેહ, તેણે સત્પંથ પૂરા પ્રમાણ્યા છે તેહ. ॥૩૦૧॥
સતીને રોહિદાસ વેચાયા, માળીને જ્યાંય, તેણે ત્યાં જરા પગ પાછો ન કીધો ત્યાંય. ॥૩૦૨॥
ત્રેતાયુગમાં ગોર વસિષ્ઠ વાચા છે જ્યાંય, એકવીસ કરોડ જીવ નિમાયા છે ત્યાંય. ॥૩૦૩॥
તેમાં સાત કરોડી દેવ શ્રદ્ધાળુ સાચા થયા જાણ, તે સર્વે અમરાપુરમાં પહોંચ્યા નિરવાણ. ॥૩૦૪॥
તેમાં સાત કરોડીએ વિશ્વાસ ઓછો લાવ્યો જાણ, તે તો ફરીને પાછા પડીયા લક્ષચોર્યાશી ખાણ. ॥૩૦૫॥
તેમાંથી સાત કરોડી જીવો પ્રલયે ગયા જેહ, જેણે ગોરનર ઉપર જરા ન રાખ્યો સ્નેહ. ॥૩૦૬॥
જાણી જોઈને થયા એ ગાફલ ગેમાર, તેથી જાણી જોઈ નરકે પડીયા તેણે ઠાર. ॥૩૦૭॥
ભક્ત હરિશ્ચંદ્ર તારારાણી કુંવર રોહિદાસ, તેને સત્પંથ સેવ્યા પૂરી છે ગોરે આશ. ॥૩૦૮॥
સાત કરોડી દેવ શું નિપજયા ભાખ, તેવા ભકતોની ચાલી છે જુગમાં શાખ. ॥૩૦૯॥
ભાઈ હરિશ્ચંદ્ર જેવાં સત્ રાખીએ જો મન, તન મન ધન સર્વે સોંપ્યા સદ્ગુરુના વચન. ॥૩૧૦॥
સાત કરોડી શું ભક્ત હરિશ્ચંદ્ર વૈકુંઠ જાય, અને ત્યાં ત્રેતાયુગ સંપૂર્ણ જો થાય. ॥૩૧૧॥
ચાર લાખ ને બત્રીસ હજાર, ત્યાં લગી હતા શ્રી હરિ રામ અવતાર. ॥૩૧૨॥
ત્યારે દૈત્ય રાવણને માર્યો જેણી વાર, પછી સંસારમાં પ્રગટ થયા શ્રી મોરાર. ॥૩૧૩॥
ત્યારે શ્રી રામચંદ્રની માતા તો કૌશલ્યા કહીયે, અને પિતા તો રાજા દશરથ લહીયે. ॥૩૧૪॥
ત્યારે ગુરુ તો વસિષ્ઠ મુનિ જાણ, અને શક્તિ તો સતી સીતાદેવી પ્રમાણ. ॥૩૧૫॥
ત્યારે ચાર લાખ બત્રીસ હજાર શ્રી રામ રૂપે જાણ, ત્યારે યજુર્વેદ હોતા પ્રમાણ. ॥૩૧૬॥
બાર લાખ છન્નુ હજાર વર્ષ ત્રેતાજુગનું પ્રમાણ, હરિશ્ચંદ્ર સાત કરોડી શું વૈકુંઠ પોતા નિર્વાણ. ॥૩૧૭॥
તેણે સત્પંથ આરાધ્યા જાણ, અમરાપુરમાં વાસો પામ્યા નિર્વાણ. ॥૩૧૮॥
શ્રી હરિનો સાતમો અવતાર સંપૂર્ણ જ સહી, એવી શ્રી સદ્ગુરુ ઈમામશાહે વાણી કહી. ॥૩૧૯॥

શ્રી રામની માતા તો કૌશલ્યા, પિતા તો દશરથ, શક્તિ તો સીતાદેવી, ગોર તો વશિષ્ઠમુનિ, ત્યાં દૈત્ય દાનવ તો દશાશીશ રાવણ, સ્થાન તો અયોધ્યા, ક્ષેત્ર તો લંકાપુરી, ત્યારે વેદ તો યજુર્વેદ વર્તતે, ઓચરંતે ગાયત્રી, સાત વાર, સત્તાવીસ નક્ષત્ર, પંદર તિથિ, બાર કરણ, નવ ગ્રહ, સુરમંત્રનો જાપ જપંતા આવ્યા, સ્વામી ! ઋષિઓને સ્થાપી, દશાશીશ રાવણને સંહારી, સાત કરોડીસહ રાજા હરિશ્ચંદ્રને ઓધારી, તમે ભલે અવતર્યા, યુગેયુગે શ્રી દેવ મોરારિ, જે કોઈ ચિત્ત હરિ શું લાયે, તેનાં ધર્મ વધેને પાપનો ક્ષય થાય. નમો નમો પરબ્રહ્મ નારાયણના નામને, જે રૂપે સદ્‌ગોર બ્રહ્મા નરનારાયણ હોય, તે રૂપને ધ્યાઈએ.

ત્રેતાયુગમાં શ્રી હરિના ત્રણ પ્રગટ અવતાર થયા છે. વામન, પરશુરામ અને શ્રી રામ. ત્રણ દૈત્યોનો સંહાર થયો છે -બલિ, સહસ્ત્રાર્જુન અને રાવણ. ત્રણ સદ્‌ભક્તોનો ઉદ્ધાર થયો છે - કમલધ્વજ, કમળાપતિ અને હરિશ્ચંદ્ર.

હરિશ્ચંદ્ર રાજાએ સત્‌પંથનું સત્ તત્ત્વપાલન કરવા માટે કસોટી સહન કરી. કાયિક માનસિક કષ્ટ સહન કરી આપેલ વચન પાલન કરવા માટે પોતે વેચાઈને સત્ત્વ કાયમ રાખ્યું. એની સાથે રાણી તારામતી, પુત્ર રાહિદાસ તેઓ પણ આ કસોટીથી સત્ત્વ અબાધિત રાખીને તે સત્‌પંથના આચરણથી અમરપદ પામ્યાં. તેમણે યુગ પ્રવર્તક યુગગુરુ વસિષ્ઠના આત્મજ્ઞાન પ્રમાણે સાધના કરીને તેમના વચન પર દૃઢ નિષ્ઠા મૂકી ધ્યેય પુરુષ ભગવાન શ્રી રામની ભક્તિ પ્રેમરસમાં એકતાન થયાં અને આત્મોદ્ધાર સાથે અન્ય સાત કોટિ સદ્‌ભક્તોનો ઉદ્ધાર કરીને અમરપદ સ્વરૂપમાં સ્થિર થયાં.

જે લોકોએ સત્‌પંથ ધર્મનો સ્વીકાર કરીને શ્રદ્ધાથી સત્ય સ્વરૂપ ભગવાનની ભક્તિ કરી નહીં એ લક્ષચૌર્યાશીના ફેરામાં પડયા અને જે નાસ્તિકપણાથી ફકત પોતાનું ઉદર ભરવા માટે ચોરી, હિંસા, દુરાચાર કરવામાં પ્રવૃત્ત થયા, ઈશ્વર, ધર્મ વગેરે પુરાણો વ્યર્થ છે એવી દૃષ્ટિથી રહેલા સુખી જીવન ઉધ્વસ્ત કરનારા, આ દૃષ્ટિકોણથી જેમણે સંત, સદ્‌ભક્ત, ધર્મશાસ્ત્ર વગેરેની અવહેલના કરી, એમનો અનન્વિત છળ કર્યો એવા જીવાત્મા પ્રલય સુધી નરક યાતનાનું દુઃખ ભોગવવા લાગ્યા.

આ પ્રમાણે ત્રેતાયુગમાં યુગ ધર્મ દિગ્દર્શિત કરી એવા વસિષ્ઠ ઋષિએ અનેક આશ્રમો વિદ્યાપીઠો સ્થાપન કરીને ત્યાંથી ધર્મત્ત્વ અને સંસ્કૃતિનો જગતમાં સર્વત્ર પ્રસાર અને પ્રચાર કર્યો છે. એમની તરફથી શ્રી રામચંદ્રએ અને તેમના પૂર્વજ અનુજોએ આત્મજ્ઞાન પ્રાપ્તિ કરવા દીક્ષા લઈને સાધના કરીને આત્મજ્ઞાન સંપન્ન કર્યાં હતાં. એમના આ ધર્મ તત્ત્વનો જેમણે વિરોધ કર્યો અને તેવી વિદ્યાપીઠ ઉધ્વસ્ત કરવા માટે જે બલિ, સહસ્ત્રાર્જુન, રાવણ, કુંભકર્ણ આદિ રાક્ષસોએ પ્રયત્ન કર્યો તેમનો ઉચ્છેદ ભગવાને શ્રી વામન, શ્રી પરશુરામ, શ્રી રામનો અવતાર ધારણ કરીને કર્યો.

યુગધર્માનુસાર યર્જુવેદના ક્રિયાચરણથી અનંત સદ્‌ભક્તોનો ઉદ્ધાર કર્યો છે. સુદ ચતુર્દશી એ આ યુગની યુગ તિથિ હતી, જલદાગ એ પ્રાધાન્યભૂત અંતિમ સંસ્કાર હતો, પૂર્વ દિશા પૂજનીય મનાતી હતી, પૂર્વાભિમુખ બેસીને ગાયત્રી મંત્રના ઉચ્ચાર સાથે શ્રી રામનું બીજ મંત્ર સ્મરણ ચિંતન અને ધ્યાન કરવામાં આવતું, યર્જુવેદને પિત્ત વર્ણ માનીને પિત્ત વસ્ત્રનો વપરાશ હતો. કળશ ઘટપાટ આ રૂપેરી વર્ણના એટલે ચાંદીના હોવાથી અર્થ ભંડાર ચાંદીના નાણાંનું ચલણ હતું. આ પ્રમાણે યુગધર્મ ત્રેતાયુગમાં પ્રાધાન્યભૂત હતો. અહીં ત્રેતાયુગ પૂર્ણ થયો. ત્રેતાયુગનું પ્રમાણ ૧૨,૯૬,૦૦૦ વર્ષ હોવાથી ત્રણ અવતાર થયા છે. હવે આગળ દ્વાપર યુગ સોમવતી અમાવાસ્યાથી શરૂ થયો છે.

•••

:: રામ રાજ્ય પછીના ઈતિહાસની વિગત ::

શ્રી રામ સમસ્ત આર્યાવર્તના એક છત્ર ચક્રવર્તી રાજા ઘોષિત થયા અને જનકનંદિની સીતા આર્યની રાજમહિર્ષીની થઈ. સર્વ સમારોહ સંપન્ન થયા પછી રામે દાન-માન આ યોગે ઉપકૃત કરીને દેવ, દાનવ, માનવ, નર, નાગ, યક્ષ, વાનર, ઋક્ષ (રીંછ), પ્રતિનિધિ, રાજર્ષિ, યતિ, બ્રહ્મચારી, વેદપાઠી, ભટ, સુભટ, મિત્ર, બાંધવો વગેરેને સંતોષ આપ્યો. સેવકોને સંતુષ્ટ કર્યા અને અયોધ્યામાં રામરાજ્ય પ્રસ્થાપિત કર્યું.

મથુરાના રાજા લવણાસુરે શ્રી રામનું શાસન સ્વીકૃત કર્યું નહીં. એ યાદવ નરેશ ભીમાસુરનો પ્રતિનિધિ હતો. એ રાક્ષસ ધર્મી ને નરભક્ષી હતો. તેથી રામે શત્રુઘ્નને તેના ઉપર ચઢાઈ કરવા મોકલ્યો. શત્રુઘ્નને ઘોર સંગ્રામ કરીને લવણાસુરને ઠાર માર્યો.

શ્રી રામે શત્રુઘ્નને મથુરાના રાજ્ય પર અભિષિકત કર્યા. યાદવ નરેશ ભીમાસુર શત્રુઘ્નના ભયથી દક્ષિણ તરફ ખૂબ દૂર નીકળી ગયો. શત્રુઘ્નને બાર વર્ષ સુધી મથુરામાં રાજ્ય કર્યું. રામને બે પુત્ર થયા લવ અને કુશ. લક્ષ્મણના અંગદ અને ચંદ્રકેતુ, ભરતના તક્ષ અને પુષ્કર, શત્રુઘ્નના સુબાહુ અને શત્રુઘાતી એમ પુત્રો થયા.

આ સમય દરમ્યાન ગંધર્વ દેશના આનવ રાજાએ ભરતના મામા યુધાજિતને મારીને કૈકેયનું રાજ્ય છીનવી લીધું. આ સાંભળી શ્રી રામે ભરતને ચતુરંગ સૈન્ય આપી આનવ રાજા જોડે લડાઈ કરવા મોકલ્યો. ભરતે આનવ રાજાને પરાજીત કરીને ગંધર્વ દેશ અને કૈકેય દેશ ઉપર અધિકાર મેળવ્યો.

રામે ભરતને ત્યાંનો રાજા બનાવ્યો. કેટલાક સમય પછી ભરત પુત્ર પુષ્કરે પુષ્કરાવતી નગરી વસાવી તેણે પોતાની રાજધાની બનાવી. ભરત પુત્ર તક્ષે તક્ષશિલા નગરી વસાવી. એ જ હમણાં પેશાવર અને તક્ષશિલા એમ પ્રસિદ્ધ નગરી છે.

શ્રી રામે બીજા પણ સારા એવાં રાજયોને જીતીને પુત્ર પરિવારમાં વહેંચી આપી સૂર્યવંશની ગાથા સ્થાપન કરી. શ્રી રામે પોતાના વડીલ પુત્ર કુશને યુવરાજ પદે ઘોષિત કર્યો અને વિંધ્યાદ્રીના દક્ષિણ કુશ સ્થળે કુશાવતીનગર અને ત્યાંનો રાજ્યપાલ નીમ્યો. લવે ઉત્તર કોસલની રાજધાની શ્રાવસ્તી સ્થાપિત કરી એ ગોંડા અથવા બહરાઈન જિલ્લામાં છે. લવે પંજાબમાં લવપુર નગર વસાવ્યું ત્યાં જ હમણાંનું લાહોર છે. લક્ષ્મણ પુત્ર અંગદ અને ચંદ્રકેતુ એમણે કારાપથ રાજ્યમાં અંગદનગર અને ચંદ્રાવતી નગરીનું રાજ્ય આપ્યું, એ મલ્લદેશમાં હિમાચલ પ્રદેશમાં છે. સુબાહુને મથુરા અને શત્રુઘાતીને વિદીશા એ રાજ્ય આપેલ છે. આ રીતે શ્રી રામે પોતાના ભાઈઓને અને તેમના આઠે પુત્રોને અલગ અલગ રાજ્ય સોંપીને મુખ્ય અયોધ્યાની ગાદી પોતાના સ્વાધીન રાખી.

શ્રી રામે સુગ્રીવ, વિભીષણ અને શત્રુઘ્નને સાથે લઈને પોતાના બાહુબળથી અન્ય રાજયનો અભિષેક કર્યો જેવાં કે અંગ, બંગ, મત્સ્ય, શૃંગવેરપુર, કાશી, સિંધુ, સૌવીર, સૌરાષ્ટ્ર, દક્ષિણ કોસલ, કિષ્કિંધા અને લંકા એ નામની મિત્રશક્તિ હતી. આ સમય સુધી આર્યના ઈતિહાસમાં શ્રી રામ કરતાં શ્રેષ્ઠ વ્યાપક પ્રભાવશાળી સાર્વભૌમત્વ રાજા બીજો કોઈ પણ નહોતો થયો.

રામરાજ્યમાં આર્યનો પ્રભાવ સંપૂર્ણ નૃવંશ (માનવજાત) પર પડયો અને આર્યોની જાતિ એ આખી પૃથ્વી પર શ્રેષ્ઠ જાતિ તરીકે સ્વીકારાઈ. ગોદાવરીની પેલી બાજુ દક્ષિણ સુધી આર્યનું પ્રબળ રાજ્ય પ્રસ્થાન થયું. પંપા, મલય, લંકા વગેરે સુદૂર દક્ષિણ પાસે સર્વ દ્વીપ સમુહમાં રામનામનું માહાત્મ્ય અને આર્યનો પ્રબળ પ્રભાવ સ્થાપિત થયો.

શ્રી રામ રાવણના આ મહાયુદ્ધમાં નજીકના દૈત્યો-દાનવો-નાગવંશી રાજાઓ અને તેમના રાજ્ય પ્રતિનિધિઓ રાવણની સહાય માટે આવ્યા હતા. રાવણ લંકાની આજુબાજુમાં રહેલા સપ્ત દ્વીપનો અધિપતિ હતો. આજની ભૌગોલિક પરિસ્થિતિ જો કે બદલાયેલી છે. તે આજ ઓસ્ટ્રેલિયા, જાવા, સુમાત્રા, મેડાગાસ્કર, આફ્રિકા વગેરે નામથી પ્રસિદ્ધ છે.

આ પ્રબળ શત્રુને મારવો સરળ વાત નહોતી. રાવણના નિધન પછી એ યોગે તિમિરધ્વજ, શંબર અને વર્ચિન વગેરે સંપૂર્ણ અનાર્યોનું બળ તૂટ્યું હતું. એના કારણે શ્રી રામનું નામ અને યશ આ દ્વીપમાં પ્રસારીત થયું અને સંપૂર્ણ મંડળમાં શ્રી રામ વિખ્યાત થયા. લોકો મહાદેવ અને જગદીશ્વર એ રૂપે શ્રી રામની પૂજા કરવા લાગ્યા.

ચંપા, કમ્બોડીયા, થાઈલેન્ડ, બર્મામાં પણ શ્રી રામનો પ્રતાપ વ્યાપ્યો. યુરોપમાં કોઈ કોઈ જાતિ શ્રી રામ પ્રભાવીત પ્રાચીન જાતિથી સંબંધિત છે. આ રીતે યુરોપના પ્રમુખ દેશ ઈંગ્લેન્ડ, સ્પેન, સ્વિડન, નોર્વે, ગ્રીસ, ઈટાલી પણ શ્રી રામના પ્રભાવથી પ્રભાવીત થયાં. આ પ્રમાણે આજના બધા દેશોમાં આ આર્ય નેતા વિજેતા મર્યાદા પુરુષોત્તમ શ્રી રામનું કંઈક ને કંઈક રૂપે સાંસ્કૃતિક મિશ્રણ છે, એમ ઈતિહાસ સમજાવી આપે છે.

આ તરફ હવે શ્રી રામ, વસિષ્ઠ ઋષિ, વામદેવ, ઈંદ્ર, અગત્સ્ય, વિભીષણ, સુગ્રીવ, સુતીક્ષ્ણ વગેરે નરપતિઓની સભા દંડકારણ્યમાં ભરાઈ. ઉત્તરાપથ, આર્યવર્ત, દક્ષિણાવર્તમાંના બધા અધિપતિ, નાગકુલપતિ વગેરે દંડકારણ્ય ઉપરની મહત્ત્વની સભામાં આવ્યા હતા. પૃથ્વીના રાજ્યનું યોગ્ય વિઘટન થયું. રાવણનું સામ્રાજ્ય છિન્ન ભિન્ન થયું. વિભીષણને લંકાના રાજેશ્વર અને દ્વીપસમુહોના સંરક્ષક બનાવ્યા. દેવલોક અને આર્યવર્તના રાજ્યોની નવી સીમા નિર્ધારીત થઈ. ત્યારથી દક્ષિણારણ્ય સુધીનો પ્રદેશ સંપૂર્ણ ભારતવર્ષ ઘોષિત કરવામાં આવ્યો.

વસિષ્ઠ અને વિશ્વામિત્ર એમણે પરિસંવાદ કરાવીને આર્યોને સંમિશ્ર જાતિનું નવી પદ્ધતિથી સંગઠન કરીને ગુણ અને કર્મથી ચાર વિઘટન કર્યા અને વર્ણમર્યાદાની ઋચાઓ પ્રસ્તુત કરીને વેદાંતર્ગત સ્વીકૃત કર્યું. વેદ એટલે આર્યોનો સાંસ્કૃતિક વ્યાખ્યાનો ધર્મગ્રંથ કહેવડાવવો નિશ્ચત મનાયો. ચાર વર્ણ થવાથી બધે નાના મોટા, મૂર્ખ અને વિદ્વાન, સ્વામી-સેવક પરસ્પર અલગ અગલ સમુહોનું પ્રતિનિધિત્વ કરીને પણ સમષ્ટિ રૂપે આર્ય જ કહેવાયા. જીતેલા, અનાર્ય, પતિત વગેરેને પણ શુદ્ર એમ નામ આપીને આર્યત્વની જાતિય મર્યાદામાં સમાવિષ્ટ કર્યા. દેવ, આર્ય અને અનાર્યોમાં મૈત્રી સંબંધ પ્રસ્થાપિત થઈ. આર્યનું સૌષ્ઠવત્વ બધાએ સ્વીકાર કર્યુ. ''યોગ વસિષ્ઠ''એ આર્યનો સર્વ શ્રેષ્ઠ ધર્મ ગ્રંથ માનીને સ્વીકૃત કર્યો. એમની યજ્ઞવિધિ આર્યોએ સ્વીકારી. ફક્ત દેવગણોએ વર્ણમર્યાદા સ્વીકારી નહીં. એમના ધર્મ નેતા નારદઋષિ વામદેવ રહ્યા અને તેમની વામવિધિ દેવોએ સ્વીકારી. દેવગણો અને આર્યો આ બંનેમાં સદ્ભાવ કાયમ રહ્યા.

એકવાર કાલપુરુષ શ્રી રામની પાસે આવ્યા. શ્રી રામને વૈકુંઠ આવવાની સૂચના આપવા માટે કાળને બ્રહ્મદેવે મોકલ્યા હતા. કાળ પુરુષે એકાંતમાં આવી શ્રી રામને કહ્યું: તમારાથી કંઈક મહત્ત્વની મંત્રણા કરવી છે માટે અહીં એકાંતમાં બીજો કોઈ આવે એ જરૂરી નથી. જો કોઈ અંદર આવે તો તેનો વધ કરવો.

શ્રી રામે એ પ્રમાણે પ્રતિજ્ઞા કરી અને લક્ષ્મણને બોલાવીને કહ્યું કે: 'તું દ્વાર પર ઊભો રહે. કોઈને પણ અંદર આવવા દઈશ નહીં. જો કોઈ અંદર આવે તો હું તેનો વધ કરીશ..' લક્ષ્મણ શ્રી રામની આજ્ઞા શિરોમાન્ય માનીને દ્વાર પર ઊભો રહ્યો.

એટલામાં દુર્વાસા ઋષિ ત્યાં આવ્યા. લક્ષ્મણે તેમને પ્રણામ કરીને બે ઘડી પ્રતિક્ષા કરવા કહ્યું, દુર્વાસાને ક્રોધ આવ્યો. તેઓ બોલ્યા: મને અંદર જવા દે નહીં તો હું તને ભસ્મ કરી નાખીશ.

લક્ષ્મણ ગભરાયો એ દુર્વાસાના આગમનની જાણ કહેવા માટે અંદર ગયો. તેને જોતાં જ કાળ પુરુષ ઊઠયા અને રામને કહ્યુંઃ 'રામ, તમારે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવી, હું આવું છું. એમ કહીને કાળ નીકળી ગયા.

શ્રી રામે દુર્વાસાને મળીને તેનું અર્ધ્યપાદ્યથી પૂજન કરીને ભોજન આપીને સંતુષ્ટ કરીને રવાના કર્યા.

પછી લક્ષ્મણ પાસે આવીને શ્રી રામે કહ્યું: 'લક્ષ્મણ, ધર્મપાલનમાં મોટું સંકટ આવ્યું છે, કારણકે પ્રતિજ્ઞા પાલન કરતાં તારો વધ કરવો આવશ્યક છે. હે વીર, હું તારો ત્યાગ કરું છું, આ જ તારો વધ છે. હવે તું જ્યાં તારી ઈચ્છા હોય ત્યાં પ્રસ્થાન કર જા.

કાળનો મહિમા જાણી લક્ષ્મણ સરયૂ નદીના દક્ષિણ તીર પર ધ્યાનસ્થ બેઠો અને તેના શરીરમાંથી અત્યંત દૈદીપ્યમાન તેજસ્વી એવો હજાર ફણાનો નાગ નીકળી સરયૂમાં વિલીન થઈ ગયો.

એ જ સમયે શ્રી રામ પણ સ્નાન સંધ્યા તર્પણ કરવા માટે સરયૂ નદીએ આવ્યા અને એ પણ સરયૂ જળમાં વિલીન થઈ ગયા. એ પ્રમાણે યુગધર્મનો પ્રાધ્યાનુસાર તેમણે જલદાગ લઈને પોતાના શરીરનો અંત કરીને લીલા પૂર્ણ કરી.'

॥ ૐ તત્ સત્ શ્રી પરિબ્રહ્માર્પણમસ્તુ ॥

॥ ઈતિ શ્રી રામ ભગવાનનો અવતાર સંપૂર્ણતઃ ॥



•••

❖ સદ્‌ભક્ત રાજા હરિશ્ચંદ્ર આખ્યાન ❖

॥ શ્રી સત્‌ગોર બ્રહ્મા વાચા ॥

સત્યવાદી હરિશ્ચંદ્રના પરચા જાણ, તમે સુણો મુનિવરો સહી પ્રમાણ. ॥૧॥
ત્રેતા જુગમાં મુખી એ તપ કીધા છે જ્યાંય, મુખી વિરલોચન ઘેર ભક્ત આવ્યા ત્યાંય. ॥૨॥
તે મુખી ભક્તો કારણ આવ્યા સહી, તપસ્વી ગોરની આશિષ વિના કોઈની મુક્તિ નહીં. ॥૩॥
તે મુખી વિરલોચન ઘેર હરિચર્યા જો કરે, સત્‌ગોર વસિષ્ઠ સાથે દેવ સભા ગુપ્ત મળે. ॥૪॥
તે દેવ સભામાં જ્યોતિ પ્રકાશીત હોય, ત્યાં મુખી ગત કળશ પખાળે સોય. ॥૫॥
તે મુખી કળશ પખાળે જેહ, ત્યાંથી તારાસતી કુળ તારણ ઉપન્યાં તેહ. ॥૬॥
તે કન્યાની રાજા હરિશ્ચંદ્રે પરીક્ષા કીધી તહાં, સતીના ચિરપટોળાં પૂરીયાં જ્યાંહાં. ॥૭॥
રાજા હરિશ્ચંદ્રે તેડાવ્યો પુત્રીનો બાપ, અમે તમારી પુત્રી વરીશું આપ. ॥૮॥
રાજા તમે અમારો પરખો મરમ, તમે ભલા ક્ષત્રિય તમારો કોણ ધરમ. ॥૯॥
ત્યાં રાજા મુખથી એવું બોલ્યા વચન, અમે ક્ષત્રિય ઉકરડેથી લઈયે રતન. ॥૧૦॥
અમો કન્યા રતન જાણી પરણીશું જેહ, અને અમે પટરાણી કરશું તેહ. ॥૧૧॥
ત્યારે રાજા હરિશ્ચંદ્ર પરણ્યા તારા નાર, અમે એણે ઘરમાંથી નહીં કાઢીએ બાર. ॥૧૨॥
ત્યારે તારા રાણી ગુરુ વસિષ્ઠને કહે છે એમ, ગુરુજી સત્‌ અમારું રાખજો તેમ. ॥૧૩॥
રાણી કહે ગુરુજી તમ આગળ વિનંતી કરું જેહ, ઘણી એક સ્તુતિ કરી માગું તેહ. ॥૧૪॥
ગુરુ વસિષ્ઠ કહે તમે સુણો તારા રાણી સાર, તુંજને કહું તે તમે કરજો નિરધાર. ॥૧૫॥
તારા રાણી રાખો સત્‌ગુરુ વિશ્વાસ આજ, તો તમારાં સરશે સર્વ કાજ. ॥૧૬॥
જ્યારે રાજા તણી સેવા કરે રાણી તારા નાર, ત્યારે સત્‌ગુરુ ઘર સેવા કરે તનયા સાર. ॥૧૭॥

સત્યયુગમાં સદ્‌ભક્ત પ્રહલાદને યુગગુરુ બ્રહ્મપુત્ર નારદ મુનિ પાસેથી જે પ્રમાણે ગુહ્યજ્ઞાનની પ્રાપ્તિ માતાના ગર્ભવાસમાં જ થઈ હતી અને એ યોગે આગમન થનાર નરસિંહ નારાયણની સ્મરણ ભક્તિ કરીને એ જ નામ પર નિર્ભર રહીને હિરણ્યકશ્યપુએ અનન્વિત કરેલ છળને ન ગણકારતાં પોતાને ઈચ્છિત ધ્યેયસહ મુક્તિ પ્રાપ્ત કરી લીધી હતી. એ જ પ્રમાણે ત્રેતાયુગમાં ભક્તિમતિ સતી તારામતિ થઈ હતી. તેણે પોતાના પતિ અને પુત્રની સાથે સાત કોટિ જીવાત્માઓને મુક્તિનો માર્ગ મેળવી આપ્યો.

ત્રેતાયુગમાં અધર્મનો ઉચ્છેદ, સદ્‌ભક્તોનું પાલન-સંરક્ષણ કરવા માટે અને જગતના આદર્શભૂત કાળમાં જ્યારે રાવણ કુંભકર્ણ વગેરે દુષ્ટ દાનવ-રાક્ષસો મસ્તક ઊંચુ રાખી ફરતા હતા. એ કાળમાં વાલ્મીકિએ કથન કરેલ આગમ અવતાર-શ્રી રામ અવતારનો સંધી પ્રકાશ પ્રસરેલ હતો. અવતાર પ્રગટ થયો નહોતો, પણ શ્રી પરશુરામ અવતારનું કાર્ય પૂર્ણ થયા પછી શ્રી રામ અવતારનું કાર્ય શરૂ થયેલ હતું.

એવા સમયમાં અયોધ્યામાં સૂર્યવંશી રાજા હરિશ્ચંદ્ર રાજા રાજ્ય કરતો હતો.

હરિશ્ચંદ્ર રાજાના જ નગર પાસે ગંગા નદીના કિનારા પર એક સુંદર વૃક્ષરાજીત આશ્રમ હતો. આશ્રમ ભવ્ય, દિવ્ય સુંદર, સુગંધી ફળફૂલોથી નિત્ય કંડારાયેલો, વૃક્ષ-લત્તાઓથી પરિપૂર્ણ હતો. એ આશ્રમનો મુખ્ય સંચાલન કર્તા વીરલોચન નામનો તપસ્વી બ્રાહ્મણ હતો.

યુગધર્માનુસાર એ આશ્રમમાં પૂજા, અર્ચના, ઈશ્વર સાધના, જ્ઞાન ચર્ચા વગેરે થતી હતી. તે જગ્યાએ વિશેષતઃ મધ્યરાત્રીના સમયે યુગગુરુ વસિષ્ઠ આવીને કુંભ, કળશ, મહાપૂજા કરીને યુગધર્માનુસાર યજ્ઞયાગ કરતા અને ત્યારે દેવસભા એ જગ્યાએ મળતી હતી. ઈંદ્ર, ચંદ્ર, સૂર્ય, વરુણ, વાયુ, અગ્નિ, યમ, ધર્મ, કુબેર, અશ્વિનીકુમાર, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, મહર્ષિ, દેવર્ષિ વગેરે સર્વ એ જગ્યાએ પ્રગટ થઈ મંત્રાહુતિ દ્વારા આપેલ પોતપોતાના હવિર્ભાગ ગ્રહણ કરીને સદ્‌ભક્તોને કૃપાશીર્વાદ આપીને પ્રસ્થાન કરતા.

આ પ્રમાણે પ્રત્યક્ષ પ્રગટ ભગવાનનું એ સાક્ષાત્ વાસ્તવ્ય સ્થાન બનેલું હતું. આવા એ દેવકુલ આશ્રમમાં આ બધા દેવતાઓનાં પૂજન-અર્ચન વગેરે થતાં હતાં કારણકે એ સર્વ દેવસભા ગુપ્ત રીતે થતી હતી. રાવણ જેવા દુષ્ટ પ્રવૃતિના રાક્ષસને ખબર પડવાથી એ આશ્રમને નષ્ટ કરીને ઉધ્વંસ કરશે એટલે આ બધી ગુપ્તતા રાખવામાં આવતી હતી.

એ પુણ્યકારક આશ્રમમાં એ યુગની તારક શક્તિ સતી તારામતિનો જન્મ થયો. સદ્‌ભક્ત વીરલોચન અને એની પરમ પ્રેમાળ અર્ધાંગના સતી સત્યકીર્તિ એ બંનેના પુણ્યોદયથી એમને ત્યાં એ પવિત્ર નિર્મળ ઉજ્જવળ ચારિત્ર્યવાન કન્યાનો લાભ થયો હતો. બંને પતિ-પત્ની અતિશય આનંદથી, પ્રેમથી એ બાળકીનો લાડકોડથી ઉછેર કરતાં હતાં. બાળકીમાં જન્મજાત ધાર્મિક પ્રવૃત્તિ, પૂજા, ધ્યાન, સ્મરણ, ચિંતન, એકાંત સેવન વગેરે સદ્‌ગુણો જોઈને બધાં ધન્યતા અનુભવતાં અને લાડથી તારાને પ્રેમ કરતાં.

કાળાંતરે પોતાના સદ્‌ગુણોથી બાળ તારામતિએ બધાંને તૃપ્ત કર્યા હતા. ધીમે ધીમે તારામતિએ બધું દેવસભાની સેવાનું કાર્ય પોતાના ઉપર લઈ લીધું. દેવસભાનાં બધાં સેવા કાર્ય એ પોતે પોતાના હાથથી કરીને બધાંને સંતોષીત કરતી. સદ્‌ગુરુ વસિષ્ઠે તારામતિના સેવા કાર્યથી સંતુષ્ઠ થઈને સત્‌પંથ ધર્મની દીક્ષા આપી. બીજમંત્ર 'શ્રી રામ' આ જપ તારામતિને આપ્યો અને રામચરિત્રનું આગમ વર્ણન કરીને એને સંપૂર્ણ આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો. એ યોગે તારામતિને દિવ્ય ગતિનું જ્ઞાન પ્રાપ્ત થયું.

આ જ્ઞાન સાધના કરતાં કરતાં તારામતિએ ધીમે ધીમે બાલ્યા, કિશોરી, કૌમાર્ય વગેરે અવસ્થા ઓળંગીને તારૂણ્યમાં પદાર્પણ કર્યું. શરીર સૌષ્ટવ સાથે સાથે સેવા, પરોપકાર, કારુણ્ય, કર્તવ્ય, સહનશીલતા વગેરે અનેકવિધ ગુણોના વિકાસથી દિવ્ય તેજોલય એના મુખાવિંદ પર પ્રસરેલ હતું.

એક દિવસ તારામતિ પુષ્પવાટિકામાં દેવોની પૂજા કરવા માટે ફળ અને ફૂલ ભેગાં કરતી હતી તે વખતે નજીકના રસ્તેથી પસાર થતા અયોધ્યાના રાજા હરિશ્ચંદ્રની અચાનક દૃષ્ટિ તેના ઉપર પડી. રાજા તારામતિનું રૂપ લાવણ્ય અને તેજસ્વીતા જોઈને ક્ષણભર તો એ ત્યાંજ સ્તંભીત થઈ ગયો. રાજાને લાગ્યું કે આ કોઈ સ્વર્ગની અપ્સરા હોવી જોઈએ અથવા વનદેવી પ્રગટ થઈને વનવિહાર કરે છે કે શું ! સેવક પાસે બધી તપાસ કરાવી અને પછી તારામતિના પિતાને બોલાવીને રાજાએ કહ્યુંઃ 'હે વીરલોચન, તમારી પુત્રીની માગણી કરવા માટે મેં તમને બોલાવ્યા છે.'

આ સાંભળીને વીરલોચન આશ્ચર્યચકિત થયો. એ બોલ્યોઃ 'મહારાજ, તમે અયોધ્યાના નરેશ ક્ષત્રિય છો અને અમે તો ગરીબ બ્રાહ્મણ ! તમારા કુળશીલ કીર્તિને કલંક ન લાગવા દેશો એ જ આ પામરનું કહેવું છે.'

રાજા બોલ્યાઃ 'વીરલોચન ! તેની ચિંતા તમે ન કરશો. અમે ક્ષત્રિયો ઉકરડામાંથી પણ રત્ન શોધી કાઢીએ છીએ. તો પછી તમારા જેવા ધર્મ પ્રાવિણ્ય મહાત્મા જોડે સંબંધ બાંધવાથી કીર્તિને કલંક લાગશે નહીં પણ વૃદ્ધિગત જ થશે. તમારી પુત્રી સાથે લગ્ન કરીને હું તેને પટરાણી બનાવીશ. તેને કોઈ પણ પ્રકારનો શ્રમ પડવા દઈશ નહીં, એટલે કે મહેલમાંથી પણ બહાર જવા દઈશ નહીં.'

રાજાની ઈચ્છા જાણીને વીરલોચને વાતને નકારી નહીં. મૂક સંમતિ આપી. વીરલોચને ઘેર આવીને તારામતિને બધી હકીકત કહી. એ જાણીને તારામતિએ સદ્‌ગુરુ વસિષ્ઠની આરાધના કરીને કહ્યુંઃ 'ગુરુ મહારાજ ! એવી પરિસ્થિતિ નિર્માણ થઈ છે કે મારા હાથે દેવસભાનાં સેવાકાર્ય જેટલા નિયતથી થતાં હતાં તેટલાં હવે થશે કે કેમ, કે પછી તેમાં વિઘ્ન પડશે કે શું ? ત્યારે હવે મારી દેવસેવાની મનોકામના તમે જ પૂર્ણ કરો.

ગુરુજીએ કહ્યુંઃ 'પુત્રી, તું બિલકુલ ચિંતા કરીશ નહીં. તારી બધી મનોકામના પૂર્ણ થશે. તારા હાથે પતિ સેવા થશે અને દેવસભાની પણ સેવા થશે, તેની વ્યવસ્થા હું કરું છું.' આમ કહીને ગુરુજીએ તારામતિને એક શ્યામકર્ણ હંસલો ઘોડો આપ્યો અને એના શરીરના દિવ્ય પ્રતાપની સમજ આપી.

સમયાનુસાર તેનું લગ્ન કાર્ય થયા પછી ગુરુ વસિષ્ઠને વંદન કરતાં તારામતિએ વિનંતી કરીને કહ્યું કેઃ 'મહારાજ, તમે મારું રક્ષણ કરજો.'

અત્યંત પ્રેમથી આશીર્વાદ આપીને ગુરુજીએ કહ્યુંઃ તારા સત્ત્વનું રક્ષણ થશે જ, ચિંતા ન કરીશ. આજ સુધી મેં તને ઉપદેશેલા જ્ઞાન સત્‌ધર્મને તારા જીવનમાં તું ઉપયોગમાં લેજે, શ્રી રામનું સ્મરણ નિત્ય કરજે અને ઘરમાં બધાંની સાથે પ્રેમથી વર્તીને પતિની પ્રીતિ સંપાદન કરજે, ટૂંક સમયમાં જ પરમ ભક્ત કુલદીપક એવો પુત્ર તારા ઉદરે જન્મશે. પતિની સેવામાં નિત્ય રહેજે, રાત્રે નિરાંતના સમયે દેવસભાની સેવા કરજે, કોઈપણ પ્રકારનું આળસ કરીશ નહીં. ભગવાન શ્રી રામ અને તારી આ ગુરુભક્તિ તારા સત્ત્વનું રક્ષણ કરશે.' ગુરુ મહારાજના કૃપાશીર્વાદ, પ્રેમનો સંદેશો અને માતાપિતા તેમજ દેવસભાને વંદન કરીને તેમના આશીર્વાદ લઈ તારામતિએ પોતાના સંસારમાં પદાર્પણ કર્યું. યથા યોગ્ય સમયે તારામતિને પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ. તેનું નામ રોહિદાસ અથવા રોહિતકુમાર એમ રાખ્યું.

હરિશ્ચંદ્ર તારારાણી તેના કુંવર રોહિદાસ, રાજાને ઘેર કુલતારણ આવ્યો જાણ. ॥૧૮॥
તારારાણી દેવસભામાં જાતાં કરવા થાળ, તે રાણીને દાસી સઘળી બોલતી વાણ. ॥૧૯॥
સર્વે દાસીઓ મળીને રાજાને કીધી જાણ, સ્વામી તમે એ રાણીને શું દ્યો છો માન. ॥૨૦॥
એક દિન રાજા હરિશ્ચંદ્ર રાણીને કહે, જે પૂછું રાણી તમને એક વાત જી. ॥૨૧॥
આજ રાણી તું કેમ નહીં આનંદમાં, મન તમારાં કેમ છે ઉચાટ જી. ॥૨૨॥
કહે રાણી સ્વામી મસ્તક દુઃખે મારાં, કઠિન ભાસે હીરા રતનના હાર જી. ॥૨૩॥
સેજ સૂતા રાજા નિદ્રા કરે જ્યાં, તારારાણી ચાંપે છે પાય જી. ॥૨૪॥
તારારાણીએ દીવો ઓલવ્યો, રત્નહાર મેલ્યો સંદૂક માંહે જી. ॥૨૫॥
સર્વે શણગાર રાણીયે સારીયા, અને લીધો સત્‌નો શણગાર જી. ॥૨૬॥

તાહાં થકી તારારાણી સંચર્યા, અને જઈ મળ્યા ઘોડાસાલ માંહે જી. ॥૨૭॥
ઘોડો છોડયો રે તેજી હંસલો, તે ઉપર મેલ્યાં પિત્તળીયાં પલાણ જી. ॥૨૮॥
ઊભા રાજા સર્વે ચરિત્ર જુએ, તેને પછી લાગ જોઈ જાયે જી. ॥૨૯॥
દાસી વચને રાજા ચરિત્ર જોવા ગયા, ઘોડાને પગલે રાજા પછવાડે જાયે જી. ॥૩૦॥

તારામતિનો પુત્ર રોહિદાસ થોડો મોટો થયો પછી પોતાની બાળલીલાથી એ માતાપિતા બધાને મોહિત કરતો. બાળપણથી માતાએ તેને સચ્ચરિત્રાત્મક પૌરાણિક કથાઓ કહીને નીતિનિયમ પાલન, શુદ્ધ આચરણ અને ધાર્મિક પ્રવૃત્તિમાં લગાડયો હતો. તેની નિષ્પાપ, નિરામય અને પ્રેમાળવૃત્તિ જોઈને બધાને અતિશય આનંદ થતો.

આમ જ કેટલોક સમય પ્રસાર થયા પછી એકવાર તારામતિની દાસીએ નવી વિશેષ વાત જોઈ કે મધ્યરાત્રીના સમયે રાણી બહાર ક્યાંક જાય છે. તત્કાલ એ દાસીએ ગુપ્ત રીતે હરિશ્ચંદ્ર રાજાના કાને આ હકીકત કહી. તારામતિ વિશે દ્વેષથી એ હલકટ દાસીએ રાજાના મનમાં ભરમાવ્યું કે; હે સ્વામી, અમે તમારી દાસી છીએ પણ નાના મોઢે મોટી વાત કરવી અમને શોભતી નથી, પણ આગળનું કોઈ અનર્થ થાય તો તે ટાળવા માટે દુર્લક્ષ પણ ન થઈ શકે માટે તમે સ્વચ્છંદી એવી રાણીને વિશેષ માન આપો છો પણ પોતાની દુષ્કીર્તિ ન થાય તે જો જો. એમ કહી રાજાનું મન તારામતિ વિષે કલુષિત કર્યું. સત્ય હકીકત શું છે એનો તાગ લાવવાનો નિશ્ચય રાજાએ કર્યો.

એક દિવસ રાત્રે તારામતિ રાજાની ચરણ સેવા કરતી હતી તે વખતે હરિશ્ચંદ્ર રાજાએ પૂછયું: 'રાણી, તને એક વાત પૂછવી છે. આજ તારું મન આનંદીત કેમ દેખાતું નથી ? આટલી રાત થયા પછી પણ તને ઊંઘ કેમ આવતી નથી ?' તું શાની ચિંતા કરે છે ? તું આટલી ઉદાસ કેમ છે ?

રાણીએ કહ્યું: 'કંઈ નહીં મહારાજ, આ ઉદાસીનતાનું કંઈ કારણ નથી. તમારા પ્રેમાળ સ્નેહમય કૃપા છત્રમાં હું એકદમ આનંદમાં છું. મસ્તક દુઃખવાથી આજ ઊંઘ નથી આવતી એટલું જ ! તમે નિશ્ચિત આરામ કરો. ચિંતા કરવાનું કોઈ કારણ નથી ! એમ રાજાને સમજાવીને તારામતિ રાજાની ચરણ સેવા કરવા લાગી.

થોડી ક્ષણ ગયા પછી રાજાને ગાઢ ઊંઘ આવી ગઈ છે એમ જોઈ રાણી ધીમે રહીને ઊઠી. દીવો ઓલવ્યો. શરીર પરના રત્નાહાર વગેરે રાજસી અલંકાર ઉતારી સંદૂકમાં મૂકી સૌભાગ્ય અલંકાર કેવળ રાખી જપમાલા વગેરે પૂજા સાહિત્ય લઈને એ રાજમહેલમાંથી બહાર એકલી જ અશ્વશાળા પાસે આવી.

રાજાએ રાણીનું ચરિત્ર જોવા માટે ફક્ત ઊંઘનું બહાનું કર્યુ હતું. રાણી પલંગ પરથી ઊઠયા પછી ગુપ્ત રીતે તેણે નિરીક્ષણ કર્યું. રાજમહેલમાંથી રાજાએ ગુપ્ત રીતે રાણીની પાછળ પાછળ પ્રયાણ કર્યુ. રાણીએ પોતાને અત્યંત ગમતો શ્યામકર્ણ હંસલો ઘોડો છોડીને એના ઉપર પલાણ વગેરે લગાવી એ સવાર થઈ. ક્ષણભર રાજાના ચિત્તમાં વિચાર આવ્યો કે દાસી જે કહેતી હતી તે સત્ય છે. તલવાર કાઢીને રાણીનો શિરચ્છેદ કરવો ? પણ ના, હજુ એ શું કરે છે એ સંપૂર્ણ જોયા વગર ઉતાવળે કંઈ પણ ન કરવું એમ વિચારી ગુપ્ત રીતે દોડતો અશ્વશાળામાં જઈ રાજાએ બીજા તેજસ્વી ઘોડા ઉપર સવાર થઈને તારામતિને કોઈપણ પ્રકારની ખબર ન પડે તેમ પાછળ જવા લાગ્યો. રાણીને તો મોડું થવાથી ક્યારે પોતે પહોંચશે અને ક્યારે નહીં એમ એને થતું હતું.'

તાહાં થકી તારારાણી સચર્યાં, જઈ રહ્યાં દ્વારપાળને પાસજી. ॥૩૧॥
ત્યાં તાળાં લાગેલ સાંકળ લોહા તણી, તે આપોઆપ ઉઘડીયાં કમાડજી. ॥૩૨॥
તાહાં થકી તારારાણી સંચર્યાં, જઈ રહ્યાં સપ્ત દ્વાર બાહેરજી. ॥૩૩॥
ગામ પાદરે ઘોડે ચઢીયાં, અને આવ્યાં તે ગંગાજીને પાસજી. ॥૩૪॥
સૂતો સાયર વીરા જાગીયો, વચ્ચે વચ્ચે દીધી છે વાટજી. ॥૩૫॥
તાહાં થકી તારારાણી સંચર્યા, જઈ રહ્યાં દેવ દ્વારજી. ॥૩૬॥
આંગણે જઈ ઘોડો ઊભો રહ્યો, ઉતરીને ઘોડો વિરખે (વૃક્ષે) બાંધ્યોજી. ॥૩૭॥
ત્યાંથી ચાલીને દેવસભામાં જાય, રાજા વિરખ ઉપર ચઢીને જોયેજી. ॥૩૮॥
જઈને તારાબાઈ ઊભી રહી, વીરલોચન જુવે છે વાટજી. ॥૩૯॥
આવતાં દેખી મન સંતોષ્યા, કેમ લાગી બાઈ એટલી વારજી. ॥૪૦॥
ક્ષેમ દઈને તાતે પૂછીયા, બાઈ આજ કેમ લાગી છે વારજી. ॥૪૧॥
સાચું જાણો તાત આપણા, ફરી સુવાડતાં લાગી છે વારજી. ॥૪૨॥
તાહાં થકી તારારાણી સંચર્યાં, જઈ રહ્યા દેવ દ્વારજી. ॥૪૩॥
જઈને તારાબાઈ ઊભી રહી, ગત્‌ને કીધા છે પ્રણામજી. ॥૪૪॥
વહેલા આવી બેસે બાઈ બહેનુલી, તમને કેમ લાગી એટલી વારજી. ॥૪૫॥
સાચું જાણો રે વીરા આપણા, જે માટે લાગી છે વારજી. ॥૪૬॥
સૂતા છે રાજા હમણાં જાગશે, મને ના કરો એટલી વારજી. ॥૪૭॥
રાજા વિરખથી ઉતરીયા, તે દેવસભાના દ્વારે અડીને ઊભા જાયેજી. ॥૪૮॥

અશ્વ શાળામાંથી હંસલા ઘોડા પર સવાર થયા પછી તારારાણી નગરના દરવાજા પાસે આવી. રાજાએ રાત્રે ચોકી કરવા માટે અને દ્વાર રક્ષણ કરવા માટે ચોકીદાર નિમેલા હતા પણ એ પૈકી કોઈને પણ કોઈ પ્રકારની ખબર ન પડી અને સાતેય દરવાજાનાં તાળાં પણ આપોઆપ ખૂલી ગયાં તેમજ દરવાજા પણ આપોઆપ ખૂલી ગયા અને રાણીનો ઘોડો દરવાજામાંથી બહાર નીકળ્યો. ઘોડો બહાર નીકળતાં દરવાજા આપોઆપ બંધ થઈ ગયા.

રાજા આ બધી ઘટના જોઈને આશ્ચર્યચકિત થયો. વિસ્મયતાથી એ વિચાર કરે છે ત્યાં ઘોડો રાજમાર્ગ છોડીને આડમાર્ગે ઉડતો હોય એમ દોડવા લાગ્યો અને ક્ષણમાં ગંગા કિનારે આવ્યો. આગળ ગંગાનું અફાટ જળ દેખાય છે. હવે પોતે શું કરવું એમ વિચાર કરવા લાગી, ત્યાં જ તારામતિએ ગંગામાતાને વિનંતી કરતાં જ નદી કૂદીને તેમાંથી ઘોડો નિર્વિઘ્નપણે પાર ઉતર્યો.

રાજા તો આ બધું જોઈને વિસ્મય ચકિત થયો અને ઉત્સુકતાથી આગળ શું થાય છે તે જોવા લાગ્યો. ત્યાંથી તારારાણી વેગથી પોતાના પિતાના આશ્રમમાં ગઈ.

આશ્રમના દ્વારમાં જ તેના પિતા વીરલોચન તેની રાહ જોતા હતા. એના મસ્તકે હાથ ફેરવી આશીર્વાદ આપી મોડું થવાનું કારણ પૂછ્યું. તેણે પિતાજીને કહ્યું: દેવસભાનો સમય થઈ ગયો છે મને ખૂબ જ મોડું થયું છે એટલે તત્કાલ ચાલો, એમ કહીને એ બંને જણાં દેવસભામાં ગયાં. બધાંએ તારામતિના કુશળક્ષેમ પૂછયા અને થોડું મોડું થવાનું કારણ પૂછ્યું, એટલે તેમણે બધાના મનનું સમાધાન કરીને બધાને પ્રણામ કર્યા. એટલામાં રાજા ગુપ્ત રીતે દેવસભાના દરવાજાને અડીને સંતાઈને ઊભો રહીને આગળનો બધો ચમત્કાર જોવા લાગ્યો.

ધરમ વાત વીરા અગોચરી, કળશ રૂપાના મુગતીના ઠામજી. ॥૪૯॥
તેવા સ્થાપ્યા ઘટપાટ જાણ, સર્વે ગત્ આવી દરશન કરે પ્રણામ જી. ॥૫૦॥
સર્વે ગત્ મળી વિનંતી કરે એક ચિત્ત, અને પ્રગટ થયા ત્યાં શ્રી વૈકુંઠનાથ જી. ॥૫૧॥
સનકાદિક દેવ દેવતા અપાર, તે સર્વ આવી મળે દેવ સભા મોઝાર જી. ॥૫૨॥
કરણ કલ્પના યક્ષ દેવતા અપરંપાર, છપ્પન કરોડી મેઘાને બત્રીસ કરોડી કિન્નર જી. ॥૫૩॥
તેત્રીસ કરોડી દેવ શું આવ્યા રાજા સુરનર, આવ્યા ગણ ગંધર્વ દેવ ત્યાં અપાર જી. ॥૫૪॥
ઘટપાટ પૂજા સહુની સાથે કરે તારારાણી, બહુ સંતોષ્યા શ્રી વૈકુઠના ધણી જી. ॥૫૫॥
ત્યાં સભા માંહે સત્‌ગુરુજીને સેવે તે બાલગોપાલ, સર્વ આવી મળે ગત્‌ગંગા મોઝાર જી. ॥૫૬॥
શ્રી રામ કહીને તારાબાઈ ઊભી થઈ, અને આરાધ્યા શ્રી ભગવાનજી. ॥૫૭॥
યજુર્વેદની સાંખ્યે ચાલતા, જપતા શ્રી રામનો જાપજી. ॥૫૮॥
તે રાણી સર્વે દેવ શું વિદાય થાયે, સર્વે ગત્ વોળાવા જાયેજી. ॥૫૯॥
પણ થાળ લેવો કુંવરને કાજ, પોતે અનામત બાંધી લીધો સાથજી. ॥૬૦॥
પૂજા થઈને સહુ દેવતા ગુપ્ત થયા, એ સર્વે ચલિત્ર જોઈ રાજા અચંબે થાયજી. ॥૬૧॥
મૂક્યાં પગરખ રાણીએ દ્વાર બહાર, તે વાતનો સાંભળો કહું સારજી. ॥૬૨॥
પગરખાં સુવર્ણે જડિત્ર જડયા અપાર, રાજાયે એક પગરખ ઉઠાવી લીધું સારજી. ॥૬૩॥
ક્ષણ એકમાં પગરખ ઉઠાવી લીધું જ્યાંય, ને રાજા વિરખ ઉપર ચઢી બેઠો જઈ ત્યાંયજી. ॥૬૪॥

દેવસભાના દરવાજા પાસે સંતાઈને ગુપ્ત રીતે ઊભો રહી રાજા જોવા લાગ્યો. તો એણે શું જોયું ? સામે મોટી યજ્ઞવેદી હતી. યજ્ઞવેદીની પાસે ચાંદીના નાના સિંહાસન અને ચાંદીના જ કળશની સ્થાપના કરેલી છે. સર્વ ગત્‌ગંગા એ જગ્યાએ ભેગી થયેલી હોવાથી કળશ ઘટપાટની પૂજા થાય છે. તેની પાસે જ રત્નજડિત સુવર્ણમય પાત્રમાં શુદ્ધ ઘૃતની ત્રણ જ્યોતિ અને બીજા પાત્રમાં એક એવી જ્યોતિ પ્રગટતી હોવાથી એનો સૌમ્ય પ્રકાશ સર્વત્ર પ્રસરેલો છે. ઉદ્‌ધૂપ, દીપ, ફળ, પુષ્પ, ગંધ, અક્ષતાદિ વસ્તુઓથી પૂજા ચાલુ છે. યુગધર્મને અનુસાર એવા યજુર્વેદી ગાયત્રી મંત્ર અને વૈદક મંત્રોથી પૂજા થાય છે.

બ્રહ્મગાદી મુખ્ય સ્થાન પર તારામતિના પિતા વીરલોચન બેઠા છે. તેમની બાજુમાં પ્રસરેલા આસન પર યુગ ગુરુ વસિષ્ઠ, સનક સનકાદિ, ઋષિ, દેવર્ષિ, બ્રહ્મર્ષિ, યક્ષ, મેઘ, કિન્નર, ગણ, ગંધર્વ, અષ્ટવસુ, દિક્‌પાલ, આદિત્ય, રુદ્રગણ, અશ્વિનીકુમાર, સૂર્ય, ચંદ્ર, વાયુ, વરુણ, કુબેર, યમ, ધર્મ, અગ્નિ, નારાયણ, વૈકુંઠનાથ બેઠા છે. તેમની બાજુમાં લક્ષ્મી, પાર્વતી, સાવિત્રી, સરસ્વતી વગેરે સૃષ્ટિચક્રના દેવી દેવતાઓ પ્રગટ થઈને બ્રહ્મર્ષિ, વસિષ્ઠાદિ ઋષિઓએ આપેલ આહુતિઓ સ્વીકારીને પૂર્ણ તૃપ્ત અને આનંદીત થાય છે. સર્વદેવ-દેવીઓ આપેલ નૈવેદ્યનો સ્વીકાર કરીને પ્રસાદ માની ગત્‌ગંગામાં સદ્‌ભક્તોને આશીર્વાદ આપે છે.

આ અદ્‌ભુત દશ્ય પ્રત્યક્ષ જોતાં હરિશ્ચંદ્ર રાજા દિગ્મૂઢ બની ગૂઢ વિચારમાં પડી ગયો. એટલામાં તેને જોયું કે સતી તારામતિ સર્વ દેવીદેવતાઓને નમસ્કાર કરીને સદ્‌ગુરુ ચરણે પ્રણામ કરે છે. બધાંને ઈષ્ટ વર આપી સંતુષ્ટ કરીને સર્વ દેવ સભા ગુપ્ત થઈ ગઈ. બધાંનો તારામતિએ પ્રેમથી આશીર્વાદ લીધો અને તરત બહાર આવવા માટે નીકળી.

ત્યાં જ દરવાજામાં રાણીના સુવર્ણમંડિત હીરામાણેક રત્ન જડેલી સુંદર મોજડી કાઢેલી હતી, તેમાંથી એક મોજડી ઉપાડીને રાજા દોડતો જઈને તારામતિ આવે તે પહેલાં ઝાડ ઉપર ચડીને બેસી ગયો અને આગળ શું થાય છે તે જોવા લાગ્યો.

તાહા થકી તારારાણી સંચર્યાં, ગત્‌ગંગાને કીધા પ્રણામજી. ॥૬૫॥
રાણી પગરખ એક ન જોઈ અચંબે થાય, લજ્જા રાખજો ત્રિભુવનના નાથજી. ॥૬૬॥
પગરખની ચોરી થઈ એક પગની, સહુ ગત્‌ને પડીયો વિચારજી. ॥૬૭॥
ચિંતા મૂકો રે વીરા કરો વિનંતી, કળશ રૂપી મુગતનો ઠામજી. ॥૬૮॥
આરાધ કરીને બાઈ ઊભાં થયાં, સ્વામી તારું બ્રીદ(વચન) તું સંભાળજી. ॥૬૯॥
હે સ્વામી અંબરીષ રૂખ્માગદ, તેનાં કીધાં મોટાં મોટાં કાજજી. ॥૭૦॥
શીઘ્ર વસીને હો સ્વામી તારીયા, તે ગયા નગરી સાથે કૈલાસજી. ॥૭૧॥
બંધન કાપ્યાં સ્વામી ધ્રુવ પ્રહલાદનાં, તેણે આલ્યાં અવિચલ રાજજી. ॥૭૨॥
દયા આણો પ્રભુ ભગત તણી, કુદરતી પગરખ આલી તેણી વારજી. ॥૭૩॥
કુદરતી પગરખ પ્રગટ થઈ તત્કાલ, બહુ અચરત થયા હરિશ્ચંદ્ર ભૂપાલજી. ॥૭૪॥
પગરખ પહેરી બાઈ ઊભી થઈ, ગત્‌ ગંગાને કીધા પ્રણામજી. ॥૭૫॥
તાહાં થકી તારારાણી સંચર્યાં, પેગડે મૂકયો છે પગજી. ॥૭૬॥
તાહાં થકી તારારાણી સંચર્યાં, વીરલોચન રડતા જાયેજી. ॥૭૭॥
રહો રહો રે વીર લોચન, તમને હોસે વૈકુંઠનો વાસજી. ॥૭૮॥
વળાવી વીરલોચન પાછા આવ્યા, ફરી ફરી જુવે હેતજી. ॥૭૯॥
રાજા વૃક્ષથી ઉતર્યા જાણ, ઘોડા પાસે આવી ઊભા રહ્યા નિરવાણજી. ॥૮૦॥
ઊભા રહી રાજા સહુ ચરિત્ર જુવે, પાયે લાગે સોહી સાથે જાયેજી. ॥૮૧॥
તારામતિ રાણી ઘોડે ચડીયાં, ઘોડાને પૂંઠે રાજા આવેજી. ॥૮૨॥
તાહાં થકી તારારાણી સંચર્યાં, જઈ રહ્યાં ગંગાજી પાસજી. ॥૮૩॥
સૂતો સાયર વીરા જાગીયો, વચે વચે દીધી છે વાટજી. ॥૮૪॥
તાહા થકી રાણી સંચર્યાં, જઈ રહ્યાં દ્વારપાળને પાસજી. ॥૮૫॥
તાળા ભોગળ ભાંગી સત્‌ લોહા તણી, આપોઆપ ઉઘડીયાં કમાડજી. ॥૮૬॥
તાહાં થકી તારારાણી સંચર્યાં, જઈ રહ્યા ઘોડાસાલ માંહેજી. ॥૮૭॥
ઘોડો બાંધ્યો રે તેજી હંસલો, ઉતાર્યાં પિત્તળીયાં પલાણજી. ॥૮૮॥
તાહાં થકી તારારાણી સંચર્યા, જઈ રહ્યાં રાજ મંદિર માંહેજી. ॥૮૯॥
સેજે સૂતો રાજા નિદ્રા કરે, પોઢો પોઢો મંચક ઉપરજી. ॥૯૦॥
મંદિર જઈને બાઈ ઊભી થઈ, થાળ મેલી તાક માંહેજી. ॥૯૧॥
સત્‌ના શણગાર સારીયા, લીધા છે સેજના શણગારજી. ॥૯૨॥
તાહાં થકી તારારાણી સંચર્યાં, જઈ રહ્યા રાજ દુવારેજી. ॥૯૩॥
તારારાણીયે દીવો પ્રગટાવીયો, રતન મેલ્યાં ચારી પાયેજી. ॥૯૪॥
સેજે સૂતો રાજા નિદ્રા કરે, તારારાણી ચાંપે છે પાયજી. ॥૯૫॥

દેવસભામાંથી બધાના આશીર્વાદ લઈને તારામતિ બહાર આવી અને જુએ છે તો પોતાની એક મોજડી નથી. આજુબાજુમાં ઘણું જોયું, પણ એક મોજડી દેખાતી નહોતી. તારામતિ અને સર્વ જણ આશ્ચર્યચકિત થઈ ગયાં, હવે શું કરવું એની ચિંતા કરવા લાગ્યાં. પછી તારામતિએ જ કહ્યું, આપણી સાક્ષાત્ જાગૃત પૂજાવસ્થામાં જ આપણે આરાધના કરીએ. એમ કહીને બધાં અંદર ગયાં.

તારામતિ મનોભાવથી આરાધના કરવા લાગીઃ હે સ્વામી ! આજે મારી લાજ જવાનો સમય આવ્યો છે. મોજડીની કિંમત નહીં પણ એ યોગથી મારા ઉપર સંકટ આવી પડશે. રાજાને આ વાત જણાતાં જ મારા કુળ-શીલ અને ગુણ વગેરે ચારિત્ર્યને કાળીમા લાગશે અને દેવસભાની ગુપ્તતા રહેશે નહીં. પ્રભુ ! પૂર્વકાળમાં તમે અંબરિષ, રૂખ્માંગદ, ધ્રુવ, પ્રહલાદ વગેરે સદ્ભક્તોનાં ઘણાં જ કાર્યો કરીને એમને સંકટમુકત કરીને અમર કર્યા. હું પણ પામર તમારી એ ક્ષુદ્ર દાસી મનોભાવથી તમારા શરણે આવી છું. મારા શીલ રક્ષણ માટે મારા ઉપર કૃપા કરો.'

રાણી એવી કલ્પાંત ભરી વિનંતી કરે છે ત્યાં જ એક કુદરતી મોજડી અંતરીક્ષમાંથી નીચે આવી. તે પહેલી મોજડી જેવી જ એકદમ બરાબર જોડીની મોજડી જોઈને રાજા હરિશ્ચંદ્ર તો આશ્ચર્યચકિત થઈ ગયો. પછી બધી ગત્ગંગાને પણ આનંદ થયો. હર્ષ અને પ્રેમપૂર્વક અંતઃકરણથી તારામતિએ ગત્ગંગાને ફરી પ્રણામ કર્યા. ત્વરીત ત્યાંથી એ ઘોડા પાસે આવી.

તારામતિના પિતા તેને આશીર્વાદ આપવા માટે ત્યાં આવ્યા. વારંવાર ફરી ફરીને તારામતિને જોઈને અત્યંત ગદ્ગદ્ પ્રેમાળ વાણીથી બોલ્યાઃ 'હે પુત્રી ! તારું રક્ષણ પરમેશ્વર કરે. તારી સેવા સાર્થક હો, ધન્ય ભાગ્ય મારાં કે તારા જેવી કન્યારત્ન મને મળી. ધન્ય ભાગ્ય હરિશ્ચંદ્ર રાજાને કે કુલતારણ સતી તેને મળી, પોતાના ગુણોથી અને સેવાથી અમને બધાંને સંતોષિત કર અને પોતાની સાથે બધાંની ઉદ્ધારક હો.' અતિશય પ્રેમથી સ્નેહાર્દ્રતાથી આશીર્વાદ આપીને આંખોનાં આંસુ લૂછીને વીરલોચન આશ્રમમાં ગયા.

એ કરુણ દૃશ્ય જોઈને હરિશ્ચંદ્ર પણ દ્રવી ગયા. પણ હવે આગળ શું થાય છે એ જિજ્ઞાસાથી અને આતુરતાથી એ જોવા લાગ્યા. સર્વ જણ દૃષ્ટિથી દૂર થતાં જ રાણી ઘોડા પર સવાર થઈ ગઈ. એટલામાં હરિશ્ચંદ્ર પણ ઝાડ ઉપરથી નીચે ઉતરીને રાણીની પાછળ પાછળ જવા લાગ્યા. ઘોડો વાયુવેગે નીકળી ગંગા તીરે આવ્યો. પૂર્વ પ્રમાણે ગંગાએ તેને વાટ કરી આપી. પછી નગરના મુખ્ય સપ્ત દ્વાર પાસે આવતાં જ દરવાજા આપોઆપ ઉઘડી ગયા. રાણીએ અંદર પ્રવેશ કરતાં જ દરવાજા પૂર્વવત બંધ થયા. પછી અશ્વશાળામાં જઈને રાણીએ પલાણ વગેરે ઉતારી ઘોડાને બાંધ્યો.

એટલા સમયનો ફાયદો લઈને રાજા પોતાના મહેલમાં જઈને પલંગ ઉપર સૂઈ ગયો. થોડી વાર પછી તારામતિએ આવીને જોયું કે રાજા હજુ ઊંઘે છે. નિરાંતનો એક શ્વાસ લઈ તે પોતાના ઓરડામાં ગઈ. કુમાર રોહિદાસ માટે લાવેલ પ્રસાદનો થાળ તેણે ખૂણામાં મૂકી શયન મંદિરમાં આવી. પૂજાનો વેષ ઉતારી જાપમાળા વગેરે મૂકી રાજવેષ-શયનવેષ ધારણ કર્યો. દીવો પ્રગટ કરીને ધીમેથી રાજાના પગ પાસે બેસીને એમની ચરણ સેવા કરવા લાગી.

રાજા મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યો કે હવે શું કરવું ! રાણી તારામતિને કઈ રીતે પૂછવું એનો તે મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યો.

આળસ મરડી રાજા બેઠો થયો, રાણી સપનું લાધું છે થોરજી. ॥૯૬॥
તમે હો રાણી તમારે પિયરે ગયાં, ત્યાં ઘટપાટની પૂજા કરતા જોયાંજી. ॥૯૭॥
તાહાં થકી તારારાણી બોલીયાં, સ્વામી સાંભળો મારી વાતજી. ॥૯૮॥
તારામતિ વાણી ઓચર્યાં, સપનાની વાત કેમ હોય નિરધારજી. ॥૯૯॥
કૂડું સપનું રાજા ન ભાખીયે, હીન કળાએ હોશે જીવના નાસજી. ॥૧૦૦॥
હરિશ્ચંદ્રરાય ત્યારે બોલીયા, રાણી સાંભળ મારી વાતજી. ॥૧૦૧॥
રીસે રીસે રાજા રાતા થયા, થર થર કાંપે સહુ ગાત્રજી. ॥૧૦૨॥
નાના કટકા રાણી રાઈ તણા, મોટા મોટા મિરગ પરમાણજી. ॥૧૦૩॥
લઈ ખડ્ગ રાજા બોલીયા, સાચું કહે રાત શું લાવે છે થાળજી, ॥૧૦૪॥
હાંરે રાણી હવે બાહેર પગ કાઢે તો વાઢુ આજ, જોયું જે દાસી કહેતી તે સાચજી. ॥૧૦૫॥
ત્યાં અઢાર વર્ણ એકઠી મળે છે રાત, તે સર્વે કરે છે ઘટપાટ પૂજાની વાતજી. ॥૧૦૬॥
તાહાં થકી તારારાણી બોલીયાં, સાંભળો રાજા મારી વાતજી. ॥૧૦૭॥
હાંરે સ્વામી તમે દાસી વચન પ્રમાણ કરી, શું ઝંખો છો આળ પંપાળજી. ॥૧૦૮॥
હાંરે સ્વામી ખડ્ગ મેલો સત્ કહું તત્કાલ, અમ અબલા પર શું આળજી. ॥૧૦૯॥
ત્યાં હરિશ્ચંદ્ર કોપ કર્યો બહુ કાજ, અમને હજુર થાળ દેખાડો આજજી. ॥૧૧૦॥
તે રાણી અમને જૂઠા કરે છે આપ, હવે તારું સહુ મળ્યું છે પાપજી. ॥૧૧૧॥
એવાં વચન સુણી રાણી મંદિરમાં જાય, ત્યાં વિનંતી કરે ત્રિભુવન રાયજી. ॥૧૧૨॥

પછી આળસ મરડીને રાજા પલંગ પર બેઠો અને રાણીને કહ્યું: 'રાણી, મને હમણાં જ ખૂબ વિચિત્ર સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં મને એમ દેખાયું કે તું તારા પિયર ગઈ છે અને ત્યાં ઘટપાટની પૂજા કરતાં મેં તેને જોઈ.

તારારાણી તરત જ હસીને બોલી: 'સ્વામી, સ્વપ્નની ઘટના સત્ય જ હોય અથવા એમ જ હોય એવું નથી હોતું અને સ્વામી, અસત્ય એવાં સ્વપ્નનો તમે વિચાર સુદ્ધાં ન કરશો, એવા હીન વિચાર આવે એટલે નિષ્ક્રિયતા આવીને જીવનનો નાશ પણ થાય છે.

રાણીનાં આવાં વચન સાંભળતાં રાજાને ભયંકર ક્રોધ આવ્યો. ગુસ્સાથી એ લાલઘૂમ થઈ ગયો. તેનાં બધાં ગાત્રો થરથર કાંપવા લાગ્યાં. શ્વાસ જોરજોરથી વહેવા લાગ્યો અને તે રાણીને બોલ્યો: 'રાણી, અસત્ય તું બોલીને મને તું અસત્ય ઠેરવે છે ? આ જો તલવાર ! આ તલવારથી તારા રાઈ રાઈ જેટલા ટુકડા કરીને પશુ આગળ નાખીશ ! સાચું કહે રાત્રે તું શ્યામકર્ણ ઘોડો લઈને ક્યાં ગઈ હતી ? તું તારા પિયર ગઈ હતી કે નહીં ? તું ધ્યાન રાખ. આજથી ઘરની બહાર પગ મૂક્યો તો આ તલવારથી તારો ઘાત કરીશ. દાસીએ મને સત્ય કથન કહ્યું હતું એ મેં પ્રત્યક્ષ જોયું અને મને અસત્યપણાની કાલીમા લગાવે છે ?'

તારામતિ આજીજી કરીને બોલી: 'સ્વામી, તમે દાસીનું વચન સત્ય માનીને મારા ઉપર આવો આરોપ કરો છો. તમે મારા ઉપર શસ્ત્ર ઉગામશો તો હું તત્કાળ મારા શિર પર સહન કરીશ, પણ આ અબળા પર આવો આળ આપીને કલંકિત કરશો નહીં.'

રાણીનાં આ વચન સાંભળીને રાજાને અધિક ક્રોધ ચડયો. અત્યંત ક્રોધિષ્ઠ થઈને તેણે રાણીને પૂછ્યું કે: 'હું કહું છું એ તને આળ લાગે છે ? હે રાણી, મને તું અસત્ય ઠેરવે છે ? પણ યાદ રાખ ! તારાં બધાં પાપોનો ઘડો આજે ભરાઈ ગયો છે એ નિશ્ચિત સમજ. હું પ્રત્યક્ષ જોઈને જ તને કહું છું, કોઈના પણ વચન પર વિશ્વાસ કરીને તને દોષ આપતો નથી, મને જે પ્રત્યક્ષ દેખાયું, અનુભવ્યું તેના ઉપરથી જ મેં તને સત્ય પૂછ્યું છે. રાજાનું વચન સાંભળીને રાણીને વિચાર થયો કે હવે શું કરવું ? સર્વ સત્ય કથન કરવાથી દેવસભાની ગુપ્તતા રહેશે નહીં અને રાજા એ બધી વાતનો છેડો લગાવીને દેવસભાને ઉધ્વંસ કરી નાખશે. આ બીકથી ચૂપ થઈ અને તે મનોમન ત્રિભુવનપતિને વિનંતી કરવા લાગી.

સ્વામીજી સદા સુખીયા ભક્તોના આધાર, ફરીયાદ કરે છે તારારાણી નારજી. ॥૧૧૩॥
આરાધ કરીને બાઈ ઊભી થઈ, સ્વામી તમારું બ્રીદ તમે સંભાલોજી. ॥૧૧૪॥
પાછલા ભગત સ્વામી તારીયા, તેનાં કીધાં મોટાં મોટાં કાજજી. ॥૧૧૫॥
અંબરીષ, ધ્રુવ હો સ્વામી તમે તારીયા, તેણે આપ્યાં અવિચળ રાજજી. ॥૧૧૬॥
બંધન કાપ્યાં સ્વામી પ્રહલાદનાં, તેણે આપ્યો વૈકુંઠવાસજી. ॥૧૧૭॥
રાણીની સ્તુતિ ચાલી તત્કાળ, ત્યાં રાજા ઊભા છે મહાવિક્રાળજી. ॥૧૧૮॥
તારારાણી થાળ લાવી ઊભા જહાં, સર્વે આપે દષ્ટે દેખતાં તહાંજી. ॥૧૧૯॥
સદ્ગુરુ વચને થાળનાં છાબડાં નિપજે જહાં, રાજા હરિશ્ચંદ્ર અચરજ થાયજી. ॥૧૨૦॥
તે આ સત્ગુરુનો પ્રસાદ જેહ, કણકણનાં મોતી નીપન્યાં તેહજી. ॥૧૨૧॥
ત્યાં પોળી થઈ નાગરવેલનાં પાન, ને પ્રસાદીનાં ફળ નીપન્યાં જાણજી. ॥૧૨૨॥
થયાં સર્વે સત્ગુરુ કેરે વચને, તે ફળ બીજોરાનાં થયાં નિરવાણજી. ॥૧૨૩॥
કહીયે જે કમોદ કેરાં ફૂલ, તે સત્ગુરુ એ કીધાં જુઈ કેરાં ફૂલજી. ॥૧૨૪॥
જાસુદ બકુલ ફૂલ અતિ ઘણાં, સ્વામી તું છે ભક્તોના પ્રતિપાલજી. ॥૧૨૫॥
એણી પેરના ભોજન નીપન્યાં જહાં, રાજા હરિશ્ચંદ્ર ઈમાન આણ્યો તહાંજી. ॥૧૨૬॥
થાળ જોઈને રાજા અચરજ થયો, રાણી અમને આ ધર્મ દેખાડોજી. ॥૧૨૭॥
હરિશ્ચંદ્ર ખડ્ગ નાખી ઊભા રહ્યા જેહ, રાણી એ ધર્મના મર્મ સર્વે પરખ્યા જી. ॥૧૨૮॥
રાણી તમે અમ કુળ તારણ આવ્યાં, હવે અમને દેખાડો સત્ ધરમ તેહજી. ॥૧૨૯॥

રાજાનાં એ કઠોર વચન સાંભળી રાણીને ખૂબ દુઃખ લાગ્યું. પ્રાણ જાય તો વાંધો નહીં, શરીરના ટુકડા થાય તો પણ વાંધો નહીં પણ દેવસભાનું ગુપ્તત્વ અબાધિત રહે એવું રાણીને લાગતું હતું. રાજાની આજ્ઞા પણ ઉલ્લાંઘાય નહીં. તેથી શું કરવું એમ રાણી મનમાં વિચાર કરતી હતી.

રાજાએ થાળ જોઈને મનમાં કંઈક ગેરસમજ કરી લીધી તો મોટો અનર્થ થશે માટે તેણે ભગવાનની મનોમન આરાધના શરૂ કરી. છેડો પ્રસારીને તેણે ભગવાનને પ્રાર્થનાપૂર્વક વિનંતી કરી કે: 'હે સ્વામી, જગન્નિયંતા હવે મારી નહીં પણ તારી જ લાજ જવાનો સમય આવ્યો છે. હું તો કિંચિંત તારી દાસી છું. તારા સેવકોનું રક્ષણ કરવા હે ભગવાન ! તું જ દોડી આવ. હે શ્રી રામ ! તું જલ્દી પ્રગટ થઈને આ દાસીની આબરૂનું રક્ષણ કર. ગદ્ગદીત વાણીથી તારામતિ ભગવાનની આરાધના કરે છે, નયનમાં આંસુની એક સરખી ધારા વહે છે.

એટલામાં રાજા હરિશ્ચંદ્ર તલવાર લઈને ત્યાં આવ્યો અને મોટેથી ગર્જના કરીને બોલ્યોઃ 'રાણી બતાવે છે કે નહીં મને સત્ય વાત, નહીં તો મૂકું છું શસ્ત્ર તારી ગરદન પર ?

રાણીએ સત્ય વાત કહી. સત્ય હકીકત સાંભળીને રાજાની બુદ્ધિ ફરી ગઈ. પોતે રાત્રે જોયું શું અને આ પ્રત્યક્ષ અહીં શું છે ! રાજાને કંઈ કરતાં કંઈ સમજ પડતી નહોતી. છેલ્લે તેણે હાથમાંનું ખડ્ગ ફેંકીને એ પ્રેમથી રાણી પાસે જઈને બોલ્યોઃ 'હે સતી, તું કોઈપણ પ્રકારે દોષિત નથી. તું કુલતારક સતી છે. અમારા કુળનો ઉદ્ધાર કરવા માટે જ અમારા અનંત જન્મના પુણ્યથી તારો મેળાપ થયો છે. મેં તારા પર અનન્વિત આરોપ મૂક્યો તેનો મને પશ્ચાતાપ થાય છે. તું જે ધર્મનું પાલન કરે છે. તે તું મને કહે. મને પણ એ ધર્મની સેવા કરવી છે. રાણી તે આચરેલ સત્‌પંથ ધર્મનો મર્મ હવે પૂર્ણપણે સમજાયો છે. આ ત્રૈલોક્યમાં મુક્તિપદ એવા આ સત્‌પંથ ધર્મ જેવો અન્ય કોઈ પણ ધર્મ નથી. મુક્તિ પદ લઈ જનાર એવા આ ધર્મ તત્ત્વનું તું મને માર્ગદર્શન આપ. હું પણ એ પ્રમાણે વર્તીને દેવસભાની સેવા કરીશ.

રાજા તમે રાજ કરીને કરો પાર, પણ આ સત્‌પંથ છે ખાંડા કેરી ધાર. ॥૧૩૦॥
ખરી ખટી ખાધે ખોટ ભાંગશે આળ, એવો સત્‌પંથ છે જેવાં શિરનાં બાલ. ॥૧૩૧॥
હાં રે રાજ સિંહાસન વહાલું તમને રાજ, અને એના વગર ગમશે નહિ કાજ. ॥૧૩૨॥
કહે તમુંને વાલો ઘોડો તેજી હંસલો, અમને વાલા મંદિરમાં વાસ. ॥૧૩૩॥
તમને વાલી તારાલોચની નાર, અને વાલા કુંવર રોહિદાસ. ॥૧૩૪॥
પ્રેમે પ્રજાને બાંધ્યા ગામ ગરાસ, તે સર્વે રાજા તમને મેલાવશે ધર્મને કાજ. ॥૧૩૫॥
આ ગુરુજી સર્વે માગે સત્ શું જહાં, જો પૂરું અવિચલ ઈમાન હોય ત્યાંહાં. ॥૧૩૬॥
આ ગુરુજી રાજપાટ સર્વે માગશે જોય, તે વળી કાળજુ કાયા માગશે તોય. ॥૧૩૭॥
રાણી એ સર્વે રાજપાટ અમે આપીશું મન, અને આ સત્‌ગુરુ કહે તો ચાલુ વન. ॥૧૩૮॥
જો અમે સત્‌પંથ પ્રમાણું સત્ વચન, તે પછે આ જીવને આલુ ઉદક અન્ન. ॥૧૩૯॥
રાજાયે સત્‌ગુરુ કારણે સવા લાખ છંદ મેલ્યા જેહ, અને સવા લાખ ઘર આસનધારી તેહ. ॥૧૪૦॥
તે ઘેર સવા લાખ ભાટ વાંચતા પુરાણ, તેણે આ સત્‌ગુરુ વચને સર્વે મેલ્યું નિરવાણ. ॥૧૪૧॥
તેણે બેતાલીસ લાખ રાજા મુજરે આવતા જેહ, છન્નુ લાખ ઘોડા પાયગામાથી ચઢતા તેહ. ॥૧૪૨॥
મુલકે મુલક એણી આણ ફરતી નિરવાણ, એવા રાજા રાજ કરતા પરમાણ. ॥૧૪૩॥
તેણે દરભ કોઠડીઆ પાર નહીં છેહ, સર્વે સત્‌ગુરુના વચને મેલ્યાં તેહ. ॥૧૪૪॥
તે ભક્ત હરિશ્ચંદ્રએ સત્‌ગુરુની સેવા કીધી સત્ શું જેહ, અને જન્મ વ્રત પાળ્યાં તેહ. ॥૧૪૫॥
હરિશ્ચંદ્રે લોહાર ઘેર ઘણ કૂટયા જાય, ભાઈ તેણે ખરી ખટી કરીને ખાધું ત્યાંય. ॥૧૪૬॥
તે રાજા દેવસભા ઘેર લાવ્યા જાણ, તેણે સુખ શું નિંદ્રા ન કીધી નિરવાણ. ॥૧૪૭॥
રાત દિન સેવા કીધી એકે ધ્યાન, તે આ સત્‌ગુરુજીને વચન પરમાણ. ॥૧૪૮॥

તારામતિ કહેઃ 'મહારાજ, તમે સુખેથી કાલક્રમણ કરીને નીતિનિયમોથી રાજયનું પાલન કરીને પ્રજાને આનંદીત કરો. મેં આચરેલો આ યુગધર્મ સત્‌પંથ અત્યંત વિકટ અને સૂક્ષ્મ છે. તલવારની ધાર પર ચાલવા પ્રમાણે આ સત્‌પંથનું આચરણ છે.

હે મહારાજ ! સ્વકષ્ટ (પરિશ્રમ)થી અને સત્યથી ઉપાર્જન કરેલ ધનસંપત્તિનો આપણા નિર્વાહ માટે વિનિયોગ કરવો, આસક્તિ રહિત કર્મ કરીને એ બધાં જ કર્મ ઈશ્વરાર્પણ કરવાં. કાયિક, વાચિક અને માનસિક હિંસા પણ તમારા હાથે ન થાય એવી દક્ષતા (લાયકાત) લેવી પડશે. સદૈવ નિર્મલ શુદ્ધ અને પવિત્ર ક્રિયા કર્મ કરીને મન પ્રફુલ્લીત કરી અત્યંત પ્રેમથી દયાર્દ્રતાથી ઈશ્વરનું સ્મરણ કરવું પડશે વગેરે વગેરે આ બધાં ક્રિયાચરણ આ ધર્મનાં છે. આ આટલો મોટો રાજનો ભાર વહી લઈને આ ધર્મ પ્રમાણે ચાલવું કઠિન પડશે.

માટે સ્વામી ! મારી આપને એવી વિનંતી છે કે, તમે આટલા મોટા રાજ્યના ધણી છો. કેટલું મોટું અફાટ તમારું ચતુરંગ સૈન્ય, કેટલાય માંડલિક રાજાઓ નિત્ય તમારી આજ્ઞામાં રહે છે. તમારા મંત્રી, સભાજન, તે જ પ્રમાણે આ રાજસભાના નૃત્ય ગાયન નાનાવિધ છંદ અને તેમાં રમતા મનને આ ધર્મ રુચશે નહીં. આ હજારો લાખો ભાટ પોતાની નિત્ય વાહ વાહ કરીને કથા પુરાણ ગાયન કરીને તમારું મન રિઝવે છે, આ બધું છોડીને તમારું મન એ સત્ ધર્મ આચરણમાં રમશે નહીં.

ગામ ગામમાં અને દેશો દેશમાં તમારી રાજ્યશાસનની ખ્યાતી પ્રસરેલી છે, એ યશના સુપ્રસિદ્ધિમાં આ ધર્માચરણથી ન્યુનતા થશે. કારણ આ સત્પંથ ધર્મમાં સત્ આચરણ કરતાં કરતાં બધી એષણાનો ત્યાગ કરવો પડે છે. પુત્રેષણા, દારેષણા, વિત્તેષણા, લોકેષણા આ બધાનો ત્યાગ કર્યા સિવાય સત્ય ધર્માચરણ થઈ શકશે નહીં. માટે જ કહું છું મહારાજ, તમે તમારા આ રાજકારણમાં રહીને સુખથી કાલક્રમણ કરો.

આ ધર્મનું આચરણ કરવાથી સત્ગુરુના વચન શિરોમાન્ય માનીને તેની આજ્ઞામાં અને સેવામાં રહેવું જ પડશે, સર્વસ્વ અર્પણ કરીને તેમના કેવળ દાસ સેવક છીએ, આ પ્રમાણે ભાવ અંતરમાં રાખીને સંસારમાં રહેવું આ પ્રકારનું તત્ત્વ આ ધર્મમાં છે. ધર્માચરણ કરતાં કદાચિત ઈશ્વરાજ્ઞા થઈ તો રાજ્યનો ત્યાગ કરવાની પાત્રતા હોવી જોઈએ. તમને ગમતી રાણીઓનો, પ્રાણથી પ્રિય એવા પુત્રનો પણ સમય પર ત્યાગ કરવો પડશે, પોતાને વેચીને પણ ઉદર નિર્વાહ કરવો પડશે. આ પ્રમાણેની પરિસ્થિતિ આવે નહીં પણ કદાચિત આવે તો ધૈર્યથી, નિશ્ચયથી વચન આપીને પોતાના સત્ત્વનું પોતે રક્ષણ કરવું જોઈએ. મહારાજ, એટલે હું પાલવ પ્રસારી આપની પાસે ક્ષમા માગું છું. નાના મોંઢે મોટી વાત કરી હું તમને દુભવતી નથી. મને ક્ષમા કરો અને આ વિચાર મનમાંથી કાઢી નાખો.'

રાજા હરિશ્ચંદ્ર બોલ્યા: 'હે સાધ્વી રાણી, એ બધી વાત માનવા હું તૈયાર છું. સત્પંથ ધર્મનું પાલન, સત્ત્વ રક્ષણ કરતાં કરતાં હું બધી ઈચ્છા, વાસના, કામના છોડવા માટે તત્પર છું. અમૌલિક એવા દ્રવ્ય ભંડાર, આ રાજ્ય પદ, સ્ત્રી, પુત્ર વગેરેનો પણ સદ્ગુરુની આજ્ઞા થવાથી ત્યાગ કરી, આ ધર્મનો સ્વીકાર કરીને દેવસભાના સેવા કાર્ય સિવાય હું અન્ન પણ ગ્રહણ કરીશ નહીં.'

આ સાંભળી રાણી તારામતિને નવાઈ લાગી લાગ્યું. રાજાનો દૃઢ નિશ્ચય જોઈને તેમણે સદ્ગુરુ વસિષ્ઠ મહારાજને વિનંતી કરી, ત્યારે વસિષ્ઠ મુનિએ રાજાને સત્પંથના, સત્યધર્મના, મુક્તિમાર્ગના સર્વ ભેદનું વર્ણન કરીને, અગમ્ય આગમવાણીનું કથન કરીને જન્મ સાફલ્ય કરવા માટે સાધના વગેરે બધાનું જ્ઞાન શીખવ્યું.

ભક્તિભાવથી પ્રેમથી અને તનમનથી ગુરુ સેવા કરીને રાજાએ આત્મજ્ઞાન સંપાદન કર્યું. રાત્રીના સમયે વેષ પલટીને લુહાર પાસે ઘણ ઉપાડવાનું કામ પણ કરીને સ્વશ્રમની કમાણી કરીને ધનસંપત્તિમાંથી દાન ધર્મ કરીને દેવપૂજા કરી.

વીરલોચનના ઘેર થતી દેવસભાનું સ્થાન પોતાના ઘેર એકાંત જગ્યાએ માંડી ત્યાં જ તેમણે ગુરુ સેવા, નામ સ્મરણ, ભક્તિ પૂજા, ધ્યાન સેવાનાં વ્રત શરૂ કર્યા અને આજન્મ આ વ્રત પાળવાનું નક્કી કર્યું. બધાંને આનંદ આનંદ થયો. જનતા જનાર્દન સુધી આ બધી વાતોની જાણ થઈ. પ્રધાન મંત્રી પણ રાજાના આ વ્રતપાલનથી આનંદીત થઈને એ પણ જ્ઞાન શ્રવણ સ્મરણ સેવા પૂજા વગેરે કરીને રાજાના કાર્યમાં અનુમોદન અને પ્રોત્સાહન આપવા લાગ્યા. સર્વત્ર હરિશ્ચંદ્ર તારામતિ અને રોહિદાસની ધવલ કીર્તિની સુગંધ પ્રસરી રહી. સર્વ લોકમાં આગમન થનારા શ્રી રામ અવતારનું ચરિત્ર ગુરુ વસિષ્ઠના મુખમાંથી સાંભળી દૃઢ શ્રદ્ધાથી ભક્તિ પ્રમાણે તેનું સ્મરણ કરવા લાગ્યા.

હવે વિશ્વામિત્રના પરછા લખ્યા છે નિરવાણ, તમે સુણો મુનિવરો એક જ ધ્યાન. ॥૧૪૯॥
એક દિન શ્રી વૈકુંઠનાથ પોતે પધાર્યા આપ, અને કનલી વન છે જ્યાં મહા વિખ્યાત. ॥૧૫૦॥
તે વનમાં તપસ્વી સદ્‌ગુરુ વસિષ્ઠ આવીયા આપ, ત્યાં શ્રી હરિએ તેવોને પૂછી વાત. ॥૧૫૧॥
હવે સ્વામી દૈત્ય સકલ પ્રગટ થયો ઉત્પાત, તમે ગુરુજી કહો દેવસભાની કુળ વાત. ॥૧૫૨॥
તે દેવ સભા માંહે નારદ ઋષિવર આવ્યા જેહ, તહાં સર્વે દેવે બહુ કીધાં માન તેહ. ॥૧૫૩॥
સર્વે લોકમાં રાજા હરિશ્ચંદ્ર બહુ સત્યવાદી છે જેહ, એમ દેવ સભા માંહે જઈ બોલ્યા તેહ. ॥૧૫૪॥
ત્યારે વિશ્વામિત્ર બોલ્યા અમે બ્રહ્મ તપ સાધ્યો જહીં, હવે એણે હું છલ પાડું જઈને તહી. ॥૧૫૫॥
શું તેથી અદકો થયો નહીં, આંગુષ્ટ ઉપર બ્રહ્મ તપ તેણે અર્પ્યું તહી. ॥૧૫૬॥
ગુરુ વસિષ્ઠ કહે સ્વામી વિનવું પ્રકાશ, હરિશ્ચંદ્રનાં સત્ રાખો પૂરો ભક્તની આસ. ॥૧૫૭॥
ત્યાંથી ગુરુ વસિષ્ઠ વાસે પ્રવાસી મોકલ્યો ત્યાં, રાજા હરિશ્ચંદ્ર તારારાણી હતાં જ્યાં. ॥૧૫૮॥
રાજા હરિશ્ચંદ્ર શું પ્રવાસી બોલ્યા ત્યાં, વિશ્વામિત્ર માગે તે કહેજે હાં. ॥૧૫૯॥
જો અમરાપુર લેવાનો અરથ હોયે, તો તમે મુખમાંથી ના ન કહેશો ત્યાંયે. ॥૧૬૦॥
સ્વામી તમે આજ ગુરુજી ભલે પધાર્યા તાત, નહીં તો અમારો જીવ નરકે જાત. ॥૧૬૧॥
આજ ગુરુજી તમને મસ્તક કાપીને આપીયે તોયે, ગુણ ઓશિંગણ ના થઈયે તોયે. ॥૧૬૨॥

એકવાર જગત વિહાર કરવા નીકળેલા ભગવાન વૈકુંઠનાથ કનલી વનમાં રહેલા વસિષ્ઠ ઋષિના આશ્રમમાં આવ્યા અને તેમણે બધા કુશળક્ષેમ પૂછયા.

વસિષ્ઠે કહ્યું: સ્વામી ! તમે તો સર્વાન્તાર્યામી અને સર્વ સમર્થ છો. દિવસો દિવસ રાક્ષસો પ્રબળ થાય છે. અન્યાય, અનાચાર, અત્યાચાર, હિંસાચાર વગેરે કૃત્યો કરે છે. રાવણ, કુંભકર્ણ, પ્રહસ્ત, મહોદર અને અન્ય રાક્ષસો માથાં ઊંચાં રાખી ફરે છે. ઋષિમુનિઓને તપસ્વીઓને તેમનાથી ઉપદ્રવ થવા લાગ્યો છે. જો કે વિશેષ હજી એવી ચિંતાજનક પરિસ્થિતિ નથી, પણ સ્વામી તમારા ચરણોમાં એક વિનંતી છે.

પરમ દિવસે દેવસભામાં સર્વ દેવો સમક્ષ એક લક્ષ્યવેધી ઘટના ઘટી. સર્વ સભા જ્યારે ભરેલી હતી, સર્વ દેવ ઋષિ વગેરે બેઠા હતા, ત્યાં નારદ મુનિ આવ્યા. ઈંદ્રે નારદની પૂજા કરીને સ્વાગત કર્યું અને કંઈક અભૂતપૂર્વ જોવામાં આવ્યું હોય તો કથન કરો એમ વિનંતી કરી.

ત્યારે નારદ બોલ્યા: 'દેવેન્દ્ર, આજ અયોધ્યાના હરિશ્ચંદ્ર રાજા પાસે હું ગયો હતો. તેના જેવો સત્ત્વશીલ, સત્યવ્રત, પુણ્યવાન અને ધર્મરત રાજા મને લાગે છે કે આ દેવલોકમાં પણ જોવા મળશે નહીં. એ રાજાના પ્રધાન પણ રાજા પ્રમાણે જ

સદાચાર સંપન્ન, દયાળુ અને ધર્મરત એવા છે. એ રાજાની સ્ત્રીનું નામ તારામતિ અને પુત્રનું નામ રોહીદાસ છે. દેવેન્દ્ર, એ રાજાની સ્ત્રી અને પુત્ર પણ રાજા પ્રમાણે જ પૂર્ણ સત્ત્વશીલ છે. વધુ શું કહું પણ આજ હરિશ્ચંદ્ર રાજાની સરખામણી કરનાર ત્રિભુવનમાં કોઈ નથી. તેણે મૃત્યુલોકમાં જ પ્રતિ સ્વર્ગ નિર્માણ કર્યું છે એવો તો એ સત્ત્વશીલ છે. નારદે કરેલી સ્તુતિ સાંભળીને અનેક ઋષિઓ નવાઈ પામ્યા.' વસિષ્ઠ આગળ બોલ્યા: 'હે સ્વામી, મેં પણ કહ્યું, ખરેખર એ હરિશ્ચંદ્ર રાજાની યોગ્યતા અને તેવી જ વિલક્ષણતા છે. તેના જેવો દાનવીર સત્ત્વશીલ અને ધર્મરત રાજા આ સાંપ્રત ત્રિભુવનમાં એક જ છે.'

હરિશ્ચંદ્રનાં વખાણ સાંભળીને વિશ્વામિત્રને ખૂબ ગુસ્સો આવ્યો. વિશ્વામિત્ર ઋષિ તો મારો પહેલાંથી દ્વેષ કરે છે. મારી વાત સાંભળી વિશ્વામિત્ર કહેવા લાગ્યા: 'વસિષ્ઠ, તું સૂર્યવંશનો પુત્ર હોવાથી હરિશ્ચંદ્રના નિષ્કારણ વખાણ કરે છે. અરે ગમે તેટલું કરો પણ એ મૃત્યુલોકમાં નિવાસ કરનાર, તેની સરખામણી સ્વર્ગ લોકોના રાજા સાથે કંઈ રીતે થાય ? તેની કસોટી કરવાથી એ કેટલો સત્ત્વશીલ છે તે ત્યારે જ દેખાશે.'

ઋષિની વાણી સાંભળી મેં કહ્યું: 'અહો વિશ્વામિત્ર ઋષિ, આપણે ગમે તેટલો પ્રયત્ન કરીશું તો પણ હરિશ્ચંદ્ર સત્યથી કદી ચળશે નહીં, આવી મારી પૂર્ણ ખાત્રી છે. રાજા પોતાના પ્રાણ પણ ખર્ચી નાખશે પરંતુ સત્ય જવા દેશે નહીં.

મારી આ વાણી સાંભળી વિશ્વામિત્ર સંતાપ્યા અને તે બોલ્યા: 'વસિષ્ઠ, જો એમ હોય તો હું તે હરિશ્ચંદ્રને હમણાં જ સત્યમાંથી ચલાયમાન કરું છું. હું એવી પ્રતિજ્ઞા કરું છું કે, હરિશ્ચંદ્ર રાજાને ગમે તેમ કરીને સત્યમાંથી ચલાયમાન કરીશ જ અને જો મારો પ્રયત્ન નિષ્ફળ ગયો તો મેં આજ સુધીમાં જે તપ કર્યાં છે એનાં પુણ્ય હરિશ્ચંદ્રને અર્પણ કરીશ' એમ પ્રતિજ્ઞા કરીને વિશ્વામિત્ર તરત સભામાંથી બહાર નીકળી ગયા. વિશ્વામિત્ર કૃતનિશ્ચયી છે, તેઓ પ્રતિજ્ઞાપૂર્ણ કર્યા વગર છોડશે નહીં. માટે પ્રભુ ! તમને મારી એવી પ્રાર્થના છે કે, હરિશ્ચંદ્ર ભક્તના સત્ત્વનું રક્ષણ કરીને એની બધી આશા આકાંક્ષાઓ પૂર્ણ કરીને ઉપકૃત કરવી પડશે એવું મને લાગે છે.'

ભગવાને વસિષ્ઠને આશ્વાસન આપીને કહ્યું: 'વિશ્વામિત્ર, ગમે તેટલો મારા ભક્તોને ત્રાસ આપશે તો પણ તેના હૃદયમાં બેસીને હું તેના સત્ત્વનું રક્ષણ કરીશ, તમે ચિંતા કરશો નહીં પણ તત્કાલ હરિશ્ચંદ્ર ભક્તને પરિસ્થિતિની જાણ કરો.' એમ કહીને ભગવાન અંતર્ધાન થયા.

વસિષ્ઠ મુનિ ત્યાંથી નીકળી અયોધ્યા ગયા અને એમણે હરિશ્ચંદ્રને મળીને ઈંદ્ર સભામાં ઘટેલી સર્વ હકીકત અને વિશ્વામિત્રએ કરેલી પ્રતિજ્ઞા જણાવી કહ્યું: 'રાજા, વિશ્વામિત્રએ તને સત્ત્વથી પરાવૃત્ત કરવાની પ્રતિજ્ઞા કરીને એ સિદ્ધાશ્રમમાં આવીને રહેલા છે તો એ આશ્રમમાં તું જઈશ નહીં અને જો કદાચ પ્રસંગ આવે તો સત્યથી ચળીશ નહીં.'

કુલગુરુ વસિષ્ઠની આજ્ઞા હરિશ્ચંદ્રએ શિરોમાન્ય કરી અને બોલ્યા: 'સ્વામી સદ્‌ગુરુનાથ ! આજ ખરેખર આપે મને પૂર્ણ જાગૃત કર્યો છે, એ જ આપનો મહાન ઉપકાર છે. આપની આજ્ઞાથી વિશેષ એક રતિભાર પણ અલગ રીતે હું વર્તીશ નહીં. આ શિરકમળ જો અર્પણ કરવાનો સમય આવશે તો પણ આપની કૃપાથી હું પાછો પડીશ નહીં. તમારા નામને અને સત્યને હું કદી પણ કલંક લગાવીશ નહીં એવા આશીર્વાદ તમે આપો.' વસિષ્ઠ મુનિએ રાજાને તથા તારામતિને અને રોહિદાસને એવો આશીર્વાદ આપ્યો કે, તેમને આ કસોટીમાંથી યશ મળે અને પછી અનુષ્ઠાન કરવા માટે વશિષ્ઠ ઋષિએ પોતાના આશ્રમ તરફ પ્રયાણ કર્યું

ત્યાં વિશ્વામિત્ર કનલી વનમાં પોતે પધાર્યા આપ, અને સુવર મંત્રનો કીધો જાપ. ॥૧૬૩॥
જયારે વિશ્વામિત્ર પોતે ગયા જહાં, અને વરાહનું રૂપ લીધું તહાં. ॥૧૬૪॥
તે રાજાની વાડી વલંભી છે જયાંય, તેનાં ફળફૂલ દેવને ચઢે છે ત્યાંય. ॥૧૬૫॥

ત્યાં જઈ વાડીના વૃક્ષ ઉખેડયાં જ્યાંય, રાજા હરિશ્ચંદ્ર કોપીયા ત્યાંય. ॥૧૬૬॥
રાજા રીસે ચઢીને આવ્યા ત્યાંય, અને વરાહ વણસાડ કરે છે વાડીની માંય. ॥૧૬૭॥
રાજા એ વાડી વીંટીને બોલ્યા એમ, હવે વરાહ ભાગશે કેમ. ॥૧૬૮॥
જેના રેવંત હેઠેથી વરાહ જો જાય, તેનો દેશ નિકાલ તો થાય. ॥૧૬૯॥
ત્યારે વિશ્વામિત્ર વિચારે મન, હવે એ રાજાને કાઢું વન. ॥૧૬૭॥
અમે રાજાના અશ્વ આગળ નિસરું જાણ, બાકી કોનું ના લેઉ નામ. ॥૧૭૧॥
સમરથ શિકાર ચાલ્યો જેહ, રાયના રેવંત હેઠળ નિસર્યો તેહ. ॥૧૭૩॥
ત્યારે રાજા હરિશ્ચંદ્ર વરાહ પાછળ ધાય, અને શિકાર તો ચાલ્યો જાય. ॥૧૭૩॥
તે સહી વિશ્વામિત્ર જોય, અને બ્રાહ્મણ રૂપ લીધું છે ત્યાંય. ॥૧૭૪॥
બ્રાહ્મણ રૂપ થયાં છે જ્યાંય, અને રાજા ઊભા રાખ્યા ત્યાંય. ॥૧૭૫॥
તે વિશ્વામિત્રે બાલક બે નિપાવ્યાં મોડે, રાજા એ વર કન્યા છે બેઉ જોડે. ॥૧૭૬॥
રાજા ના કહીને ઊભા રહો મારે નહીં જોર, નહીં તો અમે પરણાવીશું નવ કરોડ. ॥૧૭૭॥
રાજા હરિશ્ચંદ્રે વરકન્યાનાં દાન દઈ પરણાવ્યાં તહાં, અને નદી વિશ્વામિત્રી વહે જહાં. ॥૧૭૮॥
જ્યારે પેલા ઋગ્વેદી મંગલ વરત્યા જહાં, ત્યારે હસ્તી અંકુશ દીધાં છે તહાં. ॥૧૭૯॥
જ્યારે બીજા યજુરવેદી મંગલ વરત્યા જ્યાં, ત્યારે ઘોડા ચાબુક સોંપ્યા ત્યાં. ॥૧૮૦॥
ત્રીજા સામવેદી મંગલ વરત્યા સહી, અને અરથ ભંડાર કુંચી શું આલ્યા તહી. ॥૧૮૧॥
ચોથા અથર્વવેદી મંગલ વરત્યા જાણ, ત્યારે ધરતી પ્રિથમી સોંપ્યા તેણે ઠામ. ॥૧૮૨॥
રાજાયે હસ્તી ઘોડા ભંડારને પ્રિથમી આપી જહાં, એવાં મંગલ ચાર ભણાવ્યાં તહાં. ॥૧૮૩॥
જ્યારે ચતુરવેદી ચોરી વરતાણી સહી, ત્યારે બ્રાહ્મણ વાત રાજા શું કહી. ॥૧૮૪॥
હાંરે રાજા તમે કન્યાદાન દઈ રહ્યા, જે હવે વરકન્યા સંતોષ્યાં અહીંયાં. ॥૧૮૫॥
હવે આચાર્યને કાંઈ આપશો જેહે, અને સવા ભાર સુવર્ણ માગું તોયે. ॥૧૮૬॥
સ્વામી અમો હાથ જોડીને આલીશું જેહ, નહીં તો તમે આગળ ધરીશું દેહ. ॥૧૮૭॥
અમે અન્ન પાણી ત્યારે આરોગીશું, જ્યારે અમે બ્રાહ્મણના ઋણથી છુટશું. ॥૧૮૮॥

વિશ્વામિત્ર હરિશ્ચંદ્ર રાજાને સત્ય ભ્રષ્ટ કરવાની ઘોર પ્રતિજ્ઞા કરીને એ દેવસભામાંથી ઊઠીને બહાર નીકળ્યા. એ અયોધ્યા નજીકના સિદ્ધાશ્રમમાં આવીને રહ્યા. એ જગ્યાએ તેમણે એક અગ્નિકુંડ સિદ્ધ કર્યો અને પોતે અગ્નિકુંડ પાસે બેઠા અને પોતાના શરીરમાંથી લોહી કાઢીને એમાં ચોખા પલાળી એની આહુતિ તે અગ્નિકુંડમાં આપવા લાગ્યા.

વિશ્વામિત્રની આ ઉગ્ર તપશ્ચર્યા જોઈને અગ્નિકુંડમાંથી પ્રત્યક્ષ ભવાની શક્તિ પ્રગટ થયાં. તેમણે વિશ્વામિત્રનું છિન્ન ભિન્ન થયેલું શરીર પૂર્વવત્ કરીને વરદાન માગ એમ કહ્યું: ત્યારે વિશ્વામિત્ર બોલ્યાઃ 'હે માતા ભવાની, અયોધ્યાના રાજા હરિશ્ચંદ્રને સત્ય ભ્રષ્ટ કરવાની મેં પ્રતિજ્ઞા કરી છે. મારા આ કાર્ય માટે તમે મને મદદ કરો અને મને શાબરી વિદ્યા આપો. હું મનમાં ધારું એવું રૂપ લઉં અને એ પ્રકારે વાતાવરણ નિર્માણ કરવાની મારામાં શક્તિ આપો.' ભવાની 'તથાસ્તુ' કહીને અદૃશ્ય થઈ ગયાં.

વિશ્વામિત્રએ અસુર મંત્રનો જાપ કરીને સુવરનું રૂપ ધારણ કર્યું. એ પ્રચંડ વરાહ રાજાની વાડીમાં જઈને ત્યાંનાં ફળ-ઝાડના અને ફૂલ-ઝાડનો નાશ કરવા લાગ્યો. એ ફળ-ફૂલ ઘટપાટની પૂજા માટે રાજા કાયમ ઉપયોગમાં લેતા. તેમના રક્ષણ માટે રાજાએ ખાસ રક્ષકો નીમ્યા હતા. રક્ષકોને કોઈ પ્રકારની દાદ ન આપતાં સુવરે એ રંઝાડ કાર્ય ચાલુ રાખ્યું. રક્ષકોએ ઘણા પ્રયત્નો કર્યા પણ કોઈ ઉપાયે વરાહનો નાશ થતો નહોતો. એટલે રક્ષકોએ હરિશ્ચંદ્ર રાજાને સમાચાર આપ્યા. એ સાંભળી રાજાને ક્રોધ આવ્યો અને વરાહના શિકાર માટે એ પોતે તલવાર ધનુષ્યબાણ લઈને નીકળ્યા.

રાજા હરિશ્ચંદ્ર વાડીમાં જઈને જુએ છે તો આખી વાડી વિધ્વંસ થયેલી દેખાઈ. એ જોઈ રાજાને ખૂબ દુઃખ લાગ્યું. એટલામાં એમને એ પ્રચંડ વરાહ દેખાયો. તરત જ રાજાએ ગુસ્સાથી તે વરાહ ઉપર બાણ છોડયું પણ અત્યંત ચપળતાથી તેણે બાણ ચૂકાવ્યું. ઘણા પ્રયત્ન કર્યા તો પણ વરાહ હાથમાં આવતો નથી.

પછી રાજાએ આખી વાડીને સૈનિકોથી ઘેરી લીધી અને આદેશ આપ્યો કે જેની પાસેથી વરાહ છટકી જશે તેને દેશ નિકાલની સજા થશે. ત્યારે વરાહ રૂપી વિશ્વામિત્રે વિચાર્યુ કે રાજા પાસેથી છટકીને રાજાને અરણ્યમાં લઈ જાઉં. આમ એક બે નહીં પણ સેંકડો બાણ ચૂકવીને એ સુવર રાજાની આગળથી દોડવા લાગ્યો. રાજા સાથે સારા એવા સૈનિકો હતા પણ કોઈને દાદ ન આપતાં બધાની નજર ચૂકવીને એ રાજાની આગળથી જવા લાગ્યો. શિકાર હાથથી જશે એ શંકાથી રાજા અધિક ત્વરીત ગતિથી વરાહની પાછળ ઘોડો દોડાવવા લાગ્યા. એમ કરતાં કરતાં એકલા રાજાને વિશ્વામિત્ર ખૂબ દૂર અરણ્યમાં લઈ ગયા.

રાજા અંતે થાક્યા. કોઈ સાથે ન હોવાથી એકલા રાજાએ પણ આગળ જવાનું ટાળ્યું અને ઘોડા પરથી ઉતરીને એક જળાશય પાસે હાથ-પગ ધોઈને વિશ્રાંતિ લેવા માટે બેઠા. એટલામાં એમને નજીકમાં એક ઝૂંપડી દેખાઈ અને ત્યાં એક વૃદ્ધ બ્રાહ્મણ ચિંતામાં બેઠેલો દેખાયો.

રાજા તરત ઊઠીને એ વૃદ્ધ પાસે ગયા અને બોલ્યાઃ 'હે બ્રાહ્મણ દેવ, તમે ચિંતીત અને ઉદાસ કેમ છો ? તમને શું કોઈનાથી કોઈ ત્રાસ છે ? જે દુઃખ હોય તે તમે મને કહો, હું તમારા દુઃખનો ભાર હળવો કરીશ.'

બ્રાહ્મણ બોલ્યોઃ 'ના, ના એવું કંઈ દુઃખ કે કોઈનાથી કોઈ ઉપદ્રવ નથી, પણ... તમે શા માટે મારા માટે તકલીફ વેઠો છો ! પૂર્વ કર્મદોષને લીધે મને આ ગરીબી પ્રાપ્ત થઈ છે. ગમે તેમ કરીને મારું કામ થઈ જશે.'

બ્રાહ્મણનું લાચારીપણું જોઈને રાજા અધિક ઉત્સાહથી બોલ્યોઃ 'ભૂદેવ, તમે મને નિઃશંક મનથી ખુલ્લા દિલથી કહો. હું અયોધ્યાપતિ રાજા હરિશ્ચંદ્ર છું. આપણા રાજ્યની ગરીબ રંક પિડીત પ્રજાનું દુઃખ હળવું કરવું મારું કર્તવ્ય જ છે. તમારું શું કામ છે તે કહો, હું તે પૂર્ણ કરીશ.'

બ્રાહ્મણ બોલ્યોઃ 'મહારાજ, તમે આગ્રહ જ કરો છો તો કહું છું. આ મારો પુત્ર છે, તેનું લગ્ન કરવું છે અને આ છોકરી વહુ છે. મેં એ બંનેનાં લગ્ન નિશ્ચિત કર્યાં છે, પણ આ છોકરીને આ જગતમાં નથી પિતા કે નથી માતા અને ભાઈ પણ નથી, આપ્તજન વગેરે કોઈ નથી. માટે કન્યાદાન કોણ આપી શકે ? એટલા માટે આ લગ્ન થઈ શકતાં નથી. હું સમર્થ હોત તો કંઈક પ્રયાસ કરીને લગ્ન કરી આપત પણ હું રહ્યો ગરીબ. મારી તમારા પર પણ કંઈ એવી બળજબરી નથી, હું કંઈક બીજો ઉપાય શોધીશ.'

બ્રાહ્મણના બોલ સાંભળી રાજા વધારે ઉતાવળથી બોલ્યાઃ 'એમ કેમ કહો છો ભૂદેવ, તમે જે માગો એ કન્યાદાન આપવા હું તૈયાર છું, તમે સંકલ્પ કહો એ પ્રમાણે હું દાન કરું.'

બ્રાહ્મણે ઋગ્વેદી મંત્રાનુસાર મંગલ ગાયન કરીને સંકલ્પ કહ્યો. તે અનુસાર સર્વ હાથીદળ મહાવત સહિત બ્રાહ્મણે માગ્યાં. યર્જુવેદી મંત્રના મંગલ ગાયન પછી અશ્વદળ માગ્યાં. સામવેદી મંત્ર ગાયન પછી સંપૂર્ણ અર્થભંડાર અને અથર્વવેદી મંત્ર કહ્યા પછી નવખંડ પૃથ્વી રાજ્ય બ્રાહ્મણે માગ્યાં.

રાજાએ ભાષ્ય આપ્યા પ્રમાણે બ્રાહ્મણે માગેલાં સર્વ દાનનો સંકલ્પ પૂર્ણ કર્યો. મનમાં કિંચીત જરા સરખો પણ વિચાર ન લાવતાં એણે વર-કન્યાને સર્વ રાજ્ય સૈન્ય અને અર્થ ભંડાર સાથે એને સ્વાધીન કર્યું.

પછી બ્રાહ્મણ બોલ્યોઃ 'હે ઉદાર બુદ્ધિ રાજા, તારા ઉદારપણાનાં ખરેખર વખાણ કરવાં જોઈએ. તે કન્યાદાન આપી વરવધૂને સંતુષ્ટ કર્યાં પણ આ ગરીબ બ્રાહ્મણને દક્ષિણામાં સવા ભાર સુવર્ણની હું ઈચ્છા કરું છું.'

રાજા બોલ્યોઃ 'બ્રાહ્મણદેવ, એ પણ હું તમને આપીશ, તમે મારી સાથે ચાલો અને સંકલ્પ પ્રમાણે દાન તમારા હસ્તક કરી લો. એમ કહી રાજા હરિશ્ચંદ્ર એ બ્રાહ્મણને નગરમાં લઈ આવ્યા.'

રાજા હરિશ્ચંદ્રએ તાત્કાલિક રાજદરબાર ભરાવીને સર્વ પ્રજાજનોને રાજસભામાં બોલાવ્યા. તારામતિ અને રોહિદાસ એમને પણ સભામાં બોલાવ્યાં અને બધાની સમક્ષ નિવેદન કર્યુ. મારા પ્રાણથી પણ પ્રિય એવા સભાજનો, પ્રજાજનો આજ સુધી રાજાના સંબંધથી મારા હાથે જેવી સેવા થઈ તેવી મેં કરી, પણ આજ હું તેમાંથી નિવૃત્ત થાઉં છું. કારણ મારી પાસે બેઠેલા આ બ્રાહ્મણ મહારાજને મેં આખું રાજ્ય દાનમાં આપેલ છે. આજથી હવે તમે બધા એમની આજ્ઞાનું પાલન કરજો.'

એટલામાં બ્રાહ્મણ બોલ્યોઃ 'રાજા દક્ષિણા આપું છું એમ કહીને મને અહીં લઈ આવ્યા છો ! પણ મારી દક્ષિણાની હજુ વાત કરતા નથી !

બ્રાહ્મણને દક્ષિણા આપવા માટે રાજા ભંડારખાનામાંથી સવા ભાર સુવર્ણ મંગાવા લાગ્યા. ત્યારે બ્રાહ્મણ રાજા પ્રતિ બોલ્યોઃ 'રાજા, તે તારું સંપૂર્ણ રાજ્ય અર્થભંડાર સાથે કન્યાદાન વખતે મને દાન કર્યું છે, ત્યારે હવે તારો અહીં કશાય ઉપર અધિકાર નથી. હું કહું છું એ અસત્ય છે એમ કહીને જો તને તારું સત્ય ગુમાવવું હોય તો હું મારા આવેલા માર્ગે પાછો જાઉં છું.'

વૃદ્ધ બ્રાહ્મણની એ વાણી સાંભળીને હરિશ્ચંદ્ર રાજાને ધ્યાનમાં આવ્યું. એ બ્રાહ્મણને કહેઃ 'મહારાજ, તમે જરા શાંત થાઓ એટલે હું તમારી દક્ષિણાની કંઈક વ્યવસ્થા કરું છું. તમે એ બાબતે ચિંતા ન કરશો. આ પ્રમાણે રાજા અને બ્રાહ્મણની અયોગ્ય વાણી સાંભળી બધાને ખૂબ ગુસ્સો આવ્યો અને બધા પ્રજાજનો તિરસ્કાર કરવા લાગ્યા.

ત્યારે એ બ્રાહ્મણ સંતપ્ત થઈને બોલ્યોઃ 'હરિશ્ચંદ્ર, તું સત્યશીલ કહેવડાવે છે અને લોકો પાસેથી મારી આવી અવહેલના કરાવે છે ? દક્ષિણા આપવી નથી એમ કહે તો હું અહીંથી નીકળી જાઉં છું.'

હરિશ્ચંદ્ર કહેઃ 'મહારાજ, ના એમ કહેવું મારાથી કદીપણ થશે નહીં. આ મારા શરીર પર અલંકાર છે તે તમે તમારી દક્ષિણામાં લો.'

રોહિદાસ બોલ્યોઃ 'મહારાજ, હું પણ મારા શરીર પરના અલંકાર તમને દક્ષિણા માટે આપવા તૈયાર છું. તમે અમારા બંનેના શરીર પરના અલંકાર ખુશી થઈને લો અને મારા પિતાને તમારા ઋણમાંથી મુક્ત કરો.

એ સાંભળી બ્રાહ્મણ ગર્જના કરીને બોલ્યોઃ 'અરે મૂર્ખાઓ, તમારા શરીર પરનાં વસ્ત્રો અને અલંકારો પર પણ મારી જ સત્તા છે. એ જ દાન અને એ જ દક્ષિણા એમ કરીને તમને તમારું સત્ય ગુમાવવું હોય તો મને વાંધો નથી.' બ્રાહ્મણ આગળ

બોલ્યોઃ 'રાજા હરિશ્ચંદ્ર, તને જો તારું સત્ય રાખવું હોય તો એક ઉપાય છે એ જ કે તું નિષ્કાંચન સ્થિતિમાં મારા રાજ્યમાંથી સ્ત્રી પુત્ર સહિત બહાર નીકળી જા અને પ્રયત્ન કરીને સવા ભાર સુવર્ણ મેળવીને મને આપ. એમ કરવું ન હોય તો સત્ય પર પાણી મૂક એટલે હું કંઈ ન માગતાં નીકળી જાઉં.'

બ્રાહ્મણની વાત સાંભળીને હરિશ્ચંદ્ર રાજા બોલ્યાઃ 'મહારાજ, તમે કહો છો એ ખરું છે. સંપૂર્ણ પૃથ્વી પણ મેં તમને દાનમાં આપી દીધી છે, પણ દસમું ખંડ કાશી ક્ષેત્ર માત્ર બાકી રહેલ છે તો ત્યાં જઈને હું સ્ત્રી પુત્ર સાથે પોતાનો વિક્રય કરી લઉં છું અને તમારી દક્ષિણા આપું છું.'

રાજાની વાણી સાંભળીને નગરજનોની આંખોમાં પાણી ભરાઈ આવ્યાં. પ્રધાન અને સુજ્ઞ પ્રજાજનો બોલ્યાઃ 'હે ઋષિ મહારાજ, અમે નગરજનો રાજા માટે સુવર્ણ આપીએ છીએ પછી તમે રાજાને ઋણમાંથી મુક્ત કરો.

એમની વાત સાંભળી બ્રાહ્મણ હસ્યો અને બોલ્યોઃ 'અરે રાજાએ તો સર્વ રાજ્ય મને અર્પણ કર્યું છે તો પ્રજાના વિત્ત પર અને જિવીત પર પણ હવે મારી સત્તા છે, એ તમને કેમ ખબર નથી પડતી ?'

ત્યારે હરિશ્ચંદ્ર બોલ્યાઃ 'મહારાજ, હવે તમે મારી સાથે વારાણસી ક્ષેત્રમાં આવો, ત્યાં તમારી દક્ષિણા હું આપું છું. તમારી દક્ષિણા વગર હું અન્ન-જળ પણ લઈશ નહીં.

બ્રાહ્મણ બોલ્યોઃ 'સારું ! તારા માટે હું વારાણસી આવું છું, પણ હવે તમે ત્રણેય પોતેપોતાનાં વસ્ત્ર અને અલંકાર અહીં કાઢીને એક એક વસ્ત્ર પહેરી કાશીના માર્ગે ચાલો. તમે ત્યાં પહોંચો એટલા સુધીમાં હું પણ પાછળ પાછળ આવું છું.' બ્રાહ્મણની આજ્ઞા પ્રમાણે રાજા રાણી ને રાજપુત્ર ત્રણેયે વસ્ત્રાલંકાર કાઢીને મૂક્યા અને એક એક વસ્ત્ર પહેરીને એ કાશીના માર્ગે નીકળ્યાં.

ત્યાં રાજા હરિશ્ચંદ્ર તારારાણી કુંવર રોહીદાસ, ત્રણે જણાં માર્ગે ચાલ્યાં છે સાથ. ॥૧૮૯॥
રાણી દેવસ્વામીને પૂછે જાણ, ગુરુજી એક સ્તુતિ કરું તમોને પરમાણ. ॥૧૯૦॥
સ્વામીજી અમોને આશા તમારી બહુ, વિનંતી કરી તમ શું કહું. ॥૧૯૧॥
સ્વામીજી અમે ક્રિયા આચાર વિના છીએ આજ, સ્વામી તમે રાખો અમારી લાજ. ॥૧૯૨॥
સ્વામી તમે ભાર દીયા અમે શિર સહી લીયા આજ, તો હવે લેવા અમરપદનું કાજ. ॥૧૯૩॥
સ્વામી અમે કોટ ગઢ તો મેલ્યાં આજ, સત્‌ગુરુ વચને મેલ્યાં નગરનાં રાજ. ॥૧૯૪॥
ત્યારે રાજા હરિશ્ચંદ્ર કહે રાણી સાંભળો કાજ, આપણા સત્‌ગુરુજીને પૂછો આજ. ॥૧૯૫॥
અવર કોય અદકી કરણી કમાવીએ અહાં, ત્યારે પછી અમને ન કહેશો તહાં. ॥૧૯૬॥
સ્વામી ગુરુજીનો શબ્દ શિર ચઢાવીયે આપ, સત્ શું વેચાઈએ શિર ધરીયે ન પાપ. ॥૧૯૭॥
અમે તો દેવ શું હોઈએ આપ, તો હવે સર્વે જુગનાં જાયે પાપ. ॥૧૯૮॥
હરિશ્ચંદ્ર તારાલોચન કુંવર રોહિદાસ, એ ત્રણે ચાલ્યાં કાશીખંડમાં વેચાવા આપ. ॥૧૯૯॥
રાજ નગર મૂકીને ચાલ્યા જે દન, ત્યારે લોક રૈયત કરે રુંદન. ॥૨૦૦॥
મહેલવાસ છોડી ચાલ્યા હરિશ્ચંદ્ર રાયે, ત્યાં સર્વ નગરમાં પડીયો ત્રાહે. ॥૨૦૧॥
રાજા ચાલ્યા લોક રોતાં રહે લગાતાર, અને બેઠા બ્રાહ્મણ કરે પુકાર. ॥૨૦૨॥

તાહા રોવે ઘાંચી મોચી સઈ સુતાર, અને રોયે રૈયત વર્ણ અઢાર. ॥૨૦૩॥
રોયા માલી તંબોલી કુણબી કુંભારને રૈયત સારી, ત્યાં રોયા ખત્રી વાણીયા વૈશ્ય વેપારી. ॥૨૦૪॥
ત્યાં રોવે ગુલામ ગોવાલીયો લોહાર, રોયા છે માછી કાછી વાળંદ સોનાર. ॥૨૦૫॥
તાહા રોવે જાટ ભાટ સાથી ભટયા રે ભટ, રોયા ભવૈયા ઘાંચાવાલા સલાટ. ॥૨૦૬॥
તે નગર છોડીને ચાલ્યા સત્‌વાદી રાયે, અને વિશ્વામિત્રે પાણીની પરબો માંડી ત્યાંયે. ॥૨૦૭॥
એ પરબીયો પાણી પાયે છે જહાં, પણ સતિયાં સત્‌ ના ચૂંકે તાહાં. ॥૨૦૮॥
વિશ્વામિત્રે બહુ છલ કપટ કરી છળ્યા રાયે, સત્‌ગુરુએ બળ પૂરાવ્યું તેણે સોયે. ॥૨૦૯॥
હાજરદેવને સદ્‌ભક્ત રુદીયે જપે, તે ના છળાયે વિશ્વામિત્રના તપે. ॥૨૧૦॥

સત્યવાદી હરિશ્ચંદ્ર, ભક્તિમયી સતી તારામતિ અને માતૃપિતૃ ગુરુભક્ત બાળક રોહિદાસ બ્રાહ્મણની આજ્ઞાથી શરીર પરનાં કિંમતી વસ્ત્રો અને અલંકાર ઉતારી સાદા વસ્ત્રે રાજ્યમાંથી બહાર જવા લાગ્યાં.

ત્યારે પ્રથમ ત્રણે જણાં દેવસભાના મહેલમાં આવ્યાં. ત્યાં તેમણે ભગવાનને અને ઘટપાટ કળશને, દિવ્ય જ્યોતિને પ્રણામ કરીને પ્રાર્થના કરી ત્યારે રાણી તારામતિ અને રાજાએ ભક્તિભાવ પ્રેમથી ભગવાનને વિનંતી કરી કે; 'હે અખંડ જ્યોતિ સ્વરૂપ નારાયણ ! કલશોદ્‌ભવ ભગવાન ! અમને તમારાં દર્શનની, તમારા સ્વરૂપની પ્રાપ્તિની અત્યંત આશા હતી. આ આગમ સ્વરૂપી શ્રી રામચંદ્ર પ્રત્યક્ષ પ્રગટ રૂપ આ નયનોથી જુએ એવી અમારી આંતરિક અભિલાષા હતી, પણ તમારી કૃપાથી વંચીત અમે ઉણિયાચારી, પાપી, કૃતઘ્ન, તમારા એ મનોહર સ્વરૂપનું દર્શન લેવા સર્વસ્વી અપાત્ર છીએ. અમારા દુર્ભાગ્યે તમારી સેવા પણ પૂર્ણપણે થઈ શકી નહીં. આજ અમારી લાજ તમે રાખો.

હે જગદીશ્વર ! તમારી આજ્ઞા વગર આ જગતમાં એક પાંદડું પણ હાલી શકતું નથી. તમે અમારા શિર પર સત્યપાલનનો જે ભાર આપ્યો છે એ આનંદથી સહન કરવાની શક્તિ પણ અમને તમારા સિવાય બીજું કોણ આપી શકનાર છે ? આજે આ નગર અને રાજ્ય છોડીને જવાનું અમારા નસીબે આવેલ છે તેથી અમે દુઃખી થયાં નથી પણ તમારી સેવામાં અંતર થશે એટલા માટે દુઃખ લાગે છે.

સ્વામી ! અમારી તમારા ચરણારવિંદમાં એક જ પ્રાર્થના છે કે, પ્રાપ્ત પરિસ્થિતિમાં અમે જ્યાં પણ હોઈએ ત્યાં તમારું સ્મરણ નિત્ય આ હૃદયમાં રહે એવી કૃપા દૃષ્ટિ અમારા પર કરો. દેવસભામાં હાજર થવાનું સદ્‌ભાગ્ય જો અમારું ન હોય તો પણ તમારું સ્મરણ એ જ સર્વસ્વ છે એમ માની અમારી મતિ બુદ્ધિ સદૈવ તમારામાં લીન રહે એવી પાલવ પ્રસારીને માગણી કરીએ છીએ.'

ગદ્‌ગદીત અંતઃકરણથી પ્રાર્થના કરીને પ્રાપ્ત પરિસ્થિતિએ ધૈર્યથી દેવસભામાંથી નીકળી ભવ્ય રાજપ્રાસાદમાં સૌ નગરજનોને વંદન કરીને ત્રણે નગર બહાર આવ્યાં. એ વખતે હજારો પ્રજાજન રાજાને વળાવવા આવ્યાં અને નાના બાળકોની જેમ રડવા લાગ્યાં. ત્યારે રાજાએ બધાને સમજાવીને કાશીના માર્ગે પ્રયાણ કર્યું.

જેમણે કદી તાપ-તરસનો સંસર્ગ કર્યો નથી એવી સુકુમાર તારામતિ અને કુમાર રોહિદાસ રાજા હરિશ્ચંદ્ર સાથે માર્ગ કાપતાં હતાં. ત્યારે વિશ્વામિત્રએ ભયંકર ઉષ્ણતા નિર્માણ કરી, એ યોગથી સર્વ પૃથ્વી તપી ગઈ.

આવી પરિસ્થિતિમાં તેનું સત્ય હરણ કરવા માટે વિશ્વામિત્ર એક બ્રાહ્મણનું રૂપ લઈને માર્ગ પર આવ્યા અને રાજાને યાચના કરીને બોલ્યાઃ 'હું એક ગરીબ બ્રાહ્મણ છું, મારી પત્ની ગર્ભવતી છે અને સાથે બાળક નાનું છે. તેના પગ આ તાપથી તપી રહ્યા છે, તેથી કૃપા કરીને તમારા પગનાં પગરખાં આપો.' બ્રાહ્મણની દીન વાણી અને સ્થિતિ જોઈને એ ત્રણેએ પોતાનાં પગરખાં એમને સ્વાધીન કર્યાં અને અડવાણે પગે એ આગળ માર્ગક્રમણ કરવા લાગ્યાં.

વિશ્વામિત્ર મહાપરાક્રમી મુનિ હતા. એમને હરિશ્ચંદ્રનું સત્ય હરણ કરવા માટે વિવિધ પ્રયત્ન કરવાનું નક્કી કરી સૂર્યને પ્રખર તાપ પાડવાનું અને વરુણને ક્યાંય પાણી ન હોય એમ કરવા કહ્યું. તપઃસામર્થ્યથી સર્વ દેવતા ઉપર વિશ્વામિત્રનો અધિકાર ચાલતો હતો. આજ્ઞા થતાં જ સૂર્યએ હરિશ્ચંદ્રના માર્ગે અગનજાળ જેવો તાપ કર્યો અને વરુણે પાણી સૂકવી દીધું. વિશ્વામિત્રએ આવી વ્યવસ્થા કર્યા પછી હરિશ્ચંદ્ર, તારામતિ અને રોહિદાસ ત્રણેને ખૂબ જ કષ્ટ થવા લાગ્યું. માર્ગ લોખંડ પ્રમાણે તપવાથી એમના પગમાં છાલા થઈ ગયા અને તૃષાથી ત્રણેના પ્રાણ વ્યાકુળ થતા હતા.

એટલામાં વિશ્વામિત્રએ જોરદાર પવન વહાવ્યો ત્યારે એ ધૂળના જોરદાર વંટોળથી અરણ્યમાં હરિશ્ચંદ્ર, તારામતિ અને રોહિદાસ એ ત્રણે એકબીજાથી અલગ થઈ ગયાં.

ઋષિ વિશ્વામિત્રએ આટલી કષ્ટી કર્યા પછી જે માર્ગે હરિશ્ચંદ્ર ચાલતા હતા એ માર્ગ પર એક નાનું માયાવી ઉપવન, સુંદર પાણીની પરબ ઉત્પન્ન કરી. એ ત્રણે જંગલમાં એકબીજાની શોધ માટે ભટકતાં હતાં ત્યારે રાજા હરિશ્ચંદ્ર એ પરબ પાસે આવી પહોંચ્યા. ત્યારે પાણકનો વેશ લીધેલા વિશ્વામિત્રે, રાજાને કહ્યુંઃ 'હે મહાભાગ, આ થોડું સાકરપાણી લો.'

રાજા બોલ્યાઃ 'મહારાજ, મારા શ્રમથી બીજાને સંતુષ્ટ કરવું એ મારો ધર્મ છે. બીજાના શ્રમથી હું સુખી થાઉં એ અનુચિત છે. એ માટે આ પરબનું પાણી મારાથી પીવાશે નહીં.' એમ કહી રાજા આગળ જવા લાગ્યા.

રાજા ગયા પછી તૃષાથી વ્યાકુળ તારામતિ ત્યાં આવી. તેને જોઈને એ વેષધારી પાણક બોલ્યોઃ 'બાઈ, કોણે આ તારી સ્થિતિ કરી છે ! હવે અહીં બેસ, પાણી પી, થોડી વિશ્રાંતિ લે અને પછી આગળ જા.'

પાણકની વિનંતી તારામતિએ નકારી.

ત્યારે એ પાણક બોલ્યોઃ 'બાઈ, તું એકદમ પાગલ છે. હરિશ્ચંદ્ર જેવા સત્યશીલ રાજા આ પરબનું પાણી નિઃશંકપણે પીવે છે, પછી તને પીવામાં શું વાંધો છે ? આગળ સો કોસ સુધી પાણી નથી, તને આટલો આગ્રહ કરું છું. જો હરિશ્ચંદ્ર રાજા હજુ વિસામો લેતા બેઠેલા છે.' એમ કહી વિશ્વામિત્રએ એક માયાવી હરિશ્ચંદ્રનું નિર્માણ કરીને પરબમાં બેસાડયા હતા એ બતાવ્યા.

પરંતુ એ પતિવ્રતા તારામતિને એ પાણક ઉપર વિશ્વાસ બેઠો નહીં અને તે બોલીઃ 'હરિશ્ચંદ્ર રાજાના સત્યશીલપણાની મને પૂર્ણ ખાત્રી છે. એ પરબનું પાણી પ્રાણાન્તે પણ પીશે નહીં. આમ કહી તારામતિ તરત આગળ જવા રવાના થઈ.

તારામતિનું સત્યશીલપણું જોઈ વિશ્વામિત્રને પોતાની પ્રતિજ્ઞાથી નિરાશા થવા લાગી. એટલામાં એ જ માર્ગથી રોહીદાસ આવ્યો.

ત્યારે વિશ્વામિત્ર હરિશ્ચંદ્ર અને તારામતિ એવી ઉભયતા માયાવી નિર્માણ કરીને એ રોહિદાસને બતાવી અને બોલ્યાઃ 'બાળક, આવ અહીં તારાં માતા પિતા વિશ્રાંત કરે છે. તું પણ અહીં પાણી પી ને વિશ્રાંતિ લે. આગળ સો કોસ સુધી પાણી નથી.'

પાણકની વાણી સાંભળી રોહિદાસ બોલ્યો: 'મહારાજ, સદાવ્રતનું અન્ન અને પરબનું પાણી એ અમને ક્ષત્રિયોને વર્જ્ય છે. માટે આ પાણી મારાથી પીવાશે નહીં. મારા માતા અને પિતા આ ધર્માદા પરબનું પાણી પ્રાણાંતે પીવે નહીં એવી મારી પૂર્ણ ખાત્રી છે. તમે જે બતાવો છો તે કેવળ અસત્ય છે.' એમ કહી રોહિદાસ ત્યાં ન રોકાતાં આગળ જવા નીકળ્યો.

આ પ્રમાણે ત્રણેનું વિલક્ષણ ધૈર્ય અને સત્યશીલપણું જોઈને વિશ્વામિત્ર એકદમ છક્ક થઈ ગયા.

પરંતુ એ ત્રણેનું ગમે તે રીતે સત્ય ભ્રષ્ટ કરવું જ છે એવી એમણે પ્રતિજ્ઞા લીધી હોવાથી વિશ્વામિત્ર ફરીથી એમની પાછળ ગયા. એ ત્રણે ચાલતાં હતાં એ જંગલમાં તેમને આગ જલાવી અને કાળા એવા ધુમાડાથી સર્વ દિશા ધૂધળી કરી નાખી. ત્યારે ત્રણે જણ નાસીપાસ થઈ ત્રણે જુદાજુદા માર્ગમાં ફંટાઈ ગયાં.

તારામતિ પોતાના પુત્ર અને પતિની શોધ કરતી ફરતી હતી, ત્યાં તેને એક વૃદ્ધ બ્રાહ્મણ મળ્યો. એ બ્રાહ્મણ એટલે વેષધારી વિશ્વામિત્ર જ હતા. તારામતિએ એમને કહ્યું: 'અહો મહારાજ, આ અરણ્યમાં એક પુરુષ અને એક નાનો છોકરો તમને દેખાયો છે ?

ત્યારે એ બ્રાહ્મણ બોલ્યો: 'બાઈ, તું તારા પતિની અને પુત્રની શોધ કરતી હોય એમ મને લાગે છે. બાઈ, આ વનમાંથી તું જીવતી બહાર નીકળ એ જ તારું ભાગ્ય સમજ. હું આ વનમાં ફસાયો હતો પણ બહુ કષ્ટથી બચ્યો છું અને માર્ગથી આવતાં એક છોકરો અને એક પુરુષ શેકાઈને મરી પડેલા દેખાયા. તારા પતિ અને પુત્ર જો એ જ હોય તો તારું નસીબ ફૂટ્યું કહેવાશે, બીજું શું ! એમ કહીને વિશ્વામિત્રે પોતાની સાથે તારામતિને લીધી એ તેને રાજાનું અને રાજપુત્રનાં કૃત્રિમ શબ બતાવ્યાં. એ બંને શબ જોઈને તારામતિને હૃદય ફાટી પડે તેવો આઘાત લાગ્યો અને એ શોકાતુર થઈને જમીન પર પડી અને બેભાન થઈ ગઈ.'

થોડી વાર પછી ભાન આવ્યું ત્યારે એ મોટેથી વિલાપ કરવા લાગી. તારામતિએ એ વખતે જે શોક કર્યો તેનું વર્ણન કરવું કઠિન હતું. હે સ્વામી ! હે વત્સ, કહીને એ મોટેથી રુદન કરીને પોતાનું મસ્તક કૂટવા લાગી.

ત્યારે વિશ્વામિત્ર બોલ્યા: 'બાઈ, હવે તું ગમે તેટલો શોક કરીશ એનો કોઈ ઉપાય નથી. જે થવાનું હતું તે થઈ ગયું. હવે અહીં અરણ્યમાં બેસવું સારું નથી. મારું ઘર નજીક જ છે. ત્યાં રાતભર રહે. સવારે આ શબની વ્યવસ્થા જે કરવાની છે એ કરજે.

તારામતિએ કહ્યું: 'મહારાજ, આ શબોને વનમાં મૂકીને હું કંઈ રીતે તમારા ઘરે આવું ? હું રાતભર આ શબો પાસે બેસી રહું છું, મારું જે થવાનું હશે તે થશે !

તારામતિએ આમ કહ્યા પછી વિશ્વામિત્ર ત્યાંથી જતા રહ્યા. અહીં તારામતિ એ ભયંકર અંધારી રાત્રે શબોનું રક્ષણ કરતી બેઠી હતી. એટલામાં વિશ્વામિત્ર ત્યાં વ્યાઘ્રનું સ્વરૂપ લઈને આવ્યા અને બંને કૃત્રિમ શબ લઈ ગયા.

પતિના અને પુત્રના શબને પણ વાઘ લઈ ગયો ત્યારે તારામતિને ઘણું જ દુઃખ થયું. હે હરિશ્ચંદ્ર ! હે રોહિદાસ ! એમ કહી એ મોટેથી રુદન કરવા લાગી. આ પ્રમાણે તારામતિ શોક કરતી હતી, ત્યાં હરિશ્ચંદ્ર અને રોહિદાસ બંને તારામતિની શોધ કરતા કરતા એમની પાસે આવ્યા. એમને જોતાં જ આ પિશાચ છે કે મનુષ્ય છે એમ તારામતિને સંશય થયો. પરંતુ હરિશ્ચંદ્ર અને રોહિદાસે સર્વ હકીકત કહીને તેનો ભ્રમ દૂર કર્યો ત્યારે તારામતિને આનંદ થયો.

ત્રણેએ બધું દુઃખ ભૂલીને વારાણસીનો માર્ગે પકડ્યો. કાશીના માર્ગે ચાલતાં ચાલતાં રાત પડવાથી એક ઉજ્જડ નગરમાં દાખલ થયાં. જે નગરમાં દાખલ થયાં તે નગરમાં મોટાં મોટાં ઘરો, મંદિરો હતાં પણ એ બધાં ઉજ્જડ હોવાથી આખા શહેરમાં વીંછી, સાપ જેવા અનેક વિષારી જીવજંતુ નિર્ભયપણે ફરતાં હતાં. આવા શહેરમાં રાતભર રહેવું અત્યંત અઘરું હતું, પરંતુ રાત ઘણી થઈ હોવાથી એક મંદિર જોઈને એમાં એમને એ રાત ઈશ્વર ઉપર ભરોસો રાખી જાગૃતવસ્થામાં કાઢી. સૂર્યોદય થયા પછી ત્રણે કાશીના માર્ગે ચાલવા લાગ્યાં.

કેટલોક માર્ગ પસાર થયા પછી તેમને કાશીક્ષેત્રનાં દર્શન થયાં. ગંગાનો પ્રવાહ અને ભગવાનના નામનો થતો જયઘોષ જોઈને એમને આનંદ થયો. એમણે ગંગામાં સ્નાન કરીને કાશીવિશ્વેશ્વરનાં દર્શન કર્યાં અને શંકર ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યાં.

એટલામાં બ્રાહ્મણ રૂપધારી વિશ્વામિત્ર ત્યાં આવ્યા અને ગુસ્સાથી બોલ્યા: 'બ્રાહ્મણને સવા ભાર સુવર્ણની દક્ષિણા માટે આટલા દૂર સુધી પગ તોડાવીને લાવનારા રાજા, તું મોટો સત્યશીલ દેખાય છે એટલે હું અહીં દૂર સુધી જીવતો આવ્યો છું. બીજો કોઈ હોત તો ક્યારનોય મરી ગયો હોત. રાજા હરિશ્ચંદ્ર હવે નક્કી કર્યા પ્રમાણે મારી દક્ષિણા આપી દે તો ઠીક છે નહીં તો તું નથી આપતો એમ સમજી હું અહીંથી નીકળી જઈશ.

વિશ્વામિત્રની એ વાણી સાંભળી રાજાને મનમાં ખૂબ જ દુઃખ થયું એ બે હાથ જોડીને બોલ્યા: 'મહારાજ, તમે મારી સાથે બજારમાં ચાલો અને ત્યાં અમારા ત્રણેયને વેચીને તમારી દક્ષિણા લો.

રાજાનું કહેવું વિશ્વામિત્રએ કબૂલ કર્યું અને તે ત્રણેયને સાથે લઈને રાજમાર્ગે વેચવા માટે ચાલ્યા.

ત્યાંથી સત્‌વાદી લોક ચાલ્યાં જાયે, કાશીખંડના ચૌકે ઊભા રહ્યાં છે ત્યાંયે. ॥૨૧૧॥
તાહાં રાજા પૂછે લોકોને સત્ જો લાયે, અહીં માણસ વિક્રય કેવો થાયે. ॥૨૧૨॥
લેવો ખડનો પૂળો મસ્તક ચઢાયે, અહીં એણી પેર માણસ વેચાયે. ॥૨૧૩॥
ત્યારે કુંવર રોહિદાસ ઘાસનો પૂળો લેવા જાયે, તેણે એક મુદ્રિકા આલી તાહે. ॥૨૧૪॥
ભાઈ બાકી વધે તેનું શું કરીયે અમે, તેનો ગૌને ચારો નીરજો તમે. ॥૨૧૫॥
રોહિદાસ વેચાયા બ્રાહ્મણ માળી જ્યાંય, એ ભક્તે પરની સેવા કીધી છે ત્યાંય. ॥૨૧૬॥
રાજા હરિશ્ચંદ્રે ઘાસનો પૂળો મસ્તકે લીયો, ભાઈ અમને દો ભાર સુવર્ણ આપી દીયો. ॥૨૧૭॥
હરવશ ઝાંપડાએ સોવન આપ્યું ત્યાંય, તેણે ઘેર રાજા હરિશ્ચંદ્ર નીર ભરે છે જ્યાંય. ॥૨૧૮॥
રાણી તારાદેવી સતી જોય, તે કૌશિક બ્રાહ્મણ ઘેર દાસી થઈ ત્યાંય. ॥૨૧૯॥
એ ત્રણ જણા સત્ શું વેચાયાં આપ, ભાઈ તેણે અમર પદ લીધું કર માપ. ॥૨૨૦॥
તે ભગત પેલા કૌશિક બ્રાહ્મણ મલી જહાં, અને હરવશ ઝાંપડા ઘેર વેચાયા તહાં. ॥૨૨૧॥
એ ભગત વિપ્રની સેવા કીધી જહાં, તેણે વિશ્વામિત્રે અનેક કષ્ટ મૂક્યાં તહાં. ॥૨૨૨॥
સત્‌ગુરુને વચને દુઃખ વીંટયા જહીં, પણ સતી સત્ ન ચૂક્યાં તહીં. ॥૨૨૩॥
તે ભક્તોને વર આપવા જેહ, સ્વામીજી દૈત્યને મન વસીયા તેહ. ॥૨૨૪॥

એક બ્રાહ્મણ ત્રણ માણસને વેચે છે એ વાત સર્વત્ર પ્રસરી અને એ જોવા માટે વિશ્વામિત્ર પાસે હજારો લોકો આવ્યાં. રાજા, રાણી અને રાજપુત્ર એમનો કરુણામય સુસ્વરૂપ ચહેરા સામે જોઈને લોકોને આશ્ચર્ય થયું. તારામતિનું એ અપ્રતિમ લાવણ્ય જોઈ એક ગણિકાને તેની લાલસા ઉત્પન્ન થઈ અને તેણે વિશ્વામિત્ર પાસે તેની માગણી કરી.

તારામતિએ વિશ્વામિત્રના પગ પકડયા અને એ કરુણ સ્વરથી બોલી: 'મહારાજ, આ જે સ્ત્રી મને માગે છે એ ગણિકા હોવાથી પશુવૃત્તિ માટે મને વેચાતી લે છે. ત્યારે મારું સતીત્વ ધર્મ રાખવા માટે મારા ઉપર દયા કરો અને મને આ સ્ત્રીના સ્વાધીન ન કરશો.'

તારામતિએ દીનવાણીથી વિનંતી કરી એ જોઈને બધા લોકોની આંખોમાં પાણી ભરાઈ આવ્યાં. પણ વિશ્વામિત્રના મન પર એનું કંઈ પરીણામ થયું નહીં. એ બોલ્યા: 'તારામતિ તને ગણિકા પાસે વેચતો નથી પણ અન્ય કોઈ વેચાતી ન લેતો મને મારી દક્ષિણા માટે વેચવી જ પડશે.'

વિશ્વામિત્રની એ કઠોર વાણી સાંભળીને તારામતિ દીનવદને ઊભેલા લોકોને જોવા લાગી. તેમાં કાલકૌશિક નામનો એક સત્ત્વશીલ બ્રાહ્મણ હતો. તેને તારામતિની દયા આવી. તેણે તારામતિને વેચાતી લેવાનું નક્કી કર્યું અને એમને વિશ્વામિત્રને કહ્યું: 'મહારાજ, તમે જ આ મનુષ્ય વેચવાનો ધંધો કરો છો કે શું ? મને આ સ્ત્રીને વેચાતી લેવી છે, તો એની કિંમત શું છે તે મને કહો ?'

વિશ્વામિત્ર બોલ્યા: 'હા, આ રાજા હરિશ્ચંદ્ર, આ રાણી તારામતિ અને આ રાજપુત્ર રોહિદાસ આ ત્રણેનો વિક્રય માંડયો છે. રાજાનું મૂલ્ય અડધો ભાર સુવર્ણ, તારામતિની કિંમત અડધો ભાર સુવર્ણ અને આ રાજપુત્રની કિંમત પા ભાર સુવર્ણ છે. જેમની ઈચ્છા હોય તે સુવર્ણ આપે અને આ ત્રણેને વેચાતાં લે.'

વિશ્વામિત્રની માગણી પ્રમાણે કાલકૌશિકે અડધો ભાર સુવર્ણ કાઢયું અને એ વિશ્વામિત્રને હાથમાં ગણીને આપવા લાગ્યો, ત્યારે તારામતિ એ બ્રાહ્મણને કહેવા લાગી: 'મહારાજ, તમે મને કયા કામ માટે વેચાતી લો છો એ કહેશો તો મારા ઉપર તમારો અનુગ્રહ થશે.'

ત્યારે કાલકૌશિક બોલ્યો: 'બાઈ, તું એ સંબંધે બિલકુલ ચિંતા ન કરીશ. હું તને મારી પુત્રી બરાબર રાખીશ. મારા આશ્રમમાં અનેક ઋષિઓ છે તેમને તું રસોઈ બનાવી ભોજન આપજે એટલે બસ.' બ્રાહ્મણે પોતાને સારા માટે લીધી છે એ જોઈ તારામતિના મનને સમાધાન થયું.

તેણે પોતાના પતિથી મહામુશ્કેલીએ વિદાય લીધી. રોહિદાસને પોતાના હૃદય સાથે ચાંપી દીધો. રોહિદાસ માતૃ વિયોગે દુ:ખથી વિહવળ થયો અને માતાના ગળાને વિંટળાઈને બોલ્યો: 'માતા ! આ અભાગી રોહિદાસ હવે માતા કહીને કોને બોલાવશે ! માતા, તું મને તારી સાથે લઈ જા ! તું મને તારાથી દૂર ન કરીશ !

ત્યારે તારામતિએ કાલકૌશિક બ્રાહ્મણને પ્રાર્થના કરીને કહ્યું: 'મહારાજ, આ મારા પુત્રને પણ જો તમે પા ભાર સુવર્ણ આપી વેચાતો લો તો મારા ઉપર અનંત ઉપકાર થશે. અમારા માતા-પુત્રની થનારી જુદાઈ તમે દૂર કરશો તો હું જન્મજન્માંતરની ઋણી રહીશ. આ તમારા ધર્મની પુત્રીની આટલી વિનંતી માન્ય કરો.' તારામતિની કરુણ વાણી સાંભળી કાલકૌશિકને એની દયા આવી અને એણે રોહીદાસનું મૂલ્ય આપી એને પણ વેચાતો લીધો. પછી રોહીદાસ અને તારામતિએ અત્યંત વ્યાકુળ અંત:કરણથી રાજાની વિદાય લીધી અને તે કાલકૌશિક સાથે એમના આશ્રમમાં ગયાં.

પોતાનાં સ્ત્રી પુત્રનો વિક્રય થયા પછી રાજા સચિંત મનથી પોતાને વેચવાનો વિચાર કરતા રસ્તા ઉપર સ્વસ્થ ઊભા રહ્યા. ત્યારે વિશ્વામિત્ર એને હસીને બોલ્યાઃ 'રાજા, આમ સ્વસ્થ ઊભા રહીને કેમ ચાલશે ? તેં મને દક્ષિણાનું આમંત્રણ આપી અહીં રખડતો કર્યો. તારી પાસેથી દક્ષિણા મેળવવા માટે મારા પ્રાણ કંઠમાં આવ્યા છે, હવે એકવાર અડધો ભાર સુવર્ણ આપી મારું પિંડ છોડ.'

વિશ્વામિત્રના એ મર્મભેદક શબ્દ સાંભળી રાજાનું હૃદય વિદીર્ણ થયું. તથાપિ રાજા શાંત વૃત્તિએ બોલ્યાઃ 'મહારાજ, તમને મારા તરફથી ખૂબ શ્રમ પડયો એ બદલ ક્ષમા કરો ! હું તમારી દક્ષિણાની તજવીજ હવે જલ્દીથી કરું છું.' આમ કહી હરિશ્ચંદ્ર રાજા ભેગા થયેલા નગરવાસીઓ સામે દીનમુખેથી બોલ્યાઃ 'અહો દયાવંત લોકો, મારી ઉપર દયા કરો અને મારા બદલે અડધો ભાર સુવર્ણ આ બ્રાહ્મણને આપી મને વેચાતો લ્યો.

રાજાના આ શબ્દ સાંભળી બધા લોકોનાં હૃદય દ્રવી ગયાં. પરંતુ રાજાને વેચાતા લેવા કોઈ આગળ આવ્યું નહીં, પણ એક ઝાંપડો આગળ આવી બોલ્યો મને એક મનુષ્યની જરૂર છે, પણ હું જાતિથી નીચ ઝાંપડો છું, ત્યારે આ કુળના મનુષ્યને લઈને શું કરું ?'

હરિશ્ચંદ્ર બોલ્યાઃ 'તું ઝાંપડો હોય કે કોઈપણ હોય આ બ્રાહ્મણને અડધો ભાર સુવર્ણ આપ અને મને વેચાતો લે. મારા ઉપર તારો ખૂબ ઉપકાર થશે. તું કહીશ એ તારું કામ હું કરીશ. મને ખાવા પૂરતું અન્ન આપીશ એટલે બસ.'

રાજાની વાણી સાંભળી હરવશ ઝાંપડાને હરિશ્ચંદ્ર રાજા ઉપર દયા આવી અને એણે તરત જ અડધો ભાર સુવર્ણ વિશ્વામિત્રને આપી હરિશ્ચંદ્રને પોતાના ઘેર લઈ ગયો. નક્કી કર્યા પ્રમાણે હરિશ્ચંદ્ર પાસેથી વિશ્વામિત્રને દક્ષિણા મળ્યા પછી પોતે કરેલી પ્રતિજ્ઞા ફોગટ ગઈ છે એમ લાગતાં વિશ્વામિત્ર નિરાશ થયા, પરંતુ તેણે એ ત્રણેને છળવાનો પ્રયત્ન જ રાખ્યો.

કુંવર જઈ રહ્યા ફૂલ વાડીએ ખાસ, વિશ્વામિત્ર બોલીયા હું ડસું કુંવર રોહીદાસ. ॥૨૨૫॥
ત્યારે વિશ્વામિત્ર બોલ્યા જેહ, સર્પ થઈ ડસું કુંવર રોહીદાસને તેહ. ॥૨૨૬॥
વિશ્વામિત્ર નગરીમાં આવ્યા જ્યાંય, કૌશિક ઘેર બ્રહ્મભોજન હોતાં ત્યાંય. ॥૨૨૭॥
અરે બાઈ તારા પુત્રને સર્પે ડસ્યો જ્યાંયે, પણ તે સાંભળી સતી ન ચૂકી ત્યાંયે. ॥૨૨૮॥
બ્રહ્મભોજન વેળા વઈ ગઈ જ્યાંય, સતી તારામતિ વાડીમાં આવી ત્યાંય. ॥૨૨૯॥
ભાઈ મારા કુંવરને સર્પે ડસ્યો જ્યાંય, તે અમને સ્નાન ઉપન્યું છે ત્યાંય. ॥૨૩૦॥
ત્યાં સતીએ કુંવરને પથરાવ્યો ત્યાંહે, અને અગર ચંદન હાથે લીધા જ્યાંયે. ॥૨૩૧॥
સ્વામી તમે દેવલ દેરામાં પધારજો જહી, ત્યાં અમે કુંવરને અગનદાગ દેશું સહી. ॥૨૩૨॥
ત્યારે વિશ્વામિત્રે બાર મેઘ બોલાવ્યા જ્યાંય, અને તેહુને મહાવૃષ્ટિ કીધી છે ત્યાંય. ॥૨૩૩॥
ત્યારે નદીએ મહાપૂર આવ્યા જહીં, સતી કુંવરને અગનદાગ દેતી તહીં. ॥૨૩૪॥
રાજા હરિશ્ચંદ્ર મસાણમાં આવ્યા જહાં, દાગ દેયો તો હક આપો ઈહાં. ॥૨૩૫॥
પેલી રીતે રાવલી આપજો અમે, પછે દાગ કુંવરને આપજો તમે. ॥૨૩૬॥
ત્યારે રાણીએ ચિર ફાડી આપ્યાં જહાં, પણ સતી સત્ ન ચૂકયાં તહાં. ॥૨૩૭॥

હરવશ ઝાંપડાએ હરિશ્ચંદ્રને ઘેર લાવ્યા પછી તેને પાણી ભરવાનું કામ કહ્યું. હરવશ ઝાંપડાની સ્ત્રી એને ખાવા માટે જે કંઈ આપે એ લઈને હરિશ્ચંદ્ર જાય અને જમવાનું જમતાં જ વિશ્વામિત્ર અલગ અલગ ભિખારીઓના રૂપથી, કૂતરાના રૂપથી આવીને બધું લઈ જતા. દાનવીર રાજા મનમાં કોઈપણ પ્રકારનું દુઃખ ન કરતા અને પોતે ઉપવાસી રહીને અતિથિ, ભિક્ષુક અને પક્ષીઓને તૃપ્ત કરતા. પણ આવું કેટલા દિવસો ચાલે ? અન્નનો એક પણ કોળીયો પેટમાં ન જવાથી હરિશ્ચંદ્ર ખૂબ જ અશક્ત અને દૂબળા થવા લાગ્યા તેથી હરવશ ઝાંપડાએ તેની સ્ત્રીને અધિક ભોજન આપવા કહ્યું.

એકવાર રાજા હરિશ્ચંદ્ર પાણીનાં બેડા ભરતા હતા પણ તેમનાથી બેડાં ઉપાડાયાં નહીં. કારણ વિશ્વામિત્રએ બેડાંની ઉપર અદૃશ્ય રૂપથી ભાર આપીને છળ કર્યો હતો. કોઈ પોતાના માથે બેડું ઉપાડી આપે તે માટે તેઓ આમ તેમ જોવા લાગ્યા.

કુમાર રોહીદાસ ગાયને પાણી પાવા માટે અચાનક એ જગ્યાએ આવ્યો હતો. પણ એણે પોતાના પિતાને ઓળખ્યા નહીં. એ બોલ્યોઃ મારાથી તમારા શરીરને સ્પર્શ નહીં થાય. તમને સ્પર્શ કરું તો મારા સ્વામી ભ્રષ્ટ થશે, પણ તમને એક યુક્તિ કહું છું. પાણીમાં ઘડો લઈને તમે ઊંડા પાણીમાં જાવ પછી માથા પર લો એટલે સહેજમાં તમે ઉપાડી શકશો.

રાજાએ બાળકને ઓળખ્યો, આ તો મારો જ પુત્ર. રોહીદાસને જોતાં જ એના વિષયે રાજાના મનમાં ખૂબ જ પ્રેમભાવ ઊભરી આવ્યો. પણ રોહીદાસને દુઃખ ન થાય તે માટે રાજાએ મનની વાત મનમાં રાખી.

વિશ્વામિત્રે ઘડામાં કાણું પાડીને બધું પાણી વહાવી દીધું. પાણી ભરતાં ભરતાં રાજા થાક્યો પણ ઘડો ભરાતો નહોતો. તેથી હરવશ ઝાંપડાની સ્ત્રી ખૂબ ગુસ્સે થઈને હરિશ્ચંદ્રને ગમે તેમ બોલવા લાગી. પછી હરવશ ઝાંપડાએ હરિશ્ચંદ્રને સ્મશાનમાં રખવાળી કરવાનું કામ સોંપ્યું અને જે કોઈ શબ બાળવા માટે આવે એની પાસે કર લેવાની આજ્ઞા કરી.

અહીં કાલકૌશિકના આશ્રમમાં રોહીદાસ હતો, ત્યારે તે ઋષિ પુત્રો સાથે સમિધા અને ફૂલો લાવવા માટે ફૂલવાડીમાં ગયો. આ સંજોગ સાધીને વિશ્વામિત્રએ ભયંકર વિષારી સર્પનું સ્વરૂપ લીધું અને રોહીદાસને દંશ દીધો. સર્પ દંશ થતાં જ રોહીદાસ નિષ્પ્રાણ થઈને ભૂમિ પર પડયો. એ પ્રકાર જોતાં જ બધા છોકરાઓ ગભરાયા. એમણે એ સમાચાર તારામતિને જણાવ્યા.

એ અશુભ સમાચાર સાંભળતાં જ તારામતિનાં ગાત્ર શિથિલ થઈ ગયાં. પરંતુ ધૈર્ય ધરીને બોલીઃ 'છોકરાઓ, અંદર ઋષિમંડળ ભોજન માટે બેઠા છે. એમના કાને આ વાત જશે તો એ અડધું જમીને ઉઠી જશે અને મને દોષ લાગશે માટે હે બાળકો, થોડીવાર માટે તમે બોલશો નહીં.' આમ છોકરાઓને કહીને એ મહાસાધ્વી તારામતિ પાકશાળામાં ગઈ. ત્યાં તેણે પોતાનું દુઃખ દબાવી રાખ્યું અને ઋષિઓને ભોજન આપી તૃપ્ત કર્યા.

પાકશાળાનું કાર્ય પત્યા પછી એ આશ્રમમાંથી નીકળી અને વાડીમાં રોહીદાસના શબ પાસે આવી. પ્રાણથી પણ પ્રિય એવા પુત્રનું ચૈતન્ય રહિત અને નિષ્પ્રાણ પડેલું એ શરીર જોઈ હૃદય પીગળી જાય તેવું કલ્પાંત કરવા લાગી. પુત્ર વિરહના દુઃખથી એ વિહ્વળ થઈને બેભાન થઈ ગઈ. શાંત કરીને સાંત્વના આપવા તારામતિની પાસે એ વખતે કોઈ નહોતું.

થોડીવારે વિશ્વામિત્ર બ્રાહ્મણનું રૂપ લઈને ત્યાં આવ્યા અને તારામતિને દિલાસો આપી શાંત કરીને શબને સ્મશાનમાં લઈ દહન કરવા માટે કહ્યું. પુત્રને બ્રાહ્મણની સહાયથી સ્મશાનમાં લઈ ગઈ અને કેટલાંક લાકડાં ભેગાં કરી રોહીદાસને અંતિમ સંસ્કાર કરવા અગ્નિ પ્રગટાવ્યો.

એટલામાં વિશ્વામિત્રએ બારે મેઘને વિનંતી કરીને જોરથી વૃષ્ટિ કરવા કહ્યું. એક જ ક્ષણમાં કાળાં વાદળાં આકાશમાં ભેગાં થઈને મુશળધાર વૃષ્ટિ શરૂ થઈ. ચિતા બળી શકી નહીં, અડધાં બળેલાં લાકડાં પાણીમાં વહી ગયાં. તારામતિ બાળક રોહીદાસના અપૂર્ણ બળેલા શબને પાસે લઈને ત્યાં જ સ્મશાનમાં શોક કરતી બેસી રહી. વરસાદથી ભીંજાઈને ઠંડીથી થરથરતી તારામતિ રાત્રિના ભયંકર અંધકારમાં સ્મશાનમાં એકલી બેઠી છે ત્યારે કપટવેષધારી બ્રાહ્મણના સ્વરૂપમાં વિશ્વામિત્રએ સ્મશાનની રખવાળી કરનાર હરિશ્ચંદ્રને એમ જણાવ્યું કે, કોઈ એક સ્ત્રી શબના સંસ્કાર કરે છે એની પાસેથી કર લીધો કે નહીં, ન લીધો હોય તો તે હજુ ત્યાં જ બેઠી છે.

હરિશ્ચંદ્ર તાત્કાલિક ઉઠયા અને એ સ્ત્રી પાસે ગયા. બંને એકબીજાને ઓળખી શક્યાં નહીં. હરિશ્ચંદ્રને આ કામગીરી માટે જ નીમેલા હશે એમ તારામતિને જાણ નહોતી અને આ તારામતિ જ હશે એવી હરિશ્ચંદ્રને કલ્પના નહોતી.

હરિશ્ચંદ્રે એકદમ ઉગ્રતાથી કહ્યું: 'હે સાધ્વી સ્ત્રી, શબ સંસ્કારનો કર ન આપતાં શબ બાળે છે એ ગુનો છે. કર આપ્યા સિવાય તને શબના અંતિમ સંસ્કાર કરવા દેવામાં આવશે નહીં.'

તારામતિને એ સાંભળી અતિશય દુઃખ થયું પણ શું કરે ? કર આપવા એની પાસે કંઈ નહોતું. ત્યારે એ પુત્ર રોહીદાસના શબ તરફ જોઈને કરુણતાથી વિલાપ કરવા લાગી. તારામતિએ વિનંતી કરી કે; મારી પાસે કર આપવા માટે બીજું કંઈ નથી ! મારા પ્રાણપ્રિય પુત્રના શબને લપેટવા માટે વસ્ત્ર પણ નથી ! પુત્રના શબને પણ આ મારી સાડીથી ઢાંકેલો છે તો પછી તમને કર માટે શું આપું !

રાજાએ તારામતિને ઓળખી, પણ સત્ય ન જાય અને આ ઉદ્‌ભવેલ અનર્થ ટળે તે માટે ઉપાય બતાવતાં તારામતિને વસ્ત્રનો એક ટુકડો ફાડીને કર ભરવા કહ્યું. તારામતિએ પોતાની સાડીનો જ ટુકડો ફાડીને હરિશ્ચંદ્રને આપ્યો અને આગળ શું વ્યવસ્થા કરવી એની ચિંતા કરી શોક કરવા લાગી. અપાર દુઃખમય સ્થિતિમાં પણ રાજા હરિશ્ચંદ્ર અને તારામતિ યત્કિંચિત સત્યમાંથી ચળ્યાં નહીં.

કાશીખંડનો ધવલચંદ્ર રાજા જેહ, તેનો વિશ્વામિત્રે પુત્ર હર્યો છે એહ. ॥૨૩૮॥
એટલું કરીને વિશ્વામિત્ર પોતે ત્યાં પંડિત થાયે, પંડિત જોષી થઈને રાજ દ્વારે જાયે. ॥૨૩૯॥
મસાણમાં કુંવરને શંખણી ખાતી જોવાય, તે મહા ચંડાલણી ત્યાં બેઠી ખાય. ॥૨૪૦॥
ત્યારે રાજ દ્વારેથી દળ આવીયાં ત્યાં ખાસ, ભાઈ એ પંડિતે કહ્યું તે સર્વે સાચ. ॥૨૪૧॥
હવે એ ચંડાલણીને દંડમાર કરો આજ, હવે એનું મોઢું જુવે સરે નહિ કાજ. ॥૨૪૨॥
ત્યાં હરવશ ઝાંપડાને બોલાવી શ્વાન મેલ્યા સહી, પણ શ્વાન સતીને જુએ નહીં. ॥૨૪૩॥
તે હરવશ ઝાંપડા ઘેર હરિશ્ચંદ્ર કરતા કાજ, તેણે કહે તું માર આ ચંડાલણીને આજ. ॥૨૪૪॥
તે આજ્ઞા હરિશ્ચંદ્ર શિર સહી તત્કાલ, જે સ્વામી તમે કહેશો તે કરું નિરધાર. ॥૨૪૫॥
ત્યાં હરિશ્ચંદ્રે હાથમાં લોહા ખડ્ગ લીધું જહી, દોડી ગયા જ્યાં બેઠી હતી રાણી તહી. ॥૨૪૬॥
ત્યાં હરિશ્ચંદ્ર કહે રાણી તમે સુણો સાર, જે સ્મરવું હોય તે સંભાળજો હો આજ. ॥૨૪૭॥

વિશ્વામિત્રએ કાશીનગરના ધવલચંદ્ર રાજાના નાના પુત્રને રાત્રીના સમયે ગુમ કરી નાખ્યો. પ્રભાત કાળમાં રાજ્યમાં સર્વત્ર હાહાકાર થઈ થયો. બધે જ રાજપુત્રની શોધખોળ શરૂ થઈ.

એટલામાં વિશ્વામિત્રે જ્યોતિષનું રૂપ ધારણ કર્યું અને રાજદ્વારે જઈને કહેવા લાગ્યા: 'મહારાજ, તમારો પુત્ર રાત્રીના ચોથા પ્રહરથી નથી. એ તો ઠીક છે પણ હું જ્યોતિષ જોઈને કહું છું કે મારું ભવિષ્ય એકદમ અચૂક સાચું નીકળે છે.' વિશ્વામિત્રે કંઈક આડી ઊભી રેખા ખેંચીને કંઈક અંક ગણીને કહ્યું: 'આપણા ગંગા નદીના ઘાટ પર સ્મશાન ભૂમિમાં એક ડાકણ તમારા પુત્રને મારીને એનું શબ શેકી ખાવાના ઉદ્દેશથી તેને પાસે લઈને બેઠી છે. ત્વરીત જાઓ તો તે મળશે અને રાજપુત્રનું શબ પણ મળશે.'

જ્યોતિષના કહ્યા પ્રમાણે કેટલાક સૈનિકો સ્મશાન ભૂમિ તરફ દોડયા. જુએ છે તો એ અર્ધવટ કપડાં ધારણ કરેલી સ્ત્રી નાના છોકરાનું શબ ખોળામાં લઈ બેઠેલી સૈનિકોને દેખાઈ. તેમણે તાત્કાલિક રાજાને આ સમાચાર જણાવ્યા અને જ્યોતિષી કહે છે તે ખરું છે એમ જણાવતાં તાત્કાલિક રાજાએ હુકમ કર્યો. એ ડાકણને દંડ મારીને બાળકનું શબ છોડાવો.

હુકમ પ્રમાણે સૈનિકો ગયા પણ મારવાની હિંમત કોઈની ન થઈ. આપણે ડાકણને મારીશું તો આપણી પાછળ લાગશે. એના કરતાં આ સ્મશાનનો માલિક જે છે એને જ કહીએ એટલે કે એ તેને મારી નાખશે. પછી તેમણે ઝાંપડાને બોલાવ્યો. ઝાંપડાએ પોતાના સેવકને એટલે હરિશ્ચંદ્રને આજ્ઞા કરી કે આ ચંડાલણીને તું મારી નાખ એવી મારી તને આજ્ઞા છે.

હરિશ્ચંદ્ર પાસે ભયંકર વિકરાળ શ્વાન હતા. તે તારામતિ પર છોડયા, પણ કૂતરા ત્યાં ગયા અને પ્રેમથી તારામતિને સુંઘીને પાછા આવ્યા. ઝાંપડાએ હરિશ્ચંદ્રને આજ્ઞા કરી કે હાથમાં તલવાર લઈને એનો શિરચ્છેદ કર.

હરિશ્ચંદ્ર વિચારમાં પડી ગયા. રાજાજ્ઞા અને સ્વામીની આજ્ઞા માનીને હરિશ્ચંદ્રએ હાથમાં તલવાર લીધી અને એ તારામતિ પાસે ગયા.

આ વર્તમાનની નારદને ખબર પડતાં જ નારદ વિષ્ણુલોક ગયા અને વિષ્ણુને કહ્યું: 'હે અનંતા, તમારા ભક્તની કસોટીનો સમય પૂરો થયો છે છતાં તમે સ્વસ્થ કેમ છો ? હવે તારામતિનો વધ થાય છે, તો હે દેવ ! ક્ષણનો પણ વિલંબ ન કરતાં તમે કાશી ક્ષેત્રે જાવ અને એ ત્રણેયનો ઉદ્ધાર કરો.'

આ સમાચાર સાંભળતાં જ વિષ્ણુ બોલ્યા: 'નારદ, ભક્તોની સત્યની કસોટીની અવધિ પૂર્ણ થઈ છે અને આગળની બધી યોજના તૈયાર છે. ચાલો આ વિમાનમાં બેસી આપણે બધા જ ત્યાં જઈએ.'

હાં રે રાણી આપણા સત્‌ગુરુજી છે પાસ, તે સ્વામી અંત કાળે ભગતની પૂરાવે આશ. ॥૨૪૮॥
હવે સ્વામી સંભારું શ્રી ગુરુનરનું નામ, અને બીજા સંભારું શ્રી રામચંદ્ર ભગવાન. ॥૨૪૯॥
વળી ત્રીજા મુખી ગત્‌ગંગાનું સંભારીયે નામ, જે શ્રી ગુરુનર આપે અમરાપુર ઠામ. ॥૨૫૦॥
જે સમે વિષ્ણુ નારાયણને લક્ષ્મીજી પૂરે થાળ, તે વેળાયે રાણીની સ્તુતિ થઈ ફરીયાદ. ॥૨૫૧॥
જ્યારે રાજા હરિશ્ચંદ્રે હાથે ખડ્‌ગ લીધું જહાં, ત્યારે સતીએ સંભાર્યા શ્રી રામ ગુરુ વસિષ્ઠ તહાં. ॥૨૫૨॥
રાજા લઈને હાથે ખડ્‌ગ એક હાથે ચોટલો ગ્રહે, ત્યાં સતી શીશ નમાવી ધરે તેહે. ॥૨૫૩॥
રાજાએ ખડ્‌ગ લીધું હાથ સતી નમાવે શીશ, અંતરીક્ષથી દેવ આવીયા ઝાલ્યો હાથ જગદીશ. ॥૨૫૪॥
ત્યારે શ્રી હરિ ગુરુ વસિષ્ઠ મન વેગે પધાર્યા આજ, હવે ભાઈ ભક્તોનાં તે કરવા કાજ. ॥૨૫૫॥
ત્યાં ખડ્‌ગ ગ્રહીને દેવ ઊભા રહ્યા તેણે ઠામ, ભક્ત તું માગ વરદાન હવે તારાં સર્યાં કામ. ॥૨૫૬॥

ત્યાં હરિશ્ચંદ્ર રાણીને કહે આપણે ગુરુ પૂરા સેવીયા, આપણી વારે ગુરુનર આવીયા. ॥૨૫૭॥
દેવ ભક્તોને કાજે આવ્યા તતખેવ, સ્વામી તમે ચતુર ખાણીના ફેરા છોડાવજો હો દેવ. ॥૨૫૮॥
ત્યારે શ્રી ગુરુનર દેવ કહે જેહ, મારા ભકત તે ગત્‌માં નિત નિત મલતા સ્નેહ. ॥૨૫૯॥
જેણે પૂર્ણ વિશ્વાસ રાખ્યા જાણ, તે વૈકુંઠ અમરપદ પામ્યા નિરવાણ. ॥૨૬૦॥
એ અખંડ અવિચલ ભવન પામે ત્યાંય, તેના જીવ અમર રહે અમરાપુરી માંય. ॥૨૬૧॥
સ્વામી અમ ભાગ્યે વિશ્વામિત્ર અમ ઘેર પધાર્યા આપ, સ્વામીજી અમારાં ઈમાન રાખ્યાં સાફ. ॥૨૬૨॥
સ્વામી જે વિશ્વામિત્રે પણ પાકી કરી આપ, સ્વામી તમે પેલા તેને કરજો માફ. ॥૨૬૩॥
પૂર્ણ પ્રભુ ત્રુઠયા સત્‌ને કાજ, માગ માગ રે ભગત હરિશ્ચંદ્ર જે માગે તેને આપું આજ. ॥૨૬૪॥
ત્યારે ભકત હરિશ્ચંદ્ર બોલ્યા સત્ ભાયે, સ્વામી અયોધ્યાપુરી ધરો વૈકુંઠ માંહે. ॥૨૬૫॥
જ્યારે ભક્ત હરિશ્ચંદ્રે કહી એવી વાત, ત્યારે વિમાને બેઠા દેવ કરોડી સાત. ॥૨૬૬॥
હરિશ્ચંદ્ર તારારાણી રોહીદાસે સત્‌પંથ ધાયા સધીર, તે ભકતે બહુ કષ્ટ સહ્યા શરીર. ॥૨૬૭॥
હરિશ્ચંદ્ર તારાલોચન કુંવર રોહીદાસ, ગુરુ વસિષ્ઠને ઓળખ્યા તેનો અમરાપુરમાં વાસ. ॥૨૬૮॥
સાત કરોડી વૈકુંઠ ગયા જેણે સેવ્યા શ્રીરામ, યજુર્વેદને વાયકે ચાલ્યા તેણે અમર કીધાં નામ. ॥૨૬૯॥
પુષ્પ વૃષ્ટિ કરે ને સૂજન ધરે અંતરીક્ષથી ધ્યાન, ધન ધન રાજા હરિશ્ચંદ્ર તારાલોચન રોહીદાસ જાણ. ॥૨૭૦॥

સ્વામી આજ્ઞા અને રાજ આજ્ઞા પ્રમાણે હાથમાં તલવાર લઈને હરિશ્ચંદ્ર તારામતિ પાસે ગયા. હવે પોતાના જીવનનો અંત જ છે એમ જાણીને તારામતિ રોહીદાસ અને હરિશ્ચંદ્રના નામનું હૈયાફાટ રુદન કરી વિલાપ કરવા લાગી.

રાજા હરિશ્ચંદ્રને પુત્રનું મૃત્યુ અને અંતિમ સંસ્કારની દુર્દશા તેમજ રાણીની વિકટ સ્થિતિ જોઈને અતિશય દુ:ખ થાય છે અને એનું હૃદય ભરાઈ ગયું, અશ્રુની ધારાઓ હરિશ્ચંદ્રની આંખોમાંથી વહેવા લાગી.

હરિશ્ચંદ્ર બોલ્યા: 'રાણી તારામતી, હું જ તારો એ અભાગી પતિ હરિશ્ચંદ્ર છું. ક્ષણ પછી આ જ દુર્ભાગ્યથી તારો અંત થનાર છે. આ માટે તું હવે તારા હૃદયમાં રહેલા અને અંત:કાળ સમયે ભકતની આશા પૂર્ણ કરવા સદ્‌ગુરુને યાદ કર અને એમને બતાવેલા ધ્યેય પુરુષ અવતાર પાત્ર શ્રી રામચંદ્ર પ્રભુજીનું સ્મરણ કર અને એ પછી આપણી કામધેનુ રૂપ રહેલી ગત્‌ગંગાનું સ્મરણ કર. રાજા અને રાણી મનોમન સદ્‌ગુરુ વશિષ્ઠ અને ભગવાન શ્રી રામચંદ્ર અને મુખી ગત્‌ગંગા કળશ ઘટપાટ ને અખંડ જ્યોતિનું ધ્યાન ધરવામાં મગ્ન થઈ ગયાં.'

ઝાંપડાએ હરિશ્ચંદ્રને વાર કેમ કરે છે ? એમ ધમકાવીને આજ્ઞા કરે છે ત્યાં જ હરિશ્ચંદ્ર જમણા હાથમાં ખડ્‌ગ અને ડાબા હાથથી રાણીનો ચોટલો પકડીને ઊભા રહ્યા. રાણી ભાનમાં નહોતી. પોતાના જ અંતરમાં ધ્યાન ચિંતન પરમાત્મા રૂપથી એ એકરૂપ થયેલી હતી.

રાજા હાથ ઉગામીને વાર કરે છે એટલામાં જ અંતરીક્ષમાંથી ભગવાન શ્રી હરિએ રાજા હરિશ્ચંદ્રના હાથમાંથી તલવાર લઈ દૂર ફેંકી દીધી. રાજાની પીઠ પર હાથ રાખી પ્રેમથી શ્રી હરિ તેને પ્રસરાવવા લાગ્યા. એ જગ્યાએ પુષ્પ વૃષ્ટિ થઈને ગુરુ વસિષ્ઠ, વિશ્વામિત્ર, નારદ, સનકાદિ ઋષિ, બ્રહ્મા, મહેશ્વર, લક્ષ્મી, પાર્વતી, સાવિત્રીસહ પ્રગટ થયાં. ઈંદ્ર, ચંદ્ર, વાયુ, વરુણ, યમધર્મ, આદિત્ય, વસુ વગેરે દેવ પ્રગટ થયા.

આ બધું જોઈ રાજાનું હૃદય અપાર પ્રેમથી ઉભરી આવ્યું. તેણે તારામતિને બેઠી કરી અને બોલ્યાઃ 'રાણી ઉઠ ! આપણા સ્વામી અને ગુરુદેવ આપણને દર્શન આપવા માટે આવેલા છે. બંને જણ સદ્‌ગુરુ વસિષ્ઠ અને ભગવાનના ચરણે નમી રહ્યાં અને આનંદાશ્રુથી એમના ચરણ ભીંજવ્યાં. એ જ સમયે રોહીદાસ અંગ મરડીને બેઠો થયો અને એ પણ સર્વ દેવોના ચરણે લીન થયો.'

ભગવાન શ્રી હરિ બોલ્યાઃ 'ભક્ત હરિશ્ચંદ્ર તારામતિ, માગો તમને શું વરદાન આપું તે કહો. તમે વિશ્વામિત્રની સત્યની પરીક્ષામાંથી પાર ઉતર્યાં છો, સત્‌પંથની કસોટીમાંથી પૂર્ણપણે પાર ઉતર્યાં છો. તમારી શું ઈચ્છા છે એ કહો હું પૂર્ણ કરીશ.'

ભક્ત હરિશ્ચંદ્ર અને તારામતિ બંને ગદ્‌ગદ્ થઈ બોલ્યાંઃ 'સ્વામી ! અમો અપરાધી છીએ. અમારાથી તમારી અને ગત્‌ગંગાની અને સદ્‌ગુરુ મહારાજની સેવા પૂર્ણ રૂપથી થઈ નહીં, સ્વામી ! વિશ્વામિત્રએ સત્યની પરીક્ષા લેવા માટે અમારા ઘેર આવીને અમારા ઉપર જે અનુગ્રહ કર્યો છે, એના વતી હું તમારી ક્ષમા માગું છું. તેમણે અમને દુષ્ટ બુદ્ધિથી આ તાપ આપ્યો નથી પરંતુ અમને પરમ પાવન કરવા અને તમારાં દર્શન માટે પાત્ર કરવા અમારા પર કૃપા કરેલી છે. એમના ઋણમાંથી મુકત ન થતાં ઉલટું અમારા હાથે એમની સેવા કરીએ એવો આશીર્વાદ આપો.

ભક્તનું નિર્વૈર અને કોમળ અંતઃકરણ જાણીને સર્વ દેવતા અને ઋષિમુનિઓ રાજી થયા.

વિશ્વામિત્રએ પણ ભક્તોને છળ્યા એ બદલ સર્વ દેવોની ક્ષમા માગી.

પછી વિશ્વામિત્રએ કહ્યુંઃ 'સદ્‌ભકતો, તમે વસિષ્ઠ મુનિના શિષ્ય હતા અને તમારી સ્વર્ગમાં વાહ વાહ થાય છે, આ દ્વેષથી પ્રેરીત થઈને હું તમારા સત્યનું હરણ કરવા માટે પ્રાણાંતિક કસોટી લીધી પણ તમે યત્કિંચીત પણ સત્યથી ન ડગતાં પોતાના ગુરુ વચન પર શ્રદ્ધા, ઈષ્ટ ધ્યેય પુરુષ શ્રી રામ પર નિષ્ઠા, ગત્‌ગંગાની સેવા ને સત્ય ધર્મના આચરણથી કદી પણ અંતર્યા (ચલિત) નહીં માટે પ્રસન્ન થઈને હું તમને મારી બધી તપશ્ચર્યાનું દાન કરું છું એમ કહીને વિશ્વામિત્રએ સર્વ દેવો સમક્ષ સંકલ્પ કર્યો.

સદ્‌ગુરુ વસિષ્ઠ મુનિ બોલ્યાઃ 'મારો ખરો જે સદ્‌ભક્ત યુગધર્માનુસાર દેવ વચન પ્રમાણે માને છે, જે નિત્ય સત્સંગમાં ગત્‌ગંગામાં આવી સત્સંગથી સંત સદ્‌ભક્તોની સેવા કરે છે, જે મુખી-સદ્‌ગુરુની આજ્ઞાનુસાર ધ્યેય પુરુષ અવતારપાત્રનું સ્મરણ ચિંતન ધ્યાન કરે છે, જે દઢ શ્રદ્ધા રાખી સદ્‌ગુરુની યુગગુરુની સેવા કરે છે એને અમરપદ પ્રાપ્ત થાય છે. મારા આ ભક્તે અનન્ય કસોટીના રૂપથી આ બધું પૂર્ણ કરેલ છે.'

ત્યારે ભગવાને સંતુષ્ટ થઈને હરિશ્ચંદ્રને કહ્યુંઃ 'હે, સદ્‌ભક્ત રાજા હરિશ્ચંદ્ર ! તારી સદિચ્છા શું છે તે કહે હું તે પૂર્ણ કરીશ.'

હરિશ્ચંદ્ર બોલ્યાઃ 'સ્વામી, તમે પ્રસન્ન હો તો જે સદ્‌ભક્તોએ મારા ઉપર, દેવસભા પર અને સત્‌પંથ ધર્મ પર અપાર પ્રેમ કરેલ છે, એવા મારા નગરવાસીઓને સદ્‌ગતિ આપો. એ જ એક કામના છે !'

'હરિશ્ચંદ્રના નગરના સદ્‌ભક્તો સાત કોટિ ભગવત્ ભક્તગણ હરિશ્ચંદ્રના પુણ્ય પ્રભાવથી અમરપદે પામ્યાં. અંતરિક્ષમાંથી દેવગણ ગંધર્વ એમણે નૃત્યગાન, મંગલ વાદ્ય વગાડીને સર્વ ઉપર પુષ્ટ વૃષ્ટિ કરી. ધન્ય રાજા ભકત હરિશ્ચંદ્ર ! ધન્ય રાણી તારામતિ ! અને ધન્ય સદ્‌ભક્ત રોહીદાસ ! એમ બધાં એમનાં ગુણગાન ગાવા લાગ્યાં.'

યુગેયુગેમાં પ્રગટ થયેલા મહાત્મા સદ્‌ભક્તોએ જીવનમાં અનંત કસોટીઓ સહન કરીને, સત્‌ધર્મ માટે પ્રાણની પરવા કર્યા વગર આત્મોદ્ધાર સાથે અન્ય જીવાત્માઓનો પણ ઉદ્ધાર કર્યો છે, એવા સંત સદ્‌ભક્તના નામ પ્રતાપથી પણ કેટલાક જીવાત્માઓનો ઉદ્ધાર થાય છે. તેમની ચંદ્ર સૂર્ય જ્યાં સુધી છે ત્યાં સુધી ધવલ કીર્તિ અને જગદ્‌ઉદ્ધાર શક્તિ અવિચળ રહેશે.

પહેલા મત્સ્ય અવતારમાં ભગવાન શ્રી વિષ્ણુએ તળપાતાળમાં વસેલા સદ્‌ભક્ત કનકાસુર રાજાને વરદાન આપ્યું હતું કે, ત્રેતાયુગમાં રામાવતાર વખતે તું અત્યંત પુણ્યવાન, સત્ત્વશીલ, સત્‌પંથી એવો રાજા થઈશ. તારું નામ હરિશ્ચંદ્ર હશે, તારી પત્ની તારામતિ એ કુળવાન શીલવાન એવી પરમ સતી થશે અને તારા ઘેર કુળદીપક એવો સત્યવાદી રોહીદાસ ભક્તનો જન્મ થશે. સત્ત્વપાલન માટે તમને કસોટી સહન કરવી પડશે, પણ એ કસોટી સહન કરીને તમે આત્મોદ્ધાર સાથે સાત કોટિ જીવાત્માના ઉદ્ધારક થશો. તમારા પુણ્ય પ્રભાવથી અને સત્ત્વ કસોટી રૂપ તપશ્ચર્યાના બળથી જ ભગવાન શ્રી વિષ્ણુનો સાતમો અવતાર શ્રી રામચંદ્ર ભગવાન તારા અંશમાં જન્મ લેશે અને પોતાનું વચન પૂર્ણ કરશે. એ વરદાન અહીં પૂર્ણ કર્યું.

ભક્ત હરિશ્ચંદ્ર તારારાણી કુંવર રોહિદાસ, પૂરા સત્‌પંથ સેવ્યા ને પૂરી ગોરે તેની આશ. ॥૨૭૧॥
સાત કરોડી દેવ શું નીપજ્યા ભાખ, તેવા ભક્તોની ચાલી પછી જુગમાં શાખ. ॥૨૭૨॥
મુનિવર ભાઈ હરિશ્ચંદ્ર જેવા સત્ રાખીએ જો મન, તન મન ધન સરવે સોંપો સદ્‌ગોર વચન. ॥૨૭૩॥
સાત કરોડી શું ભક્ત હરિશ્ચંદ્ર વૈકુંઠ જાય, અને ત્યાં ત્રેતાયુગ સંપૂર્ણ જો થાય. ॥૨૭૪॥
ચાર લાખને વરસ બત્રીસ હજાર, ત્યાં લગી હતા શ્રી હરિ રામ અવતાર. ॥૨૭૫॥

॥ શ્રી હરિશ્ચંદ્ર આખ્યાન સંપૂર્ણ ॥

•••

॥ શ્રી રામ અવતારની સમજૂતી ॥

•••


બીજા ત્રેતાયુગનું પ્રમાણ બાર લાખ છન્નુ હજાર (૧૨,૯૬,૦૦૦) વરસ, તેમાં મોટા અવતાર ત્રણ થયા. શ્રી વામન, શ્રી પરશુરામ અને શ્રીરામ.

અત્રે શ્રી હરિ અંશ સાતમા અવતારમાં કળા પૂર્ણ કરીને આઠમા અવતારમાં કુળ પલ્ટો કરે છે. એટલે કે રઘુકુળમાં અને સૂર્યવંશમાંથી યદુકુળ અને ચંદ્રવંશમાં જાય છે. અત્રે ત્રેતા યુગ પૂરો થાય છે. અને દ્વાપર યુગ પ્રગટ થાય છે, સામવેદનો અમલ શરૂ થાય છે. એટલે દ્વાપર યુગમાં સામવેદ પ્રધાનપદે આવે છે.

નોંધ : અત્રેથી આદ્ય બ્રહ્મની વાણી પ્રમાણે હરિ અંશ આઠમા શ્રી કૃષ્ણ અવતારે હરિ અંશના નામે જાય છે.

બોલીએ શ્રી રામચંદ્ર ભગવાનકી જય....

ધૂન : હરે રામ.... હરે રામ.... રામ.... રામ.... હરે.... હરે....


realpatidar.com
આઠમો શ્રી કૃષ્ણ અવતાર (દ્વાપરયુગ - સામવેદ)
realpatidar.com


realpatidar.com
સદ્ગુરુ શ્રી વેદમ્વ્યાસ ઋષિ (દ્વાપરયુગ - સામવેદ)
realpatidar.com

ૐ

શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા સત્ય છે.

वसुदेवसुतः श्रीमान्वासुदेवो जगत्पतिः ।
जहार वसुधाभारं तस्मै कृष्णात्मने नमः ॥

શ્રી વિષ્ણુ ભગવાને, વસુદેવના પુત્ર થઈ શ્રી કૃષ્ણ રૂપ ધારણ કરીને પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો અને કંસાસુર દાનવનો સંહાર કર્યો હતો તે શ્રી કૃષ્ણ ભગવાનના અવતારને હું નમસ્કાર કરું છું.

શ્રી રામ ભગવાનના લવ, પદ્મ, પરીક્ષિત, વીરપાળ, વસુદેવ.

વસુદેવના અંશ તો શ્રી કૃષ્ણ ભગવાન

શ્રી કૃષ્ણ અવતાર

॥ અવતાર આઠમો ॥

પરમ કૃપાળુ પરમાત્માની આજ્ઞાથી આદરું છું

ૐ નમો શ્રી સદ્‌ગોર પાત્ર બ્રહ્મા વેદમ્ વ્યાસ મહારાજ,

આદ્ય વિષ્ણુ નિરંજન શ્રી કૃષ્ણ ભગવાન તમારી આશિષે....

શ્રી હરિનો સાતમો અવતાર પૂરો થાય, અવતાર આઠમાનો સદ્‌ગોરે કહ્યો મહિમાય. ॥૧॥
આઠમા શ્રી કૃષ્ણ અવતારની કથા જાણ, તમે સુણો મુનિવરો સહી નિરવાણ. ॥૨॥
બીજો ત્રેતાયુગ સમાપ્ત થયો છે સુજાણ, ત્રીજા દ્વાપરયુગનું માંડયું મંડાણ. ॥૩॥
પ્રથમ અમાસ વદ ને સોમવતી જાણ, તે દિન યુગ દ્વાપરનાં માંડયાં મંડાણ. ॥૪॥
ત્યાંથી ત્રીજા દ્વાપર યુગની છે શાખ, તે યુગમાં છે ગોર વેદ વ્યાસ. ॥૫॥
દ્વાપર યુગ ત્યાંથી બેઠા છે સાર, આઠમો શ્રી કૃષ્ણ અવતાર. ॥૬॥
જે કૃષ્ણનાથ શ્રી હરિએ લીધો અવતાર, તે શ્રાવણ વદ આઠમને બુધવાર. ॥૭॥
આઠમો અવતાર શ્રી હરિએ ધર્યો સાર, તમે સુણો મુનિવરો તેના વેદ વિચાર. ॥૮॥

ત્યાં ઘેર ઘેર પંડિતો કરે છે વિચાર, અને યુગ દ્વાપર બેઠો છે સાર. ॥૯॥
પિતા વસુદેવને દેવકી છે માય, ત્યાં અવતર્યા છે ત્રિભુવનરાય. ॥૧૦॥
ત્યાં કંસ દૈત્ય પૂછે છે ગોરને વાત, સ્વામી મારું મોત છે કોને હાથ. ॥૧૧॥
ત્યારે દૈત્યનો ગોર બોલ્યો સોયે, દેવકીનો આઠમો પુત્ર મારે તોયે. ॥૧૨॥
ત્યારે કંસાસુર દૈત્ય ત્યાં શું કરે, દેવકીના ઘેર રખવાળું કરે. ॥૧૩॥
જે પુત્ર હોય તે સંભાળે આપ, તો આપણો સર્વ મટે સંતાપ. ॥૧૪॥
દેવકીના ઘરની રાખે છે સંભાળ, જે પુત્ર જન્મે તેને મારો એણી ઠાર. ॥૧૫॥

ત્રેતાયુગ સમાપ્ત થયા પછી સોમવાર વદ અમાસ એટલે સોમવતી અમાવાસ્યાએ દ્વાપર યુગની શરૂઆત થઈ. ત્રેતાયુગમાં સદ્‌ગુરુ વસિષ્ઠ મહારાજે દિગ્દર્શીત કરેલા યુગ ધર્મમાં, સમય મુજબ પરિવર્તન લાવી બાહ્યાંગ સ્વરૂપ બદલીને પણ અંતરંગ સ્વરૂપ એ જ રાખીને વેદ વ્યાસે દર્શાવેલ યુગ ધર્મ સત્‌પંથ સનાતન હતો. સામવેદના પ્રાબલ્યથી યુગધર્મનું બાહ્ય સ્વરૂપ પરિવર્તીત થયું હતું. તેમણે સંપૂર્ણ વેદોનો અભ્યાસ કરીને નિષ્કર્ષ કાઢીને, યુગાનુસાર જ્ઞાન સાધનાનો માર્ગ શોધ્યો હતો અને યુગધર્મનો પ્રસાર કરવા માટે પ્રાણાપણથી પ્રયત્ન કર્યો હતો. એ કાર્ય માટે ભગવાને શ્રી કૃષ્ણનો અવતાર ધારણ કરીને સદ્‌ભક્ત પાંડવ પાસેથી એ યુગધર્મનું આચરણ કરાવીને ધર્મનો જય અને પાપનો ક્ષય કરાવીને જગતમાં એનો પ્રસાર કર્યો હતો અને આ કાર્ય સાથે દુષ્ટ-દુર્જનોનું પણ ભગવાન શ્રી કૃષ્ણએ નિકંદન કર્યું હતું.

શ્રી રામનો અવતાર પૂર્ણ થયા પછી સારા એવા સમય પછી દ્વાપર યુગની શરૂઆત થઈ. એવા સમય કાળમાં આ પૃથ્વી પર મોટા મોટા દૈત્યો બધાને ત્રાસ આપવા લાગ્યા. તેમાં કંસ, ચાણૂર, મુષ્ટિક, કેશી, પ્રલંબ, શિશુપાલ, વક્રદંત, જરાસંધ, ભૌમાસુર આ બધા અસુરો અત્યંત પ્રબળ થઈને પ્રજાને હેરાન કરવા લાગ્યા. જરાસંધે તો બાવીસ હજાર રાજા પોતાના બંદીખાનામાં લાવી પૂરી દીધા હતા. ભૌમાસુરે હજારો સુંદર સ્ત્રીઓ સાથે વ્યભિચાર ચલાવ્યો. બાણાસુર, કાલયવન વગેરે દૈત્યોનાં પાપકર્મનો પાર નહોતો. દુષ્ટ કૌરવોએ અનીતિથી વર્તીને અધર્મથી લોકોને ત્રાસ આપવાની શરૂઆત કરી. યજ્ઞયાગાદિ કર્મ પર પ્રતિબંધ કરાવવા, બ્રાહ્મણોને હેરાન કરવા, લોકોના દ્રવ્યનું હરણ કરવું, સ્ત્રીઓને ભ્રષ્ટ કરવી આ પ્રમાણે એ રાક્ષસોએ જ્યારે ઉત્પાત માંડયો હતો, ત્યારે સર્વ લોકો ત્રસ્ત થઈ ત્રાહિમામ્ ત્રાહિમામ્ થવા લાગ્યા.

અંતે પૃથ્વી ગાયનું સ્વરૂપ લઈને બ્રહ્મદેવને શરણે ગઈ. તેણે મોટેથી આક્રંદ કરીને આક્રોશ કર્યો. એટલામાં થોર (મોટા) ઋષિઓ પણ દૈત્યોએ ચલાવેલાં પાપ કહેવા માટે બ્રહ્મદેવ પાસે આવ્યા. ત્યારે બ્રહ્મદેવ સર્વ દેવ-ઋષિઓ સાથે ક્ષીરસાગરમાં શ્રી વિષ્ણુ ભગવાન પાસે ગયા અને બધાએ હાથ જોડીને ભગવાન શેષશાયી આદિ નારાયણ સામે જયજયકાર કરીને પ્રાર્થના કરવા લાગ્યા; હે પૂર્ણ પુરુષ ! આદિ નારાયણ ! તમારા પદમ કમળને અમારા શતશઃ પ્રણામ ! હે દીનરક્ષક ! દીનાનાથ ! પૃથ્વી પર દૈત્યોએ મોટો અનર્થ માંડયો છે. જરાસંધે બધા ધર્મનિષ્ટ રાજાઓને લાવીને પોતાના બંદીખાનામાં પૂરી દીધા છે. એ દૈત્યોએ ધર્મનો મોટો ઉચ્છેદ ચલાવ્યો છે. એ કારણે પૃથ્વી એકદમ નિસ્તેજ થઈ ગઈ છે. હે દયાવાન ! આમાંથી પ્રજાનું સંકટ હરણ કરવા તમે જ સમર્થ છો. એવી પ્રાર્થના કરી બધા શાંત ચિત્તે ઊભા રહ્યા.

ત્યાં ક્ષીરસાગરમાંથી આકાશવાણી સંભળાઈ કે; હે દેવો ! તમે ગભરાશો નહીં. હું જલ્દીથી યાદવ કુળમાં જન્મ લઈને બધા દુષ્ટોનો નાશ કરીશ. તમે બધા દેવોએ પણ યાદવ કુળમાં જન્મ લેવો અને ઉપદેવોએ ગોવાળોને ત્યાં જન્મ લેવો. એ પ્રમાણે શેષને

બલરામનો જન્મ લેવો. કારણ રામ અવતારમાં તેમને ચૌદ વર્ષ ઉપવાસ સહન કરવા પડયા હતા. તેમજ અત્યંત કષ્ટ ઉઠાવવું પડયું હતું પણ આ જન્મે હું એનો નાનો ભાઈ થઈને એમની સેવા ચાકરી કરીશ. યમ, વાયુ, ઇંદ્ર અને અશ્વિનીકુમાર એમણે કુંતા-માદ્રીના ઉદરે જન્મ લેવો. બૃહસ્પતિએ દ્રોણ થઈને પાંડવોને વિદ્યા શીખવાડવી, હું વસુદેવની પત્ની દેવકીના ઉદરે જન્મ લઈશ !' એ આકાશવાણી સાંભળી બધા દેવો નમન કરીને ભગવાનનો જય જયકાર કરવા લાગ્યા. બધાને આનંદ થયો અને સૌએ સ્વસ્થાને પ્રસ્થાન કર્યું.

ત્યાર પછી બધા દેવો સાથે બ્રહ્મદેવે પણ ત્યાંથી સ્વસ્થાને જવા પ્રયાણ કર્યું અને ભગવાને કહ્યા મુજબ બધાએ પૃથ્વી ઉપર મથુરા વૃંદાવન ગોકુળ વગેરે જગ્યાએ સચ્ચરિત્રપૂર્ણ સંપન્ન લોકોને ઘેર જન્મ લીધો. પછી ભગવાને શેષને કહ્યું: 'શેષ, તારી ઉપર મારું ખૂબ ઋણ છે. પૃથ્વી પર જઈને વસુદેવ-રોહિણીના ઉદરે જન્મ લે અને યશોદાના ઘેર જઈને રહે. આ વખતે તું મારો વડીલબંધુ થા ! હું જલ્દી જ વસુદેવ-દેવકીના ઉદરે જન્મ લઈશ અને તારા જ સહવાસે આવીને રહીશ.'

ભગવાનનાં આ વચન સાંભળી શેષ બોલ્યો: 'હે પ્રભુ ! આપ વસુદેવના ઘેર જન્મ ધારણ કરશો ત્યારે તેની શી યોગ્યતા હશે ?'

શેષની આ પ્રમાણેની પૃછા પછી ભગવાન બોલ્યા: 'શેષ, સ્વયંભૂ નામનો મનુ તે બ્રાહ્મણ વંશમાં સુપત નામે જન્મ્યો હતો. એમને પ્રૌણી નામની સ્ત્રી હતી. એમના સહસ્ર વર્ષો પછીના તપથી તેમના ઉપર પ્રસન્ન થઈને એમના ઉદરે ત્રણ વાર જન્મ લેવાનું મેં કબૂલ કર્યું હતું. આગળ કશ્યપ અને અદિતિ એ જ સુપત અને પ્રૌણી છે. એમની પાસેથી મેં વામન અવતાર ધારણ કરેલો છે. પછી જમદગ્નિ અને રેણુકા એ જ કશ્યપ ને અદિતિ હતાં, તેમના ઉદરે મેં પરશુરામ અવતાર ધારણ કરેલો છે. હવે સાંપ્રતમાં વસુદેવ અને દેવકી એ જ કશ્યપ-અદિતિ છે, તેથી એમના ઉદરે હું હવે કૃષ્ણ અવતાર લઈશ. તેમજ જે નંદ યશોદાના ઘેર આપણને રહેવાનું છે. એ આગળનાં દ્રોણ અને પ્રણિતા નામનાં મહાન તપસ્વી બ્રાહ્મણ હતાં. પુત્ર પ્રાપ્તિ માટે અનંત વર્ષો માટે એમના ઘેર પુત્ર રૂપે રહેવાનું આશ્વાસન મેં એમને આપેલું છે. એ દ્રોણ અને પ્રણિતા એ જ નંદ અને યશોદા થશે. એમને આપેલ વચન આ વખતે હું પૂર્ણ કરીશ.'

ગોકુળના શૂરસેન યાદવને વસુદેવ નામનો પુત્ર થયો. એ સોમવંશીય રાજા હતો. વસુદેવના ત્યાં ભગવાનનો અવતાર થશે એ દેવોને ખબર હોવાથી એમના જન્મ વખતે દેવોએ આનંદીત થઈને દુંદુભિ વગાડયાં. વસુદેવ ખૂબ સ્વરૂપવાન અને પુણ્યવાન હતો. ગોકુળની રોહિણી સાથે એમનો પ્રથમ વિવાહ થયો હતો. એમનો બીજો વિવાહ મથુરાના રાજા ઉગ્રસેનની લાવણ્યમતી કન્યા દેવકીની સાથે થયો હતો. ત્યારે મોટી તૈયારીથી શૂરસેન વસુદેવને વિવાહ માટે લાવ્યા.

ઉગ્રસેનનો પુત્ર કંસ એ મોટો દુષ્ટ રાક્ષસી વૃત્તિનો હતો. એ પોતાના માતા પિતાનો દ્વેષ કરતો. પિતાની અવગણા કરી એ પોતે મથુરાનું રાજ કરવા લાગ્યો. ઉગ્રસેને દેવકીનું લગ્ન ખૂબ ધામધુમથી કર્યું. પોતાના બનેવી ગુણવાન, સુંદર અને પોતાની બહેનને અનુરૂપ છે એ જોઈ કંસે બંનેનાં લગ્ન ખૂબ આનંદ ઉત્સાહથી કર્યાં. રથમાં બેસાડી એ પોતે રથ હાંકવા લાગ્યો.

બધા લોકો નિમગ્ન હતા ત્યાં જ આકાશવાણી થઈ કે: 'હે કંસ, આ દેવકીના ઉદરે જે આઠમું સંતાન આવશે તેનાથી તારા પ્રાણનો નાશ થશે.' એ વિલક્ષણ આકાશવાણી સાંભળી બધા લોકો ચકિત થયા. કંસને અત્યંત સંતાપ થયો.

દેવકીના પેટે આઠમું સંતાન આવી પોતાનો નાશ થશે એના કરતાં બહેન દેવકીને જ મારી નાખવી. તેણે મ્યાનમાંથી તલવાર કાઢી અને એકદમ દેવકીના શિર પર મૂકી. ત્યારે વસુદેવ વિનંતી કરવા લાગ્યા કે; 'હે કંસ, નિષ્પાપ દેવકીનો વધ

કરીને તને શું ફાયદો ! શરીર એ પંચભૂતનું હોવાથી આત્મા અવિનાશી છે. તું દેવકીને મારીશ તો એ અન્ય જગ્યાએ જન્મ લેશે અને ત્યાં તેને સંતતિ થશે. જે ભાગ્યમાં લખેલું છે એ કદી પણ ટળતું નથી. ત્યારે નિષ્કારણ પોતાની બહેનને મારીને પાપની અપકીર્તિ શા માટે લે છે ?' વસુદેવે આ પ્રમાણે કંસને ખૂબ વિનંતી કરી, પણ કંસને પોતાના પ્રાણનો મોહ અધિક હોવાથી વસુદેવની વિનંતી સામે બિલકુલ ધ્યાન ન આપ્યું.

ત્યારે વસુદેવ બોલ્યાઃ 'કંસ, દેવકીને તું મારીશ નહીં પણ દેવકીના પેટે આઠમું સંતાન થાય એનો તું નાશ કરજે. એ આઠમું સંતાન જન્મતાં જ હું તારા સ્વાધીન કરીશ.' વસુદેવે કહેલી વાત કંસને પસંદ પડી પણ વિશ્વાસ ન હોવાથી એણે ઉભયતા (બેઉ જોડું)ને બંદીગૃહમાં પૂરી દીધાં.

કેટલાક દિવસો પછી નારદ મુનિ કંસને ત્યાં આવ્યા. કંસે નારદને બધી હકીકત કહી આગળ શું યોજના કરવી એ પ્રશ્ન કર્યો.

ત્યારે નારદ મુનિ બોલ્યાઃ 'કંસ તે જે વ્યવસ્થા કરી છે એ બરાબર છે પણ આઠમું સંતાન કયું એ નક્કી કરવું કઠિન છે. કારણ ઉલટી ગણતરી કરવાથી પહેલો પણ આઠમો આવે છે. કદાચિત બીજો પણ આઠમો આવશે. સારાંશ આઠમો કયો એ સમજાવવા માર્ગ નથી માટે હવે તું એમ કર કે આ વસુદેવ-દેવકીના ઉદરે જે પુત્રો થશે એ બધાને મારી નાખ. આઠ ગર્ભનો સંહાર કર્યા પછી એમને છોડી દેજે. એટલે તું સંકટમાંથી મુક્ત થઈશ, કયા ગર્ભથી તારો નાશ થશે એ કંઈ કહેવાય નહીં. આ પ્રમાણે કહી નારદ ત્યાંથી પ્રસ્થાન કરી ગયા.

પછી દેવકીને કેટલાક દિવસ પછી એક સુંદર પુત્ર જન્મ્યો. બંદીગૃહ પરના પહેરેદારોએ તત્કાળ પુત્ર જન્મ પ્રસંગ કંસને જઈને જણાવ્યો. એ સાથે જ કંસ ત્યાં આવ્યો અને તેને દેવકીના ખોળામાંથી એ સુંદર બાળક છીનવી લઈને બહાર પથ્થર પર જોરથી પછાડયું. એ સાથે બાળક મૃતપાય થઈને એના પ્રંચપ્રાણ પંચભૂતમાં મળી ગયા. એ દુઃખદ પ્રસંગથી વસુદેવ-દેવકી અત્યંત શોકથી વ્યથિત થઈ ગયાં. પરંતુ કોઈ જ ઉપાય ન હોવાથી બિચારાં જેલમાં આયુષ્યના દિવસો કાઢતાં હતાં. એ પછી દેવકીને બીજો પુત્ર થયો. એને પણ કંસે મારી નાખ્યો. આ પ્રમાણે કંસે દેવકીના છ પુત્રોને માર્યા. આ છ પુત્રોના વધથી કંસે તપ કરીને જે કંઈ થોડા પુન્યનો સંચય કર્યો હતો એ બધું નષ્ટ થઈને કંસના મસ્તક પર ભ્રૂણહત્યાના પાપનો ડુંગર ખડકાઈને તૈયાર થયો.'

કંસે જે વસુદેવના છ પુત્રોનો નાશ કર્યો એ પહેલાં તેઓ મારીચ બંધુ હતા. બ્રહ્મદેવ સરસ્વતીની અભિલાષા લઈને જ્યારે કામાતુર થયા એ પ્રસંગે મારીચ બંધુઓ બ્રહ્મદેવને જોઈને હસ્યા હતા. એ વખતે બ્રહ્મદેવે તેમને એવો શ્રાપ આપ્યો હતો કે; 'તમને મૃત્યુલોકમાં જન્મ લેવો પડશે, જન્મ લીધા પછી હું તમને તાત્કાલિક છુટા કરાવીશ એમ કહ્યું હતું. એ મારીચ બંધુને એવું આશ્વાસન આપ્યા પછી અહીં કંસને તેણે એવી પ્રેરણા આપીને એ છએ પુત્રોનો નાશ કરાવ્યો હતો.

એ પછી ભગવાન વિષ્ણુએ શેષને દેવકીના ઉદરે જન્મ લેવા કહ્યું. એ પ્રમાણે શેષે દેવકીના ઉદરે ગર્ભ ધારણ કર્યા પછી વિષ્ણુએ માયા ને કહ્યું: 'હે માયા, તું દેવકી પાસે જઈને તેના ઉદરનો ગર્ભ ગોકુળમાં રહેલી રોહિણીના ઉદરમાં લઈને મૂક અને માયા, તું યશોદાના ઉદરે પ્રવેશ કરીને બાળકી રૂપે રહે.'

આજ્ઞા પ્રમાણે માયાએ દેવકીના ઉદરમાં સાતમો ગર્ભ કોઈને ખબર ન પડે તેમ કાઢયો અને નંદને ઘેર રોહિણી નિદ્રાસ્ત હતી ત્યારે તેના ઉદરમાં જઈને મૂકયો અને પોતે યશોદાના ઉદરે પ્રવેશ કરીને રહી. આ પ્રમાણે માયાએ વ્યવસ્થા કર્યા પછી દેવકી જાગીને જુએ છે તો ઉદરમાં ગર્ભ નહીં. ગર્ભ નહીંવત્ થયેલો જોઈને દેવકી અને વસુદેવ બંને શોકાકુલ થયાં.

અહીં રોહિણી જાગીને જુએ છે તો પોતે ગર્ભવતી છે એવું એને લાગ્યું. એકાએક હું કઈ રીતે ગર્ભવતી થઈ એ ખબર ન હોવાથી એ ખૂબ ભયભીત થઈ ગઈ. અહીં કંસ દેવકીને પ્રસૂતિ થતી નથી એ ચિંતામાં હતો. કંસને દેવકીનો સાતમો ગર્ભ નહિવત્ હોવાનું સમજાયું.

થોડા દિવસ ગયા પછી દેવકી ફરી ગર્ભવતી થઈ. ભગવાને લક્ષ્મીને વિદર્ભ દેશના ભીમક રાજાને ત્યાં તેને રાણીના ઉદરે જન્મ લેવાની આજ્ઞા કરીને પોતે દેવકીના ગર્ભમાં પ્રવેશ કર્યો.

જે શ્રાવણ વદ અષ્ટમીને બુધવાર, ત્યારે શ્રી કૃષ્ણ દેવે લીધો અવતાર. ॥૧૬॥
દ્વાપર જુગમાં શ્રી હરિએ રૂપ જો ધરી, અને કાન આવ્યા મથુરાપુરી. ॥૧૭॥
કુળ દેવકીનાં છોડાવ્યાં બંધન, પિતા પ્રત્યે બોલ્યા શ્રી કૃષ્ણનંદન. ॥૧૮॥
તમે જાગો વસુદેવ બેઠા થાવ, અમને લઈને ગોકુળમાં જાવ. ॥૧૯॥
જાગ્યા વસુદેવ રમે છે બાળ, ત્યાં દીઠું રૂપ શ્રી મદનગોપાળ. ॥૨૦॥
તેણે કર ધરીને લીધું છે બાળ, ત્યાં દીઠો તે કંસાસુરનો કાળ. ॥૨૧॥
ખોલ્યા દરવાજાને ઉઘાડ્યાં બાર, ત્યાં ચોકી પોળીયા ન જાગે સાર. ॥૨૨॥
ભાંગ્યાં ભૂંગળ ને ઉઘડયાં છે દ્વાર, વસુદેવ ચાલ્યા છે તેણી વાર. ॥૨૩॥
વસુદેવ વેગે વહેલા વહીને ગયા, તે જઈને યમુનાના તીરે રહ્યા. ॥૨૪॥
ગરજે યમુનાને ઉછળે છે બાળ, ત્યારે વરસે છે મેઘ અખંડ ધાર. ॥૨૫॥
ત્યાં ઈંદ્ર મહારાજની દીધી છે આણ, ત્યારે બારે મેઘે કર્યા છે પ્રણામ. ॥૨૬॥
બંધ થયા મેઘને થંભ્યાં છે નીર, ત્યારે વસુદેવ ઉતર્યા જમુનાને તીર. ॥૨૭॥
વસુદેવ ગોકુળમાં ચાલ્યા તેણી વાર, ત્યાં જઈ જશોદાના ખોળે મૂક્યા બાળ. ॥૨૮॥
ત્યાં જશોદા ઘેર પુત્રી થાઈ, તે શ્રી વસુદેવ લાવ્યા છે જાઈ. ॥૨૯॥
વાણું વાયું ને જાગે છે લોક, ત્યારે કંસ પુત્રીને મારવા ચાલ્યો ફોક. ॥૩૦॥
જયારે કંસ કન્યાને મારવા જાય, ત્યારે કંસને તે પુત્રી સમજાય. ॥૩૧॥
હાં રે મૂરખ મને શું મારે, તુજને મારનારો ગયો ગોકુળ માંહે. ॥૩૨॥
એવું કહી કન્યા ગઈ ભાગ, ત્યારે કંસ તણે હૈયે લાગી છે આગ. ॥૩૩॥

દેવકીના ઉદરમાં જે વખતે શ્રી હરિએ પ્રવેશ કર્યો હતો, તે વખતથી એ અત્યંત દિવ્ય અને ઉલ્લાસીત દેખાવા લાગી. વસુદેવની સ્થિતિ પણ તેવી જ આનંદદાયક હતી. દેવકીને ગર્ભવસ્થાનું દુઃખ બિલકુલ નહોતું. યોગ્ય સમય પ્રાપ્ત થતાં જ શ્રાવણ વદ અષ્ટમી બુધવારે મધ્ય રાત્રે પ્રભુએ જન્મ લીધો. એ વખતે રોહિણી નક્ષત્ર હોવાથી એક સરખો વરસાદ પડતો હતો. દેવકી અને વસુદેવ બંનેની સામે જોઈને પ્રભુ દેવકીના ઉદરમાંથી બહાર પધાર્યા. પ્રભુની એ બાળમૂર્તિ જોઈને દેવકીને અત્યાનંદ થયો અને તેણે પોતાના પતિને જગાડયા.

વસુદેવ જાગીને જુએ છે તો આગળ પ્રભુની સુંદર શ્યામલ બાળમૂર્તિ ઊભી છે. સર્વાંગ સુંદર મૂર્તિ જોઈને બંને આનંદથી તન્મય થયાં પણ પાછળના છ પુત્રોના દુઃખનું સ્મરણ થવાથી એ ખિન્ન થયાં.

ત્યારે એ બાળમૂર્તિએ કહ્યું: 'ગોકુળમાં નંદના ઘેર યશોદાના ઉદરે યોગમાયાનો હમણાં જ જન્મ થયો છે, પણ તમને મારા માટે ચિંતા કરવાનું કોઈ કારણ નથી. વસુદેવ ! તમે મને યશોદાના ઘેર લઈ જઈને મૂકો અને યશોદાની એ પુત્રીને તમે અહીં લઈ આવો. હે વસુદેવ ! તમે પૂર્વજન્મમાં સુપ્રત બ્રાહ્મણ છો ! તમારા ઉદરે શ્રી કૃષ્ણ રૂપે અવતાર લઈને તમારા ઋણમાંથી હું મુક્ત થયો છું. તમને હવે મોક્ષની પ્રાપ્તિ થશે. તમને બંનેને મારું લાલન પાલન કરવાની ઈચ્છા છે એ મને ખબર છે માટે હું ગોકુળમાં ક્રીડા કરીને જલ્દી જ તમારી પાસે આવીશ.'

શ્રી કૃષ્ણએ વસુદેવ-દેવકીને આગળની વ્યવસ્થા કહીને પોતાનું બાળ રૂપ ધારણ કર્યુ. પછી દેવકીએ બાળકને લઈને ચુંબન કર્યુ અને પાસે રહેલાં કપડાંથી એનો દેહ આચ્છાદન કરીને એ બાળક તેમણે વસુદેવને આપ્યો અને વસુદેવે એ બાળકને એક ટોપલીમાં લઈ ટોપલી માથા પર મૂકીને જવા લાગ્યા.

દરવાજા મજબૂત હતા અને દરવાજાને મોટાં મોટાં તાળાં લગાવ્યાં હતાં, પણ વસુદેવના હાથનો સ્પર્શ થતાં જ તાળાં અને દરવાજા આપોઆપ ખૂલી ગયા. ચોકીદારો નિદ્રામાં ઊંઘતા હતા. એ માટે વાસુદેવને રસ્તામાં કોઈએ રોકયા નહીં. બહાર ઘન અંધકાર, મુશળધાર વરસાદ પડતો હતો. આવી સ્થિતિમાં માર્ગ કાઢવો અત્યંત કઠિન હતો. સાથે સાથે કંસની બીક હતી. વસુદેવ જલ્દી જલ્દી માર્ગ કાપતા એ યમુનાના તીરે આવી પહોંચ્યા. શ્રી કૃષ્ણ પાણીથી પલળે નહીં તે માટે શેષનાગ બાલકૃષ્ણ ઉપર ફેણ પ્રસારીને સાથે ચાલતો હતો. વસુદેવને એનું ધ્યાન પણ નહોતું. વરસાદના દિવસો, મુશળધાર વરસાદ તેથી યમુના નદી પૂરથી છલોછલ ભરાઈને વહેતી હતી. તેવી સ્થિતિમાં વાસુદેવ શ્રી કૃષ્ણને મસ્તક પર મૂકીને પાણીમાં ઉતર્યા. એ વખતે શ્રી કૃષ્ણના સ્પર્શ માટે યમુના નદીનું પાણી વધવા લાગ્યું. ત્યારે શ્રી કૃષ્ણએ પોતાનો જમણો પગ બહાર કાઢીને પાણીને સ્પર્શ કર્યો. એ સાથે એ માર્ગે યમુના દુભંગ (બેભાગ) થઈ અને વસુદેવ શ્રી કૃષ્ણને લઈને આગળ ચાલવા લાગ્યા.

એ સમયે ગોકુળમાં નંદના ઘરનો દરવાજો ખુલ્લો હતો. વસુદેવ શ્રી કૃષ્ણને લઈને નિઃશંકપણે નંદના ઘેર ગયા અને જ્યાં યશોદા હતાં એ ઓરડામાં ગયા. જુએ છે તો પલંગ ઉપર યશોદા નિદ્રાસ્થ હતી. તેની હમણાં જ પ્રસૂતિ થવાથી પાસે યોગમાયા રમતી હતી. વસુદેવે શ્રી કૃષ્ણને ત્યાં મૂકયા અને યોગમાયાને લઈને એ તરત જ પાછા આવી પોતાના બંદીગૃહમાં દાખલ થઈ ગયા. એ દાખલ થતાં જ દરવાજા પહેલાં પ્રમાણે બંધ થઈ ગયા અને એ ચોકીદારની નિદ્રા ત્યારે જ દૂર થઈ અને તેઓ હોંશિયારીથી ચોકી કરવા લાગ્યા.

ત્યાંજ યોગમાયા મોટેથી રડવા લાગી. દેવકીએ પુત્રને જન્મ આપ્યો છે એમ લાગતાં જ દૂતોએ કંસને જણાવ્યું. કંસ તત્કાલ ઉત્કંઠાથી આવીને જુએ છે તો દેવકીના ખોળામાં પુત્ર ન હતો પણ પુત્રી છે. ત્યારે ક્ષણ માત્ર એના મનમાં વિચલતા થઈ, પરંતુ કન્યાની ઉત્પત્તિ આઠમા ગર્ભથી થઈ છે ત્યારે એનો નાશ પોતે કરવો જ જોઈએ, એમ વિચાર કરીને કંસે એ પુત્રીને દેવકીના ખોળામાંથી ખેંચી લીધી અને કંસ તેના પગ પકડીને પથ્થર પર પછાડવા માટે ગોળ ગોળ ફેરવવા લાગ્યો.

એટલામાં એ યોગમાયા હાથમાંથી છટકી અને આકાશમાં ઉડી ગઈ. એ આકાશમાં જતાં જતાં કંસને કહેવા લાગી: 'અરે દુષ્ટ પાપી કંસ ! આ બાળ હત્યાના પાપથી તારા પાપનો ઘડો પૂર્ણ ભરાયો છે. તે પોતાની બહેનના વંશ ઉચ્છેદવાનો પ્રયત્ન કર્યો છે, પણ તારા આ કૃત્યથી તારા વંશનો નાશ થશે. જે પોતાના માતા-પિતાનું અપમાન કરે છે, જે પોતાના ગુરુનો દ્રોહ કરે છે, જે પોતાના શ્વસુર અને જમાઈને ત્રાસ આપે છે, જે પોતાની બહેનનો છળ કરે છે એ નિશ્ચયથી નર્કનો અધિકારી થાય છે. તે તારા બહેનનો અને બનેવીનો છળ કરીને તારા પોતાના પર પાપનો પર્વત તૈયાર કરી દીધો છે. તેનું ફળ તને જલ્દી જ મળશે. તારો શત્રુ સુખથી રહે છે અને તેના હાથે તારો જલ્દી જ નાશ થશે.' આ પ્રમાણે એ યોગમાયાએ ગર્જના કરી અને એ વીજળીની જેમ આકાશમાં ગુપ્ત થઈ ગઈ. યોગમાયાની વાણી સાંભળી કંસ ચિંતાગ્રસ્ત થયો.

જ્યારે ગોકુળમાં વર્ત્યો છે જયજયકાર, ત્યારે કંસ તણે ઘેર પડયો છે પોકાર. ॥૩૪॥
જ્યારે ગોકુળમાં આવ્યા દેવ મોરાર, ત્યારે ઉત્સવ મંગળ કરે સર્વે સંસાર. ॥૩૫॥
આઠમે શ્રી કૃષ્ણ રૂપે છે અવતાર, ગોકુળમાં અવતર્યા છે એ દેવ મોરાર. ॥૩૬॥
જ્યારે આહિર જ્ઞાતિમાં આવ્યા છે કાન, ત્યારે નંદ જશોદાએ દીધાં છે માન. ॥૩૭॥
જ્યારે ગોકુળમાં આવ્યા છે શ્રી હરિ, ત્યારે ભક્તોએ આનંદ મંગળ કરી. ॥૩૮॥
જે દેવકીને ઘેર કાન અવતર્યા છે આય, પણ દેવે દૂધ પીધું છે યશોદા માય. ॥૩૯॥
જ્યારે યશોદા ઘેર મંગળ વર્તાય સાર, ત્યારે વાજીંત્ર વાગે અનંત અપાર. ॥૪૦॥
જ્યારે બહુ આનંદ ગોકુળ માંહે ભયો, ત્યારે કંસાસુરના મનમાં સંશય થયો. ॥૪૧॥
જેમ જેમ કળા શ્રી કૃષ્ણ દેવની ચઢે, તેમ તેમ કંસાસુરને મન સાંસો પડે. ॥૪૨॥
કંસ તણા મનને ઉપજયું છે અસુખ, ભાગી નિદ્રાને આવ્યું છે દુઃખ. ॥૪૩॥
કંસના મનમાં આવે છે કાળ, પણ એવો નથી કોઈ જે મારે બાળ. ॥૪૪॥
ત્યાં એવાં વચન બોલ્યા કંસાસુર, કોઈ એ બાલકને મારી કરે ચકચૂર. ॥૪૫॥

ગોકુળમાં શ્રી કૃષ્ણ આવ્યા પછી એ યશોદા મૈયાના ખોળામાં રમવા લાગ્યા. કેટલાક સમય પછી નંદરાણી યશોદા જાગીને જુએ છે તો પોતાના ખોળામાં સુંદર બાળક છે. બાળક જોતાં જ એમને ઊઠીને એ બાળકને ખોળામાં લઈને નિહાળ્યું. એ બાળકને ક્યાં મૂંકુ અને ક્યાં નહીં એમ યશોદાને થયું. એ બાળકનું મનોહર રૂપ એ આંખોથી નિહાળવા લાગી. એટલામાં બાળકે યશોદા સામે જોઈને હાસ્ય કર્યું.

યશોદાને પુત્ર થવાની વાત આખા ગોકુળમાં પ્રસરી ગઈ. સર્વત્ર આનંદ આનંદ થયો. રોહિણી અને બધી ગોવાલણો બાળકને જોવા માટે નંદના ઘેર આવી. ઘરમાં ભીડ થઈ તેથી નંદે એમને બેસવા માટે મંડપ ઊભો કર્યો અને એ મંડપમાં નાના પ્રકારના વાદ્યો વગાડવા લાગ્યા. પ્રત્યક્ષ શ્રી હરિનો જ અવતાર હોવાથી આશ્ચર્યસહ એ કૌતુક જોવા માટે દેવોની પણ આકાશમાં ભીડ થઈ ગઈ. બધાએ નંદ-યશોદાના અને બાળકૃષ્ણનાં વધામણાં કર્યા. નંદ રાજાના કુળ ઉપાધ્યાય ગર્ગ મુનિ બાળકને જોવા માટે અને તેનું જાતક વર્તવા માટે બધાના પહેલાં દોડી આવ્યા. જે દિવસે કૃષ્ણનો જન્મ થયો એ દિવસે ગોકુળમાં પર્જન્ય (વર્ષા) વૃષ્ટિ, તો મથુરામાં રક્તવૃષ્ટિ થઈ. સુચિન્હો ગોકુળમાં તો દુશ્ચિન્હો મથુરામાં થયાં.

શ્રી કૃષ્ણનું મુખાવલોકન કરતાં જ નંદને અવર્ણનીય આનંદ થયો અને પોતાના અનંત જન્મોનું પુણ્ય ફળ મળ્યું હોય એમ તેને લાગ્યું. પુત્ર જન્મ પ્રાપ્તિર્થે તેમણે હજારો ગાયો, નાના પ્રકારના રત્નો, પુષ્કળ અલંકાર અને વસ્ત્રો દાન કર્યાં. ગોવાલણોએ શ્રી કૃષ્ણનાં દર્શન કરીને વસ્ત્રો અર્પણ કર્યાં તો યશોદા અને ગોવાલણોએ એમનાં વધામણાં કર્યાં. જે મંદિરમાં ગોપાળકૃષ્ણનો જન્મ થયો એ મંદિર સજાવવામાં આવ્યું. એની ભીંતો કેસર કસ્તુરીથી લીપી. ઉપર સુંદર ચંદરવા લગાડયા. છતમાં મોતીનાં ઝાલરો મૂક્યાં. મધ્ય ભાગે સુંદર રત્નજડીત મંચ મૂકી યશોદા શ્રી કૃષ્ણને લઈ એના ઉપર બેઠી. બે ગોવાલણો એમની ઉપર શ્વેત ચમ્મરો ઢાળવા લાગી. નંદરાય અને ગર્ગ મુનિ ઈતર બ્રાહ્મણો સાથે યશોદાના મહેલમાં ગયા અને ત્યાં પુણ્યાહવાચન કરીને શ્રી કૃષ્ણના મુખમાં એમણે મધ મૂકયું.

આ સમયે ગર્ગ મુનિ ઈતર પંડિતો સાથે બાળકનાં લક્ષણો અને જન્મપત્રિકા જોવા લાગ્યા. બાળકનો હાથ અને જન્મકાળનો સમય જોઈને ગર્ગ મુનિ બોલ્યાઃ 'યશોદા, તારું ભાગ્ય ઉજ્જવળ છે. પ્રત્યક્ષ હરિ તારા ઉદરે આવ્યા છે, એ પોતાની કીર્તિ

ત્રૈલોકયભરમાં કરશે. એ સજ્જનોને સુખદાઈ અને દુર્જનોને દુઃખદાયક થનાર છે. આ પુત્ર પર નાના સ્વરૂપે અનેક સંકટો આવશે, પણ બધામાંથી એ સુખ રૂપ બહાર નીકળશે. નાનપણમાં આ બાળકને મારવા એક કપટી સ્ત્રી આવશે, એક દૈત્ય વાયુનું રૂપ લઈને આવશે પણ એમનો તારો પુત્ર સંહાર કરશે. બે પ્રચંડ વૃક્ષ તેના ઉપર તૂટી પડશે, પણ બાળકને તેનાથી કોઈ ઈજા થશે નહીં, એક વિષધારી સર્પનું તે દમન કરશે, પર્વત ઉપાડી ગોકુળનું આ બાળક રક્ષણ કરશે, એક સમયે દાવાનળ પી લેશે.ગુરુના મરેલા પુત્રને સજીવન કરી ગુરુને સંતોષીત કરશે, બધાંનું દૂધ દહીં ખાવા આવશે, ગોવાલણોને મોહ પમાડીને પોતાના છંદે લાવશે, આ બાળકના હાથે કંસનું મૃત્યુ છે. તે દ્વારકા નામની અદ્ભુત નગરી બાંધશે. સંતતિ, સંપત્તિ, ઐશ્વર્ય યશદાયક કીર્તિવાન થશે. સર્વ ગોકુળને ઉદ્ધારી લેશે. ભક્તોનો ઉદ્ધાર કરી પૃથ્વીનો ભાર ઉતારશે. જ્ઞાનનો સર્વત્ર પ્રચાર કરશે.' આ પ્રમાણે આ બાળકનું ભાગ્ય ખૂબ મોટું છે.

આ સાંભળીને બધાંને આનંદ થયો. ગોકુળમાં ઘેર ઘેર મંગલ ઉત્સવ થવા લાગ્યા, પણ મથુરામાં એનાથી ઉલટું સર્વ દુશ્ચિહ્નો દેખાવા લાગ્યાં. કન્યા છટકીને ગગનમાં ગઈ એ દિવસથી કંસના મનમાં ઉદ્વેગ વ્યાપી ગયો. તેને સ્વપ્નમાં દેવકીનો આઠમો ગર્ભસ્થ બાળક દેખાવા લાગ્યો. રાજ છત્રનો દાંડો તૂટીને નીચે પડયો. એ બધું જાણીને કંસ મનમાં ખૂબ ગભરાયો. કંસે રાજસભા ભરીને મહાબલાઢય અસુરોને બોલાવ્યા અને કહ્યું: 'જેમ રાજાએ પ્રજાને સુખી કરવાની છે તેમ પ્રજાએ રાજાને સુખી રાખવાના છે. મને તો આકાશવાણીનો ભય લાગ્યો છે. જો કોઈ ખરો સ્વામીભક્ત હોય તો ગોકુળમાં જઈને જે મારો વેરી છે તેને શોધી મારીને મારું આ સંકટ જે નિવારશે તેનો મારા ઉપર અત્યંત ઉપકાર થશે અને તે જે બક્ષિસ માગશે એ આપીશ.'

કંસનું આ નિવેદન સાંભળી એક મહાબલાઢય મહાબળ નામક દૈત્ય ઊઠીને તેણે કંસને આશ્વાસન આપીને કહ્યું: 'કંસ મહારાજ, આપના શત્રુની શોધ કરીને એનો નિઃપાત કરવાની હું જવાબદારી લઉં છું. ગોકુળમાં તમારો શત્રુ કોઈપણ જગ્યાએ હશે તેને શોધીને એનો નાશ કરવાની હું પ્રતિજ્ઞા લઉં છું.

મહાબળે ગોકુળમાં આવી એક જયોતિષી બ્રાહ્મણનું રૂપ લીધું અને ઘેર ઘેર ભટકીને છેલ્લે નંદના ઘેર આવ્યો. એ જગ્યાએ ગર્ગ મુનિ એ બાળ કૃષ્ણનું જાતક કહેતા હતા. ત્યારે એ બોલ્યોઃ 'આ બાળકના ગ્રહો ક્યાંક ઊંધા ચત્તા થયા છે. તેથી આ ચોર થશે, કપટી થશે, સ્ત્રીઓને ભ્રષ્ટ કરશે. કાળાં કૃત્યો આના હાથે થશે, છેલ્લે આ છોકરો સ્વકુળઘાત થઈને બધાંનો સંહાર કરશે. એટલે બાળક માટે મનમાં દયા ન લાવતાં ખાડામાં દાટી દો અથવા સમુદ્રમાં નાખી દો, નહીં તો અન્ય માર્ગે એનો સંહાર કરવો. ન કર્યો તો આ છોકરો આગળ બધાનો ઘાતક થશે.'

મહાબળ ભટ્ટના મુખેથી કડવી, સંહારક વાણી નીકળતાં જ ઘરની બધી નિર્જીવ વસ્તુઓ સજીવ થઈને વેલણ, પાટલી, પાટલા, વાસણો, માટલાં વગેરે બધી વસ્તુ મહાબળના શરીર પર પડવા લાગી. મહાબળના આખા શરીર પર ફટાફટ જોરદાર માર પડવા લાગ્યો. એના શરીર પર ભડાભડ પ્રહાર થવાથી આંતરડાં તૂટવા લાગ્યાં. તાવડી આવી મોંઢામાં મારવા લાગી. સોય, દાભણ એના શરીરમાં ખૂંચવા લાગ્યાં. એ ઊઠીને ભાગવા લાગ્યો, ત્યાં જ ખાટલાએ એની આગળ આવીને આડસ કરી. કોદાળી, પાવડા, કુહાડી, દાસ્તા વગેરેનો માર તેને પડવા લાગ્યો.

છેલ્લે શ્રી કૃષ્ણ સામે જોઈને તેણે શ્રી કૃષ્ણ સ્તુતિ કરી. ત્યારે શ્રી કૃષ્ણએ તેને જીવતો છોડયો. પછી તે દોડતો દોડતો આવી કંસ પાસે ઊભો રહીને એ બોલ્યો: 'મહારાજ, તમારો વેરી ગોકુળમાં ઉછરી રહ્યો છે. એની શક્તિ અદ્ભુત છે. નિર્જીવ વસ્તુ સજીવ કરીને તેને મને ભયંકર માર માર્યો. એ કંઈ માનવાકૃતિ નથી. પ્રત્યક્ષ પરમેશ્વર જ એ જગ્યાએ અવતર્યા છે એની આ સાક્ષી છે. મથુરાપતિ તમારો શત્રુ ગોકુળમાં મોટો થાય છે. એ બાળક છે તો પણ તેને કૃત્યોથી જીતાશે નહીં. મને તો લાગે છે કે, તમારું મરણ નજીક આવ્યું છે. મહાબળના મુખમાંથી આ શબ્દ સાંભળતાં જ કંસ અતિશય ચિંતામાં પડયો.'

ત્યારે પૂતના કહે છે સત્ય ભાય, ભાઈ તમે કહો તો હું બાલકને મારું ધાય. ॥૪૬॥
કહે પૂતના જે સુણો કંસાસુર રાજ, ભાઈ યશોદાના બાલકને હું મારું આજ. ॥૪૭॥
માસીએ ટોપી કંદોરોને લીધું પારણું, ત્યાં થાનમાં વિષ વળગાડયું છે ઘણું. ॥૪૮॥
પૂતના મન શું કપટ કરીને જાય, ત્યાં બહેન યશોદાને મળવા આય. ॥૪૯॥
કૂડ કરીને યશોદાને ઘેર ગઈ, તે યશોદાને દ્વારે જઈને ઊભી રહી. ॥૫૦॥
પૂતના યશોદાને મળે છે જાઈ, દઈ બેસણું ને હર્ષિત યશોદા થાઈ. ॥૫૧॥
ત્યાં હસી હરખીને પૂતના ગાયે ગીત, તેણે ધૂત લક્ષણ માંડયા છે ચરિત. ॥૫૨॥
તે મુખે હરખથી બોલે ને દિલમાં છે કાળ, આપો બેન હરખે ધવડાવું હું બાળ. ॥૫૩॥
અમારે બહુ હેત છે બાઈ માન, બહેન કહે તો એ બાલકને ધવડાવું થાન. ॥૫૪॥
પરાણે બાલકને પૂતનાએ લીયો, લઈ ખોળામાં ને ઘણાં ચુંબન કીયો. ॥૫૫॥
માસીએ એ બાલક લીયો છે ઉઠાય, તે માંડી પલાઠીને બેઠી છે ત્યાંય. ॥૫૬॥
ત્યાં ટોપી કંદોરો પહેરાવે છે બાલ, તે બહુ હરખ ને હાલરડાં ગાય. ॥૫૭॥
બહેન યશોદા તમે કરો ઘરનાં કામ, એ બાલકને અમે ધવડાવીશું થાન. ॥૫૮॥
વિષ થાનમાં લગાડયું એ વાર, અને મનમાં જાણે કે મરડીને મારું બાળ. ॥૫૯॥
તેણે થાનમાં વિષ લગાડયું છે ઘણું, પણ તે મનમાં જાણે કે દબાવું ગળું. ॥૬૦॥
એવો માસી પૂતનાએ કીધો વિચાર, પણ અંતર્યામી જાણે સર્વે વિસ્તાર. ॥૬૧॥
એ બાલકે પૂતનાનો થાન મુખમાં લીયો, એ થાન ધાવતાં પ્રાણ પૂતનાનો ગયો. ॥૬૨॥
એ દેવે માસીને થાને ધાવતાં લીધા છે પ્રાણ, ત્યાં કંસ રાજાને થઈ છે જાણ. ॥૬૩॥
દેવે ધાવતાં પૂતનાના કાઢયા છે પ્રાણ, એ દેવે બહુ દૈત્ય સંહાર્યા જાણ. ॥૬૪॥
જે દેવ એકવીસ બ્રહ્માંડની શુદ્ધ જો લહે, એ ચૌદે લોકનો રાજા તેહે. ॥૬૫॥
જે દેવ ત્રણ ભુવન પેદા કર્યાં જેહ, એ દેવ પૂતના માસીથી કેમ છળાય તેહ. ॥૬૬॥
ઢળી છે પૂતના કરે બહુ પોકાર, ત્યાં માતા જશોદા ધાયા તે વાર. ॥૬૭॥

મહાબળની આવી ફજેતી સાંભળીને કંસને ખૂબ ચિંતા થઈ. શું કરવું એવો એ વિચાર કરતો હતો ત્યારે પૂતના ત્યાં આવી અને બોલી: 'કંસરાય, હું સુંદર સ્ત્રીનું રૂપ લઈને સ્તનને વિષથી ભરીને ગોકુળમાં જાઉં છું અને ત્યાં બધાં બાળકો સાથે શ્રી કૃષ્ણને ધાવણ પીવડાવીને તેના પ્રાણ હરીશ, તમે ચિંતા છોડો.' પૂતનાનું આમ કહેવું સાંભળીને કંસને પરમ સંતોષ થયો અને તેણે વસ્ત્રાભૂષણ આપી તેનું સન્માન કર્યું અને ગોકુલ જવા આદેશ આપ્યો.

પૂતનાએ તરત અત્યંત સુંદર સ્ત્રીનું રૂપ લીધું. નેત્રમાં કાજળ આંજયું. શરીરમાં વિવિધ પ્રકારના અલંકાર પહેર્યા. પગમાં પાયલ પહેરી, એ જાણે બીજી રંભા જ દેખાવા લાગી. પૂતના મથુરાથી ગોકુળ આવી. એ બાળકને રમાડવા નિમિત્તે લોકોના ઘરમાં જઈને એ ઘરનાં બાળકોની ખાતરી કરતી ગઈ. પછી એ પૂતના નંદના ઘરમાં આવી. પૂતનાનું લાવણ્ય જોતાં જ જાણે કોઈ સ્વર્ગની દેવાંગના હોય એમ લાગે. યશોદાએ તેનો સારો આદર સત્કાર કર્યો. એ શ્રી કૃષ્ણ માટે ટોપી, કંદોરો અને હીંચકો લઈને શ્રી કૃષ્ણને જોવા આવી છે એમ જાણી યશોદાને આનંદ થયો.

પૂતના શ્રી કૃષ્ણના પગ પાસે ગઈ, હીંચકામાં રમતા એ સુંદર બાળકને જોઈને બોલી: 'યશોદાબાઈ અમે સ્વર્ગમાં રહેનારાં અને તમારો પુત્ર બ્રહ્મ અવતાર એ પણ અમારા જેવો એ તો અમારી જૂની ઓળખ છે ! પછી શ્રી કૃષ્ણને જોઈને પૂતના બોલી: 'અરે તું અમને છોડીને અહીં ભાગી આવ્યો ! બાળક ઓળખ ભૂલી ગયો કે શું ? આવ અહીં મારી પાસે ખભા પર એકવાર તને રમાડવા દે. તારો વિરહ મને એકદમ અસહ્ય લાગે છે. ક્યારે તને હૃદયથી પકડું, એવું મને લાગે છે.' એમ કહે છે ત્યાંજ બાલ કૃષ્ણએ પૂતના સામે જોઈ હાસ્યવદન કર્યુ. ત્યારે યશોદાએ પૂતનાને શ્રી કૃષ્ણ રમાડવા આપ્યો. પૂતનાએ પોતાના ખોળામાં લઈને ટોપી કંદોરો પહેરાવ્યો અને પોતાનો પાલવ ઢાંકે છે, ત્યાંજ શ્રી કૃષ્ણએ તેની ચોલી ફાડીને તેનું મુખ સ્તનને લગાવ્યું. ચૂસકી મારીને વિષ શોષવાનો આરંભ કર્યો.

શ્રી કૃષ્ણએ પૂતનાના સ્તનોમાંથી બધું વિષ શોષી લીધું. સ્તનનું બધું દૂધ પણ પૂર્ણ થઈ ગયું. પછી શ્રી કૃષ્ણએ રકત શોષવાનો આરંભ કર્યો. પૂતનાનું શરીર કાંપવા લાગ્યું. ત્યારે શરીરને વાંકુચુંકું મોઢું મચડી કરીને પૂતના શ્રી કૃષ્ણને છોડાવવા લાગી, પરંતુ એ છુટે ક્યાંથી ! ગોવાલણોએ તેને છોડાવવાનો પ્રયત્ન કર્યો. પણ બધાનો પ્રયત્ન વ્યર્થ ગયો.

ત્યારે પૂતના બોલી: 'અરે, બાળક, તું હવે વધારે દૂધ ના ખેંચીશ, છોડ છોડ મને ! ખરેખર હવે મારો જીવ વ્યાકુળ થવા લાગ્યો છે. હું તારા ગોકુળમાં હવે ક્યારેય આવીશ નહીં.' એમ પૂતના કૃષ્ણને વારવા લાગી. પૂતના અત્યંત વ્યાકુળ થઈ ગઈ અને મૂર્છિત થઈને નિષ્પ્રાણ થઈ જમીન પર પડી. શ્રી કૃષ્ણ એના વક્ષસ્થળ પર એના સ્તન મુખમાં લઈ રમતો હતો. ગોવાલણોએ શ્રી કૃષ્ણને ઉપાડી લીધો અને યશોદાને આપ્યો. ત્યારે યશોદાના નેત્રમાંથી અશ્રુધારા વહેવા લાગી. યશોદા માતાએ શ્રી કૃષ્ણને હૃદયે લગાવ્યો.

ત્યારે તે ખબર કંસ તણે ઘેર ગઈ, હવે દુશ્મન મારો પ્રગટ થયો છે સહી. ।।૬૮।।
જ્યાં કંસે મારવાના ઉપાય બહુ કીધા, ત્યાં અંતર્યામીએ સર્વે જાણી લીધા. ।।૬૯।।
બાલક રૂપે શ્રી હરિ દેખાય લોકને ત્યાંયે, તે દેવ દૈત્યનાં ફેડયાં છે કાયે. ।।૭૦।।
શકટાસુરને તૃણાસુર બાલકને છળવા જાયે, અને તે આવ્યા ગોકુળ માંહે. ।।૭૧।।
ત્યાં કાનજીએ તેણે જોઈ હણ્યા છે તત્કાળ, બૂમ પાડી તેઓએ તરત છોડયા પ્રાણ. ।।૭૨।।
કૃષ્ણજીએ ત્યાં લીલા કીધી અનંત અપાર, જોઈને માતા પિતા હરખ્યાં બહુ સાર. ।।૭૩।।
કહે અમારો પૂર્વજન્મનો પ્રગટયો છે સાર, ત્રિભુવનનાથ પુત્ર થઈને આવ્યો અમારે દ્વાર. ।।૭૪।।
ગોવાણીઓ કહે ધન્ય યશોદા તારો જનમ, તારા પુત્ર દર્શનથી છુટે અમારાં જન્મ મરણ. ।।૭૫।।

પૂતનાને મારવાની હકીકત સાંભળી કંસ તો ખૂબ જ ગભરાયો. કંસનું ચિત્ત ઠેકાણે રહ્યું નહીં. એ જેને તેને જેમ તેમ બોલતો. મારવા દોડી જતો. શ્રી કૃષ્ણને કંઈ રીતે મારવો એનો કંસ સતત વિચાર કરવા લાગ્યો.

એક દિવસ શ્રી કૃષ્ણ ઊભો થઈ રમવા લાગ્યો, એ માટે નંદે મોટો ઉત્સવ કર્યો અને દાન ધર્મ કર્યું. શ્રી કૃષ્ણ હવે ઊભો થવા લાગ્યો એ શકટાસુરે જોયું. કંસની આજ્ઞાથી શ્રી કૃષ્ણ વધનો સંજોગ (સમય) જોતો હતો. શ્રી કૃષ્ણ આંગણામાં રમતો હતો એ સંધી સાધી એ દુષ્ટ ગાડાના રૂપે શ્રી કૃષ્ણનો ચૂરો (સંહાર) કરવા માટે શ્રી કૃષ્ણના શરીર પર દોડયો. શકટાસુરને સામેથી આવતો શ્રી કૃષ્ણએ જોયો અને સહજ લાત મારી એ સાથે એ પ્રચંડ ગાડાનો ચૂરો થઈ ગયો. ભગવાનના ચરણ સ્પર્શથી એ શકટાસુર દૈત્યનો ઉદ્ધાર થયો.

હવે બાળકૃષ્ણ અને બલરામ આંગણામાં જોડીથી રમવા લાગ્યા. તેમની બાળલીલા જોઈને બધાનું મન હરખાઈ જતું હતું અને બધા લોકો એમને ઉપાડી લઈને વહાલ કરતા અને રમતા. એમનું એ ચાલવું, ધીરી ધીરી કાલી કાલી ભાષામાં બોલવું સાંભળી બધાંને આનંદ થતો. બધાં રમવામાં એમનાં ભાગીદાર થતાં. આવો જ આનંદ બધાને શ્રી કૃષ્ણ સહવાસમાં ગોવાલણો, નંદ-યશોદા-રોહિણી વગેરેને મળવા લાગ્યો. નંદના ઘરે જાણે નંદનવન ફૂલ્યાં.

એકવાર શ્રી કૃષ્ણ આંગણામાં રમતો હતો. ત્યાં જ કંસ પાસેથી પ્રતિજ્ઞા કરીને તૃણાવર્ત રાક્ષસ પવન રૂપે ગોકુળમાં આવ્યો. ભયંકર પવન ફૂંકાયો. ગોકુળ હવે પવનથી આકાશમાં ઉડી જશે કે શું, બધાનાં ઘર પડી જશે કે શું એમ બધાને લાગ્યું. એ વખતે બધાંએ પોતપોતાના ઘરના દરવાજા બંધ કર્યા. યશોદા શ્રી કૃષ્ણને આંગણામાંથી લાવવા માટે બહાર આવી, એટલામાં એ તૃણાવર્તે શ્રી કૃષ્ણને ઉપર ઉડાડયો. ધૂળનો એક જ વંટોળ બધે ઉડયો. કોઈ કોઈને દેખાતું નહોતું. મોટા મોટા વૃક્ષ ઘર પર પડવા લાગ્યાં. જ્યાં ત્યાં બધું હાલક ડોલક થવા માંડયું. ધમાચકડીમાં શ્રી કૃષ્ણએ વિરાટ સ્વરૂપ લઈને તૃણાવર્તની ડોક મચડી નાખી અને તેનો વધ કરીને શ્રી કૃષ્ણ આંગણામાં પોતાનું બાળ સ્વરૂપ લઈને આવી ગયા. લોકો સાવધ થયાં. એ વખતે શ્રી કૃષ્ણ આંગણામાં રમતો દેખાયો. બધાને આશ્ચર્ય થયું. યશોદાએ શ્રી કૃષ્ણને હૃદયે લગાડયો. મથુરામાં તૃણાવર્ત મરવાની કંસને ખબર પડયા પછી એ ભયથી વ્યાકુળ થયો.

એક દિવસ યશોદા શ્રી કૃષ્ણને ખોળામાં લઈને બેઠાં હતાં ત્યારે તેણે શ્રી કૃષ્ણના મુખમાંથી વાળ બહાર કાઢી બાજુમાં મૂક્યો. યશોદાએ કૃષ્ણનું મુખ પંપાળ્યું. આ રત્ન પૂર્ણ પુણ્યથી પોતાને મળ્યું એમ વિચાર યશોદાને મનમાં આવ્યો. એ ફરી શ્રી કૃષ્ણના મુખ સામે જોવા લાગી. એટલામાં શ્રી કૃષ્ણએ બગાસુ લીધું, ત્યાંજ શ્રી કૃષ્ણના મોઢામાં સપ્તપાતાળ, સપ્તસાગર, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આદિ કરીને તેત્રીસ કોટિ દેવો દેખાયા. તેમજ બલરામ કૃષ્ણ એ કંસાસુરને એમના સિંહાસન પર ચઢીને મારે છે એવું જોઈને એ સાવધાન થઈ ગઈ. ક્ષણિક આમ કૌતુક બતાવી યશોદા ઉપર માળાજાળ નાખી શ્રી કૃષ્ણ સ્તનપાન કરવા લાગ્યો. ત્યાં જ યશોદાના મનમાંથી બધા ભાવ તરંગ નીકળી ગયા. પછી યશોદા મૈયાએ શ્રી કૃષ્ણને ચુંબન કરી ગેલ કરવા લાગી.

નવ લાખ ગૌઆ જશોદાને દ્વાર, અવર ગોવાળીયાનો નહીં પાર. ॥૭૬॥
એક જ ધેનુને એક જ ઘરબાર, તેના ઉપરથી કરે છે રોજગાર. ॥૭૭॥
ત્યારે કૃષ્ણજીએ કર્યો છે વિચાર, દુર્બલ ગોવાળીયા છે ગોકુળ મોઝાર. ॥૭૮॥
જો યાદવ કુળમાં મારો છે અવતાર, તે કુળમાં કેમ રાખું દુર્બલ પરિવાર. ॥૭૯॥
સર્વે ગોવાળીયાને ધનવંતા કરું, લક્ષ્મી આણીને આ ગોકુળમાં ધરું. ॥૮૦॥
જે પુણ્યના પ્રતાપે લક્ષ્મી જો વરે, તે પુણ્ય દાન અહીંયા કોઈ નવ કરે. ॥૮૧॥
જેણે સુપાત્ર મુખે ના દીધાં દાન, તે દુર્બલ સદા હોય અજ્ઞાન. ॥૮૨॥
ગોવાળીયા તણા દૂધ દહીં ચોરીને ખાયે, એણી રીતે કૃષ્ણજી પ્રસન્ન થાય. ॥૮૩॥
કામ કાજે ગોવાલણો બાહેર જાયે, તેના સૂના ઘર ઉઘાડી દૂધ દહીં ખાયે. ॥૮૪॥
ત્યાં બાલક બોલાવી લીધા છે ત્યાંયે, ઉઘાડયા ઘરને પેઠા સઉ માંયે. ॥૮૫॥
દૂધ દહીં ખાઈને કરે વણાશ, ગોવાળીયા ઘરમાં ને કૃષ્ણ છે બહાર. ॥૮૬॥
જ્યારે ઘેર ઘેર કૃષ્ણજી એવું કરે, તેમ તેમ તે ઉપર લક્ષ્મીજી કૃપા કરે. ॥૮૭॥
ત્યાં સર્વે ગોવાલણો પોકારે જાય, કૃષ્ણજી તમારો તો દૂધ દહીં ખાય. ॥૮૮॥

નંદ રાજાને ઘેર નવ લાખ ગૌધન હતાં. અનેક ગોવાળો અને ગોવાલણો એમના ઘેર રહી કામધંધો કરતાં અને ઉદર નિર્વાહ કરતાં. કેટલાક ગોવાળોને ઘેર એક એક બબ્બે એમ ગાયો હતી. દહીં દૂધ દોહીને મથુરા બજારમાં જઈને એ વેચવું, રાજાનો કર ભરવો અને વધેલા પૈસામાંથી મળે એટલું ધાન્ય લાવી એનાથી કુટુંબ નિર્વાહ કરતાં. ઘરમાં ગાયો-ભેંસો હોવા છતાં એમને અથવા એમના છોકરાંઓને એકેય દિવસ પણ દૂધ અથવા દહીં મળતું નહોતું. રાજાનો કર જ એટલો હતો કે અડધાથી અધિક દહીં દૂધ કર રૂપે નીકળી જતું.

બાળકોને સાત્ત્વિક આહારનો કાયમ અભાવ રહેતો. એ માટે બાળકો દૂબળાં પાતળાં અશક્ત પંગુ એમ રહેતાં હતાં. જેમ તેમ કરીને ઉદર નિર્વાહ કરીને એ દિવસો કાઢતા. આખા ગોકુળમાં આવી હાલત હતી. બાલ શ્રી કૃષ્ણને મનમાં એવો વિચાર આવતાં જ એમણે નિશ્ચય કર્યો કે, પ્રથમ ગોકુળની વિષમતા નષ્ટ કરવી. જે ગરીબ કંગાલ હોય તેને પેટ ભરવા પૂરતું તો સાધન ઉપલબ્ધ કરીને આપવું અને એમનાં બાળકોને દહીં દૂધ માખણ મેળવી આપી એમને સશક્ત કરવાં. અલગ અલગ રમતો રમાડી એમને બળવાન બનાવવાં. મલ્લ અખાડા સ્થાપન કરીને વ્યાયામ, મલ્લ યુદ્ધ વગેરેના યોગથી એમને પરાક્રમી મલ્લ જેવાં બનાવવાં. કંસના જાચક રાજવટ અને અન્યાયી જુલ્મને તોડવા માટે એમનામાં ધૈર્ય ઉત્પન્ન થશે તો જ ગોકુળ બચશે, નહીં તો કંસનો અન્યાયી કર અને કારભારથી નષ્ટ થવામાં વાર લાગશે નહીં. આ બધી વાતનો વિચાર કરીને શ્રી કૃષ્ણએ બાળકોને દૂધ દહીં માખણ માતા પિતા પાસેથી મળશે નહીં, એટલે એમનાથી ચૂપચાપ ઘરમાં ઘૂસીને દહીં દૂધનાં વાસણો બાળકોની આગળ કાઢીને મૂકવાં. પ્રથમતઃ બાળકો તેમ કરવા બીશે એટલે પોતે જ દૂધ દહીં માખણ ખાતો અને પછી બાળકોને આપતો. આ પ્રકારે ગોરસની ચોરી કર્યા સિવાય ગોકુળમાં સમૃદ્ધિ આવશે નહીં, એમ આયોજન કરીને તેણે દસ-બાર બાળકોની ટોળકી બનાવી.

એક દિવસ બલરામ શ્રી કૃષ્ણને રમવા માટે બહાર લઈ ગયા. ત્યાં ગોવાળીઓના ઘણા છોકરાઓ રમવા માટે ભેગા થયેલા હતા. આ બધા છોકરાઓએ ચેંડું, ચક્ર, ગેડીદડા વગેરે નાના પ્રકારની રમતો રમીને પછી બધા ગોપાલોએ સાથે ઘરમાં જઈને દહીં દૂધ ખાવાનું ઠરાવ્યું.

રમત પૂરી થયા પછી શ્રી કૃષ્ણ બધાથી આગળ થઈ ગોપાલો સાથે એક ગોવાલણના ઘરમાં ઘૂસ્યો. તેમણે ઘરમાં રહેલા દૂધ દહીંને ક્ષણમાં જ ચટ કરી ઘી, મલાઈ, માખણ અને માવો બધા ગોપાલોને વહેંચ્યો. પછી ત્યાંથી બહાર જઈને તેઓ બીજા ગોવાલણના ઘરમાં ગયા. ત્યાં પણ એ બાળગોપાલોએ યથેચ્છ દૂધ-દહીંમાં હાથ માર્યો. ત્યાંથી બધા ગોપબાળક પોતપોતાના ઘેર સૂઈ જવા નીકળી ગયા.

પણ અહીં જ્યાં જ્યાં જઈને શ્રી કૃષ્ણ અને એના બાળગોપાલોએ ગોરસ દહીં માખણ જે ઘરનાં ખાધાં એ બધા ઘરોનાં સ્વરૂપ પલટાઈ ગયાં. એ ઘર દૂધ દહીંથી સમૃદ્ધ થયાં અને એ કારણે એમની આર્થિક સ્થિતિ પણ ઘણી વધતી ગઈ. ગોકુળના બધાં ઘર અને કુટુંબોને સમૃદ્ધ કરવા માટે શ્રી કૃષ્ણએ દરેક ઘરમાં પ્રવેશ કરીને દહીં દૂધનો ઉપયોગ કર્યો.

એકાદ ઘરમાં ગોરસની ચોરી કરતી વખતે કોઈ ગોવાલણીએ શ્રી કૃષ્ણને પકડયો તો એના મોં પર પોતાના મોંથી દૂધનો ફૂવારો ઉડાડયો, કોઈક ગોવાલણની વહુના ખાટલા પર ગોરસનું ખાલી વાસણ મૂકી એના મ્હોં પર દહીં દૂધનાં ફીણ લગાડી મૂક્તો. કોઈ ગોવાલણ પકડે તો ગમે તેમ કરીને પણ પોતાનો છુટકારો કરી લેતો. દિવસો દિવસ એની આવી મસ્તી વધારે ને વધારે વધતી ગઈ. શ્રી કૃષ્ણની ફરીયાદ કરવા માટે ગોવાલણો યશોદાના ઘેર આવતી પણ ત્યાં શ્રી કૃષ્ણનાં દર્શન કરતાં જ બધી દેહ ભાન ભૂલી જતી. શ્રી કૃષ્ણના સ્વરૂપના ધ્યાનમાં તે તલ્લીન થઈ જતી. પ્રત્યેકના મનમાં લાગતું હતું કે, શ્રી કૃષ્ણ કાયમ પોતાના ઘેર આવે, દૂધ પીવે અને પોતાના સામું જુએ.

શ્રી કૃષ્ણ જો એકાદ દિવસ પોતાના ઘેર ન આવે તો એમના મનમાં ચેન પડતું નહોતું. માટે ફરીયાદના નિમિત્તે શ્રી કૃષ્ણ દર્શન માટે યશોદાના ઘેર બધી ગોપીઓ આવતી. ગોકુળના બધા છોકરાઓને બાલકૃષ્ણ ઉપર વિલક્ષણ પ્રેમ થતો હતો.

ત્યારે ગોવાલણી ભેગી મળી કરે શોર, આપણે છુપી રહીને પકડીશું ચોર.॥૮૯॥
સર્વે ગોવાલણી છુપી રહી એક ઠાયે, ત્યારે કૃષ્ણજી પેઠો છે ઘરમાંયે.॥૯૦॥
ત્યારે નાના બાલકાઓ સાથે કૃષ્ણજી જાય, તે ગોવાલણીનાં દહીં દૂધ જો ખાય.॥૯૧॥
દોડી ગોવાલણીઓએ દીધાં છે કમાડ, ઘરમાં છોકરા પાડે છે બહુ રાડારાડ.॥૯૨॥
બાળક સર્વે ત્યાં એકઠા થાયે, કૃષ્ણજી ત્યાં અલોપ થઈ જાયે.॥૯૩॥
ત્યાં મારે બાળકને ગોવાલણી નાર, નાના બાલક કરે બહુ પુકાર.॥૯૪॥
જે દહીં દૂધ તો કૃષ્ણજી ખાઈ ગયા, કોઈ ન જાણે તેમ અલોપ થઈ ગયા.॥૯૫॥
અમને કેમ તમે મારો માયે, દહીં દૂધ તો તમારો કૃષ્ણજી ખાયે.॥૯૬॥
ત્યારે ગોવાલણીઓ કરે છે વિચાર, તે સહુ મળીને આવે યશોદાને દ્વાર.॥૯૭॥
ત્યાં સર્વે છોકરા લઈ ગોવાલણી જાય, તમારો કૃષ્ણજી દહીં દૂધ ખાય.॥૯૮॥
દ્વાર આંગણે સહુ યશોદાને ત્યાં જાય, બાઈ તમારો કૃષ્ણજી દહીં દૂધ ખાય.॥૯૯॥
યશોદાને દ્વારે જઈ ઊભા રહ્યાય, ત્યારે કૃષ્ણજી ત્યાંથી નાસી જો જાય.॥૧૦૦॥
સુણો યશોદામાઈ અમારી વાત, તમારો કૃષ્ણજી કરે છે ઉત્પાત.॥૧૦૧॥
સૂનાં ઘરને જોઈ ઉઘાડે છે દ્વાર, એની સંગાથે છોકરા દસ બાર.॥૧૦૨॥
દહીં દૂધના કરે છે વણસાડ, તેથી અમે આવ્યાં છીએ તમારે દ્વાર.॥૧૦૩॥
સુણી યશોદા એમ જ કહે, મારો કૃષ્ણ તો ક્યાંય ન જાયે.॥૧૦૪॥
મારે બાલકને કહે જશોદા માયે, ગોવાલણી તણા તું દહીં દૂધ કેમ ખાયે.॥૧૦૫॥
એમ કોપ્યાં છે જશોદા માયે, બાલ કૃષ્ણજીને તે ઝાલવાને જાયે.॥૧૦૬॥

એકવાર શ્રી કૃષ્ણ પોતાના નાના બાલગોપાલોને બોલાવી લાવ્યો અને બધાએ મળીને ગોરસ ચોરીને ખાવાનો વિચાર કર્યો. એક ગોવાલણના ઘરમાં કોઈ નથી એમ જોઈને બાલમંડળી ઘરમાં ઘૂસી અને દૂધ દહીં માખણ ઘી બધું ખાઈને ફરાર થયા. બધાં માટલાં, વાસણો ફોડીને ઉધ્વસ્ત કર્યા. જેમના ઘરમાં આ બધો કાર્યભાર-વણસાડ ચાલતો હતો ત્યાં જ એ ઘરની ગોવાલણ બહારથી આવી અને હવે બધા ચોર પકડાયા છે એમ કહીને તેણે દરવાજો બહારથી બંધ કરી દીધો. પછી યશોદા પાસે ફરીયાદ લઈને આવી.

ત્યારે યશોદા બોલી: ‘બહેન, તું ખોટી ફરીયાદ કરે છે. મારો શ્રી કૃષ્ણ તો અહીં મારી પાસે જ છે. ક્યારથી અહીં જ રમે છે. એમ કહીને યશોદાએ શ્રી કૃષ્ણને બૂમ મારી તો શ્રી કૃષ્ણ ઘરમાંથી દોડતો આવ્યો અને કેમ બોલાવે છે એમ પૂછવા લાગ્યો. ત્યારે ગોવાલણ ખીજાઈને ઘેર પાછી આવી. દરવાજો ખોલીને જુએ છે તો કોઈ જ છોકરાઓ નથી અને બધી ચીજવસ્તુઓ જેવી ને તેવી તેને દેખાઈ.

પછી બીજા એક ગોવાલણના ઘેર શ્રી કૃષ્ણ બધાંને લઈ ગયો અને ગોરસ દહીં માખણ પર યથેચ્છ હાથ માર્યો. ગોવાલણને એની ખબર પડતાં જ એ લાકડી લઈને મારવા દોડી. બધા છોકરાઓની વચ્ચેથી શ્રી કૃષ્ણ પોબારા કરીને જતો રહ્યો તેની કોઈનેય ખબર જ ન પડી. ગોવાલણના હાથનો માર ફક્ત છોકરાઓને ખાવો પડયો.

ગોકુળનું એક દંપતી પોતાના ગોરસને ખૂબ સાચવીને રાખતું હતું. એમની ફજેતી કરવા માટે એક દિવસ રાત્રે ગોપ બાલકો સાથે શ્રી કૃષ્ણ એના ઘરમાં આવ્યો. એ વખતે એ દંપતી ઘરમાં જ સૂઈ રહ્યું હતું. એ જોઈને તેનું બધું ગોરસ ખાઈ ગયા અને તેના પાથરણા પર એક ઉંદર છોડીને બધા સાથે શ્રી કૃષ્ણ ત્યાંથી ભાગી ગયો. થોડીવાર ઉંદરે ધમાચકડી મચાવી. બંને જણાં ગભરાઈને ઊઠયાં અને ભૂત ભૂત કહીને બૂમો પાડવા લાગ્યાં. બધી ગોવાલણો ત્યાં ભેગી થઈ. દીવો પ્રગટાવીને જુએ છે તો ઉંદર. બધાએ કહ્યું કે; આ પેલા શ્રી કૃષ્ણની જ રમત છે. બપોરથી ઉંદર લઈને એ ભટકતો હતો. હમણાંથી તો શ્રી કૃષ્ણ ખૂબ તોફાની થયો છે. ગોકુળના બધા છોકરાઓને તેણે બગાડી નાખ્યા છે.

બીજા દિવસે સવારે ગોવાલણોએ યશોદાને રાતની બધી હકીકત જણાવી અને કહ્યું કેઃ તારો શ્રી કૃષ્ણ અમને આવો જ ત્રાસ આપે છે. યશોદા માતા હસવા લાગી ત્યાં જ બીજી બોલીઃ 'શ્રી કૃષ્ણ, તું મારા ઘેર આવીશ તો તારી ચોટલી પકડીને થાંભલાએ બાંધી દઈશ.' એ જ દિવસે રાત્રે શ્રી કૃષ્ણએ એ જ ગોવાલણના ઘેર જઈને છોકરાઓ સાથે દૂધ દહીં પર યથેચ્છ હાથ માર્યો. એ બંને પતિપત્ની નિદ્રામાં હતાં. શ્રી કૃષ્ણએ બધા છોકરાઓને ભગાડી દીધા અને છેલ્લે એકલો રહીને તેણે બંને પતિપત્નીની દાઢી અને ચોટલાની ગાંઠ મારી દીધી. બીજા દિવસે સવારે એ બંનેના ખૂબ ઝઘડા થયા. બધા લોકો ગમ્મત જોવા માટે ત્યાં આવ્યા અને ગાંઠ છોડવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

શ્રી કૃષ્ણ પણ ત્યાં જ હતો એ બોલ્યોઃ 'કોઈ એક ભગવાનને કે સત્પુરુષને તમે છળ્યા તો નથી ને ! તમે બધાં મને કહો તો હું ગાંઠ છોડી આપું. ત્યારે બધાંએ શ્રી કૃષ્ણને કહેતાં જ એની ફક્ત એક નજરથી જ ગાંઠ ઢીલી થઈને છુટી ગઈ. બંને જણ શરમથી શ્રી કૃષ્ણને વંદન કરીને ઘરમાં જતાં રહ્યાં.'

એકવાર કેટલીક ગોપીઓ શ્રી કૃષ્ણની ફરીયાદ યશોદાને કહેવા લાગી અને શ્રી કૃષ્ણના મુખ સામે જોઈ હસવા લાગી. ત્યારે શ્રી કૃષ્ણ બોલ્યોઃ 'મને જોઈને કેમ હસો છો ? હું તો સર્વાતીત હોવાથી નિર્મલ છું, મને આ ગોપીઓ બાળક કહે છે.' 'માતા ! આમની ફરીયાદ હું તને કેટલી કરું ! મને આ બધી હૃદય પાસે લઈને પંપાળે છે, ચુંબન કરે છે, અનેક રીતે વહાલ કરે છે. આ બધીઓ મારા સમોવડી થઈને ગાય છે, રમતો રમે છે અને કહે છે કે શ્રી કૃષ્ણ તું મોટો હોત તો કેટલું સારું થાત. આ સાંભળી યશોદા હસવા લાગી.

ત્યારે ગોપીઓ ગુસ્સાથી બોલીઃ 'યશોદાબાઈ, તમને તમારા બાળકના બોલ સાંભળી નવાઈ લાગે છે, પણ આ પરમ અનાચારી છે. આ કાનુડો અમારા ઉપર આરોપો લગાવે છે. તે ખૂબ તોફાની થયો છે અને તું ઉલટું તેનું ઉપરામણું કરે છે.' કાલે શું થયું કે, આ કાનુડો એકદમ એક જણના ઘરમાં ગયો. એ જગ્યાએ અમે બધાં શ્રી કૃષ્ણની જ વાતો કરતાં હતાં. અમારામાંથી એક જણીએ એમ જ એને પૂછ્યુંઃ 'શ્રી કૃષ્ણ, તને પત્ની કેવી જોઈએ !' ત્યારે એ બોલ્યોઃ અનંત બ્રહ્માંડની રચના જેની ઈચ્છાથી થાય છે એ આદિ માયા મને પત્ની જોઈએ. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ચંદ્ર, સૂર્ય, ઈંદ્ર, વરુણ એ બધા દેવતાઓને જે નચાવે છે, એ પત્ની મળે તો જ હું એની સાથે લગ્ન કરીશ. જે સર્વથી પતિવ્રતામાં પવિત્ર છે. એવી કંઈક વાતો એ અમને કહેતો હતો.

બીજી ગોવાલણ બોલીઃ કાલે આ શ્રી કૃષ્ણ મારા ઘેર આવ્યો અને દહીં દૂધનું શીકું જોવા લાગ્યો. હું પણ એ શું કરે છે તે છુપાઈને જોવા લાગી ત્યારે એ બોલ્યોઃ 'અરે ગોવાલણ, શંખાસુર વેદો લઈને સમુદ્રમાં છુપાયો હતો ત્યારે મેં મત્સ્ય અવતાર લઈને એ દુષ્ટ દૈત્યનો નાશ કર્યો હતો અને વેદો પૃથ્વી પર લાવ્યો હતો, તો મારી સામે દૂધ દહીં માખણ ક્યાં છુપાવીશ.'

પછી ત્રીજી ગોવાલણ બોલીઃ 'હા હા, યશોદાબાઈ, આ તારો છોકરો આવી જ કંઈક વાતો કહેતો હતો. પરમ દિવસે સવારે હું છાશ બનાવતી હતી. આ શ્રી કૃષ્ણ ત્યાં આવ્યો અને બોલ્યો. પૂર્વે મેં કૂર્મ અવતાર લઈને મંદરાચળનો રવૈયો કરી અને વાસુકીનાગની દોરી કરીને ક્ષીરસાગર વલોવ્યો હતો. તેનો એક છેડો દેવોએ એને બીજો છેડો દૈત્યોએ પકડયો હતો. મંદરાચલને આધાર આપવા માટે મેં કાચબાનું રૂપ લીધું હતું. તેમાંથી ચૌદ રત્નો નીકળ્યાં પછી મેં મોહિનીનું રૂપ લીધું હતું. મંથનમાંથી નીકળેલ અમૃત દેવોને પીવડાવ્યું, દેવ અમર થયા. આમ કહી મોહિની જેવા હાવભાવ કરીને આ નાચવા લાગ્યો. આવો નાટકી છે.'

ચોથી ગોવાલણ બોલીઃ 'મને જોઈને આ તારો છોકરો આવી જ મોટી મોટી વાતો કરતો હતો. હું યમુના પર પાણી ભરતી હતી ત્યારે મારી પાસેથી ઘડો ઉપાડાતો નહોતો એ જોઈને એ બોલ્યોઃ અરે ! તમે આવી કેવી ગોપીઓ ! તમારાથી આવો હલકો ઘડો પણ નથી ઉપાડાતો. પૂર્વે મેં વરાહ અવતાર લઈને પૃથ્વી દાઢ પર ઉપાડી હતી અને ક્ષણાર્ધમાં હિરણ્યાક્ષ દૈત્યનો નાશ કર્યો હતો. આટલું મોટું બ્રહ્માંડ દાઢ પર ઉપાડી લીધું અને તમારાથી આટલો ઘડો પણ ઉપાડાતો નથી? આમ કહી શ્રી કૃષ્ણે અમારી મશ્કરી કરી.

એકવાર શું થયું અમે ઘરમાં કાકડી, કોળુ કાપતાં હતાં તેટલામાં શ્રી કૃષ્ણ ત્યાં આવ્યો અને બોલ્યોઃ ગોવાલણો, હિરણ્યકશ્યપુને મેં આમ જ કાપીને એનાં આંતરડા બહાર કાઢયાં હતાં. એ માટે મેં નરસિંહનું રૂપ લીધું હતું. હિરણ્યકશ્યપુને નખથી કાપીને ઠાર માર્યો અને ભકત પ્રહલાદનું રક્ષણ કર્યું હતું.'

પાંચમી બોલીઃ યશોદાબાઈ, એકવાર હું મારા પતિના ચરણ ધોતી હતી. આ કાનુડો ધીમે રહીને ત્યાં આવીને બોલ્યોઃ બલિએ આમ જ મારા પગ ધોયા હતા. બલિએ મને ત્રિપાદ ભૂમિ દાનમાં આપી હતી. એ વખતે મેં વિરાટ સ્વરૂપ લીધું અને તેને પાતાળમાં સ્થાપ્યો અને હું તેનો દ્વારપાલ થયો. એક અવતારમાં શ્રી રામ થયો, રાવણનો વધ કર્યો, વિભીષણને લંકાનું રાજ્ય આપ્યું.

એ જ હું આજે શ્રી કૃષ્ણ થઈને ગોકુળમાં આવ્યો છું. હું કંસને મારનાર છું. ચાણૂર, મુષ્ટિક, અઘાસુર વગેરે રાક્ષસોને ઠાર મારીશ. રાસક્રીડા રમીને બધી ગોપીઓના મનોરથ પૂર્ણ કરીશ. હું આગળ સોળ હજાર એકસો આઠ પત્નીઓ કરીશ. દુષ્ટોનો સંહાર, ભક્તોનું રક્ષણ કરવું એ મારું કાર્ય રહેશે. હું પાંડવોનો સહાયક થઈને એમને ગીતાજ્ઞાનનો ઉપદેશ કરીશ. હું આદ્ય નારાયણ છું, બ્રહ્મદેવનો પિતા છું એમ મોંમાં આવે એ શ્રી કૃષ્ણ બોલતો હતો. ક્યારેક છોકરાઓને કહેતો, હું આગળ બુદ્ધ અવતાર લઈશ. દસમા અવતારમાં હું નિષ્કલંકી થઈને કાલિંગાનો સંહાર કરીશ. હું કેટલાક અવતાર લઈશ અને લીધા છે એની શેષ પણ ગણતરી કરતાં તમને આવડશે નહીં.'

એ પછી એક ગોપી બોલીઃ આ શ્રી કૃષ્ણ મોટો નાટકી છે. આવી વાતો કહે છે. બધા ઈશ્વરી અવતાર મારા જ છે એમ કહે છે. અરે યશોદા તું જ જો, ખાબોચીયામાં પાણી જુએ ત્યારે બીવે છે અને મહાસમુદ્રમાં મત્સ્ય કેવો થયો હશે ? આ મારી પીઠ ધીમે ધીમે થાપડ એમ કહે છે પછી એણે પીઠ પર મંદરાચલ કંઈ રીતે પકડયો હશે ? ચેડું (એક જાતનું રમવાનું સાધન) ઉપાડાતું નથી અને કહે છે કે, દાઢ પર પૃથ્વી ઉપાડી, આ કંઈ રીતે સંભવ છે ? અંગરખાંના બંધ છોડતાં જ મારા નખ દુઃખે છે એમ કહે છે તો આણે દૈત્યને નખથી કંઈ રીતે માર્યો હશે ? જેનાથી શેરડી તૂટતી નથી એ કહે છે મેં પરશુરામનું ધનુષ્ય તોડયું એ કંઈ રીતે શક્ય છે ? જે બીકથી દૂર દૂર ભાગે છે એણે રાવણને કંઈ રીતે માર્યો હશે ? આના ઉપરથી લાગે છે આ કાનુડો ખોટું જ બોલે છે. કંસને મારવો છે વગેરે બોલે છે તે બધું ખોટું છે, તેમજ હંમેશાં અમારી કંઈક ને કંઈક મશ્કરી

કરે છે. આ અમારાં ગોરસ રહેવા દેતો નથી, વાછરડાં ધણમાં છોડી મૂકે છે. એ કારણે અનેક ફરીયાદો ગોવાલણોએ યશોદા પાસે કરી.

ત્યારે યશોદાએ શ્રી કૃષ્ણને કહ્યું: 'શ્રી કૃષ્ણ, તું કેટલી મસ્તી કરીશ ? એક ક્ષણભર પણ તારા પગ ઘરમાં ટકતા નથી. તે હવે ઘર બહાર જઈને કોઈની મશ્કરી કરી છે તો હું તને નેતરાંથી બાંધી દઈશ.'

ત્યારે શ્રી કૃષ્ણ બોલ્યો: 'ના, માતા, નેતરાંથી ન બાંધીશ. તારા ચરણોની સોગંધ ખાઈને કહું છું કે, આજથી હું તારી પાસે જ રહીશ.'

તેમ છતાં કોઈ પણ રીતે શ્રી કૃષ્ણની મસ્તી ઓછી થતી નહોતી એટલે યશોદામાતાએ પૌરાણિક બાવાને પૂછીને સંકટ ચતુર્થીનાં વ્રત શરૂ કર્યાં. ઉપાધ્યાય પાસેથી વ્રતની માહિતી લીધી. બે હાથ જોડીને ગજાનંદને કહેવા લાગી: 'હે ગણપતિ બાપા, મારા બાળકને સદ્ગુણ આપ, હું તારી પૂજા કરીશ અને તારું સંકષ્ટ વ્રત કદી જ છોડી નહીં.'

શ્રી કૃષ્ણએ આ વાતો સાંભળી લીધી અને ગણેશને સત્ય કરવા માટે એક ચતુર્થી થતાં સુધી મસ્તી કરી નહીં. આ જોઈને યશોદા બોલી: 'હે ગણેશ દેવ ધન્ય છે, મને તમે પ્રતિતિ આપી. હવે આ વ્રત હું આવતી સંકષ્ટ ચતુર્થીથી ખૂબ ભાવથી દર માસે કરીશ.'

જલ્દી જ બીજી ચતુર્થી આવી. એ દિવસે યશોદાએ ઉપવાસ કર્યો. વ્રતનો આરંભ કર્યો, મોટા ઉત્સાહથી સમારંભ કર્યો. ચંદ્રનો ઉદય થતાં જ તેણે ગણપતિની પૂજા કરી. નૈવેદ્ય માટે તેણે એકવીસ લાડુ તૈયાર કર્યા અને એક થાળમાં લાવી દેવ સામે મૂકયા. સ્નાન કરાવવા માટે બધા દેવોને મંદિરમાંથી બહાર પધરાવ્યા. ધૂપ ભૂલી જવાથી તે શ્રી કૃષ્ણને મંદિરમાં જ મૂકીને ઘરમાં ગઈ, આ સંજોગ સાધીને શ્રી કૃષ્ણએ બધા લાડુ એકદમ ગુમ કરી નાખ્યા. યશોદા આવ્યાં અને થાળ ખાલી જોઈ આશ્ચર્ય પામ્યાં. શ્રી કૃષ્ણથી આટલા બધા લાડુ ખવાય નહીં, દેવ ખાતા જ નથી. તો પછી આ લાડુ ક્યાં ગયા ! આ આશ્ચર્યકારક પ્રકાર જોઈને યશોદા ભ્રમમાં પડી ગયાં. પછી શ્રી કૃષ્ણને કહ્યું: 'અરે બેટા, આ થાળમાંના લાડુ ક્યાં ગયા, એ કહે ?

શ્રી કૃષ્ણ બોલ્યો: 'માતા, તું બહાર ગઈ એટલામાં એક સૂંઢવાળા દેવ ઉંદર પર બેસીને અનેક લોકો સાથે અહીં આવ્યા. તેમણે એ લાડુ બધાને વહેંચ્યા અને પોતે પણ ખાધા. મેં એમને કહ્યું: તમે લાડુ ખાશો નહીં, માતા મને મારશે. ત્યારે એ બોલ્યા: મારું નામ ગણપતિ, આ લાડુ મોદક મારા માટે કર્યા છે, તું માતાને કહેજે કે આ લાડુ ગણપતિએ ખાધા છે. આટલું કહ્યા પછી તારી માતા તને મારશે તો હું તને છોડાવવા આવીશ. એ પોતાની સૂંઢ ભયંકર રીતે હલાવતા હતા. એને જોઈને હું બી ગયો. મારું બોલવું બંધ થઈ ગયું. હવે મને ખૂબ ભૂખ લાગી છે. મને લાડુ આપને માતા !

યશોદા ગુસ્સાથી બોલી: 'લબાડ, તું ખોટું બોલે છે. તે જ આ લાડુ ખાધા છે. પહેલાં તારું મ્હોં ખોલીને જોવા દે.'

એ સાંભળી શ્રી કૃષ્ણ માતા પાસે જઈને રડવા લાગ્યો. તેણે રડવા માટે પોતાનું મ્હોં ખોલ્યું અને યશોદાને બતાવ્યું. ત્યારે શ્રી કૃષ્ણના મુખમાં ચૌદ બ્રહ્માંડ, બધા અવતાર યશોદાને દેખાવા લાગ્યા. તેમજ કૌરવ, પાંડવ, ગોવાલણો, હજારો દેવ, દૈત્ય, ઋષિ, રાજા, સૈન્ય સાથે યશોદાને દેખાવા લાગ્યાં. યશોદા એ દિવ્યતા જોઈને વિસ્મય થઈ ગઈ.

એટલામાં શ્રી કૃષ્ણના મુખમાંથી નીકળી ગણપતિએ યશોદાને કહ્યું: 'યશોદા, આ શ્રી કૃષ્ણ સનાતન દેવાધિદેવ તારા ઉદરે અવતર્યા છે. અમે બધા દેવ એના અવયવ છીએ. હે ભાગ્યવતી માતા, આ પૂર્ણ બ્રહ્માનંદ પરબ્રહ્મને જ તું ભજ. હું મંગલમૂર્તિ ખરો પણ મારો મંગલમૂર્તિ આ શ્રી કૃષ્ણ છે.' આ સાંભળતાં જ યશોદાને સમાધિ લાગી ગઈ. એ બ્રહ્માનંદમાં

નિમગ્ન થઈ ગઈ. કેટલાક સમય પછી યશોદાને શુદ્ધિ આવી અને આંખો ખોલીને જુએ છે તો શ્રી કૃષ્ણ એની પાસે ઊભો રહીને, 'મા, મને ભૂખ લાગી છે, મને લાડુ આપ, એમ કહે છે.' એ સાંભળી માતા યશોદાએ ગદ્‌ગદ્િત થઈને શ્રી કૃષ્ણને ઉપાડી લીધો. શ્રી કૃષ્ણ સાથે યશોદા ઘરમાં આવી અને બધા બ્રાહ્મણોને મોદકનું ભોજન કરાવી શ્રી કૃષ્ણ સાથે તેણે અને નંદે પણ ભોજન કર્યું.

ઝાલી કૃષ્ણજીને ઘરમાં લઈ જાય, છોડી દામણોને બાંધવાને જાય.॥૧૦૭॥
નવસો દામણો બાંધ્યા જશોદા માય, તોયે પૂરા ન બંધાયા ત્યાંય.॥૧૦૮॥
રોવા સરખી જ્યાં યશોદા થઈ, ત્યારે કૃષ્ણજી આપે ગયા બંધાઈ.॥૧૦૯॥
લાકડા તણો ખાંડણીયો હતો ત્યાંય, તે સાથે કૃષ્ણજી બંધાણા જ્યાંય.॥૧૧૦॥
રોતા કૃષ્ણજી બાહેર જો આવે, ત્યાંય પગે પડયો ખાંડણીયો જ્યાંયે.॥૧૧૧॥
તાડના બેઉ ઝાડ હતાં દ્વાર, તે વચ્ચે કૃષ્ણજી ગયા છે તત્કાળ.॥૧૧૨॥
ત્યાં ખાંડણીયો બેઉ ઝાડ શું અડે, આડા પડીને ત્યાં બેઉ ઝાડ ઉખડી પડે.॥૧૧૩॥
બેઉ ઝાડમાંથી બે માણસ જો થાયે, હતા શ્રાપ તેને તે સફળ હોયે.॥૧૧૪॥
જ્યારે તમાસો એવો જ્યાં નયને દેખીયો, ત્યારે જશોદાને મનમાં અચંબો થયો.॥૧૧૫॥
એ યમલ અર્જુનને નારદનો શ્રાપ જ હોય, તે કર્મથી તાડના બેઉ ઝાડ જ સોય.॥૧૧૬॥
તેણે નારદ મુનિનો હુઓ શાપ, કૃષ્ણજીના ચરણ સ્પર્શથી ગયાં પાપ.॥૧૧૭॥
એવા ભકતો ત્યાં ઉદ્ધાર્યા ઘણા, ધન્ય ધન્ય છે પુત્ર જશોદા તણા.॥૧૧૮॥

એક દિવસ યશોદા શ્રી કૃષ્ણને લઈને બેઠી હતી. ઘરમાં ચૂલા પર દૂધ તપાવા મૂક્યું હતું. એ ઉભરાવવાની વાસ આવવાથી એ શ્રી કૃષ્ણને નીચે મૂકીને અંદર ગઈ. બધું દૂધ ઉભરાયેલું યશોદાને દેખાયું. કેટલાંક સમય પછી બહાર આવીને જુએ છે તો પોતાના ખોળામાં નીચે મૂકીને અંદર ગયેલી એટલામાં શ્રી કૃષ્ણે ગોરસનો મોટો ઘડો ફોડી નાખ્યો. જયાં ત્યાં ગોરસ ઢોળાયેલ દેખાયું.

આ શ્રી કૃષ્ણનું કૃત્ય જોઈને યશોદાને શ્રી કૃષ્ણ પર ઘણો ગુસ્સો આવ્યો. તે શ્રી કૃષ્ણને નેતરથી બાંધવા લાગી. એટલામાં બધી ગોવાલણો ત્યાં આવી અને તેમણે પણ યશોદાને કહ્યું કેઃ આ ચોરને નેતરથી બાંધો, આણે અમારા ઘરમાં આવું જ નુકસાન કર્યું છે. દિવસે દિવસે કૃષ્ણનાં તોફાનો વધે છે. યશોદા એક નેતરું લાવી અને શ્રી કૃષ્ણને નેતરાથી બાંધવા લાગી.

ત્યારે શ્રી કૃષ્ણ કાકલૂદીથી બોલ્યોઃ 'માતા, મને નેતરાથી બાંધીશ નહીં. હું આજથી ખરેખર ચોરી કે મસ્તી કરીશ નહીં. તો પણ દુર્લક્ષ્ય કરીને યશોદા શ્રી કૃષ્ણને બાંધવા લાગી. પણ એકે નેતરું પહોંચતું નહોતું એટલે તેણે બીજા નેતરાથી એને જોડયું એ પણ ઓછું પડયું વળી ત્રીજું ચોથું એમ કેટલાંય નેતરાં તેણે જોડયાં પણ શ્રી કૃષ્ણ કંઈ કરવાથી બંધાયો નહીં. અંતે શ્રી કૃષ્ણને માતાની દયા આવી અને તેણે ખાંડણીયાથી પોતાને બાંધી લીધો. એ જોઈને ગોવાલણો હસતી હસતી ઘેર ગઈ અને યશોદા પણ ઘરમાં ગઈ.

આંગણામાં કોઈ નથી એ જોઈને શ્રી કૃષ્ણ ઘૂંટણીયેથી ધીરે ધીરે ખાંડણીયા સાથે આંગણામાં બે મોટાં વૃક્ષ હતાં એની પાસે આવ્યો. એ બે વૃક્ષ વચ્ચેથી સામેની બાજુ ચાલ્યો પણ વચ્ચે ખાંડણીયો અટકી ગયો. એનો ધક્કો એ વૃક્ષોને વાગતાં જ એ વૃક્ષ નીચે આડાં પડયાં અને એમાંથી બે દૈદિપ્યમાન પુરુષ બહાર આવ્યા અને શ્રી કૃષ્ણ સામે હાથ જોડીને ઊભા રહ્યા.

બહાર મોટો કડકડાટ સાથે અવાજ શાનો થયો છે એમ જાણવા યશોદા ગભરાતી ઘરની બહાર આવી. યશોદાએ જોયું તો બે ઝાડ આડાં પડયાં છે અને શ્રી કૃષ્ણ સામે બે દિવ્ય પુરુષ હાથ જોડીને ઊભા છે. એમણે શ્રી કૃષ્ણને કહ્યું: 'મહારાજ, અમે બંને ઉન્મત્ત ગંધર્વ હતા. અમારાં નામ યમલ અને અર્જુન છે. અમે પૂર્વે કુબેર પુત્ર હોવાથી નારદ મુનિના શ્રાપથી વૃક્ષનો જન્મ લીધો. અવિચારોથી ઉન્મત્ત થઈને અમે સ્ત્રીઓ સાથે જલક્રીડા કરતા હતા ત્યારે નારદ મુનિ એ જ માર્ગે જવા નીકળ્યા. અમે બ્રહ્મર્ષિને જોયા પણ વિષયાંધથી ખુશાલ નારદ સમક્ષ જલક્રીડા ચાલુ રાખી.

આ જોતાં જ નારદ મુનિને ક્રોધ આવ્યો અને તેમણે અમને બંનેને વૃક્ષ થશો. એવો શ્રાપ આપ્યો. એ શ્રાપ વાણી સાંભળતાં જ અમે શુદ્ધિમાં આવ્યા અને નારદ મુનિના શરણે ગયા. એમના પગ પકડીને શાપ ન આપવાની પ્રાર્થના કરી. ત્યારે નારદ મુનિ બોલ્યા: 'તમે ગોકુળમાં જન્મ લેશો. એ જગ્યાએ યશોદા માતા બાળકૃષ્ણને ખાંડણીયાથી બાંધશે, એ સમયે ખાંડણીઓ ખેંચતા શ્રી કૃષ્ણ તમારી બંનેની વચ્ચે થઈને સામી બાજુ જશે. એ સમયે શ્રી કૃષ્ણના પગનો તમને સ્પર્શ થશે ત્યારે તમારો ઉદ્ધાર થશે.' આજે અમારો ઉદ્ધાર થયો. એમ બોલીને એ ગંધર્વો શ્રી કૃષ્ણને નમસ્કાર કરીને ત્યાંથી નિજ સ્થાન ભણી જવા નીકળી ગયા.

યશોદા માતા આશ્ચર્યચકિત થઈ ગયાં. એટલામાં નંદ પણ બહારથી ત્યાં આવ્યા અને પડી ગયેલાં બંને પ્રચંડ વૃક્ષ વચ્ચે શ્રી કૃષ્ણ ખાંડણીયાથી બંધાયેલો છે એમ જોઈ તેને બંધનમુક્ત કર્યો અને ઉપાડી લીધો. બધી ગોવાલણો પણ ત્યાં આવી પહોંચી. યશોદાએ શ્રી કૃષ્ણને નંદ પાસેથી પોતાની પાસે લઈ એનું ચુંબન કરી મીઠાથી લૂણ ઉતારી નાખ્યું અને પોતાનો બાળક સંકટમાંથી બચ્યો માટે તેણે સારું એવું દાન ધર્મ કર્યું.

જ્યારે વર્ષ આઠના કૃષ્ણજી થાય, ત્યારે લઈ વાંસળીને ગૌ ચારવા જાય. ॥૧૧૯॥
કાન સ્વરૂપે વૃંદાવનમાં ચારી ગાય, વાગે વેણુને બહુ ગુણ સોહાય. ॥૧૨૦॥
તે દેવ જમનાની તીરે ખેલે છે ખેલ, ત્યાં મળે ગોપાલને બહુ કરે છે ગેલ. ॥૧૨૧॥
ત્યાં ખેલ ખેલે માવો મન જો ધરી, ત્યારે કર પર ગોવર્ધન તોળ્યા શ્રી હરિ. ॥૧૨૨॥
ત્યારે દેવે તોળ્યો ગોવર્ધન કારણ જેહ, મેઘ કોપથી ગાય વાછરું રાખ્યા તેહ. ॥૧૨૩॥
મલ્લ અખાડે જઈને પેઠા માવજી, ત્યાં દીઠા દેવ જેણે જેવા ભાવજી. ॥૧૨૪॥
બ્રહ્મદેવે ગૌને ગોપબાળ હર્યાં જઈ, ત્યાં કૃષ્ણજીએ માયાથી ગાયો કીધી સહી. ॥૧૨૫॥
દેવે ગોકુળમાં ગાયો ચારીને ખેલ જો કરી, એવા ચરિત્ર કીધા બહુ કાન શ્રી હરિ. ॥૧૨૬॥

એક દિવસ કેટલીક ગોપીઓ શ્રી કૃષ્ણની ફરીયાદ કરવા માટે યશોદા પાસે આવી હતી. શ્રી કૃષ્ણ હવે દિવસે દિવસે ગોપીઓની મશ્કરી વધારે કરતો હતો. ગોવાલણોની વહુઓની મશ્કરી કરી એમને ઝઘડાવતો. એ કારણે ગોવાલણો ચિડાતી. યમુના નદી પર પાણી લાવવા માટે, વાસણ ધોવા માટે ગોપ સ્ત્રીઓ જાય એટલે ત્યાં જાણી જોઈને ચીડવવા માટે શ્રી કૃષ્ણ પથ્થર-કાંકરા મારીને કેટલીકની માટલીઓ ફોડતો, કેટલીકનાં વસ્ત્રો લઈ લેતો. એક, બે નહીં પણ અગણીત મશ્કરી કરી એ સ્ત્રીઓને ત્રાસ આપતો. એ બધી મળીને યશોદા પાસે ફરીયાદ કરતી અને યશોદા શ્રી કૃષ્ણની ખબર લેતી, પણ શ્રી કૃષ્ણની મશ્કરીઓ કરવાનું કંઈ ઓછું થતું નહોતું.

કેટલીક ગોપીઓ મથુરા નગરમાં દહીં દૂધ માખણ વેચવા જતી. તેમને પણ એ પોતાના ભાઈબંધો સાથે લૂંટી લેતો અને ખાઈ પીને મસ્તી કરતો. કોઈ માર મારવા કરતું તો તેની માટલી ફોડી નાખતો, એમનાં વસ્ત્રો ખેંચતો. ત્યારે તેઓની

ફરીયાદ યશોદા પાસે આવતી એટલે શ્રી કૃષ્ણ કહેતો: 'માતા, આ બધી ગોવાલણો જૂઠું બોલે છે, એ મારા પર ખોટો આળ કરે છે, ખોટી ફરીયાદો કરે છે. ખરેખર તો આ મને જોવા માટે તારી પાસે આવે છે.' આમ એનું બોલવું સાંભળી યશોદા અને નંદ હસવા લાગતાં.

શ્રી કૃષ્ણની મસ્તી અને ચોરીઓ કઈ રીતે બંધ થાય એની યશોદા માતા વિચાર કરતી હતી ત્યારે એક ગોવાલણે કહ્યું: 'યશોદા, તારો શ્રી કૃષ્ણ હવે વનમાં વાછરડાં અને ગાયો લઈને ચરાવવા જવા યોગ્ય થયો છે. ગાયો ચરાવવા જશે એટલે શ્રી કૃષ્ણની ચોરીઓ રોકાશે માટે તેને વનમાં ગાય-વાછરડાં ચરાવવા મોકલ. શ્રીકૃષ્ણની સાથે એના બાલગોપાલ ભાઈબંધ પણ પોતપોતાની ગાયોનાં-વાછરડાં લઈને જશે. બધાને એમની સાથે ભાથું આપવું. તું પણ ભાથું શ્રી કૃષ્ણને સાથે આપજે.' ગોવાલણનું કહેવું બધાંને ગમ્યું.

યશોદા માતાના કહેવાથી એ પ્રમાણે બીજા દિવસે શ્રી કૃષ્ણએ ગોકુળના બધા સરખા છોકરાઓને ભેગા કર્યા. બધાં વાછરડાં ભેગાં કર્યાં. વાછરડાં આગળ ગોપબાલો પાછળ, મધ્ય ભાગે શ્રી કૃષ્ણ એવા ઠાઠથી એ બધા વનમાં નીકળ્યા. પ્રત્યેક છોકરાઓ જોડે પાવા, ઘુમરીઓ વગેરે સુસ્વર વાદ્ય હતાં. બધા ભેગા થઈને વગાડતા ત્યારે એમનું મોટા સુસ્વરમાં ગુંજન થતું હતું.

શ્રી કૃષ્ણની નાની મૂર્તિ પિતાંબર પહેરેલી, કમરમાં નાનો મેખલો ભરાવેલ, પગમાં નાનાં નાનાં નુપુર રૂમઝૂમતાં, શરીર પર મોતીની ઝાલર શોભી ઉઠતી, શરીર પર કેસરી ઉટી લગાવેલી હતી, લલાટ ભાગે કસ્તુરીનું સુંદર તિલક કરેલું હતું, માથા પર મયુરપંખવાળો રત્નજડીત મુકુટ હતો, કાનમાં મકરાકર (માછલી આકારનું) કુંડળ શોભતાં હતાં, ગળામાં મોતીના હાર હતા, એના ઉપર વનપુષ્પની માળા શોભતી હતી, એવી એ શ્યામસુંદર મનોહર મૂર્તિ ગોવાલણોના અસંખ્ય છોકરાઓને સાથે લઈને વનમાં જવા નીકળી.

કેટલાક સમય પછી શ્રી કૃષ્ણ એ બાળ પરિવાર સાથે યમુના તીરે આવ્યા. વનમાં વાછરડાં ચરવા માટે છુટાં છોડી દીધાં અને પોતે ભાઈબંધો સાથે રમવા લાગ્યો. અલગ અલગ રમતો રમતાં સમય કઈ રીતે પ્રસાર થઈ ગયો એની કોઈને ખબર જ ન પડી. પછી શ્રી કૃષ્ણએ મોરલી વગાડી એ સાથે વનમાંના બધાં વાછરડાં પાણી પીવા માટે યમુના તીરે આવ્યાં. વાછરડાં પાણી પીને ફરી વનમાં ગયાં. વાછરડાં કઈ રીતે મળશે એવી ગોપબાલોને ચિંતા દૂર થઈ, તેઓ નચિંત થઈ ગયા.

હવે બધાને ભૂખ લાગી હતી. બીજા પ્રહરનો સમય હતો બધા ગોપબાલો પોતાનાં ભાથાં લાવ્યા હતા. બધા ગોપબાળકો બેઠા. શ્રી કૃષ્ણ મધ્ય ભાગે બેઠો. પછી બધાએ પોત પોતાનું ભાથું લાવી શ્રી કૃષ્ણ સામે મૂક્યું. એ ભાથાઓમાં અનેક પ્રકારના મિષ્ઠાન અને સાદા પદાર્થ હતા.

શ્રી કૃષ્ણ બોલ્યા: 'બધાંએ પોતપોતાનું ભાથું સાથે બેસીને ખાવું નહીં, એક બીજાનું ભાથું ખાવું અને કોઈએ કોઈનો દ્વેષ કરવો નહીં.'

શ્રી કૃષ્ણનું આ કહેવું મધુમંગલને ગમ્યું નહીં એ તરત જ ઊઠયો અને એક બાજુ દૂર ઝાડ નીચે જઈને બેઠો. કારણ કે તે એક ગરીબ બ્રાહ્મણનો દીકરો હતો. તેના ઘરમાં અન્નનો દાણો ન હતો તેથી ભાથુ લઈને આવ્યો ન હતો. માત્ર હાંડલીમાં ખાટી છાશ જ લાવ્યો હતો તેથી શરમાઈને દૂર ઝાડ નીચે જતો રહ્યો. શ્રી કૃષ્ણએ મધુમંગલને બોલાવ્યો પણ તે ન આવ્યો. પછી શ્રી કૃષ્ણ મધુમંગલ પાસે જવા લાગ્યો. મધુમંગલને થયું કે મારી ખાટી છાશ શ્રી કૃષ્ણ જોઈ જશે તો ગોપાલોમાં મારી નાલેશી થશે. તેથી શ્રી કૃષ્ણને આવતો જોઈ મધુમંગલ છાશ પીવા લાગ્યો. ઉતાવળમાં છાશ પીતાં તેના મોંઢા પર છાશ ઢોળાઈ ગઈ. શ્રી કૃષ્ણ એ મોઢાની છાશ ચાટવા લાગ્યો. મધુમંગલ શરમાઈ ગયો.

પછી શ્રી કૃષ્ણે મધુમંગલને કહ્યું; તું આમ અમારાથી દૂર રહીશ નહીં. બોલતાં બોલતાં શ્રી કૃષ્ણની આંખમાંથી અશ્રુ આવી ગયાં. આ જોતાં જ મધુમંગલે શ્રી કૃષ્ણના ચરણ પકડયાં. બધા ગોપાલ બાલ શ્રી કૃષ્ણ ચરણે લીન થયા, પછી શ્રી કૃષ્ણને વચ્ચે બેસાડી બધા એની આજુબાજુ બેઠા. બધાનાં ભાથાં એક કર્યાં. એ સમપ્રમાણમાં બધાને પીરસ્યાં. શ્રી કૃષ્ણએ પોતાના હાથે બધાને એક એક કોળીયો આપ્યો. ગોપબાલોએ પોતાના હાથે શ્રી કૃષ્ણના મુખમાં કોળીયા મૂક્યા. બધાંએ એકબીજાને ખવરાવ્યું. શ્રી કૃષ્ણ અતિ પ્રેમથી બધાં સાથે જમ્યો. આ પ્રેમનો પ્રસંગ જોઈને પ્રત્યક્ષ સ્વર્ગના દેવોને ઈર્ષ્યા થઈ. તેમાંનો પ્રસાદ આરોગવા મળે તે માટે અલગ અલગ પશુપક્ષીઓના રૂપે ત્યાં આવીને એક કણ લઈ મનનું સમાધાન માની તૃપ્ત થયા.'

નિત્ય નિયમથી શ્રી કૃષ્ણ ગોપબાલો સાથે યમુના નદીના કાંઠે ગાયો ચરાવતો હતો, ત્યારે એકવાર ત્યાં વત્સાસુર નામનો રાક્ષસ વાછરડાનું રૂપ લઈને આવ્યો. એ કંસનો ગુપ્તચર હતો અને કપટથી શ્રી કૃષ્ણનો નાશ કરવો એ ઉદ્દેશથી આવ્યો હતો. પરંતુ શ્રી કૃષ્ણએ વત્સાસુર ઓળખી લીધો. શ્રી કૃષ્ણએ એનો પગ પકડીને ખૂબ ગોળ ગોળ ફેરવ્યો અને એક શિલા પર પછાડીને મારી નાખ્યો.

એ પ્રમાણે એક વાર બગાસુર નામનો રાક્ષસ પ્રચંડ બગલાનું રૂપ ધારણ કરીને આકાશ માર્ગેથી એકદમ આવ્યો અને શ્રી કૃષ્ણ પર ઝાપટ મારી પોતાની પ્રચંડ ચાંચમાં પકડયો. પણ શ્રી કૃષ્ણએ એ બગલાની ચાંચ બંને હાથથી પકડીને એને ઊભો ને ઊભો ચીરીને ફેંકી દીધો.

બગાસુરની એ દશા થયેલી જોઈને અઘાસુર નામનો એક રાક્ષસ અત્યંત સંતપ્ત થયો અને શ્રી કૃષ્ણનો નાશ કરવા માટે પ્રચંડ અજગરનું રૂપ લઈને ત્યાં આવ્યો. અહીં શ્રી કૃષ્ણ અને ગોવાલ છોકરાઓ દહીંભાત ખાતા હતા, તે અજગરે પોતાનું શરીર લપેટીને એનાથી એક પર્વત તૈયાર કર્યો અને એ પર્વતની ગુફા પ્રમાણે મ્હોં પ્રસારીને તે ત્યાં બેઠો. ગોપબાલોએ દહીંભાત ખાધા પછી એક ડુંગર જ છે એમ માની એના પર ચઢયા. કેટલાક છોકરાઓ ચઢયા પછી બાકીના છોકરાઓને પણ એના ઉપર ચઢવાની ઈચ્છા થતાં તેઓ પણ ચઢયા. એ બધો પ્રસંગ શ્રી કૃષ્ણના લક્ષ્યમાં આવ્યો અને આ અજગર પોતાનો નાશ કરવા માટે આવ્યો છે એમ શ્રી કૃષ્ણએ ઓળખ્યો.

છોકરાઓના રક્ષણ માટે શ્રી કૃષ્ણને પણ એની ઉપર ચઢવું પડયું. પછી છોકરાઓ રમતા રમતા અજગરના મુખ પાસે આવ્યા. અજગર પોતાનું પ્રચંડ મુખ પ્રસારીને બેઠેલો હોવાથી છોકરાઓને આ એક ગુફા છે એમ લાગ્યું અને કોઈપણ વિચાર ન કરતાં તેઓ એ અજગરના મુખમાં ગયા. તેમના સંરક્ષણ માટે શ્રી કૃષ્ણ પણ અંદર ગયો. શ્રી કૃષ્ણ પોતાના મુખમાં આવ્યો છે એમ જોતાં જ અજગરે પોતાનું મુખ બંધ કર્યું અને બધાને દબાવીને મારી નાખવાનો પ્રયત્ન કરવા લાગ્યો. બધા ગોપબાલો ગભરાયા અને આ સંકટનું નિવારણ કરવા માટે શ્રી કૃષ્ણને વિનવવા લાગ્યા. ત્યારે શ્રી કૃષ્ણએ પ્રચંડ સ્વરૂપ ધારણ કરીને એ અજગરનું પેટ ચીરી નાખ્યું અને બધા ગોપાલોને સુરક્ષિતપણે બહાર કાઢયા. એ અજગર જ્યારે મરણ પામ્યો ત્યારે એના શરીરમાંથી તેજસ્વી જ્યોત બહાર દેખાઈ. શ્રી કૃષ્ણએ એ ગળી લીધી. શ્રી કૃષ્ણના હાથે અઘાસુરનું મૃત્યુ થયું અને એનો ઉદ્ધાર થઈને મોક્ષની પ્રાપ્તિ થઈ. પછી ત્યાંથી બલરામ શ્રી કૃષ્ણ અને સર્વ ગોપબાલો યમુનાના કાંઠે વૃંદાવનમાં આવ્યા. ત્યાં થોડી વાર જલક્રીડા કરી.

એક દિવસ શ્રી કૃષ્ણ, બલરામ અને ગોપબાલો દહીં દૂધ ખાતા બેઠા હતા અને એમનાં ગાયો-વાછરડાં ચરતાં ચરતાં વનમાં ખૂબ દૂર ગયાં. એ જોઈને બ્રહ્મદેવ ત્યાં આવ્યા. શ્રી કૃષ્ણને ગોપબાલો સાથે ખાતા જોઈ બ્રહ્મદેવને શંકા થઈ કે આ શ્રી કૃષ્ણ સ્વરૂપે નારાયણ નથી. પછી બ્રહ્મદેવે શ્રી કૃષ્ણની કસોટી કરવા બધાની નજર ચૂકવીને એ બધી ગાયો સત્યલોકમાં લઈ જઈને મૂકી દીધી.

ખૂબ દૂર સુધી ગાયો દેખાતી નથી એ જોઈને ગોપબાલો બોલ્યાઃ 'શ્રી કૃષ્ણ, આપણી ગાયો ક્યાંક દેખાતી નથી. એ દૂર જશે તો મળશે નહીં. માટે આપણે ગાયોને અહીં હાંકી લાવી પછી બેસીએ.

ત્યારે શ્રી કૃષ્ણ બોલ્યાઃ 'તમે અહીં જ બેસો, હું ગાયોને લઈ આવું છું. એમ કહી શ્રી કૃષ્ણ અને બલરામ ગાયોની શોધ કરવા ગયા. શ્રી કૃષ્ણ ગોપબાલોથી ખૂબ દૂર ગયો છે એમ જોઈ બ્રહ્મદેવ એ બાળકો પાસે આવ્યા અને એમને પણ સત્યલોકમાં લઈ ગયા અને હવે આગળ શું થાય છે એ જોવા લાગ્યા.

અહીં ગાયો મળતી નથી એમ જોઈને શ્રી કૃષ્ણ પાછા આવ્યા તો અહીં પણ એક પણ ગોપબાલ દેખાયો નહીં. એ પ્રકાર જોઈને બલરામ ખૂબ જ વિસ્મિત અને ચિંતાતુર થયા. પરંતુ શ્રી કૃષ્ણના ધ્યાનમાં આ વાત આવી કે આ કૃત્ય બ્રહ્મદેવનું છે એમ એણે જાણ્યું.

બ્રહ્મદેવને પોતાની લીલા બતાવવા માટે શ્રી કૃષ્ણએ ગાયો અને વાછરડાં જેટલાં ગુમ થયાં હતાં તેટલાં પહેલાં પ્રમાણે ગોપબાલો સાથે નવાં નિર્માણ કર્યાં અને એ બધાં સાથે ઘેર આવ્યો. ગાયો અને વાછરડાં અને ગોપબાલો આ બધાં હવે શ્રી કૃષ્ણનો અંશ હોવાથી ગોકુળમાં ઘેર ઘેર શ્રી કૃષ્ણ અવતર્ણીત થવા જેવું થયું છે. આજ સુધી નંદ-યશોદા એ બંને જ શ્રી કૃષ્ણનું પાલન કરતાં હતાં. પરંતુ બ્રહ્મદેવના આ કૃત્યથી હવે બધાને જ એનું લાલન પાલન કરવાનો યોગ આવ્યો.

આ પ્રમાણે કેટલાક સમય પછી બ્રહ્મદેવને લાગ્યું કે, પોતે કરેલા કાર્ય ભેદથી ગોકુળમાં મોટો ગોટાળો થયો હશે એ જોવા માટે એ ગોકુળમાં આવ્યા અને જુએ છે તો પહેલાંની જેમ બધી ગાયો ગોપબાલો જેમના તેમ હોવાથી તેમનો વ્યવસાય આનંદથી ચાલી રહ્યો છે. એ પ્રકાર જોઈને બ્રહ્મદેવ આશ્ચર્યચકિત થયા. તેને લાગ્યું પોતે અહીં આવ્યા છે એમ જોઈને શ્રી કૃષ્ણએ સત્યલોકમાંથી ગાયો ગોપબાલોને ભગાડી લાવ્યા હશે. તેમ માની એ પાછા સત્યલોકે ગયા તો ત્યાં ગાયો અને ગોપબાલો છે. ફરી પૃથ્વી પર પાછા આવ્યા તો તેવી જ ગાયો અને ગોપબાલો છે. પોતે સત્યલોકમાં છે કે મૃત્યુલોકમાં છે એવા ભ્રમથી એ ગભરાવા લાગ્યા.

અંતે ક્ષમા માગવાની ઈચ્છાથી એ શ્રી કૃષ્ણ પાસે જવા લાગ્યા. ત્યાં બધા ગોપબાલ શ્રી કૃષ્ણ જેવા જ બ્રહ્મદેવને દેખાવા લાગ્યા. ત્યારે કયા શ્રી કૃષ્ણના શરણે જવું એની ખબર પડતી નહોતી. એ અનંત શ્રી કૃષ્ણ જોઈને બ્રહ્મદેવ અત્યંત વિસ્મિત થયા અને થયેલા પ્રમાદ માટે ક્ષમા માગવા લાગ્યા.

બ્રહ્મદેવ બોલ્યાઃ 'હે અનાદી પરબ્રહ્મ પુરુષ ! હે નિર્ગુણ નિરાકાર ! આજે તારા સગુણ સ્વરૂપની મને ઓળખ થઈ. તું આ સગુણ સ્વરૂપ ધારણ ન કરત તો આ અનંત પતિતોનો ઉદ્ધાર ન થયો હોત. હે કરુણાનિધિ ! તું દુષ્ટોના સંહાર માટે અને સાધુઓના રક્ષણ માટે હંમેશાં તૈયાર રહે છે. તું પરબ્રહ્મ ૐકાર છે. હે ભગવાન ! જો હું ફક્ત તારા કૃપા બળથી આ આટલું વિશ્વ નિર્માણ કરું છું તો તને જીતવા હું પામર પૂર્ણપણે અસમર્થ છું. મારો અપરાધ ક્ષમા કર.' આ પ્રમાણે બ્રહ્મદેવે શ્રી કૃષ્ણની પ્રાર્થના કરીને તેણે ભગવાનના ચરણોમાં મસ્તક નમાવ્યું. શ્રી કૃષ્ણએ એના મસ્તક પર અભય કર મૂકીને તેમને ઉઠાડયા અને સત્યલોકે જવાની પરવાનગી આપી. પછી બ્રહ્મદેવે પહેલાંની ગાયો, વાછરડાં અને ગોપબાલો શ્રી કૃષ્ણને સ્વાધીન કર્યા અને પછી નિજધામ પ્રતિ પ્રયાણ કર્યું.

એક દિવસ શ્રી કૃષ્ણ, બલરામ અને ગોપબાલો વૃંદાવનમાં રમવામાં લીન થયા છે એ જોઈને ત્યાં ધેનુકાસુર નામનો દુષ્ટ રાક્ષસ તેના બળદોના પરિવારને સાથે લઈને આવ્યો. એ ગોપબાલોને શીંગડાથી તથા લાતોથી મારવા લાગ્યો. એની આવી દુષ્ટપણા જોઈને બલરામને ગુસ્સો આવ્યો અને તેણે રાક્ષસના પગ પકડીને એના પ્રાણ જાય ત્યાં સુધી મસ્તકને તાડના

વૃક્ષ પર પછાડયું અને છેલ્લે એનો નાશ કર્યો. પછી શ્રી કૃષ્ણએ પણ ધેનુકાસુર રાક્ષસનો જે બળદોનો પરિવાર હતો એનો ગદાથી નાશ કરી નાખ્યો.

નંદરાય પ્રતિ વર્ષે ઈંદ્રને યથા સમય યોગ્ય એવી વૃષ્ટિ કરવા એની પ્રસન્નતા માટે હોમ-હવન કરતા હતા. એ પ્રમાણે એક વર્ષે નંદ ગોવાળીઓના ઘેર ઘેર ફરીને દહીં, દૂધ, ઘી વગેરે હોમની સામગ્રી ભેગી કરીને હોમની તૈયારી કરવા લાગ્યા.

ત્યારે શ્રી કૃષ્ણએ નંદને કહ્યુંઃ 'પિતાજી, આ સામગ્રી ભેગી કરીને તમે શું કરશો ?'

નંદ બોલ્યાઃ 'શ્રી કૃષ્ણ, આ સામગ્રીનો ઉપયોગ હોમ કરવા માટે કરવાનો છે. આ હોમ કરશું એટલે ઈંદ્ર દેવ પ્રસન્ન થાય અને પૃથ્વી પર પર્જન્ય વૃષ્ટિ કરીને ધનધાન્યની સમૃદ્ધિ કરે છે.'

નંદના બોલ સાંભળીને શ્રી કૃષ્ણ બોલ્યાઃ 'પર્જન્યાદિ આ સૃષ્ટિનો નિયમ છે. એનાથી ઈંદ્રને કોઈ સંબંધ નથી. જે તે ઋતુમાં જે તે નિયમ બદ્ધ થાય છે અને તે અષ્ટ દિશાના દિગ્પાલ ઘડી લાવે છે. પશ્ચિમ દિશામાં વરુણ એ નામનો દિગ્પાલ છે. એની પાસે દ્રોણ, સ્વાર્થ, સમ્યાર્થ, પુષ્કર, કાલ, નીર, ધામ વગેરે અનેક મેઘ છે. એ મેઘ પાસેથી પર્જન્ય વૃષ્ટિ કરાવીને પૃથ્વી પર એ ધનધાન્ય નિર્માણ કરે છે. એમાં ઈંદ્રને કોઈ સંબંધ નથી. અમુક દેવ અમુક કાર્ય કરે છે એ જેવી જેમની ભાવના છે, જે તેઓ એ પ્રમાણે પોતાના દેવતાના પ્રમુખ સમજે છે. શૈવોને શંકર એ સર્વસ્વ લાગે છે. વૈષ્ણવ વિષ્ણુ સિવાય, શાકત શક્તિ દેવી સિવાય, ગણેશ ગણપતિ સિવાય, સૌર્ય સૂર્ય સિવાય કોઈને ઓળખતા નથી. આ પ્રમાણે અનેક પંથને લીધે જે તે પંથના લોકો પોતાના દેવતાઓની સ્તુતિ કરે છે. વસ્તુતઃ જગતમાં આ બધું એક જ છે. એ પોતાના ભકતોની ઈચ્છા પ્રમાણે અલગ અલગ અવતાર (સ્વરૂપ) લઈને પોતાના ભકતોના મનોરથ પૂર્ણ કરે છે. જેવી જેમને ભાવના તેવી રીતે તેમણે પોતાના દેવ માની એમની આરાધના કરવી.

પરંતુ વાસ્તવિક પૃથ્વીને પર્વતનો આધાર છે અને એમની શક્તિના કારણે પર્જન્ય વૃષ્ટિ થાય છે. અષ્ટકુલ પર્વતનું મૂળ જે મેરુ પર્વત છે એ બધાનો આધાર છે. એ મેરુ પર્વતના મસ્તક પર બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તેમજ અષ્ટ દિગ્પાલ, ઈંદ્ર વગેરે બધા દેવો રહે છે. ત્યારે એ બધાનો આશ્રયભૂત જે મેરુ છે એ જ બધાનો અધિક છે. ગોવર્ધન એ મેરુનો પહેલો વંશ જ છે. ત્યારે ઈંદ્રને વિના કારણે મહત્ત્વ આપીને ગોવર્ધન પર્વતની અવહેલના કરવામાં આવે છે. હવે આપણે આ પર્વતની જ ઉપાસના કરો.'

શ્રી કૃષ્ણનું આ કહેવું બધાને પસંદ પડયું. તેથી સૌએ ઈંદ્રનાં પૂજા યજ્ઞને છોડી પર્વતની પૂજા માટેની તૈયારી કરી. પોત પોતાની શક્તિ પ્રમાણે અન્ન, દહીં, દૂધ, માખણ, ઘી વગેરે દાન કરવા માટે સૌ સાથે મળીને પર્વતની પાસે આવ્યાં. ત્યાં મંડપ વગેરે બાંધીને પૂજાની તૈયારી કરવા લાગ્યા. ત્યારે એ પર્વત મનુષ્ય પ્રમાણે બોલવા લાગ્યો. ત્યારે બધા ગોવાળીયાઓએ દહીં, દૂધ, ઘી એના ઘડાના ઘડા રેડીને પર્વતને સ્નાન કરાવ્યું. કેસર, સુગંધી ફૂલો ચઢાવ્યાં, ફૂલોની માળા ચઢાવી અને સાથે લાવેલ અન્નનો નૈવેદ્ય કર્યો. પર્વતે પોતાનું મુખ ખોલીને સર્વ અન્નનું ભક્ષણ કર્યું. પછી એ પર્વત બોલ્યોઃ 'હે ગોકુળના ગોપ-ગોવાળીયાઓ તમારી આ ભક્તિથી હું પ્રસન્ન થયો છું. તમે જે જે મનોરથ કરશો તે તે સર્વ પૂર્ણ થશે.' પર્વતના આ શબ્દો સાંભળી બધાને આશ્ચર્ય થયું અને આજે શ્રી કૃષ્ણએ આપણને ખરા દેવ બતાવ્યા એ બદલ ખૂબ આનંદ થયો.

ધીમે ધીમે આ વૃત્તાંત સર્વત્ર પ્રસરતાં જ સર્વ દેશ દેશના લોકો ગોવર્ધનની પૂજા કરવા લાગ્યા. ઈંદ્રયાગ બંધ પડયો. એ જોઈને ઈંદ્રને ગુસ્સો આવ્યો. ઈંદ્રએ એના અંકિત કરેલા ચાર મેઘ અને અષ્ટ દિગ્પાલ એમને બોલાવીને કહ્યુંઃ 'મેઘો, એ શ્રી કૃષ્ણએ મારું ખૂબ જ માન ભંગ કર્યું છે. તમે હમણાં ને હમણાં જ ગોકુળ પર જાઓ અને એવા જોરથી વૃષ્ટિ કરો કે સર્વત્ર જલ પ્રલય થઈ જાય.

ઈંદ્રની આજ્ઞા પ્રમાણે મેઘ ગોકુળ ઉપર વૃષ્ટિ કરવા લાગ્યા ત્યારે ગાયો, ગોપાલો તથા સર્વજનોને અત્યંત ત્રાસ થયો. જ્યાં ત્યાં પાણી જ પાણી થઈ ગયું. ગામનાં ઘરો પડી ગયાં. ઘરની બહાર નીકળીએ તો વરસાદનો મારો ઘણો થતો હતો.

બધાં શ્રી કૃષ્ણ પાસે આવ્યાં અને બોલ્યાં: 'શ્રી કૃષ્ણ તેં આ ઈંદ્રના હોમ હવન બંધ કરાવ્યા છે માટે એનું આ પરિણામ છે.' માટે હવે આનો કંઈક ઉપાય કર.

ત્યારે શ્રી કૃષ્ણ બોલ્યા: 'એમ હોય તો જે પર્વતે આપણી પૂજા લીધી છે એ પર્વત આપણું રક્ષણ કરશે. ચાલો આપણે એ પર્વત પાસે જઈએ.' આમ શ્રી કૃષ્ણએ કહ્યા પછી બધાં આબાલવૃદ્ધ શ્રી કૃષ્ણની પાછળ પાછળ એ પર્વત પાસે આવ્યાં. ત્યાં શ્રી કૃષ્ણએ ગોવર્ધન પર્વત છેલ્લી આંગળી પર ઉપાડયો અને એની નીચે બધા લોકોને બેસાડયા અને બધાનું રક્ષણ કર્યું.

આ પ્રમાણે સાત દિવસ એ પર્વત નીચે રહ્યા પછી આકાશમાં જમા થયેલાં વાદળો ઈંદ્ર પાસે પાછાં ગયાં અને તેમણે ઈંદ્રને કહ્યું; 'અમે પ્રયત્ન ઘણો જ કર્યો પણ ગોવર્ધન પર્વત ગોકુળ પર છત્રી પ્રમાણે રહેલો હોવાથી અમારી વૃષ્ટિનો કોઈ પણ પ્રભાવ થયો નહીં.' ઈંદ્ર ત્યાં આવીને જુએ છે તો શ્રી કૃષ્ણએ છેલ્લી ટચલી આંગળી પર પર્વત ઉપાડી લીધો છે, એ જોઈને ઈંદ્ર પ્રભાવિત થયો. ઈંદ્રનો ગર્વ ઉતરી ગયો અને શ્રી કૃષ્ણને અનન્ય ભાવે સાષ્ટાંગ નમસ્કાર કરીને સ્તુતિ કરવા લાગ્યો. શ્રી કૃષ્ણએ વરદ હસ્ત ઈંદ્રના શિર પર મૂક્યો અને આશીર્વાદ લઈને ઈંદ્રે સ્વર્ગલોક તરફ પ્રયાણ કર્યું.

ખેલે છે દડો બાલક જમુનાને તીર, ત્યાં મળ્યા ગોવાળીયાને દેખાડ્યું હીર. ॥૧૨૭॥
જ્યાં ગેડી દડો કૃષ્ણજી ખેલવા જાય, ત્યાં જઈ ઝંપલાવ્યો જમુના જળમાંય. ॥૧૨૮॥
દડો દોડાવીને કાનજી જળમાં ગયા, જશોદાનો બાળ જમનામાં સંચર્યા. ॥૧૨૯॥
દેવે ગોકુળમાં ગાયો ચારીને ખેલ જો કરી, એવા ચરિત્ર કીધા બહુ કાન શ્રી હરિ. ॥૧૩૦॥
ત્યાં કરે વિલાપ જશોદા મા રડે, કીયે ઠામે મારો કૃષ્ણજી જડે. ॥૧૩૧॥
કીયા ઠામે બૂડયો મારો કાનજી જાય, ત્યાં એવું બોલ્યાં જશોદા માય. ॥૧૩૨॥
જ્યાં ઝંપલાવ્યું બાળ કૃષ્ણજી રાય, ત્યાં જઈને ઊભાં જશોદા માય. ॥૧૩૩॥
જશોદાએ જમનાનું વિષ જળ દીઠું જ્યાંય, ત્યારે પાછાં ફર્યાં જશોદા માય. ॥૧૩૪॥
એવું જળ દેખી કંપ્યું તન, ત્યારે માતા જશોદા ઊભી કરે રુદન. ॥૧૩૫॥
જળમાં કૃષ્ણજી એ ધર્યું ધ્યાન, જાણ્યું માતા મારી તજશે પ્રાણ. ॥૧૩૬॥
જળમાં કૃષ્ણજી ડૂબ્યા જેણી વાર, સર્વે નગરમાં પડી છે પોકાર. ॥૧૩૭॥
ત્યાં રુદન કરે જશોદા માય, ત્યારે કંસના ઘેર મંગળ વરતાય. ॥૧૩૮॥
કૃષ્ણજી તો ગયા પાતાળ, જ્યાં સૂતા છે કાલીયા નાગ. ॥૧૩૯॥
ત્યાં બેઠી પગ ચાંપે નારી નાગ તણી, દીઠો બાલક ને અચંબે થાય ઘણી. ॥૧૪૦॥
ત્યાં સૂતા કાલીયા નાગને નાગણી ચાંપે પાય, તે દેખી કૃષ્ણમૂર્તિને અચંબો થાય. ॥૧૪૧॥
કહે નાગણી સુણો રે બાળ, એ છે કાલીયા મહા વશિયલ કાળ. ॥૧૪૨॥
અરે બાલક તું કાંઈ ભૂલ્યો વાટ, કેમ આવ્યો છે આ વસમે ઘાટ. ॥૧૪૩॥
અહીંથી નાસી જાવ બાળ તત્કાળ, જાગશે કાલીયા નાગ તો થાશે કાળ. ॥૧૪૪॥
બાલક વચન તું સુણજે મોયે, મારો સ્વામી જાગશે તો મારશે તોયે. ॥૧૪૫॥

સુણ રે નાગણી કૃષ્ણજી કહે, મથુરા નગરીમાં કંસાસુર રહે.॥૧૪૬॥
સુણ નાગણી કહું તને એક વાત, હું નથી ભૂલ્યો વસમી વાટ.॥૧૪૭॥
જે કંસ રાજા છે નગરી મથુરા તણો, તે સાથે જુઆ ખેલ માંડયો ઘણો.॥૧૪૮॥
ત્યાં હું હારીયો કાલીયા નાગનું શીશ, સાચું કહું તેમાં ન ધરશો રીસ.॥૧૪૯॥
અમે તે કારણ આવ્યા છીએ જાણ, તે કાલીયા નાગનું શીશ લઉં પ્રમાણ.॥૧૫૦॥
એવો બોલ સુણીને ક્રોધે કંપે નાગણી, તેણે મરડી મૂછને જગાડયો ધણી.॥૧૫૧॥

એકવાર શ્રી કૃષ્ણ ગોપબાલો સાથે યમુના નદીના કાંઠે ગેડી દડો રમતો હતો. ત્યારે રમતાં રમતાં દડો યમુનામાં જઈને પડયો અને ડૂબી ગયો. ત્યારે શ્રી કૃષ્ણએ એ દડો શોધવા માટે પાણીમાં કૂદકો માર્યો. એ યમુનામાં કાલીયા નાગ નામનો એક પ્રચંડ વિષધારી સર્પ રહેતો હતો. એ નાગને એકસો એક મુખ હતાં. કાલીયો નાગ પહેલાં રમણક દ્વીપમાં રહેતો હતો. પણ ગરુડની બીકથી એને ત્યાં રહેવાનું કઠિન લાગવા લાગ્યું. તેથી યમુનામાં આવી રહેતો હતો. આ જગ્યાએ યમુનામાં ગરુડની બીક નહોતી. કારણ કે એક સમયે યમુનાનાં જળચરોને ગરુડ ખૂબ ત્રાસ આપવા લાગ્યો. ત્યારે તેમણે સૌભરીને પ્રાર્થના કરી કે: 'હે સૌભરી ! તું પરમ પવિત્ર હોવાથી અમે તારા પરિવારનાં છીએ. તો ગરુડથી અમારું રક્ષણ થાય એવો કંઈક ઉપાય કર.' ત્યારે સૌભરીએ એમને યમુનામાં એક યોજનમાં રહેવાનું કહ્યું અને એ ભાગમાં ગરુડ આવવાથી નાશ પામશે એમ શ્રાપ આપ્યો. કાલિયા નાગને પણ ગરુડનો ખૂબ ત્રાસ થતો હતો. તેને જ્યારે યમુનામાંનો એક યોજનનો ભાગ નિર્ભય થવાનું જણાયું ત્યારે તે પણ રમણક દ્વીપ છોડીને પોતાના પરિવાર સાથે યમુનામાં આવીને રહ્યો. એ ભયંકર નાગનું વિષ યમુનામાં પ્રસરવાથી એના પાણીનો સ્પર્શ કરવું પણ ભયાવહ થયું હતું. એવા એ પાણીમાં શ્રી કૃષ્ણએ નિર્ભયપણે કૂદકો માર્યો એ પાણીમાં ડૂબકી મારીને દડો શોધવા લાગ્યો.

એટલામાં કાલીયા નાગની પત્નીઓની દૃષ્ટિ શ્રી કૃષ્ણ ઉપર પડી. સર્વાંગ સુંદર સુકુમાર એવી શ્રી કૃષ્ણની મૂર્તિ જોતાં જ એમને શ્રી કૃષ્ણની ખૂબ દયા આવી અને તેઓ શ્રી કૃષ્ણની પાસે આવીને બોલી: 'બાળક ! તારી આ રૂપ સંપન્નતા જોઈને અમને ખૂબ દયા આવે છે તો તું આ પાણીમાંથી બહાર નીકળી જા. જો અમારા પતિને તું અહીં આવેલો જણાઈશ તો તે તારો નાશ કરી નાખશે. તું આ વિકટ માર્ગે ભૂલીને આવ્યો હો તો તાત્કાલિક વાર ન કરતાં આવેલ રસ્તાથી પાછો નીકળી જા.'

એ કાલીયા નાગની પત્નીઓની આ વાણી સાંભળીને ગોપાલકૃષ્ણ બોલ્યો: 'નાગ સ્ત્રીઓ, હું રસ્તો ભૂલ્યો નથી. મને અહીં જ આવવું હતું. મથુરાનો રાજા કંસ અને અમે દ્યૂત રમતા હતા તેમાં અમે કાલીયાનું શિર દાવે લગાવ્યું છે, પણ અમે હારી ગયા એટલે એ શિર લેવા માટે હું આવેલો છું.' શ્રી કૃષ્ણનું વચન સાંભળતાં જ કાલીયા નાગની સ્ત્રીઓએ કાલીયા નાગને અને ઈતર સર્પોને જગાડયા અને તેમને બધી હકીકત કહી.

નાગણીએ જગાડી નાગને કરી છે જાણ, ત્યાં કાનજી સાથે રચ્યું યુદ્ધ ઘમસાણ.॥૧૫૨॥
મચી ઘમસાણ કૃષ્ણ નાથજી શું જાણ, તેણે વિષ જાળથી નાહ્યા શ્રી સારંગ પ્રાણ.॥૧૫૩॥
ત્યાં જાગ્યો નાગને હુવો સચેત, કૃષ્ણજી સાથે હુઓ રણક્ષેત.॥૧૫૪॥
કાલીયા જાળ કૃષ્ણ ઉપર ચડી. ઘોળી અમૃતને પાયા તે ઘડી.॥૧૫૫॥
હુઓ સચેત ને તે ઊઠયો બાળ, ત્યાં નાથ્યો નાગને પગ દઈ પાતાળ.॥૧૫૬॥
ત્યાં હુઆ સ્વાર કાલીયા પર ચઢયા, ત્યાં કમલ ફૂલ લઈને આગળ ધર્યા.॥૧૫૭॥

પાતાળ થકી નાગ નાથી લાવ્યા કૃષ્ણરાયે, ત્યારે ગોકુલ નગરીમાં આનંદ વરતાયે.॥૧૫૮॥
ગોકુળ નગરીમાં આવ્યા તે વાર, પડયો અચંબો નગર મોઝાર.॥૧૫૯॥
ગોકુલમાં વરત્યો છે જયજયકાર, ત્યાં આનંદ મંગલ ઓચ્છવ અપાર.॥૧૬૦॥
ગોકુળમાં આનંદ ઉત્સવ વરતાય, પણ કંસ સભામાં જોને પોક મૂકાય.॥૧૬૧॥
હાં રે કંસ કૃષ્ણજી તો ગયા પાતાળ, ત્યાં નાથી લાવ્યા છે નાગને ગોપાળ.॥૧૬૨॥
તે ઉપર લાવ્યા કમલના ફૂલ શ્રી હરિ, ત્યાં દેવે દાનવ સંહાર્યા કર ધરી.॥૧૬૩॥
ત્યાં નગરના લોક અચંબે થાય ઘણા, ધન ધન પુત્ર જશોદા માતા તણા.॥૧૬૪॥
જે કાલીયો નાગ વસે છે પાતાળ, તે કૃષ્ણજી લાવ્યા છે તત્કાલ.॥૧૬૫॥
દેખ્યા કાલીયા સુરનર દેવ, ત્યાં નગરના લોક દેખે તતખેવ.॥૧૬૬॥
સર્વે ગોવાળીયા બોલ્યા સત્ ભણી, અમે જાણ્યું નાથ કૃષ્ણજી ધણી.॥૧૬૭॥
જેવા હોય ભાવ કૃષ્ણજી ભણી, તેવા દીસે છે ત્રણ ભુવનના ધણી.॥૧૬૮॥
કૃષ્ણ કૃષ્ણ કહે સહુ સાથે મળી, ત્યારે વૃંદાવનમાં થાય રાસ મંડળી.॥૧૬૯॥

કાલીયા નાગના રક્ષક નાગો શ્રી કૃષ્ણ ઉપર દોડી આવ્યા અને તેઓ શ્રી કૃષ્ણને વીંટળાઈ વળ્યા. પરંતુ શ્રી કૃષ્ણએ એ બધા નાગોને ક્ષણાર્ધમાં પગ નીચે કચડી નાખ્યા અને શ્રી કૃષ્ણ કાલીયા પાસે ગયો. ત્યારે કાલીયો નાગ શ્રી કૃષ્ણ ઉપર ફુત્કાર નાખતો દોડી આવ્યો. એ બંને વચ્ચે પ્રચંડ યુદ્ધ થયું. શ્રી કૃષ્ણના શરીર પર ઠેક ઠેકાણે ડંખ કરીને કાલીયા નાગે વિષ નાખ્યું પણ એ શ્રી કૃષ્ણના શરીર પર પડતાં જ અમૃત થતું હતું. છેલ્લે શ્રી કૃષ્ણએ પદન્યાસ કરીને કાલીયા નાગને ઘાયલ કર્યો. શ્રી કૃષ્ણ કાલીયાના મસ્તક પર ચઢયો અને એકાદ જલગમન કરનારી નૌકા પ્રમાણે કાલીયા નાગને આમથી તેમ ફેરવવા લાગ્યો. એની ફેણ પર શ્રી કૃષ્ણ મુરલી વગાડી નૃત્ય કરવા લાગ્યો. થોડી વાર નૃત્ય કર્યા પછી કાલીયો નાગ મૂર્છિત થઈને પડયો. તાત્કાલિક શ્રી કૃષ્ણએ કાલીયાની સર્વ ફેણો નાથી નાખી.

કાલીયા નાગની આ વિટંબણા જોઈને એની સ્ત્રીઓ શ્રી કૃષ્ણ પાસે આવી અને તેને કહ્યું: 'હે દેવાધિદેવ અનંત, તારી શક્તિ અતકર્ય છે, અમે તારી ધર્મની બહેનો છીએ, અમારા ઉપર કૃપા કર અને અમને ચુડીદાન આપ, અમે તારા શરણે આવ્યાં છીએ, અમને આટલી સૌભાગ્ય ભિક્ષા આપ.'

શ્રી કૃષ્ણને તેમની દયા આવી. ત્યારે કાલીયા નાગને શ્રી કૃષ્ણએ કહ્યું: 'હે કાલીયા નાગ, તું બ્રહ્મદેવનો પાલતું હોવાથી હું તારો વધ કરીશ નહીં, પરંતુ તેં આ પાણીમાં તારું વિષ ભેળવીને મોટો અપરાધ કર્યો છે. મારા સર્વ ગોપાલો અને ગાયો આ પાણી પીને મરી ગઈ હતી અને તેમની જેમ જ ઘણા બધા લોકો મૃત્યુ પામ્યા હશે તો તું આ વિષ નહિવત્ કરીને હમણાં જ અહીંથી નીકળી જા.'

ત્યારે કાલીયો નાગ બોલ્યો: ''હે અનંત, ગરુડ મને અત્યંત ત્રાસ આપે છે. એની બીકથી હું અહીં આવીને રહ્યો છું. હવે હું અહીંથી બીજી બાજુ જઈશ તો ફરી મને ત્રાસ આપશે.'

શ્રી કૃષ્ણ બોલ્યા: 'કાલીયા, મારા પગના ચિન્હ્ તારા મસ્તક પર છે. એ ચિન્હ જોયા પછી ગરુડ બિલકુલ તને ત્રાસ આપશે નહીં.'

આ પ્રમાણે અહીં પાણીમાં શ્રી કૃષ્ણ અને કાલીયાનો સંવાદ ચાલે છે. તો ઉપર યમુનાની બહાર શ્રી કૃષ્ણ પાણીમાં ડૂબ્યો છે એવી વાત ગોકુળમાં પ્રસરી અને સર્વ લોક યમુનાના કાંઠે આવી દુ:ખ કરતાં બેઠાં છે. માછીમારો પાણીમાં બધે જાળી નાખીને શ્રી કૃષ્ણને શોધતા હતા. યમુનાના બંને તીરે શોધ્યા પણ શ્રી કૃષ્ણ મળ્યા નહીં ત્યારે બધાં આબાલવૃદ્ધ શોકાતુર થઈને અશ્રુ પાડવા લાગ્યાં. શ્રી કૃષ્ણ સાથે રમનાર ગોપાલો તો પોક મૂકીને રડવા લાગ્યા. નંદ અને યશોદાના શોકનો પાર રહ્યો નહીં. નંદને તો આ દુ:ખદાયક વાત કાન પર પડતાંની સાથે મનથી ગતધૈર્ય થઈને દુ:ખથી ગાંડા જેવા થઈ ગયા. યશોદાના શોકાવસ્થાની તો સીમા જ નહોતી. પરંતુ બલરામ નિશ્ચિત મનથી બેસીને એ બધો પ્રકાર જોતા હતા.

છેલ્લે યશોદા આત્મહત્યા કરવા માટે પ્રવૃત્ત થયાં છે એમ જાણતાં જ શ્રી કૃષ્ણ કાલીયા નાગ ઉપર બેસીને પાણીમાંથી ઉપર આવ્યા. શ્રી કૃષ્ણને જોતાંની સાથે બધાના મુખો આનંદીત થયાં અને નેત્રમાંથી સુખાશ્રુ વહેવા લાગ્યાં. નંદ અને યશોદાએ દોડતાં દોડતાં જઈને શ્રી કૃષ્ણને દૃઢ આલિંગન આપ્યું. ઈશ્વરે આ સંકટમાંથી શ્રી કૃષ્ણને મુક્ત કર્યો તેથી નંદ યશોદાએ પરમાત્માની સ્તુતિ કરી. પછી શ્રી કૃષ્ણએ આ કાલીયા સર્પને રમણક દ્વીપમાં મોકલી દીધો અને પવિત્ર એવી યમુના નદીને વિષ રહીત કરી.

શ્રી કૃષ્ણને સાથે લઈને નંદ, યશોદા, ગોપાલો વગેરે યમુના નદી પરથી ગોકુળમાં આવવા લાગ્યાં પણ શ્રી કૃષ્ણ માટે લોકો આખો દિવસથી ભૂખ્યા હતા. તેમને ખૂબ ભૂખ લાગવાથી અને રાત ઘણી થઈ ગઈ હોવાથી બધાએ ત્યાં જ મુકામ કર્યો. વનભોજન કરીને બધા લોકો સૂઈ ગયા પછી રાત્રે એકાએક દાવાનળ સળગ્યો અને સર્વ જંગલમાં તે વ્યાપી ગયો. એ ઉષ્ણતાથી બધા લોકો સફાળા જાગી ગયા. ચારેય દિશાઓમાં અગ્નિ બળતી હોવાથી ક્યાંય ભાગવાનો માર્ગ નહોતો. બધા લોકો શ્રી કૃષ્ણને શરણે ગયા. શ્રી કૃષ્ણએ બધાને આંખો બંધ કરવાનું કહ્યું અને વિશાળ મુખ કરીને એ બાર ગાઉ (યોજન) સુધીનો અગ્નિ ગળી લીધો, પછી પૂર્વવત્ શરીર ધારણ કરીને બધાને આંખો ખોલવા કહ્યું. તો એમને અગ્નિનું ચિહ્ન પણ દેખાયું નહીં. અરુણોદય થતાં જ શ્રી કૃષ્ણનો જય જયકાર કરતાં બધાં ઘેર આવ્યાં.

ગોપાલો સાથે શ્રી કૃષ્ણ ભંડાર વડના ઝાડ નીચે રમત રમતો હતો ત્યારે પ્રલંબાસુર ગોપાલનો વેષ લઈને સાથે રમવા લાગ્યો. તેનો દાવ આવ્યો ત્યારે બલરામ એની પીઠ પર બેઠા. એ રાક્ષસ બલરામને દૂર લઈ ગયો. એનું કપટ જાણીને બલરામે એ રાક્ષસના ઉપર એટલો બધો ભાર આપ્યો કે એ જમીન પર પડીને મરણ પામ્યો.

ગોકુળની ગોપીઓ ગૌરી પૂજવા માટે યમુના કાંઠે આવી હતી. ગૌરી પૂજા કર્યા પછી યમુનાનું નિર્મળ પાણી જોઈને એમને જલક્રીડા કરવાની ઈચ્છા થઈ. શરીર પરનાં વસ્ત્રો કાઢીને કિનારા પરના કદંબના ઝાડ નીચે મૂકયાં અને પાણીમાં ઉતરી જળક્રીડામાં લીન થઈ. એટલામાં શ્રી કૃષ્ણ ત્યાં આવ્યો અને એ બધાનાં વસ્ત્રો લઈને કદંબ પર ચઢી બેઠો. જલક્રીડા થયા પછી વસ્ત્રો લેવા માટે ગોપીઓ આવી. જુએ છે તો ત્યાં વસ્ત્રો નહીં, લજ્જાથી એ ઊંડા પાણીમાં જઈને આમ તેમ જોવા લાગી. ત્યાં જ તેમને કંદબના ઝાડ પર શ્રી કૃષ્ણના હાથમાં વસ્ત્રો દેખાયાં ત્યારે તેઓ આવેશથી શ્રી કૃષ્ણને ધમકાવવા લાગી અને અમને નગ્નાવસ્થામાં જોવા માટે અહીં આવ્યો છે ? હમણાં જ ઘેર ગયા પછી નંદ રાજાને જણાવીને તને શિક્ષા કરવાનું કહીએ છીએ, એમ તેઓ કહેવા લાગી.

શ્રી કૃષ્ણ બોલ્યા: 'તમે પાણીની બહાર આવો એટલે તમારા વસ્ત્રો હું આપું છું. નિ:શંકાથી કોઈની પણ લાજ મર્યાદા ન રાખતાં તમે અહીં નાગવ્ય (વસ્ત્રહીન)થી સ્નાન કરો છો. આ માટે તમને શિક્ષા મળવી જ જોઈએ. સ્ત્રીઓને શું કરવું એ ખબર પડી નહીં. નિરુપાયે હાથથી પોતાના ગુહ્યાંગો ઢાંકીને એ બહાર આવી ત્યારે શ્રી કૃષ્ણ બોલ્યો: 'આ અપરાધને બદલે તમે બંને હાથ જોડીને સૂર્યદેવને નમસ્કાર કરો.' તેમને શરમ આવવા લાગી અને એમ કરવાનું ટાળવા લાગી.

ત્યારે શ્રી કૃષ્ણ બોલ્યોઃ 'દેહભાવ છોડીને નમસ્કાર કરો એટલે અપરાધમાંથી મુક્ત થશો.' છેલ્લે તેમણે તેમ કરતાં જ શ્રી કૃષ્ણએ એમનાં વસ્ત્રો પાછાં આપ્યાં. પછી શ્રી કૃષ્ણ ગોવાળીયાઓ સાથે રમવા માટે નીકળી ગયો. સ્ત્રીઓ એના અકૃત્ય માટે લજ્જા કરતી ઘેર ગઈ.

એક દિવસ બધા ગોપાલો સવારે ઉઠયા પછી પોતાની માતાઓ પાસેથી ભાથાં લીધાં અને ગાયો લઈને વૃંદાવનમાં આવ્યા અને યમુનાના કાંઠે ગાય વાછરડાંઓને ચરાવવા માટે છોડી રમત રમવા લાગ્યા. થોડી વારે ભૂખ લાગી તેથી બધાએ ભાથું છોડીને યથેચ્છ ભોજન કર્યુ, અને ફરી રમવા લાગ્યા. મધ્યાહ્ન પછી તેમને ફરીથી ભૂખ લાગી. સવારે જ બધું ખાઈ લીધું હતું. હવે તો આપણે ઘેર જઈને માગશું તો માતાના હાથનો માર જ ખાવા મળશે.

ત્યારે શ્રી કૃષ્ણએ કહ્યુંઃ તમે બધા પાસેના ઋષિના આશ્રમમાં જઈ 'કૃષ્ણ અને બલરામ ગાયો ચારવા માટે વનમાં આવ્યા છે, તેમને ખૂબ ભૂખ લાગી છે તો તેમના માટે અન્ન આપો એમ કહો એટલે ઋષિઓ તરત જ અન્ન આપશે. તે અહીં લઈ આવો પછી આપણે બધા ભોજન કરીશું.' એમ કહ્યું.

શ્રી કૃષ્ણની સૂચના પ્રમાણે એ બધા ઋષિના આશ્રમમાં ગયા અને શ્રી કૃષ્ણનો સંદેશો કહીને અન્ન માગવા લાગ્યા. ઋષિઓએ એમને કહ્યું: 'હમણાં પાછા જાવ, અત્યારે દેવતાર્ચન ચાલી રહ્યું છે એ પૂરું થયા પછી અમારા દેવોને નૈવેદ્ય અર્પણ કરીશું અને પછી તમને અન્ન મળશે. એના પહેલાં અન્ન મળશે નહીં.

ઋષિ પાસેથી ગોપાલો વિન્મુખ આવેલા જોઈને શ્રી કૃષ્ણએ તેમને ઋષિ પત્નીઓ પાસે જઈને અન્ન લાવવાનું કહ્યું. ગોપાલો ઋષિ પત્નીઓ પાસે જઈને અન્ન માગવા લાગ્યા.

શ્રી કૃષ્ણનો સંદેશો સાંભળીને સ્ત્રીઓને ખૂબ સંતોષ થયો કે પોતે પોતાના પતિ પાસે જઈને શ્રી કૃષ્ણ પાસે અન્ન લઈ જવાની પરવાનગી માગવા લાગી. ત્યારે ઋષિઓ ગુસ્સાથી બોલ્યાઃ 'દેવતાઓની તૃપ્તિ થયા વગર કોઈને પણ અન્ન આપવું અનુચિત છે ? આ શાસ્ત્ર તમને ખબર છે છતાં શા માટે તમે અહીં પૂછવા આવ્યાં ?

ઋષિઓએ આમ કહ્યા પછી સ્ત્રીઓ બોલીઃ 'અહો શ્રી કૃષ્ણ પ્રત્યક્ષ ભગવાન દેવાધિદેવ આ પૃથ્વી પર અજ્ઞજનોના ઉદ્ધાર માટે અવતીર્ણ થયા છે. એમ તમે જ અમને કહ્યું હતું કે નહીં ? એકવાર નંદ પૂજામાં બેઠા હતા ત્યારે શ્રી કૃષ્ણ ત્યાં આવ્યો અને પૂજાનાં બધાં સાહિત્યો ગળી લીધાં અને દેવોના આસન પર બેઠો, ત્યારે યશોદા ગુસ્સે થઈ અને તેને મારવા માટે આવી, પણ જુએ છે તો જાણે આસન પર શ્રી કૃષ્ણ જ શંખ-ચક્ર-ગદા-પદ્મધારી ચતુર્ભુજ મૂર્તિ છે.' આ પ્રકારે જે શ્રી કૃષ્ણએ ચમત્કાર કર્યા એ સાક્ષાત્ જગદીશ્વર પોતે જ અમારી પાસે અન્ન માગે છે, આનાથી અમારું બીજું સૌભાગ્ય કયું હશે ?

આ પ્રમાણે એ સ્ત્રીઓએ કહ્યા પછી તેમના પતિઓએ તેમને અન્ન લઈ જવાની સંમતિ આપી. પરંતુ તેમનામાં એક ઘમંડી ઋષિ હતો. શ્રી કૃષ્ણ એક સાધારણ મનુષ્ય હોવા છતાં લોકોએ તેને નિષ્કારણ મોટો કર્યો છે, એમ એ સમજતો હતો. તેની સ્ત્રી જ્યારે શ્રી કૃષ્ણ માટે અન્ન લઈને નીકળી ત્યારે તેને ખૂબ કઠોર શબ્દો કહ્યા અને ઈતર સ્ત્રીઓમાંથી તેને પાછા બોલાવીને એક ઝાડ સાથે બાંધીને પોતે નિત્યક્રમ કરવા માટે આશ્રમમાં જવા નીકળી ગયો.

અહીં બાકીની સ્ત્રીઓ તેના માટે ખેદ કરતી અન્ન લઈને શ્રી કૃષ્ણ પાસે આવી. શ્રી કૃષ્ણ અને બલરામની પ્રસન્ન મુદ્રા જોઈને બધી સ્ત્રીઓને આનંદ થયો. તેમણે લાવેલ અન્ન સામગ્રી શ્રી કૃષ્ણ સામે મૂકીને તેમને વંદન કર્યાં. એ સ્ત્રીઓ ત્યાં જુએ છે તો જે સ્ત્રીને ઋષિએ ઝાડની સાથે બાંધી હતી એ સ્ત્રી શ્રી કૃષ્ણની પાસે ઊભી છે. એ દૃશ્ય જોઈને બધી સ્ત્રીઓને આશ્ચર્ય થયું. પછી એ સ્ત્રીઓએ શ્રી કૃષ્ણને આસન પર બેસાડી એમનાં ચરણ ધોયાં. તેમના શરીર પર ચંદન તિલક લગાડી અને

પછી થાળીઓ મૂકી શ્રી કૃષ્ણ અને બધા ગોપાલોને જમવા બેસાડયા. બધાનું ભરપેટ જમણ થયા પછી આ સ્ત્રીઓએ બધાને તાંબુલ (પાન-મુખવાસ) આપ્યાં. શ્રી કૃષ્ણએ તૃપ્તની એક નજર બધી સ્ત્રીઓ પર નાખીને તેમને ઘેર જવા કહ્યું.

ત્યારે સ્ત્રીઓએ કહ્યું: 'હે શ્રી કૃષ્ણ ! અમે જાણી જોઈને તારી પ્રાપ્તિ માટે ઘર છોડીને અહીંયાં આવ્યાં છીએ. હવે તું અમને તારા ચરણોથી દૂર ન કરીશ. તું શરણમાં આવેલાનું રક્ષણ કરે છે પછી અમે તારા શરણે આવ્યાં છીએ તો અમારી ઉપેક્ષા શા માટે કરે છે ?

એ સ્ત્રીઓની કરુણ વાણી સાંભળીને શ્રી કૃષ્ણ બોલ્યો: 'હે સ્ત્રીઓ ! તમે ઋષિ સાથે વિવાહ સંબંધથી બદ્ધ થયા હોવાથી તેમનાથી તમને દૂર કરવું એ ઈહલોકની દષ્ટિમાં પાપ છે. એટલા માટે તમે પોતાના આશ્રમમાં રહીને પતિની સેવા કરો અને મારું ચિંતન કરતાં રહો. મારા ભકત મારાથી કેટલાંય દૂર હશે તો પણ હું અહર્નિશ એમની પાસે જ હોઉં છું. શ્રી કૃષ્ણએ આમ કહ્યા પછી એ સ્ત્રીઓએ શ્રી કૃષ્ણને નમન કર્યા અને પોતાના આશ્રમમાં પાછી આવી.'

પછી જે ઘમંડી ઋષિએ એની સ્ત્રીને ઝાડ સાથે બાંધી મૂકી હતી એ તે સ્ત્રીઓ પાસે આવ્યો અને તેનો ઉપહાસ કરીને બોલ્યો: 'તમે બધાં છોકરાના સત્કાર કરવા માટે ગયાં હતાં પણ તેમણે તમને બદલો કંઈ જ આપ્યો નહીં હોય એમ મને લાગે છે, છોકરો મનુષ્ય જેવો મનુષ્ય છે. એ તમને શું આપશે !'

આ સાંભળી બધી સ્ત્રીઓ બોલી : 'અરે જગદીશ્વર, તો બધું આપવા સમર્થ છે. અમારી એટલી ભક્તિ નથી માટે તેમણે અમને આપ્યું નથી પણ તમારી સ્ત્રીનું ભાગ્ય અધિક છે. તેની ભક્તિ ઘણી છે, માટે શ્રી કૃષ્ણએ તેને પોતાની પાસે રાખી લીધી અને અમને બધાંને જવાનો આદેશ આપ્યો.'

એ સ્ત્રીઓનું બોલવું સાંભળીને ઋષિને ખૂબ આશ્ચર્ય થયું. એ બોલ્યો: 'મેં મારી સ્ત્રીને ઝાડ સાથે બાંધીને મૂકી છે.

ત્યારે એ સ્ત્રીઓ બોલી: 'અમારે ખોટું બોલીને શું કરવું છે. અમે ત્યાં જે પ્રત્યક્ષ જોયું તે જ તમને કહ્યું.'

આ સાંભળી એ ઘમંડી ઋષિ ઝાડ પાસે જઈને જોવા લાગ્યો. તો તેની પત્ની નિશ્ચેષ્ટ થયેલી દેખાઈ. ઋષિએ તેની પત્નીને ઝાડથી છોડી અને બધા ઋષિઓને બોલાવીને તેની સ્થિતિ બતાવી. ત્યારે બધા ઋષિઓ બોલ્યા: 'તારી પત્ની મરી ગઈ છે. પોતાની સ્ત્રીની એ સ્થિતિ જોઈને તે ઘમંડી ઋષિને શ્રી કૃષ્ણની નિંદા કરવાનો ખૂબ પશ્ચાતાપ થવા લાગ્યો.

આ બધી સ્ત્રીઓ સાથે પોતાની સ્ત્રીને શ્રી કૃષ્ણની પાસે જતાં જોઈ ત્યારે તેનું લિંગ દેહ ત્યાં ગયું હશે અહીં ફક્ત તેનું સ્થૂળ શરીર જ છે એમ જાણીને એ ઘમંડી ઋષિ બધા ઋષિઓને સાથે લઈને શ્રી કૃષ્ણ પાસે ગયો. ત્યાં બધા ઋષિઓ શ્રી કૃષ્ણને સાષ્ટાંગ પ્રણામ કરીને કહેવા લાગ્યા. 'હે દયાનિધિ ! અમે અત્યંત પાપી હોવાથી શાસ્ત્રોના અભિમાનથી અંધ થયા છીએ. તું નિર્વિકલ્પ નિરાકાર છે ! સમયે સમયે પોતાના ભક્તો માટે સગુણ સાકાર સ્વરૂપ ધારણ કરે છે ! તને જાણવાનો વેદનો પણ અધિકાર નથી તો અમે મૂઢ તને ક્યાંથી જાણીશું ! હે પુરુષોત્તમ ! અમે અનંત અપરાધી છીએ, હે કૃપાનિધિ ! અમારા અપરાધની ક્ષમા આપો અને અમારું રક્ષણ કરો.'

એમ એ ઋષિઓની પ્રાર્થના સાંભળી શ્રી કૃષ્ણ બોલ્યો: 'હે દ્વિજોત્તમહો, અમે ગોવાળો છીએ, તમારા દ્વિજોના આજ્ઞાધારક દાસ છીએ. મને ભગવાન ભગવાન એમ કહીને નિષ્કારણ મારું નામ લોકોમાં કરશો નહીં. તમારી આજ્ઞા જે હોય તે કહો. હું તમારું કાર્ય કરવા તૈયાર છું.'

ત્યારે પેલો ઘમંડી ઋષિ બોલ્યો: 'હે પ્રભુ નારાયણ ! મારી સ્ત્રી મૃત્યુ પામી છે. જીવંત થઈને મને મળે. એટલી મારી તમને વિનંતી છે.'

એ ઘમંડી ઋષિની વિનંતી સાંભળીને શ્રી કૃષ્ણ બોલ્યો: 'ઋષિ મહારાજ, તમે તમારા આશ્રમમાં જાઓ એટલે તમારી સ્ત્રી આશ્રમમાં કામકાજ કરતી હશે એમ તમને દેખાશે. એ પ્રમાણે ઋષિ આશ્રમમાં આવીને જુએ છે તો પોતાની સ્ત્રી રોજની જેમ કામકાજ કરે છે. એ જોઈને તેને ખૂબ આનંદ થયો.'

ગોપી ગોવાળીયા ત્યાં ટોળે મળી, અને રચ્યો રાસ સૌએ સાથે ભળી. ॥૧૭૦॥
પ્રીતે પ્રેમે ધાઈ લાગે છે પાય, ત્રિકમજી ત્યાં કરમદાં ખાય. ॥૧૭૧॥
નવ નારી જેણે રાખી છે ઘેર, લોક દુરીજન બોલે બહુ પેર. ॥૧૭૨॥
ખટ માસની જેણે રજની કરી, સાહેલીયો ત્યાં સરખી મળી. ॥૧૭૩॥
સોળ સોળ વરસની સર્વે સરખી નારી, તેમાં કૃષ્ણજી રમે બાળ બ્રહ્મચારી. ॥૧૭૪॥
પ્રેમ પ્રેમદા ત્યાં ફૂદડી ફરે, ત્યાં મન ભાવે હૃદયમાં ધરે. ॥૧૭૫॥
છળ કરીને સતી વૃંદા છળી, પડયા જાલંદર જમુનામાંય જઈ. ॥૧૭૬॥
કાન રૂપે લીલા જો કરી, અને ગોપીયો સઘળી પ્રેમે વરી. ॥૧૭૭॥

એકવાર શરદ ઋતુનો પ્રારંભ થયો ત્યારે કુંજવનમાં જઈને શ્રી કૃષ્ણ મોરલીવાદન કરતો બેઠો. એ સમયે કુંજવનમાં જુહી, મોગરો, ચમેલી વગેરે વૃક્ષોને ફૂલોની વસંત ખીલી હતી. આખું અરણ્ય સુવાસથી ભરાઈ ગયું હતું. એ દિવસે કાર્તિક શુકલ પૂર્ણીમા હોવાથી બધે સ્ફટિક પ્રમાણે સ્વચ્છ ચાંદની પડતી હતી. કુંજવનમાં શ્રી કૃષ્ણની મોરલીવાદન સાંભળીને ગોકુળના બધા લોકો તલ્લીન થઈ ગયા. એ મધુર અને ચિત્તાકર્ષક વેણુનાદથી સ્ત્રીઓ પોતાનું દેહભાન ભૂલી ગઈ અને શ્રી કૃષ્ણની પાસે જઈને એ મોરલી સાંભળે છે એવું એમને લાગવા માંડયું. તેઓ ભાન ભૂલીને પોતાનાં ઘરબાર તથા કામકાજને પડતાં મૂકીને કુંજવનમાં કેમ આવ્યાં એ પણ એમને સમજાયું નહીં. એ પોતે પોતાના પતિઓને શય્યા પર સુવડાવીને કુંજવનમાં આવ્યાં. કેટલીક સ્ત્રીઓ બાળકોને ખવડાવતી હતી ત્યારે પોતાના બાળકોને ખાતાં મૂકીને એવીને એવી જ શ્રી કૃષ્ણ પાસે આવી. સ્ત્રીઓ પ્રમાણે જ ગોપાલો, ગાય, વનમાંના પશુ-પક્ષીઓ વગેરે બધાની એવી જ ચમત્કારીક અવસ્થા થઈ. બધા લોકો કુંજવનમાં શ્રી કૃષ્ણ પાસે આવીને ઊભા રહ્યા.

એ આલાપ પદ સુસ્વર વેણુનાદથી દશ દિશા ફરનાર વાયુ પણ સ્થિર થયા હતા અને યમુનાનું પાણી પણ સ્તબ્ધ થયું હતું. સ્વર્ગમાંથી દેવ ગંધર્વ અને અપ્સરાગણ પણ એ મુરલીના નાદથી તલ્લીન થઈને આકાશમાં પોતપોતાના વિમાનમાં બેસીને આવ્યાં હતાં. એ વેણુનાદથી દેહ ભાન ભૂલી ગયેલી ગોપીઓએ મોરલીના સ્વર સાથે જ રમવાનો આરંભ કર્યો. ફરી-ફરીને સુંદર ગીતો બોલીને નાચવા-રમવા લાગી. મધ્ય ભાગે શ્રી કૃષ્ણ જ વેણુ વગાડવા લાગ્યો. એ વખતે શ્રી કૃષ્ણની એ રાસલીલા થયા પછી બધી ગોપીઓ આનંદથી નાચતી જ ગોકુળમાં આવવા લાગી. ગોપ પોતાની સ્ત્રીઓની શોધ કરવા લાગ્યા. તો તેઓ પોતાના ઘરમાં જ નિદ્રિસ્ત થયેલી દેખાઈ. નંદ શ્રી કૃષ્ણની શોધ કરે છે તો શ્રી કૃષ્ણ અને બલરામ પોતાની શૈયા ઉપર ગાઢ નિદ્રામાં દેખાયા. સારાંશ પ્રભુની એ અપૂર્વ લીલા જોઈને બધા છક્ક થઈ ગયા.

રથે ચઢી કૃષ્ણજી મથુરામાં જાય, ત્યારે કંસાસુરે દળ જોડયાં છે ત્યાંય. ॥૧૭૮॥
તે કંસાસુર દળ ભેગા કીધા જેહ, દેવે દળ સંહારી નિકંદ કીધા તેહ. ॥૧૭૯॥
તે રથે કૃષ્ણ દેવ મથુરામાં જાય, ત્યાં કંસાસુર સાથે યુદ્ધ મંડાય. ॥૧૮૦॥
ત્યાં માર્યો કંસને પડી પોકાર, મથુરા નગરીમાં વરત્યો હાહાકાર. ॥૧૮૧॥

ત્યાં પ્રગટ હુઆ ત્રિભુવન દેવ, દૈત્ય કંસાસુરને માર્યો તતખેવ. ॥૧૮૨॥
ત્યાં શેષ નાગનાં ફેડયાં છે ઠામ, અને ત્રિભુવન માંહે વર્તી આણ. ॥૧૮૩॥
ત્યાં કંસાસુર દૈત્ય મુવો જે વાર, ને સોળ સહસ્ર નારી લાવ્યા તે વાર. ॥૧૮૪॥

મથુરાના કંસ રાજાએ શ્રી કૃષ્ણ અને બલરામના સંહાર માટે અનેક રાક્ષસ મોકલ્યા. તેમણે અનેક પ્રકારના કપટાચરણ કરીને બલરામ-કૃષ્ણ, ગાયો અને ગોપ બધાંને હેરાન કર્યા, પરંતુ આ રાક્ષસોનાં કૂડકપટ જાણીને શ્રી કૃષ્ણએ તેમનો સંહાર કર્યો. શંખચૂડ, અરિષ્ટાસુર, કેશી, વ્યામાસુર વગેરે મહાબલાઢય અને કપટી વિદ્યામાં નિષ્ણાત એવા દુષ્ટોનો સંહાર થયા પછી કંસના હાંજા ગગડી ગયા. એ અત્યંત ચિંતાગ્રસ્ત થયો.

એટલામાં નારદ મુનિએ આવીને કંસાસુરને તેના હૃદયમાં શ્રી કૃષ્ણના વધ માટે પાનો (જુસ્સો) ચડાવ્યો. નારદના કહેવાથી કંસે પોતાના ચાણુર, મુષ્ટિક વગેરે મલ્લોની સહાયથી ધનુર્યાગ નિમિત્તે શ્રી કૃષ્ણ અને બલરામને બોલાવીને તેમનો સંહાર કરવો એમ નક્કી કર્યું. ઉગ્રસેને કંસને આમ ન કરવાની વાત કહી અને આ કૃત્યથી પરાવૃત્ત કરવાનો પ્રયત્ન કર્યો, પણ કંસે તેની ઉપેક્ષા કરી. તેના પિતાને હાથપગમાં સાંકળ નાખીને કેદમાં નાખીને અન્યાય કર્યો.

પછી નારદ મુનિ ગોકુળમાં આવીને શ્રી કૃષ્ણને મળ્યા અને બોલ્યાઃ 'હે શ્રી કૃષ્ણ, તમે ફકત દુષ્ટોના સંહાર માટે અને સાધુના રક્ષણ માટે અવતાર લીધો છે અને હમણાં સુધી તમે સારા એવાં અંશી આ કાર્યો કર્યાં છે, પણ પ્રત્યક્ષ તમારાં માતા પિતા અને સર્વ પ્રજાનું પુત્રવત્ પાલન કરનાર સત્ત્વશીલ રાજા ઉગ્રસેન એ દુષ્ટ કંસના કારાગૃહમાં પડયા છે. એમને છોડાવવાનો તમે કંઈ વિચાર કેમ કરતા નથી. હવે કંસે ધનુર્યાગ રચીને ચાણુર અને મુષ્ટિ જેવા મલ્લોથી તમારો વધ કરવાનું કાર્ય ઉપાડ્યું છે. એ યોગ માટે તમને જલ્દી જ આમંત્રણ આપશે. એ વખતે તમે ત્યાં જાવ અને કંસનો નાશ કરીને બધાને સુખી કરો.

નારદે કહ્યા પ્રમાણે કંસે મથુરામાં ધનુર્યાગ કર્યો. તેનું નિમંત્રણ આપવા માટે અને નંદ અને બલરામ-શ્રીકૃષ્ણને સાથે લઈ આવા માટે કંસે અક્રૂરને મોકલ્યા. કંસ ક્રૂર અને કપટી છે અને તેણે બલરામ-શ્રીકૃષ્ણને મારવા માટે જ આ ઘાટ રચ્યો છે એ બધી અક્રૂરને ખબર હતી. પણ અક્રૂર કંસના તાબેદાર હોવાથી શ્રી કૃષ્ણને લાવવાની જવાબદારી એના ઉપર આવી પડી તેથી તેને ખૂબ દુઃખ થયું.

શ્રી કૃષ્ણને કંસનું આ કપટ જણાવવું કે નહીં એ માટે અક્રૂરે પોતાની સ્ત્રીની મદદ લીધી. તેમની સ્ત્રીએ કહ્યું: 'શ્રી કૃષ્ણ એ જગદીશ્વર છે, અંતર્યામી છે. બધાના વિચારની એને ખબર નહીં હોય ? સ્વામી ! અહીં આપણે બોલીએ છીએ તે પણ સૂક્ષ્મ દષ્ટિથી એ જુએ છે. પછી કંસના નીચ મનની એને ખબર નહીં હોય ? સ્વામી ! કાર્યને અનુસરીને અને સજ્જનોને સંભાળીને વર્તવું. બધી સાચી હકીકત શ્રી કૃષ્ણને જણાવવી એ યુકત છે.'

સ્ત્રીની સંમતિથી અક્રૂરે રથ સજાવી કરીને એ ગોકુળમાં આવવા નીકળ્યા. પ્રત્યક્ષ શ્રી કૃષ્ણનાં દર્શન થશે, તેમની લીલા ક્રીડા જોવા મળશે, માટે એ અતિશય આનંદીત હતા. ગોકુળને પાદરે ગાયોની પાછળ એનાં ઉપસેલાં સુચિન્હયુક્ત પગલાં જોઈ એ રથની નીચે ઉતર્યા અને એ પગલાંને વંદન કરતા ભૂમિ પર આળોટવા લાગ્યા. શ્રી કૃષ્ણની ચરણ ધૂળથી પોતે પાવન થયા એમ એમને લાગ્યું. નંદે અક્રૂરનો ભવ્ય સત્કાર કર્યો. અક્રૂરે ભગવાનનાં દર્શન કર્યાં અને શ્રી કૃષ્ણની શંખ-ચક્ર-ગદા-પદ્મધારી ચતુર્ભુજમૂર્તિ તેને દેખાવા લાગી. અપરિમિત આનંદ થવાથી એ ગદ્ગદિત થયા. શ્રી કૃષ્ણએ પોતાના પ્રેમાળ ભક્તને માટે કૃતજ્ઞતા બતાવી અને અક્રૂરજીના શિર પર પોતાનો પ્રેમાળ વરદહસ્ત મૂક્યો. અક્રૂરજીને ધન્યતા થઈ ગઈ.

પછી નંદે અક્રૂરજીની પૂજા કરીને પંચપકવાનનું ભોજન કરાવ્યું અને આવવાનું કારણ પૂછ્યું. અક્રૂરે બધી હકીકત કહીને કંસનું નિમંત્રણ જણાવ્યું. નંદે એકલા જ આવવાનું કબુલ કર્યું. પણ શ્રી કૃષ્ણએ કંસની ઈચ્છા પૂર્ણ કરવી જરૂરી છે એમ આગ્રહ કરીને બલરામ સાથે આવવાનો આગ્રહ કર્યો. એ સાંભળીને બધી ગોપીઓ વિહ્વળ થઈ ગઈ. તેમને અત્યંત શોક થયો. શ્રી કૃષ્ણનો અને પોતાનો વિયોગ થશે તેથી ગોપીઓ ખૂબ દુઃખી થઈ. પ્રભુની માયાથી બધાં એટલાં મોહિત થયાં હતાં કે, તેમને શ્રી કૃષ્ણનો વિયોગ અસહ્ય લાગવા માંડયો. અનેક સ્ત્રીઓ રથ આગળ આડી સૂઈ ગઈ. ત્યારે રથ ઊભો રાખી શ્રી કૃષ્ણ નીચે ઉતર્યા અને તેમને બધાને આત્મ પ્રીતિ બતાવી તેમની ભ્રાંતિ દૂર કરી. ભકતો પાસે શ્રી કૃષ્ણ કાયમ વાસ કરે છે એવી સમજણ પડતાં બધા લોકોને સમાધાન થયું અને પાછા ફર્યા. શ્રી કૃષ્ણ-બલરામ-નંદ વગેરેએ મથુરામાં જવા પ્રયાણ કર્યું.

રસ્તામાં અક્રૂરે શ્રી કૃષ્ણને કંસના કપટનું કથન કહ્યું અને પોતાને ખૂબ દુઃખ થાય છે એમ કહ્યું. અક્રૂરની એ નિખાલસ ભક્તિ જોઈને શ્રી કૃષ્ણને આનંદ થયો અને તેમણે પોતાનું ખરું સ્વરૂપ બતાવીને અક્રૂરનો ભય દૂર કર્યો. યમુના પાસે આવ્યા પછી અક્રૂરે સ્નાન સંધ્યા કર્યાં. અક્રૂરને પાણીમાં ડૂબકી મારતાં જ એને સર્વત્ર શ્રી કૃષ્ણની જ મૂર્તિ દેખાવા લાગી અને એ માટે અક્રૂરના મનનો ભય પૂર્ણપણે દૂર થઈ ગયો. મથુરા પહોંચ્યા પછી એક ઉપવનમાં એ ઉતર્યા. અક્રૂર ત્યાંથી નગરમાં જવા નીકળી ગયા.

શ્રી કૃષ્ણ અને બલરામે નક્કી કર્યું કે પોતે રાજવેષ ધારણ કરીને નગર પ્રવેશ કરવો. ત્યાંજ રાજાનો એક ધોબી કપડાં ધોઈને લઈ જતો હતો એ તેમને દેખાયો. બલરામ-શ્રી કૃષ્ણે તેની પાસેથી બધાં વસ્ત્રો લઈ લીધાં અને એ વસ્ત્રો ગોપાલોને પહેરવા આપ્યાં અને પોતે પણ ઉત્તમ વસ્ત્રો પરિધાન કર્યા પછી તેમણે નગરમાં પ્રવેશ કર્યો. વાટિકામાં સુદામા માળી મળ્યો. તેણે સંતોષથી બધાં ફૂલ અને ફૂલહાર બલરામ શ્રી કૃષ્ણ અને તેમના સાથીઓને આપ્યા.

પછી કુબ્જા દાસી મળી. કંસ માટે ચંદન તૈયાર કરીને જતી હતી. પણ શ્રી કૃષ્ણ દેખાતાં જ કુબ્જાએ શ્રી કૃષ્ણને ચંદન લગાવી અંગમર્દન કર્યું. શ્રી કૃષ્ણએ એની ભક્તિ જોઈને એના પગના અંગૂઠા પર પગ મૂકી અને ડાબા હાથે હનુવટી પકડીને એને વરદાન આપ્યું. એ સાથે એ વાંકી અને કુરૂપ કુબ્જા સીધી થઈને એક સુંદર દેવાંગના પ્રમાણે દેખાવા લાગી. એ સુખકારક અવસ્થા પ્રાપ્ત થતાં જ એ કુબ્જાને કામવાસના ઉત્પન્ન થઈ અને શ્રી કૃષ્ણનો હાથ પકડીને કહે; મારો સ્વીકાર કરો.

શ્રી કૃષ્ણ કહેઃ 'કુબ્જા, હું ખાસ કામ માટે કંસ પાસે જતો હોવાથી બ્રહ્મચર્યનો સંકલ્પ કર્યો છે. કંસ પાસેથી પાછા આવ્યા પછી હું તારો સ્વીકાર કરીશ' એમ શ્રી કૃષ્ણએ કહ્યું.

હવે શ્રી કૃષ્ણ અને બલરામ ગોપાલોને ઉપવનમાં મૂકીને સભામંડપમાં આવ્યા. મંડપને ઉત્તમ ઉત્તમ વસ્તુથી શણગારેલ હતો. એ બંનેએ મંડપમાં આવતાં જ લડવાનાં સાધનોમાંથી બે ધનુષ્ય કાઢયાં. એ પ્રચંડ ધનુષ્ય બંનેએ વાળીને તોડી નાખ્યાં. એ પ્રચંડ કડકડાટ સાંભળીને મંડપ રક્ષણ માટે જે રક્ષકો હતા તેઓ એમની પાસે દોડી આવ્યા. એ બધાનો સંહાર કરીને એક ક્ષણમાં મંડપમાં બધું ઉધ્વસ્ત કરી નાખ્યું. એ વર્તમાન સાંભળતાં જ કંસની છાતી થડકી ગઈ અને વિના કારણ એમને અહીં બોલાવ્યા એમ કંસને પશ્ચાતાપ થયો.

પછી મંત્રી મંડળના આદેશથી કંસે ત્યાં ગોકુળમાં સૈનિકો મોકલી ગોપાલ અને ગોપ સ્ત્રીઓને ત્રાસ આપવાનું નક્કી કર્યું. શ્રી કૃષ્ણએ ગોપાલ અને બાળકોને તાત્કાલિક ગોકુળમાંથી રવાના કરીને મથુરા નગરમાં લાવી દીધાં. શ્રી કૃષ્ણ અને બલરામ નગરની શોભા જોતા જોતા જતા હતા ત્યારે મથુરાવાસીઓએ તેમનાં દર્શન કરતાં કરતાં એમના પરનાં સંકટ ટળે એ માટે ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યાં. તેની પૂજા અર્ચના અને નમસ્કાર કરવા લાગ્યા. હજારો નગરજનો શ્રી કૃષ્ણનાં દર્શન માટે

મહેલના દરવાજા પાસે ભેગાં થયેલાં હતાં. એ બંને સુકુમાર તરુણ વીરીને જોઈને લોકોને આશ્ચર્ય થતું હતું. શ્રી કૃષ્ણનો તેમણે જય જયકાર કર્યો. જેવી પ્રવૃત્તિના લોકો હતા તેવા સ્વરૂપથી તેમને પરમેશ્વરનાં દર્શન થયાં.

શ્રી કૃષ્ણ અને બલરામ દરવાજામાં આવતાં જ ત્યાં એક પ્રચંડ હાથી ઊભો હતો. શ્રી કૃષ્ણએ તેને કહ્યું: 'અરે મહાવત, હાથીને જરા બાજુમાં લે. અમને મહેલમાં જવું છે.'

ત્યારે મહાવત ઉપહાસથી હસીને બોલ્યો: 'અરે ગોવાળીયાઓ, વનમાં ગેડી દડા રમવાનું છોડીને તમને આ મલ્લ સાથે રમવાની દુર્બુદ્ધિ ક્યાંથી આવી ? તમે હાથીથી જો આટલા બીવો છો તો આગળ શું કરશો એ ખબર પડે છે !' એમ કહીને એ મહાવતે એ હાથી બલરામ-શ્રી કૃષ્ણના શરીર પર છોડયો. એ સાથે શ્રી કૃષ્ણએ એ મહાવતને નીચે ખેંચ્યો અને બલરામે હાથીની સૂંઢ પકડીને એને નીચે પાડયો અને હાથીના બંને દાંત ખેંચી નાખ્યા, હાથી મરણ પામ્યો. પછી મહેલમાં પ્રવેશ કરતાં જ ચાણુર, મુષ્ટિક, કુટ, જેટી, સુકુળ વગેરે મલ્લ શ્રી કૃષ્ણની રાહ જોતા જ બેઠા હતા. પ્રથમ ચાણુર ઊઠીને મધ્ય ભાગે આવ્યો. પછી મુષ્ટિક, કુટ વગેરે એક કરતાં એક પ્રચંડ બલવાન મલ્લ અખાડામાં કુસ્તી માટે ઉતર્યા, પણ બધાને શ્રી કૃષ્ણ અને બલરામે એક જ મુક્તિના માર્ગ પર લઈ જઈ મૂક્યા.

આ જોઈ કંસ ગભરાયો અને પોતાના સૈનિકોને હુકમ કર્યો: 'અરે સૈનિકો, જુઓ છો શું ? તમે વીર કહેવડાવો છો ? તમે આટલા જણ અજિત છો તો આ છોકરાઓની તમારી આગળ શું વિશાદ ! તમે બધા એકદમ ચારે બાજુથી એમની ઉપર હુમલો કરો.' કંસ આમ બોલે છે ત્યાં જ બલરામ અને શ્રી કૃષ્ણ કંસની સામે દોડયા. એમને જોતાં જ કંસ મોટેથી ગર્જના કરી બોલ્યો: 'વીરો દોડો ! દોડો ! આ દુષ્ટોને પહેલાં પકડો. એમને બંદીખાનામાં લઈ જઈ વસુદેવ દેવકીની સામે એમનો વધ કરો. નંદ જોડે બધા ગોવાળીયાઓને પકડીને ઠાર મારો. ધનુર્યાગનો સમારંભ જોવા માટે એમને આપણે આમંત્રણ આપ્યું અને આ તો આપણા પ્રાણ હરવા ઉઠયા છે. હે વીરો, જેમના હાથે જે પકડાય એમનો સંહાર કરો, ગોકુળમાં આગ લગાવો, એ ગોવાળીયાઓની સર્વ સંપત્તિ લૂંટી લાવો. કંસની ગર્જના સાંભળીને કોઈને પણ ચેતના આવી જ નહીં. જે મૃત્યુ જોઈને સામે આવ્યા તેમનો શ્રી કૃષ્ણ અને બલરામે તત્કાળ નાશ કર્યો.'

છેલ્લે બંને જણ કંસના સિંહાસન પર ચઢયા. કંસ બીકથી ગભરાઈ ગયો. સંતાપથી ગાંડા જેવો થઈ ગયો. એ સિંહાસનથી ઉતરીને સુરક્ષિતપણાનો માર્ગ શોધવા લાગ્યો. પણ જ્યાં જુએ ત્યાં તેને શ્રી કૃષ્ણ જ દેખાવા લાગ્યા. છેલ્લે શ્રી કૃષ્ણએ કંસના વાળ પકડીને ક્યાં ભાગી જાય છે એમ કહીને ઘસડયો. કંસ મોઢેથી બેબાકળો બની પ્રલાપ કરતો વાળ છોડાવવા પ્રયત્ન કરતો હતો. પરંતુ શ્રી કૃષ્ણના હાથમાંથી વાળ છુટતા નહોતા.

શ્રી કૃષ્ણ બોલ્યા: 'કંસ, ફક્ત હમણાં વાળ પકડીને જ તારો પ્રાણ લીધો હોત પણ આ રીતે તારો નાશ કરવો એ વીરનું કર્તવ્ય નથી. માટે હું તમે હમણાં છુટો છોડી દઉં છું. તું બરાબર તૈયારી કર. તારી જેટલી શક્તિ છે તેં એક કરીને તને જે યુક્તિપ્રયુક્તિથી મારો નાશ કરવાનો હોય એવી યોજના કર.'

કંસ એક ચિડાયેલા સિંહ જેવો શ્રી કૃષ્ણ ઉપર દોડી આવ્યો. ત્યારે શ્રી કૃષ્ણએ સરળ લીલાથી એની છાતી ઉપર એક મુક્કો માર્યો, એ સાથે કંસ દૂર જઈને પડયો. પરંતુ એ ફરી ઊઠયો અને હાથમાં તલવાર લઈ શ્રી કૃષ્ણ તરફ દોડી આવ્યો. શ્રી કૃષ્ણએ કંસનો હાથ પકડીને તલવાર છીનવી લીધી અને કહ્યું: 'કંસ, આ તલવાર તેં લાવી આપી એ ખૂબ સારું થયું. પણ નિર્જન સ્થળ કરતાં બધા લોકો સામે જ તારો કાયમનો આલોકમાંથી નાશ કરવો જોઈએ, એમ કહીને કંસને રાજમાર્ગ ઉપર ખેંચી લાવ્યા.

તલવાર બલરામને આપી નિઃશસ્ત્ર થઈને ત્રણ વાર કંસને ધક્કો માર્યો. શ્રી કૃષ્ણ અચળ ઊભા હતા. કંસ પોતાનું સ્વરક્ષણ કરતો હતો. એ યુદ્ધ ચમત્કાર જોવા માટે આકાશમાં દેવો આવી ગયા. સારો એવો સમય રમાડીને શ્રી કૃષ્ણએ કંસને નીચે પછાડયો અને તેની છાતી પર બેસીને એનો કંઠનાળ કાપી મસ્તક દૂર ફેંકી દીધું. કંસ જેવા દુષ્ટ, ક્રૂર, જુલમી અને પ્રજાને છળનાર રાજા મૃત્યુ પામવાથી સર્વ પ્રજાને આનંદ થયો. બધા શ્રી કૃષ્ણને અને બલરામને ખભા પર બેસાડી માર્ગમાં અનેક વાદ્ય વગાડીને ધજા પતાકા સાથે નાચવા લાગ્યા. અહીં કંસની રાણીઓ આક્રોશ કરતી આવી અને કંસના છિન્નભિન્ન થયેલા શરીર પર પડીને શોક કરવા લાગી. એ રાણીઓની પતિ નિષ્ઠા જોઈને શ્રી કૃષ્ણને એમની દયા આવી. શ્રી કૃષ્ણએ તે સ્ત્રીઓને યોગ્ય ઉપદેશ કરીને તેમનાં દુઃખ ઓછાં કર્યા. પછી કંસની ઔર્ધ્વદૈહિક્રિયા કરી અને કંસને મુક્તિ આપી.

શ્રી કૃષ્ણ અને બલરામ કંસના વધ પછી પોતાના માતા પિતા જ્યાં બંદીગૃહમાં હતા ત્યાં ગયા. એમના હાથ પગમાંથી બેડીઓ કાઢી નાખી અને માતા-પિતાને મળ્યા. 'જન્મ આપ્યો ત્યારથી જ આજ સુધી જે પુત્રને કદી ધવડાવ્યો નથી, કદી છાતીએ લગાડયો નથી, કદી ખોળામાં લઈ રમાડયો નથી, કદી હિંચકામાં હિંચાવ્યો નથી, કદી કેડ પર લઈ ફેરાવ્યો નથી, કદી ભોજન ખવરાવ્યું નથી એવા પુત્રનું એકાએક મિલન થયા પછી માતાને કેવું લાગે તેની કલ્પના કરવી અશક્ય છે. વાસ્તલ્યના પ્રેમ ભાવમાં વસુદેવ દેવકીએ એ બંનેને વારંવાર પ્રેમથી લાડલડાવી એમનાં હેતથી ચુંબન લીધાં.

દેવકી બોલી : દીકરાઓ, અમે ફક્ત નામનાં તમારાં માતા-પિતા છીએ. તમારું લાલન પાલન કરવાનું યોગ અમારે નસીબે નહોતું.

પોતાની પ્રિય માતાના એ ઉદ્‌ગાર સાંભળીને શ્રી કૃષ્ણ બોલ્યાઃ 'જે માતા પોતાના પુત્રનાં અહર્નિશ કલ્યાણ ચિંતે છે, તેમનો સર્વ પાતકથી ઉદ્ધાર થાય છે અને તે ઋણમાંથી મુક્ત થાય છે. એ રીતે તમે બંને માતા-પિતા નિષ્કામ બુદ્ધિથી અમારા કલ્યાણ માટે ચિંતિત હતાં એટલે જ અમારા હાથે આ મહત્ત્વનું મહાન કાર્ય પાર પડયું છે, તમારી નિઃસ્વાર્થ પ્રીતિ એ જ અમારી સર્વ શક્તિ છે, એ જ શક્તિને કારણે હું દુષ્ટોનો સંહાર કરી શક્યો, આ બધી તમારી જ કૃપા છે.' આ પ્રમાણે માતા-પિતાને તેમણે સાંત્વન આપ્યું અને તેમના ચરણો પર મસ્તક મૂક્યું અને પોતાના નયનાશ્રુથી એમનાં ચરણ ધોયાં. બલરામે પણ પોતાનાં માતા-પિતાને એ જ પ્રમાણે વંદન કર્યા.

કંસે રાજ્ય તૃષ્ણાથી પોતાના જન્મદાતા પિતા ઉગ્રસેનને બંદીગૃહમાં પૂર્યા હતા અને ત્યાં એની અતિશય ખરાબ હાલત કરી નાખી હતી. ઉગ્રસેન સત્ત્વશીલ તેમજ ઈશ્વર ભક્ત હતા. આ બધું દુઃખ તે સહન કરતા હતા. કંસના હાથે પોતાનું મૃત્યુ થશે એમ તેમને લાગતું હતું. તેઓનો દુઃખદ સ્થિતિમાં એક એક દિવસ કષ્ટથી વ્યથિત જતો હતો. આ સ્થિતિમાં ઉગ્રસેન હતા ત્યારે શ્રી કૃષ્ણ ત્યાં ગયા. દરવાજો ખોલીનેઃ 'ઉગ્રસેન મહારાજ કુશળ હો ! ઉગ્રસેન મહારાજનો જય હો ! એમ જયધ્વજ કર્યો. એ સાંભળી ઉગ્રસેનને આશ્ચર્ય થયું અને આમ તેમ જોવા લાગ્યા. શ્રી કૃષ્ણ અને બલરામે એમની પાસે જઈને તેમની શૃંખલાઓ કાઢી નાખી. એમને જોતાં જ ઉગ્રસેનનું હૃદય ભરાઈ આવ્યું અને તેમણે શ્રી કૃષ્ણ અને બલરામને આલીંગન આપ્યું.

શ્રી કૃષ્ણ બોલ્યાઃ 'ઉગ્રસેન મહારાજ, તમને સર્વ સંકટમાંથી મુક્ત કર્યા છે. તમારા જેવા સંત-સાધુના રક્ષણ માટે મને કંસનો વધ કરવો પડયો. મેં એમાં મારો કોઈ પણ સ્વાર્થ સાધ્યો નથી, કંસના રાજ્યની મને બિલકુલ અપેક્ષા નથી. તમે તમારા સિંહાસન પર બેસો અને આનંદથી રાજ્ય ચલાવો. એવી મારી ઈચ્છા છે.'

પછી શ્રી કૃષ્ણએ ઉગ્રસેનનો રાજ્યભિષેક કરીને સિંહાસન પર બેસાડયા. ઉદ્ધવ અને અક્રૂર એ બંનેને પ્રધાન બનાવ્યા. તેમણે મથુરાનું રાજ્ય ઉત્તમ રીતે ચલાવીને સર્વ પ્રજાને સુખી કર્યા. ઉગ્રસેનની વિનંતીથી ઘણા સમય સુધી શ્રી કૃષ્ણ-બલરામ, વસુદેવ-દેવકી, નંદ-યશોદા વગેરે પરિવાર સાથે મથુરામાં રહ્યાં. શ્રી કૃષ્ણના મેળાપથી મથુરાના લોકોને પ્રત્યક્ષ વૈકુંઠનું સુખ મળ્યું. જે લોકોને ઉગ્રસેન જેવો રાજા, ઉદ્ધવ-અક્રૂર જેવા પ્રધાન અને શ્રી કૃષ્ણ જેવા મિત્ર મળ્યા એ ખરેખર ખૂબ ભાગ્યવાન હતા.

હર્ષિત થયાં છે ત્યાં દેવકી માય, હર્ષિત પિતા વસુદેવ જો થાય.॥૧૮૫॥
બાળકનું બળ દેખ્યું છે માય, અને દૈત્ય ઠામ ફેડયાં ત્યાંય.॥૧૮૬॥
પાંચ પાંડવ મહાભક્ત કહેવાય, તેના સખા શ્રી કૃષ્ણ હતા જયાંય.॥૧૮૭॥
ત્યાં અષ્ટમે રૂપે શ્રી હરિ અવતાર, દૈત્ય મારવા થયા શ્રી કૃષ્ણ મોરાર.॥૧૮૮॥
કંસાસુર દૈત્ય માર્યો જયાંય, સદ્‌ભક્ત પાંડવોને ઓદ્ધાર્યા ત્યાંય.॥૧૮૯॥
ત્યાં પછી સંસારમાં પ્રગટ થયા મોરાર, ત્યાં કૃષ્ણ રૂપે શ્રી હરિ અવતાર.॥૧૯૦॥
ગોકુળ મથુરામાં શ્રી હરિએ રમત કરી, પછી શ્રી હરિ આવ્યા છે દ્વારકાપુરી.॥૧૯૧॥
દ્વારકા નગરમાં છે ઉત્તમ વાસ, ત્યાં જઈ રહ્યા વૈકુંઠના નાથ.॥૧૯૨॥
શંખ ચક્ર પદ્મ આસન બેસણાં, ચતુર્ભુજ રાજા ત્યાં રાજ કરે છે ઘણાં.॥૧૯૩॥
ત્યાં ભક્તોને કારણ શ્રી હરિએ રૂપ જો ધર્યા, ને મહા દૈત્ય દુષ્ટને ત્યાં સંહાર્યા.॥૧૯૪॥
ત્યાં શ્રી કૃષ્ણજી ત્રિભુવનના ધણી, તે ભગતજન ઉપર કૃપા છે ઘણી.॥૧૯૫॥
ઘટ ઘટ વ્યાપક સચરાચર, ભકત કારણ રૂપ ધર્યાં શ્રી મોરાર.॥૧૯૬॥

શ્રી કૃષ્ણ પોતાના પરિવાર સાથે મથુરામાં રહેતા હતા ત્યારે કંસની રાણીઓ પોતાના પિતા જે જરાસંધ હતા એમની પાસે ગઈ અને મથુરામાં થયેલી બધી હકીકતનું નિવેદન કર્યું. ત્યારે જરાસંધે સત્તર વાર મથુરા પર યુદ્ધ કર્યું. પણ પ્રત્યેક વખત શ્રી કૃષ્ણએ એમનો પરાભવ કર્યો. તેમના આ યુદ્ધના કારણે મથુરાના લોકો ખૂબ ત્રસ્ત થયા. જરાસંધે પછી ફરીથી યુદ્ધ કરવા માટે કાલયવનને પણ સાથે લીધો હતો છતાં જરાસંધ હારી ગયો.

પછી શ્રી કૃષ્ણએ દ્વારકા નામની નવી નગરીની સ્થાપના કરીને તેમાં તેમને વાસ્તવ્ય સ્થાન કર્યું. કાલયવનનો મુચકુંદ પાસે વધ કરાવ્યો. જરાસંધનો નાશ ભીમ પાસે કરાવ્યો. જરાસંધના અસ્થિનાં પાસાં બનાવી શકુનિ કપટ દ્યૂત રમતો હતો. જરાસંધનો સહદેવ નામનો પુત્ર હતો. તેને સિંહાસન પર બેસાડી એમના બંદીગૃહમાં રહેલા રાજાઓની મુક્તિ કરી. પછી શ્રી કૃષ્ણ દ્વારકામાં રહેતા હતા ત્યારે બલરામના વિવાહ રૈવત રાજાની પુત્રી રેવતીની સાથે થયા અને શ્રી કૃષ્ણના વિવાહ વિર્દભના કુંડિનપુર નગરના ભીષ્મક રાજાની પુત્રી રુકિમણી સાથે થયા. શ્રી કૃષ્ણના બીજા ઘણા વિવાહ થયા હતા. એમાં મુખ્ય સત્યભામા, જાંબુવતી, કાલિંદી, મિત્રવિંદા, સત્યા, ભદ્રા, રોહિણી આ સ્ત્રીઓ સાથે અલગ અલગ સમયે લગ્ન કરીને શ્રી કૃષ્ણએ ગૃહસ્થાશ્રમમાં પદાર્પણ કર્યું.

પછી એકવાર ભૌમાસુર અર્થાત નરકાસુર સામે યુદ્ધ કરીને શ્રી કૃષ્ણએ ભૌમાસુરને મારી નાખીને એના બંદીગૃહમાં રહેલી જગતની સુંદર લાવણ્યમય એવી સોળ હજાર એકસો કુમારીકાઓને છોડાવી અને સમાજમાં એમની દુર્દશા ન થાય અને એ બધાને આશ્રય મળે તે માટે શ્રી કૃષ્ણએ કુમારીકાઓ સાથે લગ્ન કર્યાં અને એમનાં પાલન પોષણ રક્ષણની જવાબદારી પોતાના શિર પર લીધી.

એકવાર ધર્મરાજાએ કરેલા રાજસૂય યજ્ઞમાં સર્વ દેશ દેશના રાજા મહારાજાઓ ઉપસ્થિત હતા ત્યારે મોટા વૈભવથી પૂજા સાહિત્યની થાળી યજ્ઞમંડપમાં મંગાવી અને અગ્રપૂજાનું માન કોને આપવું એ માટે પૂછયું. ત્યારે શ્રી કૃષ્ણએ ભીષ્મને એ માન આપવું એવું નિવેદન કર્યું. શ્રી કૃષ્ણનું આ નિવેદન શિશુપાલને પસંદ પડ્યું નહીં.

શિશુપાલ બોલ્યોઃ 'ભીષ્મને પુત્ર અથવા કન્યા કોઈ પણ સંતતિ નથી. અર્થાત્ એ ગૃહસ્થ નથી માટે એ યતિ કહેવાય તેમજ એમનામાં તપઃસામર્થ્ય પણ દેખાતું નથી, તો પછી ભીષ્મને અગ્રપૂજાનું માન શા માટે આપવું ? વડીલ માનીને આપવું હોય તો એ ખરેખર વડીલ નથી, શુદ્ર વૃદ્ધને માન અપાય ? બ્રાહ્મણ જ્ઞાતિને વૃદ્ધ સમજાય, વૈશ્ય શ્રીમંતને વૃદ્ધ સમજાય અને જે સર્વ ક્ષાત્રધર્મ જાણતો હોય તે ક્ષત્રિયને વૃદ્ધ સમજાય. એ પ્રમાણે શિશુપાલે સભામાં ભીષ્મનો વિરોધ કર્યો. ત્યારે સર્વ સભા શિશુપાલ પર પ્રક્ષુબ્ધ થઈ. ભીમ તો તેની જગ્યા પરથી મુઠ્ઠી પકડી ઉઠયો. પરંતુ ભીષ્મે એને પાછો વાળી અને શાંત કરીને તેની જગ્યા ઉપર બેસાડયો.

પછી જરાસંધના પુત્ર સહદેવે શ્રી કૃષ્ણને અગ્રપૂજાનું માન આપવું એવી સૂચના કરી. પરંતુ શિશુપાલને શ્રી કૃષ્ણ પણ પસંદ પડયા નહીં. તેણે શ્રી કૃષ્ણની નિંદા શરૂ કરી. ત્યારે તેની પ્રત્યેક ગાળ શ્રી કૃષ્ણ આંગળીથી ગણવા લાગ્યા. એક બે ત્રણ એ પ્રમાણે ગણતાં ગણતાં એકસો એક સંખ્યા પૂરી થઈ તે સાથે શ્રી કૃષ્ણએ શિશુપાલ પર સુદર્શન ચક્ર છોડીને એનો વધ કર્યો. શિશુપાલનો બંધુ દંતવર્ક વધનો બદલો લેવા માટે શ્રી કૃષ્ણની સામે દોડી ગયો, પરંતુ એનો પણ શ્રી કૃષ્ણે સુદર્શન ચક્ર છોડીને નાશ કર્યો. એ બંનેનો મિત્ર વિદુરથ હતો. એ પોતાની ગદા લઈને શ્રી કૃષ્ણની સામે યુદ્ધ માટે આવ્યો, પરંતુ શ્રી કૃષ્ણએ એના હાથમાંથી ગદા લઈને એ જ ગદાથી વિદુરથનો સંહાર કર્યો. શિશુપાલ અને વક્રદંત એ પહેલાંના જય વિજય નામના પરમેશ્વરના દ્વારપાલ હતા. બ્રહ્મ શ્રાપથી તેમને દાનત્વ પ્રાપ્ત થયું. પણ તેમનો સંહાર ભગવાનના હસ્તે થતાં જ તેમની પ્રાણ જયોત ભગવાનના આત્મ જ્યોતિમાં આવીને મળી ગઈ.

એકવાર દુર્વાસા ઋષિ ચાતુર્માસ માટે ગોમતીના કાંઠે આવીને રહ્યા હતા. તેમની પૂજા માટે શ્રી કૃષ્ણની સોળ હજાર એકસો આઠ રાણીઓ અલગ અલગ પૂજા સાહિત્ય અને નૈવેદ્યની થાળીઓ લઈને નીકળી. પરંતુ માર્ગમાં ગોમતી પાણીથી એકદમ ભરાઈને પૂર વહેતી હોવાથી સામે કાંઠે જવું અશક્ય હતું એટલે તે બધી શ્રી કૃષ્ણ પાસે પાછી આવી અને પોતાને સામે બાજુ પહોંચતી કરવા માટે શ્રી કૃષ્ણને વિનંતી કરી.

ત્યારે શ્રી કૃષ્ણ બોલ્યાઃ 'તમે બધી ગોમતીને એમ કહો કે જો શ્રી કૃષ્ણ બ્રહ્મચારી હોય અને અમે પણ વ્રતસ્થ કુમારી હોઈએ તો તું દુભંગ થઈને અમને માર્ગ આપ.' એ સ્ત્રીઓએ ગોમતીને એમ કહેતાંની સાથે જ એ દુભંગ (બેભાગ) થઈ, એ જોઈને બધી આશ્ચર્યચકિત થઈ ગઈ અને સામેના કિનારે પહોંચી ગઈ.

પછી તેમણે દુર્વાસાની યથા વિધિ પૂજા કરી પૂજા પ્રસાદ આરોગ્યો. સોળ હજાર એકસો આઠ થાળીઓનું બધું અન્ન એકલાએ ખાધેલું જોઈને એ સ્ત્રીઓને ખૂબ આશ્ચર્ય થયું. ભોજન થયા પછી દુર્વાસાએ તેમને આશીર્વાદ આપ્યો અને જવાની રજા આપી.

ત્યારે રાણીઓએ દુર્વાસાને કહ્યું: 'ઋષિ મહારાજ, ગોમતીમાં ખૂબ પાણી છે. સામે બાજુ જવાનો માર્ગ નથી ત્યારે અમે સામા કિનારે કઈ રીતે જઈએ ?'

દુર્વાસાએ કહ્યું: 'તમે ગોમતીને મારો એવો સંદેશ જણાવો કે, દુર્વાસા ઋષિ જો ખરેખર નિરાહારી હોય તો તું દુભંગ થા.'

આ પ્રમાણે દુર્વાસાનો સંદેશો ગોમતીને કહેતાં જ નદી દુભંગ થઈ ગઈ. પછી બધી સ્ત્રીઓ સામેના કિનારે પહોંચી ગઈ. આ થયેલા ચમત્કાર માટે તેમને ખૂબ જ આશ્ચર્ય થયું અને તેમણે બધા પ્રકારનો અહંભાવ છોડી પ્રભુની ચિદ્‌શક્તિ એવી રુકિમણીને એ માટે પૂછતાં તેણે ભગવાનની લીલા વિષયે ઈતર સ્ત્રીઓને કહ્યું કે: 'આપણા બધા પાસે પ્રભુ સગુણ સ્વરૂપે એક જ સમયે બધા સાથે રહે છે એટલે એવું અશક્ય કંઈ નથી. જે બધા પાસે જ છે. એ આત્મ સ્વરૂપ ભગવંત અલિપ્ત છે. માટે જ એ બ્રહ્મચારી છે. તેમજ દુર્વાસા ઋષિ એ રુદ્ર સ્વરૂપ છે. એ સંપૂર્ણ વિશ્વ પણ આરોગી જવા સમર્થ છે. ત્યાં આપણા લોકોના અન્નનો શો હિસાબ ?' આ પ્રમાણે રુકિમણીએ એ બધી સ્ત્રીઓને સમજાવીને તેમની શંકા દૂર કરી.

પાંચ પાંડવ ઉપર જો કૃપા કરી, તેના સખા થયા છે શ્રી કૃષ્ણ હરિ.॥૧૯૭॥
ત્યાં પાંડુ રાજા રાજ વૈભવ જો કરે, અને મહાસંતોષ દયા મન ધરે.॥૧૯૮॥
વાચ કાય પુન પવિત્ર છે ઘણા, તે દેવ ધર્મ શું નિર્મળ ચિત્ત તણા.॥૧૯૯॥
ત્યાં સત્ય તણી કરે છે પ્રતિપાળ, એવા જ્ઞાનવંતા ભજે એક જ દયાળ.॥૨૦૦॥
જ્યાં દુર્યોધન સો બંધવ જે હોય, ત્યાં રાજ કરે છે હસ્તિનાપુરની મોય.॥૨૦૧॥
કૌરવ પાંડવ બેઉ રાજ કરે જાણ, ત્યાં પાંડવ તણા જશ પ્રમાણ.॥૨૦૨॥
કૌરવના મનમાં એ નવ સહેવાય, પાંડવોને મારવા કીધા અનેક ઉપાય.॥૨૦૩॥
ત્યાં ભીમસેને તો ઉખેડયાં ઝાડ, એણે સોયે બંધવનાં ભાંગ્યાં હાડ.॥૨૦૪॥
ત્યાં દુષ્ટ દુર્યોધન બોલ્યો છે બોલ, અને દૂર ઊભા રહ્યા સોયે અતોલ.॥૨૦૫॥
ત્યારે પર નાકે પાણી વહ્યાં, ત્યારે મરવા સરીખા કૌરવ થયા.॥૨૦૬॥
ત્યાં ક્રોધવંતા દુર્યોધન ભયા, તેણે વિખના લાડુ ભીમસેનને દીયા.॥૨૦૭॥
ત્યાં સોમલ ઝેર અમૂલખ કર્યા, મૂર્છિત હુવા ભીમ તે ગંગામાં ધર્યા.॥૨૦૮॥
વળતાં ભીમ તો પાતાળે ગયા, ત્યાં નાગકન્યાએ તેને સજીવન કર્યા.॥૨૦૯॥
ત્યાં વાસંગ કન્યા શું તેનો વિવાહ થયો, તેનો પુત્ર તો વીર બર્બરીક હુવો.॥૨૧૦॥

શેષશાયી નારાયણના નાભિ કમળમાંથી બ્રહ્મદેવનો જન્મ થયો. બ્રહ્મદેવના દક્ષ પ્રજાપતિ થયા. એ દક્ષની પુત્રી અદિતિ છે. એ કશ્યપને પરણાવી હતી. તેનાથી વિવસ્વત નામનો પુત્ર થયો. એનો પુત્ર મનુ, એનો પુરુરવા, એનો આયુ, એનો પુત્ર નહુષ, એનો પુત્ર યયાતિ આ શુક્રાચાર્યનો જમાઈ હતો. પણ દાનવ કન્યા શર્મિષ્ઠાથી યયાતિને પુરુ નામનો પુત્ર થયો. એનો પુત્ર જનમેજય, એનો પુત્ર પ્રતિધ્વાન, એનો શર્યાતિ, એનો અહ્યાતિ અને એનો પુત્ર જયત્સેન થયો. એનો પુત્ર પ્રાચિન્વાન, એનો પુત્ર મહાભીમ, એનાથી પ્રાચનધન્વા, એનો પુત્ર અયુત, એનો પુત્ર અક્રોધન, એનો દેવાતિથી, તેને ઋચ નામનો પુત્ર થયો, તેનો પુત્ર દક્ષ, દક્ષનો ઈલીન, એનો મતિનાર, મતિનારનો પુત્ર દુષ્યંત, તેનો ભરત, ભરતના પુત્રનું નામ સુહોત્, એનો પુત્ર હસ્તિ થયો. એણે જ હસ્તિનાપુર નગરનું નિર્માણ કર્યું. આ હસ્તિનો પુત્ર વિકટ, એનો અજમીઢ, એનો પુત્ર સંહરણ, એનો પરીક્ષિત, એનો ભીમ, ભીમનો પ્રતીપ થયો. પ્રતીપને શાંતનુ (મહાભિષેક) અને બાલ્હિક થયા. શાંતનુનો પુત્ર ભીષ્મ, આજ શાંતનુના સત્યવતીથી ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય એ બે પુત્રો થયા. વિચિત્રવીર્યને ધૃતરાષ્ટ્ર, પાંડુ, વિદુર એ ત્રણ પુત્રો થયા. એ પૈકી ધૃતરાષ્ટ્રને સો, પાંડુને પાંચ પુત્રો થયા એ જ કૌરવ અને પાંડવ હતા. પાંડવોને દ્રૌપદીથી પ્રતિવિધ્ય,

શ્રુતસેન, શ્રુતકીર્તિ, શતાનીક અને શ્રુતકર્મા એ પાંચ પુત્ર થયા. શ્રી કૃષ્ણની બહેન સુભદ્રા અર્જુનને પરણાવી હતી. તેને અભિમન્યુ નામનો પુત્ર થયો. તેનો પરીક્ષિત, એનો જનમેજય, તેને શતાનિક અને શતકર્ણ એ બે પુત્રો હતા. શતાનિકને બે પુત્રો હતા. શતકર્ણનો પુત્ર સુદંત છે. એ પ્રકારની આ પુરુવંશની વંશાવલી છે.

પહેલાં ઈક્ષ્વાકુ કુળમાં મહાભિષક નામનો પરાક્રમી રાજા થઈ ગયો. તેણે એક હજાર અશ્વમેધ અને સો રાજસૂય યજ્ઞ કર્યા. એ કારણે તેને પુણ્ય પ્રાપ્ત થયું અને એ સ્વર્ગલોકમાં ગયો. એકવાર એ બ્રહ્મદેવની સભામાં બેઠો હતો, ત્યારે ગંગા ઉતાવળમાં વસ્ત્ર પહેરતી હતી, વસ્ત્ર તેના હાથમાંથી છુટી ગયું. એ જોતાં જ દેવસભામાં બેઠેલા બધા લોકો નીચે જોવા લાગ્યા. પરંતુ મહાભિષેકે માત્ર નીચે ન જોતાં ઉલટું એની સામે એકીટસે જોયું. એટલામાં ગંગાની નજર એના પર પડી અને તે હસી. એ જોતાં જ બ્રહ્મદેવે એ બંનેને શ્રાપ આપ્યો કે: 'તમે બંને મૃત્યુલોકમાં મનુષ્ય જન્મ લેશો. મૃત્યુલોકમાં તમારી વાસના પૂર્ણ થાય પછી તરત તમને સ્વર્ગલોક પ્રાપ્ત થશે.'

એ પછી ગંગા આકાશમાં ફરતી હતી ત્યારે અષ્ટવસુ રડતા હતા તેવું તેણે જોયું, ત્યારે તેણે રડવાનું કારણ પૂછ્યું તો તેમણે કહ્યું કે: 'વસિષ્ઠ ઋષિની ગાય ચોરીને અમે અમારા આશ્રમમાં બાંધી તેથી તેમણે અમને શ્રાપ આપ્યો કે; 'તમે મનુષ્યનો જન્મ લેશો.' માટે અમે તારા પેટે જન્મ લઈશું. અમારો જન્મ થતાં જ તું અમને ગંગામાં ફેંકી દે એટલે અમે શ્રાપમાંથી મુક્ત થઈશું.'

આ સાંભળી ગંગાએ કહ્યું; 'હું આમ કરીશ તો લોકો મને રાક્ષસી કહેશે, આઠેય પુત્રોને હું પાણીમાં કઈ રીતે નાખું ?'

વસુઓ બોલ્યા કે :, 'તું સાતને પાણીમાં નાખ અને આઠમાની સંભાળ કર. અમારા આઠેય વસુનો મળીને તારો આઠમો પુત્ર મહાપ્રતાપી જિતેન્દ્રિય અને ધર્માત્મા થશે.'

એ પછી કેટલાંક વર્ષો પછી હસ્તિનાપુરનો રાજા પ્રતીપ એક દિવસ શિકાર માટે ફરતો ફરતો ગંગાના કિનારે આવ્યો તે અત્યંત થાકયો હોવાથી વિશ્રાંતિ માટે થોડીવાર ત્યાં બેઠો. એટલામાં એ પવિત્ર ગંગા નદીના પ્રવાહમાંથી સફેદ વસ્ત્રો પહેરેલી અત્યંત રૂપસુંદર ગૌરવર્ણ મૂર્તિ બહાર નીકળી. રાજા અત્યંત આશ્ચર્યચકિત થઈને એ સુંદર કન્યા કોણ છે એમ માની એની સામે જોવા લાગ્યો. એટલામાં એ સુંદર કન્યા રાજાના ખોળામાં આવીને બેઠી અને મને વર એમ કહ્યું.

ત્યારે રાજા બોલ્યો કે: 'બાળા, હું એક પત્ની વ્રતસ્થ છું અને તું મારા ખોળામાં બેઠી હોવાથી તું મારી પુત્રી જેવી છે અને પુત્રવધૂ જેવી છે માટે તું મારી પુત્રવધૂ થા.' એટલે ગંગા બોલી કે : 'રાજા, મારા પેટે પુત્ર થશે એ તમારા વંશની કીર્તિ વધારશે.' એમ બોલીને ગંગા અંતર્ધાન પામી.

આ પ્રતીપના પુત્ર મહાભિષક (શાંતનુ) હતા. મહાભિષક એ જ શાંતનુ. દેશ દેશના રાજાઓને શાંતનુ પોતાનો જમાઈ થાય એવી ઈચ્છા હતી. પરંતુ પ્રતીપના મનમાં ગંગાને પોતાની પુત્રવધૂ બનાવવી એમ હતું. એ પ્રમાણે પ્રતીપે એક દિવસ શાંતનુને કહ્યું કે: 'ગંગા તને માળા પહેરાવશે માટે તું બીજી સ્ત્રી જોડે લગ્ન કરીશ નહીં. પછી જલ્દી જ પ્રતીપે શાંતનુને સિંહાસન પર બેસાડયો અને પ્રતીપ તપ કરવા માટે વનમાં ગયો.

શાંતનુ ગંગા તીરે કાયમ શિકાર કરવા માટે જતો. શાંતનુનો ખરો હેતુ શિકાર કરવાનો નહીં પણ ગંગાનો મેળાપ થાય તેવો હતો.

એક દિવસ ગંગા સુંદર રૂપ ગુણ લાવણ્યથી પ્રગટ થઈ અને તેણે શાંતનુને વર માળા પહેરાવી ત્યારે તેણે રાજાને કહ્યું કે; 'રાજા, હું જે કંઈ કરીશ એ પ્રમાણે માનવું પડશે. જો મેં કરેલી વાત તને માન્ય ન હોય તો એ જ ક્ષણે હું તારી પાસેથી જતી રહીશ.'

રાજાએ એમ વર્તવાનું ગંગાને વચન આપ્યું અને ગંગાને પોતાની પટરાણી કરીને ઘેર લઈ આવ્યો. થોડા સમય પછી રાણીને સારા દિવસો રહ્યા અને યોગ્ય સમયે તેને પુત્ર થયો. પરંતુ એ પુત્રને રાણીએ તત્કાલ ગંગાના પ્રવાહમાં છોડી મૂક્યો. આમ સાત પુત્રો તેણે પાણીમાં વહાવી દીધા. શાંતનુ કંઈ બોલ્યો નહીં.

રાણીને પછી સૂર્ય જેવો તેજસ્વી એવો આઠમો પુત્ર થયો. તેને પણ તે ગંગામાં પધરાવવા લઈ જવા લાગી ત્યારે જ શાંતનુ રાજા આડો ઊભો રહ્યો અને તેને કહ્યું; 'ચંડાલણી, આ પુત્રને તો રહેવા દે. તેને બીજા પુત્રો પ્રમાણે પાણીમાં નાખી તું એનો નાશ કરીશ નહીં !'

આ સાંભળી ગંગાએ કહ્યું કેઃ 'અષ્ટવસુને મેં આજ શ્રાપમાંથી મુકત કર્યા. હું હવે અહીંથી જાઉં છું. આ આઠમો પુત્ર હું તમને યોગ્ય સમયે લાવી આપીશ. એમ કહીને ગંગા ગુપ્ત થઈ ગઈ. આઠમા પુત્રને તે પોતાની સાથે લઈ ગઈ. એ દિવસથી શાંતનુ રાજા દુઃખી થયો. રાત દિવસ એનું મન અસ્વસ્થ રહેવા લાગ્યું. એ અસ્વસ્થપણાથી રાજકારભાર કરવા લાગ્યો. એવી રીતે છત્રીસ વર્ષ વહી ગયાં.

એક દિવસ શાંતનુ રાજા ગંગા કિનારે શિકાર કરતો હતો ત્યારે ગંગાનો ધીમો ધીમો વહેનારો પ્રવાહ શાંત થયેલો જોઈને તેને આશ્ચર્ય થયું અને કારણ જાણવાની તેને ઈચ્છા થઈ. એ કારણ જાણવા માટે શોધ કરતો કરતો એ હરિદ્વાર સુધી જઈ પહોંચ્યો. એ જગ્યાએ એક પરાક્રમી બાળકે બાણની જાળી કરીને ગંગાનો પ્રવાહ રોકી રાખ્યો છે એમ શાંતનુને દેખાયું. એ પોતાનો જ પુત્ર હતો, પણ શાંતનુ એને ઓળખી શક્યો નહીં, પરંતુ બાળકને જોઈને રાજાને મનમાં વિલક્ષણ મોહ ઉત્પન્ન થયો.

શાંતનુ રાજાએ બાળકને પૂછ્યું કેઃ 'હે બાળક ! તું કોનો પુત્ર છે ? આ પ્રશ્ન સાંભળતાં જ એ છોકરો એકદમ ગંગાના પ્રવાહમાં ગુપ્ત થઈ ગયો. રાજાને એ સમયે ખૂબ અઘટીત લાગ્યું. એને પોતાની રાણીની યાદ આવી, રાણીએ આપેલ વચન યાદ આવ્યું. રાજાની આંખમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. ગંગાની મૂર્તિ યાદ કરી એ બોલ્યો કેઃ 'હે પ્રિયે, આઠમો પુત્ર લાવી આપીશ એમ તેં મને વચન આપ્યું હતું, એ સમયે આપેલ વચન પ્રમાણે તું પુત્ર આપીને તે વચનને ખરું કર. હવે મન કઠણ કરીશ નહીં.

રાજાએ આમ કહેતાં જ ગંગા બાળકને લઈને એકદમ પ્રગટ થઈ. એ બાળકના શરીર પર ઉત્તમ વસ્ત્રો હતાં અને એના ઉપર મોતીઓની માળા ઝળહળતી હતી. બીજા પણ અનેક અલંકાર બાળકના શરીર પર હતા. એ પુત્રને શાંતનુ રાજાના હવાલે કરીને ગંગાએ કહ્યુંઃ 'આ આપણા પુત્રને સંભાળો. આ પુત્રને વસિષ્ઠે વિદ્યા શીખવી છે, ભાર્ગવે ધનુર્વિદ્યા શીખવી છે, બૃહસ્પતિ પાસે મંત્રવિદ્યા શીખીને એ પ્રવિણ થયો છે. આ આપણા કુળની કીર્તિ વધારશે. આ બાળક આપણા ઘેર લઈ જાવ અને યુવરાજ પદ આપો, તે તમારી આજ્ઞા પ્રમાણે વર્તશે.' આમ બોલીને ગંગા ગુપ્ત થઈ ગઈ.

પછી શાંતનુ બાળક ભીષ્મને લઈને હસ્તિનાપુરમાં આવ્યો. પ્રજાએ રાજા તથા બાળકનું સ્વાગત કર્યું. સમયાંતરે રાજાએ ભીષ્મને રાજ્યકારભાર સોંપ્યો અને ભીષ્મએ ઉત્તમ પ્રકારે રાજ્ય કર્યું. એક દિવસ શાંતનુ અરણ્યમાં શિકાર કરવા ફરતો હતો ત્યારે એકાએક તેને દિવ્ય સુવાસ આવી. એ સુવાસની શોધમાં શાંતનુને એક માછીમારનું નગર દૃષ્ટિમાં પડયું. એ જગ્યાએ નદીના કિનારે એક માછીમારની પુત્રી એક હોડીનું સંચાલન કરતી હતી. એનું લાવણ્ય જોઈને શાંતનુ રાજા મોહિત થયો. એના જ શરીરમાંથી એ દિવ્ય સુવાસ આવતી હતી અને એ દૂર સુધી વિસ્તરતી હતી.

રાજાએ કહ્યું કેઃ 'હે સુંદરી, તું કોણ છે ? તું કોની નૌકાનું સંચાલન કરે છે ?

એ સ્ત્રીએ કહ્યું કેઃ 'હું નિષાદરાજની પુત્રી સત્યવતી છું. હું ઉતારુઓને સામા કિનારે લઈ જાઉં છું.'

એ સાંભળી શાંતનુ રાજા નિષાદરાજને ઘેર ગયો. તેને કહ્યું કેઃ 'તારી આ સુંદર પુત્રી તું મને આપ, હું તેને મારી પટરાણી બનાવીશ.'

નિષાદરાજ બોલ્યો કે: 'મહારાજ, તમારું કહેવું મને માન્ય છે પણ મારી એક શરત છે અને એ છે કે, મારી પુત્રીને જે પુત્ર થાય તેને તમારા પછી સિંહાસન પર બેસાડવાનું વચન તમે મને આપો.'

એ સાંભળીને શાંતનું રાજા ગભરાયો અને મનમાં બોલ્યો: 'ભીષ્મ જેવો પુત્ર ત્રણે લોકમાં મળશે નહીં. સર્વ રીતે સંપૂર્ણ અને જેના પરથી તન મન ધન પ્રાણ આપી દેવાય એવો એ પુત્ર છે. રાજયપદનો એનો અધિકાર લઈને એને નિરાશ્રીત કરવો એ યોગ્ય નથી.' રાજા શાંતનુ કંઈ ન બોલતાં ઉઠયો અને પાછો પોતાના નગરમાં આવ્યો. પરંતુ એના મનમાં માત્ર સત્યવતીનો જ વિચાર આવતો હતો. રાજા એક સરખા આનંદીત ન દેખાતાં ચિંતાતુર કેમ છે એ ભીષ્મને ખ્યાલ નહોતો આવતો.

એક દિવસ તેણે હાથ જોડીને શાંતનુને પ્રાર્થના કરીને કહ્યું કે: 'પિતાજી, આપ ચિંતાતુર કેમ છો ? તમને શી વાતની ચિંતા છે. મારા જેવો પુત્ર હોવા છતાં તમે ચિંતા કરો એ યોગ્ય નથી. પ્રત્યક્ષ ઈંદ્રને પણ દુર્લભ હોય એ વસ્તુ હું તમને ક્ષણમાં લાવી આપું, તમે તમારી ચિંતાનું કારણ કહો.'

આ સાંભળીને શાંતનુએ કહ્યું: 'ભીષ્મ, તારા જેવો બીજો પુત્ર મળશે નહીં એ સાચું છે, પરંતુ તારા પછીનો એક ભાઈ હોવો જોઈએ એવું મને લાગે છે.'

એ સાંભળીને ભીષ્મએ પ્રધાનને બોલાવીને કહ્યું કે: 'મહારાજને ધર્મસંગ્રહ માટે પત્ની જોઈએ છે માટે એકાદ કન્યા જુઓ.'

એટલે શાંતનુએ પોતાના પુરોહિતને એકાંતમાં બોલાવીને કહ્યું: 'નિષાધરાજની પુત્રી સત્યવતી છે એને રાણી બનાવવી એવી મારી ઈચ્છા છે, એના સિવાય બીજી સ્ત્રી નહીં.

રાજાની એ ઈચ્છા પુરોહિતે ભીષ્મને જણાવી. ત્યારે ભીષ્મ તરત જ સત્યવતીના પિતા નિષાદરાજ પાસે ગયો. તેણે તેનું સ્વાગત કર્યું. ભીષ્મે નિષાદરાજને આવવાનું કારણ કહ્યું ત્યારે નિષાદરાજે શાંતનુને જે શરત કહી તે ફરીથી કહી.

ત્યારે ભીષ્મ બોલ્યા: સત્યવતીના ઉદરે જે પુત્ર થશે એના ઉપર હું છત્ર ધરીશ અને એના જ વંશની રાજય પર સ્થાપના કરીશ એ ત્રિવાર સત્ય છે. મારું આ વચન ક્યારેય ખોટું થશે નહીં.

આ સાંભળી નિષાદરાજ બોલ્યો: 'મહારાજ, તમે તમારા શબ્દો ખોટા કરશો નહીં પણ તમારા પુત્રો રાજય છીનવી લેશે નહીં એની શી ખાત્રી ?'

નિષાદરાજના શબ્દ સાંભળીને ભીષ્મએ અટલ પ્રતિજ્ઞા કરી અને એ ગર્જીને બોલ્યો: "હું આજન્મ બ્રહ્મચારી અને વ્રતસ્થ રહીશ એવી પ્રતિજ્ઞા કરું છું. જગતની બધી સ્ત્રીઓ મને મારી ગંગા માતા સમાન છે. મદ(કામ)નો હું સંહાર કરું છું. આ ક્ષણથી હું બ્રહ્મચર્યનું વ્રત લઉં છું. સંતત્તિ છોડીને હું મોક્ષપદની પ્રાપ્તિ કરી લઈશ."

ભીષ્મની આ અલૌકિક પ્રતિજ્ઞા સાંભળતાં જ બધાએ ભીષ્મને વડીલની રીતે પ્રેમથી તેનો જયજયકાર કર્યો. પછી નિષાદે સત્યવતીને ભીષ્મને સ્વાધીન કરી. પછી ભીષ્મએ સેનાના રથમાં સત્યવતીને હસ્તિનાપુર લાવી અને જલ્દી સારું મુહૂર્ત જોઈને તેના પિતા શાંતનુ સાથે લગ્ન કર્યાં. એ સમયે શાંતનુએ પ્રસન્ન થઈને ભીષ્મને એવો આશીર્વાદ આપ્યો કે, તે ભીષણ પ્રતિજ્ઞા કરી છે એટલે હવે પછી તારી આ "ભીષ્મ પ્રતિજ્ઞા" એમ સૌ ઓળખશે. ભીષ્મ તું ઈચ્છા મૃત્યુ પામીશ અને ત્રણે લોકમાં ધન્ય થઈશ.'

શાંતનુને પછી સત્યવતીથી ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય એમ બે પુત્રો થયા. કેટલાક વર્ષે શાંતનુ સ્વર્ગવાસી થયા. ત્યારે ભીષ્મે ચિત્રાંગદને ગાદી પર બેસાડી એનો રાજયભિષેક કર્યો. ચિત્રાનંદે સર્વ જગ જીતીને અપાર ધન મેળવ્યું. પ્રત્યેક યુદ્ધમાં એનો જય થયો. કારણ એની પાછળ ભીષ્મ હતા. પરંતુ ગંધર્વનો રાજા ચિત્રરથ અને પોતાનું જ નામ આ રાજાનું છે, એમ જોઈને એને દ્વેષ થયો અને તેણે હસ્તિનાપુરમાં ચઢાઈ કરી અને ચિત્રાગદના કપટથી પ્રાણ લઈને એ ગંધર્વલોકમાં ભાગી ગયો.

પછી ભીષ્મએ વિચિત્રવીર્યને ગાદી પર બેસાડયો અને એમના માટે યોગ્ય એવી કન્યા શોધવા લાગ્યો. એટલામાં કેટલાક ઋષિઓએ માહિતી આપે કે કાશીના રાજાએ પોતાની અંબા, અંબિકા, અને અંબાલિકા નામની પુત્રીઓના સ્વયંવર માંડયા છે. આ સાંભળી ભીષ્મ ત્યાં ગયા અને તે ત્રણેય પુત્રીઓને જીતીને હસ્તિનાપુરમાં લાવી અને સત્યવતીને સ્વાધીન કરી.

એ વખતે અંબા બોલી હું મનથી શાલ્વ રાજાને વરેલ છું. એ સાંભળતાં જ ભીષ્મે તેને રથમાં બેસાડી સન્માનથી પુષ્કળ સૈન્ય સાથે શાલ્વ રાજા પાસે મોકલી. પરંતુ શાલ્વએ કહ્યું: 'ભીષ્મએ તને જીતી હોવાથી હવે હું તારો સ્વીકાર કરીશ નહીં. એમ કહીને અંબાને પાછી મોકલી.

અહીં ભીષ્મએ વ્યાસ ઋષિને બોલાવીને અંબિકા અને અંબાલિકા એમના વિવાહ વિચિત્રવીર્ય સાથે ખૂબ ધામધૂમથી કર્યા.

અંબાએ પાછા આવીને ભીષ્મને કહ્યું: 'તમે મને સ્વયંવરમાં જીતીને લાવ્યા છો ત્યારે હું હવે તમને જ વરમાળા પહેરાવીશ.'

ત્યારે ભીષ્મ બોલ્યા: 'અંબા, તું મારી માતા પ્રમાણે છે. બધી જ સ્ત્રીઓને હું માતા પ્રમાણે સમજું છું. માટે તું પોતાના પિતાના ઘેર જા.'

ભીષ્મના આ બોલ સાંભળીને અંબાને પોતાનું અત્યંત અપમાન થવા જેવું લાગ્યું. તે એકલી જ બદરીકાશ્રમે જવા નીકળી. ત્યાં જઈ તેણે કઠોર તપશ્ચર્યા કરી અને શ્રી પરશુરામને પ્રસન્ન કર્યા અને પરશુરામે તેને વર માગવા કહ્યું ત્યારે અંબાએ પરશુરામને એમ કહ્યું કે: 'તમારો શિષ્ય ભીષ્મ એની સાથે મારાં લગ્ન કરાવી આપો.' એ સાંભળીને પરશુરામ તેને સાથે લઈને હસ્તિનાપુર આવ્યા અને ભીષ્મને અંબા સાથે લગ્ન કરવાનું કહ્યું. પરંતુ ભીષ્મએ પરશુરામને પોતાની પ્રતિજ્ઞા કહીને લગ્નનો નકાર કર્યો. ત્યારે પરશુરામને ખૂબ ગુસ્સો આવ્યો અને તેમણે ભીષ્મને યુદ્ધનું આહ્‌વાન આપ્યું. ભીષ્મએ તે સ્વીકાર કર્યું. એ બંનેનું યુદ્ધ થયું. તેમાં ભીષ્મએ પરશુરામને બાણથી વીંધી નાખ્યા. પોતાના શિષ્યનું આ પરાક્રમ જોઈને પરશુરામ સંતુષ્ટ થયા. પછી એ સ્વસ્થતાથી ત્યાંથી નીકળી ગયા. અંબા ભીષ્મના પ્રાણ લેવાનો હેતુ મનમાં લઈને અરણ્યમાં તપશ્ચર્યા કરવા ગઈ અને ત્યાં તેને દેહનો ત્યાગ કર્યો.

આ જ સમયે દ્રુપદ નામનો રાજા પોતાને પુત્ર થાય એ ઈચ્છાથી શંકરને પ્રસન્ન કરવા માટે વનમાં તપ કરતો હતો. એની તપસ્યાથી પ્રસન્ન થઈને શંકરે એવો આશીર્વાદ આપ્યો કે: 'તને પુત્ર થશે પણ તે પહેલાં સ્ત્રી અને પછી પુરુષ થશે.' આગળ જતાં અંબા દ્રુપદની પુત્રીના રૂપે જન્મી. તેનું નામ દ્રુપદે શિખંડી રાખ્યું. રાજાએ એ પુત્રી છે એ વાત ગુપ્ત રાખી અને તેને પુત્રનો વેષ પહેરાવી મોટી કરી. શિખંડી મોટો થયા પછી દશાર્વણ દેશના રાજા હિરણ્યવર્માની પુત્રી સાથે લગ્ન કર્યું. લગ્ન પછી હિરણ્યવર્માની પુત્રીને પોતાનો પતિ પુરુષ ન હોવાથી સ્ત્રી છે એમ જણાયું એટલે તે પછી તેના પિતા પાસે પાછી ગઈ.

તેણે તે વાત પિતા હિરણ્યવર્માને કહી ત્યારે તે પોતાનું સૈન્ય લઈને દ્રુપદ સાથે યુદ્ધ કરવા માટે આવ્યો.

એ જોઈએ શિખંડી અરણ્યમાં ભાગી ગયો અને ત્યાં તે રડતો રડતો બેઠો હતો, એટલામાં એ રસ્તે સ્થૂલકર્ણ નામનો એક યક્ષ જતો હતો. તેણે શિખંડીનું રડવાનું સાંભળ્યું અને તેની પાસે જઈને કારણ પૂછ્યું ત્યારે શિખંડીએ યક્ષને બધી વાત કહી. એ સાંભળી સ્થૂલકર્ણ બોલ્યો કેઃ હું તારું સ્ત્રીપણું લઈને આઠ દિવસ મારું પુરુષપણું તને આપું છું. એ પ્રમાણે શિખંડી પુરુષ થઈને ઘેર આવ્યો. તેણે થયેલી બધી હકીકત પિતાને કહી. એ સાંભળી રાજાને ખૂબ આનંદ થયો. તેણે દૂત સાથે હિરણ્યવર્માને સંદેશો મોકલાવ્યો કે મારો પુત્ર પુરુષ છે તેની ખાત્રી કરીને પછી યુદ્ધ કરો.' હિરણ્યવર્માએ કેટલીક સ્ત્રીઓ મોકલીને શિખંડીની ખાત્રી કરી લીધી પછી પોતાની પુત્રીને દ્રુપદના ઘેર મોકલી.

આઠ દિવસે શિખંડી પાછો વનમાં ગયો. એ જ વખતે એના સદૈવથી કુબેર ત્યાં આવ્યા. તેણે પોતાના સેવકને સ્ત્રી વેશમાં જોયા પછી તેને શ્રાપ આપ્યો કે; સ્થૂલકર્ણ મરતાં સુધી તું આમ જ સ્ત્રી થઈને અહીં રહે. તારું પુરુષત્ત્વ શિખંડી ભોગવશે. શિખંડીએ કુબેરના પગ પકડયા. કુબેરે તેને પુરુષ થઈને સુખેથી રહે એવો આશીર્વાદ આપ્યો.

વિચિત્રવીર્ય રાજાએ ઘણાં વર્ષો રાજય કર્યું. પણ નિપુત્રક જ મરણ પામ્યા. વંશમાં આગળ સંતાન નહીં થવાથી સત્યવતી ખિન્ન થઈ અને તેમણે ભીષ્મને લગ્ન કરવાનું કહ્યું. પરંતુ ભીષ્મ પોતાની પ્રતિજ્ઞા તોડવા માટે તૈયાર નહોતા. ત્યારે સત્યવતીએ ભીષ્મને કહ્યુંઃ આ સમયે વ્યાસને પ્રાર્થના કરી તેને વંશ વૃદ્ધિ કરવાની વિનંતી કરીએ એટલે એ આપણો મનોરથ પૂર્ણ કરશે. હું કુમારી હતી ત્યારે પરાશર ઋષિથી મારા પેટે તેનો જન્મ થયો હોવાથી એ મારો જ પુત્ર છે. ભીષ્મએ આ વાતને આનંદથી સ્વીકારી લીધી.

સત્યવતીએ શુચીભૂત થઈને વ્યાસનું સ્મરણ કર્યું. વ્યાસ પ્રગટ થયા. સત્યવતીએ મનનો હેતુ વ્યાસને કહ્યો. વ્યાસે માતાની આજ્ઞા માન્ય કરી. એનાથી અંબિકાને ધૃતરાષ્ટ્ર નામનો પુત્ર થયો. એ અત્યંત પરાક્રમી અને નવ હજાર હાથીનું બળ હોય એવો વીર હતો, પણ જન્મતાં જ આંધળો હતો. કારણ કે વ્યાસ સાથે સમાગમ કરતી વખતે તેનું તેજ અંબિકાથી સહન ન થવાથી તેણે આંખો બંધ કરી હતી. આંધળો પુત્ર જન્મેલો જોઈને સત્યવતીને ખૂબ જ ખરાબ લાગ્યું અને તેણે અંબાલિકાને પુત્ર ઉત્પન્ન કરવાનું કહ્યું. પરંતુ અંબાલિકા પણ સમાગમના સમયે વ્યાસને જોઈને એ થરથર કાંપવા લાગી, તેથી તેને થયેલો પાંડુ નામનો પુત્ર સફેદ પાંડુ રંગનો થયો. એ જોઈને સત્યવતીએ ફરી વ્યાસને બોલાવ્યા અને અંબિકાના પેટે એક પુત્ર ઉત્પન્ન કરવાનું કહ્યું. વ્યાસે માતાની આજ્ઞા માન્ય કરી, પરંતુ ભયથી આ વખતે અંબિકા પોતે ન જતાં અંબિકાએ તેની દાસીને મોકલી. એને વિદુર નામનો સર્વાંગ સુંદર પુત્ર જન્મ્યો.

વિદુર એ યમધર્મનો અવતાર છે. દાસીના પેટે યમને જન્મ લેવાનું કારણ એ હતું કે, પહેલાં માંડવ્ય નામના ઋષિ એક પગ ઉપર ઊભા રહીને વનમાં તપ કરતા હતા. એકવાર કેટલાક ચોરોએ રાજાના ખજાનામાંથી ચોરી કરી. ચોરી કર્યા પછી ચોરો રક્ષકોના ભયથી ભાગ્યા અને માંડવ્ય ઋષિની પાછળ આવીને છુપાયા. રક્ષકોએ એ ચોર સાથે ઋષિને પણ પકડયા અને એ બધાને રાજાએ ફાંસી આપવાની આજ્ઞા કરી. માંડવ્ય યમલોક ગયા પછી તેમણે યમને શ્રાપ આપ્યો કે; તું દાસીના પેટે જન્મ લઈશ. એમ એ સમયે યમે પ્રાર્થના કરીને ઉશાપ માગ્યો, ત્યારે માંડવ્ય ઋષિએ તેને એમ કહ્યું કેઃ વ્યાસથી તારો જન્મ થશે અને તું મહાજ્ઞાની, ધાર્મિક અને ઈશ્વર ભક્ત થઈશ.

ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર એ ત્રણે પુત્રો મોટા યુવાન થતાં સુધી ભીષ્મ રાજય કારભાર સંભાળતા હતા. પછી એ ત્રણે વેદશાસ્ત્ર અને શસ્ત્રાદિ વિદ્યામાં પ્રવિણ થયા. એમનામાંથી વિદુરે તો સર્વ વિદ્યાનો અભ્યાસ કરીને દિવ્ય જ્ઞાન મેળવ્યું હતું.

પછી સમય જતાં ભીષ્મે પ્રધાન, ઋષિઓ અને ઈતર પ્રજાજનોને એકત્ર કરી બોલાવીને એમ કહ્યું કે: 'હવે આ ત્રણ પુત્રોમાંથી કોને રાજગાદી પર બેસાડવો ?' ત્યારે એમ મત આવ્યો કે ધૃતરાષ્ટ્ર આંધળો છે અને વિદુર એ દાસીનો પુત્ર છે, માટે એ બંને રાજા થવા માટે યોગ્ય નથી. તેથી પાંડુને જ રાજ્યાધિકાર આપવો. ત્યારે ભીષ્મએ પાંડુને રાજ્ય પર બેસાડ્યા. પછી ધૃતરાષ્ટ્રનાં લગ્ન ગાંધાર દેશના સુબલ રાજાની ગાંધારી નામની પુત્રી સાથે થયાં અને પાંડુના લગ્ન વસુદેવની બહેન કુંતી અને ભદ્રદેશના રાજાની કન્યા માદ્રી એ બંને સાથે થયાં. આ પ્રમાણે રાજ્યની યોગ્ય વ્યવસ્થા થઈ, એ સમયે પાંડુએ મોટા મોટા યજ્ઞ કર્યા અને સર્વ પૃથ્વીનું રાજ પોતાના અધિકાર ક્ષેત્ર નીચે લાવ્યા.

કુંતી એ શૂરસેનની પુત્રી અને વસુદેવની બહેન છે. એ પાંડુરાજાને પરણાવી હતી. એના લગ્ન પહેલાંની વાત એવી છે કે, કુંતીને તેના કાકા કુંતીભોજે ખોળે લીધી હતી તે કુંતીભોજને ત્યાં રહેતી હતી ત્યારે એક સમયે દેવયોગથી અનસુયા પુત્ર દુર્વાસા મુનિ કુંતીભોજ પાસે ચાર્તુમાસ માટે આવ્યા હતા. રાજાએ એને આદરથી પોતાના ઘેર રાખ્યા હતા.

કુંતીએ રાત દિવસ દુર્વાસાની સેવા કરીને તેમના આશીર્વાદ લીધા હતા. દુર્વાસાઓ પ્રસન્ન થઈને કુંતીના માથા પર વરદ્ હસ્ત મૂક્યો અને કાનમાં પાંચ મંત્ર કહ્યા અને એમ કહ્યું કે: 'આપત કાળે તું આ મંત્રોનો જપ કરીશ એટલે દિવ્ય તેજ ધારણ કરેલા પાંચ દૈવત પ્રગટ થઈને તને પુત્ર આપશે. આ દૈવત સૂર્ય, યમ, ઈંદ્ર, વાયુ અને અશ્વિનીકુમારો હતા. એમનું સ્મરણ કરતાં જ તેઓ તારી મનોકામના પૂર્ણ કરશે.'

આમ આશીર્વાદ આપીને દુર્વાસા ત્યાંથી નીકળી ગયા.

કેટલાક દિવસો પછી કુંતી ગંગા નદી પર ગઈ. ત્યાં તે એકલી હતી ત્યારે દુર્વાસાએ આપેલ મંત્રનો અખતરો કરવો એમ તેના મનમાં થયું. તેણે સૂર્યને આહ્‌વાન કર્યું. કુંતીની સામે સૂર્ય આવીને ઊભા રહ્યા. સૂર્યએ તેને બોલાવવાનું કારણ પૂછયું. સૂર્યને જોઈને કુંતી ગભરાઈ ગઈ અને નીચે મુખ રાખીને ધીરે રહીને બોલી કે; તમે મારા ઉપર પ્રસાદ કરો. પરંતુ મારું કૌમાર્ય અખંડ જ રહે અને આ વાત એમ જ ગુપ્ત રહે.

એ સાંભળી સૂર્યએ કુંતીને કહ્યું: 'તું અતિશય ભાગ્યવાન છે, તારી પાસે અપાર પુણ્ય હોવાથી તને મારું દર્શન થયું છે, મારા સંગથી તારું કૌમાર્ય ભંગ નહીં થાય, પરંતુ એક રાજા આવી તને અતિશય આદરથી વરશે.' પછી સૂર્યના પ્રસાદથી કુંતીને તત્કાળ સૂર્ય જેવો જ પુત્ર થયો. તેના શરીર પર જન્મતાં જ કિરીટ કુંડલ વગેરે આભૂષણ હતાં. એ જ કર્ણ હતો. પછી સૂર્ય અંતર્ધાન થઈ ગયા. કુંતી ગભરાઈ ગઈ અને તેણે તે બાળકને ગંગામાં છોડી દીધો અને તે પોતાના પિતા પાસે આવી ગઈ.

કુંતીએ બાળકને ગંગામાં પધરાવ્યો પરંતુ એ ડૂબ્યો નહીં, કારણ ગંગાએ એનું રક્ષણ કર્યું. નદીના પાણીના તરંગોથી એ રમવા લાગ્યો. એટલામાં અધિરથ નામના કોળીએ તેને ઉપાડી લીધો. તેણે પોતાની સ્ત્રી રાધાને બોલાવીને એ બાળક એના ખોળામાં આપ્યો. બંનેએ એનું નામ વસુષેણ પાડયું. રાધાએ એનું પાલનપોષણ કર્યુ માટે તેને રાધેય પણ કહેતા.

પછી ઋષિઓ પાસે કર્ણને વેદાધ્યાન શીખવ્યું. એ ઉત્તમ ધર્નુવિદ્યા પણ શીખ્યો. અર્જુનના હાથે તેનું મરણ ન થાય માટે સૂર્યએ પ્રગટ થઈને કહ્યું કે: 'તું રોજ સૂર્યોપાસના જપતો રહેજે, અને ગાયત્રી મંત્રનો જાપ કરતાં કરતાં યાચકોની ઈચ્છાઓ પૂર્ણ કરવા માટે ઉદાર થજે, પરંતુ તારા શરીરના અક્ષય એવાં કવચ-કુંડલ પહેર્યાં છે એ કોઈને આપીશ નહીં. એટલે શત્રુના શસ્ત્રોથી તને કદી પણ મૃત્યુ આવશે નહીં.' એમ કહીને સૂર્ય અદશ્ય થઈ ગયા.

કુંતીના પુત્રોમાં અર્જુન એ ઈંદ્રનો પુત્ર હતો. ઈંદ્ર શક્તિ અને સૂર્ય શક્તિ એમના સંઘર્ષથી અર્જુનનો પક્ષ લઈને ઈંદ્ર બ્રાહ્મણનું રૂપ લઈ કર્ણ પાસે આવ્યા અને તેણે સ્તુતિ કરીને કવચ-કુંડલ માગ્યાં. ત્યારે આ ઉદાર કર્ણએ તાત્કાલિક શરીર પરનાં કવચ-કુંડલ કાઢીને બ્રાહ્મણને આપ્યાં. એ જોઈને ઈંદ્ર ચકિત થઈ થયા. પછી પ્રસન્ન થઈને ઈંદ્રએ કર્ણને દિવ્ય શક્તિ આપી અને એમ કહ્યું કે; જીવ જવાનો પ્રસંગ આવે ત્યારે આનો ઉપયોગ શત્રુ પર કરજે. પછી એ શત્રુ કોઈ પણ હોય એનો નાશ થશે. એમ કહીને ઈંદ્ર અંતર્ધાન થઈ ગયા. એ વખતે કર્ણ સિવાય ઉદાર સ્વરૂપવાન ધનુર્ધારી વીર કોઈ નહોતો.

ભીષ્મએ પરાભવ કર્યા એ દિવસથી પરશુરામ ક્ષત્રિયોને વિદ્યા શીખવતા નહોતા. તેથી ધનુર્વિદ્યા શીખવવા માટે કર્ણ બ્રાહ્મણનું રૂપ લઈને પરશુરામ પાસે ગયો અને હાથ જોડીને ઊભો રહ્યો. પરશુરામે તેને તારો વર્ણ કયો છે એમ પૂછ્યું ત્યારે કર્ણે બ્રાહ્મણનો છે એમ ઉત્તર આપ્યો. એ સાંભળીને પરશુરામે તેને બધી વિદ્યા શીખવાડી. કર્ણની શક્તિ જોઈને કર્ણ આગળ જતાં અર્જુન સાથે અનર્થ કરશે એવી ઈંદ્રને બીક લાગી, તેથી તેણે કર્ણના મૃત્યુના ઉપાયની યોજના કરી.

એકવાર કર્ણના ખોળામાં માથું મૂકી પરશુરામ ઊંઘતા હતા ત્યારે ઈંદ્રએ ભુયંગ (ભમરો) બનીને લાકડાની જેમ કર્ણની જાંઘમાં કાણું કર્યું. એ કારણે લોહીની ધારા વહેવા લાગી પણ કર્ણ હલ્યો નહીં. ત્યારે ભુયંગનું રૂપ લીધેલ ઈંદ્ર પરશુરામના કાન પાસે આવ્યો. એ કારણે પરશુરામ જાગી ગયા. ત્યારે તેણે બધી બાજુ લોહી પ્રસરેલું જોયું. એ જોઈને એણે કર્ણને કહ્યું કે: ‘તે આટલી વેદના સહન કરી અને સહેજ પણ હલ્યો નહીં એટલે તું મોટો શૂરવીર ક્ષત્રિય છે. તારું નામ શું છે તે કહે ? કર્ણએ પોતાનું નામ કહ્યું, એ સાંભળતાં જ પરશુરામે કર્ણને કહ્યું કે: ‘હું ક્ષત્રિયોને વિદ્યા શીખવતો નથી એ ખબર હોવા છતાં તું ચોરીથી વિદ્યા શીખ્યો છે માટે આ તારી વિદ્યા અર્જુન આગળ નિષ્ફળ જશે. પછી ભાર્ગવરામની આજ્ઞા લઈ કર્ણ ઘેર પાછો ફર્યો.’

એકવાર પાંડુ રાજા બંને સ્ત્રીઓ સાથે ખૂબ આનંદથી અરણ્યમાં શિકાર કરતા હતા, ત્યારે મૈથુન કરતા હરણની એમનાથી હત્યા થઈ. પરંતુ એ હરણ નહીં પણ કર્દમઋષિ હતા. તેણે તત્કાળ પાંડુને શ્રાપ આપ્યો કે, તું પણ પોતાની સ્ત્રી સાથે રમમાણ કરતાં જ મરણ પામીશ ? આ ઘટનાથી પાંડુને ખૂબ દુ:ખ લાગ્યું અને એ ત્યાં વનમાં જ તાપસનો વેશ ધારણ કરીને સ્ત્રીઓ સાથે રહ્યા. એ વાતની ભીષ્મને ખબર પડતાં જ એમને ખૂબ દુ:ખ લાગ્યું. પાંડુ રાજા આ શ્રાપથી શતશૃંગ નામના પર્વત પર ઘણા દિવસ રહ્યા. એ કારણે બધો રાજય કારભાર ધૃતરાષ્ટ્રના નામે ચાલતો હતો.

પાંડુ જે અરણ્યમાં રહેતા હતા, ત્યાંના કેટલાક ઋષિઓ એક દિવસ સ્વર્ગમાં જવા માટે નીકળ્યા. પાંડુ પણ એમની સાથે જવા લાગ્યા. પરંતુ ઋષિઓએ એમને એમ કહ્યું કે: ‘જેમના પેટે સંતાન ન હોય તેમનાથી સ્વર્ગમાં જવાશે નહીં.’ આ સાંભળીને પાંડુને ખૂબ દુ:ખ થયું. પરંતુ પાંડુરાજાની સ્ત્રી કુંતીએ કહ્યું: ‘મહારાજ, તમે ચિંતા કરશો નહીં. દુર્વાસા ઋષિએ મને પાંચ મંત્ર આપ્યા છે, એનો જાપ કરતાં જ મને સંતતિ થશે. આ મંત્રનું ખરાપણું જોવા માટે મેં પહેલાં સૂર્યના મંત્રનો જાપ કર્યો હતો અને સૂર્યનારાયણ મારી આગળ આવીને ઊભા રહ્યા. એમનાથી મને મહા તેજસ્વી એવો પુત્ર થયો હતો. હું એને બીકથી ત્યાં જ ગંગામાં વહાવીને ભાગી ગઈ. જન્મતાં જ એના શરીર પર કવચ કુંડળ હતાં. એ મંત્રોમાંથી હજીય ચાર મંત્રો મારી પાસે છે. તમે આજ્ઞા આપો તો આપણને પુત્ર થશે.’ પાંડુએ આ વાતનો આનંદથી સ્વીકાર આપ્યો.

પછી તેણે યમ, વાયુ અને ઈંદ્ર એ ત્રણ દેવતાઓનો ત્રણ મંત્રના ક્રમાક્રમથી જપ કર્યો. એ દેવથી કુંતીને યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન એમ ત્રણ પુત્ર થયા. અશ્વિનીકુમારનો ચોથો મંત્ર તેણે માદ્રીને આપ્યો. તેનાથી તેને નકુલ અને સહદેવ એમ બે પુત્ર થયા.

ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને દુર્યોધન, દુઃશાસન વગેરે સો પુત્રો થયા. ધૃતરાષ્ટ્રને યુયુસ્તુ નામનો પણ એક પુત્ર હતો. સો પુત્ર ગાંધારીને જે થયા એમની કથા આ પ્રમાણે છે કે એકવાર વ્યાસે પ્રસન્ન થઈને ગાંધારીને સો પુત્ર થશે એમ વર આપ્યો હતો. એ વરના પ્રભાવથી ગાંધારીને ગર્ભ રહ્યો, પરંતુ પચ્ચીસ મહીના થયા પછી પણ પ્રસૂતિ થઈ નહીં.

એટલામાં કુંતીને પુત્ર થવાની વાત લઈને બ્રાહ્મણ આવ્યો ત્યારે ગાંધારીએ ઈર્ષ્યાથી કોઈને ખબર ન પડે એમ પોતાના પેટ પર પથ્થર મારી લીધો. ત્યાં જ પેટમાંથી રક્તવર્ણની એક કોથળી બહાર પડી. ગાંધારીએ પોતાને પ્રસવ થવા માટે આ ઉપાય કર્યો હતો પરંતુ એ કારણે ગર્ભપાત થયો તેથી એ રડવા લાગી. એ વાતની બધાને ખબર પડતાં જ બધાને આઘાત થયો. એ સમયે વ્યાસ પ્રગટ થયા અને પોતાના કમંડળમાંથી પાણી મંત્રીને એ રકતવર્ણ કોથળી પર એમણે છાંટયું, તેની સાથે તેમાંથી અલગ અલગ સો ભાગ બહાર પડયા. પછી વ્યાસની આજ્ઞાથી એનો એક એક ભાગ અલગ અલગ વાસણમાં અંગૂઠાના પેરા જેટલું ઘી મૂકી તેમાં મૂક્યો. આ પ્રમાણે ભાગ મૂકતા હતા ત્યારે સો કરતાં એક ભાગ અધિક થયો, તેની દુઃશીલા નામની પુત્રી થઈ.

વ્યાસની આજ્ઞાથી એ એકસો એક ભાગ ઘટ (ઘડા)માં મંત્રીને એક બાજુ મૂકયા. પ્રત્યેક ઘટ પાસે એક દીવો મૂકીને એક સ્ત્રી રક્ષણ માટે રાખી હતી. પ્રથમ એમાંથી દુર્યોધન જન્મતાં જ ગધેડા પ્રમાણે બરાડયો. એટલું જ નહીં પણ હસ્તિનાપુરના બધા ગધેડા એ જ સમયે બરાડવા લાગ્યા, રકતનો વરસાદ પડયો, વાદળો સાથે પવન જોરથી ફૂંફાયો, વિજળી ચમકવા લાગી, ઉલ્કાપાત અને ધરતીકંપ થવા લાગ્યો. ત્યારે આ પુત્ર અપશુકનીયાળ અને વંશનો નાશ કરનાર છે એમ કહી ગંગા નદીમાં નાખી દેવો એવું ઋષિએ ભવિષ્ય વિદુર અને ધૃતરાષ્ટ્રને કહ્યું, પણ તેમને તે કબુલ કર્યું નહીં.

સમયનું ભાવી વિલક્ષણ છે. પાંડુને પોતાનો શ્રાપ યાદ હતો તો પણ એકવાર માદ્રીને જોઈને પાંડુ કામાતુર થયા. માદ્રીએ ના કહી છતાં તેનાથી ભોગ રમવા લાગ્યા. ત્યારે ત્યાં જ તેનો પ્રાણ ઉડી ગયો. પાંડુ સાથે માદ્રી સતી થઈ. પાંડુ અને માદ્રીના મૃત્યુથી કુંતી અને ધૃતરાષ્ટ્ર વગેરેને અતિશય દુઃખ થયું. કુંતી પાંચ પુત્રને લઈને હસ્તિનાપુર આવી. ત્યાં તે પોતાના પુત્રો સાથે રહેવા લાગી. ભીષ્મ, વિદુર અને ધૃતરાષ્ટ્ર એની યોગ્ય પ્રકારે કાળજી લેતા હતા.

દિવસો દિવસ ધૃતરાષ્ટ્રના અને પાંડુના પુત્રો મોટા થતા હતા. તેમાં ભીમસેન એ નાનપણથી શક્તિશાળી અને બળવાન હતો. એ દુર્યોધન વગેરેને મારતો. ધૃતરાષ્ટ્રના પુત્રો કૌરવો અને પાંડુના પુત્ર પાંડવોના એ નામે પ્રસિદ્ધ થયા. દુર્યોધન તેમજ બધા કૌરવો સ્વભાવે ખૂબ જ દુષ્ટ હતા. દુર્યોધન કાયમ મામા શકુનિ અને મિત્ર કર્ણ આ બંનેની સલાહ લેતો હતો એટલે તેઓ પાંડવોનો ખૂબ દ્વેષ કરતા. ભીમ વિષયે તો તેમને ખૂબ જ અણગમો થતો.

એકવાર રમતી વખતે બધા કૌરવો ઝાડ પર ચઢયા છે. એ જોઈને ભીમે ઝાડ હલાવ્યું. એ સાથે ફળની જેમ બધા કૌરવો ઝાડ પરથી નીચે પડયા. પછી દુર્યોધન, કર્ણ, દુઃશાસન અને શકુનિ આ ચારેય એકાંતમાં બેસીને ભીમનો નાશ કરવાની યોજના ઘડવા લાગ્યા. ત્યારે વિષ પ્રયોગ અથવા સર્પદંશ કરવાનો વિચાર પ્રથમ નક્કી કર્યો. પછી શકુનિ બોલ્યો કેઃ કોઈપણ પ્રકારે આ યોજના ઉઘાડી ન પડે એવું આયોજન આપણે કરવું જોઈએ. ભીમને મોદક ખૂબ ભાવે છે માટે તે એને ખાવા આપવા. આ વાત બધાને ગમી.

પછી દુર્યોધને ગંગાના તીરે એક સુશોભિત મંડપ તૈયાર કર્યો અને પોતાની સાથે જલક્રીડા અને વનભોજન માટે આવવાનું આમંત્રણ બધા જ પાંડવો સહિત તેમણે ધર્મને આપ્યું. દુર્યોધનના આમંત્રણે બધા બંધુઓને લઈ ધર્મ જલક્રીડા કરવા ગયા. એ સમયે દુર્યોધને ભોજન માટે પુષ્કળ પકવાન સાથે લીધાં હતાં. એમાં ભીમ માટે વિષ નાખીને તૈયાર કરેલ મોદક પણ હતા. બધા જલક્રીડા કરવા માટે ગંગામાં પ્રવેશ્યા. જલક્રીડા કરતી વખતે કૌરવોએ અનેકવાર ભીમને ડૂબાડવાનો પ્રયત્ન કર્યો, પરંતુ ભીમ જ બધાને પકડીને પાણીમાં ડૂબાડી બહાર કાઢતો હતો.

સંધ્યા કાળ થયા પછી બધા પાણીમાંથી બહાર આવ્યા અને ભોજનનો આરંભ થયો. એ સમયે દુર્યોધન પોતે ભીમને પીરસવા લાગ્યો અને તેણે ચાલાકીથી વિષ નાખેલા મોદક ભીમને પીરસ્યા. ભોજન થયા પછી બધા પોતપોતાના ઠેકાણે જવા નીકળી ગયા. મધ્યરાત્રીના સમયે ભીમના આખા શરીરમાં વિષ ચઢયું અને તે મૃતવત્ થઈ ગયો. એ જોઈને દુર્યોધન, કર્ણ, દુઃશાસન, શકુનિ ભીમ પાસે ગયા અને તેમણે હાથ-પગ બાંધીને એના ગળામાં એક મોટો પત્થર બાંધ્યો અને એ ગંગાના મધ્ય ભાગે લઈ જઈ છોડી દીધો. આ રીતે ડૂબવાથી દુર્યોધનને અતિશય આનંદ થયો અને પછી ત્રણેય એક સાથે ચુપચાપ પોતાની જગ્યા પર આવી ગયા.

જળમાંના સર્પો ભીમને પાતાળમાં ખેંચી ગયા. ત્યાં અનેક સર્પોએ ભીમને દંશ દઈને એના શરીરનું વિષ શોષી લીધું અને ભીમને સાવધાન કર્યો. ભીમે પોતે બળથી પોતાના બંધનો તોડયાં અને એ છૂટો થયો. એ વાત સર્પોએ વાસુકીને જણાવી. વાસુકી પોતાના પરિવાર સાથે ભીમને જોવા માટે આવ્યો. ભીમે પોતાની સર્વ હકીકત જણાવી. ભીમ એ પાંડુરાજાનો પુત્ર અને શ્રી કૃષ્ણની ફોઈનો પુત્ર હોવાથી મિત્ર છે એમ જણાયા પછી વાસુકી નાગ આગ્રહથી ભીમને પોતાના મંદિરમાં લઈ આવ્યો. વાસુકીએ ભીમની પૂજા કરી અને અમૃતથી ભરેલાં આઠ કૂંડાં ભીમને બતાવ્યાં. ભીમે તાત્કાલિક એ કૂંડાંનું અમૃત પીને એ કૂંડાં ખાલી કર્યાં. તૃપ્ત થયા પછી ભીમને વાસુકીએ પલંગ પર વિશ્રામ કરવા વિનંતી કરી.

અહીં બીજા દિવસે સવારે ગંગા સ્નાન કરીને કૌરવો ખૂબ આનંદથી પોતાના નગરમાં ગયા. એ સમયે કૌરવો અંદર અંદર જોરજોરથી બોલવા લાગ્યા કે અમે પાંડવો માટે કેટલા હેરાન થઈએ છીએ પણ એમની વર્તણૂક તો જુઓ. ભીમ તો એકદમ નિષ્ઠુર છે. તે પહેલાંથી જ બેપરવાઈથી અમારા પહેલાં એકલો જ નગરમાં આવવા નીકળી ગયો. ધર્મ અને અર્જુને આ બધું સાંભળ્યું. ધર્મએ કુંતી પાસે જઈ ચોકસાઈ કરી. ત્યારે ભીમ ઘેર ન આવ્યાની તેમને ખબર પડી. આ ખબર જાણતાં જ ધર્મ ગભરાયા.

પછી દુર્યોધને ભીમનો ઘાત કર્યો એમ ખબર પડતાં જ બધાં રડવા લાગ્યાં. એટલામાં વિદુર ત્યાં આવીને તેમને સાંત્વના આપવા લાગ્યા.

ત્યારે કુંતીએ વિદુરને કહ્યું કેઃ 'દુર્યોધને ભીમનો નક્કી ઘાત જ કર્યો છે.'

આ સાંભળી વિદુર બોલ્યા કેઃ 'તું એમ ન કહીશ. કારણકે એ જો દુષ્ટ પુરુષ આ વાત સાંભળશે તો આ ચારનો પણ નાશ કરશે. તમે ચિંતા કરશો નહીં. શ્રી કૃષ્ણનું ચિંતન કરો એટલે એ ભીમને સુખ રૂપ લાવી તમારો મેળાપ કરાવશે. વિદુરની વાણી પર વિશ્વાસ રાખીને બધાં શોકાતુર થઈ બેઠાં હતાં.'

વાસુકી પાસે ભીમ સૂઈ ગયો. આઠ દિવસ સુધી એમને એમ ઊંઘતો જ રહ્યો. નવમા દિવસે ઊઠયા પછી વાસુકીએ પોતાની પદ્માવતી નામની સુંદર કન્યાનો ભીમ સાથે વિવાહ કરી વસ્ત્રો, અલંકાર વગેરે ભેટ આપીને વાસુકીએ ભીમને વિદાય કર્યો. દસમા દિવસે ભીમે નિર્ભયપણે હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો. ભીમનો પદ્માવતીથી જે પુત્ર થયો એ જ બર્બરીક છે.

ઘેર બધાં ચિંતામાં બેઠાં જ હતાં ત્યારે ભીમને અચાનક જ આવતો જોઈને સૌ અતિ આનંદથી કુંતી, વિદુર અને ચાર ભાઈઓ ભીમને મળવા દોડયા. એ વખતે ભીમે કુંતી, વિદુર અને ધર્મને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. અર્જુન, નકુલ અને સહદેવ એ ભીમના પગે લાગ્યા. પછી ભીમે બધો વૃત્તાંત એમને કહ્યો. કુંતીએ ભીમના શરીર પરનાં સુવર્ણાભૂષણ ઉતારી નાખ્યાં અને અમાપ દાન કરી યાચકોને સુખી કર્યા. એ સમયથી પાંડવોએ વિદુરની સલાહ પ્રમાણે વર્તવું એવું નક્કી કર્યું અને કૌરવની સંગત છોડી દેવી. એમની સાથે બોલવું પણ વર્જીત કરવું. ત્યારથી એ પાંચે ભાઈઓ પણ એકબીજા ઉપર જ આધાર

રાખતા હતા અને એક વિચારથી પરસ્પર મર્યાદાથી વર્તતા. શ્રી કૃષ્ણ ચરિત્ર સાંભળીને એનું ભજન-પૂજન, ધ્યાન અને સતત સ્મરણ કરતા હતા. વિદુરે અનેક કલાયુક્ત રાજ ધર્મ ધર્મરાજાને શીખવ્યા. તેમજ કરપલ્લવી, નેત્રપલ્લવી જેવી ભાષાઓ વિદુરે પાંચેય ભાઈઓને શીખવી તેમજ બર્બર ભાષા પણ શીખવી.

ત્યાં કૌરવ પાંડવનું વેર વધે જેહ, પહેલાં રમતા આમલી પીપળી તેહ. ॥૨૧૧॥
ત્યાં દુર્યોધન ને શકુનિ કરે વિચાર, એ ભીમ વિખથી ન મરે લગાર. ॥૨૧૨॥
ત્યાં ગુરુ દ્રોણ સહુને ધનુર્વિદ્યા શીખવે જાણ, પણ તેમાં અર્જુન સફળ થયા નિરવાણ. ॥૨૧૩॥
ભીમ ફેરવે ગદા જેમ દીસે છે કાળ, ત્યાં દુર્યોધન દુઃશાસનના હૃદયમાં પડી ફાળ. ॥૨૧૪॥
તાહાં દુર્યોધન શકુનિ સાથે કરે વિચાર, હવે એ પાંડવનું બળ વધ્યું છે અપાર. ॥૨૧૫॥
ગુરુ દ્રોણાચાર્યે તેઓની પરીક્ષા લીધી જ્યાંય, ધનુર્યાગ યજ્ઞ માંડયો છે ત્યાંય. ॥૨૧૬॥
યાગમાં દેશદેશના રાજા બોલાવ્યા જ્યાંય, ભીષ્મે તેઓનાં માન સન્માન કીધાં ત્યાંય. ॥૨૧૭॥
તેમાં અર્જુનને ભીમ સફળ થયા નિરવાણ, દુર્યોધનને કર્ણ શું જોડયું મિત્ર સંધાન. ॥૨૧૮॥
દ્રોણાચાર્યે ગુરુ દક્ષિણા માગી ત્યાંહી, દ્રુપદ રાજાને પકડી લાવો આંહી. ॥૨૧૯॥
કૌરવે દ્રુપદ શું યુદ્ધ કીધું જાણ, પણ દ્રુપદના બલનું ન આવે નિર્વાણ. ॥૨૨૦॥
છેલ્લે અર્જુન દ્રુપદને જીત્યો જહી, તેણે રથે બાંધીને લાવ્યો ગુરુને પાસ સહી. ॥૨૨૧॥
ધન્ય ધન્ય પાંડવો બળીયા ગુરુ કહે, કૌરવોના મનમાં ચિંતા બહુ થાયે. ॥૨૨૨॥
ભીષ્મે ધર્મને યુવરાજ પદ આપ્યું જહી, ધૃતરાષ્ટ્રને મનમાં ચિંતા બહુ થઈ. ॥૨૨૩॥

પછી સો કૌરવો, યુયુત્સુ, દાસી પુત્ર કર્ણ અને પાંચેય પાંડવો મળીને એકસો સાત જણાને ધનુર્વેદ વિદ્યા શીખવવાનું ધૃતરાષ્ટ્રએ કૃપાચાર્યને સોંપ્યું હતું. કૃપાચાર્ય એ ગૌતમ ઋષિના પુત્ર હતા. ગૌતમ ઋષિએ પોતાના પુત્ર કૃપાચાર્યને ધનુર્વેદ, અસ્ત્ર, શસ્ત્ર અને મંત્ર વિદ્યા વગેરે સકળ વિદ્યામાં પ્રવિણ કર્યો હતો. ભારદ્વાજ મુનિના પુત્ર દ્રોણાચાર્ય સાથે ગૌતમ ઋષિએ પોતાની પુત્રી કૃપીનાં લગ્ન કર્યા હતાં. તેને એક પુત્ર થયો એનું નામ અશ્વત્થામા હતું. તેને જન્મતાં જ ઘોડા પ્રમાણે હણહણાટી કરી તેથી તેનું નામ અશ્વત્થામા એમ રાખ્યું. એની હણહણાટી સાંભળીને દેવોને આનંદ થયો. એ રુદ્રાંશ હોવાથી દેવોએ એને ચિરંજીવ કર્યો હતો. દ્રોણે અશ્વત્થામાને સર્વ વિદ્યામાં પારંગત કર્યો હતો.

એક દિવસ કૌરવો-પાંડવો એક કૂવા પાસે રમતા હતા, ત્યારે તેની વીંટી અને અંગૂઠી એ ઊંડા કૂવામાં પડી ગઈ. એ અંગૂઠી બહાર કાઢતી વખતે દ્રોણ ત્યાં આવ્યા અને બોલ્યાઃ 'રાજપુત્રો, અસાધ્ય વસ્તુ કંઈ રીતે પ્રાપ્ત કરી લેવી એ વિદ્યા તમે કોઈની પાસેથી પણ પ્રાપ્ત કરેલી દેખાતી નથી.' એમ બોલીને તેણે એક દર્ભ મંત્રીને કૂવામાં નાખ્યો એ સાથે એ વીંટી પાણીની ઉપર આવી. તેમજ ધનુષ્યને એક બાણ લગાવી છોડતાં જ બાણ પોતાના મુખમાં એ વીંટી લઈ ઉપર આવ્યું. દ્રોણનું અદ્‌ભુત કૃત્ય જોઈ કૌરવો-પાંડવોનો ખૂબ આશ્ચર્ય થયું. ભીષ્મ પિતામહ પાસે જઈને તેમને એ સર્વ કથા કહી. એ સાંભળતાં જ ભીષ્મે દ્રોણને તરત જ પોતાની પાસે બોલાવી લીધા અને બધા બાળકોને ધનુર્વિદ્યા શીખવવા માટેનું કાર્ય સોંપ્યું.

દ્રોણાચાર્ય બધા વિદ્યાર્થીઓને મન લગાવીને વિદ્યા શીખવવા લાગ્યા પણ બધા વિદ્યાર્થીઓમાંથી અર્જુન ધનુર્વિદ્યામાં અને ભીમ ગદાયુદ્ધ, મલ્લયુદ્ધમાં બધા કરતાં શ્રેષ્ઠ લાગતા હતા. તેથી આ બંને ઉપર દ્રોણને અતિશય પ્રેમ હતો. પછી સર્વ વિદ્યા સંપન્ન થયા પછી દ્રોણે બધાની પરીક્ષા લેવાનો વિચાર કરીને એક દિવસ નિશ્ચિત કર્યો. એ પરીક્ષા માટે બધા વિદ્યાર્થી

ખૂબ ખંત અને ધગશથી અભ્યાસ કરતા હતા. પરીક્ષા લેવા માટે હસ્તિનાપુરના ઉત્તર તરફના મેદાનમાં એક ભવ્ય મંડપ તૈયાર કર્યો. નક્કી કરેલા દિવસે હજારો લોકો ત્યાં ઉપસ્થિત રહ્યા હતા. મોટા મોટા રાજાઓ અને ઋષિઓ પણ ત્યાં આવ્યા હતા, તેમજ રાજસ્ત્રીઓને પરીક્ષા જોવા માટે ત્યાં જ વ્યવસ્થા કરવામાં આવી હતી. ભીષ્મ અને કૃપાચાર્ય એ મુખ્ય પરીક્ષક હતા.

એ સમયની પદ્ધતિ પ્રમાણે ગુરુ દ્રોણનો યોગ્ય સત્કાર થયા પછી સર્વ વિદ્યાર્થીઓને પોતાની વિદ્યા કૌશલ્ય પ્રગટ કરવાનું કહીને યુદ્ધ પરીક્ષાની શરૂઆત કરી. એ ખરું યુદ્ધ નહોતું તો પણ બધાને ઈર્ષા ઉત્પન્ન થવાથી કૌરવો-પાંડવો સાચી લડાઈની જેમ લડયા. તેમાંય ભીમ અને દુર્યોધન આ બંને વચ્ચે કેટલાય સમય સુધી ગદાયુદ્ધ થયું. એ સમયે એમની ભયંકર ગર્જનાઓ અને એકબીજાને મારવાનાં સંધાન જોઈ બધા લોકોમાં ગભરાહટ ઉત્પન્ન થઈ ગઈ. એ બંને એકદમ છેલ્લી અણી પર આવી લડતા હતા. બંનેમાંથી કોઈ જ પીછેહઠ કરતું નહોતું. આ જોઈને દ્રોણે યુદ્ધ બંધ કરવાની સૂચના આપી, પરંતુ એ બંને સાંભળતા જ નહોતા. છેલ્લે અશ્વત્થામાએ જઈને એ બંનેને છોડાવ્યા અને એ બંનેને જુદા જુદા બેસાર્યા.

પછી અર્જુને પણ પોતાનું યુદ્ધ કૌશલ્ય બતાવ્યું, તેની પરીક્ષા ચાલુ હતી ત્યારે કર્ણ ત્યાં આવ્યો. તેનો એ સમયનો આવેશ, મુદ્રા અને જુસ્સો જોઈને બધાને આશ્ચર્ય થયું. પોતાનું યુદ્ધ કૌશલ્ય બતાવીને અર્જુન પર પોતાનું અધિક બળ બતાવવા માટે કર્ણ અર્જુનને પુષ્કળ બોલ્યો. એ વખતે કર્ણનું આવું વિલક્ષણ શૂરાતન જોઈને દુર્યોધનને અતિશય આનંદ થયો. તેણે તાત્કાલિક કર્ણ સાથે મૈત્રી કરીને એને પોતાનો મિત્ર બનાવ્યો. અર્જુનથી આ અપમાન સહન થયું નહીં. કર્ણથી ન બીતાં અર્જુન એને પણ ખૂબ બોલ્યો. છેલ્લે બંનેનું યુદ્ધ થાય એવું આહ્વાન કર્ણને અર્જુને કર્યું અને બંને રણભૂમિ પર ઊભા રહ્યા. પરંતુ કર્ણ એ ક્ષત્રિય નથી અને રાજા પણ નથી માટે એ અર્જુનની બરોબરી કરવા માટે અયોગ્ય છે એમ યુક્તિવાદ કરીને તેનું યુદ્ધ ટાળ્યું. એ કારણે કર્ણને ઘણું જ દુઃખ થયું.

દુર્યોધને એ સંધી સાધીને એ વખતે કર્ણને અંગ દેશનું રાજય આપ્યું અને બધા માંડલિક રાજાઓની જેમ તેને પણ રાજ માન આપ્યું. ત્યારે કર્ણને અતિશય આનંદ થયો.

કર્ણે દુર્યોધનને કહ્યુંઃ 'મિત્ર, આ સમયે તું મારી પાસે કંઈક માગ.'

આ સાંભળીને દુર્યોધને કર્ણને કહ્યુંઃ મિત્ર, આપણી મિત્રતા હંમેશાં વધતી રહે એટલું જ માગું છું.

ત્યારે ઠીક છે એમ કહીને કર્ણએ તેને વચન આપ્યું. એટલામાં કર્ણના પિતા અધિરથ ત્યાં આવ્યા. ત્યારે કર્ણએ તેને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. થોડા સમય પછી કર્ણે અને ભીમે એકબીજાને ઉદ્દેશીને નિંદાયુકત વાણી શરૂ કરી અને એ બંને યુદ્ધ માટે પોરસાયા. ત્યારે દ્રોણાચાર્યે વચ્ચે આવી એ બંનેને સમજાવ્યા. એટલામાં સૂર્યાસ્ત થયો અને સર્વ સભાજન પોતપોતાના ઘેર ગયા.

દુર્યોધનનો મામો શકુનિ એ સ્વભાવે ખૂબ દુષ્ટ હતો. શકુનિ શરીરે પરાક્રમી ન હોવાથી કપટથી બીજાનો નાશ કરવો એ એને યોગ્ય લાગતું. કર્ણ અને દુર્યોધનને પાંડવોનો થઈ રહેલો ઉત્કર્ષ સહન નહોતો થતો. તેમાં શકુનિની સહાય મળી. પરીક્ષાનો સમારંભ પૂર્ણ થયા પછી ભીષ્મએ દ્રોણને બિરદાવ્યા. પરંતુ પોતાના પુત્ર કરતાં પાંડુ પુત્રો વધારે હોંશિયાર છે એમ સાંભળીને ધૃતરાષ્ટ્રને પરીક્ષાના સમારંભથી થવો જોઈએ એવો આનંદ થયો નહીં. દુર્યોધન વગેરે પાંડવોનો નાશ કરવામાં કાયમ ટાંપીને બેસતા. એ કારણે સત્યવતી, અંબિકા અને અંબાલિકાને એમને ત્યાં રહેવું ઠીક લાગતું નહોતું એટલે તેઓ તેમની જાતે બદ્રિકાશ્રમે જઈને રહ્યાં. ભીષ્મ અને વ્યાસ મુનિ ત્યાં જ હસ્તિનાપુરમાં રહ્યા.

એ પછી એક દિવસ દ્રોણાચાર્યે પોતાના બધા શિષ્યોને કહ્યું: તમારી બધી વિદ્યા પૂર્ણ થઈ છે, હવે તમારે મને ગુરુદક્ષિણા આપવી જોઈએ અને તે ગુરુદક્ષિણામાં તમે દ્રુપદ રાજાને જીતીને તેને બાંધીને મારા સ્વાધીન કરો. કૌરવો પાંડવોએ કબૂલ કર્યું. તેઓ મોટું સૈન્ય લઈને દ્રુપદ રાજા પર ચઢાઈ કરવા નીકળ્યા. દ્રુપદ રાજાના સૈનિકોએ જઈને એ વાત દ્રુપદને કહી. ત્યારે દ્રુપદ રાજા પોતાનું સૈન્ય લઈને નગર બહાર આવ્યા. કૌરવોને પોતાના પરાક્રમનો ગર્વ થયો હતો, એટલા માટે સૌથી પહેલાં તેઓ પોતાનું સૈન્ય દ્રુપદ પર યુદ્ધ કરવા લઈ ગયા. દ્રુપદના સૈન્યનું અને કૌરવોના સૈન્યનું ઘણા સમય સુધી ભયંકર યુદ્ધ થયું. દ્રુપદે પોતે કૌરવો પર બાણોનો પ્રચંડ મારો કર્યો કે કૌરવો અને એનું સૈન્ય ભાગી જવા લાગ્યું. દ્રુપદની સેના કૌરવોનો પીછો કરવા લાગી. કૌરવો મદદ માટે પાંડવોને બોલાવવા લાગ્યા.

કૌરવોની સહાય માટે ભીમ અર્જુન દ્રોણાચાર્યને નમન કરીને રથમાંથી નીચે ઉતર્યા અને દ્રુપદના સૈન્ય પર તેમણે ચડાઈ કરી. ભીમે પોતાની ગદાથી દ્રુપદ સૈન્યનો નાશ કર્યો. દ્રુપદ અને અર્જુન વચ્ચે ભયંકર યુદ્ધ થયું. અર્જુને પોતાના તેજસ્વી બાણોથી દ્રુપદના રથનો ધ્વજ અને છત્ર તોડી નાખ્યાં. રથના ઘોડા માર્યા. સારથીનો વધ કર્યો અને દ્રુપદનું ધનુષ્ય અને ભાથાં તોડી નાખ્યાં. પછી અર્જુન પોતાના રથમાંથી નીચે ઉતર્યો અને દ્રુપદને પકડી પોતાના રથમાં લાવ્યો. એ જોતાં જ કૌરવોએ જયજયકાર કર્યો અને એ દ્રુપદનું નગર લૂંટવા દોડયા. પરંતુ દ્રુપદ રાજા એ દ્રોણચાર્યનો ગુરુબંધુ હોવાથી એનું નગર લૂંટવું અથવા પ્રજાને ત્રાસ આપવો અયોગ્ય છે એમ અર્જુને કૌરવોને સમજાવી પાછા વાળ્યા.

પછી અર્જુને દૂત મોકલીને દ્રુપદના પ્રધાનને બોલાવી લીધા અને તેની સાથે દ્રુપદ રાજાને અર્જુન દ્રોણાચાર્ય પાસે લઈ ગયો. એ પછી દ્રુપદે નીચે મોંઢે ગુરુબંધુ દ્રોણની ક્ષમા માગી. દ્રોણે તેને ક્ષમા આપી અને આલિંગન કરતાં કહ્યું; 'દ્રુપદ, તું અને હું બાળપણના મિત્રો છીએ. આપણે નાનપણમાં એક જ જગ્યાએ વિદ્યા શીખ્યા એ હું ભૂલ્યો નથી. આજ અર્જુને તને અને તારા રાજયને મને ગુરુદક્ષિણામાં અર્પણ કર્યું છે. એ પૈકી હું તને અડધું રાજ્ય આનંદથી આપું છું. વૈરભાવ છોડી તું એ રાજ્યમાં સુખથી ઉપભોગ કર.' એમ કહીને દ્રોણે દ્રુપદને સન્માનથી એના નગરમાં મોકલી દીધો. પરંતુ આ અપમાનથી દ્રુપદ મનમાં ને મનમાં તડપયા કરતો હતો. એ એના મનમાં બોલ્યો: 'હું શ્રી શંકરને પ્રસન્ન કરીને દ્રોણનો વધ કરનાર પુત્ર અને અર્જુનને વરનારી પુત્રી માગી લઈશ.'

પછી કૌરવો પાંડવો પોતાનાં સૈન્ય સાથે નગરમાં પાછા આવ્યા. એક વર્ષ પછી ભીષ્મએ ધર્મને યુવરાજપદ આપ્યું. ભીમ બલરામ પાસે જઈને ગદાયુદ્ધ શીખ્યો. એ જોઈને દુર્યોધન પણ બલરામ પાસે જઈને એ વિદ્યા શીખ્યો. અર્જુન, નકુલ, સહદેવ ધર્મરાજાની આદરથી સેવા કરવા લાગ્યા. કેટલાક દિવસો પછી ધર્મની આજ્ઞા લઈને અર્જુન, ભીમ, નકુલ, સહદેવને સાથે લઈને દિગ્વિજય કરવા નીકળ્યો. અર્જુને બધા રાજાને જીતીને અમાપ સંપત્તિ મેળવી.

ધૃતરાષ્ટ્રને આ વાતની ખબર પડતાં એ ચિંતામાં પડયા. એ બોલ્યા: 'પાંડવો ખૂબ પરાક્રમી થયા છે. બધું રાજ્ય એ જ લેશે અને મારા પુત્રો ભિક્ષા માગશે એમ મને દેખાય છે. પછી તેમણે કણિક નામના પોતાના એક પ્રધાનને બોલાવ્યો. આ પ્રધાન અત્યંત દુષ્ટ સ્વભાવનો હતો. એ ખૂબ કપટી પાપી અને નીચ હતો. ધૃતરાષ્ટ્રે એકાંતમાં તેને પોતાની ચિંતા કહી.

ત્યારે કણિક બોલ્યો: 'મરણ દૂર છે એ માટે કદી સ્વસ્થ બેસવું નહીં. તેનો વિચાર તાત્કાલિક કરવો. વેરી, સર્પ અને અગ્નિ આ ત્રણ નાના હોય તો પણ તેમની ઉપેક્ષા ક્યારેય કરવી નહીં. બધું જ કાર્ય બાજુમાં મૂકી પહેલો એનો નાશ કરવો. વેરીથી કૃત્રિમ મૈત્રી બાંધીને એનો પ્રાણ લેવો, પ્રત્યક્ષ પોતાનાં માબાપ એ પણ પોતાના સ્વાર્થમાં બાધા રૂપ બનવા લાગે તો એમનો પણ વધ કરવામાં આગળ પાછળ જોવું નહીં.' કણિકે પોતાની દુષ્ટ નીતિનો ધૃતરાષ્ટ્રને ઉપદેશ કર્યો.

એ સાંભળી ધૃતરાષ્ટ્ર બોલ્યાઃ 'કણિક, તેં જે કહ્યું તે બરાબર છે, પણ આજ મારા મનમાં જે ચિંતા ઉત્પન્ન થઈ છે એને ઓછી કરવાની કોઈ યુક્તિ છે, એ મને કહે.'

કણિક બોલ્યોઃ 'યુક્તિ એ જ કે બહાર સારાપણું બતાવી શત્રુના પ્રાણ લેવા. એનાથી કોઈ બીજી સારી યુક્તિ મને દેખાતી નથી. પાંડવો જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી તમારા પુત્રો સુરક્ષિત રહેશે નહીં. આનાથી અધિક હું તમને શું કહું.' આમ બોલીને કણિક ત્યાંથી પ્રસ્થાન કરી ગયો.

અહીં પાંડવોની વર્તણૂક જોઈને પ્રજા સંતુષ્ટ થઈ. હવે ધર્મ રાજ્ય કરશે તેથી બધા લોકોને આનંદ થયો. પ્રત્યેક લોકો ધર્મને જ ગાદી પર બેસવાનું કહેવા લાગ્યા.

દુર્યોધનના માણસોએ ઘેર ઘેર ચાલતી આ ચર્ચા અને પાંડવો પ્રત્યે લોકોને થતો વિશેષ પ્રેમ આ વાતો દુર્યોધનને કાને કહી. આ વાત સાંભળી દુર્યોધનને ઘણો જ સંતાપ થયો અને એ પોતાના પિતા પાસે ગયો. દુર્યોધને ધૃતરાષ્ટ્રને કહ્યુંઃ 'પિતાશ્રી, બધી પ્રજા એક થઈને ધર્મને રાજ્ય આપવું એમ કહે છે. તમે અંધ છો એ માટે તમને રાજ્યાધિકાર નહીં મળે એમ બધાં કહે છે. દ્રોણાચાર્ય અને ભીષ્મ પણ તમને આ માટે મળશે. એ બધા મળીને મારો વધ કર્યા સિવાય રહેશે નહીં. ત્યારે હવે પાંડવોને આપણાથી દૂર રાખવા એમાં જ આપણું કલ્યાણ છે.'

દુર્યોધનની મરજી પ્રમાણે ધૃતરાષ્ટ્રે પાંડવોને બોલાવ્યા અને તેમને કહ્યું કેઃ 'તમે આજે જ વારણાવત જાવ, એ નગર જોઈ આવો અને ત્યાં જ રહીને રાજ કરો, એ રાજ્ય પણ આપણું જ છે.'

ધર્મરાજાએ કાકાની વાત માન્ય કરી અને હમણાં જ ત્યાં જઈએ છીએ એમ કહી ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણાચાર્ય અને વિદુર એમ સર્વને વંદન કરી તેમનો આદેશ લઈ વારણાવત તરફ જવા પ્રયાણ કર્યું.

એ પાંડવ હવે મરશે કેમ ઉપાયે, જેથી એ બળી મરે એસો કહેજો ઉપાયે. ॥૨૨૪॥
ત્યાં કહે શકુનિ તમે જાવો વારણાવત નગરમાંય, રહેજો તમો લાખામંદિર છે ત્યાંય. ॥૨૨૫॥
ત્યાં દુર્યોધને મંત્રી પુરોચન મોકલ્યો જહાં, તેણે લાખામંદિર બાંધ્યાં ઉત્તમ તહાં. ॥૨૨૬॥
ત્યાં દુર્યોધન કહે ધૃતરાષ્ટ્રને તમે સુણો તાત, પાંડવોને વારણાવત મોકલો નગર જોવા કાજ. ॥૨૨૭॥
ધૃતરાષ્ટ્ર કહે પાંડવોને સુણો પાંડુનંદન વીર, તમો માતા કુંતી સાથે જાવો નગર જોવા સધીર. ॥૨૨૮॥
ત્યાં દુર્યોધન તમારા કાજે બાંધ્યું મંદિર ઉત્તમ સાર, રહો ત્યાં સુખ હોય શું નિરધાર. ॥૨૨૯॥
માતા કુંતીને વિદુર સાથે પાંચે વીર, લઈ રજા ધૃતરાષ્ટ્ર તણી વારણાવત જાયે ધીર. ॥૨૩૦॥
મારગમાં વિદુર કહે યુધિષ્ઠિર તમે સુણો મારી વાત, દુર્યોધને કીધો છે તમ સાથ વિશ્વાસઘાત. ॥૨૩૧॥
એ દુર્યોધને સહી લાખામંદિર બાંધ્યા છે તમ કાજે, જો અગ્નિ લગાડયા તે મંદિર બહુ દાઝે. ॥૨૩૨॥
બળી મરશો તમો તત્કાળ સહી, અને દુષ્ટ દુર્યોધનનાં કારજ સરસે તહી. ॥૨૩૩॥
તે માટે પાંડવો તમે ગફલતમાં ન રહેશો જાણ, નહીં તો તમે ખોસો તમારો પ્રાણ. ॥૨૩૪॥
ત્યાં જઈ તમે ગુપ્ત રીતે સુરંગ બાંધજો સહી, તે સુરંગથી તમે વનમાં નીકળજો જઈ. ॥૨૩૫॥
એવી બુદ્ધિ દઈ વિદુર ત્યાંથી વિદાય થાયે, અને પાંડવ વારણાવત નગર પાસે આવી રહે. ॥૨૩૬॥
ત્યાં દુર્યોધન પાંડવોને તેડી ચાલ્યો ત્યાંય, અને તેને જઈ ઉતાર્યા લાખામંદિર માંય. ॥૨૩૭॥

ત્યાં દુર્યોધને પાંડવોને ભોજન લાડુ જમાડયા ત્યાંય, પણ સતી પાંડવો સત્ ન ચૂક્યા ક્યાંય. ॥૨૩૮॥
પાંડવે લાખા ભવનમાં સુરંગ બાંધી જ્યાંય, તે થકી વનમાં નાસી આવ્યા ત્યાંય. ॥૨૩૯॥
તે સુરંગ દ્વારે ભીમે શીલા રાખી જ્યાંય, તે હેઠળ સુરંગ કરી કહેવાય. ॥૨૪૦॥

દુર્યોધને કણિક, શકુનિ, કર્ણ, દુઃશાસન વગેરેને બોલાવીને એમના વિચારોથી એક નવો જ વ્યુહ રચ્યો. દુર્યોધને પુરોચન નામના એક કારીગરને બોલાવી લીધો અને તેને કહ્યું: 'તું વારણાવતમાં જા અને ત્યાંના બધા પ્રજાજનો સાથે લઈને પાંડવોની સામે આવ. તેમનો બહુ મોટો સત્કાર કર અને હું કહું તેમ એક મહેલ તૈયાર કરીને રહેવા આપ. આ મહેલ લાખ, રાળ અને કપુર એ ત્રણની સહાયથી બાંધ અને તેમાં વેળું, તેલ અને લાકડાનો જેટલો વિશેષ ઉપયોગ થાય તેટલો ઉપયોગ કર. મહેલની ભીંતોને માખણમાં કપૂર ભેળવીને માટીથી લીંપીને તેના ઉપર માટીનો જેટલો થર થાય તેટલો કર. પછી ભીંતો ઉપર મનોહર ચિત્રો દોરજે. મહેલ તૈયાર થયા પછી સર્વ પ્રકારના ઉત્કૃષ્ટ સરંજામથી પાંડવોને અર્પણ કર. પછી તને સૂચના આપીએ ત્યારે એ મહેલને આગ લગાડવી. પાંડવો એમાં બળીને મરી જાય એવી વ્યવસ્થા કર. આ વાતની કોઈને ખબર ન પડે તેનું ધ્યાનમાં રાખજે. તારી કામગીરી વ્યર્થ જશે નહીં. જા હવે તારા કામે લાગી જા.' પુરોચને એનું કહેવું કબૂલ કર્યું અને પોતાના કામે લાગ્યો.

પાંડવોએ કુંતી સાથે હસ્તિનાપુર છોડીને વારણાવતમાં જવા પ્રયાણ કર્યું ત્યારે લોકોને ખૂબ જ દુઃખ થયું. પાંડવોએ સર્વ લોકોના મનનું સમાધાન કરીને તેમણે બધાના આશીર્વાદ લીધા.

વિદુરે આશીર્વાદ આપતી વખતે સાંકેતિક ભાષામાં ધર્મરાજ યુધિષ્ઠિરને ભાવિ સંકટની જાણ આપી સાવધ રહેવા જણાવ્યું અને કહ્યું કે: 'દુર્યોધન આપણી સાથે હતો તેથી હું તને સ્પષ્ટપણે કહી શક્યો નહિ અને વળી કહ્યું કે: 'તારી ઉપર ખૂબ કઠિન સંકટ આવનાર છે માટે અહોરાત્ર સાવધ રહેજે. સદ્ગુરુ રૂપે તને અગ્નિ મળશે. તે શું કહે છે તે સમજજે. વનમાં ભય લાગતાં જ વન્ય પ્રાણીઓ પોતાની વિવર (ગુફા)માંથી બહાર નીકળી પડે છે એ તને ધ્યાનમાં જ હશે, દિવસે ધર્મ કાર્ય કરતો રહેજે અને રાત્રે શ્રી હરિનું સ્મરણ કરવામાં કાઢજે, શત્રુનો મીઠો શબ્દ પણ વિષ જેવો હોય છે, માટે કોઈની પણ વાણીના આશયમાં આવીશ નહીં, શત્રુના ઘરનું અન્ન પણ વિષ રૂપ જ માનવું. આ બધી વાતોને ધ્યાનમાં રાખજે. ઉત્તર દિશામાં થઈને દક્ષિણ દિશામાં ફરીને જવાથી ભીમસેન ફરી એકવાર વિજયી થવાશે. કાયમ શ્રી કૃષ્ણનું સ્મરણ કરતો રહેજે, એટલે કોઈપણ વાતનો અવરોધ આવશે નહીં. ધર્મ, મેં કહેલું આ બધું ધ્યાનમાં રહેશે ને ?'

ધર્મએ 'હા' એમ કહીને ગદ્ગદ્ થઈ વળતો ઉત્તર આપ્યો.

વારણાવત નગર નજીક આવતાં જ પુરોચન બધા લોકોની સામે આવ્યો. પાંડવોને વસ્ત્રો, અલંકાર વગેરે આપીને તેમનો સત્કાર કર્યો અને તેમને તે એક બાજુ જુના મકાનમાં લઈ ગયો અને ત્યાં જ તેમને થોડો સમય રહેવાની વ્યવસ્થા કરી. ત્યાં નિત્યક્રમાનુસાર પાંડવોએ ભોજન કર્યું. પછી પુરોચને પાંડવોને કહ્યું: મેં એક નવો મહેલ બાંધ્યો છે તે મહેલ જોવા માટે ચાલો, એવી વિનંતી કરી. મહેલ ખૂબ જ સુંદર હતો.

પણ ધર્મને વિદુરના શબ્દો યાદ હોવાથી ધર્મે ભીમને એ ઘરની પરીક્ષા કરવા માટે કહ્યું.

ધર્મ બોલ્યા: 'ભીમ, આ ઘરની ભીંતો પર પાણી છાંટીએ અને સુવાસ આવે છે કે શું એમ જો તો.'

ભીમે એ પ્રમાણે કરતાં જ વિદુરે કહેલી વાતનો પ્રત્યય થયો. એ જોઈને ભીમે ત્યાં રહેવા માટે નારાજગી વ્યક્ત કરી.

પણ ધર્મ બોલ્યા: 'આપણું રક્ષણ શ્રી કૃષ્ણ કરશે. હમણાં આપણે પુરોચન સાથે મૈત્રીથી જ વર્તીશું.

અહીં શ્રી કૃષ્ણએ વિદુરના સ્વપ્નમાં આવીને તેને કહ્યું કે: 'ખોદકામ કરનારાને બોલાવીને પાંડવો રહે છે એ ઘરમાંથી એક મોટું વિવર (ભોયરું) તૈયાર કરો.'

પછી વિદુરે પોતાના એક વિશ્વાસુ કારીગરને બોલાવી ખોદકામ કેમ કરવું એની સૂચના આપી. કારીગરે એ ઘરની નીચે સાત યોજન લાંબો એવો ગુપ્ત રસ્તો તૈયાર કર્યો અને પછી તેણે એ રસ્તો ભીમને બતાવીને એ રસ્તાનું મ્હોં બંધ કરી નાખવું એમ કહ્યું. કૃષ્ણ પક્ષની ચતુર્થીના દિવસે રાત્રે પુરોચન ઘરને આગ લગાવશે એમ કહી એ કારીગર પાછો ગયો.

એક રાત્રે પાંડવને મારવા લાખા મંદિરને લગાડી આગ, અને તે ત્યાં સુરંગથી વનમાં ચાલ્યા ભાગ. ॥૨૪૧॥
સુરંગ દ્વાર પરથી શિલા દૂર કરી છે જ્યાંય, અને તે માંહે પહેલા ઉતર્યા અર્જુન યુધિષ્ઠિર ત્યાંય. ॥૨૪૨॥
તે પછી માતા કુંતી નકુલને સહદેવ ઉતર્યા જ્યાંય, ભીમ ઉતરી શિલા રાખી દ્વાર ઉપર ત્યાંય. ॥૨૪૩॥
ત્યાં સુરંગ માંહે પાંડવ ઉતર્યા જ્યાંયે, અને લાખામંદિર બહુ બળવા લાગ્યું ત્યાંયે. ॥૨૪૪॥
તે લાખા મંદિરને દીધી અગ્નિ જ્યારે ઊઠી ઝાલ, ત્યારે કૌરવો કહે હવે મીટયો પાંડવોનો કાલ. ॥૨૪૫॥
કહે લોક એ કૌરવે કીધું વિશ્વાસઘાતનું કરમ, પણ તેણે ના જાણ્યાં આવા પાંડવનાં સત્ ધરમ. ॥૨૪૬॥
ત્યાં પ્રજા સહુ દુઃખમાં કરે બહુ વિલાપ, હવે આપણો સ્વામી ગયો જે હતા સત્‌વંતા આપ. ॥૨૪૭॥
ભીષ્મ વિદુર ગુરુ દ્રોણ દુઃખ કરે અપાર, ધૃતરાષ્ટ્ર કૌરવ મનમાં બહુ પ્રસન્ન થયા સાર. ॥૨૪૮॥
પણ તે ઉપરથી બહુ શોક કરે દુઃખ ધરે અપાર, જે કહે અમારા બંધવને દુષ્ટે અગનમાં બાળ્યા સાર. ॥૨૪૯॥
ઈહાં પાંડવ તેણે શિર મોટા જગદીશ મિત્ર, ભાઈ જે પાંડવ ધર્મી છે મહાપુણ્ય પવિત્ર. ॥૨૫૦॥
જેના રાખણહારા છે મોટા શ્રી નારાયણ દેવ, તે જળ સ્થળમાં ભગતની રક્ષા કરે તતખેવ. ॥૨૫૧॥
એ ધણી ઉપર રાખો વિશ્વાસ ધરી, તે ભકત સખા થાયે છે શ્રી હરિ. ॥૨૫૨॥
ત્યાં પાંડવ સુરંગે ચાલ્યા સત્ સધીર, અને જઈ પોતા તે ગંગાજીને તીર. ॥૨૫૩॥
ત્યાં વિદુરે હોડીવાળો મોકલ્યો તે વાર, તેને પાંડવોને હોડીમાં ઉતાર્યા ગંગા પાર. ॥૨૫૪॥
ત્યાંથી પાંડવ મોટા વનમાં નિસરી જાયે, તે વનમાં રાક્ષસ હિડિંબ વસે છે ત્યાંયે. ॥૨૫૫॥
તે રાક્ષસને ભીમસેને મારીયો જ્યાંય, તેણી બેન હિડિંબા સાથે વિવાહ કીધો ત્યાંય. ॥૨૫૬॥
તેનો પુત્ર ઘટોત્કચ થયો છે સાર, જે મહા પરાક્રમી યોદ્ધાવીર નિર્ધાર. ॥૨૫૭॥
પાંડવ એકચક્રાનગરીમાં બ્રાહ્મણ ઘર રહ્યા, બકાસુર રાક્ષસને ભીમે મારી નિઃપાત કર્યા. ॥૨૫૮॥

કૃષ્ણ પક્ષ ચતુર્થીનો દિવસ ઉગ્યો. ધર્મરાજાએ તે દિવસે બ્રાહ્મણોની સમારાધના કરી. આજે એ જ દિવસે એક ભીલ સ્ત્રી પોતાના પાંચ પુત્રોને લઈને વારણાવત આવી હતી. કુંતીએ એમને ત્યાં આશરો આપીને રાખી હતી અને ભોજન આપ્યું હતું. એ રાત્રે એ ત્યાં મહેલમાં જ રહી હતી. પુરોચન એ દિવસે પાંડવો સાથે જ જમ્યો. રાત્રે બધા સૂઈ ગયા. ભીમ માત્ર ઊંઘવાનું નાટક કરીને પોતે સાવધ રહીને બારીકાઈથી બધું જોતો હતો.

બાર ઘટક રાત થઈ ગયા પછી પુરોચન મશાલ સળગાવીને ઘરની પાસે આવ્યો. ભીમ જાગ્યો. તેણે પૂછ્યું: 'પુરોચન મશાલ કેમ સળગાવી છે ?'

પુરોચને ઉત્તર આપ્યો કે; મને ખૂબ ઠંડી લાગે છે એટલા માટે સળગાવી છે.'

ભીમ પાછો ઊંઘનું નાટક કરીને સૂઈ ગયો. ફરી એક ઘટક વિત્યા પછી પુરોચન પાછો મશાલ લઈને આવ્યો.

ભીમે એને કહ્યું: 'પુરોચન, ઘરને આગ લગાવે છે કે શું કરે છે ? તને ખૂબ ઠંડી લાગતી હોય તો ચાલ તને અંદર લઈ જઈ તપાવું છું.' એમ કહીને તેણે પુરોચનને બાંધીને ઘરમાં લાવી નાખ્યો. પછી ભીમે એ ઘરમાં ચારેય બાજુથી આગ લગાડી દીધી અને કુંતી સાથે ચારેય ભાઈઓને લઈને વિવરમાં ઉતરી ગયો. મશાલ સળગાવી બધા વિવરમાંથી બહાર આવ્યાં. પછી એ વિવરનું દ્વાર બંધ કર્યું. અહીં એ આખું ઘર ક્ષણમાં સળગી ગયું.

પુરોચન, ભીલ સ્ત્રી અને તેના પાંચ પુત્રો આગમાં બળી ગયા. લોકોએ પાંડવો બળીને ભસ્મ થઈ ગયા એમ સમજીને અતિ ઘણો શોક કર્યો. દૂત હસ્તિનાપુરમાં ગયો અને તેમણે ધૃતરાષ્ટ્રને આગનું વર્તમાન કહ્યું. ધૃતરાષ્ટ્રે દેખાવ પૂરતાં ચાર અશ્રુ ઢાળ્યાં. કૌરવોએ પણ તેવું જ નાટક કર્યું. પછી દુર્યોધને તેમની ઉત્તર ક્રિયા વગેરે કરી અને મહેલની જગ્યાએ મઠ બાંધવાની આજ્ઞા કરી.

અહીં પાંડવો વિવરમાંથી બહાર નીકળી અને ભગીરથીના તીરે જઈ પહોંચ્યા. એટલામાં વિદુરે મોકલેલો નાવિક પોતાની નૌકા લઈને એ જગ્યાએ આવ્યો. એ નાવમાં બેસીને બધા સામા તીરે પહોંચી ગયા. ધર્મએ એ નાવિકને આલિંગન આપ્યું અને તારો ઉપકાર જન્મભર ભૂલીશું નહીં એમ કહ્યું. પછી નાવિક ધર્મરાજાને નમન કરી હસ્તિનાપુર પાછો ગયો. પાંડવોએ ગંગામાં સ્નાન કરીને એ પુણ્યશીલ ભગીરથીને વંદન કરીને એની સ્તુતિ કરી.

પછી ભીમે કુંતીને ખભા પર લીધાં અને બધાં સાથે ભયંકર જંગલનો માર્ગ કાપવા લાગ્યાં. સારો એવો માર્ગ ચાલ્યા પછી કુંતીએ થોડો વિશ્રામ લેવા માટે ભીમને કહ્યું, રસ્તામાં શ્રમથી કુંતીને ખૂબ જ તરસ લાગી હતી. ત્યારે ભીમે કુંતીને નીચે ઉતાર્યાં. કુંતીની પાસે ધર્મ, પાર્થ વગેરે બેઠા અને ભીમ પાણી લેવા માટે ગયો. અંધારામાં પાણી ક્યાં છે તે તેને બરાબર દેખાતું નહોતું. ભીમે ચારે દિશાએ શોધ કરીને ખૂબ કષ્ટ પછી પાણી મેળવ્યું પણ એ લઈ જવા માટે કોઈ સાધન પાસે ન હોવાથી તેને ચિંતા થઈ. છેલ્લે એ પોતાનું વસ્ત્ર પાણીમાં ભીંજવીને લઈ આવ્યો. અહીં ભીમને આવવાની વાર થવાથી બધાં ઊંઘી ગયાં હતાં. બધાં નિદ્રામાં નિમગ્ન થયાં છે એમ જોઈને ભીમે તેમને ન ઉઠાડતાં આખી રાત રક્ષણ કરતો જાગતો બેઠો.

એ અરણ્યમાં હિડિંબાસુર નામનો એક રાક્ષસ પોતાની બહેન હિડિંબા સાથે રહેતો હતો. માણસની ખબર પડતાં જ તેણે પોતાની બહેનને શોધ કરવા માટે મોકલી. એ શોધ કરતી કરતી પાંડવો પાસે આવી. ત્યાં પાંચે જણ ઊંઘતાં હતાં અને છઠ્ઠો એમના રક્ષણાર્થે બેઠો છે એમ જોઈને એ નરમાંસ લોલુપ હિડિંબા રાક્ષસીને ખૂબ આનંદ થયો. એ ભીમ પાસે ગઈ. ભીમની એ તેજસ્વી મૂર્તિ જોતાં જ હિડિંબાના મનમાં કામવાસના ઉત્પન્ન થઈ. તેણે રંભાની જેમ સુંદર રૂપ ધારણ કર્યું અને ભીમને કહ્યું: 'હે સુંદર પુરુષ, મારો ભાઈ એક મહાપરાક્રમી રાક્ષસ છે તે નજીકના જ એક ઝાડ પર બેઠો છે. તેની અને મારી શક્તિ એકસરખી હોવાથી મેં તને ક્યારનોય મારી નાખ્યો હોત પણ તારા રૂપથી હું મોહિત થઈ છું. એટલે તું મારી ઈચ્છા પૂર્ણ કર.'

ભીમે કહ્યું: 'તું જેમ આવી છે તેમ એ રસ્તે જ પાછી જા. મને તારા ભાઈની કે કોઈ જ બીક નથી. એવા હજારો રાક્ષસો સામે આવે તો પણ ક્ષણાર્ધમાં હું એમનો નાશ કરીશ.'

હિડંબા ત્યાંથી ખાસ દૂર નહોતો. હિડિંબાસુરને ભીમની આ આવેશયુક્ત વાણી સાંભળાઈ. એના કારણે એ ગુસ્સે થઈ ભીમની પાસે દોડી આવ્યો. ભીમ પણ સાવધ થતાં જ બંનેની વચ્ચે ઝપાઝપી થઈ. રાક્ષસ વચ્ચે વચ્ચે મોટેથી બૂમો પાડતો

હતો. એ નાદથી એ જંગલ ધણધણી ઊઠયું તેથી ધર્મ વગેરે જાગી ગયા. તે આમ તેમ જુએ છે તો ભીમ અને મહાવિક્રાળ રાક્ષસ સાથે યુદ્ધ ચાલતું હતું. તેઓ બધા રાક્ષસ અને ભીમ તરફ દોડી ગયા. પણ ભીમે એકલાએ હિડંબાસુરને ઠાર માર્યો અને દૂર ફેંકી દીધો. ભીમે બધાંને સર્વ હકીકત કહી. હિડંબાસુર રાક્ષસ સાથે આ તેની બહેનને પણ ઠાર મારવાનો હતો. પછી હિડિંબાએ પોતાનો હેતુ કુંતી અને ધર્મ વગેરેને કહ્યો અને કહ્યું: 'હું રાક્ષસી છું માટે મારો ધિક્કાર ન કરશો. હું તમને બધાને સુખ આપીશ. મારા પેટે જે પુત્ર થશે એ તમારા શત્રુઓનો નાશ કરશે અને ભગવાન શ્રી કૃષ્ણની સાક્ષીથી કહું છું કે તે અર્જુનના પ્રાણનું રક્ષણ કરશે.'

ધર્મરાયે પૂર્ણ ખાતરી કરીને આગળનું ભવિષ્ય જાણીને ભીમને કહ્યું: 'તને આનાથી કોઈ અન્યાય થશે નહીં. એની સાથે નિર્ધાસ્તપણે તું લગ્ન કર. ધર્મની અને કુંતીની પરવાનગીથી ભીમનાં હિડિંબા સાથે ગંધર્વ પદ્ધતિથી લગ્ન થયાં. પછી હિડિંબાએ એ અરણ્યમાં પાંડવોની ઉત્તમ વ્યવસ્થા કરવાથી કેટલાક દિવસો પાંડવો ત્યાં જ રહ્યા. આગળ હિડિંબાને ભીમથી ઘટોત્કચ નામનો પુત્ર થયો. પુત્ર પ્રાપ્ત થયા પછી હિડિંબાએ આગળ જવાની તેમને સંમતિ આપી.

પાંડવોએ જતી વખતે હિડિંબાને એમ કહ્યું કે: 'સંકટ સમયે અમારું સ્મરણ કરવાથી અહીં આવીશું અને તારા સંકટનું નિવારણ કરીશું.' એટલામાં ઈંદ્રે ત્યાં આવીને કહ્યું કે: 'ઘટોત્કચ ખૂબ શૂરવીર થશે અને આ તમને અનેક પ્રસંગે ઉપયોગી થશે. તેમજ આ વીર કર્ણને એક વાર જીતશે.' એમ કહીને ઈંદ્ર અમરાવતી જવા નીકળી ગયા. પછી પાંડવો અને વ્યાસની મુલાકાત થઈ. વ્યાસે તેમને એકચક્રનગરમાં જઈને એક મહીનો રહેવા માટે કહ્યું.

માતા કુંતીને લઈને પાંડવો એકચક્રનગરમાં એક ગરીબ બ્રાહ્મણના ઘેર ગયા. ત્યાં એ બ્રાહ્મણ માધુકરી માગીને પોતાનો જીવન નિર્વાહ કરતો હતો. એ ગામમાં બક નામના એક રાક્ષસનો ખૂબ ત્રાસ રહેતો હતો. તેને રોજ એક ગાડું ભરીને અન્ન, એકેક બળદ, ભેંસ, બકરી અને એક મનુષ્ય એટલું ખાવા જોઈએ. આ ગામના લોકોએ વારાફરતી રોજ જંગલમાં આ બધું લઈ જઈને તેને આપવું પડતું હતું. એક દિવસ પાંડવો જે બ્રાહ્મણના ઘેર રહેતા હતા તે બ્રાહ્મણના ઘરના મનુષ્યનો વારો આવ્યો. પરંતુ એના ઘરમાં બ્રાહ્મણ, એની પત્ની, એક પુત્ર અને પુત્રી એમ ફક્ત ચાર માણસો જ હતાં. તેમાંથી કોને મોકલવા એ ચિંતામાં એ બધાં રડતાં હતાં. ત્યારે કુંતીએ તેમનું રડવાનું સાંભળીને તેમને દુ:ખનું કારણ પૂછ્યું. ત્યારે બ્રાહ્મણે કુંતીમાતાને બકનો વર્તમાન જણાવી ઉત્તર આપ્યો કે; 'જો કોઈ એ રાક્ષસનો વારો ચૂકે તો તે રાક્ષસ એકદમ ગામમાં આવીને જે સામે આવે તેનો સંહાર કરી નાખે છે.'

કુંતી માતાને એ બ્રાહ્મણની દયા આવી અને તેણે બ્રાહ્મણને એમ કહ્યું કે: 'તારા પુત્રના બદલામાં હું મારો એક પુત્ર આપું છું.

બ્રાહ્મણે કહ્યું: પોતાના માટે બીજાનો નાશ કરાવવો તે અયોગ્ય છે. બ્રાહ્મણે કુંતીની વાત નકારી કાઢી.

અંતે કુંતીએ બ્રાહ્મણને ભીમનું પરાક્રમ જણાવ્યું અને કહ્યું કે: ભીમ તે બક રાક્ષસનો નાશ કરશે અને તમને લોકોને કાયમ માટે સુખી કરશે પણ આ વાત તું કોઈની પાસે કરીશ નહીં.' આ પ્રમાણે બ્રાહ્મણનું સમાધાન કરીને કુંતી માતાએ આ વાત પોતાના પુત્ર ભીમને કહી. એ સાંભળીને બકાસુર સાથે યુદ્ધ કરવા મળશે અને ખૂબ દિવસે પેટ ભરીને અન્ન ખાવા મળશે તેથી ભીમને ઘણો આનંદ થયો અને તે બીજા દિવસની રાહ જોવા લાગ્યો.

બીજા દિવસે એક ગાડુ ભરીને અન્ન વગેરે લઈને ભીમ બક રાક્ષસના કાયમના સ્થળે ગયો. ત્યાં ભીમે અન્નની ગાડી છોડીને બળદ, ભેંસ, બકરી વગેરે જંગલમાં છોડી દીધાં અને ભીમ બિંધાસ્તપણે અન્ન ખાવા લાગ્યો. એટલામાં બકાસુર ત્યાં આવ્યો અને એ દૃશ્ય જોઈને ત્વરાથી ગર્જના કરતો ભીમની પાસે દોડતો આવ્યો અને તેણે લાત મારી મુક્કા મારવા લાગ્યો.

પરંતુ ભીમે ખાવાનું છોડયું નહીં. બધું અન્ન પત્યા પછી ભીમે બકાસુરને ઠાર મારીને તેના મૃતદેહને નગરના દરવાજા પાસે લાવી મૂકી દીધો. પછી બકાસુરના જે થોડા સાથીદારો હતા એ ભીમના શરણે આવ્યા. ત્યારે ભીમે તેમને કહ્યું કેઃ જો તમે મનુષ્યનું ભક્ષણ કરશો તો તમારી પણ આવી જ દશા થશે. ભીમની વાત સાંભળીને એ બધા રાક્ષસો અરણ્યમાં જતા રહ્યા. ભીમે ત્રિપદ (વિષ્ણુ)નો જપ કર્યો અને ખૂબ હર્ષથી પાછો પોતાના રહેઠાણે આવી ગયો.

અહીં ગામના લોકો દરવાજા પાસે આવ્યા અને તેમને બકાસુરનું મૃત શરીર દેખાયું. તેમણે આ વર્તમાન ગામના રાજાને જણાવ્યો. રાજાએ જે બ્રાહ્મણનો વારો હતો તેને બોલાવીને પૂછપરછ કરી.

ત્યારે બ્રાહ્મણે કહ્યું કેઃ 'હું અન્નનું ગાડું લઈ ગયો હતો. એટલામાં એક તપસ્વી આવ્યા અને એમણે એક દર્ભ મંત્રીને બકના શરીર પર નાખ્યો. એ જ ક્ષણે મરી ગયો.' એ સાંભળીને બધાને આનંદ થયો.

ત્યાંથી પાંડવો ગુરુ વેદવ્યાસ સાથે પાંચાળ દેશ જાયે, દ્રુપદ રાજાએ દ્રૌપદી સ્વયંવર માંડયો ત્યાંયે. ॥૨૫૯॥
ત્યાં અર્જુને મત્સ્યવેધ કરી સ્વયંવર જીત્યો જ્યાંય, સતી દ્રૌપદી પાંચે પાંડવ સાથે પરણાવી ત્યાંય. ॥૨૬૦॥
ત્યાં સ્વયંવરમાં શ્રીકૃષ્ણ બલરામ સાથે આયે, ભક્ત પાંડવ સ્વામીનાં દર્શન કરે ત્યાંયે. ॥૨૬૧॥
જ્યારે આઠમો અવતાર શ્રી કૃષ્ણ સોહાય, ત્યારે દેવ અને દાનવ એકઠા થાય. ॥૨૬૨॥
ભાઈ જ્યારે અર્જુન દીવો પાંડવ હોય, અને શ્રી કૃષ્ણનું તેજ ભળ્યું તે સોય. ॥૨૬૩॥
મુખી ધર્મપુત્ર યુધિષ્ઠિર સ્થાપ્યા સોયે, અને દૈત્ય ગુણી તો દુર્યોધન હોયે. ॥૨૬૪॥
જ્યારે ગુરુદેવ વ્યાસે અમરપદ વાંચ્યાં જ્યાંય, ત્યારે રાજધર્મ રળિયાત થયા છે ત્યાંય. ॥૨૬૫॥
જ્યારે તાહાં આખર વેળા સાંભળી વાત, ત્યારે ગોર સન્મુખ રાજા થયા આપ. ॥૨૬૬॥
સ્વામીજી તે દેશ મુલક છે કહી, જે આખર વેળામાં મહાદુઃખ ભોગવશે સહી. ॥૨૬૭॥
સ્વામીજી તે આજ અમને વાચા સંભળાવો સહી, પછે અમથી દારુણ દુઃખ વેઠાશે નહીં. ॥૨૬૮॥
ભાઈ પાંડવો આખર તો પાસે છે તેહ, અને હું પણું કરો છો દિલમાં હંકારે જેહ. ॥૨૬૯॥
તે આખર વેળા જાણો સોયે, ભાઈ સહી વેઠાશે છેલી વેળા તોયે. ॥૨૭૦॥
ત્યારે રાજા ધર્મ રોયા આપણા જીવ શું કાજ, ભાઈ અમો પાંડવને પૂર્ણ મન માન્યું આજ. ॥૨૭૧॥
ભાઈ પાંડવ આપણે રાજ કલિમાં અવતર્યા મરમ, પણ અહીયાં તો છે સત્‌પંથ ધરમ. ॥૨૭૨॥
ભાઈ પાંડવો તમો હથિયાર હાથથી નાખજો આજ, જે અમરપદ લેવાનું હોય કાજ. ॥૨૭૩॥
તમે લોકને દુભવશો જીવ હિંસા કરશો અધરમ, તો નિશ્ચિતે તમોને તેનું ભોગવું પડશે કરમ. ॥૨૭૪॥
સદ્‌ગુરુના વચને પાંડવે હથિયાર નાખ્યા જ્યાંયે, તેથી કૌરવનું બળ વધ્યું ત્યાંયે. ॥૨૭૫॥
દિવસ માસને વરસો વિત્યા પવિત્ર પાવન, ગોવિંદ ગુણ ગાતા આવ્યા ધૌમ્ય આશ્રમ. ॥૨૭૬॥
ભક્તની ભીડ ભાંગી ભૂધરે કારજ કર્યા, કઈક મહીપતિ હેઠા પડયા પાંડવ પંચાલીને વર્યા. ॥૨૭૭॥
મચ્છવેધનું કારજ કીધું ત્યાં પાંડવ પ્રગટ થાય, કુંતી માતા દ્રૌપદી સાથે પાંડવ હસ્તિનાપુર જાય. ॥૨૭૮॥
ભક્ત વત્સલ ભૂધરાએ મન વિચાર્યું જ્યાંય, ભગિની સુભદ્રાને અર્જુન સાથે વરાવી ત્યાંય. ॥૨૭૯॥
સુખ દેખી સતીયાનું કૌરવને મન ચિંતા થાય, ગુરુને વચને પાંડવ વિદુર કૃષ્ણને સેવે ત્યાંય. ॥૨૮૦॥
પાંડવ સાથે વેર વધારે દુનિયા ન જાણે વેદની વાણ, ગુરુ નારાયણ વ્યાસ કૃષ્ણ સૌ નિંદે ત્યાંય. ॥૨૮૧॥

પાંડવો બ્રાહ્મણના જે ઘેર રહેતા હતા ત્યાં એક રાત્રે એક વટેમાર્ગુ બ્રાહ્મણ આવ્યો. રાત્રી ભોજન વગેરે પત્યા પછી અર્જુને તેને ક્યાં જવાનું છે એમ પૂછ્યું.

બ્રાહ્મણ બોલ્યોઃ 'અહીંથી સાત દિવસ ચાલીએ તેટલું દૂર પાંચાલ નામક એક મોટું નગર છે ત્યાં દ્રુપદ નામના રાજા રાજ્ય કરે છે. પહેલાં દ્રોણ નામના બ્રાહ્મણે પોતાના અર્જુન નામના શિષ્યથી દ્રુપદનો પરાજય કરાવ્યો હતો એ કારણે તેને દુઃખ થયું અને દ્રોણનો પરાજય કઈ રીતે કરવો આ ઈચ્છાથી દ્રુપદ વનોવન ફરવા લાગ્યા. આમ જ ફરતા હતા ત્યાં એક દિવસે ગંગાને કાંઠે ગયા. ત્યાં યાજ અને અનુયાજ એમ બે મહાન તપસ્વી ઋષિકુમારો એમને મળ્યા. તેમને દ્રુપદે વિનંતી કરી કે; 'દ્રોણનો વધ કરે એવો એક પુત્ર અને અર્જુનને વરે એવી એક રૂપવાન કન્યા મળે, મારી આ મનોકામના પૂર્ણ થયા પછી તમને અપરંપાર ધન આપીશ અને તમારી ઈચ્છા પૂર્ણ કરીશ !'

ત્યારે એ બંનેએ એમ કહ્યું કેઃ 'યજ્ઞ કરવાથી તારી ઈચ્છા સફળ થશે. માટે યજ્ઞ કર.' એ સાંભળતાં જ દ્રુપદે તત્કાળ ત્યાં જ યજ્ઞની તૈયારી કરી. યજ્ઞ કરી દ્રુપદે પૂર્ણાહુતિ કરતાં જ યજ્ઞકુંડમાંથી ધૃષ્ટદ્યુમ્ન નામનો પુત્ર ઉત્પન્ન થયો અને તરત જ પુત્રી પણ ઉત્પન્ન થઈ તેનું નામ યાજ્ઞસેની રાખ્યું. પરંતુ દ્રુપદ એ કન્યાને દ્રૌપદી એમ તેને કહેતા. એ વખતે આકાશવાણી થઈ કેઃ 'આ પુત્રી ખૂબ પતિવ્રતા થશે. એના યોગથી પૃથ્વી પરના દુષ્ટોનો નાશ થશે. ધૃષ્ટદ્યુમ્નના હાથે દ્રોણાચાર્યનો વધ થશે.' આ સાંભળી દ્રુપદનો આનંદ ગગનમાં સમાતો નહોતો. તેણે યજ્ઞ કરનારને ખૂબ દ્રવ્યો આપ્યાં.

પુત્ર અને કન્યા સાથે પોતાના નગરમાં પાછો આવ્યો. એ પુત્રી મોટી થયા પછી અર્જુનની સાથે લગ્ન કરાવવાનો નિશ્ચય કર્યો હતો, પરંતુ વારણાવત મુકામે લાક્ષાગૃહમાં પાંડવો બળીને મરી ગયા એવા વર્તમાનની ખબર પડતાં જ એ ખૂબ દુઃખી થયો હતો, પરંતુ પાંડવો મહાબલાઢય છે. તેઓ દ્રોણાચાર્ય પાસેથી ધનુર્વિદ્યામાં અને વિદુર પાસેથી વ્યવહાર જ્ઞાનમાં નિષ્ણાત હોવાથી તેઓ હજુ જીવતા હશે એમ જાણીને તેણે દ્રૌપદીનો સ્વયંવર કરવાનો નિશ્ચર્ય કર્યો છે, એ કારણે હજારો લોકો દ્રુપદપુરે (પાંચાલ) જાય છે. પરમેશ્વરની કૃપાથી ત્યાં પાંડવો પ્રગટ થાય અને સ્વયંવર જીતે તો અતિ આનંદ થશે અને એ રાજા ભરપૂર દાનધર્મ કરશે. હું દરિદ્ર હોવાથી મને પણ દ્રવ્ય લાભ થશે એટલા માટે હું ત્યાં જાઉં છું. આજથી બરાબર સાતમા દિવસે સ્વયંવર છે.' આવું પાંડવોને કહીને સવાર પડતાં જ એ બ્રાહ્મણ નીકળી ગયો.

પાંડવોના મનમાં પણ આ યોગ સાધવાનો જ હતો, એટલે ગરીબ બ્રાહ્મણના રૂપે કુંતીમાતા સાથે પાંચાલપુરીમાં જવા નીકળ્યા. એક બે દિવસ ચાલ્યા પછી રસ્તામાં ગંગા નદી આવી. ત્યાં અંગારપર્ણ નામનો એક ગંધર્વ પોતાની સ્ત્રી કુંભીનશી અને બીજી સ્ત્રીઓ જોડે જલક્રીડા કરતો હતો. તેણે પાંડવોને આગળ જવા માટે રોકયા. એ વખતે અર્જુન આગળ આવીને બોલ્યોઃ 'અમે રાહદારી છીએ. તું કોણ છે અને ચોરની જેમ આટલી રાત્રે અહીં કેમ બેઠો છે? ચાલ બાજુમાં થા.' આ સાંભળીને ગંધર્વને ગુસ્સો આવ્યો તેણે રથમાં બેસીને અર્જુનના શરીર પર બાણ છોડ્યાં. એ કારણે અર્જુનને ગુસ્સો આવ્યો, તેણે પરાજિત કરીને એની ચોટલી પકડીને શિરચ્છેદ કરવા માટે તલવાર કાઢી. ત્યારે તેની સ્ત્રી કુંભીનસી ધર્મને શરણે ગઈ અને પતિદાન માગ્યું. ધર્મની આજ્ઞાથી અર્જુને તેને છોડી દીધો.

ગંધર્વએ સંતુષ્ટ થઈને અર્જુનને વજ્ર શરીરના પાંચસો ઘોડા અને ક્યાંય પણ કૌતુક થતું હશે એ પોતે જ્યાં બેસેલા હશે ત્યાં દેખાશે એવી ચાક્ષુષી (સૂક્ષ્મ પદાર્થદર્શક) વિદ્યા આપી. અર્જુનને ગંધર્વએ અગ્ન્યાસ્ત્ર વિદ્યા શીખવી. આ રીતે પાંડવોનો સ્નેહ સંપાદન કરી સંકટ કાળે સ્મરણ કરશો ત્યારે મદદે દોડી આવવાનું પણ આશ્વાસન આપીને એ ગંધર્વ સ્ત્રીઓ સાથે સ્વર્ગલોકમાં જવા નીકળી ગયો. પાંડવોએ પણ પોતાના માર્ગે આગળ જવા પ્રયાણ કર્યું.

એ અરણ્યમાંથી જતા હતા ત્યારે વ્યાસ ઋષિએ તેમને દર્શન આપ્યાં. પાંડવોએ તેમને તૃણાસન પર બેસાડી પૂજા કરી અને નમસ્કાર કર્યા. ત્યારે વ્યાસે તેમને કહ્યું: 'હે સદ્ભક્તો ! હમણાં તમે આ કષ્ટ ભોગવો છો. આમ જ કેટલા દિવસ સહન કરશો ? જલ્દી જ તમે ઐશ્વર્યની પ્રાપ્તિ કરી લો. તેવી અમારી અને શાસ્ત્રની તમને આજ્ઞા છે કે ધર્મસંગ્રહ અને નિગ્રહવૃત્તિ ધારણ કરવાથી તમારો વિજય થશે. આગળ અત્યંત ભીષણ પરિસ્થિતિ થશે. કૌરવોની દાનવી શક્તિનો તમારે સંઘર્ષ કરવો પડશે. કદાચિત્ સારા એવા પ્રમાણમાં પ્રાણહાની પણ થશે પરંતુ પોતાનું સત્ત્વ ન છોડતાં નિર્ધારથી શ્રી કૃષ્ણ શરણે જાઓ. એ તમને યથા સ્થિતિ એ માર્ગે પહોંચાડશે. હવે તમે પાંચાલપુરીમાં જઈ સ્વયંવર જીતીને દ્રૌપદીને મેળવો. એ તમને પાંચેયને વરશે, કારણકે તેણે પહેલાં શિવની આરાધના કરીને પાંચ પતિ મળે એવું વરદાન મેળવ્યું છે. હું પણ ત્યાં પ્રગટ થઈને બધું કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ કરીશ.' એટલું બોલી વ્યાસ અંતર્ધાન થયા અને કુંતી માતા સાથે પાંડવો પોતાનો માર્ગ કાપવા લાગ્યા અને યથા સમયે પાંચાલનગરમાં જઈ પહોંચ્યા.

પાંડવોએ ધારણ કરેલા વેષ પરથી આ કોઈ મહાતપસ્વી હશે એમ જોનારને લાગતું. એ દ્રુપદપુરીમાં જઈ પહોંચે તે પહેલાં ત્યાં હજારો રાજાઓ પોતાના સૈન્ય સાથે આવ્યા હતા. તેમાં મુખ્યતઃ દુર્યોધન, કર્ણ, શલ્ય, શકુનિ, શ્રી કૃષ્ણ સાથે બલરામ વગેરે રાજાઓ અને મહાન ઋષિઓ પણ આવ્યા હતા. દ્રુપદે બધાને એમની યોગ્યતા પ્રમાણે મોટા મોટા આવાસ રહેવા માટે આપ્યા હતા. સ્વયંવર માટે એક વિસ્તીર્ણ મંડપ તૈયાર કરવામાં આવ્યો હતો.

નગરમાં પ્રવેશ કર્યા પછી પાંડવો કુંતીમાતાને એક કુંભારના આવાસમાં મૂકી અને તે લગ્ન મંડપ પાસે આવ્યા. નક્કી થયેલા સમયે બધા રાજા, ઋષિ, બ્રાહ્મણ વગેરે લોકો સભામાં આવીને બેઠા હતા, પણ એ સભામાં પાંડવ ન દેખાવાથી દ્રુપદને સંતોષ થતો નહોતો. પાંડવ બ્રાહ્મણ વેષમાં દક્ષિણમાં બ્રાહ્મણની બાજુમાં આવીને બેઠા હતા. સ્વયંવરનો સમય થતાં જ ધૃષ્ટદ્યુમ્ન દ્રૌપદીને ઉત્તમ અલંકાર અને આભૂષણ પહેરાવીને હાથણી પર બેસાડી મંડપમાં લાવ્યો. તેનું રૂપ જોતાં જ બધા ક્ષત્રિય મોહિત થઈ ગયા.

પછી સ્વયંવર માટે નક્કી કરેલી શરત ધૃષ્ટદ્યુમ્ન જાહેર કરી બોલ્યોઃ 'રાજા મહારાજાઓ અને ઋષિમુનિગણો, અહીંયાં ધનુષ્યબાણ મૂક્યું છે એ લઈને નીચે પાણીમાં જોઈને ઉપર ચક્રમાં ફરતી માછલીની આંખ જે વિંધશે એમને મારી બહેન વરમાળા પહેરાવશે. માટે હવે ક્ષત્રિયોએ સજ્જ થવું.' એ સાંભળીને કેટલાક ક્ષત્રિય નિરાશ થઈને એમની જગ્યા પર જ બેસી રહ્યા. ઘણા સમય સુધી કોઈ ઉઠયું નહી. એ જોઈને આજ પૃથ્વી નિઃક્ષત્રિય થઈ કે શું ? એમ પ્રશ્ન ધૃષ્ટદ્યુમ્ને પૂછ્યો. એ સાંભળતાં જ કર્ણ મોટા આવેશથી આગળ આવ્યો અને બોલ્યોઃ 'દ્રૌપદી, હવે મારી જ પટરાણી થશે.' એમ કહીને કર્ણ એ ધનુષ્ય ઉપાડવા લાગ્યો પણ એ એનાથી ઉપાડાયું નહીં. ખૂબ કષ્ટથી કર્ણ ફરી એ ધનુષ્ય ઉપાડવા પ્રયત્ન હતો ત્યાં દ્રૌપદીએ કર્ણને ઓળખીને અને બધાંની સમક્ષ ધૃષ્ટદ્યુમ્નને કહ્યું: 'આ વર્ણરહિત અને કુળહીન છે માટે હું એને વરીશ નહીં.' એ શબ્દ કાને પડતાં જ કર્ણને સંતાપ થયો. એ હાથ ચોળતો ચોળતો ખૂબ ગુસ્સાથી પોતાની જગ્યા પર જઈ બેઠો.

કર્ણ મોટો મહાવીર હતો એની બરાબરી કરનાર અર્જુન સિવાય કોઈ નહોતું. કર્ણની ફજેતી થયેલી જોઈને કોઈ ક્ષત્રિય આગળ આવતું નહોતું. ત્યારે એક ભિક્ષુક બ્રાહ્મણના સમુહમાંથી અર્જુન અને ભીમ ઊઠીને આગળ આવ્યા. એ ઘણા દિવસ સુધી વનમાં ફરતા હોવાથી વાળ દાઢી મૂંછ વધેલાં હતાં. શરીર પર વલ્કલ વસ્ત્ર અને આખા શરીરને ભસ્મ લગાવેલી હતી. એવી વેશભૂષા હોવાથી તે કોઈનાથી ઓળખાયા નહીં. પરંતુ બધા એની સામે ખૂબ જ ઉત્સુકતાથી જોવા લાગ્યા. એટલામાં અર્જુને એ ધનુષ્ય ઉપાડ્યું એ કારણે બધાંને આશ્ચર્ય થયું. પછી તેણે બધાની સામે પાંચ બાણ લીધાં અને

સંધાન કરીને પહેલા જ બાણથી માછલીની જમણી આંખ વીંધી નાખી. તેનું આ કૌશલ્ય જોઈને બધાને ખૂબ આશ્ચર્ય થયું. પછી દ્રુપદે દ્રૌપદીને અર્જુનને માળા પહેરાવવા કહ્યું. અર્જુને દ્રૌપદીને ધર્મ, ભીમ, નકુલ અને સહદેવને સોંપી.

દ્રૌપદી રાજાઓને છોડીને સામાન્ય માણસને વરેલી છે એ જોઈને દુર્યોધન અને કૌરવો તેમજ ત્યાં હાજર સર્વ રાજાઓ પોતાનાં શસ્ત્રો લઈને દ્રુપદને મારવા દોડયા. આ ક્ષત્રિયોનું કામ બ્રાહ્મણે કર્યુ એ શાસ્ત્ર વિરુદ્ધ છે. આ સમયે દ્રૌપદીને ક્ષત્રિય ધર્મ પ્રમાણે બાળી નાખવી જોઈએ એમ બોલીને લગ્નમંડપમાં બધાએ કલહ શરૂ કર્યો. એ કારણે યુદ્ધનો પ્રારંભ થયો. અર્જુન, ભીમ, દ્રુપદ અને ધૃષ્ટદ્યુમ્ન એ બધા દુર્યોધન, કર્ણ, શલ્ય અને એમના સૈન્ય સાથે યુદ્ધ કરવા લાગ્યા. તેમણે કૌરવ પક્ષના લોકોને મારી નાખ્યા. અર્જુને કર્ણને અને ભીમે શલ્યને ત્યાંથી કાઢી મૂક્યા. લડાઈ પત્યા પછી પાંડવો પોતાના ઉતારાએ પહોંચ્યા ત્યાં સુધી કોઈએ તેમને ઓળખ્યા નહીં.

પછી પાંડવો દ્રૌપદીને લઈને એમને ઘેર આવ્યા અને ઉત્તમ ભિક્ષા લાવ્યા છીએ એમ કુંતી માતાશ્રીને કહેતાં જ કુંતીમાતાએ જોયા વગર લાવેલી ભિક્ષા બધા વહેંચી લો, એમ કહ્યું. માતાનાં વચન સાંભળતાં જ પાંડવો ચમક્યા અને વિસ્મયથી માતાને કહ્યુંઃ 'માતા, તારી પ્રત્યેક આજ્ઞા અમે શિરોધાર્ય માનીએ છીએ પણ આજની આજ્ઞા માનવી કઠિન છે.' દ્રૌપદીને જોતાં જ કુંતીમાતાના ધ્યાનમાં આવ્યું અને તેને પોતાની ભૂલ સમજાઈ. હવે શું કરવું એવી ચિંતામાં હતાં ત્યાં જ એ જગ્યાએ વ્યાસ મુનિ અને ભગવાન શ્રી કૃષ્ણ પણ આવ્યા.

અહીં સંધ્યા કાળ થવાથી લોકો પોતાને સ્થાને ગયા પછી પાંડવો દેખાયા નહીં અને પોતાની પુત્રી કોઈ બ્રાહ્મણ જ લઈ ગયો છે એવી શંકા આવતાં દ્રુપદને ખૂબ જ દુઃખ લાગ્યું. પછી ધૃષ્ટદ્યુમ્ને ગુપ્ત સૈનિકો મોકલીને પાંડવોની તપાસ કરી અને પાછળથી પોતે પણ એમની પાસે ગયો. એ સમયે પાંડવો પોતાની માતા પાસે લડાઈની વાતો કરતા હતા એમ ધૃષ્ટદ્યુમ્નને દેખાયું. પછી પાંડવોને મળીને ધૃષ્ટદ્યુમ્ન બધાને ખૂબ સન્માનથી મહેલમાં લઈ આવ્યો. બીજા દિવસે મોટા સન્માનથી ભોજન વગેરે કર્યા પછી દ્રુપદે તમે કોણ છો એમ ધર્મને પૂછ્યું. ત્યારે ધર્મએ લાક્ષાગૃહ ભસ્મ થયા પછીની બધી હકીકત દ્રુપદને કહી. એ સાંભળીને આ પાંડવો જ છે એમ થવાથી દ્રુપદનો આનંદ ગગનમાં સમાતો નહોતો.

પછી તેણે લગ્નની નવેસરથી સિદ્ધતા કરી. લગ્ન સમારોહ ઉત્તમ પ્રકારે શરૂ કર્યો ત્યારે વ્યાસે કહ્યુંઃ દ્રૌપદીનાં લગ્ન પાંચેય ભાઈઓ સાથે કરો. એ સાંભળી દ્રુપદને ખૂબ વિમાસણ થઈ.

વ્યાસે કહ્યુંઃ 'રાજા, આ તારી પુત્રી દ્રૌપદી સાક્ષાત્ સ્વર્ગલક્ષ્મી છે. પહેલાં દુર્વાસા ઋષિ અનુષ્ઠાનમાં બેઠા હતા ત્યારે ઐરાવત પર બેસીને ઈંદ્ર ત્યાં આવ્યો હતો ત્યારે ઈંદ્રએ દુર્વાસા ઋષિને નમન વગેરે ન કરતાં ઉન્મતપણે આગળ જવા લાગ્યો ત્યારે દુર્વાસા ઈંદ્ર પર અત્યંત સંતપ્ત થયા. ઈંદ્ર ભયભીત થઈને નીચે ઉતર્યો અને ઋષિને સાષ્ટાંગ પ્રણામ કર્યા, ત્યારે દુર્વાસાએ પ્રસન્ન થઈને પોતાની ગળાની માળા કાઢીને ઈંદ્રને આપી. એ માળા ઈંદ્રએ હાથીના ગંડસ્થળ (હાથીના કાનની ઉપરનો આજુબાજુનો ભાગ) પર મૂકી. હાથીએ સૂંઢથી એ માળા ભૂમિ પર નાખી પગથી તોડી નાખી. આ જોઈને દુર્વાસાએ ઈંદ્રને શ્રાપ આપ્યો કેઃ 'તું ઉન્મત્ત થયો છે. તારી સ્વર્ગલક્ષ્મી પૃથ્વી પર જશે.'

શ્રાપ વચન પ્રમાણે સ્વર્ગલક્ષ્મી પૃથ્વી પર આવી હોવાથી સહજગત્યા એની દૃષ્ટિ એક ગાય પર પડી. એની પાછળ પાંચ બળદ લાગેલા જોઈને સ્વર્ગલક્ષ્મીને હસવું આવ્યું. સ્વર્ગલક્ષ્મીના હસવાથી ગાયને ખૂબ ખરાબ લાગ્યું અને તેણે સ્વર્ગલક્ષ્મીને એવો શ્રાપ આપ્યો કેઃ 'તું મારી ઉપર હસી છે માટે તારો પણ ઉપભોગ પાંચ પતિ લેશે.'

એ શ્રાપ સાંભળીને સ્વર્ગલક્ષ્મીને ખૂબ દુઃખ થયું. એના નેત્રમાંથી નીચે વહી રહેલી નદીમાં દુઃખાશ્રુ પડવા લાગ્યાં. એ અશ્રુથી નદીમાં સ્વર્ગ કમળ નિર્માણ થયાં અને એ વહેતાં વહેતાં નીચે તરફ ગયાં અને આગળ એ કમળ યમના યજ્ઞ સમારંભ માટે આવેલા ઈંદ્રને દેખાયાં. કમળ ક્યાંથી આવે છે તેની શોધ કરતાં કરતાં એ કમળ પૂર્ણ થયા પછી તેને નદી કિનારે એક સર્વાંગ સુંદર સ્ત્રી દેખાઈ. તેના અશ્રુથી તૈયાર થયેલાં એ કમળ હતાં. એ સ્ત્રીનું અનુપમ સૌંદર્ય જોઈને ઈંદ્ર કામાતુર થયો અને સ્ત્રીને કહ્યું: 'હે સૌંદર્યશાલિની, તારું આ સૌંદર્ય જોઈને મને પંચબાણોએ વિહ્વળ કર્યો છે, તો તું મારો સ્વીકાર કર.'

હું સ્વતંત્ર ન હોવાથી એક મહામુનિને આધીન છું એમ કહી તે સ્ત્રી ત્યાંથી જવા લાગી. ઈંદ્ર પણ તેની પાછળ પાછળ જવા લાગ્યો.

ખૂબ યોજન દૂર ગયા પછી એને એક દિગંબરાવસ્થામાં એક મહામુનિ દેખાયા, પરંતુ એ આ ઉભયતઃપાશારજજ્જુન્યાય સ્થિતિમાં (બે બાજુ ફસાવાય તેવી સ્થિતિમાં) જવા લાગ્યો. ઈંદ્રને અજ્ઞાનતા અને કામાતુરતા હોવાથી મહાપુરુષને ઓળખી શક્યો નહીં.

ઈંદ્ર એ મહાપુરુષને અઘટિત વાણી બોલવા લાગ્યો. ત્યારે એ મહાપુરુષે ઈંદ્રને એક ખાડામાં નાખ્યો. ત્યાં તેના જેવા બીજા ચાર ઈંદ્ર તેણે જોયા અને એ બધાએ એ આદિપુરુષની સ્તુતિ કરીને ત્યાંથી છોડાવવા માટે વિનંતી કરી ત્યારે એ આદિપુરુષે પાંચેય ઈંદ્રોને આશ્વાસન આપીને કહ્યું: 'મારા કંઈક કાર્ય માટે તમને બધાને પૃથ્વી પર હું મોકલું છું. પૃથ્વી પર શ્રી કૃષ્ણ અવતાર લે એટલે તમે પણ અવતાર લો. આ સ્વર્ગલક્ષ્મી તમારા પાંચે જણાની સ્ત્રી થશે, એ જ આ દ્રૌપદી અને પાંચ ઈંદ્ર એ જ પાંડવો છે.

આ સ્વર્ગલક્ષ્મી પહેલાં એક બ્રાહ્મણ સ્ત્રીના ઉદરે જન્મી હતી. એ તરુણ થતાં તે પતિ પ્રાપ્તિ માટે શંકરની સેવા કરવા લાગી. શંકરે તેના ઉપર પ્રસન્ન થયા. તેણે આનંદભરમાં ઈશ્વર પાસે કીર્તિવાન અને સુંદર એવો પતિ મળે એવું પાંચ વાર કહ્યું. શંકરે એને તેટલી જ વાર 'તથાસ્તુ' કહ્યું. માટે આ દ્રૌપદીને કુંતીમાતાના વચન પ્રમાણે પાંચેય જોડે લગ્ન કરવાં પડયાં.' એમનાં વચન માન્ય કરીને દ્રુપદે પાંચ પાંડવો સાથે દ્રૌપદીનાં લગ્ન કર્યાં અને પાંડવોને યથાશક્તિ દક્ષિણા આપી.

અહીં પાંડવોના લગ્નની દોડધામ ધામધૂમ હતી. જ્યારે હસ્તિનાપુરમાં દુર્યોધન અને કર્ણને પાંડવો જીવતા હોવાનું જણાયું ત્યારે તેમને મરણપ્રાય દુઃખ થયું. ધૃતરાષ્ટ્ર અને દુર્યોધન વગેરે કૌરવોને પાંડવોનો ઉત્કર્ષ જોવાતો નહોતો. તેમને ગમે તે કારણોથી પાંડવો અને શ્રી કૃષ્ણમાં વેર થાય અથવા એક જ સ્ત્રી હોવાથી પાંડવોમાં અંદર અંદર કલહ થાય એવું પ્રયોજન કરવાનું યોજયું. પાંડવો સાથે ઝઘડા કરવાની અનેક યુક્તિઓ વિચારી અને કેટલાય ઉપાયો કરી જોયા, પણ બધું વ્યર્થ ગયું. છેલ્લે કર્ણે તો સ્પષ્ટ જ કહ્યું કે પ્રાણ જાય તો પણ વાંધો નહીં, પણ ગમે તે ઉપાય કરીને પાંડવોનો વધ કરવો જ જોઈએ. પાંડવોએ હવે હસ્તિનાપુરમાં પાછા આવવું કંઈ જ કામનું નથી.

કર્ણના એવા વિચારની વિદુરને ખબર પડી. ત્યારે તેમને ધૃતરાષ્ટ્રને કહ્યું: 'તમે આવા ખરાબ વિચારો તરફ બિલકુલ ધ્યાન આપશો નહીં. પાંડવો મહાપરાક્રમી અને પરમેશ્વર ભક્ત છે, એમનો પરાભવ કર્ણથી પણ થવો અશક્ય છે. એમના સદ્‌ગુણોથી ભીષ્મ દ્રોણની પણ એની ઉપર પૂર્ણ કૃપા છે. માટે ખૂબ સન્માનથી તેઓને અહીં લાવીને એમના સાથે શાંતિથી વર્તવાથી તમારી કીર્તિ થશે. એમનાથી તમારા પુત્રોને જરાપણ અન્યાય થશે નહીં એની જવાબદારી હું લઉં છું.'

ધૃતરાષ્ટ્રે તેને સંમતિ આપી અને પાંડવોને ખૂબ સન્માનથી લઈ આવવા વિદુરને મોકલ્યા. વિદુર પાંડવોને પિતા કરતાં પણ પ્રિય હતા. એ કારણે વિદુરને આવતા જોઈ જેમ ગાયનું ભાંભરવું સાંભળીને વાછરડાં દોડી જાય છે તેમ જ પાંડવો પણ દોડીને વિદુરની સામે ગયા. દ્રુપદ રાજા વિદુરને ખૂબ સન્માનથી એમના મહેલમાં લાવ્યા, પછી એમનો આદર સત્કાર

કર્યો. વિદુરે પાંડવોને બધા વર્તમાન કહ્યા. હું તમને હસ્તિનાપુર પાછા લઈ જવા માટે આવ્યો છું એમ કહ્યું. શ્રી કૃષ્ણ પણ ત્યાં જ હતા. તેમણે પણ પાંડવોને હસ્તિનાપુર પાછા લઈ જવાની રજા આપી અને હું તમને મૂકવા માટે આવું છું એમ કહ્યું. પાંડવોને વિદુર અને શ્રી કૃષ્ણ પર પૂર્ણ વિશ્વાસ હોવાથી તેમણે પણ એ વાત માન્ય કરી.

સારું મુહૂર્ત જોઈને કુંતીમાતા, દ્રૌપદી, શ્રી કૃષ્ણ, પાંડવો અને ધૃષ્ટદ્યુમ્ન હસ્તિનાપુર જવા માટે નીકળ્યા. એ સમયે દ્રુપદે તેમને ખૂબ સંપત્તિ આપી. પાંડવો પાછા આવતા હોવાની ખબર પડતાં જ લોકોને આનંદ થયો. લોકોએ તેમનું સ્વાગત કરીને નગરના દરવાજાથી મહેલ સુધી વાજતે ગાજતે લાવ્યા. પાંડવો બધા પૂજનીય મોટા લોકોને નમસ્કાર કરીને દ્વેષભાવ ભૂલીને કૌરવોને પણ મળ્યા.

એક દિવસ ગયા પછી ધૃતરાષ્ટ્રએ ધર્મરાજાને એકાંતમાં મળીને કહ્યું કેઃ ‘મારા મનમાં તમારા માટે બિલકુલ કપટ નથી. ફક્ત શકુનિ, કર્ણ, દુર્યોધનને સમજાવવા માટે મને એમના કહેવા પ્રમાણે કરવું પડે છે. માટે તું રાજ્યનો અડધો ભાગ લઈને ઇંદ્રપ્રસ્થમાં રહે અને રાજ્યનો ઉપભોગ કર. હું તારો કાલે જ રાજ્યભિષેક કરું છું. ધર્મરાજાને એનું બોલવું સાચું લાગ્યું. પછી વિદુર, ભીષ્મ, શ્રી કૃષ્ણ એમની સંમતીથી ધર્મરાજાને રાજ્યભિષેક કરાવી ઇંદ્રપ્રસ્થમાં રહેવા રવાના કર્યા. એ સમયે વળી પાંડવોનો વિયોગ થશે એ જાણી નગરવાસીઓને દુઃખ થયું. પણ થયેલો પ્રકાર સમાધાન જેવો લાગ્યો. પછી થોડા જ દિવસોમાં મોટા મોટા રાજમહેલ, ગગનચુંબી ઈમારતો, રસ્તાઓ વગેરે બાંધીને ધર્મરાજાએ ઇંદ્રપ્રસ્થને રાજધાનીનું સ્વરૂપ આપી દીધું. ખૂબ ચાતુર્યથી વિચક્ષણથી પાંડવો ત્યાં રાજ્યકારભાર ચલાવવા લાગ્યા.

કેટલાક દિવસો પછી નારદ ધર્મરાજા પાસે આવ્યા. તેમણે પાંડવોને કહ્યું કેઃ ‘તમારી ધર્મયુક્ત રાજનીતિ જોઈને હું ખુશ થયો છું પણ શાણપણના ચાર શબ્દો કહેવાની મારી ઈચ્છા છે. પાંડવોએ કહેવાની સંમતિ આપી એટલે નારદ કહેઃ તમે પાંચ ભાઈઓમાં દ્રૌપદી એ એક જ સ્ત્રી છે. મનુષ્ય એકવાર કામાતુર થાય એટલે તેને સારાસારનો વિચાર રહેતો નથી. પહેલાં હિરણ્યકશ્યપુના પૌત્ર-નિકુંભના પુત્ર સુંદ-ઉપસુંદ અત્યંત બળવાન અને ત્રિભુવન વિજયી હતી. તેમનામાં અંદર અંદર અલૌકિક મિત્રતા હતી. જાણે બે શરીર પણ એક જ પ્રાણ આ રીતે એ રહેતા, પણ એક સુંદર સ્ત્રી માટે અંદર અંદર યુદ્ધ કરીને બંને મરણ પામ્યા. એટલા માટે તમારે દ્રૌપદી માટે કંઈક નિયમ લેવો. એમ ન કરવાથી દ્રૌપદી તમારા નાશનું કારણ બનશે અને કૌરવોને અનાયાસે કાર્યલાભ થશે. એ માટે તમે એમ કરો કે બે મહિના બાર દિવસ સુધી એક એક જણે દ્રૌપદીનો ઉપભોગ કરવો અને જેનો વારો હોય એ સમયે એ ઉભયતા એકાંતમાં હોય ત્યારે કોઈએ તેમનો સંપર્ક ન કરવો અને જો કોઈના પણ જોવામાં આવી જાય તો તેમને બાર વર્ષ તીર્થયાત્રા કરવી. આમ નિયમ કરીને એ પ્રમાણે વર્તશો તો એમાં તમારું હિત છે.’ નારદનું કહેવું પાંડવોએ માન્ય કર્યું. પછી નારદ મુનિ ત્યાંથી નીકળી ગયા. નિયમ પ્રમાણે બે મહિના બાર દિવસ થયા પછી દ્રૌપદી અગ્નિકુંડમાં પ્રવેશ કરતી અને એમાંથી એ પવિત્ર થઈને બહાર નીકળી બીજા પતિની સેવા કરતી હતી.

એક દિવસે ધર્મરાજા દ્રૌપદી સાથે એકાંતમાં હતા ત્યારે, એક ચોર મને મારીને મારી ગાયો તે લઈ ગયો છે એવી ફરીયાદ લઈને એક બ્રાહ્મણ અર્જુન પાસે આવ્યો. ત્યારે અનાયાસે ઉતાવળમાં અર્જુન પોતાનાં શસ્ત્રો લાવવા ગયો અને એને ધર્મરાજ અને દ્રૌપદી દૃષ્ટિમાં પડયાં. ત્યારે નાઈલાજસ્તવ અર્જુન શસ્ત્રો લઈને બહાર નીકળ્યો અને ચોરને શિક્ષા કરીને બ્રાહ્મણની ગાયો પાછી મેળવી આપી.

પણ એનાથી નિયમ ભંગ થયો હોવાથી એ તીર્થયાત્રા કરવા માટે નીકળ્યો. અર્જુનનો બાર વર્ષ વિયોગ થશે તેથી બધાંને ખૂબ જ દુઃખ થયું, પણ નિયમનું પાલન કરવું જ જોઈએ તે આશયે અર્જુન તીર્થાટન કરવા નીકળી ગયો. અર્જુન ક્રમે

ક્રમે તીર્થો જોતો જોતો ફરતો ફરતો એક સમયે ગંગા નદીના કિનારે આવ્યો. ત્યાં ઉલૂપી નામની સુંદર સ્ત્રી અર્જુનને જોઈને મોહિત થઈ ગઈ. એ નાગરાજાની કન્યા હતી. ગંગામાં સ્નાન કરતી વખતે તે અર્જુનને પાતાળમાં ખેંચીને લઈ ગઈ અને પોતાના મનની વાત કરી. એ વખતે અર્જુને વ્રતસ્થ હોવાનું કહ્યું પણ તેણે તે સાંભળ્યું નહીં. એટલે અર્જુને એની સાથે ગાંધર્વ વિવાહ કર્યો અને એક રાત એનું મન સંતુષ્ટ કરીને આગળ તીર્થયાત્રા કરવા રવાના થઈ ગયો.

પછી અર્જુન બદ્રિકેદાર, હિરણ્યગર્ભ વગેરે તીર્થો કરતો કરતો મણિપુર નગરે આવ્યો. એ સમયે ત્યાં ચિત્રવાહન નામનો રાજા રાજ્ય કરતો હતો. એમની પુત્રી ચિત્રાંગદા એ સ્વરૂપવાન હતી. ચિત્રાંગદાને અર્જુનને જોતાં જ તેની સાથે લગ્ન કરવાની ઈચ્છા થઈ અને તે ઈચ્છા પિતાની અનુમતિ લઈને પૂર્ણ કરી. ત્યાં અર્જુન ત્રણ વર્ષ રહ્યો. ચિત્રાંગદાના પેટે બભ્રુવાહન નામનો પુત્ર થયો.

પછી અર્જુન ત્યાંથી નીકળી તીર્થયાત્રા કરતો કામ્યક વનમાં આવ્યો અને તપશ્ચર્યા કરવા બેઠો. એ જે જગ્યા પર બેઠો હતો ત્યાં શ્રી શંકર ભગવાન તપશ્ચર્યા કરવા માટે બેઠા હતા. અર્જુનને પોતાની જગ્યા પર બેઠેલો જોઈને શંકરને ગુસ્સો આવ્યો અને અર્જુનને ન ઓળખવાથી આ ક્ષુલ્લક (સામાન્ય) કારણે બંનેનું યુદ્ધ થયું. એ વખતે અર્જુનનું શૌર્ય જોઈને શંકર પ્રસન્ન થયા અને તેને કવચ અને કિરીટ આપ્યાં.

પછી શંકરની કૃપા પ્રાપ્ત કરીને અર્જુન સેતુબંધ રામેશ્વરમાં ગયો. ત્યાં મારુતિ અને અર્જુન વચ્ચે વાતવાતમાં વિરોધ થયો. રામના સેતુબંધ બાબતે બંનેમાં થોડી ચકમક થઈ. પણ ભગવાનની કૃપાથી અર્જુન જોડે મિત્રતા થઈ અને મારુતિએ લડાઈના પ્રસંગે અર્જુનના રથ ધ્વજ પર આવીને બેસવાનું વચન આપ્યું.

પછી અર્જુન તીર્થયાત્રા કરતો કરતો દ્વારકા પાસે આવી પહોંચ્યો. એ વખતે શ્રી કૃષ્ણની બહેન સુભદ્રા એ ઉપવર થઈ હતી. ત્રિદંડ સંન્યાસીના રૂપે અર્જુન દ્વારકામાં રહ્યો. પોતાની નાતનો યુવાન અર્જુન જ છે એ વાતની શ્રી કૃષ્ણ સિવાય કોઈને ખબર નહોતી. બલરામે તો એને એક મહાન યતિ સમજીને એનો સત્કાર કર્યો અને અર્જુનને ચાર મહિના પોતાના મહેલમાં રાખ્યો. પછી મહાશક્તિના યાત્રા પ્રસંગે શ્રી કૃષ્ણના કહેવાથી અર્જુને સુભદ્રાને ભગાડી. ત્યારે અર્જુન અને યાદવોની લડાઈ થઈ અને એ લડાઈમાં યાદવોનો પરાભવ થયો. અંતે બધાના મતથી અર્જુને સુભદ્રા જોડે લગ્ન કર્યાં.

પછી પાર્થ સુભદ્રા સાથે એક વર્ષ સુધી પુષ્કર ક્ષેત્ર જઈને રહ્યો. ત્યાં સુધીમાં પાર્થનાં બાર વર્ષ પૂર્ણ થયાં. શ્રી કૃષ્ણ અને સુભદ્રા સાથે પાર્થ ઈંદ્રપ્રસ્થ આવ્યો. એનાથી બધાને ખૂબ આનંદ થયો.

એકવાર ખાંડવ વન અગ્નિ પ્રકોપથી બળતું હતું. તેમાંથી અર્જુને મયાસુરને એની દીનવાણીની પ્રાર્થનાથી બચાવ્યો હતો. એ અર્જુનનો ઉપકાર કોઈપણ રીતે ચૂકવવા માટે મયાસુરે ધર્મ, અર્જુન અને શ્રી કૃષ્ણને પ્રાર્થના કરી. મયાસુર મોટો શિલ્પ શાસ્ત્રી હતો એ શ્રી કૃષ્ણને ખબર હતી. શ્રી કૃષ્ણએ તેને એક સુંદર મહાલય બાંધવા કહ્યું. એ પ્રમાણે મયાસુરે અવર્ણનીય એવું મહાલય તૈયાર કર્યું. એ મહાલય બાંધતી વખતે પાણીની જગ્યાએ જમીન અને જમીનની જગ્યાએ પાણીનો ભાસ થાય તેવી રચના કરીને પોતાનું અપાર કૌશલ્ય બધાને બતાવી સૌને ચકિત કર્યા. એ મહાલય બાંધી પૂર્ણ થયા પછી ધર્મરાજા એમના બંધુ, આપ્તજન અને ઋષિવર્ય સાથે એ જોવા માટે ગયા. એ વખતે પોતે પ્રત્યક્ષ સ્વર્ગમાં જ આવ્યા છે એવો ભાસ થયો. મયાસુરે ભીમસેનને એક સુરેખથી ભવ્ય ગદા બક્ષીસ આપી અને અર્જુનને દેવદત્ત નામનો શંખ આપ્યો. એ મહાલયમાં ધર્મે કોટયાવધી બ્રાહ્મણોને ઈચ્છા ભોજન કરાવ્યું. યુદ્ધ કૌશલ્યમાં અર્જુન પરિપૂર્ણ હોવાથી અર્જુનની યુદ્ધકલા શીખવા માટે અનેક રાજપુત્રો આવતા. એ બધા વિદ્યાર્થીઓમાં યાદવવીર સાત્યકી અને અભિમન્યુ પ્રવિણ થયા.

પછી પાંડવોએ રાજસૂય યજ્ઞ કર્યો. ભીમ અર્જુન દિગ્વિજય કરીને બધા રાજાઓને જીતી લાવ્યા પછી ભીષ્મ, વિદુર, દ્રોણ, કર્ણ, દુર્યોધન વગેરે કૌરવવીરોને બોલાવ્યા હતા. યજ્ઞમાં એ બધા વીરો આવ્યા. ભીષ્મ અને કૃષ્ણની સલાહથી ધર્મના યજ્ઞમાં કામની વહેંચણી કરવામાં આવી. ત્યારે કૃષ્ણએ બ્રાહ્મણના પગ ધોવાનું અને એ સમય પ્રસંગે ઝાડુ કાઢવાનું કામ પોતાના માટે માગી લીધું. બધા ઋષિના ઔષધ ઉપચાર વિદુરને જોવાનું કહ્યું. રાજાઓની બધી સરભરા રાખવાનું કામ સંજયને સોંપ્યું, દ્રવ્ય આપવાનું કામ અશ્વત્થામા પાસે અને રાજાના સૈન્યની ખાવા પીવાની વ્યવસ્થા દુઃશાસને જોવાની તેમ નક્કી કર્યું. દાનધર્મ કરવાનું અને દક્ષિણા આપવાનું કામ કૃપાચાર્ય પાસે, જે રાજા કારભાર લાવે એ લઈને વ્યવસ્થિત મૂકવાનું કામ દુર્યોધન પાસે હતું. યજ્ઞને પુષ્કળ વિઘ્ન આવવાનો સંભવ હતો. એ માટે નિવારણનું કામ અર્જુન પાસે હતું, ભોજન સમયે બ્રાહ્મણોની યથેચ્છા પ્રાર્થના કરવાનું કામ ભીમ પાસે હતું, ગંધાક્ષત, સુમનમાલા, ધૂપાદિ સુવાસિક દ્રવ્યો બધું પૂરું પાડવાનું કામ નકુલ પાસે, ઘી-મધ વગેરે પંચામૃત વહેંચવાનું કામ સહદેવ પાસે, ભોજન પીરસવાની યોજના દ્રોણ પાસે, જમવાના સમયે બધાને સુંદર પાત્રમાં ઠંડું સુવાસિક પાણી પૂરું પાડવાનું કામ પાંડવોના પાંચેય પુત્રો પાસે, બધા લોકોને પાનસોપારીની વ્યવસ્થા રાખવાનું કામ ધૃષ્ટદ્યુમ્ન પાસે હતું. બ્રહ્મદેવ, વસિષ્ઠ, વ્યાસ અને યાજ્ઞવલ્કય આ ચાર ઋત્વિજ (પુરોહિત) હતા. અને યજમાનપદ ધર્મરાજા પાસે હતું. આ બધાનાં કામ ઠીક ચાલે છે કે નહીં એ જોવાનું કામ ભીષ્મપિતામહે જોવું. એ પ્રમાણે બધી વ્યવસ્થા કરી. યજ્ઞ સંપૂર્ણપણે નિર્વિઘ્નપણે પૂર્ણ થયો.

યજ્ઞમાં અગ્રપૂજાનું માન શ્રી કૃષ્ણને આપવા માટે શિશુપાલ અને વક્રદંતે એમની નાપસંદગી વ્યક્ત કરી અને તેમની નિંદા કરવા લાગ્યા. ભગવાન શ્રી કૃષ્ણએ એ બધાનો સંહાર કર્યો.

યજ્ઞ સમાપ્ત થયા પછી એક દિવસ વ્યાસ મહર્ષિ પાંડવો પાસે આવ્યા. તેમને ધર્મરાયને એક બાજુ લઈ જઈને કહ્યું કેઃ 'હવે કૌરવોનો ઉત્કર્ષ કાળ આવ્યો હોવાથી તમને તેર વર્ષ અનેક કષ્ટ, વિપત્તિ, સંકટ ભોગવવાં પડશે. તમે શ્રી કૃષ્ણ વિષયે પૂજ્ય બુદ્ધિ રાખો, તેઓ તમને બધાં સંકટમાંથી પાર પાડશે. સાધુસંતોના આશીર્વાદ લેતા રહો. જુગાર રમશો નહીં અને કદાચિત્ કંઈ કરવાથી આખું રાજ્ય જાય તો ધૈર્ય છોડશો નહીં. નિષ્કિંચન થઈને વનમાં જાઓ અને ત્યાં એકાંત ભક્તિ અને યોગસાધના કરો. ધૌમ્ય ઋષિ તમને માર્ગદર્શન આપશે જ. એમના સાનિધ્યમાં રહીને જ્ઞાન સાધના કરો.' આ પ્રમાણે કહીને વ્યાસ મુનિએ ત્યાંથી પ્રસ્થાન કર્યું. પછી આ વૃત્તાંત ધર્મરાયે પોતાના ભાઈઓને જણાવ્યું. એ સાંભળીને અર્જુન બોલ્યોઃ 'વ્યાસ અને નારદે જે અર્થે આ માહિતી આપી એ અર્થે પોતાના ઉપર કંઈક કઠિન પ્રસંગ આવનાર છે એ નિશ્ચિત છે. આપણે હવે વધારે સાવધાનીથી રહેવું જોઈએ.'

મયસભામાં બધા પાંડવો, કૌરવો, કુંતીમાતા, દ્રૌપદી, ભાનુમતિ વગેરે બેઠાં હતાં ત્યારે દુર્યોધન ત્યાં આવ્યો. એ વખતે એ સભામાં જેમણે યજ્ઞ સમારંભમાં મદદ કરી હતી એમનાં સન્માન કરવાનું કાર્ય ચાલતું હતું. ધર્મએ પ્રથમ દુર્યોધનને જ બોલાવ્યો. એ પ્રમાણે દુર્યોધન ખૂબ ગર્વથી એ મયસભામાં આવ્યો, પણ આવતાં સાથે જ એ જમીન સમજીને પાણીમાં જઈ પડયો. ત્યારે બધા સભામાં હસવા લાગ્યા. એ સમયે દ્રૌપદીની અને દુર્યોધનની દૃષ્ટાદૃષ્ટિ એક થઈ. દ્રૌપદી હસે છે અને કહે છે 'અંધના દીકરા અંધ જ હોય ને' એમ સાંભળીને દુર્યોધનને ખૂબ જ ગુસ્સા સાથે દુઃખ લાગ્યું. દુર્યોધન પડતાંની સાથે ભીમે ત્યાં જઈને દુર્યોધનને પાણીમાંથી બહાર કાઢયો અને નવા પોશાક પહેરવા માટે આપ્યા. ધર્મએ એનું યથોચિત્ સન્માન કર્યું પણ એમાં એનું ધ્યાન લાગતું નહોતું. આ ફજેતીથી એને ખૂબ જ ક્રોધ ચડયો હતો. પાંડવોની એમાંય વિશેષતઃ દ્રૌપદીને કઈ રીતે શિક્ષા કરવી એ માટે પોતાના હિતેચ્છુ સલાહકારો સાથે મસલત કરવા લાગ્યો.

એવું જોઈ દુર્યોધન ત્યાં શકુનિ સાથે કરે વિચાર, હવે એ પાંડવોને દ્યૂતમાં હરાવું નિરધાર.॥૨૮૨॥
ત્યારે દુર્યોધને વિદુરને મોકલ્યા યુધિષ્ઠિર પાસ, જઈને તમે કહેજો પાસા રમવાને કાજ.॥૨૮૩॥
વિદુરે જઈ યુધિષ્ઠિરને પાસા રમવા કીધું જ્યાંય, યુધિષ્ઠિર બંધુસહ દ્યૂત રમવા આવ્યા ત્યાંય.॥૨૮૪॥
હવે દ્યૂત રમવાના પરચા લખ્યા છે જાણ, તમે સુણો મુનિવરો તેહે સુજાણ.॥૨૮૫॥
ત્યાં પાંડવ કૌરવ શું હારજીત પારખવા તેહ, અને રમીયા સારા પાસા જેહ.॥૨૮૬॥
આ રમત રમતાં હારશે જેહ, ભાઈ સહી વનમાં જાશે તેહ.॥૨૮૭॥
ત્યાં ભીમસેન બોલીયા મન, સહદેવ નકુલ ને અર્જુન.॥૨૮૮॥
ભાઈ સારા પાસા ખેલીશું પાત્ર, ત્યાં વદીયા છે રાજા ધર્મપુત્ર.॥૨૮૯॥
ત્યાં પાંડવે અશ્વ ગજ રથ વદીયા જેહ, અને વદીયા સર્વે દેશ મુલકનું રાજ તેહ.॥૨૯૦॥
નહીં તો બાર વરસ વનવાસ ભોગવવાં આજ, ત્યાં ગુરુ સેવક થઈને કરવું કાજ.॥૨૯૧॥
કૌરવ પાંડવે બેઉ વદીને પાસા ઢોળ્યાં તહાં, અને ભીમસેન એઉ બોલ્યા જહાં.॥૨૯૨॥
તે પાસા સર્વે સવળા ઢોળીયા જાણ, પણ તે શકુનિએ અવળા પાડયા નિરવાણ.॥૨૯૩॥
તે ભક્ત પાંડવે સારા પાસા ખેલ્યા જહી, ભાઈ તે હસ્તિનાપુર નગર જો મહી.॥૨૯૪॥
તે તાહા પાંચ પાંડવ હારીયા જહાં, ભીમનો મસ્તમલ હસ્તિ છુટયો તહાં.॥૨૯૫॥
રાજા યુધિષ્ઠિર નીચું નિહાળી રહ્યા જ્યાંય, ભાઈ અમને પૂરો વિશ્વાસ હતો ત્યાંય.॥૨૯૬॥
સભા માંહે શ્રી કૃષ્ણ પોતે પધાર્યા જેહ, ભાઈ અમારે સવળા પડશે તેહ.॥૨૯૭॥
સ્વામી જ્યાં દેવ પોતે પધાર્યા સહી, સ્વામીજી જ્યાં ભક્તને ભીડ પડી તહી.॥૨૯૮॥
ત્યારે સ્વામી તમે સાર કરી તત્કાળ, હરજી તમ હાથથી મેલીયા તે સેવા કરવી દયાળ.॥૨૯૯॥

ભીષ્મ દ્રોણ વગેરેએ દુર્યોધનને કહ્યું કેઃ 'દુર્યોધન, જરાક જેટલી અમસ્તી વાત પર મનમાં આટલું નઠોર રહેવું સારું નહીં.' દ્રૌપદી આપણા પરિવારની પુત્રવધૂ છે અને ધર્મરાય તો તારો ભાઈ જ છે. ત્યારે એમના વિષે દ્વેષ કરવો એ અત્યંત અનુચિત છે.' પરંતુ આ ઉપદેશ દુર્યોધનને રુચ્યો નહીં. અંતે તેણે પોતાનો હેતુ શકુનિમામાને જણાવ્યો અને એમની સલાહ પૂછી.

શકુનિ મામો કપટ દ્યૂતમાં પ્રવિણ હતો. એ બોલ્યોઃ 'પાંડવો અને તું જો દ્યૂતમાં રમશો તો હું પાંડવોને હરાવી નાખીશ. તે અનુસંધાને દુર્યોધને એકવાર સમારંભ યોજવાનું નક્કી કર્યું. બધા રાજાઓને નિમંત્રણ મોકલ્યું. એ પ્રમાણે હજારો રાજા હસ્તિનાપુરમાં આવ્યા. તેમાં પાંડવો પણ આવ્યા.

એ સમારંભ સુખ રૂપ પાર પડયા પછી દુર્યોધને બધાને ભેટ સોગાદો આપી વિદાય કર્યા, પણ પાંડવોને ચાર દિવસ વધારે આગ્રહથી રહેવાનું કહ્યું અને એક દિવસ સંધી સાધીને ધર્મ સાથે દ્યૂત રમવાની વાત કરી. ધર્મએ તેમાં પોતાની સંમતિ આપી. પછી દુર્યોધને સભા ભરીને ભીષ્મ દ્રોણ વગેરે મહારથીઓને બેસાડયા અને બધાની સમક્ષ દ્યૂત રમવાનો આગ્રહ કર્યો. પાંડવો તરફથી ધર્મ અને કૌરવો તરફથી દુર્યોધન એ પ્રમાણે દ્યૂત રમવા બેઠા હતા. દ્યૂત રમવાનો આરંભ થયા પછી પ્રત્યેક દાવમાં દુર્યોધન હારવા લાગ્યો અને ધર્મ જીતવા લાગ્યા.

કેટલાક દાવ રમ્યા પછી દુર્યોધન પોતાનું બધું ગુમાવી બેઠો. પછી શકુનિએ તૈયાર કરેલ કપટી પાસા દુર્યોધનને આપી ફરી દ્યૂત રમવા બેસાડયા. એ રમતમાં ધર્મ હારવા લાગ્યા ત્યારે અધિક લાલસાએ ચઢયા અને ધર્મે પોતાની એક એક વસ્તુ દ્યૂતમાં લગાવીને એ બધી જ ગુમાવી નાખી. ગરથ, રથ, ઘોડા, શસ્ત્રભંડાર, રત્નો, રાજય વગેરે ગુમાવ્યા પછી દુર્યોધન બધું ધર્મ રાજા પાસે મંગાવવા લાગ્યો. ધર્મ એ સત્યવચની હોવાથી તેમને ભીમને ઈંદ્રપ્રસ્થ મોકલીને બધી સંપત્તિ મંગાવી અને એ દુર્યોધનને સ્વાધીન કરી.

ત્યારે વિદુરે ધૃતરાષ્ટ્રને કહ્યું, 'તમે આમની રમત બંધ કરાવો, નહીંતર નિષ્કારણ ઝઘડાવાનો પ્રસંગ આવશે. આ રમતથી મહાન અનર્થ ઘડાશે.

આ સાંભળતાં જ દુર્યોધન વિદુરની પાસે આવ્યો અને બોલ્યોઃ કાકા, તમે મોટા લુચ્ચા છો, તમે પાંડવોનું કલ્યાણ ઈચ્છો છો અને અમારું ખાઈને અમારો જ ઘાત કરવા ઈચ્છો છો. તમને હવે છેલ્લે કહું છું તમારે બોલવું હોય તો નિષ્પક્ષપણે બોલો, નહીં તો સ્વસ્થ બેસો.'

આ સાંભળીને વિદુરને ખૂબ સંતાપ થયો. એ બોલ્યાઃ 'આ કૌરવોના વંશનો તું નાશ કરીશ. આ દ્યૂતમાં તેં જો પાંડવોની સંપત્તિ લીધી તો એ અને તારી સંપત્તિ થોડા સમય પછી તારે પાછી આપવી પડશે. એટલું નહીં પણ બધા કૌરવોનો નાશ થશે.'

ભાઈ પાંડવો એવી વિમાસણ કરો છો કેમ, ત્યારે ત્યાં બોલીયા રાજ સત્ ધરમ. ॥૩૦૦॥
જો રમત રમતા હારીએ જન, ભાઈ તમે દુઃખ ન ધરશો મન. ॥૩૦૧॥
તમે પગે ચાલી દેવની સેવા કરો એમ, અને તમે તપસી જેવું નિશ્ચિલ રાખો મન. ॥૩૦૨॥
જો દેવની સેવા કરતાં જીતશો તન, તો દેવ આપે અશ્વ ગજ રથ બહુ ધન. ॥૩૦૩॥
ત્યાં દ્યૂત સભાથી ઉઠીયા તે સુભટ દુર્યોધન, હસી કરી તાલી દઈ હસ્યા તે દુઃશાસન. ॥૩૦૪॥
ભાઈ આપણે માતાપિતાને પાયે લાગીયા ઈશ, અને સતુગુરુજીને નમાવીયે શીશ. ॥૩૦૫॥
આજ આપણા બોલ ઉપર થયો જશ, તે આપણને જીતાડયા શ્રી જગદીશ. ॥૩૦૬॥
ભીષ્મ દ્રોણાચાર્યને કૃપાચાર્ય, અને અશ્વત્થામા કહીયે જેહ. ॥૩૦૭॥
જે સહુથી વિદુર અળગા થઈ રહ્યા જેહ, તે સભા સર્વે જોઈને કહે જો તેહ. ॥૩૦૮॥
તે પાંડવ ભકત છે તમો તણા જાણ, તે સ્વામી આજ તમે હરાવ્યા નિરવાણ. ॥૩૦૯॥
પણ તેણે આખર વેળાએ આપશું જાણ, તમે છો સમર્થ શ્રી સારંગપ્રાણ. ॥૩૧૦॥
ત્યાં દૈત્ય દુર્યોધન એમ બોલ્યો સહી, ભાઈ દુઃશાસનની ધીરજ રહે નહીં. ॥૩૧૧॥
પાંડવો તમે રાજ છોડી વન જાઓ પાંચે વીર, નહીં તો નાર પાંચાલીના કાઢું ચીર. ॥૩૧૨॥

તથાપિ એ રમત બંધ રહી નહીં, ધર્મે પોતાની સાથે પાંચેય ભાઈઓને દાવે લગાડી આગળ રમવાનો આરંભ કર્યો. એ દાવ પણ દુર્યોધન જીત્યો. ત્યારે ધર્મે દ્રૌપદીને દાવે લગાડી અને એ દાવ પણ દુર્યોધન જ જીત્યો. છેલ્લે ધર્મે બાર વર્ષ વનવાસનો દાવ લગાવ્યો અને એ દાવ પણ દુર્યોધન જીત્યો. ત્યારે ધર્મ નિરાશ થયા. ધર્મે ફરી એક વર્ષ અજ્ઞાતવાસનો દાવ લગાવ્યો, તે પણ એ દાવ દુર્યોધન જીત્યો.

દુર્યોધન મોટે મોટેથી રાક્ષસી અક્રાળ વિક્રાળ અટ્ટહાસ્ય કરીને દુ:શાસનના હાથે તાળી આપતાં બોલ્યોઃ 'દુ:શાસન આજે આપણું ભાગ્ય મોટું છે. આપણે માતા પિતાના સદ્‌ગુરુના ચરણે લાગવું જોઈએ. ભીષ્મપિતામહ, ગુરુદ્રોણ, કૃપાચાર્ય, અશ્વત્થામા એ બધાને વિદિત કરીએ કે, 'પાંડવોનું રાજય દ્રૌપદી સહીત અમે જીત્યા છીએ અને તે બધું આજે અમે અમારા હસ્તક લઈએ છીએ.'

દુર્યોધને ધર્મને કહ્યું: 'ધર્મ, મેં તમને બધી રીતે જીત્યા છે તો બધું રાજય મારા સ્વાધીન કરીને તમારા ભાઈઓ સાથે વનવાસમાં નીકળી જાવ.

આ સાંભળી ધર્મ બોલ્યાઃ 'દુર્યોધન, જીત્યા પ્રમાણે બધું રાજય લે. હું મારા ભાઈઓ સાથે વનવાસમાં જવા માટે તૈયાર છું.' ધર્મનું અનુમોદન મળતાં જ દુર્યોધને ઈન્દ્રપ્રસ્થનું બધું રાજય પોતાના તાબામાં લઈ લીધું અને સિંહાસન પર બેઠો. સભામાં ભીષ્મ દ્રૌણ વગેરે સૌ પાણીમાં પડેલી માટીની જેમ પીગળી ગયા. કૌરવોનો આનંદ તો ગગનમાં સમાતો નહોતો.

ત્યાં દુ:શાસન દૂત પાંડવ ઘેર મોકલ્યો જાયે, જઈ પોતો નાર પાંચાલી ઘેર માંયે. ॥૩૧૩॥
તે સતીએ પર પુરુષ સરખો દીઠો આવતો સાર, તે નાસી મહેલમાં પેઠી તેણી વાર. ॥૩૧૪॥
તે દૂત દાસીએ પાછો વાળ્યો કહી મરમ, જે ભાઈ આજ રાણીને છે સ્ત્રી ધરમ. ॥૩૧૫॥
આજે કેને અભડવાનો અધિકાર નહીં કરમ, આપણો બ્રાહ્મણ સમો છે ક્ષત્રિય ધરમ. ॥૩૧૬॥
દૂત દાસીનાં વચન સુણીને પાછો વળી જાય, તેને દીઠો આવતો દુર્યોધન રાય. ॥૩૧૭॥
એણે ભૂંડે દો મન કામ નિપજાયે, ભાઈ દુ:શાસન હવે તું ત્યાં જાયે. ॥૩૧૮॥
તે દૂત દુ:શાસન ત્યાંહાં કોપીયો અત્યંત, તે કરે મનમાં મોટો ઉત્પાત. ॥૩૧૯॥
તેને હું એમ મારતો લાવું માનું નહીં અંત, જેના કંથ પાંચે દેખે એક ચંત. ॥૩૨૦॥
તે દુષ્ટ ત્યાંથી સંચર્યો તે પેર, અને પોતો નાર પાંચાલીના ઘેર. ॥૩૨૧॥
તે સતીએ યમ સરીખો આવતો દીઠો ઘેર, ભાઈ હવે તેની થાશે શી પેર. ॥૩૨૨॥
તે દાસીએ દુ:શાસન વારીયો જાણ, ભાઈ અમે અબલા ઉપર શું કરો છો પ્રાણ. ॥૩૨૩॥
તે રાણી છે રજસ્વલામાં આજ, તે મુખમાંથી ન બોલે વાણ. ॥૩૨૪॥
તે ઘરમાં દુષ્ટનાં પાપી ચરણ જો પડયાં, સ્વામી તે આજ આચરણ હીના જો થયાં. ॥૩૨૫॥
ત્યાં નારી હીંડે નાસતી મહેલાતે જહાં, એણે દુ:શાસન પૂઠે ધાયો તહાં. ॥૩૨૬॥
તે ઘર માંહે અબલા આભડી તેસ, અને તેના દુ:શાસને ધસીને ગ્રહ્યા કેશ. ॥૩૨૭॥
તે દુષ્ટે સતીના ધરીયા કેશ, ભાઈ અમે છીયે અબલા બાલી વેશ. ॥૩૨૮॥
આજ વીરા અમારે નથી અવસર કાયા સાર, મુને નહીં લઈ જાવો સભા મોઝાર. ॥૩૨૯॥
ત્યાં મુને સભામાં સહુ લોક દેખશે સાર, વીરા અહીંયાં જાણો તો મારો ઠાર. ॥૩૩૦॥

દ્યૂતમાં દ્રૌપદીને જીત્યા પછી દુર્યોધન બોલ્યોઃ 'વિદુર ઊઠો અને જલ્દી દ્રૌપદીને અહીં લઈ આવો. એ હવે અમારી દાસી થઈ છે.'

આ સાંભળી વિદુર ચિડાયા અને બોલ્યાઃ 'નીચ, ચંડાળ તને શરમ નથી આવતી. મને આ કામ કહેતાં તારી જીભના ટુકડા કેમ નથી થતા.'

ત્યારે દુર્યોધન બોલ્યોઃ 'તમે પાંડવોના હિતકારી છો. એ મને પહેલેથી જ ખબર છે.'

પછી દુર્યોધને પ્રતિકામી નામના એક સારથીના દીકરાને દ્રૌપદીને લાવવા માટે મોકલ્યો. એ દ્રૌપદી પાસે જઈને બોલ્યોઃ 'સતી, ધર્મરાજ દ્યૂતમાં રમીને બધું રાજ્ય હાર્યા અને પાંચેય પાંડવોને અને તમને દુર્યોધને જીતી છે, માટે દુર્યોધને તમને સભામાં બોલાવ્યાં છે.'

આ શબ્દ સાંભળતાં જ દ્રૌપદીનું કાળજું કંપી ઊઠ્યું. એની આંખો પાણીથી ભરાઈ આવી. એનો કંઠ રૂંધાઈ ગયો. તેના મોઢામાં શબ્દો નીકળતા નહોતા. તો પણ ઘણા પ્રયત્નોથી દ્રૌપદીએ કહ્યુંઃ 'ભાઈ ! તું પાછો જઈને સભામાં ભીષ્મ, દ્રોણ બેઠેલા છે. એમને પૂછ કે, તમારી સામે આવવું એ સારું દેખાશે ? હું પાંચ પાંડવો પૈકી હું ભીમ વગેરેની પણ સ્ત્રી હોવાથી મને ધર્મ એકલા જ કઈ રીતે હારે ?

આ સાંભળીને દૂત પાછો આવ્યો અને બધા વર્તમાન તેણે દુર્યોધનને જણાવ્યા.

એ સાંભળી દુર્યોધનને ખૂબ ગુસ્સો આવ્યો. તેણે એ પ્રતિકામીને ગુસ્સાથી બેસવાનું કહ્યું અને દુઃશાસનને કહ્યુંઃ 'તું જાતે જ જા અને દ્રૌપદીને લઈ આવ, આ કામ બીજાનું નથી, દ્રૌપદી ન આવે તો એના વાળ પકડીને દ્રૌપદીને ખેંચી લાવ. હવે એ આપણી દાસી થઈ હોવાથી આપણા કહેવા પ્રમાણે તેને વર્તવું પડશે.

દુર્યોધનના મોંના આવા શબ્દો સાંભળતાં જ દુઃશાસન ત્વરીત દ્રૌપદીની પાસે ગયો. એ દુષ્ટને જોઈને દ્રૌપદી ગભરાઈ ગઈ. દ્રૌપદીને એ ક્રૂર જેવો લાગ્યો.

દુઃશાસન બોલ્યોઃ 'દ્રૌપદી, અમે તને દ્યૂતમાં જીત્યા છીએ. હવે દુર્યોધનની તું પટરાણી થા. હવે તો તું ખૂબ જ ભાગ્યશાળી થઈશ. તારા આ પાંચ પતિઓની કટકટ હવે મટી, માટે દુર્યોધનનો ઉપકાર માન અને જલ્દી ચાલ.'

આ સાંભળતાં જ દ્રૌપદી બોલીઃ 'નીચ, આ તું શું બોલે છે ? તારી રાખ થઈ જશે !'

આ શબ્દ સાંભળતાં જ દુઃશાસન દ્રૌપદી પાસે દોડયો. ત્યારે દ્રૌપદી મહેલમાં દોડીને જવા લાગી. દુઃશાસન પણ દ્રૌપદીની પાછળ પાછળ દોડવા લાગ્યો. ત્યારે તે ટળવળતાં બોલીઃ 'હવે તમે જ દુર્યોધનને સમજાવો. હું અસ્પર્શ છું, આપણા ધર્મ પ્રમાણે પવિત્ર એવો ક્ષત્રિય ધર્મ છે, હું અબળા છું, અબળા સ્ત્રીનું રક્ષણ કરવું એ ક્ષત્રિયનું કર્તવ્ય છે.'

પણ નીચ દુઃશાસન શું સાંભળે ! ઉલટું તેણે તો દ્રૌપદીનો ચોટલો પકડીને એક ધક્કો મારીને નીચે પાડી દીધી અને ખેંચવા લાગ્યો. દ્રૌપદીએ દુઃશાસનને ખૂબ કાલાવાલા કર્યા, વિનંતી કરી, પણ એ પાષાણ હૃદયનાને યત્કિંચિત પણ દયા આવી નહીં. તે દ્રૌપદીને તેમ જ ખેંચતાં ખેંચતાં સભામાં લાવ્યો.

તે દૈત્યે કેશ ધર્યા કામિનીના એમ, તેને મહેલ મંદિર છોડાવ્યાં તેમ. ॥૩૩૧॥
ત્યાં લોક બહુ જોવા મળ્યા અપાર, ભાઈ એનો સ્વામી છે રાજા ધર્મ સાર. ॥૩૩૨॥
ત્યાં ગોરનરને દેવની સ્તુતિ કરે છે જાણ, એ સતીએ સભામાં સંભાર્યા શ્રી સારંગપ્રાણ. ॥૩૩૩॥
સ્વામી મારા આ વેળા તમે સખા જાણ, તે ભક્ત વત્સલ છો શ્રી ભગવાન. ॥૩૩૪॥
તમે છો સ્વામી મારા માત ને તાત, અને તમે આજ સગા સાજન મારું મોસાળ. ॥૩૩૫॥

આજ મારા બંધવ સ્વામી તમે સાર, તમે સાસરુંને તમે છો સંસાર.॥૩૩૬॥
સ્વામી આગળ સતી વિલાપ કરે છે અપાર, વિનંતી કરતાં સતી ચાલ્યાં સભા મોઝાર.॥૩૩૭॥
એ સભામાં સતીએ એમના દીઠા પાંચે શ્યામ, તે બેઠા છે વળી અળગે ઠામ.॥૩૩૮॥
તે સુભટ સર્વે ટોળે મળી ભૂપ, ત્યાં જુવે છે સતીનાં સ્વરૂપ.॥૩૩૯॥
ત્યાં સતીના અંગ ઉઘાડા કરવા જેહ, તેથી બળ કરે છે મહાભૂત તેહ.॥૩૪૦॥
સતીને આણી સભામાં ઊભી કરી જ્યાંય, ભરી સભામાં નીરખે મોટા ભૂપ ત્યાંય.॥૩૪૧॥
ભાઈ કોઈએ મારો નખ નથી નીરખ્યો દેહ, તો આજ પારકા પુરુષ નીરખે જેહ.॥૩૪૨॥
સતી મધ્ય ભાગે ઊભી રહી જેહ, ત્યાં દુષ્ટ દુઃશાસન પાટુ મારે છે તેહ.॥૩૪૩॥

દ્રૌપદીને સભામાં લાવેલી જોઈને સભાના લોકો દિગ્મૂઢ થઈ ગયા. ભીષ્મ, દ્રોણ વગેરેએ તો પોતાના મ્હોં ઢાંકી લીધાં. પાંડવો દીન બનીને પોતાના મ્હોં નીચે રાખી બેઠા હતા.

દ્રૌપદીને જોઈને કર્ણ બોલ્યોઃ 'આવ પાંચાલી આવ, જુએ છે શું ? બેસ, હવે દુર્યોધનના ખોળામાં, હવે પાંડવોની આશા છોડીને સુખેથી રાજવિલાસ ભોગવ.'

એ વખતે દુઃખી થઈને દ્રૌપદીએ ભીમ, અર્જુન સામે જોયું. દ્રૌપદીની અવસ્થા જોઈ એ કારણે તે બંનેનો કોપાગ્નિ એકદમ ભડકી ગયો. પરંતુ શું કરે. જેમ એક વાઘ પાંજરામાં સપડાય એ પ્રમાણે દ્યૂતની રમતથી નિરુપાય થઈ ગયા. ધર્મરાજ પણ ભાઈઓને વારંવાર શાંત કરતા હતા અને કહેતા હતાઃ 'ભીમ, હમણાં એમણે આપણને જુગારમાં જીત્યા છે. આ સમય ગુસ્સો કરવાનો નથી. તને જો ખૂબ ગુસ્સો આવતો હોય તો તારી ગદા મારા માથામાં માર, પણ નિયમ બહાર એક પગલું પણ જઈશ નહીં.

એ વખતે ક્રોધિત થઈ ભીમ બોલ્યોઃ 'ધર્મ, અરે તમને વ્યાસે કહ્યું હતું, નારદે જણાવ્યું હતું, વિદુર તમારા કાનમાં બૂમો પાડતા હતા તો પણ તમે કોઈની વાત સાંભળી નહીં અને આ જુગાર હારીને દુઃખમાં પડયા અને અમને દુઃખમાં નાખ્યા ! રાજ્ય પણ ગયું, વૈભવ પણ ગયો તેની અમને પરવા નથી, પરંતુ દ્રૌપદી પર જે ત્રાસ ગુજારવામાં આવે છે, એ મારાથી સહન થતો નથી. તમારા શરીરના ટુકટા ટુકડા કરી નાખવાનું મન થાય છે. જે હાથે દ્યૂત રમીને આ સર્વ નાશ કર્યો એ તમારા હાથ જ તોડી નાખું છું.' એમ બોલીને ભીમે ગદાને હાથ લગાવ્યો.

એટલામાં અર્જુને હાથ પકડીને કહ્યુંઃ 'ભાઈ, આ શું કરે છે. હમણાં સુધી તે ધર્મની મર્યાદા છોડી નથી અને હવે તને આ વિચાર ક્યાંથી આવ્યો ? આ આખા બ્રહ્માંડમાં ધર્મ જેવો આપણો ભાઈ સત્ય વચની કોઈ નથી. જે સંકટ આપણી ઉપર આવેલ છે તે તેની ઉપર નથી ? આ પ્રસંગે ધર્મને મારીને અપકીર્તિનો ભંડાર તું ભરી મૂકીશ ? માટે શાંત થા. આ પ્રમાણે અર્જુન બોલ્યો, પછી ભીમ શાંત થઈ એની જગ્યાએ બેઠો.'

આ બધી વાત દ્રૌપદીને અસહનીય હતી. ભીષ્મ, દ્રોણ, ગુરુજનો સામે આવી સ્થિતિમાં ઊભા રહેવું એ એની સહનશીલતાની બહાર હતું. ભરસભામાં કૌરવો, કર્ણ, શકુનિ જેવા ક્રૂર નરપશુઓની આ દુર્બુદ્ધિ અને ઉપહાસ્યાત્મક પણ અસહ્ય લાગતું હતું. પણ અસહાય, દીન, પરાજિત અબળા શું કરી શકે ! રક્ષણની આશાથી જેની સામે જુએ છે એ એક નહીં પણ પાંચેય પતિ લજ્જાથી દીનહીન થઈ બેઠા હતા. ભીષ્મ અને દ્રૌણ પણ હતપ્રભ થયા હતા. આવી સ્થિતિમાં દ્રૌપદી પોતાના અંતરમાં સાક્ષીભૂત પરમાત્માને યાદ કરીને અને રુદન કરતાં કરતાં કકળતે હૈયે આર્તનાદે પ્રાર્થના કરવા લાગીઃ 'હે ગુરુવર

ઈશ્વર ! આ આયુષ્યમાં જે સતીનો એક નખ પણ કોઈ પરપુરુષે જોયો નથી. જેણે આટલા દિવસોમાં ઘરની બહાર એક પગલું પર મૂક્યું નથી, એવી આ અબળા પર આજ આ અનિષ્ટ આવ્યું ! બધા લંપટ, નીચ, દુષ્ટ આ સભામાં મારી લાજ લૂંટે છે. નિર્લજ્જપણે ખેંચી લાવી અહીં ઊભી કરી છે, હે ભગવાન ! આનાથી મરણપ્રાય દુઃખ બીજું શું હોઈ શકે ?'

સતી સંભારે શ્રી ગુરુ નર સાર, સ્વામી તમે કયારે ચઢશો મારી વાર.॥૩૪૪॥
સ્વામી જે પાંડવ મુને વનમાંથી લાવ્યા આપ, સ્વામી તે સહુ તમ ચરણ પ્રતાપ.॥૩૪૫॥
જયાં અર્જુને મચ્છ વેધ કીધો આપ, ત્યાં સ્વામી એ સહુ તમ પ્રતાપ.॥૩૪૬॥
આગે તમે કહેતા હે બાઈ દ્રૌપદી સાર, બાઈ તું છે ભકત પાંચાલી નાર.॥૩૪૭॥
તુંજ સરખી વહાલી નહીં ભગિની સાર, બાઈ તે આ મારે યુગ ને સંસાર.॥૩૪૮॥
સતી કહે એ વહાલું વહાલું તે ક્યાં ગયું હેત, સ્વામી તમે છો શ્રી લક્ષ્મી કેરા કંથ.॥૩૪૯॥
આજ કૌરવ કેશ ગ્રહી લહ્યા અંત, તો વહાલા તમો કેમ થઈ બેઠા નિચિંત.॥૩૫૦॥
હવે સ્વામી અહીંથી છોડાવો તો છુટીએ જાણ, વહાલા તમે પધારો ઘનશ્યામ.॥૩૫૧॥
એવું તમો સાંભળો મારા નાથજી જાણ, તો તમે સહાય કરો શ્રી ભગવાન.॥૩૫૨॥
સ્વામી વિનંતી સુણજો અમ રંક તણી અપાર, સ્વામી તમે પરખો સઘળા મર્મ સાર.॥૩૫૩॥
હવે ધર્મ ક્રિયા આચાર હીણા થાઉં અમે, સ્વામી વેગે પ્રગટો પરબ્રહ્મ તમે.॥૩૫૪॥
સ્વામી યુગોયુગમાં ભક્તો કારણ આવ્યા દોડ, આગળ ભક્તો તાર્યા છે અનંત કરોડ.॥૩૫૫॥
હવે તમે રૂપ પ્રગટ કરો હો દયાળ, એ રાક્ષસ સભાથી ભક્તોને ઉગારો તત્કાળ.॥૩૫૬॥
તમે ભકતોની આજ કરો સંભાળ, ત્યાં કોપ કરીને કૌરવ ઊઠયા વિકરાળ.॥૩૫૭॥
તેના મુખ દીસે છે મહા વિકરાળ, તે અબળાની ભીમ કહે કેમ રહેશે લાજ.॥૩૫૮॥

સતી દ્રૌપદી ભગવાનની આરાધના કરવા લાગી. 'હે સ્વામી ! મારો સાદ તને સંભળાય છે ? જે પાંડવો મને વનમાંથી ઘેર લાવ્યા, અર્જુને મત્સ્ય વેધ કરીને મને જીતી, આ બધું તારા જ ચરણોનો પ્રતાપ છે. હે સ્વામી ! મારા પ્રાણ જેવા શ્રી કૃષ્ણ, તું તો કહેતો હતો કે, દ્રૌપદી તારા જેટલી પ્રેમાળ બીજી કોઈ બહેન નથી. હે લક્ષ્મીપતિ ! તારું એ પ્રેમાળપણું આજ ક્યાં ગયું ! આ દુષ્ટ દુઃશાસનને મારા વાળ પકડીને ભરી સભામાં ખેંચી લાવી એ તારાથી કંઈ રીતે સહન થયું. હે નાથ ! હે કૃષ્ણ ! આ દીનહીન રંક અબળા પર દયા કરીને ત્વરીત આવ અને આ દુષ્ટના બંધનમાંથી અમને છોડાવ ! હે મારા પ્રાણ સખા ! ભક્ત વત્સલ, અનંત સંકટોમાંથી મારા પતિનું તેં રક્ષણ કર્યું. અનંત બળ આપીને બધાં સંકટોમાંથી તેં એમને બચાવ્યા ! પણ આજ એ જ મારા પતિ દીનહીન પરાજિત થયેલા છે. હવે તારા સિવાય અમારું રક્ષણ કરવા કોણ સમર્થ છે.'

સતી દ્રૌપદી ભગવાનને યાદ કરે છે, ત્યાં જ દુઃશાસને દ્રૌપદીને બધાની સામે સભામાં ઊભી કરી. ત્યારે દ્રૌપદીએ ભીષ્મ અને દ્રોણને કહ્યું: 'અહો ઋષિવર્ય, તમે મને વંદનીય છો, તમારા જોતાં મારી આ બદનામી થાય છે, મારી આબરૂ જાય છે, ત્યારે તમે સ્વસ્થ કઈ રીતે બેઠા છો ?'

પરંતુ તેમણે કંઈ જ ઉત્તર આપ્યો નહીં. તેમને પણ એવું લાગ્યું કેઃ 'તને જો દુર્યોધને જીતી છે એમ કહીશું તો એ દુષ્ટ દ્રૌપદીને મન ફાવે એમ પરેશાન કરશે અને ન બોલીએ તો ધર્મ ખોટો પડશે.' માટે તેમણે ફકત એટલું કહ્યું કેઃ 'ધર્મ પોતે જ હું હાર્યો એમ કહે છે, ત્યારે અમારો ન્યાય કોણ સાંભળશે.'

પછી કોઈ કંઈ બોલતું નથી એમ જોઈને કૌરવોમાંથી વિકર્ણ એકદમ ઊભો થઈને મોટેથી બોલ્યોઃ 'અહીં જે દ્યૂતની રમત થઈ એ ખરી જ નહોતી, એ સર્વ કપટ છે, એ કપટને કારણે દ્રૌપદીને જીતી છે એમ કહેવાશે નહીં. દુર્યોધનને દુર્બુદ્ધિ થવાથી તેમજ ધૃતરાષ્ટ્ર માયાથી આંધળા થયા છે. ભીષ્મ અને દ્રૌણ એ બંને દુષ્ટના અન્નથી બંધાયેલા છે. ધર્મરાજ આ સાક્ષાત્ ધર્મ જ છે અને દ્રૌપદી તો મૂર્તિમંત દેવી જ છે.'

આ સાંભળતાં જ કર્ણ ક્રોધિત થઈને બોલ્યોઃ 'અરે મહામૂર્ખ, હમણાં જ તને ઠાર કર્યો હોત, પણ તારી માતાને ખરાબ લાગશે માટે છોડી દઉં છું. નિર્લજ્જ ! અહીં તારા કરતાં હજારો ડાહ્યા લોકો બેઠેલા છે, તે એક પણ શબ્દ બોલતા નથી અને તું જ મોટો ડાહ્યો થયો છે કે ? અરે મૂઢ ! જે દાસી છે તેને સભામાં લાવવામાં શું વાંધો છે ? જેને પાંચ પતિ છે એ પતિવ્રતા કેવી ? તેની આટલી પ્રતિષ્ઠા શા માટે કરે છે ? આ જો અન્યાય હોત તો પાંડવ અહીં સ્વસ્થ કેમ બેઠા હોત. ચાલો, દ્રૌપદીનાં વસ્ત્રાભૂષણ કાઢી લો. દ્રૌપદી, તું હવે બધા કૌરવોની દાસી થઈ છે. ત્યારે તું દુર્યોધનના ખોળામાં આવીને બેસ.' કર્ણની આ નીચ વાણી સાંભળીને દ્રૌપદી એકદમ સંતાપ કરવા લાગી.

એ બધાને ઉદ્દેશીને તે બોલવા લાગીઃ હે સભાજનો ! હું વિવાહીત નારી છું. કર્ણ બધાની સામે જે અમંગળ વાણી કરે છે એના માટે પણ શું તમને કંઈ થતું નથી ? પરસ્ત્રીની બેઈજ્જત કરવાથી રાવણ જેવાની પણ દુર્દશા થઈ હતી, ત્યાં તમારા જેવાની તે શી કથા ! દુર્યોધનના ખોળામાં કર્ણની ઈચ્છા પ્રમાણે ભીમની ગદા બેસીને તેની ઈચ્છા જલ્દી જ તૃપ્ત કરશે.'

દ્રૌપદીના બોલવાથી દુર્યોધન અત્યંત સંતાપ્યો. એ ગુસ્સાથી બોલ્યોઃ 'દુઃશાસન, આ દ્રૌપદી અમારી દાસી હોવા છતાં ગમે તેમ બોલે છે, તેની ફજેતી થવી જ જોઈએ. ઉઠ અને તેનાં વસ્ત્રો ભરસભામાં ઉતારી નાખ.'

સ્વામી તમે કેમ લાજતા નથી આજ, સ્વામી તમે આવડો વિલંબ કેમ કરો નાથ. ॥૩૫૯॥
સ્વામી તમે દ્વારકા નગરી સુવર્ણની કરી, સોળ સહસ્ર ગોપીમાં ગોવિંદ રમ્યા શ્રી હરિ. ॥૩૬૦॥
સ્વામી તમે સવા લાખ સજન શું રમતા ત્યાંહ, સોળ સહસ્ર ગોપી શું રાસ રમતા જ્યાંહ. ॥૩૬૧॥
આજ શું તે કારણ તમે વિસારો કિરતાર, અમારા તમે જુગ જીવનના છો આધાર. ॥૩૬૨॥
સ્વામી ભકતોને નવ વિસારીયે શ્રી હરિ, અમારા અવગુણ તમે જાવો વિસરી. ॥૩૬૩॥
અમે મુખ થકી કેમ દીજે ગાળ, એમ જાણો મારા નાથજી દીન દયાળ. ॥૩૬૪॥
એવું જાણો સ્વામીજી અમારા દીનદયાળ, તમો થાવો ને પ્રભુ વચન પ્રતિપાળ. ॥૩૬૫॥
સ્વામી દુઃશાસન પટકુળ ખેંચે ધરી રીસ, ત્યાં વળી ઉઘાડે અંગને શીશ. ॥૩૬૬॥
એવું જાણીને વહેલા પધારો મારા ઈશ, હવે તમે કૃપા કરો પૂરણ જગદીશ. ॥૩૬૭॥
હવે સ્વામી અનાથ અબલાનું રાખીને માન, અમે છીએ અબૂજ અને અજ્ઞાન. ॥૩૬૮॥
સતી દ્રૌપદી એક મને ધરે ગોરનરનું ધ્યાન, હવે તમે વહેલા આવો શ્રી ભગવાન. ॥૩૬૯॥

એ વખતે ભીષ્મ, દ્રોણ વગેરેએ દુર્યોધનને એમ ન કરવા કહ્યું, પણ તેણે બધાને દુરુત્તરો આપીને ચૂપ બેસાડયા અને દુઃશાસનને દ્રૌપદીના વસ્ત્ર ખેંચવા સૂચવ્યું. આ વિપરીત પ્રકાર જોતાં જ દ્રૌપદી અત્યંત ચિંતાતુર થઈ. ભીમ, અર્જુન તેનું રક્ષણ કરવા સમર્થ હતા, પણ ધર્મએ તેમને સ્વસ્થ બેસવાનું કહેવાથી તેઓનો કોઈ ઉપાય નહોતો. ત્યારે આ સમયે શ્રી કૃષ્ણ ભગવાન સિવાય રક્ષણ કરનાર કોઈ સમર્થ નથી એમ જાણીને તે અંતઃકરણપૂર્વક શ્રી કૃષ્ણને યાદ કરવા લાગી. તે બોલીઃ 'હે કરુણાનિધિ ! તું મારી મદદે આવવા શા માટે વાર કરે છે. સુવર્ણની દ્વારકાનગરીમાં સોળ સહસ્ર રાણીઓ સાથે રમે છે કે

શું ? ગોકુળની સોળ સહસ્ત્ર ગોપીઓ સાથે રાસક્રીડા રમે છે ? હે પ્રાણ સખા ! સવા લાખ ભક્તોના હૃદયમાં જ છુપાઈને રહ્યો છે કે શું ! આ દીનહીન દાસીને કેમ ભૂલી ગયો ? હે કૃપાળ ! અમે કેટલાંય અપરાધી હોઈએ તો પણ તારા જ ભક્તો છીએ ને પછી અમારી ઉપર આવી ઉપેક્ષા કેમ ? હે સ્વામી ! તને કયા શબ્દોથી વિનવું ! તું અંતર્યામી છે છતાં પણ મારો આર્તનાદ તને સંભળાતો નથી કે શું ? હે દીનદયાળ ! કૃપા વત્સલ હવે આ દુષ્ટ દુઃશાસન વસ્ત્ર ખેંચીને મને નિર્વસ્ત્ર કર્યા સિવાય રહેશે નહીં. હે ભગવાન શ્રી કૃષ્ણ ! આ તારી બહેનની તને કેમ યાદ આવતી નથી ! આ સભામાં મારી લાજ લૂંટાય છે એ તારાથી કઈ રીતે સહન થાય છે ! હે નારાયણ ! હવે મારો આધાર માત્ર તું જ છે ! હે સદ્‌ગુરુમૂર્તિ ! આ દાસી પાસેથી તમારી સેવામાં શું અંતર પડયું ? તમે કોઈ તાત્કાલિક જઈને મારા આતમચંદ્ર ભગવાનને-શ્રી કૃષ્ણને આ દીનદાસીનો સંદેશો જણાવો ! હવે આ વિટંબણા મારાથી સહન થતી નથી ! તે આવી અમારો ઉદ્ધાર કરે ! દ્રૌપદીએ આંખો મીંચીને એકાગ્ર ચિત્તે ભગવાન શ્રી કૃષ્ણનું અને સદ્‌ગુરુ વેદમૂર્તિ વ્યાસનું સ્મરણ કર્યું. દ્રૌપદીના નયનમાંથી એકસરખો અશ્રુ પ્રવાહ વહેવા લાગ્યો. એ સંપૂર્ણ જગતનું ભાન ભૂલી ગઈ. પતિની અવસ્થા, દુષ્ટોનો પરિહાસ, પોતાની સ્થિતિ વગેરે બધું જ દ્રૌપદી ભૂલી ગઈ. કેવળ એક એના પ્રાણ સખા એ મુરલી મનોહર ઘનશ્યામના જ સ્વરૂપમાં ધ્યાનમાં એ તદ્રૂપ થઈ ગઈ.

ત્યાં કૃષ્ણજી દ્વારકા હતા જેહ, અને દેવ નિદ્રામાં પોઢયા છે તેહ.॥૩૭૦॥
ત્યાં શ્રી દેવ તો પોઢયા છે જયાંય, તે ઉપર રાણી રુકિમણી ઢોળે છે વાય.॥૩૭૧॥
દેવ નિદ્રામાં ઝબૂકી ઊઠયા જયાંય, અને તે દેવ દ્વારકા કેરા રાય.॥૩૭૨॥
ત્યાં ગોર વેદ વ્યાસ આવીને બોલ્યા દયાળ, તમે ગરુડને તેડાવો તત્કાળ.॥૩૭૩॥
દાસ આપણાની દુષ્ટને વશ પડી નાર, તેની રક્ષા કરવા વિલંબ ન કરો લગાર.॥૩૭૪॥
દેવને રુકિમણી લાગ્યાં પૂછવા ભાસ, સ્વામીજી એવા કોણ છે તમારા દાસ.॥૩૭૫॥
તે કારણ હરજી હાંફળા ઊઠયા આજ, વળી તેનાં સમરથ કરવાનાં કાજ.॥૩૭૬॥
તે દાસને તમે શું ઓળખશો સાર, તે ભક્તિમતિ પાંચાલી કહીયે નાર.॥૩૭૭॥
ત્રેતાયુગમાં તારાલોચન સતી નાર, દ્વાપરમાં દ્રૌપદી પાંચાલી નાર.॥૩૭૮॥
પાંડવ ધર્મ હાર્યા રાજને પાંચાલી નાર, તે સર્વે હાર્યા અરથ ગરથ ભંડાર.॥૩૭૯॥
જે પાપી પટકુળ ગ્રહી રહ્યો આ વાર, તે તો દ્રૌપદી અબળા સુંદરી નાર.॥૩૮૦॥
સ્વામી તે ભક્ત મોટા છે તમારા સહી, તેની સહાય કરજો તત્કાળ જઈ.॥૩૮૧॥
જે ભકત શ્રદ્ધાથી આરાધે ખેવ, તો તેણે પ્રથમ સાથે લેજો દેવ.॥૩૮૨॥
જો ભકતને દુઃખ પડે દાઝીએ સાર, તો સ્વામી તેની પ્રથમ કીજીએ વાર.॥૩૮૩॥
અંતે તેણે ઉપજે તન માંહે તાપ, વળી સાચા સજજનને દુઃખ લાગે આપ.॥૩૮૪॥
જો સેવક સ્વામી પઠંતરે દયાળ, તો સ્વામી તમે સહાય કરો તત્કાળ.॥૩૮૫॥
સ્વામી ખરા ભકતોને દુઃખ ઉપજે નાથ, તે દુઃખ ઉપજે ગોરનરને આપ.॥૩૮૬॥
જે ભકત સહુ કોઈ ટોળે મળ્યા દેવ સાર, તે વેળા સ્વામી ગરુડે થયા સવાર.॥૩૮૭॥
જે પાંડવોની પટરાણી છે રે દયાલ, તેણે મહાદુઃખ દે છે દુષ્ટ ભૂપાલ.॥૩૮૮॥

પરમેશ્વરની સ્તુતિ કરતી વખતે દ્રૌપદીનું ધ્યાન કેન્દ્રીત થયું હતું, હાથ જોડીને અંતરિક્ષમાં આંખો મીંચીને મનોમન પ્રભુ સમિપ દૃષ્ટિ લગાવી એ એકાગ્રતાથી શ્રી કૃષ્ણનું ધ્યાન કરવા લાગી. અહીં ભગવાન શ્રી કૃષ્ણ દ્વારકામાં સુખાસન પર નિદ્રાવશ થયા હતા. નજીક જ રુકિમણી બેસીને ભગવાનને પવન નાખતાં હતાં. એટલામાં ભગવાન એકદમ જાગી ગયા. વસ્ત્રો સરખાં કરીને બેઠા થયા. ત્યાંજ વેદમૂર્તિ વ્યાસ મુનિ પણ આવ્યા અને કહેવા લાગ્યાઃ 'ભગવાન, આપણા દાસ દુષ્ટના હાથમાં સપડાયા હોવાથી વિલંબ ન કરતાં તત્કાલ એમના રક્ષણાર્થે આપણે જવું જોઈએ. આપણે જો એક ક્ષણનો પણ વિલંબ કરશું તો અનર્થ થશે. સ્વામી ! તમો ત્વરીત ગરુડ પર સવાર થઈને આવો તે પહેલાં હું જઈને ભક્તને આશ્વાસન આપું છું. એમ કહીને વ્યાસ મુનિ અંતર્ધાન થયા અને મનોવેગથી આવી ભક્તિમણિ સતી દ્રૌપદીને અંતરિક્ષમાંથી જ આશ્વાસન અને આશીર્વાદ આપીને ધીરજ આપવા લાગ્યા. ગુરુ મહારાજના આશીર્વાદ અને આશ્વાસન મળતાં જ સતીને ધીરજ થઈ.

અહીં દ્વારકામાં રુકિમણી શ્રી કૃષ્ણને પૂછવા લાગ્યાંઃ 'સ્વામી ! તમે ઓચિંતા ઝબકીને કેમ જાગ્યા અને ભાવાવેગથી કેમ બહાવરા બની ગયા ? એટલો મહાન તમારો ભકત છે કોણ અને એની ઉપર કયું સંકટ આવ્યું તે કહો ?'

ભગવાને કહ્યુંઃ 'રુકિમણી, મારી ભક્તિમણિ ભગિની દ્રૌપદી પાંચાલી છે. ત્રેતાયુગમાં તારાલોચન રૂપે અવતરેલી મારી અનન્ય નિષ્ઠાવાન ભક્તિમણિ પરમ પ્રિય સહૃદયી એવી મારી ભગિની આ યુગમાં અવતરી છે. પાંડવ દ્યૂતમાં હારીને પાંચાલીને પણ હારીને વિન્મુખ થઈને બેઠા છે અને દુષ્ટ દુર્યોધન અને દુઃશાસન જીતપણાથી ઉન્મત્ત થઈને સતી દ્રૌપદીને સભામાં લાવી એને પરેશાન કરીને નિવસ્ત્ર કરી રહ્યા છે.'

રુકિમણીએ કહ્યુંઃ 'અરેરે ! દેવ, શું આ ભક્તની કસોટી ! સ્વામી, તમે તત્કાલ જઈને જે ભક્ત તમારી પાસે તન મન અને ધન અર્પણ કરીને નિર્વિકાર થયેલ છે, તે પરમ સદ્‌ભક્તના શીલનું રક્ષણ કરવા તમારે શીઘ્ર જવું જોઈએ.'

રુકિમણીનાં વચન સાંભળીને ભગવાન બોલ્યાઃ 'પ્રિયે, સત્ય ધર્મનું પાલન કરતી વખતે જે ભક્તો પર આવેલ સંકટ એ પ્રત્યક્ષ ભક્ત પર ન હોય પણ તે ગુરુવર તેમજ આરાધ્ય દેવતા ઉપર જ હોય છે માટે તેનું નિવારણ કરવું એ અમારું આદ્ય કર્તવ્ય છે.' એમ કહીને ભગવાને ગરુડનું સ્મરણ કરતાં જ ગરુડ હાથ જોડીને સામે ઊભો રહ્યો. ભગવાને ગરુડ ઉપર સવાર થઈને મન વેગે કૌરવોની રાજયસભામાં અંતરિક્ષમાં આવીને ઊભા રહ્યા. એક ભક્ત સિવાય ભગવાનને કોઈ દેખી શકતું નથી.

તું પટકૂળ મેલને કામિની નાર, હવે તારી કોઈ નહીં લે સાર સંભાળ. ॥૩૮૯॥
નિશ્ચે પાંડવ હાર્યા વન જાશે નિરધાર, રાણી તે તો તારા છે ભરથાર. ॥૩૯૦॥
તું એમ કહેતી અંધ કેરા પુત્ર દુર્યોધન, તું હાંસી કરતી પણ હવે કરશું હમારે મન. ॥૩૯૧॥
સતી કહે વીરા નવ બોલીયે જાણ, તમે દુષ્ટ વચન ન બોલો અજ્ઞાન. ॥૩૯૨॥
વડીલ ભોજાઈ તે માત સમાન જાણે જેહ, એમ સહી લખ્યું છે વેદ પુરાણે તેહ. ॥૩૯૩॥
ત્યાં દુર્યોધન કહે બાઈ વિષયલને છંછેડયા જાણ, ત્યારે મુખમાંથી નાખે ફૂંફાડા ફેણ. ॥૩૯૪॥
અરે દુઃશાસન તું શેં કરે છે વિચાર, હવે એના વેગે તું વસ્ત્રો ઉતાર. ॥૩૯૫॥
તે સભામાં સતી વલવલે શરીર, ભાઈ હમણાં એવા ન થઈએ હો વીર. ॥૩૯૬॥
દુઃશાસન સતીને વરુની પેરે વળગ્યો શરીર, અને તાણે છે ત્યાં સતીનાં ચીર. ॥૩૯૭॥
ધર્મપુત્ર કહે લાજનારો લાજશે સોય, એ તો સ્વામી પ્રગટ થાશે જોય. ॥૩૯૮॥
નિસાસો નાખી ભીમ થયો રાતો જોય, પણ ધર્મે ભીમને વાર્યો સોય. ॥૩૯૯॥

ત્યાં દેવ મન વેગે આવ્યા સધીર, અને તે સમરથ સતીનાં પૂરવા ચીર. ॥૪૦૦॥
ત્યાં ભક્ત સર્વે વિનંતી કરે એમ વીર, આંખે આંસુ જેમ નદીએ વહે છે નીર. ॥૪૦૧॥
ત્યાં પાંડવો દેશ મુલક હાર્યા જે વાર, અને હાર્યા હસ્તી ઘોડા ગરથ ભંડાર. ॥૪૦૨॥
તે કૌરવે તાળા કૂંચી કબજે કરી જ્યારે, ત્યાં ચીર કાઢે છે પાંચાલીનાં ત્યારે. ॥૪૦૩॥
ત્યાં દેવ પૂરનારે ચીર પૂર્યાં આજ, તે તો ભકત પાંડવ કેરે કાજ. ॥૪૦૪॥
તે સંસાર સર્વે દેખતા મહારાજ, અને ત્યાં દેવે રાખી ભકતોની લાજ. ॥૪૦૫॥

અહીં દુઃશાસન મોટેથી ઉપહાસ કરતો દ્રૌપદી પાસે ગયો અને બોલ્યોઃ 'એ દ્રૌપદી, વિચાર શેનો કરે છે, હવે આ સભામાં કોઈ પણ તારી મદદે આવશે નહીં. ત્યાં જો, તારા પતિઓ કેવા હતબળ જેવા બેઠા છે. એમણે વસ્ત્રો કાઢીને વલ્કલ પહેરી લીધાં છે અને વનમાં જવાની તૈયારીમાં છે, તું એમની ચિંતા કેમ કરે છે, તું ખુશીથી અહીં રહીને દુર્યોધન સાથે રાજયમહિષીનો ઉપભોગ લે. જા, એમના ખોળામાં જઈને બેસ, કે પછી ખેંચું તારાં વસ્ત્ર ?'

દ્રૌપદી કલ્પાંત કરતી બોલીઃ 'ભાઈ, તમને આવું બોલવું શોભતું નથી. મારાથી કોઈ ભૂલ થઈ હોય તો મને ક્ષમા કરો. જોઈએ તો પ્રાણદંડની શિક્ષા કરો, પણ આ રીતે નિઃસહાય સ્ત્રીની ભરસભામાં લજ્જા લેવી યોગ્ય નથી. તેમ છતાં હું તમારી વડીલ ભાભી છું. શાસ્ત્ર અનુસાર વડીલ ભાઈની પત્ની માતા સમાન માનવી જોઈએ અને શાણપણથી તો તમારે મારી ક્યાંક આબરુ જતી હોય તો રોકવી જોઈએ.'

આ સાંભળી દુર્યોધન મોટેથી બોલ્યોઃ 'અરે દ્રૌપદી, આજ તું અમારી દાસી છે. તમારા બાંધેલા મહેલોમાં તું મને પાણીમાં પડેલો જોઈને ઉપહાસથી હસી હતી અને 'આંધળાનો પુત્ર આંધળો દુર્યોધન' એમ બોલી હતી, હવે તું અમારી દાસી થવાથી મનમાં આવે તેમ તારી સાથે વર્તીશું અને શાસ્ત્રમાં એમ કહ્યું છે કે; 'સાપની પૂંછડી પર પગ મૂકવો નહીં અથવા એના રસ્તે જવું નહીં', તેમ કરવાથી એ દંશ માર્યા સિવાય રહેશે નહીં. અરે દુઃશાસન કાઢ એનાં વસ્ત્ર, ઉઘાડું કર એનું અંગ, આ આખી સભાને આપણો પ્રતાપ જોવા દે.'

દુર્યોધનની આજ્ઞા થતાં જ જેમ એકાદ વરુ શરીર પર ચોટે એ પ્રમાણે દુઃશાસને દ્રૌપદીનાં વસ્ત્ર પકડયાં. અને તત્કાલ બંને હાથે ઝડપથી વસ્ત્રો ખેંચવા લાગ્યો. ભકતની સહનશીલતાની સીમા થઈ. બધા સજ્જનોએ આંખો મીંચી દીધી. દુષ્ટો આંખો ફાડીને ઉત્સાહથી સતી સામે નિરખીને જોવા લાગ્યા.

દૈત્ય દુઃશાસન છેડો તાણી ઉઘાડે શરીર, ત્યારે ત્યાં સતી કેરા ગ્રહે જો ચીર. ॥૪૦૬॥
ત્યાં દેવે બીજું ત્રીજું ચોથું પૂર્યાં ચીર, ત્યાં પૂર્યાં જગદીશે સાવ સોનેરી હીર. ॥૪૦૭॥
ત્યાં કૌરવ કપટ કુબુદ્ધિ દીશે જાત, ચીર કાઢી જુવે તો નીકળે નવરંગી ભાત. ॥૪૦૮॥
ચોથા ચતુર્ભુજે પૂર્યા પ્રમાણ, પાંચમે પુરુષોત્તમ પરબ્રહ્મ જાણ. ॥૪૦૯॥
શ્વેત લાલ લીલા પીળા તાર, ત્યાં શ્રી કૃષ્ણે સઘળા પૂર્યા સાર. ॥૪૧૦॥
ત્યાં દેવે પૂર્યા નવરંગી ચીર સોહાય, તેનું વર્ણન વિવેક કર્યો નવ જાય. ॥૪૧૧॥
જેણે પૂજ્યા તે સ્વામી પૃથ્વીમાં પ્રગટ થાય, ત્યાં સર્વે લોકમાં દેવ દાનવ જોવા આય. ॥૪૧૨॥
ત્યાં નવ ખંડના ભૂપ આવી મળ્યા ધાય, અને તે દેવ છે ચતુર્દશ ભુવનનો રાય. ॥૪૧૩॥

ત્યાં હરજી શેઠ હીરાલાલ થયા છે જાણ, અને વેદ વ્યાસ વણકર હુઆ પ્રમાણ. ॥૪૧૪॥
ત્યાં વસ્ત્રના તાંતણા નવસે નવ્વાણું જાણ, તે વાત જાણી નવખંડ પ્રમાણ. ॥૪૧૫॥
દેવને શેરડી ખાતાં પારી વાગી છે હાથ, દ્રૌપદીના ચીરના ત્રાગડા નવસે નવ્વાણું સાર. ॥૪૧૬॥
તેના શ્રી હરિએ ચીર પૂર્યાં નવસે નવ્વાણું આજ, શ્રી હરિએ સતીની રાખી સભામાં લાજ. ॥૪૧૭॥
એ અચરજ જોવા લોક મળ્યાં અપાર, અને ત્યાં તે જોવા મળ્યો સઘળો સંસાર. ॥૪૧૮॥
સદ્‌ગોર વેદવ્યાસ એમ બોલ્યા વાણ, બાઈ તારું સુકરીત સાચું જાણ. ॥૪૧૯॥
જે સતીને દેવે તાર તાંતણે પટકૂળ પૂર્યાં જાણ, તે તો નવસે નવ્વાણું સહ પ્રમાણ. ॥૪૨૦॥
જે પટકૂળ પૂર્યાં ભકતોની રાખી લાજ, તે ત્યાં પૂર્યા ગોરનરની જાત. ॥૪૨૧॥
સદ્‌ગોર કહે અને વણકર થયા જાત, પટકૂળ પૂર્યા છે ત્યાં અવનવી ભાત. ॥૪૨૨॥

દુઃશાસને એક વસ્ત્ર ખેંચ્યું ત્યાં તો એનાથી પણ ઉત્કૃષ્ટ વસ્ત્ર દેખાવવા લાગ્યું. એ પ્રકાર જોઈને બધાને આશ્ચર્ય થવા લાગ્યું.

ત્યારે દુર્યોધન બોલ્યોઃ 'દુઃશાસન, આ બહુ જ હોશિયાર લાગે છે. આપણને છેતરવા માટે વધારે વસ્ત્રો પહેરીને આવી હોય એમ લાગે છે. કંઈ વાંધો નહીં, એ બધાં વસ્ત્રો ખેંચી લે.'

દુર્યોધનની આજ્ઞા થતાં જ દુઃશાસને ત્વરીત ઝડપથી દ્રૌપદીનાં વસ્ત્ર ખેંચવાનો આરંભ કર્યો. પણ આ શું, એક વસ્ત્ર ખેંચે અને છોડે તો એના કરતાં પણ અધિક મૂલ્યવાન એવાં વસ્ત્ર અંદર તૈયાર જ. દુઃશાસને એ પણ વસ્ત્રો ખેંચ્યાં તો અંદર ત્રીજું વસ્ત્ર તૈયાર. એ વખતે દ્રૌપદીના નખ પર પણ કોઈની દ્દષ્ટિમાં પડતી નહોતી અને દુઃશાસન પણ વસ્ત્ર ખેંચવાનું બંધ કરતો નથી. લાલ, સફેદ, લીલાં, પીળાં, ગુલાબી, નારંગી, જરતારી, વેલબુટ્ટીદાર એવાં એ લાખો મૂલ્યનાં એકેક વસ્ત્ર જોઈને બધાંની આંખો અંજાઈ ગઈ. વસ્ત્રો ખેંચતાં ખેંચતાં દુઃશાસન થાકી ગયો. સભામંડપમાં અનેક પ્રકારના રંગની સાડીઓનો ઢગલો થયો. પરંતુ દ્રૌપદીના શરીર પર ફરી ફરીને દિવ્ય વસ્ત્ર કાયમ જ રહ્યાં. પૂરાં નવસો નવ્વાણું વસ્ત્રો એ સતીના શરીર પર પ્રગટ થયાં.

છેલ્લે ભગવાને દ્રૌપદીને પોતાનાં દિવ્ય પિતાંબર પહેરાવ્યાં અને કહ્યું કે; આ વસ્ત્રને હાથ લગાવશે તો બધા દુર્જનોનો સંહાર આજે જ કરીશ. એમ કહીને હાથમાં સુદર્શન ચક્ર લીધું. ત્યારે કોટિ વીજળી ચમક્યા જેવું થયું તે જોઈ બધા કૌરવો ગભરાયા. દુઃશાસન દોડતો દોડતો એ વસ્ત્રના ઢગલામાં ક્યાં વિંટળાઈ ગયો એ એને દેખાયું જ નહિ.

પહેલાં એક સમયે શ્રી કૃષ્ણએ સુભદ્રા, દ્રૌપદી વગેરેને પોતાના પ્રત્યે કેવો પ્રેમભાવ છે તેની પરીક્ષા કરવા શેરડી ખાવાના નિમિત્તે આંગળી કાપી. એમાંથી લોહીની ધાર વહેવા લાગી. એ આંગળીએ બાંધવા માટે સુભદ્રાએ આમ તેમ વસ્ત્રની શોધ કરી પણ તેને કપડું દેખાયું નહીં. દ્રૌપદીના ધ્યાનમાં આ પ્રસંગ આવતાં જ તેણે પોતાની ભર્જરી સાડીનો છેડો ફાડીને તાત્કાલિક શ્રી કૃષ્ણની આંગળીએ બાંધ્યો. એ સાડીના છેડામાં આડા ઊભા એવા નવસો નવ્વાણું દોરા હતા. એ એક એક દોરાનું એક એક વસ્ત્ર પહેરાવીને ભગવાને સતીની લાજ રાખી.

એ સંપૂર્ણ દ્દશ્ય જોઈને ભીષ્મ બોલ્યાઃ 'દુર્યોધન, એ સતીની આબરુ લેવાની હવે તો બંધ કર. એની સહાય માટે પ્રત્યક્ષ શ્રી કૃષ્ણ ભગવાન છે એ ધ્યાનમાં રાખ. જો એ ગુસ્સે થઈને શ્રાપ આપશે તો તારો નાશ થવામાં બિલકુલ વાર લાગશે

નહીં. ભીષ્મનું એ નિવેદન સાંભળીને અને એ અપૂર્વ ચમત્કાર જોઈને દુર્યોધનને મનમાં બીક ઉત્પન્ન થઈ અને દ્રૌપદીને છોડી દેવા માટે કહ્યું.

પોતાની સહાય કરવા માટે હૃષિકેશ આવ્યા છે એમ ખાત્રી થતાં જ દ્રૌપદીને બીક ઓછી થઈ અને તેને ધૈર્ય પ્રાપ્ત થયું. પછી તે ગુસ્સાથી બોલી: 'દુર્યોધન, ધર્મરાજે તને વચન આપ્યા પ્રમાણે અમારો કોઈ ઉપાય રહ્યો નથી, નહીંતર તને શ્રાપ આપીને શિક્ષા કરી હોત. તને તારા દ્યૂત કર્મનું ખૂબ અભિમાન છે, પણ એ રમતમાં જો નિપુણતા બતાવવી હોય તો એ મને બતાવ.

આ દ્રૌપદીની મર્મ વાણી સાંભળીને દુર્યોધન એની સાથે ખૂબ અભિમાનથી રમવા બેઠો. પોતાના કપટી પાસાથી પોતે જીતી લેશે તેવો દુર્યોધનને વિશ્વાસ હતો. દુર્યોધને દ્રૌપદીને પોતાને દાવમાં લગાવવા માટે કહ્યું. દ્રૌપદીને એ જ જોઈતું હતું. તેણે એ વાત કબૂલ કરીને શ્રી કૃષ્ણનું ચિંતન કર્યું અને પાસા નાખ્યા. એ સાથે એ જીતી અને દ્રૌપદીએ પોતાને દુર્યોધનની દાસીપણામાંથી છોડાવી લીધી. પછી દુર્યોધને બીજો દાવ પાંડવોનો લગાડાવ્યો, એ પણ દાવ તેણે જીત્યો અને પાંડવોને દાસપણામાંથી છુટકારો અપાવ્યો.

દુર્યોધન ઈર્ષ્યાથી હજુ પણ દ્રૌપદી સાથે રમનાર હતો પણ શકુનિએ તેને ઉઠાડયો અને બોલ્યો: 'દુર્યોધન, આ કપટી સ્ત્રી છે એની સાથે તું રમવા લાગીશ તો જેટલું જીત્યો છે એટલું બધુંય ગુમાવીશ.' શકુનિનું કહેવું સાચું લાગવાથી દુર્યોધને દ્યૂતની રમત બંધ કરી.

દાદા ભીષ્મને ગુરુ દ્રોણ કૃપાચાર્ય, અશ્વત્થામા એમ કહે યોદ્ધા ત્યાં અપાર.॥૪૨૩॥
ભાઈ એ કૌરવોની સભાનું સર્વે સાથ, પતન થાશે પાંડવથી કીધો વિખવાદ.॥૪૨૪॥
એ ભકત પાંડવને સાથે સમરથ દેવ સોહાય, ભાઈ તે કોઈથી ગાંજ્યા નવ જાય.॥૪૨૫॥
જેણે નવસે નવ્વાણું ચીર પૂર્યા છે આય, તે હરિ એકવીસ બ્રહ્માંડ કેરા રાય.॥૪૨૬॥
એકવીસ બ્રહ્માંડના નાથે ચીર પૂર્યા આજ, ત્યાં રાણી પાંચાળીની રાખી લાજ.॥૪૨૭॥
જે દેવ અંતરીક્ષથી આવ્યા આજ, ત્યાં ભાઈ તે ભકતોનાં કરવા કાજ.॥૪૨૮॥
ત્યાં રાજા ધૃતરાષ્ટ્ર બોલ્યા શીશ નામ, બાઈ અમે છું અંધ અબૂજ અજ્ઞાન.॥૪૨૯॥
સતી તમે શીતલ વચન સિંચજો જ્ઞાન, બાઈ અમે એવું માગીએ વરદાન.॥૪૩૦॥
એજી તમે સસરાને અને વહુવર જાત, તમે અજાણી કેવી કહો છો વાત.॥૪૩૧॥
એ લખ્યું અમારા કરમનું જેહ, હવે કોને દીજીએ અપવાદ તેહ.॥૪૩૨॥
રમત રમતા હારજીત ક્ષત્રિયવટ પાળવા સાર, ભાઈ અમે રાજા પાંડુ કુળની નાર.॥૪૩૩॥
પાંડવ સાથે ભક્તિ કરવા વન આવશું આજ, ત્યાં દીનદયાલ માગું વૈકુંઠનું રાજ.॥૪૩૪॥
જે દેવે નવસે નવ્વાણું ચીર પૂર્યા છે સાર, તે તો જાણે સર્વે જુગ સંસાર.॥૪૩૫॥

સભામાં આ પ્રકારની ઘટના ઘટતી હતી ત્યારે ધૃતરાષ્ટ્રના મહેલની પાછળની બાજુએ કાગડા, કૂતરા વગેરે પ્રાણીઓ આવીને અપશુકન કરવા લાગ્યાં. આકાશમાંથી લોહીની વૃષ્ટિ શરૂ થવા લાગી. એ અમંગળ ચિન્હ જોઈને ગાંધારી ભરસભામાં રડતી આવી. તે પ્રથમ દ્રૌપદી અને પાંડવોને એકદમ જગતને બતાવવા ઉપર ઉપરથી વહાલ કરવા લાગી અને દુર્યોધન વગેરેની પુષ્કળ ઉપેક્ષા કરવા લાગી.

ગાંધારી પછી ધૃતરાષ્ટ્રે પણ તેવું જ અનુકરણ કર્યું. તેણે દ્રૌપદીને કહ્યુંઃ 'તું અમારા વંશની કીર્તિ છો, અમે અંધ અજ્ઞાન છીએ, તારા દિવ્ય તત્ત્વને જાણી શક્યા નહિ. થયેલી વાતોથી અમને ક્ષમા કર અને તારા અમૃતોમય મધુર વચનોનું સિંચન કર.

દ્રૌપદી બોલીઃ 'હું તમારી પુત્રવધૂ છું, આવી વિપરીત વાતો કેમ કરો છો ? થયેલી વાતનું મૂળ ફક્ત આસુરી અહંકાર છે. પણ અમારા કર્મમાં જે લખ્યું હશે તે પ્રારબ્ધ ભોગવવું પડે છે. એનો દોષ અમે કોઈને આપીશું નહીં. હું તમારી કુળવધૂ પાંડુ મહારાજની પુત્રવધૂ અને સર્વ સમર્થ એવા પાંચ પાંડવોની પત્ની છું. પવિત્ર ક્ષત્રિય ધર્મના બંધનનું મારા પતિઓએ અને મેં પાલન કર્યું છે. આજે મારા સ્વામી અને હું પોતાના બંધનમાંથી મુકત થઈને રાજવૈભવનો ત્યાગ કરીને ભગવાનની ભક્તિ માટે વનમાં જઈએ છીએ. તમે બધા સુખેથી રાજયનો ઉપભોગ કરો. જે ભગવાને અખંડ વસ્ત્રો પૂરાં પાડીને આજ સભામાં જતી મારી લાજ રાખી એ દીનદયાળુ ભગવાનના સાનિધ્યમાં અમારી વનવાસની અવધિ નિર્વિઘ્ને પૂર્ણ થાય એવી ઈચ્છા લઈને અને બધા ગુરુજનો, પૂ. મહાત્માઓ, વરિષ્ઠ આપ્તજનો પાસેથી આશીર્વાદની અપેક્ષા કરીએ છીએ.' એમ બોલીને દ્રૌપદી સ્વસ્થ ઊભી રહી.

પછી દુર્યોધન બોલ્યોઃ 'ધર્મ, તમારે દ્યૂતમાં હાર્યા પ્રમાણે બાર વર્ષ વનવાસ અને એક વર્ષ અજ્ઞાતવાસ ભોગવવા માટે જવું જોઈએ.

ત્યારે ધર્મ બોલ્યાઃ તારું કહેવું સત્ય છે. નિયમ પ્રમાણે વનવાસમાં જવા માટે અમે તૈયારી કરીએ જ છીએ. આમ બોલીને ધર્મ પોતાના આખા પરિવાર સાથે મહેલની બહાર ગયા. કુંતીમાતા, અભિમન્યુ અને સુભદ્રા એ ત્રણેને વિદુરને ઘેર મોકલી લીધાં અને એ પોતે, ભીમ, અર્જુન, નકુલ, સહદેવ અને દ્રૌપદી એમને સાથે લઈને વનવાસ માટે ઈંદ્રપ્રસ્થ બહાર નીકળ્યા. ત્યારે ધૌમ્ય ગુરુ પણ એમની સાથે અરણ્યમાં જવા માટે નીકળ્યા.'

જે પાંડવ વનવાસ ચાલ્યા આજ, ત્યાં તો દૈત્ય દુર્યોધને લીધું રાજ. ॥૪૩૬॥
તે પાંડવો સદ્‌ગોર વચને ચાલ્યા સધીર, સાચા સત્‌પંથી પ્રમાણિક થયા વીર. ॥૪૩૭॥
તોએ પગ પાછો ન પાડયો ને રાખી ધીર, જો દુઃશાસને ખેંચ્યાં પાંચાળીનાં ચીર. ॥૪૩૮॥
હાર્યા પાંડવને વન ગયા છે આજ, અને કૌરવ કહે અમે કરીશું રાજ. ॥૪૩૯॥
દુર્યોધન શું પાંડવ સોગટ રમવા કાજ, હરાવી રાજને મોકલ્યા વનમાં આજ. ॥૪૪૦॥
બાર વરસ લગી વનવાસ ભોગવે આજ, ત્યાર પછી અમે આપીશું રાજ. ॥૪૪૧॥
તે પાંડવ બાર વરસ રહ્યા વનવાસ, ત્યાં સેવા કીધી શ્રી અવિનાશ. ॥૪૪૨॥
તેણે એક મન કરી આરાધ્યા સાર, ત્યાં વનમાં પાન ફળના લીધા આહાર. ॥૪૪૩॥
દ્રૌપદીએ સૂર્યનારાયણને આરાધ્યા જયાંય, અક્ષયપાત્ર દ્રૌપદીને આલ્યું ત્યાંય. ॥૪૪૪॥
તેથી તેઓના વનમાં ચાલે ગૃહસ્થાચાર, ગુરુદેવ વ્યાસ શીખવે તેમને યોગાભ્યાસ. ॥૪૪૫॥
પાંડવ તપ સાધના કરે ત્યાં વનમાંય, કામ્યકને પછી દ્વૈત વન છે જયાંય. ॥૪૪૬॥

પાંડવોના વનવાસની હકીકતની વિદુરને જાણ થતાં જ એક ક્ષણનો પણ વિલંબ ન કરતાં ઈંદ્રપ્રસ્થ આવ્યા અને ધર્મ તેમજ બધાને સહૃદય અંતકરણથી મળ્યા અને ભીષ્મને કહ્યુંઃ 'ભીષ્મ, દુર્યોધને આ અત્યંત અનુચિત કાર્ય કર્યું છે. એના કરતાં તમે દુર્યોધનને બે ઉપદેશની વાતો કહીને ધર્મનું રાજય વગેરે એમને પાછું અપાવો.'

ત્યારે ભીષ્મ બોલ્યાઃ 'વિદુર, દુર્યોધન એ રાજમદથી અત્યંત ઉન્મત્ત થયો છે. એ કોઈનું સાંભળે એવું મને લાગતું નથી. ઉલટું એ મારો માત્ર ઉપહાસ કરશે.' ભીષ્મએ કહેલી સાચી સ્થિતિ હોવાથી વિદુરે આ બાબતનો વિશેષ આગ્રહ કર્યો નહીં.

ભીષ્મ, દ્રોણ અને વિદુર વગેરે પાંડવોને આશીર્વાદ આપવા માટે નગરની બહાર ગયા. એ વખતે બધાનાં અંતઃકરણ ગદ્‌ગદ્દીત થઈ ગયાં. આંખો અશ્રુથી ભરાઈ આવી.

ભીષ્મ દ્રોણ વગેરે બોલ્યાઃ 'ધર્મ, તમારા પાંડવોની આવી સ્થિતિ જોવાનો અમને પ્રસંગ આવ્યો, દુર્યોધનને આમ ન કરવા માટે અમે ખૂબ સમજાવવા પ્રયત્ન કર્યો પણ એમાં યશ ન મળવાનાં ચિન્હો દેખાવાથી અમે એ વાત છોડી દીધી.

ત્યારે ધર્મ બોલ્યાઃ મહારાજ, એમાં દુર્યોધનનો કોઈ દોષ નથી. આ બધું અમારા કર્મની ગતિ છે. કર્મ રેખા જેવી હોય તેવી એ સમયે બધી વાતો ઘડાઈને જ આવે છે.

આ પ્રમાણે શાંત વૃત્તિથી બધાનું સમાધાન કરીને ધૌમ્ય ગુરુ સાથે પાંડવોએ વનવાસ પ્રતિ પ્રયાણ કર્યું. એ સમયે બધા જ લોકો દુઃખી થયા, પણ દુર્યોધનને તો જાણે સ્વર્ગથી થોડે દૂર હોય એવો આનંદ થતો હતો.

પાંડવો વનમાં જતા હતા ત્યારે હસ્તિનાપુરનાં અને ઈંદ્રપ્રસ્થનાં બધાં પ્રજાજનો ખૂબ દુઃખથી એમને મળવા આવ્યાં અને 'અમે તમારી પ્રજા છીએ. જયાં તમે જશો ત્યાં અમે આવીશું, અહીં રોકાવાની અમારી બિલકુલ ઈચ્છા નથી.' એમ બોલીને લોકો વિયોગ અને દુઃખથી રડવા લાગ્યા. ધર્મરાજાએ એમનું સમાધાન કરતાં કહ્યું કેઃ 'ભીષ્મ, દ્રોણાચાર્ય, વિદુર તમારું રક્ષણ કરશે, એમ કહીને ખૂબ કષ્ટથી એમને પાછાં મોકલ્યાં. કેટલાક બ્રાહ્મણો ફક્ત આગ્રહ કરીને એમની સાથે રહેવા માટે આગ્રહ કરવા લાગ્યા, પણ ધર્મ બોલ્યાઃ 'વનમાં તમને ખૂબ કષ્ટ પડશે માટે તમે અમને આ સંકટમાં ન નાખશો.' એમ કહીને એમને સૌને પાછા મોકલ્યા.

શ્રી કૃષ્ણને પાંડવોના વનવાસની હકીકત જણાઈ. તે પાંડવોને મળવા માટે કામ્યક વનમાં આવ્યા. શ્રી કૃષ્ણને જોઈને બધાંની આંખો અશ્રુથી ભરાઈ આવી. પાંડવોએ દ્યૂતક્રીડાની બધી હકીકત શ્રી કૃષ્ણને જણાવી. એ સાંભળીને શ્રી કૃષ્ણને ખૂબ દુઃખ લાગ્યું.

દ્રૌપદી ખૂબ ગળગળી થઈને તે બોલીઃ 'કૃષ્ણ, તેં આ તારી બહેનની લાજ રાખી નહોત તો મારી મુસીબતનો પાર રહ્યો નહોત. કૌરવો કપટથી અમને જીતવાથી આ અરણ્ય અમને થયું. મારા પાંચેય પુત્રો પિયર મોકલી દીધા. એમનો વિયોગ મારાથી સહન થતો નથી. કૃષ્ણ, પેલો દુઃશાસન મને ભરસભામાં વાળ પકડીને ખેંચી લાવ્યો. કર્ણ ગમે તેમ બોલ્યો અને દુર્યોધને ન કરાય એવી ઉપહાસના કરી. એ વાત યાદ કરતાં મારા જીવને અસહ્ય વેદના થાય છે. તેમણે કરેલા કર્મનું પ્રાયશ્ચિત કર્યા વગર મને સમાધાન થશે નહીં. એ મારી ઈચ્છા પૂર્ણ કરવા માટે તારા સિવાય કોઈ સમર્થ નથી.' દ્રૌપદીની આ વાણી સાંભળીને શ્રી કૃષ્ણએ આશ્વાસન આપી એના મનને શાંત કર્યું અને કેટલાક દિવસ સુધી શ્રી કૃષ્ણ પણ ત્યાં એમની સાથે વનમાં રહ્યા.

શ્રી કૃષ્ણના કહેવાથી તેમણે અરણ્યમાં દેવસભા ભરાવી. કંદમૂળ, ફૂલ, ફળોનો પ્રસાદ કરીને બધા દેવદેવતાઓનું પૂજન અર્ચન કરી તેમની સહાયતા માટે તેમણે ઉપાસના શરૂ કરી. સદ્‌ગુરુ વ્યાસ આવીને તેમને ધર્મોપદેશ કરતા.

એકવાર વ્યાસે ધર્મને કહ્યુંઃ 'ધર્મ, તને કૌરવોની જે બીક લાગે છે, તે નિષ્કારણ છે. તારા બંધુઓ અત્યંત પરાક્રમી છે તેમના હાથે એ બધા દુષ્ટોના સંહાર માટે નિર્માણ કર્યું છે. ત્યારે તેમના આ ખરાબ પરાક્રમ માટે તું બિલકુલ ચિંતા કરીશ નહીં. હવે અર્જુનને વિશેષ શાસ્ત્રાસ્ત્ર પ્રાપ્તિ માટે કૈલાસ મોકલ અને હું તને પણ યોગવિદ્યા શીખવું છું. તેનો પણ તું અભ્યાસ

કર.' આમ કહીને તેમણે ધર્મને યોગવિદ્યા શીખવાડી અને અર્જુને કૈલાસ પર જઈને તપશ્ચર્યાથી શંકરને પ્રસન્ન કરીને તેમની પાસેથી પાશુપતાસ્ત્ર તેમજ અનેક અસ્ત્ર-શસ્ત્રની પ્રાપ્તિ કરી લીધી. ત્યાંથી ઈંદ્ર તેને સ્વર્ગમાં લઈ ગયા. તેનો ત્યાં વિશેષ સત્કાર કરીને પોતાના વજ્ર વગેરે શસ્ત્રો અર્જુનને આપ્યાં અને અનેક નૃત્યગાયન કલા શીખવાડી.

એકવાર ઉર્વશીને અર્જુન ઉપર અનુરાગ થવાથી પોતાની ઈચ્છા પૂર્ણ કરવાની વિનંતી કરી. ત્યારે અર્જુને તેને કહ્યું: તું મારી માતા સમાન છે. આવું અનુચિત વર્તન મારાથી કદાપિ થશે નહીં. આ સાંભળી ઉર્વશીએ અર્જુનને શ્રાપ આપ્યો કે; 'એક વર્ષ સુધી તું નપુંસક રહીશ.' ઈંદ્રને આ વાતની ખબર પડતાં તેણે અર્જુનને ધન્યવાદ આપ્યો અને આ શ્રાપ તને અજ્ઞાતવાસમાં ઉપયોગી થશે એમ કહીને તેનો યોગ્ય સત્કાર કરીને પાંડવો પાસે મોકલી દીધો.

અર્જુન પાછા આવ્યાની ખબર પડતાં જ શ્રી કૃષ્ણ દ્વારકાથી એને મળવા આવ્યા. એ પ્રથમ દ્રૌપદી પાસે જઈને ભોજન માગવા લાગ્યા. આશ્રમમાં કંદમૂળ સિવાય કંઈ પણ નહોતું. દ્રૌપદીએ શ્રી કૃષ્ણને કહ્યું: 'કૃષ્ણ, મારે તને ભોજનમાં શું આપવું તેની મને ચિંતા છે. તું મારો ખરો ભાઈ હોવાથી તને સાચી સ્થિતિ કહેવામાં વાંધો નથી. અમારા આશ્રમમાં તને ભોજનમાં આપવા જેવી એક પણ વસ્તુ નથી. એ માટે મને ખૂબ દુઃખ લાગે છે. આ દુઃખ ગૃહસ્થીએ કહેતાં મરણપ્રાય જેવું દુઃખ થાય છે, પણ હે દેવ ! અમારી આવી સ્થિતિ હોવાથી કોઈપણ અતિથિ અમારા દ્વારે આવ્યો હોય તો ખૂબ દુઃખ લાગે છે. અતિથિથી વિન્મુખ ન થવું આ ગૃહસ્થનો ધર્મ હોવાથી કંઈક કંદમૂળ પણ એમના ખોળામાં મૂકી એમનું સન્માન કરીએ છીએ તેથી અધિક કંઈ પણ થઈ શકતું નથી. એટલા માટે અતિથિને અન્નદાન આપી તેમને તૃપ્ત કરી શકીએ એવું કંઈક સાધન તું કરી આપ.'

દ્રૌપદીની આ વાણી સાંભળીને શ્રી કૃષ્ણ બોલ્યા: 'દ્રૌપદી, હું તને એક સૂર્યોપાસનાનો મંત્ર કહું છું, એ મંત્ર યોગથી સૂર્ય તને પ્રસન્ન થઈને તારી ઈચ્છા પૂર્ણ કરશે.' એમ કહીને દ્રૌપદીને એ સૂર્યનો મંત્ર કહ્યો.

એ મંત્રની વિધિપૂર્વક સૂર્યની સ્તુતિ કરતાં જ સૂર્ય દ્રૌપદી સામે પ્રગટ થયા અને એક અક્ષયપાત્ર આપીને કહ્યું: 'દ્રૌપદી, મનમાં આવશે એટલાં પાત્રોનું અથવા તું જે ઈચ્છીશ એ અન્ન આ અક્ષયપાત્રમાં તૈયાર થતું જશે. માત્ર છેલ્લે તારું ભોજન પૂર્ણ થાય પછી તું આ અક્ષયપાત્રને ધોઈને ઊંધું વાળજે.

અક્ષયપાત્રના પ્રભાવથી દ્રૌપદી બધાને ભોજન આપી તૃપ્ત કરવા લાગી. અતિથિ, ભિક્ષુક વગેરે બધા તૃપ્ત થઈને જતા. એ જોઈને દ્રૌપદીને ખૂબ જ આનંદ થયો. દ્રૌપદીએ શ્રી કૃષ્ણને કહ્યું: 'દેવ, તારી કૃપાથી બધી ઈચ્છા પૂર્ણ થાય છે. આ વનવાસમાં અમારી કીર્તિ થાય છે, એ તારી જ કૃપા છે.'

પાંડવ કામ્યક વનમાં આવ્યા પછી તેમનો દ્વેષ કરનાર કેટલાંક દુષ્ટ લોકોએ કૌરવોને આ સ્થિતિની હકીકત જણાવી. કૌરવોએ પાંડવોનું સત્ત્વહરણ કરવા માટે વિચાર્યું કે, દ્રૌપદી જમીને અક્ષયપાત્ર ઊંધું પાડે એટલે દુર્વાસા ઋષિને તેમના સાઈઠ હજાર શિષ્યો સાથે પાંડવો પાસે મોકલવા એટલે પાંડવો સત્ત્વથી અને દુર્વાસાના શ્રાપથી દુઃખી થશે. અનાયાસે પોતાનો હેતુ પરિપૂર્ણ થશે.

ત્યાં દુર્યોધને મોકલ્યા દુર્વાસા સાર, સાથે સહસ્ર સાઠ વિદ્યાર્થી લાર. ॥૪૪૭॥
ત્યાં પાંડવે કાષ્ટ કીધાં એકઠાં આજ, પણ નાર પાંચાલીએ રાખી લાજ. ॥૪૪૮॥
ત્યાં અબલા વિનંતી કરે આપ, સ્વામી તમે આપે પધારો નાથ. ॥૪૪૯॥
ત્યાં દુર્વાસા સ્નાન કરવા ગયા સહુને સાથ, તે સહસ્ર સાઠ આવી દેશે શ્રાપ. ॥૪૫૦॥

સ્વામી તમે ગોર બ્રહ્માના વેદ વાળ્યા જ્યાંય, અને દેવ તમે સાગર મથીયા ત્યાંય. ॥૪૫૧॥
ચૌદ રત્ન શ્રી હરિએ કાઢયાં જયાંય, સ્વામી ભક્તોને અમૃત પાયાં ત્યાંય. ॥૪૫૨॥
ત્યાં તમે ધરણી દાઢે ધરી મહારાજ, સ્વામી તમે થંભમાં પ્રગટી કીધાં ભક્તનાં કાજ. ॥૪૫૩॥
પાંચ કરોડી શું તાર્યા ભકત પ્રહલાદ, તે દેવ આવ્યા તેણે અવિચલ રાજ. ॥૪૫૪॥
સ્વામી તમે બલિને યુક્તિથી છળ્યા જેહ, અને ઈંદ્રાસન રાખ્યું તેહ. ॥૪૫૫॥
સ્વામી તમે વ્રત પાળી બેઠા ખરા, તમે સહસ્ત્રાર્જુનને લોહ પાંજરામાં ધર્યા. ॥૪૫૬॥
સ્વામી સાગર પાળ બાંધી પાષાણ તાર્યા જેહ, અને દશ મસ્તકનો રાવણ છેદ્યો તેહ. ॥૪૫૭॥
સ્વામી હનુમંતને હાથે દ્રોણાગિરિ લાવ્યા જેહ, ત્યાં સતી સીતાને વાળ્યાં છે તેહ. ॥૪૫૮॥
સ્વામી હરિશ્ચંદ્રના ખડ્ગે ઉગારી તારા નાર, અને ત્યાં ગોર નરના બહુ જપ કીધા સાર. ॥૪૫૯॥
સ્વામી સાત કરોડી શું હરિશ્ચંદ્રનાં કીધાં કાજ, અને તેણે અવિચલ આપ્યાં રાજ. ॥૪૬૦॥
સ્વામી તમે વરસાદથી ગોકુળ રાખ્યું દેવ, અને હાથે ગોવર્ધન તોળ્યા છે જેહ. ॥૪૬૧॥
સ્વામી તમે પાતાળે જઈ કમળ લાવ્યા જેહ, અને અબલાનાં પટકૂળ પૂર્યાં તેહ. ॥૪૬૨॥
તમે ભકત સર્વેની વિનંતી સાંભળી વાત. ત્યાં અનંત ભકતો મળ્યા બહુ જાત. ॥૪૬૩॥
ત્યાં પાંડવે કાષ્ટ ભેળાં કીધાં નિર્વાણ, તો દુર્વાસા ભોજન તે કોણ માત્ર જાણ. ॥૪૬૪॥
તે સમયે દેવની વિનંતી કરી છે જાણ, તે રાણી રુકિમણી થાળ રે પૂરે નિરવાણ. ॥૪૬૫॥
તે પવન વેગે પોતે પધાર્યા મહારાજ, સ્વામી તે દુર્વાસા ભોજન કાજ. ॥૪૬૬॥
અમે આજ ભૂખ્યા છીએ બેની કાંઈ આલ, કાંઈ ભોજન હોય તો લાવો તત્કાળ. ॥૪૬૭॥
જે તાંદળજાનું પાન ગ્રહે સો દીનદયાલ, ત્યાં ત્રણ ભુવનની પૂરી છે થાળ. ॥૪૬૮॥

એક દિવસ દુર્યોધન પાસે દુર્વાસા ઋષિ તેમના સેવકો સાથે આવ્યા. દુર્યોધને તેમને પોતાના ઘેર સારા એવા દિવસો રાખ્યા અને તેમની એકનિષ્ઠાપણે સેવા કરી. કાયમ એમના મુખેથી નીકળેલા શબ્દ ઝીલવામાં એ એકદમ તત્પર રહેતો. એ કારણે દુર્વાસાએ પ્રસન્ન થઈને કહ્યું: 'દુર્યોધન, કંઈક વરદાન માગવું હોય તો તે માગ. એ વખતે દુર્યોધને ધાર્યું હોત તો તેને ઈંદ્રનું રાજ માગત તો પણ એને મળ્યું હોત, તેમજ પાંડવોનો વારંવાર પરાજય કરવા માટે એકાદ શક્તિ માગી હોત તો પણ તેને મળી હોત, પરંતુ દુર્યોધનને પાંડવોના દ્વેષ સિવાય બીજું કંઈ જ સૂઝતું ન હતું એટલે એ બોલ્યો: મહારાજ, સંધ્યાકાળના સમયે તમારે તમારા સાઈઠ હજાર શિષ્યો સાથે જઈને ધર્મ પાસે ભોજન માગવું અને તમને ભોજન ન મળે તો તમે શ્રાપ આપી પાંડવોને ભસ્મ કરો.'

દુર્વાસાએ એ વાત માન્ય કરીને એ સાંજે સાઈઠ હજાર શિષ્યો સાથે પાંડવોના આશ્રમમાં ગયા અને ધર્મને કહ્યું: 'અમારા બધાના પ્રાણ ભૂખથી ટળવળી રહ્યા છે તો જલ્દી ભોજન આપ.'

દુર્વાસાના મુખે એ શબ્દો સાંભળતાં જ ધર્મને ચિંતા થઈ. તેણે મુખ મ્લાન કરીને દ્રૌપદી સામે જોયું. દ્રૌપદીને પણ આટલા બધા ઋષિ સમુદાયને આ સમયે ભોજન ક્યાંથી આપવું તેથી ખૂબ ચિંતા થઈ. તો પણ ઈશ્વર પર દઢ વિશ્વાસ રાખી દ્રૌપદીએ ધર્મરાજાને કહ્યું કે: બધા ઋષિઓને કહો કે તમે સ્નાન કરી આવો ત્યાં સુધીમાં ભોજન તૈયાર થઈ જશે.' ધર્મએ દુર્વાસા ઋષિને તેમ કહ્યા પછી દુર્વાસા વગેરે બધા ઋષિઓ સ્નાન માટે ગયા.

પછી દ્રૌપદીએ શ્રી કૃષ્ણ પરમાત્માને યાદ કર્યા. એ બોલીઃ 'હે મેઘશ્યામા ! હે આત્મરામ ! હે શ્રી કૃષ્ણ મોરારિ ! આ સમયે આ સંકટ નિવારણ કરવા તારા સિવાય બીજું કોઈ પણ સમર્થ નથી. હે ગોવિંદા ! તું તરત આવ અને અમારા સત્ત્વનું રક્ષણ કર, નહીં તો પાંડવો સત્ત્વ માટે પ્રાણ ત્યાગ કરશે. આ બધી તને ખબર જ છે. દ્રૌપદીએ અંતઃકરણપૂર્વક યાદ કરતાં જ એ સાદ શ્રી કૃષ્ણના કર્ણરન્ધ્રમાં પહોંચ્યા.

એ વખતે દ્વારકામાં શ્રી કૃષ્ણ જમવાની તૈયારી કરતા હોવાથી રુકિમણીએ પંચપકવાનની થાળી શ્રી કૃષ્ણના સામે લાવીને જ મૂકી હતી. પરંતુ દ્રૌપદીનો સાદ સાંભળતાં જ એ તાત્કાલિક કામ્યક વનમાં આવી પહોંચ્યા. તેઓ આવીને દ્રૌપદીને કહેઃ પહેલાં મને કંઈક ખાવા આપ પછી તારું જે કામ હોય એ કહે એમ કહ્યું.

એ સાંભળીને દ્રૌપદીએ કહ્યુંઃ કૃષ્ણ, સાઈઠ સહસ્ત્ર શિષ્યો સાથે દુર્વાસા અહીં ભોજન માટે આવ્યા હોવાથી સંકટમાંથી બચાવવા માટે તને યાદ કર્યા છે અને તું જ પહેલાં ખાવાનું માગે છે ? તો હવે હું શું કરું !

ત્યારે ભગવાન બોલ્યાઃ 'ચાલ તારું અક્ષયપાત્ર તો મને બતાવ.'

દ્રૌપદી બોલીઃ 'એ તો મેં ક્યારનુંય ઊંધું કરી નાખ્યું છે.'

પણ ભગવંતની લીલા વિચિત્ર છે. શ્રી કૃષ્ણે પાત્રને નિહાળીને જોતાં જ ચોંટેલું ભાજીનું એક પાન દ્રૌપદીને બતાવ્યું. એ ભાજીનું પાન ખાતાં જ શ્રી કૃષ્ણની ક્ષુધા શાંત થઈ અને તેણે ઓડકાર લીધો. સાક્ષાત્ જગન્નાથ તૃપ્ત થયા પછી અન્ય લોકને તૃપ્તિ થવા માટે શું વાર લાગે !

દુર્વાસા ઋષિ જ્યાં સ્નાન માટે ગયા હતા ત્યાં શ્રી કૃષ્ણએ માયાવી પાંડવો અને દ્રૌપદી નિર્માણ કરીને એમના હાથે સાઈઠ હજાર સહસ્ત્ર ઋષિઓને ભોજન આપી તૃપ્ત કર્યા. દુર્વાસા વગેરે ઋષિઓએ તૃપ્ત થઈને પાંડવોને આશીર્વાદ આપ્યા. પછી માયાવી પાંડવો અને દ્રૌપદી અદૃશ્ય થયાં. એટલામાં ખરો સહદેવ ત્યાં આવીને દુર્વાસા વગેરે ઋષિઓને સત્વરે ભોજન માટે આવવાની પ્રાર્થના કરવા લાગ્યો. ત્યારે દિવ્ય દૃષ્ટિથી સ્થિતિ જાણીને દુર્વાસાએ સહદેવને કહ્યુંઃ 'અમે જમીને તૃપ્ત થયા છીએ. ધર્મને અમારો એવો આશીર્વાદ છે કે તમારા બધા શત્રુ નાશ પામશે અને દ્રૌપદી સાથે તમારા પાંડવોનું સર્વ સંકટ શ્રી કૃષ્ણ દૂર કરશે.' એમ બોલીને દુર્વાસા શિષ્ય સમુદાય સાથે ત્યાંથી જ પ્રસ્થાન કરી ગયા. સહદેવ પાછો આવ્યો પછી શ્રી કૃષ્ણએ જ બધા ગોઠવેલ સમાચાર કહ્યા અને કહ્યું કે; હું તમારા બધા સંકટમાં આમ જ રક્ષણ કરીશ એવું વચન આપી શ્રી કૃષ્ણ દ્વારકા ગયા.

ત્યાં પાંડવને બાર વરસ પૂરાં થાય, તે ગયા કદળી વન છે જ્યાંય. ॥૪૬૯॥
પાંડવને ત્યાં સ્વામી પધાર્યા જ્યાંય, ભાઈ સત્ય ધર્મે પૂછીયું ત્યાંય. ॥૪૭૦॥
તે ભકત પાંડવે કાયા કસી છે અતિ જોગ, તેણે ત્યાં વન પાનના લીધા ભોગ. ॥૪૭૧॥
ગોર નર એણી પેરે સાત દિવસ રાખ્યા ભોગ, તો થયા છે સ્વામી દર્શનના જોગ. ॥૪૭૨॥
ત્યાં પાંડવ કાજે કલ્પવૃક્ષ લાવ્યા વન, ત્યારે તેની પાસે કાંઈ નહોતાં અન્ન. ॥૪૭૩॥
જો વનફળ છોડી આરોગીએ અન્ન, તો બાર વરસની ચોવીસે રહીયે વન. ॥૪૭૪॥
ત્યાં દેવ કહે પાંડવ જો ભાઈ, હવે તમે ધીરજ રાખજો આંહી. ॥૪૭૫॥
હવે રોપી આંબાને ફળ પાકયાં પૂરા પ્રીત, ભકતોની ભીડ વેળા રાખીને પ્રતીત. ॥૪૭૬॥

ભાઈ ત્યાં સાતે સેવકે ધીરજ ધરી, તે લેવા અમર પદ કાજ શ્રી હરિ. ॥૪૭૭॥
તેણે એણી પેરે ગોર નરને પૂછયું આજ, પણ તેની ખેણુ નવ રાખી લાજ. ॥૪૭૮॥
પાંડવે ત્યાં શ્રી હરિની ભક્તિ કરી, શ્રી ગોર નરનાં વચન શિર ઉપર ધરી. ॥૪૭૯॥
તમે બાર વરસ ભોગવો વનવાસ, અને ત્યાં છતા થશો તો રાખીશું દાસ. ॥૪૮૦॥
તે વચનના બાંધ્યા તે સતિયા વનમાં રહ્યા, જયારે બાર વરસ સંપૂર્ણ થયા. ॥૪૮૧॥

પાંડવોનું સુખ દુર્યોધનથી ન સહેવાતાં તેમનો સંહાર કરવાની યોજના ઘડી. એવા વિચારથી દુર્યોધને ઘોષ યાત્રા (રાજનાં પશુઓની તપાસણી કરવાની યાત્રા)નું નિમિત્ત કર્યું. ભીષ્મ, દ્રોણ વગેરે ગુરુજનોને સાથે ન લેતાં બાકીનું સૈન્ય લઈને એ વનમાં જઈ પહોંચ્યો. એ વાત ચિત્રસેન ગંધર્વને જણાતાં એ પાંડવોના રક્ષણાર્થે આવ્યો. રસ્તામાં જ કૌરવો અને ચિત્રસેન ભેગા થઈ ગયા. મોટી લડાઈ થઈ અને એમાં ચિત્રસેને દુર્યોધનનો પરાભવ કર્યો અને તેને પકડીને એ લઈ જવા લાગ્યો. બધું સૈન્ય આમ તેમ ભાગી ગયું. કેટલાકે પાંડવો પાસે આવીને સર્વ વૃત્તાંત ધર્મને કહ્યો. ધર્મએ પોતાના બધા ભાઈઓને આજ્ઞા કરીને દુર્યોધનને છોડાવી લાવવા માટે કહ્યું. પાંડવો શસ્ત્રો લઈને ચિત્રસેન પાસે ગયા, ચિત્રસેને પાંડવોને મળીને કૌરવોના કપટ કારસ્થાનની માહિતી આપી. પરંતુ તો ય એ અમારા ભાઈ છે, એમને છોડી દો એવી ધર્મએ ચિત્રસેનને આજ્ઞા કરી. એ આજ્ઞા માન્ય કરીને ચિત્રસેને દુર્યોધનને છોડી દીધો, પણ દુર્યોધનની સારી એવી આલોચના કરી તેથી દુર્યોધનને અપમાન થવાથી એ અધિક જ દ્વેષથી તરફડવા લાગ્યો પણ દુર્યોધનને કંઈ કરતાં આવડતું નહોતું. દુર્યોધને ઘેર જઈને એના ભાઈ જયદ્રથને દ્રૌપદીને હેરાન કરવા માટે સૂચવ્યું.

એકવાર જયદ્રથ પાંડવો આશ્રમમાં નથી એવી સંધી જોઈને એ ત્યાં ગયો. દ્રૌપદી સ્નાન કરીને બહાર ઊભી જ હતી. તેણે દ્રૌપદીને જોયા પછી તેના મનમાં વિષય વાસના નિર્માણ થઈ. તેણે દ્રૌપદીને પોતાના દૂત જોડે સંદેશો મોકલી એની ભાર્યા બનાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ દ્રૌપદીએ એની નિંદા કરતાં તેણે દ્રૌપદીને જબરદસ્તીથી રથમાં ખેંચી બેસારીને વેગથી ત્યાંથી નીકળી જવા લાગ્યો. એ વાતની પાંડવોને ખબર પડતાં જ તેઓ ગુસ્સાથી ભરાઈ થયા. તેણે જયદ્રથના સૈન્યનો પરાભવ તો કર્યો જ પણ ભીમે જયદ્રથના દૂતનો પણ એ જગ્યા પર સંહાર કર્યો. પછી જયદ્રથનો સંહાર કરવા તેની તરફ વળ્યો પણ વચમાં ધર્મએ ભીમને રોકયો. ધર્મ બોલ્યાઃ 'ભીમ, જયદ્રથનો વધ થશે તો આપણી જ બહેન વિધવા થશે. માટે તું આ કૃત્ય ન કરીશ. આ સાંભળીને ભીમે જયદ્રથને દ્રૌપદીની ક્ષમા માગવાનું કહ્યું. જયદ્રથે દ્રૌપદીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. પછી જયદ્રથની બધાએ ખૂબ જ આલોચના કરી અને તેને કાઢી મૂક્યો.'

આ રીતે પાંડવોએ બાર વર્ષ સુધી અરણ્યમાં અત્યંત સુખપૂર્વક દિવસો પ્રસાર કર્યા. તેઓની વૃત્તિ સત્ત્વશીલ હોવાથી એ સદાય અત્યંત આનંદમાં રહેતા. ભગવાન શ્રી કૃષ્ણની એમના ઉપર કૃપા છાયા હતી. વેદમૂર્તિ સદ્‌ગુરુ વ્યાસ મુનિ તેમની પાસે આધ્યાત્મિક બળ રૂપ હતા. અપાર કષ્ટ સહન કરીને કઠોર ધર્માચરણનું તપોબળ પાંડવો પાસે હતું. તેઓ સત્ય ધર્મનું આચરણ કરતા તેથી એ ક્ષમાશીલ ઉદાર અંતઃકરણના હતા. કૌરવોએ એમનો અનહદ છળ કર્યો, પ્રાણાંતિક દુઃખ આપ્યાં પણ પાંડવો રતિભાર પણ વિકૃત માર્ગે ગયા નહીં. એમના સત્ત્વ ધર્મ પાલનનો આમ્રવૃક્ષ હવે સારો ફળ્યો ફૂલ્યો હતો. પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપ શ્રી કૃષ્ણ ભગવાનના સાનિધ્યમાં રહીને સદ્‌ગુરુ સેવા રૂપી આમ્રફળ તેમને મેળવ્યાં હતાં. અપરિમિત ધૈર્ય ધારણ કરીને આગળ આવનાર પ્રસંગો તરફ ધ્યાન આપીને એ દક્ષતાથી વર્તતા હતા.

ધર્મરાજાને મનમાં સદૈવ સાત્ત્વિક ભાવ ઉદ્ભવતા હતા કે યુદ્ધ ન કરતાં પોતાનું રાજ્ય પોતાને મળવું જોઈએ પણ કૌરવોનું તેમના તરફે કંઈ જ સદ્વર્તન અથવા તેમને અનુકૂળ હોય એવું આચરણ ન હોવાથી ભીમ અને અર્જુને અલગ અલગ સાધના કરીને આત્મબળ અને શસ્ત્રબળ પ્રાપ્ત કરી લીધાં. ભગવાન શ્રી કૃષ્ણ અને વ્યાસ મુનિની અનુમતિ પ્રમાણે તેમને નિશ્ચિત ખબર હતી કે યુદ્ધ પ્રસંગ અકળ છે. યુદ્ધ કર્યા સિવાય પોતાનું રાજ્ય મળી શકશે નહીં તે માટે તેમણે અલગ અલગ રાજાઓને પોતાના પક્ષે લેવાનો પ્રયત્ન ચાલુ જ રાખ્યો હતો. તેમની પ્રવૃત્તિ સાત્ત્વિક અને સત્યની હોવાથી અનેક રાજાઓએ તેમને અનુમોદન આપ્યું. હવે તેમને બાર વરસ વનવાસનાં પૂર્ણ થયાં હતાં. મહત્ત્વનું તેરમું વર્ષ તેમને અજ્ઞાતવાસમાં કાઢવાનું હતું એ માટે તેમણે સદ્ગુરુ વેદવ્યાસ અને શ્રી કૃષ્ણની સલાહ લીધી.

જે પાંડવ સંગે ચાલ્યા સાથે સત્સાર, તે જઈને પહોંચ્યા પંચ નદી મોઝાર. ॥૪૮૨॥
આ તીર્થ સ્નાન કીધા સત્ શું જોયે, અને જઈ પહોંચ્યા વિરાટનગરમાં સોએ. ॥૪૮૩॥
ત્યાં એણી પેરે પાંડવ આપ ગયા જયાંય, તેને સેવક થઈને કારજ કીધાં ત્યાંય. ॥૪૮૪॥
તે ભકત પાંડવ રાજદ્વારે ઊભા સહુ, સુણો રાજા વૈરાટ તમ શું કહું. ॥૪૮૫॥
ભાઈ આજ અમને વેળા વસમી છે જેહ, અમો પાંડવ તણા દાસ છીએ તેહ. ॥૪૮૬॥
ભાઈ કૌરવે કુળ નિકંદન કર્યું ઠામ, અને કૌરવે યુગ માંહે ખોયું છે નામ. ॥૪૮૭॥
બાર વરસ વન મૂક્યા પાંડવોને તે ઠામ, રાજા કહે ભાઈ તમે ત્યાં શું કરતા કામ. ॥૪૮૮॥
તે રાજા વૈરાટની જોડે બેઠા ધર્મ ધ્યાન, અને તે સહુ ભાઈઓને પ્રણામ કરી રહેતા માન. ॥૪૮૯॥
ત્યાં જોશી સહદેવ શાસ્ત્ર વાંચતા સોયે, અને ભીમસેન વાલવા રૂપે રસોઈ કરતા જોયે. ॥૪૯૦॥
ત્યાં પાંચે પાંડવે એવાં કર્મ કર્યાં સોયે, અને નકુલ ભાઈ ઘોડા દોડાવે જોયે. ॥૪૯૧॥
અર્જુને અભિમાન ત્યાં ગાળ્યાં સોય, અને તેણે મહેતા બની વિદ્યા ભણાવી જોય. ॥૪૯૨॥
તે રાજા વૈરાટ પાંડવોને પૂછે વિચાર, તમે એ સ્ત્રીને મૂકો મહેલ મોઝાર. ॥૪૯૩॥
ત્યારે ગઈ દ્રૌપદી મહેલ આવાસ, તે જઈને ઊભી રહી રાણી સુદેષ્ણાને પાસ. ॥૪૯૪॥
રાણી દ્રૌપદીના રૂપ દેખી કરે વિચાર, જે એવી સુંદરી નહીં જોઈ નાર. ॥૪૯૫॥
બાઈ આવો એમ કહી રાણી દે આવકાર, બાઈ તમને પહેરાવું સોળે શણગાર. ॥૪૯૬॥

બાર વર્ષ પૂર્ણ થયા પછી હવે પાંડવોનો અજ્ઞાતવાસ શરૂ થશે તેથી તેમને મળવા માટે શ્રી કૃષ્ણ તેમની પાસે આવ્યા. ધર્મ બોલ્યા: 'શ્રી કૃષ્ણ, હવે અજ્ઞાતવાસનું એક વર્ષ અમને કાઢવાનું છે. તો અમને અજ્ઞાતવાસમાં કોઈ ઓળખે નહીં, માટે અમે ક્યાં અને કઈ રીતે રહીએ એ બતાવો.

શ્રી કૃષ્ણએ ધર્મને કહ્યું: ધર્મ, તમે બધા વિરાટ દેશમાં વિરાટ રાજાના આશ્રયમાં જઈને રહો. તમને ત્યાં કોઈ ઓળખશે તો પણ તમે ચિંતા કરશો નહીં. માર્ગમાં તમને યમ ધર્મ મળશે એ તમને માર્ગદર્શન કરશે.

શ્રી કૃષ્ણનો અને કામ્યક વનના ઋષિઓનો આશીર્વાદ લઈને પાંડવો વિરાટ દેશના માર્ગે ગયા. સરસ્વતી નદીના કાંઠે આવ્યા. પછી તેમની યમ ધર્મની મુલાકાત થઈ, ત્યારે બધા પાંડવોએ તેમને સાષ્ટાંગ પ્રણામ કરીને પોતાના વનવાસનાં કષ્ટ જણાવ્યાં. તેમની હૃદયદ્રાવક હકીકત સાંભળીને યમ ધર્મ બોલ્યા: યુધિષ્ઠિર, જલ્દી જ તમારું નૈમિત્તિક કર્મ ખતમ થશે. શ્રી

કૃષ્ણની કૃપાથી અને સલાહથી વર્તીને તમે ગત વૈભવ પ્રાપ્ત કરશો, પણ હવે તમારો અને મારો મેળાપ થયો છે ત્યારે તમે મારી પાસે કંઈક વરદાન માગો એવી મારી ઈચ્છા છે.'

ધર્મ બોલ્યાઃ 'મહારાજ, તમારી કૃપા છે એ જ અમારું ભાગ્ય મોટું છે. અમને હવે એક વર્ષ અજ્ઞાતવાસમાં કાઢવાનું છે એ માટે અમે કોઈનાથી ઓળખાઈએ નહીં એવાં અમારાં રૂપ બદલી નાખો.'

એ સાંભળીને યમને કિંચિત ખેદ થયો. એ બોલ્યાઃ 'ધર્મ, તમે મારી પાસેથી એકદમ અલ્પ માગ્યું. પણ આ પ્રસંગે તમને આ જ વાતની આવશ્યક્તા છે, ત્યારે તમારી ઈચ્છા હું પૂરી કરું છું. એમ કહીને યમે દ્રૌપદી સાથે બધાના મસ્તક ઉપર હાથ મૂકી એમનાં પૂર્વ રૂપ એકદમ બદલી નાખ્યાં. પછી યમે ધર્મને કંકભટ, ભીમને બલ્લવ, અર્જુનને બૃહન્નલા, નકુલને વિજયવંત, સહદેવને જયંત અને દ્રૌપદીને સૈરંધ્રી એમ નામ રાખીને એમને અલગ અલગ વ્યવસાય કરવા માટે કહ્યું. સૈરંધ્રીએ રાણી સુદેષ્ણાને તૈયાર કરવી, બૃહન્નલાએ નૃત્ય ગાયન શીખવવું. બલ્લવે રસોઈ બનાવવી, જયંતે ગૌશાળા વગેરેને સંભાળવી, વિજયવંતે અશ્વ પારખ કરવી, કંકભટે રાજાને સંતુષ્ટ રાખવાનો પ્રયત્ન કરવો. આ પ્રમાણે તમને કાર્ય વ્યવહાર કરવાનાં છે. આમ પાંડવોને અલગ અલગ રૂપ પ્રાપ્ત થતાં જ ત્યાંથી વિરાટનગર પાસે આવ્યા.

ત્યાંના ઘોર અરણ્યમાં એમણે શમીના એક ઝાડ પર પોતાના શસ્ત્રો સર્પ રૂપે છુપાવીને મૂક્યાં અને એ નગરમાં ગયા. એમનાં શસ્ત્રોનું અને ત્યાંની ભૂમિનું રક્ષણ કરવા માટે ભગવાન શ્રી કૃષ્ણએ એક વિકરાળ સિંહનું નિર્માણ કર્યું. એ જ કુંવારીકા ભૂમિ એટલે એ ક્ષેત્ર નામનું કલિયુગમાંનું પ્રાધાન્યભૂત તીર્થક્ષેત્ર છે. આ કુંવારીકા ભૂમિના સ્વામી સદ્‌ગુરુ બ્રહ્મા જયાં સુધી અહીં આવશે નહીં ત્યાં સુધી તારી મુકતતા થશે નહીં. સદ્‌ગુરુ બ્રહ્મા પ્રગટ લીલા કરી આવ્યા પછી અહીં વાસ્તવ્ય કરવાના ઉદ્દેશથી આવીને ધનુષ્યના યોગે, તારો જમણો કાન છેદીને એ બાણ પાતાળમાં ઉતરી જશે. ત્યારે તારી મુક્તિ થશે. એમ ભગવાન શ્રી કૃષ્ણએ કેસરી સિંહને આશ્વાસન આપ્યું અને ત્યાંથી શ્રી કૃષ્ણ દ્વારકા ગયા.

અહીં પાંડવો વિરાટનગરમાં આવીને વિરાટ રાજાને મળ્યા. વિરાટે તેમનો સત્કાર કરીને પૂછપરછ કરી. ત્યારે કંકભટે પાંડવોની વનવાસ સુધીની બધી હકીકત વિરાટ રાજાને કહી બોલ્યાઃ 'રાજા વિરાટ, એ પાંડવોના અમે સેવકો હતા. હું પાંડવોનો પુરોહિત છું, આ બલ્લવ રસોઈનું કામ કરતો હતો, આ બૃહન્નલા નૃત્યગાન શીખવતો હતો, આ સૈરંધ્રી દ્રૌપદીને તૈયાર કરતી, આ વિજયવંત અશ્વ પરીક્ષક છે, તેમજ આ જયંત પશુઓને સારી રીતે સંભાળતો. આ પ્રમાણે પાંડવો પાસે કામ કરીને અમે અમારું ઉદરભરણ કરતા હતા, પરંતુ તેમને વનવાસ અને અજ્ઞાતવાસ પ્રાપ્ત થવાથી તેમણે અમને તમારી પાસે જવા કહ્યું અને કહ્યું કેઃ વિરાટનો અને અમારો સારો સ્નેહ છે. તમે એમના જ આશ્રયમાં જઈને રહો. હે રાજા વિરાટ, અમે પાંડવોના કહ્યા પ્રમાણે તમારા આશ્રયમાં આવ્યા છીએ.

કંકભટની વાણી સાંભળીને રાજા વિરાટે સંતોષ દર્શાવ્યો અને એ બોલ્યાઃ 'કંકભટ, તું અને તારા સાથીદાર અહીંયાં નિશ્ચિતથી રહો. પાંડવોનો અને મારો સ્નેહ હોવાથી તમારા બધાનું રક્ષણ કરવું મારું કર્તવ્ય છે. તમે જે કામ પાંડવો પાસે કરતા હતા. એ જ મારે ત્યાં કરીને સુખેથી રહો.' એમ કહીને વિરાટ રાજાએ બધાંને કામ સોપ્યાં અને તેમના રહેવાની વગેરે બધી વ્યવસ્થા કરી.

જે કૈયો કીચક રાણીનો બંધવ થાયે, તે દ્રૌપદીનું સ્વરૂપ જોઈને મોહિત હોયે. ॥૪૯૭॥
એ દ્રૌપદીના મુખડા સામું જોયે, અને કહે દાસી તું મુજ પાસે આવે સોયે. ॥૪૯૮॥
નહીં તો હું તને જોરે તેડાવું દાસી નાર, એવું કૈયો કીચક બોલ્યો તેણી વાર. ॥૪૯૯॥

કઠણ વચન સાંભળી સતી આવ્યા પોતાને દ્વાર, તે આવી ઊભાં રહ્યાં પંચાલી નાર.॥૫૦૦॥
તે દૈત્યનો ભાવ કહેવા સતી સમજાય, અરે પાંડવો કૈયો બોલાવે મને દહેરામાંય.॥૫૦૧॥
પાંડવો તમે તમારી સૂઝ પડે તે કરો કાજ, નહીં તો પાંડવ કુલની જાશે લાજ.॥૫૦૨॥
ત્યાં પાંડવ મળી ભીમ શું વિચાર કરે, ત્યારે ભીમસેન નારીનું રૂપ જ ધરે.॥૫૦૩॥
ત્યાં ભીમે કૈયો દૈત્ય લીધો બોલાય, તે બેઉ જણ ચાલ્યા દહેરાની માંય.॥૫૦૪॥
તે ત્યાં દહેરામાં જઈ બેઠા બેઉ જણા, ત્યારે દૈત્યે ખેલ ઈશારત માંડયા ઘણા.॥૫૦૫॥
ત્યાં તો ભીમસેનના મનમાં ઊઠી જાળ, ત્યાં તેણે કૈયો માર્યો મહા વિકરાળ.॥૫૦૬॥
તે દૈત્યને ભીમસેન કુંભી તળે ચાંપી ધરે, ત્યાં લખી અક્ષર ભીમ બાહેર નિસરે.॥૫૦૭॥
વાણું વાયુને લોક જાગ્યા સહુ કોયે, ત્યારે રાજા વૈરાટની સભામાં માલુમ હોયે.॥૫૦૮॥
તે સર્વ સભામાં ઉપન્યો છે ક્રોધ, ભાઈ એ કીયા કારણ મુવો છે જોધ.॥૫૦૯॥
જે કોઈ રાજા વૈરાટ પાસે જઈ એમ કહે, ને સર્વે મેં માર્યો મેં માર્યો એમ જ કહે.॥૫૧૦॥
તે અગ્નિદાગ દેવા કાઢયા મસાણ મોઝાર, ત્યારે સૌ કૈયાને ભીમસેન તેડે તેણી વાર.॥૫૧૧॥
દૈત્ય કૈયા ભીમ સાથે તેડે તે વાર, ત્યાં સર્વે કાષ્ટ લાવ્યા ક્ષણ મોઝાર.॥૫૧૨॥
જ્યાં ભાઈ કાષ્ટ લગાડી કીધી મોટી ઝાળ, ત્યાં ભીમે સો ભાઈઓને અગ્નિમાં દીધા કાળ.॥૫૧૩॥
ત્યાં એક રહ્યો સો બંધવનો પરિવાર, તે સર્વનો ભીમે કર્યો સંહાર.॥૫૧૪॥
ભીમસેને કીચક માર્યો સો ભાઈયો સમેત, ત્યાં એકની જીભ કાઢી અનામત રાખ્યો અચેત.॥૫૧૫॥
ત્યાં પાંડવ બાર માસ ગુપ્ત રહ્યા જાણ, તેણે દાસપણું કીધું છે પ્રમાણ.॥૫૧૬॥

દિવસ પછી દિવસ જતા હતા. એકવાર સુદેષ્ણા અને સૈરંધ્રી વાતો કરતી બેઠી હતી. એટલામાં કીચક ત્યાં આવ્યો. કીચક એ રાણી સુદેષ્ણાનો ભાઈ થતો હતો. સૈરંધ્રીને જોઈને તેના મનમાં તેના વિષયે કામવાસના નિર્માણ થઈ.

કીચક સુદેષ્ણાને કહેઃ 'આને મારી પત્ની થવા માટે કહે.' સૈરંધ્રી આ સાંભળતાં જ ગુસ્સાથી ત્યાંથી જતી રહી. કીચક સૈરંધ્રીને મનાવવા પ્રયત્ન કરવા લાગ્યો પણ સૈરંધ્રીએ તેનો તિરસ્કાર કર્યો.

કીચકે બહેનને કહ્યુંઃ 'જો સૈરંધ્રી મારી નહીં થાય તો મને જગતમાં રહેવાનો અર્થ લાગશે નહીં.'

સુદેષ્ણાને સૈરંધ્રીએ કહ્યુંઃ 'હું ગંધર્વ પત્ની છું. જે મારા ઉપર પાપ નજર રાખશે તેને ગંધર્વ ઠાર મારશે. એ ગંધર્વ સિવાય ઈતર સર્વ જણ મને પિતા સમાન છે.' સુદેષ્ણાને શું કરવું તે સૂઝતું નહોતું. આમ કેટલાક દિવસ નીકળી ગયા.

એક દિવસ તેણે સૈરંધ્રીને જમવાની થાળી લઈને કીચક પાસે જવાનું કહ્યું, સૈરંધ્રીએ ના કહી. પરંતુ એ દાસી હોવાથી તેને કીચક પાસે જવું પડયું. તે રસ્તામાં જતી હતી ત્યારે સૂર્યને પ્રાર્થના કરતી જવા લાગી. પ્રસન્ન થઈને સૂર્યએ તેની પાસે એક દૂત ગુપ્ત રીતે મોકલ્યો. સૈરંધ્રીએ કીચક સામે જમવાની થાળી મૂકી એટલામાં કીચકે તેનો હાથ પકડીને પાસે ખેંચવાનો પ્રયત્ન કર્યો. સૈરંધ્રીએ ધક્કો મારીને હાથ છોડાવી લીધો. ગુપ્ત દૂતે કીચકને કમરમાં લાત મારીને નીચે પાડયો. સૈરંધ્રી વેગથી ત્યાંથી નીકળી અને વિરાટની સભામાં આવી પહોંચી. એની પાછળ પાછળ કીચક પણ સભામાં આવ્યો. તેણે ભરસભામાં સૈરંધ્રીને લાત મારી. એટલામાં ગુપ્ત દૂતે એક ફટકામાં નીચે પાડીને બેભાન કર્યો. ગુપ્ત દૂત આગળ વધે તે પહેલાં જ કંકેભટે તેને ઈશારો કરી શાંત પાડયો. દ્રૌપદીને પણ અલગ શબ્દોમાં તેણે સમજાવી.

મધ્યરાત્રીના સમયે સૈરંધ્રી બલ્લવ પાસે ગઈ અને રડવા લાગી. બલ્લવ તેને શાંત કરી અને તે બોલ્યો; 'તું મીઠું મીઠું બોલીને કાલે રાત્રે તેને નૃત્યશાળામાં આવવાનું કહે, પછી હું જોઈ લઈશ. પછી સૈરંધ્રી ત્યાંથી નીકળી ગઈ અને આગળની તૈયારીમાં લાગી.

બીજા દિવસે કીચકે સૈરંધ્રીની પાસે જઈને તેની ક્ષમા માગી અને તેની જોડે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી. સૈરંધ્રીએ કીચક સાથે થોડું મીઠું બોલીને લાલચ આપીને રાત્રે નૃત્યશાળામાં આવવા કહ્યું, ત્યાં તેની ઈચ્છા પૂર્ણ થશે એમ કીચકને આશ્વાસન આપ્યું. કીચક એ સાંભળી એકદમ હરખાઈ ગયો. વિરાટ રાજાએ દ્રૌપદીની વાત સાંભળી કીચકને બરાબર ઠપકો આપ્યો, તેમ છતાં કીચક એકદમ ઉદ્ધતાઈથી વર્તવા લાગ્યો.

રાત્રે બલ્લવ પોતાનું કામ પતાવીને નૃત્યશાળામાં જઈને અંધારામાં એક ખૂણામાં છુપાઈને બેઠો. સર્વત્ર અંધારું થયા પછી કીચક ધીમેથી નૃત્યશાળામાં આવ્યો. ધીમા અવાજમાં બલ્લવે કીચકને પાસે બોલાવ્યો. મદાંધ (કામી) થયેલા કીચકને ખૂબ જ આનંદ થયો. તેણે સૈરંધ્રી બોલાવે છે એમ સમજીને તેને મળવા માટે હાથ આગળ કર્યો. એ જ સમયે બલ્લવે કીચકનો હાથ ખેંચીને એને નીચે પાડયો અને બંને વચ્ચે મુષ્ટિ યુદ્ધ થયું. તેમાં બલ્લવે કીચકને ઠાર માર્યો અને પાટ ઊંચો કરી કૂંભી તળે દબાવી દીધો અને ત્યાં નીચે લખી મૂક્યું, 'કીચકને મેં માર્યો છે.'

સવારમાં એ વાત પવનની જેમ બધે પ્રસરી ગઈ. સૈરંધ્રીના ગંધર્વપતિએ કીચકને ઠાર માર્યો એમ સૌ કહેવા લાગ્યાં. એ વાતની કીચકના સો ભાઈઓને ખબર પડતાં જ તે પણ દોડતા આવ્યા અને કીચકની અંત્યેષ્ટિ કરવા સ્મશાનમાં લઈ ગયા. એ વાતની બલ્લવને ખબર પડતાં જ વેશ પરિવર્તન કરીને એ પણ સ્મશાનમાં ગયો. તેણે ત્યાં જઈને કીચકબંધુઓને યમસદનમાં મોકલ્યા. બધા મરી ગયા પછી વિરાટને આ હકીકત જણાતાં તેને આશ્ચર્ય અને દુઃખ થયું. તેણે સુદેષ્ણાને આ વાતની જાણ કરી. સુદેષ્ણાએ સૈરંધ્રીને તાત્કાલિક દેશ બહાર જવાનું કહ્યું, પરંતુ દ્રૌપદીએ હજુ તેર દિવસ રાખી લેવાની વિનંતી કરી. દ્રૌપદી કહેઃ 'મારા ગંધર્વપતિ તમારા માટે પણ એટલા જ ચિંતીત છે. એ આગળ પાછળ નક્કી તમારા ઉપયોગમાં આવશે.'

ત્યાં દુર્યોધને જીમૂત મલ્લ મોકલ્યો જોયે, જે મલ્લ યુદ્ધ માંહે બહુ બલવંતો કહેવાયે. ॥૫૧૭॥
તે જીમૂત મલ્લે સર્વે દેશ મુલક રાજા જીત્યા જેય, તે રાજા વિરાટ ઘેર આવ્યો તેય. ॥૫૧૮॥
તે જીમૂત સાથે બહુ મલ્લોને યુદ્ધ કીધા અપાર, પણ તે યુદ્ધ યોદ્ધાને જીમૂતે જીત્યા સાર. ॥૫૧૯॥
ત્યાં રાજા વૈરાટ કરે ચિંતા અપાર, હવે મારા દેશ મુલકના નામ જાશે નિરધાર. ॥૫૨૦॥
બલ્લવ કહે વિરાટને રાજા હું કહું એક સૂધ, તમે આજ્ઞા કરો તો કરું એ સાથે મલ્લ યુદ્ધ. ॥૫૨૧॥
એવી રાજા વિરાટની રજા લઈ ભીમ હુંકારે જીમૂત, તેના આપસમાં થયું બહુ મલ્લ યુદ્ધ. ॥૫૨૨॥
ત્યાં ભીમે જીમૂતને આકાશમાં ઉડાડયો જ્યાંય, ગગનથી ગત્ પ્રાણ થઈ ધરણી પર પડીયો ત્યાંય. ॥૫૨૩॥
એ ખબર લઈ કૌરવ દૂત ગયા હસ્તિનાપુર માંહે, અને તેણે તે ખબર થઈ દુર્યોધનને તાંહે. ॥૫૨૪॥

કીચક વધનું વૃત્તાંત હસ્તિનાપુરમાં થતાં દુર્યોધન વગેરે કૌરવોને પાંડવોનો સંશય આવ્યો અને તેમને ઓળખી કાઢવા બદલ હજુ બીજાં બાર વર્ષ તેમને ફરીથી વનવાસમાં મોકલીશું એમ નક્કી કરીને તેમણે જીમૂત નામના મલ્લને વિરાટ રાજા પાસે મોકલવાનું નક્કી કર્યું.

દુર્યોધન કહેઃ 'જીમૂત મલ્લ, તું તારા થોડા મલ્લ સાથીદારોને લઈને વિરાટ રાજા પાસે જા અને તેમને મલ્લ યુદ્ધ માટે આહ્વાન કર. ત્યાં ભીમ હશે તો તારી સાથે યુદ્ધ કર્યા સિવાય રહેશે નહીં. એ યુદ્ધમાં તારો પરાજય થાય છે એમ તને પોતાને જ હરાવીને તું પાછો આવ. તું જય મેળવીને આવીશ તો તારું હું સન્માન કરીશ અને પરાજય મેળવીને આવીશ તો પણ ગૌરવ કરીશ, કારણ પાંડવોને શોધવાનું ખૂબ મોટું કર્મ એ દ્વારા થશે.

આ સાંભળીને જીમૂતને ખૂબ સંતોષ થયો અને આ કામ ખાત્રીથી કરી આવું છું, એમ કહીને સેંકડો મલ્લોને લઈને એ વિરાટ નગરમાં આવ્યો. એના પગમાં એક મોટું કડું હતું. તેને પાંચ બાહુલ્ય બાંધેલા હતા. બાહુલ્ય વિષે વિરાટના પૂછવાથી તેણે કહ્યું કેઃ આ પાંચ પાંડવો છે માટે મેં તેમને પગમાં પહેરેલા છે.

ત્યારે કંકભટે જીમૂતને કહ્યું: 'અરે જીમૂત, પાંડવોએ તને જોયો નથી ત્યાં સુધી તારી આ અવળવાણી ચાલશે. હમણાં તેઓ અજ્ઞાતવાસમાં છે એ સંધી સાધીને તું એમની હાંસી કરે છે, પરંતુ આ તારું અધમપણું છે.'

ત્યાં વિરાટ બોલ્યાઃ 'અરે આજ જો કીચક જીવતો હોત તો તેણે તને પછાડયો હોત પછી પાંડવોની વાત તો ક્યાં રહી.

પછી કંકભટ બોલ્યોઃ મહારાજ, તમે બલ્લવને આજ્ઞા કરશો તો આ જીમૂતની સાથે યુદ્ધ કરશે.'

વિરાટે બલ્લવને તત્કાલ બોલાવ્યો. એ પોતાના રસોઈયાઓ સાથે પાકશાળામાંથી વેલણ, પાટલી, તવેથા વગેરે લઈને સભામાં આવ્યો. તેને જોઈને બધી સભા હસવા લાગી. જીમૂત મલ્લ તો બલ્લવનો ખૂબ જ ઉપહાસ કરવા લાગ્યો. પરંતુ વિરાટને બલ્લવના પરાક્રમની ખબર હોવાથી તેને યોગ્ય સલાહ આપી અને જીમૂત માટે માહિતી આપીને એની સાથે મલ્લ યુદ્ધ કરવાની આજ્ઞા કરી.

બલ્લવને ખૂબ આનંદ થયો અને તે બોલ્યોઃ મહારાજ, મને મલ્લ યુદ્ધની બિલકુલ પણ માહિતી નથી પણ અમે પાંડવોનું અન્ન ખૂબ દિવસોથી ખાધેલું છે. એમની નિંદા કરનારા આ દુર્જનને યોગ્ય શિક્ષા કરવી આ અમારો પણ ધર્મ છે. તમારી આજ્ઞા પ્રમાણે હું તૈયાર છું. એમ કહીને બંને મલ્લ યુદ્ધ માટે તૈયાર થયા.

જીમૂત બોલ્યોઃ 'મલ્લ યુદ્ધની કલા વિકલા શું છે એ તને ખબર છે કે ?'

ત્યારે ભીમ બોલ્યોઃ 'મને કલા વિકલા કશી ખબર નથી. હું ફક્ત લોટની કણેક કંઈ રીતે બાંધવી તે જાણું છું. તું તારી કલા વિકલા મને બતાવ અને હું તને કણેક કઈ રીતે બાંધવી તે બતાવું છું.'

આમ કહીને ભીમ એકદમ જીમૂતના શરીરે વળગ્યો. બંને નવનાગ સહસ્રબલી હતા. બંને વચ્ચે ભીષણ મલ્લ યુદ્ધ થયું.

અંતે ભીમના મુક્કાથી જીમૂત ઘાયલ થયો અને બોલ્યો; હવે થોડો વિસામો લઉં પછી ફરી આરંભ કરીએ.

ભીમ બોલ્યોઃ 'જીમૂત હું અણસમજુ છું, તારા જેવો શીખેલો મલ્લ નથી. મને વીસમો, ત્રીસમો કે ચાલીસમો એ કંઈ જ ખબર નથી. કણેક સારી નરમ થઈ છે કે નહીં તે જ મને ખબર પડે છે. એમ બોલીને ભીમે તેને જોરથી લાત મારતાં જ એ આકાશમાં ઉડીને ગુલાંટ ખાતો ખાતો નીચે પડયો અને પડતાની સાથે મરણ પામ્યો.

તત્કાલ કૌરવ દૂતોએ આ સંદેશો હસ્તિનાપુરમાં મોકલ્યો. અહીં વિરાટે બલ્લવનું પરાક્રમ જોઈને બલ્લવનો જયજયકાર કરીને વસ્ત્રાલંકારોથી સત્કાર કર્યો. સૈરંધ્રીએ પંચારતી લઈને બલ્લવની આરતી ઉતારીને ધન્યવાદ આપ્યો.'

ત્યાં દુર્યોધન તેના મંત્રી સાથે કરે વિચાર, હવે એ વિરાટને યુદ્ધમાં જીતશું સાર. ॥૫૨૫॥
એથી ગુપ્તવાસથી પાંડવ પ્રગટ થાશે જાણ, તો ફરી બાર વરસ વનવાસ ભોગાવશું નિરવાણ. ॥૫૨૬॥
ત્યારે દુર્યોધનનાં દળ ચાલીયાં જહાં, અને વૈરાટ નગર આવીયાં તહાં. ॥૫૨૭॥
ત્યાં દક્ષિણ કોરે ત્રિગર્તને સુશર્મા ધેનુ વાળવા જાયે, ત્યાં વૈરાટ સાથે બલ્લવ યુદ્ધ કરવા જાય. ॥૫૨૮॥
સર્વે દળ રાજા વિરાટ સાથે ગયાં જ્યાંય, એક ઉત્તર કુંવર નગર માંહે અળગો રહ્યો ત્યાંય. ॥૫૨૯॥
એઉ જોઈને દુર્યોધન ઉત્તર કોરે ધેનુ વાળી જેહ, અર્જુને ઉત્તર કુંવરને ઉઠાડીને રથે બેસાડયો તેહ. ॥૫૩૦॥
જ્યારે અર્જુન બોલ્યા સત્ શું આયે, ભાઈ આજ આપણો ક્ષત્રિય ધર્મ તો જાયે. ॥૫૩૧॥
ત્યારે ઉત્તર કુંવર બોલ્યા સત્ જો ભાયે, ભાઈ મુજ બાળકથી કાંઈ નવ થાયે. ॥૫૩૨॥
ત્યાં અર્જુને કુંવરને બાંધ્યો અંગ શું સાથ, અને શમી વૃક્ષથી હથિયાર લીધાં હાથ. ॥૫૩૩॥
ત્યાં અશ્વ મંત્ર કરીને પવન વેગે રથ ખેડીયો ઉત્પાત, અને સંભાર્યા શ્રી કૃષ્ણને લીધા સાથ. ॥૫૩૪॥
જેમ સૂર ઉગે અને કિરણ અનંત હોયે, તેમ બાણ એકના સહસ્ત્ર કરોડ હોયે. ॥૫૩૫॥
કામધેનુ ત્યાંથી વાળી આવ્યા જોય, ત્યાંથી પાછા ફરી વિરાટનગર આવ્યા સોય. ॥૫૩૬॥
તે ઉત્તર કુંવર ધેનુ વાળી આવીયા ત્યાંયે, ત્યારે દન બે પહોરનો જાયે. ॥૫૩૭॥
ત્યારે પાંડવે વૈરાટ ઘર બાર માસ સેવા કીધી જોયે, ત્યારે સર્વે બંધ પરિપૂર્ણ હોયે. ॥૫૩૮॥
તે સંધે પાંચ પાંડવ પ્રગટ થયા જેહે, સ્વામી અમોથી બહુ અપરાધ થયો છે તેહે. ॥૫૩૯॥
ત્યારે રાજા વિરાટ એક પગે ઊભા રહ્યા આપ, સ્વામી તમે હવે અમોને કરજો માફ. ॥૫૪૦॥
ભાઈ અમે ક્ષત્રિય ધર્મ પાળવ્યું તેહ, અમારે દૈવે લખ્યું હતું જેહ. ॥૫૪૧॥
અમે અન્ન પાણી તમારું આરોગીયું જેહ, તમે સ્વામી પેલા માફ કરજો તેહ. ॥૫૪૨॥
જ્યારે બાર માસ પૂરા થયા છે જાણ, ત્યારે પાંડવો હસ્તિનાપુર જાવા નીસર્યા પ્રયાણ. ॥૫૪૩॥
તે એક રાતમાં સૈન્ય આવી મળ્યાં જ્યાંય, ભાઈ સાત અક્ષૌહિણી દળ આવ્યાં ત્યાંય. ॥૫૪૪॥

પાંડવોને અજ્ઞાતવાસમાં રહેતા જ શોધી નાખવા માટે દુર્યોધને ખૂબ પ્રયત્ન કર્યા. ઠેર ઠેર અને બધા રાજ્યમાં ગુપ્ત દૂત મોકલ્યા પણ એમનો પત્તો લાગ્યો નહીં. વિરાટ રાજ્યમાં કોઈએ મહાબલાઢ્ય જીમૂત પહેલવાનનો ઘાત કર્યો. એટલું જ નહીં પણ સર્વ કીચકોને પણ ઠાર માર્યા એ વાત તેમના કાન પર ગઈ. એ કારણે દુર્યોધન એકદમ બહારવરો બની ગયો અને એટલો જ ગભરાઈ ગયો. એણે ખૂબ વિચાર કરીને પોતાના બધા હિતેચ્છુઓની સભા બોલાવી. ત્યારે પાંડવો ક્યાં હશે એની પર ચર્ચા વિચારણા કરવા લાગ્યા. ભીમના પરાક્રમથી પાંડવો વિરાટનગરમાં જ હશે એવો બધાનો સૂર નીકળ્યો.

સર્વાનુમતે વિરાટ ઉપર યુદ્ધ કરવાનું નક્કી કરવામાં આવ્યું. ત્યાં પાંડવો જો દેખાશે તો ફરી વનવાસમાં મોકલીશું એવો વિચાર કરીને ત્રિગર્ત સાથે સુશર્માને દક્ષિણ તરફથી ત્રીસ હજાર સૈન્ય આપીને વિરાટની ગૌશાળા લૂંટવા મોકલ્યા. ત્રિગર્ત અને સુશર્મા પોતાનું કામ ફતેહ કરીને ગૌશાળામાંથી ગાયો ભગાડી લઈ ગયા. ગોપાલોએ એ વાત વિરાટ રાજાને કહી. વિરાટ રાજાએ ગાયો છોડાવવા ત્રિગર્ત અને સુશર્મા સાથે યુદ્ધ કર્યું. તેમાં સુશર્માએ વિરાટને પરાજીત કરીને મૂર્છિત કર્યો. એ જ સમયે ધર્મે ભીમને વિરાટની સહાય માટે મોકલ્યો. ભીમ અતુલ પરાક્રમ કરીને સુશર્માને પકડીને લાવ્યો. હું

વિરાટનો દાસ છું એમ સુશર્મા પાસેથી બોલાવી લીધું. ભીમનો ઉપકાર કઈ રીતે ઉતારવો એ જ વિરાટરાજાને ખબર નહોતી પડતી. અહીં ઉત્તર બાજુથી કૌરવોએ કૂચ કરી અને વિરાટનો પુત્ર ઉત્તર એકલો જ હતો. એના હાથપગ કાંપવા લાગ્યા, કારણ કે સૈન્ય બધું વિરાટ સાથે ગયું હતું અને સારથી કોઈ ન હોવાથી ઉત્તરનો કોઈ ઉપાય ચાલ્યો નહીં.

સૈરંધ્રી બોલીઃ અરે ઉત્તર, બૃહન્નલા પહેલાં અર્જુનનો સારથી રહ્યો હતો. તેને તું પોતાનો સારથી બનાવ.

આ સાંભળી ઉત્તરને ખૂબ આનંદ થયો. તેણે બૃહન્નલાને રથ સજ્જ કરવા માટે કહ્યું. બૃહન્નલાએ કૌરવોના સૈન્ય સામે રથ લાવીને ઊભો કર્યો. કૌરવોની અફાટ સેનાસાગર જોઈને ઉત્તરના પગ કાંપવા લાગ્યા. ઉત્તરે રથ પાછો લઈ લેવા બૃહન્નલાને કહ્યું, પણ બૃહન્નલાએ ઉત્તરની વાત સાંભળી નહીં અને એ બોલ્યોઃ 'અરે ક્ષત્રિયોએ રણમાં મરી જવું પણ બીકથી ભાગવું નહીં. બૃહન્નલાએ રથ પાછો ફેરવવાનું નકાર્યું, ત્યારે ઉત્તર રથમાંથી કૂદકો મારી ભાગવા લાગ્યો. એની પાછળ બૃહન્નલા જવા લાગ્યો. આ પ્રકાર જોઈને દ્રોણે બધું જાણ્યું તેમણે આ નક્કી અર્જુન છે એ તરત સમજાયું. અહીં અર્જુને શમીના ઝાડ પરથી પોતાના શસ્ત્રો કાઢયાં. ઉત્તરને આશ્ચર્ય થયું. 'આ કોનાં શસ્ત્રો છે?' એમ તેણે પૂછવાથી અર્જુને પોતાની સાચી હકીકત તેને કહી. સત્ય સ્થિતિ સમજાયા પછી ઉત્તરે અર્જુનની ક્ષમા માગી. તેને અધિક બળ આવ્યું. અર્જુને સ્ત્રી વેષ નાખી દીધો. સરોવરમાં સ્નાન કરીને એ શુચીભૂત (પવિત્ર) થયો. અર્જુને મારુતિનું સ્મરણ કરતાં જ એ તરત જ રથ પરની ધજા પર આવી બેઠા.

અહીં કૌરવોને દુશ્ચિન્હ જણાવવા લાગ્યાં. ભીષ્મ દ્રોણે અર્જુનને આવતો જોઈને તેના શૌર્યની સ્તુતિ કરી. પણ એ યોગે કર્ણ એકદમ પ્રક્ષુબ્ધ થયો અને બ્રાહ્મણ કહીને તેણે ભીષ્મ દ્રોણનો ઉપહાસ કર્યો. દુર્યોધને પાંડવોનાં તેર વર્ષ થયાં કે નહીં એની તપાસ કરી. ત્યારે ભીષ્મે દિવસો ગણીને તેર વર્ષ પૂર્ણ થઈ ગયાં હોવાનું તેમને કહ્યું. તેમણે દુર્યોધનને આદેશ કર્યો અને પાંડવોને સન્માનથી લાવવા માટે કહ્યું, પરંતુ દુર્યોધને આ આદેશનો સ્પષ્ટ ઈનકાર કર્યો. દુર્યોધન ગાયો લઈ જવા લાગ્યો. અર્જુને તેનો પીછો કરવાનું શરૂ કર્યું. વિકર્ણ અને ચિત્રસેનને અર્જુને ત્યાં જ યમસદનમાં મોકલ્યા. કર્ણને બેભાન કર્યો. દુર્યોધન પોતે અર્જુન સાથે યુદ્ધ કરવા લાગ્યો. પણ એક બાણમાં અર્જુને તેણે પણ મૂર્છિત કર્યો. આ જોઈને બધું કૌરવ સૈન્ય ભાગવા લાગ્યું. એટલામાં અર્જુને મોહિની અસ્ત્ર છોડીને બધાને મૂર્છિત કરી નાખ્યા. કૃપાચાર્ય, દ્રોણ, ભીષ્મ, અશ્વત્થામા એમને છોડીને સર્વ કૌરવ વીરોના માથાના વાળ ઉતારી મૂંડન અર્જુને કર્યાં. અડધી મૂછો કાપી નાખી અને દુર્યોધન કર્ણાદિ વીરોના વસ્ત્ર છોડીને પૂર્ણ નગ્ન કર્યાં. આમ બધાને વિદ્રુપ કર્યા. વિરાટ પાસે દૂત મોકલીને ઉત્તરે વિજય મેળવ્યો છે એમ જણાવ્યું. અર્જુન પોતાના ગુરુજનોને નમસ્કાર કરીને એ વિરાટનગરમાં પાછો ફર્યો. રસ્તામાં શમીના વૃક્ષ પર શસ્ત્રો મૂકીને બૃહન્નલાનો પોષાક પહેરીને નગરમાં આવ્યો.

સારા એવા સમય પછી દુર્યોધન વગેરે શુદ્ધિમાં આવ્યા અને પોતે નગ્ન છે અને પોતાની અપમાનસ્પદ સ્થિતિ જોઈને જ તે લજ્જિત થયા. તેમને એકબીજા સાથે બોલવાની પણ શરમ આવવા લાગી. આ પ્રમાણે દુર્યોધનનું સાત અક્ષૌહિણી સૈન્ય મુસીબતની ચર્ચા કરે છે ત્યાં જ સુશર્મા પણ એ જ સ્થિતિમાં પોતાના ચાર અક્ષૌહિણી સૈન્ય સાથે દુર્યોધનને આવી મળ્યો.

તેનો સંતાપ જોઈને દુર્યોધન બોલ્યોઃ 'સુશર્મા, તારી પણ આવી જ દુર્દશા કઈ રીતે થઈ? ત્યારે તેણે ઘટેલી બધી હકીકત કહી.

સુશર્મા બોલ્યો : 'દુર્યોધન, તેં કહ્યા પ્રમાણે મેં તો ગાયો ભગાડી હતી અને વિરાટ રાજાને પણ વિજય સ્તંભે બાંધીને હસ્તિનાપુરમાં લાવતો હતો, એટલામાં એ રાજના બલ્લવ નામના રસોઈયાએ અમને મારી બધા પ્રકારે દુર્દશા કરી અને અંતે અમારી આવી વિકટ પરિસ્થિતિ કરી.'

આ હકીકત સાંભળીને ભીષ્મ બોલ્યાઃ 'જે બલ્લવ એ જ ભીમ છે, હમણાં ગયો એ પાર્થ છે. તેમનો સમય પૂર્ણ થયા પછી તેઓ પ્રગટ થયા છે.

આમ કહીને ભીષ્મે પોતાના અડધાં વસ્ત્ર દુર્યોધનને પહેરવા આપ્યાં; બાકીના લોકોએ ભીલભંગીના શરીર પરનાં ફાટેલા તૂટેલાં વસ્ત્રો હતાં એ જ બળજબરીથી લઈને એમની લંગોટ તૈયાર કરી અને જેમ તેમ આબરુનું રક્ષણ કરીને હસ્તિનાપુરમાં પાછા આવ્યા. પરંતુ તેમના મનમાંથી પાંડવોને કપટથી મારવાનું વિષ ઓછું થયું નહીં.

વિદુર, ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય વગેરેએ દુર્યોધનને કહ્યું: 'દુર્યોધન, પાંડવો પોતે સારા પરાક્રમી હોવાથી બધા લોકોને એ પ્રિય થયા છે. વિરાટ, દ્રુપદ, દેવેન્દ્ર, ગંધર્વ, નાગ વગેરે રાજાઓએ તેમને સહાય કરેલ છે. શ્રી કૃષ્ણ ભગવાન તો એમનું યત્કિંચિત પણ ઉણું પડવા દેતા નથી. એવા પાંડવો સાથે વેર કરવા કરતાં સ્નેહ કરવામાં અધિક ફાયદો છે. એ માટે તું એમની સાથે સમજૂતી કર અને તેમને એમનું ઈંદ્રપ્રસ્થ રાજ્ય આપ. પૂર્વે નક્કી કર્યા પ્રમાણે રાજ્ય તારે પાછું આપવું જ પડશે. તેમનું રાજ્ય બળજબરીથી તારી પાસેથી લઈ લે એના કરતાં તું જ તેમને આપીશ એટલે લૌકિક થઈને તેમનો પણ પ્રેમ સંપાદન થશે.' આ પ્રમાણે દુર્યોધનને બધાએ ઉપદેશ કર્યો પરંતુ તે ઉપદેશ દુર્યોધને માન્યો નહીં. પાંડવોને કંઈક જ આપવું નથી એમ તેણે સ્પષ્ટ જવાબ આપ્યો, ત્યારે બધા નિરૂપાય થયા.

અહીં વિરાટ નગરમાં ઉત્તરે અતુલ પરાક્રમ કરીને વિજય મેળવ્યો એનું અભિમાન વિરાટ રાજાને થયું. એટલે કંકભટ બોલ્યોઃ 'બૃહન્નલા સાથે હોવાથી કૌરવોનો પરાભવ ઉત્તર જ શું પણ એકાદ નાનું છોકરું પણ કરશે.' કંકભટના ઉદ્ગાર સાંભળીને રાજાને અતિશય ગુસ્સો આવ્યો. એટલામાં ઉત્તર પણ ત્યાં આવ્યો. થયેલી પરિસ્થિતિ ધ્યાનમાં આવતાં જ ઉત્તરે રાજાને કંકભટની ક્ષમા માગવા માટે કહ્યું અને રણાંગણ પર થયેલો બધો વૃત્તાંત રાજાને કથન કર્યો. ઉત્તરે કહ્યું કેઃ 'જે શૂર માણસે મને યુદ્ધમાં સહાય કરી એ અર્જુન છે.'

એ જ દિવસે પાંડવોએ સવારે વહેલા ઊઠીને સ્નાન કરીને ઉત્તમોત્તમ વસ્ત્રાલંકાર પરિધાન કર્યાં. તેઓને પહેલાંનાં જ સ્વરૂપ પ્રાપ્ત થયાં. ઉત્તરે પાંડવોનું સ્વાગત કરીને તેમને માનથી દરબારમાં સ્થાન આપ્યું. સઘળી વાતની વિરાટ રાજાને ખબર પડતાં તેને ખૂબ જ દુઃખ થયું. પોતે પાંડવોને સેવક પ્રમાણે રાખ્યા તેથી વિરાટ રાજાએ પાંડવોની ક્ષમા માગી. પોતાની પુત્રી ઉત્તરા એ અર્જુન પુત્ર અભિમન્યુને આપવાનો વિચાર પ્રદર્શિત કર્યો. સર્વ રાજાઓને નિમંત્રણ આપ્યાં અને ઉત્તરા અને અભિમન્યુનો વિવાહ થયો. આ પ્રસંગ નિમિત્તે પાંડવોના હિતેચ્છુ રાજાઓ ભેગા થયા હતા અને હવે આગળ શું કરવું એવી ચર્ચા શરૂ થઈ. સર્વાનુમતે કૌરવો પાસે એક દૂત વિષ્ટિ માટે મોકલવો એમ નક્કી કર્યું.

અહીં દુર્યોધને એક માત્ર યુદ્ધનો જ સંકલ્પ લીધો હતો. તેણે દેશોદેશમાંથી રાજાઓને મદદ માટે નિમંત્રણ મોકલ્યું. પુષ્કળ સૈન્ય ભેગું કર્યું. શ્રી કૃષ્ણની મદદ મળે તે માટે દ્વારકામાં ગયો. અર્જુન પણ એ જ ઉદ્દેશથી એ જ સમયે શ્રી કૃષ્ણ પાસે ગયો. દુર્યોધને કૃષ્ણના સૈન્યની મદદની માગણી કરી અને અર્જુને શ્રી કૃષ્ણની સ્વીકૃતિ કરી. હસ્તિનાપુરમાં વિદુર, ભીષ્મ અને દ્રોણ ગુરુએ પાંડવો સાથે અન્યાય કરશો નહીં એમ સલાહ આપી, પરંતુ આ કારણે ધૃતરાષ્ટ્રને ગુસ્સો આવ્યો. વિદુર, સંજય અને ઈતર વરિષ્ઠ મહાનુભાવોએ દુર્યોધનને ઉપદેશ કરીને યુદ્ધ પરાવૃત્ત કરવાની સલાહ આપી પણ એ બધા પ્રયત્ન નિષ્ફળ ગયા.

તે કૃષ્ણજીએ સભા સાંભળે છે જહાં, અને પોતે દેવ તો પધાર્યા છે તહાં. ॥૫૪૫॥
ભાઈ તમે પાસે રહીને શું આરોગશો અન્ન, એ પાંડવ અહીં ભૂખ્યા આવ્યા છે વન. ॥૫૪૬॥
ત્યાં શ્રી કૃષ્ણજી બોલ્યા સોયે, ભાઈ કૌરવો એ પાંડવો તમારા ભાઈ હોયે. ॥૫૪૭॥
એ પાંડવો રાજ મૂકીને તમથી અળગા રહે, પાંડવને પાંચ ગામ એમ કૃષ્ણ કહે. ॥૫૪૮॥
અમે સો ભાઈ જીવતા છીએ સહી, સોયના નાકા જેટલું આપીયે નહીં. ॥૫૪૯॥
બહુ ડાહ્યા છો તમે જાણતા જે અમે, પણ બહુ ભોળા ભરવાડ છો તમે. ॥૫૫૦॥
યુદ્ધ કરતાં જીતશે તે અહીં કરશે રાજ, તેર વરસ વન ભોગવ્યાં શું મોં લઈ આયા આજ. ॥૫૫૧॥
અમે અગિયાર અક્ષૌહિણી દળોને સો ભાઈ, પણ એ તો પાંચ જ જણ વીર,
એમના બળ ત્યારે પરખીયાં ધીર, જ્યારે દ્રૌપદીના ખેંચ્યાં ચીર. ॥૫૫૨॥
પાંડવો તમે બળીયા હોય તો આવજો આજ, અમે સામસામાં યુદ્ધ કરવાનાં કાજ. ॥૫૫૩॥
એ સો ભાઈ અગિયાર અક્ષૌહિણી દળ આયે આજ, ભાઈ ત્યાર પછી તમે લેશો રાજ. ॥૫૫૪॥
ત્યારે સહદેવ જોશી સત્ બોલ્યા જેહે, ભાઈ હવે સામવેદમાં એમ જો કહે. ॥૫૫૫॥
હવે દેવના વચનો લખ્યા વેદમાં પૂરા થયાં જેહ, આજ યુદ્ધ કરવાનો સ્તંભ રોપાશે તેહ. ॥૫૫૬॥
અમે પાંચ પાંડવ ભાવે શું આપ, અને શ્રી કૃષ્ણજીને લેશું સાથ. ॥૫૫૭॥
જે દેવે દાવાનલ પીને ગોવર્ધન તોળ્યા ધરી છત્ર, તેણે અગિયાર અક્ષૌહિણી કોણ માત્ર. ॥૫૫૮॥

યુધિષ્ઠિરે ખૂબ વિચાર કરીને આખરે શ્રી કૃષ્ણને વિષ્ટિ કરવાની વિનંતી કરી. પરંતુ ભાઈઓને આ વાત ગમી નહીં. દ્રૌપદી તો સંતાપીને બોલીઃ 'હે કૃષ્ણ ! ભરસભામાં વાળ પકડીને જે દુર્યોધન દુઃશાસને મારી આબરૂ લીધી એનું વેર લીધા સિવાય હું વાળ બાંધીશ નહીં. તેર વર્ષ મેં આ વાળ ખૂલ્લા રાખ્યા છે. આનો વિચાર કરીને વિષ્ટિ માટે જાવ. પરંતુ ધર્મએ વિચાર કરીને સાત્યકીને સાથે રાખીને શ્રી કૃષ્ણને હસ્તિનાપુરમાં મોકલ્યા.

શ્રી કૃષ્ણ હસ્તિનાપુરમાં આવ્યાની ખબર પડતાં ભીષ્મ, દ્રૌણ વગેરે શ્રી કૃષ્ણને સન્માનથી લાવ્યા. ધર્મએ બધાને નમસ્કાર કહ્યાનું શ્રી કૃષ્ણે કહ્યું. બીજા દિવસે કૌરવોની સભા ભરાઈ. શ્રી કૃષ્ણને તેમણે આદરમાનથી સ્થાન આપ્યું.

શ્રી કૃષ્ણએ ધૃતરાષ્ટ્રને કહ્યુંઃ 'ધૃતરાષ્ટ્ર, યુદ્ધ ટાળીને પાંડવોને સન્માનથી બોલાવો. એમના હક્કનું અડધું રાજ્ય છે તે તમે એમને આપો. પાંડવ મહાબલાઢ્ય છે, પરંતુ સત્યથી અને ધર્મનીતિથી એ કિંચિત પણ ચળેલ નથી. એ જ પ્રમાણે આગળ પણ ચળશે નહીં. ત્યારે બંને પક્ષએ અતૂલ્ય બળ શક્તિએ યુદ્ધ ન કરતાં આવતા સંહારને ટાળો એમ મારો પોતાનો મત છે.' એમ શ્રી કૃષ્ણએ કહ્યું.

ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય એમણે શ્રી કૃષ્ણની આ વિનંતીને માન્ય દર્શાવી પરંતુ તરત જ દુર્યોધન બરાડયો. તમે બધા પાંડવોના સામર્થ્યથી બીઓ છો અથવા તેમના જ હિતચિંતક છો અને મને જ દોષ આપો છો. આ સર્વ પ્રકાર માટે પાંડવો જ જવાબદાર છે. એ જ દ્યૂત રમીને દ્યૂતમાં હાર્યા અને વનવાસમાં ગયા. તેમાં મારો શો દોષ ? હું ધરાર સાચું કહું છું કે; 'અડધું રાજ્ય તો હું નહીં જ આપું, તેમજ પાંચ ગામ શું પણ સોયના અગ્ર ભાગ જેટલી ભૂમિ પણ હું તેમને આપીશ નહીં.'

શ્રી કૃષ્ણને દુર્યોધનના આ ઉછંગપણાથી ગુસ્સો આવ્યો અને તે બોલ્યાઃ અરે ઓ મૂઢ માણસ, તે કપટ કરીને દ્યૂતમાં પાંડવોનો પરાભવ કર્યો, ભરસભામાં દ્રૌપદીની વિકટ પરિસ્થિતિ કરી, ભીમ પર વિષ પ્રયોગ કરીને એને મારવાનો પ્રયત્ન કર્યો, પાંડવોને લાક્ષાગૃહમાં બાળવાની ઈચ્છા કરી. તારા અપરાધની યાદી કંઈ ઓછી થાય તેમ નથી અને હવે તો તું મોટા વડીલ લોકોનું પણ સાંભળવા તૈયાર નથી ?

આટલું શ્રી કૃષ્ણ બોલે છે ત્યાં જ દુઃશાસન ગરજી ઉઠયો અને બોલ્યોઃ 'દુર્યોધન, આ બધા એક થઈને તને વચનથી બાંધશે, હવે ફક્ત આપણે ચાર જ જણા બચ્યા છીએ તું, હું, કર્ણ અને શકુનિ. ચાલ, આ સભામાં રોકાવવાનો કોઈ અર્થ નથી.

અંતે એ ચારેય ભરસભામાંથી ઊઠીને ચાલ્યા ગયા.

વિદુરે ગાંધારીને વિનંતી કરીને દુર્યોધનને પાછો બોલાવી લીધો અને ગાંધારીએ કહ્યુંઃ 'દુર્યોધન, શ્રી કૃષ્ણ જે કહે છે એ સાચું છે. હવે વિના કારણ સંહારને કારણભૂત ન બનાવો.'

પરંતુ દુર્યોધન કોઈનું સાંભળવા તૈયાર નહોતો. એ તો શ્રી કૃષ્ણને જ પકડીને કારાગૃહમાં રાખવા એવો વિચાર કરતો હતો. તેને ત્વરીત કૃતવર્માને સંદેશ આપીને સેના સજ્જ કરવાનું કહ્યું. છેલ્લે આ ગુપ્ત વાત બહાર આવી ગઈ.

સત્ય વાતની બધાને ખબર પડી ત્યારે શ્રી કૃષ્ણએ દુર્યોધનને કહ્યું કેઃ 'દુર્યોધન, હું કોણ છું તે મને ઓળખ્યો નથી.' એટલું બોલીને તેણે વિરાટ સ્વરૂપ પ્રગટ કર્યું. આકાશ પાતાળ સુધી પ્રસરેલ સ્વરૂપ જોતાં જ ધૃતરાષ્ટ્રને પણ આટલા પૂરતી દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ.

વિરાટ વિશ્વ સ્વરૂપમાં દર્શન આપ્યા પછી શ્રી કૃષ્ણ ત્યાંથી ઝડપથી પ્રસ્થાન કરી ગયા. જતી વખતે એટલું જ બોલ્યાઃ ''તારો નાશ અટલ છે. પાંડવોનો બિલકુલ દોષ નથી.'' શ્રી કૃષ્ણને નગર બહાર વળાવવા માટે બધા ગયા. ફકત દુર્યોધન, દુઃશાસન, શકુનિ ગયા નહીં.

શ્રી કૃષ્ણએ છેલ્લે પ્રેમથી વિદાય લીધી અને એકલા કર્ણને પોતાની સાથે રથમાં બેસાડયો. રથમાં શ્રી કૃષ્ણએ કર્ણને કહ્યુંઃ 'તું કુંતીનો કૌમાર્યવસ્થામાં સૂર્ય પાસેથી થયેલો પુત્ર છે, તું જો પાંડવો પાસે આવીશ તો પાંડવો તારી આજ્ઞામાં રહેશે અને દ્રૌપદી તારી સેવા કરશે, હું પણ તારી મદદ કરીશ.'

આ સાંભળીને કર્ણે શ્રી કૃષ્ણને કહ્યુંઃ 'દેવ, તમે પૃથ્વી પરના બધા પાપી લોકોના પાંડવોના હાથે નાશ કરનારા છો, પરંતુ મારા કહેવાથી દુર્યોધને યુદ્ધની તૈયારી કરી છે એટલે હું તેમનો વિશ્વાસઘાત કરીશ નહીં.'

આ વાત સંજય પાસેથી કુંતીમાતાને જાણવા મળી. તે પણ કર્ણને ગંગા પાસે મળી. તેણે કર્ણને પાંડવો પાસે આવવાનો ઘણો આગ્રહ કર્યો, પણ કર્ણે કોઈની વાત સાંભળી નહીં. છેલ્લે કર્ણે એકલા અર્જુન સિવાય હું બાકીના પાંડવો પર શસ્ત્ર ઉપાડીશ નહીં એમ વચન આપ્યું. શ્રી કૃષ્ણએ પાંડવોને થયેલી વાત કહી અને દુર્યોધને શ્રી કૃષ્ણને બાંધવાનો પ્રયત્ન કર્યો હતો એ જાણતાં જ પાંડવો ક્રોધિત થયા અને તેમણે પણ યુદ્ધની તૈયારી શરૂ કરી. અહીં કૌરવોએ પણ યુદ્ધની તૈયારી ચાલું કરી. કુરુક્ષેત્ર પાસે તેમણે યુદ્ધનું સ્થાન નક્કી કરી આસપાસ યુદ્ધ છાવણીઓ બાંધવા માંડી.

ત્યાં ગોર વેદ વ્યાસે મુહૂર્ત આપ્યાં જેહ, અને ભાઈ કુરુક્ષેત્ર જોવા ગયા તેહ.॥૫૫૯॥
કુરુક્ષેત્ર ભૂમિ જોઈને આવ્યા જેહ, એવું ગોર વેદ વ્યાસે કહ્યું તેહ.॥૫૬૦॥
જે રણસ્તંભ આગળથી રોપશે જેહ, ભાઈ યુદ્ધ જીતશે નિશ્ચે તેહ.॥૫૬૧॥
તે કૌરવે આગળથી રણસ્તંભ રોપ્યા જાણ, અને તેણે ત્યાં એક ચોકીદાર મૂક્યો પ્રમાણ.॥૫૬૨॥
તે રણસ્તંભ ભીમે વાંકો કર્યો જાઈ, તે કુરુક્ષેત્રની ભૂમિ માંહી.॥૫૬૩॥
કુંવર બર્બરીક આવ્યો છે ત્યાંય, અને કુરુક્ષેત્ર ભૂમિ જોવાને જયાંય.॥૫૬૪॥
ત્યાં યુદ્ધ કરતાં જે હારશે જેહ, ભાઈ હું તેની સાથે થાઈશ તેહ.॥૫૬૫॥
એક આળે બીજો મારે ત્રીજો સંહારે જોય, એ કુંવર બત્રીસ લક્ષણો પહેલો જોય.॥૫૬૬॥
સ્વામી મુજને છે યુદ્ધ જોવા અભરખો હોય, તું દેવ ભેળો રહી મસ્તક ચઢાવે સોય.॥૫૬૭॥
ભાઈ બર્બરીક બેઠો બેઠો જોય, જે હારે તેનો પક્ષ કરજે તોય.॥૫૬૮॥

વિષ્ટિ અસફળ થવાથી શ્રી કૃષ્ણએ પાંડવો પાસે આવીને કહ્યું: 'પાંડવો, સોયની અણી રહે એટલી પણ ધરતી તમને આપવા માટે દુર્યોધન તૈયાર નથી. હવે તમને જો તમારું રાજ્ય લેવું હોય તો યુદ્ધ સિવાય બીજો કોઈ ઉપાય નથી.'

ત્યારે પાંડવો બોલ્યાઃ 'ભગવાન પોતાના જ ગોત્રજોનો વધ કેમ કરવો. તેમ કરવાથી પાપ નહીં લાગે ? અને એ કારણે નરક પ્રાપ્તિ થશે એનું શું ?'

ત્યારે શ્રી કૃષ્ણ બોલ્યાઃ 'ક્ષત્રિય ધર્મ એટલે યુદ્ધમાં જે આવે તે, પછી એ ગમે તે કોઈ પણ હોય એની સાથે યુદ્ધ કરવું. આ ધર્મનું આચરણ ન કરીએ તો નરક પ્રાપ્તિ થાય છે. સિવાય કે યુદ્ધ ન કરવાથી તમારી આખા જગતમાં અપકીર્તિ થશે. આ વિચાર તમારા મનમાં કેમ આવતો નથી ? હવે તમારે યુદ્ધ ન કરવું હોય, રાજ્ય ન મેળવવું હોય તો ફરી પ્રયાણ વનવાસ તરફ કરો. કારણ કે સમય આવતાં દુર્દેવીને કુબુદ્ધિ સૂઝે છે અને પોતાના હિતથી વંચિત થાય છે.

શ્રી કૃષ્ણની વાણી સાંભળીને ભીમ આવેશથી બોલ્યોઃ 'દુર્યોધન જો અન્યાય કરતો હોય તો યુદ્ધ કરીને અમે અમારું રાજ્ય પાછું લઈશું અને હવે આપણે કૌરવોને યુદ્ધમાં મારવા જ જોઈએ. આ સિવાય કૌરવોએ સમયે સમયે કરેલા અમારા અપકાર અને અપમાન સ્મરણમાંથી જશે નહીં. દેવ, તમે અમારા ભાઈ જેવા અને યોગ્ય માર્ગદર્શક ગુરુ છો. આજ સુધી અમારું સંકટમાં રક્ષણ કરેલ છે. તમારી કૃપાથી હું કૌરવોને એક ક્ષણમાં નિઃપાત કરીશ.'

ભીમના બોલ સાંભળીને અર્જુન બોલ્યોઃ 'દેવ, અમારા સંરક્ષક કૃપાધાન સહાયકારી તમે જ છો ! તમે નિર્વાણીના બંધુ છો અને ભક્તજનોના પ્રતિપાળ તમે જ છો ! આ માટે અમારા પર કોઈ પણ પ્રકારનો દોષ ન આવતાં અમારું હિત કરો ! એવી તમારા ચરણે અમારી વિનંતી છે'.

શ્રી કૃષ્ણ બોલ્યાઃ 'તમારી ઉપર કોઈપણ રીતે દોષ આવશે નહીં, એ માટે જ હું સંધી દાવ માટે ગયો હતો પરંતુ કૌરવ રાજમદથી અંધ હોવાથી તેમને મારું બોલવું ગમ્યું નહીં. હવે તમારા પર કોઈપણ પ્રકારનો દોષ અને બોલ રહ્યો નથી. તમે કુરુક્ષેત્રે ચાલો ત્યાં યુદ્ધ માટેની ઉત્તમ જગ્યા છે તે આપણે પહેલાં જોઈએ.'

શ્રી કૃષ્ણના કહેવાથી અને વેદ વ્યાસે કાઢી આપેલ શુભ મુહૂર્ત જોઈ ત્યાંથી પ્રસ્થાન કરી સૌ કુરુક્ષેત્રમાં આવ્યા. ઉત્તમ સ્થળ શોધીને તેમણે ત્યાં તળ સ્થાપ્યું અને વિજય સ્તંભ રોપીને મોટો ઉત્સવ કર્યો. પાંડવોને કુરુક્ષેત્ર પાસે ગયેલા જોઈને દુર્યોધન વગેરે તેમની પાછળ પાછળ કુરુક્ષેત્ર આવ્યા. પાંડવોએ ઉત્તમ જગ્યા સાધેલી જોઈને દુર્યોધન મનમાં બી ગયો અને ભીષ્મ પાસે આવીને મ્લાન વદનથી દુર્યોધને પોતાનો વિચાર કહ્યો.

ત્યારે ભીષ્મે કહ્યું: તું બીક રાખીશ નહીં. દસ દિવસમાં હું પાંડવોનો નિઃપાત કરીશ, નહીં તો રણાંગણમાં દેહ મૂકીશ. મારા પડયા પછી દ્રોણાચાર્ય પાંચ દિવસ તમારું રક્ષણ કરશે અને પાંડવોનો નિશ્ચયથી નાશ કરશે. તેમના હાથે પાંડવો બચશે તો કર્ણ એમના બે દિવસમાં નાશ કરશે અને તમારું રક્ષણ કરશે. તેમના હાથે પાંડવો ન જ મરે તો શલ્ય એક દિવસમાં એમનો નાશ કરશે. એના હાથે પણ પાંડવો બચી જશે તો પછી તમે બલરામને બોલાવજો એટલે એ અમારી પાછળ પાંડવોનો નાશ કરીને તમારું રક્ષણ કરશે.' ભીષ્મના આ બોલ બધાને પસંદ પડી ગયા અને બધાએ એમનો જયજયકાર કર્યો.

અહીં પાંડવો શ્રી કૃષ્ણ સાથે વર્તમાન પરિસ્થિતિનો વિચાર કરતા હતા. ત્યારે ભીમ બોલ્યોઃ 'મારો બર્બરીક નામનો એક બલવાન પુત્ર પાતાળમાં છે, તેને યુદ્ધ માટે બોલાવું ?'

શ્રી કૃષ્ણએ સંમતિ આપી. તરત જ ભીમે બધો વૃત્તાંત જણાવી બર્બરીકને બોલાવ્યો. બર્બરીકે આવીને શ્રી કૃષ્ણને અને બધાને વંદન કર્યા.

શ્રી કૃષ્ણએ એનાં ત્રણ બાણ જોઈને પૂછ્યું: 'અરે તારી પાસે તો ત્રણ જ બાણ દેખાય છે, તો તું યુદ્ધ કેમ કરીશ ?'

બર્બરીક બોલ્યો: 'દેવ, લોક તો કેટલાંય છે. પરંતુ હું આ ત્રણ બાણોથી પૃથ્વી પરના શું પણ ત્રૈલોક્યના લોકોનો નાશ કરીશ.' એમ એનું બોલવું સાંભળીને શ્રી કૃષ્ણને પણ આશ્ચર્ય થયું.

શ્રી કૃષ્ણએ કહ્યું: 'આ તારું બોલવાનું કંઈક પ્રમાણ બતાવ્યા વગર અમને કંઈ ખબર પડશે નહીં.'

એ સાંભળીને બર્બરીકે એક બાણ લઈને એ સિંદૂરથી ભર્યું અને આકાશમાં જઈને ત્યાંથી નીચે ફેંક્યું અને શ્રી કૃષ્ણ પાસે આવીને બોલ્યોઃ જેના શરીરમાં જે ભાગ પર પ્રહાર થતાં મૃત્યુ થશે એના એ ભાગ પર સિંદૂર લગાડયું હશે એ જુઓ.

શ્રી કૃષ્ણએ પોતાના પગનું તળ જોયું એને સિંદૂર લાગવાનું સમજાઈ આવ્યું. ત્યારે શ્રી કૃષ્ણને ચિંતા થઈ અને એ બોલ્યા: 'ન જાણે આ બર્બરીક સૈન્યમાં રહેશે અને તેણે કોઈ ચમત્કાર કરીને આપણા સૈન્યનો ઉત્સાહ ભંગ કર્યો તો સર્વત્ર અનર્થ થશે. એ કરતાં આ બર્બરીક આપણા સૈન્યમાં ન હોય એ સારું.' આમ વિચાર કરીને શ્રી કૃષ્ણએ બર્બરીકને કહ્યું: 'બર્બરીક તું કોને સહાય કરીશ ?'

બર્બરીક બોલ્યો: 'જે દુર્બળ હશે અથવા જેમનો પક્ષ ખતમ થયો હશે એને હું સહાય કરીશ.'

બર્બરીકની વાણી સાંભળીને કૃષ્ણ મનમાં બોલ્યાઃ આ મત આપણને અનુકૂળ નથી. યુદ્ધમાં કૌરવ હારશે અને તેમને જો આ બર્બરીક મદદ કરશે એટલે તેનું પરિણામ સારું થશે નહીં. એ કરતાં કોઈ પણ ઉપાયે આનો નાશ જ કરવો જોઈએ અને બર્બરીકનું મૃત્યુ કોના હાથે થશે એનો વિચાર કરીને જોયું ત્યારે ભીમના હાથે એનું મૃત્યુ છે એમ શ્રી કૃષ્ણને જણાયું.

રાત્રીના સમયે ભીમ પાસે આવી શ્રી કૃષ્ણએ કહ્યું કેઃ રાત અંધારી છે કૌરવો મહાકપટી છે ત્યારે તેઓ રાત્રે આવીને આપણો રણસ્તંભ ન લઈ જાય અથવા બદલી ન નાખે એ માટે તું એ સ્તંભ પાસે રાતભર બેસીને એમનું રક્ષણ કર અને જો કોઈ આવે તો તેમનો નાશ કર.'

ભીમ પોતાની ગદા લઈને ત્યાં રણસ્તંભની પાસે જઈને બેઠો.

અહીં શ્રી કૃષ્ણએ બર્બરીકને બોલાવીને કહ્યું: 'કાલે સૂર્યોદયથી યુદ્ધની શરૂઆત થશે એ વખતે રણસ્તંભની પૂજા સ્વસ્થપણે થઈ શકશે નહીં એ માટે પૂજા સાહિત્ય લઈને તું વહેલી સવારે રણસ્તંભ પાસે જા અને એની પૂજા કરીને આવ.'

શ્રી કૃષ્ણની આજ્ઞાથી બર્બરીક ત્યાં ગયો. એટલામાં ભીમને રણસ્તંભ પાસે કોઈને આવવાની શંકા થઈ. એ સાથે તેણે ગદાઘાતથી સ્તંભ પાસેના વ્યક્તિને ઘાયલ કર્યો. એ કોણ છે એ ભીમને અંધારામાં દેખાયું નહીં. ભીમના ગદાનો પ્રહાર મસ્તક પર થયો હોવાથી બર્બરીક વિહ્વળ થઈને જમીન પર પટકાયો. એના વિહ્વળના શબ્દો પરથી ભીમને આ બર્બરીક હોવાનું જણાયું. ગભરાઈને બર્બરીક પાસે દોડતો ગયો અને જોયુ તો બર્બરીક ઘટક અર્ધ ઘટકમાં મરશે એમ ખ્યાલ આવવાથી ભીમ જોરથી આક્રંદ કરવા લાગ્યો. આ વર્તમાન ધર્મરાજાને જણાતાં એ બધા પણ ત્યાં દોડતા આવ્યા.

બધા આક્રંદ અને શોક કરવા લાગ્યા, એ જોઈને શ્રી કૃષ્ણ એમને શાંત કરીને બોલ્યા: બર્બરીકના પ્રારબ્ધમાં જેમ હતું એમ થયું છે. હવે એ માટે શોક કરીને શું કરશો ? હવે આગળ દૃષ્ટિ કરો. તમે શોક કરીને બેઠા છો એ કૌરવોને જણાતાં તેઓ તમારી ઉપર હસશે, એના કરતાં પોતાની છાવણીમાં ચાલો.

અહીં બર્બરીક ગદાઘાતથી એકદમ વિહ્વળ થયો હતો. તેવી અવસ્થામાં તેણે શ્રી કૃષ્ણને કહ્યું: 'દેવ, આ યુદ્ધમાં કોનો જય અને પરાજય થાય છે એ જોવાની મારી ઈચ્છા થઈ છે. આ માટે કૃપા કરીને આ યુદ્ધનું મને અવલોકન થાય એવું કરો એટલે મારી ઈચ્છા પૂર્ણ થશે અને હું આનંદથી પ્રાણ છોડીશ.' બર્બરીકની ઈચ્છા સાંભળીને શ્રી કૃષ્ણને દયા આવી તેથી શ્રી કૃષ્ણએ તેને સંતોષથી યુદ્ધ સમાપ્તિ સુધી ક્ષુધાતૃષાથી તૃપ્ત રહીને તું સભાનતા યુક્ત રહીશ એવો આશીર્વાદ આપ્યો. પછી એક ઝાડ પર જગ્યા કરીને તેને ત્યાં બેસાડયો. ત્યાંથી જ એ યુદ્ધ પ્રસંગ જોવા લાગ્યો.

ધર્મ કહે સ્વામી રથે બેસો યુદ્ધ કરવા કાજ, તો આ યુદ્ધ માંહે અમારી રહેશે લાજ. ॥૫૬૯॥
ગોર વેદવ્યાસે શાસ્ત્ર વાંચ્યાં જેહ, ત્યાં તો સામવેદ બોલ્યા તતખેવ. ॥૫૭૦॥
સ્વામી તમે આઠ દૈત્ય મારી દેવોનાં સાર્યાં કાજ, આજ ઝાલી પરોણો રથે બેસો મહારાજ. ॥૫૭૧॥
ભાઈ હું હવે ઘરડો થયો ન લગાડશો મોહ, આઠ દૈત્ય માર્યા ત્યાં સુધી હતો જોશ. ॥૫૭૨॥
જ્યારે પોતી અવધને વળીયા છે ભૂપ, ત્યારે વિકરાળ થયું છે ભીમનું સ્વરૂપ. ॥૫૭૩॥
તમે ભાઈ ધર્મને પૂછોને વાત, રાખો સદ્‌બુદ્ધિ ક્ષમા કરોને ભ્રાત. ॥૫૭૪॥
આજ અવસર નથી શૂરા ભીમ પ્રમાણ, ત્યાં ઓચરે ભીમ અવસર કેમ ચૂકીએ જાણ. ॥૫૭૫॥
તમે દુર્યોધનને સંભળાવો આજ, અમે મૂરત કીધું છે બેસવાને રાજ. ॥૫૭૬॥
ત્યાં દુર્યોધનને થઈ છે જાણ, ત્યારે મનમાં ઊઠી જાળને ભાંગ્યાં હાણ. ॥૫૭૭॥
ત્યાં પરાક્રમ કરી બોલ્યા દુર્યોધનરાય, અમે ઊભાને તમથી રાજ કેમ થાય. ॥૫૭૮॥
એ તો બોલે ભીમ ભલે એકલો આજ, અમે સો બંધવ જીવતા કેમ આપીયે રાજ. ॥૫૭૯॥

બીજા દિવસે સૂર્યોદયે બંને સૈન્ય સમરાંગણ પર આવ્યાં એ વખતે જ્યાં ત્યાં શંખ દુંદુભિ વગેરે રણવાદ્યોનો ધ્વનિ શરૂ થયો અને વીર સૈનિકો ઉત્સાહજનક થઈને સેનાપતિની આજ્ઞાની રાહ જોવા લાગ્યા. કૌરવ સૈન્યમાં ભીષ્મ સૌથી આગળ હતા. એની પાછળ શકુનિ, સૌબળ, વિંદ, કૈકેય, શલ્ય, બૃહદ્ઘ વગેરે મોટા મોટા રાજાઓ પોતાનાં સૈન્ય સાથે ઊભા હતા. મધ્ય ભાગે દુર્યોધન છત્રચામર મંડિત ગજ પર બેઠો હતો. ભીષ્મે સર્વ વીરોને ઉદ્દેશીને સમયોચિત ભાષણ કરીને ક્ષાત્રધર્મની જાણ કરાવી.

પછી ભીષ્મે પોતાના સૈન્યમાં મનુષ્યના શરીર પ્રમાણે માનુષવ્યુહ રચ્યો. એ અપરંપાર કૌરવોનું સર્વ સૈન્ય સમુદ્ર રૂપ જોઈને ધર્મ, અર્જુન, ભીમ પોતાના સૈન્યની કઈ રીતે રચના કરવી એનો વિચાર કરવા લાગ્યા. અંતે ભીમે સૂચવેલો

સિંહ વ્યૂહ રચાયો. પાંડવ સૈન્યના બધા રથમાં અર્જુનનો રથ અધિક શોભતો હતો. એ રથ પર ધ્વજસ્તંભ પર હનુમાન બેઠા હતા અને સારથિ પ્રત્યક્ષ શ્રી કૃષ્ણ ભગવાન હતા. પાંડવોમાં ભીમ મુખ્ય હતા ને કૌરવોમાં ભીષ્મ મુખ્ય હતા. એ બધાને સાથે જોતાં જાણે દેવ દૈત્ય જ પ્રગટ થયા છે એમ લાગતું.

કૌરવોનો એ વ્યુહ અને ભીષ્મ એમના મુખ્ય છે એમ જોઈને ધર્મે અર્જુનને કહ્યું: 'અર્જુન, કૌરવોની એકંદર તૈયારી જોઈને આપણો વિજય થશે એ વિષયે શંકા થાય છે.'

ધર્મની વાણી સાંભળીને અર્જુન બોલ્યોઃ 'મહારાજ, કૌરવોનું સૈન્ય અધિક છે અથવા એમાં રથી મહારથી વીરો પુષ્કળ છે તો પણ હું પ્રતિજ્ઞાથી કહું છું કે આપણા વીરોની યોગ્યતા એના કરતાં પણ અધિક છે અને આ આપણા વીરોની સહાયથી આપણો જ જય થશે એ નિશ્ચિત છે.

બંને સૈન્યની તૈયારી થયા પછી શ્રી કૃષ્ણએ અર્જુનને કહ્યું: 'અર્જુન, સામેની બાજુના સૈન્યના રથમાં બેઠેલા, હજારો રાજા જેમનું રક્ષણ કરે છે એવા એ ભીષ્મને તે જોયા ? તેઓ મૃગ સામે જેમ સિંહ એકધારું જુએ છે, એ જ પ્રમાણે એ આપણી સામે ક્રુદ્ધ દૃષ્ટિથી જુએ છે. આ બધા રાજાઓને મારીને ભીષ્મને મારવા જોઈએ તો જ આપણને વિજય મળશે.'

અર્જુને પોતાનું ધનુષ્ય સજ્જ કર્યું અને શ્રી કૃષ્ણને કહ્યું: 'શ્રી કૃષ્ણ, આપણો રથ બંને સૈન્યના વચ્ચે લઈ ચાલો એટલે યુદ્ધમાં કયા કયા રાજા આવ્યા છે એ હું જોઉં.'

બંને સૈન્યના વચ્ચે શ્રી કૃષ્ણએ રથ લઈ જઈને ઊભો કરતાં જ અર્જુને પોતાના દાદા, કાકા, મામા, સસરા, મિત્ર, ગુરુ વગેરે આપ્તજન યુદ્ધ માટે સામે ઊભા રહેલા દેખાયા. પોતાના પ્રાણની ચિંતા ન કરતાં યુદ્ધમાં ઊભા રહેલા એમને જોઈને અર્જુને શ્રી કૃષ્ણને કહ્યું: 'દેવ, આ બધા આપ્તજનોને યુદ્ધ માટે તૈયાર થયેલા જોઈને મારા શરીરમાં કંપારી આવવા લાગી છે, મુખ ચિંતાગ્રસ્ત થયું છે, આંખો સામે અંધારાં આવે છે અને હાથમાં ધનુષ્ય પકડવાની શક્તિ રહેતી નથી. આ આચાર્યદિક સર્વ આપ્તલોક પોતાનો નાશ કરવા માટે તૈયાર થયા છે પણ એમને મારવા મને યોગ્ય લાગતું નથી, ત્રૈલોક્યના રાજ્ય આપવા જો કોઈ કબૂલ કરશે તો પણ હું આ કૃત્ય કરીશ નહીં ! આ બધાને મારીને અમને શું આનંદ મળશે ! ઉલટાનું અમારા મસ્તક ઉપર પાપના ડુંગર થશે ! આ કૌરવ લોભથી કુળ ક્ષય માટે પ્રવૃત્ત થયા છે કારણ એમની સદ્‌વિવેક બુદ્ધિ નષ્ટ થઈ છે પરંતુ અમે સમજીને આ પાપમાં આવૃત્ત થઈશું નહીં.' એમ બોલીને અર્જુને કરુણા અને વિહ્‌વળતાથી ધનુષ્યબાણ નાખી દીધાં અને રથના નીચે બાજુમાં બેસીને શોક કરવા લાગ્યો.

ત્યારે શ્રી કૃષ્ણએ અર્જુનના આ સંતપ્તપણાની આલોચના કરીને ખૂબ સમજાવ્યો. શ્રી કૃષ્ણ બોલ્યાઃ 'આ જગતના કર્તા હર્તા અને પાલન કર્તા હું જ છું, નિમિત્ત માત્ર તું છે, તને નિમિત્ત કરીને આ બધું કાર્ય મારે જ કરવાનું છે, હે અર્જુન ! તારામાં દેહ અને આત્મા એમ બે પ્રકાર છે. એ પૈકી આત્મા સર્વવ્યાપી, આદિ અંત રહિત, ચિદ્રુપ છે અને તે જ તું છે, દેહ એ તું નથી. આત્મા જન્મ લેતો નથી અને તે કદી મરતો નથી. એ અજર, નિત્ય, અપક્ષય રહિત, વૃદ્ધિ રહિત છે. શરીરનો નાશ કરો તો પણ આત્મા મરતો નથી. સિદ્ધિ અને અસિદ્ધિના બદલે યોગસ્થ થઈ અને આસકિતતા છોડીને સર્વ ક્રિયા કર. તું પોતાનાં બધાં જ કાર્ય બ્રહ્માર્પણ કર એટલે તું બ્રહ્મ થઈશ. તું સર્વ સંકલ્પનો ત્યાગ કર અને કર્મ ફળના ત્યાગ રૂપ સંન્યાસથી પોતાનું ચિત્ત નિરામય કરીને મુક્ત થા. તું પોતાના સર્વ અર્થ ઈશ્વરને અર્પણ કરીને ઈશ્વરાત્મા થા.

સર્વ પ્રકારના સંકલ્પ, વિષયોના વિચાર શાંત થયા પછી કોઈ પણ પદાર્થના અસ્તિત્વની કલ્પના પૂર્ણ થયા પછી જે અનુભવાય છે એ **'બ્રહ્મ'** છે. એ બ્રહ્મની પ્રાપ્તિ કરી લેવા માટે ચિત્ત વૃત્તિ બ્રહ્મકાર કરવાનો જે ઉપાય એને **'જ્ઞાન'** કહે છે.

બ્રહ્માકારવૃત્તિ થવામાં અનુકૂળ એવી એકાકાર ચિત્તવૃત્તિની ધારા એને **'યોગ'** કહે છે. સર્વ જગત અને હું બ્રહ્મ છું એમ સમજીને જગત અને અહં એનો બાધ કરવો એ **'બ્રહ્માર્પણ'** છે. સર્વ દ્વૈત જાત કેવળ ઈશ્વર માત્ર છે એમ દઢ ભાવનાથી દ્વૈતનો અનુભવ ન થવો એ **'ઈશ્વરાર્પણ'** છે. કરેલાં કર્મના ફળનો ત્યાગ, ફળમાં બદલાની આસ્થા ન રાખવી એ જ **'સંન્યાસ'** છે. અને સર્વ વિષયોનો સંકલ્પ વિચાર છોડી દેવો એને જ **'અનાશક્તિ'** કહે છે.

હે અર્જુન ! તું પોતાનું મન મારામાં લગાવ, તું મારી જ ભક્તિ કર, મારું જ પૂજન કર અને મને જ નમસ્કાર કર. આ રીતે તું મતપરાયણ થઈને પોતાનું સ્વકર્મ કરે એ અત્યંત શ્રેયસ્કર છે. તારો ધર્મ, રાજ્ય, યશ, સ્વર્ગ વગેરે બધાનો અભ્યુપગમ (નિત્ય છે કે અનિત્ય માનવું તે) અને તારા ચિત્ત શુદ્ધિ દ્વારા આત્મસુખને પણ કારણ થઈશ. માટે આ સ્વધર્મ રૂપ યુદ્ધ કરીને તેમાં વિજયી થા.

હે અર્જુન, સામાન્ય અને પરમ એવાં મારાં બે રૂપ છે. હસ્તપાદાદિ અવયવોથી યુક્ત શંખ, ચક્ર, ગદા, પદ્મધારી એમ એ રૂપ મારું સામાન્ય છે. આદિ અંત રહિત એક અનામય એમ જે મારું બીજું રૂપ છે એ પરમ રૂપ છે. તેને બ્રહ્મ, પરમાત્મા વગેરે શબ્દોથી સંબોધે છે.

અર્જુન, જ્યાં સુધી તને જ્ઞાન થયેલ નથી ત્યાં સુધી તું ચતુર્ભુજાકાર સામાન્ય રૂપનું પૂજન કરતો જા. એ પૂજા કરતી વખતે તને જ્ઞાન ઉત્પન્ન થશે એટલે તું મારા પરમ શ્રેષ્ઠ અનાદિ અનંત રૂપને ઓળખીશ. પછી તને આગળ જન્મ મરણની પીડા થશે નહીં. જેમને અહંકાર નથી, અજ્ઞાન નથી, આસક્તિ નથી, જે નિત્ય આત્મામાં નિશ્ચળ છે, જે સુખદુઃખના દ્વંદ્વથી મુક્ત થયા છે, એવા જ્ઞાની પુરુષ એ અભયપદમાં છે. જે પુરુષના સર્વ ઉપાય, ઈચ્છા અને સંકલ્પ એમને રહિત હોય છે, જેમનાં કાર્ય જ્ઞાનાગ્નિથી દગ્ધ થયા છે તેને જ્ઞાની લોકો પંડિત કહે છે.

અર્જુન, તું સુખદુઃખાદિ દ્વંદ્વ રહિત છે અને આત્મ સ્વરૂપી નિત્ય રહે. યોગક્ષેમની પરવા ન કરતાં નિરંતર તું ધૈર્યવાન થઈને રહે અને જે પ્રાપ્ત થશે એનો સ્વીકાર કરીને પૃથ્વીનું રાજ્ય કર. વિંધ્યાદ્રી પર્વતના ટુકડા ટુકડા થાય અથવા પ્રલયકાળનો પવન ફૂંકાય તો પણ બુદ્ધિમાન પુરુષે ગુરુ અને શાસ્ત્રએ કહ્યા પ્રમાણે માર્ગ છોડી દેવા નહીં. પોતાના અજ્ઞાનપણાને કારણે વાસના ઉત્પન્ન થાય પણ એ જ વાસના આત્મજ્ઞાનના અભ્યાસથી વિલય થાય છે. સાંપ્રત યુદ્ધ કરીને અધર્મને ઉચ્છેદવા તું ઉદ્યુક્ત થા એ જ તારું કર્તવ્ય છે.' આ પ્રકારે દિવ્ય જ્ઞાનોપદેશ કરીને ભગવાને અર્જુનને યુદ્ધ કરવા માટે તૈયાર કર્યો. આ પ્રમાણે શ્રી કૃષ્ણએ ગીતોપદેશ કરીને કર્મયોગથી યુદ્ધની શરૂઆત કરી.

એટલામાં ધર્મરાજાએ પોતાના માથાનો મુગટ ઉતાર્યો અને શસ્ત્ર રથમાં મૂક્યા પછી પોતે રથની નીચે ઉતર્યા અને પગે ચાલતા જઈને કૌરવોના દળમાં ગયા. એ જોઈને બાકીના પાંડવોએ પણ ધર્મનું અનુકરણ કરીને એમની સાથે ચાલવા લાગ્યા. ભગવાન શ્રી કૃષ્ણ સિવાય બંને દળના લોકો આશ્ચર્યચકિત થયા. દુર્યોધન, શકુનિ વગેરે તો પાંડવોનો ઉપહાસ કરવા લાગ્યા અને અંદર અંદર બોલવા લાગ્યાઃ 'આપણું સામર્થ્ય અને સૈન્ય બળ જોઈને પાંડવો આપણા શરણમાં આવે છે.'

થોડીવારમાં ધર્મરાજા ભાઈઓ સાથે ભીષ્મ અને દ્રોણ પાસે જઈને પહોંચ્યા અને બંનેને હાથ જોડીને નમસ્કાર કર્યા અને બોલ્યાઃ 'પિતામહ, દૈવદુવિલાસથી આપના જેવા અને ગુરુદ્રોણ, કૃપાચાર્ય વગેરે પૂજનીય મહાત્માઓની સેવા કરવાના બદલે તમારી સામે યુદ્ધ કરવાનો પ્રસંગ આવ્યો છે, એ બદલ અમને ક્ષમા કરો અને આ બાળકોને આશીર્વાદ આપો.' ધર્મરાજના એ ઉદ્‌ગાર સાંભળીને બધા સુજનોની આંખોમાં પાણી આવી ગયાં. અશ્રુનયનોથી ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્યએ પાંડવોને "યશસ્વી થાવ" એવો આશીર્વાદ આપ્યો. પાંડવો પાછા પોતાના દળમાં આવીને ભગવાનને મનોમન નમન અને પ્રાર્થના કરીને પોતાના રથ પર આવ્યા અને પછી રણશિંગું ફૂંકાયું અને યુદ્ધની શરૂઆત થઈ.

ત્યાં પાંચ પાંડવ ને કૌરવ અક્ષૌહિણી અઢાર, ત્યાં શૂરા હસ્તીને તેજી ઘોડા તોખાર.॥૫૮૦॥
મરડી મૂછને ત્યાં દીધી ફાળ, ભાઈ રચીયે યુદ્ધને તેડીયે ભૂપાલ.॥૫૮૧॥
ત્યાં ભીમ ફેરવે ગદા ધમ ધમકાર, ત્યારે નવતેરો યુદ્ધ થાય અપાર.॥૫૮૨॥
રાવ રામા ત્યાં ઊભા સોહાય, પણ ભીમ સામું કોઈથી નવ જોવાય.॥૫૮૩॥
ભીમ ફેરવે ગદાને ઉડે રુધિરની ઝેણ, સતી દ્રૌપદી મેલે મોકલી વેણ.॥૫૮૪॥
ત્યારે સામસામા દલ અથડાયા જાયે, ત્યાં ભીમસેન દુઃશાસન આવ્યા દોયે.॥૫૮૫॥
તે ભીમે દસ સહસ્ર હસ્તી ઉછાળ્યા જોય, ભાઈ તે તો હજી ગગનમાં હોય.॥૫૮૬॥
દેવ આજ્ઞાથી અર્જુન બાણ છોડયા જાય, ત્યાં એક બાણના દસ લક્ષ જ થાય.॥૫૮૭॥
અઢાર અક્ષૌહિણી દળ ઉડયાં જેહ, ત્યારે દુર્યોધન ત્યાંથી નાઠો તેહ.॥૫૮૮॥
ત્યાં ભીમે દુઃશાસન માર્યો જેહ, અને પાંડવ યુદ્ધમાં જીત્યા છે તેહ.॥૫૮૯॥
દુઃશાસને પોતે ચીર સતીના ખેંચ્યાં હાથ, એવા ઝગડા જીતાડયા શ્રી હરિ નાથ.॥૫૯૦॥
તે દુર્યોધન સરોવરમાં જાઈ પેઠો આજ, ત્યાં ભીમ કહે ભાઈ તે શું કીધું કાજ.॥૫૯૧॥
સો ભાઈને અઢાર અક્ષૌહિણી દળ મિટાવ્યાં આજ, ભાઈ તોય તુને નવ આવી લાજ.॥૫૯૨॥
હવે બાહેર નીકળું ભીમ દીશે છે એક, મારું વેર વળે જો ભીમને મારું છેક.॥૫૯૩॥
ભીમે ભૂદર તોડયા ને પાટુ દીધી જ્યાંય, દેવે બુદ્ધ રૂપે બળ મૂક્યાંને મોત ઓળખ્યું ત્યાંય.॥૫૯૪॥
દેવે ક્ષુધા મૂકીને આંબો ઉપજાવ્યો જ્યાંય, સો ભાઈના મડદા ખડકીને ફળ ખાવા ધાય.॥૫૯૫॥
યુગ દ્વાપર પૂરો થયો છે નિરવાણ, ત્યાં પાંડવની શાખ પૂરી થઈ જાણ.॥૫૯૫॥
કુરુક્ષેત્રમાં પૂરો થયો છે સંગ્રામ, અને હુવો યુદ્ધ તે તો તેણે ઠામ.॥૫૯૬॥
અનેક રાક્ષસને દૈત્ય મુવા તતખેવ, દ્વાપર યુગ પૂરો થયો હો દેવ.॥૫૯૭॥
ભાઈ સેના સઘળી કીધી છે પરાજય, હરાવી કૌરવોને પાંડવે લીધાં રાજ.॥૫૯૮॥

મહાભયંકર એવું યુદ્ધ શરૂ થયું. પુષ્કળ સૈનિકોનો સંહાર થયો. અભિમન્યુનું યુદ્ધ કૌશલ્ય જોઈને બંને બાજુના વીરોએ તેને ધન્યવાદ આપ્યા. પ્રથમ દિવસે ભીષ્મ અને વિરાટ પુત્ર શ્વેત વચ્ચે મહાયુદ્ધ થયું તેમાં ભીષ્મએ શ્વેતને માર્યો. એ માટે કૌરવોને આનંદ થયો. એ પછી સંધ્યા કાળે લડાઈ બંધ થઈ. બીજા દિવસે પણ ભીષ્મે પાંડવોના સૈન્યનો ઘણો સંહાર કર્યો. ભીષ્મ અર્જુનની લડાઈ થઈ. ભીમે કલિંગ દેશના કેતુમંત રાજા અને એના પુત્રો વગેરેના સૈન્યનો ખૂબ સંહાર કર્યો. એ દિવસે પાંડવોની જીત થઈને યુદ્ધ થોભ્યું.

ત્રીજા દિવસે અર્જુને કૌરવોના સૈન્યનો ઘણો જ ઘાત કર્યો. ત્યારે ભીષ્મે શ્રી કૃષ્ણને કહ્યું કેઃ 'હાથમાં શસ્ત્ર લઈશ નહીં' એવી જે પ્રતિજ્ઞા કરી હતી એ હું ખોટી કરીશ. એમ કહીને ભીષ્મે મોટું યુદ્ધ કર્યું કે પાંડવ સૈન્યમાં લોહીની નદીઓ વહેવા લાગી. ભીષ્મે અર્જુનને બાણોથી જર્જરીત કર્યો. એ કારણે અર્જુન મૂર્છિત થઈને ભૂમિ પર પડયો. એ જોઈને શ્રી કૃષ્ણ રથમાંથી નીચે ઉતર્યા અને હાથમાં ચક્ર લઈને ભીષ્મ પર દોડી ગયા. ત્યારે ભીષ્મ બોલ્યાઃ 'દેવ, હાથમાં શસ્ત્ર લઈશ નહીં એવી તમારી પ્રતિજ્ઞા આ વખતે ખોટી થઈ. હવે મારો વધ કરીને મને મોક્ષ મેળવી આપો.' એટલામાં અર્જુન ત્યાં આવ્યો અને તે

શ્રી કૃષ્ણને રથ પર લઈ ગયો. અર્જુન બોલ્યોઃ 'દેવ, હું મારા હાથે કૌરવોનો નાશ કરીશ.' એ પછી અર્જુન, ભીમ, સાત્યકી, અભિમન્યુ, ઘટોત્કચ, ધૃષ્ટધૃમ્ન વગેરેએ કૌરવોના પુષ્કળ સૈન્યનો સંહાર કર્યો. છઠ્ઠા દિવસે અર્જુન અને ભીષ્મ વચ્ચે મહાભયંકર યુદ્ધ થયું. યુદ્ધમાં સાત્યકીના દસે પુત્રો મરી ગયા. એ જોઈને ભીમ કૌરવ સેનામાં ગયો અને તેમના સૈન્યનો સંહાર કરવા લાગ્યો. એ જ વખતે અર્જુનના રથ પરના મારુતિનું રૂપ ભયંકર દેખાવા લાગ્યું એ જોઈને કૌરવ સૈન્ય ગભરાઈ ગયું. અર્જુન, કૌરવ સેનાના પુષ્કળ સૈનિકોને મારવા લાગ્યો. પછી અશ્વત્થામા અર્જુન સાથે યુદ્ધ કરવા લાગ્યો, પણ એ અર્જુનનો સામનો કરી શક્યો નહીં. દુર્યોધન સૈન્ય લઈને પાંડવ સૈન્ય પર ચડી આવ્યો. એ જ સમયે દુર્યોધનને દ્રૌપદીના પાંચેય પુત્રોએ ઘેરી લીધો. પોતાના સૈન્યનો સંહાર જોઈને દુર્યોધન ભાગવા લાગ્યો. સૂર્ય આથમવાથી યુદ્ધ રોકાયું.

સાતમા દિવસે ભીમે દુર્યોધનને કહ્યુંઃ 'અમે નપુંસક સ્ત્રીઓ છીએ કે વીર છીએ એ તને બતાવી છીએ, એમ કહીને ભીમે દુર્યોધનના રથના ઘોડા અને સારથીને ઠાર કર્યા અને દુર્યોધનને બેભાન કર્યો. આઠમા દિવસે યુદ્ધના શરૂઆતમાં ભીમે સુભાનુ નામના રાજા અને પુષ્કળ વીરોનો સંહાર કર્યો. આટલા દિવસથી યુદ્ધ ચાલુ છે છતાં પણ યશ પ્રાપ્તિ ન થવાથી દુર્યોધન ખિન્ન મને ભીષ્મ પાસે જઈને બોલ્યોઃ 'આજ સુધીમાં તમે એક પણ પાંડવને માર્યો નહીં તેથી તમે પાંડવોના પક્ષપાતી છો. કર્ણ પાસે આવું થયું ન હોત.' એ સાંભળીને ભીષ્મને ગુસ્સો આવ્યો. એ બોલ્યાઃ તને કાલે જ યુદ્ધ ચમત્કાર બતાવીશ. તેણે તે પ્રમાણે બીજા દિવસે ઘનઘોર યુદ્ધ કર્યું. ભીષ્મ કોઈનાથી હારતા નહોતા. છેલ્લે સૂર્યાસ્ત થવાથી બધા પોત પોતાના તંબુમાં ગયા. દસમા દિવસે શિખંડીને આગળ કરીને અર્જુને ભીષ્મને રથમાંથી નીચે પાડયા. ભીષ્મે દક્ષિણાયન હોવાથી પ્રાણ છોડયા નહીં. ઉત્તરાયણ આવ્યા પછી તેમને દેહ ત્યાગ કર્યો.

અગિયારમા દિવસે દ્રોણાચાર્ય કૌરવોના સેનાપતિ થયા. અર્જુને મહાભયંકર યુદ્ધ કરીને ભગદત્તનો સંહાર કર્યો. એ જ પ્રમાણે તેણે વૃહકેતુ અને અચળ એ બંને ભાઈઓને ઠાર માર્યા. પછી સૂર્યાસ્ત થવાથી યુદ્ધ બંધ થયું. બારમા દિવસે દ્રોણે ચક્ર વ્યુહ રચ્યો અને પાંડવોએ સુવર્ણ વ્યુહ રચીને યુદ્ધ ચાલુ કર્યું. અભિમન્યુ ધર્મની આજ્ઞા લઈને આગળ ગયો. તેણે દ્રોણાચાર્ય અને ઈતર વીરોને ખૂબ ત્રસ્ત કરી મૂક્યા. પછી અભિમન્યુ યુદ્ધ કરતાં એ વ્યુહમાં આવ્યો. ત્યાં તેણે ઘણાં વીરોને રક્ત સ્નાન કરાવી ઠાર માર્યા. એ જોઈને બધાને થયું કે આ તો જાણે અર્જુન જ છે. અભિમન્યુ યુદ્ધ કરતાં કરતાં બેભાન થયો, તેટલામાં દુઃશાસને અભિમન્યુના માથા પર ગદા મારી. અભિમન્યુ મરણ પામ્યો અને એ સ્થિતિમાં જયદ્રથે તેને લાત મારી. એ કારણે બધે 'આ યુદ્ધ નથી' એમ ગર્જનાઓ થવા લાગી.

કૌરવોએ અધર્મથી યુદ્ધ કર્યું અને અભિમન્યુને અન્યાયથી માર્યો એ પાંડવોને જણાયું. આ વાતની અર્જુનને ખબર પડતાં જ તેણે પ્રતિજ્ઞા કરી 'કાલે સૂર્યાસ્ત પહેલાં હું જયદ્રથને મારીશ અને એ પ્રમાણે ન થાય તો હું અગ્નિમાં બળી મરીશ.' દૂત પાસેથી આ વાત કૌરવોને જણાઈ ત્યારે કર્ણ, કૃપાચાર્ય, અશ્વત્થામા વગેરે મહાન યોદ્ધા જયદ્રથની મદદે જશે એમ દુર્યોધને કહ્યું. બીજા દિવસે જયદ્રથ અર્જુનના સામે આવ્યો નહીં. માત્ર સૂર્યાસ્ત થવામાં થોડો સમય હતો એ ખબર પડતાં જ શ્રી કૃષ્ણએ પોતાનું સુદર્શન ચક્ર સૂર્યને આડે મૂક્યું. એ કારણે સૂર્યાસ્ત થયો એમ બધાને લાગ્યું. અર્જુનની દૃષ્ટિ એક સરખી જયદ્રથ પર જ હતી. સૂર્યાસ્ત થવાથી જયદ્રથ સામે આવ્યો. એટલામાં શ્રી કૃષ્ણએ ચક્ર બાજુમાં કર્યું અને સૂર્ય દેખાવા લાગ્યો. ત્યારે શ્રી કૃષ્ણએ અર્જુનને કહ્યુંઃ 'અર્જુન, હજી સૂર્યાસ્ત થયો નથી અને સામે જો જયદ્રથ ઊભો છે. આ સાંભળીને અર્જુને એક બાણથી જયદ્રથનું માથું ઉડાવી દીધું. આ શિર જેના હાથમાં પડશે એને તત્કાળ મરણ આવશે એમ ભવિષ્ય શ્રી કૃષ્ણએ અર્જુનને કહ્યું. તેથી અર્જુને બીજું બાણ છોડીને એ શિર એના પિતા સિંધુરાજાના હાથમાં પાડયું. એ કારણે એ પણ મૃત્યુ

પામ્યો. આ પ્રમાણે અર્જુન આનંદથી પાછો ગયો, પણ કૌરવોનાં મ્હોં કાળા થયાં. સૂર્ય આથમ્યો તો પણ રાત્રે યુદ્ધ ચાલુ જ હતું. દ્રોણ અને દુર્યોધન આ બંને અંદર અંદર અર્જુન માટે લડતા હતા. એ વખતે ઘટોત્કચનો પુત્ર અંજનપર્વ વગેરે અનેક ઉત્તમ વીરો મૃત્યુ પામ્યા હતા. આ વૃત્તાંત ઘટોત્કચને જણાતાં એ હજારો રાક્ષસો સાથે આવી કૌરવો સામે યુદ્ધ કરવા લાગ્યો. ત્યારે દુર્યોધનના કહેવાથી કર્ણે ઇંદ્રએ આપેલી શક્તિ ઘટોત્કચના શરીર પર નાખી. એ શક્તિ પોતાના શરીર પર આવે છે એ જોઈને પાંડવોનું હિત સાધવા માટે સ્વેચ્છાએ પોતાના શરીર પર લઈ ઘટોત્કચ મૃત્યુ પામ્યો.

દ્રોણાચાર્ય અને ધર્મરાજા એ બંને વચ્ચે ખૂબ ભયંકર યુદ્ધ થયું. દ્રોણ ધર્મથી હારતા નહોતા. છેલ્લે પાંડવોના સેનાપતિ ધૃષ્ટધુમ્ને શ્રી કૃષ્ણની મદદથી દ્રોણનો સંહાર કર્યો. એ વૃત્તાંત અશ્વત્થામાને જણાતાં પાંડવો સાથે યુદ્ધ કરવાની શરૂઆત કરી. પરંતુ અર્જુને એને ભગાડી મૂક્યો. અશ્વત્થામા ત્યાંથી નીકળ્યો અને ગંગાના કાંઠે તપશ્ચર્યા માટે બેઠો અને વરપ્રભાથી પૃથ્વી નિષ્પાંડવી કરવાનો એણે નિશ્ચય કર્યો. એ જ સમયે વ્યાસે અશ્વત્થામાને મળીને કહ્યું કેઃ તું વ્યર્થ શ્રમ લઈશ નહીં, કારણ કોઈ પણ દેવ તને એવો વર આપશે નહીં. ઉલટું યુદ્ધ મૂકીને ભાગ્યો એમ દૂષણ તને લાગશે માટે જલ્દી જા અને યુદ્ધ કર અને પરાક્રમ કર.' એ સાંભળી અશ્વત્થામા ફરી સૈન્યમાં આવ્યો.

દ્રોણનો નાશ થયો માટે દુર્યોધને કર્ણને સેનાપતિ નીમ્યો. કર્ણને સેનાપતિ નીમવાના પહેલાં તેની પાસેથી દુર્યોધને દાન ધર્મ કરાવ્યું. કર્ણ રથમાં બેસીને તૈયાર થયો. બધાનો આદેશ લઈને એ યુદ્ધમાં જવા તૈયાર થયો. કર્ણએ પાંડવોના મોટા યોદ્ધા માર્યા પછી ધર્મ સાથે યુદ્ધ કરવા લાગ્યો. કર્ણ ધર્મને પકડીને તેના ગળામાં ધનુષ્ય મારવા જાય છે ત્યાં જ તેને કુંતીમાતાની યાદ આવતાં વચન યાદ આવ્યું અને એ પ્રમાણે તેણે ધર્મને છોડી દીધા.

અર્જુને કર્ણના પુત્ર વૃષસેનને ઠાર માર્યો. તે જોઈને ભીમને એની પ્રતિજ્ઞા યાદ આવી અને ભીમનું અને દુઃશાસનનું ભયંકર મલ્લ યુદ્ધ થયું. ભીમે એને નીચે પાડયો અને ગર્જના કરતાં બોલ્યોઃ 'દુર્યોધન, કર્ણ, શકુનિએ ભરસભામાં દ્રૌપદીની ચેષ્ટા કરવામાં જેણે પ્રોત્સાહન આપ્યું એ દુષ્ટ દુઃશાસનનો તમારી સામે વધ કરીને હું પ્રતિજ્ઞા પૂર્ણ કરીશ. એમ કહીને ભીમે ગદાઘાતથી એને છિન્નભિન્ન કર્યો. તેના લોહીથી ભરેલા હાથે તેણે દ્રૌપદીને ચોટલોવાળી પ્રતિજ્ઞા પૂર્ણ કરી.'

કર્ણના યુદ્ધથી પાંડવ સૈન્ય છિન્નભિન્ન થવા લાગ્યું એ જોઈને શ્રી કૃષ્ણએ અર્જુનનો રથ કર્ણની દિશામાં ફેરવ્યો. બંને વીર સામસામે આવતાં જ મોટા આવેશથી યુદ્ધ કરવા લાગ્યા. પછી એક બાણ પર ગુપ્ત રૂપે તક્ષક પુત્ર બેઠો હતો એ બાણ કર્ણએ હાથમાં લીધું. એ બાણના તેજથી બધે દિવ્ય પ્રકાશ પડવા લાગ્યો. બધાની આંખો અંજાઈ ગઈ. કર્ણનું એ બાણ અર્જુનનો કંઠ ચૂકીને મુગટ પર ગયું અને મુગટના શતશઃ ટુકડા થયા. પછી કૃષ્ણએ અર્જુનનો રથ કર્ણના રથ પાસે લાવી ભીડાવ્યો. એ સમયે કર્ણના રથના ચાક જમીનમાં જવા લાગ્યા. "તારા રથના ચાક જમીનમાં જશે એ વખતે તારો અંતઃકાળ છે." એમ શ્રાપ એક બ્રાહ્મણે કર્ણને આપ્યો હતો. એ શ્રાપ યાદ કરી પોતાનું આયુષ્ય ખતમ થયું છે એમ કર્ણને લાગ્યું. પરશુરામના શ્રાપ સિવાય એને કોઈ અસ્ત્ર-મંત્ર યાદ આવતા નહોતા. એ રથના ચાક બહાર કાઢવા માટે કર્ણ નીચે ઉતર્યો. એ જ વખતે અર્જુને શિવદત્ત બાણ કાઢીને કર્ણનું શિર ઉડાવ્યું. કર્ણનો વધ થયા પછી અર્જુન અને શ્રી કૃષ્ણ પોતપોતાના શંખ વગાડતા આનંદથી પાછા ફર્યા.

કર્ણ વધને કારણે દુર્યોધનને ખૂબ જ દુઃખ થયું. એના બધા મુખ્ય યોદ્ધાઓ અવસાન પામ્યા હતા. પછી શલ્યને પોતાનો સેનાપતિ નીમીને દુર્યોધન યુદ્ધ કરવા લાગ્યો. શલ્યએ વ્યુહ રચીને દુર્યોધનને ઊભો કર્યો. જમણી બાજુ કૃપાચાર્ય, પાછળ અશ્વત્થામા એમ ઊભા કરીને અગ્રભાગે પોતે ઊભો રહ્યો. એમ વ્યુહ ગોઠવવા છતાં પણ અર્જુને અને ભીમે એ વ્યુહ

તોડીને હજારો સૈન્યનો સંહાર કર્યો. ધર્મરાજા અને શલ્ય વચ્ચે યુદ્ધ થયું એમાં શલ્ય મરણ પામ્યો. કૌરવોનો નાશ થયો. એમના બધા વીર માર્યા ગયા અને પાંડવોનું પણ ખૂબ જ સૈન્ય માર્યું ગયું. કૌરવ સૈન્ય જ્યાં ત્યાં ભાગવા લાગ્યું. પછી ભીમે પોતાની ગદાથી એ બધાનો નાશ કર્યો. આ બધો વૃત્તાંત સાંભળીને અને જોઈને દુર્યોધન ભાગવા લાગ્યો. હવે પોતાને કોઈ પણ રાખનાર નથી એમ સમજીને દુર્યોધન દોડવાનો વિચાર કરવા લાગ્યો. અહીં પાંડવો કૌરવોના સૈન્યને મારવા લાગ્યા. તે સંધી સાધીને છેલ્લે દુર્યોધન ગુપ્ત રીતે દ્વેપાયન સરોવરમાં છુપાઈ ગયો. પછી પાંડવો દુર્યોધનને શોધવા લાગ્યા.

કૃતવર્મા, કૃપાચાર્ય અને અશ્વત્થામા પણ તેને શોધતા શોધતા સરોવર પાસે ગયા. તેમણે દુર્યોધનને બૂમ મારીને કહ્યું; 'હવે છુપાઈને કેમ બેસે છે ? પાંડવો સૈન્ય લઈને આવે છે. આપણે હવે એમની જોડે લડાઈ કરીશું.' એ પાંડવોના એક સૈનિકે સાંભળ્યું અને ભીમને જઈને કહ્યું. પછી પાંડવો તરત જ ત્યાં આવ્યા એની જાણ થતાં જ કૃતવર્મા, કૃપાચાર્ય અને અશ્વત્થામા ત્રણે ભાગી ગયા. ફક્ત દુર્યોધન એકલો જ રહ્યો.

ધર્મરાજ સરોવર પાસે ગયા અને બોલ્યાઃ 'દુર્યોધન, હવે છુપાઈને બેસવાનો શું અર્થ છે ! આટલા દિવસ અનીતિથી વર્ત્યો. એનું હવે પ્રાયશ્ચિત કર !

દુર્યોધન ભીતિયુક્ત સ્વરમાં બોલ્યોઃ 'ધર્મરાજા, મને કંઈ નથી જોઈતું. સર્વ રાજ્ય તમારા સ્વાધીન કરીને હું અરણ્યમાં જાઉં છું.'

ભીમ બોલ્યોઃ 'દુર્યોધન, અમને નપુંસક બોલીને તે જાણી જોઈને ચીડાવ્યા હતા, આજ સુધી તારા લીધે બંને પક્ષે કેટલો નાશ થયો આ વાતનો બદલો ન લઈએ ત્યાં સુધી હવે તને છુટો કેમ છોડું ? ચાલ બહાર આવ.'

દુર્યોધન બોલ્યોઃ 'ઠીક છે, તો હું બહાર આવું છું પણ બધા મારા પર એકદમ પ્રહાર કરશો નહીં.'

ધર્મરાજ બોલ્યાઃ 'બહાર આવ અને તારી ઈચ્છા થાય એમ યુદ્ધ કર.'

દુર્યોધન બહાર આવ્યો. ત્યારે સાત્યકી અને ધૃષ્ટધુમ્ન દુર્યોધનને જોઈને કુચેષ્ટાથી હસવા લાગ્યા. એ જોઈને દુર્યોધનને ખરાબ લાગ્યું. દુર્યોધન બોલ્યોઃ 'ધર્મરાજા, હું એકલો છું. એક સાથે અનેકોને યુદ્ધ કરવું નહીં એ નીતિ છે.'

અર્જુન બોલ્યોઃ 'અભિમન્યુ સાથે લડતી વખતે તને આ વાત ધ્યાનમાં કેમ ન આવી.'

એટલામાં દુર્યોધન ગદા લઈને આગળ આવ્યો. ભીમ પણ આગળ આવ્યો. એક મોટી ગર્જના કરતો ભીમ બોલ્યોઃ 'અરે અંધપુત્ર, હમણાં સુધી જે સૈન્યનો નાશ થયો એ સર્વ તારા લીધે જ થયો. ત્યારે હવે તારો નાશ કરીને આ રણયજ્ઞ પૂરો કરું.

એટલામાં તીર્થયાત્રા કરતા બલરામ ત્યાં આવ્યા. બધાએ તેને નમન કર્યા. ત્યારે એ બોલ્યાઃ 'તમે અહીં યુદ્ધ ન કરશો. નજીક જ 'સ્યમંતપંચક' તીર્થક્ષેત્ર છે ત્યાં યુદ્ધ કરો. ત્યાં મરનારને મોક્ષ મળે છે. એ સાંભળીને બધા એ જગ્યાએ ગયા અને યુદ્ધ કરવા લાગ્યા.

દુર્યોધન ભીમ પર પ્રહાર મારવાના વિચારમાં હતો ત્યાં જ ભીમે ગદાથી એનો પગ તોડ્યો. એ ક્ષણે દુર્યોધન નીચે પડયો. પછી ભીમે તેને લાત મારીને પરાસ્ત કર્યો અને દ્રૌપદી વસ્ત્રાહરણના સમયની યાદ કરી અને તેની પ્રતિજ્ઞા પૂર્ણ કરી.'

ધર્મરાજાએ ભીમને કહ્યુંઃ 'તારું આવું કરવું અયોગ્ય છે.'

ભીમ દુર્યોધનના સામું જોતો વિજયી મુદ્રામાં જ ઊભો રહ્યો.

બલરામ પણ બોલ્યાઃ ‘મૂર્ખ, કમર નીચે ક્યાંય પણ ગદાનો પ્રહાર કરવો નહીં એમ હોવાથી તું પગ પર પ્રહાર કરીને ધર્મ છોડીને અધર્મ યુદ્ધ કરે છે ?

ત્યારે શ્રી કૃષ્ણ વચ્ચે આવીને એમને સમજાવતાં બોલ્યાઃ ‘દ્રૌપદીને ખોળામાં બેસાડવાને બદલે ભીમની ગદા તારા ખોળામાં હશે.’ ભીમે આ પ્રતિજ્ઞા પૂર્ણ કરી છે તેમજ તારો પગ તૂટશે ત્યારે તું મરણ પામીશ.’ એમ દુર્યોધનને મૈત્રેય ઋષિનો શ્રાપ હતો એ પ્રમાણે જ થયું છે ! એમ બલરામને સમજાવીને દ્વારકામાં મોકલ્યા.

ભીમે દુર્યોધનનો પગ તોડયો હતો. એ કારણે અચેતન પડયો હતો, પણ હજી જીવંત હતો. આ સ્થિતિમાં પણ એ શ્રી કૃષ્ણની આલોચના કરતો હતો.

એ સમયે શ્રી કૃષ્ણએ અર્જુનને અક્ષયભાથા અને ગાંડીવ ધનુષ્ય લઈને પોતાના પહેલાં રથ નીચે ઉતરવા માટે કહ્યું. પછી શ્રી કૃષ્ણ ઉતર્યા એટલામાં મારુતિ શ્રી કૃષ્ણને નમન કરીને રામેશ્વર નીકળી ગયા. અર્જુને નીચે ઉતરતાં જ શ્રી કૃષ્ણએ રથના ઘોડા છોડયા. એ સાથે જ રથ બળીને ભસ્મ થયો. પાંડવોને આશ્ચર્ય થયું.

તેથી તેમણે શ્રી કૃષ્ણને એ વિષયે પૂછતાં શ્રી કૃષ્ણએ કહ્યું કેઃ કર્ણ, દ્રોણ, ભીષ્મ એમણે જે અનેક તીવ્ર શસ્ત્રો નાખ્યાં હતાં એ મેં આજ સુધી દબાવી રાખ્યાં હતાં. પણ હવે દુષ્ટોનો નાશ થતાં જ આ શક્તિ મેં દૂર કરી છે ત્યારે તે શસ્ત્રો એકદમ પ્રજવલિત થયાં અને રથ બળ્યો. પછી દુર્યોધનની સંપત્તિની યોગ્ય વ્યવસ્થા કરી.

પછી શ્રી કૃષ્ણ હસ્તિનાપુર આવ્યા અને શોક - વિલાપ કરતાં ગાંધારી અને ધૃતરાષ્ટ્રને મળ્યા. તેમને સમજાવીને બોલ્યાઃ ‘હવે દુઃખ કરવાથી શું થવાનું છે.

ગાંધારી કહેઃ તમે કહેતા હતા તેમજ થયું. ‘જયાં ધર્મ ત્યાં જય !’

પછી ભગવાને કહ્યુંઃ તું મહાપતિવ્રતા છે. પાંડવોને પોતાના પુત્રો સમજ, ધર્મરાજાને તમારા બંને માટે ખૂબ દુઃખ છે.’ શ્રી કૃષ્ણ આમ કહેતા હતા એટલામાં વ્યાસ આવ્યા તેમણે પણ એ બંનેને સમજાવ્યાં.

યુદ્ધ ભૂમિમાં દુર્યોધન ધૂળમાં જ હજી પડયો હતો. ત્યાં અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા તેને તેવી સ્થિતિમાં મળ્યા. તેને ખૂબ લાગી આવ્યું. પોતાના પછી માતા પિતાનું શું થશે ? એ દુઃખથી એ વિહ્વળ થઈને પડયો હતો.

દુર્યોધન બોલ્યોઃ ‘આ સ્થિતિ માટે મને દુઃખ થતું નથી પણ પાંડવો પૈકી એક પણ મર્યો નહીં એ જોઈને મને દુઃખ થાય છે.’ અશ્વત્થામાએ પ્રતિજ્ઞાપૂર્વક પાંડવોને ઠાર મારવાનું આશ્વાસન આપ્યું. દુર્યોધને તરત જ અશ્વત્થામાને સેનાપતિ તરીકે નીમ્યો.

મધ્યરાત્રી સમયે પાંડવો, શ્રી કૃષ્ણ અને સાત્યકી કંઈક મહત્ત્વનો વિચાર કરતા છાવણીથી દૂર ગયા હતા એવા સમયે અશ્વત્થામા ચોરની જેમ એમની છાવણીમાં ઘૂસ્યો. અર્જુને છાવણી રક્ષણ માટે મૂકેલા રુદ્રને પણ ન માનતાં તે તલવાર લઈને છાવણીમાં અંદર ગયો. બહાર કૃપાચાર્ય અને કૃતવર્માને રક્ષણ માટે ઊભા રાખ્યા હતા. અંદર તેણે ધૃષ્ટધુમ્ન, ઉત્તમમૌજા, યુધામાન્યૂ અને પાંડવોના પાંચે ય પુત્રો ઊંઘતા હતા તેને મારી નાખ્યા. કોલાહલ સાંભળીને બીજા બધા જાગી ગયા અને એ બહાર ભાગવાનો વિચાર કરવા લાગ્યા. ત્યાં કૃતવર્મા અને કૃપાચાર્યે તેમને યમસદન મોકલ્યા. એક પણ વીર સૈનિક યોદ્ધાને તેમણે બાકી રાખ્યા નહીં.

ઘોર કંદન કરીને એ ત્રણે દુર્યોધન પાસે આવ્યા અને તેમણે બધી હકીકત કહીને પાંડવોનાં મસ્તક કાપીને લાવ્યાનું દુર્યોધનને કહ્યું. દુર્યોધને ભીમનું શિર માગતાં જ અશ્વત્થામાએ તે આપ્યું. તેણે જમીન પર પછાડતાં જ તે તૂટી ગયું.

દુર્યોધન હતાશ થઈને બોલ્યોઃ 'અરે, પાંડવો તો હજી જીવતા જ છે. એ તો એમના પુત્રોનાં શરીર છે.' દુર્યોધન દુઃખ કરવા લાગ્યો અને દેવનું નામ સ્મરણ કરવા લાગ્યો. 'ત્યારે ભગવાને બુદ્ધ રૂપે પ્રગટ થઈને દુર્યોધનને આશીર્વાદ આપ્યા. દુર્યોધનની પ્રાણજ્યોતિ નીકળીને બુદ્ધ ભગવાનના શરીરમાં પ્રવિષ્ટ થઈ. યુગાંતરે દૈત્ય શંખાસુરને આપેલ વચન ભગવાને પૂર્ણ કર્યું. ભગવાનના અવતાર પાત્ર પ્રણાલિકાનુસાર દુર્યોધનને ફક્ત દર્શન આપીને મૌનધારી બુદ્ધ દેવે દુર્યોધનની આત્મજ્યોતિ આત્મસ્વરૂપમાં વિલીન કરી દીધી. ત્યાંથી જ ભગવાનના નવમા બુદ્ધ અવતારનો વારો શરૂ થયો. સદ્ભક્ત પાંડવોના ઉદ્ધાર માટે દોડી આવેલા શ્રી યોગેશ્વર ભગવાન શ્રી કૃષ્ણએ જ ભગવાન શ્રી બુદ્ધ રૂપ ધારણ કર્યું હતું.'

અહીં જાન્હવીના તીર પર રહેલ ધૃષ્ટદ્યુમ્નના એક સારથીએ અશ્વત્થામાનું એ અઘોર કૃત્ય પાંડવોને જઈને કહ્યું. પોતાના વંશનો નાશ થયો એ સાંભળીને પાંડવોને અતિશય દુઃખ થયું. એ બધા છાવણીમાં આવ્યા. ઉપલવ્યથી દ્રૌપદી સુભદ્રાને લાવ્યા. તેમને ખૂબ જ શોક થયો. દ્રૌપદી બોલીઃ મારા પુત્રને યુદ્ધના મેદાનમાં મરણ આવ્યું હોત તો તેનું કંઈક સાર્થક થયું એમ લાગ્યું હોત. અશ્વત્થામાનો શિરચ્છેદ કરો નહીં તો હું પ્રાણાર્પણ કરીશ.

ભીમ અર્જુન અશ્વત્થામાને શોધવા લાગ્યા. ભીમને જોઈને અશ્વત્થામા વ્યાસની પાછળ છુપાયો એ પહેલાં જ ભીમ ત્યાં આવી પહોંચ્યો. હવે ભીમ પોતાની સામે આવે છે એમ લાગતાં જ તેણે 'પાંડવોનો નાશ થાય' એમ કહીને મંત્ર જપીને બ્રહ્માસ્ત્ર ફેંક્યું. એટલામાં અર્જુન અને ધર્મ ત્યાં ગયા. જે અસ્ત્ર અશ્વત્થામાએ છોડયું હતું તે તેને અને અર્જુનને દ્રોણે આપેલ હતું અને એકદમ નિર્વાણીના યોગ્ય સમયે જ વાપરવાનું કહ્યું હતું. અશ્વત્થામાએ છોડેલ અસ્ત્રનો નાશ કરવા માટે અર્જુનને પણ તે અસ્ત્ર છોડવું પડયું હતું. બંને અસ્ત્રોની લડાઈ થતાં જ ગગનમાં જવાળાઓ ફેલાઈ. હવે જગતનો નાશ થશે કે શું એમ બધાને લાગ્યું.

વ્યાસ અને શ્રી કૃષ્ણએ બંનેને અસ્ત્રો પાછા વાળવા કહ્યું. અર્જુને તરત જ પોતાનું અસ્ત્ર પાછું ખેંચ્યું, પણ અશ્વત્થામાનું પુણ્ય ઓછું પડવાથી તેનાથી એ પાછું વળ્યું નહીં. અર્જુને એનાથી પાંડવોનું રક્ષણ કર્યું પણ ઉત્તરાના ગર્ભને માત્ર ઈજા પહોંચી. એ સમયે શ્રી કૃષ્ણને ખૂબ ગુસ્સો આવ્યો અને એમને અશ્વત્થામાને કહ્યું; 'તું બાળહત્યા કરે છે માટે તું ત્રણ હજાર વર્ષ પિશાચ યોનીમાં જઈશ. તું દૂબળો થઈને બે હાલ ભોગવીશ. તને કોઈ સત્પુરુષ મળશે નહીં. દ્રોણના પેટે આવીને તે દુષ્કીર્તિ બધે જ મેળવી છે. હું ઉત્તરાના પેટે આવનાર બાળકનું રક્ષણ કરીશ. તેને જે પુત્ર થશે એ કૃપાચાર્ય પાસે શિક્ષણ લેશે અને વડીલ અને દાદાની જેમ સાઈઠ વર્ષ રાજય કરશે. તારો વધ કરવો એ જ કામ હવે બાકી છે પણ તું દ્રોણાચાર્યનો છે, ગુરુપુત્ર છે અને તારા પાસે શસ્ત્ર સિવાય કંઈ નથી, ત્યારે તારા માથા પરનો આ મણિ કાઢીને અર્જુનને આપ અને આવેલ મરણથી દૂર થા.' વ્યાસ અને નારદે પણ એ જ કહ્યું. પણ અશ્વત્થામાએ કોઈની વાત સાંભળી નહીં. છેલ્લે અર્જુને બાણ મારીને એ મણિ કાઢી લીધો. શ્રી કૃષ્ણે દ્રૌપદીને મણિ બતાવ્યો અને તેનું સાંત્વન કર્યું. ઉત્તરાના પેટમાં રહેલ ગર્ભનું બ્રહ્માસ્ત્રથી રક્ષણ કરવા માટે શ્રી કૃષ્ણએ કરાંગુલિ એટલું રૂપ લઈને પેટમાં પ્રવેશ કરીને સુદર્શનથી એ અસ્ત્ર કાઢયું અને ગર્ભનું રક્ષણ કર્યું. જન્મતાં જ એ પુત્ર પોતાનું રક્ષણ ક્યાં છે તે માટે પ્રત્યેકના મુખ તરફ પરીક્ષાપૂર્વક જોવા લાગ્યો માટે તેનું નામ પરીક્ષિત રાખ્યું.

ત્યારે જીત્યા પાંડવો કૌરવ કુળ નિકંદન કીયો, ત્યાં અઢાર અક્ષૌહિણી ધ્વંસ જ થયો. ॥૯૦૦॥
કહે અર્જુન મેં માર્યાં કૌરવ સર્વે દળ સમેત, ભીમ કહે એ મારી ગદા તણો પ્રતાપ. ॥૯૦૧॥
તેને લઈ શ્રી કૃષ્ણ બર્બરીક પાસે જાયે, ભાઈ આવો યુદ્ધ જીત્યા કોણ સહાયે. ॥૯૦૨॥

કહે બર્બરીક સ્વામી હરિહર વિના કોણ હોયે, સ્વામી તમારા સમર્થ પ્રતાપ સોયે. ॥૬૦૩॥
ભકત પાંડવ ઉપર તમે સદા કૃપાળ, તમે રક્ષા કીધી ભકતોની હો દીન દયાળ. ॥૬૦૪॥
એમ કહી બર્બરીકે છોડયા પ્રાણ, તે તેજ જઈ મળ્યા શ્યામ શરણ. ॥૬૦૫॥
ટિંટોડીના ઈંડાં દષ્ટે પડયાં તતખેવ, તેણે તમે અનામત રાખ્યાં હો દેવ. ॥૬૦૬॥
સૈન્યમાં તેજી તોખાર અનેક રાજા ક્ષત્રી જાત, તેવા ટોળામાં ઈંડાં કોણ માત્ર. ॥૬૦૭॥
જે દેવે લખ્યું હશે તે થશે પેર, ટિંટોડીનાં ઈંડા ઉપર કરવી મહેર. ॥૬૦૮॥
ભાઈ તમ પાંડવો પર સ્નેહ, તેથી યુદ્ધમાં જીત્યા એ નિશ્ચે તેહ. ॥૬૦૯॥

મહાભારતના યુદ્ધમાં કૌરવોના કુળનો સંહાર થયો. અઢાર અક્ષૌહિણી સૈન્ય માર્યું ગયું. વિજયી થઈને પાંડવો છાવણીમાં આવ્યા. પછી હસ્તિનાપુરમાં નગરજનોએ મોટો ઉત્સવ કર્યો. ત્યારે અર્જુનના મનમાં ગર્વ ઉત્પન્ન થયો. એ બોલ્યોઃ 'કૌરવોનું અઢાર અક્ષૌહિણી સૈન્ય મારા જ સામર્થ્યથી નષ્ટ થયું. મારા લીધે જ ધર્મને રાજ પ્રાપ્તિ થઈ. એ માટે ખરેખર જ હું ધન્ય છું.'

અર્જુનની ગર્વોકિત વાણી સાંભળ્યા પછી ભીમે પોતાની ગદા સરસાવી અને એ બોલ્યોઃ 'અરે અર્જુન, પોતાના પરાક્રમની શું બઢાઈ કરે છે. ખરો વિજય તો આ મારી ગદાએ મેળવ્યો. તને ખોટું લાગતું હોય તો પૂછ શ્રી કૃષ્ણને. એ નિઃપક્ષપણે ખરું શું એ કહેશે.'

શ્રી કૃષ્ણએ કહ્યુંઃ તમારા બંનેના વિચાર જાણ્યા હવે આપણે બર્બરીક પાસે એનો ખુલાસો કરીશું. પછી એ બધા રથમાં બેસીને રણભૂમિ પર બર્બરીક પાસે આવ્યા અને શ્રી કૃષ્ણએ બર્બરીકને પૂછ્યુંઃ અરે બાળક, આ રણમાં ખરેખર પરાક્રમ કોણે કર્યું, એ પૂર્વજનોના પુણ્યથી તને ખબર પડી ? ખબર હોય તો કહે.

આ સાંભળીને બર્બરીક બોલ્યોઃ 'હું અસત્ય બોલીશ નહીં. આ રણમાં અર્જુનના ગાંડીવ આગળ અને ભીમની ગદા આગળ એક એવી અલૌકિક શક્તિ યુદ્ધ કરતી હતી કે તેને એક બાજુ એક મુખ ચાર હાથ અને બીજી બાજુ પાંચ શિર દસ હાથ રહેલી 'હરિ અને હર' શક્તિ યુદ્ધ કરતી હતી. તેને શ્રી કૃષ્ણનું સુદર્શન ચક્ર અને હનુમાનની પૃચ્છ સહાય કરતી હતી. એ જ શક્તિથી સર્વ સૈન્યનો નાશ થયેલો મેં જોયો. શ્રી કૃષ્ણ ! હવે મારી ઈચ્છા પૂર્ણ થઈ, તમે હવે તમારું દાતૃત્વ સંભાળો હું હવે જઉં છું.' તેનું એમ બોલવાનું પૂરું થતાં જ શ્રી કૃષ્ણએ બર્બરીકના શરીરમાંથી જીવ કાઢી લીધો અને બર્બરીક શરીર છોડીને પરલોક ગયો.

પછી બર્બરીકનું ઉત્તર કાર્ય કરીને અર્જુન અને ભીમ શ્રી કૃષ્ણ સાથે પાછા જતા હતા ત્યારે રસ્તામાં એક ગજઘંટ પડયો હતો, એ ઉપાડવા માટે શ્રી કૃષ્ણએ અર્જુનને કહ્યુંઃ અર્જુને એ ઉપાડવાથી એ ઘંટની નીચે બેઠેલ લાવરી પક્ષી (તિતર પક્ષી) ઉડી ગયું. આ ચમત્કાર જોઈને અર્જુનને આશ્ચર્ય થયું અને અર્જુને શ્રી કૃષ્ણને કહ્યુંઃ 'દેવ, આટલા યુદ્ધમાં આ તિતર પક્ષી પોતાના ઈંડા સહિત જીવતું કઈ રીતે રહ્યું ?'

શ્રી કૃષ્ણએ ઉત્તર આપ્યોઃ 'અર્જુન, તને બધી ખબર હોવા છતાં આમ કેમ કહે છે ? આ પક્ષી બચે એ માટે એના પર હાથીનો ઘંટ જાણી જોઈને મેં મૂક્યો હતો. ખૂબ સમય થયો હોવાથી લાવરી અને તેનાં બચ્ચાં ગુંગળાઈને મરશે એ માટે તને ઉપાડવા કહ્યું. અર્જુન, એ જ પ્રમાણે અઢાર અક્ષૌહિણી સૈન્યનો નાશ થયો હોવાથી મેં તમને બચાવ્યા. યુદ્ધ સમાપ્ત થયા

પછી યાદવોને દ્વારકામાં મોકલીને તેમને દુર્યોધનની છાવણીમાં લઈ ગયા. અર્જુન, યુદ્ધ આરંભે વિશ્વ રૂપ બતાવીને સર્વ સૈન્યને મેં મારી નાખ્યાનું તને કહ્યું જ છે. તને મેં ફક્ત નિમિત્ત માત્ર કર્યો હતો. મારા વ્યક્ત અવ્યક્ત ગુણ અજ્ઞાની લોકો જાણતા નથી.'

જ્યારે કૌરવને જીતી આવ્યા પાંડવ રાય, ત્યારે સન્મુખ થયા છે કુંતી માય. ॥૬૧૦॥
કહે કુંતીજી તમે શું કહાવો છો ધર્મ, અને કૌરવો મારીને શું કીધાં કર્મ. ॥૬૧૧॥
ત્યારે પાંડવો તમે શું કીધો અપરાધ, કુળ લાંછન લાગ્યું આપણે શિર બાધ. ॥૬૧૨॥
તેડાવી પંડિત પૂછી જુઓ આજ, અને ઉતરાવો હત્યાને મેલો રાજ. ॥૬૧૩॥
રાજાને મન વિમાસણ થયું જયાંય, પાસે બેઠા પાંચે ભાઈ ત્યાંય. ॥૬૧૪॥
તેડાવી પંડિતને પૂછે છે પ્રશ્ન, અમે કૌરવો માર્યા છે રાજા દુર્યોધન. ॥૬૧૫॥
ઓચરે ભીમ સુણો ને ધર્મરાય, વાદે વઢયાનું પાપ નવ લેખાય. ॥૬૧૬॥
ત્યાં પછી પંડિતોએ કહ્યો છે ભેદ, અને યજ્ઞ કરો તમે રાજા અશ્વમેધ. ॥૬૧૭॥
મૂરત લઈને રાજા મંદિરમાં જાય, ત્યારે રથે બેસીને કૃષ્ણજી આય. ॥૬૧૮॥
ઓચરે કૃષ્ણજી સાંભળો ધર્મ રાય, અમૃત મેલીને વિષ કેમ ખાય. ॥૬૧૯॥
લાવો ઉદકને મેલો અમારે હાથ, કૌરવ હત્યા તે અમારે સાથ. ॥૬૨૦॥
વળતાં રાજા બોલ્યા છે ધરમ, સ્વામી પૂજીએ પાય કેમ આપીએ કરમ. ॥૬૨૧॥
કહે કૃષ્ણજી યજ્ઞ કરો શુદ્ધ ભાવ, પણ રખે આવે વખત જો ચૂકો દાવ. ॥૬૨૨॥
ત્યાં ભાવ જોઈને વળ્યા શ્રી ભગવાન, કહે આવે અભ્યાગત તેને દેજો માન. ॥૬૨૩॥

અઢાર દિવસ ચાલેલા આ યુદ્ધમાં કૌરવો તરફના કૃતવર્મા, કૃપાચાર્ય અને અશ્વત્થામા આ ત્રણ અને પાંડવો તરફના કૃષ્ણ, સાત્યકી અને પાંચ પાંડવો એ સાત જણા એમ કરીને માત્ર દસ જણ જીવતા રહ્યા એ સાંભળીને ધૃતરાષ્ટ્ર અને ગાંધારી બંનેને ખૂબ જ દુઃખ થયું.

ગાંધારીએ કહ્યું: 'લડાઈ પૂર્વે મને એક ચમત્કારિક સ્વપ્ન દેખાતું હતું. કાળાં કપડાં પહેરીને રાજમંદિરમાં હું બેઠેલી હતી ત્યારે એક વિધવા સ્ત્રીએ મારો ખોળો ભર્યો અને મારા વહુના કપાળનું કંકુ લૂછ્યું. એ ખરાબ સ્વપ્ન દુર્યોધનને જણાવ્યું હતું પણ તેણે સાંભળ્યું નહીં. અમારા પાપીપણાના કારણે આગળ શું અઘટિત કાર્ય સર્જાશે એ ખબર નહોતી અને એ સમય આજ આવ્યો !' એમ કહીને એ બંને શોક સાગરમાં ડૂબી ગયાં.

ત્યાં વ્યાસ ઋષિ આવ્યા. તેમણે ધૃતરાષ્ટ્રને કહ્યું: 'રાજા, શોક કરવાનો લેશ માત્ર અર્થ નથી. સંસારમાં કોઈ સુખી નથી. પ્રત્યેક પ્રાણીમાત્ર માતાના ઉદરમાં નવ મહિના રહે છે. જન્મ થયા પછી તેને કર્મ અનુસાર સુખ સાથે દુઃખો ભોગવવાં જ પડે છે. તારુણ્ય પ્રાપ્ત થતાં જ એ અભિમાનથી વર્તે છે. માતાપિતા અને ગુરુના શબ્દો કોડી સમાન ગણીને પત્નીના શબ્દને પ્રાધાન્ય ગણે છે. પરંતુ જ્યારે વૃદ્ધાવસ્થા આવે છે ત્યારે માતાપિતાએ અનુભવેલા દિવસો તેને પણ અનુભવવા પડે છે. હે રાજા, તારુણ્ય અને વૃદ્ધાવસ્થા એ કશાયમાં સુખ નથી. ત્યારે હવે તમારું વધેલું આયુષ્ય તમે ઈશ્વર ચિંતનમાં વિતાવો ! પાંડવોને તમારા પુત્ર જ સમજો ! એ તમારો તિરસ્કાર કરશે નહીં, અને હવે તમારા પુત્રોનાં ક્રિયા કર્મ કરો.'

સંજયે અને વિદુરે પણ ધૃતરાષ્ટ્રને એ જ સલાહ આપી. ત્યારે ના છૂટકે બધાનું કહેવું માન્ય કર્યું અને તે ક્રિયા કર્મ કરવા માટે તૈયાર થયા. અતિશય દુઃખથી ધૃતરાષ્ટ્રને મૂર્છા આવી ગઈ. શુદ્ધિમાં આવ્યા પછી એ ફરી ફરીને શોક કરવા લાગ્યા.

વિદુર બોલ્યા : હે રાજા, સર્વ જગત નાશવંત છે, ત્યારે પુત્ર માટે આ શોક કરવો વ્યર્થ છે. 'કર્મ એવાં ફળ.' આ નિયમથી જે થયું એ યોગ્ય જ થયું છે. માટે હવે શોક ન કરશો.'

પછી સૌ ક્રિયા કર્મની વિધિની સામગ્રી લઈ ગંગા નદીના કિનારે ગયા. ધૃતરાષ્ટ્ર, સંજય, વિદુર, ગાંધારી અને એમની પુત્રવધૂઓ, કુંતી, દ્રૌપદી, ઉત્તરા, દ્રોણ પત્ની કૃપિ, કૌરવ કુળની સ્ત્રીઓ, સમરાંગણમાં મૃત્યુ પામેલા ક્ષત્રિયોની પત્નીઓ, માતાઓ, બહેનો સર્વ રણક્ષેત્રે આવ્યાં. પછી પાંડવો, સાત્યકી, કૃપાચાર્ય આવ્યા. ગંગા તીરે બધાનો મેળાપ થયો. ધર્મએ ધૃતરાષ્ટ્રને આદરપૂર્વક નમસ્કાર કર્યા. પાંડવો અને કુંતીમાતાનો, ધૃતરાષ્ટ્ર અને પરિવારની સ્ત્રીઓ સાથે ચૌદ વર્ષ પછી પ્રથમ મેળાપ થયો. દ્રૌપદી, સુભદ્રા અને કુંતીમાતા વગેરેએ તેમજ ધૃતરાષ્ટ્રની બધી પુત્રવધૂઓએ અને શૂરપત્નીઓએ રણક્ષેત્ર પર દુઃખથી કરુણ કલ્પાંત કર્યું. ભીષ્મ બાણ શૈયા પર સૂતા હતા. ત્યાં જઈને બધાએ તેમને નમસ્કાર કર્યા.

ગાંધારીએ એ બધું જોઈને ઉદ્વેગથી શ્રી કૃષ્ણને કહ્યું કે; 'હે શ્રી કૃષ્ણ ! અમારા વંશનો આ નાશ કરવામાં તમે જ કારણભૂત છો. પાંડવોની પાછળ રહીને તમે આ નાશ કર્યો ત્યારે તમારા કુળનો પણ નાશ થશે !'

ત્યારે શ્રી કૃષ્ણ બોલ્યાઃ હે સતી ગાંધારી ! 'તારો આ શ્રાપ મને હિતકારક જ છે.'

પછી ધૃતરાષ્ટ્રે પોતાના સો પુત્રોની, ધર્મે પોતાના પુત્રાદિકોની દહન અને ઉત્તર ક્રિયા કરી. કર્ણના દેહને કોણ અગ્નિ આપે એવો પ્રશ્ન થયો. ત્યારે કુંતીનો માતૃપ્રેમ જાગૃત થયો. તેણે રડતાં રડતાં બધી હકીકત ધર્મને કહી, એ સાંભળીને ધર્મને ખૂબ દુઃખ થયું. કર્ણ એ મારો ભાઈ છે એ જો મને ખબર હોત તો મેં તેને બંધુપ્રેમથી રાખ્યો હોત. એ આટલો નગુણો નહોતો. આ સાંભળી યુધિષ્ઠિરનું હૃદય ખિન્ન થઈ ગયું અને તેમને કહ્યું કેઃ સ્ત્રીઓની જાત જ કપટી હોય છે એમ કહીને તેણે શાપ આપ્યો કે "હવે આગળ સ્ત્રીઓના મનમાં કોઈ જ ગુપ્ત વાત રહેશે નહીં." પછી તેમણે કર્ણની ઉત્તર ક્રિયા કરી.

ઉત્તર ક્રિયા થયા પછી બધાં પોતાની છાવણીઓમાં ગયાં. ધર્મ અને કુંતીમાતા માત્ર ગંગા તીરે મહિનાઓ સુધી રહ્યાં. ત્યાં ધર્મને મળવા માટે ધૌમ્ય, દુર્વાસા, વિશ્વામિત્ર, ભૃગુ, અત્રિ ઋષિ આવ્યા. તેમની પૂજા કરીને ધર્મ બોલ્યાઃ 'મારા હાથે કૌરવો, ગુરુ, પિતામહ, આપ્તમિત્રો અને ભાઈ કર્ણ આ બધાનો નાશ થયો છે. "આગ લાગે આ રાજ્યને અને ક્ષત્રિય ધર્મને, જે યોગે હું સર્વસ્વ પાપસાગરમાં ડૂબ્યો છું. મને રાજ્ય ન જોઈએ."

ત્યારે વ્યાસ મુનિએ યુધિષ્ઠિરને કહ્યું: 'ધર્મ, તારે રાજ્ય કારભાર સંભાળવો જ જોઈએ. રાજા સિવાય રાજ્ય સૂનું રખાય નહીં.

પછી સૌએ મળીને ધર્મનો રાજ્યાભિષેક કર્યો. શ્રી કૃષ્ણએ પાંચજન્ય શંખથી યુધિષ્ઠિર ઉપર જળ સિંચન કર્યું. પછી ધર્મરાજાએ ઘોષણા કરી કે આપણે સૌએ રાજા ધૃતરાષ્ટ્રના મતે ચાલવું. ધૃતરાષ્ટ્રના કહેવા પ્રમાણે જ પાંડવો વર્તશે. ભીમસેનનો યુવરાજ તરીકે રાજ્યાભિષેક કર્યો અને એ રીતે ધર્મરાજાએ રાજ્ય વ્યવસ્થા કર્યા પછી ભગવાન શ્રી કૃષ્ણ પાંડવોને ભીષ્મ પાસે લઈ ગયા. બાણ શૈયા પર સૂતાં જ ભીષ્મે ધર્મરાજાને રાજનીતિ, ગૃહસ્થધર્મ, ભક્તિમાર્ગ, આત્મજ્ઞાન વગેરે જ્ઞાનનો

ઉપદેશ કર્યો અને ઉત્તરાયણ આવતાં જ તેમણે નિજધામમાં પ્રયાણ કર્યું. દેવોએ એમના પર પુષ્પ વૃષ્ટિ કરી, દુદુંભિ વગાડયાં. ઋષિઓએ અને શ્રી કૃષ્ણએ ધન્ય ધન્ય બોલીને એમની સ્તુતિ કરી. શ્રી કૃષ્ણએ સર્વ રાજચિન્હો સાથે ભીષ્મની અંતિમ ક્રિયા કરી. પછી તેર દિવસ ત્યાં રહીને સર્વ પાછાં ફર્યા. શ્રી કૃષ્ણ અને પાંડવો હસ્તિનાપુરમાં આવ્યા. થોડા દિવસો પછી શ્રી કૃષ્ણ સૌની રજા લઈને દ્વારકા પ્રતિ સિધાવ્યા.

પોતાના સર્વ આપ્તજન, ગુરુ, મિત્રો, બંધુ રણાંગણમાં પોતાનાથી માર્યા ગયા એનું દુઃખ ધર્મને વારંવાર થતું હતું. એની એ જ વાત યાદ કરીને ધર્મને રડવું આવતું હતું. એ જોઈને કુંતીમાતા પણ વારંવાર ચિંતાતુર થઈ જતાં. ભીમ, અર્જુન સર્વ ભાઈઓ ધર્મને યથામતિ સમજાવી અને ક્ષાત્રધર્મમાં આ દોષ નથી વગેરે કહીને તેને શાંત કરવાનો પ્રયત્ન કરતા હતા, પણ સર્વ વ્યર્થ. આ પરિસ્થિતિથી વ્યથિત થયેલાં કુંતીમાતાએ એકવાર વ્યાસને ધર્મના ચિત્તની શાંતિ મેળવવા માટે શું કરવું એમ પૂછવાથી વ્યાસ ધર્મને મળ્યા. ધર્મએ તેમની પૂજા કરી અને પોતાનું દુઃખ પ્રગટ કર્યું. ધર્મ કહેઃ 'મારાથી અહીં રહેવાતું નથી. તમે ભીમને રાજ્ય આપો. મને તપોવનમાં જવા દો.'

આ સાંભળી વ્યાસ બોલ્યાઃ 'ધર્મ, તું અશ્વમેધ યજ્ઞ કર એટલે તને શાંતિ થશે અને પિતૃગણ પરલોકમાં તૃપ્ત થશે.'

ધર્મ બોલ્યાઃ 'પણ મારી પાસે તો અશ્વમેધ યજ્ઞ કરવા જેટલી સંપત્તિ નથી. આ યુદ્ધને કારણે પૃથ્વી પરના બધા રાજાઓનો નાશ થયો છે. એ કારણે એમના પુત્રો પાસે દ્રવ્ય માગવું મને યોગ્ય લાગતું નથી.

વ્યાસે કહ્યું: પહેલાં મરૂત રાજાએ મોટો યજ્ઞ કર્યો હતો. ત્યારે તેમણે બ્રાહ્મણોને અઢળક સંપત્તિ વહેંચી હતી. બ્રાહ્મણો એટલું બધું ધન લઈ જઈ શક્યા નહોતા તેથી તેમણે એ સંપત્તિ ત્યાં જ મૂકી દીધી હતી. એ દ્રવ્ય હજુ ત્યાં જ છે, તું એ લઈ આવ.'

ધર્મ બોલ્યાઃ 'હું આમ કરીશ તો સર્વ બ્રાહ્મણો મારી નિંદા કરશે.

વ્યાસ બોલ્યાઃ ધર્મ, અશ્વમેધ કરવો એ સરળ નથી. યજ્ઞ માટે વીસ હજાર બ્રાહ્મણો બોલાવીને અનુષ્ઠાન માટે બેસાડવા જોઈએ. પ્રત્યેક બ્રાહ્મણને સવા મણ સોનું, એક પાયલી રત્નો, એક એક હાથી અને એક એક ઘોડો તથા વસ્ત્રાલંકારો આપવાં જોઈએ અને એક વર્ષ વ્રત પાળવું જોઈએ. આ યજ્ઞ માટે શ્યામકર્ણ ઘોડો જોઈએ.'

ધર્મરાજાએ ઋષિઓની, પંડિતોની અને ભાઈઓની સંમતિથી અશ્વમેધ યજ્ઞ કરવાનું નક્કી કર્યું. ભગવાન શ્રી કૃષ્ણને સંદેશો મોકલીને બોલાવી લીધા.

શ્રી કૃષ્ણએ ધર્મરાજાને સમજાવતાં કહ્યું: 'ધર્મરાજા, તમે આ અશ્વમેધ યજ્ઞ કરો છો તે સારું છે પણ મારો પોતાનો મત હું તમને કહું છું કે આવા યજ્ઞોથી મનને શાંતિ થશે જ એ નિશ્ચિત નથી. તમે મનથી ભલે માની લીધું હોય પણ મૂળમાં તમને દોષ નથી જ, કારણ ક્ષાત્રનીતિ ધર્મ કહે છે કે રણક્ષેત્રમાં જે અધર્મને પ્રવૃત્ત થયા હોય તે અને તેને સહાય કરનાર કોઈ પણ હોય, તો એમનો નાશ કરવું એ ક્ષત્રિયનું કર્તવ્ય છે, તેમાં દોષ નથી. તેને માટે આ પાપ કર્મ કે હિંસા નથી. માટે મૂળમાં જ ન રહેલા દોષના નિવારણાર્થે વ્યર્થ લાભહિન પ્રવૃત્તિ કરવી યોગ્ય નથી. સાંપ્રત પરિસ્થિતિ જોતાં તમારે આ યજ્ઞ કરવો ઉચિત નથી, પણ તમારી ઈચ્છા મારે તોડવી નથી. એમ કહી તેમને શ્યામકર્ણ અશ્વ છોડયો અને કહ્યું કે; તમારું રક્ષણ કરવું મારું કર્તવ્ય છે. એમ કહીને અશ્વમેધના કાર્યમાં શ્રી કૃષ્ણ ઉદ્યુક્ત (તૈયાર) થયા. શ્રી કૃષ્ણની સહાયથી પાંડવોએ સંપૂર્ણ પૃથ્વી

પર શ્યામકર્ણ અશ્વ ફેરવીને દિગ્વિજય મેળવ્યો. અશ્વમેધ યજ્ઞની યથા સમયે પૂર્ણાહૂતિ થઈ બધાને ઘણો જ આનંદ થયો. યજ્ઞ થયા પછી ધર્મરાજાએ સર્વ રાજાઓનો આદર સત્કાર કર્યો. બ્રાહ્મણોને ભોજન અને યથોચિત દાનધર્મ કર્યાં.

એટલામાં ત્યાં એક નોળીયાએ આવીને ધર્મને કહ્યું: 'રાજા, અગાઉ એક યજ્ઞકુંડમાં હું આળોટવાથી ત્યાંનો પ્રસાદ ગ્રહણ કરવાથી મારું અડધું અંગ સુવર્ણ થયું છે. રહેલું અડધું અંગ સુવર્ણનું થાય એ માટે અહીં આવ્યો છું પણ સુવર્ણમય થતું નથી માટે તમારો યજ્ઞ અસફળ રહ્યો છે, એ યથા યોગ્ય થયો નથી.

પછી ધર્મરાજાએ નોળીયાને કહ્યું: 'આ યજ્ઞ પ્રસંગે શ્રી કૃષ્ણ અને વેદ વ્યાસ સાથે હોવા છતાં અમારો યજ્ઞ યથાસંગ થયો નથી અને અસફળ થયો એમ તું કંઈ રીતે કહે છે ?

એ સાંભળીને નોળીયો બોલ્યોઃ કુરુક્ષેત્રમાં શાંતિરૂપ નામનો એક બ્રાહ્મણ ખૂબ ધર્મશીલ હતો. તેમની સત્યવતી નામે સ્ત્રી હતી અને સુશીલ નામક પુત્ર અને સુશીલા નામની પુત્રવધૂ હતાં. એ પણ તેના જેવાં જ સત્ત્વશીલ હતાં. શાંતિરૂપ દરરોજ સાળ (ડાંગર-કમોદ)ના ખેતરમાં જઈને જમીન પર પડેલ ધાન્યના દાણા વીણી લાવતો અને એના ઉપર એ ચારેય જણાં નિર્વાહ કરતાં. આમ તેમનું ગુજરાન ચાલતું હતું ત્યારે એકવાર દુષ્કાળ પડ્યો. સર્વત્ર અન્નની ખેંચ વર્તાવા લાગી. બ્રાહ્મણનો દાણા વીણી લાવવાનો ક્રમ ચાલુ જ હતો. પણ દુષ્કાળને કારણે રોજ મળવા જેટલા દાણા ન મળતાં પાંચ સાત દિવસે એકાદ દિવસનું ભોજન થતું. જે કંઈ મળતું તેનાથી દેવનો અને પિતૃઓનો ભાગ કાઢી, અતિથિ ભિક્ષુકને ભોજન આપીને જે શેષ રહે તેમાંથી એ ચારેય જણાં નિર્વાહ કરતાં હતાં.

આ રીતે કેટલાક દિવસો પછી તેમની પાસે ચાર શેર જેટલું ધાન્ય જમા થયું અને તેનો લોટ દળીને એના ચાર રોટલા કર્યા. ત્યાં તેમનું સત્ત્વ જોવા માટે શ્રી વિષ્ણુ ભગવાન બ્રાહ્મણ રૂપે એમની પાસે ગયા. શાંતિરૂપ બ્રાહ્મણે તેમનો આદર - સત્કાર કરીને પોતાના ભાગની વહેંચણીનો એક રોટલો બ્રાહ્મણને આપ્યો. અતિથિએ તે રોટલો ખાઈ લીધો પણ એની ભૂખ શાંત થઈ નહીં. ત્યારે સત્યવતીએ તેનો રોટલો બ્રાહ્મણને આપ્યો, તો પણ તેની તૃપ્તતા થઈ નહીં. પછી પુત્રએ અને છેલ્લે પુત્રવધૂએ પણ પોતાના ભાગના રોટલા અતિથિને અર્પણ કર્યા. એ બધાના ભાગના રોટલા ખાઈને ઉપર પાણીનો ઘૂંટ લીધા પછી તે અતિથિને સંતોષ થયો. ત્યારે તે ચારેયે અતિથિ તૃપ્ત થયો છે એમ જાણીને આનંદ વ્યક્ત કર્યો અને તેમને નમન કર્યા.

આ તેમનું સત્ત્વ જોઈને શ્રી વિષ્ણુ ભગવાન પ્રસન્ન થયા અને તેમને પોતાનું સાચું સ્વરૂપ બતાવીને વિમાનમાં બેસાડીને વૈકુંઠમાં લઈ ગયા. એમના ગયા પછી ત્યાં થોડુંક પાણી વધ્યું હતું અને તેટલા પાણીથી મારા શરીરને જેટલો સ્પર્શ થયો એટલો જ શરીરનો ભાગ સુવર્ણમય થયો અને બાકીનો એમ જ રહ્યો. એ પણ સુવર્ણમય કરવો એવી ભાવનાથી-ઈચ્છાથી હું આ ધર્મરાજાના યજ્ઞના અન્નરસમાં આવી આળોટયો, પરંતુ મારું શરીર તેવું જ રહ્યું. અર્થાત્ આ યજ્ઞ નિરર્થક જ છે.

નોળીયાનો આ વૃત્તાંત સાંભળીને શ્રી કૃષ્ણએ ત્યાં જમીન પર તેમના પગ ધોયા. એ પાણીમાં નોળીયો જઈને ફરી આળોટ્યો. એ સાથે એનું વધેલું શરીર પણ સુવર્ણમય થઈ ગયું. એટલામાં નોળીયાનું રૂપ ગુપ્ત થઈને એ તેજસ્વી પુરુષ સ્વરૂપે પ્રગટ થયો. ઈંદ્રાદિ દેવો એને વિમાનમાં બેસાડીને સ્વર્ગમાં લઈ ગયા.

પોતે કરેલો આટલો મોટો યજ્ઞ વ્યર્થ ગયો. એમ જાણીને ધર્મરાજા અધિક જ ઉદ્વિગ્ન થયા. વ્યાસ અને શ્રી કૃષ્ણએ તેમને ઘણો જ ઉપદેશ આપ્યો પણ તે સ્વસ્થ થયા નહીં.

વ્યાસે ધર્મને કહ્યું: રાજા, હવે જલ્દી જ કલિયુગની શરૂઆત થશે. તમે સ્વસ્થ ચિત્તે રહીને ઉત્તમ રીતે રાજ્યકારભાર કરો અને ઈશ ચિંતન કરો.

શ્રી કૃષ્ણએ કહ્યું: 'હું હવે દ્વારકા જાઉં છું. વૃદ્ધાવસ્થા થવાથી ભેગા થવું અશક્ય છે. કુશળક્ષેમ જણાવતા રહેજો. એમ કહીને શ્રી કૃષ્ણ અને વ્યાસ ત્યાંથી નીકળી ગયા.

શ્રી કૃષ્ણ અને વ્યાસ મુનિના ગયા પછી પાંડવોને ઘણું દુઃખ થયું. આટલું યુદ્ધ કરીને વિજય મેળવીને રાજ્ય પ્રાપ્તિ થઈ તો પણ પાંડવોને શાંતિ નહોતી. શું કરવાથી આપણા મનને શાંતિ થાય એવો ધર્મરાજા વિચાર કરતા હતા. એમની ઉદાસીનતા જોઈને બધાં જ ચિંતા કરતાં હતાં. કુંતીમાતાથી એ દુઃખ જોવાતું નહોતું. કૌરવ સ્ત્રીઓનો આક્રોશ, ધૃતરાષ્ટ્ર ગાંધારીનો શોક અને કર્ણનું નિધન આ કારણે પોતે કુંતીમાતા પણ શોક કરતાં હતાં. આ પ્રકારે કેટલોક સમય પ્રસાર થયા પછી કુંતીમાતાએ ધર્મ રાજાને કંઈક ધર્મ કૃત્ય કરવા માટે કહ્યું. પંડિતોને બોલાવીને પૂછતાં તેમણે 'યજ્ઞ સિવાય મનની શાંતિનો અન્ય કોઈ માર્ગ નથી. યજ્ઞકાર્યમાં અન્ન, વસ્ત્ર, દ્રવ્ય દાન કરીને પુરોહીતો અને યાચકોનો સંતોષ કરવાથી તેમના આશીર્વાદથી મનઃશાંતિ થશે' એમ સલાહ આપી. એ અનુસાર ધર્મરાજાએ ફરી બીજો યજ્ઞ કરવાનું નક્કી કરીને દ્વારકામાં સંદેશો મોકલ્યો. અનેક દેશોના રાજાઓ, બ્રાહ્મણો, પંડિતો, પુરોહિતોએ આવીને તેમણે યજ્ઞનાં મંડાણ કર્યા. દ્વારકાથી શ્રી કૃષ્ણ આવવાના બદલે એમના જ દુઃખદ સમાચાર આવ્યા.

ત્યાં રાજા યુધિષ્ઠિરે પૂછયું આપ, સ્વામી તમે અઢાર અક્ષૌહિણીનાં ઉતારો પાપ. ॥૬૨૪॥
ત્યારે શ્રી કૃષ્ણજીએ મૂકી છે દેહ, અને દેવ સ્વધામે ગયા છે તેહ. ॥૬૨૫॥
તે યજ્ઞ માંહેથી ઊઠી ગયા કિરતાર, ત્યાં દેવે લીધો છે બુદ્ધ અવતાર. ॥૬૨૬॥
બેઠા ધર્મ ગાદીએ ત્યાં રાજ્ય કલિનું પ્રમાણ, આપણા સારથી હતા તે ગુપ્ત થયા છે જાણ. ॥૬૨૭॥
રાજા યુધિષ્ઠિરે માથે લીધું છે કર્મ, બાર વરસ વન ભોગવ્યાં તે સાંભળો ધર્મ. ॥૬૨૮॥
ત્યાં ગોર વેદવ્યાસને ઓળખ્યા જેહ, અને કુદરતી બે જીવ મોકલ્યા તેહ. ॥૬૨૯॥
રાજા યુધિષ્ઠિર પ્રલય દુઃખથી ડરતા જેહ, હવે આગળ આવે છે અંતઃકાળ વેળા તેહ. ॥૬૩૦॥
ભાઈ એ તો કુદરતી જીવ છે તેહ, રાજા તમ પાસે અનામત રાખો તેહ. ॥૬૩૧॥
જે વેળાએ પોતે શ્રી કૃષ્ણજી માગશે જેહ, ભાઈ ત્યારે હાજર કરશો તમે દેહ. ॥૬૩૨॥
રાજા ધર્મ છ માસ લગી બે જીવ રાખ્યા તેહ, ત્યાં શ્રી દેવે ધીરજ ધરી તેહ. ॥૬૩૩॥
જો રાજાએ મહા વિકટ કષ્ટ ભોગવ્યું જેહ, પણ ત્યારે ત્યાં સોંપરત કીધો તેહ. ॥૬૩૪॥
ત્યાં રાજા બ્રાહ્મણ તેડાવ્યા આપ, અમારું અઢાર અક્ષૌહિણીનું કેમ ઉતરે પાપ. ॥૬૩૫॥
તમે યજ્ઞ રચોને બ્રાહ્મણ તેડવો રાજ, રાયે દોષ નિવારવા માંડો યજ્ઞ આજ. ॥૬૩૬॥
ત્યાં એવા યજ્ઞથી પાપ છેદાશે તેહ, બ્રાહ્મણની સેવા ઘણી કરજો જેહ. ॥૬૩૭॥
એવા સુવર્ણપાત્રમાં સામગ્રી પૂરીને જેહ, એવા બ્રાહ્મણોને સંતોષ પમાડો તેહ. ॥૬૩૮॥
ત્યાં રાજા યુધિષ્ઠિરે યજ્ઞ માંડયા છેહ, અને સર્વ દેવોને સંતોષ્યા ખેહ. ॥૬૩૯॥
ત્યારે રાજાએ ભીમને પોળે મોકલ્યો જાય, અને આ યજ્ઞમાં કોઈ ચાંડાલ આવશે આય. ॥૬૪૦॥

તેની આભડછેટ યજ્ઞમાં લાગે ધર્મ, ત્યાં તો યજ્ઞ વણસશે ને રદ થાય કર્મ. ॥૬૪૧॥
આ યુગમાં આઠમું રૂપ સંપૂર્ણ સાર, ત્યાં શ્રી કૃષ્ણ દેવે ધર્યો બુદ્ધ અવતાર. ॥૬૪૨॥
ત્યાં પહેલાં શ્રી કૃષ્ણે કંસાસુર માર્યો. પછી ગુપ્ત બુદ્ધ રૂપે દુર્યોધન સંહાર્યો. ॥૬૪૩॥
ત્યાં કૌરવો મારીને પાંડવે લીધું રાજ, ત્યારે ચોથો કલિયુગ બેઠો છે આજ. ॥૬૪૪॥
સુણો ઋષિવરો સહદેવ બોલ્યા સાર, પણ થોડા પ્રસંગ માંહે ઘણો વિસ્તાર. ॥૬૪૫॥
ઘણું કહ્યું કદી ન આવે છેહ, ત્યાં પાંડવ રાજ કરે છે દેવ. ॥૬૪૬॥
હવે બેઠો કલિયુગને દ્વાપરનો આવે અંત, સાંભળો ઋષિવરો તમે એક ચંત. ॥૬૪૭॥
એ ચાર લાખ વરસ બત્રીસ હજાર, ત્યાં લગી શ્રી હરિ ભોગવે શ્રી કૃષ્ણ અવતાર. ॥૬૪૮॥
આઠમે શ્રી કૃષ્ણજી રૂપે દૈત્ય કંસને માર્યો, ત્યાં ભક્ત પાંડવોને તાર્યો. ॥૬૪૯॥
વ્યાપ છે સંસારમાં પ્રગટ થયા મોરાર, ત્યારે સર્વે સંસારે ઓળખ્યો સાર. ॥૬૫૦॥
ત્યારે શ્રી કૃષ્ણની માતા તો દેવકી કહીયે, અને પિતા તો વસુદેવજી કહીયે. ॥૬૫૧॥
ત્યારે ગુરુ તો વેદવ્યાસ જાણ, અને શક્તિ તો રાણી રુકિમણી પ્રમાણ. ॥૬૫૨॥
ત્યારે સ્વસ્થાન તો ગોકુળ નગરી જાણ, અને ક્ષેત્ર તો મથુરા નગરી પ્રમાણ. ॥૬૫૩॥
ત્યારે નરદલો દાનવ કંસાસુર જાણ, ત્યારે ભક્ત પાંડવ ઉદ્ધાર્યા નિરવાણ. ॥૬૫૪॥
ત્યારે ચાર લાખ બત્રીસ હજાર કૃષ્ણ રૂપે જાણ, ત્યારે સામવેદ હોતા પ્રમાણ. ॥૬૫૫॥
એવો શ્રી હરિનો આઠમો શ્રી કૃષ્ણ અવતાર સંપૂર્ણ સહી,
એવી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહે વાણી કહી. ॥૬૫૬॥

શ્રી કૃષ્ણ ભગવાનની માતા તો દેવકી, પિતા તો વસુદેવ, શક્તિ તો દેવી રુકિમણી, ગોર તો વેદ વ્યાસ, દૈત્ય દાનવ તો કંસાસુર, સ્થાન તો ગોકુલ, ક્ષેત્ર તો મથુરા, ત્યારે વેદ તો સામવેદ, ઓચરંતે ગાયત્રી, સાત વાર, સત્તાવીસ નક્ષત્ર, પંદર તિથિ, બાર કરણ, નવગ્રહ, સુર મંત્રનો જાપ જપતા આવ્યા સ્વામી ! ઋષિઓને સ્થાપી, કંસાસુર દાનવને સંહારી, પાંચ પાંડવ-વિદુરસહ ભક્તોને ઓધારી, તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મોરારિ, જે કોઈ ચિત્ત હરિ શું લાયે, તેના ધર્મ વધેને પાપનો ક્ષય થાય, નમો નમો પરબ્રહ્મ નારાયણના નામને, જે રૂપે સદ્‌ગોર બ્રહ્મા નર નારાયણ હોય, આજ તે રૂપને ધ્યાઈએ.

•••

• યાદવોનો ક્ષય અને શ્રી કૃષ્ણ ભગવાનનું વૈકુંઠગમન •

એકવાર વિશ્વામિત્ર અને નારદ મુનિ દ્વારકામાં જઈને એક ઉપવનમાં બેસીને જ્ઞાન ચર્ચા કરતા હતા. એટલામાં શ્રી કૃષ્ણના યાદવ કુળના છોકરાઓ ત્યાં રમવા માટે આવ્યા. તેમણે સાંબ નામના એક યાદવ યુવાનને સ્ત્રી વેષ પહેરાવીને સજાવ્યો હતો અને ઋષિ પાસે જઈને એ સ્ત્રીને શું બાળક થશે એમ ઠઠા મશ્કરીમાં પૂછ્યું. પરંતુ તેનું કપટ જોઈને વિશ્વામિત્રને ખૂબ ગુસ્સો આવ્યો અને એ બોલ્યાઃ 'આને એક ખાંડણી અવતરશે અને એ તમારા સંપૂર્ણ કુળનો સંહાર કરશે.' આમ શ્રાપ આપી ઋષિ ત્યાંથી રવાના થઈ ગયા.

બાળકોએ આ વર્તમાન શ્રી કૃષ્ણને જણાવ્યો ત્યારે એ બોલ્યાઃ 'ઋષિનું વાક્ય કદી પણ ખોટું થશે નહીં.' તેમણે સાંબને લપેટેલું વસ્ત્ર કાઢતાં જ તેમાંથી ખાંડણી બહાર પડી. ઉગ્રસેન અને યાદવોએ ખાંડણીનો ઘસીને ચૂરો કર્યો અને વધેલો ટુકડો સમુદ્રમાં નાખી દીધો. એ ટુકડો એક માછલીએ ગળ્યો. તે માછલી એક વ્યાધની જાળીમાં ફસાઈ ગઈ. તેણે માછલી કાપ્યા પછી માછલીના પેટમાંથી પોલાદી લોખંડનો ટુકડો નીકળ્યો. એ લોખંડના ટુકડાથી વ્યાધે પોતાના બાણની ટોક ઘડી. ખાંડણી ઘસીને થયેલા ચૂરાથી સમુદ્રના કિનારા પર ભાલા જેવું તીક્ષ્ણ ઘાસ ઉગ્યું.

ભાવિની ગતિ જાણી દ્વારકામાં શ્રી કૃષ્ણએ રાજ આજ્ઞા આપીને મદ્યપાન બંધ કરાવ્યું. મદ્યપાન જે કરશે એને શૂળી પર ચઢાવાશે એમ સૂચવવાથી દ્વારકામાં કોઈ મદ્ય પીતું નહોતું. આ પ્રમાણે સર્વ યાદવ ખૂબ સાવધાનીથી રહેતા હતા. છતાં સમય આવે એક દિવસ તેમનો દુષ્ટ કાળ આવ્યો અને એ પ્રમાણે ઉત્પાતનાં અનેક દુશ્ચિન્હો થવા લાગ્યાં. ઉંદરો સ્ત્રી પુરુષોના વાળ તોડવા લાગ્યા, કાગડા ઘુવડની જેમ બૂમો પાડવા લાગ્યા, ઘુવડ અને તાંબડ (તાંબાના રંગનાં-લાલ પગનાં પક્ષી) યાદવોના ઘર પર બેસવા લાગ્યાં. યાદવો પણ એક-બીજાનાં અપમાન કરી પાપાચારી થવા લાગ્યા. એકલા શ્રી કૃષ્ણએ માત્ર કોઈની અવજ્ઞા કરી નહીં. માત્ર આ પ્રકાર જોઈને મહાભારત યુદ્ધમાં "કુરુવંશનો ક્ષય થયો તેમ યાદવોનો ક્ષય થશે." એવો ગાંધારીનો શ્રાપ તેમને યાદ આવ્યો.

પછી એક દિવસ શ્રી કૃષ્ણએ પર્વણી અવસર પર બધા યાદવોને પ્રભાસ ક્ષેત્ર પાસે સ્નાન માટે જવા કહ્યું. એ પ્રમાણે બધા યાદવો પોતાની સ્ત્રીઓ અને બાળકોને સાથે લઈને પ્રભાસ તીર્થ પર ગયા અને અહીં ભગવાન શ્રી કૃષ્ણ ઉદ્ધવને સાથે લઈ દ્વારકા ભૂમિનો ત્યાગ કરી દૂર નીકળી ગયા. ત્યાં તેમણે ઉદ્ધવને સંપૂર્ણ ભાગવત ધર્મનો મુક્તિ પદે લઈ જનાર 'આત્મજ્ઞાન'નો ઉપદેશ આપ્યો.

શ્રી કૃષ્ણ બોલ્યા : 'ઉદ્ધવ, જગત એ બધું માયાની રમત છે. આટલા દિવસ મૃત્યુલોકમાં સહવાસ થવાથી મને સહજ રીતે આ મૃત્યુલોક વિષયે પ્રેમ-ભાવ ઉત્પન્ન થયો છે એ માટે આ લોકોને છોડતાં દુઃખ થાય છે. આ મૃત્યુલોકનું જીવન અત્યંત ક્ષણભંગુર છે એ હું પૂર્ણ જાણું છું, વીજળી ચમકે છે અને નષ્ટ થાય છે એ પ્રમાણે આ માયાવી જગતની સ્થિતિ છે. જ્યાં સુધી આ શરીરમાં આત્મા હોય છે ત્યાં સુધી આ શરીરની શોભા છે. આત્મા શરીરને છોડયા પછી આ શરીરની યોગ્યતા મુક્તિ કરતાં પણ ઓછી થાય છે. પ્રાણોત્ક્રમણાના સમયે સાંભળવાની શક્તિ દિશા હરણ કરે છે, નેત્રની દશ્ય શક્તિ સૂર્ય હરણ કરે છે, દાંતની શક્તિ વરુણ નહિવત્ કરે છે, જઠરાગ્નિ જીભની શક્તિ નહિવત્ કરે છે, પાણી એ રક્તનું આકર્ષણ હરી લે છે, વાયુ સ્નાયુને નિશ્ચેષ્ટ કરે છે, શરીરમાંના તત્ત્વ આકાશમાં જાય છે, શરીર પંચતત્ત્વમાં ભળે છે અને આત્મા માત્ર કાયમ રહે છે અને એ ફરી બીજો દેહ ધારણ કરે છે, તેને મૃત્યુ નથી. એ ચિરંજીવ છે અને તેને જ મુક્તિ છે.

મૃત્યુલોક એ વિકટ છે જ પણ મુક્તિનું સાધન એ મૃત્યુલોકમાં સુલભ છે. આ લોકમાં ભોગવવાં પડતાં દુઃખ અને સુખ એ જીવાત્માનાં તેમનાં કર્મનાં ફળ છે. મૃત્યુલોકે જ્ઞાનની દૃષ્ટિ ઓછી થવાથી માયાનો પ્રભાવ અધિક રહે છે અને તેથી

ભોગ પ્રવૃત્તિ વધે છે. આ જગતમાં કેટલાક કીડા એવા છે કે એ પોતે કોશ તૈયાર કરીને એમાં પોતે જ ફસાઈ જાય છે અને જ્યારે જ્ઞાન દૃષ્ટિ પ્રાપ્ત થાય ત્યારે તે આકાશમાં ઉડી જાય છે, કોશમાંથી ઉડીને જવાની તેમનામાં શક્તિ હોય છે, પાંખો હોય છે પણ કોશના બહાર પડવાની એમને બુદ્ધિ જ હોતી નથી. એ પ્રમાણે પ્રત્યેક મનુષ્ય માયાના બંધનમાં ફસાઈ ગયા હોય છે એ બંધનમાંથી તેનાથી નીકળી શકાતું નથી. આ બંધનો તોડવા માટે જ્ઞાન અવશ્ય જોઈએ. જ્ઞાન અને ઉપાસના એ આત્માની ઉન્નતિ માટેનાં આ લોકનાં મુખ્ય સાધન છે.તેમાં ભક્તિની અવશ્ય જરૂર છે. ભક્તિથી જ જ્ઞાન પ્રાપ્તિ થાય છે. ભક્તિ ન કરતાં એકદમ જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરવો એ મૂર્ખપણું છે. કર્મ, ભક્તિ અને જ્ઞાન એ જ અનુષ્ઠાન છે. આત્માની ઉન્નતિ માટે ભક્તિ એ સરળ સાધન છે.

ઈશ્વરનું નામ સાંભળવું એ ભક્તિનું પહેલું પગથીયું છે. ઈશ્વરનું ભજન, તેનું સ્મરણ, પાદસેવન, વંદન, અર્ચન, દાસ્ય, સખ્ય અને આત્મ નિવેદન એટલે સમર્પણ એવાં આ આગળનાં પગથીયાં છે. ઉદ્ધવ તમે જ્ઞાતા છો. તમને બધું જ સમજાય છે, અધિક કહેવું નથી. હું હવે વૈકુંઠ થઈશ. ત્યારે તમે અહીં ન રોકાતાં બદ્રિકાશ્રમ જઈને તમારા શેષ આયુષ્યનો સારી રીતે ઉપયોગ કરો. જતી વખતે વ્યાસને મારો સંદેશો કહીને મોકલજો.' શ્રી કૃષ્ણએ ઉદ્ધવને એમ કહ્યા પછી ઉદ્ધવનું હૃદય ભરાઈ આવ્યું. તેમણે શ્રી કૃષ્ણના પગ પર મસ્તક મૂક્યું. ખૂબ લાગણી ભર્યા અંતઃકરણથી ઉદ્ધવે ભગવાનનો સંદેશો અને આશીર્વાદ લીધા. પ્રથમ તો વ્યાસના આશ્રમમાં જઈને શ્રી કૃષ્ણનો સંદેશો તેમને જણાવ્યો અને પછી બદ્રિકાશ્રમ તરફ પ્રયાણ કર્યું.

અહીં પ્રભાસ તીર્થથી પાછા આવ્યા પછી શ્રી કૃષ્ણ દ્વારકામાં નથી એમ જોઈને યાદવોએ યથેચ્છ મદ્યપાન અને માંસ ભક્ષણ શરૂ કર્યું અને ઉન્મત્ત થઈને એક બીજાના દુર્ગુણો કાઢીને ઝઘડવા લાગ્યા. છેલ્લે તેમનો ઝઘડો વિપરીત થયો અને તેઓ અંદરો અંદર ખૂબ લડવા લાગ્યા. કેટલાકે સમુદ્ર તીરે ઉગેલું એ તીક્ષ્ણ ઘાસ ઉખાડીને મારવાની શરૂઆત કરતાં જ એ ઘાસના પ્રહારથી યાદવોનો સંહાર થવા લાગ્યો. એટલામાં શ્રી કૃષ્ણ પણ ત્યાં આવ્યા. તેમણે યાદવોને વારવાનો ખૂબ પ્રયત્ન કર્યો પણ કોઈએ એમનું સાંભળ્યું જ નહીં. શ્રી કૃષ્ણએ દારુકને કહ્યું કેઃ 'તું હસ્તિનાપુર જઈને પાંડવોને યાદવોનો ક્ષય થયાનું જણાવ અને અર્જુનને અહીં મોકલવા માટે ધર્મરાજાને કહે.' દારુક હસ્તિનાપુર જવા નીકળ્યો. શ્રી કૃષ્ણએ બધી સ્ત્રીઓને સુરક્ષિત જગ્યાએ પહોંચતી કરી અને અર્જુન અહીં આવીને આ સ્ત્રીઓને લઈ જાય ત્યાં સુધી તમે આ સ્ત્રીઓનું રક્ષણ કરો એમ ત્યાંના લોકોને કહ્યું.

પછી શ્રી કૃષ્ણએ કહ્યુંઃ હું બલરામ સાથે વનમાં જઈને તપ કરનાર છું. હવે આ દ્વારકા નગરી તરફ મારાથી કંઈ જોવાતું નથી, એમ કહીને દ્વારકા નગરીને સમુદ્રમાં ડૂબાવી દીધી. શ્રી કૃષ્ણના અપ્રિય શબ્દ સાંભળીને અને દ્વારકાનગરીના મહાવિનાશનું કાર્ય જોઈને બધી સ્ત્રીઓ ભયભીત થઈને આક્રંદ કરવા લાગી. શ્રી કૃષ્ણએ એમને આશ્વાસન આપ્યું કે જલ્દીથી અર્જુન અહીં આવીને તમારા દુઃખનું નિવારણ કરશે. એમ કહીને તેઓ વનમાં ગયા. ત્યાં બલરામ આસન પર બેસીને યોગ ધારણ કરતા હતા. એ સમયે તેના મુખમાંથી એક સહસ્ર ફેણોવાળો શ્વેત નાગ પ્રગટ થયો. શ્રી કૃષ્ણએ એની સામે જોતાં જ તે સમુદ્રમાં વિલીન થઈ ગયો. ત્યાં અનેક નાગ તેમની સ્તુતિ કરવા લાગ્યા.

ઉદ્ધવે શ્રી કૃષ્ણનો સંદેશો વ્યાસને જણાવતાં જ વ્યાસે અંતર્જ્ઞાનથી જાણ્યું કેઃ 'અંતકાળના સમયે શ્રી કૃષ્ણ પોતાને બોલાવે છે, પણ એ છેલ્લું દશ્ય મારાથી જોવાશે નહીં માટે અનુષ્ઠાન પત્યા પછી આવું છું.' એમ વ્યાસે જણાવ્યું. અહીં ધર્મરાજાની પણ એ જ સ્થિતિ થઈ. તેમણે પાર્થને બોલાવીને કહ્યું કેઃ 'અર્જુન, શ્રી કૃષ્ણએ નિજ ધામ જવાની તૈયારી કરી છે

અને તેમની છેલ્લે તને મળવાની ઈચ્છા છે, તો તું જા પણ હવે દેવોથી દૂરથી જ વાત કરજે કારણ તેમના શરીરનો સ્પર્શ કરવાથી તારી સર્વ શક્તિ ક્ષીણ થશે એમ પાર્થને સૂચના આપીને ધર્મરાજાએ તેને મોકલ્યો.'

યાદવોના સંહારથી અનિરુદ્ધનો પુત્ર વજ્રનાભ (શ્રી કૃષ્ણનો પૌત્ર) એ એક માત્ર જીવિત રહ્યો. આ બધો અનર્થ જોઈને શ્રી કૃષ્ણને ખૂબ જ દુઃખ થયું. પ્રભાસ ક્ષેત્રના ભાલકા તીર્થ પર જઈને તેઓ એક પીપળાના વૃક્ષ નીચે શોકાતુર થઈને યોગનિંદ્રામાં મગ્ન થયા હતા, ત્યારે શિકાર કરવા માટે આવેલા પારધીને શ્રી કૃષ્ણના પગ પરનું પદમ હરણની આંખ પ્રમાણે લાગ્યું અને તેણે માછલીના પેટમાંથી નીકળેલ લોખંડના ટાંકનું બાણ પગનું નિશાન લઈને શ્રી કૃષ્ણના શરીર પર છોડયું.

બાણ બરાબર લાગ્યું છે જોતાં જ પારધી શિકારની આશાથી પાસે આવ્યો અને જુએ છે કે પોતાના બાણથી શ્રી કૃષ્ણ ઘાયલ થઈને વિહ્વળ થયા છે એમ તેણે જોયું. એ દૃશ્ય જોઈને પારધીને અત્યંત દુઃખ થયું અને તે શ્રી કૃષ્ણ પાસે ક્ષમા માગવા લાગ્યો.

ત્યારે શ્રી કૃષ્ણ બોલ્યાઃ 'પારધી, આમાં તારો કોઈ દોષ નથી. તારા પૂર્વજન્મમાં તને મેં આ રીતે જ માર્યો હતો. એ કર્મનું યોગ્ય ફળ મને મળ્યું છે. મૃત્યુલોક એ કર્મ ભૂમિ છે. અહીં કર્મ ભોગવ્યા સિવાય છુટકો નથી. હવે હું સુખેથી મારા પ્રાણોત્ક્રમણ કરીશ.'

શ્રી કૃષ્ણ ભગવાન આમ બોલે છે ત્યાંજ અર્જુન આવ્યો. તેને જોતાં જ શ્રી કૃષ્ણના મનનું સમાધાન થયું અને તેમણે કહ્યુંઃ 'અર્જુન, યોગ્ય સમયે તું આવ્યો છે. પ્રાણોત્ક્રમણ સમયે ગંગોદક મુખમાં પડે એવી ઈચ્છા છે.' શ્રી કૃષ્ણની ઈચ્છા જોઈને પાર્થએ ભૂમિ પર બાણ મારીને ગંગા ઉપર લાવી અને એક પાત્રમાં ગંગોદક લઈને એ પાત્ર અર્જુને શ્રી કૃષ્ણને હાથમાં આપ્યું. શ્રી કૃષ્ણનો સ્પર્શ થતાં જ અર્જુનની સર્વ શક્તિ નહિવત્ થઈ ગઈ. શ્રી કૃષ્ણ પરમાત્માએ ગંગોદક પ્રાશન કર્યું અને દેહનો ત્યાગ કરી વૈકુઠગમન કર્યું.

પછી અર્જુને સર્વ ઔર્ધ્વદૈહિક કર્મ (મૃત્યુ પછીની ક્રિયા) અનિરુદ્ધના પુત્ર વજ્રનાભ પાસે કરાવ્યું. પછી અર્જુન યાદવ કુળની બધી સ્ત્રીઓને લઈને હસ્તિનાપુર તરફ આવતો ત્યારે રસ્તામાં ચોરોએ અર્જુનને લૂંટયો. સ્ત્રીઓનું અપહરણ કર્યું. ચોર અર્જુન પર પ્રહાર કરવા લાગ્યો, ત્યારે તેણે પોતાનું ગાંડીવ ધનુષ્ય હાથમાં લીધું પણ એ ધનુષ્ય એનાથી ઉપાડાયું નહીં પછી ચાલવાની વાત ક્યાંથી થાય. એટલો મોટો વીર હોવા છતાં પણ શક્તિહીન થવાથી અર્જુનને એ વખતે ચોરોએ લૂંટી લીધો. હસ્તિનાપુરમાં આવ્યા પછી અર્જુને અનિરુદ્ધના પુત્ર વજ્રનાભને મથુરા રાજયના સિંહાસન પર બેસાડ્યો અને તે રાજકારભાર ચલાવવા લાગ્યો. ભગવાન શ્રી કૃષ્ણ આ દેહથી વૈકુંઠમાં ગયા અને પછી રુકિમણીએ પણ દેહ ત્યાગ કર્યો.

પછી અર્જુન વ્યાસ મુનિના આશ્રમમાં ગયો ત્યારે વ્યાસે તેને કુશળતાના વૃત્તાંત પૂછ્યા પણ અર્જુન વ્યગ્ર ચિત્ત હોવાથી કંઈક જ ન કહી શકતાં ખિન્ન વદનથી ઊભો રહ્યો હતો. ત્યારે વ્યાસે તેને કહ્યુંઃ 'અરે તું આમ ખિન્ન કેમ ઊભો છે ? શું તારા હાથે કોઈ નપુંસક, સ્ત્રી કે બ્રાહ્મણની હત્યા થઈ છે કે ?'

અર્જુને ઉત્તર આપ્યોઃ 'મારા પ્રિય શ્રી કૃષ્ણ સ્વર્ગમાં ગયા અને પ્રભાસ તીર્થમાં પણ બધા જ યાદવોનો ક્ષય થયો છે. મારાં બાણ અને અસ્ત્ર ફોગટ થવાથી મારી સાથે રહેલી સ્ત્રીઓને ચોરોએ લૂંટી લીધી માટે હવે આ પ્રાણ રાખવા જેવું મને લાગતું નથી.

અર્જુનની આ વાણી સાંભળીને વ્યાસે તેને કહ્યુંઃ 'અરે આ બધું બ્રહ્મ શ્રાપને કારણે થયું છે. શ્રી કૃષ્ણ અને તે મળીને ભૂમિનો ભાર હરણ કરીને ગૌબ્રાહ્મણ પર ઉપકાર કરેલા પરંતુ આ બધી કાળની રમત છે, માટે શોક કરવાથી શું થશે ? તેમજ તારા જેવાએ આત્મઘાત કરવો અનુચિત છે ?

વ્યાસે આ પ્રમાણે સમાધાન કર્યા પછી અર્જુન હસ્તિનાપુરમાં પાછો આવીને ધર્મરાજા વગેરેને મળ્યો. પછી બધાએ સાથે મળીને વિચાર કર્યો કે હવે દ્વાપર યુગ પૂર્ણ થઈને કલિયુગ શરૂ થયો છે, તો આ કલિયુગમાં આપણને રાજ્ય કરવું મુશ્કેલ પડશે, માટે આપણા હાથે થયેલી ગોત્ર હત્યાના માટે એકાદ શાંતિ યજ્ઞ કરીને તેમાં પિતૃગણ, આપ્તજન, મિત્રગણ, ગુરુ બંધુ વગેરેનું શ્રાદ્ધ આદિ કરીને મોટો યજ્ઞ કરવો. બ્રાહ્મણોને યથેચ્છ દાન ધર્મ કરીને પાપથી નિવૃત્ત થવું અને નિર્મળ નિશ્ચળ મને હરિ સંકિર્તન કરીને આ દેહનો ત્યાગ કરવો. એવો તેમણે વિચાર કર્યો અને એ પ્રમાણે યાજ્ઞાનુષ્ઠાન માટે દેશ દેશના વિદ્વાન પંડિતો નિષ્ણાત બ્રાહ્મણોને આમંત્રણ આપીને બોલાવ્યા.

સમય પરિવર્તનને કારણે અને જ્ઞાનાહંકારને કારણે અને કાલ પ્રભાવથી બ્રાહ્મણોની વૃત્તિમાં ખૂબ જ વિકૃતપણું આવ્યું હતું. તેમણે ધર્મરાજાને કહ્યું: 'રાજા, અમે યજ્ઞ કરીએ પણ અમને ઈચ્છિત દાનધર્મ કરવાથી જ પ્રસન્ન થઈને આશીર્વાદ આપીશું, એનાથી તમારા શિર પર રહેલા કુળગોત્ર હત્યાનું પાતક નિવારણ થશે પણ પાછળના અનુભવથી તમે મધ્યાંતરમાં યજ્ઞ છોડીને ઊઠી ગયા તો તેનો દોષ અમારા ઉપર રહેશે નહીં. કારણ ગત સમયે એક નોળીયાએ આવીને આ યજ્ઞ સફળ થશે નહીં એવો દોષ દર્શાવ્યો હતો. તેમજ હવે આ વખતે પણ કોઈ એકાદ નાસ્તિક કાપાલિક ચાંડાળ આવશે અને આ યજ્ઞ ભંગ કરશે. એ સમયે વાદવિવાદ થવાનો સંભવ છે, તો તેમ ન થાય તે માટે અમારા વચનનું પાલન થવું જોઈએ. અર્જુન હતપ્રભ થયો છે માટે ભીમને દ્વારપાલ પર રાખવો. બાકીના ભાઈઓને યજ્ઞ દીક્ષા આપવી. અનુષ્ઠાન પૂર્ણ થયા સિવાય વચ્ચે કોઈએ ઉઠવું જ નહીં. અમારા કહ્યા પ્રમાણે વર્તશો તો તમારાં બધાં પાતક નિવારણ થશે. કુળગોત્ર હત્યાના પાતકનું નિવારણ થઈને સર્વ પિતૃગણ સાથે આપ્ત, ઈષ્ટમિત્ર, બંધુ વગેરેને શાંતિનો લાભ મળશે અને તમને પણ મનઃશાંતિનો લાભ થશે.' આ પ્રમાણે આશ્વાસન અને સૂચનો આપીને પંડિતોએ યજ્ઞની શરૂઆત કરી.

અહીં પ્રભાસ ક્ષેત્ર પર ભાલકા તીર્થમાં જે સ્થાને ભગવાન શ્રી કૃષ્ણએ પ્રાણ છોડયા, ત્યાં અર્જુને શ્રી કૃષ્ણના દેહનો અગ્નિ સંસ્કાર કર્યો અને તર્પણ કરીને અર્જુને ત્યાંથી આગળ વ્યવસ્થા કરવા માટે પ્રયાણ કર્યું. એ શ્રી કૃષ્ણનો દેહ પૂર્ણપણે બળ્યો નહીં. યુગ પરિવર્તનથી તેમાં પૃથ્વી તત્ત્વ અધિક થયું હતું. અગ્નિ તત્ત્વ ક્ષીણ થયું હતું. તેથી હાથ પગની આંગળીઓ, નાક, કાન, વાળ વગેરે નાજુક અવયવો જ ફક્ત બળ્યા હતા. શરીર પણ ક્યાંક બળ્યું હતું.

આ પ્રકારે અર્ધ બળેલ દેહ શ્રી કૃષ્ણનો જ્યાં હતો ત્યાં કેટલાક લોકો આવ્યા અને અર્ધ બળેલ દેહને જોઈ વિચાર કરવા લાગ્યા કે આ અપૂર્ણ બળેલ દેહ કોનો હશે ? પણ તેમણે પાછો એ અર્ધ બળેલ દેહ બાળવાનો પ્રયત્ન ન કરતાં એક લાકડાની પેટીમાં મૂકી સમુદ્રમાં વહાવી દીધો. સમુદ્રમાંની એક મોટી જળચર માછલી સમુદ્રમાં વિચરણ કરતી કરતી ત્યાં આવી હતી, એ સમયે એ પેટીને તે તેના પોતાના વાસ્તવ્ય સ્થાને લઈ જવાના ઉદ્દેશથી મુખમાં પકડીને દક્ષિણ સમુદ્રમાં થઈ પૂર્વ સમુદ્રમાં વોડસ્યાપાઠ જગન્નાથપુરીની નજીક લઈ આવી.

એ સમયે પુરીમાં વીરપાલ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને કંઈક કર્મ દોષથી બ્રહ્મ હત્યાનું મહાપાતક લાગ્યું હતું, એ નિવારણ કરવા માટે તેણે ભગવાનની મનોમન પ્રાર્થના કરી. ઈશ્વર કૃપાથી તેને પ્રેરણા થઈ કે.' તું સમુદ્ર તીરે જઈને એક જળચર માછલીના મુખમાં રહેલ પેટીને છોડાવીને ઘેર લાવ અને એકવીસ દિવસ સુધી સુરક્ષિત ઓરડામાં મૂકી રાખ. એકવીસ દિવસ પછી સ્નાનાદિક કરીને પવિત્ર થઈને એ પેટી ખોલજે અને અંદર રહેલા દેહનું દર્શન કરી લેજે એટલે તું દોષ મુક્ત થઈશ.'

આ પ્રમાણે પ્રેરણા થયા પછી રાજા સાગર કિનારે જઈને રાહ જોવા લાગ્યો. એટલામાં તેને દૂરથી એક મોટી જળચર માછલી મુખમાં એક પેટી લઈને આવતી દેખાઈ. રાજાએ તાત્કાલિક બાણ મારી જળચર માછલીનો નાશ કર્યો અને એના મુખમાંથી તે પેટી કાઢીને ઘેર લાવ્યો. પંદર દિવસ પછી રાજાએ અધીર થઈને કુતુહલવશ પેટી ખોલીને જોઈ તો તેમાં દેહના હાથ પગની આંગળીઓના અંકુર ફૂટતાં હતાં અને નાક અને કાનની જગ્યાએ પણ તેવા જ અંકુર ફૂટે છે, સજીવન થયેલા અને અગ્નિની જવાળા લાગેલા તે ભાગમાંથી રક્ત લોહી વહે છે એવું એ સ્વરૂપ જોઈને રાજા મનમાં ગભરાયો. ભગવાનની આજ્ઞા પ્રમાણે પોતે પૂર્ણ મુદ્દત ન થવા દેતાં અધીરતાથી વચ્ચે જ ખોલીને જોયું તે માટે તેને પશ્ચાતાપ થયો. એ કલેવરાધિષ્ઠમાં ભગવાનનાં દર્શન થવાથી રાજાનું પાતક દૂર થયું અને એ સર્વ રીતે સુખી થયો.

વીરપાલ રાજાએ જગન્નાથ નામની જગન્નાથપુરીમાં એ જ સ્વરૂપ મૂર્તિની સ્થાપના કરી. માટે ત્યાંની મૂર્તિને હાથ, પગ, નાક, કાન નથી. તેને જે સ્વરૂપે ભગવાનનાં દર્શન થયાં એ જ સ્વરૂપની તેણે સ્થાપના કરી છે. ત્યાંથી એ ભગવાનનું સ્વરૂપ એ જ રૂપે હસ્તિનાપુરમાં પાંડવોના રાજદ્વારે આવી ઊભું રહ્યું એ જ બુદ્ધ અવતાર છે.

આ પ્રકારે અહીં શ્રી કૃષ્ણ અવતાર સંપૂર્ણ થઈને ભગવાને એ જ પોતાના દેહમાં ધારણ કરેલ એવો નવમો શ્રી બુદ્ધ અવતાર પ્રગટ કર્યો. નિજ ધામમાં પ્રયાણ કરતી વખતે ભગવાને વિચાર કર્યો કે, શ્રી કૃષ્ણ રૂપ ધારણ કરીને પોતે જે અવતાર કાર્ય કર્યાં એ બહુ શાંતિથી પૂર્ણ થયાં પણ તેમાંથી છેલ્લો ભાગ પાંડવોનો ઉદ્ધાર કરવો હજુ બાકી રહેલો છે. પોતાના પશ્ચાત્ કલિયુગના પ્રવાહમાં પોતાના પ્રેમાળ ભાવિક ભોળા સદ્‌ભક્ત ભોળવાઈ ન જાય તે માટે મુક્તિ માર્ગ પર લાવી છોડાવવા. એ માટે તેમણે પોતાના પહેલાંના શરીરનો ઉપયોગ કરીને એમાં હજુ પણ વિશેષ વિકૃતિ ઘડી લાવી અને પાંડવોને સત્ય ધર્મનો ઉપદેશ આપવા માટે એમના યજ્ઞ દ્વારે ગયા. પાંડવોનો એ છેલ્લો યજ્ઞ ચાલતો હતો.

કુળ ગોત્ર હત્યાનું પાતક નિવારણ થાય એ માટે અનુષ્ઠાન માંડેલું જોઈને ભગવાનને આશ્ચર્ય થયું. પ્રત્યક્ષ શ્રી કૃષ્ણ, વેદમૂર્તિ વ્યાસ જે યજ્ઞમાં ઉપસ્થિત હતા એ પણ યજ્ઞ સફળ થયા નહીં પછી હવે શ્રી કૃષ્ણ પણ નથી, વ્યાસ પણ નથી અને અનેક પવિત્ર ઋષિ મુનિઓ પણ નથી તો પછી આ યજ્ઞ કઈ રીતે સફળ થઈ શકશે ? આવા પ્રયત્ન કરીને પાપ નિવૃત્તિ કરવાનો કોઈ અર્થ ખરો ? મનસ્થૈર્ય, આત્મબળ શુચીભૂતપણા, અહિંસા, સત્ય રહ્યા સિવાય યજ્ઞનો શ્રેય મળતો નથી અને યજ્ઞનું શ્રેય એટલે કંઈ મુક્તિ નથી. મુક્તિ લાભ માટે જે સાધનોની આવશ્યક્તા છે એનું યોગ્ય માર્ગદર્શન પોતાના સદ્‌ભક્તોએ કરવું એ ઉદેશથી ભગવાને આ નવમો બુદ્ધ અવતાર ધારણ કર્યો.

ત્રીજા દ્વાપર યુગના સમય કાળમાં શ્રી વિષ્ણુ ભગવાને શ્રી કૃષ્ણ અવતાર ધારણ કર્યો ત્યારે સદ્‌ગોર વેદમ વ્યાસ સામવેદના આધારે સત્‌પંથ ધર્મ સમજાવ્યો હતો. ત્યારે સામવેદની ગાયત્રી મંત્રનો પ્રભાવ હતો.

।। ઈતિ શ્રી કૃષ્ણ અવતાર સંપૂર્ણતઃ ।।

।। ૐ તત્ સત્ શ્રી પરબ્રહ્માર્પણમસ્તુ ।।

નોંધ :- અત્રેથી આદ્ય બ્રહ્મની વાણી પ્રમાણે હરિ અંશ નવમા શ્રી બુદ્ધ અવતારે હરિ અંશમાં જાય છે.

બોલીએ શ્રી કૃષ્ણચંદ્ર ભગવાનકી જય....

ધૂન : હરે કૃષ્ણ... હરે કૃષ્ણ... કૃષ્ણ... કૃષ્ણ... હરે... હરે..

•••


realpatidar.com
નવમો શ્રી બુદ્ધ અવતાર (દ્વાપરયુગ - સામવેદ)
realpatidar.com



સદ્ગુરુ શ્રી વેદમ્વ્યાસ ઋષિ (દ્વાપરયુગ - સામવેદ)

ૐ

• શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા સત્ય છે. •

बुद्धरुपं समास्याय सर्वरूप परायणः ।
मोहयन् सर्व भूतानि तस्मै मोहात्मने नमः ॥

સર્વ રૂપ પરાયણ એવા શ્રી વિષ્ણુ ભગવાને શ્રી બુદ્ધનું રૂપ ધારણ કરીને સર્વ પ્રાણીઓને મોહિત કર્યા હતા અને દુર્યોધન દાનવનો સંહાર કર્યો હતો તે શ્રી બુદ્ધ ભગવાનના અવતારને હું નમસ્કાર કરું છું.

શ્રી કૃષ્ણ ભગવાનના પ્રદ્યુમન, અનિરુદ્ધ, શેષસ્થાન, બિલસ્થાન, વેણી વત્સરાજ, સિંહરાજ.
સિંહરાજના અંશ તો શ્રી બુદ્ધ અવતાર

શ્રી બુદ્ધ અવતાર

॥ અવતાર નવમો ॥

પરમ કૃપાળુ પરમાત્માની આજ્ઞાથી આદરું છું
ૐ નમો શ્રી સદ્‌ગોર પાત્ર બ્રહ્મા વેદમ્ વ્યાસ મહારાજ,
આદ્ય વિષ્ણુ નિરંજન શ્રી બુદ્ધ ભગવાન તમારી આશિષે....

શ્રી હરિનો આઠમો અવતાર પૂરો થાય, અવતાર નવમાનો સદ્‌ગોરે કહ્યો મહિમાય. ॥૧॥
નવમા શ્રી બુદ્ધ અવતારના પરચા લખ્યા જાણ, સુણો મુનિવરો એક ચિત્ત થઈ પરમાણ. ॥૨॥
નવમા રૂપે શ્રી હરિ થયા બુદ્ધ અવતાર, કલ્યાણકારી રૂપ લીધું છે દેવ મોરાર. ॥૩॥
મુખ ચંચા પગ વંકા જાણ, પહેર્યાં વસ્ત્ર મલીન નિરવાણ. ॥૪॥
ગલત્ર કોઢ શરીર વહે, તેની પાસે કોઈ ઊભું નવ રહે. ॥૫॥
દુર્ગંધ ગંધાયે શરીર, એસો રૂપ લીયો શ્રીજીએ સધીર. ॥૬॥
એસો વિકટ રૂપ લીધું યદુરાયે, શ્રીજી તે પાંડવ દ્વારે પોતે જાયે. ॥૭॥
જ્યારે વિકટ રૂપ શ્રી હરિનું દેખાયે, ત્યારે પાંડવ દ્વારે ઊભા છે ભીમ રાયે. ॥૮॥
ત્યાં પાંડવ યજ્ઞ હોમ જ કરે, અને બેઠા બ્રાહ્મણ વેદ ઓચરે. ॥૯॥

લાગ્યો કલિયુગ ને દ્વાપર જાય, સર્વ દેવ ઋષિવર હવે ગુપત થાય. ॥૧૦॥
કલિયુગ માંહે બહુ પાપ કહેવાય, દેવ ઋષિવરે એથી છોડયાં ઠાય. ॥૧૧॥
ત્યારે યુધિષ્ઠિરે કર્યો વિચાર, પૂછો બ્રાહ્મણને વેદ તણો સાર. ॥૧૨॥
સુણો બ્રાહ્મણો યુધિષ્ઠિર જો કહે, એ કૌરવનું પાપ અમ શિર ઉપર રહે. ॥૧૩॥
અક્ષૌહિણી અઢારની હોઈ છે ઘાત, તેનું અમ શિર પડીયું છે પાપ. ॥૧૪॥
સુણો રે બ્રાહ્મણો પૂછું છું ભેદ, એ પાપ તણો કેશો હોય નિમેખ. ॥૧૫॥

ભગવાન શ્રી હરિના નવમા બુદ્ધ અવતારનું વર્ણન કરતાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ સદ્‌ભક્તોને કહે છે કેઃ હે મુનિવરો ! તમે એકાગ્ર ચિત્તથી શ્રવણ કરો. બુદ્ધ અવતારનું સ્વરૂપ દેખાવામાં કુરૂપ છે, હાથ પગ વાંકા થયેલા છે, મલીન વસ્ત્ર પરીધાન કરેલ છે, કોઢ નીકળેલ છે. એવું અષ્ટાવક્ર જેવું સ્વરૂપ જોઈને સૌને તેમના પ્રત્યે ઘૃણા જ ઉત્પન્ન થાય. એવા પ્રકારની વિદ્રુપતામાં એમના આખા શરીરમાંથી દુર્ગંધી યુક્ત રકતનો પ્રવાહ વહેતો હતો. એવું તે મલીન રૂપ, હાથમાં પલાશ દંડ લઈને એ પણ જેમ તેમ કરીને પલાશ દંડ ટેકાવતા ટેકાવતા પોતાના અમંગળ દેહનો જેમ તેમ કરીને ભાર સહન કરતા કરતા એ પાંડવોના યજ્ઞ દ્વારે આવીને ઊભા રહ્યા. એવું વિકૃત સ્વરૂપ જોઈને કોઈ પણ એમની પાસે ઊભું રહી શકે જ નહીં એવા પ્રકારનું એ સ્વરૂપ હતું. ભગવાને સદ્‌ભક્ત પાંડવોના ઉદ્ધારનો ઉજ્જવલ હેતુ મનમાં ધારણ કરીને આ બુદ્ધ અવતાર રૂપ ધારણ કર્યું હતું. પોતાના બુદ્ધિ બળનો ઉપયોગ કરીને પાંડવોને સંસાર આસક્તિમાંથી મુક્ત કરાવવા માટે જ તેમણે આરંભેલ મોટો યજ્ઞ બંધ કરાવવા અને ખરા અર્થમાં પાંડવોને મુક્તિ માર્ગનો ઉપદેશ કરવા માટે તેઓ આવ્યા હતા.

મહાભારતનું યુદ્ધ પૂર્ણ થયા પછી અને અશ્વમેધ યજ્ઞ પૂર્ણ પછી ભગવાન શ્રી કૃષ્ણ નિજ ધામમાં ગયા. વેદમૂર્તિ વ્યાસ મુનિ વગેરે સર્વ ઋષિ મુનિઓ કલિના પ્રભાવના કારણે ગુપ્ત થઈ ગયા હતા. અશ્વમેધ યજ્ઞ અસફળ થવાથી હવે આગળ શું કરવું એવો પ્રશ્ન ધર્મરાજને વારંવાર સતાવતો હતો. એ કારણે ક્યારેક ક્યારેક ભીષ્મ, દ્રોણ અને કર્ણ વગેરેને યાદ કરીને, વિના કારણ એમને અને કૌરવોને મારીને પોતે પાપના ભાગીદાર થયા છે એમ તેને લાગતું.

એકવાર ધર્મરાજાએ અર્જુનને કહ્યુંઃ 'પાર્થ, મને ત્રૈલોકનું રાજ્ય નથી જોઈતું પછી આ એક લોકની શું વાત ?' હવે હું અરણ્યમાં જઈને રહીશ અથવા તીર્થયાત્રા કરીને બાંધવોના વધના પાપ માટે પ્રાયશ્ચિત કરીશ. યુદ્ધ દ્વારા જીતાયેલું આ રાજ્ય હું તને આપું છું. તું હવે આ સમગ્ર રાજ્યને સંભાળ. બાંધવોના રક્તથી મલિન થયેલી આ ભૂમિ મને નથી જોઈતી. હું મારા આત્માનું સાર્થક કરીશ.' એટલું બોલીને ધર્મરાજા હતપ્રભ થઈ ગયા.

ત્યારે અર્જુન બોલ્યોઃ 'હે ધર્મરાજા ! તમે રાજ્યનો ત્યાગ કરશો તો લોકો તમારી નિંદા કરશે. રાજ્ય ત્યાગ કરવાથી તમને દરિદ્ર, પતિત, અધર્મી સમજીને તમારો કોઈ જ સંસર્ગ કરશે નહીં. અરે ! રાજ્યના યોગથી જ ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચારેય પુરુષાર્થ સાધ્ય થાય છે. દ્રવ્ય ન હોય તો સર્વ પ્રાણી માત્રનું અમંગળ થાય ! એમ દિલીપ, અંબરીષ, માનધાતા, હરિશ્ચંદ્ર વગેરે અનેક મહાત્માઓએ રાજ્ય કર્યું. એ માટે રાજ્યનો ત્યાગ કરવાનો વિચાર તમે છોડી દો.'

અર્જુનની વાતમાં ભીમે પણ સહયોગ આપ્યો અને એ બોલ્યોઃ 'રાજ્યહીન ક્ષત્રિયને અમંગલ કહે છે. હે ધર્મરાય, રાજ્યનો ત્યાગ કરશો નહીં. બધા આશ્રમમાં ગૃહસ્થાશ્રમ ઉત્તમ છે. તેના યોગે સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે. તેના સિવાય બધું વ્યર્થ છે.'

ભીમ પછી નકુલ સહદેવ ધર્મરાયને પ્રેમથી કહેવા લાગ્યાઃ 'હે જયેષ્ઠ બંધુ, રાજય કરીને જ કીર્તિ મળશે. ચારે પુરુષાર્થ પણ રાજયથી સાધ્ય થાય છે માટે રાજયનો સ્વીકાર કરવો જ યોગ્ય છે.'

દ્રૌપદીએ કહ્યું: 'પતિરાજ, તમે વનમાં હતા ત્યારે કહેતા હતા કે યુદ્ધ કરીને રાજય પ્રાપ્ત થયા પછી હું યજ્ઞયાગ દાન ધર્મ કરીશ. બધા વિષયોનો યથેચ્છ ઉપભોગ લઈશ. લોકોનું પ્રતિપાલન કરીશ. એ બધો વિચાર હવે વ્યર્થ ગયો કે શું ? એકવાર જનક રાજાએ રાજય ત્યાગીને ભિક્ષા વૃત્તિ સ્વીકારી ત્યારે તેમની રાણીઓએ તેને કહ્યું કેઃ 'મહારાજ, તમે રાજય, સ્ત્રીઓ અને પુત્રો એમ બધાંનો ત્યાગ કરી ભિક્ષા માગશો એમાં શું પુરુષાર્થ છે ? ગૃહસ્થાશ્રમમાં રહેવાથી જ ચારેય આશ્રમોની સાર્થકતા થાય છે. ભિક્ષુકોના હસ્તે જીવજંતુઓને શું અન્ન મળશે ?

એ સાંભળીને ધર્મરાય બોલ્યાઃ 'રાજય ઉપભોગથી શું કર્મની ગતિ અને જન્મ મરણનું સુખ દુઃખ ટળવાનું છે ? એ સર્વ સંગ પરિત્યાગ કરીને અરણ્યમાં યોગાભ્યાસ કરવાથી અંતઃકરણ નિર્મળ થવાથી આત્મ જ્ઞાન પ્રાપ્ત થાય છે અને આત્મ જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા જ સંસારથી પૂર્ણ નિવૃત્ત થવાય છે માટે વિષયોનો ત્યાગ કરીને બુદ્ધિવાન લોકો વનમાં આશ્રય કરે છે.'

ધર્મરાયનાં વચન સાંભળીને સભામાં બેઠેલા માન્યવર બ્રાહ્મણ પંડિતો બોલ્યાઃ 'યુધિષ્ઠિર મહારાજ, ઈંદ્ર પદ છે એ પણ યજ્ઞથી નિરાળું નથી. સાયુજયાદિ મુક્તિ યજ્ઞ સિવાય પ્રાપ્ત થતી નથી, યજ્ઞ તો રાજદંડ ધારણ કરનારા ગૃહસ્થાશ્રમને જ સાધ્ય છે. માટે મહારાજ, તમે રાજદંડનો અથવા ગૃહસ્થાશ્રમનો ત્યાગ ન કરતાં યજ્ઞ કરો એટલે તમારા હાથે થયેલા દોષોનું પરિમાર્જન થઈને તમારા ચિત્તને શાંતિ થશે.'

કહે બ્રાહ્મણ સુણો હો રાયે, માંડો હોમ યજ્ઞ આણે ઠાયે. ॥૧૬॥
સવા સહસ્ર બ્રાહ્મણ વોહોરજો હો રાયે, મન ઈચ્છિત ભોજન દેજો સત્ય ભાયે. ॥૧૭॥
સુવર્ણ પાત્ર સવા સહસ્ર દેજો નિત્ય, એશો યજ્ઞ કરજો એક ચિત્ત. ॥૧૮॥
એસો બ્રાહ્મણોયે કહ્યો રે ભેદ, તો હોયે પાપ તણો નિષેધ. ॥૧૯॥
ત્યાં બ્રાહ્મણ વચને પાંડવ ભૂલ્યા જાયે, ત્યાં માંડયો હોમ યજ્ઞ તેણે ઠાયે. ॥૨૦॥
ત્યાં રાજા યુધિષ્ઠિર ઘણું રળિયાત થાયે, ઘેર ઘેર ઓચ્છવ મંગળ વરતાયે. ॥૨૧॥
ત્યારે તેડી સહદેવને પૂછી પેર, ભીમને મોકલો બ્રાહ્મણને ઘેર. ॥૨૨॥
ઓચરે ભીમ પાંડવ યજ્ઞ કરે શુદ્ધિ ભેદ, ત્યાં બ્રાહ્મણ નોતર્યા ચારે વેદ. ॥૨૩॥
આવીયા બ્રાહ્મણ અસત્ બહુ જોડ, આવી ઊભા પાંડવ દ્વારે દોડ. ॥૨૪॥
ત્યાં રચી ભદ્રાસન ને બેઠા ધર્મરાયે, ત્યાં બ્રાહ્મણને હેમના દાન દેવાયે. ॥૨૫॥
ત્યાં અન્નપાણી વસ્ત્રો નહીં લેખ, જ્યાં ભાવતાં ભોજન સુવર્ણ મુદ્રા અનેક. ॥૨૬॥
અન્ન પાણી જયાં પ્રવાહ વહે, ત્યાં રાયે મોકલ્યા ભીમ પોળે રહે. ॥૨૭॥
તેડે ભીમને રાયે શિખામણ દેયે, માગે પાણી તેણે પાજો રે પેયે. ॥૨૮॥
આવે અભ્યાગત તેને દેજો માન, તેની કરી પૂજા ને દેજોએ દાન. ॥૨૯॥

બ્રાહ્મણ પંડિતોએ ધર્મરાજાને કહ્યું: 'મહારાજ, આપણો શ્રુતિ ધર્મ આપણને સ્પષ્ટ કહે છે કે, આપણો ઈષ્ટ હેતુ પરિપૂર્ણ કરવા માટે શુદ્ધ ભાવ, નિર્મળ ચિત્ત ને શુચીભૂતતા યુક્તથી યથા શક્તિ યજ્ઞ હોમ હવન યાગ કરવો. સંપૂર્ણ યજ્ઞ કર્મના જ્ઞાતા બ્રાહ્મણોને આદરભાવથી નિમંત્રણ આપીને યજ્ઞ કાર્યમાં બોલાવવા. દરરોજ સવા સહસ્ર બ્રાહ્મણોની પૂજા અર્ચના કરીને તેમને મનઈચ્છિત દક્ષિણા આપી તેમને સંતુષ્ટ કરવા, વસ્ત્ર અલંકાર આભૂષણ વગેરે દાન કરીને બ્રાહ્મણોને પ્રસન્ન કરવાથી તેમના અંતરાત્માથી મળેલ આશીર્વાદથી અને પુણ્ય લાભથી તમારા સર્વ કર્મ દોષ અને કુળ ગોત્ર હત્યાનું પાતક નિવારણ થશે.'

રાજા યુધિષ્ઠિરને કાયમ મનમાં કુળ ગોત્ર હત્યાની વાત કાંટા પ્રમાણે ખૂંચતી હતી, તેઓ એ કર્મ વિપાતક દૂર થાય એ માટે આતુર થયા હતા. પંડિતોનાં વચન શિરોધાર્ય માનીને તેમણે તાત્કાલિક યજ્ઞ કાર્ય આરંભ્યું. ભીમ સર્વત્ર જઈને બ્રાહ્મણોને નિમંત્રણ દ્વારા યજ્ઞકાર્યાર્થે બોલાવી લાવ્યા. ઘેર ઘેર ઉત્સવ મંગલ ગાન શરૂ થયાં. ધર્મરાજાનું મન અતિશય હળવું અને દયાળુ હોવાથી ક્ષણે ક્ષણે તેના ચિત્તમાં પ્રાણીમાત્ર વિષયે દયા પ્રેમભાવ ઉત્પન્ન થતો અને મૃતાત્માના ગુણોને યાદ કરી શોકાતુર થઈ જતા.

તેમની આ વ્યથા જોઈને સહદેવે તેમને કહ્યું: 'ભાઈ, યજ્ઞ કાર્ય જેવું મંગલ કાર્ય કરતી વખતે તમે આવા શોકાતુર અને ચિંતાતુર કેમ થાવ છો ? મન શુદ્ધ કરીને વિકાર રહિત થઈને દઢ શ્રદ્ધા ભાવથી કરેલ કોઈપણ કાર્ય સફળ થાય છે. આ માટે તમે શોક અને મોહનો ત્યાગ કરી અને દઢ ધૈર્યથી આરંભેલ કાર્યને પાર પાડો.'

નાના ભાઈનાં વચન સાંભળીને ધર્મરાજા ખુશ થયા. તેણે અવભૃત સ્નાન કરીને યજ્ઞવેદી પાસે ભદ્રાસન પર બેસીને પોતાના બધા બંધુઓ અને સતી દ્રૌપદી સાથે યજ્ઞ કાર્યની શરૂઆત કરી. ભીમે સર્વત્ર ફરીને ચારેય વેદોના બ્રાહ્મણ-ઋષિરાજોને બોલાવ્યા. બ્રાહ્મણ આવ્યા પણ તેમાં ઘણા એવા ક્રિયા આચારહીન અશુદ્ધ વૃત્તિના અને અલ્પજ્ઞ હતા. કલિયુગનો પ્રહર શરૂ થવાથી કાળ મહિમા જાણીને ધર્મએ તેમાં વિશેષ ધ્યાન આપ્યું નહીં. યજ્ઞ શરૂ થયો. ધર્મરાજાએ બ્રાહ્મણોને સંતુષ્ટ કરવા માટે તેમની મનેચ્છા પ્રમાણે સુવર્ણ પાત્રમાં પકવાનોનું જમણ આપીને મનેચ્છિત દક્ષિણા અને વસ્ત્ર અલંકાર અને સુવર્ણ મુદ્રિકા નિત્ય આપવાનો ક્રમ શરૂ કર્યો. અન્નપાણીનો તો ત્યાં ભંડાર અવિરત ચાલુ જ હતો.

ધર્મરાજાએ ભીમને આજ્ઞા કરી કે; 'કોઈપણ અતિથિ, અભ્યાગત ભિક્ષુક, ગરીબ, દરિદ્ર, અપંગ આવે તેને જે વસ્તુની જરૂર હોય તે તેને આપી સંતુષ્ટ કરવો. કોઈને વિન્મુખ મોકલીશ નહીં. પોતાના દ્વારથી એક પણ અતિથિ ભિક્ષુક અથવા પ્રાણી નિરાશ થઈને વિન્મુખ ગયો તો યજ્ઞનું શ્રેય મળશે નહીં. એ માટે કાળજીપૂર્વક ધ્યાન આપીને તેમની સેવા પૂજા અને દેખરેખ કરવાનું કાર્ય ભીમને સોંપ્યું હતું.'

ત્યાં બ્રાહ્મણ વચન બોલ્યા સાર, તમે સુણો યુધિષ્ઠિર કહું વિચાર. ॥૭૦॥
એક ચાંડાલ આવશે આણે ઠામ, તે તો યજ્ઞનું તોડાવશે સર્વ કામ. ॥૭૧॥
તે ચાંડાલ આવી અહીં કરશે વાદ, તે યજ્ઞ માંહે આવી કરશે ઉત્પાત. ॥૭૨॥
એ યજ્ઞ તણા ધ્વંશ જો કરે, એસો જ્યોતિષ અમારું ઓચરે. ॥૭૩॥
રાય દ્વારે પોળીયા મેલો સાર, ભલા બૂરા કોઈ ન આવે આણે વાર. ॥૭૪॥
ત્યારે ભીમસેનને લાવ્યા તેણી વાર, પોળે રખવાલા મેલો દ્વાર. ॥૭૫॥
તેણે દ્વારે ભીમ ઊભા આગેવાન, દ્વારમાં ભલો બૂરો કોઈ આવે ન જાણ. ॥૭૬॥

જહાં પાંડવ હોમ યજ્ઞ જો કરે, તહાં બેઠા બ્રાહ્મણ વેદ ઓચરે. ॥૩૭॥
તે બ્રાહ્મણ વચન બોલ્યા સાર, ત્યાં લગી શ્રી બુદ્ધ આવ્યા દ્વાર. ॥૩૮॥
તહાં નવમે રૂપે હરિ પાંડવ દ્વારે જાયે, બ્રાહ્મણ વચને ભૂલ્યા પાંડવ યજ્ઞ કરાયે. ॥૩૯॥
જ્યાં ગદા ગ્રહીને ભીમ પોળે રહ્યા, ત્યાં યજ્ઞ જાણી અભ્યાગત આવીયા. ॥૪૦॥
દ્વારે જઈ ભીમ બેઠા છે તત્ક્ષેણું, દેખી શ્રી હરિ રૂપને અચંબે ઘણું. ॥૪૧॥
વિકટ રૂપ લઈ હરિ આવ્યા છે જાણ, તેમ શ્રીજી મુખથી બોલે અમૃત વાણ. ॥૪૨॥
કલિયુગ સંગે બ્રાહ્મણ ભૂલ્યા છે જાણ, ખબર અવતાર પાત્રની ના જાણે નિર્વાણ. ॥૪૩॥
તહાં વિકટ હરિ રૂપને દેહી ગંધાયે, પણ સ્વામીની દૃષ્ટિ સામું ન જોવાયે. ॥૪૪॥
હરિનું શરીર દુષ્ટ ગંધ ગંધાયે, એસો રૂપ લીયો યદુનાથ શ્રી હરિ રાયે. ॥૪૫॥
ત્યાં મહા વિકટ રૂપ ભીમ જુએ જ્યાં નેણ, ત્યારે ભીમસેન બોલે છે અચંબે ત્યાં વેણ. ॥૪૬॥

ધર્મરાજાએ ભીમને દ્વાર રક્ષકનું કાર્ય સોંપતાં જ બ્રાહ્મણ પંડિતોએ ધર્મરાજાને કહ્યું કે; 'ધર્મરાજા, તમે ખરેખર ધર્મના અવતાર છો. તમારા પદ પ્રમાણે તમે વર્તશો એમાં તલ માત્ર શંકા નથી. કોઈપણ અતિથિ અભ્યાગત, ભિક્ષુક, ભિખારીઓનું અન્ન, વસ્ત્ર, દ્રવ્ય દાન કરીને બધાને તમે સંતુષ્ટ કરો પણ તમારો આ યજ્ઞ ભંગ કરવા માટે એક ચાંડાલ (કદરૂપ - અનાકર્ષક પુરુષ) આવશે એમ અમારું ભવિષ્ય કહે છે, માત્ર એ અનાકર્ષક પુરુષને યજ્ઞ મંડપમાં આવવા દેવો નહીં. એ જો યજ્ઞ વેદી પાસે આવ્યો તો યજ્ઞ ભંગ થશે અને તમારો આટલો મોટો પાપનિવૃત્તિનો સમારંભ વ્યર્થ જશે. હમણાં સુધી ખર્ચ કરેલા દ્રવ્યનો શ્રેય મળશે નહીં. માટે ઉત્તમ અને હોશિયાર બળવાન એવા દ્વારપાલ નીમીને યજ્ઞનું રક્ષણ કરવું.

સ્વાર્થી પંડિતોનાં વચને ધર્મરાજાએ ભીમને બોલાવીને સર્વ હકીકત કહી અને કોઈપણ ખરો ખોટો ભિક્ષુક આવે તેની આકરી પરીક્ષા કરીને જ અંદર આવવા દેવો. કોઈક નાસ્તિક, ચાંડાલ સંશયાસ્પદ તને લાગે તેને બહારથી જ વિદાય કરજે.

આ પ્રકારે ભીમને સૂચના આપીને દ્વાર રક્ષક તરીકે નીમ્યો અને પછી પંડિતો સ્વસ્થ ચિત્તે મોટે મોટેથી વેદ મંત્ર કરીને યજ્ઞ કરવા લાગ્યા. બહાર એકત્રિત થયેલ અતિથિ ભિક્ષુકોને અન્નદાન, વસ્ત્રદાન, દ્રવ્યદાન, ભૂમિદાન, ગોદાન વગેરે કરતી વખતે ભીમ પ્રત્યેક વ્યક્તિને ચોકસાઈથી જોઈને જેને જેવી જરૂર હોય તે એને આપીને સંતુષ્ટ કરતો હતો.

ત્યાં જ એકાએક ભીમની નજર એક અત્યંત ગંદા ભિક્ષુક તરફ ગઈ. તેના હાથ પગ વાંકા ચુંકા હતા, ચાંચ જેવું મુખ હતું, શરીરમાંથી દુર્ગંધયુક્ત પ્રવાહ વહેતો હતો. એ પ્રકારનું એ વિકૃત સ્વરૂપ જોઈને ભીમ સ્તંભીત થયો. હાથમાં દંડ ધારણ કરેલ એ અષ્ટાવક્ર જેવા કુરૂપને ધ્યાનથી કુતુહલથી જોતાં ભીમને આશ્ચર્ય થતું હતું. તેનો દેહ કુરૂપ હતો, દુર્ગંધ યુક્ત હતો. તેના મુખ પર એવં કંઈક વિલક્ષણ તેજ પ્રસરેલું હતું કે ભીમથી એમની સામે જોયા વગર રહેવાતું નહોતું. એમની આંખોમાં બ્રહ્મ જ્ઞાનની જે અપરિમિત ચમક હતી એ અવર્ણનીય હતી. એ મુખમાંથી અસ્પષ્ટ અને સંદિગ્ધ એવો કંઈક ઉચ્ચાર કરતો હતો. એ ધ્યાનથી સાંભળીને ભીમ મનમાંને મનમાં એ શબ્દોની મેળવણી કરતો કે એ શું કહે છે એમ એનો અંદાજ કરતો હતો. એ ગંદો ભિક્ષુક એમ બોલતો હતો કેઃ કાળનો મહિમા અગાધ છે, કાળ પુરુષની ક્રીડા અખંડ અવિરત છે, કાલચક્ર સતત ફરે છે, શ્રી કૃષ્ણ જેવા અપરિમિત જ્ઞાની પરમ પુરુષને પણ કાળે છોડયા નથી, ત્યાં આપણા જેવા દીનહીન દુર્બળની શું વાત કરવી અને હવે તો સાક્ષાત્ કલિ કાળ જ પ્રગટ થયો છે. આ કલિ કાળના સમયમાં બ્રાહ્મણ પણ પોતાનું કર્તવ્ય અને ક્રિયાચરણ ભૂલી ગયા છે. અવતાર પાત્રની પણ તેમને શુદ્ધિ રહી નથી. ઈશ્વરના અવતારની પણ તે ઘોર અવહેલના કરવા લાગ્યા છે, એ જોઈને મને વિષણ્ણતા (દુઃખ) લાગે છે ! તેના મુખના આ શબ્દ સાંભળીને ભીમે તેને કહ્યુંઃ

ત્યાં ભીમે સત્ય વચને વાણી કહી, અને ક્રિયા પાલે તે સત્ય ધર્મી છે સહી. ॥૪૭॥
તુંજ કાયા મધ્યે જીવ જીવે છે કોણ મર્મ, તને કોણ પાપ લાગ્યું છે આ દુષ્ટ કર્મ. ॥૪૮॥
ત્યારે બોલ્યા છે શ્રી બુદ્ધ રૂપે હરિ વાણ, અમને રજા દીયોને આગળ જાણ. ॥૪૯॥
ભાઈ તમ યજ્ઞ જાણી આવ્યો છું સાર, પણ હું ક્ષુધાર્થી ભૂખ્યો છું અપરંપાર. ॥૫૦॥
હું છું સત્ય ક્ષુધાર્થી ભૂખ્યો અપાર, હું યજ્ઞ જાણી આવ્યો યુધિષ્ઠિરને દ્વાર. ॥૫૧॥
હું માગું અન્ન દેખું રાજાનાં દરશન સાર, ત્યાં જઈ યજ્ઞ હોમનો સુણું વિચાર. ॥૫૨॥
ભાઈ તમે હાજર હોયે તો આપો જેહ, હરિ કહે જેમ દુર્બલને આપો તેહ. ॥૫૩॥
ભીમ કહે પોળે રખવાળો રહ્યો છું હુંયે, તે તો સહી કરીને ચાંડાલ માનજે તુંયે. ॥૫૪॥
ભાઈ આ ભોજન વેળા થઈ છે આયે, ત્યાં પ્રાતુસ કાળે પછી શું મળીયે જાયે. ॥૫૫॥
ઓચર્યા ભીમ તમે અહીં ઊભા જ રહો, જે કોઈ વસ્તુ જોઈએ તે મુજને કહો. ॥૫૬॥
માગો તે આપું અન્ન ને ખપે તે આપું રે દાન, આપું હસ્તી ઘોડા વાહન નિધાન. ॥૫૭॥
ઓચરે અભ્યાગત ભીમ ખૂટે છે એહ, ભાઈ આ અમારી દુર્બલ છે દેહ. ॥૫૮॥
હમારે ના જોઈએ અન્ન ને ના જોઈએ દાન, ના જોઈએ ઘોડા હસ્તી તોખાર વાહાન. ॥૫૯॥
હરિ કહે હમારે તમ ભોજન શું નહીં કામ, પણ મને દીયોને રજા યુધિષ્ઠિર પાસે જાણ. ॥૬૦॥
જે આ રૂપની શંકા આણો છો તમો, પણ એ શંકા છેદવા આવ્યો છું હમો. ॥૬૧॥
હમે રાજા સત્યવાદી સાંભળ્યો છે ઘણો, તે કરે છે દર્શન અભ્યાગત તણો. ॥૬૨॥

ભીમ બોલ્યોઃ હે અતિથિ અભ્યાગત, 'કોઈને પણ જાણતાં અજાણતાં દોષ આપવો તે યોગ્ય નથી. જે શુદ્ધ, નિર્મળ, સત્ય અને પવિત્ર ક્રિયાચરણ કરે છે એ જ સાચો ધર્મી છે. તારા શરીરમાં એવો કયો જીવાત્મા વસેલો કે તે આ વિકૃત દેહમાં સુખ માનીને રમે છે. તારા દેહની આવી અવસ્થા થવાનું કારણ શું છે ? આવા કયા દોષયુક્ત પાપ કર્મ તારા હાથે થયાં છે કે એ યોગે તને આવા વિકૃત દેહની પ્રાપ્તિ થઈ ? તને આવા દુર્ગંધયુક્ત દેહમાં રહેવું કઈ રીતે ગમે છે ?'

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ 'ભીમ, તને મારા શરીરથી શું કર્તવ્ય છે ? અરે દેહ ઉત્તમ કે ખરાબ મળવો એ કંઈ કોઈના હાથમાં છે ? આપણે પોતાના નિરામય સુદૃઢ દેહનો ગમે તેટલો અહંકાર કરીએ તો પણ તેમાં કોઈ પણ સમયે શું વિકૃતિ થાય એ કંઈ જ કહી શકાય નહીં. માટે મારા શરીરની તરફ ન જોતાં તું તારું અતિથિ સત્કારનું કર્તવ્ય કર્મ કર. હું ખૂબ ભૂખ્યો છું. કેટલાય દિવસોથી ઉપવાસી છું. યુધિષ્ઠિરે મોટો યજ્ઞ આરંભ્યો હોવાથી એ બધાને તૃપ્ત કરીને બધાની મનોકામના પૂર્ણ કરે છે એમ મેં સાંભળ્યું છે. એટલે મોટી આશા કરીને હું અહીં આવ્યો છું. ભીમ, હું એક દુર્બળ માનવી છું. થોડુંક જે કંઈ મળે એ અન્નથી પેટ ભરી અને ધર્મનિષ્ઠ એવા પુણ્યવાન ધર્મરાજાનાં દર્શન કરી લઈને આંખોને સાર્થક કરવી છે અને યજ્ઞ જે સ્થાનકે ચાલે છે ત્યાં મંત્રો ઘોષ સાંભળીને શ્રવણેન્દ્રિયોને તૃપ્તિ કરવી છે. આ બધા યોગે આ માનવ દેહને સાર્થક કરીને શરીરના દોષો ધોવા એ મારો ઉદ્દેશ છે. માટે હે ભીમ ! તું મને ધર્મરાજા પાસે જવા દે ! પાછલા અનંત જન્મોના દોષોના કારણે હજુ કેટલાય દિવસ સુધી આ દુર્ગંધી શરીરમાં જ ખદબદતું રહેવું પડશે.' એમ કહીને શ્રી બુદ્ધ અંદર જવા લાગ્યા.

ભીમને આવું વિકૃત સ્વરૂપ તરફ જોતાં પહેલાં જ ધૃણા આવી હતી અને હવે તો એ ધર્મરાજા પાસે જવાની વાત કરે છે અને જાય પણ છે એ જોઈને ભીમ ચીડાઈને બોલ્યો: 'અરે ઓ અનાકર્ષક પુરુષ ! હું આ યજ્ઞ મંડપના દ્વારે દ્વારપાલ તરીકે બેઠો છું એ શું એમ જ છે ? તું ચાંડાલ છે, તારાથી યજ્ઞવેદી પાસે બેઠેલા ધર્મરાજા પાસે જવાશે નહીં અને હવે ભોજન સમય પણ પૂર્ણ થયો હોવાથી અતિથિ અભ્યાગતોની પંગતમાં પણ તારાથી બેસાશે નહીં. તને શું વસ્તુ જોઈએ છે ? અન્ન, વસ્ત્ર, સુવર્ણ, ગાય, હાથી, ઘોડા, વાહન, ઘર, ખેતજમીન વગેરે જે કંઈ જોઈએ તે માગ એટલે હું તને આપું. એ લઈને તું ત્વરીત અહીંથી ચાલતો થા ! અહીં એક ક્ષણભર રોકાઈશ નહીં. તારી જે ઈચ્છા હોય એ મને કહે એટલે તત્ક્ષણ તે હું પૂર્ણ કરીશ.'

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યા : વાહ ભીમ ! તું અતિથિ સત્કાર તો સારો કરે છે. માટે જ તને ખાસ આ કામ માટે ધર્મરાજાએ નીમ્યો છે. અરે, ભાઈ તું મારા પર ગુસ્સે ન થા. તને ધૃણા અને ક્રોધ આવવો એ સહજ સ્વભાવ છે. પણ આ તારો દોષ નથી અથવા મારો અપરાધ નથી. આ કેવળ આ ગલિત દેહનો પ્રતાપ છે. ભીમ ! આ દેહ દુર્બળ છે. મને તારા અન્નની, વસ્ત્રોની, હાથી, ઘોડા, સુવર્ણરથની, ઘર, જમીન વગેરે કોઈ વસ્તુની જરૂર નથી. મારો દેહ અન્નના અભાવે ભૂખ્યો હશે પણ મને હવે તેની જરૂર નથી. મને માત્ર ધર્મરાજાનાં દર્શન કરવાની જ ઈચ્છા છે. ભીમ, તને આ મારા દેહનો તિરસ્કાર થતો હશે પણ એ જ તારો સંદેહ દૂર કરવા માટે, તારી શંકાકુશંકાનું નિવારણ કરીને સમાધાન કરવા માટે જ હું આવ્યો છું.

મેં સાંભળ્યું છે કે ધર્મરાજા સત્યવાદી સત્ત્વશીલ છે, એ બધાની મનોકામના પૂર્ણ કરે છે, કોઈને પણ વિન્મુખ મોકલતા નથી, કોઈપણ અતિથિ અભ્યાગત આવે તો તેમની ઉત્તમ પ્રકારે સેવા પૂજા કરીને, દર્શનથી સંતુષ્ટ કરે છે એમ તેમનો કીર્તિવર મેં સાંભળ્યો છે. પણ અહીં તો ભાઈ ! મને તારી જ સત્તા દેખાય છે. મને આવી બિલકુલ કલ્પના નહોતી, નહીંતર હું આવ્યો જ ન હોત. ધર્મરાજાનાં દર્શન કરવાં આ એક શુભ હેતુથી જ આવ્યો હતો. પણ તેં મને વચ્ચે જ રોક્યો. તું અહીંથી જ કાઢી મૂકીશ તો પાછો જઈશ પણ મારા મનની ઈચ્છા વાસના મનમાં જ રહી જશે અને આ બધી વાતનું નિમિત્ત કારણ તું થઈશ. તેના કરતાં મને અંદર જવા દે, રોકીશ નહીં.' આ પ્રકારે શ્રી બુદ્ધે ભીમને ખૂબ સમજાવ્યો પણ ભીમે એ વાતનો ઈન્કાર કર્યો. ભીમથી શ્રી બુદ્ધનું રોગીષ્ઠ સ્વરૂપ જોવાતું નહોતું. એ કુરૂપ શક્ય તેટલો જલ્દી અહીંથી નીકળી જાય તેટલું સારું એ માટે ભીમ એને દૂર કરવા લાગ્યો.

ભીમ કહે ચાંડાલ વચન સુણજે તું મોયે, અને આગળ જવાની રજા નહીં તોયે. ॥૬૩॥
તાહાં રાજા યુધિષ્ઠિર યજ્ઞ જો કરે અને બેઠા બ્રાહ્મણ વેદ ઓચરે. ॥૬૪॥
જ્યાં હોમ યજ્ઞ તણો આરંભ જ હોયે, ત્યાં તુંજ ચાંડાલ મુખ ના દેખે કોયે. ॥૬૫॥
બોલ્યા શ્રી બુદ્ધ ભીમ વચન સુણ મોયે, સર્વ ચાંડાલની વાત કહું છું હું તોયે. ॥૬૬॥
આજ સર્વ બ્રાહ્મણ દીસે છે અશુદ્ધ, તે અવતાર પાત્રની ના જાણે શુદ્ધ. ॥૬૭॥
તે આજ પેટને કાજે વાંચે ઠાલા વેદ, અને રૂપ અમારાંનો કરે નિષેધ. ॥૬૮॥
ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા વિખ્યાત, ચાંડાલ તણી કહું ભીમ તુંને વાત. ॥૬૯॥
એ બ્રાહ્મણ માંહેથી બ્રહ્મ ગયા, તે નામ માત્રના બ્રાહ્મણ રહ્યા. ॥૭૦॥
આ સર્વ બ્રાહ્મણ વાંચે ઠાલા વેદ, અને તે તો રૂપ અમારાંનો કરે નિષેધ. ॥૭૧॥
જે આજ ઠાલા વેદની વાણ જો કહે, અને તે હરિ અવતારની શુદ્ધ ના લહે. ॥૭૨॥

જે આજે અથર્વવેદની ના જાણે વાણ, તેણે ચાંડાલ પ્રત્યક્ષ લેજો તમે જાણ. ॥૭૩॥
જે અવતાર પાત્રનો આજ વારો વહે, તે અવતારની કોઈ શુદ્ધ જ ના લહે. ॥૭૪॥
આપ સ્વાર્થમાં જે દુષ્ટ મન જો ધરે, તે પાપી હરિ અવતારની ખંત ના કરે. ॥૭૫॥
આપ સ્વાર્થે એ તો જૂઠું બોલી ભણે, તે તો મોક્ષ મુગતની શુદ્ધ ના ગણે. ॥૭૬॥
ભાઈ એથી આગળ બ્રાહ્મણ એસા હોયે, તે મહાલંપટ કપટીને નિર્લજ્જ સોયે. ॥૭૭॥
નહીં હરિ શું નેહને વાંચે નિત્ય વેદની વાણ, અથર્વવેદ માને નહીં તે ચાંડાલ લેજો જાણ. ॥૭૮॥
જે વાંચે ઠાલા વેદને ખાલી તીર્થે જાયે, પ્રાણી પથ્થર પૂજે તે પાવન નહીં થાયે. ॥૭૯॥
આ તેણે જૂઠો યજ્ઞ મંડાવ્યો છે સોયે, લોભ સ્વાર્થે સત્ય ધર્મ ના સૂઝે કોયે. ॥૮૦॥

ભીમ બોલ્યો : 'અરે ઓ વિકૃત પુરુષ, તને અંદર યજ્ઞમાં જવા દેવામાં આવશે નહીં. હું તને અંદર જવા દઈશ નહીં. ધર્મરાજા પવિત્ર અને શુચીભૂત થઈને યજ્ઞમાં બેઠા છે. બધા બ્રાહ્મણ નિર્મળ શુદ્ધ પવિત્ર થઈને વેદોક્ત મંત્રોચ્ચાર યુક્ત યજ્ઞ વિધિ યથા શાસ્ત્રથી કહે છે. ત્યાં તારા જેવા આ કુરૂપ અશુદ્ધ અમંગળ ચાંડાલનું મ્હોં પણ કોણ જોશે ?'

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યા : 'અરે ભીમ, તારી કંઈક ભૂલ થાય છે. ચાંડાલ બોલીને આજે તું મારી અવહેલના કરે છે પણ ખરો ચાંડાલ કોણ છે એ જો તમે કહીશ તો તારા આશ્ચર્યનો પાર રહેશે નહીં. આજ તારો યજ્ઞ કરનાર જે બ્રાહ્મણો છે એ જ મને અશુદ્ધ દેખાય છે. પવિત્ર, સત્ય અને આદર્શ તત્ત્વ રહ્યા સિવાય કોઈપણ કાર્ય પૂર્ણપણે સિદ્ધ થતું નથી. આજ તારા આ યજ્ઞમાં આવ્યા છે તે બધા બ્રાહ્મણો શું નિઃસ્વાર્થ બુદ્ધિથી કાર્ય કરે છે ? નિષ્કામ બુદ્ધિ રાખીને કરેલું કોઈ પણ કાર્ય સહજ સફળ થાય છે, એ તમારા યજ્ઞમાં નિષ્કામ કર્મનો કંઈ પણ અંશભૂત લાગે છે ? પાપ નિવૃત્તિ કરવા કરેલા આ યજ્ઞથી તમારો કર્મ વિપાક નહિવત્ થશે ? આ જે બ્રાહ્મણ વર્ગ અહીં એકત્રિત થયેલા છે એ પૈકી કોઈ પણ બ્રાહ્મણ પરમેશ્વરના નવમા બુદ્ધ અવતારનો ઉપાસક અથવા ઉપદેશક છે ? બુદ્ધ આ ઈશ્વરી અવતાર છે, એટલી પણ બુદ્ધ અવતાર પર તેમની શ્રદ્ધા ભક્તિ છે ? અરે ભીમ, હજુ તને શું કહેવું, પણ આ બ્રાહ્મણ ચોથા અથર્વવેદને પૂજ્ય માને છે ? અથર્વવેદનું તત્ત્વ શું છે એની પણ તેમને સમજણ છે ?

ભીમ અંદર જઈને તું બ્રાહ્મણોને આ બધી વાતો પૂછીને પહેલાં તારા પોતાના મનની ખાતરી કરી લે અને ખરેખર જ તને આમાં સત્ય, પવિત્ર અને આદર્શતા દેખાય તો જ યજ્ઞ કર્યાનું શ્રેય તમને પ્રાપ્ત થશે. પોતાના માટે શાસ્ત્ર વચનમાં ભેળસેળ કરીને પોતાને અનુકૂળ એવી રીતે તેનો ઉપયોગ કરી લેવો તેમજ મોક્ષ મુક્તિની કોઈપણ સમજ ન જાણતાં ઐહિક અને લૌકિક સુખ માટે મથતા, માત્ર કર્તવ્યમાં માનનારા બ્રાહ્મણો આ તમારો યજ્ઞ કરવા માટે તૈયાર થયા છે. ફક્ત સ્વાર્થ માટે પોતાના ઉપાર્જન માટે આરંભેલા આ તમારા યજ્ઞમાં કંઈ તથ્ય નથી, કારણ અહીં ફક્ત શુષ્ક વેદમંત્રોનો પાઠ થાય છે. જે વિધિનો મહિમા નીકળી ગયો છે એવા અનાવશ્યક કર્મનો ભાર તમારા પર રાખીને આરંભેલ આ તમારું યજ્ઞ કર્મ નિષ્ફળ થશે. જે નારાયણના અવતાર પાત્રમાં જ ભેદ માને છે, દ્વૈત માને છે. તેમના ચિત્તમાં ઈતર પ્રાણીમાત્ર વિષયે અભેદ દૃષ્ટિ રહેવી શક્ય જ નથી. પછી વેદાન્તોનું તત્ત્વ જ્ઞાન લોકોને બતાવીને ઉપદેશનો શું અર્થ ? શુષ્ક વેદાન્ત જ્ઞાનચર્ચાથી અદ્વૈતની પ્રાપ્તિ થતી નથી અને તેના લીધે સામયિક દર્શન બિલકુલ જ થશે નહીં. જ્યાં સુધી સામયિક દર્શન નહીં થાય ત્યાં સુધી જીવાત્માના જન્મ મરણના ફેરા મટતા નથી અને જીવાત્મા સદ્‌ગતિમાં કે મોક્ષગતિમાં જઈ શક્તા જ નથી.

હવે ફક્ત અંશ પરંપરા યુક્ત જ બ્રહ્મ વર્ગ હશે, જેમનામાં વેદ મંત્ર અથવા વેદાંત જ્ઞાન માર્ગનો અભાવ હશે તે સ્વાર્થ માટે અલગ અલગ વ્યવસાય કરવા લાગશે, તેમને બિલકુલ લજ્જા આવશે નહિ. તીર્થક્ષેત્રમાં ધાર્મિક ભોળી ભાવિક જનતાને છેતરીને લોભ અને સ્વાર્થ સાધશે. લોકો પણ તેવા ક્ષેત્ર પર જ્ઞાન માર્ગથી અજાણ હોવાથી ફક્ત પ્રાણી અને પાષાણની જ પૂજા કરશે. તીર્થ ક્ષેત્રે પૂજા અર્ચનાની વિધિ અને તીર્થ યાત્રાનું મહાત્મ્ય તેમજ ફળશ્રુતિ વગેરે મહત્ત્વની વાતો પ્રત્યે પૂર્ણ દુર્લક્ષ કરશે. તેમને ફક્ત યાત્રા કર્યાનો આનંદ થશે. માટે ભીમ આ બ્રાહ્મણોએ તમારો આ યજ્ઞ ફક્ત સ્વાર્થ માટે જ આરંભ્યો હોવાથી તેમને સત્ય ધર્મને તિલાંજલિ આપીને ફક્ત સ્વાર્થ અને લોભ સાધ્યો છે.

કહે ભીમ ત્યાં હે ચાંડાલ સુણ આંયે, યજ્ઞ સ્થાને ભલા બ્રાહ્મણ ક્ષત્રિય બેઠા જાયે. ॥૮૧॥
તે તો સર્વે આચરવંત દીસે છે ઘણા, એ પણ સાંભળે વેદ એ બ્રાહ્મણ તણા. ॥૮૨॥
ત્યાં ત્રણે વેદની રચના એકમેક હોય, ત્યાં તમ ચાંડાલ મુખ તો ના દેખે કોય. ॥૮૩॥
ત્યાં હરિ કહે ભીમ વચન સુણ તું મોયે, સર્વે ચાંડાલ તણી વાત કહું છું હું તોયે. ॥૮૪॥
આ ક્ષત્રિય બ્રાહ્મણ હોઈ મન દયા ના ધરે, અને બ્રહ્મ જ્ઞાન સત્ય ધર્મની નિંદા કરે. ॥૮૫॥
હે ભીમસેન સત્ત્વ વિના કોઈ શુદ્ધ ના હોયે, એવા કારણે બ્રાહ્મણ ચાંડાલ તે લેજો જોયે. ॥૮૬॥
એ ત્રિકાલ સંધ્યા તો બ્રાહ્મણ કોઈક કરે, અને વળી તે ચોથી સંધ્યાની ખબર ના લહે. ॥૮૭॥
ભીમસેન જો ચોથા વેદની ના જાણે વાણ, તેને રાજા ચાંડાલ સહી લેજો જાણ. ॥૮૮॥
ભીમ દ્વાપર અંતે ત્રણ વેદ જો પૂરા થયા, અને આઠ અવતાર તો શ્રી હરિના ગયા. ॥૮૯॥
આજ નવમે રૂપે આવ્યો છું જોયે, તે મને બ્રાહ્મણ વળી નહીં માને કોયે. ॥૯૦॥
હે ભીમ એ ચાંડાલ બ્રાહ્મણ મહા અજ્ઞાન, તે મારા બુદ્ધ અવતારનાં ખંડે છે નામ. ॥૯૧॥
સુણો આ સત્ય વાત ભીમ અમ તણી, હું માગું છું અન્ન જે ક્ષુધા વ્યાપી છે ઘણી. ॥૯૨॥
જો મુજ દુર્બલને વિધિએ દેશો રે દાન, તો જ આ યજ્ઞ સફળ હોશે સત્ય જાણ. ॥૯૩॥

ભીમ બોલ્યો: 'અરે ઓ વિકૃત દેહી પુરુષ, અમારા યજ્ઞ અને એ કરનાર ઋત્વિકજનોની નિંદા કરનાર એવો તું કોણ એટલો બધો વેદ પ્રાવિણ્ય બ્રહ્મદેવ છે ? આટલા આચારવંત બ્રાહ્મણ, ક્ષત્રિય, મોટા મોટા મહર્ષિ આ યજ્ઞ મંડપમાં ઉપસ્થિત રહેવાથી અને બધા બ્રાહ્મણો મંત્રઘોષ-યજ્ઞવિધિ યથા યોગ્ય કરે છે ત્યારે આચારવંત એવા બ્રાહ્મણ ક્ષત્રિયોને તું ચાંડાલ કહીને સંબોધે છે તે મારાથી સહન થશે નહીં. તને હમણાં જ અહીંથી ભગાડવો પડશે. મને એમ લાગે છે કે, બ્રાહ્મણોને ચાંડાલ કહેનાર તો તું જ ચાંડાલ હોઈશ. એ માટે હું તને યજ્ઞ મંડપમાં જવા દઈશ નહીં. ત્યાં ઉત્તમ આચારવંત બ્રાહ્મણો ઉપસ્થિત છે એ તારા જેવા કુરૂપનું મ્હોં પણ જોશે નહીં.

એ સાંભળી શ્રી બુદ્ધ ભગવાન બોલ્યા: 'ભીમ, શાંત થા ! તું વિકારોના આધારે ન જઈશ. હું તને બે શબ્દ કહું છું એ શાંતિથી સાંભળી લે. ભીમ ! સત્‌પંથ ધર્મ સત્ય રૂપ અધિષ્ઠાન પર સ્થિત હોવાથી વેદો એ તેના મુખ્ય આધાર છે. સત્‌ તત્ત્વના પાલન સિવાય કોઈ પવિત્ર અને શુદ્ધ થતું નથી. દાન, દયા, તપશ્ચર્યા અને શુચીભૂત રહ્યા સિવાય કોઈ પણ શુભ કાર્ય સિદ્ધ થતું નથી. કર્તવ્યપાલન સાથે બ્રહ્મજ્ઞાનનું સંપાદન અને પાલન કરવાનું હોય છે. આપણે જે ત્રિકાળ સંધ્યા કરીએ છીએ એટલું જ કરીને નહીં પણ ચોથી સંધ્યા જે મુક્તિની છે તેનું પાલન થતું જ નથી. જીવાત્માને જન્મ મરણના ફેરામાં નાખનાર કર્મ ચોથી સંધ્યાથી જ દૂર થાય છે. મુક્તિ માટેનો જે ખરો માર્ગ છે તે માર્ગની અને એ માર્ગદર્શકની બ્રાહ્મણો નિંદા કરે છે.

દ્વાપર યુગ સુધી ભગવાનના આઠ અવતાર પૂર્ણ થયા છે. વેદત્રયીના યોગથી ફક્ત કર્મની ઉપાસના અને ભક્તિની સાધના થશે. સાંપ્રતના નવમા બુદ્ધ અવતારનું હમણાં અવતાર કાર્ય ચાલુ હોવાથી તે જ હું આ રૂપે તારી સામે ઊભો છું. મારી અને મારા અવતાર કાર્યની આ બ્રાહ્મણ વર્ગ ઉપેક્ષા કરે છે, કારણ મારાં પ્રમુખ કાર્ય એ નિષ્ક્રિય અને પશુહિંસાત્મક હોય એવા યજ્ઞયાગ બંધ કરવાં એ છે. મનુષ્યના હૃદયમાં સર્વ પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ હોવો જોઈએ. પશુ બલિ આપવાથી સંતુષ્ટ થનારા દેવતા આસુરી એટલે નિકૃષ્ટ હોય છે. પશુને મારીને અમારી પૂજા કરવાથી જ અમે પ્રસન્ન થઈશું એમ કોઈ પણ શ્રુતિ સ્મૃતિ વેદ ગ્રંથમાં નથી. તેમ હોય તો તે જ શ્રુતિ સ્મૃતિએ આપણને અહિંસા ધર્મનો ઉપદેશ કર્યો ન હોત. પણ સાંપ્રત કાળમાં પશુ હિંસાત્મક જે ગ્રંથ મંત્ર વિધિયુક્ત કર્મ શરૂ થયાં છે એ ફક્ત સ્વાર્થી, લોભી, દંભી અને લાલચું વિપ્રોએ શરૂ કર્યાં છે. ભીમ, આ મારી વાણી ત્રિકાળ બાધિત સત્ય છે. તું તાત્કાલિક મારી તૃષા તૃપ્ત કરીને અહીંથી મને યજ્ઞ સ્થળે જવા દે. વિના કારણ અહીં ઊભો રહેવા દઈશ નહીં. મને અપંગ દુર્બળને દાન આપીને ઈચ્છા તૃપ્ત કરવાથી તમારો યજ્ઞ સફળ થશે. તમને આ કર્મનો દોષ રહેશે નહીં. મારી ઈચ્છા એક જ છે, ધર્મરાજાનાં દર્શન કરવાં એ જ છે.

ત્યાં ભીમસેન મન ચિંતા કરે છે જોયે, એ તો દીસે છે અવતાર પાત્ર કોયે. ॥૯૪॥
એમની કાયા કુરૂપ બાહેર દીસે છે ઘણી, પણ વચન તો બોલે જેમ વૈકુંઠનો ધણી. ॥૯૫॥
સુણો રે યોગેશ્વર ભીમ કર જોડીને કહે, સંશય એસો એક મારા મન માંહે રહે. ॥૯૬॥
ક્ષત્રિય જન માંહે કહો કોણ ચાંડાલ, મારો સંશય છેદજો હો દીનદયાળ. ॥૯૭॥
બોલ્યા શ્રી બુદ્ધ ભીમ સુણો વિખ્યાત, ક્ષત્રિય ચાંડાલ તણી કહું છું તોયે વાત. ॥૯૮॥
જે ક્ષત્રિય હોઈ મનમાં દયા નહીં ધરે, તે બાંધી હથિયારને જીવ હિંસા કરે. ॥૯૯॥
જે વાછરું વિયાણ વાળે રે ગાય, તે તો વસ્ત્ર બીજાના લીયે છીનાય. ॥૧૦૦॥
વળી અતિ અભિમાન કરે મન માંહે, ભાઈબંધ ભલો દેખ્યા ના સહેવાયે. ॥૧૦૧॥
તે બાંધવને અતિ કઠોર કહે વેણ, માણસ મારતાં તો જરાયે ના કરશે કે'ણ. ॥૧૦૨॥
હે ભીમ તે ક્ષત્રિય ચાંડાલ ભૂલ્યા વેદ જાણ, તેણે ચાંડાલ ભીમસેન સહી પ્રમાણ. ॥૧૦૩॥
જે ક્રોધી બાળે વનને દુષ્ટ વાળે ગાય, તેણે પર જીવ મારતાં દયા નહીં થાય. ॥૧૦૪॥
આપ જીવને કાજે પર જીવની હિંસા કરે, બ્રહ્મ જ્ઞાન મન માંહે તે નહીં ધરે. ॥૧૦૫॥
મારગ અતિ કૂડ કપટી વિરોધી હોયે, ચાંડાલ ભીમ તેણે લેજો સહી કરી જોયે. ॥૧૦૬॥
બાહ્ય આચાર કરેને અડસઠ તીર્થે જાયે, અવતારને ના ઓળખે તે કદી પવિત્ર ન થાયે. ॥૧૦૭॥

શ્રી બુદ્ધનાં વચન સાંભળીને ભીમને આશ્ચર્ય થયું. એ મનમાં ચિંતન કરવા લાગ્યો કે આ પુરુષના બોલવા પરથી કોઈક અવતારી પુરુષ હોવો જોઈએ. આનો દેહ બહારથી દેખાવામાં એકદમ કુરૂપ અને ગલિચ્છ છે, પણ વાણી તો વૈકુંઠપતિ શ્રી કૃષ્ણની જેમ તેજસ્વી ને અમૃતોપમ છે.

ભીમે હાથ જોડીને શ્રી બુદ્ધને કહ્યું; 'હે યોગેશ્વર, મેં અજ્ઞાનતાથી તમને ચાંડાલ કહીને સંબોધ્યા પણ હવે એ મારી ભૂલ મને સમજાઈ છે. તમારી વાણી પરથી તમે કોઈક અધિકારી યોગી પુરુષ હોવા જોઈએ એમ મને સમજાય છે. હે યોગેશ્વર ! મારા મનમાં એક શંકા ઉદ્‌ભવી છે, તે એમ છે કે ક્ષત્રિય લોકમાં ચાંડાલ કોને સમજવા ? કયા આચરણથી ક્ષત્રિય ચાંડાલ ગણાય એ તમે મને સંક્ષેપ્તમાં કહો !

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યા: 'ભીમ, ક્ષત્રિય કુળમાં ચાંડાલ કોણ છે એ હું તને કહું છું તે સાંભળ ! ક્ષત્રિય વર્ણ સમાજ એ દેશ રક્ષણ માટે, સમાજ હિત માટે અને રક્ષણ માટે નિર્માણ કરેલ છે. માનવ કલ્યાણના માર્ગમાં ખેતીવાડી, પશુપાલન, વ્યાપાર, ઉદ્યોગ વગેરે બાબતમાં કોઈ વ્યક્તિએ, સમાજે, દેશે બાધા લાવી હોય અને સમાજઘાતક પ્રવૃત્તિ નિર્માણ કરીને અશાંતિ પ્રસરાવી હોય તો ક્ષત્રિયોએ એમના સામે યોગ્ય શાસન સ્વીકારીને સમાજનું અને વ્યક્તિના જીવનનું રક્ષણ કરવું એ માટે ક્ષત્રિય વર્ગ નિર્માણ કર્યો છે. જીવ પ્રાણીમાત્ર પ્રત્યે મનમાં દયાભાવ રાખીને તેમના કલ્યાણની, ઉન્નતિની અને સુખ પ્રાપ્તિ કરાવી આપવાની જવાબદારી શિર પર લઈ એ પ્રમાણે વર્તે એ ખરો ક્ષત્રિય વીર પુરુષ છે.

આનાથી ઉલટું જેના ચિત્તમાં દયાભાવ નથી, પ્રાણી માત્ર પ્રત્યે આત્મિયતા નથી. સદૈવ શસ્ત્ર સજ્જ થઈને જીવ હિંસા કરવામાં જે આગળ પાછળ જોતો નથી, જે ગાયને વાછરડાંઓથી જુદાં કરી તેમને ભગાડીને લઈ જાય છે, બીજાની ઉપર દગાથી હુમલો કરીને તેનાં કપડાં-લત્તાં, ધન, વાસણો વગેરે લૂંટે છે એ ક્ષત્રિય ચાંડાલ કહેવાય છે. જે મનમાં અતિ અભિમાન કરે છે. પોતાના ભાઈબંધુ, આપ્તજન, ઈષ્ટ મિત્ર વગેરેની ઉત્કર્ષ ઉન્નતિ જેમનાથી સહન થતી નથી, તેમનું વર્ચસ્વ જોઈને જેમના મનમાં એમના માટે દ્વેષ, મત્સર અને ઈર્ષા ઉત્પન્ન થાય અને એમનું અધઃપતન અવનતી ક્યા પ્રકારે થાય એ માટે જે ખટપટ કરે છે, તે અધમ નીચ ચાંડાલ કહેવાય.

જે કઠોર ક્ષત્રિય પાષાણ હૃદયથી અતિથિ, અભ્યાગત, બાંધવોને દુષ્ટ બુદ્ધિથી ત્રાસ આપે છે, મનુષ્ય હત્યા કરવામાં જેમના ચિત્તમાં કિંચિંત દયા આવતી નથી, દેવ વચન, સત્ય વચન પાળતા નથી એ ક્ષત્રિય ચાંડાલ સમજવા. જે ક્રોધાવિષ્ટ થઈને મૂક પશુઓને ચરવા માટેનું ગૌચર જંગલ બાળીને ભસ્મ કરે છે, ફક્ત મોજ માટે શિકાર રમે છે અને નિષ્પાપ નિર્દોષ પ્રાણીઓને મારે છે, એ જીવ હિંસા છે એમ કિંચિંત પણ મનમાં લાવતો નથી, પોતાની જીભની લાલચ માટે જીવ હિંસા કરે છે, મદ્ય માંસ સેવન કરે છે એવા ઉન્મત્ત થયેલા માનવપશુના ચિત્તમાં બ્રહ્મ જ્ઞાન ક્યાંથી ઉદ્‌ભવે ! આવા લોકો જો બ્રહ્મ જ્ઞાન સંપાદન કરવાનો પ્રયત્ન કરે તોય ખડક પર વાવેલા બીજ પ્રમાણે એ નિરર્થક થાય છે. જે અતિ કૂડ કપટી, સમાજ વિરોધી અને ઘાતકી હોય એ ક્ષત્રિયોને હે ભીમ ! તું ચાંડાલ સમજ. આવા લોકો આત્મશુદ્ધિ બ્રાહ્યાચરણ ગમે તેટલાં શુદ્ધ પવિત્ર રાખવાના નિયમ કરે, એ લૌકિક માટે ગમે તેટલી તીર્થ યાત્રા કરે તો પણ એ જીવાત્મા પાવન થઈ શકશે નહીં. યુગધર્માનુસાર અવતાર પાત્રની ભક્તિ ન કરનારા કદી પણ પાવન થતા નથી.

આવી સત્‌પંથમાં ને તેના ન પાળે વેદ ધર્મ, ઉલટા ચોર ધૂતારા દૈત્યનાં કરે કર્મ. ॥૧૦૮॥
પૂરી દશાંશ ન આપે ને બ્રહ્મ કણ ખાયે, પોતે હાલ ના ગુજારે ને ગત્‌માં ના જાયે. ॥૧૦૯॥
ન પીયે અમીને ન શીખે બ્રહ્મજ્ઞાનની વાણ, હે ભીમ તેને ચાંડાલ સહી લેજો જાણ. ॥૧૧૦॥
સત્‌પંથ લઈને પરહરે જે હરિના પાયે, મુખી ગત્‌ની નિંદા કરી દશાંશ ગેર ખાયે. ॥૧૧૧॥
વળી તે નિશાની વેળાયે હાજર ન હોયે, હે ભીમ તે ચાંડાલ જીવ કેમે પાવન ના થાયે. ॥૧૧૨॥
કળશ ઘટપાટ પૂજાની વેળા બહુ મોટી હોયે, પૂર્વ પુણ્ય વિના ના મળે સઉ કોયે. ॥૧૧૩॥
ત્યાં ઝગમગ જ્યોતિ તે આદ્ય શક્તિ કેવાયે, બ્રહ્મ ત્યાં પ્રત્યક્ષ હાજર હોયે. ॥૧૧૪॥
સહુ દેવ દેવતા ત્યાં મળીને આવે, ત્યાં દેવ સભાના મહિમા કહ્યો નવ જાયે. ॥૧૧૫॥
એવો મહિમા પૂજાનો જે ના જાણે કોયે, તે તો અબુધ અજ્ઞાન પાવન ના થાયે. ॥૧૧૬॥
એવાં સુણી વચન ભીમ અચંબે હોયે, આ તો અવતાર પાત્ર દીસે છે કોયે. ॥૧૧૭॥
આગમ નિગમની સર્વે કરે છે વાત, કાયા છે કુરૂપ પણ પ્રાણ મહા વિખ્યાત. ॥૧૧૮॥

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ ભીમ, આ સંપૂર્ણ અવનિ તળ પર તરીને જવાનો સહજ સુલભ અને સરળ માર્ગ એટલે યુગ ધર્માનુસાર સત્પંથ ધર્મનું ક્રિયાચરણ પાલન કરવું તે છે. બાર વર્ષના વનવાસમાં તમે પોતે આચરણ કરેલ મુક્તિ માર્ગ એ જ સત્પંથ છે. આ માર્ગ પ્રણાલીનુસાર ઈશ્વરના નિર્ગુણ નિરાકાર સ્વરૂપનું જ્યોતિ સ્વરૂપમાં ધ્યાન કરાય છે. કારણ આત્મા સ્વયં જ્યોતિ સ્વરૂપ પ્રકાશમાન ચૈતન્યમય છે. માટે એ જ સ્વરૂપના માધ્યમથી તેનું ધ્યાન કરવું. પ્રણવ બ્રહ્મનો ઉચ્ચાર અને સતત નામ સ્મરણ કરવું. વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ સંહારના મૂળમાં રહેલ પ્રણવ બ્રહ્મ એ એક માત્ર આદ્ય તત્ત્વ હોઈને નિર્ગુણ નિરાકારમાંથી સગુણ સાકારમાં આવનાર આદિ નારાયણનો એ બીજ મંત્ર છે. એ આદિ નારાયણ તેમજ જ્યોતિ એ આદ્ય શક્તિ દેવીનું પ્રતિક છે. ધર્મ રૂપી અધિષ્ઠાન પર સ્થિત રહેલ કળશ એ બ્રહ્માંડનું સ્વરૂપ છે. દાન, દયા, તપશ્ચર્યા, શુચીભૂતતા એ મૂળભૂત પાયા પર ઊભી રહેલ બ્રહ્માંડ મૂર્તિ જ આ કળશ છે.

આ કળશમાં મંત્રોપચારથી તીર્થજળ ભરીને તેમાં વિશ્વ બ્રહ્માંડમાંના સંપૂર્ણ સૃષ્ટિ ચક્ર ચલાવનારા દેવી દેવતાઓનું આહ્વાન કરીને અધિષ્ઠિત કરવાનાં હોય છે. વિશ્વમાં પોતાનો પ્રાણ એ વાયુ, જળ, તેજ અને અન્ન રૂપ હોવાથી એ પદાર્થોથી યુક્ત મંત્રોપચારથી હવિર્ભાગ રૂપથી એટલે અર્ઘ્ય, નૈવેદ્ય રૂપથી એ સર્વ દેવી દેવતાઓનું પૂજન સેવન કરવું. યથા મતિ, યથા શક્તિ સ્વયં જ્યોતિ સ્વરૂપ આદ્ય શક્તિ માતાના પ્રતિકમાં ધ્યાન કેન્દ્રિત કરીને આત્મ જ્યોતિ રૂપ પરબ્રહ્મ સાક્ષાત્ રૂપની પ્રાપ્તિ કરવી અને એ સ્વરૂપમાં પોતાની બધી ચિત્ત વૃત્તિ લય કરવાનો પ્રયત્ન કરવો. આ પ્રકારનો સત્પંથ ઘટપાટ પૂજાવિધિનો મહિમા છે.

પૂર્વ જન્મના અનેક પુણ્ય કર્મના ફળ સિવાય મુક્તિ માર્ગ મળતો નથી. એક તો માનવ દેહ મળવો દુર્લભ અને તેમાંય સત્પુરુષનો સંગ અત્યંત દુર્લભ છે. એ માટે સદ્ગુરુ કહે છે કે; પૂર્ણ પુણ્યના બળથી જે સન્માર્ગ મળ્યો છે એ વ્યર્થ ખોશો નહીં. તમે હવે છેવટથી પળે મુક્તિનો માર્ગ મેળવી લો. સદ્ભાગ્યવાન જીવાત્માઓએ આ જ્ઞાન માર્ગ સ્વીકાર્યો છે અને આ પ્રમાણે ન વર્તતાં અનધિકારી જીવાત્માઓને અભાગી અજ્ઞાનાંધ કહેવા જોઈએ. તેવા જીવાત્મા કદી પણ પાવન થતા નથી, જેમણે આ સત્પંથ મુક્તિ માર્ગ સ્વીકાર્યો હોવા છતાં નિત્ય પૂજા પાઠમાં જતા નથી, સદ્ગુરુ ચરણામૃત પ્રાશન કરતા નથી, ગુરુમુખના ઉપદેશામૃતનું શ્રવણ કરતા નથી, ગત્ગંગામાં આવીને ગત્ગંગાની સેવા કરતા નથી, મુખી અથવા ગોર ગત્ગંગાની નિંદા કરે છે, દાન દસવંત કરતા નથી, કરેલા અપરાધોની માફી માગતા નથી, ગોર ગત્ગંગામાં કળશ જ્યોતિને પ્રણામ કરતા નથી અને બેઈમાનીથી, ચોરીથી, દંભથી લોકોને ફસાવીને ભેગી કરેલી સંપત્તિ પર પોતાનો નિર્વાહ કરે છે એવા અબુધ અજ્ઞાની જીવાત્મા કદી પાવન થતા નથી.

શ્રી બુદ્ધ ભગવાનની આવી પવિત્ર વાણી સાંભળી ભીમ વિચાર કરવા લાગ્યો. આગમ નિગમનું જ્ઞાન કહેનારા ત્રિકાળદર્શી આ કોઈક અવતારી પુરુષ જ હોવા જોઈએ. તેમને કાયા તો કુરૂપ ધારણ કરી છે, પણ વાણી અમૃતોપમ છે. દિવ્ય જ્ઞાન બુદ્ધિ સંપન્ન એવા આ મહાત્મા કોણ હશે અને અમારા ઉદ્ધારની એમને આવશ્યક્તા કેમ થઈ હશે. આવી એક સરખી જીજ્ઞાસા ભીમને થઈ અને પછી તે આગળ બોલ્યો :

કહે ભીમ સુણો રે હો દેવ દીનદયાળ, મહાજન જાતમાં કહો ને કોણ ચાંડાલ. ॥૧૧૯॥
કહે શ્રી બુદ્ધ સુણો ભીમ વિખ્યાત, મહાજન ચાંડાલ તણી કહું તોયે વાત. ॥૧૨૦॥
મહાજન હોઈ મનમાં કરે જે અભિમાન, જે માલ તોલતાં દિલ ના રાખે ઠામ. ॥૧૨૧॥
લેતી વેળા તે છાનું ઘણેરું લેયે, અને દેતી વેળા કપટે થોડેરું દેયે. ॥૧૨૨॥

તે કરે અભિમાન ને વખાણે આપ, તે એવી દાંડીએ તોલ્યાનું મહા છે પાપ. ॥૧૨૩॥
જે દયા ધર્મ ક્ષમાની ના કરે વાણ, તે મહાજન ચાંડાલ છે ભૂલ્યા જાણ. ॥૧૨૪॥
કહે ભીમ તમે સુણો યોગેશ્વર દયાળ, અને મનુષ્ય જાતમાં કોણ છે ચાંડાલ. ॥૧૨૫॥
તો એવો સંક્ષપ્ત મોએ કહેજો દયાળ, જે એવો કોઈ કરમથી હોય ચાંડાલ. ॥૧૨૬॥
કહે શ્રી બુદ્ધ સુણો ભીમ વિખ્યાત, તે મનુષ્ય ચાંડાલ તણી કહું તોયે વાત. ॥૧૨૭॥
જે દયા ધર્મ ને ના જાણે ક્ષમા મન, તે તો સૂવે નિચિંતા ને પોતાનું પોષે તન. ॥૧૨૮॥
જે કોઈ પાપી માતા પિતા સામો થઈને લડે, તે તો પાપી દુષ્ટ નરક માંહે પડે. ॥૧૨૯॥
જે પર જીવ મારી સ્વાદે પેટ પોતાનું જ ભરે, અને પરનારી શું જે દુષ્ટ સંગમ કરે. ॥૧૩૦॥
જે નર પારકું ધૂતીને આપ રે ખાયે, તે પણ પાપી નર ચાંડાલ નરકમાં જાયે. ॥૧૩૧॥
પુરુષ એક ને વળી તે સ્ત્રી કરે રે દોયે, એક શું અતિ પ્રીત રાખે તે સોયે. ॥૧૩૨॥
દુજી કલકલે ને દિલ માંહે લાવે દુઃખ, તે એવા પાપી ચાંડાલ નર મુવે ના પામે મોક્ષ. ॥૧૩૩॥
તે ચાંડાલ તો નિશ્ચયે નરક માંહે જાયે, તેના પૂર્વજો કદીએ પવિત્ર ના થાયે. ॥૧૩૪॥
જે નર કન્યા તણો દ્રવ્ય જ પોતે લહે, અને વિશ્વાસઘાત કરી વિષ જો દહે. ॥૧૩૫॥
વણ વાયકે કોઈ પર ઘેર જમવા જાયે, જે ત્યાં જઈ જૂઠું બોલીને મીઠું ખાયે. ॥૧૩૬॥
જીવ સ્વાદે જે કોઈ પર જીવને હણે, ખાયે માંસ અને તે દુષ્ટ દોષ ના ગણે. ॥૧૩૭॥
જૂઠી ગવાહી પૂરે ને ચઢાવે આળ, હે ભીમસેન મનુષ્ય જાતમાં તે ચાંડાલ. ॥૧૩૮॥

ભીમ બોલ્યોઃ 'હે દેવ દીનદયાળ ! મને એક વાત જાણી લેવાની ઈચ્છા છે તો આપ તે કહેવાની મને કૃપા કરો. મહાજન એટલે વૈશ્ય, વ્યાપારી, શેઠ, શાહુકાર, એમનામાં ચાંડાલ કોણ સમજવા એ મને સંક્ષેપથી કહો !'

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ 'હે ભીમ, મહાજન વૈશ્યમાં ચાંડાલ કોણ એ હું તને કહું છું. મહાજન એટલે સમાજના ઉચ્ચ લોક. ખેતીવાડી, વ્યાપાર વગેરે કરીને ધનધાન્ય સંપન્ન વસ્ત્ર વગેરેથી સમૃદ્ધ જ હોય, સમાજમાં જે વિશેષ માનનીય વિશિષ્ટ હોય છે એ લોકો સમાજના પ્રતિષ્ઠા સંપન્ન હોવાથી સર્વસામાન્ય લોકો તેમના અનુસરણ કરવાનો પ્રયત્ન કરે છે. સ્મૃતિમાં કહ્યું છે કે; 'મહાજનો યેન ગઃ સ પન્થાઃ.' પ્રતિષ્ઠિત લોકો જે આચરણ કરે છે એ પ્રમાણે સમાજના સર્વ સામાન્ય લોકો વર્તે છે.

મહાજન એ સમાજના અધ્વર્યુ હોય છે. હવે આવા પ્રતિષ્ઠિત જે લોકો હોય છે એ જો મનમાં ખોટા અભિમાનથી વર્તશે, સત્ય નિષ્ઠા સ્થિર રાખશે નહીં, વેપારમાં તોલતી વખતે પોતાનું હૃદય સાફ રાખશે નહીં, જે માલ ખરીદી કરતી વખતે વધુ લેશે અને માલ વેચતી વખતે પ્રમાણ કરતાં ઓછું આપશે એવા પ્રકારનાં કપટપણાં કરશે, 'હું જ મોટો સાચો વ્યાપારી છું, સત્ય વચન પાલન કરવું એ મારું કર્તવ્ય છે, વગેરે વગેરે દંભથી ભ્રામકવાણી બોલે છે અને લોકોને ફસાવે છે, માલ લેતી વખતે એકદમ ઓછા ભાવમાં અને વેચતી વખતે ખૂબ વધારે ભાવથી વેચે છે, ધાન્યમાં ભેળસેળ કરે છે, વ્યવહારમાં ભ્રષ્ટાચારપણું કરે છે, લોકોના મન દુભવી તેમને તડપાવે છે, વ્યાજ સહિત, દોઢું બે ગણું નાણું રકમ વસુલ કરે છે, બેઈમાનીપણાથી, કપટથી લોકોની વસ્તુ લઈને તેમનો વિશ્વાસઘાત કરી, ખોટા દસ્તાવેજ, ખોટાં કરારનામાં, બક્ષીસપત્રકો વગેરે કરીને લોકોને છેતરે છે, એવા સફેદ ઠગ, લુચ્ચા, ચોર, પ્રતિષ્ઠિત કહેવડાવનારા મહાજન ચાંડાલ સમજવા. જેમના દિલમાં દયા નથી, કરેલા અપરાધ માટે કોઈ પણ પ્રકારનો પશ્ચાતાપ નથી, ગુન્હો કરીને પણ નાકબૂલ કરે છે, ક્ષમાનો અંશ સુદ્ધાં જેના ચિત્તમાં દેખાતો નથી એને ચાંડાલ સમજવા.

ભીમ બોલ્યો: 'હે દીનદયાળ યોગેશ્વર ! મનુષ્ય જાતમાં ચાંડાલ કોણ સમજવા ? કયા કર્મ કરવાથી મનુષ્ય ચાંડાલ ગણાય છે એ મારા મનનો સંશય દૂર કરો !'

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યા: 'હે ભીમ સાંભળ, મનુષ્ય પ્રાણીઓમાં કોને ચાંડાલ સમજવા એ હું તને કહું છું. જેમના ચિત્તમાં દયા, ધર્મ, પ્રેમભાવ અને ક્ષમાવૃત્તિ નથી, જે જીવાત્મા નિશ્ચિત મનથી માત્ર પોતાના જ પિંડનું પોષણ કરવામાં બધો સમય ખર્ચી નાખે છે, જે કોઈ કુપુત્ર પોતાનાં માતા પિતાને લડીને વઢીને - કષ્ટ આપીને તેમને દુ:ખી કરે છે, તે પાપી દુષ્ટ કૃતઘ્ન ચાંડાલ બધાના પહેલાં નર્કમાં જશે. પરપ્રાણી મારીને એટલે જીવ હિંસા કરીને પોતાનું પેટે ભરે છે, જે દુષ્ટ સ્ત્રી કે પુરુષ પરગમન અથવા અભિલાષા કરે છે, બીજાની ધનસંપત્તિ વગેરે લૂંટી ચોરીથી, બળજબરીથી, દુષ્ટપણાથી, અન્યાયથી પોતાનું પેટ ભરે છે એ દુષ્ટ નીચ પાપી ચાંડાલ નર્કમાં જાય છે. જે પુરુષ બે સ્ત્રીઓ કરે છે, એક સ્ત્રી પર પ્રીતિ કરે છે અને બીજીનો છેહ કરે છે, એક સુખી હોય અને બીજીનો આત્મા દુ:ખથી કળકળાવે છે, એના દુ:ખથી એ પાપી ચાંડાલ મનુષ્ય કદી મોક્ષ પામતો નથી, એ ચાંડાલ નિશ્ચય નર્કમાં જાય છે. એના પૂર્વજો કદી પણ પવિત્ર થતા નથી. જે કોઈ મનુષ્ય પોતાની કન્યાનું દ્રવ્ય હડપ કરે છે, વિષ પ્રયોગ કરીને તેને મારે છે અથવા અન્ય કારણથી એનો નાશ કરે છે, વિશ્વાસઘાત કરે છે એ પાપી ચાંડાલ સમજવા. આમંત્રણ ન હોય છતાં પણ જે બીજાના ઘેર જમવા જાય છે, ત્યાં જઈને ખોટું બોલીને, ખોટી પ્રશંસા વાહ વાહ કરીને ભોજન કરે છે, જીભના સ્વાદ માટે જીવ હિંસા કરીને મદ્યપાન ભક્ષણ કરે છે પણ એનો કોઈ પણ વિધિ નિષેધ પાળતા નથી. અન્ન દોષ ન માનતાં નિ:શક મનથી અભક્ષ્ય આહાર ભક્ષણ કરે છે અને અપેયપાન કરે છે, કોર્ટ કચેરીમાં અથવા પંચ પાસે ખોટી સાક્ષી આપે છે, બીજા પર જૂઠા આળ ચડાવે છે એવા દુષ્ટ નીચ મનુષ્ય ચાંડાલ સમજાવા.'

જ્યાં સદ્‌ગુરુ બ્રહ્માના હોય આશ્રમ ધરમ, તેના જે કોઈ ચોરી ખાશે બ્રહ્મ કણ માલ. ॥૧૩૯॥
જેણે કીધા વચનને દેખાડયા શ્રી હરિ, તે શું મુનિવર બોલે પ્રપંચ કરી. ॥૧૪૦॥
જેણે લીધા ધર્મને પરહરે શ્રી હરિના પાયે, તે પાપી ચાંડાલ જીવ નિશ્ચય નર્કમાં જાયે. ॥૧૪૧॥
આપણને અક્ષર એક શીખવાડે નર જેહ, તેને તો ગુરુ કરીને સત્ય માનવો તેહ. ॥૧૪૨॥
જે કોયે જૂઠા સમ લાલચે હરિના ખાયે, તે ચાંડાલ જીવ તો કદીયે પાવન ના થાયે. ॥૧૪૩॥
મનુષ્ય એકબીજાની નિંદા કરે છે જે સાર, જે પર નિંદા કરે તે તો છે મહાચંડાળ. ॥૧૪૪॥
ત્યારે ભીમ કહે સુણો દેવ દયાળ, ચોપગા અને પંખીમાં કોણ ચાંડાલ. ॥૧૪૫॥
કહે શ્રી બુદ્ધ સુણો ભીમ વિખ્યાત, ચોપગા અને પંખી તણી કહું તોયે વાત. ॥૧૪૬॥
ચોપગા માંહે કહીએ શ્વાન ને શિયાળ, પંખી જાત માંહે એક કાગ ચાંડાલ. ॥૧૪૭॥

જે સદ્‌ગુરુ બ્રહ્માના સાચા ઉપાસક અને શિષ્ય છે, એમની પાસેથી સદૈવ પરમાર્થ જ મળશે, તે અન્ય કોઈ પણ સ્વાર્થી કર્મમાં આનંદ માનશે નહીં. એમનો ધ્યેય એટલે કૈવલ્ય જ્ઞાન પ્રાપ્તિ અને એ અનુસાર આચરણ કરવું એ જ હોય, એવા હરિભક્તોનાં ઉપજીવિકાનાં સાધન જે નષ્ટ કરશે એટલે તેવા સદ્‌ભક્તોની ધનસંપત્તિનો અપહાર જે કરશે એને ચાંડાલ સમજવા ! જે મહાત્માએ પોતે અપરિમિત કષ્ટ ભોગવીને સદ્‌ભક્તોને જ્ઞાનોપદેશ કર્યો, સદ્‌ભક્તો પાસેથી અલગ અલગ સાધના કરાવીને શ્રી હરિને સાક્ષાત્કાર રૂપે પ્રાપ્તિ કરાવી એ મહાત્માના એ અમૌલિક ઉપકાર ન માનતાં તેમની સામે જે પ્રપંચ બુદ્ધિથી વર્તે છે, તેમના અલૌકિક દિવ્ય તત્ત્વને ના જાણતાં એકાદ સામાન્ય પ્રાપંચિક વ્યક્તિ પ્રમાણે તેમને માને છે, એ દોષમૂલક પાપી ચાંડાલ છે.

જેમણે સંત મહાત્મા પાસેથી ધર્મની દીક્ષા લીધી હોય અને તેમનાં વચનાનુસાર ન વર્તતાં અશુદ્ધ માર્ગ પ્રમાણે વર્તે છે એ પાપી ચાંડાલ જીવાત્મા નરકે જાય છે. લૌકિક વ્યવહારમાં જે જ્ઞાન શીખવે છે એ શિક્ષક હોય છે, જે ગુરુ પોતાના શિષ્યને અક્ષર બ્રહ્મ તત્ત્વનું જ્ઞાન આપીને તેવા પ્રકારની સાધના શિષ્ય પાસે કરાવીને મુક્તિ માર્ગે લઈ જાય છે, તેવા ગુરુનું દિવ્યત્ત્વ અલૌકિત્ત્વ શિષ્યએ સ્વીકારીને ગુરુની સેવા કરવી પડે, તેમ ન કરતાં જે શિષ્ય પોતાના લૌકિક સુખ માટે ગુરુને છોડી જાય છે અથવા તેમની અવહેલના કરે છે એ દુષ્ટ નીચ ચાંડાલ સમજવા. જે મનુષ્ય સ્વાર્થ માટે લાલચથી ભગવાનના ખોટા શપથ લે છે, જે મનુષ્ય બીજાની નિંદા, ચુગલી, ચાડી, દ્વેષ, મત્સર કરે છે એ મહાચાંડાલ જાણવો. તેવા મનુષ્ય બીજાનું જીવન બગાડવાનો પ્રયત્ન કરે છે એ યોગે તેમને પોતાના જ જીવનમાં અનંત કાળ સુધી કષ્ટ ભોગવવું પડે છે.

ભીમ બોલ્યો: 'હે દેવ દીનદયાળ, ચતુષ્પાદ પ્રાણીમાં અને પક્ષીઓની જાતમાં ચાંડાલ કોને સમજવા એ કૃપા કરીને તમે મને જણાવો !'

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યા: 'હે ભીમસેન, પશુ પક્ષીઓમાં આમ જોવા જઈએ તો કોઈપણ ચાંડાલ નથી કારણ કે એ યોનિ એટલે ભોગ યોનિ છે. મનુષ્ય જન્મમાં કરેલાં શુભાશુભ કર્મનું ફળ ભોગવવાનું ફક્ત તેમને કર્તવ્ય હોય છે. નવા ક્રિયામાણ કર્મ પશુ-પક્ષી યોનિમાં આવતાં નથી. જે પશુ-પક્ષીઓને ઉચ્ચ અથવા નીચ યોનિ મળી હોય છે એ પરથી એમને ઉત્તમ અથવા અધમ માનીને હિન કહેવાનો અર્થ નથી. આ સર્વ એના પૂર્વ સુકૃતનો ગુણ દોષ હોય છે, પણ ચતુષ્પાદમાં શ્વાન અને શિયાળ એ ચાંડાલ ગણાય છે અને પક્ષીઓમાં કાગડો એ ચાંડાલ કહેવાય છે. એનું કારણ ફક્ત એક જ છે એ પશુ પક્ષીઓમાં હલકી યોનિ છે. તેમને બૂમો પાડવી અથવા તેના હાલચાલ અશુભ સૂચક હોય છે તેથી લોકો તેમને અપશુકનકારક માને છે, માટે જ એ ચાંડાલ ગણાય છે. પણ ઈશ્વરી પ્રેરણાથી એવા પ્રાણીઓને શુભાશુભ થનારી વાતોની બધાથી પહેલાં જાણ થાય છે. માટે તેઓ બૂમો પાડીને લોકોને જાગૃત થવાની સૂચના આપે છે.

કહે ભીમ સુણો હે યોગેશ્વર દીનદયાળ, સ્રી જાતમાં કહેજો કોણ ચાંડાલ. ॥૧૪૮॥
કહે શ્રી બુદ્ધ સુણો ભીમ વિખ્યાત, સ્ત્રી ચાંડાલ તણી કહું તોયે વાત. ॥૧૪૯॥
જે સ્રી હોઈને પર પુરુષ શું રમે, અને ઘરનો પુરુષ દેખ્યો નવ ગમે. ॥૧૫૦॥
એકને છોડી દૂજા પર પુરુષને સાથે જાયે, તેવી ચાંડાલ સ્રી દૂજી કોઈ નહીં આયે. ॥૧૫૧॥
જે સ્રી હોઈને નવરી પર ઘર ભમે, અને ઘરનાં કામકાજ દેખ્યાં નવ ગમે. ॥૧૫૨॥
જે નારી પુરુષ તણો ના કરે રે કહ્યો, તેથી નિત્ય ઊઠીને નર સંતાપે રહ્યો. ॥૧૫૩॥
જે સાસુ સસરાની ના રાખે લાજ, તે નણંદ જેઠાણી શું કરે વિખવાદ. ॥૧૫૪॥
જે સાસુ સસરાની ના કરે નાર કેણ, તે નણંદ જેઠાણી શું ના રાખે વેણ. ॥૧૫૫॥
જે જૂઠું બોલીને ચઢાવે પર આળ, સ્રી જાતમાં તે હે ભીમ જાણો ચાંડાલ. ॥૧૫૬॥
જે વિધવા નાર હોઈને વકરમ કરે, અને તે માઈ બાપની લાજ નવ ધરે. ॥૧૫૭॥
જે નારી પાડે પેટને બાળક હણે, તે મન માંહે શંકા કશી નવ ગણે. ॥૧૫૮॥
જે સ્રી કુળ લજાવે ને વાધે બાળ, આજ એ છે સ્રી જાતમાં મહા ચાંડાલ. ॥૧૫૯॥
જે સ્રી હોઈને પુરુષની સેવા ના કરે, અને કૂડું બોલતાં શંકા ન ધરે. ॥૧૬૦॥
વ્રત ધર્મ ના કરે ને બોલે આળ, સાંભળો ભીમ સ્રી જાતમાં તે ચાંડાલ. ॥૧૬૧॥

ભીમ બોલ્યો: 'હે યોગેશ્વર, દીનદયાળ ! સ્ત્રી જાતિમાં ચાંડાલ પ્રમાણે નીચ કોને સમજવી ?'

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યા: 'ભીમ, સ્ત્રી જાતિમાં ચાંડાલ કોને કહેવી એ હું તને કહું છું. જે સ્ત્રી વિવાહીત હોય છતાં પરપુરુષ સાથે રમે છે, પરપુરુષની સંગતમાં રહીને ઘરના પુરુષને જે પ્રેમ કરતી નથી, જે પુરુષ સાથે લગ્ન થયાં તેને નિર્બળ માનીને, ઝઘડીને ત્યાગ કરે છે અથવા તે એક છોડીને બે ચાર કે અનેક પુરુષ સાથે અનૈતિક વ્યવહાર કરે છે એ સ્ત્રી મહાપાતકી-પતિતા-કુલટા ચાંડાલ સમજવી. જે સ્ત્રી ઘરનાં કામકાજ ધંધો કરવાનાં છોડીને નવરી થઈને ઘેર ઘેર ભટકે છે ને બીજાના વાંધા વચકા કાઢી નિંદા કરતી ફરે છે, ઘરના લોકોનું કંઈક ન સાંભળતાં નિત્ય ઉઠતાં બેસતાં એમને સંતાપ કરે છે એ સ્ત્રી ચાંડાલ સમજવી.

જે સ્ત્રી સાસુ સસરાની લાજ મર્યાદા પાળતી નથી, તેમની અવગણના કરે છે, જેમ તેમ બોલીને માનખંડન (અપમાન) કરે છે, તેમના દુ:ખદ પ્રસંગે બીમારીની કોઈપણ ચિંતા કરતી નથી, વૃધ્ધાવસ્થામાં એમના ઉપર કદી પણ દયા કરતી નથી, જે સ્ત્રી નણંદ જેઠાણી અથવા દેરાણી સાથે વાદવિવાદ કરે છે, નિત્ય એમની સાથે ઝઘડા કરે છે, ખોટું બોલીને એમના ઉપર અલગ અલગ આળ આરોપ લગાવી તેમને દુભાવે છે, તિરસ્કાર કરે છે, હે ભીમ સ્ત્રી જાતમાં એને ચાંડાલ સમજવી. જે સ્ત્રી વિધવા હોવા છતાં પાપ કર્મ કરે છે, માતાપિતાની કોઈપણ પ્રકારની લાજ મર્યાદા ન રાખતાં શીલ રક્ષણ ન કરતાં પતિતા બને છે, જે સ્ત્રી ગર્ભપાત, ભ્રૂણહત્યા, બાલહત્યા કરે છે, જે સ્ત્રી ઘોર પાપ કર્મ કરતી વખતે કોઈ પણ શંકા કુશંકા મનમાં લાવતી નથી, આ પ્રકારના કુળશીલ મર્યાદા વગેરેના આચારવિચારનો લોપ કરીને જે સ્ત્રી સમાજમાં ઊંચે માથે ચાલવાનો પ્રયત્ન કરે છે એ મહાપાતકી ચાંડાલ સમજવી.

જે સ્ત્રી પોતાના પતિની સેવા કરતી નથી, બાળકોની સારસંભાળ યોગ્ય રીતે કરતી નથી, પતિ અને બાળકોના સુખ તરફ તેમજ પાલન, પોષણ, આરોગ્ય તરફ આળસપણાથી દુર્લક્ષ કરે છે, દુષ્કપટનું આચરણ કરીને પતિ પોતાના કહેવા પ્રમાણે જ વર્તે, પોતાની આજુબાજુ જ રહે એ માટે અલગ યુક્તિઓ પ્રયોગ કરે છે, ઉત્તમ પ્રકારનાં વ્રત ન કરતાં ઘરમાં કોઈ પ્રકારની શાંતિ રહે નહીં એ પ્રકારે કુડકપટ પાપાચરણ કરે છે, ઘરના વ્યક્તિ ઉપર અલગ અલગ આળ આરોપ મૂકી ઘરમાં સદૈવ અશાંતિ અને અસ્થિરતાનું નિર્માણ કરે છે એ સ્ત્રી ચાંડાલ સમજવી.

વ્રત, ઉપવાસ, અનુષ્ઠાન, પૂજા, અર્ચના વગેરે સાધનો ઘરમાં સુખ શાંતિ આનંદ લાભ થાય એ માટે કરાય છે અને એ બધી જવાબદારી સ્ત્રીઓને સંભાળવાની હોય છે. પુરુષોએ આ કામમાં સહયોગી થઈ બંનેના સહકાર્યથી ઘરમાં સમાજમાં સુસ્થિતિ નિર્માણ કરવી.

સુણો યોગેશ્વર ભીમ કરજોડી કહે, સ્વામી સંશય એક મારા મનમાં રહે. ॥૧૬૨॥
હવે તે સંશય એવો છેદજો દીનદયાળ, મનુષ્ય જાતિમાં કોણ અધમ ચાંડાલ. ॥૧૬૩॥
ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા વિખ્યાત, અધમ ચાંડાલ તણી કહું તોયે વાત. ॥૧૬૪॥
જે સાચ વિના હરિની પૂજા કરે, દ્વારેથી અભ્યાગત નિરાશ પાછા ફરે. ॥૧૬૫॥
દયા ધર્મ વેદ ક્રિયા ના પાળે જેહ, મહા અધમ ચાંડાલ કહીયે નર તેહ. ॥૧૬૬॥
જે વેચે દહીં દૂધ મદ્ય ને માંસ, અને બોલે બહુ ને કરે વણાશ. ॥૧૬૭॥
જે વ્યાજ સવાયા લેવે નર જેહ, મહા અધમ ચાંડાલ કહીયે તેહ. ॥૧૬૮॥
એક હરિની ભક્તિ મન માંહે ધરે, અને બીજો આવી મન ભંગ જો કરે. ॥૧૬૯॥
દાન પુણ્ય ધર્મ કરતાં વારે નર જેહ, મહા અધમ ચાંડાલ કહીયે તેહ. ॥૧૭૦॥

જે કોઈ પશુ ઢોર નર પાળે જેહ, તેની ચારા પાણીની ખબર ના લેહ. ॥૧૭૧॥
તે તો ભૂખ્યા તૃષા બહુ દુઃખ સહે, આપની વેદના તે તો કાને ના કહે. ॥૧૭૨॥
એ નર તો રાયે મહા અધમ તેહ, હૃદયે પર વેદના ના જાણે જેહ. ॥૧૭૩॥
ઋષિવર હોઈને દુનિયામાં ખાચે, પછે તે પાવિત્ર્ય પોતાનાં પરહરી જાયે. ॥૧૭૪॥
અને જ્ઞાન ધર્મની નિંદા કરે નર જેહ, મહા અધમ ચાંડાલ કહીએ તેહ. ॥૧૭૫॥
જે થાપણ મૂકીને નેમ કરે નર જેહ, અને સુરાપાન આચરે નર તેહ. ॥૧૭૬॥
જે નર જૂઠું બોલી ચઢાવે આળ, મહા અધમ પાપી તે નર છે ચાંડાલ. ॥૧૭૭॥

ભીમ બોલ્યોઃ 'હે યોગેશ્વર ! હાથ જોડીને મારી તમને એક વિનંતી છે કે મારા મનમાં એક વાત માટે શંકા છે કે કયા કર્માચરણથી મનુષ્ય અધમ ચાંડાલ ગણાય ? કૃપા કરીને એ મને કહો.'

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ 'ભીમ, જે લોકો હરિની ભક્તિ પૂજા અર્ચના કરે છે, પણ તેમનામાં સત્યનો અથવા પુણ્યનો અંશ ન હોય, તેમના દ્વારેથી અતિથિ અભ્યાગત નિરાશ થઈને વિન્મુખ પાછા જતા હોય, જેમના ચિત્તમાં જીવ પ્રાણી માત્ર પ્રત્યે દયાભાવ-પ્રેમભાવ નથી, નીતિ નિયમોનું પાલન નથી, વૈદિક શુદ્ધ ક્રિયાચરણ કરતા નથી એવા લોકો ગમે તેટલા સમય સુધી ઘંટ વગાડીને ભગવાનની પૂજા અર્ચના કરે તો પણ તે બધું વ્યર્થ છે. દાન, દયા, તપાચરણ, પાવિત્ર્ય એ માટે પૂજા અર્ચના તો કરવી પડે, પણ આવાં પૂજા-અર્ચન-આચરણ જે કરતા નથી તે મહા અધમ ચાંડાલ સમજવા.

જે સવાયાં દોઢાં વ્યાજ લઈ ધન કર્જે આપે છે, એ અધમ ચાંડાલ સમજવા. કોઈ મનુષ્ય પરમેશ્વરની ભક્તિ, દેવપૂજા, અર્ચના, વ્રત વિધિ, ઉપવાસ, જપ, તપ, તીર્થ યાત્રા કરતો હોય તો તેને નાસ્તિકતાથી તેનો બુદ્ધિ ભેદ કરીને તે માર્ગથી તેને પરાવૃત્ત કરે છે, દાન ધર્મ પુણ્ય કર્મ કરનારા વ્યક્તિને અડચણ રૂપ બને છે એ પાપી મનુષ્ય મહા કૃતઘ્ન અધમ ચાંડાલ સમજવો. તેવો મનુષ્ય બહાર ધાર્મિકપણાનો ગમે તેટલો દેખાવ કરે તો પણ એ અંતર કપટી મહાદંભી અધમ સમજવો.

જે કોઈ ગાય, બળદ, ભેંસ, ઘોડા વગેરે પશુપાલન કરીને તેમનાં ખોરાક-પાણીની શુદ્ધ રાખે નહીં, એવાં મૂંગાં અનેક પ્રાણીઓ નિઃસહાય ભૂખ તરસ સહન કરે છે. કારણ કે વાચાના અભાવથી દુઃખ તેમને સહન કરવાં પડે છે પણ તેમના હૃદયની વેદના જે જાણતો નથી, એ મનુષ્ય મહા અધમ ચાંડાલ સમજવો.

ઋષિનાં વ્રત ધારણ કરનારા ગુરુઓ પૂજા અર્ચના કરનારા મુખીઓ વગેરેએ દુનિયાદારીના સામાજીક કાર્યથી, ખાન પાનથી અલિપ્ત રહેવું, નહીંતર પવિત્રતા જળવાતી નથી, શુચીભૂતના નિયમ ન પળાય તો એ કરેલી પૂજા, અર્ચના, ઉત્તરકાર્યાદિ પિંડદાન વગેરે પૂર્ણપણે સફળ થતાં નથી અને તેમ થયું એટલે લોકો જ્ઞાનની, ધર્મની, કર્મ ભક્તિની, ઉપાસના માર્ગની નિંદા કરે છે, અવહેલના કરે છે. એ માટે ઋષિ મુનિઓ, આચાર્યો, મુખીઓએ આવા નિયમ અવશ્ય પાળવા જોઈએ. જે પાળશે નહીં અને ભ્રષ્ટાચાર કરશે અથવા ભ્રષ્ટાચારને પ્રવૃત્ત કરશે એ મહા અધમ ચાંડાલ સમજવા.

જે બીજાની થાપણ વગેરે સ્વીકારીને પાછળથી વિશ્વાસઘાત કરી, એ હડપ કરીને ગરીબ મનુષ્યને ત્રાસ આપે છે, અપેયપાન અભક્ષ્ય ભક્ષણ કરીને દુર્વ્યસની બને છે, અસત્ય બોલીને અસત્યાચરણ કરે છે, દીનહીન ગરીબ દુર્બળોને પીડે છે એ પાપી અધમ નીચ જીવ મહા અધમ ચાંડાલ સમજવા.

જે રાજા બ્રાહ્મણોનું અન્ન જો ખાયે, અને જે ક્રિયા બારમું જમવા જાયે. ॥૧૭૮॥
જીવને ફાંસી દઈને મારે નર જેહ, તે મહા અધમ ચાંડાલ કહીયે તેહ. ॥૧૭૯॥
જે કામણ ઋષિવરને કરે, તે પરને વેદના દઈ પેટ પોતાનું ભરે. ॥૧૮૦॥
પાડે સ્ત્રી ગર્ભ ને જે વેધે બાળ, મહા અધમ કહીએ તે નર ચાંડાલ. ॥૧૮૧॥
જે ધર્મી હોઈને ના પાળે ધર્મ, સૂવે નિશ્ચિંતાને કરે કૂડાં કર્મ. ॥૧૮૨॥
હાલ ના નિવાડે ને ગત્‌માં ના જાયે, દશાંશ ના દેવે ને દુનિયામાં દેવે ને દુનિયામાં ખાયે. ॥૧૮૩॥
એ મુખે નામ હરિનું ના લેવે જેહ, મહા અધમ ચાંડાલ કહીયે તેહ. ॥૧૮૪॥
જે પાંચ માસ સ્ત્રી ગર્ભ જો ધરે, અને તે નારી શું જે પુરુષ સંગમ કરે. ॥૧૮૫॥
પશુ ખાશી કરાવે નર જેહ, મહા અધમ ચાંડાલ કહીયે તેહ. ॥૧૮૬॥
વણ આદરે જે નર જમવા રે જાયે, કરજ લઈને વળી જે મુકકર થાયે. ॥૧૮૭॥
વણ વાંકે સ્ત્રી પરહરે નર જેહ, મહા અધમ ચાંડાલ કહીયે તેહ. ॥૧૮૮॥
માતાપિતા થઈ બાલકને વેચે જેહ, મહા અધમ ચાંડાલ કહીયે તેહ. ॥૧૮૯॥

જે ઋષિવર, મુનિવર હોય અને તે રાજગૃહનું અન્ન ગ્રહણ કરે તો એ રાજસી વૃત્તિનો થાય છે. રાજા, વેશ્યા, ચાંડાલના ઘરનાં અન્ન આશ્રય દોષથી દૂષિત થયેલાં હોય છે, એ સેવન કરવાથી બુદ્ધિમાં હિનત્ત્વ આવે છે. વૃદ્ધિ સૂતકના ઘરનું અને રજસ્વલા ધર્મ જે ઘરમાં પાળતા નથી એ ઘરનું અન્ન ગ્રહણ કરવું નહીં, કારણ એ પ્રકારનું અન્ન સેવન કરવાથી હીનતા આવે છે. શુચીભૂતતા પાવિત્ર્યતા રહેતી નથી અને તે દોષથી તેમણે કરેલાં શુભ કાર્ય પૂજા વિધિ વગેરે ફળદાયી થતાં નથી.

જે મનુષ્ય ગળા ફાંસો લગાવીને, નદી નાળામાં કૂદીને, વિષ પ્રાશન કરીને, વિદ્યુત શક્તિ કે વાહન વગેરે નીચે પડીને અનેક પ્રકારે આત્મહત્યા કરે છે અથવા બીજાનો ઘાત કરે છે એ મહા અધમ પાપી ચાંડાલ સમજવો.

જે મનુષ્ય પોતાનો રાક્ષસી હેતુ અને આસુરી આકાંક્ષા સાધ્ય કરી લેવા અલગ અલગ અઘોરી પ્રયોગ કરે છે, જારણ-મારણ -વશીકરણ-પિશાચ સાધના કરે છે અને એ યોગે બીજાને વેદના પીડા આપી પોતાનો લાભ કરાવી લે છે, એ અધમ ચાંડાલ છે.

જે સ્ત્રી ગર્ભપાત કરાવીને ભૃણહત્યા અને બાળહત્યા કરે છે, અનૈતિક સંબંધ રાખીને પાપાચરણ કરે છે એ મહા અધમ ચાંડાલ સમજવી.

જે ધર્મી હોવા છતાં ગુરુ પાસેથી દીક્ષા લઈને ગુરુના વચન પ્રમાણે આચરણ કરતા નથી, કોઈપણ પ્રકારની કાળજી અથવા ચિંતા ન કરતાં, નિશ્ચિત મનથી ઊંઘમાં આયુષ્ય કાઢે છે, કંઈક ધર્મ કર્મ કરવું કે, કરાવવું પડે તો કૂડકપટ પાપાચરણ કરીને તેમાં આયુષ્ય વેડફી નાખે છે. જે સત્ કૃત્ય કરતા નથી, દયા ભાવ રાખતા નથી, દાન ધર્મ કરતા નથી, પરોપકાર પ્રેમ ભાવ રાખતા નથી, ગત્‌ગંગામાં જઈને સેવા પ્રવૃત્તિ કરતા નથી, નીચ કર્મનો પશ્ચાતાપ કરતા નથી, દશાંશ સુકૃત દાન કરતા નથી, દુનિયાનાં નાચ, ગાન, છંદ, સ્વછંદ આહાર વિહારમાં સુખ માનીને તેમાં જ મગ્ન રહે છે. જેમના મુખમાં એકવાર પણ શુદ્ધ અંતઃકરણથી શ્રી હરિનું નામ નથી, મુખમાંથી સદૈવ ખરાબ વચન, ગાળો, નિંદા, કુચેષ્ટાનો પ્રવાહ વહેતો હોય એવા નીચ હલકટ મનુષ્ય મહા અધમ ચાંડાલ સમજવા.

જે ગર્ભવતી સ્ત્રીને પાંચ મહિનાનો ગર્ભ થયો હોય અને તે ગર્ભવતી સ્ત્રી સાથે જે સંગમ કરે છે એ પશુ કરતાં પણ નીચ હલકટ નર પશુ સમજવો. બકરી, મરઘી વગેરે પશુપક્ષીઓનું પાલન જે મનુષ્ય ફક્ત માંસ ભક્ષણ માટે કરે છે એ પાપી મહા અધમ ચાંડાલ સમજવો.

આદરભાવ, સત્કાર જ્યાં મળતો નથી તો પણ ત્યાં વિના આમંત્રણે જે જમવા જાય છે એ કર્મ કરીને પણ એનું પ્રાયશ્ચિત કરવાનું આયોજન જે કરતો નથી, ઉધાર લાવેલા પૈસા વસ્તુ વગેરે બેઈમાનપણાથી પાછા ન આપતાં યથેચ્છા વાપરે છે, તે પાપી જીવાત્માને મહા અધમ ચાંડાલ સમજવો તેમજ કોઈ પણ પ્રકારનો અપરાધ ન હોવા છતાં જે મનુષ્ય સ્ત્રીનો ત્યાગ કરે છે, જે માતા અથવા પિતા પોતાના સ્વાર્થ માટે અથવા અન્ય પાપયુક્ત કર્મ માટે પુત્ર પુત્રીઓને વેચે છે અને એના ઉપર પોતાનો ઉદર નિર્વાહ કરે છે એ પાપી અધમ ચાંડાલ પાપ જ ભક્ષણ કરે છે એમ સમજવું, એ પાપાત્માઓને કદી જ સદ્‌ગતિ મળશે નહી.

ત્યારે ભીમ કહે સ્વામી પૂછું એક વાણ, સ્વામી મનુષ્ય જાતમાં ઉત્તમ કોણ. ॥૧૯૦॥
ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા વિખ્યાત, ઉત્તમ તણી તોયે કહું હું વાત. ॥૧૯૧॥
જે પ્રાણીને સદ્‌ગુરુ બ્રહ્માજી મળ્યા, તેના આવાગમનના ફેરા જો ટળ્યા. ॥૧૯૨॥
હાલ માલના ખરા દર્શોંદી નર જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ કહીયે તેહ. ॥૧૯૩॥
જે સદાય ભજન ધ્યાન હરિનાં કરે, અને બ્રહ્મ જ્ઞાન તે મન માંહે ધરે. ॥૧૯૪॥
નિત નિત ગત્‌માં મળે નર જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ કહીયે તેહ. ॥૧૯૫॥
દયાવંતા ક્ષમાવંતા જે નર હોય, એ ક્રિયા ચાલીસ પાળે નર સોય. ॥૧૯૬॥
અહર્નિશ શ્રી હરિ નામ ના વિસારે જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ કહીએ તેહ. ॥૧૯૭॥
ઈંદ્રિય સ્વાદ પરહરે નર જેહ, કામ ક્રોધ મન વશ કરે નર તેહ. ॥૧૯૮॥
પાંચ તત્ત્વના ભેદ જાણે નર જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ કહીએ તેહ. ॥૧૯૯॥
ગોર નરનાં વચન શિર ઉપર ધરે, અને ગુરુ કહે તે નિશ્ચે કરે. ॥૨૦૦॥
સત્‌સંતોષી ક્ષમાવંતા નર જેહ, મનુષ્ય જાતિમાં ઉત્તમ કહીએ તેહ. ॥૨૦૧॥
જે નર જીવ મુક્ત હોઈને રહે, સુખ દુઃખ દિલમાં હરિ શું કહે. ॥૨૦૨॥
અહર્નિશ હરિનામના જાપ જપે જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ કહીયે તેહ. ॥૨૦૩॥
જે માતા પિતાની ભક્તિ કરે, ને કૂડ કપટ સર્વે મનથી પરહરે. ॥૨૦૪॥
સર્વે ગત્‌ કુટુંબનો સહેવે શિર ભાર, વિષ્ણુ ભક્તિ ઉપર સદા રાખે પ્યાર. ॥૨૦૫॥
પર વેદના આપ સહે નર જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ કહીયે તેહ. ॥૨૦૬॥
ગત્‌ લોકમાં જેનો જશ ઘણેરો હોયે, રતિ અવગુણ ના બોલે મન કોયે. ॥૨૦૭॥
વાચ કાછ દષ્ટે નિર્મળ નર હોયે, નાત પરનાતે ગુણ બોલે સહુ કોયે. ॥૨૦૮॥
દયા ધર્મ ક્ષમાવંત હોય નર જેહ, મનુષ્ય જાતમાં ઉત્તમ કહીએ તેહ. ॥૨૦૯॥

ભીમ બોલ્યા: 'સ્વામી, મારા મનમાં એક આંતરિક શંકા છે તે હું તમને પૂછું છું કે, મનુષ્ય જાતિમાં ઉત્તમ કોને કહેવો ? કયા કર્મ પછી મનુષ્ય ઉત્તમ ગણાય છે એ મને સંક્ષેપ્તમાં કહો.'

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ 'હે ભીમ, ઉત્તમ મનુષ્યનાં લક્ષણ હું તને કહું છું, તું શાંત ચિત્તથી શ્રવણ કર. જે મનુષ્યને સદ્‌ગુરુ બ્રહ્માની પ્રાપ્તિ થાય એના આવાગમનના ફેરા મટે છે. માનવ જન્મમાં આવીને જે માનવ પોતાના જન્મને સાર્થક કરી લેવા માટે આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરે છે, શાસ્ત્ર પઠન વાચન કરતી વખતે મન શાંત અને સ્થિર રાખે છે. ગુરુ, સંત, મહાત્મા પાસેથી જ્ઞાન શ્રવણ કરે છે. જે આપણને આપણી આત્મ સ્થિતિ જણાવી આપનાર હોય છે, એવા બ્રહ્મ સ્વરૂપી સદ્‌ગુરુ મહારાજની સેવા કરીને તેમનાં વચન પ્રમાણે વર્તીને તેમની કૃપા મેળવે છે. પોતાની કમાણીમાંથી ઉપાર્જિત કરેલા ધન સંપત્તિમાંથી દશાંશ એટલે કે દસમો ભાગ તે ધર્મ પ્રચારાર્થે ચાલતા ધામમાં-મંદિરમાં-આશ્રમમાં અર્પણ કરે છે. તે જગ્યાએ ચાલતાં સદાવ્રત, દેવતાર્ચન, સત્સંગ, શાસ્ત્ર જ્ઞાન પ્રચાર, ધર્મશાળા, દવાખાનાં, અનાથાલય, વાંચનાલય વગેરે કાર્યમાં એ રકમનો સદુપયોગ કરે છે, જે નિત્ય નિયમિતપણે ગત્‌ગંગામાં એટલે સત્સંગમાં આવી ગુરુ, સંત, સદ્‌ભક્તોના મુખેથી જ્ઞાન ચર્ચા શ્રવણ કરે છે, બ્રહ્મદર્શી એવા મહાત્માના મુખમાંથી સાંભળેલ જ્ઞાન પોતાના ચિત્તમાં ગ્રહણ કરી એ યોગે પોતાનું મન નિર્મળ પવિત્ર કરે છે અને આવા શુદ્ધ અંતઃકરણે પરમેશ્વર ભક્તિ, જ્ઞાન, ધ્યાન, સેવા જે કરે છે એ મનુષ્ય જાતિમાં ઉત્તમ સમજવા.

જે દયાવંતા ક્ષમાવંતા હોય છે, જીવ પ્રાણીમાત્ર વિષયે જેમના હૃદયમાં કરુણા હોય છે, મુખીની ચાલીસ ક્રિયા જેમના આચરણમાં હોય છે, જેને કામ ક્રોધ અને સ્વાદ જીતેલો છે, પંચ વિષય એટલે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એવી બાબતે જેમને સંયમ રાખ્યો છે, આ પાંચ વિષયો મનુષ્યને ગૃહસ્થાશ્રમમાં સંપૂર્ણ ન છોડવા હોય તો તેને સંયમીતપણે તેનો ઉપભોગ કરવો જોઈએ. આ પાંચ વિષયમાં જીભનો સ્વાદ અને જનનેદ્રિયનો ભોગ એ વિશેષતઃ મનુષ્યએ સંભાળવાના હોય છે, કારણ સર્વ અનર્થનું મૂળ એ જ છે. પંચેન્દ્રિયોનો ભેદ જાણી જે મનુષ્ય સદાચરણ કરે છે એ ઉત્તમ જાણવો.

ગુરુ, સદ્‌ગુરુ, માર્ગદર્શક, સંત મહાત્માના વચન શિરોમાન્ય માનીને તેમના વચન પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરે છે, તેમનાં વચનો એટલે સદ્‌ધર્મનું પાલન કરે છે. ઢોંગી ગુરુ કે ઢોંગી સંતોથી સાવધ રહે છે. સત્ય, પ્રેમ, અહિંસા, ક્ષમા, પરોપકાર અને યથા લાભ, સંતોષ, યોગાચરણ, તપાચરણ એ સન્માર્ગનાં તત્ત્વો છે. આ તત્ત્વો પ્રમાણે વર્તવાનો જે પ્રયત્ન કરે છે એ મનુષ્ય ઉત્તમ જાણવો. ગુરુના માર્ગદર્શનથી અને જ્ઞાન ધ્યાનથી જેની વૃત્તિ સમ થઈ છે. સદાચરણથી અને નિષ્કામ કર્માચરણથી જે જીવાત્મા સિદ્ધ થયો છે, પોતાનાં સુખદુઃખ ફક્ત જે ઈશ્વરને વિદીત કરે છે, ઈતર લોકો સામે પોતાનાં વખાણ કરતો નથી, જેમનું પરમેશ્વર સ્મરણ અને સ્વરૂપાનુસંધાન સદૈવ ચાલુ જ રહે છે, એમાં કદી પણ વિક્ષેપ પડતો નથી એ મનુષ્ય ઉત્તમ સમજવો.

જે પોતાનાં માતા પિતાની ભક્તિ ભાવથી સેવા કરે છે, તેમની આજ્ઞા શિરોમાન્ય માને છે, કારણ માતા પિતા એ દેવ સમાન છે. આપણા ધર્મ સંસ્કૃતિમાં માતા પિતાને, ગુરુ-અતિથિને દેવ માનેલ છે કારણ કે, તેઓ પ્રત્યક્ષ પ્રગટ છે, ચાલે છે, બોલે છે, તેમનામાં દૈવત હોઈને આપણને સન્માર્ગની દિશા બતાવી એ પ્રમાણે આચરણ કરાવી ઈચ્છિત સ્થળે ઉન્નતિ તરફ લઈ જનાર હોય છે, માટે તેમની સાથે પૂજ્ય ભાવથી વર્તીને તેમની જે સેવા કરે છે. નિર્મળ, શુદ્ધ અને પવિત્ર મનથી બધાં સાથે વર્તવાનો જે પ્રયત્ન કરે છે. કુટુંબનું કલ્યાણ, ઉત્કર્ષ કેમ થશે, સદાચરણ કઈ રીતે થશે એની જે કાળજી રાખે છે. કુટુંબના કલ્યાણ પ્રમાણે જ ગુરુ ગત્‌ગંગાની ઉન્નતિ, વિકાસ, ભક્તિ માર્ગની ઉપાસના, જ્ઞાન, કર્મ, ભક્તિ યોગનું આચરણ વગેરે વાતોનું માર્ગદર્શન જે કરીને સેવા કરે છે. આ સર્વ કર્મ નિર્ધારથી, ધૈર્યથી કરવાની જ જવાબદારી જે લે છે, પોતે ભગવાન વિષ્ણુની, આદિનારાયણ સત્‌ચિત્‌આનંદ સ્વરૂપ ભગવાનની ઉપાસના કરે છે, પરપીડા જાણીને અન્ય જીવપ્રાણીઓને સુખી રાખવાનો કાયા વાચા મનથી પ્રયત્ન કરે છે, એ મનુષ્ય સર્વ શ્રેષ્ઠ માનવો.

જેમના સંપર્કમાં આવી લોકો સુખી અને આનંદીત થાય છે, સર્વત્ર જેમનું યશોગાન થાય છે, વાચાથી, કાયાથી, કાનથી અને દૃષ્ટિથી નિર્મળ પવિત્ર નિરામય છે. સ્વજાતિમાં, પરજાતિમાં જેના ગુણ ગવાય છે તે મનુષ્ય ઉત્તમ છે. પ્રત્યેક મનુષ્યે યથામતિ યથાશક્તિ આ પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરીને માનવ જન્મને સાર્થક કરવો.

ભીમ કહે સુણો યોગેશ્વર દયાળુ દેવ, સ્વામી એક વાતનો પૂછું હું ભેદ. ॥૨૧૦॥
સ્ત્રી જાતમાં કહેજો તે ઉત્તમ કોણ, સ્વામી સંક્ષેપ્ત અમને કહેજો ક્ષોણ. ॥૨૧૧॥
ત્યારે કહે શ્રી બુદ્ધ સુણો ભીમ વિખ્યાત, ઉત્તમ સ્ત્રી તણી કહું તોયે વાત. ॥૨૧૨॥
જે સ્ત્રી હોઈ સ્વપુરુષની સેવામાં રહે, જે વચન કહે તે શિર ઉપર ધરે. ॥૨૧૩॥
જે સતી હરિ સેવા ના વિસારે નિત્ય, ક્રિયા ચાળીસ પાળે તે એક ચિત્ત. ॥૨૧૪॥
દાનવંતી દયાવંતી ક્ષમાવંતી રહે જેહ, સ્ત્રી જાતમાં ઉત્તમ કહીએ તેહ. ॥૨૧૫॥
જે સ્ત્રીના હૃદયે નિર્મલ જ્ઞાન, જે સાસુ સસરાનાં રાખે માન. ॥૨૧૬॥
કોઈ કૂડું બોલે તોયે ના આણે કાળ, હોય સદ્‌લક્ષણી જેમ નાનેરું બાલ. ॥૨૧૭॥
નીચી દૃષ્ટિ હસમુખી હોય નાર જેહ, સ્ત્રી જાતમાં ઉત્તમ કહીયે તેહ. ॥૨૧૮॥
જે સ્ત્રી હરિની સેવા વિના અન્ન ના ખાય, દ્વારે અભ્યાગત જેણે પાછો ના જાયે. ॥૨૧૯॥
થોડા માંહેથી થોડેરું દેવે નાર જેહ, અને સદા કાળ સત્યવંતી કહીયે તેહ. ॥૨૨૦॥
જે ધરમ કરતાં ના કરે કેણ, શોભે સ્ત્રી જાતમાં મહા ઉત્તમ તેહ. ॥૨૨૧॥
જે નિત નિત સ્વપુરુષની સેવામાં રહે, અને સુખ દુઃખ દિલનાં હરિને કહે. ॥૨૨૨॥
જે સ્ત્રી બાલ ગોપાલની સેવા કરે નિત્ય, તે મહા સત્યવંતી નિર્મલ ચિત્ત. ॥૨૨૩॥
જે સમાજમાં નમી નમી ચાલે જેહ, અને કહીએ સ્ત્રી જાતમાં ઉત્તમ તેહ. ॥૨૨૪॥
ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા છે એહ, સુણો ભીમ સત્ય કહું હું તેહ. ॥૨૨૫॥

ભીમ બોલ્યો: 'હે દેવ દયાળુ યોગેશ્વર, તમે મનુષ્ય જાતિમાં ઉત્તમ કોણ એનું માર્ગદર્શન કહ્યું. હવે મારા મનની સદિચ્છા સ્ત્રી જાતિમાં ઉત્તમ કોણ એ જાણવાની છે, તો કૃપા કરીને મને એ કહો.'

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યા:'હે જિજ્ઞાસુ ભીમ, સ્ત્રી એ કોઈ માનવ સમાજથી અલગ નથી. એ માનવ જ છે માટે મનુષ્ય જાતિમાં જેટલા સદ્‌ગુણ છે તેટલા સ્ત્રીમાં હોવા જ જોઈએ, એ સિવાય પૂર્ણત્ત્વ થવા માટે હજુ કેટલાક ગુણો છે. જેવા કે સ્ત્રીએ પોતાના પુરુષની એટલે કે પતિની સેવામાં રહેવું જોઈએ, જે સ્ત્રી પતિ સેવા કરીને શ્રી હરિની ભક્તિ કરે છે તેમજ સદ્‌ગુરુ મહારાજે બતાવેલ ધર્મનું પાલન તથા ક્રિયા આચરણના સર્વ નિયમનું પાલન કરે છે, જે સ્ત્રી દાનશીલ, દયાશીલ અને ક્ષમાશીલ છે તે સ્ત્રીને સતી જાણવી.

જે સ્ત્રીનું હૃદય નિર્મળ પવિત્ર આત્મ જ્ઞાનથી યુક્ત છે અને જે સાસુ-સસરાની ઉત્તમ સેવા ચાકરી દેખભાળ લક્ષ્યપૂર્વક ભાવપૂર્વક કરે છે, એમની સાથે માન સન્માનથી વર્તે છે, કોઈ એને ગમે તેમ બોલે તો એ તેનું અજ્ઞાન છે એમ જાણીને ક્રોધાવશ થતી નથી. નાના બાળકની જેમ જેની નિરામય વૃત્તિ છે. સદૈવ નમ્ર દૃષ્ટિ, નમ્ર વાણી, નમ્ર વ્યવહાર તેમજ જેનું મુખ સદાય હસતું હોય છે, કોઈને કર્કશ યુક્ત વાણી બોલતી નથી, એવી વૃત્તિની જે સ્ત્રી હોય છે એને ઉત્તમ જાણવી.

ઘરની વ્યક્તિઓની સેવા કરીને એટલે કે સાસુ સસરાની સેવામાં રહીને તેમની શિખામણ શિરોમાન્ય માને છે, પતિની આજ્ઞામાં રહીને તન-મન-પ્રાણથી તેમની સેવા કરે છે, જેઠ, દિયર, નણંદ, જેઠાણી, દેરાણી વગેરે ઘરનાં ઈતર વ્યક્તિઓ સાથે પ્રેમથી, નમ્રતાથી અને અદબથી વર્તે છે, ઘરનાં અને પોતાનાં બાળકોને સારી શૂરત્વ વીરત્વની કથાઓ કહીને તેમના મન પર સારા સંસ્કારનું સિંચન કરે છે. ધ્યાન, સ્મરણ, યોગાભ્યાસથી પ્રાથમિક માર્ગદર્શન કરવું વગેરે એ સર્વે જવાબદારી પ્રથમ માતાની હોય છે. સંતતિ ઉત્તમ તેજસ્વી અને સંસ્કારમય થવાથી ઘરનો, ગામનો, દેશનો, ઉદ્ધાર કરવાને પાત્ર થાય છે. જે માતા આ બધું કાર્ય કરે છે એ સ્ત્રી જાતિમાં ઉત્તમ જાણવી.

જે સ્ત્રી પરમેશ્વરનું સ્મરણ, ધ્યાન, સેવા કર્યા સિવાય ભોજન ગ્રહણ કરતી નથી. જેના દ્વારેથી અતિથિ, અભ્યાગત, ભિક્ષુક વગેરે ભોજન કે અન્ન લીધા સિવાય વિન્મુખ જતા નથી, જે સ્ત્રી કોઈપણ વ્યવહારમાં સત્યપાલન કરે છે તેમજ સત્યવંતી અને દાન ધર્મ કરનારી હોય છે. એ સ્ત્રી જાતિમાં ઉત્તમ જાણવી.

દાન, દયા, સત્યપાલન અને શુચીભૂતતા એ સ્ત્રીના ખરા અલંકાર અને સૌંદર્ય પ્રસાધન છે. આ જ અલંકારથી સ્ત્રી સૌભાગ્યદાયી, સૌંદર્યશાળી અને શાલિન ગણાય છે. વર્તમાન સમયમાં ફક્ત બાહ્ય સૌંદર્ય પ્રસાધનોનો ઉપયોગ કરીને સ્ત્રી રૂપગર્વિતા દેહપૂજા કરનારી અને લોકોની નજર આત્કૃષ્ટ કરીને સંસ્કારોને ભૂલાવનારી થાય છે. પણ સ્ત્રી તો ઉત્તમ ગુણોથી જ શોભે છે.

જે સ્ત્રી પોતાના સુખ દુઃખ ફક્ત હરિને જ કથન કરીને એ રાખે તેમ રહેવું તેમાં જ સમાધાન માને છે, તે સ્ત્રી પરમાત્માની સદ્ભક્ત જાણવી. જીવનમાં ક્યારેક એવું થાય કે સ્ત્રી સુખી આનંદમાં રહેતી હોવાથી તેનો દ્વેષ નિંદા તિરસ્કાર કરનારા પરિબળો વ્યર્થ સંતાપ આપવાનો પ્રયત્ન કરે છે. જો સ્ત્રી દુઃખી, ચિંતાગ્રસ્ત હોય તો ઘરમાં અશાંતતા ઉદ્વેગ વગેરે ઉદ્ભવે છે, માટે પોતાનું સુખ દુઃખ ફક્ત શ્રી હરિને જ નિવેદન કરવું. સુખમાં અંજાઈ ન જવું જોઈએ, દુઃખમાં નિરાશ ન થવું. બંને વખતે ધૈર્ય ધારણ કરીને ભગવાનની સેવા કરવી. ગૃહ કાર્યો સંભાળતી વખતે વાતો, નિંદા, ચાડી, ચુગલી, આળસ, નિદ્રા ન કરતાં સત્સંગ કરવો. સત્સંગ સિવાય આત્મોન્નતિનું જ્ઞાન થતું નથી. ફક્ત સંસાર સુખ માટે જ સ્ત્રી નિર્માણ થઈ નથી. પોતાનો આત્મ વિકાસ અને આત્મોદ્ધાર સ્ત્રીએ પોતે જ કરવાનો હોય છે. ઐહિક સુખ કુટુંબના લોકો આપી શકશે પણ પરમાર્થનું કાર્ય માત્ર તેમને પોતાને જ કરવાનું હોય છે. એ માટે જ્ઞાન હોવું આવશ્યક છે. એ જ્ઞાન સત્સંગ સિવાય મળતું નથી. માટે સત્સંગ અને ગત્ગંગાની સેવા કરીને આત્મોન્નતિ કરનારી સ્ત્રી બધામાં ઉત્તમ શ્રેષ્ઠ જાણવી.

કહે શ્રી બુદ્ધ સાંભળો ભીમ વિખ્યાત, અઢારે વર્ણની કહું હું તોયે વાત. ॥૨૨૬॥
કલિયુગના બ્રાહ્મણ હોશે જેટલા, એ તો ધર્મ હીણા થાશે સર્વે તેટલા. ॥૨૨૭॥
એ વેદ તણા તો તજશે અભ્યાસ, તે તો કરશે નિત્ય ઊઠી પરાઈ આશ. ॥૨૨૮॥
શુદ્રાદિકની એ તો કરશે નિત્ય સેવ, વળી સંધ્યા તર્પણ તજશે વાસુદેવ. ॥૨૨૯॥
એ તો કરશે છલ કપટ ચેટક બહુ નિષેદ, તે તો શત્રુ સમ વૈરી ગણશે વેદ. ॥૨૩૦॥
તે તો રાજાનું પ્રતિગ્રહ લેશે ઘણું, એથી તે લેશે સ્વ શીશ પાતક પણું. ॥૨૩૧॥
તજશે સ્વધર્મને સંધ્યા સાર, તે જઈ સેવકને ઘેર કરશે આહાર. ॥૨૩૨॥
પર આંગણે વિપ્ર જમવા બેઠા જાય, લેશે રસાણ લોહ પાષાણ તે સાર. ॥૨૩૩॥
અને જે ભણશે વેદ જઈ શુદ્રને ઘેર, સ્વધર્મ આચાર મૂકશે ને નહીં તેની પેર. ॥૨૩૪॥

પોતે ચોરી ચાડીનો કરશે વિચાર, તે પોતે તજશે સ્વધર્મ તણો વ્યવહાર. ॥૨૩૫॥
ભૂલી ભાન શુદ્ર તણા પશુ તે તો ચારશે, અને પોતાના લાલચે ભૂખે મારશે. ॥૨૩૬॥
વળી શુદ્ર તણા બાળક તે તો રાખશે, અને પોતાના બાળક અધર્મે હાંકશે. ॥૨૩૭॥
અન્ય ઘેર એકી વેળા જશે, અને તે બીજા પ્રત્યે વઢવાડ માંડશે. ॥૨૩૮॥
શુદ્ર તણી ક્રિયા શ્રાદ્ધ અવેદે સારશે, લોભે પોતે બ્રાહ્મણને જઈ મારશે. ॥૨૩૯॥
શુદ્ર તણું ત્યાં હેતે દયણું દળે, ત્યાં રાંધે રાંધણું તે જમવા મળે. ॥૨૪૦॥
પોતે ગરધવની પેરે વહેશે ભાર, મન માંહે ધરશે અતિ અહંકાર. ॥૨૪૧॥
શુદ્ર તણા રસોડે કરશે સર્વે પાક, પ્રેમે નાનાવિધના કરશે તે તો શાક. ॥૨૪૨॥
પ્રથમ પોતે તો શુદ્રને ધીરજે પીરશે, અને પોતે કેડેથી જમતા દીસશે. ॥૨૪૩॥
દાસી દાસ બીજા જાણે હોય છે જેમ, કલિયુગના બ્રાહ્મણ જાણજો એમ. ॥૨૪૪॥
રાજ થાશે પાછળ પ્રજા જેહ, દુષ્ટ કર્મે અંતે નરક પામશે તેહ. ॥૨૪૫॥
ન દીયે દાન નેમ ને કરશે સ્વાદ સાર, તે શુદ્ર ઘેર જઈ કરશે આશીર્વાદ. ॥૨૪૬॥
તે પરહેરું કરીને દેશે અન્યને આળ, ત્યાં સોબતે વિસરશે શ્રી ગોપાળ. ॥૨૪૭॥
કન્યા તણું તો લેશે અતિ ઘણું ધન, કરશે ધીરજે છલ ગત્‌માં બહુ માન. ॥૨૪૮॥
ગજ રથ ભોમી છોડશે ભાર, વાદે વિરોધ કરશે વિશ્વાસ ઘાત. ॥૨૪૯॥
એવા વિપ્ર કલિયુગમાંના હોય જેહ, તે દુષ્ટ ક્રિયાએ નરક પામશે સર્વે તેહ. ॥૨૫૦॥
કહે શ્રી બુદ્ધ સુણો ભીમસેન રાયે, જે પૂછો તો તે સર્વ કહું સત્ય ભાયે. ॥૨૫૧॥

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ 'હે ભીમ, હવે હું તને કલિયુગમાં સર્વે વર્ણના લોકોની સ્થિતિનું વર્ણન કહું છું એ તું સાંભળ. કલિયુગમાં વિશિષ્ટ એવું કોઈ જ વર્ણ રહેશે નહીં. ચાર મુખ્ય વર્ણ, અઢાર જાતિના લોકો આ બધા એકાકાર થશે. બધા વર્ણમાં બ્રાહ્મણ એ શ્રેષ્ઠ અને ધર્મનિષ્ઠ જ્ઞાનવાન ગણાય છે, કારણ સર્વ માનવ જાતિને વ્યવહારિક, સામાજીક, ધાર્મિક, જ્ઞાન દાન કરવાનું તેનું કાર્ય છે, એમ આપણા વેદશાસ્ત્ર પુરાણો કહે છે. અધ્યયન અને અધ્યાપનનું કાર્ય કરવા માટે અને ધર્મ વિધિ, પૂજા પાઠ, શ્રાદ્ધ તર્પણ, ક્રિયા કર્માન્તર વગેરે કરવાની જવાબદારી બ્રાહ્મણોની છે. એ કારણે બ્રાહ્મણ વર્ણ એ શ્રેષ્ઠત્વ છે અને અન્ય વર્ણોના લોકોએ પૂજા અર્ચના કરાવીને દાન ધર્મ કરવું, અન્ન, વસ્ત્ર, ઘર, ખેતી વગેરે દાન કરીને બ્રાહ્મણોને ઉપજીવિકાનું સાધન ઉપલબ્ધ કરાવી આપવું એ તેમનું કર્તવ્ય છે.

પરંતુ હવે આ કલિયુગમાં કેટલાક બ્રાહ્મણો ધર્મહીન થશે. ધર્મ સંસ્કૃતિનું જ્ઞાન તેમનામાંથી લોપ પામશે. એ વેદોના અભ્યાસ કરવા છોડી દેશે. નિત્ય આળસપણામાં રહીને પૌરાણિક પૂજાવિધિનો ફક્ત પેટ ભરવાનું સાધન માનીને જ તેનો ઉપયોગ કરશે, છળકપટ નાટક વગેરે નિષિદ્ધ કર્મો કરશે. કલિયુગમાં કેટલાક બ્રાહ્મણો રાજાની ખુશી મેળવવા તેનો પરિગ્રહ (ધન) લઈને એના ઉપર અનુગ્રહ (આભાર વ્યક્ત કરવો તે) કરશે અને તેનાં સઘળાં પાતક પોતાના શિર પર લેશે.

સ્વધર્મચરણ, સંધ્યા, કર્મકાંડ વગેરે સર્વ છોડીને સેવકોના ઘેર, શુદ્ર, નોકર આદિના ઘેર જઈને આહાર વિહાર કરશે, શુદ્રના બાળકોનું લાલન પાલન કરશે અને પોતાના બાળકો તરફ દુર્લક્ષ કરશે, સંસ્કારના અભાવે તેમની સંતતિ લોભી, લાલચી, દંભી, કપટી થશે અને અધર્માચરણ કરવામાં પ્રવૃત્ત થશે. બીજાના ઘેર પુરાહિત થઈને અંદર અંદર વાદ વિવાદ કરીને ઝઘડા કરશે. શુદ્રના ઘેર જઈને શ્રાદ્ધ તર્પણ વગેરે વિધિ કરશે અને સર્વ ભ્રષ્ટાચાર, અવિધિપૂર્વક પૂજા અર્ચના કરશે અને લોભથી દાન દક્ષિણા વગેરે લેશે અને ફક્ત પેટ ભરવાના આશયથી એમની સેવા ચાકરી કરશે. પોતે મનમાં મોટો અહંકાર ધારણ કરશે. શુદ્રોના ઘેર અથવા કાર્ય પ્રયોજનના સમયે રસોઈયા તરીકે જઈને ખૂબ પ્રેમથી અલગ અલગ પ્રકારની રસોઈ બનાવશે. પ્રથમ શુદ્રોને પીરસીને તેઓ તૃપ્ત થયા પછી વધેલા ભોજનનો તેઓ આહાર કરશે અને જે મળે તે પૈસા લઈને ઉપજીવી બનશે. એ પ્રમાણે બ્રાહ્મણ વર્ગની સ્થિતિ થશે.

રાજા જે પ્રકારનો થશે એવા પ્રકારની તેની પ્રજા થશે. રાજા અને પ્રજા દુષ્ટ કર્મના આચરણથી નરક ગતિ પ્રાપ્ત કરશે. કોઈ પણ દાન, ધર્મ, શુદ્ધ ક્રિયાચરણ, નીતિ નિયમનું પાલન કરશે નહીં. ધર્મ, પૂજા, અર્ચના, વ્રત વગેરે ફક્ત સ્વાર્થ પૂરતાં લાલચથી કરશે, ધર્મનું સત્ય સ્વરૂપ લોપીને વિકૃત સ્વરૂપમાં પાલન કરશે, ધર્મ સંસ્થાપક અને પ્રવર્તક એવા મહાત્માઓમાં ધર્મ ચારિત્ર્યનું પાલન રહેશે નહીં, તેમના નામ નીચે ધર્મનો આડંબર, દંભાચરણ થશે. ફક્ત ભિક્ષા માટે, અન્ન માટે ઘેર ઘેર ભટકીને આશીર્વાદ આપવાના બહાને ફરશે. એ આશીર્વાદથી કોઈપણ તથ્ય સરશે નહીં. કારણ તેમાં તેનું લક્ષ્ય ફક્ત અન્ન અને ધન ઉપાર્જનમાં જ રહેશે આશીર્વાદમાં નહીં. તેમજ કન્યાદાન સાથે દ્રવ્ય, વાસણ, અલંકાર, કપડાં વગેરેનો અફાટ ખર્ચ પિતાનો કરવો પડશે. તેમાં પણ છળકપટનો વ્યવહાર થશે અને એ કારણે ઝઘડા ઉદ્ભવીને વરવધૂના સંસારનો ઉધ્વંસ થશે. રાજાનું રાજાપણું નષ્ટ થશે, તેમનાં ઉપજીવિકાનાં સાધનો વગેરે બધાં તેમને છોડી દેવાં પડશે. વાદવિવાદ ઝઘડા યુદ્ધ ઉપસ્થિત કરશે. આ પ્રકારે કલિયુગમાં વેદાધ્યાયન, સ્વધર્માચરણ, સત્કર્મ સર્વ વાસ્તવિક્તાનો લોપ થઈ માત્ર લોકાચાર થઈ જશે. હે ભીમ, તને હજુ કંઈ પૂછવું હોય તો પૂછ હું તને બધું જ કહીશ.

ભીમ કહે સ્વામી સાંભળીએ સોયે, કલિજુગ તણા ક્ષત્રિય હવે કેવા હોયે. ॥૨૫૨॥
ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા વિખ્યાત, અને ક્ષત્રિય તણી કહું હું તોયે વાત. ॥૨૫૩॥
કલિયુગના ક્ષત્રિય ચોરીએ વાળશે ગાયે, પૂઠે મ્લીચ્છ તેને મૂકવા જાયે. ॥૨૫૪॥
બ્રાહ્મણની સ્રી શું કરશે અધર્મે કૂડા વેવાર, અને ઉતારી તે લેશે પરના શણગાર. ॥૨૫૫॥
અને તે મદ્યમાંસનો કરશે આહાર, ઘરમાંથી ધર્મ તણો જાશે આચાર. ॥૨૫૬॥
લોભે સેવા શુદ્રની કરશે અપાર, અને સ્વામીને મારશે હથિયાર. ॥૨૫૭॥
બહુ જે રાજા આળસુ થઈ બેઠા હશે જેહ, તે સઘળા દુઃખીઆ થાશે તેહ. ॥૨૫૮॥
ગૌ બ્રાહ્મણ સ્રી શુદ્ર જેહ, અને બેઠા નિંદા કરશે તેહ. ॥૨૫૯॥
કુપાત્ર ને દાન આપે હાથે આડે, અને સુપાત્રને મારી કહાડે. ॥૨૬૦॥
અહંકારથી સહુ કદળીવન છેદશે, તીર્થ તણા તો માર્ગ ભાંગશે. ॥૨૬૧॥
નિશાએ બાળશે પુરને ગામ, અંતે તે તો પામશે નર્કમાં ઠામ, ॥૨૬૨॥
એવાં સર્વ કરમ કરશે સહી, કલિયુગના ક્ષત્રિયોની વિગત કહી. ॥૨૬૩॥
શ્રી બુદ્ધ કહે સુણો ભીમસેન રાયે, કલિયુગના ક્ષત્રિયનો કહ્યો મહિમાયે. ॥૨૬૪॥

ભીમ બોલ્યોઃ 'હે સ્વામી ! તમે બુદ્ધિના અને જ્ઞાનના સાગર છો. તમે મને કલિયગુના ક્ષત્રિયોની સ્થિતિનું વર્ણન કહો.'

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ 'હે ભીમસેન, રાજા અને ક્ષત્રિય વર્ગનું કર્તવ્ય પ્રજાનું રક્ષણ કરવાનું છે. અધર્મનું દંડણ કરી સત્કર્મનું પાલન રક્ષણ કરવું, પ્રજાનાં ધન, માલ-મિલકત, પ્રાણી માત્રના રક્ષણ કરવાનું કર્તવ્ય છે. દેશ સેવા કરીને દેશનું રક્ષણ કરવું, સમય પ્રસંગે યુદ્ધ થાય તો સ્વ પ્રાણ અર્પણ કરીને દેશનું અને દેશવાસીઓનું રક્ષણ કરવું એ ક્ષત્રિયોનું કર્તવ્ય હોય છે. ગૌબ્રાહ્મણ પ્રતિપાલન એ ક્ષત્રિયોનું કર્તવ્ય છે.

કલિયુગના કેટલાક ક્ષત્રિયો અન્યાયથી ચોરી કરીને લોકોની ગાયોનાં અપહરણ કરશે અને બ્રાહ્મણ તથા સ્ત્રીઓને અધર્મથી કૂડકપટ કરીને અન્યાયથી લૂંટશે, એમની સાથે દુર્વ્યવહાર, દુરાચાર કરશે. સ્ત્રીઓના દર દાગીનાઓનો અપહાર કરશે, ચોરી કરશે, મદ્યમાંસાદિકનો માદક આહાર કરશે. ઘરમાં ધર્માચરણનું અધિષ્ઠાન રહેશે નહીં. લોભથી સ્વાર્થથી પ્રેરિત થઈને શુદ્રોની સેવા કરશે અને દુર્વ્યસની થઈને સ્વામીને માલિકને શસ્ત્રથી મારશે, ખૂન કરશે.

કેટલાક ક્ષત્રિય ખૂબ આળસુ થઈને કોઈપણ કામ કરશે નહીં. સર્વ બાબતે લાલચ-લાંચ લઈને તેની ઉપર આજીવિકા કરશે. સર્વ રાજ્ય શાસન પદ્ધતિમાં પણ આમૂલ ફેરબદલ થશે. લાંચરુશ્વત, ભ્રષ્ટાચાર, સ્વાર્થી, દંભી એવા પ્રકારના શાસનકર્તા આગળ થશે અને સર્વે પ્રજાને દુઃખ આપશે, પીડા આપશે. ગૌ બ્રાહ્મણ, શુદ્ર અને સ્ત્રીઓ એ નબળાં છે તે ઘટકોનું રક્ષણ કરવાનું છોડીને તેમના જીવન નિર્વાહની માલમત્તા અને દ્રવ્યોનું અપહરણ કરશે, નિંદાસ્પદ કામ કરશે. કુપાત્ર વ્યક્તિઓને, ચોરી, લૂંટમાર, સટ્ટા, પત્તાં, જુગાર કરનારા વ્યક્તિઓને અને તેવા અનૈતિક વ્યવસાય જે જગ્યાએ ચાલતા હશે એવી જગ્યાએ ઉદાર હાથે મદદ કરીને તેવા સ્થાનને પ્રોત્સાહન આપશે અને સત્પાત્ર વ્યક્તિઓને મારીને ભગાડી મૂકશે. અહંકાર, દંભ અને કુવ્યસનાધીન થઈને બાગ બગીચા ઉદ્ધ્વસ્ત કરશે, તીર્થયાત્રાધામમાં વિઘ્નો કરશે, નિશાચાર-નશાબાજ થઈને ઉન્મત્તપણાથી ગામનાં ગામ બાળીને ઉધ્વસ્ત કરશે. જીવ પ્રાણી માત્રનો સંહાર કરશે અને કૃત કર્મ પાપ કર્મોનાં નરક ફળ ભોગવશે. હે ભીમસેન, રાજા, દુસ્તર એવા કલિયુગમાં સત્કર્મ કરીને સમાજ સેવા પ્રાણી માત્રની ઉન્નતિ રક્ષણ કરનારા ખૂબ જ કવચિત્ રહેશે. બાકી તો કાલ પ્રવાહની ગતિમાં સપડાઈને સર્વનાશ માટે પ્રવૃત થશે. આ પ્રકારની ક્ષત્રિય વર્ગની સ્થિતિ મેં તને કહી, હજુ કંઈ પૂછવું હોય તો પૂછ, તારી બધી શંકા કુશંકાનું નિરાકરણ કરવા માટે હું તત્પર છું.'

કહે ભીમ સાંભળીયે મહારાજ, કલિયુગે કેવા મહાજનનાં કાજ. ||૨૬૫||
ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા વિખ્યાત, કલિ મહાજનની કહું તોયે વાત. ||૨૬૬||
મહાજન તે તો કપટે વેચશે ગાયે, અને કૂડા વણજ કરશે સત્ય ભાયે. ||૨૬૭||
કૂડા વણજ અને કૂડા વેપાર, કૂડા વૈશ્ય સર્વ તણા આચાર. ||૨૬૮||
કલિયુગ તણા વૈશ્ય ધર્મી જેટલા, અજ્ઞાને દાંભિક થાશે તેટલા. ||૨૬૯||
સેવા હરિની મૂકે નિયમ ધર્મ આચાર, અને દાન તણો ના લંભે પાર. ||૨૭૦||
ઉત્તમ તીર્થે જાશે થઈ ભેળા, પણ ત્યાં રસોઈ જમશે એકલા. ||૨૭૧||
જપશે હરિ હરિને તોલશે ઓછો માલ, એકની નિંદા ને દૂજાને કરશે વહાલ. ||૨૭૨||
એવા આચાર કરશે તે સહુ, ત્યાં કુળ લજાવી જાશે બહુ. ||૨૭૩||

પરણી અબલાને છાંડશે જેહ, અને પરસ્ત્રીનું ઘર માંડશે તેહ. ॥૨૭૪॥
ગળી વાવશે ખેડ જ કરી, પછી વલોવશે કોઠાઓ ભરી. ॥૨૭૫॥
ગળી તણા અખાડા જેહ, અનેક જીવની હિંસા તેહ. ॥૨૭૬॥
તે તણું ધન એકઠું થશે, ત્યારે પાપ ઉપર મન વશે. ॥૨૭૭॥
આદરવાડી કરશે અતિ ઘણા, ધરશે અહંકાર અતિ તેની નહીં મના. ॥૨૭૮॥
ઘર આગળ બ્રહ્મપુરી જેટલી, સરવે કૂટી પાડશે તેટલી. ॥૨૭૯॥
ત્યાં કરશે ઘર પોતા તણું, કરશે સ્થાનક રમવા જમવાનું ઘણું. ॥૨૮૦॥

ભીમ બોલ્યોઃ 'હે સ્વામી ! બુદ્ધ ભગવાન, કલિયુગમાં મહાજન વૈશ્યોની સ્થિતિ કઈ પ્રકારની થશે, એ તમે મને સંક્ષેપ્તથી કહો.

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ 'હે ભીમસેન, કલિયુગમાં મહાજન વૈશ્યોની સ્થિતિ હું તને કહું તે તું શ્રવણ કર. વૈશ્ય લોકો ગાય વગેરે પાલતુ પશુઓનો વિક્રય કરશે, કૂડકપટતાથી વેપાર કરશે, વેપાર ધંધો વગેરે સર્વે ભ્રષ્ટાચારથી કરશે, કાળા બજાર કરીને ધન, સંપત્તિ જમા કરશે. વેપારમાં અને વ્યવહારમાં સત્ય નિયમ પાળશે નહીં, સર્વત્ર અન્યાય અનાચાર ચાલશે. કલિયુગના મહાજન વૈશ્ય વર્ણના લોકો અતિ અહંકારી, દાંભિક થશે. પોતાને કોઈપણ જ્ઞાન ન હોતાં મોટા મોટા વરિષ્ઠ પદે જઈને બેસશે. પરમેશ્વરની સેવા નિયમ ધર્મ આચાર બધું છોડી દેશે. દાન ધર્મ કરશે પણ તેમાં અહંકાર ગર્વ અને જાહેરાતબાજી વધારે હશે, માત્ર નામલૌકિક માટે દાન ધર્મ કરશે. જ્યાં તેવો પ્રકાર નહીં હોય એ જગ્યાએ કોઈ દાન ધર્મ જ કરશે નહીં.

તીર્થ ક્ષેત્ર પર લોકો ભરપૂર સંખ્યામાં જશે પણ તેમાં ધાર્મિક વૃત્તિ અથવા સદ્ભાવ કવચિત જ રહેશે. તીર્થ ક્ષેત્રે સહભોજન વનભોજન અથવા ઉત્સવ એટલું જ મહત્ત્વ રહેશે. દાન ધર્મ અથવા ગરીબોને અન્ન દાન વગેરે કંઈ પણ આપશે નહીં. હરિનામની ગર્જનાઓ મોટે મોટેથી કરશે પણ એ ફક્ત દેખાડો જ રહેશે, અંતઃકરણથી મનથી કોઈ નામ સ્મરણ કરશે નહીં. હરિનામ માટે મોટેથી દાંભિક્તાથી, દેખાવથી લેશે પણ માલ આપતી વખતે ઓછું આપશે, બેઈમાનપણું કરશે, એકબીજાની નિંદા કરશે, સ્વાર્થ માટે ઉપર ઉપરથી પ્રેમભાવ બતાવશે, આ પ્રકારના આચાર ધર્મ વૈશ્ય વાણિયા, મહાજનોના રહેશે.

મહાજનની કુલવધૂ સ્ત્રીઓ કુલકલંકિત બનશે અને કુળશીલ ધર્મનો અનાદર કરશે. મહાજન પુરુષો જેની જોડે લગ્ન વિવાહ થયો તે સ્ત્રી છોડી દેશે અને પરસ્ત્રીઓ સાથે વ્યભિચાર કરીને એમની સાથે ઘર માંડશે, અખાડાની જગ્યાએ કતલખાનું ખોલશે અને ત્યાં સદાય જીવ હિંસા જ થશે. સર્વત્ર મદ્ય માંસાહારના, રેસના સટ્ટા, પત્તાના એવા અડ્ડા થશે અને સદાય ધનની ત્યાં ઉથલપાથલ થશે. એ સદૈવ પાપાચરણમાં રહેશે. લોકોનો અતિશય ભાવ સત્કાર કરશે પણ તેમનો ધ્યેય ફકત પૈસા લેવાનો જ રહેશે. ઘરના બહાર આંગણામાં રમવા માટે, ખાવા પીવા માટે, ઉત્તમ પ્રકારની સુખ સાહેબી માટે, ઘર અલગ અલગ વસ્તુઓથી શણગારશે.

ઉત્તમ ઉપજનું ક્ષેત્ર જેહ, પડી ભોમી લઈને આપશે તેહ. ॥૨૮૧॥
માટે તેને ભોમી આપશે સહી, જેમાં જરા દાણો પાકે નહીં. ॥૨૮૨॥
તેના ઉપર લેશે ધનને ધાતુ, પછી દેશે ગાળને કરશે અપમાન. ॥૨૮૩॥
જે બ્રાહ્મણની વૃત્તિ ટળશે, તે વેશ્યાને ભોમી આપશે. ॥૨૮૪॥

જે લીલા વૃક્ષ તે વાઢશે ઘણાં, ત્યાં મંદિર કરશે સોહામણાં. ॥૨૮૫॥
જે ભઠ્ઠી કરશે ચૂના તણી, જે મંદિર શોભા દીશે ઘણી. ॥૨૮૬॥
તે મંદિર ચણવા ઈંટો જેટલી, સર્વ ઘડીને લાવે તેટલી. ॥૨૮૭॥
તે ઘરને બહુ સમરાવે છજા. અંતરમાં લાવે બહુ ગૌરવને ગજા. ॥૨૮૮॥
જે જન વેદ ધર્મથી અળગા જો રહે, તેના પૂર્વજ દાન-પુન વિનાનો પિંડ ના લહે. ॥૨૮૯॥
પુત્રી પિતા સાથે ન રાખે વિવેક વિચાર, કલિયુગ તણો એસો હોયે આચાર. ॥૨૯૦॥
અથર્વવેદની નિંદા તે મૂરખ બ્રાહ્મણો કરે, એવા દુષ્ટ નરકે તે વહેલા સંચરે. ॥૨૯૧॥
તે માટે તો ભ્રષ્ટ બ્રાહ્મણનો કીધો નિષેધ, જે વેદગત અવતારનો ના જાણે ભેદ. ॥૨૯૨॥
જે માતા પિતાને નહીં આપે રે અન્ન, એવા કલિયુગ કેરા બ્રાહ્મણના ફંદ. ॥૨૯૩॥
વિપ્ર તણી લાંચ ઘરમાં વાવરે, ઘરમાં જઈ તે સેવા વેશ્યાની હેતે કરે. ॥૨૯૪॥
પુત્રી ભગિની કુળમાં હોશે રે જેહ, આજ તે ઉપર હેત નહીં રાખે તેહ. ॥૨૯૫॥
ચારે વર્ણ કલિયુગમાંની રે જેહ, રખે સાંભળી દુઃખ મનમાં ધરતા તેહ. ॥૨૯૬॥
તે માટે ના દુભાશો રે વીરા કોયે, એ મહિમા કલિયુગ કેરો રે જો હોયે. ॥૨૯૭॥
કહે શ્રી બુદ્ધ સુણો ભીમસેન રાયે, એવો મહિમા કલિયુગનો રે કહેવાયે. ॥૨૯૮॥

ઉત્તમ પ્રકારની ઉપજાઉ જમીન પડાવી લઈ તેના બદલમાં હલકી બીન ઉપજાઉ જમીન આપશે કે જે જમીનમાં એક દાણો પણ ઉગશે નહીં અને ઉપરથી એ દામ લેશે. તેમાં કૂડકપટ, રુશ્વત, દલાલી, કાળાબજાર વગેરે કારણે વાદવિવાદ ઝઘડા ઉપસ્થિત કરશે. બ્રાહ્મણોને કોઈ એમની વૃત્તિ (સીધુ સામગ્રી) વગેરે આપશે નહીં પણ વેશ્યાઓને મોટી મોટી જમીન ઘરદાન કરશે. સારાં લીલાં વૃક્ષોનાં વન ઉપવન ઉધ્વસ્ત કરીને ત્યાં મોટાં મોટાં મંદિર કારખાનાં વસ્તીગૃહ તૈયાર કરશે. બાંધકામ, વાસ્તુ શિલ્પને વધારે પ્રાધાન્ય આપશે. ચૂના પત્થરનાં મહેલ જેવાં મકાનો બાંધીને તેને ઉત્તમોત્તમ પ્રકારનો રંગ કામ કરીને સુશોભિત અને નયન મનોહર સજાવશે, પાકી ઈંટો વાપરીને સારાં મજબૂત કરશે, અલગ અલગ પ્રકારના મોટા મોટા ઉત્તમોત્તમ કારીગરી નકશીકામ કરેલી બારીઓ ગવાક્ષો વગેરે બાંધીને સારી સજાવટ કરશે. તેવી સજાવટમાં જ બધું જ દ્રવ્ય ખર્ચ કરશે.

વૈદિક ધર્માચરણ ક્રિયા આચાર ધર્મ વગેરે છોડી અને ખોટા ચમત્કાર, દંભાચરણ, પાપાચરણને અતિશય મહત્ત્વ આપશે. જેથી દાન પુણ્ય ધર્માચરણ લોપ પામશે. તેમના પૂર્વજ દાન ધર્મ, પુણ્ય કર્મના અભાવે પિંડ પણ ગ્રહણ કરી શકશે નહીં. પિતા પુત્રી સાથે અપવિત્ર સંબંધ, અનાચાર, વિવેકશૂન્ય આચરણ અને પશુતુલ્ય વ્યવહાર કરશે.

કેટલાક બ્રાહ્મણલોક મૂર્ખપણાથી જાણતા હોવા છતાં પણ અથર્વવેદની નિંદા કરશે અને એ વેદની આજ્ઞા પ્રમાણે જે વર્તશે તેની પણ તેઓ નિંદા, દ્વેષ, મત્સર, તિરસ્કાર કરશે. માટે ભીમ, આવા ભ્રષ્ટ બ્રાહ્મણનો નિષેધ કરાય છે. તેઓ વેદ અને અવતારનો ભેદ જાણી શક્તા નથી. ભૂતકાળના જ માત્ર એ મહાત્મયનું વર્ણન કરશે, વર્તમાન કાળ તરફ દુર્લક્ષ કરશે અને ભવિષ્યકાળની તેમને શુદ્ધ હોશે નહીં. આવા પ્રકારના બ્રાહ્મણવર્ગનાં છળ થશે. જેના થકી મનુષ્ય જન્મથી જ વેદ માર્ગની ઉપેક્ષા કરવા લાગશે. જેમ કોઈ કુપુત્ર પોતાનાં માતા-પિતાની ઘડપણમાં ઉપેક્ષા કરે છે અને દુઃખી કરે છે તેવી જ રીતે મનુષ્ય ધર્મની વેદોની ઉપેક્ષા કરશે. ઘરમાં ભાઈ બહેન વગેરે સંબંધમાં પણ પ્રેમ-ભાવ રહેશે નહીં. દહેજ અને અન્ય લેણ દેણના

કારણે પીડાતી પુત્રી અથવા બહેનો માટે કેવો પ્રેમભાવ રાખશે એ પૂછશો જ નહીં ! કલિયુગમાં ચારેય વર્ણના લોકોની સ્થિતિ એવા પ્રકારની અત્યંત દુ:ખદ થશે. તો હે ભીમ, મારું તને એ જ કહેવું છે કે ! તમે આ કલિયુગમાં જ્યાં સુધી છો ત્યાં સુધી કોઈને પણ પીડશો નહીં. કલિયુગનો મહીમા અગાધ છે. તેની સ્થિતિનું વર્ણન કેટલુંક કર્યુ. એ પ્રકારનો એ કલિયુગ છે.

કહે ભીમસેન સાંભળીએ મહારાજ, કૂડા કલિયુગનો મહિમા કહેજો આજ. ॥૨૯૯॥
તે સાંભળીને સર્વે સોહેલા જો થઈએ, હૃદયે શરણ સ્વામી તમારું તો લઈએ. ॥૩૦૦॥
કહે શ્રી બુદ્ધ સુણો ભીમ સત્ય સાર, કલિયુગ તણો સત્ય કહું તોયે વિસ્તાર. ॥૩૦૧॥
કલિયુગે સર્વે કલ્પવૃક્ષ તો નહીં રે ફળે, ક્રોધ વિરોધ શોક જો નહીં તો ટળે. ॥૩૦૨॥
અલ્પ દૂધ આપતી હોશે સર્વે ગાયે, કૂપ સરોવર તે કૂંડાં સમ કહેવાયે. ॥૩૦૩॥
અલ્પ ધાન્ય નિપજે પૃથ્વીએ સહી, અલ્પ આયુષ્ય તો કલિયુગમાં થઈ. ॥૩૦૪॥
પુત્ર પિતાને નહીં દે અન્ન, માતા પિતાથી કરશે તે વ્હાલું ધન. ॥૩૦૫॥
માતા પિતાને પરહરશે જે પુત્ર, સાસુ સસરાને સોંપશે ઘર સૂત્ર. ॥૩૦૬॥
બંધવ પરિવાર તે માનશે શત્રુ સમાન, પણ ઘરમાં સસરા સાળાનું બહુ માન. ॥૩૦૭॥
સ્વપુત્રી વસ્ત્રાભુષણ પાખી રહે, પણ સાળીનો સાસરવાસો તે કરે. ॥૩૦૮॥
ભગિનીને નહીં આપે એકો ઠામ, કલિયુગે બેન તણું ન કરશે એકે કામ. ॥૩૦૯॥
કલિયુગમાં વહુ તણી છે એ રીત, સાસુ સસરા શું નહીં રાખે પ્રીત. ॥૩૧૦॥
દેરાણી જેઠાણી શું નહીં નેહ, શત્રુ સમાન વહુવરને રાખે તેહ. ॥૩૧૧॥
સ્ત્રી ભરથારનું કહ્યું કાને નવ ધરે, પહેલાં તે માતા પિતાને નજરે કરે. ॥૩૧૨॥
તે ધનને લોભે સ્ત્રી કરાવશે પાપ કર્મ, તે વડા વડેરાનું ઘરમાં નહીં રાખે મર્મ. ॥૩૧૩॥

ભીમ બોલ્યો: 'હે સ્વામી ! હે બુદ્ધ ભગવાન, છળ, કપટ, અસત્ય, દંભ આચરણથી ભરેલા આ કલિયુગનો મહિમા શું છે તે તમે મને કહો એટલે તેવી વાતોથી સાવધાન રહીને જીવન નિર્વાહ સુલભ કરતા રહીએ. હે સ્વામી, હું અનન્ય ભાવથી સાચા અંત:કરણથી તમારા શરણમાં આવ્યો છું.'

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યા: હે ભીમ, હું તને આ કલિયુગની સ્થિતિનું સવિસ્તાર અને સત્યતાથી વર્ણન કરીને કહું છું એ તું સાંભળ અને વિચાર કરીને એ પ્રમાણે વર્ત. હું તને આ કલિયુગમાંથી તરીને જવા માટે જે માર્ગ અથવા ઉપાય કહીશ તેનું અવલંબન કરવાથી સહજતાથી તરીને જવાશે પણ એના પહેલાં આ કલિયુગની સ્થિતિનું વર્ણન સાંભળ.

આ કલિયુગમાં કલ્પવૃક્ષો ફળો આપશે નહીં એટલે કે જે પોતાની ઈચ્છિત મનોકામના છે એ પરિપૂર્ણ થઈ શકશે નહીં. ક્રોધ, વિરોધ, શોક, સંતાપ, અહંકાર, દુષ્ટ ભાવ એના કારણે સકામ કર્મનાં પણ ઉત્તમ ફળ મળશે નહીં. ગાય, ભેંસ વગેરે પ્રાણી અલ્પ દૂધ આપનાર થશે. તળાવ, કૂવા, સરોવર એ બધામાં જળનું પ્રમાણ ઘટી જશે અને કૂંડાં પ્રમાણે દેખાવા લાગશે, પૃથ્વી પર અલ્પ પ્રમાણમાં ધાન્યની નિપજ થશે અને એ ધાન્ય જનતાને પૂરું પડશે નહીં અને તે માટે જીવ પ્રાણી માત્રના માંસ પર લોકો નિર્વાહ કરશે. પૂરક અન્ન માટે તેનો વપરાશ કરશે. માનવ તેમજ અન્ય જીવ પ્રાણી માત્રનું આયુષ્ય એકદમ અલ્પ થશે. ઈશ્વર અને ધર્મ પર શ્રદ્ધા ન રાખનાર મનુષ્ય અલ્પાયુષિ થઈને અકાળે મૃત્યુવશ, આત્મ ઘાતકી, એટલે કે

આપઘાતથી મરનાર થશે. પુત્ર પોતાના પિતાને માતાને ખાવા પણ અન્ન નહીં આપે. તેને માતા-પિતા કરતાં ધન પર અધિક પ્રેમ રહેશે. જ્યાં સુધી માતા-પિતાથી ધન મેળવવાનું શક્ય હોય ત્યાં સુધી તેમના તરફ ધ્યાન આપશે અને તેમની પાસેનું ધન એકવાર અધિકારમાં આવ્યા પછી અથવા મળવાની આશા નહીંવત્ થવાથી એમની તરફ જોશે પણ નહીં. પુત્ર માતા-પિતાનું ભરણ પોષણ કરશે નહીં. તેમની અવહેલના અને ઉપેક્ષા કરશે અને બધા પરિવારને શત્રુ પ્રમાણે માનશે પણ સાળીના તેમજ સાસરીપક્ષનો સર્વ પ્રકારનો વ્યવહાર પોતે કરશે. ઘરમાં સાસુ અને સાળાઓનાં સન્માન થશે. ઘરમાં પોતાની પુત્રી-બહેન વસ્ત્ર આભુષણથી વિન્મુખ રહેશે પણ સાળીના તેમજ સાસરીપક્ષમાં સર્વ પ્રકારનો ખર્ચ પોતે ભોગવશે. પુત્રી અથવા બહેનની કોઈપણ પ્રકારની આશા આકાંક્ષા પૂર્ણ કરશે નહીં, તેમને પ્રેમથી માનભર્યા શબ્દ બોલીને આનંદીત કરશે નહીં પણ સાસુ સાળીની ઉત્તમ રીતે સરભરા કરશે.

કલિયુગમાં કુલીન સંસ્કારી કુલવધૂ પણ કુલાચાર સદાચાર છોડી દેશે, તે સાસુ સસરાને પ્રેમથી રાખશે નહીં, તેમને હડધૂત કરશે. ઘરમાં દેરાણી, જેઠાણી, નણંદ વગેરે સાથે વૈરત્વથી શત્રુત્વની જેમ વર્તશે. એટલું નહીં પણ પોતાના પતિને પણ શત્રુ સમજીને તેમની સાથે તેવું વર્તન કરશે. સ્ત્રી પોતાના ભરથારનાં વચનનું પાલન કરશે નહીં. તેના ઉપર અનેકાનેક દોષારોપણ કરીને એ પોતાના માતા પિતા પાસે એમની ચાડી-ચુગલી કરીને વિસંગત ઝઘડા ઉપસ્થિત કરીને કોર્ટ કચેરીમાં દાવા વગેરે કરાવી શિક્ષા અપાવવા પ્રયત્ન કરશે. ઘરમાં પત્ની પતિ કરતાં ધનને જ અધિક મહત્ત્વ અપાશે. ધન હશે તો એકબીજા ઉપર પ્રેમ કરવાનું નાટક કરીને સારી રીતે વર્તવાનો ઢોંગ કરશે, નહીં તો કાયમ ઘરમાં ઝઘડા થશે. સ્ત્રીઓ ઘરના વડીલ વ્યક્તિઓને પણ મર્મઘાતક વાણી બોલીને તેમનાં માન સન્માન કરશે નહીં.

રાજા પ્રજાનો દંડ અતિ જો કરશે, તે મહાદુઃખો કલિયુગમાં ધરશે. ॥૩૧૩॥
વળી તીર્થ તણા મહિમા ભાંગશે, જયાં ત્યાં દુઃખ દાવાનલ લાગશે. ॥૩૧૪॥
ઉલ્કાપાત થાશે અતિ ઘણા, અને ભૂંડાં કર્મ માંહે નહીં રહે મણા. ॥૩૧૫॥
સત્ય સ્નેહે નહીં હોય નરને નાર, તે ધન સાચવેને રાખશે કૂડા વ્યવહાર. ॥૩૧૬॥
કપટે ત્રાજુવાં તોલાં તે કૂડાં રાખે, ખોટાં નામાં વધશે ખોટી સાખે. ॥૩૧૭॥
એવા અન્યાય થાશે રે જાણ, કોઈ વેદ શાસ્ત્ર નહીં જાણે પુરાણ. ॥૩૧૮॥
જયારે બાર વરસનો ફળશે પુરુષ, તેણે પચીસે પલી આવે મુખ. ॥૩૧૯॥
નવ વરસની જોબનવંતી હોશે રે નાર, તે ધરશે ગર્ભને દુઃખ ભોગવશે અપાર. ॥૩૨૦॥
વર્ણાવર્ણનો જાશે ધર્મ આચાર, સત્ય ધર્મના ભાંગશે સર્વ વ્યવહાર. ॥૩૨૧॥
ત્યારે વરકન્યાનું મન નહીં હેતે મલે, ધન હોય તો ત્યાં મન માયાયે ભળે. ॥૩૨૨॥
શીત કાળે હોશે અગ્નિનો તાપ સાર, ઉષ્ણ કાળે થાશે શીત તણો વ્યવહાર. ॥૩૨૩॥
ત્યારે પૃથ્વી ખંડ ભંગ થાશે દેશાદેશ, પુણ્ય તણો નહીં જાણ રહે લવલેશ. ॥૩૨૪॥
કહે શ્રી બુદ્ધ સુણો ભીમસેન રાયે, એવો છે કલિયુગ તણો મહિમાયે. ॥૩૨૫॥
વસતાં ગામ દુઃખે ઉજાડ થાશે અનેક, તેમાં વસવાને નહીં રહે કોઈ જાણે છેક. ॥૩૨૬॥
ધાન તણાં બીજ તો સરવે પરલે જાશે, દયા હીણા તો સર્વે નરનારી થાશે. ॥૩૨૭॥
ત્યાં રાંધ્યાં ધાન વેચાશે રે બહુ, ઉત્તમ લોક તે હર્ષે લેઈ ખાશે રે સહુ. ॥૩૨૮॥
વિવાહ ધર્મ તણો તે મારગ ભાંગશે, વડીલ આજ્ઞા વિના તો નારી નરને જશે. ॥૩૨૯॥

કલિયુગમાં રાજા પ્રજાને અતિશય પીડશે, મહાદુઃખથી સર્વ પ્રજા પરેશાન થશે. મન પ્રમાણે કાયદા કાનૂન બનાવીને પ્રજાજનને થોડા ક્ષુલ્લક કારણે પણ પ્રાણાંતિક દંડ આપશે. પ્રજા ઉપર અન્યાયથી જડ કરવેરા નાખશે અને તે કર ભરી શકશે નહીં એટલે તેમની ઉપજીવિકાના સાધનો જ નષ્ટ કરશે અને પ્રજા પણ સ્વાર્થ વશ થઈને લીધેલાં કર્જ પાછાં આપશે નહીં. આ પ્રકારે રાજા અને પ્રજા પણ અતિ દંભી કપટી થશે.

તીર્થ ક્ષેત્રનો બધો મહિમા નીકળી જશે અને તીર્થોનું માહાત્મય વગેરે બધું આડંબર કલ્પિત છે એમ જ લોકો માનવા લાગશે. તીર્થ સ્થાનથી ધાર્મિકતા ન સમજતાં સુખચેન આરામ અને નૈસર્ગીક સૌંદર્યનું ક્ષેત્ર સમજીને સર્વ પ્રકારના ભોગના સુખ માટે પ્રજાને લૂંટશે અને આ રીતે ત્યાં દુઃખદ દાવાનળ સળગશે. ઉલ્કાપાત, નક્ષત્રપાત, ધરતીકંપ, જવાળામુખી, વાદળ, ચક્રવાત, અતિવૃષ્ટિ, મહાપૂર, રોગો, મહાયુદ્ધ, અણુયુદ્ધ વગેરેને કારણે જગતમાં જીવ પ્રાણી માત્ર નષ્ટ થશે. અણુયુદ્ધને કારણે પ્રચંડ આગ લાગશે. દાવાનળ સળગીને અરણ્ય, જંગલ, વન, ઉપવન, અન્ન ધાન્ય, ખેતર ઉધ્વસ્ત થશે. વાતાવરણ અત્યંત દૂષિત વિષાંકત થશે. અલગ અલગ રોગ, આજાર, ઉદ્ભવી મનુષ્ય હાનિ તેમજ પ્રાણી માત્રની હાનિ થશે. માણસમાં અથવા સ્ત્રી પુરુષમાં કોઈપણ પ્રકારનો પ્રેમભાવ સ્નેહાર્દ્રતા રહેશે નહીં, કારણ કે કૃત્રિમ બીજધાન કરાશે. સ્ત્રીની સંતતિ નિર્માણ કરવાની એક યંત્ર જેટલી જ કિંમત રહેશે. પ્રેમ ભાવના અને સૌજન્યતા રહેશે નહીં. અસત્યાચરણ દંભીપણું કરીને ધન પ્રાપ્તિ કરવાની અને કોઈપણ શુદ્રાતિ શુદ્ર કાર્યમાં પણ લાભ લાંચ ખાવી એ જ ધ્યેય રહેશે. ત્રાજવા કાંટા વગેરે બધાં ખોટાં તોલાશે એટલે વસ્તુ લેતાં આપતાં અસત્યાચરણ કાળા બજાર ચાલશે.

જનતા પાસે પુષ્કળ અનીતિનું દ્રવ્ય હશે અને એને પરિણામે અવ્યવહાર, અનાચાર, ભ્રષ્ટાચાર, અનીતિ, અન્યાય, દુર્વ્યસન, વ્યભિચાર વગેરે દુર્વ્યવહારથી ઉભરાશે. પછી વકીલ, વેશ્યા અને વૈદ્ય એમનાં ઘર પૈસાથી ભરાશે. આ પ્રકારનો અન્યાય સર્વત્ર પ્રસરીને વેદ શાસ્ત્ર, પુરાણ, કથા, કીર્તન, પોથી, સત્સંગ વગેરે સર્વનો લોપ થશે. બાહ્ય ભાવ ભક્તિ શ્રદ્ધા રહેશે નહિ, ક્યાંક દેખાશે પણ તેમાં કોઈપણ તથ્ય રહેશે નહીં. શૂષ્ક, અભક્ષ્યાભક્ષ્ય અન્ન, અનેકાનેક પ્રકારના પેય અને સ્વૈરાચાર (સ્વછંદતા) વગેરેનાં ઉપયોગથી મનુષ્યનું આયુષ્ય એકદમ અલ્પ થશે. આયુષ્યમાં બારમા વર્ષથી મનુષ્યમાં તારુણ્યતા પ્રાપ્ત થશે અને પચીસમા વર્ષે જ વૃદ્ધકાળ આવશે. નવ વર્ષની કન્યા તારુણ્યતામાં પ્રદાર્પણ કરીને ગર્ભધારણ કરશે અને પ્રસૂતિ કાળે અત્યંત કષ્ટી ભોગવશે.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય સર્વ વર્ણ વ્યવસ્થા નષ્ટ અને સર્વ વર્ણસંકર થશે. માનવમાં જાતિભેદ, વર્ણભેદ, આશ્રમભેદ વગેરે કંઈ રહેશે નહીં. સર્વ જગતમાં માનવ જાત એ એક જ ગણાશે અને એ કારણે લગ્ન પદ્ધતિ અને દહેજ અથવા ધન સંપત્તિના વેપારને કારણે વિવાહ કાર્ય બંધ પડશે. પ્રેમ વિવાહ વધારે પ્રમાણમાં થશે અને આગળ તે પણ બંધ થઈને કૃત્રિમ બીજદાન ધારણ કરીને સંતતિ નિર્માણ થશે. કોઈપણ ધાર્મિક વિધિનું મહત્ત્વ રહેશે નહીં. સ્ત્રી, પુત્ર, કન્યા, પિતા-માતા, પતિ-પત્ની એવા નજીકના સંબંધનો પણ લોપ થશે.

વેદ, પુરાણ, ઉપનિષદ, શાસ્ત્ર વગેરે સર્વ ધાર્મિક ગ્રંથો લોપ પામશે તે સર્વ ઈતિહાસ થશે. દંભ, લોભ, કપટ, હિંસા, વ્યભિચાર, અખાદ્ય-અપેય ખાનપાન વગેરે બાબતમાં પણ વિધિ નિષેધ રહેશે નહીં. સ્વૈરાચાર (સ્વછંદતા) વધશે અને આપણે જે કર્તવ્ય કરીએ તે જ ધર્મ અને એ જ નિયમ લોકો માનવા લાગશે. સત્સંગ દેવ મંદિરોને કુટણખાના સમજીને એ ઉધ્વસ્ત કરશે. વેશ્યાગૃહ, એશઆરામ, ભોગવિલાસ આજ ખરા જીવનના સુખોપધામ એટલે મંદિર ગણાશે.

દેવી, દેવતા, સંત, મહંત, ગુરુ વગેરે પૂજનીય પ્રત્યે ભાવના લોપ પામીને નાટક, ચેટક, મોહિની વિદ્યાનાં કામ કરનારા, નટ, કલાકાર એમને જ દેવતા તુલ્ય સમજીને તેમની ઉપાસના કરવા લાગશે. વિજ્ઞાનને અતિશય મહત્ત્વ અપાશે. યંત્ર, તંત્ર, વિજ્ઞાન અને વેપાર એના પછી શિક્ષણ ક્ષેત્ર રહેશે નહીં. અલગ અલગ કલા લોપ પામીને સ્થાપત્ય વાસ્તુકલાને જ ફક્ત પ્રાધાન્ય રહેશે. મોટાં મોટાં કારખાનાં, પ્રયોગશાળા, રસાયણશાળા અને ઔદ્યોગિક વસાહતોના નિર્માણ માટે સારી જમીનોનો ઉપયોગ થશે. મોટા મોટા રસ્તા, પાટ, બંધ વગેરેથી સારી એવી જમીન પડતર રહેશે. અન્ન ધાન્યની તૂટ પડશે. જમીન એકદમ રસકસ વગરની થશે. તેમાંથી અન્ન ધાન્યનું નિર્માણ થશે નહીં. ઉનાળામાં શિયાળો અને શિયાળામાં ઉનાળો અને બારેમાસ ચોમાસું આ પ્રમાણે ઋતુ પરિવર્તન થશે અને આ ઋતુ પરિવર્તનથી જમીન ઉપજાવ ન થતાં રકસક વગરની થશે, પછી તેમાં કંઈ પણ વાવે તો ઉગશે નહીં. અલગ અલગ દૂષિત વાતાવરણ વગેરેને કારણે પાક ઉગશે નહીં, ઘાસ પણ ઉગશે નહીં, ચારાના અભાવથી પશુઓ બેહાલ થશે.

લોકોને સમુદ્રના જલચર પર ઉદર નિર્વાહ અને પાણીનો વપરાશ કરવો પડશે. બજારમાં પકવેલ અન્નનો વિક્રય થશે. અતિશય મોંઘા ભાવથી વેચાશે અને ફક્ત સારા શ્રીમંત લોકો જ લઈ શકશે. ગરીબોને મળશે નહીં. તે માટે ચોરી, લૂંટફાટ અને ધાડનું પ્રમાણ વધશે અને તે થકી લોકો પોતાની જરૂરીયાત પૂરી કરશે. આ પ્રકારની દુસ્તર પરિસ્થિતિ આ કલિયુગમાં થશે. વ્યવસાય, ધંધા, વ્યાપાર માટે પૃથ્વીના પટ પર લોકો ક્યાંયના ક્યાંય નીકળી જશે અને વ્યવસ્થિત ઠેકાણે વસ્તી કરશે. પુણ્ય પાપનો વિવેક વિચાર રહેશે નહીં. સ્ત્રીઓ, છોકરા, છોકરીઓ વડીલોની આજ્ઞા માનશે નહીં. શિક્ષણથી સ્વૈરાચાર વધીને અનૈતિકતા, અલિંગીકતા વધશે. ગર્ભપાત, ભૃણહત્યા, બાળહત્યા વગેરેનો વિધિ નિષેધ રહેશે નહીં. પશુ કરતાં પણ નિકૃષ્ટ એવું માનવ જીવન થશે.

થાશે દરિદ્રી સઘળા સંસાર લોક, ઘરોઘર થાશે સઘળાને કલહને શોક. ॥૩૩૦॥
પાપી બ્રાહ્મણ હોશે તે કલિયુગ તણા, તે તો ફાંસી માર્ગમાં દેશે લોકોને ઘણા. ॥૩૩૧॥
તે રમશે દ્યૂતને અવળો કરશે વહેવાર, તે વારે તો તેઓ થાશે મહાપાપી અવતાર. ॥૩૩૨॥
તે તો કન્યા વિક્રય દુષ્ટપણા કરશે રે બહુ, તે વારે સસરાને કૂડ ગાલ દેશે વહુ. ॥૩૩૩॥
ત્યારે વનસ્પતિ તે સર્વે નિર્ફળ થાશે, એવી વેળા કલિયુગમાં વખડી વર્તાશે. ॥૩૩૪॥
પૃથ્વીમાં જે થકી જે બળિયા નર હોયે, તે ધન પિયારુ બળે હરી લેશે સોયે. ॥૩૩૫॥
જે પુરુષ પોતાની પરહરશે નાર, તે તો બીજા શું કરશે કૂડા વ્યવહાર. ॥૩૩૬॥
ત્યારે આજ્ઞા લોપશે શિષ્ય ગુરુ તણી, જે કલિયુગે થાશે બ્રાહ્મણ એવા ગણી. ॥૩૩૭॥
ત્યારે સાધુ તણી સંગત તો નહીં ગમે, કૂડા કપટી કેડે ભૂલી પૃથ્વી ગાંડી ભમે. ॥૩૩૮॥
ત્યારે ચારે વેદ તણાં તો સર્વ જાશે દર્શન, પૂછે નહીં કોઈ બ્રાહ્મણને પ્રસન્ન. ॥૩૩૯॥
ત્યારે થાશે ભૂવા ભાટ કલિયુગના ડંડ, તે તો કપટેથી હરી લેશે દામ શિર મૂંડ. ॥૩૪૦॥
વીર સાધનાને મેલા કરશે મંતર, અને કરશે ઔષધ ચિઠ્ઠીને જંતર. ॥૩૪૧॥
જે કાજલ ભૂરકીને કરે વશીકરણ, ત્યાં તો ગરોડાને નિત્ય જાશે શરણ. ॥૩૪૨॥
ત્યારે ભાંડ ભવૈયા ઉપર પ્રીત, ત્યાં ગમશે નહીં વેદ શાસ્ત્રની રીત. ॥૩૪૩॥
ત્યારે ચેટક નાટકને જોવા જન જાશે, જ્ઞાન ધ્યાન સાંભળવાને આળસ થાશે. ॥૩૪૪॥

ભૂવા ક્ષેત્રપાળ શાક્ત માતંગી ને ભૂત, કૂડ કપટી પેશાવલને બાને ખાશે ધૂત. ॥૩૪૫॥
કહે શ્રી બુદ્ધ સાંભળો ભીમ ભૂપાળ, એવો કલિનો મહિમા છે અતિ વિકરાળ. ॥૩૪૬॥
એવો કલિયુગ તણો મહિમા છે જન, તેમાં સ્થિર નહીં રહેવે કોઈ માણસનું મન. ॥૩૪૭॥

અવની તળ પર સર્વત્ર અશાંતતા, દારિદ્રયતા પ્રસરશે. લોકો શ્રી હીન, નિસ્તેજ, દરિદ્ર, કંગાલ, રોગગ્રસ્ત આચરણના થશે. કલેશ, ચિંતા વિતંડાવાદ વધશે. અપમૃત્યુ, આત્મહત્યા તેમજ અલગ અલગ પ્રકારનાં મૃત્યુનાં પ્રમાણ વધશે અને સર્વત્ર શોકગ્રસ્ત, ભયગ્રસ્ત વાતાવરણનું નિર્માણ થશે. લોકો દ્યૂત ક્રીડા, અલગ અલગ પ્રકારના સટ્ટા, પત્તાં, રેસ વગેરે અનેકાનેક રમતો રમીને વેપાર કરશે. એ સર્વે વ્યવહારમાં અભદ્ર દશ્યો રહેશે. દેશમાં આ પ્રકારના પાપના, અન્યાયના, અનીતિના પૈસા વધે એટલે દેશ વિનાશપ્રત અધોગતિમાં જશે. દેશના મોટા મોટા કાર્યકર્તા શાસનકર્તા જ એવા પાપી દુરાચારી થઈને લોકોને અભદ્ર દ્રવ્યની લેવડ દેવડના લાલચ યુક્ત માર્ગના પાઠ ભણાવશે અને એ સંજોગે સંપૂર્ણ રાજયયંત્રણા વિનાશ પામી વિલયમાં જશે.

દાન લોભથી સ્વાર્થ થઈને બાપ કન્યાનો વિક્રય કરશે. પોતાની બહેન, દીકરીને નાત તમાશા અથવા નાટ્યશાળામાં મોકલીને ઉજળા માથે વ્યભિચાર કરાવશે. તેવા ઘરના લોકો પ્રતિષ્ઠિત ગણાશે. પુત્રવધૂ પોતાના સસરાને કંઈપણ ન ગણકારતાં તેને ગાળો આપશે. તેની મર્યાદા પાળશે નહીં. વનસ્પતિને ફળો આવશે જ નહીં. વનસ્પતિમાંથી ઔષધના ગુણ નીકળી જશે.

પૃથ્વી પર જે અત્યંત બળવાન મનુષ્ય હશે એ બીજાના ધનસંપત્તિનાં અપહરણ કરશે. ચોરી, લૂંટફાટ, અન્યાય, ખૂન કરીને બીજાની માલમત્તા હડપ કરશે. લોકો પોતાની વિવાહીત સ્ત્રીનો ત્યાગ કરીને પરસ્ત્રીઓ સાથે ગૈરવ્યવહાર, વ્યભિચાર કરશે. શિષ્ય ગુરુની આજ્ઞા પાળશે નહીં. ગુરુ જ્ઞાનોપદેશ કરશે એના વિકૃત અર્થ લઈને શિષ્ય વિપરીતતાથી વર્તશે. ગુરુઓ ઉપદેશ બહાને વ્યભિચાર અને અખાદ્ય અપેયનો વપરાશ કરીને પાવિત્ર્ય પાળશે નહીં. સાધુ-સંત, સજ્જન, સત્પુરુષોના સંગમાં કોઈ બેસશે નહીં, પણ રાત દિવસ કુસંગતમાં રહેશે. સંત મહાત્મા આચારધર્મ, નીતિનિયમો અને ઉન્નત જીવનનો ધર્મોપદેશ કરશે પણ ત્યાં કોઈ ફરકશે નહીં પણ જયાં છળકપટ ચાલતાં હશે, ધર્મના નીચે ઉઘાડા અન્યાયના નાચ ચાલતા હશે એની પાછળ સર્વ પૃથ્વી-જન ગાંડાની જેમ ફરકશે. વૈદિક આચાર ધર્મ કર્મોનો લોપ થશે.

ભૂત પિચાશ અલગ અલગ દેવ દેવતાના નામ કહીને અપવિત્ર એવી વ્યક્તિના શરીરમાં આવી, નાચી ઘુમીને લોકોની નિંદા કરશે. ભૂત યોની અદશ્ય હોવાની ભૂત અને વર્તમાન કાળની બધી ઘટના જાણવામાં સમર્થ હોય છે પણ આગમ ભવિષ્ય એક અંશથી પણ સમજાવશે નહીં. ભોળા અને રોગગ્રસ્ત, આપત્તિ વિપત્તિગ્રસ્ત, પીડાયેલા લોકોને ભૂતકાળની ઘટના કહીને પ્રભાવીત કરીને, અલગ અલગ માર્ગ કહીને, અલગ અલગ દેવી દેવતાના રૂપે કરી યથેચ્છ લૂંટશે. અનેકાનેક કૂડ કપટ, દંભ છળ કરીને, છેતરીને ધન સંપત્તિ, વાસણો, વસ્ત્ર, આભૂષણ, લૂંટશે. કેટલાક લોકો પિશાચ સાધના, પ્રેત સાધનાને સાધ્ય કરશે અને અંધશ્રદ્ધાળુ ભાવિક ભોળા જીવાત્માઓને છળકપટથી ભૂલાવશે. કેટલાક બનાવટી ઔષધની યોજના કરીને અસાધ્ય રોગ નિવારણ કરવાનો ભાસ કરાવશે. કેટલાક લોકો મોહિની શક્તિના અલગ અલગ પ્રયોગ કરીને સ્ત્રીઓ બાળકોને અને માણસોને વશ કરશે, તેમને યથેચ્છા લૂંટીને તેમનાં પોતાનાં અંગત કામ માટે ઉપયોગ કરી લઈ સમય આવ્યા પછી તેમનો ઘાત પણ કરશે અથવા વિકૃત કરીને છોડી દેશે. આ પ્રકારના દંભીઓ કલિયુગમાં ઉભરાઈ આવશે અને લોકો સત્ય ધર્મને છોડીને અસત્યાચરણને માર્ગે જશે અને એ માર્ગને પ્રાધાન્ય આપશે.

નાચ, તમાશો, નાટક, નજરબંધી આવાં કૃત્યોને દિવસે દિવસે વધારે મહત્ત્વ આપશે. નટનટી, તમાશામાં સ્ત્રીઓ, નૃત્ય કરનાર હીજડા વગેરેને મનોરંજન કરનાર કલાકાર માનીને વધારે મહત્ત્વ આપશે પણ ખરો માર્ગ બતાવીને માનવ જીવનની ઉદ્ધાર ગતિ કરાવનારા સાધુ, સત્પુરુષ, સંત મહાત્માઓને દોષ આપી ઉપેક્ષીત કરશે. વેદ શાસ્ત્ર નીતિનો માર્ગ કોઈને ગમશે નહીં. નાટક, તમાશા, મેળા, નંગા નાચ વગેરે જોવા લોકોની ગીરદી જામશે, પણ કથા કીર્તન, પ્રવચન, ભજન એવી જગ્યાએ શ્રોતાઓ જશે નહીં. ભૂવા (ભગત), ક્ષેત્રપાળ, શક્તિ દેવતા (જેમને ભાંગ અને મદીરાનો નૈવેધ ચાલે એવા અઘોરી દેવતા), માતંગીભૂત વગેરે નિકૃષ્ટ પ્રેતગણોની ઉપાસના, સેવા પૂજા સાધના કરનાર લોકો અત્યંત નીચ હીન આચરણથી અને અપવિત્ર ગલિચ્છ સાધનાનો ઉપયોગ કરીને લોકોને લૂંટશે. ઢોંગ, દંભ, છળ કપટથી મન આકૃષ્ટ કરશે.

ભગવાન શ્રી બુદ્ધ આગળ કહે; 'હે ભીમ, આ પ્રકારનો આ કલિયુગનો મહિમા અત્યંત ભયાનક વિકરાળ છે. એ કહેતાં તથા સાંભળવાથી શરીર પર કષ્ટી થાય છે. એ માટે હે ભીમ, માણસનું મન ગમે તેટલુંય અસ્થિર અને ચંચળ હોય તો પણ સદ્‌વિચાર અને વૈરાગ્યયુક્ત ભાવનાઓનો જો તેને અંકુશ લાગે તો તે સ્થિર અને સદ્‌વિચારી થઈ શકે અને તેનો અભ્યાસ કરીને કલિયુગના વિકરાળ એવા કાળ પ્રવાહમાંથી પોતાની આત્મોન્નતિ કરી શકે.'

કહે ભીમ સ્વામી વિનંતી કરીએ અમો, અને એક મારા મનનો સંક્ષેપ્ત છેદજો તમો. ॥૩૪૮॥
ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા વિખ્યાત, અને સાંભળો ભીમ અમારી વાત. ॥૩૪૯॥
જે કલિયુગે વડ પીપળો વાઢશે, તે તો લઈ ધન ને વળી દેવાળું કાઢશે. ॥૩૫૦॥
તુલસી ગૌ બ્રાહ્મણને જે જુગના દેવ, તેની સહુ કોઈ કરશે કપટ કૂડથી સેવ. ॥૩૫૧॥
વેશ્યા તો લજ્જા ધરશે અપાર, અને મહા નિર્લજ્જ થાશે કુલવંતી નાર. ॥૩૫૨॥
જુગમાં સીસાનાં નાણાં તો ચાલશે, વળી સાચાને તો શૂળીએ ચડાવશે. ॥૩૫૩॥
સર્વે તળાવ માંહે કરસણ તો વાવશે, સત્ય સાધ હશે તો તે દુઃખીયા સર્વ થાશે. ॥૩૫૪॥
સુખીયા થાશે કપટી કૂડીયા પાપી જેહ, આગળ નરકે જાશે સર્વથી પહેલા તેહ. ॥૩૫૫॥
અન્યાયી મુક્કરને ઘેર હોશે આચાર, ઉત્તમ વર્ણ ખોશે ધર્મ વ્યવહાર. ॥૩૫૬॥
વેશ્યા ઉપર તો ઘણા ભાવજો થાશે, અને સર્વ ધૂર્ત ગરોડાને માનશે. ॥૩૫૭॥
માંહો માંહે તો દુઃખ દેશે રે ઘણા, ભીમ એવા લક્ષણ તો કહું કલિયુગ તણા. ॥૩૫૮॥
વેશ્યા થઈને સર્વ આગળ નાચશે, અત્યંજ પાસે ઉત્તમ જઈ અન્ન માગશે. ॥૩૫૯॥
સર્વ થાશે જન વિદ્યાવંતા રે બહુ, પણ એ તો ખોટા ઔષધ દેવે તે સહુ. ॥૩૬૦॥
જે રોગ જાણ્યા વિના ઔષધ કરે, એવા વૈદ્ય તો નિશ્ચે નરકે સંચરે. ॥૩૬૧॥
જોષી તો જ્યોતિષ ભેદ ના ગણે, ત્યારે જ્ઞાની થઈ જ્ઞાન તો ના ભણે. ॥૩૬૨॥
લઈ કરજને નહીં આપે વળી, તેનાં મન ફેરવશે આ પાપી કલિ. ॥૩૬૩॥

ભીમ બોલ્યો: 'હે સ્વામી ! તમને મારી વિનંતી છે કે તમે મારા મનનો સંશય દૂર કરો.'

ભીમ એમ વિનંતી કરે છે ત્યાંજ ભગવાન શ્રી બુદ્ધ બોલ્યા : 'હે ભીમ, હજુ કલિયુગની સ્થિતિનું વર્ણન સાંભળ, પછી તને જે કંઈ શંકા હોય એ પૂછજે. તુલસી, ગાય, બ્રાહ્મણ એમની પૂજા કરશે, પણ તેમના પ્રત્યે પૂજ્ય ભાવના બિલકુલ રહેશે નહીં. કલિયુગમાં વેશ્યા સ્ત્રીઓ અત્યંત શીલવાન ગણાશે, જ્યારે સત્ત્વશીલ, ગુણવાન, શીલવાન કહેવડાવનારી કુળની કેટલીક સ્ત્રીઓ નિર્લજ્જ, કુટીલ, ભ્રષ્ટ આચરનારી થશે. એ પોતાના કુળશીલ ગુણને દૂષિત કરશે.

આ કલિયુગમાં લોકો ધંધા વેપાર ખેતી માટે કરજ લેશે પણ સુખચેન માટે તેનો ઉપયોગ કરશે અને એ કરજ પાછું આપવાનું નામ પણ લેશે નહીં. કલિયુગમાં બધી જ વિપરીત ગતિ થશે. જગતમાં સોના, ચાંદી, તાંબાનાં નાણાં બંધ થઈને સીસા, એલ્યુમિનિયમ અને તેનાથી પણ નિકૃષ્ટ લોખંડી ધાતુનાં નાણાં ચાલશે. કાગળનાં નાણાંનો પ્રચાર વધશે. તળાવ સરોવર કે મોટી મોટી નદીઓ સૂકાઈ જશે અને તેવી જગ્યાએ લોકો ખેતી કરીને અન્ન ધાન્ય, કંદમૂળ, ફળ, શાકભાજી વગેરેને ઉગાડશે.

સત્યવાન, શીલવાન, ધર્મપ્રવૃત્તિના મનુષ્યો સંત પુરુષો અત્યંત દુઃખી થશે. અન્ય લોકો તેને ત્રાસ આપીને પરેશાન કરશે અને ત્રાહીમામ્ કરાવશે. કૂડાકપટી, લાલચું, પાપી, દુર્વ્યસની, દુર્જનો અત્યંત સુખી દેખાશે અને સમાજમાં એવાને જોયા પછી લોકો દુષ્પ્રવૃત્તિ તરફ જ વળશે અને બધાના પહેલાં નર્કમાં જઈને બેસશે. ધર્મદ્રોહી, જાતિભ્રષ્ટ, અન્યાયી, પાપી, ચોર, અભદ્ર વ્યવહાર કરનાર એમના ઘેર આચાર પાલન, પૂજા, અર્ચના વગેરે આડંબર જેવાં દેખાશે પણ ઉત્તમ વર્ણના લોકો જે કુળવાન, શીલવાન, ધર્મભીરુ છે એમના ઘરમાં તેઓ પૂજા, અર્ચના, નિત્યપાઠ, ધર્મ આચાર પાલન વગેરે વ્યવહાર કરતા હશે તો દુષ્ટ લોકો તેમને રંજાડશે, ત્રાસ આપશે.

વેશ્યા વર્ગ પર લોકોની પ્રીતિ વધશે. વેશ્યા વ્યવસાય અતિ પ્રમાણમાં થશે અને બહુતાંશ અલગ અલગ ચમત્કાર કરીને લોકોને ફસાવનારા ધૂર્ત ધૂતારાઓનો વધારો થવા લાગશે. અંદર અંદર કોઈ પણ પ્રેમભાવ પરોપકાર ભાવ રહેશે નહીં. કલિ ધનના સ્નેહનો મનમાં પ્રવેશ કરાવીને કલહ, દ્વેષ, મત્સર, દુઃખ ઘડી લાવશે. આ પ્રકારનો અતિશય દુસ્તર કઠણ એવો આ કલિયુગ છે. સ્ત્રીઓ, તરુણીઓ, ઉપવરપુત્રીઓ વેશ્યા પ્રમાણે સર્વ લોકોની સામે નાચશે અને પોતાના શરીરનું કલા કૌશલ્યથી દેહનું પ્રદર્શન માંડશે. ઉત્તમ કુળવાન ધનવાન મનુષ્ય અત્યંજ પાસે હાથ લંબાવશે.

શાળા, વિદ્યાલયો, મહાવિદ્યાલયો, પ્રશિક્ષણો, અલગ અલગ ધંધા વ્યવસાય, વેપાર વગેરે ક્ષેત્રમાં આમૂલ ફેર બદલ થશે પણ બધાનું મૂળ પૈસા ઉઘરાવવાનું રહેશે. ઈમાનદારી અને કર્તવ્યનિષ્ઠાથી જવાબદારી કોઈપણ સંભાળશે નહીં. વકીલ, વૈદ્ય વગેરે ક્ષેત્રમાં પણ સચ્ચાઈ રહેશે નહીં. રોગનિદાન ન કરતાં જ વિના પરિણામી ઔષધોપચાર કરીને રોગી પાસેથી પૈસા પડાવશે. ન્યાયદાન સચ્ચાઈનું રહેશે નહીં. અધિક પૈસા આપશે તેની બાજુએ ન્યાય મળશે.

જ્યોતિષ, ભવિષ્યકથન વગેરે સર્વ દંભી જ્યોતિષ તથા કથીત થશે. જ્યોતિષ શાસ્ત્રનો ખગોળનો ભેદ ન જાણતાં તેમજ તેના નિયમ અપવાદ વગેરે ન જાણતા હોવા છતાં પોતાના મનની હોંશિયારીથી વર્તશે અને તેમને કથન કરેલ ભવિષ્ય ખોટાં પડશે. આ પ્રકારે સર્વ ક્ષેત્રમાં લોકો વિદ્યા સંપન્ન અતિ હોંશિયાર પ્રગતિશીલ હશે છતાં પણ વૃથા સ્વાર્થ, ભ્રષ્ટાચાર, દંભ, અહંકારથી અને માનપાનની ઈચ્છાથી મૂઢ મૂર્ખ અને પાપી બનશે આ પ્રકારનો આ કલિયુગનો મહિમા છે. ભીમ, તું આ સર્વ કથન જાણ અને આ વાતનો સૂક્ષ્મ રીતે વિચાર કર.

ભૂંડા પુરુષને ભૂંડી હોશે રે નાર, જોવા મળશે તેનો ભવેડો સકળ સંસાર. ॥૩૬૪॥
જે નર સુખે મેળવશે ધર્મે રે અન્ન, તેનું રાજા અન્યાયથી દંડી લેશે રે ધન. ॥૩૬૫॥
જ્યારે ખેડૂતના ચારે ભાગ જો જાશે, તે ઉપર કરજમાં બાળક પોતાનાં વેચાશે. ॥૩૬૬॥
જે જૂઠું બોલીને લેશે ચોરીને વળી લાંચ, તે તો કૂડા કરમે દેશે અન્યાય સાથે આંચ. ॥૩૬૭॥
સુપાત્રને કોડી દાન તો કોઈના દીયે, પણ કુપાત્રનાં ચરણ તો ધોઈ ધોઈ પીયે. ॥૩૬૮॥
જ્યારે માતાપિતા બાળકને વેચશે, ત્યારે એવા ફંદ તો કલિયુગમાં થશે. ॥૩૬૯॥

જ્યારે પુત્ર પિતાનું છેદશે રે શીશ, ત્યારે સાચું કહેતાં સર્વને લાગશે રીસ. ॥૩૭૦॥
પુત્ર થઈને મા બાપને દેશે કષ્ટ, ત્યારે દીકરી જમાઈનું રહેશે સાસુને પેટ. ॥૩૭૧॥
વળી જે નર અતિ જૂઠા બોલા રે હશે, તે કલિયુગ સમે આગળ વડેરા થશે. ॥૩૭૨॥
આપો આપ મૂકશે પોતાનાં ધ્યાનને ધરમ, અને તે નિત્ય ઊઠીને કરશે અતિ કૂડાં કરમ. ॥૩૭૩॥
નશાએ ભૂલી ભાનને ભોજન કરશે બહુ, અણગળ્યા નીર વાવરશે દુઃખ ભોગવશે સહુ. ॥૩૭૪॥
અતિત અભ્યાગતને તો મારી મારી કાઢશે, અને ઘરમાં દુષ્ટો બેઠા સર્વે પાક ઝાડશે. ॥૩૭૫॥
જે પરણી સ્ત્રી સાથે રાખે નહીં નેહ, અને પરસ્ત્રી શું રાખે અતિ કૂડા સ્નેહ. ॥૩૭૬॥
કહે શ્રી બુદ્ધ સુણો ભીમસેન રાજ, હવે તો અવગુણ કહેતાં આવે છે લાજ. ॥૩૭૭॥
કહે હરિ સાંભળો ભીમસેન હો રાયે, એવો છે દુષ્ટ કલિયુગ તણો મહિમાયે. ॥૩૭૮॥

કલિયુગની સ્થિતિનું વર્ણન કરતી વખતે ભગવાન બુદ્ધ બોલ્યાઃ 'ઝઘડાખોર સ્ત્રીઓ અને દુર્વ્યસની પાપી પુરુષ નિત્ય ઊઠીને ઝઘડા કરશે અને એમનો એ અસત્યચરણનો ઝઘડો તમાશો જોવા લોકો એકત્ર થશે. જે લોકો સ્વકષ્ટે સચ્ચાઈથી અન્ન, ધન મેળવીને સુખ શાંતિથી જીવન વ્યતીત કરતા હશે, તેમનું અન્ન અને ધન પણ રાજકર્તા પુરુષ અન્યાયથી, બળજબરીથી અથવા દંડ, કર વગેરેના રૂપે લઈ લેશે. ખેતીના ખર્ચ માટે લોકો કરજ કરશે, ઉત્પતિના અભાવે તે કરજ મુક્ત થશે નહીં, પછી ખેતી, ઘર લિલામ કરીને તે કરજની વસુલી કરાશે. જેમની પાસે જમીન ઘર વગેરે ન હોય તેમણે પોતાના દીકરા-દીકરી વેચીને કરજ ભરવું પડશે. આ પ્રકારે ગુલામીનો વેપાર શરૂ થશે. લોકો ખોટું બોલીને, ચોરી કરીને, અન્યાયથી બળજોરીથી ધનસંપત્તિ ભેગી કરશે, લાલચ આપીને અન્યાયનાં કામ કરશે, કેટલાક લાંચ ખાઈને કૂડકપટ કરીને લૂંટશે. આ પ્રકારે સર્વ વ્યવહાર જૂઠા દંભી, ચોરી, હિંસા, અનીતિના થશે. જે સુપાત્ર હશે, જેને જે વસ્તુની અન્ન, વસ્ત્ર, ધન, નિવાસ વગેરેની અત્યંત જરૂર હશે એ કોઈની પાસે હાથ ફેલાવશે તો લોકો એને મારીને અડધો મરેલો કરી દેશે. પણ જે કુપાત્ર, દુર્વ્યસની, દુરાચારી, પાપી, અત્યાચારી, વિષયાંધ, ક્રોધી હશે તેને સત્યાત્મા, ધર્માત્મા માનીને ઘરમાં બોલાવીને માન સન્માનથી પૂજા અર્ચના કરીને તેના પગ ધોઈને પ્રાશન કરશે. આ પ્રમાણે કલિયુગમાં માનવોની વિપરીત મતિ થશે.

જ્યારે માતા પિતા પોતાનાં બાળકોને વેચશે ત્યારે પુત્ર પણ પોતાના પિતાનું શિરચ્છેદ કરવામાં આગળ પાછળ જોશે નહીં. એનો અર્થ જ એવો કે માતા પિતા, પુત્ર, પતિ, પત્ની, કન્યા, ભગિની વગેરે સર્વ આપ્ત સંબંધ નષ્ટ થશે. હેતભાવ, પ્રેમ, આત્મિયતા રહેશે નહીં. સત્ય જ્ઞાન ઉપદેશ સલાહ કોઈને ગમશે નહીં, તેની અવહેલના ઉપેક્ષા કરશે. દંભી, કપટી, સ્વાર્થી, દુરાચારી અસત્ય સલાહ આપશે એ શિરોધાર્ય માનીને એ પ્રમાણે વર્તશે અને છેલ્લે તે ફસાશે. પુત્ર થકી માતા પિતાને અત્યંત મુસીબત ભોગવવી પડશે. જમાઈ અને સાસુના અનૈતિક સંબંધથી અનાચારી પ્રજા થશે. અપવિત્રતા સર્વત્ર પ્રસરશે. જે વધારેમાં વધારે સારું ખોટું બોલશે એ જ સર્વ શ્રેષ્ઠ માન્યવર ગણાશે. આ પ્રકારના ઢોંગી ઠગ લોકો સમાજ, ગામ અને દેશમાં આગળ પડતા થઈને બધાને અધોગતિ તરફ લઈ જશે.

મોટી મોટી ધાર્મિક સંસ્થા, વિદ્યા સંસ્થા, આરોગ્ય સંસ્થા, વેપાર ધંધાની સંસ્થા વગેરે સર્વ ક્ષેત્રમાં એવા ઠગોની સંખ્યા ભરપૂર પ્રમાણમાં હશે અને તે જનતાને પીડવાનું, લૂંટવાનું, શોષવાનું કામ કરશે. પોતાની કુલશીલ જાત, ધર્મ, સ્થાન, કર્તવ્ય વગેરે બધું એક બાજુએ મૂકીને ગમે તેવા અનાચાર, દંભાચાર કરશે. દુર્વ્યસની, સ્વાર્થાંધ થઈને હંમેશાં કૂડકપટથી

વ્યગ્ર એવું સમાજઘાતક, માનવઘાતક કામ કરશે. અમલી (કેફી) પદાર્થ, મદિરા પ્રાશન કરીને ભાન ભૂલીને પશુ પ્રમાણે આચરણ કરશે. ખાવું, પીવું, નાચવું, કૂદવું, ગમે તેવું અભક્ષ્ય ભક્ષણ કરવું અને પશુવત્ ક્રીડા કરશે અને એમાં મગ્ન થશે અને તે છેલ્લે રોગગ્રસ્ત થઈ અત્યંત કષ્ટ ભોગવશે. પાણી ગાળ્યા વગર વાપરશે.

અતિથિ, અભ્યાગત, હિતચિંતક, આપ્ત મિત્ર વગેરે સાથે ઝગડા કરી મારીને ભગાડી દેશે, પણ સમાજના ઠગ, ચોર, ડાકુ, અન્યાયી, કૂડકપટી, વ્યભિચારી એમને ઘેર બોલાવીને ખૂબ આદર સત્કાર કરીને તેનું મનોરંજન કરશે. પોતાની વિવાહીત સ્ત્રીને બિલકુલ પ્રેમ કરશે નહીં. ભીમ ! આવું કલિયુગમાં અસત્યાચરણ થશે. એનું વર્ણન કરતાં કરતાં બોલવામાં પણ હું લજ્જા અનુભવું છું. એટલો કલિયુગ દુર્ગુણી છે. તું એ સાંભળીને વિચાર કર અને કૂડકપટી કલિયુગમાં રહેવું કે નહીં.

જે થાશે કૂડા રાજાને થાશે કૂડા પ્રધાન, અને તેની રૈયત તો ચોર ધૂતારી રે જાણ. ॥૩૭૯॥
જે રાખશે કૂડા તીર્થને કૂડા દેવલે વિશ્વાસ, વળી જે કૂડ કપટ ધરશે પિઆરી આશ. ॥૩૮૦॥
જેની કૂડી આશ અને જેનો કૂડો સંસાર, તેના સર્વ કૂડા વચન વિવેક અને વિચાર. ॥૩૮૧॥
જેની કૂડી છે સર્વ કરમને ધરમની રે રીત, અને કૂડી છે કલિયુગ તણી પ્રતીત. ॥૩૮૨॥
જે કલિયુગની કૂડી છે પુત્રીને કૂડા છે પુત્ર, વળી તે કૂડા બંધવાને કૂડાં છે ઘર સૂત્ર. ॥૩૮૩॥
જે કૂડી લક્ષ્મીને કૂડાં દેવ મંદિર ધામ, તેના કૂડા સર્વ મનોરથ ને કૂડાં કામ. ॥૩૮૪॥
જે સર્વ કૂડા દેશને સર્વ કૂડા સંસાર, તે કૂડે કૂડાના હર્ષનો શોભે વ્યવહાર. ॥૩૮૫॥
કૂડા કલિયુગે અને સાચું જે દેશે રે દાન, જે સેવે સાચે શ્રી સત્ગુરુ ભગવાન. ॥૩૮૬॥
જે કોઈ ઇંદ્રિયો પાંચે વશ પોતાની રાખશે, તે તો સર્વ જીવતા વૈકુંઠનાં ફળ ચાખશે. ॥૩૮૭॥
ત્યારે કહે શ્રી બુદ્ધ સાંભળો હે રાજન, તમે પાંચે બંધવ રાખો નિર્મલ મન. ॥૩૮૮॥
મહા પાપી છે આ કલિયુગ તો અપાર, તે તમે મન વિષે જાણો સત્ય નિર્ધાર. ॥૩૮૯॥
ત્યારે ધર્મના ધોરી ધરા છાંડશે જેહ, તે કલિયુગમાં રાજ્યનું કરો કેમ નેહ. ॥૩૯૦॥
જ્યાં સુધી કલિયુગ અહીં આવે નહીં, ત્યાં લગી તમે રાજ કરજો ને સહી. ॥૩૯૧॥
એ માટે સતિયા તમે સર્વે હિમાલે રે જાઓ, તો તમે દર્શન શ્રી હરિનાં આચરણે પાઓ. ॥૩૯૨॥

હે ભીમસેન, આ કલિયુગમાં બધા જ ક્ષેત્રોમાં વ્યવસાયમાં કૂડકપટનું આચરણ ચાલશે. કલિયુગનું સામ્રાજ્ય જ કપટી છે. રાજા કપટી, તેના પ્રધાન કપટી, તેના બધા પદાધિકારી અને સર્વ પ્રજા પણ તેવા જ સ્વરૂપે દંભી અસત્યાચરણ કરશે. ચોર અને દગલબાજનો જયજયકાર થશે. તીર્થક્ષેત્ર, દેવદ્વાર, મંદિરો વગેરે જગ્યાએ પણ કૂડકપટાચરણ, દંભાચરણ ચાલશે, સર્વત્ર લોકોને લૂંટવાનો ધંધો જ થશે, સત્યાચરણ લોપ પામશે. લોકોનું ધર્માચરણ, કર્માચરણ બધું જ અસત્ય, દંભી, કપટી, સ્વાર્થી રહેશે. ઘરમાં પિતા પુત્રનાં આચરણ અસત્ય થશે. કન્યા તથા માતાનાં આચરણ ભ્રષ્ટ થશે. આપ્તજન, ઈષ્ટ મિત્ર, ભાઈબંધ વગેરેના સંબંધો તૂટી જશે, અધર્મથી ધનસંપત્તિ ભેગી કરીને દેવમંદિર, ધર્મશાળા, અન્નક્ષેત્ર, સદાવ્રત, અનાથાલયો, ઔષધશાળાઓ, વિદ્યાપીઠો વગેરે બધા જ ક્ષેત્રોમાં દંભાચરણ અસત્યાચરણ ઘૂસી જશે.

લોકોના મનોરથ ખોટા, તેમનાં કામ ખોટાં, તેમનાં લક્ષ્ય ખોટાં, સાધ્ય ખોટા, માર્ગ ખોટા, દેવસેવાની ભાવના ખોટી, વેપાર ખોટા, સંપૂર્ણ આચરણ ખોટું રહેશે. ખરેખર આ કલિયુગમાં પોતાનું સત્ત્વ સંભાળવું ખૂબ કઠણ છે. સત્ત્વપાલન કરવાનું મનુષ્યના મનમાં આવે તો પણ બાહ્યાચારને કારણે એ મનુષ્ય ચલિત થઈ જશે અને જાણતાં અજાણતાં એ પણ દંભાચરણમાં લપટાઈ જશે.

આવા દંભી, કપટી, કૂડાચારણી કલિયુગમાં પોતાના મનથી દૃઢ, સ્થિર, નિશ્ચળ, પવિત્ર, સત્ય ધર્મ પ્રમાણે વર્તનારા જે હશે એમનો ઉત્કર્ષ અને ઉન્નતિ થશે. એવા સદ્‌ભક્તોને જ સદ્‌ગુરુની પ્રાપ્તિ થશે, સદ્‌ગુરુની કૃપા પ્રસાદથી જ શ્રી હરિ નારાયણની ભક્તિ કરીને જીવાત્મા મુક્ત થાય છે. જે સદ્‌ભક્ત પંચેન્દ્રિય દમન કરીને શબ્દ સ્પર્શાદિ પાંચ વિષય જીતે છે એટલે કે એ રીતે આહાર વ્યવહારનું પાલન કરીને પરિમિત રીતે આસકિત રહીત ઉપભોગ લે છે એ ગૃહસ્થ જીવંતપણે વૈકુંઠપદનું બધું ઐશ્વર્ય ભોગવે છે. હે ! ભીમ, તમે પંચેન્દ્રિય દમન કરીને મન નિર્મળ કરો. આ કલિયુગ અત્યંત પાપમય છે, તેમાં સર્વત્ર પાપાચરણ વ્યાપ્ત થવાનું છે. મનુષ્યનું મન ચલિત કરનાર આવા આ કલિયુગના ગુણ છે. આ સંપૂર્ણ જગતને ધારણ કરનાર એવો જે સત્ય ધર્મ છે એનું ક્રિયાચરણ કરનારનાં પણ મનને ચલિત કરી નાખનારો આ કલિયુગ છે.

હે ભીમ ! આવા આ પાપ પરિમલ વ્યાપત કલિયુગમાં રાજ્ય કરવાનો મોહ તમે કરશો નહીં. રાજયની આસકિતમાં રહેશો નહીં. જ્યાં સુધી કલિકાળનો પૂર્ણ પ્રહર આવ્યો નથી એટલે કે સાચા અર્થમાં કલિયુગની શરૂઆત થઈ નથી ત્યાં સુધી રાજ્ય કારભાર પૂર્ણ કરી તેમાંથી નિવૃત્ત થવાનો પ્રયત્ન કરો. પરીક્ષિતને રાજયની ધૂરા સોંપીને તમે હિમાલયમાં પ્રસ્થાન કરો. હિમાલયમાં જઈને યોગ સાધના કરીને પરમેશ્વર પ્રાપ્તિ અને સામીપ્ય મુક્તિ એ જ ધ્યેય રાખીને તેનું શ્રેય સંપાદન કરવાનો પ્રયત્ન કરો.

ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા રે વિખ્યાત, સુણો ભીમ કહું તોયે સત્ય વાત. ॥૩૯૩॥
તમે રાજા યુધિષ્ઠિરને કહેજો રે જાયે, જે પૂછવું હોય તે પૂછજો ને આયે. ॥૩૯૪॥
સત્ય વચન કહું છું હો ભીમ રાયે, યજ્ઞ કરશો તો પણ પાપ નહીં જાયે. ॥૩૯૫॥
જો આવીને દર્શન અમારા રે જોયે, તો અનંત યજ્ઞ તણું તમને ફળ હોયે. ॥૩૯૬॥
એવું યુધિષ્ઠિરને કહેજો તત ક્ષણું, નહીં તો પછી પસ્તાવો રહેશે ઘણું. ॥૩૯૭॥
ત્યારે ભીમે ચિંતા મનમાં કરી છે ઘણી, એ તો દીસે છે ત્રિભુવનના ધણી. ॥૩૯૮॥
જે પાંડવ વંશ પર સદા કૃપાલ, તે જાણી અમ દ્વારે આવ્યા ભૂપાલ. ॥૩૯૯॥
સુણો રે યોગેશ્વર કહું શિર નામ, દયા કરી ઊભા રહેજો આણે ઠામ. ॥૪૦૦॥
હું જઈને પૂછું રાજા યુધિષ્ઠિરને જોય, પાછો સંદેશો આવી તમને કહું હું સોય. ॥૪૦૧॥
ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા છે વાણ, તમે સુણો ભીમસેન સહી નિર્વાણ. ॥૪૦૨॥
તમારો યજ્ઞ જાણી આવ્યો છું આંહી, અહીં રાજા આવે કે મને તેડાવે ત્યાંહી. ॥૪૦૩॥
ભીમ કહે સ્વામી અહીં ઊભા રહેજો સહી, હું રાજા યુધિષ્ઠિરને જઈ પૂછું સહી. ॥૪૦૪॥
ઓચરે ભીમસેન સ્વામી વારું કહો, પણ બે ચાર ઘડી અહીં ઊભા રહો. ॥૪૦૫॥
હું યજ્ઞમાં જઈને કરું રે જાણ, આઘા આવો તો રાજા ધર્મની આણ. ॥૪૦૬॥
એવી આણ દઈ ભીમ યજ્ઞ માંહી ગયા, યજ્ઞ કરતા રાજા ઊઠી ઊભા તો થયા. ॥૪૦૭॥

શ્રી બુદ્ધ ભગવાને ભીમને કહ્યું: 'હે ભીમ ! મેં તને જે સત્ય વચન છે તે જ કહ્યાં છે. તું ધર્મ રાજા પાસે જઈને બધી હકીકત તને જે હમણાં કહી છે એ કથન કર અને કંઈ શંકા કુશંકા હોય તો હું તેનું નિરાકરણ કરીશ. હે ભીમ ! મેં તને જે સત્ય વચન કહ્યાં છે એ યુધિષ્ઠિરને કહે. આવાં કેટલાંય વચનો કહ્યાં તોય તેના કારણે કર્મદોષ ટળશે નહીં, ઉલટું નવા કર્મથી બંધન

બંધાશે. કર્મ દોષ ફક્ત એક જ ઉપાયે ટાળી શકાશે. સદ્‌ગુરુના આશીર્વાદથી અને તેમણે ઉપદેશેલા આત્મ જ્ઞાનના શ્રવણ મનન નિદિધ્યાસનના યોગથી, આત્મ ચિંતન કરીને આત્મૌપમ્ય બુદ્ધિનું અવલંબન કરવાથી જ પાપ પરિમલ દોષ નિવારણ થાય છે. હૃદય શુદ્ધ થાય છે. તેમાં નિર્મળ જ્ઞાનનો ઉદય થાય પછી જ મનુષ્ય કર્મ દોષથી નિર્લિપ્ત થાય છે.'

શ્રી બુદ્ધ ભગવાનનાં આ વચન સાંભળીને ભીમ મનમાં ચિંતા કરવા લાગ્યો. શું નિર્ણય કરવો એ તેને સમજાતું નહોતું. ભીમને સંપૂર્ણ ખાતરી થઈ હતી કે આ પુરુષ દેખાવમાં તો અમંગલ જેવો છે પણ તેની વાણી અમૃતોત્તમ હિતોપદેશની જ છે. પ્રત્યક્ષ ત્રિભુવનના સ્વામી શ્રી કૃષ્ણ ભગવાનની જ આ વાણી છે અને એ દયાળુ અને કૃપાળુ ભગવાનની અમ પાંડવો પર પાંડું વંશ જ પર સદૈવ કૃપા છે. એમની કૃપા છત્રથી જ મહાઘોર એવા કુરુક્ષેત્રના યુદ્ધમાં અમે પાંડવો જીવિત રહીને વિજયી થઈ શક્યા. પ્રત્યેક સમયે જે જે સંકટ, જે જે પ્રસંગ અમારા પર આવ્યા એ બધાંમાંથી એ જ દયાળુ ભગવાને અમને સુરક્ષિત રાખ્યા છે. અમારા માટે પોતે પોતાનું પદ પણ ભૂલી ગયા. ત્રિભુવનના સ્વામીએ અમારા પર કૃપા કરીને અર્જુનનો રથ હંકાર્યો. તે જ આ જગજીવન આજ અમારા હિતનો ઉપદેશ કરવા માટે ઘેર ચાલતા આવ્યા છે અને અમારા ઉદ્ધારની તેમને કેટલી બધી ચિંતા થઈ રહી છે. ખરેખર ધન્ય છે અમારું ભાગ્ય ! પ્રત્યક્ષ ગંગાનું અમારા ઘેર જ અવતરણ થયું છે.

પછી ભીમ કહે; હે યોગેશ્વર ! હું તમને એક વિંનતી કરું છું કે હું આ બધી હકીકત ધર્મરાજા પાસે જઈને કહું ત્યાં સુધી તમે અહીં રોકાવ. યુધિષ્ઠિરે મારા ઉપર જે જવાબદારી મૂકી છે તે નિભાવવા માટે મને તેમની આજ્ઞાનું પાલન કરવું જ પડશે, પણ તમે કહો છો એ હિતોપદેશ એના કરતાં પણ મહત્ત્વનો છે. પણ હું વચનથી બંધાયેલો હોવાથી તમને યજ્ઞમાં એકદમ જવા દેવા એ યોગ્ય નથી. હું પહેલાં ધર્મરાજાની આજ્ઞા લઈ લઉં. જો તેમની ઈચ્છા થશે તો તેઓ અહીં આપને મળવા આવશે અથવા મને આપને યજ્ઞમંડપમાં લઈ જવાનો આદેશ આપશે એટલે તુરંત જ હું આપને અંદર યજ્ઞ મંડપમાં લઈ જઈશ. ત્યાં સુધી બે ચાર ઘડી અહીં જ બેસો, એવી મારી આપને હાથ જોડીને નમ્ર વિનંતી છે. મારા અહીં પાછા આવ્યા પહેલાં જો તમે બહાર નીકળી ગયા અથવા યજ્ઞ સ્થાન પાસે આવ્યા તો તમને ધર્મરાજાની આણ છે.' આ પ્રકારે બુદ્ધ ભગવાનને આણ બદ્ધ કર્યા.

પછી ભીમ તત્કાલ યજ્ઞવેદી પાસે ગયો. બ્રાહ્મણો મોટે મોટેથી મંત્રઘોષ કરીને આહુતિ અર્પણ કરતા હતા. ધર્મરાજાને ભીમને આવતો જોઈ આશ્ચર્ય થયું અને પોતે પણ એકદમ ઊભા થઈ ગયા. બાકીના બધા પાંડવો અને બ્રાહ્મણો પણ વિસ્મયમાં પડયા. શું થયું, ભીમ કેમ દોડતો આવ્યો ! ધર્મરાજા એકદમ ઊઠીને ઊભા કેમ થયા ? એનું બધાને વિસ્મય થયું અને સૌ બંને સામે પ્રશ્નાર્થક મુદ્રાથી જોવા લાગ્યા. એટલામાં ભીમ પાસે આવ્યો અને હાથ જોડીને ધર્મરાજાને કહ્યું:-

ત્યાં જઈને ભીમસેન તો ઊભા રે રહ્યા, કહે રાજા ભીમસેન તમે કેમ આવીયા. ॥૪૦૮॥
વળતા વિચારી ભીમસેન તો કહે, ભાઈ આવ્યા અભ્યાગત તે પોળે રહે. ॥૪૦૯॥
ત્યારે ગયા ભીમસેનને લાગી વાર, ત્યાં રાજા શું જોઈને કહ્યો વિચાર. ॥૪૧૦॥
જ્યાં ચારે બાંધવ છે એકાંત, ભીમે ત્યાં જઈને કહી સર્વ વાત. ॥૪૧૧॥
કહે ભીમસેન ભાઈ સર્વે સાંભળો સાર, એક દેવ બુદ્ધ રૂપે ઊભા છે બાર. ॥૪૧૨॥
સુણો રે રાજા યુધિષ્ઠિર કહું વિચાર, અલૌકિક પુરુષ આવ્યા આપણે દ્વાર. ॥૪૧૩॥
ભીમ કહે સાંભળો યુધિષ્ઠિર વાત, એ મહા બ્રાહ્મણ સ્વરૂપી આવ્યા વિખ્યાત. ॥૪૧૪॥
આગમ નિગમની વાત જે સર્વે કહે, તે પાત્ર અભ્યાગત આવી ઊભો છે દ્વારે. ॥૪૧૫॥
પાંચ બાંધવ મળીને વિચારે રે જહાં, એ કોણ સ્વરૂપે હોશે હો ભીમ તહાં. ॥૪૧૬॥

એ સ્વામીને મુખ ચંચાને પગ વંકા જેહ, અને શરીરે ગલત્ર કોઢ વહે છે તેહ. ॥૪૧૭॥
તે વાણી મુખે અમૃત સમ ઓચરે, જેના વેણે વેણ હિયા રત્ન તો ખરે. ॥૪૧૮॥
દીશે કાયા કુરૂપને વાસ દુષ્ટ ગંધાત, પણ વાત તો કરે છે જેમ વૈકુંઠના નાથ. ॥૪૧૯॥
ચૌદે ભુવનની સર્વે તે કરે છે રે વાત, ઊભા છે દેવ ત્યાં એક મના થઈને નાથ. ॥૪૨૦॥
અમ શું એવી વાતો બહુ હોઈ સત્ય ભાયે, પણ અમથી ઉત્તર દીયો ના જાયે. ॥૪૨૧॥

દોડતા આવેલા ભીમને ધર્મરાજાએ કહ્યું: 'અરે ભીમસેન, આટલો ઉતાવળો ઉતાવળો કેમ આવ્યો ? કંઈક વિશેષ સમાચાર છે ?'

ત્યારે ભીમ બોલ્યોઃ 'હા !વિશેષ છે. માટે તો તમને વિદીત કરવા માટે આવ્યો છું. આપણા યજ્ઞ મંડપના દ્વારે એક અતિથિ અભ્યાગત આવ્યા છે'

ધર્મરાજા બોલ્યાઃ પણ એમાં શું વિશેષ છે. તેમની આગતા-સ્વાગતા-સેવા કરીને તેમની ઈચ્છા અનુકૂળ થાય એ રીતે દાન આપીને સંતુષ્ટ કર.

ત્યારે ભીમ બોલ્યો : 'મહારાજ એ તો મારું કર્તવ્ય જ છે. તમે મને જવાબદારી સોંપી છે એ પ્રમાણે એ કાર્ય તો હું ઉત્તમ રીતે કરું છું પણ આ અભ્યાગત કંઈક અલગ પ્રકારનો છે. એ સર્વ પ્રકારના આગમ નિગમ જ્ઞાન કથન કરતો હોવાથી તમને એક સંદેશો પહોંચાડવા માટે તેમણે મને આપની પાસે મોકલ્યો છે.'

ધર્મરાજા આશ્ચર્યચક્તિ થયા. ચારેય ભાઈ યજ્ઞવેદીમાંથી ઊઠીને ભીમને લઈને એકાંતમાં ગયા અને ત્યાં ભીમ તેમને કહેવા લાગ્યો કે; 'અલૌકિક એવા એ પરમહંસ પરિવ્રાજકે કહ્યું છે કે, પાંડવો તમે હવે કલિયુગની શરૂઆત હોવાથી આ યજ્ઞ બંધ કરીને હિમાલયમાં પ્રસ્થાન કરો. રાજ્ય ઉપભોગનો મોહ કરશો નહીં. કુલ ગોત્ર હત્યા, બંધુ હત્યા વગેરે સર્વ તમે મનથી માનેલ પાતક છે. એ મન શુદ્ધ, પવિત્ર કરીને યોગ્ય સાધના કરવાથી જ નિવારણ થશે. આ યજ્ઞયાગોથી થશે નહીં. અતિશય ભયાનક અને દુસ્તર એવી આ કલિયુગની સ્થિતિ છે. તેમાં સત્ય ધર્મથી વર્તવું તમને અતિશય કઠણ પડશે. આ પ્રકારે એ અલૌકિક દિવ્ય પુરુષે મને કહ્યું છે.'

એ સાંભળી ચારે ભાઈઓ પૂછવા લાગ્યા. આ અભ્યાગત કોણ છે ? ભીમ, તેં એનો પરિચય નથી પૂછ્યો ?

ત્યારે ભીમ બોલ્યોઃ બંધુઓ, એના પરિચય વગેરે કંઈ નથી, એ પરમહંસ છે, દેખાવમાં એકદમ કુરૂપ અમંગળ છે. તેનો દેહ અત્યંત વિકૃત છે, મ્હોં પક્ષીના ચાંચની જેમ આગળ આવેલ છે. હાથ પગ વાંકા ચૂંકા, કુબડ નીકળેલું એવું એ અષ્ટાવક્ર સ્વરૂપ છે. તેના શરીરમાંથી અતિશય દુર્ગંધ આવે છે, તેની પાસે ઊભા રહેવું પણ ગમતું નથી એવો ગલિચ્છ પ્રકારનો મલીન એનો દેહ છે પણ મુખમાંથી હીરા માણેક રત્ન મૂલ્યના એક એક શબ્દ નીકળે છે કે એનું મૂલ્ય કરતાં જ ન આવડે. આ પ્રકારની અલૌકિક દિવ્ય અમૃતવાણી તેમની છે. ચૌદ ભુવનની બધી ઘટના જાણીને કહે છે. પ્રત્યક્ષ વૈકુંઠપતિ ભગવાન શ્રી કૃષ્ણ જ જાણે આ બુદ્ધ ભગવાન રૂપે અવતર્યા છે, એવું જ મને લાગે છે. તેમણે મને જેટલી વાતો કહી અને પૂછી પણ મને ઉત્તર આપતાં આવડ્યા જ નહીં. પ્રત્યક્ષ ભગવાનનો જ એ અવતાર હોવા જોઈએ અને આપણને માર્ગદર્શન આપવા માટે જ આવ્યા હોવા જોઈએ એવું મને નિશ્ચિત લાગે છે.'

ભાઈ તે ના લેવે અન્નને ના લેવે દાન, તે ના લેવે હસ્તી ઘોડા ને વાહન. ॥૪૨૨॥
કહે રાજા સત્યવાદી સાંભળ્યો છે ઘણું, તે દર્શન કરે છે અભ્યાગત તણું. ॥૪૨૩॥
તે તમને સંદેશો કહ્યો છે હો રાયે, યજ્ઞ કરશો તો પણ પાપ નહીં જાયે. ॥૪૨૪॥
તે કહે છે અથર્વવેદ થયો વ્યવહાર, જે ભૂલ્યા બ્રાહ્મણ ને વર્ણ અઢાર. ॥૪૨૫॥
જે શ્રી બુદ્ધ રૂપે અવતાર હુવો દિનદયાળ, ભાઈ તેને જ એ બ્રાહ્મણો કહે છે ચાંડાલ. ॥૪૨૬॥
કહે છે હરિ અવતારને ના જાણે હો રાયે, ભાઈ તેથી ચાંડાલ દૂજા નહીં કોઈ આયે. ॥૪૨૭॥
ભાઈ તમને એસો સંદેશો કહ્યો છે મોરાર, ત્યારે યુધિષ્ઠિરે કીધો બધો મળીને વિચાર. ॥૪૨૮॥
એવી વાત જયારે ભીમસેને કહી, ત્યારે યુધિષ્ઠિર કાંઈક સમજયા તે સહી. ॥૪૨૯॥
ત્યારે યુધિષ્ઠિર ભાઈને પૂછે છે ભેવ, એ કોણ પુરુષ કહોને સત્ય સહદેવ. ॥૪૩૦॥
દેખી જ્યોતિષને સહદેવે સત્ય કહ્યો, શ્રી બુદ્ધ અવતાર શ્રી કૃષ્ણજીએ લીયો. ॥૪૩૧॥
તે વાંચીને ભેદ સર્વે વેદના સહદેવે કહ્યા, બુદ્ધ અવતાર તો શ્રી કૃષ્ણજી થયા. ॥૪૩૨॥
કહે સહદેવ હો ધર્મ તમે તો સુણો, સેવશો નહીં તો પસ્તાવો પડશે ઘણો. ॥૪૩૩॥
મૂકી યજ્ઞને હરિને મળવા જાવો હો રાયે, એવા પ્રસંગ બહોડ નહીં તો થાયે. ॥૪૩૪॥
એ ભૂલ્યા બ્રાહ્મણ સહદેવ કહે, તે હરિ અવતારની શુદ્ધ ના લહે. ॥૪૩૫॥
જે પેટ સ્વાર્થે વાંચે ઠાલા વેદ, તે બુદ્ધ અવતારના કરે છે નિષેધ. ॥૪૩૬॥

ભીમ બોલ્યો: 'બંધુઓ, મેં તેમને બધું જ પૂછ્યું છે. તેઓ અન્ન લેતા નથી, દાન લેતા નથી, હાથી ઘોડા, વાહન, ધનસંપત્તિ, ઘર, ખેતી, ગાય વગેરે કંઈ પણ લેતા નથી. એ કહે છે કે બધું લઈને હું શું કરું ? ક્યાં અને કોના માટે લઉં. મને આમાંથી કંઈ નહીં જોઈએ. મેં એમ સાંભળ્યું છે કે ધર્મરાજા પુણ્યશીલ સત્યવાદી હોવાથી અતિથિ અભ્યાગતનાં દર્શન કરીને સત્કાર કરે છે. તેમણે મને એમ પણ સંદેશ કહ્યો છે કે આ યજ્ઞથી તમારાં પાતક નિવારણ થશે નહીં. હવે કલિયુગમાં અથર્વવેદનું પ્રાધાન્ય હોવાથી યુગધર્માનુસાર પ્રચલિત રહેલાં પૂજા અર્ચનથી અને જ્ઞાન ધ્યાન સાધનાથી જ પાતકનું નિવારણ થશે. આ અથર્વવેદનાં મુખ્ય તત્ત્વ જ બ્રાહ્મણો ભૂલ્યા છે અને પોતે અહંકારથી પ્રેરીત થઈને ભ્રમમાં પડેલા છે, તેમણે જ અઢાર વર્ણના લોકોને એટલે કે સર્વ માનવ પ્રાણીમાત્રને ભ્રમમાં નાખ્યા છે. મારા આ સ્વરૂપને ચાંડાલ સમજીને એ મારી અવગણના કરશે. મારા અવતાર પાત્રને તેઓ જાણતા નથી. મારા દિવ્ય જન્મ અને કર્મના તત્ત્વને પણ જાણતા નથી અથવા મારા સ્વરૂપના જ્ઞાનની પૂર્ણ જાણ ન હોતાં તેઓ મારી નિંદા કરશે, અવગણના કરશે. તેનાથી બીજા ચાંડાલ ક્યા હશે ? અને ખરેખર ધર્મરાજા પરમેશ્વરના અવતારને ન જાણતાં, મારું વચન ન માનતાં તમારી અસમંજસ મુશ્કેલ પરિસ્થિતિ નિર્માણ થઈ છે. પહેલાં બ્રાહ્મણના વચનને પ્રાધાન્ય આપીને તમે યજ્ઞ આરંભ્યો પણ એ અસફળ થયો, આ બીજો કર્યો એ પણ પાર પડે છે કે નહીં એની શંકા જ છે. એના કરતાં બુદ્ધ ભગવાનના વચન પ્રમાણે વર્તીને આપણે મુક્ત કેમ થતા નથી ? એવો મારો મત છે.'

ભીમનાં વચન સાંભળીને ચારેય જણ આશ્ચર્યચક્તિ થયા. ધર્મરાજા તો ચિંતાથી વ્યાકુળ થયા. સહદેવ પાસે જઈને ધર્મરાજા બોલ્યા: 'હે ભ્રાતા સહદેવ, જ્યોતિષ જોઈને તું મને સત્ય કહે. આ અલૌકિક દિવ્ય પુરુષ કોણ છે ?

સહદેવે ગ્રહ ગતિનાં ગણિત કરીને ભવિષ્ય કથન કર્યું અને એ બોલ્યોઃ 'ધર્મરાજા, મારું જ્યોતિષ કહે છે કે, આ ખરેખર અલૌકિક દિવ્ય પુરુષ છે. તેઓએ પ્રત્યક્ષ શ્રી કૃષ્ણ ભગવાનનો જ આ નવમો બુદ્ધ અવતાર ધારણ કર્યો છે. ભગવાન શ્રી કૃષ્ણએ પોતાના અવતારનું અપૂર્ણ રહેલું કાર્ય જાણીને એ પૂર્ણ કરવા માટે આ રૂપ ધારણ કર્યું છે.

હે રાજા, આપણા પર ભગવાનની અપરિમિત અસીમ કૃપા છે. અનંત યજ્ઞ કરીને પણ ભગવાનની પ્રાપ્તિ થવી અશક્ય હોય છે, પણ કૃપાળુ એવા ભગવાને આપણા ઉદ્ધાર માટે આ શ્રમ લીધો છે. માટે આ યજ્ઞ છોડી દો અને ખરેખર આ યજ્ઞમાં કંઈ જ સાર રહ્યો નથી. પાતક નિવારણ અને ભગવાનની પ્રાપ્તિ માટે કરવાના આ યજ્ઞ કરતાં પ્રત્યક્ષ ભગવાન આપણા દ્વારે ઊભા છે, તેમનાં દર્શન નહિ કરીએ તો આપણને ચોક્કસ પશ્ચાતાપ કરવાનો સમય આવશે. આ માટે હે બંધુઓ, આવો પ્રસંગ વારંવાર આવશે નહિ. આપણે બધા એ ભગવાનનાં દર્શન માટે જઈએ. આ બ્રાહ્મણો તો ભાન ભૂલ્યા છે. આપણને એમણે કહ્યું હતું કે આ યજ્ઞ ભંગ કરવા માટે એક ચાંડાલ આવશે, એ ચાંડાલ બીજો ત્રીજો કોઈ નથી પણ પ્રત્યક્ષ ભગવાનનો બુદ્ધ અવતાર છે.

આ બ્રાહ્મણો એ અવતારનું રૂપ જાણતા હોવા છતાં તેની અવહેલના કરવા લાગ્યા છે. સત્ય ધર્મ જાણનારા વેદ પારંગત સકળ વિદ્યાવંત હોવા છતાં પણ ફક્ત સ્વાર્થ માટે એ ખોટું બોલવા લાગ્યા છે. વેદાંતની પોકળ વાતો કરવા લાગ્યા છે. યજ્ઞ યાગ, હોમ હવન એ કર્મકાંડ જ ફક્ત મોક્ષનું સાધન છે એમ લોકોને કહીને સત્ય ધર્મથી તેમને પરાવૃત્ત કરવા લાગ્યા છે. પ્રત્યક્ષ શ્રી કૃષ્ણના અમૃતોપમ ઉપદેશને ન માનતાં ઋષિસ્મૃતિ પુરાણોનો આધાર લઈને સદ્‌ભક્તોના મુક્તિ માર્ગની વાટ બંધ કરીને કર્મકાંડ અને ઐહિક સૌખ્યદાયક દેવદેવતાની ઉપાસનાના વાદે લગાવી દિશા ભૂલવવા લાગ્યા છે. અવતાર પાત્રનો નિષેધ કરવા લાગ્યા છે. બુદ્ધ અવતાર એ નાસ્તિક, ચાંડાલ છે એવું બોલીને તેમની અવહેલના કરવા લાગ્યા છે, તો હે બંધુઓ ! મારી તમને એવી વિનંતી છે કે આ યજ્ઞનો ત્યાગ કરીને દ્વાર પર આવેલ અભ્યાગત ભગવાનના શરણે જવું. એમાં જ આપણું શ્રેય છે, જીવનનું સાર્થક છે !

પાંચે બાંધવ ચાલ્યા તેણી વાર, ત્યારે બ્રાહ્મણોએ કર્યો વિચાર. ॥૪૩૭॥
સુણો રાજા યુધિષ્ઠિર કહીએ સત્ય ભાયે, એ ચાંડાલ મુખ દેખ્યો કેમ જાયે. ॥૪૩૮॥
અમે બ્રાહ્મણ મહા ઋષિ રાયે, હે રાજા તેના તમે કેમ પરહરો પાયે. ॥૪૩૯॥
ત્યારે સહદેવ બોલ્યા તેણી વાર, સુણો ભાઈ યુધિષ્ઠિર કહું એક વિચાર. ॥૪૪૦॥
ભાઈ જો તમે કહ્યું બ્રાહ્મણનું રે કરો, તો તમે નારાયણ દેવને નહીં મળો. ॥૪૪૧॥
ભાઈ જેણે સરજી ધરતીને આકાશ, અને પવન પાણી કીધાં પ્રકાશ. ॥૪૪૨॥
જેણે ચંદ્રમા સૂરજ સરજ્યાં જાણ, જેણે નિપાઈ છે આ ચારે ખાણ. ॥૪૪૩॥
જેણે અષ્ટ કુળ પર્વત સરજ્યાં રે જાણ, અને તારા મંડળ રચ્યાં નિરવાણ. ॥૪૪૪॥
જેણે સરજ્યા વનસ્પતિ ભાર અઢાર, નવ કુલ નાગ સરજ્યાં તેણી વાર. ॥૪૪૫॥
જેણે સાતે સમુદ્ર સરજ્યાં જાણ, અને નવસો નવ્વાણું નદીઓ પ્રમાણ. ॥૪૪૬॥

એ સર્વ રચના કરતાં ના લાગી વાર, તે સ્વામી ઊભા છે આપણે દ્વાર. ॥૪૪૭॥
જયારે એવી વાત સહદેવે કહી, ત્યારે યુધિષ્ઠિર સમજયા છે સહી. ॥૪૪૮॥
જો રાજા તમે સુણો બ્રાહ્મણોની વાત, તો પસ્તાવો રહેશે દિવસને રાત. ॥૪૪૯॥
આજ નવમે શ્રી બુદ્ધ રૂપ ધરી, તે તો આવ્યા છે પાંડવ દ્વારે શ્રી હરિ. ॥૪૫૦॥
જે આ પ્રેમે યજ્ઞ કરો છો હો ધર્મરાયે, હવે આ વિધિનો ના રહ્યો મહિમાયે. ॥૪૫૧॥

યુધિષ્ઠિર અને બધા પાંડવોને વિચારમાં પડેલા જોઈને બ્રાહ્મણો ત્યાં આવ્યા અને તેમને કહ્યું: 'યુધિષ્ઠિર, યજ્ઞ અપૂર્ણ છોડીને તમે ક્યાં જાઓ છો ? આ યજ્ઞ અધૂરો રહેશે તો યજ્ઞનું શ્રેય મળશે નહીં. પોતાનો સનાતન માર્ગ છોડીને તમે આ વિપરીત શું વિચારો છો ? અનાદિ કાળથી ચાલતા આવેલા યજ્ઞયાગનો સર્વ શ્રેષ્ઠ આ માર્ગ છે. યજ્ઞને કારણે તમે પાપ નિવૃત્ત થશો અને તમારા પિતૃગણ દેવગણ પ્રસન્ન થાય છે અને પોતાના ત્રિવિધ તાપની શાંતિ થાય છે. આ પ્રકારનો સર્વોત્કૃષ્ટ માર્ગ છોડીને તમે આ નાસ્તિક બુદ્ધના પગ પકડવા શા માટે જાઓ છો ! એ તમને શોભતું નથી ! તમને યજ્ઞયાગમાં આસ્થા જ નથી, બ્રાહ્મણો વિષયે પૂજય ભાવ નથી. સનાતન કાળથી ચાલતી આપણી ઉત્કૃષ્ટ આર્ય સંસ્કૃતિને જે પૂજય માનતું નથી અને સ્વમતાનુસાર બુદ્ધિવાદનો સ્વીકાર કરીને બુદ્ધિબળથી લોકોને આકર્ષિત કરીને ભૂલવે છે એવા મલિન આચરણના ગલિચ્છ દેહવાળા અને છળબુદ્ધિના ચાર્વાકને શરણે તમે જાઓ છો એ યોગ્ય નથી અને તેનાથી તમારું કાર્ય સિદ્ધ થશે નહીં.'

બ્રાહ્મણોનાં એવાં વચન સાંભળીને યુધિષ્ઠિર ભ્રમમાં પડ્યા. શું કરવું અને શું ન કરવું. તેને બિલકુલ સૂઝતું નહોતું. બ્રાહ્મણોના કહેવા પ્રમાણે એ ખરેખર જ બુદ્ધિ ભ્રંશ કરનારો હશે તો ! પોતાની ત્રિશંકુ જેવી ગતિ થશે, માટે ચિંતાતુર થઈને તેઓ વિચાર કરવા લાગ્યા.

એટલામાં સહદેવ બોલ્યાઃ 'જયેષ્ટ ભ્રાતા, તમે ચિંતા કરશો નહીં. હું તમને સત્ય વાત જ કહું છું એ પ્રમાણે કરીએ. આજે આપણે આ બ્રાહ્મણવૃંદના વચન પ્રમાણે વર્તીશું તો આપણને પશ્ચાતાપ કરવાનો વારો આવશે. પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન કરવાનું છોડીને પથ્થરોમાં ઈશ્વરત્ત્વ શોધવામાં અને તેમની પૂજા અર્ચના કરવાનો શો અર્થ ? જે ભગવાને આ સૃષ્ટિ, આકાશ, જળ, વાયુ, ચંદ્ર, સૂર્ય, ચાર ખાણી, ચોર્યાસી લક્ષ જીવયોની નિર્માણ કરી છે, જેમણે અષ્ટકુળ પર્વત, નવકુળ નાગ, અઢાર ભાર વનસ્પતિ, નક્ષત્ર, રાશી, નવ ગ્રહ, તારામંડળ રચ્યાં છે, જેણે નવસો નવ્વાણું પવિત્ર નદીઓ, સરોવરો, પાતાળ, સમુદ્ર, સપ્ત સાગર નિર્માણ કરેલાં છે.

આ બધું નિર્માણ કરવા માટે અને નષ્ટ કરવા માટે જેને કોઈ પ્રકારનો સમય લાગતો નથી એ જગત્સ્ત્રષ્ટા જગન્નિયંતા ભગવાન આપણા યજ્ઞ દ્વારે આવીને ઊભા રહ્યા છે. એ ભગવાને આ જગત્કાર્ય માટે ધારણ કરેલ અવતાર પૈકી આ નવમો બુદ્ધ અવતાર છે. આજ બ્રાહ્મણો તેને ચાંડાલ માને છે પણ એ વસ્તુતઃ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, ચાંડાલ વગેરે જાતિભેદ વર્ણભેદ રહિત છે. સર્વ જગત તેમણે જ નિર્માણ કર્યુ હોવાથી તેમાં રમનારો પણ તે જ અને સાક્ષીભૂત પણ તે જ છે. આપણે જે પ્રેમભાવ શ્રદ્ધાથી આ યજ્ઞ કરીએ છીએ તેનું જ ફળ આપણને મળ્યું છે તે એમ કે ભક્તિબળથી ભગવાને આપણા પર કૃપા કરીને દર્શન આપ્યાં છે અને આપણા ઉદ્ધારનો હેતુ લઈને પ્રત્યક્ષ ભગવાન આપણા ઘેર આવ્યા છે. આપણું સદૈવ અવ્યાહત કલ્યાણ થાય, આપણી જન્મ જન્માંતરની ભ્રાંતિ મટે એ માટે કેટલી ચિંતા ભગવાનને છે. ખરેખર આજે આપણે ધન્ય થયા છીએ, આપણો જન્મ કૃતાર્થ થયો છે.'

ત્યાં બ્રાહ્મણોને મન પડીયો છે રે ત્રાસ, કોણ આવ્યો છે એવો વેદિયો વ્યાસ.॥૪૫૨॥
તમે જાવોને ધર્મરાજા યુક્તિયે કરી, અને કોણ આવ્યો છે પોળે હસ્તિનાપુરી.॥૪૫૩॥
જે જુગતે કરીને હે રાજન જુવો જોગ, ત્યાં ભિક્ષા માગે છે ભાવ ભક્તિનો ભોગ.॥૪૫૪॥
અમે આવ્યા છીએ યજ્ઞ જાણી યહાં, એ કહે છે કે આવે રાજા કે હમને તેડે તહાં.॥૪૫૫॥
વળતાં રાજાને વિચાર જો થાય, એ ના હોય અભ્યાગત કૃષ્ણજી આંય.॥૪૫૬॥
વળતાં રાજા ઓચરે ભીમ વેગે જોવા વળી, રખે એ અભ્યાગત ના જાયે પાછા વળી.॥૪૫૭॥
જઈને અભ્યાગતને અતિ આદર કરો, જે માગે તે સર્વે તેઓની આગળ ધરો.॥૪૫૮॥
આવે છે રાજા ક્ષેણું નહીં લાગે રે વાર, આદર કરે છે તમને મળવા તણો અપાર.॥૪૫૯॥
ભીમને મોકલાવી રાજા યજ્ઞ માંહે જો ગયા, ત્યાં વેદ વદંતા બ્રાહ્મણોને એ પૂછી રહ્યા.॥૪૬૦॥
સત્ય વચન વિચાર રાજાયે બ્રાહ્મણોને કહ્યા, આવ્યા અભ્યાગત જે પોળે રહ્યા.॥૪૬૧॥
તે માગે છે રાજા દર્શનનું રે દાન, દુર્બલ છે દેહી પણ કથે છે બ્રહ્મ જ્ઞાન.॥૪૬૨॥
ઓચરે બ્રાહ્મણો સાંભળો ને રાજા ધર્મ, સત્યવાદી રાજાનું એ ના હોયે કર્મ.॥૪૬૩॥
બોલ્યા પંડિતો રાજા શું ઘેલા થાય, મૂકી અધૂરો યજ્ઞ ને બાહેર કેમ જાય.॥૪૬૪॥
વિચારી મનમાં રાજાએ રાખી વાત, આજ્ઞા આપી સર્વ બ્રાહ્મણોને સાથ.॥૪૬૫॥
ત્યારે બ્રાહ્મણોએ આપ્યો ભડકણો તે ભૂર, અને એથી થતો યજ્ઞ કરાવ્યો દૂર.॥૪૬૬॥
ત્યાં બ્રાહ્મણોને અતિ ઘણી ચડી છે રે રીસ, તેથી બ્રાહ્મણો ઊઠી ગયા છે દો દિશ.॥૪૬૭॥

જ્યારે પાંડવોનો એકાંતમાં વિચાર વિનિમય ચાલતો હતો ત્યારે બ્રાહ્મણો અહીં યજ્ઞ વેદી પાસે અંદર અંદર ચર્ચા કરવા લાગ્યા. આવો કોણ ભિક્ષુક આવ્યો હશે દ્વાર પર ! ખરેખર ધર્મરાજા ભાવિક અને ભોળા છે. કદાચિત યુક્તિ પ્રયુક્તિથી એને કોઈ ભૂલાવે તો એ યજ્ઞ પણ છોડી દેશે અને યજ્ઞ અપૂર્ણ રહેવાથી આપણે પણ દોષિત ઠરીશું અને આપણો દાનદક્ષિણાનો લાભ પણ જશે, એના કરતાં ધર્મરાજાને સમજાવીને આપણે આપણું કાર્ય કરી લઈએ. એવો વિચાર કરીને બ્રાહ્મણો ધર્મરાજાને અને પાંડવોને યજ્ઞ ચાલુ રાખવા માટે કહેવા લાગ્યા.

ત્યારે ભીમ બોલ્યોઃ ધર્મરાજા, એ અભ્યાગતે મને ખાસ તમારી આજ્ઞા લેવા માટે મોકલ્યો છે કે, તમારો યજ્ઞ જાણીને હું આવ્યો છું, કાં તો મને યજ્ઞ વેદી પાસે જવા દો અથવા ધર્મરાજાને અહીં બોલાવીને લઈ આવો. મારી ઈચ્છા ધર્મરાજાનાં દર્શન કરવાની છે એ જ એક દાન મને જોઈએ છે. બીજા કશાનીય મને ઈચ્છા નથી.

ધર્મરાજા બોલ્યાઃ ભીમ, મને પૂર્ણ વિચારથી સમજાઈ ગયું છે કે એ સામાન્ય અતિથિ નથી. પ્રત્યક્ષ શ્રી કૃષ્ણ ભગવાને જ એ રૂપ ધારણ કર્યું હોવાથી આપણા પર એમની પૂર્ણ કૃપા દૃષ્ટિ છે. ભીમ, તું તત્કાલ પાછો જા અને તે અભ્યાગતને ઊભા રાખ ! અત્યંત આદર પ્રેમભાવથી એમની સેવા પૂજા કર, તેઓ જે માગે એ તેમની સામે હાજર કર, તેમની સેવામાં કોઈ પણ ઉણપ પડવા દઈશ નહીં, અને બે હાથ જોડીને મારી નમ્ર વિનંતી તેમને જણાવ કે ક્ષણનો પણ વિલંબ ન કરતાં ધર્મરાજા તમારી સેવામાં આવે છે. ભીમ, તાત્કાલિક જઈને આ સંદેશ તું બુદ્ધ ભગવાનને કહે, મોડું કરીશ તો તેઓ નીકળી જશે. આવો સંદેશ ભીમને આપી ધર્મરાજા યજ્ઞ વેદી પાસે બ્રાહ્મણો પાસે ગયા.

વેદ મંત્રોના ઉચ્ચાર કરતાં કરતાં બ્રાહ્મણોએ ધર્મરાજાને પૂછ્યું : 'રાજા, તમે સ્થિર બુદ્ધિ અને સંયમી વૃત્તિના છો છતાં પણ આ ચંચળતા તમારા મનમાં કેમ આવી ? યજ્ઞ અપૂર્ણ કરીને તમે ક્યાં જવા લાગ્યા છો ? તમને યજ્ઞનું મહાત્મ્ય અથવા વિધિ નિષેધની ખબર નથી ?

ધર્મરાજા બોલ્યાઃ 'યજ્ઞેશ્વર પંડિતો, બ્રહ્મવૃંદ ! મને યજ્ઞનું મહાત્મ્ય વિધિ નિયમ બધી ખબર છે અને મારું મન પણ ચંચળ નથી, પણ યજ્ઞ દ્વાર પર એક અતિથિ એવા આવ્યા છે કે ફક્ત મારાં જ દર્શનનું દાન માગે છે. તેમનો દેહ દુર્બલ છે પણ વાણી બ્રહ્મ જ્ઞાની છે. આત્મજ્ઞાનના દૃષ્ટા એવા અલૌકિક દિવ્ય પુરુષે મને મળવાની કામના મનમાં કરી હોવાથી તેમની સેવામાં હાજર થવું મારું કર્તવ્ય છે અને તમે મને ત્યાં જવાની આજ્ઞા આપો.

પંડિતો બોલ્યાઃ 'રાજા, અમને ખબર નથી પડતી કે તમારી બુદ્ધિમાં આ ભ્રમ કેમ થયો ? તમે સત્યવાદી છો, ધર્મવેત્તા છો, આજ આ યજ્ઞ અપૂર્ણ છોડીને બહાર જાઓ છો એ તમને શોભતું નથી. કોઈપણ વિધિ પૂર્ણ થયા વગર અડધી છોડી દેવી અને બીજાના પાછળ લાગવું એ ડાહ્યા માણસનું કર્તવ્ય નથી. આ યજ્ઞ પૂર્ણ થવા દો પછી તમે એ અતિથિની સેવા કરો.

પંડિતોનું કહેવું રાજાને ગમ્યું નહીં. કારણ એ ઉચિત નહોતું. ધર્મ રાજાએ પંડિતોને કહ્યુંઃ 'બ્રહ્મવૃંદ, મારા મનમાં તમારા વિષયે તલ ભાર પણ અવિચાર નથી. તમે મને સદૈવ વંદનીય અને પૂજ્ય છો. તમારા બધાની અમારા પર સદૈવ કૃપા દૃષ્ટિ છે એ અમારું ભાગ્ય જ છે એવું અમે સમજીએ છીએ. તમે આદરેલ યજ્ઞની અવગણના કે ઉપેક્ષા કરીને અમે જઈએ છીએ એવો પણ અમારો હેતુ નથી, પણ ફક્ત એક જ ભાવના રાખીએ છીએ કે જે ભગવાને અપાર કૃપા કરીને આજ સુધી અમારું સમયે સમયે કઠિન પ્રસંગમાં રક્ષણ કર્યુ છે એવા અમારા હિતકર્તા, સહાયકર્તા, પ્રેમાળ, કૃપાળુ, ભક્તોદ્ધાર, કરુણાકર પ્રભુ અમારા દ્વારે ઊભા છે, તેમનાં દર્શન માટે જવાની અમને તમે આજ્ઞા આપો. તમે આજ્ઞા આપો તો ઉત્તમ છે. કૃપા કરીને તમે અમને રોકશો નહીં.

પંડિતો બોલ્યાઃ 'રાજા ધર્મ, તેવું કરવું ઉચિત નથી. એ ધર્મની અવગણના છે.

ધર્મરાજાને અવઢવ થવા લાગી પણ અર્જુન સહદેવ વગેરે ઈતર ભાઈઓએ સ્પષ્ટતા કરતાં કહ્યુંઃ 'જે ધર્મયુક્ત છે નીતિયુક્ત છે તે જ અમે કરીએ છીએ. અમે તે અભ્યાગતનાં દર્શન માટે જઈશું જ એ નિશ્ચિત છે.'

આ વચન સાંભળતાં જ બ્રાહ્મણોને ગુસ્સો આવ્યો અને દુર્મુખ થઈને એક બાજુમાં જઈને વિચાર કરવા લાગ્યા.

વળતાં બ્રાહ્મણો તો ચિંતાગ્રસ્ત થાયે, તે તો ફરીને રાજા પ્રત્યે બોલ્યા છે આયે. ॥૪૬૮॥
તમે તો રાજા ભલે અભ્યાગતનાં દર્શન કરો, પણ એક વાત અમારી ચિત્ત માંહે ધરો. ॥૪૬૯॥
વલાવો છાર ને આ ધરતીયે છંટાવો ને નીર, તેની ઉપર પથરાવો પવિત્ર પટકુલ ચીર. ॥૪૭૦॥
તે ઉપરથી રાજા તમે ચાલીને રે જાવો, અને તમ આગળ બ્રાહ્મણો પાસે વેદ ભણાવો. ॥૪૭૧॥
ત્યારે ચાલ્યા પાંચે બાંધવ રે જહાં, અને જ્યાં શ્રી બુદ્ધ અવતાર ઊભા છે તહાં. ॥૪૭૨॥
જ્યારે ચાલ્યા યુધિષ્ઠિર બુદ્ધ કેરે પાસ, ત્યારે બ્રાહ્મણોએ વચન કર્યો છે પ્રકાશ. ॥૪૭૩॥
તે રાજાને સઘળા બ્રાહ્મણો કહે છે આયે, હે રાજા તે ચાંડાલ મુખ જોયું કેમ જાયે. ॥૪૭૪॥
તમે સુણો રાજા સત્યવાદી અમારી રે વાત, તમો આગળ ગળીના પડદા બંધાવો સાત. ॥૪૭૫॥

તમે તો પાણી ગંગોદક મંગાવો સધીર, એ ગંગોદક તમે કર ધરી છાંટોને શરીર. ॥૪૭૬॥
એસો આચાર કરજોને હો ધર્મ રાય, તે યજ્ઞમાંથી જઈને દેખો એ ચાંડાલના પાય. ॥૪૭૭॥
એણી રીતે અભ્યાગતને મળવા તમે જાવો, આગળ ગળીના પડદા તે સાત બંધાવો. ॥૪૭૮॥
સત્ય શ્રી વિષ્ણુની પરીક્ષા છે રે એહ, શ્રીજીની દૃષ્ટિએ ધોળા થાશે તેહ. ॥૪૭૯॥
રાજા અભ્યાગત સાંભળ્યો દુર્મુખ ઘણો, તે દુષ્ટ શરીર ના દેખે હે રાજા આપણો. ॥૪૮૦॥
ધરમે અભ્યાગતને મળવા આદર કર્યો, સઘળી વસ્તુઓને પોતે આગળ ધર્યો. ॥૪૮૧॥

પાંડવોનો નિર્ધાર જોઈને બ્રાહ્મણો ચિંતાતુર થયા. તેમને સમજાઈ ગયું કે હવે આ યજ્ઞ છોડીને ગયા સિવાય રહેશે નહિ. એના કરતાં કોઈપણ ઉપાયે એમના ચિત્તમાં બુદ્ધ વિષયે અનાસ્થા ઉત્પન્ન થાય તેવું કરવું, એમ વિચારીને એ ધર્મરાજાને કહેઃ રાજા, તમારી ઈચ્છા હોય તો ભલે એ અભ્યાગતનાં દર્શન માટે જાઓ પણ અમે કહીએ એ વાત ચિત્તમાં ધારણ કરો. પ્રથમ તમારે બધાએ ગંગાજળમાં સ્નાન કરવું, પછી યજ્ઞ દ્વાર સુધીની સંપૂર્ણ જમીન તીર્થજળથી સિંચન કરવી. એના ઉપર પવિત્ર વસ્ત્ર નાખીને શરીર પર ગંગાજળ છાંટતા જવું. તમારી પાછળ બ્રાહ્મણો મંત્ર પાઠ બોલતા ચાલશે એ પ્રકારે આ વિધિથી ચાલતા જઈને એ બુદ્ધ સુધી જાઓ, પણ એમનાથી દૂર જ રહીને બોલવું, એમની પાસે જશો નહીં, કારણ એ અમંગળ છે, ચાંડાલ છે. તમારા જેવા સત્યવાદી, પરમ પવિત્ર અને પુણ્યશાળી રાજાએ એવા ચાંડાલ મ્લીચ્છનું મુખ જોવું એકદમ અયોગ્ય છે. જે વેદોની નિંદા કરે છે, વૈદિક યજ્ઞયાગની અવગણના કરે છે, બ્રાહ્મણોની અવહેલના કરે છે તેને તમે અવતાર પાત્ર સમજીને પૂજા કરવા માટે જાઓ છો એ એકદમ અનુચિત છે, પણ તમારો રાજહઠ છે તેથી અમારો કોઈ ઉપાય નથી. એટલા માટે તમે એક કામ કરો કે આગળ ગળીના સાત રંગના પડદા બાંધો, જે યોગે એ ચાંડાલનું મુખાવલોકન તમને થશે નહીં અને એ ખરેખર જ ભગવાનનો અવતાર હશે તો એ પડદા બદલાઈને સફેદ થશે. કારણ શુકલવર્ણ ભગવાનની સામે એ રંગ રહેતો નથી એ ઉજળો થાય છે. તો પણ હે રાજા ! અમારી તમને વિનંતી છે કે એ દૃષ્ટદેહી અભ્યાગત પાસે જશો નહીં. એ ખૂબ દુર્મુખ છે, એમ અમે સાંભળ્યું છે.'

ધર્મરાજા બોલ્યાઃ 'વિદ્વતજનો, તમારી આજ્ઞા પણ અમને શિરોધાર્ય છે. તમારી આજ્ઞા પ્રમાણે અમે ગંગોદકથી સ્નાન કરીને, માર્ગ પવિત્ર કરીને, મંત્રઘોષથી યુક્ત થઈને, ગળીના સાત પડદા બાંધીને પણ દ્વારે આવેલ અભ્યાગતને મળીને તેમનો યોગ્ય એવો આદરભાવ સત્કાર કરવો એ અમારું કર્તવ્ય છે, તે અમને કરવું જ છે અને તે કરવા માટે અમને તમારી અનુમતિ આપો.

રાજાએ સુણી તે બ્રાહ્મણોની કપટ વાત, તે સર પર ગળીના પડદા બંધાવ્યા છે સાત. ॥૪૮૨॥
ત્યાં જઈને જેવા પડદા બંધાવ્યા છે રે રાયે, તે શ્રી હરિની દૃષ્ટિએથી ઉજળા થાયે. ॥૪૮૩॥
જે ગળીના પડદા બંધાવ્યા રે સાત, તે કપટી બ્રાહ્મણોએ ખાધી છે ઘાત. ॥૪૮૪॥
જ્યારે બ્રાહ્મણ વચન બોલ્યા છે રે એહ, ત્યારે દેવે શ્રાપ દઈને ઉથાપ્યા છે તેહ. ॥૪૮૫॥
જ્યાં પાંડવ દેવનું દર્શન કરવા રે જાયે, બ્રાહ્મણોની વૃત્તિએ ભીમ ક્રોધિત જ થાયે. ॥૪૮૬॥
ગળીના પડદા બંધાવીને પાંડવ જો ગયા, તો શ્રી હરિની દૃષ્ટિએથી ઉજળા તો થયા. ॥૪૮૭॥
પાણી છાંટતા આવ્યા યુધિષ્ઠિર રાય, ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા છે સત્ય ભાય. ॥૪૮૮॥
તમે સુણો રે યુધિષ્ઠિર જે હમારી રે વાત, તમે કેવા કારણે પરદા બંધાવ્યા છે સાત. ॥૪૮૯॥

તમે શા કારણે કહ્યું બ્રાહ્મણોનું રે કરો, અને કેવા કારણે મન માંહે શંકિત ધરો. ॥૪૯૦॥
રાજા કેવા કારણે ધરતીએ છંટાવો છો નીર, તમે શા કારણે ખોટો આક્ષેપ ધરો શરીર. ॥૪૯૧॥
જો નિર્મળ મન કરી દેખો અમારા પાયે, તો રાજા પાપ તમારાં તે ચતુર્દિશ જાયે. ॥૪૯૨॥
મન નિર્મળ કરીને દર્શન અમારાં જોયે, તો અનંત યજ્ઞ તણું અનંત ફળ હોયે. ॥૪૯૩॥
અમ સામા ચાલીને આવો જો એક મન, તો પગલે પગલે યજ્ઞ તણાં રે પુણ્ય. ॥૪૯૪॥
ત્યારે હરિને નમન કરીને યુધિષ્ઠિર એમ કહે, સ્વામી કુરુક્ષેત્રનાં પાપ તો અમ શિર રહે. ॥૪૯૫॥
સ્વામી અમો મહાઅપરાધી ને પાપી જન, સ્વામી અમે એકાએક કેમ દેખીયે દર્શન. ॥૪૯૬॥
સ્વામી અમે મન માંહે તે વિચારી વાત, તે કારણે પડદા બંધાવ્યા છે આ સાત. ॥૪૯૭॥
સ્વામી અમે મહા ગુનેગાર પાંચે વીર, તે કારણે ધરતીએ છંટાવ્યાં ગંગાનાં નીર. ॥૪૯૮॥
જયાં ફાટ્યા પડદાને દો દીશ ગયા, ત્યારે તો વેદ ભણતા બ્રાહ્મણો રહ્યા. ॥૪૯૯॥
ત્યાં ટાળી પડદાને બેઠા સર્વ ભક્ત એકાંત, અને મલીન રૂપે દીઠા શ્રી હરિ અનંત. ॥૫૦૦॥

ધર્મરાજાએ બ્રાહ્મણ પંડિતોની આજ્ઞા પ્રમાણે કરવાનું વિચાર્યું. ગંગોદકથી સ્નાન કરીને જે માર્ગે તેમને યજ્ઞ દ્વાર પર જવું હતું એ માર્ગ ઉપર તેમણે ગંગોદક છાંટયું. સાત પડદા બાંધ્યા અને એ ચાલવા લાગ્યા. તેની પાછળ બ્રાહ્મણો મંત્રપાઠ બોલવા લાગ્યા. પંડિતોના વચન પર શ્રદ્ધા મૂકીને તેમની અવગણના ના થાય એ માટે રાજાએ આ બધું કરવાનું ઉપેક્ષિત કર્યું નહીં અને બ્રાહ્મણોની કપટી બુદ્ધિ તરફ તેણે ધ્યાન પણ આપ્યું નહીં. અતિશય શ્રદ્ધાથી ભક્તિભાવથી ધર્મરાજા અને બધા ભાઈઓ બ્રાહ્મણો સાથે મંત્રઘોષ સાંભળતા સાંભળતા યજ્ઞ દ્વાર પર આવી પહોંચ્યા.

યજ્ઞ દ્વાર પર ઊભેલા ભીમે એ સર્વ તરફ જોતાં જ બ્રાહ્મણોનું કપટ ભીમને સમજાયું. પોતાના ભાઈઓએ બાંધેલા સાત પડદા જોઈને ભીમને બ્રાહ્મણો પર ખૂબ ગુસ્સો આવ્યો. ગુસ્સાથી આંખો ટગર ટગર ફેરાવતાં ભીમે ગર્જના કરી: 'અરે કપટી પંડિતો, તમે બ્રાહ્મણ થઈને આવા હીન બુદ્ધિના છો ! આવા વર્તનથી તમને શ્રાપ મળશે ત્યારે માત્ર પશ્ચાતાપ કરવાનો સમય આવશે અને તેમાં ધર્મરાજા જ કારણભૂત થશે.'

ધર્મરાજાને પોતાની પાસે આવતા જોઈને શ્રી બુદ્ધ ભગવાન આગળ આવ્યા અને બોલ્યા: 'પૃથ્વીપતિ ધર્મરાજા, આ પડદા બાંધી શરીર પર પાણી છાંટતા આવવાનું શું કારણ છે ? તમારા મનમાં કંઈ શંકાકુશંકા છે ? એકવાર અંતઃચક્ષુ ખોલીને જુઓ એટલે તમને બ્રાહ્મણોનું કપટ સમજાશે. તમારા પડદા તો નકલી છે એ તો દૂર થઈ જશે અને ફાટી જશે પણ તમારા મન પર ચોંટેલા સંશયનો પડદો માત્ર સહજ રીતે નીકળશે નહીં અને એ જ પડદો દૂર કરીને શુદ્ધ સાત્ત્વિક પવિત્ર એવા 'મારાં' દર્શન કરાવી લેવા માટે આવ્યો છું, એ માટે હે સદ્ભક્તો ! હવે પૂર્ણ કરો આ બધી પંડિતોની ભ્રમ જાળ અને હવે તમે હું કહું એ પ્રમાણે કરવા તૈયાર થાઓ.

ધર્મરાજા બોલ્યા: ''સ્વામી ! અમે પતિત છીએ, પાપી કુળગોત્ર, ગુરુજન હત્યા કરનારા દુષ્ટ છીએ, અનેકોના સંસાર ઉધ્વસ્ત થવામાં અમે કારણભૂત છીએ, અમે આવા પાપી લોકો છીએ, માટે મોં છુપાવવા પડદા બાંધ્યા છે. ગંગોદકથી પ્રક્ષાપન કરીને શુદ્ધ પવિત્ર થવાનો પ્રયત્ન કર્યો છે. હવે સ્વામી ! અમારા ઉદ્ધારની દિશા તમે જ છો. તમે અમારા સુકાની થઈને અમારી જીવન નૌકાને સામે કિનારે પહોંચાડો. આટલી ખોળો પાથરીને તમારી સામે ભિક્ષા માગીએ છીએ.

અત્યંત ગદ્‌ગદીત કંઠે ધર્મરાજાએ કરેલી વિનંતી સાંભળીને શ્રી બુદ્ધ ભગવાને પોતાની અમૃતમય કૃપા દૃષ્ટિથી એમની સામે જોતાં જ સાતેય પડદા સફેદ થઈને એક પછી એક એમ નીચે પડી ગયા. પાંડવોને તો આશ્ચર્ય થયું જ પણ બધા બ્રાહ્મણોને ભયમિશ્રિત આશ્ચર્ય થયું. બધા અવાક્ બની ગયા. મંત્રો મોંમાં જ રહી ગયા અને નીચી ગરદન રાખીને બ્રાહ્મણો ઊભા રહી ગયા. અહીં પાંડવોની અજ્ઞાનતા દૂર થતાં જ તેમને શ્રી બુદ્ધ ભગવાનનાં દર્શન થયાં. નિર્નિમેષ નજરથી ધર્મરાજા શ્રી બુદ્ધ ભગવાન પાસે જઈ અત્યંત કરુણાથી એમને વિનવવા લાગ્યા.

જ્યારે દેવ કળા જોઈ બ્રાહ્મણો થયા અસુખ, કહે ચાંડાલ હરિને તે શું દેખાવે મુખ. ॥૫૦૧॥
જ્યારે બ્રાહ્મણો નાસી દો દિશ ગયા, ત્યારે રાજાને અભ્યાગત એકાંતે થયા. ॥૫૦૨॥
ભૂલ્યા બ્રાહ્મણો દેવ દર્શન ઓળખ્યા નાયે, તે માટે કલિયુગમાં કણ કણ માગી ખાયે. ॥૫૦૩॥
જે ભૂલ્યા બ્રાહ્મણો સહદેવ જોશી કહે, તે તો અવતાર પાત્રની શુદ્ધ જો ના લહે. ॥૫૦૪॥
પગ વંકા મુખ ચંચા દુર્બલ દેહી ગલે તન, તેવા ધ્યાન ધરીને ઊભા છે ભગવંત. ॥૫૦૫॥
ત્યારે દંડવત્ કરીને રાજા પાયે લાગીયા, ત્યારે યુધિષ્ઠિર ઘણું રળિયાત જો થયા. ॥૫૦૬॥
પાંડવ દેવનાં દર્શન કરી રળિયાત થાયે, એ તો જઈ હરિને લાગ્યા છે રે પાયે. ॥૫૦૭॥
ધન ધન કુળ તે પાંડવ તણું, આજ ઘેર અભ્યાગત આવ્યા ઘણું. ॥૫૦૮॥
ત્યારે શ્રી બુદ્ધને પગે જઈને પડયા, ત્યારે એ પાંચે પાંડવ કર જોડીને રહ્યા. ॥૫૦૯॥
યુધિષ્ઠિર પાયે લાગીને પ્રણામ જો કરે, સ્વામી તમે પધાર્યા પાંડવને ઘરે. ॥૫૧૦॥
ઓચરે રાજા હવે તો શી કરશું રે પેર, પાવન કરવા સ્વામી પધાર્યા અમ ઘેર. ॥૫૧૧॥
અભ્યાગત ઓચરે સાંભળો રાજા ધર્મ, જેનાં માતા પિતા પવિત્ર તેને ના લાગે કર્મ. ॥૫૧૧॥
તમે ભણતા હતા સકળ શાસ્ત્રનો ભેદ, વચન ઉથાપિ કેમ મંડાવ્યા યજ્ઞ નિષેધ. ॥૫૧૨॥
તે માટે તમને ગુરુદ્રોહ લાગ્યો હો રાયે, હેમ હસ્તી આપે તોયે પાપ ન જાયે. ॥૫૧૩॥
ગુરુનાં વચન ઉથાપે તે સદા રહે દુઃખી, આવા કરોડ યજ્ઞ કરે કેમ કરી થાશે સુખી. ॥૫૧૪॥
તમે સાંભળોને સતિયા રાજા ધર્મ, કરોડ યજ્ઞ કરે તોએ ના છૂટે કર્મ. ॥૫૧૫॥

બ્રાહ્મણોએ શ્રી બુદ્ધ ભગવાનના એ વિકૃત સ્વરૂપ તરફ જોતાં જ નાક ચડાવ્યું. મોં વાંકુ ચુંકુ કરીને નાક ઢાંકીને એ 'અરેરે શું આ ચાંડાલ અહીં ઊભો છે, એમ કહીને ત્યાંથી ભાગ્યા અને ધર્મરાજા અને પાંડવોને દોષ આપતા આપતા ત્યાંથી નીકળી ગયા.'

એમને નિષેધ કરીને જતા જોઈને સહદેવ બોલ્યાઃ 'અહો બ્રહ્મવૃંદ, તમારી આવી દુઃખકારક દુઃસ્થિતિ કેમ થઈ, તમે ભાગીને કયાં જાઓ છો ? ભગવાનના અવતાર પાત્રની જેમને શુદ્ધિ નથી અને જે અવતારને પણ જાણતા નથી એ કદી પણ સુખી થતા નથી. તેમના ચિત્તમાં સમજણ ન થવાથી સમૃદ્ધતા થતી નથી અને તેમને પેટ ભરવા માટે મુઠ્ઠી ભિક્ષા માટે ઘેર ઘેર ભટકવું પડશે માટે હે બ્રહ્મવૃંદ ! તમે આ ભગવાનના મલિન સ્વરૂપનો નિષેધ કરશો નહીં. આ મલિનત્ત્વ ભગવાનના સ્વરૂપની જાણ કરી લેવાની જરૂર છે. શ્રદ્ધા જ ભક્તિની કસોટી છે, પરીક્ષા છે, આ તો પરમાત્માનું સ્વરૂપ બ્રાહ્ય છે. ખરું અંતરંગ સ્વરૂપ નથી. તમે એ બ્રહ્મ સ્વરૂપીને અંતર્જ્ઞાન દૃષ્ટિથી જાણશો પછી તમને તમારા બ્રાહ્મણત્વનું વૃથા અભિમાન જણાશે.

મુખ ચંચા, હાથ-પગ વાંકા ચુંકા, દુર્બળ અને ગલિચ્છ દેહ ધારણ કરેલા ભગવાનને ઊભા રહેલા જોઈને ધર્મરાજાએ નીચા નમીને તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા. બધા પાંડવોએ પરમેશ્વરને ચરણે નમીને હાથ જોડીને નમસ્કાર કર્યા. અત્યંત કરુણાર્દ્રતાથી ધર્મરાજા ભગવાનને બોલ્યા : 'હે કરુણાકર સ્વામી ! આજ ખરેખર અમારું કુળ ધન્ય ધન્ય થયું. આજ અમારા ઘર આંગણાં પવિત્ર કરનાર અભ્યાગતે આવી અમને પાવન કર્યા. ધર્મરાજાએ પોતાના ભાઈઓને કહ્યુંઃ બંધુઓ, આપણા ઘરને, કુળગોત્રને, વંશને અને આપણને પાવન કરવા માટે પતિત પાવન ત્રિભુવનનાથ આપણા ઘેર આવ્યા છે. તેમની સેવા પૂજા અને યોગ્ય આદર સત્કાર આપણે કરવો જોઈએ. સર્વ પ્રકારની મોટાઈનો ત્યાગ કરીને અત્યંત દીનતાથી નમ્રતાથી ભગવાનને શરણે જઈને તેમની આજ્ઞા શિરોધાર્ય માનીને અને તેમનાં પરમ પાવન ચરણની સેવા કરીએ. એમ કહીને ધર્મરાજા બુદ્ધ ભગવાનના ચરણની ધૂળ મસ્તકે ધારણ કરીને અત્યંત ગદ્ગદીત વાણીમાં વિનવવા લાગ્યા.

ભગવાન શ્રી બુદ્ધ બોલ્યાઃ 'રાજા યુધિષ્ઠિર અને સદ્ભક્ત પાંડવો, ધન્ય છે તમારા વંશને, તમારાં માતા પિતાને અને તમને પણ. જેમનાં માતા પિતા પવિત્ર, તપસ્વી અને તેજસ્વી છે તેમને કોઈ પણ પ્રકારનું દુષ્કર્મ લાગતું નથી. માતાપિતાએ પોતાના સંતતિ પર જે પ્રકારના સંસ્કાર સિંચેલા હોય તેવા પ્રકારની એમની સંતતિ થાય છે. વસ્તુતઃ તમારાં માતાપિતા પવિત્ર ઉજ્જવળ કીર્તિનાં સત્પ્રવૃત્તિ અને ધાર્મિક છે, તમે પણ તેવા જ ગુણના છો. તમારાથી કદી પણ મર્યાદાનું ઉલ્લંઘન થયું નથી. તમારા આ જયેષ્ઠ ભ્રાતા પ્રત્યક્ષ ધર્મનો અવતાર ધર્મરાજા જ છે, તેમ છતાં આ કર્મ ગતિના ભવચક્રમાં કેમ ભૂલ્યા એ જ મને સમજાતું નથી. તમે બધા તત્ત્વ ધર્મજ્ઞ હોવાથી અને પ્રત્યક્ષ શ્રી કૃષ્ણ ભગવાને તમને નીતિ, નિયમ, ક્રિયાચરણ, સત્ય ધર્માચરણના પાઠ આપ્યા હોવા છતાં તમે આ અજ્ઞાન રૂપી કર્મ કાંડના ફેરામાં કેમ ફસાયા !

હે સદ્ભક્તો ! સદ્ગુરુનાં ભગવાનનાં વચન ઉલ્લંઘન કરી તમે યજ્ઞયાગાદિકના ફેરામાં પડ્યા માટે તમને ગુરુદ્રોહનો દોષ લાગ્યો છે. ગુરુદ્રોહનું પાતક યજ્ઞયાગાદિકના કોઈપણ ઉપાયે નષ્ટ થતું નથી. કોટયાવધિ યજ્ઞ કરવાથી પણ એ દોષ મટી શક્તો નથી. આપણા શરીરમાં એકાદ અવયવમાં કંઈક દોષ થવાથી બગાડ થયો હોય અને ઔષધોપચાર બીજા વિકારનો કર્યો હોય તો પહેલો દોષ ન મટતાં બીજો જ અન્યાન્ય વિકાર ઉદ્ભવે છે, તદ્વત ગુરુદ્રોહનું પાતક નિવારણ માટે ધર્મ વિધિ કરવાનું છોડીને આ કર્મકાંડના વિષયાંતરમાં લાગીને આત્મવંચના કરો છો એ યોગ્ય નથી. પંડિતોએ તેમના સ્વાર્થ માટે તમને ભૂલવીને આ કાર્ય કરવા માટે પ્રવૃત કર્યા પણ એ કારણે તમારો ભવરોગ ન મટતાં ઉલટાના જન્મ મરણના ચક્રમાં પડવું પડે છે. તો હે સદ્ભક્તો, ભવરોગ મટાડવાનો યોગ્ય માર્ગ તમે જાણી લો, તમારા હાથે થયેલા ગુરુદ્રોહના પાતકનો દોષ દૂર થશે એટલે તમે સુખી અને અમર થશો.

રાજા ખુશી થઈને શ્રી હરિ શું ઓચરે વાત, પુત્ર વિસર્યા તમ તણા ક્ષમા કરો હો તાત. ॥૫૧૭॥
અભ્યાગત ઓચર્યા સાંભળોને રાજન, રીસ હમારી ઉતરી તમે બોલ્યા સત્ય વચન. ॥૫૧૮॥
ત્યાં શ્રી બુદ્ધને પગે જઈને પડે, અને રાજા યુધિષ્ઠિર વિનંતી જો કરે. ॥૫૧૯॥
રાજા યુધિષ્ઠિરે વિનવ્યા હર્ષ જો ધરી, અમ ઉપર કૃપા કીધી હો શ્રી નરહરિ. ॥૫૨૦॥
સર્વે જુગનાં પાતક અમારાં રે ગયાં, આજે જગદીશનાં દર્શન જો થયાં. ॥૫૨૧॥
સ્વામી યજ્ઞ અમારો પૂરો થયો આજ, જ્યારે ઘેર પધાર્યા શ્રી મહારાજ. ॥૫૨૨॥
ત્યાં પાંચે પાંડવ કરજોડીને રહ્યા, સ્વામી ચરણ આણી ભોમે ભલે થયા. ॥૫૨૩॥
હાં રે પાંડવ તમે યજ્ઞ મંડાવ્યા કહાં, જે વારી ગયો તો હું તમને તહાં. ॥૫૨૪॥

સ્વામી અમે બ્રાહ્મણ વચને ભૂલ્યા એહ, તેથી અમે વચન લોપ્યું છે તેહ. ॥૫૨૫॥
ત્યારે બુદ્ધ તણે પાયે જો પડે, પાંચે પાંડવ ઘણી વિનંતી કરે. ॥૫૨૬॥
માતા કુંતી સ્વામીનાં ઓવરણા લેહે, રાજા યુધિષ્ઠિર પગે ચુંબન દેયે. ॥૫૨૭॥
જયાં પાંચે પાંડવ કરજોડી રહ્યા, સ્વામી આણી ભોમે ભલે પધાર્યા. ॥૫૨૮॥
ધન્ય ધન્ય વંશ પાંડવ જીવ્યા જેહ, આજ જગદીશ નયને નીરખ્યા તેહ. ॥૫૨૯॥
આજ સર્વ યુગનાં પાપ અમારાં રે ગયાં, શ્રી બુદ્ધ અવતારનાં દર્શન જો થયાં. ॥૫૩૦॥
ધન્ય ધન્ય છો તમે દીનદયાળ, જે બંદા તમારા લીયા સંભાળ. ॥૫૩૧॥
અમે જૂઠા બ્રાહ્મણની કરી રે કેણ, તે તો સર્વે લોક લજ્જાને વેણ. ॥૫૩૨॥
થયા જૂઠા બ્રાહ્મણ ઋષિરાયે, જૂઠા યજ્ઞ મંડાવવાનો કર્યો ઉપાયે. ॥૫૩૩॥

ભગવાન શ્રી બુદ્ધદેવના મુખથી વાણી સાંભળીને ધર્મરાજાનું હૃદય ગદ્‌ગદીત થયું. એ બોલ્યાઃ 'હે તાત ! અમે તમારા પુત્રો છીએ, તમે અમારા માતા પિતા ગુરુ અભ્યાગત છો. પુત્ર પોતાનું કર્તવ્ય ભૂલે તો તેને ક્ષમા કરીને યોગ્ય એવા સન્માર્ગે લાવવા એ પિતાનું કર્તવ્ય છે. અમે તમારા અજ્ઞાની બાળકો છીએ, અમને ક્ષમા કરો, તમે અમને સન્માર્ગનાં દર્શન કરાવો.'

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ 'રાજા, તમે સત્ય વચન કથન કર્યુ તેથી મને શાંતિ થઈ છે. તમને સત્ય માર્ગનું દર્શન કરાવવા માટે જ હું આવ્યો છું. મારા ભક્તો મને ભૂલીને મારી પ્રાપ્તિ માટે અન્ય માર્ગે જવા લાગ્યા એ જોઈને મારું હૃદય દ્રવી ગયું અને વૈકુંઠધામમાં જવાનું છોડીને હું આ જ દેહથી આવ્યો છું.'

અત્યંત હર્ષિત થઈને ધર્મરાજા ભગવાન બુદ્ધનાં ચરણ પકડીને વિનંતી કરવા લાગ્યા અને બોલ્યાઃ હે નરહરિ સ્વામી ! દીન વત્સલ ભગવાન ! અમારાં કેટલાં ભાગ્ય છે, ત્રિભુવનપતિ કૃપાળુ થઈને અમારા રક્ષણ માટે અમારા ઘેર દોડતા આવ્યા, અમારા આ જ જન્મનું શું પણ અનંત યુગના અનંત જન્મોનાં પાતક દૂર થયાં અમને જગત્‌નિયંતા જગદીશનાં દર્શન થયાં, અમે કૃતાર્થ થયા. આજ અમારો યજ્ઞ સાચા અર્થે પૂર્ણ થયો. જેની પ્રાપ્તિ માટે આટલો પ્રયત્ન કરીને યજ્ઞ આરંભ્યો એ અમારા સ્વામી જગન્નાથ અમારા ઘેર જ પ્રત્યક્ષ પ્રગટ થઈને ચાલતા આવ્યા છે, આજે એ યજ્ઞ સફળ થયો, અમે ધન્ય થયા.

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ 'પ્રેમી સદ્‌ભક્ત પાંડવો ! યજ્ઞ કરવા માટે તમારા વિચારોને પરાવૃત્ત કર્યા છતાં પણ તમે તેનું અનુષ્ઠાન માંડ્યું કારણ આ યજ્ઞાદિકથી સંતુષ્ટ થનાર દેવતા તમારી માત્ર ઐહિક કામના પૂરી કરશે, તે પણ હું જેમના અંશભૂત અવતાર છું તેની જ પ્રેરણાથી, કૃપાથી અન્યથા એ દેવતા પણ પરતંત્ર જ છે. મુક્તિ સુખના લાભનું કાર્ય એ દેવતા બિલકુલ કરી શક્તા નથી. કારણ તેમનામાં એ પાત્રતા, તપશ્ચર્યા, ઓજસ, શક્તિ નથી. મુક્તિ ભાવ તો પરબ્રહ્મ પરમેશ્વરની જ કૃપાથી જ થતા હોય છે માટે તમે આ યજ્ઞયાગ વગેરે આરંભીને જન્મ મૃત્યુના ફેરામાં હજુ વીંટળાયેલા છો. એ માટે આ યજ્ઞાદિકનો ત્યાગ કરો અને હવે પોતાનો છેલ્લો મુક્તિ પંથ સ્વીકારી, જ્યાં ગયા પછી જીવાત્મા કદી જ પાછો આવી શક્તો નથી, એવા કૈવલ્યધામ પ્રાપ્તિના માર્ગ પ્રતિ પ્રયાણનો વિચાર ભગવાન શ્રી કૃષ્ણએ એટલે કે મેં જ તમને પહેલાં કહ્યો હતો, પણ આ બ્રાહ્મણોની મધુર વાણીથી પાપક્ષાલન થઈને મધુર એવા સ્વર્ગીય સુખ પ્રાપ્તિના પ્રલોભને તમે લાગી રહ્યા છો, તેનો તમે ત્યાગ કરો.'

યુધિષ્ઠિર અને ચારે ભાઈઓએ નમ્રતાથી હાથ જોડીને ભગવાન બુદ્ધનાં વચન શિરોધાર્ય માન્યાં. એટલામાં માતા કુંતી, સતી દ્રૌપદી, સુભદ્રા વગેરે પોતાની પુત્રવધૂઓ અને દાસીઓ સાથે હાથમાં પંચારતી અને પૂજા સાહિત્ય લઈને ત્યાં સૌ આવ્યાં. માતાને અને બધી સ્ત્રીઓને ભગવાનના દર્શને આવતાં જોઈને બધાને આનંદ થયો. ધર્મરાજાએ અભ્યાગતને ઉચ્ચ આસન પર બેસાડીને પાદપ્રક્ષાલન કર્યુ અને તે ચરણોદક બધાએ શિરોધાર્ય માનીને સેવન કર્યુ. પછી ધર્મરાજાએ શોડષોપચારથી ગંધાક્ષતોથી યુક્ત પૂજા અર્ચના કરીને પુષ્પહાર અને પુષ્પાંજલિ સમર્પણ કરી. માતા કુંતીએ ભગવાનની આરતી કરી અને પછી બધાં દંડ્વત સાષ્ટાંગ પ્રણામ કરીને હાથ જોડીને બુદ્ધ ભગવાન સામે ઊભાં રહ્યાં.

માતા કુંતી બોલ્યાં: 'હે ભગવાન ! આજ આ આંખોને તમારા સ્વરૂપનું દર્શન થયું, અમે ધન્ય થયાં, અમારા પરિવાર ઉપર તમારી પ્રથમથી જ કૃપા દૃષ્ટિ છે, આ અમારું સદ્ભાગ્ય છે, અમે તમારા દાસ દીનહીન પામર સેવક છીએ, તમારાં વચનનું ઉલ્લંઘન કરીને મોટું પાપ કર્યું છે. સંસારના દુઃખ દાવાનળથી રંગાયેલ અમે અજ્ઞાની પામર જીવ સુખની અને પાપ નિવૃત્તિની સાધના માટે પડ્યાં, પણ તમારા સદ્દુપદેશ સામે દુર્લક્ષ કર્યું માટે તમારી આ દાસીને 'સત્' માર્ગ પર લાવવા માટે તમને આ પરિશ્રમ લેવો પડ્યો. હે સ્વામી ! અમારા હાથે તમારું વચન ઉથાપવાનો અક્ષમ્ય અપરાધ થયો છે. તમે કહો એ પ્રાયશ્ચિત કરવા અમે તૈયાર છીએ, તો કૃપા કરીને તમે અમને માર્ગદર્શન કરો એવી અમારી નમ્ર વિનંતી છે.

પાંડવ ઉપર સ્વામી સદા તમે કૃપાળ, તમો ધરણીધર છો દિનદયાળ. ॥૫૩૪॥
અમે સેવક તમારા ગુનેગાર, તમો છો સ્વામી સદા ક્ષમા કરનાર. ॥૫૩૫॥
ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા છે રે સાર, સુણો રે યુધિષ્ઠિર કહું સત્ય વિચાર. ॥૫૩૬॥
લાગ્યો છે કલિયુગને હુવા અથર્વવેદ પ્રકાશ, થાશે એથી સર્વ ખટ્દર્શન તેના નિષેધ. ॥૫૩૭॥
શ્રી હરિને કરજોડી યુધિષ્ઠિર પૂછે ક્ષોણ, સ્વામી કલિયુગમાં યોગી બ્રાહ્મણ કોણ. ॥૫૩૮॥
ત્યારે શ્રી હરિ બુદ્ધ બોલ્યા વિખ્યાત, યોગી બ્રાહ્મણ તણી હું કહું તોયે વાત. ॥૫૩૯॥
બ્રાહ્મણ તે જે જાણે રે બ્રહ્મ, બ્રહ્મ જ્ઞાનના તત્ત્વે બાળે કર્મ. ॥૫૪૦॥
આજ પ્રત્યક્ષ હરિ અવતારનો જાણે ઠામ, આજ બ્રાહ્મણ કલિના કહ્યા સત્ય નામ. ॥૫૪૧॥
જેણે પ્રત્યક્ષ બ્રહ્મા ભેટયા રે જાણ, આજે તે બ્રાહ્મણ કલિમાં પરમાણ. ॥૫૪૨॥
જે વેદ ગાયત્રીના ભેદે જાણે રે જાપ, તે બ્રહ્મ અંશી બ્રાહ્મણ આપો આપ. ॥૫૪૩॥
જેણે પ્રત્યક્ષ બ્રહ્મગુરુ સેવ્યા રે જાણ, કલિમાં સાચા બ્રાહ્મણ તે સત્ય નિર્વાણ. ॥૫૪૪॥
જેની સુરતા યોગ ધર્મમાં હરિ શું રહે, અને ખરી દશાંશ સુક્રિત ગુરુ મુખે ધરે. ॥૫૪૫॥
જેણે પ્રત્યક્ષ ગુરુનર ભેટયા જાણ, તે યોગી કલિયુગના સહી પ્રમાણ. ॥૫૪૬॥
ત્યાં શ્રી બુદ્ધ બોલ્યા છે સત્ય જ્ઞાન, સત્ય માનો અમે રામને અમે કાન. ॥૫૪૭॥
અમે આપે યોગીને અમે આપે બ્રહ્મ, અમે જ ગુરુ મુખી અમે જ સત્ય ધર્મ. ॥૫૪૮॥
ગુરુ મુખે નર પિછાણો તે યોગીને બ્રહ્મ, અથર્વવેદની કાંડીયે ઉતારે સર્વે કર્મ. ॥૫૪૯॥
ત્યાં રાજા યુધિષ્ઠિરે બહુ વિનંતી કરી, અમારી મુક્તિ કેમ થાશે હો શ્રી હરિ. ॥૫૫૦॥

પાંડવોએ બુદ્ધ ભગવાનને કહ્યું: 'હે સ્વામી ! આ તમારા દાસ ઉપર તમારી સદૈવ કૃપા દૃષ્ટિ છે. માટે હે ધરણીધર,દીનદયાળુ ભગવાન ! અમારો ઉદ્ધાર કરવા માટે તમે પોતે અમારા યજ્ઞ દ્વારે આવ્યા છો. અમે તમારા આ દીનહીન દાસ પામર સેવક છીએ. તમે અમારા અપરાધોની ક્ષમા કરનારા દયાળુ છો. આ તમારા બાળકો માર્ગ ભૂલ્યા છે, માર્ગ ચૂક્યા છે. તેમને સદ્‌ધર્મનો ઉપદેશ આપો અને એમને જે યોગે મુક્તિ મળે એ માર્ગ કથન કરી દર્શાવો. તમારાં વચન અમે શિરોધાર્ય માનીશું.

ભગવાન શ્રી બુદ્ધ બોલ્યા: 'આજ્ઞાધારક સદ્‌ભક્તો, તમને ખરેખર આ બ્રાહ્મણોએ ભૂલવ્યા એ પણ કાળનો જ મહિમા છે. કર્મ અને જ્ઞાન એ વિષયના તત્ત્વ જ્ઞાન માટે વિદ્વાનોમાં જ મોટા મોટા અલગ અલગ એવા વિભાગ પડ્યા છે. તેમણે દર્શન એમ નામ આપ્યું હોવાથી મુખ્ય છ દર્શન એમ વિદ્વાનોએ માન્ય કર્યાં. તેમાં દરેકે પોતપોતાના મતથી તત્ત્વ જ્ઞાનનું વિશ્લેષણ કર્યુ છે. આ મતમતાંતરને કારણે સામાન્ય સદ્‌ભક્ત મૂંઝવણમાં પડીને નિશ્ચિત સત્ય દર્શન કયું એ બાબતે એ સાશંક થાય છે અને એ પછી નિશ્ચિત માર્ગ ન મળવાથી એ પૂર્ણત્ત્વમાં જઈ શક્તો નથી. જે સત્‌ અવિનાશી પરબ્રહ્મ તત્ત્વ છે એ આ ષડ્‌દર્શનથી પણ પર છે, એ જાણવા માટે ગુરુની અને સત્‌શાસ્ત્ર જ્ઞાનની અત્યંત આવશ્યક્તા છે અને જેમણે સ્વાનુભૂતિથી સતત્ત્વની પ્રાપ્તિ કરી લીધી છે, એ જ સત્‌ગુરુની સેવાથી અને કૃપાથી સદ્‌ભક્તોને મુક્તિનો લાભ થાય છે. એ માટે હે, સદ્‌ભક્તો એવા માર્ગદર્શક બ્રાહ્મણ કોણ ? અને યોગી કોણ ? એ માટે હું તમને થોડાકમાં કહું છું એ તમે સાંભળો.

બ્રાહ્મણ તેને સમજવો કે જે "બ્રહ્મને જાણીને બ્રહ્મ ક્રિયાનું આચરણ કરે છે." સત્ય, પ્રેમ, અહિંસા,પરોપકાર અને ઈંદ્રિય નિગ્રહ પૂર્ણપણે કરીને શાસ્ત્ર અને ગુરુ પાસેથી આત્મ જ્ઞાન ગ્રહણ કરીને એ પ્રમાણે આચરણ કરે છે આત્મ જ્ઞાની આત્માનુભવી જ ખરો બ્રાહ્મણ છે. જેને બ્રહ્મ સ્વરૂપ સદ્‌ગુરુની પ્રાપ્તિ થઈ છે. તેમના સત્સંગમાં રહીને જ્ઞાન પ્રાપ્તિ કરવાથી સર્વ કર્મ દોષ નિવૃત્ત થાય છે એવા કર્મદગ્ધ થયેલા સંસ્કારી જીવાત્મા ખરા બ્રાહ્મણ સમજવા. જે યુગ ધર્માનુસાર પ્રચલિત રહેલા અવતાર પાત્રની જાણ કરીને પ્રેમપૂર્વક ભાવભક્તિ કરે છે, જે યુગધર્માનુસાર આચરણ કરીને વેદગત ગાયત્રી મંત્રનો ઉચ્ચાર, વિચાર અને સાધના કરે છે એ ખરા બ્રહ્મ અંશી જાણવા. સાથે સાથે જ્ઞાન દૃષ્ટિથી તન્મય થઈને તેમના સાનિધ્યમાં રહીને અથવા તેમના વચન પર દૃઢ શ્રદ્ધા રાખીને જે આત્મ તત્ત્વ પ્રાપ્તિની સાધના કરે છે એ આ કલિયુગમાં બ્રાહ્મણ સમજવા. યોગી એ જાણવા કે જે વેદધર્માનુસાર યોગ માર્ગનું આચરણ કરે છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ અષ્ટાંગ યોગની સાધનાથી જે આત્મ તત્ત્વનો સાક્ષાત્કાર કરે છે એ સંસારી મનુષ્યને પણ યોગી જાણવો. જેની સુરતા, લક્ષ્ય, સદૈવ શ્રી હરિની પ્રતિ હોય અને પોતાનાં બધાં કર્મ યથા સ્થિત રીતે નિર્લિપ્તપણે આચરણ કરે છે એ ખરો યોગી સમજવો.

હે સદ્‌ભક્ત પાંડવો, આ પ્રકારે મેં તમને આજ ખરો સત્ય માર્ગ કહ્યો છે એ યથાર્થ રીતે જાણીને પોતાના ચિત્તમાં આ ઉદ્દેશે ગ્રહણ કરો. એટલે તમને સમજાશે કે હું બીજો ત્રીજો કોઈ ન હોવા છતાં જે રામ, એ જ કૃષ્ણ અને એ જ હું બુદ્ધ છું અને મારો આ ઉપદેશ એ જ ગુરુ, એ જ મુખી અને એ જ સત્ય ધર્મ છે. ગુરુ મુખમાંથી આ યોગ ધર્મ વિશેની માહિતી જાણીને સમજી લો અને અથર્વવેદના કર્મકાંડ અનુસાર એટલે સત્‌પંથ યજ્ઞવિધિ અનુસાર પોતાના સર્વ કર્મ દોષ નિવારણ કરીને શુદ્ધ મુક્ત થાઓ. આ અમૂલ્ય સંજોગ હવે અનાયાસે તમારા પૂર્ણ પુણ્યોદયથી આવ્યો છે. હવે એ સંજોગને વ્યર્થ ગુમાવશો નહીં.

ત્યારે ધર્મરાજા બોલ્યા: 'હે સ્વામીન ! અમારી એક વિનંતીનો સ્વીકાર કરો. જે યોગે કર્મ મુક્ત થઈને અમે શુદ્ધ નિર્લિપ્ત આત્મ દર્શન કરી શકીએ અને મુક્તિ પ્રતિ જઈ શકીએ એવો માર્ગ તમે અમને બતાવો. અમે તમારા અનન્ય શરણે આવ્યા છીએ. અમે તમારા દાસ છીએ. અમારા ઉપર કૃપા કરો.'

ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા છે વિખ્યાત, તમે સુણો યુધિષ્ઠિર કહું હું તોયે વાત. ॥૫૫૧॥
હવે બેઠો કલિયુગને આ દ્વાપર જાય, સર્વ દેવ ઋષિવર અલોપ હોઈ રહ્યાય. ॥૫૫૨॥
તમે તો ધર્મના પુત્ર છો હો રાય, હવે તમથી કલિયુગમાં નહીં રહેવાય. ॥૫૫૩॥
તમે તો રાય કુરુક્ષેત્ર માંહે છો રે વઢ્યા, અક્ષૌહિણી અઢાર બંધવો રણમાં પડ્યા. ॥૫૫૪॥
ત્યારે દેવે દૈત્યને સંહાર્યા છે રે આપ, તેના તમો શિર લઈ બેઠા છો રે પાપ. ॥૫૫૫॥
તેનો હિસાબ ચૂકાવો ને જાયે, નહીં તો અંતઃકાળ દુઃખ ભોગવશો રાયે. ॥૫૫૬॥
ત્યારે પાંડવે વિનંતી કરી છે ઘણી, આપ જે કહેશો તે કરશું હો ધણી. ॥૫૫૭॥
ત્યારે રાજા યુધિષ્ઠિર બોલ્યા છે સાર, જે તમો કહેશો તે કરશું હો કિરતાર. ॥૫૫૮॥
ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા છે રે એહ, તમે જઈને હિમાલે ગળાવો સર્વે દેહ. ॥૫૫૯॥
જો તમે હિમાલે દેહી ગળાવો રે જાયે, તો તમે વૈકુંઠનું રાજ લેશો રાયે. ॥૫૬૦॥
શ્રી બુદ્ધ બોલ્યા છે ત્યાં તો રે વેણ, અમો ભાઈ આવ્યા છીએ તમને રજા દેણ. ॥૫૬૧॥
વિત્યો દ્વાપરનો કલિયુગ બેઠો છે આયે, હવે તમે હિમાલે જજો હો રાયે. ॥૫૬૨॥
ત્યારે ભીમસેન બોલ્યા તત્કાલ, તમે આગમ ભેદ કેમ ના કહ્યો હો દયાલ. ॥૫૬૩॥
અમે સો બંધવ મારીને લીધું રે રાજ, સ્વામી તમે કલિયુગ કેમ આણ્યો આજ. ॥૫૬૪॥
અમે માર્યો દુર્યોધન ગુરુ ગાંગેય, જેની મહા વિદ્યા તણો નહોતો છેહ એય. ॥૫૬૫॥
તમ વચને માર્યો દુર્યોધન દુઃશાસનને ભગવંત, એના બળને ના પામીયે અંત. ॥૫૬૬॥
અઢાર અક્ષૌહિણીને બંધવ મારી લીધું રાજ, સ્વામી તમે કલિયુગ કેમ લાવ્યા આજ. ॥૫૬૭॥
જો એવી આગમ કહેતા રે ગુંજ, તો હમો કુરુક્ષેત્રમાં ન કરતા યુદ્ધ. ॥૫૬૮॥
કહે યુધિષ્ઠિર સુણો ભીમસેન રાયે, હરિ સામે તમે ઉત્તર દીયો છો કાયે. ॥૫૬૯॥
આજ દેવ કહે તે વિશ્વાસ કરો, એ હરિનાં વચન તો શિર ઉપર ધરો. ॥૫૭૦॥
કર્મે લખ્યું તે ટળ્યું કેમે ના જાયે, શ્રી હરિનાં વચન નિશ્ચે પાળો સત્ ભાયે. ॥૫૭૧॥
ત્યારે રાજા યુધિષ્ઠિર પૂછે છે ભેદ, તમે કલિયુગનાં ચરિત્ર કહો હો દેવ. ॥૫૭૨॥
કલિયુગમાં કેવો આહાર ને કેવો વ્યવહાર, એ સંક્ષેપ્તમાંએ કહેજો હો મોરાર. ॥૫૭૩॥
ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા વિખ્યાત, આ કલિયુગ તણી કહું છું તોએ વાત. ॥૫૭૪॥
યુધિષ્ઠિર કર જોડી વિનંતી કરે છે સેવ, એ આગમના ચરિત્ર કહેજો હો દેવ. ॥૫૭૫॥
કહે નારાયણ સુણો યુધિષ્ઠિર રાયે, હવે કલિયુગ તણો તો કહું મહિમાયે. ॥૫૭૬॥
ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા છે રે સાર, યુધિષ્ઠિર કહું કલિયુગના વિચાર. ॥૫૭૭॥

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ 'હે યુધિષ્ઠિર, હું તમને કહું છું એ વાત ધ્યાનથી સાંભળો, હવે દ્વાપર યુગ પૂર્ણ થઈને કલિયુગની શરૂઆત થઈ છે અને સર્વે દેવ ઋષિ મુનિ વગેરે ગુપ્ત થયા છે. કલિયુગના પાપી પ્રભાવથી તે પ્રગટ રૂપે રહેશે નહીં. તમને પણ આ કલિયુગમાં રાજ્ય કારભાર સંભાળવું અતિ કઠિન થશે, કારણ સત્ય ધર્મ પ્રમાણે વર્તવું મુશ્કેલ જ થશે.

આ માટે તમે પણ અહીંથી પ્રયાણ કરો. તમે મહાભારતનું યુદ્ધ કરીને અઢાર અક્ષૌહિણી સૈન્ય સાથે દુર્યોધન આદિ કૌરવોનો સંહાર કર્યો છે. તેમના પાતકનો ભાર તમારા શિર પર છે એમ તમે મનથી માન્યું છે. તેનો નિવેડો થવો જ જોઈએ, નહીંતર તમારા મનને એ કાયમનો સંશય રહ્યા કરશે અને અંતઃકાળે તમને એ દુઃખ ભોગવવું પડશે. એ માટે તમને પ્રાયશ્ચિત કરવું જ પડશે.'

ત્યારે યુધિષ્ઠિર હાથ જોડીને બોલ્યાઃ 'હે સ્વામી! તમે કહેશો એ પ્રાયશ્ચિત સ્વીકારીને અમે દોષમુક્ત થઈશું માટે દયા કરીને અમને ઉપાય સૂચવો.'

ભગવાન શ્રી બુદ્ધ બોલ્યાઃ પ્રાયશ્ચિત એવી રીતે થશે કે યજ્ઞની પૂર્ણતા કરીને રાજ્યનો ત્યાગ કરવો અને હિમાલયમાં જઈને સંન્યાસ સ્વીકારીને યોગ સાધના કરવી. પંચન્દ્રિયનું દમન કરીને મન વાસના રહિત કરવું એ જ આ કર્મ દોષનું પ્રાયશ્ચિત છે. એ સૂચવવા માટે અને યોગ કર્મનું આચરણ કેમ કરવું એની ફરી જાણ કરવા માટે હું આવ્યો છું. મારા સદ્ભક્ત મારી પાછળ યુગ પરિવર્તનના ફેરામાં ન રહે અને નવાં કર્મ સંચિત થઈને તેના જન્મ મૃત્યુના કારણભૂત ન થાય એ માટે મારે અવતાર ધારણ કરવો પડ્યો છે.

ભગવાનનાં વચન સાંભળીને ભીમ બોલ્યોઃ 'હે દીનવત્સલ દયાળુ ભગવાન ! આ યુગ પરિવર્તનનો ભેદ અમને પહેલાં જ કેમ ન કહ્યો. દ્વાપર યુગ સમાપ્ત થઈને કલિયુગ લાગશે અને કલિનો મહિમા આ પ્રકારનો રહેશે એની જાણ જો અમને તમે પહેલાં જ આપી હોત તો શા માટે અમે યુદ્ધ કર્યું હોત. કુરુક્ષેત્રમાં આટલા મોટા રણકંદન કરીને અઢાર અક્ષૌહિણી સૈન્ય માર્યું ગયું. બંધુ, સગાં વગેરે બધાંને મારીને અમે રાજ્ય જીત્યા અને હવે આજ તમે કહો છો કે આ રાજ્યનો ત્યાગ કરીને સંન્યાસ લો, આ તમે પહેલાં કેમ કહ્યું નહીં ? અમારો દાનવીર ભાઈ કર્ણ, વિદ્યાવંત કલાપૂર્ણ દુર્યોધન, ગુરુ દ્રોણ, ભીષ્મ પિતામહ, અમારા વંશનો પોલાદી પુરુષ દુઃશાસન વગેરે અનેકાનેક શૂરવીર પુરુષો એમનો સંહાર કરવામાં અમે જે કારણભૂત થયા એ બધાને મારીને અમે રાજ્ય જીત્યું પણ લાભ શું થયો ? આજ તમે કહો છો કે આ બધું છોડીને વલ્કલ પહેરીને હિમાલયમાં જાઓ અને યોગ સાધના કરીને કાળને સ્વાધીન થાઓ. હે સ્વામીન્ ! શું એટલા માટે જ અમને આ યુદ્ધ કરવા કહ્યું ? તમે જો અમને પહેલાં જ સૂચવ્યું હોય તો આ આટલો મોટો પાતક ડુંગર અમે રચ્યો ન હોત ! અમે યુદ્ધ કર્યું જ ન હોત !

ભીમની એ રોષયુક્ત વાણી સાંભળીને યુધિષ્ઠિર બોલ્યાઃ 'ભીમ શાંત થા, અરે આપણે કર્મ કર્યાં અને ભગવાનને કેમ દોષ આપવો. ભગવાનના સામે આમ રોષયુક્ત વાણી બોલવી તને શોભતી નથી. આપણા નસીબમાં પ્રારબ્ધ કર્મનાં જે ફળ લખ્યાં છે એ આપણને મળ્યાં છે. કારણ કર્મ લેખ એટલે કે વિધિ લિખિત કોઈને માટે પણ ટાળવું શક્ય જ નથી. જે ટાળવું શક્ય જ નથી, એ ભોગવવું જ ઈષ્ટ છે. આગળના જન્મ મરણના ફેરા માટે કર્મ દગ્ધ કરી નાખવાં જોઈએ. ભગવાન શ્રી કૃષ્ણએ પણ આપણને આમ જ કહ્યું હતું પણ એ વચનનું ઉલ્લંઘન કરીને આપણે અનાવશ્યક કર્મ જંજાળમાં ફસાયા, હવે આપણા પુણ્યના ફેરામાંથી આપણા ઉદ્ધાર માટે ભગવાને આ નવો જન્મ અવતાર ધારણ કર્યો. હવે આ ભગવાન બુદ્ધ જે કહેશે એ નિશ્ચિયથી કરવું એમાં કોઈપણ શંકા, કુશંકા, અવિશ્વાસ લાવવાનું કામ નથી. હે સ્વામી ! બુદ્ધ નારાયણ, તમે અમને આ કલિયુગનો મહિમા કહો. એના ગ્રાહ્ય - ત્યાજય એવા એ ધર્મ વિધિ નિયમ તત્ત્વ હોય એ તમે અમને કથન કરો અને યોગ્ય એવું માર્ગદર્શન કરીને આ પતિત અબૂધ બાળકોને સદ્બોધ કરો.

આ પ્રકારે બંને હાથ જોડીને કરેલી વિનંતી સાંભળીને ભગવાન બુદ્ધ એમના ઉપર કૃપા દૃષ્ટિ કરી બોલ્યાઃ 'રાજા ધર્મ ! તું ખરેખર ધર્મમૂર્તિ જ છો. કલિયુગનો બધો મહિમા મેં ભીમસેનને કહ્યો છે. તમારી એ આગમ શ્રવણ કરવાની ઈચ્છા છે તો હું તમને કથન કરું છું એ સાંભળો.

સત્ય વાયક જેના તે તો બ્રાહ્મણ જાણ, જે મહા બ્રહ્મકુળ વિષ્ણુ હોશે પરમાણ. ॥૫૭૮॥
જેણે પ્રત્યક્ષ ગોર નર ભેટયા રે જાણ, તે યોગી બ્રાહ્મણ આ કલિયુગના પ્રમાણ. ॥૫૭૯॥
યમ નિયમ આસન પ્રાણાયામ ને પ્રત્યાહાર, ધારણા ધ્યાન સમાધિ પાળે એ ક્રિયાચાર. ॥૫૮૦॥
એ યોગ ક્રિયા પાળે ને આચરે સત્ય કર્મ, એ પોતે છે યોગીને પોતે છે બ્રહ્મ. ॥૫૮૧॥
જે જનોઈ ધરે તે બ્રાહ્મણ તો નહીં, બ્રહ્મ અક્ષર જાણે તે બ્રાહ્મણ સહી. ॥૫૮૨॥
બ્રાહ્મણ બોધી કહાવે નર સહુ કોયે, બ્રહ્મ જડે પૂરણ ભાગ્યવંતા હોયે. ॥૫૮૩॥
જેણે સદ્‌ગોર બ્રહ્મા મળીયા છે સહી, તે તો ગર્ભવાસમાં ફરી આવે નહીં. ॥૫૮૪॥
તે માટે તમે સાંભળજો હો ધર્મ રાયે, એ બ્રહ્મ પૂજા તો અધિક કહેવાયે. ॥૫૮૫॥

જે સત્ય વચન કથન અને પાલન કરે છે એ જ ખરો બ્રાહ્મણ છે. આવા બ્રહ્મ અંશી ભગવાનનો અથવા સદ્‌ભક્ત મહાત્માઓનો પ્રત્યક્ષ પ્રગટ અવતાર થાય છે. જેને એ અવતાર સ્વરૂપનાં દર્શન થાય, એ સંત મહાત્માનો સંગ થાય એનો જન્મ સાર્થક થાય છે. મહાન એવા બ્રહ્મ સ્વરૂપી મહાત્માના આશીર્વાદથી સદ્‌ભક્ત યોગી થાય છે. યોગ માર્ગના આઠે અંગોનું પાલન કરીને અને ઉત્તમ પ્રકાર સાધ્ય કરીને જે સમાધિ અવસ્થા સુધી પ્રયાણ કરે છે એ આ કલિયુગમાં મહાન યોગી અને બ્રહ્મ પદના પાત્ર થાય છે. ફક્ત જનોઈ એટલે સૂત્ર શરીર પર ધારણ કરવાથી મનુષ્ય બ્રાહ્મણ થતો નથી. બ્રહ્મ ક્રિયા પાલનથી જ મનુષ્ય સાચો બ્રાહ્મણ થાય છે. પૂર્ણ ભાગ્યવંત હોય છે તેને જ આ બ્રહ્મ બોધ થતો હોય છે.તેને જ સદ્‌ગુરુ બ્રહ્માની પ્રાપ્તિ થઈને મુક્તિ લાભ થાય છે, તેના જન્મ મરણના ફેરા મટે છે. હે ધર્મરાજા, યોગી બ્રાહ્મણ કોને કહેવાય અને તેની પાત્રતા શું હોય, તેને કઈ સાધના કરવી પડે છે, એ માટેનું તમને જ્ઞાન કહું છું એ સાંભળો.

કર્મ કરીને જે ફળની અપેક્ષા રાખતા નથી એ કર્મ યોગી છે અને જેના અંતઃકરણમાં બ્રહ્મ ભાવ જાગૃત થાય છે એને આખા વિશ્વમાં એક બ્રહ્મ સિવાય કંઈ દેખાતું નથી, એવો પુરુષ દેહાભિમાન અને ફળ (લાભ)ની ઈચ્છા છોડીને કર્મ કરે છે એ શ્રેષ્ઠ સંન્યાસી છે. જે લોકો નિત્ય નૈમિતિક કર્મને છોડે છે અને કર્મ યોગને ન સમજવાથી બીજા કર્મ માર્ગે પ્રયાણ કરે છે, તેને ભવાટવીની ગુંચવણ ઊભી થાય છે.

ગૃહસ્થાશ્રમનાં યોગ્ય કર્મ કરવાથી આત્મ સુખ પ્રાપ્ત થશે. સંકલ્પ ન હોવા એ જ સાચા યોગનો સાર છે.

હવે યોગનાં લક્ષણ શું છે તે સાંભળો; - પ્રથમતઃ યમ નિયમનું પાલન કરવું એ યોગનો પાયો છે. એ પછી આસન, પ્રાણાયામ કરવું પછી પ્રત્યાહાર એટલે ઈંદ્રિય વિષયથી પરાવૃત્ત થવું, આ વિષય ખૂબ કઠિન છે. મોટા મોટા બુદ્ધિવાનોની બુદ્ધિ આ જગ્યાએ લપટાય છે, પરંતુ નિરાશ થવાનું કારણ નથી. નિત્ય યમ અને નિશ્ચયના બળે આ વાત ધીમે ધીમે સાધ્ય થશે. ધ્યાન ઉત્તમ થાય તો ચિત્ત વૃત્તિ તદાકાર થશે. અહીં મનનો વેગ બંધ થાય છે અને સાધક બ્રહ્મ સાથે એકરૂપ થાય છે. આ જગ્યાએ યોગી સમાધિની અવસ્થાએ પહોંચે છે. ઉલટું દેહાભિમાન રાખવાથી મનુષ્ય પોતે જ પોતાનો ઘાત કરી લે છે. તેની સ્થિતિ નળી પર બેઠેલા પોપટની જેમ થાય છે. પોપટ નળી પર બેસે એટલે એના વજનથી નળી ફરે છે એ ઉંધો થાય છે અને તેને લાગે છે કે જો પોતે પગ છોડશે તો નીચે પડશે અને મરશે આ બીકથી એ નળીને મજબૂત પકડીને રાખે છે. વાસ્તવિક ભગવાને આપેલ પાંખોનો ઉપયોગ કરીને એ સહજ ઉડી જઈ શકે છે. એ પ્રમાણે વસ્તુતઃ જીવ બ્રહ્મ રૂપ હોવા છતાં પણ દેહાભિમાનથી સંસારમાં પડે છે. માટે જે દેહાભિમાન લેતો નથી, એ જ સાચો આત્મ જ્ઞાની છે. આવા પુરુષને શીત-ઉષ્ણ, સુખ-દુઃખ, માન-અપમાન, શુભ-અશુભ આ વાતો કલેશદાયક લાગતી નથી. શત્રુ-મિત્ર , પરિચિત-અપરિચિત એવો ભેદભાવ

નષ્ટ થવાથી સમગ્ર વિશ્વમાં પરબ્રહ્મ સિવાય કંઈ નથી એવો અનુભવ જેને થાય એ સમબુદ્ધિ પ્રાપ્ત થયેલો છે એમ જાણવું. દ્વૈતભાવને દૂર કરનારી એ જ બ્રહ્મ વિદ્યા છે. ભગવાન શ્રી કૃષ્ણએ તમને બધી બ્રહ્મ વિદ્યાનો ઉપદેશ કર્યો હોવા છતાં કાલ પ્રવાહને કારણે તમારા ચિત્તમાં વિસ્મૃતિ થઈ અને આ બ્રહ્મત્ત્વ પ્રાપ્તિનો માર્ગ છોડીને તમે અન્ય ઉપાય તરફ વળ્યા છો માટે હે સદ્‌ભક્તો, હવે હું તમને આ બ્રહ્મ વિદ્યા કેવી રીતે પ્રાપ્ત કરવી એનો અભ્યાસ-સાધના કહું છું.

પ્રથમ યોગાભ્યાસ માટે યોગ્ય સ્થાન જોવું. એ સ્થાન નિસર્ગરમ્ય હોવું જોઈએ. નજીક સંત સજ્જનોની વસ્તી હોય, ગીચ ફળ ઝાડ હોય. વિપુલ પાણીનાં સુંદર ઝરણાં બારે મહિના વહેતાં હોય. હંસ મોર વગેરે પક્ષીઓનું ત્યાં નિવાસ સ્થાન હોય. એવી જગ્યાએ પ્રથમ દર્ભાસન પાથરવું. એના ઉપર મૃગચર્મ અથવા કામળ પથારીને એના ઉપર નિર્મળ વસ્ત્રની ઘડી પાથરવી. આસન ખૂબ ઊંચું ન હોવું જોઈએ. આસન ઉપર પીઠનો ભાગ ટટ્ટાર રાખીને એકાગ્ર ચિત્તે ઈંદ્રિય અને મન સ્થિર કરીને બેસવું અને ઈષ્ટ દેવનું સ્મરણ કરવું. એવો નિત્ય થોડો સમય અભ્યાસ કરવો. આ અભ્યાસ સારા અધિકારી યોગાભ્યાસીના સાનિધ્યમાં રહીને કરવો. તેવા ગુરુની પ્રાપ્તિ થવી એ પોતાની જ યોગ્યતા પર અવલંબે છે. આ યોગ્યતા કંઈ બજારમાં મળનારી વસ્તુ નથી. એ પ્રાપ્ત થવા માટે વિરકતપણા દેહથી વિહિત કર્મ નિયમથી કરવું અને વાસનાનો પરિત્યાગ કરવો. આ વાતો ધ્યાન યોગ માટે આવશ્યક છે. વિષયોનું સેવન મર્યાદિત હોવું જોઈએ. ઈંદ્રિયો ઉપર વિજય મેળવવો, સાધકે આહાર મર્યાદિત રાખવો, ઊંઘ મર્યાદિત લેવી, બોલવું ચાલવું જાગરણ વગેરે બધી જ બાબતો મર્યાદિતપણે રાખવી જોઈએ. મનને હંમેશાં જાગૃત રાખવું અને ઈંદ્રિયોને નિયમિતપણાની આદત કરાવવી એટલે અભ્યાસથી કષ્ટ ન થતાં મનુષ્યને યોગ્ય સાધ્ય થાય છે.

ઈંદ્રિયોને જીતવા માટે પ્રથમ આસન પર શરીર સ્થિર કરવું. શરીર સ્થિર થયા પછી મન પણ આપોઆપ જ સ્થિર થાય છે. વિષયોની પાછળ દોડવાનું છોડીને એ અંતર્મુખ થાય છે અને એ જ સમયે આત્મ સ્વરૂપનું દર્શન થાય છે. આ રીતે એક વાર જીવ શિવની એકરૂપતા થાય એટલે યોગી મહાસુખમાં નિમગ્ન થાય છે. તેને દેહ ભાન થાય છે. આવા અપ્રતિમ સુખની ઝાંખી થયા પછી તેને બાહ્ય વિષયોની યાદ પણ થતી નથી. મનુષ્ય સુખ માટે જ્ઞાન મેળવે છે, પરંતુ આ સ્થાન તો મૂર્તિમંત સુખમય જ બની જાય છે. આ માટે બધા વિષયોને ઉત્પન્ન કરનારો જ સંકલ્પ એ પહેલાં પ્રયત્નપૂર્વક નહીંવત્ કરવો જોઈએ. વાસના ક્ષય થાય એટલે બુદ્ધિ બળવાન અને તેજસ્વી થાય, એ બુદ્ધિ મનને અનુભવના માર્ગે ધીમે ધીમે લઈ જઈ આત્મ દૃષ્ટિમાં સ્થિર કરે છે. મનુષ્યએ મનમાં એવો નિશ્ચય કરવો કે અમુક એક નિયમ હું અખંડ ચાલુ રાખીશ. પછી એ નિયમ ભલેને નાનો હોય. એના સાતત્યથી અખંડ શક્તિ નિર્માણ થાય છે. એ અવિચળ મનને સ્થિર કરે છે અને મન સ્થિર થતાંની સાથે તેને આત્મ સ્વરૂપનું દર્શન થાય છે. પછી સાધકની દૃષ્ટિથી સર્વ વિશ્વ ચૈતન્મય થાય છે. દ્વૈત ભાવ નહિવત્ થાય છે. આખા વિશ્વમાં હું જ ઓતપ્રોત થઈ રહ્યો છું. વસ્ત્રમાં જે પ્રમાણે સૂતરના તાણાવાણા છે તેમ મારી જગ્યાએ સર્વ જગ અને જગમાં સર્વત્ર હું જ છું એવી જે સમ દૃષ્ટિ રાખે છે તેને આત્મ દર્શન થઈને અખંડ સુખની પ્રાપ્તિ થાય છે.

આમ સાધ્ય થવા માટે સ્થિર મનની અત્યંત જરૂર છે. પણ મન કાયમ બુદ્ધિને છળે છે અને તે કદી પણ સ્વસ્થ બેસવા દેતું નથી. આ ચંચળ મન સ્થિર કરવા માટે એક સરળ ઉપાય છે. યમ, નિયમની યોગ્ય આદત કરીને મન સ્થિર કરાય છે. મનનો એક ગુણ ખૂબ સારો છે. તેને કોઈપણ વાતની ટેવ પડે અને તે ગમતાં તેણે ચાખી એટલે એ વાત છોડવા માટે મન તૈયાર થતું નથી. માટે ખૂબ કૌશલ્યથી તેને આત્મ સુખમાં લગાવું પડે છે. મનનું નિયમન કરવા માટે આ યોગ શાસ્ત્ર અત્યંત ઉપયુક્ત છે. તેના જ બળ પર પંચમહાભૂત સ્વાધીન થાય છે. મનુષ્ય શ્રદ્ધાપૂર્વક મોક્ષ માટે પ્રયત્ન કરે છે, પણ તેને

યોગનું કંઈ જ્ઞાન નથી, તે વિષયોથી પરાવૃત્ત (વિમુખ) થયો છે, પણ આત્મ સ્વરૂપના ધામમાં પહોંચ્યો નથી એવા શ્રદ્ધાશીલ મનુષ્યને એકદમ મોક્ષ મળતો નથી. એનો કેટલોક સમય સ્વર્ગ સુખનો ઉપભોગ લેવામાં નીકળી જાય છે. ત્યાંથી તે મૃત્યુલોકમાં ફરી જન્મ લે છે. પૂર્વ સુકૃતને કારણે એ અત્યંત ધર્મશીલ અને નીતિનિયમવાળા કુળમાં જન્મ લે છે. તેનું આચરણ ધર્મશાસ્ત્ર પ્રમાણે હોય છે. તેમનામાં સુવિચારોનો નંદાદીપ સતત તેજવંત હોય છે. ઈશ્વર સિવાય એ કોઈપણ વાતનું ચિંતન કરતો નથી. એ યોગના કારણે બાળપણમાં જ તેને આત્મ જ્ઞાન સ્ફુરણા પામે છે. તેના શરીરમાં સર્વજ્ઞતા પ્રગટે છે. સર્વ વિદ્યા અને શાસ્ત્રો એ મોઢે બોલે છે. આવા જન્મની દેવ પણ ઈચ્છા કરે છે. આવો પુરુષ એટલે મૂર્તિમંત વૈરાગ્યની મૂર્તિ જ છે. એ દેખાવમાં સામાન્ય હોય તો પણ તેનો મહિમા અલૌકિક જ હોય છે. એવી આ બ્રહ્મ સ્થિતિ જેને પ્રાપ્ત થાય છે એ હજારો જન્મોનો અનુભવ લઈને આત્મ સિદ્ધિના દ્વારે પહોંચેલો હોય છે. બુદ્ધિને પ્રકાશિત કરનારી જે શક્તિ છે તેની સાથે તે અમર્યાદ સુખનો અનુભવ લે છે. એ અંતિમ ગતિ, બ્રહ્મ સ્થિતિને પ્રાપ્ત થયેલી હોય છે માટે એ સર્વ લોકમાં વંદનીય થાય છે, સર્વ સંશયનો ક્ષય થવાથી સાચા મોક્ષનું અને સ્વાનંદનું સુખ એ અનુભવતો હોય છે માટે ઈશ્વરનો એ બીજો પ્રાણ જ સમજવો. એના અને મારા અધ્યાત્મ પ્રેમને જગતમાં કોઈ જ ઉપમા આપી શકાય તેવી નથી.

હે ધરમ એ વિગતે બ્રાહ્મણ જો જાણ, તેના કહું હું એવા લક્ષણ નિધાન. ॥૫૮૬॥
પ્રથમ બ્રહ્મ તો આ 'પવન' ને લહે, બીજો બ્રહ્મ શાસ્ત્ર આ 'જલ' ને કહે. ॥૫૮૭॥
વેદે ત્રીજો બ્રહ્મ તે 'અગ્નિ' કહ્યો જાણ, ચોથો બ્રહ્મ 'તેજ' સચરાચરી માન. ॥૫૮૮॥
હવે પાંચમો બ્રહ્મ તો 'પૃથ્વી' હોયે, જે આ ધરા ઉપર વસે છે સહુ કોય. ॥૫૮૯॥
કહે હરિ બ્રહ્મ કહાવે નર જેહ, અદકુ ઓછું કોઈને ગણે નહીં તેહ. ॥૫૯૦॥
સાતમા બ્રહ્મની ભક્તિ જે કરે, બ્રહ્મ ભક્તિએ એ તે બ્રહ્મ માંહે સંચરે. ॥૫૯૧॥
બ્રહ્મ દ્વારે જઈ જે કોઈ કર્મ તો કરે, તે કર્મનાં ફળ સર્વે ભોગવવાં પડે. ॥૫૯૨॥
પછી તે ભલા કે ભૂંડા કર્મ જેહ, થાયે તેણે વજ્રલેપ કહીયે તેહ. ॥૫૯૩॥
ગુરુ ભાઈ થઈને રાખે માંહે દુર્મતિ, તેની કેમ થાયે વૈકુંઠની રે ગતિ. ॥૫૯૪॥
વળી જે ના માને શાસ્ત્રની વિધિ, તેવા દુષ્ટોના મુખ તે જોવાના નથી. ॥૫૯૫॥
કહે શ્રી બુદ્ધ સાંભળો યુધિષ્ઠિર સાર, જે કહું છું તે સત્ય માનજો નિરધાર. ॥૫૯૬॥
'યોગી' તે જે જાણે વેદ વેળા તણી જુગત, જે સત્ય જ્ઞાને કરી ખોળે છે મુગત. ॥૫૯૭॥
'યતિ' તે જે યોગ ધર્મમાં રહીને કર્મ કરે, ખરી દશાંશ સુક્રિત ગુરુ મુખે ધરે ॥૫૯૮॥
ગુરુ મુખે હાલ ગુજારી પાળે ધર્મ, એ ઓળખવા ખરા યોગને બ્રહ્મ. ॥૫૯૯॥

ભગવાન શ્રી બુદ્ધ બોલ્યાઃ 'હે ધર્મરાજા, મેં તમને યોગાભ્યાસ કેવી રીતે કરવો, તેનાથી શું લાભ થાય એ માહિતી આપી, હવે આ યોગાભ્યાસ કરવાનાં લક્ષણ ક્યા પ્રકારનાં હોય છે, યોગાભ્યાસનો લાભ જેને થયો અને તેની સ્થિતિ ક્યા પ્રકારની હોય છે એ તમને ટૂંકાણમાં કહું છું. બ્રહ્મ સ્થિતિમાં પહોંચેલ મનુષ્યના 'પ્રાણ' પ્રમાણે બધાનાં જીવન હોય છે. તે બધા અંદર અને બહારથી અલિપ્ત હોય છે. 'પ્રાણ' એ પહેલો બ્રહ્મ છે. બીજો બ્રહ્મ 'જળ' એ કહેવાય છે. જળ પોતે નિર્મળ હોવાથી બીજાને નિર્મળ કરે છે. બ્રહ્મ સ્થિતિમાં ગયેલો મનુષ્ય પણ જળ પ્રમાણે નિર્મળ ચિત્તવાળો હોય છે. ત્રીજું બ્રહ્મ 'અગ્નિ'ને કહ્યું છે. અગ્નિને સુગંધ-દુર્ગંધ, ભીનાં-સૂકાં એવા દ્વૈતભાવ નથી. કોઈપણ વસ્તુને સ્વાહા કરીને ભસ્મ કરવું એ

અગ્નિનો ગુણ છે. તદ્વત બ્રહ્મ સ્થાન પ્રાપ્ત થવાથી દ્વૈત ભેદને ભસ્મ કરીને શુદ્ધાદ્વૈત તત્ત્વનું અવલંબન કરવું જોઈએ. ચોથું બ્રહ્મ 'તેજ' છે. સ્વયં પ્રકાશિત હોવાથી બીજાને તેજસ્વિતા પ્રાપ્ત કરી આપવી એ તેજનો ગુણ છે. જ્ઞાની મનુષ્યે પોતે મેળવેલ અને આત્મસાક્ષાત્કાર કરેલા જ્ઞાનનો દીપ સ્તંભ રૂપ થઈને અજ્ઞાનને તેજસ્વી એવા સનાતન દેવયાન માર્ગ તરફ લઈ જવાનો પ્રયત્ન કરવો. પાંચમો બ્રહ્મ 'પૃથ્વી' છે. બધાનું ધારણ પોષણ કરવું અને અન્યાય પર પણ ઉદાર બુદ્ધિથી ક્ષમા કરવું એ પૃથ્વીનો વિશેષ ગુણ છે. જીવનમુક્ત મનુષ્યની પણ આવી જ અવસ્થા હોવી જોઈએ, ક્ષમા વૃત્તિ ધારણ કરીને જગતના વ્યવહાર તરફ અને સંબંધ તરફ દગ્ધવસ્ત્રા પ્રમાણે જોવાનું હોય છે. અહમ્ ભાવ શૂન્ય હોવો જોઈએ. આ પ્રમાણે જે બ્રહ્મ ઉપાસના સેવા કરે છે એ બ્રહ્મમય જ થઈ જાય છે એ માટે બીજું અલગ અસ્તિત્વ રહેતું જ નથી. આ બ્રહ્મ સ્થિતિ પ્રાપ્ત થયા પછી એ જીવાત્માને કોઈ પણ શુભ અશુભ કર્મ બંધનકારક રહેતાં નથી, પણ જ્યાં સુધી જીવાત્મા આ સાધનાનો અભ્યાસ કરે છે ત્યાં સુધી તેણે એ કર્માકર્મણ્યતા સાથે ઝીણવટથી ધ્યાન આપવું જોઈએ. પરંતુ જેણે ધ્યાન ન આપ્યું અને ઈંદ્રિયોને આહારે જઈને વિકૃત કર્મ તરફ વળવાથી આ યોગ માર્ગથી ભ્રષ્ટ થઈ નષ્ટ થશે જ, પછી તેને વજ્રલેપ જડીને એ સર્વ કર્મોના ભોગ ભોગવવા પડશે. એ સિવાય તેનો છુટકો થશે નહીં. માટે આત્મ વસ્તુ પૂર્ણપણે ઓળખવું એ જ જ્ઞાન છે.

આત્મ જ્ઞાન બધી વિદ્યામાં શ્રેષ્ઠ, ગુપ્તતાનું અગ્રણીય છે, પરમ પવિત્ર છે, જન્મ મૃત્યુ છોડાવનારું સ્વયં સિદ્ધ છે, જે નિત્ય પોતાની પાસે છે, પણ આપણે તેને ઓળખતા નથી. ગુરુકૃપાથી આત્મ જ્ઞાન ઉદયમાં આવ્યું હોય એમ લાગે છે પણ એ સદૈવ ઉદીત જ હોય છે, ગાયની ત્વચાની અંદર પવિત્ર અને મીઠું દૂધ હોય છે પણ એનો ત્યાગ કરીને ઈતરડી નામનું જંતુ માત્ર રક્તનું જ સેવન કરે છે. એક જ કીચડમાં દેડકો અને કમળ હોય છે પરંતુ ભમ્રર કમળના પરાગનું સેવન કરે છે અને દેડકાના ભાગે કીચડ જ આવે છે. એ પ્રમાણે હૃદય મંદિરમાં સર્વ સુખ આપનાર આત્મારામ પ્રતિષ્ઠિત હોવાથી ભ્રાંતિ જીવ વિષય સુખ તરફ જ દોડે છે. મૃગ જળ જોઈને મ્હોંમાંથી અમૃત થૂંકી દે છે અથવા રસ્તામાં છીપ મળ્યું માટે ગળામાં બાંધેલો પારસમણિ તોડી નાખવો એના જેવી સંસારી જીવોની મનોવૃત્તિ હોય છે.'

ભગવાન શ્રી બુદ્ધ પાંડવોને ઉપદેશ કહેતાં કહે છે કે; 'હે સદ્ભક્તો, જગત એટલે ભગવાનના અવ્યક્ત રૂપનું જ વ્યક્ત સ્વરૂપ છે. જેમ બીજનું વૃક્ષ થાય અને વૃક્ષમાં બીજ થાય છે. એ પ્રમાણે ભગવાનનો જ વિસ્તાર એટલે આ જગત છે. જે પ્રમાણે પાણીથી ફીણ નિર્માણ થાય છે. પરંતુ ફીણમાં પાણી દેખાતું નથી. એ પ્રમાણે ઈશ્વરથી બધા જીવ થાય છે પરંતુ, તેમાં ઈશ્વર પ્રગટ દેખાતા નથી. એ પ્રમાણે ઈશ્વર અને પ્રાણી માત્ર અખંડિત જ હોય છે. વસ્તુતઃ સૂર્ય અને તેની પ્રભા એ ભિન્ન નથી એ પ્રમાણે ઈશ્વર અને પ્રાણી માત્ર અખંડિત જ હોય છે. ઈશ્વર એકરૂપ જ છે. એ જીવ માત્રથી અલગ નથી. એ જે છે તે તેનો ઐશ્વર્ય યોગ છે.

પ્રકૃતિ જ બધી સૃષ્ટિ ઉત્પન્ન કરવા માટે જવાબદાર છે. તેનું બે પ્રકારે સર્જન થયું છે. એક પરા અને બીજી અપરા. અપરા એટલે અષ્ટધા પ્રકૃતિ અને પરા એટલે જીવ સ્વરૂપ. કલ્પો પહેલાં આ જગ પ્રકૃતિજન્ય માયામાં વિલીન હતું અને કલ્પારંભે ઈશ્વરના અધિષ્ઠાન પર જ જીવ માત્ર ઉત્પન્ન થાય છે. ઈશ્વર પ્રકૃતિને ધારણ કરે છે. વિશ્વની ઉત્પત્તિ નિમિત્ત માત્ર છે. તાત્પર્ય જીવ માત્ર ઈશ્વરમાં છે પણ આવા અમાનુષ રહેનારા ઈશ્વરને લોકો મનુષ્ય સમજે છે. આ નાશવંત દેહમાં તે અવિનાશીને એ જોનારાને કેમ દેખાશે ? પ્રકૃતિના આ વિકૃત સ્વરૂપને જ ઈશ્વર સમજવાથી અવગત થાય છે. એ સ્વયં સિદ્ધ હોય ત્યારે તેની મૂર્તિ ઘડે છે. એ મનુષ્ય છે એમ માનીને આ લોકોના બધા જન્મ કર્મ તેને લાગું કરે છે. આવું તેનું વિપરીત જ્ઞાન છે. સંત મહાત્માઓની સ્થિતિ આના કરતાં ખૂબ નિરાળી હોય છે એના પવિત્ર અંતઃકરણમાં હું (ઈશ્વર) સદૈવ વાસ

કરું છું, એ વૈરાગ્ય પૂર્ણ અને શ્રદ્ધાવાન હોય છે. તેમનાં અંતઃકરણ શાંત પરિપૂર્ણ હોય છે. નીતિમાન પણ હોવાથી ભગવાનની ભક્તિ આગળ મુક્તિને પણ તેઓ તુચ્છ લેખે છે. આ દૈવી સંપત્તિથી તેઓ મહાત્મા સ્વરૂપ હોય છે. એ ઈશ્વર રૂપ થઈને અખંડ પરમાત્માની સેવા કરે છે. એ જ સાચા યોગી, યતિ, સંત, મહાત્મા સદ્‌ગુરુ થાય છે. એ નામ સંકીર્તન કરવા લાગે એટલે ઈશ્વરી નામઘોષથી આ ભૂતળ પર વૈકુંઠ નિર્માણ કરે છે. પોતાને ભૂલી જઈને પ્રેમથી નાચે છે.

આ રીતે સત્પુરુષ એ વિશ્વનું દુઃખ નહિવત્ કરે છે. એ સૂર્ય પ્રમાણે પ્રકાશમાન હોય છે પણ તાપ આપનાર નથી હોતા. એ અમૃત સિવાય અમરત્વ આપે છે. એ ઈશ્વરના ગુણ સંકીર્તન કરવા લાગે એટલે સ્થળ કાળ ભૂલીને દેહાતીત થાય છે. જાતિ, ભાષા, ધર્મ, વર્ણ, દેશ એવા અભિમાનમાં ન રહેતાં બધાનો દંભ એ હરણ કરે છે. મન વશમાં રાખવાથી પંચ તત્ત્વ માત્ર જાતે જ તેમના મનમાં આવે છે. એ કારણે યમ નિયમોનું આચરણ નિસર્ગ જ ઘડે છે. વજ્રાસન દ્વારા પ્રાણાયામ સાધવા એ જાતે જ સાધે છે. એવી અવસ્થા પ્રાપ્ત થયા પછી કુંડલીની શક્તિ જાગૃત થાય છે. તેને મન અને પ્રાણવાયુ સહાય થઈને સત્તરમી જે જીવ કળા છે એ પ્રાપ્ત થાય છે. ઈંદ્રિય અંતર્મુખ થવાથી જાતે જ વિકાર રોકાય છે. વિકાર રોકાય એટલે પંચ મહાભૂતની સત્તા સંપુષ્ટમાં આવે છે અને આત્માનુભવનો સાધકને અનુભવ થાય છે. હે સદ્ભક્તો, ઈશ્વરના ભજનનું આ રહસ્ય છે. ઈશ્વર બધા ચરાચરમાં ભરેલો છે એને જે અનુભવે છે અને એ કારણે એ ભેદાતીત થયા હોય છે.

ભગવાન શ્રી બુદ્ધ બોલ્યાઃ હે સદ્ભક્ત પાંડવો, વેદગત સમયાનુસર સનાતન સત્પંથ ધર્મ પ્રમાણે વર્તીને જીવાત્માએ પોતાના જન્મને સાર્થક કરવો. સત્ય જ્ઞાન શોધીને અને નિષ્કામ કર્મયોગ આચરણથી વર્તીને જે જીવાત્મા સદ્‌ગુરુના જ્ઞાનનું સંધાન કરે છે એ યોગી જાણવો. સંસાર નિરચ્છપણે કરીને પોતાની બધી કામના ઈશ્વર ચરણે અર્પણ કરે છે, યમ નિયમ વગેરેનું આચરણ કરીને સદાચરણ પૂર્ણ જે હોય છે એ ખરો યોગી જીવન મુક્ત સદ્ભક્ત સંત હોય છે. હે સદ્ભક્તો, હવે તમે આ બધા યજ્ઞયાગાદિ કામ્ય કર્મ છોડીને આ નિર્વાણપદનું અનુસંધાન કરો. આયુષ્યના સાયંસંધીકાળમાં લોકૈષણા, ધનૈષણા, રાજૈષણા આ સર્વ આસના વાસનાનો ક્ષય કરીને માત્ર ભગવાનમાં પોતાના ચિત્તનો લય કરો. આગળ કલિયુગ અત્યંત દુસ્તર છે. તેમાં જ્ઞાન સાધના, ધ્યાન સાધના અને લય યોગ સાધ્ય થવું ખૂબ કઠિન છે, માટે તમે હમણાં જ આ બધા ઐહિક સુખોપભોગનો ત્યાગ કરો અને પારમાર્થિક સૌખ્ય શાંતિના અને આત્મ પ્રાપ્તિના સુખ માટે હિમાલયમાં જઈને નિર્વાતપણે ધ્યાન યોગમાં સદ્રુપ થઈને રહો. આ જ મારો તમને અંતિમ સંદેશ છે.

ત્યારે શ્રી હરિને વિનવે યુધિષ્ઠિર રાયે, સ્વામી અમારી મુક્તિ કઈ પેરે થાયે. ॥૬૦૦॥
ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા વિખ્યાત, તમે યુધિષ્ઠિર સુણો કહું સત્ય વાત. ॥૬૦૧॥
હવે લાગ્યો કલિયુગને રાજા દ્વાપર જાય, સર્વ દેવ ઋષિવર અલોપ હોઈને રહ્યાય. ॥૬૦૨॥
કલિયુગમાં કેનું મન થર નહિ તો રહે, સાડાઓગણીસ વસા તો પાપના વહે. ॥૬૦૩॥
જ્યાં અર્ધો વસો સત્ય ધર્મના રે જાણ, ત્યાં એવી કઠણ વેળા વીતશે પરમાણ. ॥૬૦૪॥
શ્રી બુદ્ધને યુધિષ્ઠિર પૂછે છે વિચાર, સ્વામી કેવો કલિયુગનો ચાલે સંસાર. ॥૬૦૫॥
ત્યાં કેવા રાજાને કેવા હોશે પ્રધાન, અને કેવા લોક રૈયત હોશે નિર્વાણ. ॥૬૦૬॥
કેવા પંડિત પઢે વેદ પુરાણની રે વાણ, અને કેવા શ્રોતા ત્યાં બેઠા સાંભળે જાણ. ॥૬૦૭॥
ત્યાં કેવા યોદ્ધા રણે સન્મુખ લઢે, અને વળી કેવા યોદ્ધા ત્યાં રણમાં પડે. ॥૬૦૮॥
કેવા હશે યોગી યતિ તે યુગમાં જાણ, કેવા દાતા હોશે જે દેવે પુણ્યને દાન. ॥૬૦૯॥

ત્યાં કેવી વર્ષા કલિયુગમાં રે હોવે, હે પ્રભુ કેવી ધરતી પાકશે સોયે. ॥૬૧૦॥
ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા વિખ્યાત, સુણો યુધિષ્ઠિર કહું હું તોયે વાત. ॥૬૧૧॥
અલ્પ વર્ષા કલિયુગમાં સર્વે રે હોયે, અને અલ્પ ધરતી પાકશે સહુ કોયે. ॥૬૧૨॥
કલિયુગમાં વર્ષા ઘટતી નાખશે મેહ, ગુરુના પ્રતાપે પૃથ્વી પાક આપશે તેહ. ॥૬૧૩॥
જે કલિના રાજા મહા કપટી હોયે, સેના નાયકને રૈયત ધૂતારી સોયે. ॥૬૧૪॥
લોભી રાજાને લંપટી થાશે પ્રધાન, તેની રૈયત ચોર ધૂતારી હોશે જાણ. ॥૬૧૫॥
ત્યાં લોભી પંડિત વાંચે સ્વાર્થ પુરાણ, ત્યાં તો લંપટ શ્રોતા બેઠા જાણ. ॥૬૧૬॥
યુદ્ધ સમે સહસ્ત્ર યોદ્ધા રણ માંહે ચઢે, સહસ્ત્ર માંહે કોઈ એક સન્મુખ લઢે. ॥૬૧૭॥
લાખ મધ્યે એક દાનવંતા નર રે જોયે, કરોડ મધ્યે એક યોગી યતિ હોયે. ॥૬૧૮॥

રાજા યુધિષ્ઠિર બંને હાથ જોડીને અત્યંત દીનતાથી ભગવાન બુદ્ધને કહે; 'હે સ્વામીન ! દયાળુ દાતાર ! અમારી મુક્તિ કયા ઉપાયથી થશે, એ કૃપા કરીને અમને કહો.'

ત્યારે શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ 'ધર્મરાજા, હું કહું છું તે વચન સત્ય માનીને એ પ્રમાણે વર્તો. હવે દ્વાપર યુગ પૂર્ણ થયો છે. કલિયુગમાં કોઈનું પણ મન સ્થિર રહેશે નહીં. કારણ, સાડા ઓગણીસ વસા પાપ કર્મનો પ્રવાહ વહેશે અને અડધો વસા ધર્મ કર્મનો પ્રવાહ હશે. એટલે કે સો કર્મમાં સાડા સત્તાણુ કર્મ પાપ કર્મનાં રહેશે અને બાકી અઢી કર્મ જ ફક્ત પુણ્ય કર્મનાં રહેશે. આવા પ્રકારની અત્યંત દુઃસહ સ્થિતિ આ કલિયુગની રહેશે.'

યુધિષ્ઠિર બોલ્યાઃ 'હે બુદ્ધ સ્વામી ! જો આ પ્રકારનો કલિયુગ છે તો આ કલિયુગમાં સંસાર કઈ રીતે ચાલશે ? આ કલિયુગમાં લોકવ્યવહાર ક્યા પ્રકારનો રહેશે ? એ તમે અમને કહો. આ કલિયુગમાં રાજા ક્યા પ્રકારના થશે ? પ્રધાન કેવા પ્રકારના હશે ?અને પ્રજા કેવા પ્રકારની હશે ? વેદવેત્તા શાસ્ત્રી-પુરાણી ક્યા પ્રકારના હશે ? અને શ્રોતા ક્યા સ્વરૂપના હશે ? રણસંગ્રામમાં ક્યા પ્રકારના યોદ્ધા હશે ? અને યુદ્ધ કઈ રીતે થશે ? આ કલિયુગમાં વૃષ્ટિ ક્યા પ્રકારની થશે ? જમીનમાં ક્યા પ્રકારના પાક થશે ? એ પણ અમને કહો.'

ત્યારે શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ 'હે રાજા યુધિષ્ઠિર, આ કલિયુગમાં બધાં જ કર્મો વિપરીત થશે. અત્યંત અલ્પ એવી વૃષ્ટિ થશે અને પૃથ્વીમાં અન્ન-ધાન્ય અત્યંત અલ્પ પ્રમાણમાં થશે. ગ્રહ ગતિના ફેરામાં અને કલિયુગમાં અસત્યાચરણને કારણે પૃથ્વી એકદમ નિસ્તેજ થશે. અન્ન ધાન્યની સમૃદ્ધતા બિલકુલ જ રહેશે નહીં. પ્રજા, પશુ-પક્ષી એમની સંખ્યા વિપુલ પ્રમાણમાં થશે અને એ કારણે અન્ન-ધાન્યની અતિશય તૂટ પડશે. માટે લોકો તૃણ ધાન્ય વગેરે પર જ નિર્વાહ કરશે. મનુષ્ય વસ્તી અત્યંત વધશે. સમુદ્રમાંના જળચર પ્રાણીઓ ઉપર મનુષ્ય ઉપજીવીકા કરશે. અન્ન ધાન્ય વસ્ત્ર સંપત્તિની અલ્પતા હોવાથી દાન, કર્મ, ધર્મ વગેરે લોપ પામ્યા જેવાં થશે. ત્યાગ વૃત્તિ ઓછી થશે અને સ્વાર્થ વૃત્તિ વધશે.

લક્ષાવધિ લોકોમાંથી એકાદ દાનવંત થશે, દાન કર્મ કરતી વખતે પણ કીર્તિ દાન કરશે. કોટયાવધિ લોકમાંથી એકાદ ખરો યોગી યતિ થશે. હજારો લોકોમાંથી એકાદ યોદ્ધો થશે અને તેવા હજારો યોદ્ધાઓમાંથી એકાદ શૂરવીર સાચી યુદ્ધકલા શસ્ત્ર વિશારદ થશે.

રાજકર્તા લોભી સ્વાર્થી એશઆરામી અને લાંચખાઉ થશે. પ્રધાન પણ એવા જ પ્રકારના લંપટ અને સ્વાર્થી થઈને પ્રજાને લૂંટશે. પ્રજાનાં ધનમાલ જીવનનું રક્ષણ કરવાની જવાબદારી ભૂલીને તેમની ધનસંપત્તિ પોતાના હસ્તક કઈ રીતે આવે એ જ ધ્યેય વિચારીને પ્રજાને લૂંટશે. પ્રજાની સ્ત્રીઓનું શીલ રક્ષણ કરવાનું છોડીને તેમની બેઆબરુ કરીને શીલ ભ્રષ્ટ કરશે. આવા પ્રકારના રાજ્યકર્તા થશે અને પ્રજા પણ તેવા જ પ્રકારની ચોર, દંભી, સ્વાર્થી, લંપટ, ધૂતારી થશે. સત્‌શાસ્ત્ર પુરાણોનો લોપ થશે. રાજાઓની કથાઓનાં, વાર્તાઓનાં કપોલ કલ્પિત સાહિત્યને વિશેષ પ્રાધાન્ય આવશે. લોભી પંડિત શાસ્ત્રી પોતાના માહાત્મ્ય વધારવા માટે એવા પ્રકારની કથા પુરાણોનો અર્થ લગાડીને શ્રોતાઓને પોતાના તરફનું આકર્ષણ લગાવશે. શ્રોતા પણ મતલબી, દંભી, કપટી અને લંપટ થશે અને આ રીતે આ કલિયુગમાં 'લોભી ગુરુને લાલચું ચેલા, દોનોકા નરકમેં ઠેલંઠેલા.' આ પ્રકારની પરિસ્થિતિ થશે. જે સાચા સદ્‌ગુરુ યુગગુરુ ધર્મ પ્રવર્તક ગુરુ હશે, તે પોતે બ્રહ્મ સ્થિતિમાં રહીને સદ્‌ભક્તોને સત્ય આત્મોન્નતિનો ઉપદેશ આપશે અને એ પ્રમાણે જે આચરણ કરશે એવા સદ્‌ગુરુના અને સદ્‌ભક્તોના પુણ્ય પ્રતાપે સૃષ્ટિ ચક્ર ચાલી શકશે. અન્યથા વિનાશ કાળ, આપદ્ સ્થિતિ, ધરતીકંપ, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, ભયાનક આગ, રોગ, આપઘાતી મૃત્યુ વગેરેનું પ્રમાણ વધીને પ્રજા ત્રસ્ત થશે.

ત્યારે રાજા યુધિષ્ઠિર બોલ્યા છે વિખ્યાત, તમને શ્રી બુદ્ધ પૂછું એક વાત.॥૬૧૯॥
કલિયુગમાં કોણ તીર્થ તે કહીયે જાણ, ત્યાં કોણ સુપાત્ર મુખે દીજીયે દાન.॥૬૨૦॥
ભાગ્યવંતા કોણ વ્રત કલિયુગ માંહે કરે, કોણ દિશાએ બેસીને જાપ ઓચરે.॥૬૨૧॥
કલિયુગ માંહે કયાં વાશો રહેશે ધર્મ, કયાં જઈને પાપનાં છુટશે કર્મ.॥૬૨૨॥
કયાં થાશે તે ધર્મ કહો હે મહાદેવ, કયાં જઈ વાણી સુણીયે તતખેવ.॥૬૨૩॥
કવણ દાન કલિયુગ માંહે દહે, કોણ વિધિયે કેવા સુપાત્ર તો તે લહે.॥૬૨૪॥
ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા રે ત્યાં વાત, સુણો યુધિષ્ઠિર હું તમને કહું સાક્ષાત્.॥૬૨૫॥
આજ ગત્ તીર્થ કલિયુગમાં રે જાણ, અને સદ્‌ગુરુ બ્રહ્મા મુખે દીજીયે દાન.॥૬૨૬॥
બીજ શુક્રવારી કલિયુગ માંહે વ્રત કરો, અને પશ્ચિમ દિશા સન્મુખ બેસી જાપ ઓચરો.॥૬૨૭॥
ત્યાં તો દયા આલંભે ઉપજશે ધર્મ, ગત્‌ગંગા માંહે જઈ છુટશે કર્મ.॥૬૨૮॥
સંપતે જે સેજ દાન કલિયુગમાં રે દેયે, તેણે સંતોષથી વિધિએ સુપાત્ર જો લેયે.॥૬૨૯॥
કલિયુગમાં જો ક્ષમા રૂપી સ્થાપતે ધર્મ, ક્રોધી વાણીના ના સુણીયે મર્મ.॥૬૩૦॥
ત્યારે યુધિષ્ઠિર બોલ્યા ત્યાં તો વિખ્યાત, કહો શ્રી ભગવાન કલિયુગની વાત.॥૬૩૧॥
ચારે યુગમાં કલિયુગ છેલ્લો આવે સાર, તે તો પુણ્ય પાપનો કેવો કરે વ્યવહાર.॥૬૩૨॥
કહો સ્વામી કલિયુગ કેરી સર્વ વાત, ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા મહા વિખ્યાત.॥૬૩૩॥

રાજા યુધિષ્ઠિરે શ્રી બુદ્ધ ભગવાનને કહ્યું: 'હે સ્વામી બુદ્ધનાથ ! અમારા મનનો એક સંશય દૂર કરો. આ કલિયુગમાં પ્રાધાન્યભૂત અને મુક્તિદાયક તીર્થ સારાં ક્યાં હશે ? તેમજ દાન કર્મ કરવા માટે યોગ્ય સત્ પાત્ર કોને સમજવા ? હે ભગવાન અતિશય શ્રેષ્ઠ ઐહિક અને પરલૌકિક સૌખ્ય શાંતિદાયક વ્રત ક્યાં કરવાં અને જપ, પૂજા, ધ્યાન, સ્મરણ કરવામાં યોગ્ય એવી દિશા કઈ હશે ? આ કલિયુગમાં ક્યા મહત્ત્વના આશ્રયથી ધર્મ રહેશે ? પાપ કર્મનો હ્રાસ ક્યા કર્માચરણથી થશે ? આ કલિયુગમાં ધર્મનું સ્વરૂપ શું હશે ? કઈ વાણી શ્રવણ કરવાથી શ્રેય લાભ થશે ? દાન કરવાનું સ્વરૂપ, વિધિ, પાત્ર, અપાત્ર વિચાર કયા પ્રકારનો હશે ? એ બધું તમે અમને કહેવાની કૃપા કરશો.'

ભગવાન શ્રી બુદ્ધ બોલ્યાઃ ' હે રાજા ધર્મ, પૂછેલા બધા પ્રશ્નોના ઉત્તર હું તમને આપું છું, તમે એકાગ્ર ચિત્તે શ્રવણ કરો. આ કલિયુગમાં અતિ શ્રેષ્ઠ અને પરમ પાવક એવાં અનેક તીર્થો છે. મુખ્ય તીર્થો અષ્ટાત્તરશત એટલે ૧૦૮ અત્યંત મહત્ત્વનાં છે. ત્યાં સ્નાન કરવાથી, એ તીર્થક્ષેત્રોનાં દર્શન કરવાથી, જીવાત્માનાં બધાં પાપ પરિમળ ધોવાઈ જાય છે. આ પ્રકારના એ તીર્થ દર્શન છે. પણ સદ્‌ગુરુ ચરણે એ બધા તીર્થોનો મહિમા છે, કારણ તેનું વાસ્તવ્ય સ્થાન સદ્‌ગુરુ ચરણે છે. એવા સદ્‌ગુરુના વાસ્તવ્ય સ્થાને એકત્ર થઈને જે ગત્‌ગંગા, તેની સેવા પૂજા અર્ચના કરે છે, જ્ઞાન શ્રવણ કરે છે, અધ્યાત્મક જ્ઞાનની ચર્ચા અને આચરણ જે જગ્યાએ થાય છે એ ગત્‌ગંગા તીર્થ આ કલિયુગમાં વિશેષ પ્રાધાન્યભૂત અને મુક્તિદાયક છે. એમાં જે સત્સંગ કહેવાય છે, એવા ગત્‌ગંગાના સ્થાને સત્સંગથી જગ્યાએ કરેલાં દાન એ સત્યપાત્રી છે.

સદ્‌ગુરુ મહાત્માના ધામ પર ચાલતાં અન્નક્ષેત્ર, દીન-દુઃખીયાં, અપંગ, અનાથ, પીડિત લોકોની થતી સેવા, ધર્મશાળા, અનાથાલયો, ઔષધાલયો, ગ્રંથાલયો, સંકટગ્રસ્ત લોકો માટે કરવામાં આવતી મદદ વગેરે અનેકાનેક કાર્યો માટે ધનસંપત્તિ, અન્ન, વસ્ત્ર દ્વારા મદદ કરવી, દાન કરવું એ જ ખરું સત્યપાત્રી દાન છે. આવાં કાર્યો જે મહાત્માના હાથે થાય છે, તેમની સંસ્થામાંથી થાય છે, એવા સદ્‌ગુરુ મહાત્માઓને અર્પણ કરેલાં દાન ધર્મ અત્યંત શ્રેયસ્કર છે. જ્યાં દાન કરેલી ધનસંપત્તિનો-અન્ન વસ્ત્ર દ્રવ્યનો દુરુપયોગ થાય છે, તેનો અયોગ્ય વપરાશ કરાય છે, એવી અપાત્ર જગ્યાએ દાન ધર્મ કરવાથી કોઈ લાભ થતો નથી. જે સુપાત્ર હોય અને તે આપેલ દાન ધર્મનો યોગ્ય સદુપયોગ કરે છે તેને જ દાન ધર્મ કરવું.

આ કલિયુગમાં ઐહિક અને પરલૌકિક સૌખ્ય શાંતિ પ્રાપ્તિ માટે શ્રેય પ્રાપ્તિ થાય છે એવા યુગ તિથિનું વ્રતાચરણ કરવું. કલિયુગની યુગ તિથિ શુક્રવારના ચંદ્રદર્શનની છે માટે એ વ્રતના આચરણથી મનુષ્યને પરમ લાભ થાય છે. જપ, પૂજા, ધ્યાન જ્યોતિ સન્મુખ આસન પર બેસીને કરવું શ્રેયકર છે. દાન, દયા, તપશ્ચર્યા અને શુચિભૂતતા આ ચારેય અંગોથી પવિત્ર રહી ધર્મનું આચરણ કરવું, કલિયુગમાં પ્રાણી માત્ર પર દયા કરવી, આત્મૌપમ્ય બુદ્ધિથી વર્તવું એ અત્યંત મહત્ત્વનું અને અતિ આવશ્યક છે. નિત્ય ગત્‌ગંગામાં જઈને સત્સંગમાં રહીને કૃતકર્મનાં પાપ પરિમળ ધોઈ કાઢવાં તે પણ અગત્યનું છે.

ક્ષમા એટલે દુઃખ સહન કરવું અને બીજા પ્રત્યે સહાનુભૂતિ રાખી ક્ષમાનું દાન કરવું. ક્રોધાયુક્ત વાણીનો ઉપયોગ કરવાથી કોઈપણ કાર્ય સિદ્ધિ થશે નહીં માટે મૃદુ અને સત્ય વાણીનો ઉપયોગ કરવો. સાંભળનારને આનંદ અને સંતોષ આપનાર સત્ય, કલ્યાણકારક, જે વાણીથી અજ્ઞાન નષ્ટ થઈને આત્મ જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ મળે છે, સાંભળનારને અભાવ થતો નથી એવી વાણી વાચિક તપ છે. સમય વ્યર્થ ન કરતાં ઈશ્વર-સ્મરણ, વેદાધ્યન એમાં જે વાણીનો ઉપયોગ કરે છે તેને જ 'વાચિક તપ' કહે છે.

દાનનું પણ એવું જ છે. સ્વશ્રમથી અને સન્માર્ગથી મેળવેલ ધન પુણ્ય ક્ષેત્રમાં કે સત્ય પાત્ર મહાત્માને આદરપૂર્વક આપ્યું હોય એ સાત્ત્વિક દાન છે. જેઓ તે દાનનો સદ્‌ઉપયોગ કરે તેને જ દાન કરવું અને હું દાનેશ્વરી અને આ યાચક છે એવો ભાવ ન રાખતાં જે દાન આપે છે તેને સાત્ત્વિક દાન કહે છે. ફલેચ્છા ન રાખતાં દાન કરવું એને પણ 'સાત્ત્વિક દાન' કહે છે. પરંતુ મોટાઈ મળશે આ ઈચ્છાથી ગાયને ચારો અથવા પહેરામણીની દષ્ટિ રાખી સગાસંબંધીને લગ્ન કાર્યનું આમંત્રણ આપવું અથવા લાંચ લઈને બીજાનાં કામ કરવાં, એમ લોકો પોતાનાં વખાણ કરે એવી ઈચ્છાથી જે દાન કરે છે તેને 'રાજસ દાન' કહેવાય છે.

નગરના ચૌટામાં અપવિત્ર વસ્તી રહેતી હોય તેવી જગ્યા અથવા અરણ્ય એવા જગ્યાએ ભેગા થઈને જુગારી, વેશ્યા, ભાટ અથવા તમાસાગીર લોકોને જે લોકો રાત્રે ચોરી કરીને લાવેલ ધન મોટા ઉદારપણાથી વહેંચે છે, તેમના એ દાનને 'તામસ દાન' કહે છે અથવા કદાચિત સત્પાત્ર મનુષ્યને તેની માનહાની કરીને અને અપશબ્દ બોલી જે દાન અપાય છે તે તામસ દાન હોય છે. વેદમંત્રોથી યુક્ત કરેલ અને સ્વીકારેલ દાન આપનારને તેમજ લેનારને બંધનકારક રહેતું નથી. આ માટે દાન કર્મ, યજ્ઞ પૂજા, અર્ચનાદિ કર્મો, તપ કર્મો વગેરે સર્વ વેદ મંત્રોચ્ચારથી યુક્ત બ્રહ્માર્પણ કરીને કરવાં.'

યુધિષ્ઠિરે કહ્યું: 'હે બુદ્ધનાથ ભગવાન ! ચાર યુગોમાંથી કલિયુગ એ છેલ્લો આવ્યો છે. આ કલિયુગની સ્થિતિ કેવી હોઈ શકે છે. તેના આચાર ધર્મ પાપ પુણ્ય કર્મના વ્યવહાર કેવા પ્રકારના થશે, એ બધું તમે અમને કહો. ત્યારે ભગવાન બુદ્ધે યુધિષ્ઠિરને કહ્યું:

શ્રી બુદ્ધ કહે સુણો યુધિષ્ઠિર કહું સાક્ષાત્, સર્વે કલિયુગ તણી કહું સત્ય વાત.॥૬૩૪॥
જે ચારે યુગમાં આ કલિયુગ છે સાર, તે તો સર્વે પાપ પુણ્યના કરે નિસ્તાર.॥૬૩૫॥
કલિયુગમાં પાપી ધર્મી એક જ તડે ફરે, ત્યાં તો પાપી બૂડે ને ધર્મી તો તરે.॥૬૩૬॥
જે પહેલા સત્યયુગમાં કરતા પુણ્ય, તેની કથા સુણો રાજા એકે મન.॥૬૩૭॥
સહસ્ર વાર જયારે દેતા રે દાન, ત્યારે તેનું ફળ એક વાર લેતા પ્રમાણ.॥૬૩૮॥
એક વાર દાન જો કલિયુગમાં રે દહે, તે સવા લાખ ઘણેરું મુનિવર લહે.॥૬૩૯॥
એસા પુણ્ય તો કલિયુગ માંહે વિસ્તરે, એ યુગમાં અનંત કરોડી જીવ ઉદ્ધરે.॥૬૪૦॥
મુખ્ય અથર્વવેદ કલિયુગ માંહે વહે, તે ત્રણ વેદનું તો ઠામ નહીં રહે.॥૬૪૧॥
બહુ પાપ આ કલિયુગમાં વિસ્તરે, તો પણ આ કલિ ધર્મને સાચો તો કરે.॥૬૪૨॥
કઠણ દાનને કઠણ છે આ સંસાર, વળી કઠણ રાજા પ્રજાના વ્યવહાર.॥૬૪૩॥
જે ચોર ધૂતારાનાં તો કર્મ જો કરે, આવાં બ્રહ્મ જ્ઞાન તે મન માંહે નવ ધરે.॥૬૪૪॥
શ્રી હરિને મૂકેને માને પથ્થરને ભૂત, જેમ માબાપને ના માને દુષ્ટ કપૂત.॥૬૪૫॥

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યા: 'હે રાજા યુધિષ્ઠિર, ચારેય યુગમાં આ કલિયુગ છેલ્લો છે. આના પછી આગળ પાંચમો યુગ જ નથી અને સર્વ પ્રાણી માત્ર તેમજ સૃષ્ટિનો અંત આ યુગને અંતે છે માટે આ કલિયુગ અત્યંત મહત્ત્વનો અને અમૂલ્ય છે. આમાં જીવાત્માના બધા કૃત કર્મના ભોગનો પરિપાક થશે. પાપ કર્મ અથવા પુણ્ય કર્મનો નિવેડો લેવાશે અને તત્કાળ તેનાં ફળ જીવાત્માને ભોગવવાં પડશે. આ કલિયુગમાં પાપી અને ધર્મી, દેવ અને દાનવ, સુર અને અસુર એક જ જગ્યાએ કર્મ કરશે, એક ક્ષેત્રમાં એ પોતપોતાના ગુણકર્માનુસાર કર્મો કરશે પણ દરેકની મતિ-બુદ્ધિ ભિન્ન હોવાથી તેમને પોતાનાં કૃત કર્મનાં ફળ સારાં અથવા ખરાબ ભોગવવાં પડશે. આ હાથે કામ આ હાથે દામ એવા પ્રકારની કર્મ ભોગની સ્થિતિ આ કલિયુગમાં વિના વિલંબે ભોગવવી પડશે. તેમાં પાપી ડૂબશે અને ધર્માચરણ કરનારા પુણ્યાત્માનો ઉદ્ધાર થશે.

સત્ય યુગમાં એક હજાર વખત કરેલા દાન કર્મનું એક વાર ફળ મળતું હતું પણ કલિયુગમાં એકવાર નિરિચ્છ (નિષ્કામ) બુદ્ધિથી કરેલા દાન કર્મનું ફળ સવા લાખ ગણું પ્રાપ્ત થાય છે. એટલે સત્ય યુગ કરતાં કેટલાય ગણો આ કલિયુગ મુમુક્ષુ જીવાત્માને લાભદાયી છે. સત્ય યુગમાં એક હજાર વર્ષ સુધી કરેલી તપશ્ચર્યાનું ફળ આ કલિયુગમાં એક જ દિવસમાં કરેલા તપશ્ચર્યાથી પ્રાપ્ત થાય છે. એ પુણ્ય કર્મનું અનંત ફળ પ્રાપ્ત થવાથી તેમજ બાકીના ત્રણે યુગમાં થઈ ગયેલા જીવાત્માઓસહ આ કલિયુગના અંત સમયે અનંત કરોડી જીવાત્માઓને સદ્‌ગતિ-મોક્ષ ગતિ મળશે.

આ કલિયુગમાં મુખ્ય પ્રાધાન્યભૂત એવા અથર્વવેદનું મહાત્મ્ય અવર્ણનીય છે. ત્રિવેદના-વેદત્રયીના કર્મકાંડને કારણે મનુષ્યનું મન સ્થિર રહી શકશે નહીં. માત્ર ઐહિક સુખોપભોગ માટે થતાં યજ્ઞયાગ પૂજા અર્ચનાદિ કર્મને કારણે મનુષ્યના જીવનમાં પૂર્ણત્ત્વ આવતું નથી તો પણ છેલ્લો જે પુરુષાર્થ મોક્ષ સંપાદન કરવો છે, તે અત્યંત મહત્ત્વનું અંતિમ ધ્યેય છે. અથર્વવેદમાંના ગૂઢ એવા બ્રહ્મવિદ્યાના અભ્યાસ સિવાય એ સાધ્ય થતા નથી તે માટે અથર્વવેદ એ વેદત્રયીનો કળશ છે. એ સિવાય મોક્ષ મંદિરમાં પૂર્ણત્ત્વ આવશે નહીં.

હે ધર્મરાજ, આ કલિયુગ ભલે કેટલોય કઠણ દુસ્તર હોય તો પણ અત્યંત મહત્ત્વનો અને ઉપયુક્ત છે. આમાં કૃત કર્મનો યોગ્ય અને એ જ સમયે નિવેડો થાય છે અને સત્યનું ફળ મળે જ છે. સત્યની નાવ કલિયુગના પાપ પ્રવાહમાં અતિશય ડોલાયમાન થાય છે પણ યોગ્ય સ્થાને જઈને જ પહોંચે છે. આવા પ્રકારનો આ કલિયુગ અત્યંત શ્રેષ્ઠ છે. એમાં રાજા-પ્રજાના વ્યવહાર સંબંધ અત્યંત દુસ્તર રહેશે. ભૂતભક્તિને અને દાંભિકપણાને અતિશય પ્રાધાન્ય આવશે. જે પ્રમાણે એકાદ માતાપિતાનો દુષ્ટ કુપુત્ર હોય છે. એ પોતાના ખરાબ સ્વભાવને કારણે માતાપિતાને ત્રાસ આપે છે એ પ્રમાણે અધર્મી, ઢોંગી, દંભી લોકો ઈશ્વરને છોડીને દંભપણાથી લોકોને લૂંટીને પોતાના જ વિચારો લગાવી ડૂબાવશે અને પોતે પણ કાયમના નરકાગરમાં પડશે જ.

જે કલિયુગના બ્રાહ્મણ વાંચે ઠાલા રે વેદ, કલિયુગમાં અથર્વવેદના કરે નિષેધ. ॥૬૪૬॥
કલિયુગના બ્રાહ્મણ લાલચુ ને અશુદ્ધ, ભાઈ તેથી તો તેઓની ગઈ છે રે બુધ. ॥૬૪૭॥
યુગ પરમાણે ના ઓળખે સદ્‌ગુરુની સુધ, તે દશમા અવતારને ના જાણે અબુધ. ॥૬૪૮॥
કલિયુગ માંહે પશુ હિંસા બહુ જ થાયે, ધર્મથી ગાયે પૂજાયે પણ તેની હિંસા થાયે. ॥૬૪૯॥
કલિયુગના લોક મન દયા નવ તે ધરે. અને વિશ્વાસઘાત તો તે બહુ જ કરે. ॥૬૫૦॥
એવા કલિયુગમાં ચાંડાલ જાણો નર જેહ, સમયના વિષ્ણુ રૂપને ના ઓળખે તેહ. ॥૬૫૧॥
વિષ્ણુ કુળ વિના તો બ્રાહ્મણ નહીં, ચાંડાલ નિંદા બ્રહ્મા વિષ્ણુની કરશે સહી. ॥૬૫૨॥
આજ નારાયણ રૂપે શ્રી વિષ્ણુને માનીયે, ભેદ તેના અથર્વવેદે જાણીયે. ॥૬૫૩॥
શ્રી વિષ્ણુ કહે દ્વાપર તો ગયા વહી, એથી કુળ મર્યાદા સર્વ ઝાંખી થઈ. ॥૬૫૪॥
આદ્ય નારાયણે કલિયુગને તો આપ્યું રાજ, તે માટે વિષ્ણુ નારાયણ રૂપે થયા મહારાજ. ॥૬૫૫॥
નિષ્કલંકી હોશે નારાયણ અંશ રાજન, અથર્વવેદી આવશે તે અશરણાશરણ. ॥૬૫૬॥
શ્રી બુદ્ધ કહે બ્રાહ્મણ કલિયુગમાં જાણ, જે અથર્વવેદી બ્રહ્મ વિદ્યા જાણે પ્રમાણ. ॥૬૫૭॥
કલિયુગ માંહે વિષ્ણુ બ્રાહ્મણ ઘેર જાણ, બીજા બ્રાહ્મણ તે ભક્તો નિર્વાણ. ॥૬૫૮॥

કલિયુગમાં બ્રાહ્મણો શુષ્ક વેદ પઠન કરશે. એ વેદ પઠનનો કોઈ ઉપયોગ - લાભ થશે નહીં. અંદર અંદર કુટિલ મતભેદથી એક બીજાનો દ્વેષ નિંદા તિરસ્કાર કરીને ઊંચ નીચ એવા ભેદ પાડશે, અથર્વવેદને નિકૃષ્ટ માનીને તેનો નિષેધ, અવહેલના તિરસ્કાર કરશે, અથર્વવેદનું મહત્ત્વ જાણશે નહીં, ધનસંપત્તિની લાલચથી એટલે ફક્ત દક્ષિણા લાભના ઉદ્દેશથી જ વૈદિક કર્મકાંડ યજ્ઞયાગ કરશે. તેમાં શુદ્ધશુદ્ધતાનો, પાવિત્ર્યતાનો વિચાર કરશે નહીં. ગ્રહ ગતિ શુભાશુભ ફળ વગેરે ગૌણ માનશે અને ધાર્મિક ભાવના સમજીને શુદ્ધશુદ્ધતાનો વિચાર કર્યા સિવાય કર્મો કરશે. તેવાં કર્મ યશસ્વી ન થતાં વિપરીત પરિણામ ઘડાઈને લાવશે અને એ કારણે લોકોની ધાર્મિક ભાવના શ્રદ્ધા ઓછી થશે.

દશમા અવતારના કાર્ય માટે અને અવતાર માટે લોકોમાં ભ્રમ પ્રસરાવશે, માટે સત્ય વસ્તુ સ્થિતિ માટે અસંબંદ્ધતા થશે. કલિયુગમાં પશુઓની સંખ્યા વિપુલ પ્રમાણમાં થશે, તેના પાલન પોષણ માટે યોગ્ય એવાં જંગલો ન હોવાથી આહાર પાણીના અભાવે પશુની સંખ્યા ઓછી કરવી પડશે. પર્યાયથી પશુ હિંસાનો ઉભરો આવશે અને તેનો દોષ ગણાશે નહીં. ધર્મથી ગાયો પૂજ્ય મનાશે તો પણ તેનીય હિંસા થશે. લોકોના મનમાં કોઈપણ પ્રકારનો દયાભાવ પ્રેમભાવ રહેશે નહીં. વિશ્વાઘાત તો પળેપળ કરશે. લોભ સ્વાર્થ માટે એકબીજાને નીચા પાડવાના પ્રયત્ન કરશે. હિંસક વૃત્તિ અતિશય બળવત્તર થશે. આવા કૃત્યોને કારણે જ આ કલિયુગને બધામાં નિકૃષ્ટ ચાંડાલ પ્રમાણે ગણેલ છે.

આવા કલિયુગમાં વિષ્ણુ ભગવાનને અથવા તેના અવતાર પાત્રને જે જાણશે નહીં એને પણ ચાંડાલ જ જાણવો. ભગવાન વિષ્ણુના અથવા તેના અવતારની ઉપાસના સિવાય કોઈપણ કુળને, અંશને, ઘરાનાને પ્રાધાન્ય મળશે નહીં, કારણ વિષ્ણુની ભક્તિ એ સાત્ત્વાધિકય ગુણયુક્ત હોવાથી સાત્ત્વાંશ ગુણ સિવાયના બ્રાહ્મણનું મહત્ત્વ નથી. જે બ્રહ્માની વિષ્ણુની મહેશની નિંદા કરશે એ ચાંડાલ સમજવો. બ્રહ્મા એ સદ્ગુરુ રૂપે, વિષ્ણુ અવતાર રૂપે અને મહેશ ઈશ્વર રૂપે આ જગતમાં પોતપોતાના યોગમાયાના અંશભૂત સ્વરૂપથી જગત કાર્ય કરી રહ્યા છે. તેમનાં આ કર્મ રહસ્ય ન જાણતાં તેમની જે નિંદા કરે છે એ ચાંડાલ સમજવો. અથર્વવેદ આ કલિયુગનો પ્રાધાન્યભૂત વેદ છે.

આ કલિયુગમાં ભગવાન વિષ્ણુ નિષ્કલંક રૂપ ધારણ કરીને અવતાર કાર્ય કરવાના છે. આ કલિયુગમાં કોઈપણ એક જ વંશને, કુળને, ઘરાનાને, જાતિને, વર્ણને પ્રાધાન્ય રહેશે નહીં. બધા કુળ મર્યાદા વગેરે નષ્ટ થશે. આદ્ય નારાયણે આ કલિયુગને આપેલ વરદાન અનુસાર કલિયુગ એ સર્વ શ્રેષ્ઠ ગણાશે. ત્રણ યુગમાં વર્ણ જાત વંશ ભેદ મનાય છે, પરંપરાગત એ ભેદ પળાયા પણ કલિયુગમાં વર્ણ જાત કુળ વંશનું અભિમાન માનવીની ઉન્નતિમાં આડું આવશે. તેથી ભગવાન શ્રી વિષ્ણુ એક સામાન્ય ગરીબ ઘરાનાનો આશ્રય લઈને માનવ જાતિના એકાકારની ધુરા પોતે વહેવડાવશે. અઢારે વર્ણ એક થશે અને પછી ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ અથર્વવેદ બ્રહ્મ વિદ્યાનો સર્વત્ર પ્રસાર કરીને માનવોની આધ્યાત્મિક શક્તિની વૃદ્ધિ કરીને આત્મોન્નતિ કરાવશે. આવા પ્રકારના એ અશરણાશરણ ભગવાન (જે કોઈના પણ શરણ જતા નથી પણ સર્વ ભૂતપ્રાણી માત્ર અનન્ય ભાવે જેના શરણમાં આવે છે એ આદિ નારાયણ) આ કલિયુગમાં અનંત લીલા કરશે. આ માટે હે સદ્ભક્ત પાંડવો, તમે પણ અથર્વવેદની બ્રહ્મ વિદ્યાનો અભ્યાસ કરો, આચરણ કરો. અથર્વવેદ બ્રહ્મવિદ્યા સંપન્ન બ્રાહ્મણના ઘરનો આશ્રય લઈને ભગવાન અવતાર ધારણ કરશે. એ કોઈના પણ ઘેર બાળક રૂપે જન્મ લેશે નહીં. એ તો પોતે સ્વયં સિદ્ધ પ્રગટ થશે. કલિયુગમાં તેની જ ભક્તિ પ્રાધાન્યભૂત રહેશે. જે તેની ભક્તિ કરશે એ આ કલિયુગમાં બ્રાહ્મણ પ્રમાણે પૂજ્ય ગણાશે.

ત્યારે જે ભક્ત જનની નિંદા તો કરે, તેના પાપ તો કર્મ કરીને નહીં ઉતરે. ॥૬૫૯॥
જે ભક્તને વહાલા હોશે શ્રી હરિ સહી, તે તો નિંદા અરીપરી કોઈની કરશે નહીં. ॥૬૬૦॥
મનુષ્ય રૂપ માંહે સાચા દેવ કહીયે તેહ, સત્પંથ ધર્મ તણા ગુણ રાખે જેહ. ॥૬૬૧॥
મનુષ્ય માત્ર માંહે ઉત્તમ અધમ તો કોઈ નથી, ઉત્તમ અધમ કર્મ કહાવે છે તેની મતિ. ॥૬૬૨॥
સહસ્ર નામ પોતે ભણાવ્યા છે હરિ, સત્ય સેવાને પાંચ જ્ઞાન રાખે પાઠે કરી. ॥૬૬૩॥
પોતે ગત્ગંગા આગળ હાલ નિવેદન કરે, તો તે જીવ મુવે પણ યમ યાતના નવ સહે. ॥૬૬૪॥
વળી જે નર સહસ્ત્ર નામ શીખે રે નહીં, આપ ડહાપણે મિથ્યા લવરી કરશે સહી. ॥૬૬૫॥
હરિ કહે તેવાનું મુખ જોતાં લાગે બહુ પાપ, સર્વે સાધુજન તેણે તો દેવે અતિ શ્રાપ. ॥૬૬૬॥
મનુષ્ય માંહે ના શીખે જ્ઞાન જેહ, હરિ કહે ધિક અવતાર જાણો તેહ. ॥૬૬૭॥
જે શીખવતાં મન સંકોચ કરે, તેના શિર પાપીના પાપ જો ચઢે. ॥૬૬૮॥

જે ભક્તજનોની નિંદા કરશે, સાધુ સંત મહાત્માઓની અવહેલના તિરસ્કાર કરશે, તેનાં એ પાપ કર્મો કોઈપણ ઉપાયથી મટી શકશે નહીં. જે ભક્તો એક માત્ર ઈશ્વર પર પોતાનો દૃઢ વિશ્વાસ રાખીને તેને જ પોતાનું તન મન ધન પ્રાણ અતિ પ્રેમ આદરથી અર્પણ કરે છે, જેનો પ્રિય પ્રેમાસ્પદ એ ભગવાન જ છે, એ કોઈની પણ નિંદા કરતો નથી, મત્સર દ્વેષભાવ તિરસ્કાર વગેરે તેનામાં હોતાં નથી, સર્વ ભૂત પ્રાણી માત્ર પર એ અખંડ પ્રેમની વૃષ્ટિ કરે છે તેવા જનને મનુષ્ય રૂપમાં એક બોલતો ચાલતો ઈશ્વર સમજવો. તેવા સદ્ભક્તના હૃદયમાં ઈશ્વર સાતત્યથી અખંડીત રીતે બેઠેલો હોય છે. સત્પંથ કર્મનું પાલન આચરણ કરનારા મુમુક્ષોની પણ આ જ સ્થિતિ હોય છે.

દેવોના ગુણ એટલે દૈવી સંપદાના ગુણ જેમનામાં હોય છે એ ખરા સત્‌પંથી હોય છે.

દૈવી સંપત્તિના આ ગુણ છે :-

પહેલો ગુણ એટલે 'અભય' છે. જે સર્વ જગતને આત્મા સ્વરૂપમાં જુએ છે તેને સંસારનો ભય ક્યાંથી રહેશે ? પોતાની જગત પ્રત્યેની અદ્વૈત ભાવના થયા પછી ભયનું નામ તેને રહેતું નથી.

બીજો ગુણ 'શુદ્ધ બુદ્ધિ' છે. જે પ્રમાણે ગંગાનાં પાણી હંમેશાં નિર્મળ હોય છે, એ પ્રમાણે જેની બુદ્ધિ નિર્મળ હોય, સંકલ્પ વિકલ્પ જેના હૃદયમાં નિર્માણ થતા નથી. રજોગુણ અને તમોગુણ જેનામાં નહિવત્ થવાથી બુદ્ધિ દ્વારા આત્મચિંતનનો આવિર્ભાવ પ્રગટ થાય એ 'શુદ્ધ બુદ્ધિ' છે.

ત્રીજો ગુણ એટલે 'ચિત્ત વૃત્તિ સ્થિર' કરવી, એને જ જ્ઞાન યોગ કહે છે.

ચોથો ગુણ 'દાન' જે પોતાનો શત્રુ હોય અને તેને પણ સંકટમાં મદદ કરવી એ સાચું દાન છે. વૃક્ષ જે પ્રમાણે પોતાના પાન, ફૂલ, ફળ, છાયા એ કેટલાંય વટેમાર્ગુને પરમાર્થ ભાવે આપે છે. એ પ્રમાણે પોતાની ધન, સંપત્તિ પ્રસંગાનુસાર ખરા ભાવથી અસહાયને આપી મદદ કરે તે સાચું દાન કહેવાય છે.

પાંચમો ગુણ ઈંદ્રિયોને અંકુશમાં રાખવી એને 'દમ' કહે છે. આ દૈવી સંપત્તિનો પાંચમો ગુણ છે. આનાથી સાચો વૈરાગ્ય પ્રાપ્ત થાય છે.

બધાને પોતપોતાના અધિકાર અનુસાર જે જે ધર્મ હોય છે તે તે યથા શાસ્ત્ર પાળવા પરંતુ તેમાં ફળની આશા રાખવી નહીં એને જ 'યજ્ઞ' કહે છે.

પોતાનું મુખ જોવા માટે જે પ્રમાણે અરીસો વારંવાર લૂછીને સ્વચ્છ કરીએ એ પ્રમાણે ઈશ્વરનું સ્વરૂપ જાણીએ, માટે કાયમ વેદાભ્યાસ કરવો અને તેની સ્તુતિ, સ્તોત્ર, ગાયન કરવાં એને 'સ્વાધ્યાય' કહે છે.

વેદનાં બ્રહ્મ સ્તોત્ર અને ઈશ્વરના નામ કાયમ પઠન કરવાં. ધૂપ અગ્નિ પર પડીને તેનો નાશ થાય છે પણ એ બધાને સુગંધ આપે છે એ પ્રમાણે આત્મ સ્વરૂપની પ્રાપ્તિ કરવા માટે પ્રાણ ઈંદ્રિયો અને શરીરને જીરવવું એને જ 'તપ' કહે છે.

સર્વ પ્રાણી માત્ર પ્રત્યે સૌજન્યતાથી વર્તવું એને આર્જવ 'નમ્રતા' કહે છે.

જગતના સુખ માટે કાર્ય કરતા રહેવું, કાયા વાચા મનથી કોઈને દુભાવવા નહીં એને જ 'અહિંસા' કહે છે.

સત્ય મધુર અને હિતકારી એવી સત્ય વાણી બોલવી. કટુ પરંતુ સાંભળવાથી મધુર હોય એ વાણીને 'સત્ય વાણી' કહે છે.

કાળજાને વિંધનાર કઠોર બોલ સાંભળીને પણ જેને ક્રોધ આવતો નથી તે સ્થિતિને 'અક્રોધ' કહે છે.

રાખમાં ઘી હોમવાથી જેમ અગ્નિ સળગતો નથી તેમ જે શબ્દ ઉપયોગથી કામ ક્રોધ ઉત્પન્ન થાય છે તેનો ઉચ્ચાર કરવાથી પણ જેને ક્રોધ આવતો નથી તેને 'અક્રોધ તત્ત્વ' કહે છે.

ઊંઘનો ત્યાગ કરવાથી જેમ સ્વપ્ન ત્યાગ જાતે જ થઈ જાય છે, તેમ દુષ્ટ વિચારોના ત્યાગ કરવાથી વિષયોપભોગનો ત્યાગ જાતે થાય છે એ પ્રમાણે જ્ઞાની પુરુષ 'હું' આ અહંકારનો ત્યાગ કરીને સંસારમાં રહે છે તેને જ સાચો 'ત્યાગ' કહે છે.

ત્યાર પછીનો ગુણ એટલે 'પરમ શાંતિ.' આત્મ વસ્તુ સાથે એકરૂપતા જ્યારે થાય છે ત્યારે અંતઃકરણમાં સાચી શાંતિ શરૂ થાય છે. કોઈપણ દુઃખી જીવને તેના દોષથી મુક્ત કરીને તેને મદદ કરવું મહાપુન્ય છે.

પૂર્ણિમાનો ચંદ્ર શીતળતા આપવામાં નાનો મોટો ભેદભાવ ન રાખતાં જે પ્રમાણે બધાને એક સરખી જ શીતળતા આપે છે એ પ્રમાણે દુઃખીઓનાં દુઃખ હરણ કરતી વખતે આ ઉત્તમ આ અધમ એવો ભેદ દયાર્દ્ર અંતઃકરણનો મનુષ્ય કરતો નથી, એ ગુણને જ 'દયા' કહે છે.

જે પ્રમાણે વહેનારું પાણી રસ્તામાં આવનારને ખોબા ભરીને આપ્યા સિવાય આગળ જતાં નથી તેમ પોતાને શરણે આવેલા મનુષ્યને સંતોષિત કર્યા સિવાય જે રહેતો નથી અને બીજાનાં સુખ જોઈને જેને આનંદ થાય છે એ સાચો 'દયાળુ' મનુષ્ય છે.

કોઈપણ વિષયોમાં મન લલચાય નહીં તેને 'નિઃસ્પૃહતા' (આસક્તિ ન હોવાપણું) કહે છે.

જળચરોને પાણી, પક્ષીઓને આકાશ અથવા નાના બાળકોને માતાનો પ્રેમ જેમ સુખકર લાગે છે તેમ જગતના જીવ માત્રના વિષયે જેને પ્રેમાક્ષ થાય છે તે ગુણને 'માર્દવ' (કોમળતા - અભિમાનનો ત્યાગ) કહે છે.

મન અને પ્રાણના સંયમથી ચંચળતા સામાન્ય થાય છે ત્યારે દેહને અને મનને સ્થિરત્વ આવે છે, તેને 'અચળપલ્ય' (અડગતા) કહે છે.

ઈશ્વર પ્રાપ્તિ માટે જ્ઞાન માર્ગે મનથી આચરણ કરવું એને 'શારીરિક તેજ' કહે છે.

સહનશીલતા હોય પણ તેનો ગર્વ ન થવો એને 'ક્ષમા' કહે છે.

આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક એવાં સર્વ પ્રકારનાં સંકટ ગહન કરવાં એ ગુણને 'ધૃતિ' (ધારણા) કહે છે.

શરીર અને મન પવિત્ર રાખવું એને જ 'શૌચ' કહે છે.

ગંગાનું પાણી સમુદ્ર તરફ જતી વખતે કાંઠા પર આવેલા વૃક્ષોનું પોષણ કરે છે અને સ્નાન કરનારાનાં પાપ અને તાપ નષ્ટ કરે છે એ પ્રમાણે સ્વાર્થ સ્વાધીન ન રહેવાથી બીજાને પણ જે સુખ આપે છે તેમના આ ગુણને 'અદ્રોહત્વ' (વફાદારી-પરોપકાર) કહે છે.

લોકોમાં માન મળવાથી જેને સંકોચ થાય છે તેના એ ગુણને 'અમાનિત્વ' (નિરાભિમાન) કહે છે. એમ આ દૈવી સંપત્તિના ગુણ છે.

મનુષ્ય જાતમાં ઉચ્ચ નીચ એવો જન્મથી કોઈ પણ નથી, પણ તેના ઉત્તમ અધમ કર્માનુસાર અને બુદ્ધિ અનુસાર એ મનુષ્ય ઉત્તમ અથવા અધમ થતો હોય છે. પરમેશ્વરનાં સહસ્ર નામ છે. કોઈપણ નામે બોલાવીએ તો પણ તે પરમાત્માને જ ઉદ્દેશીને હશે, તેના સ્થાને ઉત્કૃષ્ટ નિકૃષ્ટ એવો ભેદ નથી. મનુષ્યે હંમેશાં ઉત્તમ બુદ્ધિનો ઉપયોગ કરીને ઉત્તમ કર્મ કરીને ઉત્તમ થવાનો પ્રયત્ન કરવો. પંચ વિષયોનું જ્ઞાન સંપાદન કરીને મેળવીને, પંચેન્દ્રિય દમન કરીને સત્ય વચન અને સેવા વૃત્તિનું અવલંબન કરવું (આધારે રહેવું). સત્સંગમાં નિત્ય રહીને ગત્ગંગામાં કૃત (કરેલા) કર્મનું નિવેદન કરીને કર્મ દોષ ટાળવો એટલે એ જીવાત્માને યમ યાતના ભોગવવાનો સમય આવશે નહીં.

પરમેશ્વરનાં સહસ્ર નામ હોવા છતાં યુગાવતારના નામને જે લોકોએ જાણ્યું નહીં અને અમુક જ નામ શ્રેષ્ઠ, અમુક કનિષ્ઠ એવો ભેદ કરે છે, આવા ભેદબુદ્ધિ માનવોનું મુખાવલોકન પણ દૂષિત જાણવું, સંત મહાત્મા સત્પુરુષો એવા દ્વેષી મત્સરી મનુષ્યને સમજાવે છે છતાં તેનો નિષેધ કરે છે, આવા મનુષ્યો માનવ જન્મમાં આવીને પણ ઉન્નતિનું જ્ઞાન મેળવતા નથી. માનવતા ધર્મ પ્રમાણે વર્તવાનો જે પ્રયત્ન કરતા નથી તેમનો માનવ જન્મ વ્યર્થ જાણવો. પશુ પક્ષીઓના જન્મ કરતાં પણ તેવા અકર્મણ્ય મનુષ્યનો જન્મ ધિક્કારવા પાત્ર સમજવો.

જે મનુષ્યએ સ્વ પ્રયત્ને સત્શાસ્ત્રોનો અભ્યાસ કરીને અથવા સત્ગુરુ મહાત્માઓ પાસેથી આત્મોન્નતિનું જ્ઞાન સંપાદન કરીને પોતાની આધ્યાત્મિક પ્રગતિ કરી છે, તેમના ઉપર સમાજનું ઋણ હોય છે. એટલે તેમને માનવ માત્રને સંપાદન કરેલા જ્ઞાનનો ઉપદેશ કરીને સમાજ જાગૃત્તિનું કાર્ય કરવું. પોતાના આદર્શથી સમાજને દીપાવીને જ્ઞાન જ્યોતિનો પ્રકાશ કરવો. એ કરતી વખતે જે સંકોચ કરશે અથવા સંકુચિત વૃત્તિથી જ્ઞાન દાન કરશે તેના શિર પરથી આ ઋણ ઉતરશે નહીં માટે સત્જ્ઞાન પોતે સંપાદન કરવું અને લોકોને તેનો ઉપદેશ કરીને જ્ઞાન આપવું એ શ્રેષ્ઠ 'કર્મ યોગ' છે.

જે હરિ દ્વારે જઈ પ્રસાદ માગી લેહે, હીણ કાજે કુળ મર્યાદા મૂકે તેહે. ॥૬૬૯॥
ભાવ ભક્તિ પ્રમાણે કર્યો પ્રસાદ જાણ, ભેટ મોકલેલ ભગવાનની તે માન. ॥૬૭૦॥
જે ભેટ આપ્યા વિના પ્રસાદ લેહે, તે તો દેવનો કૃતઘ્ની પાપી છેયે. ॥૬૭૧॥
હરિ દ્વારે ચોરી કરે નર જેહ, રોમે રોમે દુઃખીયો થાશે તેહ. ॥૬૭૨॥
પ્રસાદમાં જે કરે ભાગ વિભાગ, તેણે તો માથે પડે છે મોટું પાપ. ॥૬૭૩॥
ઋષિ શ્રાપ તો ભલેરો રે સહી, પણ ચોરી સરખું કોઈ પાપ તો નહીં. ॥૬૭૪॥
જે જન ધર્મ ઉપરથી પ્રીત ઓછી કરે, તેનું પાપ તો તેણે મસ્તકે ચડે. ॥૬૭૫॥
તે માટે તમે ધર્મ સાંભળો સાર, અજ્ઞાન સમો બીજો પાપ નહીં નિર્ધાર. ॥૬૭૬॥
એમાં પ્રસાદની ચોરી જે કરે, તે પાપી તો કદી કહી નહિ ઠરે. ॥૬૭૭॥
અન્યાયે લઈને ડગ જો ભરે, એને બ્રહ્મ હત્યા તો માથે ચડે. ॥૬૭૮॥
ઋષિવરનું લક્ષણ પ્રસાદ માગે નહીં, હરિ દ્વારે ગયે તો પ્રસાદ પામે સહી. ॥૬૭૯॥
પ્રસાદ અવગણવો તે મોટું છે પાપ, હરિ દ્વારેથી ફરે તેણે લાગે છે શ્રાપ. ॥૬૮૦॥
તે માટે જ્ઞાન શીખીયે સહી, જેમ અણજાણ્યો દોષ લાગે નહીં. ॥૬૮૧॥
જે નર જાણે ને શીખે રે જ્ઞાન, તે નરને પ્રીતી હોયે શ્રી ભગવાન. ॥૬૮૨॥
જ્ઞાની તો કરે વિચારની રે વાત, જેથી વધે તેના દિલની ખ્યાત. ॥૬૮૩॥
અજ્ઞાની નર જુગમાં હોયે જેટલા, અને એ તો સ્વર્ગ નહીં પામે તેટલા. ॥૬૮૪॥
વેદ વિના તો હરિ ઓળખાયે નહીં, જેમ કોઈ મૂર્ખને અન્ન આપે સહી. ॥૬૮૫॥
અજ્ઞાની હોય તે ના જાણે ભગવાન, જ્ઞાની તે જાણે પુરુષ પુરાણ. ॥૬૮૬॥
તે માટે તમે યુધિષ્ઠિર જોયે, ધર્મ વિના સત્યની છાપ ના હોયે. ॥૬૮૭॥
અથર્વવેદી સર્વ કર્મ એહ, અને આપજો દાન વિના અભિમાને જેહ. ॥૬૮૮॥

'જે પરમેશ્વરના દરબારમાં એટલે મંદિર પૂજાગૃહ વગેરે જગ્યાએ ફક્ત પ્રસાદ મેળવવાની આશાથી જાય છે તેને હીન પ્રવૃત્તિના જાણવા. જેમણે કુળ શીલની મર્યાદા છોડી છે તે જ દીનહીન પેટ ભરવાના આશયથી મંદિર, પૂજા ગૃહ, સદાવ્રતો વગેરે જગ્યાએ દોડે છે. પ્રસાદ મેળવવો હોય તો અને સદાવ્રતમાં જમવાનું હોય તો પ્રથમ એ ભગવાનના ધામમાં ભેટ, પ્રસાદ, વસ્તુ, પદાર્થ, દ્રવ્ય, અન્ન ધાન્ય અર્પણ કરવું. કંઈ પણ અર્પણ કર્યા સિવાય પ્રસાદ લેવો અથવા જમણ કરવું એ દેવઘરમાં ચોરી કરવી એવું એ મહાન પાતક છે. ત્યાંની વસ્તુ જે લોકોએ આપેલી હોય તે ભગવાનને ભેટ માનીને અર્પણ કરેલી હોય છે માટે ભગવાનના મંદિરની હોય છે. એ વસ્તુ પર કુદૃષ્ટિ રાખીને ચોરી કરવી અથવા પોતે ઉપભોગ કરવો એ મહાન પાપ મૂલક છે. તેવા વ્યક્તિનાં રોમે રોમે દુઃખ વ્યાપશે અને પીડા ભોગવશે.

પ્રસાદ વહેંચતી વખતે જે કોઈ મોં જોઈને ઓછું વધારે ભાગ વિભાગ કરે છે એ પણ પાપ કર્મના અધિકારી થશે. ઋષિ શ્રાપ અત્યંત દુસ્તર હોય છે, એ ઉઃશાપથી મટી શકશે પણ પરમેશ્વરના દરબારમાં કરેલી ચોરી, અન્યાય, વ્યભિચાર, ભ્રષ્ટાચાર, બેઈમાનીપણું એનાં ફળ ભોગવ્યા સિવાય છૂટકો જ નથી. આ કર્મ દોષોનાં ફળ પેઢી વંશ પરંપરાગત ભોગવવાં પડે છે.

જે મનુષ્ય ધર્મ ઉપર શ્રદ્ધા ઓછી કરશે તેનું પાતક પણ શિર ઉપર આવી પડશે. ફક્ત ઐહિક લાભ તરફ દૃષ્ટિ રાખી ધર્માચરણ કરતો હોય છે, તેથી તેની આકાંક્ષા પૂર્ણ થતી નથી એટલે મનુષ્યની ધર્મ તરફ અનાસ્થા થાય છે, પણ તેની આ સંકુચિત ભાવના છે. દૃઢ શ્રદ્ધાથી ધર્માચરણ કરવાથી મનુષ્યની ઐહિક અને પરમાર્થિક ઉન્નતિ થાય છે. આ માટે હે સદ્ભક્તો,

પહેલાં તમો સત્પંથ સદ્ધર્મનું જ્ઞાન સંપાદન કરો. અજ્ઞાનપણામાં ન રહેશો. મનુષ્ય જન્મમાં આવી ધર્મનું જ્ઞાન ન હોવું એ પાપ મૂલક છે. પશુઓને પણ પશુ ધર્મનું જ્ઞાન હોય છે. આહાર, નિદ્રા, મૈથુન ન શીખવતાં પણ એ નિસર્ગતા પશુ પક્ષી જીવ પ્રાણી માત્રમાં હોય છે. એ પ્રમાણે માનવને માનવતાના ધર્મનું જ્ઞાન અને આચરણ અત્યાવશ્યક છે. અજ્ઞાનતા જેવું બીજું કોઈ પાપ નથી.

અન્યાય બળજબરીથી બેઈમાની બનીને જે અન્ન ખાશે તેને બ્રહ્મહત્યાનું પાતક લાગશે. તે અપાર યમ યાતના ભોગવશે. પોતાના મુખે ન માગતાં જે પ્રસાદ મળે એ જ સાચો પ્રસાદ હોય છે. જે સાચા ઋષિવર હોય છે તે પોતે કદી પણ મુખથી માગતા નથી. પરમેશ્વરના દરબારમાં આવ્યા પછી ન માગતાં પણ પ્રસાદ મળે છે, પણ જીવાત્માની તેવી શ્રદ્ધા હોવી જોઈએ. પ્રસાદ વસ્તુ સ્વરૂપે, અન્ન સ્વરૂપે ન મળે તો સંત મહાત્માનો કૃપા પ્રસાદ અયાચિત પણ મળતો જ હોય છે. શ્રદ્ધા ન હોય અને પ્રસાદની યાચના કરે તો તેને પ્રસાદ મળશે પણ તેની ભાવના વાસના માત્ર પ્રસાદ પૂરતી જ છે એ તેની લાભની ઈચ્છા વગરની બુદ્ધિથી કરેલી ભક્તિથી છે. માટે કોઈપણ કામના (ઈચ્છા) મનમાં ન રાખતાં ભગવાનનું સ્મરણ ચિંતન ધ્યાન કરો.

પરમેશ્વરના દરબારમાં જઈને વિન્મુખ રહેવું એટલે તેની ભક્તિ, પૂજા, અર્ચના, ધ્યાન, ચિંતન, સ્મરણ ન કરવું. જ્ઞાન ચર્ચા ન સાંભળવી, સત્સંગ ન કરવો, અર્થહીન ચર્ચાઓ કરવી વગેરે અને અકર્મણ્યતેત રહેવું તે અત્યંત અનર્થ મૂલક-પાપ મૂલક છે. એ માટે હે સદ્ભક્તો તમે જ્ઞાન મેળવો. અજ્ઞાનપણામાં રહેશો નહીં. ફક્ત અંધશ્રદ્ધાની રાહ પકડશો નહી.

જે મનુષ્ય આત્મ જ્ઞાન મેળવીને તે પ્રમાણે આચરણ કરે છે તે ભગવાનને અત્યંત પ્રિય હોય છે. જે ભક્ત સર્વ ઈંદ્રિયોસહ પોતાનું ચિત્ત ઈશ્વરને અર્પણ કરે છે પછી તેનું દેહાભિમાન આપોઆપ નહિવત્ થાય છે અને ભગવાનની પ્રાપ્તિ સહજમાં થાય છે. ચોવીસ કલાકમાંથી દસમો ભાગ મનથી જો પોતાનું ધ્યાન એક ચિત્તે ભગવાન તરફ લગાવશું તો પણ મુક્તિ મળશે. ધાર્મિક અભ્યાસથી દુષ્કર વાતો પણ સાધ્ય થાય છે.

મન, વાચા અને શરીર તરફથી જે જે આચરણ ઘડાશે તે તે હું કરું છું એમ જાણશો નહીં, અભિમાન છોડીને સર્વ કર્મ મને (ભગવાનને) અર્પણ કરો, એટલે સહજ રીતે તમે મુક્ત થશો. કર્તાહર્તા નિશ્ચલ ચાલક પરમાત્મા છે એવી ધારણા રાખો, અથવા કર્મ કરીને તેના ફળની અભિલાષા કરશો નહીં. શેકેલું બીજ રોપવાથી જેમ ઉગતું નથી જે પ્રમાણે નિરિચ્છ (ઈચ્છા રહિત) બુદ્ધિથી કરેલાં કર્મને કારણે ફરી જન્મ લેવો પડતો નથી. ધર્મનો અભ્યાસ કરતાં જ્ઞાન થાય છે. જ્ઞાન કરતાં ધ્યાન થાય છે. કર્મનો ત્યાગ એ એના કરતાં પણ શ્રેષ્ઠ છે.

બધામાં શ્રેષ્ઠતમ વાત જો કોઈ હોય તો આત્માનુભવ છે. તેની પ્રાપ્તિથી માનવને અખંડ આનંદનો લાભ થાય છે. બીજા વિષયોનો આનંદ તેને નિત્ય મેળવવો પડે છે, પરંતુ બ્રહ્માનંદ એ એવી વાત છે કે જે એકવાર જ મેળવવા માટે કષ્ટ પડે છે. બ્રહ્માનંદ મળ્યા પછી ફરી આવાગમનમાં આવવું પડતું નથી. તેમજ એ આનંદને કાઢીને કોઈ પણ લઈ જઈ શક્તું નથી. સાચો સદ્ભક્ત કોઈ પણ પ્રાણીનો દ્વેષ કરતો નથી. તેને ઊંચનીચ એવી કલ્પના નથી હોતી. ગાયની તરસ છીપાવવી અને વાઘને ડૂબાવી દઈને મારવો એવો ભેદ ભાવ જે પ્રમાણે પાણી પાસે નથી હોતો તે પ્રમાણે જે સર્વ પ્રાણી માત્ર પ્રત્યે મિત્ર ભાવ રાખે છે તે ક્ષમાથી પૂર્ણ હોય છે. સમુદ્ર જે પ્રમાણે જળથી પરિપૂર્ણ હોય છે તે પ્રમાણે તે પણ નિત્ય સંતુષ્ટ હોય છે.

મન અને બુદ્ધિ ઈશ્વરને જ અર્પણ કરીને તેના ભજનાનંદમાં જે રંગાઈ ગયો હોય એવો ભક્ત ભગવાનને પ્રાણ કરતાં પણ પ્રિય હોય છે. ચંદ્ર પ્રમાણે જે સર્વ પ્રાણી માત્રને સમાન માને છે, જે નિંદાથી ગુસ્સે થતો નથી અથવા સ્તુતિથી પ્રસન્ન થતો નથી, જે લાભ થયો હોવાથી સંતોષ અને હાની થવાથી ઉદ્વેગમાં માનતો નથી, એવા જ સદ્ભક્તને પરમ વંદનીય જાણવો. તેવા સદ્ભક્તો તીર્થોને પણ પાવન કરે છે. તેમના રક્ષણ માટે સ્વયં નિર્ગુણ નિરાકાર ઈશ્વર સગુણ સાકારથી દોડતો આવે છે ભગવાન બુદ્ધે કહ્યુંઃ હે સદ્ભક્તો, તમારી ભક્તિના બળે જ હું અહીં ખેંચાઈ આવ્યો. તમે મને અત્યંત પ્રિય છો.'

હરિ ઓચરે સાંભળો સતિયા જન આજ, અમે સ્વધામે સીધાવશું તમે ઉત્તમ કરજો કાજ. ॥૬૮૯॥
ત્યારે પાંડવ બોલીયા વાણ, અમને અહીં ના સોહાયે ભગવાન. ॥૬૯૦॥
ચરણ ધારણ કીધાં આજ લગી, તે કેમ છોડાયે અવિનાશ. ॥૬૯૧॥
આ ચાલે કલિયુગમાં સર્વે કપટનું રાજ, ત્યાં તમો ભક્ત પાંડવો કેમ કરી કરશો રાજ. ॥૬૯૨॥
સુણો રાજા યુધિષ્ઠિર તમ શું કહું, અમે તો કલિયુગમાં પ્રગટ નહીં રહું. ॥૬૯૩॥
ત્યારે પૂછે યુધિષ્ઠિર સુણો મોરાર, સ્વામી તમ વિના કેમ ચાલે સંસાર. ॥૬૯૪॥
સુણો રે યુધિષ્ઠિર હું તમ શું કહું, અમે તો ભક્તના હૃદયે ગુપ્ત હોઈને રહું. ॥૬૯૫॥
જો તમે ધરણી પગ ના ધરો યદુરાયે, તો સંસાર સઘળો પ્રલયે જાયે. ॥૬૯૬॥
તમે સુણો વિનંતી સમર્થ શ્યામ, અમને કહો તમ રહેવાનાં ઠામ. ॥૬૯૭॥
જો તમે રાજા યુધિષ્ઠિર પૂછો એહ, તો ઠામ અમારું બતાવું છું તેહ. ॥૬૯૮॥
જેસા ફૂલ માંહે વાસ હોયે, તેસા ઘટ ઘટ વ્યાપક જોયે. ॥૬૯૯॥
જેસા તન માંહે કહીયે પ્રાણ, તેસા ચૌદ ભુવનમાં વ્યાપક જાણ. ॥૭૦૦॥
સુણો રે યુધિષ્ઠિર તમ શું એસી વાત કહું, એણી પેરે હું કલિયુગમાં રહું. ॥૭૦૧॥

ભગવાન શ્રી બુદ્ધે પાંડવોને કહ્યું: 'હે સદ્ભક્તો, મેં તમારા હિતનો આત્મ કલ્યાણ માર્ગ તમને કહ્યો. એ પ્રમાણે વર્તીને આત્મ કલ્યાણ કરી લો. હવે મારું અવતાર કાર્ય અહીં પૂર્ણ થવા આવ્યું છે. મને મારા સ્થાને જવું જ જોઈએ એટલે હવે તમે મને રજા આપો અને સુખથી અને પોતાની સદ્બુદ્ધિથી કર્તવ્ય કર્મ કરો.

ત્યારે પાંડવો બોલ્યાઃ હે સ્વામી ! તમે આમ વિપરીત કેમ બોલો છો ! અમે તમારા દાસ સેવક છીએ, તમે અમારા સ્વામી પ્રેમાળ પિતા છો, સન્માર્ગદર્શક સદ્ગુરુ છો, અમે તમને રજા આપનાર કોણ છીએ, તમને રજા આપીને તમારા સિવાય અમે અહીં રહીશું નહીં. હે નાથ ! આજ સુધી આ દાસોએ તમારી સેવા કરી, આપનાં ચરણ આજ સુધી અમે અમારા હૃદયમાં ધારણ કર્યાં, આજે એનો વિયોગ અમને સહન થશે નહીં. હે જગતના નાથ ! અમને છોડીને તમે જશો નહીં. હે અવિનાશી પરમાત્મા ! જો તમને જવું હોય તો અમને પણ તમારી સાથે લો. કૃપા કરો હે જગન્નાથ ! તમારા સિવાય એક ક્ષણ ભર પણ અમે અહીં રહીશું નહીં.'

ભગવાન શ્રી બુદ્ધ બોલ્યાઃ 'હે સદ્ભક્તો, મને પણ તમારા જેવા સદ્ભક્તો સિવાય રહેવું ગમતું નથી, પણ જગત કાર્ય કરવા માટે યોગમાયાની આડ લઈને જે કાર્ય હું કરું છું તેને મારા જ હાથે બાંધી લાવી શક્તો નથી. હું તમારા હૃદયમાં ગુપ્ત રીતે નિત્ય નિરંતર છું, પણ પ્રગટ સાકાર રૂપે મારાથી વધારે રહેવાશે નહીં. તમારે હજુ ખૂબ કાર્ય કરવાનાં છે. આટલા મોટા ભારતવર્ષના રાજાની ધુરા તમારા શિર પર છે. તે જવાબદારી પાર પાડીને અથવા બીજી કોઈ યોગ્ય વ્યક્તિ પર એનો ભાર સોંપીને તમે મારું અનુશરણ કરજો. આ કપટી અને દુરાચાર કલિયુગમાં રહેવા કરતાં તમને રાજ્યનો ત્યાગ કરવો જ શ્રેયસ્કર થશે. હે ધર્મરાજા, આ કલિયુગમાં પ્રગટ રૂપે રહેવાશે નહીં'

યુધિષ્ઠિર બોલ્યાઃ 'હે ભગવાન ! પછી તમારા સિવાય આ જગત ચક્ર કઈ રીતે ચાલશે ? તમારા અસ્તિત્વ સિવાય આ જગતનો કોઈ જ વ્યવહાર થઈ શકશે નહીં. આખું જગત પ્રલયાપ્રત જશે.'

ત્યારે શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ 'હે ધર્મરાજા, તમારું કહેવું એકદમ યોગ્ય છે પણ હું આ કલિયુગમાં પ્રગટ સગુણ સાકાર રૂપે રહી શકીશ નહીં. સદ્ભક્તોના હૃદયમાં ગુપ્ત રૂપે અખંડિતપણે રહીશ. સદ્ભક્ત, સંત, સત્પુરુષ, સદ્ગુરુ મહાત્માઓ મારા જ અંશથી પરિપૂર્ણ રહેશે. હું જ તેમના રૂપે આ જગતમાં અજ્ઞાની જીવાત્માઓને જ્ઞાન પ્રકાશ આપીશ. આ આખું જગત મારા જ અંશથી થયેલ યોગમાયાનું નિર્માણ છે. તેમાંના અણુઅણુમાં ચૈતન્ય પ્રકાશ રૂપે મારું જ અસ્તિત્વ છે. પણ માયાની ઉપાધિ ભેદથી પ્રાણીમાત્રમાં અવિદ્યાનું આવરણ પ્રસરેલું હોય છે. માટે જીવાત્મા મને ન જાણતાં પોતાના સ્વતંત્ર અસ્તિત્વને કલ્પિ અહંભાવથી કર્મ કરે છે અને એટલે જ તેને જન્મ મરણ અને નાના પ્રકારના વાસનાત્મક ભોગો પ્રાપ્ત થાય છે. વસ્તુતઃ પ્રત્યેક ચૈતન્ય રૂપે મારું અસ્તિત્વ હોય છે. જે પ્રમાણે ફૂલમાં સુગંધ હોય છે, તે પ્રમાણે જીવ પ્રાણી માત્રમાં પ્રાણ સ્વરૂપે હું જ વિચરું છું, સંપૂર્ણ વિશ્વ બ્રહ્માંડમાં સૂક્ષ્મ રૂપે હું વ્યાપ્ત છું. આ જે જાણે છે તેમની પાસે હું પ્રત્યક્ષ પ્રગટ હોવું છું.

ત્યારે રાજા યુધિષ્ઠિર બોલ્યા સાર, તમે પ્રગટ રૂપ ક્યાં ધરશો મોરાર. ॥૭૦૨॥
ત્યારે શ્રી બુદ્ધ બોલ્યા વિખ્યાત, સુણો યુધિષ્ઠિર તમને કહું વાત. ॥૭૦૩॥
સહસ્ત્ર દ્વીપ ઉત્તમ ઠામ, ત્યાં શેષશાયી નારાયણનાં સ્થાન. ॥૭૦૪॥
તે શ્વેત દ્વીપ માંહેથી અમે અવતરું સાર, અને આ કલિયુગમાં દશમો અવતાર. ॥૭૦૫॥
ભરતખંડે જંબુદ્વીપે અમે આવશું નિર્વાણ, અને શ્રી નિકલંકી ધરીશું નામ. ॥૭૦૬॥
સહસ્ત્ર દ્વીપમાં ઠામ અમારો હોયે, કળા અમારી ગુરુ બ્રહ્માંડમાં રહે. ॥૭૦૭॥
ત્યાં યુધિષ્ઠિર પૂછે શિર નામ, અમને ગુરુ બ્રહ્માનું બતાવો ઠામ. ॥૭૦૮॥
શ્રી બુદ્ધ કહે ગુરુ બ્રહ્માજીનું ઠાય, તમે વચન અમારા સુણજો હો રાય. ॥૭૦૯॥
જે જંબુદ્વીપ ભરતખંડ રે જાણ, ત્યાં કુંવારીકા ક્ષેત્ર મહા ઉત્તમ ઠામ. ॥૭૧૦॥
હેમપુરી નગરીમાં ગુરુ ઈમામશાહ સોહાય, કલિયુગમાં ગુરુ બ્રહ્માનું થાનક એ કહેવાય. ॥૭૧૧॥
સાબરમતી તીર પાવન ગંગા કહેવાયે, ગુરુ બ્રહ્મા જયોત ત્યાં પ્રગટ હોયે. ॥૭૧૨॥
ત્રણ દેવની કળા લઈ ગુરુ ફરશે સહી, તે ગુરુમાં સત્‌ના દીવા દેખાશે સહી. ॥૭૧૩॥
જયાં ગોરનરનાં ઈશ્વરે કહ્યાં ઠામ, ત્યારે પાંડવે કર્યા હરિને પ્રણામ. ॥૭૧૪॥

ધર્મરાજાએ ભગવાનને કહ્યુંઃ 'હે સ્વામી ! તમે પ્રગટ રૂપ ક્યારે અને ક્યાં ધારણ કરશો એની જાણ અમને આપો.

ત્યારે શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ હે રાજા યુધિષ્ઠિર, હું તમને મારા પ્રગટ વાસ્તવ્યનું સ્થાન કહું છું તે તમે ધ્યાનથી શ્રવણ કરો. શ્વેત દ્વીપ એ મારું શેષશાયી નારાયણનું મુખ્ય વાસ્તવ્ય સ્થાન છે. એ જગ્યાએ એટલે ઉત્તર ધ્રુવ પ્રદેશમાં એક હજાર બેટનો દ્વીપ સમુહ છે. ત્યાં મનુષ્ય વસ્તી નથી, સર્વત્ર બરફ પ્રસરેલ છે. આ મહાસાગરનો ઉત્તર ભાગ એટલે બરફાચ્છાદિત પ્રદેશ છે. અહીં શેષશાયી નારાયણનું મુખ્ય વાસ્તવ્ય સ્થાન હોવાથી આર્યોનું મૂળ ઉદ્ગમ સ્થાન છે. આવાં બ્રહ્મવૈવર્ત પુરાણ, વિષ્ણુ પુરાણ, બ્રહ્મ પુરાણ વગેરે ગ્રંથમાં વર્ણન છે. એને જ શ્વેત દ્વીપ કહે છે. આ સ્થાનથી જ હું કલિયુગના છેલ્લા પ્રહરમાં શ્રી નિષ્કલંકી નારાયણ રૂપે પ્રગટ થઈને અવતાર ધારણ કરીશ. મારું વાહન જે શેષ નાગ છે, તે શ્વેત અશ્વ થશે અને તેના પર આરૂઢ થઈને શ્વેત દ્વીપમાંથી હું જંબુદ્વીપ ભરતખંડમાં કુંવારીકા ક્ષેત્ર પર આવવા માટે પ્રયાણ કરીશ.

મારા અવતારની કળાની જાણકારી સદ્ગુરુ બ્રહ્મા પાસે રહેશે. સદ્ગુરુ બ્રહ્મા એ કલિયુગમાં સદ્ગુરુશ્રી ઈમામશાહના નામે પ્રગટ થશે. એ જગતને પોતાના બ્રહ્મ જ્ઞાનનો પરિચય આપશે અને કુંવારીકા ભૂમિમાં પોતાનું આસન પ્રગટ કરશે. આ

કુંવારીકા ભૂમિ સાબરમતી નદી કિનારે હશે. આ સાબરમતીને કલિયુગમાં ગંગાનું મહત્ત્વ આવશે. તેની પૂર્વ દિશાએ ત્યાં સદ્‌ગુરુ બ્રહ્મા પોતાની દિવ્ય અમર જ્યોત પ્રગટ કરશે.આ સદ્‌ગુરુ બ્રહ્મા પાત્ર એટલે શ્રી ઈમામશાહ મહારાજ. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રણે દેવોની કળાથી યુક્ત થયેલા ગુરુ દત્તાત્રેય પ્રમાણે તેઓ બ્રહ્માના અંશભૂત હશે. યુગધર્માનુસાર તેમના તપોબળથી એ બ્રહ્મસ્વરૂપી સદ્‌માર્ગદર્શક એવા યુગગુરુ થશે અને જગતને સત્ય રૂપ દિવ્ય જ્ઞાનનો પ્રકાશ દર્શાવી મુક્તિ માર્ગે લઈ જનાર એવા દીપ સ્તંભ રૂપ થશે. તો હે સદ્‌ભક્તો, આ કલિયુગના અગમ્ય અને અતિગુહ્ય એવા આ આગમ ભેદ મેં તમને કહ્યા એ તમે સત્ય જાણો. ત્યારે પાંડવોએ શ્રી હરિને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને હાથ જોડીને તે શ્રી બુદ્ધ ભગવાનને અનન્ય ભાવે વિનવવા લાગ્યા.

હે યુધિષ્ઠિર સત્ય વચન સુણજો મોયે, વળી અમારો ત્રીજો ઠામ કહું છું તોયે.॥૭૧૫॥
જ્યાં મળે ગત્ ને એકાંત હોયે, ત્યાં નિત અમી પીયે સહુ કોયે.॥૭૧૬॥
જ્યાં એક મના કરગરે ને પાળે વેદની વાણ, રાયે તે ઘર વાસો અમારો જાણ.॥૭૧૭॥
જે પાળે બ્રહ્મ ક્રિયા ગૃહસ્થધર્મમાં રહી, તો ઘર વાસો અમારો સહી.॥૭૧૮॥
જ્યાં મળી ગત્ હરિનું સ્મરણ કરે, એ એક મના થઈ જ્ઞાન ઓચરે.॥૭૧૯॥
જે ઘેર હરિનું ધ્યાન એક મના થઈ લેવે, રાયે તે ઘર વાસો અમારો હોયે.॥૭૨૦॥
જે વિષ્ણુ ભક્ત દયાવંતા રે હોયે, અને ક્રિયા સઘળી પાળે સોયે.॥૭૨૧॥
આજ ધરમ કરતાં ના કરે વાણ, રાયે તે ઘેર વાસો અમારો જાણ.॥૭૨૨॥
જ્ઞાની ધ્યાની ગુરુ આજ્ઞાએ રહે, અને સુખદુ:ખ દિલનાં હરિને કહે.॥૭૨૩॥
જે સત્ સંતોષી ક્ષમાવંતા હોયે, રાયે તે ઘર વાસો અમારો જોયે.॥૭૨૪॥
જે ઉદ્યમ કાજે જગ માંહે ફરે, હરિનું સ્મરણ સદા હૃદયમાં ધરે.॥૭૨૫॥
જે નીચી દૃષ્ટે હસમુખા હોયે, તે ઘર વાસો અમારો જોયે.॥૭૨૬॥
જે ધનવંતા જોબનવંતા જાણ, જે ગર્વ થઈ ફરે નહીં નિર્વાણ.॥૭૨૭॥
કૂડકપટ ત્યજે પરસ્ત્રી વ્યભિચાર, રાયે તે ઘર વાસો અમારો સાર.॥૭૨૮॥
સુણો રે યુધિષ્ઠિર તમ શું કહું, એણી પેરે કલિયુગમાં ગુપ્ત હોઈ રહું.॥૭૨૯॥
જ્યારે શ્રી હરિએ કહ્યો ગુરુનરનો ઠામ, ત્યારે યુધિષ્ઠિરે તે દિશાને કર્યા પ્રમાણ.॥૭૩૦॥

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યા: 'હે રાજા ધર્મ, મારા નિત્ય વાસ્તવ્યનું સ્થાન હવે હું તમને કહું છું તે સાંભળો. જ્યાં ગત્‌ગંગા એકત્રિત થાય છે, એક ચિત્તથી એકાગ્ર મનથી પરમેશ્વરનું ધ્યાન સ્મરણ ચિંતન કરે છે, વૈદિક વિધિ અનુસાર કળશ પૂજા, પૂજા વિધિ કરે છે, પરમાત્માનાં ચરણામૃત પ્રાશન કરે છે અને તેમની શિક્ષાપત્રી અનુસાર નિત્ય નિયમનું વાચન પાઠન કરીને આચરણમાં લાવવાનો પ્રયત્ન કરે છે એ જગ્યાએ મારું વાસ્તવ્ય સ્થાન હોય છે. જે ગૃહસ્થાશ્રમ ધર્મ પાળીને બ્રહ્મ ક્રિયા પાલન કરે છે, બ્રહ્મમુહૂર્તમાં ઊઠીને પરમાત્માની પૂજા-ધ્યાન-સ્મરણ કરે છે, સત્‌શાસ્ત્રોનું વાચન પાઠન સ્વાધ્યાય કરે છે અને મહાત્મા પુરુષો પાસેથી જ્ઞાન સંપાદન કરવાનો પ્રયત્ન કરે છે એવા સ્થાને મારું પ્રગટ વાસ્તવ્ય સ્થાન છે. જે વિષ્ણુ ભક્ત દયાવાન છે, અખિલ ભૂત પ્રાણી માત્રના વિષયે જેમના ચિત્તમાં દયાભાવ પ્રેમભાવ છે, આત્મૌપમ્ય બુદ્ધિ છે, ધર્મત્વથી આચરણ કરતી વખતે જે કિંચીત પણ આળસ અથવા અશ્રદ્ધા રાખતા નથી, તેમના ઘેર મારું નિરંતર વાસ્તવ્ય સ્થાન છે એમ તમે સમજો. જે જ્ઞાની તેમજ ધ્યાની હોય છે, ગુરુની આજ્ઞા પાલન કરનારા એવા સદ્‌ભક્ત હોય છે, પોતાનું બધું સુખ દુ:ખ હૃદયસ્થ પરમેશ્વરને કહે છે, સુખ પ્રાપ્ત થવાથી આનંદથી હરખી જતા નથી, મનમાં સંયમ સહનશીલતા રાખીને જે સાતત્યતાથી

વર્તનારા બોલનારા છે, યથા લાભ સંતોષી છે, જે અક્રોધી, ક્ષમાવંત, શીલવાન છે. હે રાજા ! તેમના ઘેર મારું નિત્ય નિરંતર વાસ્તવ્ય સ્થાન છે.

સંસારનો વ્યવહાર વ્યવસ્થિત ચાલે માટે અને સત્યના માર્ગે સ્વ પરિશ્રમથી ધન સંપત્તિ મેળવવા માટે જે અલગ અલગ વેપાર ધંધા કરે છે પણ ધ્યાન સદૈવ મારા તરફ સ્થિર રાખે છે, નમ્રશીલતા દૃષ્ટિ રાખી બધાની સામે હસતા મુખે વ્યવહાર કરે છે, શત્રુ હોય કે મિત્ર હોય અથવા હિતચિંતક હોય, બધા સાથે નમ્રતાથી હસતા મુખે અને મૃદુતાથી બોલે છે, કોઈના વિષયે તેઓ નિષ્કારણ દ્વેષ, તિરસ્કાર, ભેદભાવ, મત્સર, ક્રોધ રાખતા નથી એવા સદ્‌ભક્ત મને પ્રાણથી પણ પ્રિય છે. રાજા, હું નિત્ય નિરંતર તેમના ઘેર જ વાસ્તવ્ય કરીને રહું છું.

જે ધનવાન છે, ગુણવાન છે, રૂપ યૌવન સંપન્ન છે પણ એ વિષયે કોઈપણ પ્રકારનો ગર્વ જેમની પાસે નથી, પોતાના તરફથી સર્વનું ઉત્તમ કલ્યાણ થાય, અકલ્યાણ માત્ર કોઈનું પણ થાય નહીં એવું જે વિચારતા હોય છે, જે કુડકપટથી અસત્યાચરણ દંભાચરણ વગેરેનો ત્યાગ કરે છે, વ્યભિચાર, ભ્રષ્ટાચાર, પરસ્ત્રી - પરપુરુષ અવલોકન ટાળે છે, નિર્ધારથી કાયા, વાચા, મનથી શુદ્ધ રહેવાનો પ્રયત્ન કરે છે, પરધન ધૂળ સમાન અને પરસ્ત્રી માતા સમાન કે પરપુરુષ પિતા સમાન માનીને મનથી પણ તેના ઉપભોગ વિષયે ઉદાસિન હોય છે. હે રાજા, તે સદ્‌ભક્તો મારા કંઠની માળા પ્રમાણે મને અત્યંત પ્રિય હોય છે. આ પ્રકારે આ મારા વાસ્તવ્ય સ્થાનો મેં તમને કહ્યાં. કલિયુગમાં આ રીતે હું ગુપ્ત થઈને રહીશ. સદ્‌ભક્ત પાંડવોએ અત્યંત ગદ્‌ગદીત થઈને નમ્રતાથી ભગવાનને પ્રણામ કર્યા અને તે ભગવાનને બોલ્યાઃ

ત્યાં યુધિષ્ઠિર વિનવે તતખેવ, હવે અમને રજા કેમ દો છો હો દેવ. ॥૭૩૧॥
ત્યાં હરિએ કહ્યો મોક્ષનો ઠામ, પણ હિમાલે ગયા વિના નહીં થાયે કામ. ॥૭૩૨॥
એસો વચન શ્રી બુદ્ધ બોલીયા પ્રમાણ, યુધિષ્ઠિર એ વચને શિર ડોલાવે જાણ. ॥૭૩૩॥
સ્વામી જે કહો તે નિશ્ચે કરીએ, પણ તમ સ્મરણ કદી ના વિસરીએ. ॥૭૩૪॥
સુણો રે યુધિષ્ઠિર તમને તો કહું, નિશ્ચે અમો તમ સાથે રહું. ॥૭૩૫॥
ભક્તો તમો મન રાખો વિશ્વાસ, સ્મરણ કરશો ત્યાં હું છું તમ પાસ. ॥૭૩૬॥
શ્રી બુદ્ધ કહે સાંભળોને રાજા ધરમ, અમને રજા આપો કાયે કરો છો વિલંબ. ॥૭૩૭॥
રાજા વિચારી મન માંહે કરે છે ઉપાય, હું પૂછું છું દ્રૌપદીને વળી કુંતી માય. ॥૭૩૮॥
હું પૂછું પ્રેમ શું ભાઈ તમે સાંભળો સર્વ સાથ, અભ્યાગતની આજ્ઞા નહીં દિવસ નહીં રાત. ॥૭૩૯॥
રાય પૂછે સહદેવને કરો પંડિત વિચાર, મધ દરીયે નાવ ભાંગી કેમ ઉતરીયે પાર. ॥૭૪૦॥
ત્યારે સહદેવને ધર્મરાજ પૂછે વિચાર, સાચું કહો સત્ય શું એ સત્ય કિરતાર. ॥૭૪૧॥
સહદેવ કહે તમે દ્રૌપદીને પૂછો એજ, વાઘેશ્વરી વાણી ઓચરે જેણે વદને વરસે તેજ. ॥૭૪૨॥
રાજા રાતા માતા થઈ પૂછે દ્રૌપદીને સાર, પ્રણામ કરીને પૂછે તમ સાચું બોલો સાર. ॥૭૪૩॥
કહે દ્રૌપદી સાંભળી સ્વામી સત્ય વાત, આપી અભ્યાગતે આજ્ઞા જેવો આપણો અપરાધ. ॥૭૪૪॥

યુધિષ્ઠિર ભગવાનને હાથ જોડીને નમ્રતાથી બોલ્યાઃ 'હે સ્વામી ! તમારું ગુપ્ત અને પ્રગટ વાસ્તવ્ય સ્થાન હવે અમને પૂર્ણપણે સમજાયું. હવે અમારા પર કૃપા કરો અને અહીં જ તમે કાયમ માટે વાસ્તવ્ય કરો. તમારા સાનિધ્યમાં રહીને મોક્ષ સાધ્ય કરવો છે. કદી પણ તમારો વિયોગ ન થાય એવી તમારા ચરણોમાં અમારી નમ્ર વિનંતી છે.'

ભગવાન શ્રી બુદ્ધ બોલ્યાઃ 'રાજા, હું આત્મ જ્ઞાન રૂપે સતત તમારી પાસે જ છું. તમને મોક્ષ ગતિનું, યોગાભ્યાસનું શીખવ્યું તે અનુસાર સાધના કરવા માટે તેમજ આ જીવનનું અંતિમ ધ્યેય સાધ્ય કરી લેવા માટે આ રાજ્યની જવાબદારી કોઈને સોંપી હિમાલયમાં આવો, ત્યાં આપણો મેળાપ થશે જ. હે સદ્‌ભક્તો, તમે પોતાના મનમાં દ્રઢ વિશ્વાસ રાખો. જે સમયે જે જગ્યાએ તમે મારું સ્મરણ કરશો ત્યાં હું દોડતો આવીને તમને સહાય કરીશ. પણ આ મોક્ષ માર્ગ નિષ્કામ કર્મ યોગ માર્ગ તમારા પોતાનાથી અવલંબ્યા સિવાય સાધ્ય થશે નહીં, માટે હિમાલયમાં જાઓ અને તપસ્યા સાધના કરો. હવે મને જવાની આજ્ઞા આપો.

ભગવાનનાં વચન સાંભળીને ધર્મરાજા મનમાં વિચાર કરવા લાગ્યા. ભગવાનનું વચન તો મને શિરોધાર્ય છે પણ પોતાના ભાઈ, સતી દ્રૌપદી, માતા કુંતી એમને માન્ય છે કે નહીં, તેમની સંમતિ હજુ લીધી નથી. તેમની સંમતિ ન લેતાં મને પોતાનાં કૃત્યોને કારણે કેટલો ત્રાસ સહન કરવો પડ્યો અને આજ સુધીની બધી જ મુશ્કેલીઓના પોતે જવાબદાર રહ્યા, હવે આગળ પોતાના તરફથી તેમ ન થાય અને પોતાના આજ્ઞાધારક ભાઈઓને, પત્નીને ત્રાસ ન થાય તેથી તેમની સંમતિ મેળવવા માટે ધર્મરાજા કહેવા લાગ્યાઃ 'હે મારા પ્રાણપ્રિય બંધુઓ, મારા ઉપર તમારી અસીમ શ્રદ્ધા છે, તમે આજ્ઞા અને મર્યાદા પાલન કરનારા છો, માટે મારા હાથે કંઈ વિપરીત ન થાય અને જેમાં આપણા બધાનું કલ્યાણ થાય એવી વાત માટે મારે તમારી સંમતિ જોઈએ. મારો તો પૂર્ણ મત છે કે આપણો અંતિમ ધ્યેય મુક્તિપદ મેળવવા માટે કંઈક વિચાર કરવાનો છે. ભગવાને આપણને હિમાલયમાં જવાની જે આજ્ઞા કરી છે એ માટે તમારી બધાની સંમતિ જોઈએ છે. તમારી સંમતિ નહીં હોય તો પણ મેં એકલાએ જવાનો પાકો નિર્ણય કર્યો છે. તો હે સહદેવ, તારી શું ઈચ્છા છે. સંસાર સાગરના મધ્યમાં આપણી આ જીવન નૌકા આવીને ઊભી છે. આપણે સુખેથી આ ભવસાગર તરીને મોક્ષ પદે જઈને કે અહીં રહીને ભવ દુઃખ ભોગવવું એમ તને જે યોગ્ય અને સત્ય હોય તેનો સારાસાર વિચાર કરીને કહે.

ત્યારે સહદેવ બોલ્યાઃ 'હે ભ્રાતા, આજે જ આવું વિપરીત મને કેમ પૂછો છો ? આજ સુધી અમે બધા તમારી આજ્ઞા શિરોધાર્ય માની છે અને આજ એવી શંકા તમારા મનમાં કેમ ઉદ્‌ભવી. જો તમને અમારામાં કંઈક વિપરીતપણું ભાસતું હોય તો આ સતી દ્રૌપદીને પૂછો, મારા કરતાં એ સતી યોગ્ય કહી શકશે.

પછી ધર્મરાજાએ સતી દ્રૌપદી તરફ વળીને એ જ પ્રશ્ન એને પૂછ્યો.

બંને હાથ જોડીને પ્રણામ કરીને અત્યંત વિનમ્ર ભાવે દ્રૌપદી બોલીઃ 'હે સ્વામી નાથ ! જગત્ ઉદ્ધારક એવા યદુપતિનાથે જે આજ્ઞા કરી છે તે આપણે શીરોધાર્ય માનવી જોઈએ. આપણા અપરાધ માન્ય કરીને તેની ક્ષમા યાચના કરવા માટે અને શ્રી બુદ્ધ ભગવાને આપેલ પ્રાયશ્ચિત યોગ્ય માનીને તત્કાલ એ નિર્ણય અમલમાં લાવવો એવી મારી નમ્ર વિનંતી અને સદિચ્છા છે.

તમે યજ્ઞ આદર્યો પાપ ઉતારવા કાજ, વિપરીત વેળાયે ઉગારવા પધાર્યા મહારાજ. ॥૭૪૫॥
કહે સમો ના વર્ત્યો તમે હે રાજા ધરમ, શ્રી કૃષ્ણ વચન ઉવેખીયા તેનું લાગ્યું કરમ. ॥૭૪૬॥
કહ્યું હતું હરિએ તે પાંડવે ના જાણી પેર, પાવન કરવા પાંડવને સ્વામી પધાર્યા ઘેર. ॥૭૪૭॥
સર્વે થાઓ સાબદા મળી પાંચે વીર, એ છે સમર્થ સારથી જેણે પૂરીયાં પટકુલ ચીર. ॥૭૪૮॥
એણે લજ્જા રાખી ત્રણ લોકમાં, સતી દ્રૌપદીની પૂરી આશ,
નવ ખંડમાં રવી ઉગમીયા, તમે જાણો હરિ આવ્યા છે તમ પાસ. ॥૭૪૯॥
થાળ ભરાવો શગ મોતીએ, અને શ્રી હરિ વધાવા જાયે,
કાષ્ટ માંહે બળતા સંભાળીયા, જે શ્રી હરિ આવ્યા વન માંહે. ॥૭૫૦॥

આશા તે પૂરી આપણી, અને તૃપ્ત કીધા મુનિ જન,
શ્રી કૃષ્ણે પાત્ર પખાળીયા ત્યારે ઉદકે દીધાં છે અન્ન, ॥૭૫૧॥
ભોજન આલ્યાં ભાવતાં, જેના મન માંહે હતું જેહ,
એવા સ્વામી મહા સમર્થ છે, સમર્યા સહાય કરે છે તેહ. ॥૭૫૨॥
પૂર્ણ પુન્યથી રાયે પાંડવો, અને શ્રી હરિ પધાર્યા આપ,
કરમ ઉતારવાને કારણે, ભણાવવા અજંપા જાપ. ॥૭૫૩॥
શંકા તે મનમાં ના લાવશો, એ સતી કહે છે વાત,
જે શ્રી હરિ વાણી ઓચરે તે, હા કહેજો તમ સર્વે સાથ. ॥૭૫૪॥
હવે પકવાન કરીને પ્રેમ શું, અને જમાડશું શ્રી મહારાજ,
સત્ય તમારું તો વાધશે, કરોડ યજ્ઞનું સરશે કાજ. ॥૭૫૫॥
રાજા સમજી વિચારી પધાર્યા, અને લાગ્યા અભ્યાગતને પાય,
ભોજન પીરસશે ભગવાનને, પોતે જોડે કુંતી માય. ॥૭૫૬॥

સતી દ્રૌપદીએ ધર્મરાજાને કહ્યું: 'હે નાથ ! તમે આપણા શિર પરનો પાપ કર્મનો દોષ ઉતારવા માટે યજ્ઞ આરંભ્યો પણ વિપરીત કાળમાંથી પાર કરવા માટે ભગવાન પોતે સગુણ સાકાર રૂપ ધારણ કરીને આપણા રક્ષણ માટે આવ્યા, તેમનો આપણે કેટલો બધો ઉપકાર માનવો ? તેમના વચન પ્રમાણે આપણે કર્યું નહીં, તેમનાં વચન ઉલ્લંઘીને આ કર્મકાંડ માટે પ્રવૃત્ત થયા માટે વચન ભંગ કરવાનો દોષ આપણાથી થયો છે, હવે પ્રાયશ્ચિત સ્વીકારીને આપણે એ દોષમાંથી મુક્ત થઈએ. આપણને પાવન કરવા માટે પ્રભુ આવ્યા છે. આ શ્રી બુદ્ધ ભગવાન બીજા ત્રીજા કોઈ નથી, પ્રત્યક્ષ આપણા પ્રાણ સખા રક્ષણ કર્તા અને હિત કર્તા એવા ભગવાન શ્રી કૃષ્ણ છે.

પ્રેમ મૈત્રી સખ્ય માનીને જે જગદીશ્વરે અર્જુનનું સારત્થ કર્યુ અને અપાર સેના સાગરમાંથી મહા વિશ્વ વિખ્યાત એવા મહાયોદ્ધાઓને મારીને જીતીને વિજય શ્રેય પ્રાપ્ત કરાવી આપ્યો, આપણા જીવન રથનું આમ જ સારત્થ કરીને ભવસાગરમાંથી પાર કરવા માટે અને ભવસાગરની અનંત અડચણો સંકટો દૂર કરનાર વત્સલ દીનદયાળુ સ્વામી છે.

કૌરવ સભામાં જતી મારી લજ્જા આબરૂ તેમણે અનંત વસ્ત્રો પૂરાવીને મારું રક્ષણ કર્યું, વનવાસમાં દુર્વાસા ઋષિએ લીધેલ કસોટીમાં સહાય કરી, ઋષિ શ્રાપમાંથી અને બળતી ચિતાથી આપણું રક્ષણ કર્યુ. બધા ઋષિઓને દેવ દુર્લભ ભોજન આપી તૃપ્ત કર્યા એવા પ્રકારના મહાસામર્થ્યવાન અને સંરક્ષણકર્તા સહાયકર્તા એવા આ આપણા પ્રાણ સખા છે. આપણા પૂર્વ પુણ્ય બલવત્તર છે માટે ત્રિભુવનપતિ શ્રી હરિ આપણા આ કર્મ દોષ નિવારવા માટે ઘેર પધાર્યા છે. અજંપા જાપનો ઉપદેશ કરીને આપણાં કર્મ જંજાળ મિટાવનાર એવા જગતકર્તા સર્જનહાર આપણા ઉપર કૃપાળુ થઈને આવ્યા છે. તેમની કોઈ પણ પ્રકારે શંકા કુશંકા ન કરતાં તેમની આપણે શોડષોપચારે પૂજા કરીશું. સન્માર્ગદર્શક જગત ઉદ્ધારક એવા શ્રી ગુરુચરણને હવે કદી પણ છોડીશું નહીં. સદૈવ આપણાથી આ જ ચરણોની સેવા માટે આપણા હૃદય સિંહાસન પર એમની જ સ્થાપના કરીને સેવા, પૂજા, જપ, ધ્યાન કરીને એમનો ઉપદેશ હૃદયે લેવો. પ્રેમથી પંચપકવાનના ભોજન કરાવીને તૃપ્ત કરશું. તો જ આપણો ગૃહસ્થ ધર્મ પણ સફળ થશે અને કોટયાવધિ યજ્ઞ કરવાનું શ્રેય આપણને મળશે.'

સતી દ્રૌપદીની વાણી સાંભળીને ધર્મરાજા ગદ્‌ગદિત થયા. સતી દ્રૌપદીને શત શત ધન્યવાદ આપીને તે ત્યાંથી શ્રી બુદ્ધ ભગવાન પાસે આવ્યા. અતિશય દઢતાથી તેમણે ભગવાનના પગ પકડયા અને અત્યંત કરુણાર્દ્રતાથી પોતાનાં નયનના પ્રેમાશ્રુથી તેણે ભગવાનનાં ચરણ પ્રક્ષાલન કર્યાં.

ભગવાને તેમને ઉઠાડીને પોતાના હૃદયે લગાવ્યા અને પ્રેમથી કહ્યું: 'રાજા ધર્મ, તમે પ્રત્યક્ષ ધર્મ મૂર્તિ છો ! તમને સત્ય ધર્મની શિખામણ આપવાનું પ્રયોજન જ નથી. કારણ તે તમારા હૃદયમાં કાયમ સ્થાપિત છે, પણ લોકકલ્યાણ માટે તમે આ વ્રત પાળો છો, તેમાં તમે સફળ થશો. હવે ઉર્વરિત (બાકી રહેલું) આયુષ્ય ઈશ ચિંતનમાં પરોવો અને જીવનનું સાફલ્ય કરો. સારું તો હવે હું જાઉં છું, ફરી આપણો મેળાપ હિમાલયમાં થશે. એમ બોલીને ભગવાન શ્રી બુદ્ધ જવા માટે સિદ્ધ થયા.

ત્યાં જ ધર્મરાજા કરુણાર્દ્રથી બોલ્યાઃ સ્વામી, માતા કુંતી અને સતી દ્રૌપદી તમારાં દર્શન માટે આવે છે, તેમની ઈચ્છા પૂર્ણ કરો. અમારા ઘેર ભોજન કરીને તૃપ્ત થયા વગર તમે ન જાઓ એવી અમારી તમને આગ્રહભરી વિનંતી છે.

એટલી વાત તો શ્રી બુદ્ધ શું થઈ, ત્યારે કુંતી માતા આવ્યા છે સહી. ॥૭૫૭॥
ત્યાં લઈ આવ્યા ભોજન થાળ, પાંડવ બોલ્યા તમે જમો દીનદયાળ. ॥૭૫૮॥
ત્યાં કરજોડી કુંતીજી વિનવે, સ્વામી તમો છો પ્રતિપાળ,
ભોજન જમોને ભાવ શું તો અમો છુટીયે કરમ જાળ. ॥૭૫૯॥
વળતાં તો શ્રી હરિ ઓચરે, અને સાંભળો સતી એક મન,
જો કામધેનુ પૂજો અમ દેખતાં, તો અમો જમીએ ભોજન. ॥૭૬૦॥
ત્યારે પાંચ બંધવ પાંડવ, દ્રૌપદી અને કુંતીજી માત,
ત્યાં યોગેશ્વર વાણી ઓચરે, જયાં છે પાંડવ સર્વે સાથ. ॥૭૬૧॥
ત્યારે પાંડવ બોલ્યા છે સતી સાથ, તમો જે કહેશો તે કરશું હો દીનાનાથ. ॥૭૬૨॥
ત્યાં શ્રી બુદ્ધ બોલ્યા સત્ય સાર, તમે સુણો યુધિષ્ઠિર સહી વિચાર. ॥૭૬૩॥
ત્યારે શ્રી બુદ્ધ કહે તમે જાણ્યો નહીં ઉત્પાત, આવા યજ્ઞ કરવાથી ઉતરે નહીં પાપ. ॥૭૬૪॥
તમે હવે "ગો" મેધ કરી રાખો ઈમાન, તો અમ ઠામ તમે પામો નિર્વાણ. ॥૭૬૫॥
પાંચ પચ્ચીસ ઈંદ્રિયો વશ કરો જઈ, તો પાંડવ તમે અમરાપુર પામો સહી. ॥૭૬૬॥
પાંડવ ઉપર શ્રી હરિએ ધર્યું છે હેત, ધ્યાન યોગની બતાવી છે રીત. ॥૭૬૭॥
ચંચળ મન વશ કરવા કરવો ઉપાય, વૈરાગ જો ઉપજે તો અભ્યાસે વશ થાય. ॥૭૬૮॥
અભ્યાસે સુખ ઉપજે સમગ્ર દુઃખનો નાશ, મન ઈંદ્રિયને વશ કરે 'ગો' મેધ તણો અભ્યાસ. ॥૭૬૯॥
યોગ યુક્તિ જાણે, તે યોગી સમદર્શી હોય, શ્રી હરિમાં જગત દીસે જગતમાં શ્રી હરિ હોય. ॥૭૭૦॥
તમે તજો હસ્તિનાપુરનાં રાજ, તો સરે પાંડવ તમારાં કાજ. ॥૭૭૧॥
ત્યારે પાંડવ બોલ્યા છે તેણી વાર, અમે કહ્યું તમારું કરશું કિરતાર. ॥૭૭૨॥

કુરુક્ષેત્રના મેદાનમાં અઢાર અક્ષૌહિણી યોદ્ધા માર્યાનું પાપ તમારે શિરે નથી તેવું શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું હતું છતાં વચનમાં સંશય થવાથી તેમનું વચન ઉથાપ્યું. તેથી કર્મ દોષનું પાપ લાગ્યું છે. તેના નિવારણ માટે શ્રી બુદ્ધ રૂપે શ્રી હરિએ પાંડવોને "ગો" મેધ કરવા માટે સૂચન કર્યું છે.

ગો = ઈંદ્રિયો, મેધ = વશ કરવી, શરીરમાં રહેલી પાંચ કર્મ ઈંદ્રિયો, પાંચ જ્ઞાન ઈંદ્રિયો. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને વશ કરી ઈંદ્રજીત બનવું. રાજપાટનો (મોહનો) ત્યાગ કરી હિમાલયમાં જઈ તપસ્યા કરી, દેહનો ત્યાગ કરી આત્મા પરમ ધામમાં પહોંચશે ત્યારે કર્મ દોષમાંથી મુક્ત થશો.

પાંડવોએ શ્રી બુદ્ધ ભગવાનની આજ્ઞા અને માર્ગદર્શન અનુસાર 'ગો'મેધનો સંકલ્પ કર્યો, કામધેનુ ગાયનું પૂજન કર્યું, ગાયોનાં દાન કર્યાં અને અતિથિ-અભ્યાગતોને તૃપ્ત કર્યા.

ત્યાં તો શ્રી બુદ્ધ બોલ્યા વિખ્યાત,
તમે સુણો પાંડવો અમારી વાત. ll૭૭૩ll
પાંડવો જો અમ ભેગા જમશો હો રાયે,
તો તમારાં પાપ ચતુર્દિશાએ રે જાયે. ll૭૭૪ll
જયારે પાંડવો હરિ ભેગા જમ્યા પ્રકાશ,
અદૃશ્ય ઘંટાવળ વાગી આકાશ. ll૭૭૫ll
શ્રી બુદ્ધ કહે સાંભળો ધરમ રાયે,
હવે યજ્ઞ તમારા તો સંપૂર્ણ થાયે. ll૭૭૬ll
રાજા કહે અમારો યજ્ઞ પૂર્ણ થયો ધન્ય ધન્ય,
તમ દરશને સ્વામી અનંત યજ્ઞનું પુણ્ય. ll૭૭૭ll
ધન્ય ધન્ય જીવવું અમારું હો મહારાયે,
અનંત યજ્ઞનું ફળ વસે તમ પાયે. ll૭૭૮ll
પાંડવો શ્રી હરિ ભેળા જમ્યા જે વાર,
ત્યાં લોકોએ નિંદા કીધી છે અપાર. ll૭૭૯ll
દ્વાપર ઉતરતાં પાંડવોને, કરોડી નવ શું વર જો થાય,
ભકત વિનવે સર્વ દેવને, દો કર જોડીને ઊભા રહ્યાય. ll૭૮૦ll
હરિ જયાં ભકતને એવું કહી, અને રૂપ પલટે જે વાર,
ત્યાં તો પાંચે પાંડવ જઈ, હરિને પાયે લાગે સાર. ll૭૮૧ll
હરિ આગળ બહુ વિનંતી કરી, અને રોયા તે પાંચે વીર,
હવે સ્વામીજી તમે રાખજો, હરિ પત અમારી સધીર. ll૭૮૨ll
સ્વામીજી હવે આ વિનંતી, અને શું કહીયે અધિક ઘણી,
અમને અંતઃકાલમાં નાથજી, ના વિસારશો હે અનંતના ધણી. ll૭૮૩ll
ઘણી તે કરે છે વિનંતી, પાંડવ દ્રૌપદીને કુંતી માત,
અમને ઘટે છે સ્વામી આપવી આજ્ઞા, તમે છો અનાથના નાથ. ll૭૮૪ll
કહે શ્રી બુદ્ધ કલિ પ્રગટયો, તેમાં તમથી નહીં રહેવાયે,
હવે રાજ આપો પરીક્ષિતને, કરો હિમાલે પગરણ રાયે. ll૭૮૫ll

ભગવાન શ્રી બુદ્ધ બોલ્યાઃ હે સદ્‌ભકતો, તમારું આ અદ્‌ભૂત ગૌપૂજન જોઈને અને ભાવભકિત પ્રેમ પુણ્ય પ્રતાપ જોઈને મને ખરેખર જ ધન્યતા લાગી છે. સદ્‌ભકતો, જીવનના સાફલ્યની પાત્રતા તમે સંપાદન કરી છે. હવે મારું અવતાર કાર્ય પૂર્ણ થવા આવ્યું છે. તમે આજે જે યજ્ઞ આરંભ્યો હતો તે પણ હવે સિદ્ધ થયો છે. હવે ફકત તેની પૂર્ણાહુતિ રહી છે. સ્વર્ગીય મંગલ વાદ્યો વાગે એટલે એ પૂર્ણાહુતિ પણ પૂર્ણ થશે, અમે અને તમે કૃતકૃત્ય થઈશું.

ધર્મરાજા બોલ્યાઃ 'સ્વામી, તમારી આજ્ઞા પ્રમાણે તમારા આ દાસોએ 'ગો' મેધનો સંકલ્પ કર્યો, ગૌપૂજન ગૌદાન કર્યું છે. હવે તમે પ્રસાદ સ્વીકારો એવી અમારી વિનંતી છે.

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ 'તમારી વિનંતી હું માન્ય રાખું છું. તમે પણ મારી સાથે જ બેસીને ભોજન કરો.'

ધર્મરાજાએ ભગવાનને કહ્યુંઃ 'સ્વામી, તમે આજ અમારા અતિથિ છો, અતિથિ અભ્યાગતને તૃપ્ત કર્યા પછી શેષ પ્રસાદ ગૃહસ્થે લેવો એવો ગૃહસ્થ ધર્મ છે તેમ આપે જણાવ્યું હતું.

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ 'તે ઠીક છે પણ મારી આજ એવી ઈચ્છા છે કે આપણે બધા સહભોજન કરીએ. આજે આપણે સ્વામી-સેવક ભાવ છોડીને એક સમભાવથી વર્તવું છે. તમારા ચિત્તના સ્થાને હું અપરાધી, હું પાપી, હું દોષી એમ કોઈ પણ શંકા ન રહે તો જ તમારો આ યજ્ઞ સફળ થશે માટે આપણે સહભોજન કરીએ.'

તરત જ પાંડવોએ પણ ભગવાન સાથે પ્રસાદ ગ્રહણ કરવાનું આયોજન કર્યું. પાંડવો અને શ્રી બુદ્ધ ભગવાન એક જ પંગતમાં બેસીને ભોજન કરતાં જ આકાશમાંથી અદશ્ય રૂપે ઘંટનાદ, મૃદંગ, ભેરી, ઝાંઝ, વીણા વગેરે દશનાદ શરૂ થયા. તે અનહદ નાદ સાંભળીને પાંડવો અત્યંત આનંદીત થયા. અંતઃકરણથી તેમણે ભગવાનના ચરણે મસ્તક નમાવી અભિવાદન કર્યુ.

તે અનહદ નાદમાંથી ધ્વનિ પ્રગટ થઈ. 'હે સદ્‌ભકત પાંડવો, આજ તમારો યજ્ઞ સફળ થયો છે. આજ પાંડવ વંશ પૃથ્વી પર ધન્ય થયો. શ્રી બુદ્ધ ભગવાન સાથે સહભોજન કરીને અને અદ્‌ભુત ગૌયજ્ઞ અને ગોદાન કરીને આજ તમે સાચા અર્થથી યોગી થયા છો. હવે ઉર્વરિત આયુષ્ય તમે મારા ચિંતન ધ્યાનમાં સેવામાં વિતાવીને જલ્દી જ મને આવીને મળશો. મારા સુધી આવી પહોંચવાનું બળ શકિત હું તમને અર્પણ કરું છું. એમ કહીને ભગવાનની એ દિવ્ય અમૃત વાણી લય પામી.

દિવ્ય વાણી સાંભળીને હર્ષોત્ફુલ્લ અંતઃકરણથી પાંડવો શ્રી બુદ્ધ ભગવાનને નમસ્કાર કરે છે તો એ જગ્યાએ શ્રી બુદ્ધ ભગવાનનું પહેલાંનું રૂપ પલટાઈને દિવ્ય અલૌકિક તેજસ્વી એવા તેજથી પ્રકાશીત ભગવાન શ્રી કૃષ્ણ એમની સામે મંદ મંદ સ્નેહ સ્નિગ્ધ હાસ્ય કરતા પોતાના પ્રેમાળ ભકતોને એવા તેજથી નીરખે છે એવું તેમને દેખાયું. અત્યંત ગદ્‌ગદ્દિત થઈને પાંડવોએ ભગવાનના ચરણમાં નમન કરીને પોતાના પ્રેમાશ્રુ ગંગાથી તેમના ચરણ પ્રક્ષાલન કર્યાં. સતી દ્રૌપદી માતા કુંતી પણ પોતાના પૌત્ર પરીક્ષિતને સાથે લઈને ભગવાનને નમસ્કાર કરવા લાગ્યાં.

ભગવાને બધાંને પ્રેમથી નીરખતાં અને પરીક્ષિતના શિર પર પોતાનો વરદ્ હસ્ત મૂકતાં અત્યંત સ્નેહાદ્રતાથી કહ્યુંઃ સદ્‌ભકતો, તમારા ભકિત પ્રતાપના બળે મને વૈકુંઠમાંથી અહીં સુધી આવવું પડયું. આજ તમારો યજ્ઞ પણ સફળ થયો અને તમે કૃતકૃત્ય થયા. આજ અવનિ પર પાંડવ વંશ ધન્ય થયો. હવે તમે આ પરીક્ષિતનો રાજયાભિષેક કરો અને તમે રાજ સંન્યાસ લઈને હિમાલયમાં પ્રસ્થાન કરો. તમારા શિર પર હજુ એક મોટી જવાબદારી છે. નવ કોટિ જીવાત્મા તમારી ત્યાં રાહ જુએ છે. તમારા પુણ્યના પ્રતાપે તેમનો ઉદ્ધાર થવાનો છે. મત્સ્ય અવતાર વખતે તમે તળપાતાળના ભૂતલ દેશમાં મત્સ્ય રાજાના ઘેર પાંચેય પુત્ર રૂપે અવતર્યા હતા, ત્યારે મત્સ્ય ભગવાને તમને આપેલું વચન પૂર્ણ થયું. તમે માગી લીધેલા વરદાન પ્રમાણે અપાર કષ્ટ સહન કરીને પૂર્ણત્ત્વનું છેલ્લું મહત્ત્વનું કાર્ય હવે બાકી રહ્યું છે તે સાધ્ય થાય એટલે તમે પૂર્ણત્ત્વમાં વિલીન થશો, એ માટે તમને હિમાલયમાં જઈને સાધના કરીને અપાર કષ્ટ સહન કરવાનું છે. તે માટે તમે સિદ્ધ થાવ અને આગળના કાર્ય માટે તત્પર રહો.

ભગવાનનાં વચન સાંભળીને પાંડવો, દ્રૌપદી અને માતા કુંતી બોલ્યાં: 'હે અનંત વિશ્વનાયક, તમે અનાથના નાથ છો. અમારા કલ્યાણ માટે આ તમે કેટલો પરિશ્રમ કર્યો. તમારા કૃપા આશીર્વાદ સતત અમારા પર રહે તેવી અમારી વિનંતી છે.

એવી તે શ્રી બુદ્ધની વાચા સાંભળી, લાવ્યા હરિને હસ્તિનાપુર,
પરોણા રાખ્યા તે હરિને, માસ એક ઘેર પોતાને મધુર. ॥૭૮૬॥
હરિ અંશ વિપ્ર સંગ છે, વોળાવે તે વૈકુંઠના નાથ,
દક્ષિણા આપી મન ગમતી, ત્યાં ભોજન કર્યા હરિ સાથ. ॥૭૮૭॥
વિપ્ર સર્વે ગયા પછી, હરિએ માગી આજ્ઞાયે,
હવે શ્વેત દ્વીપ માંહે પરવરું, તમે સાંભળો ધર્મરાયે. ॥૭૮૮॥
કલિયુગ માંહે નામ અમારું, અને તેનો કહું મહિમાયે,
અથર્વવેદી નામ અમ તણું, શ્રી નિષ્કલંકી નારાયણ કેવાયે. ॥૭૮૯॥
ત્યાં તો અજંપાના જાપથી, અને થાયે અમારું દરશન,
એમ કલિયુગમાં અમને ભજે, તે તો આવે અમારે ભવન. ॥૭૯૦॥
વચન અસત્ય મુખ માંહેથી, અને ના વદે નર જેહ,
સત્ય વાણીએ વિચરતા, અમર પદ પામે તેહ. ॥૭૯૧॥
અમે તો વસીએ પાવન દેશ, અને શ્વેતદ્વીપ સાર,
અવતાર તો વળતાં જે લેશું, તે તો જંબુદ્વીપ મોઝાર. ॥૭૯૨॥
એ એંધાણીયે ઓળખજો, અને સૃષ્ટિ ગુરુ અવતાર,
ત્યાં ભેટ આપી પાંડવે, શ્રી હરિને અનંત અપાર. ॥૭૯૩॥
પછે પાયે લાગીને કહે, અમે જાશું હિમાલે સર્વે સાથ,
તમે દયાયે ચરણમાં રાખજો, હો સ્વામી વૈકુંઠના નાથ. ॥૭૯૪॥
છે પોતે વૈકુંઠનાથજી, તે માટે નાથ ધરાવ્યું નામ,
છે પુરુષ પૂરણ એ તો, તે શ્રી બુદ્ધ દેવ નિરવાણ. ॥૭૯૫॥
ત્યાં ઘણી વિનંતી કરે, અને હરિને પહોંચાવા જાયે,
ત્યાં પાંડવ સ્થાનકે આવીને, લાગે છે હરિને પાયે. ॥૭૯૬॥
આવ્યા જયારે શ્રી બુદ્ધજી, ચાલી પાંડવ દ્વારે ગયા,
પાંડવો ત્યાં વર પામીને, હસ્તિનાપુરમાં તે આવીયા. ॥૭૯૭॥
ત્યારે પાંડવ વિચારીને કહે, અને શી ગત્ કીજે આજ,
હવે આપણે શ્રી હરિ વચનો, મૂકી દેવું જોઈએ આ રાજ. ॥૭૯૮॥
હરિ પાયે પાંડવ લાગીને, અને વિનંતી કરે છે અપાર,
સ્વામી તમો છો સદાયેના, અમ શરણાગતના આધાર. ॥૭૯૯॥
સ્વામીજી અભય વચન બોલીયા, અને સુણો તે પાંચે ભાઈ,
ગુરુનાં વચન ઉવેખીયાં, તેની તમો શિર રહી છે લાઈ. ॥૮૦૦॥
હિમાલે જઈ હિસાબ ચૂકાવો, તો તમે બેસશો સ્વામીને પાસ,
સાથે નવ કરોડી જીવોની, તે ત્યાં પૂરે તમારી આશ. ॥૮૦૧॥
પાંડવ વચન આ અમ તણું, અને સત્ય સહી કરી માનશો તમો,
જો રાજપાટ સર્વે ત્યાગો તો, હિમાલે આવી મળીશું અમો. ॥૮૦૨॥

શ્રી બુદ્ધ ભગવાને પાંડવોને આશીર્વાદ આપ્યો અને કહ્યું : 'હે સદ્ભકતો, તમે બિલકુલ ચિંતા કરશો નહીં. તમારી બધી મનોકામના પૂર્ણ થશે. તમારા બધા સદ્હેતુ સફળ થશે. જીવનની અંતિમ ક્ષણ સુધી સતત કરેલાં ભકિત, કર્મ, જ્ઞાન, ધ્યાન, યોગાભ્યાસ અને સતત અભ્યાસથી તમે મુકત થશો.

શ્રી બુદ્ધ ભગવાનની વાણી સાંભળીને પાંડવો ગદ્ગદીત થયા. તેમણે ભગવાનને હસ્તિનાપુરમાં આવવાનો અને આતિથ્ય સ્વીકારવાનો આગ્રહ કર્યો. તેમની વિનંતીને માન આપી ભગવાને સંમતિ આપી. પાંડવો હસ્તિનાપુરમાં ભગવાનને અને તેમના સહવાસમાં રહેલા સદ્ભકતોને લઈને આવ્યા. નિત્ય તેમના સત્સંગમાં રહીને જ્ઞાનચર્ચા યોગ સાધનાભ્યાસ કરવા લાગ્યા. એક મહીના સુધી તેમના સાનિધ્યમાં રહીને ભગવાને તેમને સંપૂર્ણ યોગશાસ્ત્રનું જ્ઞાન શીખવ્યું અને તેવી જ સાધના કરાવીને પારંગત કર્યા.

પછી ભગવાને જવાની રજા માગી. ભગવાન બોલ્યાઃ 'હે સદ્ભકતો, હવે મારું અવતાર કાર્ય પૂર્ણ થવાથી હું મારા સ્થાને એટલે શ્વેતદ્વીપમાં જાઉં છું. કલિયુગના છેલ્લા પ્રહરમાં સદ્ગુરુ બ્રહ્મા સર્વત્ર પ્રગટ થઈને અથર્વવેદના આત્મ જ્ઞાનના પ્રચારથી જનજાગૃતિ કરશે. આત્મ જ્ઞાન સંપન્ન સદ્ભકત અજંપા જાપ યુકત મારું 'શ્રી નિષ્કલંકી નારાયણ' નામથી ભજન, પૂજન, સંકીર્તન કરશે, ત્યારે હું શ્રી નિષ્કલંકી નારાયણ અવતાર ધારણ કરીને જંબુદ્વીપ ભરતખંડમાં કુંવારીકા ક્ષેત્રમાં આવીશ. હે સદ્ભકતો, આ પ્રકારનું આ મારું આગમ ભવિષ્ય છે. એ સમયે સદ્ગુરુ ઈમામશાહ મહારાજ કલિયુગમાં પ્રગટ થશે જ.

પાંડવોએ ભગવાનના ચરણે સાષ્ટાંગ નમન કરીને વિનંતી કરી કે; હે પૂરણ પુરુષ પુરુષોત્તમ ! હવે અમે તમારી આજ્ઞાનુસાર હિમાલયમાં જઈને સાધના કરીશું. તમારા ચરણ કમળમાં અમારું મન સદૈવ સ્થિર રહે એવી અમારી વિનંતી છે. આમ વિનંતી કરતા કરતા તે ભગવાનની પાછળ પાછળ જવા લાગ્યા.

ભગવાને પ્રેમથી પાછળ જોઈને પાંડવોને કહ્યુંઃ 'હે સદ્ભકતો, તમે હવે પાછા વળો. મારા કહ્યા પ્રમાણે રાજયની ધુરા પરીક્ષિતને સોંપીને હિમાલયમાં જવા માટે સિદ્ધ થાઓ. ત્યાં હું તમારી રાહ જોઉં છું. નવ કોટિ જીવાત્માઓ તમારી ત્યાં વાટ જુએ છે. તેમના ઉદ્ધારની જવાબદારી તમારા શિર પર છે. એ કાર્ય પૂર્ણત્ત્વ થયા પછી તમારી આશા સફળ થશે. હું હવે તમારી રજા લઉં છું. ફરી આપણો મેળાપ હિમાલયમાં થશે, એમ કહી ભગવાન શ્રી બુદ્ધ જવા લાગ્યા.

તેમનો વિરહ સહન ન થવાથી ધર્મરાજાને મૂર્ચ્છા આવી ગઈ. બધા લોકો ધર્મરાજાની સેવામાં લાગ્યા. થોડા સમય પછી શુદ્ધિમાં આવ્યા પછી ધર્મરાજા પોતાના જીવનના એક એક પ્રસંગ યાદ કરીને અને બધા પ્રસંગોમાં પોતાને કઈ રીતે ભગવાને બચાવ્યા એ કહેતા કહેતા શોક સાગરમાં ડૂબી ગયા. તેવી જ અવસ્થા બધા ભાઈઓની પણ થઈ ગઈ હતી. ઘરમાં દ્રૌપદી કુંતીમાતા અને બધી સ્ત્રીઓની પણ તેવી જ અવસ્થા થઈ ગઈ હતી. જે પ્રમાણે આપણો પ્રાણ શરીર છોડીને નીકળી જાય છે અને શરીર નિશ્ચેત રહે છે તેવી અવસ્થા સદ્ભકત પાંડવોની થઈ. ભગવાનનો વિરહ તેમનાથી બિલકુલ સહન થતો નહોતો. એ વારંવાર ભગવાનને વિનંતિ કરીને કહેવા લાગ્યાઃ 'હે ભગવાન ! અમને એકલા છોડીને તમે કેમ નીકળી ગયા ? કેમ અમારો ત્યાગ કર્યો ? અમને તમારી સાથે લઈ જાઓ !'

પાંડવને છોડી હરિ જયાં જાયે,
ત્યારે અડસઠ તીર્થ આવી લાગ્યાં હરિને પાયે. ॥૮૦૩॥
જયારે સામે આવતા હરિ દીઠા સહી,
ત્યારે ગંગાજીએ સર્વે તીર્થ શું કહી. ॥૮૦૪॥
સર્વ ભેદ ગંગાજીએ તીર્થને કહ્યો,
શ્રી બુદ્ધ અવતાર શ્રી કૃષ્ણજીએ લીયો. ॥૮૮૫॥
શ્રી બુદ્ધ અમૃતવાણી બોલ્યા છે આયે,
ત્યાં સર્વ તીર્થ હરિને લાગ્યાં પાયે. ॥૮૦૬॥
ગંગાજીએ વિનંતી કરી બહુ વિવેક,
ત્યાં વચન હરિ બોલ્યા છે એક. ॥૮૦૭॥
અડસઠ તીર્થ હરિ શું કહે છે આયે,
સ્વામી અમથી કલિયુગમાં રહ્યું ના જાયે. ॥૮૦૮॥
ગયો દ્વાપરનો કલિયુગ બેઠો સાર,
સર્વે દેવ ઋષિવરે છોડયાં છે ઠામ. ॥૮૦૯॥
ત્યારે ગંગાજીએ વચન હરિ શું કહ્યો,
જો તમે કલિયુગમાં પ્રગટ નહીં રહો. ॥૮૧૦॥
જો તમો કલિયુગમાં અપ્રગટ ફરો નિર્વાણ,
તો હરિ અમને મૂકો પાછાં અમારે ઠામ. ॥૮૧૧॥
જયારે વિનંતી એવી તીર્થ સર્વે એ કહી,
ત્યારે શ્રી હરિ બુદ્ધ રૂપે બોલ્યા સહી. ॥૮૧૨॥
સુણો રે ગંગાજી વાત તમને તો કહું,
ત્યાં દસમો અવતાર ગુપ્ત હોઈ રહ્યું. ॥૮૧૩॥
ઉત્તર દિશા માંહે શ્વેતદ્વીપ કહું,
ત્યાં દસમો અવતાર ગુપ્ત હોઈ રહું. ॥૮૧૪॥
ત્યારે તીર્થ હરિ શું કહે સત્ય ભાયે,
સ્વામી ગુરુ નર વિના રહ્યું કેમ જાયે. ॥૮૧૫॥
કરે જીવ હિંસા ને કૂડ કપટ શું કામ,
જયાં લોભ લાલચે કરી જોડે દામ. ॥૮૧૬॥

તે દામ લાવી પૂજા અમારી રે કરે,
સ્વામી તેનું પાપ અમ શિર ઉપર ચડે. ॥૮૧૭॥
એવા મહાપાપ તો કલિયુગ માંહે થાયે,
સ્વામી કલિયુગમાં રહ્યું નહીં જાયે. ॥૮૧૮॥
શ્રી હરિ જે વકર્મ કરીને અમમાં નહાયે,
તે પાપીનાં મુખ તો દેખ્યાં કેમ જાયે. ॥૮૧૯॥
ત્યારે શ્રી બુદ્ધ વચન એ તીર્થને કહ્યાં,
તમો બ્રહ્માની કલા માંહેથી પેદા થયાં. ॥૮૨૦॥
જે બ્રહ્માના થાપ્યા તીર્થ યુગમાં આયે,
તે ગુરુ બ્રહ્માની કલા માંહે રહેશો જાયે. ॥૮૨૧॥
એવાં વચન હરિએ ગંગાજીને રે કહ્યાં,
ત્યારે સર્વ તીર્થ મન માંહે હર્ષિત તો થયાં. ॥૮૨૨॥
ત્યારે નારાયણને ગંગાજી પૂછે શીશ નામ,
સ્વામી અમને કહો ગુરુ બ્રહ્માનાં ઠામ. ॥૮૨૩॥
ત્યારે ગુરુ બ્રહ્માનાં ઠામ નારાયણ કહે,
ત્યાં સકળ તીર્થ ચિત્ત દઈને રહે. ॥૮૨૪॥
જંબુદ્વીપ કુંવારીકા ક્ષેત્ર ધામ,
પ્રગટ રૂપે બ્રહ્માજી બેસશે તેણે ઠામ. ॥૮૨૫॥
પ્રેરણાપીઠ ધામમાં ગુરુ બ્રહ્માજીનાં ઠામ,
તે કલિયુગમાં સદ્‌ગુરુ ઈમામશાહ નામ. ॥૮૨૬॥
ગુરુને જે ઘર તપ કર્યા તે લેજો જોયે,
તેણે અસાવધ દુનિયા ના જાણે કોયે. ॥૮૨૭॥
જયારે નારાયણે કહ્યા ગુરુ બ્રહ્માનાં ઠામ,
ત્યારે સર્વ તીર્થે તે દિશાને કર્યા પ્રણામ. ॥૮૨૮॥
ત્યારે સકળ તીર્થ પૂછે રે શીશ નામ,
સ્વામી અમને કહો હવે તમારાં ઠામ. ॥૮૨૯॥
શ્રી નારાયણ દેવ ગંગાજીને ઠામ તો કહે,
અને કળા અમારી ગુરુ બ્રહ્માજીમાં રહે. ॥૮૩૦॥

જયારે વચન શ્રી બુદ્ધે ગંગાજીને કહ્યાં,
ત્યારે સર્વ તીર્થ મન હર્ષિત તો થયાં. ॥૮૭૧॥
એસો ભેદ શ્રી બુદ્ધે કહ્યો રે પઠાયે,
અડસઠ તીર્થ બ્રહ્મકળામાં બેઠાં જાયે. ॥૮૭૨॥
કલિયુગમાં સર્વ તીર્થ બ્રહ્મકળામાં ગયાં,
ત્યારે સર્વ તીર્થનાં ઘર ઠાલાં થયાં. ॥૮૭૩॥
જયારે અડસઠ તીર્થ ચાલીને રે ગયાં,
તે તો સર્વે જંબુદ્વીપ માંહે આવી રહ્યાં. ॥૮૭૪॥
તે સર્વ તીર્થ તો રજાવંદા રે આપે થયાં,
તે ગુરુ બ્રહ્માની કળા માંહે આવી રહ્યાં. ॥૮૭૫॥

પાંડવોના ભાવ પ્રેમનો સંદેશ લઈને ભગવાન જયારે જવા લાગ્યા, ત્યારે અડસઠ તીર્થો ત્યાં ભગવાન પાસે આવ્યાં અને તેમણે ભગવાન શ્રી બુદ્ધના ચરણે સાષ્ટાંગ દંડવત્ કર્યા. ભગવાને ઊભા રહીને તેમને આવવાનું કારણ પૂછયું.

ત્યારે બધાં તીર્થોમાં શ્રેષ્ઠ એવાં ગંગાએ હાથ જોડીને ભગવાનની સ્તુતિ કરી. ગંગાએ કહ્યું: 'હે પૂર્ણપુરુષ પુરુષોત્તમ ! હે પતિત પાવન, સકળ માંગલ્યના તમે પરમ નિધાન એવા છો, આ જગતમાં સમયે સમયે અલગ અલગ રૂપ નામ ગુણથી અવતાર ધારણ કરીને તમે જગત કાર્ય વ્યવસ્થિત ચલાવો છો, તમે જ શ્રી કૃષ્ણ, શ્રી રામ, તમે જ નિયંતા, તમે જ ભવતારક ભગવાન છો. તમારા જ આશ્રયથી અમે રહીએ છીએ. અમે અડસઠ તીર્થો તમારી જ સત્તાથી અમારા પર આવેલી જવાબદારી પાળીએ છીએ. તમારી ઈચ્છા સિવાય, કૃપા દૃષ્ટિ સિવાય અમે ક્ષણભર પણ અસ્તિત્વમાં રહી શકતાં નથી. તમારા પ્રગટ વાસ્તવ્યથી વારંવાર થનારા પદ સ્પર્શથી સંગથી અમે પરમ પાવન થઈએ છીએ પણ સાંપ્રત કલિયુગમાં બધા દેવ, ઋષિ અને મુનિ, સંત, મહાત્મા, ગુપ્ત રહેતા હોવાથી અમારે કોના આશ્રયે રહેવું. અત્યંત દુસ્તર અને પાપી એવા આ કલિયુગમાં અમારાથી રહેવાશે નહીં. ભગવાન તમે જો કલિયુગમાં પ્રગટ સગુણ સાકાર રૂપે રહેતા હોવ તો અમે અમારા વાસ્તવ્ય સ્થાન પર જઈએ, નહીં તો તમારા જ સાનિધ્યમાં તમે જ્યાં જાઓ ત્યાં અમે પણ આવીશું.

ભગવાન શ્રી બુદ્ધ બોલ્યા: 'હે પરમ પાવક તીર્થો, મારાથી આ યુગમાં પ્રગટ રૂપે રહેવાશે નહીં. તમારાથી મારી સાથે પણ અવાશે નહીં, કારણ હું જંબુદ્વીપના મારા મૂળ સ્થાને ગુપ્ત રૂપે વાસ્તવ્ય કરીશ અને કલિયુગના છેલ્લા પ્રહરમાં શ્રી નિષ્કલંકી નારાયણ રૂપે પ્રગટ થઈશ.

ત્યારે બધાં તીર્થોએ ભગવાનને પ્રાર્થના કરી કે; હે ભગવાન ! આ કલિયુગમાં લોકો અધર્મ માટે પ્રવૃત્ત થશે. જીવહિંસા, કૂડકપટ, અસત્યાચારણ કરશે, લોભ લાલચ સ્વાર્થીથી ભરેલાં એવાં કામ કરશે, લોકોને લૂંટીને અનેકાનેક કુકર્મ કરીને

ધનસંપત્તિ ભેગી કરીને તે સંપત્તિમાંથી દાન ધર્મ, અમારી પૂજા અર્ચના કરશે અને તેમના કૃત કર્મનો ભાર અમારા પર સોંપશે. એ યોગે અમારા શિર પર પાતકના ડુંગર ઉભરાશે અને તેથી અમે નિષ્પ્રાય થઈ જઈશું, માટે આ મહાપાપી કલિયુગમાં અમે તમારા સિવાય રહીશું નહીં.

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ હે તીર્થો, તમારો ગુણ ધર્મ અથવા તમારામાં અગાધ શકિત છે કે જે કોઈ જીવાત્મા શુદ્ધ અંતઃકરણથી સદ્‌ભાવ હેતુથી તમારામાં સ્નાન કરે, તમારી સેવા પૂજા તપ ધ્યાન કરે, તેનાં પાપ પરિમલ ધોઈને શુદ્ધ શુચીભૂત કરવું એ તો તમારા અંગની શકિત છે. તમારી ઉત્પત્તિ સદ્‌ગુરુ બ્રહ્માથી-બ્રહ્મદેવથી થઈ છે. તમારો મહિમા-તમારા પ્રાણ સદ્‌ગુરુ બ્રહ્મા પાસે રહેશે. ત્યાં જ તમે વાસ્તવ્ય કરો. તે સદ્‌ગુરુ બ્રહ્માના વાસ્તવ્ય સ્થાન કલિયુગમાં ભરતખંડમાં જંબુદ્વીપમાં કુંવારીકા ક્ષેત્ર પર સાબરમતી નદીના પૂર્વ તીરે હેમપુરી નગરીમાં રહેશે. કલિયુગના છેલ્લા પ્રહરમાં સદ્‌ગુરુ સગુણ સાકાર રૂપ ધારણ કરશે અને અપાર લીલા ચરિત્ર કરીને લોકોને સદ્‌ધર્મનો સત્‌પંથનો ઉપદેશ કરશે. એ જગ્યાએ તેમની કળામાં જઈને તમે વાસ્તવ્ય કરો એટલે તમારાં સંચિત બધાં પાપ પરિબળ નષ્ટ થઈ જશે. શ્રી બુદ્ધ ભગવાને આ ભેદ કહેતાં જ તીર્થોએ એ દિશા તરફ વળીને પ્રણામ કર્યા. બધાં તીર્થોને આ પ્રકારે વાસ્તવ્ય સ્થાન દર્શાવીને તેમને કૃપા આશીર્વાદ આપી ભગવાન શ્રી બુદ્ધ આગળ જવા લાગ્યા. અહીં બધાં તીર્થ સદ્‌ગુરુ બ્રહ્માના ધામમાં તેમના આશ્રયે આવ્યાં.

અહીં તીર્થ વોળાવી હરિ જયાં જાયે, ત્યારે ભૈરવ ભૂત આવીને લાગ્યાં પાયે. ॥૮૩૬॥
ત્યાં પાયે લાગીને વિનંતી કરે છે ઘણી, હવે અમને રજા કેમ દો છો શ્રી હરિ ॥૮૩૭॥
હરિ ઈશ બ્રહ્મા પ્રગટ નહીં હોય દયાળ, ત્યાં કોણ કહેશે અમારા પ્રતિપાળ. ॥૮૩૮॥
જયારે એસા વચન ભૈરવ ભૂત કહે, ત્યારે શ્રી નારાયણ દેવ વચન ઓચરે. ॥૮૩૯॥
ત્યારે નારાયણે ભૈરવને કહ્યો વિચાર, તમે કાયે છોડો છો આવો રૂડો સંસાર. ॥૮૪૦॥
જે મદ્ય માંસનો છે આહાર રે તમ તણો, તે કલિયુગમાં ભૂલ્યા લોક પૂજશે ઘણો. ॥૮૪૧॥
જયારે એવાં વચન નારાયણે રે કહ્યાં, ત્યારે સકળ ભૈરવ ભૂત હર્ષિત થયાં. ॥૮૪૨॥
ભૈરવ ભૂત કર જોડીને કહે શીશ નામ, સ્વામી કલિયુગમાં કહો અમારો ઠામ. ॥૮૪૩॥
તમે જયાં કહેશો ત્યાં રહીશું ભાવ, એસો ભૈરવ ભૂતે કહ્યો સુજાવ. ॥૮૪૪॥
ત્યારે નારાયણ ઠામ ભૈરવ ભૂતને કહે, આજ અડસઠ તીર્થનાં ઘર ઠાલા છેયે. ॥૮૪૫॥
સર્વ તીર્થ ઊઠીને ગયાં ગુરુ બ્રહ્મા પાસ, તેના ઘરમાં જઈ તમે પૂરજો વાસ. ॥૮૪૬॥
ત્યાં કરી રૂડા ચરિત્ર કરજો પ્રસ્તુત, સર્વ ભોળા લોકોને તમે ખાજો રે ધૂત. ॥૮૪૭॥
જેમ જેમ ચરિત્ર કરશો તમે તત્‌ક્ષેણું, તેમ તેમ લોક તમારા તીર્થે આવશે ઘણું. ॥૮૪૮॥
હરિએ ભૈરવને દીધાં છે એવાં રે ઠામ, ત્યાં સકલ ભૈરવોએ દેવને કર્યા પ્રણામ. ॥૮૪૯॥
ત્યારે શ્રી હરિએ કહ્યો સર્વ ભૈરવોને રે ઠામ, જઈને રહેજો તમે અડસઠ તીરથ મુકામ. ॥૮૫૦॥
નવખંડ ચોવીસ મુલકે વ્યાપક ભૈરવ ભૂત, તે સર્વ અસાવધ દુનિયાને ખાયે છે ધૂત. ॥૮૫૧॥
કલિયુગમાં જે વેદ વિધિ વિના પૂજા થાયે, તે સર્વ પૂજા ભૈરવ ભૂત લઈ જાયે. ॥૮૫૨॥

કલિયુગમાં દસમા અવતારની પૂજા હોયે, શાસ્ત્ર વેદ વચને સત્ગુરુ ઘેર લેજો જોયે. ॥૮૫૩॥
એસો કહી ભૈરવ ભૂત દીયા રે પઠાયે, સર્વ તીર્થોના દેવલ દેરે બેઠા જાયે. ॥૮૫૪॥
કલિયુગમાં સર્વ વ્યાપક ભૈરવ ભૂત, તે તો અસાવધ દુનિયાને ખાયે છે રે ધૂત. ॥૮૫૫॥
ચરપટે રાચ્યો છે આ સકલ સંસાર, તે જાણે કોઈ સત્ગુરુ મૂરતના ઠાર. ॥૮૫૬॥
ભૈરવ ભૂતને વોળાવી હરિ જ્યાં જાયે, ત્યારે તેથી શ્રી બુદ્ધ રૂપ ગુપ્ત જો હોયે. ॥૮૫૭॥

અડસઠ તીર્થોને સંદેશ આપીને ભગવાન શ્રી બુદ્ધ જવા લાગ્યા. ત્યાં જ પોતાના ભૂતગણ સાથે ભૈરવ આવ્યા અને ભગવાનને વિનંતી કરવા લાગ્યા. એ બોલ્યાઃ હે સ્વામીનાથ ! જગત્પતિ, જગદીશ્વર અમારા પર કૃપા દૃષ્ટિ કરો. તમે અહીંથી જશો તો અમારું પ્રતિપાળ કોણ કરશે ? અમે અહીં રહીને શું કરીશું ? અમને પણ તમારી સાથે આવવાની કૃપા દૃષ્ટિ કરો.'

ત્યારે ભગવાન શ્રી બુદ્ધ બોલ્યાઃ 'હે ભૈરવ ભૂતગણો, તમારે ઉદાસ થવાનું નથી, તમારો તો હવે આ કલિયુગમાં અત્યંત ઉન્નતિનો ઉત્કર્ષનો કાળ છે. આવો સુંદર કાળ, સુંદર જગત અને કલિયુગના જીવાત્માઓને છોડીને તમને હવે બીજે ક્યાંય જવાની જરૂર નથી. મદ્ય, માંસ, તામસ એવો તમારો આહાર, કામ, ક્રોધ, લોભ એ તમારું આશ્રય સ્થાન અને વિહાર સ્થાન, એવા વિહારોની આ કલિયુગમાં કોઈ ઉણપ રહેશે નહીં. આવું સુંદર નંદનવન છોડીને તમારે ક્યાં જવાની વાત છે ? અન્યત્ર કયાંય ન જશો. અહીં મૃત્યુલોકમાં જ રહો. આ કલિયુગના સન્માર્ગ ભૂલેલા માણસો તમારા શરણે આવીને તમારી પૂજા અર્ચના કરશે.'

ત્યારે ભૂત ભૈરવ આનંદીત થયાં અને બોલ્યાંઃ 'પછી સ્વામી, અમારું નિવાસ સ્થાન કયું હશે ? અમે કયાં વાસ્તવ્ય કરીએ ? જે જગ્યા કહો ત્યાં અમે વાસ્તવ્ય કરીશું'

શ્રી બુદ્ધ ભગવાન બોલ્યાઃ 'હે ભૈરવ ભૂતગણો, અસંખ્ય વેરાન તીર્થોમાં તમે જઈને વાસ્તવ્ય કરો. એ જગ્યાએ જેમ જેમ તમારાં ચરિત્ર કરશો તેમ તેમ લોકો તમને માનશે અને તમને ભજશે. આ કલિયુગના લોકો અજ્ઞાનપણાથી અને ભોળપણાથી પાપ પ્રાક્ષાલન માટે તથા સુખ પ્રાપ્તિ માટે તમને જ વધારે માનશે અને ભકિત કરશે. મદ્ય માંસનો નૈવેદ્ય, પશુપક્ષીઓની બલિ આપી તે લોકો તમારી ખૂબ ભકિત ભાવથી સેવા પૂજા ભકિત ઉપાસના કરશે. આ માટે તમે એ જગ્યાએ વાસ્તવ્ય કરો. આ પ્રકારે શ્રી બુદ્ધ ભગવાને ભૂત ભૈરવોને સ્થાન દર્શાવીને આશીર્વાદ આપતાં જ એ બધાં આનંદથી તાળીઓ વગાડતાં નાચવા લાગ્યાં.

કલિયુગમાં વેદ વિધિ સિવાય જે કંઈ પૂજા થાય છે તે સર્વ પૂજા ભૂત ભૈરવ જ સ્વીકારી લે છે. તેનાં ફળ જીવાત્માને મળી શકતાં નથી. કારણ એ પૂજા ઈચ્છિત અને સાચા દેવદેવતા સુધી પહોંચતી નથી. એ માટે જીવાત્માઓએ વેદ શાસ્ત્ર વચનાનુસાર સાચા બ્રહ્મ સ્વરૂપી સદ્ગુરુને જાણીને સેવા પૂજા કરવી. યુગ ધર્માનુસાર શુદ્ધ પવિત્ર સત્ય ધર્મનું આચરણ, ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના અજંપા જાપનું નામ સ્મરણ અને જ્યોતિ સ્વરૂપના ધ્યાનથી પરબ્રહ્મ 'ૐ' સ્વરૂપે પ્રાપ્ત થાય છે. આ સંસારમાં કૂડકપટનો ત્યાગ કરીને નિર્મળ શુદ્ધ અને પ્રેમાળ અંતઃકરણથી પોતાના જીવના ઉદ્ધાર માટે અને કલ્યાણ માટે ભૂત ભકિતનો-અંધશ્રદ્ધાનો ત્યાગ કરીને શુદ્ધ ભકિત કરવી.

ભગવાન શ્રી બુદ્ધ અવતારનું કાર્ય અહીં પૂર્ણ થયું. ઉર્વરિત (બાકી રહેલું) આયુષ્ય તેમને ધ્યાન ચિંતન સ્મરણમાં કરી પોતાના અવતારનું વિસર્જન કર્યું.

ભાઈ દેવની ખેલ રમત છે અલૌકિક જેહ,
શ્રી બુદ્ધજીએ આગમ કથી સંભળાવી તેહ. ॥૮૫૮॥
આ વેદ વચન સહી પ્રમાણે નર જેહ,
શ્રી બુદ્ધ અવતારે આગમ ભાખ્યાં તેહ. ॥૮૫૯॥
જે નવમો રૂપ દ્વાપર અંતે હુવો છે સાર,
ત્યાં તો દેવે ધર્યો છે શ્રી બુદ્ધ અવતાર. ॥૮૬૦॥
તે શ્રી બુદ્ધની માતા રેણુકા, અને પિતા તો શ્રી સિંહરાજ,
શકિત તો હરસિદ્ધ દેવી જાણો, અને ગુરુ તો શ્રી હંસરાજ. ॥૮૬૧॥
શ્વેત દ્વીપે ઉપન્યા, જંબુ દ્વીપ હિમપુરી સ્થાને જઈ,
ભરતખંડમાં રમત રમીયા, પાંડવ મોક્ષ પામ્યા તહી. ॥૮૬૨॥
કૌરવને દુર્યોધન દૈત્ય, કંસાસુર જયારે મારીયા,
નવ કરોડી શું ભકત, પાંડવો યુધિષ્ઠિરે ઓદ્ધારીયા. ॥૮૬૩॥
ત્યાં પછી સંસાર માંહે ફર્યા શ્રી મોરાર,
ત્યાંથી પાંડવો નિસર્યા, અને ગયા તે વેલું વન મોઝાર. ॥૮૬૪॥
ત્યારે નારાયણ પ્રગટ પધારીયા અને ભકત પાંડવ છે જહીં,
પાંડવોને તો તે પૂછયા ભાઈ કુશળ છો કે નહીં. ॥૮૬૫॥
ત્યાં પાંડવે કાયા કેશે ઢાંકી છે, વાયે ભરખી લે છે ભોગ,
સદ્‌ગુરુએ એણી પેરે રાખીયા, ત્યારે હિમાલે સીજયા જોગ. ॥૮૬૬॥
હરિએ પાંડવને આપી આજ્ઞા, તમે ચાલો હિમાલે જેહ,
તમે ખોળીયા કસી થાવ ઐહિકતાના, તો થાશે પાવન દેહ. ॥૮૬૭॥
યુધિષ્ઠિર વાણી ઓચરે, સ્વામી સદેહે સ્વર્ગ દેખાડો,
જે પહેલાં કોલ કરાર કીધા તમો, શ્રી હરિ હમ સાથે સીધાવો. ॥૮૬૮॥
પાંડવ હિમાલે ચલાવીયા, અને રાજા ધર્મે માગ્યો કોલ,
સ્વામી હવે અળગા ના કીજીએ, આપણે જઈએ અમરાપુર મોહોલ. ॥૮૬૯॥
શ્રી હરિ ત્યારે એમ બોલીયા, અને સાંભળો પાંડવો આજ,
રાજ આલો પરીક્ષિતને, તમે કરજો ધરમનાં કાજ. ॥૮૭૦॥

ભગવાનની અવતાર લીલા અકળ અચિંત્ય છે. આ પ્રમાણે અત્યંત અલ્પ કાળમાં ભગવાને પોતાનું અવતાર કાર્ય પૂર્ણ કર્યું. પાંડવોને પાત્ર જાણીને આગમ અગમ્ય ભવિષ્ય કથન કરીને જે કંઈ સાધના કરવી પડે છે તેનો ઉપદેશ શ્રી બુદ્ધ ભગવાને કર્યો છે. ભગવાન શ્રી કૃષ્ણએ મહાભારતના યુદ્ધ સમયે અર્જુનને કરેલો જ્ઞાનોપદેશ તેમના ચિત્ત પર દઢપણે ગ્રહણ થાય તે માટે ભગવાને દ્વાપર યુગના અંતે શ્રી બુદ્ધ અવતાર ધારણ કરીને પાંડવોને આ સદ્‌બોધ આપ્યો છે.

પાંડવો પછી રાજ સ્થિતિ, સમાજ સ્થિતિ અને ધર્મ સ્થિતિ વ્યવસ્થિત સુરક્ષિત રહે, તેમાં વિકૃતિઓ ન આવે તે માટે શ્રી બુદ્ધ ભગવાને આ માર્ગ શોધ્યો હતો. તેમના ધર્મમતના પ્રભાવથી સારા એવા કાળ પછી કલિયુગના અનાચારનો ઓછાયો બેઠો. પાંડવો પછી પરીક્ષિત અને એ પછી જનમેજય રાજા સુધી કલિનો તેટલો ઉપદ્રવ નહોતો. એ પછીના કાળમાં કલિનો પ્રાદુર્ભાવ વિશેષ જોરથી શરૂ થયો.

બુદ્ધ ભગવાનની લૌકિક માતા રેણુકા, પિતા સિંહરાજ હતા, શકિત હરસિદ્ધ (હંસાદેવી) અને ગુરુ હંસરાજ હતા, ક્ષેત્ર કુરુક્ષેત્ર હતું, ત્યાં જ દુર્યોધનને પોતાના મૂળ સ્વરૂપે દર્શન આપી તેને પોતાના સ્વરૂપમાં લય કર્યો હતો અને ત્યાંથી પ્રગટ થઈને એટલે ભગવાન શ્રી કૃષ્ણના અંશ સ્વરૂપે જ્ઞાનોપદેશ કરવા માટે પાંડવોના યજ્ઞ દ્વારે ઈંદ્રપ્રસ્થમાં આવ્યા હતા. ત્યાંથી ભગવાન બુદ્ધ ભરતખંડમાં સમયાંતરે કપિલવસ્તુનગરમાં શુદ્ધોધન રાજાની માયાદેવી નામની રાણીના ઉદરે જન્મ લઈ સિદ્ધાર્થ નામ ધારણ કરી ભરયુવાનીએ સંસારનો ત્યાગ કરી તપશ્ચર્યા કરી બુદ્ધત્વ પ્રાપ્ત કર્યુ અને શ્રી બુદ્ધ નામ ધારણ કરી ધર્મને અનુસરીને સત્ય, પ્રેમ, અહિંસા, કરુણા વગેરે કલ્યાણકારક ગુણોનો પ્રચાર અને પ્રસાર કર્યો છે.

શ્રી બુદ્ધ ભગવાનના ઉપદેશથી પ્રભાવીત થયેલા પાંડવો તે જ દિવસથી ધ્યાન, ચિંતન, સ્મરણની સાધનામાં લાગી રહ્યા. તેમણે યજ્ઞ તો પૂર્ણ કર્યો જ હતો. રાજય વ્યવસ્થા સુવ્યવસ્થિત કરી ખુદ હસ્તિનાપુરના રાજયકારભાર માટે અલગ અલગ વિભાગ કરીને પદાધિકારી નીમ્યા અને પોતાના શિર પરની જવાબદારીઓ ઓછી કરી નગરની બહારના રાજયોધાનમાં જઈને સાધનાભ્યાસ શરૂ કર્યો. વ્રત ઉપવાસ કરીને તપશ્ચર્યા કરવા લાગ્યા. નિરાહાર ઉપવાસ કરીને દેહ જીરવવા લાગ્યા. દેહનો સર્વ ભોગ વિલાસનો ત્યાગ કર્યો. આ પ્રકારે વિહાર પર નિયંત્રણ રાખી ઈંદ્રિયો દમન કરીને મૌનવ્રત પાળવા લાગ્યા. સાંસારિક વાણી (ઐહિકતા) પર નિયંત્રણ કર્યું. તપસ્યા, સાધના અને ઈશ્વર ચિંતન ધ્યાનમાં જ સમય વિતાવવા લાગ્યા.

રાજા યુધિષ્ઠિર કહે પરીક્ષિતને, તમે સુણો મારા પૌત્ર,
હવે અમે જાશું હિમાલે, તમને સોંપીએ રાજય ઘર સૂત્ર. ॥૮૭૧॥
પ્રજાને પાળજો પ્રેમથી, અને કરજો ઉત્તમ કર્મ,
ધર્મ માર્ગથી સહુને દોરજો, સત્‌નો ઓળખજો મર્મ. ॥૮૭૨॥
સત્યવાદીએ રહેવાયે નહીં, અને એવો તો છે કલિ કાળ,
મર્યાદા તે માને નહીં, પિતા તણી ત્યાં બાળ. ॥૮૭૩॥
નારી નરને સૂતો વેચે, એવા કલિનું છે કર્મ,
વર્ણાવર્ણ માને નહીં, સહુ મૂકે ને કુળનાં ધર્મ. ॥૮૭૪॥
વળી બ્રહ્મ તો થયા વિના, તે બ્રહ્મ દિશાનો પાળે મર્મ,
શુભ થઈને અશુભ આચરે, અને તે મુખે કહે એ ધર્મ. ॥૮૭૫॥
એ તો ધર્મને જાણે નહીં, અને કરે તે ખંડન પુણ્ય,
સ્વાદ અર્થે તે સત્ય મૂકે, તેણે દયા ધર્મ નહીં મન. ॥૮૭૬॥
લોભી રાજા પ્રજાને લૂંટે, ને પિતા તે લૂંટે પુત્ર,
માતા તો વેચે તનયા, ને લેવે તે કન્યાનો શૂલ્ક. ॥૮૭૭॥

અનેક તે બીજાં છે કરમ, અને કહેતાં તો નિંદા થાય,
ભાવે ભોજન કરાવે નહીં, પછે લોક જમવા રે જાય. ॥૮૭૮॥
સત્ય કહેતાં તે માને નહીં, અને પૂછવા પંડિતને ધાય,
તેણો મર્મ તે જાણે નહીં, મિથ્યા દેવલ દેરે પૂજાય. ॥૮૭૯॥
સાચું કહું છું પઠંતરે, તમે સુણજો ને પરીક્ષિત રાય,
નીચ ઊંચ તો ત્યાં એકઠા, તે સર્વ એકાકાર જો થાય. ॥૮૮૦॥
સુપાત્રને તો આપે નહીં, ને ધૂતારાને આપવા જાય,
કુપાત્રને પૂજે ઘણો, એવો છે કલિનો મહિમાય. ॥૮૮૧॥
કલિ મધ્યે હરિને માને નહીં, અને શૂન્ય પૂજવા ધાય,
ગોલા તો થાયે રાજીયા, અને અસાધુ પૂજાય. ॥૮૮૨॥
જૂઠું બોલે તેને માન આપે, અને કરે તેનાં નિત્ય વખાણ,
તે પંચ મતને માને નહીં, એ છે કલિનાં એંધાણ. ॥૮૮૩॥
ગાયો તો વિકરે કરીને, કન્યા વિકરે ઉત્તમ નામ,
કુળની મર્યાદા તે છોડીને, તે નીચ કરશે કામ. ॥૮૮૪॥
રાણી તો સેવે દાસને, દાસી તે સેવે રાય,
અનેક કર્મ બીજાં છે ઘણાં, એવો કલિનો મહિમાય. ॥૮૮૫॥
ભ્રાત સાથે વેર લેખવે, ત્યાં અમે કેમ રહેવાય,
તે માટે તો જાશું અમો, પુત્ર તમે રહેજો નિર્મલ કાય. ॥૮૮૬॥
પરીક્ષિત કહે અમે કેમ રહું, પાપી મહાકલિયુગ કહેવાય,
તે માટે સંગે હમે આવશું, અમને એમ ઘટે છે રાય. ॥૮૮૭॥
ધર્મ કહે તમે હમણાં ઉપન્યા, તે માટે કરવું ઘટે છે રાજ,
જયાં લગી પુત્ર થાયે નહીં, ત્યાં લગી પિતૃ ઋણ રહે છે કાજ. ॥૮૮૮॥
પરીક્ષિતને તો રાજ આપી, પછી જાયે છે સહુ હિમ,
હવે હમે સર્વ હિમાલયે જાશું, એમ ઘટે છે કલિયુગનું નીમ. ॥૮૮૯॥

કેટલોક સમય ગયા પછી ધર્મરાજાએ પોતાના તેજસ્વી સુંદર એવા પૌત્ર પરીક્ષિતને પાસે બોલાવ્યો, પ્રેમથી તેના શિર પર હાથ ફેરવ્યો અને સ્નેહાર્દ્રથી તેને પોતાના હૃદયે લગાવી આલિંગન કર્યું. ધર્મરાજાએ પરીક્ષિતને કહ્યુંઃ હું તારા હિતની બે વાતો કહું છું તે ધ્યાનથી સાંભળ. ધીમે ધીમે અમારો કાળ નજીક આવતો હોવાથી અને રાજયની ધુરા સંભાળવા માટે તું યોગ્ય હોવાથી તને રાજયસૂત્ર અને ઘરસૂત્ર સોંપીને રાજ સંન્યાસ લેવાનો અમારો વિચાર છે. પ્રજાનું પ્રેમથી પાલન રક્ષણ કરવું એ રાજાનું પ્રમુખ કર્તવ્ય છે. સદ્‌ગુરુ મહારાજ વેદવ્યાસ તને વચ્ચે વચ્ચે કર્તવ્ય કર્મનો, રાજય કારભારનો, અધ્યાત્મ જ્ઞાનનો ઉપદેશ કરશે, એ બધા ઉપદેશ વ્યવસ્થિત ધ્યાનથી સાંભળીને જ્ઞાનોપદેશ કરજે.

સદૈવ ઉત્તમ લોકોના સંગતમાં રહેવું. ઉત્તમ પ્રકારનાં ધર્મને અનુરૂપ લોકહિતનાં, સમાજ સુધારણાનાં અને પ્રજાજનોનાં ઉત્કર્ષ ઉન્નતિનાં કર્મો કરવાં, કુસંગથી અને દુર્વ્યસનથી દૂર રહેવું. એક પત્ની વ્રતથી રહીને કામ વિકાર મુક્ત, સંયમી જીવન અને સદ્ધર્મ પાલન કરતાં કરતાં પુરુષાર્થ દ્વારા સાત્ત્વિક અર્થનું ઉપાર્જન કરીને જીવન વ્યતિત કરવું. સત્માર્ગનું જ અવલંબન કરવું. સદૈવ મર્યાદામાં રહીને, હરિ નામ સ્મરણ, જપ, તપ, પૂજા, ધ્યાન, સેવામાં પોતાનું આયુષ્ય વિતાવવું. ધર્મ મર્યાદાનું ઉલ્લંઘન જે સમયે તારાથી થશે એ જ ક્ષણથી તારા નાશને માટે કારણભૂત થશે. હવે કલિયુગના સામ્રાજ્યનો પ્રભાવ પ્રગટ થશે, અતિશય દુસ્તર પાપી એવો આ કલિયુગ છે.

હે બાળક પરીક્ષિત ! આ કલિયુગમાં સત્ય વચન કહેવાથી લોકોને ત્રાસ ભોગવવો પડશે પણ અસત્યાચરણ, ભ્રષ્ટાચાર કરનારાને લોકો ખૂબ જ માન આપશે. ઊંચ અને નીચ વગેરે જાતિ ભેદ ન રહેતાં સર્વ જાતિ એકાકાર થશે. યાચકને દાન આપશે નહીં પણ દંભી, દુરાચારી લોકોનાં પૂજન કરી તેમને દાન કર્મ કરશે. કુપાત્રની પૂજા કરશે. આવા પ્રકારે કલિનો પ્રતાપ છે. તેને રાજા પણ પ્રતિબંધ લગાવી શકશે નહીં. ગાયોને પૂજ્ય પવિત્ર માનશે નહીં. ઈતર સામાન્ય પશુ પ્રમાણે વિક્રય અને હિંસા થશે. કન્યા વિક્રય થશે. ઉત્તમ કુળવાન સ્ત્રીઓ કુળશીલ ધર્મ છોડીને અત્યંત નીચ કામ કરવા લાગશે. આવા પ્રકારે અત્યંત વિપરીત એવું કર્મ કલિયુગમાં પ્રાધાન્યભૂત થશે. બાંધવો સાથે નિત્ય ઝઘડા થતા રહેશે. અસહકારતા વધશે. આવું કલિનું વર્તમાન થશે. અમારી હવે અવસ્થા પણ થઈ છે. અમે વાનપ્રસ્થ સ્વીકારીને હિમાલયમાં જઈને તપસ્યા કરીશું. તું નિર્મળ ચિત્તથી ધર્માચરણ કરીને આ રાજ્યનો કારભાર સંભાળજે. આપણા મૈત્રીગણ પુરોહીત વર્ગ તને સહકાર આપશે.

પરીક્ષિત બોલ્યો: 'હે તાત, અત્યંત પાપી એવા કલિયુગમાં હું પણ કંઈ રીતે રહી શકીશ ? હું પણ તમારી સાથે આવીશ. તમને છોડીને મારાથી રહેવાશે નહીં. મેં પણ સાથે આવવાનો નિશ્ચય કર્યો છે.'

ધર્મરાજા બોલ્યા: 'તું હજી નાની ઉંમરનો બાળક છે, તને હજી ધર્મ, રાજ્યશાસન, સામાજિક જ્ઞાન મેળવીને ચાર પુરુષાર્થની પ્રાપ્તિ કરવાની છે. તારા જીવનનો સર્વાંગી વિકાસ થવાનો બાકી છે. ગૃહસ્થાશ્રમની જવાબદારી ઉપાડવાની છે, ધર્મ ઋણ, પિતૃ ઋણ અને સમાજ ઋણ એ ચૂકવ્યા વગર માનવ જીવનની પૂર્ણતા નથી, માટે તું આ બધી જવાબદારીઓ સંભાળ. અમે આ બધા ઋણમાંથી મુકત થઈ હવે છેલ્લા વાનપ્રસ્થાશ્રમ માટે હિમાલયમાં જઈએ છીએ. એમ સમજાવીને તેણે પરીક્ષિતનો રાજ્યાભિષેક કર્યો.

•••

❁ સદ્‌ભક્ત પાંડવોનું સ્વર્ગારોહણ પર્વ ❁

યાદવોનો ક્ષય થયો અને કલિયુગ શરૂ થયો. ભગવાન શ્રી કૃષ્ણ પછી શ્રી બુદ્ધ અવતાર લઈને પણ અંતર્ધાન પામ્યા. તેમણે કરેલા ઉપદેશાનુસાર પાંડવોએ હિમાલય તરફ પ્રયાણ કરવાનો વિચાર કર્યા. ધર્મ બોલ્યાઃ 'અર્જુન, આપણું વૈભવ અનુકૂળ કાળથી પ્રાપ્ત થયું હતું, પણ હવે વિપરીત કાળ આવ્યો છે. હવે યોગ માર્ગનું અવલંબન કરવું ઈષ્ટ છે. આપણા આરાધ્ય દેવ સન્માર્ગદર્શક પ્રિય સખા રહેલા ભગવાન શ્રી કૃષ્ણ અને શ્રી બલરામના સ્મરણ માટે પહેલાં તેમનાં શ્રાદ્ધ કરવાં પછી આગળના કાર્યો કરવાં એમ મને લાગે છે. 'ધર્મરાજાની સાથે દ્રૌપદી, ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ દ્વારકામાં આવ્યાં. ત્યાં તેમણે માર્કંડેય, ભારદ્વાજ, યાજ્ઞવલ્કય વગેરે ઋષિઓનાં પૂજન કરીને વસ્ત્રાભૂષણ, અશ્વ, ગજ, ગાયો વગેરેનાં દાન કર્યાં. શ્રીકૃષ્ણ અને શ્રી બલરામ વગેરે બધા યાદવોનાં શ્રાદ્ધ કર્યાં.

પછી પાંડવો આવ્યા છે પોતાના ઠામ, શ્રી હરિ થયા છે અંતર્ધાન. ॥૧॥
વિચાર કરતાં રજની વહી ગઈ, યુધિષ્ઠિર ચિંતા કરે ત્યાંહી. ॥૨॥
પ્રાતઃકાળ હુઓ જેટલે, રાજાએ સભા ભરી તેટલે. ॥૩॥
સ્નાન ધ્યાન વિધ ભોજન કરી, પાંચે બાંધવ ચિંતા મન ધરી. ॥૪॥
પાસે બેઠાં કુંતાજી માત, પતિવ્રતા પાસે છે વિખ્યાત. ॥૫॥
પ્રજા પ્રધાન તેડાવ્યા સહુ, ઉત્તમ વર્ણનો પાર ન લહું. ॥૬॥
સભા ભરીને બેઠા રાજન, સૌને દીધાં આસન માન. ॥૭॥
ઉત્તમ મુહૂર્ત લીધું છે સાર, નવરાવી પાટે બેસાડયા પરીક્ષિત કુમાર. ॥૮॥
વસ્ત્ર આભૂષણ પહેરાવ્યાં સોયે, સહુ પ્રજા લોક તેડાવ્યા જોયે. ॥૯॥
ચંદરવા શોભતા બંધાવ્યા સાર, મંદિરે તેજ તણો નહીં પાર. ॥૧૦॥
સકળ દુદુંભિ ઢોલ વાગે વાજીંત્ર, પરીક્ષિત કુમાર પર સર્વની પ્રીત. ॥૧૧॥
રાજા ધર્મે પાટે બેસાડયા પૌત્ર, અને પરીક્ષિત ઉપર ધરાવ્યું છત્ર. ॥૧૨॥
પાંચે બાંધવ સર્વે ઊભા થયા, કરી પ્રણામને સહુ સામા રહ્યા. ॥૧૩॥
સુભટ પ્રધાન ત્યાં નીમ્યા તત્કાળ, અને મસ્તકે છત્ર ધર્યા નૃપતિ બાળ. ॥૧૪॥
આશીર્વાદ બધા જન ત્યાં દેવે, ત્યારે અભ્યાગતને દાન પરીક્ષિત દેયે. ॥૧૫॥
પરીક્ષિતને ત્યાં બેસાડયા રાજ, પ્રધાનને ત્યાં સોંપ્યાં સર્વ કાજ. ॥૧૬॥
તે દિવસ આનંદે ત્યાં વહી ગયો, જોઈ સહુ લોક રળીયાત જો થયો. ॥૧૭॥
ઊઠીને પાંચે વીર વિચારે વાત, અને સુંદરી સાથે પાંચે ભ્રાત. ॥૧૮॥
તન મન સર્વે સોંપ્યાં શ્રી નાથ, વાણું વાયુને જવું સર્વે સાથ. ॥૧૯॥

શ્રી કૃષ્ણ શ્રી બલરામ વગેરેનાં શ્રાદ્ધ કાર્યો પૂરાં કરીને વિપુલ દાન ધર્મ કરીને પાંડવો હસ્તિનાપુરમાં પાછા આવ્યા. શ્રી કૃષ્ણ ભગવાન અને શ્રી બુદ્ધ ભગવાન અંતર્ધાન થવાથી હવે પાંડવોને અતિશય ઉદાસપણું લાગતું હતું. તેમણે કશાયમાં રસ લાગતો નહોતો. રાત દિવસ વિચારો કરતાં કરતાં તેમનાં મસ્તક સૂન થઈ ગયાં હતાં. યુધિષ્ઠિર ચિંતા સાગરમાં રહેતા હતા.

છેલ્લે તેમણે એક દિવસ પોતાના રાજપ્રતિનિધિઓને બોલાવીને તેમની સભા ભરી અને પરીક્ષિતના રાજ્યાભિષેક સહિત પોતાના બધાં મંતવ્યો તેમની સામે વિદીત કર્યાં. કોઈને પણ મનથી પાંડવો જેવા સદ્ભકતોનો ત્યાગ કરવો યોગ્ય લાગતું નહોતું. તેમના જેવા યોગ્ય શાસક, મમતાળુ રાજા અન્ય કોઈ મળશે નહીં.

પાંડવોએ રાજય છોડીને વનમાં જવાનું નક્કી કર્યું હોવાથી નગરજનોનો કોઈજ ઉપાય નહોતો. શુભ મુહૂર્તનો દિવસ જોઈને તેમણે રાજયના પુરોહિતો, મંત્રીઓ, શ્રેષ્ઠીઓ અને પ્રજાજનો વગેરે બધાને આમંત્રિત કર્યા. નક્કી સમય પર બધા લોકો ઉપસ્થિત થયા. મુખ્ય સિંહાસન બાકી રાખીને બાજુમાં પાંડવો, કુંતીમાતા, સતી દ્રૌપદી સાથે બેઠાં.

બધા રાજપુરોહિતોએ પરીક્ષિતને મંગલ સ્નાન કરાવીને ઉત્તમ વસ્ત્રો પરિધાન કરાવી રાજયાભિષેક કરાવી ઉચ્ચ સિંહાસન પર બેસાડયો. નવાં વસ્ત્રો પરિધાન કરીને બધા પ્રજાજનો આ નવા યુવરાજયાભિષેકના પ્રસંગમાં ઉપસ્થિત થયાં. બધાએ પરીક્ષિતનો જયજયકાર કર્યો. ધર્મરાજા અને સદ્ગુરુ વ્યાસ મુનિની સલાહથી મંત્રીમંડળ અને રાજય પ્રતિનિધિ નીમાયા. પરીક્ષિતને રાજદંડ આપી તેમના નામની સર્વત્ર દાહી ફેરવી. બધાએ અત્યંત પ્રેમથી આનંદથી તેનો સ્વીકાર કરીને જય જયકાર કર્યો. સર્વત્ર ઉત્સવ કરવામાં આવ્યો. વાદ્યો વગાડીને બધી પ્રજાએ દીપોત્સવ ઉજવીને નવા રાજાનું સ્વાગત કર્યું.

ધર્મરાજાએ બધી પ્રજાને પવિત્ર દિલથી, પ્રેમથી અને ધર્મ નીતિ પ્રમાણે વર્તવાનું અને નવા રાજાને સહકાર્ય કરવાનું નિવેદન કર્યુ અને રાજાને પણ યોગ્ય ન્યાય નીતિ પ્રમાણે પ્રજાપાલન સંરક્ષણ અને વિકાસ કરવાનું નિવેદન કર્યુ. પરીક્ષિતે પોતાના પિતામહની આજ્ઞાનુસાર પ્રજા હિતેચ્છુ રહેવાનું આશ્વાસન આપ્યું. પ્રજાએ પોતાના અત્યંત પ્રિય શૂરવીર અને ધર્મરત રાજા પરીક્ષિતનું મનોમન કલ્યાણ થાય તેવા આશીર્વાદ આપ્યા. ધર્મરાજાએ તેના શિર પર ધ્વજા છત્ર ધારણ કરીને તેમની પાસેથી અપાર દાન ધર્મ કરાવ્યાં. અતિથિ, અભ્યાગત, યાચક અને સંપૂર્ણ પ્રજાજનોને અન્ન, વસ્ત્ર, ભૂમિ, અશ્વ, ગજ, ગાયો યથોચિત્ દાન ધર્મ કરીને બધાને સંતોષિત કર્યા.

આ રીતે રાજયનાં બધાં સૂત્રો પરીક્ષિતને સોંપી કરીને ધર્મરાજા અને પાંડવો પોતાના શિર પરની જવાબદારીમાંથી મુકત થયા. બધાને આનંદ થયો, બધા પ્રજાજનોને ક્ષણભર સુખનો ઉમળકો તો ક્ષણમાં દુઃખનો આઘાત આવવા લાગ્યો. નવા રાજા પાંડવોનો પૌત્ર ધર્મનીતિવાન અને સુસંસ્કારી હોવાથી તેમને આનંદ થતો હતો, પણ જેમણે આખું આયુષ્ય રહીને પ્રજાજનોના હિત તરફ જ ધ્યાન આપ્યું, પુત્રવત્ પોતાની પ્રજાનું પાલન રક્ષણ કર્યુ તે મહાવીર પાંડવો આજે રાજય છોડીને વનમાં જશે. માટે પ્રજાને દુઃખ થતું હતું. સૌ પ્રજાજનો વારંવાર હાથ જોડીને પાંડવોને ન જવા માટે વિનવતા હતા.

પાંડવોની પણ તેવી જ અવસ્થા થઈ હતી. જે પ્રજાએ પોતાને અત્યંત પ્રેમ કર્યો, પોતાના શાસનકાળમાં સમયે સમયે દુઃખ, કષ્ટ સહન કરીને ત્રાસ સહન કર્યો અને સહકાર્ય કર્યુ એવી આજ્ઞાધારક પ્રેમાળ પ્રજાને છોડીને જવું યોગ્ય લાગતું નહોતું.

વળી પ્રભાત કાળ થયો જેટલે, ધર્મરાજાએ સભામાં તેડાવ્યા તેટલે. ॥૨૦॥
ભૂપ યુધિષ્ઠિર બોલ્યા વાણ, મનોમન સાથે લીધાં ધ્યાન. ॥૨૧॥
ભીમસેન વાણી સાંભળો, મૂકીને મનનો આમળો. ॥૨૨॥
તુંજ સમો ભડ બળીયો નહીં કોયે, ત્રિભુવન માંહે વખાણું જોયે. ॥૨૩॥
તું દીસતો ભડ સબળ શરીર, મહા પરાક્રમી તું મહાવીર. ॥૨૪॥
અમે હિમ પંથની મન ઈચ્છા ધરી, સકળ ધર્મ પાળી જપો તમે શ્રી હરિ. ॥૨૫॥
મારે તો જાવું છે નિરધાર, જયાં છે પોતે નંદકુમાર. ॥૨૬॥

એક તમને કરું વિનંતી, બાંધવ અબળાને દ્રૌપદી સતી. ॥૨૭॥
તમે કરો રાજનો અધિકાર, ચલાવો ધર્મ સકળ સંસાર. ॥૨૮॥
પ્રજા પાળજો ભાવે કરી, બેઠા આસન ભજો શ્રી હરિ. ॥૨૯॥
દિન પ્રતે આશિષ દે માત, સેવા કરજો સર્વે ભ્રાત. ॥૩૦॥
મુખથી સત્ય વચન ભાખજો, અને મન શુદ્ધ અતિ રાખજો. ॥૩૧॥
હસ્તિનાપુરમાં કરજો રાજ, ધર્મ નિયમ રખે કરતા ત્યાગ. ॥૩૨॥
કરી વાત રાય છાના રહે, પછી ભીમસેન વાણી કહે. ॥૩૩॥
જે કહેશો તે ખોટી વાત, અમે આવીશું તમારી સાથ. ॥૩૪॥
તમને છે કલિયુગની બીક, રાય અમને પણ છે એવી સીખ. ॥૩૫॥
તમે કેડે અમે પરવરું, હસ્તિનાપુરમાં રાજ નહીં કરું. ॥૩૬॥
એક વચન કહું પ્રમાણ, હું રહું તો શ્રી હરિની આણ. ॥૩૭॥

બીજા દિવસે સવારે સૂર્યોદય થતાં પહેલાં જ ધર્મરાજાએ ઊઠીને પ્રાતઃ સ્નાન સંધ્યા વગેરે પૂર્ણ કરીને બધા ભાઈઓ અને સતી દ્રૌપદીને બોલાવ્યાં. મનોમન પરમેશ્વરનું ધ્યાન ધરીને ધર્મરાજાએ ભીમને કહ્યું: 'ભીમ ! હું તને એક વાત કહું છું તે ધ્યાનથી સાંભળ. મનમાં કોઈ પણ પ્રકારનો સંશય ન રાખીશ. તારા જેવો મહા બળવાન પૂર્ણપણે શકિત સામર્થ્યવાન બીજો કોઈ જ નથી. મલ્લ વિદ્યામાં નિષ્ણાત અને અત્યંત પરાક્રમી એવો તું મહાવીર છે. મારી ઈચ્છા છે કે તું ધર્મ ન્યાય નીતિ પ્રમાણે વર્તીને રાજકુમાર પરીક્ષિતને રાજય શાસન માટે મદદ કર. હું હિમાલયમાં જઈને ભગવાનની આજ્ઞાનું પાલન કરું છું. જે જગ્યાએ નંદકુમાર છે, એવા તેમના ધામમાં તેમનાં ચરણો પાસે જવાનો મારો નિર્ધાર છે. મારી તને એવી વિનંતી છે કે આપણા ત્રણ ભાઈઓ અને સતી દ્રૌપદીના સહકાર્યથી ઉત્તમ પ્રકારે રાજય કારભાર કર. ધર્મ ન્યાય પ્રમાણે વર્તીને પ્રજાનું ઉત્તમ રીતે પાલન કર. રાજય શાસન સાથે ઘેર જ નિવૃત્ત બેસી ભગવાન શ્રી હરિનું ભજન પૂજન સ્મરણ કર. દીનહીન લોકોને યથેચ્છ દાન ધર્મ કરીને તેમના આશીર્વાદ લે. બધા મળીને માતાની સેવા કરો અને તેનો સ્નેહ સ્નિગ્ધ આશીર્વાદ લો.

પછી ભીમસેન બોલ્યાઃ 'હે ભ્રાતા, આ વાત તમે મને કેમ કહો છો ? પણ મને રાજયનો કોઈ જ મોહ નથી. હું તો તમારી સાથે જ આવીશ. હે ભ્રાતા, તમને ભગવાને જે પ્રમાણે કલિયુગની સ્થિતિ કહીને યોગ સાધના કરવા માટે હિમાલયમાં જવાનું કહ્યું તેમ જ મને પણ કહ્યું છે. તમને છોડીને એક ક્ષણ પણ હું રહી શકીશ નહીં. હે પિતૃતુલ્ય બંધુ, જયાં તમારાં આ ચરણ જશે ત્યાં જ હું અનુસરણ કરીશ. વિના કારણે રાજયનો મોહ આપી મને તમારા વિયોગનું દુઃખ આપશો નહીં. એક વચન હું તમને કહું છું કે તમને છોડીને હું હસ્તિનાપુરમાં રહું તો શ્રી હરિની આણ છે.

વળતાં રાય અર્જુનને કહે, પાર્થ તું હસ્તિનાપુરમાં રહે. ॥૩૮॥
રાજ કરો હસ્તિનાપુર માંહે રહી, અંતઃકરણથી ભજો શ્રી હરિ. ॥૩૯॥
રાજ તણું ચલન ઓચરો, કુંતી માતની સેવા તમે કરો. ॥૪૦॥
વીર તું મહાધર્મ પવિત્ર, ગોવિંદ સરખા તારા રે મિત્ર. ॥૪૧॥
કહ્યું અમારું ધરજો હૃદે, વળતાં અર્જુન તેવી વાણી વદે. ॥૪૨॥

ભાઈ રાજ તણું ન લેશો નામ, અમે આવીશું વૈકુંઠ ધામ. ॥૪૩॥
કશી આજ્ઞા ન કીજે ઘણી, અને રહું તો પ્રતિજ્ઞા માતા તણી. ॥૪૪॥
વળતાં વચન કહે ધર્મ ભ્રાત, નકુલ સાંભળો મારી વાત. ॥૪૫॥
કરું વિનંતી સાંભળો તમે, કુંતી માતાને વહાલા છો તમે. ॥૪૬॥
તમે તે હસ્તિનાપુરમાં રહો, રાજ તણો શિર ભાર વહો. ॥૪૭॥

પછી ધર્મરાજાએ અર્જુનને કહ્યું: 'હે પાર્થ, તું હસ્તિનાપુરમાં રહીને અહીંનું રાજ્ય કર. અંતઃકરણથી શ્રી હરિની સેવા કર. પ્રજાનું ઉત્તમ રીતે પાલન કર. માતા કુંતીની સેવા કરીને સંતુષ્ટ કર. ધનુર્વિદ્યામાં તું પ્રવિણ છે. તારા જેવો ધીરવીર પરાક્રમી પુરુષ અન્ય કોઈ પણ નથી. ગોવિંદનો તું પરમ સખો છે. ભગવાનનો તારા પર પ્રેમ એટલો બધો હતો કે તેમણે તારું સારથિપણું પણ કર્યું, એવી ભગવાનની પ્રીતિ તારા ઉપર છે. માટે મારું કહેવું તું હૃદયમાં ધારણ કર.'

ધર્મરાજાનું વચન સાંભળીને અર્જુન બોલ્યો: 'હે સુહૃય બંધુ, મારી સામે રાજયનું નામ પણ લેશો નહીં. મને મારા આ પ્રેમ સુહૃદય ભગવાનનાં દર્શનની જ માત્ર ઈચ્છા છે. તેમનાં દર્શન સિવાય ઈતર રાજય સુખોપભોગ સર્વ વ્યર્થ છે. મારે રાજય નથી જોઈતું. હું માતાના સોગંદ ખાઈને કહું છું કે હું તમારા પાછળ એકલો રહી શકીશ નહીં. જયાં તમે જશો ત્યાં હું આવીશ એવી મારી પ્રતિજ્ઞા છે.'

પછી ધર્મરાજાએ નકુલને કહ્યું: 'હે ભ્રાતા નકુલ, મારી વિનંતી તું અમાન્ય ન કરીશ. તું માતાનો અત્યંત લાડકો છે. માતાની તારી પર વિશેષ મમતા છે, માટે માતાની સેવા કરવા માટે તું તો ઘેર રહે ! હસ્તિનાપુરનું રાજય બાળક પરીક્ષિત કરશે, તું ફકત તેની દેખભાળ કરતો રહેજે અને શ્રી હરિનું ભજન સ્મરણ કરજે.

નકુલ બોલ્યો: હે પિતૃ તુલ્ય બંધુ, તમે આવી વિપરીત વાતો મને કહેશો નહીં, આજ સુધી અમે આપનો શબ્દ કદી પણ વ્યર્થ જવા દીધો નથી, કારણ પ્રત્યક્ષ ધર્મ વાણી જ આપની વાણીમાં પ્રગટ થાય છે. પણ આજ તમે આ શું આરંભ્યું છે અને અમને વિપરીત આજ્ઞા કેમ આપો છો, એ જ મને સમજાતું નથી. મારા હૃદયમાં આપના સાનિધ્યમાં રહેવા સિવાય અન્ય વિચાર નથી. આપના જ સોગંદ લઈને હું કહું છું કે તમને છોડીને હું પાછળ રહીશ નહીં. હું પણ આપની સાથે આવીશ.

એ રાજા યુધિષ્ઠિર કરે વિચાર, સહદેવ પ્રત્યે બોલ્યા વાણ. ॥૪૮॥
રાજ તણો ઉત્તમ છે વહેવાર, પતિવ્રતા છે ઘરમાં નાર. ॥૪૯॥
બેઠા ભજવા શ્રી અવિનાશ, ગજ રથ એવા તણી શી વાત. ॥૫૦॥
દાસી દાસ નહીં પાર, સુવર્ણ ધન ભર્યા ભંડાર. ॥૫૧॥
એવાં વચન કહે યુધિષ્ઠિર રાય, એ સાંભળો તમે સહદેવ ભાય. ॥૫૨॥
વચન કહીને રાય છાના રહે, વળતાં રાયને સહદેવ વાણી કહે. ॥૫૩॥
બોલે બોલ વચન સાંભળો, ભાઈ સાધુજન માંહે નિર્મળો. ॥૫૪॥
મારે રાજ હલાહલ પાન, મારે જાવું છે જયાં પરમ નિધાન. ॥૫૫॥
મારે શ્રી ગોવિંદજી આણ, અમે રાજ નહીં કરું નિર્વાણ. ॥૫૬॥
પાંચે બાંધવ મન ઈચ્છા ધરી, પ્રેમે બોલાવ્યાં સુંદરી. ॥૫૭॥

દ્રૌપદી સતી સાંભળો વાત, તમે સેવા કરજો કુંતી માત. ।।૫૮।।
સાસુ વૃદ્ધને વહુવર તમો, ગંગા યમુના રેવા તમો. ।।૫૯।।
સાસુની સેવા કરી સુખી રાખજો, બેઠાં વૈકુંઠનાં ફળ ચાખજો. ।।૬૦।।
સાસુને દુઃખ દેવે જેહ, રોમ રોમ નરકે પડશે તેહ. ।।૬૧।।
સાસુની જે ભકિત કરે, વૈકુંઠ માંહે તે સંચરે. ।।૬૨।।
તે માટે મન નિશ્ચય કરી, તમે હસ્તિનાપુરમાં રહો સુંદરી. ।।૬૩।।
પરીક્ષિત અભિમન્યુનો જેહ, બાળક પાંચ વરસનો તેહ. ।।૬૪।।
તેણે રાજ બેસાડી કરી, અમે હિમ પંથે જાશું સુંદરી. ।।૬૫।।
તમે બાળકની રક્ષા કરો, શ્રી કૃષ્ણ શ્રી કૃષ્ણ વાણી ઓચરો. ।।૬૬।।

રાજા યુધિષ્ઠિરે સહદેવને કહ્યું: 'સહદેવ, તું બધામાં નાનો અને માતાનો અતિશય પ્રિય છે. તું તો મારું વચન સાંભળ અને રાજયનું ઉત્તમ રીતે પરિપાલન કર. ઘરમાં અત્યંત પતિવ્રતા એવી દ્રૌપદી છે. ગજ, રથ, દાસ, દાસી, સુવર્ણ ભંડાર વગેરે બધાની વિપુલતા છે. પરીક્ષિત જેવો અત્યંત સુશીલ સદ્‌ગુણી એવો પૌત્ર તારી સેવામાં અત્યંત તત્પર રહેશે. વૃદ્ધ માતાની સેવા કરજે અને આ બધું કરીને ભગવાન શ્રી અવિનાશીનું ભજન પૂજન સ્મરણ પણ ઘેર બેસીને તારાથી થશે, માટે તું ઘેર રહે.'

ધર્મરાજાનાં વચન સાંભળીને સહદેવ બોલ્યો: ' હે ભ્રાતા, તમે મારા અત્યંત પ્રેમાળ, હિતકર્તા, તત્ત્વવેત્તા વડીલ બંધુ છો. આખા જગતમાં એક અત્યંત સાલસ બુદ્ધિના નિર્મળ ચિત્તના, બધાના હિત ચિંતનારા સાધુ સત્પુરુષ તમે છો. આવા દેવ જેવા તમે મને આવો વિપરીત ઉપદેશ કેમ કરો છો ! મારા મતથી તો આ રાજય કરવું એટલે હળાહળ વિષ પાન કરવા પ્રમાણે છે. મને આ રાજય જોઈતું નથી અને તમે મને તેવો કોઈ જ મોહ પણ આપશો નહીં, તે સર્વ વ્યર્થ છે. મને ફકત તમારા સાનિધ્યમાં રહીને તમારી સેવા કરવી છે, એટલે પરમ નિધાન એવા શ્રી કૃષ્ણ ભગવાનની પ્રાપ્તિ થશે. એ ભગવાનની જ આણ લઈને હું તમને નિર્ધારથી કહું છું કે મને રાજય કરવું નથી, માત્ર તમારું જ અનુસરણ કરવું છે.

ચારે ભાઈઓએ ધર્મરાજાનું કહેવું અમાન્ય કર્યું. બધાને એમ જ લાગતું હતું કે ધર્મરાજાના સહવાસમાં રહીને જે ભગવદ્ પ્રાપ્તિ થશે તે અહીં રાજયશાસન કરીને બિલકુલ શકય નથી. ધર્મ પણ એ જાણતા હતા. પણ ફકત વડીલ ભાઈ તરીકે બધાની પરીક્ષા કરતા હતા. દ્રૌપદીને બોલાવીને અને તેને કહ્યું: 'હે સતી, હું તમને એક વાત કહું છું તે સાંભળો. તમારાં સાસુ માતા કુંતીજી અત્યંત વૃદ્ધ થયાં છે. તમે વહુ છો, માટે વૃદ્ધ સાસુની સેવા કરવી તમારું કર્તવ્ય છે. ગંગા યમુના રેવા પ્રમાણે સતી સ્ત્રીઓનું પાવિત્ર્ય હોય છે. એટલું જ નહીં પણ સાસુ સસરાની સેવા કરનારી સતી સ્ત્રીઓ નદીઓને પણ પવિત્ર કરે છે. વૃદ્ધકાળમાં સાસુ સસરાને જે દુઃખ આપે છે તે સ્ત્રી કેટલાંય વર્ષો સુધી રૌરવ નર્કમાં પડે છે માટે તમે તો ઘેર રહીને સાસુની સેવા કરો અને વૈકુંઠ સૌખ્ય પ્રાપ્ત કરી લો. અભિમન્યુનો પુત્ર પરીક્ષિત હજુ અલ્પજ્ઞ બાળક છે, તેને રાજય સિંહાસન પર બેસાડયો છે. અમે હિમાલયમાં જઈએ છીએ તમે રાજયશાસન અને વ્યવહાર શાસ્ત્રમાં નિષ્ણાત છો. માટે તમે પરીક્ષિતનું ધ્યાન સારી રીતે કરીને તેને ઉત્તમ રીતે સજ્ઞાન કરશો. એવી અમારી જ્ઞાતા હોવાથી તમારા પર આ બધો ભાર સોંપીને જઈએ છીએ. ઘેર રહીને જ બાળકનું ધ્યાન તમારાથી થશે અને તમારા પ્રેમાળ પ્રેમાસ્પદ પ્રાણ સખા એવા શ્રી કૃષ્ણ પરમાત્માનું ભજન પણ થશે માટે તમે અહીં જ રહો ! અમે હિમાલયમાં જવાની તૈયારી કરીએ છીએ.

વચન સાંભળીને દ્રૌપદી કહે, અને સાંભળવા રાય એક મના રહે. ॥૬૭॥
સુંદરી કહે સાંભળો મન થકી, અને કર જોડી કરી કરું વિનંતી. ॥૬૮॥
અબળા તણું ધર્મ રહેવે જયાંય, સેવા કંથ તણી કરે ત્યાંય ॥૬૯॥
કંથ વિના ટળવળતી કામિની, મેઘ વિના જેવી દામિની. ॥૭૦॥
કંથ થકી જે અળગી રહે, તેને મસ્તકે કુળ પાતક રહે. ॥૭૧॥
અબલાનું છે તીરથ કંથ, સતીનો તમે જાણો એ મુક્તિનો પંથ. ॥૭૨॥
નારીને નારાયણ કેદાર નાથ, સેવા કરે સતી હોય સંગાથ. ॥૭૩॥
કશો અપરાધ નથી હો રાયે, વણઅપરાધે તજી કેમ જાયે. ॥૭૪॥
અપરાધી નારી છે જેટલી, પુરુષ વચન ઉથાપે તેટલી. ॥૭૫॥
જો અહીયાં મુજને મૂકી જાશો, તો નારી વિહોણા પાંચે થાશો. ॥૭૬॥
જો મૂકી જવાની કરશો વાત, તો હું પ્રાણ તજીશ હો નાથ. ॥૭૭॥
સ્ત્રી હત્યાનું પાતક છે જેહ, તો તમે મન ભાવે કેમ લેશો તેહ. ॥૭૮॥
અબળાનું બળ કાંઈ ચાલે નહીં, તજીશ હું પ્રાણ મારા હો સહી. ॥૭૯॥
કલિયુગની બીક મુજને ઘણી, કલિયુગે સ્ત્રી થાશે પરાધીન પાંડવ તણી. ॥૮૦॥
એ કારણ હું આવું સ્વામી સંગાથ, સેવા કરવા સાંભળી હો નાથ. ॥૮૧॥
હસ્તિનાપુરમાં જો હું રહું આજ, માતાપિતાને કુળ લાગે લાજ. ॥૮૨॥
ગોવિંદજીના સમ હું ખાઉં સહી, મારે ઘેર તો રહેવું નહીં. ॥૮૩॥
હવે છ એ જણાં ચિંતા કરે મનમાં ઘણી, હિમ પંથે જાવું ખરે ખરી. ॥૮૪॥

યુધિષ્ઠિરનાં વચન સાંભળીને સતી દ્રૌપદીએ કહ્યું: 'હે સ્વામી નાથ, હાથ જોડીને હું તમને વિનંતી કરું છું કે સ્ત્રીનો ધર્મ એવો છે કે જયાં પતિ હોય ત્યાં તેની સેવા કરવી. જે સ્ત્રી પતિને છોડીને રહે છે તેના શિર પર કલ્પાંતનું પાતક આવી પડે છે. સ્ત્રીનું તીર્થ ક્ષેત્ર પતિ જ છે. પતિ સેવા એ જ સ્ત્રીનું તપ છે. પતિ એ સ્ત્રી માટે પ્રત્યક્ષ નારાયણ છે. તેની સેવા છોડીને જે સ્ત્રી અન્યત્ર ભટકે છે તે વ્યભિચારિણી છે. પતિ સેવા કરનારી સ્ત્રી જ સતી જણાવી છે.

હે કૃપાળુ સ્વામીનાથ ! મારા હાથે એવો ક્યો અન્યાય થયો કે વિના અપરાધ મને છોડીને જાઓ છો. જે સ્ત્રી પોતાના પતિના શબ્દનું ઉલ્લંઘન કરે છે, મર્યાદા છોડીને વર્તે છે તેને અપરાધી જાણવી. આજસુધી મેં તમારી એક પણ આજ્ઞા તોડી નથી, પણ હવે તમે આપેલ આ વિપરીત આજ્ઞાનું પાલન કરવાનું મારાથી સહન થશે નહીં.

નાથ ! તમારા સિવાય મારો પ્રાણ એક ક્ષણભર પણ જીવિત રહી શકશે નહીં. તમે મને આમ વિપરીત વચન કહેશો નહીં અને તમે જો મને છોડીને જશો તો સ્ત્રી રહિત એવા તમને જોઈને એ મારો પ્રાણબંધુ સુહૃદય શ્રી કૃષ્ણ ભગવાન તમને દોષ નહીં આપે ? તમારો વિરહ મારાથી સહન થશે નહીં અને સ્ત્રી હત્યાનો દોષ પણ તમને લાગશે.

સ્વામીનાથ ! હું અબળા છું, તમારા આગળ પાલવ પાથરીને હું વિનંતી કરું છું કે મને છોડીને જશો નહીં. તમારા સિવાય મારા પંચ પ્રાણ ટળવળશે અને આ દેહ કાળના સ્વાધીન થઈને વિલય પામશે. આ કલિયુગ અત્યંત વિપરીત છે,

એમાં રહેવું અત્યંત દુષ્કર છે. જે કલિયુગના ભયથી તમે આ જગત છોડીને જાઓ છો તે આ ભયાનક કાળમાં મને ઘસડશો નહીં. તમારી પાછળ પાછળ તમારા ચરણોની તમારી સેવા માટે મને આવવા દેવાની કૃપા કરો ! આજ તમને છોડીને જો હું હસ્તિનાપુરમાં રહીશ તો મારાં પિયર અને સાસરું બંને કુળને કલંક લાગશે. મારા આ કૃત્યથી ઇહલોક અને પરલોક બંને મલિન થશે. સ્વામીનાથ ! હું મારા પરમ પ્રેમાસ્પદ ગોવિંદના સોગંદ ખાઈને કહું છું કે હું તમને છોડીને રહીશ નહીં. તમે મને સાથે લઈ જવાની આજ્ઞા આપો, નહિ તો તમારા પ્રસ્થાનના પહેલાં જ મારા પ્રાણ નીકળી જશે.

દ્રૌપદીનો વલોપાત જોઈને પાંચેય ભાઈઓનાં હૃદય દ્રવી ગયાં. તેમણે સતીને પોતાની સાથે લેવાનું નક્કી કર્યું અને છએ જણાંએ હિમાલયમાં જવાનો પાકો નિશ્ચય કરીને કુંતી માતાના મહેલમાં પ્રવેશ કર્યો.

સહુ માતા કુંતીને મંદિરે આવ્યાં, અને માતાએ દીધાં માન જી. ।।૮૫।।
નગરલોક ત્યાં સર્વે જોવાને મળીયાં, નરનારી સહુ પરિવાર જી. ।।૮૬।।
પાંચે ભાઈ જઈને પાયે લાગ્યા, અને માતાજીએ દીધા આશીર્વાદ જી. ।।૮૭।।
પુત્રવધૂ જઈને ચરણે લાગ્યાં, તમને કૃપા કરે શ્રી જગદીશ જી. ।।૮૮।।
હે માતાજી અમને આજ્ઞા આપો, અને અમને હિમ પંથે જવું આજ જી. ।।૮૯।।
પરીક્ષિતનું પરિપાલન કરજો, અને રાખજો સર્વેની સંભાળ જી. ।।૯૦।।
વળતાં કુંતી માતાજી એમ જ બોલ્યાં, સાંભળો મુજ પુત્ર જી. ।।૯૧।।
તમ વિના હું કેમ કરું વૈભવ, અને મારે શું કરવું ઘર સૂત્ર જી. ।।૯૨।।
તમ સાથે હું આવીશ આજે, અને વૃદ્ધપણે ના તજીયે માત જી. ।।૯૩।।
મારું જીવન સૂનું કરીને ચાલ્યા, વહુવરને પાંચે ભ્રાત જી. ।।૯૪।।
હું નહીં રહું મંદિર સૂને, હું તો ચાલીશ તમારી સાથ જી. ।।૯૫।।
વળતાં યુધિષ્ઠિર માતા પ્રત્યે બોલ્યા, હે માતાજી કરશો નહીં એ વાત જી. ।।૯૬।।
વાઘ શિયાળ વરુ બહુ વાટે વસે, રીંછ વાંદરા દીપડા સાર જી. ।।૯૭।।
માટે માતા તમે બેસી રહોને મંદિર, ભજન કરોને શ્રી હરિ મોરાર જી. ।।૯૮।।
દેજો દાન પુણ્ય અને પુત્રને સંભાળો, અને ખોળે બેસાડો પરીક્ષિત બાળ જી. ।।૯૯।।

બધાએ માતાને નમ્ર અભિવાદન કરીને ચરણ સેવા કરી. બધાં દાસદાસી પરિવાર વ્યાકુળ થઈને સ્તબ્ધ થઈ ગયાં હતાં. કોઈપણ કાંઈ બોલતું ન હતું અને એક બીજા તરફ જોઈને દુઃખથી નિશ્વાસ નાખતાં હતાં. સૌની અસહ્ય પરિસ્થિત થઈ હતી. માતા કુંતીએ પાંચેયને પાસે બેસાડીને આશીર્વાદ આપ્યા. દ્રૌપદીએ માતા કુંતીને નમસ્કાર કરીને તેમના ચરણ પાસે સ્થાન લીધું.

માતાએ પ્રેમથી તેના મસ્તક પર હાથ ફેરવીને કહ્યું: 'હે પુત્રો ! જગદીશ તમારા બધા પર કૃપા કરીને તમને સુખમાં રાખે. મારા તમને આ જ આશીર્વાદ છે.

ધર્મરાજ બોલ્યાઃ માતા ! તમારી અમારા પર આવી જ કૃપા દૃષ્ટિ રહે. હે માતા ! આજ સુધી તમે અપાર કષ્ટ સહન કરીને અમને સુખમાં રાખવા માટે અનેક પ્રયત્ન કર્યા. અનેક જન્મો સુધી આ ઉપકાર ચૂકવાશે નહીં. જન્મોજન્મ આ જ

ચરણોની સેવા અમારાથી થાય એવી અમારી પરમેશ્વર પાસે પ્રાર્થના છે. હવે અમારા પર એક કૃપા દૃષ્ટિ કરો. અમે ધર્મ નિયમ (પ્રતિજ્ઞા) કરીને હિમાલયમાં જઈએ છીએ. તમે અમને આશીર્વાદ અને રજા આપો. બાળક પરીક્ષિતનું પરિપાલન કરીને બધા પર આમ જ સ્નેહ દૃષ્ટિ રાખો.

યુધિષ્ઠિરનું વચન સાંભળીને માતા કુંતીએ કહ્યું: હે પુત્રો ! આજે આ તમે શું આરંભ્યું છે ! મને છોડીને આજ તમે ક્યાં જાઓ છો ? તમારા વગર આ વૈભવ ધનસંપત્તિ એનો ઉપભોગ કરીને હું શું કરું ? આ ઘરસંસાર આ રાજય સૂત્ર એનો મારે શું ઉપયોગ ? હવે આ વૃદ્ધ કાળમાં મારો ત્યાગ કરીને તમે ક્યાં અને કેમ જાઓ છો ? મારું જીવન શૂન્યવત્ કરીને તમે પાંચેય પુત્રો અને આ સતી દ્રૌપદી મારી પ્રેમાળ વહુ, તમે બધા લોકો કેમ જાઓ છો ? તમારા જવાથી શૂન્ય થયેલા ઘરમાં હું એક ક્ષણભર પણ રહીશ નહીં. હું તમારી સાથે આવું છું. મને છોડીને ન જશો.

યુધિષ્ઠિરે કહ્યું: 'હે માતા ! તમે આ વાત ન કરશો. ભગવાનની આજ્ઞા પ્રમાણે અમારે તો જવાનું જ છે, ત્યાં બરફમય પ્રદેશમાં અતિશય ઠંડીને કારણે તમારાથી રહેવાશે નહીં. રસ્તામાં વાઘ, સિંહ, રીંછ, શિયાળ વગેરે હિંસક પશુઓની ખૂબ બીક છે. વાનર, વરુ, ચિત્તા વગેરે જંગલનાં ઉપદ્રવી પ્રાણીઓથી ત્રાસ થશે. માટે હે માતા ! તમે અમારી સાથે ન આવતાં ઘેર જ સુખેથી ભગવાનનું ભજન પૂજન સ્મરણ કરતાં રહો. બાળક પરીક્ષિતના હાથે પૂજન અર્ચન દાન ધર્મ કરાવો. યોગ્ય વય થયા પછી તેને અનુરૂપ એવી પૌત્રવધૂ સાથે તેનાં લગ્ન કરી સન્માર્ગે લગાવો. તેની પાસેથી અપાર દાન ધર્મ, પુણ્ય કાર્યો, સત્કાર્યો કરાવજો. હે માતે, અમારી સાથે તમને અપાર કષ્ટ સહન કરવું પડશે. વળી અહીયાં નિષ્કંટક થવાથી પરીક્ષિતનું પરિપાલન કરતાં તમને મુશ્કેલી થશે નહીં. હવે તમે અમને મુકત હૃદયે રજા આપો.

વળતાં કુંતીજી કહે તમે સુણો મારા પુત્ર, એ કુંવરને તમ વિના કેમ સહેવાય જી. ॥૧૦૦॥
હવે કોણ મુજને માતા રે કહેશે, પુત્ર અમને તજી કેમ રે જાય જી. ॥૧૦૧॥
કોણ ચિંતા કરશે અમારી, તે સુખદુઃખ કોને કહેવાય જી. ॥૧૦૨॥
પૂર્વે પાપ મેં તો કર્યાં રે મોટાં, તો આજ દેવે દીધાં બહુ દુઃખ જી. ॥૧૦૩॥
વૃદ્ધ અવસ્થાએ પુત્રએ રે મૂકયાં, એ હૈડે દુઃખ અપાર જી. ॥૧૦૪॥
હવે પુત્ર વિના દેહ કેમ કરી રાખું, વીરા વલંભે છે મારા પ્રાણ જી. ॥૧૦૫॥
પુત્ર વિના કોઈ વસ્ત્ર ના આપે, પુત્ર સરખું નહીં ધન જી. ॥૧૦૬॥
પુત્ર વિના સંસાર મારી કાઢે, પુત્ર વિના સહુ દે છે ગાળ જી. ॥૧૦૭॥
પુત્ર વિના કોઈ નીર ના પાવે, પુત્ર વિના ન ભાવે અન્ન જી. ॥૧૦૮॥
પુત્ર વિના કોઈ મુખ ના જુવે, પુત્ર વિના ભવ બૂડાય જી. ॥૧૦૯॥
પુત્ર વિના કોઈ મોક્ષ ન પામે, પુત્ર વિના ધર્મ ના સચવાય જી. ॥૧૧૦॥
પુત્ર વિના કોઈ બાંધવ માન ન દેવે, અને તે મહા પાપી કહેવાય જી. ॥૧૧૧॥
પુત્ર વિના પિયર નહીં રે માન, સાસરીયે નહીં હોયે માન જી. ॥૧૧૨॥
પુત્ર વિના કુટુંબને કોણ જ પેખે, ઘરમંદિર કહીએ સ્મશાન જી. ॥૧૧૩॥
પુત્ર વિના કોઈ સુખ ના પામે, પુત્ર વિના શું સજવો શણગાર જી. ॥૧૧૪॥

પુત્ર વિના કોણ કહેશે રે માઈ, પુત્ર વિના સહુ સૂમસામ જી. ॥૧૧૫॥
તે જીવવાથી મરવું રે ભલું, એવું વૃદ્ધપણે હું દુઃખ પામીયા જી. ॥૧૧૬॥
ઘણા વર્ષ પ્રભુ સીદ જીવાડી, હજી દુઃખના દિવસનો નહીં પાર જી. ॥૧૧૭॥
દુર્યોધન શું દ્યૂત પાસા રમીને, ખોયા ગરથ ભંડાર જી. ॥૧૧૮॥
બાર વરસ વન ભોગવ્યાં દુઃખ, આજ પૂરા પડીયા મને વિયોગ જી. ॥૧૧૯॥
વળી કુંવર પરીક્ષિત મૂકીને ચાલ્યા, હવે પાર ન દીસે કોઈ જી. ॥૧૨૦॥
હે દીનાનાથ મુજને કાં રે જીવાડી, હવે કોને મળીશું જાઈ જી. ॥૧૨૧॥
તમે પુત્ર સીધાવો કહ્યું માતાયે, અને લઈ આજ્ઞા સત્‌સાર જી. ॥૧૨૨॥
રુદન કરે સહુ માતાના મુખ આગળ, નેત્રે વહે જળની ધાર જી. ॥૧૨૩॥

યુધિષ્ઠિરનાં વચન સાંભળી કુંતી માતાએ કહ્યું: હે દીકરાઓ ! આ પરીક્ષિત બાળક હજુ અલ્પજ્ઞ છે. તેનું યોગ્ય પાલન તમારા સિવાય બીજું કોણ કરી શકશે ! આજ તમે મને છોડીને જશો તો આજે જ મારા વૃદ્ધ કાળનો આધાર તૂટી પડશે. વૃદ્ધ કાળમાં દીકરાઓના આધારથી જીવન પ્રસાર કરવાનું હોય છે, એટલા માટે વૃદ્ધ માતા પિતા અપાર કષ્ટ સહન કરીને પોતાના પોતીકાઓનું લાલન પાલન કરે છે. આજે હું તમારા ગયા પછી કોનાં મોઢાં જોઈશ ! મારી પ્રકૃતિને અનુકૂળ આહાર વિહારની દેખભાળ કોણ કરશે ! હે દીકરાઓ ! મારાં અંતરનાં સુખ દુઃખ હું કોને કહું. ખરેખર પૂર્વ જન્મમાં મેં અગણીત પાપ કર્યાં હશે માટે જ આજ ભગવાને મને આ અપરિમિત દુઃખ આપ્યું ! વૃદ્ધ કાળમાં પુત્રો માતાને છોડી જાય એનાથી બીજું કયું કઠિન હોય.

દીકરાઓ ! મારા હૃદયમાંથી પ્રાણ ઉડી જવાનો પ્રયત્ન કરે છે. અરેરે ! હે ઈશ્વર, આ કેવો વિપરીત કાળ મારા પર આવ્યો ! પુત્રો વગર કોઈ પાણી આપતું નથી ! પુત્રો સિવાય અન્ન વિષ તુલ્ય થાય છે ! પુત્રો સિવાય કોઈ વસ્ત્ર પહેરાવશે નહીં ! પુત્રો જેવું અન્ય કોઈ જ ધન શ્રેષ્ઠ નથી ! પુત્રો સિવાય માતાનો બધો સંસાર ઉધ્વસ્ત થાય છે ! પુત્રો સિવાયની માતાને લોકો અઘટીત વાણી કહે છે ! પુત્રો સિવાય કોઈ એ સ્ત્રીનું મુખ જોતું નથી ! પુત્રો સિવાય એ માતાનો સર્વ સંસાર ડૂબેલો હોય છે ! પુત્રો સિવાય મોક્ષ મળતો નથી ! પુત્રો સિવાય ધર્માનુસંધાન સધાતું નથી ! પુત્રો સિવાય ભાઈ પરિવારમાં મન રહેતું નથી ! પુત્રો સિવાય પિયરમાં સ્ત્રીને માન નથી હોતું ! પુત્રો સિવાય સાસરીમાં માનસન્માન નથી હોતું ! પુત્રો સિવાય કુટુંબનું પાલન પોષણ અને ઉન્નતિ થતી નથી ! પુત્રો સિવાય ઘર અથવા વાસ્તવ્ય સ્થાન સ્મશાન પ્રમાણે ઉધ્વસ્ત લાગે છે ! પુત્રો સિવાય માતા એ અમૃત તુલ્યનો શો અર્થ ! પુત્રો સિવાય માતા સુખી નથી ! પુત્રો સિવાય સ્ત્રીનું જીવન શૂન્યવત્ છે !

માટે હે દીકરાઓ ! હવે મને નિશ્ચય લાગે છે કે આ વૃદ્ધ કાળમાં પુત્ર વિરહનું દુઃખ સહન કરવા કરતાં જીવન સમાપ્ત કરીને મૃત્યુને સ્વાધીન થવું સારું. પ્રભુ ! મને આટલું દીર્ઘ આયુષ્ય આપીને શું લાભ થયો ? જીવનભર દુઃખના ડુંગર સહન કર્યા પછી જ્યારે મારા જીવનમાં સુખની પ્રાપ્તિ થઈ ત્યારે છેલ્લે પુત્ર વિરહનું દુઃખ ભોગવવા માટે જ શું પ્રભુએ મને જીવંત રાખી ? મને હવે આ જીવન એકદમ અસહ્ય થાય છે ! મારાથી હવે અધિક કાળ સુધી આ પુત્ર વિરહનું દુઃખ સહન થશે નહીં.

હે જગદીશ્વર ! દુર્યોધન સાથે દ્યૂત રમીને પ્રાપ્ત થયેલા વનવાસનું દુઃખ પુરું થયા પછી આગળ સુખના દિવસો આવશે આ એક આશાથી મેં સહન કર્યું, પણ હવે ગયેલા મારા પુત્ર પાછા કદી જ આ આંખોને દેખાશે નહીં. આજ આ પુત્ર વિરહનું દુઃખ હું કઈ આશાથી સહન કરું. બાર વર્ષનાં એ વિરહ દુઃખ કંઈક કરીને સહન થયાં પણ હવે ચિર વિરહનું દુઃખ સહન કરવાની શકિત મારામાં નથી ! બાળક પરીક્ષિતને છોડીને જાઓ છો ! હે પુત્રો, એ કલ્પના જ મારાથી સહન થતી નથી ! હે દીનાનાથ ! દીનબંધુ, ભકત વત્સલ પ્રાણસખા ભગવાન ! હવે મારાં બધાં ગાત્ર શિથિલ થયાં છે ! સહન શકિત ગઈ છે અને મારી પ્રાણ શકિત પણ ક્ષીણ થઈ ! બુદ્ધિ લયમાં ગઈ છે ! ઈચ્છા શકિત અસ્ત પામી છે ! મને જીવંત રાખવાનો હવે અર્થ નથી ! તારી ઈચ્છા શકિત આગળ કોઈનું પણ બળ ચાલતું નથી.

જે કાળ પુરુષે તમને આ જન્મમાં સાથે રાખ્યા, દીકરાઓ ! તેમણે તમને અહીંથી જવાનું આહ્‌વાન કર્યુ છે. તેમની સત્તામાં કોઈપણ ફેરફાર કરવામાં કોઈ સમર્થ નથી. તેની ઈચ્છાનુસાર જ તમારે અને મારે વર્તવું જોઈએ. ભીષ્મ, દ્રોણ, ભગવાન શ્રી કૃષ્ણ, શ્રી બલરામ એમને પણ કાળ પુરુષ સામે જવું પડયું છે, પછી આપણી તો શું ગતિ ! હું તમને તમારા માર્ગમાં અવરોધ લાવી શકતી નથી. આજ સુધી જે દુઃખનો મહાસાગર પાર કરતા આવ્યા, તેની માત્ર કોઈપણ ઈચ્છા આસકિત રાખશો નહીં. મારો તમને આશીર્વાદ છે. સતત તમારી પાછળ સત્પ્રેરણા રૂપે હું રહીશ.' માતાનો આશીર્વાદ અને આજ્ઞા શિરોધાર્ય માનીને છએ જણ તેમના ચરણે લાગ્યાં.

ક્ષણ પછી આ પરમ કૃપાળુ ધૈર્યશાલી ધીરવીર માતાના ચરણને આપણે છોડીશું. એ જાણી બધાનાં હૃદય દ્રવી ગયાં. બધાનાં નયનોમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી. માતાએ બધાને પાસે લઈને પ્રેમથી હૃદયે લગાડયા. પૂર્ણ પ્રેમથી દ્રૌપદીને હૃદયે લગાવી તેના મસ્તક પર પોતાનો પ્રેમાળ સ્નેહાળ વરદ્ હસ્ત ફેરવ્યો.

વળતાં ધર્મ કહે હિમ પંથે જાવું સહી, એવી નિશ્ચિત કીધી વાત જી. ॥૧૨૪॥
સહુ ભાઈ પોઢયા એ નિશ્ચે કરી, તે વહાણે ઊઠયા પ્રભાત જી. ॥૧૨૫॥
પ્રભાત થયો જયારે અતિ ઉત્તમ, અને જાગ્યા તે પાંચે વીર જી. ॥૧૨૬॥
સતી દ્રૌપદી પાસે પધાર્યા, અને સમર્યા શ્રી જગદીશ જી. ॥૧૨૭॥
સ્નાન દાન અને ભોજન કીધાં, અને બેઠા મંદિર માંહે જી. ॥૧૨૮॥
રાજા યુધિષ્ઠિર વાણી ઓચરે, અને તમે સાંભળો સહુ ભ્રાત જી. ॥૧૨૯॥
આયુધ વસ્ત્ર તજો આભૂષણ, વૈરાગ્ય મનમાં આણો વીર જી. ॥૧૩૦॥
દૃઢ વિશ્વાસ કરી પંથે ચાલો, મન ચંત રાખો સ્થિર જી. ॥૧૩૧॥
વેશ પહેરો સહુ તપસ્વી કેરો, સહુ ધરો કમંડલ હાથ જી. ॥૧૩૨॥
દામ એક ન રાખો પાસે, કાંઈ ન જોઈએ આપણે સાથ જી. ॥૧૩૩॥
હૃદયમાં ધ્યાન રાખો શ્રી હરિ તણું, તો તે કરશે આપણી સહાય જી. ॥૧૩૪॥
જેણે અનેક ભકત આગે ઓધાર્યા, એ છે આતમના ઓધાર જી. ॥૧૩૫॥
કરી વિચાર સહુ ભાઈ ઊભા થયા, અને તજયા સર્વે શણગાર જી. ॥૧૩૬॥
વનફૂળ પહેરી બાહેર પધાર્યા, તે સાથે દ્રૌપદી સતી નાર જી. ॥૧૩૭॥
માગી શીખને પાંડવો ચાલ્યા, તેને વોળાવવા સર્વે જાય જી. ॥૧૩૮॥

એ રાત પાંડવો અને સતી દ્રૌપદીએ માતાના મહેલમાં વિતાવી. રાતભર માતાએ બધાને અમૂલ્ય ઉપદેશ કર્યો. પરમેશ્વર સ્મરણ, જપ, પૂજા, ધ્યાન વગેરે સંબંધે ચર્ચા કરી. કલિયુગની સ્થિતિ, ભગવાનના અવતાર લીલાનાં વર્ણન સાંભળીને બધાનાં હૃદય ભગવત્ પ્રેમથી ઉભરાઈ આવ્યાં.

પછી ધર્મરાજાએ પોતાના ભાઈઓ અને સતીને ઉદ્દેશીને કહ્યું: 'હે પ્રેમાળ બંધુઓ, આપણે દૃઢ નિશ્ચય કરીને હિમાલયમાં જવાનું નકકી કર્યું છે. આપણા પ્રસ્થાનનું મુહૂર્ત કાલે સવારે જ હોવાથી બધાએ પોતપોતાની તૈયારીમાં તત્પર રહેવું. શિથિલતા લાવવી નહીં.'

રાતભર ભગવાનના ચિંતન સ્મરણમાં સમય કયાં નીકળી ગયો એ પણ ખબર પડી નહીં. બીજા દિવસે સવારે બ્રહ્મમુહૂર્તમાં ઊઠીને બધાંએ પ્રાતઃવિધિ, સ્નાન સંધ્યા, દેવતાર્ચન, પિતૃતર્પણ, સ્મરણ, ચિંતન, ધ્યાન કરીને યથેચ્છા દાન ધર્મ કર્યાં. યાચક અતિથિ ભિક્ષુક વગેરેને દાન ધર્મ કરીને સંતુષ્ટ કર્યાં.

પછી અલ્પાહાર કરીને ધર્મરાજાએ બધા ભાઈઓ અને સતી દ્રૌપદીને પોતાના નિવાસમાં બોલાવ્યાં. આજ આપણા પિતૃતુલ્ય રાજયકર્તા આપણને છોડીને હિમાલયમાં પ્રસ્થાન કરશે એ વિદિત થવાથી પ્રજા અને રાજય પ્રતિનિધિઓ રાજમહેલમાં પહેલાંથી જ આવી બેઠાં હતાં. બધાનાં મુખ પર અપરિમિત શોકની છાયા દેખાતી હતી. સતી દ્રૌપદીએ ધર્મરાજાના મહેલમાં જઈને ત્યાં ભેગા થયેલા પોતાના પાંચેય પતિના ચરણે નમસ્કાર કર્યાં. બધાએ ભગવાન જગદીશનું સ્મરણ કર્યું.

પછી ધર્મરાજાએ બધાને કહ્યું: ' હે પ્રેમાળ બંધુઓ ! હે સતી શિરોમણિ ! હું તમને બે હિતની વાતો કહું છું તે તમે એકાગ્ર ચિત્તે સાંભળો. આજ આપણે આ બધું રાજય, પ્રેમાળ પ્રજા, આપ્તજન, ઈષ્ટ મિત્ર સર્વને છોડીને પ્રસ્થાન કરવાનું છે. પાછા કદી જ આવવું નથી. શરીર છોડીને ગયેલા પ્રાણ પાછા ફરીને શરીરમાં આવતા નથી એ પ્રમાણે આ નગર, આ રાજય અને સર્વ પ્રજાજન છોડીને આપણે આત્મ લાભાર્થે યોગ સાધના કરવા જવાનું છે, અરણ્યમાં જતી વખતે શસ્ત્રાસ્ત્ર, રાજવસ્ત્ર, અલંકાર વગેરે બધાનો ત્યાગ કરવાનો છે. મનમાં દૃઢ વૈરાગ્ય ધારણ કરવાનો છે. દૃઢ નિશ્ચયથી માર્ગક્રમણ કરવાનો છે. મનમાં કોઈ પણ પ્રકારની ચિંતા કરવાની નહીં. માત્ર ભગવાનનું ચિંતન સ્મરણ મનમાં કરવું. હવે તપસ્વીઓનો વેશ ધારણ કરો. વલ્કલ વસ્ત્રો પહેરીને વાળ બાંધીને ભસ્મચર્ચિત અંગ કરીને હાથમાં દંડ અને કમંડળ ધારણ કરો. સાથે એક દામ પણ લેવાનો નથી. રસ્તામાં સુખ પ્રાપ્ત થાય એવી કોઈ ઈચ્છા પણ ન કરશો. કોઈપણ વસ્તુમાં આસકિત, મમત્વ રાખશો નહીં. નિઃશસ્ત્ર, નિઃસંગ, નિરાસકત થઈને માર્ગક્રમણ કરવાનો છે. હૃદયમાં શ્રી હરિનું ધ્યાન ધરો એ જ ખરો આપણો સહાયકર્તા, હિતકર્તા છે. આજ સુધી અગણિત ભકતોનો તેમણે ઉદ્ધાર કર્યો છે. આપણા આત્માનો ઉદ્ધાર કરનાર પણ એ જ એક શ્રી હરિ છે માટે તેનાં સ્મરણ ચિંતન કરતાં કરતાં આપણે આપણા ઈચ્છિત સ્થળ અને ઈચ્છિત ધ્યેયે પહોંચવાનું છે માટે હવે બધાંએ તૈયાર થાવ'. એમ કહીને પાંચેય ભાઈઓ અને સતી દ્રૌપદીએ પોતાનાં શરીર પરનાં ઉત્તમ વસ્ત્રો આભૂષણો શસ્ત્રો વગેરે ઉતારી, વલ્કલ વસ્ત્ર ધારણ કરી, તપસ્વી વેષ ધારણ કરીને રાજમહેલમાં આવ્યાં. સર્વ પ્રજાએ તત્કાળ ઊઠીને બધાંનું અભિવાદન કર્યું. ધર્મરાજાએ રાજપ્રતિનિધિને નિવેદન કર્યું. સર્વ પ્રજાજન દુઃખ સાગરમાં ડૂબી ગઈ, કોને શું બોલવું એ જ સૂઝતું નહોતું.

છેલ્લે ધર્મરાજા બધા પ્રજાજનોને પ્રણામ કરીને બોલ્યા: 'હે પ્રેમાળ સુહૃદય પ્રજાજનો ! તમે બધાએ સાચા હૃદયથી અમને અઢળક પ્રેમ કર્યો છે. તેનું ઋણ અમે ઉતારી શકીશું નહીં. હવે તમારા રાજા પરીક્ષિત છે. તે તમારાં બધાનાં સુખ દુઃખની ચિંતા કરશે. તેની આજ્ઞામાં રહીને તમે પણ સુખી થશો. પોતપોતાના કુલ ધર્મના આચરણથી શકિત સંપન્ન થાઓ, તમારા બધાનું રક્ષણ કરવા માટે એ સમર્થ છે. તેને તમે તન, મન, ધનથી સહાય કરજો. અમારા હાથે કંઈ અન્યાય, આતતાયીપણું, નિષ્ઠુરપણું વગેરે કોઈપણ દોષો થયા હોય તો ક્ષમા કરો અને અમને અહીંથી જવાની અનુજ્ઞા આપો. એમ કહીને પાંચેય પાંડવો અને સતી દ્રૌપદી વન પ્રસ્થાન માટે સિદ્ધ થઈને જવા લાગ્યાં.

પ્રજા લોક નગરનાં સાથે સિધાવ્યાં, દુઃખ હૃદયમાં ન માય જી. ॥૧૩૯॥
રુદન કરે સહુ બ્રાહ્મણને ક્ષત્રિય, અને વૈશ્ય શુદ્ર સર્વે સાથ જી. ॥૧૪૦॥
ચારણ ભાટને માળી તંબોળી, એમ સૌ જન વોળાવા જાય જી. ॥૧૪૧॥
કડીયા કુંભાર સર્વે રડે છે, પાંડવ ભગત જાતા નિરધાર જી. ॥૧૪૨॥
ઘાંચી મોચી અને સર્વે વસ્તી, તે દરજી વણકરને કંસારા જી. ॥૧૪૩॥
ભલા આયર ગંધર્વ ગઢી, એમ અઢાર વર્ણ એહ જી. ॥૧૪૪॥
પાંડવ જાતાં સહુ રુદન કરે છે, અને દુઃખ ધરે છે તેહ જી. ॥૧૪૫॥
ગાય શ્વાન હાથીને ઘોડા, અને પોપટ પાંજરે તેહ જી. ॥૧૪૬॥
નગર બાહેર ચાલી પાંડવ પોતા, અને વોળાવે તે સર્વે સંસાર જી. ॥૧૪૭॥
જય શ્રી કૃષ્ણ કહ્યું ભૂપતે, અને સર્વે નમાવે શીશ જી. ॥૧૪૮॥
શ્રી બુદ્ધ શ્રી બુદ્ધ સર્વે સંભારે, તમને રક્ષા કરે શ્રી જગદીશ જી. ॥૧૪૯॥
પછી સતી પાંચાળી સાથે સિધાવ્યા, તે પૂર્વ દિશાએ જાય જી. ॥૧૫૦॥
પ્રજા વોળાવી સહુ જન વિચારે, આપે વસીશું વન મોઝાર જી. ॥૧૫૧॥
પ્રજાજન કહે છે રાય ને, અને કરે ઘણા રુદન જી. ॥૧૫૨॥
આગળ યોજન એક ગયા પછી, સહુને આપી રાયે આજ્ઞા જી. ॥૧૫૩॥
કુંવર પરીક્ષિતને કહે રાજા, પ્રજાને લઈ પાછા વળો રાય જી. ॥૧૫૪॥
મળ્યા કુંવર પરીક્ષિત સામી પેરે ભેટી, અને સર્વે કરે રુદન જી. ॥૧૫૫॥
રાજા ધર્મે મસ્તકે હાથ જ મૂકયો, અને કુંવર વધે તમારું ધર્મ જી. ॥૧૫૬॥
સદા સર્વદા પ્રજાને પાળો, અને ઓળખજો શ્રી ભગવાન જી. ॥૧૫૭॥
અથર્વવેદે સત્પંથનું વર્ણન કરજો, એમ કહાવે પુરુષ પુરાણ જી. ॥૧૫૮॥
પછી પ્રજા સઘળી રે પાછી વળી, અને સંગે પરીક્ષિત રાય જી. ॥૧૫૯॥
વોળાવી સહુ મંદિરે આવ્યાં, અને પાંડવ ચાલ્યા જાય જી. ॥૧૬૦॥
નગર તજી એક બે યોજન ગયા, અને શ્રી હરિ શું પ્રેમ અપાર જી. ॥૧૬૧॥

પાંડવો દ્રૌપદી સાથે નગરમાંથી બહાર ગયા. સર્વ પ્રજાજનોને અતિશય દુઃખ થયું. બધાનાં હૃદયો દ્રવી ગયાં હતાં. ગદ્ગદ્દીત થઈ સર્વ નગરવાસીઓ તેમને ન જવા માટે વિનવવા લાગ્યાં. નગરના બધા લોકો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, ચારેય વર્ણના લોકો, ભાટ, ચારણ, માળી, તંબોળી, તૈલી, કુંભાર, લુહાર, ઘાંચી, મોચી, સુથાર, વણકર, શિલ્પી, કંસારા, કણબી, ગંધર્વ, ગઢવી વગેરે અઢારે વર્ણના લોકો અપાર શોક કરવા લાગ્યા અને પાંડવોને ન જવા માટે વિનવવા લાગ્યા. પાંડવોની પાછળ પાછળ રડતા રડતા દુઃખ શોક કરતા નગરના લોકો પણ જવા લાગ્યાં.

ગાયો, કૂતરાં, હાથી, ઘોડા વગેરે પ્રાણીઓ પણ શોકાતુર થઈને જોવા લાગ્યાં. તેમના નયનમાંથી એકસરખા અશ્રુ પ્રવાહ શરૂ થયા. પિંજરાનાં પોપટ, મેના, ઝાડ પરની કોયલ, ચકલીઓ, કબૂતર, મોર વગેરે પંખી પણ દુઃખાતિશયથી અશ્રુ ઢાળતાં

ચૂપચાપ બેઠાં. નગરના સ્ત્રી પુરુષ વૃદ્ધ નાનાં બાળકો પાંડવોની આગળ આડા આવીને તેમને ન જવા માટે રોકવા લાગ્યાં. પણ નિર્ધાર કરીને નીકળેલા પાંડવોએ બધાને ધીરજ આપીને સાંત્વન આપી સમજાવીને બાજુએ કર્યાં અને પોતાના માર્ગે ચાલવા લાગ્યા. બધાનાં નેત્રોમાંથી અને એકસરખી અશ્રુ રૂપી ગંગા, યમુના વહેતી હતી. જય શ્રી કૃષ્ણ જય શ્રી કૃષ્ણ બોલતા બોલતા લોકોની વંદના સ્વીકારતા અને બધાને નમ્ર ભાવથી અભિવાદન કરતા પાંડવો શ્રી બુદ્ધનું નામ સ્મરણ કરતા કરતા આગળ જતા હતા. અને શ્રી જગદીશ આપણું રક્ષણ કરશે, તમે તેમનું સ્મરણ કરો એવો ઉપદેશ કરતા ધર્મરાજા આગળ અને તેની પાછળ ચારેય ભાઈ, સતી દ્રૌપદી એમ જવા લાગ્યાં.

સર્વ પ્રજાજનોએ ધર્મરાજાને વિનવ્યું કે; હે સ્વામીનાથ ! તમે અમને છોડીને જશો નહીં. જ્યાં તમે જશો ત્યાં અમે પણ આવીશું, તમારા સત્સંગમાં વનમાં પણ અમે રહીશું. અમારો ત્યાગ કરશો નહીં, એમ કહીને બધા લોકો રડવા લાગ્યા અને વારંવાર વિનવવા લાગ્યા. છેલ્લે એક યોજનભર ગયા પછી ધર્મરાજાએ પાછળ વળીને પ્રેમાળ પ્રજા તરફ કરુણાદ્ર દૃષ્ટિથી જોયું.

પરીક્ષિતને પાસે લઈ તેના મસ્તક પર હાથ ફેરવતાં ફેરવતાં ધર્મરાજા બોલ્યાઃ હે પુત્ર પરીક્ષિત આમ શોકાતુર થઈને ધીરજ છોડીશ નહીં. પ્રિય બાળ, તારી બધી રૈયતને પાછી વળાવીને તું સુખેથી, આનંદથી ઘેર જા. હે બાળ ! સદૈવ નીતિનિયમોનું પાલન કરીને પ્રજાને આનંદમાં રાખ. ધાર્મિક સત્કૃત્યો, દાન ધર્મ, પૂજા અર્ચના કરતાં કરતાં સદૈવ સત્ય માર્ગનું સત્‌પંથનું અનુસરણ કર. કાળ ધર્માનુસાર અથર્વવેદનું તત્ત્વ પરિશીલન કર. 'અયમાત્મા બ્રહ્મ' એટલે સર્વ જીવ પ્રાણીમાત્રમાં એકમાત્ર બ્રહ્મ તત્ત્વ, આત્મ તત્ત્વ, ચૈતન્ય રૂપે વ્યાપેલ છે. આ તત્ત્વાનુસાર બધા જોડે આત્મીયતાથી વર્તન કરજે અને આવા આચરણથી છેલ્લે તું પણ અવિનાશી પૂર્ણ પુરુષ એવા પરબ્રહ્મમાં વિલય પામીશ. હે બાળક ! મન સ્થિર કર. પ્રારબ્ધ કર્માનુસાર પ્રાપ્ત થયેલા કર્મો પ્રત્યેકને ભોગવવાં જ પડે છે. રાજા હોય કે રંક, સ્વામી હોય કે સેવક, સ્ત્રી હોય કે પુત્ર, પ્રત્યેકને પૂર્વ સંચિતાનુસાર કર્મ ભોગ ભોગવીને નિવૃત્ત થવાનું છે. ધર્મ મર્યાદાનું કદી પણ ઉલ્લંઘન કરીશ નહીં, કલિ કાળ તને આડો આવી શકશે નહીં. પોતાના સ્વકર્તુત્વ પ્રયત્નથી પોતાના પૂર્વજો પ્રમાણે યશ, શ્રી અને કીર્તિનું તેજ તારામાં વધે એવો અમારો તને આશીર્વાદ છે. હવે વિલંબ ન કરતાં આ પ્રેમાળ પ્રજાને પાછી લઈને જા અને સુખેથી રહે.' આમ આશીર્વાદ આપીને પાંડવોએ પરીક્ષિતને અને સર્વ પ્રજાજનોને નગરમાં પાછા જવા મોકલ્યાં.

ખૂબ જ ભારે અંતઃકરણથી પોતાના શાસનકર્તા પિતૃતુલ્ય રાજાના, સદ્‌ભક્ત પાંડવોના, ભક્તિમયી સતી દ્રૌપદી માતાનાં ગુણગાન કરતાં કરતાં તેમના જીવનના અનેકાનેક પ્રસંગોનું સ્મરણ કરતાં કરતાં પાછાં ફરીને જોતાં જોતાં સર્વ પ્રજાજનો પાછાં વળ્યાં.

પાંડવ ચાલ્યા તેણે જો દિન, રાજા પ્રજા રોવે પંખી જો વન. ॥૧૬૨॥
પાંજરે પોપટ કરે અતિ રુદન, ઝાંખા ઉગ્યા ભાણ ન દીસે દન. ॥૧૬૩॥
હસ્તી ઘોડા ચારા ન ખાય, બાળક થાન ન ધાવે માય. ॥૧૬૪॥
શહેર હસ્તિનાપુરમાં પડીયો સોર, નહીં બોલે કોકિલાને મોર. ॥૧૬૫॥
ઉત્તર દિશાયે સહુ ચાલ્યા જાય, હેમાળે ગળાવવા દેહી ત્યાંય. ॥૧૬૬॥
સત્ ગયા પાંડવોની સાથ, કલિયુગ બેઠો તેણી રાત. ॥૧૬૭॥

જીભ્યા ઈંદ્રિય જેવા રે સાર, જે વશ કરે તો ઉતરે કાળ. ॥૧૬૮॥
ઈંદ્રિયો થર વિના પાપ ન જાય, ને પાપ ગયા વિના શુદ્ધ ન થવાય. ॥૧૬૯॥
શુદ્ધ થયા વિના સંતોષ ન હોય, અને સંતોષ વિના ભાવ ન જોય. ॥૧૭૦॥
ભાવ વિના ભકિત ન થાય, અને ભકિત વિના મુકિત ન પાય. ॥૧૭૧॥
મુકિત વિના કોઈ અમર ન થાય, અમર વિના કોઈ દેવતા ન કહેવાય. ॥૧૭૨॥
દેવ થયા વિના દર્શન ન થાય, દર્શન થાય તે સહુ કોઈ પાય. ॥૧૭૩॥
એ અમર વાણી સત્ગોરે કહી, સાંભળો ઋષિવરો એક ચિત્તે રહી. ॥૧૭૪॥
કલિ કાળ પૂરણ જેથી આવરદા ઘટી, સ્ત્રી પુરુષનું માને નહીં. ॥૧૭૫॥
માતા પુત્રને સામે સામે લઢે, એણી હત્યાએ કુળમાં કોઈ નહીં તરે. ॥૧૭૬॥
પુત્ર પિતાને દેશે છેહ, અને જળ વિહોણા તો વરસે મેહ. ॥૧૭૭॥
ધરતીએ અગ્નિ વરસે જો ઘણી, બે વચની રાજા નહીં કોઈ ધણી. ॥૧૭૮॥
દઈ કોલને પાલન નહીં કરે, સવારે બોલે તે સાંજે ફરે. ॥૧૭૯॥
કાળ સ્વરૂપી ત્યાં વેળા ફરે, ઈમાન વિહોણા તે કોઈ ના તરે. ॥૧૮૦॥
ત્યાં સ્વામી લેખાં લેશે સહી, કીધા ગુના સહુ ભોગવશે સહી. ॥૧૮૧॥
ત્યાં આખર વેળાયે નિમ ધર્મ ઓછું પાળે, ને બ્રહ્મ ક્રિયા તેની સઘળી ટળે. ॥૧૮૨॥
સાચા સત્પંથી મુનિવર હોશે જેહ. મન વાંછિત ફળ પામશે તેહ. ॥૧૮૩॥

પાંડવો હવે કાયમના માટે વનવાસ ગયા. ફરીને હવે તેમનાં દર્શન થશે નહીં. તેથી રાજા પ્રજા બધાં દુઃખમાં હતાં. પાંડવો જે માર્ગે ગયા તે દિશા તરફ મ્હોં કરીને નજરથી જાણે તેમને શોધતાં હતાં. બાળક સ્તનપાન પણ કરતાં નહોતાં. બધાના હૃદયમાં એક જ શોકદાયી ઘટના ઘર કરી ગઈ હતી. હસ્તિનાપુર નગર એટલું રાહદારીઓથી ધબકતું હતું પણ આજ બધાં નિરાશ હતાં. સર્વ વ્યવહાર બંધ હતા. પોતાના દેહની પરવા ન કરતાં યોગ સાધના કરીને મુકત થવા માટે પાંડવો હિમાલયમાં જતા હતા.

હવે કલિયુગની શરૂઆત થઈ ગઈ હતી. એ કારણે સત્ તત્ત્વ પાંડવોની પાછળ પાછળ નીકળી જવા લાગ્યું અને કલિયુગના અસત્યાચરણની શરૂઆત થવા લાગી. આ કલિયુગનું અસત્યાચરણનું મુખ્ય સ્થાન એટલે જિવ્હા (વાણી) અને જનનેંદ્રિયો હતાં. જીવ્હા અને જનનેંદ્રિયોનો સંયમ જેમણે પાળ્યો તે જીવાત્મા આ ભવસાગર સહજ સુલભતાથી તરી જાય છે. મનના યોગે ઈંદ્રિયો સંયમીત થયા વગર પાપ નિવૃત્તિ થતી નથી. પાપ નિવૃત્તિ થયા વગર જીવાત્મા શુદ્ધ પવિત્ર થતા નથી. પવિત્ર થયા વગર સંતોષ થતો નથી. સંતોષ પ્રાપ્ત થયા વગર ભાવ ઉત્પન્ન થતો નથી. ભાવ દઢ થયા વગર ભકિત થતી નથી. ભકિતની પરમ સીમા એટલે જ મુકિત. મુકિત લાભ એટલે જ અમરત્વ પ્રાપ્તિ છે.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની આ જ અમરવાણી સદ્‌ભકતોને ઉપદેશે છે. હે ઋષિવરો, મુનિવરો, તમે એકાગ્રતાથી શાંત ચિત્તે શ્રવણ કરો અને એ અનુસાર પોતાની જીવન નૌકાને આ ભવસાગરમાંથી જ્ઞાનની સહાયથી પાર ઉતારો. આ કલિ કાલ જેમ જેમ પૂર્ણ થશે તેમ તેમ માનવીનું આયુષ્ય ઘટતું જશે.

કલિયુગના અંત સમયે નીતિ ધર્મ અત્યંત અલ્પ પ્રમાણમાં પળાશે. જે તેનાં પાલન કરશે તેને અતિશય યાતના સહન કરવી પડશે અને એ યાતનાને કારણે કેટલાક પોતાના નિયમ ધર્મ જ છોડી દેશે. સદ્ગુરુ કહે છે કે; જે ઋષિવર મુનિવર સાચો સત્પંથી હશે એ જીવનની અનન્વીત કસોટી સહન કરીને વિશ્વાસ શ્રદ્ધા ભકિત નિષ્ઠા કાયમ સ્થિર રાખીને સત્ય ધર્મનું જ પાલન કરશે અને મન ઈચ્છિત મોક્ષ પ્રાપ્ત કરી લેશે.

આ કલિની માયા કેવા પ્રકારની અનર્થકારી છે એ વિષયે પુરાણોમાં કહ્યું કે, પરીક્ષિતને રાજય આપ્યા પછી તેની વ્યવસ્થા કરવા માટે પાંડવોએ સાત દિવસ ત્યાં રહેવું પડયું. પરંતુ કલિયુગની શરૂઆત થયેલી હોવાથી સર્વ પદાર્થ અપવિત્ર જોઈને તેમણે ત્યાં અન્નોદક પણ લીધું નહીં. તથાપિ કલિયુગનો થોડો તો પવન તેમને પણ લાગ્યો જ.

રાજયની વ્યવસ્થા થયા પછી ક્ષુધાર્ત થઈને તે વનમાં ચાલવા લાગ્યા, ત્યારે કલિએ વિચાર કર્યો કે આ પાંડવોએ મારું અપમાન કર્યુ છે. એમ કહીને નદીના તીરે એક માયાવી વાડી બનાવી. તે જોઈને ધર્મને ખૂબ ભૂખ લાગી હોવાથી તે તેમાં ગયા. ત્યાં પુષ્કળ ચીભડાં હતાં. પરંતુ કોઈ રખેવાળ ત્યાં દેખાતો નહોતો. ત્યારે ફળ મફત કેમ લેવાં એવો વિચાર કરીને ધર્મે પોતાની સોનાની વીટીં ત્યાં મૂકી અને તેમાંનાં છ ચીભડાં તોડી લીધાં.

એટલામાં કલિ વૃદ્ધ માલણના રૂપે ત્યાં આવ્યો અને ફળ તોડેલાં જોઈને તેણે ખૂબ આક્રંદ શરૂ કર્યું.

ત્યારે ધર્મે તેને કહ્યું: 'બાઈ માલણ, અમે કોઈની વસ્તુ દ્રવ્ય આપ્યા સિવાય લેતા નથી. આ ફળના મૂલ્ય માટે એ જુઓ ત્યાં વીટીં મૂકી છે તે લઈ લે.

આ સાંભળીને કલિએ વધારે જ આક્રંદ કર્યું. એ બોલ્યોઃ 'તું સાચો ધર્મ નથી. તે મારાં બાળકોનો વધ કર્યો છે'

આ સાંભળીને ધર્મરાય ઝોળીમાં જોવા લાગ્યા તો તેમાં બાળકોનાં કાપેલાં શિર જોયાં. એ જોઈને તેણે જમીન પર શિર મૂકયાં. આ બૂમાબૂમ સાંભળીને ભીમ અને અર્જુન ત્યાં આવ્યા, ત્યાં તો 'આણે મારાં બાળકોને માર્યા' એમ કહીને માલણ અધિક બૂમો પાડવા લાગી.

ભીમે વિચાર કરીને જોયું તો આ સાચી માલણ નથી પણ કલિ છે એમ ભીમને સમજાયું, પછી ભીમે ચાર થપાટ માલણને મારી દીધી. તેને ઊભી કર્યા પછી કલિએ માલણનું રૂપ બદલીને પોતાનું સાચું રૂપ લીધું. એટલામાં ત્યાંનાં વાડી વગેરે બધું અદૃશ્ય થઈ ગયું.

ધર્મ બોલ્યાઃ આજે આપણે આ ફળ ખાધાં નહીં એ કારણે મોટો અનર્થ ટળ્યો. એમ કહીને પાંડવો આગળ ચાલવા લાગ્યા.

એક બે યોજન પોતા પછી, રાય બેઠા ધરવા ધીર જી. ॥૧૮૪॥
રાજા યુધિષ્ઠિર એમ જો કહે, અને સાંભળો ચારે વીર જી. ॥૧૮૫॥
સતી દ્રૌપદી તમે સાંભળો, હવે કહું આગળની વાત જી. ॥૧૮૬॥
જે હિમ પડે ત્યાં જાવું આપણને, ત્યાં વિઘ્નોનો નહીં પાર જી. ॥૧૮૭॥
ત્યાં વાટે જાતાં અસત્ ન બોલવું, અને હંસ વૃત્તિએ કરવો વિચાર જી. ॥૧૮૮॥
મુનિવ્રત લઈને સહુને ચાલવું, અને રુદિયે ધરવી ધીર જી. ॥૧૮૯॥
માયા અહંકાર સર્વે પરહરી અને શ્રી હરિ શું રાખવો નેહ જી. ॥૧૯૦॥
કામ ક્રોધ મોહ મત્સર, તે મનમાં વ્યાપે નહીં લગાર જી. ॥૧૯૧॥
સુખ ભોજન અને વસ્ત્ર વિના, અને સર્વ તજો અભિમાન જી. ॥૧૯૨॥

એણી પેરે સહુ જન ચાલજો, તો મળશે શ્રી ભગવાન જી. ॥૧૯૩॥
માત તાત ને ભ્રાત ભારજા, તે પુત્ર પુત્રી સહુ વિસાર જી. ॥૧૯૪॥
કર્યાં રાજ પાટને ઘરમંદિર, અને પરહરવો વહેવાર જી. ॥૧૯૫॥
એ સર્વ વૃથા છે આપણને, અને તે ન ચાલે સંગાથ જી. ॥૧૯૬॥
કોઈ ઋણ સામું દેવા અવતરે, અને કોઈ લેવા આવે વેવાર જી. ॥૧૯૭॥
કુટુંબ સર્વે વૃથા જાણો, અને જૂઠો જગ વેવાર જી. ॥૧૯૮॥
કોઈ ગયા સંસારમાં સર્વે હરાઈ, કોઈને લાભનો નહીં પાર જી. ॥૧૯૯॥
માયા સઘળી મનથી અળગી મૂકો, અને સમજો મિથ્યા છે આ સંસાર જી. ॥૨૦૦॥

એક બે યોજન આગળ ચાલ્યા પછી ધર્મરાજા એક સુરમ્ય જગ્યા જોઈને ક્ષણિક વિશ્રાંતિ માટે એક શિલા પર જઈને બેઠા. બધા ભાઈઓએ પણ તેમનું અનુસરણ કરીને તેમની સામે જઈને બેઠા. સતી દ્રૌપદી પણ તેમની પાસે જ પણ થોડી બાજુમાં જઈને બેઠી.

ધર્મરાજાના મુખ પર કૃત કર્મની પ્રસન્નતા હતી. તેમણે ભાઈઓને અને દ્રૌપદીને કહ્યું; 'હે કૃત નિશ્ચયી બંધુઓ, પ્રેમમૂર્તિ દ્રૌપદી, તમને બધાને એક અત્યંત મહત્ત્વની અને આગળ સદૈવ આપણું કલ્યાણ કરનાર વાત કહું છું, તમે તે નિર્ધારથી શ્રવણ કરો. હવે આપણે અત્યંત વિકટ એવા અરણ્યમાં ક્રૂર હિંસક પ્રાણીઓ, વાનર વસ્તી, કાંટાળા વૃક્ષો, ખાડા-ટેકરા-પત્થરોના વિકટ માર્ગે, નદી નાળાં પાર કરીને છેક હિમાલયમાં જવાનું છે. ગામ શહેર લોકવસ્તી મૂકીને નિર્જન ભાગમાંથી પ્રવાસ કરીને અંતે હિમાલયના બરફાચ્છાદિત પ્રદેશમાંથી હિમ શિખરો, હિમ નદીઓ, હિમ વૃષ્ટિમાંથી ચાલતા જઈને પોતાના ધ્યેય પર પહોંચવાનું છે. ત્યાં વિઘ્નોનો પાર નહિ હોય. અપાર અગણિત સંકટોથી દુઃખ વેઠવું પડશે. રસ્તામાં કોઈ પણ પ્રકારનું અસત્યાચરણ આપણાથી થાય નહીં. કોઈ પણ કર્મ કરતી વખતે હંસ ક્ષીર ન્યાયથી વર્તીને યુકત કર્મનું આચરણ કરવું. બધાં કર્મ બંધનમાંથી મુકત થઈને આપણે ઘેરથી નીકળ્યાં છીએ. હવે નવા કર્મબંધનના ફેરામાં પડવું નહીં.

બધાએ મૌન વ્રત ધારણ કરીને ચાલવું. હૃદયમાં ધૈર્ય અને પરમેશ્વરનું નામ સ્મરણ રાખવું. માયા, મમત્વ, અહંકાર, હુંપણાનો ગર્વ છોડી દેવો. એક માત્ર ભગવાનનું ધ્યાન સ્મરણ કરવું, જગતની મિથ્યા વસ્તુ માત્ર પર પ્રેમ ન કરતાં એક ભગવાન પર માત્ર પ્રેમ કરવો. ક્રોધ, મોહ, મત્સરનો મનથી ત્યાગ કરવો. પોતાનું મન વિકારોથી વ્યાપે નહીં એટલે તેની અંતઃકરણથી કાળજી લેજો. બધાએ સુખ એશઆરામ, ષડ્રસ ભોજન, મિષ્ઠાન અને ઊંચા કિંમતી વસ્ત્રોનો ત્યાગ કરવો. તેમની આશા ઈચ્છા કામના પણ કરવાં નહીં અને મેં બધી વાતોનો ત્યાગ કર્યો એવું અભિમાન પણ કરવું નહીં. આ રીતે હે બાંધવો ! આપણે બધા વર્તીશું તો આપણને પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ થશે. માતા-પિતા, ભાઈ-બહેન, પતિ-પત્ની, પુત્ર-પુત્રી વગેરે આ બધો પરિવાર, સંસાર, મહેલ, રાજ્ય, સિંહાસન વગેરે બધાનો યથા યોગ્ય તથા કાલ ઉપભોગ લીધો તેની આસકિત મનમાંથી છોડી દેવી. જે સુખ ઉપભોગ કર્યા તે પણ નાશવંત અને જે દુઃખ ભોગવ્યાં તે પણ નાશવંત જ છે, એ બધું વ્યર્થ જ છે, કુટુંબ પરિવાર સંસાર વગેરે સર્વ વ્યવહાર અસત્ય સ્વપ્ન તુલ્ય વ્યર્થ છે.

ઋણાનુબંધનના યોગથી બંધાયેલ આ સંસાર બંધનમાં કોઈ ઋણ લેવા માટે તો કોઈ આત્મ જ્ઞાન આપવા માટે આવતાં હોય છે. કોઈ આ સંસારમાં હારે છે તો કોઈ જીતે છે. આ સંસારમાં આવી કોઈ આત્મ જ્ઞાન મેળવે છે, તો કોઈ

સંસાર મિથ્યા કરીને ચાલ્યાં જાય છે. કોઈ સંસારને જ સત્ય માનીને આત્મ જ્ઞાનથી વંચિત રહે છે, તો કોઈ મિથ્યા માયા મોહમાં બદ્ધ થઈને સંસાર તીરે જ રહે છે. માટે મારા સુહૃદ પ્રેમાળ બંધુઓ ! આપણે માયાના મિથ્યા વ્યવહારનો ત્યાગ કરવાથી, આત્મ લાભ માટે કસોટી સહન કરવાથી, યોગાભ્યાસથી આપણા ઈચ્છિત સ્થળે મુક્તિ પદે જવાશે. તે જ માર્ગે આપણે હવે નિશ્ચય અને નિર્ધાર કરીને પ્રયત્ન કરીશું. ભગવાન શ્રી કૃષ્ણએ આપણને પહેલાં જ આ કર્મ ફળ ત્યાગ યોગ માર્ગનો ઉપદેશ કરીને મોક્ષ રૂપ પુરુષાર્થ મેળવવા કહ્યું છે. આ મોક્ષ પદ પ્રાપ્ત કરવું અતિ કઠિન છે. પણ એક વાર આ માર્ગનું અનુસરણ કરી નિર્ધારથી આગળ જવું જોઈએ. પરમેશ્વર આપણા બધાને એ બળ આપે એ જ તેમના ચરણે નમ્ર પ્રાર્થના છે.

દઈ શિખામણ રાય રહ્યા છાના, અને તે ધર્મ યુધિષ્ઠિર વીર જી. ॥૨૦૧॥
વાણી સાંભળી ત્યાં યુધિષ્ઠિર તણી, ભાઈ થયા રળિયાત જી. ॥૨૦૨॥
સહુના કેડે તે ચાલે કામિની, અને આગળ પાંચે ભ્રાત જી. ॥૨૦૩॥
સ્નાન સંધ્યા કરે માર્ગે જાતાં, અને કરે જળ ફળનો આહાર જી. ॥૨૦૪॥
ચાલતાં દિવસ ગયા કેટલાક, અને જઈ પોતા હિમાલે ઘાટ જી. ॥૨૦૫॥
લાગ્યા વીર હિમાલે વાટ, ઉત્તર પર્વત દુર્ગમ ઘાટ જી. ॥૨૦૬॥
તન મન ચિંતન આતમરામ, પ્રથમ હિમાલય પોતા ઠામ જી. ॥૨૦૭॥
પાંચ ભ્રાતને દ્રૌપદી નાર, ગયાં ચાલી ગંગાજી દ્વાર જી. ॥૨૦૮॥
ક્રિયા સ્નાન કર્યાં સર્વે તે ઠામ, અને પિંડદાન કીધાં પૂર્વજનાં ધામ જી. ॥૨૦૯॥
ત્યાંહા દેખે શ્રી શંભુ પ્રાસાદ, ભદ્રેશ્વર જે આદિ અનાદ જી. ॥૨૧૦॥
કંકુ ચંદન પરિમલ ધૂપ, વિવિધ કમલ દલ અર્ચે ભૂપ જી. ॥૨૧૧॥
પૂજે ભૂપ નહીં લાગે વાર, પાંચે વીરને છઠ્ઠી દ્રૌપદી નાર જી. ॥૨૧૨॥
ધર્મ નિયમ જ પાળે જણા તે છએ, અવિગત રહેજો તમે અમારે હૃદે જી. ॥૨૧૩॥

વસ્તુ સ્થિતિની જાણ ભાઈઓને અને સતીને આપી ધર્મરાજા મૌન થયા. પોતાના વડીલ ભાઈની વાણી સાંભળીને બધાં ગદ્‌ગદ્દીત થયાં. બધાનાં હૃદય ઈશ્વરીય પ્રેમથી ભરાઈ ગયાં. ઈશ્વર નામનું સ્મરણ કરતાં કરતાં આગળ પાંચેય જણ અને તેમની પાછળ પાછળ દ્રૌપદી એમ તે છએ જણ નિર્મળ, નિરામય મનથી ચાલવા લાગ્યાં. માર્ગે ચાલતાં ચાલતાં જ્યાં નદી જળાશયો, તીર્થસ્થાનો આવતાં ત્યાં સ્નાન, સંધ્યા, તર્પણ કરતાં. ઈષ્ટ દેવદેવતાઓનું પૂજન અર્ચન કરીને વન ફળોનો નૈવેદ્ય અર્પણ કરીને ફળાહાર કરતાં. જ્યાં ફળ ઉપલબ્ધ ન હોય ત્યાં કંદમૂળ અથવા ફકત જલપાન કરીને જ ઉદર નિર્વાહ કરતાં.

આ પ્રકારે વિશ્રામ કરતાં કરતાં કેટલાક દિવસે તે હિમાલયની નજીક પહોંચ્યાં. ઘનઘોર અરણ્યમાંથી ઘાટ ચઢીને, દુર્ગમ પર્વત શિખર ઓળંગીને નદી નાળાં પાર કરતાં કરતાં તે ગંગા તીરે જઈને પહોંચ્યાં. ગંગા દર્શન થતાં જ બધાને ખૂબ આનંદ થયો. બધાંએ સ્નાન વગેરે કરીને પૂર્વજોના, ભ્રાતૃબંધુઓના, મૃતાત્માઓના નામે પિંડ દાન, શ્રાદ્ધ કર્મ કર્યાં. ભગવાન શ્રી કૃષ્ણ અને શ્રી બુદ્ધનાં સ્મરણ થતાં તેમને પ્રેમ ભાવ થયો. તેમની અવતાર લીલાનું સ્મરણ કરતાં કરતાં તે અત્યંત રાજી થયાં. ગંગા તીરે આવેલ ભદ્રેશ્વર-શંભુ-મહાદેવના લિંગનું કુમકુમ-ચંદન, ધૂપથી પૂજન કર્યું. વિવિધ પ્રકારના કમળ પુષ્પોથી અર્ચના કરી. ભકિત ભાવથી નમસ્કાર કરીને તેમણે નિરીચ્છ (નિષ્કામ) ભાવથી પૂજા કરી અને ક્ષણભર ત્યાં શિવાલયમાં વિશ્રાંતિ લીધી.

સુનો હો વીર ધનંજય સહી, માદ્રી સત તમ બળ ધારી જી. ॥૨૧૪॥
દુર્ગમ પંથ હિમાળા તણું, ત્યાં વાઘ સિંહ રાક્ષસ ઘણું જી. ॥૨૧૫॥
વનચર ક્રૂરનો બહરી બાજ, ગરધવ મૃગને પંખીના કાળ જી. ॥૨૧૬॥
દિસત માત્ર તે લેવે પ્રાણ, તે પંથે એઉ પાયા જાણ જી. ॥૨૧૭॥
તુમ મંદિર જોયેવો હરિ, કરો રાજ કેમ મરશો રડબડી જી. ॥૨૧૮॥
કહે ભીમ સુણો મહારાજ, ભોગ વિલાસનું નથી કાજ જી. ॥૨૧૯॥
ભીમ કહે કેમ લેખા તમે, જીવતા ચરણ ન મેલો અમે જી. ॥૨૨૦॥
જો મોહી સાથે સામો હોયે, તો છાંડો ક્રોધને સંતોષે સોયે જી. ॥૨૨૧॥
તીહા રહિવાસ અસુરનો ઘણું, મન સમજ રાખો આપણું જી. ॥૨૨૨॥
જપ તપ ધર્મ નહીં વિસારે ક્રોધ, દુષ્ટ શત્રુ હોયે બંધુ વિરોધ જી. ॥૨૨૩॥
અતિ તામસ કાયા કે દેહે, બીનસો ધર્મ અર્થ નહીં રહે જી. ॥૨૨૪॥
તજી ક્રોધ મારી વ્રત ધરો, તો નિરંજન રહ્યો અમારો ખડો જી. ॥૨૨૫॥

ધર્મરાજા બોલ્યાઃ હે અર્જુન, હે ભીમસેન, હે માદ્રીનંદન નકુલ, સહદેવ, હે સતી પાંચાલી, તમે મારી એક હિતની વાત સાંભળો. તમે બધા અતિશય ધીરવીર બલવાન છો, શૂરવીર પરાક્રમી છો. પણ આ હિમાલય જે આપણી આગળ ઉત્તુંગ અપાર અને દુર્ધર છે. એ અતિ ઠંડી શીતવાયુ, અરણ્ય, હિંસક પશુ, નિશાચાર બ્રહ્મરાક્ષસ, અતિશય બલવાન સામર્થ્યશાળા અસુર દૈત્યોથી વ્યાપેલ છે. પદોપદે આપણા પર વિપત્તિ આપત્તિ આવવાનો સંભવ છે. ગિધડ વગેરે ક્રૂર પક્ષી એનો તો સર્વત્ર વસવાટ છે. દેખતાંની સાથે પ્રાણ લેનાર એવાં શ્વાપદો છે, તેમનાથી બચવું મુશ્કેલ છે, માટે તમે આ સુંદર શિવાલયમાં આનંદથી સુખોપભોગમાં રહો. મૃત્યુ આવતાં સુધી મારી સાથે વિના કારણ રખડશો નહીં.

ધર્મરાજાની વાણી સાંભળીને ભીમ બોલ્યોઃ 'અહો મહારાજ ધર્મરાજ, ભોગ વિલાસનું સુખ અમારે ભોગવવું હોત તો અમે રાજય છોડીને આટલા દૂર કેમ આવ્યા હોત. ક્રૂર પક્ષી, શ્વાપદો, રાક્ષસોની બીક અમને બતાવતાં એ સંકટ તમને પ્રાપ્ત નહીં થાય ? અમે ધીર વીર, સામર્થ્યવાન છીએ તેની ચિંતા તમે કરશો નહીં. પદોપદે સંકટ આવશે તેનું અમે નિવારણ કરીશું. તમારા આ ચરણ છોડાવીને અમને શા માટે આપનાથી દૂર કરવા પ્રયત્ન કરો છો ? જ્યાં તમારાં ચરણ જશે ત્યાં અમે આવીશું, આ અમારો નિર્ધાર છે. સંકટથી અમે ચલિત થઈશું નહીં. માટે તમે અમને વારંવાર આવી વિપરીત વાત કહેશો નહીં.'

ધર્મરાજાએ કહ્યુંઃ 'અરે ભીમ, તમારા વીરત્વ પરાક્રમ પર શું મને ભરોસો નથી ? બંધુઓ, મને પૂર્ણ ખાતરી છે, આપણે કોઈ પણ સંકટમાંથી મુકત થઈ શકીશું. પણ મારી ચિંતા ઘણી જ જુદી છે. સંકટમાંથી મુકત થવા માટે તમે પરાક્રમ કરશો પણ એ યોગે વૃથા જીવ હાની થશે. આ હિંસાનું પાતક આપણા શિરે આવશે. જે પાતકની નિવૃત્તિ માટે આપણે અહીં આવવાનું થયું તેમાં વળી પાછો નવીન કર્મ ભોગ અધિકાધિક વધતો જશે. આપણાં આ જપ તપ આદિ યોગ સાધનાનો કોઈ પણ ઉપયોગ રહેશે નહીં, એટલા માટે તમને બધાને મારું એક નિવેદન છે કે જો તમને મારી સાથે જ આવવું હોય તો કામ-ક્રોધ અને મોહ છોડવો પડશે. ક્રોધ આ એવો મહાન શત્રુ છે કે જપ, તપ, ધર્મ, વ્રત, નિયમ વગેરે બધાં પર પાણી ફેરવે છે. માટે બંધુઓ તેવો કદાચ પ્રસંગ આવે તો, એ વિકારોનો ઉપયોગ થવાથી થનારા અનર્થનો પાર રહેશે નહીં. આ માટે કામ, ક્રોધ અને મોહ એ વિકાર છોડવાનો નિર્ધાર કરો, પ્રતિજ્ઞા કરો. કોઈપણ કઠિન દુર્ધર પ્રસંગ આવે તો પણ એ દુર્ગુણોનો ઉપયોગ કરવો નહીં એ નિશ્ચય કરો.'

ગ્રહી નેમ તવ ચાલ્યા વીર, પોતા પાંડવ હરિદ્વાર ગંગા તીર જી. ॥૨૨૬॥
તીહાંથી પૂરવ દિશા મુનિ કહે, નદી ત્યાં પૂર્વગામીની વહે જી. ॥૨૨૭॥
પુણ્યોદક જોઈને ભૂપ ત્યાંહાં થબકાયે, પંચ સરોવર કીયો સ્નાન ત્યાંયે જી. ॥૨૨૮॥
સંધ્યા તર્પણ પૂર્વજ કાજ, પૂજી હરિદ્વારને ચાલ્યા રાય જી. ॥૨૨૯॥
તાહાં થકી આગળ સંચરે, યોજન સાત ત્યાં આરોહણ કરે જી. ॥૨૩૦॥
માળાધર પર્વતનાં નામ, હિમ પગર ઉદિત તેનો ઠામ જી. ॥૨૩૧॥
દસ યોજન ચાલ્યા ત્યાંય, આડો યોજન પાંચ પ્રમાણ જયાંય જી. ॥૨૩૨॥
કરે રાજ ત્યાં ગણ ગંધર્વ, તુરી ભેર બાજે ધ્વનિ સહસ્ત્ર જી. ॥૨૩૩॥
તે વળી વીસ યોજન આવીયા, તે પાંડવ પાંચે વીર જી. ॥૨૩૪॥
તાહાં વૃક્ષ દીસે સોહામણાં, અને ગંગા કેરે તીર જી. ॥૨૩૫॥
સ્નાન ધ્યાન કરી સહુ ચાલ્યાં, એ રાય પાંડુ કેરા તન જી. ॥૨૩૬॥
એટલે તે સામી આવી અપ્સરા, અને જોવા તે ધીર વીર જી. ॥૨૩૭॥

આ નિયમ ધારણ કરીને પાકો નિશ્ચય કરીને પાંડવો આગળ ચાલવા લાગ્યા. અરણ્યમાંથી નદી તીરે જતાં જતાં તે હરિદ્વાર આવી પહોંચ્યા. હરિદ્વારની પૂર્વ બાજુએ ગંગા તીરે ઋષિ મુનિઓની વાસ્તવ્ય ભૂમિ પર આવ્યા. પછી એ થોડા સમય ત્યાં રોકાયા.

ત્યાંના પંચ સરોવર કુંડમાં સ્નાન સંધ્યા અને પૂર્વજ તર્પણ વગેરે કર્યાં. પછી શ્રી હરિની અને શ્રી હરેશ્વરની પૂજા અર્ચના કરી. પછી એ છએ જણ ત્યાંથી નીકળી પૂર્વ અને ઉત્તર બાજુ ચાલવા લાગ્યાં. ઋષિકેશના માર્ગે આવી તે થોડા આગળ એટલે કે સાત યોજન ચાલ્યા પછી તેમને હિમાલયનું ઊંચું શિખર દેખાયું. સુવર્ણ પ્રમાણે અને ચાંદી પ્રમાણે ચળકનારી એ પર્વત માળા જોઈને તેમના મનને ખૂબ આનંદ થયો. ધીમે ધીમે એ ઉત્સાહથી તેઓ એક એક શિખર ચઢવા લાગ્યાં.

શું આશ્ચર્ય ! ઉપર ચઢી ગયા પછી તેમને સુંદર વનશ્રીથી યુકત એવા દસ યોજન દૂર, પાંચ યોજન વિસ્તારમાં ગંધર્વોનું રાજય આવ્યું. ત્યાં ગણગંધર્વની વસ્તી હોવાથી એ સદૈવ નૃત્ય ગાયન કરતા વીણા, શંખ, ભેરી વગેરે વાદ્યોનો ધ્વનિ કરતા તાન આલાપથી રાગ રાગિણીના સુસ્વર ગાયન કરતા એમને દેખાયા. એ અત્યંત રમણિય સ્થાન જોઈને અને એ દિવ્ય નાદ સાંભળીને પાંડવો હરખીત થાય. ત્યાંના વૃક્ષ સદૈવ પાન, ફૂલ, ફળ મહોરથી છવાયેલાં હતાં. તેમની સુગંધ ઘ્રાણેન્દ્રિયોને આનંદ કરનારી હતી. નજીક જ ગંગાનો સતત વહેનારો જળ પ્રવાહ તેમની વચ્ચે મળતાં નાનાં મોટાં ઝરણાંઓનો સુમધુર ધ્વનિ કર્ણેન્દ્રિયને તૃપ્ત કરતો હતો. એ સ્વર્ગીય નિસર્ગ સૌંદર્ય નયનોને ઉત્તેજીત કરતું હતું. એવા એ સ્વર્ગીય વાતાવરણમાં સ્નાન ધ્યાન કરીને નિર્ભયતાથી આનંદથી વિચરતાં હતાં ત્યાં જ તેમની સામે એક સંકટ ઊભું રહ્યું. તેમના ધીરત્વ વીરત્વની કસોટીનો પ્રસંગ ઉપસ્થિત થયો.

તે અપ્સરાનાં રૂપ દેખી, નરપત થયા દિગ્ મૂઢ રે. ॥ટેક॥
વાટે જતા વિઘ્ન ઉપન્યું, લજજા રાખજો શ્રી ભગવાન રે,
પાંડવ આગળ ઊભી અપ્સરાને, ચરણે નમાવે શીશ રે. ॥૨૩૮॥
પાંચે જણાએ વનિતા જોઈ આગળે, અને સોળ વરસની સમાન રે,
કેટલીએક વાજીંત્ર વગાડે અને કેટલીએક કરે ગાન રે. ॥૨૩૯॥

નાના વિધના પટકોલ પેરીયા, તે સુવર્ણ શોભીતા અંગ રે. ॥૨૪૦॥
ચાંદલો સેંથો ને રાખડી, અને અંબોડો સુંદર સાર રે,
સોળે શણગાર સજ કરી, તેના રૂપનો નહીં પાર રે. ॥૨૪૧॥
આગળથી આડી ફરે, અને પાસે અડવા જાય રે,
પાંડવો સહુ ત્રાય ત્રાય કરે, અને લજ્જા રાખજો શ્રી ભગવાન રે. ॥૨૪૨॥
જાુએ નાચે અને હસે સામી, અને અંગે આળસ મરડે નાર રે,
વસ્ત્ર ઉતારીને અંગ દેખાડે, અને જાુવે પાંડુ કુમાર રે. ॥૨૪૩॥
પાંડવો મનમાં ચિંતા અતિ કરે, સંભારે શ્રી ભગવાન રે,
આ વિઘ્ન ઉપન્યુ વાટમાં, તે કારણ કેવું થાય ઉત્પાત રે. ॥૨૪૪॥
જાણ્યું હતું કે વૈકુંઠ જાશું, અને જ્યાં છે શ્રી યદુનાથ રે,
આ માર્ગમાં વિપરીત ઉપન્યું, ધર્મરાય પછાડે શીશને બેઉ હાથ રે. ॥૨૪૫॥
પાંચ જણ તમે ભલે પધાર્યા, અને અમને કૃપા કીધી જગદીશ રે,
સકળ જન્મનું પુણ્ય છે અમારું, અને તે સફળ થયું આજ રે. ॥૨૪૬॥
ઘેર બેઠાં સુંદર વર આવીયા, તમે રાખો અમારી લાજ રે,
કરે ચલિતને દેખાડી અંગ, અને ચરિત્ર કરે અપાર રે. ॥૨૪૭॥
પુષ્પ તણા ફેરવે આગળ વિંઝણા, વિધવિધ પેરના વાય નાખે રે,
પાંચે જણાને દે તાળી, અને રાજા ધર્મ તે સાખે રે. ॥૨૪૮॥
હસી વચન અને પ્રેમ દાખવે, અને ચૂવા ચંદન ચઢાવે અંગ રે,
ચરણ ઉપર જો મૂકે, અને પુષ્પ તણા હાર એ નાર આપે રે. ॥૨૪૯॥
કંકુ અંગે લેપન કરે, અને મોતીએ ચોક પુરાવે રે,
અગર કપૂરની કરે આરતી, અને આગળ બેસણાં લાવે રે. ॥૨૫૦॥
બત્રીસ લક્ષણી દીસે સઘલી શ્યામા, અને રૂપ તણો નહીં પાર રે,
ભાવ સ્વભાવ કરીને દેખાડે, ના છળાએ પાંડુ કુમાર રે. ॥૨૫૧॥
દીનાનાથ તમે મંદિર પધારો, અમને કાં કરો છો ખોટી રે,
મનિચ્છા વાચાને કર્મના, અમે નહીં મેલું તમારી કેડી રે. ॥૨૫૨॥

ત્યાં અપ્સરાના લાવણ્ય જોઈને પાંડવો દિગ્મૂઢ થઈ ગયા. આશ્ચર્યચકિત થઈને કર્તવ્યમૂઢ થયેલા પાંડવો મનોમન ભગવાનની આરાધના કરીને આ સંકટમાંથી પાર પાડવા માટે વિનવવા લાગ્યા. એ બધી અપ્સરાઓ ષોડશા (સોળ) વર્ષીત અતિશય સુંદર અને સુકુમાર કન્યા હતી. કેટલીક વાદ્ય વગાડતી હતી, કેટલીક ગાયન કરતી હતી તો કેટલીક સુંદર નૃત્ય કરતી હતી. તેમણે અલગ અલગ રંગનાં તરેહ તરેહનાં વસ્ત્રો પરિધાન કર્યાં હતાં. ઉત્તમ ઉજ્જવળ શુભ ચિન્હ આભૂષણ સુવર્ણ અલંકાર ધારણ કર્યા હતા. કપાળ પર કસ્તુરી કુંમકુંમનાં ટીલાં લગાવ્યાં હતાં. માથામાં ગુલાલ ભર્યું હતું, વાળના સુંદર અંબોડા

બાંધેલા હતા, સુગંધી પુષ્પોથી વિભૂષિત કરેલી વેશભૂષા, કેશ રચના વગેરેથી તેમનું સૌંદર્ય અધિકભર લાગતાં હતાં. આ પ્રકારે બધી રીતના સાજ શૃંગારથી સજેલી અપ્સરાઓ અલગ અલગ હાવભાવ કરીને પોતાનું ઉદર, ઉરોજ, મુખ બતાવીને પાંડવોને ભૂલાવવા લાગી. તેમની સામે નૃત્ય ગાન રાગ તાન આલાપ ગાઈને હાવભાવ કરીને નમન કરવાના ઉદ્દેશથી પાંડવોને સ્પર્શ કરવા લાગી. એ જોઈને પાંડવો ત્રાહી ત્રાહી કરીને ભગવાનની આર્તતાથી લજ્જા સહીત રક્ષણાર્થે પ્રાર્થના કરવા લાગ્યા.

અપ્સરાઓનું નાચવું, સ્પર્શ કરશો, આડી નજરથી જોવું, હસવું, વિનોદી બોલવું, ઠઠ્ઠા મશ્કરી કરવું, અંગ મોડીને આળસ આપવું, એક બીજાને આલિંગન આપવું, વસ્ત્ર ઉતારીને અંગ પ્રત્યાંગ બતાવવું વગેરે કામોત્તેજક ક્રીડા ચાલતી હતી. એ જોઈને પાંડવો અત્યંત ચિંતાગ્રસ્ત થયા, મનોમન ભગવાનની આરાધના કરીને બોલ્યાઃ હે ભગવાન ! આ કેવું અઘટિત વિઘ્ન અમારી સામે ઉપસ્થિત થયું. અમને લાગતું હતું કે નિર્વિઘ્નતાથી વૈકુંઠમાં જવાશે પણ અમારું આ કેવું દુર્ભાગ્ય ! કે હજુ આ દુર્ભાગ્ય અમારો પીછો છોડતું નથી. એમ કહીને ધર્મરાજા બંને હાથે પોતાનું મસ્તક નીચું કરી ઢાંકી નાખ્યું. પાંચેય જણાએ પોતાના હાથે મ્હોં ઢાંકી લીધાં. સતી દ્રૌપદી વિઘ્નોની ભીષણતા જાણીને અત્યંત દુઃખીત થઈને આર્તતાથી ભગવાનને પ્રાર્થના કરવા લાગી.

એટલામાં એ અપ્સરાઓએ આગળ આવીને પાંડવોને કહ્યુંઃ 'અહો પ્રાણનાથ, અહો સ્વામીનાથ, અમારું ભાગ્ય કેટલું સારું કે તમે પાંચેય જણ અહીં ચાલતા આવ્યા છો. જગદીશ્વરે અમારા પર આ કેટલી મોટી કૃપા કરી છે. અનંત જન્મોનું પુણ્ય અમારું સફળ થયું. ઘેર બેઠાં સુંદર વર ભગવાને અમારા માટે મોકલ્યા, માટે તમે અમારી સેવાનો સ્વીકાર કરીને અમારી લાજ રાખો. તમે અમારું આતિથ્ય અંગિકાર કરવા કૃપા કરો.' અપ્સરાઓનું એ ચારિત્ર્ય હાવભાવ કામુક ચરિત્ર જોઈને પાંડવો અધિક જ ચિંતાતુર થયા.

કેટલીક અપ્સરાઓ હાથથી ગૂંથેલી માળા, સુગંધી ફૂલો વગેરે લાવી, કેટલીક સુંદર પંખાથી પવન નાખવા લાગી. પાંડવોને મોહિત કરવા માટે અને કામુક બનાવવા માટે અલગ અલગ ફૂલોથી તૈયાર કરેલ સુવાસિત તેલ, અત્તર વગેરે લગાવવા આગળ આવવા લાગી. કેટલીક તાળીઓ વગાડીને તેમનું ધ્યાન પોતાની તરફ કરાવવા લાગી. હસી બોલીને નયન બાણ છોડીને પોતાનો પ્રેમ વ્યકત કરવા લાગી. કેટલીક ચૂવા ચંદન લગાવવા માટે આગળ આવી, કેટલીક પુષ્પહાર પહેરાવવા માટે સિદ્ધ થઈ. કેટલીક કંકુ, ગુલાલ, સિંદૂરનું લેપન કરવા માટે આગળ આવી. કેટલીક માણેક મોતીના હાર થાળીમાં લઈ અગર, ધૂપ, કપૂર લગાવીને તેમની આરતી ઉતારવા માટે સિદ્ધ થઈ. કેટલીક તેમને બેસવા માટે સુખાસનો લાવી અને પગ ધોવા માટે જલપાત્રો લાવી. આ પ્રકારે અલગ અલગ સેવા ઉપચારોથી તેમને સંતુષ્ટ કરવા બધી સિદ્ધ થઈ. તેમનું રૂપ સૌંદર્ય લાવણ્ય અલૌકિક હતું. બત્રીસ લક્ષણોથી યુકત એવી એ સૌંદર્યદાયી હતી. તેમનાથી થાય તેટલા હાવભાવ કરીને પાંડવોને રીઝવવા તે પ્રયત્ન કરતી હતી. પણ એમના હાવભાવથી નખરાંથી પાંડવો ચલિત નહોતા થતા. કામ વિકાર પર જેમણે વિજય મેળવ્યો હતો. ઈંદ્રિય સંયમન જેમની દઢ છે તેમની આગળ પ્રત્યક્ષ રતિ પણ ઊભી રહે તો પણ એ ચળી શકે નહીં, એવા પાંડવો પોતાના માર્ગે દઢ સ્થિર હતા. અપ્સરાનાં કોઈપણ કૃત્યને એ જોતા નહોતા.

છેલ્લે અપ્સરાઓએ કહ્યું કેઃ હે દીનાનાથ ! અમે અબળાઓ છીએ, અમારા પર કૃપા કરો. અમારા મંદિરે ચાલો અને અમારા આતિથ્યનો સ્વીકાર કરીને અમને કૃતકૃત્ય કરો. અમે મનથી વાચાથી કર્મથી તમને વરેલાં છીએ. તમને છોડીને અમે ક્યાંય જઈશું નહીં. તમે પણ અમને છોડીને ક્યાંય જશો નહીં. અમારી ઈચ્છા કામના પૂર્ણ કરો. અમને વ્યર્થ વિરહ કરાવશો નહીં. અમારી સેવાનો સ્વીકાર કરો.

પાંડવ યુધિષ્ઠિર બોલીયા, અને શું છે તમારે કામ રે,
નહીં લેવું નામ નહીં આવવું મંદિરે, ન લેશો અમારું નામ રે. ॥૨૫૩॥
સ્નાન સંધ્યા તપ તીર્થ ધર્મ આચરે, મિથ્યા સિદ્ધ કરો છો ખોટી પ્રીત રે,
રાજ રિદ્ધિ સિદ્ધિ પરિવાર ત્યજીને, આજ અમે જઈએ છીએ ઊઠી રે. ॥૨૫૪॥
પરનારી શું પ્રેમ ન કીજીયે, અને વાત ન કીજીયે ઊભા રે,
તેને વૈકુંઠની પ્રાપ્તિ ન હોય, અને લોકમાં જાય શોભા રે. ॥૨૫૫॥
નારી સઘળી વિખની વેલડી, અને સંગમ કરે પુણ્ય જાય રે,
સાત જનમનું સુક્રિત જે કરેલું, તે ક્ષણ એકમાં પરલે થાય રે. ॥૨૫૬॥
પરસ્ત્રી શું ક્ષણ એક ન રહેવું, એમ શાસ્ત્ર પુરાણે ભાખ્યું રે,
જે આગે પર રમા શું રંગે રમ્યા, તે પોતાનું પુણ્ય હાર્યા રે. ॥૨૫૭॥
સ્નાન સંધ્યા તપ આચરે, અને ધર્મની આજ્ઞા પાળે રે,
પર નારીનો સંગમ કરતાં, અને તે પડે નરક મોઝાર રે. ॥૨૫૮॥
એમ કહીને ચાલ્યા પાંડવો, અમે નહીં સહીયે નારી રે,
આંહી ખોટી કરો છો તે મિથ્યા, અમે જાશું જ્યાં છે દેવ મોરારી રે. ॥૨૫૯॥
પાંચ પાંડવ સંગે સતી ચાલ્યાં, અને અપ્સરા ધર્મને વળગી રે,
મૂકોને માતા હું પુત્ર તમારો, તે સાંભળી અળગી થઈ રે. ॥૨૬૦॥
નારી સઘળી નાસીપાત થઈ, અને સહુ નિજ મંદિરે જાયે રે,
રાજા યુધિષ્ઠિર પંથે ચાલ્યા, ઉલટ અંગે ન માયે રે. ॥૨૬૧॥
જે નરનું મન નિર્મળ હોવે, અને તે પામે ભવ પાર રે,
ખોટા ઉપાય કર્યા કામિનીએ, પણ ન ચૂકયા પાંડુ કુમાર રે. ॥૨૬૨॥
પાંડવ તણાં સત્ પ્રગટયાં, તે હિમ પંથે સૌ જાય રે,
વાટ માંહે તે વિઘ્ન ઉપજે, તાહાં સહાય કરે શ્રી યદુરાય રે. ॥૨૬૩॥
પાંડવ આગળ ઊભી અપ્સરાને, ચરણે નમાવે શીશ રે. ॥ટેક॥

ધર્મરાજા અને ચારેય ભાઈઓ બોલ્યાઃ 'હે સુંદરીઓ, તમે વિના કારણ અમારો માર્ગ રોકશો નહીં. કંઈ અન્ય કામ હોય અમારાથી થવા જેવું તો અવશ્ય કરશું પણ ફકત માયિક પ્રાપંચિક વિચારોથી પ્રવૃત્ત થવું હોય તો અમારાથી દૂર રહો. અમારા રસ્તામાં પણ આવશો નહીં. અમે તમારા મંદિરમાં આવશું નહીં. તમે અમને મોહમાં નાખવા પ્રયત્ન કરો છો એ તમારી પ્રીતિ ફકત ફસાવવા માટે છે. અમે સર્વ પ્રકારનું રાજવૈભવ, સુખોપભોગ, ઐહિક સુખ સિદ્ધિ છોડીને આજ વનમાં આવ્યા છીએ. શું તે આમાં ફસાવવા ? મિથ્યા નાશવંત માયા પર પ્રેમ કરવા માટે ? એવી તમારી સમજ હોય અને તમારો એવો વિચાર હોય તો એ મિથ્યા છે, એ સર્વ છોડી દો.

પરસ્ત્રી સાથે એક ક્ષણભર પણ પ્રેમની વાતો કરવી નહીં, તેમની સાથે ક્ષણભર પણ ઊભા રહેવું નહીં. તેમની માયાવી પાશ મહાભયંકર હોય છે, વૈકુંઠ પરથી ચલિત કરનાર અને લોકોમાં દુષ્કીર્તિનો વ્યાપ કરનાર એવો પરસ્ત્રીઓનો સંગ હોય છે. પરસ્ત્રી એ વિષની વેલ છે. સાધ્યા વેલી પણ વૃક્ષને જકડી નાખે તો આ વિષારી વેલ તો જીવથી મારી નાખે એમાં શંકાને સ્થાન નથી. પરસ્ત્રીના સંસર્ગથી પુણ્યનો સંપૂર્ણ ક્ષય થાય છે. એટલું જ નહીં પણ પાછળના સાત જન્મમાં કરેલ સત્કૃત્યોનો પણ નાશ થાય છે, એમ શાસ્ત્ર વચન કહે છે. શાસ્ત્ર પુરાણમાં આવા કેટલાક ૠષિ મહાત્માઓનાં ચરિત્ર કહ્યાં છે, કે જે સ્ત્રી સંગતિમાં રમ્યા તેમનાં બધાં પુણ્યનો ક્ષય થયો છે. સ્નાન, સંધ્યા, તપશ્ચર્યા, વ્રત, પૂજા, નિયમ, ધર્મ કેટલુંય પાળીએ અને ફકત એક ક્ષણભર પરસ્ત્રીનો સંગ કરીએ એટલે એ બધાં જ પુણ્ય ફળ નષ્ટ ભ્રષ્ટ થાય છે અને તે જીવાત્મા નરક યાતના ભોગવે છે. માટે હે દેવાંગનાઓ, તમે અમારો રસ્તો છોડો. અમને જવા દો, રોકશો નહીં. આમ કહીને પાંચેય જણ અને છઠ્ઠી દ્રૌપદી આગળ જવા લાગ્યા.

અપ્સરાઓને વિરસ ભંગ થતો લાગ્યો. તેમના રોમરોમમાં કામ વ્યાપ્યો હતો. મોહાંધ થઈને તે આગળ થઈ અને ધર્મરાજાને આલિંગન આપવા આગળ આવી. ધર્મરાજાએ નમ્રતાથી હાથ જોડીને અપ્સરાઓને કહ્યું: ‘હે માતાઓ ! તમે અમને માતા કુંતી પ્રમાણે પૂજય છો, અમે તમારાં બાળકો છીએ. માતાએ પોતાના પુત્રો સાથે આમ ગેરવર્તન કરવું નહીં. ધર્મરાજાના મુખમાંથી આ શબ્દ નીકળતાં જ લજ્જાથી શરમાઈ ગયેલી એ અપ્સરાઓ નિરાશ થઈને પાછી ફરી. પાંડવોને ધન્યવાદ આપી પોતપોતાને સ્થાને જવા નીકળી ગઈ.

પાંડવો પોતાના માર્ગે આગળ ચાલવા લાગ્યા. અપ્સરાઓએ પાંડવોને ચળાવવાનો સારો નરસો ઉપાય કરી જોયો પણ એ પોતાના દૃઢ નિશ્ચયથી બિલકુલ ચળ્યા નહીં. દૃઢ નિર્ધારથી પાંડવોનું સત્ત્વ (સત્‌તત્ત્વ) એ જ જગ્યાએ પ્રગટ થયું. તેમના સત્ત્વની પરીક્ષા થઈ પણ એ સત્ત્વ પરીક્ષામાં પાંડવ અચળ નિર્ધારથી તેજોમય નીકળ્યા. સત્ય ધર્મના પાલનનું બળ તેમની પાસે હોવાથી રસ્તામાં જો વિઘ્ન ઉપસ્થિત થાય તો તેમના રક્ષણ માટે, સહાય માટે ભગવાન યદુનાથ શ્રી કૃષ્ણ તેમની પાછળ હતા. સદૈવ એ તેમની જ ભકિતમાં તલ્લીન રહીને આગળ વધતા હતા.

વાટે જાતાં વિઘ્ન ઉપજે, તમે સહાય કરો મહારાજ રે. ॥ટેક॥
આયુધ વિના નિજ બાંધવા, અને પ્રેમે પાવન જેહે રે,
દારુણ શીત વાયુ વાયે ઘણા, અને સામા વિઘ્ન હોયે રે. ॥૨૬૪॥
અશ્વ રથ ગજને લક્ષ્મી પરહરી, અને પરહર્યા વેવાર રે,
મુકિત કારણ પરહર્યું અને ત્યાગ કર્યો સંસાર રે. ॥૨૬૫॥
યોજન બાર ગયા પછી, અપશુકન રાયને થાય રે,
રજ ભરાણી નેત્રમાં, અને વાયુ વસમા વાય રે. ॥૨૬૬॥
વામલોચન ફરફરે, અને પડે હૃદયમાં ફાળ રે,
શ્વાન સન્મુખ સાદ કરતા, અને સંચરે શિયાળ તત્કાળ રે. ॥૨૬૭॥
હરણ આડાં ત્યાં આવી ઉતરે, અને ફરકે ડાબુ અંગ રે,
આકાશ દીસે છે ધૂંધળું, નરપત થયા મન ભંગ રે. ॥૨૬૮॥

સૂકે લાકડે બેઠો ભેરવો, અને સાદ કરે વન ભારી રે,
જમણી તે જાય લોમડી, આડી ઉતરે મીંઝાર રે. ॥૨૬૯॥
આકાશથી તારા ખરી પડે, અને થાય અતિ ઉત્પાત રે,
થઈ ચિંતા પાંચે વીરને, અને મુનિવ્રત ધરે છે ભગત રે. ॥૨૭૦॥
ત્યાં ચિત્તા ફરતા ભડ સાચરા, એક પર્વત દીઠા પરોડ રે,
અપશુકન દેખી કરગરે, અને રક્ષા કરજો ગરુડ ધ્વજ રે. ॥૨૭૧॥
એ પર્વતમાં એક નગર મોટું, તે મેઘપુરનગર કેવાય રે,
મેઘનાદ નરપતિ ત્યાં વસે, બહુ દૈત્ય કેરો રાય રે. ॥૨૭૨॥
તેની પાસે દૈત્ય છે એવા, અને દિશે છે વિકરાળ રે,
ઊંટ ગરધવ અને શ્વાન શિયાળ, અને મોટા ભડ મુછાળ રે. ॥૨૭૩॥
તે ગદા યુદ્ધ સહુને હાથે, અને જીવ હિંસા કરે અપાર રે,
મનુષ્ય પંખી અજગર સર્વે, ગરધવ વાઘને શિયાળ રે. ॥૨૭૪॥
ચિત્તા વાંદરા અને સસલા, તે સહુ કોઈનો કરે આહાર રે,
એવા આહાર કરે ત્યાં પાપીઓ, અને વસે તે નગર મોઝાર રે. ॥૨૭૫॥
મેઘનાદ ત્યાં ભૂપતિ કહાવે, અને વસે તે તેણે ઠાયે રે,
ચાર યોજન નગર મોટું તે વળી પર્વત માંહે રે. ॥૨૭૬॥
પાષાણ માંહે મંદિર ઘણા, અને પાપી પુરું કહેવાય રે,
તે નગર પાસે થઈને સંચર્યા, સતીનું વ્યાકુળ થાય શરીર રે. ॥૨૭૭॥
વાટે જાતાં વિઘ્ન ઉપજે, તમે સહાય કરો મહારાજ રે. ॥ટેક॥

શસ્ત્રાસ્ત્રનો ત્યાગ કરીને બધા ભાઈઓ અને છઠ્ઠી દ્રૌપદી સતી અતિશય દઢતાથી ઈશ્વર પ્રાપ્તિની આકાંક્ષાએ દિવ્ય પ્રેમભાવથી આગળ માર્ગે ચાલવા લાગ્યાં. અતિશય આનંદથી ઉત્સાહથી અંતઃકરણથી આગળ જતાં જ અત્યંત શીત વાયુએ તેમને કઠિનતા આપવાની શરૂઆત કરી. ધૈર્યતાથી એ અતિ ઠંડીના સુસવાટાભર્યા પવનનો માર સહન કરતાં કરતાં અને સંકટોને પાર કરતાં કરતાં આગળ જવા લાગ્યાં. એક સમયના રાજપુરુષો રાજ્ય સુખના વૈભવનો, અશ્વ, ગજ, રથ, લક્ષ્મી, અધિકાર વગેરેનો ત્યાગ કરીને મુક્તિ લાભાર્થે એકલા વનમાં અત્યંત કષ્ટ સહન કરતા પાયદળ ચાલતા હતા.

બાર યોજન ચાલ્યા પછી તેમને અપશુકન થવા લાગ્યાં. સુસવાટાભર્યા ઠંડા પવનથી તો ઠર્યા જ હતા પણ એ સાથે ઉડનારી ધૂળથી આંખો ભરાઈ ગઈ. આંખો ચોળી ચોળીને લાલ થઈ ગઈ. રાજા ધર્મની ડાબી આંખ ફરકવા લાગી. હવે ભાવીના અણધાર્યા સંકટથી ધર્મરાજાના હૃદયમાં અવઢવ શરૂ થઈ. સામેથી કૂતરાઓ જોરજોરથી રડવા લાગ્યા, શિયાળ આમ તેમ ભાગતાં રડવા લાગ્યાં, હરણ આડાં આવી નીચે ઊંડી ખીણોમાં ઉતરવા લાગ્યાં, ધર્મ રાજાનું ડાબું શરીર થરથરવા લાગ્યું, આકાશ વાદળોથી ગડગડવા લાગ્યું. આ દુશ્ચિહ્નોથી ધર્મ રાજાનું મન અકળાયું. મોટું ભયાનક સંકટ આવવાની આ સૂચના જ હતી. કોરા શુષ્ક લાકડા પર બેસીને કાગડા ગીધના ભયાનક કર્કશ અવાજ અમંગળ થવાનાં એંધાણ આપતા હતા.

શિયાળ લોકડી જમણી બાજુથી જવા લાગ્યાં, રાનમાંજર આડી આવી ભટકવા લાગી, દિવસ હોવા છતાં પણ આકાશમાંથી તારા ખરી ઉલ્કાપાત થવા લાગ્યો. આ બધો ઉત્પાત જોઈને બધાનાં હૃદય કાંપવા લાગ્યાં. છએ જણ ચિંતાતુર થયાં. આવી વિકૃત પરિસ્થિતિમાં પણ મૌનવ્રતનો ભંગ ન કરતાં આગળ જતાં હતાં. ત્યાં જ એક ચિત્તો તેમની બાજુથી ભાગતો આવ્યો અને તેનો માર્ગ ચૂકવવા લાગ્યો.

થોડીવારમાં એક મહાભયંકર પહાડ બીજી બાજુએ દેખાયો. આ બધાં અપશુકન ભયંકર સંકટની જાણ કરાવી આપનાર હતાં. સર્વ જણ અત્યંત કરુણાથી ભગવાન ગરુડધ્વજ નારાયણની આરાધના કરતાં હતાં અને આવનાર સંકટનો ધૈર્યથી સામનો કરી સહાય કરવાની પ્રાર્થના કરતાં હતાં. એ પર્વતમાં એક મોટું મેઘપુર નગર વસેલું હતું. મેઘનાદ નામનો અસુર રાજા ત્યાં રાજ્ય કરતો હતો. ખૂબ મોટી સંખ્યામાં દૈત્યો એ જગ્યાએ રહેતા હતા. મેઘનાદની પાસે ભયંકર અક્રાળ વિકરાળ એવા સેનાપતિ હતા. તેમનું સૈન્યદળ પણ તેવું જ ભયાનક અને અતિશય મોટું હતું. એક એક સૈનિક પાસે ઊંટ, ગધેડાં, કૂતરાં અને શિયાળ વગેરે અગણિત પશુધન હતાં. પ્રત્યેક પાસે ગદા, ભાલા, ત્રિશુળ, તોમાર વગેરે શસ્ત્ર હતાં જેથી અપાર એવી જીવ હિંસા એ કરતા હતા. તેમનો આહાર એટલે મનુષ્ય, પક્ષી, અજગર, ગધેડાં, વાઘ, શિયાળ, ચિત્તા, વાંદરા, સસલા વગેરે જે પ્રાણી મળે એમનો શિકાર કરીને તેમનો ઉદર નિર્વાહ કરતા હતા.

આ પ્રકારનો એ પાપી દૈત્ય એ મેઘપુર નગરમાં રહેતો હતો. ચાર યોજન વિસ્તીર્ણ એવું એ નગર ચારેય બાજુએ પર્વત શ્રેણીના વચ્ચે વસ્યું હતું. ત્યાંના ઘરો અતિશય ભવ્ય ઊંચાં અને પથ્થરોથી બાંધ્યાં હતાં. અતિશય સુરક્ષિત જગ્યામાં સુરક્ષિત રીતે વસેલા એ મેઘપુર નામના નગરનો પાપી રાજા મેઘનાદ એ સુખેથી રાજ્ય કારભાર કરતો હતો. એ નગરની બાજુથી પાંચેય પાંડવો સતી દ્રૌપદી સાથે જતા હતા. થયેલા અપશુકનને કારણે હજુ તેમના અંતઃકરણ ધડકતાં હતાં. આપણને આગળ કંઈક ભયાનક સંકટ આવશે જ તેની તેમને જાણ થઈ ગઈ હતી, પણ નિશ્ચિત સ્વરૂપે શું થશે એ સમજાતું નહોતું. એટલે પ્રાપ્ત પરિસ્થિતિમાં ધૈર્ય રાખી સિદ્ધ થવા માટે તે બળ મેળવવા માટે અત્યંત કરુણાદ્રતાથી ભગવાનની આરાધના કરતાં હતાં.

એટલે નારદ આવ્યા રાક્ષસને ઘેર, મેઘનાદ નીરખી પૂછવા લાગ્યો પેર. ॥૨૭૮॥
સભામાંહેથી ઉઠીયો દીધું આસન માન, પગ પખાળી ઋષિ તણા કર્યું ચરણામૃત પાન ॥૨૭૯॥
અનેક રાક્ષસ ફરીને બેઠા મેઘનાદના ભુવન, વદે રાયે સુણો ઋષિરાજ મારું મોટું પુણ્ય. ॥૨૮૦॥
ભલે કરવાને પાવન કેમ પધાર્યા આજ, ભલી ભૂડી વાર્તા અમને કેજો ઋષિરાજ. ॥૨૮૧॥
વળતાં નારદ ઓચરે સુણો ને ભડવીર, કાંઈ કહું તે સાંભળો સુભટ મારા વીર. ॥૨૮૨॥
સુધ બુદ્ધિથી સાંભળો વાત મારી આ વાર, સુખદાનવ મામો તારો રહેતો વન મોઝાર. ॥૨૮૩॥
અર્જુને તેણે મારીયો જાણે સકળ સંસાર, તુજ સરખો ભાણેજ મહાભડ પરાક્રમી આ વાર. ॥૨૮૪॥
વેર લે મામા તણું તુજને કહું છું આજ, દૈત્ય કહે હું શું કરું વેગળું ન જવાય. ॥૨૮૫॥
હસ્તિનાપુર જઈ શત્રુ મારું ઘણા દિવસ થાય, વળતાં નારદ ઓચર્યા સાંભળ વધામણી રાય. ॥૨૮૬॥
આ જાય પાંચે શત્રુ તારા તું ખડ્ગ ગ્રહને હાથ, સાથે છઠ્ઠી છે કામિની નથી કેડે હથિયાર. ॥૨૮૭॥
હિમ પંથે જાય છે જઈ વેગે કરને વાર, એમ કહીને વળ્યા પાછા સંચર્યા ઋષિરાય. ॥૨૮૮॥
મેઘનાદ ઊઠી ધસ્યો તે પાંડવ પૂઠે જાય, કાળની પેરે જઈ પોતાની વદે ભૂંડી વાણ. ॥૨૮૯॥

ગાળ દેતાં ધાયો કેડે પણ પાછું ન જુવે કોય, રાય યુધિષ્ઠિર સર્વે વિમાસે એ અપશુકનનાં ફળ હોય. ॥૨૯૦॥
અપશુકન ક્યાંથી મળ્યાં એવાં ભડ વિકરાળ, લવરી કરતો કેડે ધસીયો જાણે પ્રગટયો કાળ વિકરાળ. ॥૨૯૧॥
પાંચ બાંધવને કામિની ચિંતા કરે છે અપાર, મુનિવ્રત નહીં બોલતા રાખજો વિશ્વ આધાર. ॥૨૯૨॥
શ્રી હરિ સ્મરણ કરતા ચાલે પાંડવ પાંચે રાય, ત્યાં છઠ્ઠી છે દ્રૌપદી જેની કોમળ કાય. ॥૨૯૩॥
કાંકરા ખૂંચે પગમાં ભીમસેન ખાંધે ચઢાય, મહાવન દારુણ બિહામણું સિંહ કરે ગર્જનાય. ॥૨૯૪॥
ભ્રાત સઘળા સંભાળી ચાલે સંભારે વૈકુંઠનાથ, હવે દ્રૌપદી પછવાડે રહી તે ચાલી ન શકે પાય. ॥૨૯૫॥

પાંડવો દ્રૌપદી સાથે મેઘપુરનગર પાસેથી જતા હતા. ત્યારે અહીં નગરમાં એક ઘટના ઘટી. નારદ મુનિ રાક્ષસ મેઘનાદના મહેલમાં આવ્યા. મેઘનાદે નીરખીને જોયું કે આ તો નારદ મુનિ જ છે. એમ જાણીને સભામાં બધાએ એમનું અભિવાદન કર્યું. માન સન્માનથી તેમને આસન આપ્યું. નારદ ઋષિનાં ચરણ પ્રક્ષાલન કરીને ચરણોદક મસ્તકે ધારણ કર્યું. ષોડશોપચારે પૂજા અર્ચના કરી મેઘનાદ હાથ જોડીને બોલ્યોઃ 'અનંત જન્મના પુણ્ય આજ ઉદય થયાં. અમને પાવન કરવા માટે જ તમારું આગમન થયું છે, તો આ દાસને કંઈ હિતની બે વાતો કહીને ઉપકૃત કરો. તમે ત્રિભુવનમાં વિચરણ કરનારા છો. કંઈક ભલી બૂરી વાતો હોય તો કહેવાની કૃપા કરો. નિશ્ચિત અમને કંઈક સાંભળવા મળે. સર્વ રાજસભાજનો તટસ્થ થઈને નારદ મુનિ સામે એકીટસે જોવા લાગ્યા.

નારદ મુનિ પોતાની ધીરગંભીર વાણીથી બોલ્યાઃ રાજા મેઘનાદ, તારા શૌર્ય ધૈર્યનું શું વર્ણન કરવું, અત્યંત બલવાન પરાક્રમી એવી આ તારી સભા ખૂબ બળશાળી રણવીર છે. આવા સહાયકર્તા તને મળવાથી તું સુખી અને ધન્ય થયો છે. તું પણ કંઈ ઓછો પરાક્રમી નથી. અત્યંત શુદ્ધ બુદ્ધિથી તારા હિતની પરાક્રમની વાત તને હું કહું છું તે તું શ્રવણ કર.

સુખદાનવ તારો મામો પહેલાં આ વનમાં આનંદથી રાજ્ય કરતો હતો. ત્યારે અર્જુન નામના હસ્તિનાપુરના રાજાએ તેને વિના કારણ યુદ્ધ કરીને માર્યો એ તને ખબર નથી ?

મેઘનાદ બોલ્યોઃ હા, એ તો મને પૂર્ણ ખબર છે. એ અર્જુને ભયંકર યુદ્ધ કરીને મામાને માર્યા હતા. શું એ અર્જુનના પરાક્રમનાં વર્ણન કરવાં એ એકલો અને મારો મામો પણ કંઈ ઓછો પરાક્રમી નહોતો. અગણિત તેના વીર સૈનિક હતા, પણ એકલા અર્જુને એ બધાને અને મારા મામાને માર્યા એ મને ચોક્કસ ધ્યાનમાં છે.

નારદ બોલ્યાઃ 'અરે ફકત ધ્યાનમાં રાખીને શું કરવું છે. તારી પાસે શૌર્ય છે, હાથી-શસ્ત્રાસ્ત્ર છે, અગણિત તારું સૈન્ય બળ છે. એ સર્વ હોવા છતાં તને આ વાતની ખબર નથી ? અરે, એ અર્જુન કેટલોય પરાક્રમી હોય તો તારા બળ આગળ તેનું શું ચાલવાનું છે. તારા મામાનું વેર તું એ અર્જુન તો શું પણ એ પાંચે પાંડવોનો નાશ કરીને વસુલ કર. તો જ તારા મામાને શાંતિ મળશે. તેમણે જ મને તારા સુધી સૂચવવા કહ્યું છે. તને તારા મામા પર અંતરથી પ્રેમ હોય અને તેમના અંતરાત્માને સૌખ્ય શાંતિ મળે એવી તારી ઈચ્છા હોય તો હું કહું એ પ્રમાણે કર.'

મેઘનાદ બોલ્યોઃ 'હે ઋષિ મહારાજ, તમે કહો છો એ પૂર્ણ સત્ય છે અને મારા હિતનું પણ છે પણ હવે એ વાતને ખૂબ દિવસો થઈ ગયા છે. હસ્તિનાપુરમાં જઈને એમની સાથે યુદ્ધ કરવું અત્યંત ત્રાસદાયક છે. એટલું દૂર જઈને તેમની સાથે યુદ્ધ કરવું કંઈ શકય લાગતું નથી.

નારદ બોલ્યાઃ ‘અરે ગાંડા, તને હસ્તિનાપુર જવાની શું જરૂર છે ? તારાં ભાગ્ય ખરેખર સારાં છે. એ પાંચેય શત્રુ આ તારા નગરની નજીકથી જાય છે. તે એકલા જ છે. સૈન્ય, અશ્વ, ગજ, રથ, શસ્ત્ર વગેરે તેમની પાસે કંઈ નથી. માત્ર તેમની સાથે તેમની સ્ત્રી છે. તેને તું ભગાડી લાવ એટલે એ અનાયાસે યુદ્ધ માટે તૈયાર થશે. ત્વરીત કરીશ તો તે તારા હાથે લાગશે નહીં તો હિમાલયના માર્ગે આગળ નીકળી જશે. તારા હિતનું જે કહેવું હતું તે તને કહ્યું હવે આગળ તારે શું કરવું તે તું કર.’ એમ કહીને નારદ મુનિ ત્યાંથી નીકળી ગયા.

મેઘનાદ તત્કાળ સજ્જ થયો. તેણે પોતાના સૈનિકોને સજ્જ રહેવાનું કહીને એકલો જ ગામ બહાર આવ્યો. જુએ છે તો પાંચેય જણ આગળ જાય છે અને એક સ્ત્રી તેમની પાછળ પાછળ જાય છે એમ તેને દેખાયું. તેને ખૂબ આનંદ થયો. નારદના કહેવા પ્રમાણે આજ તે પાંડવો અને તેમની સ્ત્રી ત્રૈલોકયસુંદરી દ્રૌપદી હોવી જોઈએ, એવો વિચાર કરીને તે તેમની પાછળ પાછળ મોટે મોટેથી ગર્જના કરીને અભદ્ર બોલતો, ગાળો બોલતો બોલતો દોડવા લાગ્યો.

મેઘનાદની બૂમો સાંભળીને પાંડવો ચિંતાતુર થયા અને આ અપશુકનનું જ ફળ છે એમ જાણીને આ ભયાનક પ્રસંગમાંથી છોડાવવા માટે ભગવાનને આરાધના કરવા લાગ્યા. એક મહા ભયંકર અકરાળ વિકરાળ રાક્ષસ મોટે મોટેથી બૂમો પાડતો પોતાની બાજુ આવતો તેમણે જોયો. પાંચે ભાઈઓએ મૌન ધારણ કર્યું હોવાથી એ બોલતા નહોતા. પણ આવનાર સંકટ નિવારવા માટે શું કરવું એની ચિંતા કરતા હતા. એક પણ ઉપાય તેમને સૂઝતો નહોતો. કારણ કે ધર્મરાજાએ તેમને નિયમ આપ્યો હતો કે જીવન જાય તેવું સંકટ આવે તો પણ બોલવું નહીં, યુદ્ધ વગેરે કરીને જીવ હિંસા કરવી નહીં. કામ, ક્રોધ, મોહ કરવો નહીં. એ કારણે હવે શું કરવું એની ચિંતામાં શ્રી હરિનું સ્મરણ કરવા લાગ્યા. પાંચેય જણ અને દ્રૌપદી શ્રી હરિનું સ્મરણ ચિંતન કરતાં કરતાં હિમાલય ચઢતાં હતાં.

પાંચેય ભાઈઓ શૂરવીર હતા પણ ખાડા-ટેકરા, કાંટા-કાંકરાના માર્ગે અડવાણા પગે ચાલવાની તેમને આદત ક્યાંથી હોય અને દ્રૌપદી અત્યંત સુકુમાર સુકોમળ. કેટલુંય જોઈ જાળવીને ચાલે તો પણ પથ્થર કાંટા વગેરે ખૂંચીને તેનાં ચરણ લોહીલુહાણ થયાં હતાં. છતાં પણ તેની પરવા ન કરતાં તે બધાં આગળને આગળ જતાં હતાં. ચાલવામાં ખૂબ જ ત્રાસ થતો હોવાથી દ્રૌપદીથી ચલાતું નહોતું. આવા સમયે દ્રૌપદીના કારણે પોતાનાથી જુદાઈ ન થાય, વિલંબ ન થાય એટલા માટે ભીમ તેને ક્યારેક ખભા પર ઉપાડી લેતો અને ઝટપટ પગલાં નાખતો પોતાના ભાઈ પાસે લઈ જતો. અત્યંત ભયંકર વિકટ વનમાં સિંહ વ્યાઘ્રની ગર્જનાઓ સાંભળીને બધાં ભયભીત થઈ જતાં હતાં. આવી રીતે તેમનો પ્રવાસ ચાલુ હતો. એમાંય ઓચિંતાનો મેઘનાદનો ભયાનક પ્રસંગ આવ્યો. પાંચેય જણ ભગવાનનું સ્મરણ કરતા કરતા આગળ જઈ રહ્યા હતા. દ્રૌપદીથી ઝડપથી એમની સાથે ચલાતું નહોતું એટલે એ એમનાથી ખૂબ જ પાછળ રહી હતી. ભગવાન શ્રી હરિનું સ્મરણ અને તેમના અવતાર લીલાનું ચિંતન કરતી એ ધીમે ધીમે ચાલતી હતી. એટલામાં મેઘનાદ ત્યાં આવી પહોંચ્યો.

પાંચે બંધવ માર્ગે પરવર્યા છઠ્ઠી કેડે નાર, મુખે ગાળો દેતો આવે પૂઠે મેઘનાદ દૈત્ય વિકરાળ. ॥૨૯૬॥
ઊભા રહો તમે પાંડવો કયાં જશો પાંચે વીર, મારી સાથે યુદ્ધ કરો તમે ધનુર્વિધાના ધીર. ॥૨૯૭॥
મારા મામા કેરાં વેર લેવાં છે તમે કયાં જશો આજ, હસતા રમતા સાંચરો હવે આવ્યો તમારો કાળ. ॥૨૯૮॥
મુજ મામા કેરું વેર જ માગું આપો મુજને તેહ, સાવધ થઈને યુદ્ધ કરો તમ પાસે માગું એહ. ॥૨૯૯॥
તમે ખરા ક્ષત્રિય હો તો કેમ વાસો દઈને જાય, કલંક દીધું પાપી કૃષ્ણએ તે તો ચંદ્ર કુળની માંય. ॥૩૦૦॥
તમે જીવતા જશો નહીં મારે તમ સાથે કામ, બળ ન હોય એવડું તો કોઈનું ન લેવું નામ. ॥૩૦૧॥

કહો તમે ભૂંડા પાપીઓ નાસીને ક્યાં જાય, કરો યુદ્ધને વળો પાછા લવરી કરે છે ત્યાંય. ॥૩૦૨॥
વચન એવાં સાંભળીને ભીમને ચઢી રીસ, મારીને કટકા કરું ને પાડતો રાખું ચીસ. ॥૩૦૩॥
ધર્મ કહે વીરા મારા પાપ ના કીજે ભ્રાત, સાન કરીને સમજાવ્યો પછી મૂકી સઘળી વાત. ॥૩૦૪॥
ત્યાં ગાળ દીધી દસ વીસ દૈત્ય મેઘનાદ ભૂપ, માર માર કહેતો હિંડે ને દેખાડે રાક્ષસ રૂપ. ॥૩૦૫॥
પછી મેઘનાદે દ્રૌપદીને ગ્રહી લીધી જમણે ખાંધ, ખાંધે ચઢાવી કામિની લઈ ચાલ્યો વનીતા બાંધ. ॥૩૦૬॥
કામિની મુખે કરગરે મૂકાવો મુજ કંથ, બૂમ પાડી રુદન કરે અતિ કલ્પાંત. ॥૩૦૭॥
નાથજી તમને અળખામણી આજ થઈ નિરાધાર, ત્યાં જઈને શું કરશો તમને ન ગમી નિજ નાર. ॥૩૦૮॥
પાંચે તે માર્ગે જાય ચાલીને કરે નહીં મારી વાર, કામિની અતિ વલવલે નેત્રે વહે જળ ધાર. ॥૩૦૯॥
નયને જળ વહે કામિનીને મૂકી માળીયા માંય, પાંચે પાંડવ મુનિવ્રત ગ્રહીને માર્ગે ચાલ્યા જાય. ॥૩૧૦॥
દ્રૌપદી રુવે માળીએ અને માર્ગે રુવે કંથ, અરજ કરે જગદીશને જે હરિ દેવ અનંત. ॥૩૧૧॥
મેઘનાદને માળીએ રુવે દ્રૌપદી અપાર, વારે ચઢજો કૃપાળ મુજ અબળાની કરજો વાર. ॥૩૧૨॥

પાંચે ભાઈઓ માર્ગે ચાલતા ચાલતા આગળ જઈ રહ્યા હતા. દ્રૌપદીથી ચલાતું ન હોવાથી તે એકલી જ ખૂબ પાછળ રહી ગઈ હતી. એટલામાં મેઘનાદનો ભયંકર કર્કશ વિકરાળ અવાજ સાંભળીને દ્રૌપદી ભયભીત થઈ ગઈ. જેમ તેમ અભદ્ર વાણી બોલતો દોડતો આવતો એ દાનવ જોઈને જ વાઘના પંજામાં સપડાયેલા હરણી પ્રમાણે દ્રૌપદી થરથર કાંપવા લાગી.

મેઘનાદ બોલ્યોઃ 'અરે પાંચેય પાંડવો, ઊભા રહો, તમે વીર હોવા છતાં આમ ચોરની જેમ ભાગીને ક્યાં જાવ છો ? તમને તમારા વીરત્વનો ગર્વ હોય તો મારી સાથે યુદ્ધ કરો. હમણાં જ તમારો ગર્વ ઉતારું છું. તમે સાચા ધનુર્વિદ્યાધારી હો તો મારી સાથે યુદ્ધ કરો. મામાને તમે વિના કારણ મારીને મારી સાથે વેર જોડયું છે. તેનો બદલો લીધા સિવાય હું તમને સરળ કઈ રીતે જવા દઈશ !! હમણાં સુધી હસતાં રમતાં તમે જીવન કાઢયું પણ હવે મારા રૂપે તમારો પ્રત્યક્ષ કર્દન કાળ આવ્યો છે. માટે સાવધ થાવ. ક્યાં છે તમારાં શસ્ત્ર, ખૂબ જ અભિમાન છે તમને તમારા શસ્ત્રોનું ! મને બતાવો તમારા શસ્ત્રોનું પરાક્રમ, તમે સાચા ક્ષત્રિય છો ને ? પછી એમ બીકણની જેમ ભાગીને કેમ જાઓ છો. એ કલંકી પાપી કૃષ્ણએ તમને ચેતવીને સંપૂર્ણ સોમવંશનો નાશ કરાવ્યો. તેમના કુળનો નાશ થયો એવા એ કાળા શ્રી કૃષ્ણના નાદથી તમે બારે ખંડમાં ખૂબ વિનાશ ઘડયો અને હવે એ કલંક ધોવા માટે અહીં કેમ આવ્યા છો ? ઊભા રહો, તમારું સમૂળ જ કલંક હું ઉતારું છું. તમે જીવતા મારા હાથે છુટશો નહીં. જો મારી સાથે યુદ્ધ કરવાનું ધૈર્ય ન હોય તો મારા મામાને મારીને વેર કેમ જોડયું ? અરે મૂર્ખાઓ, પાપીઓ, હવે કાળાં મુખ કરીને ભાગી જાઓ છો. જલ્દી પાછા વળો અને મારી સાથે યુદ્ધ કરો. વિલંબ કરશો નહીં.

મેઘનાદની બૂમો અને અભદ્ર બોલવું સાંભળીને ભીમને ખૂબ ગુસ્સો આવ્યો. પાછળ વળીને એ કંઈ બોલે ત્યાં જ ધર્મે તેના મ્હોં પર હાથ મૂકી કહ્યુંઃ ભ્રાતા, ક્રોધ ન કરીશ. પ્રતિજ્ઞાનું સ્મરણ કર. પાપ કર્મ અને જીવ હિંસા માટે પ્રવૃત્તિ થઈશ નહીં, શાંત થા. આ પ્રસંગમાંથી આપણા મનનો તોલ કરી ધૈર્ય ધારણ કર અને શાંત ચિત્તથી મારી સાથે ચાલ. પાછળ જોઈશ નહીં. એ દાનવ જેમ આવે છે તેમ તે આગંતુક નીકળી જશે. જો તેની સાથે બે હાથથી યુદ્ધ કરવા લાગ્યો તો કરેલી તપસ્યા યોગ સાધના સર્વ વ્યર્થ જશે.'

આમ ભીમને સમજાવીને ધર્મરાજા અને ચારે ભાઈ આગળ જવા લાગ્યા. અહીં મેઘનાદ ગાળો બોલતો પોતાની રાક્ષસી લીલા કરતો તેમની પાસે ને પાસે આવવા લાગ્યો. એક પણ પાંડવ પાછું વળીને જોતા નથી, આગળ જ જાય છે તે જોઈને તેને અધિક જોર આવ્યું અને તેણે એક જ ઝાપટમાં દ્રૌપદીને પકડી. દ્રૌપદી મોટે મોટેથી વિલાપ કરવા લાગી. ઝપાટાથી ઉપાડીને પોતાના ખભા પર બેસાડીને એ તરત જ પાછો ફરીને ઝડપભેર દોડતો પોતાના નગર તરફ આવવા લાગ્યો.

દ્રૌપદી મોટેથી વિલાપ કરતી રડવા લાગી અને રાક્ષસથી છોડાવવા માટે પોતાના પતિને બોલાવવા લાગી અને રાક્ષસને આજીજી કરીને છોડી દેવા માટે તેને વિનવવા લાગી. પણ પાષાણ હૃદયી રાક્ષસને તેનો શું વિધિ નિષેધ હતો. દ્રૌપદી મોટેથી વિલાપ કરીને મોટેથી બૂમો પાડીને કહેતી હતીઃ 'હે નાથ, તમે મને આ દુષ્ટના હાથે છોડીને ક્યાં જાઓ છો ! તમારા સિવાય મારું રક્ષણ કોઈ કરી શકશે નહીં ! હું નિરાધાર અબળા આજ ખરેખર જ નિરાધાર થઈ છું ! ત્યાં વૈકુંઠમાં જઈને શું કરનારા છો ! એક સ્ત્રીનું રક્ષણ તમારાથી થઈ શકતું નથી ! આ કલંક લઈને જ જશો કે પછી તમારા માર્ગમાંથી મારો કાંટો દૂર કરવા માટે જ તમે દોડી આવતા નથી ! શું કરું હવે ! પ્રાણ આપ્યા વગર છુટકો નથી !

પાંચેય જણા મૌન વ્રત ધારણ કરીને આગળ જતા હતા. પોતાને છોડાવવા કોઈ આવતું નથી એ જાણીને દ્રૌપદીને અત્યંત દુઃખ થયું. તેની આંખોમાંથી એકસરખો અશ્રુ પ્રવાહ વહેવા લાગ્યો. એ તરફડવા લાગી. છેલ્લે મેઘનાદે તેને પોતાના નગરની એક ઊંચી મેડી પર પૂરી રાખી અને છોડાવવા માટે કોઈ આવે છે કે શું એની રાહ જોવા લાગ્યો. તેને પૂર્ણ ખાતરી હતી કે દ્રૌપદીને છોડાવવા માટે બધા જ દોડી આવશે, પરંતુ ત્યાંથી કોઈ જ વિરોધી પ્રતિ ક્રિયા ન થતી જોઈને તે આશ્ચર્યચકિત થયો.

અહીં દ્રૌપદી એકસરખો વિલાપ કરીને આવેલ આ સંકટમાંથી બચવા માટે એ ભગવાનને યાદ કરવા લાગી. અત્યંત કરુણાદ્રતાથી એ બોલીઃ 'હે પ્રાણનાથ, હે ભગવાન જગદીશ્વર, હે અનંત સચરાચર વ્યાપી સર્વ સાક્ષી પૂર્ણ પુરુષોત્તમ ! આ અબળાની સહાય માટે દોડી આવ. હે નારાયણ ! કૃપાળુ ભગવાન આ મેઘનાદના બંધનમાંથી મને છોડાવીને, મારા સત્ત્વનું રક્ષણ કર. એમ કહીને વિલાપ કરતી દ્રૌપદી મેઘનાદના મહેલમાં બેસી અશ્રુ સારવા લાગી. એ અત્યંત શોક કરવા લાગી. તેના દુઃખનો કોઈ પાર નહોતો.

પ્રભુજી પધારો રે, હરિ મારી વારે આવો રે. ||ટેક||
હે અનાથના નાથ, પતિત પાવન તમે છો દેવ અનંત રે,
આણી વારની કરજો કૃપા, મૂકી ગયા મુજ કંથ રે. ||૩૧૩||
મત્સ્ય વેધ કરાવ્યો માધવે, પારથ કેરા હાથે રે,
પાંચે પાંડવ શું પરણાવી કામિની, જુગમાં કીર્તિ કરાવી રે. ||૩૧૪||
વસ્ત્રે વળગેલો દુઃશાસન, ચીર કાઢવા મહાપાપી રે,
મારું અબલાનું કાંઈ ન ચાલ્યું, મેં વિનવ્યા અવિનાશી રે. ||૩૧૫||
અંતરીક્ષથી અંતરજામીએ, નવસો નવ્વાણું ચીર પૂર્યાં રે,
ત્યારે પત રાખી પરમેશ્વર, અને રાખી મારી લાજ રે. ||૩૧૬||
લાખા ઘેર વિખના ભોજન મોકલ્યાં, તે મયદાનવથી ઉગાર્યા રે,
લાખા નાળે ઉતારીયા, અગ્નિમાં લીધા ઉગારી રે. ||૩૧૭||

દુર્યોધનને દુર્વાસા મોકલ્યા, અને જમવા પછી આવ્યા રે,
અક્ષયપાત્ર ધોઈ પખાળીયું, અઠયાશી સહસ્ત્ર ઋષિ લાવ્યા રે. ॥૩૧૮॥
સ્નાન સંધ્યા કરવા ઋષિ ચાલ્યા, ત્યાં કાષ્ટ પ્રજાળી લીધાં રે,
પ્રદક્ષિણા કરતાં અટકાવીયા, અને વારે આવ્યા વનમાળી રે. ॥૩૧૯॥
અક્ષયપાત્ર મંગાવ્યું શ્રી કૃષ્ણે, લીધું પોતાને હાથે રે,
પાંચે ભ્રાત ઉગાર્યા, જીવન દાન આપે દીધું રે. ॥૩૨૦॥
નગર માંહેથી વનમાં આવ્યા, તાહાં દુર્યોધને બળ કીધું રે,
નગર મધ્યે કોઈ નીર ના પાયે, જલ જઈ વનમાં પીધું રે. ॥૩૨૧॥
ધર્મ વિપ્ર વૃકોદર વાલુવો, અને વેદલ અર્જુન ભૂપ રે,
સહદેવ ગોપ નકુલ મસાની, હું થઈ દાસી સ્વરૂપ રે. ॥૩૨૨॥
રાયે વિરાટની સેવા કરતા, કૈયો કીચકે દુઃખ દીધું રે,
ભીમે તેનો વંશ છેદન કીધું, તમે સદાયે અમને ઉગાર્યુ રે. ॥૩૨૩॥
ત્યારે ભીમસોને ક્રોધ ચઢાવીયો, મારું પતિવ્રતા ધર્મ રાખ્યું રે,
વિરાટ ઘેર મુજને ઉગારી, કૈયા કીચક પોંચાડયા યમ દ્વારે રે. ॥૩૨૪॥
આ મેઘનાદ મને દુઃખ દેશે, જો નામ અમારું લેશે રે,
તો પ્રાણ તજીશ હું મારા સહી, તો દોષ તમુને બેસે રે. ॥૩૨૫॥
એ જીવ્યાથી મરવું રૂડું, હું દુઃખ ન પામું મારા નાથ રે,
શું જાણે હવે શું થાશે, મૂકી ગયા મારા નાથ રે. ॥૩૨૬॥
છોરુંને છેહ ન દીજીયે, તમે ભકત વત્સલ છો ઈશ રે,
કંથ મારા મૂકી ગયા છે, સ્વામી ઘટે નહીં તમને રીસ રે. ॥૩૨૭॥
પ્રભુજી પધારો રે, હરિ મારી વારે આવો રે. ॥ટેક॥

દ્રૌપદી ભગવાનને યાદ કરવા લાગી, 'હે અનાથના નાથ ! દીનબંધુ, પતિપાવન અનંત વિભો, આ દીનહીન અબળા પર કૃપા કર. હે કરુણાસાગર ! મારા પતિ મને આ ઘોર સંકટમાં નાખીને આગળ પ્રયાણ કરી ગયા છે. આ દીનહીન દાસી પર સમયે સમયે આવેલા સંકટમાંથી તારા સિવાય કોઈએ બચાવી નથી. પાર્થે મત્સ્ય કરી જીતીને મને વરી, પણ પૂર્વ પુણ્ય પ્રતાપથી પાંચ પતિની સેવા કરવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું. જગથી અલગ એવો વિલક્ષણ અમારો ગૃહસ્થાશ્રમ શરૂ થયો. પણ તેમાં કદી પણ વિતુષ્ટતા આવી નહીં. આ ફકત તારો જ પ્રતાપ છે. તેં જો મને તેવું બળ આપ્યું ન હોત તો મારી જીવન નૌકા કયાંક ને કયાંક અથડાઈને ફૂટી જ ગઈ હોત. પણ હે દીનાનાથ ! અનાથ રક્ષક, તારા જ પુણ્યના પ્રતાપે મારા પતિઓનું લાક્ષાગૃહમાં રક્ષણ થયું. તેમાંથી સુખરૂપતાથી સુરંગ માર્ગથી તેઓ બહાર નીકળીને વનમાં રહ્યા. વિદુરજીને અને મયદાનવોને સત્ પ્રેરણા આપી તેં અમારું રક્ષણ કર્યું.

અમારા જીવનમાં એવા કેટલાય પ્રસંગો ઉપસ્થિત થયા કે તારી સહાયતા ન હોત તો એક પણ પ્રસંગમાંથી છુટી શકયાં ન હોત. દ્યૂત સભામાં પરાજિત થયેલા મારા પાંચેય પતિ સામે અને ભીષ્મ દ્રોણાદિ ગુરુજનો સામે દુષ્ટ દુઃશાસને મારાં વસ્ત્ર ફેડવાનો પ્રયત્ન કર્યો, હે ભગવાન ! મારું અબલાનું શું બળ ચાલવાનું હતું તેમની સામે. પણ એ જગ્યાએ મારી પાછળ તે અંતરીક્ષમાંથી વસ્ત્રો પૂરવીને મારી લજ્જાનું રક્ષણ કર્યું. તેં એ જગ્યાએ મારી પત રાખી ન હોત તો ત્યાં જ મને આત્મઘાત કરવો પડયો હોત. પણ એવા દુર્ધર લજ્જાસ્પદ પ્રસંગમાંથી પણ તેં મારું સત્ત્વ કાયમ રાખ્યું જ.

હે અંતર્યામી ભકત સખા, દુર્યોધને અમારું સત્ત્વ હરણ કરવા માટે વનવાસમાં દુર્વાસાને પોતાના અઠ્યાસી સહસ્ત્ર શિષ્યો સાથે મોકલ્યા હતા. અમારું ભોજન પૂરું થઈને અક્ષયપાત્ર ધોઈને સ્વચ્છ કર્યું, ત્યારે દુર્વાસાએ આવીને જમવાની ઈચ્છા દર્શાવી એ પ્રસંગ યાદ કરતાં જ મને અનુકંપા ઉપસ્થિત થાય છે. દુર્વાસાને કેમ કરીને હા કહેવરાવીને સ્નાન માટે મોકલ્યા. એ અતિશય વિકટ પ્રસંગ અમારા પર આવ્યો હતો, મારા પતિએ તો આ બ્રહ્મ શાપ કરતાં અગ્નિમાં કૂદી જવું સારું એમ સમજીને અગ્નિ પ્રગટાવ્યો હતો પણ મારો પ્રાણ સખો વનમાળી અમારી દીનવાણી સાંભળીને દોડતો આવ્યો ! ભૂખનું નિમિત્ત કરીને મારી કસોટી લીધી. પણ ફકત શાકના એક પાનના કણથી દુર્વાસાના ભકતગણ સાથે મિષ્ઠાન ભોજન આપી તૃપ્ત કરી અને એ મહાભયંકર પ્રસંગમાંથી મને અને મારા પતિને બચાવ્યા.

હે જગત્‌પિતા જગદીશ્વર ! કેટલા તારા ગુણ વર્ણવું, મારી બુદ્ધિ - વાણી ચાલતી જ નથી. દ્યૂત સભામાં હાર્યા પછી વનવાસમાં જતી વખતે દુર્યોધનના ડરથી અમને નગરમાં કોઈ પાણી સુદ્ધાં આપતું નહોતું. અરણ્યમાં જઈને જ અમે અમારી તરસ છીપાવી. વિરાટ રાજાને ઘેર અજ્ઞાતવાસનાં વર્ષ કાઢવા માટે મારા પતિને-ભીમસેનને પ્રેરણા આપી કીચકનો સમૂળ વંશચ્છેદ કરાવ્યો. એવા કેટલાય પ્રસંગો અમારા જીવનમાં આવ્યા પણ હે દીનબંધુ ! એ બધા પ્રસંગમાંથી અમારી પાછળ રહીને અથવા પ્રત્યક્ષ આવીને તેં અમારું રક્ષણ કર્યું. તારી જ આજ્ઞાથી આ હિમાલયનું આરોહણ કરવા માટે આજ અમે અહીં આવ્યાં, પણ આ દુષ્ટ મેઘનાદ રાક્ષસે અમારો વિયોગ કરાવ્યો. મારા પતિએ પ્રતિજ્ઞા કરી છે તે નિશ્ચયથી પાર પાડશે પણ આ અભાગિનીને માત્ર આ મેઘનાદના મહેલમાં રહેવું પડયું છે.

હે ભગવાન ! આ દુઃખ મારાથી સહન નથી થતું, હવે આ દુષ્ટ દૈત્ય મને ત્રાસ આપે છે. હવે જીવતા રહેવામાં કંઈ સાર નથી, હું પ્રાણ ત્યાગ કરીશ ત્યારે આ જીવલેણ દુઃખમાંથી છુટીશ પણ મારા પતિને અને પરમ પ્રેમાસ્પદ પ્રાણ પ્રિય તને પણ દોષ લાગશે, કારણ કે મારો હિતકર્તા, રક્ષણકર્તા, જીવનદાતા તું જ છે. મારા સર્વસ્વનો ભાર મેં તારા પર સોંપેલો છે. તારવું અથવા મારવું સર્વસ્વ તારા સ્વાધીન છે. હે ભકત વત્સલ, તું ગાય છે હું તારું વાછરડું છું. મારી સર્વસ્વ સંભાળ કરવું તારા જ સ્વાધીન છે.

તાહાં ઊભી છે દ્રૌપદી, તેના સામું કોઈથી ના જોવાયે રે,
ગ્રહીને મેઘનાદ તેને ગાળ દે, તો કીચકને પેરે થાએ રે. ॥૩૨૮॥
તરુણી તાહાં અતિ વલવલે, અને પાંડવ ચાલ્યા જાયે રે,
ભીમસેનને ક્રોધ ઉપન્યો ત્યારે, ત્રુટયા વૈકુંઠના રાયે રે. ॥૩૩૯॥
તમ પાખે અમે રહેશું બંધવ, અને વૈકુંઠનું શું કામ રે,
અબલા કેમ જાશું મેલી, તો જાયે આપનું નામ રે, ॥૩૩૦॥
આટલા યોજન આવ્યા અમો, સંભારી નહીં નિજ નાર રે,
વૈકુંઠ જઈ ને શું કરશો ભાઈ, અપયશ થાયે સંસાર રે. ॥૩૩૧॥

ધરમ કરતાં થયું વગોણું, અને જાણું જે દેશે શીખ રે,
વીરા તમુંથી દોષ જ પામ્યા, તે ઘણી મનાવી બીક રે. ॥૭૩૨॥
તમ પ્રતાપે અમે કષ્ટ બહુ પામ્યા, ખોયું ધનનો રાજ રે,
કૃષ્ણજી તમુંને રીસ કરશે, સ્ત્રી કેમ કીધી ત્યાગ રે. ॥૭૩૩॥
શ્રી હરિ ઓળખશે તમુંને, સ્ત્રી તેનો એંધાણ રે,
મેઘનાદનું નગર ગ્રહવીનો, એનો પોચાડું યમ દ્વાર રે. ॥૭૩૪॥
આકાશથી સાહીનો મારું, જઈ મારું પાતાળ રે,
મ્રીત લોક માંહેથી શોધીને મારું, હવે ખૂટયો એનો કાળ રે. ॥૭૩૫॥
રાજા યુધિષ્ઠિરે સાન કીધી, અને મા જાશો તમે વીર રે,
ફટ કહીને વળ્યો પાછો, ભીમસેન મહાધીર રે. ॥૭૩૬॥
ધસ્યો બળીયો વીર તે, પવન વેગે પરવર્યો રે,
ઊભો રહે તારું શીશ નમાવું, મેઘનાદ ભણી ધસી ધાયે રે. ॥૭૩૭॥
યુધિષ્ઠિર અને ધનુર્ધારી, નકુલ ને સહદેવ રે,
એ ચાર માર્ગે પરવર્યા, અને ભીમ વળ્યા તતખેવ રે. ॥૭૩૮॥
પ્રભુજી પધારો રે, હરિ મારી વારે આવો રે. (ટેક)

મેઘનાદના મહેલમાં ઊભી રહીને દ્રૌપદી શોક કરતી હતી. સામેથી પોતાના પતિ પૈકી કોઈપણ છોડાવવા આવતું નથી એ જોઈને તેને અપાર દુઃખ થતું હતું. અનન્ય ભાવે એ ભગવાનને યાદ કરતી હતી. પાછળના એક એક અપાર કસોટીના દુઃખદ પ્રસંગો યાદ કરીને અને એ બધામાંથી ભગવાન શ્રી કૃષ્ણએ સહાય કરીને બચાવ્યા હતા એ યાદ કરીને તેને નિશ્ચિત ખાતરી થતી હતી કે મારા પ્રાણ સખા સુહૃદયી ભ્રાતા આવશે તે અવનિ તલ પર દેહ રૂપે નથી પણ આત્મ ચૈતન્ય રૂપે તો સર્વત્ર છે. તે કોઈને પણ અંતઃપ્રેરણા ચેતના આપી નિશ્ચિત આ સંકટમાંથી મને બચાવશે, પણ પોતાને છોડાવવા માટે હજુ કોઈ કેમ આવતું નથી ! ભકત વત્સલ ધર્મરાજા તો નહીં આવે પણ કદાચિત ભીમસેન જરૂર આવશે અથવા અર્જુનના મનમાં છોડાવવા માટે સદ્‌બુદ્ધિ થશે. નકુલ, સહદેવ પોતાના વડીલ ભ્રાતાને કહીને મને છોડાવવા માટે આવશે ! પણ કોઈને ધર્મરાજાની આજ્ઞા થતી જ નહીં હોય !

ધર્મરાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને મને છોડાવવાનું ધૈર્ય ફકત ભીમસેનમાં જ છે ! અહો ભીમસેન મહારાજ, તમને પણ આ અબળાની દયા નથી આવતી ? હવે ક્યાં ગયો તમારો ક્રોધ ! હે ભગવાન, મારા ભીમસેન મહારાજનો ક્રોધ જાણીને-જાગૃત કરીને મને છોડાવવા માટે તો મોકલો. હવે આ દૈત્ય મેઘનાદ અહીં આવે છે એ મારી આબરૂ લેશે ! તેનો કીચક જેવો નાશ થવા દે ! એટલામાં મોટેથી ગાળો બોલતો આક્રોશ કરતો મેઘનાદ દ્રૌપદી ઊભી હતી ત્યાં આવ્યો. દ્રૌપદી ભયથી અત્યંત થરથર કાંપવા લાગી અને આ દુષ્ટના હાથે લાગવા કરતાં મહેલમાંથી કૂદકો મારીને પ્રાણ આપવા સજ્જ થઈ.

અહીં પાંડવો એક ક્ષણભર પણ પાછળ ન જોતાં આગળ માર્ગ કાપતા જતા હતા. મેઘનાદની બૂમાબૂમ, ગાળો અને યુદ્ધનું આહ્‌વાન વગેરે સર્વ તેમને સંભળાતું હતું. પણ તેની સામે બોલવાથી વળી જીવ હિંસાનાં કર્મ થશે તેથી ધર્મરાજા પાછળ

ન જોતાં ઝડપથી આગળ જતા હતા અને ચારેય ભાઈઓ એનું અનુગમન કરતા હતા. દ્રૌપદી તરફ કોઈનું ધ્યાન નહોતું. તે જો પાછળ રહેશે તો પણ એ આવી જશે એ ઉદ્દેશથી કોઈએ ખાસ ધ્યાન ન આપ્યું. પરંતુ મેઘનાદનો અવાજ હવે બંધ થયો અને દ્રૌપદી હજુ આવી નથી તેથી ભીમને ભય મિશ્રિત શંકા થવા લાગી. ક્ષણભર રોકાવવાનો તેણે પ્રયત્ન કર્યો પણ ધર્મરાજાએ સંજ્ઞાથી ના કહી તેથી ભીમને ક્રોધ ચઢયો. દ્રૌપદીની આર્તતાનો સાદ તેને સંભળાતો હતો.

ભીમે ધર્મરાજાને કહ્યું: 'હે બંધુ, તમે અમને પ્રિય છો ! પૂજ્ય છો ! તમારી આગળ અમોને મોક્ષની પણ ઈચ્છા નથી. અમે તમારા આજ્ઞાધારક દાસ છીએ, પણ સતી દ્રૌપદીને છોડીને આપણે જઈએ છીએ એ યોગ્ય નથી. એ માત્ર કાયરતાનું કામ છે. વાસ્તવિક રીતે તેની સંભાળ કરવી એ આપણું કર્તવ્ય છે. તેને પાછળ મૂકીને આપણે આટલા દૂર આવી ગયા. તેની દેખભાળ પણ કરી નહીં, મેઘનાદે તેનું કંઈક તો અનિષ્ટ કર્યું જ હશે. આ તેનો આર્તનાદ સંભળાય છે અને એ દુષ્ટ મેઘનાદનો અવાજ પણ બંધ થયો છે. દ્રૌપદી પર કંઈક ભયાનક સંકટ આવ્યું છે.

હે પ્રિય બંધુઓ, વૈકુંઠમાં જઈને શું કરવું છે ! પોતાની પત્નીનું રક્ષણ કરવામાં જે અપશયી થયા તેમને વૈકુંઠ પણ કંઈ રીતે મળશે ? હે ભ્રાતા, તમે પોતે ધર્મ છો ! અમારા વડીલ ભ્રાતા છો ! ધર્મની શિખામણ આપનાર છો ! અમને સત્ય ધર્મની શિખામણ ન આપતાં ગુણહીનતાની શિખામણ આપો છે, એ તમને શોભતું નથી. હે બંધુ ! તમે જો અમને પૂજ્ય હોવ તો આજ હું તને સ્પષ્ટ કહું છું. તમારા આ સ્વભાવને કારણે આપણને આ દુઃખ ભોગવવું પડયું છે. તમારા માન-મર્યાદાથી અમે બોલી શકયા નથી. શાંતિથી બધું સહન કર્યુ અને તમારી આજ્ઞા પાલન કરી તેના પરિણામે ધન સંપત્તિ, રાજય, આપ્તમિત્ર, બંધુ વગેરે બધાં છોડવાં પડયાં. આ ફકત તમારી સહનશકિતનો પ્રતાપ છે. તમને દુભવીને દુઃખી કરવા એ મારું કર્તવ્ય નથી, પણ આજનો પ્રસંગ તમારી મર્યાદાથી આપણા ઉપર આવી પડયો છે. વસ્તુતઃ આપણા પ્રાણના ભોગે અબળાનું રક્ષણ કરવું જોઈએ પણ તમે પોતાની જ સ્ત્રી વિષયે આટલા ઉદાસીન કેમ છો ?

વૈકુંઠમાં ગયા પછી ભગવાન શ્રી કૃષ્ણ તમને પૂછશે, ' મારી પ્રાણપ્રિય ભગિની ક્યાં છે ? તેનો કેમ ત્યાગ કર્યો ? તેનું રક્ષણ સંભાળ કરતાં તમને આવડયું નહીં ? તો શું ઉત્તર આપશો ? એક સ્ત્રીનું રક્ષણ કરી શકતા નથી એ પાંચ વીર શું કામના ? આ કાયરતાનું લક્ષણ છે. તમે હવે મને આજ્ઞા આપો કે ન આપો હું તો જાઉં છું. કોણ મેઘનાદ છે એ હું જોઉં છું. આકાશમાં પાતાળમાં જયાં એ છુપાયો હશે ત્યાંથી ખેંચીને એનો નાશ કરીને સતીને તેના પાશમાંથી છોડાઉં છું. તમે આગળ જાવ અથવા અહીં જ ઊભા રહો. હું સતીને લઈને આવું છું.' એમ કહીને ભીમે મોટેથી ગર્જના કરી અને પવનવેગથી મેઘપુર નગર તરફ દોડયો. ત્યાં પહોંચ્યા પછી એને કરુણાજનક દશ્ય તેની નજરમાં પડયું.

ભીમે રીસ ચઢાવી છે જયાંય, ક્રોધે ભર્યો દોડયો ત્યાંય. ॥૩૩૯॥
પગ મૂકેને ધરણી ધ્રુજે, નારી સંભારી મનમાં દાઝે. ॥૩૪૦॥
આવ્યો નગર ઢૂકડો વીર, લઈ પાષાણ ગદા ગ્રહી સધીર. ॥૩૪૧॥
દ્રૌપદી માળીયેથી રુવે, અને જપે જે કૃષ્ણને માર્ગે જુએ. ॥૩૪૨॥
ભીમે પર્વત દીઠો છે એક, પાસે એ ગ્રહી લાવ્યો છેક. ॥૩૪૩॥
ગડીયો કાઢી સમુળો લીધો, નગર ઉપર આદળ કીધો. ॥૩૪૪॥
એક હાથે પર્વત તોડયો ત્યાંયે, અને બૂમ પાડી અસુર આવ્યો જયાંયે. ॥૩૪૫॥
કરી રીસ પાસે આવ્યો, પેલી પાટુએ હાર મનાવ્યો. ॥૩૪૬॥

ભીમસેને હૈયે પાટુ દીધી, અને દ્રૌપદી માળીયેથી ઉતારી લીધી. ॥૩૪૭॥
લઈ દ્રૌપદી બારણે આવ્યા તેણી વાર, અને દીધું નગર તણું દ્વાર. ॥૩૪૮॥
હાથે પર્વત હતો જેહ, લઈને ઢાંકણ દીધું તેહ. ॥૩૪૯॥
સર્વે રાક્ષસોનો નાશ જ કીધો, લાવ્યા દ્રૌપદી કારજ સીધ્યો. ॥૩૫૦॥
મેઘનાદ દુષ્ટ માર્યો જયાંય, કહે દ્રૌપદી ભીમસેન ભલે પધાર્યા ત્યાંય. ॥૩૫૧॥
મારા દુ:ખના દિન નિવાર્યા, ભલે ભીમસેનને ક્રોધ ચઢાવ્યા. ॥૩૫૨॥
માર્ગ ભણી દ્રૌપદી સાથે વળીયો, અને ભીમસેન સહુ ભ્રાતને જઈ મળીયો. ॥૩૫૩॥
સહુ બંધવ સાથે મળીયા, ભલે પધાર્યા ભીમસેન મહાબળીયા. ॥૩૫૪॥
ભીમ કહે હું પંચાલી લાવ્યો, ઢાંકયું નગરને દૈત્ય સંહાર્યો. ॥૩૫૫॥
સતી વિના સ્વર્ગે કેમ જઈએ, શ્રી કૃષ્ણ બુદ્ધજી આગળ શું કહીયે. ॥૩૫૬॥
પંથે હરખ ધરીને જાયે, શ્રી હરિ તણા ગુણ મુખે ગાયે. ॥૩૫૭॥
આગળ અબળા કીધી સાર, કેડે ચાલે પાંડુ તણા કુમાર. ॥૩૫૮॥

મેઘનાદના મહેલમાંથી કૂદકો મારી પ્રાણ ત્યાગ કરવાની તૈયારીમાં રહેલી દ્રૌપદીને જોઈને ભીમસેન બોલ્યોઃ 'ઊભી રહે સતી, આમ પ્રાણ ત્યાગ કરીશ નહીં. જ્યાં સુધી આ ભીમ જીવતો છે ત્યાં સુધી આ મેઘનાદ જ શું પણ એનો બાપ હોય તો પણ તેને ઊભોને ઊભો ચીરીને તારું રક્ષણ કરીશ. હવે આ મેઘનાદનું આયુષ્ય પૂર્ણ થયું એમ તું સમજ અને દુઃખનો ત્યાગ કર. એમ કહીને પ્રથમ ભીમે દ્રૌપદીને ઉપાડી દૂર એક ટેકરા પર સુરક્ષિત મૂકી અને એક મોટી શિલા ઉપાડીને નગરના દરવાજા પર પછાડી, એનાથી ગામની બહાર જવાનો માર્ગ જ બંધ થયો.

બધા રાક્ષસો ચિડાઈને ભીમ પર પોતપોતાના શસ્ત્રો ઉગામવા લાગ્યા. મેઘનાદ વાઘ પ્રમાણે ગર્જના કરીને ભીમ પર તૂટી પડયો. ભીમે તેના બંને પગ હાથમાં પકડી ઉપાડયો અને ગોળ ગોળ ફેરવી તેના નગર પર જ ફેંકયો. તેના પડવાથી ઘણા લોકો તે જગ્યા પર જ દબાઈને મરણ પામ્યા. ભીમે ત્રણ ટેકરીઓ ઉપાડી સંપૂર્ણ નગર પર ઢાંકણ મૂકી દીધું. પછી જોર જોરથી પદાઘીત કરીને એના પર નૃત્ય કર્યુ. આ પ્રકારે આખા નગરને નામશેષ કરી નાખ્યું.

દ્રૌપદીને ઉપાડીને ખભા પર લીધી અને પછી વેગથી દોડતો પોતાના ભાઈઓ પાસે આવવા નીકળ્યો. દ્રૌપદીને અપરિમિત આનંદ થયો. એણે કહ્યું: 'હે સ્વામીનાથ ! તમે અપરિમિત પરાક્રમ કરીને એ દુષ્ટ દૈત્યનો સંહાર કરીને મહેલમાંથી મને છોડાવી. નહીંતર આજ જ મારો સમય પૂર્ણ થઈ ગયો હોત. ક્ષણભર પણ જો વાર થઈ હોત તો આ દ્રૌપદીનું શરીર જ લઈ જવાનો પ્રસંગ તમારા પર આવ્યો હોત, પ્રાણબંધુ ભગવાનની આપણા પર ખરેખર જ કૃપા છે. એટલે જ આપણે આ વિરહના પ્રસંગમાંથી છુટયાં.' એમ બોલીને દ્રૌપદીએ ભીમને આલિંગન આપ્યું. તેના નયનમાંથી એકસરખાં પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં.

પછી ભીમ તેને ભાઈઓ પાસે લાવ્યો. બધાને આનંદ થયો. ભીમે થયેલો વૃત્તાંત તેમને નિવેદન કર્યો. બધાએ તેને ધન્યવાદ આપ્યા અને પછી આનંદથી આગળ માર્ગ કાપવા લાગ્યા. ભગવાન શ્રી કૃષ્ણનું અને શ્રી બુદ્ધનું નામ સ્મરણ કરતા કરતા, તેમનાં ગુણગાન ગાતા ગાતા પાંડવો આગળ ચાલવા લાગ્યા. હવે તેમણે દ્રૌપદીને બધાની આગળ કરી અને પાંચેય ભાઈઓ તેની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

દુર્યોધનનો ત્યાં મિત્ર હતો, અલમસ્ત દૈત્ય કહેવાયે,
તેણે લાગ જોઈને દ્રૌપદી હેરી, તે વનમાં ચાલ્યો જાયે. ॥૩૫૯॥
ઓ ધરમ ભીમસેન કહી રુદન કરે, મેલાવો વનમાં આજ,
પણ મૌન વ્રત ત્યાં પૂર્ણ છે, તે નહીં બોલે મહારાજ. ॥૩૬૦॥
દ્રૌપદી કહે આવો ને અર્જુન, કરજો મારી સહાય,
સહદેવ નકુળ કોઈ વારે આવો, કોઈ મારી કરો ચિંતાય. ॥૩૬૧॥
વનમાં મુને એકલી મૂકી, તે ન ઘટે ઓ મહારાજ,
કૈયા કિચકથી મૂકાવી, મને છે વિશ્વાસ આજ. ॥૩૬૨॥
ત્યારે ભીમસેને શબ્દ સાંભળ્યો, હરી ગયો દૈત્ય વનિતાને કોય,
મહા ક્રોધ ત્યાં ઉપન્યો, ઝાડે ચઢીને ચહું દિશા જોય. ॥૩૬૩॥
અલમસ્ત દીઠો આગેથી, અને ખાંધે દ્રૌપદી સતી હોય,
પવન વેગે ભીમ પરવર્યો, કેસ ગ્રહી પકડયો દાનવ સોય. ॥૩૬૪॥
અરે પાપી સતીને હરતાં, જીવતો રહીશ તું કયાંય,
એવું કહીને દ્રૌપદી મૂકાવી, યુદ્ધ આરંભ્યું ભીમે ત્યાંય. ॥૩૬૫॥
પાર કર્યો ત્યાં દૈત્યને મલ્લ યુદ્ધ ત્યાં હોય,
પદાઘાતથી ધરતી ધ્રુજે, મેદની ધમધમ ત્યાં થાય. ॥૩૬૬॥
ભીમસેને ક્રોધ કરીને, ચરણ ગ્રહ્યા બેઉ જેહ,
શીશ પાછળ ફેરવીને, પછાડયો પર્વત તેહ. ॥૩૬૭॥
રુધિર પ્રાણ તેના કાઢી નાખ્યા, દ્રૌપદી શું લીધા ખાંધ,
પછે પવન વેગે ભીમ પરવર્યો, જયાં હતા ચારે ભ્રાત. ॥૩૬૮॥
ભીમસેને ખાંધેથી ઉતારી, જયાં છે ઊભા ભ્રાત,
ફરી ભ્રાત સંગે સતી લાવ્યા, મહાબળીયા ધન્ય પવન સુત. ॥૩૬૯॥

છએ જણ રસ્તામાં આગળ આગળ જાય છે, રસ્તો પણ ત્યાં ક્યાંથી હોય ! અરણ્યમાં જનારી સાદી પગ વાટ પણ ત્યાં નહોતી. ખાડા ટેકરામાંથી, કાંટાળી ઝાડીમાંથી, ખૂણા ખડકમાંથી કંઈક રીતે માર્ગ કાઢતાં તે જાય છે, મનમાં કશાનું પણ ચિંતન નહીં, હૃદયમાં ફક્ત એક જ ભાવ ભગવાન શ્રી કૃષ્ણના સ્વરૂપ માધુર્યના દર્શનની તાલાવેલી. મુખમાંથી અને મનમાંથી ફક્ત ભગવાન શ્રી કૃષ્ણનું જ ચિંતન ચાલે છે. નહીં શરીરની શુદ્ધ, નહીં કામનાની આસકિત, નિષ્કામ, નિસ્પૃહ વૃત્તિથી તે પોતાનો જીવન પ્રવાસ કરી રહ્યાં છે. રસ્તામાં ચાલતાં ચાલતાં અનેક અડચણો, અનેક સંકટ આવતાં હતાં. કશાય તરફ કોઈનું પણ ધ્યાન નહોતું. પગમાં કાંટા વાગે, અણીદાર પત્થર ખૂંચે તો પણ જેમ તેમ લંગડાતાં ચાલતાં હતાં. જ્યારે દ્રૌપદીથી ચલાતું નહોતું, ત્યારે ભીમસેન તેને ખભા પર ઉપાડી લેતો. માર્ગ સારો આવે એટલે દ્રૌપદી નીચે ઉતરી ચાલવા લાગતી. આ પ્રકારે અત્યંત કઠિન એવો તેમનો પ્રવાસ હતો.

અરણ્યમાંથી જતી વખતે દુર્યોધનનો મિત્ર રહેલો અલમસ્ત નામનો એક દૈત્ય એમને દ્રૌપદીને એ બધાની પાછળ રહી છે અને બધાની નજરથી આડે થઈ છે, એમ જોઈને તેણે દ્રૌપદીને પણ દૈત્યની ખબર પડે તે પહેલાં જ ઉપાડી ખભા પર લઈ લીધી અને પવન વેગે એ ભાગવા લાગ્યો.

દ્રૌપદી મોટે મોટેથી વિલાપ કરતી પાંડવોને બોલાવવા લાગી, 'હે ધર્મરાજ, મહાબલવાન ભીમસેન, ધનુર્ધારી પાર્થ, મહાપરાક્રમી નકુલ, સહદેવ દોડો ! આ દૈત્ય મને ઉપાડી જાય છે. આ નરપશુના બંધનમાંથી મને છોડાવો ! અહો પ્રાણનાથ, આ અબલાને કારણે તમારા પર સમયે સમયે સંકટ આવે છે, તમે મહાબલશાળી તેમજ સામર્થ્યવાન છો. કીચક, દુર્યોધન વગેરે દુષ્ટોનો સંહાર કરીને તમે જમીન પરનો ભાર ઉતાર્યો. હવે આ દુષ્ટને પાછળ જીવતો રાખશો નહીં. નહીં તો આ અને આના સાથીદાર આપણા બાળ પરીક્ષિતને સમય જતાં ભવિષ્યમાં ત્રાસ આપશે. માટે હમણાં જ આનો અંત કરી નાખો.'

સતી દ્રૌપદીની કરુણતાની વાણી સાંભળીને ભીમને ધ્યાન આવ્યું કે દ્રૌપદી પર ફરી સંકટ આવ્યું છે. ચારે ભાઈઓને આગળ જવા દઈને એ પાછળ રહ્યો. દ્રૌપદીને છોડીને જવું તેને બિલકુલ પસંદ નહોતું પણ હવે દ્રૌપદી ક્યાં મળશે એ ચિંતામાં તે એક ઝાડ પર ચઢયો અને આજુ બાજુ જોવા લાગ્યો. તો તેને દ્રૌપદીને ખભા પર લઈને એક દૈત્ય વાયુ વેગે ભાગતો દેખાયો. તેણે તત્કાલ નીચે કૂદકો માર્યો અને તેનાથી બે ગણા વેગથી દોડવા લાગ્યો. એક ક્ષણમાં દૈત્યને પાછળની બાજુથી તેના વાળથી પકડયો. પકડીને તેને નીચે પાડયો.

ભીમે અતિશય સંતાપથી દૈત્યને કહ્યું: 'અરે પાપી ! હવે તું જીવતો રહી શકીશ ? હવે તારા સૌ પાપી પિતૃઓને યાદ કર અને મરવા માટે તૈયાર થા. મહાભારતના યુદ્ધ સમયે દુર્યોધનનો મિત્ર કહીને તું યુદ્ધમાં આવ્યો હતો. પણ ભીમનું પરાક્રમ જોઈને બીકથી ભાગ્યો હતો અને ત્યાંથી અહીં આવીને બેઠો છે ? વાસ્તવિક તારા જેવા નામર્દને મારવો મને ઉચિત લાગતું નથી પણ પરસ્ત્રીની છળ કરવાથી શું ફળ મળે છે એ એક કારણ અને બીજું એમ કે તારા જેવા પાપાત્માને જીવતો રાખવાથી સામાન્ય લોકોને ઉપદ્રવ થશે એના કરતાં તને કાયમ માટે ખતમ કરવો સારો.

આમ કહીને ભીમે તેના પર મલ્લ યુદ્ધનો પેચ નાખ્યો. અલમસ્તે તેનો પ્રતિકાર કર્યો, ત્યારે ભીમે ચીડાઈને તેના પગ પકડી માથેથી ગોળ ગોળ ફેરવીને જોર જોરથી પર્વતના શિખર પર પછાડવા લાગ્યો. એના એ પ્રચંડ આઘાતથી જમીન થરથર કાંપવા લાગી. ધડાધૂમ એક પ્રચંડ અવાજ થઈને શિખરો તૂટી પડયાં. આ પ્રમાણે પછાડીને તેના શરીરનું બધું લોહી કાઢી નાખ્યું. અને તેનો પ્રાણ પણ ધોઈ નાખ્યો, ત્યારે જ ભીમના મનનું સમાધાન થયું. શાંત થયા પછી અતિશય આનંદથી ભીમે દ્રૌપદીને ઉપાડી લીધી અને વાયુ વેગે ભાઈઓ પાસે દોડતો આવ્યો અને દ્રૌપદીને નીચે ઉતારીને બધી હકીકત ભાઈઓને જણાવી. બધાએ ભીમસેનને ધન્યવાદ આપ્યો અને તે આગળ જવા લાગ્યા.

આગળ સહદેવ નકુલ કુંવર, તેના પાછળ સત્‌વંતી નાર. ॥૩૭૦॥
ચઢયા વીર પર્વતને ટોચે સાર, અસુરે કપટ મન કર્યો વિચાર. ॥૩૭૧॥
તાલકેતુ સુત દુષ્ટે દ્રૌપદી હેરી, આવ્યો ફરી આપ તણી નગરી. ॥૩૭૨॥
પર્વત શિખર ઉપર પાંડવ સંચરે, નાર ના દેખી વિસ્મય કરે. ॥૩૭૩॥
ધર્મરાય મન ઉપના સંદેહ, દૈવ ચરિત્ર હુવો વરણવે જેહ. ॥૩૭૪॥
લઈ દુષ્ટ કોણ થાનક જાયે, બહુત અચંબો ઉપનો ત્યાંયે. ॥૩૭૫॥

કહે નકુલ બંધવ સહદેવ, તું જયોતિષ બલ જાણે ભેવ. ॥૩૭૬॥
કવન દિશા કવન નગરી ગામ, કહો વીર તુમ તેનો ઠામ. ॥૩૭૭॥
તબ સહદેવ વિચારી કહે, અલકનંદા નદી જહાં વહે. ॥૩૭૮॥
ત્યાહાં તટ શ્રીનગર અસુર બલવીર, લઈ ગયો તાલકેતુ સુત ધીર. ॥૩૭૯॥
સુણી વાત તબ કોપે બલ્લાળ, તૃતીય નયને નીકલે જવાળ. ॥૩૮૦॥
લઈ શીલા પવનકે સુત, પત ગળ પાષાણ કીયો બભૂત. ॥૩૮૧॥
પરવત વાટઘાટ બહુ કઠિન, કહેત ધરમ વૃકોદર તું સુન. ॥૩૮૨॥
મુનિ વ્રત ખંડિત થાયે આપણું, બહુત પ્રાછત હિંસા તણું. ॥૩૮૩॥
ક્રોધ વ્યર્થ હોય હાણ શરીર, ક્રોધ ઘણા વિગત હો વીર. ॥૩૮૪॥
ધર્મ પંથ ચાલો ચિત્ત ધરી, પુત્ર કલત્ર સર્વે રાજ પરહરી. ॥૩૮૫॥
સરગ સમાન નહીં સુખ રાજ, તું મુનિ કરી અકરાજ. ॥૩૮૬॥
ભીમ કહે તમે સુણો રાજા ધર્મ, મારે નહીં સ્વર્ગ શું કામ. ॥૩૮૭॥
પરવત વાટઘાટ મુજે નહીં નિર્ગમ, કહે વૃકોદર ધર્મરાયે સુણો આગમ. ॥૩૮૮॥
ઉત્તર દિશા ભીમ ગિરિ શું ચઢે, અલકનંદા નદી તહાં વહે,
જઈ પોતો ભીમ ત્યાંહે, તાલકેતુ સુત શું ઘનઘોર યુદ્ધ લહે. ॥૩૮૯॥
હુવો અદૃષ્ટ જો તીન ઠામ, તૃતીય નયને પ્રજાળ્યા ગામ. ॥૩૯૦॥
તબ સત છુવે અસુર મહીપ, આવી ઊભો ભીમસેન સમીપ. ॥૩૯૧॥
ચરણ કમળ કરી વિનવે સેવ, તોહી શું જુવે નહીં પૂરાવે દેવ. ॥૩૯૨॥
કૈસે કહું પાપી હવે હું તોયે, પરસ્ત્રી ધરેતાં રોમરોમ પડે નરક માંયે. ॥૩૯૩॥
હરી નાર અબ તું મહાસતી જાણ, ભીમે તન પગ દઈ લીધા પ્રાણ. ॥૩૯૪॥
નારી વિનવે ધન હો જોધ, તારા પ્રિથમી સહેઉ ન શકે ક્રોધ. ॥૩૯૫॥
લીધી છોડાઈ દુષ્ટથી મોયે, કહા લગી ગુણ પ્રકાશું તોયે. ॥૩૯૬॥
ચાલ્યો વીર હર્ષ મન ધરી, પોતો વેગે સાથ સુંદરી. ॥૩૯૭॥
રાજાને જઈ લાગા પાયે, મન માંહે મરકાવે પાંડવ રાયે. ॥૩૯૮॥
લીયો હૈયા શું આલિંગન દીયો, ધન્ય વૃકોદર તારો હિયો. ॥૩૯૯॥
પવન વેગે ચાલ્યા જોજન ચાર, પોતા છે જહાં તીરથ કેદાર. ॥૪૦૦॥

અલમસ્ત દૈત્યથી દ્રૌપદીને છોડાવીને લાવ્યા પછી પાંડવો તેના માટે વધારે ચિંતા કરવા લાગ્યા. તેઓ કાયમ દ્રૌપદીને પોતાની વચ્ચે લઈને ચાલતા હતા પણ હવે રસ્તો એવો નહોતો કે બધાં સાથે ચાલી શકે ! જેને જ્યાંથી ગમે ત્યાંથી એ ચાલવાનો પ્રયત્ન કરતાં હતાં.

એકવાર ટેકરી ચઢતાં વળાંક વળતી વખતે પાંચેય જણાની નજર આડ થતાં જ એક દુષ્ટ દૈત્યે એક ક્ષણનો પણ વિલંબ ન કરતાં દ્રૌપદીને ખભા પર ઉપાડી અને એ પાંડવોના ધ્યાનમાં આવે તે પહેલાં જ એ દૈત્ય ગીચ ઝાડીમાં દ્રૌપદીને લઈ અદશ્ય થઈ ગયો. અહીં પાંડવો એક પર્વતના શિખર ચઢીને ઉપર ગયા પણ હજુ દ્રૌપદી કેમ નથી આવતી માટે બધા ભય મિશ્રિત મૂંઝવણથી આશ્ચર્યચકિત થયા.

ધર્મરાજાએ કહ્યું: 'અરેરે શું આપણાં દુર્દૈવ પાછળ પડ્યાં છે. હે ભીમ, આ દ્રૌપદીને વળી કયા દુષ્ટે પકડી હશે કે તેનાથી ચલાતું નહીં હોય એટલે વચ્ચે ક્યાંક વિશ્રાંતિ લેતી હશે કે પછી કોઈ ક્રૂર હિંસક પશુએ તેના પર તરાપ તો મારી નહીં હોય ને ? તેનો અવાજ પણ સંભળાતો નથી અને દષ્ટિએ પણ પડતી નથી. જુઓ તો શું થયું હશે.

ભીમે ખૂબ મોટે મોટેથી બૂમ મારી પણ પ્રતિસાદ (પડઘા) સિવાય બીજો કોઈપણ શબ્દ સંભળાયા નહીં.

ત્યારે નકુલ અને અર્જુને, સહદેવને કહ્યું; 'સહદેવ, જયોતિષ જોઈને કહે કે, દ્રૌપદીનું કંઈ ખરાબ થયું છે કે શું તે જો ?'

સહદેવે ગ્રહગતિ, પ્રાણગતિ વગેરે જાણીને જ્યોતિષ જોયું અને ભાઈઓને કહ્યું 'પ્રસંગત અતિશય કઠિન છે. મોટા માયાવી દૈત્ય સાથે યુદ્ધ કરવું પડશે. અલકનંદા નદીના તીરે આવેલા શ્રીનગરના પ્રમુખ દૈત્ય તાલકેતુનો પુત્ર દ્રૌપદીને ઉપાડી તેનું મોં બંધ કરીને લઈ ગયો છે. એ અતિશય બળવાન અને માયાવી છે.'

એ સાંભળીને ભીમની જાણે ત્રીજી આંખ જ ઉઘડી હોય એવા ક્રોધથી થરથર કાંપવા લાગ્યો. તેની આંખમાંથી અગન જવાળા નીકળવા લાગી. અતિશય ક્રોધથી ચિડાઈને તેણે જોરથી પગ જમીન પર પછાડતાં જ મોટા મોટા પથ્થરના ચૂરા થઈ ગયા, જમીન ધ્રૂજી ગઈ.

એ જોતાં જ ધર્મરાજા બોલ્યા: 'અરે ભીમ, એટલો બધો ક્રોધ શા માટે કરે છે ? આ જમીન દબાવવાથી તેની નીચે અસંખ્ય જીવપ્રાણી મરી ગયાં હશે. બિચારાં નિરપરાધ પ્રાણીઓને શા માટે ત્રાસ આપવો. હિંસાના પાક્ષાલના માટે તો આજે આપણે અહીં આવ્યા છીએ અને અહીં પાછા તે જ કર્મ કરવા બેસીશું તો ગૃહ ત્યાગ કરવાનો અર્થ શું ? ક્રોધથી જીવપ્રાણી માત્રનાં અનિષ્ટ તો થાય છે પણ આપણા દેહનો પણ નાશ થાય છે. પુત્ર, સ્ત્રી વગેરે માયિક બંધન છોડીને હવે કુળ ગોત્રનો ત્યાગ કર્યો છે, માટે ભીમ તાત્કાલિક ક્રોધનો ત્યાગ કર અને આગળના રસ્તે સિદ્ધ થા.'

ભીમ બોલ્યો: 'હે બંધુ, તમે આપેલી શિખામણ સારી છે પણ મને સ્ત્રી વિરહિત સ્વર્ગ સુખ નથી જોઈતું. એક ક્ષણભર તમે અહીં ઊભા રહો અથવા આગળ ચાલો, હું એ દૈત્યના યોગ્ય સમાચાર લઈને સતીને છોડાવી લાવું છું.' એમ કહીને ભીમ ઉત્તર તરફ ટેકરીઓ ચઢીને નીચે અલકનંદા નદીના ખોળામાં જ્યાં શ્રીનગર વસેલું હતું ત્યાં પવનવેગે સંચાર કરીને ક્ષણમાં આવ્યો. તેણે દુષ્ટ દૈત્યને પકડયો.

દૈત્યને ભીમની જાણ થતાં જ તેણે મોટેથી રણશિંગુ ફૂંક્યું અને શંખનો નાદ કર્યો. અલકનંદાના ખૂણે ખૂણે એ નાદ ચોફેર ઘૂમ્યો અને એ સાંભળીને કેટલાક દૈત્ય નાદના અનુરોધથી સર્પની જેમ દોડી આવ્યા. એ જોઈને ભીમને અધિક જુસ્સો ચઢયો અને અતિશય ક્રોધથી ભીમે દૈત્યને પકડવાની પેરવી કરી પણ તત્કાળ અદશ્ય થઈને દૈત્ય આગળ જવા લાગ્યો. ભીમ પણ ચપળતાથી તેમની પર તૂટી પડયો અને તેની સાથે મલ્લ યુધ્ધ કરવા લાગ્યો. બંને વચ્ચે ભયંકર ઘનઘોર યુદ્ધ થયું.

કોઈપણ કોઈથી હાર માનતા નહોતા છેલ્લે ભીમે એક પેચ નાખીને દૈત્યના પગ પકડીને માથા ઉપર એને ફેરવવાનો પ્રયત્ન કરતાં જ દૈત્ય મુખેથી બોલ્યો: 'હે બલવંત, તારું પરાક્રમ અવર્ણનીય છે. મને છોડ. મને તારા ચરણ કમળની સેવા કરવા દે.'

ભીમ મલ્લ યુદ્ધમાં પૂર્ણ નિષ્ણાત હતો. છેતરપીંડી કરીને આ દૈત્ય પોતાના પગ પકડશે અને દુષ્ટ બુદ્ધિથી પોતાને જ પેચમાં પકડશે એ ભીમ પૂર્ણપણે જાણતો હતો. દૈત્યનું શરણાગતપણું એ ફસામણ છે એ ભીમ જાણતો હતો.

ભીમે કહ્યુંઃ તને આ ચરણોની સેવા કરવી હોય તો આ તારું શિર પહેલાં વહાવું પડશે. અરે પાપી દુષ્ટ દુરાત્મા પરસ્ત્રીની અભિલાષા કરવાથી, તેનો અપહાર કરવાથી શું ફળ મળે છે તે તું પહેલાં જો.' એમ કહીને ભીમે એક લાતાપ્રહાર કરીને એનો પ્રાણ લીધો અને જોરથી ઉપાડીને શ્રીનગર પર ફેંકી દીધો. ભીમનું એ અમાનુષ પરાક્રમ જોઈને સતી દ્રૌપદીને અપરિમિત આનંદ થયો. તે ભીમની સ્તુતિ કરવા લાગી. પછી ભીમ તેને લઈને વાયુ વેગે ધર્મરાજ પાસે લાવ્યો. ધર્મરાજાએ ખૂબ પ્રેમભાવથી ભીમને આલિંગન આપી હૃદયે લગાવ્યો અને અગણિત ધન્યવાદ આપ્યા. આગળ અતિશય જલદ ગતિથી ચાલતા એ ચાર યોજન ગયા પછી કેદારનાથમાં જઈ પહોંચ્યા.

તીન સ્થાને મુખમાર્જન કરે, સંધ્યા તર્પણ પિંડ ઉદ્ધારે. ॥૪૦૧॥
પંચ લિંગ આચ્છાદ લિંગનાં ઠામ, કલેશ્વર ભુવન ઈશ્વર નામ. ॥૪૦૨॥
તુંગનાથ અરૂ ચલે કેદાર, દુર્ગેશ્વર ભુવન ઉત્તુંગ અપાર. ।૪૦૩॥
અર્ચે કમળ પશુપતિ ધણી, નીરહો તબ તે પંચજની. ॥૪૦૪॥
પંચ કેદાર કુંડનાં નીર, ક્ષુધા તૃષા થાયે સર્વે દૂર. ॥૪૦૫॥
શીત વાત ચિત્ત ન દુઃખ ધરે, આનુ ઉદક નિત આચરે. ॥૪૦૬॥
વલ્કલ અંગ ઉબાવન પાયે, હિમાચલ ગિરિ પોતા જાયે. ॥૪૦૭॥
માર્ગે હરિ તણાં કરે છે સ્મરણ, ગયે વેગે બદરિકાશ્રમ. ॥૪૦૮॥
દેખે સ્વામી આદિનારાયણ નાથ, પદ્મરાગ મંડિત પ્રાસાદ. ॥૪૦૯॥
છ જણા તે મન માંહે આનંદે ઘણું, ત્યાં લઈ દરશન પ્રભુ તણું. ॥૪૧૦॥
ત્યાંથી મનમાં ઓળખી દેવકુમાર, ચાલ્યા વીર કરી મીનુહાર. ॥૪૧૧॥
યોજન તીસ તીને કીયો પ્રયાણ, મલય ગિરિ પર્વત ઉત્તમ ઠામ. ॥૪૧૨॥
ખડ્‌ગધાર સમ ગિરિવર જીહાં, રયેણી દિવસ નહીં સૂઝે તીહા. ॥૪૧૩॥
જોજન સાત તણો વિસ્તાર, ઊંચો લખન જાણું પાર. ॥૪૧૪॥
અંધકાર વન ઘણું નગ્રજીત, વાટ બિના બીલખાન સુત. ॥૪૧૫॥
સેંસો ઉપનું અતીશો પ્રાણ, સર્વે ચિંતા કરે બહુ જાન. ॥૪૧૬॥
નકુલ હિરદે સંચરે દેવ, વીર મારગના ભેદ સહદેવ. ॥૪૧૭॥
તબ પંડિત બોલ્યા સુણો વિચાર, પરવત ભેદો હો પવનકુમાર. ॥૪૧૮॥
વૃકોદર ગિરિને મારે લાત, સિંહ હાક બળ મહાવિખ્યાત. ॥૪૧૯॥
મલય ગિરિ કીયો હુઈ પંડ અગણીત, લોટ ચાલ્યા પવન સુત. ॥૪૨૦॥

કેદારનાથના પરિસરમાં જઈને પહોંચ્યા પછી પાંડવોએ મુખમાર્જન કર્યું. સ્નાન, સંધ્યા, તર્પણ, ધ્યાન કરીને પૂર્વજોના નામે પિંડ શ્રાદ્ધ વગેરે કર્યું. ભગવાન શંકરના આચ્છદ લિંગ વગેરે પંચ લિંગનો અભિષેક કરી મનની પ્રસન્નતા થયા પછી ત્યાંથી તુંગનાથમાં ગયા. પછી દુર્ગેશ્વર ભુવનમાં ગયા. અતિ સુંદર એવા કમળ પુષ્પોથી ભગવાન શંકરની અને દુર્ગા માતાની પૂજા અર્ચના કરી. અલગ અલગ ફૂલ, ફળ, કંદમૂળનાં નૈવેદ્ય અર્પણ કરીને થોડો ફળાહાર કર્યો. પંચકેદારના કુંડમાં સ્નાન કર્યું, ત્યાંનું અમૃતોપમ શિતલ જલ પ્રાશન કરીને તન મનની તૃષા શાંત કરી. શીતલ વાયુ અતિશય જોરથી વહેતો હતો. એ કારણે પાણી પણ અતિશય શીતળ હતું. હિમ પવન, હિમ વૃષ્ટિ અને હિમ જળથી રક્ષણ થાય તેટલા પૂરતાં માત્ર વલ્કલ ધારણ કરેલાં હતાં.

પછી સદ્‌ભકત પાંડવો શ્રી હરિનું સ્મરણ ચિંતન કરતા કરતા બદ્રિકાશ્રમે પહોંચ્યા. બદ્રિકાશ્રમની અવર્ણનીય શોભા જોઈને અને મુખ્ય એટલે આદિ નારાયણનું એ સ્વરૂપ માધુર્ય જોઈને પાંડવોને અપરિમિત આનંદ થયો. ભગવાન સ્વરૂપની તેમણે મનોભાવે પૂજા અર્ચના કરી. કમલદળોથી યુકત અને પાનફૂલ ફળાદિકનો નૈવેદ્ય અર્પણ કરીને ભગવાનને પ્રસન્ન ચિત્તે પૂજયા. તેમની મનમોહક સુંદર છબીનું દર્શન લઈને એ કૃતકૃત્ય બન્યા. રસ્તાનો શ્રમ, અનંત સંકટ, અનંત દુઃખ તે ભૂલી ગયા. ભગવાનના દર્શનથી તેમનો શ્રમ પરિહાર થયો.

ખૂબ દિવસ સુધી રહીને તેમણે ત્યાં યોગ સાધના ધ્યાન ધારણા અને તપશ્ચર્યા કરી. મનની પૂર્ણ શાંતિ તૃપ્ત થયા પછી આગળ જવા નીકળ્યાં. હવે તે અતિશય ઊંચા એવા મલય ગિરિ પર્વત તરફ જવા લાગ્યાં. લાંબો રસ્તો કાપ્યા પછી એટલે કે લગભગ ત્રીસ યોજન અંતર ગયા પછી મલયગિરિ પર્વતનું શિખર તેમને દેખાવા લાગ્યું. ચઢાવ અતિશય ઊંચો અને કઠિન જ હતો. તલવારની ધાર પ્રમાણે હોવાથી પથ્થરમાંથી, ખાડા ટેકરામાંથી માર્ગ કાઢતાં કાઢતાં તે ઉપર ચઢવા લાગ્યાં. ધુમ્મસ એટલું પ્રસરેલું હતું કે દિવસ અથવા પ્રકાશ સુદ્ધાં દેખાય નહીં. રાત્રીનો અંધકાર વ્યાપ્યા પછી એ સંપૂર્ણ પ્રદેશ અંધકારમય દેખાતો હતો. આગળ ક્યાં પગલું નાખવું અને કોણ ક્યાં ઊભું છે એ પણ દેખાતું નહોતું. એ કારણે બધાં ત્યાંજ રોકાયાં અને આગળ શું કરવું, કેમ જવું તેની ચિંતા કરવા લાગ્યાં.

નકુલે સહદેવને કહ્યુંઃ 'તારી જયોતિષ વિદ્યાથી શોધીને આગળનો માર્ગ કર.

ત્યારે સહદેવ બોલ્યાઃ આગળનો માર્ગ ચઢીને જવાથી અતિશય કઠિન અને જોખમી છે. તેમાં એક જ ઉપાય છે અને તે એ છે કે ભોંયરું બનાવી પેલે પાર જવું એ ભોંયરું ભીમ સિવાય બીજા કોઈથી થશે નહીં. સહદેવના મુખેથી વાણી સાંભળીને ભીમે શ્રી કૃષ્ણનું શ્રી બુદ્ધ દેવનું અને શ્રી સવિતા નારાયણનું સ્મરણ કરીને જોરથી પર્વતના શિખરને લાત મારી તો આશ્ચર્ય સાથે એ લાતાપ્રહારથી સર્વત્ર ગડગડાટ થયો અને પર્વત શિખરને મોટું ભંગાણ પડયું. ભીમસેને તેમાંથી પથ્થર માટી હાથથી ફેલાવીને રસ્તો તૈયાર કર્યો અને એ ભોંયરામાંથી એ આગળ મલયગિરિ પર્વતની સામેની બાજુ નીકળી ગયાં.

પંચ મન ધ્યાતે જગદીશ, પોહોતા તીહા જોજન પચીસ. ॥૪૨૧॥
પર્વત લોપનમોહના નામ, ભદ્રકાળી દેવીના ત્યાંહા ઠામ. ॥૪૨૨॥
ગણ ગંધર્વ તીહા કિન્નર જખા, કોટ લાવણ્ય કન્યા સત લખા. ॥૪૨૩॥
જોજન સાત વિસ્તાર સુગત, તખીન જોજન પંચ ઉગત. ॥૪૨૪॥
હેમ પગાર હેમ તાહા ઘણું, ગીત નાદ હોયે પેખનું. ॥૪૨૫॥
બાજે ભેર શંખ રણ તુર, ફીટી કોપખન ઉદિત જેવું સુર. ॥૪૨૬॥
આદિ અંબિકા તણું પ્રાસાદ, અનુહદ ઉઠે છત્રીસ રાગ. ॥૪૨૭॥

કુંવરી કોટ વિનવે તીન ઠામ, પાંડવ શું તીને કીધો પ્રણામ. ॥૪૨૮॥
કરી શૃંગાર તે ઊભી રહે, કામના વિરસ બની કહે. ॥૪૨૯॥
ધન ધન અમારે આજ, ભદ્રકાળી પૂરવી અમારી આશ. ॥૪૩૦॥
જરા મરણ નહીં ઉપજે ત્રાસ, અરુ નિકટ સકળ ભોગ વિલાસ. ॥૪૩૧॥
હમ કોટ સખી વિનવું તમ પાયે, તવ બોલ્યા યુધિષ્ઠિર રાયે. ॥૪૩૨॥
સત્ વચન સાંભળો વિનંતી, હમ પંચ ઈંદ્રિય નિગ્રહ જતિ. ॥૪૩૩॥
તજયો રાજઘર ભોગ વિલાસ, માયા ત્યજી અબ હુવો ઉદાસ. ॥૪૩૪॥
ગ્રહી ધર્મ નેમ હમ સહું નિગ્રહે, સુણો હો નાર યુધિષ્ઠિર કહે. ॥૪૩૫॥
અંતર્યામી કેવલ આત્મારામ, અબ હમે વિષ્ણુ ચરણ શું કામ. ॥૪૩૬॥
સુણી વચન તબ હુવો નિરાશ. ચલી પાછી ફીરી આવાસ. ॥૪૩૭॥

પાંડવો મનમાં શ્રી જગદીશનું નામ સ્મરણ, ચિંતન, ધ્યાન કરતા કરતા આગળ પચ્ચીસ યોજન પહોંચી ગયા. પછી લોપનમોહના નામનો પર્વત આવ્યો. ત્યાં ભદ્રકાળી દેવીનું સ્થાન હોવાથી અત્યંત રમણીય એવી એ જગ્યાએ છે. એ જગ્યાએ જયાં ત્યાં ગણગંધર્વ યક્ષ કિન્નરની વસ્તી છે. વચ્ચે વચ્ચે તેમનાં ગાયન નૃત્ય વાદ્યોનો મધુર સૂર સંભળાતો હતો. લાવણ્યમયી સુંદરીઓ સુમધુર કંઠથી સુસ્વર ગાયન નૃત્ય કરનારી કન્યાઓ બાળાઓ તરુણીઓ જયાં ત્યાં દેખાતી હતી. સાત યોજન વિસ્તીર્ણ અને પાંચ યોજન ઊંચો એવો એ પર્વત સુવર્ણમય કિરણોથી ખલખલતો હતો. સર્વત્ર સુવર્ણ જ પ્રસરેલું હોય તેમ લાગતું હતું. વચ્ચે વચ્ચે શંખ, ભેરી, મૃદંગ, ટાળ, વીણા, ઘંટ, શૃંગી, સુનઈ, બાંસરી વગેરે વાદ્યોનો સુમધુર નાદ સંભળાતો હતો. આ પ્રકારનું એ આદિ અંબિકા ભદ્રકાળી દેવીનું સંપૂર્ણ પરિસર અતિશય સુશોભિત હતું.

ત્યાં છપ્પન પ્રકારના ભોગ પ્રસાદ નૈવેદ્ય દેવીને ચઢાવીને નિત્ય પૂજા આરતી, કિન્નરીઓનાં-અપ્સરાઓનાં છત્રીસ પ્રકારનાં સુસ્વર આલાપયુકત ગાયન અને નૃત્ય વગેરે સંગીતથી આરાસ થતાં હતાં. આવા અત્યંત ભોગ વિલાસ સૌંદર્યથી ભરેલા એ સ્થાને પાંડવો આવતાં જ ત્યાંની કેટલીક દેવકન્યાઓ અપ્સરાઓ નાના પ્રકારના સાજ શૃંગાર સજીને કામોદ્દિક હાવ ભાવ કરીને પાંડવોની સામે આવી.

પાંડવોને તેમણે પ્રણામ કર્યા અને હાથ જોડીને કહ્યું: ‘અહો કામદેવ, કેટલાય દિવસોથી અમે તમારી પ્રતિક્ષા કરીએ છીએ, મનમાં તમારી જ આરાધના કરીએ છીએ અને માતા ભદ્રકાળીને વિનવીએ છીએ કે અમારી કામ શાંતિ કરનારા અમારા પતિદેવો એટલે કે કામદેવોને અહીં બોલાવી અમારી કામનાને શાંત કરો. વૈભવ સુખોપભોગ વિલાસમાં અહીં કોઈ પણ પ્રકારની ઉણપ નથી પણ આ સર્વસ્વમાં અમારી સેવાનો અંગિકાર કરનાર કામ પુરુષ સિવાય આખા શૃંગાર વિલાસનો અર્થ નથી. માતા ભદ્રકાળીએ અમારી કેટલાંય વર્ષોની આશા આજે સફળ કરી. ધન્ય ધન્ય આજનો દિવસ કે આજ કેટલાય દિવસો પછી કામના પૂર્ણ થશે. અહો સ્વામી પ્રાણનાથ, હવે તમે કાયમ અહીં જ નિવાસ કરો. અહીં જરા એટલે કે વૃધ્ધાવસ્થા નથી, મૃત્યુ નથી. અહીં સર્વ પ્રકારનું સુખ વિલાસ ભોગ પદોપદે ઉપલબ્ધ છે, તેનો ઉપભોગ લેવો. તમારી સેવા માટે અમે બધી સખીઓ રાત દિવસ તમારા ચરણો પાસે હાજર છીએ. તમારી સેવાની અમને અનુજ્ઞા કરો.’

અપ્સરાઓનાં વચન સાંભળીને ધર્મરાજાએ કહ્યું: ‘હે માતાઓ, સત્ત્વ વચન તમને કહીએ છીએ એ શાંત ચિત્તે શ્રવણ કરો. સર્વ પ્રકારનાં સુખ ભોગ વિલાસનો ત્યાગ કરીને, માયાનો નિષેધ કરીને, નિગ્રહથી પંચેન્દ્રિય દમન કરેલા અમે યતિ છીએ. ઘર અને રાજવૈભવનો ત્યાગ કરીને નિર્મળ મનથી દઢ વૈરાગ્ય ધારણ કરીને ફકત આત્મ ચૈતન્ય સ્વરૂપ ભગવાનની

પ્રાપ્તિનો નિયમ ગ્રહણ કરીને અમે આવ્યા છીએ. અમને માત્ર અમારા પ્રાણપ્રિય ભગવાન શ્રી વિષ્ણુના ચરણોમાં જઈ દર્શન કરવાં છે. બાકી બધી વાતો તુચ્છ અને ત્યાજય છે. માટે હે માતાઓ, અમારા માર્ગથી બાજુએ થાઓ અને અમને આગળ જવા દેવાની કૃપા કરો.

યુધિષ્ઠિરની એ વાણી સાંભળતાં જ બધી અપ્સરાઓ નિરાશ થઈને તેમને અભિવાદન કરીને બાજુમાં થઈ ગઈ અને પોતાના સ્થાને જવા નીકળી ગઈ. રસ્તામાં આવેલ વિઘ્ન ટળેલું જોઈને પાંડવોને અતિશય આનંદ થયો અને તે આગળ માર્ગ કાપવા લાગ્યા.

પાંડવ ચાલ્યા ઉત્તાર પંથ, મન માંહે ધ્યાયા શ્રી ભગવંત, ॥૪૩૮॥
ચાલ્યા પાંડવ અતિ નિરધાર, પોતા જાહાં નદી મંદાકિની કિનાર. ॥૪૩૯॥
મંદાકિની જલ પુણ્ય સાગર, દિષ્ટા તે જાયે પાપ,
જરા મરણ નહીં ઉપજે, સાહાહી ગગન સંતાપ. ॥૪૪૦॥
તટ ઉપર હંસ સારીસ, ચક્રવાક નકલસો બીકરસ,
સુવર્ણ મંડિત શંભુ પ્રતિમા, રચે રતે તે જાુઝાસ. ॥૪૪૧॥
શુકદેવનો સુફળીત દેસ, ચંદન સાગ પહુપ,
માલતી ચંપક મોગરો, અગ્ર વૃક્ષ શોભે અનુપ. ॥૪૪૨॥
પુગી જો નારીયલ સરી, બડ દીઠો દાડીમ દરાખ,
નારીંગ કેળ બહુકિની, શોભા અસંખ્ય લાખ. ॥૪૪૩॥
બિલ્વ નાગરવેલ દીસે, કમલકપન કન્યા નાર,
અવર વૃક્ષ કહેતાં, કથા વાધે બહુ ભાર. ॥૪૪૪॥
અડતળો કલ્પવૃક્ષ પારિજાતકી, છાયા બૈઠા મુનિવર ધ્યાન,
પરાશર સૂત ઋષિ વૈશંપાયન, શુક ધ્યાવે શ્રી ભગવાન. ॥૪૪૫॥
નારદ ગુરુ અંગિરસ, શૃંગી વાલ્મીકિ કશ્યપ જાન,
દુર્વાસા ગાલવ ગૌતમ વ્યાસ, અવરાજ સર્વે વખાણ. ॥૪૪૬॥
ભૃગુદેવ વિશ્વામિત્ર કૌશિક, જમદગ્નિ પુલસ્ત,
સારો ઋષિ ઉદાસતા મન, પ્રચિકા અગસ્ત. ॥૪૪૭॥
ચ્યવન અરમુનિ લોમસ, સુરતા ઋષિ માતંગ,
દત્તાત્રેય માંડવ્ય પારૂચીત, બ્રીહે રાખી શ્રીરંગ. ॥૪૪૮॥
ગણ ગંધર્વ ઋષિ મુનિ કિન્નર દેવતા પાંડવે પ્રણામ જો કિન્હુ,
તબ દેવ મુનિવર સર્વે આશિષ દે ઘણું. ॥૪૪૯॥
કરજોડીને કીયો પ્રણામ, આશીર્વચન દીયા મુનિવર જન. ॥૪૫૦॥

નિસર્ગ સૌંદર્યની શોભા જોતા જોતા મનમાં અતિશય હર્ષિત થઈને પાંડવો આગળ ઉત્તર માર્ગે જતા હતા. ત્યાં મંદાકિની (ગંગા) નદી આવી. અતિશય નિર્ધારથી અને ઉલ્હાસિત અંતઃકરણથી ભગવાનના નામનો જયજયકાર કરતા

મંદાકિનીના તીરે ઊભા રહ્યા. મંદાકિનીની પરિસર અતિશય ઉદાત્ત નિસર્ગમ્ય વનશ્રીથી શોભતું હતું. મંદાકિનીનું જળ અતિશય પુણ્ય પાવક, પાપહારક, દુઃખ, વ્યાધિ, પીડા નિવારક, જરા મરણ ભય ભંજક એવું છે. મંદાકિની જળના ફકત દર્શનથી સર્વ શ્રમ પરિહાર થઈને મનુષ્યને સ્વર્ગીય આનંદની પ્રાપ્તિ થાય છે.

આવા એ મંદાકિનીના તટ પર હંસ, સારસ, ચક્રવાક, મયૂર, ચાતક વગેરે પક્ષીઓના કિલકિલાટથી અતિશય મનમોહક સુશ્રાવ્ય સંગીત નિનાદ થતું હતું. સુવર્ણ પ્રમાણે ચમકનારી શિવ પ્રતિમા ત્યાં ઝગમગતી હતી. શુક, સારણ, કોકિલા, નાનાં વિધવિધ પક્ષીઓના મધુર કંઠ કલરવથી સંગીતમય બનેલા એ વનમાં ચંદન, સાગ, સાલ, માલતી, ચંપા, મોગરા, ગુલાબ, નારીયેળ, કેળાં, સોપારી, નારંગી, દાડમ, ફણસ, દ્રાક્ષ, ચીકુ, સફરજન વગેરે ફળઝાડ સર્વત્ર ઉગ્યાં હતાં. બીલીવૃક્ષ, વડ, પીપળ, લીંબ, નાગરવેલ વગેરે છાયાનાં ઝાડને કારણે વનની અધિક જ શોભા હતી. વચ્ચે વચ્ચે તાડ, તલામ, સરુ, નીલગીરી વગેરે વૃક્ષો ઊંચાં માથાં કરીને વાયુના ઝાંકાથી ડોલતાં હતાં. એ કારણે એ સ્થળ રમણીય દેખાતું હતું. નીચે ઊંડી ખીણમાં મંદાકિની નદીનો ખળખળ પ્રવાહ પોતાના નાદ માધુર્યથી વન પ્રદેશને ભરી નાખતો હતો.

અદ્‌ભુત નિસર્ગમ્ય વનમાં કલ્પવૃક્ષ, પારિજાતવૃક્ષ વગેરેની છાયામાં અનેક ઋષિઓનાં ગુરુકુલ વસ્યાં હતાં. તેમના પૂર્વ પ્રાચાર્ય ધ્યાનમગ્ન અવસ્થામાં બ્રહ્માનંદમાં તલ્લીન થયેલા એવા સદ્‌ભકતોને યોગ સાધના, ધ્યાન યોગ, બ્રાહ્મી સ્થિતિ, સમાધિ યોગ, રાજ યોગ વગેરે અનેકાનેક વિદ્યાનું પ્રાશિક્ષણ આપતા હતા. કેટલાક પોતાનાં ધ્યાન ધારણામાં નિમગ્ન, પૂર્ણ લીન થયા હતા.

એવા એ તાપસારણ્યમાં પરાશર, વ્યાસ, સૂત, વૈશંપાયન, શુક, નારદ, અંગિરસ, શૃંગી, વાલ્મીકિ, કશ્યપ, દુર્વાસા, ગૌત્તમ, ભૃગુ, ભારદ્વાજ, વિશ્વામિત્ર, વશિષ્ઠ, માંડવ્ય, કૌશિક, જમદગ્નિ, પુલસ્ત્ય, અગસ્ત્ય, ઉદ્દાસતામન, પ્રચિકા, ચ્યવન, લોમસ, સુરતા, માતંગ, દત્તાત્રેય વગેરે ઋષિ મુનિ, તપસ્વી, યોગી મન વિરકત કરીને એટલે કે પૂર્ણ વૈરાગ્ય ધારણ કરીને પરમાત્માના ધ્યાન, ચિંતન, સ્મરણમાં મગ્ન થયા હતા. ઋષિ મુનિગણ, ગંધર્વ, યક્ષ, કિન્નર વગેરેનું નિવાસ ત્યાં જાણીને પાંડવોએ તેમણે પ્રણામ કર્યા. સર્વ ઋષિઓએ પાંડવોને અને દ્રૌપદીને આશીર્વાદ આપ્યા. સર્વનો આશીર્વાદ લઈને તેમના આગ્રહાસ્તવ પાંડવો કેટલાક દિવસ ત્યાં તેમના સત્સંગમાં રહીને આત્મ જ્ઞાન ગ્રહણ કરવા લાગ્યા. બધાએ પોતાની રીતે પાંડવો પર અનુગ્રહ કરીને સન્માર્ગ દર્શન કર્યુ.

ક્ષેમ કુશળ પૂછે ઋષિરાયે, કોણ કારણ પુહમી તજી આયે. ॥૪૫૧॥
જાયે ભૂમિ તજી કેઉ વાહા, કોણ કારણ તમે આવ્યા ઈહા. ॥૪૫૨॥
તવ રાજા યુધિષ્ઠિર કહ્યો વિચાર, કલિયુગ તણો હુવો પ્રસ્તાવ. ।૪૫૩॥
લંપટ ચોર પાખંડી ધૂત, તેનો આદરમાન બહુત. ॥૪૫૪॥
સેવા સુકિત ન કરશે લોક, તજી સ્ત્રી ગણિકા શું ભોગ. ॥૪૫૫॥
ચતુર્વેદ બ્રાહ્મણ ભણે, તે નિત હિંડે અન્ન કારણે. ॥૪૫૬॥
બ્રીદ લોપી ખાસે પર ગ્રાસ, પાપે બુધ ન ઉપજે થાશે ત્રાસ. ॥૪૫૭॥
પ્રથમ રહેશ કરી આપે દાન, ત્યાં પછે ફીરી ગયા અમાન. ॥૪૫૮॥
કહ્યું શ્રી બુદ્ધે કલિ માંહે દારુણ પાપ, કન્યા વિકરો કરશે બાપ. ॥૪૫૯॥
સેવક તાકે સ્વામીની નાર, કહે કથા હોવે વિસ્તાર. ॥૪૬૦॥
ઐસો સુણો અમે આવ્યા આહાં, જાવું છે શ્રી કૃષ્ણ દેવ જહાં. ॥૪૬૧॥

અમ પર દયા કરી નર નાથે, આપણ ઈહાં રહો સહુ સાથે. ॥૪૬૨॥
કરો રાજ સુખ પાંડવ નરેશ, હોવે મુકિત વૈકુંઠ પ્રવેશ. ॥૪૬૩॥
મંદાકિની ગિરિ ઉત્તમ વાસ, ઈહા નહીં રાજા જેણે ત્રાસ. ॥૪૬૪॥
કર જોડી નૃપ ઋષિયોને વિનવ્યો, દર્શન તુમારો પાતક ગયો. ॥૪૬૫॥
મેં વચન પરતીત વિષ્ણુ શું કરી, તે કારણ રાજ તજી આવું નિસરી. ॥૪૬૬॥
મુનિ મન માંહે સમજાઈ પાયે, પરવત કૂર્મ પોહોતા જાયે. ॥૪૬૭॥
અતિ તેજ કોટ રવિ ઉદિત, અતિ મનોહર ઉપની ભ્રાંત. ॥૪૬૮॥
ઉપમા જાણું કી વૈકુંઠ ખડો, ત્રિભુવન અસ્ત નહીં દૂસરો. ॥૪૬૯॥
અતિ તેજ નહીં સૂઝે પંથ, ભકતાધિન શ્રી કમળા કંથ. ॥૪૭૦॥
દામોદર રૂપ હરિ લીયો, પાંડવને પંથ દીખાઈ લઈ દીયો. ॥૪૭૧॥
પૂજા કરી ચરણ પર ધરી શીશ, પૂર્ણ અદષ્ટ હુવા જગદીશ. ॥૪૭૨॥
શંભુ લિંગ તિનહી પૂજન અર્ચન કિનહી, ઉત્તરા પંથે પાંડવા ચાલવા નિસરીહી. ॥૪૭૩॥

પાંડવો ઋષિવર મુનિવરના સત્સંગમાં બેઠા હતા ત્યારે ઋષિવરોએ ધર્મરાજાને પૂછયુંઃ 'રાજન, સર્વ પ્રકારનું ઐશ્વર્યભોગ, ધનધાન્ય, સંપત્તિ, રાજ્ય, શ્રી, કીર્તિ, વૈભવ વગેરે સર્વ હોવા છતાં એ બધું છોડીને અહીં આવવાનું કારણ શુ ? એ બધાનો ત્યાગ કરીને કઠિન વૈરાગ્ય ધારણ કરીને અન્ન, વસ્ત્ર, ભોગ વર્જિત કરીને આ વલ્કલ કેમ ધારણ કર્યાં ?'

ઋષિવરોનો આ પ્રશ્ન સાંભળીને ધર્મરાજા બોલ્યાઃ 'હે મહાત્મા ગણો, હવે સાંપ્રત કલિયુગનો પ્રભાવ જગતમાં શરૂ થવાથી લોક સ્થિતિ ખૂબ બદલાયેલી છે. સર્વ દેવ મહાપ્રભુજી ગુપ્ત થઈને રહ્યા છે અને એ કારણે સન્માર્ગ દર્શનના અભાવથી અને બદલતી સ્થિતિને કારણે ધર્મ પ્રમાણે રાજય કરવું અતિશય કઠિન થયું છે. તેમજ કલિયુગની સ્થિતિ એવી વિપરીત છે કે લંપટ, ચોર, પાખંડી, જુગારી એમને અતિશય મહત્ત્વ અપાશે. તેમનો આદર સત્કાર માન મરતબો રખાશે. સત્કૃત્યો અને પૂજા અર્ચના સેવા એ કોઈ કરશે નહીં. સ્વ સ્ત્રીનો ત્યાગ કરીને ગણિકાને સાથે રાખી ઐશ્વર્ય ભોગ કરશે. કેટલાક બ્રાહ્મણોને પણ મુઠ્ઠીભર અન્ન માટે નિત્ય ઘેર ઘેર ફરવું પડશે. પ્રથમ દયા બતાવી દાન ધર્મ કરશે અને પછી દાનીપણાનો ગર્વ કરીને આપેલું દાન પાછું લેશે અથવા નાસંમત થશે. માતા-પિતા કન્યા વિક્રય કરશે, સેવક સ્વામીનીના અને સ્વામી સેવિકા દાસીના એવા અનૈતિક વ્યવહાર થશે વગેરે આ સર્વ કલિયુગ સ્થિતિનું વર્ણન ભગવાન શ્રી બુદ્ધે અમને કહ્યું તેથી એ અત્યંત ભયાનક એવા જઘન્ય કલિકાળમાં રહેવા કરતાં જ્યાં ભગવાન શ્રી કૃષ્ણ પ્રત્યક્ષ સ્વયં સિદ્ધ બિરાજમાન છે એવા વૈકુંઠધામમાં જવું ઉત્તમ છે તે જાણીને અમે અહીં આવ્યાં છીએ, તો અમને એ સન્માર્ગ બતાવો.'

ઋષિવરો બોલ્યાઃ 'સદ્ભકતો, આ તમે કહ્યું એ ખૂબ સાચું કહ્યું છે. કલિકાલ તમે કહો છો એ પ્રમાણે ભયાનક છે માટે હવે તમે અહીં જ સુખેથી રહો. બધાં જણ મળીને આનંદથી આ તપોવનમાં રાજય કરો, તપશ્ચર્યા કરો. આપણે બધા એકબીજાના આશ્રયથી રક્ષણથી અહીં રહીને ભગવાનની ભકિત અને યોગ સાધના કરીશું. અહીં ઉત્તમ પ્રકારનું પુણ્યકારક અને પાપ શોક રોગ નિવારક એવી મંદાકિનીનું સુશીતલ અમૃતોપમ જળ છે. આ ઉત્તમ પ્રકારની રમણીય સદૈવ ફૂલેલી ફળેલી એવી સુંદર વનશ્રી છે. હે રાજન, અહીં એક પણ પ્રાણી દુઃખી નથી. ફકત સુખનું આનંદનું સામ્રાજય અહીં છે. માટે તમે બધાં અહીં જ રહો.

ધર્મરાજા બોલ્યાઃ 'હે બ્રહ્મવૃંદ, તમે અમારા કરતાં જ્ઞાની તપસ્વી સંયમી છો. તમારું દર્શન થતાં જ અમારાં જન્મોજન્મનાં પાતક નિવારણ થયાં. તમને કંઈ કહેવું એવી અમારી પાત્રતા નથી, પણ અમે ભગવાન પાસે પ્રતિજ્ઞા કરી છે. ફકત ભગવાન પ્રાપ્તિ માટે આ દેહ રહ્યો છે. તેને કોઈ પણ પ્રકારનું ઐશ્વર્ય સુખની આસકિત નથી. આ દેહ છે ત્યાં સુધી અમારા દયાઘન પ્રભુની પ્રાપ્તિ કરી લેવી છે અને તેમના જ ચરણે આ દેહ રાખવો છે એ અમારી ઈચ્છા કામના છે. એ ધ્યેય થયા વગર અમને કયાંય રોકાવવું નથી. તમે અમને અહીંયાં રહેવા માટે આગ્રહ કરશો નહીં. જલ્દી અમને આગળનો માર્ગ દર્શાવો અને અમારા પર અનુગ્રહ કરો.'

ૠષિવરો મનમાં સમજી ગયા કે પાંડવો અહીં રહે તે બિલકુલ શકય નથી. માટે તેમને આગ્રહ કરવો યોગ્ય નથી. તેમણે તેમના પર અનુગ્રહ કરીને ઈશ્વર પ્રાપ્તિનો માર્ગ અને સાધનાના માર્ગનું અધ્યયન કરાવી આગળના માર્ગે વિદાય કર્યા.

ૠષિવરોનો પ્રેમનો સંદેશ લઈને પાંડવો કૂર્મ પર્વત જઈ પહોંચ્યા. કોટયાવધિ સૂર્ય ઉગે એ પ્રકારનું અત્યંત પ્રખર અને સુશીલ એ પ્રકારનું તેજ સર્વત્ર પ્રસરેલ તેમને દેખાયું. પ્રત્યક્ષ વૈકુંઠ જ અહીંથી શરૂ થાય છે એમ તેમને લાગ્યું. ત્રિભુવનમાં ત્યાંથી જ તેજ પ્રસર્યુ હશે એમ તેમને દેખાયું. એ તેજથી તેમને રસ્તો પણ સૂઝતો નહોતો. કેમ કરીને આગળ જવું છતાં પણ અત્યંત હર્ષિત થઈને ભગવાનની આરાધના કરીને માર્ગદર્શન માટે વિનવવા લાગ્યા.

ભકતાધીન ભગવાન દામોદરે પોતાનું સ્વરૂપ સગુણ સાકાર કરીને ભકતોને દર્શન આપ્યું અને આગળ ચાલીને તેમની પાછળ પાછળ આવવાનો સંકેત કર્યો. ભગવાનના એ સગુણ સ્વરૂપનું અનુસરણ કરીને પાંડવો ઊંચા એવા કૂર્મ પર્વતના શિખર પર ચઢવા લાગ્યા. ઉપર જઈને પહોંચતાં જ સદ્‌ભકતોએ ભગવાનના ચરણોમાં શિર નમાવ્યું. ત્યાં જ ભગવાને પોતાનું સ્વરૂપ ગુપ્ત કર્યુ. ફકત એક તેજનો ગોળો ત્યાં તેમને દેખાવા લાગ્યો. એ તેજસ્વી એવા શિવલીંગની પૂજા કરીને તેઓ આગળ ઉત્તર પંથે જવા લાગ્યાં.

હિમાંચલ ગિરિ ઉત્તુંગ અપાર, મહાવજ્ર વ્યાપક ધૂંધૂકાર. ॥૪૭૪॥
યોજન ત્રણ ગયા એટલે, દીઠા સુંદર સરોવર આયે,
તાહા પુષ્પ નાનાવિધના, તેની રચના કહી નવ જાયે. ॥૪૭૫॥
દ્રૌપદી કહે ભીમને, એ કમલ માલાનું મન છે મોયે,
મુને લાવી આપો સરોવરથી, મને નારાજ ના કરો સોયે. ।૪૭૬॥
ભીમ કહે કમલ કેમ લઈએ, જે ઈંદ્રના ગંધર્વ કરે રક્ષાયે,
તે લેતાં યુદ્ધ થાશે સહી, એ લીધું આપણું સત્ જાયે. ॥૪૭૭॥
દ્રૌપદી કહે આશ પુરાવે મનની, જો હોય મારા ભ્રાત,
વજ્રવાયક સાંભળી, ત્યાં ભીમને ઉપની દાહ. ॥૪૭૮॥
પણ સતી તે કેણે કહે, અને કેવા સામી જોગ,
પછે ભીમે કમલ ફૂલ લીયાં, દેખત ગંધર્વ પામો સોગ. ॥૪૭૯॥
યુદ્ધ કરવા સર્વે આવીયા, અને મલી ગંધર્વ જેહ,
શું મતા છે બાપની ? જે માગ્યાં ના કેમ લેવાય. ॥૪૮૦॥
ક્રોધ કરીને સર્વે પાટવે, ભીમસેન ઊભા જોયે,
પણ અર્ધુ અંગ વજ્રનું, તે ના ગણે ઘણનો ઘાયે. ॥૪૮૧॥

પછે ભીમે હાથ વાવરા, નાસી ગયા ગંધર્વ જેહ,
ઈંદ્ર આગળ જઈને, કરી ફરીયાદ તેહ. ॥૪૮૨॥
અમે કમલોની રક્ષા કેમ કરીએ, અને સુરપતિ મહારાજ,
કુંતીના સુત ભીમ છે, તેણે કમળ લીધાં આજ. ॥૪૮૩॥
અમે યુદ્ધ કર્યું સહી, પણ ન ચાલ્યું લગાર,
સુરપતિ કહે ચિત્રસેનને, અને ગંધર્વ શું વિચાર. ॥૪૮૩॥
પ્રણામ કરીને પૂછજો, તેડે સુરપતિ રાયે જન,
ઈચ્છા એ પધારીયો, તે કહ્યું છે સુરભુવન. ॥૪૮૫॥
સમાચાર જઈ કહેજો, અમ સરીખું હોયે કાજ,
સુરપતિએ કહાવીયું છે, તમે ક્ષમા કરજો આજ. ॥૪૮૬॥
તાહા ધરમ કહે અમે અનઘટતું કર્યું, તે ક્ષમા કરજો સહી,
અમને હિમાલયે જવું છે, તે માટે રેવાય નહીં. ॥૪૮૭॥
વચન એવાં સાંભળીને, ગંધર્વ લાગ્યો પાયે,
જે ભેટ આપી સુરપતિએ, તે મોકલી હતી તાહે. ॥૪૮૭॥
મણિ કનકનો હાર આપ્યો, અને દ્રૌપદી શું જેહ,
પ્રણામ કરીને વળ્યો પાછો, અને ચિત્રસેન તેહ. ॥૪૮૯॥

હિમાલયના ઊંચા શિખર ચઢતી વખતે હિમ ધુમ્મસના કારણે બિલકુલ દેખાતું નહોતું. મધ્યરાત્રીની જેમ સર્વત્ર અંધકાર પ્રસરેલો દેખાતો હતો. જેમ તેમ તે છએ જણ ત્રણ યોજન સુધી જતાં જ તેમને એક અતિશય સુંદર એવું સરોવર દેખાયું. અત્યંત નીલવર્ણના એ સરોવરનું પાણી દૃષ્ટિમાં પડતાં જ પાંડવોને અતિશય આનંદ થયો. સરોવરના કાંઠે સુંદર સુગંધી ફૂલ ઝાડ ખીલેલાં હતાં. બધા સૌંદર્યમાં વિશેષભર સરોવરમાં નીલકમળોની પડતી હતી. એ કમળ જોતાં જ દ્રૌપદીનું મન મોહિત થયું. તેણે ભીમને કહ્યું: 'મહારાજ, આ જુઓ કમળ કેટલાં સુંદર મનમોહક છે. અત્યંત નયનરમ્ય એવાં આ નીલકમળોની માળા પહેરવાની મારી ખૂબ ઈચ્છા થઈ છે. માટે એ ફૂલ મને લાવી આપો. તમે મને નારાજ નહીં કરો અને વિશ્વાસથી લાવી આપશો એટલા માટે તમને વિનંતી કરું છું.'

દ્રૌપદીની વાણી સાંભળીને ભીમને આશ્ચર્ય થયું. એ બોલ્યો: 'સતી, તું એ ફૂલોની આસકિત કેમ કરે છે, તને ખબર પણ છે કે એ કોના માલિકીનાં ફૂલો છે ! હે દ્રૌપદી, પ્રત્યક્ષ દેવરાજ ઈંદ્રનું આ ક્રીડા સ્થાન છે. ઈંદ્રએ આ પુષ્પવાટિકાના રક્ષણાર્થે ગંધર્વો નીમેલા છે. એ કમળ લેવાં એટલે ગંધર્વો સાથે યુદ્ધ કરવું પડશે તેમજ આપણે તો આસકિતનો ત્યાગ કરીને મુકિત માર્ગે લાગ્યાં છીએ તેથી આ ક્ષુલ્લક ફૂલોની આસકિતમાં બધ્ધ થયાં તો આપણું સત્ત્વ જશે.'

ભીમના કહેવા તરફ દુર્લક્ષ કરીને દ્રૌપદીએ કહ્યું: 'મારો પ્રિય બંધુ શ્રી કૃષ્ણ મારા મનની બધી કામના પૂરનારો હતો.'

આ વજ્રપ્રાય વાણી સાંભળીને ભીમને ખૂબ દુઃખ થયું. દ્રૌપદીના મનની હોશ પૂરી કરવા તેણે પ્રાપ્ત પ્રસંગ સાથે મુકાબલો કરવાનો નિર્ધાર કર્યો. તેણે સરોવરમાં કૂદકો મારી ઝપાટાથી કમળ પુષ્પો કાઢવાની શરૂઆત કરી. ગંધર્વોએ ભીમને જોતાં જ પોતાનાં શસ્ત્રો ઉપાડીને તેની પાસે દોડી આવ્યા.

ગંધર્વોએ ભીમને કહ્યું; 'હે બલવંત વીર, તે ઉદ્ધતપણે અમને ન પૂછતાં ફૂલોને હાથ લગાવ્યો માટે દેવેન્દ્રનો ગુનેગાર થયો છે. હવે પહેલાં અમારી સાથે યુદ્ધ કર અને મરવા માટે તૈયાર થા. આ ફૂલ કંઈ તમારાં રાખેલાં નથી. પરવાનગી વગર બીજાની વસ્તુને હાથ લગાવવાથી શું પરિણામ આવે છે એ તને જલ્દી જ સમજાશે.'

ગંધર્વોના એ ઉન્મત્તપણાના બોલ સાંભળીને ભીમને ખૂબ ગુસ્સે આવ્યો. તે ત્યાં જ સીધો ઊભો રહ્યો અને મોટેથી હાથવાર કરીને તેણે યુદ્ધ માટે હસ્ત થાપટયા. ગંધર્વો અને ભીમ વચ્ચે યુદ્ધ શરૂ થયું. ગંધર્વોએ પોતાના શસ્ત્રાશસ્ત્ર ભીમ પર ફેંકયાં પણ વજ્રવેદી ભીમ પર તેની કોઈ પણ અસર થઈ નહીં. ગંધર્વો પાસેનાં બધાં શસ્ત્રો ખતમ થઈ ગયાં.

છેલ્લે ભીમે કૂદકો મારીને મલ્લ યુદ્ધનો પેચ નાખતાં જ ગંધર્વો બીકથી થરથર કાંપતા ભાગી ગયા. ઈંદ્ર પાસે જઈને તેમણે કહ્યું કેઃ હે સુરપતિ મહારાજ, આપણા સરોવરનાં નીલકમળોનું રક્ષણ કરતી વખતે અમારું કંઈ પણ ન સાંભળતાં કુંતીપુત્ર ભીમે ઉદ્ધતપણે ફૂલ તોડયાં. અમે ભીમની સાથે યુદ્ધ કર્યુ પણ ભીમની આગળ અમારું કંઈ બળ ચાલ્યું નહીં. હવે અમે કમળ ફૂલોનું રક્ષણ કઈ રીતે કરીએ ?

સુરપતિએ ગંધર્વોની હકીકત સાંભળીને ગંધર્વરાજ ચિત્રસેનને બોલાવ્યો અને તેને કહ્યુંઃ 'ચિત્રસેન, તું પોતે એ જગ્યાએ જઈને પાંડવોને મારો સંદેશ જણાવ કે અમારાથી આતતાયીપણું થયું માટે તેમની ક્ષમા માગીને તેમને બધાંને સુરપતિએ સ્વર્ગમાં બોલાવ્યાં છે એમ કહીને અહીં લાવ.'

ઈંદ્રની આજ્ઞા સાંભળીને જ ચિત્રસેન પાંડવો પાસે ગયો. થયેલા કૃત્ય માટે ક્ષમા માગી અને ઈંદ્રરાજાનો સંદેશો કહ્યો.

એ સાંભળીને ધર્મરાજા બોલ્યાઃ 'હે ચિત્રસેન, સાચું જોઈએ તો તમારું આતતાયીપણું નથી પણ અમારાથી જ આ અયોગ્ય કૃત્યુ થયું છે માટે તમે જ અમને ક્ષમા કરો. દેવરાજાનો સંદેશ અમને મળ્યો. મન અત્યાનંદથી ભરાઈ ગયું, પણ ભગવાન શ્રી કૃષ્ણ ચરણે વૈકુંઠમાં જવું છે એવો અમે નિશ્ચય કર્યો હોવાથી અમને સ્વર્ગીય ઐશ્વર્ય ભોગમાં રહેવું નથી. તમારી આજ્ઞા મર્યાદાનું ઉલ્લંઘન કર્યા બદલ ક્ષમા કરો. ઈંદ્રને અમારા પ્રેમ ભર્યા પ્રણામ કહેજો અને અહર્નિશ અમારા પર કૃપા દૃષ્ટિ રહે એવી પ્રાર્થના પહોંચાડજો.

ધર્મરાજાનું કરુણાર્દ્ર હૃદય જાણીને ચિત્રસેનને ખૂબ જ હેત આવ્યું. એ ધર્મરાજાના ચરણે નમન કરીને ધન્યવાદ આપવા લાગ્યો. દેવરાજાએ પાંડવોને આપવા માટે જે અમૂલ્ય ભેટ આપી હતી એ ચિત્રસેને પાંડવોના ચરણે અર્પણ કરી.

ધર્મરાજાએ તેનો સહર્ષ સ્વીકાર કરીને શિરોધાર્ય માનીને પાછી ચિત્રસેનને આપી અને બોલ્યાઃ 'અમને હવે આવા બહુમૂલ્ય ઉપહારનું શું કર્તવ્ય છે ? આ તમે અમારા પિતૃતુલ્ય દેવરાજાના સંગ્રહે રહેવા દો.

ચિત્રસેન બોલ્યોઃ 'ઠીક છે પણ તેમના પ્રેમની યાદ માટે તેમના આ સ્મરણાર્થે દ્રૌપદીને આ મણિરત્નનો હાર સૌભાગ્ય લક્ષણ માટે અર્પણ કરીએ છીએ તેનો સ્વીકાર કરો એમ કહીને ચિત્રસેને એ હાર દ્રૌપદીને આપ્યો અને પછી ત્યાંથી ચિત્રસેન પાછો ફર્યો અને પાંડવોએ આગળના માર્ગે જવા પ્રસ્થાન કર્યું.

મહાગંધમાદન પર્વત માંહે, વનસ્પતિ ભાર અઢાર,
નારીયેલ કેળ શોભતી, ત્યાં સોપારીનાં ઝાડ. ॥૪૯૦॥
કેરી કોઠી કરમદાં, અને જાંબુ બુલર સોયે,
પવનો ફળ પડે ત્રુટી, કાચાં પાકાં જોયે. ॥૪૯૧॥

દાડમ દરાખ બદામ, ખારેક ને ખજુર,
આંબા ને આંબલી, તે પાકી છે ભરપૂર. ।૪૯૨।।
આગળ વન આક્રોડના, અને ભીલામા કાજુ સોહાય,
કડા અને ફણસ પીસ્તા કહીયે તેણી ઠાય. ।।૪૯૩।।
વન જાલ મોટી આવે, સુખડ ચંદનગિરિનાં વન,
લવિંગ એલચીને જાવંત્રી, તે જુએ રાયે જન. ।।૪૯૪।।
જાયફલ ને ડમરો મરવો, અને તમાલપત્રનાં પાન,
તેહે તાહા અતિ ઘણા, તે કરે શોભાયમાન. ।।૪૯૫।।
બિજોરાને નારંગી નાગરવેલ, એવાં તરુવર અતિ લહેરાય,
તાહા વનસ્પતિ દીસે ઘણી, તેની શોભા કહી નવ જાય. ।।૪૯૬।।
ઘણું બોલે પપિહા ઉઠ શોર, કોયલ ટહુકા કરે,
અને ચાત્રુક બોલે મોર, શોભાનો નહીં પાર રે. ।।૪૯૭।।
પોપટ સૂડા અતિ ઘણા, વનમાં કલ્લોલ જ થાયે,
તાહાં સરોવરે બગ હંસ ફરે, તે ધર્મ ઊભા જોયે. ।।૪૯૮।।
તાહાં દિવસ પાંચ વસા પાંડવ, દેખી વનની શોભાયમાન,
મહા ગંધમાદનથી ઉતરા, એટલે આવી ત્યાં મેરુની સંધ. ।।૪૯૯।।

પાંડવો ત્યાંથી આગળ નીકળીને મહાગંધમાદન પર્વત પર ચઢવા લાગ્યા. મહાગંધમાદન પર્વતની શોભા અત્યંત રમણીય હતી. અઢાર ભાર વનસ્પતિ એ પર્વતની વનરાઈમાં હતી. નારિયેળી, કેળ, સોપારી, જાંબુ, ઉંબરા વગેરે ફળ ઝાડોના જાણે બગીચા ને બગીચા કોઈએ લગાવ્યા હોય એ પ્રકારના ઘટાટોપ બાગ ત્યાં પ્રસરેલા હતા. પવનના હિલોળાથી અનેક કાચાં પાકાં ફળ તૂટીને જમીન પર તેની વૃષ્ટિ થતી હતી. દાડમ, દ્રાક્ષ, બદામ, ખારેક, ખજૂર, આંબો, આમલી, ચીકુ વગેરે ફળ ઝાડ અને પાકેલાં ફળ સર્વત્ર દેખાતાં હતાં.

આ વનોની શોભા જોતા જોતા અને વનફળોનો આહાર કરતા કરતા પાંડવો આગળ ચાલ્યા જતા હતા. આગળ આક્રોડ, ભીલામા, કાજુ, કમળ કાકડી, ફણસ, પિસ્તા વગેરે મેવાનાં વૃક્ષોનાં વન હતાં. ત્યાંથી થોડે આગળ ગયા પછી સુગંધી એવાં ચંદન પારિજાત વગેરે સુગંધી વૃક્ષોનાં વન ઓળંગીને પાંડવો આગળ જવા લાગ્યા. આગળ તેમને લવીંગ, ઈલાયચી, જાવંત્રી, જાયફળ, તમાલપત્ર, ડમરા, મરવા વગેરે મસાલાનાં ઝાડોનાં વન આવ્યાં. તે ઓળંગીને ગયા પછી એમને નાગરવેલ, સંતરા, મોસંબી, નારંગી વગેરે વનસ્પતિ જોઈને મનમાં ખૂબ આનંદ થયો. બધી રીતની વનસ્પતિ અત્યંત શોભાયમાન દેખાતી હતી.

કોકિલા, મોર, ચાતક, પોપટ વગેરે પક્ષીઓનું મધુર ગુંજન મનને અતિશય ઉલ્હાસિત કરતું હતું. સર્વત્ર સુમધુર અમૃતાપમ પાણીનાં સરોવરો દેખાતાં હતાં. તેમના કિનારા પર હંસ બગલા વગેરે પક્ષી સ્વચ્છંદે વિહરતાં હતાં. આ સર્વ વનશ્રીની શોભા જોઈને બધાનાં હૃદય પુલકિત થયાં. પાંચ દિવસ સુધી રોકાઈને પાંડવોએ ગંધમાદન પર્વતની શોભા નીરખ્યા કરી. પછી એ પર્વતની નીચે ઉતરવા લાગ્યાં. ગંધમાધન પર્વત ઉતરી ગયા પછી અતિશય ઊંચો જ ઊંચો એવો સીધો મેરુ પર્વત આવ્યો. અત્યંત પરિશ્રમે એ છએ જણ એ મેરુ પર્વત ચઢવા માટે સિદ્ધ થયાં.

પાંચ પાંડવોને છઠ્ઠી સતી નાર, તે મેરુ શિખર ગઢ ચઢે નિર્ધાર. ॥૫૦૦॥
પ્રેમભક્તિની વાર્તા તે મનમાં ધરે, મન સાથે હરિ શું ધ્યાન જ ધરે. ॥૫૦૧॥
હવે શીતળ વાયુ વાય ને, ચાલી ન શકે ચરણ,
યોજન એક ચાલ્યા ત્યાં સતી પડયાં પૃથ્વી ધરણ. ॥૫૦૨॥
અર્ધે પંથે સહુ આવ્યાં જેટલે, અને સતી દ્રૌપદી ઢળી પડયાં તેટલે. ॥૫૦૩॥
પ્રાણ ચાલ્યા નિસરી, અને સુખવંત થઈ તે સોય,
રુદન કરે પાંચે વીર, પડયો સતીનો વિયોગ. ॥૫૦૪॥
તાહાં ધર્મ કહે રાણી ઊઠો, જાવું છે વેગળે પંથ,
સંઘ જે ત્યજી નહીં, તે ત્યજી કેમ ગયાં કંથ. ॥૫૦૫॥
અર્જુનનો વરવા કારણ થાયે, અને સાથે લેવા વન,
ભીમસેન સાદ કરે, મેં મૂકાવી અલમસ્તીથી સતી જન. ॥૫૦૬॥
તે પ્રીત કેમ સાંભરે નહીં, પૃથ્વી પડીયાં સતી નાર,
અર્જુન ગાટા કાઢી રુદન કરે, અને ગૌરી તણા ગુણ ગાય. ॥૫૦૭॥
સહુ કોઈ જાણે છે અર્જુન શું, અધિક પ્રીત વિચાર,
ધરણી કેમ ઢળી પડયાં, સતી જન મહા સાર. ॥૫૦૮॥
નકુળ વર્ણવે ગુણ સતીના, સમરે છે જેહ,
આજ કેમ પ્રીત છોડી, દીધી છે તેહ. ।૫૦૯॥
સહદેવ સાધનો દુઃખ એ, દીધું ન ઘટે સતી પાવન,
હવે અમ રહુ કોને આશરે, સતી વિચારોને મન. ॥૫૧૦॥
પણ દુઃખદ કાળ આવીયો, સર્વનો દ્રૌપદી પડયાં ત્યાંય,
હવે ધર્મરાય વાળે સહુ ભ્રાતને, જે હરિ કરે સો હોય. ॥૫૧૧॥
અમર કોઈ છે નહીં, સંસારનો ખોટો સંગ,
કાળ કોઈને મૂકે નહીં, મનુષ્યની એવી રીત. ॥૫૧૨॥
હવે રાજા કહે સહદેવનો, સંબંધ જેટલો હોય,
રાજા યુધિષ્ઠિર વાણી વદે, સતી ગળ્યાં કેમ જોય. ॥૫૧૩॥
સહદેવ કહે રાયજી, પાર્થ ઉપર સદા મન,
એ કર્મ નડયું એમનો, ઢળ્યું સતીનું તન. ॥૫૧૪॥
ક્ષમા કરી રાય સતી દેહ પાસે જાય, દેખી સતીને બહુ દુઃખીયા તે થાય. ॥૫૧૫॥

અત્યંત ઊંચો સીધો ઊભો એવા મેરુ પર્વત પર પાંચેય આગળ અને તેમની પાછળ સતી દ્રૌપદી એમ ઉપરને ઉપર ચઢવા લાગ્યાં. અત્યંત નિર્ધારથી સંકટનો મુકાબલો કરતાં કરતાં તે ચાલતાં હતાં. સર્વત્ર હિમ ધુમ્મસ પ્રસરેલું, સૂર્ય કિરણોનું નામ

નિશાન પણ નહોતું, અવિરત બરફનો પવન વહેતો હતો, સતત હિમવર્ષા થતી હતી અને એ સંકટમાંથી માર્ગ કાઢવા પરમેશ્વરનું સ્મરણ કરતાં મનોમન તેમનું ધ્યાન ચિંતન સ્મરણ કરતાં કરતાં આગળ ચાલતાં હતાં.

એ મેરુ પર્વત પર પૂર્ણ એક યોજનભર ચઢી ગયા પછી દ્રૌપદીના શરીરમાં અશકિત આવવા લાગી. તેનાથી એક પગલું પણ આગળ નંખાતું નહોતું. અતિશય ઠંડીથી એ થરથરતાં દ્રૌપદીએ પોતાનો દેહ જમીન પર મૂકયો. પોતાના પાંચેય પતિઓને સાદ મારીને દ્રૌપદીએ પાસે બોલાવ્યા. પાંચેય પતિઓને વંદન કર્યું અને ભગવાન શ્રી કૃષ્ણનું સ્મરણ ધ્યાન કરતાં કરતાં દ્રૌપદીની પ્રાણ જ્યોતિ નિજ ધામમાં પ્રયાણ કરી ગઈ. દેહ ત્યાં જ પડી રહ્યો. પાંચેય ભાઈ અત્યંત શોકાતુર થઈ ગયા. સતી દ્રૌપદીના નિસ્તેજ પણ શાંત વદન તરફ જોઈને પાંચે જણા મોટે મોટેથી વિલાપ કરીને રડવા લાગ્યા.

ધર્મરાજા બોલ્યાઃ 'હે સતી ઉઠ ! તારાથી આ માર્ગ સહન ન થતો હોય તો આપણે અલગ માર્ગેથી જઈશું, પણ અહીં રોકાઈશ નહીં. અહીં સુધી અમારી સાથે આવીને હવે અમારો સંગ છોડીને એકાએક જ કેમ ચાલી ગઈ !

ભીમ બોલ્યોઃ 'હે દ્રૌપદી, અર્જુન તને જીતીને વર્યો પણ માતાની આજ્ઞા શીરોધાર્ય માનીને તે પ્રેમથી પાંચેય પતિની સેવા કરીને જગતથી અલગ સત્ત્વ રાખ્યું. વનથી તે દૈત્ય સુધીના બધા પ્રસંગ યાદ કરીને ભીમ મોટે મોટેથી વિલાપ કરીને સતીના ગુણ ગાવા લાગ્યો.

અર્જુન બોલ્યોઃ 'હે સતી શિરોમણિ ! અત્યંત પ્રેમથી તે અમારી બધાંની સેવા કરી અને સંપૂર્ણ સુખદુઃખના પ્રસંગે છાયા પ્રમાણે સાથે રહીને તેનો ભાર સહન કર્યો અને આજ અમને છોડીને કેમ વિદાય થઈ ગઈ, આજ અમારા પરથી પ્રીતનું છત્ર કેમ કાઢી લીધું ? નકુલ, સહદેવ પણ અત્યંત શોકાકુલ થઈ દ્રૌપદીના ગુણ યાદ કરી રડવા લાગ્યા. પાંચે ભાઈઓ આ પ્રમાણે અપાર શોકસાગરમાં ડૂબી ગયા.

સારો એવો સમય થયા પછી છેલ્લે ધર્મરાજાએ બધા ભાઈઓને સમજાવીને કહ્યું: 'બંધુઓ, આ જગતમાં અમર તો કોઈ પણ નથી. જગતનો સંગ એ મિથ્યા છે. કાળ કોઈને પણ છોડશે નહીં. સર્વ પ્રાણીમાત્ર કાલ ગતિના ચક્રમાં સપડાયેલાં છે. જ્યાં સુધી સતીનો અને આપણો ઋણાનુબંધ હતો ત્યાં સુધી તે આપણા સંગમાં હતી પણ આજ તે સંગ કાળના યોગે પૂર્ણ થયો, પરંતુ આત્મા તો અજર અમર છે, એ કદી નષ્ટ થનાર નથી. પણ હે સહદેવ, સતી દ્રૌપદી આપણા પહેલાં કાળને સ્વાધીન થઈ એનું કારણ શું હશે ?

સહદેવ બોલ્યોઃ દ્રૌપદી ખરેખર જ મહાસતી હતી. બધા સાથે તેનું પ્રીતનું વર્તન હતું પણ અર્જુને તેને સ્વયંવરમાં જીતી હોવાથી અર્જુન પર તેને વિશેષ પ્રીતિ હતી. આ પક્ષપાતના કારણે સતીને અહીં પહેલાં દેહ છોડવો પડયો. ભગવાન શ્રી કૃષ્ણ પર તેને અત્યંત ઉત્કૃષ્ટ પ્રેમ હતો માટે તે તેમના ચરણે લીન થઈ. થનાર ભાવી ઘટનાઓને કોઈ ટાળી શકતું નથી. મહાસતી દ્રૌપદીના આત્માને શાંતિ મળે એટલા માટે આપણે બધા તેના હાથે જાણ્યે અજાણ્યે થયેલા દોષ કર્મની ક્ષમા માગીએ અને આગળના પ્રયોજનની તજવીજ કરીએ.

તે નારી પાસે જઈ બેઠા સહુ કંથ, ત્રાહે ત્રાહે શ્રી ભગવંત. ॥૫૧૬॥
હાથ ઘસીને હલાવે શીશ, અને સ્ત્રી વિના કર્યા જગદીશ. ॥૫૧૭॥
નારી વિના જે પુરુષ હોયે, અને મરવા સમો ગણવો જોયે. ॥૫૧૮॥
નારી વિના સુખ એકે ના હોય, નારી વિના ઘર સૂનું જોયે. ॥૫૧૯॥

નારી વિના કોઈ ન કરે વિશ્વાસ, નારી વિના પુરુષ તણી ન પોચે આશ. ॥૫૨૦॥
નારી વિના સગું કોઈ ઘેર ન આવે, નારી વિના લંપટ સર્વે કહાવે. ॥૫૨૧॥
નારી વિના એકે ધર્મ ન રહે, નારી વિના સહુ અપરાધી કહે. ॥૫૨૨॥
માતાપિતા સહોદર વીર, નારી વિના કોઈના પાવે નીર. ॥૫૨૩॥
નારી વિના સકળ લોક પરહરે, વણવિચારી નારીની નિંદા કરે. ॥૫૨૪॥
નારી વિના આભૂષણ કેસો, સૂકે લાકડે શોભે જેસો. ॥૫૨૫॥
નારી વિના કોયે પાસે ના રહેવાયે, પાંચે વીર કરે છે હાયે હાયે. ॥૫૨૬॥
ભીમ કહે સાંભળીયે મહારાજ, અર્ધે પંથે કેમ ખૂટયો કાળ. ॥૫૨૭॥
શ્રી હરિ તણાં ન દીઠાં ચરણ, કોણ પાપથી પામી મરણ. ॥૫૨૮॥
કહે યુધિષ્ઠિર સાંભળો વીર, કર્મભોગ તે ભોગવવું પડે છે સધીર. ॥૫૨૯॥
વનમાં ભૂમિ દાગ દઈ ગયા, સતી વિયોગે અતિ દુઃખીયા થયા. ॥૫૩૦॥
પાંચે વીર પછે ઊભા થયા, કરી સ્નાનને માર્ગે ચાલીયા. ॥૫૩૧॥
પાંડવ પાંચાલી મૂકી ગયા, નારી વિયોગનું દુઃખ સમાવી રહ્યા. ॥૫૩૨॥
વનમાં આગળ નિસર્યા ભ્રાત પાંચે નિરધાર, અતિ શીત વ્યાપે જાયે સત્‌નો આધાર. ॥૫૩૩॥
શોક સમાવી ચાલ્યા રાયે, કૈરાત ગિરિ પોહતા આયે. ।૫૩૪॥
કૈરાતકેશ્વરની પૂજા કરી, તત્ક્ષણ વીર ચાલ્યા નીસરી. ॥૫૩૫॥
ચંદ્રકાન્ત ગિરિ શ્વેત શીતલ, ઉદિત તેજ નિર્મલ શશીકલ. ॥૫૩૬॥
માર્ગે ચાલ્યા જાયે વીર, સ્મરણ કરતા શ્યામ શરીર. ॥૫૩૭॥

સતી દ્રૌપદીના દેહની આજુબાજુ બેસીને પાંચેય જણ શોક કરતા હતા. ત્રાહીત્રાહી કરીને ભગવાનની આરાધના કરતા હતા. યુદ્ધમાં પરાજિત થયેલા એકાદ દુર્દૈવી વીર પ્રમાણે હાથ ઝાટકતા અને ભૂમિ પર શિર પછાડતા હૃદય વિદારક શોક કરતા હતા. સતી દ્રૌપદીના ગુણ યાદ કરીને તે બોલતા હતા કેઃ 'હે જગદીશ્વર, આજ તે જાણી જોઈને અમારો પ્રાણ જ હરણ કર્યો. અમે ચૈતન્ય શકિત રહિત થયા. સતી નારી વિરહિત જે પુરુષ છે તે ચૈતન્ય રહિત દેહ પ્રમાણે જાણવો. નારી સિવાય ગૃહસ્થને સુખ મળતું નથી, નારી સિવાય ઘર શૂન્યવત લાગે છે, નારી વિરહિત મનુષ્યોનો કોઈ પણ વિશ્વાસ કરતું નથી, નારી સિવાય ગૃહસ્થથી આશા પૂર્ણ થતી નથી, નારી વગર સંબંધ જોડાતા નથી, નારી વિરહિત ગૃહસ્થ જગતની દૃષ્ટિમાં લંપટ ગણાય છે, નારી સિવાય ધર્મ, અર્થ, કામ, મોક્ષ વગેરે કોઈપણ પુરુષાર્થ સાધ્ય થતા નથી. નારી રહિત ગૃહસ્થના હાથે સમાજમાં અપરાધ થવાનો સંભવ રહે છે, સમાજ દૃષ્ટિથી એ ગુનેગાર ઠરે છે, નારી સિવાય સંસારમાં ઐશ્વર્ય નથી, કુટુંબમાં માતા પિતા સહોદર હોય તો પણ ગૃહસ્થની બધી મનોકામના સતી સાધ્વી સ્વસ્ત્રી સિવાય પૂર્ણ તૃપ્ત થઈ શકતી નથી, નારી સિવાય કોઈપણ પાણી પણ આપવાનું સૌજન્ય બતાવતું નથી, સતી સાધ્વી પ્રેમાળ સ્ત્રીના સંગતીમાં જ ગૃહસ્થનો સંસાર સુખી થાય છે, અવિચારી વિષય લંપટ વિકારી લોભી નર પશુ જ નારીની નિંદા કરે છે, નારી ગૃહસ્થ ધર્મનો અમૂલ્ય એવો અલંકાર છે, નારી વિરહિત ગૃહસ્થાશ્રમ એટલે ખાલી પાન-ફળ વગરના વૃક્ષ પ્રમાણે જાણવો. હે ભગવાન ! આજ અમે સતી નારી સિવાય એવા પારકા થયા છીએ. હવે અમારી ખબર અંતર દેખભાળ કોણ કરશે ? સુખ દુઃખમાં સહભાગી થયાં અને આજ સતીનું દુઃખ અમને ભોગવવું પડયું છે.

'ભીમ બોલ્યાઃ 'હે ભ્રાતા, હવે શું કરવું. ભગવાન પાસે જઈને મોં કંઈ રીતે બતાવવું ? આપણે અનેક પ્રસંગે યુદ્ધ કરીને સતીનું રક્ષણ કર્યું પણ આજ કાળની સામે આપણે હાર્યા. સતીના એવાં કયાં અદૃષ્ટ કર્મ હશે કે તેને અકાળે મૃત્યુ થયું ?

યુધિષ્ઠિર બોલ્યાઃ 'ભીમ, પ્રત્યેક પ્રાણીમાત્રને પોતપોતાનો કર્મ ભોગ પ્રાકૃત અનુસાર ભોગવવો પડે છે. નિયતિના આ કાર્યમાં કોઈ ફેરફાર કરવા માટે સમર્થ નથી. શ્રી હરિ ચરણ પ્રાપ્તિ સિવાય મહાસતી દ્રૌપદી દેવીનું મૃત્યુ આવ્યું માટે અઘટિત લાગે છે પણ તેનાથી આપણો કોઈ ઉપાય નથી.'

સતીના વિયોગથી અત્યંત દુઃખી થઈને બધા રુદન કરતા હતા. છેલ્લે તેમણે દ્રૌપદીના દેહને ભૂમિદાગ આપી સ્નાન કર્યું. સતીના વિયોગનું મહાદુઃખ હૃદયમાં રાખી એમને આગળને માર્ગે પ્રયાણ કર્યું. સતી દ્રૌપદી વગર ભૂલ્યા ભૂલ્યા જેવું તેમને લાગતું હતું. દ્રૌપદીનો વિરહ તેમનાથી સહન જ થતો નહોતો. દેહથી તેઓ ચાલતા હતા પણ જીવ સતીની યાદમાં લાગી રહ્યો હતો. સતીના વિયોગથી ખૂબ દુઃખ લાગી રહ્યું હતું.

પછી અંતિમ નિર્ધારથી આગળનો માર્ગ કાપવા લાગ્યા. આગળ અધિકાધિક ઠંડી વ્યાપેલી હતી. સત્યનો આધાર જશે કે શું એમ લાગતું હતું. મનમાં શોક સમાવીને આગળ ચાલતાં ચાલતાં પાંડવો કિરાતગિરિ પર જઈને પહોંચ્યા. કૈરાતકેશ્વરની પૂજા કરીને પાંડવો આગળ જવા લાગ્યા. ચંદ્ર કિરણ પ્રમાણે સુશીતલ અને અત્યંત તેજસ્વી એવા એ પર્વતનું શિખર ચઢતાં તેના ઉપર જાણે અસંખ્ય ચંદ્રોદય થાય એ પ્રમાણે સર્વત્ર શ્વેત શિખરનું તેજ પ્રસરેલું હતું. એ આધારથી ચઢતા અને ભગવાનનું નામ સ્મરણ ચિંતન ધ્યાન કરતા કરતા પાંચેય જણ આગળ ચાલ્યા જાય છે.

યોજન પચીસ ગયા જેટલે, નકુલ ગળી પડયા તેટલે. ॥૫૩૮॥
પાયે પ્રિથમી ટકે નહીં જોયે, અને હિમાચલ આવો સોયે. ॥૫૩૯॥
પાસે વીંટીને બેઠા રે ભ્રાત, હવે દીનાનાથ આ શું થયું ઉત્પાત. ॥૫૪૦॥
રુદન સહુ કરે ને સંભારે વીર, સૂતા ના રહીયે ભ્રાત સધીર. ॥૫૪૧॥
આજ તે ન ઘટે મહા રણધીર, રણ માંહે રથીયો સધીર. ॥૫૪૨॥
લાકડવાયો વર્ણાગી બંધવ જેહ, અને માર્ગે મરણ પામ્યો તેહ. ॥૫૪૩॥
પૂછે ભીમ ભાઈ યુધિષ્ઠિર સુણો, કોણ પાપે એ ભાઈ નકુળ ઢળ્યો. ॥૫૪૪॥
એનું પરાક્રમ શું કહું ઘણું, ગુણ અને રૂપ ન જાયે કળ્યું. ॥૫૪૫॥
યોદ્ધા માંહે યોદ્ધો સાર, કોણ પાપે પડયો હિમ મોઝાર. ॥૫૪૬॥
માતાને વહાલો હતો તે ઘણો, બળવાન હતો પણ ન થાતો છતો. ॥૫૪૭॥
અર્ધે પંથે કેમ પામ્યો મરણ, તે મુજને સંભળાવો કારણ. ॥૫૪૮॥
પૂર્વ જન્મનું લાગ્યું પાપ, ગયો નકુલને થયો સંમોહ. ॥૫૪૯॥
કહે ભાઈ યુધિષ્ઠિર સુણજો રાયે, નકુળના મરણની કહું કથાયે. ॥૫૫૦॥
એનો રૂપ તણો ગર્વ હતો ઘણો, તે કારણ તે વનમાં ગળ્યો. ॥૫૫૧॥
બળવંત હતો બંધવ જેહ, અકાળ અજાણ્યો રહ્યો તેહ. ॥૫૫૨॥

મહા પરાક્રમી પૂર્ણ કહાવે અતિ, શૂરા માંહે તે શૂર મહારથી. ॥૫૫૩॥
મૂકો સર્વે નકુલની વાત, કરી સ્નાનને ચાલ્યા ભ્રાત. ॥૫૫૪॥
નાનો જાણીને ન કેતા કાજ, ગુણ ગંભીરે ભર્યો જાણે મોટો રાજ. ॥૫૫૫॥
ઊઠીને ભ્રાત માર્ગે પરવર્યા, ભૂમિ દાગ દઈને આગળ સંચર્યા. ॥૫૫૬॥
મનમાં ધરતા શ્રી હરિનું ધ્યાન, જીભે જપતા નારાયણનું નામ. ॥૫૫૭॥
શ્રી હરિ શ્રી હરિ જપતા જાયે, બંધવ ત્રણને ચોથા રાયે. ॥૫૫૮॥

આશરે પચ્ચીસ યોજન ચાલીને ગયા પછી ઠંડા પવનની લહેરો વહેવા લાગી અને હિમ વૃષ્ટિ થવા લાગી. જમીન પર પગ પણ સ્થિર રહેતા નહોતા. જેમ તેમ કરીને સમતોલ જાળવીને પાંચેય જણ ચાલતા હતા. ત્યારે નકુલનો દેહ ભૂમિ પર પડયો. નીચે પડતાંની સાથે જ નકુલનો પ્રાણ જગદીશ્વરને શોધતો અનંતમાં વિલીન થઈ ગયો.

ચારેય જણ જમીન પર નકુલના દેહની પાસે બેસી શોક કરવા લાગ્યા. 'હે દીનાનાથ, હવે આ કેવો ઉત્પાત થયો. હે વીર નકુલ ! ધીર ધરીને ઊઠીને બેઠો થા ! હે ભ્રાતા ઊંઘીશ નહીં ! તું અત્યંત પરાક્રમી મહારથી વીર હતો અને તારું પરાક્રમ અવર્ણનીય હતું, તું અમને એકાએક છોડીને કેમ ચાલ્યો ગયો ! માતાનો અત્યંત લાડકો, પ્રેમાળ, સુંદર, શૂરવીર, રણધીર હે બંધુ ! કયા તારા ગુણ યાદ કરવા. અમારી મતિ કુંઠિત થાય છે. તારા ગુણ અને રૂપ સૌંદર્ય અવર્ણનીય હતા. હવે તું આ અમારા નયનોને કયારે દેખાઈશ ? અમને બધાને અપાર શોક સાગરમાં પાછળ મૂકીને તે એકલાએ જ આગળના પંથે પ્રયાણ કર્યું ? તારો શોક કરવા છતાં પણ તું પાછો આવીશ નહીં એ જાણતા હોવા છતાં મન માનતું નથી.

ભીમે ધર્મરાજાને કહ્યું: 'આપણો આ લાડકો નકુલ બંધુ કયા દોષે આ હિમાલયમાં અડધા માર્ગે મૃત્યુ પામ્યો હશે ? બધા સાથે પ્રેમથી બોલનારો, વર્તનારો, અત્યંત નમ્ર, શીલવાન, ગુણવાન, પરાક્રમી અને ધર્માનુસરણ કરનારા એવા ભ્રાતા પાસે કોઈ પાપ કર્મ ઘડાયાં હશે એવું મને બિલકુલ લાગતું નથી. તો હે બંધુ ધર્મરાજ, મારા મનની જિજ્ઞાસા તમે પૂર્ણ કરો. કયા દોષથી નકુલ ભ્રાતાએ પોતાનો દેહ છોડયો ?

ધર્મરાજા બોલ્યાઃ 'ભીમ, નકુલથી આ જન્મમાં કોઈ પણ પાપ કર્મ થયાં નથી પણ પૂર્વ જન્મના કર્મ દોષને કારણે અને આ જન્મના તેના સૌંદર્યભિમાનને કારણે તેને આપણા પહેલાં જ મૃત્યુ આવ્યું છે. નકુલ અત્યંત બલવાન અને ગુણ સંપન્ન હોશિયાર હતો પણ તેણે પોતાના આ ગુણ કદીયે જ કશાયમાં લગાવ્યા નહીં. આ દોષથી એ કાળ પુરુષની જાળમાં જલ્દી જ ઘેરાઈ ગયો. હવે વધારે વિચાર કરીને સમય વ્યર્થ કરવાનો અર્થ નથી. આપણે બધાએ પણ આ કાળ પુરુષના જ શરણે જવાનું છે, માટે ત્વરીત ઊઠો. બંધુઓ, નકુલની અંત્યેષ્ટિ કરો અને આગળના રસ્તે પ્રયાણ કરો.

ધર્મરાજાનું વચન શિરોધાર્ય માનીને તેમણે નકુલને ભૂમિદાગ આપ્યો. સંસ્કાર પિંડ શ્રાદ્ધ ઉત્તર કાર્ય વગેરે મંત્ર વિધિથી કરીને એ ચારે ભ્રાતા આગળ જવા માટે સિદ્ધ થયા. મનમાં પરમેશ્વરનું ધ્યાન ચિંતન કરતા અને નારાયણનું નામ સ્મરણ કરતા જયઘોષ કરતા ચારેય ભાઈ ઉત્તર પંથે રવાના થયા.

પંદર યોજન પોતા રે વળી, એટલે તાહાં સહદેવ પડા ગળી. ॥૫૫૯॥
પડયા ધરણીયે પામ્યા મરણ, મેલ્યું તેજ જઈ શ્યામ શરણ. ॥૫૬૦॥
ભીમ કહે કારણ કહો, ભાઈ સહદેવ જ્ઞાની માર્ગે રહ્યો. ।૫૬૧॥
બ્રહ્મ જ્ઞાન જાણતા પાળે વેદ વાણ, તેણે વાલા સદાયે પુરુષ પુરાણ. ॥૫૬૨॥

ધનુર્વિદ્યાનો ધોરી હતો, યુદ્ધ કરતાં અતિ ગુણ છતો. ॥૫૬૩॥
તે ભાઈ સહદેવ ઢળી પડયો આજ, હવે શું થાશે શ્રી મહારાજ. ॥૫૬૪॥
રાજા ધર્મ કહે સાંભળો ભાઈ ભીમ, સહદેવ જાણતો હતો આગમ નિગમ. ॥૫૬૫॥
દ્યૂત પાસા રમતા આપણે દુઃખીયા થયા, જાણ્યા છતાં તેના મર્મ ન કહ્યા. ॥૫૬૬॥
જો અમને ભાઈ રમવાનો વારતો, જાણી દોષને રહેતો અણછતો. ॥૫૬૭॥
જો વારતો તો આપણે રમતા નહીં, સતી દ્રૌપદી દુઃખ પામતી નહીં. ॥૫૬૮॥
તે દાડાનું તેણે લાગ્યું પાપ, પામ્યો મરણને થયો સંતાપ. ॥૫૬૯॥
કર્મ વિધિ કરી સહદેવની, ભોમ દાગ દઈ સંચર્યાને સ્મરે શ્રી હરિ. ॥૫૭૦॥
કર્યું સ્નાન સહદેવ તણું, તાહા રાજા તો દુઃખ પામ્યા ઘણું. ॥૫૭૧॥
કરી સ્નાનને ચાલ્યા તેણી વાર, સ્મરણ કરતા જુગદાધાર. ॥૫૭૨॥
શ્રી હરિ શ્રી હરિ એમ કહેતા વીર, હિમ પંથે જાયે ત્રણે વીર સધીર. ॥૫૭૩॥

હજુ પંદર યોજન ઉત્તર પંથે ગયા પછી સહદેવ ઠંડીથી થરથરવા લાગ્યો. તેનાથી આગળ ચલાતું નહોતું. એક હિમવાતની લહેર સાથે સહદેવનો દેહ જમીન પર પડયો. પડતાં સાથે તેણે મોટે મોટેથી ભગવાનનું નામ સ્મરણ શરૂ કર્યું. નામ સ્મરણના લયમાં તેની પ્રાણ જયોતિ પણ અસ્ત થવા લાગી. એકાદ દીપ બુઝાતાં જેમ ધીમે ધીમે ક્ષીણ થતાં થતાં છેલ્લે નહિવત્ થાય છે, તદ્રત સહદેવની પ્રાણ જયોત ધીમે ધીમે ક્ષીણ થતાં થતાં ભગવાનના નાદ બિંદુમાં વિલય પામી. શ્યામશરણના ચરણે તેના ચૈતન્ય સ્વરૂપમાં સમાઈ ગઈ.

ભીમ બોલ્યોઃ 'અરેરે ! હવે આ કેવો મહા અનર્થ થયો. આ ભગવાન અમારા આ જ્ઞાન વિદ્યા સંપન્ન ભાઈને પણ અમારી પાસેથી કેમ લઈ ગયો ? બ્રહ્મ જ્ઞાની વેદશાસ્ત્ર પૂર્ણ જયોતિષ વિદ્યા પારંગત અત્યંત પરાક્રમી ધર્નુધારી એવા અમારા ભાઈને લઈ જઈ, હે પરમેશ્વર, તેં શું કર્યુ. હે ધર્મરાજા, આપણો પ્રિય ભ્રાતા સહદેવ એકાએક આપણને છોડીને કેમ વિલય થયો ? કોઈપણ દોષ ન હોવા છતાં કાળ પુરુષ સહદેવને કેમ લઈ ગયો ?'

ધર્મરાજા બોલ્યાઃ 'ભીમ, મનુષ્ય જે કર્મ કરે છે તેનાં ફળ આપનાર જે નિયતિ છે તેને વિના કારણ દોષ આપવાનો શું અર્થ ? પ્રાકૃતિના ભોગે મોટા મોટા ઋષિમુનિઓ પણ છુટતા નથી તો પછી અહીં આપણા જેવા યત્કિંચિત માનવીની શું કથા ! આપણો ભ્રાતા સહદેવ પૂર્ણ જ્ઞાની જયોર્તિવિદ હતો. દ્યૂત રમવાનું પરિણામ શું થશે ? તેનું પર્યાવસાન શું થશે એ બધું તે જાણતો હતો પણ વ્યસનાધિન થયેલા વડીલ ભાઈને ધર્મ મર્યાદાના યોગથી એ નિવારી શકયો નહીં. દ્યૂત ક્રીડામાં દુર્યોધન-શકુનિ કપટના દાવ રમતા હતા, તે પાસાં જરાસંઘના અસ્થિનાં બનાવેલાં હતાં એ જાણતો હોવા છતાં એ વિષયે મારી પાસે એ વાત પણ કરી નહીં. જો તેણે મને ત્યાં જ સૂચવ્યું હોત તો હું દ્યૂત ન રમ્યો હોત અને આગળ થયેલો અનર્થ-સતી દ્રૌપદીની ભયંકર વિંટબણા થઈ નહોત. છતાં કંઈપણ પૂછયા વગર ન કહેવાનો તેના નિશ્ચયપણાથી સતીને અને આપણા બધાને અને આપણી પ્રજાને પણ અતોનાત (અત્યંત) દુઃખ કષ્ટ ભોગવવું પડયું. આ બધા દોષથી આજ આપણો આ જ્ઞાની પ્રેમી બંધુ ચિર વિશ્રાંતિ લઈ અહીં સૂતો છે. આ દુઃખનો શોક દૂર કરીને પણ આપણે આગળ જવું પડશે. ભગવાનને આપેલ વચન

નીભાવવું પડશે. એ માટે હે બંધુઓ ! ઊઠો, તમે શોક કરશો નહીં. શોક કરવાથી કોઈ જ કાર્ય સિદ્ધ થતું નથી. ધીરજ આપીને ધર્મરાજાએ બંધુ સહદેવને ભૂમિદાગ આપી અંતિમ સંસ્કાર, ઉત્તર કાર્ય, પિંડ શ્રાદ્ધ કર્યાં. પછી સ્નાન કરીને મનમાં ભગવાનની અપાર લીલા ચરિત્રનું સ્મરણ કરતા ત્રણે ભાઈ આગળ ચાલવા લાગ્યા. અત્યંત દુસ્તર એવો માર્ગ ભગવાનના સ્મરણ ચિંતનથી પસાર કરતા એ જવા લાગ્યા.

પવન વાયે ને શીત આવે અપાર, હિમની વૃષ્ટિ પડે અંગ ઉપર સાર. ॥૫૭૪॥
પણ સત્‌વાદી તેણે ગણતા નહીં, ભીમ ધરે અંગ વજ્ર ત્યાંહી. ॥૫૭૫॥
તે ભજન કરે ભગવાનનું સહી, અને યોજન દસવો લાગા સહી. ॥૫૭૬॥
યોજન દસ ગયા જ્યારે રાયે, ત્યારે અર્જુનના અંગે કંપારો થાયે. ॥૫૭૭॥
દસ યોજન ઓળંગ્યા જેટલે, ભાઈ અર્જુન ગળી પડા તેટલે. ॥૫૭૮॥
પડતાં ખેવ રાયે છોડયા પ્રાણ, મેલ્યું તેજ નારાયણનું શરણ. ॥૫૭૯॥
યુધિષ્ઠિર તાહાં રુદન કરે, ભીમસેન દુઃખ મનમાં ધરે. ॥૫૮૦॥
કહે ભીમ હવે અમે કોને કહું, ધર્મરાજા દુઃખ પામ્યા બહુ. ॥૫૮૧॥
પડયો અર્જુન ભ્રાતને દુઃખીયા થયા, રુદન કરી બેઉ અળગા રહ્યા. ॥૫૮૨॥
અરે બળવંત અર્જુન વીર રતન, તને આ ન ઘટે અમ વિયોગ સુમન. ॥૫૮૩॥
તારા ગુણની શું કહું વાત, મુજને મૂકી ગયો તું ભ્રાત. ॥૫૮૪॥
સભામાં મચ્છ વીંધ્યો જીત્યા રાણા રાયે, પંચાળી વર્યો પ્રેમ શું સહુયે. ॥૫૮૫॥
રખુપણ કરતો તે આગળ કેમ જાય ધીર, ધીરજ કેમ રાખું જીતી દ્વારકા એકલ વીર. ॥૫૮૬॥
યજ્ઞ તણો મહિમા રહ્યો તે વીર તારું પુણ્ય, રાય ધર્મ કહે એ કાળની અવળી ગત. ॥૫૮૭॥
વૈરાટ ઘેર કામ જ કીધું, વ્યંઢળ રૂપ લઈ કારજ સીધ્યું. ॥૫૮૮॥
અર્જુન સરીખો બંધવ ભલો, સુખ દુઃખનો સાથી ખરો. ॥૫૮૯॥
ધનુર્વિદ્યાનો ધારણ વીર, સાથે ફરતા શ્યામ શરીર. ॥૫૯૦॥
અશ્વમેધ યજ્ઞનો આરંભ કર્યો, રાજ સોહી યજ્ઞ પૂરણ કર્યો. ॥૫૯૧॥
મોટા સરખા કરતા કામ, લેતા શ્રી નારાયણ તણું જો નામ. ।૫૯૨॥
ખરી પ્રીત શ્રી નારાયણને સાથ, શ્યામ શરીર રહેતા ગુંજ સંગાથ. ॥૫૯૩॥

ભયાનક ઠંડો સુસવાટા ભર્યો પવન વહેતો હતો. શરીર પર તેમજ ધરતી પર બધે દૂર સુધી બરફ જ બરફ પડતો હતો. પણ સત્ત્વશીલ જીવાત્માઓ સત્ત્વ રૂપી હૃદય સાથે શીત લહરનો બધો ભાર સહન કરતા કરતા ચાલતા હતા. ભીમનું શરીર વ્રજનું હોવાથી સુરક્ષિત લાગતું હતું. ભકિતભાવ પ્રેમથી ભગવાનનું ભજન કરતા નવ યોજન તો પાર પહોંચ્યા. દસમા યોજનનું અનુસરણ એ કરતા હતા ત્યારે અચાનક અર્જુનના શરીરમાં અશકિત ભરાઈ આવી. ભયંકર ઠંડીને કારણે તેનું શરીર થરથર કાંપવા લાગ્યું. દસમું યોજન પૂર્ણ ચાલીને જતાં જ અર્જુનનો દેહ જમીન પર ઢળી પડયો. ભગવાન શ્રી કૃષ્ણનું સ્મરણ કરતાં તેનો પ્રાણ દેહમાંથી વિલય પામ્યો અને ભગવાનના સર્વ વ્યાપી સર્વાધાર સ્વરૂપમાં વિલીન થયો. એ અત્યંત દુઃખદ પ્રસંગ જોઈને યુધિષ્ઠિર ભીમ અત્યંત કરુણ વિલાપ કરવા લાગ્યા. અત્યંત બલવાન ધનુર્ધારી વીર પણ જવાથી તેમને અપાર શોક થયો.

ભીમ બોલ્યો: 'હે ભગવાન ! હવે આ દુઃખ અમારા હૃદયમાં સહેવાતું નથી. કોને કહીએ અને કેમ કહીએ, અમારાથી હવે ધીર ધરાતી નથી. તારો પ્રાણસખા હોવાથી તું તેને લઈ ગયો પણ અમને પૂર્ણ નિરાધાર કર્યા ને ? કેમ કહું, મારાથી બોલાતું પણ નથી. હે ભ્રાતા અર્જુન, મહાબળવંત વીરા, અમને અપાર દુઃખ સાગરમાં છોડીને એકલાને આગળ નીકળી જવું તને શોભતું નથી. આ તારો વિયોગ અમારાથી એકદમ અસહ્ય થયો છે. તારા ગુણોનું શું વર્ણન કરવું, તારા માટે વાણી પણ અપૂર્ણ પડે છે. દ્રુપદ સભામાં મત્સ્યવેધ જીતીને અત્યંત પ્રેમથી પાંચાલીને વરી, ત્યાં ઘડાયેલા યુદ્ધ પ્રસંગે, અરણ્યમાં ગંધર્વ સાથે, વિરાટનગરમાં રહેતા હતા ત્યારે કૌરવો સાથે અને મહાભારતના યુદ્ધ પ્રસંગે અપાર બળ વાપરીને તે સદૈવ વિજય મેળવી આપ્યો. અત્યંત ધૈર્યવાન મહાપરાક્રમી એવો તું વીર હતો. ભકત વત્સલ ભગવાન શ્રી કૃષ્ણ તારા પ્રાણસખા સખ્યભકિતને કારણ એ અનંત બ્રહ્માંડ નાયક જગદીશ્વર યુદ્ધ વખતે તારો રથ હાંકનાર સારથી થયા. તદ્વત ભવ યુદ્ધમાં પોતાના જીવનરથના પણ સારથી થઈને અહીં સુધી આપણને લાવ્યા. તેમાંથી દ્રૌપદી, નકુલ, સહદેવ વિદાય થયાં અને હવે તો તું પણ વિદાય થયો. હવે અમે બંને ભાઈ આગળ જઈને શું કરીશું ?

તારા ભકિતભાવ પ્રેમથી ભગવાન તારા પર અંકિત હતા. દ્વારકાધીશને જીતીને તે પોતાના હૃદયમાં બિરાજમાન કર્યા હતા. રાજસૂય યજ્ઞ, અશ્વમેધ યજ્ઞ વગેરે અનેક પ્રસંગે ફકત તારા પુણ્ય પ્રતાપે આપણે વિજયી થયા હતા પણ આજ કાળની આ શું વિપરીત ગતિ થઈ. અમને પૂર્ણ નિરાધાર બનાવી તું કાળને સ્વાધીન થયો. વિરાટ રાજાના દરબારમાં પ્રસંગોપાત કાર્ય કરનારો આટલો પરાક્રમી મહાવીર નરસિંહ નરપુંગવ હોવા છતાં એક સામાન્ય ક્ષુલ્લક નર્તકનું રૂપ ધારણ કરીને દુર્દમ પ્રસંગ નીભાવી લીધો. એવો અમારો પ્રેમાળ ભાઈ, અમારા સુખદુઃખનો સાથીદાર, આજ અમને શોકસાગરમાં છોડીને અનંતના પંથે ચાલ્યો ગયો.' ધનુર્વિદ્યા, અસ્ત્ર, શસ્ત્ર, શકિત સંપન્ન, શ્રી કૃષ્ણ ભકત સખા, નિર્મલ ચિત્ત, સહૃદયી બંધુ અનંત જન્મમાં સંચિતથી પણ પાછો મળશે નહીં.

આ પ્રકારે ભીમ વિલાપ કરતો હતો ત્યારે ધર્મરાજા ભીમને સમજાવવાનો પ્રયત્ન કરતા હતા પણ ભીમને સમજાવતાં ધર્મરાજા પણ વ્યાકુળ અને શોકાતુર થઈ જતા હતા. આ પ્રમાણે સારો એવો સમય પ્રસાર થઈ ગયો. અર્જુનના બધા જ ગુણોને યાદ કરીને એ શોક કરતા બેઠા હતા.

ત્રાહી ત્રાહી મુખ બોલે વાણ, કેમ કરીશું હવે સારંગ પ્રાણ. ॥૫૯૪॥
કૌરવ કુળ સંહાર્યું જેહ, મહાપરાક્રમી બંધવ એહ. ॥૫૯૫॥
શ્રી કૃષ્ણ દેવે ધર્યો અવતાર જેહ, તેના સખા ભકત અર્જુન કહીયે તેહ. ।૫૯૬॥
સતી પાંચાલી નાર તણો આધાર, કહે ધર્મ અર્જુનને સહાય શ્રી મોરાર. ॥૫૯૭॥
વરદ સરસા વાતું કરે, શ્રી હરિ શ્રી હરિ વાણી ઓચરે. ॥૫૯૮॥
ભાઈ છાના રહો ભડ ભીમ ભણે, ભાઈ અર્જુન ગળ્યો તે કોણ કારણે. ॥૫૯૯॥
કોણ પાપે ગળ્યો તે જુવો વિચાર, ભાઈ અર્જુને પ્રાણ તજયા નિરધાર. ॥૬૦૦॥
ગુણ સાંભળતાં મૂર્છા વળી, બેશુદ્ધ થયા જાણે પ્રાણ ગયા નીસરી. ॥૬૦૧॥
ધર્મરાય મૂચ્છાંગત બે ઘડી રહ્યા જાણ, પછી આવી રાયને શુદ્ધ સાન. ॥૬૦૨॥
ઘાટે સાદે ભીમસેન રડે, અને વનમાં સાથ કોઈનો ના મળે. ॥૬૦૩॥
વળી વળી વારે રાયે ભીમને સાર, આવી ગત કેમ થઈ મોરાર. ॥૬૦૪॥
આ કાળે શ્રી કૃષ્ણ નહીં અર્જુન ઉત્તમ સાર, જ્ઞાની ગુરુ ગાંગેય કૃપને દ્રોણાચાર. ॥૬૦૫॥

કર્ણ સરીખા નહીં દાનેશ્વર આગે, સંગાથ વિહોણા ઊભા આહે. ॥૬૦૬॥
યુધિષ્ઠિર કહે ભીમને એમ સાર, અર્જુનને વાલા શ્રી ગોપાળ. ॥૬૦૭॥
વળી સત્ય કાર્યમાં પરમાર્થ કરતો જાયે, તે પૃથ્વી કેમ ઢળી પડયો આહે. ॥૬૦૮॥
રાજા યુધિષ્ઠિર કહે સત્ય કહું વાત, અહંકારે પડયો પૃથ્વીએ ભ્રાત. ॥૬૦૯॥
અર્જુન જાણતો મુજ સરીખો બળીયો નહીં કોયે, તે પાપે પડયો અર્જુન પૃથ્વીએ સોયે. ॥૬૧૦॥
કહે યુધિષ્ઠિર ભાઈ ભીમ ભડ સુણો, એ મહિમા કહ્યો તે અર્જુન તણો. ॥૬૧૧॥
અર્જુન સરીખા ચાલ્યા ભ્રાત, તેની વૈકુંઠમાં પહોંચી વાત. ॥૬૧૨॥
જ્ઞાની વૈરાગી થઈ કુબુદ્ધિ ન ધરીયે આયે, ભાવી ભગવાનને ગમતું થાયે. ॥૬૧૩॥
પછી ભોમદાગ વિધિ કરી જયાંયે, મહિમા પોઢો અર્જુન હો રાયે. ॥૬૧૪॥

ધર્મરાજા યુધિષ્ઠિર ત્રાહી ત્રાહી કરીને અર્જુનના ગુણ સ્મરણ કરતા વિલાપ કરવા લાગ્યા. એ બોલ્યાઃ 'હે સારંગધર ! હે પ્રાણપ્રિય ભગવાન હવે હું શું કરું ? મારો પ્રાણપ્રિય ભ્રાત મને પાછો મળશે ? કેટલો અપાર ગુણનો સાગર મહાપરાક્રમી મારો પ્રિય બંધુ, કૌરવોનો સંહાર કરીને અધર્મનો ઉચ્છેદ જ કરવા માટે જાણે તે અવતર્યો હતો અને તેની જ સહાય માટે ભગવાને પણ અવતાર ધારણ કર્યો હતો. સતી પાંચાળી પણ મહાયોગિની તપસ્વિની હતી. તેને અર્જુન અને શ્રી કૃષ્ણનો મોટો આધાર હતો. આ ત્રણેય જણ વૃક્ષ પ્રમાણે પરોપકારી સુશીલ સહૃદયી અને બધાને ધારણ પોષણ કરનારાં એવાં હતાં. આજ તેમાંથી હે અર્જુન ! અંતે તારો દેહ પડયો. હે ભગવાન, હવે ખરેખર મારા પ્રાણ પણ જાણે નીકળી ગયા હોય એમ મને લાગે છે. હે શ્રી હરિ ! જગતના આધાર, હવે અમારો બધો આધાર પણ પૂર્ણ થયો. અમારે હવે શું કરવું ? માત્ર તારા નામ સિવાય અન્ય કોઈ પણ આધાર નથી.

ભીમ કહે છેઃ હે પ્રાણ પ્રિય ભ્રાતા ? શોક કરશો નહીં. આપણને આગળના લક્ષ્ય પર દૃષ્ટિ રાખીને આગળ વધવું જોઈએ. ફકત શોક કરતાં બેસી રહેવાથી કંઈ પણ સાધ્ય થશે નહીં. અર્જુન જેવો મહાપરાક્રમી મહાબલવંત વીર પણ અહીં ઢળી પડયો એનું કારણ શું હશે ?

ભીમે આમ પૂછયું ત્યાં જ શોકાતુર ધર્મરાજાને મૂર્ચ્છા આવી ગઈ. એ જોતાં જ ભીમ પણ વિહ્વળ થયો. ધર્મરાજાની પણ એવી જ શોચનીય સ્થિતિ થાય છે કે શું એ અણધાર્યા ભયથી ભીમ પણ ગભરાયો. એ પણ મોટે મોટેથી વિલાપ કરીને રડવા લાગ્યો. પણ હવે આ ભયાનક મેરુ શિખર પર તેના જ પ્રત્યાઘાતના અવાજ સિવાય બીજું કોણ તેને સાથ આપે ? કેટલો આ કરુણ પ્રસંગ ! આટલા સત્ત્વશીલ સદ્ભક્ત પર તે પણ કેટલી કસોટી લખેલી હતી. કેટલી ભયાનક, શોચનીય તેમની સ્થિતિ ! બે ઘટિકા પછી ધર્મરાજા શુદ્ધિમાં આવ્યા.

ભીમને કરુણ વિલાપથી રડતો જોઈને ધર્મરાજાએ તેને ધીરજ આપીને કહ્યું: 'ભીમ, અરે તું મને ધીરજ આપે છે અને હવે તું જ શોક કરે છે ! હવે આ મમતા મૂકી શોક મુક્ત થયા. શ્રી કૃષ્ણ જેવા આપણા પરમ પૂજ્ય ત્રાતા (રક્ષક) પણ ગયા, પિતામહ ભીષ્માચાર્ય ગયા, નરકેસરી નકુલ સહદેવ ગયા અને એમની પાછળ આપણો આધાર અર્જુન ભ્રાતા પણ ગયો, સતી શિરોમણિ જેવી દ્રૌપદી પણ કાળને સ્વાધીન થઈ, હવે કાળાંતરે આપણી પણ આ જ ગતિ થશે, માટે શોક ન કરીશ, શ્રી હરિનું સ્મરણ કર.

ભીમ બોલ્યોઃ 'પણ અર્જુન, કયા દોષથી આપણાથી પહેલો ગયો ?'

ધર્મરાજા બોલ્યા: 'અર્જુન, ભગવાન શ્રી ગોપાલકૃષ્ણનો અત્યંત ગમતો પ્રાણ સખો હતો. અનેક નાના મોટા પરોપકારના કામ એ કરતો પણ આજ એ દેહ વિલય થવામાં માત્ર એનો વ્યકિતગત અહંકાર જ કારણભૂત થયો. મારા જેવો પરાક્રમી રણધુરંધર શૂરવીર બીજો કોઈ નથી એમ એ સમજતો હતો. આજ અહંકાર હોવાથી તેનું આજે પતન થયું હશે. હવે આ બધી વાતો કરવાથી શું વળશે. અર્જુન જેવો ભ્રાતા ગયો, પણ આપણા પહેલાં એ વૈકુંઠ જઈને પહોંચ્યો. આપણને હજુ માર્ગ ક્રમવાનો છે. મમત્વ આસિકતનો ત્યાગ કરીને જ્ઞાન વૈરાગ્ય સંપન્ન કરીને આગળ ચાલો, એમ ભીમને કહીને અર્જુનના દેહને ભૂમિદાગ આપ્યો. કર્મ વિધિ પછી એ આગળના માર્ગે પ્રયાણ કરવા લાગ્યા.

નિશ્વાસ મૂકી ગયા જેટલે, માર્ગ માંહે ચાલ્યા તેટલે. ॥૬૧૫॥
વળી સ્નાન કરી ચાલ્યા બેહુ વીર, સ્મરણ કરતા શ્યામ શરીર. ॥૬૧૬॥
યોજન પાંચ પોતા દુઃખે ભરા, તાહા પોતે ભીમ મરણ અનુસરા. ॥૬૧૭॥
પડયો માર્ગે ભડ ભીમ રે ગળી, થઈ મૂર્છા ભૂપતને વળી. ॥૬૧૮॥
રાય ધર્મ ગળગળા, થયા, ધ્રૂજી ધરણી લડથડી પડયા. ॥૬૧૯॥
પછે પ્રહર એક રાજાને રે થયા, વળી મૂર્છા ને ત્યાં બેઠા થયા. ॥૬૨૦॥
મારું કહ્યું ન કરતો એહ, તે માટે દુઃખ પામ્યો તેહ. ॥૬૨૧॥
હવે કોણ મને પૂછશે વાત, ગયા બંધવ ચાર સતી સંગાથ. ॥૬૨૨॥
ભૂપત ધર્મ સ્નાન કરી સંચરે, મન સાથે સ્મરણ હરિનું કરે. ॥૬૨૩॥
સદ્ગુરુ કહે સાંભળો હે મુનિજન, રાજા દુઃખ ધરે છે બહુ મન. ॥૬૨૪॥
હવે રાજા યુધિષ્ઠિર કરે છે વિચાર, હે પરમેશ્વર તું પાર ઉતાર. ॥૬૨૫॥
એકવાર ચરણ પામીયે તમારા સહી, બંધવ સતીને ત્યાં મળીયે જઈ. ॥૬૨૬॥
સાચી સતી પાંચાળી ગઈ નાર, તે દુઃખ કોને કહું હો મોરાર. ॥૬૨૭॥

દુઃખનો ઉભરો લઈને બંને ભાઈ આગળના માર્ગે ચાલવા લાગ્યા. પરમેશ્વર શ્રી કૃષ્ણનું ધ્યાન સ્મરણ ભજન કરતા કરતા પાંચ યોજન સુધી એ ગયા ત્યાં જ ભીમ અશકત થયો અને તેનો દેહ જમીન પર પડયો. તેના વજ્ર શરીરના આઘાતથી મેરુ શિખર પણ ધ્રૂજી ગયું અને ભગવાનનું સ્મરણ કરતાં કરતાં તેનો આત્મા પરમ ધામ પ્રતિ પ્રયાણ કરી પરમાત્મામાં વિલીન થઈ ગયો. ભીમના શરીર પર વજ્ર હોવાથી તેને ઠંડીની બાધા થઈ નહીં. પણ વચ્ચે જ કાળ ખૂટવાથી તેને કાળને સ્વાધીન થવું પડયું. નીચે પડતાંની સાથે જ ભીમનો પ્રાણ શ્યામસુંદરના પ્રાણજ્યોતિમાં સમાવા માટે પ્રયાણ કરી ગયો.

અતુલ ધૈર્ય અને બળશાળી હોવા છતાં પણ ધર્મરાજા એકાદ અનાથ નિરાધાર બાળક પ્રમાણે કરુણ વિલાપ કરીને રડવા લાગ્યા. અતિશય શોકથી તેની શોચનીય સ્થિતિ થઈ રહી. તેના મનમાં ધૈર્ય રહ્યું નહીં. શરીર થર થર ધ્રૂજવા લાગ્યું. સંમોહિત થઈને ધર્મરાજા પણ ત્યાં જ મૂર્છાગત થઈ ગયા. તેને સાંત્વના આપનાર, સાવધ કરનાર ત્યાં કોણ હોય ! જે ભાઈ હતો તે પણ તેમને એકલો મૂકીને ચાલ્યો ગયો. શું આ કાળની ક્રૂર ક્રીડા ! જીવનભર સત્યથી કદી પણ ચલિત થયા નથી, રાજ્ય ઐશ્વર્ય સુખોપભોગ વિષવત્ માનીને ફકત અંતિમ ધ્યેય મોક્ષપદ મેળવવા માટે જ જીવનભર કષ્ટમય આયુષ્ય જીવ્યા. એ સદ્ભકત પાંડવોની કાળ પુરુષે કરેલી આ ઘૃણાસ્પદ સ્થિતિ જોઈને કયા સહૃદયી જીવાત્માને દુઃખ થયા વિના રહે.

હે ભગવાન ! ત્રિભુવન પતિ, સંપૂર્ણ ચરાચર વસ્તુ માત્ર પર, જીવપ્રાણી માત્ર પર તારી અબાધિત સત્તા છે. પણ તને ય જીતનારો આ ત્રિભુવનમાં એક શૂરવીર નરવીર પણ નીકળ્યો. એ એટલે ધર્મરાજા, મહાન સત્યશીલ રાજા યુધિષ્ઠિર. પોતાના સત્‌ધર્મ પરિપાલનથી કાળ પુરુષને પણ અંકિત કરી શકયો. ધન્ય એ મહામાનવ ! ધન્ય એ કુલ ઉદ્ધારક મહાન સત્ત્વશીલ ધર્મને !

પ્રહરભર પછી યુધિષ્ઠિર શુદ્ધિમાં આવ્યા. સામે ભીમનો નિષ્પ્રાણ દેહ જોઈને એ અપાર શોકસાગરમાં ડૂબી ગયા હતા. અહાહા, હે પ્રાણપ્રિય બંધુ, છેલ્લે તું પણ મને છોડીને ચાલ્યો ગયો ને ! મારા હાથે એવો આપણા બધાની સાથે શું અન્યાય થયો હશે ! તમે બધા મને આ ભીષણ મેરુ ગિરિ પર છોડીને ચાલ્યા ગયા. કેમ તમને મારી સંગત ગમી નહીં ? મારાથી દૂર ચાલ્યા જવા માટે એવાં ક્યાં દુષ્ટ કૃત્ય મારાથી થયાં ? મને તો હવે કંઈ જ સૂઝતું પણ નથી. મારું સંવેદનશીલ મન સંવેદનાશૂન્ય થઈ ગયું છે. હે પરમેશ્વર ! હવે મને જ એકલાને પાછળ કેમ છોડયો છે ? મારા ચાર ભાઈ સતી સ્ત્રીની સંગતે એ જયાં હોય ત્યાં જ મને પણ લઈ જા ! અમારો વિયોગ કેમ થયો ? કેમ તું આવી મારી ક્રૂર મશ્કરી કરે છે ? આ મારા હૃદયનાં દુઃખ હવે હું કોને કહું ! આ દુઃખનો ભાર કોને વિદિત કરીને હલકો કરું ! આ હૃદય પણ આ દુઃખનો ભાર સહન કરવા માટે હવે અસમર્થ છે !'

યુધિષ્ઠિર એકલા જ એ પર્વતના ઘાટ પર મોટા કરુણાદ્રતાથી વિલાપ કરવા લાગ્યા. એક એક ભાઈના તથા સતી દ્રૌપદીના ગુણ યાદ કરીને એ અત્યંત વિલાપ કરવા લાગ્યા. 'હે ભગવાન ! હવે ખરેખર હું એકલો થયો, અનાથ થયો. હવે તમે જ કહો તમારા સિવાય હું કોના શરણે જાઉં. તમારા સિવાય મારા સુખ-દુઃખની વાત હવે કોને કહું ? હે પૂર્ણ બ્રહ્મ ભગવાન નારાયણ ! હવે મારા બેલી તમે જ છો ! એકવાર ફકત એક જ વાર તમારા પરમ પાવક ચરણ બતાવો, જેના દર્શનથી હું મારા બાંધવો સાથે સતી દ્રૌપદી પાસે જઈ પહોંચીશ. તેમના પ્રતિ જનારા માર્ગનું મને માર્ગદર્શન કરો.

તમ વિના હું કોને કહું શ્રી હરિ, મારા કર્મ દુઃખની વાત,
બંધવ મારા ગયા સતી સંગાથ, માર્ગે ગળ્યા ઝૂઝવા ઘાટ. ॥૬૨૮॥
કહો શ્રી હરિ કેમ રહેવાય રે. ॥ટેક॥
પાંચાળી સતીના શ્રી હરિ વાલા, પ્રથમ ગઈ હરિ શરણ તે વાર,
તે દુઃખ ન માયે હૃદય માંહે, ગુણવંતી સતી શિરોમણિ નાર. ॥૬૨૯॥
સાઠ સહસ્ત્ર બટુક વનમાં આવ્યા, દુર્વાસા સાથે દેવા શ્રાપ,
કાષ્ટમાં બળતા રાણીયે રાખ્યા, તે સતી તણો પ્રતાપ. ॥૬૩૦॥
સઘળી ગત્‌ સતી ગોવિંદજીની જાણે, અને પતિવ્રતા ધર્મ જ પાલે,
અતિથિનો આદર કીધા પછી, રાજ રીત સર્વે ચાલે. ॥૬૩૧॥
નકુલ નામ નિજ બાંધવ બળીયો, અને કારણ ના જાણે કોયે,
સંગ્રામે શત્રુ જીતી, અકલવંતા પરાક્રમી હોયે. ॥૬૩૨॥
તેહ તણું દુઃખ સઘળુ સાયે, અને નેત્ર વહે છે નીર રે,
તે કમલાપતિ સર્વે જાણે, અને બહુ પરાક્રમી વીર રે. ॥૬૩૩॥

સકળ કળા ગુણ સર્વે જાણે, અને સહદેવ સુખ નિધાન,
પડી વેળામાં પ્રભુજી આવે, પાંડવ કીધા હેરાન. ॥૬૭૪॥
મંત્ર વિદ્યા આયુધ અંગે, અને જોગણી જીતી આવ્યો,
માદ્રી સુત મુજને ગમતો, એવો પાર્થ મુજને ભાવ્યો. ॥૬૭૫॥
આજ પડયા તે મારગ માંહે અને મુજને દીધો છેહ રે,
કર્મ કથા કહું કેને આગળ, અમથી કેમ ખમાય રે. ॥૬૭૬॥
કહો શ્રી હરિ કેમ રહેવાય રે. ॥ટેક॥

ધર્મરાજા યુધિષ્ઠિર અત્યંત કરુણાદ્રતાથી વિલાપ કરીને કહે છેઃ ‘હે શ્રી હરિ ! હવે ફકત તમારા સિવાય હું કોને મારા દુઃખની વાત કહું ! મારું હૃદય આ દુઃખદ ઘટનાઓથી એકદમ ભરાઈ ગયું છે ! જો તમારી પાસે ખાલી નહીં કરું તો આ હૃદય બંધ થઈ જવાનો સમય આવ્યો છે ! મારા બંધુ અને સતી દ્રૌપદી અનંત માર્ગે મારી પાસેથી મારી આંખો સામેથી મને એકલાને પાછળ મૂકીને ચાલ્યાં ગયાં ! આ પર્વત શિખરના અલગ અલગ ઘાટ પર તેમના દેહ પડયા છે અને ચિર વિશ્રાંતિ લેતાં એ ત્યાં જ રહી ગયાં છે. હે ભગવાન ! હે શ્રી હરિ તમે જ કહો ! હવે મારાથી ધીરજ કેમ ધરાશે. સતી પાંચાલીના પ્રેમાળ પ્રાણસખા ભ્રાતા એ જગન્નિયંતા શ્રી હરિ જ હતા. બધાના પહેલાં જ અખંડ સૌભાગ્યનું લેણું લઈને તે મહાસતી પરમ તત્ત્વમાં વિલીન થઈ ગઈ. એ દુઃખ મારા આ હૃદયમાં પણ સમાતું નથી. વનવાસમાં દુર્વાસાના શ્રાપથી મુકત કરનારી મારી પ્રાણપ્રિય મહાસતી પાંચાલી તેના જ પુણ્ય પ્રતાપે અમે બચ્યા, નહીં તો અગ્નિકાષ્ટ ભક્ષણ કરીને એ જ દિવસે ભસ્મ થયા હોત. પતિવ્રતા વ્રત પાલન કરીને પણ તે ભગવાન ગોપાલ કૃષ્ણની અત્યંત પ્રીતિથી સેવા પૂજા ભકિત કરતી હતી અને પોતાના સદ્‌ગુણોથી તેણે ભગવાનને પણ અંકિત (વશ) કર્યા હતા. સંસાર સંભાળીને પરમાર્થ કરનારી એવી અમારી સતી દ્રૌપદી હતી. ભગવાનની સેવા માટે અને સ્વરૂપ સાક્ષાત્કાર માટે અધીરી થઈને એ અમારા બધાની પહેલાં ચાલી ગઈ.

મારો કનિષ્ઠ ભ્રાતા નકુલ સંગ્રામજીત, જ્ઞાનવંત, ચતુર, હોશિયાર, બુદ્ધિવંત, પરાક્રમી અને સુંદર હતો. એ પણ તેની પાછળ ચાલ્યો ગયો. તેનું સ્મરણ થતાં જ બંને નેત્રોમાંથી ગંગા યમુના વહેવા લાગે છે. ભગવાન કમલાપતિ ! તમે જ બધાનાં હૃદય જાણો છો. સકળ કલા ગુણોથી યુકત, જ્ઞાની, આગમ નિગમ જાણનારા, અમારા પડતીના કાળમાં ધૈર્યથી પાછળ ઊભા રહીને સહાય કરનારો, મારો ભ્રાતા સહદેવ મંત્ર વિદ્યા શાસ્ત્ર વિદ્યા વિશારદ હતો. એમ કેટલાય ગુણ યાદ કરવા મારે માદ્રી સુત સહદેવના ! રણાંગણમાં કદી પણ કોઈથી હારી ન જનાર એ મારો પરાક્રમી વીર આજે વેરાન માર્ગમાં મને એકલાને પાછળ મૂકીને કાળના સ્વાધીન થયો, એ કર્મ કથા હે ભગવાન હવે હું કોને કહું ! આ મારાથી સહન થતું નથી.

અર્જુનવીર મહા ધનુર્ધારી, અને સહસ્ત્ર કળા ગુણ જાણે રે,
અશ્વમેધનો આરંભ કરતાં, રાજા સોહી સુવખાણે રે. ॥૬૭૭॥
કહો શ્રી હરિ કેમ રહેવાયે રે. ॥ટેક॥
દ્રુપદરાયને ઘેર આવ્યા, અને વીંધ્યો મચ્છ સત્ સાર રે,
ત્યાં વિપ્ર તણી જો સેવા કીધી, તેથી પામ્યા સુખે સતી નાર રે. ॥૬૭૮॥

કુરુક્ષેત્ર માંહે યુદ્ધ મંડાણો, અને નરપતિ હાર મનાવ્યા રે,
તે સંગ્રામમાં સુભટ જીતી, નરપતિ પમાડયા હાર રે. ॥૬૩૯॥
વિરાટરાયને મંદિરે રહેતા, અને કુંવારી ઉત્તરાને પાસ રે,
ધેનુ મૂકાવી કુંવર સાથે, તે મુજને છે વિશ્વાસ રે. ॥૬૪૦॥
જે પાર્થ આજ પડયો માર્ગમાં, તે દુઃખ મુજને ના સાહે રે,
કહો કરુણાનંદ કેઈ પેર કરીશું, તમ વિના નહીં ચાલે રે. ॥૬૪૧॥
ભીમ ભંડારી વાલવો વારું, જેની ત્રણ ભુવનમાં હાક રે,
કઈયો કીચક મારીને કચરો કીધો, તે પૂરણ મહાબલવંત રે. ॥૬૪૨॥
ભદ્રાવતીનો ભૂપત જીત્યો, અશ્વ ગ્રહી ઘર લાવ્યો રે,
દુર્યોધન ભડ હાર મનાવ્યો, ગદા ગ્રહી ઘર આવ્યો રે. ॥૬૪૩॥
સુખદુઃખની વાત સૌને પૂછતો, તે વનફળ દેતો આણી રે,
દૈત્ય નિરખી સર્વે ભાગે, રાખી દ્રૌપદી રાણી રે. ॥૬૪૪॥
ધર્મ કહે કર્મ કથા કોને કહું, એમ ધર્મ કરે વિચાર રે,
બલવંત બંધવ તુજ સરખા, સાથે સતી શિરોમણિ નાર રે. ॥૬૪૫॥
એવું કહીને રાય કરે ઓરતો, ને હૈયે દુઃખ ના માય રે,
પડી વેળા માંહે પાંડવની, હે કેશવ જાણો યદુરાય રે. ॥૬૪૬॥
કહો શ્રી હરિ કેમ રહેવાય રે. ॥ટેક॥

મારો પરમ પ્રિય ભ્રાતા મહાધનુર્ધારી અર્જુન સહસ્ત્ર કળાથી ઉગનારા સૂર્ય પ્રમાણે પોતાના કર્તુત્વ શકિતથી ઝળહળતો હતો પણ આજ તેનું પણ તેજ લોપાઈ ગયું, બધા રાજા વખાણ કરે એ પ્રકારનું ધૈર્ય, બલ, શૌર્ય હતું. તેના બળ પર અશ્વમેધનો આરંભ અમે કર્યો હતો, એ જવાબદારી તેણે જ પાર પાડી. વિપ્ર સેવા કરીને તેના આશીર્વાદથી દ્રુપદ રાજાના દરબારમાં મત્સ્યવેધ કરીને દ્રૌપદીને પણ તેણે જ જીતી હતી અને તેના જ પ્રતાપથી સતી શિરોમણિ પતિવ્રતા સહધર્મચારિણી વનિતા મળી અને અમે સુખી થયા, ધન્ય થયા, આ બધા શ્રેય મારા પ્રિયબંધુ અર્જુનના જ છે. કુરુક્ષેત્રમાં ઘનઘોર યુદ્ધ કરીને બધા બલાઢય નૃપતિઓને હાર માનવી પડી, આ ફકત તેનો જ પ્રતાપ છે. વિરાટ રાજાના મહેલમાં ઉત્તરાકુમારી પાસે બૃહન્નલા વેષ ધારણ કરીને તેને નૃત્ય ગાયનનું શિક્ષણ આપ્યું. ઉત્તરકુમારને સાથે લઈને વિરાટ રાજાનું ગૌધન કૌરવ જેવા કૃતઘ્ન પાપી રાક્ષસો પાસેથી છોડાવ્યું. એ પાર્થ, આજે માર્ગમાં આમ અનાથ દીન થઈને પડયો એ દુઃખ મારા હૃદયમાં સમાતું નથી. હે કરુણાનંદ જગદીશ્વર ! તમારા સિવાય હવે મને કોનો આધાર છે ? તમારી કૃપા વગર મારાથી એક પગલું પણ આગળ ભરાશે નહીં.

'મહાબલવંત મલ્લ યોદ્ધો ભીમ પણ પ્રાપ્ત પરિસ્થિતિને કારણે અજ્ઞાતવાસમાં ભંડારનું કામ કરવા લાગ્યો. જેની ત્રિભુવનમાં હાક સંભળાતી હતી. એવા આ મહાવીરે સો ભાઈઓ સાથે કીચકનો ચક્કાચૂર કર્યો. ભદ્રાવતી નરેશ જરાસંઘ મહાબળવાન હતો, તેને ઊભો કાપી નાખ્યો. મહામલ્લ બલશાલી દુર્યોધન મહાન ગદાધારી વીર

હતો, તેને પણ જીતીને વિજય મેળવ્યો. અમારાં બધાં જ દુઃખો પ્રસંગે પાછળ ઊભા રહીને, સર્વ એ કાર્ય કરીને સહાય કરતો. વનફળ ભક્ષ્ય ભોજન બધું ઉપલબ્ધ કરીને આપતો, દૈત્યોને નીરખીને તેમનો સંહાર કરતો. મેઘનાદ, તાલકેતુ, અલમસ્ત વગેરે દુષ્ટ દૈત્યોના સંકજામાંથી દ્રૌપદીને છોડાવી લાવ્યો. એ અતુલ પરાક્રમી વીરના એક એક ગુણ વખાણવા જેવા હતા પણ આ કર્મ કથા હું હવે કોને કહું. હે બંધુઓ, તમે મને એકલાને જ નિરાધાર છોડીને સતી શિરોમણિ દ્રૌપદી સાથે આ અવની પરથી વિદાય થઈ ગયા. હવે આ શૂન્યવત્ જીવન જીવીને હું શું કરું ? આ દુઃખ મારા હૃદયમાં સમાતું નથી ! હે યદુરાય ! હે કેશવ ! હે માધવ ! હવે આ દાસને-પામરને પણ લઈ જાઓ, મને પાછળ છોડીને હવે મારી કઈ દુર્દશા કરવાની રહી છે ?' આ પ્રકારે ધર્મરાજા અત્યંત શોક કરવા લાગ્યા.

કરી સ્નાન રાય ત્યાંથી ચાલ્યા, અને સાચેરા યોગ આધાર,
અરણ્ય પર્વતમાં ફરે એકલા, તાહા દુઃખ તણો નહીં પાર. ॥૬૪૭॥
હવે વીરા બળવંત બળીયાને, તુજ વિના ચડાવે કોણ,
મહાદુઃખમાં સાંભરે બળીયા, મારા હૈયે સાલે છે ગુણ. ॥૬૪૮॥
લાખાગૃહથી ઉગારીયા, અને તે તારી કૃપાયે,
બાંધવ ગુણ શું વર્ણવું, એમ દુઃખ ધરે છે રાયે. ॥૬૪૯॥
હિડિંબાસુર હણ્યો ગર્વથી, વનમાં તે પમાડયો સુખ,
આજ તે ભ્રાતા કેમ કરી, દીધું વિયોગનું દુઃખ. ॥૬૫૦॥
એ બકરાક્ષસ હણ્યો જોતજોતામાં, માર્યો જીમૂત મલ્લ,
રણથી વૈરાટ વાળીયા, ધન ધન તારા પ્રતાપ બલ. ॥૬૫૧॥
તે ગુણ નહીં વિસરેને, સતીયે સહ્યાં દુઃખ,
સંગ્રામ કીધો અતિ ઘણો, પણ આજ દિન ન પામ્યા સુખ. ॥૬૫૨॥
ધિક્ પડયો જીવતર માહેરું, જે કોઈ ન મળે સત્ સાર,
ધિક્ પડયો જન્મ અમારો, જે ના પામ્યા રાજસુખ લગાર. ॥૬૫૩॥
સત્ પાલે તેણે સુખ નહીં, અને તે મોયા જોગ સંસાર,
પડયા ધરણીએ રુદન કરે, તે મહાવન દારુણ મોઝાર. ॥૬૫૪॥
ભીમ તણું રૂપ દેખીને ધર્મ પાડે મુખ ચીસ,
પણ ભ્રાતના દુઃખ માટે, તે થઈ રહ્યા સૂન શીશ. ॥૬૫૫॥
પણ મુખે તો બોલે નહીં, અને કહાવે પ્રિથમીનો ભૂપ,
મૂર્છાગત થઈ રાયેને, તાહા દેખી ભીમનાં સ્વરૂપ. ॥૬૫૬॥
ત્યારે પરિબ્રહ્મે જાણીયા, જે ધર્મ પામ્યા મહાદુઃખ,
ચિંતાથી રાયે પડીયા, તે પ્રીથમી માંહે અસુખ. ॥૬૫૭॥

ત્યારે દર્શન થાયે અવિનાશનું, એટલે રાયેને આવી સાન,
પણ મુખથી કાંઈ બોલે નહીં, જો બોલાવે શ્રી ભગવાન. ॥૬૫૮॥
હૈયામાં સાથે નાથજી, કરે રુદન મોટા અવાજ,
હવે ધર્મ રડતા હરિ રડે, અને છાના નહીં રહે મહારાજ. ॥૬૫૯॥
શ્રી હરિ કહે રાજા ધર્મ, એ કાળની અવળીગત,
તે માટે રાયેજી જાણજો, મિથ્યા સંસાર તે અસત. ॥૬૬૦॥

કેટલીક ઘટિકા પછી શોક મૂકીને ધર્મરાજા ઊઠયા. દસે દિશા હવે તેને શૂન્યવત્ દેખાતી હતી. આટલા મોટા અંતરાળમાં જ્યાં જીવ પ્રાણીમાત્રનું અસ્તિત્વ નથી, એવા એ ભયાનક ભીષણ ગિરિ શિખર પર એકલા જ ચિંતાગ્રસ્ત શોકમગ્ન અવસ્થામાં ફરતા ફરતા એ એક જલાધાર પાસે આવ્યા. એ સ્વચ્છ સુશીતલ નિર્મળ જળ જોઈને યુધિષ્ઠિરે સ્નાન સંધ્યા તર્પણ કર્યું.

થોડું જળ પ્રાશન કરીને ક્ષણભર સ્વસ્થ થઈ યુધિષ્ઠિર બેઠા. ત્યાં જ તેમને દુઃખનો ઉભરો આવ્યો. 'અહાહા, હે ભીમ બાંધવ ! હે મહા બળવંત ! તારા જવાથી મને મોટો આઘાત લાગે છે, આજ તું મને આ મહાદુઃખ સાગરમાં એકલો જ પાછળ છોડીને ગયો ! તારા ગુણ યાદ કરીને મારું હૃદય દુઃખના સંવેગથી તૂટે છે ! તારા પરાક્રમથી તે અમને લાક્ષાગૃહમાંથી સંભાળ કરીને બચાવ્યા. હે બાંધવ ! તારા ગુણ કેટલા વર્ણવા. અરણ્યમાં ગયા પછી હિડિંબાસુરના સકંજામાં સપડાયા પણ તેનો સંહાર કરીને તેં અમને સુખી કર્યા. આજે હે ભ્રાતા ! તારા વિયોગનું દુઃખ મને કેમ આપે છે. બકાસુરને મારીને તેં એ પ્રદેશના બધા લોકોને સુખી કર્યા હતા, જીમૂત મલ્લને મારીને વિરાટ રાજાની ચિંતા તેં દૂર કરી હતી, મહાભારત યુદ્ધમાં અતુલ પરાક્રમ કરીને તેં જય મેળવી આપ્યો, પણ તમારા આ બધાના શ્રમનું મૂલ્ય મારાથી થઈ શકયું નહીં. હે ભ્રાતા, હે મહાસતી સાધ્વી દેવી, તમે બધાંએ મારા કરતાં અપાર દુઃખ વેઠયાં. તમારા બધાના ગુણ ભૂલાશે નહીં. જીવનભર સત્ય પાલન માટે સંગ્રામ કરીને અપાર કષ્ટ સહન કર્યાં, પણ હું તમને સુખી કરી શકયો નહીં. ધિક્કાર છે એવા મારા આ જન્મને, મારું જીવન ખરેખર જ જીવન સૌખ્યના અભાવથી ધિક્કારાસ્પદ જ કહેવું જોઈએ.

આ જગતમાં સત્યપાલન કરનારા જીવાત્માને સૌખ્ય મળતું નથી એ સાચું છે. તદ્વત સત્યપાલનના ક્ષેત્રમાં દુઃખનું જ પ્રાબલ્ય હોય છે. ધર્મરાજા આ જ વિચાર ચક્રમાં અટવાઈને જમીન પર બેસી રહ્યા છે. અતિશય વિકટ એવા એ મેરુ શિખરના ઘાટ પર પડેલા ભીમના દેહને જોઈને મોટેથી ચિત્કાર કરતા કરતા ધર્મરાજા શૂન્ય મનસ્ક થઈને મૂર્છાગત થઈ ગયા. ચિંતાતિરેકથી અને મહાદુઃખથી રાજા હાથ પગ ઘસડવા લાગ્યા.

એ દુઃખાતિશયની પરિસીમા જોઈને કરુણાધર ભગવાન દ્રવી ગયા. ભગવાન પરબ્રહ્મ પરમેશ્વર કરુણા કરી સગુણ સાકાર રૂપે પ્રગટ થયા અને ધર્મરાજા પાસે આવીને તેમને ઉઠાડી બેસાડવા લાગ્યા. હે ભગવાન ! હે ભગવંત ! હે નારાયણ ! ધર્મરાજાના મુખમાંથી એક અક્ષર પણ નીકળતો નહોતો. એ પોતાનું ભાન ભૂલી ગયા હતા. પણ ભગવાનના સાક્ષાત્ સ્વરૂપ દર્શનથી એ ભાનમાં આવ્યા.

હાથ જોડીને ધર્મરાજા ભગવાનના ચરણે દંડવત્ નમી રહ્યા. તેના નયનમાંથી સ્તવનારા અશ્રુધારા-ગંગાયમુનાથી ભગવાનનાં ચરણ ધોવાયાં. ભગવાને તેને બાહુપાશમાં લઈને હૃદયે લગાડયા, તેનું કરુણાદ્ર વદન જોઈને ભગવાનનું મન પણ દ્રવી ગયું. તેમના નયનમાંથી પણ કરુણતા સ્ત્રવા લાગી. એક ઘટિકા નિઃશબ્દ શાંતતામાં નીકળી ગઈ. કોઈના પણ મુખમાંથી શબ્દ નીકળતો નહોતો.

પછી ભગવાન બોલ્યાઃ ધર્મરાજા, કાલ ગતિ ખૂબ વિચિત્ર અને મહાન છે. ધન્ય છે તને, તું એક વીર આ જગતમાં સત્ય રક્ષણ માટે સંસાર મિથ્યા જાણીને અહીં સુધી ચાલીને આવ્યો. ધન્ય તારી ધૈર્યની અને સહનશીલતાની શકિતને, રાજા હવે તને કોઈ પણ જાતનું કષ્ટ સહન કરવું પડશે નહીં, પણ હજુ તારા પર જવાબદારી હોવાથી તને આ જ માર્ગે આગળ જવું પડશે. એમ કહીને ભગવાન અંતર્ધાન પામ્યા. ભગવાનની આજ્ઞાનુસાર ધર્મરાજાનો શોક ઓછો થયો. પછી ભીમના અંતિમ ભૂમિ સંસ્કાર કરી. પિંડ શ્રાદ્ધ કર્યાં.

ભીમને મૂકી સ્નાન કરી રાજા સંચરે, તે મન સાથે મન ધ્યાન જો ધરે. ॥૬૬૧॥
શ્રીફળનો ત્યાં કીયો આહાર, ચાલ્યા ધર્મરાય અતિ નિર્ધાર. ॥૬૬૨॥
ભ્રાત ને નારી તણું દુઃખ ધરે ભૂપાલ, પહોંચ્યા માન સરોવરને પાળ. ॥૬૬૩॥
સરોવરમાં હંસ જલક્રીડા કરે અપાર, યોજન પાંચ તેનો વિસ્તાર. ॥૬૬૪॥
સૂરજકાંતિ મણિ ઝળકે ઘણી, કીયો સ્નાન તાહા પૃથમી ધણી. ॥૬૬૫॥
માન સરોવર તીરે આવી રહ્યા, ભૂપતિ અતિ ચિંતાવશ થયા. ॥૬૬૬॥
સ્નાન કરી જલ પીધું જહાં, ગળી ટચલી આંગળી રાજાની તહાં. ॥૬૬૭॥
રાજા ધર્મ ત્યાં કરે વિચાર, અસત્ય બોલ્યો હતો એક જ વાર. ॥૬૬૮॥
'નરો વા કુંજરો વા' વાણી ઓચરી, માર્યો દ્રોણ ત્યાં કપટ જો કરી. ॥૬૬૯॥
તે માટે મારી આંગળી પડી ગળી, હુવો પસ્તાવો રાજાને વળી. ॥૬૭૦॥
માન સરોવર કેરે તીર, તાહાં રુદન કરે યુધિષ્ઠિર વીર. ॥૬૭૧॥
મારા પાપ તણો નહીં પાર, માર્ગે ન રહ્યા નિજ બાંધવને નાર. ॥૬૭૨॥
ભાઈ વિના સૂનો સંસાર, ભાઈ વિના જીવવું ધિક્કાર. ॥૬૭૩॥
ભાઈ વિના રણે નહીં આવે કોયે, ભાઈ વિના અધિકારી ન હોયે. ॥૬૭૪॥
માયેનો જાયો બાંધવ જેહ, ઘર બેઠા નવે નિધ કહીયે તેહ. ॥૬૭૫॥
ભાઈ વિના નહીં પાવે નીર, ભાઈ વિના સુખ નહીં શરીર. ॥૬૭૬॥
ગઈ લક્ષ્મી પાછી પેખીયે, પણ બીજે અવતારે ભાઈ ના દેખીયે. ॥૬૭૭॥
ભાઈ વિના હું જાઉં રે કહાં, હવે તજુ પ્રાણ બેસીને ઈહાં. ॥૬૭૮॥
ઘેલો કરીને ગયા મુજને એ ભ્રાત, અને પતિવ્રતા સ્ત્રીને સંગાત. ॥૬૭૯॥
એકો દિશા ન સૂઝે આજ, કરો કૃપા તમો શ્રી મહારાજ. ॥૬૮૦॥

ભીમને ભૂમિદાગ આપીને ધર્મરાજા હવે એકલા જ આગળ જવા લાગ્યા. મનોમન ભગવાનનું ધ્યાન કરતા કરતા આગળ જતાં એ ભૂખથી ખૂબ વ્યાકુળ થયા. બરફમય પ્રદેશ હોવાથી ત્યાં ઝાડ તો શું પણ ઘાસનું એક પર્ણ પણ ક્યાંક ઉગેલું દેખાતું નહોતું. ગત્ગોષ્ટિ, દુઃખોના પ્રસંગો, ભાઈઓનો અને સતીનો વિયોગ વગેરે પ્રસંગોની સ્મૃતિથી એમને સતત દુઃખ થઈ આવતું. એ નિર્જન, પ્રાણી માત્ર વિરહિત પર્વત શિખર પર કોણ તેના દુઃખનો આઘાત જાણી નિવારી શકનાર હતું. એ અતિશય ભીષણ પરિસ્થિતમાં ધર્મરાજા તરસ, ભૂખ વગેરે બધું ભૂલી ગયા હતા, પણ હવે માત્ર ભૂખની તેને તીવ્રતા જણાવવા લાગી. આજુબાજુમાં જુએ છે તો ત્યાં વેરાન બરફ પ્રદેશમાં એક નારીયેળનું ઝાડ તેને દેખાયું. જેમ તેમ ત્યાં જઈને તેણે શ્રીફળનો ફળાહાર કર્યો. તેના ચિત્તને થોડી શાંતિ થઈ.

પછી થોડો સમય ત્યાં વિશ્રાંતિ લઈને ગત દુઃખોને યાદ કરતા કરતા ધર્મરાજા આગળ ચાલતાં ચાલતાં છેક માનસરોવર પાસે જઈને પહોંચ્યા. અતિશય રમ્ય નિર્મળ એવું એ જળાશય અને ત્યાંના હંસોની જળક્રીડા જોઈને તેનું મન અત્યંત પુલકિત થયું. ત્યાંની રેતી, રેતી શેની એ પ્રત્યક્ષ હીરા, માણેક મોતી, સૂર્ય પ્રમાણે ચકચકિત તેજસ્વી એવા રત્નના કણ સરોવરમાં તેમજ સરોવરની બહાર સર્વત્ર પ્રસરેલા હતા. અત્યંત પ્રસન્નતાથી ધર્મરાજાએ સ્નાન સંધ્યા તર્પણ કર્યુ અને તૃષાશમનાર્થ આચમન કરીને એક ઘૂંટ પાણી પીધું, ત્યાં જ એક ચમત્કાર થયો.

કોઈપણ પ્રકારનો ત્રાસ ન થતાં એમના જમણા હાથની ટચલી આંગળી ત્યાં જ ગળીને પડી ગઈ. એ સાથે સ્વપ્નમાંથી જાગે એ પ્રમાણે ધર્મરાજા શુદ્ધિમાં આવ્યા. તેનું જ્ઞાન નેત્ર ખુલ્યું. તેને લાગ્યું ઈશ્વરી યોજના એકદમ પળેપળ બરાબર છે. એક અણુરેણુ જેટલો પણ નિયતિના ન્યાયમાં ફેરફાર નથી. જીવનમાં એક વાર જ મેં અનિચ્છાથી અસત્ય ભાષણ કર્યુ હતું. યુદ્ધ કાળમાં ગુરુ દ્રોણાચાર્યને હતોત્સાહ કરવા માટે અશ્વત્થામાનું મૃત્યુ પામવાનું જાહેર કર્યું. તેમાં નર શું કે હાથી ? એવા દ્રોણાચાર્યએ સત્યવાદી ધર્મરાજાને પ્રશ્ન કરતાં જ અનિચ્છાથી શ્રી કૃષ્ણના કહેવા પ્રમાણે જાણી બુઝીને 'નરો વા કુંજરો વા' આવો શબ્દ બોલવાથી દ્રોણ હતબળ થયા ને અર્જુને તેવી ક્ષીણ અવસ્થામાં તેમનો શિરચ્છેદ કર્યો અને એ જ પાપનું પ્રાયશ્ચિત હવે મને મળ્યું.

આ વાત યાદ કરીને ધર્મરાજાને અત્યંત દુઃખ થયું. એ પોતાના મનને વાચાનો દોષ આપીને બોલ્યાઃ અરેરે સર્વ અનર્થનું કારણ હું જ થયો. મારાથી બધા આપ્ત, ઈષ્ટ, મિત્ર, બંધુ, પુત્ર, ગુરુ બધા માર્યા ગયા. તેમનું પ્રાયશ્ચિત મને હવે મળ્યું. મારી સ્ત્રી, મારા બધા ભાઈ મને એકલાને આ ભવસાગરમાં પાછળ મૂકીને ચાલ્યા ગયા હવે હું પણ રહીને શું કરું ? આ સરોવર અત્યંત પરમ પવિત્ર પાવક છે, અહીં જ ચિર વિશ્રાંતિ લઈને બંધુની પાછળ પાછળ ચાલ્યા જવું એ જ મને શ્રેયસ્કર લાગે છે. હવે ક્ષણભર પર ધીર ધરાતી નથી. બંધુ સિવાય આ ત્રિભુવનનાં બધાં સુખ શૂન્યવત છે, બંધુ સિવાય આ મારું જીવન હવે ધિક્કારયુકત છે, મારા બંધુ અત્યંત બળશાળી સામર્થ્ય સંપન્ન હતા માટે તેમના બળ પર મને જય મળ્યો, પણ તે જ બંધુઓને કાળના ઝપાટામાંથી મને છોડાવતાં આવડયું નહીં. ત્રિવાર ધિક્કાર છે મને. બંધુ સિવાય બીજું કોઈ નથી, બંધુ સિવાય કોઈ પાણી આપતું નથી, બંધુ પ્રીતિથી જીવને સૌખ્ય (સુખ) મળે છે. ગયેલી લક્ષ્મી પાછી મળી શકશે પણ ગયેલા ભાઈ પાછા મળી શકશે નહીં. બંધુઓ ! ક્યાં છો રે તમે, બધા જણ છુપાઈને કેમ બેઠા છો ! મેં ત્રાસ આપ્યો માટે મને છોડીને ગયા કે શું ? ઊભા રહો મને પણ તમારી સાથે આવવા દો. હવે આ મારા હાથની ફક્ત આંગળી ગળીને પડી પણ હવે આ દેહ પણ મને અસહ્ય થયો છે. એક વાર આ શરીરનો અંત કરીને હું પણ તમારી સાથે આવું છું. એવો વારંવાર વિલાપ કરતા ધર્મરાજા અત્યંત કરુણાદ્રતાથી ભગવાનની આરાધના કરતા ત્યાં જ માનસરોવરના તીરે મૂર્છાગત થઈને પડી ગયા.

રાજા દુઃખ ધરે છે જાહાં, ધર્મ શ્વાન થઈ આવ્યા તાહાં. ॥૬૮૧॥
ઋષિ શ્રાપે કરી દેહ જો ધરી, પુત્ર તણું દુઃખ મનમાં કરી. ॥૬૮૨॥
પુત્ર પાસે આવી રહ્યા, ધર્મ ધરી શ્વાન સ્વરૂપ,
રાયે આવતાં ઓળખ્યા, ઊઠીને ભેટીયા ભૂપ. ॥૬૮૩॥
શ્વાન સંગાતે સંચર્યા, અને ચાલ્યા માર્ગે જાયે,
વૈકુંઠ પુરી છે વેગળી, દુઃખ ધરે છે યુધિષ્ઠિર રાયે. ॥૬૮૪॥
રાજા યુધિષ્ઠિર ચાલ્યા જાયે, અંતર સમરે શ્રી યદુરાયે. ॥૬૮૫॥
મારગમાં ચાલ્યા જેટલે, ઈંદ્ર આવી મલ્યા તેટલે. ॥૬૮૬॥

ધસી શીશ નમાઉં ચરણ, ભલે પધાર્યા શરણાશરણ. ॥૬૮૭॥
તમ દર્શને પાવન થયા, મહા પાતકના સંચ જો ગયા. ॥૬૮૮॥
સ્વર્ગે પધારો મારા નાથ, કરું સેવા બહુ જોડી હાથ. ॥૬૮૯॥
આપો આજ્ઞા તે ચઢાવું શીશ, તમે આશા પૂરો શ્રી જગદીશ. ॥૬૯૦॥
વળતા ભક્ત યુધિષ્ઠિર કહે, સાંભળવા દેવરાયે છાના રહે. ॥૬૯૧॥
એવા સ્વર્ગે હું નહીં આવું ધીર, જાઉં જ્યાં છે શ્યામ શરીર. ॥૬૯૨॥
ગોવિંદજી આજ્ઞાયે કરી, વળ્યો ઈંદ્ર આશા પરહરી. ॥૬૯૩॥

એક પ્રહર પછી ધર્મરાજા યુધિષ્ઠિર શુદ્ધિમાં આવ્યા, ત્યારે તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. નજીકમાં જ એક કૂતરો અત્યંત કરુણા દૃષ્ટિથી સામે જુએ છે. એ પોતાના મસ્તકને સૂંઘતો ઊભો છે એમ ધર્મરાજાને દેખાયું. એ શ્વાન તરફ જોતાં ધર્મરાજા વિચારમગ્ન થયા. આ નિષ્પ્રાણી પર્વતના શિખર પર આ કૂતરો અહીં કઈ રીતે હોય ? આ ખરેખર જ કૂતરો છે કે પોતાને દિશા ભૂલાવનારી કોઈ માયાવી શકિત છે, પણ હવે માયા શકિતનો પ્રાંત તો પાછળ રહી ગયો. ત્યારે આ જે પ્રાણી અહીં અચાનક આવ્યો છે એ ખરેખર કૂતરો નહીં પણ બીજા કોઈ દિવ્ય શકિતમાન પુણ્યાત્મા મહાત્મા હોય અથવા દેવ હોય એવી ધર્મરાજાને ખાતરી લાગતાં જ તેમને આકાશમાંથી ધીરગંભીર નાદ સાંભળાયો. અદૃશ્ય રૂપે, વિણાનાદ થવાથી નારાયણનું નામ સ્મરણ સંભળાયું અને મધુર સ્વરમાં એ વાણી બોલીઃ 'રાજા યુધિષ્ઠિર, તારું ઐશ્વર્ય હવે પૂર્ણ થયું. જલ્દી જ તું વૈકુંઠમાં પ્રવેશ કરીશ. તને માર્ગદર્શન માટે પ્રત્યક્ષ તારા પિતા ભગવાન યમરાજ ધર્મ શ્વાનનું રૂપ લઈને આવ્યા છે. હવે તેના માર્ગ દર્શાનુસાર માર્ગ ક્રમતો તું વૈકુંઠમાં પહોંચીશ. વચ્ચે કોઈ પણ મોહમાં અટકીશ નહીં ! દિવ્ય સંદેશ આપી એ વાણી વિલય પામી.

યુધિષ્ઠિરને શ્વાન રૂપે યમરાજા ધર્મદેવે (તેના અપરાધથી દુર્વાસાએ યમરાજા ધર્મને શ્રાપ આપ્યો હતો કે તેને ત્રણ વાર ચાંડાલનો જન્મ લેવો પડશે. હરિશ્ચંદ્ર રાજાની સત્ય પરીક્ષાના સમયે દૂધા (હરવંશ ઝાંપડા) અત્યંજના રૂપે, કુરુવંશમાં દાસી પુત્ર વિદુર રૂપે અને યુધિષ્ઠિરને સ્વર્ગારોહણના સમયે માર્ગદર્શન માટે શ્વાન રૂપે એમ ત્રણ જન્મો યમરાજા ધર્મે ઋષિ શ્રાપ પ્રમાણે ધારણ કર્યા. શ્વાન રૂપે યમરાજ ધર્મ જ છે) યુધિષ્ઠિરને આલિંગન આપ્યું તેથી યુધિષ્ઠિરને અત્યંત સહાનુભૂતિ થઈ. એકસરખી ગંગા યમુના યુધિષ્ઠિરના નેત્રમાંથી વહેવા લાગી. થોડા સમય પછી ભાનમાં આવી યુધિષ્ઠિર શ્વાનની સાથે આગળ જવા લાગ્યા.

ખૂબ અંતર ચાલ્યા પછી યુધિષ્ઠિરને એક વિમાન સામેથી આવતું દેખાયું. ધર્મરાજાની આગળ આવતાં વિમાન રોકાયું અને તેમાંથી અલૌકિક દિવ્ય તેજસ્વી પુરુષ દેવરાજ ઈંદ્ર ઉતર્યા. ઈંદ્રને જોતાં જ યુધિષ્ઠિરે તેમના ચરણોમાં પ્રણામ કર્યા. 'હે નાથ દેવાધિપતિ ! આજ તમારું પ્રત્યક્ષ દર્શન થયું. હું એકદમ પુણ્યવાન પાવન થયો, મારાં બધા જન્મોનાં પાતક નષ્ટ થયાં. મારાં સંચિત કર્મો બધાં બળી ગયાં, હવે હું મુકત થયો.

ઈંદ્ર બોલ્યાઃ 'ભકત યુધિષ્ઠિર, હવે તારાં કૃતકૃત્યો પૂર્ણ થયાં છે. હવે તું પરમ પાવક પવિત્ર પુણ્યવાન થયો છે. મારી સાથે સ્વર્ગલોકમાં ચાલ વિમાનમાં બેસ અને મારા સમવેત આ અલૌકિક દિવ્ય સ્વર્ગીય સુખોપભોગમાં, દિવ્યાંગનાઓના સાનિધ્યમાં યથેચ્છ ક્રીડા કરી તું અહીં જ દિવ્યાનંદનો અનુભવ લે.'

ભકત યુધિષ્ઠિર બોલ્યાઃ 'મહારાજ, તમે મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. તમારાં દર્શનથી હું કૃતાર્થ થયો. જગદીશ્વરની કૃપાથી અને તમારી સહાનુભૂતિથી હું પરમ પાવન થયો. તમે મારા પર હજુ એક ઉપકાર કરો. તમે પિતૃતુલ્ય છો, હું તમારો

બાળક, એક આજ્ઞા માગું છે કે તમે મને આ દિવ્ય સ્વર્ગીય સુખોપભોગના માયાના બંધનમાં મોહિત કરશો નહીં, અહીંથી આગળ જવાની અને ભગવાન જગદીશ મને જલ્દી પ્રાપ્ત થાય એવી અનુજ્ઞા કરો. જયાં મારો શ્યામ-ગોવિંદ પ્રભુ બિરાજમાન છે, માત્ર તેના જ ચરણોમાં લીન થવું એ જ એક અભિલાષા છે. માટે તમે કૃપા કરીને આ સ્વર્ગીય દિવ્ય સુખોપભોગનો માયાવી પાશ કાઢી લો અને આત્મિક પ્રેમથી મને ધ્યેય પામવાનો આશીર્વાદ આપો.' યુધિષ્ઠિરની વાણી સાંભળતાં જ ઈંદ્ર રાજી થઈને યુધિષ્ઠિરને અભિવાદન કરીને પોતાના સ્થાને પાછા ફર્યા. ભકત યુધિષ્ઠિર શ્વાન સાથે આગળ જવા લાગ્યા.

ચાલ્યા રાયે ને આનંદ ઘણો, મુખે સ્મરણ સુંદર ગોવિંદ તણો. ॥૬૯૪॥
હરિકૃપાએ મોટા સત્‌વાદી રાયે, સત કારણે સદેહે હરિ મલવા સ્વર્ગે જાયે. ॥૬૯૫॥
દેહનું સુખ સંસારમાં સાર, અને સત સતીયાનું રખાય,
પણ તે મરજાદાયે કરી, ક્ષણ માંહે સત પોતાનું જાય. ॥૬૯૬॥
યુધિષ્ઠિર સદેહે સ્વર્ગે આવે, એથી અદકુ શું કહેવાયે,
પૂર્વે તો સદેહે ગયા, પ્રહલાદ હરિશ્ચંદ્ર રાયે. ॥૬૯૭॥
પેલા સદેહે રૂખ્માગદ પોતા, વળી યુધિષ્ઠિર રાયે,
પણ સત્‌ વિના વૈકુંઠમાં, સદેહે કાહાથી જાયે. ॥૬૯૮॥
એમ બોલે વેદવાણી, તે તમે નિશ્ચયે જાણ,
સત્‌ વિના રાખે નહીં, તે તાહાં સારંગપ્રાણ. ॥૬૯૯॥
સતે રવિ ચંદ્ર ઉગે, અને સતે તારામંડલ,
સતે ચૌદ ભુવન રહાં, સતે મેરુ રાખા અચલ. ॥૭૦૦॥
સતે શેષ ધરા ધરે, સતે સમુદ્ર ન લોપાયે,
મર્યાદા પ્રિથમી તણી, તે સતે કટકા ન થાયે. ॥૭૦૧॥
સતે મેઘ વરસે સંસાર, સતે સહેવો સતીઆનો ભાર. ॥૭૦૨॥
સત્‌ વહાલું સતીઆનો હોયે, સત વિના જીવ દુઃખ પાસે સોયે. ॥૭૦૩॥
સત્‌ રાખ્યું હરિશ્ચંદ્ર તારારાણી સાર, અને સત રાખ્યું તે રોહિદાસ કુમાર. ॥૭૦૪॥
સતે રહા કમલધ્વજ, સતે રહા કમલાધિપતિ જોયે,
તે માટે તું સાંભળ રાજા, અને સત વના નહીં કોયે. ॥૭૦૫॥

અત્યંત સુંદર પરમ પુણ્યકારક રમણીય એવી દેવભૂમિ પરથી જતા હતા, ત્યારે ધર્મરાજાના મનને ખૂબ આનંદ થયો. તેનું મન પ્રફુલ્લિત થયું. ઉત્સાહિત અંતઃકરણથી શ્યામસુંદર ગોવિંદનું સ્મરણ કરતા જતા હતા, ત્યારે યમરાજા ધર્મદેવે પણ પોતાનું શ્વાન રૂપ બદલી નાખી દિવ્ય ક્રાન્તિમાન સૌખ્ય ધીર ગંભીર સ્વરૂપ ધારણ કર્યુ.

ભગવાન યમરાજા ધર્મદેવ બોલ્યાઃ 'યુધિષ્ઠિર, માનવ જીવનમાં આવીને તું ખરેખર ધન્ય થયો છે. મારા અંશથી પ્રગટ થઈને જીવનભર ધર્માચરણ કર્યુ, અપાર કષ્ટ કસોટી સહન કરીને અંતિમ ધ્યેય સાધ્ય કરી. તે મને પણ ધન્ય કર્યો, વત્સ ! આ અસાર સંસારમાં દેહના સુખ માટે ઝુરનાર ખૂબ જ છે પણ આત્મિક સુખ માટે પ્રયત્નશીલ રહેનારા મર્યાદિત લોકોમાં તું જ અગ્ર ક્રમે છે. સાંસારિક સુખ, દેહનું સુખ, સ્વર્ગીય સુખ તે ક્ષણિક મર્યાદિત છે પણ આત્મિક સુખ નિઃસમ અમર્યાદિત છે. ફકત સત પાલનથી જ એ મળી શકે છે, અન્યથા નહીં.

હે ભકત યુધિષ્ઠિર, સત્યના પાલનથી જ તારો આ મૃત્યુલોકનો દેહ કાયમ રહ્યો છે. જ્યારે બાકીના બધાના દેહ નષ્ટ પામ્યા, પણ તારો દેહ કાયમ રહ્યો. આના પરથી તું સતની સૌમ્ય મૂર્તિ જ છે. સર્વ ધર્મ મર્યાદાનું પાલન કરીને સત્યને ગ્રહણ કરી રાખ્યું માટે તને અમર્યાદિત અમર પદનું સુખ મળ્યું. પૂર્વકાળમાં ભકત રૂખ્માગદ, ભકત પ્રહલાદ, મહાન સત્યશીલ રાજા હરિશ્ચંદ્ર વગેરે ત્રિભુવન કીર્તિમાન મહાન સત્‌પુરુષો આજ દેહથી અમર ભૂમિમાં આવ્યા હતા. તેમણે પોતાના સત્યપાલનની નિયતિ પર જાત સમર્પિત કરી હતી. વત્સ, હવે તું પણ તેમના પછી સદેહથી સ્વર્ગની અમર ભૂમિમાં આવ્યો છે.

સુપ્રસિદ્ધ વેદ વચન છે કે આ સૃષ્ટિના મૂળ સાથે સત્ તત્ત્વ જ એ એક માત્ર તત્ત્વ છે કે જે આ સૃષ્ટિની ઉત્પત્તિ કરે છે, સ્થિત્યંતર (રૂપાંતર) કરે છે અને લય પણ કરે છે. તે જ આ સત્ એટલે ચૈતન્યમય સ્વયં પ્રકાશિત અમૃત તત્ત્વ આત્મા છે. એ સત સિવાય પંચમહાભૂત અસ્તિત્વમાં આવી શકતાં નથી. રવિ અને ચંદ્ર એ જ સત્ ને કારણે ઉદયાસ્ત પામે છે, તારા મંડળ પ્રકાશે છે, મેરુ પર્વત અચલ અટલ રહે છે, શેષ ધરાનો ભાર પોતાના શિર પર ધારણ કરે છે, સમુદ્ર મર્યાદામાં રહે છે, મેઘ પૃથ્વી પર વૃષ્ટિ કરે છે વગેરે આ બધી નિસર્ગ ક્રિયા વ્યવસ્થિત અવ્યાહતપણે ચાલે રહે છે, એ ફકત સતને કારણે જ. સત ને કારણે સત્યવાનનાં સત્ય રખાય છે. સત્યશીલોને સત અત્યંત પ્રિય છે. એ સત સિવાય જીવાત્મા અત્યંત દુઃખ ભોગવે છે.

સત્ત્વપાલન માટે જે કસોટી સહન કરાય છે એ કસોટી એટલે દુઃખ નહીં પણ સત પ્રાપ્તિનો એ એક ઉજ્જવળ માર્ગ જ છે એમ સદ્‌ભકત જાણે છે. સત્ત્વશીલ રાજા હરિશ્ચંદ્ર, તારામતિ, રોહિદાસકુમાર આ એ જ કસોટીના સદ્‌ભકત હતા. ભકત પ્રહલાદ, સત્ત્વશીલ કમલધ્વજ, સત્ત્વપ્રિય કમલાપતિ સત્યવાન હતા. આ મહાન લોકોત્તર દિવ્ય સત્પુરુષોએ એ જ એક માત્ર સત પર પૂર્ણ નિષ્ઠા રાખી ત્યારે જીવનનો એ ઉજ્જળ પરમ પ્રકાશિત દિવ્ય માર્ગ મળ્યો. માટે એવા સદ્‌ભકત મહાત્માઓ જ દીપ સ્તંભ રૂપ થઈને જગતના અજ્ઞાની જીવાત્માને સત્યના માર્ગનો પ્રકાશ આપે છે. માટે હે વત્સ, તું પણ આ અજર અમર ઉજ્જવળ સતનું અવલંબન કરીને આ અમર ભૂમિમાં આવ્યો છે. તારી પ્રશંસા જેટલી કરીએ તેટલી થોડી જ છે.

દ્રૌપદી નકુલ ને સહદેવ, અને અર્જુન ભીમસેન એ પાંચે ગયાં.
હિમે હાડ ગળાવી, તે મુજને મળશે કયાં. ॥૭૦૬॥
હવે માર્ગ મધે ધર્મ સંગ જાયે, અને ગ્રહી મેરુની સંધ,
ત્યાં માર્ગમાં એક કૂપ દીઠો, રાય પૂછે ધર્મને વિધ. ॥૭૦૭॥
આ રકત વર્ણના કૂપ દીસે, તેનો મહિમા કહો મહારાજ,
શ્રી ધર્મ કહે એમાં સ્નાન કરો, એનો મોટો મહિમા છે આજ. ॥૭૦૮॥
રાય કહે મર્મ જાણ્યા વિના, કેમ કરીયે તેમાં સ્નાન,
મુજને એનો વિવેક કહો, તો પછી નહાવું એમાં ભગવાન. ॥૭૦૯॥
ધર્મ કહે અંગિકાર કર્યા વિના, અને એનું ફલ જાયે,
ધર્મરાજ એમ બોલીયા, તમે સાંભળો યુધિષ્ઠિર રાયે. ॥૭૧૦॥
નરકના કુંડ આગળ, બેહુ જણ સાથે જાયે,
અગનની આંચ ઘણેરી, દુઃખ મહા દુઃખ દેખાયે. ॥૭૧૧॥

રાય યુધિષ્ઠિર વાણી બોલીયા, અને નરક આંય અપાર,
કૃપા કરીને ક્ષમા કરજો, માંહે અગ્નિ દીસે અદકાર. ॥૭૧૨॥
ધર્મરાજ મુખે બોલ્યા વાણ, અરે બોળો પગ તો થાયે સારું,
તવ યુધિષ્ઠિર વાણી સત ઓચરે, સ્વામી મેહેર કરો તો વારું. ॥૭૧૩॥
વળતાં રાજા કાંપીયાને, શિર પડયો બહુ ત્રાસ,
જયાં ચરણ પખાળ્યાં ચાલતાં, તો કરોડી નવ અમરાપુર વાસ. ॥૭૧૪॥

યુધિષ્ઠિર યમરાજા ધર્મદેવ સાથે આગળ ચાલતા હતા ત્યારે તેમને ઓચિંતાનાં તેને સતી દ્રૌપદી, નકુલ, સહદેવ, અર્જુન, ભીમ વગેરેની યાદ આવી. અત્યંત કરુણ સ્વરે એ બોલ્યાઃ આજ મારા ભાઈ, મારી લાડકી સતી દ્રૌપદી મારી સાથે હોત તો તેમને અને મને કેટલો આનંદ થયો હોત, પણ કાળે તેમનાં હાડ ગાળીને ત્યાં હિમાલયમાં જ રાખી દીધાં. શું થયું હશે મારા બાંધવોનું ? ક્યાં હશે મારી સતી સ્ત્રી ? એ બધાં ક્યાં જઈને મને મળશે ? અમારો પુનર્મિલાપ થશે કે નહીં ? ક્યાં થશે ? પૂછું પોતાના પિતૃતુલ્ય યમરાજા ધર્મદેવ ભગવાનને એમ યુધિષ્ઠિરને મનમાં વિચાર આવ્યો.

ત્યાં જ ધીરગંભીર મેઘગર્જના પ્રમાણેની વાણીએ યમરાજ ધર્મદેવે કહ્યુંઃ વત્સ યુધિષ્ઠિર, તારી બધી ઈચ્છા જલ્દી જ પૂર્ણ જશે, મારી સાથે ચાલ. આ મેરુ પર્વતને ઓળંગશું એટલે આપોઆપ તને બધી ઘટના સમજાશે. એવી યમરાજ ધર્મદેવની તેમની વાણી સાંભળીને યુધિષ્ઠિર તેમની સાથે જવા લાગ્યા.

ત્યાં જ તેમને દૂરથી એક દશ્ય દેખાયું. રકતવર્ણનો અત્યંત તપ્ત તેજસ્વી એવો તે એક કૂપ હતો. યુધિષ્ઠિરે યમરાજ ધર્મદેવને એ કૂપ વિષયે જિજ્ઞાસાથી પૂછયું, ત્યારે યમરાજ ધર્મદેવ બોલ્યાઃ 'યુધિષ્ઠિર આ જગ્યાનો મોટો મહિમા છે. આજે પર્વણીનો દિવસ હોવાથી અહીં સ્નાન કરવાથી તને મોટું પ્રાધાન્ય મળશે.'

યુધિષ્ઠિર બોલ્યાઃ 'મર્મ સમજાવ્યા વગર હું સ્નાન કઈ રીતે કરું ! માટે પહેલાં મને અહીંનું મહાત્મ્ય કહો. એ કહ્યા વગર હું સ્નાન કરીશ નહીં.

યમરાજ ધર્મદેવ બોલ્યાઃ 'મહાત્મ્ય તને પછી જણાશે જ. પણ સ્નાન કર્યા પહેલાં તને કહેવાથી અહીંનો મહિમા જતો રહેશે, માટે પહેલાં તું સ્નાન કર.'

જેમ તેમ યુધિષ્ઠિર સ્નાન માટે તૈયાર થયા અને એ બંને એ કૂપ પાસે જવા લાગ્યા. તો એ એક નરક કુંડ હતો. અગ્નિના યોગથી ધગધગતો હતો તે યુધિષ્ઠિરે જોયું. ત્યાંની તીવ્ર દુર્ગંધ અને ધગધગતા અગ્નિની આંચ યુધિષ્ઠિરથી સહન થતી નહોતી. યુધિષ્ઠિર આગળ જતા નથી એ જોઈને યમરાજ ધર્મદેવ બોલ્યાઃ 'યુધિષ્ઠિર, વિચાર શાનો કરે છે, અરે માર એકદમ કૂદકો એ કૂપમાં અને અહીંના બધા જીવાત્માનાં શ્રેય મેળવ, વિચાર કરતો બેસીશ તો આવેલી સંધી ગુમાવીશ.'

યુધિષ્ઠિર બોલ્યાઃ મહારાજ, મને ક્ષમા કરો, મારા પર કૃપા કરો, મારાથી અહીંની દુર્ગંધ અગ્નિની આંચ પણ સહન થતી નથી અને તમે અત્યાગ્રહથી આ કૂપમાં સ્નાન કરવા માટે કહો છે. શું કરવું એ સભ્રમમાં હું પડયો છું. મારા પર અનુગ્રહ કરીને મને આ સંકટના દુઃખમાંથી મુકત કરો. હું સ્નાન કરી શકતો નથી.'

યમરાજ ધર્મદેવ બોલ્યા: 'અરે આજે જ તું આમ વિપરીત કેમ બોલે છે. હમણાં સુધી તો તે બધાં સંકટો, બધાં દુ:ખો સહન કર્યાં અને આજે તારી આવી વિપરીત મતિ કેમ થઈ છે ? તું પ્રતિકાર કરીશ તો શ્રેય જશે. એના કરતાં મારી એક વાત સાંભળ. તારે સ્નાન કરવું ન હોય તો ફક્ત એક પગ તો કૂપમાં ધો.'

ધર્મદેવની આજ્ઞા પ્રમાણે યુધિષ્ઠિરે ચાલતાં ચાલતાં એક પગ એ કૂપમાં મૂકયો. અનામિક પણ નિરાધાર બીકથી રાજા યુધિષ્ઠિર થર થર કાંપવા લાગ્યા. તેમને કૂપમાં પગ મૂકયો પણ અંગૂઠો ડૂબે ન ડૂબે ત્યાં જ એણે પગ ઉપર ખેંચ્યો. તેમના શરીરમાં જાણે પ્રત્યક્ષ અગ્નિએ પ્રવેશ કર્યો હોય એમ તેમને લાગ્યું. તેમનું અંગ ધગધગવા લાગ્યું, અત્યંત તીવ્ર દાહથી એમનો પગ દાઝવા લાગ્યો અને તેમના પગને કૂપમાંથી ચોંટીને આવેલાં જંતુ નીચે પડવા લાગ્યાં અને જમીન પર પડતાં જ એ જંતુ માનવ આકાર લેવા લાગ્યાં. આ આશ્ચર્ય જોઈને યુધિષ્ઠિર વિસ્મય ચકિત થયા.

પછી ચરણ બોળતાં જંતુ વળગ્યાં, નવ કરોડી આવાં તાહે.
પાંચ બાલક આવ્યા દ્રૌપદીના, જે પડયા રણક્ષેત્ર માહે. ॥૭૧૫॥
કાશી રાજાનો પુત્ર ભોજ બળીયો, અનેક રથી મહારથી કહેવાયે,
માલવ દેશનો મહિપાલરાજા, તે અનેક દેશનો રાયે. ॥૭૧૬॥
બીજા કહેતાં પાર ના આયે, સઘળા જીવ નવ કરોડી થાયે,
યુધિષ્ઠિર પૂછે ધર્મરાજાને, એ જીવ કાહા કેવાયે. ॥૭૧૭॥
ધર્મરાજ કહે રાયે સાંભલો, જે પડા કૌરવ કર્ણ દલ સાથે,
તે દિવસના દુ:ખીયા થયા, જઈ પડા નરક માથે. ॥૭૧૮॥
રાય કહે જે રણ પડે, તે તો જાયે સ્વર્ગ સાથ,
હરિ કહે તે સાચું સહી, પણ એ પડા કૌરવ હાથ. ॥૭૧૯॥
રણ માંહે કાયર જેહ, અને નરકે પડી તેની દેહ,
કાયર થયા તે નિશ્ચયે ગયા, ઈહ પર લોકથી તેહ. ॥૭૨૦॥
હરિ વચને ચરણ પખાળ્યા, અને આગ લાગી અદકાર,
ચરણ પોતાનાં ધોયાં યુધિષ્ઠિરે, તે નરકે દુ:ખ અપાર. ॥૭૨૧॥
શ્રી મહારાજ બોલ્યા મુખ વાણી, નવ કરોડી સ્વર્ગે આયે,
અઢાર કરોડી રહા કુંડમાં, તેના પાર ના પાયે. ॥૭૨૨॥
ધર્મ યુધિષ્ઠિર વાણી બોલ્યા, કહો તો કુંડમાં નહાઉં જાણ,
વચન અમારાં વઈ ગયાં, અવસર વેળા વખાણ. ॥૭૨૩॥
અવસર વેળા વચન અમારાં, અને વ્રત વેળા પરવારી રાયે,
નવ કરોડી જીવ ચરણે કાઢયા, તે કોણ કારણ કેશવરાયે. ॥૭૨૪॥

યુધિષ્ઠિરના અંગૂઠાને ચોંટી આવેલાં જંતુથી એક એક એવા નવ કોટિ જીવાત્મા ત્યાં પ્રગટ થયા અને હાથ જોડીને યુધિષ્ઠિરને વિનવવા લાગ્યા અને બોલ્યાઃ 'હે પરમ પાવન ધર્માત્મા, તમારા સંસર્ગથી અમારાં બધાં પાપ પરિબળ નષ્ટ થયાં. અમે દીર્ઘકાળથી નરકમાં પડેલા નરકાગ્નિમાં તપેલા પતિત જીવાત્માઓ તમારા સૂક્ષ્મ સ્પર્શથી પરમ પવિત્ર અને સુશીતલ શાંત થયા છીએ, અમને ક્ષણભર તમારા આ પવિત્ર શાંત સુશીતલ સાનિધ્યમાં રહેવા દો.

યુધિષ્ઠિર એ જીવાત્માઓની વાણી, સ્થિતિ અને વિનમ્ર પ્રાર્થના સાંભળીને વિસ્મયતાથી એમની સામે જોવા લાગ્યા અને એમને પોતાના જ પાંચ પુત્રો (દ્રૌપદીથી થયેલા પાંડવોના પુત્રો), પોતાના પક્ષ તરફના કેટલાક સૈનિકો, કાશી નરેશ, ભોજપુત્ર માલવ નરેશ, મહિપાલ રાજ વગેરે અનેક રથી, મહારથી, રાજા, યોદ્ધા, મહાયોદ્ધા દેખાવા લાગ્યા. એ જોઈને યુધિષ્ઠિરનું મન સાશંક થયું. તેથી તેમણે યમરાજ ધર્મદેવને તેનું કારણ પૂછયું. યમરાજ ધર્મદેવે કહ્યુંઃ 'યુધિષ્ઠિર, આ જીવાત્મા દુષ્ટ કૌરવોના હાથે મર્યા, માટે દુઃખીત થઈને તેને આ અવગતિ પ્રાપ્ત થઈ.'

યુધિષ્ઠિર બોલ્યાઃ 'પણ શાસ્ત્ર વચન છે કે રણાંગણમાં જે વીર પડે છે તે સ્વર્ગમાં જાય છે પછી આ જીવાત્માઓને આ દુર્ગતિ કેમ ભોગવવી પડી ?

યમરાજ ધર્મદેવ બોલ્યાઃ 'તું કહે છે એ બરાબર છે પણ કૌરવોના હાથે મરવાથી તેમણે હમણાં સુધી આ દુઃખ ભોગવવું પડયું. રણાંગણમાં જે જીવ બીકથી બીકણ પ્રમાણે ભાગી જાય છે તેને કાયર કહેવાય છે, એ મૃત્યુ પછી ઈહલોકમાં અને પરલોક એક સાથે તેને કાયમ માટે નરકાગરમાં પડવું પડે છે. રાજા તારા પુણ્ય પ્રતાપે આ જીવાત્માના સદ્‌ભાવે નવ કરોડી જીવાત્મા જીવન મુકત થયા, પણ હજી અઢાર કોટિ જીવ આ કૂપમાં છે. હે યુધિષ્ઠિર ! તું હવે સારા શુદ્ધ શીતળ જળથી તારો પગ ધોઈ નાખ.'

યુધિષ્ઠિરના પગમાં જાણે આગ જ લાગી હતી. એટલું તેને અપાર દુઃખ થતું હતું. તેમનાથી દુઃખ ભાર બિલકુલ સહન થતો નહોતો, તો પણ તેઓ બોલ્યાઃ 'હે મહારાજ, હજુ અઢાર કોટિ જીવાત્મા જો આ નરક કુંડમાં હોય તો તેમની મુકિત માટે હું આ કુંડમાં સ્નાન કરું, હે સ્વામી ! તમે મને આજ્ઞા આપો. હું આ કૂપમાં કૂદકો મારું, બિચારા બધા જીવાત્માઓને તો મુકિત મળશે. મારા જીવનું ભલે જે થવાનું હોય તે થાય, હવે હું મારા જીવનો મોહ કરીશ નહીં. મને જો પહેલાં જ આ ખબર હોત તો મેં આ પુણ્ય કાર્ય ટાળ્યું નહોત.' એમ કહીને યુધિષ્ઠિર કૂપમાં કૂદવા તૈયાર થયા.

તરત જ ભગવાન યમરાજ ધર્મદેવ બોલ્યાઃ 'ઊભો રહે યુધિષ્ઠિર, હવે વિના કારણ આત્મનાશ કરીશ નહીં. હવે તું ગમે તેટલો પ્રયત્ન કરીશ તો પણ અંદર રહેલા જીવાત્મા છુટી શકશે નહીં. એ સમય, એ મહિમા હવે પૂર્ણ થઈ ગયો. એ પર્વણી હવે રહી થી. સાચું મહત્ત્વ સમયનું જ હોય છે. વ્રત, ઉપવાસ, જપ, તપ વગેરે સર્વ યોગ્ય સમયે જ ફળપ્રદ થાય છે. જે પ્રમાણે ઋતુ સિવાય ફળની પ્રાપ્તિ થતી નથી, તે રીતે તે કાર્ય હવે સિદ્ધ થશે નહીં. તદ્વત હવે એ કાર્યનો મહિમા પૂર્ણ થઈ જવાથી વિના કારણ પશ્ચાતાપ કરવાનો શો અર્થ, હવે તું તારો પગ ધોઈ નાખ.'

નવ કરોડી રહ્યા કુંડમાં, જે બેઈમાની અંધ,
નવ કરોડી જીવે લોચા વાળ્યા, તે પડયા આવાગમનના ફંદ. ॥૭૨૫॥
સત્તાવીસ કરોડી નરકે પડયા, અને સાંભળજો સાચા ભાઈ,
સત્‌ગુરુ વચન ઉવેખીયા, તેણે કૂડી કરી કમાઈ. ॥૭૨૬॥

પિંડ પડયા જેમ વિષમાં નાખ્યા, સાંભળજો શ્રી યદુરાયે,
ચરણે આગ લાગી ઘણી, ને જીવ અમારા જાયે. ॥૭૨૭॥
ચરણ પખાળાં નવ્વાણું વાર, અને વિખ વલોવી કરાયે,
નવ કરોડી વળગી આવે, કોણ કારણ કહેવાયે. ॥૭૨૮॥
નવ કરોડી વળગી આવા, તે ધર્મી રૂડા મોટ,
નવ કરોડીયે લોચા વળ્યા, અને નવ કરોડીની ખોટ. ॥૭૨૯॥
ધર્મ યુધિષ્ઠિર વાણી બોલ્યા, અને સાંભળો સ્વામી નાથ,
આજ્ઞા કરો તો પિંડ પખાળું, શ્રી હરિ તેની કહેજો વાત. ॥૭૩૦॥
ધર્મરાજ બોલ્યા મુખ વાણી, અને વચન વેળા પરમાણ.
હવે તમે પડો તે શેને કાજે, રાયે અવસર નથી લગાર. ॥૭૩૧॥
ધર્મ યુધિષ્ઠિર કહે હરિને, હવે કુંડમાં કરું સ્નાન,
ધર્મે કહ્યું તે વેલા વઈ ગઈ, જે પ્રથમ ન ધર્યુ કાન. ॥૭૩૨॥
પછે રાયે હુવો ખરખરો, જે સાત અક્ષૌહિણી સ્વર્ગે લઈ જાત,
પગે વળગ્યા તે ઉદ્ધાર્યા, નવ કરોડી રાયેની સંગાત. ॥૭૩૩॥
છેલ્લી વારે જે ચરણ પખાળ્યાં, તેનું રહ્યું જે ઝેર,
છેલ્લું પાણી પાસે રહ્યું, શ્રી હરિ તેની કીજે પેર. ॥૭૩૪॥
દુનિયામાં સઉ કોઈ જાણે, નરકનાં દુ:ખ કેવાં હોય,
તે વિષ વીંછીને આંકડે મૂકયું, એ છેલ્લા પાણીનું ઝેર. ॥૭૩૫॥

યુધિષ્ઠિરે યમરાજ ધર્મદિવને કહ્યુ: ‘હે તાત, આ તપ્ત કૂપમાંથી આ નવ કોટિ જીવાત્મા જે ઉપર આવ્યા તેમનો ઉદ્ધાર થયો એમ તમે કહો છો એ કંઈ રીતે, આ મારી શંકાનું તમે સમાધાન કરો.’

ત્યારે યમરાજ ધર્મદિવ બોલ્યાઃ ‘હે યુધિષ્ઠિર, ત્રેતા યુગ પૂર્ણ થઈને દ્વાપરયુગની શરૂઆત થઈ ત્યારથી શ્રી કૃષ્ણ અવતારનું પ્રાધાન્ય શરૂ થયું. સત્‌ગુરુ વેદમૂર્તિ વ્યાસ એ આ યુગના સત્ય ધર્મના યુગ પ્રવર્તક યુગ ગુરુ હતા, વ્રત સોમવતી અમાસ, દાગ અગ્નિ દાગ, દાન કપિલા દાન, દક્ષિણ દિશા પ્રાધાન્યભૂત, સામવેદ પ્રમાણે એવા પ્રકારનો આ યુગ ધર્મ વ્યાસે દ્વાપર યુગમાં પ્રચલિત કર્યો. એ યુગ ધર્માનુસાર વેદવ્યાસે સત્યાવીસ કોટિ જીવાત્માને સત્ય ધર્મની દીક્ષા નિયમ ધર્મ આપ્યો. એ પૈકી નવ કોટિ જીવાત્મા પૂર્ણપણે નીતિનિયમથી વર્તનારા હતા. પણ કંઈક પૂર્વ સંચિત દોષને કારણે આ સંસાર કૂપમાં નરક યાતના ભોગવવા પડયા હતા, તારા ચરણ સ્પર્શથી એટલે સદ્‌ભકતોના પુણ્ય પ્રતાપે તે જીવાત્માઓનો હવે ઉદ્ધાર થયો. કારણ કે તેમનો કર્મ વિપાક પૂર્ણ થયો છે. તારા પુણ્યકારક સત્‌સંગથી તેમનું સંચિત કર્મ હશે તેટલું પુરું થયું. તેમને સદ્‌ભકિતથી અને નિષ્કામ કર્મ યોગચરણથી નવાં એવાં કોઈ જ કર્મ જોડયાં નહોતાં.

બીજા નવ કોટિ જીવાત્મા પુણ્ય પાપના સંમિશ્ર ક્રિયાચરણથી ભવ ભવના એટલે જન્મ મૃત્યુના દુ:ખ ભોગવે છે. આ જન્મ મૃત્યુના આવાગમનમાંથી છુટવાની તેમની ઈચ્છા હોવા છતાં એ જન્મ મરણની ઉપાધિમાંથી છુટી શકતા નથી. કારણ,

જો તેમણે ગુરુ પાસેથી અનુગ્રહ લીધો હોત તો ગુરુ બોધ તેમના ચિત્તમાં ઉતર્યો હોત. ગુરુ બોધ એ જીવાત્માઓએ લીધો નથી તેથી તે જીવાત્મા કર્મ ફળની આસકિત છોડી શકતા નથી, માટે એ જન્મ મરણની ઉપાધિમાંથી છુટી શકતા નથી અને બાકી રહેલ નવ કોટિ જીવાત્મા આ કલ્પાંત કાળ સુધી એ નરક કુંડમાં જ રીબાતા પડી રહેનારા છે, કારણ કે તેમનાં કર્મ જ મૂળ તામસ પ્રવૃત્તિનાં પાપમય હોય છે. તેના કર્માચરણમાં પુણ્ય કર્મ લવલેશ નથી હોતું. સદૈવ ચોરી, હિંસા, વ્યભિચાર, અનાચાર અને પાપ કર્મમાં એ ડૂબ્યા હોય છે. તેમને કૃત કર્મનો પશ્ચાતાપ પણ થતો નથી અને આ પાપ કર્મ દોષ નિવારવા માટે કોઈ ઉપાય કરવો એવી ઈચ્છા પણ તેમને થતી નથી એટલે જ આ અશુદ્ધ પાપી જીવાત્મા આ સંસાર કૂપમાં કાયમના જ ભવદુ:ખની નરક યાતના ભોગવે છે. તેમનો કદી પણ કશાયથી ઉદ્ધાર થતો નથી, પરંતુ કદાચિત્ તેમના ચિત્તમાં પોતાનો ઉદ્ધાર થાય એવી પ્રબળ ઈચ્છા જાગૃત થવાથી સંત મહાત્માઓના અનન્ય રીતે શરણે જઈને કૃત કર્મનો પશ્ચાતાપ કરીને ફરી એ પાપમય કર્મ દોષમાં ન અટવાતાં સત્સંગ કરશે તો એ જીવાત્મા પણ જ્ઞાનાગ્નિના યોગથી કર્મદગ્ધ કરીને મુક્ત થઈ શકે છે. તેને આત્મબળ અને ગુરુબળની આવશ્યકતા હોવી જરૂરી છે. હે યુધિષ્ઠિર, હવે તારા આ ચરણ સ્પર્શથી આ જે નવ કોટિ જીવ ઉપર આવ્યા છે તેમના સમવેત તું વૈકુંઠમાં જઈશ પણ હવે તું તારાં ચરણ પહેલાં ધોઈ નાખ. ત્યારે યુધિષ્ઠિરને પોતાના પગને થતી વેદનાની સ્મૃતિ થઈ અને તેમણે પગ ધોયા.

નવ્વાણું વખત પણ પગ ધોવા છતાં તેની તીવ્રતા ઓછી થતી નહોતી. એ પગના સંસર્ગમાં એ પાણી તીવ્ર વિષમય થતું હતું. સો વખત જયારે યુધિષ્ઠિરે પગ ધોયા ત્યારે પણ એ પાણી એટલું દાહક હતું કે વીંછીનો દંશ થયા પછી મનુષ્યને જે વેદના થાય છે તેવા પ્રકારની વેદના હજુ યુધિષ્ઠિરના શરીરમાં થતી હતી.

પછી યમરાજ ધર્મદેવે તે વિષ વીંછીના આંકડામાં મૂકયું અને યુધિષ્ઠિરની વેદના ઓછી કરી. આ પ્રમાણે નરકનાં દુ:ખ અત્યંત તીવ્ર વિષાકત અને દાહક હોય છે. માટે સંત મહાત્મા સદ્ગુરુ આવા જીવાત્માને સદુપદેશ આપી તેમને આ નરકની યમ યાતનામાંથી છોડાવવાનો પ્રયત્ન કરે છે.

શ્રી યમધર્મે કહ્યું રાજા યુધિષ્ઠિરને, શ્રી હરિની અકળ ગત,
પણ અમે અબુજ અજ્ઞાન સમજીએ નહીં, અમને રાખો તમારી શરણ. ॥૭૩૬॥
શ્રી હરિ શ્રી હરિ જપતા વૈકુંઠ ગયા, ધર્મ પુત્રાને સાથે લાવીયા. ॥૭૩૭॥
પેલા ત્યાં ધર્મે દેખાડી વાટ, અને પોતા વૈકુંઠને ભાંગ્યા ઉચાટ. ॥૭૩૮॥
વૈકુંઠનાથ પોતે બેઠા છે જાહાં, મહામુનિવર બેઠા છે તાહાં. ॥૭૩૯॥
અમરાપુરી તે વૈકુંઠ કેવાયે, હેમપુર મધ્યે આવ્યા યુધિષ્ઠિર રાયે. ॥૭૪૦॥
કનક આસને બેઠી દ્રૌપદી, અને દાસીયું શોભે શ્રેષ્ઠ,
વીર ચારે દીઠા નજરે, તેની અખંડ દેહીને વસ્ત્ર. ॥૭૪૧॥
ત્યાં તેજની કાયા સર્વે દેવની, અને કરે છે મન ઈચ્છા આહાર,
કલ્પવૃક્ષ ત્યાં કહીયે, જેણે કર્યા છે જપ અપાર. ॥૭૪૨॥
સતી જીવ સતે ત્યાં વસો, તે કલ્પવૃક્ષની અમર છાંય,
દાસ દાસી અને દેવકન્યા, સેવા કરે છે ત્યાં અપાર. ॥૭૪૩॥

તાહાં આહાર છે પણ નાહાર નહીં, અને દેવ સભામાં સાર,
સતી માતાને બંધવ દીઠા, અને ત્યાં દેખ્યા પાંડુનો પરિવાર. ॥૭૪૪॥
બહુ દાસ દાસી સેવા આચરે, અને સતીયા જીવ સેવા શ્રી હરિની કરે. ॥૭૪૫॥
જ્યારે દીઠા હસ્તિનાપુરના ધણી, ત્યારે શ્રી હરિ ધાયા ભૂપત ભણી. ॥૭૪૬॥
રાજાએ જઈ ચરણે નમાવ્યું શીશ, મળ્યા યુધિષ્ઠિરને શ્રી જગદીશ. ॥૭૪૭॥
આસન આપીને પૂજા કીધી, સુખ દુઃખની વાતો ત્યાં કીધી. ॥૭૪૮॥

શ્રી યમરાજ ધર્મદેવ બોલ્યાઃ 'હે રાજા યુધિષ્ઠિર, ભગવાન શ્રી હરિની કળા અપરિમિત, અવર્ણનીય છે, તેમણે યોજેલી પ્રત્યેક વાત માનવના હિત માટે છે.'

યુધિષ્ઠિર બોલ્યાઃ 'હે તાત, હું તો અબુધ અજ્ઞાન છું. ભગવાનની લીલા જાણવા હું એકદમ અસમર્થ છું. પવિત્ર મનથી હું તમારા શરણે આવ્યો છું. તમે મને આ અવિનાશી પરબ્રહ્મના ધામ પ્રતિ લઈ જાઓ. એવી અનન્ય શરણાગત પ્રાર્થના કરીને ભગવાન શ્રી હરિનું સ્મરણ કરતાં કરતાં યમરાજ ધર્મદેવ સાથે યુધિષ્ઠિર વૈકુંઠમાં પહોંચ્યા. યમરાજ ધર્મદેવે પોતાના પુત્ર યુધિષ્ઠિરને પોતાની સાથે વૈકુંઠમાં લાવી પ્રવેશ કર્યો અને યમરાજ ધર્મદેવ પોતાના સ્થાન પ્રતિ પ્રસ્થાન કરી ગયા.

અહીં વૈકુંઠમાં ભગવાન શ્રી હરિના મંદિરમાં પ્રવેશ કરતાં જ યુધિષ્ઠિરને અપરિમિત આનંદ થયો. વૈકુંઠમાં ધર્મની સ્થિતિ અને અલૌકિક રચના જોઈને યુધિષ્ઠિર વિસ્મય પામી આશ્ચર્યચકિત થઈ ગયા. અત્યંત ઉલ્લાસીત અંતઃકરણથી ભગવાનના મુખ્ય ધામમાં પ્રવેશ કરતાં જ તેમને સામે જ વૈકુંઠપતિ નારાયણની પરમ સૌજવલ મૂર્તિ મુખ્ય આસન પર આરૂઢ થયેલી દેખાઈ. તેમની સામે સાનિધ્યમાં અનેકાનેક ઋષિ, મુનિ, સંત મહાત્મા તેમનું એકાગ્ર ચિત્તથી ધ્યાન કરતા તેમને દેખાયા. એ અમરાપુરીમાં વૈકુંઠધામમાં ભગવાન શ્રી હરિના એ ભવ્ય દિવ્ય ઉદાત્ત ધામમાં યુધિષ્ઠિરને દેખાયું કે મહાસતી દ્રૌપદી અત્યંત દિવ્ય ક્રાંતિમય એવા સુવર્ણ આસન પર બેઠેલી છે. ચંદ્રકાન્ત મણિની જેમ તેની અંગક્રાંતિ ચમકે છે. દાસીના પરિવાર સહિત એ સુખેથી પોતાના આસન પર સ્થિરાવેલી છે. પોતાના ચાર ભાઈ ભીમ, અર્જુન, નકુલ, સહદેવ પણ દિવ્યક્રાંતિથી યુકત દાસદાસીના પરિવાર સહિત સભામાં સ્વઆસન પર બિરાજમાન થયા છે. બધાની આગળ માતા કુંતી બેઠાં છે અને શું આ કર્ણ, આ દ્રોણાચાર્ય, ભીષ્મપિતામહ, આ દુર્યોધન, આ બધા કૌરવ, આ બધા કૌરવ પાંડવોનો પરિવાર, આ બધા અમરાપુરમાં વિરાજમાન થયા છે. આ બધું જોઈને ધર્મરાજા યુધિષ્ઠિરને અપરિમિત આનંદ થયો. એ બધાં કલ્પવૃક્ષની છાયામાં બેસીને મનઈચ્છિત આહાર વિહાર કરીને આનંદથી બેઠાં છે. અનેક દાસદાસી દેવકન્યા પરિવાર તેમની સેવા માટે ઉપસ્થિત છે. એ દાસદાસીઓ તેમની સેવા કરે છે અને શ્રી હરિની પણ સેવા કરે છે. એ જોઈને ધર્મરાજાનું મન અત્યંત ગદ્‌ગદ્દીત થઈ ગયું. અત્યંત કરુણાદ્રતાથી તેમના નયનમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યાં. બધાંને હાથ જોડીને તેવી જ અવસ્થામાં એ આગળ ચાલ્યા.

હસ્તિનાપુરાધિપતિ યુધિષ્ઠિર આવે છે એમ જાણીને ભગવાન નારાયણ પોતાના આસન પરથી ઊઠયા અને યુધિષ્ઠિરને પોતાના બાહુપાશમાં લઈ હૃદયે લગાવ્યા. ભગવાન અને યુધિષ્ઠિર ક્ષણભર એકરૂપ થઈ ગયા. પછી યુધિષ્ઠિર ભગવાનના ચરણોમાં કરુણાદ્રતાથી નમન કરતા કેટલીય વાર સુધી આળોટતા રહ્યા. ભગવાને યુધિષ્ઠિરને પ્રેમથી ઊભા કર્યા અને આસન પર બેસાડીને સેવક દ્વારા તેમનું પૂજન કરાવ્યું પછી તેમના કુશળક્ષેમ વૃત્તાંત પૂછયા.

શ્રી હરિ કહે સાંભળો વિનંતી, માર્ગે સુખ કેવાં ભૂપતિ. ॥૭૪૯॥
કહે યુધિષ્ઠિર સાંભળો વૈકુંઠનાથ, માર્ગે દુઃખ કહ્યું નવ જાય. ॥૭૫૦॥
નકુળ અર્જુન ભીમને સહદેવ, સતી દ્રૌપદી તે કરતાં સેવ. ॥૭૫૧॥
અર્ધે પંથે આવ્યાં જેટલે, સતી ગળી પડયાં તેટલે. ॥૭૫૨॥
માનસરોવર હું આવી ગયો, ગળી આંગળી ને દુઃખીયો થયો. ॥૭૫૩॥
યમરાજ ધર્મે મુજને દેખાડી વાટ, શ્રી હરિ તમ દીઠે ભાંગ્યા ઉચાટ. ॥૭૫૪॥
તમ દર્શનનું ફળ જો એહ, હું નયને દેખું કૌરવ પાંડવ તેહ. ॥૭૫૫॥
વણ દીઠે ન હોય સંતોષ, દીનબંધુ ના ધરીયે રોષ. ॥૭૫૬॥
ગદ્‌ગદ્ કંઠ કરી રાયા રુવે, શ્રી હરિના મુખ સામું જોવે. ॥૭૫૭॥
રુદન કરતા જાયે જેહ, ભ્રાંત ઉપની રાયેને મન તેહ. ॥૭૫૮॥
આંસુ લોઈને અળગા રહ્યા, છાના રહો વિનવે બહુ કહ્યા. ॥૭૫૯॥
પ્રથમ નરક દેખાડયાં વીર, પછે ઓચર્યા શ્યામ શરીર. ॥૭૬૦॥
દીઠા કૌરવને પાંડુ કુમાર, દીઠા દ્રૌપદીને હરખા અપાર. ॥૭૬૧॥
રાય યુધિષ્ઠિર સર્વેને મળ્યા, સુખ દુઃખ ભવનાં સર્વેનાં ટળ્યાં. ॥૭૬૨॥
ઉત્તમ મંદિર આપ્યાં સાર, તાહા આવી વસ્યા પાંડુ કુમાર. ॥૭૬૩॥
અનુદિન સેવક પાસે, દર્શન ભજન કરે ને મનમાં હર્ષે. ॥૭૬૪॥
ચિરંજીવી કર્યા સર્વે સાથ, ભકત વત્સલ છે વૈકુંઠનાથ. ॥૭૬૫॥
પાંચે પાંડવ વૈકુંઠ પામા સહી, રાજા યુધિષ્ઠિરની દેહી માટીની રહી. ॥૭૬૬॥

ભગવાન શ્રી હરિ બોલ્યાઃ ‘રાજા યુધિષ્ઠિર, સ્વ પ્રયત્નથી સદેહથી ચાલતા આવી તમે વૈકુંઠધામમાં આવી પહોંચ્યા છો. ખરેખર તમે આદરણીય અને ધન્યતાને પાત્ર છો. પણ તમે જે માર્ગેથી અહીં સુધી આવ્યા એ માર્ગ કેવા પ્રકારનો હતો એ કથન કરો.

ત્યારે ધર્મરાજા બોલ્યાઃ હે શ્રી પતિ તમે સર્વાન્તર્યામી છો, બધી ઘટના તમે જ ઘડો છો, સૂત્રધાર તમે છો. અમે બધા કઠપૂતળી પ્રમાણે છીએ, પ્રેમસૂત્રની દોરીથી તમે આ બધા પ્રાણીઓને બાંધેલાં છે. એ દોરી તમે જેમ ખેંચશો તે પ્રમાણે આ ઢીંગલીઓ નાચે છે. મારા માટે પૂછશો તો મારા અનુભવોથી હું કહું છું કે વૈકુંઠધામનો માર્ગ અતિશય દુસ્તર કષ્ટમય છે. જગ્યાએ જગ્યાએ દુઃખના દરિયાનાં અરણ્ય છે. એ પાર કરતાં કરતાં જીવાત્મા ઘાયલ થાય છે, પણ તમારા નામામૃત સિંચનથી જીવાત્માને પુનર્જીવન પુનર્ચૈતન્ય પ્રાપ્ત થઈને તમ પ્રતિ આવવાની લાગણીઓ લાગી રહેતી હોય છે. ચિત્તમાં સતત તમારું જ સ્મરણ ચિંતન ધ્યાન હોવાથી તેવા જ્ઞાની સાધકને બાકીના શોક માયા મોહની જાળમાં જકડાવાની શકયતા રહેતી નથી. તમારી આંતરિક સત્‌પ્રેરણા એ જીવાત્માને દુર્ગતિથી બચાવે છે. શરૂઆતમાં અમારી સાધનામાં પણ અનેક સંકટ દુઃખ આવ્યાં. સુખ દુઃખના બધા પ્રસંગો આવ્યા. મોહના ક્રોધના પ્રસંગ આવ્યા. પણ એ બધામાંથી તમારી કૃપાથી પાર ઉતાર્યા.

આગળ ઉત્તરપંથ આવ્યા પછી સતી દ્રૌપદી, નકુલ, સહદેવ, અર્જુન, ભીમ એ ક્રમાક્રમે દેહ ત્યાગ કરી નિષ્પ્રાણ થવાથી અતોનાત (ઘણો) શોક, સંતાપ, માનસિક તાપ આવ્યો. છેલ્લે માનસરોવરમાં ટચલી આંગળી ગળતાં જ મારામાં રહેલા બધા અહંકારનો ક્ષય થયો. અતિશય ક્ષીણતાથી મને મૂર્છા આવી ગઈ હતી. પ્રત્યક્ષ મૃત્યુ દેવતા મને માર્ગદર્શન કરીને અહીં સુધી તમારા ચરણ પાસે લાવ્યા છે. હે ભગવાન, હવે તમારા ચરણ સ્પર્શથી દર્શનથી બધાં કષ્ટ પળભરમાં દૂર થયાં છે અને મને તમારાં દર્શનથી અનન્ય આનંદ પ્રાપ્ત થયો છે. જ્યાં સુધી તમારાં દર્શન નહોતાં થયાં ત્યાં સુધી શોક, મોહ, સંતાપ વગેરે બધું જ હતું પણ હવે ફકત તમારા અમૃતમય દર્શનનું સુખ મળ્યું, હું ધન્ય થયો, કૃતાર્થ થયો એમ કહેતાં રાજાનો કંઠ ભરાઈ આવ્યો. શ્રી હરિનું મુખાવલોકન કરતાં તેમના નયનોમાંથી પ્રેમાશ્રુ આનંદાશ્રુ વહેતાં હતાં. તેમના ચિત્તમાં અષ્ટ સાત્ત્વિક ભાવ જાગૃત થયો. અત્યંત ગદ્ગદ્િત અંતઃકરણથી તેમણે પ્રભુને વિનવણી કરી, તેમના ચરણે મસ્તક મૂકીને નમન કર્યાં. યુધિષ્ઠિરને ત્યાંથી ઊઠવાની ઈચ્છા જ થતી નહોતી. ભગવાને તેને બેઠા કરી હૃદયે લગાડયા.

ભગવાન શ્રી હરિ ભકત વત્સલ છે. દીનદયાળુ કરુણાસિંધુ એવા ભગવાને ધર્મરાજા યુધિષ્ઠિરના મસ્તક પર પોતાનો પરમ સુખદાયક પ્રેમાળ વરદ હસ્ત મૂકયો અને ભગવાન બોલ્યાઃ ‘હે પ્રિય સદ્ભકત, પરમ દુઃખનો હિમાલય પાર કરીને હવે તમે પરમ સુખ સામ્રાજયમાં આવ્યા છો. હવે અહીં કોઈ ચિંતા નથી. કલેશ નથી, નરકપ્રાય દુઃખ નથી, ફકત સુખનું આનંદનું સામ્રાજય કલ્પાંત કાળ સુધી આ જ આનંદનું અમૃતપાન કરવાનું છે એમ કહીને ભગવાને યુધિષ્ઠિરને એક ભવ્ય તેજસ્વી મણિરત્નમાણિકયથી સુશોભિત એવો મહેલ નિવાસ માટે આપ્યો. ત્યાં પાંચેય પાંડવો, સતી દ્રૌપદી, માતા કુંતી સાથે રહ્યાં. હજારો દાસદાસીઓ તેમની સેવામાં સદૈવ ઉપસ્થિત રહીને તેમની સેવા કરતાં અને તે નિત્ય અહર્નિશ ભગવાનની સેવા પૂજા ધ્યાન કરતાં. તેમના સાનિધ્યમાં રહીને વાર્તાલાપ કરતાં. આ રીતે મૃત્યુલોકના જીવનમાં સત્ત્વ પાલન માટે અપાર કસોટી સહન કરીને સત્ય ધર્મ પ્રમાણે વર્તીને, યોગ સાધના કરતાં કરતાં છેલ્લે તેમણે ચિરંજીવીત્ત્વ પ્રાપ્ત કર્યું. સદ્ભકત પાંડવો અમર થયા. અમરધામમાં નવ કોટિ જીવાત્મા સમવેત ભગવાનની કૃપાથી મુકિતના આનંદમાં તલ્લીન થયા.

રાજા તે પોઢયા પાલખી, નિંદ્રા કીધી એક જ પ્રહર,
તાહા યમદૂત તો આવીયા, કબજે કર્યો રાજાનો દેહ. ॥૭૬૭॥
ખોળીયું મટાડયું મિટ્ટીનું, અને વસાવી પાવન દેહ,
અમર કાયા કીધી શ્રી હરિએ તેની, તેમાં મૂકયો રાજનો રૂહ. ॥૭૬૮॥
ઝબકીને રાજા જાગીયા, દીઠી કાંતિની અમર દેહ,
ઊઠીને ભેટયા શ્રી ભગવાનને, ત્યાં પવિત્ર વર્ષા મેહ. ॥૭૬૯॥
ઝગમગ જયોત ત્યાં અપાર છે, જાણે કોટિક આદિત હોય,
ત્યાં નવ કરોડીના મુખી સ્થાપ્યા, તે અમરાપુરમાં જોય. ॥૭૭૦॥
વૈકુંઠ વૈભવ સઉ ભોગવો, અને હિંચે હિંડોળા ખાટ,
અમે જઈશું મૃત્યુ લોકમાં, કરોડી અનંત જુવે છે વાટ. ॥૭૭૧॥

વળતાં તે રાજા ઓચરે, સ્વામી તમ વિના સ્વર્ગમાં ન સોહાયે,
ગાય વિના જેમ વાછરું, તેમ બાલક વછૂટી માયે. ॥૭૭૨॥
વૈકુંઠમાં અમે નહીં રહીયે એકલા, જ્યાં નહીં થાય આપણું દર્શન સાર,
સોળ શૃંગારે જેમ શોભતી, પણ પુરુષ વિનાની નાર. ॥૭૭૩॥
તે માટે અમે માગીએ, અમે આવીશું તમારે સંગાથ,
દર્શન કીજીયે નિત નિત આપનાં અને સન્મુખ કરીયે વાત. ॥૭૭૪॥
પાંચ બાંધવ ત્યાં પાંડવો, અને દ્રૌપદી કુંતાજી માત,
વૈકુંઠમાંથી અવનીયે અવતર્યા, તે આવ્યા હરિની સંગાથ. ॥૭૭૫॥

પાંચેય પાંડવો સુખેથી આનંદથી વૈકુંઠધામમાં વાસ્તવ્ય કરીને રહ્યા. અમરાપુરના સ્વર્ગીય દિવ્ય સુખોપભોગમાં તેમને જરા પણ ઉણપ નહોતી પણ આ સ્થૂળ દેહથી ચાલતા જઈને ધર્મરાજા વૈકુંઠમાં પહોંચ્યા હતા. માટે તેનો દેહ હજુ મલીન એટલે સ્થૂળ મૃત્યુલોકનો હતો. બાકીના બધાંના દેહની મૃત્યુલોકમાં જ ગતિ થવાથી એ દિવ્ય દેહ ક્રાંતિમાન તેજસ્વી હતા, એટલે ભગવાને દેવદૂતોને ધર્મરાજનો સ્થૂળ દેહ નષ્ટ કરવાની આજ્ઞા કરી.

એકવાર ધર્મરાજા ક્ષણભર ઊંઘ્યા હતા ત્યારે દેવદૂતોએ તેના સ્થૂળ દેહની ખોળ કાઢી નાખી. સ્વપ્નમાં એકાદ ઝટકો લાગે એમ ધર્મરાજા ગભરાઈને જાગ્યા. જુએ છે તો પોતાનો દેહ અત્યંત તેજસ્વી દિવ્ય ક્રાંતિમાન થઈને સાત્ત્વિકતાના દિવ્ય તેજનો વર્ષાવ સર્વત્ર થતો હોવાનું ધર્મરાજાને દેખાયું. તેઓ ઊઠીને ભગવાનના દર્શન માટે આનંદથી દોડયા. હર્ષાતિકથી તેમણે ભગવાનનાં ચરણને નમસ્કાર કર્યા. કોટયાવધિ ઉદિત થાય એ પ્રમાણે ભગવાનની દિવ્ય ક્રાંતિ ઝગમગતી હતી. એ દિવ્ય જ્યોતિ સ્વરૂપ દર્શનમાં ધર્મરાજા તદ્રૂપ થયા.

ક્ષણ પછી ભગવાને તેમને એ દિવ્ય જ્યોતિ સ્વરૂપ સાક્ષાત્કારમાંથી જાગૃત કરીને કહ્યું: 'રાજા, હવે તમે સુખેથી આ અમરાપુરીનું સામ્રાજ્ય વૈભવ ભોગવો. આ બધાં તમારા બંધુ, સતી વગેરે તમારી સેવામાં તત્પર રહેશે. તમે નવ કોટિ જીવાત્માના ઉદ્ધારક મુખી તરીકે અહીં રહેશો. આ રત્નજડિત હિંડોળા પર બેસીને, કલ્પવૃક્ષના અમૃતફળોનો આહાર કરીને સુખેથી આનંદસાગરમાં તલ્લીન થઈને રહો ! કદી પણ ઓસરશે નહીં, કદી પણ મટશે નહીં આવા પ્રકારનાં આ દિવ્ય સુખ છે. મૃત્યુલોકમાં ધર્મથી વર્તીને ઇંદ્રિય દમન સંયમન કરીને જે આત્મ જ્ઞાન સંપાદન કરીને યોગ સાધના કરે છે, એ મુમુક્ષુ જીવાત્મા આ સ્થાનપ્રત આવીને આ આનંદ સાગરમાં વસે છે. આ જ મૂળ સનાતન માર્ગ છે. પૂર્ણતાનો માર્ગ સત્‌પંથ છે. અહીંથી કદી પણ જીવાત્માનું પુનરાગમન થતું નથી. જીવન મુક્ત વિદેહ મુકત મહાત્માના દેહનું અંતિમ સ્થાન વૈકુંઠ અમરધામ નિજ ધામ જ છે. હવે તમે બધા સુખથી આ વૈકુંઠપુરીનાં સુખોપભોગ ભોગવો, મારે મૃત્યુલોકમાં જઈને આગળના સત્ય ધર્મ માર્ગનું આયોજન કરવાનું છે. અનંત કોટિ જીવાત્મા મુકિતની ઈચ્છા મનમાં લઈને મારી આર્તતાથી આવવાની રાહ જુએ છે. તેમની મુક્તિ માટે મારે યુગોયુગ ધર્મ માર્ગ કરી આપવાનો છે.'

ભગવાનનાં વચન સાંભળીને ધર્મરાજા બોલ્યાઃ 'હે સ્વામીનાથ, તમારા સિવાય આ વૈકુંઠધામમાં અમે રહી શકીશું નહીં. ગાય સિવાય વાછરડું રહી શકતું નથી. માતા સિવાય બાળક રહી શકતું નથી, તદ્વત તમારા સિવાય અમે રહી શકીશું નહીં. જ્યાં તમારાં નિત્ય દર્શન નથી, સંભાષણ નથી. સાનિધ્ય નથી એવું વૈકુંઠલોક હોય તો પણ અમારે એ નથી જોઈતું. અમને વૈકુંઠલોક સાથે કે અમરાપુરી સાથે કર્તવ્ય નથી પણ અમારે તો તમારા ચરણોનું કર્તવ્ય છે. સોળ શૃંગારથી યુક્ત એવી સ્ત્રી હોય પણ મુખ્ય શૃંગાર એવો પતિ જ ન હોય તો તેના શૃંગારનો શો અર્થ ? માટે અમારા મુખ્ય અલંકાર તમારાં ચરણ છે, તે જ્યાં હશે ત્યાં અમે રહીશું. તમે અમને પણ તમારી સાથે મૃત્યુલોકમાં લઈ જાઓ. તમારા સિવાય અમે અહીં રહીશું નહીં. અમારી આ વિનંતી છે. અમને તમારા પોતાના સાનિધ્યમાં રહેવા માટે જો જન્મ મરણનાં દુઃખ ભોગવવાં પડશે તો પણ અમે સ્વીકારીશું પણ તમારાથી દૂર કરશો નહીં.

ધર્મરાજા અને પાંડવોની વિનંતી સાંભળીને ભગવાન ભાવવિભોર થઈ ગયા અને બોલ્યાઃ 'અહાહા, ધન્ય મારા ભક્તો ! આવા ભક્તોએ જ ખરેખર મને પ્રાધાન્ય મેળવી આપ્યું છે. હે સદ્ભક્તો, તમારી બધી મનોકામનાઓ પૂર્ણ થશે.'

મૃત્યુલોકમાં આવશે, ને મોકલશે તે જૂજવાં ઠામ
કાશ્મીરમાં રાજા કહીયે, ધર્મ અવતાર લેશે તે ઠામ. ॥૭૭૬॥
વંશ વલોણીમાં અવતરશે, તેના પિતા તે રાઘવ નામ,
માતા તે કહીયે લોચના, રાજા યુધિષ્ઠિર કરે પ્રણામ. ॥૭૭૭॥
અર્જુન તે આદવંતા અવતરશે, અને બાણાવલી મહાવીર,
ઉંચ નગરમાં ઉત્તમ કુળ કહીયે, કુળ પટવા વેપારી હીર. ॥૭૭૮॥
ઉજળા હશે નેત્ર આંખનાં, તે લોક ના સમજે દુરિજન,
માતાએ પુત્ર પ્રસવ્યો, પણ ના જાણે અર્જુન. ॥૭૭૯॥
ભીમ ભડ ભલે અવતરશે, તે જાલંધર મહા દેશ,
જેની અટક વલોણી આલ કહીયે, અમરકોટ નગર આવાસ. ॥૭૮૦॥
એ એંધાણીયે ભીમસેન હશે, મહાયોધ્ધા બળવંત શરીર,
અવળે કેશે અવતરશે, તેને ન જાણે કોઈ સંસાર. ॥૭૮૧॥
સહદેવ જોશી ત્યાં અવતરશે, શાલવું મહા કુળ સાર,
માળવા મધ્યે શહેર કહીયે, ઉજ્જૈન નગરમાં અવતાર. ॥૭૮૨॥
એ શહેર મધે શોભતા, તે મહાન ગુણવંત દેવ,
દક્ષિણ દિશામાં પટ્ટણપુર, ત્યાં જન્મશે તે સહદેવ. ॥૭૮૩॥
ત્યાં નકુળને જગાડશે, તે પૂર્વ માંહે બંગાલ દેશ,
ભાટનગર માંહા અવતરશે, તે કશ્યપ કુળ તેની સાખ. ॥૭૮૪॥

તેના નાક માંહે નથ હશે, અને કાને તે મુકતા ફળ,
માતાને ગર્ભે અવતરશે, તે પાંડુ પુત્ર નકુળ. ॥૭૮૫॥
શકિત આ સંસારે અવતરશે, અને સતી દ્રૌપદી કુંતાજી માત,
ભીલડી નગરની પટરાણી, જેની નિગમ પૂરે છે સાખ. ॥૭૮૬॥
ચંડિકા કાળી અવતરશે, જે શકિતનો પરિવાર,
તે બાળ કુંવારી બાળકી, તેવા શકિત રૂપે સંસાર. ॥૭૮૭॥
દર્શન હોશે એ જાગતાં, તમે ખોળી લેજો ગુણવંત,
દશમે સ્વામી રાજા આવશે, અને વર લાવ્યા જીવ અનંત. ॥૭૮૮॥

કલિયુગમાં ભગવાને સદ્‌ભક્તોના ઉદ્ધાર માટે મૂળ સત્‌પંથ સનાતન ધર્મના યુગ પરિવર્તનાનુસાર પુનર્રચના કરવાનું કાર્ય શરૂ કર્યુ. એ માટે જગતમાં તેમણે અલગ અલગ જગ્યાએ, અલગ અલગ દેશમાં, રાષ્ટ્રોમાં અનેકાએક સંત મહાત્મા, સદ્‌ભકત, અવતારી સત્‌પુરુષ વગેરેનું ગુપ્તતાથી આયોજન કર્યું. એ સત્‌જ્ઞાન સત્‌ધર્મ પ્રવર્તક, મહાત્માઓએ દેશ, કાળ, પરિસ્થિતિ અનુસાર આત્મોન્નતિ કરીને સદ્‌ધર્મનો ઉપદેશ કરીને સદ્‌ભકતોને આત્મોન્નતિનું માર્ગદર્શન કર્યુ છે. તેવા સદ્‌ભકત મહાત્માઓ પૈકી પાંડવોને તેમણે જે વાસ્તવ્ય ભૂમિ આપી તે અનુક્રમે નીચે પ્રમાણે છે.

ભગવાને ધર્મરાજાને કહ્યું કે; 'હે ધર્મરાજા, કાશ્મીરમાં વલોણી વંશમાં રાઘવરાવ અને લોચના એમના ઘેર તમે અવતરશો એ જ તમારું સ્થાનક છે. કાશ્મીરમાં મને ખૂબ સૈન્યો સાથે સહાય કરશો. તેમજ તમારા ચારેય ભાઈઓ પણ એ કાળમાં એટલે કલિયુગના છેલ્લા પ્રહરમાં અલગ અલગ જગ્યાએ શાસનકર્તા એમ પ્રગટ થઈ પોતાના સદ્‌વિચારોથી વિરોધી આસુરી શકિતને નામશેષ કરશે. તેમનાં સ્થાનક એવાં-ઉંચ એટલે પંજાબમાં પટવા હીરાના વેપારીના ઘેર ઉજ્જવળ નેત્રનો અર્જુન સુંદર તેજસ્વી આંખોથી યુકત પ્રગટ થશે.

જાલંદર દેશમાં અમરકોટ નગરમાં વલોણી વંશમાં ઉત્તમ ઘરાનામાં મહાબળવંત શરીરનો ભીમ જાટ રૂપે અવતરશે. તેના વાળ લાંબા અને ઉંધા હશે, અત્યંત બલભીમ એવો એ કુસ્તીગીરી મલ્લ થશે.

માળવા દેશમાં ઉજ્જૈન નગરની દક્ષિણ બાજુમાં આવેલ પટ્ટણપુરમાં શાલવી કુળમાં મહાગુણવાન સત્ત્વશીલ એવા સહદેવ પ્રગટ થશે તેમજ પૂર્વ બંગાળમાં ભાટનગરમાં કશ્યપ કુળમાં નકુલ અવતરશે. અત્યંત સૌંદર્યવાન, કલાકૌશલ્યથી યુકત ધીર વીર પરાક્રમી એવો આ પાંડુ કુલનંદન નકુલ પ્રગટ થઈને પોતાની બધી શકિતથી ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણને સહાય કરશે.

ભરતખંડમાં પશ્ચિમ દિશામાં આવેલ ભીલડી નગરમાં માતા કુંતી અને સતી દ્રૌપદી અવતરીને બાલકુમારી બાલ બ્રહ્મચારિણી એવી એ રણકાર્ય ધુરંધર રણચંડિકા દેવી જ જાણે અવતરશે. ભીલડીનગરના મુખ્ય શાસનકર્તા થઈને એ સ્ત્રી સૈન્યની મુખ્ય થશે અને ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણને સહાય કરશે.' આ પ્રકારનાં ભગવાને આ પ્રેમાળ સદ્‌ભકતોને તેમનાં સ્થાને નિયુકત કરીને આશીર્વાદ આપ્યા અને સદ્‌ભકત પાંડવો પોતપોતાના નિયુકત સ્થાને જઈને ગુપ્ત રીતે વાસ્તવ્ય કરીને પોતે પોષક એવું વાતાવરણ નિર્માણ કરવામાં ઉદ્યુકત થયા. આ બધા સદ્‌ભકતોનો અદ્‌ભુત રમ્ય એવો મેળાપ શ્રી નિષ્કલંકી નારાયણના અવતાર કાર્ય સમયે સદ્‌ભકતોથી દેખાઈ આવશે.

કરોડી પાંચ શું પ્રહલાદે તાર્યા, અને સાતે તે હરિશ્ચંદ્ર રાયે,
નવ કરોડી શું પાંડવ તાર્યા, કરોડી બાર શું સદ્‌ગુરુ કહેવાયે. ॥૭૮૯॥
દિલમ દેશે અવતર્યા, અને ગઢ વરજા શહેર,
જેને જાંખા મેઘા કિન્નર તાર્યા, કરોડી તેત્રીસ કીધા મહેર. ॥૭૯૦॥
આજ અનંત કરોડી કલિયુગમાં, મનખા રૂપે તારશે નકલંક તેહ,
હેમપુરીમાં તખતે બેસશે, પ્રત્યક્ષ બોલશે જેહ. ॥૭૯૧॥
ભરતખંડને જંબુદ્વીપે, પ્રત્યક્ષ બેસશે જેહ,
આશા પૂરશે સર્વે જીવની, જે સત્ય હશે તેહ. ॥૭૯૨॥
ત્રણ કલ્પ ને ત્રણ યુગમાં, ગુરુ ભેદ માર્ગ છે એક,
આજ કલિયુગમાં દશમે સ્વામી આવશે, તે આપો આપ અલખ. ॥૭૯૩॥
શ્રી નિષ્કલંકી નારાયણ નિરંજન જાણ, જેહુને ચરણે ઉગમીયા અનંત ભાણ. ॥૭૯૪॥
ગિનાન સંપૂર્ણ ચિત્તમાં ધરો, શ્રી હરિ નારાયણ રદે ઓચરો. ॥૭૯૫॥
નવમો શ્રી બુદ્ધ અવતાર સંપૂર્ણ જાણ, ને ત્યાં સદ્‌ગુરુ વેદ વ્યાસે લખ્યા પ્રમાણ. ॥૭૯૬॥
વર્ષ ચાર લાખને બત્રીસ હજાર, ત્યાં સુધી ભોગવે તે શ્રી બુદ્ધ અવતાર. ॥૭૯૭॥
દશમે અવતારે શ્રી નિષ્કલંકી રૂપ, હવે નહીં કોય રાજા મુકત સર્વે ભૂપ. ॥૭૯૮॥
ભણે સત્‌ગુરુ બ્રહ્મા સત્ય સાર કહ્યા, શ્રી બુદ્ધ અવતાર સંપૂર્ણ થયા. ॥૭૯૯॥
દેવની ખેલ રમત સવા પ્રહરની જેહ, શ્રી બુદ્ધજીએ આગમ કહી સંભળાવી તેહ. ॥૮૦૦॥
આ વેદ વચન સહી પ્રમાણે નર જેહ, જીવતા અમર ફળ પામે તેહ. ॥૮૦૧॥
જેણે આ સત્‌પંથ આરાધીયા જાણ, તે તો અમરાપુરી સહી પોતા નિરવાણ. ॥૮૦૨॥
એવું શ્રી હરિના બુદ્ધ અવતાર સંપૂર્ણ સહી, એવી શ્રી સત્‌ગુરુ ઈમામશાહે વાણી કહી. ॥૮૦૩॥

સત્યયુગમાં સદ્‌ભકત પ્રહલાદ સાથે પાંચ કોટિ જીવાત્મા અમર પદે ગયા, ત્રેતાયુગમાં સદ્‌ભકત રાજા હરિશ્ચંદ્ર સાત કોટિ જીવાત્મા સાથે વૈકુંઠમાં ગયા. દ્વાપરયુગમાં સદ્‌ભકત યુધિષ્ઠિર સાથે નવ કોટિ જીવાત્માઓનો ઉદ્ધાર થઈને અમર થયા. તદ્વત કલિયુગમાં બ્રહ્મદર્શી એવા સદ્‌ગુરુના માર્ગદર્શનથી યોગ સાધનાના આચરણથી બાર કોટિ જીવાત્માઓ દેવગતિ પામીને અમર ભૂમિના નિવાસી થશે. પહેલાંના ત્રણ કલ્પમાં અનુક્રમે દશરાયણ કલ્પમાં યક્ષ, દેવગુણ કલ્પમાં મેઘ, લીલવગુણ કલ્પમાં કિન્નર એવા જીવાત્મા મુકત થયા, હવે કલિયુગના છેલ્લા પ્રહરમાં કલ્પાંત કાળના પહેલાં આ અમરાપુરીના બધા જીવાત્મા મુકત ગતિમાં જશે. તેમની સંખ્યા અગણિત રહેશે. કરણ કલ્પના છેલ્લા કલિયુગના અંતે આ અનંત કોટિના ભરણાં એટલે અનંત કોટિ જીવાત્માઓનો મુકિતનો યોગ આવશે.

કલ્પાંત કાળમાં એટલે સર્ગકાળમાં ફકત બે જ ગતિથી જીવાત્માઓ કર્માનુસાર જન્મ મરણના ફેરા ખાય છે. કલ્પાંત કાળમાં જીવાત્મા સૂક્ષ્મ વાસનાત્મક બીજ રૂપે કર્મ ભોગ ભોગવીને પણ બાકી રહેલા સંચિત કર્મોનાં પોટલાં લઈને જીવાત્મા સૂક્ષ્મ વાસનાત્મક બીજ રૂપે પરમેશ્વરના વિશિષ્ટ સ્વરૂપમાં સમાઈ જાય છે. સર્ગકાળ પૂર્ણ થયા પછી એ જીવાત્મા ફરી પ્રગટ થઈને કર્મ ગતિના ફળો ભોગવે છે.

આ પ્રમાણે અનાદિ કાળથી ચાલતા આવેલા આ સનાતન સત્‌પંથ માર્ગનું દિગ્દર્શન કરવા માટે આ કલિયુગમાં સદ્‌ગુરુ મહારાજ બ્રહ્મ સ્વરૂપ ઈમામશાહ રૂપે પ્રગટ થઈને તેમને સદ્‌ભકતોને આ માર્ગદર્શન કર્યું છે. કલિયુગમાં છેલ્લા પ્રહરમાં ભગવાન શેષશાયી નારાયણ શ્રી નિષ્કલંકી નારાયણ નામે પ્રગટ થઈને દુષ્ટ દૈત્ય કાલિંગાને મારીને પૃથ્વી નિર્દાનવી કરીને સદ્‌ભકતોનો ઉદ્ધાર કરશે અને પછી વાયુ પ્રલય, અગ્નિ પ્રલય, જલ પ્રલય થઈને સમગ્ર સૃષ્ટિ નષ્ટ થશે.

આવા આ મહા કઠિન કલ્પાંત કાળમાં ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ દસમો અવતાર ધારણ કરશે. ભરતખંડમાં જંબુદ્વીપ કુંવારીકા ક્ષેત્રમાં સાબરમતી નદીના તીરે હિમપુરીમાં સદ્‌ગુરુ બ્રહ્માની અખંડ જયોતિની સ્થાપનાથી ત્યાં સ્થાનનું મંડાણ થશે. ત્યાં શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન આવી ત્યાંથી જ સર્વ સૂત્રો ચલાવશે. દેશ દેશના રાજાઓનાં આયોજન અહીંથી જ ઘડાશે અને જયાં દાનવી શકિત રહેલી હશે તે ચીન દેશ અને ત્યાંના શાસનકર્તા સાથે જાગૃતિક સ્વરૂપથી લડાઈ થશે. તેમાં ચીન દેશ પોતાની આસુરી શકિતથી પૂર્ણપણે નષ્ટ પ્રાય થશે અને સમગ્ર જગતમાં એક શ્રી નિષ્કલંકી નારાયણની અખંડીત અબાધિત સત્તા ચાલશે, તેમાં માનવ જીવનની ઉન્નતિની ઐહિક, લૌકિક, પરમાર્થિક, ધાર્મિક, મુકિતપદ એવી વાતોનો સમાવેશ હશે. એવા એ સમૃદ્ધિના કાળમાં સત્યવાન પુણ્યવાન જીવાત્માઓ પોતાનાં અંતિમ ધ્યેય સાધ્ય કરશે અને અનંત સૂર્ય, અસંખ્ય ચંદ્ર જેના ચરણે ઉદિત થયા છે તેવા પરમ તેજોમય શ્રી નિષ્કલંકી નારાયણના તેજસ્વી સ્વરૂપમાં એ જીવાત્મા લય પામશે.

સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજ કહે છે : હે સદ્‌ભકતો, સતના ઉપાસકો, ભગવાનના અવતાર પાત્રનું અને આત્મોન્નતિનું સંપૂર્ણ જ્ઞાન તમે પોતાના ચિત્તમાં યથાર્થતાથી ધારણ કરો.

નવમા બુદ્ધ અવતારના અવતાર ક્ષેત્રના સદ્‌ભકતોનું લીલાચરિત્ર અહીં પૂર્ણ થયું. સદ્‌ગુરુ વેદ વ્યાસે દ્વાપર યુગમાં સામવેદાનુસાર નિયમ કરેલો યુગ ધર્મ અહીં સંપુષ્ટ આવ્યો. ચાર લાખ બત્રીસ હજાર વર્ષનો બુદ્ધ અવતારનો કાળ એક ક્ષણમાં એક પ્રહરભર પ્રમાણે પ્રસાર થઈ ગયો. આઠ લાખ ચોસઠ હજાર વર્ષ દ્વાપર યુગનું પ્રમાણ હતું. એ કાળમાં ભગવાને શ્રી કૃષ્ણ અને શ્રી બુદ્ધ અવતાર ધારણ કરીને અનંત લીલાચરિત્ર કર્યાં. પોતાની જીવન પદ્ધતિ ઉપરથી પૂર્ણત્વાસ પહોંચેલા માનવે કઈ રીતે વર્તવું એ માટે નીતિ પાઠ આપી પોતે ભગવાને આચરણ કરીને જગત સામે પોતાનો આદર્શ મૂકયો.

અનાદિ કાળથી ચાલતા આવેલા સનાતન સત્‌પંથ જ્ઞાન માર્ગનું દિગ્દર્શન કરીને નવા યુગને અનુરૂપ એવી જ્ઞાનની શિખામણ તેમણે આપી. માનવ જીવન પૂર્ણાવસ્થામાં જતી વખતે જે અડચણ આવે છે, જે ઘટના ઘડાય છે, તે બધાનું દિગ્દર્શન ભગવાન શ્રી કૃષ્ણના ચરિત્રમાં વિસ્તૃત છે. આત્મ જ્ઞાન પ્રાપ્તિ પછી આવનાર સમબુદ્ધ અવસ્થાનું દિગ્દર્શન ભગવાન બુદ્ધે કરેલા ઉપદેશથી અને પાંડવોના સ્વર્ગરોહણ પર્વથી કરી આપ્યું છે. જે આ સંપૂર્ણ જ્ઞાન સદ્‌વિવેક બુદ્ધિથી ગ્રહણ કરશે એ જીવનમાં અમર ફળ પામશે. જેમાં સત્‌પંથ જ્ઞાન માર્ગાનુસાર યુગ ધર્મને જાણીને તે અનુસાર વર્તીને જેમણે પોતાનું જીવન ઉન્નત કરવાનો પ્રયત્ન કર્યો એ અમરાપુરી પદના અધિકારી થશે એમ સમજવું. આ પ્રમાણે ભગવાન શ્રી હરિના નવમા બુદ્ધ અવતારનું વર્ણન અહીં પૂર્ણ થયું, એવી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે આ દિવ્ય વાણી કથન કરી છે.

દ્વાપર યુગમાં શ્રી હરિના પ્રગટ બે અવતાર થયા છે. શ્રી કૃષ્ણ અને શ્રી બુદ્ધ. બે દૈત્યોનો સંહાર થયો છે. કંસાસુર અને દુર્યોધન. સદ્‌ભક્તોમાં વિદુર અને યુધિષ્ઠિરસહ પાંચ પાંડવોનો ઉદ્ધાર થયો છે. યુધિષ્ઠિર રાજાએ સત્‌પંથના સત્ તત્ત્વ પાલન કરવા માટે કસોટી સહન કરી. કાયિક અને માનસિક કષ્ટ સહન કરી સત્ ધર્મનું સત્ત્વ કાયમ રાખ્યું.

આ પ્રમાણે દ્વાપર યુગમાં યુગ ધર્મ દિગ્દર્શિત કરી એવા વ્યાસ મુનિએ ધર્મ તત્ત્વ અને સંસ્કૃતિનો જગતમાં સર્વત્ર પ્રચાર-પ્રસાર કર્યો છે. એમના આ ધર્મ તત્ત્વનો જેમણે વિરોધ કર્યો તેવા કંસ, દુર્યોધન આદિ રાક્ષસોનો ઉચ્છેદ ભગવાને શ્રી કૃષ્ણ અને બુદ્ધ અવતાર ધારણ કરીને કર્યો. યુગધર્માનુસાર સામવેદના ક્રિયાચરણથી અનેક સદ્‌ભક્તોનો ઉદ્ધાર કર્યો છે. સોમવતી અમાવાસ્યા આ યુગની તિથિ હતી. અગ્નિ દાગ એ પ્રાધાન્યભૂત અંતિમ સંસ્કાર હતો. દક્ષિણ દિશા પૂજનીય મનાતી હતી. દક્ષિણાભિમુખ બેસીને ગાયત્રી મંત્રના ઉચ્ચાર સાથે 'શ્રી કૃષ્ણ' બીજ મંત્રનું સ્મરણ ચિંતન અને ધ્યાન કરવામાં આવતું. સામવેદને શ્યામ વર્ણ માનીને શ્યામ વસ્ત્રનો વપરાશ હતો. પ્રાધાન્યભૂત તાંબુ હોવાથી કળશ ઘટ-પાટ તામ્રવર્ણના હતા. અર્થ ભંડાર ત્રાંબાના નાણાંના ચલણના હતા. આ પ્રમાણે યુગ ધર્મ દ્વાપર યુગમાં પ્રાધાન્યભૂત હતો. અહીં દ્વાપર યુગ પૂર્ણ થયો. દ્વાપર યુગનું પ્રમાણ ૮,૬૪૦૦૦ વર્ષ હોવાથી બે અવતાર થયા છે.

શ્રી બુદ્ધ ભગવાનની માતા તો રેણુકા, પિતા તો સિંહરાજ, શક્તિ તો દેવી હરસિદ્ધ, ગોર તો હંસરાજા, દૈત્ય દાનવ તો દુર્યોધન, સ્થાન તો હિમવતી નગરી, ક્ષેત્ર તો કુરુક્ષેત્ર, ત્યારે વેદ તો સામવેદ વર્તંતે, ઓચરંતે ગાયત્રી, સાત વાર, સતાવીશ નક્ષત્ર, પંદર તિથિ, બાર કરણ, નવ ગ્રહ, સુર મંત્રનો જાપ જપતા આવ્યા, સ્વામી, ઋષિઓને સ્થાપી, દુર્યોધન દાનવને સંહારી, નવ કરોડીસહ, રાજા યુધિષ્ઠિરને ઓધારી, ભલે અવતર્યા, યુગે યુગે દેવ મોરારિ, જે કોઈ ચિત્ત હરિ શું લાયે, તેનાં ધર્મ વધે ને પાપનો ક્ષય થાય, નમો નમો પરબ્રહ્મ નારાયણના નામને, જે રૂપે સદ્‌ગોર બ્રહ્મા, નર નારાયણ હોય તે રૂપને ધ્યાવીએ.

॥ ૐ તત્ સત્ પરિબ્રહ્માર્પણમસ્તુઃ ॥

॥ ઈતિ શ્રી બુદ્ધ અવતાર સમાપ્તઃ ॥

ત્રીજા દ્વાપર યુગમાં શ્રી વિષ્ણુ ભગવાને શ્રી બુદ્ધ અવતાર ધારણ કર્યો ત્યારે સદ્‌ગોર વેદમ્ વ્યાસે સામવેદની ગાયત્રીના આધારે સત્‌પંથ ધર્મ સમજાવ્યો હતો.

જેમ શ્રી કૃષ્ણ અવતારે અર્જુનને ગીતાનો મહિમા સમજાવ્યો હતો. તેમ શ્રી બુદ્ધ રૂપે શ્રી હરિએ ભીમને દ્વાપર યુગ અને કલિયુગના સંધિકાળના સમય મુજબ બંને યુગનો મહિમા સમજાવ્યો હતો. પાંડવોને તેમની ભૂલનું પ્રાયશ્ચિત કરાવી તેમનો ઉદ્ધાર કરવાનો રાહ દર્શાવ્યો હતો.

નોંધ : અત્રેથી અપુરુષ વેદવાણી પ્રમાણે હરિ અંશ દસમા શ્રી નિષ્કલંકી નારાયણ અવતારે હરિ અંશમાં જાય છે.

બોલીએ શ્રી બુદ્ધ ભગવાનકી જય......

ધૂન : હરે બુદ્ધ.... હરે બુદ્ધ.... બુદ્ધ.... બુદ્ધ.... હરે.... હરે....

•••


realpatidar.com
ॐ
દસમો શ્રી નિષ્કલંકી નારાયણ અવતાર (કલિયુગ - અથર્વવેદ)
realpatidar.com


ॐ
સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ (કલિયુગ - અથર્વવેદ)
realpatidar.com
realpatidar.com

ॐ

• શ્રી સદ્‌ગોર બ્રહ્મા વાચા સત્ય છે. •

हनिष्यति कलेरंते म्लेच्छोतुरंगवाहनः ।
धर्म संस्थापनार्थाय तस्मै कल्क्यात्मने नमः ।।

શ્રી આદ્ય નારાયણ અંશ રૂપ શ્રી વિષ્ણુ ભગવાન કે જે શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનનો અવતાર ધારણ કરીને ધર્મની થયેલી ગ્લાનિ પછી, ધર્મનું પુનઃ સ્થાપન કરવા માટે કલિયુગને અંતે અશ્વ ઉપર આરૂઢ થઈને દૈત્ય કાલિંગાનો અને અધર્મીઓનો નાશ કરશે તે શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના અવતારને હું નમસ્કાર કરું છું.

શ્રી નિષ્કલંકી નારાયણ અવતાર

॥ અવતાર દસમો ॥

પરમ કૃપાળુ પરમાત્માની આજ્ઞાથી આદરું છું
ૐ નમો શ્રી સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહ મહારાજ
આદ્ય વિષ્ણુ નિરંજન શ્રી નિષ્કલંકી નારાયણ તમારી આશિષે.....

રાગ :- "ભાઈ ભક્તિ રે એવી, જેમ તરસ્યાને પાણી જેવી"

નવ અવતાર શ્રી હરિના પૂરા થાય, અવતાર દશમાનો સદ્‌ગોરે કહ્યો છે મહિમાય.॥૧॥
પહેલા વૈશાખ સુદ બીજ ને શુક્રવાર, તે દિન કલિયુગ બેઠો છે સાર.॥૨॥
હે મુનિવરો આ કલિયુગમાં અથર્વવેદ પ્રમાણ, સત્‌ગુરુ બ્રહ્માએ ઈમામશાહ ધરાવ્યું નામ.॥૩॥
શ્રી હરિ વિષ્ણુ કલિયુગમાં હોશે સાર, તે દશમો શ્રી નિષ્કલંકી નારાયણ અવતાર.॥૪॥
દશમે રૂપે હરિ પાત્ર શ્રી નિષ્કલંકી અવતાર, તે આજ ગુપ્ત હોઈ રહ્યા કલિયુગ મોઝાર.॥૫॥
સદ્ ગુરુએ કેટલાંક ચરિત્ર શ્રી હરિનાં કહ્યાં, તે દેવ આજ કલિયુગમાં ગુપ્ત હોઈ રહ્યાં.॥૬॥
સદ્‌ગુરુ બ્રહ્મા કલિયુગમાં ઈમામશાહ અવતાર, અથર્વવેદ લઈ ફર્યા ચોવીસ મુલક મોઝાર.॥૭॥
શ્રી સદ્‌ગુરુ દેવ કલિયુગ અંતે ઋષિ સોમસ કહેવાય, સત્ ઉપદેશ કાજે ચીન નગર જાય.॥૮॥

જયારે કલિયુગનો અંત સમય હોશે, ત્યારે દૈત્ય કાલિંગો ચીન મહાચીનમાં અવતરશે. ॥૯॥
એ ચીન મહાચીનમાં બેસશે જયાંય, જે કલિયુગ અંતે કરશે રાજ ત્યાંય. ॥૧૦॥
જે નવે ખંડ માંહે વ્યાપક હોઈને કરશે કામ, કલિયુગમાં કાશી વિશ્વનાથ જપાવશે નામ. ॥૧૧॥
જ્યાં સુરજારાણી સાધશે એ રાક્ષસનું જ્ઞાન, તે સ્મરણ કરશે કાલિંગાનું એકે ધ્યાન. ॥૧૨॥
તેને સપ્ત ખંડી મેડીને ફરતા ઝરૂખા ચાર, ત્યાં ઉઘાડા મંદિર મહેલ ને રાજદ્વાર. ॥૧૩॥
ત્યાં સુરજારાણી મોતી પરોવશે ને સ્વામીનું સ્મરણ કરશે, જ્યાં મધ્યાહને આવી પંખી કલ્લોલ કરશે. ॥૧૪॥

વૈશાખ સુદ બીજ શુક્રવારના દિવસે કલિયુગની શરૂઆત થઈ. દ્વાપરયુગના અંતમાં સદ્‌ભકત પાંડવોએ ભગવાન બુદ્ધના કહ્યા પ્રમાણે સ્વર્ગારોહણ પ્રયાણ કર્યુ તે જ રાત્રે કલિયુગની શરૂઆત થઈ. બુધવારની પૂર્ણ અમાસ, ગુરુવારના દિવસે સૂર્યાસ્ત સુધી પડવો અને શુક્રવારના દિવસે પૂર્ણ બીજ અને ચંદ્રદર્શન હોય તો આ કલિયુગનું મહાન વ્રત સમજવું. તેને અજવાળી બીજ, થાવર બીજ પણ કહે છે. વ્રતના દિવસે બાર પ્રહરનો નિર્જળ નિરાહાર ઉપવાસ કરીને વ્રત કરવામાં આવે છે. એટલે જ આ અજવાળી બીજનું વ્રત યુગધર્માનુસાર યુગ તિથિનું વ્રત ગણાય છે. પ્રત્યેક મહિનાના ચંદ્રદર્શન એટલે ચંદ્રદર્શનના દિવસે ચાર પ્રહર નિર્જળ નિરાહાર ઉપવાસ કરવાનો હોય છે.

કલિયુગમાં અથર્વવેદ પ્રધાનપદે હોવાથી અથર્વવેદ અનુસાર જ્ઞાન, ધ્યાન, યોગ સાધના તે પ્રમાણે કરવાનાં હોય છે. સંપૂર્ણ જ્ઞાન કાર્યમાં અથર્વવેદ એ શ્રેષ્ઠ બ્રહ્મ પદે છે, કારણ કે અથર્વવેદનું જ્ઞાન અને આત્મ વિદ્યા શ્રેષ્ઠ છે. માનવ જીવનને સુખી સમૃદ્ધ અને ઉન્નત બનાવવા માટે વિવિધ દેવતા અર્ચન અને જ્ઞાનયાગ વગેરે વિધિના મંત્રો ત્રણેય વેદોમાં વિસ્તારેલ છે, પણ માનવ જીવનનું અંતિમ ધ્યેય મોક્ષ સાધ્ય કરવાની જે વિદ્યા છે, જે વિધિ છે તે ફકત અથર્વવેદમાં "બ્રહ્મ વિદ્યા" આ ઉપનિષદોમાં જ છે. અથર્વવેદનાં સર્વ ઉપનિષદો આ "બ્રહ્મ વિદ્યા" થી જ ઓતપ્રોત ભરેલાં છે. એ જ મૂળ અથર્વવેદના આધારે સનાતન સત્‌પંથના જ આચરણથી જીવાત્માઓ જીવન મુકત થઈને વિદેહી થયા છે. એટલે જ મૂળ સનાતન સત્‌પંથ મુકિતનો માર્ગ, બ્રહ્માનુભૂતિ પામેલ અધિકારીક મહાત્મા સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે સદ્‌ભકતોને સત્‌પંથ રૂપે દિગ્દર્શિત કર્યો છે.

યુગધર્માનુસાર અને અથર્વવેદના તત્ત્વ પ્રણાલી અનુસાર કલિયુગમાં મુક્તિનો આ જ એક પૂર્ણ અને સહજ સાધ્ય સરળ માર્ગ છે. અથર્વવેદની 'બ્રહ્મ વિદ્યા' એ અષ્ટાંગ યોગ સાધ્ય છે. તેનું સંપૂર્ણ વિવરણ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે 'મૂળબંધ'ના 'શ્રી નિષ્કલંકી ગીતા'ના સ્તબકમાં વિસ્તારિત કર્યું છે.

અથર્વવેદના યોગ સાધના અનુસાર બ્રહ્માનુભૂતિ પામેલ મહાત્મા સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કળશ પૂજા આરાધના માટે અથર્વવેદના મંત્રો આધારિત 'યજ્ઞ વિધિ' ગ્રંથ ઉપદેશ્યો છે. તે અનુસાર કળશ ઘટપાટ પૂજા વિધિને અવલંબન કરીને આદ્ય નારાયણ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, વાયુ, વરુણ, ઈંદ્ર, ચંદ્ર, સૂર્ય, યમ ધર્મ, ગાયત્રી, સરસ્વતી, લક્ષ્મી, આદ્ય શકિત આદિ સંપૂર્ણ વિશ્વનાં દેવી દેવતાઓની આરાધના કરતાં અને તેમના કૃપા આશીર્વાદથી અને આત્મ બળથી માનવ જીવન સુખી, સમૃદ્ધ, શુદ્ધ, પવિત્ર અને ઉન્નત થાય તેમજ માનવની દૈવિક શકિત સાત્ત્વિક તેમજ વૃદ્ધિગત થાય એ માટે પૂજા દર્શાવી છે, તે એક પ્રકારનો વરુણ યજ્ઞ, જળ યજ્ઞ જ છે. યજ્ઞમાં અગ્નિના માધ્યમથી દેવદેવતાઓને આહુતિ અર્પણ કરાય છે, તેમ આ ઘટપાટ કળશ પૂજા વિધિ અનુસાર જળના માધ્યમથી દેવીદેવતાઓનું પૂજન, અર્ચન, નૈવેદ્ય સમર્પણ અને આરાધના કરાય છે.

જ્યોતિ સ્વરૂપમાં પરબ્રહ્મ પરમાત્માનું ધ્યાન કરવાથી ચિત્તની એકાગ્રતા જલ્દી થવાથી જીવાત્માને પરમાત્માનો સાક્ષાત્કાર થવામાં સુલભતા થાય છે. માટે પૂજા યજ્ઞના સમયે શુદ્ધ ઘૃતની જ્યોતિ પ્રગટાવી તેમાં ધ્યાન ધારણા કરી પૂજાના સમયે "ૐ પ્રણવ બ્રહ્મ"ના સ્મરણથી ગુરુ મંત્રનો જાપ કરવો. જાપ શકયતઃ સૂક્ષ્મતાથી એટલે ફકત સ્મરણથી જ કરવો. શ્વાસોશ્વાસ અનુસારે જાપ ધ્યાન તરફ કેન્દ્રિત કરવાથી એ અજંપા જાપ રૂપે વિશેષ પ્રાધાન્યભૂત અને શિઘ્ર ફળપ્રદ થાય છે. ઈશ્વરના સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન માટે આ વર્ણન કરેલો સુલભ માર્ગ સદ્‌ગુરુએ કથન કરેલો છે, પણ સૃષ્ટિ કાર્ય માટે ઈશ્વરનો જ સગુણ સાકાર અવતાર પ્રગટ થઈને અવતાર લીલા ચરિત્ર કરશે. એ શ્રી નિષ્કલંકી નારાયણ અવતારનું આગમ ચરિત્ર સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે અંતર્જ્ઞાન દૃષ્ટિથી જાણીને જે કથન કર્યું છે તેનું તેમને વર્ણન કર્યું છે.

ભગવાન શ્રી હરિ વિષ્ણુ નારાયણ આ કલિયુગમાં છેલ્લા પ્રહરે એટલે કલિયુગના અંત સમયે શ્રી નિષ્કલંકી નારાયણ એ નામ ધારણ કરીને અવતાર ધારણ કરશે, પ્રગટ થશે. ત્યાં સુધી ગુપ્ત રૂપે અલગ અલગ દેશમાં, અલગ અલગ નામે પ્રગટ થઈને સદ્‌ભકતોને આધ્યાત્મિક જ્ઞાનનો અને મુકિત માર્ગનો ઉપદેશ કરશે. બ્રહ્મદેવ પોતે પણ ગુપ્ત રૂપે અથવા સદ્‌ગુરુ રૂપે અવની તલ પર અલગ અલગ ભૂમિમાં જન્મ ધારણ કરીને લોકોદ્ધારનો અને જનજાગૃતિનો પ્રયત્ન કરે છે. સદ્‌ગુરુ બ્રહ્મા, બ્રહ્મસ્વરૂપી સંત મહાત્મા રૂપે પ્રગટ થઈને સદ્‌ભકતોને સત્‌પંથ ધર્મનું દિગ્દર્શન કરીને મુકિત માર્ગનો ઉપદેશ સદ્‌ભકતોને આજે પણ કરે છે. અધ્યાત્મક જ્ઞાન સાધનાનું અવલંબન કરીને બ્રહ્માનુભૂતિ પ્રાપ્ત થયેલા આ મહાત્માએ દીપ સ્તંભ પ્રમાણે જગતના અજ્ઞાન પંથી જીવાત્માને મુકિત માર્ગનો પ્રકાશ બતાવ્યો છે. એ માર્ગ એટલે જ મૂળ સનાતન સત્‌પંથ ધર્મ છે.

આ સત્‌ધર્મનો પ્રચાર અને પ્રસાર કરવા માટે એ મહાત્માએ અપાર કષ્ટ સહન કરીને જગતના મુખ્ય એવા ચોવીસ દેશોનો પ્રવાસ કર્યો હતો. પ્રત્યેક દેશમાં તે તે દેશના લોકભાષાથી તેમણે ઉપદેશ કર્યો હતો.

જન્મોજન્મની દઢ તપશ્ચર્યાથી જીવાત્માઓના આત્મોદ્ધાર માટે લોકકલ્યાણ અને જનજાગૃતિ કરવા માટે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ કલિયુગના અંતે સત્‌પંથ ધર્મના ઉપદેશાર્થે સોમસ ઋષિ સ્વરૂપે ચીન દેશમાં પ્રયાણ કરશે. ચીન દેશની લોક સ્થિતિ, સામાજિક દુરાવસ્થા અને લોકોનું અજ્ઞાન જોઈને તેમને ખૂબ દુઃખ થશે. આ ચીન દેશમાંથી દૈત્ય કાલિંગો પોતાના મુખ્ય પાંચ સેનાની અને ચોવીસ પ્રચારક દૂત અને અગણિત એવા પોતાના સૈનિકો મારફતે જગતમાં આક્રમક ધોરણે અન્યાય, ચોરી, હિંસાચાર વગેરે સર્વત્ર ફેલાવીને અશાંત અસુરક્ષિત વાતાવરણનું નિર્માણ કરશે. એટલે પ્રજાહીત સંકટમાં આવશે. આ પ્રકારનું દુષ્ટ શાસન દૈત્ય કાલિંગો ચીનની પ્રજા પર કરવા લાગશે. પ્રજાને બીજો કોઈ પણ સુયોગ્ય શાસનકર્તા ન મળવાથી ના છુટકે દૈત્ય કાલિંગાનું શાસન તેને માન્ય કરવું પડશે.

હવે જેમ જેમ કલિયુગનો પ્રહર વિસ્તારીત થવા લાગશે, તેમ તેમ જગત પર પોતાનો અમલ વધારવા લાગશે અને કાલિંગો એટલે પ્રત્યક્ષ કલિયુગનું સ્વરૂપ એમ લોકો કહેવા લાગશે. ધાર્મિક પૂજા અર્ચના, યજ્ઞ યાગ, જ્ઞાન કથા શ્રવણ કથન, સત્સંગ, ભજન, પૂજન, કીર્તન વગેરેનો વિધ્વંસ તે શરૂ કરશે. પ્રજાને અન્યાય, ચોરી, વ્યભિચાર, દંભ, કામ, ક્રોધ, અહંકાર, મત્સર વગેરે દુર્ગુણોથી નષ્ટ ભ્રષ્ટ કરીને સર્વત્ર અરાજકતા પ્રસરાવવા લાગશે અને જગતમાં હું જ એક મહા શાસ્ત્રોક્ત જ્ઞાતા છું એમ સર્વત્ર વર્તન કરવા લાગશે.

તેનાં આવાં પાશવી કૃત્યોનો અંત લાવવા માટે, તેના અમાનુષ કૃત્યો પર નિયંત્રણ નાખવા માટે દૈવી શકિતનો પ્રાદુર્ભાવ થાય તે માટે મહાત્મા સોમસ ઋષિ વિચારશે કે દૈત્ય કાલિંગાના અભેદ્ય એવા કિલ્લામાં અંદર પ્રવેશ કર્યા સિવાય આપણો હેતુ સિદ્ધ થશે નહીં. આ બધી યોજનાની ગુપ્તતા રહે એ માટે પોતાના સિદ્ધિના બળથી તેઓ પોપટ રૂપ

ધારણ કરશે અને કાલિંગાના મહેલના બાગમાં પ્રવેશ કરશે. દૈત્ય કાલિંગાનો મહેલ સાત માળનો ભવ્ય અને સુશોભીત હશે. ચારેય બાજુમાં ફરી શકાય તેવા પ્રકારના સજ્જ, ગવાક્ષ દરવાજા કાલિંગાએ લગાવ્યા હશે. બગીચામાં અલગ અલગ પ્રકારનાં ફૂલઝાડ, ફળઝાડ ઉગાડ્યાં હશે.

અત્યંત નયનરમ્ય સુંદર સુગંધિત એવા એ બગીચામાં એક કદંબ વૃક્ષ પર બ્રહ્મ સ્વરૂપ સોમસ ઋષિ પોપટ રૂપ ધારણ કરી બેસશે. મધ્યાહ્‌ન કાળમાં ત્યાં બગીચામાં અનેક પક્ષી વિશ્રાંતિ માટે આવી બેસશે. એમનો એ કલરવ અત્યંત શ્રવણીય અને આહ્‌લાદાયક હશે. એ પક્ષીઓમાં વિશેષતઃ સૂડા એટલે પોપટ જ હશે અને બહુતક સર્વ પક્ષી અલગ અલગ અવાજ કાઢીને દૈત્ય કાલિંગાનું નામ સ્મરણ કરતાં હોય એમ ભાસ થતો હશે. એટલી બધી દૈત્ય કાલિંગાની ચરાચર સૃષ્ટિ પર પણ વ્યાપક સ્વરૂપની અસર પડેલી હશે. દૈત્ય કાલિંગાની ભાર્યા સુરજારાણી અત્યંત સાધ્વી અને પતિ સેવા પરાયણ હશે. દૈત્યની આસુરી સત્તાનો પ્રભાવ તેના પર હોવાથી તે પણ દૈત્ય કાલિંગાનું સ્મરણ ચિંતન કરતી રહેશે. એ દિવસે સુરજારાણી પોતાના મહેલના ગવાક્ષમાં બેસીને માળામાં મોતીઓ પરોવવાનું કામ કરતી બેઠી હશે, ત્યારે પક્ષીઓ કલરવ કરતાં કરતાં દૈત્ય કાલિંગાનાં ગાયન પરોવવાનું કરતાં હશે તે તેને કાને શ્રવણ થશે. એ કુતૂહલથી બગીચાના કદંબ વૃક્ષ પર બેઠેલાં પક્ષીઓને જોવા લાગશે, તો તેમાં એક નવા પ્રકારનો પોપટ તેને દેખાશે. એ પોપટનું રૂપ સૌંદર્ય અને તેજ જોઈને અને પોપટના મુખમાંથી સુમધુર એવા પ્રણવ "ૐ"નો ઉચ્ચાર સાંભળીને સુરજા રાણીને અત્યંત આશ્ચર્ય થશે. અત્યંત કુતૂહલ બુદ્ધિથી સુરજારાણી તે પોપટનું નિરીક્ષણ કરવા લાગશે.

ત્યાં હોશે પંખી તેમાં સૂડા બહુ, તે તો સ્મરણ કરશે કાલિંગાનું સહુ. ॥૧૫॥
તે માંહે સત્‌ગુરુ બ્રહ્મા પોપટ રૂપે દેખાશે સહી, તે સામા કદંબના ઝાડ ઉપર બેસશે જઈ. ॥૧૬॥
ત્યાં સર્વે પંખી બહુ કરશે કિલ્લોલ, પણ તેમાં બ્રહ્મ સ્વરૂપી બોલશે નવા નવા બોલ. ॥૧૭॥
ત્યારે સુરજા રાણી મનમાં બહુ કરશે વિચાર, એ તો કોઈ બ્રહ્મ સ્વરૂપી આવ્યો નગર મોઝાર. ॥૧૮॥
એસો છે કોઈ નગરમાં હમારો દાસ, એ બ્રહ્મ સ્વરૂપી પોપટને લાવે હમારે પાસ. ॥૧૯॥
તે સુરજા રાણીના મનમાં એવી ચિંતા થાશે, જે રખે બ્રહ્મ સ્વરૂપી પોપટ ઉડી જાશે. ॥૨૦॥
ત્યારે સુરજારાણી મનમાં એવી ચિંતા કરશે તહી, તે તો વચન પોપટનાં હૃદે ધરશે સહી. ॥૨૧॥
હવે એવો છે કોઈ અમારો દાસ, એ પોપટને કરે ફાંસો ને લાવે હમારે પાસ. ॥૨૨॥
ભાઈ જે ફાંદોને ફાસ પોપટનો કરો, તે પોપટ લાવી મુજ આગળ ધરો. ॥૨૩॥
રાણી તમે શાને કરો ફાંદોને ફાસ, બાઈ હું તો કરવા આવ્યો છું તમનો દાસ. ॥૨૪॥
સુણો સુરજા રાણી એક અમારી વાત, બાઈ તમે કહો તો આવું તમારી પાસ. ॥૨૫॥
તમે સુણો સુરજારાણી અથર્વવેદી બ્રહ્મ જ્ઞાન, તમે જે થકી આગળ પામો અમરાપુર ઠામ. ॥૨૬॥

દૈત્ય કાલિંગાના રાજના બગીચામાં એક કદંબ વૃક્ષ પર અનેક જાતનાં પક્ષીઓ અને તેમાં તેમની વચ્ચે મહાત્મા સોમસ ઋષિ પણ પોપટ રૂપ ધારણ કરીને રાજમહેલની સામેની ડાળી પર બેસીને 'ૐ' પ્રણવ બ્રહ્મનું સ્મરણ અને સ્પષ્ટ ઉચ્ચાર કરતા બેઠા હશે. તેમના પ્રણવોચ્ચાર સાંભળીને તેમજ પોપટનું સૌંદર્ય, નાદ માધુર્ય જોઈને વિસ્મિત થયેલી સુરજારાણી પોતાના મનમાં વિચાર કરશે. આવો અતિશય સુંદર પોપટ આજ સુધી પોતાને જોવામાં આવ્યો નથી. આ અત્યંત સુંદર અને અલૌકિક દિવ્ય ક્રાંતિમાન અને નાદ મધુર વાણીનો પોપટ આપણા દેશનો તો રહેવાસી નથી જ ! એ કોઈ અલૌકિક મહાત્મા

અથવા સ્વર્ગીય દેવ કે યક્ષ અથવા ગંધર્વ હોવો જોઈએ. તેની વાણી અત્યંત ધીરગંભીર અને બ્રહ્મ સ્વરૂપી છે. આ પોપટ મને જોઈએ છે ! આ પોપટ સદૈવ પોતાની પાસે રહે અને સતત તેની વાણી સાંભળતા રહેવું મને ગમે છે. અરે કોઈ દાસ સેવક છે કે મહેલમાં ? આ પોપટને મારી પાસે લાવી આપે એવો કોઈ સેવક અહીં છે ? સુરજા રાણીના મનમાં એકસરખી આવી ચિંતા થવા લાગશે કે જો થોડી વધારે વાર થઈ જશે તો આ પોપટ અહીંથી ઉડી જશે અને પોતાની મનોકામના અપૂર્ણ રહેશે, તેથી ઘણી જલ્દીથી સુરજારાણી સેવકોને બોલાવવા લાગશે.

અહીં સુરજારાણીનું ધ્યાન હવે પૂર્ણપણે પોતાની તરફ આવ્યું છે એમ જાણીને પોપટ સ્વરૂપ મહાત્મા સોમસ ઋષિ અમૃતોપમ વાણીથી એક એક શબ્દ એવા અલૌકિક ઉચ્ચારવા લાગશે કે તે સુરજા રાણીના હૃદયમાં સોંસરવા ઉતરવા લાગશે અને તેની જિજ્ઞાસા અધિકાધિક જાગૃત થવા લાગશે. તે પોતાના નોકરોને હુકમ કરવા લાગશે કે કંઈ પણ પ્રયત્ન કરીને ઝાડ પર જાળ નાખીને આ પોપટને પકડી લાવો, ઉડી જવા દેશો નહીં. આ પોપટને પકડીને મારી પાસે લઈ આવો. જે લાવી આપશે તેને ઈનામ આપીશ. આ પ્રમાણે બક્ષીસની પણ લાલચ આપી સુરજા રાણી સેવકો પાસેથી પોપટને પકડવાનો પ્રયત્ન કરાવશે. સુરજા રાણીની એ તાલાવેલી અને નોકર ચાકરની દોડધામ જોઈને સોમસ ઋષિને ક્ષણભર આનંદ આવશે.

પછી રાણીની અધીરતા અને સ્થિતિ જોઈને સોમસ ઋષિ મહારાજ મધુર વાણીથી કહેશેઃ 'હે સુરજા દેવી, હું તો અનંત અવકાશમાં સ્વચ્છંદ વિહાર કરનાર મુકત અને સ્વતંત્ર પક્ષી છું. મને પકડીને બંદીશાળામાં અથવા પિંજરામાં રાખી તારું કાર્ય સાધ્ય થશે ? ફકત મનના રંજન માટે જો તું મને બંદીસ્ત કરીશ તો તારા મનનું રંજન થશે એ નિશ્ચિત નથી. માટે મને પકડવા માટે વ્યર્થ પ્રયત્ન ના કરીશ. સ્વતંત્ર મુકત રહીને પણ મનોરંજન જ શું પણ તારા બધા મનોરથ પૂર્ણ કરીશ. હું ઉડી જઈશ એવી તને જે બીક લાગે છે તે ખોટી છે. હે મહારાણી સુરજાદેવી, જો તારી ઈચ્છા હોય અને મનથી તને લાગતું હોય તો હું અહીં તારી પાસે આવું. મને પકડીને બંધસ્ત કરવાની કંઈ જરૂર નથી. હે સુરજા રાણી, અથર્વવેદના બ્રહ્મ જ્ઞાનનો ઉપદેશ કરવા માટે અને તારા જીવનનું સાર્થક ઘડવા માટે એટલે કે સંસાર બંધનમાંથી મુકત કરીને અમર પદની પ્રાપ્તિ કરાવવા માટે હું આવ્યો છું અને તને હરકત ન હોય તો હું અહીં તારી પાસે આવું. એમ કહીને એ પોપટ ઝાડ પરથી ઉડ્ડાણ કરશે અને મહેલના ગવાક્ષની ભીંત પર જઈને બેસશે. એ જ ગવાક્ષમાં સુરજા રાણી ઊભી રહીને આ બધું જોતી જોતી સાંભળતી હશે.

આજ સુરજા રાણી તમે રાજ દ્વારે દૈત્ય ઘેર આયે,
હવે બાઈ તમારો જન્મ પદારથ એળે જાયે.॥૨૭॥
ઐસા વચન સુણીને સુરજારાણી અચંબો થાયે,
ત્યારે રાણી સદ્ગુરુ બ્રહ્મા રૂપે પોપટને લાગશે પાયે.॥૨૮॥
ત્યારે બોલશે સુરજારાણી ભાઈ પોપટજી તમે વારું કહો,
પણ અમારા જીવની ચિંતા તમે શાને લહો.॥૨૯॥
ત્યાં પોપટ સ્વરૂપે સદ્ગુરુ બ્રહ્મા બોલશે વિખ્યાત,
તમે સુણો સુરજારાણી આજ અથર્વવેદની વાત.॥૩૦॥
બાઈ સુરજાદેવી અમે આદે અંતે જીવનના આડતીઆ કહેવાઈએ,
તે માટે તમને આગમ કહેવા અહીં આવ્યા છઈએ.॥૩૧॥

હવે દશમે રૂપે નિષ્કલંકી નારાયણ અવતાર,
તે શ્રી હરિજી ધરશે જંબુદ્વીપ મોઝાર.॥૩૨॥
ત્યાં તમારા જીવનાં કારજ થાશે હો સુરજા નાર,
જો આજ વોહોરો આ સત્‌પંથ ધરમ સાર.॥૩૩॥
એવાં સુણી વચનને સુરજારાણી અચંબો થાશે,
ત્યાં સદ્‌ગુરુ બ્રહ્માનો તખતો ત્યાં બેસાડશે.॥૩૪॥
ત્યારે વદશે સુરજારાણી સ્વામી તમે આ શું કહો,
અમે તો આ કાલિંગા ઘેર પતિવ્રતા થઈને અવતાર ધર્યો.॥૩૫॥
જો અમે આ વ્રત નિમ છોડીને હરિ ભક્તિની કરીશું વાત,
તો સ્વામી ત્રણ ભુવનમાં જાશે અમારી લાજ.॥૩૬॥
ત્યારે સત્‌ગુરુ બ્રહ્મા બોલશે વાણી વિખ્યાત,
સાંભળો સુરજારાણી આજ અમારી વાત.॥૩૭॥
હાં રે રાણી તમે પતિવ્રતા ધર્મ નિયમ પાળજો સહી,
પણ તેથી તમારા જીવની મુક્તિ થાશે નહીં.॥૩૮॥
મુકિત કારણ તમે આચરો અથર્વવેદનાં જ્ઞાન,
જે આદ અંત થકી જીવ પામ્યા મોક્ષ ગતિ નિર્વાણ.॥૩૯॥

સુરજારાણીના મહેલમાં ગવાક્ષની ભીંત પર બેસીને પોપટ સ્વરૂપ સોમસ ઋષિ કહેશેઃ હે સુરજારાણી, આજે તું કંઈક પૂર્વ કર્મ દોષને કારણે આ દૈત્ય કાલિંગાના ઘેર સ્ત્રી રૂપે આવી છે, પણ તને તારા જીવનું કલ્યાણ કરવા માટે આ અસુર ભૂમિ યોગ્ય નથી અને વિશેષમાં તારા ચિત્તમાં જે સુસંસ્કાર રહ્યા છે તે સુસંસ્કારની ઉન્નતિ નહિ થાય તો તારો જન્મ વ્યર્થ જ જશે. તારો જન્મ વ્યર્થ નાશ પામે નહીં એટલે તારા ઉદ્ધાર માટે તને સન્માર્ગ દર્શન થાય એ ઉદ્દેશ મનમાં ધારણ કરીને હું આવ્યો છું.

પોપટના મુખમાંથી આવાં નિર્મળ વચન સાંભળતાં જ સુસંસ્કારી સુરજારાણીના ચિત્તમાં એકદમ દિવ્ય પ્રકાશ પ્રગટશે અને તેને આશ્ચર્ય થશે. તેના ચિત્તમાં રહેલા બધા સંસ્કાર જાગૃત થશે અને તે બંને હાથ જોડીને પોપટ સ્વરૂપ સદ્‌ગુરુ બ્રહ્માને નમન કરવા લાગશે અને તે કહેશેઃ 'હે પોપટ સ્વરૂપ મહાત્મન, તમે કોણ છો ? એ પૂર્ણપણે જાણવા હું અસમર્થ છું, પણ જે અર્થે તમારા મુખેથી આ અમૃત તુલ્ય ઉપકારક વાણી આવે છે, એ અર્થે તમે કોઈ બ્રહ્મ સ્વરૂપી મહાત્મા છો અને કંઈક વિશિષ્ટ હેતુ લઈને અહીં આવ્યા છો, માટે તમારો અહીં આવવાનો હેતુ પ્રગટ કરો. હું તમારી સેવામાં તત્પર છું. આ દાસીને યથા યોગ્ય સેવાનો લાભ આપો એવી હું તમારા ચરણારવિંદમાં નમ્ર પ્રાર્થના કરું છું. તમે મારા જન્મ વૃત્તાંત માટે નિવેદન કર્યુ તો તેનો ઉદ્દેશ શું છે, તે સર્વ વાત સ્પષ્ટ કહેવાની મારા પર કૃપા કરો. !'

ત્યારે પોપટ સ્વરૂપે સોમસ ઋષિ કહેશેઃ 'હે રાણી સુરજાદેવી, હું તને બે વાત કહું છું તે તું તારા ચિત્તમાં ગ્રહણ કર. આ સૃષ્ટિમાં પહેલેથી જુદા જુદા યુગમાં અલગ અલગ સ્વરૂપે પ્રગટ થઈને સદ્ભકતોને, સુસંસ્કારી જીવાત્માઓને સુયોગ્ય સન્માર્ગનું દિગ્દર્શન કરીને મુકિત માર્ગનું સદ્જ્ઞાન કરાવવું એ અમારું કાર્ય છે. આજ કલિયુગમાં સુરજારાણી તને યોગ્ય એવી જ સુસંસ્કારી જાણીને મુકિતપ્રદ એવા અથર્વવેદના જ્ઞાન માર્ગનો ઉપદેશ કરવો અને મુકિત પદની અધિકારી કરવી એ મારો ઉદ્દેશ અને પ્રયત્ન છે. માટે આગમ ભવિષ્ય કથન કરીને ઈશ્વરી યોજનાની અને લોકસ્થિતિની જાણ તને આપવી એવી મારી ઈચ્છા છે.

આજ કલિયુગમાં ભગવાન શ્રી હરિ શ્રી નિષ્કલંકી નારાયણ નામ ધારણ કરીને જંબુદ્વીપમાં અવતાર ધારણ કરશે. તેની જો તું ભકિત, ઉપાસના, પૂજા કરીશ તો તારા કોટિ જન્મોનું કલ્યાણ થશે. તું મુકિત પ્રસાદ એવા સત્પંથ ધર્મનો સાર જાણીને આચરણ કરીશ તો ફરી તને આ ભવ રૂપી ભ્રમંતીમાં ભટકવું પડશે નહીં.

આ વચન સાંભળીને સુરજારાણી આશ્ચર્યચકિત થઈ જશે. તે શ્રદ્ધા, ભકિત ભાવપૂર્વક નમન કરીને પોપટ સ્વરૂપ મહાત્માને મહેલમાં બોલાવીને આતિથ્ય સેવા સ્વીકારવા માટે આગ્રહ ભરી વિનંતી કરશે. સદ્ગુરુ બ્રહ્મા મહેલમાં આવી પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરશે. સુરજારાણી તેમને આસન આપી તેમના પર બેસાડશે અને યથા યોગ્ય આદર આતિથ્ય કરશે અને તે કહેશેઃ 'હે મહાત્મા સદ્ગુરુનાથ, તમે મને આ ઉપદેશ કરો છો એ સમજવા માટે હું અસમર્થ છું. કારણ હું દૈત્ય કુળમાં જન્મેલી એક દૈત્યાધિપતિની પતિવ્રતા છું. આજ પતિ સેવા, કુળાચાર, કુળ દૈવત પૂજા, પરંપરાગત વ્રત, નિયમ વગેરે આ બધું છોડીને શ્રી હરિની ભકિતમાં લાગીશ તો ત્રિભુવનમાં મારી લાજ નહીં જાય ? લોકો મારી નિંદા કરવા લાગશે અને મને દૂષણ આપશે માટે હે સદ્ગુરુનાથ ! મારી અવહેલના ના થાય, મને વિટંબણા ના થાય અને મારા જીવનનું સાર્થક થાય એવો કોઈ સુયોગ્ય માર્ગ તમે મને બતાવો.'

સુરજારાણીએ આપેલ આસન પર બેસીને સોમસ ઋષિ મહારાજ કહેશેઃ 'હે સુરજાદેવી, પતિવ્રતા ધર્મ પાળવું, પતિ સેવા પરાયણ રહેવું એ સ્ત્રીઓનું આદ્ય કર્તવ્ય છે. તેની સાથે બાળકોની સેવા-યોગ્ય સાંગોપાંગ કરવી, ઘરનાં બધાં કુટુંબીજનોની યોગ્ય સાર સંભાળ ભરણ પોષણ સેવા કરવું, આપ્ત ઈષ્ટ મિત્ર પરિવારના હિત સંબંધે કાર્ય કરવું, સમાજસેવા, ગ્રામસેવા, રાષ્ટ્રસેવા, દેશસેવા વગેરે બધા ક્ષેત્રોનું સેવા કાર્ય કરતાં કરતાં લક્ષ પૂરું કરવું એ સ્ત્રીઓનું કર્તવ્ય છે. એટલે પુરુષની બરાબરીથી એ જવાબદારી સંભાળીને જનસેવા કરવી એ સુશિક્ષિત સમાજધુરીણ સ્ત્રીઓનું કર્તવ્ય છે તેમજ પોતાના ઘરના કુટુંબીઓની અને દેશની જનતાની સર્વાંગીણ અભિવૃદ્ધિ માટે ઈશ્વરની ઉપાસના સેવા ભકિત કરવી એ પણ કર્તવ્ય જ છે. ઐહિક અને લૌકિક લાભ સાથે પારમાર્થિક અલૌકિક એવો લાભ લેવો એ પણ તારા જેવી બધી જ સમર્થ સ્ત્રીઓનું કર્તવ્ય છે.

હે સુરજારાણી, તું પતિવ્રતા નિયમ ધર્મ પાલન કર. તેનાથી તને પારલૌકિક સુખ મળશે પણ જીવનનું ધ્યેય જે તત્ત્વ (મોક્ષ) એ મળી શકશે નહીં. મોક્ષ મેળવવા માટે તારે પોતે જ પ્રયત્ન કરવો પડશે. જન્મ મૃત્યુના ભવબંધનમાંથી મુકત થવા માટે તને મુકિત માર્ગનું આચરણ કરવું પડશે. કારણ આ ક્ષેત્રમાં પ્રત્યેક વ્યકિતએ સ્વતંત્ર સાધના કરીને ધ્યેય પ્રાપ્ત કરવાનું હોય છે. પતિ-પત્ની, માતા-પિતા, ભાઈ-બહેન વગેરે સંબંધ કેટલાય વ્હાલા, પ્રેમાળ હોય તો પણ મૃત્યુના દ્વારે બધાએ સ્વતંત્ર રીતે જ પ્રવેશ કરવાનો હોય છે. તેમજ સાધના માર્ગમાં પ્રત્યેકે સ્વતંત્ર રીતે જ સાધના, તપસ્યા કરીને ઈષ્ટ સાધ્ય કરવાનું છે. માટે હે સુરજા રાણી, અનાદિ કાળથી જીવાત્મા જે માર્ગ આચરણથી મુકત થયા એ જ મૂળ સનાતન અથર્વવેદ જ્ઞાન સાધનાનો માર્ગ હું તને ઉપદેશું છું. તને એ સત્માર્ગ કહું તે શ્રવણ કર અને તેનું યોગ્ય આચરણ કર.'

હાંરે રાણી કર્તાયુગમાં સદ્‌ગુરુ અમરતેજ ઋગ્વેદી વેપાર, ભકત પાંચ કરોડી શું તાર્યા પ્રહલાદ.॥૪૦॥
જે ચાર અવતાર હરિએ લીધા કર્તાયુગ માંહે, તે દેવે ચાર દૈત્ય સંહાર્યા ત્યાંહે.॥૪૧॥
બીજા ત્રેતા યુગમાં અમે ગુરુ વશિષ્ઠ સત્ જાણ, ત્યાં વેપાર યજુર્વેદી હુવા પરમાણ.॥૪૨॥
જે હરિએ ત્રણ અવતાર લીધા ત્રેતાયુગ માંહે, તે દેવે ત્રણ દૈત્ય સંહાર્યા ત્યાંહે.॥૪૩॥
તે સાત કરોડી શું તાર્યા હરિશ્ચંદ્ર રાયે, બાઈ તે પોતા અમરાપુર માંહે.॥૪૪॥
રાણી દ્વાપર યુગમાં અમે ગુરુ વેદવ્યાસ સહી જાણ, તાહાં વહેવાર સામવેદી થયા પરમાણ.॥૪૫॥
ત્રીજા દ્વાપર યુગમાં બેઉ અવતાર શ્રી હરિના જાણ, ત્યાં દેવે બેઉ દૈત્ય સંહાર્યા નિરવાણ.॥૪૬॥
ત્યાં નવ કરોડી શું તાર્યા પાંડવ યુધિષ્ઠિર રાય, બાઈ તે પોતે અમરાપુરમાં જાય.॥૪૭॥
આ કલિયુગમાં અમને સદ્‌ગુરુ ઈમામશાહ જાણ, ત્યાં વહેવાર અથર્વવેદે હુવા પરમાણ.॥૪૮॥
આ ચોથા કલિયુગમાં શ્રી હરિનો દશમો અવતાર, બાઈ તેનો વિસ્તારીત કહું સાર.॥૪૯॥
જે નિષ્કલંકી અવતાર ધરશે જંબુદ્વીપ મોઝાર, તે દેવ તારા ભરથારને મારશે હો સુરજા નાર.॥૫૦॥
જે કલિયુગના દેવનો એસો છે વિચાર, તે હું તને આગમ કહેવા આવ્યો છું સાધ્વી નાર.॥૫૧॥

હે મહારાણી સુરજાદેવી, કર્તાયુગમાં પ્રાધાન્યભૂત વેદ ઋગ્વેદ હતો. સદ્‌ગુરુ બ્રહ્મદેવ અમરતેજ નારદ સનકાદિ ઋષિવરોએ ઋગ્વેદ યુગ ધર્મનો પ્રચાર પ્રસાર જગતમાં કર્યો હતો. એ સત્‌પંથ ધર્મ પ્રમાણે આચરણ કરીને પાંચ કોટિ જીવાત્માઓ સદ્‌ભકત પ્રહલાદ સાથે અમરાપુરીમાં જઈ પહોંચ્યા હતા, અમરપદે ગયા. એ કાળમાં ભગવાને ચાર અવતાર ધારણ કરીને ચાર દૈત્યોનો સંહાર કર્યો હતો. યુગ ધર્માનુસાર કાળને અનુરૂપ એવા સત્‌પંથ ધર્મની તેમને સ્થાપના કરી હતી. ચાર સદ્‌ભકતોનો ઉદ્ધાર કર્યો હતો અને પૂર્વ કાળમાં એ સદ્‌ભકતોને આપેલ વચન પૂર્ણ કર્યું હતું.

ત્રેતાયુગમાં સદ્‌ગુરુ બ્રહ્મા વશિષ્ઠ ઋષિ રૂપે પ્રગટ થયા હતા. તેમણે યજુર્વેદ અનુસાર યુગ ધર્મનું દિગ્દર્શન કર્યુ હતું. યોગ વશિષ્ઠ જેવા આધ્યાત્મક જ્ઞાન પ્રચુર યોગ માર્ગનું જ માર્ગદર્શન કર્યું હતું. તેમણે દર્શાવેલા યુગ ધર્માનુસાર જેમણે સત્‌પંથ ધર્મનું આચરણ કર્યું હતું એવા સાત કોટિ જીવાત્માઓનો સદ્‌ભકત હરિશ્ચંદ્ર રાજા સાથે ઉદ્ધાર થયો અને તે અમરાપુરીમાં ગયા હતા. સૃષ્ટિનું પાલન રક્ષણ, દુષ્ટોનું નિર્દાલન અને સત્‌પંથ ધર્મનું પુનર્જીવન કરવા માટે ભગવાને ત્રણ અવતાર ધારણ કર્યા હતા. ત્રણ દૈત્યોનો સંહાર કર્યો હતો અને ત્રણ સદ્‌ભકતોનો ઉદ્ધાર કર્યો હતો.

દ્વાપર યુગમાં અમે (સદ્‌ગુરુ બ્રહ્મા) વેદમૂર્તિ વ્યાસ મુનિના રૂપે પ્રગટ થઈને સામવેદના પ્રાધાન્યભૂત યુગ ધર્મનો પ્રચાર પ્રસાર કર્યો હતો. શ્રીમદ્ ભાગવત, ભગવદ્ ગીતા વગેરે ગ્રંથો દ્વારા માનવ જીવનનું ઉત્થાન કરવા જ્ઞાનનો ઉપદેશ કરીને સદ્‌ભકતોને ઉર્ધ્વગતિનો માર્ગ સુલભ કરાવી આપ્યો હતો. અમે ઉપદેશેલા યુગ ધર્માનુસાર આચરણ કરીને નવ કોટિ જીવાત્મા સદ્‌ભકત યુધિષ્ઠિર પાંડવો સાથે વૈકુંઠમાં પહોંચ્યા હતા. ભગવાને શ્રી કૃષ્ણ અને શ્રી બુદ્ધ અવતાર ધારણ કરીને સદ્‌ભકતોને ભકિત માર્ગનું અને મુક્તિ માર્ગનું માર્ગદર્શન કર્યુ હતું. માનવ જીવન કલ્યાણને આડા આવનારા દુષ્ટ બુદ્ધિ દૈત્યો કંસ, દુર્યોધન, કૌરવોનો સંહાર કરીને ભૂમિ પરનો ભાર હળવો કર્યો હતો.

હે સુરજારાણી, આજ કલિયુગમાં અમે સદ્‌ગુરુ બ્રહ્મા ઈમામશાહ રૂપે અવતર્યા. અથર્વવેદ આ યુગને પ્રમાણભૂત હોવાથી તે અનુસાર યુગ ધર્મનું દિગ્દર્શન કર્યું. સદ્‌ગુરુ બ્રહ્માની જ્ઞાન રૂપી જાગતી જ્યોત અથવા અમર કળા છે તે અમર અને સર્વ વ્યાપી હોવાથી અલગ અલગ દેશમાં અલગ અલગ વ્યકિતના રૂપે પ્રગટ થઈને સદ્‌ભકતોને-મુમુક્ષુઓને અથવા સત્ સાધકોને તે આધ્યાત્મિક જ્ઞાનનો, યોગ શાસ્ત્રનો ઉપદેશ કરાવી મુકિત માર્ગ દર્શાવ્યો હતો. તેવા જે અધિકારી સંત

મહાત્માઓ અમારી (સદ્‌ગુરુ) પાસેથી અનુગ્રહ લઈને આ માર્ગનું આચરણ કર્યું એ અમરાપુરીમાં જશે. એમ બાર કોટિ જીવાત્મા આ યુગમાં અમારા માર્ગદર્શનથી અને અમારા સ્વરૂપ સાક્ષાત્કાર દર્શનથી જીવાત્માઓનો ઉદ્ધાર થશે.

આ કલિયુગના અંતે ભગવાનનો પ્રગટ અવતાર શ્રી નિષ્કલંકી નારાયણનો થશે અને એ તારા ભરથાર દૈત્ય કાલિંગાનો નાશ કરશે. અમે સદ્‌ગુરુ બ્રહ્મા રૂપે, શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન અને સત્‌પંથ ધર્મનું આચરણ તેમજ સત્‌પંથ ધર્મ એટલે અથર્વવેદ અધ્યાત્મક બ્રહ્મ વિદ્યાનો યોગ માર્ગ જે છે તેનો પ્રસાર પ્રચાર જગતમાં સર્વત્ર કર્યો છે અને કરશું, પણ ચીન દેશમાં તારો પતિ તેનો વિરોધ કરીને શ્રી હરિની નારાજગી વહોરશે. અસુર રાજાધિપતિના આસુરી મદોન્મત્તપણાથી દૈત્ય કાલિંગો શ્રી હરિ સામે ઝઘડો ઉપસ્થિત કરશે અને અંતે શ્રી નિષ્કલંકી નારાયણ સાથે દૈત્ય કાલિંગાનું યુદ્ધમાં પર્યાવસાન (અંત) થશે.

સુર શકિત અને અસુર શકિતનો આ છેલ્લો મહાભયંકર સંઘર્ષ થશે. તેમાં અસુર શકિત સંપૂર્ણતઃ નાશ પામશે. સુર શકિતનો સત્ ધર્મનો વિજય થશે અને પછી સંપૂર્ણ સૃષ્ટિનો વિલય થશે. આ સર્વ હકીકતનું આગમ ભવિષ્ય કહેવા માટે અને હે સત્ત્વશીલ સદ્‌ભકત સુરજારાણી, તને જાગૃત કરવા માટે હું અહીં સુધી આવ્યો છું. કારણ તું સુસંસ્કારી અને સત્યપાલન કરનારી યોગ્ય એવી અધિકારીણી છો.'

સોમસ ઋષિ અને સુરજારાણીનો આ સંવાદ ચાલતો હશે ત્યાં ભક્ત કમળાકુંવર પણ આવી ઊભા રહીને અને આ સદ્‌વાણી એક ચિત્તે શ્રવણ કરશે.

હાં રે બાઈ તમે શાને જાણો અમારો સત્યભાય, જે ગુરુ બ્રહ્મા અવતાર આજ અમો સત્‌ગોર કહેવાય.।।૫૨।।
બાઈ તને સત્યવંતી અમે જાણી નાર, ત્યારે પોપટ સ્વરૂપ ધરીને આવ્યા તમારે દ્વાર.।।૫૩।।
ત્યાં ઋષિને પાલવ પાથરી રાણી લાગશે પાયે, હવે અમને મોક્ષમુકિતના દેખાડો ઠાયે.।।૫૪।।
તમે સુણો સુરજારાણી બ્રહ્મઋષિ કહેશે વિચાર, જો બાઈ આ યુગમાં સત્‌પંથે ધાઓ સાર.।।૫૫।।
જો આગળ આ સત્‌પંથ વિના સીધ્યા નહીં કોય, સત્‌પંથ વિના મોક્ષ મુગતી નહીં હોય.।।૫૬।।
આજ કલિયુગ માંહે સત્‌પંથ ધાઓ સાર, તો તમે સુરજારાણી ઉતરશો પરલે પાર.।।૫૭।।
હાંરે રાણી તમે પાળો આવા સત્‌પંથ ગુપ્ત હોઈ, જેથી દાનવમાં તમને ન જાણે કોઈ.।।૫૮।।
ત્યારે સુરજારાણી ત્યાં બોલશે બોલ, તમે વચન અમારાં સુણો હો સદ્‌ગોર.।।૫૯।।
અમારા ઘરમાં આઠ પ્રાણી મળી એક વિચાર, તો એવા સત્‌પંથ ધર્મના દેખાડો સાર.।।૬૦।।
જ્યાં અમે આઠ પ્રાણી મળીને બેસીશું એકાંત, ત્યાં આ સત્‌પંથ ધર્મની અમે કરીશું વાત.।।૬૧।।
સુરજારાણી કમળાકુંવર સત્‌ગુરુ શું કહેશે મર્મ, ત્યારે બ્રહ્મઋષિ આપશે સત્‌પંથના નિમ ધર્મ.।।૬૨।।

પછી સોમસ ઋષિ સુરજારાણીને કહેશેઃ 'હે સુરજારાણી, હું તને જે કંઈ કહું તે તું ધ્યાનથી સાંભળ. જેના માટે મારે પોપટ રૂપ ધારણ કરી અહીં આવવું પડયું. એ મારો હેતુ ખૂબ ઉત્તમ અને શ્રેષ્ઠ છે અને એ તારા જીવનનો અને તારા દેશના સદ્‌ભકતોના કલ્યાણનો છે. હું સદ્‌ગુરુ બ્રહ્માનો એક અંશાવતાર હોવાથી સદ્‌ભકતોને સન્માર્ગ દર્શન કરવું એ મારું કાર્ય છે. તું એક સુસંસ્કારી તપશ્ચર્યાવાન સાધ્વી અને જગત ઉદ્ધારક શકિતને લાયક હોવાથી તને જાગૃતિ આપવા માટે હું આવ્યો છું. તારા પુણ્યોદયથી અતિશય ભાગ્યવાન એવા તારા સદ્‌ભકત પુત્ર કમળાકુંવરના પુણ્ય પ્રભાવથી અને સદ્‌ભાવ પ્રેમભકિતના બળ થકી અનંત કોટિ જીવાત્માઓને સદ્‌ગતિ મળશે. આ બધી ઘટનાઓની જાણ કરવા માટે જ હું આવ્યો છું.'

સોમસ ઋષિનાં વચન સાંભળી સુરજારાણી આશ્ચર્યચકિત થઈ જશે અને બંને હાથ જોડીને મસ્તક નમાવી પાલવ પ્રસારી બ્રહ્મ ઋષિને ચરણે નમન કરવા લાગશે. અત્યંત ગદ્‌ગદ્ વાણીથી સોમસ ઋષિને તે કહેશેઃ 'હે પરમ પાવક જગત ઉદ્ધારક

સદ્ગુરુનાથ ! તમે મને મોક્ષ મુકિતનો માર્ગ બતાવો. તમે દીપ સ્તંભ રૂપ છો. અમારા જેવા ભવસાગરમાં ડૂબકાં ખાનારા, ભૂલેલા, અજ્ઞાની પામરોને તમારા સદુપદેશથી જ્ઞાન માર્ગ બતાવો એવી અમારી તમારા ચરણાવિંદે નમ્ર પ્રાર્થના છે.'

સુરજારાણીની પ્રાર્થના અને તેમની વિનયશીલ નમ્ર વાણી સાંભળી અને સોમસ ઋષિ મહારાજ કહેશેઃ 'હે સુરજાદેવી, અનાદિ કાળથી વિશ્વ બ્રહ્માંડમાં વ્યાપેલું જે ચૈતન્યમય સત્ તત્ત્વ છે તેને પોતાની શુદ્ધ બુદ્ધિથી જાણીને તેનો સાક્ષાત્કાર કરાવી લેવાનો જે માર્ગ છે તે અજર અમર અવિનાશી મૂળ સનાતન સત્પંથ ધર્મ માર્ગ છે. આ માર્ગ ગુરુગમ્ય હોવાથી યોગ્ય એવા સત્પાત્ર બ્રહ્મ સ્વરૂપી મહાત્મા પાસેથી ઉપદેશ ગ્રહણ કરીને, ઉપનિષદ આદિ સત્ શાસ્ત્રોનું અધ્યયન કરીને આત્મ જ્ઞાન સંપાદન કરવું અને સત્ માર્ગના તત્ત્વોનું યમનિયમ આદિનું યથા મતિ યથા શકિત પાલન કરવું એ જ મહત્ તપશ્ચર્યા છે.

ગુરુ પાસેથી અનુગ્રહ લઈને તેમના માર્ગદર્શન અનુસાર જપ, તપ, વ્રત અને તપ સાધના કરવાં અને જયોતિ સ્વરૂપના માધ્યમથી ઈશ્વરનું ધ્યાન પોતાના હૃદયમાં ધરવું, મન સતત અભ્યાસથી અને વૈરાગ્ય વિચારથી અને પ્રાણાયામાદિક સાધનાથી એકાગ્ર સ્થિર કરવું. અજંપા જાપ, ષટ્ચક્ર ભેદન, અનહદ નાદ શ્રવણ એ બધાં દ્વારા સદ્ગુરુના સાનિધ્યમાં રહીને સાધના કરવી. ધૈર્યથી, તત્પરતાથી અને શ્રદ્ધાથી ધીમે ધીમે આ સાધનાનો અભ્યાસ કરતા જવાથી છેલ્લે ઈશ્વરનું સગુણ સાકાર અને પછી નિર્ગુણ નિરાકાર સ્વરૂપ સાક્ષાત્કાર થવાથી અદ્વૈત સિદ્ધ જીવાત્મા મટીને તે પરમાત્મા સ્વરૂપ અજર અમર થાય છે. આ પ્રકારનો આ યોગ સાધનાનો માર્ગ અનાદિ કાળથી ચાલતો આવ્યો છે. આ જ અમારો (સદ્ગુરુ બ્રહ્માનો) મૂળ સનાતન સત્પંથ ધર્મ માર્ગ છે. તેનો જ ઉપદેશ કરવા માટે હે સુરજા રાણી હું આવ્યો છું.

હે રાણી સુરજાદેવી, તું અને કમળાકુંવર પણ આ માર્ગનું આચરણ કરીને મુકિત મેળવો. તમે બંને સુયોગ્ય સંસ્કારી અને સુશીલ છો માટે તમે જ આ માર્ગનું અવલંબન કરી શકશો. તમને આ દાનવ રાજયમાં આ માર્ગ અવલંબન માટે વિરોધ થવાની શકયતા છે, પણ અત્યંત ધૈર્યથી અને ગુપ્તતાથી આ માર્ગનું આચરણ કરશો તો તમારો અને તમારી સાથે કેટલાય જીવાત્માઓનો ઉદ્ધાર તમે બંને કરી શકશો.'

સોમસ ઋષિ મહારાજની વાણી સાંભળીને સુરજારાણી અને કમળાકુંવરનું મન ગ્રહી આવશે અને તેઓ કહેશેઃ 'હે સદ્ગુરુ સ્વામી ! અમારા જીવનના ઉદ્ધારની ચિંતા તમે કરો છો એ ખરેખર અમારું સદ્ભાગ્ય છે. તમારી કૃપા દૃષ્ટિ સતત અમ બાળકો પર રહે અને અમારાથી તમારી ચરણ સેવા થાય એ જ અમારી અભિલાષા છે. અમે આઠ જણ આ ઘરમાં એક મનનાં, એક વિચારનાં છીએ. તમે દર્શાવશો એ સત્ ધર્મનું પાલન કરવા માટે તત્પર છીએ માટે તમે અમને સત્પંથનું માર્ગદર્શન કરો, તમારી શિખામણ પ્રમાણે જ્ઞાન શ્રવણ, મનન, ચિંતન અને સાધના અમે કરીશું, માટે અમારા પર કૃપા કરીને અનુગ્રહ કરો.'

સુરજારાણી અને કમળાકુંવરની વિનંતીનો મર્મ જાણી સોમસ ઋષિ મહારાજ તેમના પર કૃપા કરશે અને સત્પંથ ધર્મનું દિગ્દર્શન કરશે.

જયાં આઠ પ્રાણી ઊભાં રહેશે કરજોડ, ત્યાં સદ્ગોર બ્રહ્મા કહેશે બોલ. ॥૬૩॥
સુણો દેવી સુરજારાણી કમળાકુંવર ભાઈ, આ સત્પંથની શિખામણ તમને આપું સહી. ॥૬૪॥
સત્પંથની શિખામણ સાચી, તમે સાંભળો ઋષિવર એકાંતી. ॥૬૫॥
દિન પ્રત્યે કરો ધામ શું ધંધા, સાંજ પડે થાઓ સ્વામીના બંદા. ॥૬૬॥
કોઈ કેની ન કરશો નિંદા, આવી ગત્ માંહે ને કહો હેજંદા. ॥૬૭॥
ત્યાં તમે ગુરુ મુખે મેળવો જ્ઞાન, ઋષિવર કેરી એહી સંધ્યા સ્નાન. ॥૬૮॥

સંધ્યા કરો મારા મુનિવર ભાઈ, મેલો ક્રોધ નવ કરશો ઈર્ષાઈ. ॥૬૯॥
મન મારો તો મમતા મૂઈ, મંદિરમાં ન રહેવું સૂઈ. ॥૭૦॥
મંદિરમાં પર વાત ન કરશો, આહાર ઘણું કરી પેટ ન ભરશો. ॥૭૧॥
ભરશો પેટ તો ભારી થાશો, આવશે નિંદ્રા અને પછી પસ્તાશો. ॥૭૨॥
હળવે પેટે હાંસલ થાશે, જાગતાં જીતશો સદ્‌ગુરુ સાથે. ॥૭૩॥
વડા મોટાની અદબે રહેજો, મોટા તણા બે અવગુણ સહેજો. ॥૭૪॥
દહાડો તેણે વર્ષ કરી જાણો, બોલો મીઠા વચને પ્રેમ આણો. ॥૭૫॥
આપણાથી જે નાનેરો ભાઈ, તેને બોલાવો મોટેરો કહી. ॥૭૬॥
મીઠા વચને બોલો વીરા, તમ મુખે તો ઝળકે હીરા. ॥૭૭॥
સદ્‌ગુરુ મળ્યાનો એ છે ભેદ, કોઈ કેનો ના કરશો ખેદ. ॥૭૮॥
સાંભળે રૂડું ઓચરે કૂડું, નિશ્ચે તેનું થાશે ભૂંડું. ॥૭૯॥

સુરજારાણી અને તેનો પુત્ર કમળાકુંવર વગેરે પરિવારના હાથ જોડીને સોમસ ઋષિ સામે નમ્રભાવથી ઊભાં રહેશે અને સત્‌પંથ ધર્મનો જ્ઞાન ઉપદેશ આપવા વિનવવા લાગશે.

પ્રત્યક્ષ ચંદ્ર કિરણ શરીર પર પડતાં જ ચંદ્રકાન્ત મણિની જેમ પ્રસરવા લાગે છે, એવી રીતે અત્યંત વિનયશીલ જિજ્ઞાસુ સદ્‌ભકતોની એ જ્ઞાન ગ્રહણ કરવાની તત્પરતા જોઈને સોમસ ઋષિ મહારાજનું હૃદય પ્રેમાર્દ્રતાથી સ્રવવા લાગશે અને પછી પોતાની ધીરગંભીર દિવ્ય તત્ત્વપ્રચુર વાણીથી તેઓ કહેશેઃ 'હે પરમ પ્રિય સદ્‌ભક્તો સુહૃદયજનો ! આવો, મારી સામે નીચે બેસો, તમને સનાતન સત્‌પંથ ધર્મની ટુંકાણમાં રૂપરેખા કહું છું, સમજણ આપું છું, શિખામણ આપું છું તે તમે એકાગ્રતાથી શ્રવણ કરીને મનન અને નિદિધ્યાસ કરો. એ માટે મનનું પ્રથમ એકાંત સાધો. જ્ઞાન, ધ્યાન, સાધના માટે એકાગ્રતા, શાંતતા અને સ્થિરતા આ ખૂબ મહત્ત્વનું છે.

દરરોજ સંધ્યા કાળ નિયમથી કરો અને પોતાની ઉપજીવીકાને આવશ્યક એવા સાત્ત્વિક વ્યવસાય કામકાજ ધંધા કરો, પરંતુ સંધ્યા કાળે અને રાત્રે માત્ર પરમેશ્વરના દાસ સેવક થઈને રહો. આરતી પૂજા, અર્ચના, સાયં સંધ્યા વગેરે નિત્ય કર્મો કરીને પરમેશ્વરની અને સદ્‌ગુરુની સેવા એટલે નામ સ્મરણ ચિંતન કરો. ગુરુ ગત્‌ગંગામાં અથવા સત્સંગમાં કોઈની પણ નિંદા દ્વેષ કરશો નહીં.

ગુરુ મેળાવડામાં જઈને બધાને અત્યંત નમ્રભાવથી પ્રણામ કરવા અને ગુરુ મહારાજને સાષ્ટાંગ નમસ્કાર કરવા. સત્સંગમાં ગુરુની વાણીથી જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરવો અને સંધ્યા કાળનો સમય શ્રેયસ્કર અને નિર્વાંત (શાંત) હોવાથી જ્ઞાન શ્રવણ માટે તેમજ સંધ્યાદિ સાધના માટે ઉત્તમ હોય છે. દરરોજ નિત્ય નિયમથી સવાર, બપોર, સાંજ અને મધ્ય રાત્રી આ સમયે સંધ્યા પ્રાર્થના કરવી, પણ તે પહેલાં મનમાં ઉદ્‌ભવનારા કામ, ક્રોધ, અહંકારાદિનો ત્યાગ કરવો. માયા મમત્વ વિષે મનમાં વૈરાગ્ય કરવો. તીવ્ર વૈરાગ્યથી મનના ઉચ્છૃંખલ ભાવ નહિવત્ થાય છે અને માયા મોહ મમત્વનો લય થવાથી લાભ થાય છે.

મંદિરમાં પરમાત્માનું સ્મરણ કરતાં કરતાં નિદ્રા ન આવે તેનું ધ્યાન રાખવાનું છે. મંદિર એ આરામ કરવાનું સ્થાન નથી. મંદિરમાં ધ્યાન, ધારણા, ઈશ્વર ભકિત, સ્મરણ, ચિંતન કરવું. મંદિરમાં કોઈના વિષયે વાદવિવાદ, નિંદા, દ્વેષ, તિરસ્કાર,

ઝઘડા ઉપસ્થિત કરવા નહીં. જ્ઞાન સંપાદન ધ્યાન ધારણા યોગ સાધના કરવા માટે જ મંદિરો હોય છે. ત્યાંનું પવિત્ર માંગલ્ય ન બગડતાં એ અટકાવવાનો પ્રયત્ન કરવો.

જેમને યોગ સાધના અને જ્ઞાન ઉપાર્જન કરવું છે, તેમણે પોતાના આહાર પર નિયંત્રણ રાખવું. આહાર શુદ્ધ, સાત્વિક અને શરીરને અનુકુળ હોવો જોઈએ. ભરપૂર આહાર કરવાથી યોગ સાધના ન થતાં ફકત રોગ સાધના થાય છે. ભરપેટ જમવાથી શરીર જડ થાય છે, સ્થૂળતા વધે છે, બુદ્ધિ નિસ્તેજ અને મંદ થાય છે. કોઈપણ કામ કરવાની ઈચ્છા થતી નથી. આળસ ઉત્પન્ન થવાથી કર્તવ્ય કર્મથી મનુષ્ય વિમુખ થાય છે. અતિ આહારથી ઊંઘ વધારે આવે છે અને એ યોગે શરીરમાં અને સ્વભાવમાં દારિદ્રપણું, નિષ્કાળજીપણું, નિરુત્સાહીપણું, નિષ્ક્રીયતા આવે છે. અંતે મનુષ્યને પશ્ચાતાપ કરવાનો સમય આવે છે, માટે આહાર અને ઊંઘ પર નિયંત્રણ રાખવું. ઓછું જમવાથી શરીર હલકુ લાગે છે અને કોઈપણ કામ કરવા માટે ઉત્સાહ થાય છે, શારીરિક બૌદ્ધિક વ્યાયામ અને શ્રમ સુલભતાથી કરાય છે, આરોગ્ય સુધરે છે, મનની ચંચળતા વિષય તરફની દોડને થંભાવે છે, સાધના પૂજા અર્ચના કરવા માટે મન સમર્થ બને છે. આ માટે આહાર શુદ્ધ, સાત્વિક અને અલ્પ હોવાની જરૂર છે.

આપણા કરતાં જ્ઞાનથી અને વયથી વડીલ વ્યકિત હોય તેને યોગ્ય માન આપવું. અદબથી નમ્રતાથી તેમણે પ્રણામ કરીને તેમની આજ્ઞાનું પાલન કરવું. મોટા વ્યકિતના અવગુણ અથવા દોષો શોધવા બેસવું નહીં. તેમનામાં રહેલા અનુરૂપ ગુણો લઈ અવગુણોને છોડી દેવા.

એક દિવસ એક વર્ષ પ્રમાણે જાણીને-માનીને ચાલો. આપણું એક એક પગલું કાળના મુખમાં જાય છે એ ખ્યાલ રાખી સત્ કાર્યો કરો. બધા સાથે નમ્રતાથી, મૃદુતાથી, સત્યતાથી બોલીને બધાનો આંતરીક પ્રેમ સંપાદન કરો. આપણા કરતાં નાનાં બહેન-ભાઈ તથા મિત્ર વગેરે હશે, તેમના મન પર પોતાના શુદ્ધ પ્રેમાળ આચરણથી છાપ પડે છે એવું જ વર્તન તેમની સાથે રાખવું, તેમને પણ યોગ્ય માન આપી સદાચારની શિખામણ આપો. તેમને વિના કારણ પજવીને નાહિંમત કરવાં નહીં. બોધથી સારી વાતો શીખવાડી સારી ટેવ પાડવી. આ પ્રમાણે બધાં સાથે તમારું આચરણ નમ્રતાનું, મૃદુતાનું અને સત્યતાનું હશે તો તમારું મૂલ્ય હીરા માણેક રત્ન તુલ્ય થશે. પરમાત્માની કૃપા દષ્ટિ તમારા પર રહેશે.

જેમને સદ્ગુરુ અને પરમાત્માની પ્રાપ્તિ થઈ છે એવા મનુષ્ય અન્ય લોકો સાથે કદી પણ તુચ્છતાથી વર્તતા નથી. કોઈની નિંદા, દ્વેષ, વેર, નિષેધ કરતા નથી. બધા સાથે સમાનતાથી, એકરૂપતાથી અને આત્મૌપમ્ય બુદ્ધિથી વર્તે છે. આથી ઉલટું જે જ્ઞાન શ્રવણ કરીને વિપરીત આચરણ કરે છે તેનું અકલ્યાણ થાય છે. આ માટે સદાચાર સંપન્ન નિર્મળ બુદ્ધિની સત્ સાધકને અત્યંત જરૂર હોય છે.

આળસ નિદ્રા ન કરવી જાણી, જૂઠ ત્યજો વેદ વચન પ્રમાણી. ॥૮૦॥
કૂડ કપટ સર્વે નાખો કાઢી, અમીરસ પી નિશાની લો દહાડી. ॥૮૧॥
ઉપજાવી ભાવ નિશાની લાવો, ઘર થકી ધર્મ દ્વારે આવો. ॥૮૨॥
સંપત્ત ઉપજે તે તમે લાવો, મુખી સાથે ના કરશો દાવો. ॥૮૩॥
દાવો કરે દુનિયાને ભાવે, પણ આવે દારિદ્રને દેવ ના પાવે. ॥૮૪॥
અધર્મીને ઉણિયાચારી, જાણ્યું અજાણ્યું તે દેખાડે પચારી. ॥૮૫॥
ધર્મી ધિંગાણાની વાત ન જાણે, અધર્મી મન માંહે ઓછું આણે. ॥૮૬॥
જ્ઞાન ધ્યાન માંહે જોવું વિચારી, હાણ વૃદ્ધિ દિલ માંહે શોધો તપાસી. ॥૮૭॥

સૂતક લાઈ ભર્યા જો રહેશો, ઉપજશે હાણને બહુ દુઃખ સહેશો.॥૮૮॥
અમી નિશાની જો નહિ લો દહાડી, તેમને સત્‌ગુરુ મેલશે ગત્‌માંથી કાઢી.॥૮૯॥
ધ્યાન ધરવા હાથે લેવી સ્મરણી, છાના છુપી કરો ઉત્તમ કરણી.॥૯૦॥
એવા ગુણ ગંભીરે ભરીયા, ઋષિવર પાળો સો એ ક્રિયા.॥૯૧॥

સમયનું મહત્ત્વ સમજાયા પછી વારંવાર જાણી જોઈને આળસ નિદ્રામાં પોતાનું મૌલિક આયુષ્ય વ્યર્થ ગુમાવશો નહીં. અસત્ય, દંભ, કૂડકપટનો ત્યાગ કરીને સત્ય અને જ્ઞાન દૃષ્ટિથી સદ્‌બુદ્ધિનો ઉપયોગ કરો. દરરોજ નિયમિતપણે સવારે અને સંધ્યા કાળે ધર્મ દ્વારે, મંદિરમાં અથવા પૂજા સ્થાને જવું. કૂડકપટ, દંભ, અસત્યનો મનથી ત્યાગ કરવો. ધર્મ દ્વારે મન શાંત, સ્થિર અને પ્રસન્નતાયુકત ઉદાર, પરોપકાર, બુદ્ધિરત હોવું જોઈએ. સવારે દેવ દર્શન અને સંધ્યા ધ્યાન, સંધ્યા કાળે સાયં સંધ્યા અને રાત્રે પૂજા, કથા, કીર્તન અને ધ્યાન સ્મરણના નિયમ દ્વારા મનને ભકિત માર્ગ તરફ પ્રવૃત્ત કરવું. મંદિરમાં અથવા પૂજા સ્થાને જતી વખતે ખાલી હાથે જવું નહીં. આપણા ઘરમાં, ખેતીની જે વસ્તુ હોય છે તે દા.ત. ધનધાન્ય, ફળો, શાકભાજી, દૂધ, મેવા, મિષ્ટાન વગેરે પ્રસાદ તરીકે લઈ જવાં. પંચદેવને પ્રેમથી અર્પણ કરવાં. એનાથી જીવાત્મા ઈશ્વરના ઋણમાંથી મુકત થઈને કૃપાને પાત્ર થાય છે.

મંદિરની અથવા પૂજા સ્થાનની ધન સંપત્તિ ચોરીથી બળજબરીથી બેઈમાનપણાથી કદી લેવી નહીં. જે મુખી પૂજા અર્ચના કરનારા હશે અથવા ગાદીપતિ આચાર્ય હશે તેમની સાથે વિના કારણ વૈરભાવ, ઝઘડા, નિંદા, દ્વેષ, તિરસ્કાર વગેરે કરવાં નહીં. દુનિયામાં માન સન્માન મેળવવા માટે અને સ્વાર્થ માટે જે દાવો કરે છે એવા જીવાત્માઓની નિશ્ચિત અધોગતિ થાય છે. તેવા ક્રિયા ભ્રષ્ટોને નીતિ ભ્રષ્ટોને ઈશ્વર પ્રાપ્તિ બિલકુલ થતી નથી. ઉલટું તેની દારિદ્ર, રોગવિકાર થઈને અપમૃત્યુ અને અધોગતિ થાય છે.

જે અધર્મી ઉણીયાચારી હોય છે, જે ધર્મ શાસ્ત્રના વિરુદ્ધ આચરણ કરે છે અને પોતે આચરે એ જ સાચો ધર્મ એવું માન્ય કરે છે, શાસ્ત્રના વ્યંગ શોધીને તેની પર ટીકા ટિપ્પણ કરીને પાંડિત્ય બતાવે છે, તેઓ ધર્મ શાસ્ત્ર તત્ત્વ જાણીને પણ અજ્ઞાનપણાને લઈ ક્રિયા ભ્રષ્ટ થાય છે. જે સાચા ધર્મી હોય છે એ ધર્મ વિષયે કોઈ જ ટીકા કરતા નથી. ઢોંગીપણું અથવા અર્થહીન વાદવિવાદ કરતા નથી. અધર્મી લોકો જ કૂડકપટી અને નિંદા ક્રિયા ભ્રષ્ટ અને કુટિલ હોય છે. તે જ લોકો માનમરતબા અને આત્મશ્લાઘા (પોતાનાં વખાણ) કરતા હોય છે.

જ્ઞાન ધ્યાનની બાબતમાં મનુષ્યએ ચોક્કસ રહેવું. પોતાના કરતાં જ્ઞાની ધ્યાની અનુભવી વ્યકિત પાસેથી, ગુરુ પાસેથી જ્ઞાન સંપાદન કરવું. પોતાનો આચાર ધર્મ સારો છે અથવા કનિષ્ટ છે એ શ્રેષ્ઠ વ્યકિત દ્વારા જાણી લેવું. પોતાના મનથી શુદ્ધ અંતઃકરણથી વિચાર કરીને હીન આચરણ છોડી દેવાં અને સારા ઉન્નતિકારક નીતિનિયમ યુકત તત્ત્વોનું આચરણ કરવું. સત્‌સાધકોએ માનસિક પાવિત્ર્ય માટે અને આત્મિક ઉન્નતિ માટે શુચીભૂતતા (પવિત્રતા)ના નિયમ પાળવા.

લાઈ સૂતક એટલે કે જનનશૌચ, મરણ સૂતક અને રજસ્વલા ધર્મ વગેરે બાબતમાં જે નિયમ સત્‌પંથ ધર્મ શાસ્ત્રમાં કહ્યા છે, તે અવશ્ય પાળવા. એ જો ન પળાય તો મનમાં મલિનતા, હીન વિચાર અને આળસ આવે છે. એ કારણે સાધનામાં વિકૃતિ આવે છે, માટે મંદિરમાં અથવા પૂજા સ્થાને મંત્રોપચારથી શુદ્ધ પવિત્ર થવું. દરરોજ નિયમિતપણે દેવદર્શન માટે અને પૂજા માટે જવું. મંત્ર શ્રવણ, જ્ઞાન ચર્ચા, મનોમન ઈશ્વરનું ધ્યાન, નામ સ્મરણ, સદ્‌ગુરુનું ધ્યાન અને પ્રાર્થના કરવી.

ગુરુ દીક્ષા લઈને જે વ્યકિત ધર્મનાં આચરણ નથી કરતા એ સત્‌સાધક સંઘમાંથી દૂર થઈ જશે. તેના પર ગુરુ કૃપા થવી કઠિન છે. પૂજામાં આવતી વખતે બને ત્યાં સુધી સ્નાન કરી, ધોયેલાં સ્વચ્છ સફેદ વસ્ત્રો પહેરીને આવવું. હાથમાં

જપમાળા લઈને સતત ગુરુ મંત્રનું ૐ કારયુકત પરમાત્માનું નામ સ્મરણ કરવું. જયોતિનું ધ્યાન કરવું, ગુરુ ચરણામૃત તીર્થ પ્રાશન કરવું, ગુરુમુખેથી જ્ઞાન ચર્ચા શ્રવણ કરવી. જે નીતિ નિયમોનો પોતાનામાં અભાવ હોય તે જાણીને તેનું આચરણ ધરવું. જે ત્યાજય હોય તેનો ત્યાગ કરવો, શારીરિક શુદ્ધતા, માનસિક પાવિત્ર્ય અને આત્મિક ઉન્નતિ માટે જે નિયમ કહ્યા છે તેનું યથા યોગ્ય યથા મતિ પાલન કરવું.

પ્રથમ હૃદય ધોઈ નિર્મલ કરવું, બીજી ક્રિયા નિત્ય નાહીને જમવું.॥૯૨॥
સતે ચાલવું દિવસને રાત, તેમાં સાચું બોલવું નિશ્ચે વાત.॥૯૩॥
દયા રાખવી દિલમાં જાણી, સુપાત્રને દાન દેવું રે પ્રાણી.॥૯૪॥
પરદુ:ખ જાણી પાસે રહેવું ભાઈ, મોટાને તો માનવા સહી.॥૯૫॥
મોટાઈનો મન ગર્વ ન કરવો, દસમી ક્રિયા જો ક્રોધ ન ધરવો.॥૯૬॥
ધર્મ તણું આળસ ન કરવું, સર્જનહાર સાથે ધ્યાન જ ધરવું.॥૯૭॥
નિત નિત ગત્માં મલવું જાઈ, ગોર નર મુખીને મલવું ધાઈ.॥૯૮॥
નિત્ય નિત્ય અમી પીયે તે ધર્મી, અહંકાર ન મૂકે તે નર કુકર્મી.॥૯૯॥
જૂઠું ઋષિવરને બોલવું નહીં, અતિથિ અભ્યાગત સંતોષવા સહી.॥૧૦૦॥
ભૂખ્યાને અન્ન આપવું જાણી, તરસ્યાને તો પાવું પાણી.॥૧૦૧॥
વસ્ત્રહીનને વસ્ત્ર આપી અર્થ જ લેવો, સગા કુટુંબનો ભાર જ સહેવો.॥૧૦૨॥
સઘળું સાંખી કરી ધ્યાન જ ધરવું, અવગુણ કરે તેનું શુભ જ કરવું.॥૧૦૩॥

પ્રત્યેક માનવનું સર્વ શ્રેષ્ઠ અને આદ્ય કર્તવ્ય હૃદય શુદ્ધિ છે. પોતાના અંતઃકરણમાં સમયે સમયે જે દુષ્ટ ભાવ પ્રગટ થાય છે. નિંદા, દ્વેષ, મત્સર, કામ, ક્રોધ, મોહ, ચોરી, હિંસા, આસકિત વગેરે ભાવ પ્રગટે છે તેનું કારણ અંતઃકરણનું માલિન્ય છે. આ માલિન્ય મનમાંથી જ ઉદ્ભવે છે અને મન પોતાના આહાર વ્યવહારથી ઘડાય છે. આ માટે આહાર અને વ્યવહાર પર નિયંત્રણ રાખવું. શુદ્ધ સાત્ત્વિક અને અલ્પાહાર સેવન કરવો અને આસકિત રહિત વ્યવહાર કરવો એટલે હૃદય શુદ્ધ થાય છે. નિર્મલ હૃદય જ ઈશ્વરનું વાસ્તવ્ય સ્થાન હોય છે. મલિન હૃદય દૈત્યોનું વાસ્તવ્ય સ્થાન હોય છે.

દરરોજ નિત્ય નિયમથી સ્નાન કરવું. શારીરિક શુદ્ધિ થવાથી મનની શુદ્ધિ થાય છે. મનની અને તનની શુદ્ધિ કરીને ભોજન ગ્રહણ કરવાથી દિવસભર પ્રસન્નતા રહે છે અને કોઈ પણ કામ કરવામાં ઉત્સાહ સ્ફૂર્તિ આવે છે. રાત દિવસ સત્યથી વર્તવાનો પ્રયત્ન કરવો. સત્ય વચનનું વાદન કરવું અને સત્યનું પાલન કરવું. 'હું સત્ય બોલું છું, પોતાને અસત્ય ગમતું નથી.' એવું એકસરખું ચિંતન કરવું અથવા તો પોતાના વર્તનના આચરણથી કર્તવ્યથી સત્યનું અવલંબન કરવું.

આપણા હૃદયમાં અન્ય પ્રાણી માત્ર પ્રત્યે દયાભાવ રાખવો. આપણાથી કોઈને ઉપદ્રવ કે ત્રાસ થાય નહીં એની કાળજી લેવી. સુપાત્ર હોય તેમને દાન આપવું. જેમને જે વસ્તુની જરૂર હોય એ વસ્તુ આપી યાચકની ઈચ્છા પૂર્ણ કરવી, આપેલ વસ્તુનો દુરુપયોગ કરનાર વ્યકિતને દાન કરવું નહીં અથવા જરૂર ન હોય એવી વસ્તુનું દાન કરવું નહીં. પોતાનાથી શકય ન હોય અથવા દાન આપવાની ઈચ્છા ન હોય તો દાન કરવું નહીં, પણ યાચકને અભદ્ર બોલીને દુભાવવું નહીં. પરદુઃખ જાણીને તેમની સહાયતામાં રહેવું, એટલે કે તેમને યોગ્ય સહાયતા કરવી.

આપણા કરતાં ઉંમરથી, જ્ઞાનથી, અનુભવથી મોટો હોય તેમને માન આપવું. અદબથી પ્રણામ નમન કરીને આદર કરવો. મોટા વ્યક્તિએ પોતાના મોટાપણાનો ગર્વ કરવો નહીં. લોકો પોતાને માન આપે છે, આદર કરે છે માટે અભિમાનથી, અહંકારથી ફૂલાઈ જવું નહીં. કનિષ્ઠોને યોગ્ય માર્ગદર્શન આપી તેને સારી રીતે વર્તવાનો પ્રયત્ન કરાવવો. કોઈની ઉપર ક્રોધ કરવો નહીં, પણ ક્રોધને વારવાનો પ્રયત્ન કરીને ભૂલેલાને સમજ આપી સુધારવાનો પ્રયત્ન કરવો.

ધર્મ-કર્મ-પૂજા-અર્ચના-પ્રાર્થના-ધ્યાન-ધારણા વગેરે બાબતોમાં આળસ કરવું નહીં. સવારના પ્રહરે પોતાને નિરાંત સમય મળે એ સમયે સરજનહાર ભગવાનનું ધ્યાન-નામ સ્મરણ ચિંતન કરવું. ગુરુ ગત્‌ગંગામાં સત્સંગમાં નિત્ય જઈને ગુરુ, સંત, મુખીને પ્રણામ કરીને આશીર્વાદ મેળવવા, તેમની આજ્ઞાનું પાલન કરી યથા યોગ્ય સેવાનો લાભ લેવો. નિત્ય દરરોજ ગુરુ ચરણામૃતનું પ્રાશન કરીને ગુરુ વચનામૃતનું શ્રવણ કરવું. એ જ ખરો ધર્મ જાણવો. જપ, તપ, વ્રતોપવાસ કરનારા નિયમધારી છે, તેમણે અને તેમની સાથે અન્ય લોકોએ ખોટું બોલવું નહીં, તેમની સાથે ખોટો વ્યવહાર કરવો નહીં.

અતિથિ અભ્યાગતોની યથા યોગ્ય સેવા કરીને સંતોષિત કરવા. માતા-પિતા, ગુરુ અને અતિથિ એ ચારને સર્વોત્તમ સમજીને તેમનું સેવા-પૂજન કરવું. તેમનાં માર્ગદર્શન શિરોધાર્ય માનીને એ પ્રમાણે વર્તવું. ભૂખ્યાને અન્ન આપી સંતોષ કરાવવો. તરસ્યાને પાણી આપી તેમની તૃષા શાંત કરવી. વસ્ત્રહીનને વસ્ત્ર આપી તેમની લજ્જા રાખવી. આ પ્રમાણે જેમને જેની જરૂર હોય તેમને યથા શક્તિ પ્રમાણે મદદ કરવા પ્રયત્ન કરવો. કુટુંબનો, સગા સંબંધીઓની યથા યોગ્ય સંભાળ કરવી. કુટુંબીજનોનું પાલન પોષણ રક્ષણ ઉત્તમ રીતે કરવું. કુટુંબમાં બધા શીલવાન, ગુણવાન અને સુસંસ્કારી થાય એ તરફ ખાસ ધ્યાન આપવું, એ ઘરના કુટુંબના વડીલનું મુખ્ય કર્તવ્ય છે.

સંસારના બધા પ્રકારના વ્યવહાર ઉત્તમ રીતે સંભાળીને નિયમિતપણે ધ્યાન ધારણા કરવી. પોતાના જ ઘરમાં અથવા મંદિરમાં એકાંતમાં, એકાગ્રતાથી, દઢ નિશ્ચયથી ઈશ્વરનું ધ્યાન કરવું. કોઈ પોતાને અપમાનિત કરે, દ્વેષ, નિંદા, તિરસ્કાર કરે, અવગુણથી પોતાની સાથે અવૈદ્ય આચરણ કરે તો પણ એ વિષયે ક્રોધ, દ્વેષ ન કરતાં ગુણ ગ્રાહ્ય થવું, દરેકનામાંથી ગુણ ગ્રહણ કરવા અને અવગુણ છોડવા. કોઈના પ્રત્યે અવિવેકી બુદ્ધિ-ભાવ રાખવો નહીં.

ઓછું કોઈને આપવું નહીં, અદકુ કોઈનું લેવું નહીં. ॥૧૦૪॥
પરસ્ત્રીગમન તો કરવું નહીં, ભૂંડી નજરે ના જોવું ભાઈ. ॥૧૦૫॥
જાણી અજાણી ના દીજે ગવાહી, કૂડકપટે ન ચાલશો ભાઈ. ॥૧૦૬॥
મુખથી મર ન કહેવું લગાર, વ્યાજ ખાય તેનો ન લેવો આહાર. ॥૧૦૭॥
હાડ વકરો કરે પાતક સહી, પશુ પાલીને વેચવું નહીં. ॥૧૦૮॥
ધરતીનું મૂલ ન કરશો ભ્રાતા, કન્યા તણું રખે દ્રવ્ય જ ખાતા. ॥૧૦૯॥
લાંચ ન ખાવી એક રતિ, ખોટું ખત નવ લખશો સતી. ॥૧૧૦॥
મેદાને જઈ પાંચ આચમન કીજે, ચાલીસ ક્રિયા ઋષિવર પાળી લીજે. ॥૧૧૧॥
માટી લઈને હાથ જ ધોવા, ન્હાઈ કરીને પાવન થાવા. ॥૧૧૨॥
પાણી લઈ પેશાબ જ કરવો, આચમન ત્રણ કરે તે નર ધર્મી જાણવો. ॥૧૧૩॥
અણગળ્યું નીર ન પીવું પ્રાણી, જીવતો જીવ ન મારવો જાણી. ॥૧૧૪॥
હિંગ તમાકુ ન ખાશો કોઈ, અમલ આહાર તજો નર જોઈ. ॥૧૧૫॥

દનીમાં બેસીને ખાવું નહીં, એઠું જૂઠું ન ખાશો ભાઈ. ॥૧૧૬॥
જીર્ણ વસ્ત્ર પહેરવાં નહીં, નીચની સંગત કરવી નહીં. ॥૧૧૭॥

કોઈનું આપતી વખતે માપથી અથવા વજનથી પ્રમાણમાં ઓછું આપવું નહીં, લેતી વખતે અન્યાયથી બળજબરીથી અથવા દગાથી વધારે લેવું નહીં. પરસ્ત્રીગમનનું પરપુરુષગમનનું ચિંતન કે અવલોકન કરવું નહીં, સ્વસ્ત્રી સાથે કે સ્વપુરુષ સાથે સંયમથી જ વર્તવું. વ્યર્થ કામ ચેષ્ટા ચાળા કોઈની સામે કરવા નહીં. નિયમિત બ્રહ્મચર્યનું પાલન કરવું. કામ ચેષ્ટાથી નૈતિક અધઃપતન, હ્રાસ, ચંચળતા અને અધોગતિ થાય છે. એ માટે કામ વિકાર પર સંયમ રાખી નિયંત્રણ રાખવું. કોઈએ પણ સામેની વ્યક્તિ સ્ત્રી હોય કે પુરુષ હોય તેમની તરફ ખરાબ દૃષ્ટિથી, હીન બુદ્ધિથી, કામુક દૃષ્ટિથી જોવું નહીં. પોતાના નયનમાં પાપ વસેલું હોય છે, પણ એ નયનોને જ્ઞાન બુદ્ધિના અંકુશમાં લગાવવાથી દૃષ્ટિ નિર્મળ થાય છે.

જાણી જોઈને ખોટી સાક્ષી આપવી નહીં, શપથ લઈને અસત્ય બોલવું નહીં. કૂડકપટ દંભથી વર્તવું નહીં. પોતાના મુખમાંથી કોઈને અનિષ્ટ જેવું 'મર' એમ પણ કહેવું નહીં. સવાયું-દોઢું કે બમણું વ્યાજ જે લેતું હોય તેના ઘેર જમવું પણ નહીં. હાડવિક્રિય કરવું એટલે સ્વાર્થ માટે પશુપક્ષીઓને વેચવાં એ પાપમૂલક છે. પશુ, ગાય, બળદ, ભેંસ વગેરેનું પાલન પોષણ રક્ષણ કરવું, તેનું વેચાણ કરવું નહીં. જમીન એ માતા છે. અન્ન ધાન્ય, શાકભાજી, ફળ, ફૂલ, કંદમૂળ વગેરે આપીને એ આપણું પાલન પોષણ કરે માટે ધરતી માતાનો વિક્રય કરવો નહીં.

કન્યાએ મૂકેલું દ્રવ્ય હડપ કરવું નહીં. કન્યા સાથે બેઈમાનપણું કરવું નહીં. કોઈપણ કામ કરતી વખતે રતિભાર પણ લાંચ ખાવી નહીં. તેથી નૈતિક અધઃપતન થાય છે. ખોટા કાગળ પત્ર લખીને લોકોને ફસાવવા નહીં.

શૌચ જઈને આવ્યા પછી માટીથી હાથ પગ સ્વચ્છ ઘસીને ધોવા. પાંચ આચમન કોગળાનાં કરવાં. શક્ય હોય તો સ્નાન કરવું. શૌચ જતી વખતે સાથે પાણી લઈ જવું. શૌચ કર્યા પછી ઈંદ્રિયોને સ્વચ્છ ધોવી, પછી હાથ પગ ધોઈને ત્રણ કોગળા કરવા. ન ગાળેલું પાણી કદી પણ વાપરવું નહીં. કાયમ પાણી ગાળીને જ વાપરવું. સૂક્ષ્મ નાના જીવ પ્રાણીમાત્રની હિંસા કરવી નહીં.

હિંગ, તમાકુ ખાવાં નહીં. તેનાથી તૈયાર કરેલ વસ્તુ કે પદાર્થનું સેવન પણ કરવું નહીં. તેનું સેવન કરવાથી વ્યસન લાગે છે અને કોઈપણ વ્યસન મનની ચંચળતા વધારે છે. ડુંગળી, લસણ, ભાંગ, ગાંજો, મદ્ય, માંસ વગેરેનો સર્વસ્વ ત્યાગ કરવો. રાજસ તામસ આહાર વર્જ્ય કરવો. તે સઘળા પરમાર્થ માર્ગથી પરાવૃત્ત કરનાર દુર્વ્યસની છે. એકવાર એ વ્યસનની અસર મનુષ્યને થઈ જાય પછી તેનાથી મુક્ત થવું મુશ્કેલ હોય છે એ માટે સત્સાધકે પહેલાંથી જ વ્યસનથી દૂર રહેવું.

દુનિયામાં બેસીને એટલે કે જ્યાં ત્યાં બેસીને જમવું નહીં, કારણ ત્યાંના વાતાવરણના દુષ્ટ ભાવ આપણા મનમાં પ્રતિબિંબિત થાય છે અને મન દુષ્ટ વિચારોમાં પ્રવૃત્ત થાય છે. વાસી, ઠંડા અને દૂષિત અન્નનાં સેવન કરવાં નહીં. તેમાં રોગનાં જંતુઓનો પ્રાદુર્ભાવ હોય છે, તે આરોગ્ય માટે ઘાતક હોય છે.

જીર્ણ કે કાળાં વસ્ત્રો પરિધાન કરવાં નહીં. શક્ય હોય ત્યાં સુધી શુભ્ર (સફેદ) વસ્ત્રોનો જ વપરાશ કરવો. સફેદ રંગ ઉજ્જવળતાનો, પ્રસન્નતાનો અને ઉન્નતિનો દ્યોતક છે. સફેદ વસ્ત્ર પરિધાન કરવાથી મન ઉલ્લાસીત પ્રસન્ન અને ઉત્સ્ફૂર્ત બને છે. રંગબેરંગી અથવા કાળાં વસ્ત્ર પરિધાન કરવાથી મન ચંચળ મલિન અને વિકારી બને છે. માટે શુભ્ર અને નિત્ય ધોયેલાં વસ્ત્ર વાપરવાં. નીચ હલકટ આચરણ કરનાર વ્યક્તિ સાથે મિત્રતા કરવાથી મનુષ્ય પાપ કર્મમાં પ્રવૃત્ત થાય છે. માટે નીચની સંગત કરવી નહીં.

ઉપવાસ વ્રતની આશ ન ધરવી, પ્રાણી પથ્થરની પૂજા ન કરવી. ॥૧૧૮॥
મેલી થાપણ ન રાખવી જાણી, વખત વેળા ન ચૂકવું પ્રાણી. ॥૧૧૯॥
અમર થઈએ તે જપીયે જાપ, વણ પૂછે ખાધે છે પાપ. ॥૧૨૦॥
પા-ઘડી જતી ન કરશો લગારી, ચાંપી આહાર ન લેશો લગારી. ॥૧૨૧॥
લાલચે પ્રીત ન કરશો ભાઈ, માતા કરી જાણો મોટી ભોજાઈ. ॥૧૨૨॥
અરૂ પરૂ નવ કરશો ઋષિ, પાડોશી દુભવી નવ કરશો દુઃખી. ॥૧૨૩॥
વિશ્વાસઘાત ન કરવો સહી, પડી જડી વસ્તુ ન લેવી ભાઈ. ॥૧૨૪॥
કોઈને આળ ન ચડાવવી જાણી, કોઈનું ઉછીનું ન રાખવું પ્રાણી. ॥૧૨૫॥
પારકું ધન લઈ ભાગવું નહીં, પુત્ર થઈને આપવું પડશે સહી. ॥૧૨૬॥
કોઈને ગાળ ન દેવી જાણી, મૂર્ખપણામાં ન રહેવું પ્રાણી. ॥૧૨૭॥
જ્ઞાન દષ્ટે જોવું સૌને સરખું, શત્રુ કરે તે તો નવ કરવું. ॥૧૨૮॥
સાચો જૂઠો નવ કરશો વાદ, જુઆ જૂગટાનો ન કરવો સ્વાદ. ॥૧૨૯॥
નાચ છંદ ભવૈયા જોવા નહીં, એ છલ ભેદે સદ્ગુરુ ખોવા સહી. ॥૧૩૦॥

વ્રત, ઉપવાસ, જપ, તપ, સાધના કરવાં પણ મનુષ્યે તે વિષયના ફળ પ્રાપ્તિની આસકિત કરવી નહીં. ફળ પ્રાપ્તિની આશા કરવાથી ફળ મળશે એવું નથી. વ્રતોપવાસનું યોગ્ય ફળ ઈશ્વર આપણને આપે જ છે એ નિશ્ચિત જ છે.

ફળ પ્રાપ્તિની આશાથી પ્રાણી પથ્થરની પણ પૂજા કરવી નહીં. તીર્થસ્થળોની યાત્રા-પૂજા મનના અમન-ચમન માટે કરવાં નહીં. તીર્થ યાત્રા જપ પૂજા વગેરે પરમ શુદ્ધ ભાવનાથી કરવાં. તીર્થ સ્થળે ગયા પછી ત્યાં બેઠેલા અનાથ અપંગ ભિક્ષુકોને અન્ન દાન-વસ્ત્ર દાન પાત્ર જોઈને દ્રવ્ય દાન કરો. તેમની આત્મ શાંતિ થયા પછી બીજી પૂજા અર્ચનાની કે બાહ્ય સાધનોની કોઈ જ જરૂર નથી. તીર્થ ક્ષેત્ર પર આવેલા મહાત્માઓના સાનિધ્યમાં રહીને તેમનાં દર્શન, સેવા અને સત્સંગનો લાભ લેવો.

કોઈએ આપણી પાસે વિશ્વાસથી રાખેલી રકમ, ગીરવે મૂકેલી વસ્તુ યોગ્ય સમયે તેમને પાછી આપવી. તેમનો વિશ્વાસઘાત કરવો નહીં.

સંધ્યા સમય, ધ્યાન, ધારણા, પૂજા, અર્ચના માટે જે સમય નીમ્યા છે એ કદી પણ ચૂકવા નહીં. અમર થવા માટે અજંપા જાપ કરવો. અજંપા જાપથી જીવાત્મા જરૂર અજર અમર થાય છે. તેને મૃત્યુનો ડર રહેતો નથી. શારીરિક વિકાર, દુઃખ, કષ્ટ એમને લાગતાં નથી.

રજા સિવાય, સંમતિ સિવાય કે યોગ્ય પૂછપરછ કર્યા સિવાય કોઈનું કંઈ પણ ખાવું કરવું કે કોઈનું લેવું એ દોષમૂલક છે. જીવનમાં સારા વિચારો માટે એક પળ પણ વ્યર્થ ન જાય તેનું ધ્યાન રાખશો. આહાર પેટ ભરીને કરવો નહીં. અલ્પાહાર અને શુદ્ધ સાત્વિક આહાર સેવન કરવો. લાલચમાં આવીને કોઈની સાથે પ્રીત કરવી નહીં. વડીલ ભાઈઓની સ્ત્રીઓ સાથે માતા સમાન વર્તન કરવું. કોઈને પણ અભદ્ર બોલીને દુઃખી કરવાં નહીં. તેમજ પાડોશીઓને પણ ત્રાસ આપી દુઃખી કરવાં નહીં, દુભવવાં નહીં. પોતાના તરફથી પાડોશીઓને તકલીફ ન થાય એવું વર્તન રાખવું. કોઈનો વિશ્વાસઘાત કરવો નહીં.

કોઈની પણ પડેલી વસ્તુ પોતાની માની ઉપાડવી નહીં. કોઈને પણ પોતાના તરફથી તકલીફ થાય એવું વર્તન કરવું નહીં. કોઈની સાથે અંદર અંદર દ્વેષ ભેદ ઉપસ્થિત કરવો નહીં, કોઈની પાસેથી ઉધાર ઉછીની લાવેલી વસ્તુ અથવા રકમ જેમ બને તેમ જલ્દીથી પાછી આપવી, તેમાં વિલંબ કરવો નહીં અથવા વિશ્વાસઘાત કરવો નહીં.

અન્યાયથી બળજબરીથી ચોરીથી અથવા વિશ્વાસઘાત કરીને કોઈના ધનનો ઉપભોગ કરવો નહીં. ઉપભોગ કરતી વખતે સુખ લાગશે પણ છેલ્લે મહાદુઃખ ભોગવવું પડશે. તેના ઘેર બળદ અથવા પશુ થઈને અથવા તેના પુત્ર પુત્રી થઈને એ ધન પાછું આપવું પડશે. ત્યારે જ બંધનમાંથી છુટકારો થશે.

કોઈને જાણી જોઈને કે અજાણતાં ગાળ આપવી નહીં. મૂર્ખપણામાં કે અંધશ્રધ્ધામાં રહેવું નહીં. કોઈપણ વાતનું જ્ઞાન દૃષ્ટિથી જાણીને આચરણ કરવું. વિચાર કરીને અસત્યનો ત્યાગ કરીને સત્ય માર્ગનું અવલંબન કરવું.

પોતાના મનથી કોઈના પ્રત્યે શત્રુત્વ ભાવથી વર્તવું નહીં. સારાસારનો વિચાર કરવો. પોતાના વિષયે કોઈના મનમાં અથવા કોઈના વિષયે પોતાના મનમાં ગેરસમજ હોય તો દૂર કરવાનો પ્રયત્ન કરવો. શક્ય હોય તો મનનો સંયમ સાધીને શત્રુત્વ, વૈરત્વ ઘટાડવાનો પ્રયત્ન કરવો અથવા અસત્યના વાદવિવાદ કરવા બેસવું નહીં. બધી વાતમાં પોતાની જ વાતને ખરી કરવા પ્રયત્ન કરવો નહીં. હું સત્યવાદી છું, આપણને અસત્ય ગમતું નથી, એમ કહીને બડાઈ કરવી નહીં.

જુગાર, સટ્ટો, રમવાની લાલચમાં પડવું નહીં. નાચ, છંદ, તમાશા જોવા નહીં કે સાંભળવા નહીં. એના કારણે મન ચંચળ બને છે અને ધ્યાન સાધનાથી પરાવૃત્ત થવાય છે. તેવા છળભેદના નાદ લાગવાથી સદ્‌ગુરુના જ્ઞાન માર્ગથી વિમુખ થવાય છે. તેમના પર સદ્‌ગુરુ મહારાજની કૃપા થતી નથી.

જમતાં દોષ ના કહેવો ભાઈ, વખાણવું પણ વખોડવું નહીં. ॥૧૩૧॥
પ્રભાતે નાહીને બાહેર નીસરવું, સંસાર કરે તે તો નવ કરવું. ॥૧૩૨॥
તપ તીર્થને કરવું સ્નાન, નિર્મલ થઈને ધરવું ધ્યાન. ॥૧૩૩॥
આપણા પ્રાણીને દુઃખ ના દીજે, દર દીવાને શું પ્રીત નવ કીજે. ॥૧૩૪॥
હાલતાં ચાલતાં ખાવું ન ખાશો, ખટ્‌દર્શન પૂજી પસ્તાશો. ॥૧૩૫॥
વેદ શાસ્ત્ર કહે તેમ કરવું સહી, ચતુરાઈ ચોખાઈમાં રહેવું ભાઈ. ॥૧૩૬॥
ઝેર ખાઈ ઝંપલાઈ ના મરવું, આવાગમનમાં ફરી અવતરવું. ॥૧૩૭॥
જોર જુવાની વશ કરવી, પરસ્ત્રી સાથે ગુંજ ન કરવી. ॥૧૩૮॥
આગને એઠું પાણી ન છાંટવું જાણી, લીલું ઝાડ ના ભાંગવું પ્રાણી. ॥૧૩૯॥
પ્રભાતે ફૂલ ચૂંટયાનો છે બહુ દોષ, પ્રાણી પથ્થર પૂજે નહીં પામો મોક્ષ. ॥૧૪૦॥
અવાચક પ્રાણીની આળ ન કરવી, ભોજન છોડી ઉઠબેસ ન કરવી. ॥૧૪૧॥
ભાંજગડ કોઈની કરવી નહીં, ગુરુનાં વચન નવ લોપવાં સહી. ॥૧૪૨॥
શિખામણ પૂછે તેને સારી દીજે, લઈ સ્મરણી હરિનું સ્મરણ કીજે. ॥૧૪૩॥

જમતી વખતે અન્નને વખોડવું નહીં. આ ખારું છે, એમાં મીઠું જ નથી એવા પ્રકારે નિંદનીય ન કરવું, ન ગમે તો રહેવા દેવું, પણ વખોડવું નહીં. અન્ન બ્રહ્મ છે. પોતાનું પિંડ અન્નમય છે માટે અન્નનાં વખાણ કરવાં પણ નિંદા કરવી નહીં.

સવારે સૂર્યોદય પહેલાં ઊઠી શૌચ, મુખમાર્જન કરીને સ્નાન કરવું. શુચીભૂત (પવિત્ર) થઈને મંદિરમાં અથવા ગુરુ મહારાજનાં દર્શન માટે જવું. એ કારણે આરોગ્ય સારું રહે છે, મન સ્થિર રહે છે. સ્નાન કર્યા પછી ફરીથી આળસમાં સૂવું નહીં, વિષય વિકાર ચિંતન કરતાં બેસવું નહીં. એ કારણે મનને ઘાતક આદત પડે છે અને આરોગ્ય બગડે છે. સવારનો પ્રહર શાંત સુશીલ અને પ્રાણદાયી હોય છે, તેવા સમયે કરેલી ધ્યાન સાધના અને ઈશ્વર ચિંતન એ નિશ્ચિલ અને ફળદાઈ હોય છે, માટે એ અમૂલ્ય સમય સાંસારિક ચિંતનમાં વ્યર્થ કરવો નહીં. જપ તપ તીર્થસ્નાન અવશ્ય કરવું. એ કારણે શુચીભૂતતા થઈને મન સુવિચારી અને પ્રગલ્ભ (જ્ઞાનમય) બને છે, નિર્મલ ચિત્ત કરીને ઈશ્વરના જ્યોતિ સ્વરૂપનું ધ્યાન કરવું.

પોતે પાળેલાં પોતાના પર જેમની પાલન પોષણની જવાબદારી છે એવાં પ્રાણીઓને દુઃખી કરવાં નહીં, તેમની ઉપેક્ષા કરવી નહીં. દરદિવાન એટલે રાજ્યના સેવકો અને રાજ્યના પદાધિકારીઓ જોડે પ્રીતિ કરવી નહીં. કામ સિવાય તેમની સંગત કરવી નહીં, ચાલતાં ફરતાં કોઈ પણ વસ્તુ ખાવી નહીં, એક જગ્યાએ બેસીને ખાવી.

અસત્ય ખટ્ દર્શનના વાદમાં પડવું નહીં. તેઓ પોતે તો વાદવિવાદના ગર્તામાં પડેલા હોય છે અને વળી તે આત્મ જ્ઞાની સાધકને ચંચળ અને નાસ્તિક કરે છે. (ખટ્ દર્શન એટલે જારણ, મારણ, તારણ, વશીકરણ, ઉચ્ચાટન, પિશાચ સાધન, વીર સાધન અને નાસ્તિક પ્રદર્શન) આ બધા અસત્ય પૂજનથી મનુષ્યને હીનત્વ આવી પશ્ચાતાપ કરવાનો સમય આવે છે. માટે એ અવિદ્યામાં ન પડતાં મનુષ્યએ વેદ શાસ્ત્રની આજ્ઞાનું પાલન કરવું. વેદાંત, ઉપનિષદાદિ, સત્પંથ શાસ્ત્રો દ્વારા આપણામાંથી અવિદ્યાનો મેલ નીકળી જાય છે અને બુદ્ધિ સતેજ અને સ્થિર થાય છે. ચતુરાઈથી અને પવિત્રતાથી રહીને આત્મચિંતન કરવું.

વ્યવહારમાં ચતુરાઈ, હોંશિયારી અને ચોખવટ રાખવી જોઈએ. વિષ પ્રાશન કરીને કે ગળે ફાંસો લગાવીને, તેમજ જાતે બળી જઈને અથવા નદી તળાવ કૂવામાં કૂદીને આત્મઘાત કરવો નહીં. એવા વ્યક્તિને સદ્ગતિ બિલકુલ મળતી નથી. અપાર દુઃખ, યમ યાતના, નરક દુઃખ વગેરે ભોગવીને અંતે તેમને જન્મ મૃત્યુના ફેરામાં પાછું પડવું પડે છે.

તારુણ્ય (યુવાની) પર નિયંત્રણ રાખવું અને ઈંદ્રિયો વશ કરવી. પોતાની સદ્બુદ્ધિનો અંકુશ ઈંદ્રિયો પર અને મન પર રાખવો. પરસ્ત્રી પાસે કોઈ પણ વાત અથવા ગુપ્ત વાત કરવી નહીં. પરસ્ત્રી ગમન કે પરપુરુષ ગમન કરવું નહીં.

અગ્નિ પર એઠું ગંદુ પાણી નાખવું નહીં. અગ્નિ દેવ છે તેથી દોષ લાગે છે. લીલાં ઝાડ ઉખાડવાં કે તોડવાં નહીં. કારણ તેમાં પ્રાણનું અસ્તિત્વ હોય છે. વૃક્ષો પરોપકારી હોય છે. વૃક્ષો સર્વ માત્રને ફળફૂલ અન્ન છાયા આપે છે. ઘર માટે તેમનાં લાકડાં ઉપયોગમાં આવે છે. સવારના પ્રહરે સૂર્યોદયના સમયે ફળ ફૂલ તોડવાં નહીં. સજીવ ઝાડનાં ફળ, ફૂલ, પાન, ફળ તોડીએ તો પ્રકૃત્તિનો દોષ લાગે છે.

અવાચક (અબોલ) પશુ-પક્ષી પ્રાણીઓ પર વિના કારણ આળ (ઈજા-હાની) કરવી નહીં. જીવ પ્રાણી માત્રની કાયાથી વાચાથી મનથી હિંસા કરવી નહીં.

જમતી વખતે ક્ષુલ્લક કામ માટે ઉઠ બેસ કરવી નહીં. એ એક પ્રકારનું અન્ન દેવતાનું અપમાન કહેવાય છે. એંઠાં, એંઠવાડ-વાસી અન્ન પશુને પણ આપવાં નહીં. કોઈની પણ ઉણપ, અદબ, જાહેરમાં ઉઘાડી કરી લજ્જિત (શરમિંદા) કરવાં નહીં. શાંતિથી તેમને સમજ આપી ભૂલ સુધારવાનો પ્રયત્ન કરવો. દોષ કદી પણ આપવો નહીં. કોઈની સાથે ઝઘડો દાવો કરવો નહીં. સમજ આપી સુધારવાનો પ્રયત્ન કરવો. સામ, દામ, દંડ, ભેદ આ તત્ત્વોનું અવલંબન લેવું.

ગુરુના વચને ચાલવા પ્રયત્ન કરવો. ગુરુ મહારાજ જે જ્ઞાનોપદેશ કરે, માર્ગદર્શન કરે તે પ્રસન્ન ચિત્તે ગ્રહણ કરીને આત્મ સાક્ષાત્કાર કરવું. અનુભવી અધિકારી સંત મહાત્મા ગુરુ જે આજ્ઞા આપે તેમની કોઈપણ પ્રકારે અવગણના ન કરતાં પાલન કરવું. તેમનાં વચન લોપવાં નહીં. તેમના વચનમાં વિશ્વાસ રાખવો. જે જિજ્ઞાસુ સત્સાધક હોય છે તેમને અધિકારી

સમજી મુખ્ય મહાત્માઓએ તેમને યોગ્ય માર્ગદર્શન કરવું અને ઉત્તરોઉત્તર તેમની ઉન્નતિ કરવાનો પ્રયત્ન કરવો. હાથમાં જપમાળા લઈને એકાંતમાં એકાગ્રતાથી ગુરુ મંત્રોનું-ભગવાનનું-સદ્ગુરુ મહારાજનું નામ સ્મરણ કરવું. આ પ્રમાણે સોમસ ઋષિ ચીન દેશના દૈત્ય કાલિંગાની સ્ત્રી સુરજારાણી અને પુત્ર કમલાકુંવર તેમજ તેનાં બીજાં પુત્ર પુત્રી વગેરેને ઉપદેશ કરતી વખતે શારીરિક શુદ્ધિ, માનસિક પાવિત્ર્ય અને આત્મિક ઉન્નતિના નિયમોનું તેમને માર્ગદર્શન કરશે.

પીઓ અમીરસ બ્રહ્માજી મળીયા, ઋષિવર પાળો સોયે ક્રિયા. ॥૧૪૪॥
નવા ધર્મીને ધર્મ અપાવો જોઈ, સો ક્રિયાની પહેરાવો જનોઈ. ॥૧૪૫॥
થયા બ્રાહ્મણ બ્રહ્માજી મળીયા, આવા ગમનના ફેરા ટળીયા. ॥૧૪૬॥
ઋષિવર સાંભળો બ્રહ્મ જ્ઞાન, ગત્માં જઈને કરો ગંગા સ્નાન. ॥૧૪૭॥
બ્રહ્મ જ્ઞાન ગુરુ નરને ભાવે, અડસઠ તીર્થ ગુરુ ચરણે આવે. ॥૧૪૮॥
પ્રત્યક્ષ ગુરુ નર ગત્માં બેઠા, ભાગ્ય જેનાં સદ્ગુરુ જ્ઞાને દીઠા. ॥૧૪૯॥
જ્ઞાન ધ્યાનમાં જુઓ વિચારી, દુનિયામાં દેવ ગુપ્ત અવતારી. ॥૧૫૦॥
ઋષિવર તે જે રાખે જ્ઞાન, નિર્મળ થઈને ધરવું ધ્યાન. ॥૧૫૧॥
મુનિવર તે જે વારે મન, કરે કસોટી કાયા રતન. ॥૧૫૨॥
ભણે ગુરુ બ્રહ્મા સુણો સુરજાબાઈ, ગત્માં બેસી ઈમાન રાખો સબ કોઈ લાઈ. ॥૧૫૩॥
જે સદ્ગુરુ આદ્ય તપસ્વી કહેવાયે, તે ગુરુ બ્રહ્મા જંબુદ્વીપમાં આયે. ॥૧૫૪॥
ગુરુ નર જંબુદ્વીપે આવ્યા સહી, મુનિવર આરાધો એક મના થઈ. ॥૧૫૫॥
ગુરુ નરે પૂર્યો જંબુદ્વીપમાં વાસ, તમે રાખો અમરાપુરીની આશ. ॥૧૫૬॥
વાચા પાળો ઓચરો બ્રહ્મ જ્ઞાન, રહો ઋષિવરો એકે ધ્યાન. ॥૧૫૭॥
યુગ પ્રમાણે ગુરુ નરને સેવો સહી, અજંપા જાપ જપવો મુનિવર ભાઈ. ॥૧૫૮॥
નીચા નમી નમી કરો પ્રણામ, નિત નિત ઓચરો બ્રહ્મ જ્ઞાન. ॥૧૫૯॥
જો પૂરા પ્રેમ શું ધર્મે ધાઓ, તો ઋષિવર અમરાપુરમાં જાઓ. ॥૧૬૦॥
અમર ભેદે અમરાપુરી લેશો, ઋષિવર અમર ગઢમાં રહેશો. ॥૧૬૧॥
અમર ફળનાં ભોજન કરશો, અનંત કલ્પની આવરદા ભોગવશો. ॥૧૬૨॥
ઋષિવર એક મને ગુરુની વાચા પાલો, બોલ્યા સત્ ગુરુ બ્રહ્મા અમરાપુર માલો. ॥૧૬૩॥

બ્રહ્માનુભૂતિ પૂર્ણ એવા સદ્ગુરુની જેમને પ્રાપ્તિ થઈ છે. તેમને નિત્ય ગુરુ ચરણામૃત પ્રાશન કરી ગુરુ વચનામૃતનું શ્રવણ કરવું. સત્સંગના પવિત્ર જળથી પોતાના મનને સ્વચ્છ નિર્મળ શુદ્ધ કરવું એટલે તેમાં સત્પંથનું ક્રિયાચરણ રૂપી અમૃત મનમાં રહેશે. જે સત્પંથ રૂપી પરમાર્થ માર્ગમાં પ્રવેશ કરે છે તેમને યોગ્ય માર્ગદર્શન કરી આપવું. પોતાને ખબર ન હોય તો ચૂપ રહેવું પણ વિકૃત અથવા અયોગ્ય માર્ગદર્શન કરવું નહીં.

સત્પંથ ધર્મના નીતિ શતકના આચરણની જનોઈ ધારણ કરી મનુષ્ય બ્રહ્મત્ત્વ પ્રાપ્ત કરે છે, તેવી રીતે મુખી દ્વારા સત્પંથ ધર્મનું પ્રથમ કાંકણ બાંધી આ નીતિ શતક રૂપી જનોઈ ધારણ કરી તે મુજબ આચરણ કરે તો તેમને સાચા અર્થમાં બ્રહ્મ સ્વરૂપ સદ્ગુરુની પ્રાપ્તિ થાય છે તેમજ તેને બ્રહ્માનુભૂતિ પણ પ્રાપ્ત થાય છે અને તેના આવાગમનના લક્ષ ચોર્યાસીના ફેરા મટે છે.

આ માટે હે સદ્ભક્ત ઋષિવર સંત સજ્જનો, તમે નિત્ય નિયમ પ્રમાણે ગુરુ ગત્ગંગામાં જઈને સત્સંગ રૂપી જળથી સ્નાન કરો, આત્મ જ્ઞાન સંપાદન કરો. આત્મ જ્ઞાન સંપન્ન થવાથી સત્સાધક ઉપર પરમાત્માની અસીમ કૃપા થાય છે. અડસઠ

તીર્થનો મહિમા શ્રી સદ્‌ગુરુના ચરણે હોય છે. એવા જ્ઞાન સ્વરૂપ સદ્‌ગુરુ મહારાજ આ ગત્‌ગંગામાં ગુપ્ત રૂપે વસેલા હોય છે. જેમનાં સદ્‌ભાગ્ય હોય છે તેમને એ જ્ઞાન રૂપી દિવ્ય દષ્ટિથી દેખાય છે.

આત્મ જ્ઞાન અને યોગ ધ્યાનમાં સત્‌ સાધકે ચોક્કસ રહેવું. પોતાની યોગ સાધનાને અનુભવી એવા મહાત્માઓના અનુભવ દ્વારા જાણી લઈને પોતાના ચિત્તમાં તેની અનુભૂતિ લેવી. જગતમાં ઈશ્વરીય તત્ત્વ એવું સત્‌ તત્ત્વ સર્વ વ્યાપક હોવાથી ગુપ્ત રૂપે, સૂક્ષ્મ રૂપે તે સર્વત્ર હોય છે. એ જાણ ચિત્તમાં સતત રાખી ઋષિવરે નિર્મળ પવિત્ર થઈને ધ્યાન ધારણા યોગાભ્યાસ કરવો. પોતાના મનની વિષય સેવનાની દોડ રોકીને, તન મનથી કસોટી સહન કરીને ગમે તે રીતે સાધના કરવી.

સદ્‌ભક્ત સુરજાદેવી અને બાળ કમળાકુંવર તમે ઈમાન, દૃઢ શ્રદ્ધા રાખી ગત્‌ગંગામાં આવીને સત્સંગ કરો. ભક્તિ કરી આત્મકલ્યાણના માર્ગે વિચરણ કરો. આ કલિયુગમાં જંબુદ્વીપમાં ભરતખંડમાં કુંવારીકા ક્ષેત્રમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહના નામે અમે પ્રગટ રહીશું અને સત્‌પંથ ધર્મની અમર અખંડ જ્યોત પ્રગટ રાખશું. એ સ્થાનકે હે સદ્‌ભક્તો, તમારો બધાનો મેળાપ અમારી સાથે થશે.

ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ દશમા અવતાર રૂપે પ્રગટ થશે. દૈત્યોનો સંહાર કરીને અવની તળ પર અનંત કોટિ સદ્‌ભક્તોને આત્મ સ્વરૂપમાં લય કરશે, તેમાં તમે બંને મા-દીકરો કમળાકુંવર અને સુરજારાણી તમારા પોતાના આત્મિક તેજથી તેજસ્વી બનશો. જ્યાં સુધી તમે માનવ જન્મમાં છો ત્યાં સુધી સત્ય વચન પાળી બ્રહ્મ વચન પાળીને બ્રહ્મ જ્ઞાન સંપાદન કરો. એકાંતમાં એકાગ્ર ચિત્તે ભગવાનના તેજસ્વી સ્વરૂપનું ધ્યાન નામ સ્મરણ ચિંતન કરો.

બ્રહ્મ તપોનિષ્ઠ તપોનિધિ સદ્‌ગુરુનો અનુગ્રહ લઈને તેમના સાનિધ્યમાં માર્ગદર્શનાનુસાર યોગ સાધના અજંપા જાપ સાધ્યા કરજો. સદૈવ નમ્રતાથી સંત મહાત્મા સદ્‌ગુરુ સાથે વર્તી, નિયમીતપણે સ્વાધ્યાય તપ અને જ્ઞાન શ્રવણ કરજો. આ પ્રમાણે પૂર્ણ પ્રેમથી તન મન પ્રાણથી ધર્મનું આચરણ કરશો ત્યારે તમો અમરાપુરીમાં જશો. અમરાપુરીના દિવ્ય સુખનો ઉપભોગ લઈ અનંત કાળ સુધી ત્યાં જ રહેશો અને અંતમાં ભગવાનના અંતિમ અવતારના લીલાચારિત્ર્યનો સમરસ લઈને તેમના સ્વરૂપમાં તમારી આત્મ જ્યોત વિલીન થશે. આ પ્રકારની સત્‌પંથ ધર્મની આ જાગૃત જ્યોતિ તમારા સામે પ્રજવલીત થશે. તેના તેજોકિરણોથી તમારું જીવન ઉજ્જવળ થશે. આ પ્રમાણે સોમસ ઋષિ એ બંને મા-દીકરાને ઉપદેશ આપશે.'

જ્યાં આઠ પ્રાણી ઊભા રહેશે કરજોડ, ત્યાં સત્‌ગુરુ બ્રહ્મા બોલશે અગમ્ય બોલ. ॥૧૬૪॥
તમે સુણો સુરજારાણી કમળાકુંવર આગમ નિવારણ, બાઈ જો આગળ કઠણ વેળા આવશે જાણ. ॥૧૬૫॥
જ્યારે નવ નેજા ઉપર આવશે આસમાન, ત્યારે સહસ્ત્ર કળા લઈને તપશે ભાણ. ॥૧૬૬॥
ત્યારે તાંબા વરણી ધરતી થાશે શું કરું વખાણ, જેણે આ સત્‌પંથ સેવ્યો નહીં તે તો જલશે જાણ. ॥૧૬૭॥
બાઈ જો આ સત્‌પંથ સાચ શું ધાઓ સાર, તો તેણે કઠણ વેળા નહીં લાગે લગાર. ॥૧૬૮॥
જે સાચા સત્‌પંથી લોક ઉતરે છે પેલે પાર, ત્યાં જૂઠાને શિર પડશે ઘણનો માર. ॥૧૬૯॥
બાઈ અંતકાળમાં થાશે અતિ અનિષ્ટ, તે જાણી આ સત્‌પંથ ધરશે જે સતી લોક શિષ્ટ. ॥૧૭૦॥
જ્યારે એસી વાત સુરજારાણી શું સત્‌ગુરુ કહેશે, ત્યારે આઠે જણા સત્‌ શું રોશે. ॥૧૭૧॥
સુરજારાણીને કમળાકુંવર વિનંતી કરશે સત્‌ભાયે, સ્વામી અમથી અંત કાળે દુઃખ વેઠ્યાં નહીં જાયે. ॥૧૭૨॥
અમને આપો ધરમ તમે સૃષ્ટિના ધણી, અમે અપરાધી જીવ ક્યાં લગી વિનવણી કરીએ તમ તણી. ॥૧૭૩॥
જો સ્વામી અમે હતા નાદાન તમારા પ્રાણ , તો અમે આજ દૈત્ય ઘેર આવ્યા જાણ. ॥૧૭૪॥
જ્યારે પૂર્વ જન્મની સેવા અમો શિર રહી, ત્યારે આ દૈત્ય ઘેર આવ્યા સહી. ॥૧૭૫॥
જેમ બત્રીસ દાંત વચ્ચે તમે જિભ્યા રાખી સાર, તેમ સ્વામી અમને તમે લેજો ઉગાર. ॥૧૭૬॥

સોમસ ઋષિ સુરજારાણી અને તેના પરિવારને સત્પંથ ધર્મનો ઉપદેશ કરશે અને એ આઠે જણ અત્યંત જિજ્ઞાસુ બુદ્ધિથી હાથ જોડીને સોમસ ઋષિ મહારાજની સામે અત્યંત નમ્રતાથી ઊભા રહીને તેમના મુખની એ અગમ્ય રત્ન પ્રમાણેની અમૂલ્ય વાણી પોતાના કર્ણેન્દ્રિયમાં શ્રવણ કરશે. અમૃતોપમ ઉપદેશ સાંભળતાં સાંભળતાં જ તેમને ભાવ સમાધિ લાગી જશે, બ્રહ્માનંદ સાગરમાં ડૂબકી મારીને તેમના મન યથેચ્છ તૃપ્ત થશે.

તેમની એ ઉત્કૃષ્ટ ભાવ સ્થિતિ જોઈને સોમસ ઋષિનું મન પણ દ્રવી જશે. ત્યારે તેઓ કહેશેઃ 'હે અમરાપુરીના જિજ્ઞાસુ ભક્તો, હજુ હું તમને થોડું આગમ ભવિષ્ય કહું છું તે સાંભળીને તમે યોગ્ય અને સારાસારનો વિચાર કરીને કેમ વર્તવું તે વિચારો. અનાદિ કાળથી અનંત યુગ કલ્પથી આ સૃષ્ટિમાં કાળ ચક્રની જે રમત ચાલે છે. તે અનુસાર પ્રત્યેક ચતુર્યુગના અંતે પ્રકૃતિનો નિત્ય પ્રલય થાય છે, તેને સર્ગકાળ કહે છે.

આ કલિયુગના અંતે ચતુર્યુગ પૂર્ણ થવાથી જીવપ્રાણી માત્રનો સંહાર અને જળ પ્રલય થશે તેવા સમયે જે અમરાપુરીમાં પહોંચેલા વૈકુંઠ ભુવનમાં ગયેલા પુણ્યાત્માઓ ભગવાનના અવતાર સમયે ભગવાન સાથે અવતરીને અનંતલીલા ચરિત્ર કરશે અને છેલ્લે ભગવાનના નિર્ગુણ નિરાકાર સ્વયં જ્યોતિ સ્વરૂપમાં વિલીન થશે. સૂક્ષ્મ વાસના બીજ રૂપે પણ તેમનામાં અસ્તિત્વમાં રહી શકશે નહીં. કારણ સત્પંથ સત્ દર્શન પ્રમાણે જીવનભર વર્તીને તેમને આધ્યાત્મિક તેજ આત્મ બળ સંપાદન કર્યુ હોય છે, સત્ માર્ગના જ્ઞાન ધ્યાન યોગ સાધના અનુસાર સાધના કરીને તપશ્ચર્યા કરી હોય છે, જીવન મુક્ત થઈને વિદેહ મુક્ત થયા હોય છે, માટે તેમનું વાસના બીજ સમૂળ નષ્ટ થયું હોય છે. તેથી તેમનું અસ્તિત્વ પૂર્ણ થઈ જાય છે.

પણ જે કર્મ જંજાળમાં બદ્ધ થયેલા જીવાત્મા હોય છે તે સંસાર સાગરમાં જન્મ મરણ રૂપ લેતાં લેતાં અનંત વાસનાનાં બીજ લઈને એ પ્રલય કાળ સુધી રહે છે. કૃત કર્મની આસક્તિ તેઓ છોડતા નથી. ગુરુસંગ, સત્સંગ કરતા નથી. જ્ઞાન પ્રાપ્તિ અને આત્મોન્નતિ કરવાની ઈચ્છા કરતા નથી, માયિક વિકારો અને સાંસારિક વ્યવહારમાં જ ગૂંથાયેલા હોય છે, એવા જીવાત્માઓને સદ્ગતિ બિલકુલ મળતી નથી. આ માયાવી જીવાત્મા નિર્યક યોનીમાં અથવા નિકૃષ્ઠ પાપાચારી માનવોના જન્મમાં જઈ રોગી થઈ દુઃખી થાય છે અને વાસનાં દુઃખ ભોગવે છે.

આ કલિયુગના છેલ્લા પ્રહરમાં પ્રલય કાળના સમયે જ્યારે સૂર્ય નવ નેજા નીચે આવી સહસ્ત્ર કળાએ તપવા લાગશે, પૃથ્વી તામ્રવર્ણી થઈ સૂર્યના ઉષ્ણ તાપથી ધગધગવા લાગશે, એ સમયે એ અપરિપક્વ જીવાત્માઓને અત્યંત દુઃખ કષ્ટ ભોગવવાં પડશે. જેમણે કોઈ યોગ સાધના કરી નહીં હોય, નાસ્તિક બુદ્ધિ રાખી ઈશ્વરની ભક્તિ કરી નહીં હોય એ મુક્કર નાસ્તિક જીવાત્મા અસહ્ય દુઃખ ભોગવશે. જે સાચા સત્પંથ ધર્મની નીતિ પ્રમાણે વર્તનારા હશે એ પાર ઉતરશે. જે અસત્ માર્ગે લાગેલા પાપાત્માઓ હશે તેમને ઘણના ઘાવ સહન કરવા પડશે, અપાર કષ્ટદાયક એવી યમ યાતના ભોગવી પડશે.

આ માટે ભક્ત કમળાકુંવર, સદ્ભક્ત સુરજારાણીને બ્રહ્મ ગુરુ સોમસ ઋષિ જાગૃત કરશે અને કહેશે આ દાનવોના આસુરી સુખ સંપદામાં આનંદ માનીને રહેશો નહીં અને પોતાના જીવનનું સાર્થક કરો, સત્પંથ ધર્મના સત્ દર્શનની સાધના કરો, સદ્ગુરુના વચનનું સ્મરણ કરો, આત્મ જ્ઞાન સંપાદન કરો, આળસમાં રહેશો નહીં. ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણની ઉપાસના ભક્તિ અને આરાધના કરો. ગત્ગંગામાં જઈને પૂજા અર્ચના કરીને આત્મ બળ મેળવવાનું મેળવો. સદૈવ સત્સંગમાં રહી આત્મજ્ઞાની થાવ. બ્રહ્મ જ્ઞાનના યોગે વાસનાત્મક કર્મ બીજ નષ્ટ કરો. વૈરાગ્ય વૃત્તિ ધારણ કરીને સાંસારિક માયિક વિકારથી મનને પરાવૃત્ત કરીને સત્ ચિત્ આનંદઘન પરબ્રહ્મ તત્ત્વોથી ધ્યાનયોગથી એકરૂપ તદ્રુપ થાવ.

સોમસ ઋષિનાં એ વચન સાંભળીને પોતાના આત્મોદ્ધાર માટે એ બધા સદ્ભક્તોનું હૃદય દ્રવી જશે. તેમના નયનમાં કૃતજ્ઞતાનાં અશ્રુ વહેવા લાગશે. અત્યંત નમ્રતાથી તેઓ સોમસ ઋષિને કહેશેઃ 'હે ગુરુ મહારાજ, તમારો અમારા જેવા અજ્ઞ

જીવાત્માઓ પર કેટલો મોટો ઉપકાર થયો ! તેનું વર્ણન અમારાથી થતું નથી. હવે અમારાથી ધીરજ ધરાતી નથી.

પ્રલય કાળના દુઃખ ભોગ નષ્ટ થાય અને સદ્‌ગતિ મળે એ માટે સત્‌પંથ સત્‌ ધર્મની દીક્ષા આપવા તેઓ સદ્‌ગુરુને વિનંતી કરશે. અમે અપરાધી, નાદાન અજ્ઞાની જીવ છીએ તમારી સ્તુતિ કેવી રીતે કરવી, પૂજા કઈ રીતે કરવી એ પણ અમને ખબર નથી. તમે આ જગતના અજ્ઞાની જીવાત્માઓને, માયાવિકારમાં બદ્ધ થયેલાઓને, અહંકાર રૂપ અંધકારમાં ખદબદતા જીવાત્માઓને દીપ સ્તંભ રૂપ થઈને સત્ય જ્ઞાન પ્રકાશ આપી ઉજ્જવળ માર્ગથી લઈ જનારા મહાન ઉપકારક મહાત્મા છો. હે સ્વામી ! અમે અજ્ઞ નાદાન જીવાત્મા પૂર્વ કર્મદોષને કારણે આ અસુર યોનીમાં આવી આસુરી સંપદામાં આળોટીએ છીએ, પણ તમે અમને જીવન સાર્થકની પૂર્ણ જાણ આપી જાગૃત કર્યા. હે સદ્‌ગુરુ નાથ ! જે પ્રમાણે બત્રીસ દાંત વચ્ચે જીભને સુરક્ષિત રાખો છો તેમ અમને તમારી કૃપા છત્ર નીચે સુરક્ષીત રાખો. અમને તમારા છત્ર છાયાથી દૂર કરશો નહીં.'

હાં રે બાઈ સદ્‌ગુરુ કહેશે દૈત્ય દુષ્ટ કાલિંગો જાણ, હવે એને શ્રી હરિ મારશે નિરવાણ. ॥૧૭૭॥
સ્વામી તે દૈત્ય ઘેર વાસા જન્મ અમારો ભયા, હવે સદ્‌ગુરુ બ્રહ્મા તમે સારથી અમારા થયા. ॥૧૭૮॥
જે જીવ તમારા હતા તે તમે લીયા ઉગાર, તે માટે વળી દોડી આવ્યા દૈત્યને દરબાર. ॥૧૭૯॥
એવું સુરજારાણી કમળાકુંવર બોલશે તેણે ઠાયે, એકાંતે આઠ જણ સદ્‌ગુરુ બ્રહ્માને લાગશે પાયે. ॥૧૮૦॥
અજીયા વજીયા બેની અલકાકુંવર ને કેવળભાઈ, રંગા રૂપ કમળાકુંવર અને સુરજામાઈ. ॥૧૮૧॥
એ આઠ જણાની એક સજાઈ, ત્યાં એવી સદ્‌ગુરુ બ્રહ્મા બોલશે વાણી. ॥૧૮૨॥
ત્યારે સદ્‌ગુરુ બ્રહ્મા ત્યાં એમ જ કહેશે, તે આઠ જણા શું નિયમ ધરમના બોલ જ દેશે. ॥૧૮૩॥
બાઈ તમે પાળો આ સત્‌પંથ ચાલો અથર્વવેદ, જેનો કોઈ દૈત્ય દરબારમાં ના જાણે ભેદ. ॥૧૮૪॥
ગુરુ આઠ જીવને નિયમ દેશે જહાં, ગુરુ મંત્ર જાપ શ્રી નિષ્કલંકી જપાવશે તહાં. ॥૧૮૫॥
બાઈ તમો પાળજો એવા સત્‌પંથના મરમ, અને ખરી દશોંદ આપજો સદ્‌ગુરુને ધર્મ. ॥૧૮૬॥
એ ધરમ અમને અનામત પહોંચશે સહી જેમ, પેટીમાં ઘાલીને દરીયા મુસાફરને સોંપશે તેમ. ॥૧૮૭॥
ત્યારે એસી સદ્‌ગુરુ બ્રહ્મા બોલશે સત્‌ વાત, અને મુખી કમળાકુંવર શિર દેશે હાથ. ॥૧૮૮॥

ત્યારે સુરજારાણી અને કમળાકુંવર કહેશેઃ 'હે સદ્‌ગુરુનાથ ! દયાળુ કૃપામૂર્તિ, આ જન્મમાં અમારું વાસ્તવય દૈત્ય કુળમાં થયું છે. પણ અમ બાળકો પર કૃપા દૃષ્ટિ કરીને તમે અમારા સારથી થયા છો, તમે અજ્ઞ વિષયી સાંસારિક માયિક જીવાત્માના ઉદ્ધારક માર્ગદર્શક છો અને મોટો ઉપકાર અમારા પર તમે કર્યો છો. અમારા જીવનના સાર્થક માટે તમે દૈત્ય દરબારમાં પણ દોડી આવ્યા. કેટલાં અમારા સદ્‌ભાગ્ય ! આ તમારા સત્સંગથી અમે કૃતાર્થ થયાં. પરમ પાવન થયાં. એક કૃપા દૃષ્ટિ કરીને અમને આ સત્‌ ધર્મની દીક્ષા આપો. એવી અમારી તમારા ચરણવિંદમાં અત્યંત નમ્ર પ્રાર્થના વિનંતી છે. એમ કરીને સોમસ ઋષિને અનન્ય ભાવે એ આઠેય જણાં સાષ્ટાંગ પ્રણિપાત કરશે. સુરજારાણી પાલવ પસારીને સત્‌પંથ ધર્મ દીક્ષાની માગણી કરશે.

અત્યંત કૃપાવંત થઈને સોમસ ઋષિ મહારાજ કળશ ઘટપાટ પૂજાનું મંડાણ કરીને જ્યોતિ પ્રજ્વલિત કરી. પુષ્પ, અક્ષત, ગંધ, ઉદ્‌ધૂપ, પ્રસાદથી યુક્ત એવી પૂજા કરીને મંત્રોપચાર દ્વારા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, આદિ નારાયણ, આદ્ય શક્તિનું નૈવેધ સમર્પિત કરશે. વિશ્વચાલક, સર્વ દેવી દેવદેવતાઓને નમન કરીને વિશ્વ શક્તિ એક થવા માટે તેમને વિનંતી પ્રાર્થના કરશે. પછી અજીયા, વજીયા, બેની અલકાકુંવર, રંગા, રૂપ, કેવળભાઈ, કમળાકુંવર અને મહારાણી દેવી સુરજારાણીને સત્‌પંથની દીક્ષા આપશે. ગુરુમંત્ર આપીને ભગવાન "શ્રી નિષ્કલંકી નારાયણ"નો જાપ તેમજ "ૐ પ્રણવ બ્રહ્મ" યુક્ત ઉપદેશ આપશે.

કલિતારક એવા એ મંત્રનો ઉચ્ચાર તેમનાથી કરાવીને પછી ઉપદેશ કરતી વખતે સોમસ ઋષિ મહારાજ તેમને કહેશે: 'હે સદ્ભક્ત પ્રેમી શિષ્યવૃંદ, આ સત્પંથ ધર્મના નિયમ ધર્મ મેં તમને કહ્યા છે એ પ્રમાણે સદૈવ પોતાનું આચરણ રાખો. અથર્વવેદના જ્ઞાન ધ્યાન સાધનાનુસાર બ્રહ્મ વિદ્યા સંપન્ન થાઓ. સત્પંથ ધર્મના સંપૂર્ણ નીતિ શતકનું આચરણ કરો અને તેના દ્વારા પોતાની આત્મોન્નતિ કરી લો. તમને કોઈને કોઈ પણ સમયે અમારું એટલે સદ્ગુરુ બ્રહ્માનું માર્ગદર્શન રહેશે. ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણની કૃપા છત્ર નીચે તમારું રક્ષણ થશે.

તમે નિશ્ચિત મને એકાગ્રતાથી એકાંતમાં આ સાધ્ય સાધના યોગાભ્યાસ આચરો. બાહ્ય જગતમાં આચરતા ધર્મના માર્ગોનું આચરણ ન કરતાં તમે એકાંતમાં ભક્તિ કરો અને દૈત્ય કાલિંગાના અસુર ભાવથી સાવધ રહેજો. દૈત્ય ઘરમાં જ રહીને તમારે આ ઉપાસના કરવાની હોવાથી સાવધ રહેજો. તમારા સાધના માર્ગમાં વિઘ્ન ન આવે માટે જાગૃત રહેજો.

ઘટપાટ પૂજા અર્ચના કરીને મંત્રોપચારથી અર્પણ કરેલાં દાન દક્ષિણા અમને જ મળે છે. પછી ભલે એ દાન પેટીમાં મૂકી સમુદ્રમાં પધરાવો તો પણ એ દાન અમને જ પહોંચે છે. કારણ અમે તમારા ધન સંપત્તિના ભોગતા નથી પણ તમારા ભાવ ભક્તિના શ્રદ્ધા પ્રેમના ભોક્તા છીએ. આ દાન દસવંત પ્રમાણે તમે પોતાના જીવનનું પણ દસવંત ઈશ્વર ચરણે સમર્પિત કરીને ભગવાનને ગર્ભવાસમાં આપેલા વચનમાંથી મુક્ત થાઓ. જીવની દસવંત એટલે દિવસના ચોવીસ કલાકનો દસમો ભાગ એટલે બે થી અઢી કલાક ઓછામાં ઓછું ઈશ્વર સ્મરણ, ગુરુ સેવા, ગત્ગંગા સેવા, સત્સંગ, નામ સ્મરણ, જપ, પૂજા, ધ્યાન, સંકીર્તન કરો.

બાળ ભક્ત કમળાકુંવર તને પણ હું અથર્વવેદ આધારીત ઘટપાટ કળશ-પૂજા યજ્ઞ વિધિના મંત્રોપદેશ કરીને મુખી માટે આશીર્વાદ આપું છું. મુખીના ક્રિયાચરણ પ્રમાણે વર્તીને તું આ યોગાભ્યાસ કરીને તપશ્ચર્યા કર. તારી આ તપશ્ચર્યા પૂર્ણપણે સિદ્ધ થઈને તું અનંત કોટિ જીવાત્માનો ઉદ્ધારક થઈશ એમ મારો તને આશીર્વાદ છે. આમ બ્રહ્મ સ્વરૂપ સોમસ ઋષિ ભક્તોને ઉપદેશ આપશે.'

ત્યારે કમળાકુંવર કહેશે સ્વામી તમને વિનવું સહી, મુખીના ક્રિયાચરણ તે સંભળાવો કહી. ॥૧૮૯॥
ત્યાં કહેશે સદ્ગુરુ બ્રહ્મા તમે સુણો કમળાકુંવર, મુખી તણા ક્રિયાચરણ કહું વિચાર. ॥૧૯૦॥
આઠ લાખ કરણ મધ્યે ગુરુ બ્રહ્માએ ભગતી કીધી, ત્યારે ઈશ્વરે સ્વર્ગની કૂંચી ગુરુ બ્રહ્માને દીધી. ॥૧૯૧॥
સ્વર્ગની કૂંચી ગુરુ બ્રહ્માજીને હાથ, નરકની કૂંચી યમરાજ ને હાથ. ॥૧૯૨॥
જે કોઈ ધર્મને માર્ગે ચાલશે, તે સહી અમરાપુરી મહાલશે. ॥૧૯૩॥
ત્યાં મળશે સદ્ગુરુ બ્રહ્માનાં દર્શન સાર, ચૌદ ભુવનના દેવતા તેઓને દ્વાર. ॥૧૯૪॥
જે સ્વર્ગ મૃત્યુ ને પાતાળના ગોર, તે સદ્ગુરુ બ્રહ્માજીને ઠોર. ॥૧૯૫॥
તે'દી તેના ભેદ ન જાણશે કોઈ, પણ સાચા મુનિવર જાણશે સોઈ. ॥૧૯૬॥
બીજા કોઈ ના જાણશે દુનિયાનાં લોક, આજ ગુરુનર રહ્યા જુગમાં અલોપ. ॥૧૯૭॥
તેના ચિત્તાની કોઈ વાત ન જાણશે, આપ એકલા રહ્યા વખાણશે. ॥૧૯૮॥
માઈ બાપ બેન બંધવ નહીં કોએ, ત્યારે મૂરખ હાથ ઘસંતા રોશે. ॥૧૯૯॥
તમે સાચા મુનિવર જાણો જેહ, આપ મુરાદા નિશ્ચે નરક જાશે તેહ. ॥૨૦૦॥
તમે ગત્ માંહે મળશો મુનિવર ભાઈ, ત્યાં અમી નિશાની લેશો જાઈ. ॥૨૦૧॥

બ્રહ્મ સ્વરૂપ સોમસ ઋષિ મહારાજના આર્શીવાદ મળતાં જ કમળાકુંવરને અત્યંત આનંદ થશે. બ્રહ્મ સ્વરૂપ મહારાજના ચરણને પગે લાગી એ વારંવાર નમ્રતાથી નમન કરવા લાગશે. અત્યંત હર્ષભેર ચિત્તે એ સોમસ ઋષિ મહારાજને કહેશેઃ 'હે સદ્‌ગુરુનાથ ! ત્રિભુવનના સ્વામી, લોકોત્તર દિવ્યાનુભૂતિના દિગ્દર્શક તમે છો, જીવન સાર્થકતાનો માર્ગ ભૂલેલાને જાગૃતિ આપવા માટે જ તમારું આગમન અને સંચાર થતું હોય છે. હે સ્વામી ! અમે અજ્ઞજનોના તમે આધાર સ્તંભ છો. તમારા પરમાર્થ માર્ગમાં મેં પહેલું પગલું માંડ્યું છે. તો દીપ સ્તંભ રૂપે તમે અમારા જીવન નૈયાના સુકાની થયા છો, પણ પ્રત્યક્ષ આ નૌકા પેલે તીરે કેમ લઈ જવી, એ મુખીપદનું આચરણ કઈ રીતે કરવું એનું જ્ઞાન તો મને કંઈ જ નથી માટે તમે મને મુખી ગત્‌ગંગાનું આચરણ કેમ કરવું એ માટેની જાણકારી આપો.'

તેનો એ પ્રશ્ન સાંભળીને અને જિજ્ઞાસા જાણીને સદ્‌ગુરુ શ્રી સોમસ ઋષિ કમળાકુંવરને કહેશેઃ ' બાળક કમળાકુંવર, મુખીનું અથવા ગુરુનું આચરણ કઈ રીતે કરવું એ માટે હું તને કહું છું તે સાંભળ. પહેલાં પ્રથમ જયારે સૃષ્ટિ પંચમહાભૂત વગેરે કંઈ જ નહોતું ત્યારે પરમેશ્વરનું સ્વરૂપ અલક્ષ હતું. નિર્ગુણ નિરાકાર અનંત કોટિ સૂર્ય પ્રમાણે તેજસ્વી નિરંજન નિરામય સ્વરૂપ હતું. સંકલ્પ માત્રથી એ 'સત્' માંથી 'ૐ' પ્રણવ બ્રહ્મનું પ્રાગટય થઈને તેને સગુણ સાકારત્ત્વ આવ્યું. તેનાથી યોગમાયા અને પંચમહાભૂત નિર્માણ થયાં. યોગમાયાથી ત્રિગુણાત્મક પ્રકૃતિ અને જીવ પ્રગટ (નિર્માણ) થયાં. એ સત્‌માંથી પ્રણવોચ્ચાર સહિત સગુણ બ્રહ્મનું ચૈતન્ય સ્વરૂપ આત્માનું પ્રાગટય થયું. ચૈતન્ય સ્વરૂપ સગુણ બ્રહ્મ એટલે જ બ્રહ્મદેવ થાય.

રજોગુણાધિષ્ઠિત પ્રકૃતિના અધિષ્ઠિતા એ બ્રહ્મદેવે પ્રથમ આઠ લાખ કરણ વર્ષ તપશ્ચર્યા કરી. પ્રણવ બ્રહ્મ સ્વરૂપ ભગવાન આદિ નારાયણની પ્રેરણાથી બ્રહ્મલોક સુધીના સંપૂર્ણ દિવ્ય સ્વર્ગ લોકની ચાવી બ્રહ્મદેવને પ્રાપ્ત થઈ. નરક લોકની ચાવી ભગવાન યમરાજ દેવને સ્વાધીન કરી અને મૃત્યુ લોકની ચાવી ભગવાને નિર્માણ કરેલાં વિવિધ પ્રાણી માત્રમાંથી વિચાર કરીને માનવને આપી છે. આ પ્રકારના આ અધિકાર ભગવાને પ્રત્યેક અધિકારી જીવાત્માને સુપ્રત કર્યા છે.

જે કોઈ પોતપોતાના નિયુક્ત ક્રિયાચરણ ધર્મ પ્રમાણે વર્તશે એ અમરાપુરીમાં જઈને અમર થશે. ત્યાં તેમને નિત્ય સદ્‌ગુરુ બ્રહ્માનાં દર્શન અને ચૌદ ભુવનનું જ્ઞાન પ્રાપ્ત થશે. સ્વર્ગ મૃત્યુ પાતાળ અને ચૌદ ભુવનમાં વ્યાપ્ત રહેલ ચૈતન્ય બ્રહ્મ તત્ત્વને જ્ઞાન દૃષ્ટિથી જાણીને પ્રત્યક્ષ જેણે તેની અનુભૂતિ કરી લીધી હોય છે અને એ જ સમસ્ત આત્મ ચૈતન્ય તત્ત્વ વ્યષ્ટિ (પિંડ)માં બતાવે છે એટલે 'પિંડે સો બ્રહ્માંડે' વ્યાપેલા આત્મ તત્ત્વનો સાક્ષાત્કાર અધિકારી સાધકને બનાવે છે એ જ ''સત્‌ગુરુ બ્રહ્મા'' સમજવા.

જગતમાં ગુરુને સદ્‌ગુરુની કૃપા હોય છે પણ બ્રહ્મ સ્વરૂપમાં લીન થયેલા અનંત ચૈતન્ય તત્ત્વમાં વિલય પામેલા આવા મહાત્મા કોક જ વિરલા હોય છે, તેનો ભેદ પોતાની જ્ઞાન દૃષ્ટિથી જે જાણે છે તે મુનિવર છે. કેટલાક મહાત્મા ઉન્મુખ થઈને આત્મ સ્વરૂપમાં જ લીન થઈ ગયા હોય છે. બાહ્ય જગતની જાણ પણ તેઓ ભૂલી ગયા હોય છે. બાપ, ભાઈ, ભગિની, માતા, બંધુ, આપ્તજન વગેરે કોઈની પણ તેમને શુદ્ધિ હોતી નથી. પોતાના દેહનું ભાન પણ વિસરાયેલું હોય છે. એવા ઉન્મુખ મહાત્મા પાસેથી પોતાની સાંસારિક અપેક્ષા પૂર્ણ કરવાના ઉદ્દેશથી તેમની સેવા કરનારા મૂર્ખ સાંસારિક કીડા જ સમજવા. અંતે તેમને હાથ ઘસીને પશ્ચાતાપ કરવાનો જ સમય આવે છે.

આ માટે હે મુનિવરો, સદ્‌ભક્તો પોતાના બ્રહ્મ સ્વરૂપની સદ્‌ગુરુ પાસે નમ્રતાથી આત્મોન્નતિના સાધનોની યાચના કરો. એ અંતર્યામી તમારી મનોકામના પૂર્ણ કરશે. એ માટે પોતાના મનને સાંસારિક વિકારોથી હટાવીને ગુરુ ગત્‌ગંગામાં સત્સંગમાં પરોવો. સત્સંગ જ તમને તારનાર પાર ઉતારનાર છે. નિત્ય નિયમિતપણે સદ્‌ગુરુ ચરણામૃત અને વચનામૃતનું સેવન કરો અને બ્રહ્મ સ્વરૂપી સંત મહાત્મા સદ્‌ગુરુ મહારાજના કૃપાશીર્વાદ મેળવો. આવો સદ્‌બોધ સદ્‌ગુરુ સ્વરૂપ સોમસ ઋષિ ભક્ત કમળાકુંવરને આપશે.

મુખી તે જે જીવને મોક્ષ જ આલે, મોક્ષ મુક્તિના માર્ગ બતાવે. ॥૨૦૨॥
મુખી તે જે કોઈને ઘેર જાવે, તો તે જીવનાં દુઃખ દૂર કરાવે. ॥૨૦૩॥
મુખી તે જે અસત્‌ને માર્ગે ન જાવે, અને જીવને મોક્ષ મુગત કરાવે. ॥૨૦૪॥
મુખી તે જે સર્વે સંકટ દૂર કરે, અને લક્ષ ચૌરાસીના ફેરા ટાળે. ॥૨૦૫॥
મુખી તે જે મૃતકને જીવતા કરે, અને શ્રદ્ધાવાનોનાં કારજ સારે. ॥૨૦૬॥
મુખી પાસે જે સર્વે જીવ શરણે આવે, તેની કમાઈમાં વૃદ્ધિ કરાવે. ॥૨૦૭॥
મુખી તે જે અનુભવી નિર્મળ હોવે, સર્વે જીવને વૈકુંઠમાં લાવે. ॥૨૦૮॥
મુખી તે જે પોતે અમરભેદ જાણે, અગમ નિગમની વાત પિછાણે. ॥૨૦૯॥
મુખી તે જે ભેદ વરસાદનો જાણે, સર્વેના ઘરની વાત પિછાણે. ॥૨૧૦॥
મુખી તે જે દેવને નજરે દેખે, જનમ મરણના ભેદ જ પેખે. ॥૨૧૧॥
મુખી તે જે સત્ય વાત સાચી કરી જાણે, તે હક કમાઈ સહી કરી પ્રમાણે. ॥૨૧૨॥
મુખી તે કર્મનો મર્મ પિછાણે, તે મુખીની સેવા અમર પરમાણે. ॥૨૧૩॥
જે મુખીની સેવા અમર જાગે, તે સત્ય સબુરી સંતોષ માગે. ॥૨૧૪॥
જે એક મને એક ચિત્તે સત્‌પંથે ધાયે, તે મુનિવર અમરલોકમાં જાયે. ॥૨૧૫॥
જે દશાંશ સુક્રિતે ખરા મુનિવર હશે, તે જીવ તો અમરાપુરમાં જાશે. ॥૨૧૬॥
તમે ઋષિવરો સ્વામી શું રાખો ચિત્ત, ગુરુ ગત્‌માં મળવું નિત નિત. ॥૨૧૭॥

મુખી અથવા ગુરુ કોને કહેવા અથવા કેવા હોય એ માટે સદ્‌ગુરુ સ્વરૂપ સોમસ ઋષિ ભક્ત કમળાકુંવર અને ઈતર સદ્‌ભક્તોને કહેશે કે; મુખી પોતે આત્મ જ્ઞાની હોવા જોઈએ અને આત્માનુભવી હોવા જોઈએ. પોતાનું જીવન આત્મ જ્ઞાનથી મુક્ત કરનારું અને અન્ય જીવાત્માને મુક્તિ માર્ગનું માર્ગ દર્શન કરાવનાર હોવું જોઈએ. મુખી અથવા ગુરુ જેમના ઘેર જાય તેમના ઘરના જીવાત્માઓનું કલ્યાણ કરી ઉન્નતિ કરાવે. પોતે અસત્યના માર્ગે ન જતાં ધર્મના નીતિ નિયમોનું ઉલ્લંઘન ન કરતાં, સત્ય માર્ગનો બોધ બધાને કરાવે. કોઈને કાંઈક પીડા હોય, કર્મ દોષ રોગ હોય, ભૂતબાધા વળગાડ વગેરે પીડા હોય તો પોતાના તપોબળથી નિર્વાણ કરવા પ્રયત્ન કરાવે, સદ્‌ભક્તોને શુદ્ધ ભક્તિનો માર્ગ બતાવી તેમનાં લક્ષ ચોર્યાસીનાં બંધનોમાંથી મુક્ત કરાવે.

મુખી અથવા ગુરુ મૃત્યુ પામેલા માણસોને જીવતા કરે એટલે કે ભવસાગરના અસત્ય રૂપ કામ, ક્રોધ, લોભ, મોહ રૂપી માયા જાળે જેમને મૃતપ્રાય કર્યા છે એવા જીવાત્માઓને જ્ઞાનામૃતના સિંચનથી જાગૃત કરીને સન્માર્ગે લાવવા, પ્રત્યેકના મનોગત શોધીને માર્ગદર્શન કરાવી સદ્‌માર્ગ બતાવવો. મુખી અથવા ગુરુએ ગત્‌ગંગામાં સેવકોની યોગ્ય દેખરેખ રાખી પૂજા અર્ચન માટે તેઓ મનોભાવે જે કંઈ પાન, ફૂલ, પ્રસાદ, ધનધાન્ય લાવ્યા હોય, અર્પણ કર્યા હોય એ મંત્રોપચારથી પરબ્રહ્માર્પણ કરીને પાવન કરવાં અને તેમની પૂજાપાત્રી સ્વીકારવા માટે ગુરુમહારાજોએ ભગવાનશ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનને આરાધના કરવી.

મુખી અથવા ગુરુ પોતે જ્ઞાની પંડિત હોવા જોઈએ અને તેમને સર્વ જીવાત્માઓને વૈકુંઠપદના અધિકારી કરવા. તેમણે પોતે પણ મૃત્યુંજયનો ભેદ જાણવો. અગમ્ય આગમ ભવિષ્ય અને નિગમ એટલે વેદગતિના ભેદ જણાવવાનો પ્રયત્ન કરવો. નિસર્ગનો ભેદ જાણીને હવામાનનો અંદાજ શોધીને લોકોને તેવી જાગૃતિ આપી વૃષ્ટિ વિચારનો ભેદ જણાવવો.

બધાના વર્તનનો ભેદ જાણીને તેમના ગુણ શોધીને અને અવગુણ હોય તો પર્યાયથી તેનો ઉપદેશ કરીને એ અવગુણ ઓછા કરવાનો પ્રયત્ન કરાવવો.

મુખી અથવા ગુરુએ સદ્‌ગુરુ બ્રહ્માનો ભેદ જાણીને સાધના કરીને સાક્ષાત્કાર કરી લેવો અને જન્મ મૃત્યુની જંજાળમાંથી પોતાનો અને અન્ય ભાવિક ભક્તોનો છુટકારો કરવા પ્રયત્ન કરવો. અપાર કસોટી સહન કરવી પડે છે પણ અંતે સત્યનો જ વિજય થાય છે એ જાણીને પોતે સત્યાચરણ કરવું અને અન્ય સદ્‌ભક્તોને તેવી શિખામણ આપવી. સદ્‌ભક્તોએ સ્વ પ્રયત્નો કરીને સાચી કમાણીથી ધનોપાર્જન કરવું. તે જ ધન સંપદામાંથી દેવતાર્ચન દાનધર્મ અને પોતાનું અને કુટુંબનું ભરણપોષણ કરવું. આ પ્રમાણે સાચી કમાણીના જ માર્ગેથી ધનસંપત્તિનું ઉપાર્જન અને વિનિયોગ જે કરે છે તેની જ મુખીની અથવા ગુરુની સેવા અમર થાય છે. મુખી કે ગુરુના જ માર્ગદર્શનને સદ્‌ભક્તો શિરોધાર્ય માનીને આચરણ કરવું.

સત્ય, ધૈર્ય અને યથા લાભ સંતોષ એ ગુણ જેમનામાં છે એ જ સાચો મુખી-ગુરુ અથવા સત્‌પંથી સમજવો. આ ગુણને અનુસરીને સત્‌પંથ ધર્મની સાધના કરવાથી મનુષ્ય અમર થઈને જીવન મુક્ત થાય છે. દાનધર્મ દસવંત અને નિષ્કામ ભાવથી પૂજા અર્ચનાદિ સુકૃત કરીને જીવાત્મા એકચિત્તથી એક મનથી સત્ તત્ત્વોનું અનુસંધાન કરશે તો આ એક જ માનવ જન્મમાં ફેરો સફળ કરી એ અમરાપુરીમાં જઈને અમર થશે. આ માટે હે ઋષિવર્ય તમે નિત્ય નિત્ય સત્સંગ કરો. સત્સંગથી જ તમને શ્રદ્ધા ભક્તિ અને પ્રેમ ભક્તિ પ્રાપ્ત થશે.

તમે અમરાપુરમાં જાશો સહી, આજ ભૂલવણીમાં નવ પડશો કોઈ. ॥૨૧૮॥
ભૂલ્યા કયાં ભમો છો ગમાર, સાચા ઋષિવર તો સચિયાચાર. ॥૨૧૯॥
ઋષિવર હશે તે સ્વામીના સૈન્યમાં મળશે, દિવ્ય ઘોડે મુનિવર ચઢશે. ॥૨૨૦॥
ગુરુ નરને ધ્યાને દેખશે, નિત નિત દર્શન સ્વામીનાં કરશે. ॥૨૨૧॥
જીવન મુકત હોઈને રહેશે, સુખ દુ:ખ દિલનાં સદ્‌ગુરુ શું કહેશે. ॥૨૨૨॥
મુખી તે ગત્‌માં શુદ્ધ થઈ આવે, પાંચે વસ્ત્ર શુદ્ધ કરી લાવે. ॥૨૨૩॥
જયોત જગાડે શુદ્ધ ઘૃતની ત્રણ, બ્રહ્મા, વિષ્ણુ મહેશ્વર તે જાણ. ॥૨૨૪॥
શક્તિ ને આદિ નારાયણની જયોતિ સહી, એવા પંચાયતન પૂજવા સહી. ॥૨૨૫॥
ઉદ, ધૂપ, દીપ, નૈવેધ આરતી કરે, એવી સેવા તો મુખી ગત્‌માં કરે. ॥૨૨૬॥
પૂજા કરે વારિયજ્ઞ સાર, માંહે નિરંજન સચરાચર. ॥૨૨૭॥
મુખી તે જે ભાર ગત્‌નો આપે સહી, પર વેદના દુ:ખ દિલમાં ગ્રહી. ॥૨૨૮॥
મુખી તે જે મન મારીને રહે, મુખ માંહેથી કોઈને મર ના કહે. ॥૨૨૯॥
નિત્ય નિત્ય હાલ ગુજારે આપ, પ્રણવ મંત્ર ભણી ઉતારે પાપ. ॥૨૩૦॥
કરી આશિષ ને છોડાવે કર્મ, ગુરુગત્‌ની ક્રિયા આચારે વધે ધર્મ. ॥૨૩૧॥
બોલે સાચું ને વચન પાળે, બ્રહ્માનંદ પરમ સુખ જ માણે. ॥૨૩૨॥
અજવાળી બીજ વ્રત કલિયુગનું સાર, ઉપવાસ વ્રત દાન તપ ઉતારે ભવ પાર. ॥૨૩૩॥
મુખી તે જે ક્રિયા આચાર શું નિર્ભય રહે, દર્શન સ્વામીનાં તે નિત લહે. ॥૨૩૪॥
સુણો કમળાકુંવર તમે કરો કમાઈ, એ ક્રિયા મુખીની પાળો સચિયારા ભાઈ. ॥૨૩૫॥

હે સદ્ભક્તો, સત્‌પંથ ધર્મના નીતિ શતક આચરણથી તમે અમરાપુરીમાં જઈને પહોંચશો. અન્યત્ર ક્યાંય ભૂલા પડવાનો સમય આવશે નહીં. સન્માર્ગ છોડીને અસત્યનું આચરણ કરનારા મહાઉપાધિમાં પડીને વિકાર વશ થાય છે અને ભ્રાંતિના યોગથી અધોગતિમાં જાય છે. સાચા ઋષિવર પોતાના સત્યતાના યોગથી પૂર્ણત્વ પામે છે. જે સાચા તપસ્વી સત્યવાન ઋષિવર હશે એ ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના સૈન્યના મેળામાં આવીને મળશે. અત્યંત તેજસ્વી ચપળ ચતુર એવા દિવ્ય ઘોડા પર સવાર થવાનું સદ્ભાગ્ય તેમને મળશે. સદ્‌ગુરુ બ્રહ્મા અને શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના સાનિધ્યમાં રહીને તેમનાં દર્શનના કૃપાના અધિકારી એ જીવાત્મા થશે, સદ્‌ગુરુ ગત્‌ગંગામાં જીવન મુક્ત થઈને એ મહાત્માને ભગવાનના સારૂપ્ય સાયુજ્ય મુક્તિનો અનુભવ થશે.

આ માટે હે સદ્ભક્તો, પોતાનાં બધા પ્રકારનાં સુખ દુઃખ પોતાના હૃદયસ્થ સદ્‌ગુરુને નિવેદન કરવાં. આપણા ભવનાં દુઃખ તેમના સિવાય બીજા કોઈ નિવારણ કરશે નહીં. નિત્ય ગત્‌ગંગામાં સદ્‌ગુરુના વચને હાજર રહેવું. મુખી અથવા ગુરુએ ગત્‌ગંગામાં પૂજા-અર્ચના સેવા માટે સ્નાન કરીને શુદ્ધ અને પવિત્ર થઈને આવવું અને ઉપરણાં એવાં પાંચેય વસ્ત્રો, સ્વચ્છ ધોયેલાં અને સફેદ હોવાં જોઈએ. ગત્‌ગંગામાં આવ્યા પછી નમ્ર ભાવથી બધાને પ્રણામ કરવા.

કળશ પૂજા માટે આસન માંડવું. ભગવાનના પાટની બાજુમાં આદ્ય શક્તિ સ્વરૂપ શુદ્ધ ઘીની જ્યોતિ પ્રગટાવવી અને તેની બાજુમાં ત્રિદેવ બ્રહ્મા-વિષ્ણુ-મહેશની જ્યોતિ પ્રગટ કરવી. આદિ નારાયણ, આદ્ય શક્તિ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આ પ્રમાણે આ સત્‌પંથ ધર્મના મુખ્ય પંચાયતન દેવતા છે. સત્‌પંથ ધર્મ ઘટપાટ પૂજાવિધિ મંત્રાનુસાર ઘટપાટ કળશની સ્થાપના કરીને ગંધ, અક્ષત, ફળ, ફૂલહાર, અત્તર, ચંદન, કેશર, કસ્તુરી વગેરે પૂજા સાહિત્યથી મંત્રોપચારથી જ્યોત અને કળશની પૂજા કરવી. ઉદધૂપ, દીપ નૈવેધ સમર્પણ કરીને સર્વ દેવી દેવતાઓને નમસ્કાર કરીને આહ્વાન કરવું. બધાંનો કૃપાશીર્વાદ લેવો. પછી આરતી, પુષ્પાંજલી કરીને પૂજા કરવી. સદ્‌ગુરુ મહારાજના ચરણામૃત અને કૃપા પ્રસાદ ગ્રહણ કરીને પૂજાની સમાપ્તિ કરવી.

સદ્‌ગુરુ મહારાજના ચરણામૃત અને કૃપાપ્રસાદ ગ્રહણ કરીને પૂજાના અંતે જેટલો સમય શક્ય હોય, એટલો સમય એકાગ્ર નિશ્ચળ મન કરીને જ્યોતિ સ્વરૂપમાં ભગવાનનું ધ્યાન અને સ્મરણ કરવું. એકલાએ અથવા સામૂહિક ધ્યાન કરવું. મુખી અથવા ગુરુએ ગત્‌ગંગાનો ભાર હળવો કરવો. જેમ કે ગુરુ ગત્‌ગંગાના એકાદ વ્યક્તિએ કંઈક વ્યક્તિગત અથવા સામાજીક ગુન્હો કર્યો હોય, પાપ કર્યાં હોય અને એ કૃત કર્મનો પશ્ચાતાપ થવાથી તેને જો પૂજામાં એ બદલ માફી માગી હોય તો મુખી ગુરુ અથવા ગત્‌ગંગાએ તેના દોષો તપોબળથી દૂર કરવા અને તેને પાવન કરીને હૃદયના દુઃખનો ભાર હલકો કરવો.

મુખી અથવા ગુરુએ પોતાના મનને સુખ-ભોગમાં ન લગાવતાં વૈરાગ્યયુક્ત વિચારથી ધ્યાનથી અને સત્ય સંકલ્પથી મનને અવેરવું (નિખાલસ કરવું). પોતાના મુખમાંથી કોઈને પણ કંઈ ખરાબ શબ્દ બોલવા નહીં. દરરોજના વ્યવહારમાં પોતાના હાથે દોષયુક્ત કામ થયાં હોય તો પૂજાના પહેલાં ગત્‌ગંગા પાસે ક્ષમા માગી પ્રણવ મંત્રોચ્ચારથી પાપ કર્મની નિષ્કૃતિ કરવી, ગત્‌ગંગાના જીવાત્માઓના મંત્રોપચારથી કર્મ દોષ નિવારણ કરીને શુદ્ધ અંતઃકરણથી તેને કૃપાશીર્વાદ આપવો. ગત્‌ગંગાને ક્રિયા આચાર, ધર્મની જાણકારી આપી ઉપદેશ કરવો. મુખી અથવા ગુરુ સત્ય વચન બોલે છે અને પાલન કરે છે. વ્રત, જપ, તપ અને યુગ ધર્માનુસાર યુગ તિથિનું આચરણ કરે છે. કલિયુગની યુગ તિથિ અજવાળી બીજનું અને ઈશ્વરનું નિત્ય સ્મરણ કરે છે. હે સદ્ભક્ત કમલાકુંવર, આ નિર્મળ જ્ઞાન તું તારા હૃદયમાં ધારણ કર અને સત્ય પાલન કરીને અનંત કોટિ જીવાત્માઓનો માર્ગદર્શક તારક બની ઉદ્ધાર કર.' આમ સદ્‌ગુરુદેવ સ્વરૂપ સોમસ ઋષિ ભક્ત કમળાકુંવરને ઉપદેશ આપશે.

એવા સત્‌ગુરુ બ્રહ્માજી ત્યાંથી ચાલશે કહી,
ભક્ત કમળાકુંવરને શિર અનંત કરોડીના ભાર લખ્યા સહી. ॥૨૩૬॥
ત્યાં મળી ગત્‌ને મુખી સહુ કરશે વિચાર,
ગુરુજી જયાં સૈન્ય સ્વામીજીનું ત્યાં દેજો દિદાર. ॥૨૩૭॥
બાઈ અમે તો પાસે તમારી છું તે હરદમ જાણ,
તમને દરશન માટે નિત આવું પરમાણ. ॥૨૩૮॥
હાં રે બાઈ અમે ભક્તને દર્શન દેવા નિત આવવું સહી,
વચન અમારું પૂરણ કરવા રૂપ અનંત લહી. ॥૨૩૯॥
જે ગુરુએ આઠ લાખ કરણ લગી તપ કીધો નિવારણ,
તે આ કલિજુગ મધ્યે ગુરુ ઈમામશાહ અવતાર જાણ. ॥૨૪૦॥
જે આ કલિયુગ અંતે નર નારાયણ આવશે દોયે,
ત્યારે તો સુપાત્રને પરખી લેજો સહુ કોયે. ॥૨૪૧॥
તે ગુરુ અનંત કરોડીને વરદાન આપશે જાણ,
પણ જે સાચા શ્રદ્ધાળુ હશે તેનાં નિપજશે નિરવાણ. ॥૨૪૨॥
જયાં હેમપુરી નગરી પાસે સાબરમતી નદી જાણ,
ત્યાં ગુરુનર તીરથ જંબુદ્વીપે આવશે નિરવાણ. ॥૨૪૩॥
ત્યાં મુખી કમળાકુંવર થાશે જાણ,
તપસી ગુરુની આશિષે ચોવીસ મુલકના જીવનાં છુટશે નિરવાણ. ॥૨૪૪॥
ત્યાં ચોવીસ મુલકના દેવ લોક આવશે જાણ,
જે ગત્‌ માંહે ગુરુ નર બેઠા હશે પ્રમાણ. ॥૨૪૫॥
જે નવ ખંડના દેવ લોક જંબુદ્વીપમાં આવશે સોયે,
ગુરુ નરને પ્રતાપે ગત્‌માં મેળા હોયે. ॥૨૪૬॥
હોશે કલિયુગમાં સત્‌ગુરુ બ્રહ્મા તારક નિરવાણ,
તો એવા સત્‌ગુરુએ આગમ ભાખ્યા છે જાણ. ॥૨૪૭॥

મહાચીન દેશના સદ્‌ભક્તોને સત્‌પંથ સનાતન ધર્મનું જ્ઞાન દિગ્દર્શીત અને ઉપદેશ કરીને સોમસ ઋષિ ઊઠીને ઊભા થશે અને કહેશે: 'હે સદ્‌ભક્તો, અહીંનું મારું કાર્ય પૂર્ણ થયું છે, મારે હવે બીજા સ્થાને ધર્મપ્રચાર માટે જવાનું છે. માટે હવે તમને કહ્યા પ્રમાણે તમે સાધના કરો અને આ જ જન્મમાં સાયુજયતા (મુક્તિ) મેળવો. એમ નહિ થાય તો તમને બીજો જન્મ લેવો પડશે પણ ભગવાનની કૃપાથી તમને આ સંપૂર્ણ જ્ઞાન સ્મરણ રહેશે અને તમે અમરપદે જશો. મુક્તિના સમયે તમે આ જ જગ્યાએ પ્રગટ થઈને સત્‌પંથ સનાતન સદ્‌ધર્મનું આચરણ કરશો અને સદ્‌ગુરુ બ્રહ્મા અને શ્રી નિષ્કલંકી નારાયણના અંતિમ

સ્વરૂપમાં વિરામ પામશો.' તે પ્રમાણે સોમસ ઋષિ કૃપાશીર્વાદ આપશે અને ભક્ત કમલાકુંવરના મસ્તક ઉપર પોતાનો વરદ્ હસ્ત મૂકશે, ત્યારે બધાં ઋષિ મહારાજને વિનવણી કરવા લાગશે કે; હે સ્વામીન ! જ્યારે ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ યુદ્ધ માટે સજજ થશે, એવા સમયે તમે અમારા પર અનુગ્રહ કરીને દર્શન આપજો.

સોમસ ઋષિ કહેશેઃ 'હે પરમ શ્રદ્ધાળુ ભક્તજનો, સદ્ભક્તોને દર્શન આપવા તેમજ તેમના પર આવી પડેલ સંક્ટમાંથી તેમનું રક્ષણ કરવા માટે અને યોગ્ય માર્ગદર્શન કરવા માટે અમે ગમે ત્યાં પ્રગટ થતા હોઈ છીએ, એ અમારું વચન છે. એ પૂર્ણ કરવા માટે અમે અનંત રૂપે અનંત નામે પ્રગટ થઈએ છીએ. સદ્ભક્તોને આશા રહિત કદી પણ થવા દેતા નથી. તેમ તેમ જે જગ્યાએ જે સમયે અમારું સ્મરણ કરશો ત્યાં એ સમયે અમે પ્રત્યક્ષ હાજર થઈશું.

આજ આ કલિયુગમાં આ અમારી સદ્ગુરુ બ્રહ્માની જાગૃત જ્યોત સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ સ્થાનકે પ્રદીપ્ત છે. આ કલિયુગમાં અમે સદ્ગુરુ બ્રહ્મા ઈમામશાહ રૂપે અને ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ રૂપે પ્રત્યક્ષ પ્રગટ જાગૃત છીએ. કલિયુગમાં અમે સદ્ગુરુ સ્વરૂપે બાર કોટિ જીવાત્માઓને આત્મબોધ આપ્યો છે, જે સાચા ઈમાની નિષ્ઠાવાન ધ્યેય નિષ્ઠ સદ્ભક્તો હશે તે જ નિર્વાણ પદે પહોંચશે.

આ કલિયુગમાં ભરતખંડ જંબુદ્વીપમાં સાબરમતી નદી તીરે હેમપુરી નગરી જે જગ્યાએ છે તે કુંવારીકા ક્ષેત્ર મહાન ક્ષેત્ર કહેવાશે, ભગવાનનો દસમો અવતાર શ્રી નિષ્કલંકી નારાયણ પ્રગટ રૂપ ધારણ કરીને આ ક્ષેત્ર પર આવશે, ત્યારે પૃથ્વી પરના મુખ્ય ચોવીસ દેશના રાજ્ય પ્રતિનિધિ પોતપોતાના સૈનિકગણ સાથે ભગવાન સાથે આ જગ્યાએ સંગઠીત થશે. એટલે કે આજ સુધીના જે સદ્ભક્તો પોતાપોતાના ભક્તગણ સાથે અમરાપુરીમાં પહોંચ્યા છે એ બધાનો મેળાપ આ ક્ષેત્રમાં થશે. તેમાં સદ્ગુરુ બ્રહ્મા ભક્ત કમળાકુંવરને મુખી પદે નીમીને તેમના કરકમળોથી ઘટપાટ કળશપૂજા વિધિ કરવાને કહેશે. સંપૂર્ણ જગતના સંત, મહંત, મહાત્મા, ઋષિવર, મુનિવર અલગ અલગ સ્વરૂપે પ્રગટ થઈને આ ઈશભક્તિના સાત્ત્વિક મેળામાં પોતાની રીતે ભાગ લઈને સક્રીય સહાય કરશે.

ચતુર્યુગનો આ છેલ્લો મહાયજ્ઞ રહેશે. આ મહાયજ્ઞમાં નવખંડના દેવલોકના સત્પુરુષો, સદ્ભક્તો, દેવી-દેવદેવતાઓ પ્રત્યક્ષ પ્રગટ રૂપે ઉપસ્થિત રહેશે અને ભગવાનની ઉપાસના કરીને સાત્ત્વિક એવા એ શ્રી નારાયણની અનંત કળામાં તેમની આત્મિક કળા વિલય પામશે. સર્વ જીવાત્મા ભગવાનના સગુણ સાકાર અખંડ તેજોરાશીમાં વિલીન થશે. ભકત અને ભગવાન એ દ્વંદ્વ મટી સર્વ સદ્ભક્ત ભગવંત રૂપ જ થઈ જશે. આ પ્રમાણેના આ વિલીન યોગ હે સદ્ભક્તો, જ્યારે તમને પ્રાપ્ત થશે ત્યારે તમે બધા એ અવિનાશી, અખંડ, અનાદિ, સત્ચિત્ત બ્રહ્મમાં વિલય પામશો.' એમ કહીને સદ્ભક્તોને કૃપાશીર્વાદ અને આશ્વાસન વચન આપી સોમસ ઋષિ મહારાજ ત્યાંથી અંતર્ધાન પામશે.

ચીન મહાચીન દેશમાં જઈને સદ્ગુરુ બ્રહ્મા સોમસ ઋષિ મહારાજ સ્વરૂપે ભક્ત કમલાકુંવર અને મહારાણી સુરજાદેવી અને ઈતર અન્ય સદ્ભક્તોને જે સત્બોધ આપશે તેમના આચરણથી એ સદ્ભક્તો અજર અમર થશે. આ સૃષ્ટિના લય સુધી કાયમ અવિનાશી રહેશે, શા માટે ! તો સદ્ગુરુ બ્રહ્માએ તેમને ઉપદેશેલા મહાન સત્ય સનાતન ધર્મનો પ્રચાર કરવા માટે.

સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ તેમની દિવ્ય વાણીમાં કહે છે કેઃ આ કર્તવ્યની ધુરા, ધર્મપ્રચાર અને આચરણની ધુરા દ્વારા સંપૂર્ણ જગતના માનવોમાં સદ્ભક્તિનું નિર્માણ કરાવીને તેમની પાસેથી સત્ ધર્મનું આચરણ કરાવી અને માનવ સમાજની ઉન્નતિ કરાવી સદ્ગતિનો લાભ આપવા માટે સંપૂર્ણ જગતમાં અલગ અલગ સદ્ભક્તો સંત મહાત્માઓના રૂપે પ્રગટ થાય છે. જગત ઉદ્ધારનું મહાન કાર્ય તેમના શિર પર હોવાથી અનંત કષ્ટ સહન કરીને જે અજ્ઞ કુસંસ્કારી માનવોનાં દ્વેષ, નિંદા, મત્સર અવહેલના બધી જ સહન કરીને એ જ

માનવ સમાજમાં સત્‌ધર્મના સત્‌ માર્ગનું બીજારોપણ કરે છે.

જેમનાં પૂર્વ કર્મ શુભ છે, સંસ્કારી છે, જે કૃત કર્મ વિષયે પશ્ચાતાપ દગ્ધ છે, જેમના વિચાર વૈરાગ્ય યુક્ત છે, જેમની બુદ્ધિ સત્સંગ રત છે, એવા માનવમાં આ ભક્તિનાં બીજ ઉગ્યા પછી દિવસો દિવસ તે વૃદ્ધિગત થાય છે અને સુસંસ્કારો દ્વારા માનવ સમાજમાં સત્‌ભક્તિનું મોટું વૃક્ષ ફેલાય છે. એ બધી અચિંત્ય અર્તક્ય ભગવાનની જ લીલા છે. આપણે બધાં તેનાં નિમિત્ત માત્ર છીએ. માટે હે સદ્‌ભક્તો, આપણા શિર પર પણ આ સત્‌પંથ ધર્મનું આત્મ જ્ઞાન સંપાદન કરીને આત્મોદ્ધાર અને જગદ્‌ ઉદ્ધાર કરવાની મોટી જવાબદારી છે. આપણે ભગવાનને તેવું વચન આપ્યું છે. તે વચનની પૂર્ણતા માટે આ જવાબદારી અંગિકાર કરીને આપણે ધર્માચરણ અને યથા મતિ પ્રચાર કરવો જોઈએ.

સત્‌પંથ ધર્મની શિખામણને પ્રથમ આપણે પોતે આચરણમાં લઈશું ત્યાર પછી આપણા સાનિધ્યમાં રહેલાં ઘરનાં વ્યક્તિઓ પર તેનો પ્રભાવ પડશે. આપણાં ઘર સુધર્યા પછી તેનો પ્રભાવ સમાજ પર પડશે, સમાજ સુધર્યા પછી માનવીની પ્રગતિ થઈને ઉન્નતિ થતી જશે. માનવની ઉન્નતિ માટે આપણે પોતે પોતાની રીતે પુરુષાર્થ કરવો જોઈએ.'

કલિયુગની સો નિશાની તેના પરછા જાણ, તમે સાંભળો મુનિવર તેહ નિવારણ. ॥૨૪૮॥
જયારે કલિયુગમાં કાયમ પધારશે પ્રગટશે જાણ,
ત્યારે કલિયુગની સો નિશાની પૂર્ણ હોશે નિરવાણ. ॥૨૪૯॥
જયારે દુનિયામાં પાપ વધશે મુનિવર તણું પુણ્ય લોપશે જોયે,
તે પહેલું નિશાન કલિયુગનું જાણો સહુ કોયે. ॥૨૫૦॥
જયારે દોનો બંધવ લડશે, હૃદયમાં દયા નહીં રાખે લગાર,
ત્યારે પુત્ર પિતાને મારશે, બંધવ બહેનને બોલશે ગાળ. ॥૨૫૧॥
કલિમાં કપટ વ્યાપશે, સત્‌વંત દયાવંત માંહે થઈ પડશે જંજાળ,
ધરત્રીમાં અન્ન ઓછાં પાકશે, વરસો પડશે દુકાલ. ॥૨૫૨॥
દાસી પુત્ર રાજ કરશે, એસા કલિના મહિમા લખાય,
બ્રાહ્મણનો ત્રાગ ત્રુટશે, અને ક્ષત્રિયનાં ક્ષત્રીવટ જાય. ॥૨૫૩॥
લોક વિશ્વાસઘાત ઘણો કરશે, હિરદે દયા નહીં આવે જાણ,
તારે લોક જીવ હિંસા અતિ કરશે, કૂડકપટ કરી જોડે દામ. ॥૨૫૪॥
તે દામ લઈને ગાડશે ધરત્રીમાં જાણ, અને ફણીધર થઈને ફરશે નિરવાણ. ॥૨૫૫॥
એવાં કૂડ કપટ કરી કલિયુગમાં અવતરે, પણ તે આખરે શિર પડે કૂટી મરે. ॥૨૫૬॥
જયારે એવા ચરપટ કલિયુગમાં વ્યાપક હોય, ત્યારે સાચ ન માનશે કોય. ॥૨૫૭॥

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ આ કલિયુગના સ્વરૂપનું વર્ણન કરતાં કહે છે કે; કલિયુગમાં અંત સમયે નિત્ય અવિનાશી નિર્ગુણ નિરામય સચ્ચિદાનંદ બ્રહ્મ સગુણાકાર રૂપે પ્રગટ થઈને અવતાર લીલા કરશે. એ પહેલાં કલિનું સામ્રાજય સંપૂર્ણ જગતમાં પ્રસ્તુત થશે. જગતમાં સર્વત્ર અનાચાર, અંધાધૂંધી, અરાજકતા થશે. સમાજના નીતિ નિયમોની ધર્મની પરિસ્થિતિ વિકટ થશે, અધર્મ વધશે અને પાપી, દુષ્ટ, ચોર, ઝઘડાખોર, સમાજકંટક લોકોનો સર્વત્ર જયજયકાર થશે અને તેમના અન્યાયને લીધે, અત્યાચારને કારણે પુણ્ય કર્મ અને ધર્મ કર્મ લોપ પામશે.

ધાર્મિક લોકોની સત્પુરુષોની સત્યતા અધર્મીઓની અસત્યતા નીચે ઢંકાઈ જશે. એ સમયે ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ પ્રગટ થશે. પાપાચારનાં, અત્યાચારનાં જ્યારે સો નિશાન પૂર્ણ થયા પછી એટલે સો ટકા પાપાચરણ થયા પછી ભગવાન આ સૃષ્ટિનો ભાર ઉતારવા માટે પોતે સ્વયં રૂપ પ્રગટ લઈને કાર્ય કરશે. સૃષ્ટિનું પરિપાલન, દુષ્ટોનું સંહારણ, ધર્મની સ્થાપના અને મુક્તિ માર્ગનું દિગ્દર્શન કરશે.

જ્યારે કલિયુગ પૂર્ણપણે વ્યાપક હોશે ત્યારે બંને સગા ભાઈઓ એક જ માતા પિતાનાં સંતાન ધન સંપત્તિ વારસા માટે અંદર અંદર લડશે, કોઈના હ્દયમાં કોઈના પ્રત્યે દયાભાવ રહેશે નહીં, પુત્રો પોતાના માતાપિતાને મારશે, ભાઈ બહેનોને અશ્લિલ ગાળો આપશે, કલિયુગમાં સર્વત્ર કપટ વ્યાપશે. સત્યવાન, શીલવાન, દયાવાન વગેરે ધાર્મિક સત્પ્રવૃત લોકોની અનન્વીત અવહેલના અને છળ થશે. તેમણે પોતાનું સત્ય, શીલ છોડી દેવાનો સમય આવશે.

જમીનમાં અન્ન ધાન્ય એકદમ અલ્પ પ્રમાણમાં પાકશે, જમીન રસકસ વગરની નિસ્તેજ થશે, વૃષ્ટિ થશે પણ ધન-ધાન્ય સારાં પાકશે નહીં, દુષ્કાળ પડશે, દાસીપુત્ર રાજ્ય કરશે, તે સુખચેન આરામભોગ ભોગવશે, બ્રાહ્મણો જનોઈ ઉતારશે, જનોઈ પહેરેલા બ્રાહ્મણોમાં કંઈ પણ બ્રાહ્મણપણું રહેશે નહીં. બ્રાહ્મણત્વના બધા જ સંસ્કાર લોપ પામશે, ક્ષત્રિયોનું શૌર્ય લોપ પામશે અને તે સ્રૈણ (સ્રીને વશ હોય તેવો-કાયર) બનીને પાપાચરણ કરશે. વિશ્વાસઘાત અતિ કરશે. સ્વકર્તુત્વની સાચી ખોટી મોટી મોટી વાતો કરી લોકોને વિશ્વાસમાં લેશે અને છેલ્લે તેમને લલચાવીને ફસાવશે. લોકોમાં જીવ પ્રાણીમાત્ર પ્રત્યે દયા, પ્રેમ, સેવાભાવ રહેશે નહીં. લોકો જીવ હિંસા અતિ કરશે. કૂડકપટ, દંભ, અસત્યાચરણ કરીને અપાર ધન સંપત્તિ ભેગી કરશે. એ ધનનો ઉપયોગ લોકો માટે નહીં કરે તેમજ પોતાના સુખ માટે પણ ન વાપરતાં જમીનમાં દાટશે અને તેમાં વાસના રહેવાથી મોટા મોટા સર્પ રૂપે અવતરીને તેની રખવાળી કરશે. આ પ્રમાણે કૂડકપટાચરણનો અતિશય ઉભરો આવશે ત્યારે છેલ્લે એકબીજાનો સંહાર કરીને નષ્ટ ભ્રષ્ટ થઈને દુર્ગતિને પામશે. સત્ય, ધર્મ, ન્યાય, નીતિ કાંઈપણ જાણશે નહીં, માનશે નહીં.

જ્યારે શુદ્ર નહીં માને બ્રાહ્મણને, અને ગંગા નદીનું નીર જાશે છેક,
ત્યારે એવાં પાપ પ્રગટ થાશે, અને અઢાર વર્ણ થાશે એક. ॥૨૫૮॥
તારે વનસ્પતિ ફળે નહીં આવે કલિ કાલ, અને સ્રી નિસ્તેજ પ્રસવશે બાલ. ॥૨૫૯॥
જ્યારે પાતાલનાં પાણી ખૂટશે, ને ધરતી પાપે નહીં ઝીલે ભાર,
તારે બ્રાહ્મણ શુદ્રને પરણશે, ને પુરુષ મેલશે પોતાની નાર. ॥૨૬૦॥
નવ વરસની બાલી પુત્ર પ્રસવશે, ગવાને બબ્બે વાછરાં થાય,
એક નારી ત્રણ જોડવાં પ્રસવશે, ભાઈ એ કલિની નિશાની લેજો જોય. ॥૨૬૧॥
વિશ્વાસ ઓછા ઉપજે, રાજા વાચા પાલે નહીં કોય,
લોભે કપટ અતિ વ્યાપશે, જૂઠા જાણજો તોય. ॥૨૬૨॥
નાનો મોટાને માને નહીં, રસ કસ જાશે ગગન પિયાલ,
રિદ્ધિ સિદ્ધિ સર્વે ખૂટશે, દહીં ઉપર માખન નહીં ઉતરે બાલ. ॥૨૬૩॥
ગુરુનું ચેલા માને નહીં, ગુરુ શિષ્ય દોનો લઢશે,
ધરમી હોઈને અધરમ આચરે, બેન બેટીનો વિકરો લેશે. ॥૨૬૪॥
મા બેટીયા દોનો લઢેગા, દોનો કહેગ્યા સોતણાજી,
વહુ ધરેગી સાસકી ઝિટયા, સાસને મારે વહુવાજી. ॥૨૬૫॥

હલકટ આચરણથી લોકો અનન્વીત પાપાચરણ કરશે અને તે પાપી લોકો જ બધા ઉપર વર્ચસ્વ જમાવશે. સત્પ્રવૃત્ત અને સુસંસ્કારી લોકોનાં કોઈ વચન પાળશે નહીં, શુદ્ર બ્રાહ્મણને માનશે નહીં, અઢાર વર્ણ એક જ થશે, સંપૂર્ણ એકાકાર ભ્રષ્ટાચાર થશે, કોઈપણ એક જ વર્ણનું શ્રેષ્ઠત્વ રહેશે નહીં, સર્વ જાતિ વર્ણસંકર થશે. સર્વે સમાનતાના એકતાના વિચારોથી અફળાતી પ્રજાનાં માનવ સમાજનાં નીચેથી ઉપર સુધીનાં ક્રિયાચરણને ધરમૂળથી બદલી નાખશે. એ પાપાચરણની અસર વાતાવરણ પર થશે અને સંપૂર્ણ નિસર્ગ (કુદરતી કાર્યક્રમ) બદલાયેલો દેખાશે.

ગંગા નદીનું પાણી પણ દૂષિત થઈને સૂકાઈ જશે, પાતાળમાંનું પાણી ખૂટશે એટલે તળાવ, કૂવા, ઝરણાનાં પાણી પણ સૂકાઈ જશે, વનસ્પતિ ફળશે ફૂલશે નહીં. સ્ત્રીઓ નિસ્તેજ, પંગુ, આંધળાં, અપંગ એવાં સંતતિ નિર્માણ કરશે, પ્રજામાં લૈંગિક્તા, વ્યભિચાર અતિશય વધશે. વિવાહ શુભકાર્યમાં પણ માંગલ્ય રહેશે નહીં. બ્રાહ્મણ પુરુષ શુદ્ર કન્યા સાથે વિવાહ કરશે. પુરુષ કુળવાન શીલવાન સ્વસ્ત્રીનો ત્યાગ કરીને બજારુ સ્ત્રી સાથે વ્યભિચાર કરશે, નવ વર્ષની કન્યા ગર્ભધારણ કરશે અને અપાર કષ્ટ ભોગવશે, ગાયને બબ્બે વાછરડાં પ્રસવશે, એક સ્ત્રી એક સાથે ત્રણ ત્રણ બાળકો પ્રસવશે. વિકૃત ગર્ભધારણને કારણે વિચિત્ર અવયવ આકૃતિનાં બાળકો જન્મશે, પૃથ્વી પર પાપનો ભાર અતિશય વધશે, લોકો અતિશય વિશ્વાસઘાત કરશે તેથી કોઈ કોઈના પર વિશ્વાસ રાખશે નહીં, રાજા વચન પાલન કરશે નહીં. લોભના, સ્વાર્થના યોગે સર્વત્ર કપટાચરણ વ્યાપશે, નાના વ્યક્તિ જ્ઞાનથી વયથી અને અનુભવથી મોટા હશે તેને માન આપશે નહીં.

સર્વ ખાદ્ય પદાર્થના સત્ત્વ રસ કસ નીકળી જશે અને નિઃસત્ત્વ અન્ન ધાન્ય ખાદ્ય પદાર્થ ખાવા પડશે. વાતાવરણના પ્રદુષણને કારણે નિઃસત્ત્વ અન્ન પર ઉદર નિર્વાહ કરવો પડશે, દહીં દૂધ પણ નિઃસત્ત્વ થશે, દહીં ઉપર માખણ અથવા મલાઈ પણ આવશે નહીં. રિદ્ધિ સિદ્ધિ સર્વ સૂકાઈ (મટી) જશે, એ પણ કંઈ કામ કરી શકશે નહીં. ગુરુનું શિષ્ય કંઈ જ માનશે નહીં, શિષ્ય ગુરુ પર ખોટા દાવા કરીને તેમને કોર્ટમાં ખેંચશે અને તેમનું અપમાન કરશે. ધર્મી કહેવડાવશે, ગુરુ પાસેથી દીક્ષા લેશે પણ બધા અધર્માચરણ કરશે, ગુરુનો ઉપદેશ કોઈ સાંભળશે નહીં.

લોકો સત્શાસ્ત્રોનાં અધ્યાપન શ્રવણ કરશે નહીં પણ અઘટીત અને અભદ્ર સાહિત્ય વાચનમાં વધારે રસ લેશે અને તેથી તેવા કુસંસ્કાર પોતાના પર અને પોતાની સંતતિ પર થશે, બહેન-પુત્રીનો ધન મેળવવા વિક્રય કરશે, વ્યભિચાર કરશે, માતા અને પુત્રી બંને સોતન પ્રમાણે વર્તીને પૈસા માટે અને પોતાના વિલાસ સુખચેન માટે અંદર અંદર લડશે. ક્ષુલ્લક કારણોથી સાસુ વહુના ઝઘડા થશે અને એકબીજાને મારશે. વહુઓ સાસુ પાસેથી પોતે વહીવટ લઈ પોતે વ્યવહાર કરશે. સાસુ પાસે ઘરકામ કરાવી વહુ મેવા મિઠાઈ ખાશે. આ પ્રમાણેનું વર્તન કલિયુગમાં દેખાશે.

અસીલને તો જગા નહીં, કમસીલ રાજદ્વારે જી,
અસીલને શિર બલા પડેગી, કમસીલ પકડે ગુમાન જી. ॥૨૬૬॥
સતીયારા સત્ છોડેગેં, સદા ફલ સુખ જાયેગે જી,
કોટે ગીરસે માંડ્યા ધસેગ્યા, સઉ હોશે જંગલ જી. ॥૨૬૭॥
આકાશથી મેહુ ના વરસો, ધરતી ધાન નહીં પાકે જી.
બારા બારા કોસ દરમ્યાન, એક એક દીવા જલેગા જી. ॥૨૬૮॥
અજબ ગજબકી આગ લગેલી, જલ બલ હોયેગા અંગાર જી,
એસી ગજબકી પવન ચલેગી, પર્વત ઉડ ઉડ જાયેગે જી. ॥૨૬૯॥

હેત હેતાંતર ત્રુટશે, માતા પુત્રીને પૂઠે ધરે જી,
કુટુંબ માંહે કલહો કરશે, મુનિવર મુનિવરમાં બાજી દેશે જી. ॥૨૭૦॥
દૈત્ય દેવતા ઉપર દાવા માંડશે, દેવતા કલિમાં ઓસરી જાય જી,
ભૂત ભગતી બહુ વધશે, ઘેર ઘેર અસત્‌નો પૂજાય જી. ॥૨૭૧॥
વિવાહ વાજીંત્ર નોતર્યા, એક તેડે સહુ કુટુંબ જાય જી,
રંગ માંહે જાઈને ભંગ કરે, જૂઠ મલી દરદિવાણે જાય જી. ॥૨૭૨॥
નારીને પાંચ પુત્ર થાશે, નરથી નારી ભલેરી કેવાય જી,
પાંચ વરસની પુત્રી ભરથાર માગશે, અતીત અભ્યાગતની સુધ નહીં લેવાય જી. ॥૨૭૩॥
ઠાવ ઠેકાણે નહીં કોઈ ગુરુમુખી, રહેશે કોઈના ઈતબાર જી,
કોઈ પરદુઃખ ભંજનહાર નહીં રહેશે, કોઈ ધરે નહીં રે લજાય જી. ॥૨૭૪॥
ગુપ્ત પ્રગટ કોઈ જાગશે, દેવલ દેહરા માંહે નહીં રહે સાચ જી,
નહીં કોઈ સાચી કરામત દેખાડે, નહીં કોઈ પાલે રે વાચ જી. ॥૨૭૫॥

આ કલિયુગમાં જે સાચો સત્ત્વશીલ હશે તેને કોઈપણ પ્રકારનું માન સન્માન મળશે નહીં. કોઈપણ પદને લાયક સત્ત્વશીલ વ્યક્તિ ટકી શકશે નહીં. નાલાયક, લાંચખાઉ, અને સ્વાર્થી અધિકારીઓનો જ બધે પ્રભાવ થશે, સત્ત્વશીલ માણસનું જીવવું અત્યંત દુસ્તર કઠિન થશે, કમસીલ (બેઈમાની) લોકો સુખચેન આરામ ભોગવશે. આ પ્રકારની સામાજિક પરિસ્થિતિ જોઈને સત્ત્વશીલ લોકો પણ સત્ય છોડીને વર્તશે. સારા સારા કુળવાન શીલવાન લોકો અસત્યાચરણ કરશે. વાતાવરણમાં સંપૂર્ણ બદલાવ આવશે.

ધરતીના પટમાં અતિશય ઉષ્ણતા નિર્માણ થશે. સૂર્યની ઉષ્ણતા પણ દિવસે દિવસે વધતી જશે. ફળ ઝાડ પર જ સૂકાઈ જશે તેમજ ફળ સાથે પણ ઝાડ સૂકાઈ જશે. આકાશમાંથી વૃષ્ટિ જ થશે નહીં. અન્ન ધાન્ય ફળ પાકશે નહીં. ધરતીકંપ જવાળામુખી, જોરજોરથી વાદળ ગર્જન, ચક્રવાત, ઉલ્કાપાત, વિદ્યુતપાત થવાથી ગામ-નગર, કોટ, કિલ્લા બધું ઉધ્વસ્ત થશે. પર્વત શિખર ઉધ્વસ્ત થશે, સર્વત્ર જંગલો વેરાન થશે, ખંડો વિભાજીત થશે, ઘાતક શસ્ત્રોથી વાતાવરણ દૂષિત થશે. રોગ, અપમૃત્યુ, પ્રચંડ આગ વગેરેને કારણે અસંખ્ય પ્રાણહાની થશે, બાર બાર કોસના અંતરે દીવા દેખાશે એટલે કે વસ્તીનું પ્રમાણ ઘટશે.

મનમાં કલ્પના ના હોય તેવી એકાએક મહાભયંકર આગ લાગશે. ખેતી, ઉદ્યોગ, અન્નધાન્યનું અપરિમિત નુકશાન થશે. અત્યંત સુસવાટ ભર્યા પવનો સાથે ચક્રવાતનાં વાદળો થશે અને એ કારણે પર્વતનાં શિખરો પણ ઉડવા લાગશે. માનવને જીવન જીવવું અત્યંત દુષ્કર થશે. આમ આવા અત્યંત કઠિન સમયે જે તે જીવાત્મા પોતાના હિતના જેટલા જ વિચાર કરશે, કુટુંબ-પરિવારના ગમે તે હાલ થાય તો પણ તે તરફ દુર્લક્ષ્ય કરશે. અંદર અંદર પ્રેમભાવ નહિવત્ થશે. સત્ત્વશીલ માણસો પણ સત્ય છોડીને અંદર અંદર ઝઘડા કરશે, દૈત્ય લોકો દેવતુલ્ય સાત્ત્વિક લોકો પર વેરભાવ ઉપસ્થિત કરશે. દેવોને પણ ખોટા કરશે, દેવ પૂજા મંદિરોને બદલે ભૂતભક્તિ પૂજા, પિશાચ્ય સાધના, વીર સાધના આ પ્રકારની ભક્તિઓ ઘેર ઘેર વધશે. રસ્તામાં-ઘરમાં સ્ત્રી અને પુરુષ તે પ્રકારનાં દંભી ભક્ત અને ભક્તાણી ઘુમતાં ફરશે. ઈશ્વરનું ભજન પૂજન કીર્તન નામ સ્મરણને બદલે અસત્યની દંભ યુક્ત પૂજા થશે.

વિવાહ મંગલ કાર્યો, સામુહિક ભોજન પ્રયોજન વગેરે કાર્યમાં એક વ્યક્તિને આમંત્રણ આપશે એ જગ્યાએ ઘરના બધા લોકો ઉપસ્થિત થશે, મદિરાપાન કરીને રંગનો ભંગ કરશે. મંગલ કાર્યનું સંપૂર્ણ અમંગલ કરશે અને પ્રતિષ્ઠા બચાવવા કોર્ટમાં જઈને કાર્ય કરનારા વ્યક્તિને માનભંગ કરવાના પ્રયત્ન વધતા જશે.

રજસ્વલા ધર્મ, સ્પર્શાસ્પર્શ, સૂતક, જનનશૌચ કોઈ પાળશે નહીં અને એ કારણે રજોગુણી સર્વત્ર લૈંગિક્તા, અરાજક્તા, અનાચાર, વ્યભિચાર, બળાત્કાર વગેરે વિકાર વધારે પ્રમાણમાં વધશે. અતિથિ અભ્યાગતનો આદર સત્કાર કોઈ કરશે નહીં. કોઈ કોઈનો વિશ્વાસ કરશે નહીં, કોઈપણ પરદુઃખ નિવારણ કરનારો રહેશે નહીં. સવર્ણજન મનની લજ્જા છોડીને નિર્લજ્જની જેમ વર્તશે. દેવમંદિરો સૂનાં થશે. સાચી સત્ત્વશીલ ભક્તિ કોઈ કરશે નહીં. સર્વત્ર અસત્યાચરણ, અધર્માચરણ, દંભિક ભક્તિ ચાલશે. આપેલ વચન કોઈ પણ પાળશે નહીં.

રાજા રાખણહાર લૂંટશે, પ્રજા નહીં માને રાજાની આણ.
રાજા રાક્ષસ રૂપી અવતરે, પ્રજા ચોર ધૂતારી જાણ. ॥૨૭૬॥
રાણી સેવે દાસ ને, દાસી સેવે રાય,
લેયે તે આપે નહીં, કલિમાં હરિને માને નહીં કોય. ॥૨૭૭॥
બે ઈમાની રાજા, ત્યાંહા કોઈ નહીં ધણી,
ભકત બ્રહ્માની નિંદા કરે, ત્યાં શુભ અશુભને માને નહીં. ॥૨૭૮॥
રાજા લૂંટે પ્રજાને, અને પિતા લૂંટે પરિવાર,
પિતા લેવે કન્યાનો દરભ, માતા વેચે બાલ. ॥૨૭૯॥
ભાવ ભોજન કરશે નહીં, વણ પૂછે જમવા જાય,
મરમ તો જાણે નહીં, મિથ્યા વેદ ભણે શું થાય. ॥૨૮૦॥
કોલ દઈને બીજે કરે, સવારે બોલે તે સાંજે ફરે. ॥૨૮૧॥
દંભ કૂડકપટ આચરે ને, આપ ઈમાને કોઈ ના ડરે. ॥૨૮૨॥
લોભી પંડિત જ્યાં વાંચે સ્વાર્થ પુરાણ,
અને લંપટ શ્રોતા, ત્યાં તો સુણે બેઠા જાણ. ॥૨૮૩॥
યુદ્ધ સામે સહસ્ત્ર યોદ્ધા રણ માંહે લડે, સહસ્ત્ર માંહે કોઈ એક સન્મુખે લડે.
લાખ મધે એક દાનવંતા નર રે જોયે, કરોડ મધ્યે એક યોગી યતિ હોયે. ॥૨૮૪॥
સુકુળની નારી લજ્જા લોપશે, ને સ્ત્રી બાળકને વેધશે જાણ,
બ્રહ્મન બનીયા હિંસા કરશે, અને બલિની પૂજા થાશે જાણ. ॥૨૮૫॥
ગાયનો વિકરો થશે, વિપ્ર કન્યા વેચે જાણ,
દાડો દાડાને લોપશે, મહાવખડી વેલા આવશે નિરવાણ. ॥૨૮૬॥
નગર વસતાં ઉજાડ થાશે, ચહુદિશ થાસો હાહાકાર,
પેટ સ્વાર્થ કાજે, કુલ ગોત્ર માંહે દેશે ગાળ. ॥૨૮૭॥

સતીઉમાં નહીં કોઈ પતિવ્રતા, નરમાં નહીં કોઈ નરાકાર,
નહીં કોઈ શૂરવીર, નહીં કોઈ પરદુઃખ ભંજનહાર. ॥૨૮૮॥
હેત હેતાંતર ત્રુટસે, અને ઊઠી જાશે દયા ધરમ
ધરમી ધરમીની નિંદા કરશે, તારે ઉપજશે બહુ કરમ. ॥૨૮૯॥
ત્યાં આયુષ્ય માનવનાં ઓછા હોયે, અને જૂઠા કર્તવમાં જાશે સોયે. ॥૨૯૦॥
નવસો નવ્વાણું નદીઓ ખૂટસે, ધોરી છાંડશે પ્રિથમીનો ભાર,
ધરત્રી માંહે ધૂંધૂકાર વ્યાપીયો, સર્વે થાશે હલહલકાર. ॥૨૯૧॥

રાજ્યનું રક્ષણ કરનાર જ રાજા પ્રજાને લૂંટી લેશે. પ્રજા પણ રાજાના હુકમ પાળશે નહીં. રાજાલોક અથવા રાજ્યકર્તા રાક્ષસી પ્રવૃત્તિના થશે. પ્રજા પણ ચોર, લૂંટારું અને મતલબી ઢોંગી થશે. રાણી દાસ (નોકર)ની સેવા કરશે. દાસી રાજાની સેવા કરશે. ઉધાર લીધેલી વસ્તુ રકમ પાછી કોઈ આપશે નહીં. કલિયુગમાં રાજા દેવ ધર્મમાં કંઈપણ માનશે નહીં. રાજા વિશ્વાઘાતી થશે, પ્રજાને યોગ્ય એવો શાસનકર્તા મળશે નહીં. ભક્ત લોકો પણ દેવની નિંદા કરશે. શુભ અશુભ એવો કોઈ પણ વિચાર માનશે નહીં. રાજા પ્રજાને લૂંટશે અને પિતા પરિવારને લૂંટશે. પિતા પોતાની કન્યાનું જ દ્રવ્ય હડપ કરશે. માતા બાળકોને વેચશે અને હત્યા કરશે, માનસન્માનથી ભોજન માટે ન જતાં અપમાનીત થયા પછી જમવા જશે.

વેદ શાસ્ત્ર પુરાણ વંચાશે પણ તેમના મર્મ ભેદ કોઈ જાણશે નહીં. એકાદ વાતનું આશ્વાસન આપશે, પણ એ પ્રમાણે વર્તશે નહીં. સવારે બોલશે કંઈક અને સાંજે કરશે બધું ઉલટું. સર્વત્ર દંભ કૂડકપટ અનાચાર ચાલશે. આપ ઈમાન કોઈ પાળશે નહીં. બેઈમાની અવિશ્વાસ વધારે વધશે. પંડિત આપ સ્વાર્થ માટે મતલબનાં હોય તેટલાં પુરાણ વાંચશે અને એ પુરાણ સાંભળનારા શ્રોતા પણ લંપટ અને મતલબી રહેશે. યુદ્ધ સમયે હજારો લોકોમાંથી એકાદ યોદ્ધો થશે અને તેવા હજારોમાંથી એકાદ જ સન્મુખ જઈને લડાઈ કરશે. લાખો લોકોમાંથી એકાદ દાનવીર થશે. કોટયાવધિ લોકોમાંથી એકાદ યોગી, યતિ, સંન્યાસી, બ્રહ્મચારી થશે. સત્ત્વ (કુલીન) કુળની સ્ત્રીઓ નિર્લજ્જ થઈને સમાજમાં વર્તશે. સ્ત્રીઓ ભૃણહત્યા, બાલહત્યા અને ગર્ભપાત કરશે.

બ્રાહ્મણ, વાણીયા, જૈન, બૌદ્ધ વગેરે અહિંસાવાદી લોકો જીવ હિંસા કરીને અભક્ષ્ય ભક્ષણ તેમજ અપેયપાન કરશે. બલિ આપનારા દેવી દેવતાઓની પૂજા કરશે અને દેવનો પ્રસાદ માની માંસાહાર અને મદિરાપાન કરશે. ગાયોના વિક્રય થશે. બ્રાહ્મણ કન્યા વિક્રય કરશે. દિવસે દિવસે સુસ્થિતિ-સુસંસ્કાર લોપાયમાન થશે. કુસંસ્કાર-દુઃસ્થિતિ વધતી જશે, સામાન્ય જીવન જીવવા માટે પણ કઠિન પરિસ્થિતિ નિર્માણ થશે. મોટાં મોટાં ગામો-નગરો ઉધ્વસ્ત થશે, સર્વત્ર ઉજ્જડ થશે. બધું જ વાતાવરણ શૂષ્ક થશે. ઉદર નિર્વાહ માટે પેટ ભરવાના સ્વાર્થે લોકો અવન્વીત કૃત્યો, ચોરી, ખૂન કરશે. કુળગોત્રને ગાળો આપશે. કુલધર્મ, ગૌત્ર ધર્મને કલંક લગાવશે. સત્યવાન શીલવાન કુળની સ્ત્રીઓ પણ પતિવ્રતા રહેશે નહીં. સ્ત્રીઓમાં પણ સ્ત્રીત્વ અને પુરુષોમાં પુરુષત્વ રહેશે નહીં. સ્પર્શાસ્પર્શનો વિચાર કરશે નહીં. શાસ્ત્રોક્ત કામસેવન ન કરતાં પશુવત કામક્રીડા કરશે.

પરદુઃખ નિવારણ કરનારા કોઈ પણ મળશે નહીં. ઉલટું બધાને દુઃખીત પીડિત કરનારા જ વિપુલ થશે. ઘરમાં, કુટુંબમાં, સમાજમાં, અંદર અંદર પ્રેમભાવ ઓછો થશે. દયા, ધર્મ, પ્રેમ, બધું નહિવત થશે. ધર્મી લોકો અંદર અંદર નિંદા કરશે. માણસોનું આયુષ્ય દિવસે દિવસે ઓછું થતું જશે અને રહેલું અલ્પ આયુષ્ય પણ પાપાચરણમાં જશે. જગતની બધી

મોટી મોટી નદીઓ પણ સૂકાઈ જશે, પાપના ભારથી ધવલ ધોરી પૃથ્વીનો ભાર સ્થિર રાખી શકશે નહીં એટલે અતિશય ભૂકંપ જવાળામુખી થતા રહેશે, પ્રચંડ આગ લાગશે, સૃષ્ટિની વનસ્પતિ સંપૂર્ણ નષ્ટ થશે અને વાતાવરણ ધૂંધળું થઈ જશે એટલે શ્વોચ્છવાસ લેવામાં પણ મુશ્કેલી થશે. હવા, ધ્વનિ, પ્રકાશ વગેરેના પ્રદુષણથી જીવ પ્રાણી માત્ર ગુંગળાઈને મરણ પામશે. બાળકો અંધ, બધિર, મૂક, અપંગ એવાં જન્મશે. સર્વત્ર હાહાકાર થશે, સંપૂર્ણ જીવમાત્ર ત્રાહિમામ્ ત્રાહિમામ્ થઈ જશે.

જે ચરપટ ચાળા કરશે દાનવનાં કામ, આજ તીરથવાસા છે તેનાં ઠામ. ॥૨૯૨॥
કાલિંગાના ચેલા ચરપટ કરશે કામ, લોકોને કહેશે ભાઈ અમો તીર્થવાસી નામ. ॥૨૯૩॥
પાણી મંત્રી ને ઘૃત કરશે હો ભાઈ, વેળુ મંત્રીને ખાંડ કરશે લેજો જોઈ. ॥૨૯૪॥
આપ રૂપ લઈ કાલિંગો આવશે, અગણિત પરાક્રમ પોતા તણાં બતાવશે. ॥૨૯૫॥
નાદ સંગીતના તે વિધ વિધ વગાડશે, તારે સહુ કોઈના મનને ભાવશે. ॥૨૯૬॥
કાલિંગો અત્રંગી આસને બેસશે, તે તો સર્વેને મનની આશ પૂરાવશે. ॥૨૯૭॥
કાષ્ટના ઘોડાને તે તો દાણા ખવરાવશે, અને નદીનાં ઉલ્ટાં પાત્ર પલટાવશે. ॥૨૯૮॥
તે કાલિંગાના ચોવીસ ચેલા આવશે, અને અભદ્ર મુખમાંથી બોલાવશે. ॥૨૯૯॥
સાત પેઢીનાં માબાપ તેવો દેખાડશે સહી, કલિયુગના દૈત્યની એવી નિશાની લેજો જોઈ. ॥૩૦૦॥
તે સાત પેઢી સગાંની દેખાડશે રે, અને દેખાડશે પોતાનાં માબાપ રે. ॥૩૦૧॥
એણી રીતે તે સર્વેને પરબોધશે રે, કાશી વિશ્વનાથ જપાવે જાપ રે. ॥૩૦૨॥
કાલિંગો એવો અનાચાર કરશે જાણ, બહુ જૂઠી કરામત કરી દેખાડશે નિરવાણ. ॥૩૦૩॥
એવા સતીયોના મન પલટાવશે જાણ, તેના ચિત્ત ચાળા કરશે પાપ પરમાણ. ॥૩૦૪॥
એણી રીતે તો દુનિયાના ઈમાન ડોલાવશે, તારે સહુ કોઈ થાશે નિરાશ રે. ॥૩૦૫॥
એવો ચરપટ ચાળા કરતો કાલિંગો આવશે, નદી સરસ્વતી તીરે મેલાણ રે. ॥૩૦૬॥
તે સતી લોકના સત્ ચૂકાવશે, એણી રીતે તે લેશે ઈમાન રે. ॥૩૦૭॥
જ્યારે સંવત્સર ચિલોત્ર પૂર્ણ હોશે, અને ચૈત્ર માસ ગુરુવાર રે. ॥૩૦૮॥
તે દિન સ્વામીજીની સેના ચઢશે, તારે પ્રભુજી થાશે અસ્વાર રે. ॥૩૦૯॥

ભારત દેશથી ઉત્તર દિશામાં આવેલા ચીન મહાચીન દેશમાં આસુરી સંપદા બનાવીને ત્યાંનો અધિપતિ દૈત્ય કાલિંગો, કલિયુગનો પ્રત્યક્ષ કાળ પુરુષ સંપૂર્ણ જગત પર પોતાની સત્તાની જમાવટ કરશે. અતિશય કૂડકપટ દંભાચાર કરીને લોકોને એ સ્વ ધર્મ-કર્મથી ભ્રષ્ટ કરશે. દુષ્કાળગ્રસ્ત, રોગપીડિત અને ભૌતિક સંકટોથી ત્રસ્ત થયેલા તેમજ આર્થિક સામાજિક વિષમતાથી પીડાયેલા લોકોને સાંસારિક, શારીરિક, માનસિક શાંતિનો સત્ય માર્ગ ન મળવાથી એવા અજ્ઞાન, અશાંત, અવિદ્યાગ્રસ્ત જીવાત્માઓની માનસિક વ્યથા ધ્યાનમાં લઈને દૈત્ય કાલિંગો અને તેના આસુરી મતના પ્રચારકો લોકોના ચિત્તમાં પોતાના અસુર ધર્મના બીજ વાવશે.

પોતે મોટા ઋષિ સિદ્ધપતિ તીર્થવાસી મહામાનવ છે એ પ્રકારનાં દંભાચરણ લોકોને બતાવશે. પોતાના આસુરી તપશ્ચર્યાના બળ પર પિશાચ સાધના, મોહિની વિદ્યાની સહાયથી ભાવિક ભોળા લોકોને ભૂલાવીને ડૂબાડશે. પાણી મંત્રીને ઘી તૈયાર કરશે. વેળુ મંત્રીને ખાંડ તૈયાર કરશે. અતિશય કર્ણ મધુર નાદ વગાડીને લોકોને મોહિત કરશે અને લોકોનું ચિત્ત પોતાની તરફ આકર્ષિત કરશે.

કાલિંગો દૈત્ય પોતે અંતરીક્ષમાંથી આવી અત્રંગી આસન પર બેસીને ભવદુ:ખથી પીડાયેલા લોકોની મનોકામના પૂર્ણ કરશે. લાકડાના ઘોડાને અન્ન ખવડાવશે. નિર્જીવને સજીવન કરીને બતાવશે. નદીનાં પાણી પલટાવીને ઉગમ તરફ લઈ જઈને બતાવશે. લોકોને તેમની સાત પેઢીઓનાં માતા પિતાનાં ચિત્રપટ બતાવશે. એટલું જ નહીં તેમનાં સગાં સબંધીઓનાં પણ સાત સાત પેઢીઓના ચિત્રપટ બતાવી તેમની માનસિક શ્રદ્ધા પર પોતાનો આસુરી પ્રભાવ પડાવશે. આ રીતે લોકોની સત્ય ધર્મ પરની શ્રદ્ધા ચલિત કરીને પોતાના તરફ મન શક્તિ આકર્ષિત કરશે.

પોતાના આસુરી ધર્મનો અનાચાર, અત્યાચાર, બળાત્કાર, વ્યભિચારનો પ્રબોધ આપી લોકોને અસત્યના માર્ગે લગાવશે. અલગ અલગ દેવી દેવતાઓની વિકૃત સ્વરૂપની કથાઓ રચીને અને તેને લોકોમાં મોટા પ્રમાણમાં પ્રચાર કરીને લૈગિંક્તા અને વિષયાસક્તિ વધારશે. જયભોલે, જયશંકર, કાશીવિશ્વનાથ વગેરે નામ સાથે પોતાના નામનો પણ જાપ ઉચ્ચારાવશે. ગાંજા, ભાંગ, તમાકુ, મદિરા, માંસાહારનો પ્રસાદ વહેંચશે. સ્ત્રીઓમાં લંપટપણું, દુર્વ્યસનો વગેરે ભરાઈ આવશે અને બનાવટી દેવીઓનાં નામ ધરીને ધર્મ સાથે તેમનો પોતાનો સંબંધ જોડાવશે.

આ પ્રકારે દૈત્ય કાલિંગો અને તેમના પ્રચારક શિષ્યો અનાચાર કરીને ખોટી કરામત કરીને બતાવશે. માટે સારા સત્યવાન શીલવાન લોકોનું પણ ધૈર્ય તૂટશે. સત્ત્વશીલ પુણ્યવાન લોકોનો મનોભંગ કરીને સત્ય ધર્મ પરાવૃત્ત કરવું એ તેમનું મુખ્ય કામ રહેશે. પોતાની આસુરી શક્તિ બળવાન અને સમર્થ કરવા માટે જોઈએ એ પ્રલોભન લોકોને બતાવી સત્‌ધર્મની પ્રવૃત્તિ ઓછી કરાવશે. આ પ્રકારના આ અસત્ય, દંભી, આસુરી કાર્યો કરતાં કરતાં ઉત્તર બાજુથી એ સરસ્વતી નદી સુધી આવશે. સતીયા લોકોનું સત્ ચૂક્વવા માટે, લોકોનું ઈમાન, શ્રદ્ધા, ધર્મનિષ્ઠા ચલિત કરવા માટે તે કેટલાય પ્રયત્ન કરશે.

દૈત્ય કાલિંગાની આવી અસુર પ્રવૃત્તિ જ્યારે પૂર્ણ વેગવંતી બનશે ત્યારે સુરશક્તિનું પ્રાગટ્ય થશે. એ દૈવી શક્તિનું બળ સંપન્ન કરવા માટે, તેનું સામર્થ્ય સંગઠીત કરવા માટે ભગવાન શેષશાયી નારાયણ પોતે આ અવની તળ પર પ્રગટ થઈને ભગવાન મૂળ સનાતન સદ્ધર્મનું દિગ્દર્શન અને પ્રચાર કરીને દૈવી સંપદા સંગઠીત કરશે. યોગ્ય સમય આવતાં જ ચિલોત્ર સંવત્સર, ચૈત્ર માસ પૂર્ણિમા, ગુરુવારના દિવસે ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ પ્રગટ થશે અને દૈત્ય કાલિંગાનો પ્રતિકાર કરશે.

જ્યારે એવાં કપટ કલિમાં વ્યાપક હોય, ત્યારે સાચા સદ્‌ગુરુને નહીં માને કોય. ॥૩૧૦॥
આજે કલિમાં અંતે આચાર લોપશે જાણ, તે જૂઠા કરામત કરીને દેખાડશે નિરવાણ. ॥૩૧૧॥
આ દેવ સ્થાપનાનો ભેદ ન જાણે જેહ, અને ગુરુ નર ગત્‌ગંગા શું દાવો કરશે તેહ. ॥૩૧૨॥
જે કોઈ માસ છ માસે ગત્‌માં આવશે અજાણ, તે સદ્‌ગુરુના ભાખ્યા નહીં કરે પરમાણ. ॥૩૧૩॥
જે ગત્‌માં આવે ને માનબઢાઈનો કરે વિચાર, તેનું આ ગોરનર શું હેત નહીં લગાર. ॥૩૧૪॥
જે અવતાર પાત્રમાં ભેદ રાખે આપ, ભાઈ તેણે માથે ચઢે છે મોટું પાપ. ॥૩૧૫॥
જ્યારે એ નિશાની સઘળી આવી મળશે સાર, ત્યારે સર્વે દુનિયા થાશે એકાકાર. ॥૩૧૬॥
જ્યારે એ વખત વેળા આવશે વકરમ, ત્યારે કલિ માંહેથી ઉઠશે દયા ને ધરમ. ॥૩૧૭॥
એક અવિચલ ધરતી ને બીજો આ સત્‌પંથ જાણ, બાકી સહુ કોયે માથે કરમ લીધું પરમાણ. ॥૩૧૮॥
ત્યારે હસ્તીને દૂધ આવશે, ને દરિયાવ મીઠા થાશે નિરવાણ.
વડ પીપળને તો ફૂલનો, નાગરવેલ ફલ આવશે જાણ. ॥૩૧૯॥
જ્યારે વરસ દસ દાડલા થાશે, ને સાઠ માસની રહેણી જાણ,
ચાંદો સૂરજ બેઉ ગરદ જ થાશે, અને પશ્ચિમ દિશા ઉગશે ભાણ. ॥૩૨૦॥
ચૈત્ર માસ શુક્રવારને અશ્વિન નક્ષત્ર સાર, તે પૂનમને દાડે કાયમ પ્રગટ થાશે મોરાર. ॥૩૨૧॥

દૈત્ય કાલિંગા નિર્મિત દુઃસ્થિતિ સંપૂર્ણ જગતમાં જ્યારે વ્યાપક થશે ત્યારે સદ્‌ગુરુને કોઈ માનશે નહીં. આ કલિયુગમાં અંતિમ સમયે સર્વ પ્રકારના આચાર ધર્મ લોકવ્યવહાર બગડશે. સ્વૈચ્છાચાર શરૂ થશે. અસત્યાપણાને વધારે પ્રાધાન્ય મળશે. સત્ય લોપ પામશે. દેવ સ્થાપના, દેવતા અર્ચન, પૂજાના ભેદ કોઈ જાણશે નહીં. ગુરુ મુખી ગત્‌ગંગાના લોકો સાથે મિથ્યા વાદવિવાદ કરીને ઝઘડા દાવા ઉપસ્થિતિ કરશે. સત્સંગ, ક્થા, કીર્તન કંટાળાજનક લાગશે, લોકસંગીત-નાટક-તમાશા વધારે લોકપ્રિય બનશે. ધર્મના અનુયાયી લોકો પણ ગુરુમુખી ગત્‌ગંગામાં છ મહીનામાં કે વર્ષમાં એકવાર આવશે.

સદ્‌ગુરુનાં વચન પાલન કરશે નહીં. ગુરુ મેળામાં સત્સંગમાં માન બઢાઈનો વિચાર કરશે, ગુરુ શું ઉપદેશે છે, ગુરુ પોતાના હિતનું શું કહે છે એ તરફ દુર્લક્ષ્ય કરીને હું લક્ષાધીશ (લખપતિ), કોટવાધીશ (કરોડપતિ), મારાથી કોઈ ઉચ્ચ નથી, મારી ઈચ્છા પ્રમાણે બધાએ વર્તવું જોઈએ વગેરે માન માન્યતાનો દેખાવ બતાવશે. ગુરુ માટે, શાસ્ત્ર ગ્રંથ માટે, કોઈ પણ આદરભાવ બતાવશે નહીં. ભગવાન જે અવતાર ધારણ કરશે તેમનું તત્ત્વ ન જાણતાં રામ જ સાચા દેવ હતા, કૃષ્ણ સંધીસાધુ ધૂર્ત હતા, બુદ્ધ થયા જ નથી. વરાહ અવતાર જ નહોતો, નૃસિંહ અવતાર એ માત્ર ગપ્પાં છે વગેરે આ પ્રમાણે વાદ વિવાદ કરીને અશ્રદ્ધા નિર્માણ કરશે. ભગવાનના અવતાર પાત્રમાં જે ભેદ માનશે એ પોતાના શિર પર મોટાં પાપનાં પોટલાં લેશે.

ઉપર વર્ણવેલી કલિયુગની સંપૂર્ણ નિશાની જ્યારે ઘડાશે ત્યારે સંપૂર્ણ પૃથ્વીમાં એકાકાર થશે. વર્ણસંકર પ્રજા અને અનાચાર વધશે. અતિશય વિકૃત એવી કલિયુગ સ્થિતિનો પ્રત્યય થશે, દયાભાવ અને ધર્મનો દુનિયામાંથી લોપ થશે. સદ્‌ગુરુ પાસેથી આત્મ જ્ઞાન ગ્રહણ કરીને એ અનુસાર ધ્યાન, ધારણા, સાધના કરીને આત્મોન્નતિ સાધેલા મહાત્મા જ અવિચળ સુસ્થિર અને નિશ્ચિલ રહેશે. બાકી જીવાત્મા પોતપોતાનાં કર્મો પ્રમાણે અતોનાત દુઃખ કષ્ટ ભોગવશે.

હાથણીને દૂધ પ્રગટ થશે. સમુદ્રનું પાણી મીઠું (ગળ્યું) થશે. તેની ઉપર ઉદર નિર્વાહ કરવો પડશે. વડ અને પીપળાને ફૂલ આવશે. નાગરવેલમાં ફળ આવશે વગેરે અશક્ય વાતો શક્ય થવા લાગશે. પૃથ્વી ઉપર પાપનો ભાર વધી જશે. દસ દિવસનું એક વર્ષ થશે. એક રાતના સાઈઠ મહીના એટલે પાંચ વર્ષની થશે. આ પ્રમાણે કલિયુગની વર્ષ પ્રમાણેની ગણતરી થશે. છેલ્લે ચંદ્ર અને સૂર્ય બંને પણ અંધુક (અવ્યવસ્થિત) થશે. પશ્ચિમ તરફ સૂર્ય ઉગેલો દેખાશે. ચૈત્ર મહિનામાં અશ્વિન નક્ષત્ર, પૂર્ણિમા, શુક્રવારના દિવસે ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ નિત્ય અવિનાશી અખંડ અભંગ એવા ભગવંત અવતાર રૂપે પ્રગટ થશે.

ત્યારે આપણો સ્વામી પોતે પધારશે, ગુરુ બ્રહ્માજી ભણશે વેદ,
હજારો ભલેરા કર જોડીયા, તમે જપો સદ્‌ગુરુના ભેદ. ॥૩૨૨॥
શ્રી નિષ્કલંકી નારાયણ, નિરંજન નિરાકાર પોતે જાણ,
જેહુને ચરણે ઉગમીયા, અનંત કોટિ ચંદ્ર ને ભાણ. ॥૩૨૩॥
ત્રણ કલ્પ ત્રણ જુગમાં, ગુરુ ભેદ માર્ગ એહ દેખ,
આજ કલિમાં દશમે આવીયા, તે આપો આપ અલેખ. ॥૩૨૪॥
દેશ દિલમે હરિ અવતરીયા, પ્રત્યક્ષ દેવ મોરાર,
શહર વરજાગઢમાં બેઠા છે મુનિવર, હરિ જીવના તારણહાર. ॥૩૨૫॥
નવહી અવતાર પાછળ હોઈ ગયા, કલિ માંહે દસમો અવતાર,
નવ અવતાર દાનવ છેદ્યા, દશમે કાલિંગાની છે જાન. ॥૩૨૬॥

જ્યારે આવી સો નિશાની, પૂરી થાશે મુનિવર જાણ,
ત્યારે સ્વામી દૈત્ય કાલિંગા ઉપર, સવારી કરશે નિરવાણ. ॥૩૨૭॥
એવા સત્ વચન ઈમામશાહ બોલ્યા સહી પરમાણ,
ભાઈ મુનિવરો આ તમને કહ્યાં છેલ્લાં એંધાણ. ॥૩૨૮॥
જ્યારે શ્રી હરિ દૈત્ય કાલિંગાને મારવાના કરશે વિચાર,
ત્યારે તેડાવી હનુમાન જાશે ચીન મહાચીન નગર મોઝાર. ॥૩૨૯॥
જ્યારે હનુમાન જાશે ચીન મહાચીન નગર મોઝાર,
તે તો જઈ ઊભા રહેશે પાછમ દિશાના દ્વાર. ॥૩૩૦॥
ત્યાં હાક મારીને કરશે હનુમાન બૂમ બૂમકાર,
હવે તું કાં સૂતો છે દૈત્ય કાલિંગા ગમાર. ॥૩૩૧॥
મારા પ્રભુજી આવશે કાટવા તારો શીશ,
ત્યારે દૈત્ય સાંભળી કરશે મન માંહે અતિ રીસ. ॥૩૩૨॥
હનુમંત ક્રોધે કરશે મહા ભુભુઃકાર
ત્યાંહાના કોટના કાંગરા ઢળી પડશે ચાર. ॥૩૩૩॥
એવી દ્વાહી દઈને હનુમંત પાછા ફરશે,
અને શહર વરજાગઢ માંહે આવી સંચરશે. ॥૩૩૪॥
પછી દૈત્યના નગરમાં થાશે બહુ હલહલકાર,
ત્યાં સર્વે દૈત્ય મળી યુદ્ધના કરવા લાગશે વિચાર. ॥૩૩૫॥

ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણનો અવતાર જ્યારે પ્રગટ થશે એ વખતે બ્રહ્માભૂત થયેલા સદ્દ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પણ પ્રગટ થઈને વેદમંત્રોથી યુક્ત ભગવાનનું સ્તુતિ ગાન કરશે. હજારો દેવ દેવતા માનવ રૂપે પ્રગટ થઈને ભગવાનના સગુણ સાકાર રૂપની સ્તુતિ કરશે.

ભગવાનનો અને સદ્દ્ગુરુ બ્રહ્માનો આગમ ભવિષ્ય ભેદ હે સદ્ભક્તો, તમે સમજી લો. ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ નિરંજન નિરાકાર અજન્મા, અવ્યય, અખંડ, અનાદિ છે. જન્મ મરણ તેમને નથી. એ સામાન્ય માનવ કોટિના નથી, સર્વ વ્યાપક અને સર્વદર્શી છે તો પણ ભક્તો માટે સગુણત્ત્વ સાકાર રૂપે એ અવ્યક્ત વ્યક્ત છે. એ અયોની જ છે એટલે અજન્મા છે. માનવ પ્રમાણે સામાન્ય દષ્ટિકોણમાંથી તેમના દિવ્ય જન્મ કાર્ય માટે વિચાર કરવો યુક્ત નથી. માનવ પશુ પક્ષાદિ અને વૃક્ષપાષાણાદિ જડ યોની તેના એક માત્ર સંકલ્પ બળથી નિર્માણ થઈ છે, એ સંપૂર્ણ વિશ્વના સૃજક પોતે સ્વયં સિદ્ધ સંકલ્પ બળથી જ પ્રગટ થશે. અનંત કરોડ ચંદ્ર સૂર્ય પ્રમાણે અપાર દિવ્ય તેમનું તેજ હશે. તે પોતાનું અવતાર કાર્ય કરવા માટે સ્થિર થશે.

પાછળના ત્રણ યુગમાં ભગવાને નવ પ્રગટ અવતાર ધારણ કરીને નવ દૈત્યોનો સંહાર કર્યો છે, હવે આજ કલિયુગમાં દૈત્ય કાલિંગાનો સંહાર કરવા માટે શેષશાયી નારાયણ ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ અવતાર રૂપે પ્રગટ થશે. તેમના અવતાર કાર્યની જાણ નિશાની સદ્દ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કથન કરી છે :-

ચીન દેશનો મહાબલાઢય દૈત્ય કાલિંગો પોતાની પ્રજાને અનેક પ્રકારે ફસાવી ત્રાહિમામ્ ત્રાહિમામ્ કરીને રંજાડશે. આ પ્રજાને આ દૈત્યના સંતાપમાંથી છોડાવી શકે એવો એક પણ મહાનાયક થશે નહીં. પણ પુનિત ભારત ભૂમિમાં ભગવાને અનેક ગુપ્ત પ્રગટ અવતાર ધારણ કર્યા હોવાથી ભારતની પુણ્યશાળી ભૂમિમાં જ સંપૂર્ણ જગતનું ધ્યાન રહેશે અને આ પવિત્ર ભૂમિ જાગતિક (સર્વ જગતની) સંઘટનાનું કેન્દ્ર સ્થાન છે એ જ ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણનું પણ રહેશે. એ પાવન સ્થાને સંપૂર્ણ દૈવી શકિત સંગઠીત થશે.

વાયુપુત્ર હનુમાન ચિરંજીવ હોવાથી એ પણ એ જાગતિક શકિતમાં સહભાગી બનશે. તેમને ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ પ્રથમ ચીન દેશમાં દૂત તરીકે મોકલી દૈત્ય કાલિંગાને તેના આતતાયી અને ક્રૂર આક્રમક વલણ બાબતે જાણ કરીને જાગૃત કરશે. હનુમાન ચીન નગરના પશ્ચિમ દ્વારમાં ઊભા રહીને મોટે મોટેથી ભુભુઃકાર કરશે, તેના એ ભયંકર અવાજથી નગરના ચોતરફ બાંધેલા કોટની ચારે બાજુ ખરડશે. હનુમાન દૈત્ય કાલિંગાને મોટેથી હાક મારીને સંબોધીને ભગવાનનો સંદેશો જણાવશે. હનુમાન કહેશેઃ 'હે દૈત્યાધિપતિ કાલિંગા ! આજ સુધી તે જગતની પ્રજા પર દમન ગુજાર્યા છે, પ્રજાને તે અનેક રીતે પીડી છે, પણ હવે તારો કાળ નજીક જ આવ્યો છે એમ તું નક્કી સમજ. કારણ તને મારવા માટે અને તારી આસુરી શકિતનો સંહાર કરવા માટે મારો સ્વામી શ્રી નિષ્કલંકી નારાયણ અવતાર રૂપે પ્રગટ થયા છે. તો તું જાહેર યુદ્ધની તૈયારી કર. તને જાગૃત કરીને વીર પ્રમાણે સન્મુખ યુદ્ધ કરવાનું આહ્‌વાન અમે આપીએ છીએ.' આ પ્રમાણે જાણ કરી હનુમાન પાછા ફરશે.

હનુમાનનું એ આહ્‌વાન સાંભળી દૈત્ય કાલિંગો અતિશય ક્રોધિત થઈ ધૂવાંપૂવાં થવા લાગશે. હનુમાનને પકડીને ઠાર મારવા માટે એ ખૂબ પ્રયત્ન કરશે, પણ એ વ્યર્થ જશે. હનુમાન પોતાનું દૂત તરીકેનું કાર્ય પૂર્ણ કરીને ઘટેલી ઘટનાનું બધું વૃત્તાંત કહેવા માટે ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ પાસે આવશે. અહીં દૈત્ય કાલિંગો અને તેના ઈતર અસુરો હનુમાન દૂતનું વચન સાંભળીને ચિંતિત થશે અને બધા મળીને યુદ્ધનો વિચાર વિનિમય કરવા લાગશે.

દૈત્ય કાલિંગાની સવારીના પરચા જાણ, તો તમે સુણો મુનિવરો સહી પરમાણ. ॥૩૩૬॥
ત્યાં સઘળા દૈત્ય મળીને એકઠા થાશે, હવે તમારો દુશ્મન આપણાથી જીતી કેમ જાશે. ॥૩૩૭॥
તે દૈત્યને અનંત ક્રોધે મન છૂટશે કાંપણી, હું છું બહુ બલવંત છાસઠ કરોડ યોદ્ધાનો ધણી. ॥૩૩૮॥
દૈત્ય કાલિંગાનું ફૂલશે અંગને ચઢાવશે સેલા બખ્તર ટોપ, બે સહસ્ત્ર યોદ્ધા બાંહે વળગશે મહાભૂપ. ॥૩૩૯॥
એક માસ દિન સોળ લગી પહેરશે સેલા બખ્તર ઉત્તમ સાર, ત્યારે છાસઠ કરોડ દૈત્ય એવાં બાંધશે હથિયાર. ॥૩૪૦॥
તે સર્વે યોદ્ધા સેલા બખ્તર પહેરશે સહુ સંગાથ, ત્યારે દૈત્યરાજ કાલિંગો સભા ભરશે સહુ સાથ. ॥૩૪૧॥
ત્યાં સભા માંહે દૈત્ય કાલિંગો બોલશે સાથ, અને તે દૈત્ય શું ભેટ કરીને બીડાં દેશે હાથ. ॥૩૪૨॥
તમે સુણો ભાઈ યોદ્ધા કાલિંગો કહેશે નિશંક, તાહા રણક્ષેત્ર માંહે ઝુંઝતાં ન આણશો દુઃખ. ॥૩૪૩॥
ત્યારે સભામાં જે ઉમરાવ બેઠા હશે પાંચ, તે દૈત્ય કાલિંગા શું બોલશે વાચ. ॥૩૪૪॥

હનુમાને સંદેશો આપ્યા પછી દૈત્ય કાલિંગો પોતાના આગેવાન સેનાપતિઓની અને સહાયકોની સભા ભરાવશે. એ સભામાં હનુમાનની અને શ્રી નિષ્કલંકી નારાયણની નિર્ભત્સના અને પોતાના સભાજનો સામે નિવેદન કરતી વખતે પોતાના દેશની, દેશબાંધવોની, સૈનિકોની અને સભામાં રહેલા અમીર ઉમરાવ સેનાપતિઓની વાહ વાહ કરીને ગૌરવ કરશે. તેના પોતાના આસુરી ધ્યેય ધોરણ અને સત્તાનું પ્રદર્શન કરશે અને કહેશે કે આપણું છાસઠ કરોડ સૈન્યબળ હોવાથી એ નિષ્કલંકી

નારાયણની અથવા તેના યત્કિંચિત સૈનિકોથી બીવાની કોઈ જરૂર નથી. એમ કહીને ક્રોધાતિશયથી કાલિંગાનાં અંગ ફૂલીને થરથરવા લાગશે. પછી સિંહ ગર્જના કરતા બધા અસુરો ચીન દેશના ને દૈત્યાધિપતિ કાલિંગાનો જયઘોષ કરશે. પોતાના આસુરી ધ્યેય ધોરણને જાહેર રીતે ઘોષ કરીને આનંદ વ્યકત કરશે. એ બધા જાહેર રીતે યુદ્ધ કરવાની તૈયારીમાં લાગશે. સર્વ સૈનિકોને બખ્તર, ટોપ, સંરક્ષક શસ્ત્રો, યુદ્ધોપયોગી સાધન સામગ્રી આપવાની તૈયારીમાં લાગશે. બધા યોદ્ધાઓની તૈયારીમાં એક મહીનોને સોળ દિવસ લાગશે.

પ્રત્યેક સૈનિકને વસ્ત્ર, બખ્તર, ટોપ, શસ્ત્રો અને ઘોડા, ઊંટ, હાથી વગેરે વાહનો આપીને દૈત્ય કાલિંગો પોતાના સેનાપતિઓ અને દેશના મોટા મોટા અમીર ઉમરાવોની એક મોટી જાહેર સભા કરશે. એ સભામાં એ બધાને પોતાના ધ્યેય ધોરણની જાણ અને શિખામણ આપશે. પછી કયા માર્ગથી કંઈક રીતે આક્રમણ અતિઆક્રમણ કરવું. એનું આયોજન સંપૂર્ણ એ પોતાના અસુરોને સમજાવીને કહેશે.

આ રીતે સંપૂર્ણ યુદ્ધની તૈયારી થયા પછી પોતાના સૈનિકોને, દેશબંધુઓને પોતાના યુદ્ધ બળની સંપૂર્ણ જાણ થાય તે માટે એ સભામાં પોતાના સેનાનીઓને પાનબીડુ આપી તેમની પાસે શપથ લેવડાવશે અને તે પ્રત્યેક પાસેથી પોતે કોની સાથે કંઈક રીતે યુદ્ધ કરશે એની પ્રતિજ્ઞા કરાવશે. એ બધાને કહેશે કે હે મારા પ્રાણપ્રિય અસુર બંધુઓ, સંપૂર્ણ જગતમાં આપણે આપણા દેશમાં અને યુદ્ધમાં અને ઈતર અન્ય ક્ષેત્રમાં સમૃદ્ધ અને નિપુણ છીએ. આપણે એટલા બધા બલવાન અને સમર્થ છીએ કે સંપૂર્ણ જગત પર આપણી જ સત્તા છે. હું અખિલ જગતનો સ્વામી હોવાથી તમે મારા બધા અસુરો અત્યંત બળવાન અને સર્વ સમર્થ છો. આમ હોવાથી પોતાની સત્તાનો વિરોધ કરનારો આ કોણ શ્રી નિષ્કલંકી નારાયણ પ્રગટ થયો છે ? તેને અને તેના બધા મળતિયાઓને આપણે પરાસ્ત કરવા જોઈએ અને આપણા અજોડ અદ્વિતીય સત્તાનું બળ તેમને બતાવી દેવું જોઈએ. માટે તેમની સામે લડતી વખતે કોઈએ પણ કોઈપણ જાતનું આળસ કરવું નહીં. જીવ જાય તો પણ પાછું ફરવું નહીં. યુદ્ધ કરતાં કરતાં ભલે પોતાના દેશના કલ્યાણ માટે મરણ આવે, પણ પ્રાણભયથી યુદ્ધમાંથી ભાગી આવવું નામર્દપણાનું લક્ષણ છે. આ માટે પ્રાણપણાથી લડો અને પોતાની વિરોધી શકિતની બધી પાળો ખોદી નાખીને છિન્નભિન્ન કરો.' દૈત્ય કાલિંગાની અહંકાર યુકત વાણી સાંભળીને વીરરસ ઉત્પન્ન થયેલા અસુરો એના સેનાપતિની આગળ જઈને એક એક જણ પ્રતિજ્ઞા લેવા લાગશે.

પહેલો દૈત્ય મલકેશર કહેશે હું પાંચ પાંડવ શું લડું, બાકી અવર યોદ્ધા ચિત્તમાં નવ ધરું. ॥૩૪૫॥
બીજો દૈત્ય ગજકેશર મુખથી બોલશે વાણ, ઔટ કરોડી ભૂતનો કરું હું કચ્ચર ઘાણ. ॥૩૪૬॥
ત્રીજો દૈત્ય રણકેશર બોલશે વિખ્યાત, હું તો બાણું લાખ મારું પેશીવલ જાત. ॥૩૪૭॥
ચોથો દૈત્ય રકતકેશર બોલશે મહાભડવીર, હું તો નવકુળ નાગ મારું સધીર. ॥૩૪૮॥
પાંચમો દૈત્ય નાગકેશર કહેશે સાંભળો ચીનના ધણી, હું તો ચોસઠ લાખ મારું જોગણી. ॥૩૪૯॥
ત્યારે ટિલાવંત દૈત્ય કાલિંગો બોલ્યો બોલશે, હું તો અભંગ સરીખા મારું કુટુંબ કરોડ. ॥૩૫૦॥
ત્યારે કમળાકુંવર બોલશે દૈત્યની સભા માંહે જઈ, આપણા રાજ ક્ષત્રીવટ પાલવા સહી. ॥૩૫૧॥
તાહા યોદ્ધા હશે તે છુપા નહીં રહે, અને ઘણના ઘાયો તે ઐરણ સહે. ॥૩૫૨॥
એવા ઘણના ઘાયે સો સહે ભૂપાલ, તમારું લખ્યું તે થાશે કરમ કપાલ. ॥૩૫૩॥
એ સર્વે વાતો તમે ભોગવશો એમ કમળાકુંવર કહે, આવા ત્યાં ક્ષત્રિય હશે તે છુપા નહીં રહે. ॥૩૫૪॥

પહેલો દૈત્ય સેનાપતિ મલ્લકેસર હાથ ઉપર કરીને મોટેથી પ્રતિજ્ઞા કરવા લાગશે કે; મલ્લયુદ્ધમાં અત્યંત નિષ્ણાત એવો હું જાગતિક કીર્તિનો યોદ્ધો છું. શ્રી નિષ્કલંકી નારાયણના સૈન્યમાં રહેલા પાંચે પાંડવો સાથે યુદ્ધ કરીને હું તેમનો સંહાર કરીશ, બાકીના યોદ્ધા તો મારા મતથી કચરા પ્રમાણે છે. બીજો મહાબલાઢય ગજકેસર દૈત્ય કહેશે; શત્રુ સૈન્યના ઔટ (સાડા ત્રણ) કરોડ ભૂતગણનો હું એક ચપટીમાં સંહાર કરીશ. ત્રીજો રણધુરંધર મહાયોદ્ધો રણકેસર કહેશે કેઃ બાણું લાખ સૈનિક ગણ રહેલા પેશીવલો (પિશાચો)નો હું સંહાર કરીશ. ચોથો દૈત્ય રક્તકેસર મોટેથી ગર્જના કરીને કહેશે કેઃ નવકુળ નાગ સૈન્યનો હું સંહાર કરીશ એવી પ્રતિજ્ઞા કરું છું. પાંચમો દૈત્ય નાગકેસર કહેશે કે; મારા ચીન દેશસ્થ બાંધવો અને દૈત્ય સમ્રાટ કાલિંગા સ્વામી, શત્રુ સૈન્યમાં આવેલ ચોસઠ લાખ જોગણી સૈન્યોના સંહારની જવાબદારી હું મારા શિર પર લઉં છું. શત્રુ પક્ષે પોતાના યોદ્ધાઓને નામોહરામ કરીને મોહમાં નાખવા માટે જ મેં જોગણી રૂપે સ્ત્રી સૈન્યની યોજના કરી છે. તેને મૂળ સાથે ઉખાડી નાખવાની તે પ્રતિજ્ઞા લેશે.

આ પ્રમાણે જ હજુ અનેકાનેક નામવંત દૈત્યો પોતપોતાની જવાબદારી અનુસાર પ્રતિજ્ઞા લેશે. પ્રત્યેક પોતપોતાના પરાક્રમની કલ્પના કરશે. ત્યારે એ જ સભામાં હાજર રહેલો દૈત્ય કાલિંગાનો પુત્ર ભક્ત કમળાકુંવર ઊઠીને ઊભો થશે અને કહેશે : ‘પ્રિય યોદ્ધાગણો, હું વિનંતી કરીને બે શબ્દ તમને કહેવાની હિંમત કરું છું તે શાંત ચિત્તથી સાંભળી લો. તમે બધા યોદ્ધાગણ અત્યંત કુશળ અને શૂરવીર પરાક્રમી છો. આજે તમારું ક્ષેત્ર, સ્થાન, માન અને પદ અત્યંત શ્રેષ્ઠ અને આપણા દેશની દૃષ્ટિમાં મહત્ત્વનું છે, પણ યુદ્ધને કારણે દેશને લાભ ન થતાં નુકસાન થવાનો વધારે સંભવ છે. કારણ વિરોધી પક્ષ અત્યંત બળવાન અને સર્વ સમર્થ છે. તેમની આગળ આપણું ટકવું શક્ય નથી. માટે તમે યુદ્ધ ન કરતાં તેમની સાથે સમજૂતી કરવાનો પ્રયત્ન કરો. યુદ્ધ એટલે એરણ ઘણના ઘાવ સમાન છે. ઘણના ઘાવ સહન કરવાની એરણ પ્રમાણે આપણી શક્તિ હોય તો આગળ પગલું ભરો. અર્થાત્ સાચો ક્ષત્રિય પરાક્રમી ત્યાં પ્રત્યક્ષ યુદ્ધમાં અંગચુકારપણું કરશે નહીં, પણ વિરોધી પક્ષનું બળ જોઈને કાર્ય કરશે. માત્ર કલ્પના કરીને ઘોષણા કરવાથી કાર્ય સિદ્ધ થશે નહીં. આપણા દેશના આગળના ભવિષ્યનો વિચાર કરીને સમજુતી કરવાનો પ્રયત્ન કરવો એવું મારું તમને નમ્ર નિવેદન છે.

આ પ્રમાણે ભક્ત કમળાકુંવર સૌને સમજાવશે પણ તેમનું વચન માનનારા એ સભામાં કોઈ નહિ હોય. ઉલટાનું એ સર્વ સભા તેનો ઉપહાસ કરીને તેમને નીચે બેસાડી દેશે અને દૈત્ય કાલિંગો કહેશેઃ ‘બાળક, હજુ તું નાનો છે. તને આ યુદ્ધના દાવ પેંચ સમજવા શક્ય નથી. અમે સર્વ શ્રેષ્ઠ અને જયેષ્ઠ નાતે પોતાના દેશનું ભવિષ્ય જાણીને જ આ કાર્ય માટે ઉદ્યુક્ત થયા છીએ.’ એમ કહીને તે સભા બરખાસ્ત કરશે અને સર્વ યોદ્ધા પોતપોતાની તૈયારીમાં લાગશે.

ત્યારે દૈત્ય કાલિંગો ચંચલ તુરંગ પલાણશે વાહન, તેહને સાડાબાર મણની હાથે હશે કમાન. ॥૫૫૫॥
તેહને સાડાબાવીસ શેરનો તરકસ મહાતીર, ભાઈ જેથી ફાટે વજ્રની ભીંત. ॥૫૫૬॥
તે પાસે છૂરી કટયારી મુદ્ગલ તલવાર, એવા દૈત્ય છ માસ લગી બાંધશે હથીયાર. ॥૫૫૭॥
તે ઘોડાને પાખર ઘાલી બાંધશે ફરતી ઘુંઘરમાલ, અને દૈત્ય કાલિંગો ચંચલ તુરંગ થાશે સ્વાર. ॥૫૫૮॥
તે દૈત્ય કાલિંગો ઘર થકી ચાલશે જ્યારે થઈ સ્વાર, ત્યારે આગળ રોઈ ઊઠશે રાંડી વિધવા નાર. ॥૫૫૯॥
વળી દૈત્યને સૂકે કાષ્ટે કાગ કલકલશે, તેણે નકટી નાર એક સામી આવી મલશે. ॥૫૬૦॥
આવાં અપમાનિત અપશુકન દૈત્યને થાશે, તો પણ ક્રોધ કરીને મન શું બોલશે કાલિંગો રાયે. ॥૫૬૧॥
ત્યારે બોલશે સુરજારાણીને કમળાકુંવર સત્ભાયે, એ અભંગ સાથે યુદ્ધ કર્યો નહીં જાયે. ॥૫૬૨॥

જે દેવ ત્રણ ભુવનના ધણી કહેવાયે, તે અભંગ શું યુદ્ધ કેમ કરશો હો રાયે. ॥૩૬૩॥
એવાં વચન સુણીને બહુ કોપશે કાલિંગો રાયે, તે તો અહંકાર કરીને બોલશે રાણી શું ત્યાંયે. ॥૩૬૪॥
હાંરે રાણી અમારા દળનો કોઈ પાર ન પાયે, હવે મુજ આગળ અભંગ જીતી કેમ જાયે. ॥૩૬૫॥
હાંરે રાણી મારી સાથે યોદ્ધા અતિ બળીયા જાણ, તે ત્યાં અભંગનું સૈન્ય મારશે નિરવાણ. ॥૩૬૬॥
એવા ગર્વ કરી દૈત્ય નગરથી બાહર નીસરશે, તે પશ્ચિમ દિશાને દરવાજે જઈ સંચરશે. ॥૩૬૭॥

દૈત્ય કાલિંગો પોતાના પવનવેગી ચંચળ અશ્વ પર સવાર થવા માટે તેના શરીર પર શૃંગાર ચઢાવશે, દૈત્ય કાલિંગાનું ધનુષ્ય સાડા બાર મણનું રહેશે અને તેને સાડા બાવીશ શેર વજનનું બાણ લગાવી એ આયુધથી ભગવાન સાથે યુદ્ધ કરશે. વજ્રપ્રાય એવા એ શસ્ત્રથી ધરતી પણ ફાટી જાય એવા પ્રકારનું તીક્ષ્ણ અને મજબૂત એ શસ્ત્ર હશે. બીજા અનેક શસ્ત્રાસ્ત્રો એ ધારણ કરશે. તેમાં મુખ્ય છુરી, કટારી, મગદળ, તલવાર રહેશે. આ શસ્ત્રોથી સજ્જ થયા પછી છ મહીના સુધી એ શસ્ત્રો ચલાવવાનો અનુભવ લેશે, યુદ્ધના પ્રાત્યક્ષિક લેવા માટે તેમને છ મહિના લાગશે. પછી દૈત્ય કાલિંગો પોતાના ચંચલ અશ્વ પર પલાણ નાખશે. તેના ઝુલ પડદા કિનખાબના હશે. ઘૂંઘરાની ફરતે માળા બાંધશે. અતિશય મૂલ્યવાન રત્નમાણેકથી શૃંગારીને એ ઘોડા પર સવાર થઈને દૈત્ય કાલિંગો પોતાના સૈનિકોનું સંચાલન કરશે.

જ્યારે યુદ્ધ માટે તે ઘેરથી નીકળી પ્રયાણ કરશે ત્યારે તેની સામે એક વિધવા સ્ત્રી રડતી રડતી અને મોટે મોટેથી કર્કશ અવાજથી બૂમો પાડતી આવશે, બાજુમાં સૂકા લાકડા પર કાગડા બેસીને કર્કશ અવાજથી આક્રોશ કરશે, થોડે આગળ ગયા પછી બિલકુલ નાક ન હોય એવી મહાકુષ્ટ રોગી સ્ત્રી સામે આડી આવશે. એવા પ્રકારનાં અત્યંત અશુભ સૂચક અપશુકન થશે તો પણ દૈત્ય કાલિંગો આગળ વધવા પ્રયાણ કરશે. ઉપરનાં અપશુકન થયા પછી જરાક તેનું મન ખચકાશે પણ ઉપરથી અભિમાનથી, અતિશય ક્રોધથી પોતાના પરાક્રમનાં વખાણ કરતો કરતો આગળ ચાલવા લાગશે.

આ બધું દશ્ય જોઈને અને દૈત્ય કાલિંગાના આતતાયીપણાની વાણી સાંભળીને અને તેને યુદ્ધ ન કરવા માટે સુરજારાણી અને કમળાકુંવરનાં મન સંતાપશે. તે એકાંતમાં કાલિંગા પાસે જશે અને તેને યુદ્ધ ન કરવા માટે વિનંતી કરશે.

સુરજારાણી કહેશે કે; 'હે સ્વામી નાથ ! તમે એ અભંગ અવિનાશી એવા શ્રી નિષ્કલંકી નારાયણ સાથે યુદ્ધ કરશો નહીં. એ ત્રિભુવનપતિ અભંગ એવા દેવ છે. તેની સાથે યુદ્ધમાં આપણો ટકાવ થશે નહીં.'

આ વચન સાંભળતાં કાલિંગાનું શરીર સંતાપ અને ક્રોધથી અતિશય ગરમ લાય થઈ જશે. અત્યંત અહંકારથી એ રાણીને કહેશેઃ 'હે રાણી, તમે શું બોલો છો, મારા પરાક્રમની તમને જાણ છે કે નહીં ? આપણા સૈન્ય બળનું શસ્ત્ર બળ કેટલું મોટું અગાધ છે એ તમને ખબર નથી માટે તમે આમ બોલો છો, પણ મારો એક એક સૈનિક યોદ્ધો એવો બળવાન પરાક્રમી છે કે જે અભંગ છે એમ તમે કહો છો તેના સૈન્યનો સંહાર કરશે.' આ પ્રમાણે કહીને દૈત્ય કાલિંગો નગર બહાર પ્રયાણ કરશે અને નગરના પશ્ચિમ દરવાજા પર જઈને પહોંચશે.

જે પશ્ચિમ દિશા માંહે એકવીસ દરવાજા ઉત્તમ સાર, એક એક બારણું ગાઉ ગાઉ પહોળો છે વિસ્તાર. ॥૩૬૮॥
જે દૈત્યના દળનો પાર ન લેવાયે, તે સૈન્ય એકવીસ દરવાજે સભટ બરાબર ચાલ્યાં જાયે. ॥૩૬૯॥
ત્યાં ચોસઠ પોર લગી એકવીસ દરવાજે દળ નીસરશે, તે સર્વે જઈને દક્ષિણ દિશામાં પિયાણ કરશે. ॥૩૭૦॥
તે દૈત્ય કમળાકુંવરને રાજ બેસારી નીસરશે, રાણી અને કુંવરને ચીન નગરીનાં રાજ કરવા કહેશે. ॥૩૭૧॥

દૈત્ય કાલિંગો કમળાકુંવરને રાજપાટ સોંપશે જહાં, અને કહેશે તમે બેસીને કરો સઘલાં કાજ ઈહા. ॥૩૭૨॥
તેણે અરથ ગરથ ધન માલ સર્વે સોંપશે જહાં, અને સોંપશે ચીન મહાચીન નગરીનાં રાજ તહાં. ॥૩૭૩॥
જે કમળાકુંવરને રાજપાટ નગર સર્વે સોંપશે, ત્યારે મુખી ગત્ સત્પંથ લઈ એક ધ્યાન હોશે. ॥૩૭૪॥
ત્યાં કમળાકુંવર ગત્ સર્વે દેવ લોક નરની જાણ, તે સ્મરણી લઈ જીકર કરે સ્વામી દો દર્શન. ॥૩૭૫॥
જ્યારે દેવને એવી વિનંતી મુખી ગત્ કરશે સેવ, ત્યારે મન વેગે સત્ગુરુ બ્રહ્મા પ્રગટ થાશે દેવ. ॥૩૭૬॥
સત્ ગુરુ પાછમ દિશા દરવાજે ઊભા રહેશે આયે, સુરજારાણી કમળાકુંવર મુખી ગત્ સર્વે લાગશે પાયે. ॥૩૭૭॥
ત્યાં દેવને કરી પ્રણામ ને સર્વે ઊભા રહેશે કરજોડ, ત્યારે મુખી કમળાકુંવર બોલશે બોલ. ॥૩૭૮॥

દૈત્ય કાલિંગાની રાજધાનીને ચોફેર કોટ હોવાથી પશ્ચિમ તરફ એકવીસ દરવાજા હશે, તે દરવાજાને એક એક ગાઉનાં બારણા હશે, બુરજ ઉપર પહેરા બેસાડેલા હશે. આ રીતે સુરક્ષિત એવા એ માર્ગે સંપૂર્ણ સૈન્ય ચોસઠ પ્રહર એટલે આઠ દિવસ સુધી નીકળશે. આટલી મોટી અફાટ સેના તેની રહેશે. છેલ્લા દ્વારમાંથી બહાર નીકળ્યા પછી દક્ષિણ તરફ વળીને છેક ભારત તરફ એ પ્રયાણ કરશે. ચીનમાંથી નીકળતાં પહેલાં દૈત્ય કાલિંગો પોતાની અનુપસ્થિતિમાં દેશનો કારભાર ઉત્તમ ચાલે એ માટે અધિકારપદ કમળાકુંવરને સોંપરત કરશે. કમળાકુંવરને ચીન દેશના સિંહાસન પર બેસાડશે અને સુરજારાણીને તેની સહાય કરવા માટે નીમશે. આ રીતે સર્વ રાજ્ય કારભારની વ્યવસ્થા કરશે. ધન, અર્થ ભંડાર, રાજ્ય સૂત્રો, ન્યાય, દાન વગેરે સર્વ અધિકાર કમળાકુંવરને સોંપીને એ યુદ્ધ માટે પ્રયાણ કરશે.

દૈત્ય કાલિંગો તેના સર્વ વિકરાળ એવા સેનાનીઓ તેમજ સંપૂર્ણ સૈન્ય યુદ્ધ માટે નીકળી જશે પછી અહીં ચીન દેશમાં જે જનતા રહેશે તેમને ભક્ત કમળાકુંવર સન્માર્ગનો રાહ દર્શાવશે અને તેમના મન પર ધાર્મિક સંસ્કાર ઘડાય તે માટે સર્વત્ર ધર્મપીઠ દેવમંદિર સ્થાપશે અને ત્યાં પૂજા અર્ચના, સત્સંગ, કથા કીર્તન શરૂ કરશે. સર્વ પ્રજાજનોમાં ધાર્મિક સંસ્કાર આવે તે માટે પોતાની અધ્યક્ષતા નીચે ધર્મસભાઓ યોજીને સર્વત્ર ઈશ્વર ધ્યાન પૂજા નામ સ્મરણોનો પ્રચાર કરશે. સુસંસ્કારી પ્રજા પોતાની રીતે સર્વ કાર્યક્રમમાં ભાગ લઈને પોતાના લોકનેતા, ધર્મનેતા ભક્ત કમળાકુંવરના ધર્મ કાર્યમાં સક્રીય સહભાગી થશે. કમળાકુંવર પોતાના ભક્તિના બળથી સર્વ દેવપૂજા પોતાના ઘેર જ ભરાવશે. કમળાકુંવર મુખી થઈને જપમાળા હાથમાં લઈને પૂજા સત્સંગ કરશે.

સંપૂર્ણ ગત્ગંગા પૂજા માટે ભક્ત કમળાકુંવરના ઘેર એકત્રીત થઈ એકાંતમાં એકાગ્ર ચિત્તથી ભગવાનની આરાધના કરશે. ' હે ભગવાન ! તમારી ઈચ્છા સર્વ સમર્થ છે. તમે બળવાન ધૈર્યવાન અને સત્ત્વશીલ સત્યવાન છો, અમે ગરીબ પ્રજા બધાં તમારા જ અનુગ્રહમાં છીએ. આ રીતે સંપૂર્ણ મુખી ગત્ગંગા વિનંતી કરશે કે એક વાર તમારાં દર્શન થાય. તમારા સ્વરૂપ સાક્ષાત્કારનો લાભ અમ પતિત જીવોને થાય એ જ અમારી ઈચ્છા કામના છે. અમને આ રાજ્ય, ધન, અર્થ, પદ વગેરે કંઈપણ નથી જોઈતાં. ફક્ત તમારાં દર્શન, તમારો જ સહવાસ અમે નિત્ય ઈચ્છીએ છીએ.'

સર્વ મુખી અને ગત્ગંગાની પ્રાર્થના સાંભળીને સદ્ગુરુ બ્રહ્મા એ જગ્યાએ પ્રગટ થશે. ત્યારે કમળાકુંવર સુરજારાણી અને સર્વ ગત્ગંગા ઊઠીને ઊભાં રહેશે અને બધાં તેમની પૂજા અર્ચના આરતી કરીને સિંહાસન પર બેસાડશે. બધા લોકો નમ્રપણે હાથ જોડીને તેમની સામે ઊભાં રહેશે. સદ્ગુરુ બ્રહ્માનું એ અલૌકિક સ્વરૂપ, સૌંદર્ય અને બ્રહ્મતેજ જોઈને બધા ભાવ વિભોર થઈ જશે પછી ભક્ત કમળાકુંવર સદ્ગુરુને વિનવવા લાગશે.

તમે સુણો સદ્ગુરુજી વિનંતી અમો રંક જ તણી, હવે અમને કઠણ વેળા ન દેખાડશો હો ધણી. ॥૩૭૯॥
સ્વામી અપરાધી ગત્ સર્વે તમારી કે'વાય, અમે અપરાધી જીવ લાગું તમારે પાય. ॥૩૮૦॥
સ્વામી અમે ઉણીઆચારી તમે ક્ષમા કરનાર, હવે અમારા અજ્ઞાનનો નહીં અંતને પાર. ॥૩૮૧॥
ત્યાં સદ્ગુરુ એ સર્વે રખેશરને વાત કહેશે, હવે મુખી કમળાકુંવરને શિર ભરણાં ભરાવશે. ॥૩૮૨॥
તે માટે સર્વે દેવલોક ચીનનગરી છોડી બાહેર નીસરશે, તે જંબુદ્વીપ હેમપુરી નગરી માંહે જઈ સંચરશે. ॥૩૮૩॥
તાહાં શ્રીનારાયણના સૈન્યમાં મળશે સહી, ત્યારે ચીન મહાચીનને ડૂબાવશે સ્વામી અહીં. ॥૩૮૪॥
જ્યારે એમ કહીને સદ્ગુરુ બ્રહ્મા વિદાય થાશે, તાહાં સર્વે દેવલોક જઈ લાગશે સદ્ગુરુને પાયે. ॥૩૮૫॥
ત્યારે સુરજારાણી વિનંતી કરશે સદ્ગુરુ શું ધણી, હવે અમને અંતઃકાલે ન વિસારશો ધણી. ॥૩૮૬॥
જે દેવલોક સર્વે ચીન નગરી છોડી ચાલી નીસરશે, તે દેવ જંબુદ્વીપે હેમપુરી નગરીમાં આવી સંચરશે. ॥૩૮૭॥
જે સુરજારાણી મુખી ગત્ મળીને સ્વામીના દલ માંહે જાશે, તે જઈ સદ્ગુરુ બ્રહ્માના પાયે લાગશે. ॥૩૮૮॥
તે સર્વે ગત્મુખી પાયે લાગી સ્તુતિ કરશે ઘણી, હવે અમને ચરણે રાખો તમારે ધણી. ॥૩૮૯॥

ભક્ત કમળાકુંવર અને સુરજારાણી અને સંપૂર્ણ ગત્ગંગા સદ્ગુરુ મહારાજને હાથ જોડીને નમ્ર ભાવે વિનવવા લાગશે કે; 'હે નાથ ! અમ અનાથોની વિનંતી કાને ધરો. તમે સૂચવ્યા પ્રમાણે પાછળ અતિ કઠિન એવા પ્રલય કાળનું દર્શન અમને થાય નહીં એવી અમારી આગ્રહભરી વિનંતી છે. તે મહાભયાનક કલિ કાળમાં આપની કૃપા છત્ર નીચે અમને રાખો. અમે અપરાધી છીએ. અમે બધાં તમારા ચરણાવિંદી શરણમાં આવ્યાં છીએ. અમે અપરાધી, આચારહીન છીએ તો પણ તમારા દાસ, આજ્ઞાંકીત સેવક, તમારી જ પ્રજા છીએ. હે સદ્ગુરુનાથ ! અમારા અજ્ઞાનનો પાર નથી. તમે કૃપા કરીને અમારાં અજ્ઞાન દૂર કરો. અમારી અવિદ્યાનું માયાવી પટલ દૂર કરીને તમારાં સત્જ્ઞાન રૂપ ધર્મસૂર્યની ઉજ્જવલ પ્રકાશ જ્યોત અમારા પર પ્રસરાવો એવી વિનમ્ર ભાવે અમે પ્રાર્થના કરીએ છીએ.'

સદ્ભક્તોની આ પ્રાર્થના સાંભળીને સદ્ગુરુનાથ કહેશેઃ અહો સદ્ભક્તો ઋષિવરો, તમારી ભક્તિ જાણીને તમારાં નિર્મળ વિશુદ્ધ અંતઃકરણ જાણીને હું સન્માર્ગ દર્શન માટે આવ્યો છું. તમે બધા લોકો હવે એક ક્ષણભર પણ અહીં ચીન નગરીમાં રહેશો નહીં. કારણ શ્રી નિષ્કલંકીનાથ દૈત્ય કાલિંગાનો સંહાર કરીને સંપૂર્ણ પૃથ્વી નિર્દાનવી કરશે. આ પૃથ્વી પાપમય ભૂમિ લવલેશ ન રહે તે માટે ભગવાન આ સંપૂર્ણ ચીનનગર સાગરમાં જળમય કરશે, માટે તમે બધાં પૂજાપાઠ અને દેવસભા માટે આ સ્થાન છોડી જંબુદ્વીપમાં કુંવારીકા ક્ષેત્ર ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના ધામમાં આવી જાવ. ત્યાં તમારા જીવનનું સાર્થક થશે. સદ્ભક્ત કમળાકુંવરની છાયાછત્ર તમારા પર અખંડિત રીતે રહેશે. એકી સાથે એક ચિત્તે તમે તેના મેળામાં સહભાગી થાવ. જલ્દી જ તમે મુક્તિપદને પામશો.' એમ આશ્વાસન આપી સદ્ગુરુ મહારાજ તેમનો વિચાર લઈને સ્વસ્થતાથી જવા લાગશે. ત્યારે બધાં અધીરતાથી તેના ચરણે પ્રણામ કરશે.

સુરજારાણી કહેશેઃ 'હે સદ્ગુરુનાથ ! અંતકાળના સમયે તમારું સતત સ્મરણ અમારા અંતઃકરણમાં રહે એ પ્રકારની કૃપા અમારા પર કરો. એક ક્ષણ પણ તમારા સ્મરણ ચિંતનથી ખાલી જાય નહીં. સદૈવ અહર્નિશ અખંડીતપણે તમે અમારા હૃદય સિંહાસન પર બિરાજમાન થાઓ એવી અમારી અંતઃકરણથી તમારા ચરણકમળે નમ્ર પ્રાર્થના છે.'

સુરજારાણી કમળાકુંવર અને ઈતર સર્વ સદ્ભક્તજનોની પ્રાર્થના સાંભળીને સદ્ગુરુ મહારાજ અત્યંત આનંદીત થશે. હર્ષભેર અંતઃકરણથી અને સ્નેહાર્દ દૃષ્ટિથી બધાની મનોકામના પૂર્ણ કરનારા બ્રહ્મ ચૈતન્ય સ્વરૂપ અંતર્યામી સદ્ગુરુ મહારાજ તેમને કૃપાશીર્વાદ અને વરદાન આપશે અને પછી તે અંતર્ધાન પામશે.

પછી બધાં એ દેવસભા સાથે ચીન નગર છોડીને જંબુદ્વીપ તરફ પ્રયાણ કરશે. હેમપુરી નગરીમાં ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના નિવાસ સ્થાને આવશે. ત્યારે બધાં ભગવાનને હાથ જોડીને નમ્ર ભાવે પ્રણામ કરશે. ભગવાન તેમના એ પ્રેમભાવના પ્રણામ સ્વીકારીને તેમને યોગ્ય આવકાર આપશે, તેમનો આદર સત્કાર કરીને પોતાના અનંત કરોડ સૈન્યના મેળામાં તેમને જોડી લેશે. ભક્ત કમળાકુંવર અને સુરજારાણી ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ અને સદ્‌ગુરુ બ્રહ્માના ચરણે પાયે લાગશે અને અનન્ય ભાવે તેમની સ્તુતિ ગાવા લાગશે.

શ્રી નિષ્કલંકી નારાયણ પ્રગટ થયાના પરછા જાણ, ભાઈ સુણો મુનિવરો તેની વાણ. ॥૩૯૦॥
પ્રભુજી દૈત્ય કાલિંગાને મારવાનો કરશે વિચાર, શ્વેતદ્વીપની ધરા માંહેથી પ્રગટ થશે તે વાર. ॥૩૯૧॥
જે સ્વામીના શ્વેત ઘોડાનો શૃંગાર વખાણ, તે ઘોડાના સુવર્ણ રત્ને જડીયા પલાણ. ॥૩૯૨॥
તે ઘોડાની લગામે પટા સોનેરી કડાં, તે બહુ રત્ન પદારથ હીરે જડીયાં. ॥૩૯૩॥
તે ઘોડાની કોટે બાંધી હીરા રત્નની માલ, તે ઘોડાને મોતી પહેરાવ્યાં છે બાલોબાલ. ॥૩૯૪॥
તે ઘોડાને તંગ સુવર્ણ સૂતર તણા બાંધે તાર, ત્યારે સદ્‌ગુરુ કહે ઓર અનંત શૃંગાર. ॥૩૯૫॥
તે સ્વામીનો શ્વેત ઘોડો શણગારશે મહા ભરપૂર, જાણે સહસ્ત્ર કળા લઈને ઉગશે સૂર. ॥૩૯૬॥
ત્યારે હસી હરખીને સ્વામીજી બોલશે બોલ, અને તે માણેક જડત્રની કરશે સંજોય. ॥૩૯૭॥
સ્વામીની પગની મોજડી સુવર્ણ જળકાત, તે સ્વામી પહેરશે વસ્ત્ર શ્વેત ભાત. ॥૩૯૮॥
ત્યાં એવો કેડે પટકોલ બાંધશે યદુરાયે, સદ્‌ગુરુ કહે તે અમૂલખ કહ્યો નવ જાયે. ॥૩૯૯॥
સ્વામીને માથે મુગટ કાને કુંડલ છલકાશે, ત્યારે સ્વામીની નજર સામું દેખ્યું નવ જાશે. ॥૪૦૦॥
જે છુરી કટયાર સ્વામી કેડે કસ બાંધશે તેણીવાર, સ્વામી ખડ્ગ ત્રિધારું ધરશે હાથ માંહે સાર. ॥૪૦૧॥
જયારે શ્વેત ઘોડે સ્વામી થાશે સ્વાર, ત્યારે ત્રિભુવન માંહે પડશે પોકાર. ॥૪૦૨॥
જે સદ્‌ગુરુજી હર્ષ શું બોલશે વિખ્યાત, સ્વામીના હાથમાં ચાબકો બહુરંગી ભાત. ॥૪૦૩॥
જે વરજા શહેર માહાં સ્વામીના સૈન્ય જો ભળશે, તહાંથી મજલે મજલે પિયાણ જો કરશે. ॥૪૦૪॥
હનુમાન વીર તાહાં દેશે હાક, અને મળશે યોદ્ધા ત્યાં લાખો લાખ. ॥૪૦૫॥

ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના પ્રાગટ્યનું વર્ણન કરતાં સદ્‌ગુરુ મહારાજ કહે છે કે; યોગ્ય અનુકૂળ સમય પ્રાપ્ત થતાં જ ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ પૂર્વ ક્ષિતિજ પર જે પ્રમાણે સૂર્યનારાયણ ઉદિત થાય છે, તદ્દત (તેમ) ભૂગર્ભમાંથી જમીન વિદારણ કરતા (જમીનમાંથી પ્રગટ થઈને) પોતાના શ્વેત અશ્વ પર સવાર થયેલી સ્થિતિમાં શ્વેતદ્વીપમાં પ્રગટ થશે. તે સગુણ સાકાર સ્વરૂપ સુંદર મનોહર મૂર્તિનું સ્વરૂપ અત્યંત તેજસ્વી ઉજ્જવળ ભવ્ય અને દિવ્ય હશે.

દૈત્યોના સંહાર માટે તેણે વિદ્યુત્વતા પ્રમાણે ચકચકીત એવી ત્રણ ધારની તલવાર ધારણ કરી હશે. ભગવાનના શ્વેત અશ્વનું ભવ્ય દિવ્ય તેજસ્વી સ્વરૂપનું વર્ણન કરવું સર્વસ્વ અશક્ય હશે. તે શેષનો અવતાર પ્રત્યક્ષ ભગવાનનું વાહન એવો અશ્વ હશે. તેના શૃંગારના અને પ્રભાનાં વખાણ કરવાં અવર્ણનીય હશે. રત્નમાણેકથી જડાયેલા એવા સુવર્ણનાં પલાણ તેની પીઠ પર ઝળકતાં હશે. તેની નીચે એક અત્યંત મૃદુ એવી રંગબેરંગી રેશમી શાલ હોવાથી તેના પર સુંદર કલા કસબીનું નકશીકામ કર્યું હશે. તેને લીલા માણેક મોતીની ઝાલરો લગાવી હશે. આ સુવર્ણના તારમાં સુવર્ણ અને રૂપેરી ફૂલ પરોવીને

એના ઉપર રત્નજડીત એવા ગોફ તેના ગળામાં બાંધ્યા હશે. આ પ્રકારે વિધ વિધ રીતે શ્વેત અશ્વને શૃંગારેલો હોવાથી ઉદય થતા સૂર્યની જેમ તેના સ્વરૂપની શોભા દેખાતી હશે. સહસ્ત્ર કળાથી યુક્ત એવો સૂર્યોદય થાય એ પ્રમાણે એ અશ્વ અત્યંત તેજસ્વી અને સુંદર દેખાતો હશે. આવા એ અશ્વની કેશવાળી પર અને માથા પર મમતાથી હાથ ફેરવતાં ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ અશ્વના શૃંગારની સંયોજના સારી થઈ છે કે નહીં તેનું નિરીક્ષણ કરશે.

ભગવાને પોતાના પગમાં સુવર્ણ ક્રાંતિનાં પગરખાં પહેર્યાં હશે અને તેની ઉપર સર્વત્ર માણેક રત્ન જડેલાં હશે. તેમણે અંગ પર ધારણ કરેલાં વસ્ત્ર બહુમૂલ્ય અને બહુરંગી હશે. તેમણે પોતાના મસ્તક પર એક પટકો બાંધ્યો હશે અને તેના પર સુવર્ણ મુકુટ પહેર્યો હશે. તેમના કાન પર મુકુટ સાથે જડેલા એવા મકરાકાર કુંડળ ઝળકતાં હશે. તેમણે ગળામાં અલગ અલગ પ્રકારનાં સુવર્ણ મોતીની ગોફ, કંઠ માળા પહેરેલી હશે. તેમના સ્વરૂપની શોભા એવી અવર્ણનીય હશે. તેમના તેજથી સામેથી મુખારવિંદ જોઈ પણ શકાતું નહિ હોય.

ભગવાને પોતાના શરીર પર અલગ અલગ અનેક વિધ શસ્ત્રો ધારણ કર્યાં હશે. છુરી, કટારી, ઢાલ, તલવાર, ધનુષ્યબાણ, મુગદલ, ગદા, શંખ વગેરે અનેક શસ્ત્રો એમની પાસે હોવા છતાં એક અત્યંત અદ્‌ભુત તેજસ્વી એવું ત્રિધારું ખડ્ગ તેમણે એક હાથમાં લીધું હશે અને બીજા હાથમાં વિવિધ રંગીન ચાબુક લીધો હશે. આ પ્રકારનું અદ્‌ભુત સુંદર તેજસ્વી સ્વરૂપ જોઈને બધા હર્ષીત આનંદીત પુલકીત થશે. ભગવાન પોતાના સર્વ સૈન્યોની જમાવટ અને સંગઠન કરશે ત્યારે હનુમાન મોટેથી ભુભુઃકાર કરતા ત્રિભુવનના સૈન્યને હાક મારીને એકત્ર કરી ભેગા કરશે. હનુમાનના હાકને પ્રતિસાદ આપી સર્વ દૈવી સૈન્ય ત્યાં હાજર થશે. કયાં કયાં સૈન્ય આવ્યાં એ સદ્‌ગુરુ મહારાજ વર્ણન કરીને કહેશે.

સ્વામીના સૈન્ય મેળાવાના પરચા જાણ, તમે સુણો મુનિવર તેહ નિરવાણ. ॥૪૦૬॥
ત્યાં પહેલી ચોસઠ લાખ જોગણીઓ આવશે જે વાર, હાથ ડમરું વગાડશેને બોલશે જયજયકાર. ॥૪૦૭॥
જે સૈન્ય સાથે ઔટ કરોડ જન ભૂતાત, તેમાં બાણું લાખ ચઢશે પેશીવલ જાત. ॥૪૦૮॥
તેમાં દેવી જોગણીની ભૂત પેશીવલ જાત, તે સ્વામીના સૈન્ય આગળ માર્ગ સમારશે ઉજમાત. ॥૪૦૯॥
જે સત્‌ગુરુ બ્રહ્માજીએ આદે અનંત કરોડી દેવ ઓધાર્યા જેહ,
તે અંતે સ્વામીની સેના માંહી આવી સંચરશે તેહ. ॥૪૧૦॥
જે દેવ ઝાંખા નવ્વાણું કરોડી કેવાયે, તે પણ આવી લાગશે સ્વામીજીને પાયે. ॥૪૧૧॥
જે દેવ છપ્પન કરોડી મેઘા સત્ સંગાત, તે પણ આવી લાગશે સ્વામીજીને સાથ. ॥૪૧૨॥
જે કોઈ બત્રીસ કરોડી કિન્નર દેવ, અને તે પણ આવશે સ્વામીજીની સેવ. ॥૪૧૩॥
જે દેવ તેત્રીસ કરોડી મુનિવર હોશે, અને તે પણ સ્વામીને પાસે આવી રહેશે. ॥૪૧૪॥
જે દેવે પાંચ કરોડી પ્રહલાદ સરજયા તે, તે પણ આવી મળ્યા પ્રભુની સંગાતે. ॥૪૧૫॥
જે દેવે સાત કરોડી શું હરિશ્ચંદ્ર રાયે, તે પણ આવી લાગશે સ્વામીને પાયે. ॥૪૧૬॥
જે દેવ નવ કરોડી શું ભકત યુધિષ્ઠિર જાણ, તે પણ સર્વે રણ ચઢશે નિર્વાણ. ॥૪૧૭॥
જે દેવ બાર કરોડી શું સ્વામી સદ્‌ગુરુ નાથ, તે પણ આવી મળશે શ્રી સ્વામીજી સાથ. ॥૪૧૮॥
એવા પ્રભુજીના સૈન્ય હોશે ઉત્તમ સાર, પણ તેહમાં પાંડવનાં દળ હશે અનંત અપાર. ॥૪૧૯॥

ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના સૈન્ય મેળામાં જગતની પવિત્ર મહાવિભૂતિમાં જન્મ ધારણ કરીને આવેલા સર્વ દેવગણ રહેશે. સર્વ દેવગણે પોતાના દૂતગણ સાથે મૃત્યુલોકમાં અલગ અલગ જગ્યાએ જન્મ ધારણ કર્યા હશે તે હનુમાનની હાક સાંભળતાં જ ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના છત્ર નીચે એકત્રિત થશે.

તેમાં સર્વ પ્રથમ ચોસઠ લાખ યોગિની (જોગણી) હાથમાં ડમરું અને શસ્ત્ર ધારણ કરીને ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણનો જયજયકાર કરતી આવશે. પછી સાડા ત્રણ કરોડ ભૂતગણ આવશે. એ પૈકી બાણું લાખ પેશીવલ (પિશાચ) જાતિનાં સૈન્ય રહેશે. યોગિની ભૂત અને પિશાચ એ ભગવાન શંકરના દૂતગણ હોવાથી ભગવાનની સહાય માટે એ મૃત્યુલોકમાં અવતરશે અને ભગવાનના સૈન્ય આગળ ચાલતાં જઈને સૈન્યનો માર્ગ ખૂલ્લો કરતાં ચાલશે. ભગવાનના સૈનિકોની ઉત્તમ પ્રકારની સેવાચાકરી કરશે. અનાદિ કાળથી સદ્‌ગુરુ બ્રહ્મા દ્વારા જે જીવાત્મા અમરાપુરીમાં પહોંચ્યા છે તે સંપૂર્ણ જીવાત્મા મુક્તિ માટે મૃત્યુલોકમાં માનવ રૂપે જન્મ ધારણ કરશે અને ભગવાનના સૈન્યમાં દાખલ થશે.

પ્રથમ દશનારાયણ કલ્પમાં નવ્વાણું કરોડ યક્ષ જીવાત્મા અમર થયા હતા, દ્વિતીય દેવગુણ કલ્પમાં છપ્પન કરોડ મેઘ દેવતા અમર થયા હતા, તૃતીય લીલવગુણ કલ્પમાં બત્રીસ કરોડ કિન્નર ગણ અમર થયા હતા. એ બધા પોતાના આગેવાનો સાથે આવશે. સત્યયુગમાં ભક્ત પ્રહલાદ સાથે પાંચ કરોડ, ત્રેતાયુગમાં ભક્ત હરિશ્ચંદ્ર સાથે સાત કરોડ, દ્વાપરયુગમાં ભક્ત યુધિષ્ઠિર સાથે નવ કરોડ અને કલિયુગમાં બ્રહ્મ સ્વરૂપી સદ્‌ગુરુના અનુગ્રહે અમર થયેલા બાર કરોડ જીવાત્મા એમ તેત્રીસ કરોડ મુનિ પણ અલગ અલગ દેશમાં પ્રગટશે અને યોગ્ય એવો સમય આવતાં જ દેવદૂત હનુમાનની હાક સાંભળતાં જ ભગવાનની સહાય માટે ભગવાનની ધ્વજા છત્ર નીચે પોતાની સેના સહિત પધારશે. એ પ્રકારની અગણિત સેના ભેગી થશે. આ સંપૂર્ણ સૈન્યમાં પાંચે પાંડવોનું સૈન્ય અત્યંત શૂરવીર, ધૈર્ય અને બળસંપન્ન તેજસ્વી હશે. પાંડવો જંબુદ્વીપમાં ભરતખંડમાં જ અલગ અલગ રાજ્યમાં પ્રગટ થશે અને તેમનાં પ્રત્યેકનાં સ્વતંત્ર સૈન્ય રહેશે, તેની હકીકત આવી છે.

કાશ્મીર નગરી ઉત્તમ કહેવાયે, અને તીયાંથી આવશે યુધિષ્ઠિર રાયે. ॥૪૨૦॥
તે દેવ અઢાર લાખ ખડ્‌ગધારી જાણ, અને તે પણ રણે ચઢશે નિર્વાણ. ॥૪૨૧॥
જે નગર ઉજ્જૈની મહા ઉત્તમ સહી, અને સહદેવ જોશી આવશે તહી. ॥૪૨૨॥
તે દેવ ચૌદ લાખ ચક્રધારી જાણ, અને તે પણ રણે ચઢશે નિર્વાણ. ॥૪૨૩॥
જે નગર અમરકોટ ને જાલંધર દેશ, ત્યાંથી આવશે ભીમસેન તે અવળે કેશ. ॥૪૨૪॥
તે દેવ ચાલીસ લાખ ગદાધારી જાણ, તે પણ રણે ચઢશે નિર્વાણ ॥૪૨૫॥
જે નગર ઉંચ મૂળસ્થાન સહી જાણ, તીયાંથી અર્જુન આવશે પ્રમાણ. ॥૪૨૬॥
તે દેવ છત્રીસ લાખ ધનુર્ધારી જાણ, અને તે પણ રણે ચઢશે નિર્વાણ. ॥૪૨૭॥
જે નગર પંચાવલ પૂર્વ બંગાલમાં કહેવાશે, ત્યાંથી આવશે નકુલ રાયે. ॥૪૨૮॥
તે દેવ પચાસ લાખ નેજા ધારી જાણ, અને તે પણ રણે ચઢશે નિર્વાણ. ॥૪૨૯॥
જેવા પાંચે બાંધવ મળશે એક જ ઠાયે, તેહની ગણત્રી કહી નવ જાયે. ॥૪૩૦॥
તેહેમાં ઘોડા હસ્તી ઊંટ હોશે અપાર, તીયાં આવશે દેશ દેશના યોદ્ધા સાર. ॥૪૩૧॥
જરદ ભમર મંજીઠા મહુઅર જાત, કચ્છી કુમેદ કલ્યાણી સાહેર સાથ. ॥૪૩૨॥
કાલા કાટુવા કાબરાને કોકિલા સાર, કટર જટર અબલખી અપાર. ॥૪૩૩॥

ત્યારે કેહેરડા કાહડા કલોલ રાખી જાત, બાકી અવર તુરંગ કહા નવ જાય. ॥૪૩૪॥
તે દલ માંહે ધ્વજા નિશાની તણો હોશે નહીં પાર, ત્યાં ચઢશે યોદ્ધા મહારણ ઝુંઝાર. ॥૪૩૫॥
તે પાંડવના દળ ચાલતાં લોપાશે ચંદ્રમા સૂર, જેમ સમુંદર નદીયું આવે છે પૂર. ॥૪૩૬॥
નવસે નવ્વાણું નદીયું આવે જેમ, અને પાંડવ સૈન્ય ચાલશે એમ. ॥૪૩૭॥

કાશ્મીર દેશમાંથી સદ્ભક્ત રાજા યુધિષ્ઠિર અઢાર લાખ ખડ્ગધારી સૈન્ય સાથે ભગવાનના સૈન્યમાં હાજર થશે. ઉજ્જૈન શહેરમાંથી સહદેવ જોશી ચૌદ લાખ ચક્રધારી સૈન્ય સાથે એ પણ ભગવાનના સૈન્યમાં દાખલ થશે. જાલંધર દેશના અમરકોટ નગરમાંથી મહાબલી ભીમસેન આવશે તે પોતાના ચાલીસ લાખ ગદાધારી સૈન્ય સાથે ઉપસ્થિત થશે. ઉંચનગર પંજાબમાંથી અર્જુન આવશે તે પોતાના છત્રીસ લાખ ધનુર્ધારી સૈન્ય સાથે હાજર થશે. પૂર્વ બંગાળમાંથી નકુલ આવશે અને તે પચાસ લાખ નેજાધારી સૈનિકો સાથે ભગવાનના મેળામાં દાખલ થશે. આ પાંચ ભાઈઓ પોતાનાં સૈન્ય સાથે ભગવાનના સંકેત અનુસાર એકત્રિત થઈ આવશે ત્યારે તેમની ગણતરી અને વર્ણન કરવું અશક્ય થશે. સૈનિકોના વાહનો અને શસ્ત્રાસ્ત્ર વાહતુકી કરતા ઘોડા, ઊંટ, ગધેડા, ખચ્ચર, હસ્તી વગેરે પશુઓની સંખ્યા પણ અગણિત રહેશે.

ભગવાનની સૈન્ય છાવણીમાં અલગ અલગ દેશના અલગ અલગ જાતિના અશ્વોનું વર્ણન કરવું અશક્ય રહેશે. એ અશ્વમાં હરણ, હંસલા, અરબી, તેજી, તુર્કી, તોખાર, જરદ, ભમ્મર, મંજીઠ, મહુવર, કચ્છી, કુમેદ, કલ્યાણી, સોરઠી, કાળા, કાટવા, કાબરા, કોકિલા, કટક, જટર, અબલખીયા, કેરડા, કાહડા, કલોલ, ઈરાકી અનેક જાતિના નામવંત રંગરૂપથી અદ્વિતીય એવા અનેકવિધ ઘોડાઓ હશે. યુદ્ધની તાલીમ આપેલા ખાસ એવા તે અશ્વ હશે. તેના પર સવાર થનાર યોદ્ધા પણ અનુપમેય શૂરવીર મહારણ ધૂરંધર હશે.

પાંડવોનું સૈન્ય ચાલતું હશે ત્યારે ચંદ્ર સૂર્ય પણ ઢંકાઈ જશે. ધૂળના ગોટે ગોટા ઉડીને આકાશ સર્વ અભ્રાચ્છાદિત થશે. દિવસ કે રાત છે એ પણ સમજાશે નહીં. સાગરમાં ભરતી આવે, નદીઓને મહાપૂર આવે અથવા પૃથ્વી પરની નવસે નવ્વાણું નદીઓ એકત્ર થઈ વહે એ પ્રમાણે ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના ધ્વજા નિશાની નીચે પાંડવ સૈન્યોની ભરતી આવશે.

શ્રી નિષ્કલંકી નારાયણ તણું સૈન્ય જ્યારે મળશે, અને દેવ રખેશર ત્યારે રણ સંગ્રામે ચઢશે. ॥૪૩૮॥
ત્યાં વાજશે દુદુંભિને ઝળકશે નિશાન જેહ, જેમ ગંગાની છોળે પ્રવાહ વહે તેહ. ॥૪૩૯॥
અનંત વરણી છત્ર ઉપરે સૂરજમુખીયું ધરશે, તે મજલે મજલે પિયાણ કરશે. ॥૪૪૦॥
તે દળ આવી પહોંચશે જ્યાં છે શ્રીનારાયણ હરિ, ત્યાં સ્વામીને પાયે લાગશે વિનંતી કરી. ॥૪૪૧॥
ત્યારે સ્વામીજી હસીને હર્ષ શું બોલશે વાણ, એ પાંડવના દળને કરશે આગેવાન. ॥૪૪૨॥
જે દેવ વાસંગ નાગરાજા વસે પાતાળ, તે પણ સ્વામીને આવી મળશે તત્કાળ. ॥૪૪૩॥
જે નવ કુળ નાગ ટિલાવંત મણિધારી વીર, તે એવા નાગના સૈન્ય રણે ચઢશે સધીર. ॥૪૪૪॥
જે દેવ ગોરખ યતિ મહામુનિવર સહી જાણ, તે સાથે પાંચ લાખ સીંગી પૂરાવશે નાદ. ॥૪૪૫॥
જે દેવ સવા કરોડી શંખ વાગે ઝણકાર, ત્યાં દેવ લોકના સૈન્ય તો આવશે અપાર. ॥૪૪૬॥
જે દેવ એક લાખ એંસી હજાર સંત મહાત્મા જાણ, તે પણ સ્વામીને આવી મળશે પ્રમાણ. ॥૪૪૭॥
તે માંહે સર્વ ઋષિવરને જાણ, તે સર્વે પહેલાં સ્વામીને આવી મળશે નિર્વાણ. ॥૪૪૮॥

તે દેવ સાત દેવદૂત મહાબલવંત આવશે, તે તો શ્રી સ્વામીજીને શિર ચમ્મર ઢોળાવશે. ॥૪૪૯॥
જે અઢાર ભાર વનસ્પતિ બહુરંગી ભાત, તે પણ આવી મળશે સ્વામીની સાથ. ॥૪૫૦॥
જે સાતે સમુંદર મુનિવર કહેવાયે, તે પણ સ્વામીના સૈન્ય આગળ મળશે આયે. ॥૪૫૧॥
જે સતી નવસે નવ્વાણું નદીયો જાણ, તે પણ આવી મળશે સ્વામીજીને પરમાણ. ॥૪૫૨॥
જે દેવ વરુણ પવન બહુ બળીયા કહેવાય, તેઓના બળ કાંઈ કહ્યા નવ જાય. ॥૪૫૩॥
જે દેવ આદે ચાલ્યા સદ્‌ગુરુને વચન જાણ, તે તો સ્વામીના દલમાં અંતે આવશે પ્રમાણ. ॥૪૫૪॥
જે દેવ કલિયુગમાં લાગ્યા સદ્‌ગુરુ ને પાયે, તે મુનિવર સ્વામીને મળશે જાયે. ॥૪૫૫॥
જે કોઈ આદ અંત લગી રખેશર દેવ, તે સઘળા આવશે સ્વામીજીની સેવ. ॥૪૫૬॥
જે આજ સાચા સત્‌પંથી મુનિવર કહેવાય, તે સ્વામીના દલમાં આવશે રખેશર રાય. ॥૪૫૭॥
જે દેવ આવે હનુમાન બહુ બળીયા કહેવાયે, તે પરવત મસ્તકે લઈ ચઢાએ. ॥૪૫૮॥
તેમાં વાનર યોદ્ધા આવશે મહા બળવંત, ત્યાં આવી મળશે સર્વે સ્વામી ભગવંત. ॥૪૫૯॥

ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના સૈન્યનો અદ્‌ભુત એવો મેળો થશે. સર્વ દેવ અને ઋષિવર રણસંગ્રામના ઉદ્દેશથી ભૂતળ પર પ્રગટ થઈને ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના ધ્વજ છત્ર નીચે એકત્રિત થઈ આવશે. એ સૈન્યમાં નગારાં, ઢોલ વગેરે મોટાં મોટાં રણવાદ્યો વાગશે. નિશાન ધ્વજા પતાકાનો પાર રહેશે નહીં. ગંગાનો પ્રવાહ જેમ અફાટ હોય છે તેમ સૈન્ય પ્રવાહ અફાટ અતૂટ રહેશે. એ સંપૂર્ણ સૈન્ય પર સૂર્યનારાયણ વિધવિધ રંગનાં છત્ર ધારણ કરશે. મજલ (નક્કી કરેલું અંતર) પ્રયાણ કરતાં કરતાં સર્વ સૈન્ય ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણની છાવણીમાં આવીને મળશે અને ભગવાનને ચરણે લાગી પોતાની સેવા સ્વીકારવાની વિનંતી કરશે.

ત્યારે ભગવાન પ્રત્યેક સાથે હસીને પુલકીત અંતઃકરણથી પ્રત્યેકના કુશળક્ષેમ પૂછશે. સદ્‌ભક્ત પાંડવોને અગ્રગણ્યનાં માન આપશે અને તેમનાં જ સૈન્ય બધાની આગળ રાહબરી કરશે. પાતાળલોકના સુપ્રસિદ્ધ મહાબળવાન વાસુકી નાગરાજ પોતાના સહસ્ર ફેણોથી યુક્ત પ્રગટ થઈને ભગવાનને આવી મળશે અને સહાય માટે આવવાની પોતાની સદિચ્છા પ્રગટ કરશે. તેમની સાથે નવકુળ નાગનું અપરિમિત અગણિત સૈન્ય રહેશે. તે પ્રત્યેક વીરના મસ્તક પર તિલક અને રત્નમણિ રહેશે. અત્યંત ચકચકીત લખલખીત પ્રકાશ યુક્ત એ મણિ હશે. આ પ્રકારનું આ નાગ સૈન્ય પણ ભગવાનની સહાયતા માટે યુદ્ધ કરવા માટે સજ્જ થશે.

મહાન સિદ્ધ પુરુષ ગોરખ યતિ પણ પોતાના સંપૂર્ણ પાંચ લાખ સેવકગણ સાથે પ્રગટ થઈને આવશે અને શૃંગીનાદ કરીને સંપૂર્ણ સૈન્યમાં વીરરસ ઉત્સાહ જાગૃત કરશે. ઈંદ્રના ગંધર્વગણ અને સ્વર્ગના પિતૃદેવો પણ પ્રગટ થઈને શંખનાદ, દુદુંભિ, વીણા, મૃદંગ નાદ કરીને સંપૂર્ણ વાતાવરણ નાદમય કરીને સૈનિકોમાં વીરરસ ભરશે.

એક લાખ એંશી હજાર સંત મહાત્મા પણ પ્રગટ થઈને પોતાની રીતે ભગવાનની સેવામાં દાખલ થશે. તેમાં મહાબળવાન એવા મુખ્ય સાત દેવદૂત અને યમદૂત પોતાના સંપૂર્ણ દૂતગણ સાથે પ્રગટ થઈને ભગવાનના સૈનિકો પર છત્ર ચામર ઉભારશે.

વિવિધ રસોથી ફળ પુષ્પ પાનથી યુક્ત રહેલ અઢાર ભાર વનસ્પતિ ભગવાનની સેવામાં ઉપસ્થિત થશે. પોતાનાં ફળ પુષ્પોથી, સુખદ છાયાથી અને ઔષધો ઉપચારથી બધા સૈનિકોને સંતુષ્ટ કરશે.

સાતે મહાસાગર પોતાના ઉગ્ર ભયંકર સ્વરૂપનો ત્યાગ કરી સૌમ્ય શાંત સુશીતલ મધુર સ્વરૂપ ધારણ કરીને ભગવાનની અને સૈનિકોની તેમના વાહનોની જળ સેવા કરશે. તેમની મદદમાં નવસો નવ્વાણું નદીઓ ઉપસ્થિત રહેશે. સાગર અને નદીઓના મુખ્ય અધિષ્ઠાતા વરુણ, વાયુ અને સૂર્ય એ બધા પ્રગટ થઈને ભગવાનની સેવામાં ઉપસ્થિત રહેશે.

પૂર્વ કલ્પમાં અને પૂર્વ યુગમાં જે મુનિવર સદ્દભક્ત સદ્દગુરુના વચનાનુસાર વર્તીને આત્મ જ્ઞાન સંપન્ન અને આત્મ બળ સંપન્ન થયા તે સર્વ મુક્તિ લાભ માટે ભગવાનની સેવામાં દાખલ થશે. અનાદિ કાળથી જે સદ્દભક્ત, ઋષિ, મુનિ, તપસ્વી, યોગી, યતિ, દેવ, સંત, મહાત્મા, સિદ્ધ પુરુષ, જ્ઞાની, આત્મ જ્ઞાની, સત્પુરુષ, સત્પંથી, વૈકુંઠ અમરધામ નિવાસી હશે તે બધા આ અનંત કરોડીના સૈન્ય મેળામાં પ્રગટ થશે અને પોતાની રીતે ભગવાનની સેવા કરશે. સર્વ સૈનિકોમાં અગ્રગણ્ય એવા મહાબલવીર હનુમાન પોતાનું ઉગ્ર તેજસ્વી સ્વરૂપ ધારણ કરીને ઉપસ્થિત થશે. તેની સાથે અગણિત એવું વાનર સૈન્ય હશે. ''એકંદરે આ પૃથ્વી પર અનાદિ કાળથી જે શૂરવીર દેવ સદ્દભક્ત થઈને અમરગતિમાં ગયા છે, જેમણે મૃત્યુ પર વિજય મેળવી અમરત્ત્વ પ્રાપ્ત કર્યું છે તે બધાના મુક્તિનો આ અંતિમ કાળ હોવાથી એ સર્વ ભગવાનની સેવામાં ઉપસ્થિત થશે અને પોતાની રીતે સેવા કરીને અંતે ભગવાનના આત્મ ચૈતન્ય જ્યોતિ સ્વરૂપમાં વિલીન થશે.''

જ્યારે દેવ રખેશર સ્વામીને પાયે લાગીને ઊભા રહેશે, ત્યારે સહુને રથે બેસાડો એમ સ્વામીજી કહેશે. ॥૪૬૦॥
એકેક સાથે એંશી લાખ ઊંટ સામેલ હોશે સાર, તે ત્યાં દાણો પાણી ઉપાડશે ચાર. ॥૪૬૧॥
એક એક ઋષિવરના દળ એવાં ચાલશે ઉત્તમ સાર, તેમાં ચાર લાખ ઊંટ તંબુ નિશાન હોશે સાથ. ॥૪૬૨॥
ત્યાં બે લાખ ઊંટ તીર કમાનને હોશે, તે સેલા બખ્તર નોબત નગારા જોશે. ॥૪૬૩॥
એકએક મુનિવર સાથે એવાં દલ ચાલશે જાણ, તે આગળ સાત લાખ યાચકનાં ઝળકશે નિશાન. ॥૪૬૪॥
તે સર્વે સ્વામી આગળ ઝળકશે નિશાન વાગશે સૂર, અને બીજા અવર વેણુ વાગશે રણતૂર. ॥૪૬૫॥
ત્યાં વાગશે દુંદુભિને નફેરી ભેર ભરે, ત્યારે બહુ નાદ નિશાને ધરતી થરથરે. ॥૪૬૬॥
ત્યાં દળદળીયું રણશિંગુને શહનાઈઓ હોયે અપાર, ત્યારે વાગશે ભેર ભૂંગળ માદળ ધમધમકાર. ॥૪૬૭॥
ત્યાં વાગે ટાળ મૃદંગ ધમધમકાર, ત્યારે વાગશે વીણા વાંસળી સારંગી સાર. ॥૪૬૮॥
એવા અનંત વાજંત્ર વાગશે મુરલી અનુપમ વાણ, બાકી અવર વાજીંત્રનો કોઈ પાર ન જાણ. ॥૪૬૯॥
ત્યાં મળશે સૈન્ય સ્વામીનું કછુ કહ્યું ના જાયે, તે દળ ધરતીએ ના સમાયે. ॥૪૭૦॥
જે બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર હાજર લાગશે પાયે, અને તે રથે બેસી બરાબર ચાલ્યા જાયે. ॥૪૭૧॥
જે મુનિવર લોકનું સૈન્ય મેળાવે સ્વામી નાથ, ત્યારે નવ ગ્રહ પણ આવશે સ્વામીને સાથ. ॥૪૭૨॥
જે કોઈ ઉત્તર દક્ષિણ પૂરવ પશ્ચિમ હોશે દેવ, તે દોડીને શ્રી સ્વામીના સૈન્યમાં મળશે તતખેવ. ॥૪૭૩॥
જે મળશે સૈન્ય અનંત અનુપમ સાર, તેમાં ધ્વજા નિશાનનો નહીં હોય પાર. ॥૪૭૪॥
ત્યારે સ્વામીના સૈન્ય દેખીને બહુ આનંદ જો થાય, ત્યાં એકેક મુનિવરનાં સૈન્ય વખાણ્યાં નવ જાય. ॥૪૭૫॥
સર્વે મુનિવરના ઘોડાની પાખરો ઝળકશે ઘણી, ત્યાં સેલા બખ્તર પહેરી બેઠા હશે ગત્માં ગોરનર ધણી. ॥૪૭૬॥
જે સ્વામીએ મસ્તકે પટકો પહેર્યો હોશે બહુરંગી ભાત, તે સ્વામીને દસ મણની કમાન હોશે હાથ. ॥૪૭૭॥
તેનો હોશે અઢાર શેરનો તરકસ મહાતીર, જેથી દૈત્યના છેદશે શિર. ॥૪૭૮॥
તે સ્વામીની કેડે કટયારી છુરી મગદલ તલવાર, ત્યાં સર્વે દેવલોક બાંધશે હથિયાર. ॥૪૭૯॥
ત્યાં ગાજશે ગરજશે અને દેશે યમ પાશ, અને મારી દૈત્યને કરશે નિરાશ. ॥૪૮૦॥
જે દેવ બાંધી હથિયારને એકઠા થાયે, તે સર્વે જઈ લાગે ગોરનરને પાયે. ॥૪૮૧॥

જ્યારે સર્વદેવ ઋષિ આવી ભગવાનને ચરણે લાગશે ત્યારે અત્યંત હર્ષથી પ્રેમપૂર્વક કુશળક્ષેમ ભગવાન પૂછશે અને બધાએ યથા યોગ્ય તૈયાર થઈને પ્રયાણ કરવું એવી સૂચના આપશે. એક એક મુનિવર-ઋષિવર સાથે એંસી લાખ ઊંટ દાણા પાણી અને યુદ્ધ ઉપયોગી સામાન લઈને જવા માટે આયોજન થશે. એક એક મુનિવર ઋષિવર સાથે ચાર લાખ ઊંટ તેમની પાસેના તંબુ, નિશાન, તીર, કમાન, બીજાં શસ્ત્રાસ્ત્ર , ટોપ, નગારાં, યુદ્ધ વાદ્ય વગેરે લઈ જવા માટે નીમ્યા હશે. એક એક મુનિવર-ઋષિવર સાથે આટલો દળભાર હશે. સાત લાખ સેવક એમના પર ધ્વજા છત્ર નિશાન ધારણ કરશે.

ભગવાનની આગળ અગણિત રણવાદ્ય વગાડાશે. શંખ, ભેરી, તુરંગ વગાડીને સર્વ વાતાવરણ નાદમય થશે. રણશિંગાં, વેણુનાદ, નગારાં, ઢોલક, શહેનાઈ, મોટા મોટા ભોંગા, રણભેરી, મૃદંગ, તાલ, ઢોલક, મોટા મોટા ઢોલ એવા ભયકારી, શરીર પર રોમાંચ લાવનાર નાદ સાંભળીને ત્રિભુવનનાં પ્રાણી માત્ર ભયકંપીત થશે.

ટાળ, વીણા, મૃદંગ, સારંગી, વાંસળી, તંતુવાદ્ય, જલતરંગ, ઘંટાતરંગ નાજુક મોહક સ્વવાદ્યોથી બધાનાં મન મોહિત થશે અને કેટલાક વીરોના શરીરમાં એ નાદે વીરરસ સંચરશે. તે અમૃતોપમ અનહદ નાદ સાંભળીને ત્રિભુવનના જીવાત્મા ધન્ય ધન્ય અને કૃતકૃત્ય થશે.

ભગવાનના એ અગણિત અપરિમિત સૈન્યની ગણતરી બ્રહ્મદેવથી પણ થઈ શકે તેમ નથી. સંપૂર્ણ પૃથ્વી તળ તેમને અપૂર્ણ પડશે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ પ્રત્યક્ષ પ્રગટ થઈને ભગવાનની સાથે રથ પર આરૂઢ થશે. તેમની પાછળ પાછળ નવ ગ્રહ પણ પોતાના વાહન પર સવાર થઈને ચાલવા લાગશે. ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ દિશા તરફ વાસ્તવ્ય કરેલા બધા દેવ આવી ભગવાનના સૈન્યમાં આવી મળશે. આ પ્રકારે અનંત, અપાર, અનુપમ સૈન્ય ભગવાનની સેવામાં ઉપસ્થિત થશે. એ સંપૂર્ણ સૈન્ય જોઈને અને એક એક મુનિવરના ભક્તિ પ્રેમ જોઈને ભગવાન અત્યંત હર્ષિત થશે. એક એક મુનિવરનાં વખાણ કરાશે. આ પ્રકારનું તેમનું દિવ્ય તેજ સાજ શૃંગાર અને ધૈર્યતા, વીર્યતા, શૌર્યતા પૂર્ણ રહેશે. પ્રત્યેક મુનિવરના ઘોડાની પીઠ પર ચાદર અને પલાણ અત્યંત ચકચકીત રત્નમણિથી ગૂંથેલાં હશે.

ભગવાનના મસ્તક પરનો મુકુટ અત્યંત નાવિન્ય પૂર્ણ ઘડી ઘડી બદલતા રંગના રત્ન માણેકથી ગૂંથાયેલો બહુરંગી હશે. ભગવાનના હાથમાં દસ મણનું ધનુષ્ય હશે. હાથમાં અઢાર શેરનો ચંદ્રાકૃતિ તરકસ મહાતીર ઝળકશે. જે યોગે દૈત્યોનું શિરકમલનું છેદન કરશે. ભગવાન પાસે કટાર, છુરી, મગદળ, તલવાર વગેરે આયુધ હશે. સર્વ દેવદેવતાગણના હાથમાં શસ્ત્રાસ્ત્ર યુક્ત થયા પછી એ બધા શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના ચરણે લાગશે.

ચાર જુગના રખેશરના જુજવા રંગના પરચા જાણ, સુણો મુનિવર તેહેના સહી નિર્વાણ. ॥૪૮૨॥
રગતા પેચા કરસના સોતા જાણ, સરદ જરદ શામ શ્વેત પ્રમાણ. ॥૪૮૩॥
જે ચાર યુગના સૈન્ય ચોરંગા એકઠાં થાશે, તે બહુ રૂપવંતા રખેશ્વર કહા ના જાયે. ॥૪૮૪॥
જે કર્તા યુગમાં મુનિવર થયા પરમાણ, તેનાં સૈન્ય લાલ રંગે સહી પ્રમાણ. ॥૪૮૫॥
તે દેવના સરદ ઘોડાને સરદ પલાણ, તેહનો સરદ વસ્ત્ર પહેરાવ્યાં જાણ. ॥૪૮૬॥
તેહને સરદ વાઘાને લાલ શિરબંધ જાણ, તેહના કેડેનો પટકો સરદ વખાણ. ॥૪૮૭॥
ત્યારે સરદ ધ્વજા સરદ ઝળકે નિશાન, તેહના પગની મોજડી સરદ જાણ. ॥૪૮૮॥

જે કર્તાયુગમાં ભકત પ્રહલાદ જાણ, તેહનાં સર્વે સૈન્ય સરદ થાયે પ્રમાણ. ॥૪૮૯॥
જે કર્તાયુગમાં ઋગ્વેદ સરદ રંગે જાણ, તેથી સૈન્ય સરદ થયાં પરમાણ. ॥૪૯૦॥
જે ત્રેતાયુગ માંહે મુનિવર ભયા, તેહના સૈન્ય સર્વે જરદ રંગે થયા. ॥૪૯૧॥
તે દેવોના જરદ ઘોડાને જરદ પલાણ, તેહનાં જરદ ધ્વજાને ઝળકે નિશાન. ॥૪૯૨॥
તે દેવને જરદ વાઘાને જરદ પહેરી શોભાય, તેહને જરદ મોજડી પહેરી પાય. ॥૪૯૩॥
તેહને જરદ વસ્રને જરદ શિરબંધ જાણ, તેહનો કેડેનો પટકો જરદ વખાણ. ॥૪૯૪॥
તે ત્રેતાયુગમાં હરિશ્ચંદ્ર સત્‌વાદી જાણ, તેહનાં જરદ સૈન્ય કીધાં પ્રમાણ. ॥૪૯૫॥
જે ત્રેતાયુગ માંહે યજુર્વેદ જરદ રંગે જાણ, તેથી સર્વે સૈન્ય જરદ થયાં પ્રમાણ. ॥૪૯૬॥
જે દ્વાપરયુગ માંહે મુનિવર સુજાણ, તેનાં સર્વે શામ સૈન્ય થયાં પ્રમાણ. ॥૪૯૭॥
તે દેવના શામ ઘોડાને શામ પલાણ, તેહનાં શ્યામ ધ્વજાને ઝલકે નિશાન. ॥૪૯૮॥
તે દેવના શામ વાઘાને વસ્ત્ર પહેરણ ભાય, તેહના પગની મોજડી શામ કહેવાય. ॥૪૯૯॥
તેહના શામ શિરબંધ સર્વે રંગે જાણ, તેહનો કેડેનો પટકો શામ વખાણ. ॥૫૦૦॥
તે દ્વાપર યુગમાં સાચા દેવ યુધિષ્ઠિર જાણ, તેહનાં શામ સૈન્ય થયાં પ્રમાણ. ॥૫૦૧॥
જે દ્વાપરયુગમાં શામવેદ શામ રંગે જાણ, તેથી સર્વે દેવ શામ થયા પ્રમાણ. ॥૫૦૨॥
આજ કલિયુગમાં જે મુનિવર ખરા સત્‌પંથી જાણ, તે કરોડી બારનાં શ્વેત વખાણ. ॥૫૦૩॥
તે શ્વેત ઘોડાએ સ્વામી થાશે સ્વાર, તે સ્વામીને શ્વેત વાઘા પહેરણ સાર. ॥૫૦૪॥
તેહના શ્વેત ઘોડાને શ્વેત પલાણ, તેહના શ્વેત વાઘાને વસ્ત્ર પ્રમાણ. ॥૫૦૫॥
તે દેવને શ્વેત તીરને શ્વેત કમાન, તેહની શ્વેત ધ્વજાને ઝળકે નિશાન. ॥૫૦૬॥
તે દેવને મસ્તકે શિરબંધ શ્વેત જાણ, તેહના પગની મોજડી શ્વેત વખાણ. ॥૫૦૭॥
તે દેવનો કેડેનો પટકો શ્વેત રંગે સાર, ભાઈ તેના રૂપ તણો ન આવે પાર. ॥૫૦૮॥
એવા શ્વેત સર્વે સૈન્ય સ્વામીજીનાં ચઢશે, તેહને સ્વામી મેઘાડંબરનાં શિર છત્ર ધરશે. ॥૫૦૯॥
આજ કલિયુગમાં સદ્‌ગુરુ બ્રહ્મા થાશે જાણ, તેહનાં શ્વેત સૈન્યનાં કરશે વખાણ. ॥૫૧૦॥
આ કલિયુગમાં અથર્વવેદ શ્વેત રંગે જાણ, તેથી શ્વેત સર્વે સૈન્ય થાશે પ્રમાણ. ॥૫૧૧॥
એવા ચાર યુગના સૈન્ય ચોરંગે ઉત્તમ સાર, સદ્‌ગુરુ કહે બાકી વર્ણનનો આવશે નહીં પાર. ॥૫૧૨॥
જ્યારે એવાં સૈન્ય ચોરંગાં સ્વામી દેખશે નેણ, ત્યારે હસી હર્ષ શું બોલશે વેણ. ॥૫૧૩॥
ત્યારે પ્રભુજી મુનિવરને એમ કહેશે નિર્વાણ, હવે તમે જંબુદ્વીપ માંહે જઈને કરો મેલાણ. ॥૫૧૪॥

ચાર યુગના ઋષિવરોનાં અલગ અલગ રંગનાં વસ્ત્રો ધારણ કરેલાં એ સૈન્યોનું વર્ણન કરતી વખતે સદ્‌ગુરુ મહારાજ કહે છે કે; લાલ, પીળો, ઘનવાદળી અને સફેદ પ્રકારના ચાર રંગનાં તેમનાં વસ્ત્રો હશે. જે કર્તાયુગમાં મુનિવરનો ઉદ્ધાર થયો હતો એવા ભક્ત પ્રહલાદ સાથેનાં પાંચ કરોડ સૈનિકોનો ગણવેશ લાલ રંગનો હશે. ઋગ્વેદનો વર્ણ લાલ હોવાથી અને ઋગ્વેદ કર્તાયુગનો પ્રાધાન્યભૂત હોવાથી એ પ્રચલિત કાળે ઋગ્વેદના યુગધર્માનુસાર વર્તીને જે લોકો અમર થયા, તેઓ ફલંત્ર સમયે

પ્રગટ થશે, માટે તેમનાં વસ્ત્રો લાલ રહેશે, તેમના ઘોડા પણ લાલ રહેશે, ઘોડા પરની ચાદર અને પલાણ લાલ હશે, એ સૈનિકોએ ધારણ કરેલાં બધાં વસ્ત્રો લાલ જ હશે. તેમના માથાનો ફેંટો, પટકા અને ઉપવસ્ત્ર લાલ રહેશે. તેમના પગના પાદત્રાણ (પગરખાં) પણ લાલ રહેશે. તેમનાં ધ્વજા નિશાન બધાં લાલ રંગનાં રહેશે.

ત્રેતાયુગમાં જે સદ્‌ભક્તોનો ઉદ્ધાર થયો હતો એવા ભક્ત હરિશ્ચંદ્ર સાથે સાત કરોડ સૈનિકોનો ગણવેશ પીળા રંગનો હશે. યજુર્વેદનો વર્ણ પીળો હોવાથી અને યજુર્વેદનો યુગધર્મ ત્રેતાયુગમાં પ્રચલિત હોવાથી પ્રાધાન્યભૂત વેદ તરીકે યુગધર્માનુસાર વર્તીને જે લોકો અમર થયા, તેઓ આ છેલ્લા સમયે એ પ્રગટ થશે માટે તેમનાં વસ્ત્રો પીળાં રહેશે, તેમના ઘોડા પિત્ત વર્ણના, તેના પરની ચાદર પલાણ વગેરે પિત્ત વર્ણનાં હશે, તેમના સૈનિકોએ ધારણ કરેલાં બધાં વસ્ત્રો પિત્ત વર્ણ જ રહેશે, તેમના માથા પરના ફેંટા, પટકા અને ઉપવસ્ત્ર બધાં પીળાં જ હશે, તેમના પગના પાદત્રાણ પીળાં જ રહેશે, તેમની પાસેના શસ્ત્રાસ્ત્ર પિત્ત વર્ણનાં રહેશે. તેમની ધ્વજા નિશાન બધાં પીળાં જ હશે.

દ્વાપર યુગના જે ઋષિવર મુનિવર સદ્‌ભક્ત યુધિષ્ઠિર સાથે હશે તે નવ કરોડ સૈનિકોનો ગણવેશ ગર્દ વાદળી રંગનો-શ્યામ વર્ણનો હશે. સામવેદનો વર્ણ શ્યામ હોવાથી અને સામવેદ દ્વાપરયુગમાં પ્રાધાન્યભૂત વેદ હોવાથી એ કાળે સામવેદના યુગધર્માનુસાર વર્તીને જે લોકો અમર થયા તેઓ આ કલિયુગના છેલ્લા પ્રહરે પ્રગટ થશે. માટે તેમનો ગણવેશ શ્યામ વર્ણ હશે, એ સૈનિકોએ ધારણ કરેલાં બધાં વસ્ત્રો શ્યામ વર્ણનાં જ હશે, તેમના માથા પરના ફેંટા, પટકા અને ઉપવસ્ત્ર શ્યામ વર્ણનાં હશે, તેમના પગનાં પાદત્રાણ પણ શ્યામ રહેશે, તેમનાં શસ્ત્રાસ્ત્ર ધ્વજા અને નિશાન પણ શ્યામ વર્ણનાં જ રહેશે.

આ કલિયુગમાં જે સદ્‌ભક્તનો ઉદ્ધાર થયો અને ઉદ્ધાર થશે એવા સદ્‌ગુરુ બ્રહ્માના અનુગ્રહી ઋષિવર મુનિવર બાર કરોડ જીવાત્મા સૈનિક રૂપે અવતરશે, તેમનો ગણવેશ સંપૂર્ણ સફેદ શુભ્ર હશે. અથર્વવેદનો વર્ણ શ્વેત હોવાથી અથર્વવેદ આ કલિયુગનો પ્રાધાન્યભૂત વેદ છે. માટે પ્રચલિત સમયે બ્રહ્મસ્વરૂપી મહાત્મા તરફથી સદ્‌ગુરુ બ્રહ્મા પાસેથી અનુગ્રહ લઈને તેમણે કહ્યા પ્રમાણે સાધનાનુસાર અને યુગધર્માનુસાર આચરણ કરીને જે જીવાત્મા અમર થયા અને થશે એ બધા કલિયુગના અંત સમયે પ્રગટ થશે. માટે તેમનાં વસ્ત્રો શ્વેત રહેશે. તેમના ઘોડા શ્વેત, તેના પરનાં ચાદર પલાણ શ્વેત વર્ણનાં રહેશે, એ સૈનિકોએ ધારણ કરેલાં બધાં વસ્ત્રો શ્વેત વર્ણનાં જ રહેશે. તેમના ફેંટા, પટકા, ઉપવસ્ત્ર અને પાદત્રાણ શ્વેત વર્ણનાં હશે. તેમનાં શસ્ત્રાસ્ત્ર ધ્વજા નિશાની પણ શ્વેત વર્ણન જ હશે.

આ પ્રમાણે ચતુર્વર્ણની આ ચતુરંગી સેના ખૂબ ચિત્ર વિચિત્ર અને નયન મનોહારી દેખાશે. સદ્‌ગુરુ મહારાજ કહે છે કે; એ ભગવાનની અપાર અતુલ પરાક્રમી એવી સેનાનું વર્ણન કરવું શબ્દોની બહાર થશે. આ બધું ચૌરંગી સૈન્ય જોઈને ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ અત્યંત પુલકિત થશે. અત્યંત હર્ષોત્ફુલ્લ અંતઃકરણથી એ બધાને અભિવાદન કરીને આભાર માનશે અને પોતાના આગેવાન સેનાપતિને જંબુદ્વીપ તરફ પ્રયાણ કરવાનો સંદેશ આપશે.

પ્રભુજીની સવારીના પરછા રે જાણ, તેહના મુનિવરો સુણો વખાણ. ॥૫૧૫॥
જે દન સંવત્સર ચિલોતરો ચૈત્ર માસ ને ગુરુવાર,
તે દન સ્વામીજીનાં સૈન્ય ચઢે ત્યારે પ્રભુજી થાશે અસ્વાર. ॥૫૧૬॥
જ્યારે ઘેરથી પગલાં ચાર સ્વામીજી ચાલી નીસરશે, ત્યારે નાર એક સામી આવી સંચરશે. ॥૫૧૭॥
તે પહેરી આભૂષણ સોળ શૃંગાર, તે માથે સુવર્ણ કુંભ લઈને આવશે સુહાગણ નાર. ॥૫૧૮॥
તે કુંભ ઉપર સુવર્ણનો થાળ અનુપમ હોશે સાર, તેમાં અમૃત ભોજન ભરીયાં હોશે સાર. ॥૫૧૯॥

જ્યારે એવાં સારાં શુકન સ્વામીને થાશે, ત્યારે સદ્ગુરુ બ્રહ્માજી બોલશે સત્ ભાયે. ॥૫૨૦॥
સ્વામીજી આજ ભલા શુકુન છે મહાબળીયાં કેવાયે, સર્વે દૈત્યનાં દળ ખરીયુંમાં જાયે. ॥૫૨૧॥
ત્યાંથી દળ ચાલી જંબુદ્વીપમાં જાશે, ત્યારે સૈન્ય ગઢ પર્વત પહેલી ફૂંકે ઉપડાશે. ॥૫૨૨॥
જ્યારે એવા દેવઋષિ દળ ઉલટશે સધીર, ત્યારે નદી સમુદ્રનાં પાવે નીર. ॥૫૨૩॥
જે સ્વામીનું સૈન્ય ચાલે તેમાં બહુ ઘોડાને ઊંટ,
તેમાં સાતે સમુદ્રનાં પાણી પહેલી ફોજે થાશે એકેકો ઘૂંટ. ॥૫૨૪॥
પહેલી ફોજ એક એકો ઘૂંટ ભરશે, ત્યારે પાછલી ફોજને તેની કૃપા થાશે. ॥૫૨૫॥
જે દળ મેરુ શિખર વચ્ચે સંચરશે વાટ, ત્યારે લંકા ગઢ આવશે સ્વામીની સાથ. ॥૫૨૬॥
શ્રી સ્વામીનું સૈન્ય મેરુ શિખર વચ્ચે નહીં માયે,
તે સૈન્ય ચાલતાં ધરતીએ સવા ગજ લીદ ચઢાવાયે. ॥૫૨૭॥
એવાં દલ ચાલતાં ઉંડે ખેહને બહુ ગીર્દી ચઢશે, ત્યારે ચંદ્રમા સૂરજનો ઠોર નહીં જડે. ॥૪૨૮॥
ત્યાં લોપશે સૂરજને જેમ અમાવસ્યાની રાત, અને ધરતી પગ તળે નહિ સૂઝશે જાત. ॥૪૨૯॥
ત્યારે સ્વામી ખડ્ગ હાથમાં ત્રિધારુ લેશે ભરપૂર, જેમ સહસ્ર કલા લઈને ઉગશે સૂર. ॥૫૩૦॥
ખડ્ગને અજવાળે દળ ચાલશે અપાર, સ્વામીના દળ આવી પહોંચશે જંબુદ્વીપ મોઝાર. ॥૫૩૧॥
જે સ્વામીના દળમાં તુરંગ હીસોરા કરશે, ત્યારે જમીન આકાશ સહુ નક્ષત્ર થરથરશે. ॥૫૩૨॥
જ્યારે એવાં દળ ચાલશે ને ધરતી કંપશે અપાર, ત્યારે ધબલા ધોરી શિર ન થંભશે ભાર. ॥૫૩૩॥
એવાં ચહું દિશાથી સ્વામીનાં દળ આવશે જાણ,
તે ભરતખંડને જંબુદ્વીપ માંહે કુંવારીકા ક્ષેત્રે કરશે મેલાણ. ॥૫૩૪॥
ક્ષેત્ર શું ક્ષેત્ર કુંવારીકા સાબરમતીને તીર, રૂપ નિષ્કલંકી અવતરશે આપ શરીર. ॥૫૩૫॥
પૂર્ણા તાપી રેવા મહી કાવેરી મદગીર, નેત્રવતીથી અવતરશે પ્રગટ જો જો વીર. ॥૫૩૬॥
ગંગા જમુના સરસ્વતી તે થકી દખન દેશ, સાબરમતીના તીરમાં હરિ જે માણસ વેશ. ॥૫૩૭॥
આજ હેમપુરી નગરી માંહે કુંવારીકા ક્ષેત્ર જાણ,
સદ્ગુરુ બ્રહ્મા સ્થાનકે શ્રી નિષ્કલંકી આવી કરે મેલાણ. ॥૫૩૮॥

ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના સૈન્યના પ્રયાણનું વર્ણન કરતાં સદ્ગુરુ મહારાજ કરે છે કે, 'ચિલોત્ર સંવત્સરનો ચૈત્ર મહિનો, ગુરુવાર શુભ મુહૂર્ત જોઈને ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ યુદ્ધ માટે સૈન્ય સિદ્ધ કરીને શ્વેતદ્વીપથી જંબુદ્વીપ તરફ પ્રયાણ કરશે. ભગવાન પોતે સર્વ પ્રથમ પોતાના શ્વેત અશ્વ પર સવાર થઈને પોતાના સ્થાનથી ચાર પગલાં પ્રયાણ કરશે, ત્યાંજ તેમની સામે એક સૌભાગ્યવતી સુંદર સ્ત્રી આવશે. સોળ શૃંગાર અને સંપૂર્ણ સૌભાગ્ય અલંકારથી યુક્ત એવી એ સ્ત્રી સુવર્ણનો ઉદક (જળ) કુંભ માથા પર લઈને આવશે. એ કુંભ પર સુવર્ણ થાળીમાં અમૃતોપમ પંચ પકવાનનાં ભોજન હશે. એ અત્યંત શુભ શુકન થયેલાં જોઈને સદ્ગુરુ બ્રહ્મા અત્યંત હર્ષિત થઈને ભગવાનને ઈશારો કરશે અને કહેશેઃ 'સ્વામીજી, આજ આપણને આ અત્યંત શુભ, યશોદાયી અને મહાબળશાળી શુકન થયાં છે. દૈત્યોનું સંપૂર્ણ દળ હમણાં જ પૂર્ણપણે નષ્ટ થયું એમ નિશ્ચિત સમજો.'

ત્યાંથી પ્રયાણ કરતાં એ સર્વ સૈન્ય જંબુદ્વીપ તરફ આવવા લાગશે. જે પર્વતના શિખરો પરથી તેમજ ગાઢ પર્વતોમાંથી સૈન્ય પ્રયાણ કરશે. એ પર્વતોનાં શિખર સૈન્યના ચાલવાથી સપાટ થતાં જશે. જાણે હવાથી ધૂળના ગોટા ઉડે એ પ્રમાણે સૈન્યના પ્રવાહને કારણે પર્વતનાં શિખર પડી જશે. ભગવાનનું એટલું મોટું દેવઋષિ સૈન્ય હશે કે તેની ગણના પણ કરાશે નહીં. તેમાં ઊંટ ઘોડા અગણિત હશે. સાતેય સમુદ્ર અને નદીઓ તેમની સેવા માટે દોડી આવશે અને સમુદ્રનાં પાણી તે સૈનિકોની સેવા કરશે. મેરુ શિખર પરથી નીચે ઉતરીને એ સૈન્ય આગળ પ્રયાણ કરશે. દક્ષિણ તરફ છેક લંકા સુધી સૈન્ય પ્રયાણ કરશે.

સૈન્ય જે માર્ગે જશે એ માર્ગે ઘોડા ઊંટના લાદનો સવા ગજ ઊંચો થર થશે. ચાલતી વખતે ધૂળ એટલી ઉડશે કે જાણે આકાશ મેઘથી આચ્છાદિત થાય એ પ્રમાણે સર્વત્ર અંધારું થશે. એ ધૂળના ગોટાથી સૂર્ય ચંદ્ર પણ ઢંકાઈ જશે. અમાસની રાત્રી પ્રમાણે સર્વત્ર અંધારું છવાશે. પગ નીચે પત્થર પણ દેખાશે નહીં. ત્યારે ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ પોતાનું ત્રણ ધારનું શસ્ત્ર હાથમાં ઊંચું ધારણ કરીને સૈન્યને ઈશારો કરશે. હજાર કળાએ સૂર્ય તપે એ પ્રમાણે તે ખડ્ગ ચળકશે અને તેનાં અજવાળાંના આધારે સૈન્ય ચાલવા લાગશે.

આ પ્રકારે તે સંપૂર્ણ સૈન્ય જંબુદ્વીપમાં આવશે. જંબુદ્વીપની ભૂમિ પર પગ મૂકતાં જ ભગવાનનો શ્વેત ઘોડો જોરથી ફુરફુરતો હણહણશે અને બધા ઘોડા તેનું અનુકરણ કરશે. તેમની એ હણહણાટી સાંભળીને જમીન થરથરવા માંડશે. આકાશમાંના નક્ષત્રો થરથરશે અને ધવલ ધોરી પોતાના શિર પર પૃથ્વીનો ભાર સહન કરવા માટે એકદમ અસમર્થ થશે. એવા પ્રકારે પૃથ્વી અસ્થિર-ચલિત થતી હોય તેમ લાગશે. ત્યારે શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનનું સૈન્ય ભરતખંડમાં જંબુદ્વીપના કુંવારીકા ભૂમિ પર આવી રોકાણ કરશે અને સર્વ સૈન્ય ત્યાં પડાવ કરશે.

આ કુંવારીકા ક્ષેત્ર સાબરમતીના પૂર્વ દિશાએ હોવાથી ત્યાં ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ શ્વેતદ્વીપમાં અવતાર ધારણ કર્યા પછી લીલાચરિત્ર અહીં કરશે. પૂર્ણા, તાપી, રેવા, મહીસાગર, કાવેરી અને નેત્રવતી આ નદીઓના પરિસરમાં સર્વ ઠેકાણે ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના સૈનિકોના પડાવ હશે. ગંગા યમુના સરસ્વતી આ નદીઓના પરિસરમાં પણ સૈનિકોનો પડાવ હશે અને મુખ્ય સ્થાન સાબરમતી પાસે સ્થાપશે. આજે સાબરમતી પાસે હેમપુરી નગરી એ જ કુંવારીકા ક્ષેત્ર છે અને તે સદ્ગુરુ બ્રહ્માએ સ્થાપન કર્યું છે. આવી આ પવિત્ર ભૂમિમાં ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ પોતાના આસનનું સ્થાપન કરશે.

સદ્ગુરુ શ્રી ઈમામશાહનું સમાધિ મંદિર સુવર્ણનું થાય તેના પરચા જાણ,
તમે સુણો મુનિવરો સહી નિર્વાણ. ॥૫૩૯॥
જ્યારે સ્વામી જંબુદ્વીપ કુંવારીકા ક્ષેત્રમાં પ્રગટ દેશે પાયે,
ત્યારે ગુરુ ઈમામશાહનું સમાધિ મંદિર સર્વ સોનાનું થાયે. ॥૫૪૦॥
ત્યારે ઢાળી તખત નગીના ગોમટીએ સ્વામી બેઠા જાય,
ત્યાં ગોઠડી ગોર ઈમામશાહ ને સ્વામીજીની થાય. ॥૫૪૧॥
જે ઈમામશાહના મહેલ આગળ નગીના ગોમટી કહેવાયે,
ત્યાં તે દહાડે પાપ ધરમના ત્રાજવાં બંધાયે. ॥૫૪૨॥
પ્રભુજી જંબુદ્વીપે હેમપુરી નગરી માંહે બજાવશે તૂર,
બાકી દુનિયામાં તેના પડશે સૂર. ॥૫૪૩॥

જે સર્વે દેવલોક આવી લાગશે સદ્‌ગુરુને પાયે,
ત્યારે દેવ દાનવના સૈન્ય વચ્ચે નદી સરસ્વતી કહેવાય. ॥૫૪૪॥
જ્યારે ગોરનરનાં દળ સર્વે એકઠાં થાય, ત્યારે દૈત્ય કાલિંગાનાં દળ પોતાં છે આંય. ॥૫૪૫॥
જે ચીન મહાચીન દેશ છે ઉત્તર દેશ, ત્યાં દૈત્ય કાલિંગો રહે છે મનસા વેશ. ॥૫૪૬॥
જે દૈત્ય કાલિંગો છે મહાબળવંત, તેહેના સૈન્ય તણો નહીં આવે અંત. ॥૫૪૭॥
તેહેના સૈન્ય યોદ્ધા અનંત અપાર અને મહાશૂર બળવંત છે સાર. ॥૫૪૮॥
જે ચીન મહાચીન થકી કાલિંગો ચઢશે જાણ, તે જંબુદ્વીપ આવી કરશે મેલાણ. ॥૫૪૯॥
જે ચોવીસ ચેલા છે દૈત્ય કાલિંગા તણા, તે ચરપટ ચાળા કરશે અતિ ઘણા. ॥૫૫૦॥
દૈત્યના સૈન્ય ચાલતાં ધરતી ધ્રુજશે ધમધમકાર, તે દળનો નહીં હોયે અંતને પાર. ॥૫૫૧॥
જે આવાં દળ ચરપટ કરશે અપાર, તે આસન માંડી અંતરીક્ષ બેસશે તેણીવાર. ॥૫૫૨॥
તે દૈત્ય અંતરીક્ષ આસને બેસીને ચાલશે આકાશ, એવી કારમી વસ્તુ કરે પ્રકાશ. ॥૫૫૩॥
તે દૈત્ય અન્નની પરબો ચલાવશે જાણ, તે દૈત્ય પાણી મંત્રીને ઘૃત કરે નિર્વાણ. ॥૫૫૪॥
તે દૈત્ય વેળુ મંત્રી ખાંડ કરશે જોયે, તે સાત પેઢીનાં મા બાપ દેખાડશે સોયે. ॥૫૫૫॥
તે દૈત્ય કાષ્ટના ઘોડાને ખવરાવશે દાણ, તે નદીઓનાં નીર ઉલટાં ચલાવશે નિર્વાણ. ॥૫૫૬॥
એવા ચરપટ કરતા દૈત્ય આવશે એ ઠાઈ, તેહને બેઈમાની દુનિયા મળશે જાઈ. ॥૫૫૭॥
જે આવા દૈત્ય ને લાગશે વાર, તે ચાલી આવશે લાલપુરી સિદ્ધપુરી મોઝાર. ॥૫૫૮॥
જે દૈત્ય પાવડીયા આરે ઉતરશે ત્યાંય, તેહેના અણગણતાં સૈન્ય કહાં નવ જાય. ॥૫૫૯॥
તે દૈત્ય દળના સર્વે યોદ્ધા મહા બળવંત હોશે, ત્યારે દળ આવતાં વાટે છ મહિના થાશે. ॥૫૬૦॥
જે પાવડીયે આરે ઉતરશે કાલિંગો રાયે, તેના દળમાં દૈત્ય નગારે વાળશે ઘાયે. ॥૫૬૧॥
જે દૈત્ય પાવડીયે આરે આવી રહેશે, તે દલ માંહે ધ્વજા નિશાનનો પાર ન લેવાશે. ॥૫૬૨॥
એવા દૈત્ય ચરપટ કરશે અપાર, ત્યારે ભૂલશે સકલ સંસાર. ॥૫૬૩॥
ત્યાં નહીં ભૂલે સાચા રખેશર જાણ, જેણે સદ્‌ગોર બ્રહ્મા ભેટયા હશે પ્રમાણ. ॥૫૬૪॥
તે દૈત્યનાં દળ માંહે કોઈ અન્ન ના પાયે, અને સ્વામીના સૈન્ય માંહે અન્ન પાણી હોયે. ॥૫૬૫॥
તે બેઉ સૈન્ય જ્યારે એકી દૃષ્ટિ કરશે, અને તે વચ્ચે નારદ મુનિ આવી સંચરશે. ॥૫૬૬॥
તે બેઉ દળ વચ્ચે નારદ ચાલશે અહીં તહી, ત્યાં દેવ દૈત્યને ઝૂઝવે સહી. ॥૫૬૭॥
જ્યારે એવા ચરપટ દૈત્ય કાલિંગો કરશે અપાર, ત્યારે શ્રીનારાયણ દેવતા ચઢશે સ્વાર. ॥૫૬૮॥

ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ પોતાના બધા જ સૈનિકોની છાવણીઓનું આયોજન અને વ્યવસ્થા ઉત્તમ પ્રકારે કરી પોતાના મુખ્ય સ્થાનક હેમપુરીમાં આવશે. ત્યારે સદ્‌ગુરુ ઈમામશાહના સમાધિ મંદિરને તેમનાં ચરણ સ્પર્શ થતાં જ એ સંપૂર્ણ સુવર્ણમય થશે. અત્યંત ચકચકીત તેજસ્વી સુંદર એવી એ મહેલ સમાન દેખાવવા લાગશે. ભગવાનના પરમ પાવક સ્પર્શથી એ મહેલનું પરિવર્તન થવાથી નવું ચૈતન્ય તેને પ્રાપ્ત થશે. નગીના ગોમટી પાસે રત્ન જડીત સિંહાસન પર બેસીને તેમની

બાજુમાં બેઠેલા બ્રહ્મસ્વરૂપી સદ્ગુરુશ્રી ઈમામશાહ મહારાજ સાથે એ કંઈક વાતનો વિચાર વિનિમય કરશે. તેમની બેઠકની સામે એક ભવ્ય મોટું ત્રાજવું હશે. એ જગ્યાએ ન્યાયાલયની સ્થાપના થશે. એ જગ્યાએ જીવાત્માઓના કૃત કર્મના નિવેડા થશે. પાપ પુણ્યનો નિર્ણય લઈને જેવાં જીવાત્માઓનાં કર્મ તે પ્રકારનાં ફળ તેમને પ્રાપ્ત થશે. જે જીવાત્માઓ સત્કૃત્યવાન પુણ્યવાન હશે તેમને શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન તેમની પાસે રાખશે. અસત્યાચરણ, દંભાચરણ, પાપ કૃત્યો કરનારાઓને તેમનાં કર્મ ફળ ભોગવવા માટે પ્રલયગર્તામાં ફેંકી દેશે. જંબુદ્વીપમાં કુંવારીકા ક્ષેત્રમાં હેમપુરી નગરીમાં ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ શંખનાદ વગાડશે અને નવખંડમાં તેનો પ્રતિસાદ સંભળાશે. વિશ્વના સંપૂર્ણ દેવલોક ભગવાનના છત્ર નીચે એકત્રિત થશે. સંપૂર્ણ વિશ્વની દેવશક્તિ ત્યાં સંગઠીત થશે.

ચીન દેશના મહાસામર્થ્યવાન બલશાલી પણ દુષ્ટ પ્રવૃત્તિના દાનવ દૈત્ય કાલિંગા પાસે અગણિત સૈન્ય બળ હશે. તે પોતાનું અસંખ્ય અપાર એવું સૈન્ય દળ સાથે લઈને ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના સૈન્યની સામે લડવા ચડાઈ કરી આવશે. તેના યોદ્ધા અનંત અપાર બળ સંપન્ન મહાવિક્રાળ હશે. તેના મુખ્ય સેનાપતિ સંરક્ષક એમ ચોવીસ અધિકારી હશે. બધા દેશમાં રાજદૂત તરીકે જઈને તે પોતાના આસુરી દાનવી કૃત્યોથી સંપૂર્ણ જગત પર મોહપાશ નાખશે અને પોતાના દાનવી આસુરી મતનું સમર્થન કરીને પોતાનું પ્રભુત્વ બતાવવાનો પ્રયત્ન કરશે. અલગ અલગ ચમત્કાર કરતા કરતા સંગઠિત થયેલા એ કાલિંગાના સૈનિકો આક્રમણ કરતા કરતા સતલજ નદી પાસે આવેલી સરસ્વતી નદી સુધી ઉત્તર માર્ગથી આવીને અટકશે અને સરસ્વતી તીરે તેમનો બધાનો મોટો પડાવ રહેશે. ત્યાંથી એ પોતાના અલગ અલગ ગુપ્તચરોને અલગ અલગ જગ્યાએ મોકલી ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણની છાવણીની અને યુદ્ધ બળની ગુપ્ત માહિતી મેળવશે. તેમના સૈન્યમાં અગણિત ધ્વજ નિશાન રહેશે. ઢોલ, નગારાં, રણશિંગાં, શંખ વગેરે રણવાદ્યો અસંખ્ય અપાર રહેશે.

ભગવાનના અવતાર કાર્યો પર, નામ પર જેમને શ્રદ્ધા નથી, જે બેઈમાન ભૌતિક સુખમાં રમનારા હશે, સદ્ગુરુ વચન પર જેમને ઈમાન શ્રદ્ધા નહીં હોય એવા અજ્ઞાની મૂર્ખ પાપી લોકો દૈત્યના ચરપટ ચાળાથી ભૂલવણીમાં પડીને તેને જઈને મળશે. પણ જે સાચા ઋષિવર હશે તે કદીયે સન્માર્ગ પરથી પોતાની શ્રદ્ધા ચળવા દેશે નહીં. દૈત્ય કાલિંગાનું સૈન્ય સરસ્વતી નદીના તીર સુધી આવ્યું છે એમ સમજાતાં જ શ્રી નિષ્કલંકી નારાયણ પોતાના સૈનિકોની ટુકડી ત્યાં મોકલશે અને સરસ્વતી નદીના દક્ષિણ તીરે પોતાના સૈન્યની છાવણી માંડશે. આ પ્રકારે દેવ દાનવનું સૈન્ય સામસામે આવશે.

યુદ્ધના ઉદ્દેશથી એકત્રિત થયેલાં એ બંને દળ યુદ્ધની આજ્ઞાની રાહ જોતાં એકબીજા તરફ તીવ્ર દૃષ્ટિક્ષેપ કરશે. દૈત્યના સૈનિકોને અન્નપાણીની અત્યંત મુશ્કેલી થશે. તેમને અન્ન મળી શકશે નહી. ભગવાનની બાજુના સૈન્યની અન્નપાણીની અત્યંત કાળજી લેવાશે. એક એક સૈનિકની ગણના કરીને તેમના અન્ન પાણી વસ્ત્ર વગેરેની અત્યંત ઝીણવટથી દેખરેખ થશે. બંને સૈન્ય જયારે સામસામે આવશે ત્યારે નારદ મુનિ અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં એમ ફેરા કરીને સંધી ઘડી લાવવાનો પ્રયત્ન કરશે. પણ દાનવ તરફના કે દેવ તરફના કોઈ પણ આગેવાન એ વાત માટે તૈયાર થશે નહીં. ઉલટુ ઉભય પક્ષ તરફથી લડાઈની જ ભાષા વપરાશે. છેલ્લે નારદ મુનિના સંધીના પ્રયત્ન નિષ્ફળ થશે. પછી એ બંનેને યુદ્ધ કરવા માટે ચેતવશે અને ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ યુદ્ધ માટે પ્રવૃત્ત થઈને પોતાના શ્વેત અશ્વ પર આરૂઢ થશે.

હવે યુદ્ધ કરવાના પરચા જાણ, તેહના મુનિવર સુણો વખાણ. ॥૫૬૯॥
ત્યાં આવશે હનુમાન ધ્વજાધારી બહુ ગર્જના જો કરે,
તેહની હાક સુણીને દૈત્ય સઘળા થરથરે. ॥૫૭૦॥

ત્યારે આવશે ચોસઠ લાખ જોગણી સ્વામીજીને પૂછશે વિચાર,
સ્વામી તમે કહો તો દૈત્યના દળ સોસી લઈએ નિર્ધાર. ॥૫૭૧॥
ત્યાં આવશે પવન પૂઠે અમને રજા દેવો ત્રિભુવનરાયે,
તો એ દૈત્યના દળ સર્વે મેલું ઉડાયે. ॥૫૭૨॥
ત્યારે આવશે ભીમસેન સ્વામી હું વિનંતી કરું,
હવે તમે રજા દો તો અમે રણસંગ્રામે લઢું. ॥૫૭૩॥
સ્વામી તમે કહો તો સ્વર્ગમંડળ ફેરવીને ઉલટ ફેર કરું,
કહો તો દૈત્ય કાલિંગાને જીવતો તમ આગળ ધરું. ॥૫૭૪॥
ત્યારે સ્વામીજી બોલશે ભીમ સુણો સત્ ભાયે,
તમે પાંચે પુત્ર પાંડવ મહા બળીયા રાયે. ॥૫૭૫॥
જ્યારે આવી વાત પ્રભુજી ભીમ શું કહેશે,
ત્યારે સુરજારાણીનો કમળાકુંવર તાહાં આવી રહેશે. ॥૫૭૬॥
જહાં ગોરનર બેઠા હશે એક ઠાયે,
ત્યાં સુરજારાણી કમળાકુંવર પ્રદક્ષિણા ફરીને લાગશે પાયે. ॥૫૭૭॥
ત્યારે માતાને કુંવર ગોરનર શું વિનંતી કરશે આપ,
સ્વામી અમારાં પૂર્વ જન્મનાં બાળો પાપ. ॥૫૭૮॥
સ્વામી પૂર્વ જન્મનાં પાપ આજ અમારાં ગયાં,
જ્યારે અમને દર્શન ગત્માં ગોરનરનાં થયાં. ॥૫૭૯॥
સ્વામી અમે મધ્યમ જીવ તો તમ શું ઉત્તમ થઈએ આજ,
હવે અમારાં દુઃખ દલંદર તમે કરો દૂર નાથ. ॥૫૮૦॥
ત્યારે હેત ધરીને સ્વામીજી બોલશે વિખ્યાત,
સુણો બાઈ સુરજારાણી કહું તમને એક વાત. ॥૫૮૧॥
આજ કલિમાં દૈત્ય કાલિંગો મહા દુષ્ટ કહેવાયે,
બાઈ તેની સઘળી સંઘ પોતી પણ તમે સમજાવો જાયે. ॥૫૮૨॥
જ્યારે સ્વામીજી એસા વચન બોલશે સત્ ભાયે,
ત્યારે કરી પ્રણામને માતા પુત્ર દૈત્યના દળમાં જાયે. ॥૫૮૩॥
જે સ્વામીના દળમાંથી માતાને કુંવર રજા માગી નીસરશે,
તે દૈત્ય કાલિંગાના દળ માંહે જઈ સંચરશે. ॥૫૮૪॥

સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ દેવો અને દાનવોનું આગમમાં જે યુદ્ધ થવાનું છે તેનું વર્ણન કરતાં કહે છે કે; હે મુનિવરો, એ યુદ્ધનું સંપૂર્ણ વર્ણન કરવું અશક્ય છે. શબ્દ સૃષ્ટિની પેલે પાર એનું વર્ણન છે, પણ ભગવાનની અંતઃપ્રેરણાથી યથામતિ વર્ણન કરવાનો પ્રયત્ન કર્યો છે તે તમે શ્રવણ કરો. સામ સામે યુદ્ધ માટે સજ્જ થયેલી એ ઉભય સેનામાંથી મોટા મોટા શૂરવીર યોદ્ધા પોતાના સેનાપતિની આજ્ઞાની રાહ જોઈને ઊભા રહેશે. તેટલામાં છત્રધારી ધ્વજ સાથે હનુમાન મોટેથી

ગર્જના કરતા જ્યાં ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ ઊભા હશે ત્યાં આવશે અને ભગવાનને કહેશે : ‘હે સ્વામીન ! તમે મને દૈત્યો સાથે યુદ્ધ કરવાની પરવાનગી આપો. હું મારી હાકથી આખું ત્રિભુવન કંપાવી દઈશ અને ખરેખર હનુમાનની હાકથી બધા દૈત્યો ભયકંપિત થશે.

એટલામાં ચોસઠ લાખ યોગિની ભગવાનની સામે આવશે અને હાથ જોડીને કહેશે : ‘હે સ્વામીનાથ ! તમે અમને યુદ્ધની આજ્ઞા કરો. અમે દૈત્યોનું સંમોહન કરી તેમના પ્રાણ જ શોષી લઈશું.

તેટલામાં વાયુદેવ સાક્ષાત્ પ્રગટ થઈને ભગવાન પાસે આવશે અને કહેશે : ‘હે ત્રિભુવનપતિ, તમે મને યુદ્ધની પરવાનગી આપો એટલે તમારી કૃપાથી હું આખા દાનવના સૈન્યને પતંગ પ્રમાણે ઉડાડી મૂકીશ.’

પછી ભીમસેન હાથ જોડીને આગળ આવશે અને કહેશે : ‘સ્વામી ! તમે મને દૈત્ય સાથે યુદ્ધ કરવાની પરવાનગી આપો એવી મારી વિનંતી છે. તમે આજ્ઞા કરો તો હું તમારી પ્રેરણાથી હું આખું ત્રિભુવન પણ ઊંધું ચત્તું કરી નાખીશ. તમે આજ્ઞા કરો તો દૈત્ય કાલિંગાને જીવતો પકડીને તમારી સેવામાં હાજર કરીશ.

ત્યારે ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ કહેશે : ‘હે શૂરવીર રણવીરો, તમારા બધાનાં અને સદ્‌ભક્ત પાંડવોનાં પરાક્રમ અપરંપાર અનંત અને અગણિત છે. મને તમારાં બધાનાં પરાક્રમની સંપૂર્ણ જાણ અને ખાતરી છે. યોગ્ય સમય આવ્યા પછી હું તમને એવી આજ્ઞા કરીશ.

એવો વિચાર વિમર્શ થતો હશે ત્યાં જ સદ્‌ભક્ત કમળાકુંવર પોતાની માતા સાથે ભગવાન પાસે આવશે. સુરજાદેવી અને કમળાકુંવર તેમને પ્રદક્ષિણા કરી વિનંતી કરતાં કહેશે : ‘હે નાથ ! ભગવંત દીનદયાળ ! તમારા દર્શનથી અમારા પૂર્વભવનાં જન્મોજન્મનાં દુષ્કૃત્ય દૂર થયાં અને જન્મો જન્મનાં સુકૃત ઉદય થયાં. અમે અધમ જીવાત્મા તમારાં પરમ પાવક દર્શનથી પાવન થયાં. અમારા જન્મ મરણનું ભવદુઃખનું નિવારણ થયું. તમારી સ્તુતિ કંઈ રીતે કરવી એ પણ અમને ખબર પડતી નથી. અમને તેવી આંતરિક પ્રેરણા, ભક્તિભાવ, પ્રેમ અને જ્ઞાન આપવાની કૃપા કરો. અમારા બધા અપરાધ તમારા બાળક જાણીને અંતરમાં રાખવા કૃપા કરો.

ત્યારે અત્યંત પ્રેમભાવથી ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ તેમને કહેશે કે : હે સુરજારાણી, સદ્‌ભક્ત કમલાકુંવર, હું તમને તમારા હિતની વાત કહું છું તે સાંભળો. સામાજિક અન્યાય, અત્યાચાર, હિંસાચાર અને મદાંધપણાથી ઉન્મત્ત થઈને દૈત્ય કાલિંગો સર્વત્ર અધર્મ કરે છે. દૈત્ય કાલિંગો અને તેના દુષ્ટ સહાયકર્તાઓ ઉન્મત્તપણે સત્‌પંથ ધર્મને હાની કરતાં કરતાં પોતાના માયાવી અને પ્રલોભનપણાથી જગતના લોકોને હેરાન કરે છે, પીડે છે. નાઈલાજે આ અન્યાય વિરુદ્ધ હાથમાં શસ્ત્ર ધારણ કરીને યુદ્ધ માટે મારે પ્રવૃત્ત થવું પડે છે.

પૃથ્વી લોકમાં યુદ્ધથી બિલકુલ કોઈનું હિત થતું નથી. પણ પ્રજા ઉપર થતા જુલમ, અન્યાય, અધર્મના ઉન્મૂલ કારણે અને તે સમાજ ઘાતક શક્તિનું નિર્દલન કરવું અમારું કર્તવ્ય છે. દૈત્ય કાલિંગો અને તેના દુષ્ટ સાથીદારો આ યુદ્ધમાં મૃત્યુ પામશે જ. પણ તેમની સાથે બાકીના નિષ્પાપ નિર્દોષ જીવાત્માઓનો વ્યર્થ નાશ ન થાય માટે શક્યતઃ આ યુદ્ધ ટાળવાનો અમારો વિચાર છે. સામ, દામ, દંડ અને ભેદ આ ન્યાયથી અમે હનુમાન, નારદ મુનિ વગેરેને કાલિંગા પાસે વિષ્ટિ માટે મોકલ્યા હતા. પણ તેનો કોઈ અર્થ સર્યો નહીં. માટે હે સુરજાદેવી, તમારું સૌભાગ્ય કાયમ રહે, દેવોનું અને દાનવોનું હિત થાય, યુદ્ધ પ્રસંગ ટળે એ માટે દાનવોએ પણ પ્રજા હિત અને માનવ ઉન્નતિ તરફ લક્ષ આપવું એવી અમારી ઈચ્છા છે એટલે તમે માતા-પુત્ર પોતાના પરિવારમાં જઈને કાલિંગાને અને તેમના સાથીદારોને સદાચાર સદ્ધર્મની સમજ આપો અને યુદ્ધ

ટાળવાનો પ્રયત્ન કરો. કાલિંગાની અને અમારી વચ્ચે બધા પ્રકારની સંધી-વાટાઘાટો પૂર્ણ થઈ, સર્વ પ્રયત્ન કર્યા પણ બધું વ્યર્થ ગયું છે હવે ફક્ત છેલ્લો પ્રયત્ન તમારે કરવાનો છે. કદાચિત એ પ્રયત્ન પણ સફળ ન થાય તો તમને અમારું સંપૂર્ણ રક્ષણ અને અભય દાન છે. એ માટે ચિંતા તમે કરો નહીં. તમારી અને તમારી નિર્દોષ પ્રજાના રક્ષણની જવાબદારી અમે લઈશું. પણ એ માટે આવેલા પ્રસંગ સાથે નિર્ધારથી અને ધૈર્યથી મુકાબલો કરવા સજ્જ રહેવું પડશે. ભગવાનનું નિવેદન સાંભળીને ભક્ત કમળાકુંવર અને સુરજારાણી ભગવાને પ્રણામ કરશે અને પોતાનું કર્તવ્ય પાર પાડવા માટે દૈત્યની છાવણીમાં તેઓ પ્રવેશ કરશે.

જ્યારે દૈત્ય આવતાં દેખશે કુંવરને પોતાની નાર, ત્યારે દૈત્ય કાલિંગો બોલશે તેણી વાર. ॥૫૮૫॥
સુણો કમળાકુંવર એમ કહેશે કાલિંગો રાય, તમે ઈહાં આવ્યા તે કોણ કારણ સત્ભાય. ॥૫૮૬॥
તમને ચીન નગરીનાં અમે સોંપ્યાં રાજ, તમે તે દેશ છોડી કેમ આવ્યાં આજ. ॥૫૮૭॥
ત્યારે બોલશે સુરજારાણીને કમળાકુંવર સત્ભાયે, એ અભંગ સાથે યુદ્ધ કર્યો નહીં જાયે. ॥૫૮૮॥
જે દેવ ત્રણ ભવનના ધણી કહેવાયે, તે અભંગ શું યુદ્ધ કેમ કરશો હો રાયે. ॥૫૮૯॥
એ દેવે શ્રી મચ્છ રૂપે દૈત્ય શંખાસુર માર્યો છેદ, અને વાળ્યા સદ્ગુરુ બ્રહ્માના વેદ. ॥૫૯૦॥
એ દેવે કૂર્મ રૂપે મેરામણ મથ્યો મેરુ સમુદ્રમાં ધરી, દૈત્ય મધુકંટકને મારી રત્ન ચતુર્દશ કાઢ્યા હરિ. ॥૫૯૧॥
એ દેવ શ્રી વરાહ રૂપ ધર્યા કૈલાસ, ત્યારે પૃથ્વી રાખી તાહાં દાઢે પ્રકાશ. ॥૫૯૨॥
એ તો મોરધ્વજ દૈત્ય સંહાર્યો દાઢે જો ધરી, ત્રીજે વરાહ રૂપે થયા શ્રી નરહરિ. ॥૫૯૩॥
એ દેવ શ્રી નરસિંહ રૂપે થયા હો રાયે, અને દૈત્ય હિરણ્યકશ્યપુ માર્યો જાયે. ॥૫૯૪॥
ત્યાં પાંચ કરોડી શું તાર્યા પ્રહલાદ, તેને દેવે કીધા છે અમર કાજ. ॥૫૯૫॥
જે દેવે શ્રી વામન રૂપ બહુ ચલિત્ર કરી, ત્યારે બલિ દાનવને પાતાળે ચાંપ્યો ધરી. ॥૫૯૬॥
એ દેવ શ્રી પરશુરામ રૂપે જો થયા, અને સહસ્રાર્જુનને લોહ પાંજરામાં ભરીયા. ॥૫૯૭॥
એણે તો પૃથ્વી સર્વે નિઃક્ષત્રિય કીયા, જ્યારે છઠ્ઠા અવતાર શ્રી હરિએ લીયા. ॥૫૯૮॥
એ દેવ શ્રી રામ સ્વરૂપે દૈત્ય માર્યો લંકાપતિ રાયે, સાત કરોડી શું તાર્યા હરિશ્ચંદ્ર રાયે. ॥૫૯૯॥
જ્યાં રાવણ દૈત્ય માર્યો પરિવાર સમેત, ત્યાં વિભીષણને સોંપ્યાં લંકા રાજ હેત. ॥૬૦૦॥
એ દેવે શ્રી કૃષ્ણ રૂપે બહુ ચરિત્ર કરીયાં, અને ચૌદ ભુવન તો મુખમાં ધરીયાં. ॥૬૦૧॥
ત્યાં માર્યો કંસાસુર આઠમે અવતાર, એણે સર્વે યાદવ કુળનો કીધો સંહાર. ॥૬૦૨॥
એ દેવ શ્રી બુદ્ધ સ્વરૂપે હરિ આપે થયા, તે ભક્ત પાંડવોને દ્વારે આપે ગયા. ॥૬૦૩॥
એ તો ભક્ત સખા સહાયે કૃપાળ, તે તો ધરણીધર છે દિનદયાળ. ॥૬૦૪॥
ત્યાં દૈત્ય દુર્યોધન સંહાર્યા જાયે, ત્યારે નવ કરોડી શું તાર્યા યુધિષ્ઠિર રાયે. ॥૬૦૫॥
આ કલિયુગમાં દેવનો થયો નિષ્કલંકી અવતાર, તે અભંગ શું યુદ્ધ ન હોય ચેતો ભરથાર. ॥૬૦૬॥
દેવના દશે અવતારના ગુણ રાણી કહાશે, ત્યારે દૈત્ય કાલિંગાના મનમાં ક્રોધ ના માશે. ॥૬૦૭॥
હાંરે રાણી અન્ન ખાયે અમારુંને શું વખાણે હરિ, ત્યારે તું અમ ઘેર નારી કેવી સુંદરી. ॥૬૦૮॥

હાંરે રાણી જેના તમે સેવો છો પાયે, આજ તે અભંગને હું મારું સોયે. ॥૬૦૯॥
હાંરે રાણી જેના તમે સ્મરણ કરો છો દિન રાત, આજ તેના કાટી શીશ કરું ઘાત. ॥૬૧૦॥
હાંરે રાણી એના સર્વે સૈન્ય મારીને લેઉ જો અંત, તો હું દૈત્ય મહા બળવંત. ॥૬૧૧॥
એવાં દૈત્ય વચન સાંભળીને સુરજારાણી બોલશે તત્કાળ, ત્યારે હાથમાં ફૂલ દડો લેશે સાર. ॥૬૧૨॥
સ્વામી તમે મારી વિનંતી ધરજો માન, હું અર્પુ છું તમને આ પુષ્પાંજલિ જાણ. ॥૬૧૩॥
સ્વામી તમે મારું કહ્યું ના કરો કિરતાર, તો મારી આ પૂજાપત્રી સ્વીકારશો હો ભરથાર. ॥૬૧૪॥
એવી વાત સતી મુખથી કહેશે સાર, લઈ પુષ્પને દૈત્યના શિર પર અર્પશે તેણી વાર. ॥૬૧૫॥
સતીના મુખ માંહેથી એવી વાત નીસરી જાશે જ્યાંયે, દેવે પુષ્પોમાં ચક્રની શક્તિ રાખી હશે ત્યાંયે. ॥૬૧૬॥
રાણીના હાથ માંહેથી પુષ્પ મસ્તક ઉપર પડશે, ત્યારે દૈત્યનું મસ્તક ત્રુટી ધરણી પર રગડશે. ॥૬૧૭॥
ત્યાં સર્વે સૈન્યમાં પડશે પોકાર, જે સુરજા રાણીએ માર્યો કાલિંગો પોતાનો ભરથાર. ॥૬૧૮॥
ત્યારે સર્વત્ર થાશે હાહાકાર, દૈત્ય સેનાપતિ યુદ્ધનાં કરશે આહ્વાન. ॥૬૧૯॥
દૈત્ય સેનાપતિ રાણીને કુંવરને પકડવા ધાશે, તેવોને દેવદૂત નિષ્કલંકી પાસે લઈને જાશે. ॥૬૨૦॥
ત્યારે દેવ દૈત્યનાં થશે યુદ્ધ ઘમાસાન સાર, તેમાં કોઈ કેને ના આવશે હાર જીત તે વાર. ॥૬૨૧॥

સાધ્વી સતી સુરજારાણી અને પુત્ર કમળાકુંવર ભાવી ઘટના બધી જાણતાં હશે. પણ માત્ર ભગવાનની આજ્ઞા અને કર્તવ્યની ફરજ બજાવવા હેતુથી એ દૈત્યના આવાસમાં જશે. દૂતો કાલિંગાને ખબર આપશે પછી પ્રત્યક્ષ દૈત્ય કાલિંગો ત્યાં માતા પુત્રને જોઈને આશ્ચર્ય વ્યક્ત કરશે. સામે પોતાના પુત્રને અને પત્નીને જોઈને તે તેમને કહેશે : 'બાળક કમળાકુંવર, તને અને તારી માતાને આખા ચીન દેશના રાજ્યશાસનની જવાબદારી સોંપી હું યુદ્ધ માટે અહીં આવ્યો, પણ તમે બંને માતા પુત્ર એ છોડીને અહીં શા માટે આવ્યાં ? એવું શું કારણ ઉપસ્થિત થયું કે તમને દેશ છોડીને અહીં આવવું પડયું ?'

ત્યારે કમળાકુંવર અને સુરજાદેવી કહેશે : 'હે તાત, દેશ છોડીને આવવાનું એક જ કારણ થયું છે તે એમ છે કે આપણા દેશના રક્ષણ માટે અને ગરીબ પ્રજાના હિત માટે તમારે અમારી એક વિનંતી માન્ય રાખવી પડશે કે યુદ્ધ બંધ કરીને એ અભંગ નારાયણ સાથે સમજૂતી કરો. કારણ તમારું સૈન્ય બળ એ ભગવાનના સૈન્ય બળથી કેટલાયે ઘણું ઓછું છે. નારાયણ પાસે આપણા કરતાં અધિક સુધારેલાં પ્રગતિશીલ શસ્ત્રાસ્ત્ર છે. એ ભગવાન ત્રિભુવનપતિ, પ્રત્યક્ષ સૃષ્ટિકર્તા, નિયામક અને સંહર્તા છે. એ અભંગ, અવિનાશી, અનાદિ, અનંત છે. તેમની સાથે યુદ્ધ કરશો નહીં. અનાદિ કાળથી તેમની સંસ્કૃતિ, ધર્માચરણ પદ્ધતિ અને સમાજ ઉન્નતિકારક વિચાર શક્તિ માનવ કલ્યાણ અને ઉત્કર્ષની જ છે. એ તેમની આ મહાન સંસ્કૃતિને આપણી અસુર સંસ્કૃતિથી તેમને નામશેષ કરવાના ઘણા પ્રયત્ન કર્યા પણ આપણા કોઈ જ પ્રયત્ન આજ સુધી સફળ થયા નથી. પ્રત્યેક સમયે આપણા પક્ષની સંસ્કૃતિને હાર તો ખાવી જ પડી છે અને એ કારણે અસંખ્ય પ્રાણહાનિ, વિત્તહાનિ ભોગવવાં પડયાં છે. અનાદિ કાળથી આ દેવ દાનવના ઝઘડા ચાલુ છે.

ભગવાને પહેલા મત્સ્ય અવતારના સમયે શંખાસુરનો સંહાર કરી વેદોનું રક્ષણ કર્યું. ભક્ત રૂખ્માગદના સત્ત્વનું રક્ષણ કર્યું. વેદોક્ત સર્વત્ર પ્રસાર કર્યો અને વૈદિક સનાતન સત્પંથ ધર્મની સ્થાપના કરી. આગળ બીજા કૂર્મ અવતારમાં સમુદ્ર મંથન ઘડીને અમૃત્વ પ્રાપ્ત કરાવી આપ્યું. એ માટે કાચબાનું રૂપ લઈને મેરુમંદાર પર્વત પીઠ પર ધરીને મૂક્યો અને

મધુકૈટક દૈત્યનો સંહાર કર્યો. ભક્ત અંબરીષના વ્રતાચરણનું સત્ત્વ પાલન કરીને તેને અમર કર્યો. ત્રીજા વરાહ અવતાર સમયે મોરધ્વજ અથવા હિરણ્યાક્ષનો સંહાર કરીને રસાતળમાં જતી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો. ધ્રુવ ભક્તને અવિચળ પદનું સ્થાન આપી તેને અવિચળ અવિનાશી બનાવ્યો. ચોથા નૃસિંહ અવતાર સ્વરૂપમાં હિરણ્યકશ્યપુ દૈત્યનો સંહાર કરીને માનવ સમાજને દુષ્ટ અને ઘાતક વર્તનથી બચાવ્યા. ભક્ત પ્રહલાદની કસોટીના સમયે સહાય કરીને તેનું રક્ષણ કર્યું. પાંચ કરોડ ભક્તોનો સદ્ભક્ત પ્રહલાદ સાથે ઉદ્ધાર કર્યો.

ભગવાને ત્રેતાયુગમાં પાંચમા વામન અવતારના સમયે બલિરાજાનો ગર્વ હરણ કરીને ભક્ત કમળધ્વજનો ઉદ્ધાર કર્યો. છઠ્ઠા પરશુરામ અવતારના સમયે સહસ્ત્રાર્જુનનો સંહાર કર્યો. જગતમાં સર્વત્ર વ્યાપેલા ક્ષાત્રબળ સામે બ્રહ્મતેજથી સંઘર્ષ કરીને તેજસ્વી એવા સનાતન ધર્મનું અજવાળું આપ્યું. ખેત જમીનનો વિકાસ કરીને અન્ન ધાન્ય ઉત્પાદન અને વૃદ્ધિ કરી. ભક્ત કમળાપતિનો ઉદ્ધાર કર્યો. એ જગન્નિયંતા ભગવાન નારાયણે આગળ સાતમો શ્રી રામ અવતાર ધારણ કરીને લંકાપતિ રાવણનો સંહાર કર્યો. તેણે સ્થાપન કરેલી રાક્ષસી સંસ્કૃતિનો નાશ કરીને અને માનવ જીવનનો વિકાસ અને ચતુર્પુરુષાર્થ સાધ્ય કરનારા માર્ગનું પોતે અવલંબન કરીને આદર્શ જીવનના પાઠ જગતને શીખવ્યા. ભક્ત હરિશ્ચંદ્રને સત્ય કસોટીમાં તેને આત્મ બળ આપી સાત કરોડ જીવાત્માઓની સાથે તેને અમર પદના અધિકારી બનાવ્યા.

દ્વાપરયુગમાં શ્રી કૃષ્ણ અવતારના સમયે ભગવાને કંસ-ચાણુર વગેરે અનેક દુષ્ટ દૈત્યોનો સંહાર કર્યો. ચૌદ ભુવન પોતાના મુખમાં બતાવી પોતાનું વિશ્વ વ્યાપી સ્વરૂપ વ્યક્ત કર્યુ. અનેક સદ્ભક્તોનો ઉદ્ધાર કરીને ગીતાનો ઉપદેશ કર્યો. પોતે એ પ્રમાણે માનવને આદર્શ બનાવવાનો પ્રયત્ન કર્યો. ઉન્મત્ત બનેલા યાદવ કુળનો સંહાર કરીને પૃથ્વી પરનો ભાર ઉતાર્યો. એ જ ભગવાને આગળ બુદ્ધ અવતાર ધારણ કરીને સદ્ભક્ત પાંડવોને અધ્યાત્મક જ્ઞાનનો ઉપદેશ કર્યો. તેમની પાસેથી જીવન મુક્ત અવસ્થાની અલગ અલગ સાધના કરાવીને તેમને પૂર્ણત્ત્વ કરાવ્યું. દુષ્ટ દુર્યોધનને પણ આ જ્ઞાનનો ઉપદેશ કર્યો પણ તેણે એ ન માનવાથી અત્યંત વિકટ અવસ્થામાં તેને મરણ પ્રાપ્ત થયું. નવ કરોડ જીવાત્મા સાથે સદ્ભક્ત પાંડવોનો ઉદ્ધાર કર્યો.

સાંપ્રત કલિયુગમાં ભક્ત વત્સલ દિનદયાળુ ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ પ્રગટ થયા હોવાથી તેમણે અને સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે દિગ્દર્શીત કરેલા વૈદિક સનાતન સત્પંથનો પ્રકાશ જગતને આપ્યો છે. માનવ સમાજને ઉન્નતિનો અને આત્મોદ્ધારનો દિવ્ય સંદેશ આપવાથી એમના ધ્યેય પ્રમાણે પ્રત્યેકે વર્તવાથી તેમનો ઉત્કર્ષ થશે માટે હે સ્વામીનાથ ! અમારી હાથ જોડીને તમને વિનંતી છે કે તમે એ ભગવાનના મહાન કાર્યમાં સહકાર્ય કરીને સાંપ્રત યુદ્ધ પ્રસંગ ટાળી આપણી ગરીબ પ્રજાની જીવહાનિ અને વિત્તહાનિ બચાવો.'

સુરજારાણી અને કમળાકુંવરનાં આ વચન સાંભળીને દૈત્ય કાલિંગો અત્યંત સંતપ્ત થશે. એકદમ ક્રોધિત થઈ ઉછળીને એ બરાડશે. 'મહામૂર્ખો, આ જ કહેવા માટે તમે અહીં આવ્યાં છો ? મૂર્ખ શિરોમણિઓ, ભગવાન ભગવાન શું કરતાં બેઠાં છો, ખરો ભગવાન કોણ છે એ હમણાં હું તમને બતાવું છું ! પોતાની સર્વોત્કૃષ્ટ રાક્ષસી સંસ્કૃતિ છોડીને દેવોની ગુલામગીરી શીખવાની એવી દૈવી સંસ્કૃતિ તમને કઈ રીતે ગમે છે ? ખુશીથી ખાઓ પીઓ અને મોજ મજા કરો. સામે આવેલ કોઈ પણ ભોગનો ત્યાગ ન કરતાં પોતાનો પુરુષાર્થ માનીને તેનો યથેચ્છ ઉપભોગ લેવો. એ છોડીને મૃત્યુ પછી પોતાને યમરાજા સામે જવાબ આપવો પડશે. એવા પ્રકારનો બીકણ વિચાર તમારા મનમાં આવ્યો કેમ ? અરે મૂર્ખો, આવા મહામૂર્ખનો તો હું હમણાં જ જવાબ લઈશ, બીજે ક્યાંય જવાની જરૂર જ નથી. જેટલો આનંદ લૂંટી લેવો હોય તેટલો યથેચ્છ લૂંટો તેમાં જ જીવનનું સાર્થક છે. ભગવત્ શક્તિ નામનો વિજય જગતમાં નથી અને મને તેની બીક બતાવો છો ? મારું અન્ન ખાઓ છો અને

નમકહરામ થઈને મારા શત્રુનાં વખાણ કરો છો ? આજ સુધી મને તમારા આ ભેદીપણાની જાણ નહોતી, નહીં તો આના પહેલાં જ તમને મૃત્યુના સ્વાધીન કર્યાં હોત. પણ હે રાણી, હવે તો ધ્યાન રાખ કે જેમનું ધ્યાન મનમાં તું કરે છે એ ગમે તેટલો અભંગ હોય તો ય તેનો પ્રત્યક્ષ કાળ એવો હું મહાબળવંત સર્વ સમર્થ છું. મારો એક એક સૈનિક એવો બળવાન છે કે તેવા કેટલાય અભંગોને મારીને તેમના ચૂરા કરશે.'

દૈત્ય કાલિંગાની ગર્વોક્તિ વાણી સાંભળીને સુરજારાણીને ખૂબ દુઃખ લાગશે. સુરજારાણીને એનો ખૂબ ગુસ્સો આવશે પણ પ્રત્યક્ષ પતિ સામે શું કરી શકશે. મન શાંત કરીને કહેશે : 'સ્વામીનાથ ! અમારી આગળ બધાં ભવિષ્ય સ્પષ્ટ દેખાય છે. તમને ખરાબ અપશુકન થયું છે અને મને સ્વપ્ન પણ અત્યંત ખરાબ ભયાનક આવે છે, પણ તમે આ અમારી એક પણ વાત માનતા નથી એ અમારું અને ગરીબ પ્રજાનું દુર્દૈવ છે. આપણું અહિત થાય એવો કોઈ દુષ્ટ હેતુ અમારો નથી, પણ તમે આ દાસીની એક છેલ્લી મનોકામના પૂર્ણ કરશો. સૌભાગ્ય લેણાથી યુક્ત આ દાસીની પૂજા તમે સ્વીકારો અને અમને જવાની આજ્ઞા કરો.

આમ કહીને સતી સુરજારાણી મનોમન ભગવાનની આરાધના કરશે અને પતિના કલ્યાણની કામના કરશે, 'પછી પુષ્પાંજલિ તેના મસ્તક પર ચડાવશે અને હાથ જોડીને તે એકાગ્રતાથી નમ્રતાથી પ્રણામ કરવા લાગશે, ત્યાં જ એક મોટો ચમત્કાર એ જગ્યાએ થશે. સુરજારાણીના હાથથી ફૂલો દૈત્ય કાલિંગાના મસ્તક પર પડતાં જ સુદર્શન ચક્ર ફરે એ પ્રમાણે એ ફૂલો ભયાનક વેગથી ચક્રાકાર ફરવા લાગશે. એ ફૂલોનું કોમળપણું મટીને વજ્ર પ્રમાણે કઠણ અને તીક્ષ્ણ બનશે અને દૈત્ય કાલિંગાના મસ્તક પરથી ગરદન પર ગરગર ફરવા લાગશે. એક ક્ષણમાં દૈત્ય કાલિંગાનું શિર ભયાનક અવાજ કરતું જમીન પર પડશે. આ દૃશ્ય જોતાં જ સતી સુરજારાણીને અત્યંત દુઃખ થશે. એ શોક વિલાપ કરવા લાગશે અને બીજી જ ક્ષણે એ પણ મૂર્છાગત થઈને જમીન પર પડી જશે. સર્વત્ર હાહાકાર થશે. સર્વત્ર એક જ અવાજ થશે કે સુરજારાણીએ પોતાના પતિ દૈત્ય કાલિંગાનો ભગવાનના કહેવાથી ઘાત કર્યો. સત્ય ઘટના પહેલાં જ આ અપપ્રચાર સર્વત્ર પ્રસરશે. સર્વ દૈત્ય સૈન્યમાં ભયનું વાતાવરણ ફેલાશે.'

દેવ દૈત્યના દલ સામસામાં આવશે તેના પરચા જાણ, હવે તમે સુણો મુનિવરો સહી પરમાણ. ॥૬૨૨॥
ત્યાં યોદ્ધા ઉઠશે મહા ક્રોધ જ કરી, હવે એનું મારો સૈન્ય સઘળું જીતી ક્યાં જાશે હરિ. ॥૬૨૩॥
જે રાણીએ સ્વામી માટે માર્યો પોતાનો ભરથાર, તે અભંગનું શીશ આપણે કાપી લાવો તત્કાલ. ॥૬૨૪॥
ત્યારે હલહલકાર બેઉ સૈન્યમાં થાશે, તે રણક્ષેત્રમાં સામસામા દળ ચઢી જાશે. ॥૬૨૫॥
ભાઈ પ્રભાતે જયારે ઉગશે સબળા સૂર,ત્યારે બેઉ સામસામા વાજશે રણતૂર. ॥૬૨૬॥
એવાં સૈન્ય રણસંગ્રામે ચઢીને બજાવશે તૂર, ત્યાં અનંત નિશાન ફરકશે જયાં પૂર. ॥૬૨૭॥
ત્યારે બેઉ સૈન્યમાંથી યોદ્ધા ઉઠશે લઢવા સાર, તેમાં કોને કોને ના આવે હાર. ॥૬૨૮॥
ત્યારે દૈત્ય મલકેશર સાથે લડશે ભીમસેન રાય, ત્યાં મારશે યોદ્ધા ગદાના ઘાય. ॥૬૨૯॥
ત્યારે દૈત્ય રકતકેશર સાથે લડશે નકુલ રાય, જેના બળ તણો પાર ન પાય. ॥૬૩૦॥
ત્યારે દૈત્ય રણકેશર સાથે લડશે જન ભૂત, તેમાં યોદ્ધા બળીયા હશે અદ્ભુત. ॥૬૩૧॥
જે દૈત્ય ગજકેશર હશે મહાબળવંત, તે સાથે લડશે ત્યાં વીર હનુમંત. ॥૬૩૨॥
જે વીર હનુમાન પર્વત લાવશે સંભાળ, તે દૈત્ય ગજકેશરના રથ ઉપર દેશે રાળ. ॥૬૩૩॥

જે દૈત્ય આવતા પર્વત લેશે સંભાર, તે કટકા વચ્ચેથી કરશે નિરધાર. ॥૬૩૪॥
ત્યારે હનુમાન બીજો પર્વત લાવી ઉઠાવશે, તેથી દૈત્ય ગજકેશર માર્યો જાશે. ॥૬૩૫॥
જ્યાં કોપ ધરીને યતી હનુમાને દૈત્ય સંહાર્યો જાણ, ત્યાં દૈત્ય નાગકેશર બહુ યુદ્ધ કરશે નિર્વાણ. ॥૬૩૬॥
ત્યાં બીજા યોદ્ધા પડશે અનંત અપાર, ત્યારે બેઉ દળમાં એકેની આવશે નહિ હાર. ॥૬૩૭॥
ત્યારે હસી હર્ષમાં બોલશે સ્વામીજી વિખ્યાત, અને ખડ્ગ ત્રિધારું સ્વામી લેશે હાથ. ॥૬૩૮॥
અંતે ખડ્ગ મન વેગે ફેરવે યદુપતિ રાયે, તેથી સર્વે દૈત્યનું સૈન્ય સંહાર્યું જાયે. ॥૬૩૯॥
જે નદી સરસ્વતી દૈત્યના રગતે પૂરી વહેશે, જે રગત શું તોરંગ કાન ભીજે તેમ સહુ કોઈ કહેશે. ॥૬૪૦॥
જે યુગ ચાર નદી સરસ્વતી ઠાલી હોયે, તે દૈત્યના રગત શું પૂર જ વહેશે. ॥૬૪૧॥
ત્યાં દેવ ઉગારશે તે સર્વે સ્વામીને હેત, ત્યારે દૈત્ય કાલિંગાનું દળ પડશે રણક્ષેત. ॥૬૪૨॥
જ્યારે સ્વામી દળ સર્વે એકઠા થાશે, ત્યારે દૈત્યના મસ્તક સર્વે ખરીયું માંહે જાશે. ॥૬૪૩॥
જે શ્વેત ઘોડાને ડાબલે દૈત્ય કાલિંગાનું શિર અથડાશે, તે લઈ સ્વામી ચીન નગરી માંહે નાખશે. ॥૬૪૪॥
ત્યારે સ્વામીનો શ્વેત ઘોડો ચીન નગરીમાં જાશે, તે કોટના કાંગરા તેણી ઠાયે રોળી નાખશે. ॥૬૪૫॥
જે ચીન નગરી દૈત્ય કાલિંગાનું સ્થાનક કહેવાયે, તે સર્વે લઈ સમુદ્રમાં ડૂબાવશે સાયે. ॥૬૪૬॥
શ્રી હરિ તે દૈત્ય સંહારીને નિર્વહણ કરશે, કમળાકુંવરને શિર અનંત કરોડીનાં ભરણાં ભરશે. ॥૬૪૭॥
આદ અંતના દેવ આવશે સ્વામીજી પાસ, સત્ગોર સ્વામી તેવોને આપશે વૈકુંઠમાં વાસ. ॥૬૪૮॥

દૈત્ય કાલિંગાનો યુદ્ધ પહેલાં જ અંત થશે. સર્વત્ર હાહાકાર પ્રસરશે. કાલિંગાની રાણી અને પુત્ર જ પ્રત્યક્ષ ત્યાં હાજર હશે તેથી સર્વ સેનાપતિઓને શું કરવું એ સૂઝશે નહીં. તે અત્યંત સંભ્રમમાં પડી જશે. અંતે તે મહાબલાઢ્ય અક્રાળ વિક્રાળ દેહધારી સેનાપતિ રાક્ષસો અતિશય ગુસ્સાથી કહેશે : ‘આ રાણીનું રાજકુમારનું કહેવું આપણે બિલકુલ સાંભળવું નહીં. આપણે લડાઈની જ તૈયારીમાં આવ્યા છીએ અને આપણા બધા સૈનિક શસ્ત્રાસ્ત્રોથી સજ્જ છે, માટે વિલંબ ન કરતાં આગળ મોરચો બાંધો. શ્રી હરિ પર તૂટી પડો અને આજે જ એ અભંગનું શિર કાપીને છિન્ન ભિન્ન કરી નાખો અને જે શ્રી હરિના કહેવાથી રાણીએ પોતાના પતિનો શિરચ્છેદ કર્યો એ રાણીને અને રાજકુમારને પકડીને બંદીશાળામાં નાખો.

કાલિંગાના સેનાપતિના એ આતતાયીપણાના બોલ સાંભળીને બધા સૈનિકોમાં ઉત્સાહ આવી જશે અને સર્વત્ર સૌ દૈત્યો તૈયાર થઈને યુદ્ધ માટે સજ્જ થશે. ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના દૂતો સુરજારાણી અને કમલાકુંવરનું રક્ષણ કરશે અને એમને દૈત્યોના સમુદાયમાંથી સુરક્ષિતપણે લઈ જશે.

બીજા દિવસે સવારે સૂર્યોદય થતાંની સાથે જ ઉભય સૈન્યમાં રણશિંગું ફૂંકાશે. સર્વ સૈન્ય પૂર્ણ તૈયારીમાં રણસંગ્રામ માટે ચઢી આવશે. રણવાદ્યો, નગારાં, ઢોલ, રણશિંગા, શંખના અવાજથી સર્વ વાતાવરણ ધણધણી ઉઠશે. બંને સૈન્યોમાંથી સેનાગ્રણીઓ આગળ આવશે અને એક બીજા પર ચાલ કરીને મારીશું અથવા મરીશું આ જુસ્સાથી તે એક બીજા સાથે ક્રોધથી ટકરાશે. દૈત્ય મલ્લકેશર ભીમ પર ચડી આવશે. બંને મલ્લ વિદ્યામાં કુશળ ધીરવીર અને વજ્રદેહી હોવાથી ખૂબ સમય સુધી તેમનું યુદ્ધ ચાલશે. કોઈપણ કોઈનાથી હાર માનશે નહીં. છેલ્લે બંનેનું અત્યંત તુમુલ ગદા યુદ્ધ થશે. ગદાના ઘાવથી બંને અત્યંત ઘાયલ થઈ જશે. એ બંને એકબીજાના દેહનો ઘાત કરવા મરણિયા બનશે. અતુલ્યબળ હાથીઓની જે

પ્રમાણે લડાઈ થાય એ પ્રમાણે એ ભયાનક દેખાતા હશે. બધા લોકો એ યુદ્ધ જોઈને ભયભીત થઈ જશે. છેલ્લે ભગવાનનું સ્મરણ કરીને ભીમ એક ગદાનો પ્રહાર મલ્લકેશર ઉપર એવો કરશે કે તે લોહી ઓકતો મહાબળવાન દૈત્ય ત્યાં જ ચત્તોપાટ પડી જશે. ભીમનો વિજય થશે. દૈવ સૈન્યમાં સર્વત્ર આનંદ આનંદ ને જયજયકાર થશે.

બીજો દૈત્ય સેનાપતિ રકતકેશર નકુલ સૈન્ય પર તૂટી પડશે. નકુલના નેજાધારી સૈન્ય રક્તકેશરના સૈન્યનો સંહાર કરશે. યુદ્ધમાં દૈત્ય સૈન્ય પણ નકુલ સૈન્યને મહા ત્રાસ આપશે. છેલ્લે યુદ્ધ કરતાં કરતાં એ બંને એક બીજા સાથે એવા ભિડાશે કે શસ્ત્રાસ્ત્રોથી એક બીજાનો સંહાર કરવા ઉદ્યુક્ત (તત્પર) થશે. ખૂબ સમય સુધી તેમનું યુદ્ધ ચાલશે, પણ નકુલ આગળ રક્તકેશર દૈત્યનું કંઈ બળ ચાલી શકશે નહીં. નકુલના પ્રહારથી દૈત્ય રકતકેશર ઘાયલ થઈને જમીન પર પડી જશે પછી તે ઊઠી જ શકશે નહીં. મરણ પામશે.

ત્રીજો દૈત્ય સેનાની રણધુરંધર એવો રણકેશર સંપૂર્ણ ભૂતગણ પર તૂટી પડશે. ભગવાન શંકરના એ દૂતો રણકેસરને ચારે બાજુથી ઘેરી લેશે અને પોતાની માયાવી તામસ પાશથી બાંધી દેશે. તેમની સહાય માટે યોગિની યક્ષિણીનું સ્ત્રી સૈન્ય પણ દોડી આવશે અને આ બધા ભેગા મળી રણકેસરની ખૂબ ફજેતી કરશે. રણાંગણમાંથી રણકેશર છટકવાનો પ્રયત્ન કરશે પણ ભૂતગણ તેને ભાગવા પણ દેશે નહીં. છેલ્લે બધી બાજુથી પ્રહાર થવાથી એ દુષ્ટ દૈત્ય રણાંગણમાં જ દેહ ત્યાગ કરશે. આ રીતે તેનો પણ અંત થશે.

ચોથો દૈત્ય ગજકેસર આ નામ પ્રમાણે જ ગજદેહી અને મહાપરાક્રમી હશે. તેની બરોબરીથી યુદ્ધ કરી શકે તેવા વીર દૈવ સૈન્યમાં ફક્ત હનુમાન જ હશે. માટે દૈત્ય ગજકેસર યુદ્ધ માટે સામે આવતાં જ હનુમાન હાથમાં એક પર્વતપ્રાય મોટો પથ્થર લઈને આગળ આવશે અને એ પર્વત ગજકેસર પર નાખશે. એ પથ્થર ગજકેશર ખૂબ કુશળતાથી ચૂકવશે અને એ હનુમાન ઉપર દોડી જશે. બંનેનું ખૂબ સમય સુધી શસ્ત્રાસ્ત્રથી યુદ્ધ થશે. પણ કોઈ કોઈનાથી હાર માનશે નહીં. હનુમાન એક પછી એક પર્વત તેના શરીર પર નાખવાના શરૂ કરશે પણ ગજકેસર એ બધા પર્વતોનાં ચૂર્ણ કરી નાખશે અને પોતાના હાથમાંના વજ્રપ્રાણ શસ્ત્ર હનુમાન પર ફેંકશે એ આઘાતથી હનુમાન ઘાયલ થઈને ક્ષણભર નિશ્ચેત પડી જશે પણ બીજી જ ક્ષણે તે જ શસ્ત્રથી ગજકેસર પર ઘાત કરતાં જ રકત ઓકતો દૈત્ય ગજકેસર ધડ કરીને જમીન પર પડશે અને પડતાંની સાથે જ તેના પ્રાણ ચાલ્યા જશે. તેના જમીન પર પછડાવવાથી પ્રચંડ અવાજ થશે અને ધરતીકંપ થાય એ પ્રમાણે લોકો ભયભીત થઈને તેના દેહ નીચે દબાઈ જશે.

રણધુરંધર એવો ગજકેસર જમીન પર પડતાં જ પાંચમો દૈત્ય સેનાધિપતિ નાગકેશર અત્યંત ક્રોધાયમાન થઈ જશે અને અત્યંત ભયંકર યુદ્ધ કરીને તે હનુમાનને નિશ્ચેતન કરી નાખશે. દેવ પક્ષ તરફના અનેક સૈનિકોને તે ઘાયલ કરી નાખશે. સર્વત્ર દાનવોની જીત થવા લાગશે. દાનવો અત્યંત હર્ષિત થઈને જુસ્સાથી લડવા લાગશે. પ્રહલાદ, હરિશ્ચંદ્ર, યુધિષ્ઠિર, ભીમ, અર્જુન વગેરે એક એક સેનાપતિ નાગકેસર સામે લડવા લાગશે પણ નાગકેશર કોઈની સાથે હાર માનશે નહીં. ઉલટું તે એક એક ને ઘાયલ કરીને જ પાછા મોકલશે. એ જોઈને ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ પોતાના શ્વેત અશ્વ પર સવાર થશે. તેઓ હાથમાં ત્રણ ધારનું એ દિવ્ય ખડ્ગ ધારણ કરશે. ભગવાન પાસેનું એ ખડ્ગ સાડા ત્રણ હાથ લાંબુ હશે. યુદ્ધ માટે હાથમાં ધારણ કરતાં જ એ અત્યંત ચકચકીત તેજસ્વી શસ્ત્ર સાત હાથ લાંબુ થશે અને ભગવાન પ્રત્યક્ષ દૈત્યો સાથે યુદ્ધ કરવા લાગશે. ત્યારે સો સો હાથ લંબાઈને એ શસ્ત્રથી ભગવાન નાગકેસર સાથે યુદ્ધ કરવા લાગશે. મનોવેગથી શસ્ત્ર ફેરવીને ભગવાન સંપૂર્ણ દૈત્યોનો નાશ કરશે. એ દિવ્ય ખડ્ગથી એક પણ દૈત્ય પોતાનો બચાવ કરી શકશે નહીં. નાગકેશર પણ એ અસ્ત્રને બળે મૃત્યુ પામશે. દાનવ સૈન્યમાં પછી કોઈ પણ સેનાપતિ રહેશે નહીં.

દૈત્યોના લોહીથી ચાર યુગથી કોરી રહેલી સરસ્વતી નદી બે ગણી વહેવા લાગશે. દૈત્ય કાલિંગાના સેનાધિપતિ અને સૈનિકોના લોહીથી સરસ્વતી નદીમાં ઘોડાપૂર આવશે. એ લોહીથી અર્ધો ઘાટ ભરાઈ જશે. પૂર્વકાળમાં ભગવાને મહાકાળી શક્તિદેવીને આપેલ વચન પૂર્ણ કરશે. સર્વ દેવ સૈન્યમાં ભગવાનનો જયજયકાર થશે. સંપૂર્ણ દાનવ વંશ નષ્ટ પ્રાય થશે. દાનવી સંસ્કૃતિનો સંપૂર્ણ લય થઈને દેવ સંસ્કૃતિનો પ્રભાવ સર્વત્ર પ્રસરશે. પછી ભગવાનનું બધું સૈન્ય એકત્રિત સંગઠીત થશે.

ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના દિવ્ય અશ્વના પગે દૈત્ય કાલિંગાનું શિર અથડાવા લાગશે. ત્યારે ભગવાન એ અશ્વને આજ્ઞા કરશે કે તું આ શિર લઈને ચીન દેશમાં કાલિંગાની રાજધાનીમાં નાખી દે. ચીનનો બાકી રહેલો આખો કોટ ધ્વસ્ત કરી નાખ અને એવો જોરથી પગ પછાડ કે જમીન ધ્રુજીને જળનો પ્રવાહ ઉછળે અને જોતાં જોતામાં આખું નગર અને દેશ જળમય થઈ જાય. આ પ્રકારની આજ્ઞા થતાં જ શ્વેત અશ્વ ચીન નગર નષ્ટ ભ્રષ્ટ અને જળમય કરીને પાછો ભગવાન પાસે આવશે. આ પ્રમાણે દૈત્યોનો નિર્વહણ (નાશ) થશે. ભગવાનનો જય થશે અને ભક્ત કમળાકુંવર સાથે અનંત કોટિ જીવાત્માઓની મુક્તિ થશે. સાથે સાથે ત્યાં જ અનંત કરોડનું ભરણું થશે એટલે કલિયુગના અંત સમયે અનાદિ કાળથી અમરપદને પ્રાપ્ત થયેલા સદ્ભક્તો ભગવાનના નિર્ગુણ જ્યોતિર્મય સ્વરૂપમાં લય પામશે.

જે અનંત કરોડીનાં ભરણાંના પરચા જાણ,
તમે સુણો મુનિવરો તેહ નિરવાણ. ॥૬૪૯॥
એવી વિકલ વેળા આવશે, અને પ્રભુજી થાશે અસવાર,
દૈત્યોને જગમાંથી કાઢશે, કુળ દૈત્યનો કરશે સંહાર. ॥૬૫૦॥
નિઃદાનવી કરશે પ્રીથમી, અને હોશે જયજયકાર,
જ્યારે દૈત્ય કાલિંગાનો છેદશે, રાજ કરશે કિરતાર. ॥૬૫૧॥
નવ ખંડમાં પ્રભુજી આપે રાજા, અવર દૂજા નહીં કોય,
રખેશરને રિદ્ધિ સિદ્ધિ આપશે, મૂર્ખ હાથ ઘસંતા રોય. ॥૬૫૨॥
જ્યારે ભાદરવા સુદ પૂનમ રોજ ગુરુવાર જાણ,
સ્વામીજીના લગ્ન વસમા કુંવારી સાથે નિર્ધારશે પરમાણ. ॥૬૫૩॥
વસમા કુંવારી સ્વામી પરણશે માથે ભરાવશે કુંભ,
માદલ ભેરી તૂર વાજશે, એવા હોશે હો રંગ. ॥૬૫૪॥
તેડાવો સીતા કુંતા દ્રૌપદી, અને સતીયા છે ચાર,
ચોથી તેડાવો તારાદેવી લોચના, મંગળ ગાવે અપાર. ॥૬૫૫॥
ત્યાં ચાર વેદ ચાર મંગળ, વરતાશે રે જાણ,
તે ઉમંગમાં સહુ કોઈ, કરશે રે જયજયકાર. ॥૬૫૬॥
જ્યારે સ્વામી નામની દુહાઈ, સર્વ પ્રીથમી માંહે ફરે,
ત્યારે સ્વામીજી સાચાં રાજ, તે રખેશરને કરાવશે. ॥૬૫૭॥

વસમા કુંવારી સ્વામી રાજા પરણશે,
ત્યારે પાંડવ રખેશરને રાજ કરાવશે જી. ॥૬૫૮॥
જે દ્વાપર જુગમાં તેણે કોલ દીધા છે, તે પૂરણ કરવાને કાજ જી. ॥૬૫૯॥
તે રખેશર સવા લાખ વરસ સુધી રાજ કરશે, ત્યારે સર્વેને થાશે આનંદજી. ॥૬૬૦॥
એવા સવા લાખ વરસ તો એક દિન સરીખા જાયે,
અને તે પછી અનંત કરોડીનાં ભરણાં ભરાવશેજી. ॥૬૬૧॥

આ પ્રકારે અત્યંત ભયાનક સ્વરૂપનો સમય આવશે ત્યારે ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ શ્વેત અશ્વ પર સવાર થઈને સર્વ દુષ્ટ દૈત્યોનો સંહાર કરશે. જગતમાંથી દુષ્ટ પ્રવૃત્તિના લોકોનો સમૂળ નાશ કરશે. નાસ્તિક અને ભોગ પરાયણ એવી દુષ્ટ સંસ્કૃતિનો સમૂળ ઉચ્છેદ કર્યા પછી સત્પ્રવૃત્ત એવા નિરામય નિર્વિવાદ વિશુદ્ધ વૈદિક સંસ્કૃતિનો સર્વત્ર પ્રચાર કરશે. માનવને સુસંસ્કૃત રીતે જીવન જીવતાં આવડે એ માટે પ્રયત્ન કરશે. સંપૂર્ણ પૃથ્વી નિર્દાનવી કરશે.

સર્વત્ર ભગવાનના નામનો જય જયકાર થશે. સંપૂર્ણ પૃથ્વી પર નવ ખંડમાં ભગવાનના નામની આણ ફરશે. નવ ખંડમાં સર્વત્ર શ્રી નિષ્કલંકી નારાયણ રાજ્ય સિંહાસન પર બેસીને રાજ્ય શાસન કરશે. ઋષિવર, મુનિવર, તપસ્વી, સદ્‌ભક્ત હશે તેમને રિદ્ધિ સિદ્ધિ અર્પણ કરશે. તેમની સર્વ મનોકામના પૂર્ણ થશે, ત્યારે મૂર્ખલોક હાથ ઘસીને મનમાં ને મનમાં ઝૂરશે.

ભાદ્રપદ શુદ્ધ પૂર્ણિમા ગુરુવારના દિવસે ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના લગ્નનો વાગ્નિશ્ચય (લગ્નની રીતનો ઠરાવ) વસમાકુંવારી સાથે થશે. વસમાકુંવારી (ધરતીમાતા) સાથે ભગવાને પહેલા કર્તાયુગમાં વાગ્દાન કર્યું હતું. એ વચન પૂર્ણ કરવા માટે આ વિવાહ સંબંધ જોડાશે. સદ્‌ગુરુ બ્રહ્મા સ્વહસ્તે ભગવાનને આ કન્યાદાન કરશે. જળકુંભ ભરાવશે. કુંભ કળશ પૂજન થવાથી સર્વત્ર આનંદ જ આનંદનું વાતાવરણ પ્રસરશે. સતી દેવીઓ સીતા, કુંતા, દ્રૌપદી અને તારામતી ચારેય વેદોનું મંગલ ગાન કરશે. સર્વત્ર નવચૈતન્ય પ્રગટ થઈને ઉત્સાહથી સ્વયં ઉલ્લાસથી બધા ઉત્સવ મંગલ ગાન કરીને ભગવાનનો જયજયકાર કરશે. શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનનો એક છત્ર અમલ આખી દુનિયામાં શરૂ થશે.

આ રીતે સંપૂર્ણ વિશ્વનો વ્યવહાર વ્યવસ્થિત થયા પછી ભગવાન બધાંને સત્‌પંથ ધર્મની સમજ આપશે. તેનો પ્રચાર અને પ્રસાર અને અમલ સર્વત્ર થશે. પછી ભગવાન પોતાના પરમ પ્રિય સદ્‌ભક્ત પાંડવોને, સત્યવાદી ઋષિવરોને બોલાવીને તેમને રાજદંડ સોંપશે અને કહેશે કે : 'હે સદ્‌ભક્ત ઋષિવર્ય, દ્વાપર યુગમાં અપાર કસોટી સહન કરીને રાજ્ય છત્ર સિંહાસન મેળવ્યું હતું. અતુલ પરાક્રમ કરીને દુષ્ટ ઘાતકી કૌરવોનો એટલે કે અધર્મનો ઉચ્છેદ કર્યો હતો પણ તમે ધર્મરાજ્ય કરી શક્યા નહીં, કારણ દ્વાપર યુગ પૂર્ણ થયા પછી કલિયુગની શરૂઆત થઈ હતી તે માટે તમારે રાજ્યશાસન છોડીને હિમાલય જવું પડયું હતું. એ સમયે અપૂર્ણ રહેલી તમારી ધર્મશાસન કરવાની ઈચ્છા હું હવે તમને આ રાજદંડ આપીને પૂર્ણ કરું છું. આ રાજદંડ લઈને તીર્થધામ પ્રમાણે રાજ્યાશાસન કરો. સવા લાખ વર્ષ સુધી તમારું આ ધર્મ શાસન ચાલશે પછી એ ધર્મ આચરણથી અનંત કોટિ જીવાત્માઓની સદ્‌ગતિ થશે. તમારું શાસન સંપુષ્ટ (સંધિકાળ)માં આવશે પછી કલ્પાંત કાળ શરૂ થશે. કલિકાળ સંપૂર્ણ થશે. સંપૂર્ણ પૃથ્વી, જીવ પ્રાણીમાત્રનો વ્યવહાર સંપૂર્ણ થશે. સર્વત્ર જલ પ્રલય થશે. આ પ્રકારે કહીને ભગવાન રાજદંડ ઋષિવરોને સોંપશે અને અંતર્ધાન થશે. ઋષિવરો સવા લાખ વર્ષ સુધી ધર્માશાસન કરશે પણ એ કાળ એક દિવસ પ્રમાણે પ્રસાર થઈ જશે. એ પછી અનંત કોટિ જીવાત્માઓની સદ્‌ગતિનો પ્રસંગ ઉપસ્થિત થશે.

આદ અંતના જે જીવ અમરાપુરી માંહે હોશે,
તે સર્વે જીવ કલિયુગ અંતે આવી મળશે. ॥૬૬૨॥
એ અમરાપુર તો મુનિવર પામશે સહી,
જે સેવે તપસી સદ્‌ગુરુને એક મન ચિત્તે રહી. ॥૬૬૩॥
જે આજ સત્‌ગુરુના વેદ વચન પરમાણીયા જાણ,
ભાઈ તે તો પામશે વૈકુંઠ અમરાપુર ઠામ. ॥૬૬૪॥
જે નિત અમી પીશે ને આચાર પાલશે સો ક્રિયાના ગ્રહી,
ને જે મુનિવર ખરી દસવંત સુક્રિત સદ્‌ગુરુ મુખે દેશે સહી. ॥૬૬૫॥
જેણે ઈહા પંચેન્દ્રિય વશ કરી દિલ રાખશે ઠામ,
અને સાચા માર્ગે ચાલશે સહી પ્રમાણ. ॥૬૬૬॥
શ્રી નારાયણના યુગોયુગના અવતારને જાણી સેવશે એકે ધ્યાન,
ભાઈ તે મુનિવર અમરાપુર પહોંચશે નિર્વાણ. ॥૬૬૭॥
જે યુગ પ્રમાણે વેદને ઓચરશે ને વ્રત દાન કરશે,
તે મુનિવર અમરાપુરમાં વહેલા સંચરશે. ॥૬૬૮॥
રખેશર તે જે તૂટા દિલને સાંધશે જી, અને ભૂલડા જીવને માર્ગે લાવશેજી. ॥૬૬૯॥
રખેશર તે જે ખરા મારગે ચાલશેજી, તેહુના અમરાપુરમાં મહેલ બંધાયશેજી. ॥૬૭૦॥
શ્રી નારાયણ એવા મહેલ નિપાવશેજી, જે કોઈ રહેશે કરણી હો સાચજી. ॥૬૭૧॥
એવા મુનિવર અમરાપુરી માંહે સુખ ભોગવશે જાણ,
તે દેવ અમરપદ પામશે સદ્‌ગુરુના વચને પ્રમાણ. ॥૬૭૨॥
જે આ સદ્‌ગુરુના જપ તપ થકી જીવ ઉદ્ધાર્યા જાણ,
ભાઈ તે મુનિવર અમર થાશે નિર્વાણ. ॥૬૭૩॥
પ્રથમ આઠ લાખ કરણ સ્વામીજીએ સરજા જાણ,
તાહા સદ્‌ગુરુ બ્રહ્માએ તપ કીધા પ્રમાણ. ॥૬૭૪॥
આ સદ્‌ગુરુના જપ તપથી દેવ નિપન્યા કરોડી અનંત,
તેઉએ સદ્‌ગુરુ શું અવિચલ રાખ્યું હેત. ॥૬૭૫॥

અનાદિ કાળથી જે જીવાત્માઓ અમરત્ત્વ પ્રાપ્ત કરીને અમરાપુરીમાં રહ્યા છે, આત્મ કલ્યાણને કારણે જેમની વૃત્તિ સમ થઈ ગઈ છે, એવા જીવન મુક્ત અને વિદેહ મુક્ત સદ્‌ભક્તો આ કલિયુગના અંત સમયે પ્રગટ થશે. અમરપદ એવા જ મનુષ્યને પ્રાપ્ત થાય છે કે જે તપસ્વી સદ્‌ગુરુની અને પરમાત્માની એકાગ્ર મને દૃઢ ચિત્તે સેવા કરે છે, માનવ જન્મમાં આવી સદ્‌ગુરુ મુખના વેદ વચન પ્રમાણે માનીને દૃઢ નિશ્ચયથી આચરણ કરે છે તે જીવાત્મા વૈકુંઠમાં, અમરાપુરીમાં પ્રવેશ કરે છે. જે નિત્ય નિયમથી અમી એટલે સદ્‌ગુરુ ચરણામૃતનું પ્રાશન કરે છે અને સદ્‌ગુરુએ કથન કરેલા નીતિ નિયમ ક્રિયા કર્મકાંડનું

આચરણ કરે છે, સાચી કમાણીની સ્વકષ્ટાર્જિત દસવંત-દાન સદ્‌ગુરુને ધર્મદ્વારે અર્પણ કરે છે. પંચેન્દ્રિય દમન કરીને પંચભૂતમાં આત્માવશ કરે છે, મન સ્થિર રાખી એકાગ્ર ચિત્તે પોતાના હૃદયમાં ભગવાનના નિર્ગુણ નિરાકાર સ્વયં તેજસ્વી જ્યોતિ સ્વરૂપનું ધ્યાન અને પ્રણવ બ્રહ્મનું નામ સ્મરણ ચિંતન નિદિધ્યાસન કરે છે, તે જીવાત્માને મૃત્યુ પછી અમરાપુરી પ્રાપ્ત થાય છે. ભગવાને સૃષ્ટિ કાર્ય કરવા માટે સમયે સમયે જે અવતાર ધારણ કર્યા, તેનાં રહસ્ય જાણીને તેમની સેવા પૂજા ઉપાસના કરનારા જીવાત્મા અમરાપુરીમાં જાય છે.

યુગ ધર્માનુસાર પ્રાધાન્યભૂત રહેલા સનાતન વૈદિક માર્ગાનુસાર ક્રિયા, કર્મકાંડ, યજ્ઞના હોમ હવન, પૂજા, અર્ચના કરીને દેવી દેવતાઓનું પૂજન અર્ચન કરે છે, વ્રત, દાન, યાગ વગેરે યુગ ધર્માનુસાર આચરણ કરે છે તે જીવાત્મા મૃત્યુ પછી વૈકુંઠમાં પ્રવેશ કરે છે. જે ઋષિવર પોતાના આત્મ તપોબળથી એકબીજાનાં તૂટેલાં હૃદય પ્રેમભક્તિના દ્રવથી સાંધે છે, નાસ્તિકોને પણ આસ્તિક કરીને રહે છે, ભવાટવી ભવારણ્યમાં ભટકેલા જીવાત્માને સુયોગ્ય માર્ગદર્શન કરીને સત્ માર્ગ પર લાવીને રહે છે, પોતે મુક્તિ માર્ગનું આચરણ કરીને સદ્‌ભક્તોને પણ એ માર્ગનું અવલંબન કરાવે છે, એ સદ્‌ભક્ત જીવમુક્ત મહાત્મા ઋષિવર અમરાપુરીમાં જાય છે. કલ્પાંત કાળ સુધી તેવા જીવાત્માઓ ત્યાં સ્વર્ગીય સુખના ઉપભોગ કરે છે. તેમની વૃત્તિ મૂળ નિરિચ્છ (નિષ્કામ) હોવાથી સર્વ પ્રકારના દિવ્ય સુખ ભોગવીને પણ તે અલિપ્ત હોય છે. કોઈ જ આસક્તિ ભોગ વાસના તેમને નથી હોતી. સદ્‌ગુરુના કૃપાશીર્વાદથી અને સંત મહંત સદ્‌ભક્તોના પુણ્ય પ્રભાવથી તે જીવાત્મા અજર, અમર, પૂર્ણ તૃપ્ત હોય છે.

આઠ લાખ કરણ વર્ષમાં સદ્‌ગુરુ બ્રહ્માએ કરેલી તપશ્ચર્યાના પુણ્ય પ્રભાવે આ ચરાચર પ્રકૃતિ સમષ્ટિ નિર્માણ થાય છે. જીવ પ્રાણી માત્ર સૃષ્ટિ વિકાસ પામે છે અને છેલ્લે સર્ગકાલમાં પોતાના મૂળ નિર્ગુણ નિરાકાર સ્વરૂપમાં લય પામે છે. સદ્‌ગુરુ બ્રહ્માના નિરંજન નિર્વિકાર સગુણ સાકાર સ્વરૂપ સાથે અત્યંત દૃઢ પ્રેમ ભાવથી અવિચળ દૃઢ પ્રીતિ જોડે તે જીવાત્મા દેવગતિ માટે જાય છે, અમર થાય છે.

પહેલા દશરાયણ કલ્પમાં તપસી સદ્‌ગુરુ બ્રહ્માજી જાણ,
તાહાં ઝાંખા નવ્વાણું કરોડી દેવ નિપના નિર્વાણ. ॥૬૭૬॥
બીજા દેવગુણ કલ્પમાં તપસી સદ્‌ગુરુ બ્રહ્માજી જાણ,
તાહાં મેઘા દેવ છપ્પન કરોડી ઉદ્ધાર્યા નિર્વાણ. ॥૬૭૭॥
ત્રીજા લીલવગુણ કલ્પમાં તપસી સદ્‌ગુરુ બ્રહ્માજી જાણ,
ત્યાં બત્રીસ કરોડી દેવ કિશર ઉદ્ધાર્યા નિર્વાણ. ॥૬૭૮॥
ચોથા શ્વેતવેરા કલ્પમાં તપસી સદ્‌ગુરુએ યુગ કીધા ચાર,
ત્યાં તેત્રીસ કરોડી દેવ મુનિવર કીધા પ્રમાણ. ॥૬૭૯॥
પહેલા કર્તાયુગમાં તપસી સદ્‌ગુરુ બ્રહ્મા અમરતેજ જાણ.
ત્યાં સદ્‌ગુરુ વચને આ સત્‌પંથે ધાયા ભકત પ્રહલાદ પ્રમાણ. ॥૬૮૦॥
જે સદ્‌ગુરુના જપ તપથી પાંચ કરોડી મુનિવર દેવ છૂટયા આજ,
ત્યાં પામ્યા અમરાપુરમાં અવિચલ રાજ. ॥૬૮૧॥
બીજા ત્રેતા યુગમાં તપસી સદ્‌ગુરુ વશિષ્ઠ સત્ ધરમ દેખાડયાં જાણ,
ત્યાં સદ્‌ગુરુએ બહુ તપ કીધાં નિર્વાણ. ॥૬૮૨॥

તેથી સાત કરોડી મુનિવર દેવ શું રાજા હરિશ્ચંદ્ર નિપન્યા પ્રમાણ,
ભાઈ તે તો વૈકુંઠ પામ્યા અમર ઠામ. ॥૬૮૩॥
દ્વાપર યુગમાં તપસી સદ્ગુરુ વેદવ્યાસો સત્ ધરમ દેખાડયાં જાણ,
ત્યાં સત્ ગુરુએ બહુ તપ કીધાં નિર્વાણ. ॥૬૮૪॥
એ ગુરુના જપ તપથી નવ કરોડી દેવ શું નિપન્યા યુધિષ્ઠિર રાયે,
અને તે પણ અમરાપુરીમાં પોતા જાયે. ॥૬૮૫॥
આજ કલિમાં તપસી સદ્ગુરુ ઈમામશાહે સત્ ધરમ દેખાડયાં જાણ,
ત્યાં સદ્ગુરુએ બહુ તપ કીધાં નિર્વાણ. ॥૬૮૬॥
એ ગુરુના જપ તપથી બાર કરોડી દેવ મુનિવર સંગે નિપનશે જાણ,
તે કમળાકુંવરને શિર ભરણાં બાંધશે નિર્વાણ. ॥૬૮૭॥
એ આદ અંતના અમરાપુર પોતા જીવ કલિયુગ અંતે એકઠા જો મળશે,
એ અનંત કરોડીનાં ભરણાં સદ્ગોર પાત્ર બ્રહ્માજી ભરાવશે. ॥૬૮૮॥
જ્યારે એ અનંત કરોડી જીવ કમળાકુંવર સાથે આવશે જાણ,
તેણે પ્રભુજી સદ્ગોર પાત્ર બ્રહ્માજી સાથે મોક્ષ મુગતનાં આપશે ઠામ. ॥૬૮૯॥
તે જીવને ફરી સ્વર્ગ નર્ક સુખ દુઃખ લાગશે નહીં,
તેના આવા ગમનના ફેરા પ્રભુજી ચુકાશે હો સહી. ॥૬૯૦॥
તે સતિયા જીવની આસના વાસના સ્વામી પરહશે સહી,
અને તે જીવ તો નિરંજન નિરાકાર માંહે મળશે જઈ. ॥૬૯૧॥
જે જીવ તપસી સદ્ગુરુને જાણી સેવા કરશે જાણ,
અને ગુરુ બ્રહ્માનાં વચન શિર સહ્યાં તે જીવ મોક્ષ પામશે નિર્વાણ. ॥૬૯૨॥
એવા નિર્વાણ પદ તો તે સતિયા જીવને મળશે,
જે સત્ રાખી આચાર પાળશે તે સદ્ગુરુની કસણી સાર સહેશે. ॥૬૯૩॥

પ્રથમ દશરાયણ કલ્પમાં તપસ્વી સદ્ગુરુ બ્રહ્મા પ્રગટ થઈને તેમણે ઉપદેશેલા યુગ ધર્માનુસાર આચરણ કરીને નવ્વાણું કરોડ યક્ષ ગણને નિર્વાણ પદ પ્રાપ્ત થયાં. બીજા દેવગુણ કલ્પમાં મહાતપસ્વી સદ્ગુરુ બ્રહ્મા સ્વરૂપે પ્રગટ થયા અને તેમને દિગ્દર્શીત કરેલા યુગ ધર્માનુસાર સાધના કરીને છપ્પન કરોડ મેઘ ગણ મુક્ત થયા. આગળ ત્રીજા લીલવગુણ નામના કલ્પમાં એ જ સદ્ગુરુ બ્રહ્મા મહાન તેજોરૂપ સનાતન બ્રહ્મ રૂપે પ્રગટ થઈને તેમના માર્ગદર્શનાનુસાર વર્તીને બત્રીસ કરોડ કિન્નર ગણ અમર ગતિમાં ગયા.

ચોથા કરણ કલ્પમાં અથવા શ્વેતવેરા કલ્પમાં એ જ સદ્ગુરુ બ્રહ્મા રૂપે પ્રગટ થઈને તેમણે આ કરણ કલ્પના ચાર યુગ નિર્માણ કર્યા. ચારેય યુગમાં અલગ અલગ રૂપે પ્રગટ થઈને તેમણે યુગ યુગના મુક્તિ માર્ગનું દિગ્દર્શન કર્યું. એ માર્ગાનુસાર યોગ સાધના કરીને તેત્રીસ કરોડ દેવ અમર થયા. એ પૈકી પહેલા કર્તા યુગમાં સદ્ગુરુ બ્રહ્મા અમરતેજના

યોગ માર્ગનું આચરણ કરીને પાંચ કરોડ જીવાત્માને સદ્‌ભક્ત પ્રહલાદ સમવેત અમરાપુરી પ્રાપ્ત થઈ. ત્રેતાયુગમાં સદ્‌ગુરુ બ્રહ્મા વશિષ્ઠ રૂપે પ્રગટ થઈને તેમણે ઉપદેશેલા યુગધર્માનુસાર, સત્ય ધર્માનુસાર આચરણ કરીને સાત કરોડ જીવાત્મા સદ્‌ભક્ત રાજા હરિશ્ચંદ્ર સાથે અમરાપુરીમાં જઈ પહોંચ્યા. પછી તે જ સદ્‌ગુરુ બ્રહ્મા વેદમૂર્તિ વ્યાસ મુનિના સ્વરૂપે પ્રગટ થઈ તેમણે શાસ્ત્રો, ચાર વેદ, અઢાર પુરાણ અને અનેકાનેક સદ્‌ગ્રંથોનું મંથન કરીને નિષ્કામ કર્મયોગાચરણનો ઉપદેશ કર્યો. તે અનુસાર જીવન સાધનાના આચરણથી નવ કરોડ જીવાત્માને સદ્‌ભક્ત યુધિષ્ઠિર સાથે અમર ગતિ પ્રાપ્ત થઈ. એ જ મહાન તપસ્વી પરમ જ્ઞાનઘન તેજોમૂર્તિ આ કલિયુગમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ રૂપે પ્રગટ થઈને તેમણે દર્શાવેલા પરમ પાવક સનાતન સત્‌પંથ માનવ ધર્મનો ઉપદેશ કરીને જીવન સાફલ્યનું જે માર્ગદર્શન કર્યું તે અનુસાર આચરણ કરીને અમરત્વને પ્રાપ્ત થયેલા બાર કરોડ જીવાત્મા વૈકુંઠ ધામમાં અમર થયા.

અનાદિ કાળથી અંતકાલ સુધી જે અનંત કરોડ જીવાત્મા અમરાપુરમાં ગયા છે. એ બધા આ કલિયુગના અંતે કલ્પાંત સમયે પ્રગટ થશે. માનવ રૂપે જન્મ લઈ ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણની આરાધના ભક્તિ કરશે. સદ્‌ભક્ત કમળાકુંવરના સાનિધ્યમાં રહીને સત્સંગ યોગ સાધના કરશે અને નિરિચ્છ, નિરહંકાર, નિર્મળ થઈને ભગવાનના નિરંજન નિરાકાર જ્યોતિર્મય તેજોસ્વરૂપમાં વિલય પામશે. તેમના સ્થૂળ દેહ ચૈતન્યઘન પરબ્રહ્મ સચ્ચિદાનન્દ સ્વરૂપમાં વિલીન થશે તેમનાં બધા જ પ્રકારનાં સુખ દુઃખ જન્મ મરણના ભોગ મટશે, તેમની આશા આકાંક્ષા વાસના ઈચ્છા વગેરે સર્વ વિલય પામશે.

જેમણે આ માનવ જીવનમાં આવીને સદ્‌ગુરુના આદેશાનુસાર વર્તીને આત્મોન્નતિ કરી એવા સત્યવાન સદ્‌ભક્તને જ સદ્‌ગતિ મળશે. મૂઢમતિ અજ્ઞાન અભક્તને કદી જ સદ્‌ગતિ મળતી નથી. સદ્‌ગુરુના વચનાનુસાર વર્તીને તેમની અનંત અપાર કસોટી જેમણે સહન કરી તે જ જીવાત્મા મુક્ત થઈને નિર્વાણ પદને પામ્યા છે અને પામશે. પણ જે આ પદને પહોંચી શક્યા નથી એવા અપરિપક્વ જીવાત્મા કર્મગતિના ફેરા ખાતા ખાતા કઈ ગતિ તેમને પ્રાપ્ત થાય છે તેનું વર્ણન સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ કરે છે :-

વળી જે ના જાણે સદ્‌ગુરુને ના જાણે પરિબ્રહ્મ, તે ભૂંડા પાપી ભોગવશે તેનાં કર્મ. ॥૬૯૪॥
જે જીવ ના જાણે વેદ શાસ્ત્રની વાણ, તે અપરાધી જીવ ફરશે ચારે ખાણ. ॥૬૯૫॥
જેણે સદ્‌ગુરુ વચન ઉપર ઈમાન ના આણ્યું, અને સ્વામીના અવતાર પાત્રનું જ્ઞાન ના જાણ્યું. ॥૬૯૬॥
જે ના જાણે પાપ પુણ્યના વિચાર, તે જીવ ફરી ફરી આવશે આવા જુગત સંસાર. ॥૬૯૭॥
જે મુનિવર થઈને પારકી નિંદા કરે, એવા પાપી જીવડા તે નિશ્ચે નરકમાં પડે. ॥૬૯૮॥
દુનિયાની સંગત માંહે જે જીવ ભૂલ્યા, તે જીવ લક્ષ ચોર્યાસીના ફેરામાં પડયા. ॥૬૯૯॥
જે ના સેવે સદ્‌ગુરુ ના પાળે વાણ, તે ના દેવે દશાંશ સુક્રીત સાચા ગુરુ મુખે અજાણ. ॥૭૦૦॥
જે સુરા ભાંગ તમાકુ ખાવે પીવેને બોલે કપટની વાત, તે જીવ તો નિશ્ચયે નરકે જાત. ॥૭૦૧॥
જે ધર્મી હોઈને અધર્મ આચરે, અને ધર્મના મર્મ ના જાણી તેમાં ધીંગાઈ કરે. ॥૭૦૨॥
એવા અપરાધી જીવ તો પડયા આવાગમનના ફંદ, તેવોના કોઈ ના છુટે કર્મ બંધ. ॥૭૦૩॥
જે જાણી જોઈને કૂડુ કર્મ કરે, બેઈમાની અંધા જીવ તો જીવતા નરકમાં પડે. ॥૭૦૪॥
એ અપરાધી જીવ તો ફરે આવાગમન માંહે, તે લક્ષચોર્યાસીના ફેરામાં ફરે સઉં કોયે. ॥૭૦૫॥
જે આદ અંતના અપરાધી જીવ કેવાયે, તે સર્વે ફરતા ફરતા કલિયુગ અંતે આવી મળે એક ઠાયે. ॥૭૦૬॥
ત્યારે નવ નેજા પર આવશે આસમાન, અને સહસ્ર કલા લઈને તપશે ભાણ. ॥૭૦૭॥

જે જીવાત્મા માનવ જન્મમાં આવીને પરિબ્રહ્મને જાણતા નથી અને સદ્‌ગુરુને શરણ જતા નથી. સદ્‌ગુરુનો સંગ કરતા નથી એ નરપશુ પાપ કર્મરત રહીને પોતપોતાના કર્મ દોષ ભોગવતા હોય છે. જે જીવાત્મા વેદ શાસ્ત્ર વચન સાંભળતા નથી. વાંચતા નથી અને તે અનુસાર આચરણ કરતા નથી, તે અપરાધી જીવાત્માઓને ઉદ્‌બીજ, સ્વદેજ, અંડજ અને જરાયુજ આ ચારેય ખાણીના ફેરા ખાવા પડે છે.

જેમણે ગુરુ થવા સદ્‌ગુરુ પાસેથી અનુગ્રહ લીધો હોય પણ તેમના વચન પર શ્રદ્ધા ન રાખતાં આપ મતિ પ્રમાણે આચરણ કરતા હોય અને ભગવાનના અવતાર પાત્રના તત્ત્વને ન જાણતાં અશ્રદ્ધાથી તેમના દોષ કાઢીને દૂષણ આપતા હોય, જેઓ પાપ પુણ્યનો કોઈ પણ વિચાર ન કરતાં અંધપણે પશુવત જીવન જીવતા હોય એ જીવાત્માઓને પોતાના કર્મ વિપાક ભોગવવા માટે વારંવાર મૃત્યુલોક (ચાર ખાણી)ના ફેરા કરવા પડે છે. જે મુનિવર હોવા છતાં ગુરુ પાસેથી અનુગ્રહ લીધેલ હશે અને તેણે પરનિંદા કરી હશે તો અનંત કષ્ટકાર એવાં નરક દુઃખ એ જીવાત્માને ભોગવવાં પડશે. આ માયાવી વિલોભનીય જગતના ભૂલભૂલામણીમાં ગૂંથાઈને જે જીવાત્મા ગોથાં ખાય છે, જે સદ્‌ગુરુ વિમુખ થયો છે એ વારંવાર આ દુનિયાના નશ્વર ભોગ ભોગવવા માટે જન્મ મરણના ખસ્તા ખાય છે. જે સદ્‌ગુરુનાં સેવન કરતો નથી, તેમણે આપેલ વચન પાળતો નથી, પોતાના ધન દોલત દશાંશ સુક્રિત રૂપે દાન ધર્મ ન કરતાં એટલે પરમેશ્વરના અને સદ્‌ગુરુના ઋણમાંથી મુક્ત ન થતાં પોતાના સંસાર ભોગ તરફ જ ફક્ત તેનો વિનિયોગ કરે છે, એ જીવાત્મા કર્મ ગતિના ફેરા ખાતા ખાતા કલ્પાંત કાળ સુધી ફરતા જ રહે છે. તેમની મુક્તિ થતી નથી.

જે મદિરા, ભાંગ, તમાકુ વગેરે ખાય પીવે અને અહંકાર મદથી અભદ્ર વાણી બોલે છે, એ બધાના પહેલાં નરક યાતના ભોગવે છે. જેમણે ધર્મ દીક્ષા લઈને ધર્મ પ્રમાણે આચરણ કરવાનું કાંકણ બાંધ્યું છે, તે ધર્મના નિયમ પ્રમાણે ન વર્તતાં અધર્માચરણ કરે છે અને જે ધર્મને ન સમજી સમાજમાં ડોળ કરે છે એવા દંભી, ઢોંગી, લુચ્ચા લોકો આવાગમનના ફેરામાં પડશે. તેમનો એ કર્મ બંધ કોઈ પણ છોડી શકશે નહીં.

જે કૂડકપટ, અસત્યાચરણ, અધર્માચરણ કરશે એ બેઈમાની અંધ અપરાધી જીવાત્મા આવાગમનના ફંદામાં પડશે અને જન્મ મરણના ફેરા ખાતા ખાતા લક્ષ ચોર્યાસી જીવ યોનીના કર્મ બંધનના ભોગ ભોગવતા ભોગવતા કલિયુગના અંતે કલ્પાંત કાળમાં પ્રગટ થશે. આ પ્રકારે અનાદિ અનંત કાળના એ અધર્મી, અસત્યાચરણ માયાવી ભોગાસક્ત જીવાત્મા ફક્ત કલ્પાંત કાળમાં પ્રગટ રૂપે રહેશે. જે સદ્‌ભક્ત હશે તે તો પહેલાં જ સદ્‌ભક્ત કમળાકુંવરના સમાવેત ભગવાનના આત્મ જ્યોતિ રૂપમાં સમાઈ જશે વિલય પામશે પણ જેમણે મુક્તિ પ્રાપ્ત કરી નહીં હોય તે અપરિપક્વ જીવાત્મા આ કલ્પાંત કાળમાં પ્રગટ થઈને કલ્પાંતનું દુઃખ ભોગવશે.

હવે મહાકઠણ કલ્પાંત તણા પરછા જાણ, તમે સુણો મુનિવરો તેહે નિરવાણ રે. ॥૭૦૮॥
સહસ્ર કલા શું જ્યારે સૂરજ તપશે, ત્યારે અગ્નિ મેહા વરસે રે. ॥૭૦૯॥
અગન અગન મુસળધાર લોહા બરશે, ત્યારે ધરત્રી નાખે ધૂમ જ્વાલા રે. ॥૭૧૦॥
અઢાર ભાર વનસ્પતિ પર્વત જલબલ હોશે અંગારા રે,
ત્યાં નહીં જલ પર્વત જમીન સરીખી પાટ રચાશે રે. ॥૭૧૧॥
સાતવે નેજે જ્યારે સૂરજ તપસે, ત્યારે ધરત્રી હોશે તાંબા વરણી રે. ॥૭૧૨॥
તાહાં તલે થંબે સ્વામી રાજા બેસશે, તલ તલનાં લેખાં લેશે રે,
તલ તલના હિસાબ માગશે, પછે અપરાધી જીવ જલશે રે. ॥૭૧૩॥

ત્યાં જીવને ઉપર સૂરજની અગન તલે ધરતીની ઝાલ રે,
તેણે વહેશે નેત્રે લોહી અગનની ધાર રે. ॥૭૧૪॥
સ્વામીજી અપરાધીને ઉંધે મસ્તક રાખશે, તલ તલનાં લેખાં લેશે રે,
ત્યાં માથાના ભેજા કાને ઉતરશે, જૈસા પાની ધારા રે. ॥૭૧૫॥
ત્યાં રોવે અપરાધી જીવ, બહુ કરે તે શોરબકોર રે,
જેણે ઈહા ગુન્હા ગતમાં ચૂકાવ્યા નહીં, તે તો થાશે ચોર રે. ॥૭૧૬॥
ધરમ લઈને ગત્માં નહીં મળીયા, મન દુનિયા શું લાઉ રે,
તેની દેહા એવું જલેગી, જેસી દીવડે બત્તી રે. ॥૭૧૭॥
ત્યાં અગ્નિ લોહા આકાશથી વરસે જાણ રે,
ત્યારે તેમાં દાઝે કાયાને પ્રાણ રે. ॥૭૧૮॥
ત્યાં દેહી જલીબળીને ખાક જ હોઈ જાયે રે,
ત્યારે દેહી બેઠી કરે પાવળ છાંટીને ત્યાંયે રે. ॥૭૧૯॥
મુનિવર મુનિવરની નિંદા કરશે, અને કપટની બોલે વાતું રે,
તેની દેહી એવું કૂટસે જેસા નર્ક દુઃખ તોલ રે. ॥૭૨૦॥
મુનિવર થઈને ભાંગ તમાકુ ખાયે, ભાંગ સુરાપાન પીયે રે,
તે તમે સુણો મુનિવરો, તે નિશ્ચલ નરકે જાશે રે. ॥૭૨૧॥
તેણે પકડીને ઊભા કરશે, કૂદી માર દિલાવે રે,
શિર પર ઘણના માર પડશે, જેસા બાદલ ગરજે રે. ॥૭૨૨॥
ઔટ કરોડી રોમ લોહાની થાશે, ફરી ફરી દેહીમાં ખૂંચશે રે,
જે જીવ જૂઠા બોલશે તેણે પ્રાછે ફરીને તે ધાયે રે. ॥૭૨૩॥
એવા હિસાબ માગે સ્વામીજી, ઘણના માર દિલાવે રે,
એકેક અપરાધ સો સો વાર પૂછશે, તારે સો સો ઉત્તર જીવડો દેશે રે. ॥૭૨૪॥

આ વિશ્વ બ્રહ્માંડમાં મુખ્ય સાત આસમાન કલ્પેલાં છે. વર્તમાન કાળે સૂર્યનારાયણ સાતમા આસમાનથી ખૂબ દૂર છે અને પોતાની સોળ કળાથી આકાશમાં તપે છે. આ કલ્પાંત કાળના સમયે માત્ર સાતમા આસમાનમાં આવી પોતાની સહસ્ર કળાથી તપવા લાગશે ત્યારે આકાશમાંથી બેહદ અગ્નિની વર્ષા થશે. વરસાદ પડશે નહીં. અસહ્ય ગરમીના લીધે અને એ યોગે જમીનમાંથી વરાળના ધૂમાડા નીકળશે. અઢાર ભાર વનસ્પતિ, પર્વતો વગેરે સર્વ બળીને ભસ્મ થશે. નદીઓ, નાળાં, પર્વતો, શિખર વગેરે કંઈક પણ ન રહેતાં સંપૂર્ણ પૃથ્વી સપાટ થશે. પાણી સંપૂર્ણ શોષાઈ જશે, વનસ્પતિ સૂકાઈ જઈને બળી જશે. ધરતીકંપ, જ્વાળામુખી ભયંકર પ્રમાણમાં અને ભયાનક સ્વરૂપે થશે. નવ નેજા પર સૂર્ય આવી તપવા લાગશે, ત્યારે સંપૂર્ણ પૃથ્વી તામ્રવર્ણ પ્રમાણે ધગધગવા લાગશે. પૃથ્વીમાંથી અગ્નિજ્વાળા નીકળશે, મનુષ્ય જીવ પ્રાણી માત્રને વાસ્તવ્ય માટે પણ જગ્યા રહેશે નહીં. પૃથ્વી પરનાં પ્રાણી તથા સૃષ્ટિના બધા ચૈતન્યમય જીવન ઉધ્વસ્ત થશે.

ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ પોતાના રાજ્યસિંહાસનના સ્થાન પર બેસીને સર્વ જીવાત્માઓનો પાપ પુણ્યનો હિસાબ લઈને જવાબ પૂછશે. નગીના ગોમટી પાસે લગાવેલ તાસ (ત્રાજવાં) પાસે બધાના કર્મનો નીવેડો થશે. પ્રત્યેક જીવ પ્રાણી માત્રના પાપ પુણ્યનો નીવેડો થયા પછી જે જીવાત્માઓનાં પાપમય કર્મ અધિક હશે એ જીવાત્માઓને એ પાપ કર્મના દોષ એ કલ્પાંત કાળમાં જ ભોગવવા પડશે. આકાશમાંથી સૂર્ય કિરણોનો અત્યંત અસહ્ય માર અને નીચેથી જમીન પરની ઉષ્ણતા-અગ્નિનો તાપ એવી સંધી સાંપડીને એ જીવાત્માને અપાર-અગણિત અસહ્ય કષ્ટ-ત્રાસ-દુઃખ ભોગવવાં પડશે. એમની આંખોમાંથી એકસરખી રક્તની ધારાઓ વહેવા લાગશે. હવે છેલ્લો જ યુગ અને છેલ્લો જ પ્રહર હોવાથી કૃત કર્મનાં વિપાકનાં ફળ તેને સંપૂર્ણ ભોગવી લેવાં પડશે.

જે અપરાધી હશે, પાપ કર્મરત હશે તેમને ભગવાન નીચે માથું ઉપર પગ કરીને લટકાવશે અને તેના એક એક ગુન્હાનો જવાબ પૂછશે, ત્યારે સૂર્યની ઉષ્ણતાથી, જમીન પરની ધગધગતી લાય અને યમદૂતના અસહ્ય મારથી ત્રસ્ત એ બેભાન થયેલા જીવાત્માના માથામાંથી રક્તનું પાણી થઈને નાકમાંથી, કાનમાંથી અને મુખમાંથી બહાર વહેવા લાગશે. અપરાધી જીવાત્મા તે અસહ્ય દુઃખથી રડશે, ટળવળશે, મોટે મોટેથી બૂમો પાડશે. માતા, પિતા, ભાઈ, બહેન વગેરેને બોલાવશે પણ ત્યાં તેમને સહાય માટે કોણ આવે ? કોઈપણ આવી શકશે નહીં, કારણ પ્રત્યેકને પોત પોતાના જ કર્મ વિપાકનાં ફળ ભોગવવાં પડે છે.

જેણે અહીં મૃત્યુલોકમાં ગુરુ ગત્‌ગંગામાં પોતાના ગુન્હા ચૂકવ્યા નહીં હોય એટલે અપરાધ માફ થવા માટે ગુરુ, મુખી અને ગત્‌ગંગામાં વિદિત કર્યા નહિ હોય, તેમના શિર પર એ ગુનાના ભાર રહેવાથી એ કર્મ ભોગ તેમને ભોગવવા પડશે. જેણે ધર્મ દીક્ષા લીધી, ગુરુનું બંધન બાંધ્યું પણ ગત્‌ગંગામાં કદી પણ ભળ્યો નહીં. ગુરુ સાથે મનથી એકરૂપ ન થતાં દુનિયાના મિથ્યા મોહ માયામાં ગૂંથાયેલો રહ્યો અને પાપ કર્મમાં બદ્ધ થયો તેને આકાશમાંથી લોહમય અગ્નિ વર્ષા થશે એ યોગે એવા જીવાત્માઓના સ્થૂળ દેહ ભસ્મ થશે, પણ તેમના વાસનાત્મક લિંગદેહ બળતાં કર્મ વિપાક ભોગવશે. એ જીવાત્માનો દેહ જો નષ્ટ થશે તો ભગવાન તેમના પર અમૃત વૃષ્ટિ કરીને ફરી જીવતા કરશે અને પાપ કર્મ દોષ ભોગવવા કહેશે.

જે મુનિવરો વ્રત ગ્રહણ કરીને બીજા મુનિવરોની નિંદા અથવા પરનિંદા કરશે અને પોતે અહંકાર મદયુક્ત ભાષણ કરશે, તેમજ સત્ય ધર્મ પ્રમાણે વર્તનારાનાં વ્રત ધારણ કરીને અને ગુરુ પાસેથી અનુગ્રહ લઈને ભાંગ, ગાંજા, મદ્યપાન, માંસ, તમાકુ, ખાનપાન કરશે તેવા મુનિવરોને પકડી પકડીને ઊભા કરશે અને આજુબાજુથી યમદૂત જકડીને બાંધશે અને ઘણના ઘાવ તેમના શિર પર નાખશે, જે પ્રમાણે આકાશમાંથી વાદળોની ગર્જના થાય છે, એ પ્રમાણેની ગર્જના તેમના શિર પર ઘણના ઘાવ મારશે ત્યારે થશે. આવી તેમની ગતિ થશે.

તેવા જીવાત્માઓના શરીર પરના સાડાત્રણ કરોડ રૂંવાડાં લોખંડનાં થઈને તેમના શરીરમાં ખૂંચશે અને તેને કરેલાં કૃત કર્મનો હિસાબ પૂછાશે. એટલું કઠિન દુઃખ ભોગવ્યા પછી પણ જીવાત્માને એક એક અપરાધ માટે સો સો વખત પૂછાશે અને તેના જવાબ એ જીવાત્માને આપવા પડશે. આ પ્રકારે કર્મહીન જીવાત્માઓને ખૂબ જ અધિક કર્મ વિપાક (સજા) ભોગવવા પડશે.

ત્યાં નહીં વર્ષા નહીં વહસે વાયે, ત્યારે નહીં અન્ન પાણી તેણે જો ઠાયે. ॥૭૨૫॥
ત્યાં માતા પિતા નહીં બેનીને બાંધવ વીર, તે આપે આપણા કરતબ ભોગવે શરીર. ॥૭૨૬॥
ત્યાં રોવે અપરાધી જીવ બહુ બૂમ જ કરે, તેના મુખમાંથી અગ્નિ ઝાલ નીસરે. ॥૭૨૭॥

આખર નયના લોહી બિંદ ઝરસે, તારે બેન કહે બંધવ નહીં મારોજી. ॥૭૨૮॥
ત્યાં સ્ત્રી નહીં પુત્ર એકલા આપોઆપ, ત્યારે આપે આપણાં કરતવ ભોગશે પાપ. ॥૭૨૯॥
ત્યારે પચાસ હજાર વરસના, એક દિન હોશે નિર્વાણ,
એવા સાડા ત્રણ દિન સુધી, સ્વામીના હિસાબ ચૂકાવશે રે જાણ. ॥૭૩૦॥
ભાઈ તાહા એવો સોર પડે, તો કોઈ કહ્યો નવ જાયે,
ત્યારે એમ દુઃખ ભોગવે, જેમ વાઘ ઝાલે ગાયે. ॥૭૩૧॥
એવી વેળાની હકીકત સુણો મારા મુનિવર, દુઃખ દોહેલાં ભારી રે,
વેદ સુણો ને સતે ચાલો, દિલ કરો હુશિયારી રે. ॥૭૩૨॥
ગુરુ થકી બેઈમાનીને ગાફલ ભૂલા, આખર પસ્તાવો તેહુને પડયા,
ગુરુ થકી બાજીને આખર ગાજી, તે જીવડા શું શું ધ્યાયા. ॥૭૩૩॥
ગુરુ થકી બેઈમાની તે ગાફલ ખોટા, તે મન માંહે ઘણું ઘણું રોવશે,
ગુરુ નર પાઈ જેણે પત્થર ધ્યાયા, તેણે મારા કોઈ ના કહશે. ॥૭૩૪॥
નિત નિત ગત્ માંહે મળો મારા મુનિવરો, ગોર નર બેહુ આયા રે,
યુગયુગના હિસાબ પૂછશે, તાહાં ગત્માં ચૂકાવો રે. ॥૭૩૫॥
જાગો યુગ માંહે જે વ્રત હોય, મુનિજન તેજ ઓચરો,
આજ કલિયુગમાં શુક્રવારે, બીજ વ્રત પરમાણો. ॥૭૩૬॥
જે કોઈ મુનિવર યુગ પરમાણે, એ વ્રત કરે સહી,
તેણે એ મહા દારુણ કાળ માંહે, મહા કષ્ટ ભોગવું પડશે નહીં. ॥૭૩૭॥
યુગો યુગમાં ગોરનર કહેતા આવ્યા, અરજ કરો મારા ભાઈ રે,
ગોર નર સેવ્યા તે અમરાપુર જાયે, હરજીનાં દરશન પાયે રે. ॥૭૩૮॥

આ કલ્પાંત કાળના સમયે જીવાત્માઓને કર્મનાં ફળ ભોગવવાં પડશે ત્યારે સૂર્યની અને પૃથ્વીની ઉષ્ણતાને કારણે જમીન પરનું પાણી સૂકાઈ જશે. વનસ્પતિ બળીને ભસ્મ થશે. વનસ્પતિ જ ન રહેવાથી જીવાત્માઓથી વિશ્રાંતિ જ લેવાશે નહીં, વાયુ રહેશે નહીં, એ કારણે જીવાત્માઓના દમ ઘુંટાશે, અન્ન પાણી મળશે નહીં, સર્વત્ર ત્રાહિમામ્ ત્રાહિમામ્ હાહાકાર થશે. સર્વત્ર અશાંતતા, કર્ણકર્કશતા અને યમદૂતના શસ્ત્રના પ્રહારના અવાજ સંભળાશે.

પાપી જીવાત્માઓ પોતાની સહાય માટે માતા, પિતા, બહેન, ભાઈ, પત્ની, પુત્ર, પુત્રી વગેરેને બૂમો પાડી પાડીને બોલાવશે પણ કોઈ આવી શકશે નહીં. જે તે જીવાત્માઓ પોતપોતાના કર્માનુસાર ગતિ ભોગવશે. ત્યાં અપરાધી પાપાત્માઓ મોટે મોટેથી આક્રોશ કરીને યમદૂતને વિનવણી કરશે પણ તેમની કોઈ સહાયતા થશે નહીં. મોટા મોટા પ્રલયંકારી અગ્નિમાં એ પાપી જીવાત્માઓને નાખશે. ત્યારે તેના મુખમાંથી પણ અગ્નિની જવાળાઓ નીકળશે. છેલ્લે તેઓના નાકમાંથી, આંખમાંથી, મુખમાંથી રક્તબિંદુઓ નીકળશે. ત્યારે બહેન ભાઈને અને ભાઈ બહેનને પણ કહેશે નહીં કે આ મારો ભાઈ છે, આ મારી બહેન છે. હું આનો દુઃખભાર હલકો કરી શકીશ નહીં. પ્રત્યેકને પોતપોતાના કર્મ ભોગ ભોગવવા પડશે.

કર્મ ભોગ ભોગવતી વખતે જીવાત્માઓની દુઃખની સ્થિતિ અત્યંત અસહ્ય થશે. પ્રલય કાળનાં આ દુઃખ જીવાત્માઓને ફક્ત છેલ્લા સાડા ત્રણ દિવસ ભોગવવાં પડશે. પણ પચાસ હજાર વર્ષનો એક દિવસ હોશે. આ પ્રકારે કલિયુગના પ્રમાણમાંથી પોણા બે લાખ વર્ષ પ્રલય કાળમાં નીકળી જશે. આ કાળમાં જીવાત્મા કર્મ ભોગ ભોગવીને અત્યંત ક્ષીણ ત્રસ્ત ભયભીત થશે. વાઘની થપાટમાં સપડાયેલ ગાય પ્રમાણે તે જીવાત્માની સ્થિતિ થશે.

ઓ મારા પ્રિય મુનિવરો ! આ અત્યંત દુસ્તર એવા કલિયુગની હકીકત અત્યંત દુઃખદ છે. મારાથી એનું વર્ણન થતું નથી. હૃદય અત્યંત વ્યથિત થઈ જાય છે, વાણી કંપાયમાન થાય છે, એ દુઃખદ સ્થિતિનું વર્ણન કરવું અત્યંત કઠિન છે. માટે મારા પ્રેમી સુહૃદય સદ્‌ભક્તો, તમે વેદ વાણી, વેદ વાચા શ્રવણ કરો અને પાપ કર્મથી પરાવૃત્ત થઈને સુયોગ્ય માર્ગનું અને સત્કર્મનું આચરણ કરો, જીવનમાં જગતમાં સદ્‌વિવેક બુદ્ધિનો ઉપયોગ કરીને હોશિયાર જાગૃત સચેતન રહીને કર્મ કરો. દોષયુક્ત, પાપયુક્ત કર્મનો ત્યાગ કરો. સત્‌માર્ગગામી એવા મહાત્માઓ અને ગુરુનાં માર્ગદર્શન લઈને સત્ ક્રિયા આચરણ કરો. સદ્‌ગુરુ સાથે બેઈમાની કરશો નહીં, સદ્‌ગુરુ સાથે બેઈમાની કરવાથી છેલ્લે પશ્ચાતાપ કરવાનો સમય આવશે. સદ્‌ગુરુના વચન પર, સત્‌શાસ્ત્રના વચન પર શ્રદ્ધા રાખો અને આત્મોન્નતિ કરી લો, સદ્‌ગુરુ સાથે બેઈમાની કરવાથી રડવાનો સમય આવશે.

સદ્‌ગુરુની પ્રાપ્તિ થવા છતાં તેમના પર શ્રદ્ધા ન રાખતાં પ્રાણી પથ્થર પૂજવા માટે જે વન-ઉપવને ભટકે છે તે તીર્થાટનથી એ જીવાત્માને શું લાભ થશે ? તમારો કર્મ દોષ નિવારવા માટે તમે વનોવન ભટકશો નહીં, સંસારનો ત્યાગ કરશો નહીં, પણ સદ્‌ગુરુની સેવા કરો. સદ્‌ગુરુના વચનનું પાલન કરીને ઈષ્ટદેવની કૃપા સંપાદન કરો, સંસારની આસક્તિનો ત્યાગ કરો, સદ્‌ગુરુએ દર્શાવેલ પ્રમાણે સાધના કરો. ઈષ્ટદેવ સદ્‌ગુરુના નામનું સ્મરણ ચિંતન નિદિધ્યાસન કરો. સદ્‌ગુરુ ગત્‌ગંગામાં, સત્‌સંગમાં હંમેશાં આવી ગત્‌ગંગાની સેવા કરો. શાસ્ત્રવચન શ્રવણ મનન કરો. દિવસભરનાં અથવા આયુષ્યભરનાં પોતાના હાથે ઘડાયેલાં દોષયુક્ત, પાપયુક્ત કર્મનો નિખાલસ મને ગત્‌ગંગામાં નિવેદન કરીને માફી માગો અને બીજી વાર તેવાં કર્મ પોતાના હાથે થાય નહીં તે માટે સદ્‌ગુરુ ગત્‌ગંગાને પ્રાર્થના કરો, આ પ્રકારે સદ્‌ગુરુ ગત્‌ગંગામાં ગુન્હો વિદિત કરીને ઉતારવાની વિધિ કરાવાથી તે જીવાત્માને આ કલ્પાંત કાળનું દુઃખ ભોગવવું પડતું નથી. તે જીવાત્મા એ કર્મ દોષમાંથી મુક્ત થાય છે.

યુગ ધર્માનુસાર યુગ યુગને પ્રમાણભૂત રહેલાં યુગ તિથિનું વ્રત, ઉપવાસ, તપ, દાન કરેલાં હોવાથી તે જીવાત્માના કર્મ દોષ નહિવત્ થાય છે. એ માટે હે મુનિવરો, પ્રચલીત રહેલા અજવાળી બીજનું એટલે શુક્રવારે રહેલા ચંદ્રદર્શનનું વ્રત કરો. શુક્રવારના દિવસે નિરાહાર નિર્જળ ઉપવાસ કરો એટલે તેનું ફળ તમને આ કલ્પાંત કાળમાં પ્રાપ્ત થશે. કલ્પાંત કાળમાં કોઈ પણ દુઃખ તમને ભોગવું પડશે નહીં. યુગ યુગાંતરના પ્રમાણભૂત યુગગુરુ જાગૃતિ આપતા આવે છે એ માટે તેમણે અલગ અલગ કાળે અલગ અલગ સ્થળે અલગ અલગ રૂપે પ્રગટ થઈને અવતાર કાર્ય કર્યું છે. માટે હે મુનિવરો, પોતાના જીવનના ઉદ્ધારની ચિંતા કરો, ઈષ્ટદેવ અને સદ્‌ગુરુની સેવા કરો, તેમની આજ્ઞા પ્રમાણે વર્તીને કૃપા સંપાદન કરીને અમરાપુરીનું સ્થાન પ્રાપ્ત કરી લો, એટલે તમને ભગવાનનાં સાક્ષાત્ દર્શન થશે અને જન્મ મરણના ફેરા મટશે.

જ્યારે આવા દારુણ કલિકાલ સંપૂર્ણ પૂરા થાશે, ત્યારે પ્રભુજી પ્રિથમીને જલ માંહે ડૂબાવશે. ॥૭૩૯॥
તાહાં ધરત્રી કંપેને થાયે બહુ છળબળ, જાણે જો તૂટી પડયો સઉ બ્રહ્માંડ. ॥૭૪૦॥
ચતુર્થ કરણ કલ્પ મધ્યે શ્રી હરિના પૂર્ણ થશે દશ અવતાર,
તે પછી સ્વામી સર્વહી પ્રિથમીને જલમય કરશે નિરધાર. ॥૭૪૧॥

ત્યારે આકાશ માંહેથી બાર મેઘ વરસશે અપાર,
તે અખંડ જલ મેહ વરસશે જેઉ મુશળધાર. ॥૭૪૨॥
એવું જલ મેહ ધરતી ઉપર વરસશે સહી, તે જલ ધ્રુવ મંડલ સુધી વધશે તહી. ॥૭૪૩॥
ત્યાં પરમેશ્વર સર્વહી જીવ યોનીને મૃત કરશે,
તે ચતુર વાણી ભાજશે ત્યારે કોઈ એક ન રહેશે. ॥૭૪૪॥
ત્યારે જલ મસ્તકે વટસ પત્ર ઉપર મુરારી શયન કરશે સહી,
ત્યાં વિષ્ણુ મૂરત બાલ રૂપ ધરી ક્રીડા કરશે સહી. ॥૭૪૫॥
એવી આગમ નિગમની વાત સદ્‌ગુરુએ ભાખ્યા સહી,
તમે સાચા પ્રમાણી જાણો મુનિવરો સહી. ॥૭૪૬॥
સદ્‌ગુરુ આદ અંતથી સદ્‌ગુરુ બ્રહ્મા કહેવાયે, તે જોગેસર છાનું સત્ શું જોગ કમાયે. ॥૭૪૭॥
નવ અવતારે નારાયણ દેવ આવ્યા ભકતનો કાજ,
કલિયુગમાં દસમો અવતાર શ્રી નિષ્કલંકી નારાયણ લેશે આજ. ॥૭૪૮॥
જે શ્રી નિષ્કલંકી નારાયણ રૂપે તે શ્રી વિષ્ણુનો અવતાર,
તે દેવ ધરશે અવતારનો દૈત્ય સંહારશે તેણે ઠાર. ॥૭૪૯॥
પેલા નવ અવતારે નવ દાનવ છેદ્યાને દશમો કાલિંગો જાણ,
એવા સત્‌ગુરુજી ભાખ્યાં આગમ નિગમ ગિનાન. ॥૭૫૦॥
જો આજ દેવનાં વેદ વચન સહી કરો પરમાણ, ભાઈ તમે તો પામો અમરાપુર ઠામ. ॥૭૫૧॥
એ દેવનાં વેદ વચન મુનિવર ભાઈ પરમાણ, એમ કહે સદ્‌ગુરુ ઈમામશાહ નિરવાણ. ॥૭૫૨॥
પણ જે કોઈ આ ગુરુના વેદ વચન ઉથાપશે જાણ, તેણે આવાગમનનો મળશે ઠામ. ॥૭૫૩॥
ભાઈ આજ કલિયુગમાં અથર્વવેદ સહી પરમાણ, આજ અથર્વવેદ કહે તે કરજો રે જાણ. ॥૭૫૪॥
આ સદ્‌ગુરુના વેદ વચનથી આગમદેવની પૂજા નિર્વાણ,
ભાઈ એમ બોલ્યા સદ્‌ગુરુ ઈમામશાહ વાણ. ॥૭૫૫॥

આ અત્યંત ભયાનક સ્વરૂપનો કલ્પાંત કાળ પૂર્ણ થતાં જ કાળના પ્રવાહની સાથે જ સંપૂર્ણ ચરાચર ચૈતન્ય સૃષ્ટિ એટલે જીવ પ્રાણી માત્ર સ્થૂળ રૂપે નષ્ટ થશે. સૂક્ષ્મ રૂપે તે અનંત આકાશમાં રેણુ ત્રસરેણુ પ્રમાણે ભ્રમણ કરશે. પછી અત્યંત પ્રલયંકારી સુસવાટા ભર્યા પવન ફૂંકાવા લાગશે. ધરતીકંપ જવાળામુખી અગણિત થવાથી પૃથ્વીનું સ્થળ પ્રસ્થળ ભંગ પામશે. આકાશમાં બારેય મેઘ એકત્ર થવાથી વીજળીના કડકડાટ સાથે અત્યંત ભયંકર મેઘ ગર્જના થશે. પૃથ્વી તળ પર પણ ભયાનક સ્વરૂપે સર્વત્ર ઉલ્કાપાત, કવચ ભંગ વગેરે થશે અને પછી મુશળધાર અખંડ જળ વૃષ્ટિ થશે. સંપૂર્ણ ચરાચરમાં જગત પૃથ્વી જળમય થઈ જશે. પૃથ્વી તળ પર જમીનનો ભાગ બિલકુલ ખાલી રહેશે નહીં. સર્વત્ર પાણી જ પાણી દેખાશે. મુશળધાર વર્ષા પ્રમાણે જલધારા અખંડપણે પડશે અને ધ્રુવમંડળ સુધી પાણી વૃદ્ધિગત થશે. ચાર ખાણીના ચૌર્યાસી લક્ષ જીવ યોની સંપૂર્ણ જ નષ્ટ થશે. અખંડ જળ વૃષ્ટિ પછી વિરામ પામશે.

કલ્પાંત કાળે ભગવાન શ્રી વિષ્ણુ નારાયણ અત્યંત સુંદર એવું બાળ રૂપ ધારણ કરીને જલ પૃષ્ઠ પર એક વડના પાન પર શયન કરીને ક્રીડા કરતા આત્મ સ્વરૂપમાં મગ્ન થશે. સંપૂર્ણ સૃષ્ટિના સૂક્ષ્મ દેહધારી અપરિપક્વ જીવાત્મા સૂક્ષ્મ બીજ રૂપે એ ભગવાનના સ્વરૂપમાં સમાઈ જશે. વિલીન થશે નહીં પણ વડના ફળના બીજ પ્રમાણે સૂક્ષ્મ બીજ રૂપે ભગવાનના સ્વરૂપમાં સમાશે.

ભગવાનની આ ક્રીડા સંપૂર્ણ થયા પછી અનંત કાળ પછી જ્યારે તેમના મનમાં સૃષ્ટિ ઉત્પત્તિનો સંકલ્પ જાગૃત થશે, ત્યારે ફરીથી સંપૂર્ણ સૃષ્ટિ નિર્માણ કરશે. પછી અનંત કાળે જ્યારે જીવાત્માઓનું એ સૃષ્ટિમાં નિર્માણ થશે ત્યારે કર્માનુસાર ગતિ પ્રાપ્ત થવાથી જીવાત્મા ચાર ખાણીમાંથી ચોર્યાસી લક્ષ જીવ યોનીના ભોગ ભોગવશે. આ પ્રકારનું આ આગમ નિગમ ગતિનું જ્ઞાન બ્રહ્મ સ્વરૂપી એવા સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કથન કર્યું છે.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે બ્રહ્મ દૃષ્ટિથી મહાન એવી યોગ સાધના કરીને એ જ્ઞાન આત્મ સાક્ષાત્કાર કર્યું અને કલિયુગના માનવોના કલ્યાણ માટે તેમણે આ સંપૂર્ણ જ્ઞાન કોઈ પણ પ્રકારે ગુપ્ત ન રાખતાં અને કોઈપણ પ્રકારનો અભિમાનત્વ ન કરતાં કથન કર્યું છે. ભગવાનના દશ અવતાર લીલા ચરિત્રનું વર્ણન અહીં પૂર્ણ થાય છે. સદ્‌ભક્તોની સહાય માટે દુષ્ટ દુર્જનોના નિર્દલન માટે અને સત્‌પંથ ધર્મનું માર્ગદર્શન કરવા માટે ભગવાને ધારણ કરેલા અવતારનું આ લીલાચરિત્ર છે. કલ્પની શરૂઆતમાં ભગવાને સદ્‌ભક્તોને અને દૈત્યોને આપેલ વચન પૂર્તિની કથા (ઈતિહાસ) અહીં પૂર્ણ થાય છે.

સદ્‌ગુરુ બ્રહ્માએ નિયત કરેલ અને ભગવાન વિષ્ણુએ પૂર્ણ કરેલ આ આગમ નિગમ જ્ઞાન સદ્‌ગુરુ બ્રહ્મ સ્વરૂપી શ્રી ઈમામશાહ મહારાજે અંતર્જ્ઞાનથી જાણીને કથન કર્યું છે. જે લોકો આ ગુરુવચન સત્ય જાણી એ પ્રમાણે વર્તીને નિષ્કામ ભક્તિમાર્ગનું અનુકરણ કરશે એ મુક્તિ પામશે, પણ જે લોકો આ વચન સત્ય ન માનતાં તેમનો અનાદર કરશે, તે સત્ય વચનનો ત્યાગ કરીને મિથ્યા મોહમાયાના અસત્યાચરણમાં સમય વિતાવશે તેમને આવાગમનના જન્મ મરણના ફેરા ખાવા પડશે. હે મુનિવરો, આજ કલિયુગમાં અથર્વવેદ પ્રમાણભૂત અને પ્રાધાન્યભૂત ગણાશે. જે જીવાત્મા અથર્વવેદનું અધ્યાત્મક જ્ઞાન ધ્યાન સાધનાનુસાર પઠન કરી વર્તશે તે અંતે મુક્ત થશે. આ પ્રકારે સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજે કહ્યું છે કે : સદ્‌ગુરુ બ્રહ્માના આગમ નિગમ વચનાનુસાર જે સદ્‌ભક્ત દેવપૂજા ભાવથી કરશે તેને નિર્વાણ પદ પ્રાપ્ત થશે.

આજ અથર્વવેદમાં શ્રી નિષ્કલંકી નારાયણ જાણ,
તે ભરતખંડને જંબુદ્વીપે પ્રગટ બેઠા પ્રમાણ. ॥૭૫૬॥
એ સ્વામીનો દશમો અવતાર આગમ ભાખ્યાં જાણ,
તે સદ્‌ગુરુએ આદ અંતના કીધાં પ્રમાણ. ॥૭૫૭॥
એવા ભરત ખંડે જંબુદ્વીપે વરજાગઢ શહેર જાણ,
ત્યાં શ્રી નિષ્કલંકી નારાયણ પોતે પધારશે નિર્વાણ ॥૭૫૮॥
ત્યારે સ્વસ્થાન તો દિલમદેશ જાણ,
અને ક્ષેત્ર તો પંચ નદી મૂલસ્થાન પ્રમાણ. ॥૭૫૯॥
ત્યારે નિરદાળશે દાનવ કાલિંગો જાણ,
અનંત કરોડી શું ભક્ત કમળાકુંવર ઉદ્ધારશે નિરવાણ. ॥૭૬૦॥

ત્યારે ગુરુ સદ્‌ગુરુ બ્રહ્મા જાણ,
અને શક્તિ તો આદ્ય શક્તિ પરમાણ. ॥૭૬૧॥
ત્યારે ચાર લાખનો વરસ બત્રીસ હજાર,
શ્રી નિષ્કલંકી નારાયણ રૂપે થાશે કિરતાર. ॥૭૬૨॥
ત્યારે ચાર લાખનો બત્રીસ હજાર કલિયુગનું પ્રમાણ,
બાર કરોડી શું સદ્‌ગુરુ સહ અમરાપુરી પોતા નિરવાણ. ॥૭૬૩॥
તેણે અથર્વવેદે સત્‌પંથ આરાધ્યા જાણ,
તેઓ તો સહી અમરાપુરીમાં વાસો પામ્યા નિરવાણ. ॥૭૬૪॥
જે દશમા અવતારનું વર્ણન સહી પરમાણે તતખેવ,
ભાઈ તે તો આ મ્રીત લોકમાં હોશે મુનિવર દેવ. ॥૭૬૫॥
જે કોઈ દશ અવતારની પરમાણી પાળશે નરને નાર,
તેને લાખ ચોર્યાસી ના પડે ફરી આ જગ સંસાર. ॥૭૬૬॥
જે કોઈ ભક્ત સતિયા આ ગત્‌ગંગામાં આવી સાંભળે જાણ,
તે દશ અવતારની દશતરી અથર્વવેદની વાણ. ॥૭૬૭॥
જે કોઈ દશ અવતાર શાસ્ત્ર લખે ભણે સાંભળે એકે ધ્યાન,
તેણે અશ્વમેધ યજ્ઞ કર્યાનું ફળ મળશે નિરવાણ. ॥૭૬૮॥
જે કોઈ દશ અવતાર શાસ્ત્ર એક મન શું સાંભળે નરને નાર,
ભાઈ આ સદ્‌ગુરુ કહે તેનો પુણ્યનો ન આવે પાર. ॥૭૬૯॥
શ્રી નિષ્કલંકી નારાયણનો દશમો અવતાર સંપૂર્ણ સહી,
એવી શ્રી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહે વાણી કહી. ॥૭૭૦॥
આ છે શ્રી નારાયણ દેવના અવતારનો કથા ગ્રંથ સંપૂર્ણ સાચ,
એવી શ્રી સદ્‌ગુરુ ઈમામશાહ બોલ્યા વાચ. ॥૭૭૧॥

આજ પ્રચલિત યુગધર્માનુસાર અથર્વવેદ બ્રહ્મ વિદ્યા સર્વ શ્રેષ્ઠ અને અત્યંત મહત્ત્વની છે. અથર્વવેદ ઉપનિષદ આદિ સત્‌શાસ્ત્રમાંથી અને આધિકારીક મહાત્માઓ દ્વારા આ કથા ગ્રહણ કરીને અભ્યાસ કરવો અને આત્મોન્નતિ સાધવી. ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણનું નિત્ય ધ્યાન સ્મરણ ચિંતન કરો. તેનું સ્વરૂપ અવ્યક્ત નિરંજન નિરાકાર છે. જ્યોતિ સ્વરૂપમાં તેનું ધ્યાન ધરવું. સગુણ સાકાર રૂપે એ આ ભરતખંડમાં જંબુદ્વીપ કુંવારીકા ક્ષેત્રમાં પ્રત્યક્ષ પ્રગટ રૂપે વસેલા છે. એ ભગવાનના સગુણ સાકાર અવતાર લીલાનું ચરિત્ર સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે વર્ણન કર્યું છે. એ ભગવાનનું સ્વસ્થાન ભરતખંડમાં જંબુદ્વીપમાં રહેલા પંચનદી મૂળસ્થાન ક્ષેત્ર છે.

ચીન દેશસ્ત દૈત્ય કાલિંગાનો અને સંપૂર્ણ દાનવોનો સંહાર કરીને ભગવાન ભક્ત કમળાકુંવરનો ઉદ્ધાર કરશે, સદ્‌ગુરુ બ્રહ્મા એ યુગગુરુ તરીકે ઈમામશાહ નામ રૂપે પ્રગટ થશે. અવતારની શક્તિ એ પોતે આદ્ય શક્તિ જ રહેશે. કારણ ભગવાન

આદ્ય નારાયણનો જ પ્રત્યક્ષ પ્રગટ અવતાર હશે. ચાર લાખ બત્રીસ હજાર વર્ષ આ અવતારનું પ્રમાણ હશે અને કલિયુગ પ્રમાણ પણ ચાર લાખ બત્રીસ હજાર વર્ષ જ રહેશે. અથર્વવેદ અંતર્ગત બ્રહ્મવિદ્યાનું અવલંબન કરીને અને આચરણ કરીને સદ્‌ભક્ત કમળાકુંવરના સાનિધ્યમાં અનંત કરોડ જીવાત્મા મુક્ત (અનંત કરોડીનું ભરણું) થશે. ભગવાનના અવ્યક્ત નિર્ગુણ નિરવ્યય સ્વરૂપમાં જ્યોતિર્મય સ્વરૂપમાં પૂર્ણપણે વિલય પામશે.

આ પ્રકારના આ દશ અવતારોનું લીલા ચરિત્ર થોડામાં થોડું અહીં વર્ણન કર્યું છે. ભગવાનના સંપૂર્ણ લીલાચરિત્રનું વર્ણન કરવા માટે કોઈ પણ સમર્થ નથી. સર્વ વેદ શાસ્ત્ર તેના સ્વરૂપનું વર્ણન કરતાં કરતાં વિરામ પામ્યા છે. યથાર્થતાથી તે સ્વરૂપ સમજવા માટે કોઈ સમર્થ નથી પણ અહીં એ જ ભગવાનની લીલા ચરિત્રની ફક્ત રૂપરેખા સદ્‌ગુરુ મહારાજે કથન કરી છે તે સત્ય અને પ્રમાણભૂત છે. જે સદ્‌ભક્ત શ્રદ્ધાયુક્ત અંતઃકરણથી પૂર્ણપણે એકાગ્રતાથી અને નિશ્ચળતાથી વાંચશે અથવા કથન કરશે તે જીવાત્માઓને ફરી જન્મ મરણના ફેરા ખાવા પડશે નહીં. સદ્‌ભક્ત નિરભિમાને સદ્‌ગુરુ ગત્‌ગંગામાં આવીને નિત્ય સત્સંગમાં ભગવાનના આ પાવન-પવિત્ર લીલા ચરિત્રનું વર્ણન કરશે એ મુક્તિ પામશે.

વિશેષતઃ અથર્વવેદ બ્રહ્મ વિદ્યાના શ્રવણથી અને ક્રિયાચરણથી એ જિજ્ઞાસુ જીવાત્મા સન્માર્ગ દર્શક, એવા સદ્‌ગુરુ સાથે તાદાત્મ્ય પામીને ભગવાનના દર્શનના અધિકારી થશે. જે કોઈ ભાવિકજનો "શ્રીમદ્ ભગવત્ દશાવતાર" પારાયણ જ્ઞાનયજ્ઞ કથા કરાવશે તેમને સહસ્ત્ર યજ્ઞનું શ્રેય મળશે. શુદ્ધ સત્ત્વમાં ગુણાધિષ્ઠિત આદિ નારાયણની પ્રેરણાથી ભગવાન વિષ્ણુએ ધારણ કરેલા દશ અવતારની લીલા ચરિત્રોનું વર્ણન કરેલ આ "શ્રીમદ્ ભગવત્ દશાવતાર" ગ્રંથ અહીં પૂર્ણ થયો છે.

સદ્‌ગુરુ પાત્ર બ્રહ્મા, ઈંદ્ર, ઈમામશાહ મહારાજ કહે છે કે; એ જ અનંત ગુણાધિષ્ઠિત ભગવાનના અપરિમિત કૃપા પ્રસાદીત તેમના જ ગુણોનું વર્ણન કરવાનો મેં યથામતિ પ્રયત્ન કર્યો છે. એ શ્રોતાઓએ સત્ય માનીને શ્રવણ કરવો અને સમજી લેવાનો પ્રયત્ન કરવો. ભગવાન અનંત વિભૂષિત સ્વયં જ્યોતિ સ્વરૂપ આત્મ ચૈતન્ય સ્વરૂપ નારાયણ આપણા બધા પર સ્નેહમય પ્રેમાળ કૃપા દૃષ્ટિ કરીને મુક્તિ માર્ગના અધિકારી કરે, બધાનું આત્મ કલ્યાણ થાય, બધાનો આત્મિક ઉત્કર્ષ થાય, બધા એ આત્મ જ્યોતિ સ્વયંપૂર્ણ પરબ્રહ્મ દર્શનના અધિકારી થાય, એ તેમના ચરણારવિંદે વિનમ્ર પ્રાર્થના.

॥ ૐ તત્ સત્ પરિબ્રહ્માર્પણમસ્તુઃ ॥

॥ ઈતિ શ્રી નિષ્કલંકી નારાયણ અવતાર સંપૂર્ણતઃ ॥

॥ ઈતિ શ્રીમદ્ ભગવત્ દશાવતાર ગ્રંથ સમાપ્ત ॥

બોલીએ શ્રી નિષ્કલંકી ભગવાનકી જય.....

ધૂન : હરે નિષ્કલંકી...... હરે નિષ્કલંકી...... નિષ્કલંકી.... નિષ્કલંકી.... હરે...... હરે......

શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનકી જય

શ્રી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની જય

શ્રી સનાતન સત્‌પંથ ધર્મકી જય

ૐ શાંતિઃ ! શાંતિઃ !! શાંતિઃ !!

શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના અવતાર બાબતની અન્ય મહાત્માઓની

❀ આગમવાણી ❀

શ્રી સત્‌પંથ ધર્મમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે પૂજામાં જળ ભરવાના મંત્રમાં એમ કહ્યું છે કે; ઈમામશાહ મહારાજ અરજ કરે છે કે -

"જંબુદ્વીપને કુંવારીકા ક્ષેત્રે, નિષ્કલંકી નારાયણ સ્વરૂપે,
કળશમાં આવી કળા ધરોને ઘટમાં આવી વાસ કરો."

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે શ્રી વિષ્ણુ ભગવાનના દશ અવતારોનું વર્ણન કરેલ છે. જેમાં નવ અવતારને વંદન કરી કલિયુગના અંતે પ્રગટ થનાર દશમા અવતાર શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનનું સ્મરણ, ધ્યાન,પૂજા, પ્રાર્થના, ભક્તિ, ઉપાસના કરવી એમ તેમની વાણી દ્વારા સમજાવ્યું છે.

•••

ગોસ્વામી સંતશ્રી તુલસીદાસજી મહારાજ શ્રી રામના ઉપાસક હતા. તેમણે આગમવાણીમાં શ્રી ઈમામશાહ મહારાજની વાણીને સમર્થન આપ્યુ છે -

"ભવતારણ ભગવંત્ ભજ, ધારણ ધર ઉર ધ્યાન,
એ ધારણ આગમ એહી, શ્રી નિષ્કલંકી એહી નામ."

હે મનુષ્ય ! કલિયુગમાં ભવસાગર તરવા માટેનો એક જ રસ્તો છે. તારા ઉરમાં અંતરમાં "શ્રી નિષ્કલંકી" નામ સ્મરણ કર. એના નામની ભક્તિ કર, તો ચોર્યાસીના ફેરામાંથી જરૂર મુક્તિ મળશે. એવું હું આગમ દેખું છું એમ સંત શ્રી તુલસીદાસજી કહે છે.

•••

શ્રી કૃષ્ણ ભગવાનના પરમ ભક્ત શ્રી નરસિંહ મહેતાએ પણ સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજની વાણીને સમર્થન આપ્યું છે -

"ઘોડલે ચડીને નિષ્કલંકી આવશે, આવે મારો યુગે યુગનો સ્વામી,
કલિયુગ ઉથાપી સત્‌યુગ થાપસે, મહેતા નરસિંહના સ્વામી."

કલિયુગના અંતે ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ ઘોડા ઉપર સવાર થઈને આવશે. કલિયુગનું ઉથાપન કરી સત્‌યુગનું સ્થાપન કરશે. અસુરોનો સંહાર કરી ભક્તોનો ઉદ્ધાર કરશે. એવું પરમ ભક્ત શ્રી નરસિંહ મહેતાએ ઉપરની એક ભજનની પંક્તિમાં કહ્યું છે. તે જ વાત સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે સત્‌પંથી ભક્તોને કહી છે.

•••

દ્વાપર યુગના સદ્ગોર શ્રી વેદમ વ્યાસ મુનિએ ભાગવતના શ્લોકમાં તેનું વર્ણન કરેલ છે અને સદ્ગુરુશ્રી ઈમામશાહ મહારાજની વાણીને સમર્થન આપ્યું છે -

"હનિષ્યતિ કલેરંતે, મ્લેચ્છોતુરંગવાહનઃ ।
ધર્મ સંસ્થાપનાર્થાય તસ્મૈ કલ્કયાત્મને નમઃ ॥"

ધર્મની થયેલી હાની પછી, તેના પુનઃ સ્થાપનને માટે કલિયુગને અંતે, અશ્વારૂઢ થઈને, જે આસુરી તત્ત્વોનો નાશ કરશે તે શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના અવતારને હું નમસ્કાર કરું છું. જે અસુરોનો સંહાર કરી સદ્ભક્તોનો ઉદ્ધાર કરશે.

•••

ગુરુ શોભાજી મહારાજે કરેલ આગમવાણીનું જ્ઞાન દેવાયત પંડિતે સતિ દેવલદેને સમજાવ્યું છે. જેમાં કહ્યું છે કે -

"યતિ સતી ને સાબરમતી, ત્યાં હોશે શૂરાના સંગ્રામ,
દૈત્ય કાલિંગાને મારશે, ધરશે નિષ્કલંકી નામ."

જે વાત આ દેવાયત પંડિતે આગમવાણીના ભજનમાં કહી છે. તે જ વાત સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે મોક્ષ માર્ગની ગાયત્રી મંત્ર પાંચમાં બતાવેલ છે કે :- દ્વીપે, સદ્વીપે, જંબુદ્વીપે, કોટાંગ કોટાંગ, જીવનંગ, પરમ મુક્તિમઃ મિંઘઃ ઓત્રંગ દેશંગ, કુમારીકા ક્ષેત્રંગ, મુક્ત ગંગ, સત્ય મુખંગ, વભૂત નગર, વૈરાટ વામે, ભવેતંગ, મહા સર્સતિ સાભ્રમતિ, પૂર્વ ત્રષ્ટે, નવ સ્થળે, ગુર્મટે, રેવા ઓત્રંગ, ષોડશ જોજનંગ, પંચ નદી મૂળ સ્થાને.

એટલે કે નર્મદા નદીથી સોળ જોજન એટલે ચોસઠ ગાઉ, પીરાણા મુકામે સાબરમતી નદીના કિનારે. આ સરનામા પ્રમાણે કલિયુગને અંતે શ્રી નિષ્કલંકી ભગવાન આવશે અને દૈત્ય કાલિંગાને સંહારીને, ભક્તોનો ઉદ્ધાર કરી, કલિયુગનું ઉથાપન કરી સત્યુગનું સ્થાપન કરશે. એવી આગમવાણીમાં સદ્ગુરુશ્રી ઈમામશાહ મહારાજે કહ્યું છે અને તે જ પ્રમાણે દેવાયત પંડિતે પણ ભજનમાં આ જ સ્થળ બતાવેલ છે કે દૈત્ય કાલિંગાને સંહારવા માટે શ્રી નિષ્કલંકી ભગવાનનું પ્રાગટ્ય થશે. કલિયુગનું ઉથાપન કરી સત્યુગનું સ્થાપન કરશે એમ દેવાયત પંડિત કહે છે.

•••

વિષ્ણુ નારાયણના અંશાવતાર શ્રી રામદેવ પીર મહારાજે એમની આગમવાણીમાં સદ્ગુરુશ્રી ઈમામશાહ મહારાજની વાણીને સમર્થન આપ્યું છે -

"કુંવારીકામાં માંડવો રચીયો, નિષ્કલંકીને પરણાવવા,
પાંચ, સાત, નવ આગળ મોકલ્યા, માંડવડો શણગારવા."

તો એ જ વાત સદ્ગુરુશ્રી ઈમામશાહ મહારાજે કરી છે કે; ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ કલિયુગને અંતે પ્રગટ

થશે. ભગવાન વિષ્ણુ આદિ નારાયણની કળા લઈને પાતાળમાં દૈત્ય શંખાસુર પાસે વેદ લેવા ગયા ત્યારે વિષ્ણુ ભગવાને ધરતી માતાને વચન આપ્યું હતું કે કલિયુગના અંતે જંબુદ્વીપે કુંવારીકા ક્ષેત્ર ભૂમિ ઉપર દશમો અવતાર શ્રી નિષ્કલંકી નારાયણ ધારણ કરીશ ત્યારે તમોને વરીશ. આ વચન મુજબ ભગવાન કુંવારીકા ભૂમિને પરણશે તેવું પાતાળમાં વચન આપેલું છે. તેમ સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજે તેમની વાણીમાં વર્ણન કરેલ છે અને તે જ વાતનું વર્ણન અહીં રામદેવપીર મહારાજે કહેલ છે કે; "કુંવારીકામાં માંડવો રચાશે, નિષ્કલંકીને પરણાવવા, પાંચ, સાત, નવ આગળ મોકલ્યા, માંડવડો શણગારવા." પાંચ એટલે પાંચ કરોડી પ્રહલાદ, સાત કરોડી હરિશ્ચંદ્ર, નવ કરોડી યુધિષ્ઠિર અને બાર કરોડી સદ્‌ગુરુ આગળ તૈયારી કરવા માટે આવશે. એમ શ્રી રામદેવપીર મહારાજે આગમ કહ્યાં છે.



•••

• વારિયજ્ઞ - ઘટપાટ - મહાપૂજા •

અથર્વવેદના મંત્રમાં એક મહાન દિવ્ય શક્તિ છે અને ઘટપાટ પૂજા વિધિ અથર્વવેદના મંત્રથી જ થાય છે. તેવી દિવ્ય શક્તિ ભરેલા મંત્રથી પૂજાના સ્થળે આદ્ય વિષ્ણુ નારાયણ, મહાલક્ષ્મી, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઈંદ્ર, રુદ્ર, સૂર્ય, ચંદ્ર, વાયુ, વરુણ, અશ્વિનીકુમાર, પ્રજાપતિ, યમ, અગ્નિ, અન્નપૂર્ણાદેવી, સપ્તર્ષિગણ, એકાદશ રુદ્ર, બાર આદિત્યો, આઠ વસુ, મરુતગણ, યક્ષ, ગણેશગણ, ગંધર્વ, સરસ્વતી, સીતા, કુંતા, દ્રૌપદી, તારા, કનકાશક્તિ, તુળજાદેવી, રુકમણિ, યક્ષગણ, મેઘગણ, કિન્નર, તેત્રીસ કરોડ દેવ, ભક્ત રૂખમાગત, અંબરિષ, ધ્રુવ, પ્રહ્લાદ, કમલાપતિ, હરિશ્ચંદ્ર, પાંચ પાંડવો, હનુમાન, મત્સ્ય, કૂર્મ, વારાહાદિ દશ અવતાર, નવગ્રહ, બાર રાશી, બાર મેઘ, અષ્ટકુળ પર્વત, નવકુળ નાગ, નવ લાખ તારા, બધી નદીઓ, સપ્ત સાગર, સપ્ત પાતાળ, એકવીસ સ્વર્ગ, સપ્ત દ્વીપ, નવખંડમંડિત પૃથ્વીદેવી, સાત વાર, સત્તાવીશ નક્ષત્રો, બાર કરણ, પંદર તિથિ, અઢાર ભાર વનસ્પતિ, દસ દિગ્પાલ, નવ નાથ, ચોર્યાસી સિદ્ધ, અડસઠ તીર્થો, વ્યાસ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, માર્કંડ વગેરે ઋષિ, મુનિ, મહર્ષિ, દેવર્ષિ, નારદ, સનકાદિક, દશ દિશાના સર્વ દેવતા, અંતરિક્ષના - ચૌદ ભુવનના અને અનંત બ્રહ્માંડના દેવ દેવતાઓને આ મંત્રથી નમન કરી પૂજાના ઠેકાણે આહ્વાન કરવામાં આવે છે એનો ટૂંકસાર નીચે પ્રમાણે છે.

આ પ્રમાણે બધા દેવતાઓને વિનંતી કરી આહ્વાન કરવામાં આવે છે અને પૂજા ભાગ સ્વીકારવા માટે પૂજાના સ્થળે બોલાવવામાં આવે છે. આ રીતે તમામ દેવો ઘટપાટ પૂજાના - યજ્ઞવિધિના સ્થળે આવે છે. પવિત્ર નદીઓ અને તીર્થ સ્થળોનો નિવાસ ત્યાં હોય છે તેથી આને 'ઘટ્ગંગા ' અગર 'ગત્ગંગા ' તીર્થ કહે છે. એનો મહિમા અગાધ છે. તમામ પાવન તીર્થો કરતાં પરમ શ્રેષ્ઠ અને મહાન ફળદાયક આવું ગત્ગંગા તીર્થ છે. એનો મહિમા અવર્ણનીય છે કેમ કે વિશ્વની મહાન શક્તિ અદશ્ય રૂપે આ ઠેકાણે કેન્દ્રિત થયેલી હોય છે, આ શક્તિ મહાન કાર્યો કરે છે. સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ કહે છે કે :

સત્સંગ એ કલિયુગમાં પાપ ધોવાનું એક મહાન સાધન છે એમ વેદમાં કહેલું છે. પૂજા સમયે ભેગા થયેલા ગત્ગંગામાંના સાધકજનોનું ચિત્ત સ્થિર થઈ કેન્દ્રિત થયેલું હોય છે. તે કેન્દ્રિત ચિત્ત શક્તિને ઈશ્વરની સહાયતા મેળવી તે શક્તિ દ્વારા બતાવેલું કામ સહેલાઈથી થઈ શકે છે. પણ આ સર્વ બાબતોના મૂળમાં આત્યંતિક શ્રદ્ધા, ભક્તિ, એકાગ્રતા અને પ્રેમભાવ હોવો જોઈએ. ઈશ્વરના સાક્ષાત્કાર માટે આ મુખ્ય અને સુગમ ઉપાય છે.

સંઘ શક્તિ કેન્દ્રિત થવાથી નિરાકારમાંથી સાકારનાં દર્શન થાય છે. તેથી સાધકોએ ઉપર બતાવ્યા પ્રમાણેનો પ્રયત્ન શુદ્ધ અંતઃકરણથી કરવો. જેનું પૂર્વજન્મનું પુણ્ય પ્રબળ હોય તેને જ 'સત્' નો, આ અમર અક્ષય અવિનાશી માર્ગ મળે છે. પવિત્ર મનવાળા મહાત્માઓને જ ઉપર બાબતો પ્રાપ્ત થાય છે.

સત્પંથ ઘટપાટ પૂજામાં નવ પ્રકારની ભક્તિનો સમાવેશ થાય છે એ પ્રકાર નીચે પ્રમાણે છે :

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वंदनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥

શ્રવણ ભક્તિ એટલે કથા કીર્તન, પ્રવચન, જ્ઞાનોપદેશ વગેરે સાંભળવા. **કીર્તન** એટલે પરમેશ્વરના ગુણગાન કરવાં. **સ્મરણ** એટલે ઈશ્વરનું સ્મરણ કરવું. **પાદ સેવન** એટલે ઈશ્વર અને સદ્ગુરુ ચરણે સદા તત્પર રહેવું. **અર્ચન** એટલે ચંદન, અબીલ, ફૂલ વગેરે સાહિત્યથી ઈશ્વરનું પૂજન કરવું. **વંદન** ભક્તિ એટલે પૂજા વિધિના વખતે દરેક મંત્ર પૂરો થયા પછી નમન કરવું. **દાસ્ય** ભક્તિ એટલે 'હે ઈશ્વર હું તારો દાસ છું, તું મારો સ્વામી છે. ' એમ કહી ગુરુ ગત્ગંગાની સેવા ચાકરી કરવી. **સખ્ય** એટલે ઈશ્વરની મિત્રભાવથી ભક્તિ કરવી અને **આત્મનિવેદન** એટલે ઈશ્વરમાં લીન થવું. આ પ્રમાણેની નવધા ભક્તિનો ઘટપાટ પૂજા વિધિમાં સમાવેશ થાય છે.

•••

• યુગ તિથિનું મહત્ત્વ •

દરેક યુગમાં જે તે યુગ તિથિનું મહત્ત્વ હોય છે. સત્યયુગમાં અગિયારસ, ત્રેતાયુગમાં ચૌદસ, દ્વાપરયુગમાં અમાસ તેમ હાલ કલિયુગમાં સુદ બીજ એટલે ચંદ્રદર્શન (ચંદ્રાયણ વ્રત) એ મહત્ત્વનું વ્રત માનવામાં આવ્યું છે. વિષ્ણુ ધર્મોત્તર પુરાણમાં આ વ્રતને એટલે સુદ બીજને **બાલેન્દુવ્રત** કહ્યું છે. દરેક મહિનાની સુદ બીજના રોજ આ વ્રત કરવાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ રૂપ ફળ મળે છે. એમ નારદ પુરાણ પૂર્વ ભાગ, ચતુર્થવાદમાં કહ્યું છે. એ સિવાય થાવર બીજ - અજવાળી બીજ માટે બુધવારના રોજ અમાવસ્યા હોઈ ગુરુવારના રોજ પડવો અને શુક્રવારના રોજ બીજ અને તે જ દિવસે ચંદ્રદર્શન હોય તો કલિયુગનું મંડાણ મંડાયું છે અને શુક્રવારની બીજના દિવસે કલિયુગની શરૂઆત થઈ છે.

આ પ્રમાણે શુક્રવારના રોજ ચંદ્રદર્શનનું વ્રત કલિયુગમાં શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે અને તેનું મહાન ફળ મળે છે. એમ યોગ વસિષ્ઠના ચોથા સર્ગમાં કહ્યું છે. ધર્મસિંધુ પાન - ૮૧ની ૨૧મી લીટીમાં કહ્યું છે કે; યુગતિથિનો ઉપવાસ કરવાથી વિશેષ ફળ મળે છે. તેમજ કલ્યાણ માસિક, વર્ષ- ૨૬, અંક-૧૨, પાન- ૧૪૮૩ ઉપર તથા નારદ પુરાણાંક વર્ષ- ૨૮, અંક-૧, પાન- ૨૮/૨૨૦/૮૭ ઉપર આ તિથિનું - ચંદ્રદર્શન વ્રતનું વર્ણન કર્યું છે.

આ વ્રતનું આચરણ કરવામાં પડવાના દિવસે ગુરુવારે તદ્દન નિરાહાર અને નિર્જલ રહેવું. શ્રદ્ધાથી પ્રભુ ભજન, નામ સ્મરણ, જાપ, તપ, દાન વગેરે મંગલ વિધિ કરવાં અને રાત્રીના સમયે ઘટપાટ પૂજા કરી સર્વ દેવતાઓને મંત્રોચ્ચારથી નમસ્કાર કરી, નૈવેદ્ય અર્પણ કરી તેમનો કૃપા પ્રસાદ ગ્રહણ કરવો. રાત્રે અખંડ ભજન-પૂજન નામસ્મરણાદિ કરવાં. પછી બીજે દિવસે પણ નિરાહાર અને નિર્જળ રહી ઈશ ચિંતન કરવું. રાત્રે પણ આગલા દિવસ પ્રમાણે પૂજાવિધિ કરી કૃપા પ્રસાદ ગ્રહણ કરવો. રાત્રે અખંડ જાગરણ કરી ભજન-પૂજન નામ સ્મરણ વગેરે કરવું અને યથાશક્તિ અતિથિસહ ભોજન કરી વ્રતનું પારણું કરવું.

આ મહા યુગતિથિ વ્રતના દિવસે ઈંદ્રિયોનો સંયમ કરી કેવળ ઈશ પૂજન અને નામ સ્મરણ કરી કથા કથન અથવા શ્રવણ કરવું. કામ, ક્રોધ, લોભ વગેરેનો સર્વથા ત્યાગ કરી અસત્ય કે કટુ ભાષણ ન કરવું. તેમ કોઈની નિંદા ન કરવી. ધર્મદ્વિષ કરનારા નાસ્તિક, શાસ્ત્રનિંદક કે ઈશ્વર ઉપર શ્રદ્ધા ન રાખનારા લોકો સાથે તે દિવસે વાત સરખી ન કરવી. તે દિવસે જપ, દાન, તપ વગેરે કરવાથી વિશેષ પ્રકારનું ફળ મળે છે એવું સ્કંદ પુરાણમાં કહ્યું છે.

एताश्चयस्त्रस्तिथरो युगाद्या दत्तं हुतं चाक्षयमासु विद्यात् ।
युगे युगे वर्षशतेन दानं युगादिकाले दिवसेन तत्फलम् ॥

- स्कंद्रपुराण - माहेश्वरखंड-कुमारिकाखंड ३/३०२

યુગતિથિએ કરેલું દાન અને હવનનું અક્ષય ફળ મળે છે. દરેક યુગમાં સો સો વર્ષ સુધી દાન કરનારને જે ફળ મળે છે તે આ યુગતિથિના એક જ દિવસે કરેલા દાનથી મળે છે. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ કહે છે કે :

આજ કલિજુગમાં અથર્વવેદ અમૂલખ,
અજવાળી બીજ વ્રત ખમીયા કરોને મારા મુનિવરો.
એકાદશી ચતુર્દશી અને અમાવાસ્યા જાગો,
વણ વેળા તરુવર ફળ ન હોતે તમે કયાંથી હો લાધો.

હે મુનિવર ! શ્રેષ્ઠ માનવ, કલિયુગમાં અથર્વવેદ એ અણમોલ હીરા સમાન છે. તેમાં દર્શાવ્યા મુજબ દરેક અજવાળી બીજના - શુક્રવારના બીજના એટલે થાવર બીજના વ્રતનું પાલન કરવું. યુગ ધર્મ મુજબ દરેક યુગની જુદી જુદી યુગ તિથિ છે તેમ કલિયુગની યુગ તિથિ એ શુક્રવારની સુદ બીજ ચંદ્રદર્શન છે. આંબાની સિઝન ગયા પછી આપણે કેરીની આશાથી આંબાવાડીમાં જઈએ તો કેરી કયાંથી મળે ? આંબાની મોસમમાં જઈશું તો જ મળી શકશે. હાલ જે યુગ તિથિનું વ્રત છે તે કરવામાં જ મહત્ત્વ છે. તેથી તેનું પાલન દરેક જણે કરવું જોઈએ.

•••

• કેટલીક શાસ્ત્રીય જાણકારી •

ચાર વેદ : ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ.

ષડ્ દર્શન : (૧) સાંખ્યશાસ્ત્ર (કપિલ મુનિ) (૨) યોગશાસ્ત્ર (મહર્ષિ પતાંજલી) (૩) વૈશૈષિક શાસ્ત્ર (મુનિ કણાદ) (૪) ન્યાય (ગૌતમ મુનિ) (૫) પૂર્વ મીમાંસા (જૈમિની મુનિ) (૬) ઉત્તર મીમાંસા-વેદાંત (વેદમ્ વ્યાસ મુનિ)

અષ્ટદસપુરાણ : (૧) બ્રહ્મપુરાણ (૨) પદ્મપુરાણ (૩) વિષ્ણુ પુરાણ (૪) વાયુ પુરાણ (૫) ભાગવત્ પુરાણ (૬) નારદીય પુરાણ (૭) માર્કંડેય પુરાણ (૮) અગ્નિ પુરાણ (૯) ભવિષ્ય પુરાણ (૧૦) બ્રહ્મવૈવર્ત પુરાણ (૧૧) લિંગ પુરાણ (૧૨) વરાહ પુરાણ (૧૩) સ્કંદ પુરાણ (૧૪) વામન પુરાણ (૧૫) કૂર્મ પુરાણ (૧૬) મત્સ્ય પુરાણ (૧૭) ગરૂડ પુરાણ (૧૮) બ્રહ્માંડ પુરાણ

અષ્ટિ સિદ્ધિઓ : (૧) અણિમા (નાનું થવું) (૨) મહિમા (મોટું થવું) (૩) લઘિમા (અધિક હલકું થવું) (૪) ગરિમા (અત્યાધિક ભારે થવું) (૫) પ્રાપ્તિ (ઈચ્છાપૂર્તિ) (૬) પ્રાકામ્ય (સઘળી રીતે પૂર્ણતાનો અનુભવ) (૭) ઈશિત્ત્વ (અત્યાધિક સામર્થ્યવાન થવું) (૮) વશિત્ત્વ (કોઈને પણ વશ કરવું)

નવ નિધિ : (૧) મહાપદ્મ (૨) પદ્મ (૩) શંખ (૪) મકર (૫) કચ્છપ (૬) મુકુંદ (૭) કુંદ (૮) નીલ (૯) ખર્વ.

દસ મહાદાન : (૧) સુવર્ણ (૨) તલ (૩) હાથી (૪) દાસી (૫) રથ (૬) પૃથ્વી (૭) ભવન (૮) કન્યા (૯) ગાય (૧૦) વિદ્યા (જ્ઞાન.)


સપ્તર્ષિ : (૧) મરીચિ ઋષિ (૨) પુલસ્ત્ય ઋષિ (૩) પુલહ ઋષિ (૪) ક્રતુ ઋષિ (૫) અંગીરસ ઋષિ (૬) વશિષ્ઠ ઋષિ (૭) અત્રિ ઋષિ.

ચારધામ : (૧) બદરીકેદાર (૨) દ્વારિકા (૩) જગન્નાથપુરી (૪) રામેશ્વર

તેત્રીસ કોટિ દેવો : (૧) બાર આદિત્ય (૨) અગિયાર રૂદ્ર (૩) આઠ વસુ (૪) ઈંદ્ર અને પ્રજાપતિ

નોંધ : અષ્ટ સિદ્ધિ અને નવ નિધિ બંને હનુમાને સિદ્ધ કરી છે.

realpatidar.com


realpatidar.com
ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्तिम्,
द्वन्द्वातीतं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्यम् ॥
एकं नित्यं विमलमचलं सर्वधी साक्षीभूतम्,
भवातीतं त्रिगुणरहितं सद्गुरुं तं नमामि ॥
આતંકવાદ
અત્યાચાર
લૂંટફાટ
દુરાચાર
ધર્માંધતા
અંધશ્રદ્ધા
રોગચાળો
અકસ્માત
દુર્વ્યસન
નૈસર્ગિક આપત્તિ
દારિદ્રય
દુઃખ
અશાંતિ
અનીતિ
સંતાપ
રોગ
શોક
ચિંતા
અન્યાય
હિંસાચાર
બળાત્કાર
અધર્માચરણ
realpatidar.com